Received

નમો ચઉવિસાએ તિત્થયરાણ
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૧૧	૧+૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

* મનુષ્યજન્મનાં સાચાં ફલો

જિનેન્દ્રપૂજા ગુરૂપર્યુપાસ્તિઃ,
સત્ત્વાનુકમ્પા શુભપાત્રદાનમ્।
ગુણાનુરાગઃ શ્રુતિરાગમસ્ય,
નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમૂનિ ।

શ્રી જિનેશ્વર દેવની પૂજા, સદ્ગુરુની પર્યુપાસના દીન-દુઃખી અનાથ પ્રાણીઓની અનુકંપા, સુપાત્રમાં દાન, ગુણાનુરાગ, શ્રી જિનવાણી શ્રવણનો અપૂર્વ રાગ એ આ મનુષ્યજન્મ રૂપી વૃક્ષના ફલો છે.

卐

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્રાય નમઃ

પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી ડોણીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘમાં પધારવા

ॐ ભાવભર્યું આમંત્રણ ॐ

નેશનલ હાઇવે નં. ૮ A લીંબડી તથા સુરેન્દ્રનગર અને રાજકોટ વચ્ચે શ્રી ડોણીયા તીર્થથી શ્રી શંખેશ્વર મહાતીર્થના છ'રી પાલક સંઘનું ભવ્ય આયોજન થયું છે.

— તારક નિશ્રા દાતા —

હાલાર દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ પ્રવર્તક મુ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ

— યાત્રિક સંઘનો કાર્યક્રમ —

સિદ્ધચક્ર મહાપૂજન : મહા વદ ૫ શુક્રવાર તા. ૫-૨-૯૯

સંઘ પ્રયાણ : મહા વદ ૭ રવિવાર તા. ૭-૨-૯૯

શંખેશ્વર તીર્થમાં પ્રવેશ : ફાગણ સુદ ૨+૩ ગુરુવાર તા. ૧૮-૨-૯૯

તીર્થ માળારોપણ : ફાગણ સુદ ૪ શુક્રવાર તા. ૧૯-૨-૯૯

આયોજક : શાહ ખીમજી વીરજી ગુદકા મીઠોઇવાળા પરિવાર

(૧) લીલાધર ખીમજી ગુદકા C/o. લામિની ઓપ્ટોરીયમ નાઇરોબી ફોન : ૭૪૩૦૪૧

(૨) છગનલાલ ખીમજી ગુદકા તથા મોતીચંદ ખીમજી ગુદકા C/o. ડિટસ કેમ્પ નાઇરોબી છગનભાઇ ફોન ૭૪૧૧૧૦ મોતીચંદભાઇ ફોન ૭૪૪૫૦૧

(૩) સોમચંદ ખીમજી ગુદકા C/o. સર્વોદય સિલેક્શન માહિમ મુંબઇ ફોન ૪૫૫૨૩૦૫

(૪) જયંતીલાલ ખીમચંદ ગુદકા C/o. જયંતીલાલ ખીમજીની કુાં ગ્રેન માર્કેટ, જામનગર ફોન ૫૬૨૨૨૪

(૫) પ્રભુલાલ ખીમજી ગુદકા C/o. મિરલ સિરામિક થાનગઢ ફોન જામનગર ૫૬૪૪૬૬ થાન-૨૦૬૫૧

ડોણીયા, શંખેશ્વર, થાનગઢ થાણા, ભીવંડી, જામનગર, નાઇરોબી મોંબાસા લંડન ઓમ અનેક દેરાસરોએ નામો લખવા વ્યવસ્થા કરી છે.

સારી સંખ્યામાં યાત્રિકો લેવાના છે. આ છ'રી પાળવાની ભાવનાવાળાએ સરનામા નામ લખાવી દેવા તેમજ ફિવાળી પછી પ્રવેશ પાસ અપાશે.

વ્યવસ્થાપક સમિતિ : C/o. **રામજી લખમણ આરૂ**

તરણેતર રોડ, થાનગઢ. (સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર)

આચારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસના અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી ગુઢકા
(મુંબઈ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
હીરાચંદ ગેલા
સુરેશચંદ્ર હીરાચંદ
(પાલડીયા)
પાનાચંદ પ્રેમશી ગુઢકા
(પાલગઢ)

વર્ષ : ૧૧]૨૦૫૪ શ્રાવણ વદ-૧૧ મંગળવાર તા. ૧૮-૮-૯૮ [અંક : ૧-૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૪, શ્રાવણ સુદિ-૬ શનિવાર તા. ૧-૮-૧૯૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૨૭ મું) અવ૦)

સભા૦ : 'સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહનારને છોડવા જેવું શું લાગે ? આ સુખ કે સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય.

ઉ૦ : જેને આ દુનિયાનું સુખ છોડવા જેવું લાગે નહિ ત્યાં સુધી સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય પણ છોડવા જેવી લાગે નહિ. સૂત્ર, અર્થ તત્ત્વ કરી સદ્દહે તેને આ દુનિયાનું સુખ છોડવા જેવું લાગે જ.

રોગ સાંભળનારને આ સંસાર, સંસારનું સુખ છોડવા જેવું નથી લાગતું તે અમે કહ્યું નથી માટે ? અમે પણ જો આ સંસાર છોડવા જેવો જ છે તેમ ન કહીએ તો અમે પણ ધર્મનો ઉપદેશ આપવા માટે પણ લાયક નથી. 'આ સંસાર અસાર છે એટલે આ સંસારનું સુખ અસાર છે, ભૂંડામાં ભૂંડુ છે, છોડવા જેવું જ છે' આમ જે સાધુ ન કહે તેને ભગવાનની આ પાટને અભડાવવી જોઇએ નહિ. તમને સંસારમાં સુખી જુએ., સુખમાં મહાલતા જુએ તો સાધુને ઠપકા ન આવે તેમ બને ખરું ?

સભા૦ : ક્રયા ન આવે તો તે સાધુ સાધુ જ ન ગણાય.

ઉ૦ : મારે આ જ વાત સમજાવવી છે.

તમે જે રીતે જીવી રહ્યા છો, જે કામ કરી રહ્યા છો તેથી દુર્ગતિમાં જ જવું પડશે. તમે આનંદપૂર્વક મઝેથી ક્યાં કામ કરી રહ્યા છો તેની તમને ખબર નથી ? સંસારનાં કામ મઝેથી કરો છો તે શા માટે ? ધાર્યું સુખ મલી શકે અને મોજથી ભોગવાય માટે ને ? જેને સમજવા છતાં ય આ સંસાર છોડવા જેવો ન લાગે તે ગમે તેટલાં મંદિર બંધાવે, સારામાં સારી પૂજાઓ રચાવે તો પણ તેની કશી કિંમત નથી. મંદિર બંધાવનાર કરતાં એક સામાયિકની કિંમત વધી જાય છે. સામાયિક કરનારો સમજદાર હોવો જોઇએ. તમે બધા બધી વિધિ બરાબર સમજતા હોત તો કેવા ઉમદા હોત ! કદાચ સાધુ ન થઇ શકત તો પણ સારા શ્રાવક તો હોત ! પછી તે સાધુ ભૂલ તો હોય તો તેને ય ઠેકાણે લાવત. ગમે તેવા સાધુને ન માનત. શ્રાવક તો સાધુના મા–બાપ જેવો છે, અવસર આવે રાજા જેવો પણ થાય !

આજે સાધુઓને સાધુપણું પાળવું કઠીન છે. તમે લોકોએ અમે સાધુપણું ન પાળી શકીએ તેવી યોજના કરી છે. સાધુને ભિક્ષા કેવી અપાય તે ય સમજતા નથી. દોષિત ભિક્ષા વાપરે તેનું સંયમબળ હણાય. અમારે બધી વસ્તુ નિર્દોષ જોઇએ. તમે અમારી આંખ સામે દોષ કરો ને અમારે લેવો પડે છે. પતન થતું થતું ક્યાં સુધી આવ્યું તે સમજવું પડે. એક કાળે સાધુઓ શ્રાવકના ઘરેથી વસ્ત્ર–પાત્ર વહોરી આવતા હતા. આજે તમારે ઘેર પાત્રાં હોય ?

સાધુને જરૂરી ઉપકરણો હોય ? તમારા ઘરમાંથી ભગવાન નીકળી ગયા. સાધુનાં ઉપકરણો નીકળી ગયા તેમ શ્રાવકનાં ય ધર્મનાં ઉપકરણો નીકળી ગયાં. તમારા ઘરમાં ફર્નીચર સારામાં સારૂં હોય, માત્ર શું ન હોય ? જૈનનું ઘર કેવું હોય ? ચોમાસામાં જૈનના ઘર આગળ નિગોદનું નામ ન હોવું જોઇએ. આજે તમારા ઘરે ગોચરી આવવું હોય તો આવી શકાય નહિ તેવા ઘણાં ઘર બની ગયાં છે. સાધુને નિર્દોષ ગોચરી જોઇએ તે ખબર છે ? સાધુ માટે બનાવેલ સાધુને સંકલ્પ કરેલ ચીજ પણ સાધુને ખપે નહિ તે જાણો છો ? સાધુ પાણી લેવા આવે તો આયંબિલ ખાતું જ બતાવો ને ? ઘણા શ્રાવકો પણ આયંબિલ ખાતામાંથી જ પાણી લઇ આવે. ઘરમાં ય પાણી જો બરાબર નથી બનાવતા તો આયંબિલ ખાતાના નોકરે બરાબર બનાવતા હશે ?

ભગવાનની વાત સમજી જાવ તો બધી સમજણ આવી જાય. સાધુ પણ ડાહ્યો થઇ જાય. સાધુને શું ખપે, શું ન ખપે તે બધું શ્રાવક જાણતો હોય. જાણનારા શ્રાવકને પણ સાધુને નિર્દોષ આપવાનું મન થાય ખરું ? જ્યારથી વિધિ જાણવાની ગઇ, ગમે તેમ ધર્મક્રિયા કરવાની થઇ ત્યારથી ધર્મ સમજવાની વૃત્તિ જ નાશ પામી તમારો છોકરો સાધુ પાસે જાય તેનો વાંધો નહિ પણ તેને વૈરાગ્ય ન થવો જોઇએ. તેને સંસાર છોડવાનું મન થાય એટલે તે બગડી ગયો તેમ માનો છે.

સભા૦ : વારસો એવો છે કે છોડવાનું મન ક્યાંથી થાય ?

ઉ૦ : કેટલા હોંશિયાર છે ! આવા બધાને ધર્મી કહેવાય ખરા ?

આ બાળ રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો વગેરે એક જ દેશનામાં વિરાગી થતા તો ઘરે આવીને માતા-પિતાદિને કહેતા કે- આજે ભગવાન મળ્યા કે મહામુનિ મળ્યા. તેમની દેશના સાંભળી. તે દેશના ગમી ગઇ. તો તેઓ કહેતા કે- તું મહાભાગ્યશાળી છે. 'મારે તો સાધુ થવું છે' એમ કહેતા તો માતા-પિતાદિને મોહની મૂર્છા આવી ગઈ છે પણ 'તને ભોળવ્યો કોને ? તને બગાડયો કોને ? એમ કહ્યું નથી.

સંયમની કઠીનતા બતાવી છે પણ તને સંયમની ભાવના કેમ થઇ ?

એમ નથી પૂછ્યું તેની મક્કમતા દેખી મા-બાપ જાતે મહામહોત્સવ પૂર્વક તેને દીક્ષા અપાવતા હતા. તે બધા જ 'સંયમ જ લેવા જેવું છે' એમ હૈયાથી માનતા હતા. આવા અનેક કથાનકો આગમાદિ ગ્રન્થોમાં આવે છે. તમે સાંભળ્યા પણ છે છતાંય કહે છે કે અમને વારસો એવો મળ્યો છે !

શ્રી અતિમુક્તક નાનો બાળક હતો. એકવાર શ્રી ગૌતમ મહારાજાને ભિક્ષાએ પોતાના ઘેર લઇ ગયો છે. પાછો મૂકવા પણ સાથે ગયો છે. શ્રી ગૌતમ મહારાજાની આંગળી પકડીને ચાલી રહ્યો છે. તેઓએ તેને 'આ આખો સંસાર પાપ છે માટે છોડવા જેવો છે અને સાધુપણું જ લેવા જેવું છે' તે વાત સમજાવી દીધી છે. ઘેર આવીને માને કહે કે-'મારે હવે સાધુ જ થવું છે.' મા કહે કે- તું શું સમજે છે ? તો તે કહે કે-'મા હું જે સમજું છું તે કહી શકતો નથી પણ આ આખો સંસાર પાપ છે તેમ સમજું છું" આ સાંભળીને તેમની મા પણ રાજી રાજી થઇ ગઈ અને મહોત્સવપૂર્વક ભગવાનની પાસે દીક્ષા અપાવે છે. તે બધા ધર્મને સમજતા હતા કે આ મનુષ્યજન્મમાં સાધુપણું જ લેવા જેવું છે, જેને મન થાય તે ભાગ્યશાલી છે. અમે નથી લઇ શકતા તે અમારી કમનશીબી છે પણ 'તને સાધુએ ભોળવ્યો તેમ કદી બોલતા નહિ.' આજે તો આવું બોલે છે.

'આ સંસાર અસાર છે. છોડવા જેવો છે. સાધુપણું જ લેવા જેવું છે' આ વાત સાંભળતાં સાંભળતાં તમે વૃદ્ધ થઇ ગયા, તમારા વાળ પણ ધોળા થઇ ગયા છતાં પણ 'આ સંસાર ભૂંડો છે. છોડવા જેવો છે' તેવું તમારા હૈયામાં હજી બેઠું નથી. તમારે ત્યાં કોઇની લગ્નની કંકોત્રી આવે તો તમે કદાચ જઇ ન શકો તો જવાબ આપો પણ કોઇની સાધુ થવાની કંકોત્રી આવે તો તમે જવાબ પણ આપો ખરા? જો આ બોલ સમજી ગયા હોત તો તમે અણસમજુ રહેત નહિ.

આ વ્યાખ્યાન છે તે ભગવાને કહેલાં અને શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલાં જે સૂત્રો તેના અર્થને સમજાવનારૂં છે. 'આ સંસાર અસાર છે માટે છોડવા જેવો છે અને સાધુપણું જ લેવા જેવું છે તે પણ મોક્ષે જવા માટે જ.' તે માટે સમજાવી આવ્યા કે સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે.

આ સંસારનાં સુખને સુખ કહેવું તે સુખ શબ્દનો વ્યભિચાર છે. આ સંસારનું સુખ જ જીવને રખડાવનાર છે માટે ભૂંડામાં ભૂંડું છે. જ્યાં સુધી આ સુખ ભૂંડું લાગે નહિ ત્યાં સુધી સમ્યક્ત્વ પામવાનું મન થાય નહિ. તમને બધાને સમ્યક્ત્વ પામવાનું મન છે ખરૂં? ઘણાને તો સમકિત પણ પામવું જોઇએ એવું મન પણ થતું નથી. સાધુના બહુ પરિચિતને આવી ઇચ્છા પણ થાય નહિ તે સાધુ માટે ય કલંક છે! ઘણા કહે છે કે– 'સાધુ કહે તે સાંભળવાનું બધું પણ સાધુના કહ્યા મુજબ જીવીએ તો ઘર-બારાદિ ચાલે નહિ.' માટે તો તમારામાં શ્રાવકપણું પણ આવતુ નથી.

આજનો શ્રાવકવર્ગ પણ અનીતિ મજાથી કરે છે. 'હું આ ખોટું કરૂં છું' તેમ પણ જોને લાગતું હોય તેવા પણ કેટલા મળે? આ કાળમાં અનીતિ કર્યા વગર તો ચાલે નહિ તેમ ઘણા અમને સમજાવવા આવે છે. તમે કહો કે– અનીતિ કર્યા વગર જીવાય નહિ અને હું તમારી આ વાત માની લઉં તો મારા જેવો બેવકૂફ કોઇ નહિ! આજે અનીતિ ન કરે તે મરી જ જાય?

સભા૦ : સંસાર લીલોછમ ન રહે.

ઉ૦ : સંસાર લીલોછમ કરવાની ઇચ્છાવાળા મરીને ક્યાં જાય? આપણી સભામાં ય આવા ઘણાં 'રત્નો' છે. તેનું એક જ કારણ છે કે વિધિપૂર્વક ધર્મ કરતા નથી અને કરવો પણ નથી.

સભા૦ : તો સોળમી સદી મુજબ જીવાય. એકવીશમી સદી મુજબ ન જીવાય.

ઉ૦ : શ્રાવક ગમે તેમ કરીને દુનિયાનું સુખ મેળવવું અને ભોગવવું તેવી ઇચ્છાવાળો હોય? શ્રાવક મોટેભાગે પાપ કરે નહિ અને પાપ કરવું પડે તો ન છૂટકે દુઃખપૂર્વક કરે. તમને બધાને અનીતિ આદિ પાપો કરતાં આ વાત યાદ આવે છે?

(ક્રમશઃ)

યોગ્યતાને ખીલવીએ

—મુનિ શ્રી પ્રશાન્તદર્શનવિજય મ.

'जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेण ।
अमला असंकिलिट्ठा, ते होंति परित्त संसारी ॥'

જેઓ પરમતારક શ્રી જિનેશ્વર દેવનાં વચનમાં અનુરક્ત છે અને ભાવપૂર્વક શ્રી જિનવચન પ્રમાણે આચરણ કરે છે તેઓ નિર્મલ, સંક્લેશ રહિત અને પરિત્ત–અલ્પ સંસારી બને છે.

પરમતારક શ્રી જિનવચનને સાર માનનારા અનેક મહાપુરૂષો પૈકીના એક મહાપુરૂષની વિદાયને જોત જોતામાં સાત સાત વર્ષોના વહાણા વીતી ગયા. જેઓએ જે રીતના સ્વયં યોગ્યતાને પ્રાપ્ત કરી અને અનેક આત્માઓના યોગ્ય ઘડવૈયા પણ બન્યા. યોગ્યતા કેળવવી એ નાની સૂની વાત નથી. યોગ્યતાને પામેલા આત્માને જ શ્રી જિનવચનમાં રુચિ થાય. એટલે વચન પ્રમાણે જીવન જીવે તેથી કર્મમલનો હ્રાસ થતો જાય અને રાગાદિ સંક્લેશોથી મુક્ત બને અને પોતાના સંસારને અલ્પ બનાવે.

આવે જ ભવ્ય પુરુષાર્થ જે પુણ્યપુરુષે કર્યો અને તેના માટે જીવનભર ઝઝુમ્યા, જે યોગ્ય હતા તેમને લાભ થયો અને જે તેમના પુણ્યમાં જ મૂંઝાયા તે બિચારા લાભથી વંચિત રહ્યા.

મહાપુણ્યોદયે આવી સુંદર ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ મલ્યો છે. પરમતારક શાસનની પ્રાપ્તિ થઇ છે. જો આ શાસન યથાર્થ સમજાય નહિ, સમજવાનું મન પણ ન થાય, સમજાવનારા હોવા છતાં પણ ઉપેક્ષા કરાય તો અંતે આત્માનું જ ઠારમું ભયંકર અહિત થયા વિના રહેશે નહિ. શાસન યથાર્થ સમજાય નહિ તો આજ્ઞા ઉપર પ્રેમ નહિ થાય અને આજ્ઞાને નામે સ્વેચ્છા જ ફુલીફાલી નીકળશે અને પછી તો અનુકુળતા પ્રધાન બનશે. અનુકુળતાને પોષવા આજ્ઞાને વટાવતાં પણ અચકાટ નહિ થાય. સ્વેચ્છાચાર અને સુખશીલીયાપણું એ અનુકુળતાને હૃષ્ટપુષ્ટ બનાવનારા છે જે આજ્ઞાને યથાર્થ સમજવામાં મોટામાં મોટા અંતરાય છે અને આજ્ઞા મુજબ આરાધવાનું મન પણ થવા દેનાર નથી. સુખશીલતાને કારણે જ ભગવાનની પરમતારક આજ્ઞા ઉપર બહુમાન થતું નથી, આજ્ઞા મુજબ ધર્મ આરાધી શકાતો નથી.

'आणाए धम्मो'નો જો પરમાર્થ સમજાય તો આ વાત સમજવી એકદમ સહેલી છે. પણ આજે આપણી અનુકુળતાના નામે આપણે આજ્ઞામાં એવી ભેળસેળ કરી નાખી

છે જેથી આજ્ઞા, અધિકારીપણું, યોગ્યતા આદિ ઉપર ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓએ જે ભાર મૂકયો તે તરફ લગભગ લક્ષ્ય જ જતું નથી, દુર્લક્ષ્ય એવું સેવાય છે જેનું પરિણામ વિચારતા કમકમા આવે તેમ છે. જો આવી દુર્લક્ષતા ન હોત તો સાવદ્ય અને મિથ્યાત્વની પોષક સંસ્કૃતિના બણગા ધર્મના નામે ન ફુંકાતા હોત !

દુનિયામાં દરેક વસ્તુમાં દરેક જગ્યાએ યોગ્યતા ઉપર ભાર મુકનારા ધર્મની બાબતમાં કેમ તેની ઉપેક્ષા કરે છે તે હજી સમજી શકાતું નથી. આત્માનું પારમાર્થિક હિત એજ જેનું મુળ છે અને મુક્તિ એજ જેનું ધ્યેય છે એવું જૈન શાસન પામીને આત્મિક હિતચિંતાને ભૂલી માત્ર લૌકિક સુખ ચિંતાઓને પ્રધાનતા આપાય તે આ કાળનો વાંક કાઢવા કરતા આપણી અયોગ્યતા વધારે છે અને તે અયોગ્યતાને યથાર્થ સમજાવનારા સુવિહિતો આપણને અનુકુળ નહિ આવવાથી તેઓ જ 'અયોગ્ય' લાગે છે-તે દૂષણ મોટું લાગે છે. શ્રી જૈન શાસન કે શ્રી જૈન શાસનને સમજેલા પુણ્યાત્માઓ સ્વ-પર બધાની એક માત્ર 'આત્મિક ચિંતા' જ કરે છે પરંતુ કોઇનાય ક્યારેય આ લોકના સુખાદિની, સમાજની, કે વ્યવહારની ચિંતા કરતા નથી કે કરવા જેવી માનતા પણ નથી.

આવી ચિંતા કરે તે બધા શાસન સમજ્યા પણ નથી. પણ શાસનના ગણાઇ-કહેવાઇ, શાસનને ડહોળવાનું જ કામ કરે છે અને આપોઆપ શાસન બાહ્ય બને છે. ઘરકામ માટે એક નોકર રાખવો હોય તો તે મંદબુદ્ધિનો હોય છતાં પણ જો 'કામગરો' અને 'હાથનો ચોકખો' હોય તો પહેલી પસંદગી પામે છે. જે વસ્તુ નાશવંતી છે, સાથે આવવાની જ નથી, આજ સુધી કોઇ સાથે લઇ ગયું હોય તેમ બન્યું-સાંભળ્યું કે જાણ્યું નથી, ઇચ્છાથી કે અનિચ્છાથી પણ અહીં મુકીને જ જવાનું છે તે વસ્તુની સારસંભાળ માટે પણ જો યોગ્યતા ઉપર આટલો બધો ભાર મુકાતો હોય તો જે ધર્મ જ સાથે આવવાનો છે અને પરિપૂર્ણ પેદા કરવાનો છે તે ધર્મ કરવાની યોગ્યતા પેદા કરવી ખૂબ જ જરૂરી છે તે તો નિર્વિવાદ વાત છે.

આજે એકની વાત છે કે જે યોગ્યતા ઉપર શાસ્ત્રકાર પરમર્ષિઓએ ખૂબ જ ભાર મુકયો છે તે બાબતમાં દુર્લક્ષ્ય દેખાય છે. ત્યાં સુધી કહ્યું કે ધર્મ યોગ્ય જોઇએ, ધર્મ કરનારો પણ યોગ્ય જોઇએ, ધર્મદાતા ગુરૂ પણ યોગ્ય જોઇએ અને આપવા-લેવાનો વિધિ પણ યોગ્ય જોઇએ.

યોગ્યતા પેદા કરવા ખૂબ જ પ્રયત્નશીલ બનવાની જરુર છે. તે માટે આ મહા-

પુરૂષે અવિરત પ્રયત્ન કર્યો. અનેક કષ્ટો સહ્યાં, આપત્તિઓ પણ વેઠી. તેથી જ વધુ ને વધુ પ્રભાવક બન્યા. કારણ વજ્રના ઘાને પર્વત જ સહે તેમ સાત્ત્વિક શિરોમણિ મહાપુરુષોને જ મોટી મોટી આપત્તિઓ આવે અને તેમાં ફતેહ મેળવી, પોતાનો પ્રભાવ વધારે છે. મહાપુરુષોને મન તો આપત્તિ અને સંપત્તિ બંને સમાન હોય છે. સૂર્યનો ઉદયકાળ અને અસ્તકાળ સમાન હોય તેમ. મહાપુરુષોના જીવનમાં જેમ જેમ સંઘર્ષો આવે તેમ તેમ તેમનો મહાન પ્રતાપ જગતમાં વિસ્તારને પામે. મોટાને જ આપત્તિ આવે, નાનાને નહિ. રાહુ ચંદ્ર અને સૂર્યને ગ્રસે પણ તારાને નહિ.

દુઃખને મજેથી વેઠવાનું માત્ર બીજાને ન કહ્યું પણ જીવનમાં અમલ કરીને બતાવ્યું. તેથી જ તેઓ મહા પ્રભાવક બન્યા. તેમાં પણ તેઓની સ્વાભાવિક યોગ્યતા જ હતી.

આવા મહાપુરૂષને પામી, આપણા આત્માની અયોગ્યતાને જાણી તેને દૂર કરી, યોગ્યતાને પામવા ભગીરથ પુરૂષાર્થ કરી, તેમના સાચા અનુયાયી બનીએ તે જ હાર્દિક મંગલ કામના.

આપને ભક્તિનો લાભ લેવો છે ?

પૂ. સાધુ–સાધ્વિ–ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષ કાળમાં તેને વિહારમાં ઉપયોગી થઇ શકે તેવી ખાસ બનાવેલી અને તુરંત ઉંચકાડી શકાય તેવી સાવ પાતળી અને વજનમાં હલકી, વજન ૨૫/૩૦ ગ્રામ, સંકેલીને ઝીણી ઘડી થઇ શકે તેવી મચ્છરદાણીની ઉંચાઇ ૧૩૦ ઇંચ ઘેરા ૨૯૪ ઇંચ, કિંમત નંગ–૧ના રૂપીયા ૨૫૦– પોસ્ટ પાર્સલનો ખર્ચ અમારા તરફથી.

શાહ મચ્છરદાની

સ્પેશિયલ શાહ મચ્છરદાણી
અમો બનાવીએ છીયે.

શ્રાવકોને પૌષધમાં પણ ઉપયોગી
થઇ શકે

(વેપારી પુછપરછ આવકારશું)

પ્રાપ્તિસ્થાન :-

જયંતીભાઇ શાહ

શાહ ટ્રેડીંગ કું. ૧૦૨, ટિલક ચોક,
માલેગામ–૪૨૩૨૦૩ જિ. નાશિક
ફોન : ઘર (૦૨૫૫) ૪૩૧૯૬૫

શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર 'પાંજરાપોળ'ને મદદ માટે નમ્ર અપીલ....

અષાઢ માસ આવવાની સાથે પાંજરાપોળ જેવી સંસ્થાઓ ચલાવતા કાર્યકરોની નજર આકાશ સામે મંડાયેલી રહે છે, તેમાં પણ કચ્છ માટે તો ખાસ કારણ કે છેલ્લા ૨૫–૩૦ વરસનો ઇતિહાસ તેના માટે સાક્ષી પુરે છે. કેમકે અહીં છેલ્લા ૨૫ થી ૩૦ વરસથી મોન્સુનની અનિયમિતતા જોવા મળે છે. સમયસર અને શારો વરસાદ ભાગ્યે જ જોવા મળે છે. તેની સામે અછત, અર્ધ અછત કે દુષ્કાળ જેવી સ્થિતિ સામાન્ય થઇ ગઇ હોય તેમ જણાય છે.

ચાલુ વરસે પણ અષાઢ માસની શરુઆતમાં કચ્છમાં તેમ આ વિસ્તાર રાપર તાલુકામાં સામાન્યપણે ૧" થી ૨" વરસાદ થયેલ છે. ત્યાર પછી ખાસ કરીને વરસાદ થયેલ નથી જો કે મોસમ માટે હજુ બે મહિના બાકી છે તે દરમ્યાન હજી પણ સારા વરસાદની આશા રાખી શકાય પરંતુ જ્યાં સુધી સારો વરસાદ ન થાય ત્યાં સુધી પરિસ્થિતિ જો અને તો જેવી જ છે. આ સ્થિતિમાં પાંજરાપોળના ઢોરો નિભાવવા એ વિષય સહેજે ચિંતા જનક જ કહેવાય હાલ આ સંસ્થામાં શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર પાંજરાપોળમાં ૪૮૦૦ જેવો ગાય, બળદ, ભેંસ, પાડા, વાછરડાં વગેરે જીવોનો નિભાવ થઇ રહેલ છે. સારો વરસાદ થઇ જાય તો પરિસ્થિતિમાં રાહત જરુર થાય તેમ છતાં આવડી મોટી સંખ્યાના ઢોરોનો નિભાવ કરવો એ કંઇ નાનુ સુનું કામ નથી. આ સંસ્થાએ સને ૧૯૯૬–૯૭માં નિભાવ પાછળ રૂા. ૧ કરોડ, ૨૭ લાખનો ખર્ચ કરેલ જ્યારે ગયા વરસે પ્રમાણમાં વરસ સારું હોવા છતાં સને ૧૯૯૭-૯૮માં આ ખર્ચ સંસ્થાને રુપિયા ૮૫ લાખ જેવું લાગેલ છે.

નિભાવ ખર્ચ પાછળ આવડા મોટી રકમ જોઇએ તે કંઇ સામાન્ય વાત નથી સૌ કોઇનો સહયોગ પ્રાપ્ત થાય તો જ આ શક્ય બને. અને તેથી જ તો સંસ્થાની આ જવાબદારી હલ કરવા, જીવદયાની જયોત જલતી રાખવા આપ સૌને પર્યોધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપ આપનો સહયોગ આપી–અપાવી અબોલ જીવોના દુ:ખ અને દર્દ હળવા કરવાના આ ભગીરથ કાર્યમાં સહયોગ એવી નમ્રપણે વિનંતી. અગાઉના વરસોમાં આપે આ સંસ્થાને પોતાની ગણી જે ઉમદા સહયોગ આપેલ છે તે બદલ અમે આપના ખુબ ખુબ આભારી છીએ.

પત્ર વ્યવહારનું સરનામું : **લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી**

શ્રી જીવદયા મંડળ રાપર પાંજરાપોળ **શ્રી જીવદયા મંડળ–રાપર–કચ્છ**

મુ. રાપર વાગડ–કચ્છ પીન–૩૭૦૧૬૫ ફોન : ૨૦૦૪૦ ૨૦૦૭૯

સંસ્થાનું ખાતુ દેનાબેંક–રાપર શાખામાં શ્રી જીવદયા મંડળ રાપરના નામનું છે.

જૈન–શાસનમાં ગુરૂ–તત્વની પૂજ્યતા

સંકલન : સ્વર્ગસ્થ પૂ મુનિરાજ શ્રી જયરક્ષિતવિજયજી મહારાજ

પૂ. આ. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જયરક્ષિત વિ. મહારાજે 'જૈન શાસનમાં ગુરુતત્વની પૂજ્યતા' સમજાવતું એક સંકલન થોડાંક વર્ષો પૂર્વે 'કલ્યાણ' પર પાઠવ્યું હતું. એ સંકલન 'કલ્યાણ'માં પ્રકાશિત થાય, એ પૂર્વે જ એઓશ્રી સ્વર્ગવાસી બની ગયા. જુના લેખોની ફાઇલ ઉથલાવતાં–ઉથલાવતાં અચાનક એ સંકલન પર 'કલ્યાણ'ના સંપાદકની નજર પડતા એમને લાગ્યું કે, આ સંકલન વહેલી તકે પ્રકાશિત કરવા જેવું છે. તેમજ એ સંકલન જેના આધારે કરાયું હતું, એ પુસ્તકના લેખક પૂ.શ્રી પાસેથી થોડીક સ્પષ્ટતાય મેળવવા જેવી છે. લેખકશ્રી તરફથી સંતોષજનક સ્પષ્ટતા પ્રાપ્ત થતા સ્પષ્ટતા સાથે એ લખાણ 'કલ્યાણ'માં પ્રગટ થયું. 'કલ્યાણ'ના સૌજન્ય–સ્વીકાર પૂર્વક એજ લખાણ અક્ષરશઃ અહીં પ્રસિદ્ધ થઇ રહ્યું છે. આશા છે કે, વાચકો માટે આ ખૂબ જ બોધપ્રદ બની રહેશે. આટલી સ્પષ્ટતા પૂર્વક આ સંકલનને પુર્વગ્રહ તેમજ પુર્વગ્રહથી મુક્ત બનીને વાચવા–વિચારવાનો તથા સમજ પુર્વક અન્યને સ્વીકારવાનો વિનમ્ર અનુરોધ કરવામાં આવે છે. —સંપા૦

✱

સંસારના આ ભીષણ અને ભયાનક સાગરથી જે તારે, એ તીર્થ ! આવું ધર્મ તીર્થ એટલે જ મુખ્યત્વે સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગની મુસાફરી કરનારા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાના ભેદથી ભવ્ય ભાસતો ચતુર્વિધ સંઘ ! તીર્થંકર દ્વારા તીર્થ સ્થાપના, તીર્થ સ્થાપનાથી મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગ દ્વારા મુક્તિ–મંઝિલની પુર્ણ–પ્રાપ્તિ ! જૈન માત્ર મોક્ષનો અર્થી હોય, જૈન માત્ર ચારિત્રના ચીર ઓઢવા તલપાપડ હોય અને જૈનમાત્ર સંસારથી છૂટવાની ઝંખના–ભાવના પળેપળે સેવતો હોય.

અનંત ઉપકારી શ્રી અરિહંત પ્રભુની ગેરહાજરીમાં આપણા માટે બીજા નંબરે ઉપકારી તત્વ 'ગુરુપદ' જણાવેલ છે. દુકાનમાં જેનું દિલ નહિ, મકાનમાં જેનું મન નહિ, મોક્ષ જ જેનું લક્ષ અને વિરાગ જ જેનું વલણ ! શાસ્ત્રો જ જેની આંખ અને આચાર જ જેના પ્રચાર ! આવું વિરલ વ્યક્તિત્વ જ વીતરાગના શાસનનું 'ગુરુપદ' પામી શકે. અને ગુરુપદનું મહત્વ જે સમજે, એ એના પુજનનું મહત્વ પણ સમજે જ.

અપુજ્યની પુજા એ એક અપરાધ છે, તો પુજ્યની પુજા ન કરવી, ન કરવા જેવી માનવી, એ એક મહા અપરાધ છે. જૈન કર્શનનો જેને વારસો મળ્યો હોય, અને એ જો ગુરુપદને પુજવામાં ગૌરવ ન ગણતો હોય, તો સમજી લેવું કે, હજી

જૈનદર્શનને એ થોડું પણ ઓળખી શકયો જ નથી !

જે જૈનદર્શને 'સંઘપૂજા'નું સ્થાન વાર્ષિક કર્તવ્યોમાં મૂકયું અને પર્યુષણ જેવા પર્વમાં આ કર્તવ્યની સ્મૃતિ કરાવી, આ કર્તવ્યના અમલ તરીકે વ્રતધારી કે વ્રતવિહોણા શ્રાવક-શ્રાવિકા-સંઘનું ય કંકુ ચોખાથી પૂજા-સન્માન કરવાનું અને દૂધથી પણ પ્રક્ષાળવાનું વિધાન કર્યું હોય, ત્યાં ગુરુની પૂજામાં તો વળી શંકા કરાય જ કેમ ? શ્રાવક-શ્રાવિકા રૂપ સંઘની પૂજા જો થાય, તો આ સંઘ માટેય પૂજનીય 'ગુરુ'ની પૂજા તો થાય જ. એમાં શંકાને સ્થાન જ કયાં રહ્યું ? નાની મોટી કોઇપણ ધર્મક્રિયા 'દેવ-ગુરુ' ની સામે કરવાનું વિધાન છે. એથી સાક્ષાત્ જ્યાં દેવગુરુની હાજરી ના હોય, ત્યાં નવકાર અને પંચિંદિય સુત્ર દ્વારા દેવગુરુની સ્થાપના કર્યા બાદ જ સામાયિક-પ્રતિક્રમણાદિની ક્રિયા કરી શકાય છે.

જે ખમાસમણ આપણે વીતરાગને આપીએ છીએ, એજ ખમાસમણ લગભગ એજ સંકલ્પમાં અને એજ શબ્દોમાં આપણે ગુરુભગવંતને આપીએ છીએ.

સિદ્ધચક્રમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુ : આ ત્રણ ગુરુના પદ છે, આથી પણ ગુરુપદની મહત્તા સમજી શકાય છે.

'દેવ-ગુરુ-ધર્મ' આ શબ્દ રચના જૈન શાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ છે અને આ ક્રમ પણ ખુબ જ રહસ્યભર્યો છે. ગુરુની પ્રાપ્તિ પછી જ દેવ અને ધર્મનું સાચી સમજણ મળી શકે છે. ત્રાજવામાં જે સ્થાન કાંટાનું છે, એ સ્થાન દેવ અને ધર્મના ત્રાજવા દ્વારા નિર્જરાનો નફો તોળવા માટે ગુરુનું છે.

પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયાના છ આવશ્યકોમાં ત્રીજું વંદન-આવશ્યક છે, જે ગુરુને લગતું છે. ગુરુવંદન વિના છ આવશ્યક અધૂરા ગણાય છે.

પ્રતિક્રમણના ગણધર-રચિત સુત્રોમાં પંચિંદિય, ખમાસમણ સુત્ર, આયરિય ઉવજ્ઝાએ, અબ્ભુટ્ઠિઓ અને વાંદણા ! આ સુત્રો મુખ્યત્વે ગુરુવિષયક છે. એથી પણ જૈન શાસનની ગુરુપ્રધાનતાનો તાગ મેળવી શકાય છે.

આગમ શાસ્ત્રોના આધારે શ્રી દેવેન્દ્ર સુ. મહારાજે ત્રણ ભાષ્યોની રચના કરી છે, એમાં 'ગુરુવંદન' નામનું એક આખું ભાષ્ય ગુરુવિષયક છે. આમાં વંદનીય ગુરુ, અવંદનીય ગુરુ આદિ વાતો વિસ્તાર પૂર્વક વર્ણવવામાં આવી છે. આ ભાષ્ય સકલ-સંઘને માન્ય છે.

ગુરુપદ હયાત છે, એથી જ તો તીર્થંકર-ભગવંતોએ સ્થાપેલું શાસન એમના

નિર્વાણ બાદ અમુક ચોક્કસ કાળ સુધી એકધારું અને અખંડિત ચાલી શકે છે

ક્યાં સંપૂર્ણજ્ઞાની શ્રી તીર્થંકર ભગવંતો અને ક્યાં છદ્મસ્થી આચાર્ય ભગવંતો ! આમ છતાં શાસનની સુરક્ષા અંગેની એમની જવાબદારી અને જાગૃતિનું શાસ્ત્રવિધાન જોઇને પૂર્વાચાર્યોએ બેધડક ફરમાવી દીધું કે, તિત્થયર સમો સૂરિ.

સંબોધસત્તરી ગ્રંથની ૧૩મી ગાથામાં જણાવાયું છે કે, જૈન શાસનને જેઓ સારી રીતે પ્રકાશિત કરે છે, એ સૂરિભગવંતો તો તીર્થંકર જેવા છે. તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા આચાર્યો સત્પુરૂષ નથી, કાપુરુષ છે.

શ્રી હરિભદ્ર સુ. મહારાજે 'સંબોધ પ્રકરણ' શાસ્ત્ર રચ્યું છે. એમાં ગુરુસ્વરૂપ-અધિકારમાં એઓએ આ. ભગવંતની શ્રી તીર્થંકરદેવો સાથે વિસ્તૃત રીતે સરખામણી કરી છે. આ સરખામણી ૯ રીતે કરવામાં આવી છે. આથીય ગુરૂપદની મહત્તા સમજી શકાય છે. 'આચારદિનકર'ના બીજા ભાગમાં શ્રી વર્ધમાનસુરિજી મ. દેવની જેમ ગુરૂનું પણ નમન-પૂજન કરવાનું ફરમાવ્યું છે. એમાં એવું વિધાન છે કે, જિનેશ્વરદેવની જેમ સ્તવના-પૂજા-પચ્ચકખાણ લઇ મંદિરને પ્રદક્ષિણા આપી પછી ઉપાશ્રયે જઇ દેવની જેમ હર્ષથી સાધુને નમન પૂજન કરવા જોઇએ.

જૈન શાસનમાં સુપ્રસિદ્ધ કવિવર શ્રી પદ્મવિ. મ. નવપદ પૂજામાં ગાયું છે કે, શુદ્ધ પ્રરૂપણ ગુણ થકી. જે જિનવર સમ ભાખ્યા રે. શ્રી પંચાશક ગ્રંથમાં (૪ થી ગાથા) એક અપેક્ષાએ દેવ કરતાય ગુરૂનું પૂજ્યત્વ વધુ દર્શાવાયું છે. 'ગુરૂદેવ' આવો પ્રયોગ કરવાનું કારણ ત્યાં જણાવ્યું છે કે, 'ગુરૂ' શબ્દનો પ્રથમ પ્રયોગ ગુરૂ વિન દેવની સાચી પ્રાપ્તિ થતી નથી, એ દર્શાવવા અને એથી ગુરૂનું વધુ પૂજ્યત્વ બતાવવા કરવામાં આવ્યો છે.

આમ અનેકાનેક શાસ્ત્રોના આધારે, એનું તારણ કાઢવા રૂપે એમ કહી શકાય કે, ગુરૂની આચાર સંહિતાને જાળવીને એમનું પણ સ્તવન પૂજન નમન તીર્થંકરની જેમ થઇ શકે છે. કારણ કે તીર્થંકરો તીર્થ સ્થાપના દ્વારા ઉપકારક છે અને તીર્થમાં મુખ્યત્વ સાધુ સંઘનું છે, એમાંય શિરમોર સમા પૂ. આચાર્યદેવો છે.

આવો અગણિત ઉપકાર કરનારા અને જાનના જોખમેય શાસનની રક્ષા કરનારા પૂ. આ.દેવોના જો નમન-પૂજન ન થઇ શકે તો પછી કોના થઇ શકે ? આવા શાસન સમર્પિત આ.દેવોનું વાસક્ષેપ આદિ સુગંધી-દ્રવ્યોથી પૂજન કરવાનું સમર્થન શ્રી આચારાંગ સુત્રનાંથી મળી શકે છે. આ સુત્રની ટીકામાં વાસિત દ્રવ્યોથી ગુરુપૂજન

કરવાની પ્રવૃત્તિને 'દર્શન શુદ્ધિ'ના એક અંગ તરીકે સિદ્ધ કરવામાં આવી છે. (જુઓ છેલ્લે સંપાદકીય સ્પષ્ટતા.)

શ્રી વિમલસુરિજી મ.ના શિષ્ય ગણિ ચક્રકીર્તિ–વિરચિત 'નિઃશેષ સિદ્ધાંત વિચાર પર્યાય' નામના ગ્રંથમાં પણ શ્રી આચારાંગની સાક્ષી આપીને ગુરૂની સન્મુખ જવાના અને વાસક્ષેપ આદિ સુગંધી પદાર્થો વડે ગુરૂપૂજનના વિધાનને સ્પષ્ટ સંમતિ દર્શાવવામાં આવી છે. પ્રતિમાની પૂજા એ જેમ પ્રભુપૂજનનું પ્રતીક છે, પ્રતિમાના માધ્યમે થતી પૂજા જેમ વીતરાગના ગુણોને પહોંચે છે, એમ ગુરૂની પૂજા પછી અંતે તો ગુરૂ–ગુણની જ પૂજા ગણાય છે. ગુરૂમાં રહેલા નિરાકાર ગુણોની પૂજા માટે દેહાકારની પૂજા સિવાય બીજો કોઇ રસ્તો નથી, એટલે ગુરૂપૂજા આમ ઉપરથી વ્યક્તિ પૂજા રૂપ જણાતી હોવા છતાં વાસ્તવિક રીતે તો એ ગુણપૂજા જ છે.

ગુરૂપ્રતિમાની પણ વાસક્ષેપ આદિથી પૂજા કરવાની પરંપરા જો શાસ્ત્ર માન્ય છે, તો પછી સાક્ષાત ગુરૂની પૂજામાં તો કોઇ પ્રશ્નને અવકાશ જ કયાં રહે છે ! કાળધર્મ બાદ નિર્જીવ ગુરૂ–દેહને 'સંયમ દેહ' માનીને એની પુજા–ભક્તિ જો પુણ્યોત્પાદક ગણાઇ છે, તો પછી સાક્ષાત સંયમ દેહી ગુરૂની પુજા–ભક્તિને અશાસ્ત્રીય અને અયોગ્ય કેમ કહી શકાય ?

વાસક્ષેપ-નાણા આદિથી ગુરૂની પુજા કરવાથી જે પુજ્યતા પ્રદર્શિત થાય છે, એથી કેઇ ગણી વધુ પુજ્યતા 'ખમાસમણું' દેવાથી પ્રદર્શિત થાય છે. કારણ કે આમાં તો પંચાંગ ઝુકાવી દેવા પુર્વક તનનું સમર્પણ થાય છે, જે જીવન–મનના સમર્પણનું પણ પ્રતીક હોય છે. પહેલામાં માત્ર દ્રવ્યનું સમર્પણ છે, જ્યારે બીજામાં દિલ અને દેહની સમર્પિતતા ઝળકતી દેખાય છે. આમ, 'ગુરૂનમન' જો શાસ્ત્રસિદ્ધ છે, તો પછી નમન કરતા તો નીચલી કક્ષાનું 'ગુરૂપુજન' શાસ્ત્રસિદ્ધ જ હોય, એમાં નવાઇ શી છે ?

'ચતુર્માસી–વ્યાખ્યાન'માં જણાવ્યું છે કે, ગુરૂનું અંગપુજન, પ્રભાવના, સ્વસ્તિક રચના આદિ કરીને વ્યાખ્યાન સાંભળવું. પુ. ઉપાધ્યાયજી શ્રી માનવિ. ગણિરચિત અને પુ. ઉપાધ્યાયજી શ્રી યશો વિ. ગણિવર દ્વારા સંશોધિત 'ધર્મ સંગ્રહ'ના પુર્વાર્ધમાં આ જ વિધાન દર્શાવાયું છે.

શ્રી હરિભદ્રસૂરિજી રચિત 'પંચાશક' ગ્રંથમાં જિનમંદિર બનાવવા ના અધિકારમાં નિર્માતા–શ્રાવકમાં જરૂરી ગુણો દર્શાવતા એક ગુણ 'ગુરૂ–પુજા'માં રૂચિવાળો દર્શાવાયો છે.

'કલ્યાણ કલિકા' અને 'પ્રતિષ્ઠાકલ્પ'માં પણ મંત્રોચ્ચાર પુર્વક ગુરૂનું અને ધર્મા-

ચાર્યનું પુજન કરવાનું વિધાન કરવામાં આવ્યું છે.

'પર્યુષણપર્વ માહાત્મ્ય'માં ગુરૂની અંગપુજા કરવાનું વિધાન છે. આમ, આવા અનેક ગ્રંથપોડા, વિધિવિધાનના ગ્રંથો, ગૂર્જર કૃતિઓનાં અવલોકનો દ્વારા ગુરુની અંગપુજા અંગે સારામાં સારી શાસ્ત્રીય માહિતી મળી જાય છે.

હવે આપણે ગુરૂની સુવર્ણ-આદિથી નવાંગી-પુજા અંગે વિચારીએ ! જગદ્‌ગુરૂ શ્રી હીરસૂરિજી મ.ની પાટપરંપરામાં આવેલ શ્રી કીર્તિવિ ગણિવરે 'હીરપ્રશ્નોત્તર' ગ્રંથ સંકલિત કરેલ છે, જે સકલ સંઘને માન્ય છે. એની સાક્ષીઓ ઠેરઠેર આપવામાં આવે છે. એમાં નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે :

પ્ર૦ : નાણાથી ગુરૂ-પુજા ક્યાં કહી છે ?

ઉત્તર : કુમારપાળ રાજા શ્રી હેમચંદ્રાચાર્યની સુવર્ણ કમળથી હંમેશા પુજા કરતા હતા. આ પ્રમાણે 'કુમારપાળ પ્રબંધ' વગેરેમાં કહ્યું છે. અને તેને અનુસરીને વર્તમાન સમયે પણ ગુરુની નાણાથી પુજા કરાતી જોવાય છે.

પ્ર૦ : ગુરુપુજા સંબંધી સુવર્ણ વગેરે દ્રવ્ય 'ગુરુ દ્રવ્ય' કહેવાય કે નહિ ?

ઉ૦ : ગુરુપુજન સંબંધી સુવર્ણ વગેરે દ્રવ્ય સ્વનિશ્રાનું નહિ હોવાથી ગુરૂદ્રવ્ય ન કહેવાય, પણ રત્નોહરણાદિ વસ્તુઓ ગુરુએ સ્વાધીન કરી હોય, તે ગુરુદ્રવ્ય કહેવાય.

પ્ર૦ : તેમજ તે દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરાય ?

ઉ૦ . સદર દ્રવ્યનો ઉપયોગ જિનમંદિર-જીર્ણોદ્ધાર થાય, એવું જણાય છે. શ્રી સિદ્ધસેન.સૂરિજીએ હાથ ઉંચા કરી 'ધર્મલાભ' આપેલ, એવા વિક્રમ રાજાએ કોટી દ્રવ્ય આપ્યુ , આ અગ્રપુજા રુપ દ્રવ્યનો ઉપયોગ તે વખતે જીર્ણોદ્ધારમાં કર્યો હતો.

ગુરુની આગળ મૂકાયેલું દ્રવ્ય બે વિભાગમાં વહેંચી શકાય. એક ભોગાર્હ અને બીજું પુજાર્હ ! ભોગાર્હ દ્રવ્ય ગુરુના ઉપયોગમાં આવી શકે, જેમકે કામળી આદિ પુજાર્હ-દ્રવ્ય. ગુરુના ઉપયોગમાં ન આવી શકે. પુજાર્હ દ્રવ્યમાં ગહુંલિમાં મૂકેલ ચોખા શ્રીફળ-નાણું તેમજ ગુરૂપુજનમાં મૂકાયેલું નાણું વગેરે આવે ! આ ગુરુના ઉપયોગમાં ન લઇ શકાય. આ વાત 'ધર્મ સંગ્રહ'માં સ્પષ્ટ જણાવી છે.

વાચક પ્રવર શ્રી લાવણ્યવિજયજી ગણિવરે 'દ્રવ્ય સપ્તતિકા' ગ્રંથમાં જણાવેલ છે કે, સોનું વગેરે ગુરૂદ્રવ્ય હોય તો તેનો ઉપયોગ જીર્ણોદ્ધાર તથા નવા દહેરાસરો બાંધવા વગેરેમાં કરવો જોઇએ આ ગ્રંથ સપ્તક્ષેત્ર વ્યવસ્થા માટેનો જ સ્વતંત્રગ્રંથ છે અને સંઘને માન્ય પણ છે.

શ્રી જયદેવસુરિજીની મલ્લશેઠે અઠ્ઠો લાખ દ્રવ્યથી કરેલી પૂજાનું, ધારાનગરીમાં લઘુભોજરાજે ૧૨ લાખ ૫૦ હજાર દ્રવ્યથી વાદિવેતાલ શ્રી શાંતિસુરિજી મહારાજની કરેલી પૂજાનો તેમજ આ દ્રવ્ય જિનમંદિરમાં લઇ જવાયાનો ઉલ્લેખ 'દ્રવ્ય સપ્તતિકા' માં છે. શ્રાવકોના પરિચયના પ્રભાવે જિનધર્મ તરફ આદરભાવ ધરાવનાર માફર નામના મલ્લિક બાદશાહે, શ્રી સુમતિ સાધુના સમયમાં ગીતાર્થ ગુરૂઓનાં સુવર્ણ સિક્કાથી કરેલી ગુરૂપૂજાનો પણ આમાં ઉલ્લેખ છે. પ્રશ્નોત્તર સમુચ્ચય, આચાર પ્રદીપ, આચારદિનકર, શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોના આધારે ગુરૂપૂજાની સિદ્ધિ કરીને આ ગ્રંથમાં જણાવ્યું છે કે, આ રીતે જિનેશ્વરની જેમ ગુરૂની પણ અંગ અને અગ્રપુજાનું દ્રવ્ય ગૌરવાર્હ સ્થાન (જીર્ણોદ્ધારાદિ) માં વાપરવું, પણ જિનાંગપુજામાં ન વાપરવું

પુ. આ. શ્રી કૈલાસસાગરસુરિજી મહારાજની પ્રેરણાથી શ્રી સીમંધર જિનમંદિર ખાતુ મહેસાણા દ્વારા પ્રકાશિત 'સ્વપ્ન દ્રવ્ય વિચાર' માં સ્પષ્ટ જણાવ્યું છે કે, ગુરૂદ્રવ્ય ગુરૂ સન્મુખ મહૂલી કરી હોય, ગુરૂની નાણાથી પુજા, ગુરૂપુજાની બોલીના પૈસા 'જીર્ણોદ્ધાર' માં ખર્ચવા જોઇએ.

પ્રતિષ્ઠા અંજન શલાકા આદિની વિધિઓમાં પ્રતિષ્ઠા થયા બાદ ગુરૂનું નવાંગી પુજન કરવાનું વિધાન છે. આજે પણ આ વિધાન મુજબ નવાંગીપૂજન થતું જ હોય છે. પ્રતિષ્ઠા વિધિ સમુચ્ચય, પ્રતિષ્ઠા કલ્પ, કલ્યાણ કલિકા, જિનબિંબ. પ્રવેશ વિધિ આદિમાં પણ જિનમંદિરમાં પ્રતિષ્ઠા બાદ પડદો કરીને નવાંગી પુજન કરવાનું સ્પષ્ટ વિધાન જોઇ શકાય છે.

પર્યુષણની સજ્ઝાયમાં પંડિત માણેકવિજયજી મ. નવાંગીપૂજન કરીને કલ્પસુત્રનું શ્રવણ કરવાનું જણાવ્યું છે. શ્રી ધનેશ્વરસુરિજી કૃત 'શત્રુંજય માહાત્મ્ય' તેમજ શ્રી હંસસુરિજી રચિત 'શત્રુંજય માહાત્મ્ય' માં ભરત ચક્રવર્તીએ ગુરૂ-ચરણની કમલ ચંદન પૂજાનો ઉલ્લેખ છે. ધન્યચરિત્ર અને અને ભવિષ્યદત્ત ચરિત્રમાં ગુરૂની કરાયેલી નવાંગી પૂજાનો ઉલ્લેખ છે.

અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ શ્રી હીરસુરીશ્વરજી મહારાજાનાં ઠેર ઠેર થયેલાં નવાંગી પુજનના ઢગલાબંધ વર્ણનો મળે છે. જે વિજય પ્રશસ્તિકાવ્ય, જગદ્ગુરૂ કાવ્ય, હિતોપદેશ ગ્રંથ પ્રશસ્તિ, શ્રી ઋષભકવિ રચિત હીરસુરિજી રાસ તેમજ સુરીશ્વર અને સમ્રાટ આદિમાં જોવા-વાચવા મળે છે. જગદ્ગુરૂનો પાટણમાં પ્રવેશ થયો, ત્યારનું વર્ણન તો ખુબ જ રોમાંચક છે. પ્રવેશ સમયે જગદ્ગુરૂ સમક્ષ સુવર્ણનો એટલો ઢગલો થઇ ગયો કે એ કોઇ રાજભંડાર જેવો જણાતો હતો. ગુરૂનાં પાલે પગલે

સોનાના ટાંક અને રૂપાનાણું મૂકાતું હતું અને મોતીના ઢગલાથી સ્વસ્તિક રચના થતી હતી.

પુ. આ. શ્રી વલ્લભસુરિજી મ.ના શિષ્ય પુ. આ. શ્રી લલિતસુરિજી મહારાજે હિન્દીમાં લખેલ 'કુમારપાળ ચરિત્ર' માં શ્રી હેમચન્દ્રાચાર્યની સુવર્ણ કમળોથી થયેલ પુજાનું વર્ણન છે. 'જૈન પરંપરાનો ઇતિહાસ' માં જણાવેલ છે કે, વિક્રમરાજા પછી તેના પુત્ર મમ્મર રાજે પૂ. આ. શ્રી વાસુદેવસુરિજી મ.ની ગુરૂપુજા કરીને લખેલ–જાહેર કરેલ કે, પ્રજાએ દેવદ્રવ્ય–ગુરૂદ્રવ્ય રક્ષા કરવી, તેનું ભક્ષણ કે ઉપેક્ષા કરવામાં પાપ છે. (સં. ૯૯૦ મહા વદ ૧૧)

પંડિત શ્રી જિનહર્ષ ગણિએ 'વસ્તુપાલ ચરિત્ર' માં તો જુદા જુદા સંઘોએ સંઘપતિ શ્રી વસ્તુપાલનું જે રીતે નવે અંગે પૂજન કર્યું, એનું ખૂબ જ સુંદર વર્ણન છે. (વસ્તુપાલના) બે પગ તીર્થયાત્રામાં આગળ રહેનારા છે, બે હાથ સુવ ને ધરનારા તથા દ્વારિદ્રને નાશ કરનારા છે, કંઠ સર્વપ્રિય વાણીના ધારક છે, બે ભૂજાએ દુર્ધર છે, આવા-આવા ભાગ્યના સમૂહથી સુંદરલિપિ જેવું ભાલ છે, તે કારણથી સંઘપતિના આ અંગોની પુજા, મંગલ દીવાના પ્રસંગે શ્રી અરિહંત પરમાત્માની દૃષ્ટિ ન પડે એ રીતે (પડદો કરીને) લોકો દ્વારા કરાય છે.

આ રીતે આટલા વિસ્તૃત વિવેચન પછી તો ગુરૂનાં પૂજન અંગે, નવાંગી પૂજન અંગે અને નાણાથી નવાંગી પૂજન અંગે હવે તો કોઇ શંકાને સ્થાન નહિ જ રહે, એવો વિશ્વાસ છે. પુ. આ. શ્રી હેમચન્દ્રસુરિજી મ. પુ. આ. શ્રી હીરસુરિજી મ. જેવા મૂર્ધન્ય મહાપુરૂષો નવાંગી ગુરૂપુજનની પ્રવૃત્તિને શાસ્ત્રીયતા સમજતા હતા. માટે જ એને અટકાવેલ નહિ અને એને અટકાવવા દ્વારા દેવદ્રવ્યની આવકનું એક દ્વાર બંધ કરવાનું અશાસ્ત્રીય–પગલું એ મહાપુરૂષોએ ભર્યું નહિ. એથી જ આ દ્વાર આજ સુધી ખુલ્લું રહી શકયું છે.

દેવદ્રવ્યની આવકની સાથે સાથે ગુરૂભક્તિનું એક દ્વારા પણ બંધ કરવા કરાવવાનું પાપ જાણે–અજાણ્યે પણ કયાંયને કલંકિત ન બનાવી જાય, એ માટે બધી શાસ્ત્રસિદ્ધ વાતો સતુર્વિધ શ્રી સંઘે સમજી લેવી જ રહી એ માટે આ આ લેખન સંકલન સહાયક થઇ પડશે, એવો વિશ્વાસ છે. આ અંગેથી વિસ્તૃત અને વિશેષ માહિતી મેળવવી હોય તો પુ. આ. શ્રી પુર્ણચન્દ્રસુરીશ્વરજી મહારાજ લિખિત (ત્યારે

મુનિશ્રી) 'શાસ્ત્રદૃષ્ટિનાં કર્પણમાં ગુરૂપુજન' આ પુસ્તક વાંચવું-વિચારવું ખૂબ જ જરૂરી ગણાય માં આ પુસ્તકને નજર સામક્ષ રાખીને જ આ સંકલન કર્યું છે

—જયરક્ષિત વિજયજી મુંબઇ પોષ સુદ ૨ ગુરૂ તા. ૧૩-૧-૬૪

સંપાદકીય સ્પષ્ટતા :- આ વિષયના શ્રી આચારાંગ સુત્ર ટીકાના પાઠમાંથી 'યુગપ્રધાનાનાં' આ શબ્દો જાણી જોઇને ઉડાડી દેવાના આક્ષેપ અંગે પુજ્યશ્રીને પુછતા, પુજ્યશ્રીએ જે ખુલાસો (મને-કીરચંદ જે. શેઠને) જણાવ્યો એ અક્ષરશઃ નીચે મુજબ છે.

તથા પ્રાવચતિના આચાર્યાદિનાં યુગ પ્રધાનાનાં... આ રીતનો પાઠ છે. આમાં શરત ચૂકથી જ યુગ પ્રધાનાનાં આટલા શબ્દો પાઠમાંથી છૂટી ગયા છે, આ હકીકતનો ઇન્કાર થઇ શકે એમ નથી. આ ભૂલ જરૂર ભુલ જ છે. છતાં પણ આ ક્ષતિને શાસ્ત્ર-પાઠમાં કાપકૂપ કરવાની ધિક્કાર તરીકે અમુક વર્ગે જે રીતે વગોવી, એ વગોવણી તો તો બરાબર નથી જ. કેમકે 'યુગપ્રધાનાના' આ શબ્દો ઉડાવી દેવાથી જ આચાર્યાદિની વારાપુજા સિદ્ધિ થઇ શકે અને 'યુગ પ્રધાનાનાં' આ શબ્દો રાખવાથી આવી સિદ્ધિ ન થઇ શકે, એવું નથી જ! માટે પાઠને ઉડાડી મૂકવાનો આક્ષેપ તો કોઇ પણ રીતે ટકી શકે એમ નથી. આ બાબત એ વર્ગની પણ જાણ-બહાર નથી જ. છતાં લોકોને ભ્રમમાં નાખવા જ આવી વગોવણી કરાઇ હોય, એ કોઇ પણ સમજી શકે એમ છે. 'યુગ પ્રધાના'નાં શબ્દ પાઠમાંથી છૂટી ગયાની ભુલ બદલ 'મિથ્યા મે દુષ્કૃત' નો ભાવ વ્યક્ત કરવા પુર્વક આ જાતનો મારો ખુલાસો પણ પ્રસિદ્ધ કરી શકો છો. જેથી સૌને મોડી મોડી પણ સાચાની જાણ થાય!

— પૂર્ણચન્દ્રસૂરિ

પ્રભુ! દૂર કરો અંધારું —પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

હે પ્રભુ! આજે, વહેલી સવારે ચારે કોર ફેલાયેલા ગાઢ ધુમ્મસને ગણકાર્યા વિના જે રીતે હું તારી પાસે આવ્યો છું, તે રીતે તું પણ મારા ઉરમાં છવાયેલા ધુમ્મસને અવગણીને મારી પાસે આવીજા!

હે પ્રભુ! હવે તો હુંય વાજ આવી ગયો છું. મારા આ બહુરૂપી પણાથી હુંય નક્કી નથી કરી શકતો કે ખરેખર હું કોણ છું? પુત્ર છું? પતિ છું? મિત્ર છું? મુનિ છું? માનવ છું? લાગે છે કે હું આમાંનો એક પણ નથી. ખરેખર તો હું ઢંભી છું. મારા ઢંભને ચીરી નાખ, પ્રભુ, એક ઝાટકે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૩] —શ્રી રાજુભાઇ પંડિત

(૩૩) 'તો દુર્યોધનને તજી દો.'

'પ્રાણના અંત સમયે પણ આવીને પ્રજાનો સંહાર કરી નાંખતા આ કૃતાન્ત (યમરાજ)ને પણ હું સજા કરું. જગતને પ્રકાશ દેનારા આ સૂર્ય–ચંદ્રને ગ્રસી જનારા આ રાહુની પણ સાન ઠેકાણે લાવી દઉ. ધનુષને ધારણ કરીને સાગરના સીમાડા સુધીની વિશાળ આ પૃથ્વીને હું ઉપદ્રવ વગરની કરી નાંખુ.'

ગર્ભના પ્રભાવે મહારાણી કુંતીદેવીને આવા સુંદર મનોરથો થવા લાગ્યા.

સુયોગ્ય સમયે મનોહર મુહુર્તે કુંતીએ પુત્રને જન્મ આપ્યો. અને દિવ્યવાણી થઇ કે–'જ્યેષ્ઠ વડિલોની આરાધના કરનાર, જગત આખામાં વિખ્યાત ધનુર્ધર, કોઇથી સામનો કરી ન શકાય તેવો, અત્યંત સૌમ્ય મુખવાળો, ક્રોધ સહિત નયવત્સ આ પુત્ર કર્મથી મુકત બની મુક્તિસ્ત્રીનો પતિ બનશે.' પછી દેવોએ આકાશમાં સંગીત-નૃત્યાદિ કર્યો.

પુત્ર-જન્મ નિમિત્તો પાંડુરાજે પણ મહોત્સવ કર્યો અને ગુણથી (અર્જુન) ઇન્દ્ર જેવા તેનું અર્જુન નામ પાડયું. અને સ્વપ્નમાં ઈન્દ્રના દર્શનના કારણે ઇન્દ્રપુત્ર એવું પણ નામ થયુ.

હવે કેટલાક સમયે પાંડુની બીજી પત્ની માદ્રીએ ઉત્તમ સ્વપ્નથી સૂચિત એવા યુગલને જન્મ આપ્યો–ત્યારે પણ દિવ્યવાણી થઇ કે-'સત્ત્વ તથા શૌર્યથી યુકત, વડિલોમાં બહુમાનવાળા આ બંને સિદ્ધિગતિ પામશે.' તે બંનેનું સહદેવ તથા નકુલ એમ નામ પાડવામાં આવ્યું.

આ રીતે પાંડુના પાંચ પુત્રો પાંડવો દેવલોકના સ્વર્ગની જેમ વધવા લાગ્યા.

બીજી બાજુ ગાંધારી વિગેરે આઠ ધૃતરાષ્ટ્રની પત્નીઓએ દુર્યોધન પછી દુઃશાસન દુઃસહ, દુઃશલ, રણ, શ્રાંત આદિ એકસો પુત્રોને જન્મ આપ્યો. તેઓ પણ રણકર્મ-વિશારદ, અત્યંત શકિતશાળી તથા સર્વ અસ્ત્રકળાના પારગામી હતા.

એક દિવસ ભીષ્મ પિતામહ આદિને બેસાડીને સ્વચ્છ મનવાળા ધૃતરાષ્ટ્રે મૌદ્ગ-ર્તિકોને=નિમિત્તકોને બોલાવીને પૂછયું કે–'ભારતી દેવી વડે (દેવી વડે) કહેવાયું છે કે યુધિષ્ઠિર આત્મા જગતમાં પ્રશંસનીય બનશે.' એમાં મને કોઇ સંશય નથી. પરંતુ તે યુધિષ્ઠિર પછી દુર્યોધન રાજા થશે કે નહિ તે જ્ઞાન વડે વિચારીને જણાવો.'

આ પ્રશ્ન પુછાતાની સાથે જ દિશાઓ–દિશાઓમાં રજકણો ઉડવા માંડ., નિર્ઘાતો= (વંટોળીયાઓ) ઉઠવા લાગ્યા. ધરતી કંપ થવા લાગ્યો. કાગડાઓ ખરાબ ભવિષ્યને જણાવતા વિરસ-અવાજ કરવા લાગ્યા. સૂર્યમંડલ પરિવેષથી (કુંડાળાથી) ભયંકર થઇ ઉઠ્યું.

આટલા દુર્નિમિત્તો તથા લક્ષણો જોઇને જ્ઞાની નિમિત્તકોએ સર્વજ્ઞના જાણકાર વિદુર પ્રત્યે કહ્યું કે–'આ દુર્યોધન રાજચક્રને જીતનારો પ્રચંડ શક્તિશાળી રાજા જરૂર થશે. પરંતુ તે સાથે સાથે કુળનો અને પ્રજાજનનો કાળ (સંહારક) પણ થશે.'

આ રીતે નૈમિત્તિકોએ કહેલું અનિષ્ટ વિદુરે સભાસમક્ષ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યું.

કાનમાં ઝેર રેડાય તેવી તે વાણી સાંભળીને ફરી ધૃતરાષ્ટ્રે પૂછ્યું. કુલનો નાશ અટકાવવા કુળમાં શાંતિ શી રીતે થઇ શકે ?

આ પ્રશ્નના જવાબમાં સંદેહ છેદનારા વિદુરે અપ્રિય એવું પણ પથ્ય તથા તથ્ય વચન કહ્યું કે–જો તમે આખા કુળનું કુશળ ઇચ્છતા હો તો પાપી દુષ્ટ પુત્રનો હમણા જ ત્યાગ કરી દો. કુળનો પ્રલય સંહાર કરનારા એવા તે દુષ્ટપુત્રથી શું ? એવા સુવર્ણથી શું ? કે જે કાનને છેદાવી નાંખે છે ? આ નવ્વાણું પુત્રો ક્ષેમ–કુશળ પામેલા ભલે રહો. અત્યંત લાભની ઇચ્છાવાળાએ અલ્પનો ત્યાગ કરવો પડે તો કરવો જ જોઇએ. એમ વિદ્વાનો કહે છે.'

વિદુરનું આ વચન સાંભળીને હજી તો ધૃતરાષ્ટ્ર કંઈ જવાબ આપે તે પહેલા જ અત્યંત પ્રીતિવાળા પાંડુરાજે જવાબ આપ્યો કે–આવા પુત્રરત્નો કદિ મળતા નથી. મારી દેવોની આખડી (બાધાઓથી) આ દુર્યોધન જન્મ્યો છે. અગર કુળનો ક્ષય જો પુત્રથી હોય તો કુળની વૃદ્ધિ કોનાથી થશે ? અગર સૂર્યથી જ અંધકાર ફેલાય તો પ્રકાશ કોનાથી થશે ? આ દુર્યોધન તો યુધિષ્ઠિર કરતા પણ મોટો છે કેમકે ગર્ભમાં પહેલા તે આવ્યો છે. તેથી રાત્ર્ય રૂપી કમળને વિકસાવનારા સુર્ય જેવો અને ગોત્રનો સંહારક નહિ પણ વધારનારો આ દુર્યોધન જ રાજા થશે.

અત્યારે તમારે બધાને પોતપોતાના રહેઠાણ તરફ જવા માટેના રસ્તાઓ કલ્યાણકારી બનો.'

આ પ્રમાણે કહીને પાંડુરાજા સભામાંથી ઉભા થઇને ચાલ્યા ગયા.

(દુર્યોધનની દુશલ્યા નામની બહેનના સિન્ધૂના રાજા જયદ્રથ સાથે લગ્ન થયા.)

[ક્રમશઃ]



પ્યારા બૂલકાઓ...

કરેક મનુષ્યોએ મન અને ઇન્દ્રિયોને કાબુમાં રાખે તેને સંયમરૂપી તાળું માર્યું કહેવાય.

જેમ તિજોરીને તાળું મારવું પડે છે તેમ કરેક માનવીએ પોતાની ઇચ્છા, વાસનાને તાળું મારવું જોઇએ. કાબુમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઇએ.

મન અને ઇન્દ્રિયોને કાબુમાં રાખવાથી આ ભવ અને પરભવમાં દુ ખ આવતું નથી.

તિજોરીને જો તાળું ન મારીએ તો જર–ઝવેરાત આદિ કિંમતી વસ્તુઓ ચોરાય જાય છે.

તેમ મન અને ઇન્દ્રિયો ઉપર સંયમ રૂપી તાળું લગાડવામાં ન આવે, કાબુમાં રાખવામાં ન આવે તો માનવીની અમુલ્ય કિંમતી જીવન રૂપી મૂડી, ગુણો, સંસ્કારો સદાચાર, શીલ આદિ બધું જ લુંટાય જાય છે.

ઇન્દ્રિયોની ખણજ શરીરમાં વિકૃતિ જન્માવે છે અને મનની લાલસાઓ આ ભવ પરભવનું જીવન બરબાદ કરે છે.

પાંચ ઇન્દ્રિય પૈકી એક જીભને (રસનેન્દ્રિય) વશ ન રાખવાથી કેટકેટલા અનર્થો સર્જાય જાય છે.

માટે જ કહ્યું છે– ગમ ખાના, કમ ખાના.

જીભને બત્રીસ કાંતની ચોકી અને બે હોઠરૂપી કીલ્લામાં પૂરી હોવા છતાં હાડકા વગરની અને અંકુશ વિનાની લુલીએ કંઇક મહાભારત–રામાયણ રચ્યા છે.

જો માનવી મન અને ઇન્દ્રિયોની વાસનાને અટકાવવા સંયમનું તાળું મારે તો કોઇપણ કાળે તિજોરીને તાળું મારવાની જરૂર નહિ પડે.

મનની વાસનાથી અને ઇન્દ્રિયોની વિકૃતિઓથી જ આત્માનું અધઃપતન થાય છે.

આત્માના ગુણ વૈભવનું જતન કરવા પ્રતિજ્ઞા રૂપી તાળુ લગાડશો તો શરીર નિરોગી, મન પ્રસન્ન અને આત્મા ઉર્ધ્વગામી બને છે.

થોભો, જરા વિચારો...

પ્રતિજ્ઞા રૂપી કંઠી પહેરવાથી ચોક્કસ ફાયદો થાય છે.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

— કથાનક —

આકર્ષણ

રથનેમિ સર્વ ત્યાગીને ગુફામાં ભરાઈ પેઠા. ધ્યાનમાં તલ્લીન થયાં. વાતાવરણ મધુર છે. સાધનાને સાનુકૂળ ક્ષેત્ર છે. કોઇ ઘોંઘાટ નથી. કોઇની અવરજવર નથી. બહાર શું ચાલે છે તેની ગતાગમ નથી. અંધારૂં અને એકાંત છે. નિરવશાંતિ છે.

આત્માનો જ અવાજ સંભળાય છે આત્મલક્ષ છે પરમાત્મા બનવ ની ધુન છે. કર્મોને પછાડી સિદ્ધશિલા ઉપર જવાની તમન્ના છે.

ત્યાં જ,

બરાબર એ જ સમયે.

વરસાકમાં ભીંજાયેલા રાજેમતી સાધ્વીજી અન્ય સાધ્વીજીઓથી છૂટા પડયા સ્થાન ગોતતા આ જ ગુફામાં પ્રવેશ કર્યો. ઘોર અંધકાર છે. ભીંના ચિવટ સુકવવાની ભાવના થઇ વસ્ત્રે મોકળા કર્યા પથ્થરના સહારે સુકવ્યા હાથ પહોળા કરી પથ્થરના સથવારે સ્થિર આસને બેઠા.

એ જ સમયે,

રથનેમિના નયનો સ્થિર થઇ ગયા. કામ સવ્વર દોડી આવ્યો રાજમતિનો દેહ જોતાં વિકાર પ્રગટ થયો.

ખલાસ...

જ્યાં અંધારૂં...એકાન્ત...અને વિકાર.

આ ત્રણ અતત્ત્વો ભેગા થાય ત્યાં સાધકની સાધનામાં બાધકતા. હું મુનિ છું એ વાત વિસરાઈ ગઇ. કૂળ અને જ્ઞાનકાની અભરાઇએ ચઢી ગઇ, કામ રાજાએ ઉત્તેજના ઉભી કરી. ચંચલ ચિતડાને સ્થિર કરી, હિંમત એકઠી કરી રાજમતી પાસે પાસે અસંયમની માંગણી કરી.

રથનેમિનો અવાજ, રથનેમિની પ્રાર્થના અબ્રહ્મ સેવવાની તાલાવેલી, હાવ ભાવની કુચેષ્ટા આદિ જોઇ રાજુમતી સચેત થઇ ગયા. સિંહણ જેવી ગર્જના કરી વસ્ત્રોથી પોતાના દેહને આચ્છાદિત કર્યો. સાવચેત બની ગયા ખબર પડી કે રથનેમિ ગુફામાં જ છે.

સદ્‌ભાગ્ય માનો રાજીમતીના...

જેના હૈયામાં સંયમ પુન્યે અજબ આકર્ષણ હતું. અહો ભાવ હતો સિંહ ગર્જનાં કરતાં– કડક ભાષામાં રથનેમિને કહી દીધું.

'શ્રેય તે મરણું ભવે'

હે અપયશ કામી ! 'અસંયમની માંગણી કરનાર તારા માટે મરણ શ્રેષ્ઠ છે'

રાજીમતીના કડક ઉદ્‌ગારો અને હિતકારી વચનોથી રથનેમિ પુનઃ સંયમમાં સ્થિર થયા ચપલ મનડું પરમાત્મા બનવાની ધૂન લાગી ગયું. કેવું જરૂર આકર્ષણ ?

વિરાગનું આકર્ષણ વિરાગી બનાવ્યા વગર રહેતું નથી. —વિરાગ

— વિષ અમૃત —

સાપની દાઢમાં ઝેર હોય છે
વીંછીની પૂછડીમાં ઝેરી કાંટો હોય છે
મધમાખીના મસ્તક ઉપર ઝેરી વસ્તુ હોય છે
દુષ્ટ માનવીના સર્વ અંગોમાં ઝેર હોય છે
વિષને વમીને અમૃત પ્યાલી
પીએ તો જ દાનવ મટીને માનવ...
અને માનવતાંથી મહામાનવી બની શકીયે

—વસુ

શું કાઢીને વાંચશો ?

લાડવા લડવવાથી બાળક-સ્ત્રી બગડે છે
નીતિ નથી વેપાર કરવો જોઇએ.
મહીના નદીમાં પુર આવ્યું.
માનવથી માનવની પડતી થાય છે.
બળતું અભિમાન ન કરવું જોઇએ.
બેસન પણ દ્વેષ કરવાથી ઝઘડો થાય છે.

—લાડલી

— તુક્કા —

બીજાના વિચારો જાણી શકાતા હોત તો ?
અંગ–ઉપાંગ બદલી શકાતા હોત તો ?
માણસને ચાર આંખો હોત તો ?
ઘી–તેલના પહાડ હોય તો ?
દૂધની ખેતી થતી હોત તો ?

—આર. ટી. લાકડીયા

જંખે છે.

ઝંખે છે સરિતા– સાગરના મિલન માટે
ગાજે છે મેઘ– ધરતીના મિલન માટે
ઝંખે છે પ્રાણ– પ્રભુનાં મિલન માટે

ઝંખે છે ગ્રાહક– સારા દુકાનદારના
મિલન માટે
ઝંખે છે બાળક– બાલવાટિકા મિલન માટે
ઝંખે છે લાડલી– કોના મિલન માટે
—રશ્મિકા

A-B-C-D

A વીતરાગ ! મને ભવથી ઉગારજે.
B જા ઉપર અમી દૃષ્ટિ રાખવી.
C મંધર સ્વામીને મારી વંદના.
D સમીસ કર્મને કરજો.
E રિઆવહિમ સૂત્રથી અઇમુતામુનિ
કેવળજ્ઞાન પામ્યા.
ળ પૂજા શિવ માટે કહી છે.
G વન ધન્ય બનાવો.
H મેશાં ભગવાનની પૂજા કરવી.
I ઇમુત્તા મુનિએ પાપની આલોચના
ભાવપૂર્વક કરી.
J સલમેર તીર્થમાં દાદા પાર્શ્વનાથ બીરાજે છે.
K શી ગણધર અને ગૌતમ સ્વામીનો
વાદ વાંચવો.
L ક્ષમીની લાલસા ભૂંડી છે.
M કાંઇ તમને તમારા પાપ છોડશે.
N મસ્કાર મહામંત્ર છેં.
O ઘો જીવ રક્ષાનું સાધન છે.
P ક્ચર જેઇને જીવન બરબાદ કરશો નહિ
Q ન ભયે હમ સાધુ.
R તિ અરતિ કરવાથી કર્મ બંધાય છે.
S આરામથી જીંદગી બગાડો નહિ.
કા કરશો નહિ.
U ગમંદર સ્વામી હાલ મહાવિદેહમાં છે.
V મલનાથ ભગવાનનું મંદિર જામનગર
પ્લોટમાં છે.
W ઢવાણથી 'શ્રી જૈન શાસન' નિકળે છે.
X 'રે આત્માનો કાઢો.
Y સ (કાગડો) પક્ષીમાં ઠગ કહેવાય છે.

રાજેન્દ્ર ચોવઠિયા

— હાસ્ય હોજ —

મનસુખ–ડો. આપને ધન્યવાદ !

ડો.–મનસુખ, કેમ ?

મનસુખ–ડો મંદવાડમાં મારો જાન બચાવ્યો

ડો. મનસુખ–ના, ના બધુ કર્તા તો
ઇશ્વર છે.

મનસુખ–ડો. (ધીમેથી) તો બિલ પણ
ઇશ્વરને મોકલી આપીશ.

(ભાવાર્થ સમજવો જોઇએ)

❀

ત્રણ ભકતોની ભક્તિ જોઇ એક દેવ પ્રસન્ન થઇ વરદાન માંગવાનું કહ્યું.

એકે કહ્યું, મારું ઘર સદાય ભરપુર રહો
દેવે કહ્યું તથાસ્તુ !
બીજાએ કહ્યું મને ધન આપો.
દેવે કહ્યું તથાસ્તુ !
ત્રીજાએ કહ્યું, મારી ઇચ્છા મામુલી છે.
મને તમારા ભકતોના સરનામા આપો
કારણ કે હું ઇન્કમ ટેક્ષ ખાતાનો
અધિકારી છું.

(દેવને પણ ભૂલાવે સ્વાર્થીઓ)

જૈન શાસનના સાચા મરજીવા સમાન

: સાત્ત્વિક શિરોમણિ, તુને અગણિત પ્રણામ :

—શ્રી ગુણદર્શી

[ખમીરવંતી ખુમારી અને સાત્ત્વિકતાના સ્વામી સમાન, શ્રી જૈન શાસનના અણનમ મરજીવા સમાન યુગપુરૂષની આછેરી ઝલક કરાવી, ભોળા અને ભદ્રિક લોકો શાસ્ત્રના નામે શાસ્ત્રાભાસો કરનારાથી ભરમાય નહિ અને સન્માર્ગમાં સ્થિર બને તેવો ટુંકો નમ્ર પ્રયાસ આ લેખમાં કરાયેલો છે. વાચકોને પણ માર્ગસ્થ બનાવવા સાથે મોક્ષની જ પ્રીતિ કરનારો બનશે તેવી ભાવના. —સંપા૦)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ મોક્ષમાર્ગ સ્વરૂપ સ્થાપેલું આ શ્રી 'જૈન શાસન' જગતમાં સદાય જયવંતુ વર્તે છે. તે શાસનને જગતમાં જયવંતુ રાખવામાં સુવિહિત પુણ્યનામધેય એવા પૂ. આચાર્ય ભગવંતાદિ મુનિવરોનો અમૂલ્ય ફાળો છે. જેઓએ પોતાના જીવના ભોગે પણ આ શાસનને કાલીમા ન લાગી જાય અને શાસનની શાન વધે તેવા જ પ્રયત્નો કર્યા છે-કરી પણ રહ્યા છે. હંમેશા ગ્રહણ પણ સૂર્ય કે ચંદ્રને જ લાગે પણ ગ્રહ-નક્ષત્ર કે તારાને ન લાગે, તેની જેમ સત્ય શાસનને જ કલંકિત કરવાના પ્રયત્નો અણસમજુ, અજ્ઞાનીઓ કે સત્યનું તેજ નહિ ખમી શકનારાઓ તરફથી થાય તે સહજ છે. છતાં પણ પ્રાણને હોડમાં મૂકનારા મરજીવાઓની જેમ શાસનના મરજીવાઓનો પણ તોટો નથી. શાસનની શાન જાળવવા જેઓ સંઘર્ષોનો તો મક્કમતાથી સચોટ સામનો કરે છે, આક્રમણોથી જરાય ચલિત થતા નથી અને ભગવાનના શાસનના સત્યસિદ્ધાન્તોની પ્રરૂપણા અને પ્રચાર જગતભરમાં કરે છે, અંગત આક્ષેપોથી જરાપણ ડર્યા વિના જેઓના ગુણગાન ગાતાં જીભ થાકતી નથી પણ વધુ ઉલ્લસિત બને છે અને જેમની જીવનકથા સુણતાં કાન પવિત્ર બને છે, શરીર રોમાંચિત બને છે.

આવા જ એક સુવિહિત શિરોમણિ, સ્યાદ્વાદ વાચસ્પતિ, સિદ્ધાંતવાગીશ, જૈન શાસનના સુસકૂળ-સમર્થસુજ્ઞાની થઇ ગયા, જેઓને વર્તમાનનો મોટોભાગ સારી રીતે જાણે છે, જેમની નામનાથી સુપરિચિત છે. 'રામવિજયજી'ના હુલામણા નામથી જગત વિખ્યાતિને વરેલા પૂ. આ.દેવ શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મહારાજાધિરાજના નામે જૈન-જૈનેતર જગતમાં વિરલવિભૂતિની વિખ્યાતિ મેળવી, શ્રી જૈન શાસનની અનુપમ રક્ષા-આરાધના અને પ્રભાવના કરી ગયા.

આજના કાળની વિષમતા એ છે કે, સત્યની બાબતોમાં સજ્જનોમાં મતભેદ છે અને અસત્યની બાબતોમાં દુર્જનો સુસંગઠિત છે તેવા કપરાકાળમાં જ્યારે સત્યની સ્મશાનયાત્રા નીકળતી હોય ત્યારે પણ પ્રભુપ્રણીત સત્ય સિદ્ધાંતોનો, લોકહેરીમાં તણાયા વિના નિર્ભયપણે સામનો–મક્કમ પ્રતિકાર કરી, સત્ય સિદ્ધાન્તોનો વિજય વાવટો જગતમાં અણનમ વહેતો રાખવાનું પુણ્યશ્રેય આ જ પુણ્યપુરૂષને શિરે છે.

પરમ સત્ય મતના જ આરાધક, રક્ષક અને પ્રચારક એવા આ મહાપુરૂષની દૃષ્ટિની વિશાલતા, અનુપમ વિચારોની ઉચ્ચતા, આદર્શના મૂલ્યોની જાળવણી અને પ્રકૃષ્ટ પ્રજ્ઞાથી અનેક જીવોને જે લાભ થયો છે, જે ઉપકાર કર્યો છે તેને સજ્જનો ક્યારેય ભૂલી નહિ શકે. તેમાંય અર્થ-કામની લાલસાથી ઓતપ્રોત જડવાદના જમાનામાં નિર્ભય–નીડરપણે મોક્ષમાર્ગની મનોહર પ્રરૂપણા કરી, ત્યાગમાર્ગનું સચોટ પ્રતિપાદન કરી, વિરોધીઓના મસ્તક ડોલાવનારા હૈયા હલાવનારા આ જ પુણ્યપુરૂષ આ વીશમી સદીના ધર્મશ્રધ્ધા પ્રત્યે ડગમગતા જમાનામાં જૈન સમાજના–શાસનના સાચા સ્તંભરૂપ હતા.

'चइज्ज देहं, न तु धम्मसासणम्' એજ જેઓનો નાભિનાદ હતો જેથી જેમનું જીવન મહાન હતું, જેમનું વ્યક્તિત્વ પણ મહાન હતું. જેમના ગુણો તો અતિ મહાન હતા અને વાણી પણ મહાન હતી.

'સાચને પડખે રહીને ઝુઝતા આપણે પળવાર પણ ખસવું નથી,
સંકટો દુઃખો પધારો સ્વાગતમ્, લેશ પણ આ માર્ગથી ખસવું નથી.'

આ ભાવના તો એવી અસ્થિમજ્જા હતી અને 'બહુબહુવિધવિશેષણગ્રાહિકયા-વસ્તુબોધશક્તિ' રૂપ નિર્મલ પ્રજ્ઞાને, શાસ્ત્રોથી એવી પરિકર્મિત બનાવી હતી કે જેથી જે પણ વિષયનું પ્રતિપાદન કરે તે શ્રોતાઓને સચોટ, હૃદયંગમ બની જતું. મોક્ષ-માર્ગનું તેમના શ્રીમુખેથી પાન કરવા ભાવિકો દૂર-સુદૂરથી દોડ્યા આવતા મોક્ષપ્રધાન એવું આ શ્રી જૈનશાસન છે. આત્માની સ્વાભાવિક મોક્ષ સ્વરૂપ અવસ્થાને પેદા કરવા માટે જ જે શાસનની સ્થાપના શ્રી તીર્થંકર પરમાત્માઓ કરે છે, જે શાસ્ત્રને ફરમાવેલી સઘળીય ક્રિયાઓ–સઘળાંય અનુષ્ઠાનો એક માત્ર આત્માની મુક્તિને માટે જ કરવાના છે–આ વાત સર્વમાન્ય અને ગ્રાહ્ય હોવા છતાં પણ સ્વયં વર્ષો સુધી તેની પ્રરુપણા કરનારા પણ દેશ–કાળને નામે, જમાનાવાદના વહેતા પ્રવાહોમાં તણાઇને, શાસનના અધિકૃત પદ ઉપર વિરાજેલાઓ પણ મોક્ષને ગૌણ બનાવે, 'મોક્ષ માર્ગાનુસારી દેશનાને, 'પાપદેશના' કહે, ત્યારે સજ્જનોને ખેદ થાય તે સહજ છે. શાસન–સંસ્કૃતિની રક્ષાના

નામે આરંભ–સમારંભોની ય અનુમોદના કરનારાઓને આવા પુણ્યપુરૂષ આંખના કણાની જેમ ખુંચે તે સહજ છે.

ઇર્ષ્યા, અસૂયા, તેજોદ્વેષથી પીડાતા આત્માઓ જ્યારે વિવેક પણ વીસરી જાય છે અને અણછાજતા, મનઘડંત આક્ષેપોનો મારો ચલાવે છે ત્યારે તેઓની દયા જ આવી પડે છે આ પૂ.શ્રીજીની પ્રરૂપણાને સમજ્યા વિના કે સમજવાનો પ્રયત્ન કર્યા વિના, પૂ.શ્રીજીને જ સમજાવવાનો પ્રયત્ન કરનારા અરેખર ઉંધા માર્ગે ચઢી પોતાના જીવનની બરબાદી સાથે અનેકના જીવનની બરબાદી કરનારા છે.

ખરેખર 'તત્ત્વાવલોકન સમીક્ષા'ના નામે ભોળા અને ભદ્રિક જીવોને સન્માર્ગથી ચ્યુત કરવાનો પ્રયત્ન કરનારે તો 'સ્વ' અવલોકન કરવાની તાતી જરૂર છે પોતાને 'ઇષ્ટ'ની પ્રાપ્તિ ન થવાથી 'ઇષ્ટફલસિદ્ધિ'નો વિવાદ ઉભો કરનારને સુજ્ઞ–સમજુ આત્માઓ સારી રીતના ઓળખે છે. પણ 'પ્રકૃતિ: ખલુ દુસ્ત્યજા' એ ન્યાયે તેવાઓની ઉપેક્ષા કરવી તે જ હિતાવહ છે. કારણ કે, અયોગ્ય આત્માની, જાગતા જ સૂતા રહેનારાની, ઉપેક્ષા કરવી તે તેને વધુ પાપથી બચાવવાનો સાચો હિતકર ઉપાય છે, બાકી 'यादृशो यक्षस्तादृग्बलि: क्षिप्त' આપતા તો સન્માર્ગ–પ્રેમીઓ ક્યારે પણ પીછેહઠ કે પાછી પાની નહિ કરે એ નોંધવાની જરૂર છે.

ભોળી દુનિયાને અર્થ–કામની લાલચ આપવામાં આવે અને વળી તે પ્રવૃત્તિને ધર્મનું ઉપનામ આપવામાં આવે તો ભોળી દુનિયાની હાલત સાચે જ કરૂણામય બને. તેવે વખતે સાચા કારુણ્યનિધિ આત્માઓ સાચો માર્ગ સમજાવી, સન્માર્ગમાં સ્થિર કરે. તેમને જ વગોવે, દુરાગ્રહને વશ પડી તેમની જ સામે પડે ત્યારે કહેવું જ પડે કે– 'नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी ।' સૂરજ સામે ધૂળ ઉડારનારની જે હાલત થાય કે બીજા સામે ગલીચ તોછડી ભાષામાં કાદવ ઉછાળનારની જે હાલત થાય તેવી હાલત તેવાઓની થાય છે માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થતો બોધ તે સ્વ–પર અનેકને હાનિ કરનારો બને તેમાં લેશ પણ શંકા જ નથી. એટલું જ નહિ, જે શાસ્ત્ર, મદનો નાશ કરનારું છે તે જ શાસ્ત્ર તેવાઓને મદજનક બને છે અને–

'मदोपशमनं शास्त्रं, खलानां कुरुते मदम् ।
चक्षुः प्रकाशकं तेजः, उलूकानामिवान्धताम् ।। ને સત્ય ઠરાવે છે.

એક માત્ર તેજોદ્વેષથી પીડાતા લોકોને માટે કહેવું જ પડે કે–'ऋणं वैरं च जन्तुनां नशंस्त्यन्तरेऽपि न ।' બાકી આ પૂજ્યપુરુષના હૈયામાં તો પોતાના વિરો-

બીજા પ્રત્યે પણ સદૈવ વાત્સલ્ય-ભાવનું ઝરણું વહેતું હતું. સૌ ભગવાનના મોક્ષ માર્ગને જ સમજે, આરાધે અને વહેલામાં વહેલા મુક્તિપદને જ પામે એ જ ભાવના વહેતી હતી. પણ ઝીલનારાની જ અયોગ્યતા હોય ત્યારે કહેવું જ પડે કે--તે વ્યક્તિમાં જ પાત્રતાનો અભાવ હતો.

જે કહ્યું છે કે–

'पत्तो वसन्तमासे रिद्धिं पावन्ति सयल वणराइ ।
जं न करीरे पत्तं, ता किं दोसो वसंतस्स १'

'ऊ-तुंगो सरलतरु, बहुकुसुमभारेण नमिअ सव्वंगो ।
कुज्जो फलं न पावइ, ता किं दोसो तरुवरस्स १ ॥'

–માની કયા ચિંતવવી જરૂરી છે.

ભગવાનનો ધર્મ વિશુદ્ધ ચિત્તમાં જ પ્રગટ થાય છે. અને ચિત્તની વિશુદ્ધિને કરવાના ઉપાયો ઉપર ભાર મૂકનારા આ જ પૂ. આ.શ્રી અગ્રેસર હતા. તેથી જ 'ગમે તેમ પણ ધર્મ તો કરે છે ને ?' 'સુખ જોઇએ તો ધર્મ ન કરે તો શું પાપ કરે ?' એમ માનનારાઓને અળખામણા પણ આ જ પૂ.શ્રી બન્યા હતા. આચાર્યની આશાતનાના પાપથી બચવા માટે શ્રી દશવૈકાલિક સૂત્રની–તેમાંય નવમા અધ્યયનના પરિશીલનની ખાસ જરૂર છે. પણ માનાકાંક્ષી આત્માઓને આ વાત જચવી મુશ્કેલ છે. તેવાઓ તો નીચેની વાતની સાર્થકતામાં જ આનંદ માનતા હોય તેવું લાગે છે કે–

'कुम्भलिन्नयुगलेन किण्णिअं, बालकस्य जननी व्यपोहति ।
कण्ठतालुरसनाभिरुज्झता, दुर्जनेन जननी व्यपाकृता ॥'

માતા બાળકની વિષ્ટાને, ફૂટેલા ઘડાના ઠીકરાથી દૂર કરે છે, પણ કંઠ, તાલુ અને જીભથી અવર્ણવાદ રુપ વિષ્ટાને બહાર ફેંકનાર દુર્જને તો માતાને પણ હરાવી છે.

'હું કાંઇક છું' 'મારી પણ વગ છે–' 'મારો ય વર્ગ છે' આવું અભિમાનનું તુત જેના મન ઉપર સવાર થાય છે તે પોતાના પદના ગૌરવને અને સારાસારના વિવેકને ભૂલી જાય છે. વ્યક્તિદ્વેષ માણસની કેવી હાલત કરે છે, 'મારું તે જ સાચું'ની વૃત્તિ ક્યાં સુધી લઇ જાય છે તે જોવા માટે 'ધાર્મિક વહીવટ વિચાર' નામની પુસ્તિકા સારી ગરજ સારે છે. તેના લેખકને 'સ્વદ્રવ્યથી પૂજા' ઉપર એટલો બધો અનુરાગ અને નફરત લાગે છે તેથી કહેવું જ પડે કે–

'आग्रही बत ! निनिषति युक्तिं तत्र, यत्र मतिरस्य निविष्टा' આવા

જીવો ક્યારે પણ સાચું તત્ત્વ પામી શકતા જ નથી. 'અખબારો અને અદાલત' ઉપરનો તેમનો ઉભરો જોતાં લાગે કે, હવે પોતે ક્યારે ય તેનો પડછાયો પણ નહિ લે. પણ આજના રાજકારણીઓની જેમ પ્રસિદ્ધિના મોહમાં પડેલા અને 'પોતાના જ વિચારમાં અમૃતન'નો કોઇ જ ભરોસો રાખે તો તેને ડુબવાનો વખત આવે. સમય પ્રમાણે જ તાલ મીલાવનારા 'પહેલા મારા વિચાર આવા હતા' 'હવે મને આમ લાગે છે' આવા બે સૂરા આઠમીના પડખે જ ચઢે તેનું ય સત્યાનાશ જાય. તેવાઓ માટે તો 'यस्य नास्ति स्वयं प्रज्ञा. शास्त्रं तस्य करोति किम् ?' કહેવું પડે.

આ જૈન શાસનના સાચા મરજીવા સમાન મહાપુરૂષનું વચન અફર હતું, પોતાને પોતે બોલેલું ક્યારે ય ફેરવવાનો વખત આવ્યો નથી. જ્યારે 'ચલતા પૂર્જા' સમાન આવા બધા વકતાઓને તો પોતે બોલેલું કેટલી વાર ફેરવવું પડયું તે તેમને પોતાને ય યાદ નથી. સૂરજ અને આગીયામાં જે અંતર છે. તે માટે આ સુભાષિત યથાર્થ બને છે કે–

'सद्भिर्हरन्तु लीलयाप्रोक्तं, शिला लिखितमक्षरम् ।
असद्भिर्हः शपथेनापि, जले लिखितमक्षरम् '

આ મહાપુરૂષે, શાસ્ત્રીય પ્રશ્નોનું જે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું છે, તેને શ્રી જૈન સંઘ ક્યારે ય નહિ ભૂલે. એટલું જ નહિ એક સમયે આપે જે માગદર્શન આપ્યું છે તે અમારા માટે મહાન ઉપકારક છે...' આવા ભાવના ગુણગાન ગાનારા આત્મા જ આ મહાપુરૂષના માર્ગસ્થ ઉપદેશને 'પાપોપદેશ' કહેવા સુધીની ધૃષ્ટતા કરે તેનો ઇતિહાસ જાણનારા તો સત્યને સારી રીતે સમજે છે. પણ

'अज्ञः सुखमाराध्यः, सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं. ब्रह्माऽपि नरं तं न रंजयति ।।

આ ઉક્તિને જ ચરિતાર્થ કરવાનું મન હોય તો કોણ રોકી શકે ?

આ મહાપુરૂષના પ્રચંડ પુણ્યભાનુના તેજને સહન નહિ કરી શકનારાઓ, શાસ્ત્રમાં આવતી વાતો, આગળ–પાછળના સંદર્ભ વિના રજુ કરી ભોળા અને ભદ્રિક લોકોને ઠગવા નો ધંધો કરી. સ્વ–પર અનેકના ભાવિહિત સાથે ચેડા કરી રહ્યા છે તેઓનું શું થશે તે 'वयं न जानीमहे'.

મલધારીય પૂ. આ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત 'શ્રી ઉપદેશમાલા–પુષ્પમાલા' ગ્રન્થમાં આવતા 'वरविषयसुहं०' શ્લોકનો જે રીતે ઉપયોગ

કરે છે તેથી તેમની બુધ્ધિમત્તા માટે સજ્જનોને શંકા પડે છે. કેટલાંક વિધિ વાદયો હોય છે, કેટલાક અનુવાદપરક વાદયો હોય છે અને કેટલાક સ્તુતિપરક વાદયો હોય છે, જ્યારે જ્યારે ધર્મનો મહિમા વર્ણવવો હોય ત્યારે ધર્મના પ્રધાન ફળ મોક્ષની જેમ– આનુષંગિક ફળ પૌદ્ગલિક સુખોનું પણ વર્ણન કરે. સાથે સાથે વકતા, પોતાની પ્રરૂપણાથી સંસારની કે સંસારના પદાર્થોની ભૂલથી પણ પુષ્ટિ ન થઇ જાય તેની તેટલી જ કાળજી રાખે. માટે તો ઉત્સર્ગ–અપવાદના જાણુ મુનિને દેશના દેવાનો અધિકાર કહ્યો છે. સમજવા છતાં પણ આ પુણ્યપુરૂષ ઉપરની હૈયાની કાલીમા બિચારા પ્રગટ કર્યા વિના રહી શકતા નથી. બાકી આ જ શ્રી ઉપદેશમાલા–પુષ્પમાલા ગ્રંથના પ્રારંભમાં જ પૂ. શ્રી ગ્રંથકાર પરમર્ષિ ફરમાવી ગયા કે–

'જગતના જીવો અર્થ અને કામની પાછળ જ આસકત છે, તે શીખીને જ આવ્યા હોય છે. તેને શીખવવાની જરૂર પણ પડતી નથી. જે ધર્મગુરૂના પદ ઉપર રહીને અર્થ અને કામની પુષ્ટિ થાય તેવો જ ઉપદેશ આપે તો તેને 'ક્ષત ઉપર ક્ષાર નાખનારા' કહ્યા છે. જેમ વર્ષાઋતુ હોય, મોરના મનોહર કેકારવોનું ગુંજન થતું હોય અને તેવે વખતે જે ઉન્માદી બાલા હોય તેની જેવી હાલત થાય, તેવી હાલત કરનારા ધર્મગુરૂને કહ્યા છે." ઉપદેશકે બહુ જ સાવધ રહેવાની ભલામણ કરી છે. આ બધા શ્લોકોને જાણવા છતાં ઉપયોગ નહિ કરી, પોતાની જ માન્યતાની યેનકેન પ્રકારેણ સિદ્ધિમાં જ રચ્યા પચ્યા રહેનારાઓને 'શ્રી જિનવાણી' ન ગમે કે 'શ્રી જૈન શાસન' પણ ન રૂચે તેમા નવાઇ નથી. મિથ્યાદર્શનનો ભોગ બનેલાઓની આવી જ દશા હોય છે જેમ કે ચોપી રોગીને પોતાનો ચેપ ફેલાવવાની ચળ ઉપડે તેવી હાલત આવા લોકોની હોય છે. તે લોકો મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યશ્રીની– "અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથ રે, પરમપદનો પગટ ચોર તે, તેહથી કેમ વડે પંથરે. સ્વામિ સીમંધરા વિનંતિ." સાચી પાડી રહયા છે. તે જ રીતે સુવિહિત શિરોમણી, સહસ્રાવધાની પૂ. આ. ભ. શ્રી વિ. મુનિસુંદરસૂરીશ્વરજી મ.એ 'શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થમાં આસન્નોપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા આગળ પોકાર કર્યો કે–'વાડ જ ચીભડાં ગળે,' 'રક્ષક જ ભક્ષક બને' ત્યાં કોની આગળ પોકાર કરવો

'न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्री वीर ! ये प्राक् त्वया,
लुण्टाकास्त्वदृतेऽभवन् बहुतराः त्वच्छासने ते कलौ ।
बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णन्ति पुण्यश्रियं,
पुत्कुर्मः किमराजकेऽपि हि तदा–रक्षा न किं कस्यचः ? ।।"

આ પુણ્યપુરૂષની મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં એક રૂપતા હતી તેનો સ્વીકાર તો પ્રમાણિક વિરોધીઓ પણ કરતા. શાસનરસિક-પ્રેમી આત્માઓ તો આ પુણ્યપુરૂષના વચન ઉપર સર્વસ્વ ન્યોછાવર કરવા તલસતા છતાં પણ તેઓ પૂજ્યશ્રીજી નિસ્પૃહતા નિહાળી, સૌ નતમસ્તક બની સાચા ભાવે અભિવાદન કરતા. તાત્વિક પુરૂષ જ સર્વોત્તમ છે. આવા સાચા તાત્વિક પુરૂષના ચરણે જીવન સમર્પવામાં જ સૌનું એકાંતે શ્રેય છે. આ વાત સુજ્ઞો બહુ જ સારી રીતે જાણતા. આમના કટ્ટર વિરોધી એવા પણ શ્રી જૈનસંઘના આગેવાન કબૂલ કરતાં કે- 'રામચન્દ્રસૂરિજી બોલે તે શાસ્ત્ર" આવી તો પૂજ્યશ્રીજીની સર્વતોમુખી પ્રતિભા હતી. ખરેખર તત્ત્વવેત્તાનું જે લક્ષણ મહાપુરુષોએ કહ્યું, તે પૂજ્યશ્રીજીમાં યથાર્થપણાને પામતું.

"મિથ્યાદૃષ્ટિસહસ્રેષુ, વરમેકો હ્યણુવ્રતી ।
અણુવ્રતી સહસ્રેષુ, વરમેકો મહાવ્રતી ॥૧॥
મહાવ્રતી સહસ્રેષુ, વરમેકો હિ તાત્વિકઃ ।
તાત્વિકસ્ય સમંપાત્રં, ન ભૂતં ન ભવિષ્યતિ ॥"

આવા પ્રાતઃસ્મરણીય, અનંતોપકારી પુણ્યપુરૂષને પામ્યા પછી કયારે પણ પ્રતિકુલ આચરણ નહિ કરવું તેમાં જ સ્વ-પરનું શ્રેય છે. પ્રતિકુલ વર્તનારા તો—

'નૌરસ્ય ખલજિહ્વા ચ, પ્રતિકૂલવિસર્પિણી ।
જનપ્રતારણાયૈવ, દારૂણા કેન નિર્મિતા ? ॥' માં પોતાનો નંબર નોંધાવે છે.

સ્યાદ્વાદ મત એ અપેક્ષાઓથી ભરેલો છે અને અપેક્ષાઓનો દુરૂપયોગ કરનારા તો પોતાની સાથે અનેકનો નાશ કરે છે. તે વાત તેમના જ શબ્દોમાં જોઇએ ' આજે એવી પરિસ્થિતિ થઇ છે કે, બોલનારા અને લખનારા અપેક્ષાના નામે ભયંકર અનર્થો કરી રહયા છે. જૈન શાસન તો અપેક્ષાથી ભરેલું છે. અપેક્ષાનો દુરૂપયોગ કરવો એમાં મોટું જોખમ છે. સાચી તથા ખોટી બન્ને ચીજને અપેક્ષાથી સાચી અને ખોટી બેઉ ઠરાવવામાં ભયંકર જોખમ છે. શ્રુતધરો પણ આબાલ ગોપાલ પાસે એ જ પ્રવૃત્તિએ વર્ણન કરે છે કે કોઇપણ અપેક્ષાએ અસત્યનો સત્ય તરીકે આભાસ ન થાય."

આર્ય દીવા જેવી સ્પષ્ટતા પણ જન્માંધોની જેમ મોહાંધોને ન દેખાય તેમાં દોષ તે પાપાત્માઓને છે. સુજ્ઞજનો તો આવાઓની વાતોમાં કયારેય ભરમાવવાના નથી. બાકી ભોળા ભદ્રિક જીવો આવી મધઝરતી હૃદયમાં ઝાતીલ હલાહલથી ભરપુર વાણીમાં અંજાઇને, પોતાનું જાતનું અહિત ન કરે તે માટે આ પ્રયત્ન છે. શ્રી જૈન શાસનના મહાન મરજીવાનો આપણા હૈયામાં વાસ કરાવવો તે જ હિતકર છે. બાકી શ્રી

તીર્થંકર પરમાત્માના અવર્ણવાદ બોલનારા લખનારા હોય ત્યાં આવા મહાપુરૂષોને બાકી રાખે તો આશ્ચર્ય છે. તેવાઓને ઓળખી દૂર રહેવું તેમાં જ કલ્યાણ છે.

"શ્રી જિનેશ્વરદેવ કથિત ભાવો હૃદયમાં સ્થિર થાય ત્યારે જ શ્રી જિનેશ્વરદેવ હૃદયમાં સ્થિર થાય છે અને એ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવ હૃદયમાં સ્થિર થાય છે ત્યારે જ નિશ્ચયે સર્વ અર્થો સિદ્ધ થાય છે." આ વાતનો સાક્ષાત્કાર આ પુણ્યપુરૂષે સૌને કરાવ્યો છે.

"સૂરિણ દૂરીકય કુગ્ગહાણું, નમો નમો સૂર સમપ્પહાણું" સૂર્ય સમાન તેજવાળા અને દૂર કર્યા છે કુગ્રહો દુરાગ્રહો જેમણે એવા પૂ. આચાર્ય ભગવંતના ચરણ કમલમાં કોટાનુંકોટિ વંદના સાથે "વજ્જકપિ કઠોરાણિ, મૃદૂનિ કુસુમાકપિ ।

લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ ।।" તે જ ભાવના– સાથે હે પૂજ્ય ગુરૂદેવ ! આપશ્રીના માર્ગે યથાર્થ ચાલિ, આપના નામ–કામને રંશન કરી અમો પણ આપ સમાન ખમીરવંતી ખુમારી અને સાચા મરજીવા બનીએ તેવુ બળ અમોને મળે તેજ હૈયાની મંગલકામના છે.

શ્રી કેસરીયાજી તીર્થ હાઇકોર્ટ જોઇન્ટ એડવાઇઝરી કમિટી સામે સ્ટે આપ્યો

રાજસ્થાનમાં આવેલા કેશરિયાજી તીર્થનો વહીવટ શ્વેતાંબરો અને દિગંબરોની જોઇન્ટ કમિટીની સલાહ પ્રમાણે કરવાના રાજસ્થાન સરકારના નિર્ણય સામે શ્વેતાંબરોની રિટ અરજી દાખલ કરી હોઇ કોર્ટની જોધપુર બેન્ચે આવી કમિટી નીમવા સામે તા. ૩–૬–૯૮ના રોજ મનાઇહુકમ આપ્યો છે. કેશરિયાજી તીર્થનો વહીવટ પરાપૂર્વથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ જ સંભાળતો આવ્યો છે, પણ દિગંબરોએ ઉભા કરેલા વિવાદને પગલે સને ૧૯૩૪થી રાજસ્થાન સરકારે વહીવટ પોતાના હાથમાં લઇ લીધો હતો. હવે જોઇન્ટ કમિટીના નામે દિગંબરોને વહીવટમાં સામેલ કરવાનો સરકારે પ્રયાસ શરૂ કર્યો તેની સામે શ્વેતાંબર જૈનોનું પ્રતિનિધિ મંડળ ધાર્મિક બાબતોના પ્રધાન ગુલાબચંદ કટારિયાને મળ્યું હતું તેમણે એડવાઇઝરી કમિટીની રચના બાબતમાં મક્કમતા જણાવતા શ્વેતાંબરોએ હાઇકોર્ટમાં અરજી કરી હતી. શ્વેતાંબરોની દલીલ એવી હતી કે તીર્થનો વહીવટ જો જૈનોને પાછો સોંપવો હોય તો અગાઉ કયા ફિરકાના હાથમાં વહીવટ હતો તેને આધારે જ નિર્ણય લેવો જોઇએ. શ્વેતાંબરોના વકીલ લેખરાજ મહેતાની દલીલો સાંભળી જસ્ટિસ ગોદરાએ આ પ્રકારની કમિટીની રચના સામે મનાઇ હુકમ આપ્યો હતો. [કોન્ફરન્સ સંદેશ]

ક્ષ—મા—પ—ના

જૈન શાસનમાં ક્ષમાપના પર્વ તરીકે સુવિખ્યાત શ્રી પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનું મંગળ આગમન પ્રતિવર્ષ થાય છે અને વિદાય લે છે. પણ આ મહાપર્વ જીવનમાં અનેરી સુવાસ પાથરી જાય છે. ગુલાબના અત્તરનું એક બિંદુ જેમ આખાય ખંડમાં મઘમઘી ઉઠે તેમ, શ્રી પર્યુષણાપર્વ વાતાવરણને મઘમઘતું બનાવી મૂકે છે. માણસોમાં—કેટલાક કઠોર હોય છે, કેટલાક સઠોર હોય છે અને કેટલાક ભઠોર હોય છે. તેમાં ભઠોર એટલે ભાઠરવા માસમાં તો અવશ્ય જૈન નામધારી કોઇપણ વ્યક્તિ કંઇક ને કંઇક આરાધના કરે છે.

પર્યુષણા પર્વમાં મુખ્યત્વે ક્ષમાપનાનો મધુર સૂર ગુંજતો થાય છે. પરસ્પર સૌ ક્ષમાપના કરે છે. એક બીજાને ખમાવે છે. આવું અંતરને અજવાળતું મહાપર્વ જૈન શાસન સિવાય અન્યત્ર આપણને જોવા નહિ મળે.

ક્ષમાપનાના હાર્દને સમજાવતું આ મહાપર્વ આપણને સુંદર બોધપાઠ આપી જાય છે. મિત્તીમે સવ્વ ભૂએસુ' આ સૂત્રનું એજ રહસ્ય છે. વિશ્વના સઘળાય જીવો આપણા મિત્ર સમાન છે. મિત્રના માટે માણસ સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય છે. જગતના સઘળાય જીવો પ્રત્યે જો આપણે મૈત્રીભાવ રાખતા શીખીએ તો ખરેખર રગડા—ઝગડા, દ્વેષ—કલેશ, ઇર્ષ્યા અને અસુયા જેવા નિંદ્ય તત્વો તો દૂર—સુદૂર ભાગી જાય.

પણ કોઇની વાત છે કે— આજે આ નિંદ્ય તત્વો ખૂબ ફાલ્યા ફૂલ્યા છે અને શાસનના અંગ—પ્રત્યંગને ફોલી રહ્યા છે. આ કષાયોએ અનાદિકાળથી આપણા ઉપર વર્ચસ્વ જમાવ્યું છે. આપણા ઘરમાં એમણે અડ્ડો જમાવ્યો છે. વિના રજાએ એમણે આપણા ઘરમાં પ્રવેશ કરી, સગા-સ્નેહી—સંબંધી અને પ્રિયજનો સાથે લડાવ્યા છે. એ કષાયોને કાઢે જ છૂટકો છે. પણ એ ત્યારે જ બને કે જ્યારે આપણને એ કષાયોના પરિણામનો ખ્યાલ આવે, પરિણામે એ આત્માને કેટલા નુકશાન કરે છે એવું જો ખ્યાલમાં આવે તો જરૂર કષાયો પાતળા પડે અને ધીરેધીરે નિર્મૂળ થાય, તે માટે સતત ચિંતન—મનન અને નિદિધ્યાસનની જરૂર છે. કારણ કે આ કષાયો મહા-ભયંકર છે. ચોર, ડાકુ અને લુંટારૂ કરતા પણ મહાદુષ્ટ છે. એના પંજામાંથી મુકત થયે જ છૂટકો છે. ભાઇ—ભાઇમાં વૈર—વિરોધ કરાવનાર આ કષાયો છે, માતા પિતા

સાથેનો સ્નેહભર્યો સંબંધ નિર્મૂળથી નાશ કરનાર આ કષાયો છે. મિત્રો સાથેનો મૈત્રી ભર્યો સંબંધ તોડનાર કષાયો છે.

ભાઇ ભગીની વચ્ચે, પતિ પત્ની વચ્ચે અને આડોશી પાડોશી સાથે કલહ કરાવનાર આ કષાયો છે. અગ્નિ કરતાં પણ ભૂંડા અને ચંડાળથી ય ખરાબ કષાયો છે.

પ્રાચીન સજ્ઝાયમાં પણ આવે છે ને 'કડવા ફળ છે ક્રોધનાં.' વિ. ચંડકૌશિક કોણ હતો? એ હતો એક મહાતપસ્વી સાધુ. છતાં એમને કષાયને વિવશ થવાથી સર્પ જેવી જનાવરની ગતિમાં ઉત્પન્ન થવું પડયું. સારુ થયું કે ચંડકૌશિકને ભગવાન મહાવીરદેવ સામે પગલે પ્રતિબોધ કરવા પધાર્યા અને એનો ઉદ્ધાર થયો, નહિતર બિચારાની શી કશા થાત? અસંખ્ય વર્ષો નરકમાં રઝળવા છતાંય એનો આરો ન આવત. માટે જ વિશેષાવશ્યક મહાભાષ્યમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજ ફરમાવે છે કે,

उवसामं उवणीया गुणमहया जिणचरित्त सरिसंपि
पडिवायंति कसाया, सेसज्जवेसु कागणुव्व!

અગ્યારમાં ગુણસ્થાનકે આરોહણ થયેલા, ઉપશાંત મોહ ગુણઠાણે ચઢેલા, ગુણથી ભરેલા, શ્રી જિનેશ્વરદેવ જેવા વીતરાગ ચારિત્રને વરેલા--વીતરાગ દશાને પામેલા એવા મહાન આત્માને પણ કષાયો ઠેઠ નીચે ગબડાવી મૂકે છે પ્રથમ ગુણસ્થાનકે લાવી મૂકે છે. માણસ શિખર પર આરોહણ કરતા યા પહાડ કે નીસરણી પર ચઢતા જો ધ્યાન ન રાખે અને ચૂકી જાય તો શી કશા થાય છે? હાડકા ખોખરા થાય છે, ખોપરી રંગાય છે અને લોહી-લુંહાણ થાય છે. જ્યારે એક નાના સરખા ચઢાવ પર ચઢતાં પણ જો ધ્યાન રાખવામાં ન આવે તો કેવી કઢંગી સ્થિતિમાં મુકાવું પડે છે, ત્યારે આ તો આત્માનું ચઢાણ છે, મહાચઢાણ છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે ચઢવું એ અત્યંત દુષ્કર છે. પડનારા તો અનંતા છે. પડનારા જ એક દિવસ ચઢશે, એ વાત પણ ભુલવા જેવી નથી.

જેને ચઢવાનો પ્રયત્ન સરખો કર્યો નથી એ કયારે પણ ચઢી શકવાનો નથી, પણ જેણે ચઢવાનો પ્રયત્ન કર્યો છે તે વ્યક્તિ ચઢતાં ચઢતાં કદાચ કર્મવશે પડી જાય, ગબડી જાય, તો પણ એક દિવસ એ જ ચઢશે. પાણીને ઊંચે લઈ જવા માટે, ઉપર ચઢાવવા માટે પંપ, યંત્ર વ. સાધનોની જરૂર પડે છે. પણ ઉતારવા માટે નહિ. એવી જ પરિસ્થિતિ આત્મા માટે છે.

(અનુ. પેજ ૩૬ ઉપર)

શાસન સમાચાર

વાલકેશ્વર : શ્રીપાળનગર જૈન સંઘના ઉપક્રમે પૂ આ. વિ. રામચંદ્રસુરીશ્વરજી આરાધના ભવનના વિશાળ વ્યાખ્યાન ખંડમાં હકડેઠઠ માનવ-મહેરામણની સભામાં જાણીતા જૈનાચાર્ય શ્રી વિ. કીર્તિયશ સુ. મહારાજે મર્યાદાહીન વેશભૂષાને લગતા એક પ્રશ્નનો માર્મિક જવાબ આપતાં એ અંગે અંતરની વ્યથા ઠાલવી હતી. તેમણે જણાવ્યું હતું કે સુસંસ્કૃત ગણતા જૈન પરિવારોમાં પણ હવે વેશભૂષાની બાબતમાં મર્યાદાઓ ચૂકાઇ રહી છે. ફિલ્મપરસ્તી ઢાળ, ફેશન અને જમાનાના રવાડે ચડી આજના યુવા-યુવતીઓ તો ઠીક પણ પ્રૌઢ અને વૃદ્ધો પણ સઘળી લાજ-શરમ નેવે મૂકી ગમે ત્યાં તો જોવા મળે છે પણ પવિત્ર ગણાતા ધર્મક્ષેત્રો પણ એમના આવા અટકચાળાથી બાકાત રહ્યા નથી.

રાણકપુર જેવા તીર્થમાં પરમપવિત્ર પરમાત્માની પ્રતિમાનું ખંડન થયાના સમાચારથી સકલ સંઘ ચોંકી ઉઠે છે પણ દિન પ્રતિદિન થતા મર્યાદાના આવા ખંડનથી કેમ કોઇનાં પેટનું પાણી હાલતું નથી ?

રાણકપુર જેવા તીર્થોમાં પરમ પવિત્રતાનો આદર્શ લેવા જવાનું છે તેના બદલે દેશ પરદેશના સહેલાણીઓ અને રોમીયો ત્યાં આવી ચડે છે. ગમે તેવા ટુંકા વસ્ત્રે પહેરી હાથમાં હાથ મેળવી જિનાલયોમાં યત્ર તત્ર ફરે છે પૂજનીય સ્થળોએ સ્પર્શોદ્ધિ કરી, ત્યાં ઉભા રહી અલગ અલગ અશ્લિલ કહી શકાય એવી પોઝો આપી ફોટા પડાવે છે, મૂવી ઊભરે છે, ધર્મની મૂળ મર્યાદાઓનો છડેચોક ભંગ કરે છે, એમ. સી. મર્યાદાઓનું પણ પાલન કરતા નથી અને આ રીતે તીર્થોની તારકતાને કારમી ઠેસમમાં મૂકી દે છે.

વળી તીર્થના પૂજારીઓ-મુનિઓ અને નોકરો આવા પરદેશીઓ પાસે પૈસાના લોભે આકર્ષાય છે. તેમની પાછળ પાછળ ફરતા રહે છે પરિણામે તીર્થ અને પ્રતિમાજીની દેખરેખ-સુરક્ષા અંગેના યક્ષ પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

જૈન સંઘના આગેવાનો તો આ બાબતમાં કારમું દુર્લક્ષ્ય સેવે છે ધર્માચાર્યો વારે-તહેવારે લાલબત્તી કરવા છતાં એ આગેવાનો ઘરાર એમની અવગણના કરે છે. અને આવા સહેલાણીઓને ઊતરવાદિની અદ્યતન સગવડ પૂરી પાડે છે. જેનો ઉપયોગ

કરી એ લોકો તીર્થની પવિત્રતાને દૂષિત કરે છે. ભક્ષ્યભક્ષ્યનો વિવેક રખાતા નથી. તીર્થની ધર્મશાળા કવોર્ટર્સમાં ઊતરી અભક્ષ્ય એવા માંસ-મદિરાદિનો પણ ઉપયોગ કરે છે.

આ બધી પરિસ્થિતિમાંથી આપણા પરમ તારક તીર્થો અને ધર્મસ્થાનોને ઉગારી લેવા હોય તો કમસેકમ અત્રે બેઠેલા દરેક ભાઇ-બહેનોએ નિર્ણય કરી લેવો જોઇએ કે 'આજ પછી અમે કે અમારો પરિવારજન મર્યાદાહીન વસ્ત્ર-વેશભૂષામાં ધર્મસ્થાનમાં જઇશું નહિ. જઇશું તો શ્રાવકને-સજ્જનને છાજે એવી રીતે જ અને જો અમારા સંતાનો-આશ્રિતો, કહેવા છતાં માનશે નહિ તે દિવસે અમારે ઘી નહિ ખાવાનું' આ રીતનો નિયમ લો તો કમસેકમ તમે તો આ પાપથી બચી જ જાઓ અને આ વાતના પડઘા પણ એવા પડશે કે જ્યાં જ્યાં આ વાત પહોંચશે ત્યાં ત્યાં પણ અવો સુધારો થશે અને એના પરિણામે આપણા તારક તીર્થો-ધર્મસ્થાનો તેમજ આપણા પરમપૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના સંયમની પવિત્રતા-સુરક્ષા સારામાં સારી રીતે થઇ શકશે.

પૂજ્યશ્રીની આ વાત સંપૂર્ણ સભાએ ભાવપૂર્વક ઝીલી લીધી હતી અને ઉપસ્થિત એકેએક ભાઇ-બહેનોએ ઉપરોકત પ્રતિજ્ઞા સ્વીકારી એક ઊંચો આદર્શ પ્રસ્થાપિત કર્યો હતો.

પ્રેષક : જૈનત્વ જાગરણ અભિયાન સમિતિ
કાર્યકર આર. બી. શાહ મુંબઇ.

બોરીવલી : શ્રી મહાવીર સ્વામી જિનાલય ચંદ્રાવરકરલેન
મધ્યે **અનુપમ** શાસન પ્રભાવના

સ્વ. શાસન પ્રભાવક ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસુરીશ્વરજી મહારાજના દિવ્ય આશીષ.

સરલ સ્વભાવી ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિ. મહોદયસુરીશ્વરજી મહારાજની આજ્ઞાર્થી પ્રવચનકાર પ. પૂ. જિનદર્શન વિ. મ. સા. આદિ ઠાણા-(૫) પ. પૂ. સા. હેમપ્રભાશ્રીજી આદિ ઠાણાનો અષાઢ સુદિ ૧૦ ના રાજ ભવ્ય સામૈયા સાથે પ્રવેશ થયો. ત્યારબાદ માંગલિક પ્રવચન પ. પૂ. જયદર્શન વિ. મ. સાહેબે સુંદર પ્રવચન ફરમાવેલ. ત્યારબાદ ગુરૂપૂજન થયેલ. જુદાજુદા પુન્યશાળીઓ તરફથી ૨૦ રૂા.નું સંઘપૂજન તથા લાડવાની પ્રભાવના થયેલ. દરરોજ પ્રવચન ૯ થી ૧૦-૧૫ સુધી સુંદર રીતે ચાલે છે. અષાઢ વદિ ૧૧ થી સામુદાયિક કષાય જય તપ ચાલે છે સારી સંખ્યામ ભાવિકો લાભ લઇ રહ્યા છે.

અષાઢ વદિ ૧૪ સ્વ. પ. પૂ. આ. શ્ર. શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ની ૭ મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પાંચ દિવસનો શાંતિસ્નાત્ર સહિત ભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો. અષાઢ વદિ–૧૪ ના દિવસે ૯ કલાકે માંગલિક ફરમાવેલ ત્યારબાદ ગુરુગીત થયું. ત્યાર ગુરૂપૂજનની સારી ઉછામણી બોલી. ઠાંતીલાલ વોરા રીખવચંદજી શાહ પરિવારે લીધેલ. ત્યારબાદ પૂજ્યશ્રીએ પૂજ્યોના જીવનની ઝાંખી સુંદરરીતે સમજાવેલ. ત્યારબાદ જુદાજુદા પુન્યશાળીઓ તરફથી રૂા. ૧૦ લાડવાની પ્રભાવના થયેલ. આયંબિલ તપમાં પણ સારી સંખ્યામાં જોડાયા હતા. તેમજ પ્રભુજીને ભવ્યાતિ ભવ્ય–અંગરચના, સેંકડો દિવાઓ, હજારો ફુલોથી સુસોભિત જિનમંદિર તીર્થ જેવું લાગતું હતું. આમ સંઘમાં સુંદર રીતે આરાધના ચાલી રહી છે.

વાલકેશ્વરમાં ભવ્ય પ્રવેશ : જૈન શાસનના જ્યોતિધર સુવિશાળ ગચ્છાધિપતિ આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.ના શિષ્ય–પ્રશિષ્યો તપસ્વી આ. શ્રી વિ. ગુણયશ સૂ. મ. તથા પ્રવચનકાર આ. શ્રી વિ. કીર્તિયશ સૂ. મ. આદિ ઠાણા–૧૮ નો વાલકેશ્વર શ્રીપાળનગર ખાતે ઠબકબા પૂર્વક ચાતુર્માસ પ્રવેશ થયો હતો. સવારે ૯–૩૦ કલાકે પ્રાર્થના સમાજથી અનેક જનાકર્ષક રચનાઓ અને બેન્ડ ઢોલ ત્રાંસા આદિ સામગ્રીથી ખૂબ જ વિશાળતાને પામેલ. શોભાયાત્રાની શરૂઆતમાં મંગલ છાંટણા રૂપે વરસાદ આવ્યો હતો. ત્યારબાદ અડી કલાકથી વધુ લાંબા સમય સુધી ચાલેલા વરઘોડો સોળે-કળાએ ખીલી ઊઠયો હતો. પરાઓમાંથી તેમજ બહારગામથી આવેલ માનવ મહેરામણ સાથે વાલકેશ્વરની હજારોની પ્રજા શામેલ થઇ હતી. વરઘોડો ઊતર્યા બાદ ગુરૂ સ્વાગત ગીત થયેલ અને ત્યારબાદ પૂજ્યોના બહુમાનાર્થે શાસ્ત્રીય વિધિ મુજબ નવાંગી ગુરૂ પૂજનની ઉછ મણી થઇ હતી. પ્રવચનકાર મહાત્માએ લગભગ પોણો કલાક સુધી અખ-લિત ધારાબધ વાણી પ્રવાહમાં જિનોક્ત તત્ત્વ પીરસ્યું હતું. વર્તમાનમા સંઘસંગઠનના બહાનાને આગળ કરી વૈયક્તિક મતલબોને સિદ્ધ કરવા કેટલાક ઉપદેશ એને કેટલાક આગેવાનો દ્વારા જિનેશ્વરે બતાવેલા શાસ્ત્રોને ગૌણ કરવાની જે વાતો કરાય છે તે અંગે નુકતેચીની કરી આચાર્યશ્રીએ એ અંગે સકલ સંઘે વધુમાં વધુ સચેત બની જવાની હાકલ કરી હતી. એ માટે શ્રાવક સંઘે અત્યંત આવશ્યક એવા જ્ઞાનની ધૂણી હવે ધખવવી જ રહી એમ પણ તેઓશ્રીએ જણાવ્યું હતું. વિશિષ્ટ રીતે ઠરેઠ સાધ-ર્મિકનું બહુમાન પણ કરાયું હતું.

(ક્ષમાપના પેજ ૩૨ નું ચાલું)

આત્માનું વલણ અનાદિ કાળથી એ તરફનું છે. ચઢવા માટે તો મહાન પ્રયત્નની જરૂર રહે છે. એવરેસ્ટના શિખરે આરોહણ કરનાર તેનસિંગ શેરપા જેવા એવરેસ્ટ વિજેતા ગણાયા અને દુનિયાની દૃષ્ટિએ અભિનંદનના પાત્ર બન્યા. પણ આત્માના ચઢાણ અ ગળ આ ચઢાણ સાવ સામાન્ય છે. આત્માના શિખરે યાને આત્માની પરમોચ્ચદશાએ પહોંચો ત્યારે ખરા !

ભલભલા મદ્દલોને ભોંય ભેગા કરનાર, રણાંગણમાં સમી છાતીએ ઝઝુમનાર અને શેરનો શિકાર કરનાર યા મદોન્મત્ત હાથીના ગંડસ્થળને ભેદનારા અનેક બહાદુરો મળી આવશે પણ વિષય-કષાયને જીતનારા વિરલ જ મળી આવે છે. આપણે વિષય-કષાયના વિજેતા બનવાનું છે. અને આ મહાન કાર્ય માનવભવમાં સાધી શકાય તેવું છે. એમાં ય આર્યદેશ, ઉત્તમકુળ અને ઉત્તમ એવી દેવ-ગુરુ અને ધર્મની સામગ્રી આપણને મળી છે. આવું મહાન જૈનશાસન જેવું મહાશાસન મળવું અત્યંત દુર્લભ છે. કેટકેટલા પુણ્યે આત્માએ આ ઉત્તમ, ઉન્નત અને આદર્શ સામગ્રી મેળવી છે. એનો આપણને ખરો ખ્યાલ નથી. એક સેકન્ડ પણ રોજ આત્મા આ વાતનો વિચાર વિનિમય કરે તો તેને ખ્યાલ આવે કે, 'હું કેવો બડભાગી છું' આવી ઉત્તમોત્તમ સામગ્રી મળવા છતાં જો તેનો સદુપયોગ કરવામાં ન આવે અને અંતરના કામ ક્રોધાદિ કષાયોનાં કસ કાઢવામાં ન આવે તો પછી ફરી કયારે આવી ઉત્તમ સામગ્રી મળશે. માટે– 'હે ચેતન ! વિચાર કર ! જાગૃત થા ! આમ કાં ભૂલો ભમે છે. આત્માને ઓળખ, શ્રી જીનવાણી રૂપ પાણીથી અંતરને અજવાળી, પાપને પખાળી, કર્મોને બાળી, અનાદિની કુટેવોને ટાળી આત્માની વૈભવશાળી દશાને પ્રાપ્ત કરવી હોય તો અંતરના ખૂણે ખાંચરે ભરાઇ બેઠેલા એ કષાયોને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેવું પડશે.

આજે તપ, જપ, ત્યાગ, વાંચન, સાહિત્ય સામગ્રી, પૂજાપાઠ ઇ. બાહ્ય ક્રિયાકાંડો દેખીતી રીતે ખૂબ વધ્યા છે. પણ અંતરના કષાયો ઘટયા નથી પણ વધ્યા છે એમ આપણને કોઇ વેળા ભાસે છે. ત્યારે આપણને દુઃખ થાય છે કે જે ક્રિયાકાંડથી યા જે તપ ત્યાગથી કષાયની માત્રા ઓછી થવી જોઇએ તેના બદલે જ્યારે કષાયને વિવશ બનાય, એ કેટલું શોચનીય છે ? એમાં તપ-ત્યાગ કે ક્રિયાકાંડનો વાંક નથી, પણ વાંક છે એ આત્માઓનો. એ આત્માઓમાં તથાપ્રકારની યોગ્યતાનો અભાવ હોવાથી આપણને એમ લાગે છે. બાકી અમૃત ગમે ત્યારે અને ગમે ત્યાં મીઠું લાગે અને ઝેર ગમે ત્યારે અને ગમે ત્યાં અન્યના પ્રાણ લે છે.

કષાયના આવેશમાં માણસ ભાન ભૂલી જાય છે. ભૂત જેવો બની જાય છે, ધમાલ મચાવી મૂકે છે. એની મગજની ડીગ્રીનો પારો આગળ વધી જાય છે, બસી જાય છે. હું આવો અને હું તેવો મને કોણ કહેનાર ! અને એ બીજાને કહી શકે કે, આમાં કંઇ નથી. આ તો આવા છે ને તેવા છે. આવી અર્થહીન પાપ બંધાવનારી ક્રિયાઓ ધર્મી-ઋષી-તપી આત્માઓ પણ જ્યારે કરતા હોય તો એના ત્યાગ-તપની અસર બીજા ઉપર શી રીતે પડે ? માટે સૌએ એક જ લક્ષ્ય રાખવાનું છે અને તે એ કે અમારા ખરા દુશ્મનો કષાયો છે. ખરો મોરચો અમારે એની સામે માંડવાનો છે.

આવા મહાન પર્વમાંથી ક્ષમાનો આદર્શ ઝીલી આત્મામાં ખૂબ સમતાભાવ કેળવવાનો છે, આત્મા વિભાવ દશામાંથી સ્વભાવદશામાં આવી જાય તો મુક્તિ-મોક્ષ કંઇ દૂર નથી, એ એ તો જમણા હાથનો ખેલ છે. આ માટે મહાપુરૂષોનાં જીવનચરિત્રો અવલોકવા પડશે, ખમી ખાતા શીખવું પડશે. જીભને કાબૂમાં રાખવી પડશે, વાણી ઉપર કંટ્રોલ કરવો પડશે. વાતવાતમાં તપી નહિ જવાય. કષાયના પરિણામનું સતત ચિંતન-મનન કરવું પડશે. દરરોજ જિનવાણીનું પાન કરવું પડશે. મગજને ઠેકાણે રાખવું પડશે. ઇંદ્રિયોનું દમન કરવું પડશે. અને કુવાસનાનો વિજય કરવો પડશે.

બસ આ મહાપર્વમાંથી 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'નો પાઠ શીખી અંતરમાં ઉતારી, જીવનમાં વણી લઇ જીવનને અજવાળવાનું છે.

('પ્રસંગ પરિમલ'માંથી)

મોહની સમજણ

પારકાને પોતાના માને...
ત્યાગમાં દુઃખ મનાવે...
અસ્થિરતાનો આરંભ કરાવે...
અસારને સાર સમજાવે...
આકુળતાનું નામ જ મોજ...
અવિનાશીને છોડાવે...
નાશવંતને શાશ્વત મનાવે...
વિવેક ભૂલાવે...
મુક્ત આત્માને કર્મ બંધનથી બાંધે...
જડમાં ચૈતન્ય બુદ્ધિ ઉપજાવે...
અનિત્ય નિત્ય માને...
ભોગમાં સુખ મનાવે...
તુચ્છને મહાન ગણાવે...
સ્થિરતાને દૂર કરાવે...
વિનાશી પાછળ દોડ મુકાવે...
ભવસાગરના દુઃખી કરિયામાં ડુબાડે...
જ્ઞાન, દર્શન અને ચારિત્રથી દૂર કરે...
મોક્ષદાયક ધર્મકથાને ભૂલાવે...

અમિષ આર. શાહ, હર્ષિત એન. શાહ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સંસારનો વિરાગ તે જ આત્માના ઉદ્ધારનું બીજ !
* તમે તમારા કુટુંબને ધર્મ પમાડવા માટે અનુકૂળતા આપો અને પ્રતિકૂળતા ટાળો તો તે ધર્મ ! તમારા સ્વાર્થ માટે અનુકૂળતા આપો અને પ્રતિકૂળતા ટાળો તો તે અધર્મ !
* જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞા વિરુદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.
* તમે અમને હાથ જોડો તે ધર્મ ! પણ તમે અમને નમસ્કાર કરો એમ ઇચ્છીએ તે અધર્મ !
* ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ. ધર્મ તો નિષ્કામ ભાવે, આત્મકલ્યાણ માટે કે મોક્ષ માટે જ કરાય. 'સુખ માટે ય ધર્મ કરાય' આવું કહેવું તે મહા મિથ્યાત્વનો ઉદય હોય તો જ બોલાવે.
* આજે ભણનારા ઘણા. તેમાં સાચા-ખોટાનો વિચાર કરનારા થોડાં તેમા ય સાચું-સારું જ કરવું અને ખોટું અને ખરાબ છોડવું જ જોઇએ તેવો વિવેક કરનારા તો વિરલ જ મળે.
* જેને સંવર પ્રિય ન હોય અને આશ્રવ અપ્રિય ન હોય તેના તામાં ઠાંઠ માલ નથી.
* મન-વચન-કાયાની ગુલામી લખી આપવી તેનું નામ સાધુપણું ! તે પણ સદ્‌ગુરુને જ !
* જૈન શાસનમાં વ્યવહાર એટલે ધર્મની શુદ્ધ પ્રવૃત્તિ અને ધર્મની શુદ્ધ પ્રવૃત્તિ માટેનો જે પરિણામ તેનું નામ નિશ્ચય ! જ્યારે તમે લોકો માનો છો કે- સંસારની પ્રવૃત્તિ તે વ્યવહાર અને ધર્મની પ્રવૃત્તિ તે નિશ્ચય. પછી આપણો મેળ ક્યાંથી થાય !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૩+૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

* પાત્રનું લક્ષણ

પાકારેણોચ્યતે પાપં
ત્રકારસ્ત્રાણવાચકઃ ।
અક્ષરદ્વયસંયોગે,
પાત્રમાહુર્મનીષિણઃ ।।

'પા' કાર એ પાપ વાચી શબ્દ છે અને 'ત્ર'કાર એ રક્ષણ વાચી શબ્દ છે. તેથી જે પાપથી બચાવે એ પ્રમાણેના બે 'પા' 'ત્ર' શબ્દના સંયોગને બુદ્ધિ-શાલિઓ 'પાત્ર' કહે છે.

卐

મક્ષીજી તીર્થ

દિગમ્બરોની માગણી નકારી કાઢતી સરકાર

ઉજ્જૈન નજીક આવેલા મક્ષીજી પાર્શ્વનાથ જૈન તીર્થના મોટા મંદિરના વહીવટ માટે દિગંબરો અને શ્વેતાંબરોની સંયુક્ત સમિતિ રચવાનીદિગંબરોની માગણીને મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન દિગ્વિજયસિંહે નકારી કાઢી છે.

ઉપલબ્ધ માહિતી પ્રમાણે મક્ષીજી જિનાલયનાં વહીવટમાં સંયુક્ત સમિતિ માટે દિગંબર અગ્રણીઓ રાજકીય દબાણ પણ લાવ્યા હતા પરંતુ મુખ્ય પ્રધાન દિગ્વિજયસિંહે સરકારનો નિર્ણય જાહેર કરતાં જણાવ્યું હતું કે મક્ષી પાર્શ્વનાથ જૈન તીર્થના મોટા જિનાલયના વહીવટમાં સંયુક્ત સમિતિની રચના ન્યાયાલયના આદેશો અનુસાર નહીં ગણાય. તેથી સરકાર ન્યાયાલયના આદેશો ઉલ્લંઘન કરવા માગતી ન હોવાથી સંયુક્ત સમિતિ રચવા તૈયાર નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક શ્વેતાંબર જૈન અગ્રણી ડો. પ્રકાશ બંગાલીના નેતૃત્વ હેઠળ શ્વેતાંબરોની સરકાર સમક્ષ થયેલી જોરદાર રજુઆત બાદ સરકારે આ નિર્ણય જાહેર કર્યો છે.

અત્રે એ પણ નોંધનીય છે કે હાલમાં ઉજ્જૈનથી આલીસ કિલોમીટર દૂર મક્ષીજી પાર્શ્વનાથનાં બે જૈન મંદિરો આવેલાં છે. જેમાં મોટા મંદિરનો વહીવટ શ્વેતાંબરો હસ્તક છે જ્યારે નાના મંદિરનો વહીવટ દિગંબરો હસ્તક છે. આ ઉપરાંત અગાઉના જમાનામાં રાજા હોળકરે મોટા મંદિરમાં સવારના છ થી નવ વાગ્યા સુધી દિગંબરોની પૂજાવિધિથી પૂજા કરવાનો અધિકાર દિગમ્બરોને આપ્યો હતો.

(તાજેતરમાં દિગંબરોએ મોટા મંદિરમાં પણ વહિવટમાં ભાગીદારી રહે તે હેતુથી સંયુક્ત સમિતિ રચવાની માગણી કરી હતી. પરંતુ તા. ૩૦-૧-૯૮ ના રોજ સરકારે તે ફગાવી દીધી છે)

卐

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
વીરચંદ ગેલા (ચડવાલ)
ચુનીલાલ ધરમશી મુહકમ (થાણા ગઢ)

વર્ષ ૧૧ | ૨૦૫૪ ભાદરવા સુદ-૧૦ મંગળવાર તા. ૧-૯-૯૮ [અંક : ૩-૪

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

અંતિમ દેશના-૧

પ્રવચનકાર-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસુરીશ્વરજી મહારાજા

૨૦૪૬, આસોવદિ-૧૩ મંગળવાર તા. ૧૬-૧૦-૯૦ ટેકરી, ખંભાત

(શ્રં જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦)

આ સંસારમાં આર્યદેશમાં, આર્યકુળમાં, આર્યજાતિમાં જન્મેલા જીવોની પાકી માન્યતા છે કે, જગતમાં પુરુષાર્થ ચાર ગણાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ પુરુષાર્થ પહેલો છે તે જ બતાવે છે કે, અર્થ અને કામ પણ ધર્મથી મળે છે અને મોક્ષ પણ ધર્મથી જ મળે છે.

શ્રી જૈન શાસ્ત્રે કહ્યું છે કે, અર્થ અને કામ નામના જ પુરુષાર્થ છે, મહાઅનર્થકારી છે. તે બે પુરુષાર્થ એટલા માટે કહેવાય છે કે પુરુષથી સાધ્ય છે માટે. તે બે પુરુષાર્થ જગતના જીવોને ગાંડા બનાવનાર છે, મહાપાપી બનાવનાર છે અને સારામાં સારા આ મનુષ્યજન્મને નિષ્ફળ બનાવી સંસારમાં ભટકતા કરે છે. અર્થ અને કામ પુરુષાર્થને જ સારા માને, કરવા જેવા જ માને તે સાચો આર્ય નથી અને તેથી સાચો સાચો જૈન પણ નથી જ. તમારે ન છૂટકે સંસારમાં રહેવું પડે અને તે બે પુરુષાર્થ કરવા પડે તો દુઃખથી કરે. જે ખરેખર આર્ય હોય તે પણ માને કે-શું કરીએ, સંસારમાં રહેવું પડે છે, સંન્યસ્ત લેવાની શક્તિ નથી માટે દુઃખથી કરવા પડે છે !

નાસ્તિઠ દર્શનને છોડીને બીજા બધાં આસ્તિઠ દર્શનો માને છે કે–આ જન્મમાં ઘર છોડીને મરવાનું છે, ઘરમાં મરાય નહિ. તેઓને ત્યાં પણ ચાર આશ્રમની વાત છે. પહેલી ઉંમરમાં બ્રહ્મચર્ય પાળે, બીજી ઉંમરમાં જરૂર પડે તો ઘર માંડે અને અર્થ–ઠામની સાધના ઠરે, પછી વાનપ્રસ્થાશ્રમ સ્વીઠારે અને છેલ્લે સંસાર છોડી સંન્યાસ્તાશ્રમ સ્વીઠારે.

આજે તો આ બે પુરુષાર્થ પાછળ બધા ગાંડા બન્યા છે. અર્થ–ઠામ વિના ધર્મનો બપ નથી, મોક્ષ તો જોઇતો નથી. જેને મોક્ષ ન જોઇએ તેને સાચી રીતે ધર્મ ઠરવાનું મન જ નહિ. તે તો ધર્મ ન છૂટકે દેખાવ માટે ઠરે છે.

અર્થ–ઠામ માટે કેવાં કેવાં કષ્ટો વેઠો છો ? ઠામ પડે તો મા–બાપને પણ રઝળતાં મૂકી દે તેવા પાપી પાઠયા છે ! તે નથી તો જૈન કે નથી તો આર્ય ! છોઠરા સુખી હોય તો મા–બાપ દુઃખી હોય તેવું બને ખરું ? પણ આજે બની રહ્યું છે. છોઠરાઓને પરણાવતાં પહેલાં જ અલગ ઘર નક્કી ઠરવું પડે છે. આવી દશા મોટા-ભાગની છે તો તે બધા ધર્મ પામે ખરા ? અર્થ–ઠામમાં ફસાયેલા જીવો ધર્મ માટે પણ નાલાયઠ છે, સંસારમાં જ રખડવા સર્જાયેલા છે.

આ દીવાળી આવી છે. આજે દીવાળી ઘણાને હોળી જેવી થાય છે. અર્થ–ઠામમાં જ ફસેલા જીવો એવા એવા ધંધા ઠરે છે કે, મેળ જ જામતો નથી. લોભના માર્યા ઢોઢા ભાવ લઇ ઉધાર માલ આપે છે અને પછી પૈસા આવતા નથી એટલે માથે હાથ દે છે. તેથી ઘણા સુખીની દીવાળી પણ હોળી જેવી થાય છે. દીવાળી ખરેખર સાર્થઠ ઠરવી હોય તો ડાહ્યા થાવ. અને માનતા થાવ કે–'અર્થ–ઠામ નઠામા જ છે, સેવવા જેવા નથી, તાઠાત હોય તો છોડી દેવા જેવા જ છે. એઠ મોક્ષ જ મેળવવા જેવો છે. તે માટે ધર્મ જ ઠરવા જેવો છે.' આવી ભાવના થશે તો અહીં પણ સાચા સુખી બનશો, પરલોઠમાં દુર્ગતિ નહિ થાય. સદ્ગતિમાં જવું છે તે ત્યાં ઘણું સુખ છે માટે નહિ પણ ધર્મની આરાધના ઠરી વહેલામાં વહેલા મોક્ષે પહોંચાય માટે. સૌ આવી ભાવના ભાવી વહેલું આત્મ ઠલ્યાણ સાધો તે શુભાભિલાષા સાથે પૂર્ણ ઠરવામાં આવે છે.

(ઠમશઃ)

卐

卐 પૂ. શ્રી બાપજી મહારાજના ગુણાનુવાદ 卐

પ્રવચનકાર : પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

[શાંત–તપોમૂર્તિ, ગાંભીર્યાદિ વરેણ્ય ગુણગણાલંકૃત પ. પૂ. આ. શ્રી વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજ – **પૂ. બાપજી મહારાજના** હુલામણા અપર નામે વિખ્યાત–નં., સ્વર્ગતિથિના દિવસે ૨૦૪૨ના ભાદરવા વદિ–૧૪ને ગુરૂવાર તા. ૨–૧૦–૧૯૮૬ ના મુંબઇ, શેઠ શ્રી મોચીશા લાલબાગ જૈન ઉપાશ્રયે બિરાજમાન, પરમશાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, તપાગચ્છીયા વિચ્છિન્ન સમાચારી સંરક્ષક, સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ, વર્તમાનમાં ચાલતા વિષયોની વિશદ છણાવટ અને સ્પષ્ટ માર્ગદર્શન પૂર્વક જે ગુણાનુવાદ કરેલા, તેનું સારભૂત પ્રવચન વાચકોની જાણ માટે અત્રે પ્રગટ કરવામાં આવે છે શાસનના સત્ય સિદ્ધાંતના રસિક આત્માઓ, સત્યને સમજી, સત્યમાં સ્થિર બની, સત્યપ્રિય બની સત્યના માર્ગે ચાલી આત્માની મુક્તિ નિકટ બનાવે તે ભાવના સહ શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. શ્રી પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. —અવ૦]

ગુણાનુવાદના અધિકારી :

સૂરીલા સંગીતકાર થવા માટે વર્ષો સુધી સંગીતની સાધના કરવી પડે છે, સ્વરને કેળવવો પડે છે અને સંગીત સિવાયની દુનિયાને ભૂલવી પડે છે. આવા સાધકમાંથી સિદ્ધસંગીતકાર બનેલાના કંઠમાં સઘળાય સૂરોનો વાસ હોય છે. વનના છેડા ધ્રુજાવી દેતી સિંહની ગર્જના કે ડુંગરની ગુફાઓમાં પડઘા પાડતો આષાઢી મેઘનો ગડગડાટ અરે સંગીત સમ્રાટના કંઠમાંથી સાંભળવા મળે, તો સાથે સાથે આંબાની ડાળે બેઠેલી કોયલને પણ તમે એ સંગીતસમ્રાટના કંઠમાં ટહૂકતી સાંભળી શકો. આવા સૂર સમ્રાટની 'સંગત' કરવાની લાયકાત પણ વર્ષોની આકરી સાધના માંગી લે છે. ગાવાની અને સંગત કરવાની સાધના તો આકરી છે જ, પણ આવા સંગીત **સમ્રાટો**ની સભામાં શ્રોતા થવા માટેય લાયકાત કેળવવી પડે છે. એવી સભામાં સ્થાન પામવા, માત્ર 'કાન' વાળા જ નહિ પણ સંગીતની 'સાન'વાળા બનવું પડે છે.

સંગીતની આ દુનીયાની જેમ આ અધ્યાત્મની દુનીયાના નિયમ પણ સમજવા જેવા છે. સંસારની ખટપટોને લાત મારી **અધ્યાત્મના સમ્રાટ બનેલા મહાપુરૂષો** જ્યારે **સિદ્ધાંતની વાત સમજાવે ત્યારે સત્ત્વ વગરના કાયરો, સાથે તો શું, પણ સામેય બેસી શકતા નથી. સિદ્ધાંતની વાત કરવા માટે જેમ સત્ત્વ**

જોઇએ છે તેમ તેવી વાત સાંભળવા માટેય સત્ત્વ જોઇએ છે.

આ પ્રવચનમાં એક સમર્થ સિદ્ધાંત સમ્રાટે ફરમાવેલી સિદ્ધાન્તની વાત છે. **આવી વાત કરવાનું ગજું તો અત્યારના કોઇ સિદ્ધાન્ત પ્રેમીમાં દેખાવાની આશા નથી, પણ વાત વાંચવા-સાંભળવા જેટલું સત્ત્વ પણ સિદ્ધાંત પ્રેમીઓ બતાવશે તો સિદ્ધાંતની રક્ષા કરવાનું સત્ત્વ તેમનામાં આપોઆપ પ્રગટશે.** સિદ્ધાન્તને સાંભળવા–સમજવા જેટલું'ય સત્વ કેળવવાને બદલે 'પૂજ્યશ્રી ક્યાં આવું બોલેલા ?' અગર તો પૂજ્યશ્રી આવું બોલ્યા હોય તો ય અત્યારે તે પ્રગટ કરવાની શી જરૂર ?' આવી બેસૂરી વાત કરે તો તેથી નવાઇ પામવા જેવું કશું નથી. કાળાં કામ કરનારાને અજવાળાં નથી ગમતાં. ઉજળાં કામ કરનારા જ અજવાળાંને આવકારે છે.

સિદ્ધાન્ત સંરક્ષક મહાપુરુષના સૈદ્ધાંન્તિક પ્રવચનોનું આ અવતરણ સિદ્ધાન્તના આરાધકોને નવું બળ પૂરું પાડશે એમાં શંકા નથી. **મહાપુરૂષના નામે પોતાનું રળી ખાનારા કેટલાકને આ પ્રકાશન કેવું લાગશે એની ચિન્તા કરવાની જરૂર નથી.** મુશાયરામાં પેસતાં પહેલાં તેઓ કાનની સાથે સાન પણ કેળવે તો તેમની શોભા વધશે એટલું સૂચન કરીને વિરમું છું.

અનંત ઉપકારી શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવના કરનારા અનેક શ્રી આચાર્ય ભગવંતો થઇ ગયા. અત્યાર સુધી આપણને ભગવાનનું શાસન જે રીતે મલ્યું જોઇએ તે રીતે મલ્યું તેમાં ઉપકાર જો કોઇનો હોય તો આવા માર્ગસ્થ શ્રી આચાર્ય ભગવંતોનો છે. તેવા અનેક શ્રી આચાર્ય ભગવંતોમાં આપણી હયાતિમાં જ ઘણાએ જોયેલા અને સાંભળેલા, ઘણાના પરિચિત એવા પ. પૂ. આ. શ્રી **વિજય સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજ કે જેઓ પૂ. **શ્રી બાપજી** મહારાજના નામે જ પ્રખ્યાત હતા, તેમનો આજે સ્વર્ગવાસનો દિવસ છે માટે તેમની વાત કરવી છે, તેઓશ્રીએ આ શાસનની જે રીતની આરાધના કરી, જે રીતે સૌને શાસન સમજાવ્યું અને અવસર આવ્યે જે રીતે આ શાસનની રક્ષા કરી તે ખૂબ જ બહુમાન પેદા કરે તેવી વાત છે.

આવા પણ સમર્થ મહાપુરૂષ, સાધુપણું બહુ મુશીબતે પામ્યા છે. તેઓ જો મક્કમ ન હોત તો કદાચ સાધુપણું પામી ન પણ શકત. તે વખતે વયોવૃદ્ધ સાધુઓ આમને દીક્ષા આપે તે પણ શક્ય ન હતું. કેમકે, તે વખતે સાધુઓ ઓછા, આમના કુટુંબની નામના મોટી, તેથી તે સાધુઓ જરા ય તોફાન થાય તો સહન કરી શકે નહિ તેવી સ્થિતિમાં હતા. તે મહાત્માને સાધુ થવાની ભાવના પેદા કરી હોય તો કોણે કરી તે જાણો છો ? અમદાવાદમાં, વિદ્યાશાળાના સ્થાપક કી મુળાજી

રવચંદ સાર શ્રદ્ધા સંપન્ન, મક્કમ સુશ્રાવક હતા. તેમના યોગે આમને સાધુપણાની ભાવના થઇ. આ શ્રી સુબાજી એવા મક્કમ સુશ્રાવક હતા કે જ્યાં સૂત્ર-આજ્ઞા વિરૂદ્ધ કાંઇ દેખાય તો ત્યાં પગ પણ ન મૂકે. પોતે સ્વયં પાઠશાળા ભણાવતા હતા. પૂ. શ્રી બાપજી મહારાજાએ ગૃહસ્થપણામાં તેમની પાસે અભ્યાસ કર્યો હતો. તેના યોગે એવા સંસ્કાર પડ્યા કે તેમને આ સંસાર રહેવા જેવો લાગ્યો નહિ અને સાધુપણાની ભાવના પેઠા થઇ.

આગળ પાઠશાળામાં જે શિક્ષકો હતા તે ખરેખર સારા હતા. પોતાની પાસે ભણતા વિદ્યાર્થીઓમાં સારા સંસ્કાર પડે તેની પૂરી કાળજી રાખતા. આગળ મા-બાપ પણ ખરેખર મા-બાપ હતાં, જેથી પોતાના સંતાનોમાં શિક્ષકો સારા સંસ્કાર નાખે તો આનંદ પામતાં હતાં. આજે તો મા-બાપ તે સાચાં મા-બાપ પણ મટી ગયાં અને પાઠશાળાના શિક્ષકો પણ સારા શિક્ષક રહ્યા નહિ. પાઠશાળામાં સારો શિક્ષક હોય, તે વિદ્યાર્થીઓને સંસાર ઉપર અભાવ અને સાધુપણાની ભાવના પેઠા કરાવ્યા વિના રહે નહિ.

આજે આ વાત જેમ શ્રાવક-કુટુંબોમાં દુર્લભ થઇ છે તેમ પાઠશાળામાં પણ આવા સારા શિક્ષક મળે તેમ નથી. સારા શિક્ષકો તો, ભગવાનના શાસનના શ્રી નવકાર મહામંત્રથી માંડી જે બધાં સૂત્રો છે તેના અર્થ પોતે સમજ્યા હોય અને પોતાની પાસે ભણે તેને પણ તે જ અર્થ બરાબર સમજાવે આપણાં સૂત્રોના અર્થ બરાબર સમજ્યો હોય તેને સંસારમાં રહેવાનું ગમે ખરૂં ?

આ મહાપુરૂષ બાલ્યકાળથી વિરાગી હતા. ધર્મી ગણાતું તેમનું કુટુંબ તેઓ દીક્ષા લે તેમાં વિરોધી હતું. દીક્ષા તેમના માટે દુર્લભ હતી. તે કાળ પણ એવો હતો કે, ઘરડો માણસ દીક્ષા લે તો ય તોફાન કરનારા હતા તો બાલક કે યુવાન માટે શું શું ન કરે ? તોફાન કરનારા તો માને કે-'બાળક તો સમજે શું ? યુવાન સાધુપણું શી રીતે પાળે ? બુઢ્ઢાની તો સાધુપણાની શક્તિ જ ક્યાંથી હોય ?' અંતરાય કરવાનાં બહાના જ જોઇએ.

/ મહાપુરૂષને ઓળખતા શીખો. **જે મહાપુરૂષો ભગવાનના શાસનની સાચી પરંપરામાં ચાલ્યા આવે છે તેમની આજ્ઞા મુજબ જીવવાનો નિયમ કરો તો જ આ કાળમાં ધર્મથી જીવી શકાય તેવું છે. બાકી તો ઘણા ધર્મ લુંટાવી રહ્યા છે. ધર્મ સાચવવા જેમ સારા માર્ગસ્થ ધર્માચાર્યોની જરૂર છે તેમ સારા શ્રદ્ધા-સંપન્ન અને વિવેકી શ્રાવકોની પણ જરૂર છે.**

આ મહાપુરૂષ બાલ્યકાળથી, સમજ્યા પછી મા-બાપને કહેતા કે–'મારે તો સાધુ જ થવું છે.' મા–બાપ કહેતા કે, 'આ વાત હવે ફરી ક્યારેય કરીશ નહિ. અહીં રહી જે ધર્મ કરવો તે કર, પણ સાધુ થવાની વાત કરતો નહિ.' આમ પાકા બુદ્ધિશાળી અને હોંશિયાર હતા. જે કામ કરે તે સારી રીતે કરતા. એટલે વ્યવહારમ બધા તેમનાં વખાણ કરતા હતા. આમને લગ્ન કરવાં ન હતાં, છતાં પણ સમજાવીને લગ્ન કરાવ્યાં. લગ્ન થયા પછી પણ આમની ભાવના પરિવર્ત્તન પામી નથી. તેમની પત્ની પણ ધર્મ-શીલા હતી. આમના પરિચયમાં આવી તે તો એકદમ અનુકુળ જેવી થઇ ગઇ. પણ આમના કુટુંબનો તો એક જ નિર્ણય કે, કોઇપણ રીતે આમને સંયમ અપાવવું નહિ. આમનો પણ એવો જ નિર્ણય કે, 'મારે સંયમ લીધા વિના રહેવું નહિ.' પણ તેમના કુટુંબને કારણે તેમને દીક્ષા આપવા કોઇ તૈયાર ન હતું.

હવે આમની દીક્ષા લેવાની ભાવના એટલી તીવ્ર હતી કે, એકવાર અઠ્ઠમનું પચ્ચક્ખાણ કરીને સાધુવેષ પહેરીને ઘરમાં બેસી ગયા. ઘરના લોકોએ તે વેષ ઉતારવા ઘણી મહેનત કરી. આ કેટલી મુશ્કેલીએ દીક્ષા પામ્યા તેની વાત સમજાવ રહ્યો છું. આમના મોટાભાઇ વગેરે કહે કે, સાધુ તો થવા દઉં જ નહિ. આ કહે વેષ મૂકું નહિ. હવે શું થાય ? એવો વખત આવ્યો કે, તેમનો વેષ છોડાવવા તેમના મોટાભાઇ તેમની છાતી ઉપર ચઢી બેઠા. તો પણ આ કહે કે—

'આ વેષ બદલે તે બીજા, હું નહિ. આ વેષ સ્વીકાર્યો છે તે મારી મરજીથી સ્વીકાર્યો છે. અને મરજીથી સ્વીકારેલો સાધુવેષ મૂકાય નહિ.' તેમના ઉપર જુલમ કર્યો તો ય તે મકકમ રહ્યા છે. તે વખતે તેમના ધર્મપત્નીએ કહ્યું કે, આટલો જુલમ શા માટે કરો છો ? કુટુંબીઓ કહે કે, પછી તારું શું થાય ? ત્યારે તેમના ધર્મપત્નીએ કહ્યું કે, મારી ચિંતા ન કરો. તેઓ જે કરશે તે જ હું કરીશ. ભાગ્યવાનો ! સમજાય છે ને કે, સારામાં સારો સુયોગ આ જ હતો. આ સુયોગ ન હોત તો શું થાત તે જ્ઞાની જાણે ! પછી તેમના ધર્મપત્નીએ કહ્યું કે, 'આમને જવું હોય તો જવા દો, અંત-રાય કરો નહિ. હું પણ તેમને માર્ગે જઇશ.' આ રીતના સાધુવેષ તો પહેરી લીધો પણ તેમને દીક્ષા કોણ આપે ? થોડા દિવસ તો ઝાંપડાની પોળના ઉપાશ્રયે રહ્યા અને પછી પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાની પાસે દીક્ષા લીધી.

દીક્ષાનું મહત્ત્વ જેને સમજાયું છે તેવા આત્માઓએ આ કાળમાં કેવી રીતે, કેટલી તકલીફો વેઠીને દીક્ષા લીધી છે તેનો ઇતિહાસ જાણો છો ? આ કાળમાં જેટલા જેટલા નામાંકિત મોટા મહાપુરુષો થયા તે બધાએ આવી રીતે ઘરથી નાશી–ભાગીને

ઘણી ઘણી મુશીબતો વેઠીને દીક્ષા લીધી છે. હવે દીક્ષાનો માર્ગ મોકળો થયો છે, ઘણાં મા–બાપ પણ સમજુ બન્યાં છે, બાળ દીક્ષાઓ પણ થાય છે.

સભા૦ : તે આપનો પ્રતાપ છે.

ઉ૦ : મારો નહિ, ભગવાનના શાસનનો પ્રતાપ છે.

આ રીતે ૬૯પૂર્વક આ મહાપુરૂષ દીક્ષિત થયા અને આજના સાધુ સમુદાયોના મોટા ભાગના વડેરા એવા પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાના છેલ્લા શિષ્ય થયા. આ પૂ. શ્રી મણિવિજયજી દાદાને ઓળખો છો ? મહા તપસ્વી હતા. કાયમ ગામ ચોવિહાર એકાસણું કરતાં. ગમે તેટલા ઉપવાસ કરે પણ આગળ–પાછળ એકાસણું જ કરે. કાંઇ સમજાય છે ?

આમનાં દીક્ષા થઈ ગઇ, મુનિશ્રી સિદ્ધિવિજયજી એ પ્રમાણે નામ પાડયું અને ગુરૂની સેવા–ભક્તિમાં લાગી ગયા, તપ–જપ અને સ્વાધ્યાયમાં લીન બન્યા. તે વખતે સુરતમાં પં. શ્રી રત્નસાગરજી મહારાજ એવા બિમાર પડી ગયેલા કે, તેમને સેવા કરનારા સારા સાધુની જરૂર પડી.

પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાએ આ વાતની ખબર પડી, તેઓશ્રીજીનો આ મહા માએ ૩–૪ મહિનામાં તો એવો વિશ્વાસ સંપાદન કરી લીધો કે, તેમને થયું કે–આ મુનિ સિદ્ધિવિજયજી જાય તો તે મહાત્માને સારી સમાધિ આપી શકે. એટલે તેઓએ આ શ્રી સિદ્ધિવિજયજીને બોલાવ્યા અને કહ્યું કે– 'તને ખબર હશે કે, સુરતમાં પં. શ્રી રત્નસાગરજી મ. બિમાર પડયા છે અને તેમની પાસે સેવા કરનાર કોઇ સાધુ નથી. તેમને સાધુની જરૂર પડી છે અને મારી આંખ તારા ઉપર ઠરે છે, માટે તું જા.'

દીક્ષામાં પહેલું વર્ષ છે. ચોમાસું આ રીતે જવાની વાત આવે તો ગમે ખરી ? આ કહે કે–'આપ પણ વૃદ્ધ છો. આપની સેવાની તક મને આપો તો સારું.' પછી પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાએ કહ્યું કે–'ત્યાં સેવાની વધુ જરૂર છે માટે ત્યાં જાય તે સારૂં છે.' પૂ. ગુરૂ મહારાજની આજ્ઞા જ પ્રમાણ અને પોતે ત્યાં ગયા. તેઓને એવી સમાધિ આપી કે વર્ણન ન થાય. એટલું જ નહિ બીજા ચોમાસામાં આસો સુદ આઠમના તેમના પૂ. ગુરુ મહારાજ શ્રી મણિવિજયજી દાદા કાળધર્મ પામ્યા. આઘાત સખત લાગ્યો પણ ગુર્વાજ્ઞા જ પ્રમાણ માની. ત્યાં તે પૂ. શ્રી રત્નસાગરજી મહારાજની આઠ વર્ષ સેવા કરી. તેમની સાથે વિહાર કરી છાણી આવ્યા. આમને ભણવાની સગવડ કરી આપી. તેઓ કેવી રીતે ભણ્યા તે વાત પણ સમજાવવી છે.

તે કાળ કરતાં તો આજે ભણવાની સગવડ એટલી બધી છે કે જેનું હદ નથી. પણ જેને સાચા જ્ઞાનનો ખપ હોય, સ્વાધ્યાયનો પ્રેમ હોય તે જ જ્ઞાન મેળવી શકે. સામગ્રી ગમે તેટલી સારી હોય પણ તેનો ઉપયોગ કોણ કરે ? જ્ઞાન કિંમતી લાગે તે જ.

તેમને ભણાવનાર પંડિત વડોદરા હતા. પંડિત આવી શકે તેમ ન હતા. છાણીથી વડોદરા છ માઇલ થાય. પૂ. શ્રી બાપજી મ. તેમને કહે કે–આપ ચિંતા ન કરો. સવારે ભક્તિ કરી હું અહીંથી જઇશ, સમયસર પાછો આવીશ. રોજ છ માઇલ જાય અને આવે. સેવા–ભક્તિ કરે અને અભ્યાસ કરે. આવા જ આત્માને જ્ઞાનની પ્રાપ્તિ થાય એટલું જ નહિ પણ જે જ્ઞાન થાય તે ય બરાબર પરિણામ પામે. જે જ્ઞાનનો અભ્યાસી વિનયવંત ન હોય, જેને વૈયાવચ્ચ તો ફાવે નહિ, કોઇની ભક્તિ પણ ન કરે તો તેને કદી સાચું જ્ઞાન આવે નહિ. વિનય વિના વિદ્યા ફળે જ નહિ. વિનય વિનાની વિદ્યા ફળે નહિ પણ કુરી ય નીકળે ! આજે વિદ્યા લેનારને વિનય પાલવે નહિ. આજે વિનયવંત વૈયાવચ્ચી એવા વિદ્યાવંત શોધવા હોય તો દુષ્કાળ પડયો છે. બહુ જ ઓછા મળે. ગમે તેટલું સમજાવો પણ પાસેનાની, બિમારની વૈયાવચ્ચ કરવાનું મન થાય તેવા બહુ ઓછા મળે. તેવા બધા અહીં આવી દુર્ગતિમાં ય જાય તેમાં કોનો વાંક ?

આમને તો એવી સેવા–ભક્તિ કરી જેનું વર્ણન ન થાય અને સાચા જ્ઞાની બન્યા. પોતાના ગુણોના યોગે મોટા પદ ઉપર આરૂઢ કરાયા. સુરતમાં તેઓની પંન્યાસ પદવીનો મહોત્સવ તે કાળની અપેક્ષાએ ઉત્તમકોટિનો એવી રીતે થયો છે કે તે જોનારા જૂના લોકો હજુ યાદ કરે છે. પછી તો તેમનો પરિવાર પણ વધવા લાગ્યો. તેઓ જે રીતે ધર્મ પામ્યા, આરાધ્યો, સાચવ્યો. અને તે ધર્મની સેવા અને પ્રભાવના કરી તે વાંચી–જાણી બહુમાન ન થાય તેના હૈયામાં ધર્મ જ નથી.

અત્યારના મુખ્યપણે જે ઝઘડો ચાલે છે તે તેમના કાળથી ચાલે છે. જૈન શાસનમાં જે તિથિનો ઝઘડો ચાલે છે તે માટે તે મહાપુરૂષ શું બોલી–કહીને ગયા છે તે વાત તમને બધાને સમજાવવી છે. તમે બધા સમજી લો અને અજાણ ન રહો, આનું મૂળ શું છે તે ય જાણી લો તો ય કલ્યાણ થશે. તમે બધા સમજતા નથી, જાણતા નથી માટે બધું તોફાન ચાલી પડયું છે.

તમને ખબર છે કે– અમારા વડિલોને પણ સંયોગવશાત્ મોટું કરવું પડયું તેનું તેઓના હૈયામાં ઘણું દુઃખ હતું. ઘણીવાર તે દુઃખ વ્યકત કરતા–'આખો શ્રી સંઘ ભેગો થાય અને આ વાતનો નિવેડો લાવે તો સારું. બધા સાચું સમજે અને સાચું આરાધે માટે નિરૂપાયે આ મોટું કરવું પડે છે.'

પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ, આપણે જે માનીએ તે મનાય કે પંચાગમાં જે હોય તે માનવી પડે? સૂર્ય આપણે કહીએ ત્યારે ઉદય પામે અને અસ્ત પામે તેવું છે? શાસ્ત્રે કહ્યું છે કે, પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ આવે છે. પાંચ વર્ષના યુગમાં તીસે-તીસ તિથિઓનો ક્ષય આવે છે. ૬૨ બાસઠમે દિવસે એક તિથિ ક્ષય પામે. ક્ષય આવે એટલે શું? તિથિ નાશ પામે? ના. **તિથિનો ક્ષય એટલે તે તિથિ સૂર્યોદયને સ્પર્શ્યા વિના સમાપ્ત પામે તે ક્ષય. અર્થાત તિથિનો નાશ નહિ. તિથિની વૃદ્ધિ એટલે તે તિથિ બે સૂર્યોદયને સ્પર્શે** પંદર દિવસમાં પંદર જ તિથિ આવે છતાં દિવસ તો ચૌદ-પંદર કે સોળ પણ હોય. કોઇવાર તેર [૧૩] પણ આવે. તિથિનો ક્ષય એટલે અભાવ નહિ તે વાત સમજી ગયાને?

આજે તો એવું ગાંડપણ વ્યાપ્યું છે કે-પર્વતિથિની ક્ષય વૃધ્ધિ થાય જ નહિ. પાંચમની ક્ષય-વૃધ્ધિ થાય નહિ, ભાદરવા સુદિ-ચોથ મહાપર્વ કહેવાય તેની પણ થાય નહિ, માટે બીજની કરવી. પણ આ ગરબડ શ્રી પૂજ્યોના કાળમાં થઇ છે. તમે લોકો કશું ભણતા નથી કે વાંચતા પણ નથી એટલું જ નહિ પણ કહીએ-સમજાવીએ તે ય યાદ રાખતા નથી. માત્ર ધર્મના વિષયમાં જ તમારી આ હાલત છે. વ્યવહારમાં તો બધા બરાબર છો. શ્રી હીરપ્રશ્ન, શ્રી સેનપ્રશ્નમાં, તિથિ અંગે તો શ્રાવકોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપેલા છે. પાંચમની ક્ષય-વૃદ્ધિ આવે તો શું કરવું? પૂનમની ક્ષય-વૃધ્ધિ આવે તો શું કરવું? મૂળ વાત એ બની કે, જતિઓના કાળમાં જે ગરબડ ચાલી, જે મત-મતાંતરો ચાલ્યાં તેનું વર્ણન ન થાય. તેમાંની આ એક વાત આ બધાથી પકડાઇ ગઇ કે, પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ તો થાય નહિ. પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ એ અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવી.

પ્ર૦ તેમના વખતમાં આવો પ્રશ્ન થયેલો?

ઉ૦ : હા. તમને ખબર છે કે ૧૯૩૫ની સાલમાં (મારા જન્મના સત્તાર વર્ષ પહેલાં) ભાદરવા સુદ-બીજ (૨)નો ક્ષય હતો. તો બીજનો ક્ષય ન થાય, એકમનો ય ન થાય કેમકે, તે બધી શ્રી પર્યુષણની પર્વતિથિઓ કહેવાય. માટે શ્રાવણ વદિ દશમ (૧૦)નો ક્ષય કરવો તેવું મોટું હેન્ડબીલ બહાર પાડવામાં આવ્યું હતું. તે વખતે શ્રી સાગરજી મ.ના ગુરૂ શ્રી ઝવેરસાગરજી મ. વિદ્યમાન હતા. તેઓશ્રીએ કહેવરાવેલ કે-'આ શું માંડયું છે? **બીજના ક્ષયે એકમ, બીજ ભેગી કરતાં શું થાય છે?** આ શ્રી સાગરજી મ.ના ગુરૂએ હેન્ડબીલ પણ બહાર પાડયું કે-'એકમ કૂજ ભેળી કરની!'

તિથિની ક્ષય–વૃદ્ધિ આવે તો ક્ષય એટલે તિથિનો સૂર્યોદયને સ્પર્શ નહિ અને વૃધ્ધિ તિથિ એટલે બે સૂર્યોદયને સ્પર્શે તે. ગયા વર્ષે (૨૦૪૧માં શ્રાવણ મહિના બે હતા) તેર મહિના હતા ને ? બધાને પૂછો કે–સંવત્સરી ખામણામાં 'બાર માસાણું બોલેલા કે તેર માસાણું૦...' બોલેલા ? અધિક મહિનો કાલચૂલા ગણાય આ સર્વસંમત માન્યતા છે.

પ્ર૦ : અધિક મહિનો કાલચૂલા ગણાય માટે ગણત્રીમાં ન લેવાય તેમ અધિક તિથિ માટે ન મનાય ?

ઉ૦ : માનવું જ જોઇએ. અધિક માસમાં સારાં કામ ન થાય તે તો ઇતરોની પણ માન્યતા છે. તેઓ પણ અધિક માસને મલ માસ ગણે–કહે છે.

પ્ર૦ : સંવેગીઓનું શ્રી પૂજ્યો આગળ ચાલતું નહિ ?

ઉ૦ : ના. તેમનું જોર વધારે હતું. રાજાઓ પણ તેમને આધીન હતા. તેમની આજ્ઞા–રજા વિના સારા સાધુઓને પણ ચોમાસામાં રહેવાની જગ્યા ન મળે. તેઓ મંત્ર-તંત્રતાદિ પણ કરતા. કાળ એવો વિલક્ષણ હતો કે સારા સાધુ બહુ જ અલ્પ સંખ્યામાં હતા. પછી થોડા સમર્થ સાધુ પાક્યા તેમાં પૂ. આ. શ્રી વિજય સિંહસૂરિજી મહારાજ થયા અને તેમની સહાયથી પૂ. પં. શ્રી સત્યવિજયજી મહારાજાએ સંવેગી શાખા કાઢી. અને બીજા સમર્થ મહાપુરૂષોએ તેને ટેકો આપ્યો. તે શાખા આપણા સુધી ચાલી આવી. તે સમયના યતિઓથી જુદા પડવા પીળાં વસ્ત્ર પહેરવાનું શરૂ કર્યું. મેં પણ તે પહેર્યા છે. પછી યતિઓનું જોર નામશેષ થઇ ગયું એટલે પાછા શ્વેતવસ્ત્ર ઉપર આવી ગયા.

તિથિનો ક્ષય એટલે તિથિનો નાશ નહિ, તિથિ ના આવે તેમ નહિ પણ સૂર્યોદય વખતે તે તિથિના હોય. માનો કે આજે આઠમ છે પણ તે સૂર્યોદય પછી શરૂ થઇ અમુક ઘડી સુધી છે અને પછી પૂરી થઇ જાય છે અને આવતીકાલ સૂર્યોદય થાય તે પહેલા તો આઠમની તિથિનો ભોગવટો પૂરો થઇ ગયો હોય તેથી તે આઠમ ક્ષય તિથિ કહેવાય, પણ તે તિથિ ન હોય તેમ નહિ. કોઇ પણ તિથિ ઓછામાં ઓછી ચાલીસ (૪૦) ઘડી હોય. અને આજે સૂર્યોદય પહેલાં શરૂ થઇ આવતી કાલે સૂર્યોદય પછી પૂરી થાય તે વૃદ્ધિ તિથિ.

આવી તિથિઓ માટે નિયમ બાંધ્યો કે 'ક્ષયે પૂર્વા૦' ક્ષય તિથિ હોય તો પૂર્વની તિથિમાં તેનો ભોગવટો હોય જ તેથી પૂર્વની તિથિએ એની આરાધના કરવી. ઉદય

તો એક ઘડીથી ઓછો હોય તે પણ ગણાય. ક્ષયતિથિ પર્વ હોય તો પૂર્વની ઉદય તિથિને દિવસે તેની આરાધના કરાય. સૂર્યોદય વખતે જે તિથિ હોય તે ઔદયિક તિથિ કહેવાય. બે સૂર્યોદયને સ્પર્શે તે વૃદ્ધિતિથિ કહેવાય અને તેની આરાધના બીજે દિવસે થાય. આ વાત બરાબર સમજાઇ ગઇ ને ?

પ્ર૦ : ક્ષેત્રાંતરમાં સૂર્યોદયનો ફેર હોય તો ?

ઉ૦ : જે ક્ષેત્રમાં હો ત્યાં જ સઘળી આરાધના કરવી.

શ્રી પર્યુષણા મહાપર્વના આઠ દા'ડા બીજે કશે જવું-આવવું નહિ. આજે આ કરવા ધારો તો કરી શકાય તેમ છે. પૂર્વકાળમાં આમ ચાલતું પણ હતું. જે ક્ષેત્રમાં જે પંચાંગ માન્ય હોય-ચાલતું હોય તેમાં ભાદરવા સુદિ ચોથ જ્યારે ઉદયમાં આવે ત્યારે શ્રી સંવત્સરી પર્વ કરાય. આપણે ત્યાં મુખ્યતા ઔદયિક ભાદરવા સુદ ચોથની છે, વાર નહિ. વારની કોઇ કિંમત નથી. વાર તો વ્યવહાર સમજવા માટે છે.

પ્ર૦ : જૈન પંચાંગ વિચ્છેદ પામ્યું તો લૌકિક પંચાંગનો સ્વીકાર કર્યો. આજે તો સર્વમાન્ય પંચાંગ એક જ છે ને ?

ઉ૦ : તે વખતની વાત જુદી હતી. શાસ્ત્રના આધારે આ વાત સમજી શકાય છે કે, જે ક્ષેત્રમાં જે જે તિથિનો ઉદય હોય તેને જ પ્રમાણ માનીને ચાલવું જોઇએ. જૂઓ આજે બધાએ 'જન્મભૂમિ' પંચાંગનો સ્વીકાર કર્યો છે, છતાં પણ પૂર્વમાં અને પશ્ચિમમાં સૂર્યોદયનો ફેર તો પડે છે ને ? તો તે તે ક્ષેત્રોવાર તે પ્રમાણે સ્વીકાર કરીને ચાલે તો વાંધા જેવું કશું નથી. જેમ પચ્ચક્ખાણ તો તે તે ક્ષેત્રના સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે જ કરો છો ને ? તેમ તિથિમાં ય થાય.

શાસ્ત્રમાં આવે છે કે-'ચોમાસામાં શ્રાવક વેપારાદિ કરે નહિ, ધર્મના કામ વિના ઘરની બહાર પણ ન નીકળે, માત્ર ધર્મ જ કરે, ગામ બહાર તો જાય જ નહિ. આજે તમે કેવા પાક્યા છો ? તમારા માટે રસ્તો કાઢવો અઘરો છે. તમે તો પર્યુષણમાં ય દોડા દોડી કરી સાત દિવસનાં પર્યુષણ કરી નાંખો ! બાકી જે જે ક્ષેત્રમાં જે પંચાંગ માન્ય હોય તેના ઉદય મુજબ માનો તો બધુ સચવાઇ જાય તેવું છે. અને આજે તો સૂક્ષ્મ પંચાંગ ઘણાં છે.

આજે તો એવું પકડાઇ ગયું છે કે, પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આવે નહિ કે થાય નહિ. અને-અમારા વડીલોએ પણ ખોટી તિથિ કરી છે. ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯- આ બધામાં પાંચમના ક્ષયે, છઠનો ક્ષય માની તિથિ કરી છે. પણ તે કેમ

કરી છે ? છઠનો ક્ષય માનવાથી ભાદરવા સુદિ ચોથ ઔદયિકી સચવાતી હતી માટે ખોટું કરવું પડ્યું છે.

પ્ર૦ : 'ખોટું છે' તેમ માનતા ?

ઉ૦ : હા. મારા પરમ દાદા ગુરુદેવ પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા વારંવાર કહેતા કે, આ બધું ખોટું કરવું પડે છે.

ખુદ પૂ. શ્રી આત્મારામજી મહારાજા ૧૯૫૨માં પાંચમના ક્ષયે, ભાદરવા સુદ ચોથ અને પાંચમ ભેગી કરવી તેમ કહીને ગયા છે. તે બધું બહાર પ્રગટ પણ થઇ ચૂક્યું છે. ભરૂચના શ્રી અનોપચંદભાઇ શ્રાવકના પ્રશ્નના ઉત્તરમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજે ઉપર કહ્યું તેવો જવાબ આપ્યો છે.

પ્ર૦ : પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા પણ શું કરતા હતા ?

ઉ૦ : હું જે આ કહું છું તે જ કરતા હતા. તે તો લખીને ય ગયા છે. ૧૯૯૨માં શ્રી સાગરજી મહારાજે પૂનમની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરી. તેમને તુક્કો સુઝ્યો કે પૂનમ-અમાસની ક્ષય વૃદ્ધિએ તેરશની અને પાંચમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની કરવી.

૧૯૯૨માં પાંચમના ક્ષયે ઘણાએ છઠનો ક્ષય કરીને ઔદયિક ચોથની આરાધના કરી ત્યારે આ. શ્રી બાપજી મહારાજા કહેતા- મેં તો પાંચમનો જ ક્ષય માન્ય રાખીને ચોથની આરાધના કરી છે.

૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯, ૨૦૦૪ માં આ ગરબડ હતી ત્યારે આ. પૂ. શ્રી બાપજી મહારાજે કરેક વખતે સાચી આરાધના કરી છે. ૧૯૫૨ માં સકલ શ્રી સંઘથી જુદા પડીને શ્રી સાગરજી મહારાજે જુદી આરાધના કરી. ૧૯૬૧ માં કુવૃષ્ટિ ન્યાયનો કાબેલ લઇ બધાની સાથે ભેગી આરાધના કરી. પણ ૧૯૮૯ અને ૨૦૦૪ માં પાછા જુદા પડ્યા.

૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો. અમે ય છઠનો ક્ષય માની ઔદયિકી ચોથની આરાધના કરી. ખંભાતથી ચોમાસા બાદ અમદાવાદ આવ્યાં. પૂ. શ્રી બાપજી મ.ને વંદન કરવા ગયા. વંદનાદિ થયા પછી તેઓએ મારા પૂ. દાદા ગુરૂદેવને પૂછ્યું કે-**'હે દાનસૂરિ ! છઠનો ક્ષય કર્યો તે ક્યાંથી લાવ્યા ? ક્યાં સુધી આ ખોટું કરવું છે ? હું તો છેક ૧૯૫૨થી ભાદરવા સુદ પાંચમના ક્ષયે** તે જ ક્ષય

માન્ય કરતો આવ્યો છું.' ત્યારે મારા પૂ. દાદાગુરૂદેવે કહ્યું કે–'હવેથી આપ કહેશો તેમ કરીશું.'

તે પછી ૧૯૯૦માં અમદાવાદમાં સકલ શ્રમણ સમુદાયનું સંમેલન ભરાયું. તે વખતે પૂ. બાપજી મ.એ કહ્યું કે–'અહીં બધા આચાર્યો ભેગા થયા છે તો આ તિથિની વાત પણ સ્પષ્ટ કરી નાંખો.' પછી મેં તે સંમેલનમાં વાત મૂકી કે, '૧૯૮૯ માં સંવત્સરીની ગરબડ ગઇ, ૧૯૯૨માં પાછો ભેદ આવે છે તો આ કજીયો મટી જાય માટે આપણે તિથિનો સાચો નિર્ણય કરી લઇએ.' મને કહે કે–'આ તો બધા ગચ્છોનું સંમેલન છે. માત્ર તપાગચ્છનું નથી.' આપણે કહ્યું કે, 'અહીં તપાગચ્છના બધા પ્રધાન આચાર્યો ભેગા થયા છે, તો આપણે જુદા બેસીને પણ આનો નિકાલ લાવી દઇએ.' ત્યારે તેઓ કહે કે–'અમારે કશું કરવું નથી. જે ચાલે છે તે ચાલવા દો. શાસ્ત્ર કે શાસ્ત્રનાં પાના પણ જોવા નથી.' તે પછી તો તે સંમેલન ભારે તકરાર વચ્ચે પૂરૂં થયું.

પ્ર૦ : તે સંમેલનમાં બધાને શું ભેદ હતો ?

ઉ૦ : બાલદીક્ષામાં, દેવદ્રવ્યમાં તેવી ઘણી ઘણી વાતોમાં ભેદ હતો.

પ્ર૦ : બાલદીક્ષા આપી નથી ?

ઉ૦ : આપવી હોય તો આપે નહિ તો વિરોધ કરે. સાચી વાતમાં સંમતિ તો ન આપે પણ ઘોંઘાટ બહુ કરતા. વાત ડહોળી નાખતા.

આજે જે વાતોના વિવાદો ચાલે છે તેનો ઉકેલ નથી તેવું નથી પણ એમને શાસ્ત્ર જોવું નથી. શાસ્ત્ર મુજબ વિચાર કરવા માગે તો બધાનો ઉકેલ આવે તેવો છે. જુઓ આજે શ્રી બારસાસૂત્ર મુળ વંચાય છે પણ શ્રી કલ્પસુત્રનું નવમું વ્યાખ્યાન ટીકા સાથે વંચાતું નથી. જો તે વ્યાખ્યાન ટીકા સાથે વંચાવાનું ચાલુ રહ્યું હોત તો આ બધી ગરબડ ચાલત નહિ. તેમાં બે ભાદરવાની અને બે ચૌદશની વાત આવે છે.

અમે ૧૯૯૧નું ચોમાસુ રાધનપુરમાં કર્યું. તે ચોમાસાની મહત્વની વાત કહેવી છે. જે શ્રી સાગરજી મ. ૧૯૫૨માં સંવત્સરીમાં બધાથી જુદા પડયા, ૧૯૬૧માં બધાની સાથે રહ્યા, ૧૯૮૯માં પાછા જુદા પડયા. તેમણે ૧૯૯૦ના સંમેલન પછી પાલીતાણામાં, શ્રી ધર્મસાગરજી મ.નો 'પ્રવચન પરીક્ષા' નામનો ગ્રન્થ છપાવ્યો. શ્રી ધર્મસાગરજી મ.ને તેઓશ્રી તપગચ્છનાં સ્તંભ જેવા માનતા હતા. આપણે તો આ બધું યાદ રાખતા નથી ને ? ૧૯૯૧ના 'શ્રી સિદ્ધચક્ર'ના [તેમના તરફથી પ્રગટ થતું મુખપત્ર] અંકોમાં તેઓએ, આપણે તિથિ અંગે જે માનીએ છીએ તે બધી વાત જાહેર કરી.

આપણા પંચાંગ પૂ. પરમકૃપાળુ ગુરૂદેવ શ્રી કાનસુરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ તૈયાર થતાં હતાં. તેથી તે વખતે પૂ. શ્રી બાપજી મહારાજનો પત્ર આવ્યો કે– હમણાં પંચાંગ બહાર પાડતા નહિ. શ્રી સાગરજી મહારાજ ફરી રહ્યાના સમાચાર છે. જો તેઓ ફરી જાય તો આખો માર્ગ સુધરી જાય. પંચાંગ જો બહાર પડી જાય તો તેમને વાંકું પડતા પણ વાર ન લાગે. તે પછી મારા પૂ. કાકા ગુરૂ મહારાજે મને બોલાવ્યો અને તે પત્ર વંચાવ્યો. તે પછી આપણે પંચાંગ બહાર ન પાડ્યાં. અને શ્રી સાગરજી મ. શું નિર્ણય કરે છે તેની રાહ જોવા લાગ્યા.

ત્યાર પછી તે મારા પૂ. કાકા ગુરૂ મહારાજે મને કહ્યું કે–'૧૯૯૦નું સંમેલન ભરાઇ ગયું. તિથિ અંગે વાત વિચારવા પણ કોઇ તૈયાર નથી. આપણે મોટું કર્યા સુધી કરવું છે ? બધા સાચા માર્ગે આવે તેમ માની ખોટું કરતા હતા. હવે તો આપણે જ સાચા માર્ગે આવવાની જરૂર છે. મેં કહ્યું કે–'આપ બધા મોટા મારા માથે છો. માટે મારે શું ચિંતા છે ?' તેઓ કહે કે–'હું પણ ક્યાં સુધી ? હું ના હોઉં, માટે તને કહીને જાઉં છું. તું પણ તિથિ અંગે બરાબર સમજી લે.' તે પછી તિથિ વિષયક બધી સમજણ મને આપી, ત્યાં સુધી હું પણ તિથિમાં ઝાઝું સમજતો ન હતો. પછી મેં કહ્યું કે–આપની આ બધી વાત મારા પૂ. ગુરુદેવને કરીશ અને આપની ઇચ્છા મુજબનો ફેરફાર કરાવીશ: અને ૧૯૯૨ના મહા મહિને તો પૂ. કાકા ગુરૂ મહારાજ કાળ પામ્યા.

તમને ખબર છે કે–૧૯૮૫, ૧૯૮૬માં અમે અહીં (મુંબઇ–લાલબાગમાં) હતા. પછી અહીંથી વિહાર કરી ગયા. ત્યારે મારા કાકા ગુરૂ મહારાજ પૂ. શ્રી કાનસુરીશ્વરજી મ. પાછળથી આવ્યા. તે વખતે સુરતમાં શ્રી સાગરજી મ. ભેગા થયા તે વખતે તેઓએ મારા પૂ. શ્રી કાકા ગુરૂ મ.ને કહ્યું કે–'પૂનમની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ કરો છો તેમ ભાદરવા સુદ પાંચમની ક્ષય–વૃદ્ધિએ ત્રીજની કરો.' ત્યારે પૂ. શ્રી કાનસુ. મ.એ કહ્યું કે–'**એક તો બે દુ કરીએ છીએ, તો બીજું પણ બોટું કેમ કરીએ ? પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ શાસ્ત્રીય છે તે માનીએ તો શું વાંધો આવે ?**' પણ શ્રી સાગરજી મ. તે વાત માની નહિ.

પ્ર૦ : જોડીયું પર્વ જોડીયું રહેવું જોઇએ. એમાં આંતરું ન ચાલે ને ?

ઉ૦ : જોડીયા પર્વ જોડે જ હોય તો વાંધો કયાં છે ? પણ એમાં ફેર પણ પડે તેવા પ્રસંગે શું કરવું તેના ખુલાસા શાસ્ત્રોમાં છે.

તિથિ ક્યારે કઇ માનવી તેમાં આપણું રાજ્ય ચાલે છે કે–ગમે ત્યાં ગમે તે

મનાય ? તિથિ તો જે પંચાંગ માનતા હોઇએ તેમાં જે આવે તે મનાય કે મરજી મુજબ મનાય ?

પ્ર૦ : આરાધના ઓછી થાય તેમ ન બને ?

ઉ૦ : ન. એની ય વ્યવસ્થા શાસ્ત્રોમાં છે. પૂનમના ક્ષયે પૂનમ ચૌદશમાં સમાઇ જાય. બિ-ન તપ કરવો હોય તો આગળે-પાછળે દા'ડે કરવાની છૂટ છે. પણ તિથિની નિયત આરાધના તો તિથિ હોય ત્યારે જ કરાય ને ?

જેમ, ચૈત્રી પૂનમના ક્ષયે, ચૌદશના દિવસે જ પૂનમ પણ હોવાથી એક જ દિવસે પૂનમનાં દેવવંદન અને ચૌદશનું પ્રતિક્રમણ કરાય. તપ આગળ-પાછળ વાળી અપાય.

તમે બધા શ્રી હીરપ્રશ્ન, શ્રી સેનપ્રશ્ન વાંચો તો તેમાં બધા જ ખુલાસા કર્યો છે. તે બધા પ્રશ્નોત્તરો મેં અહીં પણ વાંચ્યા છે, સમજ્યા છે.

૧૯૯૧માં શ્રી સાગરજી મહારાજે, 'પ્રવચન પરીક્ષા' ગ્રન્થ છપાવ્યો તેથી જે સાચું હતું તે બધું તે વર્ષના 'સિદ્ધચક્ર'ના અંકોમાં લખ્યું. પણ ૧૯૯૨ માં શ્રી નેમિસૂ. મ.નો તેમને સાથ મળ્યો એટલે પાછું પોતે જે માનતા હતા તે ઊભું રાખ્યું.

પછી ૧૯૯૨ નું અમારું ચોમાસું અહીં (મુંબઇ-લાલબાગમાં) થયું. મેં મારા પૂ. ગુરુ મ.ને, પૂ. દાદા ગુરુ મ. જે વાત કહી ગયેલા તે બધી કરી. તે વખતે આપણા પક્ષના બધા વડિલો સાથે વિચાર વિનિમય કરી, એકમતિ સાધી અને તિથિમાં આપણે મુળમાર્ગે પાછા ફર્યા. આના ઉપરથી પણ તમને સમજાય છે કે, તે વખતે **પૂ. આ. શ્રી લબ્ધિસૂ. મ.એ તો કહેલું કે-'બધાએ તો એકલી હતી છતાં પણ સત્ય-સિદ્ધાંતમાં મક્કમ રહી. તો આપણે તો આટલા બધા છીએ તો શા માટે કોઇથી ડરવાનું ?'**

૧૯૯૮માં અમે પાલીતાણા ગયા. શ્રી સાગરજી મ. પણ ત્યાં હતા. પડેલેથી નક્કી થયા મુજબ તેર-તેર દિવસ સુધી અમે બંને એકલા બેઠા. ઘણી ઘણી વાતો કરી. તે બધી વાત લાંબી છે. હાલ માત્ર તિથિ પુરતી વાત કરવી, તે વખતે મેં ૧૯૯૧ ના તેમના શ્રી સિદ્ધચક્ર'ના અંકો બતાવ્યા અને મેં કહ્યું કે-'આપે જે આ લખ્યું છે તેમાં હું મારી પણ સહી કરી આપું છું અને પછી આપણા બેની સહીથી બહાર પાડીએ કે-તિથિના વિષયમાં અમારા બન્નેની માન્યતા આ મુજબની છે.' ત્યારે તેઓ મને કહે કે-'તારે મારા હાથ-દાંડા કાપવા છે ?' મેં કહ્યું કે-'આ લખીને હાથ તો કપાઇ ગયા છે.'

પ્ર૦ : તેમાં શું લખેલું હતું ?

ઉ૦ : તેમાં એ ભાવનું લખાણ હતું કે–**'જૈન શાસનનો જાણુ પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ થાય જ નહિ–એમ માને–બોલે નહિ.'**

તે પછી મેં તેઓને એ પણ કહ્યું કે–'જો પંચ નીમશો તો આપ હારશો અને હું જીતીશ.' તેઓ મને કહે–'હું પંચ જ નહિ નીમું. એટલું જ નહિ મારે તો એવું કરવું છે કે–તને કશે જગ્યા ન મળે.' મેં કહ્યું કે—**તે તો સૌના પુણ્યની વાત છે. તે ચિંતા ના કરતા. કદાચ તમે કહો તેમ જગ્યા ન પણ મળે તેથી શાસ્ત્ર ન જ છોડાય.**

અમાસનો ક્ષય હોય તો કલ્પધરનો છઠ્ઠ ક્યારે કરવો, ચોમાસી પૂનમનો ક્ષય હોય તો ચોમાસીનો છઠ્ઠ ક્યારે કરવો તે બધા ખુલાસા શાસ્ત્રે કર્યા છે કે, આગળ–પાછળ દિવસ લઈને તપ પૂર્ણ કરી શકાય પણ આરાધના તો તે જ દિવસે કરાય. તેમ કાર્તિકી પુનમ બે હોય તો ચોમાસુ ક્યારે બદલવું ? પહેલી પુનમે ચોમાસું બદલવું અને બીજી પુનમે–પુનમની આરાધના કરવી.

૧૯૯૬ની સાલમાં કાર્તિકી પુનમ બે હતી. તે વખતે અમે તો દક્ષિણમાં હતા. પણ પૂ. શ્રી બાપજી મહારાજે અમદાવાદમાં–હાજા પટેલની પોળમાં–વિશાશ્રી માળી જ્ઞાતિની વાડીમાં પહેલી પુનમે ચોમાસું બદલેલ તે વખતે શ્રી મોહનલાલ પોપટલાલ વકીલે, તિથિ અંગે તેઓ પૂ'શ્રીને પ્રશ્નો પુછ્યા હતા અને તેઓ પૂજ્યશ્રીએ તેના ખુલાસા પણ કર્યા હતા. તે 'પુ. શ્રી બાપજી મ.નો ખુલાસો' નામની પુસ્તિકા રૂપે પણ પ્રગટ થયેલ છે. તે વખતના મુનિશ્રી ભદ્રંકરવિજયજીએ (હાલ આ.શ્રી ભદ્રંકરસુરિજી) બહાર પાડી છે. તે વખતે શું કહેતા હતા અને આજે તેઓ શું કહે છે–તે સમજાય છે?

પ્ર૦ : તિથિની આરાધના તો 'સામાચારી' છે તેમાં 'શાસ્ત્ર' ક્યાં આવ્યું ?

ઉ૦ : અભણ લાગે છે ? કાંઇ ભણ્યો જ નથી ? સમજ, **તિથિ અને તિથિની આરાધના, શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સામાચારીનાં જ અંગ છે. તિથિની આરાધના આપણાં શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સામાચારીમાંથી મળે. 'આજે કઇ તિથિ છે' તે જાણવા હાલ આપણા શાસ્ત્ર નથી, તેથી લૌકિક શાસ્ત્રથી જાણી લેવાનું આપણા મહાપુરૂષો કહી ગયા છે.** આજે કઈ તિથિ છે તે શેનાથી નક્કી થાય ? તિથિ નક્કી કરવા હાલ લોકોત્તર પંચાંગ નથી તેથી લૌકિક પંચાંગ જોઇએ ને ? પંચાંગ વિષયકજ્ઞાન શેમાંથી મળે ? જ્યોતિષના શાસ્ત્રમાંથી કે મરજી મુજબ ? **તિથિની આરાધનાને 'સામાચારી' કહે તે અજ્ઞાન છે !**

પ્ર૦ નવમા વ્યાખ્યાનને સામાચારી કહેવાય છે. તેમાં આ તિથિની વાત આવે માટે તેને ય 'સામાચારી' કહેવાય ને ?

ઉ૦ : અર્થનો અનર્થ ન કરો. **સામાચારી શાસ્ત્રને સંમત જ હોય. શાસ્ત્ર અને સામાચારી એકબીજાને અનુકૂળ જ હોય. શ્રી કલ્પસૂત્ર તો મહાપવિત્ર આગમ છે તેની વાતને 'સામાચારી' કહીને ઉડાવી દેનારા આગમની આશાતના કરી રહ્યા** છે. નવમા વ્યાખ્યાનમાં સંયમના પાલન માટે બહું સૂક્ષ્મ વાતો લખી છે. તેને 'સામાચારી' કહીને ઉડાવી દેવાય ? ક્ષમાપનની પ્રધાનતા પણ એ નવમા વ્યાખ્યાનમાં જ છે. તેથી એ ક્ષમાપના પણ 'સામાચારી' છે ને ? શાસ્ત્ર નહિ ને ? **આગમની આશાતનાનો ભય હોય તો આવા 'કુતર્ક' સૂઝે જ નહિ. શાસ્ત્ર માન્ય સામાચારી : આપણે માટે તો બે ય આધાર ભૂત જ છે**

તે નવમા વ્યાખ્યાનમાં બે ભાદરવા આવે તો પર્યુષણા ક્યારે કરવા તે પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે– 'બે ચૌદશ આવે તો પહેલી ચૌદશને ફલ્ગુ ગણી બીજી ચૌદશે આરાધના કરાય તેમ બે ભાદરવા આવે તો પહેલાને ફલ્ગુ ગણી, બીજા ભાદરવામાં પર્યુષણા પર્વ કરાય.'

આપણા પવિત્ર શ્રી કલ્પસૂત્ર ઉપર મહા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહા-મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા આદિએ જે જે ટીકાઓ રચી છે. તથા હમણાં ૧૯૮૰ માં થયેલા શ્રી મુક્તિવિમલવિજયજી મહારાજે પણ જે ટીકા રચી, તેમાં આ જ વાત લખી છે કે– બે ચૌદશની જેમ બે ભાદરવા આવે તો પહેલાને ફલ્ગુ ગણી, બીજા ભાદરવામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કરવી. તે છતાં કોઇ કહે કે, પર્વતિથિની ક્ષય–વૃદ્ધિ થાય જ નહિ, તો તે આંખો મીચીને બોલે છે તેમ કહેવાય ને ? તિથિની વાત ફક્ત શ્રી કલ્પસૂત્રમાં જ નહિ, બીજાં અનેક આગ-મમાં પણ આવે છે માટે સામાચારીનું ગપ્પું ચલાવતા નહિ.

પ્ર૦ : ટીકાના અર્થમાં જો મતભેદ નથી તો પછી તિથિનો વિવાદ કેમ છે ? સ્થાનકવાસીઓ તો પંચાંગી આગમ માનતા નથી, દિગંબરોના આગમ જુદા છે. પંચાંગી આગમ માનનાર એવા તપાગચ્છમાં જ મતભેદ કેમ છે ? અંત કેમ નથી આવતો ?

ઉ૦ : મેં આ પ્રશ્નના નિરાકરણ માટે અનેકવાર પ્રયત્નો કર્યા છે. પણ શાસ્ત્ર

જોવાની જ ના પાડે તો હું કરું શું ? લવાદી ચર્ચામાં પણ સત્ય જાહેર થઇ ગયું છે પણ ન જ સ્વીકારે તો શું થાય ?

પ્ર૦ : શ્રી ઉમાસ્વાતિજી મહારાજનો જે પ્રઘોષ છે તેના અર્થમાં ભિન્નતા છે તેમ કહે છે. તો સાચું શું છે ?

ઉ૦ : તમે બધા સંસ્કૃતની બે ચુક ભણ્યા હોત તો ય સાચી વાત સમજી જાત. સંસ્કૃત ભણેલો કોઇ તેમાંથી જુદો અર્થ કાઢી શકે તેમ છે જ નહિ.

"क्षये पूर्वा तिथि : कार्या, वृद्धौ कार्या तथोत्तरा !"

'ક્ષયમાં પૂર્વની તિથિ કરવી જોઇએ અને વૃધ્ધિમાં ઉત્તરની તિથિ કરવી જોઇએ.' આ તેનો સંગત અર્થ છે.

તેને બદલે

'ક્ષયમાં પૂર્વનો ક્ષય અને વૃધ્ધિમાં પૂર્વની વૃદ્ધિ કરવી'– આવો અર્થ આનો મળે–થાય ખરો ? આવો અર્થ કરે તો 'ઉત્તર' શબ્દ કયાં ગયો ? હવા બવા ?

પૂનમના ક્ષયે તેરશનો ક્ષય કર્યો, પુનમની વૃધ્ધિએ તેરશની વૃધ્ધિ કરી તો જેની ક્ષય કે વૃધ્ધિ જ નથી, તેની ક્ષય કે વૃધ્ધિ કરે તો આરાધના થાય કે વિરાધના થાય ? પુનમની ક્ષય-વૃધ્ધિએ તેરશની ક્ષય–વૃદ્ધિ કરવાથી, તેરશ અને ચૌદશ એ બંન્ને તિથિઓની વિરાધના થાય છે. જેમાંથી એકે ય નો ક્ષય જ નથી કે વૃદ્ધિ પણ નથી. કો'કની ક્ષય-વૃધ્ધિએ કો'કની (બીજી તિથિની) ક્ષય–વૃદ્ધિની વાત કરવાથી શું થાય ? આપણે સમજાવી આવ્યા કે ક્ષય એટલે તિથિનો નાશ નહિ પણ ક્ષય એટલે ટુંકી તિથિ અર્થાત્ સુર્યોદય પૂર્વે જ તે તિથિનો ભોગવટો થઇ જાય. તો તે તિથિ કયારે આરાધવી ? જે દા'ડે સમાપ્ત થાય ત્યારે તેને આરાધની જોઇએ. અર્થાત્ પહેલાની તિથિમાં તેને આરાધવી જોઇએ, જેમકે, બીજનો ક્ષય છે તો તે બીજ, એકમના દિવસે આરાધવી જોઇએ. એકમ અને બીજ ભેગા માનવાથી બંન્ને તિથિની સાચી આરાધના થાય છે. તે જ રીતે બે બીજ હોય તો પહેલી બીજ નકામી ફલ્ગુ ગણી, બીજી બીજના બીજની આરાધના કરવી જોઇએ. આ રીતના અર્થ કરે તો બધું સંગત થાય છે.

પણ તે લોકો 'ઉત્તરા' નો અર્થ ખાઇ જાય છે અને જે અર્થ કરે છે તે ખોટો કરે છે.

તમે બધા અભણ છો તેનું આ ફળ છે. ભણ્યા હોત તો આ ગરબડ થાય નહિ. હજી ભણવું છે ?

પ્ર૦ : શાસ્ત્રોની વાતો બધા ભેગા મળીને કરો તો ઉકેલ ન આવે ?

ઉ૦ આવે. પણ જે એમ જ કહે કે, શાસ્ત્રના પાનાં તો જોવા જ નથી ત્યાં શું થાય ?

હકીકત એ છે કે, આજે જે પક્ષ શાસ્ત્ર મુજબ કરવા માગે છે તેને 'દુરાગ્રહ' કહે છે અને જેને શાસ્ત્ર જોવાં નથી તેને 'સદાગ્રહ' કહે છે. જે ખરેખર 'સદાગ્રહ' કહેવાય તેને 'દુરાગ્રહ' કહે અને જે 'દુરાગ્રહ' કહેવાય તેને 'સદાગ્રહ' કહે–તો મેળ ક્યાંથી થાય ?

મેં તો આજ સુધીમાં અનેકવાર કહ્યું છે અને આજે પણ ફરીથી ભારપૂર્વક કહું છું કે—**'શાસ્ત્રનાં પાનાં કાઢી, શાસ્ત્ર મુજબ ચર્ચા–વિચારણા કરવા હું આજે પણ તૈયાર છું. જો જાહેરમાં, મળવા કહે તો જાહેરમાં અને અાનગીમાં મળવા કહે તો અાનગીમાં મળવા તૈયાર છું. પરસ્પરના સદ્‌ભાવથી સાથે બેસી શાસ્ત્ર મુજબ ચર્ચા–વિચારણા કરીશું. જો ઉકેલ આવી જાય, સમાધાન થઇ જાય તો સારી વાત છે, કદાચ સમાધાન ન પણ થયું તો પ્રેમથી ઊઠીશું. આનાથી વધારે હું શું કહું ?'**

પ્ર૦ : આજે ઘણા એમ કહે છે કે—શાસ્ત્ર તે દ્રવ્યશ્રુત છે અને તેનો નિષ્કર્ષ તે ભાવશ્રુત છે.

ઉ૦ આ ક્યાંથી લાવ્યા તેમ પૂછો. ભાવશ્રુત કોને કહેવાય તે સમજો છો ? શાસ્ત્રોના શબ્દોનો જે પારમાર્થિક અર્થ થતો હોય તે મુજબ જ યથાર્થપણે માને તે. મરજી મુજબ, મારી-મચડીને અર્થ કરે તે ખોટો અર્થ કહેવાય. તે ભાવશ્રુત બને ખરું ? જે કોઇ શાસ્ત્ર વાંચે, તે શાસ્ત્રમાં જે જે વાતો આવે તે બીજા શાસ્ત્ર સાથે સંગત થતી હોય, પરસ્પર અર્થમાં વિરોધ ન આવે તેમ અર્થ કરે તે જ સાચો શાસ્ત્ર-જ્ઞાતા કહેવાય. પોતાની મરજી મુજબ અર્થ કરે તે તો શાસ્ત્રનો ઉત્થાપક કહેવાય. એવાની પાસે સાચું દ્રવ્યશ્રુત પણ ન હોય તે ભાવશ્રુત નામે ગપ્પાં મારે તે કેમ ચાલે ?

અમને બચાવનાર અમને બધી સહાય કરનાર આ મહાપુરૂષ છે. આપણો આ પક્ષ જો મજબુત રાખ્યો હોય તો આ જ મહાપુરૂષે રાખ્યો છે. તેઓ તો હજી હમણાં થયા છે ને ? ઘણા બધા તેમને ઓળખતા હશે, જોયા પણ હશે ને ?

એકવાર એક માણસ મને કહે કે—'ઘરડી ડોશીઓ કહે છે કે, 'બે પાંચમ કે બે આઠમ ન હોય.' મેં તેને કહ્યું કે—'ઘરડી ડોશી કહે તે સાંભળ્યું તો તેના કરતાંય

ઘરડા આ પૂ. શ્રી બાપજી મ. બેઠા છે. તે શું કહે છે તે જાણો છો ને? તો કોને માનવા તૈયાર છો?' તે મારી પાસેથી ઊભો થઇ ભાગી ગયો. શાસ્ત્રીય વાતો માનવી અને તે મુજબ જીવવા પ્રયત્ન કરવો તે જ આરાધનાનો સીધો રસ્તો છે.

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ થાય તેમ માનનારા ખોટા છે. તે મુજબ માને અને સ્વીકારે તો એક પણ તિથિની વિરાધના થતી નથી. **ભાદરવા સુદ પાંચમના ક્ષયે, ભાદરવા સુદ ઔદયિકી ચોથ અને ક્ષીણ પાંચમ ભેગી માનવાથી એક પણ તિથિની વિરાધના થતી નથી. શ્રી સંવત્સરી મહાપર્વની પણ સાચી આરાધના થાય છે. બે પાંચમ હોય તો ઔદયિકી ચોથે શ્રી સંવત્સરી મહા પર્વની આરાધના અને પહેલી પાંચમ ફગુ અને બીજી પાંચમે પર્વની આરાધના, બધું બરાબર સચવાઇ જાય ને? તે જ રીતે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ, તે ક્ષય-વૃદ્ધિ યથાર્થ માનવાની, ચૌદશ પણ સાચી સચવાય અને તે બે તિથિઓની પણ આરાધના સાચી થાય. જ્યારે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ, તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાથી, તેરશની પણ વિરાધના થાય, ચૌદશની પણ વિરાધના થાય. માટે વિરાધનાથી બચવું હોય તો પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ યથાર્થ માનવી તે જ તેનો ઉત્તમ રસ્તો છે.**

પ્ર૦ : આપે પણ પક્ષક તો સ્વીકાર્યો છે ને?

ઉ૦ : તેમાં શું લખ્યું છે તે જાણતા નથી?

પ્ર૦ : તો બધાને ભેગા રાખવા થોડું વધારે છોડો તો?

ઉ૦ : પક્ષખી અને ચોમાસી છોડી તે ઓછું છે? બધાને ભેગા રાખવા જૈનધર્મ છોડવો પડે તો છોડી કઉં? કાલે મારો આ ઓઘો મૂકવાનું કહે તો મૂકી કઉં?

આપણા સમર્થ આચાર્ય ભગવંતોએ, બીજા બીજા ગચ્છો જુદા પાડ્યા તો પડવા દીધા પણ ખોટું સમાધાન ન કર્યું!

'પૂ. શ્રી બાપજી મહારાજનો ખુલાસો' પુસ્તિકા તે વખતના મુ. શ્રી ભદ્રંકર-વિજયજીએ લખી છે. તેમાં છેલ્લે તેમણે જ કહ્યું-કે 'આ વાત ઘણી સ્પષ્ટ થઇ ગઇ છે. આજે તે જ આચાર્યશ્રી કહે છે કે—'હવે અમે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માનવી છોડી દીધી છે. એકતા મોટી ચીજ છે. એકતા કરવી હોય તો શાસ્ત્ર જોવું નહિ.' તેમના નિયમ મુજબ જગતના મનુષ્યો સાથે એકતા કરવી હોય તો જૈન ધર્મ પણ મૂકવો પડે!

એકતા તો અમને ય ગમે છે. અમે કાંઇ એકતાના વિરોધી નથી

પણ એકતા કોની સાથે કરાય ? શાસ્ત્ર ન માને, શાસ્ત્રસિદ્ધ વાત ન માને તેની સાથે એકતા હોય ? શાસ્ત્રની વાત છોડી, ખોટું કરાય જ નહિ– આ વાત જો મનમાં ઉતરે તો આ મહાપુરુષની સ્વર્ગતિથિની જે ઉજવણી કરી તે સાર્થક ગણાય. જેઓ શાસ્ત્ર મુજબ જ જીવ્યા હોય, શાસ્ત્ર મુજબ પ્રરૂપણા કરી હોય તેવાની સ્વર્ગતિથિની ઉજવણી શાસ્ત્ર સાચવીને જ થાય. જેઓને શાસ્ત્ર સાથે કાંઇ લેવા–દેવા ન હોય તેવા તે શાસ્ત્રાનુસારી મહાત્માની તિથિની ઉજવણી કરે તેની કિંમત નહિ. શાસ્ત્ર સમર્પિત મહાપુરૂષોની તિથિ શાસ્ત્ર સમર્પિત રહીને જ ઉજવાય.

પ્ર૦ : ૨૦૪૨ના પટ્ટકમાંથી પણ કેટલાક છૂટા થયા ને ?

ઉ૦ : જેમને પોતે કર્યું તે ખોટું લાગ્યું તે છૂટી ગયા. દેડકાની પાંચશેરી જેવી થાય ખરી ?

પ્ર૦ : હવે કર્તવ્ય શું ?

ઉ૦ : શાસ્ત્રસિદ્ધ વાતને જ વળગી રહેવું તે. શાસ્ત્ર શું કહે છે તે જાણવું, પૂછવું, સમજવું અને તે મુજબ જીવવા પ્રયત્ન કરવો. જેટલું શાસ્ત્ર મુજબ જીવાય તેટલો આનંદ પામવો. ના જીવાય તેનું દુઃખ અનુભવવું અને શ્રધ્ધા પૂરેપૂરી રાખી ક્યારે તે મુજબ જીવાય તેની તાલાવેલી રાખવી.

દ્રવ્યશ્રુત તે ભાવશ્રુતનું કારણ છે પણ જો તે શાસ્ત્રસાપેક્ષ સાચો અર્થ કરે તો. મરજી મુજબ કરે તો તે ભાવ નથી પણ મહા અજ્ઞાન છે. માત્ર અષ્ટ પ્રવચન માતાનો ધણી પણ જો આજ્ઞા મુજબ અર્થ કરે તો તે સાચો મનાય અને નવપુર્વી પણ જો આજ્ઞ નિરપેક્ષપણે અર્થ કરે તો તે ખોટો જ મનાય.

પ્ર૦ : એક દિવસની આરાધના માટે શાસ્ત્રની મહત્તા કરતાં સંઘની એકતાનું મહત્વ વધારે ન ગણાય ?

ઉ૦ : સંઘ પણ કોને કહેવાય ? ભગવાનની આજ્ઞા મુજબ ચાલે તે કે મરજી મુબજ ચાલે તે ? શાસ્ત્રને માથે ચઢાવે તે સંઘ કે શાસ્ત્રને ન માને તે ? શાસ્ત્ર કરતાં પોતાને મોટો ગણે તે સંઘ કહેવાય ?

પ્ર૦ : તેમાં શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજનું નામ દે છે.

ઉ૦ : તેમના નામે ય બનાવટી વાત કરે છે. તે બધી ખોટી વાતો છે, માનવા જેવી નથી. આવા લોકો તો મહાપુરૂષોનું નામ દઇને, મહાપુરૂષોની આશાતના કરે

છે તેવાઓને તો મહાપુરૂષોનાં નામ દેવાનો પણ અધિકાર નથી. મહાપુરૂષોનાં દૃષ્ટાન્તો-માંથી શું લેવાય અને શું ન લેવાય તેનું ભાન ન હોય તેવાઓએ એવાં દૃષ્ટાન્તો વાંચવા–સાંભળવાં ય પાપ છે.

જે અહીં રહેલા પચીશ–પચ્ચાસ સારા આગેવાન ગણાતા માણસો બરાબર સમજી જાય અને નક્કી કરે કે- બે ય પક્ષ પાસે જવું અને કરેકની પાસે જઇ તેમની માન્યતા લખાવી લેવી અને પછી પંડિતોને બેસાડી અર્થ કરાવવા. કરેક પાસે બે–પાંચવાર જવું પડે તો જવું અને કહેવું કે– અહીંથી બીજે જવાના માટે તમારી માન્યતા લખી આપો. આવું કરો તો કોણ સાચા અને કોણ જુઠ્ઠા તે સમજાઇ જાય. પણ આ માટે સમય કાઢે કોણ ?

બાકી આજ સુધીમાં અમારા માટે ઘણું ખોટું બોલાયું છે, લખાયું છે એટલું નહિ મારા ઉપર તો 'તમારૂં ખૂન થશે' એવી ધમકીઓ પણ અનેકવાર આવી છે. એવા પત્રો પણ આવ્યા છે. છતાં પણ હું કદી કાંઇ બોલ્યો નથી કે તેવાઓથી ગભરાયો નથી. **અંગત આક્ષેપોમાં સારા સાધુ બોલે પણ નહિ, તેવાઓની દયા ચિંતવે.** આજે તો ઇરાદાપૂર્વક, જાણી જોઇને કલંકિત કરવા આવું બોલાય છે અને લખાય છે. આવું કરનારા શ્રી જૈન શાસનની ફજેતી કરે છે. ધર્મી આવું કરે ? તેવું કરવાની બુદ્ધિ પણ હોય ? સાચું સમજાવીએ, તમારે માનવું, ન માનવું તમારી મરજીની વાત છે.

પ્ર૦ : ૨૦૨૦ ના પટ્ટકની વાત સમજાવો ને ?

ઉ૦ : તે પટ્ટક કેમ કરવો પડયો તે બધું સ્પષ્ટ રીતે તેમાં લખેલું છે.

૨૦૨૦ માં અમે પીંડવાડા ગયા ત્યારે મારા પૂ. ગુરૂ મહારાજ મને કહે કે–'તું મને ગુરૂ માનતો નથી.' મેં પુછયું કે-'મારી ભૂલ શું થઇ ?' ત્યારે તેઓશ્રીએ મને કહ્યું કે–'તિથિના વિષયમાં તું મારૂં માનતો નથી.' મેં કહ્યું કે–'આપણે જો ખોટું કરતાં હોઇએ તો બધું મૂકી દઉં.' તેઓ કહે કે–**'તિથિના વિષયમાં આપણો માર્ગ સાચો** છે.' મેં કહ્યું–'તો કઇ રીતે મૂકાય ?'

ત્યારે તેઓએ કહ્યું-'થોડો ફેરફાર કરવાનું માની જા કે, પુનમ–અમાસની ક્ષય વૃદ્ધિએ, તેરશની ક્ષય–વૃદ્ધિ કરવી. આટલું સ્વીકારી લે તો શ્રી ઉદયસુરિજી કબૂલ થયા છે કે–તમે આટલો ફેરફાર કરો તો ઔદયિક ચોથનો અમે સ્વીકાર કરીશું. જેથી બધાની સંવત્સરી એક દિવસે થાય.' મેં કહ્યું કે-'આ બનાવટ છે. કરવા જેવું

નથી. આપણને જ ખોટા કહેશે.' પછી પુ. ગુરૂ મહારાજના કહેવાથી આપણે તે પદ્ધક કર્યો. તમને ખબર છે, થોડા સમયમાં જ પુ. ગુરૂ મહારાજને તેઓની બનાવટનો ખ્યાલ આવી ગયો અને આપણે સાચા છીએ તે સમજાઇ ગયેલું. તે લોકોએ સાચું ન સ્વીકાર્યું પણ આપણી પાસે ય ખોટું કરાવ્યું. તેથી છેલ્લે મને કીધેલું કે–**'તું સાચો પડયો. અવસર આવ્યે સુધારો કરી નાંખજે. મારામાં તે તાકાત નથી, તારામાં છે'**

પ્ર૦ : 'સંતિ કર' અંગે શું સાચું છે ?

ઉ૦ : તમે પાંચ પ્રતિક્રમણની વિધિનાં જુનાં પુસ્તકો જુઓ એકમાં પણ લખ્યું છે ખરૂં ?

પ્ર૦ : આપ 'સંતિકર' ના વિરોધી છો તેમ કહે છે.

ઉ૦ : દર તેરસે અને વિહારમાં કરેકે કરેક નવા ગામોમાં અમે 'સંતિકર' બોલીએ છીએ.

જે વિધિમાં ન હોય તે ય તેમાં ઘાલે તો વિરોધ કરવો પડે ને ? આ વિધિ આજના કરોના વડિલોએ પાળ્યો પણ છે ને ?

સત્ય જાણવા મહેનત કરવી પડે. સત્ય જાણ્યા વગર 'આ સાચું–આ ખોટું' તેમ બોલતા નહિ. નહિ તો કયારે સન્માર્ગથી પતિત થઇ ઉન્માર્ગે ચાલ્યા જશો તેની ખબર પણ નહિ પડે.

આ મહાપુરુષે સત્ય માર્ગ જાળવ્યો છે અને જે કોઇ જાળવતા હોય તેને સાથ આપ્યો છે. હું તો તેમના ઘણા પરિચયમાં હતો. અમે ઘણું સાથે રહ્યા છીએ, ઘણી ઘણી વાતો પણ કરી છે. માટે આ મહાપુરુષે તિથિ વિષયમાં જે સત્યમાર્ગ સમજાવ્યો છે, પોતે જે ખુલાસો કરીને ગયા છે, તેને જ બરાબર અનુસરીએ તો તેમની તિથિ ઉજવી તે સાર્થક થાય અને ગુણાનુવાદ કર્યા તે સફળ થાય. સૌ કોઇ સત્યના જ ખપી બનો તે ભાવના સાથે પૂર્ણ કરવામાં આવે છે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૪]

—શ્રી રાજુભાઇ પંડિત

[૩૪] 'ભીમનું મૃત્યુ એ જ મારી મંઝિલ'—દુર્યોધન

'એમાંય પ્રચંડ પરાક્રમી આ ભીમને જ મારે બલાત્કારે ખતમ કરી નાંખવો પડશે. જે કદિ કોઇનાથી ડરતો જ નથી. અને ભીમ મરાતા જ યુધિષ્ઠિર અને અર્જુન તો મરાયા જ સમજો.'

હસ્તિનાપુરના રાજભવનમાં એક સાથે એકસો પાંચ રાજકુમારો ઉછરી રહ્યા છે. પાંચ પાંડવો અને સો ધાર્તરાષ્ટ્રો સ્વતંત્ર રીતે હસ્તિનાપુરમાં ક્રીડા કરતાં સમય વીતાવે છે.

પાંચ પાંડવો બાળપણથી જ પરમાર્હત (શ્રાવક) થયા છે. જેનો જેવો પરલોક હોય છે તેની ચેષ્ટા આ લોકમાં તેને અનુરૂપ જ હોય છે.

હસ્તિનાપુરના ઉપવનોમાં, ક્રીડા પર્વતો ઉપર, યમુના નદીના જળમાં, ગંગાના તટની રેતીમાં જાત-જાતની ક્રીડાઓ કરેક કુમારો સંપીને કરી રહ્યા છે. કરેક ક્રીડામાં ભીમ કરેકને હરાવી રહ્યો છે. યુધિષ્ઠિર પોતાનો ચારે ભાઇઓ કરતા પણ વધુ સ્નેહ દુર્યોધન ઉપર રાખે છે.

ક્રીડા કરતાં કરતાં ભીમ કયારેક દુઃશાસનાદિને બગલમાં ભરાવીને શ્વાસ ચડી જાય તે રીતે હેરાન કરે છે. કયારેક ભીમ પોતાના માથાથી દુઃશાસનાદિના માથા ટકરાવીને પરેશાન કરે છે તો કયારેક પગેથી ખેંચીને એક કોશ જેટલે દૂર ઢસડી જાય છે. તેથી તે કરેકના નાક, ઢીંચણ, કપાળ આદિ છોલાઇ જાય છે. કયારેક બાહુપાશથી બાંધીને નદીમાં ડુબકીઓ ખવરાવે છે. અને મરેલા જેવા થાય ત્યારે જ તેઓને ભીમ મુકત કરે છે. કોઠા આદિના વૃક્ષ ઉપર હોંશથી રમવા ચડેલા દુઃશાસનાદિને ભીમ વૃક્ષોને પગના પ્રહારથી હલાવીને વૃક્ષના ફળોની સાથે તે કરેકને પણ નીચે પછાડે છે.

આ રીતે ભીમથી એટ પમાતા છતાં દુઃશાસનાદિ ભીમ ઉપર ક્રોધ નથી કરતાં કેમકે તેઓ જાણે છે કે આ રીતેની ક્રીડામાં પણ ભીમનો સ્નેહ છે પણ દ્વેષભાવ નથી.

ભીમના માટે જે ખતરનાક વેર બાળપણથી દુર્યોધનને હતું તે ભીમના બળ-સ્ફુર્તિ-કીર્તિ આદિના કારણે કંઇક વધી ગયું હતું. ભીમ વડે વારંવાર કદર્થના પમાતા દુઃશાસનાદિ નાના ભાઈઓને જોઇને ઘમંડ તથા ક્રોધ સાથે દુર્યોધને કહ્યું-'ભીમ! આવા નાના ભાઇઓને હેરાન શું કામ કરે છે જો તને હાથમાં બહુ ચળ હોય તો આવી જા મારી સાથે યુદ્ધ કર.'

ભીમે કહ્યું—'ભાઈ! મને આ દુઃશાસનાદિ ઉપર ક્રોધ નથી કે ઘમંડ નથી માત્ર સ્નેહ જ છે. વનમાં હાથીઓ માત્ર રમત કરે તો પણ વૃક્ષો ભાંગી નથી પડતા? તેથી હે દુર્યોધન તું ધર્મ્યો કે રોષ કરીશ. નહિ. અથવા વિચાર્યા વગર બોલનારને બોલવાનું ભાન નથી હોતું કે તે શું બોલે છે. 'દુર્યોધન! અગર તને તારા બાહુબળનું ઘમંડ હોય અને ખતરનાક ધર્મ્યો હોય તો ચાલ લડી લે. તું તારી તાકાતને પણ જાણી લે.'

આ રીતે ભીમથી આક્ષેપ કરાયેલો દુર્યોધન યુદ્ધ માટે ભીમની સામે આવી ચડયો. કેમકે પ્રચંડ બાહુબળીઓ તેજોવધ સહી શકતા નથી. અને બંનેનું દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું.

જ્યારે યુધિષ્ઠિરે બંનેને અટકાવવા છતાં બંને અટકયા નહિ ત્યારે ઘરેક કુમારો તે બંનેનું યુદ્ધ જોવા પ્રેક્ષકની જેમ ગોળ ફરતે ઊભા રહ્યા.

બંને બાહુબળીના યુદ્ધથી કોણ જીતશે કે હારશે કશું નક્કિ કહી શકાતું ન હતું. ઘડીકમાં ભીમ-દુર્યોધનને તો દુર્યોધન ભીમને પછાડી દેતો હતો. જો કે ભીમ તો હજી માત્ર રમતથી જ રમતો હતો. આથી યુદ્ધનો ફેંસલો લાવવા માટે દુર્યોધનને ભીમે શ્વાસ વગરનો કરીને પછાડી દીધો. આથી લાંબા સમય સુધી પરાજયના પરાભવને ધારણ કરતો કાળા-પડી ગયેલા મોઢા વાળો દુર્યોધન બંધુઓની વચ્ચેથી ધીમે ધીમે ચાલ્યે ગયો.

બીજી તરફ યુદ્ધના રંગમંડપમાં ભીમ તરફ આવીને યુધિષ્ઠિરે પોતાના વસ્ત્રથી ભીમના શરીરની રજ દૂર કરી, અર્જુને ભીમના શરીરનું સંવાહન-મર્દન કર્યું, સહદેવ-નકુલે વસ્ત્રના છેડાથી પવન નાખવા માંડયો. હવે એકાંતમાં રહેલા દુર્યોધને પોતાની દુષ્ટ બુદ્ધિથી વિચાર્યું કે-'અર્ધા રાજ્યનો ભાગીદાર પણ જો વધ કરવા યોગ્ય હોય તો આ યુધિષ્ઠિર તો સર્વ-આખા રાજ્યને લઇ લેનારો છે તેનો વધ કર્યે જ છુટકો છે. ઉદય પામતો જ શત્રુ વ્યાધિની જેમ બુદ્ધિવશાળીએ છેદી નાંખવા જેવો છે. પરંતુ તકલીફ એક જ છે કે-ભીમ અને વિજયથી (અર્જુનથી) રક્ષાયેલો તે યુધિષ્ઠિર કોઇપણ હિસાબે સાધ્ય નથી. વધ થઇ શકે તેમ નથી. તેથી સૌ પહેલા તો મારે યુધિષ્ઠિરના બે હાથ જેવા આ ભીમ અને અર્જુનને જ હણવા પડશે. કે જે દુર્વાર મહાવીર્ય છે. એમાં પણ સૌ પહેલો કોઇથી જરા પણ નહિ ડરતો આ ભીમ જ કે જે પ્રચંડ પરાક્રમવાળો છે તેને જ યમસદન નશીન કરવો પડશે. બલાત્કારે પણ મારે ભીમને કોઇપણ હિસાબે હણ્યે જ છુટકો છે. અને ભીમ મરાયો નથી કે યુધિષ્ઠિર અને અર્જુન આપોઆપ જ પાયા ખેંચાઇ ગયા પછીના મકાનની થતી દુર્દશા જેવા શક્તિહીન જ થઇ જવાના છે. (બસ હમણાં મારું લક્ષ્ય ભીમનું મોત એ જ છે.)

આ રીતે ભીમના મૃત્યુની પ્રતિજ્ઞા કરીને કપટી દુર્યોધન નિર્મળ મનવાળા ભીમના છીદ્રોને જોતો જ દુષ્ટ કપટી કુમારો સાથે આવીને પહેલા જાણે કશું બન્યું જ નથી તે રીતે રમતો રમવા લાગ્યો.

રાજકુમારોને ગંગાનદીના રેતાળ પ્રદેશમાં ક્રીડાથી આનંદ પામતા જાણીને પાંડુ-રાજાએ ગંગાનદીના તટ ઉપર જ તૃણના અતિરમ્ય ઘરો બનાવરાવ્યા. કુમારો રમત રમીને ભોજન કરવા એ તૃણના ઘરોમાં જતાં અને શાંતિથી સૂઇ પણ રહેતા. હંમેશા ખાવા-પીવામાં અને રમતમાં ભીમ બધાંથી ચડિયાતો રહેતો હતો.

એક દિવસ ગંગાનદીન તટ ઉપર રમત રમતાં જ થાકી ગયેલો ભીમ સુગંધ-વાળી રેતીની પથારીમાં જ સૂઇ ગયો હતો. મધુર અને રસવાળો આહાર જમવાથી તેને ગાઢ નિદ્રા આવી ગઇ.

આ વાતને જાણીને તરત જ દુષ્ટ દુર્યોધને વેલડીઓ વડે ભીમને કચકચાવીને બાંધી કપડે ગંગાજળમાં ફેંકી દીધો. કમળના તંતુની જેમ લતાપાશ છેદી નાંખીને ભીમ શાંતિથી ગંગાજળમાં સ્નાન કરીને બહાર આવ્યો.

ફરી એકવાર ભીમ સૂઇ રહ્યો હતો ત્યારે દુષ્ટ દુર્યોધને સર્પોના ગુંચળાઓ ફેંકીને ભીમને સર્પો કરડાવ્યા. સર્પના કાંતિલ ડંખોથી તીક્ષ્ણ ઝેરથી પણ ભીમને નહિ જેટલી અસર ના થઇ. થોડીવારે જાગેલા ભીમે તે કરેક સર્પોને તિરસ્કાર પૂર્વક હુર હુર ફૂંગોળી મૂક્યા.

ત્યાર પછી ભીમ જમવા બેઠો ત્યારે દુષ્ટતાથી દુર્યોધને ભોજનમાં છૂપીરીતે ખતરનાક ઝેર ભેળવી દીધું. તત્કાલિક મૃત્યુ દેનારા તે વિષ ખાવાથી દુર્યોધન પોતાના મનથી ભીમને યમરાજના દાંત વચ્ચે ચવાઇ રહેલો જોવા લાગ્યો.

પરંતુ ભાગ્ય જાગતું હોય ત્યારે વિપત્તિ પણ સંપત્તિ બને છે. તેમ તે ઝેરથી ભીમના શરીરમાં તાકાતમાં વધારો થયો. જો કે ભીમ સમજી શકતો હતો કે ભોજનમાં ઝેર, સર્પોના ડંખ, ગંગાનદીમાં ફેંકવુ એ બધુ સારૂ નથી છતાં ભીમ માનતો હતો કે આ તો દુર્યોધનની ક્રીડા-રમત જ છે. તેનું મન ખરાબ નથી. આ રીતે ભીમે દુર્યોધન તરફ જરા પણ મન બગાડ્યુ નહિ.

આમ ધૃતરાષ્ટ્રના પુત્રો નિષ્ફળ આરંભથી દુઃખી થયેલા હતા અને પાંડવોના પ્રચંડ તેજથી અંદરને અંદર સળગી રહ્યા હતા.

(જુઓ અનુ. પાન ૭૧ ઉપર)



પ્યારા ભૂલકાંઓ.....

કમ્પ.....કંપ.....કમ્પ...!!!

ભાઇ ! કંપની ચીચીયારી...!

શા માટે ? કઇ વિચારધારા તને કંપાવે છે.

તારી કલ્પના જ તને કંપાવે છે.

હા...આત્મ સ્નેહી !

મે જોયેલું એક દૃશ્ય જ મને કંપાવે છે...ધ્રુજાવે છે.

દૂર...સુદૂર...એક જંગલમાં...

માસુમ અને નાજુક હરણીયાનું ટોળું...

પોતાના પરિવાર-મિત્રો સાથે નાચતું કુદતું...

મજેથી ગેલ અને રમતો રમતું...

લીલુછમ તાજું ઘાંસ ખાતું...

પણ...

ત્યાં જ ઝાડીની બખોલમાંથી એક ત્રાડ પાડી.

અચાનક આવી ઘસેલા સિંહના પંજામાં માસુમ હરણીયું આબાદ જકડાઇ ગયું.

એનો પરિવાર, એના મિત્રો એના સ્નેહી સબંધીઓ છટકીને ભાગી છૂટયા.

હાફળી-ફાફળી દોટે સૌ દૂર-દૂર પર્વતની ઊંચી ચટ્ટાણ પર પર પહોંચી ગયા.

પરંતુ.... આ નાજુક હરણીયું બિચારૂં બની ગયું.

પોતાના આપ્તજનો સામે ટગર-ટગર જોવા લાગ્યું.

ગરીબડી નજર સ્થિર થઇ ગઇ.

સામે ચટ્ટાણ પર ઉભેલા હરણીયાના ટોળાની નજર માસુમ હરણીયા સન્મુખ ચોંટી ગઇ.

કિન્તુ સિંહના પંજામાં ફસાયેલા આ મૃગલાને શું કોઇ બચાવી શકે.

ના...ના, હરગીજ નહિ.

જ્યારે આ દૃશ્ય નજર સમક્ષ આવ્યું ત્યારે કંપારી ધ્રુજારી છૂટી ઊઠી.

કેવો ભયંકર કરૂણ.

અહ્યા, સાક્ષાત યમના મુખમાં જતા હરણીયાને જોઇ તેને કંપારી છૂટે છે. આના કરતાં વિષમ પરિસ્થિતિ બીજી કઇ ?

કેમ બરાબર ને ?

વિષમ કરૂણ ઉપજાવે એવું આ સંસારમાં તો તેને ક્યાંઈ જોવામાં ન આવ્યું ?

અહીં પણ કેવો બિહામણો અને વિકરાળ પેલો મૃત્યુ-સિંહ વસે છે.

સહાય ભૂખ્યો...

આ મૃત્યુ-સિંહની ઝાપડમાં આવેલો માનવી બચે ખરો ?

સિંહ પંજામાં આવેલા હરણીયાને જેમ તું બિચારૂં માને છે તેમ મૃત્યુ સિંહના પંજામાં આવેલા માનવીને ક્યા શબ્દોથી નવાઝીશ.

આ માનવીની આંખ સામે જ માત-પિતા અને ભાઇ-ભાંડુઓ ઉભા છે.

અરસપરસ આંખો ટકરાય છે.

ટગર ટગર જોતાં સૌની નજર સજળ બની જાય છે.

ગરીબ ચહેરા નિસ્તેજ બની જાય છે.

એમની કોઇ યારી અહીં કામયાબ નીવડતી નથી.

અને આવી જ દીન દશામાં મૃત્યુ સિંહનો કોળીયે બની જાય છે.

લોકોની સાથે રાજરમતો રમનારો

લોકોને ફસાવનારો

અહીં આબાદ ફસાઇ જાય છે.

કેવો અશરણભાવ દૃષ્ટિગોચર બને છે.

અનાથ અને અસહાય દશાને પ્રાપ્ત કરેલા માનવીને ધર્મને સાથ મળતો નથી આત્માનો ભાવ સંસાર કેવો યાતના ભર્યો બની જાય.

કલ્પના જ કમ્પાવી મૂકે છે.

— હાસ્ય હોજ —

* એક ગામડિયો બે માળની બસમાં ચડયો. કંડકટરે તેને ઉપરના માળે જવા કહ્યું ગામડિયો થોડિવારમાં નીચે પાછો આવ્યો અને બરાડા પાડવા લાગ્યો કેમ બનાવટ કરો છો, ઉપરના માળે ડ્રાઇવર તો છે નહિ. વગર ડ્રાઇવરે ગાડી ભટકાય જાય.

* છાપાવાળો–આજ કી **તાજા** ખબર આજની તાજા ખબર.

ગ્રાહક–(છાપું લીધા પછી) તાજા ખબર શું છે એ તો કહે.

છાપાવાળો–એક ગાડી નીચે ચાર પૈંડા આવી ગયા. —રક્ષિત

— જાણી લો — વિરકત —

મોટામાં મોટી ખાઇ	અદેખાઇ	મોટામાં મોટો રાજા	મેઘરાજા
મોટામાં મોટો બંધ	સંબંધ	નાનામાં નાનો રાજા	વરરાજા
મોટામાં મોટી ખાણ	ઓળખાણ	ખરાબમાં ખરાબ સમજ	ગેરસમજ
મોટામાં મોટી સાર	અણસાર	નાનામાં નાની કળ	અટકળ

— પૈસો —

માણસ...

પૈસા પાછળ પડે તો ગાંડો બન્યો કહેવાય.

અતિ ખર્ચ કરે તો ઉડાઉ કહેવાય.

સંગ્રહ કરે તો મૂડીવાદી કહેવાય.

ન મળે તો કમનસીબી કહેવાય.

વગર મહેનતે મેળવે તો ખુશામતિયો કહેવાય.

વાપરે નહિ તો કંજૂસ કહેવાય.

વૈતરું કરીને મેળવે તો મૂર્ખ કહેવાય.

શેરમાં રોકે તો સટોડીયો કહેવાય.

ધરમમાં ખર્ચે તો દાનવીર કહેવાય. મુ.હરિ

— રે ! જમાના તારા પાપે —

દૂધ ગુમાવ્યું ચા મેળવી

શુદ્ધ ઘી ગુમાવ્યું વનસ્પતિ ઘી મેળવ્યું

પ્રભુતા ગુમાવી	પશુતા મેળવી
સદાચાર ગુમાવ્યા	દુરાચાર મેળવ્યા
શાંતિ ગુમાવી	ભ્રાંતિ મેળવી
સ્વાસ્થ્ય ગુમાવ્યું	ઇલાજ મેળવ્યો
જ્ઞાન ગુમાવ્યું	વિજ્ઞાન મેળવ્યું
વિશ્વાસ ગુમાવ્યો	તર્ક મેળવ્યો
મંદિર–ઉપાશ્રય ગુમાવ્યા	ટી.વી. વીડીઓ મેળવ્યા
અધ્યયન ગુમાવ્યું	અખબાર મેળવ્યું
ધર્મ ગુમાવ્યો	ધન મેળવ્યું
હોશ ગુમાવ્યો	જોશ મેળવ્યો
ભક્તિ ગુમાવી	યુક્તિ મેળવી
પ્રમાણિકતા ગુમાવી	અભિમાન મેળવ્યુ.
દ્વેશ ગુમાવ્યું	પરદેશ મેળવ્યું
પ્રેમ ગુમાવ્યો	અપમાન મેળવ્યું
દુવા ગુમાવી	નિસાસા મેળવ્યા
ધીરજ ગુમાવી	હાયવોય મેળવી
સંતોષ ગુમાવ્યો	અસંતોષ મેળવ્યો
સંસ્કૃતિ ગુમાવી	વિકૃતિ મેળવી
ભલાઇ ગુમાવી	બુરાઇ મેળવી
સદાચાર ગુમાવ્યો	વ્યભિચાર મેળવ્યો

— રશ્મિકા

— શ્રદ્ધા —

મધ દરિયે તોફાન જાગ્યું. વાહણ હામલડોલમ થવા લાગ્યું. એક ભાઇ પ્રભુ ધ્યાનમાં બેસી ગયા તેની પત્ની કહેવા લાગી.

અત્યારે ધ્યાન, અત્યાર તો ડુબવાનો સમય છે.

આ સૂણી પતિએ રિવોલ્વર તાકી પત્ની હસવા લાગી.

પત્નીને ખાત્રી હતી કે તે મને નહિ મારે. અડગ શ્રદ્ધા પત્નીને પોતાની પતિ ઉપર હતી.

પત્નીને હસતી જોઈ પતિ બોલ્યો, તમે મારી પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા જેવી છે તેવો જ પ્રેમ અને શ્રદ્ધા મને પ્રભુ પ્રત્યે છે.

તોફાન થોડીવારમાં જ શાંત થઈ જશે.

—વસુમતી

શું બનવું, શું ન બનવું.

ઉત્સાહી બનજો	ઉદાસી બનશો નહિ
ઉદ્યમી બનજો	આળશુ બનશો નહિ
પવિત્ર બનજો	પાપી બનશો નહિ
યશનામી બનજો	બદનામી બનશો નહિ
બાનદાની બનજો	બરાબ બનશો નહિ
ઉદાર બનજો	ઉડાઉ બનશો નહિ.
ત્યાગી બનજો	રાગી બનશો નહિ
સરળ બનજો	ઉદ્ધત બનશો નહિ
ઉત્તમ બનજો	અધમ બનશો નહિ
આશાવાદી બનજો	નિરાશવાદી બનશો નહિ
સત્યાગ્રહી બનજો	કદાગ્રહી બનશો નહિ
ગુણી બનજો	અવગુણી બનશો નહિ

—વસુમતી

(અનુ. પેજ ૬૩ નું ચાલુ)

વિદુરને ખ્યાલ આવ્યો કે-'પાંડવો તથા કૌરવોમાં ઉચ્છું'ખલ કળાઓ થઇ રહ્યા છે આથી ભીષ્મ પિતામહ આદિને વિનંતિ કરી કે-'આ સર્વે બાળકુમારો હવે કુમાર થયા છે. હવે કલાભ્યાસનો અવસર થયો છે માટે કલાભ્યાસથી ઉપેક્ષા ન કરાય.'

ભીષ્મ પિતામહાદિએ પૂછતા વિદુરે કહ્યું કે-'કૃપ' નામના કલાચાર્ય આ કુમારોના ઉપાધ્યાય બનશે. સર્વકળામાં તેઓ આ કુમારોને પારગામી બનાવવા સક્ષમ છે.

અને સર્વે રાજકુમારો વિદ્યાભ્યાસ કરતાં કરતાં કુશળ થવા લાગ્યા.

卐

ખોટું નો લગાડતા હો ને....

—ભદ્રંભદ્ર

છોરૂ કછોરૂ થાય. હું કંઇ દલા તરવાડી નથી.

ઘરમાં છોકરાઓ (અર્થાત્ ટાબરીયાઓ) હોય તોય દુઃખ છે ને ન હોય તોય દુ ખ છે. હોય ત્યારે કાળો કકળાટ કરી મૂકે છે અને નિશાળે કે મામાને ઘેર ગયા હોય તો સાલુ ઘરમાં સાવ શુનુ શુનુ લાગે છે. એટલે ટાબરીયાનું ઘરમાં હોવું કે ન હોવું બંને રીતે દુઃખદાયક છે. જેમ સમવસરણમાં કાલસૌરિક કસાઇને છીંક આવી ત્યારે દેવે કીધું હતું ને કે તું જીવ પણ નહિ મર પણ નહિ. કેમકે તેને આ જનમમાં દુઃખ દુઃખ હતું જ અને ભવાંતરમાં નરકનું દુઃખ હતું.

મારૂં પણ હમણાં હમણાં એવું જ થયું છે. મને કોઇએ કીધું કે–'જૈન શાસનમાં ભદ્રંભદ્ર નથી આવતું તો ય દુઃખ છે અને આવે છે તો ય દુઃખ છે. નથી આવતું તો વાંચવાની મજા મરી જાય છે અને આવે છે તો સાલો અમારી સામે પણ કટાક્ષ કરે છે એટલે અમારો મૂડ ખલાસ કરી નાંખે છે. એટલે ભદ્રંભદ્રનું આવવું અને ન આવવું બે ય દુઃખ દાયક છે.'

આટલું સાંભળીને હું મુંઝાણો. હવે મારે જૈન શાસનમાં જવું કે ના જવું? પણ પછી મેં મારી જાતે જ દલાતરવાડીની જેમ જ જાતે જ સવાલ કરીને જાતે જ જવાબ નક્કિ કરી લીધો કે–જેમ છોકરા નાના હોય ત્યારે જ લોકોને દુઃખદ બને છે મોટા કે સમજણા થાય પછી તો ગમે જ છે. પણ છોકરા ન હોવા કોઈ ઇચ્છતું નથી. તેમજ ભદ્રંભદ્ર એવો હું હજી તો ૨/૩ વરસનો જ થયો છું મોટો થઇશ એટલે મારી મેળે જ સમજી જઇશ પછી તો લોકોને ગમી પણ જઇશ. પણ ભદ્રંભદ્ર ન હોય તેવું કોઇ ઇચ્છતું નહિ હોય. માટે મારા પુનઃ પધરામણા થઇ રહ્યા છે તેની જરા નોંધ રાખશો.

દલા તરવાડીની વાત તમે જાણતાં જ હશો. રીંગણાની વાડી જોઇ તેને કુણાં કુણાં રીંગણાનું મસાલા ભરેલું શાક ખાવાનું મન થયું પણ કોઇને પૂછ્યા વગર વસ્તુ લેવામાં તે ચોરી સમજતા હતા એટલે વાડીમાં ગયા તો ખરા. આજુબાજુ જોયું તો કોઇ દેખાયું નહિ. જો કે કોઇ ન દેખાય એવું તો એ ઇચ્છતા જ હતા. પણ પેલો નિયમ તેમને નડતો હતો. કનડતો પણ હતો. કોઇ ન જુએ એ રીતે વાડીમાં પેઠા. અને પૂછ્યા વગર ન લેવાય આ જ એક અણનમ ટેકના લીધે તેમણે વાડીને જ પૂછ્યું– 'વાડી રે ભાઇ વાડી.' વાડીએ જવાબ આપ્યો હોય તેમ પોતે જ બોલ્યા–કહો રે ભાઇ!

કલા તરવાડી ! પછી કલાકાકા કહે–'રીંગણા લઉં બે–ચાર ! પછી વાડી વતી કહે–અરે ! લ્યો ને દશ–બાર.'

બસ આ રીતનો ક્રમ ચાલ્યો દશ–બાર દિવસ તો લેર પડી ગઇ. પણ પછી વાડીના રીંગણા ઓછા થવા લાગ્યા એટલે વાડીના માલિક શામજી ભૂવાએ ચોરને પકડવા નક્કી કર્યું અને કલા તરવાડી રોજના ક્રમથી રીંગણા લેતા ઝડપાઇ ગયા. પછી તો ભૂવાએ કલા કાકાને દોરડાથી બાંધીને કુવામાં ઉતાર્યા અને કહેવા માંડયા કે કુવા રે ભાઇ કુવા ! કુવા વતી ભૂવા જ જવાબમાં બોલ્યા–બોલો રે ભાઇ શામજી ભૂવા. પછી ભૂવા કહે–'ડુબકી ખવડાવું બે–ચાર.' પછી કુવા વતી ભૂવા કહે–અરે ! ખવડાવોને દશ–બાર.'

બંનેએ એક સરખી રીતો અપનાવી છતાં બિચારા કલા તરવાડીને લોકોએ ચોર ગણ્યા. તમને કેવું લાગે છે ? આ તે કઇ રીત છે ?

આ વાત મેં મારા શાસ્ત્રીય કાલ્પનિક મિત્રને ધ્યાનમાં રાખીને લખી છે. મારા મિત્રના પિતાની શ્રાદ્ધતિથિ વખતે તેણે તેના પિતાશ્રીના ફોટાને બધે ફેરવવા માંડેલો એટલે મેં તેને સમજાવ્યો હતો કે આ રીતે બાપુજીના ફોટાને ફેરવ્યા કરવો યોગ્ય નથી. એટલે ઘડી તો તેણે મારી વાત માનેલી. અને મને હું તેને સમજાવી શકવામાં સફળ થયો તેના આનંદની સીમા નો'તી. પણ હું જેવો તેના ઘરમાંથી બહાર નીકળ્યો કે તરત જ તેણે ફોટો મુકવાનો શરૂ કરી દીધો. શેઠની શિખામણ ઝાંપા સુધી એવું થયું. પણ હવે તે મારો તે મિત્ર થોડો આગળ વધ્યો છે તેના પપ્પાની ક્રેડીટનો સદુપયોગ કરી રહ્યો છે.

તેણે મને પૂછ્યું કે—પપ્પાના ફોટા આગળ ધરાવેલા પૈસા કયા ખાતામાં જાય ?

મેં કીધું કે-પપ્પા સાધર્મિક હતા માટે સાધારણ ખાતે જાય.

મિત્ર કહે-એમ તો ભાવસાધુ જેવા જ હતા.

મેં કર્યું તો–તે રકમ વૈયાવચ્ચ ખાતે જાય.

મિત્ર કહે–પણ એમને જીવદયાના પરિણામો વધુ હતા.

મેં કીધું–તો જીવદયા ખાતે જાય.

મિત્ર કહે–અને હોસ્પિટલો, માનવ સેવામાં વધુ માનતા.

મેં કીધું–તો તે રકમ અનુકંપામાં જવા દો.

મિત્ર કહે—યાર ! આમાં તું મન ફાવે તે રીતે ખાતા બદલ્યા કરે છે તો શાસ્ત્રીય મર્યાદા શું છે ? એ તો બોલ ?

મેં કીધુ–ભલા મા'ણ ! આપણે કહીએ તે શાસ્ત્ર બીજું શું ? અને કરીએ તે શિષ્ટાચાર. એટલે તું તારે મનફાવે તે એક ગુણ નક્કિ કરી લે અને તે ગુણ મુજબ ફોટા આગળની રકમ તે ખાતે જમા કર. એમાં મુંઝાવા જેવું શું છે ? બાકી તો જો શાસ્ત્રની જ વાત કરવી હોય ને તો તો એમ કહેવાય કે–ફોટો પડાવવો એ જ શાસ્ત્ર વિરુદ્ધ છે પછી એ ફોટાને મૂકવો, પૂજવો, ફુલમાળા ધરવી આ બધુ શાસ્ત્ર વિરૂદ્ધ જ છે. તુ શાસ્ત્રને જોયા રહીશ તો કશું કરી નહિ શકે. પહેલા કામ કરી લે. પછી શાસ્ત્ર જોયાનું વિચારવાનું. એ ય જો કોઇ વિરોધ કરે ને તો જ જોવાનું, નહિતર જોવાની જરુર નથી. અને આવું પાંચ-છ વાર થયા પછી કોઇ વિરોધ કરે ને તો કહી દેવાનું કે આટલા વરસ સુધી તમે શું કરતા હતા ? પાંચ-છ વરસ થયા એટલે એ પરંપરા કહેવાય. આવું બધુ હવે શીખી જા. ગભરા મા. હું તારી પડખે જ છું.

મિત્ર કહે–યાર વાતને ઉડાવી ન દો. આ મશ્કરી કરવાની વાત નથી. મને રસ્તો બતાવો. ફોટા આગળની રકમ ક્યાં જાય ?

મેં કીધું–પણ ફોટો મૂકયો તે જ ખોટું છે. હવે તે રકમ ક્યાં જાય તેવી વાતો પૂછો છો તે જરાય બરાબર નથી. નવા ચીલા ચાતરી ચાતરીને આવો છો અને પછી તે શાસ્ત્રીય છે કે નહિ તે વિચારવા બેસો છો અને છેવટે તો તમે શાસક પક્ષની જેમ જ તમારું જ ધાર્યું કરો છો. બાલી પીલી અમને પૂછીને શું કામ અમારો સમય બગાડો છો ? શાસ્ત્રની પડી છે, તમને ? કે તેમારા સ્વાર્થની પડી છે ?

મિત્ર કહે–મેં વિચાર્યું કે મારા બાપુજી હયાત હતા ત્યારે તેમને જે કંઇ ચાંદીની વાડકી–થાળી વગેરે ભેટ આવતું તો તે દેરાસર ખાતે વાપરતા હતા. હવે ગયા વરસ સુધી તો તે જ રીતે દેરાસર ખાતે વાપરી છે. પણ.... મેં કીધું–શું પણ ?

મિત્ર કહે–આ વખતે મેં ફોટા આગળની તે રકમ પપ્પાના પાળિયા (સંસ્મરણાલય)માં વાપરવા વિચાર્યું છે અને પપ્પાના નામે અમને હયાત છોકરાને જે ભેટ આવે તે દેરાસર ખાતે વાપરવી નક્કિ કરી છે.

મે કીધું–તો પછી મને પૂછ્યું શું કામ !

મિત્ર કહે–કયાંક મારા વિચારને અનુકૂળ આવી ગયું હોય તો મારૂ કામ થઇ જાત એટલે. પણ તમે ટસથી મસ ના થયા.

મે કીધું–ઉપરનો નિર્ણય કયા શાસ્ત્રના આધારે કર્યો ?

મિત્રે કહ્યું–એક સભામાં થયેલી જાહેરાતના આધારે.

મેં કીધું–જાહેરાતનો પુરાવો-સાબિતી કયાં છે ? લેખિત બતાવ.

મિત્ર કહે–મૌખિક વાતોના પુરાવા ન હોય.

મેં કીધું–એ વાત તું સમજે છે, લોકો નહિ.

મિત્ર કહે–અને એક પુસ્તકમાં પણ એવા ભાવનું વાંચવામાં આવ્યું કે 'મૃતકના ફોટા આગળનું રકમ રમારકમાં જાય, જીવતા આગળની રકમ દેવમંદિરે જાય અને જીવતા+ ફોટા (જીવતાના જ ફોટા) આગળની રકમ દેવમંદિરે જાય.' આ પ્રબળ શાસ્ત્રધાર છે.

મેં કીધું–આતો જીવિતના ફોટાની પુજા કબવી તેવું નક્કિ થયું ને ?

મિત્ર આશ્ચર્ય ચકિત થઇ ગયો. પછી તેણે કીધું સભામાં જાહેરાત થઇ ત્યારે ઘણાંને એમ તો થયું કે બરાબર નથી થતું. પણ કોઇ કહેવાની હિંમત કરી શકયું નહિ. હવે જો આ અંગે કશો વિરોધ નહિ થાય તો તે પ્રથા પણ શાસ્ત્રીય બની જવાની.

મેં કીધું–ભાઇ, આજકાલ કોઇપણ વાતને શાસ્ત્રીય બનાવવી બહુ સહેલી છે. શાસ્ત્ર તો કામધેનું છે તમને મનગમતી ચીજે જાહેર કરો પછી જુઓ એનો આધાર તમને શાસ્ત્રમાં મળે છે કે નહિ ? અને કદાચ ન મળે તો તમે જે વિચાર રજુ કરો છો તે વિચાર ગમે તેવો હશે તો પણ તમે જો સત્તાસ્થાને હશો તો તમારા વિચારોને શાસ્ત્રીય કરવાને મળી જ જશે.

મોનિયાથી બચવા બીલ ક્લિન્ટન અફઘાનિસ્તાન કે સુદાન ઉપર મિસાઇલો છોડે તોય તે મિસાઇલો કદાચ ક્લિન્ટનને ત્રાસવાદથી બચાવી શકશે, મોનિકાથી નહિ તેવું છાપાવાળાઓનું કહેવું છે તેમ જે તે ચોપડીઓનો આધાર આપીને 'તું જીવતા ને મરેલાની રકમને મનગમતી રીતે લઇ જઇ શકીશ પણ તે ચોપડી અને તે પ્રમાણેનું આચરણ તને બચાવી નહિ શકે.

મિત્ર કહે–તમે મને બહુ સંભળાવી દીધું. પણ મુંઝવણ દૂર કરવાનો કોઇ રસ્તો ના બતાવ્યો.

મેં કીધું–મુંઝવણ તું જાતે જ ઉભી કરે છે ને પછી તેમાંથી નીકળવાની પણ તને મનગમતી રીત ન મળે ત્યાં સુધી તો નીકળવું નથી પછી શું થાય ? તને ખબર છે–શાસ્ત્રથી વિરૂદ્ધ કરનારા તો પ્રગટ રીતે શાસ્ત્રના શત્રુ છે પણ શાસ્ત્રના નામે અધકચરી વાતો કરીને જે તે વાતોને સાચી ઠરાવનારાઓ શાસ્ત્રને ફોલી નાંખનારા ઉધઇના કીડા જેવા ખતરનાક શત્રુ છે. કે જે શાસ્ત્રોને જ વિકૃત બનાવનારા છે.

(અનુ. ટાઇટલ ત્રણ ઉપર)

❋ વિનય ઉપર ભુવનતિલકની કથા ❋

પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

કુસુમપુરમાં ધનદરાજાને પદ્માવતી રાણીથી ભુવનતિલક નામે પુત્ર થયે એકદા તે રાજા મંત્રીઓ સહીતસભામાં બેઠો હતો ત્યારે રત્નસ્થળ નગરના રાજા ગમરચન્દ્રનો પ્રધાન રાજાની આજ્ઞાથી રાજસભામાં આવી કહેવા લાગ્યો કે અમારા રાજાને યશોમતી નામે પુત્રી છે તેણીએ ઉદ્યાનમાં ક્રીડા કરતાં વિદ્યાધરીઓના મુખથી ભુવનતિલકના ગુણો સાંભળીને તેને વરવાનો નિશ્ચય કરેલ છે તેથી રાજાએ મને તમારા પુત્ર સાથે તેણીનો લગ્ન સંબંધ કરવા મોકલ્યો છે માટે તેનો સ્વીકાર કરી અમને આભારી કરે.

ધનદ રાજાએ કુમારનો વિવાહ કર્યો પછી શુભદિવસે ધનદરાજાની આજ્ઞાથી મંત્રી અને સામંત રાજાઓ સહિત ભુવનતિલક કુમાર પરણવા ચાલ્યો.

માર્ગમાં સિદ્ધપુર નગર પાસે આવતાં કુમાર આંખો બંધ કરી મૂર્ચ્છા ખાઇ રથમાં પડી ગયો. તેને સર્વ બોલાવવા લાગ્યા પણ તે અક્ષર પણ બોલી શકયો નહિ તે વખતે થોડે દૂર કોઇ કેવલી સુવર્ણના કમળ પર બેસી દેશના આપતા સાંભળી મંત્રી વર્ગ ત્યાં જઇ દેશના સાંભળવા બેઠા. કેવળી પ્રભુએ કહ્યું કે, 'હે ભવ્યપ્રાણીઓ ? આ દુર્લભ એવા મનુષ્ય જન્મને સફળ કરવા મોક્ષસુખ રુપી વૃક્ષની વૃદ્ધિ કરવામાં મેઘ સમાન વિનય વડે પરમેષ્ઠી પદનું આરાધન કરો.' ઇત્યાદિ દેશના સાંભળી કંઠીરવ નામે મુખ્યમંત્રીએ પ્રભુને પૂછ્યું કે હે ભગવંત ? ભુવનતિલક કુમારને અણચિંતી દુઃખપ્રાપ્તિ થવાનું શું કારણ છે ? કેવળી ભગવંત કહ્યું કે ધાતકી ખંડન ભરતક્ષેત્રને વિષે ભુવનાગાર નામે નગરમાં ગચ્છસહિત આચાર્યદેવ પધાર્યા. તેમનો વાસવ નામે કુશિષ્ય વિનયાદિ ગુણ રહીત અને સર્વ મહાત્માઓના શત્રુરુપ હતો.

તેને આચાર્યદેવે કહ્યું કે હે વત્સ ? વિનય ગુણ ધારણ કર પણ તે ઉદ્ધત શિષ્યને ઉપદેશ પણ દ્વેષ રૂપ થયો તેથી ગુરૂએ તથા બીજા મુનિઓએ તેની ઉપેક્ષા કરી આથી ક્રોધ પામેલા તેણે પ્રાક્ષુક જળમાં ગુરૂને તથા બીજા બધા મુનિઓને મારી નાખવા તાલપુટ વિષ નાખી ભયને લીધે નાસીને કોઇ અરણ્યમાં જઇને સુઇ ગયો ત્યાં દાવાનળ લાગવાથી રોદ્ર ધ્યાનથી તેમાં બળી જઇને સાતમી નરકે ગયો. સૂરિ વગેરેને પાણી પીતાં શાસનદેવે અટકાવ્યા. પેલો વાસવ નરકમાંથી નીકળી તિર્યંચ યોનિના ઘણા ભવો ભટકી અકામ નિર્જરાના યોગે હમણાં તે ભુવનતિલક રાજકુમાર થયો છે.

આ પ્રમાણે મેં કહેલું તેના પૂર્વભવનું વૃત્તાંત હે મંત્રી ? તમે જાને તેને કહો

એટલે તે સજ્જ થઇ જશે. મંત્રીએ કુમાર પાસે જઇ કેવળીના કહેવા મુજબ સર્વ વૃત્તાંત કહ્યું. તેથી જાતિસ્મરણ પામેલ તે કુમાર સજ્જ થઇ કેવળીને વંદન કરવા આવ્યો મુનિને વંદન કરી પૂર્વકર્મનો ક્ષય કરવા તરત જ તેણે દીક્ષા લીધી તેની સાથે મંત્રી વગેરેએ પણ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. રાજકુમારી યશોમતિએ આ વૃતાંત સાંભળી ક્ષણભર મૂર્ચ્છા પામી પછી સજ્જ થઇને સંસારના ક્ષણિક સુખથી વૈરાગ્ય પામી. માત પિતાની આજ્ઞાપૂર્વક ચારિત્ર લીધું.

આ વૃત્તાંત રાજસેવકોએ જઇને ધનદ રાજાને કહ્યું ભુવનતિલક મુનિ અરિહંતાદિક છએ પદનો વિનય કરવા લાગ્યો તે જોઇ તેના ગુરૂ પણ તેની પ્રશંસા કરવા લાગ્યા. તે મુનિ બોંતેર લાખ પૂર્વ સુધી ચારિત્રપાળી કુલ એંસી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી અંતે પાદોપગમન અનશન ગ્રહણ કરી અંતગડ કેવળી થઇને મોક્ષે ગયા.

[અનુ. પેજ ૭૫ નું ચાલુ]

આટલું બોલતા બોલતા તો મારા મોંઢે પરસેવો થઇ ગયો હતો.' આવું ને આટલું બોલવું પણ મારા જેવા માટે તો સલામતી ભર્યું નથી જ.' આવું જણાતા જ મેં મિત્રને બોલાવીને કીધું—જો ભઇ ! આ વાત જે કરી છે તે તેં પૂછી એટલે જ કરી છે હોં. બાકી તું તારે તને જેમ ઉચિત લાગે તેમ કરજે. એમાં મને સંડોવતો નહિ. મારો કોઇનું ખંડન કરવાનો ઇરાદો નથી. આ તો વાત નીકળી એટલે તને કીધું બાકી તો 'કરશે એ ભરશે' મારે શું લેવા દેવા. એટલે આ વાત આપણા બે પૂરતી જ સમજજે. કય ય કોઇને કહેવાની જરૂર નથી. આમ તો વિવાદવાળી વાતોમાં પડવાનો મારો સ્વભાવ જ નથી. આ વેળી કેમ નીકળી ગયું. ખબર ના પડી. જો કે આ ભારત દેશમાં વાણી સ્વાતંત્ર્ય છે. પણ છતાં આટલું બધું ડરવું પડે છે તે કંઇ સમજ નથી પડતી કે-'વાણી સ્વાતંત્ર્ય' એટલે શું ? આગળ આટલું બધું તાનમાં ને તાનમાં બોલી ગયા પછી મરા મનમાં થયા કરે છે કે-પેલો કોઇને કહે નહિ તો સારૂં. કહે અને પૂરેપૂરી વાત કરે તો તો વાંધો નહિ પણ સાલો તેનું પણ મરચું-મીઠું ભભરાવીને કહે તો મુશ્કેલી થાય. કેમકે આજકાલ પોતાના વિરોધીની વાત કોઇપણ કરે કંઇ પણ કરે તો તે વાતની પૂરતી તપાસ કર્યા વિના જ સાચી માની લેવાય છે. વિરોધિની વાતને બરાબર તપાસવા પૂરતી પ્રમાણિકતા પણ આચરાતી નથી. આટલી વાત મનમાં વિચારતો હતો ત્યાં એક વાક્ય વાંચવામાં આવ્યું કે-'તમારૂં પુણ્ય હશે તો તમારૂં કોઇ કશું બગાડી શકતું નથી. પાપ હશે તો બગાડ્યા વગર રહેતું નથી.' આ વાક્યના સંદેશ અનુસાર અત્યારે તો 'જો ભી હોગા હોને દો.' આવી ખુમારીમાં છું. જ્યાં સુધી માથે ટેન્શન નહિ આવે ત્યાં સુધી ખુમારીમાં રહેવામાં વાંધો ય નથી. આમેય હજી તો હું ૨/૩ વર્ષનો જ છું ને...

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સારી રીતિએ જીવાદિ પદાર્થો જેનાથી સમજાય તેનું નામ આગમ !

* ઇન્દ્રિયોના સુખમાં જેને રસ નહિ તેનું નામ જિતેન્દ્રિય !

* આજે જેને ભાષાજ્ઞાન થઇ ગયું અને પુસ્તકો હાથે વાંચ્યા તે બધા પગલ થઇ ગયા. અને તે પાગલ પાછા પંડિત ગણાય છે. તેનું સાહિત્ય ઊંચા શેરે વંચાય છે. તેના સાહિત્યમાં ધર્મને નામે અધર્મ જ ચીતરાય છે. આજનું સાહિત્ય એટલે મહાપુરૂષોના સાહિત્યને કલંકિત કરનાર સાહિત્ય તેને મન ભગવાન મહાવીર કે પૂર્વના આચાર્યોનું માન નહિ. 'હરિભદ્ર' 'હેમચંદ્ર' લખે જેને મહાપુરૂષો પ્રત્યે ભક્તિનો ભાવ નથી, સન્માનનો છાંટો નથી, પૂજ્યતા હૈયામાં નથી તેવાનું સાહિત્ય વાંચીને ય શું લાભ થાય ?

* અમે જ્ઞાનના વિરોધી નથી પણ અજ્ઞાન વધારનાર જ્ઞાનના વિરોધી છીએ દુઃખમાં દીન થાય અને સુખમાં છકી જાય તેનું નામ અજ્ઞાન !

* સંસારમાં જરાપણ રસ ન આવે તેનું નામ ઔદાસીન ભાવ ! મોં ચઢવવું તેનું નામ ઉદાસીન ભાવ નહિ.

* સાધુ ષટ્કાયના રક્ષક છે. શ્રાવક ષટ્કાયના મિત્ર છે. મિત્ર પાસે બાકી સહાય માંગાય પણ સમજી, સમજીને.

* ધર્મના કામ એટલે કસ્તૂરીની દલાલી ! છતાં પણ જેની જાત ખરાબ હોય તે કસ્તૂરી ભેગો કોલસો પણ વેચી નાખે !

* સંસારથી બહાર કાઢવા અને મોક્ષે જવા સહાય કરે તેનું નામ સંઘ ! તે શ્રી સંઘ તો જગતનું જવાહિર છે સંઘ જગતને જીવાડનાર છે. સંઘના પુણ્યે જગત જીવે છે. સંઘ એટલે ભગવાને કહેલ જ બોલનાર ભગવાને કહેલું જ આચરનાર ! જેટલું ન આચરાય તેનું દુઃખ હોય તે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

અમૃત ઢોળી વિષપાન કરે છે

યત્નેન પાપાનિ સમાચરન્તિ,
ધર્મં પ્રસઙ્ગાદપિ નાચરન્તિ ।
આશ્ચર્યમેતદ્ધિ મનુષ્યલોકે,
ક્ષીરં પરિત્યજ્ય વિષં પિબન્તિ ॥

ખરેખર મનુષ્યલોકનું આ મોટું આશ્ચર્ય છે કે ક્ષીરનો ત્યાગ કરી વિષને પીવે છે કોણ ? જેઓ યત્નપૂર્વક પાપોને આચરે છે. અને અવસરે પણ ધર્મને આચરતા નથી.

વર્ષ ૧૧

અંક ૫+૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પ્રાચીન અર્વાચીન

જિનમૂર્તિ સંગ્રહ

સુજ્ઞ ધર્મબંધુ

દેશ કાળના પરિવર્તનથી ઘણા સારા ઉત્તમ સ્થળોમાં જૈનોની સંખ્યા ઘટી ગઇ અને મંદિર મૂર્તિઓ બિરાજમાન છે ત્યાં પૂજા વિગેરે ન થાય કે વ્યવસ્થ ન થાય તો બીજે અપાય છે પરંતુ તે વાતની બધાને ખબર ન હોવાથી જોઇએ તેઓ મૂર્તિ લઇ જઇ શકતા નથી આથી અમોએ નીચે મુજબ યોજના કરી છે.

(૧) પ્રાચીન મૂર્તિ વિનીમય વિભાગ

આ વિભાગમાં તે પ્રાચીન મૂર્તિઓ સ્વીકારાશે અને જ્યાં સુધી તે મૂર્તિ જોઇએ તે સંઘ કે મંદિરો વાળા ન મળે ત્યાં સુધી અહીં પૂજા થશે જે સંઘોમાં આ જાતની મૂર્તિ હોય તેમણે સંપર્ક સાધી મૂર્તિઓ મોકલવા વિનંતિ છે.

મૂર્તિઓ જોઇએ તે નામની કે સાઇઝની ન મળે તો ઘણાને નવી મૂર્તિ ભરાવવાની રહે છે અને તે પણ મૂર્તિઓ ભરાવીને અહી રહેશે જ્યાં સુધી બીજા ન લઇ જાય ત્યાં સુધી અત્રે રહેશે અને પૂજા થશે.

શંખેશ્વરમાં મહા સુદ ૫ ના અંજન શલાકા પ્રતિષ્ઠા છે તો જેમને મૂર્તિ ભરાવીને લઇ જવાની હશે તો તેમને મૂર્તિ નકરો લઈ તૈયાર કરાવી અપાશે.

જે ભાવિકો કે સંઘોને મૂર્તિ ભરાવવી હોય તેમણે સંપર્ક સાધવો

(૨) મૂર્તિ નિર્માણ યોજના

C/o. હાલારી જૈન ધર્મશાળા

પંચાસર રોડ **શંખેશ્વર** વાયા વીરમગામ (ગુજરાત)

મૂર્તિ જ્યાં જે લઇ જશે તેની વિગત પ્રાચીન કે અર્વાચીન મૂર્તિ આપનારાઓ ને જણાવાશે

C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર

લિ. ટ્રસ્ટી મંડળ
શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈ. ધર્મશાળા

પ્રભાવકદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાલણ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મોદાજી મુહતા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (ચિત્રવાસ)
પાલાચંદ પદમશી મુહતા (થાળા ગઢ)

વર્ષ : ૧૧] : ૦૫૪ ભાદરવા વદ–૧૦ મંગળવાર તા. ૧૫–૯–૯૮ [અંક : ૫–૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

અંતિમ દેશના–૨

પ્રવચનકાર–પ. પૂ આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૬, આસોવદિ–૧૪ મંગળવાર તા. ૧૬–૧૦–૯૦ ઠેકરી, ખંભાત

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦)

"પુમર્થા ઇહ ચત્વારઃ, કામાર્થૌ તત્ર જન્મિનામ્ ।
અર્થભૂતૌ નામધેયા–ઽનર્થૌ પરમાર્થતઃ ॥૧॥
અર્થસ્તુમોક્ષ એવૈકો, ધર્મસ્તસ્ય ચ કારણમ્ ।
સંયમાદ્વિર્દશવિધઃ, સંસારાન્મોક્ષિતારણઃ ॥૨॥
અનન્તદુઃખઃ સંસારો, મોક્ષોઽનન્તસુખઃ પુનઃ ।
તયોસ્ત્યાગપરિપ્રાપ્તિહેતુર્ધર્મં વિના નહિ ॥૩॥
માર્ગં શ્રિતો યથા દૂરં, ક્રમાત્ પંગુરપિ વ્રજેત્ ।
ધર્મસ્થો ઘનકર્માઽપિ, તથા મોક્ષમવાપ્નુયાત્ ॥૪॥"

આ અવસર્પિણીના છેલ્લા તીર્થપતિ શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવે છેલ્લી દેશના અપાપાનગરીમાં આપી હતી તેમાં જે વાત કહી તેની ટુંકી નોંધ કલિકાલસર્વજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્રના છેલ્લા પર્વમાં લખી છે, તેના ઉપર આપણે વિચાર કરવો છે.

આ આર્યદેશમાં ચાર પુરુષાર્થ છે. બીજા દેશોમાં અર્થ–કામ વિના બીજું કાંઇ મોટા ભાગે છે નહિ આર્યદેશમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થ કહ્યા છે. આ ચારને જે માને તે આર્ય છે, આ ચારને જે ન માને તે આર્યદેશમાં જન્મેલા છતાં ય અનાર્યો જેવા છે, ઘણા જૈનો પણ અનાર્યો જેવા છે. આખી દુનિયા અર્થ અને કામ પાછળ ગાંડી છે, મોક્ષ તો યાદ જ આવતો નથી, તેને લઇને ધર્મનો સાચો ખપ નથી. આજે મોક્ષ કેટલાને યાદ આવે છે ? મોક્ષ યાદ ન આવે તેને ધર્મ સાચી રીતે યાદ આવે ખરો ? તે ધર્મ સાચો કરે પણ ખરો ? તેવા જીવો ધર્મ કરતા હોય તો તે ય મોટાભાગે અર્થ–કામ માટે જ કરે છે.

તમે બધા ભગવાનનાં દર્શન–પૂજન કેમ કરો છો ? સાધુ પાસે કેમ જાવ છો– તેમ પૂછે તો શું કહો ? 'આનો જે સાચો જવાબ આપે નહિ તેને મોક્ષ યાદ નથી અને જે કાંઇ ધર્મ કરે છે તે દેખાવ માટે કરે છે, અર્થ–કામ માટે કરે છે, મોજ–મજાદિ કરવા કરે છે.' એમ કહેવું પડે.

ભગવાન છેલ્લે છેલ્લે કહી ગયા છે કે– આ ચાર પુરુષાર્થને માને તે જ આર્ય, તે જ જૈન ! આપણે ચાર પુરુષાર્થ માનીએ છીએ ને ? સાધુને ય પૂછવું પડે કે, સાધુ કેમ થયા ? તમને ય પૂછવું પડે કે- શ્રાવક કેમ થયા ? મોક્ષે જ જવું છે માટે ને ? મોક્ષમાં જ જવું હોય તો શું કરવું પડે ? ધર્મ જ કરવો પડે, અર્થ–કામ છોડવા પડે. ધર્મ ક્યારે થાય ? હૈયાથી અર્થ–કામ છૂટે તો ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે. શ્રાવકધર્મને ધર્માધર્મ કહ્યો છે. તેમાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરુ જેટલો. સાધુપણું લીધા વિના સાચી રીતે ધર્મની આરાધના થઇ શકે જ નહિ. શ્રાવક ધર્મ કરી કરીને કેટલો કરે ? થોડો. કોઇપણ શ્રાવક છ કાયની હિંસાનો ત્યાગી હોય ? સંસારમાં છ કાયની હિંસા કરવી જ પડે, ચાલે જ નહિ. બચવું હોય તો જૂઠ, ચોરી, વિષયસેવનથી બચાય પણ છ યે કાયની હિંસા કરવી જ પડે તેનું નામ સંસાર !

ભગવાન જતાં જતાં કહી ગયા છે કે– આર્યદેશમાં ચાર પુરુષાર્થ છે. તેમાં પહેલો ધર્મ છે, તે પછી અર્થ–કામ છે અને છેલ્લે મોક્ષ છે. ધર્મ વિના અર્થ–કામ પણ મળે નહિ અને મોક્ષ પણ મળે નહિ. આજે તમને ઘર–બાર, કુટુંબ–પરિવાર, મોજ મજાદિની સામગ્રી મળી છે તે શાથી મળી છે ? આજે કેટલા મનુષ્યો દુઃખી છે ? જેની પાસે પેટ ભરવાનું પણ સાધન નથી. તમને ઘણી સામગ્રી મળી છે તે શાથી ? ધર્મથી. ધર્મથી જે સામગ્રી મલી છે તેનો અધર્મમાં ઉપયોગ કરે તે કેવા કહેવાય ?

તમને જે લક્ષ્મી મલી છે તેનો તમે ધર્મમાં કેટલો ઉપયોગ કરો છો ? ધર્મથી મળેલ પૈસાનો ધર્મમાં ઉપયોગ કરવો તે તેનો સાચો ઉપયોગ છે, તેનાથી ભોગ ભોગવવા તે પાપ છે, સંગ્રહ કરવો તે મહાપાપ છે, ભંડારો ભરી રાખવા તે મહાપાપ છે. તેનું દાન તે જ ઉત્તમ ધર્મ છે. તમને શું ગમે ? દાન દેવું ગમે કે ધન મેળવવું ગમે ? જેને માત્ર ધન જ ગમે તેનું નામ જૈન પણ નહિ અને આર્ય પણ નહિ. તે આર્ય હોય તો ય અનાર્ય જેવો, જૈન હોય તો ય અજૈન અને અનાર્ય જેવો.

ધન જ ગમવાથી શું થયું તે ખબર છે ? એટલાં બધાં પાપ વધી ગયાં કે જેનું વર્ણન ન થાય. દુનિયાનું સુખ ગમવાથી સદાચાર ગયો. મોટોભાગ સાતે વ્યસનથી પીડાય છે, પાંચે ય પ્રમાદમાં મગ્ન છે. 'મારું શું થશે ? અને મરીને ક્યાં જઇશ ?' એની પણ ચિંતા નથી. તમને તેવી ચિંતા છે. ? મરવાનું છે. મરીને ક્યાં જવું છે તે નક્કી કર્યું છે ? જેને મરવાનું છે તે શ્રદ્ધા હોય તે કેવી રીતે જીવે ? પાપ કરતાં ગભરાય, ધર્મ કરતાં મઝા આવે. જે સમજ્યા પછી મઝેથી પાપ ન કરે, શક્તિ મુજબ ધર્મ કરે તે મરતી વખતે મઝેથી મરે. તેવો જીવ મરવા પડે તોય મઝામાં હોય. તે તો બધાને કહે કે–'મને મરવાનું દુઃખ નથી. જાણી જોઇને ખોટાં કામ કર્યાં નથી. કંટાળ્યા કર્યું હોય તો દુઃખથી કર્યું છે, પ્રેમથી નહિ, શક્તિ મુજબ સારાં કામ કર્યાં છે, ધર્મ મઝાથી કર્યો છે માટે મારી દુર્ગતિ થવાની જ નથી. હું સદ્ગતિમાં જવાનો છું. ત્યાં સુખ ભોગવવા નહિ પણ ધર્મની આરાધના ચાલુ રહે અને વહેલામાં વહેલો મોક્ષે જાઉં માટે.' આવો જવાબ આપોને ?

ભગવાન જતાં જતાં કહી ગયા છે કે–આર્યદેશમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. તેમાં અર્થ અને કામ બે નકામા પુરુષાર્થ છે, અનર્થ કરનારા છે. ડાહ્યો અને સમજુ માણસ મઝેથી અર્થ–કામ કરે જ નહિ. એક મોક્ષ જ મેળવવા જેવો છે અને તેનું કારણ દસ પ્રકારનો સાધુ ધર્મ છે. સાધુ ધર્મ પામ્યા વિના મોક્ષ મળે જ નહિ. ધર્મ કેમ કરવાનો છે ? મોક્ષ મેળવવા માટે જ કરવાનો છે. ભગવાન પાસે જાવ છો તે ભગવાન થવા ને ? મારે બટ ભગવાન થાવું છે માટે મરી જાઉં પણ ભગવાનનાં દર્શન-પૂજન કર્યા વિના તો ન જ રહું. સાધુ પાસે જાઉં છું તે સાધુ ધર્મ પામવો છે એ માટે અને એ કારણે મારે સાધુ ધર્મ સારી રીતે આરાધવો છે, આવી ભાવના છે ખરી ?

જેટલાં આર્યદર્શનો છે તેઓએ પણ ચાર આશ્રમો માન્યાં છે. બ્રહ્મચર્યાશ્રમ,

ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. તેઓ પણ કહે છે કે– પહેલી અવસ્થા બ્રહ્મચર્ય પાળવાની, બીજી અવસ્થામાં ન છૂટકે સંસાર માંડવાની, ત્રીજી અવસ્થામાં સંસારથી નિવૃત્તિ લેવાની અને ચોથી અવસ્થામાં સંન્યાસી–ત્યાગી થવાની. તમારે સાધુવેષમાં મરવું છે કે ગૃહસ્થવેષમાં મરવું છે? આવો મનુષ્યજન્મ પામીને ગૃહસ્થના વેષમાં જ મરવું છે?

આ મનુષ્યજન્મ દુર્લભ કેમ છે? મોક્ષે અહીંથી જવાય અને મોક્ષે જવા સાધુ ધર્મ જોઇએ તે અહીં જ મળે, બીજે નહિ માટે. આ વાત હૈયામાં છે? તે જણાવવા ભગવાન કહે છે કે–'ચાર પુરૂષાર્થમાં અર્થ–કામ નામના છે, અનર્થને કરનારા છે, દુર્ગતિમાં ભટકાવનાર છે. ઇચ્છવા જેવો એક મોક્ષ જ છે, કરવા જેવો એક સાધુ ધર્મ જ છે, તે પણ મોક્ષ માટે જ.' મોક્ષના હેતુ વિના રાહ્યો આઠમી ધર્મ કરે જ નહિ. તમે શા માટે ધર્મ કરો છો? ભગવાન પાસે જઇએ, ભગવાનનાં દર્શન-પૂજન કરીએ છીએ તે ભગવાન થવા માટે, સાધુ પાસે જઇએ. અને સાધુની સેવા–ભક્તિ કરીએ તે સાધુ થવા માટે અને જે કાંઇ ધર્મક્રિયા કરીએ તે ઊંચામાં ઊંચો આત્મધર્મ પેદા કરવા માટે કરીએ છીએ–તમે તેમ બોલી શકો ખરા? તમે સંસારમાં છો, આજ સુધી સાધુ નથી થયા તે થવું ન હતું માટે કે શક્તિ ન હતી માટે?

પ્ર૦ : થવું નથી માટે રહ્યા છીએ.

ઉ૦ : શ્રાવક, સાધુ નથી થવું માટે સંસારમાં રહે નહિ. સંસારમાં રહેવું પડે તો દુઃખથી રહે.

આર્યદેશમાં સંન્યાસનો પ્રેમી અનાચારી ન હોય, અનીતિખોર ન હોય. ધર્મમય જીવન જીવે. ઘર–બારાદિ છોડી પછી જ મરે પણ ઘરમાં મરે નહિ. આજે આ સ્થિતિ છે? બધા ભૂલી ગયા છે. ભગવાનની આ વાત યાદ રહેશે? ઘરમાં દુઃખથી રહો છો કે મઝાથી રહો છો? ધંધાદી મઝાથી કરો છો કે દુઃખથી કરો છો? જરૂર છે માટે ધંધાદિ કરો છો કે ઢગલા ભેગા કરવા છે માટે કરો છો? વેપારાદિમાં અનીતિ મઝાથી કરો છે કે દુઃખથી કરો છો? અનીતિ કર્યા વિના જીવાય તેમ જ નથી? નીતિથી પણ જીવાય જ નહિ? જૂઠ ન બોલતા હોય, ચોરી ન કરતા હોય, ચોપડા બે ન રાખતા હોય તેવા કેટલા મળે? તમારા જેવા બે ચોપડા રાખે ખરા? મારા ચોપડામાં જે ન હોય તે ઘર કે પેઢીમાં હોય તો લઇ જાવ તેમ કહેનારા કેટલા મળે? બધા જ ચોર થઇ ગયા છે?

આજે તમે લોકો સાધુને માનો છો કે નહિ તેમાં શંકા છે. સાધુને જોઇને– 'અમે ફસી ગયા અને આ લોકો ફાવી ગયા' તેમ તમને થાય? તે માટે જ હાથ જોડો છો? સાધુને હાથ જોડતાં આ બધું છૂટી જાય તો સારું–તે માટે નમો–હાથ જોડે છો? સાધુપણું વહેલું જીવનમાં આવે માટે સાધુને નમો છો કે ન આવે માટે નમો છે?

'ભગવાનને માને તે ભગવાન થવા, સાધુને માને તે સાધુ થવા અને ધર્મ કરે તે પૂરો ધર્મ પામી મોક્ષે જવાં' આ વાત બરાબર છે ને? જેને મોક્ષ ન જોઇતો હોય તે ધર્મ કરનારા અસલમાં ધર્મી જ નથી. સમજવા છતાં સંસાર સુખ માટે ધર્મ કરે તે બરેબરા અધર્મી છે. ધર્મ કરીને દુર્ગતિમાં જવાના છે. દુનિયાના સુખ માટે જ ધર્મ કરે તે ધર્મ પામે બરા? કદાચ ધર્મ પામ્યા પણ હોય તો ય ધર્મનો નાશ કર્યા વિના ન રહે.

આજે જેને જેને ઘણું ઘણું સુખ મળ્યું છે તે મોટામાં મોટા પાપ વ્યાપારો કરે છે ને? ઘણા પૈસાવાળા પાપના મોટામાં મોટા ધંધા કરે છે ને? તમે તેને પુણ્યવાન માનો કે મડાપાપી માનો છો? તમે લોકો મોટો શ્રીમંત આવે તો તેનું બહુમાન કરો અને ધર્માત્મા ગરીબ હોય તો તેને હડસેલો, તેનું અપમાન કરો તો ધર્મ પામેલા કહેવાવ? તમે ધર્મ પામ્યા છો કે નહિ, ધર્મ શા માટે કરો છો તે નક્કી કરવું છે.

ભગવાન કહી ગયા છે કે–'આર્ય જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે. તેમાં અર્થ અને કામ એ બે નકામામાં નકામા પુરૂષાર્થ છે, કરવા જેવા જ નથી, છોડી દેવા જેવા જ છે, કરવા-સેવવા પડે તો દુઃખપૂર્વક, ન છૂટકે જ કરવા જેવા છે.'

આ વાત મંજુર છે? તમે ઘરમાં બેઠા છો, વેપારાદિ કરો છો તેનું દુઃખ છે કે આનંદ છે? શ્રાવક પોતાના બંગલાને જેલ માને. જેલ માને એટલે તેનાથી 'ક્યારે છૂટું' 'ક્યારે છૂટું'' તેમ થાય. તમે બંગલાને જેલ માનો છો કે મહેલ માનો છો? બંગલામાં જે મઝેથી રહે તે મોટેભાગે દુર્ગતિમાં જનારા છે. વેપાર–ધંધાદિ પણ મઝેથી કરે તે ય મોટેભાગે દુર્ગતિમાં જનારા છે. ધંધાદિ કરવા જેવા માનીને કરનારા આજે કેવા છે? લોક કહે છે કે–ચોર છે, જુઠ્ઠા છે, ઉઠાવગીર છે. બધાં બરાબર વિશેષણો આપે છે. તમે કહો કે– અમે ચોરી કરતા નથી, જૂઠ બોલતા નથી.

આજથી પચાસ વર્ષ પહેલાં શ્રાવકો આવા હતા. તેઓ કહેતાં કે– 'અમે અને

જૂઠ બોલીએ ! ચોરી કરીએ ! ચોપડામાં જે ન હોય તે ઘર–પેઢીમાં પણ ન હોય.' આજે તમારી શી હાલત છે ? આજે તો તમે આર્યપણાનું દેવાળું કાઢ્યું છે, જૈનપણાનું પણ દેવાળું કાઢ્યું છે !!

આજે તો તમારે લીલાલહેર છે. કેમકે, ભણેલા–ગણેલા જૂઠ લખવા અને ચોરી કરવા ભાડે મળે છે. ખોટા ચોપડા લખવાનું શીખવે તે શિક્ષણ કહેવાય ? તે ભણેલો કહેવાય કે અભણ કહેવાય ? આજે ભણેલા વધારે પાપ કરે છે કે અભણ ? 'આજે અનીતિ, જૂઠ, ચોરી કર્યા વિના જીવાય જ નહિ' આમ બોલનારા મહાજુઠ્ઠા છે, મોટામાં મોટા અસત્યવાદી છે ! આજે ટેક્ષની ચોરી નહિ કરનારો એક વેપારી મોટા ભાગે નહિ મળે. બંગલામાં બેઠેલા બધા જેલમાં બેસવા લાયક છે. તમારૂં ભાગ્ય પાપાનુબંધી મલ્યું છે માટે સરકાર પણ તમારા જોગી મલી છે, મોટે ભાગે પેટ ભરનારી મલી છે ! જે તમને પોષણ આપે છે, માટે ફાવી ગયા છો. તમને સ્વરાજ અપાવનારા નેતાઓ રોઇને ગયા અને તમે મોજ કરો છો. ખોટી રીતે મોજ કરવાનું સરકાર શીખવે છે. તે કાળાનાણાંને પણ ધોળા કરી આપે છે સરકારના નોકરને લાંચ નહિ આપી હોય તેવો એક વેપારી પ્રાયઃ નહિ મળે ! ભીખારીને પાંચિયું ય નહિ આપ્યું હોય અને સરકારના નોકરને કેટલા આપો છો ? રાજ્યના નોકરને ય ફોડે તે પ્રજા પણ કેવી કહેવાય ?

સભા : સ્વાર્થ ખાતર કરવું પડે છે.

ઉ૦ : આવો સ્વાર્થ આર્યને હોય ? જૈનને પણ હોય ? સ્વાર્થ માટે ચોરી કરે, જૂઠ બોલે, બીજાને ય ચોર બનાવે તે બરાબર છે ? આ સમજવા જેવી વાત છે. તે જો સમજ્યા હોત તો તમારૂં જીવન સારૂં હોત. આ સમજ્યા નથી માટે આવી હાલત છે.

આવો સારો મનુષ્યભવ મળ્યો છે તે હારી નહિ જતા. સદ્ગતિની પરંપરા સર્જે વહેલામાં વહેલા મોક્ષે આવો તેમ ભગવાન કહી ગયા છે. તમારે ક્યાં જવું છે ? અહીં મોજ કરવી છે. 'ક્યાં જવું છે' તેની ચિંતા નથી. દુર્ગતિથી ગભરાતા નથી, સદ્ગતિનો ખપ નથી, ગમે તેમ પૈસા મેળવવા છે, પ્લેનોમાં ઉડવું છે, ગાડીઓમાં ફરવું છે. આવી ઈચ્છાવાળા જેટલા હોય તે બધા પહેલા નંબરના હરામખોર છે, સારા ગણાતા હોય તોય જગતને બગાડનારા છે, બધાને ખરાબ કરનારા છે.

પ્ર૦ : જો રાજ્યના નોકરો વફાદાર ન હોય, તે પ્રજા કેવી રીતે વફાદાર રહે ? 'યથા રાજા તથા પ્રજા.'

ઉ૦ : તમે જો ખરેખર પ્રજા હો તો ખોટો રાજા થાર'ઢિ પણ રાજ્ય ન કરી

શકે. તમે જ એવા ખોટા છો કે જેનું વર્ણન ન થાય. સ્વાર્થ માટે જૂઠ બોલવાની જરૂર છે ખરી ? ચોરી કરવાની જરૂર છે ખરી ? જીવવા માટે ટેક્ષની ચોરી કરવી જ પડે તેમ છે ?

પ્ર૦ : ભગવાન જ કહી ગયા છે ને કે-આ કાળમાં આવું બનવાનું છે.

ઉ૦ : આ કાળમાં પાપી પાકવાના છે તેમ ભગવાન કહી ગયા છે માટે અમારે પણ પાપી થવું તેમ કહે છે. ભગવાન આ બધું કહી ગયા છે તે તેવા થવા કહી ગયા છે કે સાવચેત રહેવા અને બચવા કહી ગયા છે ? આ કાળમાં તો સાધુઓ ય એવા પાકવાના છે જે મિથ્યાત્વ ફેલાવશે. સાધુઓ જ ધર્મને નુકશાન કરશે અને ધર્મને બગાડશે તેમ કહી ગયા છે અને આજે તેવો અનુભવ પણ થાય છે. આપણે તેનાથી સાવધ રહેવું છે માટે આ વાત સમજાવું છું. પણ ગમતી નથી માટે પથરા ફેંકો છો.

તમે બધા કહો કે-'અર્થ-કામ ખોટા જ છે, કરવા જેવા જ નથી. તે બેથી અમે બરાબર થાની ગયા છીએ. પણ હવે તે બેથી કયારે છૂટીએ તે જ ચિંતા છે. આ સંસાર જોઇતો નથી. વહેલામાં વહેલો મોક્ષ જ જોઇએ છે. તે માટે જ ધર્મ કરીએ છીએ. ધર્મ પૈસા માટે નથી કરતા, મોજમઝા માટે નથી કરતા.' મારે તમારી પાસે હૈયા ની આમ બોલાવવું છે પણ તમે એવું એવું ઊંધું બોલો છો કે જેનું વર્ણન ન થાય. ગ્રાહક વેપારીને કહે છે કે-તમે આવા આવા છો. તો વેપારી ગુસ્સો કરે છે ? ના. તે તો કહે છે કે-'હું તને ઠગું ? તારી પાસે અધિક ભાવ લઉં ?' તેમ કહીને તેને ઠગે છે. તેમ તમે મને કહો છો. તમે એટલું જ કહો કે-અમે અર્થ-કામને ભૂંડા જ માનીએ છીએ-તો હું રાજી થાઉં.

તમો કેટલા હોંશિયાર છો કે વર્ણન ન થાય. એટલા પાપ વધી ગયા છે કે કોઇ કાંઇ કહી શકે તેમ નથી. તમને હું આવું આવું કરે તે ચોરટા, જુઠ્ઠા કહેવાય તેમ કહું છું કંતાંય કોઇ ઉભા કેમ નથી થતા ! બધા માને છે કે—'બોલશું તો વધારે ખરાબ દેખાઇશું'. તેના કરતાં મૂંગા મરવું સારું'' બહુ જ જુલમ થયો છે.

આટલું કડક એટલા માટે કહું છું કે-જેટલું ખોટું કામ કરતા હો તે છોડો. આજે અનીતિ કર્યા વિના, ચોરી કર્યા વિના જીવી શકાય જ નહિ તેમ માને તે પહેલા નંબરના બદમાસ છે ! જુઠ્ઠા છે !! ચોરટા છે !!! આજે તો જેમ મોટો વેપારી તેમ મોટો પાપી તેની તેની આબરૂ છે તેની આબરૂ વધારે તેમ તમે માનો છો. ઓછા

પાપ કરે તેની આબરૂ જ નહિ ! આજે જેની પાસે ઘણા પૈસા છે તે નીતિના છે કે અનીતિના છે ? તમારા ઘરમાં અનીતિના પૈસા છે ને ? સારા માણસના ઘરમાં અનીતિના પૈસા હોય ? અનીતિના પૈસાથી પેટ ભરવા કરતા ઝેરની પડીકી ખાવી સારી તેમ માનનારા માર્ગાનુસારી જીવો હોય. તમે ક્યાં છો ? સંસારને સારો માને, વેપાર કરવા જેવો માને તે શ્રાવક હોય ? વેપારમાં જૂઠ બોલે તે શ્રાવક હોય ? આર્ય પણ હોય ? આજે આખો દેશ અનાર્ય જેવો થઇ ગયો છે. જૈનો પણ જૈન મટી ગયા છે.

અર્થ–કામ ભૂંડા જ. એક મોક્ષ જ મેળવવા લાયક છે. ધર્મ તેને માટે જ કરવાનો છે. તે ધર્મ સાધુ ધર્મ જ છે. તે પામવાની શક્તિ આવે એ માટે શ્રાવક ધર્મ છે. જેને સાધુ થવાની ઇચ્છા ન હોય તે શ્રાવક હોય નહિ. તેને શ્રાવક ધર્મ પણ અપાય નહિ આપીએ તો અમને પ્રાયશ્ચિત આવે.

આ સંસાર કેવો છે ? દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી. માટે જ ભગવાન કહે છે કે–'આ સંસાર અનંત દુઃખમય છે અને મોક્ષ અનંત સુખમય છે, માટે સંસાર છોડવાનો છે અને મોક્ષ મેળવવાનો છે. તે માટે સાધુ ધર્મ વિના ચાલે જ નહિ.' આટલી સ્પષ્ટ વાત હોવા છતાં અને તે સમજવા છતાં સંસાર માટે જ ધર્મ કરે તે મહાપાપી કહેવાય. આ વાત તમારા હૈયામાં ઘાલવી છે. પેસી ગઇ છે કે હજી શંકા છે ? અમે મરી જઇએ પણ અનીતિ ન કરીએ, જૂઠ ન બોલીએ, ટેક્ષની ચોરી ન કરીએ, ચોપડા ચોકખા જ રાખીએ' તેમ મારે તમારી પાસે બોલાવવું છે.

પ્ર૦ : સંસારના સુખ માટે ધર્મ કરવો કે અધર્મ ?

ઉ૦ : જે જીવ મોક્ષ માટે જ ધર્મ કરે તેને માગ્યા વગર બધા સુખ મળે તેમ ભગવાન કહી ગયા છે તેની શ્રદ્ધા છે ને ? ધર્મ કરનારને પૈસો કે પૈસાથી મળતું સુખ માગવું પડે નહિ. પૈસાદિ સુખ મેળવવા માટે ધર્મ કરે તે તો ભિખારી કહેવાય. જે પૈસાદિનું સુખ છોડવા માટે ધર્મ કરવાનો છે તેને બહલે તે બધું મેળવવા–મજા કરવા ધર્મ કરે તે ચાલે ?

ધર્મ પાસે પૈસા–ટકાદિ સુખ માગે તેના જેવા અધમ કોઈ નથી ! ભગવાનની પૂજામાં રાતી પાઇ ન ખર્ચે અને ભગવાન પાસે પૈસા–ટકાદિ માગે તેવા નાલાયકોને મંદિરમાં પેસવા દેવાય નહિ. મંદિર–ઉપાશ્રયમાં અર્થ કામની વાત કરાય જ નહિ. તમે લોકો અહીં પૈસા–ટકાદિ સુખ માટે આવો છો કે ધર્મ માટે આવો છો ? મોટો ભાગ પૈસા–ટકાદિ સુખ માટે આવે છે તેથી બહુ જુલમ થઇ ગયો છે. ભવિતવ્યતા જ એવી થઇ છે કે, સાધુ ય બગડ્યા છે, શ્રાવક પણ બગડ્યા છે. ભગવાનના કહ્યા મુજ-

બની મારી આ વાત ઘણાનેય ગમતી નથી અહીં બોલતા નથી પણ બહાર જઇને કહે છે કે–'સાધુથી આવું કહેવાતું હશે ? જુઠ્ઠા-ચોર કહેવાય ?' હું તમને જુઠ્ઠા નથી કહેતો પણ જે ચોપડા ખોટા લખે તે જુઠ્ઠા કહેવાય અને ચોપડા ખોટા લખાવે તે મહા જુઠ્ઠા કહેવાય !

પ્ર૦ : સાચ કહો તે ગમે છે.

ઉ૦ : મને સારું લગાડવા કહો છો કે હૈયાથી કહો છો ? હૈયાથી બોલતા હો તો જે જે ખોટું કરતા હોય તેમાં સુધારો કરવા માંડો. આવી માન્યતા જેની હોય તે ધર્મી કહેવાય.

માટે કહો કે--'અર્થ--કામ કરવા જેવા જ નથી, છોડી દેવા જેવા જ છે, ન છૂટકે કરવા પડે તો દુઃખથી કરવા જેવા છે. એક માત્ર ધર્મ જ કરવાનો છે તે પણ મોક્ષ માટે જ. મોક્ષ વિના બીજું કશું જોઇતું નથી.' 'પૈસા મેળવવા પડે માટે મેળવીએ છીએ' તેમ પણ બોલાવવું છે. આગળ તો જેની પાસે આજીવિકા હોય તે શ્રાવક વેપાર પણ કરતા ન હતો. કદાચ વેપાર કરે તો 'હું બહુ લોભીયે છું, પાપી છું" તેમ માનતો હતો. આજે નોકરો બગડ્યા તે શેઠીયા ખરાબ છે માટે. છોકરા બગડ્યા તે મા-બાપ ખરાબ છે માટે. રાજનોકરો બગડ્યા તે રાજ્ય કરનારા ખરાબ છે માટે સારા મા–બાપના છોકરા હોય ?

ભગવાનની દેશનાનો આ સાર જે કહ્યો તે હૈયામાં જચાવો તો કલ્યાણ થશે. દુર્ગતિમાં નથી જવું ત્યાં દુઃખ છે માટે નહિ પણ ધર્મ ન થઇ શકે માટે. સદ્ગતિમાં જવું ને તે ત્યાં સુખ છે માટે નહિ પણ મોક્ષસાધક ધર્મની આરાધના ચાલુ રહે માટે પણ આજે તો મળેલી આ સદ્ગતિને ઘણાએ દુર્ગતિ બનાવી છે. આ મનુષ્યપણું તે સાધુ થવા માટે છે, સાધુ ન થવાય તો સાધુ થવાની શક્તિ મેળવવા માટે શ્રાવક થવા માટે છે, શ્રાવકપણું પણ ન બને તો સમકિત પાળવા માટે છે અને સમકિત પણ ભારે પડે તેમ હોય તો નીતીમય જીવન જીવવા માટે છે પણ એક ખોટું કામ કરવા માટે નથી ! આવા મનુષ્યપણામાં બધાં જ પાપ મજેથી કરે, કરવા જેવાં માને તે ચાલે ?

તમારો જ છોકરો અનીતિ કરે ? જૂઠ બોલે ? ચોરી કરે ? તે ઘણા પૈસા કમાવીને લાવે તો કેવી રીતે કમાયો તે પૂછો ખરા ? અનીતિ આદિથી કમાવીને લાવ્યો હોય તો તે પૈસા નથી જોઇતા તેમ કહો ખરા ? તે મરીને ક્યાં જશે તેમ તમને થાય ખરું ? આવી દશા હોય તો કહેવું જ પડેને કે– તમને તમારી દયા

નથી, તમારા પરિવારની પણ દયા નથી, અને તેથી ભારેમાં ભારે હિંસક માણસો છો. બાલબચ્ચાંને દુર્ગતિમાં મોકલનારા પણ છો અને તેથી તમને દુર્ગતિનો પણ ભય નથી તથા સદ્‌ગતિનો પણ ખપ નથી, ધર્મ જોઇતો જ નથી તેથી તેની આવી દશા છે.

કાલે દિવાળી છે. દિવાળીમાં ચોપડા ચોકખા હોય. તમારા ચોપડા સાચા હોત તો દિવાળી સાચી હોય. આજે દિવાળી હોળી જેવી કેમ થઇ ગઇ? ચોપડા જુઠ્ઠા છે માટે.

આજે બધે બગાડો થયો છે. અમારે તમને સાચું કહેવું છે, સુધારવા છે. તેમ અવસરે અમે ય ભૂલીએ તો તમારે અમને પણ સાચું કહેવાનું છે અને સુધારવાના છે. ભગવાને કહ્યા મુજબ સાચી વાત કહું છું. ભગવાન કહી ગયા છે તે મુજબ જીવવા જેવું છે. ભગવાનની આજ્ઞા અમે ન પાળીએ તો અમે પણ ખોટા અને અને તમે ન પાળો તો તમે પણ ખોટા. આપણે સૌએ આજ્ઞા મુજબ જ જીવવાનું છે. અર્થ–કામ ભુંડા ન લાગે તો તમે ખોટા. મોક્ષની ઇચ્છા નહિ તે સાધુ–સાધ્વી નહિ, શ્રાવક–શ્રાવિકા પણ નહિ સમજવા છતાં મોક્ષની માટે ધર્મ ન કરે તે ધર્મી નહિ એટલું જ નહિ પણ એવા તે પહેલા નંબરના અધર્મી કહેવા પડે. જે સાધુને મોજમઝાની ઇચ્છા હોય તે સાધુ કહેવાય?

શ્રાવક પૈસા માટે ભગવાન પાસે જાય તે શ્રાવક કહેવાય? આપણે બધા મોક્ષ માટે જ નીકળ્યા છીએ. ભગવાનનો શ્રી સંઘ મોક્ષમાર્ગનો મુસાફર છે. આવી ધર્મી-માત્રની છાપ હોવી જોઇએ. તેવી છાપ પેદા કરો તે ભાવના

આ ભગવાનની વાત ઉપર વિચાર કરો. આપણે જાતને સુધારવી છે. આપણે સારા થવું છે અને વહેલા મોક્ષે જવું છે. અમે તમારા ખોટાં વખાણ કરીએ તો અમે ગુનેગાર થઇએ છીએ. તમે અમારાં ખોટાં વખાણ કરો તો તમે પણ ગુન્હેગાર છો. આપણે સૌએ સારા બનવું છે. તે માટે આ વાત કરી છે. તેને સફળ કરો તે જ ભાવના.

પંન્યાસજી મ.ના પુસ્તકની સમીક્ષા

લેખક : "શ્રી પુનિત"

[પંન્યાસજી મ.નું તદ્દન નવું પુસ્તક 'જીવન જીવવાની કલા' બહાર પડ્યું છે. પંન્યાસજી મ.ના પૂર્વના પુસ્તકોની જેમ આ પુસ્તકમાં પણ ઘણી ગડબડો છે, છતા આ પુસ્તકની આંશિક સમીક્ષા કરવાનું મન થયું. કારણ કે આ પુસ્તકના આધારે પંન્યાસજી મ.ના શિષ્ય મુ. દીવ્યવલ્લભવિજયજી 'ઘેર બેઠા ખુલ્લા પુસ્તકે પરીક્ષા' લઇ રહ્યા છે. હજારોના હાથમાં આ પુસ્તક જશે ને વંચાશે, તેવી શક્યતા છે. તેથી જે જીવો ઉન્માર્ગને ન પામે અને સાચી સમજ પ્રાપ્ત કરે તે આશયથી આ લેખ લખ્યો છે.]

પંન્યાસજી મ.નું 'જીવન જીવવાની કલા' આ નવું પુસ્તક હમણાં જ હાથમાં આવ્યું. આકર્ષક મુખપૃષ્ઠ જોઇને ખોલવાનું મન થયું. ઉપર ઉપરથી પુસ્તકને જોતા અનેક ગંદવાડથી એ ભરેલું લાગ્યું. એ ગંદવાડને વાચકો સમક્ષ એટલા માટે મુકવામાં આવે છે, કે જેથી વાચકો આવા સાહિત્યથી સો ગાઉ દૂર રહે. પુસ્તક અનેક ક્ષતિઓથી ભરેલું છે, તેમાંથી કેટલીક ક્ષતિઓ અસહ્ય છે, તેથી તે ક્ષતિઓને મુદ્દાસર જણાવાય છે.

(૧) લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે એક મહાન વિભૂતિનો આ ધરતી પર જન્મ થયો. નાની વયે એ વિભૂતિએ સ્થાનકવાસી સંપ્રદાયમાં ચારિત્ર લીધું. એટલી બધી જબરજસ્ત પ્રતિભા તેમનામાં હતી કે રોજ ૩૦૦ ગાથા ગોખતા. નામ હતું એમનું આત્મારામજી મ. એ વખતે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના બુટેરાયજી મ. જોડે આત્મારામજી મ.નો વાદ થયો. જે વાદમાં બુદ્ધિ પ્રતિભાના જોરે આત્મારામજી મહારાજ જીતી ગયા.

હવે આત્મારામજી મ.ને યોગ્ય સાધુએ વ્યાકરણ ભણવાની સલાહ આપી. વ્યાકરણ ભણવાથી આગમના સૂત્રોનો અર્થ સારી રીતે સમજી શકાતો હોય છે. આત્મારામજી મ. વ્યાકરણ ભણ્યા. આગમોનો સાચો અર્થ તેમને હવે સમજવા લાગ્યો. મૂર્તિપૂજક સંપ્રદાયની માન્યતાઓ તેમને સચોટ લાગી. તેથી તેઓશ્રી સમાજની કે ભક્તવર્ગોની ઘેલછા છોડીને સત્ય માર્ગે અર્થાત્ મૂર્તિપૂજક સંપ્રદાયમાં આવી ગયા. પોતાનો લગભગ ૨૦ વર્ષનો સ્થાનકવાસી સાધુ તરીકેનો દીક્ષાપર્યાય જતો કરીને અહીં નવેસરથી વ્રત ઉચ્ચર્યા. સ્થાનકવાસી સંપ્રદાયમાં શ્રેષ્ઠતમ કક્ષાનું ગૌરવ તેમને મળતું હતું. તેનો લોભ જતો કર્યો. હજારો કુટુંબોને સ્થાનકવાસી માર્ગ છોડાવી સત્યમાર્ગે તેમણે લાવ્યા. મૂર્તિ-

પૂજ્ય સંપ્રદાયમાં આવ્યા પછી એમણે જબરજસ્ત શાસનપ્રભાવનાઓ કરી. એ વખતે જૈન શાસનમાં એ ટોચ પર બિરાજતા હતા શાસનમાં ઉદ્ભવતા અનેક પ્રશ્નોના સચોટ સમાધાન તેઓશ્રી પાસેથી પ્રાપ્ત થતા. પોતાના જીવન દરમ્યાન સાહિત્ય સર્જન પણ સારા પ્રમાણમાં કર્યું, જે આજે પણ ઉપલબ્ધ છે. શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર પણ બહોળો હતો.

આવા આ મહાપુરૂષ માટે પંન્યાસજી મ. પોતાના પુસ્તકમાં કેવો ખોટો આક્ષેપ કરે છે, અને તેઓશ્રીને હલકા ચિતરે છે, તે માટે પુસ્તકના પૃષ્ઠ નં. (૨૫) પર વાંચીએ તો ત્યાં એવા ભાવનું લખાણ છે કે–'૨૦૦–૩૦૦ વર્ષ પહેલા જૈન શાસનમાં બે પ્રકારના સાધુ જોવા મળતા. એક પ્રકાર સંવિગ્નોનો–બીજો પ્રકાર યતિઓનો. સંવિગ્ન સાધુઓ પોતાનો બધો સમય મોક્ષલક્ષી આત્મસાધનામાં પસાર કરતા. સુંદર આચાર પાળતા. જ્યારે યતિઓ કઠોર સાધ્વાચાર પાળવા અસમર્થ હતા, છતાં સુવિશુદ્ધ બ્રહ્મચર્ય પાળતા. જેના જોરે તેમને મંત્રો સિદ્ધ હતા. એ મંત્રોના બળથી રાજાઓ વગેરેને વશ કરી યતિઓ જિનશાસનના ધાર્યા કામ કરાવતા. યતિઓ જિન શાસનના જબ્બર પ્રભાવક હતા. પણ પાછળથી યતિઓ કાંઇક વધુ શિથિલ થયા હતા, તેવું સાંભળવા મળે છે.'

આવા ભાવનું લખાણ કર્યા બાદ હવે પંન્યાસજી મ. લખે છે કે–**'આ વસ્તુને આગળ કરીને પૂ. આત્મારામજી મ. સા. વગેરેએ તેમની બહુ મોટી નિંદા કરી. તેમને ખૂબ ઉતારી પાડયા. બસ .. ત્યારથી યતિ સંસ્થા નબળી પડી. હાલ તો લગભગ નામશેષ થઇ છે.'**

પંન્યાસજી મ.નું કહેવાનું તાત્પર્ય એ છે કે યતિઓને જૈન સમાજમાં હલકા પાડી, લોકોને તેમનાથી ઉભકાવી નાંખી પૂ. આત્મારામજી મ. એ શાસનની ઘોર ખોદી નાંખી. શાસનની જબરજસ્ત પ્રભાવના કરતા યતિઓની નિંદા કરી, તેમને ઉતારી પાડીને યતિસંસ્થા નાબુદ કરવાનું મહાપાપ પૂ. આત્મારામજી મ.એ આચર્યું, કે જેને કારણે શાસનની ચાલી રહેલી સુંદર વ્યવસ્થા ભાંગી પડી છે.

હકીકત એ છે કે જૈન શાસનમાં સંવિગ્ન અને યતિ, આ રીતની કોઇ વ્યવસ્થા જ નથી. સંવિગ્ન અને અસંવિગ્ન એ વ્યવસ્થા છે. જેમાં સંવિગ્નો પૂજ્ય છે અને અસંવિગ્નો અપૂજ્ય છે. સંવિગ્નો જ શાસનની પ્રભાવના કરે છે, અસંવિગ્નો નહીં. યતિઓ એ સંવિગ્ન નથી, પૂ. ઉપાધ્યાયશ્રી યશો વિ. મ. એ આ બાબું સુંદર રીતે પોતાના ગ્રંથોમાં સ્પષ્ટ કર્યું છે. છતાં પંન્યાસજી મ. યતિઓનો પક્ષ લઇ અસંવિગ્નોનું

પોષણ કરે છે, અને સંવિગ્ન એવા પૂ. આત્મારામજી મ.ને નિંદે છે.

પુ. આત્મારામજી મ.એ પંન્યાસજી મ.ના ગુરૂ પુ. પ્રેમ સૂ. મ., પુ. કાન સૂ. મ., પુ. વીર વિ. મ., પુ. કમલ સૂ. મ. તથા અનેક વડીલોના હૈયામાં અત્યંત આદરભર્યું સ્થાન ધરાવતા હતા. આ બધા પુન્યોની નિશ્રામાં તેઓશ્રીના ગુણાનુવાદ થતા-થાય છે. છતાં આ બધી વાતને નજરઅંદાજ કરીને પંન્યાસજી મ. ગમે તેના મોંઢે ગમે તેવી વાત સાંભળી, તેને સાચી માની તેઓશ્રીના દોષાનુવાદ કરવા બેસી ગયા છે. જે મહાપુરૂષોની કૃપાથી પોતાનું સન્માર્ગમાં અસ્તિત્વ છે, તે ઉપકારને માનવો તો દૂર રહ્યો, પંન્યાસજી મ. કૃતઘ્ની બનીને તેમને ભાંડવા લાગી પડયા છે.

(૨) પંન્યાસજી મ.ની એક નિઃસ્પૃહતા તો સ્વીકારવી રહી કે તેઓએ આચાર્ય પદની થયેલ ઓફરને ઠુકરાવી દીધેલી. પરંતુ પોતાના આ ગુણને ઢાલ બનાવીને પંન્યાસજી મ. અવારનવાર પોતાની વ્યાખ્યાન સભાઓમાં તથા પુસ્તકોમાં જૈન શાસનના સમસ્ત આ. ભગવંતોનો સાવ એકડો જ કાઢી નાંખે છે. શાસન માટે તન-મનથી એક માત્ર પોતે જ લડી રહ્યા છે. બાકીના બધા ઓચ્છવ-મહોત્સવ અને સંઘો કાઢવામાં તથા ભકતો બનાવવામાં પડયા છે, આવું ચિત્ર ઉપસાવી લોકોના હૈયામાં રહેલા આ. ભગવંત પ્રત્યેના બહુમાનને દૂર કરી દુર્ભાવના પેદા કરે છે.

પંન્યાસજી મ. પેજ નં. (૨૬) પર લખે છે કે—**'આજના ધુરંધર આચાર્યો (પોતાને મંત્રસિદ્ધ માનનારાઓ) શીખરજી, અંતરીક્ષજી વગેરે તીર્થો ઓવાઇ રહ્યાં છે ત્યારે કાચો પાપડ પણ ભાંગવાની હાલતમાં નથી તેમની પાસે અંતે સ્ફુરણા નથી કે જે એકાદ પણ આગાહી (રાજકારણના વિષયની) સાચી પડતા જૈન શાસનનો જય જયકાર થઇ જાય. તેમની પાસે વચનસિદ્ધિ પણ નથી, જેનાથી કોઇ મોટો પ્રભાવ ફેલાવી શકાય. તેમની પાસે એકાદ ભૂતની પણ ચોટલી હાથમાં નથી, જેનાથી નાનકડું ય કામ કરી શકાય. અરે! વળગાડ સ્વરૂપના ઉપદ્રવોને દૂર કરવા માટે મુસ્લિમોનાં કે હિન્દુ ભૂવાઓની પાસે સ્વયં જવું પડે છે. બીજાઓને મોકલવા પડે છે. આ કેવું ભાંતરદારિદ્રય!'**

આચાર્ય પદની મહત્તા લોકોના હૈયામાં અંકિત કરવાનું તો દૂર રહ્યું. પંન્યાસજી મ. લોકોને તેમનાથી દૂર કરી રહ્યા છે. મંત્રસિદ્ધિ ન હોવા માત્રથી શું આજના આચાર્યો આંતરિક રીતે દરિદ્ર થઈ ગયા? પંન્યાસજી મ.ને પુછવું જોઇએ કે-'તમારા ગુરૂદેવ પુ. આ. શ્રી પ્રેમ સૂ. મ. તમારા ભૂતપુર્વ ગચ્છાધિપતિ આ. શ્રી ભુવનભાનુ

સૂ. મ., વર્તમાન ગચ્છાધિપતિ આ. જયઘોષ સૂ. મ. વિગેરે આંતર વૈભવવાળા હતા (છે) કે આંતરદારિદ્રયવાળા ? તેમના હાથમાં ભૂતની ચોટલી હતી (છે) કે નહી ? આ આચાર્ય ભગવંત પણ અંતરિક્ષજી–કેસરીયાજી માટે કંઇ કરી શકયા નથી, તો શું તેઓ કાચો પાપડ ભાંગી શકે તેવા હતા (છે) કે નહી ?'

પંન્યાસજી મ. એ ભૂલી રહ્યા છે કે આવા વિષમ કાળમાં પણ સંસારની અસારતાની વાતો કરીને, મોક્ષનો અભિલાષ પેદા કરીને આચાર્ય ભગવંતો અનેક જીવોનો ઉદ્ધાર કરી રહ્યા છે. આનાથી મોટી વચનસિદ્ધિ કઇ હોઇ શકે ? ભૂતનો વળગાડ દૂર કરવાની શક્તિ હોય, તેને જ શાસન પ્રભાવક આચાર્ય માનવાની માન્યતા ધરાવતા પંન્યાસજી મ.ને કોણ સમજાવી શકે કે વિષય–કષાય રૂપી ભૂતના વળગાડને દૂર કરવાની જરૂર છે. ને આચાર્યો તે કરી જ રહ્યા છે.

કેટલાક આચાર્યોની શાસન પ્રત્યેની ઉપેક્ષા અને શિથિલતાને નજરમાં લઇને સમસ્ત આચાર્યો માટે આ રીતે બળાપો કાઢવો, એ શું પંન્યાસજી મ. માટે ઉચિત છે ? એક માત્ર હું જ 'યા હોમ' કરીને શાસનને બચાવવા કુદી પડયો છું, અને કુદવાનો છું, શાસનની કોઇને પડી નથી, આવું મિથ્યાભિમાન પંન્યાસજીમાં વર્ષોથી ઘર કરી ગયું છે. પંન્યાસજી મ.ને કહેવું પડશે કે છેલ્લા વર્ષોમાં જેટલું નુકશાન તેમનાથી થયું છે, તેટલું કદાચ કોઇનાથી નહી થયું હોય કારણ ઉત્સૂત્રભાષણ જેવું કોઇ પાપ નથી, અને પંન્યાસજી મ.નું બેવચનીપણું જગજાહેર છે.

(૩) પેજ નં. (૨૦) અને (૨૧) વાંચવામાં આવે તો પંન્યાસજી મ.નું માનસ કેટલું બધું હિંસક બની ગયું છે, તેનો આપણને ખ્યાલ આવે.

પેજ (૨૦) ઉપર આવા ભાવનું લખાણ છે કે–'ગોરાઓ ભારત ઉપર પોતાનું આધિપત્ય જમાવશે. ધર્મ અને સંસ્કૃતિનો મહાનાશ થશે. કદાચ ગોરાઓ ભારતની ૭૦–૮૦ કરોડની પ્રજાને ભૂખમરામાં સપડાવીને વગર ચુકયે મારી નાંખશે અઇસાઇ અને અશ્વેત પ્રજા ઉપર છરો ફરી વળશે. અને પછી દેશ ઉપર ક્રીશ્ચ્યન ધર્મનો વાવટો ફરકી જશે. સહુ ઇસાઇ બન્યા હશે.'

આટલું લખ્યા પછી પંન્યાસજી મ. આવા શબ્દો લખે છે કે–**'પણ સબ્બર ! જ્યારે આ બધું લખી રહ્યો છું ત્યારે જ અંતર ના.... ના... ના નો પોકાર પાડે છે. તે કહે છે–ઇસાઇઓ અને મુસ્લિમો વચ્ચેનું અતિભયાનક વિશ્વયુદ્ધ નજીકના જ સમયમાં આવે છે. ૫૦ કરોડથી વધુ લાશો પડવાની છે. એ**

ઇસા અને મુસા એયની બધી તાકાત તેમાં તુટી જવાની છે. તેઓ ઠંઠાગાર બનીને અસ્તિત્વ ટકાવવા માટે જ જોરદાર યત્નો કરવાના છે.'

રાજકારણમાં વધુ પડતો રસ લેવાના કારણે પંન્યાસજી મ. નિરર્થક કેવી કેવી કલ્પનાઓ કરીને અનર્થદંડનું મહાપાપ આચરી રહ્યાં છે ! તંદુલીયા મત્સ્યની જેમ એક પણ જીવને ન મારવા છતાં કરોડો જીવોને માનસિક અને વાચિક હિંસા રૂપે પંન્યાસજી મ. મારી રહ્યા છે. ઇસાઇઓ અને મુસ્લિમો પ્રત્યેનો દ્વેષ એટલો બધો ગાઢ બન્યો છે, કે જેથી પંન્યાસજી મ.ને આવા ભયંકર વિચારો આવી રહ્યા છે. ભગવાને તો એવું સાધુપણું બતાવ્યું છે કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ મન-વચન કે કાયાથી હિંસા ન કરવી પડે. જ્યારે અહીં તો કરોડો પંચેન્દ્રિય જીવોની હિંસા વિચારાઇ રહી છે.

પંન્યાસજી મ.ની કલ્પના કદાચ સાચી પડે, ઇસાઇઓ અને મુસ્લિમોની તાકાત તુટી જાય ને હિંદુઓનું જગત ઉપર વર્ચસ્વ વધે, તો શું તેટલા માત્રથી સંસ્કૃતિ અને જૈન શાસન પર આવતા આક્રમણો અટકી જશે ? ટ્રસ્ટ એક્ટ કે પુરાતત્ત્વ ખાતાના કાયદા લાવનાર કોણ હિંદુઓ છે કે બીજા ? ધર્મોના દ્રવ્ય ઉપર જે સરકારની નજર બગડી છે, તે સરકાર હિંદુની છે કે બીજાની ? પાલીતાણા ઉપર ચઢીને મૂર્તિ-મંદિરોની તોડફોડ કરનાર હિંદુ હતો કે બીજો કોઇ હતો ? બાલદીક્ષા પ્રતિબંધક ધારો વારે ઘડીયે લાવનાર હિંદુઓ કે બીજા કોઇ ? ભારતમાં માંસાહાર કરનારી પ્રજા મુસ્લિમ કરતા પણ વધારે સંખ્યામાં હિન્દુ છે, તે ખ્યાલ છે ? સ્વચ્છતા અભિયાનના નામે સુરતમાં હજારો કતરા મારનાર 'રાવ' હિંદુ જ હતો ને ?

ઇસાઇ અને મુસ્લિમો સામે જેહાદ જગાવીને હિન્દુઓ સાથે એકતા સાધવાની વાત કરતા પંન્યાસજીએ સમજવું જોઇએ કે આ હિન્દુઓ પણ મોક્ષમાર્ગ પર જબરજસ્ત આક્રમણ કરી રહ્યા છે. માટે કોઇની પણ સાથે એકતા કરવાનાં પ્રયત્ન કર્યા વિના જે રીતે પરાપૂર્વથી મહાપુરૂષો મોક્ષમાર્ગનું રક્ષણ કરી રહ્યા છે. તે રીતે રક્ષણ કરવાનો પ્રયત્ન કરવા જેવો છે. પોતાના શિષ્યવૃંદ અને ભક્તજનોને ઇસાઇ-મુસ્લિમો વિરૂદ્ધ પાનો ચડાવનાર પંન્યાસજી મ. પોતે પ્રશસ્તકષાયમાંથી કયારે અપ્રશસ્ત કષાયમાં સરી પડે છે, તે આશ્રિતોને પણ અપ્રશસ્ત કષાયમાં પાડે છે, તે દેખ્યા વિના આડેધડ નિવેદનો કરીને. રૌદ્રધ્યાનમાં સરી પડી ભયંકર કર્મોનું ઉપાર્જન કરી રહ્યા છે.

પેજ (૧૬) ઉપર જુઓ તો ત્યાં પંન્યાસજી મ. લખી રહ્યા છે કે-'ગાંધીજી મુસ્લિમોને ખુશ કરવા ગયા તો ગોડસેએ ગાંધીજીને જાનથી મારી નાંખ્યા. તો શું ઇટાલીની

કન્યા (સોનીયા ગાંધી)ને વડા પ્રધાન પદે બિરાજેલી જોઇને શું કોઇ ગોડસે નહિ ઉશ્કેરાઇ જાય ? તે 'કશું'ક' કરી નહી બેસે ?

સમગ્ર ભારતીય પ્રજાની એ મશ્કરી કોઇને તો અસહ્ય થઇ જ પડશે ને ?' આવું લખીને પંન્યાસજી મ. ગોડસેએ ગાંધીજીની કરેલી હત્યાને વ્યાજબી ઠરાવી રહ્યા છે, અને સોનીયા ગાંધી ગાદી પર આવે તો તેના પણ આવા જ હાલ કરવા જોઇએ, તેવું પરોક્ષ રીતે સૂચવી રહ્યાં છે. હિન્દુ પ્રજાનો ઉદય કે ઉત્થાન તો થવાનું હશે ત્યારે થશે, પંન્યાસજી મ.નો અનુદય અને પતન તો નિશ્ચિત થઇ ચુકયું છે.

(૪) પંન્યાસજી મ. પેજ (૧૮) ઉપર લખે છે કે-**'વર્તમાનકાળમાં દેશ વગેરે તમામની પરિસ્થિતિ અતિ ખરાબ છે, કારણ તેવા સમર્થ નેતૃત્વનો શુન્યાવકાશ સર્જાયો છે. જો સંતશક્તિનું જાગરણ થાય અથવા જો દસ-વીસ ઋતંભરાઓ કે ગોવીંદ રાઘો ખેરનારો અથવા મેઘા પાટકરો કે અણ્ણા હજારેઓ બહાર આવી જાય તો એમના ધગધગતા અને પૂરવેગે ધસમસતા સત્ત્વને જોઇને કદાચ સ્મશાનના મડદાઓ પણ ઊભા થઇને અન્યાયો સામે તુટી પડે.'**

પંન્યાસજી મ.ને આજના આચાર્ય ભગવંતોમાં ક્યાંય પાપડ ભાંગવાની શક્તિ પણ દેખાતી નથી, જ્યારે બીજી બાજુ ઉપર લખેલ પાત્રોમાં જ સત્ત્વ વિગેરે ગુણો દેખાય છે, આના કરતા વધારે કમનસીબી જૈન શાસનની બીજી કઇ હોઇ શકે ? શાસ્ત્રકારો ફરમાવે છે કે-'અધર્મીના તેમજ નાસ્તિકોના ગુણની પ્રશંસા-અનુમોદના હોય જ નહીં, ભલે તેનામાં પ્રમાણિકતા વગેરે લાખ્ખો કે કરોડો ગુણો હોય.' અને માટે જ અતિચારમાં લખ્યું કે-'મિથ્યાદૃષ્ટિ તણી પ્રશંસા કીધી.' બેરનાર કે મેઘા પાટકરમાં શું આત્મા-પરલોક-મોક્ષ પ્રત્યે શ્રદ્ધા છે ખરી ? આ શ્રદ્ધા વિનાના નાસ્તિક જેવા તેમના જાહેરમાં વખાણ કરવા, તે શું વિવેકની ખામી નથી સૂચવતું ? મેઘા પાટકર તો પર્યાવરણને લક્ષ્યમાં લઇને લડત આપી રહી છે એને મોક્ષમાર્ગ સાથે લેવા દેવા શું ? એજ મેઘા પાટકર જો સત્તા પર આવશે તો લાખ્ખો કુલેાથી થતી મહાપૂજનો, હજારો સાધર્મિકોની કરાતી ભક્તિનો કે સેંકડો બંધાઇ રહેલા જિનમંદિરોનો પર્યાવરણના નામે વિરોધ નહી કરે ? જેને મોક્ષ સાથે સ્નાનસૂતક જ નથી, તેવાની પ્રશંસા શી રીતે થઇ શકે ?

આ પુસ્તકમાં આવા તો અઢળક મુદ્દાઓ છે, કે જે મુગ્ધજીવોને ઉન્માર્ગગામી

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

❋ ગહુંલિ અંગે વિચારણા ❋

—પૂ. મુનિરાજશ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

પૂ. શ્રી ગુરુભગવંતના પ્રવેશ સમયે કે પ્રવચન સમયે જે ગહુંલિ કરવામાં આવે છે તે ગહુંલિ શા માટે કરવાની, કેવાં કેવાં દ્રવ્યોની કરવી જોઇએ અને તે ગહુંલિનું દ્રવ્ય શામાં જાય તે વગેરે અંગે સામાન્યથી થોડીક વિચારણા કરવી છે.

શ્રી જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી પૂજા કરનારો શ્રાવક, દ્રવ્ય પૂજા કર્યા પછી ભાવપૂજા સ્વરૂપ ચૈત્યવંદન કરતાં પૂર્વે અક્ષતપૂજા કરે છે અને સ્વસ્તિક–સાથીયો, ત્રણ ઢગલી અને સિધ્ધશિલાનું અક્ષતથી આલેખન કરે છે. પોતાના ઘરના અક્ષતથી સાથીયો કરનારા શ્રાવકો, 'શ્રી જિનપૂજા પણ સ્વ દ્રવ્યથી જ કરવી જોઇએ પણ દેવ દ્રવ્યથી પૂજા ન કરાય' તે બાબતની સાચી સમજમાં કેમ ઉદાસીન રહે છે તે સમજાતું નથી. અક્ષતપૂજા, ફળપૂજા અને નૈવેદ્યપૂજા માટે પોતાના ઘરના જ અક્ષત–ફળ અને નૈવેદ્ય વાપરનાર પુણ્યાત્મા, દૂધ, ફૂલ, ધૂપ વગેરે અન્ય સામગ્રી પણ શક્તિ અનુસાર પોતાની ઘરની લાવીને જ શ્રી જિનપૂજા થાય તે સમજી શકે તેમ જ છે. છતાંય ગતાનુગતિકથી ચાલે તો અંતે પોતાના આત્માનું અહિત કરે છે. તેવું અહિત – અનર્થ ન થાય માટે પ્રસંગ પામી આટલું ધ્યાન ખેંચ્યું છે.

અક્ષતપૂજા વખતે જે દુહા બોલાય છે તે ગુજરાતી ભાષામાં હોવાથી તેનો અર્થ સારી રીતના સમજી શકાય છે. સ્વસ્તિક કરવામાં અક્ષત–ચોખાનો જ ઉપયોગ થાય છે અને બીજા ધાન્યનો ઉપયોગ કરાતો નથી તેનું કારણ એ છે કે ચોખાને બીજી વાર વાવવા છતાં તે ફરી ઉગતા ઉત્પન્ન થતા નથી. તે જ રીતે ઉપાસક પણ તે ભાવના ભાવે છે કે, હવે મારે 'ભવમાં ફરી ઉત્પન્ન ન થવું પડે તો સારુ' અજન્માવસ્થાને પામવા આ જન્મ જેવો ઉત્તમ બીજો એક જન્મ નથી.

ભવના બીજનું કારણ કર્મનો મૂળમાંથી નાશ કરવા સમર્થ એવું સાધુપણું માત્ર આ મનુષ્ય જન્મમાં જ મળે છે. ચારે ગતિરૂપ સંસારમાં, ચોર્યાશી લાખ જીવા યોનિમાં ભમી ભમીને થાકી ગયેલ આત્મા હવે અજન્માવસ્થાને પામવાને ઇચ્છે છે. ખરેખર આવી સાચી ઇચ્છા પણ કોને થાય ? જેને 'હું આત્મા છું'. અનાદિકાલથી આ સંસારમાં ચારે ગતિમાં ભટકી રહ્યો છું તેનું સાચું 'ભાન' થાય અને હવે મારે ભટકવું નથી તેવો 'ભય' પેઠા થાય તે જ આત્મા સ્વસ્તિક આલેખે તે સાચો. તેનો પરમાર્થ તે સમજી ગયો છે. તે એ વાત સારી રીતે સમજે છે કે – "આ સંસાર

સુખમય હોય – અનુકૂળતાવાળો હોય તોય મારું સ્થાન નથી જ. સંસાર એ મારા આત્માનું શુધ્ધ સાચું સ્વરૂપ નથી પણ વિરુપ જ છે, મોક્ષ એ જ મારા આત્માનું શુધ્ધ અને સાચું સ્વરૂપ છે. મોક્ષ જ મારું સાચું સ્થાન છે" તે મોક્ષને પામવા માટે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યકચારિત્ર જરૂરી છે. તે ત્રણે આત્મસાત થાય તો જ આત્માની મુક્તિ થાય. આ ભાવને વ્યકત કરતાં તે સાથિયો, તેના ઉપર ત્રણ ઢગલી અને સૌથી ઉપર સિધ્ધશીલાનું અક્ષતથી આલેખન કરે છે.

સંસાર એ જ આત્માનો રોગ છે, મોક્ષ એ જ આત્માનું આરોગ્ય છે, તે આરોગ્યને પામવા મહા ધન્વંતરી સમાન શ્રી જિનેશ્વરદેવરૂપી વૈદ્યે બતવેલ ઔષધનું, અપથ્યના ત્યાગ અને પથ્યપાલન પૂર્વક આસેવન કરવાનું છે. જેનાથી રોગ નિમૂર્ણ થાય છે, સાચી નીરોગી અવસ્થા પેદા થાય છે. તે પરમ તારક શ્રી જિનેશ્વર દેવની અવિદ્યમાનતામાં તેમણે બતાવેલા માર્ગે ચાલતા અને તેમના કહ્યા મુજબ ભેળસેળ વિના શુધ્ધ જ ઔષધનું પ્રદાન કરનારા સદ્ગુરુઓ તેમના કમ્પાઉન્ડર જેવા છે તેમના કહ્યા મુજબ પથ્યપાલક રોગી પણ નીરોગી બને છે.

આવા સદ્ગુરુઓના પ્રવેશાદિ સમયે પણ ભાવિકો પોતાની રોગી અવસ્થાને સૂચિત કરતી અને નીરોગીપણાને પામવાનો ઉપાય બતાવતી ગહુંલિથી તેમનું બહુમાન કરે છે. ખરેખર શ્રી જૈન શાસનનો આ કેવો અદ્ભૂત વિધિ યોગ છે કે, રોગી જાતે જ પોતાની રોગી અવસ્થાને ય સમજે છે કે, નીરોગીપણાને પણ સારી રીતના જાણે છે અને રોગથી નિર્મુકત થઇ નીરોગીપણાને પામવાના ઉપાયો પણ જાણે છે – જાતે જ પોતાની ચિકિત્સા કરવાની વિનંતી કરે છે. આ જ ભાવ વ્યાખ્યાન સમયે કરાતી ગહુંલિમાં પણ વ્યકત કરે છે. તેથી જ સુજ્ઞજનો સારી રીતના સમજી શકે છે કે, પ્રવેશના સમયે પણ કરાતી ગહુંલિમાં નીરોગીપણાને સૂચવતી સિધ્ધશિલા પણ કરવાની છે અને તેના ઉપાય રૂપ સમ્યગ્જ્ઞાન – દર્શન – ચારિત્રને સૂચવતી ત્રણ ઢગલી પણ કરવાની છે.

શાસનરસિક બનેલા આજ્ઞાપ્રેમી જીવો એ વાત પણ સારી રીતે સમજે છે કે, આપણા સદ્ગુરુઓ કંચન – કામિનીના ત્યાગી જ હોય છે. પરિગ્રહ સ્વયં રાખે નહિ, બીજા પાસે રખાવે નહિ કે રાખતાને સારા માને પણ નહિ. નિષ્પરિગ્રહી અને નિઃસ્પૃહ હોવાથી ગુરુની પૂજા રૂપે જે કાંઇ દ્રવ્ય હોય તે ગુરુ દ્રવ્ય કહેવાય અને ગુરુ પોતાની પાસે દ્રવ્ય રાખે નહિ માટે તે ગુરુથી ઊંચા સ્થાન દેવદ્રવ્યમાં જ તેનો ઉપયોગ કરાય.

અહીં એવી શંકા તો અજ્ઞાન શેખરો અને નામના કીર્તિના લાલચુ આત્માઓ જ કરે કે – જિન સંબધી દ્રવ્ય એ દેવદ્રવ્ય ગણાય તેમ ગુરૂ સંબંધી દ્રવ્ય ગુરૂદ્રવ્ય કહેવાય અને પછી ગુરુના સ્મારક આદિ પોતાની મરજી મુજબના કામોમાં વાપરી શકાય. બાકી શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિઓ તો આને કુતર્ક જ ગણે તેમની ભાવકયા જ ન આવે કે પોતાના ગુર્વાદિ વડિલો શું કહેતા અને કરતા અને કહેવાતા 'ભકત' શું કરી રહ્યા છે. **ગુરૂની પૂજા સંબંધી દ્રવ્ય એ દેવદ્રવ્ય જ ગણાય અને તેનો ઉપયોગ પણ તેમાં જ કરાય.** આ શ્રી જૈન શાસનની પાયાની વાત છે. સુવિહિતોને સંમત પણ છે.

દેવદ્રવ્યને હાનિ પહોંચે એવું કામ 'સુવિવેકી' 'સુશ્રાવકો' કરે જ નહિ, કરતાને સાથ પણ આપે જ નહિ, ગહુંલિનું દ્રવ્ય એ દેવદ્રવ્ય ગણાતું હોવાથી ગહુંલિ પણ એવા ઉત્તમ અને કિંમતી દ્રવ્યોની બનાવવી જોઇએ જેની પૂરેપૂરી કિંમત ઉપજે જેમ કે, કિંમતી સુવર્ણ – મોતી આદિની ગહુંલિ કરી હોય અને જે વખતે તેનો ઉપયોગ કરે તે વખતે તે ગહુંલિ જેટલી કિંમતની થઇ હોય તેટલી કિંમત દેવદ્રવ્યમાં ભરપાઇ કરી તે ગહુંલિ પોતાને ત્યાં રાખી શકે. તે જ ગહુંલિનો બીજી વાર ઉપયોગ કરવો હોય તો તે સમયે તેની જે કિંમત થતી હોય તે જ કિંમત આપવાથી દેવદ્રવ્ય – ભક્ષણનો દોષ લાગતો નથી.

વાસ્તવમાં જે જે ભાગ્યશાલી જે જે ગહુંલિ કાઢે તેનો જે ખર્ચ થાય તે જાતે જ દેવદ્રવ્યમ નાખવો જોઇએ કે પેઢીમાંથી તે અંગેની પહોંચ લઇ લેવી જોઇએ તો જ પોતે દેવદ્રવ્યની હાનિ કે ભક્ષણના દોષમાંથી બચી શકે નહિ તો જાણ્યે – અજાણ્યે પણ દેવદ્રવ્યના ભક્ષણનો દોષ લાગવાની સંભાવના છે. આટલી સ્પષ્ટતા કરવાનું કારણ એક જ છે કે, વર્તમાનમાં જે રીત–રસમો ચાલી પડી છે, તેથી ગહુંલિના કારણે અજાણતા પણ દોષના ભાગી બનતા જોવાય છે. તેમાંથી બચાવવા આ વાત છે.

દેવદ્રવ્યની વૃધ્ધિ પણ અનુચિત માર્ગે કરવી હિતાવહ નથી એમ જાણનારો સુશ્રાવક 'ગહુંલિ સ્પર્ધા' જેવી પ્રવૃત્તિમાં પડે જ નહિ કે તેનો પ્રેરક કે પ્રોત્સાહક પણ બને નહિ. આવી બધી સસ્તી ચાહના–નામનાની પ્રવૃત્તિઓ કેવી અનર્થકારી છે તે તેના પરિણામો જોનાર આત્મા સારી રીતના સમજી શકે છે. આત્મકલ્યાણ માટે કરવાની કોઇપણ પ્રવૃત્તિને સ્પર્ધાનો ભોગ બનાવવાથી પ્રવૃત્તિનું લક્ષ્ય અને સ્વરૂપ જ બદલાઇ જાય છે, પછી તે પ્રવૃત્તિ આરાધના મટીને રાગદ્વેષનું સાધન બને છે,

ગહુંલિ એવા દ્રવ્યોની બનાવવી જોઇએ કે જેના પૈસા ઉપજે, જયણાધર્મનું

પાલન થાય. ખાદ્યપદાર્થો પણ એવા નહિ વાપરવા જેની ગંધથી કીડીઓ–આદિ તુરત જ આવી જાય અને વિરાધના થાય. આજ્ઞાનો પ્રેમ, આત્મા પ્રત્યે સાચું બહુમાન જાગે અને ગહુંલિનો પરમાર્થ સમજાઇ જાય તેવા વિવેકીને એવો પ્રશ્ન પછ ન ઊઠે કે ગહુંલિ કેવા ખાદ્યપદાર્થની બનાવવી અને કેવા ખાદ્યપદાર્થની ન બનાવવી. અવિવેકીને માટે તો ઉત્તમ પણ ચીજની કિંમત નહિ હોવાથી તે તો માત્ર દેખાદેખીનું 'નાટક' કરનારો બને છે,

આત્માની રોગી અવસ્થાને નિર્મૂળ કરી સંપૂર્ણ નીરોગી અવસ્થાને પેદા કરાવવાના ગર્ભિત ભાવથી સૂચિત એવી ગહુંલિના આ પરમાર્થને સાચી રીતે સમજી સૌ પુણ્યાત્મા આજ્ઞાના પ્રેમી બની, સિદ્ધિપદના શીઘ્ર ભોક્તા બનો તે જ શુભાભિલાષા સાથે આટલી પ્રાસંગિક વિચારણા કરી છે.

卐 શાસન સમાચાર 卐

આણંદ : અત્રે પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. તથા પૂ મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં સુંદર આરાધના થાય છે.

* અષાઢ સુદ–૭ ના ભવ્યાતિભવ્ય પ્રવેશ, વિશિષ્ટ સંઘ પૂ., સંઘ આયંબીલ તપની આરાધના.
* અષાઢ સુદ–૧૪ થી સાંકળી અટ્ઠાઇની શરૂઆત.
* અષાઢ વદ–૧૧ નાં પાર્શ્વનાથ ભગવાનના એકાસણા.
* અષાઢ વદ ૧૪ થી શ્રા. સુ. ૩ સુધી ભવ્ય સ્નાત્ર મહોત્સવ, પ૬ દિકકુમારી સાથેનો પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિ. રામચંદ્ર સૂ. મ. સા. ની ૭ મી પુણ્યતિથિ નિમિત્તે આણંદના બધા દેરાસરોમાં પ્રભુજીને ભવ્ય અંગરચના, ગુણાનુવાદ તથા વિશિષ્ટ સંઘ પૂ., આયંબીલ તપની આરાધના.
* શ્રા. સુ. ૯ ના અરિહંત પદની આરાધના નિમિત્તે દીપકવ્રતના એકાસણા.
* શ્રા. સુ. ૧૨ ના પૂ. પંન્યાસ પ્રવરશ્રી ભદ્રાનંદ વિ. મ. ની ૧૩ મી તિથિ પ્રસંગે ૪૫ આગમની મહાપૂજા, રચના સાથે.
* શ્રા. વ. ૨ ના સાધર્મિક ભક્તિનાં એકાસણા.
* શ્રા. વ. ૯ ના જ્ઞાન–દર્શન–ચારિત્ર ની આરાધના નિમિત્તે લુખીનીવીની આરાધના.
* શ્રી સંઘમાં સામુદાયિક અષ્ટ પ્રાતિહાર્ય તપ તથા ૪૫ આગમનો તપ
* માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૧૨ ઉપવાસ, ૮ ઉપવાસ.

* લોભનું ભયંકર પરિણામ *

— શ્રી વિરાગ

કર્મગ્રંથમાં મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃત્તિઓ ગણાવી છે. આ અઠ્ઠાવીસ પ્રકૃત્તિઓમાંથી ફક્ત એક જ પ્રકૃત્તિ પાછળ આજનો માનવી પાગલ બન્યો છે.

શાંતિમય જીવન જીવવાં ઇચ્છતા માનવીને આ જ પ્રકૃત્તિએ અશાંતિમય બનાવી દીધો છે. ઝાંઝવાના જળ દેખી જેમ હરણો આંધળી દોડ મૂકે છે તેમ માનવી પણ આ પ્રકૃત્તિની પાછળ આંધળી દોડ મૂકે છે. હરણોની તૃષ્ણા છીપાતી નથી તેમ માનવીની પણ અસંતોષની તૃષ્ણા કદીય છીપાતી નથી.

પૂર્વકાળનો માનવી આ પ્રકૃત્તિ પાછળ પાગલ ન હતો. તેને તૃષ્ણા જરૂર હતી પરંતુ અસંતોષની આગ તેમને આભડી ન હતી. શાંતિ, સુખ અને સંતોષના ભોક્તા પૂર્વકાળના માનવીઓ હતા જ્યારે આજના માનવીઓની તૃષ્ણા દિવસે દિવસે વધતી જાય છે. તેમનું ધોરણ પણ ઘણું ઉંચું ગયું છે. તેના કારણે તેઓ અશાંતિ, દુઃખ અને અસંતોષની આગમાં બળી રહ્યા છે.

તેનું મુખ્ય કારણ આ પ્રકૃત્તિ એટલે લક્ષ્મીદેવી.

લક્ષ્મીદેવીની પ્રાપ્તિ, પદવી અને પ્રતિષ્ઠા માટે આજના જીવો શું શું કરે છે તે તમે કદાચ જાત અનુભવેલું જ હશે. તે લખવાની પ્રાયઃ મારે જરૂર નથી પરંતુ આની પ્રાપ્તિનું ભયંકર પરિણામ વિવેકજન સિવાય કોઇ સમજી શકતું નથી.

માટે, લક્ષ્મીદેવીની પ્રાપ્તિ અર્થાત્ હા ! કેવો કરૂણ અંજામ લાવી શકે છે તે માટે હવે આપણે આગળ વાંચીએ.

એક વખત પૃથ્વીની મુલાકાતે નીકળેલા લક્ષ્મીજી અચાનક સરસ્વતીજી એક ગામના છેવાડે ભેટી ગયા. મૌનપૂર્વક અરસપરસ ખબર અંતર પુછી, મોઢુ મચકોડી જવાબ આપ્યાં સરસ્વતીજી સાથે લક્ષ્મીદેવીને ઝગડો થઇ ગયો. "શું જગતમાં તું મારી કિંમત ઓછી આંકે છે ?" લક્ષ્મીદેવીએ પ્રશ્ન કર્યો. "હા" હું છું તો તારી કાંઈક કિંમત ગણાય છે. બાકી તને રાખેય કોણ ? સરસ્વતીએ ઉત્તર આપ્યો, અરે જા, જા, તારા કરતાં મા જગતમાં મારી કિંમત વધારે છે" ગજ ગજ ઉછળતાં લક્ષ્મીદેવી બોલ્યા. વાદ-વિવાદ ઉગ્ર બન્યો, બન્ને પોતાનો પક્ષ મજબુત કરવા ઉગ્ર દલીલો કરવા લાગ્યા. કોઇ કોઇની જીદ છોડવા તૈયાર નથી.

છેલ્લી દલીલ ફેંકતાં લક્ષ્મીજી બોલ્યા, ઉભા રહો, હું તમને હમણાં જ બતાવું

કે આ જગતમાં કોની મહત્તા વધારે છે ?

લક્ષ્મીદેવીએ તરત જ પોતાની શક્તિથી એક મોટી સોનાની પાટ વિકુર્વી તે પાટ માર્ગની વચ્ચોવચ્ચ ઉતારી સોનાની પાટ મુકતાં લક્ષ્મીદેવી બોલ્યા, અંબાડીએ બેઠેલા સરસ્વતીજી ચાલો આપણે અહીંથી અદ્રશ્ય થઇ જઇએ અને હવે પછી શું બીના બને છે તે આપણે શાંતિથી નીહાળીએ.

પાટ રસ્તા વચ્ચે પડી છે. સ્વભાવ છે ચળકાટનો એવી સોનાનં પાટ ઉપર ચારે તરફ પ્રકાશ પાથરતા સૂર્યના કિરણો પડવા લાગ્યા ઉષા ખીલી ઉઠી હતી. સામેથી આવતાં અને મૂછ મરોડતાં બે રાજપૂતોએ આ ચળકાટ જોયો. બન્નેના પગ અડપી બન્યા નજીક આવતાં એક કહે મેં પહેલાં જોઇ છે, બીજો કહે મેં પહેલાં જોઇ છે, પહેલો હક્ક મારો. આ સાંભળી પહેલો બોલ્યો, ભાઇ ઝગડો રહેવા દે, આપણે બંને સરખો ભાગ કરી લઇએ, અરે, વાહ રે વાહ, જોવાની તકલીફ મેં લીધી અને હું તને અડધો ભાગ આપી દઉં. જા, જા ભાગ–બાગ નહી મળે. બધુ જ હોઇયા કરી જવ ની લાલસાએ બીજો બોલ્યો આનો તો સંપૂર્ણ અધિકારી હું જ છું.

બન્ને જીદે ભરાયા સામ સામે જીભાજોડી કરવા લાગ્યા. વાતાવરણ ઉગ્ર અને ગરમ બની ગયું. કોઇ પાછીપાની કરતું નથી. નસો વહેતું લોહી ગરમ થઇ ગયું. બસ, તેજ અવસરે એક રાજપુતે કમ્મર પર લટકતી તલવાર મ્યાનમાંથી બહાર કાઢી, આવી જા, આખી પાટ લઇ જવાની ઇચ્છા છે ને ! જોઉં છું કઇ રીતે પાટને લઇ જાય છે ? તેની ત્રાડ સાંભળતાં જ બીજાએ પણ તલવાર ખેંચી કાઢી. પાટ પાસેની ભૂમિ યુદ્ધ – ભૂમિ બની ગઇ ગર્જના કરતાં બન્ને સામસામે તલવાર વિંઝવા લાગ્યા. બન્ને બળીયા એકબીજાના ઘા ચૂકાયવા લાગ્યા પરંતુ એક–બીજાના ઘાથી એક બીજા અંતે કપાઇ મૂઆ લક્ષ્મીના દાસ લક્ષ્મીજીના ચરણોમાં ઢળી પડયા.

પાટ ત્યાંની ત્યાં જ પડી છે મધ્યાહ્નનો સમય થતાં ગામની ભાગોળે રહેલા મંદિરમાંથી એક ત્યાગી બાવાજી પોતાની તૂંબડી લઇને બહાર પડયા. ભીક્ષાર્થે જતાં બાવાજીની દ્રષ્ટિ ચળકતી વસ્તુ ઉપર સ્થિર થઇ, નજીક આવતા બાવાજીની ભૂખ મરી ગઇ. નિસ્પૃહી ગણાતાં બાવાજી સ્પૃહી થઇ ગયા, પીળું જોતાં બાવાજીનું મન પણ ગળી ગયું. સત્પ્રવૃત્તિ હૈયામાંથી પગ કરી ગઇ અને અર્થની લાલસા હૈયામાં સ્થિર થઇ ગઇ. સ્વાર થયેલ અર્થની લાલસાએ બાવાજીની ઝુંપડીનો ત્યાગ કરાવ્યો અને કમજો બળવાન છે તે ન્યાયે બાવાજી સોનાની પાટ ઉપર આસન પાથરી બેસી ગયા ધૂમધખતી ધરતી, માથે સૂર્યદેવતાનો આક્રોશ અને જઠરાગ્નિનો આઉં આઉં કરતો દાવાનલ હોવા

છતાં પણ બાવાજીના હૈયે ટાઢક હતી. થોડોક સમય સહન કરી લઉં પછી જીવન સુધી શાંતિ.

બોલો આ પ્રભાવ કોનો ?

સોનાની પાટનો ?

કોઈ દિવસ શાંતિ થવાની છે ?

બાવાજી તો તરંગે ચઢયા થોડીક ગરમી ઓછી થશે એટલે અહીંથી કોઇને કોઇ પસાર થશે, તે વટેમાર્ગુ પાસે ઉપડાવીશ મારી ઝુંપડીમાં મુકાવી તેના નાના–નાના ટુકડા કરાવીશ. ઝુંપડીની ભૂમિ ખોદી તેમાં થોડા અંતરે આને દાટી દઇશ. પછી કોની નજર એની ઉપર પડશે નહી અને હું શાંતિથી જીંદગી પસાર કરીશ.

પણ, માનવી ગમે તેટલા આશાના મીનારા બાંધે પરંતુ કયારે ઠડકભૂસ થઇને પડે છે. તેનં સુઝ અને સમજણ તેને પડતી નથી.

અલકમલકની દુનિયામાં બાવાજી ફરવા લાગ્યા, સૂર્યદેવતા પણ પૃથ્વીના પેટાળમાં લપાઇ ગયા. કાળી ભમર રાત્રી જામતી જાય છે. બાવાજીના મનમાં શંકા–કુશંકાઓ ઝગા લાગી ત્યાં તો,

તે જ રસ્તેથી છ ચોરો નીકળ્યાં, જમીનથી અદ્ધર અને રસ્તાની વચ્ચોવચ અડીખમ બેઠેલા કોઈ માનવીને તેઓએ જોયો, ચોરો વિચારવા લાગ્યા, રસ્તાની વચ્ચે કોણ બેઠું છે ?

અદ્ધર બાવાજીની સમાધિ જોતાં ચોરોની આંખો પહોળી થઇ ગઇ. શા માટે બાવાજી મધ્ય રસ્તે બેઠા છે ? શું કારણ બન્યું હશે ? ચોરોની ચકરાઇ આંખોએ બાવાજીની પાટ જોઇ લીધી. માટે જ કહેવાય છે,

"ચોરનારની ચાર અને જોનારની બે"

સૌ ભેગા થઇ ઉઠયા, આજે શુકન સારા થયા છે. નજીકમાં પધરામણી થતાં જ એક ચોર બોલી ઉઠયો, કેમ બાવાજી ! આજે અહીં અડ્ડો જમાવ્યો છે ? શું મંદિરમાં સમાધિ નથી લાગતી ?

ના, ભાઇ ના ! આ પાટ મારી છે.

અરે, બાવાજી તમારી પાસે કયાંથી આવી ? તરત જ ચોર બોલી ઉઠયો. જો ભાઇ, આ તો ભગવાનની ખૂબ ભક્તિ કરી એટલે ભગવાને પ્રસાદી રૂપે આ પાટ મોકલી છે, તેથી આ પાટ ઉપર બેઠો છું.

ચોરો બાવાજીનો ભાવાર્થ કળી ગયા. કમ ભીડાવતાં ચોર બોલ્યો, આ તો તમને

ન ખપે, તમે તો નિષ્પરિગ્રહી તરીકે પંકાયેલા છો તમારે પરીગ્રહ ન જ રખાય, આ તો અમને જ ખપે. તમારા ભગવાને ભલે તમને ભેટ આપી હોય તેનો ભોગવટો તો અમે જ કરીશું, માટે, બાવાજી ઝટ ઉતરી જાવ, જગ્યા ગરમ ન કરો

કરેકને મન એમ છે કે અમે આનો ભોગવટો કરીએ પરંતુ જેનાં ભાગ્યમાં કોતરાયેલું હોય તેને જ તે મળે અને તે ભોગવી શકે તેવું કોઇ સમજી શકતું નથી.

મહાભાગ્યોદયે આવડો મોટો દહલો મળ્યો છે. શા માટે જતો કરું, શું કોઇ માંગે એટલે આપી દેવાનો તેવો વિચાર કરતાં બાવાજી પાટ છોડવાની આનાકાની કરવા લાગ્યા, ચોરો પણ સમજી ગયા બાવાજી ઝટ છોડે તેમ નથી હવે વિલંબ કરવામાં મજા નથી, તલવાર ખેંચી બાવાજીના ગળા ઉપર ફેરવી દીધી. બાવાજીના રામ રમી ગયા.

લક્ષ્મીના સંકજામાં સપડાયેલ પહેલાં બે મર્યા અને હવે ત્રીજો વારો આવ્યો બાવાજીનો.

હવે લક્ષ્મીદેવીની માયાજાળમાં છ જણા લપટાયા. એક પાટના છ માલિક બન્યા હવે આ પાટ ઉંચકી આપણે આપણાં સ્થાને લઇ જઇએ. છ એ જણા મહેનત કરવા લાગ્યા પાટ ઘણી મોટી અને વજનદાર હતી. કેમે કરીને તે ખસતી નથી કે ઉચકાતી પણ નથી હવે શું કરવું, જો તેના ટુકડા કરીએ તો આપણે સહેલાઇથી આપણા સ્થાને લઇ જઇ શકીએ. ટુકડા શેનાથી કરવા ? ટુકડા કરવાના સાધનો પણ આપણી પાસે ક્યાં છે ? અત્યારે આવા સાધનો પણ ક્યાંથી મળશે ? રાત જાગી છે લુહારના દુકાનો પણ બંધ થઇ હશે હવે આને કઈ રીતે ઉપાડવી ?

કાંઇક વિચાર કરતાં હતાં ત્યાં તો એક ચોર બોલ્યો, બાજુના ગામમાં એક સોની રહે છે, તે મારો મિત્ર છે થોડો પરિચય પણ છે. ત ચોરીના માલ પણ લે છે. જો તેને બોલાવી લાવીએ તો આપણું કાર્ય જલ્દી પૂર્ણ થઇ જાય. સવાર પહેલાં આ કાર્ય તો આપણે પૂર્ણ કરવું જ પડશે. અને જો તે આવે તો તેને આપણે એક ભાગ આપીશું. બરાબર ને ! એ પણ રાજી થશે અને આપણું કાર્ય ઘણી જ સહેલાઇથી પરિપૂર્ણ થઇ જશે.

અરે, વાહ, વાહ, સુંદર ઉપાય શોધી કાઢયો.

બે ચોર સોનીને બોલાવવા તેના બાજુ ચાલ્યા અને ચાર ચોરે પાટ સંભાળી પાટ ઉપર બેસી પાટ આંગેના અનેક વિચારો કરવા લાગ્યા. અંધારી રાતમે અને સુસ્વાગતમ કરતાં કુતરાઓની વચ્ચે ચાલતાં બન્ને ચોર પહોંચી ગયા સોનીના ગામમાં, સોનીના ઘર–આંગણે જઇ ઘરની સાંકળ ખખડાવા લાગ્યા, સોનીએ કરવાળે બોલ્યો

એટલે ચોરે પોતાનો પરિચય આપ્યો, ખબર અંતર પૂછી ચોરે ઉપચારીક વાત શરૂ કરી

વાત સાંભળી સોની જવા માટે ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યો.

અરે સોનીભાઇ, તમે તો મારા પરમ મિત્ર છો. સંકટમાં મિત્ર જ કામ લાગે છે. તમે અમારી સઘળી વાત તો સાંભળો, પછી અમારી સાથે ચાલો. ચોરની હકીકત સાંભળી સોની બોલી ઉઠયો, "મારું શું ?"

અરે મલા આદમી, તારે એ માટે પૂછવાનું હોય ખરું ? અને તમને ચોક્કસ રાજી કરીશું ? તમે ચાલો જલ્દી.

ના વધુ નહી જે હોય તો ચોખ્ખું કરો, મને ગોળ-ગોળ પસંદ નથી. સોનીએ ઠાણો ઠાર્યો.

અરે જીગરજાન દોસ્ત, તું ચિંતા ન કર, તને અમે તે પાટનો સાતમો ભાગ આપીશું તું જલ્દી હથોડો, છીણી વગેરે પાટના ટુકડા કરવાનાં સાધનો લઇને ચાલ.

સોનીને નવમું પાપસ્થાનક વળગ્યું "લાલો લોભ વગર ન લોટે" તે કહેવાય પ્રમાણે સોની જવા તૈયાર થઇ ગયો.

આ પાપસ્થાનકનો (લોભ) ઉદય થાય છે ત્યારે તરત જ માયા કરવાનું મન થઇ જાય છે. મનનાં માયા પ્રવેશી એટલે અહંનો પ્રશ્ન આવી ઉભો રહ્યો. અહમ ઘવાયું એટલે માન ઓછું થયું અને કેન્દ્રબિંદુથી માન સહેજ હાલમડોલમ થાય કે તરત જ ક્રોધ ભાઇ તાડુકી ઉઠે. આ ચંડાળ ચોકડી હરહંમેશ સાથે જ રહે છે. તેનો પડછાયો પણ લેવા જેવા નથી.

સોનીના મનમાં માયાનો કીડો સળવળ્યો. એટલે કરામત કરતાં તે બોલ્યો, ભાઇ ! મને લાગી છે ભૂખ, હું થોડુંક ખાઇ લઉં.

અરે સોનીભાઇ, તમે ખાવા બેસસો તો વાર લાગશે તેના કરતાં એક કામ કરો તો ન ચાલે.. શું ? સોની બોલ્યો.

તમે ભાથું સાથે લઇ લો ને ત્યાં પહોંચ્યા પછી શાંતિથી આરોગજો. ભલે, ભાઇ ભલે, સોની અંદર રસોડામાં ગયો. તેને લોટના છ મોટા લાડવા બનાવ્યા અને એક સહેજ નાનો લાડવો બનાવ્યો. મોટા છ લાડુમાં સોનીએ ઝેર ભેળવી દીધું. સુદામાની પોટલી બાંધી સોનીભાઇ તો ચોરની સાથે ચાલવા લાગ્યા.

થોડીક પળમાં તો સોની અને પેલા બે ચોર પાટ પાસો આવી પહોંચ્યાં. પીળું જોઇને સોનીનું મન પીગળી ગયું. આનો માલિક તો હું બનું.

ચોરોને ઉદ્દેશીને સોની બોલ્યો, જુઓ ભાઇઓ : મને લાગી છે ભૂખ, હું સાથે ભાથું પણ લાવ્યો છું. હું એકલો ખાઉંને તમે મારું મોઢું જોયા કરો તે મને યોગ્ય ન લાગે માટે આપણે સૌ સાથે બેસીને ભાવતું ભોજન ખાઇએ. આપણને સોનાની પાટ મળી છે. તેની ખુશાલીમાં આપણે સૌ મોઢું મીઠું કરીએ બરાબર ને. તે કર્યા પછી હું જલ્દીથી પાટના ટુકડા કરવાનું કાર્ય કરીશ.

છ એ ચોરો તથા સોની જમવા બેઠા. છ મોટા લાડવા છ ચોરોને પ્રેમથી આપ્યા નાનો લાડવો પોતે લીધો.

સોનીનું પરાક્રમ પકડાઇ ગયું. ચોરો સોનીની રમત કળી ગયા. જરૂર કાળમાં કાંઇ કાળું છે, એટલે ચોરોએ પૂછ્યું કેમ ભાઇ, તમે આમ કર્યું ?

સોનીના શરીરે પરસેવો છૂટી ગયો. પરંતુ વિશ્વાસ બેસે તે રીતે જવાબ વાળ્યો કે, "મને સંગ્રહણીનો રોગ છે એટલે હું વધુ ખાઇ શકતો નથી"

સોનીની મીઠાશ ભરેલી કલીલ સાંભળીને છ એ ચોરો લાડવાને ખાઇ ગયા, અને સોની પણ લાડુ ખાઇ ગયો.

લાડુ હજી ગળાથી નીચે ઉતરે ત્યાં તો સોની જંગલ જવા ઉપડ્યો ગયો. સોનીને જતો જોઇ ચોરો બોલ્યા સારું થયું પાટ તોડવાનાં સાધનો આપણા હાથમાં આવી ગયાં છે તો સોનીને શા માટે ભાગ આપવો ?

સોની ઝાડની બખોલમાંથી ચોરોની મરવાની રાહ જુએ છે પણ ચોરો હજી જીવતા હતા એટલે સોની દોડીને ચોરો પાસે આવ્યો.

સોનીને આવતો જોઇ ચોર બોલ્યા ભાઇ અમને બહુ તરસ લાગી છે. માટે પહેલાં તમે અમને પાણી પાઓને તમારા આ સાધનમાં પાણી ભરી આવો ને ?

સોની ભાન ભૂલ્યો. સોની નજીકના કુવા પાસે જઇ લોટા વડે પાણી કાઢવા જાય છે ત્યાં તો ચોરોએ તેના બે પગ પકડી કુવામાં ઉતારી દીધો, સોનીના બેહાલ થઇ ગયા.

લક્ષ્મીદેવીની માયાજાળમાં વળી એક વધુ ફસાયો, લોભના પ્રતાપે સોનીએ પોતાનો જીવ ખોયો.

હવે ચોરો વિચાર કરે છે કે હાશ એક ભાગ સોનીને નહીં આપવો પડે. ચાલો આપણે પહેલાં કુવામાંથી પાણી કાઢીએ અને તરસ છીપાવીએ પછી સોનીના ઓજારોથી આપણે પાટના સરખા ભાગ પાડીએ.

ઠંડુ અને મીઠું પાણી કુવામાંથી ચોરાએ કાઢયું. સૌએ પ્રસાદીરૂપે થોડું થોડું પીધું. જેવો પાણીનો ઘુંટડો નીચે ઉતાર્યો ત્યાં ઝેર ચઢવા માંડયું અને છ એ ચોર ત્યાં જ ઢળી પડયા.

જોયું આ લક્ષ્મીના લોભનું પરિણામ, કેવો કરૂણ અંજામ આવ્યો ?

ગજવર પર ચઢી બેઠેલા લક્ષ્મીદેવી બોલી ઉઠયા, કેમ બેન ! જોઇ મારી તાકાત કેટલી છે ? મારા પ્રતાપે કંઇક મૂછાળા ધૂળ ચાટતા થઇ ગયા મારી માયાજાળમાં ફસનારા કંઇકના ધડ અને મસ્તક જુદા થઇ ગયા. મારા સંકજામાં સપડાઇ જનારા કંઇક યોગી પુરૂષોને મેં સંસારી બનાવી દીધાં. કોઇક મારી પાછળ પાગલ બન્યા તેઓને મેં રસ્તે રઝળતા કરી દીધાં.

બોલ બેન, હજુ મારી શકિત જોવાની ઇચ્છા છે તો હું તને અવનવા નાટકો બતાવું

સરસ્વતીએ કહ્યું, "તારી આ લીલા સંકેલી લે નહિતર આપણા બન્નેના વાદ-વિવાદમાં બાળ પાંચ-પંદરનો ઘાણ નીકળી જશે. હું મારી જીદ છોડી દઉં છું બસ, તારું નાકનું ટેરવું ઉંચું."

જો બહેન, એક વાત અંતે તું સાંભળી લે, જો હૃદયકમળમાં સરસ્વતી-જ્ઞાનનો વાસ હોય અને વિવેકપૂર્વક અસંતોષની ભૂખ ભાંગી ગઈ હોય તો આવો કરૂણ અંજામ કોઇ દિવસ ન આવે.

જ્યાં ફકત લક્ષ્મીની, પદવીની અને પ્રતિષ્ઠાની લાલસા હૃદયમાં બેઠેલી હોય ત્યાં બાના-બરાબી થયા વગર રહે નહિ.

માટે ઓ સંતોષી નરો, કેવળ લક્ષ્મી પાછળ, પદવી પાછળ કે પ્રતિષ્ઠા પાછળ જીવનને બરબાદ નહી નાખતા. આ ત્રણેયના લોભમાં ફસતા નહિ. સુખ, શાંતિ અને સંતોષપૂર્વક જીવન જીવી, મળેલ મનુષ્ય જીવનમાં સમ્યક્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર ધર્મની આરાધના કરી જીવન ધન્ય બનાવો. — શ્રી વિરાગ

卐

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં

શ્રી હાલારી વીશા ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળામાં

શ્રી આસો માસની શાશ્વતી ઓળીની આરાધના કરવા

॥ ભાવભર્યું આમંત્રણ ॥

શુભ સ્થળ : હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા જૈન ધર્મશાળા
પંચાસર રોડ, **શંખેશ્વર** (વાયા વીરમગામ)

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું કે જે પ. પૂ. હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી **વિજય અમૃતસૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટધર પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી **યોગીન્દ્રવિજયજી** મ. આદિ તથા પૂ.સા.શ્રી **સુરેન્દ્રપ્રભાશ્રીજી** મ. પૂ. સા. શ્રી **અનંતપ્રભાશ્રીજી** મ. આદિ નિશ્રામાં **શ્રી શંખેશ્વર મહાતીર્થમાં હાલારી જૈન ધર્મશાળામાં આસો માસની શાશ્વતી ઓળીનું** (લંડન આદિના ભાવિકો તરફથી લંડન નિવાસી ભાઇ મોતીચંદ એસ. શાહ તથા ભાઇ રતિલાલ ડી. ગુદકાની પ્રેરણાથી) આરાધન કરવાનું રાખ્યું છે તો ભાવિકો આ શાશ્વતી ઓળીની આરાધના કરવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આસો સુદ ૫ શનિવાર તા. ૨૬-૯-૯૮ – તપસ્વીઓના અત્તર વાયણા
આસો સુદ ૬ રવિવાર તા. ૨૭-૯-૯૮ – ઓળીની શરૂઆત
આસો વદ ૧ મંગળવાર તા. ૬-૧૦-૯૮– ઓળી કરનારના પારણા

શ્રી શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ ઉત્સવ પણ થશે.

ઓળી કરવા આવનારે, મર્યાદિત સંખ્યા લેવાની છે તેથી રૂા. ૧૧) નકરે ભરીને પોતાનું નામ નકી કરી લેવા વિનંતિ છે. આવનારે પોતાની આરાધના પૂજા પ્રતિક્રમણ આદિના ઉપકરણો સાથે લાવવા વિનંતિ છે.

તા. ૬-૯-૯૮

શ્રી હા. વી. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા કમિટિના પ્રણામ

હાલારી ધર્મશાળા પાસે વિનંતિથી બસ થોભે છે તે ધ્યાનમાં લેશો

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ--૩૫] —શ્રી રાજુભાઇ પંડિત

(૩૫) ગુરૂ શુશ્રુષા, જ્ઞાન પ્રાપ્તિનું અમોઘ શસ્ત્ર.

'હે અર્જુન ! હું તને જગતનો સર્વશ્રેષ્ઠ ધનુર્ધર બનાવીશ.'

કૃપાચાર્ય પાસે કરેક રાજકુમારો શસ્ત્રાભ્યાસ કરી રહ્યા હતા. કુમારોનો અધ્યયન કાળ વીતી રહ્યો હતો.

તેવામાં... એક દિવસ... વિદ્યાભ્યાસ ભૂમિમાં કર્ણનો પ્રવેશ થયો.

હસ્તિનાપુર નગરમાં જ અતિરથિ નામે એક ગૃહસ્થ રહેતો હતો. ચંદ્રને અનુરાધાની જેમ તેને રાધાનામે પત્ની હતી. તે બંનેને 'કર્ણ' નામે પુત્ર હતો. જે ઉદારતા તથા શૌર્યની સીમાઓને ઓળંગી ગયેલો હતો. કાદવ જેવા તે કુળમાં પંકજ જે તે ઉદાર અને શુરવીર કર્ણ નામનું કમળ વૃધ્ધિ પામી રહ્યું હતું.

તે કુળ હીનકોટિનું હોવા છતાં કર્ણની સજ્જનો સાથે જ સોબત હતી. કલાભ્યાસ કરવાની તેની તમન્ના પારાવાર હતી.

એક દિવસ શસ્ત્ર-શાસ્ત્રવિદ્યાના જ્ઞાન માટે તે શસ્ત્રાભ્યાસની ભૂમિ ઉપર કૃપાચાર્ય પાસે આવ્યો. ગુરૂ કૃપાચાર્યને પ્રણામ કરીને શસ્ત્રાભ્યાસની ઇચ્છા વ્યકત કરતાં કૃપાચાર્યે તેને કુમારોની સાથે જ કળાભ્યાસ કરાવવા માંડયો. કૃપાચાર્યનો વિદ્યા ઉપદેશ કર્ણ તથા અર્જુનમાં સુવ્યવસ્થિત રીતે સ્થિર થવા લાગ્યો. સમય જતાં કૃપાચાર્ય પાસેથી સઘળી વિદ્યા શીખી લીધા છતાં બંનેનું મન જ્ઞાન માટે અતૃપ્ત જ હતું.

એક દિવસ નગરના કિલ્લા આગળ ગેડી કડો રમતાં રમતાં કુમારોનો તે કડો ઉછળીને કુવામાં પડી ગયો. કડો કાઢવા માટેના કુમારોએ ઘણા પ્રયત્નો કર્યા છતાં કડો નહિ નીકળવાથી કુમારો અત્યંત ખેદ પામ્યા. (બીજો કડો લાવીને રમી શકતા હોવા છતાં કુમારોનું મન કુવાનો કડો કાઢી ના શકયાના ખેદથી દુઃખતુ જ રહેત.)

કુમારે જ્યારે અત્યંત ખિન્ન થયા છે તે જ વખતે એક નવયુવાનની સાથે એક અતિવૃધ્ધ બ્રાહ્મણ તે તરફ આવી ચડયા. કડા માટે કુમારોની વ્યથા જોઇને વૃધ્ધે કહ્યું– અરે ! આટલ સુંદર તથા ચતુર થઇને એક કડા માટે વ્યથા શું કરો છો ? જુઓ હું હમણાં જ કૂવામાં પડી ગયેલા તમારા કડાના મનોરથને બહાર ખેંચી કાઢું છું.

એમ કહીને બાણની એક સળી કડા તરફ ફેંકી. તે સળીએ કડાને ભેદયો.

સુશિક્ષિતના હાથ વડે ફેંકાયેલી સળી પણ બાણ બને છે. પછી બીજી સળીથી પહેલાના બાણને ભેદ્યું. એમ કરતા કરતા એક પછી એક સળીના ક્રમથી કુવાના કાંઠા સુધી આવેલા બાણને પકડીને છેક ઉંડે કુવામાં ચાલ્યા ગયેલા કડાને બહાર કાઢયો.

આથી રાજકુમારોના હર્ષની કોઈ સીમા ના રહી. અને કુમારો બોલ્યા કે– મનુષ્યલોકમાં ધનુષાચાર્યો તો ઘણા જોયા પણ આપની જેવા એક પણ નથી જોયા. આથી આજથી તમે અમારા ગુરૂ અને પિતા છો. અમે આપના સેવકો છીએ આપનું શું કષ્ટ કરીએ, જણાવો.'

વૃધ્ધ બ્રાહ્મણે કહ્યું–'રસ્તે ચાલતા આવતા લાગેલો થાક તમારા વિનયથી દૂર થયો છે. તમારા જે ઉપાધ્યાય કૃપાચાર્ય છે તે મારા સ્વજન છે. ચાલો મને તેમનું ઘર બતાવો.'

આમ કહેતાં સર્વે કુમારો મંડળાકારે વૃધ્ધ બ્રાહ્મણને તથા નવયુવાનને વીંટળાઈને અર્જુને હાથનું આલંબન આપીને કૃપાચાર્યના ઘર તરફ લઇ ગયા.

પોતાના ઘર તરફ આવી રહેલા વૃધ્ધ બ્રાહ્મણને જોતા જ રોમાંચિત થયેલા કૃપાચાર્યે પંચાંગ નમસ્કાર કરીને તેમને આવકાર્યા અને ભક્તિ પૂર્વક સામે લેવા જઈને સિંહાસન ઉપર બેસાડીને પોતે નીચે બેઠા. અને કહ્યું કે–'આટલા વર્ષોમાં આજનો દિવસ એ મારા માટે ચિરસ્મરણીય દિવસ છે કે જે દિવસે સરસ્વતીનો અવતાર આપ મારા મંદિરે પધાર્યા છો.'

પછી સાથે આવેલા નવયુવાને કૃપાચાર્યને નમસ્કાર કરતાં કૃપાચાર્યે આશીર્વાદ આપી તેને પ્રસન્ન કર્યો.

હવે કુમારોએ પૂછ્યું–'ગુરૂદેવ ! આ મહાત્મા કોણ છે કે જેની આપ આટલી બધી ભક્તિ કરો છો ?

કૃપાચાર્યે કહ્યું–'આ તે ગુરૂ દ્રોણ છે કે જે કળાઓનું કુલમંદિર તથા ધનુર્વેદમાં પારાયણ તથા રહસ્યજ્ઞાતા છે. અને આ નવયુવાન તેમનો પ્રખ્યાત અશ્વત્થામ નામનો પુત્ર છે.' આમ કહી કુમારોને વિસર્જન કર્યા.

પછી એકાંતમાં કૃપાચાર્યે કહ્યું કે 'ગુરૂદેવ ! તમે જેમ ધનુર્વેદમાં પારાયણ છો તેમ આ કુમારો સુયોગ્ય પાત્ર છે. સુપાત્રમાં વિદ્યાનું દાન ફળવાન બને છે. આપ મારી વિનંતી સ્વીકારી તેમને ધનુર્વેદ પારગામી બનાવો.'

ગુરૂ દ્રોણાચાર્યે કૃપાચાર્યની વાતનો સ્વીકાર કર્યો.

બીજી બાજુ કૃપાચાર્યે તથા કુમારોએ ભીષ્મ પિતામહાદિને ગુરૂદ્રોણ અંગેની

તમામ હકિકત કહેતા ગુરૂદ્રોણને રાજભવનમાં બોલાવી સુવર્ણના સમૂહથી સત્કારી વિદ્યા ભણાવવા કુમારોને સોંપ્યા.

એક પછી એક વિદ્યાઓ શીખવતા ગયા. પણ આધાર પ્રમાણે વિદ્યા ભિન્ન-ભિન્ન રીતે કુમારોમાં પરિણામ પામી. કર્ણ તથા અર્જુન ગુરૂ પાસેથી સમાન રીતે વિદ્યા શીખ્યા છતાં કર્ણ અર્જુન તરફ મત્સરી થયો. જ્યારે અર્જુન ગુરૂ તરફ અત્યંત વિનયી થયો. આથી ગુરૂએ ઉપદેશેલી વિદ્યા તો અર્જુન શીખી જ ગયો. પણ નહિ ઉપદેશેલી પણ ગુરૂની શુશ્રુષાથી શીખી ગયો.

અર્જુનની શ્રેષ્ઠ શુશ્રુષાથી પ્રસન્ન થયેલા ગુરૂ દ્રોણે અર્જુનને વચન આપ્યું કે– 'હે પાર્થ ! હું તને આ જગતનો શ્રેષ્ઠ ધનુર્ધર બનાવીશ.'

ગુરૂની આવી પ્રસન્નતાએ તથા અર્જુનની ધનુષ્કળાની ચાતુરીએ દુર્યોધનના હૃદયમાં ઇર્ષ્યાની આગ સળગાવી. આખરે કર્ણ–દુર્યોધનની મૈત્રી બંધાઇ.

* વિજ્ઞપ્તિ *

જે યાત્રિકો ચોમાસામાં પણ તિર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ ઉપર જાય છે. તેઓને સાથી જાણ કરવામાં આવે છે કે પૂ.શ્રી દાદાજીના દેરાસરના ગભારામાં તથા દાદાજીની ટુંકમાં મુખ્ય જિનાલયોમાં ઓપકામ તથા સફાઇ કામ કરવાનું હોવાથી.

ભાદરવા સુદ ૭ તા. ૨૯–૮–૯૮
થી
આસો સુદ ૬ તા. ૨૭–૯–૯૮
સુધી

પૂજ્ય દાદાજીના દેરાસરમાં તથા મોટી ટુંકના અન્ય મુખ્ય જીનાલયોમાં યાત્રિક થી સેવા પુજા થઇ શકશે નહિ. તેની આથી કરેક યાત્રિકોને જાણ કરવામાં આવે છે.

શેઠ આણંદજી કલ્યાણજી–પાલીતાણા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ

શ્રી અમૃતેશ્વર પાશ્વનાથ જિને-દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં

ઉપધાન તપની આરાધના પ્રસંગે

આમંત્રણ-પત્રિકા

શુભ સ્થળ : શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા, શંખેશ્વર

પ્રણામ સાથ જણાવવાનું જે શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હાલારી જૈન ધર્મશાળામાં પૂ. હાલારદેશોદ્ધારક આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં ભવ્ય ચાતુર્માસ આરાધના ચાલે છે.

વિશેષમાં તેઓશ્રીજીની નિશ્રામાં આસો વદમાં ઉપધાન તપનું ભવ્ય આરાધન કરવાનું નક્કી થયું છે તો આ તપમાં જોડાવા ઈચ્છનારે વહેલી તકે નામ લખાવી પ્રવેશ પાસ મેળવી લેવા વિનંતિ છે.

—: ઉપધાન પ્રવેશ આદિ મુહુર્તો :—

પ્રથમ મુહૂર્ત– સં. ૨૦૫૪ આસો વદ ૭ રવિવાર તા. ૧૧–૧૦–૯૮

દ્વિતીય મુહૂર્ત– સં. ૨૦૫૪ આસો વદ ૯ મંગળવાર તા. ૧૩–૧૦–૯૮

માળનો વરઘોડો તથા બોલી– સં. ૨૦૫૫ માગશર સુદ ૧૦ રવિવાર તા ૨૯-૧૧-૯૮

માળારોપણ– સં. ૨૦૫૫ માગશર સુદ ૧૧ સોમવાર તા. ૩૦–૧૧–૯૮

ઉપધાન તપ કરાવવાનો લાભ લેનાર ભાગ્યશાળી

(૧) શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા
હ: શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા કનસુમરાવાળા.

(૨) શ્રીમતી વાલીબેન જેઠાભાઈ ધરમશી નાગડા પરિવાર
હ: શ્રીમતી રળિયાતબેન કાનજી જેઠાભાઇ ગામ વાવ બેરાજા હાલ જામનગર.

(૩) શાહ પરબત વીરા ગુદ્કા પરિવાર ગાગવાવાળા
હ: શ્રીમતી કંચનબેન મોતીચંદ–લંડન

(૪) શ્રીમતી જીવીબેન વીરપાર મેઘજી પરિવાર સ્વદેશ આરીખાણા હાલ લંડન
હ: સુપુત્ર રમેશ તથા પુત્રવધુ રંજન

ઉપધાન તપમાં જોડાવા માટે સર્વે ભાવિક ભાઇ બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. તમારા સર્કલમાં પણ તપમાં જોડાવા પ્રેરણા કરશો. નામ સરનામું લખાવી પ્રવેશ પત્ર મેળવી લેવા વિનંતિ.

C/o. શ્રુતજ્ઞ ન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર

લિ.
ઉપધાન તપ સમિતિ

નામ લખાવવાના સ્થળો : (૧) હાલારી જૈન ધર્મશાળા–શંખેશ્વર (૨) જામનગર શ્રી વિમલનાથ દેરાસરજી, શ્રી ચન્દ્રપ્રભસ્વામી દેરાસરજી, શ્રી નમિનાથ દેરાસરજી પેઢી (૩) થાણા–મગનલાલ લક્ષ્મણ માર્ફ ફોન : ૫૩૪૧૫૧૪–૫૪૦૧૪૧૩. હરખચંદ ગોવીંદજી માર્ફ ફોન : ૨૦૫૪૮૨૬–૫૧૬૨૨૭ (૪) ભીવંડી–અજન્ટા કમ્પાઉન્ડ જૈન દેરાસર ગોળ બજાર જૈન દેરાસર, ભીડ ભંજન જૈન દેરાસર.

— ઉપધાન કરવા આવનારે પોતાના ઉપકરણો વસ્ત્રો સંથારાદિ સાથે લાવવા —

શંખેશ્વરમાં શ્રી હાલારી જૈન ધર્મશાળા પાસે વિનંતિથી બસ ઉભી રહે છે તે નોંધ લેવી.

卐

શાસન સમાચાર

ઇતિહાસના પાને એક મહાન અજાયબી સર્જનારા મહાપુરૂષની ચિર વિદાય

શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના ધર્મશાસનમાં ૨૫૨૪ વર્ષમાં ન સાંભળેલી અને ન કરેલી વર્ધમાન તપની આરાધનામાં ત્રણ–ત્રણવાર આગેકૂચ કરનારા અને ચૌદ હજારથીયે વધુ આયંબીલ દ્વારા ૧૦૦+૧૦૦+૮૮ અને ૮૯ મી ઓળી શાશ્વતા મહાન તીર્થ શત્રુંજય અને ગિરનાર તીર્થોમાં પૂર્ણ કરીને મહાન તપ પ્રભાવક બનેલા સૂરિ 'પ્રેમ'ના પટ્ટાલંકાર અને સૂરિ 'રામ'ના લઘુગુરૂ બંધુ મહાન તપસ્વી સમ્રાટ પ. પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૫૪ શ્રાવણ વદ-૫ બુધવાર તા. ૧૨–૮–૮૯ ના સવારે ૮–૧૦ કલાકે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં અપૂર્વ સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા.

વિ. સં. ૧૯૭૨ ના ચલોડા (ધોળકા પાસે) માં એમનો જન્મ અને વિ. સં. ૧૯૯૦ અષાઢ સુદ ૧૪ ના એમનો સંયમ સ્વીકાર 'દાદા ગુરૂદેવ શ્રી દાનસૂરીશ્વરજી મ. ના વરદહસ્તે અમદાવાદ–જહાંપનાહની પોળે થયો અને પૂ. ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મ. ના શિષ્ય તરીકે આરૂઢ થયા.

અત્યંત સુખ સાહ્યબીમાં ઉછરેલા અને વૈરાગ્ય વાસિત બનેલા પૂજ્યશ્રી ને માટે દીક્ષાનો શુભ દિવસ નિશ્ચિત થયો પણ કુટુંબના આગ્રહ વશ 'હમણાં દીક્ષા નહિ લેવી' એવો નિશ્ચય કરીને દીક્ષાદાતા ગુરૂદેવને ના કહેવા ગયેલા પણ પ્રત્યુત્તરમાં ના બોલી ન શકતા દાક્ષિણ્યતાનો ગુણ ઝળહળી ઊઠયો અને નાણ સમક્ષ સંયમનો સ્વીકાર કર્યો.

દીક્ષા પછીના જોગમાં આયંબીલ કરવું તેમના માટે અશક્ય હતું. લુખ્ખા આહાર પ્રત્યે ભારે અરૂચિ રહેતી. પણ ગુરૂદેવો મા જેવા બની એમને આયંબિલ કરાવતા ને એ રીતે એમના વડીદીક્ષાના જોગ પરાણે પૂર્ણ થયા.

કર્મવશ મોઢામાં જડબાનો રોગ અને રસી થતાં એનું ઓપરેશન કરવાનું નિશ્ચિત થયું. એક જબરજસ્ત સંકલ્પ કર્યો કે, આમાંથી હવે ઉગરી જવાય તો બાકીનું સમગ્ર જીવન હવે આયંબિલના ચરણે ધરી દેવું.

સં. ૨૦૧૩ ના મહાસુદ ૮ ના દિવસે સુરેન્દ્રનગર મુકામે ૧૦૦ મી ઓળીની આરાધના પૂર્ણ કરી. બીજીવાર ૧૦૦ મી ઓળી સં. ૨૦૩૪ ના ફાગણ વદ ૯–ને

દિવસે પાટનગર અમદાવાદના આંગણે પૂ.આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ. અને શતાધિક શ્રમણ-શ્રમણીની ઉપસ્થિતિમાં અજોડ એવી આ આરાધના પૂર્ણ કરી 'તપસ્વી-સમ્રાટ'નું બિરૂદ પામ્યા. કર્તા તેઓશ્રી તપથી વિરામ ન પામ્યા અને ત્રીજી વાર પણ વર્ધમાન તપનો પ્રારંભ કર્યો. ચૌદ હજાર આયંબિલના તપસ્વી સાધક બની ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. પૂજ્યશ્રીની મૌનસાધના પણ ઠેર ઠેર સુંદર પ્રભાવ પાથરવામાં સફળ નીવડતી રહી. એની સાખ તેઓશ્રીની ચાતુર્માસિક સ્થળોમાં સારી એવી સંખ્યામાં થયેલી વર્ધમાન તપની સમૂહ આરાધનાઓ પૂરે છે. તદુપરાંત, પૂજ્યશ્રીની નિશ્રામાં અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ મહોત્સવો મોટી સંખ્યામાં ઉજવાતા રહેલા. આયંબિલ તપને પૂજ્યશ્રીએ પોતાનું જીવન જ બનાવી દીધું હતું. ૧૦૦ થી પણ અધિક ઓળીઓ ભરઉનાળામાં તેઓશ્રીએ ઠામચૌવિહારથી કરી છે. પૂજ્યશ્રીની સંયમશુદ્ધિ, દર્શનશુદ્ધિ અનુપમ છે. પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર તરીકે સિદ્ધાંત-રક્ષા અને શાસનરક્ષાપૂર્વકનું પ્રભાવક જીવન જીવી રહેલા તેમજ વૃધ્ધાવસ્થામાં ય તપોમય ચર્યા જાળવી રહેલા, તેઓશ્રી અનેક સ્થાનોમાં અદ્ભુત શાસનપ્રભાવના કરતાં વિચરી રહ્યા હતા.

ગત વર્ષે શ્રી શત્રુંજય મહાતીર્થમાં ચાતુર્માસ કરવાની તીવ્ર ભાવનાથી ૨૭ વર્ષે ઠબકબાલેર ચતુર્માસ થયું. ૫૧ ઉપવાસ, ૧૫ ઉપરાંત માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણીતપ તેમજ પૂ.શ્રીને વ્હાલુ ૧૦૦+૧૦૦+૮૮ મી ઓળીની અનુમોદનાર્થે સમગ્ર પાલિતાણામાં અષ્ટકર્મચૂરક સામુહિક અઠ્ઠાઇ તપનું મંગલ અનુષ્ઠાન ૮૦૦ ની સંખ્યામાં થયું. અને અપૂર્વ ગુરૂભક્તિ અદા થઇ. પર્યુષણ બાદ અઠ્ઠાઇ મહોત્સવની શરૂઆત થઇ તેમાં અનેરો રંગ રેલાતા એ મહોત્સવ ૮ માંથી ૫૪ દિવસ અને ગુરૂરાજના ૬૪ વર્ષના સંયમ-જીવનને અનુલક્ષી ૬૪-૬૪ દિવસ સુધી ઉજવાયો અને અપૂર્વ જિનભક્તિ થઈ. ઉપધાન તપની મંગળ આરાધના તેમજ ૧૧ છોડનું ઉદ્યાપન, ત્રણ નવાણું યાત્રાનો પ્રારંભ, બાબુના દેરાસરે બે પ્રભુજીની પ્રતિષ્ઠા અને કા. વ. ૫ ના કદંબગિરિ તીર્થથી શ્રી શત્રુંજય ગિરિરાજનો ૧૨ ગાઉ પ્રદક્ષિણાનો છ'રી પાલિત સંઘ જેમાં ૧૨૦૦ની સંખ્યા જોડાયેલ.

કા. વ. ૧૩ નાં શ્રી શત્રુંજય તીર્થથી શ્રી ગિરનાર તીર્થના છ'રી પાલક સંઘનું ઠબકબાલેર પ્રયાણ, ઉપધાન માળારોપણ આદિ મંગળ પ્રસંગો ઉજવાયા. શ્રી ગિરનાર તીર્થના સંઘમાં ૧૦૦૦ સંખ્યા મા. સુ. ૧૩ ના તીર્થમાળ થઇ અને જામનગર અંજન-શલાકા-દીક્ષા પ્રસંગમાં નિશ્રા પ્રદાન કરી સંઘ સહીત હાલાર તીર્થમાં ભવ્યાતિભવ્ય

અંજનશલાકા–પ્રતિષ્ઠા, ૮ દીક્ષા, ૨ વડીદીક્ષા, ૮૯ છોડનું ઉદ્યાપન ૧૭ દિવસનો મહોત્સવ અને શ્રી ગિરીરાજ–શત્રુંજય તીર્થના છ'રી પાલિત સંઘમાં શ્રી ગિરનાર તીર્થ સુધી નિશ્રા પ્રદાન અને છેલ્લી ૮૯ મી ઓળીની મંગલ પૂર્ણાહુતિ શ્રી ગિરનાર તીર્થે શ્રી નેમિનાથ દાદાની તારક છત્રછાયામાં ફા. સુ. ૩ ના પૂર્ણ કરી. અને તે પછી રાજકોટ-સુરેન્દ્રનગર આદિમાં શાસન પ્રભાવના કરતાં શ્રી શંખેશ્વર મહાતીર્થે ચૈત્રી ઓળીની આરાધનાર્થે પધાર્યા. અને જમણા અંગે પેરેલીસીસ થતાં અમદાવાદ પધાર્યા અને ગીરધરનગરના આંગણે પૂજ્યશ્રી ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ સાથે ચાતુર્માસ પધાર્યા.

છેલ્લા સ્વાસ્થ્ય કરમ્યાન એમની સમતા–સમાધિ અજબ-ગજબની રહી હતી. અને વિ. સં. ૨૦૫૪ શ્રાવણ વદ ૫ બુધવાર તા. ૧૨–૯–૯૮ ના સવારે ૮-૧૦ કલાકે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં ૮૪ વર્ષની ઉંમરે ૬૫ વર્ષનો સંયમપર્યાય પાળી અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામતાં શાસન–સંઘ અને સમુદાયને એક મહાન તપસ્વી સમ્રાટની ખોટ પડી છે, જેની પૂર્તિ નજીકના ભવિષ્યમાં થવી અશક્ય છે.

❋ ગુણાનુવાદ સભા ❋

દેવાસ (મધ્યપ્રદેશ) શ્રી દેવાસ તીર્થમાં ડુંગર ઉપર આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા ઘણાં ઠાઠ–માઠ અને આનંદથી ગચ્છાધિપતી પ. પૂ. આચાર્ય દેવ સ્વ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના ગુરૂ બાંધવશ્રી શ્રી ૧૦૦૮ આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજ આદિ પરિવારની શુભ નિશ્રામાં દસ વર્ષ પૂર્વ કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશમાં ડુંગર ઉપર આ એક જ તીર્થ છે.

મિતી સાવન વદી ૧૪ ના દિવસે પુ. આ. વિશાલ ગચ્છાધિપતી શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની સાતમી પુણ્યતિથીના ઉપલક્ષમાં અત્રે વિરાજિત પુ. પં. શ્રી વીરરત્ન વિજયજી મ. અને સાધ્વી શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી આદિની નિશ્રામાં એક ગુણાનુવાદ સભા આયોજિત કરવામાં આવી, તેમાં અત્રેના નંદલાલભાઇ ચૌધરીએ પુ. ગચ્છાધિપતીની નિશ્રામાં ઘણાં સુંદર આયોજનો અને વિવિધ કાર્યોની અનુમોદના સંઘ સમક્ષ કરેલી. આ અવસરે ઉપાશ્રયમાં ઉપસ્થિતી ચિક્કાર ભરેલી હતી. પછી પ્રથમ ગુરૂ પુજનનો લાભ પણ નંદલાલભાઇએ લીધેલ. સંઘપુજન અને પ્રભાવનાની સાથે કાર્યક્રમ સંપન્ન થયેલ.

* નવો મળેલો સહકાર *

૭૦૧] કંચનબેન મોતીચંદ ગુઢકા. લંડન

૫૦૧] શ્રી જયંતિલાલ કલ્યાણભાઇ શાહ પરીવાર અમદાવાદ
પુ. મુનિ શ્રી પ્રશાંતદર્શન વિ. મ. નાં ૨૫ વર્ષના [redacted]
સંયમજીવનની અનુમોદનાર્થે.

૨૫૧] હિમાંશુ મારુ રમણલાલ શાહ અમદાવાદ
અ. સૌ. હિમતીબેનના ૧૧ ઉપવાસની તપશ્ચર્યાની
અનુમોદનાર્થે પુ. મુનિ શ્રી પ્રશાંતદર્શન વિ. મ. નાં ઉપદેશથી

૧૦૧] પ્રેમચંદ પાનાચંદ
બાલમુનિ શ્રી નમ્રેન્દ્ર વિ. મ. કલ્પસૂત્ર પુજા વ્યાખ્યાન
વાંચતાં ખુશી ભેટ.

પુ. મુનિ શ્રી મુક્તિધન વિ. મ. પુ. મુનિ પુન્યધન વિ. મ. તથા પુ. સા. શ્રી જયરેખાશ્રીજીનાં શિષ્યા પુ. સા. શ્રી જિનધર્માશ્રીજી આદીની પ્રેરણાથી આણંદ ચાતુર્માસ નિમિતે નિ[illegible]ની ૨૬મ ભેટ મળેલ છે કુલ ૬૦૦]

૧૫૦] પદ્મા[illegible]ન મનુભાઇ શાહ

૧૫૦] રમીલાબેન દોશી

૧૦૦] અરૂણબેન જયંતીભાઇ

૧૦૦] પ્રભાબેન વોરા


૧૦૦] રમેશભાઇ મણીલાલ સંઘવી

(અનુ. પાના નં. ૯૬ નું ચાલુ)

બનાવે. પંન્યાસજી મ.ની કલમ એ હવે સુસાધુની કલમ નથી રહી, પણ મોક્ષથી વિમુખ એવા કોઇ દેશભક્તની કલમ હોય તેવું સ્પષ્ટ જણાય છે. દુઃખદ બીના તો એ છે કે પંન્યાસજી મ.ના મોટા ભાગના શિષ્યો પંન્યાસજી મ.ના સાહિત્યનો આધાર લઇને પ્રવચનાદિ કરે છે. તેથી આ બધા વિચારો હજારો લોકોના માનસ સુધી પહોંચી રહ્યા છે. પંન્યાસજી મ.ની મતિ સુધરી જાય તો શાસન ઘણી મોટી આફતમાંથી ઉગરી જાય. કદાચ તેવું ન જ બની શકે, તો આપણે અનર્થોથી બચી શકીએ, તે ખાતર આ લેખ લખવાનો પ્રયાસ છે.

॥ સંપૂર્ણ ॥

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* જેની પૂંઠ સંસાર તરફ ન હોય, મોઢું મુક્તિ તરફ ન હોય તેને વીતરાગના ધર્મની ગંધ પણ ન આવે.
* જૈન સંઘમાં સાધર્મિક માટે ફંડ કરવા પડે તે જૈન સંઘની કંજેતી !
* પાપ ન હોત તો દુઃખ ન હોત. વિષયની પરવશતા અને કષાયની આધીનતા ન હોત તો પાપ ન હોત !
* સમ્યક્ પ્રકારે આત્માને લપસાવ્યા કરે તેનું નામ સંસાર !
* કર્મ જેવા સંયોગ આપે તેમાં આનંદપૂર્વક રહેવું તે જ ખરેખર ધર્મ !
* દીક્ષા આત્માની જાળવણી માટે છે, શરીરની જાળવણી માટે નહિ.
* દુઃખથી ડરવું તે દુર્ગુણ ! પાપથી ડરવું તે સદ્ગુણ !
* દુઃખનો ડર અને સુખ માત્રનો લોભ તેનું નામ સંસાર.
* પાપ કરવું અને પાછું પાપને છૂપાવવું તેના જેવું ભયંકર પાપ એક નથી.
* રાગ દોષ છે, વિરાગ ગુણ છે, વીતરાગતા આત્માનું સંપૂર્ણ સ્વરૂપ છે
* અમારે તમને દાન કરતાં કરવા છે પણ ગમે તે રીતે નહિ. દાન કરવા પાપ કરીને કમાવ તેમ કહેવું નથી. તમારી પાસે ન્યાયથી પૈસા આવ્યા હોય તેના પરનો મોહ છૂટે તે માટે દાન કરો તો તે દાન ધર્મ છે.
* સુખ અને દુઃખ કર્મથી, ધર્મ વિવેકથી કોઇના એહસાનમાં આવવું નથી, ખોટું કામ કરવું નથી અને મનને મારીને પણ ધર્મ કરવો છે તેનું નામ વિવેક !
* આત્મ કલ્યાણ એટલે દુઃખમાં પણ શાંતિ અને સુખમાં પણ ઉપાધિનો અભાવ.
* દુનિયાના સ્વાર્થ માટે દાન કરાવવું સહેલ છે પણ લક્ષ્મીનો મોહ ઉતારવા દાન કરાવવું મુશ્કેલ છે.
* ગમે તેવા દુઃખમાં ચિત્ત પ્રસન્ન રહે તો તેના જેવું સુખ એક નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

* કષાય માત્રનો ત્યાગ જ શ્રેષ્ઠ છે

જં અજ્જિયં ચરિતં
દેસૂણાએ વિ પુવ્વકોડીએ ।
તં પિ કસાઇયમિત્તો,
હારેઇ નરો મુહુત્તેણં ॥

જે ચારિત્ર દેશોનેકોડ પૂર્વ વર્ષ સુધી પણ પાળ્યું હોય તે સર્વ ચારિત્રને, કષાય માત્રથી પુરૂષ અંતર્મુહૂર્ત્તમાં હારી જાય છે.

વર્ષ ૧૧

અંક ૭+૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

❋ જ્ઞાનગુણ ગંગા ❋

— પ્રશાંત

સંસારી જીવોના પ્રકાર. (દ્રવ્યલોક પ્રકાશ, સર્ગ – ૪ ના આધારે.)

(૧) – સંસારી જીવ બે પ્રકારે છે. – (૧) ત્રસ એટલે હાલી શકે તેવાં (૨) સ્થાવર એટલે સ્થિર – હાલી ચાલી ન શકે તેવાં.

(૨) – ત્રણ પ્રકારે સ્ત્રી, પુરૂષ અનેં નપુંસક એમ વેદથી ત્રણ પ્રકારે.

(૩) – ચાર પ્રકારે – દેવ–મનુષ્ય, તિર્યંચ અને નારક–એ ચાર ગતિના કારણે ચાર પ્રકારે.

(૪) – પાંચ પ્રકારે – એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય ભેદથી.

(૫) – છ પ્રકારે – પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાય અને ત્રસ કાય એ પ્રમાણેના 'કાય' ના ભેદથી.

(૬) – સાત પ્રકારે – બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મ એકેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એ ભેદથી.

(૭) – આઠ પ્રકારે – સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય, બાદર પર્યાપ્ત એકેન્દ્રિય, સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.


(૮) – નવ પ્રકારે – (૧) 'અંડજ' એટલે ઇંડામાંથી ઉત્પન્ન થતાં પક્ષી, સર્પ વગેરે. (૨) 'રસજ' – એટલે રસમાંથી ઉત્પન્ન થતા મદિરાના કીડા વગેરે. (૩) 'જરાયુ' થી ઉત્પન્ન થતા મનુષ્ય, બળદવ.

(૪) સ્વેદજ – પરસેવાથી ઉત્પન્ન થતા જૂ વગેરે (૫) સંમૂરિર્છમ–ગળો વગેરે. (૬) પોતજ – હાથી વગેરે (૭) ઉદ્ભેદથી ઉત્પન્ન થતા ખંજન વગેરે. (૮) ઔપચારિક-દેવ વગેરે. (૯) સ્થાવર – નવ પ્રકારે આ રીતે પણ થાય. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિ કાય એ પાંચ સ્થાવર, બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

(૯) દશ પ્રકારે–પૃથ્વી આદિ પાંચ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય એ ત્રણ વિકલેન્દ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય–એમ કુલ દશ.

(૧૦) અગ્યાર પ્રકારે–પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને પુરૂષ–સ્ત્રી અને નપુંસક એ ત્રણ પંચેંદ્રિય.

(અનુ. માટે જુઓ ટાઇટલ ૩ ઉપર)



વર્ષ ૧૧] ૨૦૫૪ આસો સુદ–૮ મંગળવાર તા. ૨૯–૯–૯૮ [અંક : ૭–૮

વાર્ષિક ૩૫. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

અંતિમ દેશના–૩

પ્રવચનકાર–પ. પૂ આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૬, આસોવદિ–૦)) મંગળવાર તા. ૧૮–૧૦–૯૦ ટેકરી, ખંભાત

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦)

આજે જે પરમાત્માના શાસનમાં આપણે મોક્ષમાર્ગની આરાધના કરીએ છીએ તે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ પરમાત્માનો નિર્વાણકલ્યાણકનો દિવસ છે.

શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ શ્રી અરિહંત પરમાત્મા થવાના ત્રીજા ભવમાં વીશ સ્થાનકપદની કે તેમાંના એક–બે પદની આરાધના કરે છે. તે આરાધના કરતાં કરતાં તેમના અંતરમાં એવી ભાવદયા પેદા થાય છે કે–'સંસારના જીવો સુખના જ અર્થી છે પણ અજ્ઞાનના કારણે દુઃખમાં રિબાય છે. મારામાં જો શક્તિ આવે તો તે બધાનું સંસારની ભાવના નષ્ટ કરું અને શાસનની ભાવના પેદા કરું. જેથી શાસનને સમજે, આરાધે અને વહેલામાં વહેલા મોક્ષને પામે અને સાચા સુખી થાય.' તે ભાવનાના પ્રતાપે શ્રી તીર્થંકર નામ કર્મ નિકાચિત કરે છે. શ્રી અરિહંત પરમાત્મા તે જ થાય કે જેઓને જગતના બધા જ જીવોને મોક્ષે જ મોકલવાનું મન થાય.

સંસારનું સુખ એ તો સઘળાં ય દુઃખનું મૂળ છે. તે સુખ માટે સંપત્તિ

જોઇએ. તે સંપત્તિના લોભે જગતના જીવો શું શું કરે છે તે અજાણ્યું છે? માર્ગ ભૂલી ગયા. તે જુદી વાત છે. ભગવાનનો માર્ગ યાદ હોત તો થાય કે– આવો સારો મનુષ્યજન્મ પામી જે રીતે જીવીએ છીએ, તે રીતે જીવતર નકામું થઇ રહ્યું છે, દુર્ગતિમાં જ જવું પડશે અને ઘણો કાળ સંસારમાંજ રખડવું પડશે.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ મોક્ષે ગયા. તેમની પાછળ બીજા અનંતા આત્માઓ મોક્ષે ગયા. હજી આપણે સંસારમાં રખડીએ છીએ. તો શું આપણને ભગવાન નહિ મળ્યા હોય? ભગવાનની દેશના પણ નહિ સાંભળી હોય? ભગવાન મળ્યા પણ હશે અને દેશના પણ સાંભળી હશે પણ તે સમજ્યા નથી અને સ્વીકારી પણ નથી, માટે જ સંસારમાં રખડીએ છીએ. હવે લાગે છે કે–'આ સંસાર રહેવા જેવો નથી અને એક મોક્ષ જ મેળવવા જેવો છે. સંસારની સુખ અને સંપત્તિ રખડાવનાર જ છે.' સંસારના સુખમાં વિરાગ રહે અને પાપના યોગે આવતાં દુઃખમાં સમાધિ રહે તો ધીમે ધીમે સમ્યગ્દર્શન પમાશે, સમ્યગ્જ્ઞાન પમાશે અને સમ્યક્ચારિત્ર પણ પમાશે. તે ત્રણેની આરાધનાથી મોક્ષે જવાશે.

ભગવાન જતા જતા કહી ગયા કે– આર્ય જગતમાં ચાર પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ વિના અર્થ પણ ન મળે, કામ પણ ન મળે અને મોક્ષ પણ ન મળે. મોક્ષ માટે જ ધર્મ કરે તો તેને વગર માગ્યે અર્થ–કામ મળે જ પણ તે જીવ અર્થ અને કામથી સાવધાન રહી એવી રીતે જીવે કે જેથી થોડા જ કાળમાં તેનું ઠેકાણું પડી જાય.

આવો સુંદર મનુષ્યભવ મળ્યો છે તો સાધુપણાની ભાવના થાય છે? અર્થ–કામમાં ફસી ગયા તો રખડી જ મરવાના તેમ પણ થાય છે? આવી સમજણ ભગવાનના કહેવાથી આવે તો ઠેકાણું પડે.

અર્થ અને કામ નામના જ પુરુષાર્થ છે કારણ કે મહા અનર્થકારી છે, સંસારમાં જ રખડાવનાર છે. તે બે મળે ધર્મથી જ, પણ જો ધર્મના ફળ તરીકે માગીને જ મેળવ્યા હોય તો સંસારમાં રખડાવ્યા વિના રહે નહિ. જે જીવ મોક્ષ માટે જ ધર્મ કરે તેને તે બે વગર માગ્યે પણ મળે પણ તે જીવ તેને દુઃખથી ભાગવે, તાકાત આવે તો લાત મારી કાઢી મૂકે, સદ્ગતિની પરંપરા સાધી વહેલામાં વહેલો મોક્ષે પહોંચે. **ધર્મને અર્થ–કામ સાથે વૈર જ છે.** ધર્મિને અર્થ–કામ જરાપણ ગમે નહિ. તે માટે શ્રી નેમિનાથજી ભગવાનનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

તેઓશ્રી કુટુંબના બળાત્કારથી લગ્ન કરવા ગયા છે અને પ્રસંગ પામીને રથ

પાછો વાળે છે. તે વખતે તેઓશ્રીને સમજાવવા તેમના માતા–પિતા આવે છે. ઘણું સમજાવે છે અને છેલ્લે કહે છે કે–'આજ સુધીમાં ઘણા શ્રી તીર્થંકર ભગવંતો થઇ ગયા, તેઓએ લગ્ન કરેલું અને રાજ્યગાદી ઉપર પણ બેઠા હતા. તું નવો તીર્થંકર પાકયો છે કે લગ્ન કરવાની ના પાડે છે.' ત્યારે શ્રી નેમનાથજી ભગવાને કહ્યું કે–'બધા જ શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્રો હું જાણું છું. તેઓને ભોગાવલી કર્મ બાકી હતું માટે લગ્ન કરવું પડેલું અને રાજ્ય પણ ભોગવવું પડેલું. જ્યારે મારે તેવું ભોગાવલી કર્મ બાકી નથી માટે લગ્ન નથી કરવું.' તેથી માતા–પિતા રોઇને પાછા વળ્યા ત્યારે શ્રી કૃષ્ણજી તેઓને સમજાવવા આવ્યા અને કહ્યું કે–

'માતા-પિતાના સંતોષ ખાતર પણ લગ્ન કરો.' ત્યારે શ્રી નેમનાથજી સ્વામિએ કહ્યું કે–'આ સંસારથી ઘરડા બળદની જેમ હું થાકી ગયો છું. હવે મારે સંસારમાં ભમવું નથી. આ કામ કરવા જેવું નથી.'

શ્રી અરિહંત પરમાત્માઓ લગ્ન કેમ કરે? રાજ્યગાદી પણ કેમ ભોગવે? લગ્ન કરવું હતું માટે કરે? રાજ્ય ભોગવવું માટે રાજ્ય કરે? ના. તે પરમતારકોને ખબર હતી કે– લગ્ન કર્યા વિના અને રાજ્ય ભોગવ્યા વિના તેમનાં કર્મ ખપે તેવાં ન હતાં માટે લગ્ન કરે અને રાજ્ય પણ લે. આના ઉપરથી પણ સમજાય છે કે–શ્રી અરિહંતપરમાત્માઓએ લગ્ન કેમ કર્યા અને રાજ્ય કેમ કર્યું? જૈનકુળમાં જન્મેલા ભગવાનને માને તે લગ્ન કરવા માટે કરે કે કરવું પડે તે માટે કરે? સંસારનું સુખ મજેથી ભોગવે કે ભોગવવું પડે માટે દુઃખથી ભોગવે?

ભગવાન કહી ગયા છે કે– આ સંસાર અનંત દુઃખમય છે. અને મોક્ષ અનંત સુખમય છે માટે આ સંસાર રહેવા જેવો નથી અને મોક્ષ જ મેળવવા જેવો છે. તે માટે સાધુધર્મ જ લેવા જેવો છે. તે સાધુધર્મ પણ મનુષ્યજન્મ વિના બીજા જન્મ માં મળતો નથી. તેવો મનુષ્યજન્મ તમને સારી જગ્યાએ મળ્યો છે. આર્યદેશમાં આર્ય જાતિમાં અને આર્યકુળમાં તેમાં ય જૈનજાતિમાં અને જૈનકુળમાં મનુષ્યજન્મ મલ્યા પછી પણ તમને આ સંસારગમે છે કે નથી ગમતો? તમારાં બાલ-બચ્ચાંઓને સાધુ બનાવવાની ઇચ્છા છે કે લગ્ન મહોત્સવ કરવાની ઇચ્છા છે? જૈન મા–બાપ છોકરાનાં લગ્ન કરવાં પડે માટે કરે પણ લગ્ન કરવા માટે કરે નહિ. શ્રાવકને લગ્ન કરતાં આનંદ હોય?

શ્રાવકને કોઇ પુછે કે–કેમ લગ્ન કર્યું? તો 'નશીબ ફુટેલું' માટે લગ્ન કર્યાં તેમજ કહે ને? 'સંસારમાં તો લગ્ન કરવું જ જોઇએ' તેમ કહો તો તમે મિથ્યાદૃષ્ટિ કહેવાવ કે સમ્યગ્દૃષ્ટિ કહેવાવ? સંસારનું સુખ તો ભોગવવું જ જોઇએ, તેમ માનીને

મઝેથી તે સુખ ભોગવે તો તે મરીને ક્યાં જાય? દુનિયાનું સુખ મઝેથી ભોગવતો ભોગવંતો મરે તે ક્યાં નરકમાં જાય ક્યાં તિર્યંચમાં જાય.

મરવાનું નક્કી જ છે. જન્મે તે બધા જ મરે. તો મરીને ક્યાં જવું છે? દુર્ગતિમાં કે સદ્ગતિમાં જવું છે? સંસારના સુખ અને સંપત્તિ માટે પાપ કરીને જીવે અને તેમાં જ મઝા કરે તે બધા મરીને ક્યાં જાય? નરકમાં કે તિર્યંચમાં જાય. તમારે ત્યાં જવું છે? તો આ સંસારમાં મઝાથી બેઠા છો કે દુઃખથી બેઠા છો?

ભગવાન જતાં જતાં કહી ગયા છે કે–અનર્થકારી 'અર્થ–કામ' એ બે નકામા પુરૂષાર્થ છે, કરવા જેવા નથી, કરવા પડે તો ન છુટકે કરે તો તે હજી બચી જાય. આજે તમારે વેપારાદિ કરવા પડે છે કે મઝેથી કરો છો? પૈસા કમાવવા પડે છે તે ગમે છે કે નથી ગમતું? કર્મ યોગે કરવું પડે છે ને? તે ઇચ્છાથી કરત. હો તો તે મહામિથ્યાદૃષ્ટિ જ કહેવાય. વેપારાદિમાં તો અનીતિ કર્યા વિના ચાલે નહિ, 'હું તો અનીતિ કરવાનો જ' તેમ કહે તે જૈનકુળમાં જન્મેલો કહેવાય? વેપારીને ગ્રાહક કહે કે–શેઠ તમે લુચ્ચા છો. તો શેઠ હસે છે અને ઉપરથી તેને સમજાવે છે કે 'તને ઠગુ' તેમ કહીને ઠગે તો તે શ્રાવક છે?

તમે કહો કે–સંસારમાં પાપયોગે રહેવું પડ્યું છે, પણ રહેવાનું મન નથી. વેપાર લોભના યોગે કરીએ છીએ પણ કરવા જેવો નથી. અનીતિ મઝેથી કરશો તો નરક તિર્યંચમાં જ જવું પડશે, રખડવું પડશે તેવો ભય લાગે છે? આ ભવ હારી ગયા તો કેટલો કાળ રખડવું પડશે તે જાણો છો? વખતે અનંતોકાળ પણ નીકળી જાય.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા. તેમની પાછળ બીજા તેમનાથી અસંખ્યાત ગુણા જીવો ધર્મ પામી, સારી રીતે આરાધી મોક્ષે ગયા પણ આપણે રખડી ગયા. અમને ય જો ખાવા–પીવામાં, માન–પાનાદિમાં મઝા આવે તો અમારા માટે ય નરક–તિર્યંચ ગતિ છે. તમને દુનિયાનું સુખ ગમવું ન જોઇએ, અમને ખાન–પાન અને માન–પાનાદિ ગમવાં ન જોઇએ. આજે તો ખાન–પાન અને માન–પાનાદિ માટે સાધુ શું કરે છે, શ્રાવક શું કરે છે, તેનું વર્ણન થાય તેમ નથી. વર્ણન કરીએ તો ઉભા જ થઇ જાવ તેવું છે!

હું રોજ સાધુપણાનો ઉપદેશ આપું છું. તો ઘણા પુછે છે કે–આ બધા સાધુ કેમ થતા નથી? હું કહું છું કે–આ બધાને ન છુટકે સંસારમાં રહેવું પડ્યું છે, રહેવાનું મન નથી. સાધુ થવાનું મન છે પણ કર્મ તેઓને ન છુટકે પાપ કરાવે છે

પણ આ બિચારા દુઃખી હૈયે કરે છે. તો આ વાતમાં તમે હા પાડશો કે મને ખોટો પાડશો ? હું પણ કહું કે–'સંસારી જીવ છે, લગ્ન પણ કરે, રાજ્ય પણ કરે, મઝા ય કરે. તે બધું કરવા જેવું જ છે' તો તમે મારી પાસે એસો કે ભાગી જાવ ? સાચો શ્રાવક તો ઉભો થઇ જાય અને મને પણ કહે કે–'આપ ભગવાનના સાધુ નથી લાગતા ! અમારા સંસારની આપને શી માંડવી છે ? અમે ધર્મ કરીએ છીએ કે નહિ તે કેમ પુછતા નથી.' તમે તેમ કરો ખરા ?

આજે સંસારના સુખી લોકો ખુબ ખુબ આરંભ અને પરિગ્રહ મઝેથી વધાર્યા જ કરે છે તેઓ મુશીબતે મરવાના છે અને રોઇ રોઇને મરવાના છે તથા દુર્ગતિમાં જવાના છે. અહીં આવનારા દુર્ગતિમાં જાય તે અમને ગમે ? અમારૂં તો એક જ કામ છે કે – સંસાર તમને ગમે છે તે ન ગમતો કરવો, મોક્ષની ઇચ્છા પેદા કરવી, સાધુ થવાની ઇચ્છા પેદા કરવી, સાધુ ન થઇ શકો તો સાધુ થવા માટે શ્રાવક થવાની ઇચ્છા પેદા કરવી.

તેનાથી ઉલટું જો અમે બોલીએ તો અમે પણ પાપી છીએ અને તમે મઝેથી સાંભળો તે તમે પણ પાપી છો ! અમારે તમને સુધારવા છે. તમારે અમે બગડ્યા હોઇએ તો અમને સુધારવાના છે જો અમે પણ ભૂલીએ તો. તમે 'ઇચ્છામિ ખમાસમણો' બોલો છો તે અમને રાજી કરવા બોલો છો ! તમારાં વંદનથી ખુશી થાય તે સાચો સાધુ નથી. તમે અનીતિથી ખુશી થાવ તો તમે પણ પાપી છો, ધર્મી નથી ! તમારી અનીતિથી અમે ખુશી થઇએ તો અમે મહાપાપી છીએ. ભગવાને કોઇનો પક્ષપાત કર્યો નથી. !

ભગવાન કહી ગયા છે કે – અર્થ અને કામ એ બે નામના પુરૂષાર્થ છે, કરવા જેવા નથી. અનર્થકારી છે. આ સંસાર અનંત દુઃખમય છે. મોક્ષ અનંત સુખમય છે. સંસાર છોડી મોક્ષે જવા માટે ધર્મ જ કરવા જેવો છે. ધર્મ તે સાધુપણું જ ધર્મ છે. શ્રાવકપણું ધર્માધર્મ છે. તેમાં ધર્મ સરસવ જેટલો છે અને અધર્મ મેરૂ જેટલો છે. અમારી પાસે જે આવે તેને કહીએ કે – સાધુપણું તે જ ધર્મ છે. હિંસા–જૂઠ–ચોરી–અબ્રહ્મ અને પરિગ્રહ આ પાંચે પાપોને મનથી, વચનથી, કાયાથી સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, જે કરતા હોય તેને અનુમોદે નહિ તેવો સાધુ ધર્મ છે. તેવો સાધુ ધર્મ ન જેઇતો હોય તેને શ્રાવક ધર્મ પણ અપાય નહિ. આપીએ તો અમે પણ પાપના ભાગી બનીએ. પણ જે કહે કે – "ધર્મ તો સાધુપણું જ છે, તે સાધુધર્મ જ કરવા જેવો છે પણ તે કરવાની શક્તિ નથી પણ શ્રાવકપણું સ્વીકારી તે સાધુધર્મ

ઝટ પામું” તો તેને શ્રાવકપણું આપીએ તમે બધા સાધુ થવાની ઇચ્છાવાળા છો ખરા ? સાધુ થવાની ઇચ્છા ન હોય તે સારામાં સારો શ્રાવક ધર્મ કરે તો પણ તેનો ધર્મ કશા કામનો નથી. આ વાત સમજાવતાં સમજાવતાં મારા વાળ પણ ધોળા થયા. પણ આજના જૈનો મારા માટે કહે છે કે કે – દીક્ષાની વાત વિના બીજું આવડતું જ નથી. પણ તમને આ પાયાની વાત સમજાવ્યા વિના છૂટકો છે જ નહિ.

તમારે મોક્ષે જવું છે ને ? આજે નિર્વાણ કલ્યાણકનો વરઘોડો કેમ કાઢયો ? ભગવાન જતાં જતાં જે વાત કહી ગયા તે સમજો તો કલ્યાણ થશે. સૌ વહેલામાં વહેલા મોક્ષને પામો તે આશા સાથે પૂર્ણ કરવામાં આવે છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થે શ્રી હાલારી જૈન ધર્મશાળામાં
ત્રણ માળના ભવ્ય જિનાલયમાં
જર્મન સિલ્વરના ૪૧ ઈંચના શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથજી આદિ જિનબિંબોની

અંજન–શલાકા પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ

નિશ્રાદાતા–હાલાર દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ.આ શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ.

મહોત્સવનો પ્રારંભ–સં. ૨૦૫૫ પોષ વદ ૧૧ બુધવાર તા. ૧૩–૧–૯૯
પંચકલ્યાણક ઉજવણી પ્રારંભ– પોષ વદ ૧૪ શનિવાર તા. ૧૬–૧–૯૯
દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો–મહા સુદ ૩ બુધવાર તા. ૨૦–૧–૯૯
અંજન શલાકા–મહા સુદ ૩ બુધવાર તા. ૨૦–૧–૯૯
પ્રતિષ્ઠા–મહા સુદ ૫ શુક્રવાર તા. ૨૨–૧–૯૯

હાલારી ધર્મશાળા,
પંચાસર રોડ, શંખેશ્વર

લિ. શ્રી હર્ષપુષ્પામૃત જ્ઞાન ભંડાર ટ્રસ્ટ
શ્રી હા. વી. ઓ.
તપા. જૈન ધર્મશાળા શંખેશ્વર કમિટિ

મૂળ શોધો

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે 'ઉગતા શત્રુ અને ઉગતા રોગને મૂળમાંથી કાઢી દેવા જોઈએ તે અનર્થકારી ન બને.' શરીરના પ્રેમી આત્માઓ શરીરમાં ઉત્પન્ન થયેલા વ્યાધિની ચિકિત્સા માટે કેટલા સજાગ અને જાગૃત હોય છે. તેવી જ રીતના જો ખરેખર આત્માના પ્રેમી જીવો સજાગ અને જાગૃત થાય તો તેમની મુક્તિ આ રહી...! મુક્તિ દૂર છે જ નહિ ! તે માટે જરૂર છે હૃદય પલટાની. તે માટે જરૂર છે દરેકે દરેક વસ્તુના મૂળને શોધવાની અને તેના પરમાર્થને પામવાની. આવી દૃષ્ટિ વાતો કરનારને કે ઉપર છલ્લો જ વિચાર કરનારને પ્રાપ્ત ન થાય. જે શાસ્ત્ર સમુદ્રમાં ડુબકી મારે છેક તળિયે પહોંચે તેવા મરજીવાને જ સદ્ધર્મ રૂપી રત્નો—મોતીની પ્રાપ્તિ થાય. આજે ગમે તે કારણ હોય પણ પદાર્થના મૂળ સુધી પહોંચવાનું મન થતું નથી. અને અધૂરો ઘડો છલકાય ઘણો તે ન્યાયે અધકચરું ભણેલું જ—સમજેલું બધા વિવાદો સર્જે છે. પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે નવા નવા વિવાદના મંડપો છોડે છે. તે જ્યારે પોતાને જ પરચો બતાવે છે ત્યારે સાચી વાત કરનારા પોતાના આ જન્મ વૈરી-વિરોધી લાગે છે. સભાના બળે અને શ્રીમંત ભક્તોના જોરે સાચું સ્વીકારવા જેટલું ય સૌજન્ય બતાવતા નથી તે ખરેખર દુઃખદ વાત છે.

શાસ્ત્રથી પરિકર્મિત મતિવાળા આત્માઓ પદાર્થના મૂળને પામી, અનેકને સાચો સન્માર્ગ સમજાવી, સન્માર્ગે સ્થિર કરે છે પણ માત્ર માન—પાનાદિના ભૂખ્યાને તે પણ સહન થતું નથી ! ખરેખર કલિકાલનો કેવો વિલક્ષણ આ પ્રભાવ છે.

ક્રોધનું કજીયા—કલહ, કંકાશાદિનું મૂળ કુતુહલ વૃત્તિ છે. કુતુહલ વૃત્તિવાળાને સ્વદોષ દર્શન દુર્લભ છે પણ પરદોષદર્શન માટે તે બાજ નજરવાળા છે. પરદોષને જાણવાની, સાંભળવાની અને પુછવાની કુટેવમાંથી જ કજીયા-કલહ આદિનો જન્મ થાય છે. માટે જે કજીયા—કલહથી દૂર રહેવું હોય તો તેના કારણ—નિમિત્તરૂપ આ પરદોષ જાણવાની, પુછવાની, સાંભળવાની વૃત્તિથી દૂર જ રહેવું જોઈએ.

દુઃખ કોઈને ગમતું નથી. અને દુઃખના કારણોનું સેવન બધા મજેથી કરે તો દુઃખથી મુક્ત કઈ રીતના થવાય ? સુખ માત્ર બધાને ગમે છે પણ સુખપ્રાપ્તિના સાચા ઉપાયોને સેવે જ નહિ તો વાસ્તવિક સુખની પ્રાપ્તિ પણ ક્યાંથી થાય ?

રોગોના રોગનું સાચું નિદાન થાય અને પછી ચિકિત્સા કરાય તો રોગ મૂળ-

માંથી જ નિર્મૂળ થાય. પણ રોગ જ પકડાય નહિ અને વર્તમાનની જેમ અખતરા કરવામાં આવે તો વખતે જાનનો ય ખતરો થાય. સારો ડોકટર પણ 'ઊંટવૈદા'માં ખપે.

તેવી જ હાલત અધ્યાત્મક્ષેત્રમાં પણ બને. શાસ્ત્રોના પરમાર્થને ન જાણે અને પોતાની કલ્પિત વાતોની સિદ્ધિને માટે અધકચરા સંદિગ્ધ શાસ્ત્રવચનો બતાવી ભલા-ભોળાને ભ્રમમાં નાખે તો શું હાલત થાય–તે વર્તમાનમાં બધા અનુભવે છે. ડોકટરની ભૂલથી એક જ જીવનનો ભય રહે–જ્યારે આવા સ્વાર્થી વેષધારીઓથી કેટલાયના ભાવપ્રાણોની કતલ થઈ જાય–જેનું વર્ણન ન થાય!

પંચાંગી આગમને માનનારા જીવોને તો આગમ વચન ઉપર એવી અનુપમ શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે કે, માર્ગસ્થ ટીકાકાર પરમર્ષિઓએ ગહન શાસ્ત્રવચનોના ગંભીર ભાવોને કેટલી સુંદર રીતે સમજાવી આપણા જેવા મંદમતિવાળા જીવો ઉપર અનન્ય ઉપકાર કર્યો છે. કર્તાના આશયને અનુરૂપ ભાવ સમજાવી આપણને સન્માર્ગમાં સ્થિર કર્યા છે. શાસ્ત્રકાર પરમર્ષિઓ જે જે શાસ્ત્ર રત્નોની ભવ્ય જીવોના ઉપકારને માટે રચના કરે છે તે સ્વ–પરની કેવળ અનુગ્રહ બુદ્ધિથી જ કરે છે. તેમાં પોતાની પ્રજ્ઞાનો ગર્વ નથી હોતો, બીજાને ઉતારી પાડવાની વૃત્તિ નથી હોતી કે આ લોક કે પરલોક સંબંધી સુખ–સામગ્રીની કે માન–પાનાદિની ઇચ્છા પણ નથી હોતી. પણ વાંચનાર-સાંભળનાર કઇ રીતના આ સન્માર્ગ સમજી, સન્માર્ગની સાચી આરાધના કરી વહેલામાં વહેલા આત્મહિતનો ભોકતા બને, આ સંસારના પારને પામે તે જ એક અનુગ્રહ બુદ્ધિ હોય છે. ગ્રન્થકારના આશયને અનુરૂપ આ ભાવ ટીકાકાર પરમર્ષિઓ જ સમજાવી શકે અને પરમ ગીતાર્થ મહાત્માઓ શ્રોતાઓને તેનું રહસ્ય બતાવી શકે.

ઉપદેશક મહાત્મા પણ આ બધા શ્રોતા મારા 'ભકત' બને, મને 'વિદ્વાન' માને. ઉપદેશ સાંભળવાના બદલામાં સારા સારા ગોચરી–પાણી વહોરાવે કે સારી–સારી ચીજ વસ્તુઓ લાવી આપે તેવા બદલાની ભાવનાવાળો પણ ન હોય પણ માત્ર આ બધા સદ્ધર્મને યથાર્થ સમજી વહેલામાં વહેલા આ સંસારથી પાર પામે તે જ નિસ્તારની ભાવનાવાળો હોય તો સાચો ઉપદેશક બની શકે. બાકી જો માન–પાન–સન્માન ખ્યાતિ-પ્રસિદ્ધિ કે બદલાની ભાવના આવી તો કદાચ શ્રોતા આત્મ કલ્યાણ સાધી શકે પણ ઉપદેશક તો મર્યો જ સમજો! જો દરેક વસ્તુનો મૂળ પરમાર્થ સમજાય તો સન્માર્ગમાં સ્થિર થવાય, સન્માર્ગ ઉપર સાચો પ્રેમ જાગે, સન્માર્ગ યથાર્થ સમજાય અને સ્વ–પરના આત્મહિતને સાધનારા બનાય. પરમાર્થને સમજવા પ્રયત્ન કરી સૌ આ સંસારના પારને પામો તે જ **મંગલભાવના...**

❋ વિવિધ પ્રશ્નોત્તરના સંપાદક તેને વફાદાર છે ? ❋

લેખક :— "શ્રી પુનિત"

એક વાર એક ભાઇના ઘરે કોઇક મહેમાન પધાર્યા. થોડા દિવસ માટે એ મહેમાન ત્યાં રોકાયા. જ્યાં સુધી તે રોકાયા, ત્યાં સુધી પેલા ભાઇ પોતાના માતા-પિતાનો ખૂબ જ વિનય કરે – સેવા કરે – ભક્તિ કરે, ખડે પગે સેવામાં હાજર રહે. મા-બાપ પાણી માંગે તો કેસરીયા દૂધ પણ હાજર કરે. પેલો મહેમાન તો માતા-પિતાની આવી ભક્તિ જોઇને આફરીન પોકારી ગયો. આજના કાળમાં પણ 'શ્રવણ' જેવા દીકરા જગતમાં વિદ્યમાન છે, તેમ તેને થઇ ગયું. મહેમાન તો સર્વત્ર આ ભાઇની પ્રશસ્તિ ગાયા કરે કે – 'મા-બાપની સેવા તો એની !'

મહેમાનનું રોકાણ પુરૂ થયું ને જ્યાં એ પોતાના ઘરે ચાલ્યો ગયો, ત્યાં જ આ ભાઇએ પોત પ્રકાશવા માંડયું. હવે મા-બાપનો પાક્કો દુશ્મન બની ગયો. તેમનો એકે શબ્દ કાને ધરવા હવે તે તૈયાર નથી. મા-બાપની હિતકારી અને સત્ય વાતને પણ ખોટી જાહેર કરી, તેમને ગાળો ભાંડવા લાગ્યો. મા-બાપનું અહિત કરનારા જે તેમના દુશ્મનો હતા, તેમની છાવણીમાં જેસીને, તેમની સાથે ભળી જઇને માત-પિતાને પરેશાન કરવા લાગ્યો.

આ વાત અમને "**વિવિધ પ્રશ્નોત્તર (વિભાગ ૧ / વિભાગ ૨)**" નામનું નવું જ બહાર પડેલ પુસ્તક જોઇને યાદ આવી. આમ તો આ પુસ્તક ૭૦ વર્ષ પૂર્વે **સકલાગમરહસ્યવેદી પ. પૂ. આ. ભ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ** ની હયાતીમાં છપાયેલ હતું, કે જે પુસ્તકમાં તેઓશ્રીએ જુદા જુદા અનેક વિષયો ઉપર ઉદ્ભવેલા પ્રશ્નોના શાસ્ત્રાધાર સાથે વિસ્તારપૂર્વક જવાબો આપેલ છે. શાસ્ત્રની ગરજ સારે એવા આ પુસ્તકનું પુનઃ સંપાદન ખૂબ જ ચીવટપૂર્વક સુંદર રીતે સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ જયઘોષ સૂરીજીના સમુદાયવર્તી મુ. શ્રી મહાબોધિ વિજયજીએ કર્યું છે. આ સંપાદક મુનિશ્રીએ પુસ્તકની અને તેના લેખકશ્રીની પ્રશસ્તિ લગભગ ૩ પાનાની લખી છે. જેનાંના કેટલા અંશો આ પ્રમાણે—

❋ **"વર્તમાનમાં ગુર્જરભાષામાં પ્રશ્નોત્તર શૈલીમાં લખાયેલાં અનેક ગ્રન્થો મળે છે. એમાંનો સર્વમાન્ય પ્રસ્તુત ગ્રન્થ છે "** "વિવિધ પ્રશ્નોત્તર"

❋ **"એક પણ પ્રશ્નનો ઉત્તર પ્રાયઃ એવો નથી, જેમાં શાસ્ત્રનો આધાર ન હોય. પ્રત્યેક પ્રશ્નના સમાધાનો શાસ્ત્રપાઠ આપીને જ કરવાની પૂજ્યશ્રીની શૈલી છે."**

* **"તે કાળે ચર્ચાસ્પદ બનેલ પ્રશ્નોના પણ ઉત્તરો આપવાનો અહીં સુંદર પ્રયત્ન થયો છે..... જે આજના કાળમાં પણ અતિ ઉપયોગી છે..... આ ગ્રન્થને શાંતિથી સદ્ગુરૂ પાસે બેસીને સમજવું. તે વધુ યોગ્ય ગણાશે"**

આટલી સુંદર રજુઆત જોઇને પુસ્તકના વાચકોને સહેજે આનંદ થાય કે સંપાદક મુનિશ્રીને, તેમજ આ ગ્રન્થના સંપાદનની પ્રેરણા કરનાર તેમના ગુરૂભગવંતને કે તેમના ગચ્છાધિપતિશ્રીને 'લેખકશ્રી' પ્રત્યે કેટલો બધો વિશ્વાસ હશે, આદર અને અહોભાવ હશે. વળી આ મુનિશ્રી અને તેમનો સમુદાય, 'લેખક એવા પૂજ્યશ્રી' ના ગુણાનુવાદ પણ જાહેરસભામાં ખૂબ સુંદર રીતે કરતો હોય છે, જેથી લોકમાં વાહવાહ થાય અને લોકોમાં એવી છાપ પડે કે પરમ ગીતાર્થ પૂ. આ. ભ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજા એમના હૈયામાં કેવા વસ્યાં હશે, ને આ તેમના વારસદારો પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત આજ્ઞાંકિતપણું ધરાવતા હશે.

છતાં અંદરની પરિસ્થિતિ જોઇએ તો કંઇક જુદું જ દેખાય છે. આ લોકો જાહેરમાં જેમના ગુણો ગાય છે, પ્રશંસા કરે છે જેમની વાતોને શાસ્ત્રાધારિત કહે છે, તેમની જ વાતોને બીજી તરફ કેવી રીતે ખાંડી નાંખે છે, જુઠ્ઠી સાબિત કરે છે એ જોવા જેવું છે. પૂજ્યશ્રીની હિતકારક વાતની પણ ઘરાર ઉપેક્ષા કરી ઘુંકીયા કરતા તેઓ કહે છે કે– "શાસ્ત્ર શાસ્ત્ર શું કરો છો ? શાસ્ત્રો તો અમેય ભણ્યા છીએ"

વળી બીજી વાત એ છે કે પુજ્યપાદશ્રીજીના વખતમાં એક પ્રખર કહેવાતા આચાર્ય થઇ ગયેલાં, જેમણે તે વખતે અનેક મનમાની પ્રરૂપણાઓ કરવા માંડેલી. તે કરેક ઉત્સૂત્રોનો પ્રતિકાર પુજ્યશ્રીએ શાસ્ત્રાધારે કરેલો. આજે એ જ પુજ્યશ્રીના આ વારસદારો (!) ભલે પુસ્તકમાં પુજ્યશ્રીની પ્રશસ્તિ લખે, પણ હકીકતમાં તો તેઓ પેલા આચાર્યશ્રીના પક્ષમાં ભળી ગયા છે, ને પુજ્યશ્રીને ટીકા–નિંદાનું નિશાન બનાવી રહ્યાં છે.

સંપાદક તથા તેમના સમુદાયવાળાની આ ચાલને જરા સ્પષ્ટ રીતે મુદ્દાસર સમજીએ.

(૧) "વિવિધ પ્રશ્નોત્તર" ના પાના નં. ૨૫૬ ઉપર પ્રશ્ન નં. ૧૦૫ જોશો તો ખ્યાલ આવશે કે સકલાગમ રહસ્યવેદી પુ. આ. ભ. શ્રી કાન સૂરીશ્વરજી મહારાજની **'સંતિકર'** અંગે શું માન્યતા હતી, અને તેમની એ શાસ્ત્રીય માન્યતાને તેમના જ આ વારસદારોએ કેવી પગ તળે કચડી નાંખી છે. પુજ્યશ્રીના પ્રશ્ન ઉત્તરનો અક્ષરશઃ ઉતારો આ પ્રમાણે છે.

પેજ–૨૫૬ / પ્ર૦ ૧૦૫:– કેટલાંક ગામોમાં સંધ્યાએ દેવસિક પ્રતિક્રમણ કરી

રહ્યા પછી સામાયિક પાર્યા પહેલાં નિરંતર 'સંતિકરં' નામનું સ્તોત્ર અવશ્ય ભણે છે. કેટલાંક ગામોગામ પખ્ખી ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણને અંતે ભણે છે અને કેટલાંક ગામોમાં સર્વથા ભણતા નથી, તો ભણવાનું વિધાન કોઈ શાસ્ત્રમાં છે ?

ઉ૦ – દેવસી, રાઇ, પખ્ખી, ચૌમાસી અને સંવત્સરી – આ પાંચ પ્રતિક્રમણમાંથી એક પણ પ્રતિક્રમણની અંતે 'સંતિકરં' નામનું સ્તોત્ર ભણવાનું વિધાન કોઇ પણ પ્રામાણિક ગ્રંથમાં નથી. વળી વર્તમાનમાં પણ મુંબઇ શા ભીમસી માણેક તરફથી છપાયેલ, અમદાવાદ વિદ્યાશાળા તરફથી છપાયેલ, ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાયેલ, મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી છપાયેલ પંચ પ્રતિક્રમણની ચોપડીઓ છે, તેમાંથી કોઇમાં પણ પ્રતિક્રમણના અંતે 'સંતિકરં' કહેવાની વિધિ લખેલ નથી.

શંકા – 'શ્રીસંતિકરં' નામના સ્તોત્રમાં જ – 'સરઇ તિકાલં જો' – જે ત્રણે કાળ આ સ્તોત્રનું સ્મરણ કરે, ઇત્યાદિ અક્ષરોથી સંધ્યાએ ભણવા પ્રગટપણે લખેલ છે.

સમાધાન – સત્ય છે તમારા કહેવા પ્રમાણે ત્રણે સંધ્યામાં ભણવા લખેલ છે, પણ દેવસિક આદિ પ્રતિક્રમણની અંતે ગણવું એમ તો કહેલ જ નથી. તો પછી પ્રતિક્રમણની અંતે કહેવાનો શો હેતુ ? જો સંધ્યા શબ્દથી પ્રતિક્રમણ અર્થ કરો તો શ્રીનમિઉણ કે અજિતશાંતિ આદિ ઘણા સ્તોત્રમાં 'ઉભય સંધ્યા અથવા ત્રિકાળ' એવા શબ્દો છે તો સર્વ કહેવાં જ પડશે.

જુઓ શ્રીનમિઉણસ્તોત્રની વીસમી ગાથામાં સંઝાસુ દોસુ' – 'બે સંધ્યાએ જે કોઇ ભણે' ઇત્યાદિ, તથા 'શ્રી અજિતશાંતિસ્તવ' ની ૩૯ મી ગાથામાં 'જો પઢઇ જો અનિસુણઇ ઉભઓ કાલંપિ' – આ શ્રી અજિતશાંતિસ્તોત્ર બન્ને કાળ જે કોઇ ભણે અથવા જે કોઇ સાંભળે ઇત્યાદિ. શ્રી પાર્શ્વનાથસ્વામિના મંત્રાધિરાજ સ્તોત્રના ૩૩મા શ્લોકમાં 'ત્રિસંધ્યં યઃ પઠેન્નિત્યમ્' – 'સર્વ મંગલની સિદ્ધિ આપનાર એવા તત્ત્વરૂપ આ સ્તોત્રને ત્રણે કાળ જે સ્મરણ કરે તે નિત્ય લક્ષ્મીને પ્રાપ્ત થાય ઇત્યાદિ.'

આ વિગેરે પાઠોથી તમારા મત પ્રમાણે આ સર્વ સ્તોત્ર પ્રતિક્રમણની અંતમાં નિત્ય ગણવાં જોઇએ, પણ તે ગણતા નથી અને ત્રિકાલ શબ્દથી તો ત્રણે કાળ આવતા હોવા છતાં રાત્રિના પ્રતિક્રમણમાં તો કોઇ કહેતું જ નથી. માટે પ્રતિક્રમણની વિધિમાં ન્યૂનાધિકતા કરવી ઉચિત નથી. પ્રતિક્રમણ માટેનું સામાયિક અંગીકાર કર્યા પહેલાં અથવા પાર્યા પછી કંઇ જે જે સ્તોત્ર ગણવું હોય તેની મનાઇ નથી પણ વચ્ચમાં ગણવાથી અનવસ્થા દોષ પ્રાપ્ત થાય છે. માટે અનવસ્થા દોષ પ્રાપ્ત ન થાય તેવો પ્રયત્ન કરવો.

વળી અમોએ આ પ્રશ્નોત્તર ગ્રન્થના પૂર્વાર્ધમાં ૧૫૬મા પ્રશ્નોત્તરમાં છીંક સંબંધમાં પંડિત શ્રી વીરવિજયજીગણિકૃત પ્રશ્નોત્તર ચિંતામણિનો એક સંપૂર્ણ પાઠ લખેલો છે. તેમાં છીંક સંબંધી કરવાની વિધિ જણાવીને પાક્ષિક પ્રતિક્રમણ ક્યાં સુધી કરવું તે પણ લખેલું છે. તેઓ ફરમાવે છે કે –

'सर्वे यक्षाग्निकाद्याये०' स्तुतिं कथयित्वा तदनु दुःक्षयक्षयकर्मक्षयाय यावत् बृहत्शान्तिस्तावत् ज्ञेयमिति वृद्धसम्प्रदाय ।

સારાંશ – પાક્ષિક, ચોમાસી, અને સંવત્સરી પ્રતિક્રમણમાં છીંક થયેલી હોય અને ફરીથી ક્રિયા કરી શકાણી ન હોય તો છીંક સંબંધી ક્ષુદ્રોપદ્રવ ઉડ્ડાવણીનો કાઉસ્સગ્ગ કરીને ઉપર 'सर्वे यक्षाग्निकाद्या ये०' આ સ્તુતિ કહેવી. તે કહીને દુઃક્ષય કર્મ ક્ષયનો કાયોત્સર્ગ કરવો. ઉપર यावत् બૃહત્ શાંતિસ્તોત્ર કહેવું. ત્યાં સુધી પાક્ષિક, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ કરવું, એમ વૃદ્ધ સંપ્રદાય છે.

આ પાઠથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે પંડિત શ્રી વીરવિજયજીના વખતમાં પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં સંતિકરં સ્તોત્ર કહેવાનો રિવાજ નહતો. જો સંતિકરં કહેવાનો રિવાજ હોત તો 'यावत् संतिकरं' સુધી કહેવું એમ અવશ્ય કહેત. પણ ઉપરોક્ત પાઠમાં તેમણે તેવું તો મુદ્દલે જણાવ્યું નથી જ. તેથી પાક્ષિકાદિ પ્રતિક્રમણમ સંતિકરં ન કહેવું જોઇએ એમ સિદ્ધ થાય છે.

પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં અન્તે સંતિકરં કહેવાનો રિવાજ વર્તમાનમાં થોડાં જ વર્ષોથી શરૂ થયેલો હોવાથી પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં તે કહેવું પ્રમાણભૂત લાગતું નથી. આ ઉપરથી 'તે દેવસી પ્રતિક્રમણમાં કહેવું' એ તો સુતરાં નિરાધાર સાબિત થાય છે.

સંપૂર્ણ.

આ પ્રમાણે પૂજ્યશ્રીનો શાસ્ત્રાધાર સાથે કરેલ સુંદર ખુલાસો આપણે જોઇ ગયા. છતાય **'સિદ્ધાન્ત દિવાકર'** તરીકે પોતાને ઓળખાવનાર આચાર્ય અને તેનો સમુદાય આ વાત સ્વીકારવા તૈયાર નથી, ને હજુ ચૌદશે પ્રતિક્રમણ પછી 'સંતિકરં' બોલે છે, બોલવાની ફરજ પાડે છે.

વળી આ જ પુસ્તકના પેજ નં. ૨૫૭ ઉપર આગમપ્રજ્ઞ પ. પૂ. બા. બ્ર. શ્રી જંબુસૂરીશ્વરજી મહારાજની ટીપ્પણી પણ છપાયેલ છે, કે જે પૂ. આચાર્ય ભગવંતને 'સિદ્ધાન્ત દિવાકર' નો સમુદાય આદરણીય – પૂજનીય ગણે છે. તે ટીપ્પણી શબ્દશઃ આ પ્રમાણે છે.

"આવી એક શાસ્ત્રીય વિધિમા હઠાગ્રહ કરવો કોઇને માટે હિતાવહ ગણાય નહિ.

તથાપિ 'य-मादवेनोक्तं तत्र' – જે માધવે કહ્યું તે નહિ – એવી કારમી નીતિનું અનુસરણ કરનારા વર્તમાનમાં જે કોઇક સંતિકરં કલ્પનું ઓઠું આપીને એક ચાલતી અવિધિ સુધારવાને બદલે ઉલ્ટી ઉત્તેજિત કરે છે તે શાસ્ત્રાનુસારીપણાની દૃષ્ટિએ ઘણું જ ઘૃણાજનક છે."

આ ટીપણીના લખાણને વાંચીને પણ વાચકો નક્કી કરી શકે છે કે 'સંતિકરં' બોલનારા પૂજ્યશ્રીને વફાદાર છે કે 'સંતિકરં' ન બોલનારા.

(૨) પૂજ્યશ્રીના દીક્ષાકાળમાં અર્થાત્ આજથી લગભગ ૮૦ – ૯૦ વર્ષ પૂર્વે જૈન શાસનમાં સેંકડો મતભેદો ઉભા થવા પામ્યા હતા. એ કાળમાં આ. શ્રી સાગરાનંદ સૂ. મ. (સાગરજી મ.) એશાસ્ત્રથી વિરૂદ્ધ એવી અનેક પ્રરૂપણાઓ કરવા માંડેલી, કે જેનું ખંડન કરવું એ આપણા મહાપુરૂષો માટે અનિવાર્ય થઇ પડેલું.

આ માન્યતાઓનું ખંડન તે વખતે પૂજ્યશ્રીએ તથા તેઓશ્રીના પરિવારવર્તી ગીતાર્થ મહાત્માઓએ કરેલ, કે જે સાહિત્ય આપણાં સદ્ભાગ્યે આજે પણ ઉપલબ્ધ છે. 'વિવિધ પ્રશ્નોત્તર' ના પેજ નં. ૩૫ ઉપર પ્રશ્ન નં. ૧૭૯ નો ઉત્તર આપતા પૂજ્યશ્રીએ શ્રી સાગરજી મ. ની કેટલીક માન્યતાઓનું ખંડન કડક શબ્દોમાં કર્યું છે, જે વાંચતા પૂજ્યશ્રીની શાસ્ત્ર વફાદારી પ્રત્યે મસ્તક ઝુકયા વિના ન રહે ત્યાં તેઓશ્રી લખી રહ્યા છે કે – **"तिथिनी क्षय-वृध्धिमां पूर्व-पूर्वतर तिथिनी क्षयवृध्धि करनारा शास्त्रविधिनु खून करे छे"** અશાસ્ત્રીય રીતે તિથિની ગમે તેમ ક્ષય કે વૃદ્ધિ કરવી, એ પૂજ્યશ્રીને કેટલી બધી ખટકતી હશે કે જેથી આવા ઉત્કટ શબ્દોની સહાય તેમને લેવી પડી છે. આટલા કડક અને સ્પષ્ટ શબ્દોમાં જે વાત પૂજ્યશ્રી કરી રહ્યાં છે (અને વળી તે ૪ પુસ્તકનું સંપાદન જેઓ કરી રહ્યા છે) તેવા પૂજ્યશ્રીના સુપુત્રો (!) આજે ખુલ્લેઆમ પર્વતિથિના ક્ષય-વૃદ્ધિમાં પુર્વ-પુર્વત્તર તિથિની ક્ષય-વૃદ્ધિ કરી રહ્યાં છે. એટલું જ નહીં, જાહેરમાં પ્લેમ્ફલેટો બહાર પાડી પોતાની અશાસ્ત્રીય પ્રવૃત્તિને જ શાસ્ત્રીય પ્રવૃત્તિ રૂપે પ્રરૂપી રહ્યાં છે, ને પુજ્યશ્રીની ફજેતી કરી રહ્યાં છે.

છેલ્લાં ૩ વર્ષમાં આપણે જોયું કે ફાગણ સુદ ચૌદશ બે આવતી હતી. ફાગણ સુદ – ૧૩ એદ જ હોવાથી તે દિવસે શત્રુંજયની છ ગાઉની જાત્રા કરવી શાસ્ત્રીય કહેવાય. છત્તા આ સુપુત્રો (!) એ મિથ્યા માન્યતામાં ભળી જઇને ૨૦૦ આચાર્યો વિ. ના નામે પ્લેમ્ફલેટ બહાર પાડેલ કે ફાગણ સુદ – ૧૩ બે આવે છે, માટે બીજી તેરસના (વાસ્તવિક પ્રથમ ચૌદશના) દિવસે છ ગાઉની જાત્રા કરવી. હજારો લોકોને બોટા દિવસે જાત્રા કરાવવાનું પાપ તો તેમણે બાંધ્યું, સાથે સાથે સકલાગમરહસ્યવેદી પુ. આચાર્ય

ભ. શ્રી નાં બતાવેલ માર્ગને આ સુપુત્રોએ જુઠ્ઠો ઠરાવ્યો, અશાસ્ત્રીય ઠરાવ્યો, તેમની માન્યતાને સાચી ઠેરવી ખરેખર આજે જો પુજ્યપાઠ આ. ભ. શ્રી હાનસૂરિ.શ્વરજી મહારાજ હયાત હોત, તો આવું કરત નહિ અને કરતા તો પોતાના વારસદારોના આવા કારસ્થાનો જોઇ જીવવું પડત, એવી પરિસ્થિતિનું નિર્માણ આ વારસદારોએ કર્યું છે.

આ પુસ્તકના પેજ નં. ૧૯૧ ઉપર ટીપ્પણીમાં લખ્યું છે કે – **"વર્તમાન કાળમાં જે કોઇક 'ક્ષયે પૂર્વા.' નો અર્થ બીજાદિ પર્વતિથિનો ક્ષય–વૃદ્ધિ હોય ત્યારે એકમ આદિ પૂર્વ અને પૂર્વતર તિથિનો ક્ષય અથવા વૃદ્ધિ જ કરવી, એમ કહે છે તે કેવળ કપોલકલ્પિત છે અને પ્રાચીન તપગચ્છ સામાચારીથી વિરૂદ્ધ છે."**

આટલું સ્પષ્ટ લખાણ હોવા છતા અને એ જ પુસ્તકનું સંપાદન કરવા છતા આ સુપુત્રો (!) પોતાની મનમાની કરી રહ્યા છે ને પુજ્યશ્રીની માન્યતાને કૃતસૂત્ર તરીકે પ્રરૂપી રહ્યા છે.

(૩) આવતા વર્ષે વિ. સં. ૨૦૫૫ માં **સંવત્સરી મહાપર્વ** સોમવારે (તા. ૧૩–૯–૯૯) આવે છે. ભાદરવા સુદ ૫ ની વૃદ્ધિ હોવાથી મંગળવારે ભાદરવા સુદ ૫ (પહેલી) અને બુધવારે ભાદરવા સુદ ૫ (બીજી) આવે છે. સકલાગમરહસ્યવેદી પુ. આ. ભ. શ્રી ની શાસ્ત્રીય માન્યતા મુજબ સંવત્સરી મહાપર્વની આરાધના સોમવારે જ કરવી જોઇએ. પુજ્યશ્રીની માન્યતા સમજવા માટે 'વિવિધ પ્રશ્નોત્તર' ના પેજ–૩૪૧ ઉપરનું **પરિશિષ્ટ–૨** વાંચીએ તો દીવા જેવું સ્પષ્ટીકરણ ત્યાં કરેલ છે.

આમ શાસ્ત્રીય માન્યતા અને અશાસ્ત્રીય માન્યતા આવતા વર્ષે સામસામી ટકરાવવાની છે. 'વિવિધ પ્રશ્નોત્તર' પુસ્તકના સંપાદક મુનિ તથા તેમના ગચ્છાધિપતિશ્રી કયાં પક્ષમાં ભળે છે, તે નજીકના સમયમાં જ જણાઇ જશે. (તેમના દ્વારા ઠરાવ પડેલ પંચાગ જોશો, તો સમજાઇ જશે.) જમાનો જ એવો ખરાબ આવ્યો છે કે આ સુપુત્રો (!) સગા બાપને છોડીને, બાપ સાથે કટ્ટર દુશ્મનાવટ રાખનારા દુશ્મન સાથે ભળી જાય તો આશ્ચર્ય ન માનતા.

(૪) સકલાગમરહસ્યવેદી પુજ્યપાઠશ્રીની બીજી પણ અનેક શાસ્ત્રીય માન્યતાઓ એવી હતી કે જેની સામે ભૂતકાળમાં વિવાદ જગાવેલો. તે શાસ્ત્રીય માન્યતાઓ આ પ્રમાણે છે – (૧) સાધુનું નવાંગી ગુરૂપુજન વિહિત છે. (૨) ગુરૂપુજનના પૈસા જ્ઞાનોદ્ધારાદિમાં જાય, ગુરૂવૈયાવચ્ચમાં નહી. (૩) સ્વપ્નાની બોલીની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય, કલ્પિત દેવદ્રવ્યમાં નહી (૪) કાળધર્મ પામેલાં સાધુ ભગવંતની ઉછામણીનું દ્રવ્ય ગુરૂમંદિર – દેવદ્રવ્યાદિમાં જાય, જીવદયામાં નહી. (૫) ચોમાસામાં શત્રુંજય પર્વતની

જાત્રા કરવાનો નિષેધ નથી. (૬) સુગુરુને જ વંદન કરાય, વેશધારી સર્વને નહી, ઇત્યાદિ.

પૂજ્યપાદશ્રીની આ શાસ્ત્રીય માન્યતાઓથી સાવ વિરુદ્ધ માન્યતા તેઓશ્રીના પ્રપૌત્ર 'સિધ્ધાન્ત દિવાકર (!)' નામે ખ્યાતનામ એવા આચાર્યની છે. એ આચાર્ય આમ તો પુજ્યપાદશ્રીજી પ્રત્યે પોતાને અત્યન્ત અહોભાવ હોય, ભક્તિ હોય તેવો દેખાડો જાહેરમાં કરત હોય છે. તેઓશ્રીના વખાણ કરવા પણ બેસી જાય છે. જેથી લોકમાં પોતાનું સારૂં દેખાય. જ્યારે બીજી બાજુ આ જ આચાર્ય પુજ્યપાદશ્રીજીની શાસ્ત્રીય માન્યતાઓ સામે ધૂળ ઉડાડીને ગેલ કરી રહ્યાં છે; ઠંભી એવા આ આચાર્યને બરાબર ઓળખી લેવા જેવા છે. તેમની પાસે જાહેરમાં જવાબ માંગવો જોઇએ કે "સકલાગમ-રહસ્યવેદી પુજ્યપાદશ્રી સાચા હતા કે સિધ્ધાન્ત દિવાકર (!) એવા તમે સાચા છો ?

બીજી તરફ શ્રી સાગરજી મ. ના ભક્તોએ પણ પોતાના ક્ષેત્રમાં આ આચાર્યને ચાતુર્માસ લાવવા પુર્વે ખુલાસો માંગવો જોઇએ કે – "શ્રી સાગરજી મ. ની માન્યતા સાચી છે કે પ. આ. ભ. શ્રી હાનસૂરીશ્વરજી મહારાજની ? જો સાગરજી મ. ની માન્યતા પ્રમાણે તમે આચરણ કરો છો તો 'વિવિધ પ્રશ્નોત્તર' પુસ્તક શા માટે છપાવ્યું ? કે જેમાં શ્રી સાગરજી મ. ની માન્યતાઓનું જોરદાર ખંડન કરવામાં આવ્યું છે." આ રીતે જાહેરમાં પડકાર ફેંકાશે તો જ આ આચાર્યની દુધ–દહીંયાં નીતિ ખૂલ્લી પડશે.

આ આચાર્યની પોતાના પુજનીય વડીલો પ્રત્યેની અપુર્વ ભક્તિ જોઇને અમને પેલો ભીલ યાદ આવે છે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે – જંગલમાં એક ભીલ રહેતો હતો. તેણે કોઇક ઉપદેશક પાસેથી સાંભળ્યું કે ભૌત સાધુ (શરીરે ભભુતી ચોપડનાર) ને જો આપણો પગ લાગી જાય તો ઘણું પાપ લાગે. પેલા ભીલે નિર્ણય કર્યો કે ભૌત સાધુને પગ ન લાગી જાય તેની ખૂબ કાળજી રાખવી.

હવે એક વાર આ ભીલને પ્રયોજનવશ મોરના પીંછાની જરુર પડી. ખૂબ તપાસ કરી, પણ ક્યાંય પીંછું ન મળ્યું. કોઇકે ભીલને કહ્યું કે 'મોરના પીંછા તો ભૌત સાધુ પાસે હોય' પેલો ભીલ ભૌત સાધુ પાસે પહોંચી ગયો ને પીંછું માંગ્યું. પેલા સાધુએ પીંછું ન આપ્યું. તે વખતે પેલા ભીલે પોતાનીશસ્ત્ર વડે ભૌત સાધુને ત્યાં ને ત્યાં પછાડી મારી નાંખ્યા અને પીંછું મેળવ્યું. મારી નાખવા છતા ભીલમાં કેટલો બધો વિવેક (!) કે તેણે પોતાના પગનો સંઘટ્ટો ભૂલેચૂકે સાધુને ન થઇ જાય તેની ખૂબ કાળજી રાખી. સાધુને પગ લાગી જાય તો પાપ લાગે ને !

બસ ! આવા જ અપુર્વ વિવેકનું દર્શન આપણા સૌના દુર્ભાગ્યે આજે પણ થઇ રહ્યું છે. આવા વિવેકીઓને સૌ બરાબર ઓળખી લે, તેમનાથી ૧૦૦ ગાઉ છેટે રહી પોતાનું આત્મકલ્યાણ સાધે એ જ.

જૈન શાસન અઠવાડિક

દીપોત્સવી વિશેષાંક

જિનદર્શન પૂજન કથા વિશેષાંક

જૈન શાસનનો ૬૨ વર્ષે દિવાળી ઉપર વિશેષાંક પ્રગટ થાય છે.

આ વખતે ઉપર મુજબ વિષયનો વિશેષાંક પ્રગટ થશે.

અંક કારતક સુદ ૧૪ મંગળવાર તા. ૩-૧૧-૯૮ના પ્રગટ થશે. લેખો તારીખ ૧૬-૧૦-૯૮ સુધી મળી જાય તેમ પૂજ્ય આચાર્યદેવો આદિને લેખો મોકલવા વિનંતિ છે.

વિશેષાંક માટે

શુભેચ્છક રૂા. ૧૦૦/- * આજીવન શુભેચ્છક રૂા. ૧૦૦૦/- છે.

તો આ વિશેષાંક માટે જૈન શાસનના હિતસ્વી તથા માનદ પ્રચારકો તથા ગ્રાહકોને પોતાના વર્તુળમાંથી શુભેચ્છકો તથા આજીવન શુભેચ્છકો બનાવીને મોકલવા વિનંતિ છે.

-: શ્રી જૈન શાસન કાર્યાલય :-

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) ૩૬૦૦૦૫

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૬] —શ્રી રાજુભાઇ પંડિત

(૩૬) ગુરૂભક્તિની અનન્ત = (અજોડ) જ્યોત, એકલવ્ય !

"તેના ઉપર યમરાજ ક્રોધાયમાન થયો છે, તેના ઉપર જગત્કર્તા રોષાયમાન થયો છે, અર્જુન ! કે જેણે તારો તિરસ્કાર કર્યો છે."

એક દિવસની વાત છે.

આજે અનધ્યયન = વિદ્યાભ્યાસમાં રજાનો દિવસ હતો આથી ગોધાધારી (ધનુષની પણછ વાગે નહિ માટે ડાબા હાથે પહેરવાનો ચામડાનો પટ્ટો ધારણ કરીને) અર્જુન ફરવ માટે પુષ્ય કરંડક વનમાં ગયો હતો.

અચાનક તેની નજર એક કૂતરા ઉપર પડી. કૂતરાના આખા મુખમાં એકલા બાણો હતા. આથી આશ્ચર્ય પામેલ અર્જુને વિચાર્યું કે ચોક્કસ આટલામાં જ કયાંક કોઇ શ્રેષ્ઠ ધનુર્ધર હોવો જોઇએ.

એટલામાં આગળ જતાં એક ઉંચા પહાડી દેહધારી, શસ્ત્રાભ્યાસમાં તત્પર, લક્ષ્ય ભેદવામાં કુશળ એક પુરૂષને જોયો. વીજળીવેગે બાણ ચઢાવીને છોડીને લક્ષ્યને તરત જ ભેદી નાંખતા તેને જોઇને આશ્ચર્ય પામેલા પાર્થે પૂછ્યુ – તમે કોણ છો ? તમારા ગુરૂ કોણ છે ?

તેણે કહ્યુ – "પલ્લિપતિ હિરણ્યધનુષનો હું એકલવ્ય નામે પુત્ર છું. અને શસ્ત્ર તત્ત્વના સમુદ્રની ખાણ સમાન તે દ્રોણાચાર્ય મારા ગુરૂ છે. કે જેમને ધનુર્ધરોમાં શ્રેષ્ઠ એવો ધનંજય = અર્જુન નામનો શિષ્ય છે."

હવે અહીંથી પાછો ફરેલો અર્જુન નિસ્તેજ મુખવાળો થયેલો રસ્તામાં મનથી વિચારવા લાગ્યો કે – ચંદ્ર જેવા ઉજ્જવળ ગુણોથી આ એકલવ્ય મારો પરાભવ કરે છે મને લાગે છે કે – ગુરૂ વડે આના ઉપર મારા કરતાં વધારે શિષ્યપ્રસાદ = કૃપા વરસાવી છે.'

આ રીતે ચિંતાથી મલિન, શ્યામ મુખવાળો, અશ્રુ સારતી આંખે પોતાના શસ્ત્રાભ્યાસના અત્યાર સુધીના શ્રમને નક્કામો ગણતો અર્જુન ગુરૂ પાસે આવીને ચૂપચાપ બેસી રહ્યો.

આથી દાઢી ઊંચી કરાવીને ગુરૂએ સ્નેહથી તેને કહ્યું – "વત્સ ! આજે ત્રિવસના ચંદ્રની જેમ નિઃસ્તેજ મુખવાળો કેમ દેખાય છે. ? આજે ખરેખર તેના ઉપર યમરાજ ક્રોધાયમાન થયો છે. તેના ઉપર વજ્રનો પાત થશે, જગત્કર્તા તેના ઉપર રોષાયમાન થયા છે અર્જુન ! કે જેણે તારો તિરસ્કાર કર્યો છે. વત્સ ! મને કહે તારો તિરસ્કાર કોણે કર્યો છે ?

આથી પાર્થે કહ્યું – "હે પ્રભો ! કોની તાકાત છે કે કોઇ મારો પરાભવ કરી શકે ? શું કેસરી બાળ કદિ કોઇથી પરાભવ પામે છે ખરૂ ? પણ.. પણ.. ગુરૂદેવ ! તમે પહેલા મને ભેટીને કહ્યું હતુ કે – તારા સમાન ધનુર્ધર આ જગતમાં કોઇ થશે નહિ. આ રીતે મારા પૂર્વના સુકૃતથી પ્રાપ્ત થયેલી આપની કૃપાથી ઉચ્ચારાયેલું આપનું તે વચન ખોટું પડી રહેલુ જાણીને મારૂ મન વલોવાઇ ગયુ છે કારણ કે તમારી શિક્ષામાં અગ્રેસર એક ધનુર્ધર આજે મેં જોયો. પ્રભો ! તેની તે વિદ્યા આગળ તો હું ચંદ્રની સોળમા ભાગની પણ કળાને પામ્યો નથી.

ગુરૂ દ્રોણાચાર્યે કહ્યું – 'તારી બરાબરી કરી શકે એવો મારે તારા સિવાય કોઇ જ શિષ્ય નથી તો તારાથી ચડિયાતો હોવાની તો વાત જ ક્યાં રહી ?

આમ કહેતાં ગુરૂદેવને પાર્થે કહ્યું - 'હે ગુરૂદેવ ! હું તે આના શિષ્યને વનમાં બતાવું.' એમ કહી અર્જુન ગુરૂને ત્યાં લઇ ગયો.

વૃક્ષની પાછળ છૂપાઇને પહેલાં તો ગુરૂદેવે તેના બાણના વિજળીવેગે થતાં શર સંધાન તથા શર ત્યાગાદિ જોયા પછી ત્યાંથી એકલવ્યની આગળ ગયા.

એકલવ્ય પણ આવી રહેલા ગુરૂ દ્રોણને જોઇને દૂરથી દોડી આવીને ભૂમિ ઉપર આળોટતો ગુરૂદેવના પગમાં પડયો.

ધનુષની પણછ ઉપર કાંડાથી કોણી સુધીના સખ્ખત = તાકાતવાન હાથવાળા, પ્રશાંત તથા બ્રહ્મચારી એવા એકલવ્યને ગુરૂદ્રોણે લાંબા સમય સુધી કૃપા ભીની નજરથી જોયા જ કર્યો. પછી પૂછ્યું કે –

"વત્સ ! આટલી સુંદર શસ્ત્ર વિદ્યા સારા અભ્યાસ વિના શીખી શકાતી નથી. તું ક્યાંથી આ બાણ વિદ્યા શીખ્યો છે ?" કર જોડીને, હસીને એકલવ્યે કહ્યું – "મને જગદ્‌ગુરૂ દ્રોણાચાર્ય પાસેથી આવી વિદ્યા મળી છે."

ગુરૂદ્રોણે કહ્યું – મેં તો કદિ પણ તને વિદ્યાનો ઉપદેશ દીધો પણ નથી તો મારી પાસેથી વિદ્યા શીખ્યો એમ જુઠુ શા માટે બોલે છે ? ભદ્ર ! જે કોય તે સત્ય હકિકત કહી દે. એ રીતે ગુરૂએ તેને કહેવા કહ્યું.

આથી વિનીત એકલવ્યે માટીની ગુરૂદ્રોણની મૂર્તિ દ્રોણ તથા અર્જુનને બતાવી. વેદિકા ઉપર રહેલી તે ગુરૂમૂર્તિને ચંપકના પુષ્પોથી પૂજાયેલી જોઇને અર્જુને વારંવાર વંદના કરી.

હવે અર્જુને પૂછયું – 'હે ભ્રાતા ! ગુરૂ દ્રોણ તારી દૃષ્ટિ પથમાં સૌ પહેલા ક્યારે આવ્યા હતા ?

એકલવ્યે કહ્યું – 'હે મહાભાગ ! મેં એક દિવસ ગુરૂદેવને ધનુષ-વિદ્યા માટે એકાંતમાં પ્રાર્થના કરી હતી. ત્યારે વિનયથી નમ્ર પણ અને યોગ્ય કે અયોગ્ય એવો પણ હું ગમે તે કારણે ગુરૂદેવ વડે સર્વથા તિરસ્કાર કરાયો. આથી "ધ્યાનથી પ્રત્યક્ષ કરાયેલા પણ પૂજ્ય ગુરૂદેવ કૃપા માટે થાય છે" આવો નિશ્ચય કરીને હું આ દેશમાં આ પ્રદેશમાં આવ્યો. સાક્ષાત્ ગુરૂને જોતો આ પ્રતિમાને હંમેશા પૂજીને બાણોને ફેંકતા-ફેંકતા હું આટલી ધનુર્વિદ્યા શીખ્યો છું. તે ગુરૂદેવને નમસ્કાર હો કે જેની કૃપાથી મારી જેવો મલીન-હીન પણ બાણની ચપળતા શીખી શકયો. જે ગુરુદેવનું સ્મરણ જ માત્ર ઘનઘોર અંધારનો નાશ કરી નાંખે છે તેવા ગુરૂની કરણીને આ સૂર્ય તો કઈ રીતે પામી શકે ?"

આ રીતે અત્યંત આનંદ તથા રોમાંચપૂર્વક કહી રહેલા તે એકલવ્યને અર્જુન તરફના ગાઢ વાત્સલ્યથી વિવશ થઇ ગયેલા ગુરૂદ્રોણે કહ્યું – "હે એકલવ્ય ! જો તેં મને ગુરૂ તરીકે સ્વીકાર્યો છે તો આ ધનુર્વિદ્યાની કૃતાર્થતાના ફળ રૂપે મને તારે ગુરૂ-દક્ષિણા આપવી જોઇએ."

અત્યંત વિકસ્વર મુખકમળ સાથે એકલવ્યે કહ્યું – હે પ્રભો ! મારી કઇ વસ્તુ આપની દક્ષિણા બને ? શું મારો વૈભવ ધરી લઉ કે મારુ મસ્તક ઉતારી આપુ ? આટલું કરીશ તો પણ હું હે ગુરૂદેવ ! નક્કી તમારા ઋણથી મુકત નહિ બની શકું."

આટ-આટલું એકલવ્યનું હાર્દિક સમર્પણ હોવા છતાં તલવારની ધાર જેવી તીક્ષ્ણ કાંતિલ વાણીમાં ગુરૂદ્રોણ બોલ્યા કે – "તારો જમણા હાથનો અંગૂઠો કાપીને મને આપ."

આટલું સાંભળીને પ્રસન્ન મુખવાળા તેણે પોતાને કૃતાર્થ માનતા કટારની તીક્ષ્ણધાર વડે પળનો પણ વિલંબ કર્યા વિના જમણા હાથનો અંગૂઠો છેદી નાંખીને ગુરૂને અર્પણ કર્યો. બરાબર એ જ સમયે એકલવ્ય ઉપર દેવો વડે પુષ્પ વૃષ્ટિ કરાઇ.

દ્રોણાચાર્ય પણ આશ્ચર્ય સહિત ખુશી મનવાળા અને શરમથી નીચા નમેલા મુખવાળા થઇને એકલવ્યને ભેટીને બોલ્યા – વત્સ ! તે અતિ દુષ્કર કામ કર્યું છે.

* વિવેક રત્નનાં અજવાળા *

વિવેક રૂપી રત્ન દ્વારા અદ્‌ભૂત આત્મ પ્રકાશ ફેલાવનાર મહાત્મા એટલે મુનિરાજ શ્રી વિવેકરત્ન વિજયજી મહારાજ ! જે પાટણ નગરમાં શ્રાવકોએ પરમાત્મા સમક્ષ તેમનો દીક્ષા પ્રસંગ નિહાળ્યો તે ગામમાં ફક્ત ૨૨ દિવસ પછી પરમાત્મા સમક્ષ તેમના કાળધર્મના દેવવંદન કર્યા. કેવો જોગાનુજોગ !

ઐતિહાસિક પાટણની પુણ્યભૂમિ પર પ્રકાશભાઇની પ્રભાવશાળી દીક્ષા સાથે એક પુણ્યાત્મા બિપિનભાઇની પણ દીક્ષા થઇ હતી તેમનો ભૂતકાળ તપાસીએ, તો અત્યંત સુખી જીવન, સુરવસ્થ શરીર, પત્ની આદિનું કુટુંબ અનુકૂળ, સામાન્ય બ્લડની તકલીફ અને બી. પી. ની તકલીફ સિવાય બીજી કોઇ ફરિયાદ નહિ !

સદ્‌ગુરૂઓના સમાગમે આરાધનામાં મન પરોવ્યું અને ચોમાસામાં પૂ. મુ. શ્રી બોધિરત્ન વિ. મ. ની પાવન નિશ્રામાં આરાધના શરૂ કરી. સામાન્ય રીતે કુટુંબમાં વડીલપણું ભોગવીને આવ્યા હોય, તેને સંભાળી સંભાળીને કહેવું પડે, નહિતર વિચિત્ર જવાબ મળે કે, મેં ઘણી દિવાળી જોઇ છે ! બિપિનભાઇ મુમુક્ષપણામાં હતા ત્યારે કદાચ સ્નાન કરવા પોતાને ઉચિત જગ્યાએ બેઠા હોય અને નાનામાં નાનો છોકરો પણ કહે કે, અહીંયા કયાં બેઠા ? તો એ વખતે નાના બાળક જેવી સરળતા રાખીને કહે કે ભૂલ થઇ ગઇ, મને ખબર નહિ, કાલથી હવે ધ્યાન રાખીશ.

ચાર–પાંચ વર્ષ જેટલા પરિચય આદિ દ્વારા ભાવના આગળ વધી અને દીક્ષા માટે મન મક્કમ કર્યું, તે સાલ મુહૂર્ત શ્રેષ્ઠ નહોતું આવતું, તેથી અવિરતિમાં વધુ એક વર્ષ પસાર કરવું પડયું, ફરી ભાવના રજૂ કરી અને નિર્ણય થયો કે જેઠ સુ. ૧૦ ના પાટણ મુકામે દીક્ષા લેવી.

હવે પછી પણ તું આંગળીઓ વડે પણ સ્પષ્ટ રીતે પૂર્વની જેમ જ ધનુષ ઉપર શર-સંધાન કરી શકીશ. આ રીતે તેને પ્રીતિ પૂર્વક આશ્વાસન આપીને ત્યાંથી નગર તરફ પાછા ફર્યા. (દેખાયા ત્યાં સુધી એકલવ્ય ગુરૂદ્રોણને જોતો રહ્યો.)

રસ્તામાં અર્જુને પૂછયું – આટલા સુંદર ગુણોથી યુકત પણ તેને તમે વિદ્યા કેમ ના શીખવાડી ?

ગુરૂએ કહ્યું – 'શસ્ત્ર કે શાસ્ત્રમાં પાર્થથી ચડિયાતુ કોઇ ના બનો . મારી આવી પ્રતિજ્ઞા એકલવ્યની અવજ્ઞામાં કારણ બની પાર્થ !

ગુરૂના યથાર્થ ઉત્તરથી અર્જુનને પણ લાગ્યું કે – ગુરૂના પ્રત્યુપકાર કરવા માટે તો પ્રાણો પણ કંઈ નથી.

તેમનું પુણ્ય પણ કેવું કે અસહ્ય ગરમી અને તબિયતની પ્રતિકૂળતા વચ્ચે પણ પ્રકાશભાઇના દીક્ષા પ્રસંગે પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરિજી મહારાજ પોતે વિશાળ પરિવાર સાથે પધર્યા. અતિ વિશાળ દીક્ષા મંડપમાં ચતુર્વિધ સંઘ સમક્ષ તેમણે તથા તેમના સંસારી શ્રાવિકાએ અન્ય સાત પુણ્યાત્મા સાથે ચારિત્રનો સ્વીકાર કર્યો. ઓઘો અપાયા પછી પરમાત્માને પ્રદક્ષિણા દેતા તો જાણે મલપતો હાથી ચાલતો હોય, તેમ શોભતા હતા. ઉપવાસ પણ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયો. બીજા દિવસે પારણું કર્યા પછી અશાતા વેદનીયનો ભારે ઉદય થયો. બીજા દિવસથી શરૂ થયેલો તાવ લગભગ સતત ૨૧ દિવસ રહ્યો ૧૦૧-૨-૩-૪ ડીગરી તાવ ચઢ ઉતર થયા કરે. ગૃહસ્થપણામાં રોગને સહન કરવાનો અભ્યાસ પાડયો ન હોતો, છતાં પણ પૂર્વના પુણ્યોદયે અદ્ભૂત સમતા રાખી શક્યા. ઘણા રીપોર્ટ કઢાવ્યા, છતાં ડૉ. કોઈ નિદાન કરી શક્યા નહિ. તાવ ઉતરે નહિ ! રીપોર્ટ બધા નોર્મલ આવે ! આ સિવાય ખૂબ જ અશક્તિ ! સ્વસ્થ શરીરવાળા ને વાન માટે પણ અસહ્ય એવી જેઠ મહિનાની ગરમી ! ખાવાની અરૂચિ ! સ્થંડિલ માત્રાની અનિમિતતા ! શ્વાસની તકલીફ આદિ અનેકાનેક તકલીફોથી ઘેરાયેલા મહાત્માની પરિણતિ કેવી હતી તે નીચેના પ્રસંગોથી વિચારી શકાશે.

રાત્રે પાત્રુ કરીને ૧૧ વાગે બેઠા હતા, સહવર્તી મહાત્માએ પૂછ્યું – કાંઇ તકલીફ થાય છે ? જવાબ મળ્યો – 'હું પગામ સજ્ઝાય ભૂલી ગયો છું. દીક્ષા પહેલા પગામ સજ્ઝાય (શ્રાવકોના વંદિત્તાની જગ્યાએ સાધુ – સાધ્વીને બોલવાનું સૂત્ર) ગોખી હતી.

કાંઇક ઠીક લાગતા ધીમે ધીમે ચાલીને પૂ. વયોવૃદ્ધ મુનિપ્રવર શ્રી જયધ્વજ વિ. મ. પાસે તેઓ આવ્યા, વંદન કર્યું, પૂ. મ. શ્રીએ પુછ્યું – કેમ છે ? જવાબ મળ્યો– અશક્તિ રહ્યા કરે છે. આટલો જ જવાબ ! પછી તે ગ્લાન મહાત્માએ પુજ્યશ્રી ને પુછ્યું કે, શ્રાવકો માટે ચોથુ પાંચમું ગુણઠાણું અને આપણા માટે છઠ્ઠુ-સાતમુ ગુણઠાણું કહ્યું છે, તો એ ગુણઠાણાના પરિણામો સતત કેવી રીતે જળવાય રહે ? આત્માની વિશુદ્ધિ ટકાવવા માટે શું પ્રયત્ન કરવા ? વગેરે વગેરે. પુજ્યશ્રીજીએ સમાધાન કર્યું.

એક મહાત્માએ પુછ્યું – શું વિચાર કરો છો ? અર્ધ જાગૃત (તંદ્રા) અવસ્થામાં પણ જવાબ મળ્યો : સામાયિક, ચઉવિસત્થઓ, વાંદણા અને તરત ઉંઘી ગયા. આના પરથી સમજી શકાય કે, કાઉ સગ્ગ હંમેશા માટે ચાલતો હશે.

એક મહાત્માને કહે :– પ્રતિક્રમણ કરી લીએ, પણ ભાવ પ્રતિક્રમણ થતું નથી.

કાળધર્મ પામ્યા તે દિવસે એક મહાત્માએ એક પ્રશ્ન પુછ્યો : જોગ કયારથી શરૂ કરવા છે ? તરત કહે : કાલથી કરશું, પછી પુ. તપોરત્ન વિજયજી મહારાજને પુછ્યું : બરાબર ને ? પુન્યશ્રીએ કહ્યું – બે મહિના પછી સારૂ થાય. પછી કરવાના. તો કહે : સારૂ.

તેમને પુછવામાં આવ્યું કે, ચોમાસા માટે ભાભર જવાના ? ડોળીમાં કે ચાલીને ? જવાબ : હવે સારૂ છે, માટે ચાલીને જઇશ. લગભગ કયારેય કોઇ જવાબ નકારાત્મક મળે નહિ અને મોઢા પર દીનતા, ઉદાસીનતા તો કયારેય જોવા મળે નહિ. સદા પ્રસન્ન મુખમુદ્રા.

મોટા મોટા ડોકટરો આવે, ઘડીકમાં લોહી લેવાય, ઘડીકમાં યુરીન તપાસવા મોકલાય, અવાર નવાર ટેસ્ટ કરાવવાના ચાલુ હોવા છતાં પોતાને કોઇ જિજ્ઞાસા નહિ કે, મને કયારે સારૂ થશે ? રોગનું શું નિદાન થયું ? આ ચાલુ ડોકટર હતા કે મોટા ડોકટર હતા ? આવા કોઇ પ્રશ્નો એમના તરફથી સાંભળવા ન મળે.

મુનિશ્રીએ તેમના સંસારી પુત્રને (કાળધર્મના આગલા દિવસે આવ્યા હતા) જતા જતા એવી પ્રેરણા કરી હતી કે, મારી ચિંતા કરશો નહિ અને વૈરાગ્યને બરાબર ટકાવી રાખશો.

આમને આમ ૨૧ દિવસ પુર્ણ થઇ ગયા અને ૨૨ મો દિવસ ઉગ્યો. શુદ્ધિ બરાબર હતી, બે દિવસથી માત્રુ કરવા પર કંટ્રોલ રાખી શકતા ન હતા ડોકટરોની મહેનત ખરેખર ઠાઠ માગી લે તેવી હતી. લોહીનો રીપોર્ટ અમદાવાદ તપાસવા મોકલ્યો હતો, તેમાં છેલ્લે છેલ્લે "બ્લડકોલોસીસ" નામના રોગનું નિદાન થયું. જે રોગ હજારે, લાખે એક વ્યક્તિને થાય. તેમાં તાવ ઉતરે નહિ. નિદાન થયા પછી દવા શરૂ કર્યા પછી અમુક સમય પછી ખ્યાલ આવે કે દવા લાગુ પડી કે નહિ.

સવારે વાપર્યા પછી આખા ઉપાશ્રયમાં આંટો લગાવ્યો પુ. આ. શ્રી કમલસુરીશ્વરજી મ. ની ગુરૂમૂર્તિને વંદન કર્યા, બપોરે પણ સારૂ હતું. ૪–૩૦ કલાકે પુ. બાધિરત્ન વિજયજી મ. તેમની પાસે પધાર્યા. પુછ્યું : કેમ છે ? જવાબ મળ્યો : "આપની કૃપાથી સારૂ છે. આપ જેવા મહાત્માઓ ન મળ્યા હોત, તો મારો ઉદ્ધાર કેવી રીતે થાત ? કેવું મજાનું જૈન શાસન મળ્યું છે. બસ આ છેલ્લા શબ્દો હતા. પુન્યશ્રી થોડાક આગળ ગયા અને મુનિશ્રીની આંખ અદ્ધર થઇ. તેમની બાજુમાં જ રહેલા તેમના પરમ ગુરૂદેવ પરિસ્થિતિને કળી ગયા તરત જ મોટેથી શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવવાનું ચાલુ કરી દીધું. ચતુર્વિધ સંઘ ભેગો થઇ ગયો. કેવું મહાન પુણ્ય કે, ઓઘો મળ્યો પ. પુ. સુવિશાલ ગચ્છાધિપતિશ્રીના વરદ હસ્તે અને અંતિમ નિર્યામણા

થવા પામી. ૫૮ વર્ષના સુદીર્ઘ સંયમી પૂ. શ્રી જયધ્વજ વિજયજી મ. ની પાવન નિશ્રામાં, તેઓશ્રીના શ્રીમુખે નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરવા બડભાગી બન્યા.

બરાબર ૪-૪૫ કલાકે તેઓશ્રીજીનો પુનિત આત્મા અત્યંત શુદ્ધિ, સમાધિપૂર્વક બિલકુલ વિકાર વગર પરલોકની વાટે સંચરી ગયો.

શિષ્ય ગુરૂની સેવા ભક્તિ કરે, એ તો સાવ સહજ બાબત છે, જ્યારે ગુરૂ શિષ્યની ૨૨/૨૨ દિવસ સુધી અખંડ સેવા કરે અને છેલ્લા દિવસે તો કાર્યની વ્યગ્રતાના કારણે ૧૧-૦૦ વાગે નવકારશી વાપરી, આવું તો પરમોચ્ચ જૈન શાસન સિવાય બીજે ક્યાં જોવા મળે ?

પાટણના રહીશ અને બધા મહાત્માઓની સેવામાં સદૈવ તત્પર અને પરમ નિસ્પૃહી એવા હરેશભાઇની ભક્તિ કયારેય ભૂલી શકાય તેમ નથી. તે સિવાય પણ તેમની માંદગીમાં નામી-અનામી અનેક સાધુ, શ્રાવકોએ ભક્તિ કરી હતી.

જરીયન પાલખી બનાવવામાં આવી, તેમના સંસારી પુત્ર, પુત્રવધૂ, બહેનો આદિ સમયસર આવી ગયા, સૌના મોઢા પર એક સાથે આનંદ અને વિષાદ જોવા મળતો હતો., સમાધિ સુંદર રહી, તેનો આનંદ અને હવે અમને કોણ પ્રેરણા કરશે, એનો વિષાદ જોવા મળતો હતો.

અગ્નિ સંસ્કાર વખતે પણ એક નવો અનુભવ જોવા મળ્યો, શરીરનો થોડો ભાગ અગ્નિ-સંસ્કારિત બન્યા પછી બાંધેલા હાથ છોડી નાખવામાં આવ્યા, હાથ નીચો પડવો જોઇએ, તેની જગ્યાએ હાથ અદ્ધર થઇ ગયા (આર્શીવાદ આપતા હોય તે મુદ્રામાં) અને બન્ને હાથની હથેળીમાં સફેદ ચળકતા સાથિયાનો આકાર હતો. આ દ્રશ્ય કેટલાય ભાગ્યશાળીએ જોયું હતું, બધાને મનમાં એમ થયું કે, ખરેખર કોઇ ભાગ્યશાળી મહાત્મા હતા અને થોડા સમયમાં ઘણી સાધના કરી ગયા. બસ આપણે પણ આ મહાત્માની અનુમોદના કરીને વહેલામાં વહેલા સંયમ ગ્રહણ કરીને શાશ્વત પદના ભોકતા બનીએ એજ અભિલાષા !

શાસન સમાચાર – કોટન સીટી – કોઇમ્બતુર

અત્રે ચાતુર્માસની વિવિધ તપસ્યા નિમિતે શાંતિસ્નાત્ર ભક્તામર પૂજન આદિ પંચાહિનકા મહોત્સવ પુ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. તથા પુ. આ. શ્રી વિજય અમરસેન સુરીશ્વરજી મ. ની નિશ્રામાં ભા. સુ. ૧૨ થી વદ ૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો હતો.

"આરંભાદિ પાપોનો ભય એજ ખરી આરાધના"

ભવનો ભય એ આરાધનાનો પાયો છે, આજે અનાર્યોના અતિ પરિચયથી વિજ્ઞાનવાદ અને યંત્રવાદ, જીવનની સર્વ બાબતોમાં પેસી ગયા છે, અને તે મહાપાપમય સાધનોનો ધર્માનુષ્ઠાનોમાં પણ છૂટથી ઉપયોગ થવા લાગ્યો છે. બાહ્યધર્મની વૃદ્ધિ ગમે તેવા આરંભના સાધનો દ્વારા કરવા, કરાવવાની મનોવૃત્તિ મોટા ભાગના સમજદાર સાધુઓ અને શ્રાવકોમાં પણ આવી ગયેલી દેખાય છે.

અસંખ્યાત કાળથી એટલે ત્રીજા આરાના છેડે જ્યારે શ્રી આદિશ્વર ભગવંતે સંસારીપણાનાં પ્રથમ રાજા થઇને, લોકવ્યવહાર શીખવ્યો, ત્યારથી આર્ય પ્રજામાં પાપના ભયવાળી અને અલ્પ પાપવાળી જીવનરીતિઓ ચાલુ થઇ, તે ઓછા વધતા પ્રમાણમાં, દેશ–કાળ પ્રમાણે આજ સુધી ચાલતી આવી છે. આર્યજીવન જીવનારા, પાપના ડરવાળા, પરલોકની ચિંતાવાળા અને પરિણામે મોક્ષને પામવાની ભાવનાવાળા હોય, તેમાંથી કોઇ ઉત્તમ જીવો આત્મબળ વધારી, પરમ વૈરાગી થઇને સર્વ વિરતિ સંયમ પામી, સર્વ આરંભ–પરિગ્રહનો ત્યાગ કરી, સર્વોત્કૃષ્ટ અથવા મહાઆર્ય જીવન જીવે, એ ક્રમ આર્ય દેશમાં હજી પણ ચાલુ જ છે.

એટલે કે શ્રી તીર્થંકર પરમાત્માઓ (સર્વોત્કૃષ્ટ આર્ય), મુનિવરો (મહાઆર્ય), જૈનશાસનની છાયાવાળા દેશવિરતી અને સમકિતી ગૃહસ્થો (ઉત્તમ આર્ય), અને જૈન દર્શનની છાયાની નિકટમાં રહેલા અન્ય મતવાળા પણ જે પરલોકની માન્યતાવાળા અને પાપના ભયવાળા તે બધા (આર્ય). બધા આર્યોને ઉત્પન્ન થવાનું અને જીવવાનું સ્થાન સાડી પચીસ આર્યદેશ કહેલ છે. એ દેશોમાં જન્મ પામેલા માનવોને શ્રી પન્નવણાસૂત્રઆદિ આગમ શાસ્ત્રોમાં ક્ષેત્રઆર્ય કહેલા છે. ક્ષેત્ર આર્યપણાને પામેલા સહેજે પાપની ભીતિવાળા વાતાવરણ વચ્ચે જીવનારા હોય છે, એમાંય વળી જૈન કુળમાં જન્મેલા તો વિશેષ પાપભીરૂ, પરલોકની દ્રષ્ટિની મુખ્યતાવાળા અને લૌકિક લોકોત્તર સદાચારવંત હોય.

આવા પરમ શ્રેષ્ઠ જૈન કુળમાં જન્મેલા જીવોને પણ, પશ્ચિમના મહા અનાર્યની સંગતિથી, તેની છાયા લગભગ સો સવાસો વર્ષથી પડવાથી, વિષય કષાયને રસ વધ્યો છે. અને આરંભના પાપોના ભયની વાતો વિસરાતી જાય છે. અને અનાર્યની કેળવણી પામીને તૈયાર થયેલા, સાધુ થાય, ત્યાગી, વૈરાગી, વિદ્વાન કે ઉપદેશક બને તો પણ એના જીવનમાં વણાયેલી ઝેરી કેળવણીની અસર જતી નથી. એથી પોતાની શક્તિઓનો વ્યય મોટા ભાગે પરંપરાએ જૈનોમાંથી જૈનત્વ અને આર્યોમાંથી આર્યત્વ નષ્ટ થાય

એવા કાર્યોમાં થતો દેખાય છે. પરિણામે અધર્મરૂપે નીવડે એવી દેખીતી લાભકાયક ધર્મપ્રવૃત્તિઓ કરી કરાવીને, ધર્મ પામવા પમાડવાનો આનંદ માનતા મનાવતા એવા તે જીવોની બરોબર ભાવદયા આવે તેમ છે, તેમની તે પ્રવૃત્તિઓમાં આપણાથી અટકાયત કરી શકાય કે સમજાવટ આપી શકાય તેમ નથી. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરી માધ્યસ્થ દૃષ્ટિથી આ ઓટું થઇ રહ્યું છે, આપણો આત્મા તેનાથી બચાવી લઇ, લોક-પ્રવાહમાં તણાઇ ન જાય, તેની ખૂબ સાવચેતી રાખવા જેવું છે.

આજની લોકહેરીથી કરાતી બાહ્યધર્મની પ્રવૃત્તિઓમાં ખાસ કરીને જે ધર્મની અંગભૂત ગણાય છે, એવી જયણા, સમતા અને આત્મદૃષ્ટિ ભૂલાઈ ગઇ હોય તેમ જણાય છે. કંટાલે પ્રાણ નીકળી ગયા પછીના ખાલી ખોખા જેવી તે ધર્મક્રિયાઓનું વાસ્તવિક ફળ મેળવી શકાતું નથી આજના પ્રત્યેક ધર્માનુષ્ઠાનોમાં મોટા ભાગે નામના, કામના, આડંબર, વાહવાહ, મોટાઈ અને માનપાન મેળવવાનો આશય જીવોમાં રહેલો જોવામાં આવે છે, અને કાં તો કલંકિત કૃત્ય કર્યા પછી, કોઇના જાણમાં ન આવી જાય માટે થયેલી ભૂલને, થોડા ઘણા પૈસા ખર્ચીને, ઘોઇ નાખવા માટે, બહાર નિર્દોષ ઠરાવવા માટે પણ બહ્ય ધર્મપ્રવૃત્તિઓ અત્યારે થઇ રહી હોય તેવો અનુભવ થાય છે. આથી કાંઇ આત્મ શુદ્ધિ થતી નથી, ઉલટું એક તો પાપ કરવું અને તેને ઢાંકવા માટે ધર્મી ગણાવા માયા સેવવાનુ બીજું મહાપાપ ઊભું થાય છે. તેની પણ સમજ તેમને પડતી નથી. એવા ઠંભી આત્માઓની ભાવદયા, ઉપેક્ષા કે માધ્યસ્થભાવ વિના બીજું શું બની શકે ?

આ યુગમાં ભવાભિનંદીપણાના લક્ષણવાળા જીવો વિશેષે દેખાય છે, તેની સાથે રહીને આપણામાં રહેલી ભવભીરૂતા અને મોક્ષરૂચિ ઓછી ન થઈ જાય તેનો ખૂબ જ ખ્યાલ રાખવા જેવું છે. સર્વને સદ્‌બુદ્ધિ સૂઝો, પૂર્વપુરૂષોની પ્રાચીન સૌમ્ય રીતિ પ્રમાણે સહુ ચાલો, ઉદ્દામતા ભરેલી હીનતાથી બચાવાના શક્ય પ્રયત્ન કરવા વડે સ્વ-પરની રક્ષા કરો.

એજ શુભાભિલાષા

પ. પૂ. આ. માનતુંગસૂરીશ્વરજી મ. સા.

ઉપરીયાળા તીરથ, આદિનાથ મહારાજ; ધંધુકાનગર વિભુષણદેવ, શીતલ–વાસુપૂજ્ય
ભવ ભાવે ભેટયા, ત્રણભુવન શિરતાજ; કરું નિત્ય સેવ;
પોષ શુકલ શુભષષ્ટી, વાર શનિશ્ચરસાર; ચોવીસ સત્તાણુ પોશ કશમી શુક્રવાર;
દોય સહસ્ર સત્તાવીશ, વર્ષે અતિ મનોહાર-૧. ભાવે ભેટતા લહુ ભવપાર-૧.

* અગત્યનો ખુલાસો *

(વર્તમાનકાળમાં એક ખૂબ જ મોટું દૂષણ ઉધઈના સડાની જેમ ધર્મસ્થાનમાં પણ ફેલાઇ રહ્યું છે કે, પોતાની અવિહિત-અજ્ઞાનમૂલક-ખોટી પ્રવૃત્તિઓના સમર્થનમાં-બચાવમાં, પોતાના જ તારક ગુરુદિ વડિલોનાં નામનો ઘણો જ 'વટાવ' કરાઇ રહ્યો છે. તેમાં પાછું ગૌરવ મનાઇ રહ્યું છે. ઢંભ અને ઢાંકપીછોડી કરનાર 'મુત્સદ્દી' 'વ્યવહારૂ' 'ગુરુભક્ત' ગણાય છે તે ખૂબ જ દુઃખદ વાત છે. આજના ટી. વી. આદિ સાધનોએ હવે ધર્મસ્થાનોમાં પ્રતિષ્ઠાદિના પ્રસંગોએ પગપેસારો શરૂ કરી દીધો છે. શ્રીમંત ભક્તોના હાથા બનેલા આચાર્યાદિ આંખ આડા કાન કરે છે. કોઈ કોઈ શ્રદ્ધાળુ આત્માઓ તેનો વિરોધ કરે કે, તે અંગે ધ્યાન ખેંચે તો 'અમારા મોટા મહારાજની નિશ્રામાં પણ આનો ઉપયોગ કરાયેલ' તેમ સાવ જ બેફિકરા અને નફ્ફટ જેવા થઇ લૂલા બચાવ કરાય છે પણ શરમથી માથું ય નમતું નથી પણ ખોંખારીને ઉન્નત મસ્તકે અભિમાનથી કર્યાનો આનંદ માને છે.

રવ પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. ની નિશ્રામાં જે થયેલ તે હકીકત માત્ર વાચકોની જાણ માટે પ્રકાશિત કરીએ છીએ. કમમા કમ સ્વ. સૂરિસમ્રાટના ગૌરવને વધારનારા બની તેમના સાચા અનુયાયી બનીએ તે જ ભાવના સહ વિરમું છું. - સં પા.)

ટેલીવીઝન અંગે :

મ. સુ. ૧૪ ને બુધવાર

•૦૦ આજના શુભદિને અને સવારના ૧૦-૨૩ ના શુભ સમયે શ્રી ધર્મનાથજિન-પ્રાસાદમાં મૂળનાયક આદિ અગિયાર ભગવન્તોને ગાદીનશીન કરવાના કોગ્રેસ સવારે ૯-૩૦ વાગ્યે, આદેશ મેળવનારા ભાગ્યશાલિઓ પોતપોતાના કુટુંબ સાથે પોતાને યોગ્ય સ્થાને ગોઠવાઇ ગયા હતા. અન્ય દર્શનાર્થિઓ પણ ઘણી મોટી સંખ્યામાં શ્રી જિનમન્દિર - ઉપાશ્રયની સન્મુખ માર્ગ ઉપર તથા મંડપમાં એકત્રિત થયા હતા. બહારના સૌ જોઇ શકે એ માટે ટેલીવીઝનની ગોઠવણ કરવામાં આવી હતી

(**જૈન પ્રવચન** - વર્ષ - ૪૩ મું અંક - ૫ મો રવિવાર તા. ૨-૨-૧૯૭૨ શ્રી વીર સં. ૨૪૯૮ વિ. સં. ૨૦૨૮ ફાગણ સુદ-૬ ના અંકમાંથી.. પાન - ૫૦

ટેલીવીઝન વિષે ખુલાસો :

અવશ્ય પ્રગટ કરવા યોગ્ય એક સમાચાર પ્રગટ કરવા રહી ગયેલા તે આજે ટૂંકમાં અપાય છે. અમદાવાદમાં જૈનનગરમાં નવનિર્મિત શ્રી જિન મન્દિરમાં શ્રી ધર્મ-નાથ ભગવાન આદિ ભગવન્તોને ગાદીનશીન કરવાનો ભવ્ય મહોત્સવ પૂ. આચાર્યદેવ-

શ્રીની પુણ્ય નિશ્રામાં ઉજવાયેા હતેા. તેમાં ભગવન્તોને ગાદીનશીન કરવાના પ્રસંગે મંડપમાં બહારના સૌ જોઇ શકે એ માટે ટેલીવીઝનની ગોઠવણ કરવામાં આવી હતી. આ ટેલીવીઝન ગોઠવાયાના સમાચાર પૂ. આચાર્યદેવશ્રીને મળતાં, પુ. આચાર્યદેવશ્રીએ તરત જ શ્રી જૈનનગર સંઘના પ્રમુખ શેઠ રમણલાલ વજેચંદને રૂબરૂ બોલાવ્યા હતા અને ટેલીવીઝન રાખવાનો નિષેધ કર્યો હતેા. તેમજ તે તરત દૂર કરવા ઘટતું કરવા સૂચવ્યું હતું. શેઠ રમણલાલ વજેચંદે પણ ટેલીવીઝન દૂર કરવા ઘટતું કરું છું એમ કહ્યું, પણ શેઠ રમણભાઇ ટેલીવીઝન દુર કરાવી શકયા નહિ. આ પ્રસંગ બની ગયેા એ પછી કેટલાક વખતે 'જૈન' માં એ વિષે ટીકા આવવા માંડી. પુ. આચાર્યદેવશ્રીએ રમણભાઇને સાચી હકીકત જાહેરમાં મૂકવાની જરુર જણાવી અને રમણભાઇ જાહેર ખુલાસેા કરવાની તક જોતા હતા. એ દરમ્યાન શેઠ રમણભાઇ મુંબઇ જતાં રોજ પુ. આચાર્યદેવશ્રીના પ્રવચનમાં જતા. એ દિવસોમાં રવિવારના પુ. આચાર્યદેવશ્રીના પ્રવચનમાં એક ભાઇએ પુ. આચાર્યદેવશ્રીને પ્રશ્ન કર્યો કે જો આપે અમદાવાદમાં ટેલીવીઝનનો ઉપયોગ થવા દીધો છે, તેા લાઉડ સ્પીકર ગોઠવાય તેમાં શેા વાંધેા છે ? પુ. આચાર્યદેવશ્રીએ તે પ્રશ્નના જવાબમાં કહ્યું કે **મેં તેા ટેલીવીઝનનો સ્પષ્ટ નિષેધ કર્યો હતેા મને તે નહિ રહેવા દેવા સૂચવ્યું હતું.** અત્રે સુશ્રાવક રમણભાઇ હાજર છે તેા તે ખુલાસેા કરે એ વધુ યેાગ્ય છે. આથી શેઠ રમણભાઇએ ઉભા થઇને ઉપરની બીના જણાવવા સાથે ટેલીવીઝનનેા નિષેધ પુ. આચાર્યદેવશ્રીએ કર્યો હતેા પણ નબળાઇથી તેમ બની શકયું નહિ અને તે સંબંધી ખુલાસેા હું જાહેર કરવાનેા છું વગેરે જણાવ્યું હતું. શ્રી૦

(જૈન પ્રવચન વર્ષ–૪૩ મું અંક ૩૧ મેા શ્રી વીર સં. ૨૪૯૮ : વિ. સં.૨૦૨૮ ભાદરવા વદિ ૯–રવિવાર તા. ૧ લી ઓકટોબર, સને ૧૯૭૨ પાન નં. ૨૬૫–૨૬૬)

(સં. ૨૦૨૮ લાલબાગ જૈન ઉપાશ્રય ઉપાશ્રય – મુંબઇના પ્રવચનમાંથી)

જૈનનગર – અમદાવાદ પ્રતિષ્ઠા સમયે ટેલીવીઝનના ઉપયોગ અંગેની સ્પષ્ટતા :

આજના માઇકના પક્ષપાતી ગૃહસ્થેા અમારા નામનેા ઘણેા દુરૂપયેાગ કરે છે. આવા જૂઠાણાને ચલાવનારા ખરેખર ભાન ભૂલ્યા છે. **મેં મારા જીવનમાં કદિ માઇક વાપર્યું નથી કે વાપરવાનેા નથી.** મને સમજેલેા સાધુ પણ વાપરવાનેા નથી. અમે આજના વિજ્ઞાનના વિરોધી છીએ. અમારે કમનશીબે હવા આદિ કરવા પડે તેા પણ અમે હવ કે ડોકટરને વખાણનારા નથી.

અમારે શ્રાવક મેાટેા ઉદ્યોગપતિ કે મીલમાલિક હેાય તેાય તેને અમે કહીએ છીએ કે – 'મહારંભમાં ફસાયેલા છેા, સાવચેત નહિ રહેા તેા આ જન્મ હારી જશેા' તે મીલમાલિક છે માટે અમને સારેા લાગે તેા તેા અમારા મહાવ્રતને ય કલંક લાગે

તે અહીં આવે ભગવાનની વાત સમજે, મહારંભાદિને ઓળખે, તેનાથી બચે અને ધર્મ પામે તો તે જેવી ધર્મપ્રભાવના કરે જેનું વર્ણન ન થાય.

આજના ટેલીવીઝન આદિ સાધનોમાં રાજી થયા છો તેથી ધર્મનો હોમ થયો છે. આજના તે બધા સાધનો મહારંભ અને મહાપરિગ્રહના સાધનો છે.

પ્ર૦ – આપની નિશ્રામાં જૈનનગર (અમદાવાદ) ની પ્રતિષ્ઠામાં ટેલીવીઝનનો ઉપયોગ થયો હતો તો તેનો ખુલાસો કરવા વિનંતી.

ઉ૦ – જૈનનગર – અમદાવાદની પ્રતિષ્ઠા સમયે દેરાસરની બહાર ટેલીવીઝન મૂકેલ તે અંગે મને કાંઇ જ ખબર ન હતી. અમે દેરાસરમાં પ્રતિષ્ઠાની વિધિ કરાવતા હતા. પણ બહારથી આવીને કોઇએ મને કહ્યું કે આ બધી ક્રિયા બહાર ટેલીવીઝનમાં દેખાય છે તરત મેં ક્રિયા બંધ કરાવી અને ત્યાંના આગેવાન શ્રી રમણલાલ વજેચંદને બોલાવીને કહ્યું કે – 'આ બધું શું છે ?' તે કહે કે – 'હું હમણાં જ બધ કરાવી કઉં છું.' એમ કહીને તે ગયા અને થોડીવારે પાછા આવીને કહે કે – બંધ કરાવી દીધું છે. ટેલીવીઝન ગોઠવ્યું છે તેની મને ખબર જ ન હતી અને જ્યારે ખબર પડી ત્યારે તરત જ તેનો નિષેધ કરીને બંધ કરાવી દીધેલ. મારી ભૂલ થઇ તેમ કહી માફી માંગેલ.

(આ ખુલાસો થયો ત્યારે શ્રી રમણભાઈ પણ વ્યાખ્યાનમાં હાજર હતા અને પૂજ્યપાદશ્રીએ નિર્દેશ કરતાં કહ્યું હતું કે – જૈનનગરના આગેવાન શ્રી રમણભાઇ અહીં હાજર છે તે વિશેષ વાત કરશે.) તેથી રમણભાઇએ જણાવ્યું હતું કે –

"પૂ. આચાર્યદેવે જે વાત કરી તે બરાબર છે. આમાં ભૂલ અમારી હતી. અમે આચાર્ય મહારાજને આ બાબતથી અંધારામાં રાખેલ. જ્યારે આચાર્ય મહારાજને ખબર પડી કે તરત જ ક્રિયા બંધ કરાવી, આ બંધ કરવા કહેલ. આચાર્ય મહારાજના નામે ખોટી વાત ચાલી તેની માફી માંગુ છું."

ત્યાર પછી પૂજ્યપાદશ્રીજીએ ફરમાવેલ કે –

"આજના રેડીયો, સીનેમા, ટી. વી., ફોટા–ફિલ્મના અમે વિરોધી છીએ. કરેઠ જગ્યાએ અમે ના પાડીએ છીએ પણ લોકો માનતા નથી. આ બધા યંત્રકર્મો મહાપાપના સાધનો છે. માટે તમે લોકો સમજો કે આ બધુ ચાલે તે બરાબર નથી. તમે મંદિરમાં વિજળી ઘાલી તેનો પણ અમે વિરોધ કરેલો. મંદિરમાં ઘીના દિવા હતા વાતાવરણ શુદ્ધ અને પવિત્ર હતું. બધી ઉપાધિ હાથે કરીને વહોરો છો." માટે સુધારો કરી ભગવાનની આજ્ઞા મુજબ ચાલવા પ્રયત્ન કરવો જોઇએ તેટલી ભલામણ કરવામાં આવે છે."

રે ! પૈસા ! તારા પાપે

બોધકથા

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

દુનિયાના દરેકે દરેક આસ્તિક દર્શનકારોએ હિંસા=જૂઠ–ચોરી–મૈથુન અને પરિગ્રહને મહાપાપ કહ્યા છે. તેમાં ય જૈન દર્શને આ પાંચેની જે વિશદ સમજૂતી આપી છે તે બીજે કયાંય નહિ મળે. છતાંય આ કલિકાલનો જ પ્રભાવ કે ઘરને જોવા–જાણવાનું, ઘરનાં જન્મેલા જીવોને મન થતું નથી.

પૈસો, પૈસાનો લોભ અને પૈસાનો પ્રેમ કેવો અનર્થ મચાવે છે તે કોઇથી અજાણ્યું નથી. છતાં ય મોહનો જ પ્રભાવ કે, પૈસાને બધા અગિયારમો પ્રાણ માને છે અને પૈસા ખાતર માતા–પિતા, પુત્ર–પુત્રી, ભાઇ–બેન આદિ બધા જ પરસ્પર ઝગડે છે અને પોતાના પ્રાણ ગુમાવે છે તે તો ઠીક છે પણ આવો ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ હારી જાય છે.

શાસ્ત્રોમાં સાગર અને કુરંગ નામના બે સગા ભાઇની વાત આવે છે કે, બન્ને ભાઇઓ પૈસા કમાવા પરદેશ જાય છે. લોભને થોભ નહિ તે ન્યાયે હજાર, દશ હજાર, લાખ આદિની પ્રાપ્તિ થવા છતાં ય સંતોષ થતો નથી.

ખરેખર હિતૈષી અનંતજ્ઞાનિઓએ જગતના જીવોનું સાચું નિદાન કર્યું છે કે, પ્રાપ્તિનો આનંદ નથી અને અપ્રાપ્તની ઝંખના અને અસંતોષની આગમાં તે પોતાના સુખ–ચેનને પણ ગુમાવે છે. આ બન્નેને કરોડની ઇચ્છા થઇ તેની ય પ્રાપ્તિ થઇ પછી રત્નોની ઇચ્છાથી રત્નદ્વીપમાં ગયા. ત્યાં અમૂલ્ય રત્નો પ્રાપ્ત કરી જહાજમાં બેસી સ્વદેશ આવવા નીકળ્યા છે.

તે વખતે આ કુરંગને, બાલ્યવયથી મોહના સુભટ ક્રોધની દીકરી ક્રુરતા સાથે એવી અજોડ મૈત્રી હતી. તેથી આ ક્રુરતાએ કુરંગના કાન ભંભેર્યા કે, આ બધી લક્ષ્મીનો તારે અડધો ભાગ ભાઇ સાગરને આપવો પડશે. માટે એવું કર કે, લક્ષ્મીનો માલિક તું એકલો થાય. ખરેખર પૈસાનો પ્રેમ કેવો ભનભૂલો બનાવે છે, કેવી દુર્બુદ્ધિ આપે છે. છતાંય..! કુરંગે તે ક્રુરતાની વાત માની પોતાના સગા ભાઇને સમુદ્રમાં નાખી દીધો જે પૈસો સગા ભાઇનો ઘાત કરાવે, સગા મા–બાપને મરાવે તે પૈસો સારો કહેવાય ખરો ! સાગર પણ ત્યાંથી દુર્ધ્યાનમાં મરી ત્રીજી નરકમાં ગયો. અને અતિ ઉગ્ર પાપનું ફળ આ કુરંગને પણ પ્રાપ્ત થયું. તે પણ જહાજ તૂટી જવાથી, રિબાઇ રિબાઇને મરી ત્રીજી નરકમાં ગયો.

માટે જ હિતૈષી પરમર્ષિઓ પોકારી પોકારીને કહે છે કે – પૈસાના પ્રેમના

કારણે, પૈસાના લોભે માણસ કેવો આંધળો બને અને છે પછી તેને એક પાપ, પાપ જ લાગતું નથી.

માટે જેને પોતાના આત્માનું સાચું હિત કરવું હોય તેને પૈસાની જરૂર જ ન પડે તેવું જીવન જીવવું, કદાચ તેવા જીવનની શક્તિ ન હોય તો પૈસાનો અધિક લોભ ન થાય, પૈસા ખાતર પાપમાં પ્રવૃત્ત ન થવાય તેની ખૂબ જ કાળજી રાખવી તો તે હજી બચી શકે. બાકી પૈસાના પાપે શું શું ન કરે તે કહેવાય બરૂ ? સમજુને શિખામણ શાનમાં અને અણસમજુને કાનમાં પણ નહિ.....

* શાસન સમાચાર *

"શ્રી નાનપુરા જૈન સંઘમાં ભવ્ય આરાધના"

અમારા શ્રી નાનપુરા સંઘમાં પધારેલ પૂ. પંન્યાસશ્રી ભુવનસુંદર વિ. મ. તથા પૂ. પંન્યાસશ્રી પુણ્યરત્ન વિ. મ. આદિ ઠાણા – ૪ ની નિશ્રામાં અત્રે ભવ્ય શાસન પ્રભાવના તથા ધર્મ આરાધના ભવ્ય થઇ.

શ્રી ઉપદેશમાળા શાસ્ત્રે તથા ભરતેશ્વરવૃત્તિ પર સંવેગ વૈરાગ્યમય વ્યાખ્યાન ચાલે છે. ૮૦ બાળિકાઓએ ચંદનબાળાનો અઠ્ઠમ કર્યો. ગજાનન ઠાકોરે અમદાવાદથી પધારી ભવ્ય સ્ટેજ પ્રોગ્રામ કર્યો. રોજ ૧૦૮ પાર્શ્વનાથ સ્તોત્ર સુંદર રીતે ચાલે છે.

પર્યુષણમાં ૮૦ ઉપરાંત અઠ્ઠાઇ તથા તેથી ઉપરનો તપ થયો. ૬૦ ચોસઠ પહરી પૌષધ થયા. સુરત શહેરમાં કુલ ૩૫૦ માસખમણ થયા. તેમાં અમારા શ્રી સંઘમાં ૩૦ માસખમણ થયા. તેનો પૂજણનો ભવ્ય વરઘોડો તથા સ્વામી વાત્સલ્ય ભોજન થયું.

ગઢડાવાળા નરેન્દ્રભાઇ કામદારનો માની મમતા એકાંકી નાટકનો પ્રોગ્રામ. ભવ્ય થયો. હવે ૧૬–૯–૯૮ થી પ્રારંભ થતા વર્ધમાન તપ આયંબિલના પાયાની ઘોળણા થઇ રહી છે.

લી. સંઘપ્રમુખ, **માણેકભાઇ શાહ**, ગજ્જરવાડી, **સુરત.**

શાસન સમાચાર

શ્રી શ્રાવસ્તીનગર (બાવળા) જી. અમદાવાદ : શ્રી સંભવનાથ જૈન મંદિર ટ્રસ્ટ તરફથી ૮૪ દેવકુલીકાનું કામ પુર્ણ થઇ ગયેલ છે. જેની પ્રતિષ્ઠા અંજન શલાકા પણ પુર્ણ થઇ ગયેલ છે. મૂળ સંભવનાથ મંદિરનું શિખર તોડી નવું આરસપાણનું શિખર બનાવવાનું કામ પુરૂં થઇ જવાની તૈયારીમાં છે. જેની વિધિવિધાન 'મા' માસમાં કરવામાં આવશે. અત્રે દરેક વર્ષે ભાવિકો પર્યુષણ કરવા આવે છે. તે રીતે આ વર્ષે પણ ભાવિકો ૨૦૦ની સંખ્યામાં પર્યુષણ કરવા આવેલ હતા. જેની ભક્તિ વગેરે કાર્યો ભાવિકો તરફથી કરવામાં આવે છે. આ શ્રી વિ. જિનચંદ્ર સૂ. મ.ની નિશ્રામાં પર્યુષણ પર્વના વ્યાખ્યાનો તથા પ્રતિક્રમણ વિગેરે યોજવામાં આવેલ હતા. તેમજ દરેક વ્યક્તિઓને સારી પ્રભાવનાઓ આપવામાં આવી હતી.

શ્રી મહાવીર જન્મ વાંચનના દિવસે સપનાની ઉછામણી સારી એવી થઇ હતી. દરેક બેસતા માસના દિવસે ભાવિકો માંગલીક સાંભળવા આવે છે જે લગભગ ૨૦૦ની સંખ્યામાં હોય છે.

બોરસદમાં અંજન શલાકા–બોરસદ (તા. આણંદ) નગરે પ. પૂ. ગચ્છાધિપતિ આ.દેવ શ્રીમદ વિ. મહોદય સૂ. મ.ની નિશ્રામાં તા. ૨૫-૧૧-૯૮ થી તા. ૭–૧૨–૯૮ સુધી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતીએ ઉજવાશે. આ પ્રસંગને શોભાવવા માટે ભારત ભરના સંઘોને આમંત્રણ પાઠવવામાં આવે છે તથા તમામ આચાર્ય ભગવંતોને તથા સાધુ–સાધ્વીજી મ. સાહેબને પણ વિનંતિ છે કે તેઓ આ પ્રસંગે બોરસદ નગરે પધારી મહોત્સવને ચાર ચાંદ લગાડે.

કરાડ (પુના) અત્રે સુમતિનાથ જૈન સંઘમાં પૂ. આ. શ્રી વિ. રાજતિલક સૂ. મ. ની સંયમ જીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં થયેલ માસક્ષમણ આદિની આરાધનાની અનુમોદનાર્થે પંચાન્હિકા મહોત્સવ ભાદરવા વદ ૭ થી ભા. ૧૧ સુધી ઉજવાયો નવકારશી તથા સવા લાખ કુલોની આંગી ભવ્ય થઇ.

પુના–કલ્યાણ સોસાયટી શ્રી નમિનાથ જૈન મંદિરમાં પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ. આદિની નિશ્રામાં સંઘવી હંશરાજ તારાચંદ શ્રીમતી ગવરીદેવી હંસરાજજી જીવનના સુકૃતોની અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર આદિ ભા. સુદ ૧૦ થી વદ ૨ સુધી ઠાઠથી ઉજવાયો.

શ્રી સંભવનાથ જૈન ધાર્મિક પાઠશાળા. ગુજરી, કોલ્હાપુર (એમ.એસ.)

પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂ. મ. સા.ની નિશ્રામાં શ્રી સંભવનાથ જૈન ધાર્મિક પાઠશાલા કી વાર્ષિક પરિક્ષા પ. પૂ. આ. ભ. શ્રી પુણ્યાનંદ સૂ.મ.સા. એ લીધી જેમાં બાળકોના સૂત્રો જોઇને ખુબ પ્રભાવિત થયા હતા.

બાળકોને પ્રોત્સાહન હેતુ વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન શ્રાવણ સુદી પુનમ તા. ૮-૮-૯૮ના રોજ સવારે પાઠશાળા હોલમાં કરવામાં આવેલ. જેમાં બાળકોને શ્રુતજ્ઞાનપ્રેમી મહાનુભવો તરફથી લગભગ બીસ હજાર રૂપીયાના ઇનામો વેચવામાં આવેલ, સાથે સાથે સાંસ્કૃતિક પ્રોગ્રામ પણ રાખેલ જેમાં અધ્યાપક નવીન સી. શાહ દ્વારા નિર્દેશન ધાર્મિક શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે 'હાય રે બુઢાપા' નાટક સચોટ રીતે રજુ કરવામાં આવેલ જે ખુબ પ્રશંસનીય બનેલ.

આ સુંદર અવસરપર આજુબાજુના ગામો કરાડ, સાંગલી, નિપાણી, ઇચલકરંજી અને કોલ્હાપુરના અધ્યાપકોને આમંત્રિત કરીને તેમનું પણ સુંદર બહુમાન કરવામાં આવેલ, અને ગુજરી સંઘની પાઠશાળાના અધ્યાપક નવીન સી. શાહ અને તેમના ધર્મ-પત્ની જિજ્ઞા એન. શાહનું સંઘ દ્વારા, બાળક-બાળિકા, અને સામાયિક મંડલની બહેનો દ્વારા સુંદર બહુમાન કરવામાં આવેલ. ટુંક સમયમાં જ અતિચાર કરીને પ્રતિક્રમણમાં સુંદર રીતે બોલનાર છ બાળકોને અને અધ્યાપકનું પણ એક હજાર રૂપીયા દ્વારા શાહ અમીચંદ શંકરજી ઓસવાલ તરફથી બહુમાન કરવામાં આવેલ.

પાઠશાળાનો પરિચય : પાઠશાળા સવારે-બપોરે અને સાંજે ત્રણ ટાઇમ થઇને લગભગ સાત થી આઠ કલાક ચાલે છે. જેમાં નવકારથી લઇને પ્રકરણ અને ભાષ્ય સુધીનો અભ્યાસીએ અભ્યાસ કરે છે. ૫ વર્ષના બાળકથી લઇને ૭૦ વર્ષની બહેનો પણ અભ્યાસ કરે છે. આજે પાઠશાળાની સંખ્યા ૨૫૦ સુધીની છે. પાઠશાળામાં પાંચ તિથિ પ્રતિક્રમણ, પર્વતિથિ પૌષધ, સ્નાત્ર મહોત્સવો, અષ્ટપ્રકારી પુજાના સામૂહિક આયોજન દ્વારા બાળકોનું સુંદર સંસ્કરણ પણ થાય છે. પૂ. આ. ભગવંતની સતત પ્રેરણા અને આશિર્વાદથી અધ્યાપક નવીન સી. શાહની કાર્યકુશળતા અને અનેકવિધ પ્રોગ્રામો દ્વારા આજે એક જ વર્ષમાં અમારી પાઠશાળામાં પચ્ચીસથી વધીને અઢીસોની સંખ્યા થઇ છે. અને આજે પાઠશાળા દિન પ્રતિદિન પ્રગતી કરી રહી છે. જેની ગુજર સંઘના અધ્યક્ષ દ્વારા સુંદર સરાહના કરવામાં આવેલ. આવી રીતે દરેક ગામોમાં પૂ. સાધુ ભગવંતો દ્વારા વિશેષ પ્રેરણા કરવામાં આવે. અને શિક્ષકો દ્વારા સુંદર આયોજનો કરવામાં આવે, તો આવા સુંદર ઉદાહરણો પુરા પાડી શકાય.

આણંદ-પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પુ. મુ. શ્રી પુન્યધન વિ. મ. તથા પૂ. સા. જિનધર્માશ્રીજી આદિનું ચાતુર્માસ આણંદ છે. અષાઢ સુ. ૭ નો પ્રવેશ થયો ત્યારથી સંઘમાં ખુબ જ જાગૃતિ આવે છે. અને જિનવાણીનો એવો જાદુ કર્યો છે કે શ્રી સંઘમાં અનેરો ઉત્સાહ જાગ્યો છે. અષાઢ સુ. ૧૪ થી સાંઠળી અઠ્ઠાઇ, અષ્ટ પ્રાતિહાર્ય તપ, ૪૫ આગમ તપ તથા અષાડ વ. ૧૪ના પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિ. રામચંદ્ર સૂ. મ. સા.ની ૭મી પુન્યતિથિ નિમિતે પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ સ્નાત્ર મહોત્સવ સાથે ઉજવાયો. શ્રાવણ સુ. ૧૨ના પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ.મ.ની ૧૨ મી પુન્યતિથિ પ્રસંગે ૪૫ આગમની રચના સાથે ભવ્ય પુજા ભણાવાયેલ. દર રવિવારે જાહેર પ્રવચન તથા જુદા જુદા અનુષ્ઠાનો ચાલી રહ્યા છે અનેરો ઉત્સાહ સાથે પર્યુષણ પર્વની શરૂઆત થઇ. તપશ્ચર્યાનું અનોખું આયોજન થયેલ, માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૧૩, ૧૨, ૧૧, ૮, અઠ્ઠમ ખુબ જ સંખ્યામાં થયેલ. પર્યુષણ પર્વમાં આવતા કર્ત્તવ્યનું પણ આયોજન થયેલ.

ભા. સુ. ૬ના ભવ્યાતિભવ્ય વરઘોડો સ્વામિવાત્સલ્ય થયેલ. ભા. સુ. ૮ નાં ચારે જિનાલયોનાં ભવ્ય ચૈત્યપરિપાટી ૨૦૮ થાળી સાથે નીકળી હતી. પછી નવકારશી કરાવેલ, ભા. સુ પુનમથી ભા. વ. ૫ સુધી ભવ્ય મહોત્સવનું આયોજન થયેલ છે. તેમાં ભા. સુ. પુનમનો ભવ્યાતિભવ્ય મહાપુજાનું આયોજન સૌ પ્રથમ વખત થયેલ અને લોકો આ મહાપુજાને જોઇને એટલા આનંદમાં આવી ગયા કે એક ઇતિહાસમાં રેકર્ડ રૂપ થઇ. રંગોલી સાથે બીજું ભા. વ. ૨ નાં પૂ. મુ. નયધન વિ. મ. ની ૬૫ મી તિથિ નિમિત્તો ભવ્યાતિભવ્ય અંગરચના થઇ, ભા. વ. ૫ નાં પૂ. તપસ્વી આ. ભ. વિ. રાજતિલક સૂ. મ. ની પ્રથમ માસિક તિથિ હોવાથી ગુણાનુવાદ તથા શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પુજન રચના સાથે ભણાવાયેલ. ભા. વ. ૮ નાં તપસ્વીઓનું બહુમાન સમારંભ થયેલ. આસો માસની ઓળીની ભવ્ય આરાધના થશે અને બારેજામાં માગસર વ. ૧ તા. ૪-૧૨-૯૮ થી પૂ. મ. સા.ની નિશ્રામાં ઉપધાન તપની શરૂઆત થશે. ભા. વ. ૫ નાં ૨૮૯ આયંબીલ તપની આરાધના થશે.

પુના સીટી-ભવાની પેઠમાં પર્યુષણ અનુમોદનાર્થે તથા પૂ. આ. ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ની સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી અક્ષયવિજયજી મ. આદિની નિશ્રામાં અઠ્ઠાઇ મહોત્સવ સિધ્ધચક્ર મહાપુજન સાથે ભા. સુ. ૬ થી ૧૫ સુધી થયો.

આ છે માલેગામ : માલેગામમાં ઉજવાયેલ અનુમોદનીય આરાધનાઓ

વર્ધમાન તપોનિધિ પૂ. આ. ભગવંત પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ અત્રે પધાર્યા ત્યારથી ન કલ્પેલી આરાધનાના પૂર ઉમટ્યા છે. શ્રી સંઘમાં ઉત્સાહ ઉમંગ ખુબ છે.

* ગામમાં ૩૫ જેટલાં જૈન ડોકટરો છે. બધા જ લગભગ બારે મહિના ભગવાનની પૂજા કરે છે. ખૂબ શ્રદ્ધાવાળા છે. પ્રતિક્રમણ આદિમ. ધોતી બેસ પહેરીને આવે છે કેટલાક ડોકટરો પૌષધ અટ્ઠાઇ આદિ તપસ્યાઓ સારી કરે છે.

* નવ વર્ષની છોકરીએ અટ્ઠાઇ કરેલ છે. ૧૮ વર્ષના છોકરાઓએ સોળ ઉપવાસ અટ્ઠાઇ ૬૪ પહોરી પૌષધ સાથે કર્યા હતા.

* સાધ્વીજી શ્રી ચંદ્રોજવલાશ્રીએ બેનોને સારી રીતે ધર્મમાં જોડી નવો રેકોર્ડ કરેલ છે.

* સાધર્મિક ઉત્કર્ષ યોજના તેમજ ફળ નૈવેદ્ય દેવદ્રવ્યનું ગણાય તેના ઉપેક્ષા દોષમાંથી બચાવા અનુમોદનીય ચઢાવા થયા છે.

* ૬૪ પહોરી પૌષધ ભાઇ–બેનોના ૪૫ આગમ સ્વરૂપ ૪૫ થયા હત .

* રનયાત્રાનો વરઘોડો સાધર્મિક વાત્સલ્ય અનુપમ થયા હતા.

* રામચન્દ્રસૂરિ સ્મૃતિભવન, ૬૮ તીર્થો, મહાવીરનગર ઉપાશ્રય વર્ધમાનનગર ઉપાશ્રય જિર્ણોધ્ધાર આદિ અનુમોદનીય ચઢાવા કુલ ૨૮ લાખના થયા છે.

* નેરમાં ઉપાશ્રય નામકરણનો લાભ રમેશ મુન્નાલાલે પોતાના માતુશ્રીની સ્મૃતિમાં લીધેલ છે.

* પૂજ્યશ્રીના શિષ્ય રત્ન મોક્ષરક્ષિતવિજય મ. સા. એ રાજસ્થાન સંઘમાં ઉત્તમ આરાધના કરાવી છે. વાસુપૂજ્ય સ્વામિ જૈન સંઘે અઢાર આઇટમથી સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું.

* સંઘપ્રમુખ શ્રી જગદીશભાઇને સંઘભૂષણ તેમજ તેમના માતુશ્રી સરસ્વતીબેનનું સંઘમાતાનું બિરુદ આપી કૃતજ્ઞભાવ સંઘે વ્યકત કર્યો હતો.

* આઠ વર્ષના બાળકોએ સુંદર સૂત્રો બોલેલ તેઓનું બહુમાન થયેલ

* અહીં સંઘરત્ન સમા શોભતા શ્રી મનસુખલાલભાઇ વિવિધ વિધિવિધાન પ્રસંગે સ્વ ખર્ચે જાય છે.

* નાણાવટી કુટુંબમાંથી પ્રિતેશે ૧૬ ઉપવાસ કર્યા મોહીતે આઠ ઉપવાસ કર્યા.

૬૮ તીર્થમાં અનુમોદનીય લાભ લીધો. સંઘની કુલ ઉપજ ૩૩ લાખની થઇ છે.

વિવિકારક શ્રી મનસુખભાઈના સ્વ. પિતાશ્રી રિખબચંદભાઇ ગામે ગામ આરાધના કરાવતા સૂર્યાસ્ત પહેલા રસોડાનું કામ પૂર્ણ થાય તેની ખૂબ કાળજી રાખતા મનસુખભાઇએ પોતાના પુત્રનો લગ્નોત્સવ એવી રીતે ઉજવ્યો કે સૌ લગ્નની લગનથી મટી પ્રભુ લગનમાં લાગી જતા આજે પણ તેઓના ઘરે ચમરબંધીને રાતના બોલાવતા નથી.

અનોપ મંડળના સાહિત્ય પ્રકાશનના તંત્રીને ત્રણ વર્ષની સખ્ત કેદ અને દંડ

રાજસ્થાનના શિરોહી, જાલોર, પાલી જિલ્લાના ગામોમાં 'અનોપ મંડળ' નામની સંસ્થા 'જૈનો' વિરોધની પ્રવૃત્તિઓ અને પ્રચાર કરી રહેલ છે. તેની સામે ભારતીય સંસ્કૃતિ સમન્વયસંસ્થાન-જોધપુર તથા ઓલ ઇન્ડીયા જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પ્રતિનિધિ મંડળ તા. ૧૮-૭-૯૭ના રોજ રાજસ્થાનના મુખ્યમંત્રી શેખાવતને મળીને અનોપ મંડળની જૈનો વિરોધની પ્રવૃત્તિઓ બંધ કરાવવા અને તેના 'જગત હિતકારી' અને આત્મ પુરાણ' તથા નિકલંક એક્સપ્રેસ જે જૈનોની વિરૂધ્ધ ઝેરીલો પ્રચાર કરે છે. તેના ઉપર પ્રતિબંધ લાવવા જણાવેલ હતું.

રાજ્ય સરકારે આવા સાહિત્ય ઉપર પ્રતિબંધ જાહેર કર્યો હોવા છતાં સાંચોર ગામથી પ્રગટ થતાં સત્યાપુર ટાઇમ્સના તંત્રી ઇશ્વરલાલ ખત્રીએ જગત હિતકારણી અને આત્મપુરાણમાંથી જૈનોની વિરૂધ્ધ લખાણો પ્રસિધ્ધ કર્યા હતાં. જેની સામે ભારતીય સંસ્કૃતિ સમન્વય સંસ્થાન તરફથી કુલચંદજી પી. ગાંધી જસરાજજી ચોપરા આદિએ જાલોરની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

તા. ૨૦-૫-૯૮ ના જાલોરની ડિસ્ટ્રીક કોર્ટના સિવિલ જજ અને જ્યુડિશયલ મેજિસ્ટ્રેટ જ્ઞાનપ્રકાશ ગુપ્તાએ સત્યાપુર ટાઇમ્સના તંત્રી ઇશ્વરલાલ ખત્રીને ત્રણ વર્ષની સખતકેદ અને રૂા ૫૦૦ નો દંડ કર્યો છે.

સાપ્તાહિક અખબારના તંત્રી ઇશ્વરલાલના વકિલે બચાવમાં જણાવેલ કે બન્ને પુસ્તકો કોપીરાઇટ ધારા હેઠળ રજિસ્ટર્ડ થયેલા છે. તેમની દલીલને નકારતાં મેજીસ્ટેટે જણાવ્યું હતું કે રજીસ્ટર્ડ થયેલ હોવાથી રાજ્ય સરકારનો પ્રતિબંધનો હુકમ રદ થતો નથી. (કોન્ફરન્સ સંદેશ)

મુંબઇ : શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય મધ્યે પૂ. આ. શ્રી વિજય અમરગુપ્તસૂ. મ. પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્તસૂ. મ. આદિની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ની સુદીર્ઘ સંયમની અનુમોદન તથા શ્રી સંઘમાં તપ આદિના અનુમોદનાર્થે ભા. વદ ૧ થી વદ ૬ સુધી ૪૫ આગમ પૂજા સહિત પંચાન્હિનકા મહોત્સવ ઉજવાયો.

મુંબઇ વાલકેશ્વર–અત્રે શ્રીપાળનગરમાં પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે ભા. વ. ૫ થી ૯ સુધી પંચાહ્નિકા મહોત્સવ ચોળયો વદ–૫ નવાણું અભિષેક પુજા જોઇતારામ ટોકરદાસ તરફથી વદ–૬ પિસ્તાલીશ પુંજા સોહનલાલ, રૂપાજી તરફથી વદ ૭ ૧૦૮ પાર્શ્વનાથ મહાપુજા લોરોલ તીર્થ નિવાસી શાંતિલાલ હરિલાલ તરફથી વદ–૮ સિધ્ધચક્ર મહાપુજા લાલચંદજી છગનલાલજી તરફથી વદ ૯ વીશ સ્થાનક મહાપુજન કુમારપાળ બાબુભાઇ તરફથી હતા.

હલોલ–અત્રે પં.શ્રી હિતેન્દ્રવિ. મ.ની નિશ્રામાં વિવિધ તપસ્યા તેમાં બે માસ-ખમણ આદિ થયા ભા સુ. ૬ બાબુભાઇ જેતપુરવાળા તરફથી પારણા તથા ૬ તથા અન્ય ભાવિકો તરફથી નવકારી થઇ તથા વરઘોડો સુંદર નીકળ્યો જૈન ભોજનશાળાની ૫૦૦–૫૦ની ૧૨૫ તિથિ લખાઇ.

બારેજામાં સૌ પ્રથમ ઉપધાન–અત્રે પુ. મુ. શ્રી મુક્તિધનવિજયજી મ. તથા પુ. મુ. શ્રી પુણ્યધનવિજયજી મ.ની નિશ્રામાં ૨૦૫૫ માગશર વદ ૧ તા. ૪–૧૨–૯૮થી ઉપધાન સો થશે પ્રથમ અત્રે ઉપધાન થાય છે. ઉપધાનમાં પ્રવેશ કરવાની ઇચ્છા-વાળાએ કારતક સુદ ૧૫ સુધીમાં નામ નોંધલવા વિનંતિ છે.

ઉપધાન સમિતિ C/o. જૈન ઉપાશ્રય

ભગવાન મહાવીર માર્ગ

આણંદ ૩૮૮૦૦૧ ફોન (૦૨૬૯૨) ૨૨૯૬૫

કોટન સીટી-કોઇમ્બતુર પુ. આ. શ્રી વિજય અશોકસેનસૂ. મ. પુ. ન્યા. શ્રી વિજય અમરસેનસૂ. મ.ની નિશ્રામાં આરાધના અનુમોદનાર્થે ભાદરવા સુ. ૧૨ થી આસો વદ ૧ સુધી શાંતિ સ્નાત્ર આદિ અઠ્ઠાઈ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

(૧૧) બાર પ્રકારે–પૃથ્વીકાય પર્યાપ્તા, અપકાય પર્યાપ્તા, તેઉકાય પર્યાપ્તા, વાયુકાય પર્યાપ્તા, વનસ્પતિ કાય પર્યાપ્તા અને ત્રસકાય પર્યાપ્તા. પૃથ્વીકાય અપર્યાપ્તા, અપકાય અપર્યાપ્તા, તેઉકાય અપર્યાપ્તા, વાઉકાય અપર્યાપ્તા, વનસ્પતિકાય અને ત્રસકાય અપર્યાપ્તા.

(૧૨) તેર પ્રકારે—જીવના તેર ભેદ પણ થાય છે તે આ રીતે પાંચ સ્થાવર પર્યાપ્તા, પાંચ સ્થાવર અપર્યાપ્તા અને ત્રસમાં સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે એમ કુલ તેર ભેદ પણ થાય.

(૧૩) ચૌદ પ્રકારે—જીવના ચૌદ ભેદ પણ થઇ શકે તે આ રીતે–૧–સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨–બાદર એકેન્દ્રિય, ૩–બેઇન્દ્રિય, ૪–તેઇન્દ્રિય, ૫–ચઉરિન્દ્રિય, ૬–સંજ્ઞિ પંચેન્દ્રિય અને ૭–અસંજ્ઞિ પંચેન્દ્રિય તે સાતના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ કુલ ચૌદ ભેદ થાય.

(૧૪) પંદર પ્રકારે—તે આ રીતે : પંચેન્દ્રિય મનુષ્ય સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે, પંચેન્દ્રિય તિર્યંચમાં પણ સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે એમ કુલ છ, દેવમાં પુરૂષ અને સ્ત્રી વેદ, નરકમાં નપુંસક એમ કુલ નવ ભેદ થયા. ૧૦–પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, ૧૧–અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય, ૧૨–સૂક્ષ્મ એકેન્દ્રિય, ૧૩–બેઇંદ્રિય, ૧૪–તેઇંદ્રિય અને ૧૫–ચઉરિંદ્રિય.


(૧૫) સોળ પ્રકારે—જીવના સોળ ભેદ આ રીતના થાય છે. એકેંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચ પ્રકારના તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારકી એમ કુલ આઠ પ્રકાર થયા. આ સાઠે પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ સોળ ભેદ જીવના થાય.

(૧૬) સત્તર પ્રકારે—જીવના સત્તર ભેદ થાય તે આ રીતે–પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારના એકેંદ્રિય, ૬–બેઇંદ્રિય, ૭–તેઇંદ્રિય, ૮–ચઉરિંદ્રિય. પંચેંદ્રિય મનુષ્ય સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે, પંચેંદ્રિય તિર્યંચ સ્ત્રી પુરૂષ અને નપુંસક વેદે, દેવ–સ્ત્રી અને પુરૂષ વેદે, નારકો નપુંસક વેદે એમ કુલ ૧૦. એ. એ રીતના ૮ અને ૯ સત્તર થાય.

(૧૭) અઢાર પ્રકારે—જીવના અઢાર ભેદ આ રીતે થાય. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય આ નવ ભેદના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ગણતા ૧૮ ભેદ થાય.

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સદાચાર વિનાનું રૂપ અને વિવેક વિનાનું જ્ઞાન એ ખરેખર શ્રાપ રૂપ છે
* સદાચાર વિનાના રૂપની અને વિવેક વિનાના જ્ઞાનની પ્રશંસા, એ તો પાપની પ્રશંસા છે.
* ઉપકારીઓ ફરમાવે છે કે– દુઃખના કારણ પ્રત્યે અરૂચિવાળા બનો દુઃખથી ડરવાને બદલે, દુઃખના કારણોથી ડરો. પાપના અને પાપનિવારણનાં વાસ્તવિક કારણોના અભ્યાસી બનો અને ઉપકારી મહાપુરૂષોની આજ્ઞા મુજબ પાપર્થ મુકત બનવાને માટે સુપ્રયત્નશીલ બનો.
* સાચા સુખના અર્થી આત્માઓએ શ્રી જિનાજ્ઞા પ્રત્યે રૂચિવંત બનવું જોઇએ, પોતાની તે રૂચિને નિર્મલ બનાવવાનો સતત અભ્યાસ કરવો જોઇએ અને ધર્મની ઉત્કટ આરાધના થઇ શકે તેવા ઉપાયો પ્રત્યે ખૂબ જ આદરવાળા બનવું જોઇએ.
* દુરાચારોનો દ્વેષી અને સદાચારો પ્રેમી આત્મા જ શિષ્ટ ગણાય છે.
* લોકવિરોધથી ડરવું એ ડરપોકવૃત્તિ છે, જ્યારે લોકવિરૂદ્ધ કાર્યોથી ડરવું એ પાપભીરૂતા છે.
* લાયકાત વિનાનો ગમે તેટલું ભણે તો ય ભાવને અને તેને કાંઇ સગપણ નથી.
* જૈન અને મોક્ષની અને પરલોકની ચિંતા વિનાનો ત્રણ કાળમાં બને ખરૂં ?
* વગર ભણેલા લાયકને જે જ્ઞાન આવે તે જ્ઞાન પરિણામ પામે, ભણેલો નાલાયક હોય તો જ્ઞાન પરિણામ ન પામે.
* ભૌતિક સુખ અને પૈસો એ બે ચીજ જે કાળમાં કિંમતી થાય તે કાળ ધર્મ [illegible] લાયકાત ગુમાવે.
* તપ જવોથી સંયમ મેલું થાય અને સંયમ મેલું થવાથી અહિંસા પાંગળી થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શાસ્ત્ર યોગનું સ્વરુપ

શાસ્ત્રયોગસ્ત્વહ જ્ઞેયો, યથાશક્ત્યપ્રમાદિનઃ ।
શ્રાદ્ધસ્ય તીવ્રબોધેન વચસાડવિકલસ્તથા ।।

(યોગદૃષ્ટિ સમુચ્ચય)

શક્તિને અનુસારે, પ્રમાદ વગરના શ્રદ્ધાવાળા જીવનો જે તીવ્ર બોધથી અવિકલ–અખંડ–તે તે કાલે કરવા રૂપ–વંદનાદિ રૂપ જે ધર્મવ્યાપાર તે શાસ્ત્રયોગ–અહીં–યોગ તંત્રમાં જાણવો.

વર્ષ ૧૧

અંક ૯+૧૦

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

શાસન સમાચાર

—: ચાણસ્મા (ઉ. ગુ.)ને ચાતુર્માસનો અનેરો અનુપમ લાભ :—

ઘણા વર્ષો બાદ પરમ શાસન પ્રભાવક આ. દેવ શ્રીમદ્ રામચંદ્ર સૂ. મ.ના પ્રકાંડ પ. પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિ. મહોદય સૂ. મ. સા.ને વિનંતી કરતાં સહુ પ્રથમ વિનંતી સ્વીકારી ચાલુ વરસે મુ. શ્રી બાહુવિ. મ. સા. તથા પ્રવચનકાર મુ. શ્રી હિતરત્નવિ. મ. સા.ને ચાતુર્માસાર્થે મોકલી શ્રી ચાણસ્મા જૈન સંઘ ઉપર મહાન ઉપકાર કરેલ છે. પૂ.શ્રીઓના ૨૦૫૮ના અષાઢ સુદ ૭ થી ચાતુર્માસાર્થે ભવ્ય નગર પ્રવેશ થયો, ત્યારથી પૂ.શ્રીના વ્યાખ્યાન શ્રવણે ભાવિકોની ધર્મ–ભાવનામાં ભરતી રૂપે સારી એવી વૃદ્ધિ થયેલ છે.

ચાતુર્માસમાં થયેલ ધર્મપ્રભાવનાનાં સત્કાર્યો :—

૧. સાંકળી અઠ્ઠમ, એકાસણાં, સિદ્ધસ્વર્ગ કરંડક તપ દ્વિવસ-૨૭ ક્ષીરસમુદ્ર, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, ચોસઠ પ્રહોરી પોસહ, શની–રવીવારી બાળકોની વાચનાશ્રેણી. જૈનેતરોમાં બે બાલીકાઓની અઠ્ઠાઇની તપસ્યા, આદિથી આરાધકો ધર્મભાવનાથી રંગાઇ ગયા હતા.

૨. જે રથયાત્રા મહેસાણા જીલ્લામાં બેનમૂન જોવાલાયક જૈન–જૈનેતરોમાં વખણાયેલ છે, તેવી ભવ્ય રથયાત્રા ગજરાજ સાથે પર્યુષણા પર્વ બાદ ૯ા. સુદ ૫ ના રોજ નીકળી હતી.

૩. બાદ ૨૦૦+૮૯ કુલ ૨૮૯ ઓળીના અનેક આરાધક તપસ્વી કુલ પ્રભાવક આ. શ્રી રાજતિલક સૂ. મ. સા.ના ૬૫ વર્ષના સુદીર્ઘ સંયમ જીવનની અનુમોદના રૂપે પૂ.શ્રીની પ્રથમ સ્વર્ગવાસ તિથિ ભા. વદ ૫ ના રોજથી શ્રી સંઘ તરફથી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો હતો. પાંચે દિવસ પૈકી સ્વર્ગારોહણ માસિક પ્રથમ તિથિએ ૫૭ આયંબીલમાં કરેકને રૂા. ૪૧ ની પ્રભાવના બાદ ચારે દિવસ એકાસણાની તપસ્યા નવકાર મહામંત્રના જાપ સાથે, અનેરા ઉલ્લાસ ઉત્સાહથી થઈ હતી. રોજ સવારે પ્રભાતીયાં, શરણાઇવાદન, વ્યાખ્યાન, પૂજા, પરમાત્માની ભવ્ય અંગરચનાઓ, પૂજન., જીવદયાની ટીપ આદિ પ્રવૃત્તિઓથી મહોત્સવ ધમધમી રહ્યો હતો. આયંબીલ એકાસણા કરનાર

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી મુકીમ (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (પાલીતાણા)
ચાંદમલ પદમશી મુકીમ (ચાણસ્મા)

વર્ષ : ૧૯] ૨૦૫૪ આસો વદ-૯ મંગળવાર તા. ૧૩-૧૦-૯૮ [અંક : ૯-૧૦

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

પ્રવચનકાર-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૪, શ્રાવણ સુદિ-૬ શનિવાર તા. ૧-૮-૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ ઠાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. **(પ્રવચન ૨૭ મું ચાલુ)** અવ૦)

'સૂત્ર-અર્થ તત્ત્વ કરીને સદ્દહું' બોલનારાને લાગે કે- મિથ્યાત્વ એ જ મોટામાં મોટું પાપ છે. દુનિયાનું સુખ સારું લાગે તે પહેલા નંબરનું મિથ્યાત્વ છે. દુનિયાનું સુખ મેળવવાની ઇચ્છા થાય, મઝેથી મેળવવાનું મન થાય, તે મેળવવા માટે ય અનીતિ આદિ પાપોને કરવાં જેવાં માનીને કરે તે પણ મિથ્યાત્વનો પ્રતાપ છે. તે સુખ મળી જાય તો આનંદ આનંદ થઇ જાય અને તે આનંદ પણ ખૂબ ખૂબ ગમે તે ય મિથ્યાત્વ છે. તે સુખ છોડવાનું મન થતું નથી, છોડવા જેવું લાગે નહિ, ભોગવવા જેવું લાગે અને મઝેથી ભોગવે તે પણ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ મોહના ત્રણ ભેદ પડે છે. સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય. તે ત્રણેને પરિહરવાના છે. તેમાં ભૂંડામાં ભૂંડી મિથ્યાત્વ મોહનીય છે. તે તમને ભૂંડી લાગે છે ?

આ મિથ્યાત્વ મોહનીય જોરદાર હશે ત્યાં સુધી ગમે તેટલો ધર્મ કરો તો પણ તે ધર્મ ધાર્યો સફળ થાય નહિ. રોજ ભગવાનનાં દર્શન-પૂજનાદિ કરે તો પણ

મરતા સુધી આ સંસાર છોડવા જેવો લાગે જ નહિ. જેને આ સંસાર છોડવા જેવો ન લાગે તે મિથ્યાદૃષ્ટિ કહેવાય તો તે મિથ્યાત્વને કાઢવાની મહેનત ચાલુ છે ?

દુનિયાદારીની સુખ-સંપત્તિનો અધિકને અધિક લોભ તે અનંતાનુબંધીનો લોભ કહેવાય. તે મિથ્યાત્વની હાજરીમાં હોય આટલું પણ સમજો છો ? જેમ જેમ તમારી પાસે પૈસા-ટકા વધે તો આનંદ થાય ને ? અને ઘટે તો દુઃખ થાય ને ? તો તે વખતે તમને લાગે કે- આ ભારે મિથ્યાત્વનો ઉદય છે ? જેને મિથ્યાત્વ બૂંડું લાગે, મિથ્યાત્વને કાઢવાનું મન થાય કાં ઉપશમાવવાનું મન થાય તો સમકિત થાય એક મત એવો છે કે જીવ સૌથી પહેલા ઉપશમ સમકિત પામે અને પછી ક્ષાયોપશમિક સમકિત પામે. બીજો એક મત એવો છે કે જીવ પહેલા ક્ષાયોપશમિક સમકિત પણ પામે. તમારે આ બધું જાણવું છે ખરૂં ?

જે જીવ સમજી જાય કે ક્રોધ, માન, માયા, લોભ કરવા જેવા નથી તો તેને અનંતાનુબંધીના ક્રોધ-માન-માયા-લોભ ન હોય. તમને તે ક્રોધ-માન-માયા-લોભ કરવા જેવા લાગે છે કે છોડવા જેવા લાગે છે ? શાસ્ત્રે તો કહ્યું છે કે દુનિયાદારીની ચીજ-વસ્તુઓનો બહુ લોભી જીવ માયાવી હોય, તેના લોભમાં સફળ થાય તો માનનો પૂજારી હોય અને તેને બાધા પહોંચી જાય તો વાત વાતમાં ગુસ્સો આવ્યા વિના રહે જ નહિ.

સભા૦ : તે ચારે પ્રશસ્ત પણ હોય ને ?

ઉ૦ : જેને ધર્મ મેળવવાનો બહુ લોભ હોય તેનો લોભ પ્રશસ્ત કહેવાય. પૈસા-ટકાદિ મેળવવાનું મન હોય તેનો લોભ પ્રશસ્ત ન કહેવાય તે તો અપ્રશસ્ત કહેવાય !

રોજ ભગવાનના દર્શન-પૂજન કરનારને, સામાયિક-વ્યાખ્યાન શ્રવણાદિ કરનારને આ ક્રોધ-માન-માયા-લોભ કરવા જેવા જ નથી તેમ લાગે છે ? ધન પણ મેળવવા જેવું નથી તેમ લાગે છે ? પાપનો ઉદય છે માટે ધન મેળવવું પડે છે અને રાખવું પડે તેમ લાગે છે ? પૈસા-ટકાદિ જ ગમે, હજી વધારે જોઇએ તેમ થાય તો લાગે કે મારૂં મિથ્યાત્વ ભારે છે ? મારેથી આજીવિકા ચાલે તેટલું ધન હોવા છતાં ય અધિક મેળવવાનું મન થાય તો તે પણ ખોટું લાગે છે ? ન લાગે તો તે બધા ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા છે તેમ કહેવાય. જેને ખોટું છે તેમ લાગે અને ઓછું કરવાની મહેનત ન કરે પણ વધારવાની મહેનત કરે તો તે બધાને માયાવી કહેવા પડે. એટલું નહિ પણ એવા તો મૃષા પણ માયાપૂર્વક બોલે છે.

આ બધું સમજતા હોત તો સમકિત મેળવવાનું જરૂર મન થાત. સમકિત

પામેલાને સમ્યક્ત્વ મોહનીયનો પણ ડર લાગે કેમકે તે ઉદયમાં હોય તો અતિચાર લાગવાનો સંભવ છે માટે તેનો પણ ત્યાગ કરવાનું મન થાય. માટે તેને પણ પરિહરવાની છે.

આજે 'સર્વ ધર્મ સમ અને સર્વ ધર્મ મમ' ની વાત ચાલી પડી છે. મહા-મિથ્યાદૃષ્ટિઓએ આ સિદ્ધાન્ત પ્રચાર્યો છે. બધા ધર્મ સરખા મનાય? બધા ધર્મ મારા મનાય! જેટલા બૂઢા તેટલા બાપ તેમ માનો? આવું માનનારા–મનાવનારાઓએ જગતમાં ઘણો અનર્થ કર્યો છે. આવા જીવો જગતમાં રહેવાના છે આપણે તેનાથી બચવાનું છે. બધા જ ધર્મ સારા હોત તો ભગવાન શ્રી જિનેશ્વરદેવો ધર્મ શું કામ સ્થાપત? બધા જ ધર્મ સાચા ય હોય નહિ અને સરખા પણ હોય નહિ. ઘણા ધર્મ પણ એવા હોય જે દુર્ગતિમાં લઈ જાય.

શ્રી જાલિકસૂરિજી મહારાજને દત્ત રાજાએ પૂછયું કે– યજ્ઞનું ફળ શું? તો આચાર્ય મહારાજે કહ્યું કે– નરક! યજ્ઞ સમજો ને? દુનિયાના સુખ મેળવવા માટે જેમાં ઘણી ઘણી હિંસા કરવામાં આવે છે. અને તે પણ ધર્મના નામે! આ સાંભળતાં રાજાને ગુસ્સો આવ્યો છે એટલે પૂછે છે કે હું મરીને ક્યાં જઇશ? તો આચાર્ય મહારાજ કહે કે–નરકે, તેથી વધારે ગુસ્સો આવે છે ને પૂછે છે કે, તમે ક્યાં જશો? તો આચાર્ય મહારાજે કહ્યું કે– સ્વર્ગે. આમ કયારે બોલી શકે? આપણા પોતાના સુખને માટે કોઇ પણ જીવને મારવાની વાત કરી શકાય ખરી? તેવી વાત કરે તે શાસ્ત્ર, શાસ્ત્ર કહેવાય ખરૂં? આ મિથ્યાત્વ તો જગતમાં એવી રીતે વ્યાપીને રહ્યું છે કે તેનાથી બચવું બહુ કઠીન છે. ભય કરમાં ભયંકર પાપ તે છે. આ મિથ્યાત્વ માંદુ ન પડે ત્યાં સુધી ધર્મ સમજાય નહિ અને તે મિથ્યાત્વને મારવાનું મન પણ ન થાય તો ધર્મ પમાય પણ નહિ.

મિથ્યાત્વને મારવાનું મન થશે તો આ બંગલો મહેલ નહિ પણ જેલ જેવો લાગશે, પૈસો અનર્થકારી લાગે, સંબંધી બંધનરૂપ લાગે, સુખ ભૂંડામાં ભૂંડું લાગે. છોકરા–છોકરીને પરણાવવા પડે તો લાગે કે– હું પાપ કરી રહ્યો છું. તેમને પહેલેથી સાચું સમજાવ્યું નહિ તે મહાપાપ કર્યું છે. આવું ન લાગે તો સમજવું કે– તમારા કુળ તે જૈનકુળ નથી રહ્યાં. શાસ્ત્રે જૈનકુળમાં જન્મ મળે તેને મહા પુણ્યોદય કહ્યો છે પણ વર્ત્તમાન કાળમાં જૈનકુળમાં જન્મ મળવો તે પુણ્યોદય નહિ પણ પાપોદય છે તેમ કહેવું પડે છે. આ બહુ ભયંકર વાત કહેવાય. આ બોલ સમજ્યા હોત તો આવી દશા તો ન થાત. (અનુસંધાન પાના ૧૭૨ ઉપર)

।। બોરસદ નગર વિભૂષણ શ્રી આદિ-શાંતિ-પાર્શ્વ-સુમતિ-મુનિસુવ્રતેભ્યો નમઃ ।।

પધારો ।। શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર સૂરિ ગુરૂભ્યો નમઃ ।। પધારો

બોરસદ નગરે શ્રી આદિનાથ સ્વામિ શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલયે

ભવ્ય અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

દિવ્યાશીષ : પૂજ્યપાદ પરમતારક પરમગુરૂદેવ વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ-ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

મંગલનિશ્રા : વાત્સલ્યવારિધિ, સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા... આદિ વિશાલ મુનિવૃંદ

પૂ. ગચ્છાધિપતિશ્રીનો મંગલ પ્રવેશ :- વિ.સં. ૨૦૫૫ મા.સુ. ૬ બુધવાર તા. ૨૫-૧૧-૯૮

અં. શ. પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ :- મા. સુ. ૯ શનિવાર તા ૨૮-૧૧-૯૮

દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો અં. શ. :- મા. વ. ૧ શુક્રવાર તા. ૪-૧૨-૯૮

પ્રતિષ્ઠા :- મા. વ. ૩ રવિવાર તા. ૬-૧૨-૯૮

અમૂલ્ય લાભ :- મૂળનાયક શ્રી આદિનાથ સ્વામિ તેમજ શ્રી મુનિસુવ્રત સ્વામિ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠાની ઉછામણી... મા. સુ. ૧૧ સોમવાર તા. ૩૦-૧૧-૯૮ ના શુભ દિને બોલાશે.

વિશિષ્ટ લાભ :- ભવ્યાતિભવ્ય અંજની શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં પરમાત્માના માતા-પિતા સૌધર્મ ઇન્દ્ર-ઇન્દ્રાણી આદિની ઉછામણી..
કા. વ. રવિવાર તા. ૧૫-૧૧-૯૮ ના પુણ્યદિને બોલાશે.

ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાના આ મંગલ અવસરે સકલ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ

* શુભ સ્થળ *
શ્રી આદિનાથ સ્વામિ જિનાલય
કાશીપુરા, **બોરસદ.** (ગુજ.)

લી. શ્રી વિ. ઓ. જૈન શ્વે. મૂ. પૂ. સંઘ,
શ્રી આદિશ્વર પ્રભુ ઢહેરાસર ટ્રસ્ટ,
શ્રી અં. શ. પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ.

તા. ક. :- પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતની મંગલ નિશ્રામાં આયોજિત અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં જે ભાવિકોએ જિનબિંબોની અંજનશલાકા કરાવવાની હોય તેમણે કા. વ. ૧૩ સોમવાર તા. ૨૬-૧૧-૯૮ સુધીમાં જિનબિંબો આપી જવા વિનંતિ...

માર્ગને ડહોળવાના કામથી દૂર રહો !

— પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

કલિકાલ સર્વજ્ઞ પ. પૂ. આ. શ્રી હેમચન્દ્ર સૂ. મ. વિરચિત શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર (જૈન રામાયણ પર્વ સાતમું) માં છઠ્ઠા સર્ગમાં એક પ્રસંગ વર્ણવ્યો છે તેના પર વિચાર કરવો છે.

સાહસગતિ નામનો વિદ્યાધર લાંબા સમયથી સુગ્રીવની પત્ની તારાનો અભિલાષી બન્યો હતો. એથી પોતાની તે દુષ્ટ અભિલાષાને સિદ્ધ કરવા હિમવત પર્વતની ગુફામાં રહીને 'પ્રતારણી' વિદ્યાને સાધી રહ્યો હતો. અને સાધનાના પરિણામે તેને 'પ્રતારણી' વિદ્યા તે સિદ્ધ થઇ. વિદ્યા વડે સાહસગતિ વિદ્યાધરે પોતાનું રૂપ કામરૂપી ઇચ્છિત રૂપ કરનાર દેવની જેમ સુગ્રીવનું રૂપ લઇ આકાશમાં બીજા સૂર્યની જેમ કિષ્કિંધાપુરીમાં આવ્યો. જે વખતે સાચો સુગ્રીવ ક્રીડા કરવાને માટે બહાર ઉદ્યાનમાં ગયો હતો, તે વખતે તારા-દેવીથી સુશોભિત એવા અંતઃપુરમાં તેણે પ્રવેશ કર્યો. થોડીવાર ન થઇ તેવામાં સાચો સુગ્રીવ પણ ત્યાં પાછો આવ્યો. એટલે 'રાજા સુગ્રીવ તો અંદર ગયા છે' એમ બોલતા દ્વારપાળોએ તેને અટકાવ્યો. તે વખતે એક સરખા બે સુગ્રીવને જોઇ વાલીપુત્ર ચન્દ્રરશ્મિને સંદેહ પડવાથી, અંતઃપુરમાં કોઇપણ પ્રકારની વિપ્લવ–હાનિ ન થાય માટે તે અંતઃપુર-ના દ્વાર આગળ જલ્દીથી ગયો અને જાર-સુગ્રીવને અંતઃપુરમાં પ્રવેશ કરતાં, માર્ગમાં આવતો પર્વત જેમ સરિતાના પુરને રોકે તેમ અટકાવ્યો અર્થાત્ તેને અંતઃપુરમાં પ્રવેશ કરવા દીધો નહિ.

આ પ્રસંગને જાણનાર કોઇ પણ સુજ્ઞ પુરુષ વાલીનંદન ચંદ્રરશ્મિએ ખોટું કામ કર્યું. એમ કબૂલી નહિ શકે. બધા જ એકી અવાજે તે વાલીનંદનના મુક્તકંઠે વખાણ જ કરશે અને તેના કાર્યને સુચારૂ સુસંગત અતિયોગ્ય જ ગણાવશે. હૈયાથી આમ માન-નારા જો ખરેખર પ્રામાણિક અને ભવભીરૂ હોય તો વર્તમાનમાં પણ શાસનમાં એકપણ એવો વિવાદ નથી કે જેનો શાસ્ત્રાધારે ઉકેલ ન જ આવી શકે. જે બાબતમાં એક જ પક્ષને માનનારમાં આવી રીતના દ્વિધા અને સંદેહ પડે તો જ્યાં સુધી શાસ્ત્રાધારે તેનો સમુચિત યોગ્ય નિર્ણય ન થાય ત્યાં સુધી તેવી પ્રવૃત્તિને આ વાલીનંદનની જેમ બન્ને પક્ષે એકદમ અટકાવી દેવી તેમાં જ શાસન–સમુદાયનું ગૌરવ છે અને હિત છે.

આવી સીધી–સાદી સમજને પણ સ્વીકારવામાં ન આવે તો બહુ જ સૂક્ષ્મ રીતે તેનો વિચાર કરતાં નિપુણ–પારિણામિકી બુદ્ધિવાળા આત્માઓ સારી રીતે સમજી શકે છે કે, આમાં કાંઇ જુદી જ મલિન ભાવના લાગે છે. વિરોધી વર્ગની સાચી પણ વાતનો

વિચાર નહિ કરતાં કે સમજવાનો પ્રયત્ન નહિ કરતાં, 'અમે જે કરીએ તે જ સાચું' સત્તા આગળ શાણપણ નકામુ. સત્તાનો આવો સદુપયોગ (!) કરાતો હોય તો બધા સમજે છે કે, આમાં પક્ષપાત, સ્વાર્થીનીતિ, બીજાનું જે થવાનુ હોય (શાસન પણ ખાડામાં જાય કે સમુદાયનું પણ જે થાય તે) તે થાય ગોરની જેમ અમારું તરભાણું ભરાયા કરો. અમારી સામે માથું ઊંચકશો તો તમારી ખેર નથી. હૈયાથી બધા જ સમજે છે કે સાચું શું છે અને ખોટું શું છે – પણ આપણું સ્ટેટસ ન બગડવું જોઇએ, આપણો મોભો જળવાય એટલે ગંગા નાહ્યા. – આવી જ મેલી ઢાનત અને વૃત્તિ હોય ત્યાં જાણે-અજાણે શાસન ડહોળવામાં હાથા બની જવાય. સાચા અને પ્રામાણિક વિરોધી વર્ગને ઉતારી પાડવો, ખોટો કલંકિત કરવો, ખોટા આક્ષેપોથી નવાજવો એવી રાજકીય કુનેહ વૃત્તિએ જ્યારે ધર્મસ્થાનમરાં પણ પગપેસા કરી દીધો છે અને તેવી કુટીલ નીતિને 'મુત્સદ્દી' માં ગણાવાય છે તે આ કાળની રંક અનેરી અજાયબી છે. જ્ઞાનિઓની દૃષ્ટિએ આ છળકપટ ભરી મુત્સદ્દીગિરિ એ પાઠટત નથી પણ નાલેશીભરી મૂર્ખાઇ છે અને સ્વ-પરના આત્મઘાતકપણા વિના બીજું કશું જ નથી. માન-પાનાદિની તીવ્ર લાલસા અને કદાગ્રહ વિના આવી અધમવૃત્તિ આવવી એ સંભવિત નથી.

આપણે તો એ જ વાતનો વિચાર કરવો છે કે વાલિનંદન જેવું સ્તુત્ય પગલું ભરાય તો શ્રી જૈન શાસનમાં એક પણ વિવાદને સ્થાન જ નથી અને આ કાળમાં પણ શ્રી જૈન શાસન ઝળહળતું જ છે. પણ વો દિન કહાં.....! વિવાદોને ચુલ્હાવવાને બદલે વિવાદોને વધારવામાં અને વકરાવવામાં જ આનંદ આવતો હોય તેવાની પાસેથી મધ્યસ્થતા કે ન્યાય-નીતિમત્તાની આશા રાખવી તે આકાશ-કુસુમ જેવી વાત છે. અરે-ખર શાસનના અનુરાગી આત્માઓને તેનું જ દુઃખ છે. મોટા મોટા માથાંતા ગણાતા પણ માર્ગને સમજવાને બદલે માર્ગને ડહોળવાનું જ કામ કરી રહ્યા લાગે છે. તેમાં દુનિયાની જેમ પદ-પ્રતિષ્ઠા અને પૈસાનું જ વર્ચસ્વ દેખાય છે. આવી પરિસ્થિતિમાં સુજ્ઞ માણસો સમજુને જ સમજાવવાનો પ્રયત્ન જાળવી રાખે છે પણ અણસમજુ-દોઢડાહ્યા-ને સમજાવવા પોતાની શક્તિનો ઉપયોગ કરતા નથી. પાત્રતા અને યોગ્યતા વિના સારી વસ્તુ ફળે જ નહિ. લાભ તો ન કરે પણ હાનિ તો અવશ્ય કરે. આ બાબતમાં પરમતારક પૂ. ગુરૂદેવશ્રીજીની વાત ખુબ જ વિચારણીય-મનનીય છે.

પાત્રતા વિના સારી વસ્તુ ફળે નહિ.

સાહસગતિ વિદ્યાધરે, વિષય લાલસાને પોષવા માટે પ્રતારણી વિદ્ય મેળવીને એનો ઉપયોગ શામાં કર્યો ? પોતાની બૂરી વિષયાભિલાષાને પરસ્ત્રીની અભિલાષાને

પોષવામાં ? વિદ્યા એ બુરી ચીજ છે ? નહિ, પરંતુ નદીનું પાણી સાગરમાં ભળે એટલે ખારું જ થઇ જાય, એમ અયોગ્યના હાથમાં આવેલી વિદ્યા એના અને બીજાના પણ અનિષ્ટને જ કરનારી નિવડે. વિદ્યા એ પોતે ગમે તેટલી સારી વસ્તુ હોય, છતાં તે જો અયોગ્ય હોય, તો તે અનર્થને જ કરનારી નિવડે છે. **આગમોને ભણેલા, આગમના જાણુ એવાઓ પણ ભાન ભૂલ્યા તો ડૂબ્યા,** નિહ્નવ બન્યા એનું કારણ ? આગમ ખોટાં ? નહિ, ત્યારે ખોટું કોણ ? પાત્ર ખોટું. **વસ્તુ સારી હોય, છતાં ખરાબ ભાજનમાં પડે એટલે સારી રહે નહિ. એ જ રીતે આગમ જ્ઞાન જેવી સારી વસ્તુને પણ સારી રાખવી હોય, તેનો વાસ્તવિક લાભ ઉઠાવવો હોય તો, સામાએ પાત્રતા કેળવવી જ પડે. પાત્રતા વિના તો ફળે નહિ ને કુટી ય નીકળે !**

દરેક વસ્તુમાં યોગ્યતા જોવી જોઇએ. વસ્તુ સારી છે એટલું જ જોયે કામ ન લાગે. ગમે તેને આગમ કેમ ન ભણાવાય ? સાધુને જ કેમ ન ભણાવાય ? અને તે પણ અમુક પર્યાય આદિ યોગ્યતાવાળા સાધુને જ કેમ ભણાવાય ? શું આગમ ખરાબ છે ? નાહ જ. પણ ઉપકારીઓ કેવળ ઉપકારી બુદ્ધિથી જ કહે છે કે સૌને-ગમે તેને ભણાવાય, તો એમ ભણનાર માટે અને એના દ્વારા બીજાઓને માટે પણ એ અનર્થકારી નિવડે. કેમ એમ ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં અને શ્રી ગણધરદેવોએ ગુંથેલાં એવાં આગમો, ગમે તેને આપવામાં આવે, એથી તે અનર્થકારી કેમ નિવડે ? તો કે – **એ જે રીતે હૃદયમાં પરિણમવું જોઇએ, તે રીતે અયોગ્યના હૃદયમાં પરિણમી શકતું નથી અને વિપરીત રૂપે પરિણમે એટલે સ્વ–પરને માટે તે અનર્થકારી નિવડે એ સ્વાભાવિક જ છે.**

આથી સમજો કે શ્રી આગમગ્રન્થો ઉત્તમ છે, એમાંનું જ્ઞાન તારનારું છે, પણ તે ક્યારે ? સામો યોગ્ય બને ત્યારે ! ત્યારે એથી જે અનર્થ થાય છે તે કોણ કરે છે ? આગમોનું જ્ઞાન ? નહિ, આગમોનું જ્ઞાન તો કદી અનર્થ કરનારું નિવડે જ નહિ : **ત્યારે અનર્થ કરનાર કોણ ? સામાની અયોગ્યતા. આગમનું જ્ઞાન તો તારનારું જ કહેવાય, પણ સામો જે રૂએ અને બીજાઓને રૂવાડે તે પોતાની નાલાયકીથી જ ! માટે દરેક વસ્તુમાં યોગ્યતા જોવી પડે”**

(શ્રી જૈન રામાયણ – સર્ગ છઠ્ઠામાંથી)

આ વાત ઉપર પૂર્વગ્રહ છોડી, પક્ષાપક્ષી છોડી, મારા–પોતાના ભેદ છોડી બહુ જ શાંતિથી વિચારમાં આવે તો કોઇને પણ અવિહિત અનુચિત અનવસ્થાવાળી ખોટી કોઇ પ્રવૃત્તિના પ્રણેતા બનવાનું કે તેમાં સાથ આપવાનું મન ન થાય પણ તેનાથી

દૂર જ રહેવાનું મન થાય અને બધી જ સુવિહિત પ્રવૃત્તિનો જ આદર કરવાનું મન થશે. તે દ્વારા તે આત્મા પોતાનું કલ્યાણ તો સુનિશ્ચિત જ કરશે.

શ્રી વાલિનંદનની પ્રવૃત્તિનો વિચાર કરીએ તો આત્મામાં કેટલો બધો નિર્મલ પ્રજ્ઞાનો પ્રકાશ પ્રગટે છે. સુવિહિતોની પ્રવૃત્તિઓ ઉપર અંતરનું બહુમાન ઊભા થાય છે.

સાચો સુગ્રીવ કોણ અને ખોટો સુગ્રીવ કોણ તેનો નિર્ણય કરવા માંતે સાચા સુગ્રીવે શ્રી રામચંદ્રજીનું શરણું સ્વીકાર્યું. **સ્નેહ-સદ્ભાવ-સમર્પણપૂર્વક શ્રી રામચંદ્રજીના શરણે જવાથી સાચો સુગ્રીવ જયજયકાર પામ્યો અને ખોટો સુગ્રીવ બિચારો વિનાશને પામ્યો.** સન્માર્ગને સમજાવનારા એવા સદ્ગુરુના ચરણે જીવન સમર્પણ કર્યા પછી કોણ એવો કમનશીબ અને દુર્ભાગી હોય જે પોતાની જાતે જ પોતાના વિનાશને વેરે ! આત્માને વિકાસને પંથે ચઢાવવો છે કે વિનાશના માર્ગે લઇ જવો છે તે વાચકો સ્વયં વિચારી લે... સુજ્ઞેષુ કિં બહૂના ?

卐

❋ નવો મળેલો સહકાર ❋

૩૦૦૦] શ્રી સંભવનાથ જિન મંદીર ટ્રસ્ટ – સાવત્થીનગર (ભાવળા) પ. પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ના ઉપદેશથી જૈન શાસનમાં ભેટ.

૨૦૦૦] શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ – કોઇમ્બતૂર પ. પૂ. આ. શ્રી અશોકરત્ન સૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી ભેટ.

૫૦૦૦] રશ્મિકાબેન – અમદાવાદ તરફથી પૂ. મુનિ શ્રી પ્રશાંત દર્શન વિજયજી મ. સા. ના ઉપદેશથી પૂ. આ. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ. નાં સહસકૂટ તપની અનુમોદનાર્થે ખુશી ભેટ.

૨૫૦૦] જયાબેન – અમદાવાદ તરફથી પૂ. મુનિ શ્રી પ્રશાંત દર્શન વિજયજી મ. સા. નાં ઉપદેશથી પૂ. સા. શ્રી રાજ દર્શિતાશ્રીજી મ. ની ૪૫ ઓળીની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે ખુશી ભેટ.

卐

* શ્રમણ મહાવીર પરમાત્માનું ચ્યવન *

તે કાળ અને તે સમયે ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પ્રાણત નામના દેવલોકમાં આવેલા પુષ્પોત્તર વિમાનથી ૨૦ સાગરોપમનું દેવસંબંધી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી આજ અવસર્પિણીના ત્રણ આરા પરિપૂર્ણ થયા બાદ ચોથા આરાના ૭૫ વર્ષ અને સાડાઆઠ માસ બાકી હતા તે શુભ પળે અષાઢ સુદિ ૬ ને દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં બ્રાહ્મણકુંડ ગ્રામનગરમાં ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા દેવાનંદાની કુક્ષીમાં ગજ, વૃષભ, સિંહ, લક્ષ્મી, ફુલની માળા, ચંદ્ર, સૂર્ય ધ્વજ, કળશ, પદ્મસરોવર. ક્ષીર સમુદ્ર, દેવ વિમાન નિર્ધૂમ અગ્નિ અને રત્ન રાશિ નામના ચૌદ મહાસ્વપ્ન સૂચિત ગર્ભપણે અવતર્યા આવ્યા.

ત્રણ જગતના નાથ, સકલ જીવોને અભય આપવાની ભાવનાવાળા પરમાત્માના જ્યારે પાંચેય કલ્યાણકો (ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ) થાય છે ત્યારે તેઓનો ભાવોભવનો પૂણ્ય પ્રકાશનો પૂંજ એટલો બધો ઉત્કર્ષ હોય છે કે જ્યાં ઘોર અંધકાર હોય છે ત્યાં પ્રકાશ પ્રકાશ થઇ જાય છે. ત્રણે ભૂવનમાં પ્રકાશ પથરાય છે. નારકીના જીવોને નિરંતર સતાવી રહેલો અંધકાર પણ ક્ષણ માટે પ્રકાશમાં ફેરવાય જાય છે. દુઃખમાં રીબાતા જીવોને શાતા ઉપજે છે.

સિંહાસનનું અસ્થિરપણું :–

દેવાનંદાની કુક્ષિમાં જે શુભ સમયે પ્રભુ મહાવીરદેવ અવતર્યા તે જ ક્ષણે શક્રેન્દ્ર મહારાજાનું અચલ સિંહાસન કે જે અસંખ્યાતા યોજન દૂર છે તેનું પણ ચલાયમાન થયું. એ પ્રભુના અલૌકિક પૂણ્ય પૂંજની આકર્ષક શક્તિ જ કહી શકાય. આસન કંપવાથી, ચલાયમાન થવાથી અને હાલન ડોલન થવાથી શક્રેન્દ્ર ક્રોધિત થઇ ગયો. લાલઘૂમ થઇ ગયો. રૌદ્ર દૃષ્ટિ કરી નયનમાંથી અગ્નિ વર્ષાવા લાગ્યો. કોણે મારું અવિચલ આસન ડોલાયમાન કર્યું ? જ્યાં અવધિજ્ઞાનનો ઉપયોગ મુકયો. ત્યાં પોતાની ભૂલ સમજાયી.

શક્રસ્તવની સ્તવના :–

પશ્ચાતાપનો પશ્ચાતાપ કરતો શક્રેન્દ્ર મનોમન બોલવા લાગ્યો અરે ! મેં ભયંકર આશાતના કરી. મારું આ પાપ મિથ્યા થાઓ કરેલા દુષ્કૃતોની હું નિંદા કરું છું. પાપોને પખાળતો શક્રેન્દ્ર રત્ન–જડીત સિંહાસન ઉપરથી ઉભો થાય છે. બાજોટ પર પગની મેજડી ઉતારી કશે આવર્ત ભેગાં કરી પ્રભુની સન્મુખ સાત આઠ પગલાં આવ્યો. મસ્તક વડે પૃથ્વી પટને ત્રણ વાર સ્પર્શ કરીને નમેલો શક્રેન્દ્ર દેવાનંદાની કુક્ષીમાં રહેલા ભગવંતને શક્રસ્તવથી સ્તવના કરે છે.

સંકલ્પ-વિકલ્પ

સિંહાસન ઉપર બીરાજમાન થતાં સૌધર્મેન્દ્રને વચનથી પ્રકાશિત નહિ કરેલો એવો સંકલ્પ ઉત્પન્ન થયો ખરેખર ! ભૂતકાળે એવું કોઇ વખત થયું નથી, વર્તમાન કાળે થતું નથી થતું અને ભવિષ્યમાં એવું થશે નહિ કે તીર્થંકરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો, શુદ્રકુલોમાં, અધમકુલોમાં, તુચ્છકુલોમાં, દરિદ્રકુલોમાં, ભિક્ષુકકુલોમાં, કૃષ્ણકુલોમાં બ્રાહ્મણકુલોમાં આવે છે પરંતુ કયારે પણ યોનિ માર્ગ જન્મ લેતાં નથી. શ્રમણ ભગવાન મહાવીરનો જીવ અચ્છેરારૂપે બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થયો છે તો અમારો આચાર છે તે ગર્ભને ઉગ્રકુલમાં, ભોગકુલમાં, રાજન્ય કુલમાં જ્ઞાનકુલમાં, વિશુદ્ધ જાતિ અને વિશુદ્ધકુલવાળા વંશોમાં સંક્રમાવવો જોઇએ. તેથી હે હરિણેગમેષી ! તું જલ્દી જા અને શ્રમણ ભગવાન મહાવીરને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાંથી લઇને ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીને વિષે સંક્રમાવ અને ત્રિશલાદેવીના ગર્ભને દેવાનંદા બ્રાહ્મણની કુક્ષીમાં છટકાવ, સંક્રમાવીને મારી આજ્ઞા જલ્દી પાછી આપ. હરિણેગમેષી દેવે આમો વદ ૧૩ (ગુજરાતી ભાદરવા વદ ૧૩) ના દિવસે આ કાર્ય પૂર્ણ કર્યું. શકેન્દ્ર પાસે આવીને નતમસ્તકે જલ્દીથી નિવેદન કર્યું.

શોક અને હર્ષ :-

ત્રિશલાદેવીની કુક્ષીમાં ગર્ભપણે રહેલા શ્રમણ ભગવાન મહાવીર માતાની ભક્તિ માટે ગર્ભમાં નિશ્ચલ થયા ગર્ભનું હલન ચલન, કંપ બંધ થયો માતા ત્રિશલાદેવીને લાગ્યું મારો ગર્ભ કોઇ હરી ગયું છે કે શું ? મારો ગર્ભ કેમ હલન ચલન કરતો નથી મારા ગર્ભને શું થયું ? આવા વિચારોથી માતા ત્રિશલાદેવીનું મન કલુષિત થયું. મન ચગડોળે ચઢયું. વિકલ્પોની હારમાળા સર્જાઇ. સારોય પરિવાર તથા નગરજનો આદિ શોક સાગરમાં ડૂબી ગયા હવે શું કરવું ? ત્રિશલાદેવીની આંખોમાંથી ઉનાઉના નીર વહી જાય છે. કયાંય ચેન પડતું નથી ! કોઇ જગ્યાએ ગમતું નથી, કોની આગળ જઇને પોકાર કરું, દિવસો કેમ કરીને પસાર થતા નથી. બેચેન, ગમગીન થયેલા ત્રિશલાદેવીના મનના ભાવો અવધિજ્ઞાની એવા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ નિહાળ્યાં. માતાનું દુઃખ દૂર કરવા પોતાના અંગનો એક ભાગ સ્પંદન કર્યો. માતા રાજી રાજી થઇ ગયા હર્ષ ઘેલા બની ગયા સારૂંય નગર નાચગાનમાં ઝુમવા લાગ્યું.

અનુપમ ભક્તિ :-

હજી હું તો ગર્ભમાં છું છતાં પણ માતાને આટલો બધો સ્નેહ છે તો જન્મતા કેવો ગાઢ સ્નેહ હશે ! આ સ્નેહમાં જો હું મુંડ થવાની વાત કરીશ તો કદાચ તેઓ

આઘાત જીરવી શકશે નહિ કદાચ પ્રાણ પણ ચાલ્યા જશે. આવું કાંઇ અજુગતું ન બને તે માટે માત–પિતા જ્યાં સુધી જીવતા હોય ત્યાં સુધી હું દીક્ષા લઇશ નહિ એવો અભિગ્રહ પ્રભુ મહાવીર દેવે કર્યો.

જ્યારે શ્રમણ ભગવાન મહાવીરનો જીવ ગર્ભમાં હતો ત્યારે તે સિદ્ધાર્થ રાજાનું જ્ઞાનકુળ હિરણ્યથી, સુવર્ણથી, રત્નોથી, ધનથી, ધાન્યથી માનસિક સંતોષથી, સ્વજનોના સત્કારથી, કીર્તિથી યશથી વૃદ્ધિ પામવા લાગ્યું તે જોઇને માત–પિતાએ આ બાળકનું ગુણ નિષ્પન્ન વર્ધમાન એવું નામ પાડવું.

જન્મ થયો. પ્રભુનો જન્મ થયો

ગર્ભનું લાલનપાલન સારી રીતે કરતાં કરતાં ત્રિશલા ક્ષત્રિયાણીએ નવ માસ અને સાડા આઠ રાત્રિ–દિવસ વ્યતિત કર્યા. એટલે ચૈત્ર સુદિ ૧૩ ને દિવસે સર્વે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહે છતે, ચન્દ્રનો શુભ યોગ પ્રાપ્ત થવે છતે, દિશાઓ સૌમ્ય થયે છતે, સર્વે સ્થળે ઉદ્યોત થયે છતે, ચંદ્રની ચાંદની ખીલે છતે, સર્વ પક્ષીઓ જયકારી કલરવ કરે છતે દક્ષિણ દિશાનો સુગંધી અને શીતલ પવન વાયે છતે, ધન ધાન્યાદિથી ભરપૂર પૃથ્વીનો પટ થયે છતે, દેશવાસી લોકો વસંતોત્સવાદિથી ક્રીડા કરે છતે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે જરા પણ પીડા રહિત એવા ત્રિશલા ક્ષત્રિયાણીએ અબાધા રહિત એવા શ્રી મહાવીર પ્રભુને જન્મ આપ્યો.

શ્રમણ ભગવાન મહાવીર જે રાત્રિને વિષે જન્મ્યા તે જ રાત્રિએ દુઃખ વ્યાપ્ત નારકીના જીવોને પણ આનંદ આનંદ પ્રવર્તી ગયો. અચેતન દિશાઓ હર્ષિત થઇ ગઇ. દેવ ભવનો પણ હાસ્યાદિ કોલાહલથી આનંદ પામવા લાગ્યા. પ્રભુ જન્મોત્સવ ઉજવવા માટે દેવ–દેવીઓ અતિશય આકુલ બની.

છપ્પન દિગકુમારીકાઓના આસન કંપાયમાન થયા. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણ્યો હર્ષપૂર્વક સૂતિકર્મ કરવા પોત–પોતાના પરિવાર સાથે એક યોજન વિસ્તૃત વિમાનમાં બેસીને શ્રી સિદ્ધાર્થ રાજાના રાજમહેલે આવ્યા. પ્રભુને તથા માતાને નમસ્કાર કરી કરવા જેવા જન્મોત્સવ ખુબ જ ઉત્સાહ અને આનંદપૂર્વક કર્યો.

જન્માભિષેક :–

સૌધર્મેન્દ્રનું પર્વત સમાન નિશ્ચલ રહેલું શક્ર નામનું સિંહાસન ચલાયમાન થયું. અવધિજ્ઞાનના ઉપયોગથી પ્રભુનો જન્મ થયેલો જાણ્યો. આચાર પ્રમાણે જન્મોત્સવ ઉજવવા માટે હરિણેગમેષી દેવને બોલાવી આજ્ઞા કરી, હે દેવાનુપ્રિય ! સુઘોષા ઘંટ વગાડ અને સર્વત્ર ઘોષણા કર – પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ ભરતક્ષેત્રના ક્ષત્રીય-

કુંડ નગરમાં શ્રી સિદ્ધાર્થ રાજાને ત્યાં થયો છે. તે જન્મોત્સવ કરવા સૌધર્મેન્દ્ર પોતાના વિશાલ પરિવાર સાથે પાલક નામના વિમાનમાં મેરૂપર્વત ઉપર જાય છે. તો સૌ વહેલાં વહેલાં પધારજો...

શક્રેન્દ્રનો હુકમ સાંભળી સર્વ દેવ-દેવીઓ હર્ષિત થયા. નાચગાન કરવા લાગ્યા. મહોત્સવમાં જવા તૈયાર થયા. કોઇક ચાલવાની તૈયારી પણ કરવા લાગ્યા. જન્મ મહોત્સવ ઉજવવાની ભાવનાવાળા દેવો પોતપોતાના વાહનોમાં નીકળી પડયા. હું વહેલો પહોંચું-હું વહેલો પહોંચું તેની સ્પર્ધા-સ્પર્ધા થવા લાગી. પ્રભુનું દર્શન મને પહેલું થાય તેની ચડસાચડસી થવા લાગી. હું ધન્ય બનું, હું પૂણ્યવાન બનું, હું ભાગ્યશાળી થાઉં, હું તમારા કહેવાથી રોકાવવાનો નથી. હું કોઇની રાહ જોવાનો નથી, હું તો આ ચાલ્યો. એમ બોલતાં બોલતાં દેવોએ પોતાના વાહનો વેગવંતા કર્યા. સપાટીબંધ આગળ વધતાં દેવોથી આકાશ પણ સાંકડું થઇ ગયું.

આકાશથી ઉતરતા દેવોથી પરિવરેલો શક્રેન્દ્ર નંદીશ્વર દ્વીપ નજીક આવ્યો. પોતાના પાલક નામના વિમાનને સંકોચી ભગવાનના નિવાસ સ્થાને આવ્યા વિમાનમાંથી ઉતરી પ્રભુ તથા પ્રભુની માતાને ફળીફળી નમસ્કાર કર્યો; માતા અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી પ્રભુજીનું મુખડું દેખીને સૌધર્મેન્દ્ર હર્ષિત થયો. સંતુષ્ટ થયો. ચિત્તમાં આનંદ પામ્યો. હૃદયમાં હર્ષ પામ્યો. પરમાનંદ પામ્યો. મનમાં પ્રિતી-ભક્તિવાળો થયો. હર્ષથી વિકસિત હૃદયવાળો થયો. ઉલ્લાસિત અને ઉંચા થયેલા રોમાંચવાળો અને પ્રફુલ્લિત મુખ અને નેત્રવાળો શક્રેન્દ્ર મસ્તક નમાવી બોલ્યો – હે જગતની જનેતા, હે જગ દીપીકા, હે રત્નને ધારણ કરનારી માતા ! હું તમને નમસ્કાર કરૂં છું. તમારી કુખે આવેલા પ્રભુ મહાવીરને નમસ્કાર કરૂં છું. હું દેવોનો સ્વામી શક્રેન્દ્ર છું. હું પહેલાં દેવલોકથી અહીં આવ્યો છું. તમારો પુત્ર છેલ્લા તીર્થંકર થવાના છે તેથી તેઓનો જન્મોત્સવ કરવા હું આવ્યો છું. તમો કોઇપણ

(અનુ. પેજ ૧૬૩ નું ચાલુ)

'સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહુ' બોલનાર સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વમોહનીયનો વૈરી હોય. તેને રાગ કેવો લાગે ? મોટામાં મોટું ભૂંડામાં ભૂંડું પાપ રાગ છે. દ્વેષ પણ રાગમાંથી જન્મે છે. તમને આ રાગે જ ઘરમાં પકડી રાખ્યા છે. અનેક સાધુઓને જોવા છતાં, રોજ સાંભળવા છતાં ય સંસાર છોડવાનું અને સાધુ થવાનું મન પણ થાય નહિ તે કેવો અદ્‌ભૂત રાગ કહેવાય ! તે રાગ કેવો છે તેનું વર્ણન હવે પછી—

પ્રકારની ચિંતા કે ભય રાખશો નહિ. એમ કહીને માતા ત્રિશલાદેવીને અવસ્થાપિની નિદ્રા આપે પ્રભુનું પ્રતિબિંબ માતાની કુખમાં મુકયું.

સઘળો લાભ મારે જ લેવાનો છે તેવી ભાવનાવાળા શકેન્દ્રે પોતાના પાંચ રૂપો વિકુર્વ્યા એક રૂપે પ્રભુને કરસંપુટમાં ગ્રહણ કર્યા, બે રૂપે પ્રભુના બન્ને પડખામાં ચામર ઢાળ્યા. એક રૂપે પ્રભુના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું અને એક રૂપે પ્રભુ આગળ વજ્ર ધારણ કર્યું. દેવ–દેવીઓથી પરિવરેલો શકેન્દ્ર આકાશમાર્ગે ચાલ્યો. અવનવી ભાવના ભાવતો શકેન્દ્ર મેરૂ પર્વતના શિખર ઉપર રહેલા પાંડુક વનમાં આવ્યો. અતિપાંડુકંબલા નામની શિલા પર સૌધર્મેન્દ્ર પ્રભુને ખોળામાં લઈને બેઠો. આ વખતે ૬૪ વૈમાનિક, વીસ ભવનપતિ, બત્રીશ વ્યંતર અને બે જ્યોતિષ એમ ચોસઠ ઇંદ્રો પ્રભુના ચરણે નમ્યા.

અચ્યુતેન્દ્રની આજ્ઞાથી અભિયોગિક દેવોએ સુવર્ણના રૂપાના, રત્નના, સુવર્ણ અને રૂપાના, સુવર્ણ અને રત્નના રત્ન, અને રૂપાના, સુવર્ણ રૂપા અને રત્નના, માટીના એવા એક કરોડ ચોસઠલાખ કળશો લાવ્યા. તે દરેક કળશોનું નાળચું એક યોજનના વિસ્તારવાળું હતું. વળી અષ્ટપ્રકારી સામગ્રીઓ પણ વિપુલ પ્રમાણમાં લાવ્યાં. ક્ષીર સમુદ્રના જલથી ભરેલા કળશોથી દેવો અભિષેક કરવા તૈયાર થયા.

વૈમાનિકના ૧૦ દેવો, ભવનપતિના ૨૯ દેવો, વ્યંતરના ૩૨ દેવો, લોકપાલના ચાર દેવો, ચન્દ્રના ૬૬ દેવો, સૂર્યના ૬૬ દેવો, ત્રાયત્રિશકનો ૧ દેવ, સામાનિકનો ૧ દેવ, ઇશાનપતિની ૧૬ ઇન્દ્રાણીઓ, અસુરદેવોની ૧૦ ઇન્દ્રાણીઓ, નાગદેવતાની ૧૨ ઇન્દ્રાણીઓ, ત્રણ પર્ષદાનો ૧ દેવ, કટકપતિ (સેનાપતિ) ૧ દેવ, અંગરક્ષક ૧ દેવ અને છુટા છવાયા ૧ દેવનો અભિષેક એમ ૨૫૦ અભિષેક પ્રભુના અંગ પર થવાથી અને કળશામાંથી પડતા જલના ધોધની ધારા જોઇને કોમળ ચિત્તવાળા શકેન્દ્રના મનમાં શંકા ઉત્પન્ન થઇ.

મેરૂપર્વતનું ચલાયમાન :

નાના શરીરવાળા પ્રભુ આટલા બધા જળનો ભાર કઇ રીતે સહન કરશે ?

ઇન્દ્રનો સંશય દૂર કરવા પ્રભુએ પોતાના ડાબા પગના અંગુઠાના અગ્રભાગથી મેરૂ પર્વતને દબાવ્યો. પ્રભુ વીરમાં બળ કેટલું તો શાસ્ત્રકારો કહે છે–

૧૨ યોદ્ધાનું બળ એક આખલામાં હોય છે.

૧૦ આખલાનું બળ એક ઘોડામાં હોય છે.

૧૨ ઘોડાનું બળ એક પાડામાં હોય છે.
૫૦ પાડાનું બળ એક હાથીમાં હોય છે.
૫૦૦ હાથીનું બળ એક સિંહમાં હોય છે.
૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદમાં હોય છે.
૧૦ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં હોય છે.
૨ બળદેવનું બળ એક વાસુદેવમાં હોય છે.
૨ વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં હોય છે.
૧ લાખ છક્રવર્તીનું બળ એક નાગેન્દ્રમાં હોય છે.
૧ ક્રોડ નાગેન્દ્રનું બળ એક ઇન્દ્રમાં હોય છે.

આવા અનંતા ઇન્દ્રનું બળ જિનેશ્વરની એક ટચલી આંગળીએ હોય છે એવા અતુલબલી પ્રભુના ચરણનો સ્પર્શ થતાં મેરૂપર્વત હર્ષિત થઇ ગયો, નાચવા લાગ્યો, શિખરો ડોલવા લાગ્યા, પૃથ્વી કુઠાકુદી કરવા લાગી.એકાએક સમુદ્ર ઉછળવા લાગ્યો. હર્ષોલ્લાસ થવાથી શક્રેન્દ્ર ક્ષોભાયમાન થયો અવધિજ્ઞાનના ઉપયોગમાં જોયું આ તો પ્રભુની ક્ષણ માત્રની પરાક્રમી લીલા છે. પોતાનો સંશય દૂર કરવા માટે પ્રભુએ પોતાનું બળ છતું કર્યું. પોતાની ભૂલનો ખ્યાલ આવી જતાં શક્રેન્દ્રએ પ્રભુ પાસે ક્ષમા યાચી.

શક્રેન્દ્રએ બળકનું રૂપ કર્યું શિંગડા વડે પ્રભુનો અભિષેક કર્યો. અંગ લૂંછણાદિ ઉચીત પ્રવૃત્તિ કર્યા બાદ શક્રેન્દ્રએ પ્રભુજી સન્મુખ આરતી મંગળદીવો ઉતાર્યા. અષ્ટ-મંગળ આલેખ્યાં. સ્તુતિ કરતાં કરતાં સૌ નાચગાન કરવા પૂર્વક મહોત્સવ કરવા લાગ્યા.

શક્રેન્દ્રની ઘોષણા :

શક્રેન્દ્ર પ્રભુને લઇને માતા પાસે આવ્યા પ્રતિબિંબ સંહરી પ્રભુને માતા પાસે મુકયા. માતાને આપેલી અવસ્થાથિની નિદ્રા પાછી ખેંચી લીધી. પ્રભુના ઓશીકે બે કુંડલ અને રેશમી કપડાની એક જોડ મુકી ચંદરવા ઉપર ઢકો લટકાવ્યો. ઇન્દ્ર મહા-રાજાએ બત્રીશ-બત્રીશ કરોડ સુવર્ણ, રત્ન અને રૂપાની વૃષ્ટિ કરી, અભિયોગિક દેવો પાસે મોટા અવાજે ઘોષણ કરાવી કે 'પ્રભુની માતાનું જે કોઇ અહિત અને અશુભ ચિંતવશે તો તેના મસ્તકના ટુકડા થશે.' પ્રભુના અંગુઠે અમૃત મૂકીને શક્રેન્દ્ર નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઇ મહોત્સવ કરવા ગયો.

પુત્ર વધામણી

સપ્તાશ્વની સવારી પૃથ્વી પર પધારે તેની પહેલાં સિદ્ધાર્થ મહારાજાનો પાસે

પ્રિયંવદા દાસી જલ્દીથી દોડી ગઇ. પુત્ર જન્મની વધામણી હર્ષોલ્લાસ પૂર્વક સંભળાવી સિદ્ધાર્થમહારાજાના રોમાંચ ખડા થઈ ગયા પુલકીત થઇ ગયેા. સંતુષ્ટ થઇ ગયેા. હર્ષના આનંદમાં આવી ગયેલા રાજાએ મુગટ સિવાયના સર્વે આભુષણેા પ્રિયવંદા દાસીને ભેટ આપ્યા. તેને દાસીપણાથી મુક્ત કરી.

સિદ્ધાર્થ રાજાએ કુટુંબીક પુરૂષોને બોલાવી પુત્ર જન્મ વખતે જે જે ઉચીત પ્રવૃત્તિઓ અને જે જે કરવા જેવા કાર્યો કરવાની આજ્ઞા કરી. સેવકોએ એ એ કાર્યો કરીને નત મસ્તકે રાજાની આજ્ઞા પાછી વાળી. સિદ્ધાર્થ રાજાએ દસ દિવસનેા મહોત્સવ કર્યો. અગીયારમે દિવસે નાત જમાડી પ્રભુ બાળકનું નામ "વર્ધમાન" પાડયું.

આમલી-પીપળીની રમત :

ક્રમે ક્રમે વધતાં બાળક વર્ધમાન પેાતાના સરીખા ઉંમરવાળાં છોકરાઓ સાથે રમવાં લાગ્યા. ક્રીડા કરતા શ્રી વર્ધમાનને જોઇને સૌ ધર્મેન્દ્રે પેાતાની સભામાં બાળક વર્ધમાનના ધૈર્યગુણેાની પ્રશંસા કરવા પૂર્વક બોલ્યેા 'હે દેવેા મનુષ્ય! લોકમાં શ્રી વર્ધમાનકુમાર બાળક અવસ્થામાં હોવા છતાં મહા પરાક્રમી છે. ઇન્દ્રાદિ દેવેા પણ તેમને ડરાવી શકે તેમ નથી. નાની ઉંમરવાળા શ્રી વર્ધમાનકુમાર ધૈર્યશાલી છે.' આ વચનેા સાંભળી કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ વિચારવા લાગ્યેા અરે! શું એક માનવીના બાળકનું ધૈર્ય, દેવ પણ ચલાયમાન ન કરી શકે? હું માનવા તૈયાર નથી.

હું હમણાં જ મૃત્યુલોકમાં જાઉં અને તેને પરાસ્ત કરી ઈન્દ્રનું વચન જુઠું પાડું.'

મિથ્યાદૃષ્ટિ દેવ તરત જ શ્રી વર્ધમાન કુમારાદિ રમતા હતા ત્યાં આવ્યેા. ભયંકર સાપનું રૂપ ધારણ કર્યું ફુફાડા મારતેા જે વૃક્ષને આશ્રીને બાળકેા ખેલતાં હતા તે વૃક્ષને વીંટળાઇને રહ્યો. બાળકેા ભયભીત થઇ ગયા નાસભાગ કરવા લાગ્યા. મહા પરાક્રમી શ્રી વર્ધમાન કુમારે ધૈર્યપૂર્વક ભયંકર ફુતકાર કરતા સાપને હાથથી પકડીને દૂર જંગલમાં ફેંકી દીધેા.

પ્રભુની વીરતા :

શ્રી વર્ધમાન કુમાર જરા પણ ડર્યા નહિ. માટે તેઓને બીજી રીતે ડરાવું એમ વિચારીને જ્યાં બાળકેા દડાની રમત રમતાં હતાં ત્યાં આવ્યેા. બાળકનું રૂપ વિકુર્યું: તેઓની સાથે રમવા લાગ્યેા. દડાની રમતમાં દેવ હારી ગયેા. શ્રી વર્ધમાન કુમાર જીતી ગયા તેવી ઉદ્‌ઘોષણા થવા લાગી. શ્રી વર્ધમાન સ્વામી દેવના ખભા ઉપર

બેઠાં. પ્રભુ ગભરાવવા માટે દેવે સાત તાડ જેટલું ઉંચુ શરીર કર્યું દેવે વિકૃત સ્વરૂપ બનાવ્યું ભલભલાનો પેશાબ-ઝાડો છૂટી જાય પરંતુ શ્રી વર્ધમાન કુમારે વજ સદૃશ મુષ્ટિનો પ્રહાર તે દેવ પર કર્યો, પ્રહાર થતાં જ દેવે ભયંકર ચીસ નાખી શરીર સંકોચ્યું મચ્છર જેવું રૂપ બનાવી દીધું. શ્રી વર્ધમાન કુમાર ખભા ઉપરથી નીચે ઉતર્યા દેવે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું ધૈર્યવાળા પ્રભુને નમસ્કાર કરી અત થી ઇતિ સુધીનો વૃતાંત કહી સંભળાવ્યો. પોતાના અપરાધની ક્ષમા માંગી દેવ પોતાના સ્થાનકે ગયો. શ્રી વીર એવું નામ પડયું.

પાઠશાળાએ પધાર્યા પુરા પ્રેમથી :

આઠ વર્ષના પ્રભુ વીર થયાં ત્યારે માત-પિતાએ મોહથી તેઓને ભણાવવાનો વિચાર કર્યો. શુભ દિવસે, શુભ લગ્ને શ્રી વીર પ્રભુ મહોત્સવ પૂર્વક પંડિતજીને ત્યાં લઇ જવાયા. પાઠશાળાએ પુરા પ્રેમથી પધારેલ શ્રી વીર પ્રભુ યોગ્ય સ્થાને બેઠા. તે જ અવસરે કપટીના ધ્યાનની જેમ, મદોન્મત હાથીના કાનની જેમ ઇન્દ્રનું સિંહાસન પ્રભુના પ્રભાવથી ચલાયમાન થયું. ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકયો વિસ્મય પામતો ઈન્દ્ર બોલવા લાગ્યો. જુઓ, જુઓ દેવો ! ત્રણ જ્ઞાનના ધણી અને સર્વ શાસ્ત્રોના પારગામી શ્રી તીર્થંકર પ્રભુને પણ માતા-પિતાએ મોહવશ. થઇ અલ્પ વિદ્યાવાળા એક સાધારણ મનુષ્ય પાસે ભણવા મોકલ્યા. આ તો અઠીક થાય છે. મારી ફરજ છે કે મારે પ્રભુનો અવિનય ટાળવો જોઇએ. તરત જ વિપ્રનું રૂપ કરી ઈન્દ્ર મહારાજા ક્ષત્રીય કુંડગ્રામ નગરમાં આવ્યા. નાના બાળનું સાચું સ્વરૂપ સમજાવી પ્રભુ વીરને ઉંચા સ્થાને બેસાડયા. નમસ્કાર કરી કઠીન પ્રશ્નોની ઝડી વર્ષાવી પંડિત બ્રાહ્મણમે જે જે શંકાઓ હતી તેનું પણ નિરાકરણ કરવા પ્રશ્નો પૂછયા, પ્રભુએ સહજતાંથી અને હસતા હસતા ઉત્તરો વાળ્યાં. બુદ્ધિની ચાતુર્યતા જોઇને લોકો ચકિત થઇ ગયા આશ્ચર્ય પામ્યા પંડિત ઢિગમુખ થઇને પ્રભુનું મુખડું જોવા લાગ્યો. પંડિતના સર્વ સંશયો દૂર થયા અને "જૈનેન્દ્ર" નામનું વ્યાકરણ પ્રગટ થયું.

વિપ્રના સંશયો દૂર થવાથી તે હર્ષીત થયો. શકેન્દ્રએ પંડિતજીને કહ્યું હે વિપ્રજી ! તમે ક્ષોભના પામશો : આ બાળક, બાળક નથી. આ બાળક જગતના નાયક છે. સકલ શાસ્ત્રોના પારગામી છે. આ બાળક જ્યારથી ગર્ભમાં હતા ત્યારથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનથી યુકત છે, આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર છે આવી અનેક અનેક સ્તુતિ કરતાં ઇન્દ્ર મહારાજા પોતાને સ્થાને ગયા અને સાતકુળજનોથી પરિવરેલા શ્રી વીર પ્રભુ રાજમહેલે ગયા.

કાળક્રમે બાળકમાંથી યૌવન વય પામતા શ્રી વર્ધમાનકુમારનું ભોગવલી કર્મ

બાકી રહ્યું હોવાથી માત–પિતાએ તેઓને સમરવીર નામના રાજાની પુત્રી યશોદા સાથે પરણાવી.

વિરહ – વિયોગની વાતો :–

સમય પસાર થતાં શ્રી વીર પ્રભુ જ્યારે અઠ્યાવીસ વર્ષના થયા ત્યારે માત–પિતા સ્વર્ગે સિધાવ્યા. માતા-પિતા જીવતા હશે ત્યાં સુધી હું દિક્ષા નહિ લઉં તેવી ગર્ભમાં લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ. શ્રી વીર પ્રભુએ પોતાના વડીલબંધુ નંદિવર્ધનને વાત કરી. દિક્ષા લેવા માટેની અનુજ્ઞા માંગી નંદિવર્ધને શોક વ્યકત કરતાં કહ્યું ભાઇ ! માતપિતાના વિયોગથી હું પીડાઉં છું. હજી એ દુ:ખ વિસારે પડયું નથી તમે દિક્ષા લેવાની વાત કરી નવું દુ:ખ ઉભું કર્યું ? એક તો માત-પિતા ગયા તેનો આઘાત અને તમારો વિરહ આ બન્ને હું કઇ રીતે સહન કરીશ. આ બન્ને મને સંતાપ પમાડનારા થશે. માટે ભાઇ, તમે હમણાં દીક્ષા ન લો તો વધારે સારું. સંસારથી ઉદ્‌વિગ્ન થયેલા અને જન્મથી જ વિરાગી એવા શ્રી તીર્થંકર પરમાત્મા બોલ્યા, વડીલબંધુ, આવા સંબંધો ઘણા બાંધવા કોઇ કોઇનું નથી સૌ કોઇને એક દિવસ જવાનું છે. જન્મયા તે મરણ પામવાના જ છે. શોક–સંતાપ કરીને જીવ નવા નવા કર્મો બાંધે છે માટે સ્વસ્થ થાઓ. અને હસતાં મુખે મને મુક્ત થવાની રજા આપો. આ સાંભળી નંદિવર્ધન દીન સ્વરે બોલ્યા હે પ્રાણ પ્રિય વાહલા ભાઇ ! તારું કહેવું હું સમજું છું, પરંતુ આઘાત અને વિરહ એ બન્ને ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું થાય છે. મારા આગ્રહથી તમે બે વર્ષ થોભી જાવ.

પ્રભુ વીર નમ્રતા પૂર્વક બોલ્યા ભાઇ તમારો આગ્રહ છે. તેથી હું ઘરે રહીશ પણ હંમેશાં કોઇ આરંભ–સમારંભ કરીશ નહિ. પાસુક આહાર-પાણી વડે શરીરનો નિર્વાહ કરીશ. હવેથી હું સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલીશ નંદિવર્ધનને પ્રભુ વીરની વાત સ્વીકારી અને પ્રભુ મહાવીર સ્વામી બે વર્ષ ઘરમાં રહ્યાં.

ઉદ્‌ઘોષણા

પ્રતિજ્ઞાની સમાપ્તિ થાય તેના એક વર્ષ પહેલા બ્રહ્મલોકસ્વાસી નવ પ્રકારના લોકાંતિક દેવો જય જય નંદા – જય જય ભદ્રાની ઉદ્‌ઘોષણા કરતાં કરતાં પ્રભુ વીરની પાસે આવ્યા.

તેઓની વાણી હંમેશાં સાંભળવાની ઇચ્છા થાય તેવી હતી વળી તેઓની વાણી કેવી હતી તો શાસ્ત્રકારો કહે છે– સૌને વલ્લભ લાગે તેવી હતી, મનને વિનોદ કરનારી હતી, સાકરથી પણ મીઠી હતી, મંગલ કરનારી હતી,

અલંકારીક શબ્દોથી ભરેલી હતી, હૃદયને આહ્લાદ કરનારી હતી, શોકાદિ દૂર કરનારી હતી, વર્ણો–પદો થોડા હતા અને અર્થો વિસ્તારવાળા હતા, મનોહર વર્ણો વડે પ્રભુને અભિનંદતા, સ.કાર કરતા બોલવા લાગ્યા. પ્રભુ ! આપશ્રી સ્વયં બુદ્ધિ છો. પ્રતિબોધ પામેલા છો દીક્ષા અંગીકાર કરનારા છો. તેને માટે કોઇના ઉપદેશની અપેક્ષા નથી આપશ્રી પોતે જ દીક્ષા લેવાના છો છતાં પણ અમારા આચાર પ્રમાણે દીક્ષાનો અવશર જણાવવા માટે અમે આવ્યા છીએ.

હે સમુધ્યશાળી ! આપ જય પામો, જય પામો આપશ્રીનું કલ્યાણ થાઓ આપશ્રી જગતનો ઉધ્ધાર કરનારા છો. હે ભગવંત આપ બોધ પામો. દીક્ષા અંગીકાર કરો. ભવીજીવોનો ઉધ્ધાર કરો. સઘળા જીવોને મોક્ષ સુખ આપનારૂં ધર્મતીર્થ પ્રવર્તાવો. જય પામો જય પામો બોલતાં નવ લોકાંતિક દેવો બ્રહ્મદેવ લોકમાં ગયા.

ધ્રુજતિ ધ્રુતિનું નિવારણ : તે જ અવસરથી પ્રભુ વાર્ષિક દાન દેવાને પ્રવર્ત્યા પ્રભુ હંમેશાં સૂર્યોદયથી આરંભી પ્રાતઃકાળના ભોજનના સમય સુધી દાન આપતા હતા જ્યારથી દાનની શરૂઆત કરી ત્યારથી દેવો નીચે પ્રમાણે પોતાના આચાર કરે છે.

તીર્યંગ જૃંભક દેવો : જમીનમાં દાટેલું ઘણી જાતનું નિધાન પુરૂં પાડે છે.

સૌધર્મેન્દ્ર– પ્રભુના હાથમાં શક્તિ મૂકે છે. જેથી પ્રભુ થાકતા નથી.

ઇશાનેન્દ્ર– રત્ન જડીત છડી લઇને ઉભો રહે છે. યાચકના ભાગ્ય પ્રમાણે યાચક પાસે મંગાવે છે.

ચમરેન્દ્ર– પ્રભુની મુઠીમાં ઓછું હોય અને યાચકના ભાગ્યમાં વધુ હોય તો વધુ કરે છે.

બલીન્દ્ર– પ્રભુની મુઠીમાં મુંઠીમાં વધારે હોય અને યાચકના ભાગ્યમાં ઓછું હોય તો ઓછું કરે છે.

ભવનપતિ– ભરતક્ષેત્રના માણસોને ભગવાન વર્ષીદાન આપતા હોય ત્યાં (મુઠી) ઉપાડી લાવે છે.

વ્યંતર – ભરતક્ષેત્રના માણસોને પોત–પોતાના સ્થાને પાછા મુકી આવે છે.

જ્યોતિષ – તીર્થંકરના વર્ષીદાનની ઉદ્ઘોષણાથી વિદ્યાધરો અને મનુષ્યોને ખબર આપે છે.

આવેલા ભવિ યાચકો જ આ દાન મેળવી શકે છે પ્રભુ એક દિવસમાં ૧ કોડ આઠ લાખ સોનૈયાનું દાન આપે છે. આ દાન એક વરસ પર્યંત ચલુ હોય છે. એક વર્ષમાં ત્રણ અબજ, અઠયાસી કોડ અને એંશી લાખ સોનૈયાનું દાન આપે છે.

તે વખતના બસોને પચાસ ગાડાં સુવર્ણના ભરાય તેટલું દાન પ્રભુ એક દિવસમાં આપે છે એક વર્ષના ૮૧૦૦૦ ગાડા જેટલું સુવર્ણદાન પ્રભુ આપે છે. આ ધનના પ્રભાવથી બાર વર્ષ સુધી છ ખંડમાં શાંતિ રહે ને કલહ ન રહે. ભંડારમાં મૂકે તો બાર વર્ષ સુધી ખૂટે નહિ. રોગીના રોગ જાય નવિન રોગ થાય નહિ મંદ બુદ્ધિવાળાને દેવની સદશ બુદ્ધિ થાય. આવું વાર્ષિક દાન આપીને વીર પ્રભુએ વડિલબંધુ નંદિવર્ધન રાજાને પૂછ્યું, હે રાજન્! આપશ્રીએ કહેલો અવધિ પરિપૂર્ણ થયો. હવે મને સંયમ લેવાની અનુજ્ઞા આપો. વિરહની વેદના હોવા છતાં રાજા નંદિવર્ધને હસતા મુખે અનુજ્ઞા આપી.

ચારિત્ર નગરમાં પ્રવેશ :

કૌટુંબિક પુરૂષોને બોલાવી પ્રભુ વીરનો દીક્ષા મહોત્સવ કરવાની વાત કરી, ક્ષત્રિયકુંડ નગરને ધ્વજા પતાકાથી તેમજ સચિત-અચિત તોરણોથી શણગારો. સેવકોએ આજ્ઞા સ્વીકારી તે પ્રમાણે કરી આજ્ઞા નત મસ્તકે પાછી આપી. સારૂંય નગર દેવલોક સદશ શોભવા લાગ્યું. સ્નાન. વિલેપન અને વેશભૂષાદિથી વીરપ્રભુને શણગારમાં આવ્યા ત્યાર બાદ નંદિવર્ધન રાજાએ તૈયાર કરેલ ચંદ્રપ્રભા નામની પાલખીમાં બેસી વીર પ્રભુ દીક્ષા લેવા સંચર્યા.

વૃદ્ધિ પામતાં યૌવન વનમાં શ્રી વર્ધમાનકુમારે પ્રવેશ કર્યો. સાંસારિક અનેક ભોગશોખ રૂપી તરૂણ વૃક્ષોની સુંદર ઘટાઓ તે વનમાં હતી. વિવિધ ભોગ વિલાસોના સાધનો રૂપ મનોહર પક્ષીનો મધુર નાદ કામદેવને આવકારી રહ્યો હતો. તરૂણાવસ્થાના વનમાં વિહરતા શ્રી વર્ધમાન કુમાર પાંચેય ઇન્દ્રિયના વિષય સુખોને ક્ષણિક તેમજ તુચ્છ સમજી સદા માટે તિલાંજલી આપવા તૈયાર થયા હતા. ભર યુવાન વયે સંયમ નગરમાં પ્રવેશ કરવાની ભાવનાવાળા થયા તે સંયમનગરને દાન, શીલ, તપ, અને ભાવ રૂપ ચાર વિશાળ દરવાજાઓ છે.

તેમ પ્રવેશ કરવાની ભાવનાવાળા સુખેથી પ્રવેશ મેળવી શકે છે. પાંચ મહાવ્રત રૂપ પાંચ વિશાળ વિભાગો છે. અષ્ટ પ્રવચન રુપ અષ્ટવર્ણી મજબુત બાંધણીવાળો કિલ્લો છે. આ કિલ્લાથી ચારિત્ર નગરનું રક્ષણ થાય છે. ચારિત્રનગરમાં ધર્મરાજાની રાજધાની છે. તે રાજાની સમતારુપી પટરાણી છે. નિર્મળ અધ્યવસાય રૂપ મહામંત્રીઓ છે. ક્ષમા મૃદુતા, સરળતા અને સંતોષવૃત્તિ રૂપ ચાર-ચાર સામંતો છે. આ સામંતો મોહરાજાના મહાપરાક્રમ અને ધર્મરાજાના કટ્ટર દ્વેષી એવા ક્રોધ, માન, માયા અને લોભાદિ સેનાધિપતિઓને પલવારમાં પરાસ્ત કરી ચારિત્રનગરમાં વિજયનો વાવટો હરહંમેશ

ફરકાવી રહ્યાં છે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને મધ્યસ્થ રૂપ ચાર ભાવના ભાવતા સૂત્રધારો પોતાનું કાર્ય ચલાવી રહ્યાં છે. એકાકી જગદુદ્ધારક મહાવીર પરમાત્મા મહોત્સવ પૂર્વક રાજભવનથી નીકળી, મુખ્ય રાજમાર્ગો પર વર્ષીદાન દેતાં દેતાં, સાત ખંડવન નામના ઉદ્યાનમાં આવ્યા અશોક વૃક્ષની નીચે પાલખી સ્થાપન કરાવી. પાલખીમાંથી ઉતરીને આભૂષણો આદિનો ત્યાગ કર્યો. કુલ મહત્તરાએ પ્રભુ વીરને શીખામણ રુપે કહ્યું. પ્રભુ વીરે પંચમુષ્ટિ લોચ કર્યો. નિર્મળ છટ્ઠનું પ્રભુને પચ્ચક્ખાણ હતું. ઇન્દ્રે આપેલા દેવ દુષ્યને ગ્રહણ કરીને શક્રેન્દ્ર પાસે કોલાહલ બંધ કરાવીને પ્રભુએ સામાયિક દંડક ઉચ્ચર્યું. તે ઉચ્ચરતાંની સાથે જ પ્રભુને ચોથું મન પર્યયજ્ઞાન ઉત્પન્ન થયું.

મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ :

'આ મનઃપર્યવજ્ઞાનના પ્રતાપે અઢી દ્વીપમાં રહેલા તમામ સંજ્ઞી તિર્યંચો અને મનુષ્ય પંચેન્દ્રિયના સઘળા મનોભાવ જાણવા સમર્થ બને છે ભવાંતરમ પડેલા દૃઢ સંસ્કારોનું જ આ ફળ છે. જેવા સંસ્કાર આ ભવમાં આત્મા પાડે છે તેવા જ સંસ્કાર ભવાંતરમાં સાથે લઇ જાય છે. ધર્મના સંસ્કાર જેટલા દૃઢ પડયા હશે તેટલા જ વહેલા ઉદયમાં આવશે.'

ઇન્દ્રાદિક દેવતાઓએ પ્રભુને વંદન કર્યું. નંદીશ્વર દ્વીપની યાત્રાએ ગયા. નગરજનો, સાત કુલભૂષણ બંધુવર્ગ આંસુડા પાડતો નિસ્તેજ મુખે પોતાના ઘરે ગયો. એકાકી વિહાર કરતાં પ્રભુ કુમાર નામના ગામે પહોંચ્યા. ત્યાં રાત્રિએ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યાં.

ગોશાળાનો ઉપસર્ગ :

એ સમયે એક ગોવાળ પોતાના બે બળદોને લઇને ત્યાંથી નીકળ્યો. પ્રભુ વીર કાયોત્સર્ગમાં ઉભા હતા. પ્રભુને ઉભેલા જોઇ પોતાના બે બળદોને આ સાચવશે એમ વિચારી બળદોને મુકી તે ગાય દોહવા જાઉં છું એમ બોલતો બોલાતો ચાલી ગયો. બળદો અહીં તહીં ચરતા ચરતા ઘણા દૂર નિકળી ગયા. પ્રભુ ધ્યાનમાં લીન હતા. ગાય દોહી ગોવાળ પાછો આવ્યો. બળદો નજરે ન પડતાં તુચ્છકાર ભાષાએ પ્રભુને પૂછવા લાગ્યો. ધ્યાનમાં રહેલા પ્રભુ વીરે કોઇ ઉત્તર આપ્યો નહિ. ખિન્ન થયેલો ગોવાળીયો બળદો ગોતવા લાગ્યો. આખી રાત ફર્યો પણ બળદો ન મળ્યા. બળદો આખી રાત ચરીને ફરતાં ફરતાં પાછા પ્રભુના સાનિધ્યમાં આવી બેસી ગયા. કંટાળેલો ગોવાળ પણ ફરતો ફરતો ત્યાં આવ્યો. બળદોને જોતાં પ્રભુ વીર ઉપર ગુસ્સો આવ્યો. ભયાનક

ક્રોધ ઉત્પન્ન થતાં બળદોની રાશ ઉપાડી પ્રભૂને મારવા દોડયો, તે જ અવસરે શકેન્દ્રએ આવી તેને રોકયો. શિક્ષા કરી.

અજ્ઞાની જીવો વિના વિચારે પોતાના સ્વાર્થ ખાતર કેવું અકાર્ય કરી બેસે છે તેનો ગોવાળો આ ઉદાહરણ પુરો પાડે છે.

ચંડકૌશિકને પ્રતિબોધ :

પોતાના કર્મોની નિર્જરા કરતાં કરતાં પ્રભૂ મહાવીર સ્વામી શ્વેતાંબરી નગરી તરફ જઇ રહ્યાં છે. માર્ગમાં ગોવાળીયાઓએ ચંડકૌશિક દૃષ્ટિ વિષ સર્પના પ્રકોપની વાત કરી. પરમ યોગી પ્રભૂજીએ દિવ્ય જ્ઞાનથી તે સર્પને ભવ્ય જાણ્યો, અને જલ્દીથી સીધે માર્ગે આવી જાય તેવો છે તેથી અન્ય કોઇ ઉપસર્ગની પરવા કર્યા વગર ત્યાં જઉં. અને તેની ઉપર ઉપકાર કરું. ગોવાળીયાની વાત ઉપર ધ્યાન આપ્યા વગર ચુપચાપ ચંડકૌશિકને ઉદ્ધાર કરવા ચાલી નીકળ્યા.

થોડુ કાંઇક અંતર કાપ્યું ત્યાં તો વીર પ્રભૂ દૃષ્ટિ વિષ સર્પના નિવાસ સ્થાન પાસે આવી પહોંચ્યા. કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહ્યા. પોતાની હદમાં આવેલા વીરપ્રભૂની અનેરી સુગંધથી સર્પ આકુળ–વ્યાકુળ થયો. લપ લપ જીભ બહાર કાઢતો દૃષ્ટિ વિષ સર્પ દરમાંથી બહાર આવ્યો. ફુંફાડા મારવા લાગ્યો. મનમાં જરાપણ ડર–ભય રાખ્યા વગર કાયાને વોસરાવી છે જેમને એવા વીર પ્રભૂને જોયાં. સર્પ ક્રોધીત બન્યો. ધગધગી ઉઠયો. લાલ ચોળ ડોળા કરીને ફુતકાર કરવા લાગ્યો. ફુતકાર કરતાની સાથે જ આખુય વાયુમંડળ ઝેર મિશ્રિત થઇ ગયું. આકાશ અગ્નિમય બની ગયું. નભમાં ઉડતા પક્ષીઓ અને જમીન પર ચાલનારા જીવો ટપોટપ પ્રાણ વિનાના બનીને નીચે પડવા લાગ્યા. વીર પ્રભૂ અડગ ધ્યાને રહ્યા. પ્રભૂને નિશ્ચલ જોઇ સર્પને વધારે ક્રોધ ઉછળ્યો. સૂર્ય સામે દૃષ્ટિ સ્થિર કરીને દૃષ્ટિમાંથી જવાલાઓ છોડવા લાગ્યો. ત્રણ–ત્રણવાર અગ્નિનો ધોધ છોડવા છતાં પણ એ જવાલા જલધારા સદૃશ થઇ ગઇ.

પ્રભૂનું અવિચલ ઉભા રહેલા જોઇને સર્પ પ્રભૂને ડંખવા દોડયો. ડંખ પણ માર્યો. જે સ્થાને તે ડંખે તેનું ઝેર શરીરમાં પ્રસરી શકતું નથી પણ ફકત તે સ્થાનેથી સફેદ દૂધની ધારા વહેવા લાગી. ઝરતું દૂધ જોઇને ચંડકૌશિક વિચારવા લાગ્યો.

હું જેની પર દૃષ્ટિ નાખું તે ક્ષણવારમાં ભસ્મિભૂત થઈ જાય છે. ત્રણ–ત્રણવાર દૃષ્ટિ સાથે દૃષ્ટિ મેળવવા છતાં અને અગ્નિની જવાલાઓ છોડવા છતાં આ માનવીને કેમ કાંઇ થયું નહિ. ડંખ મારવા છતાં લોહીમાં વિષ મિશ્રિત થઇ જવું જોઇએ, તેના બદલે સફેદ દૂધ કેમ નીકળ્યું. આ માનવી કોઇ અલૌકિક લાગે છે. પ્રભુજીની શાંતમુખ મુદ્રા જોતાં દૃષ્ટિ વિષ સર્પનો ક્રોધ સમવા લાગ્યો. હૃદયમાં શાંતિની ટાઢક પ્રસરવા

લાગી. ક્ષમા ગુણ પ્રગટ થતાં પ્રભુજી બોલ્યા.

'બુજ્જ બુજ્જ ચંડકોશિઅ! તું તારા પૂર્વ ભવોને યાદ કર. તારો આત્મદશાને જો, તારા પાપનો પશ્ચાત્તાપ કર. તારા કર્મોને છેદી કલ્યાણ માર્ગ તરફ પ્રયાણ કર પૂર્વ સંચિત પાપોની નિંદા કર. કલ્યાણની પ્રવૃત્તિ કર, જેથી તારો આ ભવ અને ભવાંતર પણ સુધરે.

પ્રભૂની હિતકરવાણી સાંભળીને ચંડકોશિઅ સર્પને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વના પાપો યાદ આવ્યા. પૂર્વે થયેલા ક્રોધના ભયંકર વિપાકો ભવાંતરમાં કેવી હોનારત સર્જે છે તેનો ખ્યાલ આવ્યો. પોતાની અધોગતિ નજર સમક્ષ તરી રહી. પાછો હઠી પ્રભૂને નમસ્કાર કર્યા. ત્રણ પ્રદક્ષિણા આપી. જીવન વિરાગી બન્યું. નત મસ્તકે પ્રભૂના આશીર્વાદ લીધા. શાંત દરમાં પેસી ગયો. સમયે સમયે શુભ ભાવના ભાવતાં ભાવતાં મરીને શુભ દેવગતિને પામ્યો.

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' આ પંક્તિના પાલનને કારણે સ્પષ્ટ દેખાય છે કે ક્રોધ કરનારની સામે ક્ષમા રાખવી જોઇએ. જો બંને ક્રોધ કરે તો ઉપરોક્ત પંક્તિ સિદ્ધ થતી નથી.

કટપૂતના વ્યંતરીનો ઉપસર્ગ :

ભવિજીવને તારતાં તારતાં વીર પ્રભૂ શાલિશીર્ષ નામના ગામે પધાર્યા. ત્યાંના ઉદ્યાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યાં. વર્ષા કાળ પૂર્ણ થયો હતો ને શીત કાળ ચાલતો હતો. ઠંડીના દિવસો હતા. સારી એવી ઠંડક પસરેલી હતી. મહા મહિનાની કડકડતી ટાઢ હતી. પૂર્વભવની અણુમાનીતી વિજયવંતી નામની રાણી મરીને કટપૂતના નામે વ્યંતરી થઇ. પ્રભૂને જોઇ પૂર્વભવનું વેર યાદ આવ્યું. બદલો લેવા તાપસીનું રૂપ વિકુર્વ્યું. અનુરૂપ ઉપસર્ગો કરવા લાગી. પ્રભૂ જરા પણ ડગ્યા નહી. વૈરની વસુલાત કરવી હતી. ક્રોધાનલ ભભકી રહ્યો હતો. પ્રતિકુળ ઉપસર્ગો કરવા મન લલચાયું. જટામાં હિમ જેવું ઠંડુ પાણી ભર્યું. પ્રભૂના શરીરે છંટકાવ કર્યો. પ્રભૂ અડગ રહ્યા. વારંવાર છંટકાવ કરતી તે વ્યંતરીએ રાત્રિ પૂર્ણ કરી–પ્રભૂ નિશ્ચલ રહ્યા તે જોઇ વ્યંતરી શાંત થઈ વૈર છોડી પ્રભૂની સ્તુતિ કરવા લાગી.

અનુકુળ અને પ્રતિકુળ ઉપસર્ગોને સમભાવે સહન કરવાથી સામેના માનવીમાં કેવી શાંતિ પ્રવર્તે છે તેનો ખ્યાલ આપણને આ ઉપસર્ગ દ્વારા મળી શકે. વૈરની વસુલાત કોઇ કાળે પૂર્ણ થતી નથી. વેરથી વેર વધે માટે ક્ષમા–શાંતિ અને મૌન રાખવાથી પથ્થર જેવું હૃદય પણ પીગળી જાય છે.

સંગમદેવના ઉપસર્ગો :

અનેક ઘોર ઉપસર્ગો સહન કરતાં વીર પ્રભુ એકવાર પઢાલ ગામની નજીક પધાર્યા. ગામની ભાગોળે આવેલા પોલાસ નામની ચૈત્યની નજીક આવતા પ્રભુજીએ અઠ્ઠમ તપનું પચ્ચક્ખાણ કર્યું. એક રાત્રિની પ્રતિમા ધરીને કાયોત્સર્ગ ધ્યાને રહીશ. ઇરિયા સમિતિનું પાલન કર્યા બાદ પ્રભુ ધ્યાનમાં લીન થયા. તે સમયે ઇન્દ્ર મહારાજાએ પોતાની સૌધર્મસભામાં બેઠેલા અનેક દેવોની સમક્ષ પ્રભુના ધૈર્ય ગુણની તથા ચારિત્ર બળની મુક્ત કંઠે પ્રશંસા કરી. સામાનિક સંગમ દેવ આ પ્રશંસાના પુષ્પો સાંભળી ન શક્યો. સહન ન કરી શક્યો. ભ્રકુટી ચઢાવી હોઠ ધમધમાવવા લાગ્યો. શકેન્દ્રના વર્ણો મિથ્યા કરવા તે મૃત્યુલોકમાં આવ્યો. પ્રભૂની શાંત મુદ્રા જોઇ દેવને અધિક દ્વેષ ઉદ્ભવ્યો. તત્કાળ ધૂળની વૃષ્ટિ કરી, કીડી, ડાંસ, મચ્છર, ઘીમેલ, મુષકો, સાપ, વિચ્છૂ, હાથી, હાથણી અને વાઘ આદિ અનેક હિંસક જનવરો વિકુર્વ્યા. ભગવાનને ધ્યાનમાંથી ચલાયમાન કરવા માટે અનેક ઘમપછાડા કર્યા. થાય એટલા હેરાન–પરેશાન કર્યા. શરીરને રગદોળી નાખ્યું. શરીર ચારણી જેવું કર્યું. લોહી, માંસના લોચા નીકળી ગયા આંવા ઉપસર્ગો થવ છતાં ભગવાન ક્ષોભ ન પામ્યા. પ્રભુજી રંજ માત્ર પણ વિચલિત ન થયા કિંચિત્ ક્રોધ. દ્વેષની માત્રા મુખ ઉપર ઉત્પન્ન ન થઇ. બસ ! આજ પ્રભુ મહાવીરની મહાવીરતા.

નાના મોટા અનેક ઉપસર્ગો કરવા છતાં ભગવાન ક્ષોભા ન પામ્યા તેથી સંગમ શાંત–ચૂપ ન થયો. ભગવાનના પ્રાણનો નાશ કરૂં તો જ ધ્યાનનો નાશ થશે એમ વિચારી સંગમ દેવે હજાર ધારવાળું એક કાલચક્ર વિકુર્વ્યું. તે કાલચક્રને ઉપાડી સંગમદેવે પ્રભૂના મસ્તક પર નાખ્યું. તેના ઘાતથી પ્રભૂ ઘુંટણ સુધી જમીનમાં પેસી ગયા. પ્રભૂ નિશ્ચલ રહ્યાં પ્રતિકુલ ઉપસર્ગોથી થાકી ગયેલો સંગમ અનુકુળ ઉપસર્ગો કરવા પ્રેરાયો.

સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા માતાનું રૂપ વિકુર્વ્યું. હૃદય દ્રાવક વિલાપ કરવા છતાં પ્રભૂનું મન લિપ્ત ન થયું રાત્રી છતાં સૂર્યની પ્રભા વિકુર્વી. પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન કર્યા. ફરતા ફરતા માનવીનો વાર્તાલાપ પ્રભૂના કાન પાસે થવા લાગ્યો. માણસો પ્રભૂને કહેવા લાગ્યા. 'હે દેવાર્ય ! પ્રભાત થયું. હજી કેમ ઉભા છો ? ધ્યાનનો વખત પુરો થયો.' શ્રવણ થવા છતાં પ્રભૂ વીર મૌન રહ્યાં. દેવઋદ્ધિ–દેવવિમાનાદિ વિકુર્વી, દેવલોક લઇ જવાની તેમજ ત્યાંની ઋદ્ધિ ભોગવવાની વાત કરી. કામદેવની સેના વિકુર્વી. તે સેનાએ વિભત્સ હાવ–ભાવ અને કટાક્ષો કરવા છતાં પ્રભુ સ્થિર રહ્યાં.

એક રાત્રિમાં દુષ્ટ સંગમ દેવે મરણાંત વીસ–વીસ ઉપસર્ગો કરવા છતાં પ્રભુ

ધ્યાનમાં મરૂ જેવા અચલ રહ્યાં ક્રોધ કે દ્વેષનો એક અંશ પણ મનમાં આવવા દીધો નહિ. છ, છ મહિના સુધી આહાર-પાણી પણ અનએષણીય કરી નાખ્યા છતાં પણ અસ્ખલિત વિશુદ્ધ પરિણામવાળા પ્રભૂ ગામની બહાર આવી ધ્યાનસ્થ મુદ્રાએ ઉભા રહ્યા. ભગવાન જરા પણ ક્ષોભાયમાન થયા નહી તેથી ખિન્ન મનવાળા સંગમે પ્રભૂને નમસ્કાર કર્યો, પોતાના અપરાધોથી લજ્જા પામતો ગ્લાન મુખવાળો થતે. બોલ્યો હે સ્વામી ! શક્રેન્દ્રે સભામાં આપશ્રીની જેવી પ્રશંસા કરી હતી તેવા જ સત્ત્વશાળી આપશ્રીને મેં પ્રત્યક્ષ અનુભવ્યા. હે પ્રભૂ આપ કરૂણા કરી મારા અપરાધોની ક્ષમા આપો

કયા દૃષ્ટિ રાખવાથી ક્રોધનો એક અંશ પણ ઉભો રહી શકતો નથી. ઉપરથી ક્રોધને રીસ ચઢે છે. આટલું આટલું બળ હોવા છતાં પ્રભુએ ક્રોધનો જરા પણ ઉપયોગ ન કર્યો. છેવટ સુધી કયાનો ઉપયોગ કર્યો. તો પછી મારે પ્રભુના ચિત્તમાં શા માટે રહેવું જોઇએ. જે પ્રભૂ મને રાખવા માંગતા નથી, મારો ઉપયોગ કરવા ઇચ્છતા જ નથી તો હું પ્રભૂનું સાનિધ્ય-ચિત્ત છોડીને ચાલ્યો જાઉં ક્રોધ કાયમ માટે ચાલ્યો ગયો.

ક્રોધાગ્નિથી દૂર રહેવા માંગતા સર્વને આ ઉપસર્ગ વિચારવા જેવો છે.

કર્ણકીલિકાનો ઉપસર્ગ :

ચંદનબાળાના હાથે અડદના બાકુડાનુ પારણું કરી પ્રભુ વિહાર કરતાં કરતાં પંમાનિ નામના ગામે પધાર્યા. ગામની બહાર પ્રતિમા ધારણ કરીને રહ્યા છે એ સમયે ત્રિપુષ્ટ વાસુદેવના ભવમાં ત્રિપુષ્ટ વાસુદેવે શય્યાપાલકના કાનમાં તપાવેલા શીસાનો રસ રેડાવી જે અશાતા વેદવીય કર્મ ઉપાર્જન કરેલું છે તે અશાતા વેદનીય કર્મ આ સમયે ઉદયમાં આવ્યું. અને શય્યાપાલકનો જીવ ઘણા ભવો ભટકીને આ ગામમાં ગોવાળીયા તરીકે ઉત્પન્ન થયેલો તે પોતાના બળદો લઇને ત્યાંથી નીકળ્યો. તે વખતે તેને અચાનક કોઇ કાર્ય યાદ આવી જતાં તે પ્રભૂ પાસે પોતાના બળદોને મુકીને ગામમાં ગયો. બળદો ચરતાં ચરતાં દૂર નીકળી ગયા. ગોવળીયો પાછો આવ્યો બળદો ન જોવાથી પ્રભૂને પૂછવા લાગ્યો હે દેવાર્ય ! મારા બળદો કયાં છે ? ત્રણ-ચાર વાર પૂછતાં છતાં પ્રભૂ તરફથી કોઇ જવાબ ન મળ્યો. પ્રભૂ મૌન ઉભેલા જોઇ ગોવાળીયાને ગુસ્સો આવ્યો- પૂર્વ ભવનાં વૈરના સંસ્કારો યાદ આવ્યાં. શરકટ વૃક્ષની બે ડાળીઓ કાપી તેના બે ખીલ્લા બનાવી પ્રભુના બન્ને કાનમાં ખોંસી દીધાં. આસપાસ નીકળેલા વધારાના બન્ને ખીલ્લાને કાપી નાખ્યાં. નિર્દય અધમ તે દુષ્ટ ગોવાળ યાંથી છૂ થઇ

ગયેા. આવે. ભયંકર અને અંતિમ ઉપસર્ગ વખતે પણ પ્રભૂ નિશ્ચલ રહ્યાં. સર્વે ઉપસર્ગો ઘણી વીરતા, ધીરતા, અને ગંભીરતાથી પ્રભૂએ સહન કર્યા.

ત્યાંથી વિહાર કરતા પ્રભૂ મધ્યમ અપાપા નગરીમાં આવ્યા પારણાને માટે સિદ્ધાર્થ નામના વૈશ્યને ત્યાં પધાર્યા, સિદ્ધાર્થ નમસ્કાર કરી પ્રભૂને પારણું કરાવ્યું પ્રભૂએ સિદ્ધાર્થના ઘરે પારણું કર્યું. સિદ્ધાર્થનેા મિત્ર ખરક વૈદ્ય ત્યાં હાજર હતેા. વૈદ્યે પ્રભૂનું મુખ નિસ્તેજ જોયું. શારીરીક વેદનાથી પ્રભૂ પીડાય છે. શારીરિક વેદના ક્યાં છે. શલ્ય કયે ઠેકાણે છે તેની તપાસ કરતાં નિપુણ વૈદ્યે પ્રભૂના કાનમાં ઠોકેલા ખીલ્લા જોયાં સિદ્ધાર્થને પણ બતાવ્યા. શલ્ય દૂર કરવા આપણે તરત જ ઉપચાર કરવેા જોઇએ. પ્રભૂ પણ પારણું કરીને ઉદ્યાનમાં ગયા. ત્યાં શુભ ધ્યાનમાં લીન થયા. સિદ્ધાર્થ અને ખરક વૈદ્ય ઔષધ લઇને ઉદ્યાને પહેાંચ્યા. કુશળ વૈદ્યે સાણસી વડે પ્રભૂના કાનમાંથી ખીલ્લા ખેંચ્યા ત્યારે ભગવાન મહાવીરના મુખમાંથી ભયંકર ચીસ નીકળી ગઇ. આ સમયે ભગવાને કેાઇ ઉપશમ મેાહનીય કર્મ ઉદયમાં આવ્યું હશે. માટે જ ભગવાનના મુખમાંથી ચીસ નીકળી ગઇ. છદ્મસ્થાવસ્થાનેા આ છેલ્લેા ઉપસર્ગ છે.

પ્રભૂ શ્રી મહાવીરદેવે કાનમાં ખીલ્લા ઠોકનારા પ્રત્યે બીલકુલ રોષ નથી કર્યો. તેમ ખીલ્લા કાઢનારાઓને શાબાસી કે ધન્યવાદ પણ આપ્યેા નથી– અહેા ! પ્રભૂની કેવી સમાનવૃત્તિ ! શત્રુ અને મિત્ર બેઉ ઉપર કેવી એક સરખી નજર !

જે પ્રભૂના ચરણમાં ઇન્દ્રાદિ ભક્તજનેા લળી લળીને નમન કરતા હતા તે જ ચરણમાં ચંડકૌશિકે પ્રભૂને ડંખ માર્યો પરંતુ કરૂણાના સાગર વીરવિભૂની તેા બન્ને પ્રત્યે સમદૃષ્ટી જ હતી ઉલટેા ચંડકૌશિકને "બુજ્જ બુજ્જ" ના સુખામય શબ્દોથી સદ્ગતિએ પહેાંચાડયેા.

શ્રમણ ભગવાન મહાવીરે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ઉપસર્ગોને નિર્ભય પણે સહન કર્યા. ક્રોધ રહિત પણે ખમાવ્યા દીનતા રહીત પણે અને કાયાની નિશ્ચલતા રાખી સહન કર્યા

કેવળજ્ઞાનની પ્રાપ્તિ :

એકાકી શ્રમણ ભગવાન મહાવીર દેવ એકકા દીક્ષા લીધા બાદ તેરમાં વર્ષની મધ્યમાં ગ્રીષ્મકાળનેા બીજો મહિનેા એટલે વૈશાખ સુદ ૧૦ ની તિથિને વિષે સુવ્રત નામના દિવસે, વિજય નામના મુહૂર્તે ઋજુવાલિકા નામની નદીના કિનારે. કેાઇ વ્યંતર દેવના જીર્ણ મંદિરની નજીકમાં, શ્યામક નામના ગૃહસ્થના ખેતરમાં શાળ

વૃક્ષની નીચે ચોવિહારો છઠ્ઠ કરીને ગોદોહિકાસને આતાપના લઈ રહ્યા છે ત્યારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતે છતે શુકલ ધ્યાનમાં વર્તતા પ્રભુ મહાવીર દેવને સકલ લોકાલોકમાં રહેલ પ્રત્યેક પદાર્થને સંપૂર્ણ રીતે દેખાય એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું.

પ્રભુજીએ પ્રથમ નયસારના ભવમાં, જંગલમાં ભૂલા પડેલા સાધુઓને ભક્તિપૂર્વક આહાર પાણી વહોરાવી, માર્ગે ચઢાવી, જે બોધિબીજ વાવ્યું તેનું વચલા ભવોમાં સિંચન કરતાં કરતાં છેલ્લા ભવમાં બોધિબીજને સ્ફટીકવત્ નિર્મળ આત્મલક્ષ્મીની પ્રાપ્તિ રૂપ વૃક્ષ રૂપે પરિણમાવ્યું અને શુકલધ્યાનાદિક નિર્મળ જીવનથી તેને નવપલ્લવિત કરી સંપૂર્ણપણે વિકસાવ્યું. જેના અમૃતરસથી ભરપુર એવાં કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ ફળો પણ પ્રાપ્ત કર્યા. જે ફળોના આસ્વાદનથી જીવ સદાને માટે અજર અને અમર બની જાય છે.

પ્રથમ દેશના અફળ :

અનેક પ્રકારની ઘોર તપશ્ચર્યાઓ કરી, વિવિધ ઉપસર્ગો ધૈર્ય અને પર્વતની જેમ અડગ રહી સહન કર્યા. પ્રાન્તે જે કેવળજ્ઞાન રૂપ અમૂલ્ય રત્ન મેળવ્યું. તેને તે કૃપાળુ પ્રભુએ જગતના કલ્યાણ માટે, સંસાર સાગરથી ભવ્ય જીવોને તારવા માટે તેઓનો ઉદ્ધાર કરવા માટે ઉપયોગ કરવા માંડયો. ઓ ! પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ દેવતાઓએ ત્રિગડા રૂપ સમવસરણની રચના કરી તેમાં બેસી પ્રભુએ પ્રથમ દેશના આપી પ્રથમ દેશના સમયે બત્તો જ પર્ષદામાં હાજર હતા.દેવતાઓ તો અવિરતિ અને અપચ્ચક્ખાણી હોય છે, તેથી કોઇ પ્રતિબોધ પામ્યો નહિ. કોઇ વિરતિ પરિણામી ન હોવાથી આ પ્રથમ દેશના નિષ્ફળ ગઇ તે એક અચ્છરા રૂપ ગણાય છે. ચરમ તીર્થપતિ જાણતા હોવા છતાં કલ્પ સાચવવા ક્ષણભર દેશના આપી વિહાર કરી ગયા.

ગણધર સ્થાપના :

વિહાર કરતાં કરતાં પ્રભુજી અપાપાપુરીના મહાસેન નામક ઉદ્યાનમાં પધાર્યા, દેવોએ સમવસરણની રચના કરી ચોત્રીશ અતિશય શોભી રહ્યા છે. સુવર્ણના સિંહાસન પર પૂર્વાભિમુખ બેઠેલા, સુરેન્દ્રોથી પૂજાતા, સુર નરોથી પરિવરેલા પ્રભુ ભવિ જીવોને દેશના આપી રહ્યા છે. આ દેશના સાંભળવા સાધુ, સાધ્વીઓ અને વૈમાનિકની સ્ત્રીઓ અગ્નિખૂણામાં, વ્યંતર, જ્યોતિષી અને ભુવનપતિના દેવો નૈઋત્ય ખૂણામાં, વ્યંતર, જ્યોતિષી અને ભુવનપતિની દેવીઓ વાયવ્ય ખૂણામાં, અને નર-નારીઓ તથા વૈમાનિક દેવતાઓ ઇશાન ખૂણામાં બેઠેલા હોય છે. આ પર્ષદાઓ બેઠેલ પશુ-

પંખી, નર-નારી અને દેવ-દેવીઓ આદિ સઘળાયે પોતપોતાની ભાષામાં પ્રભુની વાણી સાંભળીને સમજે છે આ વાણી એક યોજન સુધી સંભળાય છે. મહામેઘની જેમ ગંભીર અને દ્રાક્ષ-સાકર જેવી મીઠી વાણી ભવ્ય જીવને એકાંતે કલ્યાણ કરનારી હોય છે. શાંતરસને પીરસનારી અમીવાણી પાંત્રીસ ગુણથી અલંકૃત હોય છે આવી દેશના ચાલતી હતી ત્યારે શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ અગીયાર મહાન પંડિતો પોત-પોતાના શિષ્યો-વિદ્યાર્થીઓ સાથે સમવસરણે આવ્યા. શિષ્યો ધુરંધર પંડિતોની બિરદાવલી મોટે મોટેથી બોલતા હતા. વિદ્યા ઘમંડથી પોતે પોતાને સર્વજ્ઞ માનતા હતા સર્વજ્ઞની ખ્યાતિ ધરાવતાં મહા પંડિતોના મનમાં એક શંકા હતી. જો આ પંડિતો પરસ્પર પૂછે તો શંકાનું સમાધાન થઈ જાય પરંતુ પોતાના સર્વજ્ઞપણામાં હાની પહોંચે માટે કોઇ કોઇને પૂછતું નથી આ પંડિતો યજ્ઞ માટે અપાવા નગરીમાં ભેગા થયા હતા દેવોને આકાશમાંથી ઉતરતા યજ્ઞ છોડી પ્રભુવીર પાસે જતા જોઇ અને લોકોના મોઢે સર્વજ્ઞ પધાર્યા છે તેવી વાતો સાંભળીને આ પંડિતો તે સર્વજ્ઞ સાથે વાદ-વિવાદ કરવા ગયા ત્યારે પ્રભુએ તેમની શંકાઓનું નિરાકરણ કર્યું. વૈરાગ્ય વાસિત થયેલા અગીયારે પંડિતો અને તેમના શિષ્યોને દિક્ષા આપી અગીયાર પંડિતોને ગણધર પદે સ્થાપ્યા. અન્ય ભવ્ય જીવોનો વૈરાગ્ય ખીલી ઉઠતાં તેઓને મુનિ ભગવંતો બનાવ્યા ચંદનબાળા આદિ અનેક રાજકુમારીકાઓને દિક્ષા આપી સાધ્વી જી બનાવ્યા. સંખ્યાબંધ નર-નારીઓને સમ્યક્ પમાડી શ્રાવક-શ્રાવિકાઓ બનાવ્યા.

પામ્યા શિવવધુ લટકાળી

પૃથ્વી પટ ઉપર વિચરંતા પ્રભુનાં પ્રાન્તે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર ભવોપગ્રાહિ કર્મો ક્ષીણ થતાં આ અવસર્પિણીના ચોથા આરાના ત્રણ માસ અને સાડા આઠ બાકી રહ્યા હતા ત્યારે મધ્યમ પાપા નગરીમાં (પાવાપુરીમાં) હસ્તિપાલ નામના રાજાની કારકુનોની સભામાં, રાગદ્વેષ રહિત, છઠ્ઠનું પચ્ચક્ખાણ કરી, સ્વાતિ નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં આસો વદ ૦)) ની પાછલી રાત્રિ એટલે પ્રભાત કાળ રૂપ અવસર આવે છતે પદ્માસને બેઠેલા મહાવીર પ્રભુ નિર્વાણ પદ પામ્યા

વિશ્વવંદનીય ત્રિશલા હૃદયશ્વાસ, સિદ્ધાર્થ નૃપનંદન, ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન્ મહાવીરના અગણિત ઋણોના પૂંજને પામીને અનેક ભવિકજનોએ પોતાના મિથ્યાતિમિર પડલને દૂર કરી આત્મકલ્યાણ સાધ્યું જ્ઞાન ગુણોને પ્રગટ કર્યા તેમ આપણે સૌ આપણા આત્માના કલ્યાણ કરનારા થઇએ એજ ભાવના સાથે વિરમું છું.

— વિરૂચી

કર્મસાહિત્ય નિષ્ણાત, સંયમના અજોડ આરાધક એવા

પૂ. આ. ભ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા જેવી મહાન

હસ્તીના સાચા વારસદાર તરીકે ઓળખાવતાઓને ચરણે એક...

—શ્રી સંજય

પૂ. આ ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. એટલે સંયમ જીવનના અજોડ આરાધક, તેઓશ્રીમદ્ અજોડ ચુસ્તતા માટે વિખ્યાત છે. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ સા. પોતે અને તેમનો વર્તમાન પરિવાર ગચ્છાધિપતિ જયઘોષ સૂ. મ. વગેરે તેમને જ આ. પ્રેમ સૂ. મ. સા.ના સાચા વારસદાર તરીકે ઓળખાવી રહ્યા છે.

આ. જયઘોષ સૂ. મ.ને આગમવિશારદ તરીકે વર્તમાનમાં જૈન સમાજમાં આગમોના જ્ઞાતા તરીકે ઓળખાવાની ચેષ્ટા કરાય છે. વાસ્તવમાં તેઓની પ્રવૃત્તિઓ એટલી બધી જમાનાવાદ તરફની વધી રહી છે કે તેમના દાવા સાવ પોકળ સાબિત થઇ રહ્યા છે.

દિનપ્રતિદિન તેઓ આચરણ બાબતે ઘણી છુટછાતો વધારતા જાય છે. અને તે પણ તેમના સાધુઓ જ નહિ, ખુદ ગચ્છાધિપતિ પોતે આમાં સામેલ થઇ રહ્યા છે. તેમની ખુદની ઉપસ્થિતિમાં આ બધી બદીઓ વીસ્તરી રહી છે જે ખરેખર આ સમુદાય માટે કલંગીના બદલે કલંક રૂપ છે.

સુરત ખાતે કૈલાસનગરમાં ચાતુર્માસ માટે પધારેલ આ. જયઘોષ સૂ. મ. જાણે આખા સુરતમાં એકતા કરાવી નાખી હોય તેમ અને સમગ્ર સુરતમાં છવાઇ જવા માટે પ્રવેશના દિવસે સમગ્ર સુરતના શ્વેતાંબર–દિગંબર–તેરાપંથીઓને પ્રવેશયાત્રામાં અને જમણવારમાં આમંત્રણ આપેલ. બહાર બધે એવો પ્રચાર કરાયો કે જાણે આ બધા ફીરકાઓએ જયઘોષ સૂરીજીને આવકાર્યો. હકીકતમાં આવું કંઇ બન્યું જ નથી. ઉદાર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘો માટે એક થયાનું ગાણું ગાયા કરે છે. પણ એમાં કંઇ નવી એકતા કરીને વિજય નથી મેળવ્યો. એક તીર્થની માન્યતાવાળા જ એ બધા સંઘો છે. એ તો બધા એ માન્યતા ધરાવતા જ હતા. કંઇ જયઘોષસૂરિજીએ કોઇ સંઘના વિચારોનું પરિવર્તન કરાવીને કોઇ સંઘ એમની માન્યતાવાળો થયો નથી. એ તો જયઘોષસૂરિજીને તે જ એ બધા સંઘની માન્યતાઓમાં–વિચારોમાં ખેંચાવું પડયું છે.

પ્રવેશના દિવસે સમસ્ત સુરતના જૈનોનું જમણવાર રાખેલ. સુરતમાં તમામ જૈનો મળીને સીતેર હજાર હશે. જ્યારે જમવા માટે વીસ હજાર જૈનો પણ

નથી આવ્યા. અને જેઓ આવ્યા તેઓ બુફે જમણમાં વક્કામુકીમાં, પડાપડીમાં, લાઇન લગાવવામાં જ થાકી ગયા હતા. જમવાનું ખૂટી પડયું હતું. માત્ર પ્રચાર જ બધાને આમંત્રણ દેતા હતો. જો વીસ હજારને વ્યવસ્થિત જમાડી શકે તેટલી રસોઇ ન કરી હોય તો, બધા પ્રચારમાં કોઇ દમ ન હતો. બીજું પ્રેમ સૂ. મ. સા.ના ગચ્છાધિપતિની નિશ્રામાં બુફે જમણ થાય તે કેટલું વ્યાજબી કહેવાય? ક્યાં ગઇ તમારી શાસ્ત્રચુસ્તતા?

પ્રેમ બાદ સામુહિક વરસીતપનો રેકોર્ડ બનાવવા અને એક હજાર માસક્ષમણના લક્ષ સાથે ન્યારા શહેરમાં તેમણે જ્યાં જ્યાં સાધુઓ ચાતુર્માસ માટે મોકલેલ ત્યાં પણ એક જ માસક્ષમણનો પ્રચાર કરાયો હતો. એ માટે ચાર ચાર તોલા સોનું આપવાની જાહેરાતો પણ કરાઇ હતી. અનેક પ્રભાવનાની લાલચો અપાઇ હતી. છતાં ત્રણસો-સાડા ત્રણસો માસક્ષમણ થયા. રેકોર્ડ બનાવવા અને નામના મેળવવા ઘણું ઘણું ખોટું કરવામાં આવ્યું. ઘણી અયોગ્ય પ્રથા બેફામ પણે આચરી.

વીડીયો શુટીંગ-રેકોર્ડીંગ, ચેનલોવાળા તો ખુલ્લાંખુલ્લા બેરોકટોક પ્રસંગોનું શુટીંગ કરતા હતા. છતાં ક્યાંય અટકાવવાની કોશીષ શુદ્ધા થઇ નથી. બહારના વરઘોડાનું તો ચોરી છુપીથી વીડીયો શુટીંગ થઇ શકે. પણ વ્યાખ્યાન મંડપમાં, હજારો માણસોની હાજરીમાં, સેંકડો સાધુ-સાધ્વીજીની સમક્ષ આ. જયઘોષ સૂ. મ.નું તેમના પ્રવચનકારશ્રીનું જરાપણ સંકોચ વગર પીકચરનું શુટીંગ થાય તેમ વ્યાખ્યાનોનું શુટીંગ થતું હતું. ત્યારે પ્રેમ સૂ. મ. આમને યાદ ન આવ્યા? ક્યાં પ્રેમ સૂ. મ. કે ઉભઇ જરા સરખી ન આવી જાય તે માટે તેમની અને તેમના આશ્રિતોની સતત તકેદારી રાખતા. રાત્રે કોઇ બારીનાંથી પ્રકાશ આવતો હોય તો સાધુ ને કામળી પોતે જાતે ઓઢાડવા મધરાતે ઉઠતા. જ્યારે આ ગચ્છાધિપતિ બિન્ધાસ્ત પણ મુવી ઉતારવા દેતા. અને એનું પ્રસારણ ચેનલ પર કરાવાતું હતું.

આ જોઇને તો ભૂતકાળ યાદ આવતો હતો કે એક જમાનો એવો હતો કે— પં. ચંદ્રશેખર વિ. મ. સા.નો કોઇ ફોટો ખેંચવા ઉભું થવાની હિંમત તો કરી ન શકતું પણ ચોરી છુપીથી ફોટો પાડવા જતાં ફ્લેશ થવાથી પણ પં. ચંદ્રશેખર વિ. મ. ચોંકી જતા અને ફોટો ખેંચવાવાળાને ખખડાવી નાખતા. એમનામાં આટલી બધી ચુસ્તતા હતી. અને આજે પણ કદાચ આ બાબતમાં હશે. પણ તેમના જ ગચ્છાધિપતિ આ જમાનાવાદ પ્રત્યે સાવ બિન્ધાસ્ત છે. જે ખૂબ જ દુઃખદ જ છે.

પણ બાદ માસક્ષમણના તપસ્વીઓનો વિશાળ વરઘોડો કાઢવો હતો, ફરી જમણવાર બધા સંઘોનો કરવો હતો. બધા તપસ્વીઓને મોટી પ્રભાવના આપવી હતી.

આ બધા આયોજન માટે એક સંકલન સમિતિ કરી. અને આ બધા વિશાળ ખર્ચને પહોંચી વળવા માટે અવનવા આયોજન કર્યા. જેમાં ભગવાનના વરઘોડાને પણ ન છોડયો.

વરઘોડાનું નામ બદલીને શોભાયાત્રા આપ્યું. એટલે જાણે તેની બધી આવક શોભાયાત્રાના ખર્ચમાં લઇ જઇ શકાય તેવો તેમનો ઇરાદો હતો. નામ બદલવાથી કંઇ એવો પરવાનો મળી જતો નથી. શોભાયાત્રા કહેવાથી ભગવાનના રથવાળા વરઘોડાના ચઢાવામાંથી સંઘજમણ કરાય કે તેમાંની આવકમાંથી તપસ્વીઓની પ્રભાવના કરાય તેવા પરવાના મળતા નથી. શું આપને કોઇ એવો એક કરોડપતી આ બધો ઉપાડી લેનાર ન મળ્યો કે વરઘોડાની આવક જે દેવદ્રવ્ય ખાતે જમા કરાવવી જોઇએ તેના બદલે આવા આવા–પીવાના કામમાં લઇ જવા જેટલું નીચું ઉતરવું પડયું ? આ. પ્રેમસૂ. મ.નું નામ વગોવાઇ રહ્યું છે. આવી હીનપ્રવૃત્તિથી તો તમે પ્રેમ સૂ. મ. નું નામ રોશન કરવાના બદલે બગાડી રહ્યા છો.

હવે આવતા વરસે સંવત્સરીનો પ્રશ્ન આવશે. જો તમે ખરેખર પ્રેમ સૂ. મ. જેવા મહાપુરૂષના આજ્ઞાંકિત હોવ તો હવે છેલ્લે છેલ્લે એમનું નામ સાવ ડુબાડવા આખા સંઘને ઉન્માર્ગમાં લઇ જવાના પાપના ભાગીદાર જ નહિ, આગેવાન બનવાના છો તે બનતા નહિ. એક સંવત્સરીનો મહાન દિવસ આરાધવા પ્રેમ સૂ. મ. એ જરા પણ સમાધાન કર્યું ન હતું. આમાં જરા સરખી બાંધ છોડ કરી નથી. તમને ભલે પૂ. રામચંદ્ર સૂ. મ. માટે રોષ હોય, દ્વેષ હોય કે ન હોય પણ પ્રેમ સૂ. મ.એ ઉદયાત ચોથ કાયમ જાળવી છે તેનો નજીવા સ્વાર્થ ખાતર ભયંકર વીરાધના કરાવતા નહિ. તમે બચશો તો તમારી પાછળ અનેક સંઘો બચી જશે. અનેક સંઘો શાસ્ત્રીય ચોથની વિરાધનાથી બચશે. તમારી આ એક વખતની ખોટી આરાધના લોકો માટે ખોટો દાખલો અને ખોટો આદર્શ બેશશે. માટે લાખ લાખ વિચાર કરીને આગામી ચોથ અંગેનો શાસ્ત્રીય નિર્ણય લેશો તેટલી વિનંતી.



શાસન સમાચાર : લીવંડી–અત્રે આસો સુદ ૧ તા. ૨૧–૯–૯૮ના સવારે ૯ વાગ્યે સિદ્ધચક્રપૂજન શાહ રાયચંદ દેવસી હરિયા મોટા લખીયાવાળા પરિવાર તરફથી તેમના નિવાસ સ્થાને ઓશવાળ નગર પાછળ એંજુર ટાવરમાં પ. પૂ. આ. ભ. શ્રી વિ. લલિતશેખર સૂ. મ. આદિની નિશ્રામાં રાખેલ. સિદ્ધચક્ર પૂજન માટે અંધેરીથી પાનાચંદ વીરપારભાઇ પધારેલ. જીવડયાની ટીપ સારી થઈ.

દીપોત્સવી પર્વમાં આપણું કર્તવ્ય

યાતો દીપોત્સવીમાં દયા રૂપી દીવડો સદા ઝળહળે

— શાહ રતિલાલ દેવચંદ ગુઢકા – લંડન

દિવાળી અગાઉ પંદર દિવસ પહેલાં ઘર સાફ સુફ કરવા લાગી જાઇએ છીએ. ઘરમાં કચરા જાળા બાવા વળી ગયા હોય વાળી ખંખેરી સાફ કરાય છે. આ મુજબ આપણા (આત્મા) હૃદય ઉપરનો કચરો પણ દુર હટાવા આપણે દરેક અવશ્ય પ્રયાસ થવો જરૂરી ગણાય છે. એક બીજા સાથેના વેર–ઝેર અબોલા, ઇર્ષા, અદેખાઇ, નિંદા, ટીકા વગેરે હૃદયમાં લટકતા બાવા–કચરા છે. બાહ્ય કચરા કાઢવાની સાથે અંતરની હૃદય-ની ગંદકીપણ આજે સાફ કરી શકવાથી આત્માની ઉન્નતિ થશે. આત્માને અધોગતિનું પ્રયાણબંધ થશે. આમ કરવાથી દિવાળીની સાચી ઉજવણી બની જશે.

આજના પર્વને જો સફળ બનાવવું હોય તો ગૌતમ સ્વામીને હૃદયમાં સ્થાપી એના પગલે ચાલી આવશ્યક વિલાસી વસ્તુનો મોહ તજી. ધર્મ મય અને સાદી જીંદગી સ્વીકારવી અને એથી સાચી સફળતા મળશે. પણ આજે તેથી વિપરીત સ્થિતી જણાય છે. અન્ય દિવસોમાં નાટક ન જોવા જનારાઓ પણ આવા પર્વ દિવસોમાં મલી જાય છે.

ગૌતમ સ્વામીનું ખાસ અનુકરણ કરી મમત્વ ઉપર વિજય મેળવી આત્માને પરમ પદ મેળવવા કટીબધ્ધ થવું જોઇએ આજના દિવસે મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા હતા, તેથી આપણે આજના દિવસે મહાન પવિત્ર દિવસ લેખીએ છીએ. અઢાર દેશના રાજાઓ અને બીજા અનેક ભવ્યાત્માઓ ઉપવાસ રૂપ પૌષધ કરીને આ દિવસે ભગવાનની અમૃત મય ધર્મ દેશનાનું શ્રવણ કરી રહ્યા હતા. ભગવાનના મુખારવિંદમાંથી ઝરતું મોક્ષ પાથેય અને જીવનનું પરમ રહસ્ય શ્રવણ કરવા માટે જે ભાગ્યશાળી બન્યા હશે. તેમનું જીવન ધન્ય બની ગયું.

આજે આપણી સમક્ષ ભગવાન નથી, પણ તેમની અંતિમ દેશના આપણી પાસે છે ઉતરાધ્યયન સૂત્ર એ ભગવાનનો અંતિમ સમયનો ઉપદેશ છે. આજે ભગવાનની તે પવિત્ર વાણીને આપણે ફરીથી યાદ કરવી જોઇએ, અને તેમણે ઉપદેશેલા સિદ્ધાંતોનો અમલ કરવા માટે પ્રયાસ કરવો જોઇએ. આ દિવસે ગૌતમ સ્વામીને કૈવલ્ય પ્રાપ્ત થયું હતું. ગૌતમ સ્વામીએ મોહ ઉપર વિજય મોહાંધકારને દુર કરી જ્ઞાન પ્રકાશ મેળવ્યો. તેથી આજે હર્ષના દિવસ છે. લોકો આજે બાહ્ય અંધકારને દુર કરવા હજારો દીવા પ્રગટાવશે. દરેક શહેરોમાં આજે પ્રકાશમય રોશનીના મોજા ફરી વળશે. લોકો આ રોશની માટે હજારો રૂપિયા – શીલીંગ – પૌંડ ખરચી નાંખશે, પણ આપણે તો એ

વિચાર કરવાનો કે ગૌતમ સ્વામીએ આજના દિવસે જે પ્રકાશ મેળવ્યો હતો. તે આ રીતે, તેલના, વીજળીના કે મીણ વાટના દીવાઓથી કે ઇલેકટ્રીક લાઇટોથી નહિ પણ અંતર જ્યોતિ પ્રગટાવવામાં છે. ગૌતમ સ્વામીનું જીવન કહે છે તેમનો ઉપદેશ કહે છે કે મોહને દુર કરવાથી અંતર જ્યોતિ પ્રગટે છે.

દીપોત્સવી પર્વ :-

(૧) દિવાળી એટલે શ્રી ભગવાન મહાવીરનો નિર્વાણ દિન, અને પાછલે પહોરે ગૌતમ સ્વામીનો કેવળ જ્ઞાન પ્રાપ્તિ દિન.

(૨) દીપોત્સવી પર્વ એટલે આપણા જીવનમાં શ્રી મહાવીર પ્રભુના જીવનના આદર્શ ચરિત્રમાંથી કંઇ પણ આદર્શ વિચારી આચરણમાં મુકવાનો સુઅવસર. દીપોત્સવી એટલે અહિંસાના સ્વરૂપને સમજી હિંસાને અટકાવી અહિંસાના પ્રચાર માટેનો પવિત્ર દિવસ.

(૩) દીપોત્સવી એટલે – જીવનમાં થતી કંઇપણ અંધકાર ભરખાઠી દશાને સુધારવાનો અનુપમ સમય.

(૪) દીપોત્સવી એટલે આપણે દરેકે પોતાના જીવનને સુસંસ્કારથી ભરવાનો અને જ્ઞાન દીપક પ્રગટાવવાનો મહાન પવિત્ર દિવસ.

卐 શાસનના સમાચાર 卐

જામનગર – પૂ. આ. શ્રી વિજયજયંત શેખર સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. તપસ્વી મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. ની ૧૦૦ + ૯૮ મી ઓળી આસો વદ ૧ ના પૂર્ણ થતાં શાંતિસ્નાત્રાદિ પંચહ્નિકા મહોત્સવ શ્રી શાંતિભવન જૈન સંઘ આણંદજીવા ચકલામાં રાખેલ વદ ૧ના વાજતે ગાજતે મોટા શ્રી શાંતિનાથજી દર્શન કરી નવીનચંદ્ર નટવરલાલના મામા અરવિંદભાઇને ત્યાં મંગલિક થયુ પૂ. મુ. શ્રી જિનસેન વિ. મ. આદિ ઓસવાળ કોલોનીમાંથી પધારેલ.



પ્યારા ભૂલકાઓ,

વરસાદની હેલીઓ વર્ષવાની શરૂઆત થતાં જ ધરતીએ ટાઢકની ચાદર ઓઢી ધર્મ કુંટુંબિનો ઘોષ ચો તરફ ગાજવા લાગ્યો. હતો. ઠેર-ઠેર દાન, શીલ, તપ અને ભાવ ધર્મની વૃદ્ધિ કેમ થાય તેની વાતો થવા લાગી. ધર્મ પ્રવચનની હેલીઓ વર્ષતાં જ આરાધકોના મન આરાધનામાં જોડાવા લાગ્યા નિયમિત તપ-ત્યાગ, જપ, વ્યાખ્યાન શ્રવણ, સામયિક, સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા, પૌષધ, પ્રતિક્રમણ આદિ આરાધનાઓ થવા લાગી ધર્મ ક્રિયા-આરાધનાઓ દ્વારા આ પવિત્ર દેહને શુદ્ધ કરવા લાગ્યા હતા આત્માને કર્મરહિત બનાવવા માટે પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવીને ગયા. આ પર્વ માનવજીવનને અજવાળનારું છે તેવું સમજનારા આરાધકો

"પેટમાંથી નીકળી જતાં મળની જેમ-
વસ્ત્રમાંથી નીકળી જતાં મેલની જેમ-
મકાનમાંથી નીકળી જતાં કચરાની જેમ-
પગમાંથી નીકળી જતાં કાંટાની જેમ-"

પોતાનો ભૂલનો પશ્ચાતાપ રૂપે સ્વીકાર કરે છે. પોતાના કુસંસ્કારોનું પ્રગટીકરણ કરે છે. ભૂલના ભોગી બનેલા આત્માઓ ભૂલનો સ્વીકાર પશ્ચાતાપ રૂપે કરતાં હોય તો જલ્દી આ ભવચક્રથી છૂટી જાય છે. કોઇકની તથા પોતાની ભૂલનો સંગ્રહ ગાંઠરૂપ કરનારા તો એના વિપાકરૂપે ભટકવાનું જ લમણે ઝીંકાશે...

માટે

ભૂલનો સ્વીકાર કરી હળવા થયેલા તમોએ પણ મારી સાથે ખમત ખામણાં કર્યા છે તેવું તમારા પત્રોથી જાણવા મળ્યું. તમારી અંતઃપુરણ પૂર્વકની ક્ષમાપના મેં સ્વીકારી ભૂલકાઓ મને પણ તમે સૌ ક્ષમા આપશો.

તમે સૌએ કરેલી આરાધના લખી મોકલશો તો ઘણા તેની અનુમોદના કરશે માટે અવશ્ય લખી મોકલવા ભલામણ.

એજ ક્ષમાપ્રાર્થી

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

મધુરમ્ : હંમેશાં ભૂલી જાવ તમને થયેલા અન્યાયને,
પછી તમે જોશો કે જીવન જીવવા જેવુ જણાશે.

જજ – મેં તમારી પત્નિને માસિક રૂા. ૫૦૦ આપવાનો ઠરાવ કર્યો છે.
પતિ – સાહેબ – તમે ખૂબ ઉદાર છો પારકે પૈસે ઉદાર બનો હું તે. તેને રૂા. ૫૦ પણ આપી શકું તેમ નથી.

મકાનમાલિક – (વીમા કંપની) મારે મારા મકાનનો તેમજ ટેલિફોનનો વીમો ઉતારવો છે.
વીમા કંપની – હા, હું તમારે ત્યાં વીમા એજન્ટ મોકલું છું.
મકાન માલિક – ઉતાવળ કરજો મારા મકાનને આગ લાગી છે.

શેઠ નોકર – તને નેવું રૂપિયા આપતાં આનંદ આવે છે.
નોકર શેઠ – સો રૂપિયા પુરા આપશો તો મને વધારે આનંદ થશે.

રાત્રે વીજળીના દીવા નીચે ડોશી કાંઇક શોધતી હતી ત્યાંથી પસાર થતા યુવાન પૂછ્યું.

માજી – શું શોધો છો ?
માજી – મારી સોય પડી ગઇ છે.
યુવાન – ક્યાં પડી ગઇ છે.
માજી – ઘરમાં પડી છે.
યુવાન – તો ઘરમાં શોધવી જોઇએ.
યુવાન – અજવાળું અહિંયા છે.

(સુખ મુઠ્ઠિમાં છે તે ભોગમાં શોધનારી આ દશા છે.) — **વિક્રમ ખંભાતી**

— ફળ —

ધર્મ શ્રવણનું ફળ – તત્ત્વજ્ઞાન
તત્ત્વજ્ઞાનનું ફળ – વિશુધ્ધ જ્ઞાન
વિ.જ્ઞાનનું ફળ – વિરતિ(પચ્ચકખાણ)
વિરતિનું ફળ – સંયમ
સંયમનું ફળ – અનાશ્રવ
અનાશ્રવનું ફળ – તપ
તપનું ફળ – કર્મક્ષય
કર્મક્ષયનું ફળ – મોક્ષ

— બુદ્ધિના આઠ ગુણ —

શુશ્રુષા – સાંભળવા ઇચ્છવું.
શ્રવણ – સાંભળવું.
ગ્રહણ – સમજવું.
ધારણ – યાદ રાખવું.
ઊંડાણ – યુક્તિપૂર્વક વિચારવું.
અપોહ – અયુક્તનું ખંડન કરવું.
અર્થ – અર્થબોધ કરવો.
તત્ત્વજ્ઞાન – તત્ત્વની સમજ સ્થિર કરવી.

—માનિતિ —શ્રી જિત

— સત્યની ખુમારી —

બહુ નજીક નહિ, બહુ દૂર નહિ એવા વગડાની વાટેથી ધૂળની ડમરીઓ ઉડવા લાગી. હાથીનો હણહણાટ અને ઘોડાનો હર્ષારવ કાંઈક અસ્પષ્ટ સંભળાવા લાગ્યો ગભરાયેલા વન પ્રાણીઓ અને નભ પક્ષીઓ અહીં તહીં નાસભાગ કરવા લાગ્યા. પૃથ્વી પટને ધ્રુજાવતું લડાયક સૈન્ય ગામ ભણી આગળ વધી રહ્યું હતું.

કાંગરાની મજબુતાઈથી ગોઠવેલ કિલ્લાનું રક્ષણ કરતાં પુરૂષોએ આ દૃશ્ય જોયું ચાર પુરૂષો અને સૈનિકો સેનાપતિ રઘુપતિસિંહ પાસે પહોંચ્યા વાતથી વાકેફ કર્યા કિલ્લે બંદી કરવાની સુચના આપી અમલ થાય તેની પહેલાં તો વિશાળ સૈન્ય પોતાના પરાક્રમ સાથે દ્વારે આવી પહોંચ્યું આવેલ પાડોશી રાજાએ સેનાપતિ રઘુપતિસિંહના રાજ્ય ઉપર હલ્લો કર્યો. જોમ અને જુસ્સો જોઈને સેનાપતિ રઘુપતિસિંહ એક ગુપ્ત કરવાજેથી ભાગી છૂટયો. આક્રમક રાજાને ખબર પડી કે શત્રુ સેનાધિપતિ રઘુપતિસિંહ પોતાના કબ્જામાંથી નાસી છૂટયો છે. પરાક્રમી રાજાએ ત્રાડ નાખી. પોતાના ચુનંદા સૈનિકો આગળ ઉદ્‌ઘોષણા કરી, જાવ, 'ઉસે પકડ લાવો, જો પકડ લાયેગા ઉસે ભારી ઇનામ દુંગા."

હર્ષારવ કરતા ઘોડાઓ વેગવંત બન્યા. ધુળના ગોટાઓ ઉડવા લાગ્યા. ભાગતો છૂપાતો અહિં તહિં કુદાતો રઘુપતિસિંહ એક ગામને છેવાડે છૂપાઈને રહ્યો. તલાસ કરતાં સૈનિકો તે ગામે આવી અટકયાં. શંકાના આધારે સારાય ગામને ઘેરી લીધું. નાકાબંધી કરી.

રઘુપતિસિંહના ગુપ્ત માણસ દ્વારા રઘુપતિસિંહને સમાચાર મળ્યાં કે 'આપશ્રીનો પુત્ર મૃત્યુ શય્યા પર પોઢી રહ્યો છે. તે તમને યાદ કરે છે.'

સેનાપતિ રઘુપતિસિંહે મનોમન નિર્ધાર કર્યો કે મારે વહેલી તકે તેની પાસે પહોંચવું જોઈએ. આ દૃઢ નિશ્ચયના કારણે તેઓ ગામને ઘેરી બેઠેલા સૈનિકોના સરદાર પાસે પહોંચી ગયા. વિનંતી પૂર્વક બોલ્યા,

'મારો પુત્ર મૃત્યુ શય્યા ઉપર છે તે મને યાદ કરે છે. તો મારે જવું જ જોઈએ. મને મારા કિલ્લામાં જવાની અને તેને મળવાની રજા આપો. મારે તેની અંતિમેચ્છા પૂરી કરવી જોઈએ. પુત્રને મળી હું પાછો કિલ્લાની બહાર આવીશ ત્યારે તમે મને ગિરફતાર કરી લેજો. તમારા રાજા સન્મુખ મને હાજર કરજો ને મસ્તમોટું ઇનામ પ્રાપ્ત કરી લેજો.

આ સાંભળતા જ સરદાર ચોંકી ઉઠયો હાથમાં આવેલો મોટો લાડવો ગુમાવું તો મારા જેવો અન્ય કોઇ મૂર્ખ નહિ. પકાવેલી ખીચડી કાંઇ માટીમાં ફેંકી દેવાય ખરી ? જીવતો બંદી હાથમાં આવ્યો છે.

નામદારને ખુશ કરી મોટું ઇનામ કેમ પ્રાપ્ત ન કરું.

તરત જ તાડુકતો સરદાર બોલ્યો, જા, જા તારા જેવા તો કંઇક જોઇ લીધા ગરીબડો બની વાત કરવા આવ્યો અને પછી ચાર પગે કુદતો કયાંય રફુ ચક્કર થઇ જાય તું કિલ્લાની બહાર ન આવે તો મારી સઘળીય મહેનત ધુળધાણી થઈ જાય.

અરે ! હું રજપુત છું. એકવાર જુબાન બોલી પ્રાણના ભોગે પાળવાની ખમીરવંતા રજપૂતો કયારે પણ જુઠું બોલતા નથી માટે વિશ્વાસ રાખ કયારે પણ વિશ્વાસ ઘાત કરીશ નહિં.

રણકાર ભર્યો સચ્ચાઇનો પડઘો સાંભળીને સરદારે તેને જવા દીધો

રજપુત રઘુપતિસિંહ મારતે છોડે કિલ્લામાં પહોંચી ગયો, પુત્રની અંતિમેચ્છા પુર્ણ કરાવી સૌને આશ્વસનના બે શબ્દો કહ્યાં, પાછલા પગે ચાલતો રજપુત સરદારની પાસે આવી ઉભો રહયો.

રાજી થતો સરદાર તેને રાજા પાસે લઇ ગયો. સચ્ચાઇ ભરેલી આખી કહાની આદિથી અન્ત સુધી કહી સંભળાવી.

સત્યવાદીના ઉપર રાજા પ્રસન્ન થઇ ગયો. હર્ષના કુલડાં ઘેરવતાં રાજા બોલ્યો આવા સાચા વીરને સજા કરીને હું કલંકીત નહી થાઉ જા ખમીરવંત તને મુકત કરું છું તારું રાજ્ય તું મજેથી સંભાળ.

વિરુચી.

શાસન સમાચાર – **નેર** (જી. ધુલીયા) અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મા. ની નિશ્રામાં ઉપધાન થશે પ્રથમ મુહુર્ત માગશરવદ ૧૦ તા. ૧૩–૧૨–૯૮ રવિવાર બીજુ મુહુર્ત માગશર વદ ૧૨ મંગળવાર તા. ૧૫–૧૨–૯૮ નું મુહુર્ત છે તપમાં જોડાવા આમંત્રણ છે. નેર ગામ ધુલીયાથી ૩૦ કિ. મી. અને માલે ગામથી ૮૦ કિ. મી. છે.

તપસ્વીઓ રોજ ૫૦ થી ૬૦ રહ્યાં હતા. પરમાત્મભક્તિ પ્રેરક પ્રવચનોનું સૌને સુંદર હૃદયગમ્ય આકર્ષણ રહ્યું હતું. પૂ શ્રી નાના મોટા સહુ માટે વ્યાખ્યાનમાં સતત જ્ઞાનાભ્યાસની પ્રેરણા કરી રહ્યાં છે. સાથે સૂત્ર શુદ્ધિ, ક્રિયા શુદ્ધિ તથા પરમાત્માની આજ્ઞાના સંપૂર્ણ પાલન કરવા ઉપર વિશેષ ભાર મૂકી સમજાવી રહ્યાં છે.

૪. ભા સુદ ૮ના રોજ શ્રી સંઘમાં પંડિત મુનિ શ્રી દીપવિ. રચીત દેવવંદન સામુહિક રીતે કરવામાં આવ્યા હતા.

૫. સંઘસ્થવિર આ. દેવ શ્રી સિદ્ધિસૂ. (બાપજી) મ. સા.ની સ્વર્ગારોહણ તિથિ ભા. વદ ૧૪ના દિવસે તેમના ચારિત્ર ધર્મની અનુમોદના કરી, ગુણાનુવાદ તથા સંઘમાં આયંબીલ કરાવવામાં આવેલ. આયંબીલ ૪૨ થતા રૂા. ૩૧ ની પ્રભાવનાથી કરેલનું બહુમાન કરેલ હતું.

૬. વાર્ષિક કર્તવ્ય રૂપ ચૈત્યપરિપાટી ચાણસ્માથી ૩ કી. મી. દૂર આવેલા રૂપપુર ગામે શ્રી નમિનાથ ભગવંતના જિનાલયે વાજતે ગાજતે ચતુર્વિધશ્રી સંઘ સાથે લઇ જવાઈ હતી. જ્યાં વ્યાખ્યાન સામુહિક ચૈત્યવંદન, પંચકલ્યાણક પૂજા બાદ સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી. જેનો લાભ કેશરબેન પ્રેમચંદ ટ્રસ્ટ ચાણસ્માએ લીધો હતો. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની આજ્ઞા મુજબ શ્રી સંઘના તમામ ભાઇ બહેનોએ પૂરા ઉલ્લાસથી ભાગ લીધો હતો.

૭. ગચ્છાધિપતિ આ. દેવ શ્રી સૂર્યોદયસાગરજી મ. સા.ની આજ્ઞાથી અત્રે પૂ. સાધ્વી શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી, રમ્યકધર્માશ્રીજી, તથા પૂર્ણાંતાશ્રીજી ચાતુર્માસ બીરાજમાન છે. સા. શ્રી રમ્યકધર્માશ્રીજી મ. સા.ને ૭૦મી ઓળી ભા. વદ ૯ના દિવસે પૂર્ણ થઇ. ગુરૂપૂજન, સંઘપૂજન, વ્યાખ્યાન, પરાત્માની પૂજા, ભવ્ય અંગરચના, બહેનોની સાંજી (ગવાનું) રાખવામાં આવી હતી.

પ્રભાવ વાણીનો | —અમી. આર. શાહ, લબ્ધિ એન. શાહ

સુગુરૂઓની વાણી સાંભળવાથી.
અજ્ઞાનતાનો નાશ થાય છે.
સંશય રહીત બનાય છે.
વ્યસનો છુટી જાય છે.
ઉન્માર્ગથી પાછા ફરાય છે.
કષાયાદિ દોષો શમી જાય છે.
કુસંસ્કારોનો પરિહાર થાય છે.
સાચું જ્ઞાન પ્રગટ થાય છે.
સન્માર્ગે પ્રવૃત્તિ થાય છે.
વિનયાદિ ગુણો પ્રગટ થાય છે.
ધર્મમાં દ્રઢતા પ્રગટ થાય છે.
સુસંસ્કારોની દોસ્તી થાય છે.
સંસારની લાલસા છુટી જાય છે.
સુદેવ અને સુધર્મની ઓળખ થાય છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* તમે બધા ઘર-બારાદિની સેવા કરો અને અમે શરીર-ભગતાદિની સેવા કરીએ તો શાસન સમજ્યા જ નથી. શાસન સમજે તેને આ બધું ગમે ?
* પોતાના દોષ ઢાંકવા ગુણિની પણ નિંદા કરે તે 'મહા ખતરનાક' છે. ચારિત્ર-હીન બહુ બહુ તો પોતાનું બગાડે જ્યારે ઉત્સૂત્રભાષી તો પોતાનું અને પારકાનું બન્નેનું ય બગાડે !
* અવસર આવ્યે પણ સત્યનું પ્રતિપાદન ન કરે તો તે ય સત્યનો પક્ષપાતી નથી પણ અસત્યનો ટેકેદાર છે.
* શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી કર્મશત્રુઓ સામે સંગ્રામે ચઢેલા સાધુઓ, શ્રી જિન-શ્વર દેવોએ કહેલ અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં જ વિચરતા પરમર્ષિઓએ ગૂંથેલ શાસ્ત્રરૂપ સુચક્ષુથી જ સર્વ જૂએ, તેમાં જગતને આશ્ચર્ય શું લાગે તેમ છે, અને સાધુઓને નાનમ પણ શી લાગે તેમ છે ?
* સંસારના જ સુખનો ભૂખ્યો અને દુઃખનો ભીરૂ જીવ ધર્મ માટે લાયક નથી.
* અનીતિથી કમાઇને મજેથી જીવે તે બધા 'આત્મઘાત' કરી રહ્યા છે.
* પ્રમાદ એ ભાવધર્મનો વૈરી છે.
* ગુરુ તરીકેની પ્રસિદ્ધિને પામેલા પણ જો માર્ગની આરાધનામાં ઢીલા થાય, માન-પાનાદિને ખાતર સાચો માર્ગ પણ ભૂલી જાય અને પછી તો સન્માર્ગની દેશનામાં પણ ફેરફાર કરે તો તે પોતે ય ડુબે અને બીજાને ય ડુબાડે.
* આ કાળમાં જો સાધુઓ પણ માર્ગસ્થ નહિ રહે, માર્ગ ચુસ્ત નહિ બને, માન-પાનાદિના લોભમાં ફસાશે તો પોતે ય ડુબશે અનેક ને ડુબાડશે. માટે કરેક કરેક ધર્મપ્રેમી જીવે પોતાના ય ભલા માટે શાસ્ત્રને આધીન થવાની જરૂર છે.
* શાસ્ત્ર પંડિત થવા નહિ પણ તત્ત્વજ્ઞાની થવા ભણવાનું છે, વંચવાનું છે. પંડિત 'વકીલ' જેવો હોય છે જ્યારે તત્ત્વજ્ઞાની 'અસીલ' જેવો હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

અપૂર્વ એવો મોહ !

દારા: પરિભવકારા બંધુજનો
બંધનં વિષં વિષયાઃ ।
કોડયં જનસ્ય મોહો,
યે રિપવસ્તેષુ સુહૃદાશો ।।

સ્ત્રીએ પરિભવને કરનારી છે, બંધુજનો બંધનરૂપ છે અને વિષયો વિષ જેવા છે તો પણ જે આત્માના ખરેખર શત્રુઓ છે તેમને જ વિષે મિત્રની આશા રાખવી–મિત્ર માનવા તે જ ખરેખર કેવો અપૂર્વ મોહ છે ?

વર્ષ ૧૧

અંક ૧૧+૧૨

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

'કલ્યાણ' માસિકના પ્રેરણાસ્રોત સ્વ. પૂ. આ. શ્રી કનકચંદ્ર સૂ. મ. ની
સમાધિભૂમિ અમદાવાદ–રંગસાગરના આંગણે ઉજવાયેલો

卐 વાર્ષિક ગુરુસ્મૃતિ મહોત્સવ 卐

સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. ના પ્રભાવક પટ્ટાલ કાર સુપ્રસિદ્ધ વકતા સ્વ. પૂ. આ. શ્રી વિ. કનકચંદ્ર સૂ. મ.ના પુણ્ય પરમાણુ-ઓના પ્ર ાવે રંગસાગર ભૂમિનો મહાન અભ્યુકય થયો. શ્રી સંઘની ધર્મભાવના દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતા શ્રી સંઘે હવેથી પ્રતિવર્ષ ત્રણ દિવસનો વાર્ષિક ગુરુસ્મૃતિ મહોત્સવ ઉજવવાનો શુભ નિર્ણય કરતાં વિ. સં. ૨૦૫૪ની સાલથી પ્રારંભ થતા આ મહોત્સવમાં પૂ. શ્રીના લઘુગુરુબંધુ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિ. મહોકય સૂ. મ. ની શુભનિશ્રા શ્રી સંઘને પ્રાપ્ત થઇ.

શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી પૂ.શ્રી બે દિવસ નિશ્રાપ્રદાન કરવાના હતા તે પૂર્વે પૂ. શ્રીની આજ્ઞાથી સ્વ. પૂ. આ. શ્રી વિ. કનકચંદ્ર સૂ મ.ના પ્રશિષ્ય–શિષ્ય પૂ. શ્રી શાંતિભદ્ર વિ. મ. તથા પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ. આસો સુદ ૫ ના રંગસાગરના આંગણે પધાર્યા. તેમજ શ્રી સંઘમાં ચાતુર્માસ આરાધના–પ્રવચન આદિ માટે લક્ષ્મીવર્ધકથી પધારતાં પૂ. આ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ., પૂ. મુ. શ્રી કુલશીલ વિ. મ. તથા પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ. આદિ પૂજ્યોની નિશ્રામાં વાર્ષિક ગુરુસ્મૃતિ મહોત્સવ સ્વ. સૂરિદેવની ૧૬ મી પુણ્યતિથિને અનુલક્ષી આસો સુદ ૬ થી પંચાન્હિક મહોત્સવ પૂર્વક પ્રારંભાયો. આકર્ષક પત્રિકા દ્વારા શ્રી સકળ સંઘને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. સવારે જિનાલયમાં અઢાર અભિષેક થયા. બપોરે શ્રી જ્ઞાન–પ્રેમ–રામચંદ્ર–કનક-ચંદ્રસૂરિ જૈન પૌષધશાળામાં શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવાઇ. સુદ ૭ ના શુભમુહૂર્તે શ્રી કુંભસ્થાપના અને શ્રી નવપદજીની પૂજા ભણાવાઇ. સુદ ૮ ના પૂ. ગચ્છાધિપતિશ્રી આદિ મુનિગણ પધારતા શ્રી સંઘે લક્ષ્મીવર્ધકથી સવારે સામૈયું કર્યું. રંગસાગરના આંગણે મંગલ પ્રવેશ કરતાં સ્વાગત ગીત–પ્રવચન–પ્રભાવના તેમજ શ્રી નવગ્રહાદિ પાટલા પૂજન અને પૂજા ભણાવાયેલ.

સુદ ૯ ના સ્વ. સૂરિદેવની ૧૬ મી સ્વર્ગારોહણ તિથિ નિમિતે પૂ. ગચ્છાધિપતિ-શ્રીની નિશ્રામાં સવારે ૯ કલાકે ગુણાનુવાદ સભા પ્રારંભાઇ. તે કેટ ૧૨ વાગ્યા સુધી ચાલી હતી. સૌ પ્રથમ પૂ.શ્રીનું મંગલાચરણ થયું અને સંગીતકાર શ્રી રૂપેશભાઇએ ગુરુ સ્તુતિ અને ગુરુ વિરહ ગીત ગાઇને આંખો ભીંજવી દીધી. સંઘના ટ્રસ્ટી શ્રી રાજેશભાઇએ સ્વ. પૂ.શ્રીના ઉપકારોને યાદ કરી આજની આ સભામાં પૂ. શ્રીના ગુણોને

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મોદાણી ગુરુકા (ભાંડવી)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મહેતા (વડોદરા)
ચાંદમલ ધર્મશી ગુરુકા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૧૧] ૨૦૫૫આસો સુદ-૭ મંગળવાર તા. ૨૭-૧૦-૯૮ [અંક : ૧૧-૧૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

પ્રવચનકાર-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૭ શનિવાર તા. ૨-૮-૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રં જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૨૮ મું**) અવ૦)

दसारसिहस्स य, सेणियस्स, पेढालपुत्तस्स य सच्चइस्स ।
अणुत्तरा दंसणु संपया तया, विणु चरित्तेणुडहरं गइं गया ॥

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થ પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા હવે એ વાત સમજાવી રહ્યા છે કે ક્ષાયિક સમકિતના ધણી એવા પણ જીવો પૂર્વે આયુષ્ય બંધાઇ ગયું હોય તો સમ્યકચારિત્રને પામી શકતા નથી અને તેના પરિણામે નરકમાં પણ જવું પડે છે. તે માટે શ્રી કૃષ્ણ મહારાજા, શ્રી શ્રેણિક મહારાજા અને સત્ય કી વિદ્યાધરની વાત જોઇ આવ્યા. આયુષ્ય જીવને એક જ વાર બંધાય છે. નરકનું આયુષ્ય બંધાયું હોવાથી ઘેર વાર તો નરકમાં જવું જ પડે છે. પણ ધર્મ પામેલા હોવાથી ત્યાં નરકનાં દુઃખોને મજેથી જીવે છે.

જે ભાગ્યશાલી આત્માઓ આવી સુંદર ધર્મસામગ્રી પામ્યા છે, ધર્મ પણ કરે

છે તે બધાને સાચા ધર્મની પ્રાપ્તિ થઇ છે કે નહિ તે નક્કી કરવા માટે રોજ આત્માને પૂછવું જોઇએ કે-'તું આ ધર્મ શા માટે કરે છે? દર્શન-પૂજન-સામાયિક-પ્રતિક્રમણાદિ ધર્મક્રિયાઓ શા માટે કરે છે? પુણ્યના યોગે આવો મનુષ્યભવ મળ્યો છે, ઘણી ઘણી સુખ સામગ્રી મલી છે તેમાં જરાપણ રાજી થવા જેવું નથી. કે મઝા કરવા જેવી નથી. તેમાં રાજી થયા કે મઝા આવી તો દુર્ગતિમાં જવું પડશે તેમ લાગે છે?' સાચું અને વાસ્તવિક સુખ મોક્ષ વિના બીજે કશે નથી. જેને આત્મિક સુખનો અનુભવ કરવો હોય તેને આ દુનિયાની સુખ-સંપત્તિથી અલગા થવું જ પડે. આવી સમજ આત્મામાં પેઠા થઇ છે ખરી?

જેમ આ દુનિયાની સુખ-સંપત્તિ-સાહ્યબી ગમી જાય, તેમાં જ આનંદ આવે, તેમાં જ મઝા કરે, મોટરોમાં ફરે, પ્લેનોમાં ઊડે તે બધા મરીને ક્યાં જાય? જેટલા જન્મે તેટલાને મરવાનું નક્કી છે. મરવાનું એટલે કોઇને કોઇ ભવમાં જવાનું. તો ક્યાં જવું છે? જવાની જગ્યાની ચાર છે-નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિ. આજે મોટા ભાગને કશી ચિંતા નથી. ભગવાન પાસે જનાર ભગવાનને ઓળખતા પણ નથી, સાધુ પાસે જનાર સાધુને ય ઓળખાતા નથી. સાધુ ને માતા-પિતા હતા, ઘર-બારાદિ હતા તો તે બધાને મૂકીને સાધુ કેમ થયા? તમને ઘર-બારાદિમાં મઝા કરતાં જોઇ સાધુને શું થાય? તમારી દયા આવે ને? તો તમને બચાવવા શું કરે? દુનિયાના *જે સુખમાં બેઠા છો તે સુખ ગમી જશે, તેમાં મઝા આવી જશે તો તમારે અહીંથી* નરક ગતિ કે તિર્યંચ ગતિમાં જવું પડશે તેમ કહેવું પડે ને? અમે આમ કહીએ તે તમને ગમે ખરું? તમને આ સંસાર ભૂંડો છે તેમ લાગે છે ખરું? અમે સંસાર અસાર બોલીએ અને હાજી હાજી કહો એટલે અમે માનીએ કે તમે સમજી ગયા પણ તમે સમજ્યા જ નથી. સંસાર અસાર એટલે દુઃખ અસાર નહિ પણ સુખ અસાર છે. તમને આ દુનિયાનું સુખ ભૂંડું લાગે છે. ખરું? છોડવા જેવું લાગે છે ખરું? આ સુખ ભોગવવું પડે માટે ભોગવો કે મઝેથી ભોગવો છો? તમે અમારી પાસે આવા છો, અમને સાંભળો છો- અમને પગે લાગો છો તે શા માટે? તમને થાય છે કે- આ લોકો બચી ગયા અને આપણે ફસી ગયા! ઘર-બારાદિથી છૂટી જવાની ઇચ્છા પણ તમને લોકોને થઇ છે ખરી? તે બધાથી છૂટા થવાતું નથી કે તમારે જ છૂટા થવું નથી? જવાબ કેમ આપતા નથી?

સભા૦ : થવું નથી!

ઉ૦ : હું વધુ ન પૂછું માટે બોલો છો કે હૈયાથી બોલો છો?

આપણા બધા જ ભગવાન આ સંસારને ભૂંડો, છોડવા જેવો કહી ગયા છે. દુનિયાની સુખ-સંપત્તિ-સાહ્યબીને પણ ભૂંડી અને છોડવા જેવી કહી ગયા છે. તો પછી ભગવાનનાં દર્શન-પૂજન શા માટે કરો છો ?

સભા૦ : સંસાર લીલોછમ રહે માટે !

ઉ૦ : સંસાર લીલોછમ રાખીને સંસારમાં જ લહેર કરવી છે પણ ભગવાન કહી ગયા છે કે- આ સંસારમાં લહેર કરશો અને તે લહેર કરતાં કરતાં મરશો તો દુર્ગતિમાં જવું પડશે તેનું શું ?

આજ સુધીમાં જેટલા શ્રી અરિહંત પરમાત્મા થયા તે બધા જ જન્મેલા, ઊંચામાં ઊંચી સુખ-સામગ્રી પામેલા છતાં ય તે બધી છોડી છોડીને સાધુ થઇ ગયા તે વાતની ખબર છે ? તમારે ઘર-બાર છોડવા નથી, સાહ્યબી સંપત્તિ છોડવી નથી તો ધર્મ શા માટે કરો છો ? ઝટ સાધુ થવું છે ? આ સાધુધર્મ જ મોક્ષે લઇ જનારો છે તો આ મનુષ્ય જન્મમાં જ મળી શકે છે. સંસારમાં ફસી ગયા છીએ તેનાથી છૂટવા મંદિરે જાવ છો ? મંદિરે જાવ તો મોક્ષે જવાની ઇચ્છા હોય ને ? અહીં-ઉપાશ્રયે આવો તો સાધુ થવાની ઇચ્છા હોય ને ?

ભગવાનના દર્શન ભગવાન થવા માટે કરવાના છે, સાધુની સેવા સાધુ થવા માટે કરવાની છે, સઘળી ય ધર્મની પ્રવૃત્તિ તે સાધુધર્મ પામવા માટે અને તે પામીને ઝટ મોક્ષે જવા માટે કરવાની છે. 'આપણે બધાને વહેલામાં વહેલા મોક્ષે જવું છે. મોક્ષે ન જવાય તે સદ્ગતિમાં જવું છે તે ત્યાં દુનિયાની સુખ-સામગ્રી ઘણી મળે છે માટે નહિ પણ ધર્મની સામગ્રી મલે અને મોક્ષની સાધના ચાલુ રહે માટે અને દુર્ગતિમાં નથી જવું તે દુઃખથી ડરીને નહિ પણ ત્યાં મોક્ષ સાધક ધર્મની સામગ્રી મળે નહિ અને ધર્મ કરી શકાય નહિ માટે.' આવો પણ વિચાર છે ખરો ? ઘર-બાર, પૈસા-ટકાદિ મળ્યા છે તે બધું છોડી દેવા જેવા છે એમ લાગે છે ખરું ? આ એક મનુષ્યજન્મ જ એવો છે જેમાં મનુષ્ય ધારે તો આ બધું છોડી શકે છે બાકી ઘણા સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રાદિ દેવોને આ બધું છોડવાનું મન હોય તો પણ છોડી શકતા નથી ! ઘણા સમ્યગ્દૃષ્ટિ જન્મને ઝંખે છે, સાધુપણાંને ઝંખે છે અને વહેલા મોક્ષે જવા ઝંખે છે. તમારી શી ઇચ્છા છે ?

ઘર-બાર, પૈસા-ટકાદિ મને સંસારમાં ભટકાવનાર છે તેમ લાગે છે ? તમારા કુટુંબમાં તમને કોઇ કહેનાર છે કે-આટલાં બધાં પાપ શા માટે કરો છો ?કુટુંબ માટે કોઇ સારી ચીજ લઇ આવો તો કોઇ પૂછનાર છે કે- શી રીતે લાવ્યા ? ખબર પડે

કે, અનીતિથી લાવ્યા તો કહે કે–'શા માટે આવા પાપ કરો છો? આવી ચીજ વિના ચલાવી લઈશું પણ તમે પાપ કરીને દુર્ગતિમાં જાવ તે અમને પસંદ નથી.' વેપાર ધંધાદિની જરૂર ન હોવા છતાં ય વેપાર–ધંધાદિ કરો તો કોઈ કહેનાર નથી કે, આ પાપ શા માટે કરો છો? તમારૂં કુટુંબ તમારૂ ભલું કરનાર છે કે ભૂંડું કરનાર છે? તમે અહીં ખાલી દોડા દોડ કરો છો કે સમજીને આવો છો? 'મારે ઝટ સંસારથી છૂટી, સાધુ થઉં, ભગવાન થવું છે, મોક્ષે જવું છે' તે માટે મંદિરે જાવ છો?

સભ૦ : કો'ક વાર આવો ભાવ આવી જાય ને ?

ઉ૦ અનંતીવાર સાધુવેષ લીધો તો પણ નથી પામ્યા અભવ્યો, દુર્ભવ્યો અને ભારેકર્મી ભવ્ય જીવો ધર્મ ખૂબ ખૂબ કરે પણ ધર્મ પામે નહિ.

તમે બધા આજ સુધીમાં સાધુધર્મ નથી પામી શકયા તેનું દુઃખ છે? આ ભવમાં સાધુપણું લીધા વિના મરી જાવ અને મરતી વખતે ઠિકરો પૂછે કે– શી ઇચ્છા છે? તો હું ઘરમાં મર્યો સાધુપણું ન પામી શકયો તો તમે મારા જેવી આવી બેવકૂફી ન કરતા તેમ કહેવાના ને? તમે તમારા ઠિકરાને બધું ભણાવો છો માત્ર જ ધર્મનું જ ભણાવતા નથી. તમારા દીકરા, વેપારી, વકીલ ડોકટર હશે પણ સાધુ કેમ ન પાકયા? સાધુ નથી થયા તેનું પણ દુઃખ છે ખરૂં? તમારા ઠિકરા મંદિરે ય જતા નથી, સાધુ પાસે જતા નથી, વ્યાખ્યાને ય આવતા નથી, પૈસો કમાવામાં અને મોજમઝામાં પડયા છે, રાતે ય ખાય છે, તેનું ય તમને દુઃખ છે? જો તમને ખરેખર દુઃખ છે? જો તમને ખરેખર દુઃખ હોત તો કહ્યા વિના રહેત જ નહિ પણ આજે તો ઘણા બચાવ કરે છે.

સુખી માણસો જો ખરેખર ધર્મી હોત તો ઘણો ધર્મ કરતા હોત. પણ આજે ઘણાને ભગવાન ગમતા નથી, સાધુ ય ગમતા નથી, ધર્મ પણ ગમતો નથી. ના આવીએ તો ખરાબ લાગે માટે અહીં આવીને બેસે છે. જો તમે આવાને આવા રહો તો મરીને કયાં જવું પડે? તમારી પ્રવૃત્તિથી તમે નક્કી દુર્ગતિમાં જશો એમ લાગવા છતાં પણ જો અમે તમને ચેતવીએ નહિ તો અમે પણ ગુનેગાર બનીએ તમને દુનિયાના સુખમાં મોજમઝા કરતા જોઇને અમને તમારી દયા આવે. તમારી પાસે ઘણા પૈસા હોય તો ય પૈસા મેળવવા ધમાધમ કર્યા જ કરો તો અમને તમારી દયા આવે કે તમારા પર પ્રેમ થાય?

(ક્રમશઃ)

માર્ગને સમજો

–પ. પૂ. શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

સુવિહિત શિરોમણિ, સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ સ્વ રચિત 'શ્રી અષ્ટક' ગ્રન્થમાં ફરમાવ્યું છે કે, ધર્મના અર્થી પુરૂષોએ ધર્મ સૂક્ષ્મ બુદ્ધિથી જાણવો જોઇએ. અન્યથા ધર્મના નામે જ ધર્મના વ્યવઘાતનો પ્રસંગ આવે છે. આ વાત તેઓશ્રીએ સુંદર દૃષ્ટાંતથી સમજાવી છે કે, એક ધર્માર્થી મનુષ્યે અમુક સમય માટે એવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે, આટલા સમયમાં જો કોઇ સાધુ બિમાર પડે તો તેમને ઔષધ પ્રદાનાદિનો લાભ લેવો. બન્યું એવું કે, તે અભિગ્રહ ધારકના કાલમર્યાદા દરમ્યાન કોઇપણ સાધુ બિમાર ન પડયા તેથી તેમના અભિગ્રહની પૂર્તિ થઈ નહિ. તેથી સ્થૂલ બુદ્ધિનો તે ઘાતા વિચારવા લાગ્યો કે, મારો અભિગ્રહ નિષ્ફલ ગયો.

મને લાભ મલ્યો નહિ આવા પ્રકારનો મનમાં ખેદ અને ઉદ્વેગ ધારણ કરવા લાગ્યો. ત્યાં પૂ. આચાર્ય ભગવંત ફરમાવ્યું કે, ખરેખર આવો વિચાર એ ધર્મના ઘાતનો વિચાર છે. અભિગ્રહ સારો અને કર્મક્ષયનું કારણ છે. પણ અભિગ્રહની પૂર્તિ ન થવાથી જે ખેદ થયો તે કર્મબંધનું કારણ બને અને ધર્મના નામે જ ધર્મનો નાશ થાય. જો સૂક્ષ્મમતિવાળો ઘાતા હોય તો તે વિચારે કે, સાધુ બિમાર પડે તો ઔષધ પ્રદાન કરવાનું છે. પણ સાધુ બિમાર પડે અને મને લાભ મળે તેમ ઇચ્છવાનું નથી. તેમ ઇચ્છવાથી તો ધર્મના નામે જ ધર્મની હાનિ થાય, કોઇપણ સાધુ બિમાર ન પડો તે ભાવના ભાવવાની છે.

આ જ વાતનો વર્તમાનમાં વિચાર કરીએ તો ખેદ ઉત્પન્ન થાય તેવી હાલત છે. ધર્મના વિચારમાં સૂક્ષ્મ મતિના બદલે સ્થુલ મતિનો જ વ્યાપક પ્રચાર દેખાય છે. છે. તેથી મોટા ભાગે દેવ–ગુર્વાદિની ભક્તિના નામે કર્મભક્તિ જ થતી દેખાય છે. શાસ્ત્રકાર પરમર્ષિઓએ ભક્તિને મુક્તિની દૂતી કહી છે પણ તે વિવેકપૂર્વકની હોય તો. વિવેકરહિત ભક્તિ તો મુક્તિને દૂર ધકેલનારી બને છે, દુનિયામાં પણ ઘેલી ભક્તિના વખાણ થતા નથી પણ ઘેલી ભક્તિને વખોડવામાં આવે છે. તો પરમ તારક શ્રી જૈન શાસનમાં તો વિવેકપૂર્વકની જ ભક્તિ વખાણાય અને કરાય, વિવેકરહિત ભક્તિ વખોડાય અને તેનાથી દૂર રહેવાનું સમજાવાય તે સુજ્ઞજનો સારી રીતના સમજી શકે છે. માન–પાનના ભુખ્યા, નામનાદિ પાછળ મરનારાને આ વાત ન ગમે કે આવી સાચી વાત કરનારા વિરોધી લાગે તે બનવું સહજ છે.

જે આત્માના હૈયામાં પોતાના પરમતારઠ, ભવોદધિતારઠ પૂજ્યપાઠ ગુરૂદેવ પ્રત્યે હૈયાની આંતરિઠ પ્રીતિ અને બહુમાનપૂર્વઠ જે ભઠિત હોય છે તેનું તો વર્ણન થઇ શકે તેમ નથી. તેથી જ શાસ્ત્રઠારોએ સાચાં અને ખોટાં ભઠિત બહુમાનમાં આભ-જમીનનું અંતર છે તે વાત બહુ જ સાચી રીતના સમજાવી છે હૈયાની પ્રીતિ વિનાની માત્ર બાહ્ય પ્રીતિ તેને ખોટી ભઠિત ઠહી. અને હૈયાની અભ્યંતર પ્રીતિ, અંતરનો જે ઉમળકો, હૈયાનો સાચો પ્રેમ તેને 'બહુમાન' પૂર્વઠની ભઠિત ઠહી છે. આ વાતનો વ્યવહારમાં બધાને અનુભવ છે કે, વર્તમાનનો સત્તા સ્થાને રહેલ અધિઠારી વર્ગ નાખુશ ન બને, સ્વાર્થને હણનારો ન બને તે માટે તેને સાચવવા બાહ્ય આદર-સત્ઠાર-પ્રીતિ દેખાડાય છે. જ્યારે દીઠરી અને જમાઇ આવે તેના ઉપર અંતરના ઉમળઠાની હૈયાની આંતરિઠ પ્રીતિ દેખાડાય છે.

આ જ વાતને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ સ્વરચિત 'સમ્યઠત્વના સડસઠ બોલ' ની સજ્ઝાયમાં પણ ગુજરાતી ભાષામાં સમજાવી કે,

"ભઠત બાહ્ય પ્રતિપત્તિજી,
હૃદય પ્રેમ બહુમાન."
(ઢાળ-ત્રીજી, ગા૦-૧૮)

આપણે તે વિચારી રહ્યા છે કે, વિવેઠ રહિત ભઠિત તે બાહ્ય ભઠિત બને અને વિવેઠપૂર્વઠની ભઠિત તે અંતરના બહુમાનની ભઠિત બને.

આ જ વાતને પૂ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના જીવન પ્રસંગથી પણ વિચારવી છે. 'જગદ્ગુરૂ' નું બિરૂદ જેમને ખુદ શ્રી અઠબર બાદશાહે આપેલું હતું, આજની જેમ પોતાની જાતે લગાડ્યું ન હતુ. તેમના પરમતારઠ પૂ. ગુરૂદેવેશના સમાધિથી ક્રાળધર્મબાદ **ગુરૂભઠિત નિમિતે તેઓ પૂજ્યશ્રીજીએ ઉપવાસ, આયંબિલ અને એકાશના એ ક્રમસર તેર માસનો તપ કર્યો હતો.**

વાતવાતમાં પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે લોકોમાં વાહવાહ અને ગુરૂભઠતની વફાદારી બતાવવા માટે છાશવારેને તારઠ ગુર્વાદિનું નામ દેનારા આપણા સૌના માટે આ પ્રસંગ સુંદર માર્ગદર્શન આપનારો છે અને હિતૈષી આત્માને સન્માર્ગગામી બનાવનારો છે કે- **પોતાના તારઠ પૂ. ગુરૂદેવેશ પ્રત્યે હૈયાના બહુમાન પૂર્વઠની સાચી ભઠિત હોય તો પોતે તપ, સ્વાધ્યાય અને નિરતિચાર અપ્રમત્ત સંયમના પાલનમાં જ ઉદ્યમિત બનવું જોઇએ. પણ શ્રીમંત ભઠતોની નામના માટે, તેમના હાથા ન બની જવાય અને ભઠિતના નામે સ્વપ્રભઠિત**

ન થાય, ગુરૂનું ગૌરવ વધારવાને-જાળવવાને બદલે, ગુરૂનું જ ગૌરવ ન હણાય તેની ખૂબ જ કાળજી રાખવી જોઇએ.

સ્થૂલ મતિવાળા જીવોને આ વાત ગમવાની નથી. તેમને તો આ બધા 'ગુરૂ-દ્રોહી' અને 'ગુરૂના વિરોધી' જ લાગવાના છે. શાસ્ત્રકારોએ લોક વિરોધનો ત્યાગ કરવાનું નથી કહ્યું લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવાનું કહ્યું છે. લોકના વિરોધનો જ ત્યાગ કરવાનો હોય તો કોઇપણ આત્મા આત્મ કલ્યાણકર-હિતકર તરફ પ્રવૃત્તિ આરાધી શકે નહિ. લોકવિરોધની સામે મક્કમ બને અને શાસ્ત્ર નીતિનો જે આશ્રય કરે તે જ આત્મા સ્વ-પર ઊભયના આત્મ કલ્યાણના માર્ગે આગળ વધે.

આ જ પૂજ્યપાદ જગદ્‌ગુરૂએ પોતાના જીવનમાં અવિહિત પ્રવૃત્તિ કરી નથી. તેવી પ્રવૃત્તિ સામે મરણાંત આપત્તિ સહેવી પડી તો તે ય મજેથી સહી પણ અવિહિત પ્રવૃત્તિ ન કરી તે ન જ કરી. આ પ્રસંગ પણ વર્ત્તમાનમાં કુલી ફાલી પડેલી અવિહિત પ્રવૃત્તિઓ સામે રૂકાવટની લાલ બત્તી ધરનારો છે. પણ સૂક્ષ્મમતિ વિના આ પ્રસંગનો પરમાર્થ સમજાવવાનો નથી. સ્થૂલમતિવાળા તો લોકની ભેળા ભળી જવાના છે અને હાથે કરીને માંડ માંડ પ્રાપ્ત સન્માર્ગથી પતિત થઇ આત્મઘાતક પ્રવૃત્તિના હાથા બની જવાના છે-- રહ્યા છે. ખરેખર તો દયાપાત્ર છે. મૂળ તો તેના પ્રેરક પ્રવૃર્ત્તકો જ વધુ દયનીય છે.

પૂ. જગદ્‌ગુરૂ આ. વિજય હીરસૂરીશ્વરજી મહારાજા, કુણઘેરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તે વખતે આ. વિ. સોમસુંદરસૂરિજી મ. પણ ચોમાસું ત્યાં હતા. પાટણથી આ. વિ. ઉદયપ્રભસૂરિજી ત્રણસો શિષ્યો સાથે પર્યુષણા પછી કુણઘેર આવ્યા છે. અને પૂ. જગદ્‌ગુરૂને કહે કે-'તમો આ. વિ. સોમસુંદર સૂ.ને ખામણા કરો તો અમે તમને કરીએ.'

ત્યારે પૂ. જગદ્‌ગુરૂ-'મારા ગુરૂએ કર્યા નથી માટે અમે કેમ કરીએ ?'

આ. વિ. ઉદયપ્રભસૂ.-'અમારું નહિ માનો તો તમને દુભવીશું, હેરાન કરીશું.'

પૂ. આ. વિ. હીરસૂ મ.-**'તમે શું કરવાના ? અવશ્ય બનનારને કેવલી પણ ટાળી શકતા નથી'.**

વર્તમાનના વિવાદોને મટાવવા માટે આ પ્રસંગ જ શાંતિથી વિચારવાની જરૂર છે. એક તો અવિહિત પ્રવૃત્તિ શરૂ કરવી, કોઇ સાચું સમજાવે તો તેને સત્તાના જોરે, શ્રીમંત ભક્તોના જોરે ખોટા પાડવા સાચું જાણવા છતાં માનવું નહિ-તે

આત્માની કેટલી બધી અધમદશા આવ્યા વિના શક્ય બને ખરું ? પોતાના જ તારક ગુર્વાદિ વડિલોએ જે પ્રવૃત્તિને ખોટી પણ જણાવી છે કે તેને પ્રોત્સાહન આપ્યું નથી પણ તેમ કરનારને પોતાની વિદ્યમાન અવસ્થામાં રોક્યા છે. તો ખરેખર સુશિષ્યની ફરજ શી કહેવાય ? માન-પાનની તીવ્ર લાલસા અને કારમા અભિનિવેશને ટાળ્યા વિના આત્માની સુંદર દશા પેદા થતી નથી કે સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ વિચારવાનુ મન પણ થતું નથી. સુવિહિત પ્રવૃત્તિનો આદર પણ થતો નથી.

તેથી રોકે ભરાયેલા આ. વિ. ઉદયપ્રભસૂરિજીએ પાટણ જઇ, પાટણના સૂબા કલાખાનના કાન ભંભેર્યા કે—'હીરસૂરિએ વરસાદ આપ્યો છે.' તેથી તેમને પકડવા સો (૧૦૦) ઘોડેસ્વાર સૈનિકો કુણ ઘેર આવ્યા અને ઘેરો ઘાલીને રહ્યા. પૂ. જગદ્ગુરૂને ભાગવું પડ્યું. વડાલીના તોલાવામીને ખબર પડી તો પૂ. આચાર્ય ભગવંતના રક્ષણ માટે ઘણા કોઇ સાથે આવ્યો અને છીંડાના માર્ગે બધાને વડાલી લઇ ગયા અને ત્યાં સુરક્ષિત જગ્યાએ ત્રણ મહિના રાખી રક્ષણ કર્યું.

આપણે વિચાર એ કરવો છે કે, જગદ્ગુરૂએ પણ મરણાંત આપત્તિ સહી પણ અવિહિત પ્રવૃત્તિનો આદર ન કર્યો કે ન જ કર્યો. આ પ્રસંગનો એક જ બોધપાઠ આપણને સૌને છે કે, આત્મ કલ્યાણના માર્ગે આગળ વધવું હોય તો પોતાના તારક ગુરૂદેવે જે સન્માર્ગ યથાર્થ જ બતાવ્યો તે માર્ગે ચાલવું, સુવિહિત પ્રવૃત્તિનો પ્રવૃત્તિનો જ આદર કરવો, અવિહિત પ્રવૃત્તિ તરફ નજર પણ નાખવી નહિ બહુ બહુ તો આ ભાવમાં આક્ષેપાદિ સહન કરવાનું આવે તો તે સહી લેવા. જેથી ભાવિ તો સુંદર બને. સૌ પુણ્યાત્માઓ સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણી, સદ્ધર્મનો આદર-આરાધન કરી વહેલામાં વહેલા આ સંસારથી પાર પામો તે જ ભાવના.

વિરાગમૂર્તિ શ્રી વીર વિભુની આખરી દેશના

ત્રિષષ્ઠિગત શ્રી વીરવિભોરન્તિમ-દેશના (ચાર પ્રકાશ પ્રમાણ)

"પુમર્થા: ખલુ ચત્વાર:, કામાર્થૌ તત્ર જન્મિનામ્ ।
અનર્થભૂતૌ નામધેયાદેવાર્થૌ પરમાર્થત: ॥૧॥"

આ જગતમાં (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ રીતે) પુરૂષાર્થો આ ચાર પ્રકારના છે. તે ચારમાંથી પ્રાણીઓને કામ અને અર્થ તો નામથી જ અર્થ=પુરૂષાર્થ તો તે બન્ને (અર્થ અને કામ) અનર્થ રૂપ છે. ૧

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૭] —શ્રી રાજુભાઇ પંડિત

(૩૭) કુમારોની શસ્ત્ર-પરીક્ષા

હવે રાધાવેધની શિક્ષા માટે ખરેખર લાયક કોણ છે ? તે જાણવા માટે ગુરૂ-દ્રોણાચાર્યે દરેક કુમારોની પરીક્ષા કરવાનું વિચાર્યું.

એક દિવસ વૃક્ષ ઉપર એક મોરનું પીછું મૂકીને દરેક કુમારોને કહ્યું કે – આ મોરપીંછામાં બરાબર વચ્ચે રહેલા ચંદ્રને વિંધવાનો છે. તમે બધા તમારા સ્થાનમાં લક્ષ્ય તરફ નજર રાખીને ઉભા રહો હું આજ્ઞા કરૂં ત્યારે તમારે બાણ છોડવાનું છે.

ગુરૂદેવનો આદેશ થતાં જ દરેક કુમારો ધનુષને ધારણ કરીને પણછ ઉપર તીર ચડાવીને લક્ષ્ય તરફ નજર રાખીને ઊભા રહ્યા.

પછી ગુરૂદેવે પૂછ્યું – તમે શું શું જોઇ શકો છો ? મને, વૃક્ષને, લક્ષ્યને આ બંધુઓને કોને કોને જોઇ શકો છો ?

કુમારે બોલ્યા – અમે તો તમને, વૃક્ષને, લક્ષ્યને, ભાઇઓને એમ દરેકને જોઇ શકીએ છીએ.

તેઓના આ વચનથી વ્યથિત થયેલા ગુરૂએ વિચાર્યું હલકા રત્નની જેમ આ કુમારો રાધાવેધને લાયક નથી.

પછી અર્જુનને એ જ રીતે ઊભો રાખીને, એ જ પ્રશ્ન પૂછતાં અર્જુને કહ્યું – "ગુરૂદેવ ! મને તો મોરપીંછાના ચંદ્રક વિના કશું જ દેખાતું નથી."

અર્જુનના જવાબથી ખુશ થયેલા ગુરૂદેવે મનથી નક્કી કરી લીધું કે – રાધાવેધ-ની શિક્ષા માટે અર્જુન જ યોગ્ય છે.

હવે એક વખત દ્રોણાચાર્ય ગંગાનદીના જળમાં સ્નાન કરવા માટે ગયા. કુમારો પણ ગુરૂદેવની પાછળ ગયા. ગુરૂ દ્રોણાચાર્ય જળમાં સ્નાન કરતાં કરતાં જલ્દીથી કોઇ ભયાનક જળચર ગ્રાહ વડે જાંઘથી ગ્રસાયા.

તે વખતે ગ્રાહનો નિગ્રહ કરવાની પોતાની શક્તિ હોવા છતાં ગુરૂદેવે વિક્રમી કુમારોને ગ્રાહનો નિગ્રહ કરી પોતાને બચાવવા આદેશ કર્યો. આથી અગાધજળમાં રહેલા તે ગ્રાહને હણવા માટે બધા કુમારો અસમર્થ બન્યા. આથી ઉદાસીન તેઓને જોઇને તે લોકો કશું કરી શકે તેમ નથી તેમ સમજીને ગુરૂદેવે અર્જુન તરફ નજર કરી.

આથી ગુરૂની નજરમાં છૂપાયેલા ગ્રાહના નિગ્રહના આદેશને વાંચ્યો. લક્ષને ધનુર્ધર અર્જુને તરત જ શર સંધાન કર્યા. બાણોનો મારો ચલાવીને અર્જુને ગ્રાહના જડબાને (મોંઢાને) એકદમ ખુલ્લુ જ કરી નાંખ્યું. આથી ગ્રાહની પક્કડ છૂટી જતાં ગુરૂદેવનો પગ તરત જ છૂટો થઇ ગયો. આથી ગુરૂની રક્ષા કરનાર અર્જુનને ગુરૂદેવે રાધાવેધ–શિક્ષા નામનું પારિતોષિક આપ્યું.

રાધાવેધના પ્રાપ્ત થયેલા રહસ્યથી અર્જુનના આનંદનો પાર ન રહ્યો.

હવે કરેક રાજકુમારોની શસ્ત્રાભ્યાસની પૂર્ણાહુતિ થતાં ગુરૂદ્રોણાચાર્યે આવીને ભીષ્મ પિતામહાદિ સહિત પાંડુરાજાને જણાવ્યું કે – હવે આ કુમારોની પરીક્ષા કરવી જોઇએ.

આથી ભીષ્મ પિતામહાદિએ વિદ્વરને પરીક્ષા માટેનો રંગમંડપ તૈયાર કરવા આદેશ કર્યો. આદેશ થતાં જ વિદ્વરે રાજા, ભીષ્મ પિતામહાદિ, પરદા પાછળ રહેનાર કુલવધુ યોગ્ય સુંદર બેઠકોવાળો રંગમંડપ તૈયાર કરાવી દીધો.

ગુરૂ દ્રોણાચાર્યે સૂચવેલા દિવસે કુમારોની પરીક્ષા લેવાની શરુ થઇ.

યુધિષ્ઠિર, ભીમ, દુર્યોધન, કર્ણ તથા અર્જુન એ પાંચે સિવાયના કરેક કુમારોને પોતાની કળા–કૌશલ કરવા આદેશ કરતાં કરેકે પોતપોતાની કુશળતા જણાવી દીધી.

પછી યુધિષ્ઠિરને કહેવામાં આવતાં તેણે પણ પોતાની કરેક અસ્ત્ર – શસ્ત્ર – બાણ આદિ કળાઓ બતાવી. જેથી આખો રંગમંચ ખુશ – ખુશ થઇ ગયો.

ત્યાર પછી દુર્યોધન તથા ભીમને ગદાયુદ્ધ બતાવવાનો આદેશ થતા બન્ને મહારથીઓ ગદા લઇને આમને–સામને આવી ગયા.

દુર્યોધનને પહેલાની વેરની વસૂલાત કરવાનું યાદ આવી જતાં હૈયામાં તીવ્ર રોષથી ગદા વડે ભીમના ચૂરેચૂરા કરી નાંખવાનું નક્કી કરી લીધું. મનમાં સળગતા ક્રોધના કારણે તેના કપાળ ઉપર પરસેવો થવા લાગ્યો. શરૂઆતમાં તો ભીમે તે પરસેવા સુધીની તેની મનો વિકૃતિને જાણી છતાં ગણકારી નહિ. તે તો માત્ર ગદાયુદ્ધની પરીક્ષા માટે જ આવી રહ્યો હતો. પણ દુર્યોધનની ક્રોધથી વધુ ભયંકર બનેલી મુખાકૃતિ જોતા ભીમના હૈયામાં પણ ક્રોધ સળગી ઉઠયો ગદાને ઉઠાવીને દુર્યોધનના રામ રમાડી દેવા માટે તે પણ ક્રોધથી ધૂંઆ–પૂંઆ થતો ત્યાં આવ્યો.

મુખાકૃતિના જાણકાર ગુરૂદ્રોણથી તે વાત છાની રહી ના શકી.

આ તરફ બન્ને ક્રોધના પહાડો પૂરી તાકાતથી ગદા ઉઠાવીને વધુને વધુ નજીક

આવી રહ્યા હતા. પરીક્ષા જોનારી પર્ષદા એક જ હોવા છતાં કેટલાંક દુર્યોધનના અને કેટલાંક ભીમના વખાણ કરવા લાગ્યા. આથી સભા બે ભાગમાં વહેંચાઇ ગઇ હતી.

હવે તો બન્ને એક બીજાની સાવ લગોલગ આવી પહોંચ્યાં હતા બન્નેએ તાકાતથી તાણેલી ગદાઓ હમણાં જ ટકરાશે અને તણખાં ઝરવા માંડશે. એવું ગંભીર વાતાવરણ સર્જાઇ ગયું હતું.

બન્નેએ ગદા સાથે ગદાથી શરીર ઉપર પ્રહાર કરવાનો જેવો હાથ ઉગામ્યો ત્યાં જ ચાલાક ગુરૂદ્રોણાચાર્યે પ્રચંડ શક્તિશાળી પોતાના પુત્ર અશ્વત્થામાને કહ્યું – 'જા ! એ બન્નેને ગદાના પ્રહારો થાય એ પહેલાં જ ગદાયુદ્ધથી જલ્દીથી રોકી દે.' આ શસ્ત્રોની પરીક્ષાની રંગભૂમિ ક્યાંક યુદ્ધભૂમિ બની ના જાય.

આર્ય તરત જ ગુરૂપુત્ર પરાક્રમી અશ્વત્થામાએ જલ્દીથી દોડી આવીને બન્નેને ગદાયુદ્ધથી અટકાવી દીધા. તેથી સ્વસ્થ બનેલા બન્ને પોતાના સ્થાને બેસી ગયા.

ગદાયુદ્ધ થવાનું હતુ ત્યારે જે ભયંકર ધડામધિમ ધડામધિમ વાજીંત્રોના નાદ થતા હતા તેને તથા બન્નેના યુદ્ધને અટકાવવાથી હોહા મચાવી મૂકેલા પ્રેક્ષકોને શાંત પાડતા ગુરૂદ્રોણે કહ્યું કે – "જે મને પુત્રથી પણ વધુ પ્રિય છે, મારા પ્રાણથી પણ વધુ પ્રિયંકર છે તે સર્વ અસ્ત્રસાગરના પાર પામેલા પાર્થને હવે તમે જુઓ."

આટલું ગુરૂવચન સાંભળતાં જ કુંતીના તથા લોકોના મુખ પૂર્ણિમાના ચંદ્રની જેમ વિકસિત બન્યા. જ્યારે ગાંધારીનું મુખ અમાસની રાત જેવું શ્યામ બન્યું. આ સમયે હર્ષના કારણે કુંતીના સ્તનનાંથી દૂધ ઝરવા સાથે આંખમાંથી હર્ષાશ્રુ ટપકવા લાગ્યા.

બીજી તરફ ધનુષને ધારણ કરીને, કવચ પહેરીને, ડાબા હાથ ઉપર ગોધા ધારણ કરીને બાણના ભાથા સાથે પૂરી ખુમારીથી અર્જુને રંગમંડપમાં પ્રવેશ કર્યો. એ જ સમયે દુર્યોધનના મનમાં ક્રોધનો સપ્તર્ચિ=અગ્નિ સળગી ઉઠ્યો.

સાક્ષાત્ ધનુર્વેદ જેવા અર્જુનને રંગ મંડપમાં આવેલો જોતાં જ લોકોએ અર્જુનની નિઃસીમ પ્રશંસા કરી. આથી સર્વ શસ્ત્ર સમુદ્રના કર્ણધાર જેવા કર્ણથી અર્જુનની તે પ્રશંસા સાંખી શકાઇ નહિ. તેથી પ્રશંસા કરનારા લોકોની તથા અર્જુનની હત્યા કરી નાંખવાનું તેણે નક્કી કરી લીધું.

હરખ અને શોકના ઉભા થયેલા એ માહોલથી પર બનીને પ્રસન્નતાપૂર્વક અર્જુને તો પોતાની ધનુર્વિદ્યા બતાવવાની શરૂ કરી. ધનુષ પર શરના સંધાન કરીને ધનુષને છોડતા છોડતા અર્જુને સેંકડો લક્ષ્યોને એટલી તીવ્ર ઝડપથી ભેદી નાંખ્યા કે જેથી લોકો તે બધા લક્ષ્યો એક જ સમયે ભેદાયેલા માનવા લાગ્યા.

ચક્રની જેમ તીવ્ર વેગથી ભમી રહેલા લોઢાના યાંત્રિક વરાહના મુખમાં અર્જુને એક સાથે પાંચ – પાંચ બાણો બરાબર લક્ષ્ય નક્કી કરીને ભોંસી દીધા.

ત્યાર પછી રાધાવેધાદિક ધનુષ્કળા પણ તેણે બતાવી.

મંત્રાસ્ત્રો છોડીને અગ્નિ પેટાવ્યો. અને વરૂણાસ્ત્રથી જળ વર્ષાવી તેને શાંત પણ કર્યો.

આ રીતે લગભગ અર્જુને મોટા ભાગની ધનુષ્કળા બતાવી દેતા લોકો અત્યંત આનંદિત થઇ ઉઠયા હતા, બસ, બરાબર તેવા વખતે પ્રલયકાળના પુષ્કરાવર્તના મેઘ જેવો મહાભૈરવ ભુજાનો આસ્ફોટ સંભળાયો.

લોકે દિગ્મૂઢ બની ગયા. અરે ! શું પર્વતો ભાંગવા માંડયા ? કે પછી ધરતી ફાટી ઉઠી કે પછી સમુદ્રો ખળભળી ઉઠયા ? આટલો પ્રચંડ ભયંકર ભુજાનો આસ્ફોટ જેવો અવાજ કોનો છે ?

આખી સભા સ્તબ્ધ થઇ.

પાંચે પાંડવોએ ગુરૂ રક્ષા માટે ગુરૂ દ્રોણની ફરતે ગોઠવાઇ જઇ રક્ષા–કવચ ઉભુ કરી દીધું.

દુર્યોધનની રક્ષા કરવા માટે અશ્વત્થામા સહિત ૯૯ ભાઇઓ દુર્યોધનને વીંટળાઇ વળ્યા.

એવામાં સિંહનાદ જેવા ભુજાના આસ્ફોટની દિશા તરફ લોકોએ જોયુ તો – ભયંકર આકૃતિવાળો, અતિ ઉન્નત, તલવાર સહિત ધનુષ–બાણને ધારણ કરનારો, સોનાના કવચવાળો અર્જુનના પ્રાણના વિનાશ કરવા તડપતો, રોષારૂણ નેત્રોથી અર્જુનને જોતો, રંગ મંચના મધ્ય ભાગમાં આવીને કર્ણ ઉભો રહ્યો.

કામી જીવની દશ દશાઓ

પ્રથમ	– અભિલાષા	છઠ્ઠામાં	– વિલાપ
બીજી	– અર્થચિન્તન	સાતમાં	– ઉન્માદ
ત્રીજી	– અનુસ્મૃતિ	આઠમાં	– વ્યાધિ
ચોથામાં	– ગુણાકીર્તન	નવમાં	– જડતા
પાંચમાં	– ઉદ્વેગ	દશમાં	– પ્રાય : મરણ અવસ્થા

જો આવી દશ દશાઓમાં લોપાવું ન હોય તો તીર્થંકરોએ પ્રરૂપેલા અને ગુરૂઓએ વર્ણવેલા સર્વવિરતિ ધર્મને અંગીકાર કરી મુક્તિ નજીક બનાવો.

અમિષ આર. શાહ
અમી આર. શાહ

જિન ભક્તિનું ફળ વિધાન

(ઉપદેશ પ્રાસાદ મહાગ્રંથ આધારે)

—શાહ રતિલાલ ડી. ગુઢકા

નરત્વં પ્રાપ્ય પ્રપ્રાપ્યં કુર્વંતિ ભરતાદ્રિવત
તીર્થંકરાર્ચનં ભક્તિતેષાં સ્યાત્ શાશ્વતયશઃ

જેઓ દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરી ભરતાદ્રિની જેમ તીર્થંકર ભગવંતની પૂજા અને ભક્તિ કરે છે તેમને શાશ્વત સુખ કીર્તિ પ્રાપ્ત થાય છે. એટલે કે જલ્દી મોક્ષ સુખને વરે છે.

ભરત મહારાજાની કથા : ભરત ચક્રવર્તીએ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતને પૂછ્યું--'હે ભગવંત, અગાઉ જે તીર્થમાં આપ નવાણું વખત સમોસર્યા હતા તે તીર્થ શું શાશ્વત છે ?

ભગવાને કહ્યું-'હે ભરત એ સિદ્ધાચલગિરિ પહેલા આરામાં એંશી યોજન, બીજા આરામાં સીતેર યોજન, ત્રીજા આરામાં સાઠ યોજન, ચોથા આરામાં પચાસ યોજન, પાંચમા આરામાં બાર યોજન, છઠ્ઠા આરામાં સાત હાથના પ્રમાણવાળો થાય છે. આથી એ તીર્થ શાશ્વત છે. આ તીર્થની અવસર્પીણીમાં અને ઉત્સર્પીણીમાં હાની વૃદ્ધિ થયા કરે છે.

શ્રી સિદ્ધાચળ શાશ્વત તીર્થ છે તેમ જાણીને એક દિવસ ભરત ચક્રવર્તી શ્રી સંઘ સાથે તેની જાત્રાએ ગયા. ત્યાં પહોંચીને ઇન્દ્રના વચનથી ચક્રવર્તીએ હીરા-માણેક-મોતી અને રત્નોથી સુશોભિત ચોરસી મંડપવાળો ત્રૈલોક્ય વિભ્રમ નામે ભવ્ય પ્રાસાદ કરાવ્યો. આ પ્રાસાદ એક કોશ ઊંચો દોઢ કોશ વિસ્તીર્ણ અને હજાર ધનુષ પહોળો હતો. આ ભવ્ય પ્રાસાદમાં ભરતે સુવર્ણ રત્નમય શ્રી ઋષભબિંબ સ્થાપિત કર્યું. આમ પ્રથમ સંઘપતિ ભરત ચક્રવર્તીએ શ્રી શત્રુંજય તીર્થનો પ્રથમ ઉદ્ધાર કરાવ્યો.

ભરત ચક્રવર્તીની જેમ તેમના સંતાનો આદિત્યયશા મહાયશા અને અતિબળ આદિ પુત્રોએ પણ આ તીર્થનો સંઘ કાઢયો હતો અને સંઘપતિ થઇ કેવળજ્ઞાન પામ્યા. ઇક્ષ્વાકુ કુળમાં બીજા પણ અનેક રાજાઓ મોક્ષે ગયા છે. વસુદેવહિંડી નામના ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે અસંખ્ય રાજાઓ આ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામ્યા છે.

છ કરોડ પૂર્વ પછી ભરત ચક્રીની આઠમી પેઢીએ દંડવીર્ય રાજા થયો તેણે પણ

સંઘપતિ થઇ શ્રી શત્રુંજય તીર્થનો બીજો ઉદ્ધાર કરાવ્યો. આ દંડવીર્ય રાજાને પણ અરિસા ભવનમાં કેવળજ્ઞાન થયું હતું.

ત્યાર પછી એકસો સાગરોપમ વિત્યા બાદ મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી જિનેશ્વર ભગવંત પાસેથી આ તીર્થનું વર્ણન અને મહિમા સાંભળીને ઇશાને ઇન્દ્રે તેનો ત્રીજો ઉદ્ધાર કરાવ્યો. ત્યારબાદ એક કરોડ સાગરોપમના સમયના સમય બાદ માહેન્દ્રે ચોથો ઉદ્ધાર કરાવ્યો. તે પછી દશકોટી સાગરોપમ ગયા બાદ બ્રહ્મેન્દ્રે પાંચમો ઉદ્ધાર કર્યો. અને તે પછી એક કોટી સાગરોપમ ગયા બાદ ભવનપતિ ચમરેન્દ્રે શત્રુંજયગિરિનો છટ્ઠો ઉદ્ધાર કર્યો.

શ્રી આદિનાથ પ્રભુ થઇ ગયા પછી ૫૦ લાખ કોટી સાગરોપમ બાદ શ્રી સાગર ચક્રવર્તી થયાને ઇન્દ્રના કેવાથી પડતો સમય જાણીને આ સાગર ચક્રવર્તીએ ભરતે ભરાવેલ મણિમય જિનબિંબને ભૂમિમાં ભંડાર્યું. અને તેમણે આ તીર્થનો સાતમો ઉદ્ધાર કર્યો. તે પછી ચોથા તીર્થંકર પરમાત્મા શ્રી અભિનંદન સ્વામીના સમયમાં વ્યંતરેન્દ્રે આઠમો ઉદ્ધાર કર્યો. આ તીર્થનો નવમો ઉદ્ધાર શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના સમયમાં ચંદ્રયશા રાજાએ કરાવ્યો. શ્રી શાંતિનાથના પુત્ર ચક્રાયુધે દશમો ઉદ્ધાર કરાવ્યો. શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં રામચંદ્રના હસ્તે અગિયારમો ઉદ્ધાર શત્રુંજયનો થયો.

બાવીસમાં તીર્થંકર નેમિનાથના સ્વામીના સમયની વાત છે. તે સમયમાં પાંડવોએ ભયાનક હિંસક યુદ્ધ કર્યું. તેથી તેમણે મહાપાપ બાંધ્યું. પુત્રોને પાપમુક્ત કરવા માતા કુંતીએ કહ્યું—'પુત્રો ? ગોત્ર દ્રોહ કરીને તમે મહા પાપ (બાંધ્યું.) કર્યું છે. આથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરીને તમો એ પાપનો નાશ કરો.'

માતાની આજ્ઞા માની પાંડવોએ આ તીર્થની યાત્રા કરી. ત્યાં તેમણે અમુલ્ય લાકડાનો ભવ્ય પ્રાસાદ કરાવ્યો. અને તેમાં લેપમય જિનબિંબ સ્થાપીને શ્રી શત્રુંજય તીર્થનો બારમો ઉદ્ધાર કર્યો.

ત્યાર બાદ શ્રી વીર પ્રભુના નિર્વાણ બાદ ચારસોને સીતેર વર્ષે વિક્રમાદિત્ય રાજા થયો. આ તીર્થનો સંઘ કાઢી તે સંઘપતિ બન્યો. (આ તે જ વિક્રમાદિત્ય જેણે પોતાનું સંવત્સર સ્થાપી નામ રાખ્યું છે વિક્રમ સંવત જે આજે ૨૦૫૮ ચાલે છે પછે ૨૦૫૫ થશે તે જ વિક્રમાદિત્ય પરદુઃખભંજન રાજા) તે પછી સંવત ૧૦૮ માં જાવડ શેઠે તેરમો ઉદ્ધાર કર્યો.

પાંડવો અને જાવડ શેઠના સમય દરમ્યાન બે કરોડ પંચાણું લાખ અને પંચોતેર હજાર તેટલા સંઘપતિ થયા. તે પછી સંવત ૧૨૧૩માં શ્રીમાળી બાહડ દેવે ચૌદમો

ઉદ્ધાર કર્યો. સંવત ૧૩૭૧માં શ્રી રત્નાકરસૂરિના ભક્ત અને બાદશાહના પ્રધાન ઓસવાળ શ્રેષ્ઠિ સમરાશાએ આ તીર્થનો પંદરમો ઉદ્ધાર કરાવ્યો. આ સંઘપતિ સમરાશાએ નવ લાખ કેદીઓને સોનૈયા આપીને કેદ મુક્ત કરાવ્યા હતા. સંવત ૧૫૮૭ માં બાદશાહ બહાદુરશાહના માનીતા શેઠ કરમાશાહે શ્રી શત્રુંજય તીર્થનો સોળમો ઉદ્ધાર કર્યો. અને છેલ્લો સત્તરમો ઉદ્ધાર શ્રી દુપ્પસહસૂરિના શ્રાવક વિમળ વાહન રાજાના હસ્તે થશે.

એક સમયની વાત છે. નગપુરામાં પુનડ નામનો શ્રાવક ગુરૂની દેશના સાંભળી રહ્યો હતો. ગુરૂ ભવ્ય જીવોને કહી રહ્યા હતા. 'ધર્મના સ્થાનમાં ધર્મકાર્યમાં ખર્ચેલી-વાપરેલી (કેમાં જેવાં કે દેરાસર જીનબિંબ જીનાલય ઉપાશ્રય સાતે ક્ષેત્રમાં) લક્ષ્મી શાશ્વત થાય છે. તેમાંએ વળી તો તીર્થયાત્રાનું (ફળ) પુણ્ય ઘણું મોટું છે. કહ્યું છે કે-

આરંભની નિવૃત્તિ, દ્રવ્યની સફળતા, ઉંચા પ્રકારે સંઘનું વાત્સલ્ય સમકિતની નિર્મળતા, સંગહીજનનું હિત, પ્રાચીન ચૈત્યોનાં દર્શન, તીર્થની ઉન્નતીનો પ્રભાવ, જિનવચનની માન્યતા તીર્થંકર ગોત્રનો બંધ, સિદ્ધિનું સામીપ્ય અને દેવ તથા મનુષ્ય ભવનો લાભ આ બધા જ તીર્થ યાત્રાના ફળ છે.'

ગુરૂની વાણી સાંભળી તેમજ તીર્થયાત્રાનો મહિમા જાણી પુનડશેઠે સંવત ૧૨૭૫ માં નાગપુર-નાગોરથી શ્રી શત્રુંજય તીર્થનો સંઘ કાઢયો. આ સંઘમાં અઢારસો મોટા ગાડા, ૧ હજાર સેજપાલ, ચારસો વહેલ, પાંચસો વાજીંત્ર, અને ઘણા દેવાલય હતા. ઠેકાણે ઠેકાણે આ સંઘે ધર્મોત્સવ કર્યો હતો. શ્રી સંઘ ધોળકા આવ્યો ત્યારે વસ્તુપાળ મંત્રી પોતે શ્રી સંઘનું સ્વાગત કરવા આવ્યા. (અહીંયા ઘણું જ સમજવા જેવું છે કે ખુદ મંત્રી પોતે જાતે સંઘનું સ્વાગત કરવા સામે ચાલીને આવ્યા. સંઘનું અને સંઘપતિ તથા તીર્થયાત્રાનું શું કેટલો કેવો અદ્ભૂત અચિંત્ય મહીમા હશે જે આગળનું વર્ણન વાંચવાથી સમજાશે) અને જે દિશા તરફ શ્રી સંઘની ધૂળ ઉડતી હતી તે દિશા તરફ ચાલવા લાગ્યો. એ જોઇ સંઘજનોએ કહ્યું : મંત્રીરાજ ! આ તરફ ધુળ ઉડે છે માટે આપ આ તરફ પધારોને ચાલો.'

વસ્તુપાળે કહ્યું : 'આ તો શ્રી પવિત્ર ધુળ ગણાય. કહ્યું છે કે તીર્થયાત્રાએ જતા સંઘના પગની ઉડેલી રજ-ધુળ લાગવાથી પુરૂષો કર્મરુપી રજથી રહિત થાય છે. તીર્થમાં પરિભ્રમણ કરવાથી જીવને સંસારમાં ભમવું પડતું નથી, તીર્થમાં દ્રવ્યનો વ્યય કરવાથી સંપત્તિ સ્થિર થાય છે. અને જગતપિતા જિનેશ્વરને પૂજવાથી પૂજ્ય થવાય છે એમ કહી વસ્તુપાળ આગળ ગયો

સંઘે સરોવરના કાંઠે પોતાનો પડાવ નાંખ્યો. વસ્તુપાળ ત્યાં ગયો. સંઘપતિ પુનડશેઠને પ્રેમથી ભેટયો અને કહ્યું : 'હે શ્રાવકવર્ય, હે મહાભાગ્યવાન ! કાલે સવારે આપને સંઘ સહિત મારે ત્યાં ભોજન માટે નિમંત્રણ આપું છું. આપ તેનો સ્વીકાર કરો.

પુનડશેઠે નિમંત્રણ સ્વીકારી લીધું. બીજા દિવસે સંઘ વસ્તુપાળને ત્યાં જમવા ગયો. તે સમયે વસ્તુપાળ જાતે દરેક યાત્રિકના પગ ધોતો હતો. અને દરેકને તિલક કરતો હતો. આમ કરતાં બપોર થઇ ગઇ. આથી નાના ભાઇ તેજપાળે આવીને કહ્યું: 'મોટાભાઇ ! તમે ભોજન માટે પધારો. તમારી જેમજ બીજા માણસો પાસે હું યાત્રિકોની ભક્તિ કરાવીશ. ભોજનનો સમય ઘણો જ થઇ ગયો અને હવે તમને પરિતાપ થશે.'

વસ્તુપાળે કહ્યું : 'તેજપાળ ! આવી સોનેરી તક તો જીવનમાં ક્યારેક જ મળે છે. ભોજન તો રોજ મળશે. પુણ્યોદયે આવી ઉત્તમ તક મળી છે તો મને મારા હાથે જ સાધર્મિક ભક્તિ કરવા દો. 'આ વાત જાણી ગુરૂએ વસ્તુપાળને કહેવડાવ્યું કે:-

જે કુળમાં જે પુરૂષ મુખ્ય વડીલ હોય તેનું કાળજીથી રક્ષણ કરવું તેની યોગ્ય સાર સંભાળ રાખવી, કારણ જો તે નાશ પામે (મરણ પામે કે બિમાર પડે, ઘવાય) તો આખુ કુળ વિનાશ પામે છે. ઘરી ભાંગી જાય તો ગાડું ચાલી શકતું નથી. તેમ કુટુંબનો વડીલ ભાંગી જાય તો કુટુંબ વ્યવસ્થા તૂટી જાય છે.' ગુરૂનો સંદેશો સાંભળી વસ્તુપાળે વિનમ્રતાથી ગુરૂને કહ્યું કહેવડાવ્યું કે-'યુગાદિ પ્રભુની જાત્રાએ જનારા સર્વ યાત્રિકોની અખિન્નપણે સેવા કરવાથી મને આનંદ થાય છે. એથી મારા પિતાની આશા ફળીભૂત થઇ છે. અને મારા માતાના અંકુર ઉગી નીકળ્યા છે. એમ હું સમજું છું'' આ ઐતિહાસિક ઘટનાઓ જાણીને શ્રાવકોએ પોતાના આત્માની શુધ્ધિ માટે ઉત્કટ ભાવથી તીર્થયાત્રા કરવી જોઇએ. એજ શિવમસ્તુ સર્વજગતઃ એ ભાવના સાથે...

અંતિમ દેશના

માર્ગાશ્રિતો યથા પંગુ, ક્રમાત્ પડગુરપિ વ્રજેત્ ।।
ધર્મસ્થો ઘનકર્મોડપિ, તથા મોક્ષમવાપ્નુયાત્ ।।૪।।

જેવી રીતે માર્ગને આશ્રયેલો-પામેલો પંગુ-પાંગળો માણસ પણ ક્રમે કરીને-ધીમે ધીમે દૂર સુધી જઇ શકે તેવી રીતે ધર્મમાં રહેલો ગાઢ કર્મવાળો પણ આત્મા મોક્ષને પ્રાપ્ત કરી શકે.

*



પ્યારા ભૂલકાંઓ,

જાય. .જાય...જાય. .છે ! ! !
ભાઈ તારૂં કાંઇ જાય છે.
ના ભાઇ ના, મારૂં કાંઇ જતું નથી.
હું તો મઝામાં છું. મારૂં કાંઇ લુંટાતું નથી.
ભલા લાલા, તું ભૂલ્યો.
ખરેખર ! તારૂં જ જાય છે.
તારૂં જ ગુમાય છે. જરા વિચાર !
મહા મહેનતે મળેલી ચીજ હાથમાં આવી.
પણ, જો એનો લાભ ન ઉઠાવાય,
એ વિફળ જાય અને

નિષ્ફળ બની રહે ત્યારે ડાહ્યો અને સમજદાર માનવી સુખેથી – ચેનની બેસી રહે ખરો...

એના દિલમાં બેઠેલી અફસોસની હૈયા વરાળ એને આકુળ–વ્યાકુળ બનાવી દે છે. બેચેન બનતો માનવી સુનમુનતા તરફ ઢળતો જાય છે.

ગમગીન બનેલો માનવી અફસોસના શીખરો સર કરતો જાય છે. મળેલી મોંઘી હાટ ચીજની ફીકર કરી શકતો નથી.

આવું મોંઘુ અને મહામહેનતે મળેલું જીવન જ આ માનવભવનું છે.

નાના–સા આ જીવનની પસાર થતી એક એક ક્ષણ ભૂતકાળ તરફ વહી રહી છે લાખ, લાખ પ્રયત્નો યત્નો કરવા છતાં પણ વહી ગયેલા રાત કે દિવસ હવે કયારે ય પાછા આવવાના નથી...

ખારા સમુદ્રમાં મળી ગયેલું અમૃત બિન્દુ શું કયારે ય પાછું મળી શકશે ?

ના...હાથની અંજલિમાં રહેલું વર્ષાજળ પણ ધીરે ધીરે ખુંટતુ જાય છે...તેમ જીવનની લાખોની રાત કે દિવસ ભૂતકાળના ઘોર અંધકારમાં સરી જાય છે.

જીવનનું અમૃત બિન્દુ જેવા રાત કે દિવસ ભૂતકાળના ખારા સાગરમાં ટપકી જાય છે.

ધર્મકરણી કર્યા વિનાનું જીવન વિફળ બને, નિષ્ફળ બને છે.

છતાં માનવી,

બેપરવાહી રીતે જગતમાં ફરે છે.

શું બની રહ્યું છે એનો વિચાર પણ ટકતો નથી

ગમગીન આત્મા તેની કદર પણ કરતો નથી.

કોઈ સમજાવે તો પણ તે સમજવા તૈયાર નથી.

ખરેખર ! આ ગાંડપણ. ગાંડપણ જેવું લાગતું નથી.

ડાહ્યો માનવી આવું ગાંડપણ સીદને આદરે છે.

હું એને દૂર કરવા માટે આવું મોંઘુ જીવન મેળવ્યું. તે ઉદ્દેશીને જ તે ઉડાવી દીધો. નહિ કરવાના કામો અને પારકી પંચાતમાં જ દિવસ રાત ગુમાવી રહ્યો છે.

શાણા, ભલા લાલ જરા સમજ, ફરી કયારે મળશે આ જીવન ફરી કયારે પીવા મળશે અમૃતના ઘૂંટ ! છતે સાધન–સામગ્રીએ ફાફાં ફાફાં શા માટે મારે છે તારી આંખ મિચામણાની રમત જ તને ભારે પડશે.

યાદ રાખજે ! વધુ તો શું કહું ? તારી વહી જતી આ અમૃત બિન્દુની નીક ઝરઝરીત થઇ ગઇ છે. અમૃતક્ષણો ફરી પાછી આવવાની નથી આમને આમ અધર્મ ભર્યા જીવન–જલ સુકાય જશે–પૂર્ણ થશે.

વિચારશીલ માનવીને ઘૂંટણ વચ્ચે માથું દબાવીને પસ્તાવા સિવાય કંઇ જ રહેતું નથી.

આત્મા ! દિવસ–રાત અફળ બનાવતો નહિ.

રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય

પરિમલ : જે લોકથી ડરે છે તે સાવધ છતાં પણ નબળો જ છે.

— **ચેક મારો** —

રાત્રે જમનારને જો ભોજનમાં...
જૂ આવી જાય તો જલોદર થાય.
માખી આવે તો ઉલટી થાય.
કીડી આવે તો બુદ્ધિ મંદ થાય.
કરોળિયો આવે તો કોઢ થાય.
વીંછી આવે તો તાળવું વિંધાય છે.
ગરોળીનો ગળ આવે તો મરણ થાય.
સર્પનું વિષ આવે તો મરણ થાય.

રાત્રે જમનારને જે ભોજનમાં— આયુ બંધાય તો નરકનું બંધાય.
રોગિષ્ટ વંતુ આવે તો કે-સર થાય છે.
ઝેરી પદાર્થ આવે તો ઝાડા-ઉલ્ટી થાય **-માનીતી**

-- લેશ્યા સ્વભાવ --

(૧) કૃષ્ણ લશ્યાવાળો જીવ – વૈર વડે નિર્દય, અતિક્રોધી, દુષ્ટ મુખવાળો, તીક્ષ્ણ, કઠોર, આત્મધર્મથી વિમુખ અને તત્કાળ વધ કરનારો હોય છે.

(૨) નીલ લેશ્યાવાળો જીવ – માયા, કપટમાં કુશળ, લાંચીયો, ચપલ ચિત્તવાળો અતિ વિષયો અને મૃષાવાદી હોય છે.

(૩) કાપોત લેશ્યાવાળો જીવ – મૂર્ખ, આરંભમગ્ન, સર્વકાર્યમાં પાપ નહી ગણનારો, હાનિ વૃધ્ધિ નહિ ગણનારો અને ક્રોધી હોય છે.

(૪) તેજો લેશ્યાવાળો જીવ – વૃક્ષ કર્મને રોકનારો, સરળ, દાની, શીલયુકત, ધર્મબુધ્ધિવાળો અને અક્રોધી હોય છે.

(૫) પદ્મ લેશ્યાવાળો જીવ – પ્રાણી પર અનુકંપાવાળો, સ્થિર, સર્વજીવોને દાન આપનારો, અતિ કુશળ બુધ્ધિવાળો અને બુધ્ધિમાન હોય છે.

- કથાનક -

ગામને ભલો ભોળો એક આદિવાસી ફરતો ફરતો એક શહેરમાં જઇ ચઢયો શહેરમાં ફરતાં ફરતાં ચાર રસ્તે એક મેળો દીઠો. લોકોની સતત અવરજવર ચાલુ હતી. તે જોઇ કૂતુહલતાથી તે પણ મેળામાં પેઠો. ભલો ભોળો આદિવાસી આમતેમ ડાફોરીયા મારવા લાગ્યો. ખાવા પીવાની વસ્તુઓ તેમજ અવનવી મોજશોખની વસ્તુઓ ટીકી ટીકીને જોવા લાગ્યો. આગળ વધતાં વધતાં તેની નજર એક સ્ટોલ ઉપર લટકતા આરીસા ઉપર પડી. આ દર્પણમાં પોતાનું મુખ જોયું. તે વિચારમાં પડયો અરે! આ તો મારા પિતાજીનું ચિત્ર છે. તેણે કદીય પોતાનુ મુખ દર્પણમાં જોયું નો'તું. પિતાજીને જોયેલાં, વળી, બન્નેની મુખાકૃત્તિ સરખી હતી, તેથી પિતાશ્રીના ચિત્રપટ્ટવાળું દર્પણ તેણે ખરીદી લીધું.

આઠો દિવસ ફરી તે ઘરે પાછો આવ્યો, પોતાની સ્ત્રીને તે દર્પણ આપ્યું. આમતેમ હાથમાં રમતા તે દર્પણને જોઇ તેણીએ પોઠ મુકી તે આયીનામાં ઉપસેલી છબી જોઇને તે સમજી મારો પતિ અન્ય કોઇ સ્ત્રીના મોહમાં પડયો છે તેની છબીએ લઇ આવ્યો છે. હવે હું નકામી, મારૂં કશું ય માન નહિ રહે હું ફોતરા જેવી થઇ

જઇશ. મારૂં જીવતર નકામું હવે જીવન જીવવું પણ દુષ્કળ છે. એક ને ઘરમાં બેસાડી છે તે બીજી લઇ આવે તે તો કેવું કહેવાય. આમ બોલતી તે મોટેમોટેથી રડવા લાગી.

રડવાનો અવાજ સાંભળીને તે આદિવાસીની મા દોડતી આવી ડોશીએ તેના હાથમાં રહેલા કર્પણને ઝુંટવી લીધું. પુત્રને ધમકાવવા લાગી ઘરમાં એક યુવાન સ્ત્રી છે, ખાનદાન છે. શીલવતી છે. છતાં પણ તું બીજીની છબી કેમ લઇ આવ્યો. બીજાના મોહમાં પડયો, અમારૂં કુળ લજવ્યું. તારા બાપની આબરૂ ધુળધાણી કરી.

આ ધમસાણનો અવાજ સાંભળીને તેનું બાળક રમતું રમતું અંદર આવ્યું. દાદીમાના હાથને ઝાપટ મારી કર્પણ ઝુંટવી લેવાનો પ્રયત્ન કર્યો. ડોસીમાના હાથમાંથી કર્પણ છટકી ગયું. દીકરાના હાથમાં ન આવ્યું જમીન સાથે અથડાતા તેના કુરચે-કુરચા ઉડી ગયા- સૌનો કકરાટ પૂર્ણ થયો.

કેવું અજ્ઞાન! જ્યાં કર્પણના ઉપયોગની કોઇને ખબર નથી તેમ ધર્મની કે તેના માર્ગની પણ ખબર ન હોય તો જીવ સંઘર્ષમાં પડે છે. સંસારમાં ડગલેને પગલે સંઘર્ષ થયા જ કરે છે. જો અજ્ઞાન ટળી જાય તો બાજી સુધરી જાય.

મળેલા સદ્જ્ઞાનનો સદુપયોગ કરતાં આવડી જાય તો શુદ્ધતત્ત્વ પ્રગટ થયા વીના રહેતું નથી.

–વિકાસ

— જીભનું રહસ્ય —

કોઇની જીભ ચાલે તો, કોઇના ચાલે હાથ,
જીહા મે અમૃત બસે
વિષ ભી ઉનકે પાસ
એક બોલ મેં લાખ હૈ
એકે લાખ વિનાશ
જીભમાં અમૃત છે. ઝેર પણ છે.
એક શબ્દથી લાખ સોના મહોરો મળી
તો એક શબ્દથી મોટા સામ્રાજ્યો પણ
નષ્ટ પામી ગયાં.

–રમ્યા

卐 ધર્મીને મન સંસાર કે મોક્ષ ? 卐

—પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

(૨૦૪૭, અમદાવાદ–પાછીયાની પોળના પ્રવચનોમાંથી.)

આ સંસાર રહેવા જેવો નથી, કેમકે, સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે. મોક્ષ જ મેળવવા જેવો છે કે જ્યાં અનંત સુખ છે. આપણે બધાને જે સુખ જોઇએ તે મોક્ષમાં જ છે—આ વાત ખરી છે ? જેટલા શ્રી અરિહંત પરમાત્મા મોક્ષે ગયા તેના કરતાં અસંખ્યાત ગુણા બીજા આત્માઓ મોક્ષે ગયા છે. તમારે બધાએ બધાએ ક્યાં જવું છે ? મોક્ષે જ જવું છે ને ? મોક્ષની ઇચ્છા થાય છે ? જેને મોક્ષે જવાની ઇચ્છા ન થાય તે શ્રી અરિહંત પરમાત્માનો સાચો ભક્ત પણ ન હોય !

પ્ર. : આપ કહો છો માટે ઇચ્છા થાય છે.

ઉ. : સાચું બોલજો. આ સંસારનું સુખ છોડવા જેવું છે તેમ લાગે છે ને !

દુનિયાનું સુખ જોઇએ તેને શું શું કરવું પડે ? તે સુખ માટે પૈસા જોઇએ તો પૈસા માટે શું શું કરો છો ? જુઠું બોલો છો ચોરી કરો છો, બદમાશી ય કરો છો, લોકોને ઠગો છો—તો આવાં પાપ કરે તે બધા મરીને ક્યાં જાય ?

સભા : આ વિચાર કેમ નહિ આવતો હોય ?

ઉ. : આ વિચાર ન આવે તે ખરેખર માણસ નથી, જે જનાવર ધર્મ સમજે તેને પણ આ વિચાર આવે છે તો માણસ જેવા માણસને ન આવે તો તેના જેવા મૂરખ કેટલા ? ભગવાનના જે સાધુઓ, સંસાર ભૂંડો કહે છે, તમે હા કહો છો તો તે સાચી વાત છે કે બનાવટી છે ? સંસાર ભૂંડો લાગે છે ?

સભા : મહાપુરૂષો કહે છે માટે વાત સાચી હોય પણ અનુભવમાં નથી આવતી.

ઉ. : તે વાત સાચી હોય તો માનવા જેવી ખરી ને ? આ લોકમાં પણ જે જુઠા હોય, ચોરટા હોય, બે ચોપડા રાખે તેની આબરૂ કેવી હોય ?

સભા : બધા સરખા છે એટલે વાંધો નથી આવતો. બધા સરખા છે તો વેપાર કરો તો સમજીને કરો છો ને ? તમે ગમે તેની સાથે વેપાર કરો ? ગમે તેને માલ ધીરો ? અહીં પણ જે જુઠ્ઠા બોલ્યા છે, ચોરટા છે તેનો વિશ્વાસ કોઇ કરતું નથી, તેવાને તમે પણ કહો છો કે—મરીને ક્યાં જશો ? પણ જાતને માટે વિચાર કરતા નથી. તમે તમારાં સંતાનોને શું શું ભણાવો છો ? તમે ય શું ભણ્યા છો ? તમે ધર્મનો કેટલો અભ્યાસ કર્યો છે ? નવતત્ત્વ કેટલાને આવડે છે ?

પ્ર. : સંસારના વ્યવહારમાં આની જરૂર પડતી નથી.

ઉ. : સંસારમાં ધર્મનું જ્ઞાન આવી જાય તો સંસાર બરાબર ચાલે નહિ તેમ માનો છો ને? ધર્મ સમજી જાવ તો સંસારની મજા ઉડી જાય ને? સંસારની મજા ન ઉડે માટે ધર્મનો અભ્યાસ તમે કર્યો નથી ને? તમારાં બચ્ચાને કરાવતા પણ નથી ને? તો પછી તમારે ઘેર જન્મે તે મરીને કયાં જવાના? અનીતિ મજાથી કરે, ચોપડા બે રાખે, જુઠ બોલે, લોકોને ઠગે તે બધા મરીને કયાં જાય?

સભા : ધર્મ તો કરે છે ને?

ઉ. : શા માટે ધર્મ કરે છે? લોકોને સારી રીતે ઠગી શકાય માટે ધર્મ કરે તો શું થાય? આજે દુનિયામાં ધર્મીની આબરૂ છે કે—ચાંદલો કરે તેનો વિશ્વાસ કરવો નહિ. આ વાત ખરી છે કે નહિ?

પ્ર. : ધર્મ કરે તો પાપ ધોવાઇ ન જાય?

ઉ. : પાપ કયારે ધોવાય? ધર્મ માટે કરે તો ધોવાય કે પાપ માટે કરે તો ય ધોવાય?

પ્ર. : 'દર્શનાદ્ દુરિત ધ્વંસી' કહ્યું છે ને?

ઉ. : દર્શન કરતાં શું વિચાર આવે તો પાપ નાશ પામે? 'મને પૈસા મળે, હું મોજમજાદિ કરું તેમ કરજે' તે માટે દર્શન કરે તો તેનાં પાપ ટળે કે પાપ બંધાય? આવા જીવોને તો મંદિરમાં પેસવાનો પણ અધિકાર નથી. મંદિરમાં પેસે તેને નિસ્સીહી કહીને પેસવું પડે. નિસ્સીહી શું તે જાણો છો? **સંસારનો વિચાર સરખો પણ ન થાય અને વાત પણ ન થાય.** સંસારનું સુખ માગવા જાય તેને મંદિરમાં પેસવાનો વાસ્તવિક રીતે અધિકાર છે ખરો?

પ્ર. : દીકરાને જરૂર પડે તો માગવા કયાં જાય?

ઉ. : ભગવાન તે બાપ છે. દીકરો બાપ પાસે શું માગે તે તમે સમજતા નથી? બાપની પાસે મારે વેશ્યાને ઘેર જવું છે તેમ માગે? **ભગવાનનો ભગત દુઃખી હોય નહિ. કર્મયોગે દુઃખી હોય તો પણ દુઃખમાં મજા માને. દુઃખમાં રૂવે તે ય ભગવાનનો ભગત નહિ. દુનિયાના સુખમાં મહાલે તે ય ભગવાનનો સાચો ભગત નહિ. દુનિયાના સુખથી ગભરાય અને દુઃખમાં મજા કરે તે જ ભગવાનનો સાચો ભગત!**

પ્ર. : સંસારમાં પૈસાનું તેજ કેમ દેખાય છે?

ઉ. : તે આંધળાઓને દેખાય છે. જે ખરેખર દેખતા છે તેમને થાય છે કે—આ

બધા પૈસાવાળા મરી–મરીને ખીચારા જશે ક્યાં ? જેની ભગવાને ના પાડી તેવા મોટા મોટા પાપના ધંધા કરે તેવાની જેને દયા ન આવે તેના હાથમાં આ ઓઘો પણ શોભે નહિ. પૈસાવાળાને જોઈ રાજી થાય તે ભગવાનનો સાધુ પણ નથી. આજના પૈસાવાળાની આબરૂ કેવી છે ? અનીતિખોર, લોકોનું લોહી પીનારા છે ને ? તમે પણ બે ચોપડા રાખો છો ને ! તમારી પાસે કેટલા પૈસા છે તે બોલી શકો ખરા ? કેમ ન બોલી શકો? તમે જે કમાયા તે કહેવામાં હરકત શું છે ? તો કેમ કહેતા નથી ?

સભા આજે તો ધર્મમાં ય બધે બે નંબરના પૈસા વપરાય છે,

ઉ. : આ અમારી ય ફજેતી છે ને ? ભગવાને ના પાડી છે કે, અન્યાયનો પૈસો ધર્મના કામમાં વપરાય નહિ. મજેથી વાપરનારાઓએ તો આબરૂ ભગાડી છે.

સભા : આજે તો બોલી બોલાય તેમાંય ચાલીસ અને સાંઇઠ ટકા જેવું હોય છે.

ઉ. : આ તમે કોને પૂછીને નક્કી કર્યું ? તમારે માથે કોઇ ગુરૂ છે કે નહિ ?

આજે મોટે ભાગે તમારો પૈસો ખોટો છે. ખોટો પૈસો મેળવી, નામના માટે વાપરનારની ગતિ કઈ થાય ? બોલી પણ કેમ બોલો છો ? પૈસાનો સદુપયોગ કરવા કે નામના કરવા ? નામના કરવા જ બોલી બોલે તે કઈ ગતિમાં જાય ? ભગવાને ના પાડી છે કે–નામનાકિ માટે દાન થાય નહિ. લક્ષ્મીના મોહથી છૂટવા માટે દાન કરવાનું છે.

પ્ર. : લક્ષ્મી તે દેવી છે કે ડાકણ ?

ઉ. : ડાકણ લક્ષ્મીને દેવી માનીને તેની પૂઠે ફરી ફરીને તમે સત્યાનાશ કાઢયું છે.

લક્ષ્મી હોય તે દેવ અને જેની પાસે લક્ષ્મી નહિ તે ભિખારી. આવી તમારી માન્યતા છે. તો પુણીયા શ્રાવકને કેવો માનશો ? જે નિયમ કરે કે-હવે મારે મૂડી વધારવી નથી તો તેને શ્રાવક કહેશો કે શું કહેશો ?

સભા : પુણીયાનો તો એક જ દાખલો છે ને ?

ઉ. : એવા દાખલા થોડા હોય. ભગવાનનો ભગત તે જ, જે આ સંસારને રહેવા જેવો ન માને, વહેલામાં વહેલો મોક્ષ જ મેળવવા જેવો છે તેમ માને, અને મનુષ્ય જન્મમાં સાધુપણું જ લેવા જેવું છે તેમ માને.

પ્ર. : ભૂતકાળના પુણ્યોદયથી સંસાર સારો છે, પરલોક અરાબ થશે તેમ લાગતું નથી.

ઉ. : 'પાપ કરી પૈસો મેળવે, ખૂબ ખૂબ મોજમજાદિ કરે અને ભૂંડું નહિ થવાનું''—આમ જે બોલે તે ગાઢ મિથ્યાદૃષ્ટિ છે, ધર્મ પામવા નાલાયક છે, મંદિરમાં પેસવા ય લાયક પણ નથી.

પ્ર. : પહેલાં સારા વ્યવહારથી જગત ચાલતું હતું. આજે પૈસાથી વ્યવહાર ચાલે છે તો શું કરવું ?

ઉ. : તો સાચા માર્ગે પાછા આવી જવું. પૈસાનો લોભ એવો વળગ્યો છે, અને પૈસાને જ સારા માન્યા છે તેનું આ પરિણામ છે. પૈસો તો દુર્ગતિમાં જ લઇ જાય તેવો છે. આઠમી સારો હોય તો હજી સદ્ગતિમાં જાય. બાકી તો આજે પૈસા વધે છે તેમ તેમ પાપ જ વધે છે. આજે વધારે મોટા મોટા પાપના ધંધા કોણ કરે છે ?

મારી તો ભલામણ છે કે, વ્યાખ્યાન સાંભળો છો તો તેની વાતો બરાબર સમજો. સમજી સમજીને અમલ કરશો તો ભલું થશે. દેખાવનો ધર્મ કામ નહિ આવે. મરતી વખતે સાચો ધર્મ જ રક્ષણ આપશે. બાકી તો નરકાદિ દુર્ગતિ ઊભી છે. મરીને ક્યાં જવું છે ? મરવાનું તો છે ને ?

પ્ર. : ખબર પડી જાય તો વહેલા સુધરી જઇએ.

ઉ. : ભગવાન કહી ગયા છે કે, આમ આમ કરે તે નરકમાં જાય. આમ આમ કરે તે તિર્યંચમાં જાય, આમ આમ કરે તે દેવમાં જાય, આવું આવું કરે તે મનુષ્યમાં જાય અને આમ કરે તે મોક્ષમાં જાય. પણ ભગવાનનું કહેલ સમજવું નથી તેની જ ઉપાધિ છે ને ? ભગવાન શું કહી ગયા છે, ભગવાનની આજ્ઞા મુજબ ચાલતા સાધુઓ શું કહે છે અને ભગવાનનો ધર્મ પણ શું કહે છે—તેની ચિંતા કરો છો ? તમે બધા પૈસા મેળવવા શું શું કરો છો ? તેમ ધર્મ શા માટે કરો છો ?

પ્ર. : સુખી થવા માટે.

ઉ. : સંસારમાં કે સાચા સુખી થવા માટે ? સાચું સુખ જોઇએ છે કે બનાવટી સુખ જોઇએ છે ?

પ્ર. : ઠલ્યરનો ચળકાટ વધારે હોય છે.

ઉ. : આટલી ખબર છે તો નક્કી કરો કે ખોટી વસ્તુ માનવી નહિ.

પ્ર. : અંજાઇ જવાય છે.

ઉ. : તે ખામી છે, ભૂલ છે. તે સુધરશે નહિ તો દુર્ગતિમાં જવું પડશે.

પ્ર. : ગરીબાઇ ટળે તો ધર્મની પ્રભાવના થાય ને ?

ઉ. : તેમ કોણે કહ્યું ? ગરીબ, શ્રીમંત થયા પછી ધર્મથી દૂર થયેલા મેં જોયા છે. ગરીબ શ્રાવકો હજી સારા છે. પણ પૈસાવાળા ભૂંડામાં ભૂંડા છે.

(ક્રમશઃ)

❋ ખોટું નો લગાડતા હો ને... ❋

—ભદ્રંભદ્ર

આ કેવું હો ખાલી નવાંગ ગુરૂપૂજન જ ના કરાય.

માટુંગાના એક સામા પક્ષના મુરબ્બીશ્રી મને મળ્યા. મને કહે કે—'ખોટું રજનું ગજ કરી નાંખ્યું.' મેં કીધું—સાચી વાત છે. (મેં આપણા એંગલથી વિચાર્યું. જ્યારે તે ભાઇએ તેમના જ એંગલથી વિચાર્યું.) પછી કહે કે—

'જરા રહેતુ કર્યું હોત તો શું બગડી જવાનું હતું ?'

મેં કીધું—બરાબર છે તમારી વાત.

તે કહે—આવું કશું કરવાની જરૂર જ નો'તી.

મેં કીધું—બિલકુલ સાચી વાત છે તમારી.

તે કહે—ખોટે ખોટા જૈન સંઘને પૈસાના પાણી કરાવ્યા.

મેં કીધું—તમે તદ્દન સાચું જ કહો છો.

તે કહે—જો મેં કીધેલી બધી વાત બરાબર જ છે તો પછી ઝગડો રહે છે જ કયાં ?

મેં કીધું—કયાં છે જ પણ ? આપણે બે વચ્ચે ઝગડો છે કયાંય ?

તે કહે—તમે લોકો ચાર નવાંગ ગુરૂપૂજનનો આગ્રહ છોડી દો.

મેં કીધું—અમે રાખ્યો જ નથી. અમે તો ગુરૂ ભગવંતનું નવાંગ ગુરૂપૂજન તીર્થંકરની જેમ જ થવું જોવે એટલું માનીએ છીએ અને મનાવવા પ્રયત્ન કરીએ છીએ અને ગુરૂનું નવાંગ પૂજન ન જ થાય એવો આગ્રહ તમે પણ છોડી દો.

તે કહે—અરે ! ખુદ ભગવાન કે જેનું નવાંગ પૂજન કરી શકવાની પૂરેપૂરી છૂટ છે ત્યાં પણ બધા ભગવાનનું નવાંગ પૂજન નથી કરતાં પણ ત્યાં એમ નથી માનતા કે નવાંગ પૂજન ન જ થાય. તેમ ગુરૂ મહારાજ માટે પણ માનવું જ જોઇએ. નવાંગ ગુરૂપૂજન ન કરીએ તે અલગ વાત છે પણ 'ન જ થાય' આવો એકાંત માનવો જરા વધારે પડતો છે. જડતા છે, એક જાતની.

મેં કીધું—તમારી જેવું જ બધા વિચારે તો ઝઘડા નાબૂદ થઇને જ રહે. પણ તમારી જેવા સમજદાર કેટલા ભાઇ ?

તેમણે પૂછયું—નવાંગ ગુરૂપૂજનની ના પાડનારા ના શું કામ પાડે છે ?

મેં કીધું—એ તો એમને ય ખબર નથી. કેમકે જો ગુરૂ ભગવંતનું નવાંગ પૂજન ન થાય તો અક્ષત-ફળ-નૈવેદ્ય પૂજન કરાય ? ગહુંલી શું કરવા કઢાય છે ? બેન્ડ-વાજા સાથે વરઘોડે-ગાજતે વાજતે જવાય ? એ તો બધું પાછું સ્વીકારવાની તેમને મજા આવે છે. એક પકડયું કે ભઇ નવાંગ ગુરૂપૂજન નો થાય એટલે નો થાય પણ કેમ ના થાય ?

એ કંઇ જાણવા કરવાની જરૂર નથી લાગતી. અને પાછું 'નવાંગ ગુરૂપૂજન છે તો શાસ્ત્રીય જ' એવું એજ લોકો કહે છે અને કરાય નહિ એવું પણ કહે છે.

તે કહે—સાધર્મિકને કંકુથી ચાંદલો કરાય, ચોખા ચોડાય, દૂધથી પગ ધોવાય, ફુલમાળા પહેરાવાય, શાલ ઓઢાડાય, રૂપાં નાણું અપાય, અને તે જ સાધર્મિકના ગુરૂનું નવાંગ પૂજન ન થાય. આવું જો કે હવેથી મને અતડું અતડું લાગવા માંડયું છે. મારી જેમ બધાએ હવે નવેસરથી વિચારણા કરવાની જરૂર ઉભી થા) ગઇ છે.

મેં કીધું—અરે! ભાઇ આપણે સંસારમાં ટીચરનું બહુમાન કરીએ તિલક કરીએ ત્યાં વાંધો નહિ અને ગુરૂનું નવાંગ પૂ. કરવામાં વાંધો એવું છે એમનું.

તે કહે—પણ તે લોકો ગુરૂપૂ. કરનારને વાસક્ષેપ શી રીતે નાંખે છે?

મેં કહ્યું-એ લોકો જ્ઞાનની પૂજા કરાવે છે. ગુરૂપૂ. કરવા નથી દેતા.

તેણે પૂછયું-તો આ તો દેવદ્રવ્યનું ચોકખું નુકશાન જ થયું ને?

મેં કીધું-સવાલ જ નથી. જ્ઞાનપૂ. કરાવવું એટલે તે રકમને પ્યોર દેવદ્રવ્યનો સિક્કો લાગતો હતો તે ન લાગ્યો. અને હવે જ્ઞાનખાતાનો લાગ્યો. હા કોઈ પોતાની અયોગ્યતા સમજીને ગુરૂપૂજા કરવા ન દે તો તેને આવો દોષ નો લાગે હો પાછો જો જો ભઇ! ટુંકમાં તમે જે રીતે 'ગુરૂપૂ. નવાંગ હોય તો પણ માનવામ કશો બાધ નથી' આવું માનવા લાગ્યા તેમ બધાએ માનવું જોઇએ અને વડિલ મૂળ વાત કહું-એ લોકો સંમેલનવાળાઓ એકતા અને સમાધાનની વાતો કરનારા છે. તેમને આ રીતે ઝઘડા કરવા શોભાસ્પદ નો કે'વાય. તેમણે તો સંકુચિતતા દૂર કરીને મનમાં જામ થઇ ગયેલા ટ્રાફિકને દૂર કરી વિશાળ બનવું જોઇએ. તુચ્છ વિચારોવાળા નહિ રહેવું જોઇએ. બીજા લોકો શું કરે છે? તે જોવાની જરૂર જ ન હોવી જોઇએ.

'સીતાદેવીના શીયળ સામે રાવણે ખતરો ઉભો કરેલો હતો અને સીતાદેવી શીયલ રક્ષા માટે મકકમ હતા તો શું તેમને આપણે કદાગ્રહી કહેવાય કંઇ? અને રાવણને મકકમ થોડો ગણાય? રાવણને તો કદાગ્રહી-જિદ્દી ગણાય સીતાદેવીને નહિ.' આવી વાતો તો એ લોકો જ કરે છે ને કેમ જાણે આ એક નવાંગ ગુરૂપૂ.માં જ શું આભ તૂટી પડયું છે તે તેઓ ગુસ્સો કરવા માંડે છે તે જ સમજાતું નથી. સમાધાનવાદીઓએ તો કેટલી બધી સમતા રાખવી જોઇએ. ઝગડાને ને એમને તો બારમો ચંદ્રમા જોવો જોઇએ. એને બદલે આ તો ઝગડવા દોડે પછી કયાંથી થાય એકતા? એકતા માટે ગમે તેટલા આંબેલ કર્યા કરોને તમે. એકતા થવાની જ નથી. કેમકે એકતાનો હાર્ટ એમનર નથી ને એ લોકોને એટલે હોં ભૈ. બીજુ કંઇ નહિ. આપણે તો ઇચ્છીએ કે ભગવાન એમને પણ સદ્બુદ્ધિ આપે.

બોધકથા :

: સમ્યગ્દૃષ્ટિની મનોદશા :

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈન શાસનમાં સમ્યક્ત્વ ગુણનો ઘણો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે. સમ્યક્ત્વ વિનાની બધી ધર્મકરણી છાર પર લીંપણ અને આકાશમાં ચિતરામણ જેવી કહી છે. 'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર' માં પણ કહ્યું કે – "જીતી લીધો છે ચિંતામણિ અને કલ્પવૃક્ષનો મહિમા જેણે એવો સમ્યગ્દર્શન ગુણ જેણે પ્રાપ્ત કર્યો છે તે આત્માઓ વિના વિઘ્ને અલ્પકાળમાં અજરામરસ્થાન – મોક્ષપદને પ્રાપ્ત કરે છે" આવા સમ્યક્ત્વ ગુણની બાબત માં આજે તો જે ઉપેક્ષા સેવાય છે તેનું વર્ણન ન થાય. નિર્વાણનું અવંધ્યં બીજ. સઘળાય ધર્મોનું મૂળ સમ્યક્ત્વ છે તે પ્રાપ્ત થયા પછી "અરિહંતો મહ દેવા" બોલે તે બરાબર છે. મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય – ઉપશમ કે ક્ષયોપશમ થયા પછી, પ્રશમાદિ લીંગો વડે જણાતો આત્માનો જે શુભ પરિણામ તેનું નામ જ સમ્યક્ત્વ છે, આ ગુણ જેને પ્રાપ્ત થયો તેનો સંસાર અલ્પ થયો. સુવિહિત શિરોમણિ પૂજ્યપાદ આ ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ ગુણનો મહિમા વર્ણવતા ત્યાં સુધી ફરમાવ્યું કે, અપેક્ષાએ કેવલજ્ઞાન અને સમ્યક્ત્વગુણ સમાન છે. જેમ જે આત્મા જે ભવમાં કેવલજ્ઞાન પામે તે જ ભવમાં મોક્ષે જાય, તેમ જે આત્મા સમ્યક્ત્વ ગુણને પ્રાપ્ત કરનારો બન્યો તેનો સંસાર અલ્પ અને પરિમિત થઇ ગયો.

તેથી જ આપણે ત્યાં શ્રી તીર્થંકર પરમાત્માના ભવોની ગણત્રી પણ તેમનો આત્મા સમ્યક્ત્વને પામે ત્યારથી ગણાય છે. જે આત્મા આ ગુણનો સ્વામી બન્યો તેની મનોદશા બદલાઇ જાય. પુણ્યયોગે તેને જે કાંઇ સંસારની સારામાં સારી સુખ સામગ્રી મળે તે બધાનો શાસનને માટે જ ઉપયોગ કરવાનું મન થાય. શાસ્ત્રકારો તો ત્યાં સુધી સમજાવે છે કે, **સમકિતીની બધી ભક્તિ તે શાસનની મૂડી છે.** આ જ વાત આપણા સૌના આસન્નોપકારી, જેમના શાસનમાં આપણે સૌ આરાધના કરી રહ્યા છીએ તે વર્તમાન શાસનના અધિપતિ ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, જે નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા તે પરથી સારી રીતના સમજી શકાય છે.

નયસારને અટવીમાં મહામુનિઓનો સુયોગ થયો. તેમના પ્રતાપે મિથ્યાત્વની ભયંકરતા, સમ્યક્ત્વની સુંદરતા અને મોક્ષની મનોહરતા જાણી, સમ્યક્ત્વ ગુણને પામ્યા. જે નયસાર મુનિઓને માર્ગ બતાવવા આવેલા, તે જ નયસાર સમ્યક્ત્વ પામ્યા પછી મુનિઓને પોતાને ગામ પધારવા વિનંતિ કરે છે અને મારી પાસે જે કાંઇ સારભૂત

સામગ્રી છે તે બધી જ આપના ચરણે ધરવી છે તેમ કહે છે. એટલું જ નહિ મારું જીવન પણ આપને આધીન છે. ખરેખર આ સમ્યક્ત્વ ગુણનો કેવો અદ્ભૂત મહિમા છે કે જેને ધારક આત્માને પોતાનું સઘળું ય સમર્પિત કરતા સદ્ગુરૂને ચરણે ધરવાનું મન થાય છે. આવી દશા જો આજે પેદા થાય સાચી ઉદારતા અને ધર્મભાવના જાગે તો આ કાળમાં ય શાસનનો જયજયકાર થઇ જાય. મુનિઓ તેને એક જ વાત સમજાવે છે કે - હે ભદ્રે ! તને જે આ ધર્મ આપ્યો તેનું જીવની જેમ જતન - પાલન કરજે. સંસારના ક્ષણિક અને વિનશ્વર સુખો ખાતર આના પાલનમાં પ્રમાદ કરીશ નહિ ! ખરેખર શાસ્ત્રકારોએ 'આચાર તે પ્રથમ મૂર્તિમંત કહ્યો તે નિસ્પૃહ બન્યા વિના આવવો શક્ય નથી.

તે પછી નયસાર પોતાના ગામ પાછા જઇ રાજાની પણ મહેરબાની કે કૃપા મેળવવાની ઇચ્છા સરખી કરતા નથી. અને દેવ-ગુરુ-ધર્મની સેવા-ભક્તિ-ઉપાસના કરવા સાથે, સાધર્મિકોની ભક્તિ કરે છે અને જીવાજીવાદિક તત્ત્વોનો અભ્યાસ કરે છે. સમ્યક્ત્વ પેદા થાય એટલે આત્મા સંસારનો મહેમાન બને, સંસારની પ્રવૃત્તિ કમને દુઃખપૂર્વક, કરવી પડે માટે કરે. જ્યારે ધર્મની પ્રવૃત્તિ અંતરના ઉમળકાપૂર્વક કરે, આજે તત્ત્વના અભ્યાસની બાબતમાં ચારે પ્રકારના શ્રી સંઘમાં નીચું જોવું પડે તેવી હાલત છે. જે આત્માની સાચી મૂડી છે તે તરફ બેદરકારી - ઉદાસીનતા ક્યાં લઇ જશે તે જ્ઞાની જાણે ! સમકિતીની આવી મનોહર મનોદશા જાણી તેવો પ્રયત્ન કરીએ તો આ સંસાર તે સાગર ન બનતા ખાબોચિયું બને. આવી દશા આપણે સૌ પામીએ તે જ ભાવના.



શાસન સમાચાર - આધોઈ અત્રે પૂ. ઉ. શ્રી પ્રીતિવિજયજી મ. પૂ. મુ. શ્રી તીર્થભદ્ર વિ. મ. આદિની નિશ્રામાં કા. સુ. ૫ થી ઉપધન શરૂ થશે માગશર વદ ૧૦ ના માળ પરિધાન થશે.

બોરીવલી - અત્રે પૂ. મુનિ જિનદર્શન વિજયજી મ આદિની નિશ્રામાં પૂ. આ. શ્રી કનક મ. સૂ. મ. ની ૧૬ મી પૂણ્યતિથિ તથા પૂ. આ. શ્રી વિજયરાજતિલક સૂ. મ.ની સંયમજીવનની અનુમોદના તથા પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. ની ૧૦૬મી ઓળીની પૂર્ણાહુતિ તથા સંઘમાં થયેલ આરાધના ઉદ્યાપનાર્થે ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક તથા શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ આસો સુ. ૯ થી આસો વદ ૫+૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો

卐 ભવની પરિક્રમા 卐

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જીવે નયસારના ભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી તે ભવથી પ્રથમ ભવની ગણતરી થાય છે. ક્ષુલ્લક ભવોની ગણતરી ન કરતાં શાસ્ત્રકારોએ મોટા મોટા સત્તાવીશ ભવની ગણતરી કરેલ છે. આ સત્તાવીશ ભવોમાં શ્રી મહાવીર પરમાત્માનો ભવ છેલ્લો છે તેનું વર્ણન સંક્ષેપ અને કરું છું.

૧ લો ભવ : નયસાર નામના ગ્રામ ચિંતક હતા.

પ્રથમ ભવની **અંદર** જંગલમાં **ભુલા** પડેલા મુનિવરોને સુપાત્ર દાન આપ્યું. માર્ગે મુકવા ગયા આ જ ભવમાં સમ્યક્ત્વ ઉપાર્જન કર્યું.

૨ જો ભવ : સૌધર્મ લોકની અંદર દેવપણે ઉત્પન્ન થયા.

૩ જો ભવ : પ્રથમ તીર્થંકર જે ઋષભ ભગવાન, તેમના પુત્ર ભરત ચક્રવર્તી, તેમના પુત્ર મરીચિ પણે ઉત્પન્ન થયા (મરીચિનો ભવ)

આ ત્રીજા ભવમાં શ્રી ઋષભ દેવ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી પાછળથી સંયમ છોડી ઉચ્ચ કુળનું અભિમાન કર્યું નીચ ગોત્રનો બંધ થયો ઉત્સૂત્ર ભાષણ કરવાથી એક કોટાકોટિ ઢાલ પ્રમાણ સંસારને વધાર્યો.

૪ થો ભવ : પાંચમાં બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા

૫ મો ભવ : કોલ્લાક નામના સન્નિવેશમાં એંશી લાખ પૂર્વના આયુષ્યવાળા કૌશિક નામે બ્રાહ્મણ થયા.

ઉત્તરાવસ્થામાં ત્રિદંડી સંન્યાસી થયા. પાંચમા ભવમાંથી ચ્યવીને કેટલાક ક્ષુલ્લક ભવો કર્યા.

૬ ઠ્ઠો ભવ : સ્થુણ્ય નામના ગામમાં બોત્તર લાખ પૂર્વના આયુષ્યવાળા પુષ્યમિત્ર નામના બ્રાહ્મણ થયા.

ઉત્તરાવસ્થામાં ત્રિદંડી સંન્યાસી થયા.

૭ મો ભવ : સૌ ધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવ થયા.

૮ મો ભવ : ચૈત્ય નામના ગામની અંદર ચોસઠ લાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિદ્યોત્ત નામના બ્રાહ્મણ થયા.

પશ્ચાત અવસ્થામાં ત્રિદંડી થયા.

૯ મો ભવ : ઇશાન દેવલોકને વિષે મધ્યમ આયુષ્યવાળા દેવતા પણે ઉત્પન્ન થયા.

૧૦ મો ભવ : મંદિર નામના ગામમાં છપ્પન લાખ પૂર્વના આયુષ્યવાળા અગ્નિભૂતિ નામના બ્રાહ્મણ થયા.

૧૧ મો ભવ : અનંતકુમાર દેવલોકને વિષે મધ્યમ આયુષ્યવાળા દેવ થયા.

૧૨ મો ભવ : શ્વેતાંબિક નામના નગરમાં ચુમ્માલીશ લાખ પૂર્વના આયુષ્યવાળા ભારદ્વાજ નામના વિપ્ર થયા.

બારમા ભવે ત્રિદંડી થયા.

૧૩ મો ભવ : મહેન્દ્ર નામના દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા.

ત્યાંથી ચ્યવી કેટલાંક ક્ષુલ્લક ભવો કર્યા.

૧૪ મો ભવ : રાજગૃહી નગરીમાં ચોત્રીસ લાખ પૂર્વના આયુષ્યવાળા સ્થાવર નામના બ્રાહ્મણ થયા.

ઉત્તરાવસ્થામાં ત્રિદંડી થયા.

૧૫ મો ભવ : બ્રહ્મ નામના દેવલોકે મધ્યમ તિથિવાળા દેવ થયા.

ત્યાંથી ચ્યવીને કેટલાંક ક્ષુલ્લક ભવો કર્યા.

૧૬ મો ભવ : રાજગૃહી નગરીમાં વિશાખા નંદી નામક રાજાના પુત્ર વિશાખા ભૂતિના પુત્ર વિશ્વભૂતિ થયા.

યુવાનીમાં ચારિત્ર લીધું નિર્મળ સંયમ પાળ્યું મહાન તપશ્ચર્યા કરી પારણે મથુરા નગરીમાં ગયા ગાયે પછાડયા શરીર ક્ષીણ જોઇ વિશાખાનંદી એ મશ્કરી કરી. ચંડાલ કોધ ઉત્પન્ન થયો. વિશાખાનંદીને હણવા માટે નિયાણું કર્યું.

૧૭ મો ભવ : મહા શુક્ર નામના દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવતા થયા.

૧૮ મો ભવ : ચોરાશી લાખના આયુષ્યવાળા ત્રિપૃષ્ટ વાસુદેવ થયા.

વિશાખાનંદીનો જીવ ઘણું ભમી તુંગગિરિમાં કેશરીસિંહ થયો. તેનો વધ કર્યો. રથના સારથી તરીકે શ્રી ગૌતમ સ્વામીનો જીવ. શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું અશાતા વેદનીય કર્મ બાંધ્યું.

૧૯ મો ભવ : સ્વામી નમસ્તમઃ પ્રભામાં નારકીના જીવ તરીકે ઉત્પન્ન થયા.

૨૦ મો ભવ : કેશરી સિંહ થયા.

૨૧ મો ભવ : ચોથી પંકપ્રભા નામની નારકીમાં નારકીના જીવ તરીકે ઉત્પન્ન થયા.

આ નારકીના ભવમાંથી આયુષ્યપૂર્ણ કરી ઘણા ભવો તિર્યંચ અને મનુષ્યના કર્યા.

૨૨ મો ભવ : રથપુર નગરના રાજા વિમલ થયા.

આ ભવની અન્દર પીડા પામતા મૃગલાઓને છોડાવ્યા દયાભાવ અને ભદ્રિક પરિણામથી મુક્ત મનુષ્યગતિનો બંધ કર્યો. છેવટે તેમણે દીક્ષા અંગીકાર કરી. ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરી. ચક્રવર્તીની પદવીને યોગ્ય કર્મ ઉપાર્જન કર્યું છેલ્લે અણસણ કરી શુભ ભાવનામાં છેલ્લો શ્વાસ મૂક્યો.

૨૩ મો ભવ : અપરવિદેહમાં ચોરાશી લાખ પૂર્વના આયુષ્યવાળા પ્રિયમિત્રા નામના ચક્રવર્તી થયા.

૨૪ મો ભવ : શુક્ર દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

૨૫ મો ભવ : ભરત ખંડમાં છત્રા નામની નગરીને વિષે પચીસ લાખ પૂર્વના આયુષ્યવાળા નર નામે રાજા થયા.

આ ભવમાં ચોવીસ લાખ વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું ત્યારબાદ રાજ્ય ત્યજી પોટીલાચાર્ય પાસે સંયમ અંગીકાર કર્યું તેમાં અગીયાર લાખ બેંશી હજાર ને છસો પીસતાલીસ માસોપવાસ કરી વીસ સ્થાનક તપની આરાધના કરી સવી જીવ કરૂં શાસન રસીની ઉત્કૃષ્ટ ભાવના ભાવતાં શ્રી તીર્થંકર નામકર્મનો બંધ પાડયો પ્રાન્તે ૬૦ દિવસનું અનશન કર્યું.

૨૬ મો ભવ : પ્રાણત નામના દશમાં દેવલોકમાં આવેલા પુષ્પોત્તર નામના વિમાનમાં ઉપપાતિ નામની શય્યામાં વીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

૨૭ મો ભવ : ત્રિશલાનંદન સિદ્ધાર્થ રાજાના પુત્ર અને ચરમ તીર્થપતિ તરીકે ઉત્પન્ન થયા.

ગર્ભાવતરણ માત-પિતાની અનુપમ ભક્તિ, જ્ઞાની હોવા છતાં પાઠશાળા ગમન દેવની પરિક્ષા, અનેક ઉપસર્ગોમાં ધૈર્ય, બોંતર વર્ષનું આયુષ્ય ભોગવી સર્વ ઘાતિ અને અઘાતિ કર્મનો ક્ષય કરી અનંત અવ્યાબાધ, અવિચલ એવા સિદ્ધપદને પ્રાપ્ત કર્યું.

અંતિમ ભવમાં જે રૂદ્ધિ પ્રભુ વીરે પ્રાપ્ત કરી તે રૂદ્ધિ ભોગવવા આપણે સૌ ઉદ્યમશીલ બનીએ એજ એક સદ્ધાની ભાવના...

વાસંતી રાધનપુર

શ્રી સમ્મેત શીખરજી તીર્થ સલાહકાર સમિતિની થયેલ રચના...!

પટણાની વડી અદાલતની રાંચી બેન્ચે શ્રી સમ્મેતશીખરજીના દેરાસરોના સંચાલન અને રક્ષણ માટે દિગંબર જૈનો અને શ્વેતાંબર જૈનોના તથા સરકારના પ્રતિનિધિઓની બનેલી એક સમિતિ રચવા માટે બિહાર રાજ્યને આદેશ આપ્યો હતો.

શ્વેતાંબર જૈનોએ સર્વોચ્ચ અદાલતમાં બિહાર રાજ્ય સરકારની આવી સમિતિ મંજુર નથી એવી લીવ પીટીશન કરી હતી. સુપ્રિમ કોર્ટે શ્વેતાંબરોની એ અરજી કાઢી નાખી હતી. એ પછી દિગંબર જૈનોએ તા. ૩-૭-૧૯૯૮ ના પટણાની વડી અદાલતની રાંચી બેન્ચ સમક્ષ સમિતિની રચના નહી કરીને અદાલતનો તિરસ્કાર કર્યો હોવાનો આક્ષેપ કરતી અરજી કરી સમિતિ રચવા ફરમાણ કર્યું હતું.

શ્રી સમેત શીખરજી તીર્થ શ્વેતાંબર જૈનોનું હોઇ બિહાર સરકાર આવી સમિતિ બનાવી શકતી નથી એવું આવેદન અગાઉ આપેલ હોવા છતાં દિગંબર સમાજના આગ્રહથી તા. ૨૨-૭-૯૮ ના બિહાર સરકારે શ્રી સમ્મેત શીખરજી તીર્થ માટે 'પારસનાથ હિલ સલાહકાર' સમિતિ બનાવી છે. તેની માહિતી શ્રી પ્રકાશભાઇ ઝવેરીએ 'સમકાલીન' દૈનિક પત્રને આપેલી, તે તા. ૨૭-૭-૯૮ ના સમકાલીનમાં પ્રસિદ્ધ થયેલ છે. તે નીચે મુજબ છે...

બિહાર સરકારે ગઇ ૨૨ જુલાઇએ પારસનાથ હિલ સલાહકાર સમિતિની રાજ્યના મહેસુલ સચિવના વડપણ હેઠળ રચના કરવાનો નિર્ણય કર્યો હોવા છત. એ અંગે જરૂરી સરકારી જાહેરનામું હજુ બહાર પાડવામાં આવ્યું નથી એટલે બિહાર હાઇ કોર્ટની ખંડપીઠના આદેશ મુજબ પવિત્ર **સમ્મેત શિખરજીનો વહીવટ હજુ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તક જ છે.**

સર્વોચ્ચ અદાલતે ઉક્ત સંદર્ભમાં શ્વેતાંબરોની અરજી અંગે કોઇ ફરમિયાનગીરી કરવાનો ન-નો ભણી દીધા પછી શ્વેતાંબરો અને દિગંબરો ઉપરાંત સરકારના પ્રતિનિધિઓની સંયુક્ત સમિતિને સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હતો.

શ્વેતાંબરોનું કહેવું છે કે પોણા છસ મહિના સુધી બિહાર સરકારે આ સમિતિ સંદર્ભે કોઇ નિર્ણય કર્યો નહી અને અદાલતમાં અપીલનો આદેશ આવે નહીં ત્યાં સુધી જ આ સમિતિ અસ્તિત્વમાં રહેવાની હોવાથી શ્વેતાંબરોને સંતોષ છે અને શ્વેતાંબરોના નામો આણંદજી કલ્યાણજી પેઢીએ સૂચવેલાં તે સઘળાં નામો સ્વીકારાયા છે. એમ તીર્થરક્ષા ટ્રસ્ટના એકઝીકયુટીવ ડીરેકટર શ્રી પ્રકાશભાઇ ઝવેરીએ જણાવેલ છે.

પારસનાથ હિલ સલાહકાર સલાહકાર સમિતિમાં શ્વેતાંબરોના પાંચ પ્રતિનિધિઓ તરીકે (૧) કલકત્તાના કમલ રામપુરીયા, (૨) દિલ્હીના હરખચંદ નાહટા, (૩) અમદાવાદના સોલિસિટર અશોક ગાંધી, (૪) મુંબઇ સ્થિત તીર્થરક્ષા ટ્રસ્ટના વહીવટી નિયામક સનાભાઇ તલકચંદ શાહ તથા (૫) કલકત્તાના ધારાશાસ્ત્રી આર. એસ. જૈન (હવે સદ્ગત) નો સમાવેશ કરાયો હતો.

દિગંબરોના પ્રતિનિધિઓ તરીકે ગિરિદીહ (બિહાર) ના (૬) મહાવીરપ્રસાદ સેઠી, (૭) નવી દિલ્હીના ડી. કે. જૈન (૮) મુંબઇના વસંતભાઇ દોશી, (૯) આરાધના જૈન, (૧૦ પટણાના પંડયા એમ પાંચ પ્રતિનિધિઓ છે.

રાજ્ય સરકારના પાંચ પ્રતિનિધિઓમાં (૧૧) સમિતિના વડા મહેસૂલ સચિવ ઉપરાંત (૧૨) ગિરિદીહના કલેકટર, (૧૩) બિહાર સરકારના અધિકારી અને શ્વેતાંબર એવા રમેશ જૈન, (૧૪) સરકારજી ઠાંગા તથા (૧૫) સરકારના વિશેષ કેપ્ટન શ્રીવાસ્તવ નો સમાવેશ થાય છે.

શ્વેતાંબરોના એક પ્રતિનિધિ આર. એસ. જૈનનું અવસાન થતાં તેમને સ્થાને અન્ય એક પ્રતિનિધિની નિમણૂંક થશે.

શ્રી સમેતશિખરજીના શિખરેથી.....

શ્રી સમેતશિખરજી મહાતીર્થની માલિકી-વહીવટ શ્વેતાંબર જૈનોનું છે. જે અંગેના ફરમાનો મોજુદ છે. થોકડા બંધ અદાલતી ચૂકાદાઓ પ્રસ્તુત છે.

આમ છતાં પરમાત્મા મહાવીર દેવાના નિર્વાણ બાદ ૬૦૦ વર્ષ જુદા પડી નવો પંથ સ્થાપનાર દિગંબરોએ યેનકેન પ્રકારે આ તીર્થનો વહીવટ-માલિકી કરવાના સતત પ્રયત્નો કરી રહેલ છે. એટલું જ નહિ પણ શ્વેતાંબરો તરફથી સુવિધા અને સગવડ કરવામાં આવતી નથી. આ તીર્થમાં વ્યવસ્થા અને વહીવટ બરોબર નથી. તેવી આડ-વાતોનો આધાર લઇ પટણાની ઉચ્ચ ન્યાયાલયની રાંચીપીઠ સમક્ષ દિગંબર સમાજે અપીલ દાખલ કરીને સમેતશિખરજીના વહીવટ માટે સરકારના પાંચ સભ્યો, દિગંબરોના પાંચ સભ્યો, શ્વેતાંબરના પાંચ સભ્યો એમ ૧૫ સભ્યોની સમિતિ બનાવવા આગ્રહ કર્યો હતો. આવી સમિતિ નીમવામાં આદેશની સાથે શ્વેતાંબર તીર્થરક્ષા કમિટી અને જૈન શ્વેતાંબર સોસાયટી (કલકત્તા) સર્વોચ્ચ ન્યાયાલયમાં અરજી કરી વિરોધ કર્યો હતો. આમ છતાં દિગંબરોએ રાજ્ય સરકારમાં વગનો ઉપયોગ કરી બિહાર સરકાર દ્વારા 'શ્રી પારસનાથ હિલ સલાહકાર સમિતિ' જાહેર કરેલ છે. જેની વિગતો આ અંકમાં અન્ત્રે આપેલ છે.

શ્રી સમેત શિખરજી તીર્થના વહીવટમાં દિગંબરોએ ઘુસવા ધમપછાડા કર્યા બાદ સરકારને સંયુક્ત સમિતિ નીમવાનો આગ્રહ કરી આ તીર્થ સરકારને હવાલે કરવાની કાર્યવાહી કરેલ છે. જે કેટલું નુકશાન કારક છે ભવિષ્ય જ કહેશે...!!

ચોપડા-કુંડમાં અનધિકૃત બાંધકામ

શ્રી સમેતશિખરજીમાં ચોપડા-કુંડ પર અનધિકૃત બાંધકામ કર્યા પછી દિગંબરોએ તેમની ત્રણ મૂર્તિઓ લાવીને મૂકી હતી, આની સામે શ્વેતાંબરોએ કાનુની કાર્યવાહી કરેલ છે તે ચાલુ જ છે, તે દરમ્યાન ચોપડા કુંડમાં દિગંબર સમાજ તરફથી તા. ૨૨-૪-૯૮ થી પંચ કલ્યાણક મહોત્સવ ઉજવવા કલેક્ટર પાસેથી તા ૧૨-૪-૯૮ ના મંજુરી મેળવી લીધી હતી આ પછી શ્વેતાંબરો તરફથી સાચી સ્થિતિનું દર્શન કરાવતા તા. ૧૭-૪-૧૯૯૮ કલેક્ટરે દિગંબરોને એ જાતની નોટિસ આપી કે, તમારા પર તો અસત્યભાષણ, ધોખાધડી, ધાર્મિક વિચ્છેદ અને કાનુની વ્યવસ્થાને વેરવિખેર કરવાનો અપરાધનો આરોપ છે. જેથી તા. ૧૨-૪-૯૮ ના આપેલી સ્વીકૃતિ રદ્દ કરી છે...! આ પછી પણ દિગંબરોએ ચોપડા-કુંડમાં મોટા પાયે મહોત્સવ થશે એવો પ્રચાર ચાલુ કરતાં ગિરીડીહ જીલ્લાના કલેક્ટરે ૧૪૪ કલમ લાગુ પાડી આ મહોત્સવ ચોપડા-કુંડ ખાતે યોજવાની મનાઇ ફરમાવી હતી. જે પછી દિગંબરોએ તળેટીમાં નાના પાયા પર મહોત્સવ ઉજવેલ હતો...!!

(કોન્ફરન્સ સંદેશ)

શાસન સમાચાર

ભાવનગર :- તા. ૧૯-૮-૯૮ રવિવારના પરમ પૂજ્ય આચાર્ય શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની નીશ્રામાં મુનિશ્રી મેરૂચન્દ્રવિજય મ. સા. ની પ્રેરણાથી ૪ પ્રશ્ન ઉપર ધાર્મિક પરિક્ષા રાખવામાં આવી હતી ભાવનગરના કાઠા સાહેબ વિભાગ, વડવા, આનંદનગર, વિદ્યાનગર, કૃષ્ણનગર આદિ વિભાગોએ ભાગ લીધો હતો પ્રથમ નંબર ૨૦૧ રૂપીયા, બીજા નંબર ૧૦૧ રૂપીયા, ત્રીજા નંબરને ૫૧ રૂપીયા અન્યને પાંચ રૂપીયાની પ્રભાવના કરી હતી.

સુધારો :- પ. પૂ. વર્ધમાન તપોનિધી જૈનાચાર્ય શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ના હસ્તે લિખિત પુસ્તીકાનું હિન્દી સંકલન સૌ. કાશ્મીરાબેન લોઢાયા ડાહ્યા ઔરંગાબાદવાળાએ કર્યું. સંકલનકર્તા પોતે અચલગચ્છીય છે. એટલે પૂ. આ. શ્રી ના "સાર્થવાહ" નામે પુસ્તકમાં પાન નં. ૩૩ પર જે શ્રી નવકાર મહામંત્ર લખ્યો છે. જેમાં કોઇ બદલે હવઇ સુધારી લેવું. એવી વાચકગણને ભલામણ છે અને ભૂલ બદલ મિચ્છામિ દુક્કડમ્ માંગીએ છીએ — લી. પ્રકાશક

આત્મ પ્રબોધક પ્રસંગો :

* આરાધના ફળે કયારે ! *

— પૂ. સા શ્રી અનંતગુણાશ્રીજી મ.

પરમ કલ્યાણકારક શ્રી નવપદનો આરાધક કેવો હોય તેના ગુણોનું વર્ણન કરતાં પૂ. આ. શ્રી મુનિચન્દ્ર સૂ. મ. કહ્યું કે – "જે ક્ષમાશીલ હોય, જિતેન્દ્રિય હોય અને ઉપશાની હોય તે જ આત્મા નવપદનો સાચો આરાધક છે" સાચી આરાધના કરવા ઇચ્છનાર આરાધકે આ ત્રણે ગુણ મેળવવા જરૂરી છે. જે ક્ષમાશીલ નથી, જિતેન્દ્રિય નથી અને કષાયથી ધમધમતો છે તે આરાધક નહિ બનતા વિરાધક બને છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે – સાચા આરાધકનું અપ્રિય બુરૂં કે ખરાબ ઇચ્છનારનું બુરૂં થાય છે.

આ વાત ધવલ શેઠના દૃષ્ટાન્તથી બૂબ જ સ્પષ્ટ સમજાય છે. શ્રીપાલ મહારાજાએ ધવલ શેઠ ઉપર અવસરે અવસરે ઉપકાર કરવામાં કમીના રાખી નથી. જ્યારે અર્થ-કામને આધીન બનેલા ધવલ શેઠે શ્રી શ્રીપાલ મહારાજાનું બુરૂં કરવામાં બાકી ન રાખ્યું. કરેક પ્રાણાન્ત આપત્તિમાંથી શ્રી શ્રીપાલ મહારાજા બચી ગયા અને અંતે ધવલ શેઠ મરીને સાતમી નરકે ગયા.

વર્ષોથી આરાધના કરનારા આપણી આરાધના કેમ ફળતી નથી તે આ પ્રસંગ પરથી સારી રીતના સમજાય છે. જ્યાં સુધી આરાધકના ગુણો પેદા ન થાય, તે ગુણોને પેદા કરવાનો પ્રયત્ન ન થાય, બીજાનું ખરાબ કરવાની ભાવના જીવંત હોય તો આરાધના ન ફળે તો દોષ આરાધનાનો નથી પણ આપણી જાતનો છે. જો આપણી ભૂલ–ખામીનો વિચાર કરીએ તો આ વાતમાં શંકા રહેશે જ નહિ કે, આરાધના સારી પણ આપણે જ ખરાબ. આપણી ખરાબીને પોષવનાર–વધારનાર હોય તો અર્થ–કામની આસક્તિ. માન-પાનાદિની તીવ્ર લાલસા !!

દરેકે દરેક આરાધક વિચારે કે, ધર્મારાધના કરવા–કરાવવા છતાં ય મારી આસક્તિ વધે છે કે ઘટે છે ? વધતી લાગે તો સમજી લેવું કે મારી જ અયોગ્યતા ઘણી છે. તે અયોગ્યતાને જાણી તેને દૂર કરવા પ્રયત્ન કરાય તો ય સમજવું કે હવે બીજ પડ્યું છે. આરાધકના ગુણો આવશે, સાચી આરાધના પેદા થશે, આરાધના સંપૂર્ણ ખીલી આત્માની મુક્તિ નિકટ બનાવશે. આપણે સૌ આવી દશાને પામીએ તે જ ભાવના.

નવો મળેલો સહકાર

૩૦૦૧ શ્રી સંભવનાથ જિન મંદીર ટ્રસ્ટ – સાવત્થીનગર (ભાવળા) પ. પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. સા. નાં ઉપદેશથી ભેટ.

૨૦૦૧ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ – કોઇમ્બતૂર પ. પૂ. આ. શ્રી અશોકરત્ન સૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી ભેટ.

૫૦૦૧ રશ્મિકાબેન – અમદાવાદ તરફથી પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ. ના સહસકૂટ તપની અનુમોદનાર્થે પૂ. મુનિશ્રી પ્રશાંત દર્શન વિ. મ ના ઉપદેશથી ભેટ.

૨૫૦૧ જ્યાબેન – અમદાવાદ તરફથી પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. ની ૪૫ ઓળીની પૂર્ણાહૂતિ અનુમોદનાર્થે પૂ. મુનિશ્રી પ્રશાંતદર્શન વિજયજી મ. સા. ના ઉપદેશથી ભેટ.

૫૦૧૧ શ્રી જ્ઞાનચંદ્રજી અભયચંદ્રજી છજલાણી (દિલ્હી) ૫ પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. ની વર્ધમાન તપની ૭૨ ઓળીની પૂર્ણાહુતિ નીમીતે પૂ. સા. શ્રી હર્ષિશ્રેયાશ્રીજી મ. ના ઉપદેશથી ભેટ.

પૂ. સા. શ્રી હર્ષિતાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી સોમ્યાશ્રેયાશ્રીજી મ. ના ઉપદેશથી ભેટ.

૨૦૧૧ જબલબેન પાલાવત – દિલ્હી તરફથી

૧૦૧૧ રીટાબેન છજલાણી – દિલ્હી તરફથી

૫૧૧ કોમલબેન બુરડ – દિલ્હી તરફથી

૧૦૧૧ મિમલાબેન નેમચંદ – દિલ્હી તરફથી

૫૧૧ એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. નવિનભાઇ પ. પૂ. આ. દેવશ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય રત્ન બાલ મુનિરાજ નમરેન્દ્ર વિજયજી મ. સા. શંખેશ્વર તિર્થમાં ઉપધાન તપસ્વીઓને ખમાસણાની ક્રિયા ને પ્રવચન કરતા.

卐

ગ્રહણ કરવા જણાવ્યું. અને પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ.ના પ્રવચન બાદ આબેહુબ પેન્ટીંગ થયેલા અને સંઘે નિર્માણ કરાયેલા પાંચ ફોટાની અનાવરણ વિધિ શરુ થઇ. પૂ. આ. શ્રી વિ. ઠાન સૂ. મ. ના ફોટાની અનાવરણ વિધિ સંઘપ્રમુખ શ્રી બાલચંદભાઇ હિંમતલાલના હસ્તે પૂ.શ્રીની સ્તુતિ અને જય બોલાવવા પૂર્વક થઇ. તે રીતે પૂ. આ. શ્રી વિ. પ્રેમ સૂ. મ.ના ફોટાની શ્રી બાબુલાલ લક્ષ્મીચંદજી ઢાંતરાઇવાળા, પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના ફોટાની શ્રી રીખવચંદજી છોગાલાલજી, પૂ. આ. શ્રી વિ. કનકચંદ્ર સૂ. મ.ના ફોટાની શ્રી અરવિંદભાઇ કલ્યાણભાઇ રાવ તથા પૂ. ઉપા. શ્રી મહિમા વિ. ગણિવરના ફોટાની શ્રી હસમુખલાલ રીખવચંદ શાહ પાટણવાળાના હસ્તે અનાવરણ વિધિ થઇ.

સ્વ પૂ.શ્રીએ સં. ૨૦૩૮ ના અંતિમ ચાતુર્માસમાં આપેલ પોતાના સંયમજીવન અંગેનું પ્રવચન તેમજ પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. રચિત પૂ.શ્રીના જીવન-કવનના રાસનું પ્રકાશન પણ કે. પી. શાહ તથા હરેનભાઇ રમણલાલ ઝવેરીના હસ્તે થયેલ. સમાધિ મંદિરે પૂ.શ્રીની ગુરૂમૂર્તિને તેમજ પૂ. ગચ્છાધિપતિશ્રીને ગુરૂપૂજનની ઉછામણી બોલાતાં શ્રી બાબુલાલ લક્ષ્મીચંદજી ઢાંતરાઇવાળાએ લાભ લીધો હતો. તે પછી સ્વ. પૂ. શ્રીના અંતિમ શિષ્ય જેમનું મંગળ માર્ગદર્શન પામી સંઘે વાર્ષિક ગુરૂ સ્મૃતિ મહોત્સવ ઉજવવાના શ્રમણાં સાકાર કર્યા તે પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મહારાજે પોતાના ઉપકારી ગુરૂદેવના અદ્‌ભુત જીવન પાસાઓને વર્ણવ્યા. તે પછી પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ., પૂ. આ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ., હરેનભાઇ ઝવેરી તેમજ છેલ્લે પૂ. આ. શ્રી વિ. હેમભૂષણ સૂ. મહારાજે પૂ. શ્રીના વિરાટ શાસન પ્રભાવક જીવનની ગુણગરિમાને વર્ણવી હતી. શ્રી સંઘે આગામી ચાતુર્માસ માટે તેમજ સં. ૨૦૫૫ ઠા. વદ ૬ના થનાર ત્રણ દીક્ષા પ્રસંગે પધારવા આગ્રહભરી વિનંતિ કરેલ. તેમાં દીક્ષા વિનંતિનો સ્વીકાર કરેલ. છેલ્લે ૨૦-૨૦ રૂા.નું સંઘપુજન થયા બાદ સર્વમંગલ થયું. આજના આ પ્રસંગે શહેર તેમજ પરામાંથી વિશાળ શ્રમણીવૃંદ ઉપસ્થિત થયેલ.

બપોરે શ્રી શાંતિસ્નાત્ર અનેરા હર્ષોલ્લાસથી ભણાવાયું. ૨૭ ગાથામાં લાભ લેવા કરેક બોલી બોલાઇ હતી. અંતે સાટાની પ્રભાવના અને રાત્રે ધારાવડી થયેલ. વિધિકારક શ્રી નવીનભાઇ બાબુલાલ શાહ જામનગરથી પધારેલ અને સંગીતકાર શ્રી રૂપેશભાઇ શાહ અદ્‌ભુત ભક્તિરંગ જમાવેલ. સ્વ. પૂ.શ્રીના આ ભૂમિ પર પુણ્ય પરમાણુઓ સુદ ૧૦ના પથરાયા હતા તે સમાધિભૂમિએ મહોત્સવના છેલ્લા દિવસે આજે શ્રી સત્તરભેદી પુજા ભણાવાઇ અને મહોત્સવ એક સંભારણું બની જઇ આ મહોત્સવ હવે યાવત ચંદ્ર દિવાકરૌ બની રહે એવી મંગળ ભાવના સૌએ વ્યકત કરી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* ધર્મ કરવો સહેલો છે. પણ સમ્યગ દર્શનનું અર્થીપણું કઠીન છે. ધર્મ કરે તેમાં મહેનત નથી આવતી. મારે તો સમ્યગદર્શન માટે ધર્મ કરે તેવા જીવો જોઇએ છે.

* અહીંયા મઝેથી સુખ ભોગવવું તે દુર્ગતિમાં જવાનો ધંધો છે, દુઃખ રોતે રોતે ભોગવવું તે ય દુર્ગતિમાં જવાનો ધંધો છે. દુઃખ ખૂબ ખૂબ મઝેથી ભોગવવું અને સુખ તાકાત આવે તો છોડી દેવું અને ન છૂટી શકે શકે તો રોતા રોતા ભોગવવું તે સદ્ગતિમાં જવાનો ધંધો છે.

* સમ્યગદર્શન મેળવવાની મહેનત ન કરે તો નવપૂર્વ ભણેલો પણ આ અટવીના માર્ગને જોઈ શકતો નથી.

* સમ્યગદર્શન આવ્યું હોય તો આ સુખમય સંસાર છોડવા જેવો જ લાગત. આ સુખમય સંસાર હજી છોડવા જેવો લાગ્યો નથી તે સૂચવે છે કે હજી સમ્યગદર્શન આવ્યું નથી.

* સાધર્મિકની ભક્તિ જેવી ભક્તિ નહિ. સાધર્મિકતા સગપણ જેવું સગપણ નહિ.

* ભગવાનની પૂજા ભગવાન થવા માટે છે. સાધુની સેવા ભક્તિ સાધુ થવા માટે છે. ધર્મની કાર્યવાહી ચારિત્ર મેળવવા માટે છે. ધર્મ કરનારને સમ્યક ચારિત્ર ન મળે ત્યાં સુધી તે દુ:ખી જ હોય ને ?

* અનંતીવાર 'નમો અરિહંતાણં' બોલનારા હજી સંસારમાં ભટકે છે. તેને હજી સંસારથી પાર પામવું નથી. તેને ફાંફા મારવા છે. સુખ મળે તો તેમાં પાગલ થવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખ આવે તો તેમાં રિબાઇને મરવું છે. તે કોઇ દહાડો વિચાર ન કરે કે દુનિયાના સુખથી ફાયદો શું ? દુઃખથી રોવાના ફાફા શા ? તેવા બધા રોતા રોતા મરે અને પાછા દુઃખમાંથી મહાદુઃખમાં જાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર



શ્રી



જૈન શાસન

વર્ષ : ૧૧

અઠવાડિક

અંક : ૧૩/૧૪

જિનદર્શનપૂજન કથા વિશેષાંક

૧૧ માં વર્ષનો વિશેષાંક

પરમ ઉપકારી પૂજ્ય ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધરમશી નથુભાઇ (કાનાલુંશ-હાલાર) તથા તેમના પૌત્ર સ્વ. ચન્દ્રકાન્તભાઇ તથા સ્વ. નરેન્દ્રભાઇ જુઠાલાલભાઇના શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમશી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા..

14, WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી મુકીમ
(અમદાવાદ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વડોદરા)
ચાંદમલ પદમશી મુકીમ
(આગરા)

વર્ષ : ૧૧] ૨૦૫૫કારતક સુદ-૧૪ મંગળવાર તા. ૩-૧૧-૯૮ [અંક : ૧૩-૧૪

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

શ્રી જિનનું દર્શન, શ્રી જિનનું વંદન અને શ્રી જિનનું પૂજન !

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(શ્રી જૈન પ્રવચન વર્ષ : ૩૦ માંથી સાભાર)

શ્રી જિનના દર્શન દ્વારા તમને તમારા કયાં દુરિતના ધ્વંસની પ્રધાનપણે ઇચ્છા રહ્યા કરે છે ? અને શ્રી જિનના દર્શનથી જે દુરિતનો ધ્વંસ થવો જોઇએ, તે દુરિતનો જેને ધ્વંસ થાય, તેની શી શી વાંછાઓ હોય ? પછી એ વાંછિત જેમ જેમ મળે, તેમ તેમ તેનું શ્રી જિનનું પૂજન કેવું ક બનતું જાય ? અને, એથી એ પૂજક પરિણામે કયી શ્રીનો સ્વામી બને ?

જ્ઞાનદર્શનચારિત્ર-રત્નત્રિતયભાજને । મનુજત્વે પાપકર્મ, સ્વર્ણભાણ્ડે સુરેપમમ્ ।

આ દર્શન-વન્દન કોણે કયારે ?

આજે, અમદાવાદ શહેરમાં મહા પુણ્યશાલિઓએ સ્થાપિત કરેલાં શ્રી જિન-મન્દિરોની સામુદાયિક યાત્રાની શરૂઆતનો દિવસ છે. મહા પુણ્યશાલિઓએ સ્થાપિત કરેલાં એ શ્રી જિનમન્દિરોમાં વિરાજમાન જે શ્રી જિનબિંબોની દર્શનાદિ દ્વારા યાત્રા કરવાને માટે આજે આપણે નીકળ્યા છીએ, તે બિંબો કોનાં છે ? જગતના જીવોનો ઉદ્ધાર કરનારા શ્રી વીતરાગ પરમાત્માનાં, એટલે કે ભગવાન શ્રી તીર્થંકરદેવોનાં એ બિંબો છે. એ પરમ તારકોના શાસનનો સુંદર પ્રકારે આપણને યોગ કરાવી આપી

શકે એવી સુંદર સામગ્રીને આપણે આપણા પુણ્યોદયના પ્રતાપે પામ્યા છીએ. અને આપણને આપણા મહા પુણ્યોદયે જે સામગ્રી મળી છે, એના યોગે જ આપણને એ પરમ તારકોનાં બિંબોનું દર્શન-વન્દન આદિ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. આપણું આ દર્શન-વંદન આપણને વાસ્તવિક રીતિએ ફળે ક્યારે? એ પરમ તારકોએ આ માનવજન્મની મહત્તા જે હેતુસર વર્ણવી છે, તે હેતુ આપણી સમજમાં આવી જાય અને એ હેતુને સિદ્ધ કરવાનો આપણા અંતઃકરણમાં ભાવ પ્રગટે ત્યારે ને? એ હેતુને પ્રધાન બનાવીને અને 'શ્રી જિનપડિમા જિનસારિખી' માનીને આપણે જો હૈયે શ્રી જિનેશ્વરદેવને ધારણ કરીએ અને એમના બિંબ દ્વારા એ પરમ તારકનું દર્શન-વંદન કરીએ, તો જ આપણે સાચું દર્શન-વંદન કર્યું એમ કહેવાય ને? જો એમ થાય, તો કદાચ તેવા પ્રકારના કર્મોદયાદિને કારણે, જે માનવજન્મનું ઘણું મહત્ત્વ જ્ઞાનિઓએ વર્ણવ્યું છે અને જે માનવજન્મ મહા પુણ્યોદયે મળ્યો છે, તે જન્મનું ઉત્તમમાં ઉત્તમ પ્રકારે સફળ ન પણ કરી શકીએ, તો પણ તેને સારી રીતિએ સફળ કરવાની દિશામાં પ્રયાણ તો જરૂર થાય.

માનવજન્મને પામ્યા વિના કોઇ પણ આત્મા મહાન અને પૂજ્ય બન્યો નથી.

અનંતજ્ઞાની ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પણ મનુષ્ય-જન્મની મહત્તા વર્ણવી છે. અને તે એટલા જ માટે વર્ણવી છે કે- વાસ્તવમાં શ્રી જિનશાસન જેને જેને પામવું હોય અને જેને શ્રી જિનશાસનને પામીને ઉત્તમમાં ઉત્તમ પ્રકારે આરાધવું હોય, તેને માટે આ માનવજન્મથી અન્ય એવો જન્મ નથી, એવું એ પરમ તારકોએ પોતાના અનંતજ્ઞાનના બળે જોયું હતું. માનવજન્મ સિવાયના અમુક અમુક જન્મોમાં પણ આ શાસન પમાય એ બની શકે અને એ જન્મોમાં અમુક અંશે આ શાસનની આરાધના પણ થઇ શકે એવું બને, પરન્તુ આ શાસનને આ જન્મમાં પામવાની જે સુલભતા છે તે બીજે નથી અને એના કરતાંય આ શાસનની જે એકાન્ત આરાધના, તે તો આ જન્મ સિવાયના જન્મમાં થઇ શકે એમ જ નથી. તો, આ જન્મને પામીને પણ જો આ જીવનમાં એ પરમ તારકોએ ફરમાવેલા ધર્મને પામી ન શકીએ અને ઉત્તમ પ્રકારે આરાધી ન શકીએ, તો આપણા આ જન્મની કાંઇ પણ કિંમત ખરી? એ વાત સૌએ વિચારવી જોઇએ.

આ જગતમાં જેટજેટલા મહાન અને પૂજ્ય આત્માઓ થઇ ગયા છે, તે સર્વેએ માનવજન્મને પામેલા. માનવજન્મને પામીને એમણે ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને

સારી રીતિએ હૃદયસ્થ બનાવેલું, અને શ્રી જિનેશ્વરદેવના શાસનને સારી રીતિએ હૃદયસ્થ બનાવીને, એમણે કેવળ શ્રી જિનશાસનની આરાધના કરવામાં અને શ્રી જિનશાસનની આરાધના કરાવવા આદિમાં જ પોતાના આ જન્મનો ઉપયોગ કરેલો. એ કારણે જ તેઓ મહાન અને પૂજ્ય બન્યા હતા.

માનવજન્મને પામ્યા વિના અને માનવજન્મને પામીને પણ માનવજન્મની પ્રાપ્તિને સફળ કરવાને માટે સારી રીતિએ ઉદ્યમશીલ બન્યા વિના, કોઇ પણ આત્મા મહાન અને પૂજ્ય બની શકયો નથી. એથી જ જ્ઞાનિઓએ આ માનવજન્મની પ્રશંસા કરી છે. આપણે એવા ભાગ્યશાળી છીએ કે, જે જન્મની જ્ઞાનિઓએ ખૂબ ખૂબ પ્રશંસા કરી છે એવા માનવજન્મને આપણે આર્ય દેશાદિ સામગ્રીએ સહિત પામ્યા છીએ ! પણ આવા માનવજન્મને પામેલાઓએ, તમારે ને અમારે સૌએ, એ વિચાર રોજ કરવો જોઇએ કે-જો આવું જ્ઞાનિઓથી પણ પ્રશંસાને પામેલું જીવન ધર્મશૂન્ય રહી જાય તો શું થાય ? 'મારૂં આ જીવન જો ધર્મશૂન્ય રહી જાય, તો ભવિષ્યમાં મારૂં શું થાય ? આવો વિચાર કરીને તમે કદી પણ એના પરિણામની કલ્પના કરી છે ખરી ? શ્રી જિનદર્શન કરતાં, એ પરિણામ આંખ સામે આવવું જોઇએ. માનવજન્મનો જે સદુપયોગ થવો જોઇએ તે સદુપયોગ થતો ન હોય અને દુરૂપયોગ થતો હોય, તો શ્રી જિનદર્શન કરતાં એનો ખ્યાલ આવવો જોઇએ. મારે આ જન્મનો કેવો ઉપયોગ કરવો જોઇએ તેનો ખ્યાલ આવે નહિ અને આ જન્મનો જે દુરૂપયોગ થઇ રહ્યો છે તે દેખાય નહિ, તો આ શ્રી જિનદર્શનાદિની સફળતા શી ?

શ્રી જિનદર્શનની ભક્તિ :

આવી બધી વાતો કરીને, શ્રી જિનદર્શનનો જે ખરેખરો હેતુ છે, તેના તરફ તમારૂં ધ્યાન દોરવું છે. શ્રી જિનદર્શન એ એટલું બધું મહત્ત્વનું છે કે– એ ભવોભવનાં દુઃખોનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. ભવપરંપરાને પરિમીત બનાવી દેવાની અને અંતે ભવનો નાશ કરવાની શક્તિ શ્રી જિનદર્શનમાં રહેલી છે. પણ એ ત્યારે જ બની શકે, કે જ્યારે દર્શન દર્શન રૂપે થાય. શ્રી જિનનું દર્શન જો શ્રી જિનના દર્શન રૂપે થાય નહિ, તો આપણું એ દર્શન ભવપરંપરાને પરિમીત કરનારૂં અને ભવપરંપરાનો નાશ કરનારૂં નીવડે નહિ. શ્રી જિનદર્શનનું ખરેખરૂં ફળ તો એ છે. અને એ ફળ આપવાને સમર્થ નીવડે એવું શ્રી જિનદર્શન જ્યાં સુધી આપણે કરીએ નહિ, ત્યાં સુધી આપણે જે શ્રી જિનદર્શન કરીએ, તે ખરેખર કામીયાબ નીવડ્યું એમ કેમ કહેવાય ?

આ શહેરમાં વસનારનું પુણ્ય કેટલું બધું ?

તમે લોકો જો વિચાર કરો અને સમજો તો તમે કમ પુણ્યશાલી નથી. આ શહેરમાં જન્મેલા અથવા તો આ શહેરમાં આવી વસેલાઓ ખરી રીતિએ એવા ભાગ્યશાલી છે કે–અન્યત્ર જન્મેલાને અથવા તો પછી અન્યત્ર વસનારને એમ થાય કે–જેટલા નસીબદાર એ છે તેટલા નસીબદાર આપણે નથી. કારણ કે–આ શહેર આટલાં બધાં શ્રી જિનમંદિરોથી મંડિત છે. અને એ શ્રી જિનમંદિરોમાં પણ એક એકથી ચડે એવાં ભવ્ય શ્રી જિનબિંબોને ભાગ્યવંતોએ ગાદીનશીન કરેલાં છે. વળી આ શહેર પ્રાયઃ હંમેશને માટે જૈનાચાર્યો આદિ મુનિ મહાત્માઓથી અલંકૃત રહે છે. અમુક લત્તાઓમાં તો પ્રાયઃ કોઇ પોળ એવી નહિ, કે જે પોળમાં કે તેની નજીદીકમાં ધર્મસ્થાન હોય નહિ. ઘણે ઠેકાણે તો શ્રી જિનમંદિરો પણ ખરાં અને ઉપાશ્રયાદિ ધર્મસ્થાનો પણ ખરાં. એથી લગભગ બધેય પ્રાયઃ સાધુય મળે અને સાધ્વીય મળે એમાં એવી પણ એકેય પોળ નહિ, કે જેમાં સાધર્મિક ભાઇ–બેનનો સંયોગ મળે નહિ. ઉપરાંત, આ શહેરમાં પૂજા, મહાપૂજા અને યાત્રાદિકના આવા પ્રસંગો પણ વારંવાર પેઠા થાય. પુણ્યોદય વિના આવી સુંદર સામગ્રીનો યોગ મળે નહિ. આટલું બધું પુણ્ય જેને મળ્યું હોય, એ પુણ્યના યોગે જેને આવી ઉત્તમ સામગ્રી મળી હોય અને આવી ઉત્તમ સામગ્રીનો યોગ થવાથી જેને નિરંતર શ્રી જિનદર્શન, શ્રી જિનવંદન અને શ્રી જિનપૂજન કરવાનો સુયોગ હોય તથા શ્રી જિનવાણીનું શ્રવણ કરવાનો સુયોગ પણ જેને મળ્યો હોય, તેને ધર્મ આંખ સામે ન રહે એ બને ખરૂં ? અને જો એ બનતું હોય, તો એનું પરિણામ શું ? આટલા બધા પુણ્યના સ્વામી આત્માઓ પાસેથી તો, તેઓ એક પળને માટે પણ ધર્મને વિસરે નહિ, એવી જો આશા રાખવામાં આવે, તો તે શું અસ્થાને ગણાય ?

પ્રાતઃકાળે ઉઠતાં મનોરથ શો હોય ?

તમે મનુષ્યજન્મને તો પામ્યા છો, પણ તે સાથે તમે આવા સ્થાનને પામ્યા છો, તો તમને આ જન્મ દ્વારા શું પામી જવાની ઇચ્છા છે ? રોજ તમે ઉઠો ત્યારે તમને આ જન્મમાં શું શું પામવાની ઇચ્છા થાય છે ? અને એથી તમને રોજ શું શું કરવાનું મન થાય છે ?

આ પ્રશ્ન જો તમને એક એકને પૂછવામાં આવે, તો અમને લોકોને આવા પ્રશ્નના જવાબમાં જે સાંભળવાનું મન હોય, તે મુજબનો તમારા તરફથી ઉત્તર મળે ખરો ? મનુષ્યજન્મને જે પામ્યો હોય અને દેવ–ગુરૂ–ધર્મની આરાધનાની આટલી

બધી સુંદર સામગ્રીવાળા શહેરમાં જે રહેતો હોય, તેના પ્રાતઃકાળમાં ઉઠતાં શું શું કરવાના મનોરથ હોય ?

આ મનુષ્યજન્મની અને આ બધી સામગ્રીના યોગની મહત્તા જ્ઞાનિઓએ જે હેતુથી વર્ણવી છે તે હેતુ ખ્યાલમાં હોય અને એ હેતુને જ સિદ્ધ કરવા તરફનું લક્ષ્ય બની ગયું હોય, તો રોજ પ્રાતઃકાળે ઉઠતાં મનોરથ શા શા હોય ? અને, આજે તમારા મનોરથો કયા છે ?

જ્ઞાનિઓએ દર્શાવેલો હેતુ ખ્યાલમાં આવે એ હેતુનેસિદ્ધ કરવા તરફનું લક્ષ્ય બની જાય. તો આજથી આપણે જે યાત્રાની શરૂઆત કરી છે, તે યાત્રા પૂરી થાય તે પહેલાં તો આ શહેરમાં નવો યુગ જન્મી જાય. આપણે બધા સૌથી પહેલા કોના ? જેના છીએ, તેના દર્શનાર્થિની યાત્રાની આજથી શરૂઆત થઇ છે. રોજ સવારે તમે ઉઠો ત્યારે તમને સૌથી પહેલાં એ વિચાર આવવો જોઇએ કે–હું સૌથી પહેલો કોનો ? અને એ જ વખતે, તમારો આત્મા અવાજ આપે કે–સૌથી પહેલો હું શ્રી જિનેશ્વર-દેવનો ! તમને સવારે ઉઠતાં સૌથી પહેલાં શ્રી જિનેશ્વર ભગવાન યાદ આવે છે કે બીજું કાંઇ યાદ આવે છે ? 'નમો અરિહંતાણં' એ જ પહેલું યાદ આવે ને ? ઉઠતાં વેંત સૌથી પહેલો નમસ્કાર એમને કરો ને ? તો, એ પરમ તારકોએ આ મનુષ્યજન્મને શાનું ભાજન માન્યું છે ? અને, આ ભાજનમાં શું નહિ ભરવાનું ઉપદેશ્યું છે ? એ સમજીને મારે મારા આવા ઉત્તમ ભાજનમાં શું શું ભરવાનું છે અને અત્યારે આમાં શું શું ભરાએલું છે કે જેને કાઢવાનું છે, તે તમે નક્કી કર્યું છે ખરૂં ? એ નક્કી કર્યું હોય, તો તમને રોજ સવારે ઉઠતાં જે મનોરથ થાય, તે એવા થાય કે–એ મનોરથોની સાધુઓને પણ પ્રશંસા કરવી પડે. થાય છે એવો કોઇ મનોરથ ? કે, બીજા બીજા જ મનોરથો થાય છે ?

મનુષ્યજન્મને પામી અનંતા સિદ્ધ થયા ને આપણે કેમ જન્મવું પડ્યું ?

આપણને જે મનુષ્યજન્મ મળ્યો છે તે આપણા મહાપુણ્યથી મળ્યો છે, એમાં શંકા જેવું કાંઇ નથી. પણ તમે એ વાત સમજો છો ખરા કે–આવા પણ ભવમાં જીવને જન્મવું પડે તો તે જીવની પોતાની જ ભૂલથી જન્મવું પડે ? ભૂલ નહિ તો જન્મ નહિ એ તમે જાણો છો ખરા ? આ પૂર્વેના ભવમાં મરણ પામ્યા પછી પાછું આપણે જન્મવું પડ્યું, એ આપણી કોઇ ને કોઇ ભૂલનું જ ફળ છે. તો, એ શોધવું જોઇએ કે–અ પણે એવી કયી ભૂલ કરેલી, કે જેથી જન્મ્યા વિના આપણો છૂટકો થયો નહિ. એ ભૂલને આપણે શોધવી જોઇએ અને શોધીને યાદ રાખવી જોઇએ.

એ માટે એ ભૂલને યાદ રાખવી જોઇએ કે—આ જન્મમાં પાછી એવી ને એવી ભૂલ આપણાથી થઇ જવા પામે નહિ. આ મનુષ્યજન્મ આપણને પહેલ વહેલી જ વાર મળ્યો છે, એવું તો નથી ને ? કદાચ એવું બન્યું હશે કે-આપણે આ પૂર્વે અનંતીવાર પણ મનુષ્યજન્મને પામ્યા હોઇએ. તમે એ પણ સાંભળ્યું તો હશે જ કે— આ મનુષ્યજન્મને પામીને અત્યાર સુધીમાં અનંતાનંત આત્માઓ મુક્તિએ ગયા છે જે કોઇ જીવ મુક્તિએ જાય, તે મનુષ્યજન્મને પામ્યા વિના જાય જ નહિ અને અનંતાનંત જીવો અત્યાર સુધીમાં મનુષ્યજન્મને પામીને અને મનુષ્યજન્મ દ્વારા સાધવા યોગ્ય સાધીને મુક્તિએ ગયા છે. મુક્તિએ ગયેલા એ સિદ્ધોને આપણે વારંવાર યાદ કરીને 'નમો સિદ્ધાણં' દ્વારા નમસ્કાર કરીએ છીએ. 'નમો સિદ્ધાણં' બોલીને તમે જે અનંતા સિદ્ધોને નમસ્કાર કરો છો, એ બધા અત્યારે સિદ્ધશિલાની ઉપરના ભાગમાં વિરાજે છે. એ બધા યાદ આવે, ત્યારે આપણને એમ તો થાય ને કે-એમણે એવું તે શું કર્યું, કે જેથી મનુષ્યજન્મને પામી, ત્યાંથી મરીને એ સિદ્ધિને પામ્યા પણ ફરીથી જન્મ્યા નહિ ? મનુષ્યજન્મને પામીને જે કોઇ સિદ્ધિને પામે તેને જન્મવાનું બાકી રહે ખરૂં ? જે જન્મે તે અવશ્ય મરે પણ જે કોઇ મરીને સિદ્ધ થાય તેનું જન્મવાનું હંમેશને માટે બંધ થઇ જાય. મનુષ્યજન્મને પામેલા એ અનંતાનું જન્મવાનું હંમેશને માટે બંધ થઇ ગયું અને આપણે કદાચ અનંતીવાર પણ મનુષ્યજન્મને પામ્યા હોઇશું, તો પણ પાછું આપણે જન્મવું જ પડે છે, એનું કાંઇ કારણ ?

જન્મવું પડ્યું એ આપણી જ ભૂલનું પરિણામ :

આવા મહત્ત્વવાળા પણ મનુષ્યજન્મમાં આપણે જે જન્મવું પડ્યું એ આપણી કોઇને કોઇ ભૂલનું જ પરિણામ છે, અને જન્મવું પડે તેવી ભૂલ કરી હોય છતાં પણ મનુષ્યજન્મ મળે અને તેય આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મળે, એ આપણું મહાપુણ્ય. ભૂલ કરેલી માટે જન્મવું પડ્યું, પણ આ જન્મ મળ્યો અને તે સાથે આવી બધી ઉત્તમ ઉત્તમ કોટિની સામગ્રી મળી, તે આપણાથી કાંઇ ને કાંઇ સારૂં થયેલું એનું ફળ છે.

જન્મવાને માટે, જન્મની સફળતાની દૃષ્ટિએ, જ્ઞાનિઓની દૃષ્ટિએ સારામાં સારૂં સ્થાન મનુષ્યજન્મ છે, પણ એવી જગ્યાએય જન્મે કોણ ? તમારા હૈયામાં એ કોતરાઇ જવું જોઇએ કે—જેણે ભૂલ કરી હોય તે જ. આપણે જે ભૂલ કરેલી, તે પણ પાછી એવી કરેલી કે—અહીં કદાચ આપણે કરી પણ ભૂલ ન કરીએ એવું જ જીવન જીવીએ, તો પણ આપણે અહીંથી મર્યા બાદ ફરીથી જન્મવું તો પડે જ. એવી

સામગ્રી જ આપણને અહીં મળી છે. એટલે આપણે શોધવું જોઇએ ને કે-ભૂતકાળમાં આપણે કઇ ભૂલ કરેલી, કે જે ભૂલના પ્રતાપે જન્મ્યા વિના ચાલી શકે જ નહિ, એવી સ્થિતિમાં આપણે મૂકાઇ ગયા ?

જો આ વિચાર થાય અને ભૂતકાળમાં થયેલી ભૂલોનો ખ્યાલ આવી જાય, તો વર્ત્તમાનમાં એવી ભૂલ થઇ જવા પામતી હોય કે વર્ત્તમાનમાં આપણે એવી ભૂલ કરતા હોઇએ, તે સાવધગીરી આવે કે નહિ ? એ સાવધગીરી પેદા કરવાને માટે આ વાત છે. તમે ભૂલ નથી જ કરતાં એવું તો કહી શકાય એમ નથી, પણ ભૂલ કરવા છતાંય તમે સાવધગીરીમાં છો, એવું મારે તમારી પાસેથી સાંભળવું છે.

સાચા સાધુ શા આશયે સાધુ થયા ?

આ સાવધગીરી આવી જાય, પછી કેવા બનવાનું મન થાય ? શું છોડવાનું મન થાય અને શું લેવાનું મન થાય ? આ સાવધગીરી જેમની જોરદાર બની ગઇ અને સાથે જેમનામાં જોઇતું સામર્થ્ય પ્રગટ્યું, એ જ ખરેખરા સાધુ થઇ ગયા કે બીજા કોઇ ? જે કોઇ સાચા ભાવે સાધુ થયા છે, તે બધા શું કામ સાધુ થયા ? સંસારને એમણે તજી દીધો, એમણે ભોગસુખોનેય તજ્યાં અને ભોગસુખોની સામગ્રીનેય તજી, એટલું જ નહિ પણ ભોગસુખની જે આશા, તેને પણ એમણે તજી, અને કેવળ સંયમનો સ્વીકાર કર્યો. એની પાછળ એ મહાત્માઓનો કોઇ આશય ખરો ? એ જ એક એ મહાત્માઓનો આશય હતો અને છે કે-'મને મારા મહા પુણ્યોદયે આ મનુષ્યજન્મ મળ્યો છે અને સાથે ધર્મસાધનાની સુંદર સામગ્રી મળી છે, તો મારે આ જન્મમાં એવું કરી લેવું કે-મારી આ મરણની અને જન્મની જે પરંપરા અનાદિકાળથી ચાલી આવે છે, તે ટૂંકી થઇ જાય અને નજદીકના ભવિષ્યમાં એનો અંત આવી જાય.' જે કોઇ સાચા સાધુ થઇ ગયા અને થાય છે, તે આવા જ આશયથી થયા અને થાય છે ને ? જો હા, તો તમને સાધુને જોઇને આવો કોઇ વિચાર આવે છે ? એમ થાય છે કે-અમે પણ જો આવા થઇએ, તો અમારી જન્મની અને મરણની પરંપરા ટુંકાઇ જાય ? અને અંતે તૂટી જાય ? સાધુને જોતાંની સાથે જ આવો વિચાર આવે એવા કેટલા ? જેમને આવો વિચાર આવતો હોય. એમને શું પામવાનો મનોરથ હોય ? શ્રી જિને કહેલી સાધુતાને જ પામવાનો એમનો મનોરથ હોય ને ? એટલે, સાધુ-સાધ્વી પ્રત્યે એ કેવા ભક્તિભાવથી જોનારા હોય ?

સાધુને જોતાં શ્રાવકને શું લાગે અને શ્રાવકને જોતાં સાધુને શું લાગે ? :

જૈનનું તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ જ્યાં જ્યાં જોવા મળે, ત્યાં ત્યાં એનું હૈયું વિકસિત બન્યા વિના રહે નહિ. તેમાંય જૈનને જ્યારે સાધુ-

સાધ્વી જોવા મળે, ત્યારે તો એકદમ એનું હૈયું વિકસે. આનંદ આનંદ થઈ જાય. એકદમ હાથ જોડાઈ જાય અને માથું નમી જાય. કારણ કે-આ સાધુ મ. એટલે અનંતજ્ઞાનિઓની આજ્ઞાને હૈયે લઈને અને જીવનમાં એક એને જ જીવવાનો પ્રયત્ન કરતે કરતે વિચરનારા. તમને પણ એકાંતે અનંતજ્ઞાનિઓની આજ્ઞા પાળવાનો મનોરથ ખરો ને ? સાધુઓ અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ વિચરનારા અને તમને અનંતજ્ઞાનિઓની આજ્ઞાનું જ પાલન કરનારા બનવાનો મનોરથ. એટલે, અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબ વિચરનારા સાધુઓને જોતાં તમને એમ થાય કે-આમનો આ જન્મ ખરેખરો લેખે ગયો અને અમારો આ જન્મ એળે જાય છે ! તમે આવી સુંદર સામગ્રીવાળો મનુષ્યજન્મ પામ્યા છો, એ જોઈને અમે આનંદ પામીએ છીએ. જ્યારે જ્યારે અમે તમને શ્રી જિનનું દર્શન કરતા જોઈએ છીએ. શ્રી જિનને વંદન કરતા જોઈએ છીએ, શ્રી જિનનું પૂજન કરતા જોઈએ છીએ, શ્રી જિનયાત્રાદિના ઉત્સવો કરતા તથા તેમાં ઉલ્લાસભેર ભાગ લેતા જોઈએ છીએ, સાધુઓને વંદનાદિ કરતા જોઈએ છીએ, સાધર્મિકોનું વાત્સલ્ય કરતા જોઈએ છીએ, સામાયિક-પૌષધ-પ્રતિક્રમણાદિ કરતા જોઈએ છીએ અથવા તો શ્રી જિનોક્ત એવું કોઇ પણ અનુષ્ઠાન કરતા અમે તમને જોઈએ છીએ, ત્યારે ત્યારે અમને આનંદ થાય છે. અમને એમ થાય છે કે-આ જીવો બહુ સારા છે.

આ જીવો સંસારમાં બેઠા છે તોય સંસારથી નિર્લેપ રહેવાના અને સંસારથી છૂટવાના પ્રયત્નમાં પડેલા છે. આ બધા અનુષ્ઠાનો આ લોકો એટલા જ માટે આચરે છે કે-આ બધાને પરિણામે આ લોકો એ સ્થિતિએ પહોંચવા માગે છે, કે જે સ્થિતિમાં શ્રી જિનાજ્ઞાના પાલન સિવાયનું ઠાંઇ ન હોય. અને એવી સ્થિતિ, સિવાય સાધુતા, સાંપડે એમ નથી, માટે આ લોકોનો કયારે હું સાધુ બનું એવો મનોરથ છે ! તમને જોઇને અમને આવું આવું થાય, પણ સાધુને જોઇને તમને શું શું થવું જોઇએ ? તમને એમ થવું જોઇએ કે-આમનો જન્મ લેખે લાગ્યો અને મારો જન્મ હજુ એળે જઇ રહ્યો છે. જો તમને આવું ન થતું હોય. જો તમને આવો કોઇ વિચાર જ ન આવતો હોય અને જો સાધુને જોઇને તમારા હૈયામાં ઊલટો જ કોઇ વિચાર પેદા થતો હોય. તો તમારી શ્રી જિનદર્શનાદિ ક્રિયાથી અમે ઠગાઇએ છીએ એમ અમારે માનવું પડે અને એ બધા પાછળ તમારો કોઇ દોષિત આશય છે એમ માનવું પડે.

સાધુ એટલે મૂર્તિમંત શ્રી જિનાજ્ઞા :

તમારા પૂર્વજોએ આવાં મનોહર શ્રી જિનમંદિરો બનાવ્યાં અને ભવ્ય એવાં

શ્રી જિનબિંબોથી એને મંડિત બનાવ્યાં, તેનું કારણ એ જ કે-એક આમની જ આજ્ઞા એવી છે, કે જે કોઇ આમની આજ્ઞાનું પાલન કરતો રહે, તે મુક્તિને પામ્યા વિના રહે નહિ. અત્યાર સુધીમાં જે અનંતા આત્માઓ મુક્તિને પામ્યા છે, તે આમની આજ્ઞા પાળી પાળીને જ મુક્તિને પામ્યા છે અને જે કોઇ મુક્તિ પામવાના છે તે પણ આમની આજ્ઞાને પાળી પાળીને જ મુક્તિ પામવાનાં છે. એટલે આમના દર્શનાર્થિથી આમની આજ્ઞાનું પાલન કરવાનું મન થાય, આમની આજ્ઞાનું પાલન કરવાનો ઉત્સાહ પ્રગટે, એ માટે જ તમારા પૂર્વજોએ આ મંદિરો બંધાવ્યાં છે ને બિંબો પધરાવ્યાં છે કે બીજા કોઇ હેતુથી ? આ તારકોનું દર્શન કરતાં આ તારકોની આજ્ઞા તરફ આપણું ધ્યાન જાય ને ? ત્યારે, આ તારકોની આજ્ઞા શી છે ? મૂર્તિમંત સાધુતા કહો કે શ્રી જિનાજ્ઞા કહો, એ બંને એક જ છે.

શ્રી જિનાજ્ઞા મુજબનું જ જીવન હોઇ શકે તો તે એક સાધુ મહાત્માનું જ હોઇ શકે બીજાનું જીવન કેવળ શ્રી જિનાજ્ઞામય હોઈ શકે જ નહિ. એટલે, મૂર્તિથી જેમ ભગવાન શ્રી જિનેશ્વરદેવનું દર્શન થાય, તેમ સાધુથી શ્રી જિનની આજ્ઞાનું દર્શન થાય. સાધુ થઇને પણ જો કોઇ શ્રી જિનની આજ્ઞામાં ન રહે, શ્રી જિનની આજ્ઞાને સમર્પિત ન રહે અને શ્રી જિનની આજ્ઞાની અપેક્ષા પણ ન રાખે, તો એ સાધુ વસ્તુતઃ શ્રી જિનનો સાધુ કહેવાય ખરો ? શ્રી જિનનો સાધુ તો ગમે તેવા વાવંટોળમાં પણ શ્રી જિનની આજ્ઞામાં સુસ્થિર રહેવો જોઇએ અને એની નજર શ્રી જિનાજ્ઞા તરફ જ રહેવી જોઇએ. એમ હોય તો જ એ સાધુને મૂર્તિમંત શ્રી જિનાજ્ઞા તરીકે પિછાની શકાય. એવા સાધુને જોઇને, સાધુતાના અર્થી અથવા તો જિનાજ્ઞાના જ એક માત્ર પાલનને ઇચ્છનારા શ્રાવકોને થાય કે-હજુ અમારો જન્મ એળે જઇ રહ્યો છે, કેમકે-શ્રી જિનાજ્ઞા મુજબનું અમારું વર્તન હોય તો તે નામ માત્રનું છે અને શ્રી જિને ન કહ્યું હોય એવું વર્ત્તન ઘણું છે. શ્રી જિનાજ્ઞા મુજબનું વર્તન પામવાને માટે, અમારામાં જે ઉત્સાહ પ્રગટવો જોઇએ, એ શક્તિ ને એ ઉત્સાહ અમારામાં પ્રગટે એ માટે, અમારે શ્રી જિનાજ્ઞાનું જે કોઇ પાલન કરતા હોય, તેમની સાથે રહેવું જોઇએ, તેમની સેવામાં રહેવું જોઇએ અને તેમને સહાયક બનવું જોઇએ.

સાધુ-સાધ્વીનાં મા-બાપ :

સુશ્રાવકોને સુસાધુઓ મૂર્તિમંત શ્રી જિનાગમ રૂપ લાગે. કેમ કે-સુસાધુઓની પાસે શ્રી જિનાગમને અનુસરવા સિવાયની અને શ્રી જિનાગમનો પ્રચાર કરવા સિવાયની વાત હોય નહિ. એટલે એ મૂર્તિમંત શ્રી જિનાગમ રૂપ પણ કહેવાય. આવો

મૂર્તિમંત જિનાગમ રૂપ સાધુઓ સારી રીતિએ શ્રી જિનાજ્ઞાનું પાલન કરે. શકે, એ માટે એમને જે કાંઇ પણ અનુકૂળતા જોઇએ તે અનુકૂળતાને પૂરી પાડવાને માટે અમારૂં મન પણ તૈયાર, અમારૂં તન પણ તૈયાર અને અમારૂં ધન પણ તૈયાર, આવું તમારા મનમાં ખરૂં ને ? શ્રી જિનાજ્ઞાનું મૂર્તિમંત દર્શન કરાવનારા આ મહાત્માઓએ મુક્તિની કૂચ આરંભી છે, એમ તમને લાગે ને ? એથી તમને એમ થાય ને કે–'જે આ કૂચમાં જોડાય તે મહા ભાગ્યશાળી છે ? અત્યારે અમે આ કૂચમાં જોડાઇ શકીએ તેમ નથી, પણ આ મહાત્માઓ આજીવન શ્રી જિનાજ્ઞાનું પાલન કરી શકે એમાં વિઘ્ન ન આવે તે માટે અને વિઘ્ન આવે તો તેને ટાળવાને માટે જે કાંઇ જરૂરી સામગ્રી હોય, તે સામગ્રીને પૂરી પાડવામાં જ અમારૂં શ્રેય છે.'

એક અપેક્ષાએ તો તમે અમારાં-સાધુસાધ્વીનાં મા ને બાપ પણ છો. છોકરાંના પાલન-પોષણની મા–બાપને કેટલી બધી ચિંતા હોય ? એમાંય, છોકરૂં ક્યાં બેઠું છે ને ક્યાં સૂતું છે ? એણે શું ખાધું ને શું પીધું ? એણે શું પહેર્યું છે ને શું ઓઢ્યું છે ? એને કાંઇ તકલીફ છે કે નહિ ? અને તકલીફ હોય તો તે કેમ દૂર થાય ? તેમજ એને દવા વગેરેની જરૂર છે કે નહિ ? આવી બધી છોકરાંની ચિંતા બાપ કરતાં પણ માને વધારે હોય. તમે જ્યારે સાધુ-સાધ્વીનાં મા બાપ બનવા માગતાં હો, ત્યારે તમારે સાધુ-સાધ્વીની બધી જ ચિંતા કરવી પડે ને ? એટલે, સવારે ઊઠતાંની સાથે જ જેમ તમને શ્રી જિન યાદ આવે અને શ્રી જિનની આજ્ઞા યાદ આવે, તેમ સાધુ-સાધ્વી પણ યાદ આવે જ ને ? શ્રાવક અને શ્રાવિકા ઊઠ્યા પછીથી પ્રતિક્રમણ કરતાં હોય તો પ્રતિક્રમણ કરીને અને પ્રતિક્રમણ ન કરતાં હોય તો પ્રતિક્રમણ કર્યા વિના, પહેલાં શ્રી જિનના દર્શને પહોંચે અને તે પછી તરત જ સાધુ-સાધ્વીના દર્શને પહોંચે. તમે બધાં શ્રાવક-શ્રાવિકા છો ને ? તો, તમે રોજ શ્રી જિનનું દર્શન કરીને સાધુ-સાધ્વીના દર્શને જનારાં પણ ખરાં ને ? તમારામાંથી કેટલાંક રોજ સવારે શ્રી જિનદર્શને જતાં હશે ? અને શ્રી જિનનું દર્શન કરીને સાધુ- સાધ્વીના દર્શને જતાં હશે ? અહીં બેઠેલાં શ્રાવક-શ્રાવિકા તો મોટે ભાગે જતાં જ હશે, એમ માની લઉં ને ?

તમને સાધુ–સાધ્વીની ચિંતા કેટલી બધી ?

તમે સાધુ–સાધ્વીની પાસે જઇને શી વિનંતી કરો છો ત્યાં ? તમને એ યાદ છે કે નહિ ? તમારી એ વિનંતિ ઉપરથી તો લાગે કે–તમે સાધુ–સાધ્વીની ચિંતામાં એટલા બધા રહો છો, કે જેનું વર્ણન થઇ શકે નહિ. કારણ કે–એમની સેવામાં તમારી જે કોઈ સામગ્રી ઉપયોગી થાય, તેમાં તમે તમને તમારા પુણ્યોદયે મળેલી

સામગ્રીની સુલભતા માની છે. શ્રાવક-શ્રાવિકાની મનોભાવના તો આવી જ હોય ને ? અને આવી મનોભાવના હોય, એટલે જ શ્રાવક-શ્રાવિકા, સાધુ-સાધ્વીની સંયમયાત્રાની સાધનામાં જે કાંઇ જરૂરી હોય, તે જો પોતાની પાસે હોય, તો તેને સમર્પવાને તૈયાર હોય. માટે તો એમની પાસે જઇને એમને વંદન કરતાં એ શું પૂછે અને શું કહે છે ?

ઇચ્છકાર સુહરાઇ...આપની રાત્રિ સુખપૂર્વક વીતી હશે, એમ પૂછે છે ને ? તે પછી, સુખ તપ શરીરનિરાબાધ સુખ સંયમયાત્રા નિર્વહો છો જી ? આ શું છે ? આપની તપક્રિયા સુખપૂર્વક થાય છે ને ? અને આપ આપના શરીરની નિરાબાધપણે સંયમયાત્રાને સુખપૂર્વક નિર્વહો છો ને ? તપ અને સંયમયાત્રામાં ઉજમાળ એવા આપને પુણ્યવંતે, હે સ્વામિન્ ! શાતા છે ને ? આ બધું પૂછીને વિનંતિ શી કરો છો ?

ભાત-પાણીનો લાભ દેજોજી ! એટલે સાધુ-સાધ્વીનું તપ અને સંયમ શરીરની બાધા વિના સુખપૂર્વક પસાર થયે જાય છે, એ જાણવાની તમારી સૌથી પહેલી ઇચ્છા. અને એ માટે એમને જરૂરી જે કોઇ નિર્દોષ સામગ્રી, તે સામગ્રી તમારે ત્યાંથી લઇને તમને લાભ આપવાની તમારી વિનંતિ ! ભાત-પાણીની વિનંતિ એટલે માત્ર ભાત-પાણીની જ વિનંતિ એમ નહિ. ભાત-પાણીની વિનંતિમાં તો સંયમમાં જરૂરી બધુ સમાય છે.

તમે જે તપ અને સંયમની સાધના કરી રહ્યા છો, તે સાધના તમે નિરાબાધ-પણે કરી શકો, નિર્વિઘ્ને કરી શકો, એ માટે અને તમારા તપ-સંયમની રક્ષા તથા અભિવૃદ્ધિ માટે અવસરે જો અમારા જીવનનો ખપ પડી જાય તો તે કાઇ દેવાની પણ અમારી તૈયારી છે, એવી એમાં કબૂલાત છે. અને જ્યાં સાધુ-સાધ્વીના શ્રી જિનાજ્ઞારાધક જીવનની રક્ષા આદિ માટે જીવન દેવાની પણ તૈયારી હોય, ત્યાં ધનાદિકના વ્યય માટે તો કહેવાનું હોય જ નહિ ને ?

બાળવયે સાધુપણું પમાય એવો સંસ્કાર :

મળ તો તમારે પણ ભગવાને કહેલા સાધુધર્મની જ આરાધના કરવી છે, પણ હજુ સુધી તમે એ ધર્મનો સ્વીકાર કરી શક્યા નથી અને કદાચ એવું પણ બને કે-આ જીવન પર્યન્ત તમે એ ધર્મને સ્વીકારી શકો નહિ. પણ તમારો નિર્ણય તો એ જ છે ને કે-અમે આ જન્મમાં એ ધર્મની એ ધર્મના પાલનરૂપ આરાધના ન પણ કરી શકીએ, તો પણ એ ધર્મને આરાધનારની એવી આરાધના કરીને અમે મરવાના છીએ કે-આ જન્મ પછી જો મનુષ્ય જન્મ મળે તો એ મનુષ્ય જન્મમાં અને આ જન્મ પછી જો

દેવલોક મળે તો એની પછીના મનુષ્ય જન્મમાં અમને ભગવાને કહેલો આ સાધુધર્મ મળ્યા વિના રહે નહિ. શ્રી જિનનો જે આવો સેવક હોય, શ્રી જિનના સાધુઓનો જે આવો સેવક હોય અને શ્રી જિનની આજ્ઞાનો જે આવો સેવક હોય, તે મોટે ભાગે તો મરીને દેવ જ થાય. દેવ જ થાય એમ નહિ, પણ દેવ થાય તેય વૈમાનિક દેવ થાય. અને ત્યાંથી ચ્યવીને એ પ્રાયઃ મનુષ્યજન્મમાં જ આવે અને બાળપણમાં જ એ સાધુપણાને પામે. શ્રી જિનની, શ્રી જિનના સાધુની અને શ્રી જિનની આજ્ઞાની સાચા ભાવે આરાધના કરવાના ભાવથી એવો સંસ્કાર દૃઢ થઇ જાય છે, કે જે સંસ્કારના પ્રતાપે પછીના મનુષ્યજન્મમાં બાળપણમાં જ ભગવાને કહેલા સાધુધર્મની પ્રાપ્તિ થઇ જવા પામે.

ભોગકર્મને – પાપકર્મને સુરાની ઉપમા :

આ જન્મમાં તમે સાધુ બની શક્યા નથી અને અહીં મરતાં પહેલાં સાધુપણું પમાશે નહિ એમેય કદાચ તમને લાગતું હશે, પણ આ સાધુધર્મને પામવાની તમારી ભાવના તો એટલી બધી પ્રબળ છે ને કે જેને લઇને તમને એમ થયા કરે છે કે – હવે પછી મને જ્યારે મનુષ્યજન્મ મળે, ત્યારે બાળ વયમાંથી જ મને સાધુધર્મની પ્રાપ્તિ થઇ જાય તો સારૂં ! કેમ કે – તમને ખબર છે કે–આ મનુષ્યજન્મ એ શાનું ભાજન છે ? પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું છે કે – આ મનુષ્યપણું એ રત્નત્રયીનું ભાજન છે. ઇતર અધ્યાત્મવાદી યોગિઓએ પણ આ મનુષ્યદેહને ધર્માયતન કહ્યો છે પણ ભોગાયતન કહ્યો નથી. આ મનુષ્યપણું એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીનું ભાજન છે એથી આ દેહ ધર્મનું આયતન છે. આવા ભાજનનો ઉપયોગ ભોગકર્મમાં રત બનીને પાપકર્મ ભરવા માટે થાય અરે ? સોનાના ભાણડામાં મદિરા ભરવા જેવું એ કામ છે. તમે મનુષ્યજન્મને પામીને, તમારા આ ભાજનમાં શું ભરવાનો ધંધો કરી રહ્યા છો ? આર્ય દેશાદિ સુંદર સામગ્રીએ સહિત તમને મનુષ્યજન્મ મળી ગયો છે અને તમારૂં પુણ્ય તો એટલું બધુ મોટું કે – તમને જૈન કુળ પમાડવા દ્વારા તમારા પુણ્યે શ્રી વીતરાગ દેવ સમક્ષ, એ પરમ તારકની આજ્ઞાનો સાક્ષાત્કાર કરાવતા નિર્ગ્રન્થ ગુરૂઓ સમક્ષ અને એ તારકની આજ્ઞા સાંભળવા-સમજવા મળે એવા યોગમાં મૂકી દીધા છે. આ બધુ મળ્યું છે, પણ તમારી શી ક્રિયા ચાલુ છે ? તમને એમ થાય છે ખરૂં કે– 'અમે અમારી જીંદગી પાંચેય ઇન્દ્રિયોના વિષયોનો શક્તિ ને સામગ્રી જેટલો ભોગ કરવામાં જ ખર્ચી નાખી છે ?' મોટે ભાગે એવું જ બન્યું છે કે – તમે તમારી શક્તિ


ને સામગ્રીના પ્રમાણમાં સ્પર્શનેન્દ્રિયાદિ પાંચેય ઇંદ્રિયોના સ્પર્શાદિ વિષયોનો ભોગોપભોગ કરવાનું ચૂકયા નથી. પાંચેય ઇન્દ્રિયોના ભોગોપભોગને તમે ચૂક્યા તો નથી પણ એને તમે ચૂકતા પણ નથી, એમ જો હું કહું તો તે પણ મોટે ભાગે સાચું જ છે ને ? અને મરતાં સુધી તમે પાંચેય ઇન્દ્રિયોના વિષયભોગને ચૂકવાના નથી એમ બોલું કે તમે ચૂકી શકો એમ નથી એમ બોલું ? તમે ભોગમાં બેઠેલા છો, છતાં તમારી નજર રત્નત્રયી તરફ હોય તો તેમ કહો. જ્ઞાનિઓએ ભોગકર્મને—પાપકર્મને સુરાની ઉપમા આપી છે ને ? તમારા ચહેરા ઉપર હા નથી આવતી. ભોગમાં બેઠેલા પણ સાચા જૈનો તો કહે કે—અમે ભોગમાં બેઠા છીએ તે બેસવું પડે એમ છે માટે, પણ બેસવું ગમે છે માટે નહિ ! અમને ગમે છે તો આ માનવદેહ દ્વારા એક માત્ર રત્નત્રયીનું જ આરાધન કરવાનું ! તમારા હૈયામાં આ વાત બેઠી છે કે નહિ, એ તમારે કહેવું જોઇએ.

કીમતીને અકીમતી બનાવી મૂકયું :

જ્ઞાનિઓએ આ મનુષ્યજન્મની મહત્તા બહુ બહુ ગાઇ છે એ તો તમે જાણો છો; પણ જ્ઞાનિઓએ તો આ મનુષ્યપણાને રત્નત્રયીનું ભાજન બનાવવાના એક માત્ર લક્ષ્યથી આ મનુષ્યજન્મની બહુ બહુ મહત્તા ગાઇ છે, એ વાત તમે જાણો છો કે નહિ ? સંસારમાં એક માત્ર માનવજન્મ જ એવો છે કે જેને પરિપૂર્ણ રત્નત્રયીનું ભાજન બનાવી શકાય છે. બીજો કોઇ જન્મ આ સંસારમાં એવો નથી, કે જે જન્મમાં આત્મા પૂર્ણ રત્નત્રયીનું ભાજન બની શકતો હોય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સાથે સંપૂર્ણ એવા સમ્યક્ચારિત્રનો યોગ, એક માત્ર આ જન્મમાં જ થઇ શકે છે. માટે જ અનંત ઉપકારી જ્ઞાની મહાપુરૂષોએ આ જન્મની મહત્તા ગાઇ છે. આ જન્મની પ્રાપ્તિને એ મહાપુરૂષોએ ઘણી ઊંચી કોટિની પ્રાપ્તિ કહી છે અને આ પ્રાપ્તિને જીવો કેમ સફળ બનાવી શકે એ માટે પરમ ઉપકારિઓએ શાસ્ત્રોનાં શાસ્ત્રો લખ્યાં છે. શાથી ? આ જન્મને પામીને જ આત્મા આત્માને રત્નત્રયીનું ખરેખર ભાજન બનાવી શકે છે. એટલે, આ જન્મને પામીને પણ જો કોઇ જીવ પોતાના આત્માને રત્નત્રયીનું ભાજન બનાવે નહિ, તો તેને માટે કીમતી એવો પણ આ જન્મ અકીમતી જ કહેવાય ને ? એને માટે એમ કહેવું પડે કે—ભાજન તો ઘણું કીમતી મળ્યું, પણ એણે પોતે એને—કીમતીને પણ અકીમતી બનાવી મૂકયું. મનુષ્યપણા રૂપી આ ભાજન કાંઇ તમને કમ કિંમતે મળ્યું નથી; કિંમત તો ઘણી ચૂકવવી પડી છે; પણ એનો જે બકલો મેળવવો જોઇએ એ નહિ મેળવ્યો અને પુણ્યથી મેળવેલું પાપના જ ઉપાર્જનમાં ખર્ચવું, એ બહુ ખરાબ છે.

(અનુ. માટે જુઓ પેજ નં. ૨૮૧)

દયા ધર્મનું મૂળ છે ।। શ્રી મહાવીરાય નમઃ ।। અહિંસા પરમો ધર્મ



ફોન : ૨૦૦૪૦ / ૨૦૦૭૯

શ્રી જીવદયા મંડળ – રાપર

પોસ્ટ બોક્ષ નં. ૨૩, રાપર – કચ્છ ૩૭૦ ૧૬૫

સં. ૨૦૫૫ ના નવલા પ્રભાતે શ્રી **જીવદયા મંડળ – રાપર** સૌ સહયોગીઓને પાઠવે છે **નૂતન વર્ષાભિનંદન** સાથે શુભ કામના..... ને ઇચ્છે છે જીવદયાના કાર્યમાં અનુપમ સહયોગ.....

સૌ કોઇના ખુબ સહકારથી આ સંસ્થા દ્વારા જીવદયાનું કાર્ય ખુબ સુંદર રીતે ચાલી રહેલ છે.

હાલ આ સંસ્થામાં ૫૫૦૦ અબોલ જીવો ગાય, બળદ, ભેંસ, પાડા, ઘેટાં-બકરાં વગેરે જીવો આશ્રય લઇ રહેલ છે. જેમના નિભાવ પાછળ આ સંસ્થાને સને ૧૯૯૬-૯૭ માં ૧ કરોડ ૨૫ લાખ રૂપિયાનો ખર્ચ લાગેલ જ્યારે ૧૯૯૭-૯૮ માં આ ખર્ચ વરસ સારૂં હોવા છતાં રૂા. ૮૫ લાખ લાગેલ છે. આ ઉપરથી આ સંસ્થાની જવાબદારીનો ખ્યાલ આવી શકે છે.

ચાલુ સાલે તા. ૬–૬–૯૮ ના કચ્છમાં ફૂંકાયેલ વાવાઝોડાથી આ સંસ્થાને આશરે ૧૫ લાખ રૂપિયાનું નુકશાન થયેલ છે. વળી અષાઢ શ્રાવણ માસ વરસાદના ઘેારી મહિના કહેવાય તે વરસાદ વિના નિષ્ફળ જવાથી પશુધનમાં સતત વધારો થતો રહ્યો છે. આમ સંસ્થા ઉપર જવાબદારી વધતી જ ગઇ છે ને કે પાછોતરો વરસાદ ઠીક થવાથી સાધારણ રાહત થયેલ છે. આમ છતાં ૫૫૦૦ ઢોર નિભાવવાની -- જવાબદારી કંઇ નાની–સુની નથી સૌ કોઇનો સુંદર સહકાર મળે તો જ આ કાર્ય ચાલી શકે જેથી સૌ જીવદયા પ્રેમી ભાઇઓ તથા સંસ્થાઓને આ સંસ્થાને શક્ય વધુમાં વધુ મદદ આપી – અપાવી આભારી કરશોજી એવી આસ નમ્ર અપીલ....

"જો મળશે આપનું દાન તો બચશે પશુઓના પ્રાણ"

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી જીવદયા મંડળ – રાપર
મુ. રાપર – વાગડ – કચ્છ
પીન–૩૭૦ ૧૬૫.

સંસ્થાનું ખાતું દેના બેંક
રાપર શાખામાં શ્રી જીવદયા
મંડળ રાપરના નામનું છે.

લી.
ટ્રસ્ટી મંડળ તથા
કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ–રાપર

તારીખ : ૫–૧૦–૯૮

તા. ક, : સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી છે.

ત્રેસઠ-ત્રેસઠ શલાકા પુરુષના જીવન કવનો સાંભળીએ. વાંચીએ કે મનન કરીએ તો હૃદયને પીગળાવનારી અવનવી વાતો જાણવા મળે. સમજવા મળે ને આચરણ કરવાનું મન થઇ જાય.

જ્યારે શ્રી મહાવીર પરમાત્માના ચારિત્રના અનેક પ્રસંગો માણીએ ત્યારે કંઇકી છૂટી જાય. નયસારના ભવથી માંડી પ્રભુ મહાવીર સ્વામી મોક્ષે ગયા ત્યાં સુધીમાં કેટ-કેટલીય અદ્‌ભુત બીનાઓ બનવા પામી. પ્રભુ મહાવીર કેટલા વિરાગી, નીરાગી હશે ! જરા વિચારના તરંગો પણ મનમાં ઉઠે છે ખરા ?

એક બાજુ ચિત્ર-વિચિત્ર પ્રસંગોની હારમાળા અને બીજી બાજુ પ્રભુ વીરની અડગતા, ધીરતા, સમતા અને વીતરાગતા અજબ કોટીની હતી.

પ્રભુ મહાવીર નિર્વાણ

—વિરાગ

પ્રભુ ઉપર અત્યંત રાગી, આ રાગના કારણે જેમનું કેવળજ્ઞાન જેમની આસપાસ આંટા મારતું હતું એવા શ્રી ગૌતમ સ્વામી મહારાજ જેવો પ્રેમ આજ દિન સુધી કોઇનો જોયો છે ખરો ? અરે ! એના તસુ ભારનો પ્રેમ કોઇની ઉપર કર્યો છે ખરો ? સ્વાર્થીયો પ્રેમ તો ઘણો કર્યો ? તેની કુટી કોડીનીય કિંમત નથી ?

આવા અપ્રતિમ રાગી ઉપર પ્રભુ રાગી ખરા ? પ્રેમી ખરા ? ના, ના કોઇ કાળે પણ નહી, કોઇ રુંવાડે પણ રાગ નહિ. પ્રભુ કેટલા નીરાગી.

અંત સમયે દેવશર્મા વિપ્રને પ્રતિબોધ કરવા માટે પોતાના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી મહારાજને મોકલ્યા. શ્રી ગૌતમ મહારાજ પ્રભુ વીરના શિષ્ય થયા પછી પ્રભુજીની સાથેને સાથે જ કાયમ રહ્યાં છે. સાથે જ વિચર્યા છે. પ્રભુનો પડતો બોલ ઝીલ્યો છે. પ્રભુના હૃદયમાં જેમનો વાસ હતો એવા શિષ્યને પણ અંત સમયે અળગો પ્રભુજી ઉપરના પ્રેમની કોઇ સિમા નહિ છતાંય પ્રભુજીએ દૂર કર્યો, રાગી ઉપર જરાય રાગ નહિ. કેવા નીરાગી પ્રભુ હશે ?

અવિહડ પ્રેમના અણુબંધો કયારે બંધાયા ? અરે ભલા માનવી, પ્રભુ મહાવીરના ભવમાં. ના, ના, આ પ્રેમના અંકુરા તો મરિચિના ભવમાં રોપાયા. અનેક ભવોમાં પ્રેમના અંકુરાઓ ફાલ્યા ફુલ્યા. છેલ્લે પ્રભુ વીરના ભવમાં તો ઘટાટોપ વૃક્ષ બની ખીલવા લાગ્યો.

મરિચિના ભવમાં સાધુ બન્યા પછી ત્રિદંડીનો વેશ અંગીકાર કર્યો. નવા વેશના કારણે અનેક રાજકુમારો કુતુહલથી તેમની પાસે આવતા હતા. સુધર્મની વાતો સમજાવી, વૈરાગ્ય પ્રવર્જાવિત કરી, પ્રભુ આદિનાથ પાસે સંયમ લેવા મોકલતા. એક દિવસ કપિલ નામનો રાજકુમાર તેમની પાસે આવ્યો. ઔપચારિક થોડી ગોષ્ઠિ થયા બાદ મરિચિએ તત્ત્વજ્ઞાન પીરસ્યું. સંસારની ભયાનકતા સમજાવી. અસારતા પ્રગટાવી. કાદવમાં ખુંચેલા કપિલ રાજકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ભાગવતી પ્રવજ્યા આપવા માટે વિનંતી કરી. મરિચિએ ના પાડી. પ્રભુ આદિનાથ પાસે દિક્ષીત થાઓ. પરંતુ કપિલે તેમનો (મરિચિનો) શિષ્ય થવાની વાત કરી. સરખે સરખી જોડી મળી એમ વિચારી મરિચિએ દિક્ષા આપી. મરિચિને તેઓ તરણ–તારણ માનતા હતા. એટલું જ નહિ એ કાળે પણ અવિહડ પ્રેમ હતો. પ્રભુ વિના એક ક્ષણ પણ રહી શકે તેમ ન હતાં. અવિચલ પ્રેમના કારણે ક્ષણે ક્ષણે પ્રભુ પાસે આવતાં. હે ભદંત ! એમ સંબોધીને અનેક ભવ્ય જીવોના ઉદ્ધાર માટે તેમજ પોતાને બોધ થાય તે માટે અનેક પ્રશ્નો પૂછતાં. પ્રભુજી પાસેથી ઉત્તરો મેળવીને અત્યંત પ્રસન્ન થતા.

ભગવંત ઉપરના અવિહડ રાગ અને ભગવંતની વાણી પર રહેલા સંપૂર્ણ વિશ્વાસને કારણે ઘણા પ્રશ્નોના ઉત્તરો પોતે આપી શકે તેમ હોવા છતાં પોતે ઉત્તર આપતા નહિ તેમજ કોઇપણ બાબતમાં જ્ઞાનનો ઉપયોગ મૂક્યા વગર ભગવંતને પૂછી પૂછીને જ ઉત્તર મેળવી રાજીના રેડ થઇ જતાં.

આવા અપ્રતિમ ધર્મરાગીને પોતાના અંત સમયે પોતાથી દૂર કરવા અન્યત્ર એક જીવને પ્રતિબોધ કરવા મોકલવા તે કેવી નીરગતા સૂચવે છે ?

આ પ્રસંગમાં પણ શ્રી ગૌતમ સ્વામી મ.એ ઉપયોગ મૂકીને પ્રભુની આયુસ્થિતિ વિચારી ન'તી. જો કાંઇ ઉપયોગ મૂક્યો હોત કે જો કાંઇ વિચાર્યું હોત તો તેઓ પ્રભુ પાસેથી જરા પણ ખસ્યા ન હોત. ચાર જ્ઞાનના ધણી અને શ્રુત કેવળી હોવાથી અવશ્ય ભગવંતની ભવાંત સ્થિતિ જાણી શકત પરંતુ જેવો રાગ શ્રી ગૌતમ સ્વામીને પ્રભુ ઉપર હતો એવો જ રાગ પ્રભુ વીરને મારી ઉપર હશે એમ ધારણાં ધારીને શ્રી ગૌતમસ્વામી મ.ને પ્રભુ વીરે પોતાથી છૂટા પાડે એવી કલ્પના પણ તેમને આવી નહોતી. એવી કલ્પના શ્રી ગૌતમ સ્વામીને ઉદ્ભવે એ કોઇ કાળે સંભવિત નથી.

શ્રી ગૌતમ સ્વામી જે દિવસે અપાપા નગરીની નજીકના એક ગામમાં પ્રભુ વીરની આજ્ઞાથી દેવશર્મા વિપ્રને પ્રતિબોધવા ગયા તે જ રાત્રિએ પ્રભુ નિર્વાણ પામ્યા.

પ્રભુના પાંચેય કલ્યાણકો ઉજવવા દેવો મૃત્યુલોકમાં આવે છે. નિર્વાણ સમયે પ્રભુ વીરનો નિર્વાણ મહોત્સવ કરવા ઈંદ્રાદિક દેવો નિર્વાણ રથળે આવવા લાગ્યા. અંધારી અમાવાસ્યાની રાત્રિએ દેવોના આગમનથી સારીયે રાત્રી ઉદ્યોતવંતી બની ગઇ.

શ્રી ગૌતમ સ્વામી મહારાજા દેવશર્માને પ્રતિબોધી, કાર્તિક સુદ એકમની પ્રભાતે પરમાત્મા વીરની પાસે આવવા નીકળ્યા એ સમયે આકાશમાંથી ઉતરતાં–ચઢતાં દેવોનો કોલાહલ સાંભળતા જ શ્રી ગૌતમ સ્વામીજીએ તેનું કારણ પૃછયું.

'શ્રી વીર પરમાત્મા નિર્વાણ પામ્યા છે.' શું કહો છો ? આ સાંભળતા જ શ્રી ગૌતમ સ્વામી ભાંગી પડયા. હૃદયમાં અસહ્ય આઘાત લાગ્યો. આ આઘાત વજ્ર સમાન બન્યો. મન પછડાટે ચઢયું. ચગડોળે ઘુમવા લાગ્યું. વિચારોના વમળમાં ગુંથાયેલું મન પોકારવા માંડયું, હું શું સાંભળી રહ્યો છું ? શું આ હકીકત સાચી ? પ્રભુ નિર્વાણ પામ્યા ? હેં, ખરેખર ! પ્રભુ નિર્વાણ પામ્યા. શું આવે અવસરે પ્રભુએ મને વેગળો કર્યો ? આવે સમયે દૂર ગયેલા સ્નેહીજનોને પોતાની નજીક બોલાવવામાં આવે છે, ત્યારે પ્રભુ આપે નજીક રહેલા મને દૂર મોકલ્યો. મારા જેવા રાગી–પ્રેમી માટે પ્રભુ આવું કેમ કરે. આવી પ્રવૃત્તિ કેમ કરવી પડી ? શું પ્રભુ ! આપ અજાણ હતા ? શું શું પ્રભુ, આપ વ્યવહારથી પર હતા ? ના, ના, પ્રભુ ! મારૂં મન કોઇ વાતે માનતું નથી. કબુલ કરતું નથી કે પ્રભુ, આવું કેમ ?

શું પ્રભુ ! મને દૂર મોકલતાં એમ વિચારેલું કે–આ ગૌતમ, મને નહી જવા દે. મારી પાછળ પડશે. હઠ કરીને મારી સાથે આવશે. મારી આંગળીયે વળગશે. કદાચ કહેશે કે જવું હોય તો જાવ, પણ કેવળજ્ઞાન આપીને જાવ. આંસુ અનરાધાર વર્ષાવીને બાળકની જેમ પોક મુકશે તો લોક લાજે મારે કાંઇક...

ગમે તે ધાર્યું હોય કે ગમે તે વિચાર્યું હોય પણ અત્યંત રાગી એવા મારા જેવાને પણ પ્રભુએ દૂર કર્યો ને ઠીક નથી કર્યું. ગમે તે કહો કે ન કહો અંત સમયે પ્રભુએ મને છેતર્યો.

અરે ! હું પ્રભુ વીરની ભૂલ કાઢું. પ્રભુએ ઠીક ન કર્યું. એમ વિચારૂં છું પરંતુ હું પોતે જ ભૂલતો નથી ને ! કદાચ હું ભૂલતો હોઉં. પ્રભુ ભૂલ ન જ કરે એ વાતની તો મને ખાત્રી છે.

અરે ! હા... હા... હું જ ભૂલ્યો. હું ખોટા વિચારે ચઢયો જે કર્યું તે પ્રભુએ જ સમજી વિચારીને કર્યું છે. મેં જ તે વખતે ઉપયોગ ન મૂકયો. પ્રભુનું આયુષ્ય જાણવા માટે મેં ઉપયોગ ન દીધો. મારી જ ભૂલ છે. પરંતુ હવે શું થાય ?

મારી બીજી પણ ભૂલ મને હવે સમજાય છે. મેં ધાર્યું હતું કે જેવો મારો રાગ પ્રભુ ઉપર છે તેવો જ રાગ પ્રભુને મારી ઉપર હશે. પરંતુ આ વાત ખોટી નીકળી. આ વાતે મને છેતર્યો. અરે! આ તો સમજ્યા છતાં ભૂલ્યો. હું તો રાગી છું પરંતુ પ્રભુ વીર તો વીતરાગી છે. તેમનો રાગ મારા ઉપર હતો જ નહિ. મેં એક પક્ષી જ રાગ કર્યો. મારા રાગને તોડવા માટે હિતબુદ્ધિથી પ્રભુજીએ મને અળગો કર્યો. પોતાથી દૂર મોકલ્યો. અત્યંત રાગ તૂટે અને વીતરાગતા પ્રગટે એ માટે જ પ્રભુએ કર્યું તે ઠીક છે. હવે મારે શું કરવું.

પ્રભુએ જે કર્યું તે મારે કરવું. રાગ છોડીવી તરાગતા પ્રગટાવી. રાગીપણું તજીને વીતરાગ થવું છે. આ સંસાર સ્વાર્થથી ભરેલો છે. સૌ કોઇ સ્વાર્થના સગા છે. સંસારમાં કોઇ કોઇનું નથી. જે કોઇ પોતાના આત્મામાં રહેલા ગુણોનું પ્રગટીકરણ કરે છે એજ જીતે છે બાકી બીજા બધા ભવથી હારીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

આ પ્રમાણે રાગ-પ્રેમના વિચારો દૂર કરતાં કરતાં, વીરજીએ પ્રાપ્ત કરેલા વીતરાગપણાના વિચારોમાં અને વીર વીર ઉચ્ચારતાં શ્રી ગૌતમ સ્વામીનો રાગ-પ્રેમ અને મોહ નાશ પામ્યો. શુદ્ધ આત્મદશા પ્રગટી: ઘાતિકર્મનો ક્ષય થયો. અચલાના સ્થાને કેવળજ્ઞાન પ્રગટયું. દેવોએ કારતક સુદ એકમની પરોઢીયે કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવવા આવ્યા. સુવર્ણ કમળની રચના કરી. પ્રથમ ગણધર મહારાજાએ તેની પર બેસીને અપૂર્વ દેશના આપી. અનેક ભવ્ય જીવોને દાવાનલ રૂપી સંસારમાંથી બહાર કાઢી સંયમ સરિતામાં માહલતા કર્યા. બાર વર્ષ સુધી વસુંધરા પર વિચરી, મુનિ સમુદાયને શ્રી સૌધર્મ ગણધરની પાસે સોંપી તેઓ નિર્વાણપદ પામ્યા.

જોયો આ પ્રસંગ. વાંચ્યો. કેટલી અદ્‌ભૂત છે આ બીના! વીતરાગી વીર પરમાત્માની વીતરાગ દશાનો ચિતાર ખડો થઇ ગયો. આ ચિતારને હૃદયમાં સ્થિર કરી મનન કરવાનો છે. શ્રી ગૌતમ સ્વામી જેવા મહાગુણીયલ, સતત સેવાભાવી, મહાન તપસ્વી એવા મુખ્ય ગણધરને અંત સમયે પોતાની પાસે રાખવા જેટલો સ્નેહ પણ પ્રભુજીએ બતાવ્યો નહિ પ્રભુજીની વીતરાગ દશા કેવી ઉચ્ચ કોટીની હશે.

રાગી ઉપર પણ વીર પ્રભુજીએ જેવો વીતરાગ ભાવ બતાવ્યો છે તેવો જ દ્વેષી ઉપર પણ પ્રભુ વીરે વીત દ્વેષપણું બતાવી આપ્યું.

ખ્યાલ છે. ખ્યાલ આવી ગયો કે ન આવ્યો. ન આવ્યો હોય તો વાંચી લેવા અને વિચારજો.

પ્રાણાંત ઉપસર્ગ કરનાર ચંડકૌશિક, સંગમ, ગોવાળ, કટપૂતના, ગોશાળો જેવા

卐 ધનતેરસની સાચી ઉજવણી 卐

આસો વદ તેરશને ધનતેરસ કેમ કહેવાય છે ? ખરૂં ધન સંસારનો છેદ કરનાર ધર્મ છે. એની પૂજા હોય. એની સેવા હોય. જૈન પૂજક કોનો હોય ? ધર્મનો કે ધનનો ? ધનની સેવા શ્રાવકના ઘરમાં શોભે ? શ્રાવક ધનનો પૂજારી હોય ? ધનની સેવા મિથ્યાત્વીને શોભે કે સમ્યગ્દૃષ્ટિને શોભે ? દરિદ્રીમાં દરીદ્રી શ્રાવક પણ કહે કે 'મારૂં ખરૂં ધન સંયમાદિ દશ પ્રકારનો ધર્મ. અર્થકામ મારા નહિ. એ મુકાય નહિ તે મારી પામરતા' ધર્મના પૂજક મટી ધનના પૂજક ન બનો. ધનને માટે ધર્મની સેવા કરનારા પણ ન બનો, કેવળ મોક્ષના ઇરાદે ધર્મના સેવક બનો. દુકાને કુંચીઓ આંગ લગાડવી. ઉંબરે હાથ મુકીને કપાળે મૂકવો. દુકાનને સલામો ભરવી. આ બધા જૈનત્વના આચાર છે ! સંસાર છોડી ન શકો અને અર્થકામ ભોગવતા હો છતાં પણ તમે. એને દુશ્મન માનો છો એ દેખાવું જોઇએ. પેલા તો મોહના પાસાં છે. મોહ પાસાં નાખે ને જગત પાગલ ન બને. એમ બને ? બને, પણ તે ક્યાં સુધી ? જૈનત્વનું શરણ ન પમાય ત્યાં સુધી ? જૈનત્વને શરણે રહો તો સંયમાદિ દશ પ્રકારના ધર્મના સેવક બની શકો અને એ બનો એટલે મોહનું વહેલા મોડા ભાગ્યે જ છૂટકો છે.

ભગવાન કહે છે કે 'માર્ગે ચઢેલો પાંગળો જેમ ક્રમે કરીને દૂર રહેલા સ્થાનને પામે છે. તેમ ધર્મમાં રહેલો ધનકર્મી પણ મોક્ષને પામે છે.' જો આત્મા એકવાર ધર્મમાં સ્થિર થઇ જાય તો નિયમા ધર્મથી મોક્ષ પામે. ધર્મને પામો અને ધર્મમાં સ્થિર બનો તો ધનતેરશની સાચી ઉજવણી થાય.

પ્રવચનકાર :– **પૂ. આ. દેવ શ્રી ત્રિ. રામચંદ્ર સૂ. મ.**

મહાપાપી ઉપર પણ અંશ ભાગ દ્વેષ કર્યો નહિ. શાંતવૃત્તિમાં માહલતાં આ વીરપુરૂષે અજબ કોટીની સમતા–શાંતી રાખી.

ધન્ય છે એ વીતરાગતાને.
ધન્ય છે એ વીત દ્વેષતાને.
ધન્ય છે એ અપ્રતિહત શાસનને.

આ શાસનનો આશ્રય લઇ કે'ક મુક્તિએ ગયા કે'ક પાર પામશે. આપણે શાસનનો આશ્રય લઇશું અને પરમાત્માની આજ્ઞાને અનુસરીશું તો ચોકકસ આપણું કલ્યાણ થશે.

અતિનિશ્ચલા એવી તે શ્રીમતી મદનાસુંદરના સત્ત્વને નિહાળવાને સૂર્યનારાયણ ઉદયાચલ પર્વતની શિખાને પ્રાપ્ત થયા. આ તરફ શ્રી મદનાસુંદરીના કથનથી, પ્રભાત કાલે ઉમ્બરરાજ તેણીની સાથે, શ્રી ઋષભદેવસ્વામિના મંદિરે ગયા. શ્રી આદિનાથ પ્રભુના દર્શનમાત્રથી રોમાંચયુકત થયું છે શરીર જેમનું એવા તે બેઉએ પ્રભુને નમસ્કાર કર્યો અને શ્રી જિનમતમાં નિપુણ એવી શ્રીમતી મદનાસુંદરીએ પ્રભુસ્તુતિ શરૂ કરી. આવા કષ્ટના સમયે પણ તે પરમ શ્રાવિકા પ્રભુદર્શન ચૂકતી નથી. કોઢીઆ પતિને પણ દર્શન કરવાને સાથે લઇ આવે છે. ધર્મીનો સહવાસ સુવાસ જ ફેલાવે. 'દુઃખમાં પ્રભુને તે ભજાય?'– એવી આજના ઘણાને શંકા છે. ઘણા અજ્ઞાનો એમ પણ કહે

આપત્તિમાં પણ અપૂર્વ ભક્તિ

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

છે કે–'પીડા પેટની દૂર કરે કે પ્રભુનાં દર્શન કરવા જાય?' પણ આ વિચારો જ દુર્ભાગ્યની નિશાની રૂપ છે. નહિતર દુઃખ વધતે ધર્મી વધારે ધર્મ કરે કે જેથી દુઃખમાં નિર્જરે. શ્રીમતી મદનાસુંદરી પ્રભુમૂર્તિને જોઇ રોમાંચ અનુભવે છે. પ્રભુમૂર્તિને જોઇને કોને રોમાંચ થાય? કેટલી ભક્તિ હોય ત્યારે રોમાંચ થાય? 'હું તારી સેવિકા છતાં આ દુઃખ?'–એ વિચાર શ્રીમતી મદનાસુંદરીને નથી આવતો. એ તો માત્ર સ્તુતિ કરે છે. સાંભળો કે–એ શી સ્તુતિ કરે છે? એ સ્તુતિ કેવી ભાવમય છે? એ કહું છે કે–

"ભત્તિભરનમિરસુરિંદવિંદ–વંદિઅપય! પઢમજિણુંદચંદ!
ચંદુજ્જલકેવલકિત્તિપૂરપૂરિયભુવણંતર! વેરિસૂર! ॥૧॥
મુક્કવ હરિઅતિમિર! દેવ! દેવાસુરએયરવિહિઅસેવ!।
સેવાગયગયમયરાયપાયપાયડિયપણામહ! કયપસાય! ॥૨॥
સાયરસમસમયામયનિવાસ! વાસવગુરૂગોયરગુણવિકાસ!।
કાસુજ્જલસંજમસીલલીલ! લીલાઇ વિહિઅમોહાવહીલ ॥૩॥
લીલાપરજંતુસુંઅકયસાવ!,સાવયજણજણિઅઆણંદભાવ!
ભાવલયઅલંકિઅ! રિસહનાહ! નાહત્તણ કરિ હરિ
દુક્ખદાહં ॥૪॥

ભક્તિના અર્ષથી નમનશીલ બનેલા એવા, સુરેન્દ્રવૃંદોથી વંદિત થયા છે પાઠ જેમના એવા, પ્રથમ જિનચંદ્ર, જેમના ચંદ્રના જેવા ઉજ્જવલ અને સંપૂર્ણ યશસમૂહથી લોકત્રય પૂરિત થયો છે એવા, કામ-ક્રોધાદિરૂપ વૈરીઓના જયમા શૂર, સૂર્યની, જેમ અજ્ઞાનરૂપ અંધકાર દૂર કર્યો છે જેમણે એવા, સૂર અસુર ને ખેચરોએ કરી છે સેવા જેમની એવા, સેવાર્થે આવેલા અહંકારરહિત રાજાઓએ જેમના ચરણોમાં નમસ્કાર કર્યો છે એવા, સેવકો ઉપર કરી છે કૃપા જેમણે એવા, સમતામૃતના સાગર જેવા, બૃહસ્પતિને જ ગમ્ય એવા ગુણવિકાસવાળા, કાસ નામના તૃણની માફક ઉજ્જવલ છે સંયમ ને શીલની ક્રીડા જેમની એવા એ લીલા માત્રથી જ જેમણે મોહની અવહીલા કરી છે એવા, હીલણા કરવામાં તત્પર એવા જીવોને વિષે પણ નથી કર્યો આક્રોશ જેમણે એવા, શ્રાવકજનોને આનંદ પેદા કરનારા, અને ભામંડળથી શોભતા એવા હે ઋષભદેવ ! આપ મને યોગક્ષેમ કરનારા થાઓ અને મારા દુઃખકાહને દૂર કરો !'

વળી શ્રીમતી મયણાસુંદરી સ્તુતિ કરે છે કે :-

"હંહ રિસહજિણેસર ! ભુવણુદ્દિણેસર !,
નિજયવિજયસિરિપાલ ! પહો ! ।
મયણાહિઅ ! સામિઅ ! સિવગઇગામિઅ !,
મણહ મણોરહ પૂરીમહો ।।૫।।"

એવા (ઉપર કહ્યું તેવા) હે શ્રી ઋષભ જિનેશ્વર ! હે ભુવનદ્દિનેશ્વર ! હે ત્રણ જગતની વિજયશ્રીના પાલક ! હે મદનારિ ! હે સ્વામિન્ ! હે શિવગતિગામિન ! મારા મનના મનોરથો પૂર્ણ કરો !

શ્રીમતી મદનાસુંદરીની આ સ્તુતિ સમજાય છે ? પ્રભુને કેવાં વિશેષણોથી સ્તવ્યા ? આ સ્તુતિ બહુ જ અર્થગંભીર ને ભાવમય છે. આવી આપત્તિ વખતે મિથ્યાદૃષ્ટિ,-ધર્મને નહિ પામેલા આત્મા, કદાચ ઇશ્વરસ્તુતિ કરે તો પણ તે કેવી કરે ? 'તું સમર્થ છો, કૃપાસિન્ધુ છો, ભક્તનો તારક છો, ને હું તારી ભક્ત છું માટે આ દુઃખમાંથી ઉગાર !'–એમ જ ને ? પણ શ્રીમતી મદનાસુંદરી એમ કહેતી નથી. પ્રભુ પાસે દુઃખનો જ નાશ ઇચ્છવાનો ન હોય, પણ દુઃખની જડનો જ નાશ ઇચ્છવાનો હોય. એટલે કે–ત્યાં તો કર્મજન્ય સુખ કિંવા દુઃખ બેઉનો નાશ ઇચ્છાય. 'જયવીયરાય' ના અર્થ યાદ છે ને ? ત્યાં કેમ બીજું ન મૂકયું ? શ્રીમતી મદનાસુંદરી પ્રભુને કહે છે કે–આંતર વૈરી રૂપ કામ–ક્રોધાદિના જયમાં આપ શૂર છો : અજ્ઞાનાંધકારનો નાશ કરવા માટે આપ સૂર્ય છો: સંયમને શીલની ઉજ્જવલ ક્રીડાવાળા છો : વિગેરે

આવી સ્તુતિ કોણ કરે ? જેને આ વસ્તુનો ખપ હોય તે જ કે બીજો ? આંગણે ભીખ માગવા આવેલો ભીખારી શું બોલે ? 'આપ ઉદાર છો, ધનવાન છો, દાનવીર છો. આપને ત્યાં આવેલો ભીખારી ખાલી હાથે પાછો ન ફરે' વિગેરે ને ? કારણ કે, એને એ ધન ને એ ઉદારતાનો ખપ છે. શ્રીમતી મદનાસુંદરી પણ આંતરવૈરરૂપ કષાય-ચતુષ્ટય (ક્રોધ, માન, માયા ને લોભ) નો નાશ કરવા ઇચ્છે છે, અજ્ઞાનને છોડી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા ચાહે છે અને સંયમ તથા શીલની ક્રીડાની પણ તેણી અનુ-રક્તા છે, અને તેથી એ મહાસતી આ વિશેષણોથી પ્રસ્તુતિ કરે છે. આવા આશય સિવાય બીજો કોઇ આશય આ સ્તુતિમાં છે ?

(સભા૦ એમ તો કહે છે ને કે–મારા મનોરથો પૂર્ણ કરો ?)

ભાગ્યવાન ! એ જ સમજવા જેવું છે. આજે જો કથાનકોના કે શબ્દોનો દુરુપયોગ થતા હોય, તો આવી વિચારસરણીના જ પ્રતાપે છે ! તમે એટલો ય વિચાર ન કરી શકયા કે–'શ્રીમતી મદનાસુંદરી જેવી દૃઢ શ્રાવિકા, પરમ વિદુષી ને જૈનધર્મમાં નિપુણ નારી, પ્રભુસ્તુતિમાં કોઇ તુચ્છ ભાવનાથી એમ ન કહે કે–'મારા મનોરથો પૂર્ણ કરો. 'કહો તો ખરા એણીના મનોરથ કયા હોય ? તમને તો એમ જ થયું હશે કે, શ્રીમતી મદનાસુંદરીએ એવા મનોરથો કર્યા હશે કે–'કયારે આ ઉંબર-રાણાનો કુષ્ટરોગ જાય, કયારે એ રાજા થાય ને કયારે હું રાણી થાઉં ? કેમ એમ જ ને ?

(સભા૦ આવા વખતે કુદરતી જ એવી ઇચ્છા થાય !)

ના, એવું કાંઇ જ નથી. ધર્મના અજાણને કદાચ એમ થાય, પણ બધાને જ એમ ન થાય. જૈનધર્મીને છાજતા સંસ્કાર શિથિલ થયા, તેની જ આ પંચાત છે. બાકી આવું બધું તો પુણ્યવાનને વણમાગ્યું મળે. સંસારની એવી ઇચ્છાપૂર્વકની પ્રભુસ્તુતિની ગણના પણ મિથ્યાત્વમાં જ થાય એની 'ના' નહિ, પરંતુ શ્રીમતી મદનાસુંદરીની એ અભિલાષા જ ન હતી. એમ તો તમે પણ રોજ ને રોજ પ્રભુ પાસે,–ભવથી નિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફલની સિદ્ધિ, લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા, પરાર્થકરણ, શુભ ગુરુનો યોગ, ને તારા વચનની ભવે ભવે અખંડ સેવા તેમજ દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ, ને બોધિલાભ-વગેરે માગો છો ને ? એક સાચા શ્રાવકના મનોરથ જ આ હોઇ શકે. આનાથી વિરુદ્ધ મનોરથ, એ જૈનશાસનની બહારના મનોરથ ! પરંતુ હજુ આ બરાબર જચતું નથી એને લીધે જ આવા પ્રશ્નો ઉઠે છે. બાકી જો એમ જ જચી જાય કે–પ્રભુ પાસે સંસારની

પોષક ને વિરાગની શોષક એવી પણ વસ્તુ શ્રાવકથી મગાય જ નહિ, તો આવા પ્રશ્ન ન જ ઉદ્ભવે. શ્રીમતી મદનાસુંદરી પરમ શ્રાવિકા છે અને સાથે પરમ બિદુષી છે : એની માગણી બીજી હોય? ના, એ આનાથી વિરૂદ્ધ બીજું કાંઇ ઇચ્છે જ નહિ અને જો એવી ઇચ્છા ન હોય તો, ગર્ભિતપણે લોકોત્તર મિથ્યાત્વને સૂચવતો તમારો આ પ્રશ્ન જ ટકી શકતો નથી.

આવો, પાછા મૂળ વાત ઉપર. શ્રીમતી મદનાસુંદરી અતિભક્તિભાવથી પુલકિત થયેલી હોતી છતી સ્તુતિ કરે છે. સ્તુતિ કરવામાં એ ચિત્તની એકાગ્રતાપૂર્વક લીન થઇ થઇ ગઇ છે, એટલામાં તો ભગવંતના કંઠમાંથી કુસુમમાલા, પ્રભુના હાથમાં રહેલ ફલ સાથે ઊછળી અને શ્રીમતી મદનાસુંદરીના કહેવાથી ઉંબરરાજે તે જ વખતે ફલ ગ્રહણ કર્યું અને આનંદિત થયું છે મન જેનું એવી શ્રીમતી મદનાસુંદરીએ પોતે માત્રા ગ્રહણ કરી. આ પછી વસ્તુસ્વરૂપને જાણનારી શ્રીમતી મદનાસુંદરી કહે છે કે–'હે સ્વામિન્! હવે આપનો દેહવ્યાધિ નાશ પામશે, કારણ કે'–પ્રભુકૃપાવાળો આ સંયોગ બન્યો છે.'

(સભા૦ આમ શાથી બન્યું? પ્રભુમૂર્તિનો એ પ્રભાવ?)

કાં તો આ કૃત્ય બીજા શાસનદેવનું હોય અને કાં તો અધિષ્ઠાયક દેવનું હોય! આવી એકાગ્રચિત્તે થતી સ્તુતિથી સંતુષ્ટ થઇને, કોઇ દેવે આ કર્યું એમ જ માનવાનું. સમ્યગદૃષ્ટિ દેવતાઓ પ્રસન્ન થાય ત્યારે આમ કરે છે. જો કે તેની ઇચ્છા કોઇ દેવતાને પ્રસન્ન કરવાની– તુષ્ટ કરવાની હતી જ નહિ, પરંતુ પ્રભુભક્તિના અનુરાગી દેવ, પ્રભુભક્તિ કરનારને જોઇને તુષ્ટ થાય તે તદ્દન સ્વાભાવિક વસ્તુ છે. બાકી તો પ્રભુ પાસે સિવાય વિરાગતા, બીજું મગાય જ નહિ: તેમ ત્યાંથી કાંઇ મળે પણ નહિ! ફલ તો સ્તુતિ કરનારાની ભાવનાથી મળે છે: કાંઇ પ્રભુ દેતા નથી. જ્યાં જ્યાં આવા પ્રસંગો આવે, ત્યાં ત્યાં તે અધિષ્ઠાયકદેવકૃત કે શાસનદેવ કૃત જ હોય, પણ તે પ્રભુભક્તિના યોગે જ થયેલ હોવાથી, ભાષામાં પ્રભુનો જ પ્રસાદ કહેવાય.

(પ્રશ્ન૦ મૂર્તિનાં દર્શન કર્યા, હજી તો બેચાર શ્લોક બોલે છે, ત્યાં એટલામાં જ દેવ સંતુષ્ટ થયો?)

હા! એમાં આશ્ચર્ય પણ શું? જો મૂર્તિના દર્શનથી અંતર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન અને સિદ્ધપદની પ્રાપ્તિ પણ થાય, તો પછી આમાં શું? આમાં કંઇ જ નવાઇ નથી અંતર્મુહૂર્ત્તમાં પણ કેવળજ્ઞાન ન થાય એવી કોઇપણ ક્રિયા આ શાસનમાં નથી. દરેક ક્રિયાથી એમ થઇ શકે, પણ એનો આધાર આરાધનાર ઉપર છે.

દિવસમાં કેટલીએ વાર 'ઇર્યાવહી' પડિકમીએ છીએ તોયે પત્તો નથી લાગતો અને એ જ 'ઇર્યાવહી' એકવાર પડિકમતાં 'શ્રી અતિમુક્તક' નામના બાલમુનિને કેવળજ્ઞાન થયું. આથી સ્પષ્ટ જ છે કે–જે દર્શન મુક્તિનું અનંતસુખ પણ આપી શકે, ત્યાં દેવની પ્રસન્નતા, એ કાંઇ બહુ જ મહત્ત્વની વાત નથી. મુદ્દો એ છે કે–વસ્તુનો અમલ જે રીતે થવો જોઇએ તે થતો નથી, તો તેનું પરિણામ પણ તેવું જ આવે ને?

(પ્રશ્ન૦ ભક્તિ તો મયણાસુંદરી કરે છે અને શ્રીપાલને ફલ કેમ?)

શ્રીમતી મયણાસુંદરીની ભક્તિમાં શ્રી શ્રીપાલ પણ પ્રેમથી ઉભા છે માટે એ પણ પામે. ભલે શ્રીમતી મયણાસુંદરી ભક્તિની સ્તુતિ બોલે છે, પરંતુ શ્રી શ્રીપાલ પણ એ ભક્તિમાં લીન થએલ છે. એકલે કે–એ પણ ભક્તિ જ કરી રહેલ છે.

— શાસન સમાચાર —

ગુડા એન્ડલા (રાજ) પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય જિનોત્તમસૂ. મ. ની નિશ્રામાં અત્રેથી અષ્ટાપદ તીર્થ (રાણી) તથા વરકાણા તીર્થનો છ'રી પાલિત સંઘ કા. સુ. ૧૫ નીકળશે વરકાણા તીર્થમાં કા. વદ ૪ ના તીર્થમાળ થશે.

વાલકેશ્વર મુંબઇ–મહાવીર સ્વામી દેરાસરે સ્વ. શ્રી પુનમચંદજી સ્વ. હેમીબેન સ્વ. શ્રી રીટાબેન મફતલાલના આત્મશ્રેયાર્થે તથા અ.સૌ. સવિતાબેન મફતલાલ તથા અ.સૌ. રંગુબેન ચોપટલાલના ઉગ્રતપની અનુમોદનાર્થે ઉદ્યાપન સાથે પંચાહ્નિકા મહોત્સવ કા. વદ ૯ થી કા. વ. ૧૩ સુધી પૂ. આ. ભ. શ્રી વિજય મહાબલસૂ મ. પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલસૂ. મ પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ. મ તથા પૂ. આ. વિજય કીર્તિયશસૂ. મ.ની નિશ્રામાં પાંથાવાડા તરફથી યોજાયો છે.

માલેગામ–પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિની ઉજવણી અત્રે પૂ. પ્રભાકરસૂ. મ.ની નિશ્રામાં થઇ પાંચ સંઘ પૂજનો થયા હતા.

— ભીલડીયા તીર્થથી ભદ્રેશ્વરજી છ'રી પાલિત સંઘ —

પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વર મ.ની નિશ્રામાં મેપાણી ચોથાલાલ હીરાચંદ સપરિવાર જુના ડીસાવાળા તરફથી માગસર સુદ ૩ તા. ૨૨-૧૧-૯૮ ના સંઘ પ્રયાણ થશે માળારોપણ માગશર વદ ૧૦ તા. ૧૩-૧૨-૯૮ ના થશે.

સંસાર સાગરને તરવા માટે જૈન શાસનમાં જે જે સુંદર કોટિના આલંબનો બતાવ્યા અને તેમાં નવપદનું આલંબન ઉત્તમ કહ્યું! આ નવપદમાં પ્રથમના બે પદ એ દેવતત્ત્વમાં આવે છે.

રાગાદિ અઢારે દોષોથી રહિત હોય તે જ દેવ કહેવાય પછી તે નામથી ગમે તે હોય! તેથી જ કલિકાલ સર્વજ્ઞે 'શ્રી મહાદેવસ્તોત્ર'માં કહ્યું કે—

'ભવરૂપી બીજના અંકુરા સમાન રાગાદિ જેના ક્ષય પામ્યા છે તે નામથી ચાહે બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર—મહાદેવ હો, કે શ્રી જિનેશ્વરદેવ હો તેને જ મારો નમસ્કાર હો.'

ભક્તિ શા માટે? રાગ પોષવા કે રાગ શોષવા?

* શ્રી ગુણદર્શી! *

'ભવબીજાઽઽકુરજનના, રાગાદ્યાઃ, ક્ષયમુપાગતા યસ્ય।
બ્રહ્મા વા વિષ્ણુ વા, હરો જિનો વા નમસ્તસ્મૈ ॥'
(શ્રી મહાદેવ સ્તોત્ર ગાથા—૪૪)

આપણે અહીં વિચારવું એ છે કે, શ્રી જિનેશ્વરદેવની પુજા—ભક્તિ કે દર્શન પણ શા માટે કરવાના? રાગાદિ અઢારે દોષોના નાશને માટે કે તેની પુષ્ટિ માટે? જે પુજ્યે પોતાના દોષોને દૂર કર્યા તેની પાસે પુજક દોષોને દૂર કરવાનું માગે કે દોષોને પુષ્ટ કરવાનુ માગે? રોગી ડોક્ટર કે વૈદ્યની પાસે રોગને દૂર કરવાનું કહે કે વધારવાનું કહે? દવા શા માટે માગવાની-કરવાની? રોગને નિર્મૂળ કરવા કે રોગને વધારવા? વ્યવહારમાં બધાની સમજ જેમ પાકી છે કે રોગીને ગમે ત્યારે પુછો ત્યારે નિરોગી થવાનું જ કહે. પ્રયત્ન-ઉપાયો પણ તે જ માટેના હોય. તો ધર્મના વિષયમાં આજે આ સમજને ઉપયોગ કેમ કરવાનું મન થતું નથી કે-સંસાર રોગથી પીડાતા આપણે સંસાર રોગથી મુક્ત થઇ, મોક્ષ નામનું સાચું આરોગ્ય મેળવવું છે અને તે માટે જ દર્શન—પુજન—સેવા—ભક્તિ—ઉપાસના કરવાની છે.

જો આ સમજ પાકી થાય તો અજ્ઞાન શેખરોની હલીલ ટકે ખરી કે—'સુખ જોઇએ તો ધર્મ ન કરે તો શું પાપ કરે?' તમે ધામ શાસ્ત્રોનું વાંચન કરો તે મંજુર પણ મોક્ષ માટે જ ધર્મ કરાય તેવું વાંચન કરવું તે સારું નહિ' આવા ભાવની વાતો શ્રી સુધર્માસ્વામીના પાટ ઉપરથી ગર્જના પુર્વક કરાય તો વિવેકી શ્રાવકો સાંભળે ખરા? તે બધા 'ભુવનના ભાનુ' કહેવાય કે 'ભુવનના મહાતમ' કહેવાય? તેવાનો મત વધે કે ફિયાસ્કો થાય? વાસ્તવમાં આજે શ્રદ્ધાના મૂળીયા જ હચમચાવનાર સાહિત્યવાંચન

વધી ગયું અને સદ્‌વાંચનનો પ્રેમ ઘટી-નજીવો થયો તેનું આ પરિણામ છે.

શરીર તો ગંદકીનું ઘર છે પણ મલીન વાંચનથી અને આવા ગંદા વિચારોથી મનને પણ ઉકરડાથી સાવ જ બકતર બનાવી દેવાય છે શરીરની ગંદકી ઉલેચનારા મળશે પણ મનની ગંદકી ઉલેચવાની જેમની જવાબદારી-જોખમદારી છે તે જ મરકીની જેમ મનની ગંદકીને વધારવાનું-પોષવાનું કામ કરે તો પોકાર કયાં કરવો? માટે ખૂબ જ સાવધ થવાની જરૂર છે. શરીર અપવિત્ર બન્યું તો તે દૂર કરાશે પણ મન જો અપવિત્ર બની ગયું તેમાં ગંધાતા વિચારોની બૂઠબૂ પ્રવેશી ગઇ, તેનું જ સંગ્રહસ્થાન થઇ ગયું તો શી હાલત થશે! મહામહોપાધ્યાય શ્રી વિનય વિ. મ. એ શ્રી નમિનાથ સ્વામિ ભગવાનના સ્તવનમાં કહ્યું કે--

'સમકિતથી હોયે ઉપરાઠાં, તેનાં સુખ જાયે નાઠાં રે,
જે કહે જિનપૂજા નવિ કીજે, તેહનું નામ ન લીજે રે.'

આ જ ભાવના આવા મનની ગંદકી વધારનારા, મનમાં કદાગ્રહનો કચરો ભરનારા માટે લાવવા જેવી છે, જેથી તેવાના મરકી ફેલાવનારા મલીન વિચારોના ઝપાટામાં-વાયરામાં આવી ન જવાય!

ખરેખર અન્યાયી અને અનાડી દુનિયામાં પણ ગંદકી ફેલાવનારો કે કચરો જ્યાં-ત્યાં નાખનારો ગુનેગાર ગણાય અને દંડને પાત્ર બને છે! તો જે જૈનશાસન મનની મલીનતાને દૂર કરનારા ઉપાયો બતાવે, મનની વાસનાને જીતવાનો માર્ગ બતાવે તે જ પરમતારક શ્રી જૈન શાસનમાં ચેપી રોગની જેમ આવી ગંદકી ફેલાવનારા અને પ્રચારનારા ફૂટી નીકળે અને પાછા પોતાની જાતને સિધ્ધાન્ત દિવાકર (!) ગણાવે-તે કઇ અજાયબી ગણાય તે સંશોધનનો વિષય છે. પણ સાથે સાથે એ વાત પણ ચોકકસ છે કે આનો પ્રતીકાર કરનારા ન ગમે પણ તેવાની પીઠ થાબડનારા કે તેમનો બચાવ કરનારા કે અવસરે મૌન રહેનારા કે દ્વિધાભરી વાણી બોલનારા ગમે આવા પર મીઠી રહેમ નજર રખાય, માઠું ન લાગે તેની કાળજી રાખે. તે તો કેટલાયે અજાયબી ગણાય તે વર્ય ન જાની મહે!

અનાદિના કુસંસ્કારો, તેનાથી જન્ય મલીન વિચારો-ભાવનાઓ-કામનાઓ-દુષ્ટ વાસનાઓને ઓળખી તેનાથી બચવા ભગવાનના દર્શન-પુજનાદિ કરવાના છે. તે દર્શન-પુજનનું વાસ્તવિક ફલ જે સાધુપણું તે પ્રાપ્ત થયા પછી તે ગંદકી ફેલાવવામાં-પ્રચારવામાં જ આનંદ પામે તો તે કેવું કહેવાય? જે દુનિયામાં પણ જે

સમારસ્થાને રાંકલા કે અધિકારી વર્ગ ગુનેગાર ઠરે તો વધુ મોટી સજાને પાત્ર બને અને ગંભીરતાથી નોંધ લેવાય તો શું જૈનશાસન ઓડી બામણીનું ખેતર છે કે આવા મલીન વિચારોને ફેલાવનારા માતેલા સાંઢની જેમ મજેથી ફરી-ચરી શકે છે!! તેમને ઓળખવા આ વાત છે.

આપણો મૂળ વાત તો એ છે કે રાગ-દ્વેષ-મોહાદિ શત્રુઓનો મૂળમાંથી નાશ કરી તેને જીતનારા અને તેમને જીતવાનો માર્ગ બતાવનારા દેવની સેવા-ભક્તિ ને રાગાદિના નાશને માટે કરવાની છે પણ પોષવા માટે નહિ.

અર્થ અને કામની દેશનાનો નશો પાઇ મોહમૂઢ જીવોની મૂઢતા વધારનારા આત્માના હિતેષી નથી પણ આત્મહિતના કારમા શત્રુ જ છે તે નિર્વિવાદ વાત છે. તેવાઓના કારણે જ વર્તમાનમાં આપણા શ્રી જિનમંદિરાદિ ધર્મ સ્થાનો એ 'પ્રકર્ષ'ના સ્થાન બન્યા છે. રાગાદિના પોષક બન્યા છે તે દુઃખદ વાત છે. આવાઓના પનારે ન પડાય, તેનનો પડછાયો પણ ન અડી જાય માટે સાવચેત રહી, રાગાદિને જીતવા જ પણ પોષવા નહિ જ, ભગવાનની ભક્તિ કરવી છે. આવી દશા પેદા થશે એટલે આત્માના હિતેષી કોણ ને હિતશત્રુ કોણ તેનો ભેદ પરખાશે-ઓળખ થશે. સાવધ આત્મા અનેકને સાવધ કરી આત્મકલ્યાણના માર્ગે આગળ વધશે.

શ્રી ભારત મહારાજાને એકી સાથે, યુગાદિદેવ શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિના અને પોતાની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયાના સમાચાર પ્રાપ્ત થયા. ક્ષણવાર વિચાર મગ્ન બન્યા પછી નક્કી કર્યું કે-'ચક્રરત્ન અનેક જીવોનો ઘાત કરનાર છે અને સંસારની વૃદ્ધિ કરનાર છે જ્યારે તાતપાદ ભગવાનનું કેવળજ્ઞાન આલોક-પરલોક અને ઉભયલોકમાં હિત કરનાર અને અનેક આત્માર્થી જીવોને કલ્યાણનું કારણ છે માટે કેવળજ્ઞાનનો મહોત્સવ પહેલો કરવો અને ચક્રરત્નની કલ્પ-આચાર પ્રમાણેની પુજા પછી કરવી.'

ખરેખર ધર્માત્મા સંસાર વર્ધક સામગ્રીને પ્રધાન માને કે સંસાર શોષક સામગ્રીને પ્રધાન માને તે આના પરથી સ્પષ્ટ સમજાય છે. સંસાર નાશક સામગ્રીમાં જ આનંદ પામે નહિ કે સંસારવર્ધક-પોષક સામગ્રીથી.

આ બધું સમજનારા-પાઠ ઉપરથી સમજાવનારા બીજાની અર્થ-કામની આસક્તિને વધારવામાં પોતાનો 'જયનો ઘોષ' કેમ માને છે તે જ સમજાતું નથી. ખરેખર 'જય ઘોષ' તો સંસારની વાસનાઓથી બચી રહ્યા છીએ, આત્માનો સંસાર નાશ

પામી રહ્યો છે તેમાં કરાય. પણ લાગે છે કે-શાસ્ત્રકારોએ જે ગુણનિષ્પન્ન નામની વ્યાખ્યા સમજાવી છે તેને જ સાર્થક કરી રહ્યા છે. જેમકે, ભગવાન મહાવીર પરમાત્મા માતાના ગર્ભમાં આવ્યા તો તેમનું કુળ ધન-ધાન્ય-હિરણ્યાદિની વૃધ્ધિ આદિથી સમૃદ્ધ થયું તેથી તેમનું 'વર્ધમાન' એવું ગુણ નિષ્પન્ન નામ પાડયું. તેમ માઇ! અમેય મહાવીરના વારસદારો અને સેવકો છીએ તો લોકોની સંસારવર્ધક પ્રવૃત્તિમાં કેમ 'જયનો ઘોષ' ન મનાવીએ!! નામની સાર્થકતામાં બહાદૂરી છે બાકી તો કાયરતા છે સમજ્યા લે!! વધુ કાંઇ બોલ્યું-ચાલ્યું માફ કરજો હોં ને? હવે વધુ બીજી મુલાકાતે...!

: શાસન સમાચાર :

અષ્ટાપદ જૈન તીર્થ પ્રતિષ્ઠા : રાણી સ્ટેશન (રાજ.) અત્રે પૂ. આ. શ્રી વિ. સુશીલ સૂ. મ.ના ઉપદેશથી થયેલ. આ તીર્થસ્થાપનાની પ્રતિષ્ઠા તેઓશ્રી તથા પૂ. આ. શ્રી વિ. જિનોત્તમ સૂ. મ.ની નિશ્રામાં અંજન શલાકા સાથે ૨૫-૧-૬૯ થી ૩૦-૧-૬૯ સુધી ભવ્ય રીતે ઉજવાશે.

શાંતિનગર-અમદાવાદ : અત્રે પૂ. આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ. સા. આદિની નિશ્રામાં મુહુર્ત્ત પ્રદાન મહોત્સવ આસો સુદ ૧૦ના ઉજવાયો. સવારે ૮॥ વાગ્યે સામૈયા સાથે દીક્ષાર્થીઓનું પ્રયાણ ૯-૩૦. પૂ. શ્રીની પધરામણી પ્રવચન મુહુર્ત્ત પ્રવેશ ૧૨॥ વાગ્યે. ૧૮ અભિષેક, સાંજે ૬॥ વાગ્યે મુમુક્ષુ અનીશકુમાર પરિવાર તરફથી ભવ્ય અંગરચના ભીલડીયાજીથી સંઘ ભદ્રેશ્વરજી મહાતીર્થમાં ભીલડીયાજી નિવાસી મેપાણી ચોથાલાલ હીરાલાલ પરિવાર તરફથી નીકળશે. દીક્ષા તથા સંઘના મુહુર્તો અપાયા હતા. પૂ. આ. ભ. શ્રી વિ. શ્રેયાંસપ્રભ સૂ. મ. અત્રે બિરાજે છે. પૂ. આ. ભ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ની સંયમ અનુમોદનાર્થે પૂ.સા. શ્રી પ્રશમલોચનાશ્રીજી મ.ના માસક્ષમણ તપ નિમિતે તથા સંઘ થયેલ. વિવિધતપ નિમિતે ૪૫ છોડ સહિત ઠશાન્હિકા મહોત્સવ ભા. સુદ ૫થી વદ ૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

—: પંચાંગ મળશે :—

વિ. સં. ૨૦૫૫ના કેલેન્ડર પંચાંગ તથા બુકલેટ પંચાંગ તથા હિંદી બુકલેટ પંચાંગ જરૂર હોય તેમણે નીચેના સરનામેથી મંગાવી લેવા.

— સન્માર્ગ પ્રકાશન —

આરાધના ભવન, પાછીયા પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧

શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
શંખેશ્વર (વાયા વીરમગામ) ગુજરાત

૪૧ ઇંચના ત્રણ મૂળનાયક મુખ્ય શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ
ભોંયરામાં શ્રી આદીશ્વરજી ઉપલે માળે શ્રી નેમનાથજી આદિ
જિનબિંબોની અંજન શલાકા પ્રતિષ્ઠા પ્રસંગે

અંજન પ્રતિષ્ઠા સ્મૃતિ ગ્રંથ

સુજ્ઞ ધર્મબંધુ,

અત્રે ૨૦૫૫ પોષ વદ ૧૧ તા. ૧૩-૧-૯૯થી મહા સુદ ૬ તા. ૨૩-૧-૯૯ સુધી ૧૧ દિવસનો ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થશે. તે પ્રસંગે અંજનશલાકા પ્રતિષ્ઠા સ્મૃતિ ગ્રંથ પ્રગટ થશે. આ સ્મૃતિ ગ્રંથ તા. ૧૩-૧-૯૮ ના પ્રગટ કરવો છે. આ ગ્રંથમાં જેમણે શંખેશ્વરમાં આ (૧) ધર્મશાળામાં (૨) દેરાસરમાં (૩) ઉપાશ્રયો વિ.માં સહાયક નકરા લીધેલ છે. તથા (૪) ભોજનશાળાની તિથિયો લખાવી છે તેમનાં એક એક ફોટો મુકવામાં આવશે.

આ પત્ર મળે આપ આપના દાનની વિગત સાથે પાસપોર્ટ કે પોસ્ટકાર્ડ સાઇઝનો ૨ રંગીન ફોટો મોકલવા કૃપા કરશો. તા. ૧૩-૧૨-૯૮ સુધીમાં આપનો ફોટો મોકલી આપવા વિનંતી છે.

✻ સ્મૃતિ ગ્રંથમાં યોજનાઓ ✻

(૧) જેમણે પોતાના માત-પિતા આદિના ફોટા વિ. આર્ટ પેપરમાં મુકવા હોય તેમના એક પેજના રૂા. ૪૦૦ હજાર તથા અડધા પેજના રૂા. ૨૫૦૦૦ તથા પા પેજના રૂા. ૧૫૦૦૦ છે.

(૨) આપની દુકાન કંપની વિ.ની આર્ટ પેપરમાં એક પેજની જાહેરાતના રૂા.

૪) હજાર તથા અડધા પેજની જાહેરાત રૂા. ૨૫૦૦) તથા પા પેજની જાહેરાત રૂા. ૧૫૦૦) છે.

(૩) શુભેચ્છક લખાણની નીચે (૧) ૨ લીટીમાં આવી શકશે આખા પેજના શુભેચ્છકના રૂા. ૨૦૦૦) હજાર અર્ધા પેજના ૧૧૦૦) એમ બે જ નામ રોક પેજમાં લેવાશે. આપના ફોટા જાહેરાત શુભેચ્છા તરત મોકલો.

શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
પંચાસર રોડ, શંખેશ્વર

—: આ નામો લખાવવાના સરનામા :—

(૧) શંખેશ્વર હાલારી જૈન ધર્મશાળા (૨) શાહ કાનજી હીરજી જામનગર (૩) શાહ કાનજી જેઠાભાઇ જામનગર (૪) શાહ રામજી લખમણ માડ્ર થાનગઢ (૫) શાહ મગનલાલ લખમણ માડ્ર થાણા (૬) શાહ હરખચંદ ગોવીંદજી માડ્ર ઘાટકોપર (૭) શાહ મેઘજી વીરજી નાઇરોબી (૮) શાહ કેશવલાલ કુલચંદ નાઇરોબી (૯) શાહ હરખચંદ નેમચંદ નાઇરોબી (૧૦) શાહ છગનલાલ ખીમજી ગુદકા નાઇરોબી (૧૧) શાહ રતિલાલ ડી. ગુડકા ૬૧૭, સર્બરી એવન્યુ નોર્થ વેનકુવર ૯ ડેન (૧૨) મોતીચંદ એસ. શાહ કેન્ટન હેરો (૧૩) ચુનીલાલ નથુભાઇ ગોરેગાંવ.

— આપના તરફથી કાયમી તિથિ તરત લખાવો —

* કાયમી સર્વ સાધારણ તિથિ રૂા. ૧૧૧૧) *

આ ધર્મશાળામાં ૩૨ ફુમ ૮ હોલ તેમજ ચાર મોટા બગીચા ભવ્ય દેરાસર, બે ઉપાશ્રયો વિ. તથા મેરૂ, અષ્ટાપદ સમવસરણ, જંબૂદ્વીપ ૧૪ રાજલોકની ભવ્ય વિશાળ ઊંચી રચનાઓ તથા ૫ લાખ કુટની કંપાઉંડ તેની વોલ હરિયાળી વિ.થી યુકત છે. જંબૂદ્વીપ યાત્રા ટ્રેન તથા અષ્ટાપદ તીર્થ રથયાત્રાની ચાલતી રચનાઓ થાય છે. ભવિષ્યમાં ભવ્ય યાત્રાનું ધામ બનશે. અદ્‌ભુત અદ્વિતીય જરમન સિલ્વરના ૪૧ ઇંચના ૩ પ્રતિમાજી ૩૧ ઇંચના બે પ્રતિમાજી અને ૪૧ ઇંચના બે ભવ્ય કાઉસ્સગ્ગીયાથી દેરાસર અદ્વિતીય બને છે.

આ સંસ્થાના આવા ભવ્ય અને મહાન કાર્યની કાયમી વ્યવસ્થા અને જાળવણી થઇ શકે તે માટે કાયમી સર્વ સાધારણ તિથિની યોજના કરી છે તેમાં આપને લાભ

લેવા ખાસ ારણા છે. આ તિથિ અંગ્રેજી તારીખ પ્રમાણે લખવાનું રાખેલ છે કેમકે તેમા આઠમ ચૌદશ વિ. તિથિ તરીકે હોતી નથી ભોજનશાળામાં તિથિ મુજબ રસોઇ બનતી હોય છે.

ત્રીજા ઉત્તર વિભાગમાં બાંધકામના નકરામાં લાભ લો

રૂમનો નકરો રૂા. ૧૨૫) એક લાખ પચીશ હજાર

આપ આ ભવ્ય ધર્મશાળામાં છેલ્લી વીંગની પૂર્તિમાં લાભ લઇ અવશ્ય નામ લખાવો.

શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળા બનતાં હાલારી યાત્રિકોની અવર-જવર વધી છે. બીજા પણ જૈન યાત્રિકો આવતા થયા છે.

આ ટેકરી ઉપર હાલારી જ ભાવિકોને ઉતરવાની વ્યવસ્થા હતી છતાં ધર્મશાળા ઘણી નાની પડી અને ઘણાને કચવાતે મને પુરી સગવડ મળી નહિ.

આમ પણ ધર્મશાળાનું પ્લાન ત્રણ તબક્કાનું હતું બે તબક્કા પુરા થઇ ગયા.અને દેરાસરની પ્રતિષ્ઠ થયા પછી ઉત્તર વિભાગ (ત્રીજી વીંગ)નું આયોજન કરવાની ગણતરી હતી.

ઘણા ભાવિકો નવા રૂમો થાય ત્યારે નામો લખવા વિનંતિ કરતા હતા નામ સરનામા પણ આપી જતા હતા. હવે અત્યારના અનુભવ ઉપરથી ત્રીજા તબક્કાની ધર્મશા ાની યોજના અમલ મુકવી જોઇએ તેમ લાગે છે.

તે માથે અનુભવથી જણાયું છે. કે– મોટે ભાગે રૂમની માંગણી આવે છે જેથી નવા વિભાગમાં પ્લાન પ્રમાણે હોલ કરવાના હતા તે હવે નવા પ્લાનમાં કે-સલ કરવાનું નકકી કર્યું છે અને ત્રીજા વિભાગમાં બધા જ રૂમો કરવાનું નકકી કર્યું છે રૂમો ૧૨×૧૮ ના અને તેમાં બાથ વિ. આવી જાય અને ગયા વખતે ફરનીચરના ૧૫) હજાર જુદા નકી કર્યા હતા તે આ વખતે સાથે ગણીને ફરનીચરની જુદી તકતી કે બોર્ડ નહિ મુકવાનું રાખ્યું છે. અને એ હિસાબે ૨૫૦ ફુટ ઉપરનું લગભગ બાંધકામ થશે અને ગણતરી મુજબ રૂા. એક લાખ પચીસ હજાર એક રૂમનો નકરો રાખેલ છે અંદાજ ૫૩ રૂમ આ વિભાગમાં થશે તો ભાવિકોને પોતાની ભાવના

મુજબ રૂમનો નકરો લખાવી દેવા વિનંતિ છે. સાથે તકતીની વિગત પણ મોકલવા વિનંતી છે. પ્રતિષ્ઠા પછી નામો ભરાય તે મુજબ બાંધકામ કરવાનું અને એકાદ વર્ષમાં પૂર્ણ કરવાનું વિચાર્યું છે આપના વર્તુલમાં પણ આ માટે પ્રેરણા કરીને વહેલો તે પહેલા એ રીતે રૂમો લખાવી દેશોજી.

ખાસ : (૧) અંજન શલાકા પ્રતિષ્ઠા સ્મૃતિ ગ્રંથ માટે પા હજાર કે તેથીવધુ દાન નકરા વિ. જેમણે સહકાર આપેલ છે તેમણે ફોટા મોકલી આપવું.

(૨) સ્મૃતિ ગ્રંથમાં ૪૫ હજાર પોતાના જીવન શ્રધ્ધાંજલિ તથા ફોટા માટે

(૩) ૪૫ હજાર રૂા. એક પેજના જાહેરાતના

(૪) ૧૧૧૧૫ કાયમી સાધારણ તિથિના

(૫) ૧ લાખ પચીશ હજાર એક રૂમના નકરાના છે.

આ પાંચ યોજનામાં જેમને જે ભાવ હોય તે રીતે તરત લખી મોકલવા વિનંતિ છે.

લિ.

શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા કમિટિ

આ નકરા માટે જામનગર મુંબઇ આફ્રીકા લંડન અમારા માનદ પ્રતિનિધિઓનો સંપર્ક સાધશે.

અનંતોપકારી પરમતારક શ્રી જિનેશ્વર દેવના મંદિરને બંધાવનાર શ્રાવક ઉત્કૃષ્ટથી બારમાં દેવલોક સુધી જઇ શકે છે તેમ શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે. વિષમ-કાળમાં તો ભવિજનો માટે શ્રી જિનબિંબ અને જિનાગમ એ બે જ આધાર છે. માટે શ્રી વીર વિજયજી મહારાજે પૂજામાં પણ ગાયું કે–'વિષમકાલે શ્રી જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા' સંસાર સમુદ્રમાં ડુબતા એવા પ્રાણિઓને માટે શ્રી જિનમંદિર–જિનબિંબ એ જ જહાજ સમાન છે. શ્રી જિનબિંબના દર્શન–પૂજનાદિથી થતાં આત્મિક લાભો તો આપણને યાદ છે. આવું શ્રી જિનમંદિર બંધાવનાર શ્રાવક કેવો હોય તેનો પણ થોડો વિચાર અત્રે કરવો છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરમ તારક આજ્ઞામાં જ ધર્મ છે. આજ્ઞા મૂલક થતાં કાર્યો જ લાભકારી બને છે, આજ્ઞા ઉપર પગ મૂકીને થતાં દેખીતાં સારાં પણ કાર્યો અંતે નુકશાનકારક બને છે. **પરમ તારક આજ્ઞાની આધીનતા એ કાંઇ ગુલામી નથી પણ સાચી સ્વતંત્રતા સાચી સ્વાધીનતા અને સાચા સુખને પામવાનો રાજમાર્ગ છે.**

સાચા અધિકારી બનીએ !

— 'શાસન ભક્ત' —

સિદ્ધાંત વિહોણા માણસોને કે પવન પ્રમાણે પીઠ ફેરવનારાઓને આ વાત નહિ સમજાય. સારી પણ વસ્તુ યોગ્ય રીતે, યોગ્યતા કેળવીને, યોગ્યના માર્ગદર્શન મુજબ કરાય તો જ લાભ થાય, બાકી નુકશાનકારક પણ બને. યોગ્યતા ઉપર તો ઉપકારીઓએ ઘણો જ ભાર મૂક્યો છે. લાકડાનો એક કટકો રસોઇયાના હાથમાં આવે તો તે રસોઇ માટે બળતણના ઉપયોગમાં લે અને કુશલ કારીગરના હાથમાં આવે તો તે સુંદર કૃતિનું સર્જન કરી, તેને અમૂલ્ય બનાવી દે. આ જ રીતના આજ્ઞા પ્રમાણે ધર્મ કરાય તો લાભ થાય, આજ્ઞા રહિતપણે કરાય તો સ્વ-પર ઉભયને હાનિ થાય.

આપણે ત્યાં પૂ. આ. શ્રી વિ. ચન્દ્રપ્રભસૂ. મ. રચિત અને પૂ. આ. શ્રી વિ. દેવભદ્રસૂ. કૃત વૃત્તિ-ટીકાથી અલંકૃત 'શ્રી દર્શનશુધ્ધિ પ્રકરણ' નામનો ગ્રન્થ છે. તેમાં પ્રસંગ પામી શ્રી જિનમંદિર નિર્માણનો અધિકારી આત્મા કેવો હોય તેનું વર્ણન કરાયું છે. તેના આધારે થોડો વિચાર કરવો છે.

'અહિગારિઓ ગિહત્થો, સુહસયણો વિત્તસંજુઓ કુલજો ।
અક્ખુદ્દો ધિઇબલિઓ મઝમં તહ ધમ્મરાગી ય. ।।'

।। ગાથા૦ ૨૧ ।।

શ્રી જિનભવન નિર્માણનો અધિકારી ગૃહસ્થ જ કહેલો છે પણ સાધુ નહિ. કારણ કે, સાધુઓ સર્વસાવદ્ય યોગની પ્રતિજ્ઞાવાળા છે માટે. સાધુ અને શ્રાવક બંનેય મોક્ષને માટે ધર્મ કરનારા છે છતાં ય અવસ્થા ભેદે, પ્રતિજ્ઞાભેદે બંનેના માર્ગ–આચરણ જુદા પડે છે, સાધુથી શું થાય અને શું ન થાય તથા શ્રાવકથી શું થાય અને શું ન થાય તેનું સુંદર માર્ગદર્શન આથી મળે છે.

શ્રાવકોને માટે કુવાના દૃષ્ટાન્તથી દ્રવ્યસ્તવ એ તેમના સંસારને અલ્પ કરવા માટે યુક્ત છે. શ્રાવકો દ્રવ્યસ્તવપૂર્વક ભાવસ્તવ કરે જ્યારે સાધુઓ માટે એકલો ભાવસ્તવ જ કરણીય કહ્યો, આના પરથી દ્રવ્યસ્તવમાં સાધુથી માથું મરાય કે નહિ, બધું જ પોતાના હાથમાં રખાય કે નહિ, કે માત્ર માર્ગદર્શન કે સદુપદેશથી આગળ વધાય કે નહિ– તે બધું વિવેકીજનો સારી રીતના સમજી શકે છે. જેને સ્વયં પોતાના આત્માના હિતની ચિંતા હોય, આત્મહિતકર પ્રવૃત્તિના માર્ગે ચાલવું હોય તેને વર્તમાનની રીત રસમો– રીત રિવાજો સામે જોવા જેવું નથી કે કોણ શું કરે છે કે શું નથી કરતું તે પણ વિચારવા જેવું નથી પણ ભગવાન મારા માટે શું શું કરણીય કહી ગયા છે, ભગવાનની આજ્ઞા શી છે, શાસ્ત્ર શું કહે છે તે જ તરફ દૃષ્ટિ કરવા જેવી છે. જો વર્તમાનમાં ચાલી પડેલા કે ચાલતા રિવાજો તરફ જ દૃષ્ટિ રહેશે તો શાસ્ત્રથી વિમુખતાનો પ્રસંગ આવશે અને આત્મહિતને બદલે જાણ–અજાણે આત્માનું ઘોરમું અહિત થઇ જશે. તેનાથી બચવા ખૂબ જ સાવધ– સાવચેત રહેવાની જરૂર છે.

તે. અધિકારી શુભ સ્વજન એટલે અસંક્લિષ્ટ બાંધવવાળો હોવો જોઇએ, જેથી તેના બંધુવર્ગ આદિ સ્વજનો તેના આ કાર્યમાં સહાયક બને, કદાચ સહાયક ન બને તો ય વિરોધ કરનારા તો ન જ બને. અશુભ સ્વજન એટલે સંક્લિષ્ટ ચિત્તવાળા બંધવો જેના હોય તે સ્વજનોના લોકવિરુદ્ધ કે ધર્મ વિરુદ્ધ આચરણોને. કારણે તેનું આ કાર્ય શુભ ભાવોનું જનક કે શુભ ભાવોની વૃધ્ધિવાળું બનતું નથી., તેથી જ તે પ્રવચનની સાચી પ્રભાવનાનું કારણ પણ બનતું નથી. માટે શુભભાવોની વૃધ્ધિ સાથે પ્રવચનની પ્રભાવના થાય તે માટે શ્રી જિનમંદિરનું નિર્માણ કરાવનારો વર્ગ વિવેકી હોવો ખૂબ જ જરૂરી છે. વર્તમાનના રીતો જે રીતના થઇ રહ્યા છે, તેનું

પરિણામ સુંદર કેમ દેખાતું નથી– તેનું કારણ આના પરથી સારી રીતના સમજી શકાય છે.

જેમ તે અસંક્લિષ્ટ બંધવાળો હોય તેમ વિત્તવાળો હોવો જરૂરી છે. જે સ્વયં વિત્તવાળો ન હોય તે આવા કાર્યોનો પ્રારંભ કરે તો પણ તે પુરૂં ન થાય. ઉપાડેલું કામ પૂરૂં ન થાય એટલે ખેદને પામનારો થાય. દુનિયામાં પણ કહેવાય કે 'પહોંચ નેઇ કામ કરવું' 'પથારી પ્રમાણે પગ લાંબા થાય.' માગી–ભીખીને કામ કરવાનું શાસ્ત્ર કહેતું નથી. વર્તમાનના પ્રોજેક્ટોવાળા માટે આ વિધાન દીવાદાંડી રૂપ છે. જો હૈયું હોય તો ! કેમકે બીજાની પાસે પ્રાર્થના કરીને મેળવેલાં ધનથી તેને પૂરૂં થતાં તે લોકમાં હાસ્યરૂપ-મશ્કરીને પાત્રરૂપ બને છે 'ત્રેવડ હતી નહિ તો મોટાભા થઇને મોટે ઉપાડે કેમ શરૂ કર્યું" પારકે પૈસે ભીખ માગીને ધર્મ કરવાની–કરાવવાની વૃત્તિવાળા માટે આ વાત લાલબત્તી જેવી છે. પણ જેમને કોઇની સાચી વાત પણ સાંભળવી કે સમજવી ન હોય અને પોતાનું મનમાન્યું જ કરવું હોય તેને કોઇ બચાવી શકે નહિ. વિચારકો તો એમ જ માને કે અયોગ્યની ઉપેક્ષા એ જ સ્વ–પરના હિતનો રસ્તો છે. એટલું જ નહિ ટીકાકાર પરમર્ષિ તો ત્યાં સુધી સમજાવે છે કે **'અહો જિનભવનકરણે વ્યાજેનાયં કુટુમ્બં પુષ્ણાંતીતિ સમ્ભાવના હેતુત્વાત્×××'**

પારકે પૈસે ધન લાવી જિનમંદિર બંધાવનારની શી આબરૂ જગતમાં હોય છે તે વાત ટીકાકાર શ્રી સમજાવે છે. આજે પણ લોકમાં આ અને આવી અનેક વાતો સંભળાય છે છતાં ય હૈયા કુટાયાઓને જરાપણ અક્કલ પણ આવતી નથી તે નવાઇની વાત છે. સાચી વાતને સમજવા જેવું પણ હૈયું નથી અને પાછા બચાવમાં કહે કે 'હાથી પાછા કૂતરા ભસ્યા કરે'– આવાને તો ભગવાન પણ બચાવી શકે નહિ. માગી–ભીખીને કે પારકે પૈસે ધર્મ કરવાનું-મંદિરાદિ ધર્મસ્થાન બનાવવાનું શ્રી જૈનશાસને વિધાન કર્યું નથી. ઘર વેચીને વરો ન થાય તેમ વ્યવહારમાં સમજનારા સિદ્ધાન્તના લોગે કેમ આવા બધા પ્રોજેક્ટોમાં રસ લે છે તે જ સમજાતું નથી ! ! ! સ્વદ્રવ્યના ન્યાયપૂર્વકના ધનના સ્થાનમાં જે ભાવોલ્લાસ આવે તે આવી રીતના બધાને લાભ આપવાની વૃત્તિમાં (તેમાં પારકાનું લઇ પોતાનું બચાવવાની વૃત્તિ જ મુખ્ય હોય છે અને 'મેં આ કર્યું'–કરાવ્યું તેવો યશ લેવાની ભાવના અત્યંત પ્રબળ હોય છે) શું થાય છે તે બધાના અનુભવમાં છે છતાં ય અટકવાનું મન તો થતું નથી અને આગળને આગળ એવ અટવાય છે કે તેને કઇ અનાયબી ગણવી તે એક સવાલ બને છે. સમજે તો જ્ઞાનમાં નહિ તો જ્ઞાનમાં પણ નહિ. —અસ્તુ

પાછો તે અધિકારી કુલજ– પ્રશસ્યકુલમાં– ઉત્તમ અને અનિંદ્ય કુલમાં ઉત્પન્ન થયેલો જોઇએ. જાતિ–કુલનો પ્રભાવ પણ અમથો નથી ગાયો. ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલા જીવોના સારાં કામ લોકમાં આદર–સત્કારને પામે છે જ્યારે તેનાથી વિપરીત પરિસ્થિતિ હોય તો સારું પણ કામ લોકમાં આદરણીય બનતું નથી.

વળી તે અક્ષુદ્ર–અકૃપણ-ઉદાર હોવો જોઇએ. કૃપણ તો દ્રવ્યવ્યયના ભયથી સારું કામ કરવા શક્તિમાન બનતો નથી તેથી સાચી પ્રભાવના માટે પણ સમર્થ બનતો નથી.

અથવા અક્ષુદ્ર એટલે અકુર એવો અર્થ કરીએ તો અકુર આત્માએ કરેલું કામ લોકમાં ઉપાદેય બને છે. જ્યારે કુર સ્વભાવનો હોય તો લોકોમાં પોતાના સ્વભાવ દોષથી દૂષિત બને છે, લોકોને હેરાન–પરેશાન–પીડા કરવાના કારણે લોકપ્રિય બનતો નથી, બધા કહે તેનું નામ મૂકો (વર્તમાનમાં ઘણા ધર્માત્મા–આગેવાનોની લોકમાં આવી છાપ છે) લોકમાં અપ્રિય હોવાથી તેને કરેલું સારું કામ તેના સ્વભાવ દોષથી જનમાં પણ દ્વેષ્ય બને છે.

વળી તે ધીરજ વાળો, મનની સમાધિવાળો જોઇએ. અર્થાત્ આવાં કામમાં સારો ધનવ્યય કર્યા પછી જરાપણ પશ્ચાત્તાપ કરનારો ન હોવો જોઇએ. કેમકે પશ્ચાત્તાપ કરનારો તો પોતાના સુકૃતને બાળી નાંખે છે. તેથી જે વાસ્તવિક આત્મિક લાભ થવો જોઇએ તેનાથી રહિત બને છે.

વળી તે મતિમાન–બુધ્ધિશાળી હોવો જોઇએ. તે જ આત્મા સમ્યક્ ઉપાયોમાં સારી પ્રવૃત્તિ કરે છે. સાચો બુદ્ધિમાન તે જ કહેવાય જે વર્તમાન કે પ્રત્યક્ષમાં રાજી ન થાય પણ ભાવિ હિતનો– લાભાલાભનો વિચાર કરી પ્રવૃત્તિ કરે. જેનાથી પ્રત્યક્ષ લાભ દેખાય પણ પરિણામે નુકશાન થતું હોય તો તેવી પ્રવૃત્તિમાં પ્રયત્ન ન કરે. મૂરખ આવી રીતના સમ્યક્ ઉપાયમાં પ્રવૃત્તિ કરી શકતો નથી. તે તો માત્ર વર્તમાનને જોઇને આનંદ માને છે પણ પરિણામનો વિચાર કરી શકતો નથી. અંતે સાચા લાભથી વંચિત રહે છે.

વળી તે ધર્મરાગી એટલે શ્રુત અને ચારિત્રધર્મનો રાગી હોવો જોઇએ. આગમ અને આગમધર એવા ચારિત્રીનો અત્યંત પ્રેમી હોવો જોઇએ, મારો આત્મા પણ ક્યારે ચારિત્ર ધર્મને પામે અને શ્રુત ધર્મનો અભ્યાસી બને તેવી ભાવનામાં રમે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બન્નેમાં આદર કરનારો હોય. એકલો જ્ઞાનનો પ્રેમી ન હોય કે

એકલી ક્રિયાના પ્રેમી ન હોય. એકલા જ્ઞાનને આંધળું અને એકલી ક્રિયાને પાંગળી કહેવામાં આવી છે. પણ 'જ્ઞાનક્રિયાભ્યાંમોક્ષ' કહેલો છે. સમજપૂર્વક આચરણ કરે. અને જેમ જેમ સમજ પેઠા થાય તેમ તેમ આચરણ નિર્મલ બને. આચરણ વિનાચે ન જ ન પડે. સાચો જ્ઞાની સમ્યક્ચારિત્રના અર્થી હોય કદાચ અશક્તિ કે આસક્તિના યોગે સમ્યક્ચારિત્રને પામી ન શકે તો તેનો પ્રેમી તો અવશ્ય હોય જ પણ તેનો વિરોધી તો ન જ હોય. કેમકે, ટીકાકાર પરમર્ષિ તો ત્યાં સુધી કહે છે કે, ઉપરના શુભસ્વજનથી બુદ્ધિમાન સુધીના ગુણવાળો હોય પણ શ્રુત કે ચારિત્ર (જ્ઞાન અને ક્રિયા) ધર્મનો જો અનુરાગી ન હોય તો તે શ્રી જિનભવન નિર્માણનો સાચો અધિકારી બની શકતો નથી. અને અનધિકારિણી ચેષ્ટા. એ લાભકર્તા કે ઇચ્છિતફલને આપનારી બનતી નથી. અધિકારપૂર્વકની પ્રવૃત્તિ જ ઇચ્છિત ફલને સાધનારી બને છે.

મૂલમાં જે ય-ચ શબ્દ છે તેનાથી શ્રી ટીકાકાર પરમર્ષિએ શ્રી જિનમંદિર નિર્માણના અધિકારીમાં સદ્ગુરૂપૂજારતિ આદિ ગુણોનો પણ સંગ્રહ કરેલ છે. કહ્યું છે કે–

"गुरुपूजाकरणरइ, सुस्सूसाइ गुणसंगओ चेव.
नायाहिगयविहाणुस्स भणियमाणापहाणो य ॥"

ભાવાર્થ :— સદ્ગુરુની પૂજા-ઉપાસના-સેવા-ભક્તિ-કરવામાં રતિ-હૈયાના આદરપૂર્વકના બહુમાનવાળો હોય, સદ્ગુરુમુખે શ્રી જિનવાણી શ્રવણ કરવા આદિ ગુણોથી યુક્ત હોય અને અધિકારીપણાના ગુણોને જાણી આજ્ઞાપ્રધાન જીવનને જીવનારો હોય.

આના ઉપરથી સુજ્ઞજનો સારી રીતના સમજી શકે છે કે, અધિકારપૂર્વકની પ્રવૃત્તિ જ આત્માને માટે હિતકર બને છે. અધિકાર પામ્યા વિનાનો કે પામવાની મહેનત વિનાની સારી પણ પ્રવૃત્તિ પોતાના જ દોષના કારણે દૂષિત અને નુકશાન કરનારી બને છે. માટે અધિકારના ગુણોમાં પ્રયત્નશીલ બનવું પૂબ જ જરૂરી છે.

卐

રૂા. ૧૦૦૦] ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો

અનંત દુઃખમય સંસારથી બચવા અનંત સુખમય મોક્ષને પામવા ધર્મ ખૂબ જ જરૂરી છે. પણ ધર્મ શા માટે કરવાનો – કેવી રીતે કરવાનો – તો સંસારથી બચાય અને મોક્ષ મળે – તે સમજવું ખૂબ જ જરુરી છે. વર્તમાનમાં ધર્મિઓનું ધર્મનું અજ્ઞાન સ્વાર્થી – તક સાધુઓ માટે સોનાની જાળ જેવું બન્યું છે. ભક્તિના નામે ભક્તોને 'આ જા, ફંસા જા' નો ધંધો ખૂબ જ કુશી ફાલી નીકળ્યો છે, તેમાં દિન-પ્રતિદિન ચઢતી છે, લાભ અને લાભ જ છે... નુકશાનનું નામ નિશાન નથી... તો કોણ એવો વેવલો કે વેદીયો કે બોચીયો બની મળેલી સુવર્ણ તક ગુમાવે ! તેમાંય સમા સુંદરીનો સાથ-સહકાર અને નશો ચઢે પછી બાકી શું રહે ? દુનિયામાં સ્વાર્થની સિદ્ધિ માટે અનેકોની ગુલામી કરનારા... પરમાર્થને માટે સાચી ગુલામી કેમ સ્વીકારતા અચકાય છે તે એક અજબનો કોયડો છે ! દુન્યવી સુખ-સામગ્રી માટે જાતનું કેવું ગુલામીખત સમજુ પણ લખી આપે છે... તેવું જ જો સમજીને...

કોણ ચઢે ? પૂજા-ભક્તિ કે આજ્ઞા ?

— શ્રી ભક્તિપરાગ

આજે ધર્મ કરનારાને ધર્મના વાસ્તવિક સુખનો અનુભવ થતો નથી તેનું મૂળ-કારણ શોધવાની જરુર છે. જ્ઞાનિઓએ તો તેનું નિદાન કરેલું જ છે કે 'આણાએ ધમ્મો ! ધર્મ ભગવાનની આજ્ઞામાં જ છે અને આપણે આપણી અનુકૂળતા -- સગવડ-મરજીમાં ધર્મ માન્યો. પછી ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેવું અંતર સર્જાય તેમાં નવાઇ ખરી ? જ્ઞાનિઓ આજ્ઞાની મહત્તા સમજાવે અને આપણે અનુકૂળતામાં મજા માનીએ - પછી મેળ જામે ખરો ? પછી કોયડો ગુંચવાય કે તેનું સમાધાન મળે ? અનુકૂળતાના અર્થીએ સારા ગણાતાને પણ કેવા પામર, અવિવેકી, વિચારહીન અને અવિહિતની કોટિમાં મૂકી દીધા છે જેનું વર્ણન ન થાય.

શ્રી જૈન શાસનમાં ઉપકારી પરમર્ષિઓએ એકી અવાજે, એકી મતે, જોર-શોરથી, ગાઇ બજાવીને એક જ વાત ફરમાવી કે, શ્રી જિનેશ્વર દેવની આજ્ઞામાં જ ધર્મ છે આજ્ઞા બાહ્ય ધર્મ દેખીતો સારો દેખાતો હોય તેની કૂટી કોડિની કિંમત નથી. તે જ વાતને કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી વિ હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ સ્વરચિત શ્રી વીતરાગ સ્તોત્રમાં ફરમાવી કે – "હે વીતરાગ ! તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ આરાધેલી આજ્ઞા મોક્ષને માટે અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે"

॥ વીતરાગ ! સપર્યાયાસ્તવાજ્ઞાપાલનં પરમ્ । આજ્ઞાઽઽરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ ॥ (શ્રી વીતરાગ સ્તોત્ર, પ્રકાશ – ૧૯, ॥૦ – ૪)

આના ઉપરથી સ્પષ્ટ જ થાય છે કે, આજ્ઞામૂલક પ્રવૃત્તિ જ સંસારને ટાપનારી, સંસારનો ઉચ્છેદ કરનારી બને અને આજ્ઞાબાહ્ય પ્રવૃત્તિ ગમે તેટલા સારા ગણાતા પણ કરે તો તે સંસારને પોષનારી અને વધારનારી જ બને. આટલી દીવા જેવી ચોકખી વાત છતાંય આજે આજ્ઞાનું મૂલ્ય વીસરાઇ જવા પામ્યું છે તે ખૂબ જ ખેદની વાત છે અને સારા સારા પણ આજ્ઞાબાહ્ય પ્રવૃત્તિમાં અટવાઇ ગયા છે તે વધારે ખેદ – દુ ખની વાત છે.

પરમકારક, ત્રિલોકબંધુ, જગન્નાથ, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માના દર્શન-પૂજન–ભક્તિ આદિ બધું આજ્ઞા મુજબ કરાય તો જ લાભકારી બને. આજ્ઞારહિતપણે મરજી મુજબ કરાય તો પોતાના હાથે જ પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવી નુકશાનકારક બને. આજ્ઞા સમજાવનારા વિદ્યમાન છતાંય આવી પરિસ્થિતિ કેમ સર્જાઈ તેના મૂળ તપાસવાની જરૂર છે. તો પર્યાપ્ત થશે કે માન–પાનાદિની તીવ્ર લાલસાઓ અને પૈસા–પદ–પ્રતિષ્ઠાના પ્રપંચો વિના બીજું કશું પ્રાપ્ત થશે નહિ.

ભગવાનનું દર્શન સ્વદર્શન–આત્મદર્શનને માટે કરવાનું છે. તે ભૂલાઇ જવાથી નુકશાન ઘણું થયું છે. આરિસામાં જેવું પ્રતિબિંબ દેખાય તે રીતના ભગવાનનું દર્શન કરવાનું છે. "હે પ્રભો ! આપ ક્યાં નિર્મલ અને હું ક્યાં મલીન ! આપ મોહરહિત અને હું મોહનું રમકડું ! મોહ નચાવે તેમ નાચું ! આપ બધા ગુણોથી સંપન્ન અને હું બધા દોષો અને અપલક્ષણે પૂરો !"

ભગવાનનું દર્શન કરતાં જો આવું થાય તો સમજવું કે દર્શન આપણને ફળ્યું ઠાં ફળવાનું છે. વર્તમાનમાં દર્શન–પૂજન ભક્તિ આપણે ભૌતિક સામગ્રી ઉપર કેન્દ્રિત કરી છે. ભૌતિક સામગ્રીની વધ–ઘટ પ્રમાણે આપણે ભક્તિનું મૂલ્યાંકન કરીએ છીએ. જ્યારે જ્ઞાનિઓ આત્મગુણ–દોષની વધ–ઘટ, પ્રાપ્તિ–હાનિ ઉપર ભક્તિનું મૂલ્યાંકન કરે છે ! સાચો ઝવેરી કે રત્ન પરીક્ષક ઝવેરાત કે રત્ન જોતાં જ તેનું મૂલ્યાંકન નિશ્ચિત કરી લે. જ્યારે આજે આપણે બધા 'ઇમીટેશન' ના જમાનામાં જીવી રહ્યા છીએ તેથી નકલીમાં અંજાઇ–મૂંઝાઇએ છીએ અને અસલીને ઓળખી કે સમજી શકતા નથી તેમ ભક્તિમાં પણ 'દેખાડાના' ચળકાટમાં અંજાઇ જઇએ છીએ પણ અસલીયાતને ઓળખવામાં દૂર રહીએ છીએ. તેના જ કારણે 'હીરો ઘોબે જઇને આવ્યો', 'ડેલીએ હાથ દઇ પાછો આવ્યો' જેવી આપણી હાલત થાય છે.

દુનિયામાં દુ:ખ–આપત્તિ બરબાદીની ફરિયાદ લગભગ દરેકે ભગવાન આગળ કરી હશે, તે દૂર કરવા માનતા પણ માની હશે, તે અંતરાય તોડવા કદાચ અંતરાય કર્મ નિવારણ પૂજા પણ ભણાવી હશે. પણ ક્યારેય આપણે આપણી જાત માટે ભગવાન

આગળ રોયા છીએ ખરા ? આપણા દુર્ગુણો, દુષ્ટ ભાવનાઓ, દુર્બુદ્ધિ, દુર્વાસના, અપલક્ષણોને યાદ કરી ભગવાન આગળ રોયા છે ખરા ? ફરિયાદ કરી છે ખરી ? પ્રાર્થના કરી છે કે ખરી કે – "હે ભગવન્ ! હું એટલો બધો અનાડી, અપલક્ષણો છું કે વર્ણન ન થાય. મારા દોષો આપ જાણો છો. ખરેખર તો હું આપના દર્શન કરવા ય લાયક નથી અને મંદિરમાં આવવા ય લાયક નથી પણ આપ તે પતિતને પાવન કરનારા છો. તો મારી દુર્બુદ્ધિ ટળે, દુર્ભાવનાઓ, દુર્ગુણો નાશ પામે, અપલક્ષણો જાય તેવું બળ આપો."

જો આ રીતના આત્મ સંવેદનપૂર્વક દર્શન કરીએ તો એકવારનું સાચું દર્શન જો સારો કાળ હોય, સારી સામગ્રી હોય તો આત્માને કેવળજ્ઞાન અને મુક્તિ આપવા સમર્થ છે. આ રીતના દર્શન કરનારના હૈયામાં કેવો આનંદ ઉભરાય, રોમાંચ ખડા થાય, ભક્તિથી નમ્ર બની ઊઠે અને એવા ભાવમાં ચઢી જાય કે જે અવર્ણનીય હોય.

આપણે દર્શનાદિ કરીએ તે ય કેવા ? આવી રીતના દર્શનાદિ કરવાનું મન પણ થાય છે ખરૂં ? વર્તમાનમાં આપણને બધાને વિધિ નથી આવડતી તેમ નથી આપણે એકલા હોઇએ ત્યારે કઇ રીતના ધર્મક્રિયાઓ કરીએ અને બે–પાંચ માણસની હાજરીમાં કઈ રીતના ધર્મક્રિયા કરીએ તેના પરથી આપણા હૈયાનું માપ નીકળે તેમ છે. આ બધાનું મૂળ ભક્તિ કરવા છતાં આજ્ઞા સમજાઈ નથી. આજ્ઞા ઉપર પ્રેમ જાગ્યો નથી.

જો ભગવાનની આજ્ઞા ઉપર હૈયાનો પ્રેમ જાગી જાય, ભક્તિ આજ્ઞા મુજબ કરવાનું મન થાય પછી ભક્તિમાં જે પ્રાણ પૂરાશે, તે ભક્તિ આત્મ નિસ્તારક બનશે જ. વર્તમાનમાં આપણી ભક્તિ નિષ્પ્રાણ–ચેતનહીન દેખાય છે તેથી વેઠની જેમ, પૂરી કરાય છે. જો તેમાં સાચી ચેતના જાગશે તો તે જ ભક્તિમાં જે ઉલ્લાસ – ઉમંગ – ઉત્સાહ વધશે તે વચનાતીત હશે. તે લોકના દેખાડાની, મનોરંજનના ઘરની નહિ હોય પણ આત્મ નિસ્તારકની સાચી ભાવનાથી જાગેલી ચેતનવંતી, પ્રાણપૂરક હશે. હંસદૃષ્ટિથી સાચું મૂલ્યાંકન આંકી સૌ સાચી ભક્તિ કરનારા ભક્તિપ્રિય બનો તે જ.....

જૈન શાસન તમે વસાવો અને વધુ
નહિ તો એક બે નવા ગ્રાહકો કે
આજીવન સભ્ય બનાવો.

જ્ઞાનદર્શનચારિત્ર-રત્નત્રિતયભાજને ।
મનુજત્વે પાપકર્મ, સ્વર્ણભાણ્ડે સુરોપમમ્ ॥૧॥

(અનુ. પેજ નં. ૨૫૩ નું ચાલું)

જેને જો આવું માનતા, બોલતા અને આચરતા હોય તો પ્રભાવનામાં શી કમીના રહે ?

કીમતીમાં કીમતી પણ ચીજની કિંમત મનમાં વસવી જોઇએ અને ખર્ચેલી એ કિંમતનો બદલો કેમ લેવો એની સૂઝ હોવી જોઇએ. એટલું હોય તોય તમે કીમતીને બિલકુલ અકીમતી બનાવી દેવાના પાપથી બચી શકો. એ માટે બીજી ભૂમિકાઓ પણ છે. તમે આ જન્મમાં તમારા આત્માને રત્નત્રયીનું જ ભાજન બનાવી શકો, એવું લાગે છે ? જો તમારે માટે એ શક્ય ન લાગતું હોય તો એમ કહો કે-'આ જન્મમાં જ અમે અમારા આત્માને એકલી રત્નત્રયીનું ભાજન બનાવી શકીએ, એ અમને શક્ય નથી લાગતું !' આટલી ઉંમર થઇ ત્યાં સુધી તમે તમારા આત્માને રત્નત્રયીનું ભાજન બનાવી શક્યા નહિ, એનું તમને દુઃખેય રહ્યા કર્યું છે ? અરે, સમજ્યા પછી પણ તમને એ વાતનું દુઃખ થાય છે કે-આ જન્મ ભોગકર્મમાં ને પાપકર્મમાં મેં ગુમાવી દીધો અને આ જન્મમાં મેં મારા આત્માને રત્નત્રયીનું ભાજન બનાવવાનો પ્રયત્ન કર્યો નહિ, એ મેં મોટી ભૂલ કરી છે ? મારે તો તમારી પાસેથી એ સાંભળવું છે કે—

'આવ. કીમતી મનુષ્યજન્મને પામીને અમે અત્યાર સુધી અમારા આત્માને રત્નત્રયીનું ભાજન બનાવી શક્યા નથી, એનું અમારે હૈયે પાર વિનાનું દુઃખ છે. જો અમારું ચાલતું હોય, તો હવે અમે એક ક્ષણને માટે પણ રત્નત્રયી વિનાના રહીએ નહિ. મનમાં આ ભાવ હોવા છતાં પણ હજુ અમારામાં એ શક્તિ પ્રગટી હોય એવું અમને દેખાતું નથી. અમે સમજીએ છીએ કે-આ અમારી પામરતા છે અને અમારી આ પામરતા અમને પારાવાર ખટકે છે પણ ખરી, પણ અમે અત્યારે તો લાચાર છીએ. અમારી આ પામરતાં ખંખેરાઇ જાય અને અમને રત્નત્રયીનું જ આરાધન કરવામાં અંતરાય કરતું અમારું પાપકર્મ ટળી જાય એ માટે અમે રોજ શ્રી જિનનું દર્શન કરીએ છીએ, શ્રી જિનનું વંદન કરીએ છીએ અને શ્રી જિનનું પૂજન કરીએ છીએ.

શ્રી જિનની આજ્ઞાને આધીન જીવન જીવનારાં સાધુ-સાધ્વીની અમે એ માટે જ રોજ ભક્તિ-સેવા કરીએ છીએ. શ્રી જિનની આજ્ઞાના જે કોઇ આરાધક, તેમને અમે આરાધ્યા મથીએ છીએ, કે જેથી અમે પણ એકાંતે શ્રી જિનની આજ્ઞાના પાલક બનીએ. આથી અમે આ સંસારમાં અને ભોગમાં બેઠેલા હોવા છતાં પણ, અમારે

મન તો શ્રી જિન, શ્રી જિનના સાધુ અને શ્રી જિનની આજ્ઞા એજ સર્વસ્વ છે. એટલે એવો કોઈ અવસર આવી લાગે, તો શ્રી જિનની આજ્ઞાની સેવા અને રક્ષા આદિ માટે અમારૂં મન પણ તૈયાર છે, તન પણ તૈયાર છે અને ધન પણ તૈયાર છે. અમને વધારેમાં વધારે વહાલું સંસારનું જે કાંઇ પણ છે, તે એની સેવા ને રક્ષા માટે ન્યોચ્છાવર કરતાં પણ અમે એવા કોઇ અવસરે અચકાઇએ એવા નથી. આવું જો બધા જૈનો માનતા હોય, બોલતા હોય અને અવસરે આ મુજબ શક્તિને અનુસારે પણ આચરતા હોય, તો શ્રી જિનશાસનની પ્રભાવના થવામાં શી કમીના રહે ?

સમર્પિત કરી દેવાનો ભાવ :

મારે એ જાણવું છે કે–આવું કાંઇ તમારા હૈયામાં ઉઠે છે કે નહિ ? સંસારમાં તમને તન, મન અને ધન એ ત્રણમાંથી વધારેમાં વધારે વહાલું શું છે ? જે વધારેમાં વધારે વહાલું હોય, તે પણ શ્રી જિનની આજ્ઞાના રક્ષણ આદિ માટે ન્યોછાવર કરવાનું મન કોઇક દિ' પણ થાય છે કે નહિ ? તમને વધારે પ્રેમ મન ઉપર છે, તન ઉપર છે કે ધન ઉપર છે ? તન, મન અને ધન એ ત્રણમાંથી શ્રી જિનની, શ્રી જિનના સાધુની અને શ્રી જિનની આજ્ઞાની સેવામાં અર્પવામાં કયું સહેલું લાગે છે ? કદાચ તમને જ ખબર નહિ હોય કે–મને મન વધારે વહાલું છે, તન વધારે વહાલું છે કે ધન વધારે વહાલું છે ? કેમ કે ઘડીમાં મન વધારે વહાલું લાગે છે, તો ઘડીમાં તન વધારે વહાલું લાગે છે અને ઘડીમાં વળી ધન વધારે વહાલું લાગે છે !

કેટલાક કહે છે કે–'કાયાનું કામ પડે તો કહેજો, પણ અમારી પાસે જે ધન છે તે જોઇને ધન વપરાવાને લોભાતા નહિ !' કેટલાક કહે છે કે–'કોઇ ધનસાધ્ય કામ હોય તો કહેજો પણ શરીરનું કોઇ કામ બતાવશો નહિ.' કેટલાક વળી કહે છે કે–'મન તો ઘણું છે, પણ તન અને ધન વાપરી શકાય તેમ નથી.' જ્યારે કેટલાક એમ પણ કહે છે કે–'તન અને ધન તો અવસર જોઇને વાપરીએ છીએ, પણ મન તો સંસારમાં ને સંસારમાં જ ચોંટ્યું રહે છે.' આમ. કોઇ, કોઇ વાર તન બતાવે છે તો કોઇ, કોઇ વાર ધન બતાવે છે અને કોઇ, કોઇ વાર એકલું મન જ બતાવે છે. પણ તન, મન અને ધન એ ત્રણેય દેવ–ગુરૂને ચરણે સમર્પિત કરી દેવાની ભાવના હોવી જોઇએ અને જેનામાં શ્રી જિન, જિનના સાધુ અને શ્રી જિનની આજ્ઞાને ચરણે તન–મન–ધન સમર્પિત કરી દેવાની ભાવના હોય, એ સાચો જૈન કહેવાય.

શ્રી જિનના સાધુ એટલે શ્રી જિનાજ્ઞામય જીવન જીવવાના જ એક લક્ષ્યવાળા અને એમાં જે કાંઇ દોષ થાય તેની શુદ્ધિ સાધવાના અર્થી. શ્રાવક એટલે એ દેવને

અને એ ગુરૂને સમર્પિત. શ્રાવકનું મન એવું કે-મારૂં તન અને ધન વગેરે જે કાંઇ છે તે આ બેની અને આ બેની આજ્ઞાની સેવામાં વપરાય એ જ સાર્થક. જો આ માનવજન્મને પામીને શ્રી જિનની આજ્ઞાના પાલક સાધુની અને શ્રી જિનની આજ્ઞામાં તનને, મનને અને ધનને સમર્પિત કરી દેવાનો ભાવ માત્ર પણ આવી જાય, તોય અનંત ઉપકારિઓએ આ માનવજન્મની જે મહત્તા ગાઇ છે તે તેના ખરા રૂપમાં ખ્યાલમાં આવ્યું ગણાય. આ જીવનમાં આટલું પણ થઇ જાય, તોય તમે રત્નત્રયીને પૂર્ણ જ નિકટની બનાવી શકો, અને આ જીવનમાં પણ તમે તમારા આત્માના કલ્યાણને માટે અવસરે ધાર્યું કામ કરી શકનારા બની શકો.

શ્રી જિનધર્મને પામ્યા પછી મહારાજા કુમારપાળે હિંસામય ખોટી કુળપરંપરાને દાદ દીધી નહિ :

મહારાજા શ્રી કુમારપાળ અઢાર દેશના માલિક હતા. રાજ્યનો એ ત્યાગ કરી શક્યા નહોતા, પણ દેવ-ગુરૂ-ધર્મને એ કેવા સમર્પિત હતા એ જાણો છો? એમને શ્રી જિનધર્મની પ્રાપ્તિ ઘણી મોટી ઉમ્મરે થઇ હતી, પણ તે પછીથીય ધર્મને વળગી રહેવામાં એમને કેટકેટલાં વિઘ્નો આવ્યાં હતાં, એનો તમને ખ્યાલ છે? અને, મરણાન્ત કષ્ટ આવવા છતાં પણ એમણે, એમણે સ્વીકારેલા ધર્મનું પાલન કર્યું હતું, એ પણ તમે જાણો છો ખરા?

તમે કોઇ પણ ધર્માનુષ્ઠાન સ્વીકારો, કોઇ વ્રત-તપ-નિયમ તમે લો અને તે પછી નાનું-મોટું ગમે તેવું વિઘ્ન આવે તોય, તમે એ વિઘ્નને જીતવાનું સત્ત્વ બતાવો પણ સ્વીકારેલા અનુષ્ઠાનાદિને તજો નહિ કે એમાં પોલ પેસવા દો નહિ, એવું ખરૂં? તમને તમારા વ્રતાદિના પાલનમાં, અરે રોજ દર્શન કરવાનો જ માત્ર નિયમ હોય તો તેમાંય કદી વિઘ્ન આવ્યું છે ખરૂં? અને વિઘ્ન આવ્યું હોય તો તમે એને ગણકાર્યું જ ન હોય એવું બન્યું છે ખરૂં? કેટલાક કહે છે કે-'અમને વિઘ્ન આવે તેમ નથી, કેમ કે- વિઘ્ન આવે એવું કોઇ ધર્મકાર્ય અમે સ્વીકારીએ જ નહિ ને!' પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિ કરનારે વિઘ્નને જીતવાને તૈયાર રહેવું જ જોઇએ અને તો જ સિદ્ધિ મળે. પણ જ્યાં પ્રણિધાનનું જ ઠેકાણું ન હોય, ત્યાં પ્રવૃત્તિમાં માલ જેવું કાંઇ હોય નહિ અને સામાન્યમાં સામાન્ય વિઘ્નથી અથવા તો વિઘ્ન આવવાની આગાહી માત્રથી પણ એ પ્રવૃત્તિ મુકાઇ જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

શ્રી કુમારપાળના સમયમાં રાજ્યમાં એક ખોટી પરંપરા ચાલી આવતી હતી. કંટેશ્વરી નામની એમની કુળદેવી હતી અને એ દેવીની સમક્ષ નવરાત્રિન. દિવસોમાં સાતમે સાત સો, આઠમે આઠ સો અને નોમે નવ સો પાડાઓનો ભોગ દેવાતો હતો. આ પ્રકારે દેવીપૂજન કરવાનું મહારાજા સિદ્ધરાજની ગાદીમાં પરંપરાથી ચાલ્યું આવતું હતું અને શ્રી કુમારપાળ ગાદીએ આવ્યા પછીથી પણ જીવવધ કરવાની આ ખોટી પરંપરા ચાલુ જ રહી હતી,

દરમ્યાનમાં મહારાજા શ્રી કુમારપાળ, કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સુયોગને પામીને, શ્રી જિનધર્મના આરાધક બન્યા, અને તેમણે પોતે શ્રાવકોચિત હિંસાત્યાગની પ્રતિજ્ઞા કરવા ઉપરાંત, રાજ્યમાં પણ અમારીનું યથાશક્ય પ્રવર્ત્તન કરાવવા માંડ્યું.

એમ દિવસો જાય છે એવામાં નવરાત્રિના દિવસો આવી લાગ્યા. નવરાત્રિના દિવસો આવી પહોંચ્યા એટલે દેવીના પૂજારીઓએ મહારાજા શ્રી કુમારપાળ પાસે આવીને, દેવીપૂજન નિમિત્તે વધ કરવાને માટે જોઇતા પાડાની માગણી કરી. પૂજારીઓએ મહારાજા શ્રી કુમારપાળને એમ પણ કહ્યું કે—જો આ પૂજન નહિ કરવામાં આવે તો કુળદેવતાઓ કોપશે અને કોપેલા કુળદેવતાઓ તમને બરબાદ કરી નાખશે.

કુળપરંપરા એવી જ ચાલી આવતી હતી અને શ્રી જિનધર્મને પામેલા મહારાજા શ્રી કુમારપાળને એવી ખોટી હિંસામય પરંપરા હવે ચલાવવી એ જરાય ગમતું નહોતું. આથી પ્રસંગે મારે માટે શું કરણીય છે, એ પૂછવાને માટે મહારાજા કુમારપાળ, આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની પાસે પહોંચ્યા. અને ત્યાં જઇને તેમણે બધી હકીકત ગુરૂ મહારાજને કહી સંભળાવી.

ગુરૂ મહારાજે જોયું કે કુમારપાળ અડગ છે અને હિંસામય ખોટી પરંપરા અટકાવી શકાય તેમ છે. એમણે કહ્યું કે—દેવતાઓ માંસ ખાતા નથી, પણ દુષ્ટ દેવતાઓ નિર્દોષ જીવોનો સંહાર થતો જોઇને કેવળ કૌતુકથી આનંદ અનુભવે છે. આ પછી ગુરૂમહારાજે શ્રી કુમારપાળ મહારાજાને આ હિંસાથી બચવાનો અને લોકાપવાદથી પણ બચવાનો ઉપાય દર્શાવ્યો.

એ મુજબ શ્રી કુમારપાળ મહારાજાએ પોતાના કુળદેવતાઓના પૂજારીઓને કહ્યું કે—દેવીપૂજન માટે તમને પાડાઓ આપવામાં આવશે, પણ તમારે એનો સંહાર કરવાનો નથી. ભોગ તમારે જોઇએ છે કે દેવીને? દેવીને જો એ જીવોના માંસનું

ભક્ષણ કરવું હશે તો ખુદ દેવી જ એ જીવોને મારી નાખીને એમના માંસનું ભક્ષણ કરશે.

એમ કહીને શ્રી કુમારપાળે જેટલી સંખ્યામાં પાડા આપ્યા અને એ બધા પાડાને દેવીના મંદિરમાં પૂરાવીને મંદિરના દ્વાર બંધ કરાવી દીધાં. વાત એ જ હતી કે-દેવીને ભોગ લેવો હોય તો લે, પણ અમારે તે આપવો નથી.

બીજે દિવસે મંદિર ઉઘાડીને જોયું તો એક પણ પાડો મરેલો નહિ. શ્રી કુમારપાળે દેવીના પૂજારીઓને કહ્યું કે-દેવી માંસલોલુપ નથી, પણ તમે જ માંસલોલુપ છો. તમે લોકોએ જ તમારી માંસાલોલુપતાને ખાતર અમારા કુળમાં આવી ખોટી રૂઢિ પેસાડી દીધી છે તમારા કહેવાથી કુળક્રમને નામે મેં પણ અત્યાર સુધી આવી હિંસા થવા દીધી, એનો મને અત્યારે ભારે શોક થાય છે.

આમ કહીને એ પાડાઓના વેચાણથી ઉત્પન્ન થયેલા દ્રવ્યમાંથી દેવીની સાત્ત્વિક પૂજાનો મહારાજા કુમારપાળે પ્રબંધ કર્યો.

હિંસાની વાત તો આમ પતી ગઇ, પણ કુળદેવીને કોપવાનું એક મોટું કારણ મળી ગયું હતું. મંદિરમાં પાડાઓને પૂર્યા, તે મંદિરમાં શું કરે ? એટલા બધા પાડા ભેગા થાય, ત્યાં દેવીની શી હાલત થાય ? પાડાઓના પેશાબના ને છાણના છાંટા દેવીની મૂર્તિને ઉડે કે નહિ ? શરીરે ખણ જ આવે તો પાડાઓ મૂર્તિ સાથે પોતાના શરીરને ઘસે કે નહિ ? એમ દેવીની મૂર્તિની ખૂબ ખૂબ આશાતના થવા પામી અને એથી દેવી ભારે કોપાયમાન થઇ ગઇ.

નવરાત્રિની નવમીના રાત્રિએ શ્રી કુમારપાળ જ્યારે ભગવાન શ્રી જિનેશ્વરદેવના ધ્યાનમાં એકતાન બનીને સૂઈ ગયા, તે વખતે દેવી કંટેશ્વરી કોપાયમાન બની થકી જ્યાં શ્રી કુમારપાળ સૂતા હતા, ત્યાં આવી. એની આખમાંથી તો જાણે અગ્નિ વરસતો હતો. દેખાવ ભયંકર હતો અને હાથમાં ત્રિશૂળ હતું. કોપથી ધમધમતી ને માર માર કરતી એ આવી હતી. કાચો-પોચો તો એને જોતાં જ કંપી ઉઠે ને નમી પડે પણ આ તો શ્રી કુમારપાળ હતા. એ જાગી ગયા ને એમણે દેવીને જોઇ, પણ એમનું એક રૂંવાડું ય ફરકયું નહિ.

એ કાંઇ બોલ્યા નહિ, એટલે દેવીએ કહ્યું કે- ચૌલુક્યરાજ ! હું તારી કુળદેવી કંટેશ્વરી છું. અત્યાર સુધી તારા પૂર્વજોએ અને તેં પણ અમને પાડાનો ભોગ દીધેલો છે, અને તે તારે દેવો જોઇએ, છતાં તેં કેમ આ વખતે ભોગ દીધો નહિ ? રાજન્ ! કુળદેવતાનું અને કુળક્રમે આવેલા આચારનું પ્રાણાંતે પણ ઉલ્લંઘન કરવું જોઇએ નહિ.

દેવીએ આ પ્રમાણે સમજાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે શ્રી કુમારપાળે દેવીને કહ્યું કે–હે કુળદેવિ ! દેવી તો માતા કહેવાય, જગતની માતા કહેવાય. એ વળી પોતાના કોઇ સંતાનનો વધ ઇચ્છે ખરી ? અને જ્યારે મેં અને મારા પૂર્વજોએ પહેલ જીવવધ કર્યો ત્યારે અમે ધર્મતત્ત્વના જાણકાર નહિ હતા. હવે તો હું ધર્મતત્ત્વને જાણનારો બન્યો છું. એટલે હું જીવોને હણીશ નહિ ! ઊલટું, પૂર્વે મેં ને મારા પૂર્વજોએ જે જીવહિંસા કરી, તે પણ મારા અંતઃકરણને અત્યારે કોરે છે. દેવિ ! હું તો તને પણ કહું છું કે તારે આમ જીવહિંસા કરાવવી એ તને શોભતું નથી. દેવ–દેવી તો દયાળુ હોય. તેથી જો તું ખરેખર જ મારી કુળદેવી હોય, તો તું મને જીવોની દયા કરવામાં સહાય કર. મેં તને જે સાત્વિક ભોગ ધર્યો છે તેનાથી તું તુષ્ટ થા. નહિ તો હું તો કોઇ પણ જીવને નહિ જ હણું એ નક્કી વાત છે.

મહારાજા કુમારપાળ જેમ જેમ બોલ્યે જતા હતા, તેમ તેમ દેવીનો કોપ વધ્યે જ જતો હતો. દેવીએ માન્યું કે–આને શિક્ષા કર્યા વિના આ માનશે નહિ. આથી દેવીએ એવું કર્યું કે–શ્રી કુમારપાળના શરીરમાં ભયંકર કોઢ રોગ એકદમ વ્યાપ્ત થઇ જાય અને એમ કરીને દેવી અન્તર્ધાન થઇ ગઇ.

દેવીના ગયા પછી શ્રી કુમારપાળે જોયું તો જણાયું કે–પોતાનું આખુંય શરીર વહેતા કોઢથી વ્યાપ્ત બની ગયું છે. એ વખતે પણ એમને શો વિચાર આવ્યો છે, એ જાણો છો ? એમને આનંદ થયો છે પણ શોક નથી થયો. દેવીના કોપ સામે પણ પોતે જીવ હિંસા નહિ કરવાના નિર્ણયમાં મક્કમ રહ્યા, તેનો એમને આનંદ છે. એટલું જ નહિ, પણ આ નિમિતે વિચાર કરતાં એમનાં હૈયામાં આખાય સંસાર ઉપર અને પોતાના શરીર પણ વૈરાગ્ય પેદા થઇ જાય છે. એમને શરીરનો ને રાજ્યનો મોહ સતાવી શકતો નથી. ધર્મની રક્ષા માટે એ સર્વ કાંઇ કરી છૂટવાને માટે તૈયાર થઇ જાય છે. એમને થાય છે કે–આ રોગ એ મારા પૂર્વકૃત કર્મનું ફળ છે અને પ્રાણી માત્રને પોતપોતાનું કર્મ અવશ્ય ભોગવવું પડે છે.

આમ એ વિચાર કરે છે, પણ એ વખતે એમને એક બીજો વિચાર આવે છે. મારા આ કર્મોદય નિમિત્તો શ્રી જિનનો ધર્મ નિન્દાવા પામે નહિ; એની એમને ચિંતા થાય છે. એટલે તરત જ શ્રી કુમારપાળ પોતાના વિશ્વાસુ અને શ્રી જિનધર્મના રાગી શ્રી ઉદયન મંત્રીને પોતાની પાસે તેડાવી લે છે.

મંત્રીશ્વર ઉદયન આવી પહોંચતાની સાથે જ શ્રી કુમારપાળ તેમને કુળદેવી આવીને જે કાંઇ કરી ગઇ છે તે કહે છે અને પોતાનું શરીર બતાવે છે. એ સાંભળીને

અને જોઈને મંત્રીશ્વરની હાલત તો વજ્રથી હણાયા જેવી થઇ જવા પામે છે. ઠાંઇ બોલી શકવા જેવી સ્થિતિમાં પણ એ રહ્યા નથી. એ વખતે શ્રી કુમારપાળ મંત્રીશ્વર ઉદયનને કહે છે કે-આમ ગભરાઇ-શું જાય છે ? આટલું થયું એમાં થઇ શું ગયું છે ? મને આ રોગ વ્યાપી ગયો છે એ વગેરેથી જરાય દુઃખ થતું નથી. મને જે દુઃખ થાય છે તે એ બાતનું થાય છે કે જૈન ધર્મને મારે નિમિત્તે લાંછન લાગશે. મને આ રોગ થયાનું જાણીને ઇતરો કહેશે કે-રાજાને જૈન ધર્મના સ્વીકારનું ફળ અહીં ને અહીં મળી ગયું ! જે કોઇ પોતપોતાના કુળક્રમથી ચાલ્યા આવતા ધર્મને તજીને અન્ય ધર્મને સ્વીકારશે, તે રાજા કુમારપાળની માફક આ લોકમાં પણ કષ્ટપાત્ર થશે, એવું લોકમાં બોલાશે.

શ્રી જિનધર્મના દ્વેષી લોકો આ તકનો લાભ લઇને શ્રી જિનધર્મની નિંદા કર્યા વિના રહેશે નહિ અને એજ વાત મને મારા હૈયામાં સાલી રહી છે. એનો ઉપાય મેં વિચારી રાખ્યો છે અને એ ઉપાયનો અમલ કરવાને માટે જ મેં તને અત્યારે બોલાવ્યો છે. સવાર થાય ને લોક આમાંનું કાંઇ પણ જાણે તે પહેલાં સળગી મરવાની મારી ઇચ્છા છે. હું અહીં બળી મરવાને ઇચ્છતો નથી પણ ક્યાંક કહાર જઇને બળી મરવાને ઇચ્છું છું. એટલે હું ક્યાં ગયો ને મને શું થયું તેની કોઇને પણ કશી જ ખબર પડે નહિ. હવે તો મારો આ જ નિર્ણય છે અને તેનો અમલ કરવાને માટે જ મેં તને બોલાવ્યો છે.

આ સાંભળીને શ્રી ઉદયન મંત્રી વળી ભારે વિમાસણમાં પડી જાય છે. એ વિમાસણથી એમનું મન પણ ડગી જાય છે. એમને એમ થઇ જાય છે કે-શ્રી જિનશાસનનો પ્રભાવક રાજા આમ મરે, તે કરતાં તો દેવીને જીવોનો ભોગ દઇ દઇને પણ એ જીવી જાય એ જ સારૂં છે. આથી મંત્રીશ્વર શ્રી કુમારપાળને એવી વિનંતી પણ કરે છે. અને સમજાવે છે કે-જીવતો નર ભદ્રા પામે. શરીર, એ ધર્મનું આદ્ય સાધન છે એમ પણ કહે છે. અને આત્મરક્ષા માટે આવી જીવહિંસા કરી લેવાનો અપવાદ સેવી લેવામાં વાંધો નથી એમેય સમજાવવા મથે છે.

મંત્રીશ્વરની એ વાતને સાંભળી લઇને શ્રી કુમારપાળ જવાબમાં કહે છે કે-તું ગમે તેવો તોય જાતનો તો વાણિયો જ ને ? એક તો વાણિયામાં સત્ત્વ હોય નહિ અને તું તો પાછો મારા પ્રત્યે ભક્તિવાળો. એથી જ તું મને આવી ખોટી સલાહ આપે છે. આ દેહ તો ભવે ભવે મળશે, પણ શ્રી જિને કહેલું દયાનું વ્રત ફરી ફરી નહિ મળે. તમણાં હું ભોગ આપું ને પછી દયા પળાવી શકીશ, એમ ? અને, મને શું

મળવાનું બાકી છે, કે જેથી હું જીવવાનો લોભ કરીને જીવહિંસા નહિ કરવાના મારા વ્રતને છંડું ? મેં શ્રી જિન દેવની આરાધના કરી છે, શ્રી હેમચન્દ્રસૂરિજી મ. જેવા ગુરૂને સેવ્યા છે અને એમણે બતાવેલા દયાધર્મને યથાશક્ય આચર્યો છે. એટલે મરણથી હું ડરતો નથી મરણથી તો પાપી ડરે. માટે તું જેમ બને તેમ જલદીથી પણ અતિ ગુપ્તપણે ચિતાની વ્યવસ્થા કર, કે જેથી હું ઝટ સળગી મરૂં !

આ સાંભળીને, શ્રી ઉદયન ચૂપ થઇ જાય છે. પણ હૈયે ચિન્તા પાર વિનાની છે. એટલે જાણે છેલ્લો ઉપાય અજમાવતા હોય તેમ મંત્રીશ્વર શ્રી કુમારપાળને કહે છે કે—હું એક વાર ગુરૂ મ. પાસે જઇ આવું અને એમને પૂછી આવું. એમનો આદેશ તો મારે પણ પ્રમાણ છે અને આપને પણ પ્રમાણ છે.

શ્રી કુમારપાળે એ બાબતમાં નિષેધ કર્યો નહિ અને મંત્રીશ્વર પરમ ઉપકારી આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મ.ની પાસે પહોંચ્યા.

શ્રી કુમારપાળની મક્કમતાને જાણીને તમને પણ એમ થાય છે ને કે—ધર્મના પાલનમાં આવી મક્કમતા હોવી જોઇએ ? આવા વખતે આટલા મક્કમ કોણ રહી શકે ? દેવ—ગુરૂ-ધર્મને જે સમર્પિત હોય તે કે બીજા ? અને, જેઓ ધર્મના શરણે મક્કમ રહે છે તેમનું ભલું કર્યા વિના ધર્મ રહેતો જ નથી.

આચાર્યભગવાન શ્રીમદ હેમચંદ્ર સૂ. મ. એ મંત્રીશ્વર શ્રી ઉદયન પાસેથી હકીકત સાંભળી લીધી. તેમણે મંત્રીશ્વર પાસે તરત જ ઉષ્ણ જળ મંગાવ્યું અને તે જળ સૂરિમંત્રથી અભિમંત્રિત કરીને શ્રી ઉદયનને પાછું આપ્યું. એ જળ લઈને મંત્રીશ્વર પાછા શ્રી કુમારપાળ મહારાજાની પાસે આવ્યા અને એ જળના પ્રયોગથી જોતજોતામાં શ્રી કુમારપાળનું શરીર નીરોગી બની ગયું. એટલું જ નહિ પણ શ્રી કુમારપાળનું શરીર દેદીપ્યમાન કાન્તિવાળું બની ગયું. આ જોઇને શ્રી કુમારપાળને ભારે આનંદ થયો. ગુરૂકૃપાનો અને શ્રી જિનશાસનના મહિમાનો જ એમને વિચાર આવ્યો.

રાત્રિ વીતી અને સવાર થયું એટલે તરત જ પોતાના સામંતાદિ પરિવારને સાથે લઈને શ્રી કુમારપાળ ગુરૂવંદનાર્થે નીકળ્યા. જે ધર્મશાળામાં પરમ ઉપકારી આ. ભગવાન શ્રીમદ હેમચંદ્ર સૂ. મ. વિરાજમાન હતા, તે ધર્મશાળાએ પહોંચતાં શ્રી કુમારપાળે એક સ્ત્રીને કરૂણ સ્વરે રડતી સાંભળી. તેમણે જોયું તો તે રાતવાળી કણટેશ્વરી દેવી જ હતી અને તેણીને થાંભલે બાંધી દીધેલી જણાતી હતી. છૂટવાને તે વલખાં મારતી હતી અને છૂટવાનો કોઇ ઉપાય કારગત નીવડતો નહોતો તેથી રૂદન કરતી હતી. શ્રી કુમારપાળને જોતાં જ તેણીએ કહ્યું કે—રાજન્ ! ગુરૂદેવના મન્ત્રપ્રયોગથી

આ બંધનમાં હું પડી છું, તો તું મને છોડાવ અને તારા જીવરક્ષાના કાર્યમાં હું તને હવે સહાય કરીશ. પોતાની કુળદેવી પાસેથી આ પ્રમાણેની કબૂલાત લઇને અને આચાર્યભગવાનને વિનંતિ કરીને, શ્રી કુમારપાળ મહારાજાએ એ દેવીને બંધન-મુક્ત કરાવી.

સેવા કરો ને ન થાય તો સેવા કરનારની અનુમોદના કરો :

શ્રી કુમારપાળને શ્રી જિનધર્મની પ્રાપ્તિ કુળપરંપરાથી થઇ નહોતી. એ તો નવા ધર્મ પામેલા હતા અને તે પણ ઘણી મોટી ઉમ્મરે ! તમે તો આ બધું જન્મથી પામેલા છો ને ? તમને તો તમારા પુણ્યે કુળ જ એવું મળી ગયું કે-તમને શ્રી જિન સિવાયના કોઇને પણ દેવાધિદેવ તરીકે પૂજવાનું, શ્રી જિનની આજ્ઞાને અનુસારે સંસારને તજીને સંયમજીવનને જીવનારા ગુરૂઓ સિવાયના ગુરૂઓની સેવાનું અને શ્રી જિને કહેલા ધર્મ સિવાયના ધર્મને માનવાનું મન ન થાય, તો એમાં આશ્ચર્ય ગણાય નહિ. તમને તો એવી સામગ્રી મળી છે કે–તમે શ્રી જિનના સાધુઓને અને શ્રી જિને કહેલા ધર્મને બહુ સહેલાઇથી સમર્પિત બની શકો,

તમને એમ જ થાય કે–એક માત્ર રત્નત્રયી સિવાયનો કોઇ ધર્મ અમારે માટે આરાધ્ય નથી અને આ જીવનમાં અમે ભગવાને કહેલા રત્નત્રયી રૂપ ધર્મને જ માત્ર આચરનારા બનીએ, એમાં અમને આ બધું જે કાંઇ મળ્યું છે એની ખરેખરી સાર્થકતા છે. આટલું છતાં પણ માનો કે– તમારાથી કોઇ પણ પ્રકારે શ્રી જિને કહેલા ધર્મની આરાધના બનતી નથી, શ્રી જિનની સેવા પણ તમે યથોચિતપણે કરી શકતા નથી, સાધુ અને સાધ્વીની વૈયા-વચ્ચ પણ તમારાથી થઇ શકતી નથી, તો પણ જે કોઇ શ્રી જિને કહેલા ધર્મની આરાધના કરતા હોય, શ્રી જિનની આજ્ઞાના પાલન તથા રક્ષણ આદિ માટે તત્પર રહેતા હોય, શ્રી જિનની સેવા આદરપૂર્વક કરતા હોય, સાધુપણાને પાળવામાં ઉદ્યમશીલ હોય અને જે કોઇ ધર્મી હોય તેને બને તેટલા પ્રકારે મદદ રૂપ થવાની જેમની તમન્ના હોય, એમની તમારે તમારાથી બને તો સેવા કરવી, નહિ તો અનુમોદના તો જરૂર કરવી અને કમથી કમ એનાથી વિરૂદ્ધ કાંઇ પણ થઇ જાય નહિ એની કાળજી તો જરૂર રાખવી.

આરાધના ન કરી શકો તોય વિરાધનાથી બચજો :

આટલું પણ તમે જો આ અતિ દુર્લભ એવા મનુષ્યજન્મને પામીને નહિ કરી શકો અને ભોગકર્મ તથા પાપકર્મમાં રત રહેવા સાથે શ્રી જિન, શ્રી જિનના સાધુ

અને શ્રી જિનની આજ્ઞાનો અજાણતાં પણ વિરોધ કરશો, તો તને તમારે માટે અનંત-કાળ સુધી મનુષ્યજન્મની પ્રાપ્તિને દુર્લભ બનાવી દેશો. મનુષ્યજન્મને અને તેય આર્ય દેશાદિ સામગ્રીએ સહિત પામ્યા પછી, આવી ભૂલ થાય ખરી? અને આવી ભૂલ કોઈ કરતું હોય, તો અવસર મળ્યે અમે ચેતવણી આપીએ નહિ તો એ ચાલી શકે ખરૂં?

અનંત ઉપકારી મહાપુરૂષો જે મનુષ્યત્વને રત્નત્રયીના ભાજન તરીકે ઓળખાવે છે, તેને પામીને જે કોઇ તેની વિરાધના કરે, તેની ગતિ કયી થાય? અહીંથી મરીને એ કયાં જાય? એવો જીવ દેવલોકમાં જાય? એવો જીવ જો કોઇ તપ વગેરેના કારણે દેવલોકમાં પણ જાય છે, તો એ દેવલોકનેય બગાડે છે. એ સદ્‌ગતિને પણ પોતાને માટે દુર્ગતિ રૂપ બનાવી દે છે. એવા જીવોને માટે તો દેવગતિમાંય દુર્ગતિ રાખવી પડી છે. દેવગતિમાં પણ એને તુચ્છ સ્થાન જ મળે છે અને એ એમાં પણ અતિ આસકત બનીને દેવગતિ પછી તિર્યંચગતિમાં ચાલ્યો જાય છે. તિર્યંચપણામાં અનંતો કાળ પણ પસાર કરી શકાય છે. માટે મારી તમને ભલામણ છે કે–તમે આવી કોઇ ભૂલ આટલું પામ્યા પછી તો કરશો જ નહિ.

તમે વિચાર કરો તો તમે છેક શ્રી જિનના શાસનની નિકટમાં આવી પહોંચ્યા છો. શ્રી જિનનું દર્શન, વંદન અને પૂજન કરવાની તમને ઘણી સુંદર સામગ્રી પ્રાપ્ત થઇ છે તમે પથારીમાંથી ઉઠો, બહાર નીકળો, નજર કરો અને શ્રી જિનમંદિરનું શિખર દેખાય, એવું તો આ સ્થાન છે. સાધુ–સાધ્વીનાં પણ તમે કરવાને ઇચ્છો કે ન ઇચ્છો તો પણ તમને દર્શન થયા વિના રહે નહિ. અને સાધર્મિક ભાઇ–બેનો પણ તમને વારંવાર જોવાને મળે. આવું સુંદર સ્થાન તમને મળ્યું છે, એટલે તમે બહુ ભાગ્યશાળી છો.

આની તમે આરાધના કરી શકો તો બહુ ઉત્તમ વાત છે, પણ કદાચ તમે આરાધના ન પણ કરી શકો તોય તમે વિરાધના તો ભૂલેચૂકેય ન કરો એની આજના કાળમાં તમારે ખાસ તકેદારી રાખવા જેવી છે. તમને મળેલો મનુષ્યજન્મ બગડે નહિ એ માટે આ વાત છે. શ્રી જિનની, શ્રી જિને કહેલી રત્નત્રયીનું પાલન કરનારની, શ્રી જિને કહેલી રત્નત્રયીને પામવાને માટે શ્રી જિનદર્શનાદિ ધર્માનુષ્ઠાનોની આચરણા કરનારાઓની અને શ્રી જિનાજ્ઞાની તમે સેવા ન કરી શકો તો ય એ સેવાનો તમને લાભ મળે એ માટે એ સેવા કરનારની સેવામાં તમે તન–મન–ધનને અર્પવાનો પ્રયત્ન કરો, તો પણ તમે તમને મળેલા મનુષ્યજન્મની સફળતા સાધી શકો અને તમારે માટે ફરીથી મનુષ્યજન્મને સુલભ બનાવી શકો.

વગર મને 'મર્યું પડે તોય હૈયાને સમજાવજો :

શ્રી જિનના દર્શન-વંદનાદિની યાત્રાનો આ ઉત્સવ છે. આ નિમિત્તે અમને ઘણા નવાઓનાં પણ મુખ દર્શન થવાનાં, ઘણા અજાણ્યા સાથે વાત કરવાનો અવસર આવી પાવો. તમે મળો અને અમને બોલવાની તક મળે, પછી અમે તમને કહેવા જેવું કહ્યા વિના રહીએ ખરા ? એમાં ઘણાને પોતાનો ખ્યાલ આવી જાય. ઘણા માર્ગવિમુખ મટી માર્ગસન્મુખ બની જાય.

આ તે બહુ મજેનું શહેર છે. આવો પ્રસંગ હોય ત્યારે ધર્મ ન કરવો હોય તોય રિવાજ એવો કે– આવા પ્રસંગે કાંઈક કરવું પડે. જ્યારે શરમે–ધરમે પણ કરવું જ પડે તેમ હોય, તો જે કરવું તે પૂરા ઉલ્લાસથી શું કામ નહિ કરવું ? કરવું પડે ને લાભ મળે નહિ, એ ડહાપણ છે ? એવા પણ છે કે-જેમને એમ થાય છે કે આવી યાત્રા આપણી પોળમાં આવે અને આપણે આગેવાન ધનિક ગણાઇએ, તે કાંઇ કર્યા વિના ચાલે ? એવા ધન ખર્ચે ખરા, પણ ધનને મોંઘું કરીને ખર્ચે એટલે રસ શો આવે ? ધન ખર્ચાય ને ઉપરથી પાપ બંધાય એવું નહિ થવું જોઇએ.

આ અવસરે એક એ સૂચના કરવા જેવી લાગે છે કે–પોળમાં વસતા સુખી માણસોએ એવી રીતિએ સમજી અને વર્તી લેવું જોઇએ કે જેથી પોળમાં વસનારાઓમાંના જેમની શક્તિ ન હોય એમના ઉપર બોજો આવે નહિ. આવા પ્રસંગોએ તો સુખી માણસોને કદાચ ધન ખર્ચવાનું મન ન થાય તોય મનને કાકું કરીને પણ તેમણે ખર્ચવું જોઇએ અને વિચારવું જોઇએ કે–આમ તો મારાથી સારા માર્ગે ધન ખર્ચાત નહિ. પણ સારૂં થયું કે આવો અવસર આવ્યો અને ધન ખર્ચવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. આવા પ્રસંગે મન ઉપર બળાત્કાર કરીને પણ હું ખર્ચું, કે જેથી મન કુણું બને. આમ વિચાર કરવાથી પણ પાપની જગ્યાએ પુણ્ય બંધાશે.

ખુદ ભગવાનના કલ્યાણકાદિના પ્રસંગમાં પણ શું બને છે ? બધા દેવો કાંઇ ભગવાન પ્રત્યેની ભક્તિથી જ આવતા નથી. ઉજવણી આદિ માટે ભગવાન પ્રત્યેની ભક્તિથી આવનારા જેમ હોય છે તેમ ઇન્દ્રાદિની આજ્ઞાથી આવનારા પણ હોય છે. કેટલાક એવા પણ હોય છે કે જે આજ્ઞાને ઘોળી પીએ એવા હોય પણ બાયડીના–દેવીના ધક્કા માર્યા આવે અને કેટલાક મિત્રથી પ્રેરાયા થકા આવે. આવું દેવલોકમાં પણ બને છે, તો અહીં આવું ના બને ? આવું બને તો પણ આવનારે પોતાના આવવાને લાભમાં લઇ લેતાં શીખવું જોઇએ. વગર મને ખર્ચવું પડે તોય હૈયાને સમજાવજો કે–હું નસીબદાર છું કે એવા સારા કુળમાં અને સારા સ્થાનમાં હું

જન્મી ગયેા છું કે મને વગર માગ્યા આવા અવસર મળ્યા કરે છે અને ખર્ચવાનું મન ન હેાય તેાય મારે ખર્ચવું પડે છે. માટે મન ઉપર જોર કરીને પણ હું ખર્ચું કે જેથી મારૂં મેાહનીય કર્મ તૂટે.

આ જાતિનેા વિચાર કરીને, જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે શ્રી જિન-કથિત અનુષ્ઠાનમાં અને શ્રી જિનકથિત અનુષ્ઠાનેાને આચરનારા ભાગ્યશાલીઓની સેવામાં તમે તનને અને ધનને એવી રીતિએ ખર્ચવા માંડેા કે મન પાછળ વલવાયા વિના રહે નહિ. તમે ઇચ્છેા કે ન ઇચ્છેા, માગેા કે ન માગેા, પણ તમને આવા પ્રસંગેા આ શહેરમાં મળ્યા તેા કરવાના જ, તેા તમે આવા પ્રસંગેાને એવી પ્રસન્નતાથી ઉજવેા કે જે ઉજવણીથી તમને આત્મિક લાભ થઇ જવા પામે. ઢાનાન્તરાય પણ તૂટે અને મેાહનીય પણ તૂટે. જેઓ આવા પ્રસંગેાને ઉલ્લાસથી ઉજવે છે, તેમના લાભની તેા સીમા જ નથી. આવા પ્રસંગેાને ઉલ્લાસથી ઉજવનારાઓને રત્નત્રયી ખૂબ જ સુલભ બની જાય છે અને આ જીવનમાં તેઓ એક માત્ર રત્નત્રયીમય જીવનને જીવનારા ન બની શકે તેા પણ તેઓ માનવજીવનની સાર્થકતાને અંશે પણ જરૂર સાધી શકે છે. આ યાત્રામાં નીકળેલા અને આ યાત્રા નિમિતે પરિચયાદિમાં આવનારા સૌ કેાઇના હૃદયમાં આ ભાવ પ્રગટે, તેા આપણેા આ સંયેાગ પણ સફળ થયેા ગણાય. સૌ કેાઇ શ્રી જિન, શ્રી જિનના સાધુ અને શ્રી જિનની આજ્ઞાને સમર્પિત બનીને પેાતાને મળેલા માનવજીવનને સફળ બનાવેા એજ એક શુભાભિલાષા.

શ્રાવકની દિનચર્યા

રાત્રિ ચાર ઘડી બાકી હેાય, ત્યારથી શ્રાવકની દિનચર્યા શરૂ થાય. સૂર્યોદય થવાને ચાર ઘડી બાકી હેાય, ત્યાં તેા શ્રાવક ઉઠે. જેવેા જાગે તેવેા જ તેને નવકાર સાંભરે. નવકારને યાદ કરવેા પડે નહિ, પણ નવકાર યાદ આવ્યા વિના રહે નહિ. એને એવેા અભ્યાસ થઇ ગયેા હેાય. ઉઠીને જરૂર હેાય તેા શરીરની શુદ્ધિ કરી લે. તે પછી શુદ્ધ વસ્ત્ર પહેરીને નિયમ અને સમય મુજબ પ્રતિક્રમણાદિ કરે. પ્રતિક્રમણાદિ કરતાં પહેલાં, તે પેાતાના ધર્મનિયમેા આદિને યાદ કરે. 'હું કેાણ છું ?'—વગેરે વિચારે. 'આજે કયી તિથિ છે અથવા તેા આજે કયા ભગવાનનું કયું કલ્યાણક છે'—એ વગેરે પણ યાદ કરે. રાત્રે સ્વપ્નાદિક આવેલ હેાય તેા, પ્રતિક્રમણ કરતેા હેાય કે પ્રતિક્રમણ ન કરતેા હેાય, તેા ય તેને અંગે કાઉસ્સગ્ગ કરે. નિયમ ધારવાના હેાય તે ધારે અને પચ્ચક્ખાણ કરે. પછી, મલમૂત્રાદિનેા ત્યાગ કરી, પવિત્ર શરીરવાળેા બનીને પૂજા કરવા જાય. શ્રાવકના ઘરમાં મેાટે ભાગે શ્રી જિનમંદિર હેાય, જેટલા સુખી, તેના ઘરમાં મેાટે ભાગે શ્રી જિનમંદિર હેાય. જેટલા સુખી, તેના ઘરમાં શ્રી જિન-

મંદિર ખરાં ને ? હમણાં તો, હોય તેય કાઢી નાખવા માંડયાં છે ને ?

સ૦ આશાતનાનો ડર લાગે છે.

પહેલાં, આશાતનાનો ડર નહિ લાગતો હોય ? આશાતનાના ડર કરતાં, એમાં કોઇ બીજી જ વસ્તુ કામ કરી રહી છે. પહેલાં, નાનાં નાનાં ઘરોમાં પણ શ્રી જિનમંદિર રહેતું. એનું સ્મરણ આજે પાટણ, સુરત, અમદાવાદમાં જે થોડાંક ગૃહમંદિરો છે, તે કરાવે છે. કેટલાંક ઘરોની સ્થિતિ નબળી પડી ગયેલી હોય છે, તોય એ ઘરમાંથી શ્રી જિનની ભક્તિમાં થોડું પણ દૂધ અને દીપકમાં ઘી આદિ વપરાય છે. ગરીબી આવી જવા છતાંય, જેઓના હૈયામાં શ્રી જિનભક્તિ છે, તેઓ કહે છે કે–અમારા પૂર્વજો આ મંદિર બાંધી ગયા છે, તો ચાર આના જેમ પેટમાં જાય છે, તેમ આ ખાતેય આનો જાય છે. કેટલાક તો કહે છે કે–આટલો બધો અશુભોદય છતાં એટલો જ પુણ્યોદય છે કે–આ મંદિર ઘરમાં છે, તો આ માર્ગે આટલું જાય છે.

આવી સ્થિતિમાં અમે આટલું પણ બીજે ખર્ચવા જાત નહિ અને આ છે તો અમે આવક મુજબ જેમ બીજો ખર્ચ ગણીએ, તેમ આ ખર્ચ પણ ગણી લઇએ છીએ. ઘરમંદિરવાળા ઘરોમાં, મોટે ભાગે છોકરાં નાસ્તિક ન પાકે. જેના ઘરમાં મંદિર હોય, તે ઘરમંદિરે દર્શન–પૂજન આદિ કરીને પછી શ્રી સંઘના મંદિરે જાય. શરીરે લોહી વગેરે નીકળતું હોય, તો પોતાની સામગ્રીથી બીજાની પાસે પૂજા કરાવે દેવપૂજા કર્યા પછી, ગુરૂ પાસે જઇને પચ્ચક્ખાણ કરે અને પચ્ચક્ખાણ પાર્યું હોય તો વ્યાખ્યાન સાંભળે. વ્યાખ્યાન ઉઠયા બાદ ફરીથી ગુરૂને પથ્યાદિ અંગે પૂછે તેમજ પોતાને ઘરે વહોરવાને પધારવાનું નિમંત્રણ કરે. તમે નવકારશી કરો છો, તે નવકારશી કર્યા વિના ચાલે તેમ નથી માટે કરો છો કે ટેવથી કરો છો ? અને, ટેવથી કરતા હો, તો એ ટેવ રાખવા જેવી છે કે કાઢી નાખવા જેવી ? શ્રી જિનવાણીને સાંભળવાનો યોગ હોય તો સાંભળ્યા વિના ન રહો, એવું ખરૂં ? પછી મધ્યાન્હની પૂજા કરીને જમે અને ત્યાર બાદ ધંધાનો સમય આવે છે.

જેને આજીવિકાદિ માટે જરૂર હોય તે ધંધો કરવા જાય તોય સાંજે બે ઘડી બાકી હોય ત્યાં તો પાણી ચૂકવી શકાય તેમ જમી લે અને સાંજની પૂજા કરે. પછી, ઘરમાં પૌષધશાળામાં પેસે. સુશ્રાવકોના ઘરમાં પૌષધશાળા પણ હોય ને ? મકાનમાં હોલ તો ઘણા હોય છે, માત્ર બે માટે નહિ, શ્રી જિનમંદિરને માટે નહિ અને પૌષધશાળાને માટે નહિ, એમ જ ને ? બંગલે રહેનારાઓ, જ્યારે આવે ત્યારે ભગવાનને બંગલે પધરાવે અને જાય ત્યારે પાછા જ્યાંના ત્યાં પધરાવી લે, એમ કરી શકે ને ?

સ૦ જગ્યા જોઇએ ને ?

એટલે આની જરૂર નહિ માનેલી ? ઘરમાં નહાવાની જગ્યા જોઇએ. સામાન ભરવાની જગ્યા જોઇએ, કિંમતી ચીજો રાખવાની જગ્યા જોઇએ,–એ વગેરે જોઇએ, અને ન જોઇએ માત્ર આ બે, એવું કોણે તમને શીખવ્યું ? આજે પણ સુજ્ઞ માણસો ધારે તો શ્રાવકજીવનના વિધિને જીવનમાં ઉતારી શકે, પણ એ માટે હૈયાનો અનુરાગ ને ઉત્સાહ જોઇએ. સાંજે આવશ્યક કરી, ગુરૂ હોય તો તેમની સેવા કરી, તત્ત્વચિંતા કરે અને ઘરે સ્વજનોને ધર્મકથા સંભળાવે. પછી બધું વોસિરાવીને સૂઇ જાય. આ બધી ધર્મક્રિયાઓ ચાલુ છે ? વાત એ છે કે–ધર્મક્રિયાઓનો તેટલો રસ હજુ પેદા થયો નથી. ધર્મક્રિયાઓનો રસ હોય અને એમાં એકાગ્રતા આવે, તો તે પણ ધર્મધ્યાન છે અને તેનો જોઇએ અનુરાગ.

ઉત્કટ પરિણામ

કોઇ પણ ક્રિયામાં, પછી તે ક્રિયા પાપની હોય કે ધર્મની હોય, પણ એમાં ઉત્કટ પરિણામ ન આવે, એ જીવ મધ્યમ પરિણામવાળો કહેવાય. જેના પરિણામો મધ્યમ કોટિના હોય, તે પ્રસંગવશ એકદમ અતિ ઉલ્લાસમાં આવી જાય અને એકદમ કાંઇ કરી બેસે–એવું બને નહિ. મંત્રી પેથડ શાહના હૈયામાં, પોતે બનાવેલું બધું સોનું તીર્થમાં ખર્ચી નાંખવાનો જે પરિણામ પ્રગટયો, તેવું મધ્યમ પરિણામવાળાને માટે બને નહિ.

મંત્રી પેથડ શાહના પિતા દેદ શેઠે સુવર્ણસિદ્ધિ મેળવી હતી. દેદ શેઠે તે સુવર્ણસિદ્ધિનો ઉપાય પેથડ શાહને બતાવેલો. દેદ શેઠના મૃત્યુ બાદ, પેથડ શાહે એ સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કરવા માંડેલો, પણ તેમાં સફળતા મળેલી નહિ.

પેથડ શાહ મંત્રી બન્યા બાદ, તેમણે ફરીથી સુવર્ણસિદ્ધિનો પ્રયોગ કર્યો અને તેમાં તેમને સફળતા મળી. જેટલું સોનું જોઇએ, તેટલા લોઢા ઉપર પ્રયોગ કરવાથી, એ લોઢું સુવર્ણ બની જતું. પેથડ શાહે આબુ ઉપર, લોઢાના ગંજ ખડકાવ્યા અને તેનું સુવર્ણ બનાવ્યું.

લોક માનતા કે–પેથડ શાહ આટલું બધું લોઢું રાજ્યને માટે જરૂરી હથિયારો બનાવવાને માટે એકઠું કરે છે, જ્યારે પેથડ શાહે તો એ લોઢાનું સુવર્ણ બનાવી દીધું. પછી, એ સુવર્ણની પાટોને વેગવાળી ઉંટડીઓ ઉપર લાદીને, પોતાને સ્થાને લઇ જવાનો પેથડ શાહે નિર્ણય કર્યો.

ત્યાંથી રવાના થતાં પહેલાં, શ્રી જિનનું દર્શન કરવાને માટે, તેઓ શ્રી જિન-

મંદિરમાં ગયા. શ્રી જિનમંદિરમાં જઇને ભગવાનનું દર્શન કરતાં, પેથડ શાહને પોતાની સુવર્ણસિદ્ધિ અંગેનો વિચાર આવ્યો. એમને એમ થઇ ગયું કે-'મેં આ કેવું ભયંકર પાપ કર્યું ? આવું ભયંકર પાપ આચરનાર મને નરકમાં પણ ક્યાંથી સ્થાન મળે ?'

આવો વિચાર આવતાંની સાથે જ, તેમણે નિર્ણય કરી લીધો કે-'આ સુવર્ણ મને ખપે નહિ. બધુંય સુવર્ણ તીર્થમાં લગાવી દઇશ.'

આ ઉત્કટ પરિણામ કહેવાય. તમને, કોઇવાર, આવો ઉત્કટ કોટિનો પરિણામ આવે ખરો ? તમારે આપવા પડે અને આપો, તોય ક્રમે કરીને વધી વધીને આપો ને ? પહેલાં પાંચ પછી વળી દશ, પંદર એમ વધો ને ? મન થઇ ગયું ને એકદમ મોટી રકમ આપી દીધી-એવું બને ખરૂં ? પેલા તો, તરત દાન ને મહા પુણ્ય જેવું કરે. ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં દેવાય, તેમાં મહા પુણ્ય જરુર બંધાય. અરે, જે વખતે બોલ્યા અને તરત લઇ દીધું-એમાં અને બોલેલું પછીથી આપો-તેમાં પણ, પરિણામમાં બહુ ભેદ પડે છે. લખાવતી વખતે જે પરિણામ હોય, તે આપતી વખતે ન ટકે, એવું પણ બને. પાછળથી આપતી વખતે, કદાચ એમ પણ થઇ જાય કે-'વધારે પડતા લખાવી દીધા !' તમે ટીપમાં જે પૈસા લખાવો, તે પૈસા તે જ દહાડે આપી દો ને ? વળી, ટીપમાં પણ કોઇના પુણ્ય નિમિત્તે કાઢેલા પૈસા લખાવો-એવું પણ બને ને ? ખરી રીતિએ તો, લખાવેલા પૈસા મોડા અપાય નહિ અને મોડા આપ્યા હોય તો વ્યાજ આપવું પડે. તેમજ, કોઇના પુણ્ય નિમિત્તે કાંઢેલા પૈસા હોય, તો જેના પુણ્ય નિમિત્તે તે કાઢેલા હોય, તેનું નામ દઇને તે લખાવવા ને આપવા જોઇએ.

દીપોત્સવી પર્વ કેમ ઉજવાય !

દીપોત્સવી પર્વના દિવસો લોક સાથે ભલે હોય. પણ આપણી ઉજવણી લોકના જેવી નહિ હોવી જોઇએ. લોકો ફટાકડા ફોડવામાં રાજી અને જૈન ધર્મ ફોડવામાં રાજી. એકનું પુણ્ય બળે ને પાપ વધે. જ્યારે બીજાનું પાપ બળે ધર્મ નિર્જરા થાય અને બંધાય તો પણ શુભ કર્મ જ બંધાય. એ શુભ કર્મ એવું જ હોય છે કે જે શુભ કર્મનો ઉદય પણ આત્મનિસ્તારની સાધનામાં સહાયક જ નીવડે.

પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા.

* શ્રી મહારાષ્ટ્ર દેશોદ્ધારક જૈન પેઢી *

રજી. નં. ધ/૨૩૩૩/પૂણે/૯૬

રોયલ હેરીટેજ બિલ્ડીંગ, ગંજમાળ સિગ્નલ પાસે, જી. પી. ઓ. રોડ,

નાશિક-૧. : ૭૫૮ ૧૭૫, ફેક્સ (૦૨૫૩) ૩૫૬ ૦૭૭

મહારાષ્ટ્ર દેશોદ્ધારક પેઢીના અન્વયે સાસવડ નગરની ધરતી પર નિર્માણાધીન

મહારાષ્ટ્ર દેશને ધર્મ પ્રાપ્તિના અનન્ય સાધનસમા શ્રી જિન મંદિર અને ઉપાશ્રોથી મંડિત કરવાના એકમાત્ર ધ્યેયને વરેલી આ સંસ્થાના અન્વયે સાસવડ નગરે એક દેવવિમાન સદૃશ ભવ્ય શ્રી જિનમંદિર નિર્માણ કરવાનો અમે નિર્ધાર કર્યો છે. નિર્માણમાં લાભ લેવાની યોજનાઓ નીચે મુજબ છે. તો આપ સ્વયં અથવા આપના ટ્રસ્ટમાંથી અથવા સંઘના દેવદ્રવ્યનિધિમાંથી લાભ લઇને આ શુભ કાર્યમાં સહભાગી બનશો એવી અમારી હાર્દિક વિનંતી છે.

શ્રી જિનમંદિર નિર્માણની યોજનાઓ (અનુમોદનારૂપે નામોલ્લેખ થશે)

જિનમંદિર ગર્ભગૃહ નિર્માણ	૧૧,૧૧,૧૧૧	શૃંગાર ચોકી નિર્માણ (જમણી)	૨,૧૧,૧૧૧
શિખર નિર્માણ	૯,૧૧,૧૧૧	શૃંગાર ચોકી નિર્માણ (ડાબી)	૨,૧૧,૧૧૧
રંગ મંડપ નિર્માણ	૯,૧૧,૧૧૧	સ્તંભ નિર્માણ (એક સ્તંભના)	૧,૧૧,૧૧૧
ઘુંમટ નિર્માણ	૭,૧૧,૧૧૧		

૨૫ હજારકે તેથી વધુ આપનારા સંઘનો નામોલ્લેખ થશે.

પુણ્યાનુબંધી પુણ્યનું નિર્માણ કરીને શાશ્વતપદ સુધી પહોંચાડનારા આ શુભ કાર્યમાં આપ અવશ્ય સહભાગી બનો એવી અમારી આશા અને અપેક્ષા છે.

સંપર્ક :- (૧) શ્રી મનસુખલાલ રીખવચંદ શાહ, આગાઢ ચૌક. માલેગામ, જિ. નાશિક-૩. ફોન : ૪૩૨૪૫૩ ઘર. ૪૩૪૩૨૦ (૨) શ્રી રામલાલ વીરચંદજી સંઘવી, ૫૩, એ ટીમ્બર માર્કેટ, પૂના-૪૨. ફો. ૬૫૪૪૪, ૬૫૧૪૮૨ (૩) શ્રી છબીલદાસ અમુલખભાઇ શાહ, ૫૨, સુધાકલશ, ૫મે માળે, સર જ. મેહતા રોડ, વાલકેશ્વર, મુંબઇ-૬. ફો. ૩૬૨૪૫૮૫, ૩૬૨૧૨૫૧. (૪) શ્રી મિશ્રીલાલજી લખીચંદજી કોઠારી, ચુ પ્લોટ, અમળનેર, જિ. જલગામ ફો. ૨૨૦૪૫ ઘર ૨૩૨૬૭, ૨૩૩૩૬૭, ૨૩૬૬૭. (૫) શ્રી રમેશભાઇ મણીલાલ શાહ, રોયલ હેરીટેજ, ગંજમાળ સિગ્નલ પાસે, જી. પી. ઓ. રોડ, નાશિક-૧. ફો. ૭૫૮૫૨, ૭૬૧૭૫ ઘર ૫૭૫૦૦૦. (૬) શ્રી લલિતભાઇ રતનચંદ કોઠારી ૫, કેપ્રી-માનવ મંદીર રોડ, કેપ્રી, વાલકેશ્વર, મુંબઇ-૬. ફો. ૩૬૩૪૨૩૭, ૩૬૧૭૪૮૭

શ્રી અષ્ટાપદ પર્વત ઉપર પ્રથમ ચક્રવર્તિ શ્રી ભરત મહારાજાએ નિર્માણ કરેલ 'સિંહ નિષદ્યા' પ્રાસાદમાં પ્રતિવાસુદેવ રાવણ અને તેમની પટરાણી મંદોદરીએ જે રીતના ભગવાનની ભક્તિ કરી તે વાત આપણે સૌ સારી રીતના જાણીએ છીએ. તે પ્રસંગને બીજાને સમજાવવા એવી રીતે મમરાવી, મમરાવી શબ્દોના સાથિયા પૂરી કહીએ છીએ જેનું વર્ણન ન થાય ! પણ 'હું એવી ભક્તિ કરું" તેમ કયારેય મન થાય છે ખરું ?

સંસારમાં તો કર્મે મને જે જે જાતિનો નાચ નચાવ્યો છે – નચાવે છે તે આપણા સૌને અનુભવમાં છે. તે કર્મના નાચથી મુક્ત થવા ભગવાન આગળ નૃત્ય કરવાનું છે. મને સારું નાચતા આવડે છે – તે બતાવવા સારું પણ નૃત્ય કરે તો વાસ્તવિક લાભ ન થાય. તેથી તો લોકો કદાચ 'વન્સમોર' થી વધાવે (જો કે દેરાસરમાં આવી રીતે વધાવાય નહિ કે તાલિયો પણ પડાય નહિ.) પણ આત્માને સંસારમાં નાચવાનું મટે નહિ.

અપૂર્વ ભક્તિ

— પૂ. મુનિશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

મહારાણી મંદોદરી નૃત્ય કરી રહ્યા છે અને રાજા રાવણ વીણા વગાડી રહ્યા છે. ખરેખર ભાવભરી ભક્તિ – ઉત્સાહ – હૈયાનો અપૂર્વ આનંદ – તેનું જ સામ્રાજ્ય વ્યાપ્ત હશે. માનસિક કલ્પના કરી આ ચિત્રપટ માનસમાં વિચારીએ તો ય રોમાંચ થાય કે ભગવાનની કેવી અપૂર્વ ભક્તિનો આનંદ ઉભરાઇ રહ્યો હશે કે જેથી સમય પણ ભૂલાઇ ગયો હશે. બસ તારક ભક્તિમાં જ મશગુલ બની આજુબાજુ શું ચાલી રહ્યું તેથી ય પરવા બની હું અને મારો નાથ ! આત્માનું આત્મા સાથે કેવું અદ્વૈત જોડાયું હશે -- જેમાંથી આવી ભક્તિ જન્મી હશે !

તે વખતે વીણાનો તાર તૂટી જવાથી રાજા રાવણે હસ્ત લાઘવ કળાથી પોતાની નસ કાઢી ત્યાં જોડી દીધી પણ ભક્તિમાં ખામી આવવા દીધી નહિ. ખરેખર મંદિરમાં આવી એકાગ્રતા નો – આવી અપૂર્વ ભક્તિમાં ભાન ભૂલ્યાનો આપણે કયારેય અનુભવ કર્યો છે ખરો ? પછી આપણી ભક્તિ ન ફળે તો આ કાળમાં દેવ–ગુરૂ–ધર્મમાં ય માલ નથી, ભક્તિ પણ ફળતી નથી તો શું કરી – એ તેવી વાહિયાત વાતો 'આપણે કરવું નથી' – તેના બચાવમાં કરીએ છીએ – તે ખરેખર સાચા ભક્તને શોભાસ્પદ કહેવાય કે લાંછનરૂપ ભક્તિ મુક્તિની દૂતી ક્યારે બને ? આપણી ભક્તિ મુક્તિની દૂતી કેમ

બનતી નથી – તે બધી વિચારણા શાંત ચિત્તે આપણે સૌએ કરવાની ખૂબ જ જરૂર છે. આત્મનિરીક્ષણ ભૂલાઇ જવાથી વાસ્તવિક લાભથી આપણે રહિત બનીએ છીએ.

તે બંને આમ ભક્તિમાં મશગુલ છે તે જ વખતે ખુદ ધરણેન્દ્ર પણ ત્યાં દર્શનાર્થે આવે છે પણ આ બન્નેને ભક્તિરસના અમૃત પ્યાલાના પાનમાં નિમગ્ન જોઇ આમની ભક્તિમાં અંતરાય ન થાય, માટે બહાર ઉભા રહે છે.

આપણને કાંઇ આના પરથી સમજાય ખરૂં કે – મંદિરમાં કોઇ સારી પૂજા–ભક્તિ–સ્તવનાદિ કરતા હોય તો તેને અંતરાય ન થાય તેમ આવાગમન કરવું જોઇએ! કે હું આવ્યો તેની જાણ માટે મોટેથી ઘંટનાદ કરીએ ? વચમાં જે હડફેટે આવે તેને ચઢાવી ખોટો કોલાહલ મચાવી કાઢીએ ! આપણા કથાનુયોગમા વિધિવાદનું પણ પ્રસંગે પ્રસંગે નિરુપણ કરાયું છે. પણ આપણી દૃષ્ટિ ક્યાં છે ? શું શોધે છે તે જ સમજાતું નથી !!

તે બંનેની ભક્તિથી ખુશ થયેલા તેઓ જ્યારે બહાર આવે છે ત્યારે ધરણેન્દ્ર કહે છે કે – તમારી ભક્તિથી હું અત્યંત તુષ્ટ થયો છું માટે જે જોઇએ તે માગી લો.

રાવણ કાંઇ દેવને પ્રસન્ન કરવા ભક્તિ કરતા ન હતા. તેમની ભક્તિ જોઇ દેવ સામેથી પ્રસન્ન થઇ વરદાન માગવાનું કહે છે, આજે આપણે દેવને રીઝવવા દેવાધિદેવને પણ બાજુએ મૂકી દીધા છે. ખરેખર ભૌતિક લાલસાઓએ આત્માને કેવો પામર બનાવ્યો છે. જે કાળમાં પ્રધાનને પટાવવા પટાવાળાને પહેલો પટાવવો પડે તે જ રીત અહીં અપનાવે છે. પણ તેથી આશાતના થાય છે તે યાદ રહે ખરૂં ? દેવ–દેવીઓની પાછળ પડેલા માટે આ પ્રસંગ લાલબત્તી ધરનારો છે. પણ જેને લાલબત્તી જ ન દેખાય તે પછી અથડાઇ જાય તેમાં વાંક કોનો ? આપણે આપણી જાતનો વિચાર નહિ કરીએ તો આવા પ્રસંગો લાભદાયી નહિ બને. આપણે તે જગ્યાંએ હોઇએ તો શું કરીએ ? રાવણ તો કહે છે કે – ભગવાનનો ભક્ત ભગવાનની ભક્તિથી રાજી જ થાય, રાજી થઇને આપવા માગે તે ખરેખર તમારી ભક્તિનો ઉત્કર્ષ છે. પરંતુ જો હું માગુ તો તે મારી ભક્તિનો અપકર્ષ બતાવે છે. !!

ભાગ્યશાલિઓ ! વિચારો. ભક્તિ એ વેચવાની વસ્તુ નથી. લીધા–દીધા કરવાની ચીજ નથી કે બદલાની ચીજ નથી.

રાવણના આ જવાબથી ધરણેન્દ્ર ગુસ્સે નથી થતા કે – "તું વળી મને શિખામણ આપનાર કોણ ? આવી વેવલાગિરિની વાતો ન કર. હું બધું જાણું છું. અમે કરીએ તે સમજીને કરીએ" કે આવું પણ નથી કહેતા. આજના સત્તાસ્થાને રહેલાઓની આંખ ઉઘાડનારો આ પ્રસંગ છે. ભક્તિનું મૂલ્ય ન હોય 'ઘેલી' ભક્તિના વખાણ ન

હોય, ગાંડી ભક્તિ પાછળ આંધળી દોટ ન મૂકાય – તે બધું સમજાવનારો આ પ્રસંગ છે. આજે તે એવું ચાલી પડયું છે જેનું વર્ણન ન થાય. દેવાધિદેવને ઓળખાવનાર સદ્‌ગુરુ છે માટે સદ્‌ગુરુની એવી ગાંડી ઘેલી ભક્તિ પાછળ પડયા છે કે.... જેઓ પોતાની હયાતિમાં જે વસ્તુ પસંદ કરતા ન હતા કે જેમને ગમતું જ ન હતું નારાજી પણ બતાવતા હતા છતાંય તેમની અવિદ્યમાનતામાં તેમની જ તેવી ભક્તિ કરાય તે કેવા પ્રકારનો અનુયાયી–ઉપાસક કહેવાય તે જ હજી સમજમાં આવતું નથી આસન્નોપકારી ચરમતીર્થપતિના કલ્યાણક દિવસો જાણે યાદ પણ ન હોય, તેની આરાધના કરવા–કરાવવાનો ઉત્સાહ ન જાગે અને.... ! વર્તમાનનો જે મેનિયા ચાલી પડયો છે તે ક્યાં જઇ અટકશે ! ખરેખર આવા બધા ભક્તિના પ્રસંગોનો જો વાસ્તવિક વિચાર કરીએ તો આપણે ક્યાં છીએ, શું કરી રહ્યા છીએ, શું કરવાનું છે, શું નથી કરવાનું તે બધું જ સમજાય.. . પણ વો દિન કહાં...!

અહીં તો રાવણના વિનયપૂર્વકના વિનમ્ર જવાબથી ધરણેન્દ્રનો આનંદ દ્વિગુણિત થઇ જાય છે. અને તેની અનિચ્છા છતાં, દેવનું દર્શન અમોઘ હોય તે ન્યાયે તેને 'અમોઘ શક્તિ' આપીને ચાલ્યા જાય છે.

આવી આજ્ઞામુલક ભક્તિ પેદા થઇ જાય તો ભક્તિનું પરમોચ્ચ ફળ આપણી હથેળીમાં છે. તે માટેનો આ પ્રયત્ન છે. વર્તમાનમાં અયોગ્યતા તો એટલી વધી ગઇ છે કે સારી વાત પણ અમારી ટીકા – નિંદા કરનારી અને ઉતારી પાડનારી લાગે છે. પણ જરા વિચાર તો કરીએ, સમજીએ – સમજવાનો પ્રયત્ન કરીએ તો ય સારૂં – તેવી વૃત્તિ પણ નાશ પામી છે. તેના જ અનિષ્ટ પરિણામો આપણે સૌ જોઇ–અનુભવી રહ્યા છે.

આ કાળમાં જેઓએ સાચી આરાધના – ભક્તિ કરવી હશે તેમને મક્કમ – વિવેકી – સાચા પરીક્ષક બનવાની તાતી જરૂર છે. તો જ માંડ માંડ પ્રાપ્ત આ ભક્તિ-યોગ આત્મ કલ્યાણનું કારણ બનશે નહિ તો તે શું પરિણામ સર્જશે તે જ્ઞાની જાણે ! ભક્તિ કરીને આપણી દશા ડુબનારી નહિ પણ તારનારી બને અને સૌ તેવો પ્રયત્ન કરી સાચી ભક્તિ કરનારા બને તે જ મંગલ કામના.

જૈન શાસનમાં વિઘાતક તત્ત્વોનો પ્રતિકાર હોય છે જેથી લોકપ્રિય થવું કઠીન છે પણ શાસન પ્રિયનું તે પ્રિયપાત્ર બની શકે

આજથી લગભગ ૨૫૨૦ વર્ષો પૂર્વ અપાપાપુરીમાં અંતિમ દેશના સંભળાવીને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણ પામ્યા. પ્રભુની છેલ્લી એ દેશના-સભામાં શ્રી પુણ્યપાલ રાજાએ પોતાને આવેલા આઠ ભયાનક સ્વપ્નાનું જે ભાવિફળ પૂછ્યું અને તેના જવાબમાં પ્રભુએ જે ભાવિ ભાખ્યું, એ દીપાવલી કલ્પ તેમજ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં સંકલિત છે, આ આઠ સ્વપ્નમાં પ્રથમ સ્વપ્નમાં હસ્તી, બીજામાં કપિ, ત્રીજામાં ક્ષીરવૃક્ષ, ચોથામાં ઠાગડો, પાંચમામાં સિંહ, છઠ્ઠામાં કમળ. સાતમામાં બીજ અને આઠમા સ્વપ્નમાં કુંભ એમ આઠ વસ્તુઓનાં આઠ સ્વપ્નાં પુણ્યપાલે જોયા છે.

હસ્તી સ્વપ્નનું ફળ ફરમાવતાં ભગવાને જે કહ્યું તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ ફરમાવ્યું છે કે,

વીર વિભુની અંતિમ દેશના

— પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રાવકો હાથી જેવા થશે :

"હાથી જેવા વિવેકી હોવા છતાં પણ શ્રાવકો હવે પછી ક્ષણિક ઋદ્ધિ સુખ ધરાવતા ધરાવતા ઘરમાં જ લુબ્ધ બનીને વસશે, દુઃખ-કરિદ્રતા, શત્રુ રાજ્યના આક્રમણ જેવા ભયો ઉપસ્થિત થવા છતાં શ્રાવકો સંયમનો સ્વીકાર નહિ કરે, અને સ્વીકાર કરશે તોય કુસંગના દોષથી દીક્ષાનો ત્યાગ કરશે. કુસંગમાં પણ સંયમવ્રતનું સુંદર પાલન કરનાર વિરલા જ નીકળશે."

સાધુઓ ચંચળ અને નિઃસત્વ થશે :

"ગચ્છમાં રહેલા આદ્ધિ સાધુઓ પ્રાયઃ કરીને વાંદરાની જેમ ચંચળ. પરિણામવાળા, અલ્પ સત્ત્વવાળા અને વ્રતમાં પ્રમાદી થશે. એટલું જ નહિ, તેઓ ધર્મમાં રહેલા બીજા લોકોને અધર્મ માર્ગે ચડાવશે. ધર્મની પ્રવૃત્તિમાં તત્પર રહેનારા તો વિરલા જ નીકળશે. ધર્મમાં અપ્રમાદી હિત બુદ્ધિથી ધર્મમાં શિથિલ બનેલાને શિખામણ આપશે તો ગામડામાં રહેલા શહેરીજનની ગામડિયા લોકો મશ્કરી કરે. એમ શિથિલાચારીઓ એ અપ્રમાદીનો ઉપહાસ કરશે. આ રીતે પ્રવચન-શાસનની હવે પછી અવજ્ઞા થશે."

દાતાઓ વેશધારીઓથી ઘેરાશે :

"સારા ક્ષેત્રમાં દાન કરનારા શાસનના ભક્ત વા એ શ્રાવકોને, વેશધારી વંચકો

ઘેરી વળશે. એથી તુચ્છ મતિવાળા શ્રાવકોને સિંહ જેવા સત્ત્વવાળા સુસાધુઓ કૂતરા જેવા જણાશે. કપટક જેવા વેશધારીઓ, સુવિહિત મુનિઓની વિહારભૂમિને સ્વાધીન કરી લેશે."

સાધુઓ કાકવૃત્તિના ધારક થશે :

"ઠાગડા વાવડીમાં રમતા નથી, એમ ધૃષ્ટ સ્વભાવ ધરાવતા મુનિઓ ઘણું કરીને ધર્મોથી હોવા છતાં પોતાના સુંદર ગચ્છોમાં નહિ વિચરે. પણ ઠગવામાં તત્પર, મૃગજળ જેવા, અન્ય ગચ્છિય આચાર્યોદિની સાથે જડ આશય ધરાવતા એ મુનિઓ વિચરશે. આવી રીતે અને આવાઓની સાથે વિચરવું યોગ્ય નથી આવી હિતશિક્ષા આપનારાની સામે થઇને એ મુનિઓ કલહ કરશે."

શાસન સિંહના કલેવર જેવું થશે :

"વિશિષ્ટ પ્રકારના જાતિ સ્મરણાદિ જ્ઞાનથી રહિત સિંહ જેવો જિનમત, વિશિષ્ટ ધર્મજ્ઞાતાઓથી રહિત ભરતક્ષેત્રરૂપ વનમાં વિનાશ પામશે. (એટલે પ્રભાવરહિત બનશે) સિંહના કલેવર જેવા પણ જિનમતનો કુતીર્થિક રૂપ પશુઓ પરાભવ નહિ પમાડી શકે. પરંતુ શબમાં જ પેઠા થયેલા કીડા જેવા અશુદ્ધ બુદ્ધિ ધરાવતા વેશધારી કુસાધુઓ જ જિનમતને ફોરી ખાશે. એ વેશધારીઓને પણ પૂર્વ પ્રભાવના કારણે પશુ જેવા કુતીર્થિકો પરાભવ નહિ પમાડી શકે."

સુકુળોમાં ધર્મીઓ ઓછા પાકશે :

"સરોવરમાં સુવાસિત કમળો પેદા થાય છે તેમ સારા કુળમાં પેદા થયેલા જીવો ધાર્મિક હોવા જોઇએ. પરંતુ હવે આમ નહિ થાય, એટલે કે સુકુળમાં ધર્મીઓ ઓછા પાકશે. જે ધર્મીઓ પાકશે, એય કુસંગના ભોગ બનશે. કુદેશ અને કુકુળમાં પેદા થયેલા ધર્મીજનો પણ ગામના ઉકરડે ઉગેલા કમળની જેમ 'હીન' ગણીને અનુપાદેય માનવામાં આવશે."

કુપાત્રે કુદાન કરનારા વધતા જશે :

"જેમ કોઇ ખેડુત ફળ મેળવવા અબીજને બીજ માનીને ઉખર ભૂમિમાં વાવે, તેમ કુપાત્રમાં અકલ્પ્ય–વસ્તુને કલ્પ્ય માનીને આપનારા દાતાઓ થશે. જેમ ઘુણાક્ષર ન્યાયથી, એવા કોઇ સારા આશય વિના ખેડુત અબીજમાં રહેલ બીજનું સારી ભૂમિમાં વાવેતર કરે, એમ અજ્ઞાની શ્રાવકો અકલ્પ્યની અંદર રહેલ કલ્પ્ય સુપાત્રમાં દાન કરનારા થશે."

કુસાધુઓ ઠેરઠેર પ્રતિષ્ઠા પામશે :


"ક્ષમાદિ ગુણોરૂપ કમળથી અંકિત સંયમરૂપ જળથી પરિપૂર્ણ સારા કુંભોની જેમ સારા સાધુઓ થોડા જ થશે અને એમનું સ્થાન ખૂણામાં હશે જ્યારે આચાર્ય અને ચારિત્રમાં શિથિલ મલિન કુંભ જેવા વેશધારી ઘણા થશે. અને ઠેર ઠેર જોવા મળશે. સારા સાધુઓ સાથે મત્સરભાવથી વેશધારીઓ જ ઝગડતા રહેશે. કયાં લોકોમાં બંને ઝગડાખોર છે એવી છાપ ઊભી થશે અને એક કાળ એવો આવશે કે. કૃવૃષ્ટિથી પાગલ બનેલ પ્રજાની સાથે રાજાનેય પાગલતા સ્વીકારવી પડી એ રીત ગીતાર્થોને વર્તનથી વેશધારી જેવા થવાનો અવસર આવશે."

આ રીતે આઠેય સ્વપ્નોનું ફળ વર્ણન ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખે સાંભળ્યા બાદ પુણ્યાત્મા શ્રી પુણ્યપાલ મંડલેશે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. લીધેલાં વ્રતોનું ઉત્તમ પ્રકારે પાલન કરવા દ્વારા ઉત્તમ દશાને પામી, ક્ષપકશ્રેણી માંડી વિતરાગપણાને પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન પામી, એક આફિયસ્થાનકે આવી તે મહાત્મા મોક્ષે ગયા.

શાસન સમાચાર–શંખેશ્વર–અત્રે શ્રી હાલારી જૈન ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં લંડન શ્રી કેન્ટનહેરો વેમ્બલી મિત્રમંડળ આરાધક ભાઇઓ શ્રી પરેશ શ્રી સુમિતાબેન શ્રી અનુપ શ્રી કામિનીબેન શ્રી અક્ષય કિરણ શ્રી ભાનુબેન શાંતિલાલ શ્રી રાયશી સોજપાર શ્રી જયાબેન અમૃતલાલ જુઠાલાલ શ્રી મણિબેન કે. શાહ શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ હ. દેવકુરબેન વી. એમ. શાહ શ્રી ચંદ્રકાબેન આર. શાહ આ ભાવિકો તરફથી શ્રી મોતીચંદ એસ. શાહ તથા શ્રી રતિલાલ ડી. ગુદકાની પ્રેરણાથી આસો માસની ઓળીનું આરાધન થયું. પુનમના આંબેલ બ્રાઉન્સ ગ્રીન સત્સંગ મંડળના થયા. ૭૧ ઓળી થઇ કરરોજ લાણી થતી પારણા સુખરૂપ થયા.

ચાતુર્માસમાં ચતુર્વિધ સંઘમાં થયેલ તપસ્યાના અનુમોદનાર્થે તથા પૂ. આ. ભ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ. ના સંયમજીવનની અનુમોદનાર્થે તથા પૂ. સા. શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી મ. ના માસખમણ નિમિત્તે આ. સુ. ૧૦ થી ૧૫ પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો દશમના સિદ્ધચક્રપૂજન શ્રી ધીરજલાલ લલુભાઇ બારભાયા કારીયાણીવાળા તરફથી તથા સુ. ૧૧–૧૨ શાંતિસ્નાત્ર શ્રી ઝવેરચંદ જીવરાજ હ. શ્રીમતી વેલુબેન ઝવેરચંદ તરફથી તથા સુદ ૧૩+૧૪ ૧૮ અભિષેક થયા સુદ ૧૫ શ્રી કેશરબેન દેપારભાઇ તરફથી વેઠનીય કર્મ પૂજા ભણાવાઇ વિધિ માટે જામનગરથી સુરેશભાઇ તથા શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ આવેલ.

'દર્શનાત્દુરિતધ્વંસી' : 'શ્રી જિનેશ્વરદેવનું દર્શન દુરિતનો નાશ કરે છે.' કેટલીક વસ્તુઓ જ એવા અચિન્ત્ય પ્રભાવવાળી હોય છે કે તેના દર્શન વગેરેથી પણ અકલ્પ્ય ફળની પ્રાપ્તિ થાય છે. સંસારના કોઇ પણ પદાર્થમાં બીજી ગમે તેટલી શક્તિ હશે, પરંતુ પાપનો નાશ કરવાની શક્તિ તો નથી જ. દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માના દર્શનમાં એવી તાકાત છે કે દર્શન કરનારા લાયકજીવના પાપોનો નાશ થઇ જાય. આજે લોકો અજ્ઞાનતાના કારણે ગમે તેના દર્શન કરવા નીકળી પડે છે. તેઓ કહે છે : 'મને તો ફલાણા દેવ-દેવી ઉપર ભારે આસ્થા છે. તેના દર્શન કર્યા વિના હું પાણી પણ મોઢામાં ન નાંખું. જે દિવસે તેમના દર્શન ન થાય તે દિવસ મારો ખરાબ જાય છે. આપણે તો ભાઇ, રોજ સમયસર તે તે દેવ-દેવીના દર્શન કરી જ લઇએ.' અજ્ઞાન લોકોની આ આસ્થા જોઇને તેઓ ઉપર દયા આવે છે દુનિયાના લોકોમાં તો આવી અજ્ઞાન-આસ્થા જેવા મળે જ છે પરંતુ જિનશાસનની પ્રાપ્તિ થયા પછી પણ શ્રી જિનેશ્વરદેવ સિવાયના બીજા દેવ-દેવીઓ



જિનદર્શનથી સમ્યગ્દર્શન

પાછળ અજ્ઞાનશ્રદ્ધાથી ફર્યા કરવાની કુટેવ, ઘણા જૈનોમાં પણ જોવા મળે ત્યારે દુઃખ થાય છે.

જેઓને સાચા દેવ ન મળ્યા હોય તેઓ અન્ય દેવો પાછળ રખડયા કરે તેઓ દયાપાત્ર ગણાય, પણ જેઓને દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંતની ઓળખ થઇ ગઇ તેઓ પણ શ્રી જિનેશ્વરદેવ સિવાય બીજા દેવ-દેવીઓ પાછળ ફરતા થઇ જાય ત્યારે તેઓ દયાપાત્ર નહિ, દુર્ભાગ્યપાત્ર કહેવાય. જગતના બીજા દેવ-દેવીઓમાં દુનિયાની સુખ-સામગ્રી, ધન-સંપત્તિ, રાજ્ય-સત્તા વગેરે આપવાની તાકાત હશે, દુઃખો, કષ્ટો, ઉપાધિઓ દૂર કરવાની તાકાત પણ હશે પરંતુ પાપનો નાશ કરવાનો કે મોક્ષ આપવાની તાકાત તો નથી જ. દેવ-દેવીઓએ એકવાર દૂર કરેલા દુઃખ-કષ્ટો ફરી પાછા આવે છે. તેઓએ આપેલી સંપત્તિ-સત્તા, સુખ, સામગ્રી પણ કાયમ ટકી રહેતી નથી, ચાલી જાય છે. એટલે વારંવાર તેઓની દર્શનાદિ ઉપાસના કરવી, એનાથી દુઃખો દૂર થાય અને પાછા આવે, સુખો મળે અને પાછા ચાલી જાય :

આ વિષચક્રનો અંત ક્યાં ? આ ઉપાસનાથી આપણું કાયમી કામ ન થાય. સાચો વૈદ્ય તેનું નામ કે જેની દવા લીધા પછી રોગ મૂળથી ચાલ્યો જાય, તે રોગની હેરાન-ગતિ પાછી અનુભવવી ન પડે, એના બદલે રોજ વૈદ્યની દવા લેતા રહેવું અને રોગની વેદના પણ અનુભવતા રહેવું– આ સાચા વૈદ્ય કે સાચી દવાના લક્ષણ ન કહેવાય.

સમગ્ર જગતમાં શ્રી જિનેશ્વરદેવ સિવાય બીજા કોઇ દેવ–દેવીમાં પાપનો નાશ કરવાની તાકાત નથી. માટે જ બીજા દેવ–દેવીઓને છોડીને કેવળ શ્રી જિનેશ્વરદેવને જ આરાધવાના છે. દુનિયાના બ્રહ્મા, વિષ્ણુ, શંકર, હનુમાન વગેરે દેવોમાં તો પાપનો નાશ કરવાની તાકાત નથી જ, પરંતુ પદ્માવતી, ચક્રેશ્વરી, માણીભદ્ર વગેરે દેવ–દેવતા પણ તમારા પાપોનો નાશ કરવાની તાકાત ધરાવતા નથી. જેનું દર્શન સર્વ-પાપોનો નાશ ન કરી શકે તેના દર્શનથી આપણા આત્માને કોઇ વિશેષલાભ થતો નથી. તેથી જ શ્રી જિનેશ્વરદેવના દર્શન કરી-કરીને પાપનો નાશ કરતા રહેવું જોઇએ. પણ મુશ્કેલી એ છે કે લોકોને પાપનો નાશ નથી જોઇતો, દુઃખનો નાશ જોઇએ છે. એટલે જ દુઃખનો નાશ કરનારા દેવ–દેવીઓ પાછળ જીવન વેડફી નાખે છે.

ધ્યાન રાખવું જોઇએ કે પાપના નાશ વિના દુઃખનો નાશ થવાનો નથી. પાપ નાશ વિના જેટલા દુઃખો દૂર કરવામાં આવે છે તે દુઃખો પાપનો નાશ થયો ન હોવાથી પાછા હાજર થઇ જ જાય છે. મૂળ જ્યાં સુધી જમીનમાં સ્થિર હોય ત્યાં સુધી ડાળી–પાંખડીઓ ગમે તેટલી વાર કાપવામાં આવે તો ય વારંવાર ઊગી નીકળ-વાની જ. પાપ જ્યાં સુધી આત્મામાં સ્થિર છે ત્યાં સુધી દુઃખોને ગમે તેટલીવાર હટાવવામાં આવે તોય પાછા આવવાના જ. આના કાયમી ઇલાજ માટે સર્વથા પાપનો નાશ કર્યે જ છૂટકો છે. પાપનો નાશ પાપવૃત્તિના નાશ વિના શક્ય નથી. પાપ કરતાં પણ પાપવૃત્તિ વધુ ખતરનાક છે પાપનો જન્મ પાપવૃત્તિમાંથી થાય છે. દુઃખનું મૂળ પાપ છે, પાપનું મૂળ પાપવૃત્તિ છે, પાપવૃત્તિનું મૂળ મિથ્યાત્વ છે. **'दर्शनं पापनाशनम्'** પ્રભુ સમક્ષ બોલનારા દરેક ભક્તોએ આ ક્રમ બરાબર યાદ રાખવો જોઇએ. મોઢેથી **'दर्शनं पापनाशनम्'** બોલીએ હૃદયમાં **'दर्शनं दुःखनाशनम्'** ની ઇચ્છા રાખનારો, ભગવાન સમક્ષ ઢંગ સેવી રહ્યો છે. ખરેખર તો દર્શન દ્વારા **'पापनाशनम्'** માંગનારાએ મિથ્યાત્વનો નાશ માંગ્યો છે. જિન દર્શન વર્ષો સુધી કરતો રહે અને તે આત્માથી સમ્યગ્દર્શન યોજનો દૂર રહે, મિથ્યાત્વ મજબુત બનતું જાય તો હૃદયની નિર્મળતાના મૂળમાં જ કયાંક ખામી છે તેમ ચોક્કસ માનવું પડે.

(અનુ. પેજ ૩૦૬ ઉપર)

જેમણે રાગદ્વેષ જીતી લીધા એવા પરમાત્માની પૂજા પોતાના આત્માની શુદ્ધિ માટે કરવી જોઇએ તે પૂજાના અંગ-અગ્ર ભાવ ત્રણ પ્રકારની ભગવંતને સ્પર્શ કરવાની પૂજા અંગ પૂજા, જલ, ચંદન, પુષ્પ. ભગવંત સન્મુખ રહીને કરવાની પૂજા અગ્રપૂજા ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળ. ભાવપૂજા, મન, વચન, કાયાની શુદ્ધિ પૂર્વક બોલતા ચૈત્યવંદન, સ્તવન, થોય તે પૂજા. મુખ્ય દ્વારે નિસીહી દ્વારા સંસાર સંબંધી વ્યાપારનો ત્યાગ. ગભારામાં પ્રવેશતા નિસીહી દ્વારા પૂજારીને સૂચનનો ત્યાગ, ચૈત્યવંદન પહેલાં નિસીહિ દ્વારા દ્રવ્ય પૂજાનો ત્યાગ.

卐 જિનદર્શન પૂજા કથા 卐

—મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.

પુરૂષે ઉત્તમ સીલાઇ કર્યા વિના બે વસ્ત્રો પહેરવાં જોઇએ. જિનેશ્વર ભગવાનની આજ્ઞા મસ્તકે ચઢાવવા દીપશિખા જેવો તિલક કરવો જોઇએ. પૂજા કરતાં સાત શુદ્ધિ સાચવવી જરૂરી પ્રભુના નવ અંગે પૂજા કરવી. ચાર ગોત્રના નાશ માટે સ્વસ્તીક, રત્ન ત્રયીની પ્રાપ્તિ માટે ત્રણ ઢગલી. મોક્ષની પ્રાપ્તિ માટે શિદ્ધસિલા, વીતરાગી બનવા ભગવાનનું મુખ કર્ણમાં દેખવાનું પ્રભુ સમક્ષ બહુમાન પ્રગટ કરવા ચામર વીંઝવાના.

જિનમંદિરે જવાની ઇચ્છાથી ૧ ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય.

જવા માટે ઉભા થવાથી	૨	,,	,,
પગ ઉપાડવાથી	૩	,,	,,
જિનાલય તરફ ચાલવાથી	૪	,,	,,
અર્ધે રસ્તે જવાથી	૧૫	,,	,,
જિનાલય દેખવાથી	૧ માસ	,,	,,
જિનાલયે પહોંચવાથી	૬ માસ	,,	,,
દ્વાર પર પહોંચવાથી	એક વર્ષના	,,	,,
પ્રદક્ષિણા દેવાથી	સો વર્ષના	,,	,,
પૂજા કરવાથી	હજાર વર્ષના	,,	,,

સ્તુતિ સ્તવના કરવાની અનંત ગુણફલની પ્રાપ્તિ થાય

પૂર્વાચાર્યોએ રચેલા પ્રભુના કલ્યાણકોના ભાવીદુઃખો-દુર્ગુણો દૂર કરવાવાળા સ્તવન સ્તુતિ બોલવા જરૂરી.

ત્રિકાલપૂજા-રૂ.ચૈત્યવંદન પછી, બીજીપૂજા બપોરના મધ્યભાગે, ત્રીજી પૂજા સૂર્યાસ્ત પહેલાં.

વસ્તુપાલ તેજપાલની જિનેશ્વરની ભક્તિ, આબુપર ૧૨૫૩૦૦૦૦ દ્રવ્ય વાપરવાથી મુખ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું.

શત્રુંજય પર ૧૮ કરોડ ૮૬ લાખ દ્રવ્ય વાપર્યું. ગિરનાર પર ૧૨ કરોડ ૮૦ લાખ દ્રવ્ય વાપર્યું. સર્વ મંદિરોના સ્વર્ણાલંકાર લેટ ધર્યા.

સ્નાત્રપૂજામાં પ્રભુના જન્માભિષેકનું વર્ણન કરવામાં આવેલ છે. હૃદયનો ઉલ્લાસ વધારે છે. મોહનીયકર્મ નાશ થાય છે. વિકારભાવ નાશ પામે છે.

અરિહંતની પ્રતિમા આઠ પ્રાતિહાર્યોથી યુક્ત હોય છે. અશોકવૃક્ષ. સુરપુષ્પ વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ ચામર સિંહાસન ભામંડળ, છત્ર, દેવદુંદુભિ, બપ્પભટ્ટસૂરિ મ. આકાશગામની વિદ્યાદ્વારા સિદ્ધાચલ–ગિરનાર, મથુરા, ભરૂચ, ગોપાલગિરી દર્શન કરી પાણી વાપરતા.

(અનુસંધાન પેજ ૩૦૪ નું ચાલુ)

જિનદર્શન કરનારાઓ હવેથી દુઃખ ટાળવાને બદલે પાપને ટાળવાનો પ્રયત્ન કરે. જીવનમાંથી પાપો સર્વથા દૂર ન જ થઇ શકે ત્યારેય શક્ય એટલા પાપોનો ત્યાગ તો કરવો જ જોઇએ. ભગવાનનો ભક્ત દિન પ્રતિદિન જિનભક્તિની સાથે પાપપ્રવૃત્તિ પણ વધારતો જાય – એ સારૂં કહેવાય. જિનભક્તિથી પાપમુક્તિ થાય એટલે જિનભક્તિનું સાચું ફળ મળ્યું કહેવાય. સંસારમાં કરવા પડતા પાપ પણ પાપવૃત્તિથી રહિત બનવા જોઇએ : એ ત્યારે જ શક્ય બને જ્યારે આત્મામાંથી મિથ્યાત્વ દૂર થાય મિથ્યાત્વને દૂર કરવામાં ઉપેક્ષા કરનારો ખરેખર તો સમ્યક્તિની ઉપેક્ષા કરે છે. સમકિતની ઉપેક્ષા વાસ્તવમાં જિનભક્તિની ઉપેક્ષા કહેવાય. સમકિતની ઉપેક્ષાવાળી જિનદર્શનની પ્રવૃત્તિ આપણું કલ્યાણ નહિ કરે. જિનદર્શન સર્વને સમ્યગ્દર્શન કરાવનારું બને એ જ અભિલાષા.

: ચ ન રા જિ :

જે દૃષ્ટિ પ્રભુદર્શન કરે,
તે દૃષ્ટિને પણ ધન્ય છે.

'જે નજર પ્રભુનું દર્શન કરે છે
તે નજરને ધન્યવાદ.'

—એક પ્રભુસ્તુતિની પંક્તિ

પોતમાં રહેલી કોઇ ઊણપ ને આળખીને પૂર્ણતા ને પામવા કરાતી અરજી, એટલે પ્રાર્થના. ભાવમય હૃદયથી સાચા ભાવે ઉદ્ભવતા સાહજીક ઉદ્ગાર – પ્રાર્થના; પરમાત્મા સન્મૂખ આરત ભાવે ગવાયેલી સ્તુતિઓ – પ્રાર્થના. પ્રભુ પ્રત્યે અત્યન્ત આશકત ભાવથી સધાયેલી તીવ્ર મનોભાવના – પ્રાર્થના. સાચા હૃદયથી કરાયેલી પ્રાર્થના પ્રભુના ચરણે સાત આસમાનોને પણ ચીરીને પહુંચે છે, આત્મ–નિવેદન કરવું હોય તો પ્રાર્થના એક સચોટ માધ્યમ બને છે, શરણાગતિનો સ્વીકાર અને પ્રાદુર્ભાવ પ્રર્થનાથી થાય છે. પ્રભુ પ્રત્યેનો અહોભાવ અને તેમની મહાનતાનો સ્વીકાર પ્રાર્થના દ્વારા પ્રગટ થાય છે. સાચા ભાવે પરમાત્માને કરાયેલું નિવેદન પ્રભુ પાસે પહુંચે છે. પ્રાર્થના માત્ર કરવાથી પ્રભુ પ્રસન્ન થતાં નથી પણ તે પ્રાર્થના ને અનુરુપ આચરણ પણ જીવનમાં હોવું જરૂરી હોય છે, નહિંતર તે પ્રાર્થના ઢંગ કે આડંબર કે ડોળ કે પ્રશંસા ભૂખની ડાઠણ છેતરપિંડીની કક્ષાએ પહુંચી શકે છે.

જિન પ્રાર્થના રહસ્ય–મહાત્મ્ય

–પૂ. મુનિરાજ શ્રી રત્નદર્શનવિજય મ.

નિષ્કામ ભાવે કરાયેલી પ્રાર્થના પરમાત્મા કૃકત સાંભળે જ છે એટલું નહિ પણ ભકતની મકક કરવા સાથે ઉદ્ધાર પણ કરે છે અને સાચા માર્ગનો નિર્દેશ પણ કરનારા બને છે. પ્રભુ સમક્ષ ભકતે પોતાની જાત ને સંપૂર્ણ ખુલ્લી કરી દેવી જોઇએ. પ્રભુથી કાંઇ પણ છુપાવવું ન જોઇએ. અપરાધ ભાવને વિશુદ્ધ ભાવથી ક્ષમા માંગવી જોઇએ. કોઇ પણ જાતના વેર–ઝેર કે રાગદ્વેષ કે મોહ–માયાથી રહિત સાચા હૃદયે પરમાત્મા પાસે કરાયેલું નિવેદન, એ જ સાચી પ્રાર્થના છે અને લાભદાયક છે. હમેંશ માટે એક સ્વરૂપ રહેનારી અને કોઇનાથી પણ વિચલિત ન થનારી એવી અનુ અને અવિચલ શ્રધ્ધા જ પ્રભુ પ્રાર્થના ને સફલ બનાવવા સમર્થ બને છે.

પ્રાર્થના બાહ્ય નહિ પણ આંતરિક યા હાર્દિક હોવી જરૂરી છે. આત્માને–વિભાવદશામાંથી સ્વભાવ દશામાં પ્રવેશાવવા માટે પ્રાર્થના કરવી જોઇએ. પ્રાર્થના કરવાથી તડપતા દિલને સંતૃપ્તિ પ્રાપ્ત થાય છે અને થાકેલા મન ને આરામ માટે રામબાણ ઇલાજની ગરજ સારે છે. પ્રાર્થનાથી આત્મસંતોષ થાય છે અને હૃદયની કલુષિતતા દૂર કરી નિર્મળતા પ્રદાન કરે છે. પ્રાર્થનાથી જ અન્યો પ્રત્યે ઉદારતા ગુણ કેળવાય છે અને સહનશીલતા પ્રાપ્ત થવાથી સમભાવમાં ઝીલાવવા સમર્થ

બને છે. જગતના સઘળાય જીવોને સારી રીતે ઓળખવાની શક્તિ પણ પ્રાર્થનાથી જ પેદા થાય છે. પોતાને આસ્તિકમાં ખપાવવા માટે પ્રાર્થના કરીને દેખાડો કરવો, તે ગદ્દારી કહેવાય.

કંભાના આંચલને ઓઢીને કરાયેલી પ્રભુપ્રાર્થના ક્યારેય પણ પ્રભુ પાસે પહુંચવા સમર્થ બનતી નથી. બલ્કે તે પ્રાર્થના ફક્ત પ્રલાપ જ કહેવાય છે. કેમકે ઢાંચિક પ્રાર્થનામાં શ્રદ્ધાનો અભાવ અને અહોભાવની શૂન્યતા સાથે સંપૂર્ણ–પ્રચુર ઔપચારિકતા જ હોય છે, અર્થાત બનાવટ સિવાય બીજુ કાંઇ હોતું નથી. પ્રાર્થનાના પ્રારંભ વગર કરાયેલુ કોઇ પણ કાર્ય સફલ બનવા સમર્થ બની શકતું નથી. અર્થાત્ નિષ્ફલતા ને પામે છે.

પ્રાર્થના ને મૌન અને એકાંત ખૂબ રૂચિકર હોય છે. પ્રાર્થનામાં દેખાડાનો લગીરે પ્રવેશ ઉચિત ગણાતુ નથી. પ્રાર્થના જ એકમાત્ર સમસ્ત જીવોના જીવનને સ્પર્શતા દુઃખો ને દુર કરવા સમર્થ છે અને જાણતાં–અજાણતાં ઉપાર્જિત કરાયેલ પાપોના જથા ને નિર્મૂલ કરવા શક્તિમાન છે. અણધારી આફત કે બનાવોના કારણે અનુભવાતાં સંતાપોને હરણ કરનાર પણ પ્રાર્થના જ છે.

અણપેક્ષિત વચનો ના કારણે ઉભા થતાં સંક્લેશો ને દૂર કરવા સમર્થ પ્રાર્થના જ છે. પરમ–આનંદ, સુખ–સંતોષ, શાંતિ આદિ સઘળું આપવા સમર્થ પ્રાર્થના સિવાય કોઇ નથી પણ તે સાચા હૃદયની હોવી જરૂરી છે.

અચિન્ત્ય મહાત્મ્યવાળી પ્રાર્થનાને ઓળખી પ્રભુ સમક્ષ પ્રભુસમક્ષ બનવા પ્રાર્થના કરનારા બનીએ અને આપણી પ્રાર્થના સફલ બને તેવી ભાવના સાથે પૂર્ણ કરું છું.

લઘુતા સે પ્રભુતા બધે, પ્રભુતા સે લઘુતા દૂર,
લઘુતા મનસે માનીએ, પ્રભુતા આવે હજુર!!

જૈન શાસન તમે વસાવો અને વધુ
નહિ તો એક બે નવા ગ્રાહકો કે
આજીવન સભ્ય બનાવો.

અનંત ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓએ આ મનુષ્યભવને કઇ કઇ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે. આવો દુર્લભ ભવ આવી દુર્લભતમ ધર્મ સામગ્રી સંપન્ન પ્રાપ્ત થયા પછી તેની સફળતા માટે પણ માર્ગદર્શન કરાવવામાં પરમર્ષિઓએ જરા પણ કચાશ રાખી નથી. પણ તેને યથાર્થ ઝીલે તે ફાવે અને ન ઝીલે તે હારે તેમાં દોષ કોનો ?

આ મનુષ્યભવને ચાર પ્રકારના વૃક્ષની ઉપમા આપીને પણ તેને કરવાની પ્રેરણા આપી છે, કદાચ ગમે તે કારણ હોય આજે સારી વાત રૂચિકર ઓછી બને છે અને ફાવતી વાત રૂચિકર–ગ્રાહ્ય ઝટ બને છે તે કોનો પ્રભાવ તે વિચારવું જરૂરી છે.

આ મનુષ્યભવને પામ્યા પછી પ્રમાદને પરવશ પડેલા પ્રાણીઓ જીવનમાં કાંઇ જ સત્કાર્ય કરતાં નથી અને ધર્મ–અર્થ–કામ રૂપ ત્રણે વર્ગથી રહિત એવા દીન–દુઃખી, કયાપાત્ર મનુષ્યનો જન્મ પામી આ જન્મને નિષ્ફળ કરે છે. તેમને માટે આ જન્મરૂપી વૃક્ષ ફળ વિનાનું બને છે.

જે તમોગુણી પ્રાણીઓ પાપાનુબંધી પાપ ઉપાર્જન કરે છે તે કસાઇ, શિકારી આદિ મહા પાપોને કરનારા આત્માઓને માટે આ જન્મ આ ભવ અને પરભવમાં દુઃખ આપનારો બને છે માટે તેમને માટે આ જન્મ એ વિષવૃક્ષ જેવો બને છે.

卐 શ્રી જિનભક્તિમાં એકાગ્રતા કેળવીએ ! 卐

—પ્રજ્ઞાંગ

વિષનું ભક્ષણ કરનારની જે હાલત થાય તેના કરતા ય બદતર હાલત આવા પાપાત્માઓની થાય છે.

રજો અને તમો ગુણથી યુક્ત એવા જે પ્રાણીઓથી પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કરાયું છે તે મ્લેચ્છ રાજા આદિ જીવોને પહેલા થોડું રાજ્યાદિ સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે અને પરલોકમાં પછી નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ થાય છે માટે તેવા જીવો માટે આ મનુષ્ય જન્મ રૂપી વૃક્ષ એ કિંપાકના વૃક્ષ જેવો થાય છે.

જેમ કિંપાકના ફળો દેખાવે રૂડાં–રૂપાળાં, સ્વાદે સુંદર પણ ખાતા જ પરિણામે પ્રાણ હરનારાં છે. તેવાં જ આ સંસારના ઇન્દ્રિયજન્ય કામ–ભોગો છે. પ્રારંભે સુંદર લાગે અને પરિણામે ભયાનક નુકશાન કરનારા બને છે.

જેમને પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું છે તેવા જીવોને આ લોકમાં અને પરલોકમાં ઇચ્છિત ફળ દાતાવાળો આ જન્મ બને છે માટે તેમને માટે આ જન્મ કલ્પવૃક્ષ જેવો બને છે. જેમને પુણ્યાનુબંધી પુણ્યથી મળતી સામગ્રી કયારે ય ઉપાદેય લાગતી જ

નથી તેથી તેમાં ફસાતા નથી અને તેના દ્વારા મોક્ષસાધક ધર્મની સુંદર આરાધના કરી પોતાના આત્માની મુક્તિ નિકટ બનાવે છે.

ગૃહસ્થપણાને સુંદર બનાવવા માટે સુંદર રીતે આજ્ઞા મુજબ શ્રી જિનધર્મની આરાધના કરવી જરૂરી છે, આજ્ઞા મુજબની આરાધના એ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ બને છે. તેને પામેલા જીવો પોતાના વૈભવ આદિની સફળતા–સાર્થકતા શ્રી જિન ભક્તિ આદિમાં માને છે. તેથી જ સ્વદ્રવ્યથી સુંદર દેવવિમાન તુલ્ય શ્રી જિનમંદિરોનું નિર્માણ કરાવે છે અને શ્રી જિન મૂર્તિઓની પ્રતિષ્ઠાદિ કરાવી વિધિપૂર્વક ભક્તિ આદિ કરી આ જન્મને સફળ કરે છે.

મારું પુણ્ય કેવું છે તેની પારાશીશી માટે શાસ્ત્રકારોએ સુંદર દૃષ્ટાંતનું માપક યંત્ર સ જ્યું છે. ભગવાનની આજ્ઞા મુજબની આરાધના કરનારા જીવોને પ્રાપ્ત થતી લક્ષ્મીનાં તેઓ સાચા અર્થમાં લક્ષ્મીપતિ બને છે. અર્થાત્ સાતે ક્ષેત્રો આદિમાં લક્ષ્મીનો સદ્વ્યય કર્યા જ કરે છે. જ્યારે આજ્ઞાની વિરાધનાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીવાળા જીવો લક્ષ્મીના દાસ હોય છે. 'પતિ' અને 'દાસ'માં શું ફેર છે તે સૌ સારી રીતના સમજી શકે છે. હું લક્ષ્મીનો પતિ–માલીક છું કે લક્ષ્મીનો દાસ છું–તે આત્મનિરીક્ષણ સૌ કરે તો પોતાની હાલતને સમજી શકશે.

લક્ષ્મીના પતિ–માલીક જીવો ધર્મ કાર્યોમાં ઉલ્લાસ–ઉમંગ–ઉત્સાહ પૂર્વક લક્ષ્મીનો સદ્વ્યય કર્યા જ કરે. તેમને કહેવું ન પડે. સ્વયંભૂ પ્રેરણા પામી કર્યા જ કરે. આજની હાલત એવી કે–આ લોકોને વ્યય કરવાનું મન નથી અને ઉપદેશકોને અટકાવવાનું પૂરું મન તેથી ગોઠા મારાં કામ કરાવ્યા કરે. તેથી એવો ગજગ્રાહ વધે અને એવી વિટંબણા સર્જાય જેનું વર્ણન ન થાય!

શ્રાવક શક્તિ–સામગ્રી હોય તો ત્રિકાલ પૂજા કરનારો હોય. વૈભવને અનુરૂપ ગૃહ મંદિર પણ રાખે. તે માટે આપણે અત્રે શ્રી પેથડશા મહામંત્રીની પૂજા–ભક્તિના પ્રસંગનો સામાન્યથી વિચાર કરવો છે. પૂજા–ભક્તિમાં એકાગ્રતા આવે, તન્મયતા થાય તેના માટે શાસ્ત્રકારોએ જે જે ફળ બતાવ્યા તે તેને પ્રાપ્ત થાય. ઘરથી મંદિરે જવા નીકળે જે જે ઉપવાસાદિ ફળ ડગલે–પગલે કહ્યા તે કોના માટે? આપણા માટે છે? વ્યવહારનું કામ આવે તો દર્શન–પૂજન કર્યા વિના અડધા રસ્તેથી પાછા આવીએ અને પાછા બચાવમાં કહીએ કે, 'ભગવાન ભાગી જવાના નથી.' ભગવાનની પૂજા–ભક્તિ માટે પૈસા જોઇએ તે આ વેપાર આદિથી મળવાના.' આવા જીવો સાચો પરમાર્થ સમજ્યા કહેવાય ખરા? શાસ્ત્રકારોએ ભારપૂર્વક વાત સમજાવી કે–'પુણ્ય યોગે જે કાંઇ વૈભવાદિ

સામગ્રી, સારી શક્તિ મલી છે તેનો ધર્મમાં સદુપયોગ કરવાનો છે. પણ મારે ધર્મમાં સદુપયોગ કરવો માટે વેપારાદિ કરવાનું શાસ્ત્રકારો કહેતા નથી.' આજે ધરમૂળમાંથી ફેરફારો કરવા ની તાતી જરૂર છે તો જ ધર્મનો પ્રાસાદ ટકી રહેશે–મક્કમ એડીઅમ ઊભો રહેશે. બાકી સંસારના પદાર્થોનો લોભ–લાલચ–લાલસાઓની ઉધઇથી તેના પાયા ખવાઇ ગયા છે અને ક્યારે કડડભૂસ થઇ જમીનદોસ્ત થશે તે કહેવાશે નહિ. જાગી જવા સાવધ થવા માટે આ વાત છે.

આટલા મોટા રાજ્યના મંત્રી એવા તે પેથડશા હંમેશા ત્રિકાલપૂજા કરતા. તેઓનો ઘરમાં સ્પષ્ટ હુકમ હતો કે હું પૂજા કરતો હોઉં ત્યારે ગમે તેવું કામ–આમંત્રણ–તેડું આવે તો પણ મને જણાવવું નહિ કે બોલાવવા આવવું નહિ. **પ્રભુ પ્રત્યે સાચી પ્રાપ્તિ જન્મ્યા વિના આવી ભક્તિ આવવી શક્ય નથી, ભક્તિમાં તન્મયતા–એકાગ્રતા આવવી ય શક્ય નથી.** તે વિના આત્માની કૃતિ પણ નથી તે ય નિર્વિવાદ વાત છે. આપણી દશા આવી થાય તે માટેનો આ પ્રયત્ન છે.

એકવાર તે શ્રી પેથડશા મંત્રીશ્વર મધ્યાન્હ કાળની પોતાના ગૃહમંદિરમાં પૂજા કરી રહ્યા છે તે જ વખતે રાજાને કોઇ એક રાજકાજમાં મંત્રણા માટે મંત્રીશ્વરની હાજરી અનિવાર્ય લાગી. ખરેખર ભગવાનનો ધર્મ હૈયામાં વસી જાય તે આત્માઓની હાલત જગતના જીવો કરતાં સાવ જ ન્યારી હોય છે, તેઓ અર્થ-કામના ગુલામ નથી હોતા તેથી ધર્મ આગળ કોઇની ય પરવા રાખતા નથી કે રાજા–મહારાજાઓને પણ ખોટી ગરજ બતાવતા નથી, અવસરે સ્પષ્ટ–સાચી સલાહ નિર્ભીકપણે આપી શકે છે. તેથી જ રાજાઓ તેમને બોલાવે, તેમની સલાહ લે. અર્થ–કામના જ રાગી જીવોને આ બધી વાતો નહિ સમજાય. જીવનમાં ધર્મ જ પ્રધાન માને, પ્રાણ કરતાં ય ધર્મ જ પ્યારો–વહાલો. તેમને જ આ વાત સમજાય.

રાજાએ મંત્રીશ્વરને બોલાવવા તેડું મોકલ્યું તો સેવક પાછો આવી કહે કે–મંત્રીશ્વર ! પૂજામાં છે, હમણા મલશે નહિ. ત્રણ–ત્રણ વાર સેવકો જઇ આ જ સમાચાર લઇ પાછા આવે છે. તેથી ક્રોધ–આશ્ચર્યથી મિશ્રીત બનેલા રાજા પોતે ખુદ મંત્રીશ્વરને ત્યાં ગયા છે. તો તેમનું ઉચિત સન્માન કરી, આદર–સત્કાર પૂર્વક, વિનય પૂર્વક તેમને પણ આ જ જવાબ મળે છે. ભાગ્યવાનો ! વિચારો તો ખરા કે ધર્મી જીવોને પરિવાર કેવો વિનીત, નમ્ર અને આજ્ઞાંકિત હશે ! પરિવારમાં પણ ધર્મ કેવો વસ્યો હશે ! આજે આવું જોવાનું આપણું સૌભાગ્ય નથી પણ વાંચતા–સાંભળતા ય જો આનંદ આવે તો સમજવું કે આપણું ભાવી કાંઇક સુંદર લાગે છે. નહિ તો

બીજાઓને તો રાજાની આજ્ઞા પહેલી કે ધર્મ ? નોકરી કરે છે કે શેઠાઇ કરે છે ! આવા આવા પ્રશ્નો અજ્ઞાની અણસમજુઓને ઉઠવા સહેલા છે. પણ તે ધર્મહીન દશાને બતાવે છે.

તેથી આશ્ચર્ય પામેલો રાજા કહે છે કે, મારે મંત્રીશ્વરની પૂજા જોવી છે. તેથી તે જોઇ રાજા આનંદ પામે છે. પુષ્પોથી ભગવાનની સુંદર અંગરચના બનાવી રહ્યા છે. રાજાને પણ પુષ્પ આપવાનું મન થાય છે તો ઇશારાથી રોજના માણસને બદલે પોતે ગોઠવાય છે અને પુષ્પ આપવાના ક્રમમાં અનભ્યાસના કારણે ભૂલ થાય છે. મંત્રીશ્વર પાછું જુએ છે તો રાજા કહે–'ચિંતા ના કરતા ! તમારી પૂજા જોવા આવ્યો છું.'

આના પરથી એ પણ ફલિત થાય છે કે સુખી માણસો ઠાઠ-માઠથી, વૈભવને અનુસારે પૂજાની સામગ્રી, પૂજાના વસ્ત્રોમાં બે–ચાર સેવકજનો પાસે ઉપડાવી, દાન દેતા દેતા મંદિરે જાય તો શાસનની કેવી અદ્‌ભૂત પ્રભાવના થાય ! કેટલાય જીવોના હૈયામાં બોધિબીજ પેઠા થાય !! કેટલાય જીવો ભદ્રિક પરિણામી થાય ! માત્ર કલ્પના કરવાની અને પછી અમલ કરવાની જરૂર છે. વાતોના વડા કરે કે–મોટા મોટા આયોજનો કે સભાઓમાં લેકચરો કરે પ્રભાવના ન થાય ! તે માટે તો નક્કર કામ કરવું પડે ! શાસ્ત્રાકારોની પ્રભાવકની વ્યાખ્યા અને આજની વ્યાખ્યા બંનેમાં આભ-જમીનનું અંતર છે પછી મેળ ક્યાંથી જામે !

રાજા મંત્રીશ્વરની પૂજામાં એકાગ્રતા અને તલ્લીનતા જોઇ આનંદિત થયા અને નક્કી કર્યું કે, હવે ગમે તેવું અગત્યનું કામ હોય પણ મંત્રીશ્વર પૂજામાં હોય તો બોલાવવા નહિ.

આવી એકાગ્રતા અને તલ્લીનતા આપણે કેળવવી જરુરી છે, તો જ આપણી પૂજા–ભક્તિ સફળ થશે. બાકી તો વર્તમાનમાં જે રીત-રસમો, આયોજનો સસ્તી પ્રસિદ્ધિના નામે ચાલી પડયા છે તેની સામે આ પ્રસંગ 'રુક જાવ' કહેનારો છે. નામના–પ્રસિદ્ધિનો મોહ ટળે તો જ કામ થાય. માર્ગદર્શક પાટીયાની જેમ માત્ર દિશા સૂચન છે. આત્મહિતૈષી જરૂર વધાવશે, બીજા શું કહેશે તેની ચિંતા કરવાની જરૂર નથી. કારણ આત્મહિતૈષીને માર્ગ બતાવવાનો છે, બીજાને નહિ.



રૂા. ૧૦૦૦/ ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો

શ્રી જિનેશ્વરદેવના દર્શનથી દુરિતનો નાશ થાય છે, વંદનથી વાંછિત પ્રાપ્તિ થાય છે. અને પૂજનર્થ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. માટે શ્રી જિનેશ્વરદેવ એ ઇચ્છિત આપનારા કલ્પવૃક્ષની જેમ કલ્પવૃક્ષ જેવા છે.

આત્મિક-તાત્ત્વિકદૃશાનો સાક્ષાત્કાર કરનારા મહાપુરુષની રચિત કૃતિનો આ આ ભાવાર્થ છે. મહાપુરૂષોની રચિત સ્તુતિઓ મોંઢે બોલવાથી કોકિલકંઠે ગાવાથી કે ગવરાવાથી લોકમાં કદાચ વાહ વાહ થશે પણ વાસ્તવિક લાભ નહિ થાય. આપણો આત્મા પણ વાસ્તવિક લાભને પામે માટે વિચારવું છે.

શ્રી જિનેશ્વરદેવરૂપી કલ્પવૃક્ષ ફળે કયારે ?

— શ્રી ગુણપરાગ —

સંસારી અને મોક્ષાર્થી જીવોની ભેદરેખા અહીં સ્પષ્ટ થાય છે. ભગવાનના દર્શનાદિથી પ્રાપ્ત થતાં દુરિત નાશાદિમાં સંસારી જીવો શું માગે અને મોક્ષાર્થી જીવો શું ઇચ્છે ? ટુંક શબ્દોમાં બન્નેની ઓળખ આપવી તો કહી શકાય કે– દુન્યવી નાશવંત ચીજ-વસ્તુઓમાં રાજી થાય, તેને જ ઇચ્છે તે બધા સંસારી–સંસારના અનુરાગી-પુદ્ગલાનંદીજીવો કહેવાય. જ્યારે આત્મહિતકર-મોક્ષસાધક ચીજ-વસ્તુઓમાં આનંદ પામે તેને માટેની મહેનત કરે તે બધા મોક્ષાર્થી ! આપનો ઢાળ કઇ બાજુ છે તેના પરથી આપણી ઓળખ આપણે કરીશું !

શ્રી જિનના દર્શનાદિ આત્માને ઓળખી, આત્માના સુવિશુદ્ધ સ્વરૂપને પેદા કરવા કરવાના છે. આ વાત ભૂલાઇ જવાથી– વર્તમાનમાં બધી વિષમતાઓ પેદા થઇ છે.

સંસારી જીવોના દુરિત એટલે પોતાની ઇચ્છિત સુખ–સામગ્રીની આડે આવનારા સઘળા ય અવરોધકો-અંતરાયો. ભગવાનના દર્શનથી તે બધા દુરિતો નાશ પામો તેમ તે ઇચ્છે, તે માટે દર્શન પણ કરે, તેના જેવા ગુરૂઓ પણ તેવી જ શિખામણ આપે. ભગવાનના જ દર્શન તો કરે છે ને ? કાંઇ કોઇ રસ્તે રખડતાના દર્શન તો નથી કરતો ને ? પછી ભાવતું'તું ને વૈદ્યે કહ્યું જેવું બને.

તેને મન વાંછિત એટલે પોતે માનેલી મોજ–મજાદિની અનુકૂળ સામગ્રી પાંચે ઇન્દ્રિયોના જેના સુંદર અનુકૂળ વિષયોની સામગ્રી, બધી સગવડો, બધા જ એશઆરામના સાધનો વર્તમાનના શબ્દોમાં કહીએ તો લકઝરી લાઇફ–વૈભવી–એશ આરામી જીવન !' પુદ્ગલાનંદી જીવોનું વાંછિત આમાં સમાઇ જાય, આ ચીજો મળે એટલે ભગવાનને કરેલું વંદન ફળ્યું. આમાં જ ઇતિશ્રી માને !

આખી દુનિયાની તમામ પ્રાપ્ત લક્ષ્મીમાં આળોટે એટલે પૂજન મને ફળ્યું તેમ મળ્યું તેમ માને. મારે ત્યાં લક્ષ્મીની છોળો ઉછળે, પાણી માગતા દૂધ હાજર થાય, બધા સેવકો ખમ્મા...ખમ્મા... કરે, મારા હુકમ ઉઠાવવા તૈયાર, હું દિવસ કહું તો દિવસ કહે અને રાત કહું તો રાત કહે- મારી બધી વાતમાં હા...જી.. હજૂર...કહે એટલે મને બધું મલી ગયું. અને કલ્પવૃક્ષની જેમ ભગવાન ફળી ગયા તેમ માને.

ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થવાથી, દુન્યવી સુખ-સામગ્રી અને ધાર્યા કરતાં ય અધિક લક્ષ્મી મળવાથી કાયમ રહેવાનું છે તેના જ તોરમાં જમીનથી ચાર વેંત અદ્ધર ચાલે. પણ આ બધું મૂકીને મારે જવાનું કે આ બધું મને મૂકીને જતુ રહેશે- તેવો વિચાર ન કરે તે કેવો કહેવાય ? લક્ષ્મીના મદે બાહોશને પણ 'બેહોશ' બનાવ્યા, રાજાને રસ્તાના રઝળતા કર્યા-આવું નજરે જોવા છતાં ય તેમાં જ આનંદ માને તેને ભગવાન ફળ્યા કહેવાય કે ફૂટ્યા કહેવાય ? આપણી હાલત કઇ છે તે આપણે વિચારવી છે.

જ્યારે જે આત્માનંદી-સાચો મોક્ષાર્થી જીવ બન્યો તે દુરિત નામ પાપનો જ નાશ ઇચ્છે. પણ દુઃખનો નહિ. તેને મન દુઃખની જડ તે પાપ છે અને પાપ દુન્યવી સુખકામનાઓ-લાલસાઓના કારણે થાય છે માટે વધારે ખરાબ તો તે છે. જેની ઇચ્છા જ આત્માને ખરાબ બનાવે તેને સારી તો ઠોઠ નિશાળિયો કે મૂરખમાં મૂરખ પણ ન કહે તો કોઇ ડાહ્યો કે પંડિત તો તેને સારી કહેવાની, તેને માટે ધર્મ કરવાની ભૂલ સ્વપ્ને પણ કરે ખરો ? તેથી જ તે કર્મજન્ય સુખ-દુઃખ બન્નેના નાશને જ ઇચ્છે છે, કર્મોદયે સુખ કે દુઃખ મળે તો હર્ષ કે શોક કરતો નથી પણ આત્માનું અહિત ન થાય અને હિત થાય તેમ જીવે છે.

તેનું વાંછિત આત્માનું સુવિશુદ્ધ સ્વરૂપ પ્રગટે, આત્માની શુદ્ધ સ્વભાવ અવસ્થામાં રમણતા કરું, મોક્ષપદને પામું તે જ હોય છે. તેથી સઘળી જ મહેનત સુવિશુદ્ધ અવસ્થાને પેદા કરવાની હોય છે. દુનિયાની સુખ-સામગ્રીરૂપ વાંછિતને તો તે આર્ત્તધ્યાન રૂપ માને. કેમકે, 'ઇષ્ટ સંયોગ અને અનિષ્ટ વિયોગ' એ પણ આર્ત્ત-ધ્યાનનું કારણ છે. વિશુદ્ધ એવું વાંછિત જે ઇચ્છે તેને કયારે પણ ઇષ્ટ વિયોગ કે અનિષ્ટ સંયોગ આવે પણ નહિ. આ પણ એક વિચારણીય વાત છે.

પૂજનથી તેઆત્મગુણ સમૃધ્ધિની લક્ષ્મીથી પૂર્ણ બનું તે ઇચ્છે છે નહિ કે દુનિયાની સઘળીય સિધ્ધિ-સંપત્તિના સર્વોચ્ચ શિખરે પહોંચું. ખરેખર 'વણ માગ્યું દોડતું આવે' તે ન્યાયે તે આત્માની જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી જરૂરી બધી જ સુખ-સામગ્રી

સંપત્તિ તેના ચરણો ચૂમતી આવે છે. ધર્માત્માને મન, સાચો વારસો ધન દોલતનો નથી હોતો પણ આત્મ ધનનો આત્મગુણ લક્ષ્મીનો હોય છે. આવા જીવને માટે શ્રી જિનેશ્વરદેવ સાચા કલ્પવૃક્ષ જેવા બને છે.

દુનિયાનું કલ્પવૃક્ષ તો માગો તો જ ફળે. જ્યારે શ્રી જિનેશ્વરદેવ રૂપ કલ્પવૃક્ષ તો એવું અનુપમ છે કે- સાધક નિષ્કામભાવે, નિરાશંસપણે, એક માત્ર આત્મકલ્યાણને માટે શ્રી જિનેશ્વરદેવની સેવા-ભક્તિ કરે તો તેને બધું જ જરૂરી મલ્યા કરે અને તે સાધક આત્મ, તાકાત આવે તે બધાનો ત્યાગ કરે, તેની સાથે રહેવું પડે તો તેમાં ફસાય નહિ. આવી રીતના સાક્ષાત કલ્પવૃક્ષ સમાન શ્રી જિનેશ્વરદેવને ઓળખી તેમની નિષ્કામભાવે સેવા-ભક્તિ કરી આપણે સૌ પણ તેવા જ બની જઈએ તે જ હાર્દિક મંગલ કામના.

卐

આપને ભક્તિનો લાભ લેવો છે?

પૂ. સાધુ-સાધ્વીજી-ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષ કાળમાં અંત વિહારમાં ઉપયોગી થઇ શકે તેવી ખાસ બનાવેલી અને તુરંત ટિંગાડી શકાય તેવી સાવ પાતળી અને વજનમાં હલકી, વજન ૨૫૩૦ ગ્રામ, સંકેલીને ઝીણી ઘડી થઇ શકે તેવી મચ્છરદાણીની ઉંચાઇ ૧૩૦ ઇંચ ઘેરા ૨૯૪ ઇંચ, કિંમત નંગ-૧ના રૂપીયા ૨૨૫/- પોસ્ટ પાર્સલનો ખર્ચ અમારા તરફથી.

શાહ મચ્છરદાની

સ્પેશિયલ શાહ મચ્છરદાણી
અમો બનાવીએ છીયે.

શ્રાવકોને પંચમાં પણ ઉપયોગી થઇ શકે.

(વેપારી પુછપરછ આવકારશું)

પ્રાપ્તિસ્થાન :-

જયંતીભાઇ શાહ

શાહ ટ્રેડીંગ કું. ૧૦૨, ટિલક ચોક,
માલેગામ-૪૨૩૨૦૩ જિ. નાશિક
ફોન : ઘર (૦૨૫૫) ૪૩૧૯૧૫

પ્રભુ શ્રી મહાવીર દેવનાં નિર્વાણનું આ પર્વ છે. માટે આ પર્વને લૌકિકવ્યવહારમાં પડીને જુની રીતે ઉજવો નહિ. આજના દિવસે સાચું સરવૈયું કાઢો કે આત્મા ધર્મ માર્ગે કેટલો ચડયો ? અથવા ચડયો કે પછી પાછો પડયો ! આખા વરસમાં આત્મગુણની પ્રાપ્તિ થઇ કે આત્મગુણની હાનિ થઇ ? ઉદારતા. સદાચાર અને સહિષ્ણુતા જેવા ગુણો વધ્યા કે ઘટ્યા ? આ બધી વાતોનો મેળ કાઢયો કે ? આજના દિવસે આ બધી વાતોનો મેળ કાઢવો જોઇએ.

આજના દિવસે તો પ્રભુએ દેશનાનાએ ધોધ વહાવ્યા હતા ભગવાન પાસે સમ્યગ્દૃષ્ટિ આત્મા શેની માંગણી કરે ? આવા દિવસે સમ્યગ્દૃષ્ટિ આત્મા નાશવંત લક્ષ્મી માગે ? જે દિવસે વૈરાગ્યના અને ત્યાગના ધોધ વહી રહ્યા હતા તે દિવસે સમ્યગ્દૃષ્ટિ શ્રી ધન્ના અને શાલિભદ્રજી જેવી ઋદ્ધિ માંગે ? એ મહાત્માઓએ તો એ ઋદ્ધિનો ત્યાગ કર્યો હતો. એ મહાત્માઓ પાસેથી માંગવા જેવું ઘણું છે. એમણે પૂર્વભવમાં જે

।। દિવાળીની માંગણી ।।

ભાવથી દાન આપ્યું અને એ ભવમાં જે સંયમનો સ્વીકાર કર્યો તે બન્ને મંગાય. આ બન્ને છોડીને માત્ર તુચ્છ ઋદ્ધિ જ માંગવાથી તો સમ્યક્ત્વ મલીન થાય છે. એ મહાત્માઓએ ઋદ્ધિને ઇચ્છી નથી. ઋદ્ધિને એમણે હેય માની છે અને છેવટે છોડી પણ દીધી છે. ભગવાન શ્રી મહાવીર દેવ પણ ઋદ્ધિને છોડવાનું જ સમજાવે છે. છતાં તમે એ ઋદ્ધિ જ માંગી રહ્યા છો આતો તમે તમારા આત્મા પર ભયંકર જુલ્મ કરો છો.

શ્રી શાલીભદ્ર પાસે દાન અને સંયમ માંગો.

શ્રી ગૌતમસ્વામી મહારાજ પાસે લબ્ધિને બદલે ગુરૂભક્તિ માંગો

શ્રી બાહુબલિજી પાસે વિવેકવાળુ બળ માંગો

શ્રી અભયકુમાર પાસે ધર્મબુદ્ધિ માંગો.

એ પુણ્યાત્માઓ પાસે તમે જે માંગો છો તે બધું ન મંગાય. ચોપડામાં આવી માંગણી કરનારા ક્યારે ય અનીતિ આદિ કરે ? આજની માંગણીમાં એકમાત્ર બુદ્ધિનો આદર્શ રહ્યો છે. એ મેળવવામાં વિઘ્નો પડે તે ટાળવાનું બળ માંગે અને ક્ષમસુખ માટે લબ્ધિ માંગે એને શુદ્ધ ધ્યેય કહેવાય ? શ્રી ગૌતમસ્વામી મહારાજાની લબ્ધિ શ્રી મહાવીર પરમાત્મા સેવા કરવા માટે માંગો છો ? આજે તો તમારુ ધ્યેય, અંગુઠો અડે તો કાંઇ ખૂટે નહિ એવું થઇ ગયું છે આવી માંગણીઓ સમ્યગ્દૃષ્ટિને ન શોભે,

સમ્યગ્ દૃષ્ટિની માંગણી તો એવી હોય કે, એનો ચોપડો જોઇને ઇતરને પણ આશ્ચર્ય થાય શ્રી ધન્નાશાલિભદ્રજીના દાન અને ત્યાગ મંગાયા એ પુણ્યાત્માના દાન તથા ત્યાગને નેવે મૂકીને તમે લક્ષ્મી માંગો છો, પણ વિચારો કે ત્યાગવૃત્તિ વિના એ લક્ષ્મી પચે ખરી ? શ્રી ધન્નાશાલિભદ્રજીની લક્ષ્મી સામાન્ય માણસને પચે નહિ શ્રી ધન્નાજીને ચિંતામણી રત્ન મળ્યું હતું તે એમણે કપડાના છેડે બાંધી રાખ્યું. કદી ગાંઠ છોડીને જોયું નથી. તમને ચિંતામણી મળે તો તમે ચોવીસે કલાક માંગો એવા છો. આવું કરે એને એ મળે પણ નહિ.

આજે તમારી માંગણીનો દિવસ છે માટે શું માંગવું ? તે સમજવું છે. શ્રી કયવન્ના શેઠનો સદાચાર માંગો શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય ગમે તેટલું સારૂ, પણ સદાચાર ન હોત તો એ સૌભાગ્યની કોઇ કિંમત ન હોત. રૂપ એક કલ્પતરૂ છે. પણ સદાચાર હોત તો જ 'સદાચાર વિનાનું રૂપ ફિટકારને પાત્ર છે. વેશ્યાના સૌંદર્ય તરફ દૃષ્ટિ કે એની પ્રશંસા સજ્જન ન કરે. સૌંદર્ય સારૂં હોવા છતાં વેશ્યાનું હોય તો સજ્જનો માં તે જોવા જેવું પણ નહિ.

શ્રી ધન્નાશાલિભદ્રજીના દાન અને સંયમ શા માટે માંગવાના ? દાન ન હોય. ત્યાગ કે સંયમ ન હોય તો બુદ્ધિ સફળ ન થાય એ માટે.

શ્રી અભયકુમારની બુદ્ધિ તો માંગી છો પણ કોરી બુદ્ધિ તો મારી નાંખે. આજના મોટા ભાગના અનર્થો કોરી બુદ્ધિમાથી જનમ્યા છે. માટે એ પુણ્યાત્માની ધર્મબુદ્ધિ માંગો.

ભગવંત શ્રી ગૌતમસ્વામી મહારાજની લબ્ધિ માંગો છો. પણ એ લબ્ધિ આવી કયાંથી ? ભક્તિ વિના એવી લબ્ધિ મળે નહિ. લબ્ધિ માંગવા કરતાં ભક્તિ માંગવી ખોટી નથી. કેમ ભક્તિના પ્રભાવે લબ્ધિ આપોઆપ મળે. માંગવી ન પડે શ્રી ઉપાધ્યાયજી મહારાજ તો કહે છે મારે તો મોક્ષ પણ ન જોઇએ. ભક્તિ જ જોઇએ. કારણ ભક્તિ આવે પછી મોક્ષને તો આવવું જ પડે. માંગવાનું મન ન થાય અને મલ્યાં કરે તેવું માંગો એકલી લબ્ધિમાંગી અને માનો કે મળી ગઇ પણ પછી એ લબ્ધિ ઉંધી પણ પરિણામે જ્યાં ભક્તિ તો ઊંધી ન જ પરિણામે ભક્તિના યોગે લબ્ધિ મળી જાય તોય એ આત્માને મુંઝવે નહિ. શ્રી ઉપાધ્યાયજી મહારાજ તો કહે છે. ભક્તિ આવી એટલે મુક્તિ આવી જ. માટે સમજો હવેથી લબ્ધિને બદલે ગુરૂભક્તિની માંગણી લખવાનુ નક્કી કરો ને.

આવું લખવામાં ચોપડાનું એક પાનું વધારે ભરાઈ જાય તો એની ચિંતા નહિ કરતા. જમા ઉધાર કરતી વખતે તમે કયારેય પાનાની ફિકર કરો છો ?

આજની દિવાળી એવી ઉજવો કે આવતી દીવાળી સુધીમાં જીવન સુધરી જાય, અત્યારે છે તેવું જડ પ્રેમી જીવન આવતી દીવાળી સુધી ન રહે. તમારી ઉજવણીમાં અને હું કહું છું તે ઉજવાણીમાં ભેદ છે. આવતી દીવાળી પહેલા હૃદયમાં નિર્વેદ અને વૈરાગ્ય જાગી જાય તો દુનિયાની કોઇ ચીજ આત્માને ખરાબ કરી શકે નહિ. શ્રી જિનેશ્વરદેવનું શાસન પામ્યા પછી આત્મા, મદારીના વાંદરાની જેમ સંસાર માં નાચે ? રોજ આ વિચારો શ્રી જૈન શાસન પામ્યા પછી દુનિયાનું સ્વરૂપ ન સમજાય તે બને ? જગત જેવુ છે તેવું ધ્યાનમાં ન આવે તો જૈનશાસન પામ્યાનો સાર શો ? શ્રી જિનેશ્વર દેવના શાસનને પામેલા આત્માને દુનિયાના પદાર્થો મુંઝવે નહિ. જડ પદાર્થો પાછળ એ ઢસડાય નહિ. મિથ્યાત્વ હોય ત્યાં સુધી સંસાર મુંઝવે તે બને પણ સમ્યગ્દર્શન મળ્યા પછીની હાલત જુદી હોય.

આર્યદેશ મળ્યો, ઉત્તમ કુળ મળ્યું ભગવાન શ્રી મહાવીર દેવનું શાસન મળ્યું. છતાં દુનિયાના પદાર્થો આપણને મૂંઝવે તે ન ચાલે. દુનિયાના પદાર્થોના સરદીયા ઢાંકીએ અને આત્માના સરદીયાની ચિંતા ન કરીએ તો શ્રી જૈનશાસનની પ્રાપ્તિ શી થઇ ? આટલું સમજ્યા પછી તો જે માંગણીથી સમ્યક્ત્વ મલીન થાય તે માંગાય જ નહીં. (જૈન પ્રવચન વર્ષ ૫ : અંક ૨૦/૨૩)

શાસન સમાચાર

પ. પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મેરૂચંદ્રવિજયજી મ. સા. ની પ્રેરણાથી 'ક' પ્રશ્ન પેપર પરિક્ષાનું પરિણામ જાહેર થયેલ. તા. ૧૯-૧૦-૬૮ રવિવારનાં ઢાઢા સાહેબ આરાધના હોલમાં પ્રથમ પાંચ નંબર આવનાર ને વિવિધ પ્રકારના ઇનામ અર્પણ કરેલ તેમજ બાકીનાને આશ્વાસન ઇનામ વિતરણ કરેલ.

-: પ્રથમ પાંચ નંબર આવેલ ભાગ્યશાળીઓના નામ :-

(૧) રાજેશ આર. શાહ – અંકુર એપાર્ટમેન્ટસ કૃષ્ણનગર.
(૨) સુનિતા આર. શાહ – શીલ્પી એપાર્ટમેન્ટસ ઢાઢાસાહેબ
(૩) શાહ આશિષ બી. – નેમીનાથ એપાર્ટમેન્ટસ મુનીડેરી – કૃષ્ણનગર
(૪) શાહ ચંદ્રેશ એ – ડેરી રોડ કૃષ્ણનગર
(૫) શાહ પંકજ એચ. – મેરૂ આશિષ વિદ્યાનગર

સ્થળ – ઢાઢાસાહેબ કાળાનાળા ભાવનગર.

પરમતારક દેવાધિદેવ શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા-ભક્તિના ફળનું વર્ણન કરતાં કહ્યું કે- શ્રી જિનેશ્વરદેવની પૂજા કરતે થકે ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નોની વેલડીઓ છેદ ઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

સંસાર રસિક અને ધર્માનુરાગી એવા આત્માર્થી જીવોમાં આ અંગે મોટો તીવ્ર મત ભેદ સંઘર્ષ ચાલુ છે.

શ્રી જિનપૂજા-ભક્તિનું સાચું ફળ શું ?

— શ્રી ગુણરાગી —

સંસાર રસિક જીવો સંસારમાં અર્થ-કામની આડે આવતી આપત્તિને ઉપસર્ગ, વિઘ્ન માને છે. તે દૂર થાય એટલે મનની પ્રસન્નતા અનુભવે છે.

જ્યારે ધર્માનુરાગી આત્માર્થી જીવ તો આખા સંસારને જ ઉપસર્ગ માને છે. તેથી જ કર્મજન્ય સુખ કે દુઃખમાં, રાજી કે નારાજ થતો નથી. પણ સુખને વિરાગથી અને દુઃખને સમાધિથી સહન કરે છે અને બન્ને અવસ્થામાં સાચી કર્મનિર્જરા સાધી મોક્ષ માર્ગમાં વિઘ્ન રૂપ વેલડીઓને છેદે છે. તેથી જ તેનું મન સાત્ત્વિક પ્રસન્નતાનો અનુભવ કરે છે. તેવા જીવને જ મહા અવધૂત યોગી પૂ. શ્રી આનંદઘનજી મહારાજે શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનની સ્તવના કરતાં ગાયું કે- 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે' તેનો સાચો સાક્ષાત્કાર થાય છે, અનુભૂતિ થાય છે. બીજાને નહિ.

ચિત્ત પ્રસન્નનો અર્થ કરતાં ઉપકારી પરમર્ષિઓ કહે છે કે, 'પોતાના આત્માને રાજી કરવો, લોકને નહિ.' લોકને ચિત્ર-વિચિત્ર પ્રસંગો બતાવી, રમૂજી વાતો કહી, ટુચકા સંભળાવી રાજી કરવા તે તો ખૂબ જ સહેલું કામ છે. પણ પોતાના આત્માને રાજી કરવો તે જ કઠીન દુર્લભ કામ છે. લોકને રાજી કરનારા અનેક મળશે પણ આત્માને રાજી કરનારા માત્ર પાંચ કે છ મળશે.

"ભૂયાંસો ભૂરિલોકસ્ય, ચમત્કારકરા નરાઃ ।
રંજયન્તિ સ્વચિત્તં યે, ભૂતલે તેઽત્ર પંચષાઃ ।।"

પોતાના ચિત્તને-આત્માને રાજી કરવો તે દુર્લભ કામ જરૂર કહ્યું પણ અસંભવિત નથી કહ્યું. આજે આપણે આવું વાંચી-સાંભળી અસંભવિત માની તેના પ્રત્યે ઉપેક્ષા- બેદરકારી સેવીએ છીએ તેથી જ છતી શક્તિ-સામગ્રીનો સદુપયોગ કરી શકતા નથી અને વાસ્તવિક લાભને પામી- મેળવી શકતા નથી.

ભગવાનની આજ્ઞા મુજબના સુંદર- માર્ગસ્થ વિચારો હૈયામાં પેદા થાય એટલે આત્મા રાજી થાય. ભગવાનની મારા ઉપર કૃપા થઇ, ભગવાન મારી પર પ્રસન્ન થયા- આ બધા ઔપચારિક વાકયો છે. વીતરાગ દેવ કયારે ય કોઇની ભકિતથી રાજી થતા નથી કે આશાતના- અભકિતથી નારાજ થતા નથી. પરંતુ આજ્ઞા મુજબ ભકિત કરનારા સાધકને, ભકિત કરતાં હૈયામાં જે અવર્ણનીય આનંદ પ્રગટે છે તેને જ વ્યકત કરતાં તેના મુખકમલમાં શબ્દો સરી પડે છે કે ભગવાન મારા ઉપર પ્રસન્ન થયા.

ચિત્તની પ્રસન્નતા મેળવવા આત્માને આવો બનાવવો ખૂબ જ જરૂરી છે. તે માટે આજ્ઞા મૂલક વિચારો સમજવા- કેળવવા પ્રયત્ન કરવો પણ જરૂરી છે. તે માટે આત્મિક-તાત્વિક હિત વિચારણા તરફ લક્ષ પેદા કરવાનું છે. આજે ભૌતિકતા તરફ એવી આંખ મંડાયેલી છે કે આત્મિક-તાત્વિક વાતો જન્મજાત વૈરી જેવી લાગે છે.

જેનું મન પ્રસન્ન બને તેના જ ઉપસર્ગો નાશ પામે અને વિઘ્નોની વેલડી છેદાય. મન ત્યારે જ પ્રસન્ન થાય કે ભગવાનની આજ્ઞા ઉપર સાચો પ્રેમ જાગે. અનુકૂળતાનું અનર્થકપણું પેદા થયા વિના આજ્ઞા ઉપર સાચો પ્રેમ જાગે નહિ. અનુકૂળતામાત્રમાં ઉદાસીનતા અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા કેળવાય ત્યારે જ મનની પ્રસન્નતા અનુભવાય.

સંસાર રસિકતા ટળ્યા વિના અને આત્માર્થી દશા પેદા થયા વિના આવી સ્થિતિ આવવી કઠીન છે. આવે તો ટકવી ય દુર્લભ છે. માટે સાચા આત્માર્થી બનીએ તો શ્રી જિનપૂજાનું સાચું ફળ 'મનની પ્રસન્નતા' પ્રાપ્ત થાય. તેવા માટે આ સંસાર એ સાગર ન રહેતા ગોષ્પદ- ખાબોચિયું બને છે.



જૈન શાસનમાં વિઘાતક તત્વોનો પ્રતિકાર હોય છે જેથી લોકપ્રિય થવું કઠીન છે પણ શાસન પ્રિયનું તે પ્રિયપાત્ર બની શકે

શ્રી જિનપૂજા અને તેનું ફળ

—પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !

(શ્રી જૈન પ્રવચન વર્ષ–૩૦ અંક ૪૩ માંથી સાભાર)

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ ।
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૧॥

દ્રવ્યપૂજા પણ ભાવપૂર્વકની જોઇએ :

અનંત ઉપકારી મહાપુરૂષોનું એ ફરમાવવું છે કે—'પૂજ્યમાને જિનેશ્વરે' એટલે કે મહા ભયંકર એવા સંસાર રૂપી સાગરથી પાર ઉતારનારા ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પૂજા કરતે કરતે, 'ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ' ઉપસર્ગો જેટલા હોય તે બધા ક્ષયને પામી જાય છે 'છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ' વિઘ્નની વેલડીઓ છેદાઇ જાય છે, અને 'મનઃ પ્રસન્નતામેતિ મન પ્રસન્નતાને પામે છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પૂજનાં આ ત્રણ ફળો કેવાં છે ? કોઇને પણ ગમી જાય એવાં છે ને ? ઉપસર્ગોનો ક્ષય થઇ જવા પામે, વિઘ્નની વેલડીઓ છેદાઇ જવા પામે અને મન પ્રસન્નતાને પામે, આ કાંઇ જેવાં–તેવાં ફળો છે ? આ ત્રણ ફળોની પ્રાપ્તિ કોને થાય ? ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારને આ ત્રણેય ફળોની પ્રાપ્તિ થાય. ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પૂજામાં પોતાના મનોયોગને, વચનયોગને અને કાયયોગને ચોજી દેનારા આત્માઓને, આ ત્રણેય ફળોની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પૂજા 'દ્રવ્ય અને ભાવ'–એમ બે પ્રકારે થાય છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન, એ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભાવપૂજા છે અને અંગપૂજા, અગ્રપૂજા–એ વગેરે ભગવાન શ્રી જિનેશ્વરદેવોની દ્રવ્યપૂજાના પ્રકારો છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં, ભાવપૂજા જ શ્રેષ્ઠ કોટિની છે અને ભાવપૂજાનું ફળ યાવત્ મુક્તિની પ્રાપ્તિ છે. તો પણ, દ્રવ્યપૂજાનું ફળ પણ અસાધારણ કોટિનું છે. દ્રવ્યપૂજા પણ જો ભાવપૂર્વકની હોય છે, તો જ તેની વાસ્તવિક કોટિની યોગ્યતાને પામી શકે છે. મુગ્ધ અગર ભદ્રિક જીવોને માટે ભાવ વિનાની પણ દ્રવ્યપૂજા લાભદાયક બની જાય છે, કારણ કે–એવા જીવોમાં સમજની ખામી હોય છે, પણ એ જીવોની એ ખામી કોઇ વિપરીત ભાવના આગ્રહને આભારી હોતી નથી, એટલે કે–સમજવાને માટે જે શક્તિ–સામગ્રી જોઇએ, તેની ખામી હોવાને લઇને સમજની ખામી હોય છે, પણ તેમને વિપરીત ભાવનો આગ્રહ હોતો નથી. એ જીવો તો પ્રાયઃ એવા

હોય છે કે જો ભાવપૂર્વકની શ્રી જિનપૂજાનું સ્વરૂપ એમના સમજવામાં આવી જાય, તો એથી એમને ખૂબ જ આનંદ થાય. એમને જો ખ્યાલ આપનાર મળે તો એમને સમજવાની ઇચ્છા પણ થાય, એમનાથી બની શકે તો એ સમજવાનો પ્રયત્ન પણ કરે અને જો સમજાઇ જાય તો એનો અમલ કરવાનો પુરૂષાર્થ પણ એ કરે.

એટલે એવા મુગ્ધ અગર ભદ્રિક જીવોને ભાવ વિનાની દ્રવ્યપૂજાથી થતા લાભની વાતને પકડીને, વિપરીત ભાવવાળાઓ જો ભાવની વાતની અવગણના કરે. તો તેમની દ્રવ્યપૂજા નિષ્ફળ તો નીવડે, પણ તેમને તેમના વિપરીત ભાવથી તથા વિપરીત ભાવના આગ્રહથી નુકશાન પણ થયા વિના રહે નહિ. દ્રવ્યપૂજા કરનારનું લક્ષ્ય ભાવપૂજા કરવાનું હોવું જ જોઇએ. ભાવપૂજાને પામવાના ભાવથી દ્રવ્યપૂજા કરનારની દ્રવ્યપૂજા પણ એટલી બધી મહિમાવંતી બને છે કે-એના યોગે ઉપસર્ગોનો ક્ષય થઇ જવા પામે અને સૌથી વિશિષ્ટ ફળ તો એ મળે કે—મન પ્રસન્નતાને પામે છે.

ઉદ્ધારનું અમોઘ સાધન શ્રી જિનાજ્ઞા :

આ બધો પ્રતાપ આજ્ઞાપાલન પ્રત્યેની અભિરૂચિનો છે ને? આજ્ઞાપાલનનું મહાફળ મુક્તિ છે, પરંતુ આજ્ઞાના પાલનની અભિરૂચિ પણ આવા વિશિષ્ટ ફળવાળી છે, એ વાત સમજાય છે? તમને કોઇ પૂછે કે-'એવી તે એ આજ્ઞા કયી છે, કે જે આજ્ઞા હૈયે જચી જાય અને એથી જે આજ્ઞાનું પાલન કરવાનું મન થાય, એમાં એવો ગુણ છે કે-ઉપસર્ગોને ક્ષીણ કરી નાંખે, વિઘ્નવલ્લીઓને છેદી નાંખે અને મનને પ્રસન્ન બનાવી દે?'—તો તમે શું કહેશો? એ વખતે તમારે ભગવાન શ્રી જિનેશ્વરદેવની ઓળખ આપવી પડે ને? આજ્ઞાનું જે મહત્ત્વ છે, તે આજ્ઞા કરનારના મહત્ત્વને લઇને છે ને? જેના હૈયે આજ્ઞા કરનારની કીંમત હોય નહિ, તેના હૈયે આજ્ઞાની કીંમત હોય નહિ. તમારે સમજાવવું પડશે કે-'ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ સંસારવર્તી જીવોના પરમ ઉદ્ધારક છે, માટે એ પરમ તારકોની આજ્ઞા ઉદ્ધારક છે.

અત્યાર સુધીમાં અનંતા ભગવાન શ્રી જિનેશ્વરદેવો થઇ ગયા છે અને તે તારકોની આજ્ઞાની આરાધનાના યોગે અનંતા આત્માઓનો ઉદ્ધાર થયો છે. શ્રી જિનાજ્ઞાની આરાધના, એ અનંતા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.' પછી જીવોના કેવા પ્રકારનો ઉધ્ધાર કરનારા ભગવાન શ્રી જિનેશ્વરદેવો છે, એનો પણ ખૂલાસો આપવો પડે ને? એ વખતે તો તમારે જરા વિગતથી વાત કરવી પડે. જીવ માત્ર અનાદિકાળથી ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. જગતમાં જીવો અનંતાનંત છે. જગતના અનંતાનંત જીવોમાંથી અત્યાર સુધીમાં જે જીવો મુક્તિને

પામ્યા છે તે જીવો તથા જે જીવો હાલ ચાર ગતિઓ પૈકીની જુદી જુદી ગતિઓમાં જન્મ-મરણાદિને પામી રહ્યા છે, તે બધાય જીવોના કરતાં પણ અનંતનંત ગુણા જીવો તો એવા છે, કે જે જીવો અનાદિકાલથી તિર્યંચગતિમાં જ છે અને તિર્યંચગતિમાં પણ નિગોદમાં છે. એ અનાદિ નિગોદમાંથી જે જીવો પોતપોતાની ભવિતવ્યતાના વશે બહાર નીકળીને વ્યવહાર-રાશિમાં આવ્યા, તેમાંના જે ભવ્ય જીવો, અને એ ભવ્ય જીવોમાં પણ જે જીવોની ભવિતવ્યતાદિ પરિપક્વપણાને પામવા જોગી સ્થિતિ હતી, એવા જ જીવોનો ઉધ્ધાર થઇ શકયો છે, એ તમે જાણો છો ! તત્ત્વસ્વરૂપના અભ્યાસ વિના, આવી વાતોનો ખ્યાલ હોય શી રીતિએ ?

નિગોદમાં રહેલા જીવોનો ઉદ્ધાર તો અશકય છે, પણ અનાદિ નિગોદમાંથી નિકળી વ્યવહાર-રાશિમાં આવેલા જીવોમાં પણ જે જીવો અભવ્ય હોય છે અથવા તો દુર્ભવ્ય હોય છે અથવા તો ભવ્ય છતાંય ભારેકર્મી હોય છે, તેમનો ઉધ્ધાર પણ થઇ શકતો નથી. એટલે ઉધ્ધાર તો માત્ર લઘુકર્મી એવા ભવ્ય જીવોનો જ થઇ શકે છે. આમ જે જીવો ઉદ્ધારને લાયક બન્યા હોય છે અગર બને છે, તેમના ઉપર જ શ્રી જિનવચન ઉપકાર કરી શકે છે.

આ જગતના એવા જીવોના ઉધ્ધારનું એક માત્ર અમોઘ સાધન શ્રી જિનાજ્ઞા જ છે. એવા જીવો શ્રી જિનાજ્ઞાના આલમ્બનને પામીને, પોતાના સાચા સ્વરૂપને પિછાનનારા બની શકે છે અને જગતના પદાર્થ માત્રના પણ સાચા સ્વરૂપને પિછાનનારા બની શકે છે. એને લઇને, એ જીવો સંસારમાં પરિભ્રમણ કરાવનારાં જે કર્મો છે, તેનાથી છૂટી જઇને મોક્ષને પામવાને ઇચ્છે છે. સંસારમાં પરિભ્રમણ કરાવનારાં કર્મો કેમ બંધાય છે અને એના યોગથી કેમ મુકત બની શકાય છે, ખ્યાલ તેનો આપીને, કર્મોથી છૂટવાનો ઉપાય સ્વતંત્રપણે બતાવનારા ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ હોય છે. સ્વતંત્રપણે મુક્તિમાર્ગ બતાવનાર બીજું કોઇ જ હોઇ શકતું નથી. બીજાઓ મુક્તિમાર્ગને બતાવનારા હોય તો એ તારકોનું બતાવેલું બતાવનારા હોય. આ જ, તારકોનો જગતના જીવો ઉપર પરમ ઉપકાર છે.

શ્રી જિનપૂજાનો ઉદારભાવ :

જીવને પરમ ઉદ્ધાર મુક્તિની પ્રાપ્તિ થવી-એ છે અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો પરમ ઉપકાર એ તારકોએ શુદ્ધ એવા મુક્તિમાર્ગને પ્રકાશિત કર્યો-એ છે. આ ઉપકાર જેઓના હૈયે વસે, તેઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની નામાદિ ચારેય નિક્ષેપાઓ દ્વારા યથાશકય પૂજા કર્યા વિના રહે ખરા ? જે જીવોના હૈયે ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો ઉપકાર વસ્યો હોય છે, તેવા આરંભ-પરિગ્રહમાં બેઠેલા હોય છે,

તો તેઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ય પૂજા કર્યા વિના પણ કેમ જ રહે ? અને, એવા જીવો દ્રવ્યપૂજા પણ ભાવપૂર્વક કરનારા હોય, એમાં શંકા રાખવા જેવું છે કાંઇ ? એવા જીવો ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો વિનય પોતે જે જે રીતિએ આચરી શકે તેમ હોય, તે તે રીતિએ ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો વિનય આચરવાને સજ્જ બનવાની ભાવનાવાળા હોય. તમારી ભાવના પણ એવી જ છે ને કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો શક્ય એટલો વિનય તો આપણે આચરવો જ ? એટલે તમારી દ્રવ્યપૂજા ઉદારતાવાળી હશે ને ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પૂજા કરવાને માટે હું મારાથી બની શકે તેટલાં ઉત્તમોત્તમ દ્રવ્યો એકઠાં કરું અને વાપરું'–એવું તમારા મનમાં ખરું ને ? શ્રી જિનની આજ્ઞા હૈયે વસ્યા વિના, શ્રી જિનની આજ્ઞાનો ઉપકાર હૈયે વસ્યા વિના આવો શ્રી જિનપૂજાનો ઉદારભાવ હૈયામાં પ્રગટે શી રીતિએ ? કદાચ પુણ્યના લોભે શ્રી જિનપૂજામાં ઉદારતા આવે, તો પણ એ ઉદારતામાં હૈયાના ભાવની જેવી જોઇએ તેવી બરકત ન હોય, કેમ કે– શ્રી જિનની આજ્ઞાનું પાલન પુણ્યનું કારણ હોવા છતાં પણ વાસ્તવિક રીતિએ તો મોક્ષના કારણ તરીકે જ આદરણીય છે. શ્રી જિનની આજ્ઞા જો મોક્ષના કારણ તરીકે પ્રથમ ખ્યાલમાં આવે, તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો જે ખરો ઉપકાર છે, તે સારી રીતિએ હૈયે વસે.

સંસારની ઇચ્છાને હઠાવવી પડશે :

આ ઉપરથી તમે શ્રી જિનની આજ્ઞાનો પાયો સમજી શક્યા કે ? આમ શ્રી જિનની પહેલી આજ્ઞા કયી કહેવાય ? એ જ કે–સંસારની ઇચ્છાને છોડીને, મોક્ષની ઇચ્છાવાળા બનવું ! ઉપસર્ગો અને વિઘ્નો–એ બધું સંસારની ઇચ્છાને આભારી છે. તમને ચાહના શાની છે ? મોક્ષની કે સંસારની ? સંસારની ઇચ્છા એટલે વિષયની અને કષાયની ઇચ્છા. સામાન્ય રીતિએ તો, વિષયની વાસનાએ અને કષાયની કલુષિતતાએ મનને એવું ઘરેલું હોય છે કે–જીવ એમાં જ રમે છે, અને એમાં જ રાચે છે. એનાથી થાય શું ? પાપ જ વધે ને ? વિષય-કષાયને આધીન બનેલો જીવ કદાચ ધર્માનુષ્ઠાનો આદિને આચરે અને એથી પુણ્ય બાંધે, તોય એનું એ પુણ્ય કેવું હોય ? વખાણવા જેવું નહિ ! એ પુણ્ય પણ જાણે પાપના ઘરનું હોય એવું હોય ! એ પુણ્યોદયના કાળમાંય, જીવના મનમાં શાંતિ નહિ ને અશાંતિ ઘણી ! પુણ્યે આપેલી સામગ્રીથી એ પુણ્ય બાંધવાને બદલે બહુલતયા પાપ બાંધે ! પાપોદયથી શું થાય ? ઉપસર્ગો અને વિઘ્નો આવે. એ વખતે તો મનપ્રસન્ન રહી શકે જ નહિ ને ? આ બધાનું કારણ શું ? સંસાર ! અને તેમ છતાંય ઇચ્છા સંસારની ? ઇચ્છા મોક્ષની જોઇએ અને સંસારની ઇચ્છા થઇ જાય તોય. મનમાં તેનો અણગમો જોઇએ.

શ્રી જિનપૂજાના ફળને પામવું હશે, તો તમારે આ સમજ લેવું પડશે અને સમજીને મનમાંથી સંસારની ઇચ્છાને હઠાવી દઇને સંસારની ઇચ્છાના સ્થાને મોક્ષની ઇચ્છાને સ્થાપિત કરી દેવી પડશે.

પૂજાનું ફળ મન પલટાયે મળે :

તમે લોકો એમ સમજી બેઠા છો ને કે-થોડું'ક દર્શન-પૂજન કરી લીધું, એટલે ઉપસર્ગો બધા નાશ પામી જાય અને વિઘ્નો બધાં ટળી જાય ? કોરી સંસારની ઇચ્છાથી જ દર્શન-પૂજન કરે તોય એ ફળ મળે ? અને સંસારની ઇચ્છાનું તો કોઇ ફળ જ નહિ, એમ ? જ્ઞાનિઓ ફરમાવે છે કે-શ્રી જિનપૂજા જે સાચી રીતિએ કરવી હશે, તો એ માટે મનમાં પલટો લાવવો પડશે. એવો પલટો લાવવો પડશે કે-'મારે જોઇએ છે તો એક મોક્ષ જ. મારું ધાર્યું મળતું હોય, તો મને એક મોક્ષ સિવાય બીજા કશાનો જ બધ નથી.

બીજી જે કોઈ ઇચ્છા થઈ જાય છે, તે મારી નબળાઇને આભારી છે અને એ નબળાઇ મારા ઉપાર્જેલા સંસારને આભારી છે. મારે સંસારથી મુક્ત બનવું છે.' આમ થશે, એટલે મોક્ષમાર્ગના સ્થાપક ભગવાનના દર્શન પૂજનમાં ખૂબ ઉલ્લાસ આવશે અને મોક્ષમાર્ગના સ્થાપક ભગવાનની સેવા થઇ શકવા બદલ, મન અસાધારણ કોટિની પ્રસન્નતાને પામશે. સંસારની ઇચ્છા રાખ્યા વગર અને મોક્ષની ઇચ્છાને બરાબર જાળવી રાખીને કર્મવશ જો સંસાર ભોગવાશે, તો તે સંસારેય એવી રીતિએ ભોગવાશે કે-જેટલો સંસાર ભોગવાયો એટલા સંસારથી છૂટ્યા, એટલે મનને થશે કે-ક્ષણે ક્ષણે હું મારા મોક્ષની નિકટમાં જઈ રહ્યો છું, અને એથી સંસારનો એવો ભોગવટો પણ મનની પ્રસન્નતામાં બાધાકારી નહિ નીવડે.

આ રીતિએ શ્રી જિનપૂજા કરનારાઓના ઉપસર્ગો નાશ પામી જાય ને વિઘ્નો ટળી જાય, એ બહુ મોટી વાત નથી. આવું ફળ જોઇએ છે ને ? હા, તો એ માટે પહેલાં સંસારની ઇચ્છા ઉપર કાપ મૂકવાની તૈયારી છે ?

શાસ્ત્રની હલકાઇ કરવાથી સુખી થઇ જવાય ?

આ વાતને નહિ સમજી શકનારાઓ, શ્રી જિનના દર્શન- પૂજના હિથી ઉભર્ગ જાય અગર તો શ્રી જિનના દર્શન-પૂજન આદિના નિંદક બની જાય, તો એ પણ બનવાજોગ છે. આજે તમે જે દર્શન-પૂજનાદિ કરો છો અને જે પ્રકારે તમે એ દર્શન - પૂજનાદિ કરો છો, તેનાથી ઉપસર્ગો ક્ષીણ થઇ જાય ? વિઘ્નોનો વિનાશ થઈ જાય ? મન પ્રસન્નભાવમાં જ રમ્યા

કરવા જોગી સ્થિતિ પેઠા થઇ જાય ? અને જો ઉપસર્ગો ક્ષીણ ન થાય, વિઘ્નોનું વિદારણ ન થાય તથા મનની અપ્રસન્નતા ટળે નહિ, તો પછી એમ માનવાનું કે—આ કાળમાં શ્રી જિનભક્તિનો મહિમા રહ્યો નથી ? તમારી ભૂલ તરફ તમારે જોવાનું જ નહિ ? તમે જે કાંઇ ભક્તિ કરો છો, તેમાં શો માલ છે, એય તમારે જોવું પડશે કે નહિ ? અરે, જેઓ બહુ ઉમટા ભાવે ભગવાન શ્રી જિનેશ્વરદેવોની ભક્તિ કરતા તેઓ પણ જો તેમને માથે આપત્તિ આવે, તો માનતા કે—'જે કાળમાં મને શ્રી જિનની આજ્ઞાનું પાલન નહિ મળેલું, તે કાળમાં મેં જે ભયંકર કોટિના પાપાચરણો આચરેલાં અને સંસારના ભાવથી સત્કૃત્યોને પણ દૂષિત કરેલા, તેનું આ પરિણામ છે અને એ મારે ભોગવવું તો પડે ને ?' એવા વિવેકી આત્માઓને તો મનમાં એમ થાય કે—'શ્રી જિનની આજ્ઞાનું સર્વોત્તમ કોટિનું પાલન સાધુપણા વિના થઇ શકે નહિ

શ્રી જિનની આજ્ઞાના સંપૂર્ણ પાલન રૂપ સાધુપણું આવતાં તો મારાં નિકાચિત એવાં પણ ઘણાં કર્મોનો ભૂકો થઇ જશે. ત્યારે જ મને શ્રી જિનપૂજાનું પરમ ફળ મળશે.' ભાવપૂજા વધતે વધતે જ્યારે સંપૂર્ણ કક્ષાની આવી જાય, ત્યારે જ દુઃખ માત્ર ટળે અને સંપૂર્ણ સુખનો અનુભવ થાય કે એમ ને એમ દુઃખ બધાં ટળી જાય ને સુખ સઘળું મળી જાય ? તમે આવો વિચાર કરો છો ખરા ? શાસ્ત્રોમાં શ્રી જિનપૂજાનું અને સદ્‌ગુરૂઓની સેવા આદિનું જે ફળ લખ્યું છે, તે ફળ શાસ્ત્રોમાં લખ્યા મુજબ શ્રી જિનપૂજા અને સદ્‌ગુરૂઓની સેવા આદિ જેઓ કરે, એમને મળે ને ? એ મુજબ શ્રી જિનપૂજાદિ કરવાનું લક્ષ્ય પણ હોય નહિ અને પછી ફળ મળે નહિ એટલે શાસ્ત્રની હલકાઇ કરવી, એ શું વ્યાજબી છે ? એમ શાસ્ત્રની હલકાઇ કરવાથી સુખી થઇ જવાય ? એટલે, શ્રી જિનની પૂજા આદિના ફળને પામવાને માટે, મનને પલટાવવાની જરૂર પહેલી છે. શ્રી જિનની સાચી પિછાન થાય અને શ્રી જિનના ઉપકારની સાચી પિછાન થાય, તો શ્રી જિનની આજ્ઞાની આરાધના કરવાની કમે કરીને તીવ્ર ભાવના જન્મે અને એથી થોડી પણ ભક્તિ મહાફળને પમાડનારી નીવડે.

દુઃખમાં પણ પ્રસન્નતાનો અનુભવ કરી શકે :

શ્રી જિનને પૂજતે પૂજતે પાપોનો ક્ષય થઇ જાય અને પુણ્યનો બંધ થયા કરે, એથી ઉપસર્ગાદિ ટળે અને સુખસામગ્રી મળે, એ બહુ મોટી વાત નથી, પરંતુ શ્રી જિનપૂજાનું સૌથી વિશિષ્ટ અને પ્રત્યક્ષ જેવું ફળ તો મનની પ્રસન્નતા છે. શ્રી જિનની પૂજાને અને શ્રી જિનની પૂજાના ભાવને પામતા પૂર્વે એવાં દૃઢ પાપો ઉપાર્જ્યાં હોય કે—એના યોગે ઉપસર્ગાદિ આવે, પરંતુ શ્રી જિનપૂજાના યોગે આત્મામાં જો ગુણનું

પ્રગટીકરણ થવા પામ્યું હોય, તો ઉપસર્ગાદિના સમયે પણ મન અપ્રસન્નતાનો અનુભવ કરે નહિ, પરંતુ પ્રસન્નતાનો અનુભવ કરે.

શ્રી જિનની પૂજા કરનારો, શ્રી જિનની પૂજા કરીને સદ્‌ગુરૂનો સુયોગ હોય તો સદ્‌ગુરૂની પાસે પણ જાય ને ? સદ્‌ગુરૂની પાસે જઇને એ સદ્‌ગુરૂના શ્રીમુખે શ્રી જિનવાણીનું શ્રવણ પણ કરે ને ? શ્રી જિનવાણીના શ્રવણથી આત્મામાં વિવેકગુણ પ્રગટવા પામે કે નહિ ? જે આત્માઓમાં વિવેકગુણ પ્રગટયો હોય, તે આત્માઓને જ્યારે દુઃખ આવે ત્યારે શું લાગે ? અને જ્યારે કોઇ પણ પ્રકારની સારી સામગ્રી કે, સુખસામગ્રી મળી જાય ત્યારે પણ શું લાગે ? જેટલું દુઃખ, તે શ્રી જિનની આજ્ઞા નહિ પાળેલી, શ્રી જિન કથ્યાથી ઊલટું કરેલું, શ્રી જિનાજ્ઞાની વિરાધનાદિ કરેલ, તેનું ફળ છે–એમ લાગે ને ? અને થોડું પણ સુખ, જાણ્યે–અજાણ્યે શ્રી જિનાજ્ઞા પળાઇ ગયેલી–તેનું ફળ છે, એમ પણ લાગે ને ? એના યોગે દિલ શું ચાહે ? શ્રી જિનની આજ્ઞાની આરાધનાને જ ને ? અને 'ભૂલે ચૂકે પણ મારાથી શ્રી જિનની આજ્ઞાની વિરાધના થઇ જવા પામે નહિ, એની મારે તકેદારી રાખવી જોઇએ.'–એમ પણ થાય ને ? આ વિવેકમાં સમાધિ આપવાની જેવી-તેવી તાકાત છે ? મનનો સાચો સમાધિભાવ, એજ મનની સાચી પ્રસન્નતા છે ને ? શ્રી જિનની આજ્ઞાનું થોડું પણ આરાધન મનને કેટલું બધું પ્રસન્ન બનાવે ? ઘણું જ, કેમ કે–સઘળાય સુખનું કારણ શ્રી જિનાજ્ઞાનું પાલન કરવું એજ છે, એ વાત મનમાં બરાબર જચી ગયેલી છે.

આવા વિવેકી જીવના મનની પ્રસન્નતા ઉપસર્ગાદિની વેળાએ પણ ટકી શકે. એને ઉપસર્ગાદિ આવે ત્યારે એમજ થાય કે–'ભૂતકાળમાં શ્રી જિનાજ્ઞાથી ઊલટું જે કરેલું, શ્રી જિનાજ્ઞાનો જે ભંગાદિ કરેલો, તેનાથી બંધાયેલ જે પાપકર્મ, તેનું જ આ ફળ છે. સારૂં થયું કે–એ પાપ આ સમયે ઉદયમાં આવ્યું, કે જ્યારે હું સજાગ છું. 'આ મારૂં જ પાપ છે, મારા પાપનું જ આ ફળ છે.' એનો મને ખ્યાલ આવે અને આ પાપોદયને સમતાથી ભોગવી લઇને નિર્જરા સાધી શકાય–એવા સારા સમયમાં આ પાપ ઉદયમાં આવ્યું તે સારૂં થયું. આત્માને કર્મના ભારથી વધારે હળવો બનાવવાની આ સુંદર તક છે.' આવા પ્રકારના વિચાર માત્રમાં પણ, આવેલા દુઃખને હળવું કરી નાંખવાની અને મનને પ્રસન્ન બનાવી રાખવાની કેટલી બધી તાકાત છે ? વિવેકી તો સમજે કે–અ પણે બાંધેલું પાપ ઉદયમાં આવી જાય, તો એથી ઉપસર્ગાદિ આવ્યા વિના રહે નહિ.

જેને પોતાની ભૂલનો ખ્યાલ ન આવે તે દુઃખ આવ્યે ચીડાય, પણ જેને પોતાની

ભૂલનો ખ્યાલ આવે તે દુઃખ આવ્યે શાનો ચીઢાય ? સમજુ તો સમજે કે-'આ વખતે ચીઢાવાની ભૂલ કરવી, એ વર્ત્તમાનના દુઃખને તો વધારનાર છે, પણ ભવિષ્યનાં દુઃખનેય સર્જનાર છે. હવે તો આ દુઃખમાં શ્રી જિનાજ્ઞાની જ આરાધના કરું.' આ વિચારથી મનની પ્રસન્નતા ટકી રહે ને ? અને આવા વિવેકપૂર્વક શ્રી જિનપૂજામાં રત રહેવાથી, ઉપસર્ગો તથા વિઘ્નો પણ ટળી જાય ને ? હા, કેમ કે-ઉપસર્ગો તથા વિઘ્નોનું કારણ તો કર્મનો યોગ છે અને આત્માની સાથેના કર્મના યોગને ટાળવાનો પ્રયત્ન ચાલુ છે, એટલે ઉપસર્ગાદિને પેદા કરનારાં કર્મોની નિર્જરા પણ ચાલુ જ છે. આમ શ્રી જિનપૂજા કેવી મહા ફળવતી બની જાય, તેનો ખ્યાલ આવે છે ?

કર્મસત્તાથી મુક્ત બનવાને માટે શ્રી જિનપૂજા :

કર્મસત્તાનો તમને ખ્યાલ છે ? કર્મસત્તા, એ એક એવી સત્તા છે કે-જે એનાથી મુક્ત બને તે ફાવે, પણ જે એની સત્તામાં હોય તે એને છેતરી શકે નહિ. તમે મંદિરમાં ભગવાનની પાસે જઈને ગમે તેમ સમજાવવા જેવું કરી આવો-એય બની શકે અને અમને પણ ઉઠાં ભણાવી જાઓ-એય બની શકે, પણ કર્મસત્તાને કોઇ ઠગી શકતું નથી.

દેવને નથી માનતા-કહીને તમે આઘા રહી શકશો, ખુદ ભગવાન વિચરતા હતા ત્યારે પણ એ તારકને નહિ માનનારા જીવો હતા, ગુરૂઓને નથી માનતા, ધર્મને નથી માનતા, શાસ્ત્રોને નથી માનતા-આવું બધું કહીને તમે આઘા રહી શકશો, પણ કર્મસત્તાને નથી માનતા-એમ કહેશો એટલે કર્મસત્તાથી આઘા નહિ રહી શકો. દેવાદિને નથી માનતા-એવું કહેનારાઓને, દેવાદિની અવગણના કરનારાઓને, કર્મસત્તા જ્યારે એનું ફળ આપે છે, ત્યારે એવી એવી દશા પણ થઇ જાય છે કે-ખાવાનું મળે નહિ અને ખાવાનું મળે તોય ખાઇ શકાય નહિ, પીવાનું મળે નહિ અને પીવાનું મળે તોય પીઇ શકાય નહિ ! તમે તો કદાચ આ ભવમાં આવી કાંઇ પીડાઓ જોઇ નથી, પરંતુ કર્મસત્તાના યોગે જીવોને એવી એવી પીડાઓ ભોગવવી પડે છે, કે જે પીડાઓની તમને તો પૂરી કલ્પના પણ આવી શકે તેમ નથી.

આપણે બધા અત્યાર સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા કરીએ છીએ. એ પણ કર્મસત્તાને લઇને જ છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ આ વાતનો ખ્યાલ આપ્યો છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ એ સમજાવ્યું છે કે- 'આમ કરવાથી કર્મસત્તા મજબૂત બને છે અને આમ આમ વર્તવાથી કર્મસત્તા ઢીલી પડતી જાય છે. જીવ જો

કર્મસત્તાથી સર્વથા છૂટે, તો જ એ પોતાના અનંત સુખનો ભોક્તા બની શકે.' કર્મસત્તાને લઇને જીવોમાં ભિન્ન ભિન્ન પ્રકારની નબળાઇઓ વગેરે પણ હોય છે. એ નબળાઇઓ હોય તેવા વખતે પણ કેવા પ્રકારે કર્મસત્તાને તોડવાનો પ્રયત્ન કરી શકાય છે, એ પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ બતાવ્યું છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો આ જેવો-તેવો ઉપકાર છે ? આવા ઉપકારિની જેટલી ભક્તિ કરીએ, તેટલી ઓછી જ ગણાય ને ? અને આવા ઉપકારિની ભક્તિના જેટલા પ્રકારો તેમાં સર્વશ્રેષ્ઠ પ્રકાર કયો ? એ ઉપકારિની આજ્ઞાની આરાધના, એ ઉપકારિની આજ્ઞાની આરાધના રૂપ સર્વશ્રેષ્ઠ ભક્તિ કરવાની અને સામગ્રી મળે, એ માટે અધિકાર મુજબ દ્રવ્ય ભક્તિ કરવાનું વિધાન છે.

એટલે વસ્તુતઃ શ્રી જિનપૂજા શા માટે કરવાની ? કહો ને કે-કર્મસત્તાથી-સર્વથા મુક્ત બનવા માટે ! કર્મસત્તાથી સર્વથા મુક્ત બનવું, એટલે પોતાના સ્વભાવને પોતે સંપૂર્ણપણે પ્રગટાવવો એ ! એને માટે આલંબન એક માત્ર શ્રી જિનપૂજા જ છે. શ્રી જિનપૂજામાં લાગવાને મોક્ષને માટે કહેલી સઘળીય ક્રિયાઓનો સમાવેશ થઇ જાય છે. સાધુઓ પણ શ્રી જિનપૂજક અને શ્રાવકો પણ શ્રી જિનપૂજક !

તમે ગૃહસ્થ છો એટલે આજ્ઞાપાલન રૂપ ભાવપૂજા તમે અતિ અલ્પ પ્રમાણમાં કરી શકો છો અને તમે દ્રવ્યવાળા છો માટે તમારે માટે દ્રવ્યપૂજાનું વિધાન છે. દ્રવ્યપૂજા તો દ્રવ્યની મૂર્છાને ઉતારનાર છે. ત્યારે એ કહો કે-શ્રી જિનનો પૂજારી, એ પૈસાનો પૂજારી હોય ખરો ? શ્રાવક પૈસાનો પૂજારી ન જ હોય ને ? ગૃહસ્થ છે એટલે એને પૈસા રાખવા પડે છે, પણ એની ઇચ્છા કયી ? અપરિગ્રહી બનવાની ને ? આવી ભાવનાવાળો, પોતાની પાસે દ્રવ્ય હોય, તે છતાં દ્રવ્યનો સારામાં સારો ઉપયોગ શ્રી જિનપૂજાદિમાં કર્યા વિના રહે ખરો ? અને તેમ છતાંય મનમાં એ શું ઇચ્છે ? 'ક્યારે આ બધાથી હું છૂટું અને ક્યારે હું એકાંતે શ્રી જિનની આજ્ઞાની આરાધના કરનારો બનું !'—એવું જ એ ઇચ્છે ને ?

શ્રી જિનપૂજન કરનારે સાચી સમજનો અને સામર્થ્યનો યોગ સાધવો જોઇએ :

આજના કાળમાં આ વાતમાંય ઘણી ગરબડ છે ને ? પછી દેખીતી રીતિએ શ્રી જિનપૂજા કરવા છતાંય, મનની પ્રસન્નતાનો ખરેખરો અનુભવ થાય શી રીતિએ ? આપણે તો સામર્થ્ય એવું કેળવવું જોઇએ, કે જેથી ગમે તેવા કારમા પણ ઉપસર્ગો આવી પડે અને વિઘ્નની વેલડીઓ આપણને ઘેરી વળે, તે છતાં પણ એ આપણા મનને અપ્રસન્ન બનાવી શકે નહિ. એ માટે આત્માના સત્ત્વનો ભારે વિકાસ તો થવો

જોઇએ, પણ સાથે સાથે સુન્દર પ્રકારની સમજનો પણ આવિર્ભાવ થયેલો હોવો જોઇએ. ઉપસર્ગો ને વિઘ્નો ન આવે તો ઘણું સારૂં, પણ આપણે ઇચ્છીએ કે–ઉપસર્ગો ને વિઘ્નો ન આવે, એથી કાંઇ ઉપસર્ગો ને વિઘ્નો ન જ આવે, એવું બને ખરૂં ? ભગવાન શ્રી મહાવીર પરમાત્માને કેટકેટલા ઉપસર્ગો અને તે પણ કેટકેટલી ભયંકર કોટિના ઉપસર્ગો આવ્યાં હતા ? છતાં પણ પોતાના મનની પ્રસન્નતાને એ તારકે જરા સરખીય આંચ આવવા દીધી નહિ. ધીરતાથી ને વીરતાથી એ ઉપસર્ગોને સહ્યા અને રત્નત્રયીમાં રમણ કર્યા કર્યું. પરિણામે ઉપસર્ગોને વિઘ્નો તો ટળી ગયાં, પણ એનું મૂળ પણ ગયું. શ્રી જિનપૂજાથી આપણે પણ એવા જ ફળને પામવું છે ને ? ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ પોતાના અન્તિમ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં તો કેવી ઉત્કટ કોટિની આરાધના આરંભી દીધી હતી ? અને ભાવના પણ કેવા ? કોઇનાય ભૂંડાની ભાવના નહિ અને જીવ માત્રના ભલાની જ ભાવના ! એ ભાવનામાંય વિવેક ! 'જો મારામાં એવી કોઇ શક્તિ હોય, તો હું જગતના જીવ માત્રને શ્રી જિનશાસનના રસિક બનાવી દઉં. કે જેથી તેઓ શ્રી જિનશાસનની આરાધના કરીને મુક્તિને પામે, એટલે કે–સૌ દુઃખ માત્રથી મૂકાય અને અનન્તા સુખના ભોક્તા બને !' આવી ભાવનામાં ત્રીજે ભવે રમનારા અને સંયમની પણ અસાધારણ કોટિની આરાધના કરનારા એ હતા ને ? વચલા ભવમાં પણ એ વિરાગભર્યું જીવન જીવનારા હતા ને ? અને અન્તિમ ભવમાં ત્રણ નિર્મળ જ્ઞાને સહિત હોઇ ને જ્ઞાનપ્રધાન જીવન જીવનારા હતા ને ? એવા પણ આત્માને ઉપસર્ગો આવ્યા, એ જાણો છો ને ? તો, તમને ને અમને ઉપસર્ગ કે વિઘ્ન આવે જ નહિ, એ બને ખરૂં ? પણ એ નક્કી કરો કે–ઉપસર્ગાદિ આવે શાથી ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોના આત્માઓને અગર તો અન્ય કોઇ પણ આત્માઓને જે ઉપસર્ગાદિ આવે, તે આવે શાથી ? જે કાળમાં એકાન્તે શ્રી જિનાજ્ઞાની આરાધના ચાલી રહી હોય, તે કાળમાં પણ જો ઉપસર્ગાદિ આવે, તો તે ઉપસર્ગાદિ આવે શાથી ?

શ્રી જિનનું પૂજન તો ઉપસર્ગોના ક્ષય આદિનું જ કારણ છે ને ? છતાંય એ પૂજન જ્યારે ચાલુ હોય ત્યારેય ઉપસર્ગાદિ આવે–એવુંય બને છે, તો ઉપસર્ગાદિ આવે શાથી ? શ્રી જિનનું પુજન નહિ કરનારાઓને તો ઉપસર્ગાદિ આવે જ છે, પરન્તુ શ્રી જિનનું પુજન ઉપસર્ગોના ક્ષય આદિનું જ કારણ કહેવાય છે, છતાં પણ જ્યારે જે શ્રી જિનનું પુજન ચાલુ છે–તે વખતે પણ જો ઉપસર્ગાદિ આવે છે, તો એના કારણનો વિચાર તો કરવો જોઇએ ને ? કહો કે–શ્રી જિનનુ પુજન જે કાળમાં નહિ મળેલું, તે કાળમાં જે પાપો ઉપાર્જેલાં, તેનું એ ફળ છે !

શ્રી જૈનની આજ્ઞાથી ઉલટું કર્યા વિના, શ્રી જિનની આજ્ઞાની વિરાધનાદિ કર્યા વિના, ઉપસર્ગાદિ આવે જ નહિ. શ્રી જિનપૂજા જે કાળમાં મળી હોય, તે કાળમાં પણ ભૂલો થતા પામી હોય, એવું ય બને ને? એ બધાં જે પાપકર્મો, તેમાંનાં જે પાપકર્મોની શ્રી જિનપુજાના યોગે નિર્જરાદિ થઇ જાય-તેની વાત જુદી છે. પરન્તુ જે પાપકર્મો ઉદયમાં આવે, તેના ફળને તો ભોગવવું પડે ને? એ ફળને ભોગવતી વેળાએ પણ શ્રી જિનપુજન મનને પ્રસન્ન રાખી શકે! એ માટે, સાચી સમજની અને તેની સાથે સામર્થ્યનો યોગ પણ સાધવો જોઇએ.

જો સાચી સમજ હોય અને તેની સાથે સામર્થ્યનો યોગ પણ હોય, તો એવા પણ કાળમાં મન અપ્રસન્ન બને નહિ અને શ્રી જિનપુજનથી મન પ્રસન્ન રહેવા સાથે, એવી નિર્જરાદિનો લાભ થયા કરે કે-અલ્પ કાળમાં શાશ્વત સુખના ભોકતા બની શકાય. એટલે જે કાંઇ પણ સારૂં મળે કે સારૂં થાય, એ પ્રતાપ શ્રી જીનપુજનનો જ છે.

શ્રી જિનના પરમ ઉપકારનું સ્મરણ ને રટણ :

મનની પ્રસન્નતા, એ પણ એક સમજવા જેવી વસ્તુ છે. આજે તમે તમારા મનની પ્રસન્નતા શાના શાના યોગે માનો છો? વિષયોના ભોગવટાની મન ચાહે તેવી અનુકુળતા હોય અને કષાયો સફળ નીવડતા હોય, તો મન પ્રસન્ન રહે છે! પણ તમે અનુભવતા નથી કે- વિષયની અને કષાયની ઇચ્છામાં પણ મનને અપ્રસન્ન બનાવી દેવાની જ તાકાત છે? મનને પ્રસન્ન કરવાની એની તાકાત છે જ નહિ. એ તો જે તનને થોડી ઘણી પ્રસન્નતાનો અનુભવ થાય છે, તે પુણ્યોદયના યોગના પ્રતાપે અને અજ્ઞાનતાને લીધે થાય છે. એ થોડી પણ પ્રસન્નતા, પાછી મહા અપ્રસન્નતાનું કારણ બનવાની. વિષય-કષાયને આધીન જીવને, દુઃખ ન જ હોય-એવું કદી પણ બને નહિ અને એને દુ:ખી દુઃખી થઇ જતાં વાર લાગે નહિ. જરાક પ્રતિકુળતા આવે, પ્રતિકુળતા આવે તો શું, પણ પ્રતિકુળતા આવશે-એવો ખ્યાલ માત્ર પેદા થાય, ત્યાં જ મન બેચેન બની જાય છે ને? એટલે મનની પ્રસન્નતાને સાધવાને માટે, દુનિયાદારીની ચીજોની ઇચ્છા ઉપર જ કાબુ મૂકવો પડશે અને સંગ માત્રથી મૂકવાની ભાવનાને ખુબ જ સતેજ બનાવ્યા કરવી પડશે, શ્રી જિનપૂજન કરતે કરતે જો ઉપસર્ગો બધા ક્ષીણ થઇ જાય-એવું કરવું હોય, વિઘ્ન વેલડીઓ છેદાઇ જવા પામે-એવા પરિણામને નીપજાવવું હોય અને મન પ્રસન્નતાને પામે-એ ફળ મેળવવું હોય, તો મનમાં એ વાતનો નિશ્ચય કરી લેવો પડશે કે-શ્રી જિનપૂજનથી જ મનની પ્રસન્નતા છે. શ્રી જિનપૂજન થાય, અરે, શ્રી જિનપૂજનનો માત્ર ભાવ પણ મનમાં પ્રગટે અને મન

પ્રસન્ન બની જાય, એવા વિવેકવાળા બનવું પડશે. એ માટે, ભગવાન શ્રી જિનેશ્વર-દેવોએ કરેલા પરમ ઉપકારનું સ્મરણ અને રટણ કર્યા કરવું પડશે. 'મારૂં ભલું એક માત્ર શ્રી જિનપૂજનથી જ થઇ શકે તેમ છે.' –એ વાત હૈયે સદાય રહ્યા કરે અને કદી પણ વિસરાય નહિ, એવું કરવું પડશે. આટલું થશે, તો ક્રમે ક્રમે શ્રી જિન-પૂજનમાં વધ્યે જવાશે અને શ્રી જિનપૂજનના પરમ ફળને પામી શકાશે 'અવિરતિથી છૂટવું છે અને જે કોઇ ઉપસર્ગાદિ આવે–તેને સમભાવે સહતા રહીને શ્રી. જિનપૂજન-માં જ રત રહેવું છે. '–એ ભાવના આવે અને એ ભાવનાને સફળ બનાવવાની કોશિષ થાય, તો ઉપસર્ગાદિનો ડર ભાગી જવા પામે. શ્રી ખંધક મુનીશ્વરની જીવતાં ખાલ ઉતારાઇ હતી, છતાં એ અપ્રસન્ન નહોતા બન્યા, એ પ્રતાપ શ્રી જિનપૂજનનો અને એ વખતે શ્રી જિનપૂજનમાં રત રહીને એ મહાત્મા શ્રી જિનપૂજનના ફળને સારી રીતીએ પામી શક્યા. એટલે દુઃખના ડરને તજીને અને સંસારના સુખની ઇચ્છાને પણ તજીને એક માત્ર શ્રી જિનપૂજનમાં લાગી જવું, એ જ સાચો તરણોપાય છે. આવી મનોવૃત્તિથી દ્રવ્યવાનો શ્રી જિનના દ્રવ્યપૂજન દ્વારા પણ અનેકવિધ ઉત્તમ ફળોને પામનારા બની શકે છે. સૌ કોઇ શ્રી જિનપૂજનને પામે અને શ્રી જિનપૂજનમાં સદા રત બનીને મુક્તિને સાધનારા બનો, એ જ એક શુભાભિલાષા.

* *

–: શાસન સમાચાર :–

મુંબઇ –શ્રીપાલનગર વાલકેશ્વર–અત્રે પૂ. આ. શ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મ.પૂ. આ. શ્રી વિજય કિર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી લાલચંદ છગનલાલના ધર્મમય જીવનની સમાધિપૂર્ણ સ્વર્ગવાસની ચોથી સ્વર્ગારોહણતિથિ પ્રસંગે તેમના પરિવાર તરફથી કા. સુ. ૫ થી કા. સુ. ૧૨ સુધી અષ્ટાહ્નિકા મહોત્સવ ચોજેલ જેમાં ૧૦૮ પાર્શ્વનાથ પૂજન અદ્વાર અભિષેક અર્હદ અભિષેક બૃહદસ્નાત્ર આદિ કાર્યક્રમ રાખેલ વિધિ માટે જામનગરથી શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા મલાડથી પંડિત શ્રી રમણિકલાલ મણિલાલ સંઘવી ભાભરવાળા પધાર્યા હતા સંગીત માટે શ્રી દીનેશભાઇ શાહે રંગ જમાવ્યો હતો. કા. સુ. ૧૨ ના ખીરના એકાસણા કરાવ્યા હતા

ઝાડોલી (રાજસ્થાન) અત્રે પુ. મુ. શ્રી મુક્તિભદ્ર વિ. મ. ની નિશ્રામાં સ્વ. પુનમચંદજી લલિતકુમારના શ્રેયાર્થે તથા શ્રીમતી સંતીબેન રૂપચંદના જીવીત મહોત્સવ નિમિત્તે આસો સુ. ૬ થી ૧૩–૧૪ સુધી નવાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવ્યો.

જડ અને ચેતનાનો સંયોગ એ જ સંસારનું મૂળ કારણ છે. તેથી સંસાર અસાર અને દુઃખદાયક છે. આ અસાર સંસારમાં ધર્મ જ એક સાર છે. માટે ધર્મનું આચરણ કરવું જોઇએ. ધર્મથી ઘણા ભોગો ધર્મથી દેવતાઇ સંપત્તિ, ધર્મથી પુત્ર અને મિત્રો તેમજ ધર્મથી સર્વ પ્રકારનાં સુખો પ્રાપ્ત થાય છે. ધર્મરૂપ વૃક્ષો પાંચ અથવા બાર છે. દાન, શીલ, તપ અને ભાવ એવા અનેક ધર્મના ભેદો છે. વળી તેમાં પણ મુખ્ય પુણ્ય જિન પૂજા જિનદર્શન વખણાય છે. કારણ કે જિનદર્શન વિના માણસોને સમ્યક્ત્વ પણ વિકસિત થતું નથી. તેમાં પણ જિનદર્શન પૂજા વિધિપૂર્વક જ કરવું જોઇએ. અહીં યુક્તિથી કરેલ ઔષધ ગુણને અર્થે થાય છે. જે માણસો જિનેશ્વરના દર્શન અને પૂજા કરીને નિરંતર ભોજન કરે છે તેઓનું તે ભોજન કહેવાય છે. બાકીના

જિન દર્શન પૂજા મહિમા

— પ્રે. પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

જીવોનો આહાર કહેવાય છે.

હે ભવ્યજનો ! સાંભળો નિશ્ચે ભોજન કરવાના અવસરે નિરંતર જિનેશ્વરનું દર્શન તથા પૂજન કરવું. મુખ્ય રીતે તો ત્રિકાલ જિનદર્શન–પૂજા કરવું.

હવે કઇ રીતે જિનદર્શન–પૂજા કરવું ? એમ પુછતાં તે શ્રેષ્ઠ મુનિએ પ્રગટપણે કહ્યું-કરેક પુણ્યકર્મમાં ભાવની જ પ્રશંસા કરાય છે. માટે ભાવથી જિનદર્શન તથા પુજા કરવી જોઇએ. ભાવ વડે કરેલ દર્શન તથા પુજા સમ્યગ દર્શનને નિર્મળ બનાવે છે.

ધનકુબેર શેઠના દત્ત નામના પુત્રે ભક્તિભાવથી ભગવાનના દર્શન તથા સ્નાત્રપુજા કરી પછી બીજા ભવમાં તે આનંદ રાજાના મેઘનાદ નામના પુત્રરૂપે જનમ્યા. ત્યાં તેણે જિનદર્શન પુજાનું ફળ કેવી રીતે મેળવ્યું. તે નીચે પ્રમાણે કથા વાંચીને ધ્યાનમાં લેવું.

જિનદર્શન તથા સ્નાત્રપુજાના પ્રભાવથી મેઘનાદના રાજ્યમાં કયાંય પણ અનાવૃષ્ટિ થઇ નથી. સમયસર વરસાદ પડતો નથી. ગરમીના દિવસોમાં સોનાના સૈનિકો તરસથી વ્યાકુળ થયા ત્યારે છાવણીમાં જ વરસાદ થયો. દેશભરમાં સુકાલ કરનારી દર્શન તથા પુજા ભાવથી કરાઇ. પુર્વે જેણે પ્રભુની પુજા તથા દર્શન કરી છે તેની ગતિ કહેવાય છે.

આ ભરતક્ષેત્રમાં પદ્મપુર નામનું નગર છે. તે નગરમાં જાણે સાક્ષાત્ 'આનંદ' જેવો આનંદ નામનો રાજા હતો રૂપથી જાણે દેવી તે રાજાને જયંતી નામની પટ્ટરાણી હતી. શ્રેષ્ઠિપુત્ર દત્તનો જીવ જયંતીનાં ઉદરમાં અવતર્યો. તે વખતે રાણીએ તુરત સ્વપ્નમાં પાણીથી ભરપૂર એક સરોવર જોયું. તે જ વખતે રાણીએ પુછ્યું એટલે રાજાએ સ્પષ્ટ કહ્યું કે, 'હે દેવી ! હમણાં લોકમાં દુષ્કાળ પડવાની વાત ચાલે છે. જેથી લોકોએ પણ કહ્યું કે મેઘવૃષ્ટિ થશે નહીં માટે ધાન્યાદિનો સંગ્રહ કરવો પરંતુ હે દેવી ! તારા આ સ્વપ્નથી પ્રતિતિ થાય છે કે, મેઘવૃષ્ટિ કરશે અને આપણા કુળના આભૂષણ રૂપ પુત્ર પણ અવતરશે પછી હર્ષ પામેલી રાણી ગઇ અને પોતાનો આવાસ શોભાવ્યો.

વળી તે જ અવસરે વાદળાઓ પણ આકાશમાં શોભવા લાગ્યા વીજળી ઝબૂકવા લાગી, વાદળાઓ અતિશય ગર્જના કરવા લાગ્યા અને ત્યાં સર્વ સ્થાનમાં અખંડિત મહાવૃષ્ટિ થઇ. તે વખતે તળાવ પક્ષીઓથી શોભવા લાગ્યાં. જળકમળો ખીલી ઉઠયાં અને જળવૃષ્ટિ કરવામાં કુશલ મેઘ શોભવા લાગ્યા. તે વખતે રાજા વિચારવા લાગ્યો કે અહીં સ્વપ્નનું સાચાપણું આશ્ચર્યકારી છે. અને પ્રિયાની કુક્ષિમાં અવતરેલા પુત્રનું ભાગ્ય પણ આશ્ચર્યકારી છે. પછી નવ મહીનાઓ પુરા થયા એટલે તે જયંતી રાણીએ શુભ અવસરે ગુણલક્ષણવંત એવા સુંદર પુત્રને જન્મ આપ્યો. રાજાએ હર્ષવંત એવા લોકો સાથે જન્મ મહોત્સવ કરીને તે પુત્રનું સ્વપ્ન અનુસારે મેઘનાદ નામ પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામતા તે કુમારે ચંદ્રમાની પેઠે સર્વ કળાઓને ધારણ કરી પરંતુ કલંક રહિત થયો. ઉત્તમ યુવાવસ્થા પામેલા સ્ત્રીઓને મનોહાર રાજ્યભારને ધારણ કરવા સમર્થ એવા તે પુત્રને જોઇ રાજા વિચારવા લાગ્યો. મારા સર્વ પૂર્વજોએ કેશ સફેદ થવાથી પહેલાં ચારિત્ર લીધું હતું મારે એવો ધુરંધર પુત્ર છતાં આ રાજ્ય કરવું યોગ્ય નથી. એ પ્રમાણે વિચાર કરીને આનંદ રાજા સવારે પુત્રને રાજ્ય આપીને પોતે દીક્ષા લઇ તપથી કર્મ રૂપી સાંકળને ભેદી નાખી મોક્ષ પામ્યા.

પૃથ્વી ઉપર મેઘનાદ રાજા પ્રજાનું પાલન કરતો હતો ત્યારે યોગ્ય સમયે વૃષ્ટિ કરનારા મેઘ કોઇ દેશોને વૃષ્ટિ વિનાના રાખતા નથી. એ મેઘનાદ ભયંકર ઉનાળાની ઋતુમાં, સિંહ નામનો રાજા દેશમાં ઉપદ્રવ કરે છે તે સાંભળી સેના સહિત તેની સામે ચાલ્યો. સૈન્ય મોટા અરણ્યમાં પહોંચ્યું પણ ત્યાં કયાંય પણ પાણી મળ્યું નહીં એ મહા અરણ્યમાં નહી ઝરણા કે સરોવર કાંઇ નહોતું. સુકાઇ ગયેલા કંઠવાળા, આકુળ–વ્યાકુળ થયેલા આખા વનમા ભટકવાથી થાકી ગયેલા માણસોને તે વખતે પાણીને રત્ન કહેવા લાગ્યા. પૃથ્વી પર જળ, અન્ન અને સદ્વચન એ ત્રણે રત્નો છે. પરંતુ મૂઢ પુરૂષોએ

પાષાણના ટુકડાને રત્ન નામ આપ્યું. તે વખતે મેઘનાદ વિચારવા લાગ્યો કે, "હમણાં હું વિદ્યમાન છું તો વાદળ વરસાદ કેમ ન વરસાવે, તો પછી મારૂં મેઘનાદ એવું નામ નિરર્થક છે ?" રાજા વિચાર કરતો હતો એવામાં સૈન્ય ઉપર વાદળાઓએ એવી વૃષ્ટિ કરી તેથી લોકો હર્ષથી તે રાજાને વખાણવા લાગ્યા. અરણ્યમાં મારા સૈન્યની ઉપર જ મેઘે વૃષ્ટિ કરી તેનું કારણ શું ? એ મોટું આશ્ચર્ય લાગે છે.

મુનિએ કહ્યું કે, તું પૂર્વમાં ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરમાં ધનદત્ત શેઠનો દત્ત નામનો પુત્ર હતો. તે દત્તે શ્રી જિનેશ્વરના દર્શન તથા પૂજાની સામગ્રી તૈયારી કરી હતી પછી તે દત્ત અવસરે સમુદ્રમાં વંટોળીયાને લીધે ડુબી જઇને તું પોતે આનંદ રાજાનો પુત્ર થયો છે. આ વખતે રાજા બોલી ઉઠયો કે 'તે હસ્તિનાપુર ક્યાં છે ? કે જ્યાંથી હું સમુદ્રમાં જઇ મૃત્યુ પામીને અહીં ઉત્પન્ન થયો છું.

મુનિએ કહ્યું અહીં એક નામની બહુ નગરીઓ છે માટે તે હસ્તિનાપુર જુદું. અને કુરૂ દેશમાં હસ્તિનાપુર પણ જુદું. આપ પ્રસંગોચિત કહ્યું છે તેમ રાજા કહેતાં, હે ભૂપાલ ? વિશ્વપતિ એવા જિનેશ્વરના દર્શન અને પૂજાનું ફળ સાંભળ, દર્શન તથા પૂજાના ફળથી રાજ્ય તો સ્વભાવિક હોવાથી મળે છે પણ સ્નાત્રપૂજાથી વિશેષપણાથી મેઘ તારા વંશમાં થયો છે. વળી તરફ દુષ્કાળનો વાતો ચાલતી હતી એવામાં તારો જન્મ થયો એટલે મેઘવૃષ્ટિ કરી તેથી તું મેઘનાદ એવ નામથી પ્રસિદ્ધ થયો છે.

હે રાજન્ ! તું પૃથ્વીનું પાલન કરીશ ત્યાં સુધી કયારે પણ દુષ્કાળ થશે નહિ. વળી તે વખતે અરણ્યમાં વનદેવતાએ વૃષ્ટિ કરી હતી.

હે ભૂપાલ ! સર્વત્ર પુણ્ય કાર્યમાં ભાવ વખાણાય છે વળી જેમ ઘી થી ભોજન સફળ થાય છે તેમ ભાવથી જ તે પુણ્ય કાર્ય સફળ થાય છે. મેઘનાદે એ પ્રમાણે મુનિના વચન સાંભળી તેમજ પોતાના પુર્વ ભવને સંભારી અને મુનિને નમસ્કાર કરીને ફરી બોલ્યો કે, "મને વિશેષ ધર્મ સંભળાવો"

મુનિને નમસ્કાર કરી, ઘેર જઇ દીર્ઘકાળ સુધી પૃથ્વીનું પાલન કરી અને છેલ્લે પદ્મ નામના પુત્રને રાજ્ય આપીને એ મેઘનાદ રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું.

સંયમ પાળી સૌધર્મ દેવલોકમાં જઇ ત્યાં દેવસુખોને ભોગવ્યા.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, **दर्शनात् दुरितध्वंसी वंदनाद वांछितप्रदः ।**
पूजनात् पूरकः श्रीणां, जिन साक्षात् सुरद्रुमः,।

દર્શનથી પાપનો નાશ થાય છે, વંદનથી મનોવાંછિત વસ્તુને આપનાર પુજનથી સંપત્તિ આપતા એવા જિનેશ્વરદેવ સાક્ષાત્ કલ્પતરૂ સમાન છે.

❋ દિપાલિકા પર્વની ઉત્પત્તિ ❋

ચેડા મહારાજાનું સામ્રાજ્ય તપતું હતું. તેમની આજ્ઞા–ફરમાન સ્વીકારવા માટે અનેક સામંતો તલપાપડ હતાં. ચેડા મહારાજા તરફથી કોઇ આજ્ઞા સામંતને મળે તો તે સામંત હર્ષીત થઇને તેઓનો બોલ ઉપાડી લેતાં. આવાં અનેક સામંતોમાં નવ મલ્લઇ અને નવ લચ્છઇ રાજ્યના નવ–નવ રાજાઓ પણ સામેલ હતા. સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રમાં અડગ શ્રદ્ધાવાળા અઢાર રાજાઓ જૈન ધર્મની આરાધનામાં તલ્લીન હતા. પર્વ તિથિઓની આરાધના પૌષધથી કરતા હતા. અશ્વિની અમાવાસ્યાની રાત્રે છેલ્લા યામાર્ધમાં, બીજા સંવત્સરે, પ્રીતિવર્ધન, માસે. નંદિવર્ધન પક્ષે, દેવાનંદા રાત્રિએ, ઉપશમ દિવસે, નાગ કરણે, સર્વાર્થસિદ્ધ મુહુર્તે, સ્વાતિ નક્ષત્રે, મન, વચન, કાયાનો નિરોધ કરી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સમ્યક્ત્વ, અનંત આનંદ અને અનંત વીર્ય એવા વીર પ્રભુ એકાકી સિદ્ધિ પદને પામ્યા. ભાવ ઉદ્યોત ચાલ્યો જવાથી અઢાર રાજાઓએ દ્રવ્ય ઉદ્યોત કરવાનું વિચાર્યું. રત્નમય દીપકોથી ઉદ્યોત કર્યો, ત્યારથી દીપાલિકા મહોત્સવ ઉજવવાની શરૂઆત થઈ.

શ્રી ગૌતમસ્વામી દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરી જ્યારે પ્રભુવીર પાસે આવી રહ્યા ત્યારે નભમાંથી ઉતરતા દેવોના મુખે સાંભળ્યું કે પ્રભુ કાળધર્મ પામ્યા. સાંભળતાં જ શ્રી ગૌતમ સ્વામી જાણે વજ્રનો ઘાત થયો હોય તેવા ક્ષણવાર શુન્ય બની ગયા. સ્તબ્ધ બની ગયા. આઘાત અનુભવ્યો. હે પ્રભુ! અંત સમયે મને આપશ્રીના દર્શનથી કેમ દૂર કર્યો. ખરે, અવસરે મને કેમ દૂર કર્યો. શું હું બાળક હતો? શું હું તમારો આંગળી પકડી રાખત? શું હું આપશ્રીના પાંચ અનંતકર્મો ભાગ પડાવત? શું મારા એકથી મોક્ષમાં સંકડાશ ઉભી થાત? શું હુ આપને ભારે પડત? મને દૂર કરી એકાકી કેમ ચાલ્યા ગયા? મારા જેવા ભગતને છોડી કેમ ચાલી નીકળ્યા? મારા પર આપશ્રીએ સ્નેહ પણ ન રાખ્યો. અરે! વીતરાગને સ્નેહ કેવો? વીર વીર કરતા વિતરાગ ભાવ ઉત્પન્ન થયો. પ્રભુ મહાવીર સાથેના પ્રેમ–બંધનનો નાશ થયો, આઠેય કર્મ વિલિન થયા. અને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કારતક સુદી એકમની પ્રભાતે શક્રેન્દ્રાદિ દેવતાઓએ કેવળજ્ઞાનનો મહિમા કર્યો.

નંદિવર્ધન રાજા જે શ્રી વર્ધમાન સ્વામી ભગવાનના વડીલબંધુ હતા તેઓ પ્રભુને મોક્ષે ગયેલા સાંભળીને અત્યંત ખિન્ન થયા. શોકાતૂર બની ગયા. તે અવસરે તેઓની સુદર્શના નામની બેને ભાઇ નંદિવર્ધનને કારતક વદી બીજને દિવસે પોતાના ઘરે બોલાવ્યા. પ્રેમથી જમાડયા તંબોલાદિ આપ્યા. ત્યારથી ભાઇ–બીજના પર્વની રૂઢિ થઇ આજે પણ ચાલે છે. આવી રીતે દીપોત્સવીની ઉત્પત્તિ થઇ. —રશ્મિ–વસુ

ભવસમુદ્રથી પાર ઉતરવા, પાર ઉતરેલાનું શરણ સ્વીકારવું જરૂરી બની જાય છે. જેઓ અઢાર દોષોથી રહિત હોવાના કારણે અનુપમ કોટિના અનંતગુણોના સ્વામી હોય અને પોતે નિર્લેપ બનવા સાથે શરણે આવેલાઓને પણ નિર્લેપ બનાવવાની શક્તિ ધરાવનારા હોય તો સંસારના પરિભ્રમણથી ત્રસ્ત થઇ ગયેલા એવા ભવ્યાત્માઓ તેવા ગુણધારક પરમાત્માના શરણે જવા સહજપણે લલચાઇ જતાં હોય છે પણ તે પરમાત્મા પાસે પરમાત્મતત્ત્વ પામવા સહુ પ્રથમ ભવ્યાત્માઓને સ્તવના કેવી કરાય ? અને કયા ભાવે કરાય ? તે જાણવું ખૂબ જરૂરી બની જતું હોય છે. પરમાત્મા જ મને ગુણધારક-દોષનિર્મૂલક બનાવવા સમર્થ છે તેવો દૃઢ વિશ્વાસ કેળવવો જરૂરી બને છે. તે માટે પોતાની જાતને 'સેવક' સ્વરૂપે અને પરમાત્માને 'સેવ્ય' (સેવા કરવા યોગ્ય) સ્વરૂપે સ્વીકારવું અતિશય જરુર બને છે. આ જ સેવ્ય-સેવકભાવને કેટલાંક આરાધ્ય-આરાધકભાવે સ્વીકારતા હોય છે.

ॐ પ્રભુ સ્તવના હાર્દ ॐ

-પૂ. મુ. શ્રી રત્નદર્શનવિજયજી મ.

સેવક ત્યારે જ સેવા કરવા લલચાય-પ્રેરાય જ્યારે તેને પોતાને પોતાના કરતાં કાંઇક અધિકતા સેવ્યમાં દેખાય તો. જેમ સંસાર સંબંધિ કે પુદ્ગલ સંબંધિ કે સ્વાર્થ સંબંધિ કોઇ લાલસા-ઇચ્છા-તૃષ્ણા રહેલી હોય ત્યારે તે તે જેઓમાં પૂર્ણપણે ભાસતું હોય. તેઓની સેવામાં-ચાકરીમાં-આગતા-સ્વાગતામાં જરીયે કમી ન આવી જાય તેવી પૂર્ણકાળજી સાથે સુખ મેળવવા માટે તનતોડ મહેનત આચરાય છે તેમ ભક્ત એવો સેવક સેવ્યની ભક્તિ કરતો હોય છે. પરમભાગ્યોદયે સર્વગુણ સંપન્ન વિતરાગ પરમાત્મા જન્મતાંની સાથે જ 'સેવ્ય'-'આરાધ્ય' સ્વરૂપે આપણે સહુને મળી ગયા છે. એટલે હવે દુનિયામાં દેવને (સુદેવને) શોધવાની મહેનત કરવાની જરૂર રહેતી નથી પણ સુદેવના ભક્ત બની શકાય તેવી લાયકાત-યોગ્યતા કેળવવાનું બાકી રહે છે.

કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થઇ જવી કદાચ સહજ હોઇ શકે પણ પ્રાપ્ત થયા બાદ તેની કિંમત સમજાય તો પ્રાપ્ત થયેલ ને સાચવવા મહેનત ચાલુ રહે. સર્વગુણ સંપન્ન એવા વિતરાગ પરમાત્મા આ ભવની અપેક્ષાએ કદાચ સહજ સ્વરુપે પ્રાપ્ત થઇ ગયા છે પણ તે પ્રાપ્ત થયેલ 'સુદેવ'ની કિંમત કેટલી સમજાઇ છે ? તે વિચારવું જરુરી છે. જેથી મહેલ અણમોલ વસ્તુ ભવાંતરમાં કે આ ભવમાં ક્યાંક જુટવાઇ ન જાય. ઓળખવાની જ્યાં

ભાવના જાગશે ત્યાં તો તે આદર્શ કેળવાશે કે આપણે પણ તે સ્વરૂપે જ થવા પ્રયત્ન કરવો જોઇએ.

એક વખત આદર્શ કેળવાઇ ગયા પછી જગતમાં કોઇની તાકાત નથી કે આપણને તે મેળવવામાં અંતરાય ઉભો કરી શકે. કદાચ અનાદિકાલની અવળી ચાલને તજતાં અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે, દેખીતી રીતે સાંસારિક પરિસ્થિતિ પ્રતિકૂળ સર્જાય તેમ છતાં આંતરિક વૈભવ દ્વિગુણીત થવાના કારણો ઉપલબ્ધ થાય, તે વખતે શાશ્વત સ્થાયી ગુણને પ્રધાનતા આપીને સંઘર્ષો સામે ઝઝુમવાની શક્તિ કેળવવી પડશે. તે ત્યારે જ કેળવાશે જ્યારે એક અદ્‌ભૂત આદર્શને સંપૂર્ણ વફાદાર રહેવાનું સ્વીકારીશું તો આ વાત થઇ સેવ્ય–આરાધ્ય પરમાત્માને ઓળખવાની અને ઓળખ્યા પછી તે સમ બનવા માટે આદર્શ સેવક બનવાની તૈયારી કેળવવાની.

પૂર્ણ તૈયારી થયા બાદ પણ પ્રભુને સ્તવના કયા સ્વરૂપે અને કેવી ભાવનાથી થાય અને સ્તવના કરવા યોગ્યતા કેવી કેળવવી જોઇએ, તે અંગે પણ વિચારવું જોઇએ. આ સંદર્ભે અનેક પુર્વાચાર્યોએ વિવિધશાસ્ત્રોમાં અલગ–અલગ શૈલીમાં નિરૂપણ કરેલું છે. તેનો સારાંશ જો સામાન્યતઃ વિચારીએ તો નિજદોષપ્રકર્ષન અને પરમાત્મગુણ કીર્ત્તનમાં સમાવેશ થઇ જાય છે. નિજ–પોતાના દોષોને પ્રગટ કરવા અને પરમાત્માના અનુપમ અનંતા ગુણોનું કીર્ત્તન કરવું. આ વાતથી પ્રભુસ્તવનાના સ્વરૂપનો પ્રશ્ન હલ થઇ જાય છે. પણ આપણા દોષો પ્રગટ કરવા માત્રથી કે પ્રભુના ગુણોનું કીર્ત્તન કરવા માત્રથી આપણે નિર્ગુણમાંથી સગુણ બની શકતા નથી. કેમકે ઘણીવાર દોષ પ્રગટ કરવાથી વધારે ગુણીયલ બતાવવાની કાંલિક ભાવના પણ હોઈ શકે છે.

મુગ્ધ લોકો તો કયારેક લોકોની પ્રશંસા મેળવવા પોતાના નાનામાં નાના દોષો પ્રગટ કરી, જાણે આંતરિક વ્યથા પ્રગટ કરતા હોય તેમ રોકણું રોઇને પશ્ચાતાપ કરવાનો ઢોંગ કરતા હોય છે. જેથી બાહ્યસ્વરૂપને નિહાળીને લોકો ઉત્તમ–મહાત્મા તરીકે બીરૂદ આપે પણ તે વખતે તે કાંલિક–પ્રશંસા ભૂખ્યા આત્માને પ્રગટ કરેલ. દોષો દોષ સ્વરૂપે લગીરે સ્વીકાર્ય બનતા નથી પણ ગુણીયલ કહેવડાવવા સહાયક બનતા હોય છે. માટે જ પોતાના દોષ પ્રગટ કરવા માત્રથી દોષ, દોષ સ્વરૂપે સ્વીકારાઇ જાય છે. તેમ બનતું નથી. તેમજ વાણીની મધુરતા અને અલંકારિક શબ્દોની છાંટ અને શાસ્ત્રીય પદાર્થોનો કાંઇક અંશે બોધ મળવાથી પરમાત્માના આંતરવૈભવને પ્રગટ કરવાની, કીર્ત્તન કરવાની શક્તિ કદાચ પ્રાપ્ત થઇ જાય, પણ તે પ્રભુભક્તિમાં ભાવિકોને તલ્લીન એકાકાર–તાદાત્મ્ય–તરબોળ કરવાની શક્તિ ગુણો પ્રત્યેનો બહુમાન–આદર ભાવ કેળવવા કે મેળવવા માટે ન પણ હોય તેમ બની શકે.

તે ગુરુ કીર્ત્તનથી પોતાના આત્મપ્રદેશને સ્પર્શ કરવાની ભાવના સુધા પણ ન હોય તેમ બની શકે. આ પ્રાપ્ત થયેલ શક્તિ દ્વારા લોકોની પ્રશંસા-ખ્યાતિ મેળવવા ની અંખના પણ હોઇ શકે. માટે જ પ્રભુગુણકીર્ત્તન માનકષાયને પુષ્ટ કરવા માટે નિમિત્ત બની શકે. ભાગ્યવશ કોઇક ક્રાંતિક આત્મા દ્વારા થયેલ નિજદોષ પ્રદર્શનથી કોઇક લઘુકર્મી ભવ્યાત્મા પોતાના દોષોને જોતો થઇ જાય તેમ બને અને ક્રાંતિક પ્રભુગુણ કીર્ત્તનના વચનો સાંભળીને પ્રભુમય બનીને અનેક કર્મોની નિર્જરા પણ સાધતો થઇ જાય તેમ બને, પણ ક્રાંતિક-આચરણ કરનાર મૂઢાત્માઓને આ ગુણો પ્રાયઃ કયારેય પણ ગુણકારક બની શકતા નથી, બલકે દોષ સ્વરૂપે પરિણમી શકે છે. માટે આપણામાં કંઇનો પ્રવેશ થયો છે કે નહિ ? તે વિચારીને આગળ વધવું યોગ્ય કહેવાય.

જેમ શરીરમાં ખૂંચી ગયેલ એક નાનકડો પણ કાંટો, કાંતના પોલાણમાં ઘુસી એક નાનકડો દાણો, અપેક્ષા ન હોવા છતાં સાંભળવો પડેલ, એક કઠોર વેણ, પડવાથી ઉઝરડા પડવાના કારણે વારંવાર તે તરફ મન ખેંચાઇ જાય છે. તેમ સગુણ સ્વભાવવાળા આત્મામાં જાણતાં કે અજાણતાં, મુગ્ધતા કે મૂઢતા, ઉન્મત્તતા કે લાચારી, પરિસ્થિતિ કે સંજોગ ના કારણે એક નાનકડો પણ દોષ જો સેવાઇ ગયો હોય તો કાંટાની જેમ ખૂંચવું જોઇએ કે દાણાની જેમ ખટકવું જોઇએ કે કઠોર વેણની જેમ કઠવું જોઇએ કે ઉઝરડાની જેમ ખેંચાવું જોઇએ. તો દોષ દોષ સ્વરૂપે સ્વીકૃત બની શકે.

કાંટો કદાચ ન ખૂંચે તો કાલક્રમે નિકાલ થઇ જાય. દાણો કદાચ ન ખટકે તો આપમેળે નિકળી જાય. વેણ કદાચ ન કઠે તો વૈરાનુબંધથી છટકી જવાય ઉઝરડા તરફ કદાચ ધ્યાન ન ખેંચાય તોય કાલક્રમે ઘા પુરાઇ જાય પણ સેવાયેલ-આચરેલ દોષો પ્રત્યે ઉપેક્ષા સેવાઇ જશે, તો આ ભવે તો નુકશાન કરશે જ પણ ભવાંતરે તે નાનકડો દોષ જેમ નાવમાં પડેલ નાનકડો છીદ્ર નૌકા સહિત મુસાફરને જલસમાધિ આપવા સમર્થ બને છે તેમ મહાન અનર્થકારી ચોરાશી લાખ યોનિમાં ભટકાવવા સમર્થ બની જશે. તે કારણે જ નિજદોષ પ્રદર્શન કરતાં પહેલાં દોષ પ્રત્યે અણગમો પેદા કરવો જરૂરી જાણવો જોઇએ.

પ્રભુગુણકીર્ત્તન કરતાં પુર્વે ગુણો પ્રત્યે બહુમાન-આદરભાવ કેળવવો ખૂબ જરૂરી છે. તે તે ગુણો મારામાં વસેલાં ન હોવાના કારણે જ આ સંસારમાં રઝળપટ્ટી ચાલુ છે અને આ ઉણપના કારણે શુદ્ધ સ્વરૂપ એવો મારો આત્મા અનેકવિધ કર્મોથી ગ્રસિત બનતો જાય છે. જે મને જરીયે ઇચ્છિત નથી. જો મારે સંસારમાં રઝળવું ન હોય અને કર્મ ગુલામીથી જકડાઇને ન રહેવું હોય તો હું જે ગુણોની સ્તવના કરું છું, તે

મારા પોતાના કરવા ખૂબ જરૂરી છે, અર્થાત્ તે ગુણો મેળવવા સઘળાય પ્રયત્નો કરવા ખૂબ જરુરી છે. આવા પ્રકારનો દૃઢ સંકલ્પ કર્યા બાદ તેમજ ગુણો પ્રત્યે પક્ષપાત કેળવ્યા બાદ જે ગુણોનું કીર્ત્તન કરવામાં આવે તો કથાય કવિવર્ય શ્રી પદ્મ વિ.ના વચન મુજબ 'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ...' આપણામાં તે ગુણો અવતરતાં વાર ન લાગે. અંતે ! ગુણકીર્ત્તન પૂર્વે ગુણો પ્રત્યે બહુમાન કેળવવું ખૂબ જરુરી છે, તે ખાસ લક્ષ્યમાં રાખીને ગુણકીર્ત્તન કરવું જોઇએ.

નિજદોષપ્રદર્શન+પ્રભુગુણકીર્ત્તન=તે સ્તવના કેવી કરાય, તે અંગે મુલાસો થયો અને દોષ પ્રત્યે અણગમો કેળવીને દોષપ્રદર્શન કરવું તેમજ ગુણો પ્રત્યે આદરભાવ કેળવીને ગુણકીર્ત્તન કરવું તે સ્તવના કરનાર સેવક–આરાધકની ભાવના કેવી હોવી જોઇએ, તે અંગે ખૂલાસો થયો. પણ આ ઉભય (સ્તવન પ્રકાર+ભાવના) હોવા છતાં જો યોગ્ય સ્વરૂપે નિરૂપણ કરવામાં ન આવે તો ભક્ત–સેવકને લાભદાયક કથાય ન પણ નિવડે. તે માટે યોગ્યતા અંગે વિચારવું પણ ખૂબ અગત્યની બાબત છે.

કોઇક એમ કહેતા હોય છે કે 'બાળકો જેમ મા–બાપ પાસે બાલક્રીડા કરતી વેળાએ મુખમાંથી જેમ આવે તેમ બોલતા હોય છે તેમ છતાં મા–બાપ માટે અણગમા–તિરસ્કારના ભાજન બનવાના બદલે વ્હાલના કારણ બને છે તેમ પ્રભુ પાસે ગાંડી–ઘેલી ભાષામાં ગમે તેમ બોલવાથી પણ નુકસાનકારક બનતું નથી...' આ અંગે જણાવવાનું કે બાળકો કથાય ગાંડી ઘેલી ભાષામાં કે જેવું આવડે તેવું બોલતાં હોવ છતાં તેમાં નિષ્કપટતા–સરળતા–નિર્દંભતા હાડોહાડ ભરેલી હોય છે, અને તે જ કારણે તે અણગમા કે તિરસ્કારના ભાજન બનતા નથી. બોલાયેલા વચનો કરતાં અંતરના શુદ્ધ પરિણામ તેમાં વિશેષ કારણભૂત બને છે. તે મુજબ સેવક ભક્તે પરમાત્મા સન્મૂખ પોતાની જાતને સંપૂર્ણ નિખાલસતા પૂર્વક પ્રગટ કરવી જોઇએ.

પરંતુ આજકાલ થોડા વર્ષોથી જે પ્રમાણે પ્રભુ પાસે સ્તવના થાય છે, તે જોતાં આનંદ થવાના બદલે દુઃખ વિશેષ થાય છે. પોતાની જાતને નિષ્કપટ અને શુદ્ધ પરિણામી માની જે પ્રમાણે ફિલ્મી તર્જો ઉપર શબ્દોના માળા ગોઠવીને ગવાય છે, તે જુગુપ્સાપ્રેરક સાથે નિંદનીય પણ બન્યા વગર રહેતું નથી. સંગીતકાર–વૈદ્યો પણ અજ્ઞાની લોકોની માંગ મુજબ ફિલ્મી ટોપટેન ગીતોની તર્જોમાં શાબ્દિક કરામત ગોઠવીને વીતરાગ પરમાત્મા સમક્ષ ગાતા અને વગાડતાં પણ શરમાતા નથી. તેના બદલે પોતાની આવડત માટે શાબાશી આપતા હોય છે.

આવી નિમ્નકક્ષાની તર્જ વગાડતી વેળાએ ત્યાં હાજર ભાવિકો પ્રાયઃ મય બન-

વાના બહાને તે ફિલ્મમય બની જતા હોય છે અને શબ્દો બોલતી વેળાએ તે શબ્દોમાં ધ્યાન જવાના બહાને ફિલ્મી શબ્દો પ્રત્યે ખેંચાણ અનુભવતા હોય છે. સઘળી તર્જો 'સારેગમ' ઉપર જ આધારિત હોવા છતાં જે તર્જો ઘર આંગણે વગાડતા પણ વિકારનું કારણ બનતી હોય છે. તો સઘળાય દોષોથી મુકત થવાની ભાવના સાથે જિનાલયમાં પ્રવેશેલ ભવ્યાત્માઓને આ નિમ્ન કક્ષાની તર્જો પ્રભુમય-ધ્યાનમય બનાવવા સમર્થ શી રીતે બની શકે ? અર્થાત્ જિનાલયમાં પણ કર્મબંધમાં સહાયક બન્યા વગર ન રહે. તે કારણે જ સઘળાય સંઘોએ આ અંગે ગંભીર વિચારણા કરી સંસારપ્રેરક તર્જોને સામૂહિક તિલાંજલિ આપવી જોઈએ અને સુકૃતના સહભાગી બનવું જોઈએ.

આપણા પૂર્વાચાર્યોએ શાસ્ત્રીય રાગ ઉપર અને સર્વે સાથે ઝીલાવી શકે તેવા રાગમાં અનેક ચોવિશી અને પ્રકીર્ણક સ્તવનોની સુંદર રચના કરી છે. જેના શબ્દોમાં સર્વવિરતિધર મહાત્માઓના આંતરપ્રાણો આપણે સહુને શમરસમાં મગ્ન બનાવવા સમર્થ છે. એક વર્ષ સુધી એકવાર ગવાયેલ સ્તવન ફરીવાર ગાવું ન પડે, તેટલો અખૂટ ખજાનો ઉપલબ્ધ છે. તેનો સદુપયોગ કરવાથી અનેક પાપોનું વિસર્જન થઇ શકે તેમ છે.

તેમજ કોઇક ભાગ્યશાળીની માસિક-વાર્ષિક તિથિ હોય ત્યારે 'શ્રી પંચકલ્યાણક પૂજા' કે 'શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા' ભણાવતી હોય છે. તે વખતે સઘળાય જાણે ઘરમાં શોકમાં બેસવા આવ્યા હોય તેમ સફેદ વસ્ત્ર પરિધાન કરીને પરમાત્મપૂજામાં આવતા હોય છે. તે વખતે પૂજાની ઢાળ પ્રધાનતા આપવાના બહાને સંગીતકારો વચ્ચે ગીતો ગાતા હોય છે. તેમાં ઉપરોકત કક્ષાની તર્જોની સાથે જાણે પૂજામાં આવનારને જાણે શિખામણ આપતાં હોય તેમ ઉપદેશ આપતા શબ્દો પરમાત્મા સન્મૂખ ગવાતા હોય છે. જે જરીયે ઉચિત તો નથી જ, પણ પરમાત્માની આશાતનાનું પાપ પણ લાગ્યા વગર રહેતું નથી.

પરમાત્મા સન્મૂખ બેસીને ઉપદેશ આપવાનો અધિકાર કોઇનોય હોતો નથી. તેમજ 'શ્રી સિદ્ધચકપૂજન', 'શ્રી વીશસ્થાનકપૂજન' આદિમાં વિધિકારક તે તે પદોનો મહિમા વર્ણવવાની સાથે સાથ ઉપદેશ પણ આપતાં હોય છે, જે ઉચિત નથી. તેમજ પૂજનમાં પદોને વર્ણવતી પૂજા ગાવાના બહાને સંગીતકાર ગીતો ગાતા હોય છે, તે પણ ઉચિત ન કહેવાય. સામાન્યતઃ લોકોની એવી માન્યતા થઈ ગઇ છે કે પૂજા કે પૂજન ભણાવેલ સફલ ત્યારે જ કહેવાય જ્યારે તેમાં લોકોની ઉપસ્થિતિ વિશેષ હોય. તે માન્યતા પણ ખોટી અને મોહના ઘરની કહેવાય. ભાવિકોના સંખ્યાબલ પ્રમાણે સફલ-

નિષ્ફલની વ્યાખ્યા કરવાના બદલે પૂજનમાં પરમાત્મા સાથે એકાકાર કેટલા અંશે થવાયું, તે વિચારવું જોઇએ, જે આત્મહિતકારક કહેવાય.

અંતે ! ત્રિકાલજ્ઞાની પરમાત્મા આપણા સઘળાય દોષો કે ગુણોને જાણતા હોવા છતાં, તેઓ સમક્ષ આપણા દોષોને પ્રગટ કરવાથી દોષ, તે દોષ સ્વરુપે સ્વીકૃત બનવા સાથે ફરીવાર તેવા જ ભાવથી દોષ સેવાઇ ન જાય તેની સાવચેતી આવી શકે અને તેમ કરવાથી પરમાત્મા સમક્ષ પ્રગટ કરેલ દોષ ફરીવાર આપણને રંજાડી શકવા સમર્થ ન બની શકે. તેમજ ગુણોનું કીર્ત્તન કરવાથી, તે ગુણો મેળવવા અને ન મળે ત્યાં સુધી અધુરપનો અનુભવ અનુભવી શકાય. આ સઘળું પણ શિષ્ટજનોની ભાષામાં યોગ્ય સ્વરુપે પ્રગટ કરવાથી પરમાત્માની સેવા કરનાર સેવક પોતે એક દિવસે પરમાત્મસ્વરૂપ બને, તે નિઃશંક છે.

: શાસન સમાચાર :

કરાડ : અત્રે શ્રી સુમતિનાથ રાજસ્થાની સંઘમાં પૂ. આ. શ્રી વિ રાજતિલક સૂ. મ. સંયમ જીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં થયેલ. તપ આદિના ઉદ્યાપન માટે પંચાન્હિકા મહોત્સવ પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિ. મ., પૂ. મુ. શ્રી પ્રશમરતિ વિ. મ. ની નિશ્રામાં ભા. વદ ૭ થી ભા. વદ ૧૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

શ્રી સંભવનાથ પ્રભુજીની છાયામાં આરાધના અનુમોદનાર્થે રવિવાર પેઠમાં ભા. વદ ૩ થી ૧૦ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયો.

વાલકેશ્વર-મુંબઇ : શ્રીપાલનગરમાં પર્વાધિરાજની આરાધના ઉદ્યાપન નિમિતે પૂ. આ. શ્રી વિ. ગુણયશસૂ. મ. સા., પૂ. આ. શ્રી વિ. કીર્તિયશસૂ. મ. નો નિશ્રામાં ભા. સુદ ૯ થી ભા. વ. ૧ સુધી ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાયો. સુ. ૧૧ ના પૂ. જગદ્‌ગુરૂ હીર સૂ. મ.ના ગુણાનુવાદ થયા.

આમોદ : અત્રે પૂ. મુ. શ્રી સિદ્ધાચલ વિ. મ. આદિની નિશ્રામાં પૂ. આ.શ્રી વિ. રાજતિલક સૂ. મ.ની સંયમ જીવન અનુમોદનાર્થે આસો સુદ ૭ થી સુ ૧૧ સુધી પંચાન્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે ઉજવાયો. પૂ. સા. શ્રી ઉદયપ્રભાશ્રીજી મ. આદિનો લાભ બહેનોને સારો મળ્યો છે.

દુઃખમાં ધર્મ થાય ખરો ?

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આ ભયાનક સંસારથી બચાવી, આત્માને મોક્ષ પહોંચાડનાર, આ સંસાર સાગરમાં શરણભૂત – આધારરૂપ જો કોઇ જ વસ્તુ હોય તો શ્રી જિનધર્મ જ છે. દરેકે દરેક અવસ્થામાં આ જ ધર્મ તારણહાર છે. સુખી જ ધર્મ કરે અને દુઃખી ધર્મ ન કરે તેમ શ્રી જૈનશાસન કહેતું નથી. પરંતુ આ તારક શાસન તો એ જ વાત પર ભાર મૂકે છે કે, **સમજુ આત્મા જ સાચા ભાવે ધર્મ કરે.** સુખ કે દુઃખ એ તો કર્મજન્ય છે. કર્મજન્ય અવસ્થાથી સંપૂર્ણ કર્મરહિત થવું તેનું નામ જ મુક્તિ છે.

સુખી, સુખની આળપંપાળથી રહિત – મુક્ત ન બને અને દુઃખી, દુઃખના રોદણાંમાંથી ઊંચો ન આવે તો ધર્મ કરે ખરો ? આજે બધાના હૈયામાં એ જ માન્યતા ઘર કરી ગઇ છે કે – 'દુઃખમાં તે ભગવાન ભજાય ખરા ?' ત્યારે શાસ્ત્રકાર પરમર્ષિઓ તો કહે છે કે – દુઃખને વેઠવાનું બળ મેળવવા દુઃખમાં પણ ધર્મ કરવાનો છે. જેના યોગ દુષ્કર્મ નિર્જરે.

આ માટે કોઠિયારાણાનો હાથ પકડ્યા પછી બીજે દિવસે તે કોઠિયારાણા સાથે મયણા શ્રી ઋષભદેવ સ્વામિના મંદિરમાં જઇ ભક્તિભાવથી દર્શન કરે છે તે પ્રસંગ ખૂબ જ પ્રેરક છે. કર્મસિદ્ધાંત ખાતર કોઠિયારાણાનો હાથ પકડતા, વિશાળ રાજ્ય સંપત્તિનો ત્યાગ કરતા નહિ અચકાનારી મયણાને માટે આ પ્રસંગ આપત્તિનો ગણાય. આવી આપત્તિને પણ સંપત્તિ કોણ માને ? સાચો ધર્માત્મા. દુઃખમાં પણ ધર્મ કરે તેની આપત્તિ પણ સંપત્તિ બને.

શાંતિથી વિચારીએ તો લાગે કે આજે આપણા બધાની શ્રદ્ધામાં ખામી પેઠા થઇ છે. વર્તમાનના મલીન વિચારોએ શ્રદ્ધાના પાયા હચમચાવી મૂક્યા છે, દુન્યવી સુખ સામગ્રીની લાલસા રૂપી ઉધઇએ શ્રદ્ધાના પાયાને કોતરી નાખ્યો છે. આ સમજી હજી પણ શ્રદ્ધા મજબૂત થાય, દરેક વસ્તુસ્થિતિનો શાસ્ત્રાનુસારે વિચાર કરાય તો સંસારના હર્ષ–શોક આદિ બધાજ પ્રસંગો ધર્મની આરાધનાના બને. તો જ સંસાર રોગ દૂર થશે. અને મુક્તિ નામનું આરોગ્ય પેદા થશે. આવી દશાને પામીએ તે જ મંગલકામના.

રૂા. ૧૦૦૦/ ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો

આ મનુષ્યભવ એ મોક્ષની સાધના માટે છે. મોક્ષની સાધના, હૈયા પૂર્વક આખા સંસારનો-સુખસામગ્રીનો ત્યાગ કર્યા વિના, સાધુપણાનો સ્વીકાર કર્યા વિના થઇ શકતી નથી. જે પુણ્યાત્માઓ શક્તિ-સામર્થ્યના અભાવે કે આસક્તિ આદિના કારણે સંસારનો ત્યાગ કરી, સાધુપણું સ્વીકારી શકતા નથી તે આત્માએ પણ મોક્ષની સાધનાથી રહિત ન બને માટે તેમના યોગ્ય પણ ધર્મ ઉપકારીઓએ બતાવ્યો છે. ખરેખર ! આત્મહિતૈષી પરમર્ષિઓએ આપણા જેવા પામર જીવો ઉપર ઉપકાર કરવામાં જરાપણ કમીના રાખી નથી. ગૃહસ્થપણામાં સંસારનો નાશ કરવા માટે શ્રી જિનપુજા એ ઉત્તમ સંજીવની ઔષધ સમાન છે. સંજીવનીના સેવનથી જેમ શરીર નિરોગી બને છે તેમ આજ્ઞામુજબ શ્રી જિનભક્તિ કરવાથી આત્મા પણ નિરોગી બને છે.

તેથી જ સર્વ-સંગથી વિરામ પામેલા એવા સાધુઓને પ્રાસુક-પરિમિત જલથી સ્નાન કરી જિનપુજા તેમ નહિ અને ગૃહસ્થોને પુજા માટે સ્નાન કરવા સચિત્ત જલનો આરંભ કરવાનું વિધાન કેમ કર્યું તેવો પ્રશ્ન ઉઠે તે સ્વાભાવિક છે. પરન્તુ આપણો સૌનો અદ્‌ભૂત પુણ્યોદય છે કે આપણા માર્ગસ્થ માર્ગજ્ઞ મહાત્માઓએ બધી જ વાતના

ભગવાન ભજો ભગવાન થવા !

-પ. પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

ખુલાસા કર્યા છે. જેમ અનાજને ઝાડીને, ઝાટકીને ચાળીને સાફ કરાય તેમ પરમર્ષિઓએ બધીજ જરૂરી વાતો સાફ સાફ સમજાવી છે. 'લઘુહરિભદ્ર'ના બિરૂદધારક, ન્યાય વિશારદ, તાર્કિક શિરોમણિ, ગીતાર્થ મૂર્ધન્ય, પુણ્યનામધેય મહામહોપાધ્યાય પુ. શ્રી યશોવિજયજી ગણિવર્યે સ્વરચિત સવાસો ગાથાના સ્તવનમાં ઢાળ-૮ ની ગાથા ૯૩ માં આનું સુંદર સમાધાન કરતાં જણાવ્યું કે

" તો મુનિને નહિં કેમ પુજના,
એમ તું શું ચિંતે શુભમના.
રોગીને ઔષધ સમ એહ,
નિરોગી છે મુનિવર દેહ."

ભાવાર્થ :- શ્રી જિનપુજા રોગીને ઔષધ સમાન છે. ગૃહસ્થો મલીન આરંભ રૂપ રોગવંત-રોગી છે. તેને દૂર કરવા શ્રી જિનપુજા તે મુખ્ય ઔષધ છે. અને મુનિવરો તો સર્વ સાવદ્યથી નિવૃત્ત-રહિત છે. તો તેટલી અપેક્ષાએ રોગ રહિત એવા તે મુનિઓ રોગનું ઔષધ કેમ કરે ?

આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિવેકી શ્રાવકો શ્રી જિન પુજા ભગવાનની આજ્ઞા મુજબ કર્યા વિના રહે જ નહિ. પુજયની પુજા પુજ્ય બનવા કરે પણ પુજ્યે જેનો ત્યાગ કર્યો તે સંસારી સુખ-સામગ્રી, રિદ્ધિ-સિદ્ધિ-સંપત્તિ મેળવવા ન કરે તે ય નિર્વિવાદ વાત છે. નહિ તો વિવેક ક્યાં જતો રહે? અવિવેક આવી જાય તો તો આત્માનું અહિત કરે.

વળી અક્ષત પુજાને કરનારા સમજે છે કે, આ ચારે ગતિ રૂપ સંસારમાં હું ભટકી રહ્યો છું. આપે આપનું સંસાર ભ્રમણ દૂર કર્યું. જે સિધ્ધશીલામાં વાસ કરી ને બેઠા છો ત્યાં મારે પણ આવવું છે. તે માટે જ સમ્યગ્ જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધના આદરપુર્વક કરવી છે. સંસાર એ આત્માનો રોગ છે. મોક્ષ એ જ સાચું આરોગ્ય છે. તે રોગને નિર્મૂળ કરવા સમ્યગ્જ્ઞાનાદિની જ ઉપાસના કરવાની છે. આ સમજનારા જીવોનો પ્રયત્ન કયો-કેવો હોય તે સમજાવવાની જરૂર રહે છે ખરી કે સમજવા માટે સદ્ગુરુની સેવા-ભક્તિ અને ઉપાસનામાં જ મંડી પડયા હોય?

જૈને જ નહિ પણ આસ્તિક લોકો પણ એ જ ગાન કરતા હોય છે કે- 'ભગવાન બને ભગવાન થવા' તો મહા આસ્તિક જૈનોની દશા તો કેવી ઊંચી હોય! ભગવાન થવા ભગવાનને ભજતા હોય તે ભગવાન પાસે ક્યારે પણ અર્થ કામની કે ભોગની ભીખ માગે ખરા? અર્થ-કામના ત્યાગને માગે પણ ભોગને ન માગે! જૈન પણાને દીપાવવા અને ભક્તિને સફળ કરવા આવી દશા કેળવવી જરૂરી છે. હાથ કંકણને આરસીની જરૂર ખરી? તેમ વિવેકી જૈનોને વધુ કહેવાની જરૂર છે ખરી.?

-: શાસન સમાચાર :-

પુના કેમ્પ -અત્રે પૂ. આ. શ્રી વિજયરાજતિલક સૂ.મ. ના સંયમજીવનના અનુમોદનાર્થે અષ્ટોત્તરી સ્નાત્ર શાંતિસ્નાત્ર પૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ પૂ.આ. શ્રી વિજયજયકુંજર સૂ. મ. પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભ સૂ. મ. પૂ. મુ. શ્રી અક્ષય-વિ. મ. આદિ નિશ્રામાં ભા. વદ ૧૪ થી આસો સુ. ૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

ભીવડી -અત્રે પૂ આ. શ્રી વિજયરાજતિલક સૂ. મ. ની સંયમજીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં થયેલ ૫૧ ઉપવાસ આદિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહા-પૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ પૂ. મ. શ્રી વિજયલલિતશેખરસૂરીશ્વરજી મ. પુ. આ. શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભા. વદ ૧૦ થી ભા. વદ ૧૪ સુધી ઉજવાયા.

શ્રી સિધ્ધચક્ર પુજન શ્રી સતીષકુમાર મોહનલાલ ના ૫૧ ઉપવાસ નિમિત્તે શ્રી હરખચંદ નેમચંદ કુલચંદ કનાસુમરાવાળા હાલ નાકરોળી તરફથી ભણાવાયું.

* અષ્ટપ્રકારી પૂજાનું ફળ *

—પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

મહાપુણ્યોદયે આવી સુંદર ધર્મસામગ્રીવાળો મનુષ્યભવ મળ્યો. જૈન કુળમાં જન્મ મળ્યો તો જૈન માત્રે હંમેશા શ્રી જિનપૂજા કરવી જોઇએ. દુનિયામાં ખાવા–પીવા અને વ્યવહારૂ પ્રસંગોમાં પોતાની શક્તિ પ્રમાણે ખર્ચો કરનારા જીવોને ભગવાનની પૂજા–ભક્તિ પોતાના પૈસે જ થાય એ સમજાવવું ન પડે ! તે બધા 'વિવેકી' હોવાથી સમજેલા હોય કે આપણી શક્તિ પ્રમાણે સ્વ દ્રવ્યથી જ પૂજા–ભક્તિ થાય..

વ્યવહારના પ્રસંગે જોષી પાસે જનારા ખાલી હાથે ન જાય પણ કાંઇ લઇને જાય તેને એમ સમજાવવું પડે કે ભગવાન પાસે દર્શન કરવા જઇએ તો ય ખાલી હાથે ન જવાય !!

રાગ-દ્વેષાદિ શત્રુઓને જીતે તે શ્રી જિન. તે શ્રી જિનેશ્વરદેવનો ભગત–ઉપાસક તે જૈન ! સમજુ જૈન તો રાગાદિને જીતવા જ ભગવાનની ઉપાસના કરે. વિધિ રસિક તે હંમેશા ત્રિકાલ પૂજા કરે, સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરે.

શાસ્ત્રકારો હંમેશા કોઇપણ વસ્તુનું સ્વરૂપ વર્ણન પણ કરે અને તેના ફલનું પણ વર્ણન કરે જેથી પૂજક – ઉપાસકનો તેમાં આદર ભાવ વધી જાય, તે સ્વરૂપને સમજી જાય એટલે દુન્યવી ફલને ન ઇચ્છે પણ પારમાર્થિક ફલને જ ઇચ્છે.

પરમહિતૈષી પરમર્ષિઓએ ભગવાનની અષ્ટપ્રકારી પૂજાનું ફળ વર્ણન કરતાં કહ્યું કે – ઉત્તમ, સુગંધી, તાજા, વિકસિત ફુલો ચઢાવવાથી પૂજનીક પદની પ્રાપ્તિ થાય છે. અખંડ અક્ષત પૂજાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે. વાસક્ષેપ પૂજાથી સુગંધીપણું પ્રાપ્ત થાય છે, ધૂપ પૂજાથી સમગ્ર શત્રુઓનો નાશ થાય છે, નૈવેદ્યપૂજાથી સ્નિગ્ધપણું તથા અણાહારી પદની પ્રાપ્તિ થાય છે, ફળ પૂજાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, જળપૂજાથી નિર્મલ દેદીપ્યમાન દેહ – શરીર મળે છે, દીપક પૂજાથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે.

આ જાણ્યા પછી આવી અષ્ટપ્રકારી પૂજામાં આળસ કોણ કરે ? આત્મહિત પ્રત્યે બેદરકાર હોય તે. માટે સૌ સુજ્ઞજનો આવી અષ્ટપ્રકારી પૂજામાં આદરવાળા બની આત્માની અક્ષયગુણસ્થિતિ અને જ્ઞાનાદિ અનંતગુણોના ભાજન બનો તે જ મંગલ ભાવના.

卐

ભાવભરી ભક્તિ

–પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

મહાસતી દમયંતીએ જે આપત્તિમાં જે સુંદર પ્રકારે ભગવાનની ભક્તિ કરી તેથી સૂચિત થાય છે કે, ધર્માત્મા જીવો ગમે તેવા હર્ષ–શોક, સુખ કે દુઃખના પ્રસંગોમાં ભગવાનને ભૂલે જ નહિ. આત્માના ભગવદ્‌ભાવને પેદા કરવા ભાવ પૂર્વકની ભક્તિ એ સુંદર ઉપાય છે.

જે અવસ્થામાં, રાજ્ય-ઋદ્ધિનો પણ ત્યાગ કર્યો પોતાના પતિ નલે પણ જેનો ત્યાગ કર્યો અને એ એકલી અટુલી અબળાને ગુફામાં રહેવાનો પ્રસંગ આવ્યો. ત્યાં પણ તેને મૃન્મય શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બનાવી અને તેણીના સતીત્વના પ્રભાવે તે પ્રતિમા પૂજનીય બની ગઇ. આવી અવસ્થામાં ય તે ત્રિકાલ પૂજા કરે છે. ખરેખર ધર્માત્માની મનોદશા કેવી સુંદર હોય છે. હૈયામાં ધર્મનો પરિણામ પેદા થયો છે તેનું આ દ્યોતકલિંગ છે.

આજે ભગવાનને જોતાં મહાપુરૂષોની કૃતિઓ આપણે ગાઇએ અને ગવરાઇએ પણ છીએ કે– "જિનકી પ્રતિમા ઇતની સુંદર, વો કિતના સુંદર હોગા" પણ તેનો વિચાર કરીએ તો સમજાય કે સુંદર બનવા આપણે સુંદર બનવું પડે. આત્માને સારો-સુંદર બનાવવા દર્શન પૂજનાદિ છે. આજે અજ્ઞાન એટલું ફેલાયું છે કે જેનું વર્ણન ન થાય. નાના બાળકને ભગવાનના દર્શન કરવા લઇ જનારા, માતા-પિતાદિ, બાળકની પાસે બોલાવે કે– "ભગવાન મારું સારું કરજે" પણ એમ કોઇ બોલાવે કે "મને તારો કરજે" 'સારુ કરજે' અને 'સારો કરજે' આ બે શબ્દોનું અંતર આપણે નથી સમજતા તેવું નથી. પણ દુન્યવી લાલસાના કે સ્વાર્થવૃત્તિના કારણે આપણે સત્યથી સેંકડો યોજન દૂર ચાલ્યા જઇએ છીએ. પછી જે આત્મિક લાભ થવો જોઇએ તેનાથી રહિત થઇએ છીએ.

ગમે તેવી અવસ્થામાં હું ભગવાનના દર્શન–પુજન વગર તો રહું જ નહિ આવો જો નિર્ણય થાય તો દમયંતીનો આ પ્રસંગ લાભદાયી બને. બાકી આવા સારા પ્રસંગો કથાનકો વાંચીએ, સાંભળીએ અને હતા તેવાને તેવા જ રહીએ તો આપણું શું થાય? આપણે સારા દેખાવું નથી પણ સારા બનવું છે. તો આજથી નિશ્ચય કરીએ કે, દર્શન પુજનાદિ ક્રિયા આત્માને સુધારવા જ કરવી છે તો આપણો બેડો પાર થાય.

ભરત ક્ષેત્રના વિષે લક્ષ્મીના ધામ સમાન સાંકેતપુરનગર હતું ત્યાં હસ્તિપાલ રાજા રાજ્ય કરતો હતો તે કેવો હતો તો તે જાણે બીજો ઇન્દ્ર ન હોય વલી જેને ત્યાં કશી જ કમિના નથી વલી દશે દિશામાં જેની ખ્યાતિ ફેલાય છે. તેવો તે રાજા હતો વલી ન્યાય પુર્વક પ્રજાનું પાલન કરતો તેને ચૈત્ર નામે મંત્રિ હતો તે બુદ્ધિનો ખજાનો કહેો કે બુદ્ધિશાળી કહેો તેવો હતો.

હવે મંત્રી કોઇ વાર રાજ્યકાર્ય માટે રાજાની આજ્ઞા પામી ચંપાનગરીમાં ભીમ રાજા રાજ્ય કરતો હતો તેની પાસે ગયો ત્યાં જતા નગરીની શોભા જોતો વીતરાગ પરમાત્મા શ્રી વાસુપુજ્ય જિનેશ્વરના દર્શન કરવા મંદિરમાં ગયો પ્રભુને જોતા જ જેનો હૃદય ઉલ્લાસ પામ્યો છે તેવો મંત્રી ભગવંતની સ્તુતિ વંદના કરી મંદિર બહાર આવ્યો જ્યાં બહાર આવે છે ત્યાં ધર્મની મૂર્તિ સમાન ધર્મઘોષ મુનિને જોયા એટલું નહિ સાથે શ્રમણોનો સમૂહ હતો તે દેખી હૃદયમાં હર્ષ પામી નમસ્કાર કરી તેમની આગળ મંત્રી બેઠો. મંત્રીને જોતા જ ગુરુ મહારાજે જ્ઞાનોપયોગથી તેમાં યોગ્યતા જાણી ભવતારિણી દેશના આપવી શરૂ કરી.

સિદ્ધપદની આરાધના કરતા હસ્તિપાલ રાજા કેવલી થઈ સિદ્ધ થશે

પ્રે. –પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

હે ભવ્ય જનો ? આ અસાર સંસારરૂપ અટવીમાં ભ્રમણ કરતાં થાકેલા આત્મા ને અમૃતતુલ્ય ધર્મ પુર્વ પુન્યથી જ પ્રાપ્ત થયો છે વલી સર્વ જીવની દયા (કરુણા) પાળવી તે ઉત્કૃષ્ટ ધર્મ છે. પ્રાણીઓને પોતાના પ્રાણ સિવાય કોઇ અધિક પ્રિય નથી જે જીવે જીવની રક્ષા કરી તેણે ત્રણ ભૂવનની રક્ષા કરી અને એક જીવને માર્યો (હણ્યો) તેણે ત્રિભુવનને માર્યો (હણ્યો) એમ જાણવું. જીવના ચૌદ પ્રકાર છે ને ૮૪ લાખ યોની છે, જિનેશ્વર પ્રભુએ કહી છે. એ સર્વની રક્ષા ધર્માત્મા કરે. હવે ધર્માત્મા કોને કહેવાય તો જે પોતાના આત્મા જેવો જ બીજા જીવોનો આત્મા માને **'આત્મવત સર્વ ભૂતેષુ'** એટલે એ રીતે સર્વને પોતાના આત્માની સમાન લેખે છે અંન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે :–

यत्र जीवः शिवस्तत्र, न भेदः शिवजीवयोः ।
न हिंस्यात्सर्वभूतानि, शिवभक्तिसमुत्सुकः ॥१॥

અર્થ :– જ્યાં જીવ ત્યાં શિવ, જીવ અને શિવમાં ભેદ નથી. તે માટે શિવની ભક્તિ માટે ઉત્સુ થયેલાએ સર્વ જીવોની હિંસા તજવી જોઇએ,

એ પ્રમાણે જીવો પર દયા કરવાથી આત્મા શુદ્ધ થાય છે. અને અનુક્રમે તે આત્મા જન્મ, જરા વિગેરેથી મુક્ત થઇ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યને ધારણ કરનાર કર્મ રહિત થઇ લોકના અગ્રે રહેલા સિધ્ધક્ષેત્રમાં જ્યાં સર્વ સિધ્ધભગવંતો રહેલા છે. તે સ્થાનને મેળવે છે હવે સિધ્ધનું સુખ કેવુ છે ? તો તે સિધ્ધના જીવોનું સુખ ક્રોડો જીભ્હાઓથી પણ કહી શકાય તેમ નથી. ઇન્દ્રો, દેવો ચક્રવર્તીઓ સબંધી જે જે ઉત્તમ સુખો છે તે બધાને ભેગા કરીએ તો પણ એ સુખની તુલના થાય નહિ એટલે ના સુખો બધા ભેગા કરીએ તેના કરતાં અનંતાનંતગુણો સિધ્ધમાં છે જે અમૃત રસ આગે તેને બીજા રસ કેવા લાગે ? તેની જેમ સમજવું.

હવે સિદ્ધાત્માઓ બધા ત્યાં કેવી રીતે સમાય તો તેઓ અમૂર્ત હોવાથી પરસ્પર કાંઇ પણ અડચણ બાધા રહિત પણે રહે છે. વલી બધી જ્યોતિ જ્યોતમાં આવી જાય તેમ સિધ્ધાત્માઓ જાણવા.

જેમ અમૃતના ટીપા માત્રથી વિષ નાશ પામે છે, તેમ ઉપર કહ્યા પ્રમાણે મનમાં ધારણ કરી જે સિધ્ધપરમાત્માને ધ્યાવે તે જીવોમાં દુષ્કૃત્યોની પરંપરા નાશ પામે છે અને ત્રણ જગતને પૂજ્ય એવા ઉત્કૃષ્ટપદની એટલે સિધ્ધપદની પ્રાપ્તી થાય છે.

આ પ્રમાણે ગુરૂ મ. ની દેશના સાંભળી મંત્રીશ્વર ચૈત્ર બોલ્યો હે–પ્રભો ! સિધ્ધની ભક્તિથી સંસારનો નાશ કરનાર એવાં શ્રાવકનાં વ્રત મને આપો. ગુરુ મ. મંત્રિના વચન સાંભળી યોગ્ય જાણી તેણે વ્રત ઉચ્ચરાવ્યાં તે વ્રત ગ્રહણ કરી ગુરુ મ. ને વંદના કરી અને જે રાજ્ય સંબંધી કાર્ય કરવા આવ્યો હતો તે કાર્ય પૂર્ણ કરી પાછા પોતાના નગરે આવ્યો. નગરમાં આવી રાજાને પ્રણામ કરી યોગ્ય સ્થાનકે બેઠો, એટલે રાજાએ પૂછયું હે મંત્રી ? તમોએ ચંપાપુરીમાં જે કાંઇ આશ્ચર્ય જોયું હોય તે કહો તેમ આજ્ઞા થતા મંત્રીશ્વરે કહ્યું હે રાજન ! ચંપાપુરીમાં પુરજનોના દેવાલયો દેવભુવન સમાન અતિશય મનોહર જોને જોતા દ્રષ્ટિ તૃપ્તિ પામે નહિ વલી સ્થાને સ્થાને દાતા અને ભોક્તાઓના નિવાસ છે. વલી તે નગરોની મધ્યમાં ત્રણ જગતને આનંદ ઉપજાવે એવો અદ્‌ભુત શોભાયમાન શ્રી બારમો વાસુપૂજ્યસ્વામીનો પ્રાસાદ છે તેનું નામ ત્રૈલોક્યસુંદર એવું નામ છે તે મંદિરમાં સર્વને આનંદ આપનારી મોહનજનક એવી દિવ્ય આભૂષણોથી વિભૂષિત બારમાં ભગવાનની મણિમય પ્રતિમા છે તે પ્રતિમા મારા પુણ્યોદયથી મને મલી તે પ્રતિમાના દર્શન કરી મારા નેત્રો ગાત્રો સફળ

કર્યા ભાવભક્તિવડે નમસ્કાર કરી જ્યાં પાછો ફર્યો ત્યાં દેરાસરજી બહાર શ્રી ધર્મઘોષ મુનિરાજજી મલ્યા તેમના ચરણે નમસ્કાર કરી હું બેઠો. ત્યાં પૂજ્ય ગુરૂ ભગવંતે ઉપકાર-મય દૃષ્ટિથી સિધ્ધ પરમાત્માનું સ્વરૂપ કહ્યું. મેં પણ તેજ પ્રમાણે અંગીકાર કર્યું આ પ્રમાણે મંત્રીના મુખથી વાત સાંભળી રાજા હર્ષથી હૃદયમાં વિચારવા લાગ્યો કે- 'અહો પરમ ઉપકારી તે મુનિરાજ ક્યારે અહિં પધારે કે જેમના દર્શના કરી હું મારા મનના મનોરથ પૂર્ણ કરૂં' એમ વિચારે છે ત્યાં સમાચાર થયા કે ઘણા જ સાધુ ભગવંતો સહિત ધર્મઘોષ મુનીશ્વરજી ઉપવનમાં સમવસર્યા છે. રાજા ગુરુ ભગવંતનું આગમન જાણી અતિશય હર્ષવંત થઇ મંત્રી, પરિવાર સહિત ગુરૂને વાંદવા ચાલ્યો ત્યાં જઇ પ્રદક્ષિણા પૂર્વક ગુ. મ. ને વંદના કરી યથા સ્થાને બેઠો, એટલે ગુરૂમહારાજે સિધ્ધ સ્વરૂપ પ્રકાશવા લાગ્યા.

'હે ભવ્યજનો ધર્મના બે પ્રકાર છે. એક સાધુ ધર્મ બીજો શ્રાવક ધર્મ આ ધર્મોને સમ્યક્ત્વ સહિત આચરવાથી સિધ્ધપદ પ્રાપ્ત થાય છે' આ પ્રમાણે ગુરુ મ. ની દેશના સાંભળી રાજા બોલ્યો 'હે કરૂણા સાગર? જે દૃષ્ટિને અગોચર છે જેની રૂપરેખા પણ અગોચર છે. એવા સિધ્ધ પરમાત્માની સેવા ભક્તિ કેવી રીતે કરવાથી આ ભવ તરી શકાય તે અમારા ઉપર કૃપા કરી સમજાવો. ગુરુ મ. એ કહ્યું 'હે રાજન? સિધ્ધ સ્થાનમાં રહેલા નિરંજન, નિરાકાર, શુદ્ધાત્મા, એ પ્રમાણે સિધ્ધનું સ્વરૂપ જાણી લયલીન પણે ધ્યાન કરે અને દ્રવ્ય અને ભાવથી સિધ્ધ પરમાત્માની પુજા કરે તે પ્રાણી અનુક્રમે ઘાતિ કર્મનો ક્ષય કરી અનંતાનંત સુખવાળી સિધ્ધ સંપદાને મેળવે છે.

આ પ્રમાણે સિધ્ધ સ્વરૂપ સાંભળી રાજા વિચારવા લાગ્યો અને અનુમોદના કરવા લાગ્યો 'અહો? ધન્ય છે તે પુરૂષોને કે જે ભવભ્રમણ ટાળનાર જિનધર્મ આરાધે છે અને સિધ્ધ સ્વરૂપ બને છે. હું પણ તેજ ધર્મને સ્વીકારું' આવું મનમાં વિચારી ગુરુપાસે સિદ્ધપદ આરાધવાનું સ્વીકાર કર્યું અને સ્વીકારી પછી ઘરે રાજા આવ્યો ત્યાર પછી રાજા હંમેશા બહુમાન પુર્વક એક ચિત્તથી 'નમો સિધ્ધાણ' એ પદથી સિદ્ધપરમાત્માનું ધ્યાન કરતો રાજા અને મંત્રી સિધ્ધના પવિત્ર સ્થાનોની જાત્રા કરી જેવાકે સમેતશિખર, શંત્રુજ્ય, ગીરનાર વિગેરેની યાત્રા કરી પોતાના આત્માને નિર્મળ કરવા રાગ્યો અનુક્રમે સિધ્ધ પરમાત્માનું ધ્યાન કરવાથી મોક્ષસુખના નિધાનરૂપ તીર્થંકરનામકર્મ ઉપાસન કર્યું એ પ્રમાણે લાંબાકાળ સુધી રાજઋધ્ધિ ભોગવતા છતાં સિદ્ધ પદની આરાધના કરતાં થકાં ચૈત્ર મંત્રી સહિત રાજાએ ગુરૂપાસે સંયમ સ્વીકાર્યું.

હવે રાજર્ષિ અષ્ટપ્રવચનમાતાનું સમ્યક રીતે પાલન કરતા, અપ્રમતપણે દુષ્કર તપને તપતાને સમ્યક્ક્રિયાનો આદર કરતાં કર્મક્લેશનો નાશ કરતાં અગ્યાર અંગનું અધ્યયન કરી પૂ.ગુ. ભગવંતની આજ્ઞા લઇ સમેતશિખરે સિધ્ધ પરમાત્માના દર્શન માટે ચાલ્યા. અત્રે આજ્ઞા લઇ લખ્યું તો સાધુ-સાધ્વી આણાએ ધર્મો કરવાવાળા હોય માટે લખ્યું પૌષધમાં શ્રાવકોને પણ બહુવેલના આદેશ લેવાના તે આજ્ઞા માટે જ ના હોય.

હવે રસ્તામાં ચાલતા એવો અભિગ્રહ ધારણ કર્યો કે 'જ્યાં સુધી સિધ્ધપરમાત્માની મૂર્તિના દર્શન ન થાય ત્યાં સુધી આહાર પાણીનો ત્યાગ. આવો દૃઢઅભિગ્રહ જાણી ઇન્દ્રમહારાજા તે મહામુનિની સભામાં સ્તુતિ કરી ઇન્દ્ર મહારાજાના વચનપર શ્રદ્ધા ન રાખનાર એવો એક અગ્નિકુમારદેવ તે મુનિની પરીક્ષા કરવા ત્યાં આવી ભયંકર ઉપસર્ગ કરવા લાગ્યો, વળી ક્ષુધાપીપાસાની વેદના એવી મૂકી સામાન્ય તો ત્યાં જ મુકતા પ્રાણ રહિત થઇ જાય આવા પ્રકારની વેદના બે માસ સુધી સહન કરતાં જેમની કાયા ક્ષીણ થઇ ગઇ તો પણ સમતા રસના સિન્ધુ સમાન મુનિ જરાય ચલાયમાન ન થયા, એટલું નહિ કે ચલાયમાન ન થયા પણ તેમને રોષ પણ થયો નહિ ત્યારે તે સુર-પ્રગટ થઈ અત્યંત હર્ષવંત થઇ, પીડા બધી સંહરી મુનિરાજના ચરણકમળમાં નમસ્કાર કરી કહેવા લાગ્યો. હે મહાભાગ્યશાળી ? હે કરુણાસિંધુ ? સમતાના સાગર ? મારો અપરાધ સર્વ ક્ષમા કરશો.

ઇન્દ્ર મહારાજાએ ઇન્દ્રસભામાં સામાન્ય માણસની સ્તુતિ કરી કારણ દેવો દેવેન્દ્રો ઇન્દ્રો અસુરો કરતા સામાન્ય જેની સ્તુતિ કરી તેના ઉપર મને શ્રધ્ધા ન થઇ તેથી મે આમ કર્યું તે આપ ક્ષમા કરશો આ પ્રમાણે કહી દેવ સ્વર્ગે ગયા ને મુનિ બે માસ સહન કરી સતમે શિખર ઉપર જઇ સર્વ સિધ્ધ પ્રતિમાઓને વંદન કરી પારણું કર્યું અનુક્રમે નિરતિચાર ચારિત્ર પાળી અંતસમયે અણસણ કરી મંત્રી તથા રાજર્ષિ બન્ને અચ્યુતકલ્પમાં દેવ થયા ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકર પદવી પામી સિદ્ધિ પદ પામશે અને મંત્રી પણ ત્યાંથી ચ્યવી તેજ તીર્થંકરના ગણધર થઇ કેવલ જ્ઞાન પામી મોક્ષ પામશે.

જૈન શાસનમાં વિઘાતક તત્વોનો પ્રતિકાર હોય છે જેથી લોકપ્રિય થવું કઠીન છે પણ શાસન પ્રિયનું તે પ્રિયપાત્ર બની શકે

શાસન સમાચાર

ઉસ્માનપુરા–અમદાવાદ : અત્રે પૂ. રાજતિલક સૂ. મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં થયેલ આરાધના ઉદ્યાપનાર્થે પૂ. મુ. શ્રી વિજયબલવિ. મ આદિની નિશ્રામાં ૩૦ છોડ તથા ૧૦૮ પાર્શ્વનાથનું પુજન સિદ્ધચક્ર મહાપુજન ૫૬ દિક્કુમારી સહિત સ્નાત્ર મહોત્સવ તથા શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

નવસારી–શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવનમાં પૂ. આ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે સંઘમાં થયેલ આરાધનાના અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિ. વિચક્ષણ સૂ. મ. આદિની નિશ્રામાં આસો સુદ ૬ થી આસો સુ. ૧૦ સુધી પંચાન્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે ઉજવાયો.

આષ્ટા (મ. પ્ર.) અત્રે પૂ. આ. શ્રી વિ. વિમલરત્ન સૂ. મ. આદિની નિશ્રામાં સંઘમાં થયેલ આરાધના તથા પૂ. આ. શ્રી વિ. રાજતિલક સૂ. મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે આ. સુદ ૧ થી આ. વદ ૭ સુધી ભવ્ય મહોત્સવ બૃહસ્નાત્ર સિદ્ધચક્ર મહાપુજન ૧૦૮ પાર્શ્વનાથ પુજન સાથે ઉજવાયો.

કુર્જત (રાયગઢ અત્રે પૂ. વયોવૃદ્ધ મુ. શ્રી પુણ્યોદય વિ. મ. આદિની નિશ્રામાં પૂ. રાજતિલક સૂ. મ.ની સંયમ જીવનની અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવ આસો સુ. ૧૨ થી આસો વ. ૨ સુધી ઉજવાયો.

બોરસદ–અત્રે ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ. આદિની નિશ્રામાં ૧૪૦ વર્ષ જિનાલયના જીર્ણોદ્ધાર થતાં. ભવ્ય ગગનચુંબી જિનાલયના અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ માગશર સુદ ૯ થી માગશર વદ ૪ સુધી ઉજવાશે. સકલ સંઘને આમંત્રણ પાઠવેલ છે.

રંગસાગર–અમદાવાદ : અત્રે પૂ. આ. ભ. શ્રી વિ. કનકચંદ્ર સૂ. મ. ના સમાધિભૂમિ ઉપર વાર્ષિક ગુરૂ સ્મૃતિ મહોત્સવ આ. સુ. ૬ થી આ. સુ. ૧૦ સુધી પૂ. આ. ભ. શ્રી વિ. મહોદય સૂ. મ.ની નિશ્રામાં શાંતિસ્નાત્ર સહ ઉજવાયો. પૂ. કનકચંદ્ર સૂ. મ. ની ૧૬મી તિથિ નિમિતે સુદ ૯ ના ગુણાનુવાદ થયા.

ચરવડા (પુના) અત્રે પૂ. આ. શ્રી વિ. જયકુંજર સૂ. મ., પૂ. આ શ્રી વિ.

મુક્તિપ્રભ સૂ. મ., પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ આરાધના તથા પૂ. સા. શ્રી વિ. રાજતિલક સૂ. મ. સંયમ જીવન અનુમોદનાર્થે પંચાન્હિકા મહોત્સવ મા. સુદ ૧ થી સુ. દ્વિ. ૪ સુધી ઉજવાયેા.

વાંકડીયા વડગામ (રાજ.) અત્રે પૂ. આ. શ્રી વિ. જિનચંદ્ર સૂ. મ. તથા પૂ. મુ. શ્રી બલભદ્ર વિ. મ. આદિની નિશ્રામાં ચાતુર્માસની આરાધના તથા પૂ. આ શ્રી વિ. રાજતિલક સૂ. મ. સંયમ જીવનની અનુમોદનાર્થે શાંતિસ્નાત્રાદિ અઠ્ઠાઇ મહોત્સવ ફા. સુ. ૩ થી ફા. સુ. ૧૦ સુધી સુંદર રીતે ચેાજવામાં આવ્યેા.

'સમતાનિધિ–૯૦ વર્ષની જૈફ વયે અપ્રમતપણે સંયમ જીવનારા, કરૂણાનિધિ, શાંત, સરલ, પ. પૂ. સા. શ્રી લાવણ્યશ્રીજી મ.ના દીર્ઘ સંયમ જીવનની અનુમોદનાર્થે તથા પ. પૂ. સા. શ્રી મોક્ષરશીતાશ્રીજીના શાશ્વત શ્રી નમસ્કાર મહામંત્રના અઠ્ઠરના એકાંતરે ઉપવાસ ચાલુ નિમિતે તપસ્વી રત્ન શ્રી કાંતીભાઇ વેારાના છઠથી વીશસ્થાનક તપ–તેમજ પર્યુષણાપર્વમાં અઠ્ઠાઇ તપ તેમજ તેમના પરિવારમાં તરૂબેન, સુરેશભાઇ, જિનેશભાઇ, ફાલ્ગુનીબેન, નેહાબેને કરેલ અઠ્ઠાઇ તપ નિમિતે ૨૫૧ રૂા. રાધનપુરવાળા સંઘવી કાંતીલાલ ગીરધરલાલ વેારા તરફથી ભેટ. (બેારીવલી)

'ગુરુ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સ્તુતિ.'

અમી ભરેલી નજરુ રાખેા, શ્રી રામચંદ્રસૂરિ રાય રે,
દેહવાણ નગરની પુન્ય ભૂમિમાં ત્રિભુવન કુમાર સોહાય રે.
રતનબાના સુસંસ્કારેા સંયમ જીવન ક્રિયાય રે,
દીક્ષાદાતા આપ પ્રણેતા શ્રી રામચંદ્રસૂરિ રાય રે.
પ્રેમસૂરિની પ્રેમાળ પાટે મેઘનાદસમ ગાજે રે.
આગમ શાસ્ત્રેાના શુદ્ધ વિચારે, ડંકેા જગમાં ગાજે રે.
કરૂણા સિંધુ કરૂણા કરજો, શ્રી રામચંદ્રસૂરિ રાય રે.
અષાઢ વદિ ચૌદસના દિવસે, લીધી અંતિમ વિદાય રે.
(ભક્તજનેાને) બાલુડાને રડતા મૂકી સ્વર્ગે ગુરૂવર સિધાય રે.
સ્વર્ગે લેાકથી આશીષ દેજો શ્રી રામચંદ્રસૂરિ રાય રે.
પ્રાયે:--સ્વર્ગ લેાકથી મહાવિદેહેચવી સીમંધર સ્વામી
પાસે જાસે રે, આઠ વર્ષે સંયમ લઇ, કેવલજ્ઞાન પામી,
'મેાક્ષે સિધાવી જાસે રે, મેાક્ષે સિધાવી જાસે રે, શ્રી રામચંદ્રસૂરિ રાય રે.

સાદડી (મારવાડ)

સિદ્ધાંત નિષ્ઠ રાજસ્થાન દીપક પરમ પુજ્ય તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. આદિ કી શુભ નિશ્રા મેં સાદડી નગર કે સ્થિત પાટી કે ઉપાશ્રય મેં **અભૂતપૂર્વ ૫૧ ઉપવાસ કી કિર્તિમાન તપશ્ચર્યા.**

પ. પૂ. મેવાડ દેશોદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. એવં ઇન્હી કે શિષ્યરત્ન આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. આદિ કે ચૌમાસે કા જબ સે મંગલ પ્રવેશ હુઆ. અનેક શુભેચ્છા કે તાર, પત્રાદિ આયે। આપકી નિશ્રા મેં પાટી કે ઉપાશ્રય કે સિદ્ધાંત નિષ્ઠ સાદડી સંઘ મેં ૫૧ ઉપવાસ, ૩૬ ઉપવાસ, સિદ્ધિ તપ, મોક્ષ દંડક તપ, ક્ષીર સમુદ્ર તપ, સહસ્ત્રકૂટ તપ, અદ્ઃખ[illegible] તપ સાંકલી અઠ્ઠમ આદિ વિવિધ પ્રકાર કી તપશ્ચર્યાએ હુઇ। ભવ્ય વરઘોડે, સ્વામિવાત્સલ્યાદિ કે આયોજન હુએ। સ્વપ્ને આદિ કી અચ્છી આય હુઇ। દસ વર્ષો કે અંતરાલ સે હુએ ચાતુર્માસ ને તપશ્ચર્યા કા નયા કીર્તિમાન સ્થાપિત કિયા હૈ। પાટી કે ઉપાશ્રય મેં તપસ્વીયોં કે બહુમાન કા ભવ્ય આયોજન હર્ષોલ્લાસ કે સાથ ભાદરવા સુદ ૭ દિનાંક ૨૯-૮-૧૯૯૮ કો સમ્પન્ન હુઆ। **શ્રીમતી** સુખીબેન છગનલાલજી ઘાસી રામજીને ૫૧ ઉપવાસ કા મહાન તપ... બડી સમતા કે સાથ પૂર્ણ કિયા જિસકે ઉપલક્ષ મે આજ ઉનકી તરફ સે સામિવાત્સલ્ય ભી હુઆ। સ્વ. શા. દેવરાજજી રાંકા કી સ્મૃતિ મે ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ કા આયોજન હુઆ જિસમેં અનેક મહાપૂજન આદિ હુએ। ભાદરવા સુદ ૧૨ દિનાંક ૩-૯-૧૯૯૮ કો સ્વ. દેવરાજજી રાંકા કી સ્મૃતિ મેં ઉનકે સુપુત્ર શ્રી ભંવરલાલજી રાંકા કે તરફ સે શ્રી બૃહત શાંતિ સ્નાત્ર મહાપૂજન હુઆ એવં સામિવાત્સલ્ય, જીવદયા કી ટીપ હુઇ। પાટી કે ઉપાશ્રય મેં પર્વાધિરાજ પર્યુષણાપર્વ મેં કલ્પસૂત્ર વાંચન - વ્યાખ્યાનાદિ ચૌસઠ. પ્રહરી પૌષધ, સાંવત્સરિક પ્રતિક્રમણાદિ વિવિધ સભી ધર્મારાધનાએં તથા સાધ્વીજી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી લક્ષિતપ્રજ્ઞાશ્રીજી કી નિશ્રા મેં ભાવિકાઓં કી સભી ધર્મ આરાધનાએં બડે હી હર્ષોલ્લાસ ઉમંગ કે સાથ શાલીનતાપુર્વક સમ્પન્ન હુઇ।

દોનો હી આચાર્ય ભગવંતો કી નિશ્રા મે યહ ચાતુર્માસ બડા હી યશસ્વી હોતા જા રહા હૈ। દો આચાર્ય ભગવંતો કે આચાર્યપદ બહુમાન કે દિન શા. હમીરચંદજી આગમચંદજી પાલરેચા પરિવારને કિયા સાધ્વીજી સંવેગદર્શનાશ્રીજી ને ૩૬ ઉપવાસ કિયે.

શ્રી પાટણનગર મુંબઇ : અત્રે મહેતા રંગજીભાઇ ચુનીલાલ પરિવારના શ્રી કલ્પેશકુમારની દીક્ષા અત્રે માગશર સુદ ૧૦ નક્કી થઇ છે તે નિમિત્તે પાટણમાં કા. સુ. ૧૦ થી સુ. ૧૨ શાંતિસ્નાત્રાદિ મહોત્સવ ચોળાયો છે.

સિદ્ધિપદ-સંયમ અને તપની ઝંખનાને પૂર્ણ કરવા જાણે શ્રી સિદ્ધગિરિ મહાતીર્થમાં વિ.સં. ૨૦૫૪ ભાદરવા વદ ૧૪ ના પૌષધને સ્વીકારી, ગિરિરાજની સ્પર્શના કરી, આયંબિલનો તપ ઠામ ચોવિહાર પચ્ચક્ખાણ કરી નવકાર મંત્રનું સ્મરણ કરી પરલોકની વાટે સંચરનારા પરમ પુણ્યશાલિની ધર્મમાતા ખીમત (જી. બનાસકાંઠા) હાલ મુંબઇ નિવાસી.

શ્રીમતી ગંગાબેન શાંતિલાલ શાહ (ઉ. ૬૩ વર્ષ)

અનેક સદ્‌ગુણોથી ઝળકતું જીવન કવન

જૈન શાસનના ચારે અંગો સાધુ – સાધ્વી શ્રાવક-શ્રાવિકામાં એવા એવા પુણ્યાત્માઓનાં દર્શન થાય છે કે, ઇતિહાસ પણ જેની નોંધ લીધા વિના રહી શકે નહિ. જૈન શાસનનો સાચો નિયમ શ્રાવિકા તરીકેનું માયાળુ ઉદાર પરોપકાર માતૃવાત્સલ્ય સેવાભાવી સ્વભાવ–ચુસ્ત નિયમ અતૂટ શ્રદ્ધા ધર્મ મૈત્રીભાવ ઉગ્ર તપશ્ચર્યા ઉચ્ચ ત્યાગ–વાણી માધુર્ય–સમતા સહનશીલતા સરળતા નિખાલસતા ગુણાનુરાગી ધર્મ પરાયણ પાપભીરૂ અલ્પારંભી દાનરૂચિ–ક્રિયારૂચિ સ્વાધ્યાય રૂચિ સંયમપ્રેમ યતનાપ્રેમ કષાયોની મંદતા હૃદય વિશાળતા આદિ અનેકાનેક સદ્‌ગુણોથી ભર્યું ભર્યું જીવન જીવીને દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યેની અવિહડ શ્રધ્ધા ભક્તિને આત્મસાત કરી દેશ–સમાજ સંબંધિ સાધર્મિક કુટુંબ પરિવારમાં ખૂબ જ આદરણીય બની જેઓ ચોમેર સુવાસ પ્રસરાવી ગયા તે પરમ પુણ્યશાલિની ધર્મમાતા શ્રીમતી ગંગાબેન અરેખર આકાશ ગંગાની જેમ નિર્મળ ગુણોમય આરાધનામય અને સમાધિમય જીવન જીવ્યા જેના પ્રભાવે.

અનંત સિધ્ધભગવંતોના શાશ્વત સિદ્ધગિરિ મહાતીર્થમાં ચાતુર્માસ કરતાં કરતાં શ્રી સિધ્ધિસૂરિપ્રવરજી કાકાની પુણ્યતિથિએ જાણે પંચમગતિ પામવા મહારાષ્ટ્ર ભુવનમાં રહેઠાણ રૂમ નંબર ૪૧ (૪+૧=૫) માંથી પ્રયાણ કરી વિરતિધર્મને સ્વીકારવા ભાદરવા વદ (૧+૪=૫) ના ઉપાશ્રયમાં પૌષધને પામી દ્વિવસ દરમ્યાન સમગ્ર આરાધના ગિરિરાજની તળેટી સ્પર્શના સ્વાધ્યાય નવકારવાળી સ્નાત્રનો પાઠ જિનવાણીનું શ્રવણ સાધ્વીજીનો સત્સંગ આરાધનાની અનુમોદના અને ઉપકારીઓને યાદ કરી પરોમુદ્દ આયંબિલનું પચ્ચક્ખાણ પારી થોડીવારમાં જાણે સૌધર્મ દેવલોકમાં પહોંચવા સૌધર્મ નિવાસમાં મંગલ સ્વરૂપ આયંબિલ તપને પૂર્ણ કરી, જીવનને મંગળમય બનાવીને, ઠામ ચોવિહાર પચ્ચક્ખાણ કરી લીધા બાદ શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા બેજ મીનીટમાં અપૂર્વ અને અદ્‌ભુત સમાધિમય સ્વર્ગવાસ પામ્યા.

સંયમ પ્રાપ્ત કર્યા બાદ સાધુ-સાધ્વીજીનો સહવાસ મળે તેમ સંયમ પામવાની ઝંખનામાં અંત સમયે ઘર કુટુંબ પરિવારને તજી શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ સાધર્મિકના સહવાસમાં એમણે પંડીત મરણ પ્રાપ્ત થયું આ તે કેવી વિરલ ઘટના કહેવાય.

આ જ ધર્મમાતાએ પોતાના વ્હાલસોયા સૌથી નાના પુત્રને જિન શાસનને અર્પણ કરી જબરજસ્ત પુણ્ય કમાણી કરી, મહાન સાહિત્યસમ્રાટ સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પાસે સં. ૨૦૩૫ વૈશાખ સુદ ૩ ના પીંડવાડામાં લાડકવાયા પુત્ર યોગેશને સંયમ અપાવી પોતાની રત્નકુક્ષિને ધન્ય બનાવી હતી. પુત્ર મુનિ શ્રી યશકીર્તિવિજયજી બન્યા ધન્ય ધન્ય થતી આ માતા પોતાના પુત્ર મુનિને જોઇ જોઇને હરખાતી હતી.

પોતાના હૃદયમાં સંયમનો અપૂર્વ પ્રેમ હતો એથી સમગ્ર પરિવારને એ માર્ગે જવા પ્રેરણા આપી પોતાના શારીરિક સંયોગોમાં સંયમ ન પામી શકતા એમણે શ્રાવક જીવનને ખૂબ જ ઉત્તમોત્તમ બનાવ્યું. જીવનમાં તપને આત્મસાત બનાવ્યો.

પરમાત્મા શ્રી ઋષભદેવે ૪૦૦ ઉપવાસ કરીને વર્ષીતપ કર્યો પણ એવી શક્તિના અભાવે ૪૦૦ ઉપવાસ અને ૪૦૦ બિયાસણા કરીને બે વર્ષીતપનું પારણું સાથે કર્યું અન્ય પાંચ વર્ષીતપ, માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણી તપ, સમવસરણ તપ, સિંહાસન તપ, ભદ્રતપ, ચત્તારી-અટ્ઠ-દસ-દોય, મોક્ષદંડક તપ, રોહિણી તપ, ક્ષીર સમુદ્ર તપ, વીશ સ્થાનક તપ, ૧૨૦ કલ્યાણકના ઉપવાસ, ૬૮ નવકાર મંત્રના ઉપવાસ, ૪૩ વર્ધમાન તપની ઓળી, નવપદજીની ઓળીઓ, ત્રણ વખત ૧૬ ઉપવાસ ૫૦૦ આયંબિલ, ત્રણ ઉપધાન પાંચમ-આઠમ-અગ્યારસ ચૌદશ, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, પહેલા દિવસે પચ્ચકખાણ લઇ અલગ-અલગ તપ કરેલ તબિયતના કારણ સિવાય જીવનભર એકાંતર આયંબિલની પ્રતિજ્ઞા અને આરાધના ભારતભરના દરેક તીર્થોની યાત્રા, ચાર વખત છ'રી પાલિત સંઘયાત્રા, શ્રી સિધ્ધગિરિ તીર્થમાં ૬૦ ચાતુર્માસ. નવાણું યાત્રા આદિ અનેક આરાધન એમણે જીવન મઘમઘાયમાન બનાવ્યું.

આ બધી આરાધનાઓના ફળસ્વરૂપ એમને સમાધિ મરણની તીવ્ર ઝંખના હતી તે શ્રી સિધ્ધગિરિ મહાતીર્થમાં ફલવતી બની અને તેઓએ પરમપદને પામવા માટે શ્રી સિદ્ધગિરિ તીર્થમાંથી આયંબિલના તપ અને પૌષધ સાથે મંગલ પ્રયાણ કર્યું. પરમ કૃપાળુ પરમાત્માને એક જ પ્રાર્થના કે, એમનો દિવ્ય આત્મા હાલ મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત વિચરતા શ્રી સીમંધર સ્વામી પાસે જઇ શીઘ્ર મોક્ષપદને પામે એ શુભકામના.

મધ્યાન્હે.....સુર્યાસ્ત અપૂર્વ વૈયાવૃત્યકારિકા, સુસંયમીરત્ના પરમ પૂજ્ય સાધ્વી

જયલતાશ્રીજી મહારાજ સાહેબના જીવનની આછેરી ઝલક

પરમ પૂજ્ય સંઘસ્થવિર સ્વ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના (બાપજીમહારાજના) પ્ર.પ્ર. શિષ્યરત્ન સિદ્ધાન્તૌકનિષ્ઠ સ્વ. આ ભગવંત વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજના સમુદાયવર્તિ તથા પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ મહોદયસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિ.

પૂ. સ્વ. સા. શ્રી જયલતાશ્રીજી મ. સાહેબનો જન્મ સં. ૧૯૮૧ માં મહારાષ્ટમાં જી. કરાડ ગામ મસૂરમાં પિતા રૂપચંદભાઇ માતા કેવળીબેનની કુક્ષિએ આસો સુદ નોમના દિવસે રાત્રે ૧ ક. ૫૫ મી. થયો હતો તેમનુ નામ કાંતાબેન હતુ. ગર્ભશ્રીમંત એવા એમના કુટુંબમાં ૮૦ આસપાસ માણસોનું કુટુંબ એક રસોડે જમતું હતુ. તેમના કુટુંબનાં ઘણી પેઢીઓથી ધર્મનો વારસો ચાલ્યો આવતો હતો.

પૂર્વભવના પુન્યોદયે મસૂરમાં પૂ. રાજવિજયજી મ. સા. (સ્વ. તપસ્વી સમ્રાટ પૂ. રાજતિલક સૂરીશ્વરજી મહારાજ) તથા પૂ. જયંતવિજયજી મ. સા. (સ્વ. પૂ. જયંત શેખરસૂરીશ્વરજી મહારાજ) બંને મુનિભગવંતોનું ચાતુર્માસ થયું. નિત્ય જિનવાણીના શ્રવણથી કાંતાબેનમાં વૈરાગ્યના બીજ રોપાયા મનમાં સંયમમાર્ગે જવાની તાલાવેલી જાણવા માંડી તે બીજની વૃધ્ધિ કરવા કાંતાબેને પુરુષાર્થની ધુણી ધખાવી ૧૯૯૮ ની સાલમાં સિધાંત સંરક્ષક, દીક્ષાના દાનવીર તપાગચ્છાધિરાજ પ. પૂજ્ય આ ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબની નિશ્રામાં મુંબઇ માટુંગામાં માણેકચંદ ચુનીલાલે ઉપધાન તપની આરાધના કરાવી ત્યારે આ મુમુક્ષે કાંતાબેને પ્રથમ ઉપધાન તપની ચઢતે પરિણામે આરાધના કરી આમ પણ, મનમાં સંયમ લેવાના મનોરથો તો રમતા હતા અને પોતાની જન્મભૂમિ મસૂર ગામમાં સંતોની પધરામણી થવી દુર્લભ હતી. તેથી મનોરથોને સાકાર કેવી રીતે કરવા ? એ વિચારોથી વ્યથિત હતા.

કુદરતી તેમના સંસારી ભાઇને ધંધાર્થે અમદાવાદ ઢાલની પોળમાં આવવાનું થયું. સાથે તેઓ પણ આવ્યા તેવાવસરે પૂ. તારાશ્રીજી મ. સા. ઢાલની પોળની ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તેમની પાસે અવાર-નવાર ભણવા જતા મનમાં દીક્ષા લેવાની તીવ્ર ઝંખના પરંતુ સગા સબંધીઓનો ઇનકાર તેથી તે વખતે પ. પૂ. બાપજી મહારાજ વેદાશાળાના ઉપાશ્રયે બિરાજમાન હતા. મુ. કાંતાબેને સં. ૨૦૦૧ ની સાલના મા. સુ. ૧ ના દિવસે પૂ. બાપજી મહારાજને કહ્યું કે. મારે દીક્ષા લેવી છે, પરંતુ ઘરમાંથી બધાં ના પાડે છે. આપ મને દીક્ષાનું મુહુર્ત જોઇ આપો. પૂ. બાપજી

મ. કહ્યું. તારે દીક્ષા ચોક્કસ લેવી છે. ત્યારે મુ. શાંતાબેને હૃદયના, સાચા રણકાર સાથે મક્કમતાથી કહ્યું. 'હા' આટલી વાત કરી ઘરે આવ્યા. બીજે દિવસે પાછા પૂ. બાપજી મ. ને વંદન કરવા ગયા ત્યારે પૂજ્યશ્રીએ સામેથી કહ્યું.

તારે દિક્ષા લેવી છે ને ? તો મા. સુદ છઠ્ઠનો દિવસ સારો છે. હું તને પત્ર લખી આપુ છું, તું સુરત જા, છાપરીયા શેરીમાં મુનિશ્રી સુબોધવિજયજી છે. આ મારો પત્ર આપજે. તારું દીક્ષાનું કામ પતી જશે. આટલું કહી પૂજ્યશ્રીનાં વાસક્ષેપ તથા આશીર્વાદ લઇ મુ. શાંતાબેન ઘરે આવ્યા. તે દિવસે મા. સુ. ૫ નો દિવસ હતો. તેથી ઉપવાસના બદલે આયંબીલ કર્યું. સુરત કદિ જોયેલું નહીં, કેવી રીતે જવું ? તેની ખબર નહીં. સારો ય દિવસ મનોમંથનમાં પસાર કર્યો. તે વખતે ઢેબરની પોળના ઉપાશ્રયમાં પૂ. કંચનશ્રીજી મ. ને બધી વાત તો કરી દીધી હતી હવે ભાગીને સુરત ગયા વિના છટકો ન હતો. તેથી રાતની ગાડીમાં હિંમત કેળવી બેઠા. સવારે ૪ વાગે સુરત આવ્યા. તે વખતે ગોપીપુરા ઉપાશ્રયમાં પૂ. તારાશ્રીજી મ. સાહેબ બિરાજમાન હતા. છાપરીયા શેરી આવ્યા.

શ્રી સંઘે વરઘોડો કાઢયો અને શુભ મુહુર્તે પ. પૂ. સુબોધવિજયજી મ. સાહેબના હસ્તે સં. ૨૦૦૧ ના મા. સુદ છઠ્ઠે દીક્ષા થઇ. મુમુક્ષુ શાંતાબેન મ.ને સા. જયલતાશ્રીજી મ. બન્યા મુ. શાંતાબેન પૂ. ધર્મઘોષ વિજયજી મ. ના મોટા ભગીની સુસંયમી સા. ચારૂલતાશ્રીજી મ. સાહેબના શિષ્યા બન્યા. તેઓશ્રીની વડી દિક્ષા સં. ૨૦૦૧ ના મહાસુદ ૬ ના દિવસે અમદાવાદ વિદ્યા. શાળામાં પૂ. બાપજી મહારાજના હસ્તે થઇ.

મારા દીક્ષાદાતા ગુરૂજી સ્વ. પૂ. જયલતાશ્રીજી મ. સાહેબમાં અપૂર્વ વાત્સલ્ય ભાવ, ગુણાનુરાગ, સ્વ. પર હિતની ચિંતા, બીજાનું કરી છટવાની ભાવના, ઔદાર્ય, ગંભીરતા, સહનશીલત., સ્વાધ્યાય. લીનતા આદિ ગુણો રમણીય ઉદ્યાનની પુષ્પ વાટિકાની જેમ સ્વાભાવિક ખીલેલા હતા. તેના કારણે તેઓશ્રી સમુદાયમાં અતિ માનનીય, આદરણીય પાત્ર બન્યા હતા.

સંયમ જીવન સ્વીકાર્યા બાદ વડીલોની તથા અવસરે ગ્લાન–નાના સાધ્વીજી ભગવંતની પણ મન મૂકીને સેવા કરી છે. અતિ લાગણીશીલ સ્વભાવ, બોલવામાં મધુરતા, પ્રભુ ભક્તિના અવસરે તેઓશ્રીનો પહાડી તથા સુમધુર કંઠ હોવાના કારણે તેમના સ્તવન સજ્ઝાય લોકો કાન દઇ સાંભળતા મુકામની એક–એક સાધ્વી તેમના કોઇના કોઇ ઉપકારો નીચે દબાયેલી છે. એમાં શંકાને સ્થાન નથી જ. આજની ઘડીયે તેઓશ્રીને યાદ કરીને આંસુથી આંખો ભીંજાયા વિના રહેતી નથી.

તેઓએ શ્રીએ પોતાના જીવનમાં વડીલોની ભક્તિ, જ્ઞાન, ધ્યાન કરવા પૂર્વક તપનું અનુષ્ઠાન પણ સુંદર સેવ્યું છે. બે વર્ષીતપ, ૫૦૦ ઓકાંતર આયંબીલ, ૮-૧૦ ઉપવાસ, વર્ધમાન તપની ઓળી, સિદ્ધગિરિમા ચાતુર્માસ, સિદ્ધગિરિની ૯૯ યાત્રા. સાથે સાથે મારવાડ, સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છાદિ પ્રદેશોમાં વિચરી પોતાના સમ્યગદર્શનને સુવિશેષ નિર્મળ કર્યું છે.

સ્વ. પૂ. સાધ્વીજીના સં. ભત્રીજા મહારાજ ધર્મતીર્થ પ્રભાવક, અખંડ બાલબ્રહ્મચારી પ. પુ. આ ભગવંત મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા, તેઓશ્રીના માતુશ્રી સં. ભાભી સ્વ. સાધ્વી સુવર્ણલતાશ્રીજી, સં. ભાભી સ્વ. સાધ્વી સુમંગલાશ્રીજી, સં. ભત્રીજીઓ સા. અનુપમાશ્રીજી મ. સા. દિવ્યયશાશ્રીજી મ. ની આ કુટુંબમાંથી દિક્ષા થઇ છે.

મારા ગુરૂજી સા. જયલતાશ્રીજી મ. ને છેલ્લા ૧૦ વર્ષથી થાય રોડ, હાર્ટનું પહોળુ થવું. કમરના મણકાંની તકલીફ, શ્વાસ તથા કફની બીમારી તો હતી જ. તદુપરાંત સં. ૨૦૫૩ના જે. વ. એકમે ડાબી બાજુ પેરેલીસીસનો અટેક આવ્યો હતો. પરંતુ દવાદિ દ્રવ્યોપચારથી સારું ? થઇ ગયું હતું ચાલુ સાલે શ્રા. સુ. એકમના રોજ સવારે ૮.૩૦ મી જમણી બાજુ પેરેલીસીસનો એટેક આવ્યો તાત્કાલિક સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કર્યા.

૨૨ દિવસ પૂરી ટ્રીટમેન્ટ મળવા છતાં જરા પણ ફેર ન જણાવાથી શ્રા. વ. ૧૦ ના રોજ ઉપાશ્રયમાં લાવ્યા. મુકામમાં આવ્યા બાદ દ્રવ્યોપચાર સાથે ભાવોપચાર સતત ચાલુ રહ્યા. અંતે, પુજ્ય શ્રી ભા. સુદ બીજના દિવસે સવારે ૪ ક. ૫ મી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતા આ નરવર દેહનો ત્યાગ કરી સમાધિપુર્વક સ્વર્ગસ્થ બન્યા.

તેઓશ્રીના સમાધિપુર્વક કાળધર્મ નિમિત્તે પાંચ શીખરી જરિયાજી પાલખીની ઉછળામણી ખૂબ સારી થવા પામી હતી. અહીંના શ્રી સંઘે પણ ખૂબ સુંદર ભક્તિ કરી છે. સાધ્વીજી વગ, શ્રાવક શ્રાવિકા વર્ગ તરફથી સારું એવું પુન્યદાન કહેવાયું હતું. જે અહીં જણાવતાં તોષ અનુભવું છું.

૨૫ લાખ સ્વાધ્યાય	૧૧ અઠ્ઠમ	૫૦૦ બેસણાં
૧૧ લાખ નવકાર મહામંત્રનો જાપ	૭૫૧ આયંબીલ	૩૧૦૦ કલાક મૌન
૧૧ લાખ અરિહંત પદનો જાપ	૩૦૦ એકાસણાં	૨૦૦ સામાયિક
૧ નવપદજીની ઓળી	તેમજ જીવદયામાં, શુભ ખાતામાં, આંગી ખાતામાં પણ શક્તિ અનુસાર રકમ સારી કહી છે.	

સં. ૨૦૪૯ ની સાલમાં તેઓશ્રીને સંયમ પ્રાપ્તિના ભાવો કરાવનાર પ. પૂ. તપસ્વી સમ્રાટ આ ભગવંત રાજતિલક સુરીશ્વરજી મહારાજા તથા પ. પુ. સુવિશાલ ગચ્છાધિપતિ મહોદયસુરીશ્વરજી મહારાજા સાથે ચોમાસું કરવાનું સદ્ભાગ્ય સાંપડયું ત્યારે તેઓશ્રીએ ગુરૂભક્તિનો ખુબ સુંદર લાભ લઇ જીવન ધન્ય બનાવ્યું હતું.

અમદાવાદ ગીરધરનગરમાં પુ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં ચાતુર્માસ બિરાજમાન પર્યાય સ્થવિર, વયોવૃધ્ધ મુનિરાજ ભેમંકર વિજયજી મ. સાહેબ તથા પ.પુ. કુમુદચંદ્ર વિજયજી મ. સાહેબનો મારા ગુરૂજીના સ્વર્ગગમન બાદ અમારા ઉપર આશ્વાસન હિંમત આપતો પત્ર આવ્યો છે.

અત્રે ચાતુર્માસ બિરાજમાન પ.પુ. સ્વ. ગચ્છાધિપતિ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પ. પુ. મતિરત્નવિજયજી મ. સાહેબ તથા પ પુ. મોક્ષતિલક વિજયજી મ. સાહેબ પણ મારા ગુરૂજીને મંગલિક સંભળાવવા તથા અંતિમ નિર્યામણા કરાવવા ૪–૫ વાર હોસ્પીટલમાં તથા ઉપાશ્રયમાં પધાર્યા હતા.

પુ. સ્વ. મારા ગુરૂજીને અંતિમ આરાધના કરાવવા માટે તથા સમાધિ આપવા માટે તેઓશ્રીના મોટા ગુરૂબેન પ. પુ. બાપજી મહારાજના પ્ર. પ્ર. શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પ. પુજ્ય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સાહેબના આજ્ઞાવર્તિ પ્રવર્તિની સાધ્વી પ. પુ. જયાશ્રીજી મ. સાહેબ તથા પ. પુ. દક્ષાશ્રીજી મ. આદિ મારા વડીલો રોજ આવીને સુંદર આરાધના કરાવતા હતા.

અનેક ગુણરત્નોના નિધાન સમા મારા ગુરૂજીની અણધારી, અકલ્પ્યવી વિદાયથી તેઓશ્રીના શિષ્યા પ્રશિષ્યાગણ ઘણી વ્યથા અનુભવી રહ્યા છે. મધ્યાહ્ને સૂર્યાસ્તનો જરૂર અનુભવ કરી રહ્યા છે. શોકથી ઝુરી રહ્યા છે. પરંતુ અફાટય એવી નિયતિને સલામ ભરે જ છુટકો છે.

પ્રાન્તે, તેઓશ્રીનો આત્મા જયાં પણ ગયો હોય ત્યાં શાંતિ સમાધિને પામી અંતે સદ્ગતિ અને પરંપરાએ અક્ષય અવ્યાબાધ સુખને પામવા રૂપ પરમપદનો ભોકતા બને એજ એક અભ્યર્થના.

'એ ઉપકાર તુમારે કહિએ ન વિસરે' ૫૪ વર્ષનું નિર્મળ સંયમ પાળી સ્વર્ગની વાટે સિધાવી જનાર પુજય ગુરૂદેવના આત્માને અનંત અનંત વંદના.

એજ. તેઓશ્રીનો આશ્રિત શિષ્યા–પ્રશિષ્યા ગણ સા. શતગુણાશ્રીજી સા. હર્ષંકરાશ્રીજી સા. શીલરત્નાશ્રીજી આદિ સં. ૨૦૫૪ ભા. વ. ૧૦ મંગળવાર.

પૂ મુ. શ્રી જિન રક્ષિત વિજયજી મ. નો કાળધર્મ

સાહર જણાવવાનું સં. ૨૦૫૪ ના આસો વદી આઠમ સોમવારના દિવસે મારા પ્રથમ શિષ્ય મુનિશ્રી જિનરક્ષિતવિજયજી મ. રતલામ (મ. પ્ર.) આરાધના ભવનમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે

* પુણ્ય જીવનની ઝરમર *

ભારત દેશ અને એમાં વળી ગુજરાત જેવું ધર્મરાષ્ટ્ર અને એમાં અમદાવાદ (કર્ણાવતી) જેવી ધર્મનગરી કે જે નગરીમાંથી અનેક નરરત્નોએ સંયમ સ્વીકારી શાસનરૂપી બગીચાને શોભાવ્યો છે. જે નગરી ભવ્યોદ્ધારક અનેકાનેક જિનાલયો, ઉપાશ્રયો અને ગૌઢ પ્રતાપી, ધર્મપુરંધર પૂ. આચાર્ય પુંગવોના વિચરણથી પુનીત છે. એવાં અમદાવાદ નગરીમાં મણીનગર રહેતાં શ્રાવકરત્ન શ્રી અંબાલાલભાઇ અને શ્રાવિકા રત્ન શ્રી વિમલાબેનના કુક્ષીએ સં. ૨૦૦૧ આ. સુ. ૫ ના દિવસે પુત્રરત્નનો જન્મ થયો. અને માતા પિતાએ એનું નામ રાખ્યું જિતેન્દ્ર, જિતેન્દ્રકુમારે વ્યાવહારીક મેટ્રીક સુધી ભણ્યો. નાનપણથી ધર્મ પ્રત્યે લગાવ ઓછો હતો. લગભગ પરમાત્માનું દર્શન કરતા નહોતા.

પણ અમારા જિતેન્દ્રકુમાર ઉપનામ જિતુભાઇનો પુણ્યોદય જાગ્યો અને સત્સંગ લાભ્યો. એક વખત શાસન પ્રભાવક પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. નો વ્યાખ્યાન શ્રવણનો અવસર આવ્યો અને ધર્મપ્રેમી બન્યા. એમનામાં ધર્મપ્રેમ એવો જાગ્યો કે જે એમના સંગતીમાં આવ્યો એને સાચો ધર્મી બનાવ્યો. એ વખતે પ્રખર વકતા પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના માર્ગદર્શનથી સંસ્કૃતી ધામ ચાલતું હતું. એમાં એ વડા હતા. અને એમના સાથે ૨૦૦ યુવાનો પણ હતાં. એનું એ વખતે એ જ કામ હતું કે જે કોઇ વ્યક્તિ યા સંસ્થા જિનશાસનની હિલ્લના કે ટીકા ખોટી કરતો હોય એને સમજાવવું ન સમજે સામદામાદિ નિતીથી પણ કોશિશ કરતા. એમાં પણ જંગમતિર્થ રૂપ પૂ. સાધુ – સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ કરવામાં એકકા હતા. એમનું જીવન પરોપકારમય હતું. આવું શાસનનું કાર્ય કરવામાં એ એવાં મગ્ન બનતાં કે ખાવું–પીવું પણ ભૂલી જતા. જીવદયા એમના જીવનમાં વિશેષ હતી. બીજું વ્યસન મુક્તિના ઉપદેશ એવા આપતા કે અનેકાનેક જૈન-જૈનતરો વ્યસન ત્યાગ કરી ધર્માભિમુખ બન્યા.

આવું જીવન જીવતાં જીવતાં જિતુભાઇના પરમ પુણ્યોદયે પ. પૂ. સૂરિપુંગવા વ્યાખ્યાન વાચસ્પતિ દીક્ષાના અક્કોડ કાનેશ્વરી પરમ જૈનાચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના વ્યાખ્યાન શ્રવણનો સુવર્ણ અવસર મળ્યો અને પૂ. શ્રી ના વ્યાખ્યાનરૂપી ગારૂડીક મંત્રથી મોહરૂપી ઝેર ઉતારવા માંડયુ અને છોડવા જેવ

સંસાર, લેવા જેવું સંયમ અને મેળવવા જેવું મોક્ષ આ ત્રિપદી મનમાં ઠસી અને "સંયમ કબહી મિલે સસનેહી પ્યારા" ની ધૂન લાગી માતા – પિતા આદિને ખબર પડી એમને ઘણું સમજાવ્યું પણ સમજે તે બીજા. જિદ્દે ચઢયા અને છેવટે માતા – – પિતાએ દીક્ષા માટે રજા આપી જિતુભાઈ જિત્યા.

એમાં જ મારા તરણતારણહાર ગુરૂદેવ શ્રી પ. પૂ. નિડર વકતા સિંહ ગર્જનાના સ્વામી શાસન પ્રભાવક જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ જિતુભાઇને પોતાના સ્વર્ગવાસના દિવસે દીક્ષા લેવા માટે ઉપદેશ અને હિતશિક્ષા આપી હતી જે જિતુભાઇએ વધાવી લીધી હતી.

જિતુભાઇના પુણ્યનો દિવસ જાગ્યો અને સં. ૨૦૩૮ ના શુભ દિવસે તીર્થરાજ શ્રી શંખેશ્વરના આંગણે પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દીવ્ય છત્રછાયામાં અને પ. પૂ. હજારોના તારણહાર, યુગપ્રધાનાવતાર, ધર્મધુરંધર, જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિવંકારી પાવન નિશ્રામાં હજારોના માનવ મેદનીમાં પૂ. શ્રી ના વરદ હસ્તે રજોહરણ પામી સંયમધર બન્યા અને શુભ નામ રાખ્યું પૂ. મુનિરાજ શ્રી જિનરક્ષિત વિજયજી મ. સા. આવી રીતે મુનિશ્રી મારા પ્રથમ શિષ્ય બન્યા. મારા બીજા શિષ્ય મુનિશ્રી જયરક્ષિતવિજયજી મ. ની દીક્ષામાં મુનિશ્રીનો ઘણો ભાગ હતો. એમને મુ. શ્રી જયરક્ષિતવિજયજી મ. ની ખૂબ જ સુંદર વૈયાવચ્ચ કરી હતી.

મુનિશ્રીની વડી દીક્ષા સં. ૨૦૩૮ ફા. વ. ૩ ના દિવસે 'સુરિરામ' ના શિષ્ય-રત્ન પ. પૂ. આગમપ્રજ્ઞ પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય માનતુંગસૂરીશ્વરજી મ. સા. ના વરદ હસ્તે થઇ હતી.

મુનિશ્રી જિનરક્ષિતવિજયજી મ. ખૂબ જ પરોપકાર પરાયણ ગુણાનુરાગિતા એમનામાં હતી. કોઇનું પણ કામ કરી છુટવું એ એમની ભાવના રહેતી. કે કોઇની નિંદા પોતે કદી કરતાં નહી અને સાંભળતા પણ નહી. જીવદયાના બાબતમાં અનેક પાંજરાપોળ સંસ્થાઓ એમની સલાહ માંગતી, પોતે નામની કામના કયારે ય કરી નથી 'કલ્યાણ' આદિ માસિકોમાં એમને ઉપનામથી જીવદયા માટે ઘણું લખ્યું છે. એ સતત મૈત્રી આદિ ચાર ભાવનામાં બહુ રમતાં. વિહાર કે સ્થાનમાં કોઇ ભાગ્યશાળી આવ્યો હોય તો એને ઉપદેશ આપવામાં થાકતા નહી. એવી રીતે જૈનતરોને પણ ખુબ જ સારી રીતે સમજાવતા કે એ પણ ધર્મપ્રેમી બની જતો. એમની સામે બાળક હોય કે મોટા એ એવું સમજાવે કે ૧૫ મિનીટ માટે આવેલો માણસ ૨–૩ કલાકે ઘેર જાય વિહારમાં સ્કુલમાં નાના કે મોટા બધાને વ્યાખ્યાન આપતાં અને અહિંસાપ્રેમી બનાવતા.

મુનિશ્રીને સં. ૨૦૫૨ કલકત્તાના ચાતુર્માસમાં બે વખત મગજનો મેલેરિયા થયેલ અને બન્ને વખત નવકારાદિ સંભળાવેલ પણ દેવગુરૂકૃપાથી એમાંથી ઉગરી ગયા. અમે સં. ૨૦૫૩ નું પટના ચોમાસુ કરી માલેગાંવ તરફ પ્રયાણ થયું. વિહારમાં મુનિશ્રી બહુ થાકી જતા. એમ કરતાં કરતાં તીર્થરાજ શ્રી ઉજૈનમાં પહોંચ્યા અને ત્યાં રતલામનો 'ગુરૂભક્ત' આરાધના ભવન સંઘના ૨૦ ભાઇઓ ચાતુર્માસ બિનંતી કરવા આવ્યા. એમાં પ. પૂ. વર્તમાન સુવિશાલ ગચ્છનાયક વાત્સલ્યનિધી જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. ની તારક આજ્ઞા આવી અને મુનીશ્રી જિનરક્ષિત વિજયજી મ. અને મુનિશ્રી વિમલરક્ષિતવિજયજી મ. નું ચોમાસુ રતલામ આરાધના ભવન નક્કી કર્યું. મુનિશ્રીનું ચોમાસુ ખુબ જ પ્રભાવક થયું પર્યુષણ પર્વ સુધી – વ્યાખ્યાન વાંચતા હતા. પણ પછી શારીરિક અને માનસિક અસ્વસ્થતા અનુભવવા લાગ્યા. અને મને પત્ર લખેલો કે બસ હવે મને આપશ્રીને જલ્દીમાં જલ્દી મળવું છે. મેં પણ પત્ર લખેલો કે તમને જેમ સમાધિ ઉપજે એમ કરીશું મુનિશ્રી પત્રમાં સારી સારી ભાવના ઓ લખતાં વિશેષમાં રતલામ આરાધના ભવનના ભાઇઓએ મુનિશ્રીની જે વૈયાવચ્ચ કરી છે એ બહુ જ અનુમોદનીય છે આમ મુનિશ્રીએ પોતે આરાધના કરી કરાવી સં. ૨૦૫૪ આસો વ. ૮ ના દિવસે સવારે દર્શન કરવા ગયેલા અને દર્શન કર્યા પછી સવારે ૮ વાગે ૧૬ વર્ષનો શુદ્ધ સંયમ પાળી ઉંમરના ૫૩ માં વરસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

મુનિશ્રીએ સંયમ જીવનમાં નવ્વાણુ યાત્રા, ૫૦૦ લાગલગાટ આયંબિલ, વર્ધમાન તપની ૬૧ ઓળી અવારનવાર છઠ્ઠ, અઠ્ઠમ કરતાં નવકારમહામંત્રના લાખો જાપ કરેલ, ગુરૂને સમર્પિતતા, ગુરૂાનુરાગિતા, લઘુતા આદિ અનેક ગુણોના ધારક હતા.

શાસનને અને મને એક આરાધક અને ગુણીયલ આત્માની ખોટ પડી છે! આપણે બધા સુંદર ધર્મારાધના કરી કરાવી પરમપદ પામીએ બસ એ જ.....

માલેગાંવ ચંદનબાલા ઉપાશ્રય — ક. આ. વિ. પ્રભાકર સુરી

ટિળક રોડ, — આસો વ. ૯ મંગળ સં. ૨૦૫૪ તા. ૧૩ ઓકટો. ૧૯૯૮

તા. ક. : સં. ૨૦૫૪ આસો વ. ૮ સોમવાર દિવસે 'જય જય નંદા....' કરતાં કરતાં મુનિશ્રીની પાલખી નિકળેલ ૫ હજાર જેટલી માનવ મેદની સ્મશાન યાત્રામાં જોડાઇ હતી, ઉછામણી સારી થયેલ, મુનિશ્રીના સ્વર્ગવાસ પછી દેહનું તેજ હતું. માલેગાંવ મુકામે ચતુર્વિધસંઘ સાથે દેવવંદન થયેલ આસો વ. ૯ ના દિવસે સ્વ. મુનિશ્રીના ગુણાનુવાદ થયેલ. તેમના નિમિત્તો જે સંઘ પૂજન થયેલા.

જાહેર વિનંતી

પાલીતાણા–શત્રુંજય તીર્થ

વિનંતી કે સંવત ૨૦૫૫ ના અધિક જેઠ માસ એટલે કે તા. ૧૬–૫–૯૯ થી ૧૩–૬–૯૯ ના સમય માટે પાલીતાણા પવિત્ર શત્રુંજય ગિરિરાજ તીર્થ ઉપર પૂજય દાદાજીની આંગી રચાવવાનો તેમજ તળેટી ભાતાઘરે ભાતુ, ચા–ઉકાળો અને સાકરના પાણીનો જે ભાગ્યશાળીઓને લાભ લેવાની ભાવના હોય તેમણે પોતાનું પુરૂં નામ, સરનામું અને જેમના નામે જે પ્રકારની તિથિ નોંધવાની હોય તેમના નામ સાથેની અલગ અલગ અરજી શેઠ આણંદજી કલ્યાણજી પાલીતાણા. જી–ભાવનગર. પીન નં. ૩૬૪૨૭૦ ના સરનામે મોટામાં મોટી તા. ૩૧–૧–૯૯ સુધીમાં મોકલી આપવી. અરજીઓની સંખ્યા ૨૯ થી વધુ હશે તો ચીઠીઓ ઉપાડીને આદેશ આપવામાં આવશે. પો. બો. નં. ૫૧ ઝવેરીવાડ. રીલીફ રોડ. અમદાવાદ **શેઠ આણંદજી કલ્યાણજી**

વિજયનગરમ્ (આંધ્ર) અત્રે પૂ. આ. શ્રી વિજયરાજતિલક સૂ. મ. ની. સંયમ જીવનની અનુમોદનાર્થ ભા. વદ ૧૦ થી આસો સુ ૨ સુધી પંચાહ્નિકા મહોત્સવ મુ. શ્રી વજ્રતિલક વિ. મ. જી નિશ્રામાં ઉજવાયો.

પાલીતાણા સુધર્મ નિવાસમાં પૂ. આ. શ્રી વિજયરાજતિલક સુ. મ. પૂ. મુ.શ્રી ચારિત્રરત્ન વિ. મ. ના સંયમ જીવનના અનુમોદનાર્થ ત્રિદિવસી મહોત્સવ આસો સુ. ૪–૪–૫ ના પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ. પૂ. આ. શ્રી વિજયઅજીતસેન સુ. મ. પૂ. મુશ્રી કીર્તિકાંત વિ. મ. મુ. શ્રી જયવર્ધન વિ. મ. નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો.

અમદાવાદ રંગસાગર–પાલડી–અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શિવલાલ મોહનલાલ તથા રજનીકાંત શિવલાલભાઇના પરિવારના મુ. જાગૃતિબેન રજનીકાંતભાઇની દીક્ષા કા. વ. ૬ ના થશે તે પ્રસંગે ૩ દિવસનો ઉત્સવ યોજાયો છે.

મુમુક્ષ ભાવના પ્રવીણચંદ્ર (ઉ. ૧૬) મુમુક્ષુ આશા પ્રવીણચંદ્ર લામણી બનાસ કાંઠા ની દીક્ષા પણ થશે.

માલેગામ–અત્રે પૂ. આ શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં રતલામ મુકામે કાલધર્મ પામેલા તેઓશ્રીના પ્રથમ શિષ્ય પુ. મુ. શ્રી જિનરક્ષિત-વિજયજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થ કા. સુ. ૨ થી સુદ ૪ ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો.

卐 સૂરિ પ્રેમના સપુતો હવે જાગો 卐

હે સૂરિ પ્રેમના વારસદારો તમારા પુર્વજો શું માનતા હતા સૂરિ પ્રેમના સંભારણા પુસ્તક તમારા પક્ષ તરફથી જ બહાર પાડેલ છે પ્રાણાંતે પણ ઉદયાત્ ચોથ સાચવવી તેના બદલે સુદ પાંચમની વૃદ્ધિએ સુ. ૩ ની વૃદ્ધિ સ્વીકારનારા પોતાના ગુરુનો ભયંકર દ્રોહ કરી રહ્યો છે. હજુ શરમ છોડી સત્ય પક્ષને સ્વીકારો તે આત્માના લાભમાં છે.

વિક્રમ. સંવત ૨૦૧૪ ના અક્ષય તૃતીયાના મંગલ દિને શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઇ લાલભાઇના પંડામાં ૧૦ હજારની વિરાટ માનવ મેદની વચ્ચે ભવ્યાતિભવ્ય સ્નાત્ર પુજાનો કાર્યક્રમ રખાયેા. અને બપોરના પ્રકાશ હાઇસ્કુલના મકાનમાં બંધ બારણે સંમેલનની કાર્યવાહીનેા પ્રારંભ થયેા.

સહુથી પ્રથમ તિથિ ચર્ચાનેા પ્રશ્ન છેડાયેા. પુજ્યપાદ ગુરૂદેવશ્રીનેા પક્ષ શાસ્ત્રાનુસારે પંચાગમાં આવતી બાર પર્વી વિગેરેની ક્ષયવૃદ્ધિ યથાવત ગણી તેની આરાધનાની વ્યવસ્થા "ક્ષયે પૂર્વા" ના સૂત્ર અનુસાર કરતેા હતેા. જ્યારે સામેા પક્ષ પંચાગમાં આવતી બાર પર્વીની ક્ષયવૃદ્ધિ સ્વીકારતેા ન હતેા અને તેને બદલે બીજી તિથિઓની કલ્પિત ક્ષયવૃદ્ધિ સ્વીકારતેા હતેા.

તિથિ ચર્ચાનેા પ્રશ્ન છેડાતા જ પુજ્યપાદશ્રીની આજ્ઞાથી આચાર્યદેવશ્રી રામચંદ્ર-સૂરીશ્વરજી મ. પુજ્ય આચાર્યદેવ શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ. પુજ્ય આચાર્યદેવશ્રી ઉંકારસૂરીશ્વરજી મ. આગળ આવ્યા અને શાસ્ત્રીય રીતે પ્રશ્નનેા નીવેડેા લાવવા શ્રમણ સંઘને વિનંતી કરી ત્યાં સંમેલનની સભામાંથી સામા પક્ષેથી અવાજ આવ્યેા.

શ્રી સુધર્મા ગણધર મહારાજે અમને ૧૪૪ (૧૨×૧૨) તિથિ (રત્ન) આપ્યેા છે. એ શાશ્વતા ચાલ્યા આવે છે. એમાં અમારે જરાય ઓછા વત્તા કરવાના નથી જેણે નવેા પંથ કાઢયેા છે એ પાછેા ખેંચી લે.

તમે નવેા પંથ કાઢયેા છે તેથી તમે સહુથી પહેલા બધાની સામે ક્ષમા માંગેા પછી બીજી વાત ત્યાં તુરત જ પુજ્યપાદ આચાર્યદેવશ્રીએ નિર્ભય દિલે જવાબ આપી દીધેા.

અમે અમારેા મત પાછેા ખેંચી લેવા અને માફી માંગવા આ પળે જ તૈયાર છીએ પરંતુ માફી શેની હેાય ? જૂઠની કે સત્યની ? તમે શાસ્ત્રને આગળ રાખીને અમે મારી શાસ્ત્ર ચુસ્ત માન્યતા શાસ્ત્ર વિરૂદ્ધ હેાવાનું સાબિત કરી આપેા તેા આ સભામાં જ નહિ પરંતુ દુનિયાભરના અખબારોમાં લેખીત માફી માંગવા તૈયાર છુ તેા બતાવેા શાસ્ત્રાધાર અને મારી ભૂલ.

નહિ ! પહેલા નવેા પંથ પાછેા ખેંચી લેા પછી બીજી વાત સામેા પક્ષ પેાતાની

કદાગ્રહી વિચાર ધારામાં મક્કમ રહ્યો. સામા પક્ષના આચાર્યાદિ કોઇપણ શ્રમણ શાસ્ત્રીય ચર્ચા કરવા તૈયાર ન થયા. પંદર પંદર દિવસ સંમેલન ચાલ્યું પણ કંઇ સફળતા ન દેખાઇ.

અંતે સંમેલનને સફળ બનાવવાના એક માત્ર શુભ આશયથી સંઘ સ્થવીર પુન્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય સિદ્ધિ સૂરીશ્વરજી મહારાજાએ બંને પક્ષમાંથી લવાદી આચાર્ય નીમવાની વાત કરી પુન્યપાદ ગુરૂદેવશ્રીના પક્ષે આ સૂચન માન્ય કર્યું પરંતુ સામા પક્ષના આચાર્યો આ સૂચનનો અનાદર કરીને ઉઠીને ચાલ્યા ગયા અને સંમેલન નિષ્ફળ રીતે પૂર્ણ થયું.

—સૂરિ પ્રેમના સંભારણા – પા. ૩૯૫

તિથિ ચર્ચાના નામને આગળ કરીને કેટલાક સાધુઓ અને શ્રાવકોએ સંઘમાં તોફાન મચાવી મુકયું હતું આરાધક પુન્યાત્માઓના દિલમાં આ પ્રસંગને લઇને ભારે વિમાસણ ઉભી થઇ રહી હતી ચર્ચાના મેદાનમાં પુન્યપાદશ્રીનો પક્ષ વિજયી નીવડયો હોવા છતાં અને સામો પક્ષ સમાધાન માટે કે એકતા માટે જરાય તૈયાર ન હતો છતાં અને સંઘની શાંતિને લક્ષ્યમાં રાખીને પુન્યપાદ ગચ્છાધિપતિ ગુરૂભગવંતશ્રીએ પોતાના પટ્ટાલંકાર પરમ પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા સાથે વિચાર વિનિમય કરીને પટ્ટક રૂપે એક જાહેરાત કરી.

જુદા જુદા શ્રમણ સમુદાયના પદસ્થોએ તિથિદિન અને પર્વારાધનના બાબતમાં શ્રી સંઘ માન્ય પંચાગમાં બતાવેલી સર્વ પર્વાપર્વ તિથિઓની ક્ષયવૃદ્ધિ યથાપ્રાપ્ત માન્ય રાખીને આપણે જે રીતે એ ઉદયસ્પર્શ તથા ક્ષયેપૂર્વાના નિયમ અનુસારે તિથિ દિન અને આરાધના દિન નક્કી કરીએ છીએ તે શાસ્ત્રાનુસારી તેમજ શાસ્ત્ર માન્ય પ્રાચીન પરંપરાનુસારી છે લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય આવી જ ગયો છે. આમ છતાં પણ આભિયોગાદિ કારણે અપવાદપદે પટ્ટકરૂપે આપણે નિર્ણય કરીએ છીએ કે ભવિષ્યમાં સકળ શ્રી શ્રમણ સંઘ એક મતે આ બાબતનો શાસ્ત્રીય સર્વમાન્ય નિર્ણય ન કરી તેને અમલી બનાવે નહી ત્યાં સુધીને માટે **શ્રી સંઘ માન્ય પંચાગમાં જ્યારે જ્યારે પૂનમ અમાસની** ક્ષય વૃદ્ધિ આવે ત્યારે તેરસની ક્ષય વૃધ્ધિ કરવી કે જેથી સંકલ શ્રી સંઘમાં ચૌદસ પૂનમ અને અમાસની આરાધનાની ક્રિયા એક જ દિવસે થાય આ એક અપવાદિક આચરણા છે. માટે **શ્રી સંઘ પંચાગમાં જ્યારે જ્યારે ભાદરવા સુદિ પાંચમની ક્ષયવૃદ્ધિ આવે ત્યારે ક્ષય વૃદ્ધિ કાયમ રાખીને જ પંચાગની ઉદયાત ભાદરવા સુદિ ચોથે શ્રી સંવત્સરી કરવાની અને તે જ પ્રમાણે**

બાકીની બાર પર્વની માટેની તિથિઓ તથા કલ્યાણક આદિની સર્વ તિથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે.

આ પટ્ટક મુજબ આપણે તથા આપણા આજ્ઞાવર્તી સર્વ સાધુ સાધ્વીઓએ ઉપર જણાવ્યા મુજબનો શ્રી સંઘનો નિર્ણય થાય નહિ ત્યાં સુધી આ પ્રમાણે વર્તવાનું છે.

—સૂરિ પ્રેમના સંભારણા – પ્ર. ૫૦૬

૫૫ વર્ષ પૂર્વે એક મહાત્માએ પુછાવેલ પ્રશ્નના જવાબરૂપે મહાપુરૂષે આપેલ જવાબને વિસ્તાર કરવા પૂર્વક રજુ કરીએ છીએ.

વિલાયતી કરતાં ખાદીમાં અલ્પહિંસા છે. તે ઉત્પત્તિની દૃષ્ટિએ સત્ય છે. પણ ઉપભોગની દૃષ્ટિએ એકાંતે સત્ય નથી વ્રતધારી અને કર્માદાનના નિયમવાળો શ્રાવક બજારમાંથી ખરીદીને વિલાયતી કે મિલનું કપડું પહેરે તો તેને ઉત્પતિની હિંસાનો લેશ પણ દોષ લાગવાનો (કર્મ સિધ્ધાંત પ્રમાણે) અવકાશ નથી.

અવિરતિ અને કર્મદાનના નિયમ વિનાના માણસને વિલાયતી કે મિલનું ન પહેરે તો પણ બધો આરંભ લાગે છે (તે લોકો મારા માટે વસ્ત્ર ન બનાવે તેવા પ્રકારનો નિયમ [વિરતિ] ન લીધી હોવાના કારણે અને મિથ્યાત્વના કારણે ઉપાદેય બુદ્ધિ હોવાથી) એટલે મીલો અને યંત્ર પીલણ કર્માદિના ધંધા નહિ કરવાનો ઉપદેશ આપણાથી આપી શકાય પણ મીલમાં ઉત્પન્ન થયેલી વસ્તુ ને જ નહિ વાપરવાનો ઉપદેશ હિંસાદિની દૃષ્ટિથી ન આપી શકાય ત્યાગની દૃષ્ટિથી આપી શકાય.

ઉત્પતિ સ્થાનની હિંસાનો સંબંધ ઉપભોગ કરનાર પ્રત્યેકને લાગતો હોય તો વિરતિધરની મુક્તિ (કયારે પણ) થઇ શકે નહી ખાદીની ચળવળવાળાઓએ ઉત્પતિ સ્થાનની હિંસા ઉપભોગની સાથે ખોટી રીતે જોડી દીધી છે. તેથી ઘોર હિંસાવાળા કારખાનાઓ ચલાવનારાઓ પણ માત્ર ખાદી પહેરવાથી પોતાને અહિંસક સમજવા લાગ્યા છે તેથી તેની ચળવળ કેવળ મિથ્યાત્વની જ વૃદ્ધિ કરનાર નીવડી છે. એથી હિંસા જરા પણ ઘટી નથી અને મિથ્યાત્વ વધી ગયું છે. હિંસા રૂપી બકરું કાઢતાં મિથ્યાત્વ રૂપી ઉંટ પેસી ગયું છે. અને હિંસારૂપી બકરી પણ નીકળી શકી નથી. આ ચર્ચા સૂક્ષ્મ મતિવાળાઓ સાથે જ કરવા યોગ્ય છે. સ્થૂલ બુદ્ધિવાળાઓને આ ભેદ સમજવો મુશ્કેલ છે. તેને તો એટલું જ કહેવું કે ઉત્પતિની અપેક્ષાએ મીલ કરતાં ખાદીના કપડામાં ઓછી હિંસા છે એમ અમે સ્વીકારીએ છીએ પણ પહેરનારને ઉત્પતિનું પણ પાપ લાગે એવો એકાંત અમને માન્ય નથી.

એમ માનીએ તો અનાજ ખાનારને ખેતીનું પાપ લાગે. સોનું સંઘરનારને

ખાણ ખોદવાનું અને મોતીની માળા પહેરનારને અબરસ્તાનના માછીમારોની હિંસાનું પાપ લાગે. તેથી જેમ ભગવાનની પૂજાદિ કરતાં મીલનું કે રેશમનું કપડું પહેરી શકાય તેમ ખેતી રૂપી કર્માદાનથી ઉત્પન્ન થયેલ અનાજનું પકવાન પણ નૈવેદ્ય તરીકે નહીં ધરી શકાય. અને ભગવાનના કંઠમાં મોતીની માળા ચઢાવનારને પણ ભક્તિનું ફળ નહિ મળતાં હિંસાનું જ ફળ મળશે પરંતુ એ બધી વાત નિતાન્ત અસત્ય છે. મૂર્ખ આત્માઓ સિવાય કોઇ માન્ય રાખે નહિ વિવેકી તો ઉત્પત્તિની અને ઉપભોગની હિંસાને કદિ મિશ્રિત કરે નહિ અને હિંસાથી બચવા માટે સાવદ્ય વ્યાપારોની વિરતિનો જ માર્ગ બતાવે છે. વિરતિ વિના કર્મબંધ અટકતો નથી અને એ અટકાવવા માટેનું સામર્થ્ય જૈન શાસનના ઉપદેશેલા વ્રતોમાં જ છે.

આ વિષય આખો તમારા ખ્યાલમાં આવે એટલા માટે આટલા વિસ્તારથી લખેલ છે.

શ્રાદ્ધવિધિમાં શ્રાવકોને ઉત્પતિ સ્થાનના પાપથી બચવા માટે હિંસક મનુષ્યો સાથે સીધો સંપર્ક નહિ રાખવાનો જ માર્ગ ઉપદેશેલો છે. જેમ કે મોતીનો વ્યાપાર કરનાર અબરસ્તાન કે જ્યાં ઉત્પન્ન થાય ત્યાંથી મોતી મંગાવે તો તેમને દોષ લાગે પણ મુંબઇમાંથી લે તો દોષ નહિ હાથી દાંતના વહેપારી તેના ઉત્પતિ સ્થળેથી મંગાવે અગર જઇને ખરીદી કરે અને હાથીના મારનારાઓની સાથે ધીરધાર કરે તો દોષ લાગે પણ પોતાના સ્થાને રહીને તેનો વ્યાપાર કરે તો દોષ ન લાગે. એમ કહેવું છે. મીલનું કાપડ પણ મીલમાં જઇને લે અગર અમુક મીલનું જ મારે જોઇએ એવો આગ્રહ રાખે તો દોષ લાગે પણ કોઇપણ કાપડ મને ઉપયોગમાં આવે તો હું લઉં અમુક મીલનું જ કે કારખાનામાં સીધો ઓર્ડર આપીને, ન લઉં તો દોષ ન લાગે એ જ ન્યાય ખેતી માટે સમજી લેવો ખેતી કરે, કરાવે અગર ખેતરમાંથી ખરીદે તો દોષ લાગે બજારમાં ખરીદવામાં ઉત્પત્તિનો (ક્રીતાદિનો) દોષ લાગે પણ ઉત્પતિ સ્થાનની હિંસાનો દોષ ન લાગે એ રીતે સર્વત્ર વિવેક કરવો.

(બજારમાં દુકાન વિ. માં જે દોષ લાગે તે ખરીદવામાં લાગે પરંતુ ઉત્પતિ સ્થાનની હિંસાનો દોષ શ્રાવકને [ગૃહસ્થને] મીલમાં બનેલી વસ્તુ વાપરવા માત્રથી લાગતો નથી જો વસ્તુ વાપરવાથી જ દોષ લાગતો હોય તો પછી સાધુ ભગવંતોને પણ લાગે અને વિરતિધર હોવાથી ગૃહસ્થ માટે બનેલું કોઇપણ વસ્ત્રાદિ [અન્નાદિ] સંયમમાં ઉપકારક હોય જરૂરીયાત હોય સ્વતાને અપ્રીતિનું કારણ ન બને અને અંતરાય ન થતો હોય તથા તે વસ્તુ લેવાથી તાત્કાલીક બીજી લાવવી કે બનાવવી ન પડતી

રચના ખૂબ અનુમોદનીય થયેલ. અહીંના શ્રી લોકપાલભાઇ અને દીલીપભાઇ આ કલા હસ્તગત છે 'સૂરિપ્રેમ' ના પટ્ટધર પૂ. તપસ્વી ચૂડામણી આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. ની રંગોલી ખૂબ અનુમોદનીય થયેલ.

આસો સુદ પૂનમના પુણ્ય દિવસે સામુદાયિક છઠ્ઠ તથા તે દિવસે નાણ સમક્ષ ભવોભવના પુદ્ગલો પાપ તોસિરાવાની વિધી, બાર વ્રત, ચતુર્થ વ્રત, વિ. નિયામાદિની ભવ્યાતિભવ્ય તિથી થયેલ જેમાં ૫૬ વ્રતધરોએ લાભ લીધેલ કરેકને ૪૧ રૂ. ની પ્રભાવના થયેલ.

ચોમાસા બાદ પૂ. શ્રી ની તારક નિશ્રામાં ચેવલામાં મહોત્સવ ત્યાર બાદ શ્રી માલેગાંવથી તીર્થ શ્રી નેર નો છ'રી પાલક સંઘ, નેરથી તીર્થ શ્રી બલસાણાનો સંઘ તથા નેરમાં ઉપધાન તપાદિ અનેક અનુષ્ઠાનો નક્કી થયેલ છે. નેર ઉપાશ્રયમાં પૂ. શ્રી ની સદુપદેશથી બે લાખ રૂપિયા થયા આ રીતે પૂજ્યશ્રીના પાવન પગલે પગલે જવલંત પ્રભાવનાઓની હારમાળા ચાલુ છે. પ. પૂ. સાધ્વી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ. સા. સુશિષ્યા પ. પૂ. સાધ્વી શ્રી ચંદ્રોજ્વલાશ્રીજી મ. એ બેનોએ આરાધના ઉમંગથી પ્રભાવી છે. એનાથી સાધ્વી શ્રી પરમાદરણીય બની ગયા છે.

હિરીચુરમાં અપૂર્વ આરાધના

મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. (થરાવાળા) ની નિશ્રામાં ૧૭, ૧૬, ૧૫, ૧૧ આઠ, અઠ્ઠમ ઉપવાસના તપસ્વીઓનાં પારણાં વિશીષ્ઠ અઠારહ અભિષેક રથયાત્રાનો ભવ્ય વરઘોડો સ્વામીવાત્સલ્ય પ્રભુભક્તિ પ્રશ્નોત્તરી અંત્યાંક્ષરી – આદિના ભવ્ય પ્રસંગો પરમ તપસ્વી સમ્રાટ પૂ. આ. રાજતિલક સૂરીશ્વરજી મ. સા. કાળધર્મ નિમીત્તે દેવવંદન – ગુણાનુવાદ – પૂજા – ભક્તિ આયંબીલ આદિ થયેલ સમુહ સામાયિક નવકાર નહામંત્ર જાપ થયેલ નવપદજીની ઓળીની આરાધના અપૂર્વ રીતે વિશિષ્ઠ બહુમાન સાથે થયેલ.

પુજ્યશ્રીને આયંબીલનું પારણું કા. વ. શુકવાર તા. ૯–૧૧–૯૮ માં થશે.

યશસ્વી યાદગાર હિરીચુર (કર્ણાટક) માં કરી પુજ્ય શ્રી આદિ મા. સુ. ૩ રવીવાર તા. ૧૨–૧૧–૯૮ ના બેંગ્લોર તરફ વિહાર કરશે.

卐

હોય અને કલ્પ્ય [નિર્દોષ] હોય તો લેવામાં અને તે વાપરવામાં તેને ઉત્પન્ન થતાં થયેલી કોઇપણ જાતની હિંસાનો દોષ લાગતો નથી. તો તેમ શ્રાવકોને પણ તે વસ્તુ વાપરવાથી દોષ લાગતો નથી જે કંઇ દોષ લાગે છે તે અવિરતિના કારણે લાગે છે અને તે તો ન વાપરે તો પણ પોતે વિરતિ ન કરી હોવાના કારણે [અંતરમાં સુષુપ્ત પણ અનુમોદના હોવાથી] દોષ લાગે જ છે શાસ્ત્રોમાં કર્માદાનના વ્યાપાર કરવાથી પરિણામ કઠોર [નિર્ધ્વંસ] બને તેથી [કર્માદાનના] વ્યાપાર કરવાની ના પાડી છે. ત્યાગની દૃષ્ટિએ ન વાપરે તો સારું જ છે. પરંતુ હિંસાથી અટકવા માટે ન વાપરવાનું કહે તો તે અજ્ઞાનતા છે. પાપમાં ઉપાદેય બુદ્ધિ ન આવે ત્યાં સુધી ચોથું ગુણઠાણું ટકે છે એમ શાસ્ત્રકારો કહે છે.) —શ્રી

હિંસા માત્ર વિના મુનિને હોય અહિંસક ભાવ
સૂક્ષ્મ એકેન્દ્રિયને હુએ તો તે શુદ્ધ સ્વભાવ

: શાસન સમાચાર :

મહારાષ્ટ્ર મધ્યે શ્રી માલેગાંવમાં અતિ અનુમોદનીય આરાધનાઓ :

પર્વાધિરાજ શ્રી પર્યુષણ બાદ પ. પૂ. વર્ધમાન તપોનિધી શાસન પ્રભાવક જૈનાચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ની શિવંકરી નિશ્રામાં "ચઢતે રંગ અને ચઢતે ઉમંગે" આરાધનાઓથી માલેગાંવ નગરી આરાધનામય બની ગઇ છે.

પર્યુષણ બાદ શ્રી રાજસ્થાની સંઘમાં બાવીશ વાનગીથી બેઠા બેઠા સાધર્મિક ભક્તિ ૨૧૦૦ ભાગ્યશાલીઓ લાભ લીધેલ. વરઘોડો ખૂબ ઠાઠથી નીકળેલ. પ્રથમ વાર પર્યુષણમાં શ્રી મહાવીર સ્વામી જન્મ વાંચન દિવસે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

ત્રણ દિવસની શ્રી માલેગાંવ જિન મંદિરોની ભવ્ય ચૈત્ય પરિપાટી સાધર્મિક વાત્સલ્ય સાથે થઇ. શ્રી મહાવીર નગરમાં નૂતન ઉપાશ્રયનું ખનન થયેલ સાથે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

શ્રી વર્ધમાનનગરમાં ૫૬ દિક્કુમરી અને દેવેન્દ્રાદિ યુક્ત ભવ્ય મેરુ સ્નાત્ર મહોત્સવ અતિ અનુમોદનીય બન્યો. મેરુ પર્વતની રચના અદ્ભૂત બની હતી. આસો સુદ દશમના દિવસે શ્રી શરદ વિરચંદ શાહના ઘર મંદિરે શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિષ્ઠા ઉત્સાહભેર થઈ અનુમોદનીય મેઠની થઇ હતી. પ્રભાવના પણ થયેલ.

તપસ્વી કુલ પ્રભાવક, તપસ્વી સમ્રાટ પ. પૂ. જૈનાચાર્ય દેવેશ શ્રીમવિજય રાજતિલકસૂરીશ્વરજી મ. ના સુવિશુદ્ધ તપોમય સંયમ જીવનના અનુમોદનાર્થે ત્રણ મહાપૂજન તથા જલયાત્રાના વરઘોડા સાથે ભવ્ય એકાદશાન્હિકા મહોત્સવ થયેલ. ૩ માંડલા-

卐 યુગવીર મહાવીરદેવ 卐

ત્રેવીસમાં તીર્થંકર અને પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન થયા ને હજી અઢીસો વર્ષ થયા હતા. તેમણે પ્રરુપેલો મોક્ષમાર્ગના અભિલાષીઓ સંયમ ગ્રહણ કરી કરીને પોતાનું શ્રેય સાધતા હતા લોકોમાં ધર્મના વાતાવરણનું દર્શન થતું હતું. આજુ બાજુ સુષમ-દુષમા નામનો ચોથો આરો પરિપૂર્ણ થવા આવ્યો હતો. પાંચમા આરાના ભાવો અત્યારથી દેખાતા હોય તેવું લાગતું હતું. જગતના જીવોમાં વક્રતા અને જડતાનો પ્રાદુર્ભાવ થતો ન હોય તેવું જણાતું હતું.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જે ઉપદેશનો ધોધ વહેરાવે તેની પહેલાંના યુગની પ્રજા સાંસારિક ક્ષણિક સુખો મેળવવા પાગલ હતી. ઐહિક સુખ મેળવવાની લાલસાઓ ઘણી હતી. માની લીધેલા કલ્યાણને સાધવા માટે કઠોર ઉગ્ર સ્વરૂપ ધારણ કરવું પડે તો તે કહીને, કોઇનું લોહી પીવું પડે તો લોહી પીને પણ પોતાનું કાર્ય સાધવા માટે જીવ અચકાતો ન'તો. યજ્ઞ-યાગના ક્રિયા-કાંડો છાશવારે ને છાશવારે થવા લાગ્યા. સેંકડો નિર્દોષ પશુઓનો વધ થવા લાગ્યો. દયાની લાગણી અને દુઃખની અરેરાટી તો કોઇનામાં દેખાતી નથી. ડગલે ને પગલે માન્યતાઓ માની માનીને દેવદેવીઓને રાજી કરનારો માનવી વિવેકહીન બની ગયો હતો. આત્મીય તત્વનો વિચાર પણ ભૂલાઇ ગયો હતો. કઠોર હિંસક પ્રવૃત્તિઓ ચાલુ હતી. આવી પરિસ્થિતિ જો ચાલુ રહેશે તો ઘણી વિકૃતિ સર્જાશે. જો કોઇ યુગ પરિવર્તનની પ્રવૃત્તિ થાય તો જ સમગ્ર માનવીનું અધઃપતન અટકે. આવી કટોકટીના સમયે સમર્થ ધર્મયોગી 'શ્રી મહાવીર પરમાત્માનો પ્રાદુર્ભાવ થયો. પ્રભુએ સત્ય અને અહિંસાનો ટંકાર કર્યો! જૈન ધર્મની જય ઘોષણા કરી ચારે દિશાઓ ગજાવી. ચાર પ્રકારનો ધર્મ સમજાવી જગતના જીવોને નવું જીવન આપ્યું. જીવદયાના પરિમણો વેરી અહિંસાનો અમર આદેશ સ્થાપિત કર્યો. સ્યાદ્વાદ રૂપી વાણીનું પ્રકાશન કરવાથી વિશ્વના વિખવાદ ભર્યા વિષો નાશ પામ્યા.

પ્રભુ વીરના યુગ મંડાણથી માનવ ભાવનાને નવો પલટો મળ્યો. તેમના સંપૂર્ણ જીવનને નજર સમક્ષ રાખવાથી. આત્મા સંશોધનને માર્ગે ચાલે છે. આવું જ કોઇ કિરણ પકડી ને આપણે સૌ આપણું જીવન ઉજ્જવલ બનાવીએ! અને કરૂણાસિંધુ પરમાત્માન. આદર્શો જીવનમાં ઉતરે કેવું કાંઈ આચરતાં શીખીએ!

-શ્રી વિરાગ

* અનુક્રમણિકા *

ક્રમ	લેખ	લેખક	પેજ નં.
૧	શ્રી જિનનું દર્શન...	પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.	૨૪૧
૨	પ્રભુ મહાવીર નિર્વાણ	શ્રી વિરાગ	૨૫૫
૩	આપત્તિમાં પણ અપૂર્વ ભક્તિ	પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.	૨૬૦
૪	ભક્તિ શા માટે	શ્રી ગુણદર્શી	૨૬૫
૫	શંખેશ્વર પ્રતિષ્ઠા અંગે	—	૨૬૯
૬	સાચા અધિકારી બનીએ	શ્રી શાસન ભક્ત	૨૭૩
૭	કોણ ચઢે ?	શ્રી ભક્તિ પરાગ	૨૭૮
૮	મહારાષ્ટ્ર દેશોદ્ધારક જૈન પેઢી	—	૨૯૬
૯	અપૂર્વ ભક્તિ	પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.	૨૯૭
૧૧	વીર વિભુની અંતિમ દેશના	પૂ.આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.	૩૦૦
૧૧	જિનદર્શનથી સમ્યગ્દર્શન	પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ.	૩૦૩
૧૨	જિન દર્શન પૂજા કથા	,, ચંદ્રશેખર વિ. મ.	૩૦૫
૧૩	જિન પ્રાર્થના રહસ્ય	,, રમ્યદર્શન વિ. મ.	૩૦૭
૧૪	શ્રી જિન ભક્તિમાં...	શ્રી પ્રજ્ઞાંગ	૩૦૯
૧૫	,, જિનેશ્વરદેવ રૂપી કલ્પવૃક્ષ	શ્રી ગુણ પરાગ	૩૧૩
૧૬	ક્ષિવાળીની માંગણી	—	૩૧૬
૧૭	શ્રી જિનપૂજા ભક્તિનું સાચું ફળ શું ?	શ્રી ગુણરાગી	૩૧૯
૧૮	,, ,, અને તેનું ફળ	પૂ.આ.શ્રીવિ. રામચંદ્ર સૂ. મ.	૩૨૧
૧૯	,, જિનદર્શન પૂજા મહિમા	પૂ.સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.	૩૩૩
૨૦	ક્ષિપાલીક્ષા પર્વની ઉત્પત્તિ	શ્રી રશ્મિ વસુ	૩૩૬
૨૧	પ્રભુ સ્તવના હાર્દ	પૂ. મુ. શ્રી રમ્યદર્શન વિ. મ.	૩૩૭
૨૨	દુઃખમાં ધર્મ થાય ખરો	,, સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.	૩૪૩
૨૩	ભગવાન ભજો ભગવાન થવા !	,, ,, અનંતદર્શિતાશ્રીજી મ.	૩૪૪
૨૪	અષ્ટપ્રકારી પૂજા	,, ,, અક્ષયગુણાશ્રીજી મ.	૩૪૬
૨૫	ભાવભરી ભક્તિ	,, ,, અનંતગુણાશ્રીજી મ.	૩૪૭
૨૬	સિદ્ધપદની આરાધના	,, ,, સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.	૩૪૮
૨૭	સમાચાર	—	૩૫૨
૨૮	વિશેષાંક સૌજન્ય	—	૩૬૫
૨૯	સૂરિ પ્રેમના સપૂતો	—	૩૮૯

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પરમ ઉપકારી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પરમ ઉપકાર અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે..

તેઓશ્રીના પરમ સદુપદેશથી..

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા

વિશેષાંક સૌજન્ય ધન્ય દાતાઓ

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા

(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા

(૩) સ્વ. ભાઇ વેલજી વીરજી હેમરાજ દોઢીયા

(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ

(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા

(૬) ભાઇ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર.

કનસુમરા (હાલાર) બોક્સ નં. ૪૯૬૦૬ નાઇરોબી (કેન્યા)

માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વીજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વટવાણ શહેર (સૌરાષ્ટ્ર) થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

* મૂર્ખપણાથી બચો *

રજા સિ દશના યત્રાડધરો ઠઠિક્કરી દ્વયમ્ ।
મૂર્ખરસના પરાપવાદગૂથ સમૃદ્ધરેત્ ।।

જ્યાં દાંત રૂપી માટી છે અને હોઠ રૂપી બે ઠીબડીઓ છે. એવી મૂર્ખ માણસની જીભ પારકાની નિંદાનો ભાર ઉપાડયા કરે છે.

વર્ષ ૧૧

અંક ૧૫+ ૧૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

ટ્રાવેલ્સવાળા વગેરે

ધંધાદારીઓ દેરાસરની આશાતનાથી બચે

—લેખક : શ્રી હિતકાંક્ષી

દેરાસર એ એકમાત્ર પ્રભુભક્તિ કરવા માટેનું જ સ્થાન છે. પણ આપણા વેપાર-ધંધાની જાહેરાત કે અન્ય કોઇપણ સાંસારિક પ્રવૃત્તિ કરવા માટેનું સ્થાન નથી.

દેરાસરની અંદરના અને બહારના કોઇપણ ભાગમાં તેમજ દેરાસરની દીવાલ કે જાળી ઉપર આપણા ધંધાની જાહેરાતનાં બોર્ડ–પૂંઠા–કેલેન્ડર–સ્ટીકર વગેરે લગાડવાથી દેરાસરની આશાતના થાય છે.

ધંધાદારી જૈનો આ વાતની નોંધ લે, પોતાના જૈનપણાને સમજે, દેરાસરની આશાતનાથી બચવાનો પ્રયત્ન કરી પોતાના જૈનત્વને શોભાવે અને આત્મહિત સાધે એમ આપણે ઇચ્છીએ.

લગ્નની કંકોત્રી દેરાસરમાં મુકાય નહિ. જૂનાં પુસ્તકો–પંચાંગ વગેરે ઘરની નકામી વસ્તુઓ દેરાસર–ઉપાશ્રયમાં મુકાય નહિ

પ્રભુ ! દૂર કરો અંધારું

લેખક–પૂ.મુ. શ્રી મોક્ષરતિ વિજયજી મ.

હે પ્રભુ ! જ્યાં જાય છે ત્યાં કોચલાનો ટહુકો એકસરખો હોય છે. જાહેરમાં કે ખાનગીમાં મોરલાની કળા એકસરખી હોય છે. સવારે ને સાંજે કબૂતરનું ઉડ્ડયન એક સરખું હોય છે. તેં મને માનવનું ખોળિયું તો આપ્યું, પણ ગુણો તો પંખીડાંનાય ન આપ્યા.

હે પ્રભુ ! મારા કંઠમાં મધુરસ્વર નહિ મૂકે તો ચાલશે, પણ સચ્ચાઇનો રણકો અચૂક મૂકજે. મારા નયનમાં તેજસ્વિતા નહિ મૂકે તો ચાલશે, પણ નિર્વિકારિતા અચૂક મૂકજે. મારા મનમાં કુશાગ્રબુદ્ધિ નહિ મૂકે તો ચાલશે, પણ વિવેકબુદ્ધિ અચૂક મુકજે. અને, અન્યહૃદયની ધડકનને ઝીલી શકે એવું હૃદય મને આપજે !

હે પ્રભુ ! આજે હું એક અક્ષર નહીં બોલી શકું...કારણ ? કારણ ખાનગી છે. ફક્ત તને જ કહું છું. આજે વહેલી સવારે મારે વિશે વિચારતાં મારી ખાનગી અને જાહેર જિંદગી વચ્ચેનું જમીન–આસમાન જેટલું અંતર જોઇને હું પોતે અવાક્ થઇ ગયો છું.

*

પ્રભાવક દેવાધિદેવ પરમ પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી ગુદ્દા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ (વડોદરા)
પ્રાણલાલ દલસુખ મુદ્દા (થાણા મહ)

વર્ષ : ૧૧ ૨૦૫૫ માગસર સુદ–૫ મંગળવાર તા. ૨૪–૧૧–૯૮[અંક : ૧૫–૧૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, શ્રાવણ સુદિ–૭ શનિવાર તા. ૨–૮–૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૨૮ મું**) અવ૦)

માગીને ખવાય નહિ. જેની પાસે આજીવિકાનું સાધન ન હોય અને ભીખ માગીને ખવાય નહિ માટે વેપારાદિ કરવા પડે. પણ જે તે ધર્મી હોય તો વેપારાદિ કરવા પડે તો કરે ખરો પણ કરવા જેવા નથી તેમ માનીને કરે. તમારે વેપારાદિની જરૂર છે માટે કરો છો કે વધારે લોભ છે માટે કરો છો ? કેટલા દિવસથી આ વાત ચાલે છે. તમે જવાબ કેમ નથી આપતા ? જવાબ નથી આપતા આથી જ લાગે છે કે ધર્મ તમે પામ્યા ય નથી અને પામવાની ઇચ્છા પણ નથી. આજીવિકાનું સાધન હોવા છતાં મરતા સુધી મજેથી વેપારાદિ કરે તો તે શ્રાવક પણ નથી તેમ કહેવું પડે ને ? તમે વેપારાદિ ન કરો તો ભુખે જ મરો તેમ છો ? કુટુંબ મજેથી જીવી શકે તેમ હોય તો વેપારાદિ છોડી દેવા તૈયાર છો ખરા ?

આજની હાલત ઘણી ખરાબ છે. આજે સાચું-ખોટું સમજવાનું મોટાભાગને મન નથી. શાસ્ત્રે કહ્યું છે કે, વાતોડિયા જીવો કોઇ દિવસ ધર્મ પામતા નથી. સાચા ખોટાનો વિવેક કરવાની જેને ઇચ્છા ય નથી તેવા જીવો ધર્મ પામવા માટે ય લાયક

નથી. આ વ્યાખ્યાન પણ શા માટે સાંભળવાનું છે ? સત્યા સત્યનો વિવેક પેદા થાય, સંસાર અસાર લાગે, મોક્ષ જ સાર લાગે, તેનું સાધન જે સાધુપણું તેની ઇચ્છા થાય માટે આ સંસાર શું છે ? વિષય–કષાયની આધીનતા તે જ સંસાર છે.

સભા : ભણે તો સાચા–ખોટાની પંચાતમાં ઉતરવું પડે ને ?

ઉ. : તમે બધા નક્કી કરો કે પૈસાની લેવડ–દેવડ કરવી પણ તેમાં સાચું–ખોટું જોવું નહિ. બજારમાં જવું પણ સાચું–ખોટું તપાસવું નહિ ?

વ્યવહારમાં સાચું–ખોટું બધુ જોવું અને અહીં સાચાં–ખોટાંની ભાંજગડ ન કરવી તેમ જે માને તેના જેવો મહામિથ્યાદૃષ્ટિ બીજો નથી. સાચું–ખોટું જાણ્યા વિના કદી સાચું હાથમાં આવે નહિ. જો ખોટામાં ફસાઇ ગયા તો બહુ નુકશાન થાય. વ્યવહારમાં ન સમજે તો બહુ નુકશાન ન થાય પણ અહીં ન સમજે તો અનંતાભવ પણ વધી જાય. સાચા–ખોટાનો વિવેક કર્યા વિના ધર્મ હાથમાં આવે જ નહિ. શાસ્ત્રે તો કહ્યું છે કે, ધર્મ પામવા માટે ત્રણ ગઢ લંઘવા પડે. 'આ દુનિયાનું સુખ જોઇએ છે અને દુઃખ નથી જોઇતું'' તે પહેલો ગઢ લંઘવો પડે. ત્યાંથી છટકો પણ પછી કુતીર્થીઓથી બચો તો અહીં અવાય. અહીં આવ્યા પછી પણ કુગુરુથી બચો તો સાચો ધર્મ હાથમાં આવે.

તમે બધા એમ નક્કી કરો કે, મારે કોઇને ય ખોટો કહેવો નહિ, બધાને સારા કહેવા તો તમારા ઘર–પેઢી પણ નહિ ચાલી શકે. સગો દિકરો પણ ખરાબ હોય તો તેને ય ખરાબ કહેવો પડે. સારો માણસ કોઇને ય ખોટો કહે ? કોઇને બીજાને ખોટો કહે તે સારો હોય ખોટો કહેવું નહિ તો કાંકરી નાખી હાત પીરસે તો ય મઝેથી આવ ને ? બાંધ્યો અનાજ વીણે નહિ તો તમે ખાઇ પણ ન શકો. રાંધતાં પહેલાં અનાજ વીણવું પણ પડે અને ઝાટકવું પણ પડે જે કોઇ એમ કહે કે, કોઇને ય ખોટાં કહેવાય નહિ તો તે બેવકૂફનો આગેવાન છે !

સભા : સાચું–ખોટું કરવામાં જ ઝગડા થાય છે.

ઉ. : સાચાના રક્ષણ માટે ઝગડા કરવા પડે તો તે ઝઘડો ન કહેવાય પણ સત્યનું રક્ષણ કહેવાય. સાચા–ખોટાની જે તપાસ ન કરે તો સત્ય માર્ગ કદી હાથમાં આવે જ નહિ. આજે તમે સાચું–ખોટું સમજતા નથી માટે ધર્મ રસાતલ જઇ રહ્યો છે.

જો અમે મક્કમ ન હોઇએ તો અમને ઢીલા પાડનાર ઘણા છે. આજે આવું કહી કહીને શ્રાવકોએ ઘણાને ઢીલા પાડી નાખ્યા. ભગવાને તો અમને સાધુઓને

ધર્મકામ વિના ગૃહસ્થોનો પરિચય કરવાની પણ મના કરી છે. તમારે ધર્મ માટે સાધુઓનો પરિચય કરવાનો છે પણ અમારો તમારો પરિચય કરવાનો નથી. તમારી પેઢી સારી ચાલે તેમાં અમે રાજી હોઇએ ? તમને સંસારમાં મોજ-મઝાદિ કરતાં જોઇને અમને આનંદ આવે ? તમને મોટરમાં દોડતા જોઇને અમે કહીએ કે- આ અમારા શ્રાવકની મોટર છે ? 'તમે બધા સંસારમાં ખૂબ ખૂબ આગળ વધો, ઉદ્યમ કરો, બાયલાની જેમ શું બેસી રહ્યા છો...' આવું આવું કહીએ તો તમને ગમે ને ? કોઇ પણ અમને નમ કહે કે-'મહારાજ ! આ શું ધંધો માંડયો છે ? મુંડાવા સારું ઘર-બારાદિ છોડયાં છે ? ' અમારું ભાગ્ય હોય તો જ આ કાળમાં અમે બચી શકીએ બાકી બધા તો અમારું પતન કરનારા છે અમને પણ ઉન્માર્ગે દોરી જનારા છે.

'સાધુએ સમાજનું ખાય છે માટે સમાજની ચિંતા પણ કરવી જોઇએ એમ કહેનારા પણ છે. સાધુ સાચો હોય તો તે સમાજની સંસારની ચિંતા કરવાવાળો ન હોય, સાધુ તો આત્માની ચિંતા કરવાવાળો હોય આત્માની ચિંતા કરનારો કયારે ય સમાજને માટે ભારરૂપ બનતો નથી. જેને પોતાના આત્માની ય ચિંતા નથી તેવો સાધુ સમાજની ચિંતા કરવાના નામે જે કોઇ પ્રવૃત્તિ કરે છે તેમાં એના અને સમાજના હિતનો સર્વનાશ સમાયેલો છે. સાધુ સમાજસેવક બને ત્યારે સાધુ મટીને સ્વાર્થી બને છે. જે લોકો શાસન પ્રભાવનાના નામે આવું બધું કરે છે તે બધા ખરેખર ભગવાનનું શાસન સમજ્યા જ નથી. શાસન પ્રભાવના પણ ભગવાને કહી હોય તેમ થાય, તમને બધાને વખાણે ન થાય. શાસન જેના હૈયામાં હોય તે જ સાચી શાસનની રક્ષા અને પ્રભાવના કરી શકે બાકી શાસન કરતા 'હું મોટો છું" આવું જેના હૈયામાં હોય તે સાચી શાસનની રક્ષા કે પ્રભાવના ન કરી શકે.

આજે બધાને રાજકારણનો બહુ નાદ લાગ્યો છે. પણ વર્તમાનકાળના રાજકારણમાં ભાગ લેવો એટલે હાથે કરીને ધર્મનો નાશ કરવો આજે તો ધર્મ મૂકયા વિના રાજકારણમાં ભાગ લઇ શકાય નહિ. લોકમાન્યતિલક જેવાએ પણ કહેલું કે- "ધર્માત્માઓએ રાજકારણમાં ભાગ લેવો જોઇએ નહિ કેમકે. તેમાં સારાઓનું કામ નથી, લુચ્ચાઓનું કામ છે.' ઘી-દૂધની નદીઓ વહેશે તેમ કહીને લોકોને પાયમાલ કરી નાખ્યા. આજે ઘી-દૂધ તો મળતા નથી પણ લોહીની નદીઓ વહી રહી છે ! આજે હિન્દુસ્તાનનો ઉદ્ધાર થઇ રહ્યો છે ? હિન્દુસ્તાન પ્રગતિના માર્ગે છે કે અવગતિના માર્ગે છે ? આ બધાં તોફાન હમણાથી ઉભાં થયા છે.

હું તો છેક ૧૯૧૭થી આ જ વાત બોલતો આવ્યો છું. અહિંસાથી અમે

સ્વરાજ મેળવ્યું એમ તમે બધા કહો છો પણ તે છૂપી કોટિની ભયંકર હિંસા હતી. અહિંસા જેવો ધર્મ રાજ્ય મેળવવા કરાય નહિ. મોક્ષના સાધનનો ઉપયોગ સંસાર માટે કરાય નહિ. મેં તે વખતે ય કહેલું કે– "અહિંસાના નામે કદાચ રાજ્ય મળશે તો પણ અહિંસાને ખૂણામાં બેસીને રોવું પડશે અને હિંસા મઝેથી મહાલશે.' આજે તમારી તાકાત છે કે– એક કતલખાનું બંધ કરાવી શકો ! આજે લાખો ટન અનાજ સડી જાય છે' કરિયામાં ફેંકી દેવાય છે. આજની અનાજની તંગી માનવ સર્જીત છે તમે બધા ડાહ્યા થાવ. આજના પાગલોની પૂંઠે જાવ નહિ, તેમની વાત પણ સાંભળો નહિ.

શાસ્ત્રે તો ત્યાં સુધી કહ્યું છે કે, સાધુ પણ જો માર્ગ ભૂલે તો તેનો પણ છોડી દેવાનો છે, ભલે ને કે શક્તિસંપન્ન પણ ન હોય ! ભગવાનના જમાઇ અને શિષ્ય જમાલીની વાત અનેકવાર કરી છે. તેમને પાંચશો રાજપુત્રો સાથે દીક્ષા લીધી છે. તે પણ ભૂલ્યા અને ભગવાનને ખોટા કહ્યા તો તેમના શિષ્યોએ તેમને સમજાવવા પ્રયત્ન કર્યો પણ ન જ સમજ્યા તો તેમને છોડીને ભગવાનની પાસે ગયા તો ભગવાને તેમને ખોટું કર્યું તેમ કહ્યું ? ગુરુ પણ ભગવાનને, ભગવાનની આજ્ઞાને માને તો માનવાના છે, ભગવાનની આજ્ઞા આઘી મૂકે તો છોડી દેવાના છે. તમે બધા કોના ભગત છો ? આપણે કોઇના ય નિંદક થવું નથી તેમ ખોટા પ્રશંસક પણ થવું નથી. ખોટા પ્રશંસકને દુનિયા 'માખણિયા' કહે છે.

કોઇપણ કાળે શાસ્ત્રથી વિરૂદ્ધ ચાલનારા સાથે અમારો મેળ જામ્યો નથી, જામતો નથી અને જામવાનો પણ નથી. આજ્ઞા મુજબ ચાલનારો એક પણ સંઘ છે. હજારો જીવો હોય પણ જો તે બધા આજ્ઞાવિરૂદ્ધ ચાલે તો તે હાડકાનો માળો છે. અમે પણ મોક્ષમાર્ગ વિના બીજી વાત કરીએ તો તમને અમારા પર શંકા પડે ને ? અમે કહીએ કે ઘર માંડવા જેવું છે, પૈસા કમાવવા જેવા છે તો તે તમે મઝેથી સાંભળી લો ખરા ? તમે લોકો જો ખરેખર મોક્ષમાર્ગના જ, મોક્ષ માટે સાધુપણાના જ ખપી હોત તો અહીં પણ બગાડો થાત નહિ અને થયો હોત તો ય સુધરી જાત. તમે બધા સાચું–ખોટું સમજવા પ્રયત્ન કરો, સાચું સમજ્યા પછી તેમાં સ્થિર બનો. (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૮] —શ્રી રાજુભાઇ પંડિત

(૩૮) તો કદાચ મહાભારતનું યુદ્ધ ખેલાયું ન હોત...!

અને રંગમંચની મધ્યમાં આવી ગયેલા કર્ણે કૃપાચાર્ય તથા ગુરૂદ્રોણને નમીને પાર્થને કહ્યું – 'તારી જાતને જગતની સર્વશ્રેષ્ઠ ધનુષ્ધર તરીકે ગણવાની ભૂલ ના કરીશ પાર્થ હજી મારી ધનુષ્કળાને તારે જોવાની બાકી છે' એમ કહી કર્ણે શર–સંધાન કર્યા અને પાંડવો અર્જુને જે જે કળાઓ બતાવી હતી તેનાથી અધિક સુંદર કળાઓ તેણે કરી બતાવી.

આથી અત્યંત હર્ષ સાથે ઉઠીને દુર્યોધને કર્ણને અત્યંત પ્રેમથી આલિંગન કર્યું. અને કહ્યું – "હે કર્ણ ! તું જ આ જગતમાં એક વીર ધનુર્ધર છે. શત્રુના ગર્વનો તું જ સંહારક છે. મારું આ રાજ્ય, આ પ્રાણો, આ કુરૂકુળની લક્ષ્મી બધું તારું જ છે. બોલ તારે શું જોઇએ ?"

કર્ણે કહ્યું – "જો તું મારો મિત્ર છે તો તે બધુ મારું જ છે મારે માત્ર તારી મિત્રતા જ જોઇએ છે. પ્રાણ છૂટા પડે તે પહેલા આપણી મિત્રતા છૂટી ના પડે તેવી ગાઢ મૈત્રી જ જોઇએ છે. પરંતુ આ પાર્થની ભુજબળની ચળને મારા બાહુથી દ્વન્દ્વ-યુદ્ધ દ્વારા શાંત કરવાની મારી ગાઢ તમન્ના છે"

કર્ણની આવી વાત સાંભળતાં જ આહુતિ દીધેલા વહ્નની જેમ ક્રોધથી પ્રજ્વળી ઉઠેલા ફાલ્ગુને=અર્જુને કહ્યું – હે કર્ણ ! મારા બાણોના સાગરમાં ડૂબી જઇને તું તારી પત્નીઓની આંખોને આંસુની ધારો વડે શા માટે ભીંજવવા તૈયાર થયો છે ? જીવતો રહે તેમાં જ તારી પત્નીઓની આંખની પ્રસન્નતા છે.

આ સાંભળતાં જ કોપાયમાન થયેલા કર્ણે કહ્યું – હે પાર્થ ! શસ્ત્ર ઉઠાવ હમણાં જ તારા ગર્વના ચૂરેચૂરા કરી નાંખીશ, બકવાટ કરી કરીને ડરાવવાના ધંધા શું કરેછે ?

ત્યાર પછી દ્રોણાચાર્યની અનુજ્ઞા મેળવીને બાણ સહિત ધનુષને ધારણ કરીને અર્જુન કર્ણની સામે જઇ ચડયો.

જગતના બે શ્રેષ્ઠ ધનુર્ધરો (બે સગા ભાઇઓના) યુદ્ધને જોવા માટે આકાશમાં દેવો આવી ચડયા. ક્ષણભર તો સૂર્યનો રથ પણ થંભી ગયો. અડધી પ્રજા કર્ણના પક્ષે રહી તો અડધી અર્જુનના પક્ષે રહી.

કર્ણ જેવા પ્રચંડ પરાક્રમી વિજયી આગળ અર્જુન છે શું ? એમ દુર્યોધનાદિ

કહેવા લાગ્યા. તો,

અર્જુનની આગળ કર્ણ તો મગતરા જેવો છે એમ ભીમાદિ હર્ષ ધારણ કરવા લાગ્યા.

અને એવામાં પુત્રોના (કર્ણાર્જુનના) સ્નેહથી ભાલાથી હણાઈ હોય તેમ કુંતી મૂરછાં ખાઇને ઢળી પડી. વિદુરે તરત જ દાસી દ્વારા શીતોપચારથી મૂરછાં દૂર કરાવી.

યુદ્ધની ગતિ=પરિણામ હંમેશા વિષમ જ રહ્યા છે. આ રીતે કરુણાર્દ્ર બનેલા પાંડુ રાજાના મ્લાન મુખને જોતા કૃપાચાર્યે રાધેયને=કર્ણને કહ્યું કે –

"અગર જો કર્ણ ! તારે અર્જુન સાથે રણ–સંગ્રામ ખેડવાની ઇચ્છા હોય તો અર્જુનના કુંતી તથા પાંડુ માતા-પિતા પ્રસિદ્ધ છે તેમ તું પણ તારા માતા પિતા કોણ છે તે જણાવ."

તલવારની ધાર જેવી અતી તીક્ષ્ણ તે વાણી સાંભળીને જલ્દીથી ઉઠીને દુર્યોધને આક્રોશપૂર્વક કહ્યું કે – કુળ કે માતા પિતાથી શું ? માણસ તો ગુણોથી ગૌરવ પામે છે ત્યાં કોણ કુળ જોવા બેસે છે ? યુદ્ધ તો શક્તિની અપેક્ષા રાખે છે, કુળ નહિ. તેથી શક્તિશાળી કર્ણ પાર્થ સાથે યુદ્ધ કરશે જ. જે બીજાને ગમ ખાઇને સહન કરી લે છે તે શક્તિશાળી નથી પણ કાયર છે કાયર અને જો આ અર્જુન અરાજા સાથે યુદ્ધ ન કરી શકતો હોય તો હું હમણાં જ તેને અંગદેશના રાજા તરીકે અભિષેક કરું છું.

આમ કહી તત્કાલ પુરોહિતને બોલાવી દુર્યોધને કર્ણનો (પોતાના ભાગના) અંગદેશના રાજા તરીકે અભિષેક કર્યો.

કર્ણે તરત આના બદલો હું શી રીતે વાળુ એમ દુર્યોધનને કહેતા દુર્યોધને કહ્યું – 'માત્ર મિત્રતા રાખજે.'

કર્ણે કહ્યું – અરે ભાઇ ! મિત્રતા તો શું આ મારા પ્રાણો પણ તારા જ છે. આમ બોલતા કર્ણને દુર્યોધન ભેટી પડયો.

હવે સામ્રાજ્ય પામેલા કર્ણે ફરી ધનુષ બાણ ઉઠાવીને યુદ્ધ માટે દૂરથી અર્જુનને આહ્વાન કર્યું.

બીજી તરફ કર્ણને સામ્રાજ્ય મળેલું જાણીને સારથિ અતિરથિ પાદક પિતા તરત ત્યાં આવ્યા. પિતાને આવતા જોઇને ધનુષ ફેંકી દઇને કર્ણ પિતાના ચરણોમાં પડયો. પિતાએ સજળનેત્રે આશીર્વાદ આપ્યા. અને પુત્રને વારંવાર ચુંબનો કર્યા.

હવે આ બાજુ કર્ણને સારથિપુત્ર સમજી ભીમે કર્ણ પાસે આવીને કહ્યું – હે સારથીપુત્ર ! તું અર્જુન જેવા ક્ષત્રિય રાજપુત્ર સાથે યુદ્ધ કરવાને લાયક નથી. આ

ચાપને (બાહુને) તજીને ચાબૂક પકડ ચાબૂક. ઘોડા હંકારવા જ તારા કુળને ઉચિત છે. ધનુષ ધારણ કરવા તારી જેવાનું કામ નથી. તું અંગદેશના સામ્રાજ્ય માટે પણ લાયક નથી. સિંહની ગુફામાં શિયાળ ન શોભે કર્ણ. !

આ રીતે પ્રચંડ શક્તિશાળી ભીમ કહી રહ્યો હતો ત્યારે જલ્દીથી આવીને દુર્યોધને કહ્યું કે – હે ભીમ ! હજુ તું વીરના આચારોને જાણતો નથી. પહેલાં વીરોના આચારોને જાણ પછી કુળની વાતો કરજે. સાત સાત સમુદ્રોને પી જનારા અગસ્ત્ય મુનિનું કયુ કુળ હતું ? જો કે અહીં તો કોઇ તત્ત્વ જ જુદું લાગે છે. કેમ કે – કર્ણ જેવા દિવ્ય શરીરધારી પુત્રને એક સારથિની પત્ની શી રીતે જન્મ આપી શકે ?

હવે સારથીએ ઘટસ્ફોટ કરતા કહ્યું કે – હે દુર્યોધન ! તું સાચું જ કહે છે. આ કર્ણ મારો પોતાનો પુત્ર નથી. પરંતુ તે મને કેવી રીતે પ્રાપ્ત થયો તે તું સાંભળ.

એક દિવસ સવારે ત્રણ વહેણવાળી ગંગા નદી તરફ હું ગયો હતો. તે નદીમાં મેં એક રત્નમંજૂષા જોઇ. ઘરે લઇ જઇને પત્નીની સમક્ષ તે પેટીને ઉઘાડતા તેમાં કુંડલ સહિત કાંતિમાન એક બાળક હતો. નિષ્પુત્રી એવી રાધાને મેં કહ્યું આ પુત્રથી તુ પુત્રવાળી થા. આ રીતે મેં પત્નીને કહ્યું ત્યારે તેણે કહ્યું કે – હે નાથ ! આજે સવારે સ્વપ્નમાં સૂર્યદેવે આવીને મને એક પ્રચંડ શક્તિશાળી પુત્ર થશે તેમ કહ્યું છે. એમ કહીને તેણે હર્ષથી આ બાળકને લઇ લીધો. આ બાળક કાન નીચે હાથ કરીને સૂતેલો મળ્યો તેથી તેનું કર્ણ નામ પાડયું. તથા સૂર્યના સ્વપ્નને અનુસારે તેનું સૂર્ય- પુત્ર નામ પાડયું છે. આથી આ કર્ણ હકિકતમાં કોઇ રાજવંશી જ હોવો જોઇએ તેમારા 'સારથિ પુત્ર, કે સૂતપુત્ર' એવા નામથી વારંવાર આક્ષેપ પામે છે તે અતિ દુઃખની વાત છે.

કર્ણનો આ વાર્તા અતિરથીના મુખથી સાંભળીને સર્વે લોકો આશ્ચર્ય પામ્યા.

વળી કુંતીએ વિચાર્યું કે – મારા ભાગ્યથી મારો પુત્ર જીવે છે. આ તે જ મણિના સંમૂહથી રચેલા કુંડલો છે જે મેં તજતી વખતે પેટીમાં મૂકયા હતા. હું જ એક ધન્ય છું કે જેને આવા સર્વશ્રેષ્ઠ ધનુર્ધર કર્ણ – અર્જુન નામના પુત્રો છે. પાર્થની સાથે બાથ ભીડવાની અન્યની તાકાત શું છે ? કર્ણ તમારો સગો ભાઈ છે તે વાત મૂળથી માંડીને હું યુધિષ્ઠિરાદિને યોગ્ય સમયે કોઇપણ રીતે જણાવીશ. (આ વિચારની સાથે સાથે જ ભાવિ આવનારા મહાભારતના કુરૂક્ષેત્રના સમરાંગણનું ભાવિ નિશ્ચિત થઇ ગયું.)

આ રીતે વિકલ્પોથી કુંતીનું ચિત્ત આક્રાન્ત થયું છે ત્યારે હાથ ઉંચો કરીને ક્રોધથી દુર્યોધને કહ્યું – 'આ કર્ણ જેવો તેવો હોય તો પણ મેં તેને અંગદેશના સમ્રાટ

તરીકે સ્થાપ્યો છે. અગર જો કોઇને તે પસંદ ન હોય તો તે તેના ધનુષને નમાવી દે.'

દુર્યોધનની વાણી સાંભળીને પાંડુ પુત્રો રોષથી સળગી ઉઠતા ભયથી ફફડી ગયેલા લોકોમાં ભયાનક કોલાહલ મચી ગયો. આથી પાંડુરાજે દ્રોણાચાર્યને કહ્યું – "અત્યારે તો માત્ર કલાની પરીક્ષા કરાઇ હતી તેમાં આ અઘટિત બની રહ્યું છે. તેથી હે આચાર્ય ! કુમારોના આ વિરોધને અટકાવી દો."

ભાઇ–ભાઇના પરસ્પરના વિરોધને જોવા ન ઇચ્છતો સૂર્ય અસ્તાચલમાં ચાલ્યો ગયો.

હવે હાથ ઉંચો કરીને દ્રોણાચાર્યે પાંડવો તથા કૌરવોને યુધ્ધ કરતાં અટકાવી દીધા. આખરે સભાનું વિસર્જન કરીને પાંડુરાજ પોતાના મહેલે આવ્યા.

અન્યોન્યના છિદ્રો શોધતા કુમારો ઇર્ષા ન દેખાય તેવા વિનયથી સાથે જ રહેવા લાગ્યા.

— શાસન સમાચાર —

બોરસદ :– અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પ્રવીણચંદ્ર પુનમચંદ્ર બાપુનગર અમદાવાદ તરફથી તેમના સુપુત્રી કિંપાલીકુમારી (ઉં. ૨૨) ની દીક્ષા અર્થે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગ માગશર સુદ ૧૦ ના થશે. અમદાવાદ બાપુનગર કા. વ. ૫ ના વરસીદાનનો વરઘોડો તથા બોરસદમાં માગશર સુદ ૯ ના વરઘોડો ચઢશે.

આમોદ :– પૂ. સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી ઉદય પ્રભાશ્રીજી મ. ના નવકાર મહામંત્ર તથા પૂ. સા. શ્રી રત્નસ્નેહાશ્રીજી મ. ના વીશ-સ્થાન તપ નવમી ઓળીના અનુમોદનાર્થે કા. વ. ૩ થી ૭ સુધી પંચાહ્નિકા મહોત્સવ શ્રી પંચના દેરાસરે પૂ. મુ. શ્રી સિદ્ધાચલ વિજયજી મ. આદિની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો.

વડોદરા :– સુભાનપુરા પરિશ્રમ સોસાયટીમાં વિદુષી સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. ના ૪૭ વર્ષના સંયમ જીવનની અનુમોદનાર્થે સાવરકુંડલાવાળા શ્રી નગીનભાઇ ધનસુખલાલ દીપચંદ પરિવાર તરફથી શ્રી શત્રુંજય તિર્થ ભાવયાત્રા કા. સુ. ૧૨ ના પૂ. મુ. શ્રી આત્મરતિવિજયજી મ. પૂ. મુ. શ્રી હિતરતિવિજયજી મ. સા. ની નિશ્રામાં ઉત્સાહ-થી આયોજન સૌ પ્રથમવાર થયો. ભાવિકોએ ખૂબ સારો લાભ લીધો.

卐 ખોટું ન લગાડતા હો ને ! 卐

— શ્રી ભદ્રંભદ્ર

વૈજ્ઞાનિકની જરૂર છે (તાત્કાલિક)

ભદ્રંભદ્ર ! તમારા ધ્યાનમાં કોઇ ઉછામણીઓ હોય તો જણાવજો. આપણે એક પુસ્તક એકલી ઉછામણીઓના લીસ્ટનું જ બહાર પાડવા નિર્ણય લીધો છે. આ તો શું તમારે ઘણે બધે જવાનું થાય ને એટલે તમારા ધ્યાનમાં આવ્યું હોય અથવા તો એવી કોઇ આકર્ષક લાગતી હોય તેવી ઉછામણી ઉદ્ધરણા કરીને પણ જણાવશો તો ચાલુ કરશુ આપણે. એ ય પાછું શાસ્ત્રીય સ્તરે=એટલે કે શાસ્ત્રીય છે તેવા ધોરણે. હોં. તો જરૂર જણાવજો. જે તે ખાતાની જે વૃદ્ધિ થઇ તે.

મેં વિચાર્યું કે – આવો મોકો વારંવાર નથી મળતો એટલે ઉછામણીના નામ લખાવવા માંડ્યો હું તો, (૧) અતિચાર સાંભળવાની (૨) ચાલુ પ્રતિક્રમણમાં માત્રુ કરવા નહિ જવાની (૩) અષ્ટપ્રકારી પૂજા કરાય ત્યારે તેના પ્રથમ દર્શન કરવાની (૪) ગભારામાં જતાં પહેલા મોઢે મુખકોશ બાંધવાની (૫) પૂજાની સામગ્રી તૈયાર કરીને લઇ આવવાની (૬) કેશર ઘસવા...

શું ભદ્રંભદ્ર ! તમે તો આ ઠેકડી ઉડાડો છો કે બીજું કંઇ ? અરે ! ચાર ! તમે જ તો મને પરાણે ઉદ્ધરણા કરીને ઉછામણીઓ જણાવવા કહ્યું. તો મેં તમને જણાવી બાકી તો... કંઇ નહિ, જવા દો ને હવે કશું નથી કહેવું મારે. નક્કામું મારાથી કંઇક બોલાઇ જશે.

છે શુ ? એ તો કહો.

શું હોય ? ઉછામણીઓ કેવી પરિસ્થિતિમાં બોલતી તે ખબર છે ? એક અનુષ્ઠાનના ઉમેદવારો ઘણાં હોય અને કોને લાભ આપવો તેની મૂંઝવણ ઉભી થઇ હોય ત્યારે ચડાવો બોલાવાતો. અને અત્યારે તો ઉમેદવાર હોય કે ન હોય ગમે તે ઉછામણી શરૂ કરી જ દેવાય છે અને ઉછામણીઓ કેટલી બોલાવવી તેની કોઇ મર્યાદા ખરી કે નહિ ? કે પછી બસ લાંબુ લીસ્ટ બનાવીને એક પછી એક બોલે જ રાખવાની ?

અને એવા બોલીના લાંબા લીસ્ટવાળા પુસ્તકો શાસ્ત્રી નિરૂપણ હોય તેમ બહાર પડી રહ્યા છે એ અમુક સમય પછી અને અમુક સમય પહેલાં જ બહાર પાડવામાં આવ્યુ છે તે પણ એક રમત લાગે છે. જીવતા – કાળધર્મ પામેલા તથા જીવિત અને તેના ફોટાના ગુરૂપૂજન દ્રવ્યનો સ્મારક ખાતે ઉપયોગ કરાવવાના મૂળ આશયથી માત્ર આટલીજ વાતને શાસ્ત્રીય કરજો આપવા માટે જ તે પુસ્તક છપાયું છે તેવું

નિષ્ણાતોનું માનવું છે.

નિષ્ણાતોએ તેમાં એક ભૂલ શોધી છે કે – ફોટા તથા પગલાના પૂજનમાં માત્ર વાસક્ષેપ નહિ પણ બરાસનો પણ ઉપયોગ કરીને તેની અલગ બોલી બોલાવવી જરૂરી ગણાય.અરે ! જ્ઞાનની અષ્ટપ્રકારી પૂજાની જેમ ફોટા – તથા પગલાની અષ્ટપ્રકારી પૂજા પણ કરવાનું આયોજન વરસમાં એકવાર થાય તો તે અયોગ્ય નહિ ગણાય.

ઉત્થાપનની ઉછામણી બોલાઇ હોય તો અષ્ટપ્રકારી પૂજાની ઉછામણી દોષ રૂપ ગણાય કે નહિ તે પછી વાત છે પણ તે બોલાવવી જોઇએ ખરી અને તે આવક.... (વિચારીને કહીશ. દેવદ્રવ્યમાં લઇ જવી કે બીજે તે જરા વિચારણા માંગે તેવી વાત છે ને માટે.) આ વિચારણા કરવા માટે પણ એટલા માટે રાખ્યુ કે – હું એક મોટા શહેરમાં મોટા આચાર્ય મહારાજ પાસે ગયો. મેં પૂછ્યું કે – સાહેબ ! સ્થાપનાચાર્ય અર્પણ કરવાની ઉછામણી શેમાં જાય ? તો તે આચાર્ય મ. કહે કે – જ્ઞાનખાતામાં (મને પણ જ્ઞાનખાતાનો જ ખ્યાલ હતો) પછી મેં કીધું કે એક ઉછામણી લીસ્ટેડ બુકમાં તે રકમ દેવદ્રવ્ય ખાતે જાય તેવું લખ્યું છે. તો આચાર્ય ભગવંત કહે કે – તો વિચારવું પડશે. (પહેલા જ્ઞાનખાતે જવાનું ઠીક પછી દેવદ્રવ્યમાં જવાની વાત આવતા સારૂં થયું કે એમણે માત્ર 'તો વિચારવું પડશે એમ કીધું" બાકી જો આ આચાર્ય ભગવંતની જગ્યાએ બીજા કોઇ પ્રાયઃ સંમેલનવાળા હોત તો ફટ કરતા કહી દેત કે – "એમાં મતાંતર છે. બે મત છે. માટે તત્ત્વ કેવલિ ગમ્ય છે."

આવું બધુ વાતે વાતે પોતે જાણતા હોય તેવા પણ સિદ્ધાંતમાં ખાતે ડગુમગુ કે અસ્પષ્ટ જવાબો કેમ અપાવા માંડ્યા ? તે વૈજ્ઞાનિકનો શોધનો વિષય તો કહેવાય જ. મનોચિકિત્સકની આમાં જરૂર નથી. બુદ્ધિશાળી વર્ગ મટતો જઇને હવે બુદ્ધિજીવી વર્ગ વધતો જાય છે એટલે આવું બન્યા કરે છે.

તમે નહિ માનો પણ વાત સાચી એ છે કે – પહેલા ભગવાનના ખોખા ઉપર આંગી કરતી વખતે પણ મુખકોશ બાંધતા હતા. હવે નવા નવા પાકેલા બુદ્ધિજીવીઓએ પૂજાના જ કપડામાં પણ મુખકોશ બાંધ્યા વગર કરવા માંડી અને પછી તો હમણાં હમણાં ઘરમાં પહેરવાના ધોયેલા પેન્ટ–શર્ટમાં કરવા માંડી છે. ધીરે ધીરે દુવાલ – શોર્ટ પેન્ટ કે પંચિયું પહેરીને કરવા માંડે તો આશ્ચર્ય ન ગણતા. આ ઠેર–ઠેર ઘુસી ગયેલી બદ્દી દૂર કરવા જેવી છે. કોઇ મહાપુરૂષે શ્રાવકો સામ સામે મળે તો પ્રણામ કહેવાય જય જિનેન્દ્ર નહિ આવું સિદ્ધ કરવા જેટલા પેમ્ફલેટો છપાવ્યા, જેટલા મેગેઝિનોમાં તે લેખ છપાવ્યો તે રીતે "ભગવાનના ખોખા ઉપર આંગી કરતી વખતે પણ

મુખકોશ બાંધવો જ જોઇએ" આ લેખ લખવા જેવો છે. બુદ્ધિજીવીઓ શ્રાવકો કરતાં વધારે સાધુઓ જણાય છે.

આપણા શ્રાવકો રાતે પણ ઉકાળેલું પાણી પીતા થઇ ગયા ને ? આવી શરૂઆત કોણે કરી ? આ બધું વિચારણા માંગી લે છે. કેમ ભૈ. તમને શું લાગે છે ?

આજના કાળમાં ટી. વી. સિનેમાનો વિરોધ કરવો / કે ટી. વી. ની સ્મશાનયાત્રા કાઢવી એ બધું હાસ્યાસ્પદ થઇ ગયું છે તેમ ઠેર ઠેર ઓખા ઉપર મુખકોશ વગર તથા પૂજા સિવાયના કપડાથી આંગી કરવી એ એટલી બધી પેધી ગઇ છે કે તેનો વિરોધ કરનાર કોઇ નહિ મળે. બોલો આપણે શરત મારીએ કોઇની તાકાત હોય તો પાછો પહેલાનો રિવાજ પૂજાના કપડામાં – મુખકોશપૂર્વક ઓખાનેઆંગી કરવાનો ચાલુ કરાવી દે.

અરે ! ભદ્રંભદ્ર ! આની જેમ જ કોઇ ચોક્કસ વર્ગ તરફથી નવા નવા શરૂ કરાતા પ્રસંગો – ચડાવાઓ એ બધાં પણ પછી શાસ્ત્રીય છે તેવી જ રીતે પેધી જાય જાય છે પછી તેનો વિરોધિ કરનારો તે તે વર્ગનો વિરોધ ગણાય છે, તો તેને પણ આવા ગેર શાસ્ત્રીય પ્રસંગો – ચડાવાઓ શરુ નહિ કરવા અંગે તમે કહો ને.

અરે મિત્ર ! તારી આ વાતને મારો બિનશરતી ટેકો છે. જયલલિતાદેવી જેવો નહિ હોં.

એમ નહિ યાર ! ભદ્રંભદ્ર ! તમે આ વાતમાં કેમ ઢીલું ઢીલું બોલો છો ? છાતી ઠોકને બોલોને યાર. !

પાપ એવું કોણ કરે છે એ તો બોલ ?

એ નામનું તમારે શું કામ છે ? તમે વિરોધ કરોને મોધમ–મોધમ.

"ઃારૂ. હે ભાગ્યવાનો મારા મિત્ર કહે છે – તે રીતે કોઇપણ નવા નવા પ્રસંગો – ચડાવાઓ કે સિદ્ધાંતો પેધી જાય તે શરૂ કરશો નહિ. શરૂ કરનાર સામે કાયદેસરના તો નહિ પણ શાસ્ત્રેસરના પગલા ભરવામાં આવશે. સગાવાદથી સત્ય દબાતુ હોય તેવા સગાવાદને પંપાળવો પણ નહિ. અને ચતુર્વિધ સંઘે પ્રમાણિકતાપૂર્વક વર્તવું. કેમ કે ન્યાય વગર બધું નક્કામું જાણવું" બસને ભાઇ હવે નિરાંત થઇ ને ? મેં આ જાહેરાતનું મારો જનમ જનમનો સગો–સબંધી થાય છે તે સગાવાદપૂર્વક જ કરી છે હોં.

(લઘુ બોધકથા)

卐 જમાનાવાદની હવાથી બચો ! 卐

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

વર્તમાનની – જમાનાવાદની ઝેરી હવાનો ભરડો ધર્મસ્થાનોને પણ ભરખી રહ્યો છે. દરેકે દરેક ધર્મપ્રેમી શાસનરાગી આત્માઓ હજી પણ જો નહિ ચેતે તો કેવા અનર્થો સર્જાશે તેની કલ્પના કરતાં પણ કંપારી આવે તેમ છે.

શ્રી જૈન શાસનના મુખ્ય સ્તંભ પૂ. સાધુ – સાધ્વીજી ભગવંતો છે. તેઓ પણ જો સાચું માર્ગદર્શન આપવાને બદલે જમાનાની હવાને અનુકૂળ બનશે તો શું થશે તે કહી શકાય તેમ નથી. આજે ધર્મભાવનાના નામે ધર્મસ્થાનોમાં એવાં એવાં અનિષ્ટો ઘુસી ગયા છે. હરીફાઇઓના નામે શું શું ચાલે છે તે વર્ણવી શકાય તેમ નથી. વેષ-ભૂષામાં પણ હવે સાધુ–સાધ્વીના વેષને ધારણ કરનારા આવી ગયા છે. તેમાં માતા–પિતા પણ ગૌરવ માને છે. વરઘોડામાં પણ આ ભોભો ગણાય છે. અરેરાટ: સાધુ–સાધ્વી એ વેષભૂષા ભજવવા માટે નથી કે નાટકીયાપણું નથી કે નટની જેમ ઘડીકમાં રાજા કે રંકનું પાત્ર ભજવે અને પછી મૂળ વેષને ધારણ કરે. સાધુ – સાધ્વીનો વેષ પણ અનેક જીવોને સન્માર્ગની પ્રેરણા કરાવનાર છે જે પ્રતિજ્ઞા ગ્રહણ કરી તેને પ્રાણના સાટે પાળવાની છે. મન થાય તેમ સાધુ-સાધ્વીનો વેષ નાના નાના બાલકઠ–બાલિકા ધારણ કરે અને પછી પાછા મૂળ વેષે આવે તે ભક્તિ નથી પણ આશાતના છે.

પૂ. શ્રી બાપજી મ. ના જીવનનો ખૂબ જ મનનીય પ્રસંગ છે કે, તેઓશ્રી વૈરાગ્યવાસિત અંતઃકરણવાળા હતા. દીક્ષા લેવાની આકંઠ ઇચ્છાવાળા હતા. માતા–પિતાએ લગ્ન કરાવ્યા છતાંય ભાવનામાં ઓટ આવી નથી. આ જન્મમાં સાધુ થયા વિના તો રહેવું જ નથી. આવી મક્કમતાથી એકવાર અઠ્ઠમનું પચ્ચક્ખાણ કરી સાધુ વેષ પહેરી ઘરમાં બેસી ગયા. કુટુંબીજનોએ વેષ ઉતારવા ઘણો જુલમ કર્યો. મોટાભાઇ છાતી પર ચઢી ગયા તો તેઓશ્રી કહે કે – "આ સાધુવેષ સમજીને લીધો છે. હવે તે ઉતારે તે બીજા !" અને અંતે અનિચ્છાએ કુટુંબીઓએ દીક્ષાની રજા આપી.

આપણે તો તે જ વિચારવું છે કે વર્તમાનમાં જે આવા વેષભૂષા આદિ દૂષણો શ્રી સંઘમાં ઘુસી ગયા છે તે અનિષ્ટોને જો સમયસર ટાળવામાં નહિ આવે તો ભવિ-ષ્યમાં જે જે અનર્થ પેદા થશે તેનાથી બચાશે નહિ. જે પૂજનીય વસ્તુ છે તે પૂજનીય જ રહેવી જોઇએ. સૌ સમજુ બની આવા દૂષણોથી દૂર રહે તે જ ભાવના છે.

મીનરલ વોટર'ના નામે આ દેશને પીવાના પાણીમાં પણ લૂંટી શકાય છે એ જોઇને હવે

વિશ્વની બહુકાય કંપનીઓ પણ ભારતમાં આવી રહી છે

મીનરલ વોટરનું ભારતમાં એટલું બંધુ સ્થાન ઘર કરી ગયું છે કે. કેટલાક તો ઘરમાં ગોળાનું પરંપરાગત પાણી પીવાના બદલે મીનરલ વોટરની બોટલો જ વાપરવાના બંધાણી થઇ ગયા છે. સુધરાઇનું અથવા નળનું પાણી પ્રદુષિત થવાના (કયારેક પ્રદુષિત કરવાના) બનાવો પણ આ ભ્રષ્ટાચારી તંત્રમાં વધી ગયા છે કે... સ્વાસ્થ્યની સાવચેતી રાખવી હોય તો એ પાણી પીવામાં પણ જોખમ વધવા લાગ્યું છે. (જો કે મીનરલ વોટર કેટલું શુધ્ધ હોય છે અથવા કઇ કંપનીનું શુધ્ધ હોય છે. અથવા એમાં પણ ભેળસેળ નથી જ થતી એ વિષે કોંઇ પણ ખાતરી પુર્વક કહી શકે નહી એવી અવદશા આપણા રાજકારણીઓએ આ દેશની કરી નાંખી છે. બાકી જે દેશમાં દુધની નદીઓ વહેતી હોય અને જ્યાં ગંગા જેવી રાસાયણિક આરોગ્યપ્રદ પાણી વહાવતી નદીઓ હોય ત્યાં પીવાના પાણી માટે જનતાની એવી અવદશા હોય ખરી ?) આથી મીનરલ વોટર તરફ નાગરિકો વળે એમાં કોઇનો વાંક નથી.

આજે આ મીનરલ વોટરનો ઉદ્યોગ ઔદ્યોગિક આંકડાઓના હિસાબે દર વર્ષે ૪૦ ટકા વધી રહ્યો છે. દા. ત. ૧૯૯૨ માં મીનરલ વોટરનું ઉત્પાદન (એમાં નળનું સીધું અશુધ્ધ પાણી ભરેલું છે કે શુધ્ધ કરેલું પાણી છે એ ચકાસનાર કોઇ સરકારી વ્યવસ્થા જ નથી એ જ રીતે 'મીનરલ વોટરની બરોબર વ્યાખ્યા પણ સરકારે કરેલી નથી.) દર વર્ષે ૯,૨૦,૦૦,૦૦૦ લીટર થતું હતું એ આજે ૪૨,૪૦,૦૦,૦૦૦ લીટરે પહોચ્યું છે. એટલે કે રૂા. ૪,૦૦,૦૦,૦૦,૦૦૦નો ધંધો કરે છે.

શરૂમાં ફકત 'બીસલેરી' નામના બ્રાન્ડનું જ મીનરલ વોટર બજારમાં હતું. એની જગ્યાએ આજે એક અંદાજ મુજબ ૨૦૦ જેટલી જુદી જુદી બ્રાન્ડોના મીનરલ વોટર બજારમાં ફરી રહ્યા છે. એમાંની ૩૮ કરતાં વધુ બ્રાન્ડો તો એકલા મુંબઇની જ છે.

'મીનરલ વોટર'નો ખરો અર્થ તો કુદરતી ઝરામાંથી ભરેલા પાણીને શુધ્ધ કરીને બનાવેલું પાણી થાય છે પણ ભારતમા તો સાદા નળના પાણીને શુધ્ધ કરીને બોટલોમાં ભરીને વેચવામાં આવે છે જે કમાણી કરવા માટેનો સહેલામાં સહેલો અને તગડામાં તગડો નફો આપનાર ધંધો છે. (એક લીટર પાણીની બોટલના લગભગ ૧૨ રૂા. ગ્રાહકો પાસેથી લેવામાં આવે છે જેમાં ઉત્પાદન ખર્ચ બોટલના ભાવ સહિત માંડ ૧ રૂ. કે ૧।। રૂ. વધુમાં વધુ ગણી શકાય. કેટલીક કંપનીઓ લગ્ન જેવા પ્રસંગે આપણે ત્યાં

જૈનો જે હજારો વર્ષથી કરતા આવ્યા છે

એ ઉકાળીને ઠારેલા પાણી જેવું શુદ્ધ પાણી દુનિયામાં બીજું એક પણ નથી

આવીને એમના સાધનો સાથે મીનરલ વોટર આપવાનું ગોઠવી આપે છે એ પાણી ત્રણ–ચાર રૂપિયે પણ નથી પડતું...!) આ ધંધામાં વળી રોકાણ પણ ઓછામાં ઓછું કરવું પડે છે. આમાં સૌ પ્રથમ તો.... જમીનનો ટુકડો જોઇએ જેમાં સબમર્સીબલ પમ્પથી જમીનમાંથી પાણી ખેંચી શકાય. એ પછી એને શુદ્ધ કરવા માટે એટલે કે 'ફીલ્ટર' કરવા માટે ફીલ્ટર જોઇએ અને પેલું પમ્પમાંથી ધોધ બંધ આવતા પાણીને ભેગું કરવા માટે મોટી ટાંકી જોઇએ. એ પાણીને શુદ્ધ કરવા માટે અલ્ટ્રાવાયલ્ટ બેક્ટેરીયા કીલીંગની સગવડ જોઇએ. (આવી સગવડ ભારતમાં જે ૨૦૦ કંપની ગણીએ છીએ એમાંથી ૧૫ થી ૨૦ કંપનીઓ પાસે જ હશે. કરણ કે એ માટેના સાધનો રૂા. ૨૦ થી ૨૫ લાખના થાય છે.) મોટાભાગની એટલે કે ૮૦–૮૫ ટકા કંપનીઓ સારા ઊંચી ગુણવત્તાના ગરણા વાપરીને જ પોતાના પાણીને 'શુદ્ધ' ગણાવી કાઢે છે. (સાચી વાત એ છે કે, જૈનો જે રીતે ૧૦૦ ડીગ્રીએ પાણી ઉકાળીને ઠારીને પીએ છે એમાં બેક્ટેરીયા તો શું પણ અતિસૂક્ષ્મ જંતુઓ જેને વાયરસ કહે છે એનો પણ નાશ થાય છે. પેલી 'અલ્ટ્રા વાયોલેટ' પદ્ધતિમાં પણ વાયરસ નાશ પામે છે પરંતુ એ પદ્ધતિ માંડ બે ટકા એટલે કે ભારતમાં પાંચેક કંપનીઓ પાસે જ છે. એ કરતા જૈનોવાળી પદ્ધતિ હજારો વર્ષથી ભારતમાં પ્રચલિત છે એ તો ઠીક બધા કરતાં સસ્તી અને સાવ સરળ છે. હવે તો રોગચાળાના સમયમાં સુધરાઇઓ પણ જાહેરાતોમાં ઉકાળેલું પાણી પીવાનું જણાવે છે. વળી હમણાં ટી. વી. ની 'ડીસ્કવરી' ચેનલ ઉપર અમેરિકનો એ આવા ઉકાળેલા પાણીને બધા કરતાં વધુ સલામત હોવાનું જણાવેલું પરંતુ આપણે આવી પ્રક્રિયાઓને ધર્મ સાથે જોડાયેલી ગણીને ઉપેક્ષિત કરીએ છીએ એટલે શું થાય? એ રીતે ઉકાળીને ઠારેલું પાણી આપણા ઘરો જો અપનાવે એ માટે સરકાર કાયદો અને ઢંડ પણ રાખે તો આપણા બધા જ રોગો દૂર થઇ જાય અને ડોકટરો તથા હોસ્પીટલો બેકાર થઇ જાય પરંતુ આપણે એ અપનાવવાથી દૂર રહીએ એવો પ્રચાર હિત ધરાવતા તત્ત્વો દ્વારા થતો હોય છે એટલે આપણે રોગ અને દવા પાછળ હજારો રૂપિયા ખર્ચવા તૈયાર હોઇએ છીએ પણ આવી રોગ જ ન થાય એવાં મફત દવા તરફ વળતા નથી. (બાકી જૈનો જ જ્યાં એ અપનાવતા નથી ત્યાં બીજાની તો શું વાત?) આજે આપણે અને જગતના બીજા માનવીઓ સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત થઇ

૧ લીટર પાણીની બોટલ રૂા. ૧૨ માં વેચાય અને ૨૦ લીટરની બોટલ રૂા. ૫૪ માં વેચાય તો નફો શું ગણવો ?

ગયા છે, તો એમને પણ છેતરવાના માર્ગો આ રીતે કરવામાં આવે છે. અને આપણી સરકાર એ પ્રત્યે આંખ આડા કાન કરે છે. આનો લાભ લુંટવા 'મીનરલ વોટર'ના ઉદ્યોગમાં મોટા ઉદ્યોગોથી માંડી આલીયા માલીયા કુદી પડયા છે.

આ ઉદ્યોગમાં સૌ પહેલી કંપની પારલે ૧૯૭૧માં પડેલી અને વર્ષો સુધી એની જ મોનોપોલી રહેલી આજે પણ કંપની પાસે આ બજારનો ૬૦ ટકા હિસ્સો છે અને એની નજીકની હરીફ કંપની ૨૦ ટકા હિસ્સો છે.

આ પાણી વડે જ ભારતની જનતાને લુંટવા હવે વિદેશની કંપનીઓ પોતાનું નિશાન આ બાજુ ગોઠવી રહી છે. દા. ત. ઇટલીની 'બેનીટોન' નામની વસ્ત્રો ઉત્પાદિત કંપની છે એણે આપણી ડી. સી. એમ. કંપની સાથે સહયોગ કરીને ૫૦૦ લીટરની બોટલ સાથે બજારમાં આવી છે.

ફ્રાન્સની ડેનોની ગ્રાન્ડ ઇન્ટરનેશનલ નામની કંપની 'ઇવીઅન' નામનું મીનરલ વોટર ભારતના કુદરતી ઝરાઓમાંથી મેળવીને બજારમાં આવી રહી છે. આ કંપનીનું 'ઇવીઅન' ફ્રેન્સના આલ્પ્સ પર્વતના ઝરાઓમાંથી મેળવીને એને કશી જ ટ્રીટમેન્ટ આપ્યા વિના સીધે સીધું બોટલોમાં ભરીને ૧૨૦ દેશોમાં પહોંચાડવામાં આવે છે. ભારતમાં પણ એ રીતે નિકાસ કરવાની એની યોજના છે. એ રીતે 'ઇવીઅન' પાણી કરતાં વિશેષ છે અને પૃથ્વી ઉપરનું એ વધુમાં વધુ સ્વાસ્થ્યપ્રદ પીણું હોવાનો દાવો કરવામાં આવે છે. (આપણે ત્યાં પણ 'ગંગોત્રી' માંથી સીધુ પાણી મેળવીને બજારમાં મૂકવાની કોઇક કંપની દ્વારા છેતરપીંડી કરવામાં આવેલી બાકી ખરેખર પ્રમાણિકતા પૂર્વક કોઇ 'ગંગોત્રી'માંથી પાણી મેળવવાની યોજના કરે તો એ વધુમાં વધુ સ્વાસ્થ્યપ્રદ ગણાય તેમ છે.)

ગોદરેજ કંપનીએ પણ ૧૯૯૫ થી આ બજારમાં પ્રવેશ કરેલો પરંતુ એની બરોબર વ્યવસ્થા નહીં હોવાથી એની યોજના બંધ કરી દેવા પડેલી હવે એના પાંચ કારખાના મુંબઇમાં થતા તથા ચેન્નાઇ ગોવા અને હૈદ્રાબાદમાં એક એક કારખાના થતા એ નવેસરથી બજારમાં આવી છે.

આવી બધી મોટી કંપનીઓ સામે કેટલીક કંપનીઓ ૨૦ લીટરની બોટલ રૂા.

૫૪ ના ભાવે વેચે છે. (આ ભાવના હિસાબે જોવામાં આવે તો ૧ લીટરની બોટલ રૂા. ૨ કે રૂ. ૩ ના ભાવે બજારમાં મૂકીને ધરતી કંપ કરે તો આ બાટલીબંધ કંપનીઓ જે લુંટ ચલાવે છે એ બંધ થઇ જાય. એક લીટરની બોટલના રૂા. ૧૨ લેવાવા હોય તો ૨૦ લીટરની બોટલના રૂા. ૨૪૦ લેવાના જોઇએ એના બદલે રૂા. ૫૪ માં ૨૦ લીટરની બોટલ વેચાય એનો અર્થ શું થયો? પેકીંગ ચાર્જ વગેરે કહેલો મારા ભઇ, ઠીક છે. એટલે જ કહેવું પડે છે કે મીનરલ વોટરના નામે લૂંટાલુંટ જ ચાલે છે અને એનું એક માત્ર કારણ સરકાર જ છે. જે રૂા. ૪૦૦ કરોડનો ઉદ્યોગ ગણાય અને દર વર્ષે જે ૪૦ ટકાની ગતિએ વધતો હોય એ ઉદ્યોગ ઉપર સરકારે કશો અંકુશ જ નથી રાખ્યો! પાણી જેવા જીવન માટે પ્રાણરૂપ ગણાય એવા પ્રવાહીની ગુણવત્તાનું કોઇ પ્રમાણ તો સરકારે બાંધેલું હોવું જોઇએ ને? જ્યારે આ ઉદ્યોગ માટે સરકારે ગુણવત્તાનું કોઇ જ પ્રમાણ હજી સુધી બાંધ્યું નથી. ગુણવત્તા પછી ભાવ બાંધણું આવે તો ભાવ ઉપર પણ સરકારનો કશો જ અંકુશ કે સરકારનો ડર પણ નથી આ તો રૂ. ૧૨ માં વેચાતી બોટલની વાત કરી પરંતુ એ જ બોટલ રૂા. ૧૬–૧૭ માં પણ બિન્દાસ પણે વેચે છે વેચનારાઓ એમને કોઇનો પણ ડર નથી. અગાઉ કહ્યું તેમ શુદ્ધ અને નુકસાનરહિત 'મીનરલ વોટર' ફક્ત બે–પાંચ કંપનીઓનું જ હોય છે બાકી તો ભેળસેળવાળું જ પાણી 'મીનરલ વોટર'ના નામે ગ્રાહકોને ધાબડી દેવામાં આવે છે. પરંતુ હજી સુધી સરકારે જનતાના આરોગ્યને બચાવવા કશું જ કર્યું નથી. કેટલીક કંપનીઓના 'મીનરલ વોટર'માં તો વાયરસ અને સુક્ષ્મ બેક્ટેરીશા ચકાસણીમાં પકડાય પણ છે તો કેટલીકમાં વધારે પડતા મીનરલ મળી આવે છે.

આ પ્રકારની હરિફાઇ સામે બીસલેરી જેવી કંપનીએ ટકવા માટે ટી. વી. અને અખબારી જાહેર ખબરો કરવા ભણી વળવું પડયું છે અને એણે એ માટે રૂા. ૨૫ કરોડ અલગ ફાળવ્યા છે. (રૂા. ૨૫ કરોડ જાહેરાત પાછળ ખર્ચનાર પાણી વેચનારી કંપનીનો નફો શું ગણવો?) બીજી બાજુ ભાવોની હરિફાઇમાં પણ એ હવે ૨ લીટરની બોટલ રૂ. ૧૫ માં વેચવા આગળ આવી છે.

ત્યારે પોતાની થમ્સઅપ, લીમકા, ગોલ્ડસ્પોટ, બ્રાન્ડો ૪૦૦,૦૦,૦૦ ડોલરમાં વેચીને તથા બીજા પણ કેટલાક હકકો રૂા. ૨૦૦ કરોડમાં વેચીને હવે મીનરલ વોટરના બજારમાં રૂા. ૩૦૦કરોડના રોકાણ સાથે આવી રહેલી કોકાકોલા પણ મોટી લડત આપે તેમ છે.

આમ, પીવાનું પાણી વધુમાં વધુ શુદ્ધ, હાનીકારકતા વગરનું, સૂક્ષ્મ જીવાણુઓ વિનાનું, આરોગ્યપ્રદ કઇ રીતે થાય એની જાણકારી હજારો વર્ષોથી ધરાવનાર આ દેશને એ જ પીવાનું પાણી કૃત્રિમ શુદ્ધિકરણ પછી વેચીને લુંટવા માટે સંખ્યા બંધ કંપનીઓ તૈયાર થઇ ગઇ છે. (ગુ.સ. ૨–૧૧–૯૮)



પ્યારા બાલકાઓ,

ચોમાસાની પૂર્ણાહુતિ થઇ ગઇ. છે. ચાર મહિના દરમ્યાન અનેક વિષયો ઉપર પ્રવચનો તેમજ વિધવિધ આરાધનાઓ થઇ. તમારે ત્યાં પધારેલા સુગુરૂ ભગવંતોએ કરેલા પ્રવચનો સાંભળવાનો અને આરાધના કરવાનો લાભ તમે સૌએ ખુબ જ ઉત્સાહથી લીધો. આ પ્રવચનોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોની જે ભયાનકતા સમજાવવામાં આવી છે તેનો ખ્યાલ તમને સૌને આવી ગયો હશે.

દીપકના આકર્ષણે પતંગિયું જ્યોતમાં પડી પ્રાણ છોડે છે. મોરલીના મીઠાં સૂરમાં આકર્ષાઇને હરણીયું તીરે વિંધાય છે. સુવાસ લેવા ભ્રમર કુલમાં જ બીડાઇ જીવન સમાપ્ત કરે છે. હાથણીના મોહે હાથી ખાડામાં પડી જિંદગી ગુમાવી દે છે.

અરે ! માત્ર એક ઇન્દ્રિય પ્રત્યે આકર્ષવાથી પણ જો પ્રાણ છોડવા પડતા હોય, મૃત્યુના મહેમાન બનવું પડતું હોય તો, પાંચેય ઇન્દ્રિયોમાં અસક્ત બનેલા આપણી શી સ્થિતિ થશે. સહાય દુર્ગતિના દ્વાર ખુલ્લા જ રહેશે બરાબર ને ?

આ તત્વજ્ઞાન ઉપર વિચાર – મનન અને ચિંતન કરવાથી લાંબી મંઝીલ પણ પણ ટુંકી થઇ જાય છે કુવિકલ્પોનો કાંટાળો માર્ગ તત્વજ્ઞાનની વિચારણાથી દૂર થઇ જાય છે. નવું જીવન પ્રાપ્ત થાય છે. જીવન પવિત્ર બને છે. સારા સુસંસ્કારો પ્રાપ્ત કરવા માટે જીવ ટલવલાય છે. ધર્મ પ્રાપ્તિ માટે ઉદ્યમશીલ બનાય છે માટે મેળવેલ તત્વજ્ઞાનના મનન-ચિંતનમાં જીવને પોરવો એજ એક અભિલાષા.

– રવિ-શિશુ

મધુરમ્ જૈન શાસન કાર્યાલય

ઇર્ષાળુથી અકળાશો નહિ. તેનો નાશ કરવા મથશો નહિ.
તમે તેનો શું નાશ કરવાના છો ? ઇર્ષા પોતે જ તેનો નાશ કરી નાખશે.

શ્રાવકના નવ અલંકારો

નિવૃત્તિમય :– (૧) સામાયિક, (૨) પ્રતિક્રમણ (૩) પૌષધ
પ્રવૃત્તિમય :– (૧) પૂજા, (૨) સ્નાત્ર, (૩) યાત્રા
આવૃત્તિમય :– (૧) દાન, (૨) જ્ઞાન, (૩) તપ

– અશ્વિની

* ચાર વિશ્રામ *

પ્રથમ વિશ્રામ :– પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, નિત્ય પચ્ચક્ખાણ અને તિથિ એ વિશેષ.

દ્વિતીય વિશ્રામ :– સામાયિક અને દેશાવકાશિક વ્રતનું પાલન કરે.

તૃતીય વિશ્રામ :– આઠમ, ચૌદસ આદિ દિવસોમાં અહોરાત્રિક પૌષધ કરે.

ચતુર્થ વિશ્રામ :– મરણાન્તિક સંલેખના કરે. — હેતલ

ભય - ભય !

* ભોગ ભોગવવામાં રોગનો ભય છે.
* કુળમાં પડતીનો ભય છે.
* લક્ષ્મીમાં ચોર ડાકુનો ભય છે.
* સંપત્તિમાં રાજ્યસત્તાનો ભય છે.
* માનમાં દીનતાનો ભય છે.
* બળમાં શત્રુનો ભય છે.
* શાસ્ત્રમાં વાદ–વિવાદનો ભય છે.
* ગુણમાં ખલનો ભય છે.
* કાયાને કાળનો ભય છે.
* પરંતુ વૈરાગ્યને કોઇનો ભય નથી

— વસુમતી

* કેવી વિચારણા *

બહુમાળી ઇમારતમાં કોઇ એક બાઇ રહેવા આવી ગીચ વસ્તીમાં રહેતી બાઇ ગમે ત્યાં પોતાનો કચરો આદિ નાંખી દેતી હતી એ જ ગરબડથી એ બેને પોતાના ઘરની બારીમાંથી બીનોપયોગી રાખ નીચે રસ્તા ઉપર નાંખી. તે જ અવસરે રસ્તા પરથી પસાર થઇ રહેલા ગુરૂ શિષ્ય પર પડી. શિષ્ય ધૂઆંપૂઆં થઇ ગયો બાઇને ઠપકો આપવા, ગુરૂને કહીને શિષ્ય માળ ચઢવા લાગ્યો.

ત્યારે ગુરૂએ કહ્યું "વત્સ ! પાડ માનીએ પ્રભુનો કે આપણા ઉપર માત્ર ઠંડી રાખ જ નાખી છે બાકી આપણું વર્તન તો એવું છે કે આપણી ઉપર ધગધગતા અંગારાજ વરસાવા જોઇએ. આ તો શૂળીની સજા સોયથી જ પતી ગઇ."

વાતવાતમાં જો આપણે ક્રોધિત થઇ જઇએ તો પછી આપણામાં અને સંસારી જીવોમાં શો ફરક ?

સ્વદોષદર્શનમાંથી નીકળેલી ગુરૂવાણી સાંભળીને શિષ્ય પોતાના ક્રોધ બદલ શરમિંદો બની ગયો ક્ષમા માંગી શાંત થયો. અવળી વિચારણા છોડી સવળી વિચારણા કરવાથી કેવું સુંદર પરિણામ આવે છે. — રશ્મિકા

* હાસ્ય હોજ *

મોટરવાળો : મારી ગાડી રીપેર કરવાની છે કેટલો ખર્ચ આવશે ?
મીકેનીક : કારને શું થયું છે ?
મોટરવાળો : મને ખબર પડતી નથી.
મીકેનીક : તો બે હજાર.

વેઇટર : દૂધપાક આપું કે બાસુંદી
ગ્રાહક : બે વચ્ચે ભેદ ?
વેઇટર : માત્ર પાંચ દિવસનો.

મારી એલાર્મ ઘડિયાળે મને સમયસર જગાડયો તે કઇ રીતે ?
મારી પત્નીએ મારા માથા પર મારી

— હર્ષાંત–અમીષ

卐

–: શાસન સમાચાર :–

આષ્ટા :– અત્રે પૂ. આ. શ્રી વિજય અજિત રત્ન સૂરીશ્વરજી મ. આદિનું પ્રભાવક ચાતુર્માસ પૂર્ણ થયો ચાતુમાસપરિવર્તનનો મંગલ કાર્યક્રમ દિલીપકુમાર નવનીતકુમાર પુનીતકુમાર સંચેતી પરિવાર તરફથી લાભ લેવાયો.
અષ્ટાપદ સ્થાપનાતીર્થ રાણકપુર વરકાણા મોડવાડ પંચતીર્થ રોડ ઉપર આ તીર્થ પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂ. મ. ના ઉપદેશથી આકાર લઇ રહ્યું છે.

સાદડી :– પાટીના ઉપાશ્રયથી પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કા. વ. ૪ તા ૭–૧૧ શ્રી સંઘનું પ્રયાણ થશે. રાણકપુર મુછાળામહાવીર આદિ તીર્થોની પદયાત્રા થશે. પધારવા શ્રી સંઘ તરફથી નિમંત્રણ અપાયું છે.

મુંબઇ :– અત્રે શ્રી પાનાચંદ નાનુભાઇ ઝવેરી તરફથી તેમના ધર્મપત્ની આ. સૌ. જયાબેનની દીક્ષા માગશર સુદ ૧૦ ના પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અઠ્ઠાઇ મહોત્સવ સહિત ઉજવાશે.

અમદાવાદ :– જહાંપનાહ પોળમાં પૂ. સા. શ્રી ચતુરશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી લાવણ્યશ્રીજી મ. ના ૭૪ વર્ષના સંયમ જીવન નિમિત્તે કા. ૪ થી ૩ દિવસ ઉત્સવ શ્રી સંઘ તથા વોરા ગીરધરલાલ ધનજીભાઇ તરફથી ઉજવાયો.

卐 ધર્મીને મન સંસાર કે મોક્ષ ? 卐

–પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

(ગતાંકથી ચાલુ)

પ્ર. : પૈસાવાળા ઉપર કેમ ગુસ્સો છે ?

ઉ. : આજના પૈસાવાળા કેવા છે. તે ખબર છે ? માતેલા સાંઢ જેવા છે, સાધુને નવરા માને છે. તેને અહીં આવવાની તો ફુરસદ નથી, સાચું સમજવાની પણ ઇચ્છા નથી તે બધા મજેથી રાતે ખાય છે, અભક્ષ્ય ખાય છે, ન કરવાનાં બધાં કામ કરે છે. પૈસા માટે આમ – તેમ ભટકયા કરે છે, માંસાહારી, મદિરાપાની થઇ ગયા, કેટલાં અપલક્ષણ છે તે ખબર નથી ! પૈસા – ટકાદિ માટે ધર્મ કરવાનું કહ્યું તે સાધુનું, સાધુપણું પણ જાય, તેવા પૈસાવાળાથી ધર્મની પ્રભાવના ન થાય પણ ધર્મનો નાશ થાય.

પ્ર : ધર્મને નામે કલેશ થતો હોય તો ?

ઉ : ધર્મના રક્ષણ માટે કલેશ કરવો તે ધર્મ છે. ધર્મની બાબતમાં ખોટી સમતા રાખવી તે મોટામાં મોટો અધર્મ છે.

ભગવાનનો ધર્મ, આજ સુધી આપણા સુધી ચાલ્યો આવ્યો તેમાં પ્રતાપ કોનો છે ? માર્ગસ્થ ધર્મગુરુઓનો, જેઓએ ધર્મ સાચવવા બધું કરવાની તૈયારી બતાવી. તમારે તો ધર્મ થાય તો કરવો છે, નહિ તો નહી, પણ સંસાર જ કરવા જેવો છે આવી માન્યતા થઇ છે માટે ધર્મ ન છૂટકે, દેખાવ માટે, સારા દેખાવા માટે, કરો છો અને સંસાર હોંયાપૂર્વક કરો છો. તેનું દુઃખ પણ નથી માટે આવા પથરા નાખ્યા છો.

પ્ર. : અમારો આત્મા મુશીબતોથી ઘેરાઇ ગયો છે તો ધર્મ કયાંથી કરીએ ?

ઉ. : ધર્મ માટે કયું દુઃખ વેઠી નાખ્યું છે ? ધર્મ નથી પામ્યા માટે આપત્તિ આવે છે. ધર્મ પામેલાને આપત્તિ આવે નહિ, તે તો આપત્તિને ય સંપત્તિ માને.

જે ધર્મ મોક્ષ આપે તે શું ન આપે ? શ્રધ્ધા નથી માટે બધી ગરબડ થાય છે. ધર્મ શા માટે કરવાનો છે. !

પ્ર : જે આપે તે મેળવવા માટે.

ઉ : જે આપે તે મેળવવા નહિ પણ જે મલ્યું હોય તેને ય છોડવા માટે કરવાનો છે, કાં છોડવાની તાકાત આવે માટે કરવાનો છે.

ભગવાનના ધર્મને પામેલાને ઘર ગમે ? પૈસા–ટકાદિ ગમે ? સુખ–સાહ્યબી ગમે ? ધર્મ પામેલાને ગમે શું ! તમે બધા ધર્મ પામેલા છો ને ? અમે ઘર–બાર છોડયા, મા-બાપ છોડયા, સુખ–સંપત્તિ છોડી માટે અમને ઊંચે બેસાડો છો અને તમે નીચે બેઠા છો. કેમ ? આ નાટક કરો છો ? જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે કુટી કોડી નહિ, પાણીનું ટીપું ય જોઇએ તો તમારે ઘેર આવવું પડે. તેને ઊંચે કેમ બેસાડો છો ?

પ્ર. : ધર્મ ઉપર પ્રેમ છે માટે.

ઉ. : મને તો લાગે છે કે ઘણા તો દેખાવ કરે છે.

બંગલાવાને જોઇ બંગલાવાળા થવાનું મન થાય છે, શ્રીમંતને જોઇ પૈસા મેળવવાનું મન થાય છે તેમ સાધુને જોઇ સાધુ થવાનું મન થાય છે ખરું ? અમે જે આ સાધુપણું પામ્યા કહીએ તે સારું છે કે ખરાબ છે ? મેળવવા જેવું મેળવ્યું છે કે ન મેળવવા જેવું મેળવ્યું છે ? આ સાધુપણું મનુષ્યભવમાં જ મળે છે, બીજા ભવમાં મળે નહિ.

પ્ર. : આપ એકલા જ આમ કહો છો.

ઉ. : હું એકલો નહિ. શાસ્ત્ર આમ કહે છે. સાચા ધર્મગુરૂ હોય તે આ જ બોલે. આમ ન બોલે તે ભગવાનના ધર્મગુરુ નહિ. સાચા શ્રાવકો તો તેવાને પાટે પણ બેસવા દે નહિ, વંદન પણ કરે નહિ.

હું એમ કહું કે "શ્રાવકોએ મોટા મોટા વેપાર કરવા જોઇએ, ખૂબ ખૂબ પૈસા કમાવવા જોઇએ" તો મને સાંભળો ખરા ?

સભા : આપે હવે જમાનાને ઓળખ્યો તેમ લાગે.

ઉ. સંસારમાં રહેવાનું કહું તો આ કહે કે – મહારાજે સમયને ઓળખ્યો તમે તેમાંના છો ? તમે તેમાંના હશો તો ભગવાનનો સાધુ, સાધુ નહિ રહે. તમારા કરતાં ય વધારે પાપી તે થશે. બહુ ગજબ થયો છે. આમ સાધુઓ પણ બોલતા થયા તે તમારા પાપે !

આજે હું દીક્ષાની કે સાધુપણાની વાત કરું તે ય ઘણાને ગાંડપણ ભરેલી લાગે છે. મહારાજને બીજું આવડતું નથી તેમ લાગે છે.

પ્ર. રૂપાંતર હોય તો રસ જમાવેને ?

ઉ. : શું રૂપાંતર કરું !

આ જન્મમાં સાધુ જ થવા જેવું છે આમ જે ન માને તે શ્રાવક જ નહિ.

ભગવાનના શ્રી સંઘમાં કોણ આવે ? સંસાર છોડયો હોય તે અને આ સંસાર છોડવા જેવો છે તેમ માને, સંસાર છોડવાની ઇચ્છા હોય તે. સાધુ-સાધ્વી સંસાર છોડીને આવ્યા હોય. શ્રાવક-શ્રાવિકા 'આ સંસાર કયારે છૂટે,' કયારે છૂટે' તે ભાવના-વાળા હોય વેપાર-ધંધાદિ ન છૂટકે કરે ઘર-પેઢી પણ ન છૂટકે ચલાવે. તમે સાધુ કેમ નથી થયા તેમ પૂછે તો શું કહો ? "પાપનો ઉદય છે માટે. મારે આ જન્મમાં સાધુ જ થવું છે પણ પાપના યોગે તેવી શક્તિ નથી માટે હજી થઇ શકતો નથી પણ સાધુ થવાની ભાવના પૂરી છે" આમ કહે તેનું નામ શ્રાવક !

પ્ર. : આનંદાદિ શ્રાવકોએ કે શ્રી શ્રીપાલ મહારાજાએ દીક્ષા નથી જ લીધી ને ?

ઉ : તે બધા શું માનતા હતા ? પાપનો ઉદય છે માટે લઇ શકતા નથી પણ દીક્ષા લેવાની ભાવના આકંઠ હતી. સંસારમાં રહ્યા તે ડહાપણ કર્યું છે ' તેમ કોઇએ કહ્યું છે ?

પણ આજે તો સાધુઓ મજેથી તમારી પુષ્ટિ કરતા થઇ ગયા છે. તે તમારા પાપે બોબતા થઇ ગયા છે.

આજે ઘણા મને કહી જાય છે કે-"રોજ એકની એક વાત કેમ કરો છો ? આટલા દુઃખી છે તો ધર્મ કેમ શોભે ? પહેલા આ લોકોને સુખી કરો પછી ધર્મની વાત કરો." મેં તો કહ્યું કે-"આવું બોલનારા માનનારાઓનો તો દા'ડો ગ્રેડી ગયો છે. ધર્મ સમજ્યા જ નથી.

પ્ર.-ધર્મ થોડો ય પકડી રાખ્યો છે તો ઉધ્ધાર થશે ને ?

ઉ.-ધર્મ પકડી રાખ્યો કોને કહેવાય ? જે માને કે. આ જન્મમાં સાધુ જ થવા જેવું છે 'પણ શક્તિ નથી માટે થઇ શકતો નથી તેને.

પ્ર.- સંસારમાં બેઠા છીએ તો મોં હસતું રાખવું પડે ને ?

ઉ.- ગરીબ માણસ કહે કે- 'મારી પાસે પૈસો નથી' તેમ મોં રોજ બગાડે કે કો'કવાર બગાડે ? ઓછી આવકવાળા વેપારી પણ મોં રોજ બગાડે છે. તમે નથી બોલતા તે નવાઇ છે. તમે કહો કે= વર્ષો થયાં સાધુપણાનું મન થતું નથી તેનું ભારે દુ ખ થાય છે. તમારી શી ભાવના છે ? સાધુ થવું જ નથી તેવા વિચારવાળાને સમકિત થાય ખરું ?

ભગવાનનો સાધુ શેનો ઉપદેશ આપે, શી શી વાતો કરે તે તમને સમજાવવી પડે તેમ છે ? તમે જો સમજુ થાવ તો અમે કદી ન બગડીએ. જે સાધુઓ બગડયા છે તે તમારા પાપે ! શ્રાવકો જો સમજદાર હોય તો સાધુ કદી ન બગડે અને બગડેલા સાધુ સુધર્યા વિના પણ ન રહે.

પ્ર.– બધે એકતા નથી ને ?

ઉ.– બધે એકતા કેમ નથી ? દેશના ફરી ગઇ માટે ને ? જેઓ માર્ગથી ઊધું બોલે તેની સાથે તો ન જ બેસીએ. જેઓ માર્ગ સાપેક્ષ બોલે તેની સાથે બેસીએ.

પ્ર.– શ્રાવકોમાં પણ એકતા નથી.

ઉ.– સારા શ્રાવક હોય તે કોની પડખે હોય ! તમે સારા છો કે બનાવટી છો ?

જો તમને સાધુ થવાનો ભાવ ન હોય તો અમને સારા નથી જ લાગતા ખાલી સભા શોભાવો છો, માત્ર દેખાવ કરવા આવો છો. રોજ આવે તેને સાધુ થવાની ભાવના ય ન હોય તે બને ? પેઢી બોલે અને કમાવાની ઇચ્છા નથી તેમ કોઇ બોલે ?

પ્ર.– નથી આવતા તેની ટીકા હોય, કે અહીં આવે તેની ટીકા હોય ?

ઉ.– પરીક્ષામાં નાપાસ થાય તેની ટીકા થાય કે સ્કુલમાં જાય તેની ય ટીકા થાય ? જે સ્કુલમાં જ ન જાય તેની ટીકા શું થાય ? જે અહીં નથી આવતા તેની તો આપણે વાત કરતા નથી.

તમે સમજુ બનો તે માટેની મહેનત છે તમે મજેથી સંસારમાં રહો તે ગમતું નથી. સાધુપણાની, શ્રાવક પણાની કે સમકિતની પણ ઇચ્છા ન થાય તે બધા રખડતા છે તેમ કહું છું. તેવાને કશું ગમતું નથી.

સભા :– નિરાશ ન કરો.

ઉ.– નિરાશ કરું છું કે આશા પેદા કરાવું છું ? તમે સમજુ થાવ તો આ બધું કરવાનું મન થાય જ.

ધર્મ ઉપર શ્રધ્ધા જાગ્યા વિના કદી ઠેકાણું પડશે જ નહિ. સંસારમાં રખડવું છે કે મોક્ષે જવું છે ? જેને મોક્ષે જવાની ઇચ્છા ન હોય તે ગમે તેટલો ધર્મ કરે તો ય રખડી મરવાના છે. ગમે તેટલા પૈસા કે સુખ–સામગ્રી મલી હશે તે બધું મૂકીને જવાનું છે, કોઇ જ સાથે આવવાનું નથી અને અહીંથી સીધા દુર્ગતિમાં જવું પડશે. આવી સામગ્રી કયારે મળે તે ભગવાન જાણે–આ શ્રધ્ધા છે. ? (ક્રમશઃ)

સાડા ત્રણ રૂપિયાનું વ્યાજ

પી. મંડલી

સૌરાષ્ટ્રમાં આવેલું સુખવદર ગામ બહુ જાણીતું છે. એ આંખોમાં વસી જાય એવું સોહામણું છે.

એકસો પચાસ વરસ પહેલાં એ ગામમાં કાસમ અને એની મા રહેતા હતા. તેઓ ગરીબોમાં ગરીબ હતા. ભલાઓમાં ભલા હતા. સાચાઓમાં સાચા હતા. એમના ઘરમાં બે ટંક અનાજ ભેગું થતું નહીં.

મા લોકોના દળણાં દળે. પાણી ભરે. અનાજ સાફ કરે. બેટો ગામના વેપારીઓની ટપાલો બહારગામ આપવા જાય. બહારગામની ટપાલો અહીં લાવે. એને એક ટાંપાના બે આના મળે.

આમ મા-બેટો અતિ કઠણાઇમાં દિવસો પસાર કરે.

કાસમ એક દિવસ ગામના શેઠની ટપાલ લઇને બહારગામ આપવા જતો હતો. રસ્તો લાંબો હતો. ગરમીના દિવસો હતા. કાસમને તરસ લાગી. એવામાં રસ્તામાં તલાવડી આવી. એ તલાવડીમાં પાણી પીવા ઉતર્યો.

એ મુખી જેવા મોટા માણસને
આવો સણસણતો જવાબ આપી ગામના ચોરે આવીને બેઠો

પાણી પી એ પાળ પાસે આવેલા વડ નીચે થાક ખાવા બેઠો. એવામાં એની નજર વડલાના થડ પાસે પડેલી પોટલી પર પડી.

એણે પોટલી લઇને ખોલી. એમાંથી કાબડો નીકળ્યો. કાબડો ખોલ્યો તો એ સોનાનાં ઘરેણાંથી ભરેલો હતો.

કાસમ ગરીબ હતો પણ સંસ્કારે ગરીબ નહોતો. એ નખશિખ પવિત્ર હતો. એના અંગે અંગમાંથી નિષ્ઠા ટપકતી હતી. એ પોતાના શ્રમનું ખાતો. આકુહકનો કણ મોમાં મૂકતો નહિ. કોઇની પાસેથી ઇનામ બક્ષિસ લેતો નહિ. એ અલ્લાહનો પાક બંદો હતો. એ ગરીબાઇમાં આનંદી કાગડાની જેમ મોજથી જીવતો હતો.

એણે કાબડો લઇ લીધો એના માલિકને પહોંચાડવા એણે પગ ઉપાડ્યા. સામા-ગામ પહોંચી ટપાલ આપવાનું કામ આટોપીએ મુખીના ઘરે આવ્યો. મુખીને એણે

અથથી ઇતિ સુધીની વાત કરી કહ્યું, 'આ ઢાબડો એના માલિકને ઝટ પહોંચાડવો છે. આપ મને રસ્તો બતાવો.

મુખી, 'મુરખ, મને વાત કરી તો ભલે કરી. હવે બીજા કોઇને કરતો નહિ, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ના જવાય. તક તારી સામે ચાલીને આવી છે. તું એને વધાવી લે. તારી ગરીબાઇનો વિચાર કર. ઢળણું ઢળતી તારી માનો વિચાર કર.

આ ઢાગીના આપણે ભાગે વહેચી લઇએ. માટે ઢાબડો મને આપી દે.

કાસમ, 'મુખી તમે વાડ થઇને ચીભડાં ગળો છો? મોટા થઇને ખોટા ધંધા કરો છો? જેનો આગેવાન આંધળો એનું કટક કુવામાં તમે ગામનું શું ભલું કરવાના હતા? સાંભળો, હરામનું અન્ન ખાવામાં આવે તો એ ખોટા વિચારો પેઠા કરે છે. ખોટા વિચારોથી પતન થાય છે. કુટુંબની ખાનખરાબી થાય છે. આ ઢાબડો હવે તમને નહિ આપું. એના માલિકને શોધી હાથોહાથ આપીશ.'

એ મુખી જેવા મોટા માણસને આવો સણસણતો જવાબ આપી ગામના ચોરે આવીને બેઠા.

આ બનાવની જાણ વાયુવેગે સારા ગામમાં થઇ ગઇ.

બપોર થતાં બે ઘોડેસ્વારો કાસમને શોધતાં ચોરે આવ્યા. એમણે રાણીબા નો ઢાબડો ખોવાયાની વાત કટબદ્ધ રજુ કરી, કાસમને સંતોષ થયો. એ એમની સાથે દરબાર ગઢમાં આવ્યો.

વાત જાણે આમ બની હતી. આ ગામના દરબારના પત્નીનું નામ રાણીબા હતું. તેઓ પોતાના પિયર ઢાગીના ઘડાવા ગયા હતા. ત્યાંથી ઢાગીના લઇ પાછા આવાતા હતા. રસ્તામાં નકઠી તલાવડી આવી. તથા તેઓ ટીમણ કરવા બેઠા. એવામાં બળદો ભડક્યા. સાથીએ સૌને જલદી જલદી સગરામમાં બેસી જવા કહ્યું. રાણીબા અને તેમના માણસો ઝટપટ સગરામમાં બેસી ગયા. ટીમણ કરતી વેળા બહારા ઢાઢેલો ઢાગીનાનો ઢાબડો ત્યાં જ પડયો રહ્યો.

રાણીબાને ઘરે આવ્યા પછી ખબર પડી. એમણે તુરત બે ઘોડેસ્વારોને નકઠી તલાવડીએ તપાસ કરવા મોકલ્યા. ત્યાં ઢાબડો મળ્યો નહીં. તેઓ ગામમાં આવ્યા. ગામલોકોએ કાસમને ઢાબડો મળ્યાની વાત કરી. ઘોડેસ્વારો કાસમને લઇ અહીં આવ્યાં.

કાસમે ઢાબડો રાણીબાના હાથમાં આપ્યો. રાણીબાએ એ ઢાબડો ખોલી કાસમની સામે ધરતાં કહ્યું, 'કાસમ, આ ઢાગીનામાંથી તને ગમે તે એક ઢાગીનો લઇ લે. એ તારી પ્રામાણિકતાનું ઇનામ.'

કાસમ શેઠનું બે માણસનું કામ કરતો. આથી શેઠ અને શેઠના માણસો એના પર પ્રસન્ન રહેતા.

કાસમ, 'રાણીબા, તમે મારી પ્રામાણિકતાની કદર શું કરવાના હતા ? મારી કદર તો ઉપરવાળો કરશે. હું કોઇની પાસેથી ઇનામ યા બક્ષિસ લેતો નથી. એ મારી ટેક છે. હું લૂખો રોટલો ખાઇ લઉં છું, પણ પાડોશીના ત્યાંથી આણેલું શાક ખાતો નથી. ઇમાનથી જીવું છું ને જિંદગીભર એ રીતે જીવતો રહીશ આજે તમારું પાણી પણ નહિ પીઉં. આમ કહી એ ઉભો થઇ ગયો. સાચ સડસડાટ ચાલે એમ એ ઘર ભણી ચાલી નીકળ્યો.

સુખવદર ગામના શેઠ મુંબઇમાં રહેતા હતા. ત્યાં એમનો વેપાર ધીકતો ચાલતો હતો. વેપારના કામકાજ માટે એક મહેનતુ અને પ્રામાણિક માણસની જરૂર હતી. આ માટે તેઓ વતનમાં આવ્યા હતા.

ગામલોકોએ એકી અવાજે કાસમનું નામ શેઠ પાસે રજૂ કર્યું. શેઠ કાસમ પોતાની માને વતનમાં મૂકી મુંબઇ આવવા તૈયાર થતો નહોતો. માની પણ એવી જ ઇચ્છા હતી. 'કાસમ મારી નજર સામે રહે.'

શેઠ માજીને સમજાવવા લાગ્યા, 'માજી, તમે કેટલું જીવવાના હતા ? તમે એક દિવસ કાસમને અહીં મૂકી ઉપર જવાના છો. માટે એનું હિત વિચારી મારી સાથે મોકલો. હું એને દીકરાની જેમ મારા ઘરે રાખીશ. એને વેપાર–ધંધો શીખવીશ. એ મહેનતુ અને સાચો છે તેથી એ સારો વેપારી થશે. એનું જીવન સુધરી જશે. માટે ભલા થઇ હૈયા પર પથ્થર મૂકી કાસમને રજા આપો.'

શેઠ માજીને સમજાવવામાં સફળ થયા. માજીએ આંસુ પી કાસમને રજા આપી. કાસમ શેઠની સાથે મુંબઇ આવ્યો. જાણે એનું ભાવિ બળપૂર્વક અહીં ખેંચી લાવ્યું.

કાસમ શેઠનું બે માણસનું કામ કરતો. આથી શેઠ અને શેઠના માણસો એના પર પ્રસન્ન રહેતા. તેઓ એનો આદર કરતા. એને ખાવાપીવામાં સાચવતા.

શેઠ અને એમના ઘરના કદર રવિવારે સાંજના નાટક જોવા જતા. સાંજનું ભોજન તેઓ હોજમાં લેતા. કાસમ ઘરની સંભાળ રાખતો. શેઠ એને જમવાના ચાર આપતા. કાસમ ભૂખ્યો રહી ચાર આના બચાવતો.

શેઠ કાસમને પગાર આપતા નહિ. તેમજ વાપરવા પૈસા આપતા નહિ. કાસમે આ રીતે ભૂખ્યા રહી સાડા ત્રણ રૂપિયા બચાવ્યા.

ફાસમ એક રવિવારે મુંબઇની બજારમાં ફરવા નીકળ્યો. એક જગ્યાએ એણે જોયું તો ત્યાં ચીજ-વસ્તુઓનું લીલામ થતું હતું. ફાસમને એમાં રસ પડ્યો. એને એકાદ ચીજ ખરીદવાની અંતર પ્રેરણા થઇ. એવામાં હરાજી કરનારે કાનનું લટકણિયું કાઢ્યું. એની હરાજી બોલવા લાગ્યો. ભીડમાંથી એક માણસ એક રૂપિયો બોલ્યો. બીજો માણસ બે રૂપિયા બોલ્યો ફાસમ એના સાડા ત્રણ રૂપિયા બોલ્યો. પેલા બે આગળ બોલ્યા નહિ. હરાજી કરનારે ફાસમને સાડાત્રણ રૂપિયા લઇ લટકણિયું આપ્યું

વર્ષાઋતુએ મોર થનથન નાચે એમ ફાસમ મનમાં રાચતો ઘરે આવ્યો. ફાસમે ઘરના સહુને તેમજ શેઠને લટકણિયું બતાવ્યું. સૌ ખુશ થયા. શેઠ લટકણિયાને જોઇ ચોંકયા. એમણે ફાસમને પૂછ્યું, 'તેં આ લટકણિયું કેટલામાં લીધું ? એ રકમ ક્યાંથી લાવ્યો ?' ફાસમે શેઠને અથથી ઇતિ સુધીની વાત કહી સંભળાવી. શેઠ એના ખુલાસાથી પ્રસન્ન થયા. એમણે એ લટકણિયું ફાસમ પાસેથી લઇ લીધું.

શેઠ બીજા દિવસે ઝવેરી બજારમાં ગયા. ઝવેરી પાસે લટકણિયાનો કસ કરાવ્યો. એ લટકણિયામાં એક સાચો હીરો હતો. એના પંદર હજાર રૂપિયા ઉપજ્યા. શેઠે એ રકમ ફાસમનું ખાતું ખોલાવી બેંકમાં જમા કરાવી. ફાસમ શેઠના ઘરે પૂરા છ વર્ષ રહ્યો.

એક દિવસ શેઠે સવારના પહોરમાં સૌને બેઠકમાં એકઠા કર્યા. એમણે ફાસમને કહ્યું, 'ફાસમ, આજથી તું અમારા ઘરનો નોકર મટી જાય છે. હવે તું શેઠ બને છે. અમારા તરફથી પિંજરમાંથી તું મુક્ત છે. તું આભા સરખી મુંબઇની બજારમાં વેપાર-ધંધો કર. તું વેપારનો પૂરો જાણકાર છે. તારામાં ગજબની સાહસ શક્તિ છે. તું મોટો વેપારી બનીશ. મારા આશીર્વાદ તારી સાથે છે.'

ફાસમ, 'શેઠ, આજે તમે મારી મોટી મજાક કરી. વિત વિના વેપાર થાય નહિ. હું રહ્યો નાણા વગરનો નાથિયો. તમારા પ્રતાપે મને મુંબઇની બજારમાં આવકારો મળે છે. કાલથી મને કોઇ બોલાવશે નહિ. માટે કૃપા કરી મને અહીં રહેવા દો. મારે અહીં સ્વર્ગ છે.'

શેઠ, 'ફાસમ, તારા ભાગ્યનો ઉદય થઇ ચૂક્યો છે. તને રોકનાર હું કોણ ? લે આ તારી બેંકની ચોપડી. તારા ખાતે એમાં પૂરા બત્રીસ હજાર જમા છે.

તે દિવસ મેં તારી પાસેથી લટકણિયું લીધું હતું. એને વેચ્યું તો એના પંદર હજાર ઉપજ્યા. મેં એ રકમ તારા ખાતામાં જમા કરાવી. એ વધીને આટલી મોટી રકમ જમા થઇ છે. તારું ભાગ્ય તને સાથ દઇ રહ્યું છે. માટે ઉભો થા.'

કાસમ સૌને પાયલાગણ કરી ભારે હૈયે ત્યાંથી વિદાય થયો. બીજા જ દિવસથી તે મુંબઇની બજારમાં વેપાર કરવા લાગ્યો. એ સાંજ પડયે ઢગલો રૂપિયા લઇને ઘરે જતો. એણે થોડા જ મહિનામાં પાંચા આંકડાની મૂડીને છ આંકડામાં ફેરવી દીધી.

એવામાં પરદેશની એક મોટી કંપનીએ હિન્દુસ્તાનમાં કેરોસીનની એજન્સી આપવાની જાહેરાત કરી. કાસમે તનતોડ પ્રયત્નો કરી એ એજન્સી મેળવી. એણે કરાંચીમાં મુખ્ય ઓફિસ ખોલી. ધીરેધીરે દેશના પંચાસી શહેરોમાં એની શાખાઓ ખોલી.

પરદેશથી વહાણો ભરી કેરોસીન આવતું. કાસમના માણસો એના ડબા ભરી દેશના મોટા વેપારીઓનો પહોંચાડતા. રોજ લાખો રૂપિયાની લેવડદેવડ થતી. એક નાનકડો ટપાલી શ્રમ સાહસ અને સચ્ચાઇના બળે હિન્દુસ્તાનનો નામાંકિત વેપારી બની ગયો.

એ મોટો વેપારી બન્યો હોવા છતાં પોતાના સુખવદર ગામને ભૂલ્યો નહોતો. એ વરસમાં એક વખત ગામમાં આવતો. એના મોટાં મોટાં ગજવાં પરચુરણોથી ભરેલાં રહેતા. એ સામે આવતા બાળકને, અનાથ–અશકતને મુઠ્ઠી ભરીને પરચુરણ આપતો.

આ જોઇ કોઇ એને પૂછતું, 'કાસમભાઇ, આ શું કરો છો?' કાસમ હસતા–હસતા કહેતો, 'ભાઇ, હું તો સાડા ત્રણ રૂપિયાનું વ્યાજ વહેચું છું. મારી તો એટલી જ મુડી. આંય કયાં આંટો ખાવા હતો?'

(કુલવાડી)

❋ ઉપદેશસરિતા ❋

વિચાર, વાણી ને કર્મ જેનાં પાવિત્ર્યપૂર્ણ છે,
વિનમ્ર, શાંત, સંતોષી તે જ ડાહ્યો મનુષ્ય છે.
મૈત્રી એ આત્માની જ્યોત, એ સર્વોપરિ શકિત છે,
શત્રુની શત્રુતા એથી મટી મૈત્રી સ્થપાય છે.
અતિદારુણ હિંસો પણ અહિંસાપ્રેમશકિતથી,
વૈર મૂકી થઇ શાંત – નમ્રમાં પલટાય છે.
વિના અન્યોન્યની મૈત્રી શુદ્ધ આત્મીય ભાવની,
નથી કલ્યાણ કોઇનું–વ્યકિત, રાષ્ટ્ર, સમાજનું.

ગૌરવભર્યું ગણતર

—શ્રી શ્રમણ પ્રિયદર્શી

આજે ભણતર વધ્યાનો દાવો થાય છે. પણ ગણતર તો ચોક્કસ ઘટયું છે. એમ જીવનનું આજનું ચણતર જોતાં–આપોઆપ જણાઇ આવે છે આજના થોડાક વર્ષો પૂર્વે આજ જેટલું ભણતર નહિ હોય, એમ કદાચ માની લઇએ, તોય ત્યારનું જીવન–ચણતર જોતા ગણતર તો ઉત્તરોત્તર વૃદ્ધિગત જ રહ્યું હોવાની પ્રતીતિ થયા વિના નહિ રહે.

ગોંડલ રાજ્યમાં બનેલી એક ઘટના એ વાતની સારી રીતે પ્રતીતિ કરાવી જાય છે કે, હજી નજીકના જ ભૂતકાળમાં સ્ત્રીઓ પણ કેવું વિશિષ્ટ ગણતર ધરાવતી હતી! ગણતર વિનાના આજના ભણતર કરતા તો ભણતર વિનાનું ગણતર હજાર દરજ્જે સારું હતું. એનો સાક્ષાત્કાર કરાવી જતી આ ઘટના બન્યાને કઇ ઘણા બધા વર્ષો વીત્યા નથી!

એક કાળમાં બહારવટિયાઓ પણ બોલબાલા હતી. અંગ્રેજો કાઠિયાવાડમાં અધિકાર જમાવતા ગયા, એથી રાજ્યો નબળા પડવા માંડયા. રાજ્યો સાથે સંકળાયેલા ગરાસદારો પર આની સીધી અસર થઇ. રાજ્યો નબળા પડવાથી રાજ્ય તરફથી મળતી નિર્ધારિત રકમો બંધ જેવી થઇ, એથી ગરાસદારોના પેટ પર પાટું પડયું અને આના વિપાક રૂપે ગરાસદારો બહારવટિયે ચડયા.

એ કાળમાં ગોંડલ રાજ્યમાં મકરાણી જાતના બહારવટિયાઓનો રંજાડખૂબ જ વધી પડયો હતો. એથી ગોંડલ રાજવીને પ્રજાના રક્ષણ માટે અનેક જાતના પગલાં લેવા પડે, એ સહજ હતું. એક કડક પગલાં તરીકે રાજવીએ પોલીસ–પલટન સજ્જ રાખી હતી, જ્યાં પણ બહારવટિયાઓના આગમનની ગંધેય આવતી, ત્યાં પોલીસ–પલટન પહોંચી જતી. એ અવસરે સામસામો સંઘર્ષ પણ થતો. એમાં ક્યારેક પોલીસ–પલટન ઘવાતી, તો ક્યારેક બહારવટિયાઓને નાસીપાસ થવું પડતું.

એક વખત આવું ધિંગાણું ખેલાયું. એમાં બહારવટિયાઓ સામેની ઝીક લેતા લેતા એક પોલીસે પ્રાણ ખોયો. પોલીસ પરણેલો હતો. એની પાછળ બાલબચ્ચા હતા. વિધવા બનેલ પોલીસ પત્ની પતિનું મૃત્યુ સાંભળીને એકવાર તો ફસડાઇ જ પડી. એના દિવસો શોકમાં અને એની રાત રડવામાં પસાર થવા માંડી. થોડા દિવસના આવા શોક પછી એને એક દિ વિચાર આવ્યો કે, હવે પોતાનું અને પરિવાનું ગુજરાન ચલાવવું હોય, તો આ રીતે રડવાથી કંઇ જ નહિ વળે? જીવનનો બધો જ આધાર પતિના મૃત્યુંથી ઝુંટવાઇ ગયો હોવાથી એણે રાજવી પાસે જઇ ને અંતરની

અરજ રજુ કરવાનો નિર્ણય લીધો. પોલીસ પત્નીનું નામ પાર્વતી હતુ પાર્વતીના પતિએ ચાર-પાંચ વર્ષ જ રાજ્યની નોકરી કરી હતી, એ કારણે ગોંડલ રાજ્ય તરફથી પેન્શન મેળવાની શકયતા નહોતી. એથી એના માટે આજીવિકા ચલાવવા રાજવી આગળ અરજ ગુજારવા સિવાય બીજો કોઇ જ ઉપાય ન હતો. અને આશાસ્પદ મુદ્દો એકજ હતો કે, રાજવી રોજ સવારે એક કલાક પ્રજાની ફાદ-ફરિયાદ સાંભળવા પાછળ ફાળવતા હતા. એથી પાર્વતી બીજે જ દિવસે રાજવી સમક્ષ જઇ ઊભી પાંચ છ વર્ષનો સંતાન એની આંગળીએ વળગેલો હતો. પાર્વતી એ કહ્યું. :

રાજવી ! નોંધારાનો આધાર રામ ગણાય છે અને હું નોંધારી છું. કેમ કે મારા પતિ પોલીસ હતા, અને એમણે થોડા જ દિવસો પૂર્વે બહારવટિયાઓ સાથેની ઝપાઝપીમાં પ્રાણ ખોયા છે." ગોંડલ રાજવીએ પૂછપરછ કરી, તો જાણવા મળ્યું કે, પાર્વતીના પરિવારમાં એક નાનો બાળક જ છે. એથી આજીવિકાનો આધાર એની પાસે કોઇ જ નથી. એમના મનમાં એવો એક અયોગ્ય વિચાર ઝબૂકી ગયો કે, રાજ્ય તો પાર્વતીનો આધાર કેટલા સમય સુધી બની શકે ? એના કરતાં આ પાર્વતી બીજા કોઇની સાથે ઘર માંડે અને નવો પતિ ગોતી લે, તો આ પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાઈ જાય. આ વિચાર અયોગ્ય હોવા છતા ગોંડલના રાજવીએ કાણો ચાપી જોવ પાર્વતીને કહ્યું : 'બહેન ! પારકા પગે ચાલી-ચાલીને કેટલું ચાલી શકાય ? રાજ્ય તમને પેન્શન તો આપી શકે નહિ અને મદદ પણ કરી કરીને કેટલા કરે ? તેમજ કેટલાં વર્ષ સુધી કરે ? એથી મને તો બીજો જ એક વિચાર આવે છે. તમારી કોમમાં બીજું ઘર માંડી શકે છે. એથી તમે જો નવું ઘર અને નવો વર ગોતી લો, તો આજીવિકાનો પ્રશ્ન કાયમ માટે ઉકલી જાય."

રાજવીની આ વાત સાંભળતાં જ ઓછું ભણતર ન હોવા છતાં અઢકેરુ. ગણતર ધરાવતી પાર્વતી, આંગળીએ વળગાડેલા સંતાનને ઉદ્દેશીને બોલી ઉઠેલ કે, બેટા ! ચાલ આપણે ઘર ભૂલ્યા. આપણે ખોટી જગ્યાએ આવી ભરાણા. મેં તો ધણી ગોતવામાં ભૂલ કરી નથી. પણ મારા ધણી તો ધણી ગોતવામાં ઘણી જ ભીત ભલી ગયા ! માટે ચાલ બેટા ! ચાલ. અહિં આવવાની જે ભૂલ આપણાથી થઇ એ ભુલને ભોગવટો ન કરવો હોય, તો અહિં હવે એક પળ પણ વધારે ખોટી ન થવાય.

આટલું કહીને પાર્વતી પોતાના દીકરાને ખેંચી બહાર લઇ ગઇ. અને ઘર તરફ જવાની તૈયારી કરવા માંડી. ગોંડલના રાજવી પાર્વતીની વાત સાંભળીને છક્ક થઇ ગયા. આવી બહાદુર સ્ત્રીઓ એમણે ઓછી જોઇ હતી. આમ છતાં પાર્વતીએ જે કાંઇ કહ્યું,

એનો સાચો ભાવ રાજવી સમજી શક્યા નહોતા. એથી એમણે પાર્વતીને ફરી તેડાવીને પછી પૂછ્યું : 'બહેન તમે જે કંઈ બોલ્યા, એનું રહસ્ય મને સમજાવશો ખરા ? તમે ન ભૂલ્યા મને તમારા પતિદેવ ભૂલ્યા, આ કઈ રીતે બંધ બેસતું બને ?

આમ તો પાર્વતીને કંઈ જ સંભળાવવાની ઇચ્છા નહોતી, પણ રાજવીએ સામેથી બોલાવીને સવાલ કર્યો, એથી સાનમાં સાચું સમજાવવા, સંભળાવવાની તક ઝડપી લેતા એણે કહ્યું : રાજવી ! ધણી એને કહેવાય, જે કમ સે કમ જીવે ત્યાં સુધી તો ઔરતની પૂરેપૂરી સાર સંભાળ લે જ. આ અર્થમાં ધણીને ગોતવામાં હું તો જરાય ભૂલનો ભોગ નથી બની. કેમકે મારા ધણી જીવતા રહ્યા ત્યાં સુધી તો મારે મારી આજીવિકા અંગેની કોઇ ચિંતા જ કરવી પડી નથી. પણ મારા ધણી તો ધણી ગોતવામાં આબાદ ભૂલનો ભોગ બની ગયા ! મારા ધણીને સાચા અને સમર્થ ધણી મળ્યા હોત, તો તો આપ મારા જેવા આશ્રિતની આજીવિકાનો પ્રશ્ન ઉકેલવા વિધવા વિવાહ જેવો પાપના પંથ કદી જ ચીંધત નહિં, એમ મને લાગે છે.

પાર્વતીએ અંતે કહ્યું : રાજવી ! એક આશ્રિત તરીકે મારી સાર સંભાળ લેવાની મારા ધણીના ધણી તરીકે આપનીય જવાબદારી છે. એ જવાબદારીમાંથી છટકવા આપ મને બીજે ધણી ગોતી લેવાની સલાહ આપો, પછી મારી આંતરડી કકળ્યા વિના રહે ખરી ? પાર્વતીની વાત સો ટકા સાચી હતી. એના શ્રવણે ગોંડલ રાજવીને પોતાની ભૂલ સમજાઇ ગઇ. એમણે એજ પળે પાર્વતીના પતિ-પોલીસનો જે માસિક પગાર હતો, એ પાર્વતીને જીવતાં સુધી આપવાનો હુકમ કર્યો, તદુપરાંત પાર્વતીના બાળકોને યોગ્ય સમયે પોલીસખાતામાં લઇ લેવાની પણ આજ્ઞા કરી.

આવી હતી ભારતીય રાજવીઓની સરળતા અને આવું હતું અભય ગણાતી જૂના જમાનાની સ્ત્રીઓનું ગૌરવભર્યું ગણતર આજે તો એ જમાના જેવા ભણતરનોય દુકાળ છે પણ એ જમાના જેવું ગણતર તો આજે શોધ્યું પણ જડે એવું નથી. !

(ગુણભારતી)



રૂા. ૧૦૦૦ ભરી જૈન શાસન વિશેષાંકના
આજીવન સભ્ય બનો

❋ ગરુડની ગુણવૃધ્ધિ ❋

એક વખત શ્રી તીર્થંકરદેવ સમવરણમાં દેશના આપતા હતા. ત્યાં માનવો દેવો ઉપરાંત તિર્યંચો પશુ–પક્ષી વિગેરે પણ હાજર હતા. તે વખતે એક ગરુડ ત્યાં આવે છે અને વૈરાગ્ય મય દેશના સાંભળે છે. તેને બોધ થયો. પણ જીવન જ ગરુડનું હિંસામય હવે શું થાય! તેમ તે વિચારે છે.

પ્રભુએ કહ્યું–તું સમ્યક્ત્વ પામ્યો છે. અને હવે દેશ વિરતિ પામશે. માંસ ભક્ષણ કરનારા, શિકાર કરનારા બીજા જીવોનો વધ કરનારા નરકમાં પડે છે.

તેને થયું કે–મેં બહુ હિંસા કરી છે. હવે નરકમાં જ જઇશ. મારે તરવાનો કોઇ ઉપાય હશે?

પ્રભુ બોલ્યા : આ ભવના સ્નેહ સંબંધ છોડી, ઇન્દ્રિયોનું દમન કરી અનશન કરીને જે આત્મા પ્રાણ છોડે છે તે સદ્ગતિ પામે છે અને ભાવિમાં કલ્યાણ સાધી શકે છે.

ગરૂડે નકકી કર્યું કે, આમ જ કરવું.

તે પોતાના માતા–પિતા અને પરિવાર પાસે આવ્યું. સૌને સમજાવ્યા. અને બધાની માફી માગી વિદાય લઇ કોઇ ચિત્ત પ્રસન્ન થાય તેવા એકાંત સ્થળે ગયો. અને અનશન કરી પોતે કરેલા જીવોની હિંસાના પાપને વાઢ કરતો સમભાવમાં રમતો ગરૂડ સ્વર્ગલોકનો મહેમાન બની ગયો.

ગરુડ જેવું હિંસક પ્રાણી પ્રભુની વાણીથી બોધ પામી નરકગામ. બનવાને બદલે સ્વર્ગગામી બન્યું.

: શ્રાવકપણાનું લક્ષણ :

श्रवंति यस्य पापानि, पूर्वबद्धान्यनेकशः ।
आवृतश्च व्रतैर्नित्यं श्रावकःसोऽभिधीयते ॥

જેના પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો શ્રવિ જાય છે–ચાલ્યા જાય છે. અને જે હંમેશા વ્રતોથી યુક્ત હોય છે તે શ્રાવક કહેવાય છે.

શાસન સમાચાર

ગિરધરનગર (અમદાવાદ) :- વર્ધમાન તપની અજોડ આરાધના સાધના દ્વારા જન જનના મનમાં આયંબિલ તપ પ્રત્યેની અનેરી આસ્થાને પેદા કરનાર જીવદયાના મહાન જ્યોતિર્ધર તપસ્વિ સમ્રાટ પૂ. આ. ભ. શ્રી રાજતિલકસૂરીશ્વરજી મહારાજાના વિ. સં. ૨૦૫૪ શ્રાવણ વદ ૫ બુધવાર તા. ૧૨-૮-૯૮ ના થયેલ સમાધિપૂર્ણ સ્વર્ગવાસની પ્રથમ માસિક તિથિ પર ભા. સુ. ૧૪ થી ભા. વ. ૯ સુધી શ્રી શાંતિસ્નાત્ર, શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, અઢાર અભિષેક તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સમેત નવાહ્નિક જિન ભક્તિ મહોત્સવનું આયોજન ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી મહોદયસૂ. મ. સા. ની શુભ નિશ્રામાં થવા પામેલ. ભા. વ. ૫ પ્રથમ માસિક તિથિએ પૂ. આ. ભ. શ્રી સુદક્ષ નસૂ. મ. સા. ની નિશ્રામાં ગુરૂ ગુણ ગીતથી પ્રારંભાયેલ ગુણાનુવાદનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૫ - ૫ ફા. નું સંઘપૂજન થયેલ. સંઘમાં વિશાળ સંખ્યામાં આયંબિલની આરાધના થવા પામેલ. તપસ્વિસમ્રાટ પૂ. શ્રી ની પ્રથમ માસિક તિથિના ઉપલક્ષ્યમાં ૯ દિવસનો પ્રસંગ એકદરે સુંદર રીતે ઉજવાઇ જવા પામ્યો.

ગિરધરનગર (અમદાવાદ) :- નિસ્પૃહ શિરોમણિ સમ્રાટ પૂજ્ય આ. ભ. શ્રી રાજતિલક સૂ મ. સા, ની દ્વિતીય માસિક પુણ્ય તિથિને અનુલક્ષીને ગીરધરનગર સંઘને આંગણે ૯ણ મહાપૂજનો સમેત ત્રિ દિવસીય જિનભક્તિ ઉત્સવ (આસો વદ ૫+૬, ૭, ૮, શનિ. રવિ, સોમ) અનેરા ઉછરંગ સાથે ઉજવાઇ જવા પામ્યો. આસો વદ ૫+૬ તપોમૂર્તિ પૂજ્યશ્રીની અગ્નિસંસ્કારની ભૂમી - છારોડી તા. કલકોઇ ગાંધીનગર હાઇવે પર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. શ્રી મહોદયસૂ. મ. સા. આદિ ચતુર્વિધ સંઘની હાજરીમાં બીજી માસિક તિથિની ભવ્ય ઉજવણી થવા પામી.

પૂ. ગચ્છાધિપતિશ્રી આદિનું સામૈયું સ્વ. પૂજ્યશ્રીની દર્શનીય દેરી સમક્ષ ગુરૂ સ્તવના, વંદના, ગુરૂ ગુણ ગીત, પ્રવચનો શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા સાધર્મિક વાત્સલ્ય આદિ સરસ રીતે થવા પામેલ. આસો વદ ૭ ગીરધરનગરમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ખૂબ જ ઠાઠથી ભણાવવામાં આવેલ.

આસો વદ ૮ ગત વર્ષે શત્રુંજય તીર્થમાં પૂજ્યશ્રીની ૨૮૮ મી ઓળીની થયેલ યાદગાર પૂર્ણાહુતિની સ્મૃતિ નિમિત્તે શ્રી અર્હદ અભિષેક મહાપૂજન ગીરધરનગરમાં પ્રથમ વખત ભણાવવામાં આવેલ...

ત્રણે દિવસ શહેરનાઇ વાદકો, પૂજનોની વિશિષ્ટ ગોઠવણી પરમાત્માને ભવ્ય અંગરચના-

ઓ તથા રાત્રિ ભાવનાઓની સાથે સાથે પ્રભુ પાર્શ્વનાથની ધરણેન્દ્ર પદ્માવતી દ્વારા થતી અદ્‌ભૂત ભક્તિની બેનમૂન રચનાઓ અનેકનુ આકર્ષણ કેન્દ્ર બનેલી... જેને જોવા માટે ચીક્કાર મેદની ઉમટતી હતી.

નાનકડો પણ ત્રિદિવસીય ઉત્સવ અનેરી જાત ભાત પાડી ગયો...

બોરીવલી :- સિદ્ધહસ્ત સમર્થ સાહિત્યકાર, પ્રવચન પ્રભાવક આચાર્ય વ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજની ૧૬મી વાર્ષિક સ્વ. તિથિ, તથા વર્ધમાનતપની ૧૦૦+૧૦૦+૮૯મી ઓળીના અદ્વિતીય આરાધક તપસ્વી સમ્રાટ પૂ આ. શ્રીમદ વિ. રાજતિલક સૂ. મ. સમાધિમય સ્વર્ગવાસ તથા તપોમય સયમ જીવનની અનુમોદનાર્થે પૂ. તપસ્વીની સાધ્વીજી શ્રી હેમપ્રભાશ્રીજી મહારાજની વર્ધમાન તપની ૧૦૬ મી ઓળીની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ તથા ચાતુર્માસ અને પર્યુષણ મહાપર્વ દરમ્યાન થયેલ વિવિધ આરાધનાઓ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે આયોજેલ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન, શ્રી લઘુ શાંતિ સ્નાત્ર સમેત જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ ૧૧ એકાદશાહ્નિક મહોત્સવ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાઇ ગયો.

પૂ. મુ. જયદર્શન વિજય મહારાજ, પ. પૂ. મુ. જિનદર્શન વિ. મ. સા પૂ. મુ. મોક્ષદર્શન વિ. મ. સા. આદિઠાણા તેમજ તપસ્વી રત્ન પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મહારાજ સાહેબ આદિ ઠાણાની નિશ્રામાં ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો. આસો સુદિ ૯ થી આસો વદિ ૫+૬ સુધી. **આસો વદિ** ૧ ના રોજ કાંતીલાલ વીરધરલાલ વોરાની આગ્રહ ભરી વિનંતીથી પૂજ્યો. વાજતે ગાજતે કાંતીભાઇના ગૃહે પધારેલ. ત્યાં પૂજ્યશ્રીએ મંગલા ચરણ આદિ કરેલ. ત્યાર બાદ ચાંદીના સીક્કાથી પૂજ્યશ્રીઓનું **ગુરૂ** પૂજન કરેલ તેમજ પધારેલ સંઘને લાડવાની પ્રભાવના કરેલ. ત્યાર બાદ ૮ વાગે ઓળીવાળા તપસ્વીઓના પારણા થયેલ. સારી સંખ્યામાં પુન્યશાળીઓ જોડાયા હતા. તેઓને ૧૨૫ રૂા. શ્રીફળ આદિથી બહુમાન થયેલ ત્યાર બાદ પૂજ્યોની નિશ્રામાં ૧૦ **થી** ૧૧ પ્રવચન તપ ધર્મ વિશે સુંદર રીતે સમજાવેલ કરેક પુન્યશાળીઓને ડથી પગ ધોઇ ચાંદલો-બાદલુ લગાડી કરેકને હાથ જોડી ચાંદીની લગડી તેમજ ૨ રૂા. રોકડાથી બહુમાન કરેલ. ત્યાર બાદ બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન થયેલ અને પ્રભુજીને ભવ્યાતિ ભવ્ય અંગ રચના થયેલ આસો વદિ ૨-૩-૪૫ છોડ સહિત ૪૫ આગમ પૂજા થયેલ. આમ કરોજ સવારે પ્રભાતિયા શરણાઇ વાદન, પૂજ્યોનું પ્રવચન, પરમાત્માની સુંદર અંગ રચના, જિનાલયનો અપૂર્વ શણગાર જોઇને જાણે જિનાલય તીર્થ જેવું લાગતું હતું.

બોરીવલી :- શ્રી મહાવીર પરમાત્માનું કલ્યાણક દિન નિમિત્તે પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મ ની નિશ્રામાં સવારે – પ્રભાતિયા – સવારે ૮-૩૦ વાગે સુંદર વરઘોડો રાજમાર્ગે ફરી ઉપાશ્રયે ઉતર્યો – ત્યાર બાદ પૂજ્યશ્રીએ પરમાત્માનું નિર્વાણ દિન હોવાથી સુંદર માર્મદર્શન – પ્રવચન સુંદર રીતે સમજાવેલ – ત્યાર બાદ ગુરૂપૂજન તેમજ કાંતીલાલ ગીરધરલાલ સંઘવી તેમજ રીખવચંદ જેઠાલાલ શાહ તરફથી સંઘપૂજન થયેલ તેમજ લાડવાની પ્રભાવના થયેલ સારી સંખ્યામાં પુણ્યાત્માઓ પધાર્યા હતા. પ્રભુજીનો 'રથ' યુવાન પુણ્યાત્માઓએ હાથે ખેંચેલ. આ દિવસે પ્રભુજીને ભવ્યાતિ ભવ્ય આંગીરચના, હજારો ફૂલે, સેંકડો દિવાઓથી જિનાલય તીર્થ જેવું લાગતું હતું. આમ સંઘમાં પૂજ્યશ્રી પધારતાં ઘણી બધી શાસનમા પ્રભાવના – આરાધનાઓ વગેરે સુંદર રીતે થયેલ. દિવાળી પર્વ દિન નિમિત્તે **૧૩ ને ૧૪ ના છઠ્ઠ તપ** ઘણાં પુણ્યાત્માઓએ કર્યા હતા. સાંકળી અઠ્ઠમ પણ ચાલુ છે.

રાજકોટ :- શ્રમજીવી સોસાયટીમાં પૂ. આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા સંઘમાં થયેલ આરાધનાના ઉદ્યાપનાર્થે પૂ. આ. શ્રી વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ત્રણ દિવસનો મહોત્સવ કા. વ. ૨ થી ૯ સુધી ઉજવાયો.

સરીયદ (પાટણ) :- પરમાણી જયંતિલાલ નાગરદાસ પરિવાર તરફથી ચિ. નિલેશકુમારની દીક્ષા માગશર સુદ ૩ ના પૂ. આ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉજવાઇ તે નિમિત્તે ૩ દિવસનો ઉત્સવ યોજાયો.

દાદર :- અત્રે ખીમજી બાલાચંદ પરિવાર તરફથી તેમના બેન શ્રી જીવીબેન માણેકચંદ શંખેશ્વર હાલારી ધર્મશાળામાં ચાતુર્માસ કરીને આવતાં કા. વ. ૧૧ ના સવારે પંચકલ્યાણક પૂજા કાઢવા ઓસવાળ મહાજન વાડીમાં તથા બપોરે સામર્મિક ભક્તિ રાખેલ હતી.

રતલામ :- અત્રે પૂ. મુ. શ્રી જિનરક્ષિત વિ. સમાધિ પૂર્વક કાલ ધર્મ પામતાં શોક ફેલાઇ ગયો. પૂ. મુ. શ્રી વિમલ રક્ષિત વિ. મ. ની નિશ્રામાં કા. સુ. ૧૩ થી ૧૨ શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ ઉજવાયો.

ભાવળા :- અત્રે પૂ. મુ. શ્રી ખેમંકરવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કુમુદચન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં શેઠ મનુભાઇ દીપચંદના સુપુત્રી કુ. રક્ષાબેનની દીક્ષા થશે. પૂ. સા. શ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી હર્ષનંદિતાશ્રીજી મ. ના ચરણોમાં સમર્પિત થશે. આ નિમિત્તે કા. વ. ૧૪ (૨) થી મા. સુ. ૩ સુધી ઉત્સવ છે. ત્રીજની દીક્ષા થશે.

ભીલડીયાજી :- અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મોટીખાવડ નિશ્રાથી શેઠ મુકિતલાલ રામચંદ્ર પરિવારના કુ હીનાબેનની દીક્ષા માગશર સુદ ૬ ના થશે આ નિમિત્તે ૩ દિવસનો ઉત્સવ યોજેલ છે.

પાલીતાણા :- હિંમત વિહારમાં પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂ. મ. ના ચાતુર્માસ પૂર્ણાહુતિ પ્રસંગ ઉજવાયો તા. ૨૭ થી ૧૧ સુધી દરેક દેરાસરે અભિષેક થયા.

મુંબઇ મહાનગરે ગોરીચલી :- ચંદાવરકર લેન મધ્યે પ. પૂ. સાધ્વીજી હેમપ્રભાશ્રીજી મ. સા. ની ૧૦૩ ઓળીની મંગલમય પુર્ણાહુતિ નિમિત્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન શ્રી લઘુશાંતિસ્નાત્ર સમેત જિનેન્દ્ર ભકિત સ્વરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવે આસો વદ ૧ ના સવારે ૭–૦૦ વાગે મલાડથી પ. પૂ. મુનિરાજ જયદર્શન વિજયજી મ. સા. આદિ ઠાણા પધારેલા અત્રે પૂ મુ શ્રી જિનદર્શન વિજય મ. આદિ બિરાજમાન છે. અને સંઘમાં ઉલ્લાસ ઘણો હતો.

પારણા બાદ વ્યાખ્યાન સમયે ચાંદીની લગડીની પ્રભાવના તથા ૨ રૂા. નું સંઘપૂજન હતું. તથા વર્ધમાન તપના તપસ્વિઓનું બહુમાન સ્વ. કમળાબેન અમૃતલાલ ઉમશી દોશી પરિવાર તરફથી હતું. તથા વર્ધમાન તપના પાયા વાળાનું બહુમાન પૂ. તપસ્વિ હેમપ્રભાશ્રી મ. સા. ના સંસારી ભાણેજો તરફ હતું તથા સ્ટાફ વાળા તથા અનુકંપા સાધર્મિકો ને નેમચંદ કરમણ હરિયા તરફથી ચાદર આપવામાં આવેલ.

બપોરે સાધર્મિક ભકિત તથા સાંજે શ્રી સંઘ તરફથી હતી ૧૨–૩૯ મિ.નિટે ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન પૂ. સા. રવિચંદ્રાશ્રી મ. ની પ્રેરણાથી ૧૦૬ ઓળીના તપસ્વીની પુર્ણાહુતિના અનુમોદનાર્થે એક સદ્‌ગૃહસ્થ તરફથી હતું. જીવદયાની ટીપ પણ સારામાં સારી થયેલ. તથા લાડુની પ્રભાવના થયેલ. તથા પ્રતિક્રમણમાં બહેનોમાં બેગની પ્રભાવના થયેલ. ભવ્યાતિભવ્ય આંગી થયેલ.

પાલીતાણા :- વિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. દેવેશ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાનાં ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. નાં આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીનાં ૪૭ વર્ષીય સંયમ પર્યાય તથા તેમના સમાધિપૂર્વક–પાલીતાણા મુકામે કાળધર્મ નિમિત્તે આસો વદ ૧૨ થી કાર્તક સુદ ૧ નો પાંચ દીવસનો દબદબાપૂર્વક મહોત્સવ મુંબઇનાં શ્રેયાંસનાથસ્વામિ સ્નાત્ર મંડળે (મલાડે) ઉજવ્યો તથા ગીરીરાજ શ્રી જય તળેટી પર જે મહા પૂજા પૂજા જ દબદબાપૂર્વક ઠરેલ હતી આ મહોત્સવ પૂ. નયવર્ધન વિજયજી મહારાજ આદિ ઠાણાની શુભ નિશ્રામાં સૌધર્મ નિવાસ / તથા શ્રી વાપીવાળા જૈન ધર્મશાળામાં મહોત્સવ રાખવામાં આવેલ હતો.

卐 આત્મ પ્રબોધક પ્રસંગો 卐

–પૂ. સા શ્રી અનંતગુણાશ્રીજી મ.

(૧) સાચો સમભાવ સમજીએ !

પરમવિદુષી, તત્ત્વજ્ઞાતા, સતીશિરોમણિ શ્રીમતી મયણાસુંદરીએ, પૂ. આ. ભ. શ્રી મુનિચન્દ્ર સૂ. મ. સા. ની આગળ રડતા પોતાનો બધો વૃત્તાંત અથથી ઇતિ જણાવ્યો અને પછી એક મહત્ત્વની વાત જણાવી કે, "નગરમાં ભગવાનના શાસનની જે નિંદા થઇ અને શૈવધર્મની જે પ્રશંસા થઇ તેનું મને અત્યંત દુઃખ છે !"

આપણે એ જ વિચાર કરવો છે કે, ધર્માત્માના હૈયામાં ધર્મના માલિન્યનું અને અધર્મના વખાણનું ભારોભાર દુઃખ હોય. મયણા એમ નથી કહેતી કે, વિશાળ રાજ્યસપત્તિ મૂકવી પડી, પિતાને છોડવા પડયા, વહાલસોયી માતાને મૂકવી પડી, કોઢિયાનો હાથ પકડવો પડયો તેનું દુઃખ છે.


આ પ્રસંગ સાચો સમભાવ રાખવાનો બોધપાઠ આપે છે. સમજ્યા વિના 'સમભાવ' શબ્દનો વાત વાતમાં સ્વાર્થની પુષ્ટિ માટે ઉપયોગ કરનારાની આંખ ઉઘાડનારો આ પ્રસંગ છે જો તેમની સાચી ચેતના વિચાર શક્તિ પ્રગટી હોય તો.

જૈન ધર્મની નિંદા અને શૈવ ધર્મની પ્રશંસાનું દુઃખ એ સમભાવ ગુમાવ્યાનું લક્ષણ નથી. સદ્ધર્મ સમજેલા – પામેલા આત્માને જ સદ્ધર્મની સાચી કિંમત સમજાય અને ઓળખ થાય, મિથ્યા ધર્મ ઉપર અરૂચિ-અભાવ પેદા થાય. કાંઇ મિથ્યા ધર્મ ઉપર જાય નથી. માતા–પત્ની બહેન અને પુત્રી, સ્ત્રી રૂપે સમાન હોવાથી મારા માટે બધા જ ભોગ્ય આમ કહે તે જ દુનિયામાં ખરાબ માણસ ગણાય. સમભાવનો અર્થ એ નથી કે ગોળ અને ખોળ સરખા માનવા. સમભાવ તો એ જ શીખવાડે કે રાગાદિ જનક ચીજ-વસ્તુ–વ્યક્તિ માં રાગ દ્વેષ નહિ કરવા. પણ વસ્તુ તત્ત્વનું વિવેક પૂર્વક પૃથક્કરણ કરવું. હેયને હેય અને ઉપાદેયને ઉપાદેય જ માનવા.

આવા બધા પ્રસંગો વખતે આપણા આત્માની જે હાલત થાય તેના પરથી આપણે ક્યાં છીએ તેનું માપ નીકળે, વિવેક પૂર્વક વસ્તુતત્ત્વનું સાચું પૃથક્કરણ કરતાં જો આવડે તો સમભાવ સહજ છે.

卐 卐

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* વિષયના પ્રેમીના હૈયામાં ઠઠ્ઠિ પણ નવપદનો વાસ થતો નથી જન્મરહિત થવાના ધ્યેય વિનાનો ધર્મ, ધર્મ નથી પણ અધર્મ છે.
* યતિ જીવન એ જ દુર્લભ એવા માનવ જીવનનું સાચું ફળ છે. રાગ-દ્વેષને આધીન જીવ, ભગવાનના ધર્મ માટે નાલાયક છે મરી જાય પણ અસત્ય ન બોલે તેનું નામ માનવ! ચંચલ એવા સંસારના સુખોમાં મૂંઝાય, તેને સમજુ કેમ કહેવાય?
* દ્રવ્યક્રિયા પણ જો ભાવ લાવવા માટે કરાય તો તે પ્રશંસનીય છે. સૂર્યના પ્રકાશથી ઘૂવડ જેમ અંધ બને, તેમ સુખના રસીયા જીવો ભગવાનના શાસનને પામીને પણ સંસારમાં રખડે છે.
* રીબામણુ પાપની હોવી જોઇએ, દુઃખની નહિ. શ્વપાક (ચંડાળ) જેવા કષાયોથી હંમેશા દૂર રહેવું જોઇએ, જો આત્મકલ્યાણ સાધવું હોય તો!
* રમણુતા પુદ્ગલમાં નહિ, પણ જો આત્મગુણોમાં આવે તો મોક્ષ તો આ રહ્યો.
* જીવનભર મન-વચન-કાયા ગુરૂને જ સમર્પિત એનું નામ ગુરુકુલવાસ!
* અર્થ-કામ, સઘળાં પાપોનું મૂળ છે.
* મનુષ્ય જીવન રત્નત્રયીનું ભાજન છે. તેમાં સંસારની સાધના કરવી એટલે સુવર્ણપાત્રમાં મદિરા પાન જેવું છે.
* રત્નત્રયી માટે જ તરફડે તેનું નામ જૈન!
* રત્નત્રયીની આરાધનામાં જ સદા તત્પર તેનું નામ સુસાધુ. હોશિયારો-સમ્યગ્ વાળો તો જગતને તારે અને ઉન્માર્ગે વાળો તો જગતનું સત્યમાશ માંરે!
* જેના વિનાં ચાલે જ નહિ તેવી બધી ચીજો 'નશાખોર' કહેવાય
* જગત પ્રમાદનું સાથી છે. જૈનસંઘ પ્રમાદનો વૈરી છે.
* જે પ્રમાદના પ્રેમી હોય તે બધા ધર્મના વૈરી હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

* લોભની લપસામણ *

કિચ્চાકિચ્ચવિવેયં,
હણઇ સયા જો વિડંબણા હેઉ ।
તં કિર લોહ પિસાયં,
કો ધીમં સેવએ લોએ ? ॥

હંમેશા જે (અનેક પ્રકારની) વિટંબણાઓનું (મૂળ) કારણ છે, કૃત્યા અને અકૃત્યના વિવેકને હણી નાંખે છે, તે લોભ રૂપી પિશાસને લોકમાં કયો બુદ્ધિમાન સેવે ? અર્થાત કોઇ જ બુદ્ધિમાન ન સેવે !

વર્ષ ૧૧

અંક ૧૭+૧૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

મોતીના દાણા

—: દેડકો અને બળદ :—

— ચતુર સોલંકી

એક દેડકો નાનો.

બીજો દેડકો મોટો.

નાનાએ મોટાંને કીધું : 'આજે મેં ખૂબ ભયંકર રાક્ષસને જોયો. તે મોટો તો એવડો કે જાણે પહાડ જોઇ લ્યો... તેના માથા પર બે લાંબા અણીદાર શીંગડા હતા અને પાછળ પૂછડી...! તેને ચાર પગ હતા ?'

મોટો દેડકો બોલ્યો : "અલ્યા ગાંડા તો જે રાક્ષસનું વર્ણન કર્યું એ કોઇ રાક્ષસ નથી, આવડું મોટું એ જનાવર તો બળદ છે. એ તો બેવકૂફના બળદ ! તે કાંઇ આપણને હાની કર્તા નથી. વળી એ મારાથી થોડો જ મોટો હશે !"

મોટાં દેડકાને બળદ સાથે સરખાવતાં જોઇને નાનો દેડકો કટાક્ષમાં બોલ્યો : "લે... કર વાત... તું ક્યાં અને બળદ ક્યાં ?"

મોટાં દેડકાંએ કહ્યું : "તારે જોવું છે હું તેનો બરોબરીયો છું તું કહે તો મોટો થઇ બતાવું...!" દેડકાએ અભિમાનથી કહ્યું : ચડસા ચડસીમાં માણસ જેમ વિવેક ચૂકે છે. મર્યાદા ઓળંગે છે. તેમ દેડકાએ પણ ગુમાનમાં તેની હેસિયતને કારણે મૂકી અને વાહ વિવાહમાં ઉતરી પડયો.

તેણે પોતાનું પેટ ફૂલાવ્યું અને બોલ્યો : "શું તે બળદ આવડો મોટો હતો ?"

નાના દેડકાએ કહ્યું : "ના... આથી તો તે ખૂબ મોટો હતો"

ફરીથી ઇર્ષ્યાથી ગર્વથી મોટા દેડકાએ પેટને ફૂલાવ્યું અને કહ્યું : "શું અત્યારે છું તેવો મોટો હતો ?"

અભિમાનના નશામાં ને નશામાં મોટા દેડકાનાં સવાલનાં જવાબમાં નાના દેડકાએ કહ્યું : "બિલકુલ નહિ. તે આનાથી પણ મોટો હતો. ફરીથી મોટાં દેડકાંએ ઉંડો શ્વાસ લઇને પેટ ફૂલાવ્યું. તે માંડ માંડ બોલ્યો : "હવે તો મને ચોક્કસ ખાતરી છે કે તે મારાથી જરૂર નાનો હશે." પરંતુ તે આટલું તો માંડ બોલી શકયો. તેનું પેટ હવાના જોરદાર દબાણથી ફાટી ગયું. અને એ અભિમાની દેડકો પોતાની હઠને લીધે મરી ગયો.

જે પોતાની જાતને બરાબર નથી ઓળખતો, જે અભિમાનમાં પાગલ બને છે, તેમની દશા આવીજ થાય છે.

(ફૂલવાડી તા. ૨૨–૧૧–૧૯૯૮)

પ્રેરણા મુજબ લાભાર્થ અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્ધા વિરાધ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ ગુલાબચંદ મેહતા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (ધ્રાંગધ્રા)
ચીમનલાલ ધરમશી મુહતા (ચાલગઢ)

વર્ષ : ૧૧ ૨૦૫૫ માગસર વદ–૧૨ મંગળવાર તા.૧૫–૧૨–૯૮[અંક : ૧૭–૧૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

–પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ–૭ શનિવાર તા. ૨–૮–૮૭ ચંદનબાલા જૈન ઉપાશ્રય મુંબઈ–૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૨૮ મુંબાલુ) અવ૦)

સાચું–ખોટું સમજવા મધ્યસ્થ રહેવું તે ગુણ છે પણ સાચું–ખોટું સમજ્યા પછી મધ્યસ્થ રહેવું તે કલંક છે. સાધુ પણ ખોટું મધ્યસ્થપણું રાખે તો તે સાધુપણાને કલંક લગાડનાર છે. સાધુપણાથી વિરુદ્ધ કશું કરવું નથી શાસ્ત્રને આઘુ મૂકીને ખોટી એકતા કરવી નથી. મેં મારા જીવનમાં ઘણાં તોફાનો જોયા છે. અનેકવાર કોર્ટમાં ગયો છું. તે વખતે તો ઘણા અમારી સાથે આવતા હતા, આજે તો પાંચે ય ન આવે અમારી સાથે રહેનારા 'તોફાની' ગણાય છે. હું આ મુંબઈમાં તોફાનોમાં આવ્યો છું, મેં તોફાનો વેઠયાં છે પણ જરા ય ગભરાયો નથી મારો એક જ હેતુ છે કે આ સાચો મળેલો માર્ગ છૂટી ન જાય.

'૮૫માં મેં કહેલું કે જેની પાસે આજીવિકાનું સાધન હોય તેને વેપારાદિ નહિ કરવા જોઇએ અને નિવૃત્ત થઇ જવું જોઇએ. જેમને આ વાત ગમી અને ક્ષીકારી તે કહેતા હતા કે અમે બહુ સુખી છીએ. ત્યારે વ્યાજ ઓછું મળતું આજે વ્યાજ

વધારે મળે છે. આજે તો નિવૃત્ત થનારાને લોક 'નવરા' 'મૂરખ' કહે છે. આ કાળમાં તો આજીવિકાનું સાધન હોય તેને તો બજારમાં જવા જેવું નથી, પેઢી પણ બોલવા જેવી નથી, ખોટું બોલવું જ પડે, ખોટા ચોપડા લખવા પડે. એક એવો વેપારી આજે મળે જે જૂઠ ન બોલતો હોય, ચોપડા ખોટા ન લખતો હોય! મરવા સારું આવા પાપ કરો છો!

તમે બધા સુખી હોવા છતાં ય વેપાર કેમ કરો છો? લોભી છો માટે ને? તો તે તે લોભ સારો કહેવાય કે ભૂંડો કહેવાય? તે લોભનું દુઃખ પણ થાય છે? જ્ઞાનિઓએ લોભને પાપનો બાપ કહ્યો છે. લોભી માયાવી જ હોય, જુઠ્ઠો પણ હોય, ચોરટો પણ હોય, બધા દુર્ગુણો તેનામાં હોય, અનેકને ઠગે તમે બધા કહો કે– અમે લોભને ખરાબ માનીએ છીએ, લોભના માર્યા વેપાર–ધંધાદિ કરીએ છીએ પણ તેમાં વધારે પાપ ન થઇ જાય તેની ચિંતા રાખીએ છીએ, આ સભામાં એવા ઘણા જીવો છે જે વેપારાદિ ન કરે અને એકલો ધર્મ કરે તો પણ સારી રીતે જીવી શકે તેમ છે છતાં પણ બજારમાં જઇ ઘોર પાપ કરે છે અને પોતાની જાતને શેઠ-સાહેબ કહેવરાવે છે. તમને કોઇ સારા કહે તો આનંદ થાય ને? તમે તેને કહો કે– અમે સારા નથી મજેથી જૂઠ બોલીએ છીએ, લખીએ છીએ. જૂઠ બોલનારા અને લખનારા નોકરોને સારો પગાર આપી રાખીએ છીએ. તે ચોપડા એવા લખી આપે કે તમે પકડાવ પણ નહિ. આજે તો ખોટું લખનારા અને બોલનારા ભાડેથી મળે છે, તમને તેનો બધ છે. સાચો માણસ તમારી પેઢી ઉપર રહી ન શકે.

સભા૦ : ધર્મસ્થાનોના ચોપડા પણ ખોટા લખવા પડે છે તેનું શું?

ઉ૦ : આ પાપ અહીં– ધર્મસ્થાનોમાં આવ્યું બહુ ગજબ થયો છે! તમે કરો તે બરાબર છે તેમ કહું ને! તમે જે કરો છો તે બરાબર છે એમ હું કહું અને સરકારને ખબર પડે તો અહીં પોલીસ આવી મને પકડી જાય તો તમે શું કહો? મહારાજ બેવકૂફ હતા માટે આવું બોલ્યા તો પકડી જાય ને?' તમારા તો ગુરુ થવામાં ય જોખમ છે!

તમે બધા અહીં આવો તેમાં અમને કલંક લાગે છે. આજે ઘણા કહે છે કે, સાધુના બહુ પરિચિત ઘણાં પાપ કરે છે. પૈસાવાળો પણ ધર્મના કામમાં પૈસા લખાવવા હોય તો મોટેભાગે શાહ ખાતે લખાવે છે, પોતાના નામે લખાવી શકતો નથી. તમારા નામે પૈસા ભરાવો તો શું વાંધો આવે?

સભા૦ : ઓફીસીયલ અને અનઓફીસીયલ હોય ને ?

ઉ૦ : અન ઓફીસીયલ એટલે ચોરી ને ? આજના ઘણા સુખી ચોર છે તેમ માનું તો જેતી થાય કે બહુમાન થાય ?

ધર્મ જીવ ખોટું કામ કરે નહિ. આજે તો ખોટું કેમ લખવું તે શીખવનાર સ્કૂલો અને કોલેજો ચાલે છે. તે શિક્ષણ કહેવાય કે કુશિક્ષણ કહેવાય ? આગળ નામુ લખનારાને શેઠ ખોટું લખવાનું કહે તો તે નહતો લખતો અને આજે ? તે લોકો તમારી પાસે મજેથી પૈસા ખોકાવે છે અને તમારે તેને જબ મારીને આપવા પડે છે. તેવા લોકો અહીં ટીપમાં શું લખાવે છે ? આપણા એક પણ ધર્મના કામમાં ટીપ કરવી પડે નહિ તેવા સુખી જૈનો ઠીક ઠીક સંખ્યામાં છે છતાં પણ દરેક ધર્મ કામમાં ટીપ કેમ કરવી પડે છે ? સુખી પોતાના બંગલા બાંધે તો ટીપ કરે ? મંદિર–ઉપાશ્રય બાંધે તો ટીપ કેમ કરે છે ? સુખીઓના મન સાધારણ થઇ ગયા છે માટે.

સભા૦ : બધાને લાભ મળે ને ?

ઉ૦ : તમે લાખો રૂા. કમાવ તેમાં કોને લાભ આપો છો ? સગાભાઇને પણ આપો ? આ બધી હરામખોરી છે !

તમે જે કરો છો તે દુ:ખી હૈયે કરતા હો તો હજી તમારો બચાવ પણ થઇ શકે પણ તમે તો મજેથી પાપ કરો અને તેનું દુ:ખ પણ ન હોય અને હું તમને ધર્મી કહું તો મને પણ પાપ લાગે ધર્મ કરનારો જીવ પાપ કરે નહિ અને ના છૂટકે પાપ કરવું પડે તો દુ:ખી હૈયે કરે તેથી શ્રાવકને ઘરમાં રહેવું પડે તે પાપનો ઉદય લાગે છે. છોકરો ઘર ચલાવનાર પાકે એટલે બાપ સાધુ થઇ જાય તેવી આપણે ત્યાં પરંપરા હતી. આજે તે પરંપરા નાશ પામી ગઇ શાથી ? તમને બધાને સાધુ થવાનું મન છે ખરૂં ? શ્રાવકને પોતાના ઘરમાં કોઇ સાધુ થનાર ન પાકે તો પોતાનું ઘર તેને સ્મશાન ભૂમિ જેવું લાગે. તેને થાય કે– મારાં ઘરમાં બધા મડદાં જીવે છે, કોઇ ચેતનવંતો જીવતો નથી ! તમને આવું લાગે છે ? મારા સંસ્કારની ખામી છે તેમ પણ લાગે છે ? શ્રાવક સંસારમાં દુ:ખથી રહેતો હોય. દુ:ખપૂર્વક ન રહે અને મજાથી રહે તો તે શ્રાવક જ નહિ, સાધુ થવાની ઇચ્છા નહિ તે પણ શ્રાવક નહે, સમકિતી નહિ, ભગવાનનો ભગત પણ નહિ. સમકિતી દેવોને સાધુ થવાની ત્રાકંઠ ઇચ્છા હોય છે પણ તેઓ સાધુ થઇ શકતા નથી જ્યારે તમને સાધુપણું આ ભવમાં મળી શકે તેમ હોવા છતાં ય તમારે જોઇતું નથી અને સાધુ થવાનું

મન થતું નથી તેનું દુઃખ પણ નથી. તમને સાધુને જોવા છતાં સાધુ થવાનું મન થતું નથી તો આઘાત થાય છે? મોટા મોટા બંગલાવાળાને જોઇને તેના જેવા થવાનું મન થાય છે પણ સાધુને જોઇને સાધુ થવાનું મન થતું નથી તે તમારો કયા પાપનો ઉદય છે? મિથ્યાત્વ નામના પાપનો ઉદય છે તે ખબર છે? મિથ્યાદૃષ્ટિની બધી ધર્મક્રિયા નકામી જાય તેમ નહિ પણ ઉપરથી નુકશાન કરનારી પણ થાય એમ શાસ્ત્રે કહ્યું છે.

ધર્મ કરવો હોય તો સમ્યક્ત્વ હોવું જોઇએ. કદાચ સમ્યક્ત્વ ન હોય તો તે પામવાની ઇચ્છા તો હોવી જ જોઇએ. તમે બધા રોજ શક્તિ મુજબ દાન પણ કરો છો? હું મારી શક્તિ મુજબ રોજ દાન કરું છું. તેમ પણ બોલી શકો છો? તમે બધા દાન નથી કઇ શકતા તેનું દુઃખ છે કે વધારે કમાણી થતી નથી તેનું દુઃખ છે? જેમ કમાણી રોજ જોઇએ તેમ દાન પણ રોજ જોઇએ ને? તમે લોકોએ ગજબ કરી નાખ્યો છે, ધર્મને પણ ખોટો કરી નાખ્યો છે. ધર્મીની જગતમાં આબરૂ નથી રહી. ધર્મી ખોટું બોલે તે અમારાથી ખમાય? સારો માણસ મરી જાય તો ય ખોટું બોલે? તમને પૈસો વધારે ગમે છે કે ધર્મ વધારે ગમે છે? આજના ધર્મ કરનારાઓને ધર્મની કિંમત સમજાઇ નથી તેની આ બધી ખરાબી છે.

શ્રાવકના ઘરમાં જન્મેલાને સાધુ થવાનું મન હોવું જોઇએ, તે સાધુપણું પામવાની શક્તિ ન હોય તો તે શક્તિ મેળવવા માટે સાચા શ્રાવક થવાનું મન હોવું જોઇએ પણ દુનિયામાં સુખી થવાનું મન ન હોવું જોઇએ. ભગવાને ધર્મ મોક્ષે જવા માટે કહ્યો છે પણ સંસારમાં રહેવા માટે કહ્યો નથી. ધર્મી એટલે અધર્મથી આઘો રહેનારો જીવ. અધર્મ કરવો પડે તેનું ઘણું દુઃખ હોય, ન ચાલે તો જ અધર્મ કરે બાકી અધર્મની છાયામાંય ન જાય. લુખ્ખું ખાય પણ ચોપડ્યું ખાવા અનીતિ ન કરે, ગ્રહસ્થપણામાં ન છટકે રહ્યો હોય. રોજ ચિંતા કરે કે– હું સંસારમાં ફસી ગયો છું, મોહે મને ઠગી લીધો છે. શ્રાવકની વિચારણા આવી હોય. આજે તો આ બધી વિચારણા નાશ પામી તેથી ધર્મની પ્રાપ્તિ બહુ દુષ્કર થઇ ગઇ છે. ધર્મ કરનારા મોટે ભાગે ધર્મ પામેલા નથી અને ધર્મ પામવાની ઇચ્છાવાળા પાકુ નથી તેનું અમને ઘણું દુ ખ છે. ધર્મ પામવાની આડે આવનાર દુનિયાના સુખનો રાગ છે. તે રાગની આપણે વાત કરવાની છે તે હવે પછી—

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૩૯] —શ્રી રાજુભાઇ પંડિત

એક કોયડો, જે રાધાવેધ કરતાં ય દુર્ભેદ્ય બન્યો.

અને... એક દિવસ...

કાંપિલ્યપુર નગરથી એક દૂત હસ્તિનાપુરની રાજસભામાં આવ્યો. દ્રોપદ રાજાની કુશળતાના સમાચાર આપીને કહ્યું કે-"પાંડુરાજ! દ્રોપદરાજાને એક દિવ્યાંગના જેવી રૂપ-લાવણ્યની તરતી દ્રૌપદી નામે પુત્રી છે. સર્વ કળામાં વિશારદ આ પુત્રી જેને તેને આપવા માંગતા ન હોવાથી દ્રોપદ રાજાએ સ્વયંવર યોજ્યો છે. તેમાં આપ આપના કરોડ પુત્રો સાથે પધારો તેમ આમંત્રણ પાઠવેલ છે."

દૂતનું યોગ્ય સત્કાર-આતિથ્ય કરીને દુતને વિદાય કર્યો.

રાજા પાંડુ પોતાના એકસો પાંચ કુમારો તથા કુંતી, ગાંધારી ધૃતરાષ્ટ્રાદિ સાથે કાંપિલ્ય તરફ જવા નીકળ્યા. સૈન્ય સહિત મોટા રસાલા સાથે પ્રયાણ કરતાં કરતાં તેઓ થોડાક જ દિવસમાં કાંપિલ્યનગરે આવી પહોંચ્યા.

બીજી બાજુ દેશ-દેશના અસંખ્ય રાજા-મહારાજાઓ પણ આવ્યા હતા.

યોગ્ય દિવસે સ્વયંવર મંડપમાં કરેકને પ્રવેશ કરાવવામાં આવ્યો

સોનાના એક સ્તંભ ઉપર ચાર ચક્રો ડાબી તરફ અને ચાર ચક્રો જમણી તરફ સતત ફરી રહ્યા હતા. તેની છેક ઉપર એક પૂતળી ફરી રહી હતી. તેલના કડાયામાં પડતા તેના પ્રતિબિંબમાં જોઇને, દેવાધિષ્ઠિત ધનુષ ધારણ કરીને તેનાથી જ પૂતળીની ડાબી આંખ વીંધવાની હતી. આવો રાધાવેધ જે સાધશે તેને દ્રૌપદી વરમાળા પહેરાવશે. આવી ઉદ્ઘોષણા દ્રૌપદીના ભાઇ ધૃષ્ટદ્યુમ્ને કરી હતી.

રૂપ-લાવણ્યનો એક ઉછળતો સાગર હોય તેવી દિવ્ય અપ્સરા જેવી વસ્ત્રા-લંકારો તથા આભૂષણોથી ઝળહળતી રાજકુમારી દ્રૌપદી ધીમે ધીમે રાજાઓ તથા રાજકુમારો તરફ નજર ફેરવતી પોતાના આસન તરફ જઇ રહી હતી એક દ્રોપદી હજારો આંખોને જોઇ રહી હતી જ્યારે હજારો આંખો માત્ર એક દ્રૌપદીને જ જોઇ રહી હતી.

અચાનક...દ્રૌપદીની નજર પાંચે પાંડવો ઉપર પડી. અને તે પાંચેય પાંડવોને અપલક નજરે જોતી રહી. તથા સ્વયંવરની રાધાવેધની પ્રચંડ પ્રતિજ્ઞાને નિંદવા લાગી

અરે ! આ રાધાવેધ અન્ય કોઇ સાધી જશે તો ? અથવા આ પાંચમાંથી કોઇ" ને સાધી નહિ શકે તો ? આવી અધીરતાએ દ્રૌપદીના હૈયાને વિહ્વળ બનાવી મૂકયું. હૃદયની ગમગીની સાથે જ દ્રૌપદી પોતાના દિવ્ય સિંહાસન ઉપર બેઠી.

કુળમાં પરંપરાગત રીતે દેવતાઓથી અધિષ્ઠિત એવું ધનુષ ધારણ કરીને શર-સંધાન કરવાના અને તે બાણથી રાધાવેધ સાધવાનો હતો.

ધનુષને ધારણ કરવા આવી રહેલા એક પછી એક રાજાઓને ઓળખાવતી ચેટી દ્રૌપદીને કહેતી હતી કે- હે દેવી ! આ કમકન્ત રાજા છે, ધનુષ ધારણ કરવા આવે તે પહેલાં જ સામેથી એક વ્યકિતએ છીંક ખાતા તે તેનેહાનિ પામ્યા વગર જ પાછા ફરી ગયા છે.

આ ધરા નામનો નરનાથ, પેલા વિરાટ નરેશ, આ શલ્ય, આ સહદેવ, પેલો ત્રિખંડધિપતિ પ્રતિવાસુદેવ જરાસંધ, પેલો શિશુપાલ એ બધા ધનુષને કાં તો જોઇ નથી શકયા, કોઇ વળી ધનુષને નમીને જ ચાલ્યા ગયા છે, તો કોઇ વળી ધનુષને ઉઠાવીને માત્ર નમાવ્યા પછી હતપ્રભ થતા પાછા ફરી ગયા છે.

હે દેવી ! ઘમંડથી નહિ ઉઠવા ઇચ્છતો છતાં મિત્રોના આગ્રહથી આ ધનુષની નજીક આવી રહ્યો છે તે જગતનો વિખ્યાત ધનુર્ધર કર્ણ છે.

કર્ણનું નામ સાંભળતાં જ દ્રૌપદીના શરીરમાં પરસેવો વળવા લાગ્યો. તેનું મુખ શ્યામ થઇ ગયુ. દ્રૌપદીએ વિચાર્યું કે- 'આ (કર્ણ) જગત વિખ્યાત ધનુર્ધર છે પણ તે સારથિપુત્ર છે. આથી તેનામાં મારૂ મન રમતુ નથી. મારી રતિ તો આ પાંચે પાંડવોમાં જ નૃત્ય કરી રહી છે. તો હે વિધાતા ! આ કર્ણને ધનુષધર બનાવી રાધાવેધ સાધવા સુધી ખેંચી લાવીને મને વિડંબના શા માટે કરે છે ?

હે કુલદેવતા ! હું કર જોડીને અંજલિપૂર્વક વિનવું છું કે- 'પાંડુરાજાના પાંચ પુત્રોથી ભીન્ને કોઇ મારો પતિ બનતો તું અટકાવજે.'

આ રીતે રાજકુમારી દ્રૌપદીની મનોવ્યથા જાણી ગયેલી પ્રતિહારીએ કર્ણપ્રિય અમૃત વચનો સંભળાવતા કહ્યું કે- 'કર્ણે તાકાતપૂર્વક ધનુષ તો ધારણ કરી લીધુ પરંતુ હે દેવી ! તારા કુળદેવીના પ્રભાવથી હતપ્રતાપી બનીને તે રાધાવેધ કરી શકયો નથી.

હે દેવી ! આ બળદેવ- પ્રદ્યુમ્ન શાંબ- શ્રી કૃષ્ણ આદિ કેમ બેસી જ રહ્યા

છે ? કંસનો સંહારક, ચાણુરાદિના વિનાશક આ કૃષ્ણ રાધાવેધ સાધવા તો નથી આવતા પણ પોતાના ઉત્સાહી પુત્રોને પણ આવવા નથી દેતા.

હે દેવી ! હવે આ દુર્યોધન રાધાવેધ સાધવા આવી રહ્યો છે. પરંતુ ગમે તે કારણે ધમંડથી ધનુષ ધારણ કરવા આવેલો તે ધનુષ્ય આગળ તદ્દન નમ્ર થઇને અત્યંત નમી રહ્યો છે.

અને આ દુઃશાસનાદિ, આ ભગદત્ત, અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય, જયદ્રથ, મહાસેન, બૃહદ્બાહ્વાદિ કરેક આવી આવીને પાછા તેજોહત થયેલા પોતાના સ્થાને બેસી રહ્યા છે.

અને આ જો દેવી ! વાસુદેવ કૃષ્ણના આંખના ઈશારાથી હવે આ પાંચે પાંડવો મંચથી ઉભા થઇને આવી રહ્યા છે આ ભીમ છે કે જે યુદ્ધમાં હાથીઓને દડાની જેમ ફંગોળી દે અને આ અર્જુન છે, જેના બાણો શત્રુના પ્રાણો લીધા વગર કદિ પાછા ફરતા નથી.

દિવ્ય ધનુષ તરફ ખુમારીપૂર્વક આવી રહેલા અર્જુનને જોઇને કેટલાંક આશ્ચર્ય પામ્યા, તો કેટલાંકની આંખો રોષથી રકત બની ગઇ.

દિવ્ય ધનુષને પ્રદક્ષિણા કરીને અને પ્રણામ કરીને યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુને ક્ષણમાં જ પ્રચંડ દેવતાઇ ધનુષને ઉઠાવી લીધુ. એ જ સમયે અહંકાર સાથે ભીમે ગદા ઉંચી કરીને ગર્જનાપૂર્વક કહ્યું કે- આ રાધાવેધના અત્યંત અદ્ભુત કાર્યમાં જે જેના માથામાં દુઃખાવો થશે તે તેની વેદનાને મારી આ ગદા દુર કરી નાંખશે.

અર્જુને ધનુષને નમાવ્યુ. પણછ બાંધીને શર-સંધાન કર્યા.

બીજી તરફ કુંતીના હર્ષનો પાર નથી. તો ગાંધારી દુઃખી દુઃખી થઈ છે.

દ્રોણાચાર્યે પાંડુ-ધૃતરાષ્ટ્ર-ભીષ્માદિને કહ્યું- અર્જુનના બાહુબળના પરાક્રમને જુઓ તો ભીમે કહ્યું- હે અર્જુન ! આ ધનુષ વર્ષોથી કોઇએ ઉઠાવ્યુ નથી માટે બહુ જુનુ થઇ ગયેલુ છે તારી તાકાતને તે ધનુષ સહન કરી શકે નહિ માટે ધીમે ધીમે ઉપાડજો.

અર્જુને શર-સંધાન કરીને તેલમાં પડતા પ્રતિબિંબમાં બરાબર લક્ષ્ય- નિશાન તાકીને બાણ છોડયું અને પૂતળીની ડાબી આંખ વીંધાઇ ગઈ રાધાવેધ સધાઇ ગયો. દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી.

હવે ખુશ–ખુશાલ થતી મનોઆંક્ષિત પતિ પ્રાપ્ત થતા હર્ષોલ્લાસથી રાજકુમારી દ્રૌપદી પાંચે ય પાંડવોને પરણવાની ઇચ્છા હોવા છતાં લોક નિર્બંધ (લોક નિંદા)ની શંકાથી દ્રૌપદીએ સ્વયંવરમાળા અર્જુનના કંઠમાં આરોપી. પરંતુ કુંતી પ્રભાવથી કરેક લોકોએ પાંચે ય પાંડવોના કંઠમાં વરમાળા જોઇ.

એ જ સમયે દિવ્યવાણી થઇ કે–"રાજકુમારી વડે સારૂ વરાયુ છે. અહીં કોઇ શંકા કરશો નહિ."

અને કુંતી માતા બોલ્યા કે– મારે તો બાકીના ચારની ચોગ્ય પત્ની અંગેની ચિંતા ટળી ગઇ. પરંતુ... પરંતુ...

પરન્તુ...રાજા દ્રૌપદે સાફ સાફ સંભળાવી દીધુ કે–અર્જુને રાધાવધ સાધ્યો હોય તો ભલે સાધ્યો હોય પરતુ હું મારી પુત્રી દ્રૌપદી પાંડવોને નહિ જ આપુ. પાંચ–પાંચ પાંડવોને મારી પુત્રી પરણાવીશ તો હું શિષ્ટજનોમાં ઉપહાસ પામીશ માટે એ તો બની શકશે જ નહિ.

અને વરમાળા માત્ર અર્જુનના કંઠમાં પહેરાવ્યા છતાં પાંચેય પાંડવોના કંઠમાં તે આવી પડી છે. અને તે જ સમયે રાજપુત્રી દ્રૌપદીએ સારૂ કર્યું સારૂ કર્યું એવી દિવ્ય વાણી થઇ છે. વાસ્તવમાં તો દ્રૌપદીએ અર્જુનને જ વરમાળા પહેરાવી હતી. વરમાળા પણ એક જ હતી. છતાં ગમે તે કારણે તે પાંચે ય પાંડવોના કંઠમાં દેખાઇ છે ભવિષ્યમાં ન જાણે શું ય થવાનું હશે.

હવે મારે શું કરવું ?

બીજી તરફ અર્જુને વિચાર્યું– મોટા બે ભાઇ યુધિષ્ઠિર અને ભીમ પરણ્યા ન હોય અને હું પરણીશ તો તે કુળની મર્યાદાને જરાય ઉચિત નથી. તેથી હું બન્ને મોટાભાઇના લગ્ન થયા પહેલા પરણવા ઇચ્છતો નથી.

આવા અસમંજસ ભર્યા માહોલમાં ખુદ દ્રૌપદી પોતે પાંચે ય પાંડવોને પરણવાની ઇચ્છાવાળી હતી છતાં લોકનિંદાથી ડરી ગયેલી તે પોતે પાંચેય પાંડવોના કંઠમાં માળા આવી પડતા એટલી ખુશ ન હતી, કે જેટલી ખુશ માત્ર કુંતીદેવી હતા.

જગતમાં બેનમૂન લાવણ્ય–સૌંદર્યની મૂર્તિ સમી દ્રૌપદી જેના તેના હાથમાં જઇ ના ચડે માટે તો સ્વયંવરમાં રાધાવેધની ભીષ્મ શરત રાખી હતી. આખરે દ્રૌપદીના મનના માણિગરે જ રાધાવેધ સાધ્યો છતાં વિધાતાએ એક અણકલ્પ્યો કોયડો ઉભો કર્યો હતો જેથી લગ્ન થઇ શકતા ન હતા. આખરે કોઇ ચારણમુનિ આકાશમાંથી ત્યાં ઉતર્યા.

(ક્રમશઃ)

卐 ધર્મીને મન સંસાર કે મોક્ષ ? 卐

(ગતાંકથી ચાલુ) —પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

પ્ર. : ઓઘે ઓઘે ય શ્રદ્ધા છે કે આ બધું ધર્મથી મળ્યું છે ?

ઉ. : ઓઘે ઓઘે ય આ શ્રદ્ધા હોય તે જીવ ધર્મ કેવી રીતે કરે ? સંસારમાં કેવી રીતે રહે ?

ધર્મ સમજેલાને ઘર નાશ પામે કે સળગી જાય, તો ય દુઃખ ન થાય. નાશ પામ્યું તે અધર્મનું ફળ હતું તે ધર્મનો પ્રતાપ હતો – તેમ માને. અને મળ્યું હતું સુખમાં સંસારના ફસી ન જાય અને દુઃખમાં મૂંઝાઇ ન જાય તે નામ ધર્મની શ્રદ્ધા !

તમે હૈયાથી બોલો કે – આ સંસારમાં ગમે તેટલી અનુકૂળ સામગ્રી મળી હોય, રાજરિદ્ધિ – સિદ્ધિ મળી હોય તો પણ આ સંસાર રહેવા જેવો નથી, છોડવા જેવો જ છે. આવી શ્રધ્ધા પેઠા થઇ છે ? ખાતાં–પીતાં, બેઠતાં–ઊઠતાં મોક્ષ યાદ આવે છે ?

પ્ર. : આપ યાદ કરાવો તો આવે ?

ઉ. : યાદ કરાવું તો યાદ આવે કે સાંભળવું પડે છે ? જે ગમે તેની ઇચ્છા હોય કે નહિ ?

આ સંસાર તો ભૂંડામાં ભૂંડો છે. કોઇપણ રીતે સારો નથી, રહેવા જેવો નથી. સંસારના સુખમાં ફુદાફુદ કરે અને દુઃખમાં રુવે તે ધર્મીપણાનું લક્ષણ નથી. ધર્મ વિના તો ચાલે નહિ. ધર્મ જ કરવો જોઇએ. દુનિયાના સુખને સારૂં માને અને દુઃખને ખરાબ માને તે ધર્મ કરી જ ન શકે.

પ્ર. અનુકૂળતા હોય તો ધર્મ વધારે થાય તેમ નહિ ?

ઉ. આજે તો અનુકૂળતાવાળા ધર્મ જ કરતા નથી. તમે બધા અનુકૂળતા જેટલોય ધર્મ કરો છો ?

તમે બધા ખરેખરા સમજુ થઇ જાવ તો બગડેલા સાધુ પણ સુધરી જાય.

પ્ર. : અમારામાં જ શ્રાવકના ગુણોનું ઠેકાણું ન હોય તો શું થાય ?

ઉ. તમે શ્રાવક બનવા તો અહીં આવો છો ને ? શ્રાવક બનવાય આવતા હોત તો ય સમજુ બની ગયા હોત.

તમે બધા સમજુ હોત તો સાધુપણું જોઇને સાધુને વાંદત પણ ગમે તેને ન વાંદત. વેષધારીને પણ વાંદવા લાગ્યા ત્યારથી સત્યાનાશ નીકળી ગયું – ઘણું બગડી ગયું.

પ્ર. : સંસારી કરતાં તો સારા ને ?

ઉ. : તે તો ભૂંડામાં ભૂંડા ગણાય. મૂકયું છે ઓછું અને ભોગવે છે ઘણું.

તમે કે અમે અહીં સુધી આવ્યા તે ભૂતકાળના ધર્મનો પ્રભાવ છે. હવે સંસાર ગમે છે કે મોક્ષ ગમે છે ? ભગવાને મોક્ષ માર્ગ બતાવ્યો છે કે સંસાર માર્ગ બતાવ્યો છે ? ભગવાનને નહિ માનનારા ઘણા છે, અમારામાં પણ. તેથી જ ભગવાન ખુદ કહી ગયા છે કે, પાંચમા આરામાં ઘણા મુંડાઓ મહામિથ્યાદૃષ્ટિ પાકવાના છે. શ્રાવકો પણ દુઃખી થશે, હેરાન થશે પણ સંયમ લેવાનું મન નહિ થાય તેવા થવાના છે. તમારો નંબર શેમાં છે ? તમે બધા સંસારના પૂજારી છો કે ધર્મના પૂજારી છો ? સંસાર યાદ આવ્યા કરે છે કે મોક્ષ ?

પ્ર. : આજે તો દીક્ષા લેનારા વધ્યા ને ?

ઉ. : આજે ઘણાની પરીક્ષા નહિ કરો તો દીક્ષા લેનારા એવા આવશે કે ગુરૂ હેરાન હેરાન થઇ જશે.

અમે દીક્ષાનો ઉપદેશ આપીએ પણ 'તું દીક્ષા લે' તેમ ન કહીએ. દીક્ષા ધર્મ બરોબર સમજાવીને, પરીક્ષા કરીને આપતા હોય તો વાંધો નથી. પણ 'તું અહીં આવી જા કશો વાંધો નહિ આવે' – તેમ કહી દીક્ષા આપે છે તેથી તો ઘણું નુકશાન થયું છે. દીક્ષા આપવાની ખરી પણ કોને ? જેને મોક્ષ જોઇએ તેને. સંસારમાં દુઃખી હોય અને અહીં સુખી થવા આવે તેને દીક્ષા અપાય નહિ. ખરેખર ધર્મી પણ કોણ ? જેને મોક્ષ જ જોઇતો હોય, સંસારથી છૂટવું હોય તે. સુખ ન ગમે અને દુઃખને મજેથી ભોગવે તે. દુનિયાના સુખનો દ્વેષી અને દુઃખનો રાગી જીવ ધર્મ માટે લાયક છે. સાધુપણામાં કષ્ટ વેઠવા આવવાનું છે, લહેર કરવા નહિ. અનુકૂળતા ભોગવે તે સાધુપણું પાળી શકે નહિ. સાધુવેષમાં એવું જીવશે કે અનંતકાળ રખડવું પડશે.

પ્ર. : ધર્મ ઘણો વધ્યો છે.

ઉ. : મને લાગતો નથી. દેખાવનો વધ્યો છે. હૈયાનો વધ્યો નથી.

પ્ર. : મોક્ષ કેવી રીતે યાદ રાખવો ?

ઉ. : બધા જ શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા છે. શ્રી અરિહંત પરમાત્માઓનો ઉપદેશ રૂચ્યો તેવા બીજા અનંતા આત્માઓ પણ મોક્ષે ગયા છે. આપણાં ભગવાન જ્યાં ગયા તે જગ્યા સારી જ હોય ને ? ત્યાં જવાનું મન કોને ન થાય ? મોક્ષ તો વાત-વાતમાં યાદ આવે તેવો છે. તમને કેમ યાદ નથી આવતો તે જ સમજાતું નથી.

શાસ્ત્રે કહ્યું છે કે, સંસારના સુખ માટે ધર્મ કરે તે ધર્મ નથી કરતો પણ અધર્મ કરે છે. વાસુદેવ અને પ્રતિવાસુદેવને નિયમા નરકગામી કહ્યા છે કેમ ? માગીને તે બે પદવી મેળવે છે માટે, ધર્મ વેચીને સુખ મેળવે તે નરકગામી જ હોય.

પ્ર. : સુખ મળે તેનો વાંધો નહિ પણ સુખ માગવું નહિ તેમ ને ?

ઉ. : મોક્ષ માટે જે જીવ ધર્મ કરે તેને સુખ મળ્યા વિના રહે જ નહિ. તેને માગવું ન પડે. ધર્મી ભિખારી હોય ? માગણ હોય ? સ્ત્રી–પરિવાર, પૈસા–ટકાદિ માગે ?

આજે તો તમારા લીધે જૈનોની આબરૂ બગડી ગઇ કે – ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ. આજે તો અમારેય કહેવું છે કે – આ સાધુવેષમાં પણ ઓળખ્યા વિના માનતા નહિ.

પ્ર. : ઓળખવા કેવી રીતે ?

ઉ. : સાધુને ઓળખવા સહેલા છે ! સાધુ સંસારની પુષ્ટિ થાય તેવી વાત કરે જ નહિ સુખીને આવો... આવો... તેમ ન કરે. દુઃખીને સાંભળે નહિ તેમ ન બને. તેને મન તો રાજા અને રંક બે ય સરખા છે. બન્નેને સંસાર છોડવાનું જ કહે, મોક્ષે જવા જેવું કહે અને સાધુ થવા જેવું કહે.

પ્ર. વ્યવહારથી મોટા માણસને આગળ લાવવો પડે ને ?

ઉ. તમે તેને આગળ બેસાડો પણ અમે જો તેની શરમમાં આવીએ તો શું થાય ? મોટા શ્રીમંત આવે અને તેની અસર સાધુને થાય તો સાધુનું સાધુપણું પણ જાય.

પ્ર. : શાસનની પ્રભાવનાનાં કાર્યો થાય ને ?

ઉ. : તેવા લોકો પ્રભાવના કરતા નથી પણ થાય તેટલી શાસનની વિભાવના કરે છે અને જાતની પ્રભાવના કરે છે. સાચું કહું તો આજના મોટા ભાગના સુખી લોકો 'આભલા' જેવા છે.

ભગવાને કહ્યું છે કે – ઉભયકાલ આવશ્યક કરવું જોઇએ, સવારમાં પ્રતિક્રમણથી રાતનાં પાપ ધોવાય છે. સાંજના પ્રતિક્રમણથી દિવસનાં પાપ ધોવાય છે. આ જાણવા છતાં પણ કેટલા વાર પ્રતિક્રમણ કરનારા કેટલા નીકળે ? સમય નથી માટે કે કરવું નથી માટે ?

પ્ર. : સંસારની પ્રવૃત્તિમાં પાપ લાગે છે તેનું જ્ઞાન જ નથી.

ઉ. : સંસાર તે આખો પાપ છે. સંસારમાં પાપ કરવું પડે તે ખબર નથી – તેમ કોઇ જૈન બોલી શકે ખરો ?

પાપ ન કરવું હોય તો સંસાર છોડવો પડે. સંસારમાં રહ્યા છો ? ભોગ કરવા છે, મજેથી ખાવું – પીવું છે માટે ને ? વિષય ભોગવટો કરવો તે પાપ છે ને ? અઢાર પાપ સ્થાનક બોલો છો ને ? તે પાપોની માફી માગો છો ને ? તે બધાં પાપ છે ને ? જાણવા છતાં પણ તમે કરો છો ને ? અઢારમાંથી ક્યાં ક્યાં પાપ નથી કરતા તે કહો ?

પ્ર. : બધી પ્રવૃત્તિમાં પાપ છે તો કરવું શું ?

ઉ. : સાધુ થવું.

પાપ કરો તો દુઃખી જ થવું પડે. ધર્મ કરો તો સાચા સુખી થવાય. અને બરાબર પૂરેપૂરો ધર્મ થાય તો મુક્તિ થાય.

પાપ નથી સમજતો તેમ જૈન બોલે ? સાધુએ સંસાર કેમ છોડ્યો ?

સભા : ધર્મ કરવા.

ઉ. : સંસારમાં રહ્યે ધર્મ થતો નથી ને ?

શ્રાવક બે વાર પ્રતિક્રમણ કરે ને ? ત્રિકાળ પૂજાય કરે ને ? વ્યાખ્યાન સાંભળે ને ? પાપ ન માને તો ય સંસારમાં રહેવામાં વાંધો નથી તેમ બોલાય ? અમે બધું છોડ્યું તે ભૂલ કરી ?

સભા : સંસાર જ પાપ છે.

ઉ. : હૈયાથી લાગે છે ? તો પછી સંસારમાં કેમ રહ્યા છો ?

પ્ર. : મોક્ષે જવું છે તો બીજો ટુંકો રસ્તો બતાવો.

ઉ. : ભગવાને જે માર્ગ કહ્યો – બતાવ્યો તે ગમ્યો નહિ ? અને 'નવો બનાવો' એમ કહો છો ? જેનો ઠા'ડો ઊઠ્યો હોય તે બનાવે.

સંસાર મજેથી સેવે તે ઠાં નરકમાં જાય ઠાં તિર્યંચમાં જાય. નરક – તિર્યંચમાં શું હોય ? તિર્યંચો બિચારા કેવી રીતે જીવે છે ? જ્યાં-ત્યાં ભટકી ભટકીને પેટ ભરે છે. ધર્મ કરે નહિ તે ક્યાં જાય ?

સભા : દુર્ગતિમાં

તમારે દુર્ગતિમાં જવું છે ? દુર્ગતિ બે છે. નરક અને તિર્યંચ.

સભા : નથી જવાની ઇચ્છા.

ઉ : જવાની ઇચ્છા નથી છતાં ય પાપ કરો છો ને ? તેનું દુઃખ પણ થતું નથી ને ? મજેથી પાપ કરે અને દુર્ગતિમાં જવું નથી તેમ બોલે તે ચાલે ? ચોરી કરનારો પકડાય તો જેલમાં જવું પડે ને ?

પ્ર. : શાસ્ત્રમાં કહ્યું છે કે – સંવત્સરી પ્રતિક્રમણ કરીએ તો બધાં પાપ ધોવાઇ જાય.

ઉ. : આવું કોને કહ્યું છે ? કહ્યું હોય તો એમ કહ્યું હોય કે – રોજ નથી કરતા તો એક તો કરો!

સંવત્સરી પ્રતિક્રમણ તો વિશિષ્ટ પ્રતિક્રમણ છે. રોજ પ્રતિક્રમણ કરે તે ચૌદશે પકખી, ચાર મહિને ચોમાસી અને બાર મહિને સંવત્સરી પ્રતિક્રમણ તો કરે. જે રોજ પાપ ના ધોવે તેનાં પાપ શી રીતે ધોવાય ? (ક્રમશ:)

卐 કર્મલત્તા છેદતી કામલત્તા 卐

—પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. (જયશિશુ)

"શી રહું કથની મારી રાજ, મને કર્મે કરી મહિયારી રાજ" આ કર્ણપટ જોડે સંયોજિત થતાં ધ્વનિ અને માનસપટમાં આલેખાયેલ કામલત્તાનું ચિત્ર કર્મની વિચિત્રતાની સમજ આપી જીવને જાગૃત કરી દે છે. કામલત્તા એટલે મોહનીયકર્મરૂપ વૃક્ષની કામલત્તાથી વિંટળાયેલી, જેના કારણે જીવનમાં કેવા કેવા ખેલો કર્મસત્તાએ ખેલાવ્યા. તે જોતાં-સાંભળતાં નયનો અનરાધાર વરસે એટલું જ નહિ પણ જીવનમાં વૈરાગ્યરંગ છાઇ જાય અને રાગની ત્રણ અવસ્થામાંથી મુક્ત થવાનું મન સહેજે થઇ જાય.

કર્મલત્તાની ગહનવેલડીના ભેદન-છેદનની પ્રક્રિયા તો તત્ત્વવેત્તા જાણે પણ જ્યારે જીવને પોતાના ભૂતકાળ ઉપર કર્મજનિત ચેષ્ટા ઉપર તિરસ્કાર ઉદ્ભવે ત્યારે સત્યનો સ્વીકાર સહેજે થઇ જાય. આ કથામાં કર્મલત્તાની ગહરાઇમાં રહેલી કામલત્તા કેવી રીતે કર્મનું ઉન્મૂલન કરે છે તેને દૃષ્ટિપથમાં લઇશું. એના વાંચનથી આપણું સન્માર્ગમાં સ્થાનાંતર પણ થઇ જાય અને આત્મા ઉર્ધ્વગામી બની જાય. ચાલો ત્યારે કર્મલત્તા છેદતી કામલત્તાનું ચરિત્ર જોઇએ.

શિવપુરી નગરી, માધવ બ્રાહ્મણની પત્ની સુખપૂર્વક દાંમ્પત્યજીવન અનુભવતાં એક પુત્રની પ્રાપ્તિ થઇ. કેશવ નામ પાડ્યું. કામલત્તાનું દેહ સૌંદર્ય ઉર્વશી રંભાને પણ હરાવી દે તેવું હતું.

એકવાર પુત્રને પારણામાં સુવડાવી કામલત્તા ગામ બહાર કૂવે પાણી ભરવા ગયેલી. ત્યાં અચાનક ચડી આવેલ સૈન્ય સાથે દુશ્મન રાજાના સિપાઇઓ એને દેવાંગના જેવી રૂપવાળી દેખી પકડીને, પોતાના રાજા પાસે લઇ ગયા. રાજા રૂપાળી સ્ત્રી મળ્યાને જીત માની લઇ સૈન્ય સાથે પાછો વળ્યો. રૂપના અંબાર જેવી કામલત્તાને પોતાના અંતઃપુરમાં બેસાડી સાથે પટ્ટરાણી સ્થાને પણ ગોઠવી દીધી. રાજા હવે-

વિષય વાસનાથી ગ્રસ્ત તેને લલચાવે છે. તું અહીંથી જઇ તો શકવાની નથી, તો શા સારૂં દુઃખી થાય ? આવ મોજ કરીએ, તું મારી સ્વામિની હું તારો દાસ.' ગરીબના ઘરે શું પામતી હતી. અહીં તો રંગરાગની સામગ્રી પુષ્કળ બીજે ત્રીજે વિચાર છોડી યુવાની સફળ કર.

રાજાના વચનથી કામલત્તા લલચાણી એની વૃત્તિ પલટાણી.. બની ગઇ પટ્ટરાણી સત્ત્વ ગુમાવ્યું. અને એકવાર લપસી એટલે "વટલેલી બ્રાહ્મણી તરકડીથી ભૂંડી" એ ન્યાયે આગળ વધુ લપસવાની અને ન કરવાના કામ પણ કરશે.

જો કામલત્તાને લપસવાનો નિર્ધાર ન હોત, સત્ત્વ ટકાવી રાખવું હોત, તો રાજા ગમે તેવું લલચાવે પણ વિચારી શકત કે," આ માનવદેહ અધમ ઉપાયે પણ રંગરાગ અને ભોગ માટે મળ્યા છે " એ રાજાની મૂઢતા છે. ખરેખર રંગરાગ ભોગમાં મજા નહિ પરંતુ જીવ વિડંબણા. ભલે રાજા કામાંધ, ગધેડા જેવો બન્યો છે. તે કેવલ ચામઠાના ખેલ જુએ છે અને પવિત્ર માનવકાયાના સદાચારો જોવા અંધ થયો છે પણ મારે શા માટે આંધળા બનવું ? આ ઉત્તમદેહ વડે શા માટે અધમકાર્ય કર વવા ? કાયા અને ઇન્દ્રિયો વાઘણ અને તેને લોહીનું ચાટણ મળે પછી તો વિકરે.

જો માનવ કાયા અને ઇન્દ્રિયોની વિકરાળ ભૂખમાં વિડંબવાનું હોય તો તો ગધેડો–ગધેડી, ભૂંડ ભૂંડણના અવતાર શા ખોટા હતા તે અહીં આવ્યો ? ભલે રાજા ગમે તેમ લપટાવે પણ મારૂં પવિત્રશીલ અખંડ રહેશે. મારે વિષયોની ગુલામડી થવું નથી સત્ત્વ જાળવી રાખું. યોગ્યાયોગ્ય જોવા મળેલી અંતર ચક્ષુવાળા આ ઉત્તમભવમાં શું એ આંખ મીંચી આંધળી થાઉં ? અંધાપાવાળા જનાવરનાં અવતારમાં આંધળી હતી જ ને ? હવે શા માટે છતી આંખ ફોડી નાંખી વિષયના કૂવામાં પડું ?

વિષયસુખનો આનંદ મધુ બિંદુ જેટલો, એની બાજુ સમુદ્ર જેટલાં. શા માટે બિંદુ જેટલા સુખ માટે દુઃખનો સમુદ્ર ઊભો કરવો ? આવું સત્ત્વ કામલત્તાએ જાળવ્યું હોત તો આવો વિવેક કેળવી શકત, રાજાની માંગણી સામે પણ તટસ્થ રહી શકત. પણ સત્ત્વ ગુમાવ્યું. ભ્રષ્ટ થઇ. બ્રાહ્મણ પત્ની રાજરાણી થઇ. દિવસો, મહિના વર્ષોને વીતતા શી વાર ? પણ અતીતના સંભારણા એને હચમચાવી મૂકતા હતા. વૈભવ – વિલાસ, રાજા જેવો પતિ છતાં વારંવાર માધવને યાદ કરી આંખે અશ્રુધાર વહાવતી હતી. ધાવણો બાળક કેશવ પણ યાદ આવતો હતો. દિલ પસ્તાવો કરે. કેવી મારી નીચતા ? પેલા બિચારા દુઃખે દિવસો પસાર કરતાં હશે. હું અહીં મોજ કરૂં છું ? લાવ અહીંથી ભાગી એમની ભેગી થઇ જાઉ ?

પણ અહીં ચોકી પહેરો, ક્યાંથી ભાગી શકાય ! એટલે એ પેંતરો રચે છે જેથી રાજાને મારી સહેલાઇથી ભાગી શકે. એણે રાજાને સમજાવ્યું. જુઓ તો મારા મારી કેવી પતિત સ્થિતિ ? હું કાંઇ ધર્મ કરું. દુ ખિયાને દાન દઉં ?

ગુલામ રાજાને એના પાપની શી ખબર ? એણે કહ્યું. ખુશીથી તારી ઇચ્છા મુજબ દેવું હોય તેટલું દે. આ ખજાના તારા જ છે. શું રાજાની આ વાત ધર્મ ભાવનાની ખરી ? ના... ના... વિષયની ગુલામી. હાં પાડતાં મારા ઉપર વધારે પ્રેમ કરશે. અને મને વધુ સુખ મળશે. વિષયની લાલસા અને ઘેલછાની તૃપ્તિ માટે ખજાનો ખુલ્લો મૂકે છે.

(૨) ખજાના ખૂલ્યા, સ્નેહ સંબંધ તૂટયા.

ખજાના ખૂલી ગયા, દાન સમારંભ થઇ ચૂકયો. એ સાંભળી દેશદેશાવરથી યાચકોનું દાન લેવા આગમન થવા લાગ્યું. એમાં એનો ધણી બ્રાહ્મણ પણ આવી ચડયો. કામલત્તા એને ઓળખી ગઇ. ખજાના ખુલ્યા, હેઠભરમ ખૂલ્યા, પછી તો ખાનગીમાં વાત કરી. ૭ વેરાતનો ડબ્બો આપી કહે છે.' આ લઇ જાઓ કાળી ચઉદશે આ નગરના બાહ્યવનમાં દેવીના મંદિરે આવજો. હું પણ રાજા સાથે ત્યાં આવીશ. પછી રાજાનું કાટલું કાઢી તમારી સાથે ચાલી નીકળીશ.

સાંભળતા બ્રાહ્મણ ચોંકી ઉઠયો. પણ હવે આટલું બધું ધન-ઝવેરાત અને સ્ત્રી પાછી મળી છે ને ? રાજાના સંકજામાં આવેલી શીલ કઈ રીતે સાચવી શકે ? પણ એને પસ્તાવા છે ને ? મારે એને આશરો આપવો જોઇએ ખરેખર અંતરની વિષય-લાલસા અને ધનલાલસા માણસને હેવાન બનાવે છે. ખજાના તો ખૂલ્યા. સાથે હૈયા ભાવ ખુલ્યા. પતિદેવ મળ્યા. રાજવી સાથેના સ્નેહસંબંધ તૂટયા. પરિણામે સત્ત્વ ગુમાવી શીલ ભાંગીને ક્યાં પહોંચી- રાજાને મારી નાંખવાના વિચાર સુધી ને ?

એના બ્રાહ્મણ પ્રતિ, વેઢપાઠી એ પણ સ્ત્રીના લોભે આમાં મંજૂર થયો અને એક દિવસ કાળી ચૌદશે કામલત્તા કુર રમત રમે છે. કાળી ચૌદશે રાજાને કહે છે કે, 'તે દિવસે તમને તાવ આવી તમારૂં માથું સજ્જડ દુઃખતું હતું ત્યારે મેં કાળી દેવીની બાધા રાખેલી કે મારા પતિનું માથું મટી જશે ને તાવ ઉતરશે તો કાળી ચૌદશે તારી પૂજા કરવા આવીશ. અને બાધાના પ્રતાપે તમને સારૂં થયેલું. તો હવે આપણે આજે રાતે નગરની બહાર કાળીદેવીની પૂજા કરવા જવાનું છે.

રાજા પણ કામઘેલો, તે કહે છે, 'ઓહો ? આ તારી કેટલી બધી લાગણી ? ભલે આપણે જરૂર જઇશું. બ્રાહ્મણી કહે કે, ત્રીજાને સાથે નથી લેવાનો તો યે રાજા મંજુર કરે છે ! વિચાર જ નથી સ્ફુરતો કે આમ કેમ ! સિપાઇઓ ભલે મંદિર બહાર ઉભા રહે તો શો વાંધો ? ના, આવો કોઇ વિચાર જ નહિ તો શંકાને પણ સ્થાન નહી કે, આ પૂજા કરવા જવું એમાં વળી ત્રીજાની ના કેમ પાડતી હશે ? કેમકે કામનો અંધાપો, રાગનું ઘેન એટલા ભૂંડામાં પણ રૂડાની કલ્પના કરાવે. અનર્થની શંકા ન થવા દે. તે તો સ્વાભાવિક છે. તેમ કર્મલત્તા કામવેલડીથી વીંટળાયેલી, વિનાશકાળે વિપરીત બુદ્ધિ, નબળું થવાનું હોય ત્યારે વિધિ ભૂલાવે એવી અવસ્થામાં રહેલી કામલત્તા અને રાજા કાળી ચૌદશે ઉપડયા, પહોંચ્યા દેવી મંદિરે, રાણીએ પૂજાનો ડોળ કરી, દેવીને વારંવાર નમી દેવીનો ઉપકાર માને છે. મા ! તારા પ્રભાવે મારા વહાલાનો

રોગ મટી ગયો. કેટલી તારી મહેરબાની ! પછી રાજાને કહે તમેય દેવીનો ઉપકાર માની પગે પડો. કામાંધ રાજાને રાણીના પેંતરાની કયાં ખબર હતી. કાંધ ઉપર મોત ચડી બેઠું હોય ત્યાં સુમતિ દીધી કામ આવે નહીં. સુમતિ સૂઝે નહીં.

અને તેથી જ આ તો મારા દિલની સગી છે એવા વિશ્વાસમાં રહી. એના કહ્યા મુજબ દેવીના ચરણે માથું ઢાળી ઉપકાર માને છે. એટલામાં કામલત્તાએ બાજુ પર રાજાએ મૂકેલી તલવાર લઇ નીચે નમેલા રાજાની ગરદન પર કચકચતો ઘા ઝીંકી દીધો. તિક્ષ્ણ તલવાર તે ઝેરદાર ઘા, પછી તો ગળું કપાતા શી વાર ? માથું એકબાજુ, ધડ બીજી બાજુ કેવી પ્રપંચી રમત ! કેટલું અધમાધમ કૃત્ય. !

ખરેખર કશા ફરે ત્યારે બુદ્ધિ ફરે તેથી જ એક કવિએ ગાયું.

જૈસી હોત ભવિતવ્યતા, ઐસી ઊપજ બુદ્ધ,
હોનહાર હિરદે બસે, બિસર જાત સબ શુદ્ધ.
જળ ઊંડા બેઠી જાજરી, કાંટો કયાંય ન દેખાય,
જેના ખુટયા આરવા, તેના વા પણ કવા થાય.
આનંદ કહે પરમાનંદા, લેહું કયું ભૂલંત,
દી ઊઠે દિશા ફરે, અવળા ઓટા કરંત.

કામલત્તા હવે આનંદમાં છે. પોતાના પતિના મિલનની ઉત્સુકતા છે. પણ માયા જ્યારે ખૂલે છે ત્યારે ઉત્સુકતા મીટી તો જાય પણ ઉકળાટ વધી જાય. કામલત્તા શીલ રક્ષાના નામે રાજાનો વિશ્વાસઘાત કરે છે. પછી શું પામી ! જુઓ એ મંદિરમાં તપાસ કરવા નીકળી પતિ કયાં છે ? દીવો લઇને જોતાં એક ખૂણામાં પતિ સૂતેલો જેવો દેખાયો ઊંઘી ગયા હશે માની ઢંઢોળે છે. પરંતુ જીવતો હોય તો જાગે ને ? એ આવેલો વહેલો, ખૂણે છૂપાઇ બેઠેલો, ત્યાં તેને ખબર નહિ કે મોટો લોહિ'ંગ હશે. તે લોહિ'ંગના ડંસથી ત્યાં જ બિચારાના રામ રમી ગયેલા. કુદરત જાણે કહે છે "આવો. વાવો તેવું લણો, કરો તેવું પામો."

બ્રાહ્મણ પોતાની પત્નીનાં ભયંકર કૃત્યમાં સંમત થયેલો "ભલે રાજાને આ રીતે મારે" કેમ વારૂ ? સ્વાર્થ હતો પત્ની ઘરે આવે, ઝવેરાત આપેલું મોહ અને દાક્ષિણ્યમાં પડેલો હતો. પણ આવા ઓટા મોડ ગોઝારા કૃત્ય કરાવે, ગોઝારા કૃત્યમાં ટપ પુરાવે.

તેથી જ જ્ઞાની–વચનો યાદ રાખજો, પાપી કૃત્યો હૃદયને કાળુ બનાવે જ પરંતુ પાપી સાથેની વાતોથી પણ પાપમાં સંમતિ – ખુશી દેખાડતા એ ય હૃદયને કાળુ કરે. ભયંકર પાપકર્મ બંધાવે. (ક્રમશઃ)

૧૭૦૦થી વધુ નિર્દોષ ને અબોલવા છરડાંને બચાવી લેવાયાં

નિર્દોષ અબોલ પશુઓને ગેરકાયદે કતલખાને લઇ જવાના કિસ્સાઓ અવારનવાર બહાર આવે છે. ગૌવંશની હત્યા ઉપર પ્રતિબંધ હોવા છતાં રાજ્યના જે તે અધિકારીઓ આંખ આડા કાન રાખવાની નીતિ અપનાવે છે. અગાઉ બટારાઓ મારફત ઢોરોની મોટા પાયે હેરાફેરી થતી પરંતુ હવે થોડા વખતથી ગુડસ ટ્રેનને આવી હેરાફેરી માટે ઉપયોગમાં લેવાય છે. નવાઇ તો એ છે કે રેલ્વે આવી ટ્રેનોને "કેટલ સ્પેશ્યલ" તરીકે ચલાવે છે પરંતુ તેમાં જાનવરોને કેવી રીતે ભરવામાં આવ્યા છે તે જોવાની એમને કુરસદ નથી.

બિન સત્તાવાર સુત્રોએ આપેલી માહિતી મુજબ આ અગાઉ રાજસ્થાન તરફથી આઠથી વધુ વખત ટ્રેનોમાં વાછરડાઓની હેરાફેરી થઇ છે. પરંતુ આ વખતે રાજ્યની

જોધપુરથી આણંદ સુધીની મુસાફરી દુઃખદને દર્દનાક બની રહી

કેટલીક જીવદયા સંસ્થાઓએ હિંમત કરી એ ટ્રેનનો સતત પીછો કર્યો હતો. જે મુજબ તા. ૨૧ મીએ રાત્રે ૧૧–૩૦ થી તા. ૨૨ મી એ પરોઢિયે ૪–૩૦ વાગ્યા સુધી અમદાવાદ રેલ્વે સ્ટેશને પશુઓની ગુડસ ટ્રેન મારફતે થતી ગેરકાયદે હેરાફેરીને મામલે પરિસ્થિતિ તંગ બની ગઇ હતી. રાજસ્થાનના જોધપુરથી "કેટલ સ્પેશ્યલ" ટ્રેનમાં ૩૮ ડબ્બાઓમાં કુલ ૧૭૧૫ જનાવરોને ભરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૭૦૬ તો માત્ર દોઢથી બે વર્ષની ઉંમરના વાછરડા હતા. આણંદ ખાતે લઇ જવાતા હતા આ મુંગા ઢોરોને ભારે અમાનવીય રીતે કતલખાને લઇ જવાતા હોવાની અમદાવાદ તથા ડીસા પાંજરાપોળ જીવદયા સંસ્થાઓએ ખુલ્લો આક્ષેપ કર્યો છે.

ઉપરોક્ત સંસ્થાઓએ અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશને લેખિત ફરિયાદ નોંધાવી હતી જેની અંગળની કાર્યવાહી આણંદ રેલ્વે સ્ટેશને આ ટ્રેન રોકતા કરવામાં આવી હતી. (આણંદ રેલ્વે સ્ટેશને માલ ગોદામ પ્લેટફોર્મ ઉપર શ્રી બચુભાઇ પોપટલાલ રાંભિયાએ લખાવેલ ફરિયાદ મુજબ ગુડસ ટ્રેનમાં ૧૭૦૦ થી વધુ વાછરડા હતા તેમના માટે કોઇ ઘાસચારાની કે પાણીની જોગવાઇ ન હતી. કરેક વેગનમાં કેપેસીટી કરતા વધુ ઢોર [વાછરડા] હતા. મુસાફરી દરમિયાન આરામથી હરીફરી શકે કે શ્વાસ લઇ શકે તેવી કોઇ વ્યવસ્થા ઢોરના માલિક તરફથી કરવામાં આવેલ નહીં.)

આણંદમાં સવારે ૭ વાગ્યાથી આ ટ્રેનમાંના ઢોરોનો કબજો લેવા માટેની કાર્યવાહી શરૂ થઇ હતી. ડીસાના શ્રી ભરતભાઇ કોઠારી તથા અમદાવાદના રાંભિયા સ્મૃતિ

કોર્ટનો બીજો હુકમ ન થાય ત્યાં સુધી આ ઢોર ડીસા પાંજરાપોળમાં રહેશે : પશુઓની ગેરકાયદે હેરાફેરીનો આક્ષેપ

અહીંસા ટ્રસ્ટના કાર્યકર્તાઓને આ ઢોરોનો કબજો નામદાર કોર્ટના આદેશ મુજબ સાંજે ૪–૦૦ વાગે મળેલ આણંદ રેલ્વે પો. સ્ટેશને ડીસાના રાજપુર પાંજરાપોળને ઉપરોક્ત ઢોરોનો કબજો આપ્યા હોવાની વિગતો મળી છે.

અમદાવાદ અને ડીસાની જીવદયા સંસ્થાઓએ આક્ષેપ કરેલ છે કે છેલ્લા કેટલાક વર્ષોથી રેલ્વે દ્વારા વારંવાર આ રીતે ગેરકાયદે ઢોરોની હેરાફેરી થાય છે. આ કૌભાંડમાં સંડોવાયેલા અધિકારીઓ ઉપર તાત્કાલિક પગલાં લેવા જોઇએ.

એનિમલ ક્રુઆલીટી એક્ટ મુજબ રેલ્વે બોગીઓમાં જનાવરોને લઈ જતી વખતે તેની નિશ્ચિત સંખ્યા નક્કી કરવામાં આવે છે. જે લગભગ ૨૦ ની આસપાસ ગણાય છે. પરંતુ ગઇકાલે જોધપુરથી આણંદ જવા ઉપડેલી કેટલ સ્પેયશ્લ ગુડ્સ ટ્રેનમાં કરેક ડબ્બામાં ૪૦ થી ૫૦ ઢોર રાખવામાં આવ્યા હતા.

અત્રે એ નોંધનીય છે કે ગુજરાત રાજ્યના ઇતિહાસમાં પહેલી જ વાર ગૌવંશના વાછરડાઓનો આટલો મોટો કાફલો ગેરકાયદે હેરાફેરીમાં પકડાયો છે અને તેનો કબજો નામદાર કોર્ટે આસ હુકમ કરી એક જીવદયા સંસ્થાને આપેલ છે. બીજો હુકમ ન થાય ત્યાં સુધી ઉપરોક્ત ઢોર ડીસા પાંજરાપોળ ખાતે રહેશે. (ગુ. સ.)

❋ અગત્યની સૂચના ❋

માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અંકો આપને ન મલતા હોય કે સરનામું ચેન્જન કરવાનું હોય તો તે બધો પત્ર વ્યવહાર કાર્યાલયનાં નિચેના સરનામે કરવો.

(૧) શ્રી મહાવીર શાસન કાર્યાલય,
ગિરધારી મંદિર રોડ, શાક માર્કેટ પાસે,
જામનગર – ૩૬૧ ૦૦૧.

(૨) શ્રી જૈન શાસન કાર્યાલય,
C/o. શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, **જામનગર** – ૩૬૧ ૦૦૫

ॐ પ્રેરણામૃત સંચય ॐ

— શ્રી પ્રજ્ઞાંગ

(સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.ના અપ્રગટ પ્રવચનોમાંથી સંકલિત ત્રિવિધે ક્ષમાપના)

૦ બધી ખોંકાણ આ શરીરની જ છે.

જે જન્મે નહિ તેને શરીર નહિ. પછી ભુખ તરસ, ઠંડી, ગરમી નહિ. પછી કોઇ ચીજની જરૂર નહિ. **કોઇ ચીજની જરૂર નહિ તે જ મોટું સુખ.** જનમ તે જ મોટું દુઃખ. જન્મે તે શરીર બનાવે તો આ શરીર આપણને ગમતું નથી ને ? આ શરીર કેવું છે ? અશુચિમય છે. તેના પર રાગ કરવા જેવો નથી. આ શરીરની સંભાર કામ પૂરતી લેવાની છે. તે કામ આપતું બંધ થાય એટલે ફેંકી દેવાનું. શ્રી તીર્થંકરાદિ મહાપુરૂષોએ તેનો આ જ ઉપયોગ કર્યો છે. તમને શરીર પાસે કામ લેવાનું મન થાય છે કે શરીરની સેવા કરવાનું ? તમને શરીર પાસે કામ લેવાનું મન થાય છે પણ તે આની શરીરની સેવા માટે જરૂરી મેળવવા માટે. તમે શરીર પાસે કામ લો છો તે બધી લાલસાઓ પૂરી કરવા માટે, બધી ઇન્દ્રિયોની તૃષ્ણા મટાડવા માટે, મનને તૃપ્ત કરવા માટે. તેથી તમે શરીર પાસે કામ લઇને પણ પાપ જ બાંધો છો.

આ શરીર પાસે આત્માનું જ કામ લેવા જેવું છે પણ સંસારનું નહિ. તમે જે કામ લો છો તે ખોટું છે. આ માનવશરીરથી તે કામ લેવાય નહિ. દેવનું શરીર ભોગાર્થક છે માનવનું શરીર ત્યાગ માટે છે. આ શરીરના જે વખાણ છે તે આ શરીરથી ત્યાગ થઇ શકે છે માટે; ભોગ થઇ શકે, સારું ખાઇ–પી શકે છે, મોજ–મજા કરી શકે છે માટે નહિ. આ શરીરનો ભોગાદિમાં ઉપયોગ કરવો તે તેનો ભયંકર દુરૂપયોગ છે. તેના પ્રતાપે અસંખ્યાત કાળ આ શરીર ન પણ મળે. આ શરીર ખાવ–પીવા, મોજમજાદિ માટે નથી પણ ધર્મ કરવા સાધુ થવા માટે જ છે. જે ભાગુઓ સાધુ થાય તો તેને ભારેમાં ભારે નુકશાન કરે. **જેને મોક્ષ જ જોઇએ તેને જ સાધુ થવાનો, ભગવાનના મંદિરમાં પેસવાનો અધિકાર છે. જેને મોક્ષ ન જોઇતો હોય તેને ભગવાનના મંદિરમાં ય પેસવાનો અધિકાર નથી.** આ શરીર જેને મળ્યું છે તેને જો ખબર નહિ હોય કે આ શરીર નામનું ભૂત મોહે ભરાવ્યું છે. મોહ ન હોત તો જનમ ન હોત. જન્મ્યો ન હોત તો શરીર ન હોત. શરીર ન હોત તો આ બધી ખોંકાણ ન હોત. હવે મારે આ શરીર દ્વારા

જનમ ઘટી જાય, જનમ આપનાર મોહ ઘટી જાય તેવો ઉપયોગ કરવો જોઇએ. તો જ આ માનવ જનમ કામનો બને.

પારકા ઘરમાં પોતાનું માની પેસે તો પોલીસ પકડે અને સજા પણ થાય ને? તો જે પારકું છે તેને પોતાનું માનો તો સજા નહિ હોય? આ ઘર-બાર, પૈસા-ટકાદિ કશું આપણું નથી. જે ચીજ મારી નથી તેને મારી માનવી અને છોડવા જેવી ન માનવી તે જ ઘણી ખરાબી છે. પારકી વસ્તુને મારી માનીને બેઠેલાના હૈયામાં ધર્મ આવે જ નહિ.

-: દુનિયાની ચીજ જોઇ સાધુને આશ્ચર્ય ન થાય :-

શ્રી જૈન શાસને કહેલાં જેટલાં તત્ત્વો છે. દ્રવ્યો છે, લોક-અલોકનું સ્વરૂપ છે તે જો સમજી જાવ તો તેને આજે કશું નવું ન લાગે. તેને થાય કે **'બચ્ચાં ખેલી રહ્યા છે. આંધળા અથડાઇ રહ્યા છે. આંધળા દેખતા હોવાનો ચાળો કરી રહ્યા છે.** ! તમે તો છાપા-માસિકો વાંચી હરખાવ છો પણ શાસ્ત્રમાં તો બધું છે. આજની ચીજો જોઇ-સાંભળી અમને તો કશી શંકા નથી પડતી અમને લાગે છે કે જગ જીતી ગયા. દુનિયાની કોઇ ચીજ નવાઇ પમાડતી નથી. જે સાધુ એમ કહે કે-શાસ્ત્રોમાં આ હશે કે કેમ? તે લોકો ક્યાં ભણ્યા જ નથી ક્યાં ભણ્યા તો પરિણામ પામ્યું નથી. **જગતમાં જૈન શાસન જેવું કોઇ શાસન નથી જૈન શાસનમાં જેવી દયા છે તેવી બીજે નથી જૈન શાસનમાં સત્યાસત્યનો જેટલો વિચાર છે તેવો બીજે નથી.** નીતિકારે પણ કહ્યું કે રાજાએ મંત્રી બનાવવો હોય તો પતિત સાધુને બનાવવો તે જેટલું જાણતો હોય તે બીજું કોઈ જાણતો ન હોય. ચોરી કેટલાં પ્રકારે થાય અને કેવી રીતે બચાય તે પણ તે જાણે જૈન શાસન જેવું ઉત્તમ શાસન ક્યેય નથી. નાશ પામ્યું છે ઘણું છતાં જેટલું જ્ઞાન વિદ્યમાન છે તેને જાણે, વિચારે તો બહારની વાતમાં રસ ન આવે, બધી વાતો તેને તુરછ લાગે.

* પુણ્ય અને ધર્મ બે ય ભેગા ક્યાં થાય?

ઉ.- શ્રી તીર્થંકર પરમાત્માનો આત્મા કેવળજ્ઞાન પામે ત્યારે ધર્મ અને પુણ્ય બે ય ભેગા થાય છે. તે પરમતારકોનું પુણ્ય પણ એવું જેનો જગતમાં જોટો નહિ. જમીન પર પગ મૂકવા દે નહિ. ચામર-છત્ર-અશોક વૃક્ષ સાથે હોય, પવન પણ મીઠો, શીતલ વાય, આઠે ય પ્રાતિહાર્યો સાથે જ હોય. તેવું પુણ્ય પણ કોઇની ય પાસે નહિ તેમ તેવો ધર્મ પણ કોઇની પાસે નહિ. તેમનો ધર્મ પણ ઉત્કૃષ્ટકોટિનો તેમ સુખ પણ ઉત્કૃષ્ટકોટિનું.

બાકી જગતનો મોટોભાગ પુણ્યશાલી હોય તોય ઘણા પાપના ઉદયવાળો હોય. તેનું પુણ્ય મામૂલી છે અને પાપ ભારે છે માટે બધા જ પુણ્યશાલી ધર્માત્મા હોય તેમ નથી.

સાધુ મહોત્સવમાં હાજરી કેમ આપે ?

શ્રી જૈન શાસન પામેલા આત્માઓ અને શાસનને સમજેલા શ્રાવકો લક્ષ્મીને ડાકણ જેવી માને છે. પુણ્યયોગે તે આત્માઓ સુખી હોય તો ય પૈસા તેમને ગમતા નથી. તેમને પૈસાથી છૂટા થવું છે માટે વાત વાતમાં મહોત્સવો માંડે છે. જે પૈસા ભૂતની માફક વળગ્યા છે તેનાથી છૂટા થવા ભગવાનના ઉત્સવો આદિ કરે છે. પરંતુ એટલું યાદ રાખો કે, ભગવાનને ઉત્સવની કે મંદિરની જરૂર નથી. પણ તમે લોકો પૈસાથી છૂટો માટે આ વિધિ છે. તમારે મંદિર બાંધવા પ્રતિષ્ઠાદિ કરાવવા છતાં પણ જો આ પૈસાથી છૂટવાની ઇચ્છા ન હોય તો મને લાગે છે કે મંદિર બાંધી, ભગવાનની પ્રતિષ્ઠાદિ કરીને પણ નરકાદિ દુર્ગતિમાં જવું પડશે. જેને **પૈસા પ્રાણ જેવા લાગે** તે જીવ ગમે તેટલા પૈસા ખર્ચે તો પણ તેના માટે સ્વર્ગ નથી, તે નરકેય જાય તેમ ભગવાન કહે છે.

આજે પોતે એકલો મંદિર બંધાવી શકે, ઉત્સવ કરી શકે છતાં તે કરતો નથી તેનું કારણ પૈસો હજી ખરાબ લાગ્યો નથી. મારો પૈસો મારો પૈસો કરે તેના માટે ધર્મ જ નથી. લગ્નમાં પત્તો પત્તો દિવા કરે તેવો જીવ લગ્ન સારૂં માને છે અને અહી ધર્મમાં આપતા પડે માટે આપે છે તો તેને પૈસા ખરચવા છતાં ય લાભ થાય નહિ.

આવા પ્રતિષ્ઠાદિ ભગવાનના ઉત્સવોમાં સાધુ કેમ આવે ? આવા ઉત્સવાદિના પ્રસંગો પામી સાધુ તમારી દૃષ્ટિ ઉઘાડે તમને સાચી વાત સમજાવે સંસારથી છૂટવાનો માર્ગ બતાવે તે માટે સાધુઓ આવે છે. પૈસો ભૂંડો લાગ્યા વિના, પૈસા પરનો મોહ છૂટ્યા વિના પૈસા ખરચવા છતાં લાભ થાય નહિ અને નુકશાન ઘણું થાય માટે સમજો તો જ પૈસા ખરચી કલ્યાણ થાય.

લોકહેરીમાં ન તણાવ. લોકોત્તર ધર્મ સમજો

તમે ઉત્સવ માંડી બેઠા ભાઇઓ હાજર રહે અને બહેનો નાચે, મરબા કરે તે થવું ન જોઇએ. બહેનોને ભાવના કરવી હોય તો અલગ કરાવવી જોઇએ. આ ભૂલ થઇ હોય તો સુધારવાની આપણે ત્યાં વરઘોડાદિમાં ગુલાલ ઉડાવવાનો રિવાજ નથી. આગળ લોકો કંકુના થાપા મારતા, ગુલાબજળ છાંટતા પણ ગુલાલ ઉડાવવો તે બરાબર નથી

આપણે, ભગવાનની આજ્ઞા મુજબ ચાલવાનું છે. તમે લોકો સાધુઓને લાવો તો પૂછીને કરવું જોઇએ શું થાય અને શું ન થાય તે પૂછવું જોઇએ તમે આવું કરો અને અમેઅમે જાણતાય ન હોઇએ છતાં અમારા નામે ગવાય છે. અમે શાસ્ત્રથી વિરુદ્ધ

વર્તીએ છીએ તેવી છાપ પડે છે. માટે આ બધું થવું ન જોઇએ.

મંદિર બાંધવાનું પણ તમારે ભગવાન પધરાવવાના પણ તમારે, ભગવાનની પૂજા ભક્તિ આદિ પણ કરવાનું તમારે અમે તો માત્ર ઉપદેશ આપીએ, સાચી વાત સમજાવીએ, સમજાવવા છતાં ખોટું તમે રોકો નહિ તો તે પાપ તમને લાગે આ કાળમાં કોઇનું કાંડું પકડી રોકી શકાય તેમ નથી.

આજના રેડીયો, સીનેમાં ટી. વી. ફોટ ફિલ્મના અમે વિરોધી છીએ. કરેક જગ્યાએ અમે ના પાડીએ છીએ પણ તમે લોકો માનતા નથી. આ બધા યંત્રકમો મહાપાપના સાધનો છે. આગળના શ્રાવકો આવા સાધનો વાપરતા ન હતા. મંદિરમાં વિજળી ઘાલી તેનો પણ અમે વિરોધ કરેલો મંદિરમાંથી ઘીના ડિવા પણ ગયા. તે હતા ત્યારે મંદિરનું વાતાવરણ પવિત્ર–શુધ્ધ હતું. આજે તમે બધી ઉપાધિ હાથે કરીને વહોરી છે.

આજની રેકર્ડો પણ વાપરવા જેવી નથી. તમે બધું રેકર્ડોમાં ઘાલવા માંડયું છે. ભગવાનના સમયમાં આ બધું નહી હોય અને હમણાં જ બની શકે તેમ છે એમ તમે માનો છો ? શ્રી ઇન્દ્રાદિ દેવોની શક્તિ નહિ હોય ? ભગવાનની વાણીની રેકર્ડ કેમ નહિ બનાવી ? તમે લોકો સમજો આ બધું ચાલે છે. તે બરાબર નથી. તમે બધું પરોપકાર કરવા માટે કરો છો એમ કહો છો પણ રેકર્ડ કોણ સાંભળે ? કેવી રીતે સાંભળે ? નવકાર સાંભળતા હાથ જોડાવા જોઇએ, ઉભા થવું જોઇએ જ્યારે તમે તો મહા આશાતના કરી રહ્યા છો.

અહીં આવનારા સીનેમાના રસિયા થાય તે બરાબર નથી. આજે તો સ્તવન–સજ્ઝાયાદી પણ સીનેમાના રાગમાં બનાવવા માંડયા છે. ચારે બાજુ સળગ્યું છે, આભ ફાટયું છે. માટે શક્ય સુધારો કરી ભગવાનની આજ્ઞા મુજબ ચાલવા પ્રયત્ન કરવો જોઇએ તેટલી ભલામણ કરવામાં આવે છે.

(સં. ૨૦૩૨ મહાવદિ ૦,, ચેરવડા–પૂના પ્રતિષ્ઠા પ્રસંગે આપેલ પ્રવચનમાંથી)

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ
–: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :–
સી–૨, ટી–૧૧૦, મહાવીર નગર, શંકર લેન,
ફોન : ૮૦૬ ૫૫૬૯. કાંદિવલી (વે.), મુંબઇ–૪૦૦ ૦૬૭.



પ્યારા ભૂલકાંઓ...

અવારનવાર આપણે સૌ આનંદથી મળીએ છીએ અને છૂટાં પડીએ છીએ. તમારૂં અવનવું આકર્ષણ જોઇ હું રાજી થાઉં છું. સંસ્કાર પોષક લખાણો તમને ગમે છે તે જાણી આનંદ, ધર્મરાજાને પામવાનો તમારો ઉદ્દેશ ઘણો ઉમદા છે. આ બન્ને તમારી માંગણીઓ લક્ષમાં રાખીને જ બાલવાટિકા ચલાવવામાં આવે છે.

તમને સૌને પરલોક ન બગડે તેનો ભય છે. તે તે અંગે જણાવવાનું કે આકર્ષણ ઘટે તો જ પરલોક સુધરે.

આકર્ષણના અવગુણથી જ ક્રોધ, માન, માયા, લોભની ઉત્પત્તિ થાય છે. આકર્ષણ વધે એટલે અથડામણો વધે છે જડ જગતનું આકર્ષણ ઘટાડવા માટે તમારે આત્મજગત જાણવું પડશે અનુભવવું પડશે. ચોવીશે કલાક આત્મલક્ષની ધૂન ચલાવવી પડશે. જડનું આકર્ષણ છૂટશે તો જ ચૈતના તરફનું આકર્ષણ જાગશે. ને પરલોક સુધરશે.

જ્યાં સુધી પાંચ ઇન્દ્રિયોનું આકર્ષણ છે ત્યાં સુધી પરમાત્મા પ્રત્યેનું આકર્ષણ જાગતું નથી

રૂપિયા પ્રત્યેનું આકર્ષણ છે ત્યાં સુધી ભગવાનના ગુણો પ્રત્યે આકર્ષણ જાગતું નથી.

સત્ત, સ્વજનો, સ્નેહીજનોનું આકર્ષણ છે ત્યાં સુધી મોક્ષની લગની લાગતી નથી.

વિશ્વના તમામ આકર્ષણોને અલવિદા આપીએ તો જ રત્નત્રયનું આકર્ષણ જાગે. પરલોક સુધરે.

બહારગામ જનારો માનવી સઘળા દ્વારો બંધ કરીને જાય છે તેમ પરલોક સુધારવા મંગતો માનવી આકર્ષણના બધા જ દ્વારો બંધ કરી દેશે તો જ મુક્તિએ પહોંચી શકશે...

મધુરમ્

બીજાનાં સુખો અને ગુણો જોઇ પ્રસન્ન બનો.

રવિ-શિશુ

C/o. જૈન શાસન કાર્યાલય

卐

પાંચ સોપાન

પ્રણિધાન :- રોમ-રોમમાં ધર્મારાધનાની રૂચિ.
પ્રવૃત્તિ :- ધર્મારાધનામાં પ્રવૃત્તિ કરવી
વિઘ્નજય :- વચ્ચે આવતા વિઘ્નોને જીતવા.
સિદ્ધિ :- આરાધનાને જીવનમાં આત્મસાતૂ કરવી.
વિનિયોગ :- એ આરાધનાનું બીજાને દાન કરવું.

– રીના

જાઓ-ભૂલો

કિસીકા ઉપકાર કરકે ભૂલ જાઓ
કિસીસે ઉપકાર કરાકે મત ભૂલો
કિસીકો દેકર ભૂલ જાઓ
કિસીસે લેકર મત ભૂલો – વસુમતી

સામયિકના પાંચ અતિચાર

(૧ મનની દુષ્ટ પ્રવૃત્તિ
(૨) વચનની દુષ્ટ પ્રવૃત્તિ
(૩) કાયાની દુષ્ટ પ્રવૃત્તિ
(૪) સામાયિકનું સ્મરણ ન રહેવું.
(૫) સામયિકને અવ્યવસ્થિત કરવું.

– રશ્મિ

ભંડાર

અરિહંતો પરોપકારના ભંડાર છે.
સિધ્ધો સુખના ભંડાર છે.
આચાર્યો આચારના ભંડાર છે.
ઉપાધ્યાયો વિનયના ભંડાર છે.
સાધુઓ સહાયના ભંડાર છે.
દર્શન સદ્‌ભાવનાનો ભંડાર છે.
જ્ઞાન સદ્‌વિચારોનો ભંડાર છે.
ચારિત્ર સદ્‌વર્તનનો ભંડાર છે.
તપ સંતોષનો ભંડાર છે. – વિપુલ

*** હાસ્ય દરબાર ***

સૈનિક :- તું લશ્કરમાં શા માટે ભરતી થયો ?
સૈનિક :- કારણ કે મારે પત્ની નથી. તું શા માટે બન્યો ?
સૈનિક :- મારે પત્ની છે પણ શાંતિ નથી માટે,

ડોક્ટર :- મને કહેતાં દુઃખ થાય છે કે ગયા અઠવાડિયે આપે મોકલાવેલ મોટી રકમનો ચેક પાછો આવ્યો છે.
કરસ્ની :- અને મારો તાવ પણ...

મગન :- તમે હમણાં સાંભળ્યું
છગન :- શું (આશ્ચર્યથી)
મગન :- આઠ માણસો એક જ છત્રી નીચે ઉભા હોય અને છતાં ભીંજાય નહિ.
છગન :- અલ્યા તે કઇ રીતે બને ?
મગન :- કારણ કે વરસાદ જ પડતો ન'તો. – હર્ષ-હર્ષીત

❋ ખોટું ન લગાડતા હોં ને....! ❋

— ભદ્રંભદ્ર

કેડીટથી ગભરાવું નહિ

મારે એક વાર નિર્ભય શેખર નામના કોઇ સાધુ–સંત પાસે જવાનું થયું ભૂખ બહુ લાગેલી. એમને ત્યાં ગોચરી (આહાર) હાજર હતો. મેં તે પાત્રા ઉપર લોલુપ નજર પણ કરી તે સમજી પણ ગયા પણ મેં માંગ્યું તો કીધુ કે – 'અમારે અમારૂં વહોરેલું શાસ્ત્ર મુજબ તમને આપી ના શકાય' પછી એક ઓળખીતા શ્રાવક મને લઇ ગયા. ત્યાં આ મહાત્મા ગોચરી વહોરવા આવ્યા. મારી પાસે સુઝતો નાસ્તો હતો તેનો મને લાભ આપ્યો. પછી હું જમવા બેઠો ત્યાં મારી નજર 'મારૂ મારા બાપનું તારૂ–મારૂ સહિયારૂ' આવા લેખ ઉપર પડી.

મેં તરત જ તે લેખ વાંચી લીધો. કશો ક્રમ નો'તો. પેલા ભગતે મને પૂછ્યું– કેમ કેવું લખાયું છે ?

મેં આ પ્રશ્નનો તૈયાર રાખેલો જવાબ છેક હોઠ સુધી લાવીને પછી દ્રવ્ય – ક્ષેત્ર કાળ – ભાવની વિચારણા કરવા બેઠો. મેં વિચાર્યું દ્રવ્યથી હું અત્યારે ભૂખ્યો છું, ક્ષેત્રથી અન્ય શ્રાવકના ઘરમાં છુ. કાળથી જમ્યા પહેલાનો અને થાળીમાં ચટાકેદાર વાનગીઓ પીરસાઇ ગયેલો છે. અને ભાવથી હું બાંયો ચડાવીને રોટલીનું બટકુ તોડી-વટાણાના શાકમાં ભરીને કાળમાં બરાબર પલાળીને ખાવાની ઇચ્છાવાળો છુ''' એટલે મેં કીધું – 'આપણે જમીને પછી નિરાંતે બેસીએ.' મને બરાબર આગ્રહ કરીને જમાડવામાં આવ્યો

જમીને નિરાંત થઇ એટલે નિરાંતે બેઠા. જો કે એમણે મને જે રીતે ભાવથી આગ્રહપૂર્વક જમાડયો હતો તેનાથી હું થોડો તેમના તરફ લેવાઇ તો ગયો જ હતો. એટલે જ મનમાં થયું પણ ખરૂં કે – હવે 'મારૂ મારા બાપનું'' ન કાઢે તો સારૂ. કેમ કે તેમાં સાચું કહેવું પડે અને મારે અળખામણા થવું પડે તેવું થતું હતું. **કેડીટ બગાડવી લગભગ કોઇને ગમતા વાત નથી. સાચી વાતનું જે થવું હોય તે થાય**

અને ખરેખર એમણે પેલી પત્રિકા હાથ ઉપર લીધી. હું મુંઝાયો. તેમણે પૂછ્યું કે – શું લાગ્યું આ પત્રિકામાં ?

મેં પૂછ્યું – 'તમે ક્યા ગામના છો ? કાઠીયાવાડી લાગો છો. બોલી કાઠીયાવાડી છે. પછી તેમણે મને પૂછ્યું – તમારૂ ગામ ?

મેં કીધું રાજસ્થાન.

અચ્છા થે મારવાડી હો.

મેં કીયા હાં પિંડવાડારો હું. વટે આવો તો આવજો પૂ. આ મારા સરનામાં હે.

મેં જે વાત ટાળવા પ્રયત્ન કર્યો તો પાછા એ ભગત એ જ પત્રિકા લઇને બોલ્યા "આમાં તમને શું લાગે છે? આવું નહિ કરવું જોઇએ. બધાંએ એકબીજાના ઉપાશ્રયોમાં ઉતરવા દેવા જોઇએ. તમે તો સાધુ છો પછી અમને ઝગડવાની ના પાડો છો અને તમે માર-તાર ઝગડો છો એ યોગ્ય નથી. અને કોઇ નવાંગી ગુરૂપૂજન કરે તો ધરમના કામમાં અંતરાય નહિ કરવો જોઇએ. ગુરૂ મ. ને જ પૂજે છે ને? પાખંડીને થોડા પૂજે છે. ? (મેં કીધું-હું જુઓને સમજતા જ નથી એ લોકો) પછાં બોલ્યા કે- અને મ. સાહેબે પણ નવાંગ પૂજનનો આગ્રહ ન રાખવો જોઇએ.

મેં કીધુ તમારી વાત સાચી છે. હું જેમ તમારે ત્યાં જમવા આવ્યો ત્યારે મેં સારી સારી રસોઇની આશા ન રાખી હોય પણ તમે મારી સાધર્મિક ભક્તિ કેટલી જોરદાર કરી, કશી કચાશ ન રહી જાય તેવી કરી કે નહિ? તેમ આવેલા ગુરૂ મ. ને તો નવાંગ શુ, એકાંગી પણ ગુરૂ પૂજનનો મોહ ન હોય પણ લાવનાર ભક્તોને તો ગુરૂદેવની પૂર્ણ ભક્તિ કરવાનું મન થાય જ ને? જેમ તમારે ત્યાં આ નિર્ભયશેખર આવ્યા તો તેમના માટે તમે સામૈયા કરેલા કે નહી. ખરેખર તો નવાંગ પૂજન ન માને તેમણે સામૈયાનો પણ નિષેધ કરવો જ જોઇએ ગહુંલીઓ દ્વારા પોતે પોતાની અક્ષત પૂજા તો થવા દે છે ત્યાં ના પાડી નથી શકતા. બસ એક મનમાં ભુંસુ ભરાઇ ગયું છે કે નવાંગ પૂજન ન જ હોય.

પણ તમે સામા પક્ષના ઉપાસરે જાવ તો તે જ રીતે વર્તવું જોઇએ ને?

તેમણે પણ તેમ જ વર્તવું જોઇએ ને? અમે કહીએ તે દિવસે જ ચૌદશ-સંવત્સરી કરવી જોઇએ ને? મેં કીધુ.

ના એ તો શાસ્ત્ર મુજબ જ હોય ને? સંઘ કહે તેમ થોડુ હોય?

બસ મારે ય એ જ કહેવુ છે. સંઘને શાસ્ત્રીય મર્યાદા નક્કિ કરવાનો અધિકાર નથી શાસ્ત્રીય મર્યાદા મુજબ ચાલવાનો અધિકાર છે. ગુરૂનુ નવાંગ પૂજન શાસ્ત્રીય છે. એ થતુ હોય ત્યારે ડખલ નહી કરવી જોઇએ.

શાસ્ત્રીય હોય ને તો તો કરવા દેવુ જ જોઇએ.

અમે એમ જ કહીએ છીએ અમે તમારે ત્યા આવીને શાસ્ત્રીય મુજબ જ

વર્તવાના છીએ માટે અમે તમારે ત્યાં આવી શકીએ પણ તમે અમારે ત્યાં શાસ્ત્રીય મુજબ વર્તવાના નથી માટે તમે અમારે ત્યાં આવી ના શકો.

એતો ચોકખી જ વાત છે ને? તમે મારે ત્યાં બટાકાનું શાક માંગો તે વ્યાજબી ન જ કહેવાય,

વાહ ભાગ્યશાળી : તો તો તમે બધું સમજો છો એમ ને.

પછી તો હું આગ્રહ કરીને એ ભાઇને નિર્ભયશેખર પાસે લઇ ગયો. પેલી પત્રિકાનું મથાળું બતાવ્યું મે કીધુ તમારી પાસેથી ગોચરી તમે ન આપી તે મારૂ મારા બાપનુ અને મારા નાસ્તામાંથી વહોર્યું તે 'તારૂ મારૂ સહિયારૂ' એમ જ સમજવાનું ને?

એ તો એકદમ છળી ઉઠયા એમ તે હોતા હશે શાસ્ત્રીય વાતોમાં આવું ના વિચારાય.

પછી મેં કીધુ– ચલો મા'રાજ' અમારા ઉપાશ્રયે. અમે તમારૂ નવાંગ ગુરૂપૂજન કરીશુ. ના પડશો તો શાસ્ત્ર વિરૂદ્ધ કરનાર તરીકે આવવા નહિ દઇએ કેમ કે નવાંગ ગુરૂપૂજન શાસ્ત્રીય છે.

મહારાજ કહે– એવો જુલમ ન કરાય.

મેં કીધું– એ તો અમે ય હમજીએ છીએ. પણ તમારૂ નવાંગ ગુરૂ પૂજન કરાય ત્યારે તમારે ગોચરી નહિ મારવાનો બોલો તમે તમારી અયોગ્યતા સમજીને ન કરાવતા હો તો પરાંણ નહિ કરીએ પણ નવાંગ ગુરૂપૂજન અશાસ્ત્રીય કહેતા હો તો તમારી અમારા ઉપાશ્રયોમાં આવવાની બિન શાસ્ત્રીયતા સિધ્ધ થઇ જાય છે.

પછી તો બચારા મ.સા. કશુ બોલી ના શકા. સાથેના ભગતને મારા પક્ષમાં જોઇને તેમને દુઃખ થયુ હશે. અને સાંજનુ પણ હું ત્યાં જ જમ્યો હવે તો છૂટથી વાતો કરવાનુ મન થયું. તેમને પણ જિજ્ઞાસા સારી હતી એટલે ધીમે ધીમે મેં શાસ્ત્રીય વાતો સમજાવતાં સમજાવતાં કહ્યું કે–

(૧) શિબિર (અનાડી શબ્દ છે) અને વાચના શ્રેણી શાસ્ત્રીય શબ્દ છે. આમ નામનો તો ભેદ છે અને બન્ને વચ્ચેના લેવલો પણ જુદા જુદા છે. શિબિરનું લેવલ હલકુ છે વાંચનાનું ઊંચુ છે. અને પ્રવચનનું મધ્યમ છે.

(૨) તેઓના ઉપાશ્રયમાં અમે જઇ શકીએ પણ તેમણે અમારે ત્યાં આવવું હોય તો શાસ્ત્રીય મર્યાદામાં રહેવુ પડે.

(૩) નવાંગ ગુરૂપૂજન શાસ્ત્રીય જ છે તેવું માત્ર અમે નહિ, તેઓ પણ અને સાગર-ગચ્છના મહામુનિઓએ પણ સિદ્ધ કરીને પુસ્તકોમાં જાહેર કર્યું છે.

(૪) તપોવન જેવી પ્રવૃત્તિ અમારે ત્યાં હોય તો તેને અમે સારી નથી જ ગણી.

હજો બસ આટલી વાત ચાલતી હતી ત્યાં જ એ ભગતના ઘરે ફોન રણકયો. ફોન શાંત કયાં સુધી રહી શકે ? પછી તો મેં મારો ભોજન વ્યાપાર શરૂ કર્યો. એમની વાત ફોન ઉપર લાંબી ચાલી હશે કોઉ ગુંદરીયો/ચીટકુ મારી જ જેવે. ભગતને હવે થયું પણ હશે કે હવે આ બંધ થાય તો સારૂ અને મને થયા કરતું હતું કે સમ્યજ્ઞાન એક ધારૂ પમાડી જ દેવાય તેટલું પમાડી દઉ કેમ કે હવે બપોર જેવો કેડીટ બલાસ થવાનો ભય નોતો કેડીટ વધવાની ઉજળી તકો હતી પણ એનું ય નસીબ જોઇએ એ ભાઇ મને કહે–તમે જમો હું હમણાં પાંચ જ મિનિટમાં આવું છું મેં કીધું હું ય નીકળુ જ છું હવે મારે ય ઉતાવળ જ છે. તમે કઈ બાજુ જવાના છો ? તેને મનમાં થયું આ બલા પાછી વળગી એટલે મને કહે કે અહી જ બાજુની બિલ્ડીંગમાં જ જવાનુ છે. મેં કીધુ–સારૂ તમે જાવ ઉતાવળ ના કરતા મારા માટે. હું મારી રીતે નીકળીશ.

પેલા ભાઇ કહે તમેય ઉતાવળ ના કરતા હું હમણાં જ પાંચ મિનિટમાં જ આવી જઇશ.

મે કીધુ સારૂ પાંચ–દશ મિનિટ રાહ જોઇશ નહિતર પછી જઇશ.

ભગત કહે શી ઉતાવળ છે રોકાઇ જજોને હવે સવાર ગયા. રાતે ધર્મચર્ચામાં મજા આવશે.

મેં કીધુ–સારૂ જોઉ છું.

ભગત કહે જોવાનું શું હવે ? રોકાઇ જ જવાનું છે.

મેં કીધું ઓ. કે.

પછી ભગત કહે– આ બાજુની રૂમમાં ઘોડીયામાં બાબો સુતો છે ને તે જાગે ને તો જરા આ દુધની બાટલી આપજો ને અને જરા હીંચકાવજો ને અમે હમણાં જ આવી જઇશું.

મારા મનમાં કીધું દુધની બાટલી આપવાની કીધી એટલે હવે તમારા ચાર કલાક પાકકા પછી મોટેથી કીધું કંઇ વાંધો નહીં જાવ તમ તારે.

ઇ તો ગ્યા પણ થોડીવાર બાબલું જાગ્યું મને અજાણ્યાને જોઇને જ રોવા માંડયું. શેય છાનુ જ ના રહે આજુબાજુમાંથી લોકો આવી ચડયા. પાડોશીએ તેડયો

(અનુ પાના નં. ૪૭૨ ઉપર)

શાસન સમાચાર

મહારાષ્ટ્ર દેશે માલેગાંવ થી તીર્થરાજ શ્રી નેર નો પ્રભાવક છ'રી પાલક સંઘના અનુમોદનીય સંભારણા

પ. પૂ સુવિશાલ ગચ્છાધિરાજ, પરમ શાસન પ્રભાવક જૈનાચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના દીવ્ય કૃપાથી પ. પૂ. મહારાષ્ટ્રસંઘોપકારી, વર્ધમાન તપોનિધી જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ની શુભંકરી નિશ્રામાં પ્રભાવક ચાતુર્માસ સંપન્ન કરી ધર્મનગરી માલેગાંવથી કારતક વદ છઠ્ઠ નો શાસન પ્રભાવક તીર્થરાજ શ્રી નેર નો છ'રી પાલક સંઘ નિકળ્યો હતો. તીર્થરાજ શ્રી નેર ના તીર્થાધિપતિ ૦૮ પાર્શ્વનાથ માં ગણાતાં ૫૦૦ વરસ પ્રાચીન, તેજભરેલી શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ મડાપ્રભુ છે.

સંઘનુ પ્રયાણ ટીળક રોડથી સવારે ૭ વાગે શરૂ થઇ. સેંકડોની જનમેદની જોડાઇ હતી. માલેગાંમનો શ્રી જૈન મ્યુઝીકલ ગૃપનો બેંડ પણ જોડાઇ ગયો હતો. વિદ્યાયમાં આખું માલેગાંમ હતું. બેંડના સુમધુર સંગીતથી આકાશ ગુંજી ઉઠ્યું હતું.

સંઘમાં લગભગ ૧૭૦ યાત્રિક હતા. યાત્રિકો અંમળનેર, શિરસાડા, નિપાતી, નેર, મુંબઇ, જુન્નર સુરેન્દ્રનગર, પુના, યેવલા, માલેગામ આદિ ૧૦ ગામથી પધાર્યા હતા. યાત્રિકો ૬ વરસથી ૮૦ વરસ સુધીના આરાધકો છ'રી નું પાલન કરતા હતા. યુવાનોની પણ સંખ્યા અનુમોદનીય સંઘના ભાવના, ભક્તિ, સ્નાત્રાદિમાં સંગીતકાર શ્રી દેવેન્દ્રભાઇ માલેગામવાલા રમઝટ જમાવતા હતા. રાત્રે ભાવનામાં જૈનેતરોની સંખ્યા તો બહુ જ અનુમોદનીય હતી. પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુની આકર્ષક, મનભાવન પ્રતિમાની રોજ/રોજ 'આંગીરત્ન' શ્રી અશોક તેજરાજજી, રોકી હંસરાજ, નીતિન માંગીલાલ, મનોજ રમણલાલ, મુકેશ મોહનલાલ આદિ આકર્ષક આંગીઓ અને સજાવટ કરતા પ્રભુ પાસેથી ખસવાનું મન ન થાય.

આ સંઘમાં માલેગામના ચાર સંઘપતિઓએ લાભ લીધેલ.

(૧) શાસન પ્રભાવક જૈન રીલીજીયસ ટ્રસ્ટ હ. શ્રી જગદીશચંદ્ર શાંતિલાલ મેહતા પરિવાર, શ્રી જગદીશચંદ્ર પોતે બહુ જ ભાવનાશીલ છે. અને જીવનમાં અનેક સુકૃત કરેલ.

(૨) શ્રી વિલાસચંદ્ર મોતીલાલ શાહ પરિવાર, શ્રી વિલાસભાઇ પણ પોતે

સંઘોના દરેક કામમાં સારો એવો લાભ લે છે.

(૩) શ્રી રશ્મિન, સત્યેન રાજેન્દ્ર મેહતા રિદ્ધી સિદ્ધીવાલા પરિવાર શ્રી રાજેન્દ્રભાઇ પોતે ડો. છે. અને જીવનમાં ૧૦૮ જિનબિંબ ભરાવેલ છે. અને વિશેષ પર્વ દિને જીવોને છુડાવે છે. પોતાના બે પુત્રોને પણ આ વારસો આપેલ છે.

(૪) શ્રી નવિનચંદ્ર પન્નાલાલ પરિવાર શ્રી નવિનભાઇ દેશાવગાસિક, આદિ આદિ નિયમોનું ચુસ્ત પાલન કરતાં જીવન જીવે છે. પૂ. મુ. શ્રી રંજનવિજયજી મ. ના સંસારી પક્ષે પુત્ર છે.

સંઘના પાંચ મુક્કામ વડગામ, દહિંદી, ઠોંગરાળે, ચૌગાંવ-કુસુંબા, તીર્થ શ્રી નેર હતા. આ સંઘમાં પ. પૂ. સંયમનિષ્ઠા સાધ્વીશ્રી ચંદ્રાનનાશ્રીજી મ. ના સુશિષ્યરત્ન પ. પૂ. માતૃહૃદયા સાધ્વીશ્રી ચંદ્રાંજવલાશ્રીજી મ. આદિ ઠાણા ૪ પણ હતા.

સંઘનો પાંચે દિવસ સવારે લગભગ ૬–૩૦ કે. પ્રયાણ. પ્રયાણ પહેલા ચૈત્યવંદન પછી પ. પૂ. હજારોના તારણહાર આ. દેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના પ્રતિકૃતિને ગુરૂવંદન કરી સંઘ પ્રયાણ થતું. આ સંઘમાં બાલકો પણ પૂ. સાધુ–સાધ્વીઓ સાથે હોંશે હોંશે પ્રસન્નતાપૂર્વક ચાલતા હતાં. આ સંઘમાં સિહોર (રાજ.) માં થતાં ઉપાશ્રય માટે રૂા. ૫૧૦૦ ની ટીપ થઇ હતી. સંઘનો મુકકામ પાંચે દિવસ સ્કૂલોમાં હતો. સ્કૂલના બાલકોને સંઘપતી તરફથી ખુંદી સેવ આપતી હતી. બધા યાત્રિકોને ૫૧ રૂા. ની પ્રભાવના અને નેર થી તીર્થ શ્રી બલસાણાની યાત્રા કરાઇ હતી. સંઘમાં આવેલ બધા યુવાનોએ પૂ. ગુરૂ ભગવંતાના ઉપદેશથી સપ્તવ્યસન ત્યાગ, સામાયિક, પૂજાદિના નિયમો સહર્ષ લીધા હતા. આમ કરતાં કરતાં સંઘનો તીર્થ શ્રી નેર નો ભવ્ય પ્રવેશ થયો હતો. સામૈયામાં શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ જૈન બેંડએ આકાશ ગજાવ્યું હતું. અનેક સંઘપૂજનો થયા હતા. શ્રી પાર્શ્વ પ્રભુનું જિનાલય આવતાં બધના મન–મયુર નાચી ઉઠયા હતા. પછી સંઘમાળ, નવકારશી થઇ નવકારશીમાં ૭૦૦ જણાએ લાભ આપેલ. અને બપોરે ૨ વાગે બલસાણા માટે બે બસોએ પ્રયાણ કર્યું હતું. આવી રીતે સંઘ બહુ જ અનુમોદનીય બન્યો હતો.

પૂ. સા. શ્રી ચંદ્રોજ્જવલાશ્રીજી મ. આદિ ઠાણા માલેગામથી પૂના જવાના હતા. સમયનો અભાવ હતો પણ ચતુર્વિધ સંઘની પૂરવણી કરવા તેમજ સંઘના પ્રેમ અને વિનંતી પાછળ તેમને રોકવું પડયું. સારા માલેગાંમમાં તેમને બેનોને તેડવામાં એક સુંદર રેકોર્ડ કરેલ.

પૂ. આ. શ્રી ના નિશ્રામાં પૂ. ગણિ શ્રી ધર્મદાસવિજયજી મ. પૂ. મુ. શ્રી રત્નસેનવિજયજી મ. ની નિશ્રામાં ધુલીયા થતા ઉપધાન માળારોપણ થવાની છે. પછી નેરમાં

ઉપધાન, નેરશી બલસાણાનો સંઘ આદિ અનુષ્ઠાનો થવાના છે.

સંઘપૂજનોમાંથી નેરનાં જૈનોના ઘરોઘર ૨૦૦ કિલો સાબરના પડિકાની પ્રભાવના અને છ'રી પાલક સંઘના લગભગ ૪૫–૫૦ જણના સ્ટાફને ૫૧ રૂા. કરેઠને આપવામાં આવ્યા હતા.

ગુરુમલૈરૂ (આંધ્ર) :– આ પ્રાચીન તીર્થમાં શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણકનો મેળો ભરાયો અને પૂજા આદિ ઠાઠથી થયા.

રાજકોટ :– અત્રે પંચવટી શ્રી સંઘને આંગણે શ્રી સીમંધર સ્વામી જિન મંદિરનો શિલાન્યાસ પૂ. આ. શ્રી પુણ્યોદય સાગરસૂ. મ. તથા પૂ. કેશર સૂ. મ. ના સાધ્વી મંજુલાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી કૈવલ્ય રત્નાશ્રીજી મ. ની પ્રેરણાથી માગશર વદ ૧૦ ના શ્રીમતી શાંતાબેન જયંતિલાલ અલેચંદ ધામી (મહુવાવાળા) ના શુભ હસ્તે થયું.

પુના :– ભવાનીપેઠ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન મંદિર પિતાશ્રી મોતીલાલ ગોદાજી તથા સ્વ. માતુશ્રી હસુમતીબેનના સુકૃતોની અનુમોદનાર્થે પૂ. આ. વિજય જયકુંજરસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વર મ. ની નિશ્રામાં માગશર વદ ૩ થી ૧૨–૧૩ સુધી શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

રાણકપુર વરકાણા :– આ રોડ પર સુઠડી નદીને કાંઠે અષ્ટાપદ તીર્થ ભવ્ય નિર્માણ થઇ રહ્યું છે તેની અંજન શલાકા પ્રતિષ્ઠા મહા સુદ ૧૪ તા. ૩૦–૧–૯૯ ના પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મા. આદિની નિશ્રામાં થશે.

જીરાવલા (તીર્થ) :– અત્રે પોષ દશમના પૂ. સિદ્ધહસ્ત લેખક આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. લેખિત ૨૧ પુસ્તકોના વિમોચનનો ભવ્ય સમારોહ ઉજવાયો સંસ્કૃતિ પ્રકાશન દ્વારા સુંદર સાહિત્ય પ્રગટ થઇ રહ્યો છે તેની યોજના વિ. સુંદર જાહેર થઇ હતી.

પેદ્દતુમ્મલાર (આંધ્ર) :– અત્રે શ્રી સર્વ વિઘ્નહર પાર્શ્વનાથની છયામાં પોષ દશમનો ઉત્સવ સામુહિક અઠ્ઠમ આદિ સાથ પૂ. સા. શ્રી સંજમશ્રીજી મ. ની નિશ્રામાં શ્રી મનોજકુમાર હરણના માર્ગદર્શન મુજબ ઉજવાશે.

અમદાવાદ :– અંકુર સોસાયટી અત્રે સ્વ. પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલક સૂ. મ. ની ત્રીજી માસિક તિથિ નિમિત્તે ફા. વ. ૪–૫–૬ ત્રણ દિવસ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂ. મ. પૂ. ઉ. શ્રી મહાયશ વિ. મ. આદિની નિશ્રામાં સિદ્ધચક્ર મહાપૂજન આદિ સહિત ઉજવાયો.

અમદાવાદ (શાંતિનગર) :– અત્રે પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ. ના સફળ ચાતુર્માસનું પરિવર્તન કાર્તિક પૂર્ણિમાએ શા. બાબુલાલ લક્ષ્મીચંદ મહેતાને ત્યાં ૪૦, શાંતિનગર સોસાયટીમાં થયુ સવારે સામૈયું પ્રવચન અને બાદ શત્રુંજય પટ જુહારેલ અને આમંત્રિતની સાધાર્મિક ભક્તિ તેમણે કરી હતી.

ઉમરા (સુરત) :– અત્રે પૂ. આ. શ્રી વિજયજયઘોષ સૂ. મ આદિની નિશ્રામાં જિનાલયની પ્રથમ વર્ષગાંઠ અઠ્ઠાઇ સહિત મહોત્સવ ઠાઠથી ઉજવાઇ.

થાણા :– અત્રે પૂ. આ. શ્રી વિજય કલાપ્રભાસાગર સૂ. મ. ની નિશ્રામાં મુંબઇ તથા પરા વિસ્તારના બ્રહ્મચર્ય વ્રતધારીઓનું બહુમાન સંઘવી કુંદનમલ ભૂતાજી થાણા તરફથી રાખેલ. ૪૫૦ બ્રહ્મચર્યધારીઓનું શાલ માળા સીક્કા તથા રોકડથી બહુમાન થયેલ આ. મ. આદિએ પ્રાસંગિક પ્રવચન આપ્યા.

રાંદેર રોડ – સુરત (પાલણપુર પાટીયા) :– અત્રે પૂ. ગણિવરશ્રી અક્ષયબોધિ-વિજયજી મ. ના ઉપદેશથી ગૃહમંદિરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા ઉપાશ્રય ઉદ્ઘાટન નિમિતે અષ્ટાહ્નિકા મહોત્સવ માગશર સુદ ૧૧ થી માગશર વદ ૩ સુધી ઉજવાયો આ પ્રસંગ માગશર સુદ ૧૫ ના પૂ. આ. શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ. આદિ સસ્વાગત પધાર્યા હતા.

(અનુ. પાના ૬૬૮ નું ચાલુ)

તો તરત શાંત થઇ ગયો. સાલો હવે મને અજાણ્યાને જોઇને બધાં પૂછે કે – 'તમે કોણ છો ?

હું વગર લેવાદેવાનો તેમની નજરકેદમાં પૂરાયો.

એમાં વળી થોડા ૨ કલાક જેટલા સમય પછી કોઇ ઓળખીતું નીકળ્યું. કહે – ભદ્રંભદ્ર તમે અહીં કયાંથી ? મેં બધી વિગતે વાત કરીને પરાણે મોઢું હસતું રાખ્યું છેવટે મારી વાત પૂરી થઇ ત્યાં જ પેલા ભગત આવ્યા. અને ત્યાર પછી જ

મારા જીવમાં જીવ આવ્યો.

પછી તો હું હુઇ ગયો. વહેલું પડે હવાર.

પણ છેલ્લા ૪ કલાક ભોં ભારે કરી ગયા હોં. હોય છે તો સુખની ડારે હારે દુઃખ પણ હોય જ ને ?

આત્મ પ્રબોધક પ્રસંગો (૨) પાપભીરૂતા કેળવો !

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેશ્વરદેવની પૂજા–ભક્તિ, ઉપાસના કરનારો ઉપાસક વર્ગ વારતહેવારે પ્રભુ આગળ 'મારા મનના મનોરથો ફળો' એવી પ્રાર્થના–માગણી કરે છે. આપણે વિચાર એ કરવો છે કે વિવેકી ધર્માત્માના મનોરથો શું હોય કે હોવા જોઇએ ? તેનો ખુલાસો શાસ્ત્રકાર પરમર્ષિઓ સુંદર રીતના સમજાવ્યો છે. 'પ્રાર્થના સૂત્ર' શ્રી જયવીયરાય સૂત્ર બોલનારો અને તેના પરમાર્થને સમજનારો પૂજક માત્ર સમજે છે કે, ધર્માત્માના મનોરથ શું હોય ? જે વિવેકી ધર્માત્મા 'ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટ ફલસિદ્ધિ, લોગ વિરુધ્ધકાર્યોનો ત્યાગ, ગુરૂજનની પૂજા અને પરાર્થકરણ' સ્વરૂપ લૌકિક સૌંદર્યની માગણી કરે તે આત્મા ભગવાન પાસે સંસાર મનોરથો માગે ખરા કે ધર્મ સંબંધી જ મનોરથો પ્રાર્થે ? સંસાર છૂટે, વિરાગગુણ પેદા થાય અને વીતરાગતા પ્રગટે તે સિવાય બીજા મનોરથો ધર્મીના હોય ખરા ? વિરાગ ભાવ સાથે સમાધિ જોડાયેલ છે. સુખ માત્રમાં ઉદાસીનતા તે વિરાગ છે અને દુ:ખોને મનથી સહન કરવાની વૃત્તિ તે સમાધિ છે.

આ વાત સમજે તે ભગવાનને એમ ન કહે કે– 'ભગવાન મારૂં સારું કરજો' પણ કહે તો એમ જ કહે કે-'ભગવાન સારો બનાવજે' સારાપણું ત્યારે જ પ્રગટે કે આત્માનું ખોટાપણું કે ખરાબી દેખાય, તેનાથી બચવાનું મન થાય. સંસારી લાલસાઓ વધવાથી કે વધારવાથી આજે શાસ્ત્રાનુસારી સારા વિચારો પણ પેદા થતા નથી. તેથી જ સારી કથાઓમાંથી ફાવતી વાત લેવાય છે અને તત્ત્વની વાતની બાદબાકી કરાય છે. પછી આત્મા સારો બને શી રીતે ? જેમ શ્રીપાલરાજાની કથા કે રાસમાંથી 'રોગ ગયો અને સંપદા પામ્યા' તેટલું જ યાદ રખાય તો પરિણામ શું આવે ! તે ધર્મક્રિયા પણ પાપકથા બને અને આત્મા ઉર્ધ્વગતિને બદલે અધોગતિગામી બને. આવી દશાથી બચવા આ બધી વિચરણા ખૂબ જ જરૂરી છે, અનિવાર્ય પણ છે. તે માટે જ આ પ્રયત્ન છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી

પ્રભુ વીર જય વર્તે

સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* મન-વચન-કાયાને ઉપયોગ વિના પ્રવર્ત્તાવવા તે અસંયમ!
* આજના નિયમધારી મોટે ભાગે અવિરતિના ગાઢ પ્રેમી. તેમના નિયમ પણ કંથા જેવા.
* વિષય-કષાયથી જીવ બંધાય છે. વિષય-કષાયે આખા જગતને જીતી લીધું છે. જે જીવ વિષય-કષાયને જીતે તે જ 'જીવ સંયમ' પામે.
* જગતના કોઇ પદાર્થ પર મમતા નહિ તેનું નામ નિઃસંગતા.
* દુનિયાના કોઇ કામમાં કામ ન આવે તેનું નામ ભગવાનનો સાધુ!
* જગત કરતાં ભગવાનનો સંબંધ જુદો. જગત માત્ર હોય તો હજી દ્રવ્યદયાનો સ્વામી પણ ભગવાનનો સંબંધ તો ભાવ દયાનો જ સ્વામી તે પણ દ્રવ્યપૂર્વકની.
* જ્ઞાન જ એનું નામ જે મોહને રાંકડો કરી દે.
* છતી શક્તિએ ચરણથી દૂર રહેનારો જ્ઞાની જ્ઞાનનો જ બોજો ઉપાડનાર છે. સદ્ગતિ તેના કપાળમાં છે જ નહિ, ભણીને તે દુર્ગતિમાં જ જવાનો છે
* 'અધર્મ કરવો નહિ. ધર્મ ચૂકવો નહિ' તેનું નામ મરવાની તૈયારીવાળું જીવન.
* દુઃખમાં રૂવે સુખમાં હસે તેનો મોક્ષ લાંબો થાય!
* નવકાર ગણનારને દુઃખ ન આવે તેમ નહિ પણ તે દુઃખી ન હોય.
* સઘળાં ય પાપની જડ સુખ! સઘળાં ય દુઃખનું મૂળ પાપ! પાપનું મૂળ સુખ! તે સુખ જ્યાં સુધી ભૂંડું ન લાગે ત્યાં સુધી મોક્ષની ઇચ્છા ન થાય.
* મનુષ્યદેહ વિના મોક્ષ નહિ. અને તે દેહનું મમત્વ હોય ત્યાં સુધી પણ મોક્ષ નહિ.
* આખો સંસાર મોહમાં છે. તે મોહને ઓળખે તેનું નામ ભગવાનનો સંબંધ!
* જેણે મોહને માર્યો અને આખા જગતને મોહ મારવાની કળા શીખવવાનો માર્ગ સ્થાપ્યો તેનું નામ શ્રી અરિહંત પરમાત્મા!

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

* જગતમાં તેઓ ધન્ય છે !

ते धन्याः पुण्यभाजस्ते,
तैस्तीर्णः क्लेशसागरः ॥
जगत्सम्मोहजननी,
यैराशाऽऽशीविषी जिता ॥

જેઓ વડે જગતને સંમોહન કરનારી આશા રૂપી સર્પિણી જીતાઇ ગઇ (અર્થાત્ જેઓએ આશાને જીતી લીધી છે) તેઓ જ જગતમાં ધન્ય છે, પુણ્યને ભજનારા છે, તેઓ વડે ક્લેશરૂપી સાગર તરાયેા છે.

વર્ષ ૧૧

અંક ૧૯+ ૨૦

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પીતામ્બર અને ઇશ્વરદાન

સૌરાષ્ટ્રમાં જામનગરના રાજા જામસાહેબ હતા. તેમના દરબારમાં પીતામ્બર પંડિત મોભરાનું સ્થાન ભોગવતા. આ પંડિત ખૂબ ઇશ્વરનિષ્ઠ હતા. એકવાર એક સરસ્વતી પુત્ર (ચારણ) મારવાડથી દ્વારકા જતા હતા. તેમનું નામ ઇશ્વરદાન ગઢવી હતું. તે જામનગર દરબારમાં આવ્યા. પુરસ્કારની આશાથી એમણે જામ નરેશની પ્રશંસા કરતું સુંદર કાવ્ય રચીને સંભળાવ્યું. દરરોજ નવી નવી ઉપમાઓ દ્વારા તે રાજાની સ્તુતિ કરવા લાગ્યા. રાજાને સૂર્ય, ચંદ્ર, સરોવર, સાગર, દેવ, લોકપાળ એવી જાત જાતની ઉપમાઓ દ્વારા વિભૂષિત કરતા હતા.

રાજા અને દરબારમાં આવતા બધા જનો હર્ષથી વિભોર થઇ ઉઠતા હતા. સરસ્વતી પુત્ર માટે મનોમન ખૂબ સારા વિશેષણો વાપરતા. પરંતુ રાજાને એક નિયમ હતો કે, જ્યારે પીતામ્બર પંડિત ખુશ થઇને પુરસ્કાર આપવા કહે ત્યારે જ પુરસ્કાર આપવામાં આવતો ! ત્યાર પહેલાં નહિ જ.

ઇશ્વરદાન ગઢવીની કવિતાઓ અને તેમની મોહકવાણીથી બધા જ લોકો ખુશ થઇ ચુક્યા હતા, પણ કોણ જાણે કેમ ? પીતામ્બર પંડિતને આ બધું સારૂં લાગતું ન હતું. તે મૌન સેવતા હતા. પીતામ્બર પંડિત ગઢવીની અનોખી શક્તિથી ખૂબ ખુશ થયા હતા, પણ તે એમ વિચારતા હતા કે, આવી ભવ્ય=પ્રતિભા માત્ર રાજાનું જ મન ખુશ કરવાના મર્યાદિત હેતુ માટે વપરાય, તે યોગ્ય નથી ! આવી પ્રતિભા સંપન્ન વ્યક્તિએ તો પોતાની શક્તિ પ્રભુકીર્તન, ધર્મકીર્તન અને સદ્‌ગુણોના વખાણ કરતા ગીતો રચવામાં વાપરવી ઘટે !

ઇશ્વરદાન ગઢવી રાજાની સ્તુતિ કરતા કરતા થાકી ગયા, પરંતુ પીતામ્બર પંડિત પ્રસન્ન ન જ થયા. આથી ઇશ્વરદાન ગઢવીના મનમાં એક અયોગ્ય વિચાર ધસી આવ્યો. એમના મનમા એમ થયું કે, પીતામ્બર પંડિતના મનમાં મારા માટે અભાવ છે. મારી પ્રતિભાની તેમને ઇર્ષ્યા થઇ રહી છે, આ જ કારણથી તે રાજાને પુરસ્કાર આપવાનું સૂચન કરતા નથી અને મારા માર્ગમાં વિઘ્ન ઉભું કરી રહ્યા છે. આ વિઘ્ન દૂર કરવા માટે મારે કાંઇક રસ્તો વિચારવો પડશે ! આમ વિચારીને ગઢવી પંડિતના ઘેર પહોંચ્યા.

આ સમયે પીતામ્બર પંડિત પોતાના પત્ની સાથે તેમની જ બાબતનાં વાર્તાલાપ કરી રહ્યા હતા. પંડિતજી પોતાની પત્નીને કહી રહ્યા હતા કે, મારવાડથી આવેલા


(જુઓ ટાઇટલ ૩ જુ)

આચારદેવાધિરાજ પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ



વર્ષ ૧૧] ૨૦૫૫ પોષ સુદ-૧૧ મંગળવાર તા. ૨૯-૧૨-૯૮[અંક : ૧૯-૨૦

વાર્ષિક ૩. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-૮ સોમવાર તા. ૩-૮-૯૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૨૯ મું**) અવ૦)

નાણાહિઓ વરતરં, હીણો વિ હુ પવયણું પભાવન્તો ।
ન ય દુક્કર કરંતો, સદ્દહુ વિ અપ્પાગમો પુરિસો ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્યભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી રહ્યા છે કે- સાચું અને વાસ્તવિક સુખ મોક્ષમાં જ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. તે ત્રણે પરિપૂર્ણ થાય તો જ મોક્ષ મળે બાકી એકની પણ ખામી હોય તો મોક્ષ મળે નહિ. તે માટે સમજાવી આવ્યા કે- ક્ષાયિક સમકિતના ધણી એવા પણ આત્માઓને પહેલેથી નરકનું આયુષ્ય બંધાઇ જવાના કારણે ચારિત્રને પામી શકતા નથી અને નરકમાં ગયા છે. આજે તો મોટાભાગની શ્રધ્ધામાં જ ખામી છે. સમ્યગ્દર્શન પેદા થયા પછી જ સમ્યગ્જ્ઞાન થાય અને સમ્યક્ચારિત્ર આવે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી સમ્યક્ચારિત્ર આવે પણ નહિ.

તેથી જ નવપૂર્વનું જ્ઞાન ભણેલા પણ સમ્યગ્દર્શન પામ્યા વિનાના જીવને

જ્ઞાનિઓએ અજ્ઞાની કહ્યો છે. "સમકિત વિણ નવ પૂર્વી અજ્ઞાની કહેવાય" આ કડી પૂજામાં કેટલી વાર સાંભળી છે? તેવી રીતે સમજ શક્તિ હોવા છતાં રત્નત્રયી પામવાનો હેતુ પણ ન હોય તો સારામાં સારું ચારિત્ર પાળે પણ તો તે ય કાયકષ્ટકારી બને છે. રત્નત્રયી પામવાની ઇચ્છા થાય એટલે જીવની સંસાર તરફથી દૃષ્ટિ ઊઠે અને મોક્ષ તરફ દૃષ્ટિ થાય. જેને મોક્ષનો ખપ નહિ, મોક્ષે જવાનું મન નહિ તેને સમ્યગ્દર્શન થાય નહિ, તેની દૃષ્ટિ સંસારથી ઊઠે નહિ, મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ પણ સમજે નહિ સમ્યગ્દર્શનનો જેનામાં અભાવ હોય અને સમ્યગ્દર્શન પામવાનું પણ મન ન હોય તો તે ગમે તેટલું ભણે, ગમે તેવું ચારિત્ર પાળે તો ય સફલ ન થાય.

જેને સમ્યગ્દર્શનની ઇચ્છા નથી તે તો સંસારનો જ રસિયો હોય, તેને સંસાર જ ગમે તે સારી પણ ક્રિયા સંસારના સુખને માટે, માન-પાનાદિને માટે કરે પણ આત્માના કલ્યાણને માટે ન કરે. આ ચારિત્ર ધર્મનો મહિમા સમજનારા જીવો સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પામવાની ઇચ્છાવાળા હોય! જેને સમ્યગ્જ્ઞનની ઇચ્છા નથી, સમ્યક્ચારિત્ર પામવાનું મન નથી તેનો મોક્ષ થાય? જેનામાં સમ્યગ્જ્ઞાનનો અભાવ હોય અને મેળવવાની ઇચ્છા પણ ન હોય તો તેવા જીવો મોટા તપસ્વી હોય, સારામાં સારું ચારિત્ર પાળે તો પણ તેવા અજ્ઞાની જીવોનું કલ્યાણ થતું નથી, પરન્તુ અજ્ઞાનતાના યોગે તેઓ શાસનને પણ નુકશાન પહોંચાડે છે.

હવે આ પરમર્ષિ એ વાત સમજાવી રહ્યા છે કે, કોઇ જ્ઞાનથી અધિક હોય પણ ચારિત્રથી હીન હોય છતાં પણ ભગવાનનો માર્ગ જેવો છે તેવો યથાર્થપણે સમજાવતો હોય અને તે દ્વારા શાસનની પ્રભાવના કરતો હોય તે તેને પણ વખાણવા જેવો છે. સમ્યક્ ચારિત્ર ઊંચામાં ઊંચું પળાય તેવી શક્તિ બધાની ન હોય. પણ તેવી શક્તિ વગરના આત્મામાં સમ્યગ્જ્ઞાન સારામાં સારું હોય અને તે પોતે જગતની આગળ પોતાની ખામી કબૂલ કરે કે-'આ મારી ભૂલ છે, ખામ છે પણ ભગવાને તો આમ આમ કરવાનું કહ્યું છે અને કરવા જેવું તે જ છે. તમે મારી સામું ન જૂઓ પણ ભગવાને જે રીતે કરવાનું કહ્યું તે રીતે કરો તો કલ્યાણ થશે' અને આ રીતે માર્ગને યથાર્થ સમજાવે તો તે પણ સારો જીવ છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માએ મરિચીના ભવમાં સંયમના કષ્ટથી ગભરાઇને ત્રિદંડી મત સ્વીકાર્યો. તેના નવા વેષને જોઇને કુતુહલથી લોકો તેમની પાસે આવતા તો તેઓ ભગવાનનો માર્ગ જેવો હતો તેવો જ લોકોને બતાવતા. અને લોકો પૂછતા કે તમે તે પ્રમાણે આચરણ કેમ નથી કરતા તો તેઓ

કહેતા કે-'મારી ખામી છે, હું કાયર છું, મોહ રૂપી ચોરથી જોવાયેલો છું. મારી સામું ન જૂઓ પણ જંગલમાં ભૂલા પડેલાને ભીલે બતાવેલા માર્ગની જેમ, રોગી એવા વૈદ્યે બતાવેલા ઔષધની જેમ અને ચંડાળે આપેલા મણિની જેમ આ સત્ય માર્ગને સ્વીકારો.' એમ કહીને અનેક જીવોને પ્રતિબોધીને ભગવાન પાસે દીક્ષા લેવા માટે મોકલતા હતા,

જેમ આવા જ્ઞાની શાસનની પ્રભાવના કરે છે તેમ ઘણા સારા ચારિત્રી હોય પણ સાચું સમજતા ન હોય તો પોતાની અણસમજના યોગે શાસનને ઘણું ઘણું નુકશાન કરે છે.

જેમ સાધુપણું અને શ્રાવકપણું એ મોક્ષનો માર્ગ છે તેમ સંવિગ્નપણાને ય મોક્ષમાર્ગ કહ્યો છે. જે જીવ મોક્ષનો જ અર્થી છે. મોક્ષે જવા માટે જે કરવા જેવું છે તે કરવાની જેની શક્તિ નથી, પ્રમાદાદિના યોગે જેનામાં શિથીલતા આવી હોય છે પણ માર્ગનો જ્ઞાતા પૂરેપૂરો છે તેવો જીવ જ્યારે જ્યારે માર્ગની પ્રરૂપણા કરે ત્યારે ત્યારે પોતાની જાતની નિંદા કરે, પોતાની ખામી કબૂલ કરે એટલું નહિ પોતે કોઇનું વંદન લે નહિ પણ સુવિહિતોને વંદન કરે. પોતાથી પ્રતિબોધ પામેલાઓને પોતે દીક્ષા આપે નહિ પણ સુવિહિતોની પાસે દીક્ષા અપાવે પણ ભગવાનનો માર્ગ આવો જ છે એમ નિરૂપણ કરી શાસનની ખૂબ ખૂબ પ્રભાવના કરે. મોટો તપ કરવો કે કષ્ઠ વેઠવું તે જુદી ચીજ છે, સત્યાસત્યનો પક્ષ કરવો તે ય જુદી ચીજ છે. તે માટે સાચું-ખોટું સમજવું પડે અને સમજ્યા પછી અસત્યનો પક્ષ ન કરવો અને સત્યનો જ પક્ષ કરવો તે મોટામાં મોટો ગુણ છે. બહુ તપ કરનારા અણસમજુ હોય તો ક્યારે ખોટું બોલી નાખે છે કે જેથી માર્ગને જ હાનિ પહોંચે છે.

જેમ સમ્યકચારિત્રનો ઘણો ઘણો મહિમા છે તેમ સમ્યગ્જ્ઞાનનો પણ ઘણો ઘણો મહિમા છે. તે બે આવે કોનામાં ? સમ્યગ્દૃષ્ટિમાં કે સમ્યગ્દર્શન પામવાની ઇચ્છાવાળામાં સમ્યગ્દૃષ્ટિ કોણ હોય ? દુનિયાના સારામાં સારા સુખમાં મૂંઝાય નહિ અને ગમે તેવા દુઃખમાં દીન થાય નહિ તે. તે તો માને કે 'આ સંસાર રહેવા જેવો જ નથી પણ છોડી દેવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે અને તેનું સાધન સાધુપણું મેળવવા જેવું છે.' સંસારના સુખનું વર્ણન વાંચવા છતાં ય, જાણવા છતાં ય તે તરફ આકર્ષાય જ નહિ. જ્યારે જેનામાં સમ્યગ્દર્શન છે નહિ કે પામવાની ઇચ્છા પણ નથી તેવા જીવો ગમે તેટલું ભણે કે સારું ચારિત્ર પાળે તો પણ તેમની દૃષ્ટિ સંસાર તરફ જ હોય છે.

શાસ્ત્રે તો કહ્યું છે કે– સંસારના સુખે સુખી થવાની ઇચ્છાવાળા જીવો દુઃખી જ થવાના છે તેવો જીવ ક્યારે હિંસક–જુઠ્ઠો–ચોરટો–બદમાશ–હરામખોર-બધા અપલક્ષણે પૂરો બને તે કહેવાય નહિ. સંસારનાં સુખ ભલે પુણ્યથી મળતા હોય તો પણ ખરાબ જ છે. શાસ્ત્રે સંસારના સુખને કિંપાકના ફળ જેવાં કહ્યાં છે તે વાત આપણે જોઇ આવ્યા છીએ. કિંપાકનાં ફળ આપણે જોયાં નથી પણ શાસ્ત્રમાં તેનું વર્ણન આવે છે કે કિંપાકના ફળ દેખે રૂપાળાં, સ્પર્શે સુકોમલ, સ્વાદે મીઠાં મધુર અને ગંધે સુગંધીવાળાં હોય છે પણ ખાતાની સાથે જ પ્રાણને હરનારાં હોય છે. તેમ જેમ આ સંસારનાં સુખ પુણ્યથી મળ્યાં હોય તો ય ભૂંડાં, ભૂંડાં ને ભૂંડાં જ છે, અગ્નિ બાવળનો હોય કે ચંદનનો પણ બાળે, બાળે ને બાળે જ. તેથી જ સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્દર્શનને પામવાની ઇચ્છાવાળા જીવો સંસારના સુખે સુખી તરીકે જીવવાને ન ઇચ્છે પણ સારા તરીકે જીવવાને ઇચ્છે.

જેને સારી રીતે જીવવું હોય તેને ઘણું વેઠવું પડે. વખતે ખાવા ય ન મળે તો પણ તે હૈયાથી સુખી જ હોય. લોક કહે કે–ધર્મ કર્યો માટે ભિખારીને ભિખારી રહ્યો તો તે કહે કે–"ખરાબ કામ નહિ કરતાં અને સારાં કામ કરતાં ભિખારી રહેવું તેમાં ય ગૌરવ છે." તેથી તે આ લોકમાં ય મઝામાં હોય અને પરલોકમાં પણ તેની સારી ગતિ થાય. તમને બધાને આજની દુનિયાનો અનુભવ નથી? આજના શ્રીમંતો ચોરની માફક જીવે છે; પૈસા ક્યાં નાખવા તેની ચિંતામાં છે, તરકડા જેવા નોકરોના ય ગુલામ થઇને જીવે છે, ચિંતાનો બોજ માથા પર લઇને ફરે છે, કે લાકને તો ઊંઘ પણ આવતી નથી અને ઊંઘની ગોળી પણ કામ કરતી નથી.

માટે તમે બધા ધર્મ કરનારા જીવો છો, સમજીને ચાલો. તમે બધા શક્તિ જેટલો પણ ધર્મ કરો છો? ગૃહસ્થને દાન ધર્મ પહેલો કહ્યો છે તે ખૂબ કરો છો? શક્તિ મુજબ દાન નહિ કરવા છતાં તમને તમારી ખામી જણાય છે? બહુ દાન કરનાર હોય, સારું શીલ પાળનાર હોય, ભારે તપ કરનાર હોય પણ જો સમ્યગ્દર્શન તેનામાં ન હોય અને તે સમ્યગ્દર્શનને પામવાની ઇચ્છા પણ ન હોય તો તે સંસારનો રસિયો છે. તમે શેના રસિયા છો? સમ્યગ્દૃષ્ટિ કાં તે પામવાની ઇચ્છાવાળાને જેટલો ધર્મ કરે તેટલો ઓછો લાગે. લોભીયાને કેટલા પૈસા મળે તો સંતોષ થાય? તેને ગમે તેટલા પૈસા મળે તો જેમ ઓછા લાગે તેમ ભગવાનના શાસનની શ્રદ્ધાવાળાને પોતે જેટલો ધર્મ કરે તેટલો ઓછો જ લાગે! દુનિયાના લોભીને લાખો કે કરોડો રૂા. પણ ઓછા લાગે, મારી પાસે કાંઇ નથી તેમ તે માને તેની જેમ સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મનો લોભી હોય, મોક્ષનો લોભી હોય. તે સમ્યગ્દર્શન છે કે નહિ એ રોજ વિચારે. (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૦] —શ્રી રાજુભાઇ પંડિત

(૪૦) નિયાણું, સુખ-ખાતર ધર્મની સોદાબાજી

હે મુનિવર ! આ પાંચાલીના પાંચ પતિ શી રીતે થયા ?

હે કૃષ્ણ વાસુદેવ ! આ તો તેના પૂર્વજન્મનું નિયાણું છે, તેથી તેના પાંચ પતિ થયા છે, આ અંગે હવે બીજુ કશું વિચારવાથી સર્યું. આમ કહી ચારણમુનિએ દેશનાને અંતે કૃષ્ણ વાસુદેવના પ્રશ્નનો ઉત્તર આપ્યા પછી કહ્યું કે–

ચંપા નગરી, સોમદેવ – સોમભૂતિ અને સોમદત્ત એ ત્રણ સગા ભાઇઓ હતા. તે ત્રણે બ્રાહ્મણોને ક્રમશઃ નાગશ્રી – ભૂતશ્રી તથા યક્ષશ્રી નામે પત્ની હતી. ત્રણેયનો પરસ્પરનો સ્નેહ હોવાથી વારાફરતી ત્રણેય ભાઇઓ કોઇપણ એક જ ભાઇના ઘરે સાથે જમતા હતા. (આમ ઘણો સમય વીતી ગયો)

એક વાર નાગશ્રીના ઘરે ભોજનનો અવસર હતો. કળાકુશળ નાગશ્રીએ કિંમતી મસાલા તથા દ્રવ્યો ભેળવીને સુંદર રસોઇ બનાવી હતી. પરંતુ તેમાં તેણે તુંબડીનું શાક બનાવ્યું હતું. તુંબડી કડવી હતી તેની તેને ખબર ન હતી. તુંબડીનું શાક તૈયાર થઇ ગયા પછી કેમે કરીને નાગશ્રીને કડવી તુંબડીના શાકનો ખ્યાલ આવી ગયો. ઘણાં ઉંચી જાતના તથા કિંમતી મસાલા નાંખીને બનાવેલ તે શાક ફેંકી દેવાનો નાગશ્રીનો કૃપણતાને લીધે જીવ ના ચાલ્યો. આથી તે શાક તેણે એક બાજુ પર મૂકી રાખ્યું. સમય થતાં ભાઇઓ જમવા આવ્યા તેમને બીજી સુંદર રસોઇથી ધરાઇને જમાડયા. સ્વાદિષ્ટ રસોઇ જમ્યા પછી અમૃત ખાધુ હોય તેમ ખુશ થયેલા ત્રણે ભાઇઓ બહાર ગયા.

આ અવસરે સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના એક આચાર્ય ભગવંત સમોસર્યા હતા. તેમના ધર્મરૂચિ નામના એક માસક્ષમણના મહાતપસ્વી શિષ્ય અણગાર કે જે ગોચરી માટે તે જ નાગશ્રીના ઘરે આવી ચડયા. નાગશ્રીએ વિચાર્યું – 'કડવી તુંબડીનું પેલું શાક નકામુ ન જાય અને આ મુનિવર સંતોષાયા ગણાય' એમ વિચારીને તે ઝેરીલું શાક માસક્ષમણના પારણાથી મુનિવરના ભવતારક સુપાત્રમાં વહોરાવી દીધુ. વસતિએ પાછા ફરેલા મુનિવરે ગુરૂદેવને તે શાક બતાવ્યું. ગુરૂદેવે તેની ગંધ સુંઘતાં જ કહી દીધુ – વત્સ ! જો આ શાક ખવાશે તો તત્કાલ મૃત્યુ થશે. તેથી કયાંક વિશુદ્ધ – જીવ જંતુરહિતની સ્થંડિલ–ભૂમિમાં જઇને તે પરઠવી દે.''

ગુરૂવરના આદેશથી (પારણું કર્યા વગર જ) ધર્મરૂચિ અણગાર નગરની બહાર નીકળ્યા. પણ આગળ જતાં તે પાત્રમાંથી કેમે કરીને એક ટીપુ ધરતી ઉપર પડી ગયું.

(પાત્રમાંથી પડેલી ગોચરીના બિંદુ કે કણથી ખેંચાઇને કીડીઓ આવે અને અજયણાથી ચાલે ત્યારે તે ટોળે વળેલી કીડીઓના એક સાથે મોત થઇ જાય. આથી પાત્રમાંથી એક કણ કે બિંદુ પડી ન જવાની પૂરતી કાળજી મુનિવરો રાખતા હોય છે. અને પડી ગયેલ હોય તો તેને જાળવીને લઇ લે છે કે લૂંછી નાંખે છે.)

અહીં પણ પડેલા કડવી તુંબડીના શાકના એક બિંદુની અપૂર્વ સુગંધથી ઝડપથી કીડીઓ ખેંચાઇને આવવા લાગી. અને તે રસને ચાખવા લાગી. રસને ચાખવા જતાં જ તે કીડીઓ પોતાના પ્રાણ તજવા લાગી. મરી રહેલી કીડીઓને જોતાં અત્યંત સંવેગ પામેલા મુનિવરે વિચાર્યું કે –

"જો શાકનું એક જ બિંદુ આટલી બધી કીડીઓને હણી નાંખતુ હોય તો આ બધુ શાક જ્યાં પરઠવાશે તે ભૂમિ ઉપર તો કેટલાંયે જીવો પોતાના પ્રાણ તજી દેશે. તેથી કરોડો પ્રાણીના પ્રાણનો વિનાશ વેરાય તે કરતા તો એકલા મારા પ્રાણનો નાશ વધુ શ્રેષ્ઠ છે. આમ વિચારીને રોમાંચ સહિત તે મુનિવરે (આખરે તે જ શાકથી પારણું કર્યું.) તે જ શાક વાપર્યું. સિદ્ધ ભગવંત પ્રત્યક્ષ પોતાના અપરાધોની આલોચના કરીને આખરે સમાધિથી યુક્ત તે મુનિવર કાળધર્મ પામી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ બન્યા.

બીજી તરફ ધર્મરૂચિ અણગારને સ્થંડિલ ભૂમિથી વસતિમાં પાછા ફરતાં ઘણો વિલંબ થવાથી ચિંતિત બનેલ ધર્મઘોષાચાર્યજી એ બીજા મુનિવરોને તેમની તપાસ કરવા મોકલ્યા. તે મુનિને પ્રાણ રહિત જોઇને તેના રજોહરણાદિક ગ્રહણ કરીને ગુરૂ ભગવંતને સમર્પિત કર્યા. અને આચાર્ય ભગવંતે સૂક્ષ્મ જ્ઞાનના ઉપયોગથી તે અણગારના કડવી તુંબડીના ભક્ષણથી થયેલા મરણને તથા નાગશ્રીને તે વહોરાવવા વખતના વૃતાંતને જાણીને સર્વ મુનિવરોને કહ્યો. લોકોમાં ધીરે ધીરે આ વાત ફેલાતા કોઇપણ રીતે નાગશ્રીનો વૃત્તાંત સોમદેવાદિના જાણવામાં આવ્યો. તે બ્રાહ્મણે એ અત્યંત રોષ સાથે નાગશ્રીને કાઢી મૂકી. લોકોથી ધિક્કારાતી તે બધે ભટકતી રહી. આખરે શરીરમાં ખાંસી, શ્વાસ, જવર, કોઢાદિ જેવા ભયાનક સોળ–સોળ રોગો ઉત્પન્ન થયા. આથી તેણે આ જનમમાં જ ભયાનક નરકની વ્યથા વેઠવી પડી. ભૂખ અને તરસથી પીડાતી, ભીખ માંગતા તથા પાણી માંગતા પણ ડગલેને પગલે લોકો વડે ધૂત્કારાતી દુઃખી દુઃખી થઇને ભમતી તે આખરે મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગઇ. ત્યાંથી નીકળીને માછલી થઇ પાછી સાતમી નરકે પાછી માછલી પાછી ફરી સાતમી નરકે એમ કરેક નરકમાં બબ્બે વાર ઉત્પન્ન થઇ. નરકમાંથી નીકળીને પૃથ્વિકાય આદિમાં અસંખ્યવાર ઉત્પન્ન થઇ.

આમ ભમતા ભમતાં કર્મની લઘુતા થતાં તે નાગશ્રી ચંપા નગરીમાં સાગરદત્ત અને સુભદ્રાની સુકુમારિકા નામે પુત્રી થઇ.. જિનદત્ત તથા ભદ્રાદેવીનો ત્યાં સાગર નામનો પુત્ર હતો. જિનદત્તે એકવાર ગોખમાં ઉભી રહેલી સુકુમારિકાને જોઇને આ મારા પુત્ર માટે યોગ્ય છે તેમ સમજી સાગરદત્ત પાસે તેની માંગણી કરી. પરંતુ સાગરદત્તને સુકુમારિકા અત્યંત વહાલી હોવાથી સાગર વરજમાઇ બને તો જ તેની સાથે પરણા–વવા તૈયારી બતાવી. સાગર તે રીતે પણ તૈયાર થતા બન્નેના લગ્ન થયા.

રાતના સમયે સુકુમારિકાના વાસાગારમાં સાગર આવ્યો. પરંતું પૂર્વકર્મના વિપાકથી સુકુમારિકાના શરીરમાંથી નીકળતા અંગારા જેવા સ્પર્શથી તે સુકુમારિકાને છોડીને પાછો પોતાના ઘરે આવતો રહ્યો. માતા–પિતાએ સાગરને ઘણું સમજાવતા સાગરે છેવટનો નિર્ણય કહ્યો કે– 'હું અગ્નિમાં મરી જઇશ પરંતુ સુકુમારિકા પાસે નહિ જઉ.'

આથી સાગરદત્તે પણ સુકુમારિકાને કહ્યું કે 'પુત્રી ! દુઃખ ના કરીશ. તારા માટે અન્ય પતિ શોધીશું.

એક વખત ગવાક્ષમાં રહેલા સાગરદત્તે એક કોપીનધારી બાવાને બોલાવીને સ્નાન-પાન – સુંદર વસ્ત્રાદિ આપીને સજ્જ કર્યો અને તેને કહ્યું – આ સુકુમાલિકા તને આપુ છું મારી બધી લક્ષ્મીને ભોગવતો તું અહીં જ સુખેથી રહે.

રાત્રે તે ભિક્ષુ સુકુમારિકા સાથે જ વાસભવનમાં ગયો. અને તેણીના શરીરના સ્પર્શથી અંગારામાં ફૂબેલો હોય તેમ તે પોતાને માનવા લાગ્યો. આથી સવાર પડતાં જ પોતાનો જુનો વેશ ધારણ કરીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

આથી રડી રહેલી સુકુમારિકાને પિતાએ કહ્યું – 'વત્સે ! તારા પૂર્વના કર્મનો આ વિપાક છે. બીજું કોઇ કારણ નથી. તેથી તું હવે કાન દેતી જ સુખેથી શાંતમન-વાળી થઇને રહે.'

આથી હવે સુકુમારિકા ધર્મમગ્ન બની. સમય જતાં ગોપાલિકા નામના સાધ્વી-આર્યાના પરિચયથી વૈરાગ્ય પામી તેમની પાસે દીક્ષા લીધી. છઠ્ઠ – અઠ્ઠમાદિ તપશ્ચર્યા કરતી સુંદર આરાધના કરી રહી હતી.

એક વખત આર્યા સુકુમારિકાએ ગુરૂ આર્યાને સૂર્ય સામે નજર રાખી આતાપના કરવાની ઇચ્છા જણાવતાં ગુરુ આર્યાએ સાધ્વીને શાસ્ત્રોમાં આતાપના નિષેધની વાત કહી. પરંતુ સુકુમારિકા સાધ્વીએ તે વાત માની નહિ અને ઉદ્યાનમાં સૂર્ય સામે નજર રાખીને આતાપના શરૂ કરી કે તરત જ તેની નજર એક દેવદત્તા નામની ગણિકા ઉપર

પડી. તે ગણિકા (વેશ્યા) એક પુરૂષના ખોળામાં બેઠી હતી. બીજા પુરૂષના બે ળામાં પગ રાખ્યા હતા. ત્રીજો પુરૂષ તેના કાનમાં કુંડળ પહેરાવી રહ્યો હતો. ચોથો તેના ઉપર છત્રધારીને ઉભો હતો અને પાંચમો પુરૂષ તેને વીંઝણા નાંખી રહ્યો હતો.

આ રીતે પાંચ પુરૂષોથી સેવાતી ગણિકાને જોઇને અપૂર્ણ રહી ગયેલી ભોગેચ્છાના કારણે સાધ્વી સુકુમારિકા નિયાણુ કરી બેઠી કે – "આ મારા તપ વડે હું આ વેશ્યાની જેમ પાંચની પત્ની બનું." આ નિયાણા પછી ક્ષણે ક્ષણે પોતાના શરીર ઉપર જળ છાંટીને શરીરનો શૃંગાર કરવા લાગી. હિતેચ્છુ આર્યાઓએ તેને અટકાવી છતાં અવળી બુદ્ધિથી તેણે મનમાં અવળું વિચાર્યું કે –

"પહેલા હું ગૃહસ્થપણા હતી ત્યારે આ આર્યાઓ મને ઘણો આવકાર આપતી હતી પણ હવે ભિક્ષુકી થતા તેઓ મને તિરસ્કારે છે." માટે અહીં રહેવું ઉચિત નથી તેમ વિચારી ગુરૂથી છૂટી થઇ સ્વચ્છંદ વિહારી તે લાંબા કાળ સુધી એકલા રહીને લાંબો કાળ વ્રત પાલન કર્યું. આઠ માસ સુધી સંલેખના કરીને આલોચના કર્યા વિના મૃત્યુ પામેલી તે સૌધર્મ દેવલોકમાં નવ પલ્યોપમના આયુષ્યવાળી દેવી થઇ. ત્યાંથી ચ્યવીને નાગશ્રી આ દ્રોપદી બની છે. આથી પૂર્વભવના નિયાણાથી તેના પાંચ પતિ બન્યા છે. આથી તેમાં વિસ્મય શા માટે કરવો ?

અને છેવટે હર્ષોલ્લાસ પૂર્વક દ્રોપદીનો પાંચ-પાંડવો સાથે વિવાહ થયો.

(૪૧) કોયડો જ્યારે સંપૂર્ણતયા ઉકલી ગયો

હે વત્સો ! જાણો છો ?

સ્ત્રી એટલે શું ?

સ્ત્રી=મૃગલોચના એટલે બંધુના સ્નેહ–વૃક્ષને સળગાવી નાંખનારી એક ભડભડતી દાવાનલ જ્વાળા. !

સ્ત્રી એટલે વૈરના વાદળોને પેદા કરનારી વર્ષાઋતુ.

સ્ત્રી એટલે અખંડ વહેતા બંધુના ચિત્ત રૂપ નદીના અખંડ પ્રવાહને બે ફાંટામાં ખંડિત કરી નાંખનારી પત્થરની શિલા.

વધુ તો શું કહું વત્સો ! સ્ત્રી કુટુંબ સંહારનું કારણ પણ છે.

હું જાણું છું વત્સો ! તમારા મનની અંદરને અંદર ઘૂંટાતી વ્યથાને. એટલે જ તો છેક ભમતો ભમતો અહીં આવ્યો છું.

રત્નપુર નગર હતુ. ત્યાં શ્રીષેણ રાજાને અભિનંદિતા અને શિખિનંદિતા નામે બે રાણીઓ હતી. તેમાં અભિનંદિતાને ઇન્દુષેણ તથા બિંદુષેણ નામે બે પુત્રો હતા.

યૌવનમાં બન્નેના સુંદર રાજકુમારીઓ સાથે લગ્ન થયા હતા. એ જ નગરમાં અનંગસેના વેશ્યા હતી તેના લાવણ્યમાં બન્ને ભાઇઓ આસક્ત હતા. આથી બન્ને ભાઇઓ પરસ્પર ઝગડયા કરતા હતા. રાજાથી બન્નેના રોજના એક વેશ્યા માટેનો ઝગડો સહ્યો ન જવાથી કાંતિલ ઝેર ખાઇને રાજા મૃત્યુ પામ્યા. રાજાના મૃત્યુથી દુઃખી દુઃખી થયેલી બન્ને રાણીઓ પણ મૃત્યુ પામી. આટલું છતાં વેશ્યામાં ગાઢ આસક્તિવાળા બન્ને ભાઇઓ આવારે શરમ વગરના બનીને યુદ્ધ કરવા લાગતા બન્ને મૃત્યુ પામ્યા. આમ એક કુટુંબનો સર્વનાશ એક સ્ત્રીના કારણે થયો."

હે વાસો ! તમારા જીવનમાં ભવિષ્યનાં અનર્થ ના થઇ જાય માટે હું તમને કાંઇક કહેવા આવ્યો છું.

હું જાણું છું કે – તમે પાંચ ભાઇઓ એક પત્નીપણાથી અત્યંત વ્યથિત છો. અને તમારે એક નિયમ બહુ જ મક્કમતાની પાળવો અત્યંત જરૂરી છે.

"જ્યારે દ્રૌપદી તમારા પાંચમાંથી જેના વાસઘરમાં હોય ત્યારે અન્ય ચારમાંથી કોઇએ પણ ભૂલે ચૂકે પણ ગમે તેવું કામ હોય તો પણ ત્યાં જવું નહિ. અને કેમે કરીને આ નિયમને જો કોઇ પણ ભાંગે તો તેણે બાર વરસ સુધી વનવાસ ભોગવવો."

નારદ મહર્ષિએ બતાવેલી આ નિયમ સહિતની વ્યવસ્થા મુકુંદ=શ્રીકૃષ્ણે પણ માન્ય કરી. અને પાંચ પાંડવોએ પોતાના આત્મહિત માટે આ પ્રતિજ્ઞા પાળવાનું વચન સ્વીકાર કર્યું.

હવે હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણને આવ્યે ઘણો સમય થઇ ગયો હોવાથી પાંડુ રાજા તથા પાંડવોની મહા પરાણે રજા મળી શકતા શ્રીકૃષ્ણ પોતાની દ્વારિકા તરફ પધાર્યા.

卐 નવો મળેલો સહકાર 卐

૧૦૦) જૈન મંદીર – કરજંત
પૂ. આ. શ્રી પૂર્ણચોકય મ. સા. ના ઉપદેશથી ભેટ.

૫૦૧) નવનિતભાઇ સી. શાહ – હિંમ્મતનગર તરફથી ભેટ. (આજીવન)

૨૦૧) જૈન શ્વેતામ્બર મૂર્તીપૂજક સંઘ – કોઇમ્બતૂર
પૂ. આ. શ્રી અશોકરત્ન સૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી ભેટ.

આત્મ પ્રબોધક પ્રસંગો (૩) ધર્મ જ આધાર છે

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ધર્મના પ્રભાવે શ્રી શ્રીપાલકુમાર મોટા મહારાજા બનીને આવે છે. અનેક પ્રકારની ઋદ્ધિ-સિદ્ધિ-સંપત્તિના સ્વામી બની આવેલા છે અને મયણાસુંદરીના કહેવાથી તેના પિતા પ્રજાપાલ રાજાને- તેઓ ધર્મમાં જ વધુ સ્થિર અને નિશ્ચલ મનવાળા બને તે હેતુથી - હારેલા રાજાની જેમ બલા ઉપર કુહાડો નાખી બોલાવે છે. તે રીતના જ્યારે પ્રજાપાલ રાજા ત્યાં આવે છે તો શ્રી શ્રીપાલરાજ સન્માનપૂર્વક તેમના બલા ઉપરનો કુહાડો દૂર કરે છે અને શ્રેષ્ઠ ભદ્રાસન ઉપર આદર-બહુમાનપૂર્વક બેસાડે છે. પછી પ્રજાપાલ રાજા કહે છે કે- 'મહાપ્રભાવસંપન્ન એવા પણ હું આપને ઓળખી શકયો નહિ.' તેના જવાબમાં શ્રી શ્રીપાલરાજાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે- "આ પ્રભાવ મારો નથી કિંતુ પૂ. ગુરૂ મહારાજાએ સમજાવેલાં નવપદોનો આ પ્રભાવ છે"

આ પ્રસંગ ઉપરથી આપણને એ બોધપાઠ મળે છે કે, ધર્માત્માના જીવનમાં ધર્મ જ પ્રધાન હોય છે. પોતાની મહેનત-હોંશિયારના બળે મને આ બધું મલ્યું તેવા ખોટા બણગાં તે કુંકતો નથી. જ્યારે વર્તમાનમાં મોટો ભાગ દુન્યવી સુખ સામગ્રીને ધર્મથી બંધાયેલા જે પુણ્ય, તે પુણ્યથી પ્રાપ્ત થાય છે તેમ નહિ માનતા પોતાની આવડત, હોંશિયારી, મહેનતથી પ્રાપ્ત થઇ તેમ માને છે. તેથી જ તેમાં અટવાઇ જાય છે અને આ સંસારના ચોર્યાશીના ચક્કરમાં ક્યાં ભૂલો પડી જાય છે, ખોવાઈ જાય છે તે જ ખબર પડતી નથી.

ખરેખર ધર્માત્મા, મોક્ષમાર્ગમાં સહાયક સામગ્રી મલ્યા કરે તેટલી અપેક્ષાએ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય-જરૂરી માને છે પરન્તુ પુણ્યાનુબંધી પુણ્યથી મલતી સંસારની સુખ સામગ્રીને ઉપાદેય માનતો નથી. હૈયામાં પ્રગટેલ ધર્મ પરણતિનો જ આ પ્રભાવ છે. તેવી સુંદર પરિણતિ પેદા કરવા માટે આપણી આ વિચારણા છે.

આપણી હાલત કઇ છે? દુન્યવી સુખ સામગ્રી મલે તેને આપણી હોંશિયારી-મહેનતથી મલી તેમ માનીએ કે ભૂતકાળમાં જાણતાં કે અજાણતાં આડા અવળા હાથે ભગવાનની આજ્ઞાનું પાલન થયું હશે તેનાથી જે પુણ્ય બંધાયું તેના કારણે મલી છે. તેમ માનીએ? પુણ્યથી મલી તેમ હૈયાથી માને તે આત્મા મહેનત શેની કરે? જીવનમાં પુણ્યની પ્રવૃત્તિ આદરપૂર્વક કરે કે પાપની પ્રવૃત્તિ? આપણા આત્માના અનાદિના બગાડાને દૂર કરવા અને આત્માને સુધારવા આ વિચારણા જરૂરી નહિ બલકે અનિવાર્ય છે.

❋ પાડાને વાંકે પખાલીને ડામ ❋

એક ગામમાં મોટી નિશાળ હતી. એના હેડમાસ્તર ભારે મિજાજી. ગમે ત્યારે ગમે તેના પર એ એમનો ગુસ્સો ઠાલવે. જે દિવસે એ મિજાજ ના કરે એ દિવસે એમને ખાવાનું ના ભાવે. નિશાળનાં છોકરાં પર તો તે મિજાજ કરે જ.

પણ એક દિવસ છોકરાં કોઈ વાંકમાં આવ્યાં નહિ, જાણે બધાં છોકરાં એક સાથે જ ડાહ્યા ડમરાં થઈ ગયાં ના હોય ! એટલે હેડમાસ્ટર બેચેન હતા. એમનું મગજ ભમતું હતું, મિજાજ ઠાલવવા માટે કોઈ હોય જ નહિ તો હેડમાસ્તારને ચેન પડે નહિ. પણ એમના નસીબે નિશાળના એક શિક્ષક નિશાળે આવવામાં મોડા પડયા હેડમાસ્તરને જોઈતું'તું તે મળી ગયું. એકદમ એમણે શિક્ષકના ઊધડા લીધા : 'તમે મોડા કેમ આવ્યા ? વર્ગમાં છોકરાં એકલા બેસી રહ્યાં. તમને ખબર પડતી નથી ? છોકરાં નવરા બેઠા તોફાન કરે, એથી બીજા છોકરાઓને ભણવામાં ખલેલ પડે.'

શિક્ષકે ખુલાસો કર્યો : 'સાહેબ, હું ગઈ કાલે તમને કહીને તો ગયો હતો કે મારે જરાક મોડું થશે ! હું, અડધો કલાક જ મોડો આવ્યો છું.'

'અરે અડધી મિનીટ મોડો આવ્યો તોય મોડા જ કહેવાય અને તમે મને કહી ગયા કે હું કંઈ યાદ રાખવા નવરો છું.'

હેડમાસ્તરે તો બિચારા શિક્ષકને ઝાડી નાંખ્યા.

શિક્ષક ધૂંઆપૂંઆ થતા વર્ગમાં આવ્યા. વર્ગમાં ભણાવતાં પહેલાં તેમણે પટાવાળાને બોલાવી મંગાવ્યો પટાવાળો આવ્યો કે તરત શિક્ષકે તેની ધુળ ખંખેરવા માંડી : ! તે આજે અહીં સફાઈ કેમ કરી નથી ? તારા મનનાં તું સમજે છે શું ? નવરો બેઠો ધાડાકા માર્યા કરે છે !'

પટાવાળો કહે : 'સાહેબ મેં સાફસૂફી કરી છે. બધેથી કચરો પાળ્યો છે.'

'તારા મોં જેવો કચરો વાળ્યો છે ! જો આ ધુળ કેટલી છે ?' એમ કહીને તેણે ટેબલ પર હાથ ફેરવ્યો અને હાથે ચોંટેલી ધુળ બતાવી.'

પટાવાળાએ ખુલાસો કર્યો : 'સાહેબ, પવનથી ધુળ તો ઊડીને આવ્યા કરે એમાં હું શું કરું ?'

'પાછો સામું બોલે છે હું તારા વિશે હેડ માસ્તરને ફરિયાદ કરીશ.'

પટાવાળો મોઢું ચડાવીને ચાલ્યો ગયો.

નિશાળેથી છુટીને એ ગુસ્સામાં ઘેર ગયો એ જમવા બેઠો. અને થાળી પછાડી. એની વહુને કહે : 'શાકમાં આટલું બધું મીઠું નાખી દીધું છે ? રાંધતા આવડે છે કે નહિ ?' વહુએ શાક ચાખી જોયું ને કહ્યું 'મીઠું તો બરાબર છે'

'શું ઘુળ બરાબર છે ? હું જુઠોને તું સાચી ?' એમ કરીને પટાવાળાએ તેની વહુ પર મિજાજ ઠાલવ્યો.

વહુ ગરમા ગરમ થઇ ગઇ. એવામાં કુભાર માટલાના પૈસા લેવા આવ્યો.

પટાવાળાની વહુએ એને ઝાપટયો: 'તારા પૈસા લઇને નાસી તો નથી જવાં ને? એવું હોય તો લઇ જા તારૂં માટલું પાછું !'

કુંભાર કહે : 'હવે એવું માટલું પાકું કેવી રીતે લઇ જવાય. આઠ દિવસથી તમે પૈસા ચૂકવ્યા નથી ને પાછાં રૂઆબ કરો છો ? '

કુંભાર ખિજાઈ ને ઘરે ગયો ઘેર જઇને હોંચી હોંચી કરતા ગધેડાને ડફણું ફટકાર્યું : 'સાલા ઢા ! મૂંગો મરતો નથી ને આખો દિ' હોંચી હોંચી ટર્યા કરે છે !'

ગધેડાને ય વિના વાંકે ડફણું પડયું એટલે એનોય મિજાજ ફાટયો. પણ એ કોના પર ગુસ્સો ઠાલવે ! એણે પગે લાત મારીને બાજુમાં પડેલું એક ટાણું માટલું ફોડી નાખ્યું ! **-મધુસૂદન પારેખ** (ગુ. સ. ૭-૧૨-૯૮)

સંકલન – પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. ના શિષ્ય બાલમુનિ શ્રી નમ્રેન્દ્ર વિ.મ.સા.

ચતુર મુસાફર

ઉનાળાના દિવસમાં એક મુસાફર એક ગામથી બીજે ગામ જતો હતો. ચાલતા ચાલતા તે થાકી ગયો, તેને તરસ લાગી હતી. તરસ છીપાવવા નદી, તળાવ, કુવાની તપાસ કરી પણ કોઇ જગાએ પાણી જોવા મળ્યું નહિ. તેણે રસ્તામાં નાળિયેરનું ઝાડ જોયું તેના પર એક વાંદરો બેઠો હતો.

સરસ નાળિયેર જોઇને મુસાફરને વિચાર આવ્યો. તેણે વાંદરાને પથ્થર મારવાનું શરૂ કર્યું. વાંદરાએ તેનો બદલો લેવા નાળિયેરના વૃક્ષ પર લટકત. નાળિયેર મુસાફર તરફ ફેંકયા મુસાફરને આટલું જ જોઇતું હતું. મુસાફરે નાળિયેરનું પાણી પીધું પોતાની તરસ છીપાવી અને પોતાને રસ્તે આગળ ચાલ્યો.

-કાલીદાસ વાલા (ચતુરાઇ)

卐 ધર્મીને મન સંસાર કે મોક્ષ ? 卐

(ગતાંકથી ચાલુ) —પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

પ્ર. : કહે છે કે, નાના જીવને બચાવે છે, મોટા જીવને મારે છે.

ઉ. : આવું લોકો શા ઉપરથી કહે છે ? તમારૂં જીવન બગડયું છે માટે ને ? આવું બોલનારા તો નિંદા કરવા બોલે છે. પણ આપણે નાના જીવને બચાવીએ અને મોટા જીવને મારીએ છીએ ? જે નાના જીવની રક્ષા કરે તે મોટા જીવને મારે ?

આજના જૈનોએ તો આબરૂ બગાડી છે. તમે નાના જીવને બચાવો અને મોટો સમજુ ન હોય તો ઠગો ને ? તમે અનીતિ કરો છો ? પેઢી ઉપર આવે તેને ઠગો છો ? વ્યાજબી ભાવે, માલ જેવો બતાવો તેવો જ આપો છો ? આજે તો ઘણા કહે છે કે- પરદેશમાં નીતિ છે. અને અહીં અનીતિ છે. આ કાળમાં અનીતિ ન કરે તો જીવાય નહિ તેમ જે બોલે છે તદ્દન લુચ્ચા અને જુઠ્ઠા છે. આજે નીતિપૂર્વક જીવાય જ નહિ તેવું છે ?

સભા : બહુ સંતોષી બનવું પડે.

ઉ. : લોભી બનવું પડે તેનું શું ?

લોભી બનવામાં ગભરામણ થતી નથી અને સંતોષી બનવામાં ગભરામણ થાય છે. સુખી કોણ ? સંતોષી કે અતિલોભી ?

સભા : આમ તો સંતોષી સુખી પણ અનુભવ જુદો પડે છે.

ઉ. : અનુભવ જુદો નથી પડતો પણ આમ તમારી આસક્તિ બોલાવે છે.

O O

ભગવાનની પૂજા તમારે, તમારા દ્રવ્યથી કરવાની છે. દ્રવ્યપૂજા પણ લક્ષ્મીની મમતા ઉતારવા કરવાની છે. તમારો ખાવ-પીવાદિનો ખર્ચો કેટલો ? અને પૂજાનો ખર્ચો કેટલો ?

સભા : પૂજા માટે વ્યવસ્થા હોય છે.

ઉ. 'અમારે ઘેર આવીને રોજ જમી જશો' તેમ કોઇ કહે તો તમે જાવ ખરા ?

આજે તો તમારો સગો ભાણીયો કે ભત્રીજો ભોજનના ટાઇમે તમારે ઘેર ના આવે. કદાચ આવે તો કહે કે– ખાવા માટે આવ્યો છે. તમારે ઘેર આડતિયો એવા

તો પ્રેમથી જમાડો અને સાધર્મિક આવે તો ? બહુ જ વિચાર કરવાની જરૂર છે. આના ઉપરથી ખ્યાલ આવે કે તમને ધર્મ ગમે છે કે સંસાર ? તમારો ઢાળ ધર્મ ઉપર છે કે સંસાર ઉપર ? તમને કેટલા પૈસા મળે તો શાંતિ થાય ? કેટલા પૈસા મળે તો વેપારાદિ બંધ કરો ?

સભા : અમારા કરતાં બીજા પાસે વધારે ન હોય તો સંતોષ થાય.

ઉ. : કોઇ દિવસ આ વાત બનવાની છે ?

ચક્રવર્તી પણ નરકે ગયા છે. છ ખંડનો માલીક સંતોષી ન હોય, સુખ-સાહ્યબી ન છોડે તો તેને ય નરકે જવું પડે. ઇચ્છા બહુ જ ખરાબ ચીજ છે. એકવાર ખોટી ઇચ્છા થયા પછી શું શું થાય છે તે તમારા અનુભવમાં નથી ?

સભા : જીવવા માટે એટલાં પાપ કરીએ છીએ કે ટેન્શન વધે છે.

ઉ. : જીવવા માટે ઘણાં જ પાપ કરવાં પડે તેમ કોણે કહ્યું છે ? આ સમજો છો તો પાપ ઓછાં કરી દો તો તમને અરેબર સાચા આનંદનો અનુભવ થશે. બાકી જીવવા કશું પાપ કરવું પડે તેમ નથી. ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે મુજબ જીવો તો આજે ય સુખી બની જાવ. જૈન દુઃખી હોય જ નહિ.

સભા : આજે તો ચોપડા સાચા હોય તો ય સહી કરાવવા બક્ષીસ આપવી પડે છે.

ઉ. : ખોટી વાત છે, તમે કેમ બક્ષીસ આપો છો ?

મેં મારા જીવનકાળમાં જોયું છે કે– એક વેપારીના બધા ચોપડા સરકારે મંગાવ્યા અને કહ્યું કે- તમે પગાર ઓછો આપો છો અને લખાવો છો વધારે. તેની પેઢીના બધા નોકરોને વારંવાર પૂછ્યું તો ય એક જ જવાબ મળ્યો કે– અમારો શેઠ જે પગાર આપે છે તે જ લખાવે છે. બાર મહિને બધા ચોપડા પાછા આપવા પડ્યા અને માફી માગવી પડી. શાહુકારને કોઇ ખોટો કહી શકે ખરો ? શાહુકારને ભય હોય ? જેને ચોપડામાં ખોટું લખ્યું હોય તેને ભય હોય.

સભા : આભ ફાટ્યું છે.

ઉ. : આભ ફાટ્યું નથી તમે ફાટ્યા છો. તમે બધા ડાહ્યા થઇ જાવ અને સુધારી જાવ તો કામ થઇ જાય.

પ્ર. : બધા જૂઠ્ઠા અને ખરાબ પાક્યા છે તો સારો માણસ ટકી શકે શી રીતે ?

ઉ. : જે ખરેખર સારા અને સાચા છે તે મળી ઠરે છે.

પ્ર. : ખોટાની બહુમતી છે, એકની પીપુડી વાગતી નથી.

ઉ. : તમે બધા ખોટા છો?

વહેલો મોક્ષ મેળવવાની ઇચ્છા જેના હૈયામાં હોય તે જ સાચો જૈન!

પ્ર. : તો સંસારની બધી પ્રવૃત્તિ બંધ કરી દેવી પડે.

ઉ. : જેને બંધ કરી તે જ મોક્ષે ગયા. સંસારની પ્રવૃત્તિ હૈયાપૂર્વક કરતાં કરતાં હજી કોઇ મોક્ષે ગયું નથી, જતું નથી કે જશે પણ નહિ.

શ્રી અરિહંત પરમાત્માના સેવક બનવા કે જૈનપણું પામવા મોટામાં મોટી શરત એક જ છે કે– સંસારની સુખ–સંપત્તિ–સાહ્યબી–મોજમજાદિ જરા ય ગમે નહિ. પાપના યોગે તે બધું કરવું પડે તો પણ કમને, દુઃખપૂર્વક કરે. દુનિયાની સુખ–સંપત્તિ કોણ ભોગવે?

સભા : પુણ્યોદય હોય તે.

ઉ. : ના. જેને અવિરતિ નામનો પાપોદય હોય તે.

દુનિયાની સુખ–સંપત્તિ મળે પુણ્યથી મજેથી ભોગવવાનું મન થાય તે અવિરતિ નામનો પાપોદય હોય તો, તેને હજી ખોટું માને તો તે સારો છે. પણ તેને સારું માને, તેમાં જ મજા માને તો તે મહામિથ્યાત્વનો ઉદય હોય તો બને.

પ્ર. : આવું ભેગું કેમ સંકળાયેલું છે?

ઉ : આવું ભેગું ન હોત તો સંસારમાં રખડત કોણ? ધર્મી કહેવરાવવું અને દુનિયાનું સુખ મજેથી ભોગવવું તે કદી બને નહિ!

પ્ર. : આવું જ્ઞાન ન હોય તો?

ઉ. : તે માટે ધ્યાન ખેંચીએ છીએ. આ સુખમાં રાજી ન થાવ, સંસારમાં રખડી ન જાવ તે માટે ચેતવીએ છીએ.

સંસારમાં મજાથી રહે તેવો કોઇ શ્રાવક હોય?

પ્ર. : મજાથી રહેતો હોય તે ન હોય પણ મજા આવી જતી હોય તે ચોક્કસ હોય?

ઉ. : મજા આવી જાય છે તેનું દુઃખ થાય છે? દારૂડિયો કહે–મને દારૂમાં જ મજા આવે છે, માંસાહારી કહે મને માંસમાં મજા આવે છે તે ચાલે?

સંસારની અનુકૂળતા ગમી જાય તો સમજવું કે– જે અવિરતિનો ઉદય હતો તે મિથ્યાત્વનો ઉદય થયો. તેવો જીવ કયારે ધર્મ મૂકી દે તે કહેવાય નહિ.

સંસારનું સુખ અવિરતિ નામના પાપના ઉદયથી ભોગવવું પડે. તેમાં મજા આવે તો જૈનપણું ચાલ્યું જાય- આ વાત સમજી જાવ તે ઇચ્છા છે. **સંસારમાં રહેલો પણ કયારે સંસાર છૂટે તે વિચારવાળો હોય તો સંસાર તરી જાય. સાધુપણામાં આવેલાને સારી સારી સામગ્રી ગમે તો તે ડુબી જાય.** ભગવાને અમને ય છોડયા નથી.

પ્ર. : એકકમ પરિવર્તન ન આવે. પણ ધર્મ પકડી રાખ્યો તો સાંજે ગાળે ફાયદો થશે ને?

ઉ. : ધર્મ કેમ પકડી રાખ્યો છે? પરિવર્તન ન આવે માટે કે સંસારની મજા મળે માટે? ધર્મને દુનિયાના સુખ માટે, સંપત્તિ માટે, રાજઋદ્ધિ માટે પકડી રાખે તે બધા મહામિથ્યાદૃષ્ટિ છે. ધર્મ દુર્ગતિથી બચાવી મોક્ષે મોકલી આપે છે તે માટે ધર્મ પકડે તો કામનું છે. આ બધું સમજે સમજ્યા વગર જેમ તેમ બોલો નહિ.

પ્ર. : મોક્ષમાર્ગની આરાધના દીક્ષા લીધા વિના કરી શકાય?

ઉ. : હા. સાધુ ધર્મ પાળવાની શકિત નથી પણ તે શકિત પેદા કરવા માટે શ્રાવકધર્મની આરાધના કરવાની છે.

જુઓ સાધુ ધર્મની પ્રાપ્તિ વિના કદી મોક્ષ મળે જ નહિ. ઘરમા પણ જે જીવો કેવળજ્ઞાન પામ્યા તે ભાવથી પણ સાધુપણું પામીને. તમને બધાને ઘર ગમતું નથી, પૈસા-ટકા ગમતા નથી પણ ન છૂટકે બધું કરો છો ને? ધર્મીથી ભીખ માગીને અવાય નહિ માટે પૈસો પણ જોઇએ પણ તે નીતિ માર્ગે મેળવે, અનીતિ માર્ગેથી નહિ. આવી સમજ ન હોય તો તેને શ્રાવક પણ શી રીતે કહેવાય?

પ્ર. : શ્રેણિક મહારાજાએ દીક્ષા ન લીધી તો ય તીર્થંકર નામકર્મ બાંધ્યું ને?

ઉ. : શ્રી તીર્થંકર નામકર્મ બાંધવું તે જુદી વાત છે અને શ્રી તીર્થંકર થવું જુદી વાત છે.

સમકિતી જીવ શ્રી તીર્થંકર નામકર્મ બાંધે. પણ સાધુધર્મ પાગ્યા વિના વીતરાગતા આવે નહિ, કેવળજ્ઞાન થાય નહિ.

પ્ર. : સાધુપણું લીધા પછી અવશ્ય મોક્ષ મળે જ ?

ઉ. : સાધુપણું લીધા પછી સાધુપણું બરોબર આવ્યું હોય તો આઠમા ભવે તો મોક્ષ મળે જ.

મોક્ષની ઇચ્છા પણ થઇ જાય તો ય મોક્ષ મળવાનો જ છે તેમાં શંકા રાખવાને કારણ નથી મોક્ષ મેળવવા જેમ પાપ કાઢવું પડે તેમ પુણ્ય પણ કાઢવું પડે. પુણ્ય-પાપનો સંપૂર્ણ ક્ષય થાય તો મોક્ષ મળે.

પ્ર. : મોક્ષ ન મળે ત્યાં સુધી સંસાર સારો રહે તે ગમે ને ?

ઉ. : સંસાર સારો એટલે શું ? પૈસા વધારે આવે તો શું કરવું છે ?

શાસ્ત્રે તો કહ્યું છે કે, સુખી ધર્માત્માને પહેલાં મંદિર બંધાવવાનું મન થાય, પછી મકાન બંધાવવાનું મન થાય. મકાન તૈયાર મળે તો નવું ન બંધાવે. સો રૂપિયાની મૂડીવાળાના ઘરમાં ય ઘર મંદિર જોઇએ.

પ્ર. : મંદિરો તો ઘણાં છે.

ઉ. : ઘણાં હોય તો ય સાચા ધર્મીને મંદિર જોઇએ.

મંદિર ગમે તેટલાં હોય તો ય ઘરમંદિર જોઇએ. માંદો પડે તો ભગવાનને ઘેર લાવવા પડે છે, કાંઇ ખબર પડે છે ? શ્રાવકના ઘરમાં મંદિર હોય તેા માંદો, માંદો પણ દર્શન-પૂજન વગર રહે જ નહિ.

પ્ર. : ઘરમાં દેરાસર કરે તો આશાતના થાય ને ?

ઉ. : તમને વધારે ભાન કે સુગુરુઓને ? શાસ્ત્રકારો ખોટું લખતા હશે ?

સાધુ અને શ્રાવક, બધા મોક્ષમાર્ગના મુસાફર છે. અમે કહીએ કે, અમારે દેવ-દેાક જોઇએ છે તો અમે સાધુ નહિ. તમે કહો કે, અમારે બંગલા-બગીચા, મોક્ષ-મળદિ જોઇએ તો તમે શ્રાવક નહિ. આપણે બધાને શું જોઇએ છે ? મોક્ષ જ.

વિષયના વિરાગ વિના, કષાયના ત્યાગ વિના, ગુણના રાગ વિના, ગુણ પેદા કરનારી ક્રિયાઓમાં અપ્રમાદ આવ્યા વિના મોક્ષ સધાય જ નહિ. તમે બધા વિષયના વિરાગી છેા કે રાગી છેા ? વિષયેા ભોગવેા છેા પણ તે વિષયેા ભોગવવા ગમે છે કે છોડવા ગમે છે ?

પ્ર. : વિષયના ભોગવટામાં સુખનેા અનુભવ થાય છે માટે ભોગવવા ગમે છે.

ઉ. : ધર્મ કરતાં દુઃખનેા અનુભવ થાય છે માટે નથી કરતા ?

માગી ભલામણ છે કે, ડાહ્યા થઇ જાવ. મોક્ષે જવું છે. સંસાર નથી જોઇતેા. ભગવાન, સાધુ અને ધર્મના પહેલા બનેા અને સંસારમાં રહેવું પડે તેા પણ 'કયારે છૂટે' 'કયારે છૂટે' તે ભાવનાવાળા બનેા અને મોક્ષના જ અર્થી બની, તેને માટેનેા ઉદ્યમ કરી વહેલામાં વહેલા સૌ મોક્ષપદને જ પામેા એ જ એકની એક સદા માટે શુભાભિલાષા.



પ્યારાં ભૂલકાંઓ...

શરણ સ્વીકારો આવી વાત કરનારાને કોઇકે પૂછ્યું, શું અમે શરણ સ્વીકાર્યું નથી. ભાઇઓ તમે કોઇનું ને કોઇનું શરણ સ્વીકારો છો જ પરંતુ અશરણના શરણ સ્વીકાર્યા હશે તો, તે સ્વાર્થ ભર્યા હશે.

સૂર્યોદય થાય અને અંધકાર વિદાય ન લે તેવું કોઇ કાળે બને નહિ તેમ શ્રી જિનેશ્વર દેવનું શરણું સ્વીકારે તેનું અજ્ઞાન અંધકાર દૂર થયા વિના ન રહે.

સૂર્ય ઉપર વાદળ આવી જાય તો સૂર્ય ઢંકાય જાય અને અંધકાર છાઇ જાય તેવું બને પરંતુ શ્રી જિનેશ્વર દેવનું શરણું સ્વીકારવામાં આવે તો અજ્ઞાન અને અંધકાર કયારેય ઉભો ન રહે.

અરિહંત પરમાત્માનું શરણું સ્વીકારવામાં આવે અને તેમની આજ્ઞાનું પાલન કરવામાં આવે તો ભયોભયો થઇ જાય.

ગુરુદેવશ્રીનું શરણું અને તેઓશ્રીની કોમળ–કઠોર આજ્ઞા હસ્તે મુખે પાલન કરી લઇએ તો આપણે સમાધિના સ્વામી બની શકીએ.

ધર્મનું શરણું અને તેનું યથાશક્તિ પાલન જો અંતઃકરણ પૂર્વક કરવામાં આવે તો માનવ ભવ સફળ થઇ જાય. આપણે આપણી અવળ ચંડાઇથી અધર્મને ધર્મ જ માની લીધો છે. આપણે સ્વીકારેલું શરણું સાર્થક થતું નથી.

દરેક ભવમાં આપણે શરણું તો સ્વીકારીએ છીએ. કોઇ ભવમાં શરીરના શરણે, કોઇ ભવમાં સંપત્તિના સહારે, કોઇ ભવમાં ભોજનના શરણે, કોઇ ભવમાં સ્વજનના શરણે, કોઇ ભવમાં સ્વજનના સથવારે આપણે રહ્યાં. વિધવિધ ભવોમાં વિવિધ શરણો સ્વીકાર્યા. પણ એ બધા જ શરણો સ્વાર્થ માટેના જ હતા.

જ્યાં સ્વાર્થની સમાપ્તિ ત્યાં જ શરણની વિદાય.

રવિશિશુ C/o, જૈન શાસન

મધુરમ્ : ક્ષમાદાનમાં પણ અનુમોદના ભૂષણરૂપ છે અને પસ્તાવો દૂષણરૂપ છે.

— ત્રિક —

રત્નત્રિક - જ્ઞાન-દર્શન-ચારિત્ર
પૂજનત્રિક - દેવ-ગુરૂ-મા-બાપ
જ્ઞાનત્રિક - વાંચન-વાર્તાલાપ-શ્રવણ
પર્યુષણત્રિક-અષ્ટાહ્નિકા-કલ્પસુત્ર-બારસાસૂત્ર
ચોમાસીત્રિક-પર્યુષણ-શાશ્વતીઓળી-દીપાવલી
આરોગ્યત્રિક-સ્વચ્છતા-તપ-પરિશ્રમ
દાનત્રિક-ધન-ભોગ-નાશ
મોટીત્રિક-ઉદારતા-પ્રભુ સેવા-ભક્તિ
વિરાગત્રિક-સ્વાધ્યાય-સંયમ-સુખનો દ્વેષ

—રશ્મિ

— મનોરથ —

૧. ક્યારે હું થોડો કે ઘણો પરિગ્રહ છોડીશ ?
૨. ક્યારે હું ગૃહવાસ છોડી અણગાર બનીશ
૩. ક્યારે હું મૃત્યુને મંગળમય બનાવીશ ?

—મહેન્દ્ર મોહનલાલ

એકવીસ ગુણો શ્રાવકના

અક્ષુદ્ર રૂપવાન, સૌમ્ય, લોકપ્રિય, પાપભીરૂ, અશઠ, દાક્ષિણ્યચુકત, લજ્જાવાન, દયાળુ, મધ્યસ્થ, સૌમ્યદૃષ્ટિ, ગુણરાગી સત્કથક ધાર્મિક પરિવારવાળો, દીર્ઘદર્શી, વિશેષજ્ઞ વૃદ્ધાનુયાયી
વિનીત, કૃતજ્ઞ, પરોપકારી, જ્યેયનિષ્ઠ.

અંકૂર.

—વસુમતી

— લઇ લો —

છાસમાંથી માખણ લઇ લો.
કાદવમાંથી કમળ લઇ લો.
સમુદ્રમાંથી અમૃત લઇ લો.
વાંશમાંથી મોતી લઇ લો.
માટીમાંથી સોનું લઈ લો.
કુલમાંથી સુગંધ લઈ લો.
વૃક્ષમાંથી ફળ લઇ લો.
ફળમાંથી રસ લઇ લો.
દેહમાંથી ધર્મ લઇ લો.

—રમ્યા

— કથાનક —

'મહારાજ, આ યુવાન દીક્ષા લેવા આવ્યો છે. તમે દીક્ષા આપી દો.' મશ્કરીયા યુવાનો દ્વારા મંશ્કરી કરવામાં આવી.

અલ્યા ! સૂરિ ભગવંતની મશ્કરી કરો છો.

ના ના બાપજી ! અમે મશ્કરી કરતાં નથી. તે દીક્ષા લેવા જ અહીં આવ્યો છે. અમે પણ તેને લઇને આવ્યા છીએ. માટે આપ જલ્દીથી દિક્ષા આપી દો.

ગુસ્સે ચઢેલા ચંડરુદ્રાચાર્યે નવપરીણીત યુવાનને પકડી, મસ્તકનો લોચ કર્યો. ભદ્રિક પરિણામીએ યુવાન અવળું વિચારવા લાગ્યો કે આ સંસાર રૂપી કાદવ-કીચડ-

માંથી બહાર ઠાઢનાર આચાર્ય ભગવંત મારા પરમોપકારી છે. જો એમને આ રીતે મને મુંડ ન ઠર્યો હોત તો મારી ભ્રમણા વધી જાત જે થયું છે તે સારું થયું.

યુવાનને મુંડતો જોઇ મશ્કરીયા યુવાન ભાગી ગયા વિનમ્રભાવે ગુરુ પાસે હાથ જોડી ઉભેલા શિષ્યે નિવેઠન ઠર્યું.

પૂજ્યશ્રી, મારા ઉપર મહાન ઉપઠાર ઠરી મને ભયાનઠ સંસારમાંથી બહાર ઠાઢયો. હવે મારા સ્નેહી સ્વજનો આવશે. સંભવિત છે કે તેઓ આપને અને મને હેરાન ઠરશે. ઠનડગત ઠરશે. તેથી આજે સંધ્યાએ આપ મારા ખભા ઉપર બેસી જાવ હું અને તમે આપણે બન્ને અન્ય સ્થળે ચાલ્યા જઇએ.

ગુરુએ મૌનપૂર્વઠ સંમત્તિ ઠર્શાવી સમી સંધ્યાએ બન્ને બીજા ગામ જવા નીઠળી પડયો. રસ્તામાં અંધારું થઇ ગયું. ખાડા ટેઠરાવાળી જમીનમાં પગ પડવાથી આચાર્યશ્રીને તઠલીફ થવા માંડી. ગુસ્સે થઇ ઠઠોર શબ્દોનો વરસાઠ વર્ષવવાનો શરૂ થયો ઠપઠાથી સીધા ન ચાલતા શિષ્યના મસ્તઠ ઉપર ઠંડ પ્રહાર ઠરવાનો શરૂ ઠર્યો. સરળ અને હળુઠર્મી એવા તે શિષ્યે આચાર્ય ભગવંતને થઇ રહેલી આશાતના બઠલ ભાવઠપૂર્વઠ મનોમન ક્ષમાપના ઠરવા લાગ્યો. પશ્ચાતાપના પ્રતાપે ઘાતી ઠર્મો નાશ થવા લાગ્યો. થોડી જ પળોમાં કેવળજ્ઞાન પ્રગટી ગયું. જ્ઞાનના પ્રતાપે હવે સમતલ ભૂમિ ઉપર ચાલવા.

કેમ હવે બરાબર ચલાય છે ને ? ગુરૂદેવ આપશ્રીની કૃપાથી હવે રસ્તો બરાબર દેખાય છે અહયા, અંધારી રાત્રે રસ્તો ઠઇ રીતે દેખાય છે ? જ્ઞાનથી. ગુરૂદેવ ઠયુ જ્ઞાન પ્રગટ થયું. ગુરૂદેવ ! આપશ્રીની કૃપાથી કેવળજ્ઞાન. અહો ! મેં કેવળીની આશાતના ઠરી. સ્વદોષદર્શન અને શિષ્યના ગુણદર્શન ઠરતાં ઠરતાં ગુરૂજીને ક્ષમાપનાના ભાવ પ્રગટયો. ક્ષપઠશ્રેણિઠ માંડાતાં ઘાતીઠર્મોનો ક્ષય થયો અને કેવળજ્ઞાન પ્રગટ થયું.

— વિરાગ

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ

—: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :—

સી—૨, ટી—૧૧૦, મહાવીર નગર, શંકર લેન,

ફોન : ૮૦૬ ૫૫૬૯. ઠાંદિવલી (વે.), મુંબઇ—૪૦૦ ૦૬૭.

卐 કર્મલત્તા છેદતી કામલત્તા 卐

(ગતાંકથી ચાલુ) —પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. (જયશિશુ)

કામલત્તા ઉભયભ્રષ્ટ થઇ. ન રહ્યો રાજા કે ન રહ્યો પતિ. પણ હવે શિકારમ ખૂલી જશે તો એવા ભયથી અહીં એક ઘડી પણ રહેવાય નહિ, રાજાના માણસો તપાસ કરવા આવતા હું પકડાઉં ને મારૂં મોત થાય. માટે હાલ તો અહીંથી ભાગું.

ઘોરી માર્ગે જતાં પકડાવાનો ભય સતાવતો હતો. તેથી જંગલના માર્ગે રાજાના ઘોડા પર બેસીને ભાગી. બહુ પંથ કાપી નાખ્યો. સવાર પડતાં એક શહેરની ભાગોળે આવી ત્યાં વેશ્યા એને જોઇ પૂછે છે, "કેમ છો બેન ક્યાંથી આવો છો ?"

આ પણ ચાલાક હતી ઓટેઓટું બોલવા માંડયું બેન ! પતિની સાથે નીકળેલી, રસ્તો ભૂલ્યા જંગલમાં ચડી ગયા. શિકારી પશુએ પતિને ઝડપી ખતમ કર્યો. અરેરે ! મારૂં ભાગ્ય ફૂટી ગયું. અને રૂદન કરવા લાગી વેશ્યા આશ્વાસન આપે છે. રડો છો શું કામ બેન ? વિધાતાના લેખ કોણ મિથ્યા કરી શકે ? ગભરાશો નહિ, હમણાં આપણા ઘેર સગી બેનની જેમ રહેજો.

વેશ્યાને પણ લાલચ લાગી, આ બાઇ બહુ રૂપાળી છે. આ મારે ત્યાં ધણી વિનાની ઠરી જાય તો મોટા રાજકુમાર વિગેરે ઘરાક થઇ અને રૂપિયાના ઢગલા થવા માંડે. વેશ્યા દુનિયાની નબળી કડી જાણતી હતી કે રાજકુમારો વિગેરે રૂપ–સ્પર્શના ગુલામ છે. આવી રૂપાળી સ્ત્રીમાં લપટાતા શી વાર ?

રૂપના ગુલામ જરાક સારું જોવા મળ્યું કે આંખને દોડાવે તે રૂપકુશીલ. સ્પર્શના ગુલામ જરાક સુંવાળો સ્પર્શ જણાયો કે સ્પર્શવા દોડે, મગજમાં એ વિષય ઘાલી એના જ વિચારમાં રમે છે. તે સ્પર્શકુશીલ કહેવાય. તેવા જ રસકુશીલ માનવો પણ હોય છે. પણ તે આ બે કરતાં સારા પેટ ભરાઇ જાય એટલે જપે. પછી થોડા સમય બાદ મેવા મિઠાઇની ઝંખના કરે. પણ રૂપ–સ્પર્શકુશીલ જીવોને થોડી ય ધરપત ન મળે. આ કુશીલો રૂપાળી સ્ત્રીમાં કેમ ન આકર્ષાય ?

આજના યુગમાં સિનેમા, ટી. વી., ઉકટ વેશ વગેરેએ રૂપકુશીલતા અને સ્પર્શકુશીલતા વધારી. વળી ફિલ્મી ગીતોથી શબ્દકુશીલતા પણ વધી ગઇ. અને તેથી જ આત્મા અને પરમાત્માનો વિચાર માનવ જીવનમાં દુર્લભ બની ગયો. કુશીલતા જાય તો જિનવાણી પર હૈયું ઓવારી જાય.

આ બાજુ વેશ્યા પણ રૂપાળી કામલત્તા ઉપર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે ઓવારી ગઇ. એટલે હાલ તો મારા ઘરે આવવા દે, પછી સૌ સારા વાના થશે. કામ-

લક્ષ્મી આને વેશ્યા તરીકે જાણતી નથી, એક ભલી બાઇ તરીકે માની વિચારે છે કે, "આ ઠીક આશરો મળ્યો છે. સામેથી આમંત્રણ આપે છે તો સ્વીકારી લઉં. અને વેશ્યા સાથે ચાલી ત્યાં તેને બધી જ સગવડતા આપે છે. મન નિશ્ચિત થઇ ગયું. પ્રફુલ્લિત બની ગયું.

ખરેખર દુન્યવી લાભમાં નિરાંત કે પ્રફુલ્લિતતા એ તો એક કેફ છે જે ધર્મ, કર્તવ્ય, પરોપકારાદિ ભૂલાવે છે. તેથી જ ત્યાં નિરાંત નહિ માનજો. નિરાંત દેવાધિદેવ મળવામાં, જિનશાસન મળવામાં, સદ્‌ગુરૂનો સુયોગ મળવામાં, સદ્‌ગુરુ યોગમાં સુકૃત સાધનામાં અનુભવજો.

બિચારી કામલક્ષ્મી ભૂલી, વેશ્યાને ત્યાં નિરાંતતા અનુભવી પરિણામે વેશ્યાએ હાથમાં લીધી અને કહે છે, "બહેન ? તારો ધણી મરી ગયો તારા માથે કેટલું દુઃખ આવી પડયું ? અરે ! યુવાની ફાટ ફાટ ખીલી ઊઠી હોય એનું કશું સુખ હવે જોવાનું જ નહિ ! એકલું પરદેશમાં કોણ સ્વજન જોવાનું કે તું શું કરી રહી છે ? નવયૌવન વેડફી ન નાંખ. આ સાંભળી દાક્ષિણ્યમાં તણાઇ જાય છે.

વેશ્યાના સહારે કર્મના પનારે

અકાર્યના પનારે પડતી કામલક્ષ્મીને બીજો વિવેક જાગતો નથી. નહિતર યૌવનવયમાં રંગરાગના વિચારો કરવાના, શીલ સદાચારના વિચારો ન કરવાના હોય તો કૂતરી ગધેડીના અવતાર ભલા એમ સમજાત.

પણ વેશ્યા સમજાવે છે, "યુવાની ભોગસુખ વિના ભોગવાઇ જાય, આ કેવી ઊંધી સમજ ? આ તો પશુનો હિસાબ કે માનવનો ? આર્યમાનવનું પવિત્ર દિલ તો એમ માને કે **ભોગ એ ચિટ્ઠ અણુ ત્યાગ એ શોભા.** પણ વેશ્યાના હિસાબે ભોગ વિના યુવાની વેડફાઇ જવાની છે. એટલે જ કામલક્ષ્મીને લલચાવી રહી છે. બેન ! યુવાની વેડફી ન નાંખ. દાક્ષિણ્યમાં પડેલી કામલક્ષ્મીએ એ વાત સ્વીકારી. અને એનુ પરિણામ એ આવ્યું કે બ્રાહ્મિણીને વેશ્યાગીરીના રવાડે ચડાવી દીધી

ભેદ ખૂલે છે ત્યારે

માનવને અકાર્યમાં પડવું હોય, જાતે બચવાની તમન્ના ન હોય, તો કોણ બચાવે ? કર્મસત્તાના દંડ તો મળવાના જ છે. તેથી કર્મસત્તાના દંડ તરફ આંખ-મીંચામણા નહિ, આંખ મીંચામણા કરનારની દશા તો જ્ઞાનીઓ આપણને જણાવે જ છે પણ આપણને ક્યાં પડી છે ?

વર્તમાનમાં નિર્દોષ ઘેટા-બકરા કતલખાને કેટલા કપાઇ રહ્યા ? કીડી-મંકોડા જેવા ક્ષુદ્ર જંતુઓના શા ગુના ? છતાં કચરાય મરે છે ને ? આ ભવમાં ભયંકર ગુના

નહિ છતાં શા માટે મરવું પડે ? પૂર્વ ભવના ગુના પર કર્મસત્તા આ દંડ આપી રહી છે. તો હું બીજાને દુઃખ દઈશ તો પરભવે કર્મસત્તા મારી શી વલે કરશે ? આ વિચાર નથી માટે જ ડી. ડી. ટી. વગેરે જંતુનાશક દવા દ્વારા નિર્દોષ જીવોનો કરુણ-ઘાણ કઢાય છે.

કામલત્તા ભાન ભૂલી વેશ્યાગીરીમાં પડી પરલોકના ભયંકર દંડનો વિચાર ન કર્યો. ક્યાં સુશીલ બ્રાહ્મણી ? ક્યાં આ વેશ્યા બનવાનું ? એકવાર સત્ત્વ ગુમાવ્યા પછી માનવનું અધઃપતન સીમા વટાવી જાય છે. કામલત્તાના જીવનમાં પણ આ જ હકીકત જોવા મળે છે.

આ બાજુ કેશવ પોતાના પિતાના આગમનની રાહ જોતો થાકયો. માતાની શોધમાં ગયેલ પિતાની કોઇ ભાળ ન મળતાં પોતે જ શોધમાં નીકળે છે. ગામ–નગર ભટકતા જ્યાં ગણિકાને ત્યાં કામલત્તા રહી છે ત્યાં આવી ચડે છે. રાજસભામાં પહોંચ્યો હશે. શાસ્ત્રવાતો જમાવી હશે. બધાને રંજિત કર્યા હશે. પરંતુ અહીં એને સાંભળવા મળે છે કે અહીં એક રૂપાળી વેશ્યા છે. એટલે એ એમાં લોભાયો- એના અદ્‌ભૂત રૂપમાં મુગ્ધ બન્યો. અને એને પોતાનું પરદેશગમન લેખે લાગ્યું.

આવો વેદ–વિચક્ષણ વેશ્યાગામી બને ? પરંતુ એક તો યુવાની, અઢળક ધન ! પરદેશમાં કોઇની રોકટોક નહિ. તેથી જ તે ભૂલો પડયો. એને માત્ર બે વરસની વયે જ માતાનો વિયોગ થયેલો, તે પછી માતાને જોયુ જ નથી તે હવે જોવા મળી. પણ કયાંથી ઓળખે કે આ મારી માતા ? તેમ કામલત્તાએ પણ બે વરસનો એને મૂકેલો. પછી વરસો વીત્યા, નવયુવાન બની આવ્યો છે. એટલે એ પણ ઓળખી શકતી નથી કે આ મારો પુત્ર છે. આમ લેશ પણ સગાઈની ગંધ નહિ. ઉન્માદે ચડેલા તે પાપમાં પડયા.

ખરેખર અજ્ઞાન કેટલું ભયંકર છે. માતા–પુત્ર તરીકે લોહીની સગાઈ છે. પણ અજ્ઞાન ભૂલાવે છે અને જોઝારા પાપો કરાવે છે. આખી દુનિયા આ અજ્ઞાનને વશ હિંસાદિ અનેક પાપો કરે છે ને ? પેલી કામલત્તા અને વેદ વિચક્ષણ બ્રાહ્મણ માતા-પુત્ર છે. ઓળખ નથી અજ્ઞાન દશામાં અનાચારમાં પ્રવર્તી રહ્યા છે. એક બાજુ વિષયાંધતા તો બીજી બાજુ અજ્ઞાનતા પછી શું બાકી રહે ? ખરેખર માતા–પુત્ર ! હોવા છતાં વેશ્યાને ચાર જેવી ગદ્ધાગીરીમાં પડયા છે. વિષય લંપટતા હોય છતાં હજી ઓળખ હોય કે "આ મારી મા, આ મારો દીકરો" પછી ભલે ગમે તેવું દેહ સૌંદર્ય હોય પણ દુરાચારનો પરસ્પર ભાવ તો ન જાગે. પણ અહી અજ્ઞાન દશા છે તેથી ઘોર પાપ આચરે છે.

આ પાપલીલામાંથી પણ કોઇ નિમિત્ત મળતાં ભેદ ખૂલે ને ? અને જ્યારે ભેદ ખૂલે છે ત્યારે શું થાય છે જુઓ ?

એક દિવસ કામ વિચક્ષણ બ્રાહ્મણ કહે છે કે "કાલે મારે અહીંથી જવાનું છે" કામલત્તાને લોહીની સગાઇ તો છે જ એટલે વિશેષ પ્રેમ પણ થઇ રહ્યો છે. એ સાંભળીને દુઃખી થાય છે. કહે છે, "થોડું વધારે રોકાઇ જાઓ ને ? આ કહે, "હવે રોકાવાઇ એવું નથી વધુ સમય વ્યતીત થઇ ગયો. હવે તો જવું જ પડશે. તો પછી ફરીથી ક્યારે મળશો ? તમે ક્યાંના રહેવાસી ? શું કરો છો ?

પ્રશ્નો સામે મળતા ઉત્તરો – તેમાંથી ઉકેલાતી ભૂતકાળની સ્મૃતિ અને તેમાંથી જીવન જે વળાંકને પામે છે તે વિચારણીય છે.

કામલત્તાના આ પ્રશ્ન ઉપર વેઠ વિચક્ષણ હવે જવું જ છે તેથી માંડી વાત કરે છે, "હું... બ્રાહ્મણનો પુત્ર – મારી કામલત્તા માતા – મને બે વરસનો મૂકી નગર બહાર પાણીડા ભરવા ગયેલી તેને દુશ્મન રાજા ઉઠાવી લઇ ગયો. પોતાને ત્યાં રાખી વરસો પછી તેણે દાન દેવા માંડ્યું. મારા પિતા દાન લેવા ગયેલા. એમને ઘણું ધન આપી દેવી મંદિરે કાળી ચઉદશે રાતે બોલાવેલા જેથી તેમની સાથે આવી શકે. પિતાજી પણ તેડવા ગયેલા પછી પાછા ફર્યા જ નહિ. હવે હું માતા–પિતા વિનાને કમનસીબ દેશાટને નીકળેલો ને અહીં આવ્યો !

કામલત્તા તો આ સાંભળી સજ્જડ થઇ ગઇ. તેના હૈયાના ધબકારા વધી ગયા. હાય ! આ મે શુ કર્યું ? પેટના દીકરા સાથે કુકર્મ ? પણ હવે જો આ ભેદ ખુલ્લો કરું તો આનું તો હાડ જ બેસી જાય ? આપઘાત જ કરે ? એમ વિચારી પોતાનું કાંઇ જ બોલ્યા વિના કહે, "એમ છે ? સારું.

શું બ્રાહ્મણે કેમ પૂછ્યું નહિ હોય કે, "તમે તમારી હકીકત બતાવો ? તમે શી રીતે વેશ્યા થયા ? પણ વેઠવિચક્ષણ સમજતો હતો કે ઊંચકુળમાં જન્મેલ આવા અધમાધમ કાર્ય ન કરે તેથી જ કામલત્તાને અહેવાલ નથી પૂછતો.

આ બાજુ વેઠ વિચક્ષણના મુખેથી નીકળેલી ભૂતકાળની કથની સાંભળી કામલત્તા વારંવાર દુઃખ અનુભવે છે, પસ્તાવો કરે છે. અરે ? હું કેવી ? ક્યાં મારું પતિતભ્રષ્ટ જીવન ? તે આટલી હદ સુધી ? પતિને મૂકી રાજરાણી બની ? વેશ્યા બની ? ને પુત્ર સાથે દુરાચારિણી બની ? મારા જેવી પાપિણી આ જગત પર કોઇ ના હોય ? હવે હું શું કરું ? ક્યાં જાઉં ? ધરતી મારાથી ભારે થઇ રહી છે ? (ક્રમશઃ)

卐 જીવન જીવવાની કળા 卐

— વાસંતી – રશ્મિકા

વાતે વાતે આજે આપઘાત કરવાનું મન થઇ જાય છે સામાન્ય ઝગડો, બોલા-ચાલી, ઉતારી પાડવા, છણકા કરવા, જે કહે તે ન કરવું, જેમ તેમ બકવાટ કરવો, ગુસ્સામાં આગળ પાછળનું ઓકી કાઢવું, થયેલી ભૂલો વારે ઘડીએ કરાવવી. મા–બાપ વિરૂદ્ધની વાતો યાદ કરાવી સામી વ્યક્તિને બોલતી બંધ કરવી. આવા અનેક કારણ-સર મનમાં રહેલો ઉભરો નીકળે નહિ તેથી આપઘાતના પંથે સંચરવાનું મન થઇ આવે.

આવા જ અન્ય કોઇ કારણસર સંસારથી કંટાળી ગયેલા એક બેન આપઘાત કરવા ચાલ્યા.

ખરેખર ! "જીવન મળ્યું છે. જીવતાં શીખો જેને જીવનમાં વચન રૂપી ઝેર પીતાં નથી આવડતું તેને જીવતાં નથી આવડતું. જેને ઝેર પીતા ન આવડે તેને ધર્મ અમૃત પીતા પણ નહિ આવડે."

કાંઇક સુધર્મની આછી પાતળી વાતો ગડથુંથીમાં મળી છે તેવા એક બહેન છેલ્લી યાત્રા કરવા જતા પહેલા માંગલિક સાંભળીને ભવ સુધારવાની ભાવનાથી ગુરૂ ભગવંત પાસે પહોંચ્યા.

જેમ તેમ નમસ્કાર કરી ગુરુ મ. ને કહ્યું મારે યાત્રા કરવા જવું છે માંગલિક સંભળાવો. બહેનના મુખ ચિંતાગ્રસ્ત હતું.

ભારે ચિંતાતુર અને સામાન્ય કપડે માંગલિક સાંભળવા આવેલી બહેનને જોઇ ગુરુ મ. પૂછ્યું. બહેન કાંઇક ચિંતિત છો ? આવા કપડે કઇ યાત્રા કરવા જવું છે.

પરલે કની યાત્રાએ જવું છે મોડું થાય છે માંગલિક સંભળાવો મારો ભવ સફળ થાય. સમય પારખી ગુરૂ મ. બોલ્યા. બહેન શી ઉતાવળ છે ?

સાહેબજી ઘરથી કંટાળી ગઇ છું. તેમાં વળી સાસુથી કંટાળી ગઇ છું. વાતે વાતે માણેયણે., છણકા અને થઇ ગયેલી ભૂલો યાદ કરાવી કરાવીને રોવડાવે. કોઇ પણ સામાન્ય વાત કરવા જાઉં તો બધાની વચ્ચે ઉતારી પાડે. ન બોલવાના શબ્દો બોલે. મહારાજ આ બધું સહન થતું નથી. શરૂઆતમાં સહન કર્યું હવે બસ ! ધીરજ ખુટી હવે તો મરવું જ સારૂં લાગે છે માટે ગુરૂ મ. માંગલિક ઝટ સંભળાવો. નહીંતર કોઇક આવશે તો મારી યાત્રા અધુરી રહેશે.

બહેન જરા શાંત થાઓ. ધીમા પડો. હૈયાં બેસો. અને મારી વાત સાંભળો. હવે અહીંથી અન્ય કોઇ સ્થળે ગયા વગર સીધા જ ઘરે જાવ. સૌ પ્રથમ તમારી સાસુને

પ્રણામ કરજો. તેમને ભાવતી ગરમાગરમ રસોઇ જમાડજો. જમ્યા પછી સૌ જતલાઇ તૈયાર કરી આપશો. થોડી ભક્તિ અનુકૂળતાએ કરજો. સાંજે ચોવિહાર કરી શકે તે માટે વહેલી રસોઇ બનાવી પ્રેમે જમાડજો. સંથારો કરે ત્યારે પગચંપી કરજો. આટલું રોજ કરશો તો ધીરે ધીરે વાતાવરણ બદલાઇ જશે. તું સમતારસમાં ઝીલજે. શાંત ચિત્તે રહેજે. અને એક શબ્દ પણ બોલીશ નહિ.

ગુરુ મ. ની વાણી, કાને ધરી હૃદયમાં સ્થિર કરી, આશીર્વાદ લઇ ઘરે ગઇ, સાસુના ચરણોમાં મસ્તક મુકી પ્રણામ કર્યા. સાસુએ મોઢું મચકોડયું. ગરમ ઉચ્છ્વાસ બહાર ફેંકયો. જમવાની વેળાએ જમવાનું આમંત્રણ આપી, હાથે ઝાલી બાજોઠે બેસાડી ગરમાગરમ શીરોને ભળ્યાં ભાણામાં પીરસ્યા.

આ વર્તણૂંક જોઇ સાસુ તાડુકી, આજે શું છે ? આવું ડાહ્યપણ આજે કયાંથી આવ્યું ? ચીવટ – ઠંડી ઠીકરા જેવી રોટલીની જગ્યાએ ગરમાગરમ ફીરં મળ્યો તેથી કાંઇ ગરજ લાગે છે. ગરજે સૌ શાણા થઇ જાય. ગરજે ગરીબડી ગાય બની જાય. ગરજ પુરી થશે એટલે ચાર પગે કુદીશ ને ? જેમ જેમ કડવા શબ્દ સંભળાવતી સાસુ ઉપર પેલી બેન સમતા રાખી ઉભી હતી.

મહારાજના વચન ઉપર વિશ્વાસ હતો. કાંઇક નક્કર પરિણામ આવશે.

ઉછળી ઉછળીને સાસુ બોલતી જાય છે. આતી જાય છે બોલે છે ને ખાય છે. બેન સાસુનું મુખડું જોયા કરે છે આગ્રહ કરી કરીને થોડું થોડું ભાણામાં મુકીને વપરાવે છે. મોઢા ઉપર ક્રોધ દેખાય છે પણ અંતરના ભાવો કાંઇક કુણા થવા લાગે છે. માનો કે ન માનો મારી આજની વર્તણૂંક ગમી છે.

જમી પરવારી સાસુને આરામ કરવા માટે પોતાના પિતાને ત્યાંથી આવેલી મલમલની ગાદી પાથરી સાસુને આરામ કરાવ્યો. થોડી ભક્તિ કરી સાસુને નસકોરા બોલતાં કરી દીધા.

સાસુ ઉઠીને સામાયિક કરે છે માટે સામાયિકની બધી તૈયારી કરી દીધી. સાંજે સમયસર વાળું કરાવી લીધું આરાધના કરવા ઉપાશ્રય મુકી આવી પાછા ફરેલા સાસુજીને માટે સેજ તલાઇ તૈયાર કરી તેમાં સુવડાવ્યા પગચંપી કરી સાસુજીનો થાક ઉતારી દીધો.

સાસુ મનોમન વિચાર કરે છે માનો કે માનો આજે કાંઇ પણ ફેરફાર છે. તેના હૃદયનું પરિવર્તન પામ્યું લાગે છે દિવસ–રાત વિતવા લાગ્યા સતત સેવા થવા લાગી સાસુનું બગડેલું હૃદય પિગળવા લાગ્યું પુત્રવધૂ મારા ઘરનું રત્ન છે તે તો મારી દિકરી

છે. મેં આજ દિન સુધી તેને શાંતિથી રહેવા દીધી નથી તેનો વાંક હોય કે ન હોય શાંતિથી, પ્રેમથી, સમજાવીને કહેવાને બદલે હું તો વાતે વાતે તેની સાથે ઝગડી જ છું, ભૂલ મારી જ છે.

મેં એને કેળવણી આપી નહિ મારી દિકરીને મે જેવા સંસ્કારો આપ્યા એવા સંસ્કારો મે મારી પુત્રવધુને આપ્યા નહિ. જે દિવસથી અહીંયા આવી તે દિવસથી જ મે તેની ઉપર રોફ-રોષ ચલાવ્યો છે. મારે મારા ઘરને નંદનવન બનાવવું હોય તો મારે મારા સ્વભાવને બદલવો જોઇએ. મારા હૃદયનું ઓપરેશન મારે જ કરવું જોઇએ. હું જે રીતે જીવવા માંગુ છું તેવી જ રીતે સૌ કોઇ જીવવા માંગે છે. માટે મારે મારા જીવનમાંથી અહંકાર અને અજ્ઞાન દૂર કરી નાખવા જોઇએ. સમતા અને સમ્યગદર્શનની ભાવના જગાડવી જોઇએ.

અહંકાર જાય તો જ પોતાની ભૂલ સમજાય છે. અહમ્‌માં રમતો માનવી ન કરવાના કામો મજેથી કરે છે. અજ્ઞાન, તે બધા કામોને સારા જ કરાવે છે. આવું માનતા માનવીને સમતા અને સમ્યગદર્શનનો ભેટો થઇ જાય તો તેનો બેડો પાર થઇ જાય.

આજ તિલાંજલી અહંકાર – અહંમ્‌ને અજ્ઞાન ને !



(અનુ પેજ નં. ૫૦૯ નું ચાલુ)

આજનો મોટો ભાગ આહારાદિ દશે સંજ્ઞામાં રાજી છે. તેને લઇને તેને ધર્મ સંજ્ઞા પેદા થઇ નથી અને તેથી જ તેને જ્ઞાનસંજ્ઞાની જરૂર પણ પડતી નથી. આહાર સંજ્ઞાને પોષવા આજે જે ચાલી રહ્યું છે. ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો વિવેક નષ્ટ થઇ ગયો છે ભય તો ચારે, બાજુ બેઠો છે, પાંચે ઇન્દ્રિયોને રમાડવી તેનું નામ મૈથુન તેની તો વાત કરતાંય શરમ આવે તેમ છે, તેને રમાડવા માટે જે કાંઇ જોઇએ તે બધું પરિગ્રહ સંજ્ઞામાં આવે. આ બે સંજ્ઞામાં લીન હોય તેને ક્રોધ કરતાં કેટલી વાર ? માન તો જીવતું-જાગતું બેઠું હોય, માયા તો તેની સખી જેવી હોય, લોભ તો તેનો મોટામાં મોટો મિત્ર હોય, તમે દોડતા હોવ ને લોભ કહે ચૌદ ચૌદ – સોળ સોળ કલાક કામ કરે છે. ઘરમાં રહે જ નહિ, લોભની વાતમાં કુલાવ એટલે લોભ સંજ્ઞા પણ આવે અને ઓઘ સંજ્ઞા તો બેઠી જ હોય આવી રીતે અનુભવ સંજ્ઞામાં આખું જગત મરી રહ્યું છે તેને જીવાડવા માટે જૈન શાસનની સ્થાપના છે. **તમારી મરેલી ચેતના જીવતી કરવા પાટ પર બેસવાનું છે.**

* શું વહાલું જીવ કે પૈસો ? *

— આઇ. જોશી

કોણ જાણે કેટલા વર્ષો પહેલાની વાત.

ધરમપુર નામે એક નગર.

નગરમાં મોતીચંદ શેઠ રહે. શેઠનો વેપાર દરિયાપાર. શેઠને વેપાર માટે ઘણી-વાર દરિયાપારના દેશોમાં જવું પડે. દરિયાઇ મુસાફરી કરવી પડતી. આ રીતે વેપાર અંગે અવારનવાર જહાજમાં જવાનું થતાં જહાજના એક અધિકારી દયાળુ, ભલા ને સમજુ હતા.

એક દિવસની વાત.

એક દિવસે અધિકારીએ શેઠને કહ્યું, 'શેઠજી, આપ વર્ષો થયા આ રીતે વેપાર માટે આવ જા કરો છો. બરોબર ને ? હું ઘણાં લાંબા સમયથી આપને જોઉં છું. ઓળખું છું. મને એક દિવસ વિચાર આવ્યો તે આપને કહું છું. આ સમુદ્ર નો કોઇ ભરોસો નહિ. ગમે ત્યારે તોફાન આવી ચડે. આ મારો અનુભવ છે. માટે કહું છું ગમે ત્યારે સમુદ્ર ગાંડો બને. મારી આપને ખાસ સલાહ છે કે જો આપને તરતા ન આવડતુ હોય તો શીખી લેવું હિતાવહ છે. જો આવડતું હોય તો સારી વાત છે.'

શેઠ બોલ્યા, 'અરે, સાહેબ, મને તરતાં નથી આવડતું. પરંતુ હવે તો તરતાં શીખતાં કેટલો સમય લાગે ? પાઠા ઘડે કાઠા ચડે અરા ?'

અધિકારી કહે, 'અરે શેઠજી, આપ માંડ એકાદ મહિનો બરાબર નિયમિત શીખો તો હરકત નહિ. આપને વિશ્વાસ બેસી જાય પછી વાંધો નહિ.

શેઠ : 'અરે ભલા માણસ, તમે બહુ ભલા છો. તમે જાણો છો કે હું એક વેપારી માણસ છું તરવા માટે એક મહિનો કેવી રીતે કાઢી શકું ? હું એક મહિનો તેની પાછળ લગાડું તો મારા વેપારનું શું થાય ? મને આ બિલકુલ પાલવે નહિ.'

અધિકારી : 'વાહ, શેઠજી આપને વેપારની ચિંતા છે પણ આપની નથી. તો એક કામ કરો. મારો એક મિત્ર છે તેને કહું તો તે આપને અઠવાડિયામાં શીખવાડી દેશે. આપને એટલા માટે કહું છું કે ભવિષ્યમાં સમુદ્રમાં તોફાન આવે કે બીજી કોઇ મુશ્કેલી ઉભી થાય ને આપને તરતાં આવડતું હોય તો બીજુ કાંઇ નહિ તો આપની જાન તો બચાવી શકો.'

અધિકારી સમજી ગયો કે શેઠ બહુ લાલચુ માણસ છે. તેને જીવ કરતાં પૈસો બહુ વહાલો છે.

આ સાંભળી શેઠ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. ખૂબ ઉદાસ થઇ ગયા. જીવ બચાવવાની વાત થઇ, જીવ કોને વહાલો ન હોય ! મોં ઉપર ગંભીરતા છવાઇ ગઇ. તે બોલ્યા, 'અરે ભાઈ, કાંઇ એવો ઉપાય બતાવો કે હુ તોફાન વખતે બચી પણ જાઉં ને તરવાનું પણ શીખવુ ન પડે. તમે તો જાણો છો કે મને તો મરવાનો પણ સમય નથી. મારે ઘણું બધુ કામકાજ રહે છે કે બિલકુલ નવરો થતો જ નથી.'

અધિકારી સમજી ગયો કે શેઠ બહુ લાલચુ માણસ છે. તેને જીવ કરતાં પૈસો બહુ વહાલો છે.

'ચમડી તૂટે પણ દમડી ન છૂટે.'

શેઠ : 'અરે ભાઇ, મેં કહ્યું તેવો ઉપાય બતાવો ને !'

અધિકારી : 'ઠીક છે શેઠજી, એક કામ કરો. એક ખાલી પીપ લો. તેનું ઢાંકણ બરાબર ફીટ હોવું જોઇએ. અંદર પાણી બિલકુલ જવું જોઇએ નહિ. આવું એક પીપ તમારી સાથે રાખો. જ્યારે એવો સમય આવે ત્યારે આપ પીપ વડે તરીને જીવ બચાવી શકશો.'

બહુ વિચાર કરી અધિકારીએ ઉપર મુજબનો રસ્તો બતાવ્યો. આ વાતથી શેઠના ખોળિયામાં જીવ આવ્યો. મોં ઉપર આનંદ છવાઇ ગયો. જાણે સાચે જ કોઇ મુશ્કેલી-માંથી બચી ગયા હોય. શેઠ બોલી ઉઠ્યા, 'વાહ ભાઇ સાહેબ, તમે બહુ સરસ ઉપાય બતાવ્યો. તમારો ખૂબ આભાર માનું છું.'

શેઠ જ્યારે પાછા ઘેર ગયા ત્યારે પેલું કામ નોકર પાસે ખાલી પીપ મંગાવવાનું કર્યું પણ જ્યારે બહાર જવાનું થાય ત્યારે તે પીપ સાથે લઇ જાય.

એક દિવસની વાત છે.

શેઠને ફરી એક વખત દરિયાઇ પારના દેશમાં જવાનુ થયુ. બનવાજોગ ને બન્યુ એવુ કે સમુદ્રમાં તોફાન થવાના ચિન્હો જણાવા લાગ્યા. થોડીવારમાં તો પાણીના મોજા ઉછળવા લાગ્યા. તોફાનની શરૂઆત થવા લાગી. મોટા મોટા મોજાં ઉલાળા લેવા માંડ્યા. સૌ કોઇના જીવ તાળવે ચોંટી ગયા. અદ્ધર શ્વાસે મુસાફરો ફફડવા લાગ્યા. જહાજ પણ ડગમગવા લાગ્યુ. સમુદ્ર જ્યારે તોફાને ચડે પછી તો થઇ રહ્યું. હવે તો ગમે ત્યારે જળમાં સમાઇ જાય તેવી પરિસ્થિતિ આવી ગઇ. જહાજના નાયકે બધાંને ચેતવણી આપી દીધી હતી. સૌ મુસાફરો મુંઝાઇ ગયા હતા. કોઇક જીવ બચાવવા

આપ સૌને વિનંતી છે કે સૌ સૌના જીવ બચાવવા માટે સમુદ્રમાં કૂદી પડો. તમને બચાવવા માટે અમે લાચાર છીએ.

તૈયાર થઇ ગયા હતા. ક્યારે શું થાય તેની કલ્પના કરવી મુશ્કેલ થઇ પડી હતી. થોડી-વારે જહાજના અધિકારીએ મુસાફરોને ચેતવણી આપતાં કહ્યું કે, 'યાત્રિકો સાવધાન, ધ્યાનથી સાંભળો, સમુદ્રમાં તોફાન શરૂ થઇ ગયુ છે. હવે કયારે ? શું થાય તે કહી શકાય તેમ નથી. કેમ કે તોફાન અમારા કાબુમાં નથી.

આમ સૌને વિનંતી છે કે સૌ સૌના જીવ બચાવવા માટે સમુદ્રમ કૂદી પડો તમને બચાવવા માટે અમે લાચાર છીએ. જે કાંઇ ઉપાયના સાધનો છે તે તમને આપ્યા છે. બાકી કરેકે પોતાની રક્ષા જાતે જ કરવી પડશે. તુરત કૂદી પડો.

આવી ચેતવણી સાંભળી સૌ હલચલ મચી ગઇ ફફડાટ થઇ પડયો દોડાદોડી ને ભાગમભાગ થઇ પડી સૌ બેબાકળા બની ગયા એકબીજા સામે અથડાવા લાગ્યા જીવ બચાવતા ફાંફા મારવા લાગ્યા કોઇ સામાનને બંધાવવા માટે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. અમા સૌથી વધુ ચિંતા તો શેઠ મોતીચંદને પડી હતી શેઠના મોં ઉપરથી નૂર ઉડી ગયું હતું. શરીર ધ્રુજવા માંડયું હતું. ત્યાં શેઠનો નોકર પણ સાથે હતો તે બોલ્યો, શેઠજી, મને તો તરતાં આવડે છે હું તો હિંમતે મર્દા તો મદદે ખુદા કરીને ઝંપલાવું છું. જીવ બચાવવા માટે પડું છું. આપ મારી ચિંતા ન કરશો. આપના માટે સાધન સાથેછે આ લો તેને બાંધી સમુદ્રમાં જીવ બચાવવા કુદી પડો. શેઠ રડતા અવાજે બોલ્યા અરે પણ પેલા પૈસા ભરેલી પીપ ક્યાં છે ?

નોકર કહે, શેઠજી, એ પણ ખાલી પીપ સાથે જ પડેલી છે. શેઠ ગભરાઈ ગયા તુરત પેલા પીપ પાસે ગયા શેઠના મનમાં વિચાર આવ્યો, અરે હું ખાલી પીપને વળગી પડીશ ને બચી જાઉ તો મારા પેલા રુપિયા ભરેલા પીપનું શું થશે ? ખાલી પીપનો ઉપયોગ કેમ કરવો તે હું જાણતો નથી વળી તેમાં હું બચું કે નહિ તેની કોણ ખાતરી ? જીવી જઇશ તો ખાલી હાથે ફરીશ પરંતુ મારા નાણાં તો બીજા કોઇના હાથમાં જશે ને ? તો પણ શા માટે પૈસા ભરેલા પીપનો ઉપયોગ જ ન કરૂ ? બચી જઇશ તો આ પૈસાથી મારું જીવન સારી રીતે પસાર થઇ જશે, બસ આરામથી જીવન પસાર કરીશ.

આમ લાલચુ શેઠની બુદ્ધિ બહેર મારી ગઇ હતી કહેવાય છે ને કે વિનાશ કાળે વિપરીત બુદ્ધિ શેઠનું પણ આવું જ થયું. તે જાણતા હતા કે ભરેલા વડે તરી શકાય નહિ પરંતુ પૈસાના લાલચે તેની બુદ્ધિ નષ્ટ થઈ ગઇ.

શેઠ, પૈસા ભરેલ થેલાને વઈ બથભરી સમુદ્રમાં કુદી પડયા બસ, પાછી શું થાય ? સૌ કોઇ જાણે છે તેમ શેઠ ભરેલા વજનવાળા થેલાથી તળીયે જવા લાગ્યા ડૂબવા લાગ્યા. જોતજોતામાં શેઠ સમુદ્રમાં ડૂબી ગયા ને તેનું જીવન પણ હંમેશને માટે ડૂબ્યું ગયું.

'લોભ અનર્થનું મૂળ છે' (કૂલવાડી)

ફ્ર પ્રેરણામૃત સંચય ફ્ર

— શ્રી પ્રજ્ઞાંગ

(સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.ના અપ્રગટ પ્રવચનોમાંથી સંકલિત ત્રિવિધે ક્ષમાપના)

* તમને લોકોને ધન વહાલું છે કે ધર્મ વહાલો છે તેની હવે થોડા દા'ડામાં ખબર પડવાની છે. તમે લોકો ય અમારી સાથે રહેશો કે તમારા મોટા ગણાતા આગેવાનો સાથે ભળી જશો તેની મને ખબર નથી. તમે લોકો નહિ સમજો તો ધર્મ રસાતલ થઇ જશે. તમારે ધર્મનો પ્રચાર કરવો છે ને ? આજના લેખકો ભગવાનને કેવાં ચીતરી રહ્યા છે તેની તમને ખબર છે ?

તમે લોકો માનો છો કે આજના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ અમે નથી જાણતાં ભગવાનને 'સામ્યવાદી' અને 'સમાજવાદી' કહેનારા અણસમજુઓ પાકી ચૂક્યા છે અને તમે બધા તેમાં તાલીઓ પાડો છો ભગવાન લોકના 'નેતા' છે કે આપણા ભગવાન ત્રણ લોકના નાથ છે ? ભગવાનને 'સામ્યવાદી' ચીતરનારા હૈયા ફૂટયા લેખકો આજે ફૂટી નીકળ્યા છે. છતાં તમારા લોકોના પેટનું પાણી ય હાલતું નથી. શ્રી ગણધર, મહારાજે અને સુવિહિત શાસન સમર્પિત પૂર્વાચાર્યોદ્વિ કહે તે ખોટું અને આજના પૈસાથી લખનારા લેખકો કહે તે સાચું...! તમારું માથું ધડ ઉપર છે ને ? આજના લેખકોને કયાં કશું ભણવું છે તેને તો જેવા કામ તેવા કામ કરવા છે...! ભગવાનને 'સામ્યવાદી' અને 'સમાજવાદી' કહેનારા ભગવાનની ઘોર અવહીલના કરી રહ્યા છે. સામ્યવાદ અને સમાજવાદના ફળો તમે આજે અનુભવી રહ્યા છો તેની વાતો કરનારાને પોતાના પેટ-પટારા વિના બીજા કોઇની પડી નથી. સામ્યવાદના નામે કૈંકની કતલ થઇ ગઇ...કૈંકને રસ્તાના રઝળતા બનાવી દીધા.

કાલે શું થશે તેની ખબર નથી... તમે લોકોને છાપાં વાંચતાં ય આવડે છે ? આ બધું બોલું છું તે જંગલમાં રોવા જેવું છે ! ભગવાન જેના તેના નેતા ન થાય. આજના લોક નેતાની શી કફોડી થઇ રહી છે તેની તમને ખબર નથી...? આજના નેતાઓની ઠાઠડી નીકળે છે, તેના નામના લોક છાજિયા લે છે છતાં તમારામાં અક્કલ નથી આવતી આવા મૂરખાઓના નેતા કોણ થાય ? સાચી વાત સાંભળવાની હિંમત નહી તેના નેતા થવું નથી. જે લોકો આજે 'જે' બોલાવે તે જ લોકો કાલે 'શેઇમ' પોકારો અને આજના લોકની નેતાગિરિ લેવા શું શું કરવું પડે... કેટલાં નાટક કરવા

પડે... કેવાં કેવાં કામ કરવા પડે... કેટલાં ય લોકો ફેંકાઇ ગયા છતાં તમારી આંખ ઉઘડતી નથી અને ભગવાનને 'નેતા' બનાવવા છે ?

કયા પણ લાયકની થાય, બધાની નહિ. કયા ચિંતાય બધાની પણ થાય યોગ્યની જ. અમને આજના લોકોની ઘણી ય કયા આવે છે કે 'આ બધા ઉન્માર્ગે જઇ દુર્ગતિ પામશે.' હાથ પકડવા જઇએ તો સાંભળે કોણ શિખામણ પણ કોને દેવાય ! તમે તમારા સંતાનોને દુધ પાઇને મોટા કર્યા છે. તેમને ય શિખામણ દેતાં તમારે ય વિચાર કરવો પડે તેમ છે તમને તો બાપ થતાં ય નથી આવડયું અને બાપ થઇ બેઠા છો. તમારો છોકરો દેવ-ગુરૂ-ધર્મને તો નથી માનતો પણ તમને ય નથી માનતો એટલું નહિ તમે આપેલી (તમારી પસંદગીની) છોકરી પણ તેને નથી ફાવતી, આ નાનોસૂનો જુલમ છે ! હજી તમારામાં અકકલ નથી આવી.

આપણી વાત એ છે કે ભગવાન તમારા જેવાના નેતા નથી. 'નમુત્થુણં' કરોજ બોલતાં હશો તેમાં શું આવે તે જાણો છો ?

"લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગ પઇવાણં, લોગપજ્જોઅગરાણં"

"ભગવાન લોકમાં ઉત્તમ ખરાં પણ કયા લોકમાં ? ભવ્ય લોકમાં ભગવાન ઉત્તમ છે. ભવ્ય અભવ્યની વાત સમજો છો ? જેને મોક્ષની ઇચ્છા હોય તે ભવ્ય જેને મોક્ષની ઇચ્છા કદિ થવાની જ નથી તે અભવ્ય. નાથ પણ કોને કહેવાય ? યોગ અને ક્ષેમ કરે તેને નાથ કહેવાય. સમ્યકત્વાદિ ગુણોની પ્રાપ્તિ કરાવે અને આવેલા ગુણોનું રક્ષણ કરે રક્ષણ કરવાના ઉપાયો બતાવે-તે નાથ. બીજાધાનાદિને યોગ્ય એવા ભવ્ય જીવોના ભગવાન નાથ છે. ભગવાન હિતચિંતક જગતના સઘળાં જીવોના છે. જગતનો કોઇ જીવ એવો નથી જેના હિતની ચિંતા ભગવાને કરી ન હોય. ભગવાન લોકમાં દિપક સમાન છે તે સમકિતી જીવો માટે પણ આંધળાઓ માટે નહિ. અને ભગવાન લોકમાં પ્રદ્યોત કરનારા ખરાં પણ તે ગણધર ભગવંતો માટે જ, બીજા માટે નહિ.

આ બધું સમજશો તો વર્તમાનમાં કેવી કેવી ફજેતીઓ થઇ રહી છે તેનો ખ્યાલ આવશે.

હજી તમે લોકો જાગતા નથી તેની ઘણી જ નવાઇ લાગે છે. પચ્ચીશીની ઉજવણીના ડીમડીમ વાગી રહ્યા છે, ભગવાનને 'સામ્યવાદી' અને 'સમાજવાદી' કહે-નારા ભયંકર પાપાત્માઓ જૈન શાસનમાં માન પામે તેવું બને ? આ બધા વાદ ખોટાં છે. શબ્દોના આડંબરોમાં બધાને ફસાવી રહ્યા છે. વાદ તો જગતમાં અધ્યાત્મ-વાદ ધર્મવાદ અને મોક્ષવાદ જ સારો ભગવાનના કાળમાં ય ઘણાં ગાઢ મિથ્યદૃષ્ટિઓ હતા

છતાં પણ ભગવાન તેમની સામે જોયું નથી. સંસારના કોઇ માર્ગ સાથે ભગવાનને લેવા દેવા નથી. સમાજવાદ–રાષ્ટ્રવાદ–સામ્યવાદ મોક્ષ માટે છે કે સંસાર માટે છે?

આ વાદમાં આત્માની–પુણ્ય પાપની–મોક્ષની વાહી છે? આ વાદ બધાનું ભુંડું કરનાર છે. આ વાદને અને ભગવાનને શું સ્નાનસૂતક છે! બધાનું ભલું કરવાનું કહેનારા તમારા નેતાઓ આટલાં પાપ છડે ચોક શરૂ કરે મહારંભના સાધનભૂત કારખાનાદિ ખોલવા દે કતલખાના ખોલવા દે અને તે ય તમારે નામે! તમારી બુદ્ધિને ય પક્ષઘાત થયો લાગે છે. આર્ય દેશમાં કોઇ રાજા આદિએ કતલખાનાં શરૂ કર્યા નથી. કોઇ વ્યક્તિગત ધંધા કરે તે જુદી વાત. આજે તો બધું તમારા નામે ચાલે છે. એક દિવસ કયા પાળી (?) તેમાં રાજી થાય તેવી તમારી વાણિયાની જાત! અહીં આવેલો સમજદાર જોઇએ. સમજદાર જીવ જ્યાં ત્યાં માથું ન હલાવે બહુમતીના નામે તમે બધાં ધર્મની ઘોર ખોદી રહ્યા છો. તમે જે એકતાની વાતો કરી રહ્યા છો તેમાં તમારી મૂડી ગુમાવવાનો ધંધો છે. આજની એકતા એટલે સારા માણસની મૂડી ગુમાવવાનો ધંધો!

અમારા નામે ગપ્પા ન ચલાવો!

આજના માંકડના પક્ષપાતી ગૃહસ્થો અમારા નામનો ઘણો દુરૂપયોગ કરે છે. આવા જુઠાણાને ચલાવનારા ખરેખર ભાન ભૂલ્યા છે. **મેં મારા જીવનમાં કદિ માંકડ વાપર્યું નથી કે વાપરવાનો પણ નથી.** મને સમજેલો મારો સાધુ પણ વાપરવાનો નથી. અમે આજના વિજ્ઞાનના વિરોધી છીએ. અમારે કમનસીબે દવા આદિ કરવા પડે તો અમે દવા કે ડોકટરને વખાણનારા નથી. અમારો શ્રાવક મોટો ઉદ્યોગપતિ કે મીલમાલિક હોય તો ય તેને અમે કહીએ છીએ કે 'મહારંભમાં ફસાયેલા છો સાવચેત નહિ રહો તો આ જન્મ હારી જશો.' તે મીલ માલિક છે માટે સારા લાગે છે તો તો અમારા મહામતને ય કલંક લાગે તે અહીં આવે, ભગવાનની વાત સમજે: મહારંભાદિને ઓળખે તેનાથી બચે અને ધર્મ પામે તો તે જેવી ધર્મ પ્રભાવના કરે કે જેનું વર્ણન ન થાય.

આજના ટેલીવીઝન આદિ સાધનોમાં રાજી થયા છે તેમાં તો ધર્મનો હોમ થયો છે. આજના બધા જ સાધનો મહારંભ અને મહાપરિગ્રહના સાધનો છે. જે લોકો મોજશોખાદિ. કરવા માગવા નીકળે છે તે જૈનત્વનું અપમાન કરે છે અને તેને સહાય કરવાનું કહેનારા ઉન્માર્ગદેશક છે. તે બિચારા ધર્મ તો પામ્યા નથી પણ જૈન શાસનની છાયા પણ પામ્યા નથી તેવાની તો દયા જ આવાની રહી! (જુઓ પે. ૫૦૩)

* હિન્દી મેં જૈન સાહિત્ય *

(પ્રાચિન)

વિ.સં. ૧૧૦૦ સે ૧૫૦૦ કી અનેક રચનાએ હમેં 'પ્રબંધ' કે નામ સે મીલતી હૈ (૧) કુમારપાળ પ્રબંધ (૨) પ્રબંધ ચિંતામણી (૩) ભોજ પ્રબંધ આદિ પ્રબંધોમેં વીર પુરૂષો કે ચરિત્ર વર્ણન હોતે હૈ । યુદ્ધવીર, દાનવીર, ધર્મવીર, દયાવીર આદિ પુરૂષો કે ચરિત્ર પ્રબંધોમેં મીલતે હૈ ।

જૈન સાહિત્યમેં અનેક પ્રકારકા સાહિત્ય મીલતા હૈ । જૈસે 'પ્રબંધ' ફાગુ 'રાસ' ઔર સભી રસકા સાહિત્ય હૈ શાલીભદ્રસૂરિ 'રાસ' કા પ્રારંભ ઇસ પ્રકાર કરતે હૈ ।

'રિસહ જિણેસર પય પણમેવી
સરસતિ સામિણિ મન સમરેવી
નમવિ નિરંતર ગુરૂ ચરણ.'

જૈન સાહિત્ય કા પ્રસિદ્ધ કાવ્યરૂપ 'ફાગુ' હૈ । નેમિનાથ, જંબુસ્વામી સ્થુલિભદ્ર આદિ પર રચેલ 'ફાગુ' શૃંગારિક કૃતિ હૈ । રચનાકાર જિનપ્રભસૂરિકા (શ્વે. ખરતર ગચ્છ) વિ. ૧૩૯૦ આચાર્યપદ ઔર દેહાવસાન વિ. ૧૪૦૦ બતલાયા ગયા હૈ, પાટણ સંઘને ઉન્હે 'બાલધવલ' બિરૂદ દીયાથા । ચરિત્ર નાયક અપૂર્વ વિતરાગી થે ઉનકી, પ્રતિષ્ઠાથી ફાગ કાવ્ય વર્ષા સે શુરૂ હોતા હૈ ।

સ્થુલિભદ્ર ફાગુ કાવ્ય કા સારાંશ ઇસ પ્રકાર હૈ, કી સ્થુલિભદ્ર અત્યંત વિલાસી થે વીરાંગના કોશા કે પ્રેમ મેં ડુબ ગયે થે, રાગ કે મોહમેં વે કર્તવ્ય ભૂલ ગયે થે, સંસાર જીવનમેં ચોટ લગી ઔર દીક્ષા અંગીકાર કરલી, આચાર્ય સંભૂતિવિજયને અધ્યયન શુરૂ કરાયા વૈરાગ કે રંગ મેં રંગ દીયા, વહી કોશા વેશ્યા કે ઘર પર ઉન્હોને ચાતુર્માસ પ્રવેશ કીયા, દેવોને પુષ્પવૃષ્ટિ કી, ઉનકા વૈરાગ્ય ખીલ ઉઠા થા, કોશાને બહુત પ્રયત્ન કીયા લેકીન શ્રુંગાર–વૈરાગ્ય પર હાર ગયા–ઇસ ફાગુ કાવ્ય મેં કવિ જિનપ્રભસૂરિને સ્ત્રી–પુરૂષ દોનોકા સૌંદર્ય વર્ણન કીયા હૈ । પુરૂષ સૌંદર્ય કા વર્ણન કરને મેં કમાલ કી હૈ । 'કંચન જિમ ઝલકંત કાન્તિ ઔર સંજય પરિહારો' યૌવન ઔર સંયમ કા અદ્‌ભૂત ભેદ વર્ણન કીયા હૈ । વર્ષા વર્ણન મેં વિરહિણી કોશાકા હૃદય પ્રકંપિત હો ઉઠા, કોશાકા મન કાંપ ગયા પરંતુ સ્થુલિભદ્રમૂનિ ચલિત ન હુવે વૈરાગ્ય કી જીત હુઇ । કોશા મુનિ કે ચરણોં મે ગીર પડી, હાર ગઇ । કીતના તીવ્ર વૈરાગ્ય ?

પ્રાચિન ઔર મધ્ય કાલિન હિન્દી જૈન સાહિત્ય
(ચર્ચરી છંદ-ગીત કાવ્યનું સાહિત્ય)

૧. હરિભદ્રસૂરિકૃત –'પ્રાકૃત કાદંબરી' નામક સમરાદિત્ય કથા
હેમચંદ્રાચાર્યને લીખા હૈ કી, ચર્ચરી યાને શુભવાણી (છંદોનું શાસન)
(અભિધાન ચિંતામણી)

૨. મહાકવિ કાલીદાસ કૃત વિક્રમોવર્શીય (ચર્ચરી છંદ-ગીત)

૩. ઉદ્યોતનસૂરિ કૃત-કુવલય માલા કથા

૪. ધનેશ્વર સૂરિ કૃત-સુરસુંદરી ચરિત્ર ગ્રંથ (પ્રાકૃત) સં. ૧૦૯૪

૫. જિનદત્ત સૂરિ કૃત-ગુરુ જિનવલભ સૂરિ સ્તુતિ સં. ૧૨૧૧

૬. સોમપ્રભ સૂરિ કૃત-કુમારપાળ પ્રતિબોધ સં. ૧૨૪૧

૭. શાલીભદ્ર સૂરિ કૃત-ભરત બાહુબલી રાસ (સર્વ પ્રથમ રાસ) સં. ૧૨૪૧

૮. જિનેન્દ્ર સૂરિ કૃત-પદ્મનંદ મહાકાવ્ય વિ. ૧૪ મી શતાબ્દી

૯. મેરૂંગાચાર્ય કૃત-સ્તંભનેન્દ્ર વિ.સં. ૧૪૦૧

૧૦. જયશેખર સૂરિ કૃત-ઉપદેશ ચિંતામણી (૧૪૩૯)

૧૧. ગુણરત્ન સૂરિ કૃત-ઋષભ ચરિત્ર (૧૫૩૦)

ઇસી પ્રકાર હિન્દી જૈન સાહિત્ય મેં બહુતસી પ્રાચિન મ. કાલિન કૃતિયાં ભંડારો મેં સુરક્ષિત હૈ । જો પઢને ઔર મનન કરને યોગ્ય હૈ । જૈન સાહિત્ય મેં સભી પ્રકાર કા સાહિત્ય મીલતા હૈ । સભી રસ્તે કા ભરપુર સાહિત્ય મીલેગા, જૈસે ચંદનબાળા રાસ (કરૂણરસ) સ્થૂલિભદ્રરાસ (શ્રુંગાર રસક વૈરાગ્ય રસ) ભરતમૂનિકા નાટય શાસ્ત્ર, હેમચંદ્રજી કા-કાવ્ય શાસન (ગેય રૂપક, અભિનય ગુપ્ત) જૈન સાહિત્ય મર્મજ્ઞ શ્રી અગરચન્દ નાહટાને લીખા હૈ કી જૈન મંદિરો મેં શ્રાવક લોગ રાત્રી કે સમય તાલિયો કે સાથ રાસ ગાયા કરતેથે (૧૪ મી શતાબ્દી) બાદ મેં નિષેધ કીયા ગયા ।

કવિ સાંગધરને લીખા હૈ કી (ઇ. ૧૨૦૦) કી સૌરાષ્ટ્ર કી નારિયા રાસ નૃત્ય કરતીથી આજ ભી હોતા હૈ । દીક્ષા આદિ પ્રસંગો મેં ચરિત્ર મૂલક રાસ હોતાથા આજ ભી અંજન શલાકા મહોત્સવ પર હોતે હૈ । ઇસી પ્રકાર 'રાસ' પ્રાચિન કાલ સે હો રહા હૈ, રાસ સાહિત્ય હૈ । જંબૂસ્વામી રાસ પુરાના હૈ । પ્રાચિન કૃતિયાં (૧) વિમલસૂરિ કૃત- પઉમ ચરિય જયસૂરિકૃત- ધર્મોપદેશમાલા સં. ૧૧૯૧

સોમપ્રભાચાર્ય કૃત- કુમારપાલ પ્રતિબોધ સં. ૧૪૪૧

વિનયચંદ્ર સૂરિ કૃત–આદિનાથ ચરિત સં. ૧૨૪૧

સાર – ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરના સબસે બડા સુખ હૈ તીર્થો મેં સ્નાન કરને સે આત્મા શુધ્ધ નહીં હોતી, વહ તો રાગ, દ્વેષ આદિ પ્રવૃત્તિયોં કો રોકને સે હી શુધ્ધ હોતી હૈ । આત્મા શીવ હૈ । ઇન્દ્રિયાં શક્તિ હૈ । વિષય સુખો કી અભિલાષા છોડના હી પરમાત્મા કી પ્રાપ્તિ હૈ ।

–– ચારણ મુનિયોં કા સાહિત્ય ––

પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઇ મેં એક શીલા લેખ હૈ. જો ૧૦ મી શતાબ્દી કા હૈ ઉસમેં જૈન સંતો–કવિયોં, ઔર ચારણ કવિયોં કા, ચારણ મુનિયોં કા સાહિત્ય કૈસા થા ઉસ બારે મેં લીખા હૈ ।

ઉસ લેખ મેં લીખા હૈ કી, ૧૧ મી શતાબ્દી મેં રાજસ્થાન કા ચારણ કવિ રોડ થા, નમો સિધ્ધાણું ઉસ કા પહલા મંત્ર થા, વો મંત્ર લીખકર અપના કાવ્ય શરૂ કરતા થા સિધ્ધો કો ચારણ નમસ્કાર કરતા હૈ 'નમો સિધ્ધાણું' વો મંત્ર હી ચારણ શૈલીકા હૈ, ચારણ કવિ રોડને 'ઋષભદેવજી રો છંદ' રાજસ્થાની ભાષા મેં લીખા હૈ જો આજભી પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ મુંબઇ મેં શીલાલેખ મે અંકિત હૈ । પ્રાચિન કાલ મેં ચારણ કુલ મેં કઇ ઋષિ જૈન મુનિ, સંત, કવિ હુવે હૈ ઐસા જૈન ગ્રંથો મેં ઉલ્લેખ હૈ । ચારણી પરંપરા કા સાહિત્યકાલ વિ. સં. ૭૫૦ સે ૧૦૦૦ તક પ્રાચિન ગ્રંથો મેં મોજુદ હૈ ।

પ્રાચિન કૃતિયોં કા સાર લેખન–

આયુ ક્ષીણ હોતા હૈ । ન મન, આશા/મોહ સ્ફૂરણ હોતા રહતા હૈ, આત્મ હિત નહીં હોતા । જીવ ઇસી પ્રકાર ભ્રમણ કરતા રહતા હૈ । ન તો દોનોં- જન્મ હૈ ન રોગ લિંગ વ વર્ણ હૈ । હે મન ? તું યહ નિશ્ચય સે જાન લે, કી ઇનમેં સે જીવ કે એક ભી નહીં હૈ । હે મન! રૂપ પર રતિ કરયોં કરતા હૈ, ઉધર જલતી હુઇ આંખો કો રોક, રૂપ મેં અનુરક્ત પતંગે કો દિપક પર પડતે હુવે દેખ, દુર્લભ મનુષ્ય તન કો પ્રાપ્ત કરકે ભી જિસને ઉસકો ભોગોં મેં લિપ્ત કીયા, ઉસને ઇંધન કે લીયે કલ્પવૃક્ષ કા સમૂલો છેદન કર ડાલ ઐસા સમજે.

સંકલન : રામજાઇ ગઢવી જાખુંડા (જામનગર)

(કાવ્ય પ્રબંધમાંથી સાભાર)

ઇશ્વરદાન ગઢવીની પ્રતિભા ખરેખર ખૂબ અનોખી છે. આ કવિતાઓમાં હૃદ બહારનું માધુર્ય છૂપાયેલું છે. પણ મારા માટે આ વાત ઘેરા દુઃખની છે કે, આવી અનુપમ શક્તિને તેઓ માત્ર રાજાના વખાણ કરવામાં જ વેડફી રહ્યા છે. આવી શક્તિ પરમાત્માની પ્રશંસામાં, ધર્મ પ્રચારમાં અને સદ્‌ગુણોના વિકાસ માટે વાપરવામાં આવે, તો તેમનું પોતાનું પણ આત્મકલ્યાણ થાય અને એ સાથે 'જનકલ્યાણ' થાય !

ભીંતની પાછળ ઉભેલા ઇશ્વરદાન ગઢવીએ આ વાત સાંભળી લીધી. તેમના હૃદયમાં પરિવર્તન થઇ ગયું. પીતાંબર પંડિતની મહાનતા તેમના સમજવામાં આવી. તેમને ખ્યાલમાં આવી ગયું કે, ખૂબ ઉંચી શુભ ભાવનાથી પ્રેરાઇને જ પંડિતજી તેમને રાજા પાસેથી પુરસ્કાર અપાવતા ન હતા ! તે પંડિતજીના ચરણ પાસે ઢળી પડ્યા અને ક્ષમા યાચવા લાગ્યા. એમણે કહ્યું : તમારા વાક્યોથી મારી ભ્રમણા તૂટી ગઇ છે. તમે મારા આત્માને ભર ઉંઘમાંથી જગાડ્યો છે. આપની સમક્ષ હું પ્રતિજ્ઞા કરું છું કે, હવેથી મારી આગવી શક્તિનો ઉપયોગ રાજા-મહારાજાના મનોરંજન માટે નહિ કરું, પણ મારી શક્તિનો ઉપયોગ હવે પરમાત્માની આરાધના અને સદ્‌ગુણોના પ્રચાર કાર્ય માટે જ કરીશ !

પીતાંબર પંડિત ગદ્‌ગદિત થઇ ગયા. બંને ખૂબ પ્રેમથી ભેટયા. આ પ્રસંગ બાદ ઇશ્વરદાન ગઢવીએ ચારણી ભાષામાં રામાયણ અને મહાભારતની રચના કરી.

સંપત્તિનો મોહ જ્યારે સરી પડે છે, ત્યારે માનવીમાં રહેલા બધા સદ્‌ગુણોનો વિકાસ સાચી રીતે થાય છે. આ મોહ દૂર થાય, એટલે પાપાચાર ચાલ્યા જાય છે. ભ્રષ્ટાચાર અને અનાચાર દૂર થાય છે. હૃદયમાં વિશાળતા આવે છે અને સાચી સ્વતંત્રતા પ્રકટ થાય છે.

વૃક્ષો પોતાની સંપત્તિ પર મોહ રાખતા નથી. તડકામાં બળે છે, વરસાદના ઝાપટાં સહન કરે છે, આમ છતાં પણ પથિકોની પોતાની શીતળ છાયા આપે છે. આવી જ રીતે શ્રીમંતોએ પોતાની સંપત્તિનો ઉપયોગ પોતાના એશ આરામમાં જ ન કરતા, ધર્મ અને પુણ્ય કાર્યોમાં કરવો જોઇએ. આમાં જ સંપત્તિની સાર્થકતા છે.

(સ્વતંત્રતાની શોધમાં)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી શુભદર્શી



* જે જીવ પાપભીરૂ હોય છે તેનું જીવન ઉઘાડી ચોપડી જેવું હોય છે.
* હૈયાનો અને વર્તનનો જે જીવ સારો હોય તે ગરીબ હોય તો ય સારો ! હૈયાનો અને વર્તનનો જે ભૂંડો-ખરાબ હોય તે મોટો શ્રીમંત હોય તો ય ભૂંડો જ !
* ઉદારતા, સદાચાર, કોઇનું ભૂંડું પણ ન ઇચ્છવાની બુધ્ધિ, પ્રશંસા કરવા યોગ્યની પ્રશંસા અને સાંભળવા યોગ્ય જ સાંભળવું- એ આત્મશુધ્ધિના મુખ્ય માર્ગો છે.
* તમારી પૂજાથી જીવે તે વીતરાગ નથી, આગમ આદિની પરવા રાખ્યા વિના કેવળ તમારી મહેરબાની પર જીવે તે સાધુ નથી.
* જૈન સાધુ તો માત્ર ધર્મલાભ જ દે. જૈનમુનિ પાસે પણ સંસાર પોષક ઉપદેશ અપાવવાની મનોવૃત્તિ ધરનારા પોતાની જાતને ઘણી જ અધમજાત તરીકે જાહેર કરે છે અને પોતાની બહુલ સંસારિતા સાબીત કરે છે.
* છતી શક્તિએ ધર્મના પરાભવને મૂંગે મોંઢે જોયા કરનારા અને તેવે સમયે પણ શાંતિને જપનારા, ખરે જ શાસનનો ભયંકર દ્રોહ કરનારા છે.
* ધર્મના રક્ષણ સમયે અને સત્ય વસ્તુના પ્રકાશન સમયે સમતાની અને રાગ-દ્વેષની તથા શાંતિ આદિની વાતો કરે છે તેઓ તો કૃપાપાત્ર જ છે.
* જેટલી અર્થ અને કામની કાયમી ગુલામી થાય છે તેટલી જો આજ્ઞાની થાય તો આત્માનો ઉદય નિશ્ચિત જ છે.
* શ્રી જૈન શાસનને સમજેલો દરિદ્રી પણ સુખી છે અને દુનિયાનો મોહાંધ મોટો અબજોપતિ હોય તો ય દુઃખી છે.
* ધર્મના નાશના વિપ્લવ સમયે પણ જેઓ માત્ર સમતા અને શાંતિની વાતો કરે છે તેઓ ચેતનવંતી શાંતિના પૂજારી નથી પણ મડદાની શાંતિના પૂજારી છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યુ.

Received 6-12-94

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

* સુખ દુઃખનું નિદાન *

દુઃખં પાપાત્ સુખં ધર્માત,
સર્વશાસ્ત્રેષુ સંસ્થિતિઃ ।
ન કર્તવ્યમતઃ પાપં,
કર્તવ્યો ધર્મસંચયઃ ।।

જગતના સઘળા ય આસ્તિક દર્શનકારોના શાસ્ત્રોએ એકી અવાજે કહ્યું છે કે–'દુઃખ પાપથી જ અને સુખ ધર્મથી જ. માટે પાપ ન કરવું જોઇએ અને માત્ર આત્માને કલ્યાણને મોક્ષને માટે ધર્મનો જ સંચય કરવો જોઇએ. ધર્મ જ કરવો જોઇએ.

વર્ષ ૧૧

અંક ૨૩+૨૪

૨૧૩

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

ફ પ્રેરણામૃત સંચય ફ

— શ્રી પ્રજ્ઞાંશ

મોહ જ આત્માનો શત્રુ છે.

આપણને દુઃખ કશું જ નથી. દુઃખ આપણા પર મોહે પેઠા કર્યું છે. તે મોહ હજી આપણને શત્રુ લાગ્યો નથી. તે મોહ શત્રુ ન લાગે તો ધર્મ આવે જ નહિ. ભગવાન પાસે જાવ, સાધુ પાસે જાવ કે સાધુ થાવ તો પણ ઘણા જીવો એવા છે જે સાધુ હોવા છતાં ધર્મ તેની પાસે નથી એટલું જ નહિ પણ ધર્મ તેને જોઇતો ય નથી.

જૈન શાસનને પામેલો દરિદ્રીમાં દરિદ્રી જીવ કહે કે – હું સુખી છું. સાધુ સુખી શાથી છે ? 'હું કોઇનો નથી. મારૂં કોઇ નથી. શરીર પણ મારૂં નથી. શરીરની જરૂરિયાતો પૂરી પાડવાની નથી. શરીરને કહેવાનું કે તું માંગે તે નહિ જ આપું. અને ધર્મના પાલન માટે જરૂરી શક્તિ મેળવવા પૂરતું જ આપીશ. જે તે જોવા સાંભળવા માગે તે નહિ કરવા દઉં' આ ભાવનાવાળા છે માટે.

સુખ–દુઃખ તમે સમજતા નથી. મોહ એવો અરાબ છે કે તમને -- અમને આ વાત સમજવા દેતો જ નથી. મોહ આપણો શત્રુ છે કે મિત્ર છે ? 'આ શરીર મારૂં છે, આ શરીરના સુખમાં જ છે' તેમ સમજાવનાર મોહ છે કે શત્રુ છે ? 'પહેલું સુખ તે જાતે નર્યા' તેમ સાધુ, શ્રાવક કે સમકિતી બોલે ? આ શરીર મારૂં છે તેમ સમજાવનાર મોહ જ મોટામાં મોટો શત્રુ છે. આ શરીર અન્ય છે અને અને હું–આત્મા અન્ય છું. શાસ્ત્રે કહ્યું છે કે, જેને ધર્મની આરાધના કરવી હોય તેને શરીરને દુઃખ આપવા શીખવું પડે. **देहे कष्ठं महासुखम्** શરીરને પંપાળે તે શ્રાવકપણું ન પામી શકે તો સાધુપણું તો આવે કયાંથી ? મોહને હવે નોટીસ આપી દો કે 'આ શરીર મારૂં છે' તેમ સમજાવી સમજાવીને તેં મને બહું ભટકાવ્યો, ઊંધે માર્ગે દોર્યો. હવે હું ભોટ નથી રહ્યો. તને મેં ઓળખી લીધો છે. હવે હું સમજી ગયો છું કે – 'આ શરીર મારું નથી. ઇન્દ્રિયો જે માગે તે અપાય નહિ. મન ચાહે તે કરાય નહિ' ઇન્દ્રિયો અને મન તમારા નોકર છે કે માલીક છે ? આમ મોહને શત્રુ માનશો કલ્યાણ થશે.

લોકહેરીમાં ન તણાવ પણ સચું સમજો.

જે જીવ સમજુ બને તેને ભય લાગે તો એક માત્ર સંસારનો જ ભય લાગે. કેમ કે દુનિયાની બધી સારામાં સારી કે અરાબમાં અરાબ ચીજે રાગ અને દ્વેષ કરાવી

(અનુ. માટે જુઓ પેજ નં. ૫૮૪ પર)

કદાગ્રહરહિતોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘાજી ગુદ્દ...
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ ...
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(ચંડવાળા)
પ્રાણલાલ ઘેલાભાઈ મુડકા
(પ્રાણગઢ)

વર્ષ ૧૧]૨૦૫૫ મહા સુદ-૯+૧૦ મંગળવાર તા. ૨૬-૧-૯૯[અંક : ૨૩-૨૪

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૯ મંગળવાર તા. ૪-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૩૦ મું**) અવ૦)

સંજોગસિદ્ધિએ ફલં વયન્તિ, ન હુ એગચક્કેણ રહો પયાઇ ।
અંધો ય પંગૂ અ વણે સમિચ્ચા, તે સંપઉત્તા નગરં પવિટ્ઠા ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા હવે એ વાત સમજાવી રહ્યા છે કે સમ્યગ્દર્શનપૂર્વકનું સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર બંને ભેગા થાય તો કાર્યસિદ્ધિ થાય. તે જ વાતને દૃષ્ટાંતથી સમજાવે છે કે, જેમ એક ચક્રથી રથ ચાલતો નથી. આંધળો અને લંગડો વનમાં ગયા છે ત્યાંથી નગરમાં પહોંચવું હોય તો શી રીતે પહોંચે ? આંધળો લંગડાને પોતાના ખભા ઉપર ઉપાડી લે અને તેને બતાવેલા માર્ગે ચાલે તો બંન્ને નગરમાં પહોંચી જાય. તેવી જ રીતે સમ્યગ્દર્શન-પૂર્વકનું સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભેગા થાય તો આત્માની મુક્તિ થાય. સમ્યગ્દર્શન પણ ક્ષાયિક જોઇએ તેમ જ્ઞાન અને ચારિત્ર પણ ક્ષાયિકભાવનું જોઇએ. તે પામવા માટે કેટલો પુરૂષાર્થ કરવો પડે ?

તમારો બધાનો સંસારનો પુરૂષાર્થ જેટલો જોરદાર છે તેટલો ધર્મ પામવાનો પુરૂષાર્થ છે ખરો ? ચારિત્ર પામવાનો, સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન મેળવવાનો પુરૂષાર્થ છે ખરો ? તેવી રીતે ચારિત્રને લઇને બેઠેલાની આગળને આગળ વધવાની કોશિશ છે ખરી ? તમે બધા જગતમાં સુખી જીવો કહેવાવ છો. ગમે તેટલું સુખ હોવા છતાં ય મહેનત કર્યા વિના રહેતા નથી. સંસારમાં ખૂબ મહેનત કરો છો તેવી મહેનત ધર્મની બાબતમાં કરવાનું મન પણ થતું નથી તેનું એક જ કારણ છે કે સમ્યગ્દર્શન થયું નથી અને તેને પેદા કરવાની ઇચ્છા પણ થઇ નથી. મોટેભાગ તો અજ્ઞાનપણે ધર્મ કર્યા કરે છે. ધર્મ શું છે તે ય સમજતો નથી, ધર્મ કરતી વખતે ય બીજી બીજી વાતો કરે છે, જે ધર્મ કરે તેમાં પણ પૂરું લક્ષ નથી આપતા. આવું તમે વ્યવહારમાં કરો તો ચાલે ? આપણે બધા સમજી શકીએ તેવા નથી ?

અમે કે તમે મામૂલી ધર્મ કર્યા કરીએ અને તે ધર્મનું ફળ દેખાય નહિ તો ચાલે ? વ્યવહારમાં સમજુને પણ ન સમજાય તો અનુભવી પાસે જઇને પૂછે છે, સમજવા પ્રયત્ન કરે છે અને ભૂલ થાય તો સુધારે છે તો તેવું કરનારા નોકરો નોકરી કરતા કરતા શેઠ પણ થઇ ગયા. અને અહીં ધર્મ કરનારા જ્યાં છે ત્યાંના ત્યાં છે. તેના મૂળમાં ખામી છે સમ્યગ્દર્શન નથી તેની. તેને લઇને સમ્યગ્જ્ઞાન મેળવવાની મહેનત પણ કેટલા કરે છે ? અમે કે તમે સારામાં સારું જ્ઞાન મેળવી શકીએ તેવી બધી સામગ્રી છે છતાં પણ કોઇ પૂછે કે– નવતત્ત્વ શું છે તો તે સમજાવી શકીએ ખરા ? જીવાદિ શું છે તેની કાંઇ ખબર છે ખરી ? નવતત્ત્વ સમજેલાને આ સંસારમાં ફાવે ? મોક્ષ જ મારું સાધ્ય છે તેમ કહી શકે ખરો ? મેળવવા જેવો એક મોક્ષ જ છે બીજું કાંઇ નહિ આ વાત હૈયામાં કોતરાયેલી છે ? મોક્ષ કયારે મળે ? આ આખો સંસાર છૂટે તો. આ સંસારની ગમે તેવી સારામાં સારી સામગ્રી મલી હોય તો પણ તે છોડવા જેવી જ છે કેમકે તે બધી સામગ્રી આશ્રવરૂપ છે, તેનાથી આત્મા બંધાયા જ કરે છે. સમયે સમયે સાત કર્મ બંધાય છે, આયુષ્યકર્મ એક જ વાર બંધાય છે અને આત્મા સાવચેત ન હોય અને ખરાબ આયુષ્ય બંધાય તો સંસારમાં ભટકવા જાય છે. અનાદિકાળથી આ કામ ચાલું છે.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંતપરમાત્માઓ મોક્ષે ગયા તેમની પાછળ બીજા પણ સંખ્યાતા અસંખ્યાતા થઇ અનંતા આત્માઓ મોક્ષે ગયા. પણ આપણો નંબર ન લાગ્યો. કેમ ? શ્રી નવકાર મહામંત્રનાં પહેલાં બે પદ બોલતાં આ વાત

યાદ આવે ખરો ? માટે શ્રી અરિહંતપરમાત્મા થઇને મોક્ષે જવું છે, તેવી લાયકાત ન હોય તો શ્રી અરિહન્તપરમાત્માની આજ્ઞા મુજબ રત્નત્રયીની સુંદર આરાધના કરીને પણ મોક્ષે તો જવું જ છે : આમ તમારા દિલમાં છે ખરૂં ? આવું જેના દિલમાં હોય નહિ તેનામાં સમ્યગ્દર્શન છે નહિ અને તે સમ્યગ્દર્શન પામવાનું જેને મન પણ ન હોય તે જેમ જેમ ભણે તેમ તેમ ગાંડો થાય અને અનેકને ગાંડા બનાવે પણ ખરો.

આજે થોડું ઘણું ભણીને તૈયાર થયેલાને ધર્મક્રિયાની પડી નથી અને થોડી ઘણી ધર્મક્રિયા કરનારાને જ્ઞાનની પડી નથી; મોટોભાગ આવો છે. જ્ઞાનિઓએ કહ્યું છે કે– તત્ત્વ જાણે ખરા પણ તે કરવાને માટે શક્તિમાન નથી હોતા અને જેઓ કરવાને માટે શક્તિમાન હોય છે તેઓ જાણતા નથી હોતા. તત્ત્વને જાણે અને તે જ પ્રમાણે કરવાને પ્રયત્નશીલ હોય તેવા જીવો વિરલા જ હોય છે. આપણો નંબર શેમાં આવે–જાણકારમાં ? ક્રિયા કરનારમાં ? કે ઉભયમાં ?

જે પ્રમાણે જે ક્રિયા કરવાની કહી હોય તે પ્રમાણે કરવાનો પુરૂષાર્થ ચાલુ છે ? મોક્ષની સાધન કરવી હોય તેને બધું જાણવું પડે ને ? મોક્ષની સાધના કરનારો સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા વર્ગ છે. તે અજ્ઞાન હોય તેમ બને ? શાસ્ત્રે અમારા માટે ય દિવસ રાત્રિની કરણી લખી છે તેમ તમારા માટે ય શું શું કરવાનું, શું શું નહિ કરવાનું તે બધું લખ્યું છે. તમે કદાચ તે ન પણ કરી શકતા હો પણ કરવા જેવું તો આ જ છે તેમ પણ તમારા હૈયામાં છે ખરૂં ? તમારા સંતાનોને પણ આ સમજાવ્યું છે કે આ જ કરવા જેવું છે ? આજે પ્રમાદમાં પડેલો સાધુ પણ ક્રિયામાં ગોટળા વાળે છે. શાસ્ત્રે અમને પાંચ પ્રહર સ્વાધ્યાય કરવાનો કહ્યો છે, બે પ્રહર સામાન્ય સાધુ માટે અને એક પ્રહર ગીતાર્થ માટે સૂવાના કહ્યા છે અને શરીરના ધર્મ માટે માત્ર એક પ્રહર રાખ્યો છે.

તેમ તમારા માટે પણ આજીવિકાનું સાધન ન હોય તો ચાર કલાક તેની મહેનત માટે રાખ્યા છે. આજે આઠ કલાકનો ધંધો છે તે કોને માટે ? નોકર માટે. આજે વેપારાદિમાં અઢાર અઢાર કલાક કામ કરનારા છે તેમ અહીં કોઇ શ્રાવક મહેનત કરે ખરો ? શ્રાવકની કરણી જાણતા હોય અને કરતા હોય તેવા જીવો કેટલા મળે ? આજે મોટાભાગને આની ખબર જ નથી અને ખબરવાળાને કરવાની ચિંતા નથી,

આપણો નંબર શેમાં આવે ? તત્ત્વને સમજીને તેનો અમલ કરીએ તેમાં આવે કે અણસમજુમાં આવે ? તમારા મનમાં એટલું તો ખરું ને કે તત્ત્વને સમજવું, સમજીને શક્ય તેટલો અમલ તો કરવો જ, ન સમજાય તો પણ તે સમજવાનો ઉદ્યમ ચાલુ જ રાખવો. શ્રાવકે શી રીતે જીવવું જોઇએ તેમ કોઇ સાધુને પૂછ્યું છે ખરૂં ? તમે તમારા દિકરાઓને ભણાવી ગણાવી હોંશિયાર બનાવી નોકરી-ધંધે લગાડ્યા પણ શ્રાવક બનાવ્યા ખરા ? સાધુ ન બનાય તો પણ સારામાં સારા શ્રાવક તો બનવું જ તેમ પણ તમારા મનનાં છે ખરૂં ? આપણે બધાને મોક્ષે જવું છે ને ? આ સંસારમાં ફાવતું નથી ને ? આ જન્મમાં સમ્યગ્દર્શન તો મેળવીને જ મરવું છે ને ?

સભા૦ : સંસારની અનુકૂળતા ફાવતી હોય તો.

ઉ૦ : તેમાં જેને મઝા આવે તેને નરકાદિ દુર્ગતિમાં જવું પડશે.

આ સંસારની પુણ્યયોગે મળેલી અનુકૂળતામાં જ મઝા આવે, તેને મઝેથી ભોગવે તો તે દુર્ગતિમાં જ જાય તે ખબર છે ? જે પાપ અહીં કરીએ તેની સજા થવાની છે તે ખબર છે ? પૈસાદિના કારણે અહીંની સજામાંથી કદાચ બચી જાય તો તે સજામાંથી મુક્ત થયા તેમ માનો છો ? આજે તમારો પુણ્યોદય બહુ ઊંચી કોટિનો છે ! બધા પાપ મઝેથી સારી રીતે કરો છો અને પાપ કરીને પકડાઇ જાવ તો ય તેથી છૂટવાનાં સાધન પણ છે, તમને પાપી જાણવા છતાં ય છાતી ઠોકી મૂકનારા પણ છે. પાપ કરવાની આટલી અનુકૂળતા તો ભૂતકાળમાં તો ન જ હતી. કોઇને કોઇ ટોકનાર મળી રહેતું.

સભા૦ : આ છેલ્લી તક મલી છે ?

ઉ૦ : પાપ કરવાની ને ? સંસારમાં ભટકવા માટેની આ છેલ્લી તક સારામાંસારી છે !

જેટલાં પાપ કરવાં હોય તે મઝેથી કરી લો. તમારા ઘરમાં કયુ કોઇ પૂછનાર નથી. બજારમાં ગમે તેમ કરીને આવો તો ઘરમાં કોઇ પૂછનાર છે ? તમે તો ઘણા પૈસા લાવો એટલે 'કલ્પતરૂ' જેવા થઇ ગયા. આખું કુટુંબ રાજી ! બહુ જુલમ થઇ ગયો છે. સંસારમાં બધું સમજી સમજીને કરો છો અને ધર્મ સમજતા ય નથી અને સમજવાનું મન પણ નથી. તે બધાનું મૂળ એક જ છે કે– ભગવાન આ સંસારને ખરાબ કહી ગયા છે, છોડવા જેવો કહી ગયા છે, મોક્ષ જ મેળવવા જેવો કહી ગયા છે તે વાત હજી બેઠી નથી. આ સંસાર સુખી હોય તોય છોડવા જેવો જ છે. દુઃખમય સંસારને બધા ખરાબ કહે છે પણ જ્ઞાનિઓ તો આ સુખમય સંસારને પણ ખરાબ કહે છે, છોડવા જેવો કહે છે. (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૩] —શ્રી રાજુભાઇ પંડિત

(૪૩) પાંડવોને ઓળખીને ચાલ, દુર્યોધન !

''દુર્યોધન ! હજુ તને ખબર નથી. પાર્થ – અર્જુનના ગાંડીવ ધનુષ પર ચડી ગયેલા પ્રાણ તરસ્યા બાણો વક્ષ સ્થળને ખોદી નાંખીને પ્રાણોને ખેંચીને જ રહે છે. અને શત્રુની પત્નીઓની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવડાવી દે છે. પાર્થના તે બાણો સામે માથુ ઉંચકવાનો વિચાર શુદ્ધાં કરીશ નહિ. દુર્યોધન !'' (નહિ તો અકાળે યમરાજનું તેડુ આવશે.)

હવે યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં જ યુધિષ્ઠિરના ગુણોથી ખુશ થઇને રહેવા ઇચ્છતા ભીષ્મ પિતામહ, વિદુર તથા દ્રોણાચાર્યને ત્યાં જ આગ્રહપૂર્વક રહેવા વિનંતી કરતાં તેઓ ત્યાં જ રહ્યા. આથી રાજ્યનું હર કોઇ કામ રાજા યુધિષ્ઠિર ભીષ્મા પિતામહાદિને પૂછ્યા વગર કરતા નથી.

એક વાર દિગ્વિજયની ઇચ્છા યુધિષ્ઠિરની છે તેવું જાણીને ચારે ય નાના ભાઇઓએ દિગ્વિજય તેઓ જ કરી આવશે તેમ આગ્રહપૂર્વક જણાવી રાજા યુધિષ્ઠિરને હસ્તિનાપુરમાં જ રાજ્ય સંભાળવા રોકી દીધા. અને ભીમ પૂર્વમાં દિશામાં, અર્જુન દક્ષિણ દિશામાં, નકુલ ઉત્તરમાં તથા સહદેવ પશ્ચિમ દિશામાં ચતુરંગી સેના સાથે ભીષ્મ પિતામહાદિના આશીર્વાદ મેળવીને દિગ્વિજય માટે નીકળી ગયા.

કેટલાંક સમયે દરેક ભાઇઓ ચારે દિશામાં દિગ્વિજય મેળવીને પાછા ફરતાં તેમનો ધામધૂમપૂર્વક પ્રવેશ કરાવવામાં આવ્યો.

સમય જતાં પાર્થ પત્ની સુભદ્રાએ એક પ્રચંડ શક્તિશાળી પુત્રને જન્મ આપ્યો. તેનું નામ અભિમન્યુ રાખવામાં આવ્યું.

હવે ચક્રવર્તી જેવું સામ્રાજ્ય ભોગવતા રાજા યુધિષ્ઠિર અનેક રત્નો – મણિ – સુવર્ણાદિથી શ્રી શાંતિનાથ ભગવાનનો વિશાળ ભવ્ય વિહાર બંધાવ્યો. શુભ દિવસે તેના ધ્વજ સ્થાપના નિમિત્તો મહોત્સવમાં દેશ–દેશના રાજાઓને આમંત્ર્યા.

કૃષ્ણ વાસુદેવને આમંત્રણ આપવા નકુલને અને દુર્યોધનને આમંત્રણ આપવા સહદેવને મોકલ્યો.

શુભ લગ્ને શ્રી બુધ્ધિસાગરાચાર્ય દ્વારા ધ્વજારોપણની વિધિ કરાવાઇ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવાયેલા આ મહોત્સવમાં આવેલા દરેક રાજાઓને યથોચિત વ્યવહાર પૂર્વક યુધિષ્ઠર પાછા ફરવા માટે પરાણે રજા આપી.

પરંતુ દુર્યોધનને જવા માટે રજા નહિ આપતા તેને મામા શકુનિ સાથે હસ્તિનાપુરમાં જ આગ્રહ કરીને રોકી રાખ્યો.

પાંડવોની લખલૂટ લક્ષ્મી, તથા લોકપ્રિયતાની પરાકાષ્ઠા તથા સેવક થયેલા અસંખ્ય રાજાઓની વાર્તા આકિથી અંદરથી અત્યંત દુઃખી થતો હોવા છતાં બહારથી ખુશ થયાનો ડોળ કરતો હતો.

એક વખત દુર્યોધનને પાંડવોની દિવ્ય સભા જોવા જવાની ઉત્કંઠા જાગી. તેથી તે દિવ્ય સભા જોવા ગયો.

અત્યંત શુધ્ધ એવા સ્ફટિક રત્નથી બનાવેલી તે દિવ્ય સભા બેજોડ સભા હતી.

શુધ્ધ સ્ફટિકને પાણી સમજીને દુકૂલના છેડા તથા વસ્ત્રો પલળી ન જાય માટે ઉંચા કરતા દુર્યોધનને જોઇને સેવકો ખડખડાટ હસી પડયા.

આગળ જતાં સ્થળ–ભૂમિ ઉપરનું કમળ સમજીને તેને તોડવા દોડતા દુર્યોધન ત્યાંના ઉંડા જળમાં ડૂબી જતાં ભીમ વડે તે ખડખડાટ હસાયો. અને પછી ભીમે સેવકો દ્વારા દુર્યોધનને બીજા વસ્ત્રો પહેરાવ્યા.

આગળ જતાં અતી ઉંચી એવી ભૂમિ હોવા છતાં તેને સપાટ જમીન સમજીને ચાલતા દુર્યોધન સ્ખલના પામીને પડી ગયો આથી અર્જુન ખડખડાટ હસી પડયો.

અને દિવ્ય સભાના દ્વાર ખુલ્લા જ હોવા છતાં અત્યંત પ્રકાશના કારણે તેને બંધ સમજીને ત્યાંથી દુર્યોધન પાછો ફરતા તાળીઓ પાડીને તે નકુલ તથા સહદેવ વડે હસાયો.

આમ વારંવાર હસાતા દુર્યોધનનો મત્સર અત્યંત જાગૃત થઇ ઉઠયો હતો. પરંતુ હમણાં તો બહારથી બંધુ સ્નેહનો દેખાવ જ કર્યા કરતો હતો.

હવે દુર્યોધન મામા સાથે ઇન્દ્રપ્રસ્થ જવા અધીરો બન્યો હતો તેથી યુધિષ્ઠિરે સુંદર ભ્રાતૃસ્નેહપૂર્વક ભેટણાઓ સાથે વિદાય આપી હતી.

ઇન્દ્રપ્રસ્થમાં આવ્યા પછી દુર્યોધન સાવ સૂનમુન બની ગયો હતો. કોઇ વારંવાર પૂછે ત્યારે માંડ માંડ જવાબ દેતો હતો. મામા શકુનિને તે વાતનો ખ્યાલ આવતા તેમણે વારંવાર પૂછ્યું ત્યારે દુર્યોધને કહ્યું કે – પાંડવોની સમૃધ્ધિ અને સામ્રાજ્ય તથા તે દિવ્ય સભા અને ત્યાં થયેલુ મારૂ અપમાન આ બધુ મારા મનને વ્યથિત – વ્યથિત કરી રહ્યું છે. તમે મારા મામા હોવા છતાં તમે જીવતાં નથી કેમ કે તમારા દેખતા મારા તે શત્રુઓ આવુ અપમાન કરે તે તમારાથી સહન શી રીતે થયું ?

શકુનિ મામાએ કહ્યું – વત્સ ! ભાઇઓ જ ગણાતા તે પાંડવોની સામ્રાજ્ય – સમૃધ્ધિથી તો તારે ખુશ થવું જોઇએ શત્રુ રાજાઓ જે ભાઇઓ પાસે સેવકો બનીને

ચાકરી કરી રહ્યા છે તેનાથી તારે ઇર્ષ્યા ન કરવી જોઇએ. તારામાં કયાં તાકાત નથી ? તું પણ પૃથ્વીને જીતવા માંડ. તને સહાય કરનાર કોઇ નથી આવું તો બોલીશ જ નહિ. દુઃશાસનાદિ ૯૯–૯૯ પ્રચંડ પરાક્રમી ભાઇઓનો તને સાથ નથી શું ? હું તને મદદ નથી કરતો શું ? ઇર્ષ્યા છોડીને દેશ–દેશના વિજયો મેળવવા લાગ.

ચાલાક મામા શકુનિથી આ રીતે યુધ્ધની વાત કરીને સાવ હતપ્રભ બની ગયેલા દુર્યોધનમાં ચૈતન્ય લાવી દીધુ. એ અહંકારથી બોલવા લાગ્યો કે – મારે બીજા રાજાઓને જીતવા કરતાં પાંડવોને જ જીતી લઉ કે જેથી તે જીતાતા આખુ વિશ્વ જીતાઇ જ ગયું ગણાય.

મામાએ કહ્યું – દુર્યોધન ! પાંડવો સાથે રણ–સંગ્રામ ખેડી યુધ્ધમાં વિજય મેળવવાના ગાંડપણ ભર્યા વિચારો પણ કરીશ નહિ.

એ પાંડવોના પ્રતાપને હજી તે જાણ્યો નથી વત્સ !

ધર્મપુત્ર યુધિષ્ઠિરનું માત્ર પ્રચંડ પ્રતાપી તેજ–શૌર્ય જ કૈંક રાજાઓને નમતા કરી મૂકે છે. એમને એ ભયાનક શરીરધારી ભીમની એ ભયાનક ગદા, હાથીઓના ઝુંડોના ઝુંડોને ઠડાનાં જેમ ફર – ફર ફંગોળી મૂકે છે.

ગાંડીવ ધનુષ પર ચડી ચૂકેલા અર્જુનના લોખંડી તે બાણો શત્રુની છાતીની ધરતીને ખોદી નાંખીને, પ્રાણ તરસ્યા તે બાણો શત્રુના પ્રાણોનો સંહાર કર્યા વગર રહ્યા નથી. અર્જુનના તે બાણો માત્ર શત્રુના સંહાર–તરસ્યા જ નથી પણ શત્રુની સ્ત્રીના અશ્રુની ધારના પણ તરસ્યા જ છે.

અને નકુલ તથા સહદેવનું યુગલ જમ જેવી કરવાલને ધારણ કર્યા પછી તેને કાબૂમાં લેવા કોઇના વશની વાત નથી.

અને વિષ્વક સેન આદિ પરાક્રમી રાજાઓ જેના પરમ મિત્ર છે તે પાંડવોની સાથે શાસ્ત્રાશસ્ત્ર યુદ્ધની વાત તો દુર્યોધન ! તું સ્વપ્નમાં પણ વિચારીશ નહિ. પાંડવો તો અજેય બાહુબળી છે વત્સ ! એ પરાક્રમી સાથે તારી તાકાતને ટકરાવવાનું આંધળું દુઃસાહસ ભૂલે ચૂકેય કયારેય રખે કરજે.

પરંતુ .. પરંતુ શસ્ત્રાશસ્ત્રિ યુદ્ધ વગર જ પાંડવોને જીતી લેવાનો મારી પાસે એક સુંદર ઉપાય છે.

તરત જ દુર્યોધને હર્ષપૂર્વક પૂછયું – 'મામા જલ્દી કહો તે ઉપાય'

વત્સ ! 'સોગઠા બાજી', એ જ એક ઉપાય છે. ધર્મપુત્ર જુગાર રમવામાં અત્યંત આસક્ત છે તેને એક વખત જુગાર રમવા બોલાવાશે તો તે એક ક્ષણ પણ હસ્તિના-

(અનુ. માટે જુઓ પેજ ૫૬૫ ઉપર)

* સાવધાનીના સૂર *

મું મુંબઇથી લી. કિશોર શાપરીઆના ૧૦૦૮ વંદના સ્વીકારશોજી આપશ્રી પુણ્યદેહે સુખ શાતામાં હશો.

ઘણા લાંબા સમયથી આપશ્રીનો દર્શનાર્થે તેમજ વંદન કરવાની ભાવના છે, સંજોગોવશાત નીકળી શકાતુ નથી તો ક્ષમા કરશો. આ પત્ર દ્વારા શાસનને લગતી કેટલીક વાત આપશ્રીને જણાવવાની છે આપ તો આ પ્રશ્નોથી વિદિત હશો. પણ મને એમ લાગે છે કે આપ બધા સમુદાયના આચાર્યો ભગવંતો સાથે વિચારણા કરી માર્ગદર્શન આપશો તો આભારી થઇશ.

અત્યારે સરકાર ભ્રષ્ટાચારી માણસોથી બદબદી ઉઠેલ છે. સરકારનાં સારા માણસ ગોતવા જવો મુશ્કેલ છે તેમજ અત્યારની સરકારી બેંકોનો કારભાર ખુબ કથળી ગયેલ છે. આપણાં પોતાના પૈસા ચાલુ ખાતામાંથી ઉપાડવા હોય છે તો તે પણ તુરંત મળતા નથી. સરકારી અમલદારો સાથે બહુ રાષ્ટ્રીય કું. ની હાથમાં વેચાય ગયેલા છે પરદેશી કું. તેમને મનગમતા કાયદા આ સરકારમાં ખુબ જ સરળતાથી લાવી શકે છે.

આ બધી આજની રાજકીય પરિસ્થિતી છે તેવા સંજોગોમાં આપણે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘો - ભારતભરના જૈન ટ્રસ્ટો ધાર્મિક ખાતાના કરોડો નહિ કે અબજો રૂપિયા બેંકની ફીકસ ડીપોઝીટ, યુનિટ ટ્રસ્ટ તેમજ સરકારી જામીનગીરીમાં રોકીને બેઠેલા છીએ આપણે આજે તે રકમના માલીકને બદલે ભાડુઆત થઇ ગયા હોઇએ તેવી પરિસ્થિતી નિર્માણ થયેલ છે.

આજે ફુગાવો - ભાવવધારો ખુબ જ ઝડપથી વધી રહેલ છે પાંચ વર્ષમાં રૂપિયાની કિંમત અડધી થઇ જાય છે જેથી કાયમી વ્યાજે ધાર્મિક ખાતાના પૈસા રાખેલ છે તેની ખરીદ શક્તિ દિન પ્રતિદીન ઘટતી જાય છે. જેથી લાંબે ગાળે જે રકમ તેમની તેમ રહે છે પણ તેની ખરીદ શક્તિ નહિવત જેવી થઇ જાય છે મુડીનું રોકાણ કરેલ હોય તેનું વ્યાજ પણ મળે પણ મુડીની ખરીદ શક્તિ દીન પ્રતિદીન ઘટતી રહે છે.

બીજા ધર્મોમાં આવા ટ્રસ્ટોના પૈસા (જેઓ વ્યાજ લેવામાં માનતા નથી) તેઓ સ્થાવર મિલ્કતોમાં રોકતા જાય છે. જેથી તેમને મુડીનો ઘસારો ખમવો પડતો નથી.

આજે બેંકો, સરકારી સંસ્થાઓ યુનિટ ટ્રસ્ટ વિગેરે સ્થળોએ આપણાં પૈસા ધાર્મિક કાર્યોમાં વાપરે છે.

અત્યારે સરકારની નાણાકીય સ્થીતી ઘણી જ ગંભીર છે. એક રૂપિયાની આવકમાં ૫૦ પૈસા વ્યાજના ખર્ચ પેટે જાય છે. આથી સરકારના હાથમાં આપણુ ધાર્મિક

ખાતાના કરોડો અને અબજોની રકમ પડેલ છે અને તે પૈસા પાછા લેતાં આપણને આભના તારોઓ જોવા પડે તેવા દિવસો નજીકના ભવિષ્યમાં આવીને ઉભા રહેશે.

શ્રાવકનું કર્તવ્ય દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું છે. અને તેના ઉપર જો બાહ્ય આક્રમણ આવે તો ગુરૂ ભગવંતોએ માર્ગદર્શન આપી કઇ રીતે બચાવવું તે સમજણ સકળ સંઘને આપી શકે.

આપ પૂજ્યોને મારી નમ્ર વિનંતી છે કે અત્યારના સંજોગોમાં આપશ્રી સંઘના બીજા વડીલો તથા શ્રાવકો સાથે વિચારણા કરી તાત્કાલીત ખુબ જ ગંભીરતાપૂર્વક આખી પરિસ્થિતિનો અભ્યાસ કરી માર્ગદર્શન આપશો તેવી અભ્યર્થના છે.

ભારતભરનાં સંઘો પાસે દેવદ્રવ્યની ખુબ જ મોટી રકમો પડેલ છે. ત્યારે બીજી બાજુ આપણું તીર્થો ઉપર મંદિરોના જીર્ણોધ્ધારની તાતી જરૂરિયાત પણ છે. આજે સારો આરસ ઢહેરાસરમાં કામ માટે મળતો નથી મોંઘવારી દીનપ્રતિદીન વધતી રહે છે. જે કામ આજે પાંચ લાખમાં થાય છે તે પાંચ વર્ષ પછી ૧૦ થી ૧૨ લાખમાં થશે. આ બધા પરિબળોનો વિચાર કરી સરકારની નાગચૂડમાં 'ધાર્મિક ખાતાની' રકમો કઇ રીતે સુરક્ષિત કરી. વ્યવસ્થિત ઉપયોગ કરવો તે માટે પણ આપશ્રી વિચારણા કરશો.

આ બધી બાબતોમાં અત્યારે શ્રાવકોએ હવે શું કરવું તે માટે અમને આદેશ આપશો.

પ. પૂ. આચાર્ય ભગવંતે તેમના વ્યાખ્યાનોમાં તો આ માટે ઘણું જ કહેલ છે. તો હવે શું કરવુ તે જણાવશો. લખવાનો બહુ મહાવરો નથી તેથી ક્યાંય અવિનયથી લખાણું હોય તો ક્ષમા કરશો.

લી. કિશોર શાપરીઆના
૧૦૦૮ વંદના સ્વીકારશો.

તા. ક. :

(૧) સરકારે કાયદાની કલમે નોકરીયાત માણસોના પ્રો. ફંડની અબજોની રકમને પાછી આપવાને બદલે હવે તેને જ્યે ત્યાં સુધી પેન્શન તરીકે દર મહિને અમુક રકમ મળે તેવી જોગી થયેલ રકમ સરકાર પાસે જ રહે.

(૨) બહુ રાષ્ટ્રીય કું. ઓ એ આ સરકાર પાસે કાયદો કરાવી તેઓ ખેતીની જમીન પણ ખરીદી શકે તેવો કાયદો થઇ રહ્યો છે.

(૩) છાપામાં બેંકોના કરોડોના કૌભાંડો રોજ વાંચવા મળે છે.

(૪) આપણે જેને પૈસા ધીરીને બેઠેલા છીએ તે દિન પ્રતિદીન નાદાર થતો જાય છે.

卐 કર્મલત્તા છેદતી કામલત્તા 卐

(છેલ્લો હપ્તો) —પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. (જયશિશુ)

વહી ગયેલી વાત – પ્રગટી નવલી પ્રભાત

કયારેક માનવીની વર્તમાનકાલીન અવસ્થા કરતાંય અતીત કાલની અવસ્થા રોમાંચિત અને વૈરાગ્યોત્પાદિકા હોય છે. વહી ગયેલી વાતના સંસ્મરણોમાંથી ઉત્પન્ન થતાં આઘાત–પ્રત્યાઘાતમાંથી જીવનની નવલી પ્રભાત સર્જાય છે.

પેલો વેદ વિચક્ષણ બ્રાહ્મણ સ્વાર્થ કરતાં પરાર્થને વધુ જોનારો છે. એટલે પણિયારીને ગાગરના પૈસા આપી પરાર્થકરણ કર્યું. અને ભરવાડણ પોતાની કહાની કહી રહી છે. વેદ વિચક્ષણને એમ કે આનું દુઃખ સાંભળી જો દૂર કરી શકાય તો દૂર કરું. એટલે 'ભલે' કહી ભરવાડણ સાથે બેસી બગીચામાં હકીકત સાંભળે છે.

જુઓ યોગાનુયોગ કેવો ? એક સમયે એજ વેશ્યા આગળ પંડિત પોતાની કથની કહેતો હતો અને આજે ભરવાડણ પંડિતની આગળ પોતાની હકીકત સંભળાવી રહી છે. ખરેખર ભવિતવ્યતાના યોગે જ આવું સર્જાય છે ભવિતવ્યતા બળવાન છે. વિચિત્ર ઘટના બનાવી મૂકે છે. ભવિતવ્યતાની સમજ મનને સમાધિ પમાડે એથી મનને અસમાધિ ન થાય.

અહીં કામલત્તા બ્રાહ્મણી પોતાના નહીં ઓળખેલા પુત્ર આગળ પોતાની હકીકત કહેવા બેઠી. જેમ જેમ એ કહાની કહેતી જાય છે તેમ તેમ પંડિતને પણ અણસાર આવી જાય છે કે "આ તો પોતાની માતાની હકીકત લાગે છે. ભરવાડણને કલ્પના જ નથી કે આ સામે મારો ઢીકરો જ છે. એ તો એને એક સારા પંડિત તરીકે જુએ છે. એટલે દિલ હળવું કરવા પોતાના પાપ કહી રહી છે.

આ બાગ પણ કામરાગને ભસ્મીભૂત કરાવવામાં નિમિત્ત બને છે. કામલત્તા એક ભવમાં અનુભવેલ અવસ્થા પર્યાય વર્ણવી રહી છે. 'હું બ્રાહ્મણી બે વર્ષના પુત્રને મૂકી. પાણીડા ભરવા ગયેલી, દુશ્મન રાજાએ કરેલું અપહરણ ત્યાંથી માંડી વેશ્યાના પર્યાયમાં મારો પુત્ર જ ઘરાક તરીકે આવી ગયો તે ઠેઠ સુધી ઓળખ્યો નહીં. પણ જતાં જતાં કહેલ વાતથી મને એની ઓળખ પડી. મને આઘાત લાગ્યો. હાય ! આ તો મારો જ પુત્ર ! પણ એને આઘાત ન લાગે મેં મારી પિછાણ કરાવી નહિ.

ભરવાડણની આ વાતથી ઘટસ્ફોટ થઇ ગયો. આ જનમના રહસ્યો ખૂલી ગયા. પંડિતને ખાતરી થઇ ગઇ કે આ મારી માતા જ છે. આટલી દુર્દશામાં ઉતરી ગયેલી વેશ્યા બની અને પોતે એનામાં જ ફસાયો. હૈયે પારાવર દુઃખ છે, અરેરે ! આ માનવ

ભવમાં અજ્ઞાનદશાથી અધમાધમ અકૃત્ય સુધી પહોંચી ગયેા. શાસ્ત્રકારેા કહે છે કે આર્ય માનવ માટે પરસ્ત્રીગમન – વેશ્યાગમન ત્યાજ્ય છે. ત્યારે આ માતૃગમન તેા વળી કેટલું બધું એથી ય અધમકૃત્ય ! મેં આ શું કરી નાખ્યું ? કામલત્તાની કહાણી હજુ અધૂરી છે એટલે પંડિત પેાતાનું દુઃખ હૈયામાં દબાવી આગળ સાંભળે છે. એમાં કામલત્તાએ આપઘાતથી માંડી ભરવાડણ બનવું ત્યાં સુધીનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યેા બેાલેા ? ભાઇલા ? આવા ગેાઝારાં પાપેા કરવાનાં બહુ દુઃખમાં પડેલી મારી મટકી ફૂટવાનું દુઃખ શી વિસાતમાં ? આ મટકી ફૂટવાનું તેા દુઃખ કાંઇ જ નથી પણ આવા ભયંકર પાપેાથી મારેા પરભવ કેવેા થશે ? બેાલતાં બેાલતાં હૈયું ભરાઇ જાય છે. આંખમાંથી અશ્રુધારા વહી રહી છે. એ કહે છે, "એા ભાઇલા ! મારે તેા પાપની હદ થઇ ગઇ. તમે પેલી બાઇને મટકી લાવી ઉપકાર કર્યેા તેમ મારા ઉપર કયા કરી ઝેર લાવી આપેા ને ? એ બાઇને અહીં સૂઇ જાઉં.

પંડિત શૂન્યમનસ્ક બની ગયેા તે જોઇ કામલત્તા કહે છે. "કેમ કાંઇ વિચારમાં પડી ગયા ? કેમ બેાલતા નથી ? મારા પાપ સામું ના જુઓ. તમે આટલું કયાનું કામ કરેા મને ઝેર લાવી દેા."

પંડિત કહે, "ના ! હું તારા પાપને શું રેાઉં ? હું કેવેા પાપિષ્ટ કે માતૃભેાગી બન્યેા ? તું વેશ્યા હતી ત્યારે હું જ તારી પાસે આવેલેા. તું તેા ભણેલી નહિ. પણ હું તેા વેદશાસ્ત્ર ભણેલેા છતાં આવેા વેશ્યાગામી બન્યેા ? અભણ જીવ પાપ કરે તે તેા બિચારેા પણ કયાપાત્ર છે. પણ હું ભણેલેા છતાં આવું ઘેાર પાપ કરનારેા બન્યેા. તે કયાપાત્ર નહિ પણ મહર્ષિઓને તિરસ્કારપાત્ર છું. તું મને નાનેા મૂકીને ગયેલી એટલે મેં તને માતા તરીકે ઓળખેલી નહિ તેથી જ આ અનર્થ થયેા. ઝેર ! હવે જે બન્યું તે તું મારી માતા અને હું તારેા દીકરેા. બંને પાપથી લેપાયા છીએ. પણ એા મા ! ઝેર ખાઇ મરવાથી કાંઇ પાપ મરે નહિ. પાપનું મારણ કરવા પ્રાયશ્ચિત હેાય. તેા ઊઠ, અહીં નજીકમાં સાધુ ઊતરેલા છે. આપણે તેમની પાસે જઇ આપણા પાપ ધેાવા માટે પ્રાયશ્ચિત પૂછીએ, એ જ એનેા ઉપાય છે. હતાશા ખંખેરી નાંખ.

આશ્વાસન પામેલી કામલત્તા અને પંડિત ઉદ્યાનમાં ઊતરેલા જૈનાચાર્ય પાસે ગયા. નમસ્કાર કરી પંડિત કહે, "પુત્રભેાગી માતા અને માતૃભેાગી પુત્રને પાપની વિશુદ્ધિ માટે તમારા શાસ્ત્રેામાં કેાઈ ઉપાય ખરેા ? કે પછી બંનેને હવે નિશ્ચિત નરકમાં જ પડવાનુ ?

આચાર્ય મહારાજ કહે, "આટલું જ પાપ શું, એથી પણ ભયંકર ગણાતા પાપેા કરનાર ને ય હજી જીવન હાથમાં છે. ત્યાં સુધી પાપેાનાં શુદ્ધિકરણનેા માર્ગ છે,

માનવભવની વિશેષતા જ એ છે કે ઘોર પાપોનાં પ્રાયશ્ચિત થઇ શકે છે. અને પૂર્વ જન્મોનાં પાપોને ય તપ-સંયમથી સાફ કરી શકાય." પંડિત પૂછે છે, "એનો શો ઉપાય ?" આચાર્ય ભગવંત કહે છે, "પ્રથમ તો શાસ્ત્રજ્ઞ ગુરૂ પાસે બાળભાવે પોતાના પાપોનું આલોચન કરવું જોઇએ. ત્યાં કામલત્તા અને પંડિત શરમ વિના પોતાના પાપની યથાસ્થિત કહાણી કહે છે, એ ભગવંત ! આવા ઘોર પાપિષ્ઠ અમારો ઉધ્ધાર શી રીતે થાય ? છતાં આપ જ્ઞાની છો, અમારો ઉધ્ધાર કરો. અમો પાપથી ત્રાસી ગયા છીએ.

આચાર્ય ભગવંત કહે છે, "જો તમને ખરેખર પાપ માત્ર ઉપર નફરત થઇ હોય, તો આ પાપભર્યો સંસારવાસ છોડો. સર્વ પાપ ત્યાગની પ્રતિજ્ઞા કરી નિષ્પાપ ચારિત્રજીવન સ્વીકારો. પછી એમાં સુંદર અહિંસા-સંયમ-તપમયજીવન જીવો. તમારા સર્વ પાપોનું પ્રાયશ્ચિત થશે. તમારો જરૂર ઉધ્ધાર થશે. એમ કહી આચાર્ય ભગવંતે સંયમજીવન-દેવાદિતત્ત્વનું સ્વરૂપ સમજાવી મોક્ષમાર્ગ સમજાવ્યો.

પંડિત વેદ વિચક્ષણ તો આ સાંભળી સ્થંભિત થઇ ગયો. એમાં ય સૂક્ષ્માતિસૂક્ષ્મ જૈનદર્શન-કર્મવાદ-સંયમીના આચારોનું વર્ણન સાંભળી આભો જ બની ગયો. અહો ! કેવું ઊંચું તત્ત્વજ્ઞાન ? વેદશાસ્ત્રો મોટા પણ આની તો ત્યાં ઝાંખી પણ નહિ સર્વજ્ઞ વિના આ કોણ કહી શકે ? અજ્ઞાનીના કહેલાં તત્ત્વમાં માલ પણ શો ? ભવસાગરથી તરવાનો વાસ્તવિક માર્ગ પણ શો બતાવી શકે ?

કામલત્તા એવી ભણેલી નહિ છતાં આચાર્ય મહારાજે સરળ કહેલાં જૈન ધર્મની વાત એના ગળે ઉતરી ગઇ.

બસ મા-દીકરાએ કર્તવ્ય નક્કી કરી દીધું. ત્યાંજ સંસાર છોડી ચારિત્ર જીવન અપનાવી લીધું. પોતાના નજર સમક્ષ તરવરતા પાપોને ખાખ કરવા કઠોર સંયમ પરિગ્રહસહન, આકરી તપસ્યા, જ્ઞાન ધ્યાનના માર્ગે ચડી ગયા ઘોર પાપોનો નાશ કરનારા બની ગયા. કર્મલત્તાથી વિંટળાયેલી કામલત્તાં કર્મલત્તાનું છેદન કરી દે છે. અંતે આત્મા લોકાલોક પ્રકાશ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, કામલત્તા કર્મલત્તા જ છેદન, આત્મ સ્વરૂપનું સંવેદન પામી – આપણે પણ કામનું સ્વરૂપ સમજી મોહ જ ઉન્મૂલન કરવા તત્પર બનીએ.

(સંપૂર્ણ)

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ
-: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :-
સી-૨, ટી-૧૧૦, મહાવીર નગર, શંકર લેન,
ફોન : ૮૦૬ ૫૫૬૯. કાંદિવલી (વે.), મુંબઇ-૪૦૦ ૦૬૭.

આત્મ પ્રબોધક પ્રસંગો : આવી વિધિરસિકતા કેળવીએ !

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

દરેકે ધર્માત્માઓએ વિધિનો રાગ – બહુમાન અને અવિધિનો ડર કેળવવાની જરૂર છે. વિધિ કરતાં અવિધિ થાય તો તેની માફી માગવાની છે. તેને બદલે અવિધિ જ ચાલુ રહે અને માફી માગીએ તો તે કેવું કહેવાય ? વિધિનો પ્રેમ કેળવવા–જ્યારે મયણા શ્રીપાલ અને શ્રીપાલની માતા કમલપ્રભાદેવી ત્રણે ચૈત્યવંદન કરી રહ્યા છે અને તે જ વખતે મયણાસુંદરીની માતા શ્રીમતી રૂપસુંદરી આવે છે તે વખતે તેના હૈયાને સાત્ત્વન આપવા મયણા જરૂરી ખુલાસો કરે છે પણ આ બધું શી રીતે બન્યું તેવા માતા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, હવે આવી વાત કરવાથી નિસિહીનો ભંગ થાય. પહેલા જે જવાબ આપેલ તે આજ્ઞામૂલક હતો.

આ પ્રસંગ વર્ષમાં બે–બે વાર વાંચવા – સાંભળવા છતાં ય પણ જો આપણી આંખ ન જ ઉઘડે અને આપણે મંદિર – ઉપાશ્રયમાં નિસિહીનો ભંગ જ ચાલુ રાખીએ તો આપણો વિધિ પ્રેમ (!) અને અવિધિ ડર (!) કેવો !! મંદિરમાં સંસાર સંબંધી વાત–ચીત થાય. નહિ તેમ ઉપાશ્રયમાં પણ થાય નહિ. આજે તો જે રીતના અબર – અંતર, એકણીત્તના સમાચાર મંદિર – ઉપાશ્રયમાં પૂછાય છે તે કેટલું અનુચિત છે તે આ પ્રસંગ પરથી સમજાયા વિના રહેશે નહિ ! મંદિર અને ઉપાશ્રયમાં સંસાર સંબંધી વાતચીત પણ ન થાય તો સંસારની – અર્થ–કામની પુષ્ટિ થાય તેવો ઉપદેશ પણ અપાય ખરો ? આ પ્રસંગ તો વર્તમાનમાં ચારે પ્રકારના શ્રી સંઘની આંખ ખોલનારો છે.

સાધુ–સાધ્વી અને પૌષધમાં રહેલા શ્રાવક–શ્રાવિકાને જ મંદિર કે ઉપાશ્રયથી બહાર જવાનો પ્રસંગ આવે તો આવસ્સહિ કહેવાની છે બીજા બધાએ નહિ. આવસ્સહિનો અર્થ છે સમ્યગ્જ્ઞાન – દર્શન કે ચારિત્રને માટે જરૂરી કામ માટે બહાર જવું. આ પરમાર્થ પણ જેમ હૈયામાં સમજાઈ જાય તો કેટલા બધા અનિષ્ટોથી બચી જવાય.

આત્માનં. ચેતના જાગી ઊઠે તો આ બધુ સમજાયા વિના રહે નહિ. તે જગાડવા માટે જ આ પ્રયત્ન છે હોં ને ?

(અનુ. પેજ ૫૫૯ નું ચાલુ)

પુરમાં રહેવા ઇચ્છશે નહિ. અને સોગઠા કેમ રમવા તે તો મને જ આવડે છે. યુધિષ્ઠિરનું તે કામ જ નથી આથી તલવારથી અજેય પાંડવોને માત્ર લાકડાની સોગઠીઓથી આપણે જીતી લઇશું.

પરંતુ... આપણે આ વાત પિતાજીને (ધૃતરાષ્ટ્રને) કરવી જ જોઇશે. તે હે વત્સ ! તું કરી દેજે. 'ના હું આ વાત કરી નહિ શકું તમે જ કરી દેજો' આખરે સોગઠા–બાજીના ષડયંત્રનો રચના કરીને મામા–ભાણેજ બન્ને ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા.

જૈન શાસનનો ભાગ્ય-વિધાતા

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના જન્મથી સમાધિમરણ સુધીના લગભગ શક્ય એટલા દરેક જીવન પ્રસંગો છપાઇ રહ્યા છે. એક-એક પ્રસંગની એક-એક પુસ્તિકા કરવાની ભાવના હોવાથી લગભગ ૧૨૫ જેટલા પ્રસંગો બહાર પડશે. જેમની પાસે પૂજ્યશ્રીજીના જીવન પ્રસંગો હોય તેમને મોકલવા નમ્ર વિનંતી.

* એકસો પચ્ચીશ પુસ્તિકાનો આખો સેટ રૂા. ૨૦૦૦/ બે હજાર
* એક પુસ્તકના દાતાની રકમ રૂા. ૧૫૦૦૦/ પંદર હજાર
* છૂટક ૧ નકલની કિંમત રૂા. ૨૦/ વીશ
* એક કરતાં વધુ દાતાઓ એક પુસ્તકમાં લાભ લઇ શકશે
* દાતાને ૧૦૦ (એકસો) નકલ ભેટ મળશે

નોંધ :- પૂજ્યશ્રીના જન્મથી દીક્ષા સુધીના પ્રસંગોની એક પુસ્તિકા બહાર પડી ગઇ છે. "મહાભિનિષ્ક્રમણ"

આ આખી ગ્રંથમાળાના લેખક રાજુભાઇ પંડિત છે.

લેખ / રકમ મોકલવા / સંપર્ક વિ. નું સરનામું :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાળા

C/o. શ્રુતજ્ઞાન ભવન,

૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.

卐 નંદીફળ : એક માર્મિક બોધકથા 卐

–પૂ.આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મ.

(શાસ્ત્રોમાં ઝેરી કિંપાકફળની એક વાત આવે છે. એ ફળો રૂપે રંગે સારાં હોય છે. સ્વાદમાં પણ મીઠાં-મધુરા હોય છે પણ ખાતાંની સાથે જ માણસ મરણને શરણ થાય છે. આ કથામાં પણ એવા જ એક નંદીફળની વાત કરવામાં આવી છે.

પાંચ ઇન્દ્રિયના વિષયો, રૂપે રંગે મોહક હોવા છતાં, સ્વાદમાં મીઠાં મધુરા લાગતા હોવા છતાં એ ઝેરી કિંપાક ફળ જેવા હોય છે. એના ઉપભોગથી આત્માનું એકવાર નહીં પણ કથાચ અનંતીવાર મોત થાય છે. એ વાતની ચેતવણી નંદીફળના દૃષ્ટાંતદ્વારા શાસ્ત્રકારો આપણને આપે છે. સં.)

પરમતારક મોક્ષમાર્ગ પ્રકાશક શ્રી તીર્થંકરભગવંતોના ભવ્ય ઉપદેશથી પાંચ ઇન્દ્રિયોના વિષયોનો તથા ચાર કષાયોનો ત્યાગ કરાય તો જ જીવ મોક્ષના અનંત અવ્યાબાધ સુખ પામી શકે. આ હકીકત દરેક જીવને સારી રીતે સમજાય તે માટે શાસ્ત્રકાર ભગવંતોએ નંદીફળનું દૃષ્ટાંત આપ્યું છે. ચંપાનગરીમાં ધનવાન એવો ધન્ય નામનો સાર્થવાહ રહેતો હતો એને અહિછત્રા નગરીમાં વેપાર કરવા જવાની ઇચ્છા થઇ. પરોપકારપરાયણ ધન્ય સાર્થવાહે ચંપાનગરીમાં ઉદ્ઘોષણા કરાવી કે– "જે કોઇને અહિછત્રા નગરીએ વ્યાપાર કરવા આવવું હોય તે તૈયાર થઇ જાય. ધન્ય સાર્થવાહ સાર્થ લઇને ત્યાં જાય છે. સહુને સારી રીતે સાચવીને લઇ જશે."

ચંપાનગરીના ઘણા લોકો ધન્ય સાર્થવાહના સાર્થમાં જવા તૈયાર થયા પ્રયાણના સમયે ધન્ય સાર્થવાહે સહુને કહ્યું કે– "અહીંથી અહિછત્રા નગરી જતાં રસ્તામાં એક મોટી અટવી આવે છે. એમાં ઘણાં નંદી નામના વૃક્ષો પત્ર, પુષ્પ અને ફળોથી શોભી રહ્યાં છે પણ એ ઝેરી વૃક્ષો છે. એનાં પત્ર, પુષ્પ, ફળ તથા છાંયો બધું જ ઝેરી છે. એનો જે કોઇ ઉપયોગ કરશે, એ વૃક્ષોની છાયામાં બેસશે એ મરણને શરણ થશે; માટે નંદી વૃક્ષોનો ત્યાગ કરી બીજા વૃક્ષોનાં પત્રફલાદિનો ઉપયોગ કરજો." આ ઉદ્ઘોષણા સાંભળી સહુ સાર્થ સાથે ચાલતાં ચાલતાં નંદી વૃક્ષોવાળા વન સુધી આવી પહોંચ્યા. એ વનથી થોડેક દૂર સાર્થનો પડાવ નાંખ્યો અને ધન્ય સાર્થવાહે ફરીથી ઉદ્ઘોષણા કરી. કડક સૂચના આપી. જેઓએ એ હિતકારી સૂચનાનો અમલ કર્યો, તેઓ મોતથી બચ્યા, સુખી થયા. જેઓએ અમલ ન કર્યો, તેઓ બૂરી હાલતે મૃત્યુ પામ્યા, એ જ રીતે જે જીવો નંદી વૃક્ષનાં પત્ર-ફળ જેવા વિષયકષાયનો ત્યાગ કરશે, તે જીવો દુઃખના ભોગ નહીં બને પણ સુખી થશે. જે જીવો વિષયકષાયને નહી

છોડે તેઓ દીર્ઘકાળ સુધી દુરંત સંસારમાં ભટકશે.' સાર્થ અહિછત્રા નગરીમાં પહોંચ્યો. ધન્ય સાર્થવાહે ત્યાં વેપાર કરી ઘણો લાભ મેળવ્યો. ચંપાનગરીમાં પાછા પણ આવી ગયા. અંતે દીક્ષા લઇ દેવલોકમાં ગયા. ત્યાંથી મહાવિદેહમાં સિધ્ધ થશે.

આ કથાનો ખરો સાર એ છે કે- ચંપાનગરી જેવી મનુષ્યગતિ જાણવી. ધન્ય સાર્થવાહના સ્થાને કરુણાસાગર શ્રીતીર્થંકરદેવ જાણવા. અહિછત્રાનગરીની જગ્યાએ મોક્ષ સમજવો. ઉદ્ઘોષણા જેવી શ્રી તીર્થંકરભગવંતની મોક્ષમાર્ગાનુસારિણી ધર્મદેશના જાણવી. સાર્થમાં આવેલા ચરક-પરિવ્રાજકાદિ જેવા મોક્ષભિલાષી સંસારી જીવો જાણવા. નંદીવૃક્ષનાં પત્ર-પુષ્પફળની જગ્યાએ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા જીવોને દુર્ગતિનાં દુઃખ આપનારા વિષયો જાણવા. જેમ તે ફળ ખાવાથી મરણ કહ્યું તેમ વિષયો ભોગવવાથી સંસારભ્રમણ વધે, એમ સમજવું. તેનો ત્યાગ કરવાથી સુખપૂર્વક ઇષ્ટનગરે પહોંચાય; તેમ વિષયોના ત્યાગથી પરમાનંદમય મોક્ષરૂપ ઇષ્ટનગરમાં પહોંચાય. (ધર્મદૂત)

શાસન સમાચાર

ભીવંડી ઓશવાળ પાર્કમાં માસ ક્ષમણની આરાધના. સિદ્ધાંત મહોદધિ પ.પૂ. આ.શ્રી વિ. પ્રેમ હીર સૂ.મ. શિષ્ય પ્રશિષ્ય પૂ.આ શ્રી વિ. લલિતશેખર સૂ.મ.પૂ.આ. શ્રી વિ. રાજશેખર સૂ.મ. તથા પૂ.આ.શ્રી વિ. વિરશેખર સૂ.મ. આદિની પુનિત નિશ્રામાં ઓશવાળપાર્કમાં માગસર વદ-૪ તા. ૭-૧૨-૯૮ સોમવારથી ઉપધાન તપની આરાધના શરૂ થઇ તેમાં સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ. શ્રી વિ. મહોદય સૂ. મહારાજાના આજ્ઞાવર્તિની અને પૂ. સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી મ. ના સુશિષ્યા પૂ. સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ શ્રમણી ભગવંતો શ્રી સંઘની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી ખંભાતથી ભીવંડીનો ૪૫૦ કિ.મી.નો વિહાર માત્ર ૨૪ દિવસમાં કરીને પધાર્યા. દિનપ્રતિદિન આરાધનાના મનોરથને વૃદ્ધિવંત બનાવનારા તેમના બે સુશિષ્યા પૂ. સાધ્વીજી શ્રી જિનરત્નાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી વિશુધ્ધરત્નાશ્રીજી મહારાજે પૂજ્યોના પાવન આશિષથી શ્રી મુખેથી પચ્ચક્ખાણ ગ્રહણ કરી અનુમોદનીય મૃત્યુંજય તપની સાધના આરંભી જેના પવિત્ર વેશને મેળવવા અનુત્તરાદિ દેવલોકના દેવતાઓ પણ ઝંખી રહ્યા છે એવું નિર્મળ સંયમ જીવન અને તેમાં પાછી આવી ઉગ્ર સાધના જોઈને ધરતી પરના માનવો પણ અહોભાવથી ઝુંઝવા લાગ્યા. ખુબ ઉલ્લાસપૂર્વક અપ્રમત્તભાવે થતી આરાધના જોઇને કેટલાય જીવો ધર્માભિરુચિગ બન્યા. ઉપધાનતપમાં મહોત્સવોને ખુબ સુંદર આલંબન મળ્યું.

જિનશાસનનાએ તપસ્વીઓના ચરણે કોટી કોટી વંદન !!!

❋ ખોટું ન લગાડતા હોં ને....! ❋

— ભદ્રંભદ્ર

(૧) ચાંદલાની વધ-ઘટે તબિયતની ક્ષય-વૃદ્ધિ

મને મારા પરમ પવિત્ર મિત્રે પૂછ્યું કે હે, ભદ્રંભદ્ર સાચુ કહેજો કોઇ જોક્સ બનાવતા તમને આવડે છે ? એટલે મેં કીધુ – આવડે છે. – બોલો તો.

મેં કીધું – હું જે જોક્સ બોલું છું ને તે બોલવા માટે કોઇ કેસેટમાંથી સાંભળેલો છે. એટલે "ઉદ્ધૃત" સમજજો. કોઇનું લખેલું લખવું ઉદ્ધૃત, તેમ બોલેલું બોલવું પણ 'ઉદ્ધૃત' ગણાય. જોક્સ તો મને આવડે છે પણ બનાવતા આવડે છે કે નહિ ? તેની ભાંજગડમાં મગજનું દહીં કરી નાંખવાની જરૂર ઓછી લાગે છે.

સારૂ. પણ બોલો તો ખરા.

જો સાંભળ. એકવાર કોંગ્રેસના કોઇ સભ્યએ તેમના વડિલને પૂછ્યું કે – 'કોઇ આપણાં પક્ષમાં ભળવા આવે તો શું કરવું ?' વડિલ કહે કે – 'તેના હૃદય પરિવર્તન બદલ તેને લાખ લાખ ધન્યવાદ આપવા.' સભ્યે પૂછ્યું – 'તો આપણો પક્ષ છોડીને કોઇ સામા પક્ષે જાય તો શું કરવું ?' વડિલે કીધુ – 'પક્ષપલ્ટો કરવા બદલ શિસ્ત-ભંગની કડકમાં કડક શિક્ષા કરવી જોઇએ'

મિત્રે પૂછ્યું – આ જોક્સ કહેતી વખતે તમારામાં કયા ભાવો ઉત્પન્ન થયા ?

મેં કીધું – મિત્ર ! લોકો મારા માટે પણ આવું જ કરી રહ્યા છે. કેમ કે જ્યારે વિરોધિ લોકોની સામે હું લખું તો આપણા પક્ષના મને હોંશિયાર, ચાલાક ગણે છે અને આપણા પક્ષના લોકો સામે કંઇ લખું ને તો તો ડફોળ કહે છે, મને. ડોબો ય ક્યારેક ક્યારેક ગણવા માંડે છે અને ઘણાં હિતશિખદાતાઓ તો ત્યાં સુધી કહી દે છે કે – 'આવા વિરોધ જાહેરમાં લખાતો હશે ? ખાનગીમાં બતાવી દેવું જોઇએ. સાલો સાવ ડોબા જેવો છે, ને'

હમણાં હમણાં હું સામા પક્ષ માટે લખુ છુ ને એટલે આપણો પક્ષ ખુશ-ખુશાલ છે. આપણે ત્યાં જે કલ્યાણ પ્રજ્ઞ આનંદ વૃદ્ધિ, આદ્રિ છે તેમને આવું બધુ ખરૂ. ('આદ્રિ' પદાર્થ શું લવું તે ના પૂછવું.)

આ વખતે આપણે આવતા વખતની સંવત્સરી અંગે જ વિચારી લઇએ. એટલે સંવત્સરીના દિવસ આવે ત્યાં સુધીમાં નક્કિ કરી શકાય કે – સોમવારમાં જવું કે મંગળવારમાં જવું ?

આપણે ક્ષયે પૂર્વા જેવા મહા સિધ્ધાંતના આધાર વગર પણ કહેવું હોય ને

તો કહી શકાય કે – સારા કામ માટે સોમવાર સારો અને ક્રુર કામો માટે, અંગારા જેવા કામો માટે મંગળવાર સારો. એટલે આ શાસ્ત્રીય વચનથી તો સંવત્સરી માટે સોમવાર જ સારો સિધ્ધ થાય છે. કેમ કે ક્ષમાપના કરવી એ સારામાં સારૂ, અરે ! આખા વરસમાં સારૂ કામ ગણાય છે અને ચંદ્ર પાછો સૌમ્ય ગણાય છે એટલે ચંદ્રને જોઇને પણ સંવત્સરી સોમવારે જ કરવાની રાખવી જોઇએ.

મંગળને અંગારો કીધો છે. વેર–ઝેરને પણ તે મંગળવારીયાઓએ અંગારા તુલ્ય જ ગણ્યો છે એટલે વેર-ઝેર વધારવા હોય, તેમણે આ વારે સંવત્સરીનો વિચાર કરવો.

અરે ! સંસારમાં ગ્રહોની દૃષ્ટિએ પણ સોમ=ચંદ્ર ગ્રહોનો રાજા ગણાય છે. વળી જૈત રંગનો ગણાય છે મનની નિર્મળતાનો કારક છે. મનને શાંતિ પણ આપે છે. અને આ ચંદ્ર કેટલો બધો શીતલતાનો કારક તથા પ્રકાશનો પણ કારક છે તે તો બધાં જાણે છે.

અને... મંગળ, મંગળ તો ભલુ કરજો ભૈ સા'બ, એનાથી તો તોબા–તોબા. મંગળવાળા છોકરા, છોકરીને બે વાર લગ્ન કરવા પડે જે. મંગળને મંગળવાળા જ મળે તો જ મેળ પડે નહિતર તો અંગારા જ ખરે. એક જનમમાં બે–બે કે ત્રણ–ત્રણ ભવ કરવા પડે. અને આવું ના કરવું પડે એટલે તો એમનો મંગળ દોષ દૂર કરવા ચંદ્રનું સોમનું મોતી પહેરાવવામાં આવે છે. અને આ મંગળનો રંગ લાલ અને આકાર ત્રિકોણ હોય છે સમજ્યા આમાં કંઇ ?

ના, ભદ્રંભદ્ર કંઇ ગમ ના પડી.

બસ, તમે ય ડોબા જ રહ્યા. લાલ ત્રિકોણ એટલે કુટુંબ નિયોજન 'અમે બે અમારા બે. ઓછા બાળ, જય ગોપાળ' આવા બે સૂત્રી કાર્યક્રમનું પ્રતીક એટલે જ લાલ ત્રિકોણ, છે ને સંકુચિત વૃત્તિનો નમૂનો.

જ્યારે ચંદ્રવાળા તો વસુધૈવ કુટુંબકમ્ની ભાવના ભાવનારા છે કેમ કે ચંદ્ર આખી દુનિયાને પ્રકાશ આપે છે છતાં તેનો એક પણ યુનિટ વિજળી ચાર્જ લેતો નથી. પ્રકાશ મફતમાં જ આપે છે અને લાલ ત્રિકોણવાળો મંગળ તો કુટુંબનિયોજનમાં પૈસા પડાવે છે આ દૃષ્ટિએ પણ મંગળ માંગલિક નથી , અમંગલ સ્વરૂપ છે.

અરે મંગળવારીયાઓને એ પણ ગમ નથી લાગતી કે – કોઇપણ કામ જેટલું જલ્દી થાય તેટલું જલ્દી કરવું તેમાં ય ધર્મના કામમાં ઢીલ જ ના કરાય.. આયુષ્યનો કશો ભરોસો નથી આવું બોલનારા એ મંગળવારીયાઓ સોમવારની સંવત્સરી છોડીને મંગળવાર સુધી જીવતા રહી શકવાનો ભરોસો કેમ રાખતા હશે ? એઓને કોઇ કહો કે – 'शुभस्य शीघ्रं' સારા કામ તો જલ્દી કરવા જોઇએ. અને સારા વારે કરવા જોઇએ.

સોમવાર જેવો સારો (સંવત્સરી માટે હોં) કોઇ વાર નથી.

વળી મંગળવારે વાળ નથી કપાવી શકતા જ્યારે સોમવારે તો વાળ જ નહિ દાઢી-મૂછ હોય તો તે પણ કરી શકાય છે આ હજામશાસ્ત્રથી પણ મંગળવારની દુષ્ટતા ગાઢ રીતે સિદ્ધ થાય છે.

સ્કૂલો પણ સોમવારથી જ થાય છે મંગળવારથી નથી થતી. આમ સ્કૂલ શાસ્ત્ર પણ સોમવારની જ સંવત્સરી સાચી છે તેવુ સિધ્ધ કરે છે.'

અરે ! ભદ્ર ભદ્ર ઉભા રો એક વાત પૂછી લઉ. કદાચ મરવું હોય તો...

અરે ! ભલા મા'ણા મરવા માટે તો આપણે મંગળવાર રાખ્યો જ છે ને ? વને ચોકખુ તો કીધુ કે ક્રૂર, દુષ્ટ, જલદ કાર્યો કરવા હોય દોરા-ધાગા વિગેરે કરવા હોય તો મંગળવારે કરાય.

બોલ દોસ્ત ! મને તો એવો ભય પેઠો છે કે આ મંગળવારે સંવત્સરી કરનારાઓને બિચારાઓને દોરા-ધાગા જેવી મુસીબતો તો નહિ થાય ને ? હવે છે ને આપણે આપણા પરિચયમાં આવે તે બધાને આ રીતે પણ મંગળવારની સંવત્સરી - આરાધનાની દુષ્ટતા સમજાવતા રહેવી. 'क्षये पूर्वा.' જેવા મહા સિધ્ધાંતને હવે તે લોકો સમજવાની લાયકાત ગુમાવી બેઠા છે. જો લાયકાત હોત ને તો તો પૂછત ને એમના માનીતા એક અને દોઢ તિથિવાળા ગુરૂઓને કે - 'બે પાંચમની બે ચોથ ન કરતાં બે બે ત્રીજ શેના આધારે કરી ? અને બે ત્રીજ કર્યા પછી બીજી ત્રીજને ત્રીજ તરીકે શેના આધારે ગણી ? પણ એ બધા માથા વગરના છે. તે લોકોની હસ્તરેખામાંથી મસ્તકરેખા ખોવાઇ ગઇ લાગે છે.

શંકા : મસ્તક રેખા ન હોય તેના શરીરના લક્ષણો શું હોય ?

સભા : હે વત્સ ! જે માણસ ગાંડો હોય, વઇ આવ્યા કરતી હોય તેવા લોકોને હાથમા મસ્તક રેખા હોતી નથી એટલું જ નહિ જે લોકો પહેલા ડાહ્યા હોય પણ પાછળથી કોઇ મજબૂરીના કારણે ગાંડા જેવા થઇને ખોટી ખોટી આરાધનાઓ કરતા હોય તો તે લોકો જે દિવસથી ખોટી આરાધના કરવાનો નિર્ણય કરે તે દિવસથી તેમના હાથમાં મસ્તક રેખા ખોવાઇ જતી હોય છે.

પણ સાહેબ ! હાથમાં મસ્તક રેખા કઇ કહેવાય ?

હે વત્સ ! આયુષ્ય રેખાની નીચે જે અંગૂઠા બાજુથી નીકળીને ટચલી આંગળી તરફ જતી રેખા છે તે મસ્તક રેખા જાણવી. તારે ટ્રાય કરવો હોય તો કરજે. તું જે દિવસે ઘરમાં થોડા પણ ગાંડા વેડા કરતો હઇશ ને, તો જોજે તારી મસ્તક રેખામાં

વધઘટ થવા માંડશે. (મસ્તક રેખાની વધઘટ થાય છે કે નહિ તે જોવું તે પણ ગાંડા-વેડાની જ એક કવોલીટી છે હોં ભઇ.)

પેલા ચાંદલાની જેમ.

તો ચાંદલાની વાતમાં એવું છે કે એક બેન રોજે ચાંદલો કરે, પણ એક જ સાઇઝનો ના કરે, પણ નાની મોટી સાઇઝના કર્યા કરે. કોઇકે તે બેનને પુછ્યું કે – તમે ચાંદલો કેમ નાનો મોટો કર્યા કરો છો ? તો પેલા બેન કહે કે – હમણાં હમણાં "એમની" (તમારા ભાઇ = મારા પતિની) તબિયત નરમ–ગરમ રહ્યા કરે છે ને, એટલે એટલે જ્યારે તબિયત સારી હોય ત્યારે હું મોટો ચાંદલો કરૂ છુ અને જ્યારે તબિયત નરમ થાય એટલે ચાંદલો નરમ = નાનો કરૂ છું. ચાંદલાને આખરે પતિના શરીર સાથે જ સંબંધ છે ને ભઇ ? એટલે ચાંદલાની સાઇઝ કર્યા કરે છે. અને આ સાઇઝ જોતા જ બધા મને ખબર–અંતર પૂછવા માંડે છે.

એટલે મસ્તક રેખાની વધઘટ જોવાનો અભરખો નો રાખતા. નક્કામા નહિ લેવા દેવાના ગાંડા થઇ જશો. અસ્થિર મગજના ગણાશો.'

ભદ્રંભદ્ર ! હવે તમારી વાત પૂરી હોય થઇ તો મારે બોલવું છે.

અરે ! બોલ તું તારે. તું બોલ એટલી ઘડી મારે રીશેષ પડશે. બાકી બોલ-વાનું ને લખવાનું તો હવે ક્રમશઃ જીભને હાથને (જમણા હાથને) લકવો ના થાય ત્યાં સુધી ચાલું જ રહેવાનું છે પણ તું બોલ તું તારે.

'ભદ્રંભદ્ર ! પેલા ચાંદલાની વાતમાં હું એવું પણ સમજ્યો કે – "જન્મભૂમિ" માં તિથિઓનો જેવો જન્મ થયો તેવો જ રાખવો. યુગલો જન્મ્યા હોય તો તેને પણ તેમના તેમ જ રહેવા દેવા. અને કોઇ તિથિ જનમતા જ મૃત્યુ પામી હોય તો તેનેય તે જ રીતે રહેવા દેવી. પણ પતિના શરીરના ફેરફારને જોઇને ચાંદલાનો ફેરફાર કરવો જેમ સદંતર અયોગ્ય જ છે તેમ પર્વતિથિ નામના યુગલો જન્મ્યા હોય તો તેને અપર્વતિથિના કહી દેવા એ મહાપાપ છે. તેમ જ પર્વતિથિ સૂર્યોદયને સ્પર્શ થયા વગર જન્મી હોય અને પછી મરણ પામી હોય તો તેને સૂર્યદર્શન કરાવવાનું (સૂર્યને સ્પર્શેલી ગણાવીને નહિ મરેલી બતાવવાનું) અને મરેલાને જીવતા બતાડવાનું તથા જીવતાને મરેલા બતાડવાનું.(પર્વતિથિના ક્ષયે અપર્વનો ક્ષય કરી પર્વતિથિને ક્ષયવાળી નહિ બતાવવાનું.) કામ પણ મહા ભયાનક પાપ છે.

જન્મભૂમિ જેવી માતૃભૂમિમાં જે જન્મ્યા હોય કે મૃત્યુ પામ્યા હોય તે સિવાયનાને મરેલા કે જન્મેલા બતાડવા એ દેશદ્રોહ છે એ જ રીતે શાસનનો પણ દ્રોહ છે. તિથિઓ જેવી રીતે અને જે જે જન્મી હોય, યુગલ હોય કે મરણ પામી હોય તેને તે જ સ્વરૂપે રહેવા દેવામાં

સજ્જનોનું જૂઠું નહિ બોલવાનું મહાવ્રત અખંડ રહે છે. મિથ્યાત્વનું પાપ પણ નથી લાગતું. પતિની તબિયતના કારણે ચાંદલાની સાઇઝમાં ફેરફાર કરનારા પેલા બેન જો તમને ડફોળ નંદ લાગ્યા હોય તો પર્વતિથિની ક્ષયવૃધ્ધિ જોઇને અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરી નાંખનારાને શું કહેવા ?

અરે ! વત્સ ! તને એક થોડું બોલવાની છૂટ આપી એમાં તો તું બહુ બધું બોલી ગયો. હવે કશું બાકી નથી રહેતું ને ?

ના, પણ એક વાત કહી દેવા દો ને ? વાંધો ન હોય તો.

કહી દે. પણ લાંબુ લચ ના કરતો.

સારૂ. નહિ કરું. બસ ભદ્રંભદ્ર ! આ તિથિઓનો ફેરફાર કરનાર તો, પેલા ચાંદલા જેવા ય ગણાવાય એવા નથી. કેમ કે ત્યાં તો ચાંદલાની અને પતિના તબિયતની વધઘટ સાથે જ થયા કરતી હતી. જ્યારે અહીં તો પર્વની ક્ષયવૃધ્ધિ જોઇને ધૂંઆ–પૂંઆ થઇ ગયેલા પર્વતિથિના અંગરક્ષકો તરત જ બીજી તિથિમાં વધઘટ કરી નાંખે છે. પણ પર્વતિથિમાં રાખવી જોઇએ તે રાખવા નથી એટલે મહા ઘેલા કહેવાય ને ?

જો મિત્ર ! તારી જીભ જરા મોટી થઇ છે. પણ તે સાચી વાત લોકોને સમજવા મૂકી છે એટલે તારા જીભ–દોષને હું ગૌણ ગણું છું. પણ હવે ફરી આવું બોલવાનું હોય તો મને પહેલેથી બતાવ્યા પછી જ તારે બોલાશે હમજ્યો.

બોલો ચાંદલાની ક્ષયવૃધ્ધિમાંથી તિથિની ક્ષયવૃદ્ધિને સમજાવનારા ભદ્રંભદ્ર સહિત તેના મિત્રની પણ જય.

તા. ક. : આ લેખ મેં સોમવાર અને મંગળવાર બે ય વારે લખેલ છે એટલે સારો ભાગ સોમવારે લખાયેલો માનજો અને ખરાબ ભાગ મંગળવારે લખાયો હોવો જોઇએ તેમ માનવું.

* ઉદારતા *

ટ્રિસ્ટન બર્નાડ એમની ઉદારતા અને દાનશીલતા માટે જાણીતા હતા. એક વૃધ્ધ ભિક્ષુક હંમેશા તેમના ઘરની બહાર ઉભો રહેતો. ટ્રિસ્ટન ઘરની બહાર નીકળે ત્યારે રોજ તેને પૈસા આપીને જતા.

એકવાર તેમને બીજા શહેરમાં જવાનું થયું એટલે તેમણે પેલા વૃધ્ધ ભિક્ષુકને બોલાવ્યો અને વધારે પૈસા આપતાં તેને કહ્યું–'બંકલ, હું થોડા વધારે દિવસની રજા પર જાઉં છું, તો આ વધારે પૈસા તમે રાખો.' વૃધ્ધ ભિક્ષુકની આંખમાં આભારનાં આંસુ છલકાયા.

(ફૂલવાડી. તા. ૧૦–૧૨–૧૯૯૮) — કાલિદાસ વાલા

❋ રાજા તરફથી મેં માગ્યું ઈનામ મળ્યું ❋

એક વર્ષથી એ છોકરો ઘોડેસવારીની તાલિમ લેતો હતો. આજે તેની ઘોડેસવારીની કસોટી થવાની હતી. ઘોડેસવારીની કલામાં એ ઉત્તીર્ણ થાય તો રાજા તરફથી તેને મેં માગ્યું ઇનામ મળવાનું હતું.

રાજમહેલની બહાર મોટું મેદાન છે. ઉસ્તાદ સાઇસ ઘોડો લઇને એ મેદાનમાં આવી ગયો છે. તાલિમ લેતો છોકરો પણ મેદાનમાં આવી ગયો છે અને કસોટી માટે તૈયાર થઇને બેઠો છે. રાજાની પ્રતિક્ષા થઇ રહી છે, સેંકડો દર્શકો પોત-પોતાની જગા લઇને બેસી ગયા છે.

એવામાં સિપાઇઓની એક ટુકડી મેદાનની બાજુમાંથી પસાર થવા લાગી. તેમની પાછળ ખેડુતોની એક ટોળી પણ હતી. ખેડુતોના હાથોમાં હાથકડીઓ પહેરાવેલી હતી. એ જોઇને છોકરાને નવાઇ લાગી. તેણે પૂછ્યુઃ ઉસ્તાદ! સિપાઇઓ આ ખેડુતોને કડીઓ પહેરાવીને કયાં લઇ જાય છે?

ઉસ્તાદ સાઇસે કહ્યુંઃ 'આ ખેડુતોએ રાજ્યનો જમીનવેરો ભર્યો નથી એટલે સિપાઇઓ તેમને પકડીને દરબારમાં લઇ જાય છે.'

'ખેડુતોએ જમીનવેરો કેમ ભર્યો નથી?' છોકરાએ બીજો પ્રશ્ન પૂછ્યો.

'આ વર્ષે વરસાદ બિલકુલ પડયો નથી એટલે ખેડુતોનો બધો પાક નિષ્ફળ ગયો છે. વાવેતર સૂકાઇ ગયું છે. અનાજ પાક્યું નથી ખેડુતોના કુટુંબોને જ ખાવાના કુટુંબોને જ ખાવાના સાંસા છે. પછી તેઓ જમીનવેરો કેવી રીતે ભરી શકે?' ઉસ્તાદે છોકરાના પ્રશ્નનો વિગતથી જવાબ આપ્યો.

'હવે આ ખેડુતોનું શું થશે?' છોકરાએ ઉતેજનાથી એક વધુ પ્રશ્ન પૂછ્યો.

'એમનાં ઘરોમાં જે વાસણકૂસણ હશે તે જપ્ત કરવામાં આવશે અને તેઓ વેરો નહિ ભરે ત્યાં તેમને કેદખાનામાં પૂરી રાખવામાં આવશે.' સાઇસે કહ્યું.

છોકરાને ખેડુતોની દયા આવી ગઇ. તેણે મનમાં કાંઇક ગાંઠ વાળી. પછી તે ચૂપ થઇ ગયો. ત્યાં તો રાજા પોતાના રસાલા સાથે મેદાનમાં આવી ગયા. રાજાએ પોતાનું આસન ગ્રહણ કર્યું એટલે પછી બધા દરબારીઓ પણ પોતપોતાની જગાએ બેસી ગયા.

પછી છોકરો ઘોડેસવારીની પોતાની કલા બતાવવા લાગ્યો. તે ઘોડેસવારીમાં

પાવરધો થઇ ગયો હતો. ઘોડો તેના ઇશારા પ્રમાણે ચાલતો હતો. દોડતો હતો અને બે પગે ઊભો થઇને થનથન નૃત્ય કરતો હતો.

ઘોડેસવારીની અનેક યુક્તિઓ તેણે રજૂ કરી. એ જોઇને રાજા તથા બધા દર્શકો ખુશખુશાલ થઇ ગયા.

રાજાએ પ્રસન્ન થઇને કહ્યું 'કુમાર ! તારી ઘોડેસવારીની કલા જોઇને હું બહુ જ ખુશ થયો છું. તું તારું ઇનામ માંગી લે !'

કુમારે કહ્યું: મહારાજ ! આજે સિપાઇઓ જે ખેડુતોને પકડી લાવ્યા છે. એ ખેડુતો ખૂબ જ ગરીબ છે. એમનો વેરો માફ કરી દો અને તેમને છોડી દો !

કુમારની વાત સાંભળીને રાજાને અતિ આનંદ થયો અને તરત જ તેમણે હુકમ કર્યો: 'ખેડુતોનો આ વર્ષનો જમીનવેરો માફ કરવામાં આવે છે અને તેમને મુક્ત કરવામાં આવે છે !

પછી રાજાએ કુમારને ઉદ્દેશીને કહ્યું: 'કુમાર, તે તારા પોતાના માટે તો કાંઇ જ માગ્યું નથી. તારી ઇચ્છા હોય તે તું માંગી લે !'

કુમારે કહ્યું: 'મહારાજ ! મારે શાની ખોટ છે ? તેમ છતાં આપ ખુશ થયા હો તો અને મારી એક વિનંતીનો સ્વીકાર કરતાં હો તો. મને અતિ આનંદ થશે. એ વિનંતી છે–'જે વર્ષે ખેડુતોનો પાક નિષ્ફળ જાય તે તે વર્ષે તેમનો જમીનવેરો માફ કરી દેવો.'

કુમાર ! હું તારી વિનંતીનો સ્વીકાર કરું છું !' કહીને રાજા તેને ભેટી પડયા અને મનમા જ બોલ્યા: 'છોકરો કેવો દયાળુ છે !'

આ દયાળુ છોકરો હતો– મૂળરાજ અને મહારાજ હતા. આજથી નવસો વર્ષ પહેલાં ગુજરાતમાં થઇ ગયેલ રાજા ભીમદેવ.

મૂળરાજ રાજા ભીમદેવનો રાજકુમાર હતો.

(સંદેશ) — **સાંકળચંદ જે. પટેલ**

— એક મિનિટ —

'મારા પાંડાશીને બરાબર એક મહિના પહેલાં ખબર પડી ગઇ હતી કે એ પોતે ક્યાં, કયા દિવસે અને કેટલા વાગે મરી જવાના છે ? અરે વાહ, આ તો કમાલ કહેવાય. શું એમને એમના અંતરાત્માના અવાજે આ વાત કરી હતી ?'

'ના, જ્યોતિષ સાહેબે.' વીરેન્દ્ર મોદી, (મું.સ.)

❋ ચિંતનનો ચંદરવો ❋

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

- જીવન જીવવું હોય તો 'મને જે કાંઇ જ્ઞાન છે એનું પ્રદર્શન ભરતો વાણી પ્રવાહ ક્યારે વહાવવો નહિ.'
- આપણને સૌને વહેમ છે કે, આપણે જાગેલા છીએ અને બીજા બધાજ કુંભકર્ણની નિદ્રામાં છે. જે ભ્રમ આપણને સાચા સુખનો સ્પર્શ પણ થવા દેતું નથી.
- સાચા સુખનો અનુભવ કરવો હોય તો આંતર દૃષ્ટિ કેળવો.
- દુઃખનું કારણ—માણસ પોતાની ઇચ્છાઓના વાવંટોળમાં ઘસડાયા કરે છે અને સુખની સોનેરી તકો ગુમાવી દે છે.
- આત્મોન્નતિ સાધવી હોય તો મધુરતા, નિખાલસતા, પ્રેમ આનંદ, પ્રેરણા, પ્રફુલ્લતા અને સાચાં પ્રકાશથી જીવનને હર્યું ભર્યું કરી દો. હતાશાની વાત જ નહિ કરવાની અને નિરાશાનો શબ્દ જ નહિ બોલવાનો, પછી જૂઓ ચમત્કાર ! જીવન આત્મિક સૌંદર્યથી દીપિ ઊઠશે.
- અધ્યાત્મક જ જીવનને સાચી દિશા આપે છે. જેમાં આત્માના હિતનો જ વિચાર કરાય તેનું નામ અધ્યાત્મ છે. જે જીવનને નવો રંગ આપે, તેજસ્વી બનાવે અને સાર્થક બનાવે છે.
- ઘડીયાલને ચાવી આપીએ તો ચાલે છે તેમ મનને સુંદર બનાવવા માટે સદ્‌વિચાર રૂપી ચાવી આપીએ તો જીવન સુમધુર બને.
- આત્માના હિતને માટે જ પ્રયત્ન કરે તે સાચો માનવ બને.
- પરિણામનો વિચાર કરી પગલાં ભરે, પ્રવૃત્તિ કરે તેનું નામ બુદ્ધિમાન !
- માત્ર પ્રત્યક્ષમાં જ મૂંઝાય તે પહેલા નંબરનો મૂરખ !
- ભણેલો પણ ગણેલો નહિ તે બારાખડીના બીજા અક્ષર જેવો.
- આત્માને અહિતથી બચાવી, હિતમાં જોડે તે સાચો કલ્યાણ મિત્ર !
- જે સ્વયં ખોટું કરે નહિ, બીજાને ખોટામાં સાથ આપે નહિ. ખોટુ જેની પાસે કશું નથી, છૂપાવવા જેવું પણ નથી, જે છે તે બધું ચોપડે છે તેનું નામ સદ્‌ગૃહસ્થ!
- નગરમાં રહી નગરની મર્યાદા પ્રમાણે જીવે તેનું નામ નાગરિક !
- ઉમદા વિચારોનો માલીક તે જ સાચો શ્રીમંત !
- અધમ વિચારોનો ગુલામ તે જ મોટો ગરીબ !

જગતસિંહની જાજરમાનતા

—શ્રી વિરતિરત્ન

પ્રયાતુ સંપત્પુનરંગસૌષ્ઠવં, ક્ષીણત્વમેતુ સ્વકુલં ધનં વા ।
તથાપિ ન સ્વીકૃતમુત્સૃજંતિ, સંતોઽધિરોઢું ય હરેા વિષં ચ ।।

લક્ષ્મી જાએા, શરીરનું સુખ અને શરીર જાએા. પેાતાનું ધન તેમજ કુળ જાએા તેા પણ સંત પુરૂષેાએ જે અંગીકાર કરેલી પ્રતિજ્ઞા છે તેને મુકતા નથી. તેમજ સજ્જનેા પણ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાને મૂકતા નથી.

પિરેાજશાહ જરસાણુ નામનેા રાજવી યેાગીનપુરનગરમાં રાજ્ય કરતેા હતેા. તેની સભામાં અનેક રત્નેાથી વિરાજતી હતી. શ્રંગાર સમાન જગતસિંહ નામનેા શ્રેષ્ઠી તેની સભામાં સત્યવાદી તરીકે પંકાયેલેા હતેા. સર્વત્ર નગરને વિષે તે સત્ય શિરેામણી તરીકે એકલેા જ હતેા. અવારનવાર રાજા તરફથી મળતાં આદરમાનને કારણે અન્ય લેાકેા શ્રેષ્ઠીને દુષ્ટ નજરે જોતા હતા. શ્રેષ્ઠીના અવગુણેા ગેાતવા તેઓ તત્પર રહેતા હતા, પરંતુ શ્રેષ્ઠીના ગુણેા જ દુષ્ટ લેાકેાની નજરમાં સપડાતા હતા.

રાજા વાજા અને વાંદરા ત્રણેય સરખા હેાય છે. કેાઇની ચઢામણીએ તેઓ તરત જ છાપરે ચઢી જાય છે. પેાતાની પાવલી ગીરવે મૂકી દેવામાં આવાએા તત્પર હેાય છે. આગળ પાછળનેા કાંઇ વિચાર શુદ્ધા પણ કરતા નથી. આ કહેવતને સારી રીતે સમજતા દુષ્ટ લેાકેા રાજા જરસાણુની નજીક પહેાંચી ગયા. શુન્યાવકાશ જોઇને હીનલેાકેાએ જગતસિંહ અંગેની ખેાટી ફરીયાદેા કહેવાની શરૂઆત કરી, પરંતુ તે ફરીયાદેા અંગે રાજાએ કાંઇ ધ્યાન આપ્યું નહીં. તે અવસરે રાજાના મગજમાં તેા કાંઇક જુદેા જ તુક્કેા સવાર થતેા હતેા. હંમેશા માનવી પેાતાની પાસે કેટલી લક્ષ્મી છે તે સાચી જાહેર નહી કરે? લક્ષ્મીની મમતાને કારણે સૌ કેાઈ અસત્ય જ ઉચ્ચારશે. કેાઇ દિવસ સાચું બેાલશે જ નહિ. આથી દુષ્ટ લેાકેાને પૂછવું, જગતસિંહ પાસે કેટલું ધન છે? ત્યારે દ્રોહ કરતાં લેાકેા બેાલી ઉઠયાં. તેઓની પાસે સીત્તેરલાખ સેાનૈયા છે. આ સાંભળી રાજાનું ચિત્ત ચકડેાળે ચઢવા લાગ્યું. ખરેખર! આની તપાસ મારે કરવી જોઇએ. સત્યવાદી કહેવાતા—પંકાયેલા જગતસિંહ પેાતાની લક્ષ્મી અંગે સાચું બેાલે છે કે ખેાટું, તે તેા મારે અવશ્ય જાણવું જ જોઇએ.

પરીક્ષાની કસેાટીએ ચઢાવ્યા વગર સાચા સેાનાની ખબર પડતી નથી તેમ શેઠ સત્યવાદી છે કે અસત્યવાદી છે તેની પરીક્ષા મારે ચેાકકસ કરવી જોઇએ.

કેટલાક દિનરાત વિત્યા બાદ, એક દિવસ રાજા ભરી સભામાં બેઠો હતો. સાથે ખુશામતો ખુશામત કરીને રાજાને રંજાડી રહ્યા હતા. એકાએક રાજાની નજર મૌન બેસી રહેલા જગતસિંહ ઉપર પડી–પડતાંની સાથે જેમ ટયુબલાઇટમાં ઝબકારો થાય તેમ રાજાના મગજમાં એકાએક ઝબકારો થયો, કેટલાક દિવસોથી શ્રેષ્ઠી પાસે કેટલી લક્ષ્મી છે તે તો પૂછવાનું જ રહી ગયું હતું તેથી તરત જ બધાની વચ્ચે જ શ્રેષ્ઠીને પૂછી લીધું, બોલો શેઠજી ! તમારી પાસે કેટલું ધન છે ? સ્થિર ચિત્તે જવાબ આપતાં શ્રેષ્ઠીએ કહ્યું કે રાજાધિરાજ ! આપશ્રીની જિજ્ઞાસાને માન આપીને તે અંગે પૂરી તપાસ કરીને બે દિવસ પછી આપશ્રીને સત્ય હકીકત જણાવીશ.

પોતાની મહુલીએ પહોંચતા જ શ્રેષ્ઠી કામે લાગી ગયા. રાત-દિવસના ઉજાગરા કર્યા બાદ શ્રેષ્ઠીએ નક્કી કર્યું કે મારી પાસે આટલી લક્ષ્મી છે. ત્રીજે દિવસે ભરી સભામાં નમ્રતા પૂર્વક રાજા સમક્ષ જઇ શ્રેષ્ઠીએ જણાવ્યું કે, હે રાજાધિરાજ ! મારી પાસે ચોરાસી લાખ સોનૈયા છે. સત્ય હકીકત સુણી રાજા હેબતાઇ ગયો, લોકો બોલે છે તેના કરતા પણ અધિક ધન આ શ્રેષ્ઠી પાસે છે. ખરેખર ! હરિશ્ચંદ્રનો અવતારી જ લાગે છે. મહા સત્યવાદી હોય તો જ પોતાની સાચી વાત પ્રગટ કરે બાકી ગલ્લાં તલ્લાં કરીને અથવા આડું અવળું સમજાવીને ક્યારની વાત ઉડાડી દીધી હોત. પરંતુ શેઠ તેવા નથી. આથી તુષ્ટમાન થયેલા બાદશાહે સોળ લાખ સોનામહોર મેટ આપી. શેઠને કરોડાધિપતિ બનાવી દીધો. તે જ દિવસથી જગતસિંહના મંદિર ઉપર કોટીધ્વજ લહેરાતો થઇ ગયો.

એકદા પ્રસંતાવે ગોચોગોચ મેઠનીની વચ્ચે રાજાએ ભંડારી પાસે રત્નોના ભંડારમાંથી ચૂંટેલું એક રત્ન મંગાવ્યું. શેઠની પરીક્ષા કરવાની ઇચ્છાવાળા રાજાએ રત્ન શ્રેષ્ઠીના હાથમાં મૂકયું. સામસામી દ્રષ્ટી મેળવતા કહ્યું કે-આના સમાન અન્ય બીજું કોઇ રત્ન કયાંય હશે ખરા ? આ સાંભળી દ્રષ્ટી સ્થિર કરતાં શ્રેષ્ઠી બોલ્યા કે હે નરિંદ !આ દુનિયામાં બાદશાહના બાદશાહ કયાંય હશે ખરાં ? હંમેશા બાદશાહનો બાદશાહ એક જ હોય છે. બીજે ભટકવાની પણ જરૂર નથી. આ કહેણ સાંભળી પ્રસન્ન પામેલા રાજાએ સારી એવી પહેરામણી આપી અને સાથે સાથે અમૂલ્ય રત્ન પાછુ સાચવવા માટે આપ્યું, કારણ કે બંને વચ્ચે ગાઢ મિત્રતા બંધાઇ ગઇ. ગાઢ મિત્રતામા ભેદ હોય જ નહી.

એક વખત વગર જાણ્યા, વગર પૂછયા, કે કાંઇપણ સમજ્યા વગર રૂષ્ટમાન થયેલ રાજાએ શ્રેષ્ઠીને સળીયા પાછળ ધકેલી દીધાં. તેઓનું રક્ષણ કડક ચોકી પહેરા હેઠળ પોતાના વિશ્વાસુ અંગરક્ષકો દ્વારા કરાવ્યું. જરાપણ ચસકી ન શકે તે માટે

હાથેપગે ઝાંઝર પહેરાવી દીધી. જગતસિંહે દિવસ તો ધર્મધ્યાનમાં પસાર કર્યો, પરંતુ સાંધ્યાકાળ નજીક જણાતા મુખ ઉપર કાંઈક ગ્લાનિ ઉપસી આવી. વિચારોની ઘુમરી મગજ ઉપર સવાર થવા લાગી. મનની લગામને ખેંચતા શ્રેષ્ઠીએ (શેઠ) અંગરક્ષકને પોતાની નજીક બોલાવ્યો. વહાલી ટીકી મેળવતાં શેઠ બોલ્યા કે, જો ભાઇ! તું મને એકાદ દલાક માટે આ બેડીઓમાંથી છૂટો કરીશ તો હું તને બે સોનામહોર આપીશ. હું કાંઇ અહીંથી ભાગી જવા માટે તને વિનંતી નથી કરતો, પરંતુ મારે ખુદાનું નામ લેવું છે, બાકી મારે કોઇ પ્રયોજન નથી લેશ માત્ર દયા જેનામાં નથી રહેલી તેવા રક્ષકને શેઠ ઉપર કાંઇક દયા આવી, અને સાથે વળેલી ધનની લાલચે શેઠને સાંજનું આવશ્યક કરવા દીધું. પ્રાતઃકાળનું પણ આવશ્યક શેઠે આ પ્રમાણે કરી લીધું. શેઠનો નિયમિતક્રમ વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યો. શાંત, એકાંત વાતાવરણમાં પ્રસન્નચિત્તે શેઠ મજેથી ધર્મારાધના કરવા લાગ્યા.

સારા એવા દિવસો પસાર થયાં પછી રાજા ફરીથી શેઠ ઉપર તુષ્ટમાન થયા ભરીસભામાં શેઠને સન્માન પૂર્વક બોલાવ્યા. પાંચ વર્ણવાળા વસ્ત્રોથી સુશોભિત કરી, પોતાના અંગના આભૂષણોથી ભૂષિત કર્યા. આઠરમાન સહિત વાજતે ગાજતે ગજરાજ ઉપર આરૂઢ કરી મહા આડંબર પૂર્વક તેઓને ઘરે પાછા મોકલ્યા. શેઠે પણ તે અવસરે યાચકોને છૂટા હાથે દાન આપતાં આપતાં પોતાની હવેલીએ પધાર્યા.

આ બાજુ આવશ્યક ક્રિયા કરવામાં સહાય રૂપ બનેલ બંને રક્ષકોને શેઠે સારી એવી સોનામહોર આપી હતી. શેઠને રાજા તરફ મળેલ માન–સન્માન જોઇને રક્ષકો પણ ગભરાયા. કદાચ રાજાને કાન ભંભેરણી કરશે તો અમારૂં આવી બનશે. આથી રાજાના ભયથી બંને રક્ષકો સોનામહોરનો ભારો પાછો આપવા શેઠની હવેલીએ આવ્યા. શેઠે પણ સુસ્વાગતમ કરીને બંનેને આવકાર્યા. યોગ્ય સ્થાનકે બેસાડી સારી એવી મહેમાનગતિ કરી, ભયથી ધ્રુજતા રક્ષકે લાંબા કાળનું મૌન તોડ્યું. હે શેઠ! આપશ્રીએ આપેલ સોનામહોરો પાછી સ્વીકારો. જો કદાચ રાજાને ખબર પડશે તો અમારૂં કચુંબર કરી નાખશે. આ સાપનો ભારો અમારે નથી જોઇતો. આ સાંભળી શેઠ બોલ્યા. તમારી કૃપાથી હું મારૂં ધર્મધ્યાન કરી શકયો છું. મેં તમને સોનામહોરો કાંઇ પાછી લેવા માટે નથી આપી. તમે ગભરાશો નહી. રાજાને આ વાતની ગંધ પણ નહી આવે. મારા ડાબા હાથને પણ ખબર નથી માટે તમે ચિંતા કરશો નહી. વિદાયની વેળાએ શેઠે રક્ષકોને વિશેષ પ્રકારે પહેરામણી આપી રાજી કર્યા.

પાકા ઉંમરે પહોંચેલા શ્રેષ્ઠીએ ધીરેધીરે સર્વ કાર્યોમાંથી નીવૃત્તિ લેવા માંડી.

રાજ્યસભામાં નિયમિત જતાં શ્રેષ્ઠી વારે–તહેવારે ગુટલી મારતાં થૂક ગયાં, મનને ધર્મ માર્ગ જોડી દીધું. પ્રભુમય બની જીવન જીવતાં શ્રેષ્ઠીને જોઇને રાજા પણ તેઓને ખાસ અવશરે જ બોલાવતાં. આજે નીવૃત્તિ મોંઘી બની ગઇ છે. છેલ્લી ઉંમર સુધી દુકાન છૂટતી નથી. આજના જુવાન વર્ગને પણ બાપની ટકટક ગમતી નથી, પરંતુ તે ખ્યાલ નહીં હોય કે ઘરડા જ ગાડા વાળે બાકી કોઇનું ગજુ નહીં. ખરી મુશ્કેલીમાં ઘરડા જ તારણ હાર બને છે ઘરની ઇજ્જત ઘરડા જ સાચવી જાણે છે

અનેક ખંડિયા રાજાઓ બાદશાહની આણ પ્રમાણ કરતાં હતાં. તેમા એક વખત સપાદલક્ષ નામનો રાજા શાહ બાદશાહની સેવામાં હાજર થયો લચીલચીને નમસ્કાર કરતા સપાદલક્ષ રાજાએ બાદશાહને બે વસ્તુઓ ભેટ ધરી. એક હતું વટાણા જેવું ગોળ મોતી અને બીજો હતો લાખો લચક સંસદના ટૂકડો રાજાએ બન્ને વસ્તુઓનો હાથમાં ગ્રહણ કરી. તે વસ્તુઓ રાજાને અલ્પ મુલ્યવાળી જણાઇ મુલ્યહીણ વસ્તુઓ જણાતાં રાજા તેની ઉપર ક્રોધાયમાન થયો. તેના કહેવાથી આ બન્ને વસ્તુઓ સભાસદોમાં ફેરવવામાં આવી, પરંતુ તેની કિંમત કોઇ આંકી શક્યુ નહી, ઝવેરીઓ પણ પાણીદાર મોતીની કિંમત કિંમત આંકી શક્યા નહી, કે લાડીલાના વેપારીઓ પણ સંસદની કિંમત કરી શક્યા નહી તમામ લોકોના મોઢા જોતો સપાદલક્ષ રાજા સર્વેને મુળાં ચિતરવા લાગ્યો.

અનેક રત્નોથી ઝરબાર ભરી બેઠેલા બાદશાહને નીચું જોવાનો સમય આવી લાગ્યો બાજુમાં બેઠેલા ચપળ મંત્રીશ્વરે ઇશારાથી જગતસિંહ શ્રેષ્ઠીને બોલાવી લીધાં. લાકડી ઠોકતાં ઠોકતાં જગતસિંહ શેઠ સૌને ભેદીને રાજા સમક્ષ આવી પહોંચ્યાં શેઠને નમસ્કાર કરતાં જોઇને રાજાએ આછું મુખડું મલકાવ્યું, અને પોતાની નજીકના આસને આરૂઢ થવા ઇશારો કર્યો. સ્થાને બરાબર ગોઠવાયેલા જોઇને મંત્રીશ્વરે શ્રેષ્ઠીના હાથમાં બે મોતી અને સંસદનો ટૂંકડો મુકયો ધ્રુજતાં હાથે શ્રેષ્ઠીએ પાણીદાર મોતીની પરીક્ષા કરી લીધી. અને હાથના સ્પર્શમાત્રથી ચંદનની પરીક્ષા કરવામાં સફળ બન્યા, હે નેક નામદાર ! કરીને શેઠ બોલ્યા કે, આ બન્ને વસ્તુઓની આકરણી થઇ શકે તેમ નથી ? તેનું મુલ્ય આંકી શકાય તેમ નથી. તેનું મુલ્ય અનેક ઘણું છે, તેમાં રહેલા સઘળા ગુણોનું વર્ણન થઇ શકે તેમ નથી. તે અત્યંત પ્રભાવશાળી છે. આ સાંભળી રાજા આશ્ચર્ય ભરી નજરે જોવા લાગ્યો. તમામ જનસમુદાય પણ આ સાંભળી વિચારમગ્ન બની ગયો.

નરિંદની રજા મેળવી જગતસિંહ શેઠ બોલ્યા કે, હે શાહ ! આ બન્ને વસ્તુઓ અમુલ્ય છે. સૌ પ્રથમ આપણે ચંદનની પરીક્ષા કરીશું. સૌ પ્રથમ લાકડાં, તેલ અને કઢાઇ મંગાવ્યા. અગ્નિ પ્રગટાવી તેલને ખૂબજ ઉકાળ્યા ભયંકર ઉકાળતા તેલમાં આ ચંદનનો કકડો નાખ્યો, તો તે કકડો નાંખવાથી તેલ ઠરીને બરફ જેવું બની જશે. આવો તેનો અચિંત્ય પ્રભાવ છે!

હવે બીજો પ્રભાવ જોઇએ, છ છ માસથી જ્વરમાં પીડાતાં કોઇપણ માણસને આ ટૂકડો પાણી સાથે ઘસીને પાવામાં આવે તો તે તરત જ નિરોગી બની જાય.

ત્યારબાદ સૌથી મોટું કૌતુક હવે સાંભળો, આ બે મોતીનું કૌતુક સાંભળવા જેવું છે. એક મોતીને વેચીને બાજુ મોતી ગાંઠે બાંધીએ તો સંધ્યાકાળે ઉત્સુક ચિત્રની પેઠે બન્ને ભેગા થઇ જાય છે.

આ સાંભળી રાજાને ભારે આશ્ચર્ય થયું. તેને બન્ને વસ્તુની પરીક્ષા કરાવી, કહેવા પ્રમાણે તેજ થવાથી રાજાને આશ્ચર્યનો પાર ન રહ્યો ભ્રમચિત્રવાળા રાજાએ શ્રેષ્ઠીને પૂછી તોજ્યું કે આવી ઉત્તમ તસ્તુના આવા પ્રભાવની ખબર તમને ક્યાંથી ?

નમ્રતાપૂર્વક શ્રેષ્ઠી બોલ્યા કે, હું બાળકપણાથી જ પરીક્ષા કરી શકું છું. કાંઇક અભ્યાસ અને અનુભવ જ્ઞાનને કારણે હું તેની પરીક્ષા કરી શકયો છું. તેથી આવી ઉત્તમોત્મ વસ્તુઓ ભેટ ધરનાર સપાકબક્ષ રાજાને બહુ જ આદરમાન આપીને વિદાય કર્યો. જગતસિંહ શેઠને પણ સારી એવી પહેરામણી આપી સત્કાર કર્યો છેવટે ધર્મકરણી કરતાં કરતાં જગતસિંહ શેઠ સદ્‌ગતિને પામ્યાં.

માટે, જીવોએ બીજા મૃષાવાદનું સેવન કોઇપણ કાળે ન કરવું જોઇએ. મૃષાવાદનું સેવન કરવાથી દુર્ગતિમાં પહોંચી જવાય છે એક અસત્ય સૌ અસત્યને ખેંચી લાવે છે. તેનાં કારણે અસત્ય સ્વભાવિક બની જાય છે. સ્વભાવિક બનેલું અસત્ય સર્વે પાપો કરાવે છે. પાપોની સિરીયલ બંધ કરવા માટે તથા દુર્ગતિના દ્વારને તાળા મારવા માટે હંમેશા સત્ય વચની બની મુક્તિ નજીક બનાવો એજ મનોકામના.



પ્યારા ભૂલકાંઓ...

ઘણા ભવો ધનવાનના કર્યા. ઘણા ભવો રૂપવાનના કર્યા. ઘણા ભવો શેઠ શાહુકારોના કર્યા. ઘણા ભવો બળવાનપણાના કર્યા. ઘણા ભવો અનેક પુણ્યોના પિતા તરીકેના કર્યા માત્ર બાકી રહી ગયું ગુણવાન બનવાનું. ગુણવાન બની ભગવાન બનવાનું.

ઉપરોક્ત વસ્તુને મેળવવા માટે પૂણ્યની જરૂર છે. સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે પ્રભુએ બનાવેલ ધર્મની આચારણા મુખ્ય છે.

અનેક યોનિમાં જન્મ ધારણ કરી ચૂકેલા હે મનવા! તે સંસારના તમામ ભોગોનું આસેવન કર્યું છે તેમાં જરાય ક્યાસ રાખી નથી.

તું રાજા બન્યો, રંક બન્યો, માતા બન્યો, પિતા બન્યો, ઢગલ બંધ મિત્રો પણ કર્યા. છતાં ય તારા અંતરમાં ઉદ્‌વેગ કેમ? તું ઉપશાંત કેમ ન થયો?

ખરેખર! ધર્મનો અભાવ.

જ્યાં જ્યાં જન્મ્યો ત્યાં ત્યાં ધર્મના અભાવનું ધ્યાન ધર્યું. આત્મના સ્વભાવનું ધ્યાન ધરવાનું ભૂલી ગયો.

હે આત્મન્! બધું ય મળશે પણ ધર્મ મળવો દુર્લભ છે. આ દુર્લભ ભવમાં સુલભ ધર્મ મળ્યો છે. હવે ચંડાળ ચોકડીના ફંઢામાં ફસાયા વગર, પ્રમાદને અલવિદા આપીને આરાધના કરવા મચી પડ.

સુગુરૂઓ અને સુધર્મના સાહિત્યનો સંગ કરી તેના જ સહારે માત્ર ધર્મ કરતો થઇ જા.

હવે આ ભવમાં અન્ય કોઇ સ્થાને ચિત્તને સ્થિર ન કર સદ્‌-ચિત્ત-આનંદ સ્વરૂપમાં ચિત્ત જોડી દે દૃઢ સંકલ્પ જ તને ધર્મી બનાવી દેશે. તારૂં ભવોભવનું દુઃખ દૂર થશે. તારા દોષો નાશ થશે તું દુર્ગતિનો મહેમાન બનીશ નહિ.

ધર્મમાં એકાકાર બનીશ તો અનેક સદ્‌ગુણો અને સદ્‌ગતિનો માલિક બનીશ માટે શાંત ચિત્તે વિચારજે.

— રવિશિશુ

મા'ુરમ્ :— વિશ્વાસ પામેલા જન પ્રત્યે માયા કરવીને ઘટિત નથી.

— હસે તેનું ઘર વસે —

રીઢા કર્દી—ડોકટર સાહેબ—આપશ્રીનો ખુબ ઉપકાર આપે તો મને નવી જીંદગી બક્ષી.

ડોકટર— કર્દી (વિનયથી) ના, ના, બધું કર્તા હર્તા તે ઈશ્વર છે. તેમને તમારી જીંદગી સલામત રાખી.

રીઢા કર્દી-(શાંતિથી) એમ! ડોકટર સાહેબ ત્યારે આપની ફીનું બિલ જે થશે તે પણ શું ઈશ્વર ભરશે ને!

અમારો સ્વીટ રોજના ૨૫૦ રૂા. બચાવે છે એમ, શું વાત કરો છો? કેવી રીતે? ૮૨રોજ ટ્રેનમાં સ્કૂલ જાય છે. ટ્રેનમાં કરેક ડબ્બામાં એક સાંઠળ હોય છે. એની નીચે લખ્યું છે કે ખોટી રીતે સાંઠળ ખેંચાનારને અઢીસો રૂપિયાનો દંડ મારો સ્વીટ એટલો સમજું છે કે કોઇ દિવસ સાંઠળ ખેંચતો નથી. —સ્વીટ વિ. સોલંકી

સામાયિકના બત્રીસ દોષ

દસ મનના : અ વિવેક, યશ-કીર્તી, લાભની ઇચ્છા, ગર્વ, ભય, નિદાન, સંશય, રોષ, અવિનય, અબહુમાન.

દસ વચનના : કુવચન : સહસાકાર, સ્વચ્છંદ, સંક્ષેપ, કલહ, વિકથા, હાસ્ય, અશુદ્ધ, નિરપેક્ષ, અસ્પષ્ટ વાણી.

બાર કાયાના : કુસાસન, ચલાસન, ચલ દૃષ્ટિ, સાવદ્ય ક્રિયા, આલંબન, આકુંચન, પ્રસારણ, આળસ, અંગ મરડવા, મળ, વિમાસન, નિદ્રા વેયાવચ્ચ.

—વિરલ બી. ચોરડીયા

ધર્મથી શું શું ઘસાય?

સંસાર ઘસાય
પૈસાની મૂર્ચ્છા ઘસાય
વાસના ઘસાય
ઇચ્છા ઘસાય
મનની કુવૃત્તિઓ ઘસાય

—વજુ

— વધે —

ધર્મથી આયુષ્ય વધે
ધર્મથી યશ વધે
ધર્મથી પ્રજ્ઞા વધે
ધર્મથી સુખ વધે
ધર્મથી સંપત્તિ વધે
ધર્મથી સંતાન વધે.
ધર્મથી સુકૃત વધે

—રશ્મિકા

(અનુ. ટાઇટલ ૨ નું ચાલું)

આત્માનું સત્યાનાશ કાઢનારી છે, ભૂંડું કરનારી છે. સારામાં સારી ચીજો જીવને રાગ કરાવીને, અનેક પાપ કરાવી દુર્ગતિમાં ધકેલનારી છે. આ કામ મોહનું છે. તમને દુનિયાની સારામાં સારી ચીજ પર રાગ પેદા થાય તો તે વખતે હું ખોટું કર રહ્યો છું તેમ લાગે છે ? દુનિયાની સારામાં સારી ચીજ આંખે ચઢતાં, કાને અથડાતાં રાગ પેદા થાય છે ને ? તમે બધા વિરાગી. અમે ત્યાગ સાથેના વિરાગી.

સાધુને કોઇ ગામમાં ઘર ન હોય, કોઇ બજારમાં પેઢી ન હોય, જંગલમાં જમીન નહિ અને પાસે કૂટી કોડિ પણ ન હોય. માટે જ તે ત્યાગી નહિ પણ વિરાગી. વિરાગી ત્યાગનો પ્રેમી તો હોય જ. શ્રાવક-શ્રાવિકા સંઘ વિરાગપૂર્વક ત્યાગના પ્રેમવાળા. સાધુ-સાધ્વી સંઘ ત્યાગપૂર્વક વિરાગી. કરેક શ્રી તીર્થંકર દેવના શાસનમાં ચતુર્વિધ શ્રી સંઘ હોય જ.

ભગવાન શ્રી મહાવીર દેવે જ સ્ત્રીઓને દીક્ષા આપી છે તેમ નથી. ખરેખર 'ક્રાન્તિ' ભગવાન મહાવીર દેવે જ કરીને ? 'ભગવાન શ્રી મહાવીર દેવે સ્ત્રીઓને દીક્ષા આપી, સ્ત્રીઓનો ઉધ્ધાર કરી ખરેખર 'ક્રાન્તિ' કરી તેમ બોલનારા અને લખનારા પાગલો આજે છે.

તમે બધા શ્રી તીર્થંકર દેવોને ઓળખતા નથી. શ્રી તીર્થંકર પરમાત્મા શું ચીજ છે તેની ખબર નથી. 'ભગવાન શ્રી મહાવીર દેવે 'ક્રાન્તિ' કરી, સ્ત્રીઓનો ઉધ્ધાર કર્યો ? આવું સાંભળી રાજી થાવ ને ? તાલીઓ પાડો ને ? આવા પુસ્તકો તમે ખરીદીને વાંચો ને ?

અમારે તો ન સમજાય તો ના જી કહેનારા અને સમજાય તો જ હા જી કહેનારા શ્રોતાઓ જોઇએ છે. બધે બધી વાતમાં માત્ર હાજી... હાજી... કહેનારા શાસનને ભયંકર નુકશાન કરનાર છે. રોજ સાંભળનારા જેવા બહુશ્રુત થાય કે પાટ પર બેસનાર ઊંધું બોલે તો તે શ્રોતા થાંભલાની જેમ જ જોસી રહે. તેવા શ્રોતા ન હાલે તો સાધુને ય લાગે કે સમજ્યો નથી. તમે તો ઘણાંને સાંભળ્યા... ઘણું સાંભળ્યું... તમે ન સમજાય તો પૂછો તમે સંક્લેશ રાખીને ન જાવ પણ સમજીને હલકા થઇને જાવ. પણ તમે ખોટી હા પાડવાની ટેવ કાઢી નાંખો. સમજાય તો જ હા પાડો. તમે આમ કરશો તો અમારામાં ય જે બગડ્યા હશે તેને સુધારી શકશો. માટે લોકોની વાતો સાંભળ્યા વિના ભગવાનને શાસનને ઓળખવાનો – સમજવાનો પ્રયત્ન કરો. ખોટી વાતોનો શક્તિ હોય તો વિરોધ કરો પણ તમારી સંમતિ તો કદિ ન આપો નહિ તો સંસાર વધી જશે.

* નવો મળેલો સહકાર *

૨૫૦] પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના તપસ્વી શિષ્યા પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. ના સંયમજીવનનાં ચૌદમાં વર્ષના મંગલ પ્રવેશની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ. ની પ્રેરણાથી અ. સૌ. ભદ્રાબેન મનહરલાલ સંઘવી – મુંબઇ તરફથી ભેટ.

૫૦૦] પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના વિનયી શિષ્યા પૂ. સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ. ના શ્રી આચારાંગ સૂત્રના જોગની અનુમોદનાર્થે; પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. ની પ્રેરણાથી અ.સૌ. કુંદનબેન તથા ભાનુબેન તરફથી

---

* શાસન સમાચાર *

વાપી જી. આઇ. ડી. સી. માં ગૃહ મંદિરની સ્થાપના

વાપી જી. આઇ. ડી. સી. આદર્શ વિહારમાં જિનેશ્વર દેવના ગૃહમંદિરનું જયનગર પ્રવે. મૂ જૈન સંઘના અન્વયે અને શ્રાદ્ધવર્ય શ્રી ત્રિલોકચંદજી ભીમાણીના સહયોગથી નિર્માણ થયું છે. તેમાં દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામીજી તથા મુનિસુવ્રત સ્વામીજી આદિ જિનબિંબોનો પ્રવેશઅને ચર પ્રતિષ્ઠા તા. ૧૦–૨–૬૮ ના રોજ મંગલ મુહૂર્તે થઇ છે.

તે દિવસે સવારે ૯ વાગે પ્રભુજીની રથયાત્રા શરૂ થઈ અને મુખ્ય માર્ગો ઉપર ફરીને આદર્શ વિહારમાં પહોંચતાં પ્રભુજીને પોંખવામાં આવ્યા. તે પછી ૐ પુણ્યાહં... ના ગગનભેદી નાદ સાથે પ્રભુજીનો મંગલ પ્રવેશ અને પ્રભુજીની ચર પ્રતિષ્ઠા થઇ. પૂજ્ય આચાર્ય શ્રી વિજય **રત્નભૂષણસૂરીશ્વરજી** મ. સા. આદિની પાવન નિશ્રા મળતાં સૌના હૈયામાં આનંદનો મહાસાગર ઉછળતો હતો – પ્રતિષ્ઠા બાદ પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયું. તે પછી સંઘપૂજન તેમજ બહુમાન આદિ કરવામાં આવેલ. આજના પ્રસંગે સાધર્મિક ભક્તિનો ઉદારતાથી લાભ લેનાર ચિન્નલાલ નિવાસ (હાલ મુંબઇ) અને આદર્શ વિહારના બીલ્ડર શ્રી ત્રિલોકચંદજી ભીમાણીનું તેમજ બીજાઓનું પણ બહુમાન કરવામાં આવ્યું. સાધર્મિક ભક્તિ બાદ બપોરે શ્રી જિતેન્દ્રકુમાર બાબુલાલ શાહ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી. સર્વ સાધારણ ફંડ માટે પ્રેરણા આપવામાં આવતાં સંઘના લોકોએ તેમાં પણ ઉદારતાથી લાભ લીધો. ભરપૂર ભક્તિભાવ અને આનંદ તથા ઉલ્લાસના વાતાવરણે આ પ્રસંગ ખૂબ જ દીપી ઉઠયો.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી

પ્રવચન પરિમલ

સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા વિનાના માનવો હંમેશા નિરાશા વિષાદ, શોક અને કર્તવ્ય શુન્ય દશાને અનુભવે છે.
* સંસાર એટલે પાપનું કારખાનું ! જેમાં ચોવીશે ય કલાક પાપનું જ પ્રોડક્શન ચાલુ હોય, જ્યારે ધર્મ એટલે પાપની ધોલાઇ કરનાર વોશીંગ કંપની !
* આત્મશ્લાઘા અને પરનિંદામાં અટવાયેલા, સ્વ-પર અનેકના જીવનમાં ઠોળી સળગાવે છે. છતાં ય તેમાં કોણ જાણે એવો કે કેવો અમૃતનો આસ્વાદ અનુભવે છે કે તેનાથી અટકતા પણ નથી.
* શરીર કે કપડાં પરના ડાઘ કર્પણમાં જોઇ દૂર કરાય છે તેમ આત્મા ઉપર લાગેલા ડાઘ જોવા શ્રી જિનાગમ તે આરિસો છે. તેમાં જે પોતાની જાતને સ્વસ્થપણે જોવે તેને પોતાના ડાઘ દેખાય.
* શરીરની ટીપ-ટીપ અને સૌંદર્ય માટે શરીરની માવજત કરનારા જો આત્માના સૌંદર્ય માટે તેના કરતાં ય ઓછી મહેનત કરે તો આત્માનું સૌંદર્ય પ્રગટયા વિના રહે નહિ. પણ જરૂર છે નિર્મલ-વિવેક દૃષ્ટિને પામવાની !
* ભૂલ જેને ખટકે તે ભૂલમાંથી પણ બોધપાઠ શીખે તો ડાહ્યો ! ભૂલોની પરંપરા સર્જવા છતાં ય ઠાંઇ ન શીખે તે મૂરખશિરોમણિ !
* જગતમાં ભુલને પણ ગુણ માનનારા, ભુલને ભુલ માનવા છતાં ય ભુલમાં ને ભુલમાં અટવાનારા, ભુલને ભુલ માની, સુધારવાનો પ્રયત્ન કરનારા અને ભુલના કારણોથી જ દૂર રહી ભુલ નહિ કરનારા અને થાય તો ભુલને સુધારનારા આમ ચાર પ્રકારના જીવો હોય છે તો આત્મન્ ! તારો નંબર શેમાં છે તે વિચારી લે જે.
* શ્રી જિન શાસનમા ક્ષમાપના એટલે ભવોભવની ઠોળીને ભુંસાવવાનો પવિત્ર માર્ગ !
* મમત અને સમતાથી મુક્ત આત્મા જ સાચી શાંતિને પામે છે.
* ખોટી જીદ અને અહંકારના કાળી નાગને નાથનાર કોઇ કૃષ્ણ દેખાતો નથી.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૨૫+૨૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજ્ય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૧૭૫

તો મુક્તિ છેટી નથી

યૌવને વિષયેષ્વેડસૌ,
યથા ઘુત્તિષ્ઠતેભવી ।
તથોત્તિષ્ઠેત ચેન્મુક્તયં,
કિં હિ ન્યુનં તદા ભવેત્ ।।


જેવી રીતે આ ભવ્યાત્મા યૌવન-વયમાં પાંચે ઇન્દ્રિયોના વિષયો માટે ઉદ્યત થાય છે. તેવી રીતે જો મુક્તિને માટે ઉદ્યમ કરે તો શું ન્યૂનતા રહે? કાંઇ જ ન રહે એટલું જ નહિ પણ મુક્તિ તેના માટે છેટી નથી.

* કરોડોની સંપતિનો ત્યાગ કરતું જૈન કુટુંબ *

વર્તમાન ભૌતિકવાદની દુનિયામાં અનેક પ્રકારનાં પ્રયાસો કરી યેનકેન પ્રકારે પૈસા મેળવી જાંજવાનાં જળની માફક પૈસાથી જ સુખ મેળવવાની માનવીઓ ઝંખના કરે છે. તેવા સમયમાં જેની પાસે પુણ્યનાં યોગે સમૃદ્ધીની છોળ ઉડે છે એવું કુટુંબ ધન સમૃદ્ધીનો ત્યાગ કરી વૈરાગ્યનાં પંથે વળે છે ત્યારે આશ્ચર્ય થાય છે. અને એવું લાગે છે કે પૈસો એ સાચા સુખનું સાધન નથી પરંતુ કાલ્પનીક સુખનું સાધન છે. આખી દુનિયા અનાદી કાળથી જેમાં સુખ માને છે તે સતા, સંપતિ, સ્ત્રી. પુત્ર, પરિવાર મધુર ગીત સંગીત, મોહક રૂપ રંગ, સુગંધ, રસ ભરપૂર પાનપાન. સુખકારી કોમળ સ્પર્શ માન પાન વગેરેમાં બાહ્ય આંતર સુખની શોધ કરવા છતાં જેણે સુખને બદલે દુઃખ પ્રાપ્ત થતું અનુભવ્યું તેઓ સાચુ શાશ્વત સુખ મેળવવા પ્રયત્નશીલ બન્યાં.

સાચા શાશ્વત સુખની પ્રાપ્તી કરવા માટે સંસાર છોડીને નીકળેલાં સદ્‌ગુરૂઓનો જેને ભેટો થયો અને એ સદ્‌ગુરૂઓનાં સંગથી વિષય કસાયથી અથવા મન વચન કાયા એ ત્રણ યોગોથી અથવા આધી વ્યાધી ઉપાધી એ ત્રણ દુઃખોથી અથવા દેવ નરક આદિ ચાર ગતિથી અથવા જ્ઞાનાવરણીય આદી આઠ કર્મોથી અથવા હિંસાદી અઢાર પાપોથી અથવા ચોર્યાસી લાખ યોનીથી અથવા રાગ દ્વેષાદી અને સર્વ વિભાવોથી સર્વ અશુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયોથી છુટવારૂપ મોક્ષમાં જ અવશ્ય સાચું સુખ પ્રાપ્ત થશે એવું જેને સમજાયું તે સુખી સમૃદ્ધ પરિવાર શ્રી સેવંતીલાલ તેમનાં ધર્મપત્ની રક્ષાબેન અને યુવાનીનાં ઉંબરે ઉભેલાં બે પુત્રો સ્નેહલ (ઉ. ૧૦) અને ઉત્કર્ષ (ઉ. ૧૫) તથા યુવાન પુત્રી કરીશ્મા (ઉ. ૧૭) સહીત આખા કુટુંબે અઢળક ધન ધાન્ય હીરા માણેક, સોનુરૂપુ, ઘર બાર, નોકર ચાકર એ સર્વે બાહ્ય પરિગ્રહનો અને પાંચ ઇન્દ્રીયોનાં વિષયોમાં રાગ દ્વેષ, ઇર્ષા નિંદા હાસ્ય રતિ અરતિ સર્વ આંતરીક પરિગ્રહને છોડીને સંયમ માર્ગે વિચરીને મોક્ષપદને પામવા માટે મહાઅભિનિષ્ક્રમણ આદરવાનો દ્રઢ નિર્ણય કર્યો છે.

આ આત્મકલ્યાણકારી પ્રસંગનાં આશિર્વાદ પુજ્યપાદ ગચ્છાધીપતી આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાએ આપેલ છે પ્રવચન પ્રભાવક પૂ. આચાર્ય દેવ શ્રી વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ પૂ. આચાર્યદેવ શ્રી મૈત્રાનંદસૂરીશ્વરજી મ. સાહેબ, પૂ. મુનિમહારાજશ્રી મોક્ષરત્નવિજયજી મ. સાહેબ, તથ પૂ. મુનિરાજ તપોરત્ન વિજયજી મ. સાહેબ આદિ મુનિભગવંતો તથા સાધ્વીજી મહારાજ સાહેબોની નિશ્રામાં દિક્ષા તથા જિનભક્તિ અઠ્ઠાઇ મહોત્સવ તા. ૨૩મી જાન્યુઆરી સુધી ઉજવાયેલ વર્ષીદાનનો વરઘોડો મહા સુદ ૧૪ શનિવાર તા. ૩૦-૧-૯૯નાં હતો. દિક્ષા મહોત્સવ 'લાખાણી નિવાસ' મહેતાવાસ, મુ. ધાનેરા. જીલ્લો બનાસકાંઠામાં ઉજવાયેલ.



વર્ષ : ૧૧] : ૦૫૫ મહા મહા વદ ૦)) મંગળવાર તા. ૧૬-૨-૯૯ [અંક : ૨૫-૨૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૯ મંગળવાર તા. ૪-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૩૦ મું**) અવ૦)

આ કાળ બહુ ખરાબ છે. ઘણા જીવોને પોતાની જાત પર, સમજ પર એટલો બધો વિશ્વાસ છે કે જ્ઞાતિની સમજ પણ અડતી જ નથી. વિષય-કષાયનો રસ જીવને કદી સાચું સમજવા જ ન દે. ઘોર તપ તપનારા પણ વિષય-કષાયના રસિયા કદી સાચું ન સમજી શકે. તે જીવ સમ્યગ્દર્શનની વાત કરે છતાં ય સમ્યગ્દર્શન તેને સ્પર્શે નહિ, તે નવપૂર્વનું જ્ઞાન ભણે તો ય અજ્ઞાનરૂપ બને ચારિત્રની ક્રિયા કરવા છતાં ય સમ્યક્ચારિત્રનો સ્વાદ તેને ન આવે.

આ દ્વાદશાંગી પામી જેમ અનંતા આત્માઓ તર્યા તેમ અનંતા આત્માઓ ડૂબ્યા પણ ખરા વેદનાં વાક્યોથી ભગવાન શ્રી ઇન્દ્રભૂતિજી આદિને સમજાવી દે. પણ જેનામાં તેવી શક્તિ ન હોય તેને તો તેવા શાસ્ત્રોને અડવાનું પણ નહિ. આ બધી મર્યાદા આપણા ભલા માટે છે. દૂધાળાં જાનવર માટેના વાડા તેના હિત માટે છે ને? જેટલા દૂધળાં જાનવર, કામગરાં જાનવર તેને જમે ત્યાં ચરવા મૂકો તોય સંધ્યાએ આવી સૌ પોત-પોતાની જગ્યાએ બેસી જાય. તે સમજે છે કે, અહીં બેસવામાં મઝા છે. માલિક આવા-પીવાદિની બધી ખબર રાખે છે. તેમ આરાધક જીવો દૂધાળાં જનવર જેવા છે તેને માટે આ બધી મર્યાદા છે.

શ્રી જિનેશ્વરદેવો ખુદ વિદ્યમાન હોય તો પણ જેને સંસારમા જ રખડવું હોય તો તેને માટે કાંઇ કરી શકતા નથી. ભગવાનનું શાસન પણ તેવા જીવોનું કાંઇ કલ્યાણ કરી શકતું નથી. ધર્મ કરવો હશે તો ખૂબ ખૂબ ડાહ્યા બનવું અને આ કાળમાં તો ખૂબ સાવચેત રહેવું પડે એમ છે.

આપણે જે સમ્યગ્દર્શનની વાત કરી રહ્યા છીએ તે જો પ્રાપ્ત થઇ જાય તો ગમે તે દશામાં મઝા જ છે. તે ધર્મ જો સાથે ન હોય અને માત્ર પુણ્યનો ઉદય હોય તો કેટલી વિટંબણા હોય છે તે તમારા અનુભવમાં છે. દુઃખમાં જેમ મનનો આનંદ હોય શકે તેમ દુનિયાના સુખમાં પણ દુઃખ હોઇ શકે. બહાર ગમે તેટલાં દુઃખ હોય પણ ધર્માત્મા હૈયાથી મઝામાં હોય અને પુણ્યના ઉદયે ઘણાં ઘણાં સુખ હોય તો પણ અંતરથી તે વિરાગી હોય. આજે અનીતિથી ધનવાન થયેલા બધા હૈયાથી દુઃખી દુ ખી છે વર્ત્તમાન કાળની દુનિયાને બરાબર જુઓ અને સમજો તો માનસિક સુખ. અને દુઃખ બરાબર સમજાય.

દુનિયાના પુણ્યોદય કે પાપોદય કે પાપોદયમાં મૂંઝાય તે ધર્માત્મા નહિ. આ સંસાર તો પુણ્ય–પાપનું નાટક છે. આજે હાથ જોડાનારા કાલે સામા પણ થાય. તેથી કોઇ હાથ જોડે તેથી ખુશી થવાનું નહિ અને સામો થાય તેથી દુઃખી થવાનું નહિ. આ વાત જો બરાબર સમજાઇ જાય તો લીલા–લહેર થઇ જાય તેવું છે. સંસારનું પુણ્ય પાપનું નાટક માત્ર જોયા કરવાનું પણ તેમાં રાચવાનું નહિ કે રીઝાવવાનું પણ નહિ રાગ-દ્વેષથી પર રહે તે બચી જાય. કેટલીવાર પાપોદય પણ ભલા માટે હોય છે તેમ પુણ્યોદય પણ ભૂંડા માટે હોય છે. આ સમજીને સંસારમાં સમતોલપણે જીવવું છે. ''પુણ્યોદયમાં 'છાકટા' બનવું નથી અને પાપોદયમાં 'રાંકડા' બનવું નથી'' સંસાર છે શુભ પણ થાય અને અશુભ પણ થાય સમજીને જીવે તે બચી જાય.

સભા :- આ બધુ વારંવાર સાંભળવા મળે છતાં અસર કેમ થતી નથી ?

ઉ.–મિથ્યાત્વ ગાઢ છે. ઘણા કહે છે કે 'નરકાદિનાં જે ભય તે એને સ્વર્ગ તથા મોક્ષના સુખ બતાવે છે તે બનાવટી છે. નરક સ્વર્ગ અને મોક્ષ કોને જોયા છે ?'

ધર્મ કરનારો દુઃખી હોય તો કહે કે–'ધર્મનું આ ફળ ! ધર્મીને જેમ ધાડ આવે. અમારે ત્યાં ધાડ આવે નહિ. આજના સુખી બીજાને દુઃખી જૂવે તો પોતે માને કે. અમે ડહાપણનું કામ કરીએ છીએ, આ ધર્મ કરનારાની હાલત તો જૂઓ. આ બધું બોલાવનાર અને મનાવનાર મિથ્યાત્વ વિના બીજું કશું નથી.

આજના ધર્મ કરનારામાં સમ્યગ્દર્શન નથી અને તે જોઇતું પણ નથી. જેને આ સુખમય સંસાર છોડવા જેવો લાગે તોજ ધર્મ સાચા ભાવે થાય. બાકી જેને આ સુખમય સંસાર છોડવા જેવો છે તેમ સમજાય નહિ, તો તેનો ધર્મ માલ વગરનો હોય મોટે ભાગે જીવ દુનિયાના સુખ માટે જ ધર્મ કરે. મારાથી આ આ તો ન થાય

એમ તે કહે. આજે ઘણા પૂજા પણ નથી કરતા અને ઘણા દર્શન પણ નથી કરતા. આવા જીવો દરાચ તમારા ઘરમાં પણ હશે ને ? તમારા ઘરમાં જેટલા માણસો છે તે બધા ભગવાનનાં દર્શન-પૂજન હંમેશા કરે જ એવો નિયમ છે ખરો ? તે બધા દર્શનાદિ ન કરે તેનું તમને દુ ખ પણ ખરું કે નહિ ? તમે બધા જ ઘણું નથી કરતા તેનું શું ? શ્રાવકપણાની બધી જ ક્રિયા કેટલા લોકો કરે છે ? બધા પરસ્પરનો બચાવ કરે પણ પોતાની ભૂલ ન સુધારે. આવા બધા મરીને ક્યાં જાય તેની ચિંતા પણ કોઇ કરતું નથી. જીવાય ત્યાં સુધી લહેર કરવી છે, તે માટે જેટલાં પાપ કરવાં પડે તે મજેથી કરવાં છે આ મોટો ભાગ છે.

તેનામાં સમ્યગ્દર્શન હોય ? ઘણા સાધુ-સાધ્વી માટે પણ આ પ્રશ્ન છે. મારામાં સમ્યગ્દર્શન છે કે નહિ તેનો વિચાર મોટો ભાગ કરતો નથી. જો તે વિચાર કરે તો પોતાને જ સમજણ પડે કે મારામાં સમ્યગ્દર્શન હોય તેમ લાગતું નથી. કેમ કે, કરવા જેવું કરી શકું તેમ હોવા છતાંય તે ધર્મ કરતો નથી અને નથી કરતો તેનું દુ ખ પણ નથી તો મારામાં સમ્યગ્દર્શન કઇ રીતે હોઇ શકે ?

આજના ધર્મ કરનારા પોતાની જાતને ધર્માત્મા માને છે પણ શક્તિ જેટલો ધર્મ નથી કરતા તેનું દુ:ખ પણ નથી કેમકે, સમ્યગ્દર્શન નથી. એકવાર પણ સમ્યગ્દર્શન આવી જાય તો સમ્યગ્જ્ઞાન મેળવ્યા વિના ન રહે અને સમ્યક્ચારિત્ર વિના તો ચેન જ પડે નહિ. ગરીબ જીવ પણ પૈસા માટે ભુખ્યા પેટે કેટલી મહેનત કરે છે ! દરિદ્રી પણ દોડધામ કરે છે, ગાળો ખાય છે, અપમાન કષ્ટ વેઠે છે, તિરસ્કાર સહન કરે છે, અને અહીં ધર્મની બાબતમાં અમારાથી થાય નહિ, અમારી શક્તિ નથી તેમ કહે છે.

આજે ભગવાનનાં દર્શન કરનારા કેટલા મળે ? તેમાં પૂજા કરનારા કેટલા મળે ? તેમાં પોતાની સામગ્રીથી કરનારા કેટલા ? સાધુ હોય તો વ્યાખ્યાન સાંભળનારા કેટલા મળે ? સાંભળનારામાં સમજદાર કેટલા મળે ? 'સંસાર છોડવા જેવો છે તેમ સાધુ તો કહયા કરે, બધા સંસાર છોડી દે તો સાધુને વહોરાવશે કોણ' આવી વાતો કરે છે. તમે બધા શામને જીવાડવા ઘરમાં રહયા છો ? આવા બધામાં સમ્યગ્દર્શન હોય ? સમ્યગ્દર્શન હોય નહિ એટલે સમ્યગ્જ્ઞાન હોય નહિ સમ્યક્ ચારિત્ર તો જોઇએ પણ નહિ.

આજે ઘણા ચારિત્ર પામેલાને પણ ચારિત્રની જોઇએ તેવી ચિંતા છે નહિ. ચારિત્ર પામેલાનું સુખ ઢા'ડ ઢા'ડ વધતું જાય. શાસ્ત્રે તો કહ્યું છે કે-ચારિત્રને પામેલો જીવ બાર મહિનામાં તો અનુત્તરવાસી દેવોના સુખને પણ લંધી જાય છે. તે તો વહેલામાં વહેલો મોક્ષે જવા માટે જ ઝંખતો હોય, પોતે જે કાંઇ ધર્મ કરે તે ઓછો લાગે, શક્તિ મુજબ કાંઇ થતું નથી તેવું તેને દુ:ખ હોય, જેમ જેમ તેનો ધર્મ વધે

તેમ તેમ તેનો ધર્મ નિર્મળ થતો જ જાય. તેની ક્રિયામાં વિશુદ્ધિ આવતા જાય. જ્યારે આજે તો જેમ જેમ પર્યાય વધે તેમ તેમ ક્રિયા ઘટતી જાય છે. આજનો ભણેલો એટલે એકપણ ધર્મક્રિયા સારી રીતે ન કરે તે તેનું લક્ષણ! આ બધાના મૂળમાં સમ્યગ્દર્શનની ખામી છે.

તમે બધા પૈસા કમાવવા માટે કેટલો ઉદ્યમ કરો છો? તમારા ઘરના પણ બધા પ્રમાદી છે કે ઉદ્યમી છો? સંસારની ચિંતા ન કરતો હોય તેવો એક આઠમી અહીં આવનારમાં પણ નહિ હોય અને ધર્મની ચિંતા કરનારા કેટલા મળે! 'હું શક્તિ જેટલો ધર્મ કરું છું કે નહિ, મારા ઘરના સભ્યો પણ શક્તિ જેટલો ધર્મ કરે છે કે નહિ, નથી કરતા તો કેમ નથી કરતા' આવી ચિંતા તમને થાય છે ખરી? જેને શક્તિ જેટલો ધર્મ કરવાનું મન પણ ન થાય અને ધર્મ ન થઇ શકે તેનું દુઃખ પણ ન હોય તેનામાં સમ્યગ્દર્શન સંભવે ખરું?

સમ્યગ્દર્શન પામેલાને કે તે પામવાની ઇચ્છાવાળાને આ સંસારનું સુખ ગમે એટલે આઘાત લાગે, તે માને કે ગરબડ થઇ. જરાક દુઃખ આવે અને ગભરામણ થાય, બેચેન થાય તો લાગે કે, હજી મારું ઠેકાણું નથી. આ સંસાર તો દુઃખનું ઘર છે, સંસારમાં દુઃખ તો આવે જ, અને દુનિયાનું સુખ ગમે તેવું હોય તો પણ ભોગવવા જેવું નથી જ, કદાચ ભોગવવું પડે તો ભોગવતી વખતે કંપારી થવી જ જોઇએ. દુનિયાના સુખનો મઝેથી ભોગવટો તેજ દુઃખનું કારણ છે. સંસારી જીવો દુઃખી કેમ છે? દુનિયાનું સુખ મેળવવા અને ભોગવવા ખૂબ ખૂબ પાપ કરે છે માટે. નરકમાં તો જીવો દુઃખી છે, તિર્યંચમાં પણ દુઃખ ભોગવે છે. પરન્તુ મનુષ્યમાં પણ મોટાભાગ દુઃખી છે.

તમને આ મનુષ્યપણાની બહુ કિંમત છે? આવું મનુષ્યપણું જેને મળે તેને જ્ઞાનિઓએ બહુ ભાગ્યશાલી કહેલો છે. અનંતી અનંતી પુણ્યરાશિ ભેગી થાય ત્યારે મનુષ્યજન્મ મળે અને ક્રમસર અનંતી અનંતી પુણ્યરાશિ વધતી જાય તો તે જન્મ આર્ય દેશ આર્યકુલ, આર્યજાતિમાં મળે તેમાં ય જૈન કુળમાં અને જૈનજાતિમાં મળે. તમને બધાને આવો જન્મ મળ્યો છે તેનો બહુ આનંદ છે? આ ભવમાં શું કરવા જેવું છે? શું કરો તો આ ભવ સફળ થાય એમ કોઇ પૂછે તો શું કહો? આ જન્મમાં સાધુ જ થાવ તો આ જન્મ સફળ થાય તે જાણો છો? દેવ–ગુરુ–ધર્મની આરાધના કરનારો મોટો ભાગ આ સાધુપણું ન પમાય તેની ચિંતામાં છે. તે તો આરાધનાને નામે આપણને–અમને પણ ફસાવે છે.

(ક્રમશઃ)

ફ પ્રેરણામૃત સંચય ફ

— શ્રી પ્રજ્ઞાંમ

મોક્ષાર્થીની મનોહર મનોદશા

મોક્ષના અર્થી જીવો કેવો હોય, તેની મનોદશા કેવી હોય તે અંગે એક શ્રીમંતની વાત આવે છે. તે શ્રીમંતની કુટુંબ-પરિવારાદિ વાળો છે. લક્ષ્મીની અધિષ્ઠાત્રી પુણ્યશાલી જીવો પર રીઝે છે. તે લક્ષ્મીની અધિષ્ઠાત્રી દેવીએ જોયું કે, આ શ્રીમંત હવે દશ દિવસમાં ભિખારી થવાનો છે એટલે મધ્યરાત્રિએ તેને ચેતવવા તે શેઠના રૂમમ આવી છે. તે વખતે શેઠ પાસા ઘસતા હતા. લક્ષ્મીનો લોભ, તેને સાચવવાની વૃત્તિ માણસની ઊંઘ ઉડાડી મૂકે છે. લક્ષ્મીદેવી તેને કહે કે 'દશ દા'ડા પછી કશું નહિ હોય, તમે કંગાળમાં કંગાળ થશો.' 'તું કોણ છો ? કેમ જવાની છો ?' તેમ તે શેઠ પૂછવા જાય તે પહેલા દેવી ચાલી ગઇ. તેને મૂંઝવણ થઇ. તમારી પાસે તો કાંઇ છે નહિ. જે છે તે ચાલી જવાનું તો મૂંઝવણ થાય ને ? તે શેઠના હૈયામાં જે સંસ્કારો હતા તે જાગૃત થયા. તે ઊંઘી ગયો. દરરોજ વહેલો ઉઠનારો આજે ઉઠયો નહિ. કુટુંબો પૂછે કેમ મોડું થયું ? તો તે કહે ઊંઘ સારી આવી. જેને અર્થ-કામ ઊંડે ઊંડે સારા નથી લાગ્યા, એક મોક્ષ જ જોઇએ આવી જેની મનોવૃત્તિ છે તેવો કેવો હોય તે વાત સમજાવવી છે.

આમ જેને પાપનો યોગ હોય તો લાભ પણ હોય, પૈસા-ટકા કમાતો ય હોય પણ આવી સ્થિતિમાં સંસ્કાર જાગૃત થવા તે નાનીસૂની વાત નથી. લક્ષ્મી ખુદ આવી કહે કે, દશ દિવસ પછી જવાની છું તો તે સાંભળ્યા પછી મૂંઝાયો. પણ પછી ભગવાન, ભગવાનનું વચન અને જીવનભર સાંભળેલું તે યાદમાં આવે છે. તમારી પાસે જે કાંઇ છે તે જવાનું છે કાં તમારે જવાનું છે. તો તમારી શી ઇચ્છા છે ? તમને જે કાંઇ પુણ્યથી મળ્યું હોય અગર તમે ગમે તેમ કરી મેળવ્યું હોય તે ચાલ્યું જવાનું છે તેમ ખબર પડે તો તમને શું થાય ? રાજાઓના રાજ ગયા. રખડતા થઇ ગયા... કૈંક શ્રીમંતો ભિખારી થઇ ગયા... તમે તો રોજ ધર્મ કરનારા, સાધુ પાસે જનારા, ભગવાનને માનનારા તો તમને શું થાય ? આ શેઠને શાંતિ થઇ ગઇ તેમ તમને થાય ? કુટુંબીઓને ભેગા કરી તે શેઠે વાત કરી તો ય કોઈ ગભરાતું નથી. કાંઇ રહેવાનું નથી તેમ સાંભળ્યા પછી આ શ્રીમંત સાવધ થઇને સૂઇ ગયો. કુટુંબની પણ તે જ

ઇચ્છા કે – 'લક્ષ્મી જવાની જ છે. તે જાય તે પહેલાં જ તેને ઠાઠી મૂકીએ તો કેમ ?' કરોડો રૂા. નો કશ દિવસમાં વહિવટ થઇ જાય ને ? જવાની છે તેમ ખબર પડયા પછી લક્ષ્મી ખરચી નાંખવાનું તમને મન થાય ?

આ કાળમાં ખાવા–પીવા જેની પાસે હોય તે બજારમાં જાય છે તો તે ધર્મ નથી સમજતા, આજે બજાર કેવું છે ? જે મોટા મોટા બજારો છે તે ય પ્રામાણિક છે ? જે કોઇ પ્રામાણિક રહેવા માગે છતાં આ કાળ પ્રામાણિક રહેવા દે તેવો નથી તે સમજ્યા પછી કયો સમજુ બજારમાં જાય ? આટલી સામગ્રી પામેલાને તો એમ જ થવું જોઇએ કે – એક મોક્ષ જ મેળવવા જેવો છે. બીજું કશું મેળવવા જેવું નથી. બધા ય સાધુ થાય તેમ ન બને. સંસારમાંય રહેવું પડે. સંસારમાં અર્થ–કામની ય જરૂર પડે. પણ જે મોક્ષને, દેવ–ગુરૂ–ધર્મને માનનારો છે તેને આવો વખત આવે તો શું થાય ?

તે શેઠ પણ કહે કે, 'તમે બધા કહો છો તે બરાબર છે. હવે આપણે લક્ષ્મી જોઇતી જ નથી. તે જાય તે પહેલાં આપણે તેને કાઢીએ' લક્ષ્મીને જે કાઢે તેની લક્ષ્મી રહે. લક્ષ્મી સાચવે તો લક્ષ્મી રહે કે લક્ષ્મી સન્માર્ગે વાપરીએ તો રહે ? પાપના યોગે લક્ષ્મી મેળવવી પડે, રાખવી પડે પણ તેના પર વિશ્વાસ રાખવા જેવો નથી : આ વાત શેઠના હૈયામાં હતી. તમારા હૈયામાં છે ?

દુનિયામાં બધાને અર્થ–કામ જોઇએ છે તો કેટલાને મળે છે ? ભુખ્યા–તરસ્યાં કેટલા મરે છે ? લાખ્ખો માણસો ભુખ્યા મરે છે તો શાથી ? તેને પૈસા નથી મળતા તો જોઇતા નથી માટે ? મહેનત નથી કરતા માટે ? તમારી જેમ ગોઠવીને પાપ નથી કરતા માટે ? પૈસા–સુખ મળવાં અને ભોગવવા તે કોના હાથની વાત છે ? પૈસો–ટકો પુણ્યથી મળે કે લુચ્ચાઇથી મળે ? પુણ્યથી જ મળે તેવી શ્રધ્ધાવાળો જીવ લુચ્ચાઇ કરે ? આર્ય દેશના લોકોને સંસારમાં કેટલી ઇચ્છા હોય ? આર્યદેશ, જાતિ, કુલમાં જન્મેલાં, આર્ય સ્વભાવવાળા જીવને સંસારમાં શું જોઇએ ? અતિ ઉના પાણીથી ચોપડેલ અનાજ અને સાંધા વગરનું કપડું, ઉપાય નથી, ત્યાગ થઇ શકતો નથી માટે જરૂર પડે તો મેળવે તો કેવું મેળવે ? તે પણ પુણ્યથી જ મળે તેમ જાણતો હોય તો અનીતિના માર્ગે જાય ? બધું જવાનું છે તેમ જાણ્યા પછી બીજાની તો ઊંઘ ઉડે, ગાંડો થાય, તો આ શેઠ મનેથી ઊંધી ગયો તે કઇ શ્રધ્ધાના બળે ? આપણે અહીંથી મરીને ક્યાં જવું છે ? દુર્ગતિમાં ન જવું હોય તો આપણા હાથની વાત છે કે બીજાના હાથની વાત છે ? પૈસો–ટકો, તેની મોજમજા દુર્ગતિમાં લઇ જનાર છે તેમ ખબર છે ?

જો આ વાત યાદ હોય તો માણસ પૈસો કે સુખ મેળવવા પાપ કરે ? કદાચ પાપ કરવાં પડે તો તે મનેથી કરે કે દુઃખી હૈયે કરે ? તેવો જીવ મનેથી ઉંઘે કે

તેની ઊંઘ ઉડી જાય ? આટલાં પાપ કરનારો હું મરીને ક્યાં જઇશ તેમ થાય છે ? તમારું જીવન કેવું છે ? 'મરવાનું નક્કી છે તો અમે ચાલે ત્યાં સુદ્ધ ખોટાં કામ કરતાં નથી. ખોટું કામ કરવું પડે તો દુઃખ થાય છે, પશ્ચાતાપ થાય છે. સારા કામ શોધી શોધીને કરીએ છીએ.' આમ તમે કહી શકો તેમ છો ? તે શેઠીયો આમાનો હતો. માટે તેને સાંભળ્યું કે બધું જવાનું છે તો ક્ષણવાર દુઃખ થયું પણ પછી તરત જ વિચાર્યું કે તે શું જાય, મારે જ તેને કાઢી મૂકવી. તો આખું કુટુંબ સંમત થઇ ગયું.

સભા બધા જ તેવા.

જેને મોક્ષ જ જોઇએ છે. અર્થ–કામ ન છૂટકે કરવા પડે છે પણ કરવાનું મન નથી, તેના માટે પાપ તો થાય જ નહિ આવા વિચારવાળા બધા આવા જ હોય.

મોક્ષાર્થીને પાપના યોગે સંસારમાં રહેવું પડે તો હજી અર્થ–કામની જરૂર પણ પડે, ઇચ્છા પણ થાય. પણ તે બે માટે અનીતિ–ચોરી–જૂઠ કરવું તો મરવા બરાબર લાગે. પૈસાના અને મોજમજાના અર્થી, પૈસો મેળવવા કે મોજમજા કરવા અનીતિ ન કરે તેવા આત્મા મળે ? જે પૈસા માટે મોજમજા માટે અનીતિ કરતા હોય તો ય મનમાં દુઃખી હોય તેવા ય મળે ?

મોક્ષ જ એક અર્થ છે, અર્થ-કામ ભૂંડા છે આ વાત શેઠના હૈયામાં હતી માટે મજેથી સૂઇ ગયો અને દશ દિવસમાં બધી લક્ષ્મી ધર્મ-માર્ગમાં વાપરી નાંખી. અને દશમા દિવસની રાત્રિએ મજેથી સૂઇ ગયો. તો તે દિવસે દેવી પાછી આવી અને શેઠને ઢંઢોળીને ઉઠાડી કહે, તે કાઢી નાંખેલી લક્ષ્મી બધી તારા ઘરમાં પાછી આવી છે. હવે હું જવાની નથી. આવા જીવોનું પુણ્ય ફળે. લક્ષ્મી અરાબ લાગ્યા પછી વાળી-ઝુડીને કાઢી મૂકી તો એવું પુણ્ય બંધાયું છે કે વર્ણન ન થાય.

લક્ષ્મીદેવી ભિખારીઓને પૈસા આપે ? જે લોકો લક્ષ્મી ખાતર દેવ-દેવીની પૂંઠે પડ્યા છે તે ભિખારી થવાના છે. જેને મોક્ષ જ જોઇએ તેની મનોદશા કેવી હોય તે સમજાય છે ને ? જો આર્યદેશમાં જન્મેલાંને મોક્ષ યાદ ન આવે તે કલંક છે. અન્યાયથી ય અર્થ–કામ મેળવતાં દુઃખ ન થાય તે ય કલંક છે. તે બધા જન્મ્યા આર્યદેશમાં પણ સ્વભાવથી અનાર્ય છે. અહીંથી એવી જગ્યાએ જવાના કે ઘણા કાળ સુધી ધર્મ જ ન પામે. માટે તમારે સંસારમાં પાપના યોગે અર્થ–કામની જરૂર પડે પણ તેને ભૂંડા માનો તે બેના માટે ભૂંડા ન થાવ તો કલ્યાણ થાય.

卐

❋ શ્રી દેપલા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ❋

મેસર્સ ચેતન એન્ડ કંપની, ૬૨૨, એ–દ્વારકેશ ગલી, ૧લે માળે, મુળજી જેઠા માર્કેટ, મુંબઇ.
ફોન : [ઓફીસ] ૨૦૮ ૭૫૯૪, [ઘર] ૬૧૪ ૭૯૬૬ [દ્વારા શ્રી. નં. એ ૪૩૬–ભાવનગર]

❋ કબૂતર માટે જુવારની અરજી ❋

જીવદયા પ્રેમી,

દેપલાથી લી : શ્રી દેપલા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના જય જીનેન્દ્ર સ્વિકારશોજી. પ્રણામ સાથ લખવાનું કે શ્રી દેપલા જૈન સંઘ છેલ્લા પાંચ વર્ષથી પ. પૂ. આચાર્ય શ્રી રત્નસુંદરસૂ. મ. સા. ની તથા મુનિ શ્રી તત્વસુંદરવિ. મ. સા. ની પ્રેરણાથી પાલીતાણા તીર્થની આજુબાજુના ૧૦૦ ગામડાઓમાં કબૂતરોની ચણ માટે જરૂરીયાત મુજબ ૩ થી ૪ ગુણી જુવાર ટ્રાન્સપોર્ટ મારફત મોકલવામાં આવે છે.

નાના ગામોમાં પૈસાના અભાવે કબૂતરોને જુવાર નાખવાનું બંધ થયેલ હોવાથી આ કાર્ય શ્રી દેપલા જૈન સંઘે ઉપાડેલ છે જેથી લાખો કબૂતરોને ચણ મળે છે. દર વર્ષે તે પ્રત્યેક ગામોમાંથી જુવાર મોકલવા માટેની અરજીઓ અમારા શ્રી સંઘ ઉપર આવે છે અને જરૂરીયાત પ્રમાણે જુવાર મોકલવાનો અમારો પ્રયત્ન ચાલુ છે.

આપ જીવદયા પ્રેમી છો તો આ મુંગા અને અબોલી નિર્દોષ જીવો વતી અમારી નમ્ર અપીલ છે કે આ અમારા કાર્યમાં આપ સહભાગી બની કુલ નહી તો કુલની પાંખડી રૂપે કંઇક રકમ મોકલવા યોગ્ય ઘટતું કરશો તેવી મુંગા જીવો વતી નમ્ર વિનંતી છે.

સહકાર બદલ આભાર, વધુ સહકારની અપેક્ષા.

તા. ક. : (૧) મુંબઇના સરનામે ચેક મોકલી રસીદ મેળવી લેવા વિનંતી. ચેક "શ્રી દેપલા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ" ના નામે લખવો. (૨) દર વર્ષે ૪૦૦ થી ૫૦૦ ગુણી જુવાર આપવામાં આવે છે. (૩) અગીયાર હજાર રૂપીયાની રકમ આપનાર દાતાને પારેવાની જુવારની ફાઇલ બનાવીને આપવામાં આવશે.

એજ લી.
શ્રી દેપલા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ
ના જય જિનેન્દ્ર
જયસુખલાલ બાબુલાલ દોશી
(દેપલાવાળા)

卐 સંભોગ સે સમાધિ : સબસે બડા પાખંડ 卐

– યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞ

[શ્રી રજનીશજી કા 'સંભોગ મે સમાધી' કા સિદ્ધાંત ઉનકે સ્વયં કે ચરિત્ર સે હી ખોખલા, મિથ્યા ઔર દુરાચારી વૃત્તિ કા પોષક સિદ્ધ હો રહા હૈ। વે સ્વયં વર્ષો સે યહ સાધના (પાપાચાર) કર રહે હૈ, પરંતુ ઉન્હેં અબ તક સમાધી પ્રાપ્ત નહીહુઇ ઔર વે પુનઃ પુનઃ ભોગ-લાલસા મેં રંગે પંગે રહે। વાસના જોર પકડે તબ વે વ્યવસ્થા પૂર્વક અપની પસંદ કી શિષ્યા કો બુલવાકર કામાગ્નિ શાંત કરને મેં જુટ જાતે હૈ, જો પુનઃ સુલગને કે લિયે હી હોતી હૈ। કભી કોઇ નઇ-નવેલી ઇનકે આશ્રમ મેં આ જાય ઔર ઇનકી દ્રષ્ટિ ઉસ પર જમ જાય, લુબ્ધતા બઢ જાય, તો ઉનકે સંકેત સે અંતરંગ ભક્તિને ઉસે કુસલા કર ભગવાન કે સમર્પિત હોને કે લિએ તૈયાર કરતી હૈ। યહ બાત જાપાની સુન્દરી કે કથન સે પ્રમાણિત હો ચુકી હૈ। પરંતુ મિથ્યાત્વ એવં ભોગ-લાલસા મેં પડે ભક્ત-ભક્તનિયોં કે જ્ઞાન ચક્ષુબંદ હૈ। ઇસી સે કલિયુગી ભગવાન કી બની હુઇ હૈ, ખૂબ બની હુઇ હૈ। કયોંકિ સામાન્ય મનુષ્ય મૈથુન-સંજ્ઞા સે વંચિત નહી રહ સકતા। ઐસે કામ-રંગ મેં રંગે હુએ લોગોં કો રજનીશધર્મ અતિ આકર્ષક લગેગા હી।

યુવાચાર્ય મહાપ્રજ્ઞજી કા યહ લેખ રજનીશજી કી ધ્યાનસાધના કા ભી ખોખલાપન સ્પષ્ટ કર રહા હૈ। 'અણુવ્રત પાક્ષિક' કે ૧૬-૩-૮૧ સે યહ લેખ સાભાર ઉદ્ધૃત કિયા જા રહા હૈ।]

ધ્યાન સ્વ-અનુભવ કી સ્થિતિ હૈ। સાધના કા યહ મૂલ આધાર હૈ। જિતને રહસ્ય ઉદ્ઘાટિત હુએ હૈ, વે સબ ધ્યાન-કાલ મેં હી હુએ હૈ। મન કી એકાગ્રતા કો સાધકર હી વૈજ્ઞાનિક નયે રહસ્ય પ્રકટ કરતા હૈ। અધ્યાત્મ-સાધક ભી માનસિક એકાગ્રતા કે ચરમ-બિન્દુ પર પહુંચ કર હી નયે રહસ્ય પ્રકટ કરતા હૈ। ધ્યાન કે બલ પર ભગવાન મહાવીર ને અનેક નયે સત્ય ઉદ્ઘાટિત કિયે। મહાત્મા બુદ્ધ ને ધ્યાન કી સાધના કર મધ્યમ પ્રતિપદા કા ઉપદેશ દિયા। જિન આચાર્યોને ધ્યાન કી ગહરાઇ મેં જાકર દેખા ઉન્હેં નયે રહસ્ય પ્રાપ્ત હુએ। અધ્યાત્મ કા માર્ગ ધ્યાન કી પ્રસ્તુતિ હૈ।

ઇસ યુગ મેં ધ્યાન-સાધના અત્યન્ત અપેક્ષિત હૈ। કુછ લોગ માનતે હૈ કિ ધ્યાન-સાધના યોગિયોં કે લિએ, જંગલ મેં રહને વાલોં કે લિએ જરુરી હૈ, ગૃહસ્થ કે લિએ ઉસકી કોઇ ઉપયોગિતા નહી। ધ્યાન-સાધના કે પરિણામોં ને ઇસ ભ્રાન્તિ કો તોડા હૈ। અનેક વ્યક્તિ કો યહ અનુભવ હુઆ હૈ કિ ધ્યાન કે બિના જીવન સ્વસ્થ

નહીં રહ સકતા । ઇસીલિએ આજ સ્થાન-સ્થાન પર ધ્યાન-કેન્દ્ર ચલ રહે હૈ । ઐસે સૈકડોં ધ્યાન-કેન્દ્ર હૈ, જહાં હજારોં વ્યક્તિ વિભિન્ન પદ્ધતિયોં સે ધ્યાન કી શિક્ષા લે રહે હૈ । ધ્યાન કી પરમ્પરા પુનઃ વ્યાપક હો રહી હૈ ।

મર્યાદા ઔર શુદ્ધિ :

મૈં માનતા હૂં કિ સીમિત વસ્તુ હી વિશુદ્ધ રહ સકતી હૈ । ગંગોત્રી કા પાની જિતના નિર્મલ હૈ, ઉતના નિર્મલ ગંગા કા પાની નહી હૈ । જૈસે-જૈસે ગંગા કા વિસ્તાર હુઆ હૈ, વૈસે-વૈસે ઉસમેં મિશ્રણ હોતા ગયા હૈ । ધ્યાન ઔર યોગ-સાધના કી ભી યહી બાત હૈ ।

આજ ધ્યાન-કેન્દ્રો કે અનેક મઠાધીશ હૈ જો ભગવાન બન કર પૂજા પ્રાપ્ત કર હૈ । અનેક ધ્યાન-કેન્દ્રો મેં વિશુદ્ધ ધ્યાન સાધના મેં મિલાવટ હો રહી હૈ । અભી-અભી અનેક પત્ર-પત્રિકાઓં મેં કુછેક આશ્રમોં કી ગતિવિધિયોં કે ચિત્ર છપે હૈ । યહ સારી ગંદગી ધ્યાન કે નામ પર આ રહી હૈ, ઐસા જ્ઞાત હુઆ । યદિ યહ કોઇ ફિલ્મી ગતિવિધિ હોતી તો મુઝે આશ્ચર્ય નહી હોતા । યદિ કોઇ યુવકોં કો પથભ્રષ્ટ કરને વાલી કથા હોતી તો ભી મુઝે નહીં અખરતા । કિન્તુ યહ સબ હો રહા હૈ 'સમાધિ' કે નામ પર । સમાધિ ધ્યાન કી અંતિમ વ્યવસ્થા હૈ । ઉસકો વ્યર્થ સાબિત કરને કે લિએ અથવા અપની વાસના કો ચરિતાર્થ કરને કે લિએ, કુછ તથાકથિત ભગવાન, સંભોગ કો સંભોગ કે સાથ જોડ રહે હૈ । પ્રાચીન આચાર્યોને સાધના કી જિન અવસ્થાઓં સે ગુજર કર સમાધિ કો પ્રાપ્ત કિયા થા, ઉન સાધનોં કો આજ વે નકાર રહે હૈ । વે આજ કે ભગવાન સંભોગ સે સમાધિ કો પ્રાપ્ત કરને કી બાત કર રહે હૈ । સમાધિ-પ્રાપ્તિ કા આજ એક માત્ર સાધન હૈ – સંભોગ । અધ્યાત્મ કી યહ બડી-સે-બડી વિડમ્બના હૈ । ઇતિહાસ મેં ઐસી વિડમ્બના ન પહેલે ન સુની, ન દેખી ।

સબસે બડા પાખંડ :

ભારત મેં વામ-માર્ગ કી સાધના બહુત પુરાની હૈ । અનેક શતાબ્દિયોં તક તાંત્રિક પ્રયોગ ચલે । મદિરા, માંસ મૈથુન આદિ પાંચ મકાર ચલે । કિસી અધ્યાત્મવાદી ને ઉસકા સમર્થન નહી કિયા । પહલે ઉસકી કાર્યપ્રણાલી અત્યન્ત ગુહ્ય રખી જાતી થી । આજ ઐસા કુછ ભી નહી હૈ । અનેક યોગ આશ્રમોં મેં અશ્લીલ પ્રયોગ કરવાયે જાતે હૈ, સામૂહિક સંભોગ સે સમાધિ અવસ્થા પ્રાપ્ત હોને કા આશ્વાસન દિયા જા રહા હૈ । ઓહ ! કિતની વિડમ્બના ! અધ્યાત્મ કે નામ પર ઇસસે બડા પાખંડ ઔર ક્યા હો સકતા હૈ ?

જો વ્યક્તિ ભારતીય સંસ્કૃતિ કી વિકૃતિ સે પરિચિત નહીં હૈ, અધ્યાત્મ કી પવિત્ર ભાવના સે અનભિજ્ઞ હૈ વે લોગ ઇન સબ બાતોં મેં ફંસ જાતે હૈ। કિન્તુ ભારતીય જન-માનસ સમાધિ કી પવિત્રતા સે પરિચિત હૈ, સમાધિ કી શક્તિ કો જાનતે હૈ, વે ઇસ ભુલાવે મેં આકર ઇતની ઘૃણિત પ્રવૃત્તિયોં મેં અપની શક્તિ કા વ્યય કરના નહીં ચાહેંગે।

મનુષ્ય મેં દો પ્રકાર કી વૃત્તિયાં હોતી હૈ – મૌલિક ઔર અર્જિત। આહાર સંજ્ઞા, મૈથુન સંજ્ઞા ઔર પરિગ્રહ સંજ્ઞા – યે ચાર મૌલિક વૃત્તિયાં હૈ। અધ્યાત્મ કે આચાર્ય કહતે હૈ, જબ તક યે મૌલિક વૃત્તિયાં નષ્ટ નહીં હોતી તબ તક સમાધિ કી બાત તો દૂર, વ્યક્તિ અધ્યાત્મ કી દિશા મેં એક પગ ભી આગે નહીં બઢ સકતા।

આજ હમારે તથાકથિત ભગવાન ઇન વૃત્તિયોં કે ભોગ સે સમાધિ પ્રાપ્ત કરવાને કા ઢિંઢોરા પીટ રહે હૈ। ઇસસે બડા બુદ્ધિ કા દિવાલિયાપન ઔર ક્યા હો સકતા હૈ ? યદિ ભોગ સે હી સમાધિ પ્રાપ્ત હો જાતી તો યોગ કી બાત વ્યર્થ હૈ। સમાધિ લક્ષ્ય હૈ। યોગ ઉસ લક્ષ્ય-સિદ્ધિ કા માર્ગ હૈ, સાધન હૈ। ભોગ ઇસ માર્ગ કા બાધક હૈ

તથાકથિત ભગવાનોં કે શિવિરોં મેં સાધના કરને વાલે અનેક સાધકોં સે પૂછા, તો લગા આમોદ-પ્રમોદ કો હી ધ્યાન માનતે હૈ। યથાર્થ ધ્યાન સે વે દૂર હી હૈ।

મૈં કિસી વ્યક્તિ વિશેષ કી આલોચના કરના નહીં ચાહતા। મેરા વિરોધ ઉન સબ આધુનિક ભગવાનોં સે હૈ જો વામ-માર્ગ કો સમાધિ માર્ગ માનતે હૈ ઔર અધ્યાત્મ કે નામ પર વિડમ્બના કરતે હૈ। વે જિસ ડાલ પર બૈઠે હૈ, ઉસી પર કુઠારાઘાત કર રહે હૈ। કૈસી મૂર્ખતા !

યે ભગવાન સમાધિ કા લાલચ દેકર અપને ભક્તોં કો પથભ્રષ્ટ કર રહે હૈ। ઇસસે ભગવાને કા કુછ નહીં બિગડેગા, કિન્તુ ભક્તોં કા અધઃપતન નિશ્ચિત હૈ। પુનઃ ઇસ પ્રકાર એક ધ્યાન-કેન્દ્ર યા યોગ આશ્રમ બદનામ હોને પર, સારે ધ્યાન-કેન્દ્રો પર ઉસકી આંચ આતી હૈ, યહ સબસે ખતરનાક સ્થિતિ હૈ।

એક પુરાની બાત હૈ। એક ગાંવ કે લોગ બહુત પ્રામાણિક થે। કોઇ ચોરી નહીં કરતા થા। એક આદમી ને ચોરી કર લી। સભી વ્યક્તિયોં પર શંકા હોને લગી। યદિ એક વ્યક્તિ ચોરી કર સકતા હૈ, તો દૂસરા ભી ચોરી કર સકતા હૈ, તીસરા ઔર ચૌથા ભી ચોરી કર સકતા હૈ।

ઇસી પ્રકાર ધ્યાન આશ્રમોં કે લિએ ભી આશંકા કી સ્થિતિ બન સકતી હૈ। એક આશ્રમ મેં કદિ યહ અશ્લીલતા ચલતી હૈ તો 'ક' 'ખ' કે આશ્રમ મેં ભી ચલ સકતી હૈ। યહ સંદેહ ધ્યાન-આશ્રમોં પર કુઠારાઘાત હૈ।

સંયમ કે બિના સિદ્ધિ નહીં

સમાધિ કી પ્રાપ્તિ એક અદ્‌ભુત ઘટના હૈ । વૃત્તિયોં પર નિયંત્રણ કિએ બિના સમાધિ કી પ્રાપ્તિ નહીં હો સકતી । જો વ્યક્તિ 'કામ-વાસના' પર નિયંત્રણ નહીં રખતા, વહ ધ્યાન કી ગહરાઈ મેં નહીં જા સકતા ।

મનોવિજ્ઞાન કા સૂત્ર હૈ – ઇચ્છાઓં કા દમન મત કરો । યહ એક તથ્ય હૈ, સચાઇ હૈ । કિન્તુ હમેં ઇસકા અર્થ સહી રૂપ મેં સમઝના હોગા । ઇસકા અર્થ યહ નહીં હૈ કિ વ્યક્તિ મર્યાદા કા ઉલ્લંઘન કર ભોગ ભોગે । પશ્ચિમી સમાજ ને મનોવિજ્ઞાન કે સૂત્ર કા યહ અર્થ નિકાલા કિ મનુષ્ય અમર્યાદિત ભોગ ભોગે આજ વહ સમાજ કામાગ્નિ મેં સુલગ રહા હૈ । ઉચ્છૃખલતા સે વહ પીડિત હૈ । ઉસકા સમાધાન પાને કે લિએ વે અધ્યાત્મ કી ખોજ કર રહે હૈ । ઇસકે લિએ વે ભારત આ રહે હૈ । યદિ યહાં કે ભગવાન ઉનકે સમક્ષ વહી ભોગને કા માર્ગ રખતે હૈં તો વે બેચારે કિતને હતાશ હોતે હૈ । કૈસી વિડંબના ! યદિ યહાં કે યોગ-આશ્રમોં મેં ભોગ કા, આમોદ-પ્રમોદ કા વાતાવરણ હી બના રહેગા ઔર સંભોગ સે સમાધિ પર બલ દિયા જાતા રહેગા તો ભારતીય પ્રણાલી પર યહ એક અમિટ કલંક બન જાએગા ।

પ્રત્યેક વ્યક્તિ મેં કામ, ભય, લોભ આદિ કી વૃત્તિયાં હોતી હૈ, સંજ્ઞાએ હોતી હૈ । યુવાવસ્થા મેં યે વૃતિયાં ઉભરતી હૈ । યદિ ભોગ કે આચાર્ય ઇન વૃત્તિયોં કો ભોગને કી બાત કહતે હૈ તો ઉન વૃત્તિયોં કો ઉગ્ર હોને કા સહારા મિલ જાતા હૈ ઔર યુવા વર્ગ કો માર્ગ-ચ્યુત હોને મેં સહયોગ પ્રાપ્ત હો જાતા હૈ । માર્કસ ને કહા થા, 'સામ્યવાદ પર વિશ્વાસ રખને સે સમૂચા રાષ્ટ્ર એક પરિવાર બન જાયેગા । કોઇ પતિ નહીં, કોઇ પત્ની નહી । કોઇ પિતા નહી, કોઇ પુત્ર નહી ।' માર્કસ કી યહ ભવિષ્યવાણી અત્યન્ત અસત્ય સિદ્ધ હુઇ હૈ । કઈ દેશોં મેં સામ્યવાદ કી સ્થાપના હુઈ, કિન્તુ આજ ભી વહાં વંશપરમ્પરા હૈ । પિતા હૈ, પુત્ર હૈ, પતિ હૈ, પત્ની હૈ । પારિવારિક વ્યવસ્થા હૈ । માર્કસ કી બાત અસત્ય સિદ્ધ હુઈ, કિન્તુ આજ કે ભગવાન ભારત કી પવિત્ર ભૂમિ પર ઉસ અસત્ય કો સિદ્ધ કરને મેં જુટે હુએ હૈ । વે કહતે હૈ, 'ભિન્ન-ભિન્ન કુટુમ્બોં કી આવશ્યકતા નહીં હૈ । પતિ-પત્ની કે સમ્બન્ધ કા કોઇ ઔચિત્ય નહીં હૈ ।' ઇસી ચિન્તન સે 'સંભોગ સે સમાધિ' કા જન્મ હુઆ । ઉચ્છૃખલ યૌનાચાર કો પ્રસ્થાપિત કરને કા ઉન ભગવાનોં ને પ્રયત્ન કિયા । ઉનકા યહ પ્રયત્ન પ્રાચીન વામ-માર્ગ કો ભી ભુલા દેતા હૈ ।

ગૌને જિસ સમસ્યા કી ઓર અંગુલિનિર્દેશ કિયા હૈ, વહ મેરે અકેલે કી સમસ્યા નહીં હૈ । અધ્યાત્મ મેં વિશ્વાસ રખને વાલે સભી લોગ આજ કી યૌનાચાર

કી સ્થિતિ સે ચિંતિત હૈં । ચાહતે હૈં કિ કિસી ભી કીમત પર અધ્યાત્મ કી શુદ્ધતા ઔર પવિત્રતા કો બનાએ રખના હૈ ।

ધ્યાન અમૂલ્ય નિધિ હૈ । ઇસસે હી રૂપાન્તરણ હો સકતા હૈ 'કામ' કા દમન નહીં, ઉસકા ઉદાત્તીકરણ હોના ચાહિએ । ધ્યાન સે યહ પ્રક્રિયા હો સકતી હૈ । કામ કે સેવન સે કામ મિટતા નહીં, ઉભરતા હૈ । ઇસકે રૂપાન્તરણ સે પ્રાપ્ત હોને વાલી ઉર્જા સે અનેકાનેક કાર્ય સિદ્ધ કિએ જા સકતે હૈ । ।। ઇતિ ।। (સમ્યગ્દર્શન)

શંખેશ્વર મહાતીર્થ હાલારી ધર્મશાળા

ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે નૂતન ત્રણ માળના ભવ્ય જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવાના મૂલનાયકશ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથજી આદિ નવ જિનબિંબોની અંજન શલાકા તથા ગુરૂમૂર્તિની પણ પ્રતિષ્ઠાનો મહોત્સવ પોષ વદ ૧૧ થી મહા સુદ ૯ સુધી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાશે। છે ૧૧ દિવસના દરેક કાર્યક્રમ ઉત્સાહથી થયા ૩૩ ટંકના સંઘ જમણ સારી રીતે થયા અને ઉજવણી બોલીઓ જીવદયા ફંડ વિ. સારા ઉત્સાહથી થયા છે.

પ્રતિમા નિર્માણ યોજના દ્વારા ઘણા ભાવિકોએ પ્રતિમાની અંજન શલાકા કરાવવાનો લાભ લીધેલ છે કુલ ૧૪૪ પ્રતિમાજીની અંજનવિધિ આ ઉત્સવમાં થઇ છે.

પૂ. આચાર્યદેવશ્રી તા. ૨૪-૧-૯૯ ના વિહાર કર્યો છે તા. ૪-૨-૯૯ના થાનગઢ પહોંચશે ત્યાંથી તા. ૫-૨-૯૯ ના ડોળીયા તીર્થ થઇ છ'રી પાલક સંઘ છે અત્રે તા. ૧૯-૨-૯૯ ના શંખેશ્વર મહાતીર્થમાં તીર્થ માળારોપણ થશે.

પાલીતાણા : ભીવંડીવાળા ગં. સ્વ. સુશીલાબેન નેમચંદ કચરા મારૂના વરસીતપના પારણા ઓસવાળ યાત્રિક ગૃહમાં પૂ. આ. શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અજિતસેન સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉલ્લાસથી થયા હતા. પૂ. સા. શ્રી કૈવલ્યરત્નશ્રીજી મ. પણ આ પ્રસંગે પધાર્યા હતા.

મહુવા : અત્રે પૂ. આ. શ્રી વરિષેણ સૂ. મ. ની નિશ્રામાં શ્રીમતી સરલાબેન બળવંતરાયનાં વરસીતપનાં પારણા ઉલ્લાસપૂર્વક થયા હતા.

❋ ચિંતનનો ચંદરવો ❋

—પૂ. સા અનંતગુણાશ્રીજી મ.

- લોભની નાગચૂડમાંથી ઉગરવાનો સીધો–સરળ રસ્તો છે કે સંતોષરૂપી ગરૂડના શરણે જવું !
- ઇચ્છા રૂપી ડાકણને નાથવા માટે જરૂર છે ત્યાગ અને સંયમરૂપી બેડીની !
- અનન્ત ગુણોનો સ્વામી આત્મા આજે જડના સંસર્ગથી, જડને જ ચેતન માની અનંત દુર્ગુણોનો સ્વામી બન્યો છે. તો તેને નાથવા મૂળમાંથી જડ ઉખેડવા આકરો પુરુષાર્થ કરવો જ પડશે.
- માણસ પોતાના વિચારોથી જ ઉર્ધ્વગતિ કે અધોગતિને પામે છે. માટે સારા વિચાર જ કરવા જોઇએ અને ખરાબ વિચાર અભડાવી ન જાય તેની કાળજી રાખવી જોઇએ.
- સારો માનવ તેજ કહેવાય જે પોતાના વિચારો ઉપર કાબૂ રાખી શકે. અહિંસાદિના વિચારોથી સૂતેલી માનવતા જાગે છે. જે જગતમા વરદાનરૂપ બને છે. હિંસાદિના વિચારોથી માનવતા નાશ પામે છે. પશુતા પેદા થાય છે જે જગતને શ્રાપરૂપ બને છે.
- સત્સંગ અને દુર્જનની અસર, બાગ બગીચામાં જનાર પુષ્પોની સૌરભથી તન–મનની તાજગી લઇને આવે છે અને કોલસાની દુકાને બેસનાર કપડાં ઉપર કાળાશ લઇને આવે છે તેના જેવી છે.
- હે ચેતન હજી પણ ચેત કે–પ્રશમરસ નિમગ્ન ભગવાનની મૂર્તિના દર્શન કરવા છતાં ય લક્ષ્મી અને લલનાના દર્શનની તૃષ્ણા ન ઘટી. મન–વચન–કાયા પવિત્ર ન થયા. સંસારના નાશવંત પદાર્થોમાં જ ચિત્ત ચોંટી રહ્યું, ઇન્દ્રિયો કાબૂમાં ન આવી, કષાયો નબળા ન પડયા, વિકયાની કુટેવ ન છૂટી મરણ સુધારવું તો બાજી હાથમાં છે માટે હજી ચેતી જા !
- અતૃપ્ત લાલસાની જવાળાઓ આત્માની ચોમેર સળગી રહી છે તો પણ મોહમસ્ત આત્મા જાગતો નથી. ખરેખર કાયા વૃદ્ધ થાય છે પણ લાલસાઓ તો સદાબહાર યુવાન જ રહે છે. યુવાનીના તોરમાં આત્માનું નિકંદન કાઢે છે પણ મોહઘેલો આત્મા તેમાં જ મજા માને છે તો મારે પોકાર કયાં કરવો ?
- જન્મેલાએ મરવાનું છે તો મૃત્યુથી ડરવાની જરૂર નથી પણ હસતે મુખે સ્વાગત

કરવાનું છે, આવકારવાનું છે. મૃત્યુના ભય, લાલસા અને પરિગ્રહમાંથી પેદા થાય છે, માટે મૃત્યુંજયી બનવા લાલસા અને પરિગ્રહથી સર્વથા મુકત બનવું શ્રેય છે.

- દુનિયાની બધી કલાઓમાં માસ્ટરી હોય-પાવરધો હોય પણ જે જીવન જીવવાની કલા ન આવડે તો તે બધી કલાઓ એકડા વિનાના મીંડા જેવી છે. જીવન જીવવાની કલા શીખવનાર ધર્મ છે. માટે જ કહ્યું કે-ધર્મકલા જ બધી કલાઓને જીતી લે છે ધર્મકલા જેમા જીવનમાં આવી ગઇ તેના જેવો સુખી કોઇ નથી. ધર્મકલા નથી તેના જેવો દુઃખી કોઇ નથી.
- ધર્મકલાવાળું જીવન જગતને આશીર્વાદરૂપ છે જ્યારે ધર્મકલા રહિત જીવન જગતને શાપરૂપ છે.
- સંતોષ અને સદાચાર એ બે જ માનવીની સાચી ચક્ષુઓ છે.
- સંતોષ અને સદાચાર રહિત જીવન મરણ સમાન છે, પશુ કરતાં ય બદતર જીવન છે.
- ચારિત્ર એ જ જીવનનો સાચો શણગાર છે. દુનિયામાં પણ કહેવાય કે, મનુષ્યનું ધન જાય તો કાંઇ ગુમાવ્યું નથી. આરોગ્ય ગુમાવે તો કાંઇ ગુમાવ્યું કહેવાય પણ જે પોતાનું ચારિત્ર ગુમાવે છે-ચારિત્રથી રહિત છે તેણે તો બધું ગુમાવ્યું છે. માટે પોતાના ચારિત્રની રક્ષા કરવા પ્રયત્ન કરવો જોઇએ.
- ભોગી-રાગી-અસંતોષી-અસદાચારી-સ્વાર્થી અને ઇન્દ્રિયોના વિષયોની પાછળ ભૂતની જેમ ભટકનારનું જીવન જગતમાં ભારભૂત છે.
- ત્યાગવૃત્તિ એ માનવતાને ખીલવનાર છે. સ્વાર્થવૃત્તિ એ પશુતાને લાવનાર છે.
- મનુષ્ય જીવનને ઉજાળવું છે તો આજથી જ જીવનમાંથી આળસ, પ્રમાદ, ભોગ અને પાપનો ત્યાગ કરવા માંડો. જીવન પ્રકાશિત બનશે.
- આજે મોટે ભાગે ધર્માત્માઓ પણ પુણ્યકાર્યમાં કરકસર કરે છે. અને પાપકાર્યમાં ઉદારપણું બતાવે છે!
- જીવનમાં સદ્ધર્મ હોય તો જ પુણ્યથી મલતું સુખ પચી શકશે, નહિ તો સુખનું અજીર્ણ થશે. જે સ્વ-પર અનેકને પાયમાલ કરશે.
- જીવનમાં સુખી થવાનો રાજમાર્ગ એ છે કે-પુણ્યના પ્રતાપે મળતાં સુખમાં મલકાવું નહિ અને પાપોદયે આવતાં દુઃખને મજેથી સહવાની ટેવ પાડવી. પછી કોઇ જ સંયોગો કે પરિસ્થિતિ આત્મભાવથી ચ્યુત કરનારી બને?
- સુખ સાચો સમજથી મળે છે અને દુઃખ અજ્ઞાનનો નાશ થવાથી ટળે છે. માટે ધર્મની સમજ મેળવી જરૂર છે.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

સંસારમાં ક્રોધ, લોભ, ભય, હાસ્યથી મૃષાવાદ બોલાય છે. એટલે પરમાત્માનું જન્મ થતાં આ ચારેથી રહિત હોય છે અને એટલે પરમાત્મા બીજા મહાવ્રત સત્યનું પાલનનું જન્મ કલ્યાણકમાં ઝલક છે. ભગવાન દીક્ષા લીધા પછી સ્વામિ અદત્ત, જીવ અદત્ત, તિર્થંકર અદત્ત, ગુરૂ અદત્ત ચાર અદત્તોમાંથી કોઇ અદત્તને સેવાતા નથી ને આવી રીતે ત્રીજુ મહાવ્રત દીક્ષા કલ્યાણકમાં સમાયેલું છે.

કેવલજ્ઞાની પરમાત્મા બ્રહ્મ એટલે પરમાત્મા. બ્રહ્મચર્યની ઉંચામાં ઉંચી સાધના એટલે પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ. કેવલજ્ઞાન કલ્યાણકમાં ચોથુ મહાવ્રત છે.

ભગવાન નિર્વાણ પામતાં લોકોત્તર એવું રૂપ, શરીર પરિગ્રહ પરમાત્મા છોડી દે છે. આમ પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ ભગવાનના કલ્યાણકમાં દેખાય છે.

ગૃહસ્થના દીક્ષા નિર્વાણ કેવલજ્ઞાન ચ્યવન
સંસારી અસંસારી સિદ્ધ નિશ્ચયને વ્યવહારજી

આ રીતે પાંચ પ્રકારના જીવોની ગણતરી પણ પાંચ કલ્યાણકમાં સમાય છે.

પરમાત્માનું ચ્યવન થાય છે એટલે ભગવાનનો તિર્થંકર તરીકે વ્યવહાર થાય છે. ભગવાનનો જન્મ થાય અને ભગવાનનું સંસારી જીવન શરૂ થાય છે અને ભગવાન દીક્ષા લે છે અને ગૃહસ્થ સંસારથી પૂર્ણાહુતિ થતાં અગૃહસ્થ સંસારમાં પ્રવેશ કરે છે. પરમાત્માને કેવલજ્ઞાન થાય છે અને ભગવાન નિશ્ચયથી અરિહંત સ્વરૂપે બને છે. ભગવાનનો મોક્ષ થાય છે અને ભગવાન સિદ્ધ સ્વરૂપ બને છે. આમ પાંચે પ્રકારના જીવોમાં પાંચે કલ્યાણકમાં સમાઇ શકાય છે.

શાસન સમાચાર : પૂ. આ. શ્રી વિ. સુદર્શનસૂરીશ્વરજી મ. નો ભવ્યાતિભવ્ય ૬૮ મો દીક્ષાદિન મહોત્સવ

અત્રે દાનસૂરી જૈન જ્ઞાન મંદિર, અમદાવાદ–મધ્યે સુદીર્ઘસંયમી ગચ્છાગ્રણી પૂ. આ. શ્રી વિ. સુદર્શન સૂ. મ. સા.ની ૬૭મો દિક્ષાદિન મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો પોષ વદ ૫ ના રોજ અત્રેથી સવારે ૯–૩૦ વાગે પાંચ ઘોડા, બે બગી, બેન્ડ સાથે સાજનમાજન પૂર્વક પ્રભુભક્તિ સ્વરૂપ ભવ્ય ચૈત્યપરિપાટી શ્રી મહાવીર-દેરાસરે પહોંચ્યા બાદ ચૈત્યવંદનાદિ થયેલ. વરઘોડો ઉતર્યા બાદ પૂજ્યશ્રીજીના સ્વમુખે તેમજ ઉપસ્થિત પૂ. મુનિરાજ શ્રી કુલશીલ વિજયજી, પૂ. મુ. શ્રી હર્ષશીલ વિજયજી પૂ. મુ. શ્રી દિવ્યકીર્તિવિજયજી આદિ એ દીક્ષાધર્મના ગુણાનુવાદ કરેલ. આ પ્રસંગે અનેક શ્રમણ–શ્રમણીવૃંદ ઉપસ્થિત રહેલ. વ્યાખ્યાનબાદ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૦/– નું સંઘપૂજન તેમજ બુંદીના લાડુની પ્રભાવના થયેલ. પૂજ્યશ્રીની દીક્ષા તિથિ નિમિત્તે હાલોપોવી જૈન દેરાસરે પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ.

શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા – શંખેશ્વર

લાભ લેવાની કયાં કયાં જગ્યા છે ?

દેરાસર વિભાગ :– (૧) નીચેના શ્રી આદીશ્વર દેરાસરનો નકરો ૧૧ લાખ. (૨) ઉપરના શ્રી નેમીશ્વર દેરાસરનો નકરો રૂા. ૧૧ લાખ. (૩) મઇન ગેટ રૂા. ૧ લાખ.

કેશર સુખડ વિભાગ :– (૧) શ્રાવક સ્નાનગૃહ રૂા. ૭૫૧ હજાર. (૨) શ્રાવિકા સ્નાનગૃહ રૂા. ૭૫૧ હજાર. (૩) રથ રૂમ રૂા. ૨૫૧ હજાર. (૪–૫) દેરાસરના કંપાઉન્ડ બહાર બંને બાજુ વ્યવસ્થા અને દર્શનાર્થીઓને માર્ગદર્શક માટે રૂમ – બે દરેકનો નકરો રૂા. ૩૧૧ હજાર.

બગીચા વિભાગ :– (૧) એક બગીચો ૧૨૫૧ હજાર (૨) રમવાના સાધન એક બગીચામ રૂા. ૭૫૧ હજાર (૩) ૧૪ રાજલોક રચના રૂા. ૧૧૧૧ હજાર (૪) જંબૂદ્વીપ રચના રૂા. ૧૧૧૧ હજાર (૫) ભક્તિ સેલંબો રૂા. ૫૧૧ હજાર (૬ થી ૧૨) રોડ કોસ છ દરેકના ૧ લાખ ૧૧ હજાર રોડ ઉપર દાતાનું નામ લખાશે.

જિન દર્શન–તીર્થ દર્શન મૂર્તિ નિર્માણ વિભાગ :– હોલ ત્રણ – દરેકનો નકરો રૂા. ૧૫૧ હજાર. (૨) ફરતી આર્ટ ગેલેરી ૮૦ ફુટ નંગ બે – દરેકના રૂા. ૧૧ લાખ. (૩) ફરતી આર્ટ ગેલેરી ૪૦ ફુટ નંગ બે – દરેકના રૂા. ૫૧૧ હજાર. (૪) ૧૦૮ તીર્થ તથા ૧૦૮ પાર્શ્વનાથ ભવિષ્યમાં થશે.

કાયમી તિથિ ભોજના :– (૧) ભોજન શાળા તિથિ રૂા. ૧૫,૧૧૧ (૨) સર્વ સાધારણ તિથિ (તારીખ લખાશે) રૂા. ૧૧,૧૧૧

નૂતન બાંધકામ વિભાગ :– મૂળ ધર્મશાળાનો ઉત્તર વિભાગ (ત્રીજી વીંગ રૂમ ૫૩) (૧) નકરો એક રૂમનો રૂા. ૧૨૫૧ હજાર પ્રતિષ્ઠા સુધીમાં ૨૦૧ રૂમ આવી ગઇ છે.

પંચાસર રોડ, શંખેશ્વર.
પીન ૩૮૪૨૫૦
ફોન (STD.૦૨૭૩૩)(૭૩૩૧૦)

શ્રી હા. વી. ઓ. શ્વે. તપા.
જૈન ધર્મશાળા સમિતિ

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.

શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. જૈન ધર્મશાળા

પંચાસર રોડ, શંખેશ્વર વાયા વીરમગામ (ગુજ.)

પિન ૩૮૪૨૪૬ (STD ૦૨૭૩૩) ૭૩૩૧૦

* દાતા બંધુઓને નમ્ર વિનંતી *

પ્રણામ સાથ જણાવવાનું જે અત્રે તા. ૧૩-૧-૯૯ થી તા. ૨૩-૧-૯૯ સુધી જિનબિંબ અંજન શલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ ગયેા છે.

વિ. પ્રતિષ્ઠા પછી આ પ્રસંગનેા ખાસ સ્મૃતિ ગ્રંથ પ્રગટ કરવાનેા છે તે તેમાં આ સંસ્થાના દરેક દાતાઓના ફેાટા મુકવાના છે.

(૧) કેાઇ પણ જાતના નકરાની તકતી લીધી હેાય. (૨) ભેાજનશાળાની તિથિ લખાવી હેાય. (૩) બાંધકામ ફંડ ખાતે ૧૧) હજાર કે વધુ રકમ આપી હેાય. (૪) નિભાવ ફંડ ખાતે ૧૫) હજાર વધુ રકમ આપી હેાય. (૫) સંસ્થાના શુભેચ્છક તરીકે રૂા. ૫) હજાર છે તે આપ્યા હેાય. (૬) સર્વસાધારણ ફંડની તિથિ લખાવી હેાય (૭) અંજનશલાકા મહોત્સવમાં કાર્યક્રમમાં ભાગ લીધેા હેાય.

આ બધાને એક એક ફેાટેા રંગીન પાસપેાર્ટ કે પેાસ્ટકાર્ડ સાઇઝનેા મેાકલવાનેા છે તેા આપ આપના દાનની વિગત સાથે ફેાટેા મેાકલી આપશેા.

વિશેષમાં :– આ સ્મૃતિ ગ્રંથમાં (૧) શુભેચ્છા કે જાહેરાતના એક પેજના રૂા. ૪) હજાર છે. તેમાં ફેાટા તથા જીવન ચરિત્ર ટુંકમાં મૂકી શકાશે (૨) અડધા પેજના ૨૫૦૦ અને (૩) ૧/૪ પેજના ૧૫૦૦) રૂા. છે.


તેમજ (૪) સૌજન્ય એક પેજમાં નીચે બે લીટીમાં આપે તેા તેના રૂા. બે ભાગે ૧૧૦૦) ૧૧૦૦ છે. આમાં આપને લાભ લેવા વિનંતિ છે.

પુરા નામ સરનામાં ફેાટા સાથે જવાબ લખવા વિનંતિ છે. આ ગ્રંથ દરેક દાતાઓને ભેટ મળશે. માટે દાતાઓએ સરનામાં મેાકલી આપવા. આપના વર્તુલમાં પણ ભાવિકેાને યાદી આપીને ફેાટા તથા સરનામા તા. ૧–૩–૯૯ સુધીમાં મેાકલવા કહેવા વિનંતી

તા। ૨૩–૧–૯૯ ઠે. પંચાસર રોડ,
શંખેશ્વર (વાયા વીરમગામ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લેાટ
જામનગર INDIA (ગુજરાત)

લિ. શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તપા. જૈન
ધર્મશાળા સમિતિ

તા. ક. : નવી યેાજનામાં ત્રીજા વિભાગમાં ૫૩ રૂમ બંધાશે. એક રૂમનેા નકરેા ૧૨૫૦૦૦ (સવા લાખ) છે. તથા સર્વ સાધારણ ફંડની તિથિ (તારીખ) એકના રૂા. ૧૧૧૧૧) છે. લાભ લેવા ભાવ હેાય તેા જણાવશેા. અને લાભ લેા તેા ફેાટેા પણ મેાકલશેા.



શ્રી મારૂતિધામ ગૌશાળા

મુ. જસદણ, જી. રાજકોટ (સૌ.) પી. કોડ ૩૬૦૦૫૦
(રજી. નં. ઇ-૪૬૯૩-રાજકોટ) ફોન : ૦૨૮૨૧-૨૦૩૨૩

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી મહારાજ સાહેબો-સાધ્વીજીઓ, જીવદયા પ્રેમી મહોદય શ્રી ધાર્મિક તથા સામાજીક સંસ્થાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી, તથા સકલ સંઘના ભાઇ-બહેનો.

લી. મારૂતિધામ ગૌશાળા-જસદણના ટ્રસ્ટી મંડળના વંદન સાથ જય જીનેન્દ્ર.

સહર્ષ જણાવતા અમોને આનંદ થાય છે કે જસદણથી પાંચ કી.મી.ના અંતરે વિંછીયા રોડ પર કાળાસરની વાવના પાટીયા પાસે મારૂતીધામ મંદિર આવેલું છે ત્યાં વિંછીયા તથા જસદણના જૈનભાઇઓ દ્વારા ગૌશાળા બનાવેલ છે, જેમાં અંધ, અપંગ, લુલી, લંગડી, પાંગળી, વૃધ્ધ, બીમાર, રીબાતી. રોગીષ્ટ, નિરાધાર ગાયો-વાછરડી-વાછરડા આ સંસ્થામાં લેવામાં આવે છે. અત્યારે ગાયોની સંખ્યા ૨૫૦ છે. ઉપરાત આ સંસ્થા કતલખાને જતા અબોલ જીવોને છોડાવી આ સંસ્થામાં મુકવામાં આવે છે. ઉપરાંત પશુપક્ષીઓનો નિદાન કેમ્પ ગામડામાં અંધશ્રદ્ધાથી થતી જીવ હિંસા બંધ કરાવવી, પશુ ડોકટર દ્વારા દર્દથી પીડાતા પશુઓને સારવાર કરાવવી ઉપરાંત પાણી પીવાના અવેડા, પારેવાની ચણ, કૂતરાને રોટલા, કીડીયારૂં વગેરે જીવદયાની સેવા પ્રવૃત્તિઓ આ સંસ્થા કરે છે. દરરોજનો ૫૦૦૦નો ખર્ચ છે. આ સંસ્થાનું આયોજન જૈન ભાઇઓ કરે છે. જુનાગઢ-રાજકોટ-પાલીતાણા-સુરેન્દ્રનગર-અમદાવાદ જતો હાઇવે રસ્તો છે. અહી પદયાત્રા સંઘ સાધુ-સાધ્વીજીઓ અવાર-નવાર વિહાર કરી નીકળે છે અહી સ્થીરતા કરે છે રોકાય છે. તેથી અહીં ઉપાશ્રયનો રૂમ બનાવવાની જરૂર છે અહી રૂમ ન હોવાથી ઘણી મુશ્કેલી પડે છે. અહી ગોચરી પાણી, ભોજન, વૈયાવચ્ચની વ્યવસ્થા છે.

તો જીવદયા પ્રેમીશ્રી આચાર્ય ગુરૂ ભગવંતો, સાધુ સંતો ભગવતી સતિવૃંદ, સાધ્વીજીઓને નમ્ર વિનંતી કે આપના અનુયાયીઓને જીવદયા વાત સમજાવી અને જીવદયાના અર્થે દાનની સરવાણી જસદણ તરફ વહે તેવી પ્રેરણા આપશો. આ સંસ્થાની શુધ્ધ શરૂઆત હોવાથી આપનું દાન અમારે રત્ન સમાન છે. અહી જુદાજુદા શેડના બાંધકામ મોબાઇલ વાનની જરૂર છે. જેથી ગામડામાં દર્દથી પીડાતા પશુઓને મોતના મુખમાંથી બચાવી શકાય અહિંસા, દયા દરેક જૈન ધર્મનું મહત્વનું અંગ છે.

જીવ માત્ર પ્રત્યે અનુકંપાએ જૈનનું લક્ષણ છે, શાંતિનાથ ભગવાને પૂર્વભવમાં એક કબુતરને જીવતદાન આપ્યું હતું જેનાથી તીર્થંકર ગોત્ર બાંધ્યુ હતું. ભગવાન બુદ્ધે હંસના પ્રાણ બચાવ્યા હતા. મોક્ષમાર્ગનો પ્રથમ કરવાને અહિંસા, દયાનો છે. તો જીવદયા પ્રેમીઓને વિનંતી કરવામાં આવે છે કે આપના કરેક પ્રસંગોમાં શ્રી મારૂતીધામ ગૌશાળાની ગાયોને યાદ કરી દાન મોકલવા વિનંતી સુકી કડબ તથા લીલો ઘાંસચારો ખુબ જ મોંઘો છે. પશુઓને નિયમીત ઘાંસચારો તથા પાણી અપાય છે. માવજત માટે ડોકટર તથા દવાની પુરતી સગવડ છે. આપનું દાન ચેક, ડ્રાફટ, રકમ શ્રી મારૂતીધામ ગૌશાળા–જસદણના નામે મોકલવા વિનંતી.

શ્રી મારૂતીધામ ગૌશાળાનું ખાતુ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં છે. જેનો નં. ૪૦૧૦૮ છે પત્ર વ્યવહાર, કાર્યાલય : શ્રી મારૂતીધામ ગૌશાળા, મેઈન ચોક, જસદણના સરનામે કરવા વિનંતી.

: દાન આપવા માટે સંપર્ક :

રતીલાલ ઢેવચંદ ગુડકા–લંડન ફોન : ૦૦૧૮-૧૯૦૪૯૮૫૧ રામજી પાનાચંદ શાહ–નાઈરોબી કેન્યા ફોન : ઓ. ૨૨૦૫૩૧ ઘર ૭૩૨૪૮ અજય એમ. બેલાણી–કલકત્તા : ઓ. ૨૬૨૦૨૯ ઘર ૪૫૫૪૪૮૯૨ બાબુભાઇ તથા પંકજભાઇ–કલકત્તા : ૪૮૪૭૪૩૨ કમલેશભાઇ એમ. મહેતા–કલકત્તા : ૪૭૫૭૭૯૨૮, ૪૭૬૧૪૫૦ હરીશચંદ્ર ઉદેશી–મદ્રાસ ફોન : ૭૪૧૬૨૮૭૦ દિનેશભાઇ સી. માથુકીયા–મુંબઈ ફોન ઓ. ૮૮૨૧૫૪૯ ઘર ૮૮૩૬૫૪૫ જસ્મીન એફ. વોરા–મુંબઇ : ૮૦૧૭૨૫૨ લલીતભાઇ એમ. શાહ–મુંબઇ ઘર : ૮૮૩૦૩૪૯ હરેશકુમાર જયસુખલાલ શાહ–અમદાવાદ : ઘર ૭૫૧૬૯૭ ભરતકુમાર સી. જૈન–અમદાવાદ : ૪૧૪૨૩૧, ૪૪૫૦૪૨ હેમેન્દ્રભાઇ એમ. શાહ-રાજકોટ ૨૨૩૯૫૧ ઘર ૨૨૩૯૪૮.મનહરલાલ મકવાણા ભાવનગર : ૫૧૦૮૪૪,૪૩૦૬૧૦ ઘર૫૧૦૯૩૮

* અબોલ પશુ કરે પોકાર–અમને બચાવો નર ને નાર *

*** શુકનવંતી યોજના માં લાભ લો ***

૨૦૦૦૦૦ મોબાઇલ પશુ–પક્ષી હોસ્પીટલ પ્રવેશદ્વારમાં આરસનો મોટી તકતી ચાર ફોટા ઓઇલ પેન્ટ કરેલા. ૧૦૦૦૦૦ સાધુ સાધ્વીજીઓને રહેવા કૃપાશ્રયના રૂમ માટે આરસની મોટી તકતી, ચાર ફોટા ઓઇલ પેન્ટ કરેલા ૧૦૦૦૦૦ કબુતરાના બાંધકામ માટે–પ્રવેશદ્વારમાં દાતાની તકતી, ઓઇલ પેન્ટ કરેલા બે ફોટા ૫૧૦૦૦ ગાયોને રહેવાના મોટા શેડ માટે–૨૫૦૦૦૦ ગાયોને રહેવાના નાના શેડ માટે દાતાની તકતી તથા એક ફોટો ૫૦૦૦૦ એક દિવસના અર્ચના-આરસની તકતી ૫૦૦૦ અભયદાનમાં જીવ છોડાવવા.



પ્યારા ભૂલકાંઓ...

ગુરૂ મ.નું વ્યાખ્યાન સાંભળવા ગયેલા એક નાના ભૂલકાંને પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

ધર્મ એટલે શું ?

તત્રે પૂ. ગુરૂ ભ.ને ન પૂછતાં નાના ભૂલકાંએ અત્રે મને પૂછાવ્યું છે તો તે અંગે જણાવવાનું કે,

રાગદ્વેષ વિજેતા અને સર્વકર્મ મુક્ત એવા સુદેવ. પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિનું પાલન કરનારા એવા સુગુરૂ અને અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ એજ સુધર્મ: સદ્‌ગુણોનો વિકાસ એ ધર્મ. અને દુર્ગુણોનો વિકાસ તે અધર્મ. જે કાર્ય કરવાથી સદ્‌ગુણી બની જવાય તે ધર્મ. જે પ્રવૃત્તિ કરવાથી અગુણી–દુર્ગુણી બની જવાય તે અધર્મ. તમે જાતે ધર્મ કરીને સદ્‌ગુણી બનો તે પ્રથમ ધર્મ. તમે બીજાને ધર્મ કરાવી સદ્‌ગુણી બનાવો તે બીજો ધર્મ.

તમે બીજાને ધર્મ કરતાં જુઓ અને તેના તે ધર્મકાર્યની મનથી પ્રશંસા કરો તે પણ ધર્મ છે.

સુખ–દુ:ખમાં સમભાવ રખાવે તે ધર્મ. પરિષહો પીડારૂપ ન થવા દે તે ધર્મ. રોગ વચ્ચે પણ હસતો ચહેરો રખાવે તે ધર્મ. ઇચ્છાની સમાપ્તિ કરાવે તે ધર્મ. આત્માના સ્વભાવમાં લઇ જાય તે ધર્મ.

બસ, આ દેવ, ગુરૂ અને ધર્મ આપણા આત્માનો ઉદ્ધાર કરશે, બેડો પાર કરશે, શ્રદ્ધાપૂર્વક સ્વીકારી મુક્તિ નજીક બનાવો.

—રવિશિશુ જૈન શાસન

મધુરમ

ઇન્દ્રિય વિજય કર્યા વિના કોઇ વિજયીનો વિજય સ્થિર થતો નથી.

—: કથાનક :—

ભરત ક્ષેત્રમાં દેવોનું જ્યારે આવાગમન હતું ત્યારે કોઇ મહામુનિ કાલિક શ્રુતને ગણે છે. સ્વાધ્યાય કરે છે. જ્ઞાનીની મસ્તીમાં મસ્ત બનેલા મુનિનો ઘણો સમય સ્વાધ્યાયમાં પસાર થયો. કાળે કરવાનો સ્વાધ્યાય અકાળે થવા લાગ્યો. પુનરાવર્તન કરતા જોઇને ત્યાંથી પસાર થતાં કોઇ સમ્યગ્‌દ્રષ્ટિ દેવતાએ વિચાર્યું.

આ મહામુનિ અકાળે સ્વાધ્યાય કરે છે. શ્રુત ભણે છે. તેથી કોઇ મિથ્યાદૃષ્ટિ દેવ તેમને છળશે, હેરાન કરશે. માટે તેમને હું નિવારૂં. એમ વિચારી તે દેવે રૂપ પરાવર્તન કર્યું. ગોવાયણીનું રૂપ કર્યું. માથે છાસનું દેગડું લીધું. જ્યાં મહામુનિ સ્વાધ્યાય કરતાં હતાં ત્યાંની નજીકની ભૂમિમાં આવીને ભાઇ, છાસ લેા છાસ. શું તમે છાસ લેશેા ? મીઠી મધુરી છાસ. તાજી છાસ, છાસ લેા ભાઇ છાસ.

આ પ્રમાણેની બૂમેા મારતી ગોવાયણીને સાંભળી મહામુનિ વિચારવા લાગ્યા. આ ગોવાયણ ફોગટ કોલાહલ કરે છે. અહિંયા કોણ તેની છાસ લેવાનું છે ? મહા મુનિને ત્રાડ નાંખી, એ ગોવાળણી શા માટે અહીંયા રાડેા પાડે છે ? અહીંયા કોઇ તારી છાસ લેવાનું નથી અને આ સમયે તારી કોઇ છાસ લેવાનું છે ખરી ? છાસ વેચવાનેા સમય તેા વીતી ગયેા.

હા મહારાજ અત્યારે છાસ વેચવાનેા સમય વીતી ગયેા લાગે છે. તેમ આપ-શ્રીને પણ કાલિક સૂત્રનેા સ્વાધ્યાય કરવાનેા સમય વીતી ગયેા લાગે છે.

વિસ્મય પામેલા મહામુનિએ તરત જ ઉપયેાગ મૂકયેા. અકાળ જાણ્યેા. અકાળે પુનરાવર્તન ન થાય પણ થઇ ગયું તેનેા પશ્ચાતાપ કરવા લાગ્યા મિથ્યા દુષ્કૃત આપ્યું. પેાતાની ભૂલ કબુલી. દેવ તત્કાળ પ્રત્યક્ષ થયેા. મહામુનિ અકાળે સ્વાધ્યાય કરવાથી મિથ્યાદ્રષ્ટિ દેવેા છળ કરે છે, હેરાન-પરેશાન કરે છે માટે હવે ફરી આવું ન થાય તેની કાળજી રાખવા ભલામણ. દેવ અદ્રશ્ય થઇ ગયેા.

—નિશીથ મહેન્દ્રભાઇ

વિજયી બનેા

અહિંસા પાળીને દિવ્યજીવી બનેા
જીવદયા પાળીને દીર્ઘજીવી બનેા
ન્યાયબુદ્ધિથી ધનંજયી બનેા
મૈત્રીની મધુરતાથી શત્રુંજયી બનેા
અનેકાંતના આદરથી દિગ્વિજયી બનેા
સત્યના સાક્ષાત્કારથી મૃત્યુજંયી બનેા
આત્માની અનુભૂતિથી ચિરંજીવી બનેા

—સેના-રત્યા

સાત દોષેા ત્યાજ્ય

અભિમાન	ક્રોધ
અદેખાઇ	મશ્કરા
ખાઉધરાપણું	આળસ
ધન-લેાભ	

—વસુ

મહાત્મા

હાથમાં — સુપાત્ર દાન
મસ્તકમાં — ગુરૂના આશીર્વાદ
ભુજામાં — પરાક્રમ
હૃદયમાં — પવિત્ર ભાવના
કાનેામાં — શાસ્ત્ર શ્રવણ

—રશ્મિકા

હાસ્ય લેાજ

સૈનિક–(ઓફિસર) આ જુએા દાળ અને રેાટી બંનેમાં માટી અને કાંકરા આવે છે. આવું અમે કેવી રીતે ખાઇ શકીએ ?

ઓફિસર–તમે અહીંયા માતૃભૂમિની રક્ષા કરવા આવ્યા છેા કે ફરિયાદેા કરવા ?

સૈનિક–સાહેબ, અમે માતૃભૂમિની રક્ષા કરવા આવ્યા છીએ, માતૃભૂમિ ખાવા નહિ.

o—o

રમેશ–ડેાકટર સાહેબ મારા ગાલમાં દર્દ થાય છે.

ડેાકટર–કયારે દર્દ થાય છે.

રમેશ–જ્યારે ગાલ ઉપર તમાચેા પડે ત્યારે ?

પ્રજાજન–(નેતાને) આજ તમારા ભાષણથી મને ઘણી શાંતિ મળી.

નેતા–(હસતાં હસતાં) શું મારૂં ભાષણ એટલું બધું સરસ.

પ્રજાજન–એ તેા મને ખબર નથી. કારણ કે ભાષણ દરમ્યાન હું સૂઇ ગયેા હતેા અને મારેા બધેા થાક ઉતરી ગયેા.

—ચી.ટી વિનલ કેાઠારી

—: કહેા જોઇએ :—

એક રાજા હતા. મરતી વખતે એક ચિઠ્ઠી મૂકી ગયેલા. એમાં લખ્યું હતું : 'મારા મૃત્યુ પછી આ ચિઠ્ઠીમાં લખ્યા મુજબ સુવર્ણરત્નેાની વહેંચણી કરજો.'

'તિજોરીમાં નવ્વાણું રત્નેા છે. તેમાંથી મેાટા કુંવરને ચેાથેા ભાગ આપજો. બાકી વધેલામાંથી વચેટ કુંવરને ત્રીજો ભાગ, અને છેલ્લે વધેલામાંથી નાના કુંવરને અડધેા હિસ્સેા આપજો. ત્રણેય કુંવરોને સરખેા હિસ્સેા મળવેા જોઇએ.'

'પછી વધેલા રત્નેાના ત્રણ સરખા ભાગ કરજો અને તે મારી ત્રણેય કુંવરીઓને એકેક ભાગ આપજો.'

મિત્રેા, આ કેાયડેા ઉકેલવા થઈ જાઓ તૈયાર !

(તત્ત્વજ્ઞાન પણ જાણેા અને માણેા.)

—ચેાપટલાલ ડી. પટેલ

❋ ખોટું ન લગાડતા હોં ને....! ❋

— ભદ્રંભદ્ર

શક્તિશાળી સામે સત્યને તજાય નહીં હોં કે.

આવતી સાલની ખબર છે તમને ?

અરે ! ભદ્રંભદ્ર ! આવતીકાલની યે ખબર નથી ત્યાં તમે આવતી સાલની કયાં માંડો છો ?

તું ય વળી શાસ્ત્રીય ભાષામાં વાત કરવા મંડયો કાં ? એમ તો ક્ષણ પછીની પણ ખબર કયાં છે ? છતાં કઠાય આવતી કાલ અને સાલ સુધી આપણે, જીવી ગયા તો તેમ માનીને ય ભવિષ્યનું થોડુ જાણી રાખવું સારૂ. કામ લાગે કોઇ ઠા'ડો.

'તે છે શું ઇ તો કે'. આવતી સાલ ૨૦૫૫ ની સાલ છે એમાં છે શું મલ્યા મા'ણ'

મિત્ર ! જરા વાત ગંભીરતાથી લેવા જેવી છે. આવતી સાલ ૨૦૫૫ ની સાલે જેમ એ સાલમાં બે પાંચડા છે તેમ ભાદરવા મહિને સુદ પાંચમ બે આવે છે. એટલે સંવત્સરી જુદી જુદી થવાની છે.

પણ ભદ્રંભદ્ર ! એમાં ગભરાવા જેવું છે જ શું ? કેમ કે બે તિથિવાળાને તો ઉદયાત્ ચોથની શાસ્ત્રોકત રીતે જ સાચી આરાધના થવાની છે.

ભલા રામ ! હું આપણા બે તિથિ પક્ષના સુખની વાત નથી કરતો પણ બચારા સંમેલનવાળાઓ સંમેલનના કારણે હવે શું કરવું ઇ મથામણમાં ભરાઇ પડયા છે. એમણે હવે સંમેલનના ઠરાવ પ્રમાણે કરવું કે પોતાના વડવાઓ કરી ગયા તેમ ઇ નથી સમજાતુ.

પણ એમાં તું શું કરવા દુઃખી થાય છે ? કરશે એમને કરવું હશે તેમ.

એમ નહિ યાર ! આપણે એ બિચારા દુઃખીના અનુકંપનીયની અનુકંપા કરીને તેમને આપણી બુધ્ધિનો લાભ આપવો જોઇએ આપણે તો સુખ જ સુખ છે પણ સાવ એકલપટ્ટા કે પેટભરા ન થવું એવું શાસ્ત્ર વચન છે.

ભદ્રંભદ્ર ! તમારી તે વાત સાચી હોં આપણે તેમનું દુઃખ દૂર કરવું જોઇએ. દુઃખીના દુઃખના ઉધ્ધારની ઇચ્છાને અનુકંપા કહેવાય છે અનુકંપ્યની અનુકંપા ઉચિત ફળ દેનારી પણ શાસ્ત્રોએ જણાવી છે. તો તમે તેમની મુંઝવણ, ગૂંચવાયેલું કોકડુ શી રીતે ઉકેલવામાં મદદગાર થઇ શકશો ? તમારી વાત તો એ લોકો કાને ધરવાના નથી જ.

તો ય આપણે સામાના હિતની બુધ્ધિથી જ કંઇક કહેવું જ જોઇએ. તે આપણું સાંભળે તો નહિ પણ વાંચે કે ના વાંચે અને તેમને હિત થાય કે ન થાય પણ આપણે

હિત બુદ્ધિથી કહેતા હોવાથી આપણને તો લાભ થાય જ છે.

તો ભદ્ર ભદ્ર ! તમે તે લોકોની મૂંઝવણનો શો ઉકેલ વિચાર્યો છે ?

મેં વિચારેલા ઉકેલો આ રહ્યા. (૧) નંબર વન - ૨૦૪૪ ના સંમેલનને હવે તેમણે એક દુઃસ્વપ્નની જેમ ભૂલી જવા જેવું છે. આમે ય તેના એકે ય ઠરાવોનો અમલ થઈ શક્યો નથી અને મોટાભાગના તો લાગ જોઈ જોઈને સદ્બુદ્ધિપૂર્વક સંમેલનને અસાર સંસારની જેમ છેડી છોડીને ચાલ્યા ગયા છે હવે બાકી રહેલા રડ્યા - ખડ્યા લોકોએ હવે એ. અસાર, દુઃખરૂપ, દુઃખાનુબંધી, દુઃખ ફલક સંમેલનનો મોહ તજી દેવા જેવો છે. સંસારને સર્વક્લેશનનું મૂળ કહી સાપની કાંચળીની જેમ છોડવાનું કહેનારા મહર્ષિઓએ સંઘમાં કલેશના કારણભૂત સંમેલનને પકડી રાખવાની, તેનો મોહ કરવાની કે તે છોડવામાં માનહાનિની વિચારણા કરવા જેવી નથી હજી આવતી સંવત્સરી સુધીની મુદતમાં એ સંમેલન છોડી દેવાની પૂરતી તક છે (આમેય આપણા ઇતિહાસમાં યુદ્ધમાં હારેલા રાજાઓએ દીક્ષા લીધી જ છે ને ? એ બધાં દૃષ્ટાંતો નજર સામે રાખીને એકવાર અસાર સંમેલનનો ત્યાગ કરી દેવામાં જ સાર છે.)

(ભદ્રંભદ્ર ! એ લોકો કદાચ સંમેલન છોડી દે તો તમે સંસાર છોડવા તૈયાર છો ?

અરે ! જો તેઓ નિઃસાર સંમેલનને છોડી દેતા હોય તો મારે સંસાર છોડી મોક્ષમાં જવામ ક્યાં વાંધો છે ? પણ હું દીક્ષા લઉ કે ના લઉં તેમણે તો સંમેલનને છોડી દેવામાં જ સાર છે.)

(૨) જાહેરમાં અત્યાર સુધી સંમેલનને પકડી રાખ્યું તેને છોડી દેવું સારૂ ના લાગતુ હોય તો કશું જાહેર કર્યા વગર ૨૦૨૦ ના પટ્ટક મુજબ બધાંને વર્તવાનું ખાનગીમાં સમજાવી દેવું જોઇએ. કોઇ પૂછે તો અઠબ-પલાઠી મોં ઉપર આંગળી રાખીને મૂંગા જ થઇ જવું. સાચી આરાધના તો થાય.

(૩) તે બધાં તો તિથિને સિદ્ધાંત નહિ પણ સામાચારી ગણાવનાર છે તો તેમણે સકલ સંઘની એકતાની જો તેમને ખરેખર પડી જ હોય તો બે તિથિવાળા જે દિવસે સંવત્સરી કરે ત્યારે કરવાની રાખવી હિતાવહ છે સંપૂર્ણ તપાગચ્છની એકતાની એકતા અને સંપૂર્ણ ગચ્છને સત્ય સંવત્સરીની આરાધનાની આરાધના. એકતા સાધી લેવાની આ સોનામઢી તક ફરી ફરીને આવવાની નથી તે લોકોએ વિચારવું જોઇએ કે બે તિથિવાળા ક્યારેય કોઇની સાથે ભળતા નથી તો કંઇ નહિ, આપણે તે. એકતાથી જ મતલબ છે ને ચાલોને આપણે તેમની સાથે ભળી જઇએ એમાં કયાં નાના બાપના થઇ જવાના છીએ. અને સાચા પક્ષમાં ભળવા આવવામાં કોઇ શાસ્ત્રીય બાધ પણ નથી ઉલટાનું શાસ્ત્ર વિરૂધ્ધ સંમેલનમાં ભળવામાં જ બાધ હતો અને છે.

આમ છતાં આ વિકલ્પ પણ તેઓશ્રીઓ પસંદ ન કરી શકે, ગમે તે કારણોસર તો

(૪) આ સં. ૨૦૫૪ ની સાલનું સંવચ્છરી પડિક્કમણું કર્યા પછી એક પણ એવું મોટું કે નાનું પાપ નહિ સેવાઇ જાય તેની કાળજી રાખવી કે જેથી ૨૦૫૫ ની સાલે સંવચ્છરી પરિક્કમણું કરવાનું મોકૂફ રાખવામાં બાધ ન આવે અને આ સાલના પર્યુષણ આવે ત્યાં સુધી નક્કામી ઠેક-ઠેકાણે મિટિંગો બોલાવી શાસન સેવાનો અમૂલ્ય સમય વેડફવાની જરૂર પણ ના રહે. આ સાલ કોઇ પાપ બંધાયુ ન હોઇ સંવત્સરી પડિક્કમણું મોકૂફ રાખવામાં આવેલ છે આવુ છાપામાં નિવેદન કર્યુ દેવું.

એ સિવાય એક બીજો તુક્કો તો નહિ પણ સુંદર વિચાર એ લોકોના લાભમાં મને એ જણાયો કે (છેલ્લો જ છે હોં ભૈ.)

(૫) જેમ તિથિઓ અને મહિનાઓની ક્ષયવૃદ્ધિ આવે છે તેમ તેમણે સં. ૨૦૫૫ નો ક્ષય માની લેવો જેથી ૨૦૫૪ માં જ બધુ સમાઇ જાય, અથવા તો કોઇ બાધ ના નડતો હોય તો તેમણે ૨૦૫૫ ની વૃદ્ધિ કરી દેવી જેથી તેમને તેમણે નાનેલી જટિલ / રાક્ષસી સમસ્યા માટે ઉકેલ શોધવા માટે હજી એક વધારાનું વર્ષ મલી રહે. અને જો સં. ૨૦૫૫ ને ક્ષય કે વૃદ્ધિની હેરાનગતિ કરવી ના હોય તો સં. ૨૦૫૫ નાં ભાદરવા સુદ ચોથને એના વાર અને તારીખમાંથી આઘા પાછા કરવાની હેરાનગતિ કરી નહિ શકાય. ક્ષય કે વૃદ્ધિ બીજની ને હેરાનગતિ બીજી તિથિને ? હોં પછી હું આવુ બધુ નહિ ચલાવી લઉ અને...

અરે ! ભદ્રંભદ્ર તમે તો સૂચનો આપતા આપતા સીધા આદેશો કરવા મંડી પડ્યા. તમે તમારા મનથી એમ કેમ માની લો છો કે એ લોકો તમે સૂચવેલા ઉકેલો અંગે કશું વિચારશે જ નહિ.

હા. હોં મિત્ર ! તમારી એ વાત સાચી અને આમેય આપણે તો ઉકેલ બતાવનારા. એ મુજબ એમને વર્તવું હોય તો વર્તે નહિ તો કંઇ નહિ. કાલ ઉઠીને આપણને કોઇ કહી નો જાય કે તમારે છતી બુધ્ધિએ ઉકેલ તો બતાવવ. જોઇએ ને ? એટલે આપણે તો ભૈ ઉકેલ બતાવી દીધા, અને એય... ભગા ! આમ જો, તને ક્યાંય એવી નહિ જેટલી પણ ગંધ આવે ને કે એમના ભગતો મને શોધે છે તો છેને મને અડધી રાતે પણ તારા બધા કામ પડતા મૂકીને મને તાકીદે જણાવજે હોં. મેં ઉકેલો સૂચવતા તો સૂચવી દીધા છે આની સામે સામા પક્ષે કંઈ ઉહાપોહ ના થાય ત્યાં સુધી આપણે તેને એમને એમ જ રહેવા દેશુ. અને કંઇપણ ઉહાપોહ જેવું સળવળે ને એમાં ય મને માર પડવાનો સમય આવી લાગે ને તો આપણે આ ઉકેલોને શુધ્ધ દિલથી મૂક્યા હોવા છતાં કોઇને દુઃખ થયું હોય તો ક્ષમા માંગવાપૂર્વક પાછા ખેંચી લેવામાં જરાય ઢીલ નથી કરવી. અને એમાં મને તો કશો બાધ જણાતો નથી.

મિત્ર ! સાચુ કહુ આ સાલો એક મારનો ભય એવો અતરતાક છે ને કે આપણે સાચી વાતો કોઇની આગળ રજુ કરી નથી શકતા. આમ તો હું મોતની પણ પરવા નો કરૂ, તો મારની તો શું કરૂ ? પણ અકાળે વગર લેવા દેવાના ટીપાવામાં કંઇ સાર પણ નથી અને ટીપાયા પછી આપણા માયલા જ પાછા ઉપદેશ આપે કે – 'લો લેતા જાવ બહુ મોટુ ડહાપણ કર્યા કરતા'તા ને'

માઇકલ જેકસન કે ગારફીલ્ડ જેવા બોક્ષરો અથવા તો કારાસીંગ જેવા હાલના કુસ્તીબાજો માર મિત્રો હોત તો...

શરીરની કે સંપત્તિની કે સત્તાની શક્તિ આગળ સત્ય કચડાઇ જતું આવ્યું છે. તો ય કોઇ સત્ય બોલવાનું કે આચરવાનું ભૂલે ચૂકેય છોડી દેશો ના. કેમ કે આખરે તો સત્યમેવ જયતે. સત્ય જ વિજયી બને છે.

સારૂં મિત્ર ! તો હવે તેઓના શું પ્રત્યાઘાત છે તે જાણ્યા પછી જ નવું પગલું ભરશુ. બસ. સં. ૨૦૫૫ કી જય.

પૈસો જીવનનું સાધન છે, ઉદ્દેશ નહિ

* પૈસાથી મૂર્તિ ખરીદી શકાય છે ભગવાન નહિ.
* પૈસાથી પથારી ખરીદી શકાય છે ઊંઘ નહિ.
* પૈસાથી ભોજન ખરીદી શકાય છે ભૂખ નહિ.
* પૈસાથી દવામા ખરીદી શકાય છે આંખો નહિ.
* પૈસાથી માણસ ખરીદી શકાય છે વફાદારી નહિ.
* પૈસાથી દવા ખરીદી શકાય છે તંદુરસ્તી નહિ.
* પૈસાથી પુસ્તકો ખરીદી શકાય છે જ્ઞાન નહિ.
* પૈસાથી પગવડ ખરીદી શકાય છે સુંદરતા નહિ.
* પૈસાથી પેન ખરીદી શકાય છે વિચાર નહિ.
* પૈસાથી નોકર ખરીદી શકાય છે સેવક નહિ.
* પૈસાથી કો ખરીદી શકાય છે પત્ની નહિ.
* પૈસાથી શસ્ત્ર ખરીદી શકાય છે પરિણામ નહિ.
* પૈસાથી મજબૂરી ખરીદી શકાય છે ખુદ્દારી નહિ.
* પૈસાથી સુખ સાધન ખરીદી શકાય છે શાંતિ નહિ.

–પ્રવીણસિંહ પી. ચાવડા

શાસન સમાચાર

અમદાવાદ :– પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. ૬૮ માં વર્ષમાં દીક્ષા પ્રવેશ નિમિતે પોષ વદ ૫ ના મહાવીર સ્વામી જિનાલય ચૈત્યપરિ પાટનું આયોજન થયું અને તે ઉતર્યા બાદ દીક્ષા ધર્મ અંગે પ્રવચન થયુ પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂ. મ. પૂ. મુ. શ્રી વિશ્વકીર્તિ વિ. મ. પૂ. મુ. શ્રી દિવ્યકીર્તિ વિ. મ. પધારેલ અને પૂ. આ. મ. શ્રી ના સંયમ ધર્મ અંગે પ્રવચનો થયા હતા.

બોરીવલી :– ચંદ્રાવરકરલેન – પૂ. આ. શ્રી વિજય પ્રદ્યોત સૂરીશ્વરજી મ. ની પાંચમી વાર્ષિક તિથિ પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ની પ્રથમ વાર્ષિક તિથિ પૂ. સા. શ્રી ઉદયચંદ્રાશ્રી મ. ની ૧૦ વર્ષ સંયમ જીવનની પૂર્ણાહૂતિ નિમિતે શ્રી વીશ સ્થાવન પૂજા સહિત પંચાહ્નિકા મહોત્સવ શ્રી મહાવીર સ્વામી દેરાસરે પો. વદ ૨ થી વદ ૬ સુધી પૂ. મુ. જિનદર્શન વિ. મ., પૂ. મુ. શ્રી મોક્ષદર્શન વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી રત્નપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો.

શકલેશપુર – (કર્ણાટક) અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂ. મ. ની નિશ્રામાં પો. વદ ૧૪ થી મહા સુદ ૮ સુધી ભવ્ય રીતે અંજન શલાકા મહોત્સવનું આયોજન થયુ છે.

સુરત – રાંદેર રોડ :– અત્રે પૂ. પ. શ્રી પુણ્યરત્ન વિજયજી મ. આદિની નિશ્રામાં પાઠશાળા સંમેલન થયું પૂ. શ્રી ના વકતવ્ય થયા શ્રી નરેન્દ્રભાઈ કામદારે બાળકોને મનનીય સમજણ આપી હતી. શિક્ષક મંચીન્યકુમારભાઇને હસ્તે શિક્ષકોનું સન્માન થયેલ શિક્ષક શ્રી બાલુભાઇએ સંચાલન કર્યું હતું.

પાટણ નગીનદાસભાઇના મંડપ ઉપાશ્રયમાં

પાટણ જૈન સંઘ વતી મરૂધરવાસીયેાં તરફથી પ. પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કમલરત્નસૂરીશ્વરજી** મ. સા. તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **દર્શન રત્નસૂરીશ્વરજી** મ. આદિ સાધુ–સાધ્વીજી વિશાળ સમુદાયનો પોષ સુદ ૭ શુક્રવાર દિ: ૨૫–૧૨–૯૮ ને ભવ્ય પ્રવેશ થયેલ, વ્યાખ્યાન અને પ્રભાવના પણ થયેલ. બીજે દિવસનું વ્યાખ્યાન પણ જાહેર થયેલ. અત્રેથી વિહાર કરી ઉંઝા પોષ સુદ ૧૧ મંગલવાર દિ: ૨૯–૧૨–૯૮ ને પૂજ્યશ્રી પધારેલ.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૪] —શ્રી રાજુભાઇ પંડિત

ધુતક્રીડાના વિચારથી તેમને પાછા વાળો, ધૃતરાષ્ટ્ર !

'ધુષ્ટરાજ ! યાદ કરો તે ભવિષ્ય વાણીને. 'દુર્યોધન સમ્રાટ જરૂર બનશે પરંતુ કુળનો અને પ્રજાનો સંહારક બનશે.' યાદ આવે છે કાંઇ. ધુષ્ટરાજ ! મેં ત્યારે જ કહેલું કે એવા કુલાંગાર પુત્રને તજી દો.' હજી બાજી હાથમાં છે ધુષ્ટરાજ ! ચેતી જાવ. પુત્રના મોહમાં રાજકુળના અને પ્રજાજનોના પ્રાણોના વિનાશ વેરો મા.'

પિતા ધુતરાષ્ટ્ર પાસે મામા સાથે આવીને દુર્યોધને બેસીને લાંબા–લાંબા નિઃશાસા નાખવા મંડયા.

ધુતરાષ્ટ્રે પૂછયું–વત્સ ! તારા પરાભવ કરનારો કયો મૂર્ખ સળગતી જ્વાળામાં કુદી પડવાના ધંધા કરે છે ? શેષનાગના મસ્તકે રહેલા મણિને ખેંચવાના કયા સ્વ-રછીંદીને ખભરખા જાગ્યા છે ? વત્સ ! તારા દીર્ઘ નિ સાસા તારા પરાભવને કહે છે જે હોય તે જણાવી દે.

શકુનિએ તરત જ કહ્યું–હે રાજન ! ઇન્દ્રની પણ શું તાકાત છે કે તમારા પુત્રનો પરાભવ કરી શકે ? પરંતુ દેવ ! દુઃખ તો કંઇક જુદુ જ છે.

દુર્યોધને કહ્યું–તાત ! હસ્તિનાપુર ધ્વજોત્સવમાં જઇને આવ્યા પછી યુધિષ્ઠિરનું સામ્રાજ્ય અને સમૃદ્ધિ મને અકળાવી રહી છે. તેનો પ્રચંડ પ્રતાપ મારા મનને ખિન્ન કરી રહ્યો છે.

'તને ધિક્કાર છે વત્સ ! આટલી ખતરનાક ઇર્ષ્યા કરતાં તને શરમ ના આવી. એ પણ તારા જ ભાઇના સામ્રાજ્યની. તે યુધિષ્ઠિર મારો જ યુધિષ્ઠિર છે આટલું પણ તારાથી વિચારી ના શકાયું ? ભાઇની જે સમૃદ્ધિ તને આનંદ દેનાર હોવી જોઇએ તે જ સમૃદ્ધિ દુઃખની વાત છે કે વત્સ ! તારી જેવા અભાગીયાને ઇર્ષ્યા કરાવી રહી છે.

પિતાજી ! યુધિષ્ઠિરની તે સામ્રાજ્ય–સમૃદ્ધિ મને તેટલી દુઃખકર નથી બની જેટલી દુઃખકર દ્યૂતસભામાં મારો થયેલો તિરસ્કાર બન્યો છે. દ્યૂતસભાની વાત તમને શકુનિ મામા કહી સંભળાવશે.

અને પછી શકુનિએ પોતાની રીતે મૂળથી માંડીને દ્યૂતસભાની વાત કહી સંભળાવી

'હવે તો હું દ્રૌપદી સહિત પાંડવોની સામ્રાજ્ય–સમૃદ્ધિને લઇને જ જંપીશ.

અન્યથા હું મરણને શરણ થઇશ. તાત ! ક્ષણે-ક્ષણે ક્લેશથી જીવવા કરતાં મરવું જ મારું છું કે વધુ સારૂ છે.'

પણ વત્સ ! પાંડવો સાથે શસ્ત્રોનો સંગ્રામ ખેડવો એ તો ઉજ્જવળ આ કુરુ-વંશને કલંક લગાડનારૂં છે. ઘરડો થયો છતાં પણ રાજા પુત્રના વાત્સલ્યથી મૂઢ બનીને પુત્રોના માત્સર્યને દૂર કરી ના શકયો. આવો વિશ્વ આખામાં મારો પરિચય થશે વત્સ ! હવે તું આવા દુર્યોધનથી પાછો ફર એજ તારા તથા કુળના હિતમાં છે. અને પરાક્રમી પાંડવોને તું શું સમજે છે ? લાખ્ખો વીરોને એ પાંચેય પાંડવો ક્ષય પમાડી શકે તેમ છે.

પણ રાજન ! મારી પાસે પાંડવોની સર્વ ઋદ્ધિ હસ્તગત કરી લેવાનો ઉપાય છે કે જેથી સંગ્રામમાં કોઇના શરીરને બાણો પણ અડશે નહિ અને (તમારી) અકીર્તિ પણ થશે નહિ. હું દ્યુતક્રીડા સારી રીતે જાણું છું અને યુધિષ્ઠિર દ્યુતક્રીડામાં અત્યંત આસક્ત છે તેને દ્યુતમાં કેમ જીતવો તે મારા ઉપર છોડી દો નાથ ! જો તમારી અનુજ્ઞા હોય તો પાંડવોની લક્ષ્મી બધી જ તમારા ચરણોમાં લાવી કરું.

દુર્યોધને પણ કહ્યું-પિતાજી ! તમારે આ માટે તો સંમતિ આપવી જ પડશે.

આથી ધૃતરાષ્ટ્રે કહ્યું-'હસ્તિનાપુરથી હું વિદુરને બોલાવીશ. તેની સાથે તમારી વાતની મંત્રણા કરીશ. અને પછી જ બધું નક્કિ કરીશ. હું જેના શાસનમાં રહ્યો છું તેને મારે પૂછવું તો પડશે જ.'

પોતાની ગોઠવેલી ષડ્યંત્રની બાજી ઉપર પાણી ફરી વળતું જોઇને ખિન્ન થયેલા દુર્યોધને કહ્યું-'જો તમે વિદુરને બોલાવીને તેની સાથે મંત્રણા કરવાના હો તો સમજી રાખજો કે તે કાકા વિદુર કદિ અમારી વાતમાં સંમત થવાના નથી. અને તેથી હું મારી ઇચ્છા પૂરી નહિ થાય તો નક્કિ માનજો કે હું જીવી શકવાનો નથી. અને મારા મર્યા પછી હે રાજેન્દ્ર ! તમે વિદુર સાથે સુખી રહેજો અને તમે બંને પૃથ્વિને ભોગવજો.'

આટલું સાંભળતા (ઢીલા પડી ગયેલા) ધૃતરાષ્ટ્રે સ્નેહથી ઊંચું મુખ કરી હાથથી મસ્તકે દુર્યોધનને સ્પર્શ કરતાં કહ્યું-વત્સ ! તારે યુધિષ્ઠિર કરતા જરાય ઓછી સમૃદ્ધિ નથી. જો તને તેવી દિવ્યસભા ન હોવાનો ખેદ હોય તો હું તેવી દિવ્યસભા કરાવી આપું છું. ખેદ ના કરીશ.

આ રીતે પુત્રને સાંત્વન આપીને ધૃતરાષ્ટ્રે દિવ્યસભા કરવા માટે સેવકોને આદેશ આપી દીધો. અને થોડા જ સમયમાં હસ્તિનાપુર જેવી જ દિવ્યસભા તૈયાર થઇ ગઇ.

બીજી તરફ હસ્તિનાપુરથી તેડાવેલા વિદુર આવી ગયા. ધૃતરાષ્ટ્રે મામા તથા

ભાણેજે દ્યુતક્રીડા સુધીની કરેલી વિચારણા વિદુરને જણાવી. અને વિદુરનો આ અંગે અભિપ્રાય માંગ્યો.

આથી વિદુરે કહ્યું કે-ચાલ કરો ભાઇ ! ધુતરાષ્ટ્ર ! નૈમિત્તિકે કહ્યું હતું કે-'દુર્યોધન સમ્રાટ તો જરૂર થશે પરંતુ તે કુળનો તથા પ્રજાનો સંહારક બનશે.' કુળ રૂપ અરણ્યમાં ઉઠેલો અગ્નિ આ દુર્યોધન છે. તમારી દ્યુતક્રીડા સુધીની મંત્રણા સાંભળતા જ મારા અંતરમાં ચીરા પડે છે. નલ-કુબરના પૂર્વના ભૂતકાળનો દ્યુતક્રીડાનો કરૂણ રંજનવાળો ઇતિહાસ શું તમને ખ્યાલમાં નથી રાજન !'

એમ કહીને વિદુરે ધુતરાષ્ટ્રને નળ-ધુતાખ્યાન કહી સંભળાવ્યું અને છેલ્લે છેલ્લે કહ્યું કે-રાજન ! નલ-કુબરની વાર્તા મેં તમને કહી. છળ-કપટથી જીતેલી પૃથ્વી આખરે કુબર પાસે ના ટકી તે ના જ ટકી.

મને તો તમારો આ વિચાર રાજન ! ભવિષ્યના સારા માટે નથી જણાતો. કદાચ તમે જુગારમાં પાંડવોને જીતી લીધા અને છતાં પાંડવો તે ભૂમિ નહિ આપે તો કોની તાકાત છે કે તે પાંડવો પાસેથી તે ભૂમિ લઇ શકશે. કદાચ સત્યવાદી યુધિષ્ઠિર તે ભૂમિ આપી દેશે તો પણ ભીમ અને અર્જુન છે ત્યાં સુધી દુર્યોધન પાસે તે સદાકાળ માટે ટકી શકવાની નથી સંગ્રામ ખેડાશે તો ભીમાર્જુન તારા પુત્રોને જીવતા નહિ છોડે. રાજકુળના ક્ષેમ-કુશળનો વિનાશ વેરનારા દ્યુતથી હે રાજન ! તું તારા પુત્રને અટકાવ. દ્યુતક્રીડા કોઇના પણ માટે ક્ષેમંકર નથી.'

વિદુરની આટલી ગંભીર ચેતવણી પૂર્વકની હિતવાણી ધુતરાષ્ટ્રના મનમાં ના બેઠી તે ના જ બેઠી. આથી હવે અહીં વધુ રહેવામાં સાર નથી તેમ સમજી પુત્રના મોહથી સજકુળના ભવિષ્યને જોવામાં અંધ બની ચૂકેલા ધુતરાષ્ટ્રની ઉપેક્ષા કરીને દુઃખના અનહદ ભાર સાથે વિદુર હસ્તિનાપુર પાછા ફર્યા.

(ક્રમશઃ)

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ
-: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :-
સી-૨, ટી-૧૧૦, મહાવીર નગર, શંકર લેન,
કાંદિવલી (વે.), મુંબઇ-૪૦૦ ૦૬૭ ફોન : ૮૦૬ ૫૫૬૯

ધર્મદ્રવ્ય રક્ષણની વિચારણા

આપણા શ્રી જૈનેશ્વર પરમાત્માના શાસન ઉપર અનેક પ્રકારના આંતર બાહ્ય આક્રમણો આવી રહ્યા છે. એમાં પણ ધર્મદ્રવ્ય અંગેનો એક મુદ્દો ગંભીર પણે વિચાર માંગી લે એમ લાગવાથી એ બાબતમાં સત્વરે ઠોસ ઠરવું જોઇએ નહીં તો આપણા શાસનમાં એક મોટી સમસ્યા ઉભી થઇ જશે એમ ચોક્કસ લાગે છે.

આપણા ધર્મદ્રવ્યના પૈસા મોટે ભાગે બેંકમાં યુ.ટી.આઇ. અથવા અન્ય કોઇ સરકારી સંસ્થામાં અથવા શેર બજાર કે બીજી Securities માં મોટા ભાગે પડયા હોય છે હાલના સંજોગોમાં એવી કદાચ માન્યતા હશે કે સરકારી બેંક કે સંસ્થામાં અન્યની અપેક્ષાએ પૈસો સલામત છે. પણ આ માન્યતા હવે સદંતર ખોટી થઇ પડી છે. હવે બેંક યુ.ટી.આઇ. કે જમીનગીરીમાં પૈસો માત્ર અસલામત જ નથી. પરંતુ અવ્યવહારૂ અને દુષ્ટ પરિણામોથી ભરપૂર છે. તેમ માનવાને પણ અનેક કારણો છે. સરકાર ખૂબ દેવામાં છે. વ્યાજ દર ખૂબ નીચો છે. મોંઘવારી કૂગાવો ખૂબ ભરેલો છે. સરકારની દાનત પણ ખરાબ છે. સારી બેંકમાં પણ જો જે કોઇ વગદાર માણસ ૫૦૦૦) કે ૧૦,૦૦૦) રૂા. તુરંત ઉપાડવા માંગે તો બેંક ના પાડે છે. ત્રણ દિવસ પહેલા બેંકને રોકડા માટે જાણ કરવી પડે એવા કિસ્સા બની રહ્યા છે. યુ.ટી.આઇ ચૂકવવાની બદલે તેને (ડીવીડંડને) ફરીથી બોન્ડમાં રોકવાનું પ્રલોભન આવે છે. ટુંકમાં આપવા માટે પૈસા નથી. અનેક નામાંકિત અર્થશાસ્ત્રીઓ કહે છે કે હજારો કરોડના ભેગા ઇશ્યુ બહાર પાડતી આઇ.ડી.બી.આઇ કે આઇ.સી.આઇ.સી.આઇ જેવી સંસ્થાઓ ચૂકવણી વખતે ૪૦૦૦૦ કરોડ ચૂકવી નહી શકે. આ બધાનો તાત્પર્યાર્થ એમ જ નીકળે કે સરકારી સંસ્થાઓની વિશ્વશનિયતા તળીયે જઇ રહી છે. આ ઉપરાંત સરકાર આપણા પૈસે મત્સ્ય ઉદ્યોગથી લઇને કતલખાના ચલાવનારને પૈસા ધીરે છે. મહા હિંસા અને મહાપાપથી ભરપૂર કાર્યોમાં આ સરકારી પૈસા વપરાય છે. આપણા પૈસાના માલીક આપણે હોવા છતાં આ બધું જ ચલાવી લેવું પડે એમ છે એવું અત્યાર સુધી આપણે માનતા હતા.

હવે આપણે આપણા વિચારોમાં પરિવર્તન લાવીને આ દીશામાં આગળ વિચારવું પડશે. આપણા દ્રવ્યને જો બેંક, F.D., UTI સિકયુરીટીમાં ના મૂકવા હોય તો તેનો પર્યાય શું ? અથવા મૂકવા તો કયાં મૂકવા ? અથવા મૂકવા પડે એ શું જરૂરી છે ? યોગ્ય છે ? શાસ્ત્રિય છે ? વ્યવહારૂ છે ? ફાયદાકારક છે ? આ બધું જ વિચારવા જેવું છે, સરકારમાં પૈસો રાખવાના અનેક ભયસ્થાનો છે. પણ મુખ્ય

મુદ્દો તો પૈસાને સંગ્રહીને ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ થાપણ તરીકે રાખી મૂકે છે તે જ છે. આપણા ધર્મ દ્રવ્યમાં હજારો કરોડ રૂા. આપણે વાપર્યા વગર મુડી રૂપે જમા રાખીએ છીએ જેના કારણે તે રૂા. બેંક વિગેરેમાં રાખવા પડે છે. શું પૈસાને મૂડી રૂપે જાળવી રાખવા યોગ્ય છે ? જો આ પ્રશ્નનો જવાબ મળી જાય તો મોટા ભાગના પ્રશ્નો ઉકેલાઇ જાય. એમ છતાં પણ આપણા ધર્મદ્રવ્યને બેંક કે સરકારમાં જમા રાખવાના જે ભય સ્થાનો છે તે પણ વિચારી લઇએ.

(૧) સરકાર દ્વારા તે પૈસા કાયમ માટે કે ટેમ્પરરી પણે જપ્ત કરી લે.

(૨) ચેરિટેબલ/રીલીજીયસ ટ્રસ્ટ જે મોટી રકમની થાપણ ધરાવે છે તેમાં સરકાર નોમિની અથવા વહિવટકાર નીમી દે દા.ત. તિરૂપતી, અંબાજી, સિદ્ધિ વિનાયક વિગેરે.

(૩) શ્રાવકોએ આત્મોન્નતિ માટે વ્યય કરેલા પૈસાને સરકાર કે બેંક એવા કાર્યોમાં વાપરે કે ધીરે જે નિશ્ચિત અધોગતિનું કારણ હોય.

(૪) આમણી થાપણો દ્વારા સરકાર આપણા ટ્રસ્ટો અને સંઘમાં પણ દખલગીરી કરવા ઘૂસી જાય એવી શક્યતા.

(૫) શાસ્ત્ર દ્રષ્ટિએ પૈસાનો સંગ્રહ જ ખોટો, મૂડી રૂપે રોકી રાખવા તે જ કદાચ અનાધિકાર.

(૬) અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ પણ અનુચિત દા.ત. ૧૦૦ રૂા. વીસ વર્ષ માટે બેંકમાં રખ્યા. કિંમત થઇ ૮૦૦ રૂા. વીસ વર્ષે. આ સમયે રૂપીયા આઠ ગણા જ થયા પણ તેની ખરીદ શક્તિ ૧૦% જ રહી ગઇ.

(૭) દાનનો સદ્વ્યય કરનાર પોતે ટ્રસ્ટી કે ટ્રસ્ટને આ રીતે ધનના સંગ્રહ કરવાના કાર્યને પોતે અર્જેલા પૈસાના મૂળભૂત આશયથી વિરૂદ્ધ માનતો થઇ જાય.

(૮) ધર્મદ્રવ્યની ખૂબ ખેંચ રહેલી છે. દેવદ્રવ્ય ખૂબ વધી ગયું હોવાની બૂમ પડાય છે પણ હકિકતમાં ઐતિહાસિક તિર્થોની જાળવણી માટે જીર્ણોદ્ધાર વિગેરે માટે અગણિત દાનની જરૂર છે. પણ દુઃખની વાત એ છે કે બેંકમા કરોડો રૂા. જમા છે ને આપણા તિર્થો જીર્ણશીર્ણ થતા જ રહેતા હોય છે. જ્ઞાન ખાતાના કાર્યોમાં કરોડની જરૂર છે આપણા જૂના પુસ્તકો અને પ્રતો ઉપર વિદેશમાં સંશોધન ચાલે છે. જર્મનીમાં સંસ્કૃત યુનિવર્સીટી પ્રવર્તમાન છે જ્યારે આપણે નિઃસહાય હાલતમાં છીએ. ઉપરાંત સાધર્મિકોની હાલત, ગુરૂ ભગવંતો, સાધ્વીજીઓ માટે વિહારની મુશ્કેલી અન્ય વ્યવસ્થા વિગેરે આપણા પાયાના સાતે ક્ષેત્રો માટે સદ્ધરતા જરૂરી છે. જો પૈસો

સંગ્રહ સ્થાનથી બહાર આવે અને યોગ્ય રીતે વપરાતો થાય તો ઠઠાય થોડી રાહત થાય.

(૯) ધર્મદ્રવ્ય સંગ્રહને કારણે ધનનું કેન્દ્રીય કરણ થઇ ગયુ છે. જે સત્તાના કેન્દ્ર બની ગયા છે. પૈસાનું મમત્વ આ શક્તિશાળી કેન્દ્રોમાં વધી જવાની સંભાવના વાળા છે. અનેક દુરગામી પરિણામો આવી રહ્યા છે.

(૧૦) જે ક્ષેત્રો સીઠાઇ રહ્યા છે તે વધુ સીઠાશે કેમકે છતે પૈસે ઠાયેો અટકે છે તથા ધનના સંગ્રહ તથા કેન્દ્રીકરણને લીધે બીન જરૂરી ક્ષેત્રોમાં અવસરે હવાલા પડે છે. જેમ કે પૈસા પડયા છે, ઉપાશ્રયમાં ખાતામાં જરૂર છે તો વાપરી ઠાઢો ! (ભલે કોઇ પણ ખાતાના હોય !) અવસરે વ્યાજ સાથે ભરી આપશું ! પાઠશાળા ખાતે પૈસાની જરૂર છે અને આયંબિલ ખાતાનાં પડયા છે તો વાપરી ઠાઢો ! બસ પછી હવાલા જ પડયા કરશે.

(૧૧) ધર્મદ્રવ્યની મોટી માત્રા સંગ્રહને કારણે તેના ઉપર અંકુશ મેળવવા માટે હુસાતુસી ઉભી થાય છે. માલીકી પણાની ભાવના પણ ઉભી થાય છે.

(૧૨) સંસારી અંકુશ આવવાનું ભયસ્થાન એકદમ મોટું છે. અયેાગ્ય અને લાયકાત વગરના લાલચુ સરકારી અમલદારો અને રાજકારણીઓનો હસ્તક્ષેપ થવાની શકયતા છે. આપણા ઘરની તિજોરી લાલચુ માણસ આગળ ઉઘાડી રાખવી એના કરતા પણ મોટું કામ સરકારમાં પૈસો રાખવો તે છે.

(૧૩) આપસના મતભેદોને હાલ બાજુ પર રાખીને આપણા ધર્મદ્રવ્યની પાકી વ્યવસ્થા જો નક્કી નહીં કરીએ તો નુકશાન શાસનને છે. બહારના આક્રમણો સામે પાંડવો જેવી ભાવના હોવી જોઇએ કે અમે બહારનાઓ સામે ૧૦૦ અથવા ૫ નથી પણ અમે એક થઇને ૧૦૫ છીએ, આ ખૂબ જરૂરી છે.

(૧૪ જે આશયથી પૈસા આવ્યા હોય તે જ આશયના કાર્યમાં જો પૈસા સમય મર્યાદામાં વ્યય થઇ જાય તો તે સંસ્થા માટે વિશ્વસનિય ગણાય પણ તે જ દ્રવ્યને સંગ્રહી રાખવામાં આવે તો દાતાના આશયની વિરૂદ્ધ અને ઓછુ વિશ્વસનિય ગણાય એમ સમજવામાં મુશ્કેલ નથી.

— શ્રી કિશોર એ. શાપરીઆ

❋ પરિપત્ર ❋

પૂ. આચાર્યશ્રી વિજયદર્શનરત્નસૂરીશ્વરજી મ.સા.કી ઓરસે
સુશ્રાવક શ્રી લાલચંદ્રજી નાહટા 'તરુન', કેકડીકા ધર્મલાભ।

પતા–દ્વારા : શ્રી જુહારમલજી દીપચંદજી નાહટા, કેકડી-૩૦૫૪૦૪ જિ. અજમેર (રાજ.)

૧. આપકા પ્રિન્ટેડ પરિપત્ર વિક્રમ સંવત ૨૦૫૫ કાર્તિક શુક્લા ચતુર્દશી, મંગળવાર દિનાંકિત ૩–૧૧–૧૯૯૮ કા પ્રાપ્ત હુઆ.

૨. આપકો અપની જિજ્ઞાસાઓ કે સમાધાર્થ નિમ્નાંકિત ગ્રન્થોકા વ્યવસ્થિત અધ્યયન સુવિહિત સંવિગ્ન ગીતાર્થ સાધુ ભગવંતકી નિશ્રામેં કરકે ગુરુગમસે સમ્યગ-જ્ઞાન (સહી સમાધાન) પ્રાપ્ત કરના હિતકર હોગા. અથવા તો આપ હમારે પાસ હમારી નિશ્રામેં રહકર પ્રતિદિન એક સામાયક લેકર બૈઠે તો ઉતને સમયમે હમ આપકો ઇનકા વ્યવસ્થિત અધ્યયન કરવા સકતે હૈ. આપ અપને ક્ષયોપશમકે અનુસાર અવધિમે અપની જિજ્ઞાસાઓકા સમાધાન પ્રાપ્ત કર સકેંગે. (૧) નવ તત્વ, (૨) જીવ વિચાર, (૩) છઃ કર્મગ્રંથ, (૪) ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર (૫) પ્રાયશ્ચિત આદિકે બારેમેં શાસ્ત્રીય વિધાન તો ઇસ પ્રકાર હૈ કિ શ્રી છેદસૂત્ર, શ્રી મહાનીષીથસૂત્ર આદિકા વ્યવસ્થિત અધ્યયન તો સર્વવિરતી સ્વીકાર કર લેનેકે પશ્ચાત ભી સંબન્ધિત યોગોદ્વહન પૂર્ણ કર લેને વાલે સાધુ મહાત્માકો હી કરાયા જા સકતા હૈ. ઇસલિયે યહ વિષય શ્રાવક/ગૃહસ્થકા હૈ હી નહી. અતઃ ઇસકે અધ્યયનકે લિયે નિર્ધારિત પ્રક્રિયા અપનાકર ઉસ જિજ્ઞાસાકા ભી સમાધાન પ્રાપ્ત કરને મેં આપ સફલ હો સકતે હૈ.

૩. આપકે ઉક્ત પત્રસે ઐસા પ્રતિત હોતા હૈ કિ ઉક્ત ગ્રન્થોકે વ્યવસ્થિત રુપ સે પર્યાપ્ત અધ્યયનકે અભાવમે એવં આપકા સુવિહિત સંવિગ્ન ગીતાર્થ સાધુ ભગવન્તો કે સમ્પર્ક/પરિચયમેં પ્રાયઃ નહી આનેસે આપકી જિજ્ઞાસાઓ/શંકાઓકા સમાધાન આપકો અભી તક નહી હુઆ હૈ. યદિ આપકે વહાં ઐસે સાધુ ભગવન્તોકે ચાતુર્માસ નિરન્તર હોતે રહતે ઔર આપભી ઉનકે સંપર્કમે આતે રહતે તો આપકી જિજ્ઞાસાઓ કા સમાધાન કભીકા હો જાતા. આપકે વહાંકે આગેવાન કાર્યકર્તાઓ, ટ્રસ્ટીગણોકાભી ઇસકે પ્રતિ ઉદાસીન ભાવ હી રહા હોગા અર્થાત ઉન્હોનેભી સુવિહિત સંવિગ્ન ગીતાર્થ સાધુ ભગવન્તોકે નિરન્તર ચાતુર્માસ નહીં કરવાકર ઉનકે પરિચયસે સ્થાનીય શ્રીસંઘકે સકલસ્વગણોકો વંચિત રખકર વે અપને કર્તવ્યકો પૂરા કરનેમે, પ્રમાદી રહતે હુએ પ્રયાષાર્થ નહીં કરનેસે, અસફળ રહે હોંગે.

૪. સુવિહિત સંવિગ્ન ગીતાર્થ સાધુ ભગવન્તોકે નિરન્તર ચાતુર્માસ હોતે રહેને સે, ઉનકે સંપર્ક/પરિચય મેં આતે રહનેસે શ્રીસંઘકે સદસ્યગણોંકો મહાન લાભ લેને કા એવં મહાપુણ્યોદયે પ્રાપ્ત જિનેશ્વરપરમાત્માકે શાસનકો હૃદયસ્થ કર, જિનાજ્ઞાનુસાર જીવન યાપન કર સમ્પૂર્ણ એવં શાસ્વત સુખ મુક્તિકો સમીપ કરનેકા મહાન. સુઅવસર પ્રાપ્ત હોતા હૈ. યદિ આપકે સ્થાનિય શ્રીસંઘકે આગેવાન કાર્યકર્તાગણ, ટ્રસ્ટીગણ સુવિહિત સંવિગ્ન ગીતાર્થ સાધુ ભગવન્તોકે ચાતુર્માસ નહી કરવાકર અસંવિગ્ન અગીતાર્થોકે ચાતુર્માસ કરવાતે હો તો ક્યા વે ભી દોષકે ભાગી નહી?

૫. ઇસ વર્ષકી સંવત્સરી મહાપર્વ કબ? ભાદરવા સુદ ૪ સોમવાર તારીખ ૧૩-૯-૧૯૯૯ કો. શાસ્ત્રકાર ભગવન્ત ફરમા રહે હૈ કિ:

ઉદયમ્મિ જા તિહિસા, પમાણમિઅરીઅ કીરમાણીએ. આણાભંગ-ણવસ્થા, તિચ્છત્ત-વિરાહણું પાવે ૧ ભાવાર્થ-ઉદયમે જો તિથિ હોવે વહી પ્રમાણ હૈ. ઉસે છોડ કર દૂસરી કરનેસે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ ઔર વિરાધના યે ચાર દોષ લગતે હૈ. ઇસ વર્ષ શ્રી સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગમે ઉદયાત ભાદરવા સુદ ૪ સોમવાર તારીખ ૧૩-૯-૧૯૯૯ કો કર્શાયા ગયા હૈ ઔર જિસકી પુષ્ટિમે સંઘમાન્ય જન્મ ભૂમિ પંચાંગમે પૃષ્ઠ સંખ્યા ૭૭ કી ફોટો સ્ટેટ પ્રતિ સંલગ્ન હૈ. શ્રીસીમન્ધરસ્વામી પ્રત્યક્ષ પંચાંગ વિક્રમસંવત ૨૦૫૫ મે ભી ભાદરવા સુદી પંચમીકી વૃદ્ધિ કર્શાયી હૈ ઉસ પન્ને કી ભી ફોટો સ્ટેટ પ્રતિ સંલગ્ન હૈ.

જન્મ ભૂમિ પંચાંગમે ભી ભાદવા સુદ પંચમીકી વૃદ્ધિ કર્શાયી હૈ ઉપરોક્ત શાસ્ત્ર વચનકા અનુસરણ કરકે ઉસી દિન શ્રી સંવત્સરી મહાપર્વકી આરાધના કરના યહી યોગ્ય એવં હિતકર હૈ। અપને સુવિહિત સંવિગ્ન ગીતાર્થ પૂર્વાચાર્યોંને પૂર્વમેં ભાદરવા સુદ પંચમીકી વૃદ્ધિકે પ્રસંગ પર ઉસી પ્રકાર આચરણાકી હૈ. ઉનકે શાસ્ત્રાનુસારી માર્ગકા અનુસરણ કરના યહ ઉનકે વફાદાર અનુયાયી સ્વરુપ અપને સબકા પરમ કર્તવ્ય હૈ.

૬. રત્નત્રયીકી જિનાજ્ઞાનુસાર નિરન્તર ધર્મ આરાધના કરનેમે ઉજમાલ બન સ્વ-પર કી મુક્તિકી ખૂબ નિકટ બનાવે યહી માત્ર સુભાભિલાષા. આચાર્યશ્રી કી આજ્ઞાસે લિખી ઉદયચન્દ હ. મેહતાકા સાદર જયજિનેન્દ્ર.

卐

પંચ કલ્યાણક ઉપર એક અદ્‌ભૂત ચિંતન

—પૂ. આ. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.

જિહાં પંચ સમિતિયુત પંચ મહાવ્રતસાર,
જેમાં પ્રકાશ્યા વળી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠી અરિહંત નાથ સર્વજ્ઞને પારગ;
એ પંચ પદે લહ્યો આગમ અર્થ ઉદાર.


અનંત અનંતોપકારી પરમ કારુણિક પરમ તારક તિર્થંકર પરમાત્માના પાંચે કલ્યાણકમાં પાંચ સમિતિ પણ ગર્ભિત રહેલી છે. પરમાત્મા માતાના ગર્ભમાં પોતાના માતાને દુ:ખ ન થાય તેવી રીતે હાલેચાલે છે. ઇરિયા સમિતિ એટલે હાલવું ચાલવું. આસન્ન અનંતોપકારી ભગવાન શ્રી મહાવીર પ્રભુએ ગર્ભમાં માતાને દુ:ખ ન થાય માટે સ્થિર બન્યા હતા. માતાને દુ:ખ થયું અને ભગવાને પગ હલાવ્યો. આ રીતે ઇર્યા સમિતિ પરમાત્માના ચ્યવન કલ્યાણકમાં ગર્ભિત છે.

જન્મ પછી ઇન્દ્ર મેરૂ પર્વત ઉપર લઇ ગયા અને પરમાત્માને અભિષેક કરતાં પૂર્વક શંકા થઇ કે આટલા નાના ભગવાન આ કલશો દ્વારા થતી ધારાના ભારને કેવી રીતે સહન કરશે. ત્યારે પરમાત્માએ ભાષા સમિતિ પાળી અને પોતાના શક્તિનો પરચો આપી સમજાવ્યું. બાલક્રીડામાં પ્રભુ બોલ્યા નથી હું આટલો નિર્ભય છું ! આલક્રીડામાં પ્રભુ વીરે દેવને મુઠ્ઠી મૂકીને પોતાની નિર્ભયતા બતાવી. અને ભગવાનને નિશાળે લઇ ગયા તો પણ ભગવાન બોલ્યા નહી કે હું ભણેલો છું ! અને ત્યાં ઇન્દ્ર બ્રાહ્મણરૂપે આવી ભગવાનને પ્રશ્ન પૂછ્યા ભગવાને જવાબ આપ્યો આમ ભગવાનના જન્મથી માંડીને દીક્ષા સુધી ભગવાનની ભાષા સમિતિ જોરદાર હોય છે.

પરમ તારક પરમાત્મા દીક્ષા પછી ભગવાન જેવી બોલવા સમિતિ જોરદાર હોય છે. અને ભગવાનને લોકાલોક પ્રકાશી કેવલજ્ઞાન થતાં કંઇ વસ્તુ છોડવા જેવી, કંઇ વસ્તુ રાખવા અને જાણવા જેવી એ પોતે જાણી સમજી જોઇ જગતને બતાવે છે. કેવલજ્ઞાનમાં ભગવાન જેવી આદાનભંડમતનિક્ષેપણા સમિતિ કોઇની નથી અને ભગવાન નિર્વાણ પામતા ભગવાન જેવી પરિષ્ઠાપનિકા સમિતિ કોઇ નથી.

એવી જ રીતે પંચ મહાવ્રતમાં પંચ કલ્યાણકમાં ઘટે છે. ભગવાન માતાના ગર્ભમાં પણ પોતાના માતાને થોડું પણ દુ:ખ ન થાય એવી રીતે ગર્ભમાં રહે છે. એવી પરમાત્મા સૂક્ષ્મ અહિંસાના પાલન પોતાના વર્તણુંકમાં ઉતારનાર છે. એટલે ચ્યવન કલ્યાણકમાં પહેલું મહાવ્રત ગર્ભિત છે. (જુઓ પેજ ૬૦૪)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* મિથ્યાત્વ મોહની સત્તા ઉઠે તો જ અધ્યાત્મ ભાવ આવે તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત ગમે, નહિ તો પૈસા-ટકા, દુનિયાની મોજ મજાદિ માટે જ ધર્મ થાય

* જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ થાય તો ય સત્યાનાશ કાઢે.

* શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે, નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.

* સમ્યગ્દૃષ્ટિ તેને જ કહેવાય કે જેની દૃષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દૃષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ.

* જે ભવને ભયંકર ન માને અને ભદ્રંકર માને તે ધર્મને લાયક નથી; ધર્મ માટે તે અનધિકારી છે, ધર્મીપણું એનાથી વેગળું છે. માણસાઇ વિનાના માણસ જેમ નકામા છે તેમ ધર્મ વગરના કહેવાતા ધર્મીપણ નકામા છે.

* સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ-છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાન્તની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ.

* જ્યારે જ્યારે નવી વાત આવે ત્યારે સત્ય શું છે, અસત્ય શું છે તે જાણવાનું મન ન થાય, સમજવાનું મન ન થાય, સમજ્યા પછી સાચું કરવાનું અને ખોટું છોડવાનું મન ન થાય તે બધા મિથ્યાત્વના પ્રેમી છે!

* મોક્ષની ઇચ્છા વગરનાને ધર્મમાં મજા ન આવે, તેને તો પાપમાં મજા આવે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

नमो चउविसाए तित्थयराणं
उसभाई महावीर पज्जवसाणं

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष ११

अंक २५+२६
२७+२८

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
४५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

२१४

* पात्रनुं लक्षण *

पाकारेणोच्यते पापं
त्रकारस्त्राणवाचकः ॥
अक्षरद्वयसंयोगे,
पात्रमाहुर्मनीषिणः ॥

'पा' कार એ પાપ વાચી શબ્દ છે અને 'त्र'कार એ રક્ષણ વાચી શબ્દ છે. તેથી જે પાપથી બચાવે એ પ્રમાણેના બે 'पा' 'त्र' શબ્દના સંયોગને બુદ્ધિશાલિઓ 'પાત્ર' કહે છે.

શ્રી સુપાર્શ્વનાથ જિને-દ્રાય નમઃ શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વર જિને-દ્રાય નમઃ
હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી સોળસલા (જામ-સલાયા) થી શ્રી હાલાર તીર્થ થઇ શ્રી મોડપર છ'રી પાલક યાત્રા સંઘમાં પધારવા

: આમંત્રણ પત્રિકા :

શુભ સ્થળ : સોળસલા (વાયા-જામ-ખંભાલીઆ)

સુજ્ઞ ધર્મબંધુ,

વાંઢરાથી લિ. શાહ મેરગ વીરપાર ગહા પરિવાર સોળસલાવાળાના સાદર પ્રણામ વાંચશો. અત્રે શાતા છે તત્ર વર્તો.

થાનગઢથી શ્રી ડોળીયાતીર્થ અને શ્રી શંખેશ્વર મહાતીર્થના યાત્રા સંઘમાં પૂજ્ય ઉપકારી ગુરૂદેવ **આચાર્યદેવ શ્રી વિજય જિને-દ્રસૂરીશ્વરજી મહારાજ** ના ઉપદેશથી અમોને અમારા ગામ **સોળસલાથી શ્રી હાલાર તીર્થ** થઇને **શ્રી મોડપરે તીર્થનો છ'રી પાલક સંઘ** લઇ જવાનો મનોરથ થયો અને પૂજ્ય ગુરૂદેવને શ્રી શંખેશ્વર મહાતીર્થમાં આ અંગે વિનંતી કરતાં તેઓશ્રીએ અમારી વિનંતિનો સ્વીકાર કરીને અમારા ભાવની વૃદ્ધિ કરી છે.

આ યાત્રા સંઘ પૂ. આ. શ્રી **વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટધર પૂ. આ. શ્રી **વિજય જિને-દ્રસૂરીશ્વરજી મ**, આદિ તથા પૂ. પ્રવર્ત્તિની સા. શ્રી **સુરે-દ્રપ્રભાશ્રીજી મ.** આદિ તથા પૂ. સા. શ્રી **અનંતપ્રભાશ્રીજી મ.** આદિ ઉગ્ર વિહાર કરીને પધારશે તથા પૂ. પં. શ્રી **વજસેનવિજયજી મ.** તથા ૨૦૦ ઓળીના **તપસ્વી પૂ. મુનિરાજ શ્રી દિવ્યાનંદવિજયજી મ.** આદિને પણ આ સંઘમાં પધારવા **વિનંતી કરી છે. આપને** આ યાત્રા સંઘમાં પધારવા નમ્ર વિનંતી છે. આ૨નું નામ વૈશાખ સુદ ૩ રવિવાર તા. ૧૮-૪-૯૯ સુધીમાં લખાવી દેવા વિનંતી છે જેથી પ્રવેશ પત્ર મોકલી શકાય.

* યાત્રા સંઘનો કાર્યક્રમ *

પ્રથમ જેઠ સુદ પ્રથમ ૧૩ ગુરૂવાર તા. ૨૭-૫-૯૯, ગુરુદેવોનો પ્રવેશ સોળસલા મુકામે શ્રી પંચકલ્યાણક પૂજા.

પ્રથમ જેઠ સુદ બીજી ૧૩ શુક્રવાર તા. ૨૮-૫-૯૯, યાત્રા સંઘનું પ્રયાણ, આરાધના ધામ હાલાર તીર્થ મુકામે.

(અનુ. જુઓ ટાઇટલ ૩ ઉપર)

પ્રેરણા મુજબ ધારણા અને શિક્ષાકર રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

વર્ષ : ૧૧] ૨૦૫૫ ફાગણ સુદ ૧૫ મંગળવાર તા. ૨-૩-૯૯ [અંક : ૨૭-૨૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૯ મંગળવાર તા. ૪-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૩૦ મું) અવ૦)

જૈનકુળમાં જનમવા છતાં ય પણ જેને આ સાધુપણું મેળવવાનું મન ન થાય તેને આ મનુષ્યજન્મની કિંમત નથી, જૈનપણાની કિંમત નથી. આ મનુષ્યજન્મમાં શાસ્ત્રે ત્રણ ચીજને દુર્લભ ગણાવી છે. સદ્‌ગુરૂમુખે શ્રી જિનવાણીનું શ્રવણ કરવું તે, તેના ઉપર શ્રદ્ધા થવી તે, પછી આ સાધુપણું મળવું તે દુર્લભ છે. તેમાં પૈસા-ટકાદિ કશું આવતું નથી.

આજે સાધુને યોગ હોય તો રોજ શ્રી જિનવાણી સાંભળનારા પણ કેટલા મળે ? સાંભળનારામાં પણ સમજવાની ઇચ્છાવાળા કેટલા મળે ? તેના ઉપર ચિંતન કરીને શ્રદ્ધા કરનારા કેટલા મળે ? તેમાં ય સાધુપણાનું મન થાય તેવા કેટલા મળે ? આવું બધું આજે શાથી બન્યું છે ? આ મનુષ્યજન્મની કિંમત નથી સમજાઇ માટે. તમે તો આ જન્મનો ઉપયોગ પૈસા કમાવા, લહેર કરવા અને મોજમજાદિ કરવા કરો છો. ધાર્યા પૈસા મળે તો અભિમાન પાર નથી રહેતો બહુ પૈસાવાળા તો સાધુઓને પાપુ નવરા માને છે.

શાસ્ત્રે તો કહ્યું છે કે, જૈનકુળમાં જન્મેલો જે જીવ સમજદાર થયો તે તો એમ જ કહે કે-'મારે મોક્ષે જ જવું છે અને મોક્ષે જવા સાધુ થવું છે' જો આવું હૈયામાં હોય તો સમજી લેવું કે તેને જૈનકુળના સંસ્કાર મળ્યા છે. 'મારે મોક્ષે જવું છે અને મોક્ષે જવા સાધુ થવું છે' આવું જેના હૈયામાં ન હોય તો સમજી લેવું કે કે તેના મા-બાપ જૈન નહિ હોય ?

સભા૦ સંસ્કાર આપ્યા હોય અને ઝીલ્યા ન હોય તો ?

ઉ૦ આવાં મા-બાપનાં દર્શન કરવાં છે. ખોટી બનાવટ ના કરો. ઉંમરલાયક છોકરો બેઠો બેઠો મજેથી ખાય અને કાંઇ કામકાજ ના કરે તો શું કરો ? મા-બાપ સારા અને ધર્મી હોય તો ભાગ્યે જ છોકરા ખરાબ પાકે.

મારો તો તમારી ઉપર આક્ષેપ છે કે આજે જેટલા ધર્મહિન છે. ધર્મ કરતા નથી તે બધાનું પાપ મા-બાપના માથે છે. જે મા-બાપ કહે કે, અમે સુધારવા ખૂબ મહેનત કરી છે છતાં નથી સુધર્યો તો તે મા-બાપનો દોષ નથી તે છોકરાનો દોષ છે. તમારો છોકરો સાધુ ન થાય તો તમને તમારી ખામી લાગવી જોઇએ. તમારો છોકરો મરજી મુજબ લહેર કરે તે ગમે છે ? ગમે તે રીતે પૈસા કમાય તે ય ગમે ને ? તમારો છોકરો અનીતિ આદિ કરી ખૂબ ખૂબ પૈસા કમાય અને લહેર કરે તો તમને દુઃખ થાય કે-'મારો છોકરો ય આવો પાકયો !' કોઇ ઠાંડો તેને કહે કે-'આ શું કરે છે ? આપણે વધારે પૈસા નથી જોઇતા આટલા બધા પાપ શા માટે કરે છે ? તારે દુર્ગતિમાં જવું પડશે.'

સભા૦ બાપ પોતે જ કરતો હોય તો ?

ઉ૦ ધર્મી ગણાતો વર્ગ પૈસા માટે અનીતિ આદિ મજેથી કરે અને પોતે ખોટું કરે છે તેમ પણ માને નહિ, તેનું દુઃખ પણ ન હોય તો તેને ધર્મી કહેવાય ખરો ? તેનામાં સમ્યગ્દર્શન આવે ખરૂં ?

સભા૦ છોકરો નીતિપૂર્વક કમાવા માગે પણ બાપ જ કહે કે, વેપારમાં આવા ધર્મ વેડા ન ચાલે.

ઉ૦ આજે આવો જ મોટો ભાગ આવે છે.

આજે મોટાભાગમાંથી જૈનકુળના સંસ્કાર નાશ પામી ગયા મોટાભાગમાં સમ્યગ્દર્શન છે નહિ અને આવે તેવું લાગતું પણ નથી. અને તમે નક્કી કર્યું છે કે અમારે તે જોઇતું પણ નથી. સમ્યગ્દર્શન પામ્યા વિના આ ભવ પૂરો થયો તો તે

નકામો થવાનો. તુચ્છાનકારક થવાનો ફરી ક્યારે આવી સામગ્રીવાળો ભવ મળે તે ભગવાન જાણે વખતે અનંતકાળે પણ ન મળે.

તમને બધાને આ ભવની કિંમત છે ? આ ભવમાં સાધુપણું જ મેળવવા જેવું છે તેના વિના મુક્તિ થવાની નથી તેમ માનો છો ? આ ભવમાં આવી સામગ્રી મળવા છતાં પણ જો મુક્તિની સાધના ન કરીએ તો આપણા જેવા મૂરખ કોઇ નહિ તેમ પણ લાગે છે ? આ ભવમાં સાધુપણું પામ્યા વિના મરો તો તેનું દુઃખ થવાનું ? હજુ સુધી સાધુપણું નથી પામ્યા તેનું પણ દુઃખ છે ? હજી પણ સાધુપણું પામવું છે તેવું પણ મન છે ખરું ? આપણે ત્યાં સંથારાદીક્ષાની પણ આજ્ઞા છે. જેને આ મનુષ્યજન્મની કિંમત સમજાઇ હોય તેને સાધુપણું પામ્યા વિના મરવું પડે તેનું ઘણું દુઃખ હોય, આ જન્મમાં મેળવવા જેવું ન મેળવ્યું. એમ એ આત્માને થયા જ કરવું જોઇએ.

સભા૦ આપ આટલા સંસ્કાર આપો તો ય કોઇ નથી ઊઠતું તો અમારા છોકરા તો કઇ રીતે ઊઠે ?

ઉ૦ મારે આજ કહેવું છે. તમને નથી ગમ્યું માટે તમારા ઘરમાં પણ નથી આવતું. તમે જો શ્રાવક હોત તો તમારા છોકરા કદી આવા ન પાકત.

તમે બધા શ્રાવક પણ છો ? આ ભવ સાધુ થવા માટે જ છે. તેમ માનો છો ? જેને સાધુપણાની ઇચ્છા પણ ન થાય તેનામાં શ્રાવકપણું આવે ખરું ? જેને સાધુપણું પણ ન જોઇએ તેને શ્રાવકપણું પણ અપાય ? સમકિત પણ ઉચ્ચરાવાય ? શાસ્ત્રે તો કહ્યું છે કે, જે જીવ સમકિત લેવા આવે પણ કહે કે મારે સાધુ નથી થવું તો તેને જે સમકિત ઉચ્ચરાવે તે પણ પાપનો ભાગીદાર થાય. આ જન્મમાં સાધુ જ થવા જેવું છે તેમ જેને સમજાય નહિ તે કદી શ્રાવકપણું પામે નહિ, વ્રત લેતો હોય તો ય તેનામાં સાચા પરિણામ આવે નહિ. સર્વવિરતિની લાલસાવાળો જ દેશવિરતિનો પરિણામ કહ્યો છે. તે માટે શું કરવું તે હવે પછી—

ફ પ્રેરણામૃત સંચય ફ

— શ્રી પ્રજ્ઞાંગ

— ખરાબને ખરાબ જ માનો તો ય કલ્યાણ થશે —

(શ્રી ધનાજીનું દૃષ્ટાંત)

અર્થ અને કામ ભૂંડા જ છે આ વાત હૈયામાં બેસે તો જ ભગવાન હૈયામાં પેસે. પૈસો અને પૈસાથી મળતું સુખ ભૂંડું જ છે. પાપના યોગે સારા માણસોથી ય ન છૂટે તેમ બને પણ તે બે ય છોડવા જ જેવા છે આ વાત તો તેના હૈયામાં લખાયેલી હોય. તમને હૈયામાં લખાયેલી હોય. તમને હૈયાથી લાગે છે કે આ ઘરમાં રહેવા જેવું નથી, પેઢી કરવા જેવી નથી. આવી દશાવાળા જીવો સંસારમાં ય રહ્યા હોય તો ય સારા હોય.

શ્રી ધનાજીની વાત તમે ઘણીવાર સાંભળી છે. તેમને બીજા ત્રણ ભાઇઓ હતા. બાપ વૃદ્ધ થયો. એટલે વિચાર્યું કે, મારી મિલ્કત છોકરાઓને સોંપી, મારે નિવૃત થવું જોઇએ અને ધર્મારાધના કરવી જોઇએ. તમને ય આવું મન થાય ને ? કોણ વધુ પુણ્યશાલી છે તેની પરીક્ષા કરવા ચારેને સરખે ભાગે પૈસા આપ્યા. તેમાંથી ત્રણ ગુમ્માવીને આવ્યા અને શ્રી ધનાજી કમાઇને આવ્યા. બાપ સમજે છે કે, પુણ્ય ન હોય તો ન ય મળે. શ્રી ધનાજીથી ઘર ચાલે છે છતાં તેઓ ઘર-બાર-પૈસા-ટકાદિને ભૂંડા જ માને છે, છોડી શક્તા નથી તેનું દુઃખ છે. તમારે ત્યાં તો જે કમાઇને આવે તેની જ કિંમત ને ? આ બાપ પ્રેમ બધા પર સરખો રાખતો. અવસર આવે અને કહેવું પડે તો કહે કે, ધનાજીથી ઘર ચાલે છે. આ વાતથી તેમના ત્રણ ભાઇઓને ઇર્ષ્યા થતી એટલે એક રાતે બાપને ફરી કહે કે ભાગ પાડી આપો. અમારે આ ઘરમાં નથી રહેવું. તેમનો બાપ કહે. શેનો ભાગ ? મારી પાસે તો કશું નથી. છતાં પેલા ત્રણે આગ્રહ ચાલુ જ રાખ્યો.

આ વાત શ્રી ધનાજીએ સાંભળી અને વિચાર કર્યો કે, 'મારી હાજરીથી બાપને અને ભાઇઓને દુઃખ થાય છે એટલે મારે અહીં રહેવું સારૂં નથી.' આવો નિર્ણય કરી રાતેને રાતે કોઇ ન જાણે તેમ ઘર છોડી ચાલ્યા ગયા. આ કયારે બને ? તમે હો તો શું કરો ? તમે તો એમ જ કહોને કે, આ ત્રણેને બહાર કાઢો.

જે માણસો ઘર-બાર-પૈસા-ટકાદિ ખોટાં છે, ખરાબ છે તેમ માને છે. તેનો ત્યાગ ન કરી શકે તે બને પણ ત્યાગ જ કરવા જેવો છે આવું માને છે તેવા જીવની મનોદશા કેવી હોય તે સમજાવવી છે.

બીજે દિવસે બધાને ખબર પડી કે, શ્રી ધનાજી ચાલ્યા ગયા. બીજે દિવસે ધનાજી બપોરના એક ખેડૂતના ખેતર પાસેથી જઇ રહ્યા છે ત્યારે તે ખેડૂત ભાત ખાવા બેઠો છે. આ જતા'તા તો બૂમ પાડી ભોજન માટે બોલાવે. આર્યદેશનો રિવાજ હતો કે ઓળખાણ હોય કે ન હોય પણ જમવાના સમયે કોઇ પરોણો મલી જાય તો સાથે જમવા બેસાડે પણ એકલા ન ખાય. શ્રી ધનાજી કહે એમને એમ ન જમું. તેની જમીન ખેડવા માંડે તો નિધિ નીકળે છે. ખેડૂત કહે, હું ન લઉં દરરોજ એકું છું કાંઇ નીકળતું નથી આ તો તમારા પુણ્યનું છે. ત્યારે શ્રી ધનાજી કહે કે, તમારી જમીનમાંથી નીકળે મારે ન જોઇએ. ધન ખરાબ માને તેની અને ધન સારૂં માને તેની કેવી દશા હોય તે સમજાય છે ને? તમે આજે ધન માટે શું કરો છો અને આ શું કરે છે? બધા ત્યાગી ન થઇ શકે પણ આ બધું ખોટું છે તેમ માનનારનું હૈયું સારૂં જ હોય. તે મોટે ભાગે અધર્મ કરે નહિ. અધર્મ કરવો પડે તેનું દુઃખ હોય અને ધર્મ કર્યા વિના રહે નહિ.

શ્રી ધનાજી એવા પુણ્યાત્મા છે જેનું વર્ણન ન થાય. ધનાજી ગયા પછી તેમના બાપાની સ્થિતિ બહુ ખરાબ થઇ તેમને ય ભીખ માંગવાનો વખત આવ્યો. આ બાજુ શ્રી ધનાજી રાજગૃહીમાં આવ્યા છે. રાજમાન્ય બન્યા છે. શ્રી શાલિભદ્રજીની બેન સુભદ્રા સાથે લગ્ન કર્યા છે. શ્રી ધનાજીને તેમના બાપ વગેરે અહીં મળે છે અને સારી રીતે સત્કારી સાથે રાખે છે અહીં પણ ભાઇઓ ફરીથી ભાગ માંગે છે તેથી ફરીથી શ્રી ધનાજી ઘર છોડી જાય છે અને તેમના બાપની સ્થિતિ ફરી પલટાય છે. અન્ન અને કાંતને વૈર થાય છે. તે વખતે શ્રી ધનાજીના માતા-પિતા સુભદ્રાને કહે 'તું તારા બાપને ઘેર જા.' ત્યારે તેણી કહે-'મારા બાપે એમ નથી શીખવ્યું છે કે પતિ મજામાં હોય તો સાસરે રહેવું અને પતિને ઘેર દુઃખ આવે તો પિયરમાં આવી જવું.' આવો વિચાર પણ કોને આવે? ધર્મીને કે અધર્મીને? પૈસો અને ભોગ ભૂંડા લાગ્યા હોય. ત્યાગ ન કરી શકે પણ ત્યાગ કરવા જેવા માને તેને જ આવે. આમાં તમારો વ્યવહાર સમજાય છે આજની વહુ હોય તો શું કરે? ધન અને ભોગ ભૂંડા જ છે આ વાત સમજશો તો જ કલ્યાણ થશે નહિ તો નહિ જ થાય.

શ્રી ધનાજીના માત-પિતાદ્વિ મજુરી કરી દા'ડો કાઢે છે અને ફરતા ફરતા એ ગામમાં આવે છે ત્યાં શ્રી ધનાજી રાજા છે. ત્યાં બધાને આવી મજુરી કરતી સ્થિતિમાં જૂએ છે અને બધાં પાછા ભેગા થાય છે તે વાત લાંબી છે પણ બધા ભેગા થાય છે ને તે વખતે જ શ્રી ધનાજી માતા-પિતાદ્વિના પગમાં પડે છે. આ ક્યારે બને ? આજે તો જે મા-બાપના પૈસાથી મોટા થયા, મોજમજા કરી તે મા-બાપ દુ:ખી થાય તો તેમને રખડતા મૂકી દે તેમાંની જાત પાકી છે. તમે મા-બાપની સેવા કરો કે કુટુંબની સેવા કરો કે કુટુંબની ? તમારા કુટુંબમાં કોણ આવે ? મા-બાપ તો નહિ જ ને ? જે વસ્તુ ખોટી છે તેને ખોટી સમજ્યા નથી માટે તમે ઘણાં ખરાબ બની ગયા છો. આજે મા-બાપના સેવક શોધવા હોય તો મળે ? મા-બાપ ગમે તેવી સ્થિતિમાં હોય તો ય તેમને સાચવતા હોય, મા-બાપ જીવતા હોય તો પોતે જે ધર્મ કરે તે મા-બાપને નામે કરે તેવા કેટલાં મળે ? જે પૈસા-ટકાદ્વિ ભૂંડા છે તેને સારા માન્યા છે માટે તમને આ બધું સમજાતું નથી. ખરાબ ચીજ સારી લાગે, પોતાની લાગે તે મા-બાપાદ્વિનું અપમાન ન કરે તે નવાઇ !

ઘર ખરાબ ન હોય તો જે ઘર છોડે તેને હાથ કેમ જોડાય ? જૈનકુળમાં જન્મેલાંને સાધુ થવાની ઇચ્છા ન હોય તે ત્રણ કાળમાં બને નહિ. આ તમે માનતા નથી માટે તમારો આખો સંસાર ખરાબ છે. આજે જગતમાં કેટલા કજિયા ચાલે છે ! આજે કેટલાં પાપ વધી રહ્યા છે ! આજે આટલા શ્રીમંતો છે એક શ્રીમંત એવો મળે જે એમ કહે કે, મારા ઘરમાં અનીતિનું ધન નથી. આર્ય દેશમાં આવો દુષ્કાળ ! નીતિમાન માણસ જડે જ નહિ...!!

શ્રી ધનાજીની પત્ની જેમ શાલીભદ્રજીની બહેન છે તેમ શ્રી શ્રેણીક મહારાજાની દિકરી પણ છે અને બીજી છ પત્નીઓ છે. એમના જોસના છેડે ગંગાદેવીએ ચિંતામણિરત્ન બાંધી આપ્યું છે તો કદિ ખોલીને જોયું નથી. તેમની આઠે ય પત્નીઓ તેમને દરરોજ સ્નાન કરાવે છે. શ્રી શાલીભદ્રજી પ્રસંગ પામી, વિરાગી થઇ દરરોજ એક એક સ્ત્રીનો ત્યાગ કરી રહ્યા છે અંતે દીક્ષા લેવાના છે. આ વાત યાદ આવતા શ્રીમતી સુભદ્રાની આંખમાં આંસુ આવે છે અને શ્રી ધનાજીની પીઠ પર પડે છે. તેથી તેઓ પૂછે છે કે– શું થયું ? કોને અપમાન કર્યું ? શું દુ:ખ આવી પડયું ? સારા ઘરોમાં કોઇ રોવે ? તમારા ઘરોની શી હાલત છે ? ભગવાનનો ધર્મ જો હૈયે વસી જાય તો તેનો સંસાર પણ સુખી હોય. કોઇને કશી ઉપાધિ હોય નહિ.

શ્રીમતી સુભદ્રાદેવી કહે કે, 'કોઇએ મારૂં અપમાન કર્યું નથી કે કોઈની ય

ભૂલ નથી. પણ મારો ભાઇ શાલિભદ્ર વિરાગી થયો છે. તે દીક્ષા લેવાનો છે તેથી દરરોજ એક એક સ્ત્રી આદિનો ત્યાગ કરી રહ્યો છે' આ યાદ આવતા આંસુ આવી ગયા. શ્રી ધન્નાજી–'તારો ભાઇ બાયલો છે!'

શ્રી જૈન શાસનમાં દીક્ષા લેવાનું મન થવું તે નવાઇ છે કે દીક્ષા લેવાનું મન ન થવું તે નવાઇ છે? તમને તો દીક્ષા લેવાનું સ્વપ્નેય નથી. આ સાંભળી સુભદ્રાની આંખના આંસુ સુકાઇ ગયા. પણ બીજી સાત તેની વહારે આવી કહે–'સ્વામિનાથ! બોલવું સહેલું છે કરવું કઠીન છે.'

શ્રી ધન્નાજી– 'બાયલાઓ માટે બહાદૂરો માટે નહિ.'

તે સાતે કહે– કરી બતાવો. તો શ્રી ધન્નાજી સાધુ થવા તૈયાર થયા. તે આઠે કહે– અમે તો મશ્કરી કરતા હતા. અમારૂં શું થાય? તાકાત હોય તો સાધ્વી થાવ નહિ તો આડું ઘૂટે તેવું નથી. તે આઠે ય સાધ્વી થવા તૈયાર થઇ. આ જૈન શાસન છે.

સુખી પણ સાધુ થઇ ગયા. તે બધા મૂરખા હતા? તમે લોકો ડાહ્યા છો માટે સાધુ થવાનું મન જ થતું નથી. કદાચ તમે સાધુ ન થઇ શકો પણ પૈસો અને પૈસાથી મળતું સુખ ભૂંડુ જ છે આ વાત બરાબર માનશો તો જિંદગીમાં પલટો આવશે. અને કલ્યાણ થશે. બાકી આવાને આવા રહેશો તો આ જનમ હારી જશો અને અનંતકાળ ભટકવું પડશે.

અર્થ અને કામ ભૂંડા લાગશે, ખરાબ લાગશે તો જ જીવન સુધરશે. તો જ માણસાઇ ખીલી ઊઠશે, આર્યપણું આવશે, જૈનપણું આવશે પછી જ ઘર–બારાદિ છોડવાનું મન થશે. નહિ છૂટશે તો બાયલાપણું લાગશે પણ બહદૂરી છે તેમ નહિ લાગે. કમાવવા જે પ્રપંચાદિ કરશો તો પૂરી અધમતા લાગશે, આ માનવતા નથી તેમ થશે. માટે ખોટાંને ખોટું માનશો તો જ ભવિષ્ય સુધરશે નહિ તો ભવિષ્ય ધુંધળુ છે. માટે સમજો અને સુધરવા પ્રયત્ન કરો.

— એક મિનિટ! —

ઇંગ્લિશ મિડિયમમાં ભણતી એક ટીન એજર વિદ્યાર્થિની એક છોકરાને ગુજરાતીમાં પ્રેમપત્ર લખતાં પકડાઇ ગઇ.

શિસ્તપ્રિય પ્રિન્સિપાલે એને ઓફિસમાં બોલાવીને કડક શબ્દોમાં ખખડાવી સો રૂપિયાનો દંડ કરતાં હુકમ કર્યો, 'હવેથી ઇંગ્લિશમાં જ લખવાનું શું સમજી?'

આત્મ પ્રબોધક પ્રસંગો : સાધુપણાનો સાચો અલંકાર તપ!

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પ્રમાદ એ જ આત્માનો મોટામાં મોટો શત્રુ છે. પ્રમાદને આધીન દુનિયા પ્રમાદને માટે શું શું કરે છે તે સૌના અનુભવમાં છે. શાસ્ત્રકારોએ ખાવું-પીવું તેને પણ પ્રમાદ કહ્યો છે. ખાવા-પીવા માટે આજે કેટલો બધો વિવેક ભૂલાઇ ગયો છે. તેથી જ ભક્ષ્યાભક્ષ્યના વિચારને તો જાણે દેશવટો અપાયો છે. સારા ધર્મીકુલોની હાલત આ વિષયમાં નતમસ્તક બનાવે તેવી છે. દુનિયામાં પણ કહેવાય કે 'આહાર અને નિંદ્રા વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે.'

ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા જ્યારે વિશ્વભૂતિના ભવમાં હતા તેના એક જ પ્રસંગની વાત કરવી છે પ્રસંગ પામીને તે શ્રી વિશ્વભૂતિ રાજકુમારે દીક્ષાને અંગીકાર કરી. અહિંસાના પાલન માટે સંયમ જરૂરી છે અને સંયમની વિશુદ્ધિ માટે તપ ખૂબ જ જરૂરી છે. તેથી જ છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારના તપનું સુવિશદ વર્ણન કરવામાં આવ્યું છે. અભ્યંતર તપની પુષ્ટિ માટે જ બાહ્ય તપ કરવાનો છે. તપ વિનાના સાધુને માત્ર હાડપિંજર જેવો કહ્યો છે. એકલું હાડપિંજર જોવાય તો શું હાલત થાય તેની બધાને ખબર છે. તેથી શ્રી વિશ્વભૂતિ અણગાર તપથી પોતાના આત્માને ભાવિત કરવા લાગ્યા. સંયમના અપ્રમત્ત પાલનની સાથે, સ્વાધ્યાયમાં લીન બની, છઠ્ઠ-અઠ્ઠમ-ચાર ઉપવાસ આદિ કઠોરતપથી કાયાને કૃશ કરવા લાગ્યા. સાધુપણાનો વર્ણ શ્યામ કહેલ છે તે પણ સહેતુક છે. કઠોર તપથી રાજકુમારો - શ્રેષ્ઠિપુત્રો આદિ પોતાની સુવર્ણમયી કાયાને કોલસા જેવી શ્યામ બનાવી દેતા.

આત્મચિંતન કરતાં તે મહાત્માએ વિચાર કર્યો કે - "આહાર તે પણ પ્રમાદ છે. માટે પ્રમાદનો નાશ કરવા હવે હું માસક્ષમણના પારણે માસક્ષમણ કરું અને આત્મા ઉપર અનાદિકાળથી લાગેલાં કર્મોનો નાશ કરું"

આ પ્રસંગ પ્રમાદમાં પડેલા, ખાવા-પીવાદિના શોખીન બનેલા સૌની આંખ ઉઘાડનારો છે. કે કઠોર તપ કરવા છતાં પણ હું કાંઇ જ કરતો નથી' તેમ લાગે છે. જ્યારે આજે અમે થોડો ઘણો તપ કરીએ કે નવકારશી અને ચોવિહાર કરીએ તો ઘણું બધું કરી નાખ્યું તેમ માનીએ છીએ. ભગવાન બનવું હશે તો માત્ર વાતે ના વડા કર્યે નહિ બનાય પણ જેમના શાસનમાં આપણે આરાધના કરી રહ્યા છીએ તે આસન્નોપકારી પરમ તારક શ્રી ભગવંતના જીવન પ્રસંગોનો યથાર્થ વિચાર કરી આત્મસાત કરીશું તો બનાશે. કમમાં કમ ખાવું-પીવું તે પણ પ્રમાદ છે આટલું હૈયામાં કોતરાઇ જાય તો ય ઘણું.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૫] —શ્રી રાજુભાઇ પંડિત

(૪૫) આખર... યુધિષ્ઠિરે સૌગઠા બેાયા.

o "નહિ... નહિ... યુધિષ્ઠિર ! હજી પણ તારી પાસે દાવમાં મૂકી શકાય તેવી એક ચીજ બાકી છે. અને તે છે પાંચાલી. દ્રોપદીને દાવમાં રમીને તું સમૃદ્ધિને પાછી મેળવ."

o "દુઃશાસન ! જાવ, હવે પરાજિત થઇ ગયેલા પાંડવોના વસ્ત્રો ખેંચવા માંડો."

o "અને... પેલી પુંશ્ચલી (વેશ્યા) પાંચાલીને પણ અહીં જ લઈ આવ..." "આવ, પાંચાલી ! મને તારામાં ગાઢ અનુરાગ છે, હવે આપણા મિલન માટેના અંતરાયો દૂર થયા છે. માટે આવ, અને અહીં (જાંઘ ઉપર) બેસ"

o "દ્રોપદીના વાળ ખેંચીને લાવનાર અને વસ્ત્રો ખેંચનાર નરાધમના હાથને જડમૂળમાંથી ઉખાડી ના નાંખુ તો હું ભીમ નહિ. દ્રોપદીને જાંઘ બતાડનાર લંપટ-પાપીની જાંઘનો આ ગદાથી ચૂરેચૂરા ના કરૂ તો હું ક્ષત્રવટધર ભીમ નહિ."

o "ધૃતરાષ્ટ્ર ! હજી પણ ચેતવણી આપું છું કે – કુરૂવંશના કુટુંબનો પ્રલય – સંહાર ઇચ્છતા ન હોય તો તમારા નરાધમ પુત્ર દુર્યોધનને હણી નાંખો..."

o "ધર્મ ચંડાલ હજી પણ જો તું આ દુષ્કર્મથી નહિ અટકે તો મારી આ તલવાર તારો શિરોચ્છેદ કરી નાંખશે."

ઇન્દ્રપ્રસ્થના રાજા દુર્યોધનના આગ્રહભર્યા આમંત્રણથી હસ્તિનાપુર નરેશ યુધિષ્ઠિર ભીષ્મ પિતામહાદિથી માંડી દ્રોપદી સહિતના સર્વ પરિવાર સાથે ઇન્દ્રપ્રસ્થની દિવ્યસભા જોવા માટે તે ભણી ચાલ્યા.

પાંડવોને કયાં ખબર છે કે પાછા ફરતાં શરીર ઉપર એક શરીરના ઢાંકણ સિવાય કશું પોતાની પાસે રહેવાનું નથી.

ઇન્દ્રપ્રસ્થ પહોંચેલા પાંડવાદિનો દુર્યોધને ડગલેને પગલે પ્રવેશોત્સવ કરાવ્યો.

હવે અવસર પામીને દુષ્ટ બુદ્ધિ દુર્યોધન પાંડવોને પોતાની દિવ્યસભા બતાવવા લઇ ગયો. પૂર્વના આયોજન મુજબ ત્યાં ઠેક-ઠેકાણે ધૂતક્રીડા રમનારા બેઠા હતા.

કેટલાંક ધૂર્તક્રીડા કરનારાઓએ દિવ્યસભાને જોતા–જોતા આમ તેમ ભમી રહેલા દુર્યોધન તથા યુધિષ્ઠિરને કહ્યું – શું તમે ધૃતક્રીડા નથી કરતાં ?

દુર્યોધને કહ્યું – વડિલ બંધુ યુધિષ્ઠિરની ઇચ્છા હશે તો ક્ષણવાર ધૂતક્રીડા પણ કરશું.

અને યુધિષ્ઠિરે ધૂતક્રીડા માટે હા પાડી દીધી. (આ 'હા' ની પાછળ છૂપાયેલા હા–હાકારને કોણે જોયો હતો.)

ચોપાટ મંડાઇ ગઇ. સોગઠા ખેલાતા ગયા. ધીરે ધીરે યુધિષ્ઠિર આનંદ પામવા લાગ્યા. બે દ્રિક, બે ચતુષ્ક, દશ દ્રિક, પત્ર–પુગી ફળ (સોપારી) આંગણાની વીંટીઓ આ બધુ દાવમાં મૂકાતુ ગયું. ઘડીકમાં યુધિષ્ઠિર જીતે તો ઘડીકમાં દુર્યોધન જીતે. આથી બન્ને પક્ષે આનંદ વહેંચાતો રહ્યો જુગારની આ ક્રીડામાં તે બંને તાંબૂલ, દિવસ, રાત, ખાવા–પીવાદ્રિનું બધુ જ ભૂલી બેઠા.

હવે મામા શકુનિએ દુર્યોધન વતી છળ–કપટ ભરી ધૂતક્રીડા શરૂ કરી. અને યુધિષ્ઠિરની પરાજયથી શરૂઆત થઇ. મુગટ સહિત બધાં જ અલંકારો યુધિષ્ઠિરે સોગઠામાં ખોયા. આથી પાંડવો સમજ્યા કે આ તો કુલની માળામાંથી ચોકાઠ – બે કુલ ખર્યા તેથી શું ?

પરંતુ વાત અહીં જ ક્યાં અટકવાની હતી. યુધિષ્ઠિરે ધન ભંડાર ગુમાવ્યા, હાથી, ઘોડા સહિતના રથો ગુમાવ્યા.

આ સમયે ભીષ્મ પિતામહ આદિએ યુધિષ્ઠિરને હવે ધૂતક્રીડાથી અટકી જવા ઘણી રીતે ચેતવ્યા પણ પાંડવોનો વિધાતા હવે રૂઠ્યો હતો. ધર્મપુત્ર ના અટક્યા. ઉપરથી આકર – પુર ગામ સમસ્ત પૃથ્વી મંડલ જુગારમાં ગુમાવી દીધું. પૃથ્વીના સીમાડા ૧૨ વર્ષ સુધી પાછા નહિ મળે તેવી કર્ણે જાહેરાત કરી.

યુધિષ્ઠિરે હવે ચારે ભાઇઓને શરતમાં મૂક્યા. ત્યારે કહેવાયું કે – 'હારી ગયેલા ચારે ભાઇઓને દુર્યોધનના ભવનમાં દાસની જેમ સેવા – ચાકરી કરવી પડશે.' સભાજનો આ સાંભળી હાહાકાર કરવા લાગ્યા.

અમારા શરીર ઉપર પણ મોટા ભાઇનો જ અધિકાર છે ને ? આ શરીર પણ તેનું જ છે ને પછી અમારે ચાકરી કરવી પડી તેવું અમારે વિચારવાનું જ ક્યાં છે ? આ રીતે ચારે ભાઇઓને ગુમાવી બેઠા. છેલ્લે છેલ્લે પોતાને પણ દાવમાં મૂકી દીધા. ત્યાં પણ હાર ખાધી. બસ હવે તો મારી પાસે કશું નથી એમ સમજીને ધૂતક્રીડા અટકાવવા ઇચ્છતા યુધિષ્ઠિરને સ્વજન બનવાનો ડોળ કરીને મામા શકુનિએ કહ્યું કે – નહિ, નહિ યુધિષ્ઠિર ! હજી પણ તારી પાસે શરત કરાય તેવી એક ચીજ બાકી છે. અને તે છે પાંચાલી. પાંચાલીને દાવમાં લગાવીને બાજી જીતી લઇને તું તારી જાતને પાછી મેળવ. અને ધીમે ધીમે ગુમાવેલી લક્ષ્મીને પણ પાછી મેળવ.

અને... યુધિષ્ઠિરે પાંચાલીને દાવમાં લગાવી દીધી.

દુર્યોધન પક્ષના પણ આ જોઈ કેટલાંય રડી ઉઠ્યા. સભાજનોમાં હાહાકાર મચી ગયો. અને છેલ્લે છેલ્લે યુધિષ્ઠિર પાંચાલીને પણ ખોઇ બેઠા. સંપૂર્ણ રીતે ધર્મપુત્ર સોગઠા હારી ગયા.

ધૂતક્રીડાની આસક્તિની નબળી કડીએ પાંડવોનો સંસાર ઉઝાડી દીધો.

શકુનિ સહિત દુર્યોધન – કર્ણાદિના આનંદનો પાર ના રહ્યો.

છળ-કપટથી વિશ્વંભરાના માલિક બની બેઠેલા દુર્યોધને અહંકારના હુંકારથી કહ્યું- 'દુઃશાસન ! જાવ, પાંડવોના વસ્ત્રો ઉતારી લો.' અને આ આજ્ઞા સાથે જ દુઃશાસને આનંદના અટ્ટહાસ્ય સાથે પાંડવોના વસ્ત્રો પકડી પકડીને ખેંચવા માંડયા ત્યારે પાંડવોએ પોતાની જાતે જ પોતાના અધોવસ્ત્ર સિવાયના કરેક વસ્ત્રો – અલંકારો ઉતારી દીધા. અને ફક્ત અધોવસ્ત્ર સાથે જ પાંડવો તે સભામાં નીચા મુખ કરીને બેસી ગયા.

"દુઃશાસન ! પેલી પુશ્ચલી (વેશ્યા) પાંચની પત્ની દ્રોપદીને અત્યારને અત્યારે અહીં જ લઇ આવ."

બુદ્ધિ વગરના દુર્યોધનની આજ્ઞાથી રૂષ્ટ દાનવ જેવો દુઃશાસન ખુશીથી હસતો હસતો પાંચાલી પાસે આવીને બોલ્યો,

"તારો દુર્બુદ્ધિવાળો ધણી તને જુગારમાં રમી નાંખીને હારી ગયો છે દુર્યોધને તને જીતી લીધી છે. તો ચાલ, દ્રોપદી ! તે તને પ્રેમપૂર્વક બોલાવી રહ્યો છે, જલ્દી ચાલ. અગર સીધી રીતે નહિ આવે તો તને બલાત્કારે પણ ખેંચીને ત્યાં લઇ જઇશ. (બોલ શું કરે છે આવે છે કે નહિ ?)

દ્રોપદીએ કહ્યું – "હું આજે રજસ્વલા (માસિક ધર્મવાળી) હોવાથી ફક્ત એક જ વસ્ત્ર પહેરીને રહેલી છું એક વસ્ત્રવાળી હું વડિલો તથા સ્વજનોની એ સભામાં શી રીતે આવી શકું ? તું જ કહે. વળી હું તને પૂછું છું કે – પોતાની જાતને તે યુધિષ્ઠિર રાજા હારે કે ન હારે તો પણ હું શી રીતે હારેલી ગણાઉ ? પોતાની જાતને તે પોતે હારી ચૂકયા પછી પોતાના શરીર પણ જે સ્વતંત્ર નથી રહી શકતા તે મને દાવમાં મૂકી શકે જ શી રીતે ? સૂર્ય ઉદય થયા પછી નિસ્તેજ ચંદ્ર રાત ઉપર સત્તા ચલાવી નથી શકતો.

આમ બોલી રહેલી દ્રોપદીને ગુસ્સાથી દુઃશાસને કહ્યું – હે પાંચાલી ! તને ધિક્કાર છે. તું વધુ પડતી વાચડી છે. ધર્મશાસ્ત્રોને જાણે તું જ એકલી અત્યારે ભણેલી હોય તેમ તું વધુ હોંશિયારી ના કર જાણે કે બૃહસ્પતિ પણ તારી આગળ મૂર્ખ હોય તેમ બબડયા કરે છે. બોલ આગળ ચાલે છે કે નહિ ? આમ કહીને કસ્તૂરીના સમૂહથી સુગંધિત શ્યામલ વાળોથી દ્રોપદીને તે નરાધમે ખેંચવા માંડી.

હે પાપી ! કુરૂગોત્રના કિંપાકફળના ઝાડવા ! આવી રજસ્વલા મને ત્યાં વડિલોની પાસે લઇ જતાં તું શરમાતો નથી ? રજસ્વલા સ્ત્રીના મુખને પણ જોવાનું ન હોય જ્યારે સર્વ અંગે માત્ર એક જ વસ્ત્ર ધારણ કરેલી મને તે વડિલો જોશે. પરસ્ત્રીના સ્પર્શના લંપટ ! નીચ ! નરાધમ ! તારા આવા દુષ્ટ ધંધાને સૂર્ય પણ જોતો નથી લાગતો. નહિતર તારી જેવો નરાધમ ! ક્ષણવારમાં જ ખલાસ થઇ જાત.”

આ રીતે ચોધાર આંસુએ રડી રહેલી દ્રૌપદીને દુઃશાસનથી નિર્ઘૃણપણે ખેંચાતી લોકો વડે જોવાઇ. તે જ વખતે સેંકડો શ્રાપ દેતા લોકોએ દુઃશાસનનો તિરસ્કાર કર્યો.

સાથે સાથે ક્લેશ પામતી દ્રૌપદીને જોઇને યુધિષ્ઠિરના જ્ઞાન – ધર્મ – ન્યાય તથા સમતા આદિ ઉપર લોકોને અવજ્ઞા ભાવ જાગ્યો. અને તેમની આંખો આંસુ વહાવવા લાગી.

આ રીતે એક વસ્ત્રવાળી, આંસુથી ગભરાટ ભરી આંખોવાળી શરમથી નીચુ જોઇ રહેલી દ્રૌપદીને બળાત્કારે ન્યાયહિન દુરાત્મા દુઃશાસન સભામાં લઇ આવ્યો આથી અત્યંત હીનતાથી નિસ્તેજ બની ગયેલી તે દ્રૌપદી તરફ પાંડવોએ નજર ફેરવી અને તેને તેવી સ્થિતિમાં જોઇને લાજ–શરમથી પીડાઇ ગયેલા મનવાળા તે પાંડવો પૃથ્વીમાં પેસી જવા માટે જાણે પૃથ્વીને જોઇ રહ્યા.

‘ઘરમાં પણ એક કુળવધુની રક્ષા ના કરી શક્યા. અરેરે ! અમે મોઢા બગડવાને લાયક ન રહ્યા.’ આમ સમજીને ભીષ્મ–દ્રોણ આદિએ વસ્ત્રોથી પોતાના મુખને ઢાંકી દીધા.

હવે એકવસ્ત્રા દ્રૌપદીના લાવણ્ય નીતરતા દેહ પર ઠામાંધ દુર્યોધનની લંપટ નજર પડી. અને લવારા માંડયો – હે કૃશોદરિ ! મારો તારા ઉપર તો લાંબા કાળથી અનુરાગ હતો. પણ પાંડવો સાથેના તારા લગ્નથી તેમાં અંતરાય થયો. હવે તે બધાં હારી જતાં અંતરાય દૂર થયો છે માટે હજી પણ આવ, જલ્દીથી આવીને અહીં બેસ” આમ કહીને દુર્યોધને દ્રોપદીને પોતાની જાંઘ બતાવી.

ક્રોધથી છંછેડાઇ ઉઠેલી દ્રૌપદીએ રોષભર્યા હરફો ઉચ્ચારતા કહ્યું – ‘હે કુળના વિનાશક ! કુરૂવંશ સમુદ્રમાં પાકેલા હે કાળકૂટ ઝેર ! આવી લંપટ વિચારણાથી તું ભસ્મસાતૂ કેમ ના થઇ ગયો ? (પણ હવે તું વધુ સમય બચી નહિ શકે.) પછી દ્રૌપદીએ સભાજનોને કહ્યું – જો કોઇ ગોત્રના વડિલ કે મહિમાથી ઉન્નત બનેલા કોઇ હાજર હોય તો આ ઉન્માર્ગગામી આ બન્ને નરાધમોના (દુર્યોધન તથા દુઃશાસનના) લંપટ જીવનની ચીંથરેહાલ થયેલી દશા અંગે કંઇક વિચારો અને તે લંપટ–ઠામાંધને કંઇક સમજાવો. વળી પોતાની જાત સુદ્ધાં હારી ચૂકેલા ભરથારનો જ્યારે પોતાના શરીર

ઉપર પણ અધિકાર નથી તો મને શરતમાં મૂકી જ શી રીતે શકે ? કે જેથી હું હારી ગયેલી ગણાઉં ? હે સભાસદો ! તમારા અંતરથી વિચારીને કહો.

હવે કર્ણે કહ્યું – "આખુ રાજ્ય હારવામાં દ્રૌપદી પણ હરાઇ જ ગયેલી છે અને હે સભાજનો ! તમને એક વસ્ત્રા દ્રૌપદીને બલાત્કારે સભા વચ્ચે લવાઇ તે ગમ્યુ ન હોય પણ તેમાં કશું અજુગતું નથી બન્યુ. લોકમાં સ્ત્રીને એક જ પતિ હોય છે જ્યારે અનેકની પત્ની બનેલી આ વેશ્યા જ છે. અને વેશ્યાને એક વસ્ત્રે કે નગ્નપણે સભામાં લાવવામાં અજુગતુ શું છે ?"

આ સાંભળતાં જ સભાજનો છંછેડાઇ ગયા. પણ દુર્યોધનના ભયથી કોઇ કશુ બોલી શક્યા નહિ.

હવે દુર્યોધને કહ્યું – 'દ્રૌપદીને તો મેં જીતી લીધી છે. તેથી પોતાને સતી માનતી તેના આગળના (પહેલાના) પહેરેલા વસ્ત્રો ખેંચી કાઢીને દાસીના જીર્ણ–શીર્ણ વસ્ત્રો પહેરાવી દો.'

આજ્ઞા થતાં જ દુઃશાસને દ્રૌપદીના નિતંબ ઉપરથી વસ્ત્ર ખેંચવા માંડ્યું.

'નહિ... નહિ... આમ ના કરો...' આ રીતે તેના બન્ને હાથને અટકાવતી, પર્વતને દીન મુખે જોઈ રહેલી દ્રૌપદીને લોકોએ જોઇ.

આપરે દુઃશાસન વસ્ત્રાહરણથી અટક્યો નહિ ત્યારે દેવતાના પ્રભાવથી ફરી પાછા વસ્ત્રોથી વીંટળાઇ ગયેલી દ્રૌપદીને કરેકે આશ્ચર્ય તથા આનંદ સાથે જોઇ. અને ત્યાં વસ્ત્રોને ઢગલો જોતા દુઃખી થઇને દુઃશાસન દૂર ખસી ગયો.

હવે ક્રોધથી ધમધમી ઉઠેલા ભીમે કહ્યું, કે – દ્રૌપદીને વાળથી ખેંચી લાવનારના તથા વસ્ત્રાહરણ કરનારના હાથને જડમૂળમાંથી ખેંચી નહિ નાંખુ તો હું ભીમ નહિ. અને દ્રૌપદીને જાંઘ દેખાડનાર લંપટની તે જાંઘના આ ગદાથી ચૂરેચૂરા કરી નહિ નાંખુ તો હું ક્ષાત્રધર્મી ભીમ નહિ. દ્રૌપદીને ખેંચીને લાવનારની તો છાતી ચીરી નાંખીને તેની છાતીના શોણિતથી આ ધરતીને હું સિંચ્યા વગર રહેવાનો નથી."

ભીમની આ ખતરનાક પ્રતિજ્ઞાએ સભામાં સન્નાટો બોલાવી દીધો.

હવે અત્યાર સુધી શાંત રહેલા વિદુરે કહ્યું – કે 'ધુતરાષ્ટ્ર ! મેં પહેલા પણ આ દુષ્ટ દુર્યોધન જન્મ્યો કે તરત કહેલુ કે આ પુત્ર કુળનો પ્રલયકાળ બનશે. આ નરાધમે છલ–કપટથી જુગાર જીત્યો છે, તેમની પત્નીને વાળ ખેંચીને વડિલો સામે લાવીને તેના અધોવસ્ત્રોનું હરણ કર્યું છે તેથી આવો અસહ્ય પરાભવ ભીમ સાંખી નહિ જ શકે. આ ઉપેક્ષો ભીમ જ આ રાષ્ટ્રને દુઃશાસન, દ્રોણ, કર્ણ, દુર્યોધન, ભીષ્મ અને ધુતરાષ્ટ્ર વગરનું કરી નાંખશે. માટે હે ધુતરાષ્ટ્ર ! હજી ચેતી જાવ. આ કુળપાંશન

દુષ્ટ, દુર્યોધન કુળનો પ્રલય હમણાં જ લાવે તે પહેલા તેને હણી નાંખો. એમ કરવાની તમારી તેવડ ન હોય તો તે પાપીને તેના આ પાપ કર્મથી સત્વરે થંભાવી દો. પાંડવો પાંચાલી સાથે વનવાસ જશે. ફરી બાર વર્ષ પછી પાછું પોતાનું રાજ્ય ભોગવશે."

આટલું સાંભળતા ક્રુદ્ધ ઉઠેલા ધૃતરાષ્ટ્રે આક્રોશ સાથે દુર્યોધનને કહ્યું–"ઓ પાપીયા ! કર્મચંડાલ ! સદાચારને સળગાવી નાંખનાર! દાવાનળ ! લાજ શરમ વગરના ! હજી પણ તારા દુષ્કર્મથી અટકયો નથી ? પાંડવોને પાંચાલી સાથે સ્વૈરચાર (વનવાસ) માટે મુકત કર. જો તેમ નહિ કરે તો હવે પછી મારી આ તલવાર તારા માથાનો ઉચ્છેદ કરતા અચકાશે નહિ.

પિતાની વાણીથી મનમાં દુ:ખી થયેલા દુર્યોધને ભીષ્માદિની સામે જોતા કહ્યું કે – તેરમું વર્ષ પાંડવોએ ગુપ્ત વેશે વીતાવવું. તેમાં જો તેઓ પકડાઈ જશે તો પાછો હું બાર વર્ષ રાજ્ય ભોગવીશ. વડિલોના આદેશથી પાંડવોએ તે શરત પણ મંજૂર કરી.

આખરે... પહેર્યા કપડે... લોકોની આંખના આંસુ સરતા રહ્યા ત્યારે રાજભવનના રહેનારા પાંચે પાંડવો પાંચાલી સાથે પગપાળા ઇન્દ્રપ્રસ્થના ભવનમાંથી ચાલી નીકળ્યા.

હસ્તિનાપુર માતા–પિતાને મળીને વનવાસ માટે જવાનું નક્કિ કરીને પહેલા તેઓ હસ્તિનાપુર તરફ ચાલ્યા.

પાછળ – પાછળ આવી રહેલા લોકોને યુધિષ્ઠિરે કેમે કરીને પાછા વાળ્યા.

એક અણચિંતવેલા દર્દનાક દુ:ખ દેનારા આંખ સામે તરવરતા પ્રસંગને યાદ કરતા દુ:ખી હૈયે લોકો પાછા ફર્યા.

ઇન્દ્રપ્રસ્થની દિવ્ય સભામાં હર્ષોલ્લાસ સાથે ગયેલા પાંડવો આખરે ગમગીની સાથે પાછા ફર્યા.

ખબરે નહિ આ જગમેં પલકી.
દીન જાને કલકી.

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ

–: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :–

સી–૨, ટી–૧૧૦, મહાવીર નગર, શંકર લેન,

કાંદિવલી (વે.), મુંબઇ–૪૦૦ ૦૬૭. ફોન : ૮૦૬ ૫૫૬૬

ખોટું ન લગાડતા હોં ને !

— ભદ્રંભદ્ર

સંઘના ગજવે ભૂખ વધુ લાગે છે

તમે જાણો છો ? જૈનશાસનનો અંક હાથમાં આવતાની સાથે લોકો પાના ફેરવી ફેરવીને આખો અંક તપાસી લે છે એ લોકો કોને શોધે છે તે જાણો છો ? મને અર્થાત્ પરમ પ્રાતઃસ્મરણીય એવા આ ભોળા ભાભા જેવા ભદ્રંભદ્રને.

જે વખતે હું જૈનશાસનમાં છપાયો ન હોઉ ને તે વખતે મારા સહિત તમામ ભદ્રંભદ્ર ચાહકોનો મૂડ ઊડી જતો હોય છે. ના મારે એમ એમ નથી કહેવું કે – 'મારૂં લખાણ કેટલું બધુ સુંદર છે.' પણ હવે હવે લેખની કદર કરનાર સમજદાર મહાનુભાવોની સંખ્યા વધી રહી છે. એમ કહેવું છે આ માત્ર મારા લેખ માટે જ હમજવાનું હોં કે. બીજાના લેખોની મારે શી પંચાત.

મારા લેખો લગભગ બધાં જ વાંચે છે અને ખુશી – નાખુશીના અભિપ્રાયો બાંધ્યા જ કરે છે એમણે ખુશ જ થવું જોઇએ. નાખુશીનો કોઇ ભાવ રાખવો નહિ. સાગરમાં રહેવું ને મગરમચ્છ સાથે વેર રાખવું ઇ કેવું ? મારા લેખો વાંચવા ને મારી સામે નારાજ થવું ઇ જરા અતડું કે'વાય. બાકી તો તમારી મરજી. પગ નીચે રહેલો આવે છે માટે કોઇ નાખુશ થતું હોય તો તેમના માટે સારૂ નૈ. ઉપરથી તેમણે તો "સાચુ કહેનારા છે જ કયાં ? સારૂ થયુ મને સાચુ કહેનાર મળ્યા" આવું જ માનવું. આ તો જરા ધ્યાન દોર્યું હોં કે. હવેથી ખોટું ન લગાડતા હોં ને.

હવે તો મારી પ્રખ્યાતિ એવી થઇ ગઇ કે હું સાવ અમસ્તો જ કંઇક વાક્ય લખું ને તો પણ તે વાક્ય વાંચતા જ લોકોનો ક્ષયોપશમ (બુદ્ધિ) વધવા માંડે છે. મગજ તાકીદે સંવેદનશીલ બની જાય છે અને એ વાક્ય, વાચકને જેમના તરફ ફીટ કરવા જેવું લાગે ત્યાં ડીસમીસથી બરાબર ફીટ કરીને જ જંપે છે. એ રીતે તે તે વાક્યો કયાંય ફીટ થતા હોય અને કરાતા હોય તો મને કયાં કશો વાંધો છે. પણ વાક્યને ફીટ કરવા વાંચક દોડે છે અને મારા નામે ખતવે છે તે થોડું વિચારણા માંગી લે તેવું છે ને કે હું પણ સાવ જ નિર્દોષ છું તેવું તો નથી. હું ય અપલખણો તો ખરો. દોષની માત્રાની મારા ઉપર સોંઘવારી થઇ લાગે છે.

ભારતમાં સોંઘામાં સોંઘુ હોય તો એક માત્ર મોંઘવારી છે. અને મોંઘામાં મોંઘી ચીજ હોય તો માત્ર સોંઘવારી છે. એ જ રીતે જૈનશાસનના આ ભદ્રંભદ્ર માટે સોંઘામાં સોંઘુ શું હશે ? અને મોંઘામાં મોંઘુ શું હશે ? આ બે પ્રશ્નો મારા વ્હાલા વાચકો આગળ પ્રસ્તુત કરું છું. જેના સારા જવાબો હશે તેનું નામ પ્રગટ કરવામાં આવશે. અને જેના સાચા જવાબો હશે અને તેનાથી મારી કેડીટને

ધક્કો લાગે તેવું હશે તો તેનું નામ અગત્યની એઠ સભ્યની મિટિંગ બોલાવીને વિચારણા કર્યા બાદ પ્રગટ કરવા વિચારશું. પણ તેની પ્રગટ થવાની ગેરંટી નથી આપતો. કેમ કે દુનિયાનો અનાદિકાળનો આ સીલસીલો રહ્યો છે કે પોતાના સ્વમાનને ઘાયલ કરે, પોતાની કેડીટની કતલ કરે તેવું સાચુ સાંખી લેવુ નહિ અને તેવુ બોલનારને નજરમાં રાખવો. અને સારૂ – સારૂ બોલનારને નજરમાં વસાવવો.

હવે આપણે આગળ ચાલીએ.

હું મારા શાસ્ત્રોકત મિત્ર સાથે વિહાર કરતો જઇ રહયો હતો. મિત્ર મારી જેવો જ ટીખળો ખરો. રસ્તામાં એક હોટલ ઉપર બોર્ડમાં લખેલું કે – 'જમવાનું તૈયાર છે જમવા પધારો. શાક–પુરી, દાળ–ભાત, પાપડ, કઢી'

જેમ આપણા ઘણા મહાનુભાવોને સંઘના રસોડે ભૂખ વધારે લાગે છે તેમ માત્ર બોર્ડ વાંચતા જ મિત્રને ક્ષુધા વેદનીયનો વિપાક તાત્કાલિક જાગૃત થયો. તેણે મને કીધું –, સાહેબ ! તમે આગળ જરા ઝાડ નીચે આરામ કરો ને વિહારનો થાક લાગ્યો હશે ને ? હું એક કામ પતાવીનેને આવું જરા.

હું તો તે મને ચોકખે ચોકખો નજર સામે જમતો દેખાય તે રીતે જ ઝાડ નીચે બેઠો. તેણે હોટલમાં જઇને બેઠક લીધી કે તરત વેઇટરો કલ્યાગરા સેવકોની જેમ બધું પૂછવા લાગ્યા – સાહેબ ! શું લાવું ?

મિત્ર તતડાવતા કહે – શું લાવું શું ? જમવા બોલાવવાનું આમંત્રણ આપ્યો છો ને શું લાવું પૂછો છો ? શરમાતા નથી. જાવ જમવાનું લાવો."

આખી થાળીનું ભર્યું ભાણું ફાંદ ઉપર હાથ ફેરવવો પડે ત્યાં સુધી જમીને મિત્ર ઉભા થઇને રાજાની જેમ બહાર આવતા હતા ત્યાં જ એક પહેલવાને તેને સિત્તેર રૂપિયાનું પહેલવાન બીલ પકડાવ્યું.

મિત્રો બીલ છે તેમ બરાબર ના જોયું, તેને તો લાગ્યુ કે – ભરપેટ જમ્યા પછી ૭૦ રૂપિયાની સાધર્મિક ભક્તિ થઇ. હમણાં આ લોકો પાસે પૈસા લાગતા નથી એટલે આ પાસ સિસ્ટમ રાખી લાગે છે. એમ વિચારીને કીધું કે – 'હું પછી આવીને લઇ જઇશ.'

પહેલવાને કીધુ – 'બબુચક પૈસા આપીને જા નહિતર ટીપાઇ જઇશ. પછી આવીને શું તારૂં કપાળ લઇ જવાનો છે ?

મિત્રે કીધું કે – ડોબા જેવા. આ બહાર બોર્ડમાં પૈસા તો લખ્યા નથી તો શેના માંગે છે ?

પહેલવાને કીધું – અબે ઓય ! પૈસા આપવા છે કે નહિ ?

મિત્રે કીધું – પૈસા આપવાનો શાસ્ત્રપાઠ આપ.

પહેલવાન કહે – તો જમવા કાયકુ આવ્યો હતો.

મિત્રે કહ્યું – ડોબા. આ બોર્ડ ઉપર લખેલા શાસ્ત્રપાઠના આધારે.

પહેલવાન તો મિત્રની વાતને સમજી શકતો ન હતો તેથી કહે કે તું શસ્ત્ર લાયેગા તો મેં લાકડી લાઉંગા કહીને એણે તો કડીયાળી ડાંગ ઉગામી. આથી ફફડી ગયેલો મારો મિત્ર આખો વરઘોડો લઈને મારી કને આવ્યો.

મેં બન્ને પક્ષોની વાતો સાભળી લીધી, પછી ચૂકાદો આપવા માટે પંદર દિવસની મુદત પાડી.

મિત્ર રત્નની વાત એવી છે કે – હોટલના બોર્ડ = શાસ્ત્રમા પૈસા આપવાનું વિધાન નથી. મેં કીધુ – પૈસા આપવાનો નિષેધ પણ નથી ને ? મિત્રે છેલ્લીકલીલમાં કહ્યું છે કે – "જમવાનું આમંત્રિત વિધાન હતું માટે હું જમી આવ્યો. માટે મારૂ ભોજન શાસ્ત્રોકત છે પણ પૈસાનું વિધાન નથી માટે શાસ્ત્રોકત રીતે હું પૈસા આપી શકુ નહિ. અને ન આપવા તે જ શાસ્ત્રાચરણ છે અને તમને બહુ દયા આવતી હોય તો તમે ઘરી દેજો ૭૦ રૂપિયા"

અને પેલો પહેલવાન હવે મારી બોચી પકડીને બેઠો છે. મને કોઇ ઉકેલ સૂઝતો નથી. તો હે વહાલા વાચકો ! મિત્રે પૈસા આપવા કે નહિ ? શાસ્ત્રમાં જે વસ્તુનું વિધાન પણ ન હોય અને નિષેધ પણ ન હોય તેવા પ્રસંગે કઇ રીતે વર્તવું ? અને આવું કયાં કયાં વર્તવું તે બધુ મને આ લેખ છપાયા પછી તરત જણાવજો.

મેં મિત્રને કીધુ કે – શાસ્ત્રમાં જેનું વિધાન ન હોય અને નિષેધ ન હોય ત્યારે પૂર્વના મહાપુરૂષોના શિષ્ટાચાર મુજબ વર્તવુ જોઇએ. એટલે કે બધાંએ પૈસા આપ્યા હોય તો તારે આપી દેવા જોઇએ.

આટલું સાંભળતા તો પેલો પહેલવાન કહે કે – 'ઓય લલ્લુ ! પૈસા આપને જલ્દી નહિતર આ લાકડીએ ને લાકડીએ પોઇ નાંખીશ. બીજાએ આપ્યા છે કે નહિ એની તેરેકુ કયા પંચાત.

અને મિત્રે કહ્યું કે – 'જેટલા ડાઇવરો અને કંડકટરો આવ્યા તેમણે કોઇએ પૈસા નથી આપ્યા વળી બસમાં બેસીને આવેલા ઉતારૂઓમાંથી આખુ ફેમિલી જમ્યુ તો ય પૈસા એક જ માણસે આપ્યા છે. બધાંએ નહિ. અને હું તો પગપાળા વિહાર કરીને

આવ્યો છું. પેલા લોકો તો બસમાં આવ્યા છે આ બધા કારણોસર મારે પૈસા આપવાના રહેતા નથી. કેમ કે મારે પૈસા આપવા શાસ્ત્ર વિરૂદ્ધ છે, શિષ્ટાચારથી (=કંડક્ટર, ડ્રાયવરની પરંપરાથી) પણ વિરૂદ્ધ છે અને ફેમિલી ભોજનથી પણ વિરૂદ્ધ છે લોક વ્યવહારથી પણ (હું પગપાળા આવ્યો છું માટે) વિરૂદ્ધ છે.

હે વાંચકો ! હું ભદ્રંભદ્ર અરેખર મુંઝાણો છું. તો તમે મને મારા મિત્રની જેમ જ જે બિલાડાના ટોપની જેમ નવા-નવા પ્રોગ્રામો/પ્રસંગો પેસતા જાય છે તે બધામાં શાસ્ત્ર ક્યારે જોવાનું ? શિષ્ટાચાર ક્યારે જોવાનો અને લોક વ્યવહાર ક્યારે જોવાનો ? આ બધુ તાકીદે જણાવશો. કેમ કે નવું ચાલુ કર્યા પછી કોઇ વિરોધ કરે છે તો મારો તે મિત્ર વિરોધ કરનાર પાસે શાસ્ત્રપાઠ માંગે છે. હકિકતમાં તો નવું શરૂ કરનારે જ આપવો જોઇએ તો પણ તે માનતો નથી. મને આવા મેલા મિત્રો ના ગમે. કમસે કમ ૭૦ રૂપિયાની જવાબદારીમાંથી હું મુકત બનુ એવો જવાબ આપજો હોં ને. અને પહેલવાનના પંજામાંથી છૂટકારો પણ મેળવી શકુ. અને કોઇ ભાગ્યશાળી ૭૦ રૂા. નો લાભ લેવા ઇચ્છતો હોય તો તો તાકીદે ફોન કરજો પછી શાસ્ત્રની ગંઠમાં પડવાની જરૂર નથી.

ધુતકંબાજીઓ તથા શાસ્ત્રના એલફેલ મનપસંદ અર્થો કરનારા મિત્રની સોબત કરવા જતાં ૧૫ દિવસની હોટલની ગંધાતી, બકારાવાળી, હવા-ઉજાસ વગરની માટીની ગંધથી ગંધાતી, માંકડ-મચ્છરોવાળી રુમમાં (જેલમાં) નજરકેદ થઇ ગયેલા અને પંદર દિવસ સુધી બહારની ખુલ્લી હવામાં લહેર માણી રહેલા મિત્ર જેવી દશા પામવા ઇચ્છતા ભદ્રંભદ્રને કોઇ ૭૦ રૂા. ના જામીન આપીને છોડાવી જવા ઇચ્છતા હોય તો જલ્દીથી ઠાંઠીયાવાડની કોઇપણ સડક ઉપરની હોટલ ઉપર પૂછપરછ કરવાથી ભદ્રંભદ્રની હોટલ-જેલનું પાકકું સરનામું મળી જશે. કેમ કે મારા પેલા મિત્રે જ મારી બાના-બરાબી કરવાનું શરૂ કરી દીધું છે.

અત્યારે તો મારી કિંમત રૂા. ૭૦ છે. ૭૦ રૂા. માટે હું અત્યારે ગિરવે મૂકાઇ ગયો છું. હાય રામ ! હવે તો આ હોટલમાંથી છોડાવવા સાથે મને મારા મિત્રની સોબતમાંથી પણ તાકીદે છોડાવવા માટે કૃપા દૃષ્ટિ કરજો.

---

* હાસ્ય તરંગ *

રમેશ : 'મારી પત્નીની યાદશકિત ભયંકર બરાબ છે.'

મહેશ : 'કેમ એમને કશું યાદ નથી રહેતું કે શુ ?'

રમેશ : ,ના યાર એને બધું જ યાદ રહે છે' (ગુણ સારું યાદ રખાવે)

❋ પ્રભુ પંચ કલ્યાણક ઉપર એક અદ્ભૂત ચિંતન ❋

— પૂ. આ. શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

અનંત અનંતોપકારી, પરમ તારક તીર્થંકર પરમાત્માના પાંચે કલ્યાણકોમાં અનેક ગર્ભિત ભાવો ભર્યા છે. પરમાત્માનું ચ્યવન કલ્યાણક થતાં યા આ કલ્યાણકના દિવસે 'ૐ હ્રીં શ્રીં ..... પરમેષ્ઠિને નમઃ' ની નવકારવાળી ગણવાની છે. નામ કર્મમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તીર્થંકર નામ કર્મ છે. બધા કર્મોમાં નામ કર્મ દ્રશ્ય છે. ચાર અઘાતિ કર્મોમાં તેમનુ નામ લેતાં તેમની આકૃતિ યાદ આવે છે. ભગવાન માતાના ગર્ભમાં આવે છે અને તીર્થંકર નામ કર્મ ઉદયમાં આવે છે. આગળની મિનિટે પોતે દેવલોકમાં કે નરકમાં હોય છતાં બીજા લોકો યા દેવો તેનો મહિમા કરતા નથી.

કોઇ દેવ છ મહિના પછી ચ્યવવાનો હોય તો દેવલોકમાં એની માળા છ મહિના પહેલા કરમાય છે. પરંતું જગજંતુવિશરામ એવા પ્રભુ દેવલોકમાં હોય તો એમની માળા છ મહિના પહેલા કરમાતી નથી પરંતુ એમની માળા દિવસે દિવસે વધુ ઝગઝગાયમાન થાય છે.

તીર્થંકરનો આત્મા નરકમાં પણ હોય છેલ્લા મહિનામાં વધુને વધુ અવિરકત ભાવનામાં રમતાં હોય છે. અરે ! નરકમાં સમકિતી હોય તો તેની માળા પણ કરમાતી નથી. નરકમાં સમકિતી હોય તો તેની સદ્ગતિ થાય છે. આ વિશ્વવત્સલ ભગવાન તિર્થંકર નામ કર્મમાં ગર્ભાવાસમાં આવતા ઇન્દ્રનું આસન કંપે છે. અરે ! પ્રભુનું શરીર બિન્દુના અસંખ્યાતમાં ભાગનું હોય છે તો પણ દેવેન્દ્ર રત્નની મોચડીનું ત્યાગ કરીને પ્રભુસ્તવનારૂપ નમુત્થુણંની સ્તુતિ કરે છે.

ભગવાનના ચ્યવન કલ્યાણકનું ગહાણું ગહાતાં આપણું નામ કર્મ શુદ્ધ બને છે અને શરીર પણ આરાધનામાં સહાયક બને તેવું બને છે. માટે આરાધનામાં સહાયક બને તેવું શરીર મેળવવા માટે ચ્યવન કલ્યાણકની આરાધના કરવી જોઇએ.

કરુણાસાગર પ્રભુના જન્મ કલ્યાણકના દિવસે "શ્રી... અર્હંતે નમઃ નું ગહાણું ગણીએ છીએ પ્રભુનો જન્મ થતાંની સાથે અસંખ્યાતા ઇન્દ્રો, દેવો પ્રભુનો મેરૂ શિખરે મહાજન્માભિષેક મહોત્સવ કરે છે. પ્રભુનું દર્શન જન્મથતાં થાય છે. અને ઘાતિકર્મોમાં દર્શનાવરણીય કર્મની શુદ્ધિ થાય છે.

જગન્નાથ પ્રભુ દીક્ષા લે છે. અને એનું ગહાણું 'શ્રી... નાથાય નમઃ' ગણીએ છીએ. અને એના આરાધનથી મોહનીય કર્મની શુદ્ધિ થાય છે.

જ્ઞાનાતિશયશાલી મહાપ્રભુનાં કેવલજ્ઞાન કલ્યાણકના દિવસે 'શ્રી... સર્વજ્ઞાય નમઃ' નું ગહાણું ગહાવાનું છે. અને એના આરાધનાથી જ્ઞાનાવરણીય કર્મની શુદ્ધિ થાય છે.

ભવજલતારક પરમાત્માનાં નિર્વાણ (મોક્ષ)' કલ્યાણકના પરમ પવિત્ર દિવસે 'શ્રી... પારંગતાય નમઃ' ની નવકારવાળી ગણવાની છે. આ કલ્યાણકની આરાધના કરતા સઘળા અંતરાય કર્મ તુટી જાય છે.

આમ ઘાતિકર્મનો નાચ મોટે ભાગે નામકર્મના રમકડાના મોહના કારણે ઘાતિ-કર્મ નાચી રહ્યા છે. આમ ઘાતિ અઘાતિ કર્મના નાશના ઇલમ તરકીબ સમાયેલી છે. અઘાતિકર્મના નાશનો ઉપાય ચ્યવન કલ્યાણકની આરાધના અને બાકીન ચાર ઘાતિ-કર્મના નાશ માટે એક – એક કલ્યાણકની આરાધના છે.

આવા ભવભયભંજન પ્રભુના જન્મ કલ્યાણકને જન્મ જયંતિ બોલવું તે પણ પરમાત્માની ઘોર આશાતના છે. સંસારીઓ પણ પોતાના માતાને 'પિતાની બાયડી' ન કહેતા 'માતા' કહે છે બન્નેનો અર્થ એક જ છે છતાં 'પિતાની બાયડી' બોલવી એ પિતાની આશાંતના છે. એવી રીતે પ્રભુના કલ્યાણકને જયંતિ કહેવું એ પણ આશા-તના છે. એ કરેકે નોંધ લેવા જેવું છે. ભગવાનનાં પાંચે કલ્યાણકના વખતે ચૌદે રાજ-લોકના જીવો, નારકી અને નિગોદના જીવો પણ સુખ પામે અને શાંતિ અનુભવે છે.

અતિશય તેને કહેવાય જે આપણા કોઇના બુદ્ધિમાં મગજમાં ન બેસે. પરમાત્મા-ના જન્મથી ચાર અતિશય, દેવે કરેલા ૧૯ અને કર્મ ખપ્યાથી ૧૧ અતિશયો હતા. આ બધાનો ઉલ્લેખ સમવાયાંગસૂત્રમાં છે. અતિશયને સમજવા માટે બુદ્ધિ અને કુદરત ગુલાંટ મારે છે. 'જયતિ' એ પરદેશી ભાડૂતી શબ્દ. કલ્યાણક શબ્દનું ઘણું મહત્વ છે.

કલ્યાણક એટલે જેના આરાધવાથી આરાધક આત્માના કર્મ રૂપી કલ્યાણ થાય એટલે કલ્યાણકારી એજ કલ્યાણક. અને એ તિર્થંકર પરમાત્માના જ હોય છે. તો આવા કલ્યાણકારી કલ્યાણકોની સવિધી ઉપાસના આરાધના કરી શાશ્વતાનંદને પામો એજ શુભાભિલાષા !!

❋ શાસન સમાચાર ❋

સુરત :- રાંદેર રોડ – અત્રે પૂ. પં. શ્રી પુણ્યરત્ન વિજયજી મ. આદિની નિશ્રામાં પાઠશાળા સંમેલન થયું પૂ. શ્રી વક્તવ્ય થયા શ્રી નરેન્દ્રભાઇ કામદારે બાળકો-ને મનનીય સમજણ આપી હતી શિક્ષણ મંત્રી જયકુમારભાઇના હસ્તે શિક્ષકોનું સન્માન થયેલ શિક્ષક બાલુભાઇએ સંચાલન કર્યું. હતું.

સુરત :- અત્રે પૂ. આ. શ્રી ઓમકાર સૂ. આરાધના ભવનમાં મહોત્સવ સાથે ૭ દીક્ષાઓ પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂ. મ. આદિની નિશ્રામાં થઇ છે.

❋ ચિંતનનો ચંદરવો ❋

–પૂ. સા શ્રી અનંતગુણાશ્રીજી મ.

- જેના સ્વભાવમાં કોમળતા હોય તેના જીવનમાં સૌમ્યતા સ્વાભાવિક હોય. ક્વચિત ઉગ્રતા લાવવી પડે તો ઉગ્ર દેખાય પણ હૈયામાં તો સૌમ્ય જ હોય.
- ઉદાર અને વિશાલ હૃદયનો આત્મા જ સાચા ભાવે ક્ષમા આપી શકે.
- જીવનમાં ઉગ્રતા તે અગ્નિ છે, સૌમ્યતા તે ચંદન છે.
- માથું દુઃખતું હોય તો બાહ્યોપચાર બામ લગાવાય અને અભ્યંતર ઉપચાર તેનું સાચું નિદાન શોધી કરાય તેમ અનંતજ્ઞાનિઓએ આપણા આત્માની વિશુદ્ધિ માટે બાહ્ય ઉપચારો સાથે અભ્યંતર ઉપચારો પણ બતાવ્યા છે.
- શાસ્ત્રકારો નિસ્પૃહી-હિતવત્સલ હતા તેથી તેમના લખાણો આત્માને શીતલતા – શાંતિ બક્ષે છે. જ્યારે આજના લેખકોનાં લખાણની પાછળ તૃષ્ણાની આગ હોય છે તેથી તેના વાચકના જીવનમાં અસંતોષના ભડકા પ્રગટે છે.
- વિવેકપૂર્ણ જીવન એટલે જ સાચું સ્વ–પર હિતકારી જીવન !
- અભ્યંતર ગુણ સમૃદ્ધિના શિખરો સર કરવા બાહ્ય પદાર્થોના મોહને ત્યજવો જ જોઇએ.
- જીવનની પ્રત્યેક ક્ષણનો જરા ય દુરૂપયોગ ન થવા દે તેનું નામ અપ્રમાદી જીવન.
- દુન્યવી સુખોની જ ભૂખ તેના જેવો ભિખારી બીજો એક નથી.
- દુઃખના ડુંગરાઓ વચ્ચે પણ પ્રસન્નતાપૂર્વક ઊભો રહે તેનું નામ જ સાધુ ! તેનો ત્યાગનો રંગ સાચો. બાકી જરાક રાગ કે પ્રલોભનોના પાણી અડતા જેના ત્યાગનો રંગ ધોવાઇ જાય તે બધા નામધારી !
- સંતોષનું સુવર્ણ જેના હૈયામાં છે તેના જેવો શ્રીમંત એક નથી.
- ક્રોધ – માન – માયા – લોભ – મોહ – રાગ–દ્વેષ અજ્ઞાન જીવનને કોરી ખાનારી ભયંકર ઉધઇઓ છે.
- જીવનમાં એક સદ્ગુણ આવી જાય તો બીજા અનેક સદ્ગુણો લોહચુંબકની જેમ ખેંચાઇને આવવાના જ છે.
- મનુષ્યના જીવનને ઘડવામાં માતા–પિતાદિની જેમ સારા પુસ્તકો, મિત્રો અને વાતાવરણ પણ ભાગ ભજવે છે.
- મનમાં નકામા વિચારોનો ઢગલો – કચરો પેદા કરનાર હલકું વાંચન છે. ખરાબ વિચાર જો મનમાં પેસી ગયો તો તેને કાઢવો કપરો છે. માટીની હાંડલીમાં ય

માણસ નકામા પથરા નથી ભરતો તો મન શું હાંડલા કરતાં ય હલકું છે કે જે આવે તે તેમાં ભરાય ?

- બજારના હલકા–વાસી ખાન–પાન બિમારીને નોતરે છે તેમ હલકા વિચારો, હલકું મનોરંજનરૂપ વાંચન આત્માની ભયંકર બિમારીને આમંત્રણ આપી, સત્યાનાશ નોતરે છે.
- આજની જાહેરખબરો પણ માનસિક તંદુરસ્તીને બરબાદ કરનારી છે. જીવનનો વિનાશ કરનારી છે,
- જેમ પુષ્પોનો પમરાટ અનેકને આકર્ષિત કરે છે તેમ માનસિક પ્રસન્નતા જીવનને સુમધુર – સંવાદિ બનાવી, મધમધાયમાન બનાવે છે. તે માટે જરૂર છે સાત્વિક વાંચનની – વિચારોની.
- જેનું જીવન સંવાદી તે સદંવનો સુખી, જેનું જીવન વિસંવાદી તે સદંવનો દુ ખી.
- બહુ જ ગુસ્સો આવે ત્યારે કોઇપણ કાર્ય નહિ કરવું કે વિચાર પણ નહિ કરવો. ઊંધી જવું કે તે સ્થાનનો ત્યાગ કરવો.
- જીવનમાં સ્વસ્થતા કેળવવા મનનો ખરાબ કચરો દૂર કરવો જોઇએ.
- પ્રેમ સાથે સમર્પણ અને સેવાની મીઠાશ જરૂરી છે. જેમ માતા પોતાના બાળકને માત્ર દૂધ જ નથી પાતી પણ દૂધની સાથે પ્રેમ પણ પાય છે જ્યારે આયા માત્ર દૂધ જ પાય છે. બે વચ્ચે આવો ફેર છે. તેથી જ જે બાળકને સાચો પ્રેમ નથી મળતો તેનું માનસ વિકૃત બને છે અને પછી તે વિકૃતિને આધીન બની જીવનને બરબાદ કરે છે.
- બાહ્ય દેખાડો કે ભભકો શૂન્ય બનાવે છે.
- બાહ્ય મેકઅપથી માણસ જેટલો નથી શોભતો તેટલો અભ્યંતર ગુણોથી શોભે છે.
- બાહ્ય ટાપટીપમાં ન મૂંઝાય કે અંજાય પણ અભ્યંતર સૌંદર્યને નિહાળે તે જ સાચો કલા પારખુ ઝવેરી !
- મમતા મારનારી છે સમતા તારનારી છે.
- ઇર્ષ્યાની આગ સ્વપર અનેકને દઝાડનારી છે. જ્યારે સંતોષની સુધા સ્વ–પર સૌને શીતલ કરનારી છે.
- ભગવાન હૈયામાં વસે તો બીજી ચીજોનો વાસ ક્યાંથી હોય ?
- રાગના તોફાનો – નાચ ઘણા કર્યા હવે કયારેક વિરાગની પણ મસ્તી અનુભવો. પછી જેમાં સાચી શાંતિ અનુભવાય તે માર્ગે વળો !

❋ કપટીને મળ્યું મોત ❋

-- હરીશ મણીઆર

એક ગામ ગામમાં એક ભલો ખેડૂત રહે. સંતોષી જીવ. થોડી ઘણી જમીન પોતા પાસે હતી તે ખેડીને ગુજરાન ચલાવે. તેના હૃદયમાં પરોપકારની ભાવના સદૈવ જીવંત રહેતી. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી માટે તે હંમેશ તત્પર, તૈયાર રહેતો. ભલાઈ માટે આજુ-બાજુ વાળાઓ પણ તેને માનથી જોતા આદર આપતા.

વૈશાખના દિવસો હતા સૂર્ય પૂરા જોરથી તપી રહ્યો હતો. ભયંકર ગરમી પડી રહી હતી. ખેડૂત પોતાના ખેતરમાં કામ કરી રહ્યો છે. દૂરથી કોઇના કણસવાનો અવાજ આવે છે. ખેડુત દોડીને ત્યાં જાય છે. જોયું તો વૃદ્ધ ડોશીમાં પાણી... પાણી... તેમ કણસતા-કણસતા બોલી રહ્યા હતા. ખેડુત દોડીને પાણી ભરી લાવ્યો. ડોશીમાને પીવડાવ્યું. ડોશીમાએ આશીર્વાદ આપ્યા અને સાથે સાથે એક અંગુઠી આપી. બોલ્યા. "બેટા, તે મારો આત્મા ઠાર્યો છે. હું તને આ અંગુઠી આપું છું. આ મામુલી અંગુઠી નથી આ અંગુઠી પાસે તું જે માગીશ તે મળશે, હા, ખાસ યાદ રાખજે. આ અંગુઠીનો ઉપયોગ તું ફક્ત એક જ વખત કરીશ. ભગવાન તારૂ ભલું કરે.' ડોશીમા અદૃશ્ય થઇ ગયા.

ખેડુત તો સ્વપ્ન જોઈ રહ્યો હોય તેમ સ્તબ્ધ થઇ ગયો. 'ડોશીમા ક્યાં ગયા ?' આ શું ચમત્કાર છે ? ખેડુત અંગુઠી સામે જોઇ રહ્યો 'આની પાસે શું માંગવું ?' 'ચાલ, ઘેર જઇને પછી વાત.' આવું વિચારતો ઘરભણી ઉપડયો.

ગામમાં દુનિચંદની સોના-ચાંદીની દુકાન છે. દુનિચંદ પારકી વસ્તુ સાથે બનાવટ કરતો. આવો દુનિચંદ દુકાનના થડે બેઠો છે. ગરમીને લીધે ઘરાકી હતી નહી. નવરો દુનિચંદ હાથ પંખાથી હવા ખાઇ રહ્યો છે. પેલો ખેડુત ત્યાંથી પસાર થયો. દુનિચંદનું ધ્યાન પડયું. ખેડુતની દૃષ્ટિ મળી. ખેડુતે રામ-રામ કર્યા. દુનિચંદ બનાવટી હસતાં બોલ્યો. 'રામ-રામ' 'ભલામાણસ, આવા ખરા તડકામાં ક્યાં આંટા મારે છે ?' જવાબમાં ખેડુતે બધી વાત કરી. દુનિચંદની હૃદયની પાટીમા કપટનો એકડો ઘુટાવા લાગ્યો. 'લાવ, બતાવ તો એ અંગુઠી' ખેડુતે એ અંગુઠી દુનિચંદને આપી, દુનિચંદે અંગુઠી આમતેમ ફેરવીને જોઇ. 'આ તો સાવ મામુલી અંગુઠી છે. આવા અંગુઠીયા તો બજારમાં મામુલી ભાવે મળે છે અને એ ડોશી તને ઉલ્લુ બનાવી ગઇ. માટે જો આ અંગુઠી ભૂલી જા, તું ભલો માણસ છે. તારે જોઇતી હોય તો તું બીજી અંગુઠી આપું સંકટમાં એ ક્યારેક કામ આવશે.' પેલો ખેડુત તો

વિચારે ચડયેા. 'આવડેા મેાટેા શેઠિયેા વેપારી સાચુ જ કહેતેા હશે ને?' 'ભલે તમેા કહેા તેમ' એકુત બેાલ્યેા. દુનિચંદે બીજી અંગુઠી કાઢીને એકુતને આપી. એકુત અંગુઠી લઇને ગયેા. દુનિચંદના હેાઠ પર અંકુ સ્મિત ફરકી ગયું. 'એ મૂરખાને કેવેા બનાવ્યેા, હવે હું ઘેર જઇને, રાત્રે મનગમતું માંગીશ. એય તે મારેા કા બેડેા પાર. આવા મુરખાઓ ન જાણે કેટલા છે આ જગતમા.' પણ ત્યારે મનેામન હરખાઇ રહેલા દુનિચંદને કયાં ખબર હતી કે, વિધાતાએ શું નિર્માણ કર્યું છે.

આથમવાની ઉતાવળા હેાય તેમ સૂર્ય પાતાળમાં ડુબકી મારે. પંખીઓ પેાતાના માળામાં પાછા ફરવા જાણે ઉતાવળે ઉડીને આવી રહ્યા હતા. બેતરેથી ઢામ-ઢાજ આટેાપીને આવી રહેલા બેકુતેા, ગાડે જોડેલા બળદેાને ગળે બાંધેલ ઘુઘરીઓનેા અવાજ સાંજ પડી ગયાની ચાડી ખાતેા હતેા. દુનિચંદના હૈયે હરખ સમાતેા ન હતેા. 'કયારે રાત પડે ને કયારે પેલી અંગુઠી પાસે માગું. સમય સર્યો. અવનિ પર અંધકાર ઉતરી આવ્યેા. ગામ જંપી ગયું. દુનિચંદ જાગતેા હતેા. પેાતાના ઓરડામાં બેઠેા છે. પેલી જાદુઇ અંગુઠીને કહે છે. 'હે અંગુઠી, તું ચમત્કારી છે. મનગમતી ઇચ્છા પૂરી કરી શકે છે તેા સેાનામહેારેાનેા વરસાદ વરસાવ. મારેા આ ઓરડેા ભરાઇ જાય.' અને ચમત્કાર થયેા સેાનામહેારેા વરસવા લાગી. દુનિચંદ ખુદ તેમાં દટાવા લાગ્યેા. દુનિચંદ મુંઝાવા લાગ્યેા. 'આ શું ? સેાનામહેારના ઢાલામાં હું દટાઇને મરી જઇશ.' પરંતુ હવે શું ? દુનિચંદને પેાતાના કપટનેા બદલેા મળી રહ્યો હતેા. સેાનામહેાર રૂપી મેાત ટપકયું હતું અને થયું પણ એવું જ, દુનિચંદ માગ્યા પ્રમાણે આખેા ઓરડેા ભરાઇ ગયેા. પરંતુ. દુનિચંદ તે ઢગલા નીચે દબાઈને મૃત્યુ પામ્યેા.

સવારે દુનિચંદના ઘર પાસે લેાક ભેગુ થયું. ઓરડામાં સેાનામહેારના ઢગલેા જોઇ બધાની આંખેામાં અચરજ ઉછળી રહ્યું હતું. પેલેા એકુત પણ ત્યાં આવે છે. ગામના મુખીને બધી વાત કરે છે. મુખી કહે, સાંભળેા ગ્રામજનેા, આ ભલા માણસની વાત ખેાટી ન હેાય શકે. સેાનામહેારેાનેા સાચેા માલીક આ ભલેા માણસ છે. દુનિચંદની અંતિમક્રિયા આપણે સૌ સાથે મળીને કરીશું' બધાએ મુખીની વાત વધાવી લીધી. પેલેા એકુત બેાલ્યેા 'મુખીજી, આપની લાગણી બદલ આભાર. પરંતુ, મારી એક અરજ છે, આ સેાનામહેારેા પર મારેા એકલાનેા નહીં આપણા બધાનેા હક્ક છે. આ સેાના થકી આપણે ગામમાં તળાવ, નિશાળ, મંદીર, ચબુતરેા, ધર્મશાળા બાંધીશું.'

'ધન્ય છે ભલા માણસ, ધન્ય છે તને... ભલા માણસની વાત સાંભળી સર્વ ગ્રામજનેાની આંખેામાં હર્ષાશ્રુ ચમકી રહ્યા. (ફૂલવાડી)

બોધકથા :

ભાવિ 'ભદ્રંકર' બનાવવું છે કે 'ભયંકર' !

--પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈનશાસન આત્માની નિર્મલ પરિણતિ ઉપર ઘણો જ ભાર મૂકે છે. તેવી પરિણતિ સંસારની–સંસારના પદાર્થોની આસક્તિ ઘટે તો જ પેદા થાય છે. તેમાં શ્રીમંતાઇ કે દરિદ્રતા એ કારણ નથી. શ્રીમંત પણ વિચારોનો–હૈયાનો 'દરિદ્રી' હોય તેમ પણ બને અને દરિદ્રી પણ હૈયાનો– વિચારોનો શ્રીમંત હોય તેમ બને. સુંદર માર્ગસ્થ વિચારોનો ઇજારો માત્ર શ્રીમંતનો જ છે અને ગરીબનો નથી તેવું શ્રી જૈનશાસનમાં નથી. જે સમજુ બને તે સુંદર વિચારોનો સ્વામી બને.

આપણે ત્યાં સોમ અને ભીમની વાત આવે છે. બન્ને ગાઢ મિત્રો છે, એક બીજાના વિયોગને સહન કરી શકતા નથી અને બીજાને ત્યાં નોકરી કરી પોતાની આજીવિકા ચલાવે છે. પણ સોમ પોતે હૈયાથી સુક્ષ્મમતિવાળો, ગંભીર પ્રકૃતિનો, ભદ્રિક પરિણામી અને વિનીત ગુણને ધારણ કરનારો હતો. જ્યારે ભીમ તેનાથી વિપરીત સ્વભાવવાળો એટલે કે, સ્થુલમતિથી જોનારો, અગંભીર, અભદ્રિક અને અવિનીત હતો, સંસારમાં આવું બધું બનવું સહજ છે, બાહ્ય રીતના સમાનતા હોવા છતાં પણ આંતરિક પરિણતિમાં ઘણી જ વિપરીતતા પણ દેખાય. માટે હિતૈષી પરમર્ષિઓ ભાગ્યપૂર્વક કહે છે કે, પાપરસિકતા છોડો અને પાપભીરૂ બનો. પાપ તો બંન્ને આત્મા કરે છે પણ એક રાચી-માચીને, મજેથી કરવા જેવું માની કરે છે જ્યારે બીજો આત્મા નિરૂપાયે. ન છૂટકે, કમને દુઃખી હૈયે કરે છે. જેથી કર્મબંધમાં આભ-જમીનનું અંતર પડે છે, માટે જ આંતરિક પરિણતિ નિર્મલ બનાવવા મહેનત કરવી કરેકે કરેકે ધર્માત્મા જીવોએ ખૂબ જ જરૂરી છે.

એકવાર તે બન્ને મિત્રો કોઇ કામ પ્રસંગે નગરની બહાર જઇ રહ્યા છે. ત્યાં ઉદ્યાનમાં દેવવિમાન સમાન ઊન્તુંગ એવું સુંદર શ્રી જિનમંદિર જોયું. તે જોતાં જ ભાવિ જેનું ભદ્રંકર છે એવા સોમન્તે ઘણો જ આનંદ આવ્યો અને તે પોતાના મિત્રને કહે છે કે- 'ભીમ ! આપણે ભૂતકાળમાં કાંઇ જ સુકૃત કર્યું નથી માટે જ આટલી મુશીબતે આજીવિકા પામીએ છીએ. મનુષ્યપણું સમાન હોવા છતાં એક રાજા થાય એક રંક થાય, એક શ્રીમંત બને એક ગરીબ, એક સુખી હોય, એક દુઃખી હોય આ બધું જીવે પોતે જ કરેલાં સુકૃત અને દુષ્કૃતનું ફળ છે. કારણ કે, જગતમાં

કારણ વિના કોઇપણ કાર્ય સંભવે નહિ. માટે આ શ્રી જિનમંદિરમાં રહેલા દેવના દર્શન કરી આપણા દુઃખોને જલાંજલિ આપીએ.'' આવી અવસ્થામાં આવા વિચારો આવવા તે આત્માની ખૂબ જ યોગ્યતા અને સુંદરતા સૂચવે છે.

તેના જવાબમાં ભીમ એકદમ ગુસ્સે થઇ કહે છે કે-''ભાઇ ! આ બધી પાંખંડીઓના તરકટ છે. જગતમાં પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને આકાશ આ પાંચ ભૂત વિના કશું નથી. દેવ–ગુરૂ–ધર્મની કલ્પના એ તો પાખંડીઓનો બકવાસ છે. આત્મા જ નથી, પરલોક નથી પછી દેવાદિની વાત જ શી કરવી ? આવી વાતમાં તણાવા જેવું નથી.'' જેનું ભાવિ ભયંકર હોય તેને જ આવા નાસ્તિક જેવા ખરાબ વિચાર આવે.

આ પ્રસંગ પરથી આપણે આપણા આત્માનું નિરીક્ષણ કરવું છે કે, આપણા હ�ૈયામાં 'સોમ' જેવા વિચારો ચાલુ છે કે ભીમ જેવા વિચારોનું ઘર ચાલે છે ? જગતમાં તો મોટોભાગનો ભીમનો જ વારસદાર છે.' સોમને માનનારા તો 'વિરલ' જ મલશે પણ ભીમની વકાદારી તો ધર્માચાર્યના પદ ઉપર રહેલામાં પણ જોવા મલે છે.

આના પરથી વાચકોને ભલામણ છે કે, તમારે 'સોમ' ના વારસદાર બનવું છે કે 'ભીમ' ના વકાદાર સેવક ! તે આત્મ નિરીક્ષણ કરી વિચારી લેજો. ભાવિ ભદ્રંકર હશે તો જ 'સોમ' ગમશે. ભાવિ ભયંકર ભૂંડું હશે તો ભીમની વકાદારી ગમશે કયા માર્ગે જવું તે સ્વયં વિચારો તેટલી જ ભાવના !

પછી તો સોમ, ભીમની વાતને આધીન ન થયો મંદિરમાં જઇ દેવાધિદેવના દર્શન કરી એક રૂપિયાના પુષ્પોથી ભક્તિ કરી તો બોધિ બીજ અને મનુષ્યભવનું આયુષ ઉપાર્જ્યું'' ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરવો હોય તો આવી અડગતા અને મક્કમતા કેળવીએ તો જ કલ્યાણ થાય. સૌ આવી દશા પામો તે જ ભાવના.

— નવો મળેલો સહકાર —

૫૦૦] પ્રમોદ નાનાલાલ દોશી મુંબઇ — આજીવન સભ્ય
૫૦૦૦] શ્રી ઉપધાન તપ સમિતિ શંખેશ્વર — ખુશી ભેટ
૧૧૦૦૦] શ્રી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ શંખેશ્વર — ખુશી ભેટ
૧૦૦૦] મુંબઇ ઉપધાન તપ સમિતિ પૂ. મુનિ શ્રી મુક્તિધન વિ. મ. તથા પૂ. મુનિ શ્રી પૂન્યધન વિ. મ ની નિશ્રામાં સં. ૨૦૫૫ માં થયેલ ઉપધાન તપ કરાવનાર ભાગ્યશાળીઓ તરફથી ભેટ.



પ્યારા ભૂલકાંઓ,

તમારી ફરિયાદ જેવી અનેકોની ફરિયાદ હોય છે.

"ઘણા મહાપુરુષો આવી ગયા. ઘણાએ મોક્ષેકલક્ષી પ્રવચનો કર્યાં પણ અંતરનો દીપક પ્રગટતો નથી"

ભૂલકાંઓ ! હતાશ ના થાશો. હતાશાને ખંખેરી નાખો.

મૂર્તિને પથ્થર પર ટાંકણા મારતો શીલ્પી એક ટાંકણે મૂર્તિ તૈયાર કરી દે છે. નિશાન પર ઘણા તીરો છોડનારો નિશાનબાજનું એક જ તીર નિશાનને વીંધી દે છે. ઓટા પગલા માંડનારો બાળક એક દિવસે સાચું પગલું માંડતો થઇ જાય છે. ક્રીકેટનો બોલર ઘણા દડા નાખીને એક સારા દડે વિકેટ ઝડપી લે છે. અનેક સ્તવનો ગાતાં ગાતાં એક સ્તવનની એક કડી હજારો હૈયાના બીડાયેલા દ્વાર ખોલી નાંખે તેવી બની શકે છે. અનેક સંતોની વાણીમાંથી એક સંતની એક સમયની એક વાક્ય રચનામાંથી જીવન પોતાનું જીવન સુધારી દે છે. અનેક પુસ્તકોના વાંચનમાંથી કોઇ એક પુસ્તકની ટકોર હૈયાના સાધનાને વેગવંતા બનાવી દે છે. સેંકડો દિપકને પ્રગટાવનારી એક જ ચીનગારી ખુલ્લા મેદાનમાં અજવાળું પાથરી દે છે. તેમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી.

બસ ! આંખ ખોલી દો. સુખ સામે એક ચિનગારી મુકી અંતરને અજવાળી દો. અંતરનો દીપક પ્રગટાવો તેવી શુભ ભાવના સાથે...

અધુરમ્

હાથમાં કામ (સ્વાધ્યાય) ન હોય તો હૈયામાં શેતાન વસે.

– રવિ શિશુ
C/o. જૈન શાસન

* ૯ ની વાતો *

- ગુરૂને ૯ રાંગે પૂજન થાય.
- ૯ પદની આરાધના થાય છે.
- ૯ મી ટુંકમાં અઢળકજી દાદા છે.
- ૯ ગુણ ન બોલવામાં છે.
- ૯ નિધાન ચક્રવર્તિ પાસે હોય છે.
- ૯ પદનું ધ્યાન ધરજો.

– ચિરલ

* વાણીનો ક્રોધ *

- દુર્યોધનની દુષ્ટ વાણીથી શ્રી કૃષ્ણને
- દુર્મુખની દુષ્ટ વાણીથી પ્રસન્નચંદ્ર રાજર્ષિને
- ભીમની દુષ્ટ વાણીથી દુર્યોધનને
- ગોશાળાની દુષ્ટ વાણીથી વૈશ્યાયન તાપસને ક્રોધ જાગ્યો.

– વસુ

* અવ્યવહારથી ક્રોધ *	* કરતા થાઓ *
૦ ચુલની માતા પર બ્રહ્મદત્ત ચક્રીને	કર... કર... કર. ધર્મ કરણીકર.
૦ દત્તમુનિ પર શાસનદેવીને	ખા.. ખા.. ખા.. ખામોશી ખા.
૦ સંગમદેવ પર સૌધર્મને	ચાલ.. ચાલ.. ચાલ.. ધર્મના માર્ગે ચાલ.
૦ નમુચિ મંત્રી પર વિષ્ણુકુમારને	છોડ.. છોડ.. છોડ.. મમતાને છોડ.
૦ ગર્દભિલ્લ પર કાલિકાચાર્યને	ટેક.. ટેક.. ટેક.. સત્યની રાખ ટેક.
૦ રાવણ પર જટાયુને	ડર.. ડર.. ડર.. પાપ કરતાં ડર.
૦ યાદવકુમારો પર દ્વૈપાયન ઋષિને	થા.. થા.. થા.. સિદ્ધિ ગતિના મહેમાન થા.
૦ કુલવાલક શિષ્ય પર ગુરૂને	પકડ.. પકડ.. પકડ.. અહિંસાનો માર્ગ પકડ.
૦ સનત ચક્રવર્તીના પુત્રો પર નાગદેવતાને	ગા.. ગા.. ગા.. સદ્‌ગુણો ગા.

– રશ્મિકા — ૨૭.૧

* બોધ કથા *

વિજયકૂચ કરતાં સિકંદરને એક સંત મહાત્માને ભેટો થઇ ગયો.

સંત : ભારત પર વિજય પ્રાપ્ત કરી આગળ શુ કરશો ?

સિકંદર : પછી ચીન પર વિજય મેળવીશ.

સંત : ત્યાર પછી શું ?

સિકંદર : ત્યાર પછી ક્રમશઃ પૃથ્વીને જીતીશ.

સંત : પૃથ્વીના વિજય પછી શું કરશો ?

સિકંદર : પછી તો હું આરામ કરીશ

સંત : (હસતાં) ભલા આદમી ! આ સર્વ વિજય મેળવ્યાં પહેલાં જો તારે આરામ કરવાનો હોય તો શું હમણાં શા માટે આરામ નથી કરતો ?

– વિમલ કે. મણીયાર

છોટી સી બાત

– વોલ્ટર સિપમેન

જ્યાં બધાં એકસરખું વિચારે છે ત્યાં કોઇ ખાસ કંઇ વિચારતું નથી.

એક મિનિટ !

– છબિલદાસ ડી. ચોરા.

'તમારા ડ્રાઇવિંગ લાયસન્સ માટેના ટેસ્ટનું પરિણામ આવી ગયું ?'

'ખબર નથી. મારો ટ્રેઇનર હજુ હોસ્પિટલમાં જ છે'

પરમ આહલાદક ૧૩૫ ઇંચના પદ્માસનસ્થ ભવ્ય શ્રી સમેતશિખર પાર્શ્વનાથજી તથા ભવ્ય ૧૦૮ ઇંચના કાઉસ્સગીયા શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથજી સહસ્ત્રફણા પાર્શ્વનાથજી આદિ જીનબિંબોની અંજનશલાકા પ્રસંગે

* અંજનશલાકા મહોત્સવ કાર્યક્રમ તથા નકરા *

મંગલ નિશ્રા : પ. પૂ. શાસન પ્રભાવક આ. ભ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. પ્રવચન પ્રભાવક આ. ભ. શ્રી વિ. ગુણશીલસૂરીશ્વરજી મ. સા.

જણાવતા આનંદ થાય છે ભારત વર્ષની ભવ્ય ભૂમિ પ્રાચીનતમ તીર્થો અને મંદિરોથી વિભૂષિત છે તેમાં શત્રુંજય આદિ મહાતીર્થોની યાત્રા સુલભ છે. પરંતુ શ્રી સમેત શિખરની મહાતીર્થની યાત્રા દુર્લભ અને કઠીન છે. જેનો લાભ બહુ ઓછા ભાવિકો લઇ શકે છે.

અમોને શ્રી સમેત શિખર મહાતીર્થની યાત્રા સાકાર બને તેવા તીર્થની સ્થાપના થાય તેવી ભાવના થઇ અને તે પણ અનેક હાઇ વે મળતા હોય તેવા બગોદરા મધ્યે કરવાનું નક્કી કર્યું, અને ત્યાં એક ભવ્ય પહાડ સાથે સંકુલ રચવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું.

આ વિષયમાં અમારી ભાવના મુજબ અમે પરમ ઉપકારી વ્યા. વા. પરમ શાસન પ્રભાવક પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રજી મહારાજના પરિવારમાં પ. પૂ. સુદીર્ઘસંયમી આ. શ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. તપોનિધિ આ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજ પાસે અમે નિવેદન કરી માર્ગદર્શન માંગ્યુ. તેઓશ્રી અમને આ કાર્યમાં મંગલ આશીર્વાદ સાથે માર્ગદર્શન આપ્યું. - તેઓશ્રીના તથા પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયવિચક્ષણસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયમહાબલસૂરીશ્વરજી મ., પૂ. આ. વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયહેમભુષણસૂરીશ્વરજી મ, પૂ. આ. શ્રી વિજયગુણશીલસૂરીશ્વરજી મ, પૂ. આ. શ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મ. ના શુભ આશીર્વાદ અમોને મળ્યા છે.

ઉપરાંત પૂ. શાસન પ્રભાવક આ. શ્રી વિજયરામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા)

અને પૂ. આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજીના પૂ. આ. શ્રી વિજયહિમાંશુસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ., પૂ આ. શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક શ્રી જંબુવિજય મ. અનેક પૂજ્ય આચાર્ય ભગવંત આદિના આશીર્વાદ લઇને આ શ્રી સમેત શિખર સ્થાપના તીર્થનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય કરવા અમારી સંસ્થા કટિબદ્ધ થઇ છે.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ શ્રી સંઘની આરાધનાના ઉદ્દેશ્યથી નિર્માણ પામતું આ તીર્થનું સંકુલ ભાવનગર–અમદાવાદ તથા રાજકોટ–અમદાવાદ હાઇવેના ક્રોસીંગ ઉપર બગોદરાની હદમાં ઉભું કરવામાં આવી રહ્યું છે. ત્યાંથી ખેડા–વડોદરા તરફ પણ હાઇવે આગળ નીકળે છે એટલે ગુજરાત સૌરાષ્ટ્ર તથા કચ્છના પ્રવેશના બિન્દુ ઉપર આ ભવ્ય તીર્થ નિર્માણ પામી રહ્યું છે.

આ મહાન તીર્થને અનુરૂપ ભવ્ય પ્રતિમાઓ તૈયાર કરવાની ભાવના હતી તે સફળ બની છે. માગસર વદ–૧૦ તા. ૧૩–૧૨–૯૮ના રોજ ૧૩૫ ઇંચના પદ્માસનસ્થ પ્રતિમાજી ૧૦૮ ઇંચના શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથજી તથા શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજી આદિ જિન બિંબ આવી ગયા છે.

આ ભવ્ય આહલાદક પ્રતિમાજીઓની અંજનશલાકા કરાવવાની અમારી ભાવના થઈ અને પ. પૂ. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવશ્રી વિજયમહોદય-સૂરીશ્વરજી મ.સા.ને અમોએ વિનંતિ કરી. તેઓશ્રી એ પ્રથમ આશીર્વાદ પૂર્વક અંજનશલાકા કરવાની અનુમતિ અને માર્ગદર્શન આપી અમારા ભાવોને ઉલ્લાસપૂર્ણ બનાવ્યા છે અમોએ અંજનશલાકા કરવા માટે પ.પૂ. તપોમૂર્તિ આ. શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજી મ.ના પટ્ટધર હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર સિદ્ધાંત-નિષ્ઠ પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી તપસ્વીરત્ન પૂ. પંન્યાસજી શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી વિજય-ગુણશીલસૂરીશ્વરજી મ. સા. ને વિનંતી કરતાં તેઓશ્રીએ અમારી વિનંતીનો સ્વીકાર કરી અમારા ઉલ્લાસમાં વૃદ્ધિ કરી છે તથા આ મહોત્સવનું ભવ્ય આયોજન કરવા માટે તેનો કાર્યક્રમ તથા તેના નકરા વિગેરેનું આયોજન કર્યું છે તે આપની સમક્ષ રજુ કરીએ છીએ

આ મહાન કાર્યમાં આપ સાથ સહકાર આપશો તેવી અમારી વિનંતી છે

આ નકરા વિગેરે અમોને સં. ૨૦૫૫ ફાગણ વદ ૦)) બુધવાર તા. ૧૭–૩–૯૯ સુધીમાં મળી જાય તો અમો અંજનશલાકા મહોત્સવની કંકોત્રીમાં તે નામે અંકિત કરી શકીએ માટે આપશ્રી વહેલાસર અમારી વિનંતી ને લક્ષમાં લઇ આપને લાભ લેવાના નકરા તથા નામો તથા સંરક્ષણ સહાયક અને શુભેચ્છક સહયો પણ સારી સંખ્યામાં મેળવી મોકલવા કૃપા કરશો જેથી તે બધા નામો કંકોત્રીમાં સંમિલિત કરી શકાય. આ મંગલ મહોત્સવમાં વિધિવિધાન માટે શુદ્ધ વિધિકારક શ્રી નવિનચન્દ્ર બાબુલાલ શાહ (જામનગર) પધારશે તેમજ પંચકલ્યાણક ઉજવણી ભાવના આદિમાં સુમધુર સંગીતકાર મુકેશ નાયક (પાટણ) પધારશે.

*** અંજન શલાકા મહોત્સવનો કાર્યક્રમ તથા નકરાઓ ***

ચૈત્ર વદ–૧૪, ગુરૂવાર, તા. ૧૫–૪–૯૯ : જલ જાત્રા વરઘોડો, કુંભસ્થાપન, દીપક સ્થાપન, ક્ષેત્રપાલ સ્થાપન, માણેકસ્તંભ રોપણ.

ચૈત્ર વદ–૦) , શુક્રવાર, તા. ૧૬–૪–૯૯ સવારે નંદાવર્ત પૂજન, દશદિકપાલ પૂજન, ભૈરવ પૂજન, ૧૬ વિદ્યાદેવી પૂજન, નવગ્રહ પૂજન અષ્ટમંગલ પૂજન.

વૈશાખ સુદ–૨, શનિવાર, તા. ૧૭–૪=૯૯ : સવારે નવપદ પૂજન, વિશસ્થાનક પૂજન.

વૈશાખ સુદ–૩, રવિવાર, તા. ૧૮–૪–૯૯ : સવારે વરસીતપ તથા વર્ધમાન તપ ઓળીનાં પારણાં, ઇન્દ્ર ઇન્દ્રાણીની સ્થાપના, માતાપિતાની સ્થાપના, ચ્યવન કલ્યાણક વિધાન, બપોરે ૧૪ સ્વપ્ન દર્શન, ઇન્દ્રાસન કંપન, વરઘોડો.

વૈશાખ સુદ–૪, સોમવાર, તા. ૧૯–૪–૯૯ : સવારે જન્મ કલ્યાણક વિધાન, છપ્પન દિકકુમારી મહોત્સવ, મેરૂ પર્વત પર અભિષેક, વરઘોડો બપોરે અઢાર અભિષેક પુત્ર જન્મ વધામણાં, પારણું ઝુલાવવું તથા નામ સ્થાપના.

વૈશાખ સુદ–૫, મંગળવાર, તા. ૨૦–૪–૯૯ : સવારે નિશાળ ગરણું, મામેરૂ, લગ્ન મહોત્સવ બપોરે રાજ્યાભિષેક, નવલોકાંતિકદેવોની વિનંતિ.

વૈશાખ સુદ–૬, બુધવાર, તા. ૨૧–૪–૯૯ : દિક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડા, બપોરે દીક્ષા કલ્યાણકની ઉજવણી રાત્રે શુભ મુહુર્ત અધિવાસના – અંજન.

વૈશાખ સુદ–૭, ગુરૂવાર, તા. ૨૨–૪–૯૯ સવારે વહેલા અંજન થયેલ પ્રભુજીના દર્શન ૯–૦૦ વાગે કેવળજ્ઞાન કલ્યાણક ઉજવણી, સમવસરણ દેશના ૧૦–૦૦ વાગે નિર્વાણ કલ્યાણક ઉજવણી, ૧૧–૦૦ વાગ્યે ૧૦૮ અભિષેક ૧૨–૦૦ વાગે કેવળજ્ઞાન

નિર્વાણ કલ્યાણકનો વરઘોડો, વિજય મુહુર્તે શ્રી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્રપૂજા, રાત્રે શાંતિ જળધારા.

કલ્યાણક ઉજવણી મંડપ રૂા. ૫૧) હજાર દેરાસર પાસેના મંડપ રૂા. ૫૧) હજાર ડેકોરેશન રૂા. ૫૧) હજાર ભોજનશાળા મંડપ રૂા. ૫૧) હજાર અતિથિ મંડપ રૂા. ૨૧) હજાર.

અંજન શલાકા મહોત્સવ સંરક્ષક સહાયક

૧. ૧૧) હજાર સંરક્ષક ૨. ૫) હજાર સહાયક ૧) હજાર શુભેચ્છક ૨૧) હજાર ચા-દૂધ કોફી કેન્ટીન ૫. ૧૧) ગરમ પાણીની પરબ ૬. ૧૧) હજાર ઠંડા પાણીની પરબ નં.૧ ૭. ૧૧) હજાર ઠંડા પાણીની પરબ નં. ૨

— શ્રી સમેતશીખર સ્થાપના તીર્થ —

અંજનશલાકા મહોત્સવ સાધર્મિક વાત્સલ્ય તથા પૂજનના નકરા

ચૈત્ર વદ-૧૪ તા. ૧૫-૪-૯૯ ગુરૂવાર સવારનો નાસ્તો રૂા. ૫) હજાર બપોરની ભક્તિ રૂા. ૧૫) હજાર સાંજની ભક્તિ રૂા. ૫) હજાર જલયાત્રાનો વરઘોડો ૫) હજાર કુંભસ્થાપન રૂા. ૩) હજાર દીપક સ્થાપન રૂા. ૨૫૦૦) ક્ષેત્રપાલ સ્થાપન-માણેક સ્તંભારોપણ રૂા. ૨૫૦૦).

ચૈત્ર વદ-૦))+૧ તા. ૧૬-૪-૯૯ સવારનો નાસ્તો રૂા. ૭) હજાર બપોરની ભક્તિ હજાર સાંજની ભક્તિ રૂા. ૭) હજાર નંદાવર્ત પૂજન રૂા. ૨૫૦૦) ઋશઢિકપાલ પૂજન રૂા. ૫) હજાર ભૈરવ પૂજન-૧૬ વિદ્યાદેવી પૂજન રૂા. ૨૫૦૦) નવગ્રહ પૂજન રૂા. ૨૫૦૦) અષ્ટમંગલ પૂજન રૂા. ૨૫૦૦)

વૈશાખ સુદ-૨ તા. ૧૭-૪-૯૯ શનિવાર સવારનો નાસ્તો રૂા. ૧૦) હજાર બપોરની ભક્તિ રૂા. ૨૦) હજાર સાંજની ભક્તિ ૧૦) હજાર નવપદ પૂજન રૂા. ૭) હજાર વીશસ્થાનક પૂજન રૂા. ૭) હજાર

વૈશાખ સુદ-૩ તા. ૧૮-૪-૯૯ રવીવાર સવારની નવકારશી રૂા. ૧૦) હજાર બપોરની ભક્તિ રૂા. ૨૫) હજાર સાંજની ભક્તિ રૂા. ૧૦) હજાર ચ્યવન કલ્યાણકનો વરઘોડો રૂા. ૫) હજાર

વૈશાખ સુદ-૪ તા. ૧૯-૪-૯૯ સોમવાર સવારની નવકારશી રૂા. ૧૦) હજાર બપોરની ભક્તિ ૨૫) હજાર સાંજની ભક્તિ રૂા. ૧૫) હજાર જન્મ કલ્યાણકનો વરઘોડો રૂા. ૭) હજાર.

(અનુ. ટાઇટલ ૩ પર)

વૈશાખ સુદ ૫ તા. ૨૦–૪–૯૯ મંગળવાર સવારની નવકારશી રૂા. ૧૫૧ હજાર બપોરની ભક્તિ ૩૦૧ હજાર સાંજની ભક્તિ ૧૫૧ હજાર.

વૈશાખ સુદ–૬ તા. ૨૧–૪–૯૯ બુધવાર સવારની નવકારશી રૂા. ૧૫૧ હજાર બપોરની ભક્તિ ૩૦ હજાર સાંજની ભક્તિ રૂા. ૧૫૧ હજાર દીક્ષા કલ્યાણકનો વરઘોડો ૨૦૧ હજાર

વૈશાખ સુદ–૭ તા. ૨૨–૪–૯૯ ગુરૂવાર સવારની નવકારશી રૂા. ૨૦૧ હજાર બપોરની ભક્તિ રૂા. ૩૦૧ હજાર સાંજની ભક્તિ ૫૧ હજાર કેવળજ્ઞાન–નિર્વાણ કલ્યાણકનો વરઘોડો રૂા. ૫૧ હજાર શ્રી બૃહદ્‌અષ્ટોત્તરી સ્નાત્ર રૂા. ૨૧૧ હજાર

ચેક/ડ્રાફ્ટ "શ્રી સમેતશીખર સ્થાપના તીર્થ" ના નામે મોકલવા વિનંતી છે.

આ સર્વ લાભ લેનારના નામો વહેલાસર મોકલવા વિનંતી છે. જેથી અંજનશલાકા મહોત્સવની કંકોત્રીમાં નામો છાપી શકાશે.

લિ. સમેતશિખર સ્થાપના તીર્થ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

* શાસન સમાચાર *

સકલેશ્વર (હાસન) કર્ણાટક અત્રે નૂતન જિનમંદિરમાં શ્રી કુંથુનાથ સ્વામી આદિ જિનબિંબોનાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આ. ભ. શ્રી વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય અમરસેનસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ ૧ થી મહા સુદ ૮ સુધી યોજાયો મહા સુદ–૬ અંજન અને મહા સુદ–૭ ની પ્રતિષ્ઠા થઇ.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

પ્રથમ જેઠ સુદ ૧૪ શનિવાર તા. ૨૯–૫–૯૯, રાસંગપુર મુકામ.

પ્રથમ જેઠ સુદ ૧૫ રવિવાર તા. ૩૦–૫–૯૯, મોડપર તીર્થમાં પ્રવેશ તથા સવારે ૧૦–૦૦ વાગ્યે તીર્થમાળારોપણ.

નિમંત્રક : **શાહ રાયચંદ મેરગ ગડા,** નૂતનનગર એચ. બિલ્ડીંગ, ગુરૂનાનક રોડ, **બાંદરા વેસ્ટ મુંબઇ–૫૦** ફોન : ઘર ૬૪૩૫૧૧૦, ઓ. ૬૪૦ ૮૭ ૬૭

યાત્રા સંઘમાં આવવા નામ લખાવવાના સ્થળો : (૧) રાયચંદ મેરગ ગડા બાંદરા ફોન : ૬૪૩૫૧૧૦ ઓ. ૬૪૦૮૭૬૭ (૨) દેવચંદ મેરગ ગડા, સુરત ફોન : ૬૦૭૦૦૨ (૩) જામનગર–દિગ્વિજય પ્લોટ દેરાસરજી તથા ઓસવાળ કોલોની જૈન દેરાસરજી તથા કામદાર કોલોની જૈન દેરાસરજી (૪) ભીવંડી–ધામણકરનાકા, અજન્ટા કમ્પાઉન્ડ જૈન દેરાસરજી (૫) શાહ રામજી લખમણ મારુ–થાનગઢ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* અનંતજ્ઞાનીઓ સંસારને દુઃખ દુઃખ રૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી કહે છે. તે સમજવાની ઇચ્છા જાગે નહિ તો સમજવું કે દર્શન અને ચારિત્ર મોહનીય ગાઢ છે, તેથી કષાય પણ ગાઢ છે અને રાગ-દ્વેષે તો મઝા મૂકી દીધી છે તેને લઇને અનુકૂળ વિષયો પર ભારેમાં ભારે રાગ છે અને પ્રતિકૂળ વિષયો પર ભારેમાં ભારે દ્વેષ છે.

* આજે સામાયિક પ્રતિક્રમણ, પૂજા-દાનાદિ કરનારને તે તે ધર્મ પ્રત્યે આદર નથી. અનાદર એ જ મોટું પાપ છે. દેવ-ગુરૂ પ્રત્યે અનાદરવાળા આવે નહિ, આવે તો ટકે નહિ.

* ધર્મથી જ સુખ મળે તે વાત સાચી હોવા છતાં પણ સુખ માટે તો ધર્મ થાય જ નહિ ધર્મ તો મોક્ષ માટે જ કરાય. સુખ માટે ય ધર્મ કરાય આવું કહેવું તે મહામિથ્યાત્વનો ઉદય હોય તે જ બોલાવે.

* તમે અમને હાથ જોડો તે ધર્મ. પણ તમે અમને નમસ્કાર કરો એમ ઇચ્છીએ તે અધર્મ.

* ઊંધી સમજવાળા ધર્મ કરીને ગાઢ પાપ બાંધીને સંસાર વધારે છે. જેમ અધર્મ કરવાથી સંસાર વધે છે તેમ આજ્ઞાવિરૂદ્ધ વર્તવાથી પણ સંસાર વધે છે.

* આપણે જો ડાહ્યા થઇ જઇએ તો આપણું ભાવી સારું છે. કોઇ ડહાપણ આપે છતાં તે ન જોઇએ તો સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પાપ એમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે- જે કોઇ સમજે અને જલ્દી આરંભ-સમારંભથી છૂટી જાય અને એવું જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.

* શાસ્ત્રને અનુસારી જે જ્ઞાન તેનું નામ ધ્યાન!

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૨૯+૩૦

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

PIN- 361005

૨૩૪

તેને જ સંઘ કહેવાય

નિમ્મલનાણપહાણો,
દંસણજુત્તો ચરિત્તગુણવંતો ।
તિત્થયરાણાજુત્તો,
વુચ્ચઇ એયારિસો સંઘો ॥

નિર્મલજ્ઞાન વડે પ્રધાન, સમ્યગ્દર્શનથી યુક્ત, સમ્યક્ચારિત્ર-ગુણવાળો, શ્રી તીર્થંકરપરમાત્માની તારક આજ્ઞાને માનનારો જ સંઘ એ સંઘ કહેવાય છે.

—સમ્યક્ત્વ સપ્તતિકા

卐

આજે પણ આવી ઉત્તમ શ્રાવિકાઓ છે

—પૂ. આ. વિ. શ્રી પ્રભાકર સૂ. મ.

ઇતિહાસ તો ઉત્તમ શ્રાવિકાઓથી ભરેલો છે. પરંતુ વર્તમાનમાં પણ તેનો અંશ જોવા મળે છે. જે અહીં નામ-ઠામ-ગામ વગર આલેખ્યા છે. ઉત્તમ આત્માઓ પ્રેરણા મેળવી આનાથી પણ સવાયા કાર્યો કરી જીવન સફળ બનાવે.

એક બેન પાઠશાળા ચલાવે. ઘણું ઉચ્ચ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરેલું. સંયમ પામવાની અત્યંત ઇચ્છા છતાં ચારિત્ર ન લઇ શકયા. જીવનભર અનેક આત્માઓને સમ્યગ્જ્ઞાનનું દાન કર્યું. અપરિણિત રહ્યા. પોતાની વૃદ્ધ માતાની ખડે પગે સેવા કરી અનેક યાત્રાઓ કરાવી. ઘર આંગણે સાધુ-સાધ્વીજી ભગવંત સાધર્મિક ભક્તિ કરવાની તક કદી જતી નહિ કરવાની. કયારેક કોઇ કહે તમે ખુબ ભક્તિ કરો છો તો તુરત જ કહે હજી મેં જીવનમાં કરવા જેવું કાંઇ કર્યું નથી. વૃદ્ધ ગ્લાન તપસ્વી મહાત્માઓને જ્યારે પણ આવશ્યકતા અનુપાનની હોય ત્યારે તક મળી તે વધાવી લીધી છે. ખબર પડે કે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને કાંઇ તકલિફ છે તુરંત પહોંચી જાય. એક પછી એક વસ્તુ બોલતા જાય સાડેબ આપને આ અનુકૂળ આવશે. ત્યાગી મહાત્માની કાંઇ પણ લેવાની ઇચ્છા ન હોય પરંતુ તેમના સાચા ભાવો લેવાની ઇચ્છા કરાવી દે કે અનુપાન એવું બનાવી દે કે મહાત્મા આરાધનામાં દોડતા થઈ જાય. અનેક ત્યાગી-તપસ્વી-જ્ઞાનીઓની કૃપા-આશિષ પ્રાપ્ત કર્યા છે. સવાર-બપોર-સાંજ વિનંતી કરવા જવાનું. વહોરાવતી વખતે પણ અપાર આનંદ આપણે થોડું વહોરીએ ના વહોરીએ તો આંખમાંથી આંસુ ચાલી જાય. ગંભિરતા ગુણ પણ જોરદાર ઘણું જાણે પણ બોલવાનું નામ નહિ. આવી તેમની ભક્તિ જોઇ પુણ્યવાનો ભક્તિ યોગ્ય વસ્તુ તેમને ત્યાં મુકી જાય તે વસ્તુ પોતાના ઉપયોગમાં ન આવી જાય તેની ખુબ કાળજી. પ્રવચન પછી એવી ગંહુલી બોલે કે પ્રવચનના બધા પદાર્થો તેમાં વણાઇ જાય. ભણું હોવા છતાં વિવેક-નમ્રતા અને પવિત્રતાની મૂર્તિ જોઇલો. ગુણવૈભવ પ્રાપ્ત કરવો હોય તો મેળવી લેજો.

એકવાર પ્રવચન પૂર્ણ થયું. એક બેન આવ્યા. ગુરૂ ભગવંત, મારી પોતાની બચાવેલી આ રૂા. ૫૦૦૦/-ની રકમ છે. આપને જ્યાં યોગ્ય લાગે ત્યાં સદ્વ્યય કરી દેવાનો છે. મારૂં નામ-ઠામ કશું જ આપવાનું નથી.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાયન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ડૉ. મહેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાગજી પદમશી મુંદરા (ભાગડા)

વર્ષ : ૧૧] ૨૦૫૫ ફાગણ વદ ૧૪ મંગળવાર તા. ૧૬-૩-૯૯[અંક : ૨૯-૩૦

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩,શ્રાવણ સુદિ-૧૦/૧૧ મંગળવાર તા. ૫-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૩૧ મું**) અવ૦)

નાણું પયાસયં સહિઓ તવો સંજમો ય ગુત્તિધરો ।
તેણહંપિ સમાઓગે મોક્ખો જિણસાસણે ભણિઓ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા અત્યાર સુધીમાં મોક્ષના સુખનું વર્ણન કરી આવ્યા કે જીવ જે સુખને ઇચ્છે છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે તે વાત સમજાવી આવ્યા પછી હવે મોક્ષના ઉપાયોને સમજાવી રહ્યા છે કે- સ્વપરને પ્રકાશક એવું જે જ્ઞાન, આત્માને શુદ્ધ કરનાર તપ અને આત્મામાં આવતાં નવાં કર્મોને અટકાવનાર સંયમ : એ ત્રણેનો સંપૂર્ણપણે યોગ થાય તો આત્માનો મોક્ષ થાય.

જેને જેને મોક્ષ જોઇતો હોય તેને મોક્ષમાર્ગ શું, તેની આરાધના શી રીતે

થાય તે વાત સમજવી પડે તે માટે જ્ઞાન જરૂરી છે. સમજ્યા પછી ઇચ્છા નિરોધ રૂપ તપ કરવો પડે. આ ઉપવાસાદિ બાહ્યતપ તો તેનું સાધન છે. ગમે તેટલો મોટો બાહ્યતપ કરે પણ જો મોહજન્ય ઇચ્છાઓ જીવતી અને જાગતી રહે તો તે બધો તપ નકામો થાય, આત્માનું કલ્યાણ કરનાર ન થાય, વખતે નુકશાન કરનારે પણ થાય અને આત્મામાં નવાં નવાં કર્મોને આવતાં રોકનારું સંયમ છે. જો નવાં કર્મો આવતાં રોકાય નહિ અને જુનાં કર્મો જાય નહિ તો મોક્ષ થાય ? નવાં આવતાં કર્મો રોકાય શી રીતે, જુનાં કર્મોનો નાશ થાય શી રીતે તેની સમજણ આવ્યા વિના કામ ચાલે ? દુનિયામાં પણ તેમે બધા જે કામ સિદ્ધ કરવું હોય તો તેનું જ્ઞાન મેળવવું જરૂરી માનો છો અને તેથી તેમાં આવતા અંતરાયો, મુશ્કેલીઓને દૂર કરવા પ્રયત્ન કરો તો સફળતા પણ પામો છો. તો જેને મોક્ષ જ જોઇતો હોય તો તેને સંસારનાં કારણો અને મોક્ષનાં કારણો સમજવાં પડે, સંસારનાં કારણો દૂર કરવા પડે, મોક્ષનાં કારણો આચરવાં પડે. આજ્ઞા મુજબ તપનું સેવન કરવું પડે જેથી આત્માને લાગેલાં જુનાં કર્મો ઉખડી ઉખડીને જાય અને નવાં કર્મો ન આવે તે માટે સંયમનું પૂરેપૂરું પાલન કરવું પડે. સંયમમાં મન-વચન અને કાયાના યોગોને કાબૂમાં રાખવા પડે અને ભગવાનની આજ્ઞા મુજબ પ્રવર્ત્તાવવા પડે જેથી નવાં કર્મો એવાં ન બંધાય કે જે સંસારમાં રખડાવે. કર્મ બંધાવાનું કામ તો ચાલુ છે પણ આત્માના પરિણામ-વિચાર સુધરે તો કર્મ રસ-કસ વગરનાં અને અલ્પસ્થિતિવાળાં બંધાય.

આજે મોટાભાગને જ્ઞાનની જરૂર નથી તપ તો લગભગ ફાવતો નથી. હજી કદાચ બાહ્યતપ કરે પણ અભ્યંતર તપની વાત તો ફાવે નહિ અને જીવન તો એવું સ્વચ્છંદી બની ગયું છે કે સંયમ તો આવે જ કયાંથી ? માત્ર આ એક મનુષ્યજન્મ જ એવો મળેલો છે કે જીવ ધારે તો આ ત્રણેને મેળવી શકે. દેવજન્મમાં હજી સમજણ મળી શકે પણ ત્યાં તપ પણ ન થાય અને સંયમ પણ ન પામી શકે. માટે જ જેટલા સમ્યગ્દૃષ્ટિ દેવો હોય છે તેમને દેવલોક પણ જેલ જેવો લાગે છે, લાંબુ આયુષ્ય પણ બંધનરૂપ લાગે છે અને ત્યાંનાં સુખ ભોગવવાં પડે તો ન છૂટકે કર્મને ભોગવે છે. તેવી રીતે નરકમાં રહેલા સમકિતી આત્માઓ પણ ત્યાંના દુઃખને મજેથી વેઠે છે. પરમાધામી દેવો ગમે તેવી પીડા કરે તો પણ તેમના ઉપર જરાપણ રોષ નથી આવતો.

કોઇ આપણને એક ન ગમે તેવી વાત કહે તો તેને ચાર ન ગમે એવી વાતો ન

સંભળાવીએ તો શાંતિ ન થાય તે દુર્ગુણ કહેવાય કે સદ્ગુણ કહેવાય ? આપણો સ્વભાવ કેવો છે ? દુ:ખ આવે તે એમને એમ આવે છે કે પાપ કર્યું માટે આવે છે ? દુનિયાનું સુખ પણ પુણ્ય કર્યું માટે મળે છે પણ તે કેવું છે ?

આ બધું જ્ઞાન અહીં મલી શકે તેવું છે પણ તમને તે મેળવવાનું મન થાય છે ? તપ કરવા હોય તો તે ય આ જન્મમાં કરી શકાય છે. બાર પ્રકારના તપનાં નામ તમને આવડે છે ? છ બાહ્ય તપના નામ પણ તમને આવડે છે ? નામ આવડતાં હશે પણ પણ અમલ કરો છો ? ખાધા–પીધા વિના ચાલે તેમ હોય તો ખાવું–પીવું નહિ. તે પહેલો અનશન નામનો તપ છે. ખાધા વિના ચાલે નહિ તેમ હોય અને ખાવું પડે તે ગમે તેવી સારી ચીજ હોય તો પણ પેટ ઠાંસીને ભરાય નહિ, પેટે હાથ ફેરવવો પડે તેવી સ્થિતિ ન થાય તે બીજો ઉણોદરી નામનો તપ છે. આ તપ કરનારો સ્ફુર્તિવાળો હોય. ફાવતું ન હોય તો ભુખ્યો ઊઠે અને ફાવતું હોય તે સવાયું ખાય તો તે તપસ્વી કહેવાય ? તપ ન કરી શકે તેને પણ ખાવા બેસે ત્યારે તપ યાદ આવવો જોઇએ. ખાતાં પહેલાં તપસ્વીને હાથ જોડ્યા પછી ખાવું જોઇએ. 'ધન્ય છે તે મહાત્માઓને જેઓ ખાધા–પીધા વિના દિવસોના દિવસો મજેથી કાઢે છે, ધ્યાનમાં ઊભા રહે છે, સ્વાધ્યાયમાં લીન બને છે.' પહેલા શ્રી તીર્થંકરદેવના શાસનમાં બાર મહિનાના ઉપવાસનો તપ થઇ શકે છે, છેલ્લા શ્રી તીર્થંકરદેવના શાસનમાં છ મહિનાના ઉપવાસનો તપ થઈ શકે છે અને બાકીના બાવીશ શ્રી તીર્થંકર દેવના શાસનમાં આઠ મહિનાના ઉપવાસનો તપ કરવાની શક્તિ હોય છે. છ મહિનાના ઉપવાસનો તપ કરવાની શક્તિ આ કાળના જીવોમાં હોય છે તો આપણામાં કેટલી શક્તિ છે તેનું માપ કદી કાઢ્યું છે ? અન્નપાણી ન મળી શકે તો કેટલા 'દિ કાઢી શકો ? બે ચાર' દિ ન મળે તો તમારી શી હાલત થાય ? કયારે એવો વખત આવશે તેની ખબર નથી તો ગમે તેવી આપત્તિ મજેથી સહન કરવાની શક્તિ મનુષ્ય ધારે તો મેળવી શકે છે. પણ મોટાભાગને તપની કિંમત જ સમજાઇ નથી. તપ એવો ધર્મ છે કે તપ વગરનો કોઇ આઠમી હોઇ શકે નહિ. કોઇ પણ ધર્મી આત્મા તપ ન કરતો હોય તેમ બને ખરું ?

ખાવું–પીવું તે જ મોટામાં મોટો રોગ છે. ખાવા–પીવાદિની ખાતર જગતના જીવો શું શું કરી રહ્યા છે તેનું વર્ણન થાય તેમ નથી. ખાવા-પીવાદિની મોજમઝાથી આ શરીર અને ઇન્દ્રિયો પુષ્ટ થાય છે. તે પુષ્ટ થયા પછી જે તોફાન ચાલે છે તે કહી શકાય તેમ નથી. તેના પરિણામે જીવને દુર્ગતિમાં જ ભટકવા જવું પડે છે. જેને ખાવું–પીવું ખરાબ લાગે, તેની મોજમઝા ખરાબ લાગે તેને જ ભગવાનનું શાસન સમજવાની અને તેના ઉપર શ્રદ્ધા કરવાની ઇચ્છા જન્મે.

બાકી આ સંસાર તો એટલો ભયંકર છે કે જીવને સાચી વાત પણ સમજવા

ન દે. જીવને અનાદિકાળથી જે તે ખાવા-પીવાનો જે શોખ વળગ્યો છે તે ભૂંડો છે આ વાત જેને સમજાય તેને જ ભગવાનના શાસનનો તપ ગમે બાકી તો આ શરીર અને મોહની દૂતી જેવી ઇન્દ્રિયો એવી છે કે તપના ઉપર સાચી રીતે રુચિ જ ન થવા દે. કેમકે, ભગવાનના શાસનનો તપ એટલે જાણી બૂઝીને મળેલી સંસારની સુખ-સામગ્રીની જરા પણ દરકાર નહિ કરતાં દુઃખને આમંત્રણ આપીને મજેથી ભોગવવું. ખાવા-પીવાદિનું ઘણું હોવા છતાં ય આવું-પીવું ન પડે તેવી ટેવ પાડવી અને કદાચ આવું-પીવું પડે તો તેમાં રસિયા થવું નહિ. આવું સમજનારો જીવ સમજે છે કે ભગવાનને જે કાંઇ કહ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું છે અને જગતના સઘળા ય જીવો માટે એકાન્તે હિત કરનારું જ છે. ભગવાનની કોઇપણ આજ્ઞા કોઇનું ય અહિત કરનારી નથી. ભગવાન એવી આજ્ઞા કરે જ નહિ જેથી કોઇનું પણ અહિત થાય.

માટે જ શાસ્ત્રે કહ્યું કે- આવું સમજનારો ભગવાનનો ચારે પ્રકારનો સંઘ તપસ્વી જ હોય, તે શક્તિ મુજબ તપ કર્યા જ કરે. બારે પ્રકારના તપ વગરનો સાધુ તે સાધુ નથી પણ હાડકાનો માળો છે, કલેવર જેવો છે. બારે પ્રકારનો તપ એવો છે જે બધા જ આચરી શકે તેવો છે. તમે તે આચરો છો કે નહિ તે જાતને પૂછો. બારમાંથી કેટલા પ્રકારનો તપ આચરી શકો તેમ છો?

ઉપવાસ ન જ કરી શકો તેમ છો? ખાવા બેસો અને અનુકૂળ ચીજ આવે તો થોડા ઊણા ઊઠવું તે તપ બની શકે તેવો નથી? તમે બધા પેટને પૂછીને ખાવ કે જીભને પૂછીને ખાવ? રોજ ખાનારો પણ તપસ્વી હોઇ શકે. ગમે તેવી સારી ચીજ આવે તો જીભને પૂછીને ખાય નહિ પણ પેટને પૂછીને જ ખાય. પોતે જમીને ઊઠે તો ય પેટ હલકું હોય, આળસ આવે, પેટે હાથ ફેરવવો પડે તેવી રીતે વપરાય નહિ. આ ઉણોદરી નામનો તપ પણ રોજ બની શકે તેવો છે. આ તપ પણ કયારે આવે? જીભ કાબૂમાં હોય તો. આ ઉણોદરી તપ જેનામાં આવી જાય તે બહુ સુખી જીવ બની જાય. તેને અનુકૂળ ચીજ ન હોય તો થાળી ન પછાડે.

તમારામાં આ જ્ઞાન નથી માટે તપ નથી કે જ્ઞાન હોવા છતાં ય તપની ઇચ્છા નથી માટે તપ નથી? બાર પ્રકારના તપનું જ્ઞાન હોય તો તે રોજનો તપસ્વી બની શકે. સમજીને આ તપ કરે તે જીવ તો સૌને ગમે. કોઇને તેના પ્રત્યે દુર્ભાવ ન થાય. તે જુનાં કર્મોની નિર્જરા કરે અને ગુણઠાણુ પ્રત્યયિક જે કર્મો બંધાય તે રસકસ વગરનાં અને અલ્પસ્થિતિવાળાં બંધાય. ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં ચાલતાં નિર્જરા થઇ શકે છે માત્ર હૈયું બદલવું જોઇએ. (ક્રમશઃ)

ગુરૂ પૂજનનું દ્રવ્ય ગુરૂવૈયાવચ્ચ તરીકે ગણાય નહિ ને વપરાય પણ નહિ.

— લે. પ્રેમપ્રિય

જૈન શાસનમાં અનેકાનેક ધર્માનુષ્ઠાનો ભવ્ય જીવોના કલ્યાણ માટે તારક તીર્થંકર ભગવંતો એ બતાવ્યા છે. એ કરેક ધર્માનુષ્ઠાનો પરલોકને સાધી આપનારા છે એટલે કે સકલ કર્મોનો ક્ષય કરાવી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પરલોકમાં સ્વર્ગાદિનો પ્રાપ્તિ કરાવનારા છે.

પરન્તુ તે ધર્માનુષ્ઠાનો તીર્થંકર ભગવન્તોએ પ્રરૂપેલા આગમાદિ શાસ્ત્રોમાં કહેલી વિધિથી કરવા માં આવે તો નહિતર એ ધર્માનુષ્ઠાનો પરલોકના હિતને સાધી આપનારા ન બને. આગમાદિ શાસ્ત્રોમાં કહેલી વિધિઓની જાણી-બુઝીને સરીયામ ઉપેક્ષા કરવાપૂર્વક અનુષ્ઠાનો કરવામાં આવે તો એ અનુષ્ઠાનો ભવ ભ્રમણામાં કારણ બને છે.

આજ વાતની રજુઆત સૂરિપુરન્દર આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મ. યોગબિન્દુ ગ્રંથમાં કરે છે-

परलोकविधौ शास्त्रं तू प्रायो नान्यदपेक्षते
आसन्नभव्यो मतिमान् श्रद्धा धन समन्वितः ।

શ્રદ્ધા રૂપી ધનથી યુકત – મતિમાન એવો આસન્ન ભવ્ય જીવ પરલોક સાધક અનુષ્ઠાનમાં શાસ્ત્ર સીવાય બીજી કોઇ પણ લોક રૂઢી આદિની મોટા ભાગે અપેક્ષા રાખતો નથી. આ પદનું તાત્પર્ય આ પ્રમાણે છે –

શ્રદ્ધા ધનને ધારણ કરનાર (શ્રદ્ધાલુ) મતિમાન = માર્ગાનુસારી પ્રજ્ઞાવાળો એટલે કે સમ્યગદર્શન – જ્ઞાન – ચારિત્રરૂપ મોક્ષમાર્ગને જ પુષ્ટ કરનારી બુદ્ધિવાળો એવો આસન્ન – ભવ્ય = નજીકના ભવોમાં જ મોક્ષે જનારો જીવ સ્વર્ગ – મોક્ષને સાધી આપનારા ધર્માનુષ્ઠાનો કરવામાં મોટે ભાગે શાસ્ત્રની અપેક્ષા રાખતો હોય છે એટલે કે શાસ્ત્રને અનુસારીને જ કરતો હોય છે.

શાસ્ત્રને છોડી પોતાની મતિ કલ્પના કે સ્વચ્છંદ બુદ્ધિથી કયારેય ધર્માનુષ્ઠાન કરે નહી.

જો શાસ્ત્રની ઉપેક્ષા કરી પોતાની મતિ કલ્પના કે સ્વચ્છંદપણે ધર્માનુષ્ઠાનો કરે તો તે તીર્થંકર ભગવન્તો પ્રરૂપેલા શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા વગરનો છે સમ્યગદર્શનાદિ મોક્ષ માર્ગને નુકસાન કરનારો બને છે અને એ આસન્નભવ્ય નથી પણ દુર્ગતિઓના ઘણા ભવોમાં ભટકનાર બને છે.

તેનુ કારણ બતાવતા સૂરિપુરન્દર આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મ. યોગબિન્દુ ગ્રન્થના જ બીજા શ્લોક પાઠથી જણાવે છે.

तत्कारी स्यात् नियमात्तद्द्वेषी चेति यो जडः ।
आगमार्थं तमुल्लंघ्य तत एवं प्रवर्तते ।।

જે જડ માણસ આગમમાં કહેલ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોમાં આગમનુ ઉલ્લંઘન કરીને આગમથી જ પ્રવૃત્તિ કરે છે તે અનુષ્ઠાન કરનારો તે માણસ નિયમા આગમનો દ્વેષી છે. ।

ટીકાના આધારે આ પાઠનું તાત્પર્ય આ પ્રમાણે છે.

શાસ્ત્રમાં કહેલા ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોને જે જડ = મંદબુદ્ધિવાળો માણસ શાસ્ત્રમાં કહેલી વિધિઓનું જાણી-બુઝીને ઉપેક્ષા કરી અવિધિથી કરે છે તે શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનો કરવા છતા તે શાસ્ત્ર પ્રત્યે ભક્તિવાળો નથી પણ શાસ્ત્રનો દ્વેષી છે અને જે શાસ્ત્રનો દ્વેષી છે તે શાસ્ત્રની પ્રરૂપણાકરનારા અરિહંત પરમાત્માનો પણ દ્વેષી છે એ ન કહી શકાય.

જે શાસ્ત્ર અને શાસ્ત્રની પ્રરૂપણા કરનાર અરિહંત પરમાત્માનો દ્વેષી છે એ જ શાસ્ત્રમાં કહેલા ધર્માનુષ્ઠાનો કરતા હોય પણ એઓ દુર્ગતિઓના સંસારમાં ભટકનારા જ થાય છે.

સંઘના ટ્રસ્ટીઓ જે ધાર્મિક દ્રવ્યનો વહીવટ કરે છે તે પણ શાસ્ત્રમાં બતાવેલ એક ધર્માનુષ્ઠાન જ છે એ ધાર્મિક દ્રવ્યના વહીવટ કરવાનું ધર્માનુષ્ઠાન પણ ટ્રસ્ટીઓએ શાસ્ત્રમાં જણાવેલ વિધિના અનુસારે જ કરવું જોઇએ.

શાસ્ત્રમાં જે દ્રવ્ય જે ખાતામાં લેવાનું જણાવ્યું હોય તે ખાતામાં જ લેવું જોઇએ અને જેમાં વાપરવાનું જણાવ્યું હોય તેમાં જ વાપરવું જોઇએ.

આ રીતે ધાર્મિક દ્રવ્યના વહીવટ કરવાનું ધર્માનુષ્ઠાન ટ્રસ્ટી વર્ગ કરે તો પુણ્યાનુબંધી પુણ્ય બંધના ભાગી બને અને યાવત્ તીર્થંકર નામ કર્મને બાંધનારા પણ થાય.

પરંતુ શાસ્ત્રથી વિરૂદ્ધ પોતાની મતિ કલ્પનાથી ધર્મ દ્રવ્યનો વહીવટ કરે. જે દ્રવ્ય જે ખાતામાં ગણવાનું શાસ્ત્રે બતાવ્યુ હોય તે ખાતામાં ન ગણે અને જે ખાતામાં વાપરવાનું જણાવ્યુ હોય તે ખાતામાં ન વાપરે પણ તેનાથી વિપરીત ખાતામાં ગણે અને વાપરે તો એ ટ્રસ્ટી વર્ગ ગાઢ ચીકણા પાપ કર્મ બાંધે કે જેના પરિણામે ભયંકર દુઃખમય નરકાદિ દુર્ગતિઓમાં અનંત કાલ સુધી ભટકનારા બને.

ગુરૂ પૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યમાં ગણવું જોઇએ એ માટેનો દ્રવ્ય સપ્તતિકા નામના ગ્રન્થમાં સ્પષ્ટ દીવા જેવો પાઠ હોવા છતાં ગુરુ પૂજનના દ્રવ્યને ગુરુ વૈયાવચ્ચ ખાતું ગણી ગુરુઓના વૈયાવચ્ચમાં ખર્ચે છે એ ટ્રસ્ટી વર્ગ ૨૦૪૪ ના સંમેલનમાં ઠરાવોની માન્યતા ધરાવનારા સંમેલન પરસ્ત પોતાના ગુરુઓની માન્યતાના અનુસારે ગુરુ પૂજનનું

દ્રવ્ય ગુરુ વૈયાવચ્ચમાં લેવાનું અને ગુરુઓની વૈયાવચ્ચમાં ખર્ચવાના પાપ કરવામાં બદ્ધાગ્રહી બની ગયેા છે. ગુરૂ પૂજનનું દ્રવ્ય જિન મંદિરના જીર્ણોદ્ધારાદિમાં વાપરવાનું શાસ્ત્ર પાઠમાં જણાવેલું હોવાના કારણે દેવદ્રવ્યમાં ગણાય એ વાતની રજુઆત શાસ્ત્રપાઠ બતાવીને બદ્ધાગ્રહી ટ્રસ્ટી વર્ગને કરવામાં આવે તેા પણ એ શાસ્ત્રપાઠ સાંભળવાની સમજવાની કે સ્વીકારવાની જરા પણ તૈયારી હોતી નથી ઉપરથી ગુરૂપૂજનનું દ્રવ્ય દેવ દ્રવ્ય ગણાય એના માટેના શાસ્ત્રપાઠ બતાવીને સમજાવે તેા એને પણ કહે કે શું તમે જ શાસ્ત્રના જાણકાર છેા બીજા સાધુઓ શું શાસ્ત્ર ભણેલા નથી. આવા કદાગ્રહી માણસોને કેાણ સમજાવી શકે ? સાક્ષાત્ ભગવાન પણ આવીને સમજાવે તેા સમજે કે ન સમજે ? એ એક પ્રશ્ન ઉભેા જ રહે ! છતાં ગુરુપૂજન દ્રવ્ય વૈયાવચ્ચમાં વાપરવામાં ઠરાવ કરે–કરાવે તે ધૃષ્ટતા ગણાય.

છતા પણ જે ટ્રસ્ટી વર્ગ ભવભીરૂ છે અને પાપભીરૂ છે તેને સમજાવવા – ઉન્માર્ગે જતા રોકી સન્માર્ગમાં લાવવા અને શાસ્ત્રના અનુસારે ધાર્મિક દ્રવ્યનેા વહીવટ કરી પુન્યબન્ધને કરનારા બને એ માટે ગુરુપૂજનના દ્રવ્યને દેવદ્રવ્ય તરીકે જણાવનાર અને એ દ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધાર આદિમાં વાપરવાનું વિધાન કરનાર શાસ્ત્રપાઠ રજુ કરવામાં આવે છે જે ધ્યાનપૂર્વક વાંચી સમજી દરેક ટ્રસ્ટીઓએ ધર્મદ્રવ્યના ગેર–વહીવટ કરવાના પાપથી બચવું જોઇએ.

દ્રવ્ય સપ્તતિકા ગ્રન્થના કર્તા પૂ. મહેાપાધ્યાય શ્રી લાવણ્ય વિજયજી ગણી છે. તેનું ભાષાન્તર કરનાર પંડીતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ છે અને એ ગ્રન્થનું સંપાદન પૂ. પંન્યાસશ્રી અભયસાગરજી મ. કર્યું છે.

એ ગ્રન્થમાં :

પ્રશ્ન – ૧ ગુરુપૂજાસત્કં સુવર્ણાદિ દ્રવ્યં ગુરુદ્રવ્યમુચ્યતે નવા ?

પ્રશ્ન – ૨ કુત્ર ચૈતદુપયોગિ ? ઇતિ

ગુરુ પૂજાનું સૂવર્ણાદિ દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે ન કહેવાય આ પ્રથમ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા દ્રવ્ય સપ્તતિકા ગ્રન્થકાર ફરમાવે છે કે,

ઉચ્યતે – ગુરુપૂજાસત્કં સુવર્ણાદિ રજોહરણાદ્યુપકરણ – વત્ ગુરુદ્રવ્યં ન ભવતિ, સ્વ નિશ્રાયામકૃતત્વાત્

રજોહરણાદિ ઉપકરણ જેમ ગુરૂદ્રવ્ય છે તેમ ગુરુ પૂજનનું સેાનુ વગેરે દ્રવ્ય ગુરુદ્રવ્ય થતું નથી કેમ કે ગુરૂએ પેાતાની નિશ્રાનું કરેલું હેાતું નથી.

આને સ્પષ્ટ અર્થ આ પ્રમાણે છે.

રજોહરણ વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો ગુરુદ્રવ્ય છે તેમ ગુરુ પૂજનમાં આવેલ દ્રવ્ય પણ ગુરુદ્રવ્ય જ છે પરંતુ રજોહરણાદિ ઉપકરણો જેવું ગુરુદ્રવ્ય છે તેવું ગુરુ પૂજનમાં આવેલ સુવર્ણાદિ ગુરુદ્રવ્ય નથી રજોહરણ વસ્ત્ર પાત્ર વગેરે ઉપકરણો સંયમ પાલનમાં ઉપયોગી હોવાના કારણે ધર્મોપકરણ તરીકે શાસ્ત્રોમાં ગણ્યા છે અને એ ઉપકરણો સાધુ રાખે અને એને નિશ્રાકૃત (માલિકીનું) કરે તો તેમાં પરિગ્રહ રાખવાનું પાપ સાધુને લાગતું નથી સુવર્ણ ચાંદી રૂપીયા વગેરે ગુરુ પૂજનમાં આવ્યુ હોય અને તેને નિશ્રાકૃત (માલિકીનુ) સાધુ કરે તો તેને પરિગ્રહનું પાપ લાગે.

રજોહરણાદિ ઉપકરણ રૂપ ગુરૂદ્રવ્ય ગુરૂની નિશ્રાકૃત હોય છે એટલે કે ગુરૂ એના માલિક હોય છે અર્થાત્ કોઇ ગુરૂ (સાધુને રજોહરણ વસ્ત્રાદિ કોઇપકરણો કોઇ ભાગ્યશાળી વહોરાવે ત્યારે સાધુ તેનો ધર્મલાભ આપી પોતાની માલિકીનું બનાવે છે એથી એ રજોહરણાદિ ઉપકરણોનો પોતે અંગત ઉપયોગ કરી શકે છે ત્યારે ગુરૂ પૂજનમાં આવેલ સોનુ વગેરે દ્રવ્ય ગુરૂદ્રવ્ય હોવા છતા સાધુ એની માલિકી ન કરી શકે એથી રજોહરણાદિ ઉપકરણની માફક પોતાના અંગત ઉપયોગમાં ન વાપરી શકે.

માટે જ એનો ઉપયોગ શામાં કરવો એ વાતની રજુઆત **કુત્ર ચ એતદુપયોગઃ ?** ઇતિ આ પ્રમાણેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગ્રન્થકાર જણાવે છે કે –

तथा स्वर्णाऽऽदिकं तु गुरुद्रव्यम् जीर्णोद्धारे नव्यचैत्यकरणादौ' च व्यापार्यम् ।

આ પાઠનો અર્થ – સોનુ ચાંદી રૂપીયા વગેરેનું ગુરુદ્રવ્ય (ગુરૂ પૂજનમાં આવેલ) જિનમંદિરના જીર્ણોદ્ધાર તથા નવા મંદિર કરવા આદિમાં વાપરવું જોઇએ.

અહિં આદિ પદથી જિનમંદિરની સજાતીય દેવકુલિકાઓ લેવાય. પરંતુ જિનમંદિરથી વિજાતીય ગણાતી ગુરૂ વૈયાવચ્ચ ન લેવાય અને જો આદિ પદથી વિજાતીય ગણાતી વૈયાવચ્ચ લેવાતી હોય તો સાધર્મિક ભક્તિ – અનુકમ્પા જીવદયા પણ લેવી જોઇએ એથી જેમ જિનમંદિરના જીર્ણોદ્ધાર – નૂતન નિર્માણ આદિમાં જેમ એ (ગુરૂ-પૂજનનુ ગુરુદ્રવ્ય વપરાવાનું વિધાન છે તેમ – આદિ પદથી)

ગુરુ પૂજનનું ગુરુદ્રવ્ય વૈયાવચ્ચમાં વાપરવાનું વિધાન થાય તો સાધર્મિક ભક્તિ = અનુકમ્પા અને જીવદયામાં પણ વાપરવાનું આ પાઠથી વિધાન થઇ જાય પરન્તુ એ શાસ્ત્રકારને માન્ય નથી એથી સાધર્મિક ભક્તિ – અનુકમ્પા જીવદયાના કાર્યોમાં ગુરૂ પૂજનનું ગુરૂદ્રવ્ય ન વપરાય. તેમ ગુરુની વૈયાવચ્ચમાં પણ ન વપરાય. પણ જિનમંદિરના જીર્ણોદ્ધાર – નવ નિર્માણાદિમાં જ વપરાય. એમ ઉપરનો પાઠ જણાવે છે. ગુરૂ વૈયાવચ્ચમાં વાપરવાનું જણાવતો નથી ગુરૂ પૂજનનું દ્રવ્ય જો ગુરૂ વૈયાવચ્ચમાં વાપરી શકાતું

હોત તો ગ્રન્થકાર સીધો જ "ગુરૂવૈયાવૃત્યે વ્યાપાર્યમ્" એવો પાઠ આપત. જિનમંદિરના જીર્ણોદ્ધાર–નુતન નિર્માણાદિમાં ગુરૂદ્રવ્ય વાપરવા માટે જે ઉપરોકત પાઠ આપ્યો તે આપવાની જરૂર જ ન હતી.

ગુરૂપૂજનનું ગુરૂદ્રવ્ય જિનમંદિરના જીર્ણોધ્ધાર–નૂતન નિર્માણ આદિમાં જ વાપરવું જોઇએ, ગુરૂ વૈયાવચ્ચમાં ન વાપરવું જોઇએ એ વાતની પુષ્ટિ કરવા માટે બીજા પાઠ પણ ગ્રન્થકાર આપે છે.

ગુરૂ પૂજા સિદ્ધિઃ એવમ્ – પ્રશ્નોત્તરસમુચ્ચય–આચારપ્રદીપ આચારદિનકર શ્રાદ્ધવિધ્યાઽઽધનુસારેણ શ્રી જિનસ્યેવ ગુરોરપિ અંગાઽગ્રપૂજા-સિધ્ધા ।

ગુરૂ પૂજાધનં વિનિયોગ વ્યવસ્થા– તદ્ધનં ચ ગૌરવાઽર્હસ્થાને પૂજા-સબન્ધેન પ્રયોક્તવ્યમ્ ન તુ જિનાઽગ પૂજાયામ્. ઇતિ.

પ્રશ્નોત્તર સમુચ્ચય– આચાર પ્રદીપ– આચાર દિનકર શ્રાદ્ધ વિધિ વગેરે ગ્રન્થોને અનુસારે જિનેશ્વર ભગવાનની અંગ– અગ્રપૂજનની પેઠે શ્રી ગુરૂ મહારાજની પણ અંગ– અગ્રપૂજા સિધ્ધ થાય છે અને તે (ગુરૂ મહારાજની અંગ અને અગ્રપૂજા)ના દ્રવ્યનો ઉપયોગ પૂજા સંબન્ધે કરીને ગૌરવ યોગ્ય ઉંચા સ્થાનમાં કરવો. પરન્તુ જિનેશ્વર ભગવંતની અંગ પૂજામાં ન કરવો.

આ પાઠનો ભાવાર્થ આ પ્રમાણે–

પ્રશ્નોત્તર સમુચ્ચયાદિ અહિ કહેલ ગ્રન્થોના આધારે જિનેશ્વર ભગવંતની જેમ અંગ પૂજા અને અગ્રપૂજા કરાય છે. તેમ શ્રી ગુરૂ ભગવંતોની પણ અંગપૂજા અને અગ્રપૂજા કરવી જોઇએ એ વાત સિદ્ધ થઇ.

કોઇ એમ કહેવું હોય કે ગુરૂનું પુજન કરવાનું કોઇ શાસ્ત્રમાં વિધાન નથી તો એમ કહેનાર પ્રશ્નોત્તર સમુચ્ચયાદિ શાસ્ત્રોનો તથા બીજા પણ અનેકાનેક શાસ્ત્રોનો અપલાપ કરનાર મહાઉત્સૂત્રભાષી છે. લોકોને ભ્રમણામાં નાખી ગુરૂભક્તિ કરવાથી વંચિત રાખવાનું મહાપાપ કરનાર છે.

ગુરૂપુજનમાં આવેલ સુવર્ણાદિ ગુરૂદ્રવ્યનો પુજ્ય પુજાના સંબન્ધથી ગુરૂ કરતા પણ વધુ ગૌરવ કરવા યોગ્ય અરિહંત ભગવન્તના સ્થાનમાં ઉપયોગ કરવો અર્થાત્ ગુરૂ કરતા પણ વધારે ગૌરવ કરવા યોગ્ય પુજા કરવા યોગ્ય અરિહંત ભગવંત છે તેથી ગુરૂના અંગ પુજામાં કે અગ્રપુજામાં આવેલ સુવર્ણાદિ ગુરૂદ્રવ્યનો ઉપયોગ પુજાના

સમ્બન્ધથી અરિહંત ભગવન્તના મંદિરના જીર્ણોદ્ધાર નુતન નિર્માણ આદિના કાર્યમાં કરવો જોઇએ. આ પાઠથી એ નિશ્ચિત થયુ કે ભોજ્ય-ભોજક સમ્બન્ધથી ગુરૂને પોતાના અંગત ઉપયોગ રૂપ ગુરૂવૈયાવચ્ચમાં ગુરૂપુજનના દ્રવ્યનો ઉપયોગ ન કરી શકાય.

ગુરૂપુજનમાં આવેલ ગુરૂદ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધાર-નવ નિર્માણાદિના કાર્યમાં જ વાપરવાનું ઉપરોક્ત પાઠ જણાવતો હોવાથી એ દ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય પણ ગુરૂ-વૈયાવચ્ચનું દ્રવ્યે ન કહેવાય.

સાથે સાથે ગ્રન્થકાર એ પણ એક વિશેષ ખુલાસો કરી દે છે કે ગુરૂ શ્રી જિનેશ્વર દેવાધિદેવ કરતા નીચલી કક્ષામાં છે તેથી ગુરૂપુજનમાં આવેલ સુવર્ણાદિ ગુરૂ-દ્રવ્યનો ઉપયોગ ગુરૂ કરતા ઉચ્ચત્તમ કક્ષામાં રહેલા જિનેશ્વર ભગવંતની અંગપુજામાં ન કરવો પરન્તુ જિનમંદિરના જીર્ણોધ્ધાર આદિમાં જ કરવો જોઇએ.

૨૦૪૪ ના સમ્મેલનના સમ્મેલનવાળા ગુરૂપુજનના દ્રવ્યના ગુરૂવૈયાવચ્ચમાં લઇ જવા જે પાઠ શ્રાદ્ધજિત નામના આગમશાસ્ત્રનો આપે છે તે પાઠથી પણ બરો-બર વિચાર કરતા ગુરૂપુજનનું દ્રવ્ય ગુરૂવૈયાવચ્ચના દ્રવ્ય તરીકે ગણી શકાય તેમ નથી.

તેનો પાઠ આ પ્રમાણે છે-

अथ यतिद्रव्यपरिभोगे प्रायश्चितमाह-

सुहवत्ति आसणाइसु भिन्नं जल्लनाइसुं गुरु लहुगाइ

जह दव्वभोगे इय पुण वत्थाइसु देवदव्वं व ।

व्याख्या- सुखवर्त्तिकाऽऽसनशयनादिषु अर्थात् गुरुयतिसत्केषु भिन्नं । तथा "जलाऽऽनाइसुत्ति" यतिसत्के जले अन्ने आदि शब्दात् वस्त्रादौ कनकादौ च धर्मलाभ इति प्रोक्ते दुरादुच्छितपाणये । सूरये सिध्धसेनाय ददौ कोटि नराधिपः ॥१॥ इत्यादि प्रकारेण केनापि साधुनिश्चया कृते क्षिप्तिग-सत्के वा परिभुक्ते सति" गुरुलहुगाइत्ति क्रमेण गुरुमासश्चतुर्लघवः आदि शब्दाच्चतुर्गुरवः षड्लघवश्च स्युः ।

અયમર્થ :— ગુરૂસત્કે જલે પરિભુક્તે દી અન્ને દી વસ્ત્રાદૌ દી કનકાદા ૬ પ્રાયશ્ચિતાનિ ભવન્તિ । ભોગે યતિદ્રવ્ય "ઇયત્તિ"— એવં પ્રકારः પ્રાયશ્ચિત વિધિ-રવગન્તવ્યः । અત્રાપિ પુનર્વસ્ત્રાદૌ દેવદ્રવ્યવત્-વક્ષ્યમાણ દેવદ્રવ્યવિષયપ્રકારવત્ જ્ઞેયમ્ । અયમર્થ :— યત્ર ગુરૂદ્રવ્યં ભુક્તં સ્યાત્,

तत्राऽन्यत्र वा साधुकार्ये वैद्यार्थं बन्दिग्रहादिप्रत्यपायापगमार्थं वा तावन्मित वस्त्रादिप्रदान पूर्वमुक्तं प्रायश्चित्तं देयमिति ।

શ્રાદ્ધજિત ગ્રન્થ એ છેદ ગ્રન્થ છે એમાં પ્રાયશ્ચિતનો અધિકાર આવે છે આ ગ્રન્થની રચના પૂર્વાચાર્ય પૂ. આચાર્ય ભગવન્ત શ્રી ધર્મઘોષસૂરિજી મ. ઠરેલી છે અને એ ગ્રન્થ પર ટીકાની રચના એમના જ પ્રશિષ્ય કોઇ મહાત્માએ કરી છે એમણે અહિ પોતાના નામનો ક્યાંએ નિર્દેશ કર્યો નથી. શ્રી શ્રાદ્ધજિત નામના આગમ ગ્રન્થના ઉપરોક્ત આ પાઠનો અર્થ – ભાવાર્થ આ પ્રમાણે છે.

આ ગ્રન્થમાં કોઇ માણસે ગુરૂદ્રવ્યનું ભક્ષણ કર્યું હોય તેનુ પ્રાયશ્ચિત બતાવવામાં આવ્યું છે.

ગુરુના (સાધુના) મુહપત્તિ – આસન – સંથારો વગેરે તથા જલ–આહાર અને 'આદિ'' પદથી લીધેલ વસ્ત્રાદિ અને સુવર્ણાદિને શ્રી શ્રાદ્ધજિત ગ્રન્થકારે તથા ટીકાકારે ગુરૂદ્રવ્ય તરીકે ગણ્યા છે.

ગુરૂના (સાધુના) મુહપત્તિ – આસન વગેરેનો પરિભોગ કર્યો હોય તો ''ભિન્નમાસ'' પ્રાયશ્ચિત આવે. જલના પરિભોગમાં ''માસગુરુ'' અન્ન (આહાર) ના ભોગવટામાં ''ચતુર્લઘુ'' વસ્ત્રાદિના પરિભોગમાં ''ચતુગુરૂ'' અને સુવર્ણાદિના પરિભોગમાં ''ષડ્ લઘુ''

આ રીતે ગુરૂ (સાધુ) ના દ્રવ્યનો પરિભોગ – ભોગવટો કે ભક્ષણમાં પ્રાયશ્ચિત આવે છે.

અહિયાં વસ્ત્રાદિના વિષયમાં વિશેષ વિધિ (વિધાન) શાસ્ત્રકાર બતાવે છે.

અહિ વસ્ત્રાદિના વિષયમાં તો દેવદ્રવ્યમાં કહેલા પ્રકાર પ્રમાણે પ્રાયશ્ચિત આપવું.

જેમ કોઇએ દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું હોય અને પછી પાપનો પશ્ચાતાપ થતા પ્રાયશ્ચિત લેવા આવે એણે જેટલું દેવદ્રવ્યનું ભક્ષણ કર્યું હોય તેટલું દ્રવ્ય દેવદ્રવ્યમાં ભરપાઇ કરાવવાપૂર્વક તપનું પ્રાયશ્ચિત આપવામાં આવે છે એમ કોઇ માણસે ગુરૂ (સાધુ) ના વસ્ત્ર કાંબલી વગેરેનો પરિભોગ (ભોગવટો) કર્યો હોય અને એ પ્રાયશ્ચિત લેવા આવે ત્યારે તેની પાસે તે સાધુ (જેના વસ્ત્રાદિનો ભોગવટો કર્યો હોય) ના કે બીજા કોઇ સાધુના કાર્યમાં (વૈયાવચ્ચમાં) વૈદ્યાદિમાં કે સાધુને બન્દિગૃહમાં (જેલમાં) નાખેલ હોય તે આપત્તિ દૂર કરવા તેટલા પ્રમાણવાળા વસ્ત્ર કાંબલી વગેરે અથવા તેની કિંમત પ્રમાણેના રૂપીયા આદિ અપાવવા પૂર્વક તપનું પ્રાયશ્ચિત આપવું.

વસ્ત્રાદિ ગુરુને (સાધુને) વહોરાવેલ હોવાના કારણે ગુરૂદ્રવ્ય કહેવાય. પરંતુ સુવર્ણાદિ તો ગુરૂને (સાધુને) વહોરાવાય નહિ તો તે સુવર્ણાદિ ગુરૂદ્રવ્ય કઇ રીતે કહેવાય ?

આવો પ્રશ્ન કોઇને ઉપસ્થિત થતા પહેલા જ ટીકાકાર સમાધાન આપતા જણાવે છે કે-

ધર્મલાભ ઇતિ પ્રોક્તે દુરાદુન્મિક્ષ્તપાણયે । સૂરયે સિદ્ધ સેનાય દદૌ કોટિં નરાધિપઃ ॥૧॥ ઇત્યાદિપ્રકારેણ કેનાપિ સાધુ નિશ્રયા કૃતે લિઙ્ગિ સત્કે વા ઇત્યાદિ ।। ઉંચા હાથ કરીને ધર્મલાભ આપનાર આ. શ્રી સિદ્ધસેનસૂરિ મ. ને વિક્રમ રાજાએ એક કોડ દ્રવ્ય આપ્યું. ઇત્યાદિ પ્રકારથી અને "ઇત્યાદિ પ્રકારેણ" એ પદમાં આપેલા "આદિ" પદથી ગુરૂનુ પૂજન કરવાના પ્રકારથી તથા ગુરુ પૂજન કર્યા વિના ગુરૂને સુવર્ણાદિ દ્રવ્ય અર્પણ કર્યુ હોય તો તે પ્રકારથી તે સુવર્ણાદિ દ્રવ્ય કોઇ માણસે સાધુની નિશ્રાવાળુ કર્યુ હોય તે સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂદ્રવ્ય કહેવાય.

તથા દ્રવ્યલીંગી (માત્ર વેષધારી સાધુ) ના દ્રવ્યને પણ ગુરૂદ્રવ્ય કહેવાય.

આનો અર્થ એ થયો કે સુવર્ણાદિ દ્રવ્ય અનેક રીતે ગુરૂદ્રવ્ય બને છે કોઇએ ગુરૂની અંગ પૂજા અને અગ્ર પૂજામાં સુવર્ણગીની વગેરે દ્રવ્ય સમર્પણ કર્યુ હોય, ગુરૂની વૈયાવચ્ચ માટે અર્પણ કર્યુ હોય તથા પુજન વિના સાધુને ભેટ કર્યુ હોય તેમજ માત્ર વેષધારી કોઇ દ્રવ્ય લીઙગી સાધુએ દ્વારા ધાગા મંત્ર તંત્ર આદિ કરવા દ્વારા અનેક પ્રકારે સુવર્ણાદિ દ્રવ્ય લેણુ કર્યુ હોય આવા અનેક પ્રકારોથી પ્રાપ્ત થતુ સુવર્ણાદિ ગુરુદ્રવ્ય કહેવાય.

ગુરુ વૈયાવચ્ચમાં આવેલ ગુરુદ્રવ્ય ગુરૂ વૈયાવચ્ચમાં વાપરી શકાય છે

અંગ પુજા કે અગ્ર પુજા વિના ભેટ તરીકે આવેલ સુવર્ણાદિ ગુરૂદ્રવ્ય પૂ. ગુરૂદેવશ્રીની સૂચના મુજબ ગમે તે ખાતામાં લઇ શકાય છે.

દ્રવ્યલીંગીનું દ્રવ્ય ગુરૂ દ્રવ્ય હોવા છતા એનું દ્રવ્ય અપવિત્ર હોવાના કારણે જિનમંદિરના નિર્માણાદિમાં વાપરવાનો નિષેધ કરીને અનુકંપામાં વાપરવાનું વિધાન દ્રવ્ય સપ્તતિકા ગ્રન્થના રચયિતા ઉપાધ્યાય શ્રી લાવણ્ય વિ. ગણીએ કર્યુ છે.

ગુરૂ પુજનમાં આવેલ ગુરૂદ્રવ્યને જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં વાપરવાનુ એજ ગ્રન્થકારે વિધાન કર્યુ છે.

સં. ૨૦૪૪ ના મીની સમ્મેલન સૂત્રધારોએ ગુરૂ પુજનમાં આવેલા સુવર્ણાદિના ગુરૂદ્રવ્યને વિવાદનું સ્થાન બનાવ્યું છે.

તેઓ સમ્મેલનના અશાસ્ત્રીય ઠરાવ દ્વારા ગુરુ પુજનમાં આવેલા સુવર્ણાદિ દ્રવ્યને ગુરૂની વૈયાવચ્ચમાં વાપરવાનું જણાવે છે.

ત્યારે દ્રવ્ય સપ્તતિકા ગ્રન્થના આધારે ગુરૂપુજનમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં વપરાતુ હોવાના કારણે ય ગણાય છે અને એથી ગુરૂની વૈયાવચ્ચમાં ન વાપરી શકાય.

ગુરૂ પૂજનમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂ વૈયાવચ્ચમાં ગણાય અને વપરાય એ વાતને સિદ્ધ કરવા માટે શ્રી શ્રાદ્ધજિત નામના આગમ ગ્રન્થનો પાઠ આપે છે.

પરંતુ સંભેલનમાં શ્રાદ્ધજિત ગ્રન્થનો એ પાઠ અને તેની ટીકાના પાઠનું અનુસંધાન ન કરવાના કારણે એ પાઠનો યથાશ્રુત = ઉપર છલ્લો અર્થ કરવા દ્વારા ગુરૂ પૂજનના દ્રવ્યને ગુરૂ વૈયાવચ્ચમાં ગણવાની અને વાપરવાની ભ્રમણામાં પડી ગયા છે.

સંભેલનમાં શ્રી શ્રાદ્ધજિત ગ્રન્થના મૂલ પાઠમાં–

"**वस्त्रादौ देवद्व्यं व**" એ પ્રમાણેના વાક્યથી તથા ટીકાના **अत्राऽपि पुनर्वस्त्रादौ देवद्रव्यवत्–वक्ष्यमाण–देवद्रव्यविषयप्रकारवत् ज्ञेयम, अयमर्थः**" આ પ્રમાણેના વાક્ય વગરના અધુરા "**यत्र गुरुद्रव्यं भुक्तं स्यात तत्राऽन्यत्र वा साधु कार्ये वैद्यार्थं अन्दि ग्रहादि [प्रत्यपा – यापगमार्थं वा तावन्मित – वस्त्रादि प्रदान पूर्वमुक्तं प्रायश्चित्तं देयमिति**" આ પ્રમાણેના પાઠના આધારે "**वस्त्रादौ**" એ પદમાં "**आदि**" પદથી સુવર્ણાદિ લે છે અને ટીકાનાં "**यत्र गुरुद्रव्य भुक्तं स्यात्**" ઇત્યાદિ પાઠમાના "**गुरुद्रव्यं**" પદથી સુવર્ણાદિ દ્રવ્ય પણ લે છે અને એમ કરીને ટીકાના એ અધુરા પાઠનો અર્થ કરતા ગુરૂ પૂજનમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્યને ગુરૂ વૈયાવચ્ચનું ગણે છે અને ગુરૂની વૈયાવચ્ચમાં વાપરવાનું જણાવે છે.

પરન્તુ શ્રાદ્ધજિત ગ્રન્થના એ મૂલ પાઠ અને એ પાઠનું સ્પષ્ટીકરણ કરતી ટીકાના પાઠનું પૂરેપૂરૂ અનુસંધાન કરીને અર્થ કરવામાં આવેલ સુવર્ણાદિ દ્રવ્યને ગુરૂ વૈયાવચ્ચનું ગણી જ ન શકાય...

શ્રાદ્ધજિત ગ્રન્થના મૂલ પાઠ તથા તેની ટીકા કરતા ટીકાકારે મુહપત્તિ આદિ તથા જલ અન્નાદિના ભક્ષણ – ભોગવટો કે પરિભોગ કરવાના વિષયમાં જે પ્રાયશ્ચિત બતાવ્યું છે તેમાં પણ વિશેષ વિધાન કરનાર મૂલ પાઠની અંદર "**वस्त्रादि देवद्रव्यं व**" એ પાઠનું સ્પષ્ટીકરણ કરતા ટીકાકાર મહર્ષી જણાવે છે કે "**अत्राऽपि पुनर्वस्त्रादौ देवद्रव्यवत् – वक्ष्यमाणदेवद्रव्यविषय प्रकारवत् ज्ञेयमू ।**

अयमर्थ :- यत्र गुरुद्रव्यं भुक्तं स्यात् तत्राऽन्यत्र वा साधुकार्ये वैद्यार्थं अन्दिग्रहादि प्रत्यपायापगमार्थं वा तावन्मित वस्त्रादि प्रदान पूर्वमुक्तं प्रायश्चित्तं देयमिति ।

શ્રાદ્ધજિત ગ્રન્થકારે ગુરુના મુહપત્તિ – જલ અન્નાદિના ભોગવટો કરનારને જે પ્રાયશ્ચિત બતાવ્યું છે તેમાં "**वस्त्रादिषु देवद्व्यं व**" પાઠ દ્વારા વસ્ત્રાદિમાં જુદી રીતનું પ્રાયશ્ચિત આપવાનું બતાવ્યું છે અને "**वस्त्राद्यन्नु देवद्व्यं व**" એ પાઠમાં

'વસ્થાદિસુ' એ શબ્દમાં આપેલ 'આદિ' પદથી સુવર્ણાદિ ન લઇ શકાય કેમ કે ટીકાકારે **જલાઽન્નાદિસુ ઇતિ યતિસત્કે જલે અન્ને આદિશબ્દાત્ વસ્ત્રાદૌ કનકાદૌ ચ જલાઽન્નાદિસુ** એ પદની વ્યાખ્યા કરતા 'આદિ' પદથી અહિ વસ્ત્રાદિ અને કનકાદિ એમ જુદા લેવાનું બતાવ્યું છે.

જો કનકાદિનું જુદુ ગ્રહણ ન કર્યું હોત તો 'વસ્ત્રાદિ' શબ્દમાં આપેલ 'આદિ' પદથી સુવર્ણાદિ લઇ શકાત અને ટીકાકારના **'अत्राऽपि पुनर्वस्त्रादौ'** ઇત્યાદિ પ્રમાણેના પાઠથી સુવર્ણાદિ વૈયાવચ્ચમાં વાપરી શકાત.

પરન્તુ **'જલાઽન્નાદિસુ'** ના પાઠમાં 'આદિ' પદથી વસ્ત્રાદિ તેમજ તેનાથી અતિરિક્ત કનકાદિનુ પણ જુદા તરીકે ગ્રહણ કર્યું છે એથી 'વસ્ત્રાદિ' માં આપેલ 'આદિ' પદથી સુવર્ણાદિ લઇ શકાય જ નહીં. અને ગુરૂના પૂજનમાં આવેલ સુવર્ણાદિને ગુરૂ વૈયાવચ્ચનું ગણીને ગુરૂની વૈયાવચ્ચમાં વાપરી શકાય જ નહી.

'વસ્ત્રાદિ' પદમાં આપેલ **'આદિ'** પદથી કાંબલી પાત્રા વગેરે સાધુના ઉપકરણો જ લઇ શકાય. એ વસ્ત્ર કંબલ વગેરે સાધુના ઉપકરણોનો કોઇએ ભોગવટો કર્યો હોય અને એ પ્રાયશ્ચિત લેવા આવે ત્યારે તેની પાસે તે સાધુ અથવા બીજા સાધુની વૈયાવચ્ચના કાર્યમાં તેટલી કિંમતવાળા વસ્ત્ર કાંબલી વગેરે અપાવી અથવા તેની કિંમત પ્રમાણેના પૈસા અપાવીને તપનું પ્રાયશ્ચિત આપવું.

આનાથી એ નિશ્ચિત થયું કે વસ્ત્ર કંબલ વગેરે સાધુના ઉપકરણો કે તેની કિંમત પ્રમાણેના પૈસા જ જે સાધુના ઉપકરણોનો ભોગવટો કરાયો હોય તે સાધુના કે બીજા કોઇ સાધુના વૈયાવચ્ચના કાર્યોમાં વાપરી શકાય.

પરન્તુ ગુરૂ પૂજનમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂ વૈયાવચ્ચમાં વાપરી શકાય જ નહી તેમજ ગુરૂ વૈયાવચ્ચના દ્રવ્ય તરીકે પણ ગણી શકાય નહી.

તેમજ **'अयमर्थ यत्र गुरुद्रव्यं भुक्तं स्यात'** ઇત્યાદિ પાઠમાં જે **'ગુરૂદ્રવ્ય'** પદ આપ્યું છે તેનાથી ગુરૂ પૂજનમાં આવેલ સુવર્ણાદિ દ્રવ્ય ન લઇ શકાય કેમ કે **'જલાઽન્નાદિસુ'** એ મૂલ ગ્રન્થના પાઠમાં આપેલ **'આદિ'** પદથી ટીકાકાર મહર્ષિએ ટીકામાં વસ્ત્રાદિ અને તેનાથી કનકાદિનુ પણ ગ્રહણ કર્યું છે કેવલ વસ્ત્રાદિનુ જ ગ્રહણ કર્યું નથી. કેવલ વસ્ત્રાદિનું ગ્રહણ કર્યું હોત તો **'ગુરૂદ્રવ્ય'** એ પદથી સુવર્ણાદિ પણ વસ્ત્રાદિની માફક લઇ શકાત. અને એ ટીકાકારના પાઠના આધારે સુવર્ણાદિ દ્રવ્ય પણ ગુરુ વૈયાવચ્ચમાં વાપરી શકાત. પરંતુ **'જલાઽન્નાદિસુ'** એ પાઠમાં આપેલ **'આદિ'** પદથી ટીકાકારે કેવલ વસ્ત્રાદિનુ જ ગ્રહણ કર્યું નથી પણ સુવર્ણાદિનુ પણ ગ્રહણ કર્યું છે.

શ્રાદ્ધજિત ગ્રન્થના મૂલ પાઠમાં **"वस्थाइसु देवदत्वं व'** એ પ્રમાણે જે કઠન કરવામાં આવ્યું છે તે વસ્ત્રાદિના વિષયમાં પ્રાયશ્ચિતના

વિશેષ વિધાન રૂપ છે અર્થાત સાધુના મુહપત્તિ આસનાદિ અને જલ-અન્ન (આહાર) નો પરિભોગ કોઇએ કર્યો હોય તેને જે પ્રાયશ્ચિત્ત અત્રે બતાવવામાં આવ્યુ છે તેના કરતા સાધુના વસ્ત્રાદિના કોઇએ કરેલ પરિભાગનું પ્રાયશ્ચિત જુદા પ્રકારનું કહેવા માટેનું વિશેષ વિધાન રુપ છે અને ટીકાકાર મહર્ષિએ **'जलाऽन्नाइसु'** એ પ્રમાણેના મૂલપાઠમાં રાખેલ **'आदि'** પદથી વસ્ત્રાદિ અને કનકાદિ જુદા જુદા લીધા છે એથી મૂલકારના **'वत्थाइसु देवदव्वं व'** એ પાઠનું અર્થઘટન વસ્ત્ર 'આદિપદથી કાંબલી વગેરે સાધુન. ઉપકરણોને આશ્રયીને જ કરવું જોઇએ ન કે કનકાદિને લઇને એથી એ જ નિશ્ચિત થાય કે સાધુના વસ્ત્ર કાંબલી વગેરે કોઇએ ભોગવટો કર્યો હોય તો ઉપર બતાવેલા વૈયાવચ્ચના કાર્યોમાં વસ્ત્રાદિ અથવા વસ્ત્રાદિની કિંમત પ્રમાણેના પૈસા અપાવી શકાય. પણ ગુરૂ પૂજનમાં આવેલ સુવર્ણાદિ ન અપાવી શકાય. એટલે કે ગુરૂ પૂજનનું સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂ વૈયાવચ્ચમાં ન વાપરી શકાય એ તો દ્રવ્ય સપ્તતિકા ગ્રન્થના પાઠના આધારે જિનમંદિરના જીર્ણોદ્ધાર કે નવ નિર્માણ આદિના કાર્યોમાં જ વાપરી શકાય અને એમ કરવાથી એ ગુરૂ પૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય. ગુરૂ વૈયાવચ્ચનુ ગણાય જ નહી અને ગુરૂ વૈયાવચ્ચમાં વપરાય પણ નહીં જ.

શ્રી શ્રાદ્ધજિત નામના આગમ શાસ્ત્રના પાઠનો વિપરીત અર્થ કરવાના કારણે તથા દ્રવ્યસપ્તતિકા ગ્રન્થના પાઠની જાણકારી ન હોવાના કારણે ગુરુ પૂજનના દ્રવ્યને ગુરૂ વૈયાવચ્ચમાં ગણીને વાપરે છે એમના દ્રષ્ટાંત લઇને બીજાઓએ પણ ગુરૂ પૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં ગણવું અને વાપરવું એ શાસ્ત્ર વિરુદ્ધ છે.

મારે કરેક ધાર્મિક દ્રવ્યના વહીવટ કરનારા પુણ્યશાળી ટ્રસ્ટી વર્ગે દ્રવ્ય સપ્ત-તિકાના દીવા જેવા સ્પષ્ટ પાઠને સમજીને ગુરુપૂજનનું દ્રવ્ય જિનમંદિરના જીર્ણોદ્ધારાદિ-માં (દેવદ્રવ્યમાં) જ વાપરવું જોઇએ ગુરુ વૈયાવચ્ચમાં ન વપરાય તેના માટે કટીબધ્ધ બનવું જોઇએ.

નહિતર સાધુ-સાધ્વીઓને દેવદ્રવ્યના ભક્ષણના પાપમાં પાડવાનું થશે અને તમારે પણ દેવદ્રવ્યની હાનિ કરવાના પાપમાં પડવાનું થશે અને એથી દુર્ગતિઓના દુરન્ત સંસારનું ભ્રમણ વધી જશે.

સમજીને સાચુ કરવાની ભાવનાવાળા બની અરિહંત પરમાત્માએ ફરમાવેલા ધર્માનુષ્ઠાનો અને ધાર્મિક વહિવટના કાર્યો કરી આત્મશ્રેય સાધો એજ-

એજની એજ સકાની શુભકામના...

બોધકથા :—

ધર્માત્માની સુંદર મનોદશા

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જે પુણ્યાત્મા સંસારમાં ન છૂટકે જ રહ્યો હોય છે, સંસારની પ્રવૃત્તિ ન છૂટકે જ કરે છે તેની મનોદશા ઘણી જ નિર્મલ અને ઉમદા હોય છે.

તિલકપુરનગરમાં મણિરથ નામના રાજા છે અને તેમનો એકનો એક પુત્ર વિક્રમકુમાર નામનો દેશાટન જોવાની ઇચ્છાથી માતા-પિતાને કહ્યા વિના એકલો નીકળી પડયો છે. પુણ્યશાલી અને ધર્માત્મા હોવાથી ઘણા વર્ષે ચાર-ચાર સુંદર દેવાંગના સમાન પત્નીનો સ્વામી અને અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ સાથે પોતાના પિતાને આવીને મળે છે અને માતા-પિતાના પગમાં પડી નમસ્કાર કરે છે.

તે જ વખતે તે નગરના ઉદ્યાનમાં જ્ઞાની એવા પૂ. આ. ભ. શ્રી. અકલંક સૂ. મ. સા સપરિવાર પધારે છે તે વધામણી ઉદ્યાન-પાલક આવીને રાજાને આપે છે. તે જ વખતે રાજા, હજી પુત્ર ઘણા વર્ષે લેગો થયો છે, તેની કુશલતા આદિ પણ જાણી ન જાણી અને પૂ. આચાર્ય ભગવંતને વંદન કરવા સપરિવાર સઘળી રાજરિદ્ધિ સાથે જાય છે. તેમાં જ પોતાની સામગ્રીની સફળતા માને છે.

આ પ્રસંગ પરથી એ બોધપાઠ મળે છે કે ધર્માત્મા જીવોની મનોદશા કેટલી ઉમદા હોય છે. ધર્માચાર્યનો સુયોગ મળે અને ધર્મશ્રવણની તક મળે તો બધા જ કામ પડતા મૂકી, પ્રાપ્ત તે ક્ષણોને સફળ કરવા જ સઘળો ય પુરૂષાર્થ કરે છે. ધર્માત્માની આવા પ્રસંગની મનોદશાનો વિચાર કરવામાં આવે, ધર્મકથાના પાત્રોનો આ રીતના વિચાર કરવામાં આવે તો પણ આત્માની યોગ્યતા ખીલ્યા વિના રહે નહિ. સંસારમાં સઘળા ય પ્રસંગો મળવા તે સહજ છે પણ સદ્‌ગુરૂ મુખે શ્રી જિનવાણી શ્રવણનો સુયોગ મળવો તે દુર્લભ છે. શ્રી જિનવાણી શ્રવણ જ મારા આત્માને પવિત્ર, નિર્મળ બનાવનાર છે, હૈયાને સુધારનાર છે. આવા ભાવથી કરાય તો આત્માનો નિસ્તાર થયા વિના રહે જ નહિ.

એકનો એક દીકરો પરદેશથી કમાઇને વર્ષો બાદ આવે અને તે જ સમયે જેને આપણો આપણા ધર્મદાતા તારક ગુરૂ માનીએ તેમનું પણ આગમન થાય તો આપણો ઢાળ કઇ તરફ વળે તેના પરથી હૈયાની ધર્મભાવનાનું માપ નીકળે. 'સાધુ-ગુરૂ મ. ક્યાંય ભાગી નથી જવાના, પહેલા દીકરાની ખબર-અંતર પૂછવી જોઇએ, આવી વિચારણા

(જુઓ અનુ. ટાઇટલ ત્રણ ઉપર)

ફ્ર પ્રેરણામૃત સંચય ફ્ર

— શ્રી મજ્ઞાંગ

* તેને જ દેવ-ગુરૂ-ધર્મનો ખપ પડે *

'મારે પૈસો મને જીવાડી શકે તેમ નથી, મારો પૈસો મને મરતો બચાવી શકે તેમ નથી, મારો પૈસો મને પાપ કરાવી દુર્ગતિમાં લઇ જનાર છે' આમ જે માને તે હજી પૈસાથી સારાં કામ કરી શકે. બાકી પૈસા માટે જ આજે દુનિયામાં તોફાન છે. પ્રાચીન કાળમાં આબરૂની કિંમત હતી, પૈસાની નહિ. આબરૂ ખાતર ઘણાએ હિરા ચૂસ્યા. આજે તમને પૈસાની કિંમત છે આબરૂની નથી. આજે પૈસાવાળાને લોક લુચ્ચા, હરામખોર, ઉઠાવગીર, બકશાશ કહે છે તેની આબરૂ છે? એક કાળે પૈસાવાળાને લોક સારા માનતા હતા. જેને ઘેર પૈસો તો બધાને ખાત્રી કે તેની પાસે જરૂર વખતે જઇએ તો કદિ ખાલી હાથે પાછા આવવાના નથી. આજે જરૂરવાળો તમારે ઘેર આવે તો? ભગવાન કહે છે કે 'જનમ તે જ પાપ છે.' જીવ જન્મે તેની સાથે જ તેને પૈસાની અને પૈસાથી મળતાં સુખની જરૂર પડે છે. પૈસો ય ખરાબ અને પૈસાથી મળતું સુખ પણ ખરાબ. આ બેને ખરાબ માને તેનું જ જીવન સુધરી જાય. તેને જ ભગવાન સાધુ અને ધર્મનો ખપ પડે. ખરાબ ચીજનો ખપ પડે તેના માટે બીજું ખરાબ કરાય?

આપણી મરજી ચાલે જ નહિ-

આપણું ધર્મ કરવો છે પણ તે ભગવાનના કહ્યા મુજબ પણ આપણી મરજી મુજબ નહિ. ધર્મ ભગવાનની આજ્ઞા મુજબ જ કરાય તેમાં અમારી-તમારી મરજી ચાલે જ નહિ. અમારે પણ ભગવાનની પાટ પર બેસીને અમારી મરજી મુજબ બોલવાનું નથી પણ શાસ્ત્ર મુજબ જ બોલવાનું છે. મોટો બેરીસ્ટર કોર્ટમાં ગમે તેટલી દલીલો કરતો હોય પણ કલમ મુજબ જ ને? જજ જજમેન્ટ પણ કલમ મુજબ જ આપે ને! તેમ અમારે શાસ્ત્ર મુજબ જ બોલવાનું છે. અમારી મરજી મુજબ બોલીએ માટે સાંભળો છો કે ભગવાનના શાસ્ત્રમાં કહ્યું તે મુજબ બોલીએ માટે સાંભળો છો? તમે સાધુઓને ગુરૂ માનો ને? સાધુએ ભગવાનની આજ્ઞા મુજબ ઘર-બારાદિ, પૈસા-ટકાદિ છોડ્યા, ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ પાંચ મહાવ્રત સ્વીકાર્યા; વિચારવાનું, બોલવાનું, વર્ત્તવાનું ભગવાનની આજ્ઞા મુજબ કબૂલ કર્યું માટે સાધુને

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

હાથ જોડો ને? ગુરૂ એટલે ભગવાનને બંધાયેલા. ભગવાનની આજ્ઞા મુજબ બોલનારા ચાલનારા અને વર્તનારા! અમારે અને તમારે ભગવાનની આજ્ઞાનો જ. સંબંધને? અમારે ભગવાનની આજ્ઞા મુજબ બોલવાનું, ચાલવાનું અને વર્તવાનું તો તમારે પણ તેમજ કરવાનું ને? તો જ તમે શ્રાવક! આજ્ઞાને આધીન બને તો તરે. મરજી મુજબ વર્તે તે ડુબે?

*** ભગવાનનો કાયદો જ કલ્યાણકારી–**

આજે પણ આવા વિષમ કાળમાં તમારા રાજના માણસોએ ઘડેલા કાયદા વિરૂદ્ધ ચાલો તો ચાલે? તે કાયદા વિરૂદ્ધ જાહેરમાં તો ન જ ચલાય. તો ભગવાનના કાયદા વિરૂદ્ધ ચલાય? આજે ઘણા શ્રીમંતોની ઊંઘ ઊડી ગઇ છે. પૈસા સાચવવા મરે છે. તેને કેટલી ચિંતા છે! રાજના કાયદાથી થોડું ય વિરૂદ્ધ કર્યું હોય તો ય ચેન પડતું નથી; તેવા મોટા મોટા માણસો દુઃખી છે, ઉપાધિમાં છે તો ભગવાનના કાયદાની બરાબર ન ચાલે તો ઉપાધિ નથી કે છે? ભગવાનની આજ્ઞા મુજબ ન ચાલે, ખોટું કામ મજેથી કરે, સારૂં કામ આવે તો શક્તિ નથી તેમ કહે તો ધર્મસત્તા છોડશે? તમે ધર્મ તમારા અભિપ્રાય મુજબ કરો છો કે કે ભગવાનના અભિપ્રાય મુજબ કરો છો? સંસારમાં ય સારા રહેવા ડહાપણથી જીવવું પડે. ભગવાનની આજ્ઞા મુજબ જીવીએ તો જ સદ્ગતિ થાય.

*** પાપનો ડર, સદ્ગતિની ચાવી–**

જ્ઞાની કહે છે કે, કરેલાં પાપ કોઇને છોડતાં નથી. માટે પાપનો ડર કેળવો. જો ભવિષ્ય સુધારવું હોય તો. પાપ કરશો તો ધર્મસત્તા પકડીને દુર્ગતિમા લઇ જશે. આજે પણ ધર્મ આપણને પછાડે છે ને? તમે કેટલા મોટા ચમરબંધીઓને પડતા જોયા. તમે આ દેશમાં ઘણા પલટા જોયા છતાં તમને ખબર નથી પડતી કે, આપણે જવું પડશે, બધું મૂકીને દુર્ગતિમાં જવું પડશે આ યાદ નથી આવતું? ભય પણ નથી લાગતો?

તમે શું કરો ત્યારે ભગવાન યાદ આવે છે? બધા હાથ પછાડે કાંઇ ફાવો નહિ તો ભગવાન યાદ આવે ને? આજે માંદો પડે તો ડોકટર પાસે જાય, કાયદામાં ફસાય તો વકીલ પાસે જાય, વેપારમાં મૂંઝાય તો અનુભવી પાસે જાય અને બધેથી હતાશ આવ્યા પછી ભગવાન પાસે જાય. ભગવાન નવરા હશે કે 'તમારે પાપ કરવાં છે, પાપ ચાલુ રાખવા છે અને તમને બચાવવા આવે?' તમે જો ખરેખર ભગવાનને માનતા હો અને દુઃખ આવે તો ભગવાનને કહેવું જોઇએ કે 'હું આ દુઃખને જ

લાયક છું કેમકે મેં બહુ પાપ કર્યા છે. હવે મને આ દુઃખ સહન કરવાનું બળ આપ.' આમ માનો તો ય સારું થવાની સંભાવના છે.

*** સામગ્રી સારી ખામી આપણી ખરાબીની જ-**

તમને દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી સારામાં સારી મળી છે. છતાં હજી તમને સંસાર છોડવાનું અને મોક્ષે જવાનું મન થતું નથી માટે લાગે છે કે તમે પુણ્ય મેલું કરેલું. તે વખતે ધર્મ ખરાબ રીતે જ કરેલો. ધર્મ કરેલો તેથી પુણ્ય બંધાયું પણ એવું ખરાબ બંધાયું છે કે, ભગવાન, ભગવાનના મંદિર મળવા છતાં, સાધુનો યોગ થવા છતાં, તીર્થોમાં જવા છતાં હજી અમારે વહેલામાં વહેલું મોક્ષે જ જવું છે તેમ મન થતું નથી. આવો સારો મનુષ્યજન્મ આપનારૂં તમારૂં પુણ્ય ખરાબ છે માટે તમે ખરાબ છો તેમ લાગે છે. પાપનુબંધી પુણ્ય જ એવું છે કે, 'ભગવાનની, સાધુની સાચી ભક્તિ કરવા ન દે, ધર્મ ઊંધી રીતે જ કરાવે અને પાપ કરાવી દુર્ગતિમાં જ મોકલી આપે.' આજે મંદિરમાં જનારને પૂછીએ કે ઘર તારું લાગે છે કે મંદિર તારૂં લાગે છે ? પુણ્ય જ ખરાબ છે માટે મંદિરમાં ઉપાશ્રયમાં જવા છતાં મંદિર, સાધુ કે ધર્મ 'મારો' લાગતો જ નથી પણ ઘર-પેઢી, કુટુંબ-પરિવાર; સ્ત્રી-છોકરા, પૈસા-ટકાદિ 'મારા' લાગે છે. હવે તો મા-બાપ પણ ભૂલાઇ ગયા છે તેવો કાળમાં ફેરફાર થઇ ગયો છે. ભગવાન, સાધુ, ધર્મ ભૂલાઇ ગયા, મા-બાપ ભૂલાઇ ગયા, કેવી દુર્દશા થઇ છે ! આ જનમ પાપ કરવા માટે જ મળ્યો હોય તેમ નક્કી થાય છે.

આ જન્મમાં આજે એવા એવા પાપ થાય છે કે જેથી એમ લાગે છે, કે અનંતકાળે ય આવો જનમ નહિ મળે. જે ભગવાનનું, સાધુનું કે ધર્મનું ન માને તેને ભગવાન-સાધુ કે ધર્મ શું કરે ? પુણ્ય જ ખરાબ બંધાયું છે માટે જ સારી બુદ્ધિ નથી આવતી. તો સારી બુદ્ધિ મેળવવા મહેનત કરવી પડે. તમે કુટુંબાદિની મમતા ખાતર જેટલાં પાપ કરશો તે તમારે જ ભોગવવા પડશે. તમે તમારી જાતને તો ભગાડો છો તેમ તમારા ઘરમાં જન્મેલાંને પણ ભગાડો છો. તેના પાપનો ય ભાગ તમને આવશે. તે બધા પાપ કરીને કયાં જશો ? માટે હજી સમજો અને ચેતીને ચાલો, સુધરવા પ્રયત્ન કરો તો બાજી હાથમાં છે. બાકી સુખમાં મહાલશો, ગમે તેમ કરીને પૈસા કમાશો તો બાર વાગી જશે. આવી સારી સામગ્રી પામી હારી જશો તેમાં દોષ સામગ્રી પામી હારી જશો તેમાં દોષ સામગ્રીનો નથી પણ તમારી ખામીનો-ખરાબીનો છે

* હૈયું સુધારો–

આજે મોટાભાગને પાપનો ડર જ નથી. કેમકે તમે જે પાપ કરો છો તે નિર્ભયપણે કરો છો. તમે ચોરીનો ધંધો નથી કરતા પણ માત્ર વેપારમાં જ ચોરી કરો છો. પણ તમને કદિ એમ ન થાય કે મારૂં શું થશે? તેને તો તમે 'બીઝનેશ પોલીશી' માનો છો.

આજનો સુખી ગણાતો વર્ગ ચોર–ડાકુ કરતાં વધારે ખરાબ છે. તે ચોર–ડાકુ માને કે 'અમારૂં જીવન જોખમમાં છે. ક્યારે પકડાઇ જઇએ, માર્યા જઇએ તે કહેવાય, નહિ.' તે માને કે, 'અમારો ધંધો ખોટો છે.' તમે માનો-કહો કે, 'અમારો ધંધો ખોટો છે?' કોને સારા કહેવા? તમને કે તેમને? તમને જે પકડવા આવે તેને ય તમે પકડો. તેને ય કહો કે, તું ય મારી ચોરીમાં ભાગીદાર થા. સરકારના બધા નોકરોને તમે જ ચોર બનાવ્યા.

આજે આર્યદેશનો સારો ગણાતો વર્ગ આર્યદેશના પાયાના સિદ્ધાન્તો–'દુઃખ પાપથી જ સુખ ધર્મથી જ. મેં કરેલા પાપના ફળ રૂપે આવેલ દુઃખ મારે વેઠવું જ જોઇએ. સુખ અને ભોગની હજી મારે જરૂર પડે છે પણ તે માટે અનીતિ તો કરાય જ નહિ–' ને સમજશે નહિ, માનશે નહિ તો જરાય વિશ્વાસપાત્ર બનશે નહિ. આજે તમે ખોટું કરો અને તેને 'કળા' માનો છો, તે કળામાં કાંઇ પાપ નહિ તેમ માનો છો. પાપની સજા દુઃખમાં જ આવે તેમ માનો છો? આવા લોકો મંદિર ઉપાશ્રયમાં આવે તેથી નુકશાન જ થાય. અમે પણ જો સાવચેત ન રહીએ તો અમારી ય સહી લે.

આજે સરકારના કાયદા ખોટાં છે માટે અમારે ખોટું કરવું પડે છે. આ તમારી વાત માની અમારામાંના ય બોલતા થયા કે, 'કાયદા ખોટાં છે માટે ખોટું કરો તે ખોટું નથી.' તમે જ કહો કે, કરચોરી કરવી તે ખોટી કે સાચી? કરેક વાતમાં હા એ હા કરવી તે બરાબર નથી. સરકારે કર વધારે નાંખ્યો તે ખોટું કર્યું પણ તમે કરચોરી કરો તે સારૂં ગણાય? જે રાજ્યમાં રહો તેના કાયદા પ્રમાણે ચાલવું જોઇએ. તમે સમજુ હો તો તમારે એવી રીતે જીવવું જોઇએ કે કરચોરી કરવાનો પ્રસંગ જ ન આવે. તમે લોકો ધર્મી ગણાવ અને સામાન્ય સિધ્ધાન્તો ય ન માનો તે ન ચાલે.

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૬] —શ્રી રાજુભાઇ પંડિત

૪૬ પાંડવો લાક્ષાગૃહમાં

ઇંદ્રપ્રસ્થની દિવ્યસભામાં સોગઠા હારી ગયા પછી હસ્તિનાપુરના રાજભવનમાં રહેવાનો અધિકાર ખોઇ બેસીને પાંચે પાંડવો શસ્ત્રો લઇને વનવાસ ભણી ચાલી નીકળ્યા. હસ્તિનાપુરનો નરેશ હસ્તિનાપુરને છોડીને જઇ રહ્યો હતો ન જાણે ફરી પાછો કયારે ફરશે.

પાંડવોના વિયોગના વિરહાગ્નિથી કાઝી ઉઠેલા મન સાથે જ પાંડવોની પાછળ પાછળ ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, પાંડુરાજા, વિદુર, ધૃતરાષ્ટ્ર, સત્યવતી, અંબિકા, કુંતી, માદ્રી, પાંચાલી, સુભદ્રા, પાંચાલો, અને નગરજનો ગમગીન હૈયે ચાલતા જઇ રહ્યા છે.

પગપાળા ચાલવા નહિ ટેવાયેલા વડિલજનોના પાદચાર વિહારને જોઇને ખિન્ન થઇ ગયેલા યુધિષ્ઠિરે હસ્તિનાપુરના નગરના છેડેથી સૌને નગર તરફ પાછા વળવા ઘણા વિનવ્યા પણ કોઇ પાછા ના ફર્યા.

સાંજરે ચાલતા ચાલતા એક ઘટાદાર વૃક્ષ નીચે આવીને અર્જુનના કહેવાથી ધર્મપુત્રે વિસામો લીધો.

બીજી તરફ એ વૃક્ષ સુધી પહોંચે તે પહેલાં જ અતિસુકુમાર દ્રૌપદી થાકી ગઇ અને એક વૃક્ષ નીચે થાક દુર કરવા બેઠી હતી ત્યાં જ એક ભયાનક રૌદ્ર બિહામણી આકૃતિવાળો કીર્મીર નામનો રાક્ષસ દ્રૌપદીને જોઇને તેનું ભક્ષણ કરી જવા આવ્યો. ભયનક રાક્ષસને જોતાં ભયથી થર-થર ધ્રુજી ઉઠેલી દ્રૌપદીએ ચિલ્લાઇને બૂમ પાડી બચાવો બચાવો અને ભીમનું ધ્યાન એ તરફ જતાં ભીમે કીર્મીરને લલકાર્યો. દુર્યોધનના વધ કરી નાંખવાના જાગૃત થયેલા દિવ્યસભાના ક્રોધ સાથે ગદાના એક જ પ્રચંડ પ્રહારથી ભીમસેને કીર્મીરનો વધ કરી નાખ્યો. આ વાતની જાણ યુધિષ્ઠિરાદિ કોઇને જ પડી નહિ.

પાંડવોની સાથે આવેલા કરેક માટે અર્જુને વિદ્યાના બળથી સુંદર રસોઇ તૈયાર કરાવીને કરેકને આનંદ પૂર્વક જમાડ્યા.

એટલામાં મારતે ઘોડે સૈન્ય સહિત આવીને દ્રૌપદીના ભાઇ ધૃષ્ટદ્યુમ્ને

દ્રૌપદીને કહયુ હું ધારૂ તો આ જગત આખાને દુર્યોધન વિનાનું કરી નાંખુ. પણ શું થાય મને તેમ કરતા ધર્મપુત્ર યુધિષ્ઠિર અટકાવી રહયા છે. આથી કે દ્રૌપદી! તારે પણ વનવાસ રહેવું પડશે પણ તું સુકુમાર આ જંગલના વાસને સહી નહિ શકે માટે મારી સાથે કાંપિલ્યનગર પિતાના ઘરે ચાલ.

ત્યારે દ્રૌપદીએ કહયુ દુર્યોધનનો વધ કરવા તો ભીમ-અર્જુન કયારના તડપે છે પણ ધર્મપુત્ર જ તેમાં વિઘ્ન છે. હવે તો આર્યપુત્રના કહમો જ મારો માર્ગ છે. સુખ માં સાથે-સાથે રહીને દુઃખમાં તેમને છોડીને મારાથી ત્યાં પિતૃઘરે શી રીતે આવી શકાય? માટે હું તો ત્યાં નહિ આવું પરંતુ તારા આ પાંચેય પાંચાલ ભાણેજોને તું ત્યાં લઇ જા અને કળાભ્યાસ શીખવજે.

પછી પાંડવોને નમીને ગમગીન ચહેરે પાંચાલોને લઇને ધૃષ્ટદ્યુમ્ન કાંપિલ્યનગર તરફ પાછો ફર્યો.

બીજી તરફ પાંડવોનો વનવાસ સાંભળીને દુઃખી હૈયે શ્રી કૃષ્ણ પાંડવો પાસે આવ્યા અને ક્રોધ સાથે બોલ્યા કે ઇન્દ્રપ્રસ્થની તે દિવ્યસભામાં શકુનિ તથા કર્ણ સહિત દુર્યોધનની કપટક્રીડા, દ્રૌપદીનુ કેશાકર્ષણ અને વસ્ત્રાકરણ આટલું જાણતા તો મને તે જ સમયે દુર્યોધનનો ખાત્મો બોલાવી દેવાનું મન થયુ છે હવે યુધિષ્ઠિર! મારા આ વિચારમાં તું વચ્ચે આવતો નહિ. તારી સત્યનિર્વાહની જડતાએ મને અકળાવી મૂકયો છે.

આટલું સાંભળતા જ ધ્રુજી ઉઠીને અંજલિપૂર્વક યુધિષ્ઠિરે કહયુ હે કંસના સંહારક! આપના ક્રોધની આગળ તો શક્ર પણ સસલા જેવો છે તો આ દુર્યોધનાદિ તો કોણ માત્ર છે? પરંતુ હે શ્રી કૃષ્ણ મારા વનવાસના સત્યનો અતિક્રમ (ઉલ્લંઘન) લોકોથી સાંભળીને ક્રુધ આપ જ શરમાઇ જશો. ભીમાર્જુનને તો આજ્ઞા કરીને મેં દુર્યોધનનો વધ કરતાં અટકાવ્યા છે. પણ હે વાસુદેવ! આપને વિનમ્રભાવે વિનંતિ કરૂ છુ કે, આપ આ આરંભથી પાછા વળો. જો અમારા ઉપર તમે પ્રસન્ન હોય તો."

આ રીતે વિનમ્રતા પૂર્વક યુધિષ્ઠિરે શ્રી કૃષ્ણને શાંત પાડયા.

હવે પાંચે ભાઇઓએ વિદુરની સૂચનાનુસાર ભીષ્મપિતામહ આદિ વડિલોને આગ્રહપૂર્વક વનવાસથી પાછા વાળ્યા. તથા પિતા પાંડુરાજાને તટસ્થ રહેવા તથા માતા કુંતીને વનમાં સાથે રહેવા વિચારણા કરી. માતા માદ્રીને પાંડુરાજાની ચાકરી માટે તથા કાકા વિદુરને પિતાની સાથે જ પાછા ફરવા જણાવ્યું. વડિલો સ્વજનો રડતી આંખે જ પાછા ફર્યા. પણ નગરજનો પાછા નહિ ફરતાં યુધિષ્ટિરે તેમને સાથે આવવા સંમતિઆપી.

કરેક વડીલોએ પોતાની ભૂમિકાને યોગ્ય પાંડવોને વનવાસમાં અપ્રમત રહેવા અંગે હિતશિક્ષા આપી.

હવે શ્રીકૃષ્ણજીના કહેવાથી પાંડવોએ પાદચાર–પગપાળા વનવાસનો ત્યાગ કરી હાથી–ઘોડા–રથ–વિમાનાદિ વાહનો દ્વારા નાસિક તરફ પ્રયાણ કર્યું. નાસિક પહોંચ્યા બાદ માતા કુંતીએ બંધાવેલા શ્રી ચંદ્રપ્રભ સ્વામીના મંદિરે દર્શન–પૂજનાદિ કર્યા અને માતા કુંતીના મહેલે કેટલાંક દિવસો પસાર કર્યા.

હવે દુર્યોધને મોકલેલ પુરોચન નામના દૂતે આવીને યુધિષ્ઠિરને કહ્યું કે– "હે વડિલ ભ્રાતા ! મારા અપરાધને માફ કરો. હું દુર્જન શિરોમણી છું. મે તમને ખોટી રીતે જુગારમાં છેતરીને હેરાન કર્યા પણ મારા, આ અપરાધને ભૂલી જઇ મને માફ કરીને તમે પાછા હસ્તિનાપુર પધારી ત્યાંનું રાજ્ય સંભાળી લો. અથવા તો તમે તમારા સત્યવ્રતના નિર્વાહને લીધે પાછા ફરી ના શકો તો વારણાવત નગરે જઇ સુખેથી રહો."

યુધિષ્ઠિરે તે વાતનો સ્વીકાર કરી વારણાવત નગરમાં ભવ્ય પ્રવેશ સાથે વસવાટ શરૂ કર્યો દુર્યોધને યુધિષ્ઠિરને જે જે જરૂર પડે તે કરેક વસ્તુઓ મોકલવા માંડી. આથી સુખેથી રહેતા યુધિષ્ઠિરની રજા લઇને શ્રી કૃષ્ણ માતાને જોવાની ઉત્કંઠાવાળી બેન સુભદ્રા તથા અભિમન્યુને સાથે લઇ દ્વારિકા પાછા ફર્યા. અહીં સુખેથી દિવસો વીતી રહ્યા છે. માતા કુંતી દીન–અનાથને ઇચ્છા મુજબ દાન આપ્યા કરે છે.

એક દિવસ કાકા વિદુરે મોકલેલ દૂતે આવીને ધર્મપુત્રને કહ્યું કે-"ધૃતરાષ્ટ્ર પાસે બેઠેલા મેં દુર્યોધનને ગુપ્ત ષડ્યંત્ર રચતા સાંભળ્યો છે. તેણે પુરોચનને કહ્યું કે-પાંડવો જ્યાં સુધી જીવતા હશે મારા માટે રાજ્ય એક મૃગજળ જેવું સ્વપ્ન હશે. માટે પુરોચન ! વારણાવતમાં રાજમહેલને અગ્નિ અડતાં જ સળગી ઉઠે તેવા શણ, રાળ તથા લાખ આદિથી ભરપૂર બનાવી દે અને કાળી ચૌદશ (વદ ચૌદશ)ના દિવસે તારા બનાવટી વિનયથી વિશ્વાસુ બની ગયેલા પાંડવોને માતા તથા દ્રૌપદી સાથે સળગાવી નાંખજે. આમાં મને (વિદુરને) કઇ વદ ચૌદશે લાક્ષાગૃહ સળગાવાશે તે જાણી શકાયું નથી માટે તમે કરેક વદ ચૌદશે સાવધાન બની રહેજો."

કાનમાં ઝેર રેડે તેવા આ કાવત્રાની વાણીથી રોષાયમાન થઇ ગયેલા પાંડવોએ કાકા વિદુરની વાતથી સાવધાન બની મહેલની ચકાસણી કરી જોઇ અને ષડ્યંત્ર સાચુ પડ્યુ. રાજમહેલ આખો લાક્ષનો બનેલો હતો.

હવે યુધિષ્ઠિરે કરેક ભાઇઓના અભિપ્રાયો પૂછ્યા પછી છેલ્લે પોતે કહ્યું કે–

આપણે દુર્યોધનને મારવો પણ નથી કે અત્યારે અહીંથી ભાગીને જવું પણ નથી. પણ અહીં રહીને સુરંગ ખોદાવી દઇએ જેથી સલામત નીકળી જવાય.

કાકા વિદુરે મોકલેલા શુનક નામના ખનક–સુરંગ ખોદનાર પાસે ગુપ્ત રીતે સુરંગ ખોદાવી દીધી, ભીમે માતા–દ્રૌપદી–નકુલ–સહદેવને સુરંગમાંથી જતા આવતા શીખવાડી દીધુ.

હવે એક કાળી ચૌદશે ત્યાં પાંચ પુત્રો, પત્ની સાથે એક વૃધા આવી. કુંતીએ તેમને ખૂબ હર્ષ પૂર્વક જમાડયા. થાકના કારણે તે બધા લાક્ષા ગૃહમાં જ સૂઇ ગયા.

એ રાતે બરાબ શુકનો થતાં ભીમે દરેકને સુરંગ દ્વારા નીચે ઉતારી દીધા અ ભીમ પોતે કરવાના આગળ શું થાય છે તે જોતા ઊભો રહ્યો.

થોડીવારમાં પુરોચને આવીને લાક્ષાગૃહને આગ ચાંપી. આથી ક્રોધથી સળગી ઉઠેલા ભીમસેને પુરોચનને બોચીમાંથી પકડીને મુષ્ઠિઓના પ્રચંડ પ્રહારો કરી–કરીને બેહાલ કરી નાંખીને સળગતા લાક્ષાગૃહમાં ફેંકી દીધો. પછી તરત જ પોતે સુરંગ દ્વારા નીચે જઇ યુધિષ્ઠિરાદિ સાથે થઇ ગયો.

લાક્ષાગૃહ જોકે અત્યંત ઝડપથી સળગી ઉઠતાં નગરજનોના આક્રંદનો પાર ના રહ્યો

બીજી તરફ પાંડવો કુંતીમાતા તથા દ્રૌપદી હેમખેમ બહાર નીકળી ગયા હતા. રાત અંધારી હતી. પણ આગના અજવાળે ચાલતા રહ્યા. પરંતુ વધુ વખત અહી નજીકમાં રહેવાય તેવું ન હતું આથી કરકે ચાલવાનું ચાલુ જ રાખ્યુ પણ અતિ સુકુમાર માતા કુંતી અને દ્રૌપદીના કષ્ટનો વિચાર આવતા દુ:ખી થઇ ગયા હતા. તે જાણીને ભીમે માતા તથા પત્નીને ડાબા–જમણા ખભે ઉચકી લીધા.

પાછળ આવતા બન્ને નાના ભાઇ નકુલ–સહદેવ પણ સખત થાકયા હતા છતાં મોટા ભાઇને દુ:ખ ન લાગે માટે કશુ બોલતા ન હતા. ભીમે તે પણ જાણી લઇને તે બન્નેને પીઠ ઉપર ઊંચકી લીધા.

હવે યુધિષ્ઠિર તથા અર્જુન પણ થાકયા. તેથી તે બન્નેને પણ ભીમે પોતાના બન્ને હાથ ઉપર ઊંચકયા. હાથ ઉપર બન્ને ભાઇને નથી ફાવતુ તેમ સમજાઇ જતાં તે બન્નેને પણ પાછળ પીઠ ઉપર વ્યવસ્થિત રીતે ગોઠવીને ભીમે અ ગળને આગળ ચાલવાનું ચાલુ જ રાખ્યુ.

અંધારી રાત પસાર કરી આખરે સવાર થતાં જ ભીમે પોતાનો પ્રવાસ અટકાવ્યો. અને એક વૃક્ષ નીચે વિસામો લીધો. (ક્રમશ:)



પ્યારા ભૂલકાંઓ,

મમતા... મમતા... મમતા... !!!

આ વળી મમતા કોની સાથે કરવાની ? કોની ઉપર કરવાની ?

કંચન કામની સાથે અને કુટુંબ પરિવાર પર

ના.. તા.. તેની કરેલી માયા અને મમતાને ફેંકી દેનારા તો ઘણાય મળશે ?

પરંતુ, કાયા પરના મમત્વને ફેંકી દેનારા તો આ દુનિયાના ખોળે કેટલા ? તેને ગોતવા ફિરવો લઇને નીકળવું પડશે. શોધવા છતાં મળે પણ ખરા કે ન પણ મળે.

સ્વાર્થ ભર્યા વર્તનથી ભય પામેલા જીવો બીજા બધા સ્વાર્થો છોડી દે છે પરન્તુ બધાય સ્વાર્થમાં મોખરે રહેલા અને મુખ્ય સ્થાને બેઠેલા કાયાના સ્વાર્થને ખંખેરવો એટલો બધો આસાન નથી...

કાયા પરની મમતા આ જીવને આજની છે. તેની વળગાટ વિરાટ ભૂતકાળના પેલે પારથી જીવની સાથે છે. આ જીવને કાયાનું મમત્વ વળગ્યું છે.

મધ્ય બિન્દુમાં રહેલી કાયા અને તેની આસપાસ વીંટળાયેલા અન્ય સ્વાર્થો... એટલે સહાય સાથી તરીકે રહેલી આ કાયા પર જીવનું મમત્વ બેહદ છે.

સ્વાર્થ ભરેલી કાયાની માયાના કારણે જીવ અનાદિકાળથી રીબાય છે. કાયાની અંદર જીવ રહેવાથી ફાટાય છે. અથડાય છે. પછડાય છે. શેકાય છે. ભૂંજાય છે. અનેક કષ્ટોથી ત્રાસે છે. ચાર ગતિના સબળાય દુઃખોની જડ હોય તો આ કાયા છે. કાયાને જીવનું જામરહસ્ત બંધન છે.

ચાર ગતિની મુસાફરી દરમ્યાન જીવે આવા જાત જાતના બંધનો મેળવ્યા છે. આવા અનંત શરીરોની અદલબદલ પણ જીવે ઘણી કરી છે.

અરે ! અદલા બદલાનો સરવાળો કરીએ તો સાગરોપમના સાગરોપમનો સમય ખૂટી જાય. અસંખ્યાતા યોજનમાં પથરાયેલા સમુદ્રના બિંદુઓ પણ ઓછા પડે.

આટલા બધા અ..ધ..ધ.. શરીરો જીવ મેળવ્યા શરીરની સાર – સંભાળ અને પળોજણ પાછળ જીવે એક જ અપેક્ષા રાખી...

સુખની...

જીવને ચોક્કસ ખાત્રી છે કે સુખ મળશે તો શરીરથી પણ, આજ દિન સુધી

આ કાયાએ જીવને જોઈએ તેવું સુખ બક્ષ્યું નથી. અવસરે અવસરે દુઃખમાં નાખ્યું છે.

આથી, તારણ કાઢતાં અંતે જણાય છે કે

શરીરમાં રહેલા જીવને સુખ મળવું તદ્દન અસંભવ છે જો જીવ અશરીરી બને તો જ સુખ પ્રાપ્ત કરી શકે. હવે, ઉદ્યમ કરવો જોઇએ અશરીરી બનવાનો શરીરી બનવાથી સુખ ન મળ્યું તો હવે, અશરીરી બનવાથી અવશ્ય સુખ મળશે.

મધુરમ્ — રવિ-શિખુ

દ્વેષ કરનારને સદા ક્ષમા આપશો. C/o. જૈન શાસન

* કથાનક *

કોઇ અરણ્ય લીલીછમ વનસ્પતિઓથી શોભતું હતું. વચ્ચે વચ્ચે નાની-મોટી પર્વતોની હારમાળાઓ હતી. આવા કોઇ પર્વતની તળેટીમાં વસતો ગોળ, સુવાળો, કાંઇક ભૂમિમાં દબાયેલો અને ચક્રચકીત. જોતા ગમી જાય તેવો, નાનકડો મગ આઠિના ઘણા જોવો શ્યામ પથ્થર ખીલખીલાટ હસતો હતો. રમતો હતો.

આ શ્યામ પથ્થરનો ચળકાટ, અને મુખડાની મુરકાન જોઇ અન્ય સાથીદારોએ પૂછ્યું ભાઇ આટલો બધો ખુશખુશાલ કેમ છે ?

મગ જેવો શ્યામ પથ્થર ગર્વથી બોલ્યો "ગમે તેવો ઘોધમાર જળ પ્રવાહ વર્ષે તો પણ હું ભીંજાઉ નહિ. મારી કાંકરી પણ કોઇ ખેવરી શકે નહિ, ભેદી શકે નહિ વિશ્વમાં એવો કોઇ મેઘ નથી કે જે મારૂં અસ્તિત્વ નાશ કરી શકે.

અભિમાન યુક્ત વાણી સાંભળી સવર્તક નામનો મહા મેઘ વિચારવા લાગ્યો, અરે ! આ મગનો દાણો આટલો બધો કુદે છે. હમણાં જ તેને રફેદફે કરી દઉં, તેનો ગર્વ ચપટીમાં ઉતારી દઉં. હજી એ મને ઓળખતો નથી. અને નિશ્ચય કરી તે વર્ષવા લાગ્યો. સાત-સાત દિવસ અને રાત પર્યન્ત મુશળધાર પ્રમાણમાં વર્ષવા લાગ્યો. સતત મહાવૃષ્ટિ કર્યા બાદ સવર્તક મેઘે પોતાની મેઘ ગર્જના ધીમી પાડી બંધ કરી. આ મગશેળીઓના કુરચેકુરચા ઉડી ગયા હશે. ટૂકડેટૂકડા થઇ ગયા હશે તેને હવે ક્યાં ગોતવો તેનું અસ્તિત્વ નાશ થઇ ગયું હશે.

મહા મેઘની વૃષ્ટિ બંધ થઇ. સર્વ પાણી પોતપોતાના સ્થાને જવા લાગ્યું. શ્યામ ચળકાટ કરેલો મગશેલીઓ ત્યાંને ત્યાં તે જ સ્થિતિમાં હસતો બેઠો હતો. વધુ પ્રકાશમાન અને ઉજળો થયેલો મુદ્દગશૈલ ગર્જના કરીને કહેવા લાગ્યો અરે ! મહા તાંડવ મચાવનાર પુષ્કરાવર્તક ! મને જોઇ લે. હું જેવો છું તેવો જ છું. નથી ભીંજાયો કે નથી ભેંદાયો. તું શા માટે વર્ષતો બંધ થઇ ગયો. અજમાવ તારી શક્તિ મને મને પરાસ્ત કર. અરે ! તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ હું ભેદાયો નથી કે આર્દ્ર

પણ થયો નથી આ સાંભળીને અને પરિસ્થિતિ પ્રત્યક્ષ જોઇને સંવર્તક મેઘ વિલખો પડી ચાલી નીકળ્યો.

વાંઝણી ગાયના આંચળને ઘણીવાર સ્પર્શીને પ્રયત્ન કરવા છતાં પણ જેમ દૂધ મળતું નથી અને અતિવૃષ્ટિથી જેમ શ્યામ પથ્થર ભિંજાતો નથી એની જેમ ઘણીવાર સુત્રાર્થ ગ્રહણ કરવાના વચન યુક્તિની પરંપરાથી પણ જેનું ચિત્ત આર્દ્ર થતું નથી કે ભિંજાતું નથી એવા શિષ્યને સુત્રાર્થ આપતાં તે સુત્રાર્થ નષ્ટ થાય છે. – વીતરાગ

* આદર્શ બાળક *

ભક્ત બાળક :- નાગકેતુ, ધ્રુવ, પ્રહલાદ, શુકદેવ, મીરાં.
ગુરૂભક્ત બાળક :- વજ્ર મુનિ, મનક મુનિ, અર્જુન, એકલવ્ય.
મા-બાપના ભક્ત :- ગણેશ, રામ ભીષ્મ, શ્રવણ, યશોવિજયજી, હેમચન્દ્રસૂરિજી.
વીર બાળક :- લવ-કુશ, અભિમન્યુ, પ્રતાપ, દુર્ગાદાસ હનુમાન.
સત્યવાદી બાળક :- યુધિષ્ઠિર. – મીલન વસોવરા

* એવું કરો *

- એવુ કામ કરો કે લોકો જોતા જ રહે.
- એવું બોલો કે લોકો ધ્યાનથી સાંભળે.
- એવું વિચારો કે ફરીથી વિચારવું ન પડે.
- એવું આપો કે કંઇક કામનું હોય.
- એવું લો જેથી દાતાનું દિલ ઉદ્લસે.
- એવું લખો જે હંમેશા વંચાતું રહે.
- એવું ચાલો કે જેથી કોઇ જીવ ન મરે.
- એવી રીતે રહો કે બધા રાખવા ઇચ્છે.
- એવા બનો કે લોકો કહે "આ અમારા છે" –પી.કી પટેલ

* રત્નકર્ણિકા *

કંઠગત પ્રાણે પણ કોને વશ ન થવું ? મૂર્ખ, ખેદ, ગર્વ અને કુતજ્ઞને
અમુલ્ય શું ? અવસરે જે અપાય તે
મરણ પર્યન્ત ચાલે શું ? પાપ, અકાર્ય
ઉદ્યમ શેમાં કરવો ? વિદ્યાભ્યાસમાં અને દાન માર્ગમાં
ઉપેક્ષા કોની કરવી ? દુર્જન, પરસ્ત્રી અને પરધન
ચિન્તવવા યોગ્ય શું ? સંસારની અસારતા –સેના રસ્યા

❋ ચિંતનનો ચંદરવો ❋

–પૂ. સા શ્રી અનંતગુણાશ્રીજી મ.

- સદ્‌ગુરૂ મુખે શ્રી જિનવાણીનું શ્રવણનું ફળ – વાત વાતમાં ગુસ્સો કરવાની કુટેવ ટળી જાય, અક્કડતા – મદોન્મત્તતા નાશ પામે. કપટજાળમાં કોઇને ફસાવે નહિ, નાશવંતા પદાર્થોના લોભમાં સારાસારના વિવેકને ભૂલે નહિ, રાગમ મૂંઝાય નહિ, દુશ્મન ઉપર પણ દ્વેષ ન કરે, કજીયા-કંકાસ ન કરે, ખોટા આળ ન મૂકે, પર નિંદાથી આઘો રહે, સ્વપ્રશંસાનો પડછાયો ન લે, સુખમાં છાકટો ન બને, દુઃખમાં દીનતા ન ધરે, માયાપૂર્વક મૃષાભાષણ ન બોલે. સંતોષ – સદાચાર – ન્યાય – નીતિ – પરોપકારને ધારણ કરે
- દુનિયાના પદાર્થોમાંથી મારાપણાની બુદ્ધિ નાશ પામે તો સંસાર જીતી ગયા – તરી ગયા સમજો ! બધા જ ઉપદ્રવો મારાપણાની બુદ્ધિના જ છે.
- મનુષ્ય જન્મની સાચી સાર્થકતા, જન્મરહિત થવામાં છે. જન્મરહિત થવાની ઇચ્છા જન્મે તેને દરિદ્રતા 'આશીર્વાદ' લાગે, શ્રીમંતાઇ 'શ્રાપ' લાગે.
- જન્મરહિત થવા પુરૂષાર્થ કરે તે જ સાચો ધર્મ !
- જીવનમાં પ્રગતિની આગેકૂચ ચાલુ રાખવી છે તો ઉતાવળા થશો નહિ, આકરા થશો મા, અધીરા બનશો નહિ, અકળામણ કરશો નહિ. કારણ ઉતાવળ, આકરાપણું, અધીરાઇ, આવેશ, અકળામણ એ સફળતાને ઝુંટવી લેનાર દોષો છે.
- મોહાન્ધતા ટળે તો જ સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય. તે માટે વિવેક ખૂબ જ જરૂરી છે.
- વિનય – વિવેક – લજ્જા અને મર્યાદા : એ જીવનનાવને તરવા માટે દીવાદાંડી સમાન છે. જીવનનૈયાને સન્માર્ગગામી બનાવનાર છે.
- દેહ રૂપી દેવાલયને પવિત્ર રાખવા માટે દુર્વૃત્તિ, વિકારો, વાસનાઓ, પ્રમાદ, કામ–ક્રોધાદિ, ભ્રષ્ટ બુદ્ધિથી દૂર રહેવું ખૂબ જ જરૂરી છે.
- મન, વચન અને કાયાનું સાચું ફળ હોય તો શ્રી જિનેશ્વર દેવનું સ્મરણ. સ્તવન અને પૂજન કરવું.
- ભગવાન પાસે માગણી કરવી તો એક જ કરવી કે આપની કૃપાથી આપને વિષેની મારી ભક્તિ સમુદ્રના પાણીની જેમ હંમેશને માટે અક્ષય હો !
- દુનિયાના બધા પદાર્થો ચાલ્યા જાય, પોતાના પણ પારકા થઇ જાય, આપત્તિની વણઝારો આવતી હોય, સુખનું તો સ્વપ્ન પણ જોવા ન મળે તેવા પ્રસંગે પણ મારા હૈયામાં સુદેવ – સુગુરૂ – સુધર્મનો જ વાસ હોજો !

❋ ખોટું નો લગાડતા હો ને... ❋

—ભદ્રંભદ્ર

એકનાનો મહંમદ તઘલખી વિચાર, ત્રીજની સંવત્સરી

તમને એક ખાનગી (ખાંડ+ઘી=ખાનગી) વાત કહું. પણ તમારે મનમાં જ રાખવાની હોં ને ?

મને એવા ઉડતા ઉડતા સમાચાર મલ્યા છે કે–મેં જ્યારે અમારા પક્ષ સામે લેખો લખ્યા ને ત્યારે અમારા પક્ષના બે–ચાર સૂરતી લાલાઓ એક વિદ્વાન આચાર્ય ભગવંત પાસે જઇને ધૂંઆં–પૂંઆં થઇ ગયા હતા. પણ હવે સામા પક્ષ સામે લખું છું, ત્યારે તેમને મજા આવે છે, હું ગમું છું. અને આ લેખો ગમે છે છતાં એજ આચાર્ય ભગવંત પાસે જઇને તેઓ વખાણ કરતા નથી પાછા, એમની આ સ્થિતપ્રજ્ઞતા બહલ મને માન ઉપજે છે.

સો વાતની એક વાત આ લોકો સહિત તમામે તમામ મારા વાંચકોએ હું કોની સામે લખું છું તે જોવા કરતા શું અને કેવું લખું છું એજ જોવું જોઇએ.

એ લોકોની એક વાત મને મંજુર જ નહિ કબૂલ–મંજુર છે કે–'મારે આપણા પક્ષનું જાહેરમાં ખંડન થાય તેવું લખવું ના જોઇએ.' પણ સાથે સાથે મારી એક શરત પણ જણાવવી મને ઉચિત લાગે છે કે–'હું લખું તેને સાચું પાડવાનું કામ કોઇએ કરવું ના જોઇએ. હું જે લખું છું તેવું જ કામ તે લોકો કરવા લાગે છે પણ એમ નહિ કરવું જોઇએ.'

અરે ! ભદ્રંભદ્ર ! આ કેવું ? તમે લખો છો પછી પ્રસંગ બને છે કે પ્રસંગ બને છે પછી તમે લખો છો ? હકિકત શું છે ?

મૂંગો રે'ને, ડોબા જેવા. ઇ લોકોને વિચારવાની તક તો રહેવા દે.

તો આ તો એવું થયું કે–લોકો પહેલા ખંડન કરવા જેવી પ્રવૃત્તિ કરે છે ત્યારે આપણા પક્ષનું ખરાબ દેખાય તેવું કોઇ નથી વિચારતું અને પ્રસંગ વીતી ગયા પછી તમે લખો તો જ તે આપણા પક્ષનું ખંડન કર્યું ગણાય છે. પહેલેથી એવા પ્રસંગો જ કરવા નહિ જોઇએ ને ? હકિકતમાં તો ભદ્રંભદ્ર એ લોકો જ ગણાવા જોઇએ કેમકે તે જ લોકો આવા નિમિત્તો આપે છે.

પાછો તું બોલ્યો. તને બોલ્યા વગર ચાલતું નથી કેમ ?

પણ સાહેબ ! એમ તો 'સંઘ સેવક'ના નામની પત્રિકાઓ જ્યારે બહાર પડતી હતી. ત્યારે કેમ કોઇ કશી તપાસ કરાવતા નો'તા ?

તારે હવે મૂંગા રહેવું છે કે પછી ધરી ઠઉં એઠ બે ઘોલ ?

અરે ! પણ સાહેબ ! લોકો શાસ્ત્ર વિરૂદ્ધ, પર્યાવરણની પ્રવૃત્તિઓ કરે, છપાવે તો ય તેની સામે ઠશું નથી કરાતું અને આપણને જ આ ભગતો કેમ પૂછતા આવે છે ?

તું છે ને હવે માર ખાવાનો જ થયો લાગે છે. તારી જીભને જપવા દે ને મોઢામાં.

અરે ! પણ સાહેબ ! હું એઠ વખત મારા વડિલના પિતાના ફોટા આગળની રઠમને સંસ્મરણાલયમાં વાપરવાની કહી ઠઉ અને પછી બીજી વખત તે જ રઠમન. બે ભાગ કરીને સ્મરણાલયમાં અને મંઠિરમાં વાપરવાની કહું ત્યારે જાહેરાત કરનારા મને કોઇ પૂછવાની પણ હિંમત નથી કરતા કે પહેલા સંસ્મરણાલયમાં લઇ જવાની વાત શેના આધારે કરેલી અને હવે બે ભાગમાં વહેંચવાની વાત શેના આધારે કરો છો ? એના જેવી આ વાત છે. ભદ્રંભદ્ર ! તમે તો કંઇઠ સમજો

તું હવે અહીંથી ઉભો જ થઇ જા. મારે તારી સાથે વાત જ નથી કરવી

ભદ્રંભદ્ર એવા મેં મારા તે શિષ્યને હાથ પકડીને ઉભો કર્યો, પણ તે પણ... પણ...સાહેબ કહેતો જ રહ્યો. મેં કીધું. પકડ અંગુઠા. અને અંગુઠા પકડાવ્યા એટલે ભઇ સાહેબને ભાન થયું. અંગુઠા પકડેલા છોડીને કહે કે–'અચ્છા ! આપણે લોકો શું કરે છે તે નહિ જોવાનું એમ જ ને ? આપણે લોકોએ ખંડનવાળી પ્રવૃત્તિ કરી હોય એટલે ખંડન કર્યા કરવાનું એવું કોણે કીધું ? આપણને તેમાં લાભાલાભ જોયા પછી જ પ્રવર્તવાનું. બરાબર ને.'

'હું તું હવે બરાબર હમજ્યો.'

પણ...ભદ્રંભદ્ર ! (ભદ્રંભદ્ર પાછા હસી પડ્યા.) એઠ શંકા રહ્યા કરે છે કે તો પછી એઠતિથિવાળા તેમની મંગળવારની સંવત્સરી કરવાના છે તેનું ખંડન કરવાની પણ હવે તો જરૂર નથી ને ? તો પછી માટે ખંડન કરાય છે ? કરશે એ ભરશે.

ભગાના ભઇ ભારે કરી તેં તો. એઠતિથિવાળા મંગળવારની સંવત્સરી ખોટી હોવા છતાં તેને સાચી છે તેમ મનાવીને કરે છે માટે ખોટા છે. માટે જ તે ખંડન કરવા યોગ્ય છે.

અને આપણે ત્યાં...

તને છે ને હજી પૂછ–પૂછ કરવાની આદત ફરી ના થઇ. હવે જો તું પૂછ્યા પૂછ કરીશ ને તો એઠ પ્રશ્ન દીઠ રપ ઠંડ બેઠક કરાવીશ. ચલ જા કામ કર ત રૂ.

એ બબડતો બબડતો ગયો કે મારૂ કામ જ આ જ તો છે ને તમે પૂછવા દેતા નથી. કંઇ નહિ.

અને પાછો થોડી વારમાં કુતરાની પૂંછડી જેવો તે પાછો આવ્યો અને પૂછવા માંડયો કે-'હે ભદ્રંભદ્ર ! માની લો કે એકતિથિ કે બે તિથિ બંને પક્ષવાળાને સોમવાર કે મંગળવાર છોડીને ૨૦૨૦ના પટ્ટક સિવાય શાસ્ત્રીય આરાધના કરવી હોય અને એક જ દિવસે કરવી હોય તો તમે શું રસ્તો બતાવો ? આ તો જાણવા જ પૂછું છું. આપણે કંઈ કોઇને આચરણ કરાવવું નથી. આ તો જાણેલું કામ લાગે. તમારા જ્ઞાનનો જેટલો લાભ લેવાય એટલો લેવો સારો ને ?

અરે વાહ ! તારા ભેજામાં આવા તરંગો ક્યાંથી ઉઠે છે એજ નથી સમજાતું. એવો કોઇ રસ્તો હોય જ નહિ છે પણ નહિ.

પણ મને મળ્યો છે.

તો બતાવ.

જુઓ, આપણે અત્યારે બધા ય પાંચમની સંવત્સરીને બદલે ચોથની ચાલી રહી છે તેના કરતા ત્રીજની જ કરી નાંખીએ તો કોઇને કશો જ વાંધો ન આવે અને બધુ કામ એક જ દિવસે બરાબર બંધ બેસતુ થઇ જાય. સોમવારે ય નહિ કે મંગળવારે ય નહિ બધાનાં સંવત્સરી ત્રીજને રવિવારની અને આ માર્ગ પાછો શાસ્ત્રીય પણ છે કેમકે "अंतरा वि से कप्पइ" અંતરની તિથિએ પણ સંવત્સરી કલ્પે છે અર્થાત્ ચોથના કલ્પે છે તેમ. તેમાથી અંતરની તિથિ ત્રીજ છે ત્યારે પણ સંવત્સરી કલ્પે છે પાંચમની તો કોઇ હિસાબે કલ્પે જ નહિ અને પછી તો ત્રીજની સંવત્સરીના લીધે ચોમાસી અને પક્ખી પણ ચૌદશને બદલે તેરસની કરી નાંખવાની અને ચૌદશને છેલ્લો દિવસ ગણવાનો. માંગલિક પ્રતિક્રમણ બારસના અને બીજના કરવાનું અને પછી ભલેને ગમે ત્યારે બે પાંચમ આવે કે બે ચોથ આવે કોઇ જ ગરબડ ન થાય." મારી આ વાત સાંભળતા ભદ્રંભદ્ર રહેજે મલકાતા હતા એટલે મને લાગ્યું કે મારી આવી ધારદાર દલીલોથી સકલ સંઘમ હમણાં જ એકતા આવીને ઉભી રહેશે. અને એ સંપૂર્ણ એકતાનો યશ મુગટ મારા શિરે ચડશે. પણ...પણ...

ભદ્રંભદ્ર કહે-મૂરખ !

આપણને બે પાંચમ આવે, બે ચોથ આવે કે પછી બે ત્રીજ આવે અને ત્રીજનો ક્ષય પણ આવે. ત્યારે તો કશો વાંધો નથી. મૂળ વાંધો એ છે કે ત્રીજની સંવત્સરી માન્યા પછી પણ જ્યારે ભા. સુદ ૩ બે આવે કે ત્રીજનો ક્ષય આવે ત્યારે તે લોકો પાછા પોતાની જાત ઉપર જઇને ભા સુદ બે ત્રીજને બદલે બે બીજ કરવા માંડશે, ત્રીજના ક્ષયે બીજનો ન કરતા એકમનો ક્ષય કરવા માંડશે એ દરેક વખતે તે લોકો

શાસ્ત્ર વિરૂદ્ધ માન્યતાથી કરશે તેનું પાપ પણ આપણ લાગશે.

તો તો ઝગડાનું મૂળ 'ક્ષયેપૂર્વા.' એનો સાચો અર્થ તે લોકોએ નથી સ્વીકાર્યો તે જ છે કેમ ?

હું...હવે બરાબર પરફેક્ટ રીતે તું સમજ્યો.

જો એ લોકો ત્રીજની સંવત્સરી કરવા તૈયાર થતા હોય તો પછી 'ક્ષયેપૂર્વા.' નો સાચો અર્થ સ્વીકારતા એમને શું વાંધો આવે છે ? એ જ સ્વીકારાવને ? સોમવારે પણ સંવત્સરી કરનાર જો આ સંવત્સરી ખોટી છે તેમ માની કરશે તો તેને માટે ખોટી જ આરાધના થવાની છે. અને મંગળવારે સંવત્સરી સાચી માનીને કરશે તેને ખોટી જ આરાધના થવાની છે.

ચૌદશના દિવસો અત્યારે એક જ આવતા હતા ત્યાં પણ તેમની માન્યતા ખોટી હોવાના કારણે તેઓ ખોટા જ હતા.

કોઇ ઢાકરો ઉતરીને નીચે આવે અને કોઇ ગબડીને નીચે આવે તો નીચે બન્ને આવ્યા છતાં પડયા કોને કહેવાય ? ગબડેલાને હમજ્યો કે ! અને એક વખત ત્રીજની સંવત્સરી સ્વીકારી લીધા પછી એ લોકો ત્રીજની ક્ષય-વૃદ્ધિને માને જ નહિ તો પછી તો આપણે તેમને કશું કહી પણ ના શકીએ આવી મૂર્ખાઇ કરવાની આપણે તો જરૂર જ નથી.

રહી વાત એકતાની હમજ્યા એ તો હવે. તે લોકોને એકતાની બરેબર બહુ જ પડી છે તો કેમ તે લોકો આપણાથી દૂર ભાગાભાગ કરે છે આપણો સાથે કેમ નથી બેસતા.

એટલે તારે છે ને આ એકતા અંગે કે સંવત્સરી અંગે કશી ભાંજગડમાં પડવાની જરૂર નથી. એકતાની ભાવના કઠિ ના ભાવતો. એકત્વની ભાવના ભાવથી હોય તો ભાવજે એમાં આત્માનું કલ્યાણ છે આમેય એકલા આવ્યા છીએ એકલા જવાના છીએ સાથે ઘરનું ય કોઇ નથી આવવાનું તો સંકલ સંઘને સાથે બેસાડીને એકતા કરવાના વિચારો તને વળી કયારથી સૂજવા લાગ્યા ?

ભદ્રંભદ્ર ! તમારા આ લેખથી આપણા લોકો...

વાકય પુરૂ કરે તે પહેલા જ તે ભાગી ગયો. મારો માર પડવાની બીકથી.

કંઇ નહિ હું તો ત્રીજની સંવત્સરીમાં સંમત નથી.

શાસન સમાચાર

શંખેશ્વર મહાતીર્થ–શાહ ખીમજી વીરજી ગુઢકા મિઠોઇવાળા પરિવાર તરફથી થાનગઢથી પ્રયાણ કરી ડોળીયા તીર્થ થઇ શંખેશ્વર મહા તીર્થમાં ફા. સુ. ૨–૩ તા. ૧૮ ના આવ્યેા ફા. સુ. ૪ ના માળ થઇ ભવ્ય ઉછામણીઓ સાથે તીર્થ માળાએ પહેરાઇ અને પ્રભાવિક ઉઠાર અને ઉત્સાહભર્યા સંઘની પૂર્ણાહૂતિ થઇ.

થાનગઢમાં મિરલ સીરામિકમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. આ. શ્રી વિજયમહિલષેણ સૂ. મ. આદિનેા ફા. વ. ૪ ના પ્રવેશ થયેા સંઘવી પદની સ્થાપના થઇ પૂજા ભણાવાઇ વદ–૫ ના પ્રમાણ ઠાઠથી થયું. ફા. સુ. ૬ ડોળીયા તીર્થ પ્રવેશ થયેા ડોળીયા તીર્થમાં ભેાજનશાળા માટે સંઘવી પરિવારે દાનનેા પ્રવાહ વહાવ્યેા સાથે શ્રા લખમણ વીરપાર માર્ફ શ્રી મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા તથા ભાવિકેાએ ભેાજનશાળાની તિથિઓનેા ઘેાધ વરસાવ્યેા છેલ્લે નાઇરેાબીથી આવી જતાં સંઘપતિ શ્રી છગનલાલભાઇના વેવાઇએ તે પ્રવાહને પૂર્ણ કરી લક્ષ્ય ૨૦૦ તિથિનું પહેાંચાડી દીધું.

૬૨ ઠેર સ્વાગત, દાન પ્રવાહ, યાત્રિકેાની ભક્તિ વિ થી યાત્રા સંઘ અત્યંત પ્રભાવિક બન્યેા સંઘપતિ પરિવારના સભ્યેા પરદેશથી સારા પ્રમાણમાં પધાર્યા હતા. વ્યવસ્થા એક આદર્શ બની હતી.

— બારેજા નગરે ભવ્યાતિભવ્ય ઉપધાન તપ —

સં. ૨૦૫૫ નાં માગસર વદ–૧ થી પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિ. મહેાદયસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ. મુનિરાજ શ્રી મુક્તિધનવિ. મ. પૂ. મુનિવર શ્રી પુન્યધનવિ. મ. આદિ પૂ. સા. મૃગનયનાશ્રીજી તથા પૂ. સા. શ્રી મદનસેનાશ્રીજી ઠાણાની પાવન નિશ્રામાં બારેજામાં બહુ ધામધુમથી ઉપધાન તપની શરૂઆત થઇ હતી તેમાં ૬૫ માળનાં તપસ્વીઓ હતાં બહુ જ ઉત્સાહ સાથે ક્રિયાઓ તથા રેાજનાં શાંત સુધારસ ગ્રંથ ઉપરથી ૧૬ ભાવનાઓ સાથેનાં પ્રવચનેા ચાલતાં.

ઉપધાન તપમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ તથા શ્રી શાંતિનાથ પ્રભુની સાલગિરિનેા મહેાત્સવ ઉજવાયેા અને છેલ્લે ઉપધાન તપની પૂર્ણાહૂતિનેા મહેાત્સવનું આયેાજન કરવામાં આવ્યું હતું અને માલારેાપણનેા ભવ્ય મહેાત્સવ માહ સુ. ૧ થી

માહ સુ. ૮ સુધી અષ્ટાહ્નિક મહોત્સવ, ૬૭ છોડનું ઉજમણું ૧૧ રંગોળી ઓ જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણની ગોઠવણ સાથે નકકી થયેા જોત જોતામાં દિવસેા નજદીક આવી ગયા. અને માહ સુ. ૧ નાં માલારોપણની ઉછામણી શરૂ થઇ હતી. અને ન ધારેલી ઉપજ દેવદ્રવ્યની થઇ હતી. તે જ દિવસથી મહોત્સવની શરૂઆત બપોરે ૨ ક. પંચકલ્યાણક પૂજા વસુમતીબેન શાંતિલાલ અંબાલાલ તરફથી રાત્રે ભાવના.

માહ સુ. ૨ નાં નવપદની પૂજા સંઘવી રમેશચંદ્ર મણીલાલ શ્રોફ તરફથી માહ સુ. ૩ નાં ભવ્ય પદ દિક્ષકુમારીકા સાથેનેા સ્નાત્ર મહોત્સવ રમીલાબેન પ્રવીણચંદ્ર તરફની માહ સુ. ૪ નાં શ્રી સિધ્ધચક્ર મહાપૂજન હસમુખલાલ કેશવલાલ શા. તરફથી માહ સુ. ૫ નાં સવારે કુંભ સ્થાપન-દીપક સ્થાપન-જવારા રોપણ કમલબેન. કરશન-ભાઇ તરફથી અને શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શા. વિનુભાઇ રતિલાલ તરફથી તથા રોજ રાત્રે ભાવના મહા સુ. ૬ નાં માલારોપણનેા ભવ્યાતિ ભવ્ય વરઘેાડે જેમાં ભુંગર-વાળા-ઇંદ્રધ્વજ-ઘેાડા વિરમગામ શરણાઇવાળ ૨૨ ઉંટગાડીઓ શણગારેલ વિમલનગરનું અજંટા બેન્ડ રાજ સિંહાસનવાળી ગાડી રાસ મંડળી મુંબઇથી બુદ્ધિસાગર બેન્ડ પાર્લા અને બે રથ સાથે સવારે ૮-૩૦ કલાકે ચઢયેા હતેા. બપેારે ૧ કલાકે ઉતર્યેા હતેા બપેારે સ્વામી વાત્સલ્ય પછી શ્રી અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર ભણાવાયેલ.

માહ સુ. ૧૦ નાં સવારે ૮-૩૦ કલાકે વાજતે-ગાજતે કુમારશાળામાં રામચંદ્ર વાટીકામાં ભવ્ય સમીયાણામાં માલારોપણનેા વરઘેાડેા નિકળ્યેા હતેા અને બરાબર સવારે ૯ કલાકે માલારોપણની વિધિ શરૂ થઇ હતી અને બપેારે ૨ કલાકે પૂર્ણાહૂતિના આરે આવીને ઉભી અને તે જ દિવસે ગુરૂ પૂજનનું ઘી પર હજારેા રૂા. બેાલીને ભાગ્યશાળીઓએ લાભ લીધેા હતેા રોજ રાત્રે ભાવના માટે રેડીયેા સ્ટાર મુકેશ નાયક પેાતાની મંડળી સાથે લેાકેાને ગાંડાઘેલા કરી દીધા હતા.

વિધિ વિધાન માટે જામનગરથી નવીનભાઇએ બધાને તરબેાળ કરી દીધા હતા પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ હતી આખું ગામ તથા જિનમંદિર દેવ વિમાનની જેમ શણગારવામાં આવ્યા હતાં. રચનાઓ હાલતી ચાલતી તેા મહોત્સવનું આકર્ષણ બની ગયુ હતું. આ ઉપધાન તપ નિમિત્તે બારેજાનાં અઢારે કેામમાં બુદ્ધિની પ્રભા-વનાનાં પેકેટેા આપવામાં આવ્યા હતા, માળનાં દિવસે મંડપ પણ નાનેા પડયેા હતેા.

આ મહોત્સવમાં બહારગામથી લેાકેાનેા મેળેા જામતેા હતેા બારેજાનાં ઇતિહાસમાં સૌ પ્રથમ વખત આ ઉપધાન તપનું આયેાજન થયું હતું અને કાર્યકર્તાઓ ઉત્સાહ સાથે ભક્તિ કરી હતી. ૬૨ રવિવારે તપસ્વીઓને શાતા પુછવા પણ ૫૦૦ થી ૭૦૦

ની ભીડ જામતી હતી. આ મહોત્સવ અને ઉપધાનનાં બારેજા ખાતે એક સંભારણુ બની ગયુ. ૪૭ દિવસ સુધી કોઇને કોઇ પણ જાતની તકલીફ વગર ઉપધાન તપની પૂર્ણાહુતિ થઇ છે.

આ ઉપધાન તપમાં ૭ વર્ષથી માંડીને ૭૦ વર્ષ સુધીનાં ભાગ્યશાળીઓ જોડાયા ઉપધાન તપનાં આયોજકો મુંબઇ નિવાસી મણીબેન મુલચંદજી સંઘવી, ઉમેદમલજી કુંદરમલજી કુંદનમલજી, કાંતિલાલ સાકળચંદજી ગોરધનદાસ છોટાલાલ, નરેશભાઇ જમુભાઇ લાલ, ચંચળબેન બાબુલાલજી ઉદાર દિલે લાભ લીધો હતો.

શેઠ મોતીશા લાલબાગ–મુંબઇ–અત્રે પૂ. આ. શ્રી વિ. અમરગુપ્ત સૂ. મ., પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ., પૂ. મુ. શ્રી સુભદ્ર વિ. મ., પૂ. સા. શ્રી પરમપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સુરપ્રભાશ્રીજી મ. ના સંયમ જીવનના ૪૩ વર્ષ પૂર્ણ અને ૪૪ વર્ષમાં પ્રવેશ ફા. સુદ ૨+૩ ગુરૂવાર તા. ૧૮–૨–૯૯ના હોઇ તે પ્રસંગ મકા વદ ૦)) થી ફા. સુદ ૨+૩ સુધી ૪૫ આગમ પૂજા ત્રણ વિભાગમાં પૂજા તેમજ પ્રવચન આંગી વિ. ઉત્સવ ઉજવાયો હતો.

સુરત–અત્રે ત્રિકમનગર ખાતે પૂ. ગણિવર્ય શ્રી યશોરત્ન વિ. મ. ને પૂ આ.શ્રી વિ. જગવલ્લભ સૂ. મ.ની નિશ્રામાં ફા. વદ ૩ ના પંન્યાસ પદવી થઇ.

વડા ચૌટામાં પૂ. પં. શ્રી મુક્તિદર્શન વિ. મ. ની નિશ્રામાં તા. ૨૧–૨–૯૯ ના બાલક બાલિકાની ચૈત્યપરિપાટી યોજાઇ.

મુંબઇ–કાંદીવલી—શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયથી બોરીવલી શ્રી મહાવીર સ્વામી જિનાલય સુધી કાંદીવલીના આંગણે પ્રથમ જ વાર દશ–દશ મુમુક્ષો રત્નોની વર્ષીદાન યાત્રા તેમજ બહુમાન સમારંભ પોષ સુદિ ૭ શુક્રવારના રોજ કાંદીવલીથી મુમુક્ષુરત્નો શેઠશ્રી સેવંતિભાઇ (ઘાનેરાવાળા)ના સહપરિવાર તેમજ અન્ય મુમુક્ષોરત્નોની વર્ષીદાનની યાત્રા રાજમાર્ગે થઇ ચંદ્રાવરકરલેન મધ્યે પુરી થઇ. ત્યાર બાદ પ. પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મ. સા. મંગલાચરણ પ્રવચન ફરમાવેલ. ત્યાર બાદ દિક્ષાર્થીઓનું બહુંમાન થયેલ. દીક્ષાર્થી તરફથી ૧૧ હજાર રૂા. શુભ ખાતે આપેલ. ત્યારબાદ જુદા જુદા પુન્યશાલીઓ તરફથી ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ. બહારથી પધારેલ પુન્યાત્માઓની ભક્તિ થયેલ.

મુંબઇમાં પણ ૨૭ ડીસેમ્બર પોષ સુદ ૯ ના રવિવારના રોજ ભવ્યાતિભવ્ય સેવંતીભાઇ આદિનો વર્ષીદાનનો વરઘોડો વિશેષ પ્રકારે નીકળેલ. પોષ સુદ ૯ રવિવારના

રોજ પ. પૂ. આ. ભ. શ્રી ગુણયશ સૂ. મ. સા., પ. પૂ. આ. ભ. કીર્તિયશ સૂ. મ. સા. આદિની નિશ્રામાં શ્રીપાળનગરથી રાજમાર્ગો ફરી ચોપાટી થઈ (પારસી ઝમખાના) (રામનગરી) પાસે વિશાળ મંડપમાં વરઘોડાની પૂર્ણાહુતિ થયેલ. હજારો પુન્યાત્માઓને ગાદી ઉપર બેસાડીને સુંદર દ્રવ્યો વડે સાધર્મિક ભક્તિ કરેલ. ધૂપ-દીપક આપીને જેમ જાંજલશાહ-વસ્તુપાલ-તેજપાળ જેવા મહાનુભાવોએ ભક્તિ કરી હોય તેવો આછી-પાતળી જેવું દશ્ય જોવા મળ્યું હોય તેવું લાગતું હતું. કરે પૂજ્યશ્રીનો પ્રવચન ફરમાવેલ. ત્યારબાદ ગુરૂપૂજન તથા બહુમાનની સારી ઉછામણી થયેલ.

ભવ્યાતિ ભવ્ય વર્ષીદાનનો વરઘોડો થયેલ. મહા સુદ ૧૩ના રોજ વરઘોડો અને મહા સુદ ૧૪ના રોજ ઘાનેરા મુકામે પ્રવજ્યા ગ્રહણ કરેલ.

કોકણદેશે-મુંબાપુરીનગરે-બોરીવલી ચંદાવરકરલેન મધ્યે 'શ્રી મહાવીરસ્વામી ભગવાનના જિનાલયની દશમી (૧૦)મી શાલગિરિ નિમિતે બૃહદ્ અષ્ટોતરી સ્નાત્ર સમેત પંચાહ્નિક જિનગીત મહોત્સવ ખૂબ જ સુંદર રીતે ઉજવાઇ ગયો. પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ.ના શિષ્યરત્નો પ. પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મ. સા. પ. પૂ. મુ. શ્રી મોક્ષદર્શન વિ. મ. સા. આદિ ઠાણાની નિશ્રામાં પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. આદિ ઠાણા તથા પ. પૂ. આ. ભ. રામચંદ્ર સૂ. મ. ના પટ્ટધરરત્ન ગુરૂ આજ્ઞાને જીવનમાં બનાવી આજીવન ગુરૂચરણો પાસક. સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. મહોદય સૂ મ.ના સૂરીપદ પર્યાયના ૨૫-૨૫ વર્ષની મંગલ પૂર્ણાહુતિ ૨૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ ફા. વદ દ્વિ. ૧૪થી માગસર સુદિ ૩ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો.

માગ. સુદિ ૨ ના રોજ મંગલમય દિને સવારે જિનમંદિરમાં શરણાઇવાદ-પ્રભાતિયા, બહેનોના જિનાલયથી વાજતે ગાજતે સંઘ, કાયમી આદેશ લેનાર તપસ્વી રત્ન શ્રી સંઘવી કાંતીલાલ ગીરધરલાલને ત્યાં પધારેલ ત્યાં સંઘપૂજન થયેલ. ત્યાંથી ધ્વજા સાથે સંઘ વાજતે ગાજતે રાજમાર્ગે થઇ જિનાલયે પધારેલ. ત્યારબાદ શુભ મુહુર્તે ધ્વજા આદિનો મંગલ કાર્યક્રમ થયેલ. ત્યારબાદ પૂ.શ્રીએ મંગલાચરણ ફરમાવેલ. ત્યાર બાદ નવકારશીની ભક્તિ થયેલ. કરેક પુન્યાત્માઓને ૫ રૂા.ની પ્રભાવના થયેલ. આ દિવસે પરમાત્માની ભવ્ય અંગરચના, જિનાલયનો અપૂર્વ શણગાર-સેંકડો દિવાઓની રોશની સુંદર ધુપોથી જાણે જિનાલય તીર્થ સમું લાગતું હતું.

માગસર વદિ ૮-૯-૧૦ પોષ દશમીની સુંદર આરાધના થયેલ. અર્હંત તેમજ સંઘમાં ૩ દિવસ એકાસણા પણ થયેલ. સારી સંખ્યામાં આરાધકોએ લાભ લીધેલ. કરેકને ૧૦૧ રૂા. ને શ્રીફળની પ્રભાવના થયેલ.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

એકવાર ગુરૂ ભગવંતે કહ્યું–આ સાધર્મિક છે. એને કહ્યું ચાલો, ઘરે લઇ ગયા. એવી સુંદર સાધર્મિક ભક્તિ કરી કે પેલા ભાઇ વિચારતા થઇ ગયા. પછી પૂછ્યું– પૂજા કરી ? ના, મેં નથી કરી સાધર્મિકે કહ્યું. એને કહ્યું લો સેવાની કેડી–થાળી– પૂજાની સામગ્રીથી ભરપુર–પેલા ભાઇએ કહ્યું. મને પૂજા નથી આવડતી. એને કહ્યું–બેટા, પૂજન, ભાઇની સાથે જા, સરસ પુજા કરાવજે. પુજન સાથે ગયો. ભક્તિનો એવો રંગ લગાડી દીધો કે પેલો ભાઇ પુજા કરતો થઇ ગયો. મળેલી સંપત્તિ. સમય–ધન–બુદ્ધિનો આવો સદુપયોગ થાય તો કેવો લાભ થાય.

જન્મતા ઉકાળેલું પાણી અને રાત્રિભોજન, કંદમૂળ, અભક્ષ્ય પોતાનાં શરણે આવેલા આત્માઓના જીવનમાં પ્રવેશ ન પામે તેવી ચિવટ રાખનારા આજે પુણ્યવાનો છે.

(અનુ. પેજ નં. ૬૮૦ નું ચાલુ)

હૈયાની ધર્મપરિણતિની હીનતા સૂચવે છે. જ્યારે દીકરા સાથે તો પછી ય વાતચીત થશે પણ તારક ગુરૂનો સમાગમ જ આત્મ કલ્યાણનો રસ્તો છે– તે ભાવના હૈયાની નિર્મલ પરિણતિ સૂચવે છે. માટે આપણે જો સાચું આત્મ કલ્યાણ કરવું હોય તો હૈયાની આવી પરિણતિ બનાવવા પ્રયત્નશીલ બનવું જોઇએ. સૌ ધર્માત્મા દેખાદેખીના પ્રવૃત્તિ ધર્મમાં પાગલ બનવાને બદલે પરિણતિ નિર્મલ કરવાના પ્રયત્નો આદરો તે જ ભાવના સહ વિરમું છું.

'જૈન શાસન' અઠવાડિક માલિકી અને તે અંગેની અન્ય માહિતી

-- ડેકલેરેશન --


ફોર્મ નં. ૮ રૂલ નં. ૮

૧ મુદ્રક, પ્રકાશક, તંત્રી : સુરેશ કે. શેઠ
૨ રાષ્ટ્રીયતા : ભારતીય
૩ પ્રકાશન સ્થળ : વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)
૪ પ્રકાશનની સામયીકતા : સાપ્તાહિક
૫ માલિકનું નામ : શ્રી મહાવીર શાસન પ્રકા. ટ્રસ્ટ
૬ સરનામું : લાખાબાવળ (જામનગર)

ઉપરોકત માહિતી સત્ય છે.

તા. ૧૨–૩–૯૯ સુરેશ કે. શેઠ
પ્રકાશક

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* દરેક ધર્મકાર્યમાં અમારે ઉપદેશ જ કરવાનો છે આદેશ નહિ. ઉપદેશ પણ અમારી જાતને આગળ લાવવા માટે નહિ. ભગવાનનો માર્ગ દીપે અને નવા આવેલા ધર્મ પામે. અમારી જાતને આગળ કરીને ઉપદેશ કરીએ તો તે પ્રમાણે કરનારો તરી જાય અને અમે ડુબી જઇએ.
* સંસાર અટવી ભયંકર છે. અટવીમાં જીવો અનાદિકાળથી નાના-મોટાં, સુખી-દુઃખી બધા જ અથડાય છે. જેને અથડાવવાથી બચવું હોય તેને અટવી ઓળખવી પડે.
* સીધે માર્ગે મોક્ષે જવા નીકળેલ અટવી લંઘવા નીકળેલા મહાત્માને ભૂખ હોય તો તે પેટની. વાંકા માર્ગે થઇ સીધે માર્ગે થઇ મોક્ષે જવું છે તેવા જીવોને પેટની જ પીડા હોય. શ્રાવકને મનની ભૂખ લાગે તો તે તેને મારવાની મહેનત જ કરતો હોય. શ્રાવક મનની ભૂખ મારવાનો પ્રયત્ન કરે અને અવસરે પેટની ભૂખને મારવાનો પણ પ્રયત્ન કરે.
* ધર્મ પામેલાને ધર્મ જ ગમે. અધર્મ કદિ ગમે જ નહિ. કદાચ કોઇવાર અધર્મ ગમી જાય તો ભારોભાર દુઃખ થાય કે ન ગમવાનું ગમી જાય છે.
* અધર્મ ગમે તે ધર્મ પામેલો કહેવાય નહિ.
* સંસારની જેટલી સારી સામગ્રી તે બધી અધર્મ રૂપ છે, અધર્મ કરાવનારી છે.
* આપણે ધર્મસામગ્રીથી જ પુણ્યશાલી છીએ તેમ લાગ્યું છે ?
* માન-પાનાદિ મળે તે પુણ્યોદય છે, પણ જેને મળે અને ગમે તે પાપોદય છે.
* હોંશિયારીમાં ઘમંડ આવે તો તે પોતાનું અને જગતનું સત્યાનાશ કાઢે. આ કરાય અને આ ન કરાય તેવો વિવેક ન કરાવે તે હોંશિયારી શા કામની ?
* જે સાચાં-ખોટાંનો વિવેક ન કરાવે તે જ્ઞાન છે કે અજ્ઞાન છે ? કહેવાય જ્ઞાન પણ કામ કરે અજ્ઞાનનું.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

Received
5-10-1994

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૩૧+૩૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૧૭૬

તેઓ ભવસમુદ્ર તરી જાય છે.

પાપનિષ્કન્દનં ધર્મસદનં
કારયન્તિ યે ।
તારયન્તિ ભવાબ્ધેઃ સ્વંતે જનાઃ
કુલતેજનાઃ ।।

જે પુણ્યાત્માઓ સઘળાંય પાપોનો નાશ કરવા સમર્થ એવું શ્રીજિનમંદિર અને ધર્મપૌષધશાળા બનાવે છે તેઓ પોતાના કુળને અજવાળેછે અનેઆ ભવસમુદ્ર સ્વયં તરે છે અને બીજાને તરવા માટે આલંબન પુરું પાડે છે.

卐

ઇસ્લામ મત મેં જીવ – દયા કા પ્રચાર

શુરૂ અલ્લાહ કે નામ સે જો બડા મેહરબાન ઔર બહુત રહમ વાલા હૈ ।

પશુઓં કી શારીરિક સ્વતંત્રતા :

રસૂલુલ્લાહ સ. ને પશુઓ કો ચીરને યા પહચાનને કે લિએ કિસી ગરમ વસ્તુ સે ઉન પર નિશાન લગાને સે સખ્તી સે મના ફર્માયા । એક બાર ગધે કો દેખા જિસકે ચેહરે પર નિશાની કે લિએ દાગા (અગ્નિ ચિન્હ) ગયા થા તો રસૂલુલ્લાહ બહુત ક્રોધિત હુએ ઔર કહા : જિસને ભી યહ કિયા હૈ વહ ઈશ્વર કે આશીર્વાદ સે વંચિત રહેગા ।

પશુઓં કી બલિ :

કુરઆને હકીમ કી સૂરત અલહજ ૩૨:૨૨ મેં સ્પષ્ટ કિયા ગયા હૈ કિ ના તો પશુઓં કા માંસ ઔર ના હી ઉનકા રક્ત ઈશ્વર તક પહુંચતા હૈ । ઈશ્વર તક પહુંચતા હૈ । તો સિર્ફ મનુષ્ય કા નિશ્ચય વ આજ્ઞાપાલન ।

ઇસ્લામ ને પશુઓં કે અધિકારોં કો બહુત મહત્વ દિયા હૈ । ઔર મનુષ્ય કો આદેશ દિયા હૈ કિ ઉનકે અધિકારોં કી રક્ષા કરેં ।

શ્રી અબુહુરૈરા ।।રજિ।। કા કથન હૈ કિ એક બાર રસૂલુલ્લાહ ।। સ. ।। સે સહાબા (ઉનકે સાથીગણ) ।। ને પ્રશ્ન કિયા : ક્યા પશુઓં પર સહાનુભૂતિ કા પુણ્ય ભી મૃત્યુ કે પશ્ચાત મિલેગા ? હુંજૂર ।। સ. ।। ને ઉત્તર દિયા : નિસંદેહ મિલેગા । હર જીવિત પ્રાણી પર સહાનુભૂતિ કા પુણ્ય મિલેગા । હર જિવિત પ્રાણી પર સહાનુભૂતિ કા પુણ્ય હોતા હૈ । ।। હદીસ–બુખરી–શરીફ ।।

પશુઓં સે હમદર્દી વ ઉનકા સન્માન :

અબુ હુરૈરા ।। રજિ ।। કા કથન હૈ કિ રસૂલુલ્લાહ ।। સ. ।। ને એક વેશ્યા કે વિષય મેં બતાયા હૈ કિ ભીષણ ગરમી કે દિન ઉસને એક કુત્તે કો દેખા જો પ્યાસ કે કારણ અપની જીભ બાહર નિકાલે હુએ કુએં કે પાસ ચક્કર લગા રહા થા । ઉસ ઔરત ને અપના મોજા કુએં મેં ડાલકર ભિગોયા ઔર ઉસે નિચોડકર કુત્તે કો પાની પિલા દિયા । ઇસ પુણ્ય સે ઇશ્વરને ઉસકે સારે પાપ ક્ષમા કર દિયે ।

શ્રી અબુહુરૈરા ।। રજિ ।। કા કથન હૈ કિ રસૂલુલ્લાહ ।। સ. ।। એક ને બતાયા કિ એક સ્ત્રી પર ઇશ્વર કા ભયંકર પ્રકોપ ઇસ લિએ હુઆ ક્યોંકિ ઉસને બિલ્લી કો બંદી બનાકર ઉસે ભોજન વ પાની નહીં દિયા ઔર ના હી ઉસે સ્વતંત્ર છોડા જિસસે કિ વહ અપના ભોજન સ્વયં ઢુંઢ સકે । પૈગમ્બર મુહમ્મદ સાહબ પવિત્ર ગ્રંથ હદીસ મેં અપના કલામ ફરમાતે હૈ –

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વાલકેશ્વર)
ચંદ્રશેખર પ્રભાશંકર ગુડકા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૧૧] ૨૦૫૫ ચૈત્ર સુદ ૧૪ મંગળવાર તા. ૩૦-૩-૯૯ [અંક : ૩૧-૩૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

૫ પ્રકીર્ણક ધર્મોપદેશ ૫

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩,શ્રાવણ સુદિ-૧૦/૧૧ મંગળવાર તા. ૫-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીના આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૩૧ મું ચાલુ) અવ૦)

આજે અનશન તપ તો મોટાભાગમાંથી નીકળી ગયો છે, જ્યારે જે મળે તે મોંમાં નાખવ જોઇએ, મન થાય ત્યારે ય ખાય. આજે તો રોજ વ્યાખ્યાનમાં આવે તેવા માણસો પણ રાતે ખાનારા છે. જે વખતે જે મળે તે ખાનારા છે. ખાવું તે જ પાપ છે તેમ લાગ્યું છે ? આપણે ત્યાં ખાવું તે ધર્મ નથી પણ પાપ છે પણ ખવરાવવું તે ધર્મ છે. મોક્ષસાધક ધર્મની આરાધના સારી રીતે થઇ શકે તે માટે આ શરીર પાસેથી કામ લેવા માટે તેમાં થોડું નાખે તો તે અધર્મ નથી બનતું બાકી ખાવું તે અધર્મ જ છે. શ્રાવક સુપાત્રદાન આપ્યા વિના, સાધર્મિકને શક્તિ મુજબ જમાડ્યા વિના ખાય-પીએ નહિ. કેમકે, તેને ખાવા-પીવાનું છોડવું છે. ખવરાવવાનું શીખે તેનું ખાવાનું છૂટે. જ્યારે મન થાય ત્યારે ખા ખા કરે તો ખવાનું છૂટે નહિ. આજે તમે સાજા-સારા રહો છો તે જ નવાઇ છે બાકી તો હોસ્પિટલમાં હો. મોટાભાગને ખાવાનો એવો રોગ વળગ્યો છે કે તપ કરવાની શક્તિ હોવા છતાં ય તપ કરવાનું મન થતું નથી ઘણા

તો સારી રીતે ખાઇ-પી શકાય તે માટે ય તપ કરે છે. બહુ જુલમ થઇ ગયો છે!

સમ્યગ્જ્ઞાન-સમ્યક્તપ અને આજ્ઞામુજબનું સંયમ એ ત્રણે ભેગા થાય અને પરિપૂર્ણ થાય તો મોક્ષ મળે. આપણે મોક્ષ જોઇએ છે? જેને મોક્ષની ઇચ્છા પણ ન થાય તે શ્રાવક-શ્રાવિકા નહિ તેમ સાધુ થઇને બેઠેલાને પણ જો મોક્ષની ઇચ્છા ન હોય તો તે સાધુ-સાધ્વી પણ નહિ, તેના તપ-જપ બધું નકામું જાય. ચારે પ્રકારનો શ્રી સંઘ તે મોક્ષમાર્ગનો મુસાફર કહેવાય. આપણી મોક્ષે જવાની મુસાફરી ચાલુ છે ને? શ્રી જૈન શાસનને માનનારાને મોક્ષ ન જોઇતો હોય તો તે જૈન પણ બની શકે નહિ.

સભા૦ : મોક્ષની ઇચ્છા ન હોય તો ચોથું-પાંચમું-છઠું ગુણઠાણું સ્પર્શે કે નહિ?

૭૦ : પહેલું ગુણઠાણું પણ ન સ્પર્શે તો આગળના ગુણઠાણાની વાત શી કરવાની? પહેલું ગુણઠાણું પણ મોક્ષની ઇચ્છાથી શરૂ થાય છે.

આજે તો ગુણઠાણાનું ભિખારીપણું છે, ચોથું ગુણઠાણું પામેલા ને પોતાની લાખ્ખોની રૂા.ની મૂડી ગમે નહિ. તેને થાય કે આના ઉપર રાગ થઇ ગયો, આમાં મઝા આવી ગઇ તો આ મૂડી જ મને નરકમાં લઇ જશે. તમને પણ થાય કે- મારી પાસે આજીવિકા મઝેથી ચાલે તો પણ વાંધો આવે તેમ નથી તો વધારે પૈસા સળગાવવા છે, માથે બોજો શું કામ લઇને ફરું? પૈસા ભેગા કરોને તેમ જ રાજી થાવ તો પુણ્ય બંધાય કે પાપ બંધાય? કેટલો પૈસો હોય તો તમને સંતોષ થાય?

તમને બધાને જ્ઞાન થયું છે કે નહિ તેમાં શંકા છે. તપની વાતમાં પણ ફાંફા છે. આજે કઇ તિથિ છે? કયા ભગવાનનું કલ્યાણક છે તે કેટલાને યાદ છે? આ યાદ હોત તો મોટો ભાગ તપસ્વી હોત. ભગવાનના શાસનને સમજેલા જનાવરો પણ તપસ્વી થાય છે. આજે ઘણા દેશવિરતિધર તિર્યંચો છે, તેઓ પણ સંયમી હોય છે.

જૈનકુળમાં જન્મેલા જીવો પણ જો જૈનાચાર પાળે તો ય દુર્ગતિમાં જાય નહિ, ખાવા-પીવાદિમાં સંયમી હોય ઉપવાસને અનશન તપ કહ્યો છે એવું નથી, ઓછીવાર ખાય તે પણ અનશનમાં જાય. તમારે તો બધી ચીજ હોય પણ શ્રેષ્ઠ ચીજ ઓછી હોય એટલે પત્તર ખાંડો. અનશન તો કરતા નથી જ્યારે જે મળે તે આધાં વિના રહો કે ન રહો? ભાવતી અને અનુકૂળ ચીજ આવે તો પેટનો પણ વિચાર ન કરો એટલે ઉણોદરી પણ ગઇ. જે આવે તે ખપે તેથી વૃત્તિસંક્ષેપ પણ ગયો અને તેથી રસત્યાગ પણ ગયો. જેમાં ખૂબ મઝા આવે તે ચીજનો ત્યાગ કરવો

હોય તો કરો ? બોલે તમે આવું કરો તો જોને ઘેર જમવા જાવ તે ય ધર્મ પામે.

ભગવાનના શાસનનો બાહ્યતપ એવો છે કે જે બાહ્યતપ બરાબર કરે તે ય બીજાને ધર્મ પમાડી દે. તેના ઘરે આવેલો મહેમાન પણ જૈન થઇ જાય. મહેમાન માટે સારામાં સારી અનેક ચીજો બનાવે અને પોતે માત્ર બે જ ચીજ ખાય તે પણ સામાન્ય. આપણા તપની સાથે ત્યાગ વરેલો જ છે.

પાંચમે બાહ્યતપ 'કાય ક્લેશ' નામનો છે. આ કાયાને તો રોજ ક્લેશ આપવાનો છે. તમે કાયાને ક્લેશ કયા કામમાં આપો ? સંસારનાં કામમાં. ધર્મનાં કામમાં કાયાને ક્લેશ પડે એવું કાંઇ કરો ખરા ? આપણી બધી ધર્મક્રિયા કાયાને કષ્ટ આપનારી છે. કાયાને કષ્ટ આપ્યા વિના એકપણ ધર્મક્રિયા સારી બરાબર થાય નહિ. કયારે કયું કષ્ટ આવે, મરતી વખતે ય કયું કષ્ટ આવે તેની શી ખબર પડે ? બોલે કાયાને કષ્ટ આપવાની ટેવ પાડી હશે તો ગમે ત્યારે ગમે તેવું કષ્ટ આવે તો ય તે ગભરાય નહિ, ગમે તેવું દુઃખ આવે તો ય તે અકળાય નહિ. મરતી વખતે જો જે કષ્ટ આવે ને તે જો ન વેઠાય અને દુર્ધ્યાન થાય તો ય દુર્ગતિમાં જવું પડે. શાસ્ત્રે કહ્યું છે કે–'દેહે કષ્ટં મહાસુખમ્' શરીરને કષ્ટ આપવું તે આત્માના કલ્યાણને માટે થાય છે.

શ્રી તીર્થંકરપરમાત્માઓ તે જ ભવમાં નક્કી મોક્ષે જવાના હોવા છતાં ય દીક્ષા લે ત્યારથી તેઓને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જમીન ઉપર પગ માંડીને બેસતા નથી. મોટેભાગે ધ્યાનમાં ઊભા હોય છે, બેસવું પડે તો ઉત્કટ આસને જ બેસે છે. શ્રી ગણધર ભગવંતાદિ મહામુનિઓ પણ ઉત્કટાદિ આસને બેસે છે પણ આરામલેર સુખાસને બેસતા નથી. તેવી રીતે મુનિને જરૂર પડે અને સૂવું પડે તો સૂવાની પણ વિધિ બતાવી છે, પાસું ફેરવે તો ય પૂંજીને ફેરવે, ઊંઘમાં ય કોઇ જીવ ન મરે તેની કાળજી રાખે. આજે મોટેભાગે આ બધી વિધિઓ નાશ પામી ગઇ.

સભા : છેવટ્ટું સંઘયણ હોય એટલે ફેર પડે ને ?

ઉ૦ નથી કરવું તેનાં ખોટાં બહાનાં ન કાઢો. આજે પણ છેવટ્ટું સંઘયણ વાળા મનુષ્યો કેટલું કામ કરે છે ? કેવી કાળી મજૂરી કરે છે ? તમે પણ કેટલું કામ કરો છે ? સ્વાર્થ હોય તો ખાધા–પીધા વિના કલાકોના કલાકો ઊભા રહીને કામ કરો ને ? પ્રતિક્રમણમાં ઊભા થાવ ખરા ? નથી થતું તો ભૂલ કબૂલ કરો પણ ખોટો બચાવ કરશો તો વધારે પાપ લાગશે.

છઠ્ઠો બાહ્યતપ સંલિનતા નામનો છે એક જ સ્થિરાસને બેઠવાનું છે. અંગોપાંગને સંકોચીને રાખવાના છે. જેમ શરીરની સંલીનતા કરવાની છે તેવી રીતે ઇન્દ્રિયોની અને કષાયોની સંલિનતા પણ કરવાની છે. ઇન્દ્રિયો જ્યાં ત્યાં ભટકે છે ત્યાંથી પાછી વાળીને ભગવાનની આજ્ઞામુજબના શુભ યોગોમાં પ્રવર્ત્તાવવાની છે. આપણે જે કાંઇ થોડો ઘણો ધર્મ કરતા હોઇએ અને તે ઘણો લાગે તેમ જ સંતોષ હોય તો આગળ વધી રહ્યા ! આપણે જ્યાં બેઠા છીએ ત્યાં જ રહેવું છે કે આગળને આગળ વધવાની ઇચ્છા છે ? કષ્ટ વેઠવાની, સહન કરવાની ટેવ પાડી હશે તો ધાર્યું કામ કરી શકાશે, બાકી ટેવ નહિ પાડી હોય તો તેવા વખતે જીવને સમાધિ કોણ આપશે ? સહન કરવાની ટેવ હશે તો સમાધિ સારી રહી શકશે.

મેં એવો કેન્સરનો દર્દી જોયો છે જેનાથી ખાઇ–પી શકાય નહિ છતાં ય મને કહે કે– હું બહુ મઝામાં છું દુઃખ સહન કરવાની ટેવ પાડી છે. કુટુંબને પણ કહે છે કે– મારી કોઇ ફીકર કરતા નહિ. આવી દશા હતી તો સમાધિપૂર્વક તે મર્યો. જો દુઃખ સહન કરવાની ટેવ નહિ પાડી હોય અને રોઇ રોઇને જીવે અને મરે તો કઇ ગતિમાં જાય ?

છ પ્રકારનો અભ્યંતર તપ છે. જેનો અભ્યંતર તપ વધે નહિ તેનો બાહ્યતપ માલ વગરનો હોય. બાહ્યતપ જો અભ્યંતર તપનો પોષક ન હોય તો તે કાયકષ્ટ માત્ર છે. અભ્યંતર તપમાં પહેલો તપ પ્રાયશ્ચિત છે. તમે બધા પ્રાયશ્ચિત્ત લ્યો છો ? પાપ લાગે તે પ્રાયશ્ચિત્ત લે. તમને પાપ લાગે છે ? આજે મોટાભાગ પ્રાયશ્ચિત લેતો જ નથી. પ્રાયશ્ચિત લેવા માટે નમ્રતા જોઇએ નમ્રતા વિનય વિના આવે નહિ. ગુણીજનો પ્રત્યે સાચું બહુમાન હોય તો વિનય આવે. શાસ્ત્રે કહ્યું છે કે– આઠે પ્રકારનાં કર્મોને દૂર કરે તેનું નામ વિનય છે. જેમ ગુણીજનોની આગળ માથુ નમાવવાનું છે તેમ જે વિનયને યોગ્ય ન હોય ત્યાં માથું ન નમાવવું તે પણ વિનય છે.

(ક્રમશઃ)

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધ

–: ભૂપેન્દ્રભાઇ ગભરૂચંદ કોઠારી :–

નાગતલાવડી જયશાલી એપાર્ટમેન્ટ નવસારી,

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૭] —શ્રી રાજુભાઇ પંડિત

(૪૭) હિડમ્બ રાક્ષસ સંહાર

'શસ્ત્ર વગરના શત્રુઓ ઉપર કુરૂવંશીઓ કદિ શસ્ત્રો ઉગામ્યા નથી, નિશાચર ! (હે રાક્ષસ !) સાબદો થા. હાથમાં શસ્ત્રને લઇને આવ.'

લાક્ષાગૃહના કહન બાદ સુરંગ વાટે હેમખેમ નીકળીને રાતભર ચાલતા રહીને જ ભીમસેને કરેક ભાઇ આદિને સલામત સ્થળે પહોંચાડી દીધા.

સૂર્યના પ્રચંડ તાપથી તરસે પીડાતા ભાઇઓ માટે દૂર દૂરથી પણ ભીમે પાણી લઇ આવીને તૃષ્ણા શાંત કરી. અર્જુને જંગલમાંથી ફળાહાર લેઇ આવીને મૂઠતા દ્રૌપદીએ કરેકને જમાડયા પછી ફળાહાર કર્યો.

વડિલ બંધુને પૂછીને ભીમસેન પાણી લેવા માટે ગયેા. નજીકમાં પાણીનેા ખળખળાટ થતાં ત્યાં સરોવર સમજી તે તરફ જઇ સુંદર-મીઠું પાણી કુટુંબીજનેા માટે ભીમસેન લાઇ આવ્યેા ત્યારે કરેક સ્વજનેા ગાઢ નિદ્રામાં પેાઢી ગયા હતા.

કમળ પત્રના પુટમાં હાથમાં લાવેલા પાણી હાથમાં જ રહ્યા અને ભીમસેનની આંખમાંથી પાણી વહેવા લાગ્યા. એનું મન દુઃખી દુઃખી થઇ ગયું.

રેશમની સુંવાળી શય્યાનેા પેાઢનારેા હસ્તિનાપુરનેા નરેશ આજે ખાડા-ટેકરાળી ભૂમિ ઉપર રાત્રિ પેાઢી રહ્યો હતેા. જેની શય્યા આગળ કલરવ-મધુર સંગીત વાગતા રહેતા હતા તે નરેશની આગળ આજે શિયાલણેાના ભેંકાર અવાજો થયા કરતા હતા. જે શરીર ઉપર કસ્તૂરી-ચંદન રસના વિલેપનેા થતા હતા આજે તેજ શરીર પગ નીચે કચડાતી ધૂળમાં આળેાટી રહ્યું હતું. સેવા કરવા આવેલા રાજાઓ જેના ચરણ-કમલને મહાકષ્ટથી જોઇ શકતા હતા તે જ ચરણેા આજે શિયાળેા સૂંઘી રહ્યા છે.

ગૌરવપૂર્વક જે પહેલા વિમાનમાં ફર્યા કરતેા હતેા તે અર્જુન અહીં ગરીબની ઉંઘ ઉંઘી રહ્યો હતેા. રાહુ બનેલા જેના બાહુઓ શત્રુના યશચંદ્રને ગ્રસી જતા હતા તે પણ વડિલ બંધુના આદેશથી આજે કલેશ સહન કરી રહ્યા હતા.

અમારી ગેાદમાં રમત કરનારા આ બન્ને નાના ભાઇઓ આજે કાંરદ્ર મુસાફર બનીને ધરતીની ગેાદમાં પેાઢી રહ્યા છે.

અને જેના ખેાળામાં સૂઇને – રમીને મેાટા થયેલા એ માતા કુંતીને અમે ધરતી ઉપર સુવાડી દીધા. અરે રે !

અને શિબિરના કુલ જેવી સુકુમાર આ દ્રુપદ રાજાની રાજપુત્રી ભૂમિ ઉપર કષ્ટની

નિદ્રા લઇ રહી છે. આવી દુ:ખદ દશા છતાં વધુ દુ:ખ તો એ છે કે–એને જોઇ રહેલો ભીમ જીવે છે.

આ રીતે પૂર્વના વૈભવી દિવસો સાથે હાલની દુ:ખદ દશાની વિચારણા કરતાં દુ:ખી–દુ:ખી થઇ ગયેલો ભીમ વિલાપ કરી રહ્યો હતો.

એવામાં જ એક ભીષણ રૂપધારી રાક્ષસી ભીમ તરફ આવવા લાગી. ભીમના પડછંદ શરીર તથા કામદેવ જેવા રૂપથી મોહાઇ ગયેલી તે રાક્ષસી સુંદર યુવતીનું રૂપ ધારીને ભીમ પાસે આવી પહોંચી.

ભીમે પૂછયુ તું કોણ છે ?

રાક્ષસીએ કહ્યું – હું જગતને વિડંબના કરનાર હિડંબ નામના રાક્ષસની કુંવારી હિડમ્બા નામની બહેન છું. મારા ભાઇને આ જંગલમાં મનુષ્યની ગંધ આવતા તેણે મને શોધ કરીને મનુષ્યને ઉપાડી લાવવા મોકલી છે. (અહીં મનુષ્યો વિચરી શકતા નથી.) પણ તમારા રૂપમાં આસકત બનીને હું તે કામ ભૂલી જઇ તમારી સાથે લગ્ન કરવાની ઇચ્છાથી સુંદર યુવતીનું રૂપ ધર્યું છે. તો મેં તમને મારા પતિ તરીકે સ્વીકાર્યા છે તેથી મને અવગણશો નહિ. મારો સહચાર પામ્યા પછી હિંડબ રાક્ષસ તો શું બીજા પણ કોઇ કશું કરી નહિ શકે.

ભીમસેને કહ્યું – અમારે તો આ એક દ્રૌપદી જ પત્ની રૂપે પર્યાપ્ત છે. માટે તારી મારે જરૂર નથી. વળી અમારી જેવા શકિતધરોને તારી જેવીના સહાયની જરૂર પણ નથી.

હિડમ્બા ફરી બોલી – હું તો તમને મનથી વરી ચૂકી છું. હવે તમને જે ગમે તે કરો. પરંતુ હમણા મારી પાસે 'ચાક્ષુષી' (સર્વત્ર પ્રકાશ કરનારી) વિદ્યા છે તે સ્વીકારો.

આમ કહેતા ભીમે તે વિદ્યા સ્વીકારી લીધી.

આ તરફ ભયાનક અટ્ટહાસ્ય કરતો હિડમ્બ રાક્ષસ આવી પહોંચ્યો પોતાની બહેનને કામાતૅ જોઇને તેના ઉપર ગુસ્સે થઇને તે રાક્ષસ પહેલા તેને જ હણવા દોડયો આથી વચ્ચે જ તેને ભીમસેને લલકાર્યો કે – 'સ્ત્રીઓ સામે હાથ ઉગામતા શરમાતો નથી ? લાજ–શરમ વગરના, હું છું ત્યાં સુધી તને સ્ત્રી ઉપર હાથ ઉગામવા નહિ દઉ.'

આટલું સાંભળતા ધૂંઆ–પૂંઆ થયેલો રાક્ષસ ભીમસેન તરફ દોડયો. પણ ભીમે કહ્યું કે – અમે કુરુવંશીઓ શસ્ત્ર વિહોણા શત્રુઓ ઉપર પ્રહાર કરતા નથી. માટે હે નિશાચર ! શસ્ત્ર લઇને યુધ્ધ કરવા આવ.

આથી હિડમ્બે વૃક્ષને જડમૂળથી ઉખાડી નાંખીને ભીમ તરફ ફેંકતા ભીમને છાતીમાં વાગતા ભીમ મૂર્છિત થઇ ઢળી પડયો ભીમે પણ હિડમ્બ ઉપર વૃક્ષનો પ્રહાર કરતાં તે પણ મૂર્છિત થઇ ગયો હતો. પણ તેની મૂર્છા પહેલા દૂર થઇ જતા જ તેણે ભયાનક સિંહનાદ કરતા યુધિષ્ઠિરાદિ જાગી ગયા.

કુંતીએ હિડમ્બાને પૂછયું – તું કોણ છે ?

હિડમ્બાએ બધુ કહીને કહ્યું – ભીમને હમણાં હિડમ્બે મૂર્છિત કરી નાંખ્યો છે જલ્દી જાવ.

અર્જુનાદિએ ઉપચાર કરતાં ભીમ ભાનમાં આવતાં જ હિડમ્બ તરફ દોડતો હતો પણ યુધિષ્ઠિરે તેને અટકાવતા કહ્યું કે – તે કામ અર્જુનને કરવા દે. પણ ભીમ પોતે જ હિડમ્બ સામે દોડયો. બન્નેનું ભયાનક દ્વન્દ્વ યુધ્ધ જામ્યુ. બન્ને એક બીજાને પછાડતા હતા ત્યારે પ્રચંડ શક્તિશાળી હિડમ્બને જાણીને યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું – અર્જુન ઉતાવળ કર હિડમ્બને હણી નાંખ.

આ વાત થઇ રહી ત્યાંજ ભીમે હિડમ્બને એક હાથેથી ગળુ દબાવીને મારી નાંખ્યો. આથી હિડમ્બાને ભાઇના વધથી દુ:ખ થયુ પણ યુધિષ્ઠિરે તે દૂર કરી નાંખ્યું.

ત્યાંથી પ્રયાણ આગળ લંબાવ્યું. ભીમ યુધિષ્ઠિરનો હાથ પકડીને ચાલે છે. બન્ને ભાઇઓ તેની પાછળ છે. તેની પાછળ અર્જુન અને પછી કુંતી અને દ્રૌપદી તથા હિડમ્બા આકાશ માર્ગે એમ જઇ રહ્યા છે.

આગળ જતાં માતા કુંતી થાક – તરસથી પીડાયા. તરસ દૂર કરવા ભીમાર્જુન પાણી માટે ગયા પણ પાણી વગર પાછા ફર્યા. છેવટે હિડમ્બા પાણી લઇ આવી.

એક વાર દ્રૌપદી વનખંડોની રમણીયતા જોતી હતી ત્યાં જ એક વાઘ તેની તરફ દોડયો. ભયભીત થયેલી દ્રૌપદી ઘણે દૂર સુધી ભાગી પરંતુ શરીરના અંગોના ભારથી વધુ ભાગી ના શક્તા. વાઘ તદ્દન નજીક આવી ગયો. હમણાં જ એક જ તરાપમાં દ્રૌપદી હતી ન હતી થઇ જાય તેમ હતું, પણ

પણ લીલી વેલથી જમીન ઉપર રેખા દોરીને દ્રૌપદી બોલી કે – 'જો મેં મારા પ્રાણનાથ સાથે સત્યરેખા (સતીવ્રતને) ઉલ્લંઘ્યુ ન હોય તો હે વાઘ તું પણ આ રેખા ઉલ્લંઘી નહિ શકે.' અને વાઘ સતીત્વના પ્રતાપે ત્યાંને ત્યાં જ જડાઈ ગયો.

પણ હવે કુટુંબીજનોનો રસ્તો ભૂલી ગયેલી દ્રૌપદી આમ તેમ ભમતી હતી ત્યાં જ ફટાટોપ સાથે ફૂંફાડા મારતો ફણિધર ડંખ દેવા સરકતો આવ્યો. ત્યાં પણ દ્રૌપદીએ સતીત્વના પ્રભાવથી સર્પના ડરથી મુક્તિ મેળવી.

બીજી તરફ પાંડવો દ્રૌપદીને શોધી-શોધીને થાકયા પણ તે ન મળતા મરી જવા તૈયાર થયેલા પાંડવોને જોઇને હિડમ્બા દ્રૌપદીને શોધી લાવી.

આથી કુંતીએ કહ્યું – 'વત્સે ! તારો ભયાનક જંગલમાં પ્રત્યુપકાર તે કરી શકીએ તેમ નથી છતાં તું કાંઇક માંગ.

હિડમ્બાએ કહ્યું–ભીમને મેં પતિ તરીકે સ્વીકાર્યો છે. તેની સાથે મારા લગ્ન કરી દો.

કુંતીએ તથા દ્રૌપદીએ ઉત્સાહપૂર્વક અનિચ્છાવાળા ભીમને હિડમ્બા સાથે બળાત્કારે પરણાવ્યો. દૈવી શક્તિથી સુંદર રાજમહેલમાં રહેતા ઘણો સમય હિડમ્બા–ભીમે પસાર કર્યો. એકવાર હિડમ્બા ગર્ભવતી બની.

ચાલતા ચાલતા એકચક્રા નગરી આવતા પાંડવોએ હિડમ્બાને બાદ હિડમ્બના આવાસે પાછા ફરવા અનુજ્ઞા કરતા હિડમ્બા પાછી ફરી. પાંડવોએ એકચક્રા નગરીમાં પ્રવેશ કર્યો.

* નવો મળેલો સહકાર *

૫૦૦] પ્રવિણકુમાર શેઠ – મુંબઇ તરફથી પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના સંયમ જીવનનાં ૨૧માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે પૂ. સા. શ્રી રાજહર્ષિતાશ્રીજી મ. ની પ્રેરણાથી

૫૦૦] રાજુભાઇ દિનેશભાઇ શેઠ – મુંબઇ તરફથી પૂ. સા. શ્રી ભક્તિ હર્ષિતાશ્રીજી મ. ના સંયમ જીવનનાં ૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે પૂ. સા. શ્રી રાજ-હર્ષિતાશ્રીજી મ. ની પ્રેરણાથી ભેટ.

૫૦૧] શ્રી વિશા ઓશવાળ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, કાશીપુરા–બોરસદ આજીવન સભ્ય.

* શાસન સમાચાર *

સુરત :– અત્રે ગોપીપુરામાં પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા શ્રી રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવનમાં પૂ. આ. શ્રી વિજય મકોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મહા વદ ૫ ના ભવ્ય મહોત્સવ સાથે થઇ હતી મહા સુદ ૪ થી મહા વદ ૬ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત ઉત્સવ ચોજાયો હતો.

વિકોલી :– અત્રે હજારીબાગ ખાતે પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ભોરોલ નિવાસ સંઘવી મગનલાલ કસ્તુરચંદ પરિવાર તરફથી કુ. હેતલમાકુરીની દીક્ષા મહા સુદ ૧૪ ના ભવ્ય મહોત્સવ સાથે થઇ. વરસીદાનનો વરઘોડો સુદ ૧૩ ભવ્ય નીકળ્યો હતો.

ક્ષ પ્રેરણામૃત સંચય ક્ષ

— શ્રી પ્રજ્ઞાંગ

* સાધુ સંસારનું અનુમોદન કરે જ નહિ *

આજે પૈસાના લોભને લઇને તમે મા-બાપને, ભાઇ-ભાંડુને અને પરણીને લાવ્યા તેને ય ભૂલી ગયા. પૈસો જ તમારો પરમેશ્વર થવાથી, પૈસા માટે ગમે તેમ કરવામાં કાંઇ જ વાંધો નથી, તેમાં પાપ...પાપ... કરાય નહિ તેમ તમારા હૈયામાં લખાઇ ગયું છે.

આરંભ અને સમારંભ આ બે પાપને છોડી દો પણ જૂઠ, ચોરી, અનીતિ, અન્યાય, બેવચનીપણું, વિશ્વાસઘાત કરાય નહિ, જેવા માણસ તેવા ભાવ નહિ બધા સાથે સરખી રીત- આ બુધ્ધિ જો જળવાઇ રહી હોત તો તમારા હૈયાં કુણાં હોત પણ તેમ નથી. તેથી જ આજે મા-બાપ રોતા હોય અને છોકરા ને તેની વહુ લહેર કરતા હોય તેવો યુગ આવી ગયો.

સંસાર ભૂંડો સમજાય તેમ નથી, આ પાપ ભૂંડું તે ય સમજાય તેમ નથી. અમારા માટે તમારો શું અભિપ્રાય ? સાધુ સમજે શું ? વ્યવહાર ચલાવવા તમે જેટલાં પાપ કરો છો તેને સાધુ પુણ્ય કહે, સારા કહે તો તે સાધુ તમને સારા લાગે ! આમ સાધુ પાસે સમજવા જવાને બદલે તક મળે તો તમે સાધુને સમજાવવા જાવ છો. ઘણું ગૃહસ્થોએ સાધુઓને સમજાવી દીધા માટે સાધુઓમાં ફૂટ પડી છે ! તમે જો સમજુ હોત તો વાંધો ન હોત. સાધુ સુખમય સંસારને ખરાબ જ કહે તેને અનુમોદના આપે જ નહિ. 'અમે માંદા પડીએ તો સાધુ વૈદ્ય ન બને. અમને આપત્તિ હોય તો સાધુ જોષી ન બને. સંસારના કામમાં મંત્ર-તંત્ર ન જ કરે.' આવી જો તમારી શ્રધ્ધા હોત તો લીલાલહેર હોત. સાધુ તો સુખીને સુખ છોડવાનું અને દુઃખીને દુઃખ ભોગવવાનું જ કહે.

માટે તમે ડાહ્યા થાવ. સમજી જાવ કે આજે અમે થોડા પણ સુખી છીએ તે આડાહાથે પુણ્ય કર્યું છે માટે માટે તે પુણ્ય પૂરું થાય તેટલી જ વાર છે. રાજાઓના રાજ ગયા, પ્રધાનો રખડતા થયા, કરોડપતિ કંગાળ થયા... માટે હજી સમજી જાવ કે પાપથી દુઃખ જ આવે માટે પાપ બને ત્યાં સુધી થાય જ નહિ.

પુણ્ય શોધી શોધીને કરાય પણ તે માટે સાધુ પાસે દુઃખ કઢાવવ અને સુખ મેળવવા તો ન જ જવાય. આ વાત જો નહિ સમજો તો સંસારમાં ચાર ગતિમાં ચોર્યાશી લાખ યોનિમાં ભટકવા જવું પડશે!

તો ભાવિ ભદ્રંકર બને!

તમારાથી બીજું કઢાચ ન થઇ શકે પણ આટલું કરરોજ યાદ કરો કે–'હું અનાદિનો છું. અનાદિકાળથી નરકાદિમાં ભટકતો ભટકતો અહીં આવ્યો કું. મોહના યોગે જનમવું પડયું છે. જ્ઞાનીઓ જનમને પાપ કહે છે છતાં આ મનુષ્યજન્મના વખાણ કરે છે, સારો કહે છે તે એટલા માટે કે, મને આર્યદેશમાં, આર્યજાતિમાં, આર્યકુલમાં તેમાં ય જૈન જાતિમાં અને જૈનકુળમાં જનમ મળ્યો છે. મને જનમતાંની સાથે જ શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવ, તેમની આજ્ઞા મુજબ આખા સંસારનો ત્યાગ કરી ત્યાગ ધર્મને બતાવનારા સુગુરૂ મળ્યા છે, ત્યાગમય ધર્મ સાંભળવા મળે છે. માટે આ જનમ સારો છે. તેમ રોજ યાદ આવે છે? જો આ યાદ આવે તો ઝટ મોક્ષ યાદ આવે. પછી તેને થાય કે મારે દર્શન–પૂજન, વ્યાખ્યાન શ્રવણ વગેરે જે કાંઇ ધર્મ કરવાનો છે તે મોક્ષ માટે જ કરવાનો છે તેથી જ તેને સમજાય કે– ઘર–પેઢી–પૈસા ટકાદિ ભૂંડા છે. કુટુંબનો સંગ પણ ભૂંડો છે. તેમાં ફસાવું તો મારે જ જાકું. તેને માટે કરેલાં પાપ મારે જ ભોગવવાના કોઇ સાથે આવે નહિ. મેં કરેલા કર્મ મુજબ જ મારે જવું પડે.' આ વિચારને અનુસારે જીવન જીવવા માંડો તો તમારા જીવનમાંથી ઘણાં ઘણાં પાપ ઘટી જાય અને ભવિષ્ય સુંદર બને.

*** આજ્ઞા ભૂલવાથી નુકશાન આત્માને જ!**

આજે મોટા ભાગને પાપ યાદ આવતાં જ નથી. પાપથી પાછાં ફરવા માટે, બધા જ પાપ યાદ કરવા માટે અને ફરીથી નહિ કરવાનો નિર્ણય કરવા માટે પ્રતિક્રમણ છે. તો સૌથી દુઃખદ વાત તો એ છે કે પ્રતિક્રમણ કરનાર જ થોડાં અને તેમાં ય મોટોભાગ માત્ર પાઠ જ બોલે પણ આત્મા સાથે વિચારે નહિ. અરે કોઈની ટીકા કરવાનો આશય નથી પણ સુધારવા માટે આ વાત છે. પાઠ તો પોપટ પણ બોલી જાય. અને આજે તો તમે ઘણા આગળ વધ્યા! કે બધું 'રેકર્ડ' માં ઘાલ્યું. એટલે હૈયામાંથી અને મોઢામાંથી ય નીકળી ગયું. હવે તમારે કશું ભણવાની જરૂર નથી. બધું રેકર્ડ જ બોલશે. આવી રીતે શ્રી નવકારાદિ સૂત્રો રેકર્ડ માં ઘાલવા તે શ્રી નવકારાદિનું અપમાન છે, તિરસ્કાર છે, તેના પરના સદ્‌ભાવનો અભાવ છે.

તે નવકાર સાંભળતા સાંભળતા મરો તો ય દુર્ગતિમાં જ જાવ. શ્રી નવકાર સાંભળતા તો બહુમાન થવું જોઇએ, હાથ જોડાવા જોઇએ. જ્યારે રેકર્ડમાં બોલે ત્યારે સીગરેટ પીતા પીતા, ચા-પાણી પીતા પીતા, ગપ્પા મારતા સાંભળે તેને નવકારનું અપમાન જ કર્યું કહેવાય ને ?

* તમારા વર્ષ ઓછા પડે ;

અહીંથી આપણે બધાએ જવાનું છે. અહીંની કારવાઇને અનુસારે ગતિ થવાની છે. તમારી હોશિયારી, હરામખોરી જગત જોઇ શકતું નથી, સમજતું નથી. હરામખોર પોતાને હરામખોર નથી માનતો તેવા લોકોથી જ જગતમાં ઉપદ્રવ વધ્યો છે. છતા પણ તમારા આ ગાંડા જગતમાં હરામખોરી તે ગુનો જ ગણાય છે અને તે ગુનાની વર્તમાન કાયદામાં પણ સજા છે- જો એક માણસની હરામખોરીની આ દુનયામાં તમે માનેલા પાપોની- સજા કરવા કોર્ટ બેસે તો તેની જિંદગીના વર્ષ ખૂટે. આજે કાયદાનો જાણ કાયદાને અને પોતાની જાતને વાંચે-જૂએ તો ગભરાઇ જાય ! વર્ત્તમાનમાં આટલી સજા થાય તેવી હરામખોરીથી પકડાયો નથી પણ તે હરામખોરીની સજા થવાની છે આટલું માનો તો ય કામ થઇ જાય. તમે હજી પાપથી એકદમ કદાચ ન છૂટી શકો પણ પાપને પાપ માનતા થાવ તો ય તમારામાં પલટો આવી જાય. તમે લોકો જાગો માટે અમે રાડો પાડીએ છીએ. તમે જાગો... મોહ-નિદ્રાથી જાગો... મોહથી મસ્ત બનેલા દુનિયાના જીવો જાગતા ભૂંડા. ઊંઘતા સારા તે જેટલું જાગે તેટલો વધારે અનર્થ કરે. પોતાની જાત માટે ય અને પર માટે ય માટે જ ભગવાન કહી ગયા કે તમે સમજો. સમજ્યા વગર ઠેકાણું પડશે નહિ.

* ઘાંચીના બૈલ જેવા આપણે :

શરીર અનાદિથી કર્મે વળગાડેલું છે. જે જીવ જન્મે તે શરીરને બનાવે. જન્મ તે જ રાગ છે. જન્મે તેને સુખ અને સુખની સામગ્રીની જરૂર પડવાની પ્રમાણમા તેને મળવાની તેમાં તેને રસ આવવાનો દુઃખ આવે તો તે દુઃખ કાઢે જાય, કાઢે તથ તેમ વિચાર કરવાનો અને સુખ મેળવવા ફાંફા મારવાનો પણ મોક્ષ તેને યાદ નહિ આવવાનો, ધર્મ કદાચ યાદ આવે તો સુખ મેળવવા અને દુઃખ કાઢવા માટે કરવાનો સરવાળે ઘાંચીના બૈલની જેમ ત્યાંને ત્યાં ફરવાનો. ઘાંચીના બૈલને ફેરવવા આંધળો બનાવવો પડે તેમ તમે આમાં સુખ છે...આમાં સુખ છે. તેમ જૂઓ ને મેળવવા પ્રયત્ન ય કરો. સુખ આવે એટલે નાચવા માંડો અને દુઃખ

આવે એટલે રોવા માંડો. અને આમ સુખમાં નાચીને અને દુઃખમાં રોઇને દુર્ગતિમાં જાવ. આમ ધાંચીના બૈલની જેમ ફર્યા કરવાના...!

*** દેવ-ગુરૂ-ધર્મને તે જ ઓળખે :**

દેવને ઓળખવાની તમારે જરૂર ખરી કે જે દેવ કહેવાતા હોય તે ચાલે? તમે કહો છો કે, માટીનું ભાજન લાવવું તે ય જોઇને લાવવું પડે, ખાવા માટે શાક લાવો તો તે ય વાસી-તાજું જોઇને લાવો અને અહીં બધા મોઘા ચાલે? આજના લોકોને દેવ-ગુરૂ-ધર્મને જ ઓળખવાની ચિંતા નથી બાકી બધામાં માથાફોડ કરે છે! દેવ પણ તેને માને જે 'ચમત્કારીક' હોય! ગુરૂ પણ તે જ ગમે, જે બધી વાતમાં આશીર્વાદ આપે તે. સારાં કપડાં પહેરે તે બધા જ સારાં કહેવાય? તમારે ત્યાં સારાં કપડાં પહેરીને આવે અને પાંચ-પચ્ચીશ હજાર માંગે તો એકદમ આપી દો? ગૃહસ્થ તરીકે બોલાવો, ખવરાવો પણ સૂવાનું કહે તો શું કહો? અજાણ્યાને હજી ખવરાવાય પણ સૂવરાવાય કે પૈસા ધીરાય નહિ તે સમજો છો. તેમ અહીં જો દેવ-ગુરૂ-ધર્મને નહિ. ઓળખો તો તમે જ રખડી મરવાના છો, નુકશાન તમને જ થવાનું છે. દેવની પૂજા કરવાથી, સાધુની સેવા કરવાથી કે થોડો ઘણો ધર્મ કરવા માત્રથી કાંઇ કામ ન થાય. જે કાળમાં વેપારી લુચ્ચાં થયા હોય તો ગ્રાહકે સાવધ થવું પડે. આર્યદેશમાં આજે વેપારી લુચ્ચા થયા છે. આમ બોલવું તે અમને ગમતું નથી. પણ શું થાય? તેવી રીતે ધર્મની વાત કરનાર લુચ્ચો ન હોવો જોઇએ પણ આજે છે. શાસ્ત્રે જ પાંચ વંદનીક અને પાંચ અવંદનીક કહ્યો છે. પણ તમે આ બધું ભણતા જ નહિ, સમજતા જ નહિ, ધમર્ં મૂરખ જ રહેશો! સંસારમાં ભટકવું હોય તેને આ વાત ગમે જ નહિ. જેને સંસારનો ભય લાગે, મોક્ષની ઇચ્છા થાય તેને જ ધર્મનો ખપ પડે. તે જ સાચી રીતે દેવ-ગુરૂ-ધર્મને ઓળખી શકે.

*** સમજો તો કલ્યાણ થશે :**

જો યાદ રાખજો કે જેટલાં ખોટાં કામો, જેટલી ખોટી વાતોનાં જો રસ આવ્યો, તેના પ્રણેતા આપણે થઇએ તો આપણા માટે સદ્ગતિ નથી. ભગવાન કહે અમે તો ધર્મ-અધર્મ બતાવીએ ધર્મમાં તે શક્તિ છે કે સુખમાં શાંતિ આપે, દુઃખમાં સમાધિ આપે અને સાથે રહે અને છેક મોક્ષમાં લઇ જાય.

ધર્મસત્તાએ ધર્મસત્તાને કહ્યું છે કે, 'જે જીવ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ

કરશે, ધર્મને અનુકૂળ થઇ રહેશે તેને હું સારામાં સારી સહાય કરીશ. પણ જે જીવ ભગવાનને, સાધુને અને ધર્મને ઠગશે છતાં ધર્માત્મા ગણાશે તેનું પુણ્ય પૂરું થાય એટલી વાર છે. પછી હું તેને જોઇ લઇશ.'

આ વાત સમજવી હોય તો પહેલાં તમે સમજો કે સાધુ અર્થ–કામના ત્યાગી જ હોય. તેને અર્થ–કામ એવા શત્રુ લાગ્યા છે કે મારે જોઇએ જ નહિ. તે બેના પરની શત્રુતા જીવતીને જાગતી રહે તેવો સાધુ જ ભગવાનનો સાધુ છે. તમારે ય શ્રાવક બનવું હોય તો અર્થ–કામના વૈરી બનવું પડશે. તમારે બધાને અર્થ–કામમાં બેસવું પડયું છે, તે બે રાખવા પડયા છે, તેની સાથે રહ્યા છો પણ તે બે ના પર હૈયાથી તો ભારોભાર દ્વેષ જ છે – તેમ માનું ને? સુખ અને સુખના સાધન પર દ્વેષ જાગ્યા વિના વિરાગ આવતો જ નથી. તેટલા માટે જ અમે ઘર પેઢી, પૈસા–કુટુંબાદિનો સંગ ખરાબ તેમ રોજ બોલીએ છીએ. આ બોલવાથી કામ ન થાય પણ અમારાય હૈયામાં બેઠવું જોઇએ. અમારો ય જો સંસારી કુટુંબી આવે અને કુટુંબી તરીકે તેના પર જો રાગ થાય તો અમારી સર્વવિરતિને ધક્કો લાગે છે. અમે તે બધાને છોડીને કેમ આવ્યા? તે ખરાબ કરનાર છે. આત્માનું અહિત કરનાર છે તેમ સમજીને જ તે બધાને છોડયા ને? સાધુ થયેલાને જો આખા કુટુંબને તારવાનું મન થાય તો તે સાચો સાધુ પણ કુટુંબીને સુખી જોઇ આનંદ ન થાય. આ બધી વાત સમજશો તો કલ્યાણ થશે.

* મોહના અંધાપાથી સાચું જોઇ શકતાં જ નથી :

મોહે તમને એવા પાગલ બનાવ્યા છે કે તમને પરલોકનો ય ભય નથી. હું આત્મા છું તેમ ખબર નથી. જેને હું આત્મા છું તેમ ખબર છે એમ કહે છે તેને આત્માની ચિંતા જ નથી. રોજ સવારના ઊઠો તો વિચાર આવે કે–'હું કોણ છું? કયાંથી આવ્યો છું? મારા દેવ કોણ છે? મારા ગુરૂ કોણ છે? મારો ધર્મ કયો છે? મારે અહીંથી જવાનું છે તો કયાં જવું તેની ચિંતા કરો છો?' આ ચિંતા કોણે ભૂલાવી? મોહે. તમારે જીવવા માટે શું જોઇએ તે વિચાર કરવાની વાત જ બંધ છે માટે આજે ૧માઇ જીવન એવું છે કે, કોઇ ડાહ્યો માણસ પણ જૂએ તો તેને તમારા જીવન પર તિરસ્કાર જ આવે. તમને કોઇ પૂછે કે, આ ચીજને કયાંથી, કેવી રીતે લાવ્યા છો ? તો તેનો સાચો જવાબ આપી શકો છો? આ ચીજની જરૂર કેમ પડી તો શું જવાબ આપો?

માર્ગાનુસારી જીવ જેને હજી ભગવાનનું શાસન સમજવા મળ્યું નથી. પણ

સ્વાભાવિક રીતે આ સંસાર ખરાબ લાગ્યો છે, આનાથી પ્રતિપક્ષી સ્થાને–મોક્ષે–જવું છે તેમ સામાન્ય બુદ્ધિ છે : તેવો જીવ પણ વિચારે છે કે, મારે જીવવા માટે શું શું જોઇએ ? તમે તો તેને ય ટપી ગયા ! બહું ઊંચી કક્ષાના જીવ બની ગયા ! તમારે જીવવા માટે શું શું જોઇએ ? વિભવની પૂંઠે પડી ગયેલા 'ન્યાય' ને લાત માર્યા વિના રહેશે જ નહિ.

આજે તમે સમજી જાવ તો મોંઘવારી કશી નથી. પણ તમે બગડ્યા છો. જો આર્ય દેશનો માનવ માર્ગાનુસારી થઇ જાય અને માનવ સમાજ સુધરી જાય તો મોંઘવારી છે જ નહિ. પણ આ બધુ કરાવનાર મોહ જ છે તે તમે સમજતા નથી તેનો વાંધો છે. આજે અન્યાયાદિ વધી ગયા હોય, સરકાર અને અધિકારીઓ બધા બગડી ગયા તેમ બોલો છો પણ તમે કેવા થયા છો ? તે વિચારો છો ? કદિ મારી જાત ભૂંડી છે તેવો વિચાર ન આવે તે પાગલપણું નહિ તો બીજું શું છે ? આવું પાગલપણું મોહે જ શીખવ્યું છે. મોહે જનમ આપી પાપી બનાવ્યા અને બૂરી હાલતે જીવાડી નરકાદિ દુર્ગતિમાં લઇ જશે. આવા તો અનંતા ચક્કર કર્યા. મોહના અંધાપાથી એવા આંધળા થઇ ગયા છો કે સાચું જોઇ–વિચારી શકતા જ નથી.

* પાપને પાપ સમજો :

સાધવા લાયક કોઇ ચીજ હોય તો મોક્ષ જ છે. ન્યાયથી મળેલ ધન અને તેનાથી મળતા ભોગ પણ ભૂંડા શ્રાવક લગ્ન કરે તો તે પણ ભૂંડું માનીને કરે. પરણવું તે પણ પાપ. જ્યારે તમારે તો પરણાવવું તે તમારા લહાવો ને ? હજી સુધી 'કેમ પરણાવ્યા નહિ' તેમ પૂછનારા નાહાનો મળશે પણ 'કેમ પરણાવ્યો' તેમ પૂછનાર છે ? તમે લોકો જગતના વ્યવહારને ન જૂઓ. જગત તો સડી ગયું છે. જગતને સડાવનારા પાક્યા છે. આજનું શિક્ષણ, સ્કૂલ-કોલેજો પાપના કારખાના છે. સંતાનોને કેમ બગાડવા તેના કારખાનાં છે.

તમે નરકના કારણો જાણો છો ને ? મહારંભ–મહાપરિગ્રહ–પંચેન્દ્રિયઘાત અને માંસાહાર આજે તમારા ઘરોમાં માંસાહાર તો હોય જ નહિ ને કે હોય ? આટલી હદ આવી છતાં હજી આ કાળના શિક્ષણની વિષમતા તમને નથી સમજાતી ? તમારી તો બુદ્ધિનું દેવાળું નીકળી ગયું લાગે છે. આમ હોવા છતાં હજી તમને વર્તમાનના શિક્ષણનો મોહ છૂટતો નથી. આ કાળના શિક્ષણ વિના તો જીવાય જ નહિ. તેના માટે તો જૈનોએ પણ અગાધ પ્રયત્ન કરવા જોઇએ. જૈનોએ પણ 'વિશ્વ યુનિવર્સીટી'

બોલવાની ! ! તેના વિના તો ઉદય જ નથી...! ! અમે પણ જો સ્કૂલ-કોલેજો ખોલી આપીએ તો અમે પણ જૈન શાસનના ઉદ્ધારક ! !

મારો છોકરો ભીખ માંગીને ખાય પણ નાસ્તિક બને તેવું નથી ભણાવવું. અમારે કમનશીબે દુનિયાનું ભણવું પડે, ભણાવવું પડે તો તમને એટલી ય અક્કલ નથી આવતી કે એક સારો શિક્ષક રાખીને તેને ભણાવી દેવાનો. તમારા સંતાનોને ભણાવવા તે અમારૂં કામ છે ? તમે તો ગજબ કર્યો છે તમે લોકોએ જ જૈનધર્મ પર અને જૈન સાધુ પર જુલમ ગુજાર્યો છે. જો સારા શ્રદ્ધા–સંપન્ન શ્રાવકો હોત તો કહી દેત કે 'આ ધંધો સાધુઓનો નથી. આપની–સાધુની પાસે તો કેવળ ધર્મ સમજવા જ આવીએ સંસારના કોઇ કામ માટે મરી જઇએ પણ આવીએ નહિ.' આજનું શિક્ષણ કેવું છે ? આજે તો ચોપડીઓ આપવી તે પણ ધર્મ ! તેમાં શું શું લખ્યું છે તે જાણો છો ? આજે તો માંસાહારીને માંસ પૂરું પાડવું તે ય 'માનવ ધર્મ' મનાયો છે. આ બધું ખોટું ચાલે છે. તમે તમારી સ્થિતિ સમજો. પાપના ઉદયે ઘણાં ઘણાં પાપ કરવા પડે પણ પાપને પાપ સમજો. લોકહેરીમાં ન તણાવ તો હજી ભવિષ્ય સુધરશે.

* હે પ્રભુ દૂર કરો અંધાર *

હે પ્રભુ ! મારા કંઠમાં મધુરસ્વર નહિ મૂકે તો ચાલશે, પણ સચ્ચાઇનો રણકો અચૂક મૂકજે મારા નયનમાં તેજસ્વિતા નહિ મૂકે તો ચાલશે, પણ નિર્ધારિતા અચૂક મૂકજે.. મારા મનમાં કુશાગ્રબુધ્ધિ નહિ મૂકે તો ચાલશે, પણ વિવેકબુધ્ધિ અચૂક મૂકજે. અને, અન્યહૃદયની ધડકનને ઝીલી શકે એવું હૃદય મને આપજે !

હે પ્રભુ ! આજે હું અક્ષર નહીં બોલી શકું...કારણ ? કારણ આનગી છે. ફક્ત તને જ કહું છું...આજે વહેલી સવારે મારે વિશે વિચારતાં મારી આનગી અને જાહેર જિંદગી વચ્ચેનું જમીન આસમાન જેટલું અંતર જોઇને હું પોતે અવાક્ થઇ ગયો છું.

હે પ્રભુ ! અંતે દગો દેનાર છે એવું જાણવા છતાંય દેહ ઉપર મૂર્છા ઘટતી નથી. ગમે ત્યારે બેવફા બનનાર છે એવું જાણવા છતાંય ધન અને સ્વજન ઉપરથી મમતા હટતી નથી. કાયમ સાથ આપનાર છે એવું જાણવા છતાંય તારી ઉપર પ્રીત પ્રગટતી નથી કેમ ?

હે પ્રભુ ! જ્યારે જ્યારે હું તને નિહાળું છું ત્યારે મને જોષી મહારાજે મારી જન્મકુંડલીમાં લખેલું એક વાક્ય અચૂક યાદ આવે છે: તમે ખૂબ ભાગ્યશાળી છો !

卐 આત્મ પ્રબોધક પ્રસંગો 卐

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પરમ તારક શ્રી જૈન શાસનનો ધર્મકથાનુયોગ પણ એવો સુંદર અને મજેનો છે. કથાના પાત્રોને યથાસ્થિત ઓળખવામાં આવે અને સાચો ન્યાય આપવામાં આવે તો કથાનુયોગ અનેક જીવોનો સન્માર્ગ સન્મુખ અને ઉન્માર્ગ વિમુખ બનાવે. મહાપુરૂષોના જીવનના આપણી દૃષ્ટિએ સામાન્ય ગણાતા પ્રસંગો પણ જીવ જો વિચારે તો આત્મ-જાગૃતિના અને આત્મ પ્રબોધક બને છે જે આત્માની સાચી ચેતનાને ઢંઢોળી, આત્માને હિતકર માર્ગે પ્રેરે છે. આવા કેટલાક પ્રસંગોનું આલેખન કરવાનો નમ્ર પ્રયાસ છે. તો તેના ભાવને સમજી સૌ સાચા આત્મ નિરીક્ષક બનો તે જ હાર્દિક મંગલ કામના છે.

ચાલો આવા થોડા પ્રસંગોનું અવલોકન કરી આત્મ જાગૃતિનો પ્રયાસ કરી આ જીવનને સાર્થક – સફળ બનાવીએ.

(૧)

શાસ્ત્રકાર ભગવંતોએ સર્વવિરતિધરોને ધર્મના કારણ વિના ગૃહસ્થનો પરિચય કરવાની સ્પષ્ટ મના કરી છે. કારણ કે પરિચયના કારણે રાગાદિની વૃદ્ધિ થાય અને અતિ પરિચય અવજ્ઞામાં પણ પરિણમે. 'આ મારા ભકતો' તેવા મમત્વભાવનું કારણ પણ બને.

ગાંલીયાદિ અનેક ગુણગણ વરેણ્યનિધિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મહારાજ કે જેઓ સ્વ. પૂ. શ્રી બાપજી મહારાજના પટ્ટધર હતા. તે પુ. આ. ભગવંત-ની ૧૯૫૮ માં દીક્ષા થઇ અને તેમનું પૂ. મુ. શ્રી મેઘ વિજયજી મહારાજ નામાભિધાન કરવામાં આવ્યું. તેમનું તે પહેલું ચાતુર્માસ રતલામ શહેરમાં (મ. પ્ર.) થયું. આ. પૂ. નૂતન મુનિશ્રી સ્વાધ્યાયમાં એવા ઓતપ્રોત થઇ ગયા કે રતલામના સુશ્રાવકોને પણ ખ્યાલ ન આવ્યો કે આપણે ત્યાં પૂ. શ્રી બાપજી મ. ની સાથે આવા એક શાસનના અનુપમ આરાધક આત્મા પણ વિદ્યમાન છે. ખરેખર ! ગુર્વાદિની સેવા–ભક્તિની સાથે સ્વાધ્યાયનો જે અપૂર્વ પ્રેમ – તેના કારણે ગૃહસ્થોના પરિચયથી દૂર રહ્યા.

આ પ્રસંગ આજના દીક્ષિતો માટે લાલબત્તી ધરનારો છે: શાસ્ત્રકારો કહે કે, 'દીક્ષા લીધી એટલે સાધના જીવનનો પ્રારંભ થયો.' જ્યારે આજના દીક્ષિતોની માન્યતા લગભગ એવી કે – 'દીક્ષા લીધી એટલે હવે અમને ઉપદેશદાનાદિ બધા અધિકારો મલી ગયા.' જ્યાં ગળથૂથીમાંથી જ આવી વિપરીત માન્યતા મળે ત્યાં કેવા પાઠ પાકે તે સૌ અનુભવી સમજી શકે છે.

ખરેખર આ પ્રસંગે જો આદર્શરૂપ બની જાય તો ખરેખર આત્માનું હિત સુનિ-શ્ચિત છે. સૌ આવી ઉત્તમ દશાને પામો તે જ ભાવના. (જુઓ પેજ ૭૩૯)

* જિનેશ્વર કે કલ્યાણકો કા મહત્વ *

— વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ.

સમૂચે વિશ્વ મેં શ્રી જૈન શાસન અજોડ, અનુપમ, અદ્વિતીય, સર્વ શ્રેષ્ઠ ઔર સંપૂર્ણ ધર્મશાસન હૈ । ઇસ શાસન કો પ્રાપ્ત કર ભૂતકાલ મેં અનંત આત્માઓને ચરમ, પરમ અંતિમ સંપૂર્ણ વ શાશ્વત મોક્ષ સુખ કો પ્રાપ્ત કિયા હૈ ઔર વર્તમાન મેં ભી કર રહે હૈ, મોક્ષ જોહી પ્રાપ્ત કર સકતા હૈ જો ઉસકે લિએ પુરુષાર્થ કરતા હૈ ।

જૈન શાસન ને વિશ્વ કો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ઔર સાધુ–સાધ્વીજી ભગવંત ઉત્તમ તપસ્વી પ્રવચનકાર, પ્રભાવક વ જ્ઞાનવીરો કી ભેંટ ધરી હૈ,

ઇસ શાસન મેં સબ કુછ લોકોત્તર હૈ, સભી ધર્મો કી અપેક્ષા ઇસ ધર્મ મેં વિલક્ષણતા હૈ । ઉસકે શબ્દ ભી ગહન અર્થવાલે ઔર મહાન ભાવો કો ઉત્પન્ન કરનેવાલે હૈ ।

શ્રી જૈન શાસન મેં ભી તીર્થંકર ભગવંત કે પાંચ કલ્યાણક કહે ગએ હૈ ।

* તીર્થંકર ભગવંત દેવલોક મેં સે ચ્યવકર મા કે ગર્ભ મેં આતે હૈ, ઉસે ચ્યવન કલ્યાણક કહતે હૈ ।
* પ્રભુ કા જન્મ હોતા હૈ, ઉસે જન્મ કલ્યાણ કહતે હૈ ।
* પ્રભુ દીક્ષા અંગીકાર કરતે હૈ, ઉસે દીક્ષા કલ્યાણક કહતે હૈ ।
* પ્રભુ કા કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, ઉસે કેવલજ્ઞાન કલ્યાણક કહતે હૈ ।
* પ્રભુ કા મોક્ષ હોતા હૈ, ઉસે નિર્વાણ કલ્યાણક કહતે હૈ ।

બોલને યા લિખને મેં ખ્યાલ ન રખને સે પ્રભુ કી આશાતના કા પાપ લગતા હૈ । અપને બોલને લિખને સે કોઇ ગલત સમજે યા અજ્ઞાન ગ્રહણ કરે. ઇસસે જ્ઞાનાવરણીય કર્મ કા બંધ હોતા હૈ ઇસ કર્મ કે પ્રભાવ સે ઐસી જગહ પર જન્મ લેના પડતા હૈ, જિસ કર્મ કે ઉદય સે બોલને કે લિએ જીભ નહી મિલતી હૈ ।

મનુષ્ય જન્મ મેં ભી બહુત કુછ મહેનત કરને પર ભી લિખ યા બોલ ન સકે મુઠ, બધિર કા ભવ મિલતા હૈ । કાફી શ્રમ કરને પર ભી સમઝ નહી પાતા હૈ ।

કઇ લોગ 'આજ ભગવાન મહાવીર જયંતી હૈ' – ઐસા બોલતે હૈ, લિખતે હૈ, પ્રચાર કરતે હૈ. યહ ઉનકી ભૂલ હૈ, ઉસકા સુધાર હોના ચાહિયે । અપની ભૂલ બતાનેવાલે, અપને જીવન મેં ભૂલ કી વૃદ્ધિ નહી કરતે હૈ, બલ્કિ જીવન મેં સે ભૂલ દૂર કરતે હૈ અતઃ ઉનકા ઉપકાર માનના ચાહિયે ।

ગૃહસ્થ વ્યક્તિ કી 'જયંતિ' લિખી જાતી હૈ કિંતુ ભગવાન કી જયંતિ નહી લિખ સકતે હૈ ।

ભગવાન જિનેશ્વર કા જન્મ હોતા હૈ તબ નરક ઔર નિગોદ કે જીવોં કા ભી ક્ષણ ભર આનંદ કા અનુભવ હોતા હૈ ; સામાન્ય માનવી કા જન્મ હોતા હૈ; તબ માતા રોતી હૈ, બાલક કા જન્મ હોતા હૈ ઔર મા કો ભી યમ કે દ્વાર દિખાઈ દેતે હૈ । અજ્ઞાનતા કે કારણ આત્મા ને અનેક જન્મોં મે નહી કરને યોગ્ય કાર્ય કિએ હૈ।

તીર્થંકર કી આત્મા જબ સે સમ્યગ દર્શન પ્રાપ્ત કરતી હૈ, તબ સે વે પ્રાયઃ નિર્મલ બનતે જાતે હૈ ।

તીર્થંકર કી આત્મા જિન-જિન ભવોં મેં હોતી હૈ, વહાં પર ભી ઉચ્ચ પદ કો પ્રાપ્ત કરતી હૈ । ભગવાન કા સમગ્ર જીવન વિશ્વ કે સર્વ જીવોં કો સુખ કી રાહ દિખાને વાલા હોતા હૈ ! પરમાત્મા કી આરાધના – સાધના ધ્યાન – તપ આદિ સભી પ્રેરણાદાયી ઔર સર્વોત્તમ આદર્શ પ્રદાન કરનેવાલા હોતા હૈ । સામાન્ય માનવી તો જન્મ સે લેકર બાલ્યવય મેં કિતની બાર મલ-મૂત્ર મેં આલોટતા હી પરંતુ અજ્ઞાન વ મોહ કે કારણ હમ સબ કુછ ભૂલ જાતે હૈ ।

ભગવાન જિનેશ્વર પરમાત્મા કી તુલના અન્ય કિસી કે સાથ નહી હો સકતી હો ઇસ કારણ જયંતિ શબ્દ બોલા યા લિખા નહી જા સકતા હૈ, પરમાત્મા કે નામ કે સાથ કલ્યાણક હી બોલા વ લિખા જાતા હૈ । દુનિયા સમઝે યા ન સમઝે સ્વીકાર કરે યા ન કરે, પરંતુ જૈન માત્ર કો તો યહ પરિવર્તન કરના હી ચાહિયે; સમજદાર વ્યક્તિ કો ઇશારા કાફી હોતા હૈ । યહ ઇશારા સભી કોઇ સમઝ લે તો સ્વ વ સર્વ કા હિત હો સકતા હૈ ।

અપને દ્વારા જગત મેં ઝુઠી બાત કા ભી પ્રચાર તો નહી હોના ચાહિયે જૈન પત્ર – પત્રિકાઓં જબ ઐસી ભૂલે કરતી હૈ ઔર વે પત્રિકાઓં જૈનો કે ઘરોં મેં જાતી હૈ, તબ છોટે-બડે સભી પઢતે હૈ । જીવન ભર ગલત બોલતે હૈ; બનઠી ગલત પરંપરા કબ સે ચાલુ હો ગઇ, ઉસકા પતા નહી હૈ ।

હમ સબ વ્યવહાર મેં તો બહુત હી સાવધાન રહતે હૈ । ધ્વજ કો સામાન્ય કપડા યા કાગજ કહને વાલા મુર્ખ કહલાતા હૈ । હોસ્પીટલ મેં નર્સ ઔર લેડી ડોક્ટર દોનોં હોતે હૈ કિંતુ લેડી ડોક્ટર કોઇ નર્સ કહે તો વહ તુરંત કહતી હૈ 'મૈ ડોક્ટર હૂં'

'અધ્યીતામ્' કે બદલે 'અંધીયતામ્' લિખને સે કુણાલ કો આંખે ખો દેની પડી થી । લિખને માત્ર કી ઇસ છોટી સી ભૂલ કા યહ પરિણામ આયા ।

એક છોટી સી ઘટના હૈ ।

પુત્ર બાહર ખેલને કે લિએ ગયા હુઆ થા બાહર સે થકા માંદા પુત્ર આકર

માં કે પાસ ભોજન માંગતા હે । ઉસ સમય માતા ગુસ્સે મેં આકર 'તેરે હાથ કટ ગએ થે' બસ ઇતના હી બોલતી હે, ઇસ ભૂલ કે કારણ દૂસરે ભવ મેં માતા કો અપને હાથ કટાને પડે, આવેશ મેં પુત્ર ને કહા થા ' તૂં કહાં ફાંસી પર ચઢને કે લિએ ગઇ થી ?' ઐસા બોલને વાલે પુત્ર કો દૂસરે ભવ મેં ફાંસી ચઢના પડા થા ।

અબ કલ્યાણક કે વિષય મેં વિશેષ વિચાર કરતે હે । તીર્થંકર પરમાત્મા કા ચ્યવન અર્થાત તીર્થંકર પરમાત્મા કા યહ અંતિમ ભવ હે । નરક યા દેવગતિ કા આયુષ્ય પૂર્ણ હોને પર પરમાત્મા કા માતા કી કુક્ષી મેં આગમન હોતા હે, ઉસી કો ચ્યવન કહતે હે અબ ભગવાન કભી ભી મનુષ્ય, દેવ, તિર્યંચ યા નરક ગતિ મેં જાને વાલે નહી હે ચાર ગતિ કે ચ્યવન કે ચોપડે કા હિસાબ પૂરા કર દિયા । અર્થાત અબ કભી ભી કિસી કે ગર્ભ મેં આને કા નહી હે ।

જન્મ હુઆ અર્થાત ચાર ગતિ કે કે ચોપડે કા હિસાબ પૂરા કર દિયા ।

દીક્ષા લી અર્થાત ગૃહસ્થાવસ્થા કા હિસાબ સદા કે લિએ બંદ કર દિયા ।

કેવલજ્ઞાન હોને પર ભગવાન ને ચાર ગતિ કી અજ્ઞાનતા કે ચોપડે કા હિસાબ પૂરા કર દિય – પૂર્ણ જ્ઞાન કો પ્રાપ્ત કરને કે લિએ પ્રભુ કિસી શિક્ષક કે પાસ પઢને કે લિએ નહી ગએ થે । કિસી યુનિવર્સિટી કી ડીગ્રિયોં કી તરહ સર્ટિફિકેટ પ્રાપ્ત નહી કિએ થે । પ્રભુ તો પાંચ સમિતિ ઔર તીન ગુપ્તિ કી આરાધના કરતે હે ઘોર ઉપસર્ગ વ પરિષહોં કો સમતાપૂર્વક સહન કરતે હે । ઇસ જ્ઞાન મેં આંખ કી ભી આવશ્યકતા નહીં રહતી હે, યહ તો આને કે બાદ કભી જાય નહી, ઐસા અપ્રતિપાતી જ્ઞાન હે ।

ભગવાન મોક્ષ મેં ગએ તબ ચાર ગતિ કે કર્મ કા હિસાબ પૂરા કર દિયા । અબ પ્રભુ કી આત્મા કો કહી ભી જન્મ લેને કા નહી થા ।

જહાં જન્મ હો વહા પાપ, ભય, મરણ રોગ, શોક, ચિંતા, કલેશ, પરેશાની, ડર, મૌત આદિ સબ કુછ હોતા હે । મોક્ષ હો જાને પર અપની ઓર સે કિસી આત્મા કો પરેશાની નહીં ।

અપના મોક્ષ હો જાય તો અપની ઓર સે જગત કે સભી જીવોં કો સદા કે લિએ અભયદાન મિલ જાય । પ્રભુ જબ મા કે ગર્ભ મેં આએ તબ સ્થિર બન ગએ થે મેરી માતા કો મુઝસે દુઃખ નહીં હોના ચાહિયે – ઇસ પ્રકાર માતા કે પ્રતિ ભક્તિ કે દર્શન કરાએ ।

જન્મ બાદ અપને અંગુઠે સે મેરૂ પર્વત કા સ્પર્શ કર શક્તિ કે દર્શન કરાએ ।

ભગવાન કો લગ્ન કરને કી ઇચ્છા નહી થી, ફિર ભી લોગાવલી કર્મો કો ખપાને લિએ લગ્ન કરતે હૈ ઔર જગત કો બ્રહ્મચર્ય કા મહા સંદેશ દેતે હૈ । પ્રભુ કે લગ્ન મેં ભી વિરક્તિ કે દર્શન હોતે હૈ ।

દીક્ષા પૂર્વ પ્રભુને ૩૮૮ કરોડ ૮૦ લાખ સુવર્ણ મુદ્રાઓ કા દાન દિયા થા । દાન ધર્મ કા ડંકા બજાયા થા દીક્ષા લેકર જગત કે જીવોં કો અભયદાન દિયા થા ।

કેવલજ્ઞાન કે બાદ પ્રભુ ને જગત કો જ્ઞાન દાન દિયા થા ।

ઐસે દાન ધર્મ કી મહિમા પ્રભુ શાસન મેં ચલી આ રહી હૈ ।

ગૃહસ્થ યા સાધુ કી જન્મ જયંતિ મનાને સે પાપ કા બંધ હોતા હૈ । કયોંકિ જન્મ કે બાદ પ્રત્યેક જીવ કો અજ્ઞાન વ અવિરતિ કા પાપ ચાલુ હોતા હૈ । ઇસ કારણ ઉસે મનાને સે ઉન પાપોં કી અનુમોદના કા પાપ લગતા હૈ ઇસ કારણ સભી કો જન્મ જયંતિ મનાને કા બંદ કરના ચાહિયે ।

અપના જન્મ પ્રશંસનીય નહીં હૈ । જન્મ કે પૂર્વ ૭ મહિને તક ઉલ્ટે મસ્તક ગર્ભ મેં રહના પડતા હૈ । માતા જો આહાર લેતી હૈ ઉસસે એક રસ તૈયાર હોતા હૈ ઔર ઉસ રસ સે અપના શરીર બનતા હૈ । જન્મ સમય હમેં મહા પીડા હોતી હૈ, અતઃ જન્મ જયંતિ મનાના યહ તો મુર્ખતા હી હૈ ।

ટાયફાઇડ રોગ સે કોઇ મર જાય તો કોઇ ટાયફાઇડ કા કોઈ મહોત્સવ નહી કરતા હૈ । ઇસ પ્રકાર જન્મ સમય ઇસ જીવ ને અનંત વેદના કા અનુભવ કિયા હૈ, ઉસે મહોત્સવ રૂપ કૈસે માના જાય ? યહ બાત સભી બુદ્ધિમાનોં કે લિએ વિચારણીય હૈ

પ્રત્યેક તીર્થંકર પરમાત્મા કે પાંચો કલ્યાણકો કી આરાધના કરને કા શાસ્ત્રીય વિધાન હૈ મંદિર જો મૂલ નાયક હો ઉન મૂલ નાયક પ્રભુ કે પાંચ કલ્યાણકો કે નામ ઓર પર લિખે હોતે હૈ ।

* કહો જોઇએ *

(૧) પીળા કાળા ચટ્ટપટ્ટા અંગેવાંકા નહોર, શોધી કાઢે ઝટ એ જેની બુદ્ધિમાં છે જોર.
(૨) વાંકી પૂંછ ના સીધી થાતી કરો ઉપાય હજાર, એ પ્રાણીને શોધી જલદી જોડી બુદ્ધિ-તાર
(૩) પરોઢ ઉઠી બાગ પુકારે એવું પંખી એક, શોધી કાઢે ઝટ એને તે બુદ્ધિશાળી છેક
(૪) કાળો મોટો જાડો છે એ લાંબુ લાંબુ નાક, શોધી કાઢે જલદી તેની વાગે બુદ્ધિ હાક.

[illegible] (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible] (૫)

: [illegible] :

(ફૂલવાડી)

શ્રી શાંતિનાથ જિનેન્દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી લાખાબાવળ શાંતિપુરી મધ્યે ભૂગર્ભમાંથી નીકળેલ લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન એવા ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠા નિમિત્તે

卐 પ્રતિષ્ઠા મહોત્સવ તથા તેના નકરા 卐

નકરામાં લાભ લેવા લાખાબાવળવાસીઓને

卐 વિનંતિ પત્ર 卐

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે તમે સૌ જાણો છો કે લાખાબાવળથી ઉત્તર પ્રદેશમાં જુનો પાદર છે તેની સંસ્કૃતિ 'સિંધુ સંસ્કૃતિ' તથા 'મોહન જોડારે' જેટલી જુની છે. ૪૫ વર્ષ પૂર્વે તેનું સંશોધન થયું છે. આપણા સંઘના સૌભાગ્યે ત્યાંથી **શાંતિનાથજી આદિનાથજી, મહાવીર સ્વામી** એમ ત્રણ જિન પ્રતિમાજી પ્રગટ થયા છે. જે ૮૦૦ વર્ષ જેટલા પ્રાચીન છે અને અત્યંત મનોહર દર્શનીય અને આહ્લાદક છે. આ પ્રતિમાજીથી હાલારીઓ હાલારમાં વસવાટ માટે આવ્યા તે પૂર્વ ૪૦૦ વર્ષ જેટલા સમયે પણ અત્રે જૈન ધર્મ જૈન મંદિર અને પ્રતિમાનો સદ્ભાવ સૂચવે છે જેથી હાલારમાં આ હાલારી વિસ્તારમાંથી નીકળેલા પ્રતિમાથી સૌથી પ્રાચીન બને છે હાલાર હાલારીઓ સાથે લાખાબાવળની આ ભૂમિ પણ પ્રાચીન અને પવિત્ર તીર્થરૂપ બને છે.

આ પ્રતિમા માટે બહારથી અનેક માંગણીઓ હોવા છતા આવી પ્રાચીન અને આહ્લાદક પ્રતિમાઓને લાખાબાવળમાં જ રંગમંડપમાં ભવ્ય ઝરૂખો બનાવીને મહોત્સવ પૂર્વક સ્થાપિત કરવા શ્રી સંઘમાં નકી થયું છે અને આ જિનબિંબોની પ્રતિષ્ઠા હાલારદેશોદ્ધારક પૂ. ગુરૂદેવ **આચાર્યદેવ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.** ના પટ્ટધર પૂ **આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના માર્ગદર્શન મુજબ તેઓશ્રીની નિશ્રામાં શ્રી સંઘના શ્રી શાંતિનાથજી દેરાસરની વર્ષગાંઠને દિવસે પ્રતિષ્ઠા કરવાનું નકી કર્યું છે.

આ પ્રસંગે લાખાબાવળવાસી સૌએ પધારવાનું છે તે માટે ભાવભર્યું આમંત્રણ છે. **આ પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ તથા નકરાની વિગત અને શુભેચ્છકની વિગત** આપને જણાવી છે તેમાં આપને ભાવના મુજબ લાભ લેવા વિનંતિ છે. આપ જલ્દી જણાવશો અને નકરા આવ્યા પછી પ્રતિષ્ઠાની કંકોત્રી છપાશે. તેમાં લાભ લેનાર ભાગ્યશાળીઓના નામો છપાશે. વૈશાખ સુદ ૩ રવિવાર તા. ૧૮-૪-૯૬ સુધીમાં નામો મોકલી આપવા વિનંતિ છે.

— પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ તથા તેના નકરાઓ —

પ્રથમ જેઠ વદ–૧૨ શુક્રવાર તા. ૧૧–૬–૯૯

સવારે કુંભ સ્થાપન દીપક સ્થાપન જવારારોપણ (નકરો ૫૧ હજાર લખમાબેન કુંવરા બેતા ગલૈયા, મુંબઇ

બપોરે : પંચકલ્યાણક પૂજા નકરો ૫ હજાર : રાત્રે ભાવના

સાધર્મિક વાત્સલ્યના નકરા :

સવારે ૫૧ હજાર બપોરે ૧૦૧ હજાર સાંજના ૫ હજાર. (પાછળ જુઓ)

પ્રથમ જેઠ વદ ૧૩+૧૪ શનિવાર તા. ૧૨–૬–૯૯

સવારે પ્રવચન બપોરે પૂજા નકરો ૫૧ હજાર.

સાધર્મિક વાત્સલ્ય નકરા –

સવારના ૫૧ હજાર બપોરના ૧૦૧ હજાર. આ બપોરનો નકરો શ્રી ભરત પૂંજા મેરગ ગુદ્કા, લંડન સાંજના ૫૧ હજાર

પ્રથમ જેઠ વદ ૦)) રવિવાર તા. ૧૩–૬–૯૯

સવારે નવગ્રહ પૂજન નકરો ૫૧ હજાર આ નકરો શાહ કચરા મેરગ ગુદ્કા પરિવાર પાંદુરના મુંબઇ. બાદ દશ દિકપાલ પૂજન નકરો ૫ હજાર અષ્ટ મંગલ પૂજન નકરો ૨૫૦૦ આ દિકપાલ તથા અષ્ટમંગલ પૂજન શાહ હંસરાજ પદમશી ગોસરાણી હઃ પરીતાબેન હંસરાજ નાથરાબી.

સાધર્મિક વાત્સલ્યના નકરા : સવારે ૭૧ હજાર બપોરે ૧૧૧ હજાર આ નકરો શ્રીમતી રતનબેન જુઠાલાલ રાયશી હરિયા પડાણા મોંબાસા તરફથી સ જે ૭૧ હજાર

બીજા જેઠ સુદ ૧ સોમવાર તા. ૧૪–૬–૯૯ :

સવારે ૯ વાગ્યે જલ યાત્રાનો ભવ્ય વરઘોડો નકરો ૧૫૧ હજાર

બપોરે ૧૨–૪૦ કલાકે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન નકરો ૧૦ હજાર તથા **સાધર્મિક વાત્સલ્યના નકરા** સવારે ૧૦૧ હજાર બપોરે ૧૫ હજાર સાંજે ૧૦ હજાર પૂજન તથા ત્રણે સાધર્મિક વાત્સલ્યના નકરા શાહ પદમશી વાઘજી ગુદ્કા હઃ ભાઇ જયંતિલાલ પદમશી અમદાવાદ તરફથી આવ્યા છે.

બીજા જેઠ સુદ ૨ મંગળવાર તા. ૧૫–૬–૯૯ :

સવારે શુભ મુહુર્તે જિનબિંબ પ્રતિષ્ઠા તથા દેરાસરની વર્ષ ગાંઠ નિમિત્તે ધ્વજા રોપણ બપોરે બૃહદ અષ્ટોતરી સ્નાત્ર નકરો ૧૧ હજાર

શાહ વેલજી પાનાચંદ ગલૈયા–ઘાટકોપર તરફથી છે.

સાધર્મિક વાત્સલ્યનો નકરો –

સવારે ૧૫ હજાર બપોરે ૨૦ હજાર આ બપોરનો નકરો શ્રીમતી જીવીબેન કાલીદાસ હંશરાજ પરિવાર બેંગલોર થાનગઢ. સાંજે ૧૦ હજાર

બીજા જેઠ સુદ ૩ બુધવાર તા. ૧૬-૬-૯૯ :

સવારે નૂતન જિનબિંબોના દર્શન માટે દ્વારોદ્‌ઘાટન :

સવારે ૯ વાગ્યે સત્તરભેદી પૂજા નકરો ૫૧ હજાર આ નકરો શાહ ગોવીંદજી પૂંજા તારૂ મુંબઇ

સાધર્મિક વાત્સલ્યના નકરા –

સવારે ૭ હજાર બપોરના ૧૦૧ હજાર સાંજના ૫૧ હજાર. આ સાંજનો નકરો

મહેન્દ્રકુમાર સોજપાર ગોસરાણી, જામનગર

મહાપુરૂષોની ૮ રચના કરાશે તેનો એકનો નકરો રૂા. ૫૧ હજાર છે.

વહેલા તે પહેલા એ રીતે નકરા સ્વીકારાશે

મહોત્સવના સંરક્ષક રૂા. ૫૧ હજાર, સહાયક રૂા. ૨૫૦૧ અને શુભેચ્છક રૂા. ૧૧ હજાર આ લાભ લેનારના પણ નામ કંકોત્રીમાં છપાશે

卐 નકરા માટે સંપર્ક સાધવાના નામો 卐

(૧) **શાહ રામજી આણંદ મારૂ** ૨૨-ઓસવાળ કોલોની, જામનગર

(૨) **શાહ હંશરાજ મેઘજી ચંદરીયા** C/o. સર્વોદય સોપીંગ સેન્ટર ૨૧, કે. ઓબેડકર રોડ, ખાર મુંબઇ-૫૧

(૩) **શાહ લાલજી પદમશી ગુઢકા** C/o. પરેશ પ્રોવીઝન સ્ટોર, ૬૫, પાંચમો મેઇન રોડ, ગાંધીનગર બેંગલોર

(૪) **દેવચંદ પદમશી ગુઢકા** C/o. શ્વે. મૂ. જૈન સંઘ લાખાબાવળ

તા. ૧-૨-૯૯

લાખાબાવળ-શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

લિ.

શ્રી શ્વે.મૂ. જૈન સંઘના પ્રણામ

ગ્રીકનો બાદશાહ સિકંદર

ઇસ્વીસન પૂર્વે ૩૨૭ પહેલાં હિંદ પર ચડી આવ્યો. હિંદને જીતી તે બલુચીસ્તાન પહોંચ્યો. ત્યાં બાલિબન શહેરમાં તે મૃત શય્યા પર પોઢયો. વિશ્વ વિજયી બનવા નીકળેલા તેનાં સ્વપ્ન ભાંગીને ભૂકો થઇ ગયા. ખૂબ વેદના થાય છે. બીજી બાજુ કરેલા કર્મની ફિલમાં વેદના થાય છે પસ્તાય છે છેવટે તેની આંખો ઉઘડી – એટલે મરણની પથારીમાં જ એણે મરણ – શરણ થયા પહેલાં મુનિમોને બોલાવ્યા તેણે ફરમાનો કાઢયા જે સિકંદરના મૃત્યું ફરમાનો તરીકે ઓળખાય છે. આ ફરમાનો ખૂબ જ બોધ અને સત્તા સંપત્તિની અશરણતા દર્શાવનારા છે. યૌવન અને એ જીવનની કોઇ અમુક નિશ્ચય અવસ્થા નથી – મને બાહુબળ હતું – રાજબળ હતું - કળ બળ એટલે કે ભીલ્લોનો બળ હતું – વળી મને હતું કે હું તો મરવાનો નથી. શરીર જોરદાર – બળવાન – સ્ફુર્તીનું – આરામ કે વાસનાની ભૂખમાં બસ હું વૃદ્ધ નહિ બનું – પણ, જ્યારે સાંધા નબળા પડે – મનોબળ નબળો પડે ત્યારે માનવ વૃદ્ધ બને છે પછી ચામડી કરચલીવાળી બને છે ચિંતા-આશંકા-અંધશ્રદ્ધા–ભય–દુઃખથી માણસ ઘરડો બને છે. મને સામે કરેલા દુષ્કૃત્યોના પડછાયા પડે છે અને ત્યારે એનું મસ્તક ઝુકી જાય છે. ઉછળતા ઉલ્લાસને તે ધૂળમાં મેળવી દે છે. સિકંદરે કોઇ સાથે આવશે નહિ કંઇ સાથે લઇ જવાશે નહિ બોધ આપ્યો.

— શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા (લંડન)

આપને ભક્તિનો લાભ લેવો છે ?

પૂ. સાધુ–સાધ્વીજી–ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષ કાળમાં અને વિહારમાં ઉપયોગી થઇ શકે તેવી ખાસ બનાવેલી અને તુરત ટિંગાડી શકાય તેવી સાવ પાતળી અને વજનમાં હલકી, વજન ૨૫/૩૦ ગ્રામ, સંકેલીને ઝીણી ઘડી થઇ શકે તેવી મચ્છરદાણીની ઉંચાઇ ૧૩૦ ઇંચ ઘેરા ૨૬૪ ઇંચ, કિંમત નંગ–૧ના રૂપીયા ૨૨૫/– પોસ્ટ પાર્સલનો ખર્ચ અમારા તરફથી.

શાહ મચ્છરદાની

સ્પેશિયલ શાહ મચ્છરદાણી અમો બનાવીએ છીયે.

શ્રાવકોને પોષધમાં પણ ઉપયોગી થઇ શકે.

(વેપારી પુછપરછ આવકારશું)

પ્રાપ્તિસ્થાન :-

જયંતીભાઇ શાહ

શાહ ટ્રેડીંગ કું. ૧૦૨, ટિલક ચોક, માલેગામ–૪૨૩૨૦૩ જિ. નાશિક

ફોન : ઘર (૦૨૫૫) ૨૪૩૧૬૬૫

બોધકથા :—

હા ! ભક્તિ તો ફળતી નથી જે ભાવ શૂન્યાચારમાં !

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈનશાસન ભાવપ્રધાન છે. ભાવ વિનાની સઘળી ય ક્રિયા નિષ્ફળપ્રાયઃ છે અને સઘળા ય ધર્મો નકામા છે. 'શ્રીપાલ ચરિત્ર' માં શાસનના શણગાર, સ્વયં ક્રાઢશાંગીના પ્રણેતા અનેકલબ્ધિના ભંડાર પ્રથમ ગણધરદેવ શ્રી ગૌતમસ્વામિ મહારાજા ફરમાવે છે કે, "શ્રી જિનેશ્વર દેવોએ દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ કહેલો છે. તેમાં લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાના ભાવ વિનાનું દાન નકામું છે, સઘળા ય ભોગોથી ભાગી છૂટવાની ઇચ્છા વિનાનો શીલ ધર્મ પણ નકામો છે અને અણાહારીપદને મેળવવાની ઇચ્છા માત્રનો નિરોધ કરવાની ભાવના વિનાનો તપ પણ સંસારને વધારનારો છે." આવી સ્પષ્ટ હકીકત હોવા છતાં ય આજે ભાવધર્મના બાબતમાં જે ઉપેક્ષા અને બેકરકારી સેવાય છે તે ખૂબ જ શોચનીય વાત છે.

ભાવપૂર્વક કરેલું અહમદાન પણ આત્માની મુક્તિનું કારણ બને છે અને ભાવ વિનાનું ઘણું બધું દાન તે સંસારનું કારણ બને છે. જે વાત મારે કરવી છે તે દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. પ્રસંગ પામીને શ્રી વાગ્ભટ્ટ મંત્રી શ્રી સિદ્ધાચલજીના ઉદ્ધાર માટે પાલીતાણા આવ્યા છે. કર્ણોપકર્ણ આ વાત સાંભળી અનેક શાસનના અનુરાગી આત્માઓ, શ્રી સંઘો પણ ત્યાં આવ્યા છે અને બધા ભેગા થયા છે. બધા જ મંત્રીશ્વરને વિનંતિ કરે છે કે, "આપ એકલા જ આ તીર્થનો ઉદ્ધાર કરવા સમર્થ છો પણ અમને પણ કાંઇક લાભ આપો તો અમારાં ધનનો પણ સદુપયોગ થાય અને અમારો પણ નિસ્તાર થાય"— આ વાત આજના દરેકે દરેક શ્રી સંઘોએ ખૂબ જ શાંતિથી વિચારવાની જરૂર છે. પારકે પૈસે ધર્મ કરવાની વૃત્તિ જ્યારે કુલીકાલી નીકળી છે ત્યારે ખરેખર ધર્મ પામેલા ધર્માત્માની મનોદશા કેટલી સુંદર હોય છે કે જેઓ પારકે પૈસે તાગડધિન્ના કરવાને બદલે સ્વદ્રવ્યનો ઉપયોગ કરવા પડાપડી કરે છે. ધર્મોપદેશકો પણ આ પ્રસંગ પરથી બે શ્રોતાઓને સન્માર્ગનું દિગ્દર્શન કરાવે તો જરૂર શાસ્ત્રીય માર્ગ— આરાધના શરૂ થઇ જાય. પણ માન—પાન—નામનાનો મોહ જતો કરવો પડે !!!

ધર્માત્માનો યથાર્થ વાત—હકીકત સાચો ધર્માત્માની યથાર્થ વાત હકીકત સાચો ધર્માત્મા સ્વીકાર્યા વિના રહે નહિ. સૌની આવી તીર્થ ભક્તિ આજ્ઞા મુજબ ધર્મ કરવાની

વૃત્તિ અને નિસ્તારની ભાવના જોઇ ખુદ મંત્રીશ્વર ગદ્‌ગદ થઇ ગયા. બધાની વાત સ્વીકારી મોટા મંડપમાં શ્રી સંઘ ભેગો થયો છે અને સૌ પોતપોતાની શક્તિ અનુસારે લાભ લઇ રહ્યા છે.

તે અવસરે એક દરિદ્રીમાં દરિદ્રી ભીમો નાનનો શ્રાવક ઘીનો ફેરી કરીને પોતાની આજીવિકા માંડ માંડ ચલાવી રહ્યો છે. પત્ની પણ કર્કશા ઝઘડાળુ મલી છે. છતાં ય ધર્માત્મા, તે અવસ્થાને ય સમભાવે સહી, શક્ય ધર્મની આરાધના કરી રહ્યો છે. ઘણા દિવસે પોતે એક રૂપિયો અને છ દ્રમ બચાવેલા અને શ્રી સિદ્ધગિરિજીની યાત્રાનો મનોરથ થતાં ઉપર યાત્રા કરવા ગયો છે. ત્યાં એક રૂપિયાના પુષ્પોથી ભગવાનની ભક્તિ કરી નીચે આવ્યો છે. અને તીર્થના ઉદ્ધાર માટે શ્રી સંઘ અત્રે ભેગો થયો છે તે વાત સાંભળતા તે પણ શ્રી સંઘના દર્શનાર્થે આવ્યો છે. ખરેખર જે શ્રી સંઘ ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવે તે જ પંચીશમો તીર્થંકર છે. આવા શ્રી સંઘના દર્શન પણ મહાપુણ્યોદયે થાય તો આવી અવસ્થામાં પણ શ્રી સંઘના દર્શનનું મન થવું તે જીવની સુંદર ભવિતવ્યતા સૂચવે છે.

ત્યાં આવે છે પણ મેલાં ઘેલાં કપડા હોવાથી દ્વારપાલ તેને અંદર જવા નિષેધ કરે છે. દરેક કાળમાં આવી અવસ્થા રહેવાની સાચા ધર્માત્માને ઓળખનારા વિરલ આત્માઓ જ હોવાના ! આનો પુણ્યોદય મહાન જોથી મંત્રીશ્વરની નજરે આ પ્રસંગ થાય છે અને તેઓ પોતાના સેવકને મોકલી તે દરિદ્રી શ્રાવકને અંદર બોલાવે છે. આને જગ્યા પણ કોણ આપે ? તેથી ખુદ મંત્રી પોતાની પાસે જ બેસાડે છે. ખરેખર શાસનને પામેલા ધર્માત્માને મન સાધર્મિક પ્રત્યે કેવો અહો ભાવ બહુમાન હોય તે વાત પણ આ પ્રસંગ પરથી સારી રીતના સમજાય છે. શ્રીમંતનો આદર કરે અને ગરીબને ભગાડે છે તે વાસ્તવમાં ધર્માત્મા જ નથી પછી તેને સાધર્મિક ઉપર સાચી પ્રીતિ જન્મવી તે અસંભવિત છે. 'સાધર્મિક તણું સગપણ કોઇ નહિ' તે આવા જીવો માટે વર્તમાનમાં તો બધું મોંઢેથી બોલાય છે પણ વર્તનથી વિચારીએ તો–

તીર્થભક્તિમાં બધા પોતાનો ફાળો નોંધાવી રહ્યા છે તે જોઇ આ ભીમાને પણ આપવાનું મન થાય છે. ખરેખર સજ્જનોનો સંગ, સાધર્મિકોને સહવાસ શું અસર કરે છે તે આના પરથી સારી રીતના સમજાય છે. 'સંગ તેવો રંગ' 'સોબત જેવી અસર' વાત અમથી નથી કહી. શિષ્ટપુરૂષોનો સહવાસ કેવો ગુણિયલ હિતકર બને છે ? જૈનશાસન સમજે તેનું હૈયું પલટાયા વિના રહે નહિ. માથું ય ડોલી ઉઠે અને હૈયું ય હાલી જાય. જ્યાં સોનૈયાની વર્ષા થતી હોય ત્યાં આની પાસે જે છે તેની કિંમત કોણ ગણે ? તેથી તે સંકોચ પામે છે અને આપવું કે ન આપવું

તેની દ્વિધામાં પડે છે. ચકોર મંત્રીની નજર આ વાત સમજી જાય છે. તેથી તેને ઉત્સાહપ્રેરક વચનો કહે છે કે– "ભાગ્યશાલી ! આમાં તમારે પણ જે આપવું તે વિના સંકોચે આપો. ભક્તિમાં ભાવની પ્રધાનતા છે, દ્રવ્ય તો ગૌણ છે." તેથી તેનો પણ ઉત્સાહ દ્વિગુણિત બને છે. અને મુઠી વાળીને પોતાનું જે સર્વસ્વ છે તે તે છ યે દ્રમ મંત્રીના હાથમાં આપી દે છે. મંત્રી સમજી જાય છે. કે, આને આનું સર્વસ્વ આપી દીધું છે. આ છ દ્રમ જોતાં બીજા શ્રીમંતોના મોંઢા પડી જાય છે. બધાને રોમ જ થાય છે કે જ્યાં સોનૈયાઓની વર્ષા થઇ રહી છે ત્યાં મંત્રીએ આમાં વળી હાથ ક્યાં ઘાલ્યો ?

ધર્મ સુક્ષ્મ બુદ્ધિથી ન સમજે ન વિચારે તેમની હાલત આવી જ હોય. મંત્રી બધાના મોંઢા જોઇ તેમની ગ્લાનિનું કારણ સમજી જાય છે બધાને શિક્ષાપાઠ આપવા પોતાના સેવકોને કહે છે કે, "જેને જેને જે જે દ્રવ્ય આપ્યું હોય તેની નોંધનો પ્રારંભ કરો. તેમાં સૌથી પહેલું આ સાધર્મિક શેઠનું નામ લખો, બીજું મારૂં લખો અને પછી યથાક્રમે લખો." આ સાંભળતા બધાને તાજુબ થાય છે કે– મંત્રીશ્વર આ શું કહી રહ્યા છે ! સૌના આશ્ચર્યને શમાવતા મંત્રી કહે છે કે–"ભાગ્યશાલિઓ ! મેં અને તમે તો આપણી મૂડીનો અમુક ભાગ જ આપ્યો છે. જ્યારે આ ભાગ્યશાલિએ આવી અવસ્થામાં પોતાની સઘળી ય મૂડી તીર્થ ભક્તિમાં આપી દીધી છે." ત્યારે બધા સમજે છે અને ભૂલની માફી માગે છે.

કરેદ્રી અવસ્થાનું અદ્‌ભુત પણ મહાફલવાળું બને છે. મંત્રીની જેમ આવી રીતના સાધર્મિકને ઓળખવામાં આવે, તેના ભાવને સમજવામાં આવે તો તો કામ થઇ જાય. આપણે બધા સંસારમાં આજ સુધી કેમ ભટક્યા તેનો આના પરથી જવાબ મળે છે. ભક્તિ તો ઘણી કરી હશે ઘણે ભાવ વિનાની કરી હશે. ભગવાનની સ્તવનાં કરતાં પણ મહાપુરૂષોની રચના બોલીએ છીએ કે–

"સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગતબંધુ ! ચિત્તમાં ધાર્યા નહિ ભક્તિપણે.
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખપાત્ર હું સંસારમાં;
હ ! ભક્તિ તો ફળતી નથી જે ભાવશુન્યાચારમાં."

મોંઢેથી કોકિલકંઠીની જેમ ગાવા–ગવરાવવાને બદલે, લોકોને રાજી કરવાને બદલે જો તેનો ભાવ સમજી હૈયાને–આત્માને રાજી કરવા બોલાય તો સાચો ભાવ પેદા થયા વિના રહેશે નહિ અને મુક્તિ પણ થયા વિના રહેશે નહિ, સૌ પુણ્યાત્માઓ ! સાચા ભાવધર્મના સ્વામી બની, આ સંસારથી–ભવથી વહેલામાં વહેલા પાર પામો તે જ મંગલ કામના.

— વિવિધ વાંચનમાંથી —

-પૂ. સા. સ્વ. શ્રી હર્ષપૂર્ણોશ્રીજી મ.

પુણ્યાનુબંધી પુણ્યબંધના ૯ કારણો

૧. અન્ન પુણ્ય : સુપાત્રમાં સુવિશુદ્ધ અશનાદિ વહોરાવવાથી.
૨. પન્ન પુણ્ય : સુપાત્રમાં સુવિશુદ્ધ પાણી વહોરાવવાથી,
૩. સ્થાન પુણ્ય : સુપાત્રને સુવિશુદ્ધ મકાન વગેરે રહેવાના સ્થાન આપવાથી.
૪. શયન પુણ્ય : સુપાત્રને સુવિશુદ્ધ પાટ-પાટલાદિ ઉપકરણ વહોરાવવાથી.
૫. વસ્ત્ર પુણ્ય : સુપાત્રને સુવિશુદ્ધ વસ્ત્ર આસન-કાંબળી વગેરે વહોરાવવાથી.
૬. મન પુણ્ય : સુપાત્રના વિષયમાં માનસિક શુભ વિચારો કરવાથી.
૭. વચન પુણ્ય : સુપાત્રના ગુણગાન કરવાથી.
૮. કાય પુણ્ય : સુપાત્રોની કાયાથી વૈયાવચ્ચથી સેવા આદિ કરવાથી.
૯. નમસ્કાર પુણ્ય : સુપાત્રોને યથાયોગ્ય વંદન-નમસ્કાર કરવાથી.

— પાપબંધના ૧૮ કારણો —

૧ પ્રમાદથી પ્રાણધારક જીવોનાં પ્રાણોનો વિયોગ કરવો.
૨. પ્રમાદથી અસત્ય વચન બોલવું.
૩. માલિકની રજા વિના કોઈ પદાર્થ ગ્રહણ કરવા.
૪. કુશીલનું સેવન કરવું અનાચાર સેવવો.
૫. મમત્વપૂર્વક ધન ધાન્યાદિનો સંગ્રહ કરવો.
૬. ગુસ્સો-ક્રોધ કરવો. ૭. માન-અભિમાન ધારણ કરવું.
૮. બીજાને ઠગવાની ભાવના-માયા કપટ કરવું.
૯. જડ ચેતન પદાર્થ ઉપર મૂર્ચ્છા કરવી ૧૦ સુંદર પદાર્થો જોઇ રાગ ધરવો
૧૧. ખરાબ પદાર્થો ઉપર દ્વેષ કરવો ૧૨. કલહ-કંકાસ-કજીયા કરવા.
૧૩. અભ્યાખ્યાન-બીજા પર દોષારોપણ કરવું.
૧૪. ચાડી-ચુગલી કરી બીજાને દુઃખી કરવા.
૧૫. બીજાની પાછળ અવર્ણવાદ બોલવાં. ૧૬. પાપના કામોમાં આનંદ આવવો.
૧૭. પાપના કામોમાં ઉદાસીનતા લાવવી.
૧૮. પરમાત્માના વચનો પર અશ્રધ્ધા કરવી.

શાસન સમાચાર

સંસ્કૃતિ પ્રકાશન

જૈન જગતના જાણીતા/માનીતા 'કલ્યાણ' માસિકના માધ્યમે જેઓશ્રીની સિદ્ધ હસ્ત કલમ દ્વારા કથા–વાર્તા-ચિંતનનું નિયમિત થઇ રહેલું સાહિત્ય–પ્રદાન જગજાહેર છે, એ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના સાહિત્યના પ્રકાશનનો મુદ્રાલેખ ધરાવતી સંસ્થા 'સંસ્કૃતિ પ્રકાશન' નો ઉદ્ભવ થયે હજી આઠેક વર્ષો જ થયા છે, પણ આટલા ટુંકા ગાળામાં સાહિત્ય ક્ષેત્રે જે નામના/કામના મેળવી છે, એ અંગે વધુ કંઇ કહેવું – લખવું જરૂરી જણાતું નથી. કેમ કે એનું સાહિત્ય જ એનો સુપેરે પરિચય કરાવી જાય છે. એમાં ય ૧૩ મી ડિસેમ્બરે વિખ્યાત તીર્થ જીરાવલાના આંગણે એકી સાથે ૨૧ પુસ્તકોનું પ્રકાશન કરીને સંસ્કૃતિ–પ્રકાશને જે સિદ્ધિ મેળવી છે, એ સાહિત્ય જગતની દ્રષ્ટિએ પણ ખૂબ ખૂબ મહત્વ ધરાવનારી છે. કલાત્મક સુંદર ટાઇટલ ચિત્રોથી સુશોભિત આ પુસ્તકો ઉઠીને આંખે વળગે એવા બન્યા છે, જેમાં ૧૩ પુસ્તકો કથા વાર્તાને લગતા છે સંસ્કૃતિ કાજે સફરશેરી વહોરી લેવાનો સંદેશ સુણાવતા ઐતિહાસિક પ્રસંગો અને જૈન ધાર્મિક કથાઓથી સમૃદ્ધ આ પુસ્તકો કથા–રસથી જકડી રાખવાપૂર્વક વાંચકોના રૂવાડા ખડા થઇ જાય એવા વીર રસથી ભરપૂર છે. છ પુસ્તકો ચિંતનથી ભરપૂર છે તથા માનવને મહત્વનું માર્ગદર્શન પૂરું પાડી જાય એવા છે અને બે પુસ્તકો તો એવા એવા સચોટ સુવિચારોથી સમૃદ્ધ છે, જે સુવિચારો વાચકોના દિલમાં પ્રેરણાનો પડઘો જગાવતા જ રહે. આ પૂર્વે પ્રકાશિત ૪૬ પુસ્તકો દ્વારા થયેલું ઐતિહાસિક વાર્તાઓ, આગમિક કથાઓ, સાંસ્કૃતિક પ્રસંગો અને બાળવાર્તા ઉપરાંત ચિંતનથી ભર્યું ભર્યું સાહિત્ય સમાજે એકી અવાજે આવકાર્યું છે, લગભગ મોટા ભાગનું સાહિત્ય અપ્રાપ્ય છે અને જે પ્રાપ્ય છે, એની પણ થોડીક જ નકલો સ્ટોકમાં છે. આ રીતે ૪૬+૨૧ કુલ ૬૭ પુસ્તકો પ્રકાશિત કરવા દ્વારા ઘર ઘરમાં એક નાનકડી લાયબ્રેરી ઊભી કરવામાં સફળ બનેલી સંસ્થા તરીકે **સંસ્કૃતિ પ્રકાશન (C/o. રમેશ આર. સંઘવી ૪૦૧, સમેત શિખર એપાર્ટમેન્ટ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત. ફોન : ૪૩૩૩૨૨)** ખરેખર સાહિત્ય પ્રદાનના ક્ષેત્રે જે રીતે મુઠ્ઠી ઉંચેરૂં સ્થાન – માન પામી ચૂકી છે, અને હરણફાળે સાહિત્ય સફર ખેડી રહી છે.

સંસ્કૃતિ પ્રકાશન, ૪૦૧, સમેત શિખર એપાર્ટમેન્ટ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત–૩૯૫ ૦૦૨.

મુંબઇ નગર ઘેલું બન્યું

જૈન શાસનના મહાન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય–પ્રશિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા જોશીલા પ્રવચનકાર, અધ્યાત્મ વેત્તા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ વાલકેશ્વર શ્રીપાળનગરનું યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી બૃહદ મુંબઇનાં વિવિધ પરાંઓમાં સઘન વિચરણ કરી રહ્યા છે.

દાદર, બાંદ્રા, શાંતાક્રુઝ, ખાર, અંધેરી, મલાડ, કાંદીવલી, ઘાટકોપર, વિક્રોલી, સાંધાણી, દહીંસર, ભાયંદર, મીરા રોડ, મંડપેશ્વર–બોરીવલી, દોલતનગર–બોરીવલી, મલાડ વેસ્ટ, અંધેરી પૂજાનગર, જગડુશાનગર મુલુંડ, ઝવેર રોડ વગેરે પરાઓનાં સંઘોની વિનંતિથી ઉગ્ર વિહાર કરી અપૂર્વ જાગૃતિ લાવવામાં સફળ બન્યા છે. ઠેકઠેકાણે પ્રવચનમાં હકડેઠઠ માનવ મહેરામણ ઉમટી રહ્યું છે. અસ્ખલિત સુસ્પષ્ટ જુબાનમાં એકથી દઇ ત્રણ–ચાર કલાક સુધીના પ્રવચનો આકર્ષણનો વિષય બન્યા છે. જિનવચનના મર્મોને અત્યંત સરળ સુગ્રાહ્ય શૈલીમાં પીરસાઈ રહ્યા છે. જે જાણવા માણવાનો પણ એક અનેરો લહાવો છે. અનેક સ્થળે શ્રોતા વર્ગની આગ્રહી વિનંતીને સ્વીકારી રાત્રે પણ પ્રવચનો કરવા પડયા છે તો વળી કેટલેક સ્થળે વહેલી સવારની વાચનાઓ પણ હાઉસફુલ થવા પામી છે. દરેક સ્થળે નાના–મોટા સંઘોમાં શેષકાળ હોવા છતાં પજુ–સણ પર્વ જેવું વાતાવરણ સર્જવા પામ્યું છે.

વિગત બે વર્ષોથી પૂજ્યશ્રી મુંબઇમાં છે અને તેઓશ્રીના સદુપદેશને ઝીલી વૈરાગી બનેલા દસેક પુણ્યાત્માઓની તેઓશ્રીની નિશ્રામાં પ્રભાવક દીક્ષાઓ થઈ છે. સાથોસાથ શ્રાવક જીવનના એક મહત્વપૂર્ણ કર્તવ્ય–ગ્રહમંદિરની સ્થાપના અંગેના તેઓશ્રીનાં ઉપદેશને ઝીલી આ ટુંકા ગાળામાં જ પંદરેક પરિવારોએ પોતાના ગૃહાંગણે સુંદર જિનમંદિરો નિર્માણ કરી તેઓશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવી છે. દરેક પ્રવચનમાં તે સંઘપૂજનો–પ્રભાવના એવી તો અદ્ભુત થવા પામે છે કે જેની છૂટી નોંધ કરવી પણ શક્ય બનતી નથી. પૂજ્યશ્રીના પ્રવચનનો રસાસ્વાદ પીરસવા માટે સન્માર્ગ પ્રકાશને સન્માર્ગ' ના માધ્યમથી દર પંદર દિવસે ૧૫૦૦૦ વાચકો સુધી સંપર્કનો સેતુ બાંધ્યો છે. મુક્તિનું ધ્યેય, જિનાજ્ઞાનો આદર, આશયની શુદ્ધિ, વિધિ પાલન, સમ્યગ્દર્શનની અનિવાર્યતા અને જયણાની પ્રધાનતા આ વાતો ઉપર અપાતો પૂજ્યશ્રીનો ઝોક અનેક લોકોના જીવન પરિવર્તનનું કારણ બન્યું છે. આ પછી પણ પૂજ્યશ્રી વાલકેશ્વર, ભાયખલા,

પરેલ, ગોરેગામ, કાંદીવલી, બોરીવલી–જામલી ગલી, મંડપેશ્વર, દોલતનગર તેમજ ઘાટકોપર જેવા અનેક પરાઓમાં સંઘોની વિનંતીથી વિચરણ કરશે ચોમાસાના પ્રવેશ પૂર્વે સાતેક જિનાલયોની પ્રતિષ્ઠા પણ આચાર્યશ્રીની નિશ્રામાં થનાર છે.

આચાર્યશ્રી નવપદની ઓળી સાંતાક્રુઝ વેસ્ટ કુંથુનાથ સ્વામી જૈન દેરાસરની વિનંતિથી ત્યાં પધારશે ત્યાર બાદ લોનાવાલા વાકસાઇ મુકામે ગ્રીન હેવન સોસાયટી મધ્યે થયેલા નૂતન મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે.

નેર મધ્યે શાસન પ્રભાવના

પ્રગટ પ્રભાવી, ચમત્કારી, ૫૦૦ વરસ પ્રાચીન નેરતિર્થેશ્વર શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ મહા પ્રભુના દિવ્ય છત્રછાયામાં પ. પૂ. પાદ જિનશાસનના મહાન જ્યોતિર્ધર જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. ના દિવ્યકૃપાથી પ. પૂ. પાદ સુવિશાલ ગચ્છાધિપતિ મુનિગણગણાધિપતિ જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મ. ના શુભાશિષથી પ. પૂ. પાદ વર્ધમાન તપોનિધી, મહારાષ્ટ્ર સંઘોપકારી જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં પોષ દશમી પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણકના માગસર વ. ૧૦ ના શુભ દિવસે નેર નગરના ઇતિહાસ પ્રથમવાર ઉપધાન તપ શરૂ થયા. ઉપધાન તપમાં ૧૦–૧૦ વરસના બાલુડાઓએ પણ હોંશે–હોંશે પૂ. શ્રી ના નિશ્રામાં ઉપધાન તપ આરંભ્યું હતું. ઉપધાન શરૂ થઇ ત્યારથી પાર્શ્વ પ્રભુની રોજે નયનરમ્ય આંગીઓ, વ્યાખ્યાન પછી રોજ પ્રભાવનાઓ થતી હતી. નાનકડા ગામમાં એક મીની ચાતુર્માસ જેવી આરાધના થઇ રહી હતી. સાંકલી આયંબિલ પણ ચાલતા હતા. આમ આરાધકો આરાધના કરતાં કરતાં મોક્ષમાળારોપણ નિમિત્તો દશાન્હિનકા મહોત્સવના મંડાણ થયા હતા. આ મહોત્સવમાં જાણે પર્વ પર્યુષણ આવ્યા હોય એમ લાગતું હતું. સિદ્ધચક્ર મહાપૂજન, લઘુશાંતિ સ્નાત્ર આદિ મહાપૂજનોમાં સંગીતકાર શ્રી દેવેન્દ્રભાઇ એન્ડ પાર્ટી અને સ્થાનિક શ્રી પાર્શ્વ યુવક મંડળ ભાવના આદિમાં પ્રભુભક્તિમાં ધૂમ મચાવતા હતા.

દશાન્હિનકા મહોત્સવનો શુભ પ્રારંભ સોનામાં સુગંધ ભળે જેવા પ્રસંગથી થઇ. નિશ્રાદાતા પ. પૂ. સુદીર્ઘસંયમી જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. ૪૫ વરસના સુનિર્મળ પર્યાય પાળી ૪૬ વરસમાં પ્રવેશ નિમિત્તો તેઓશ્રીના ગુણાનુવાદ પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ., પૂ. ગણિ શ્રી ધર્મદાસ વિ. મ. આદિએ કરેલ. પૂજન પ્રભાવના – આંગી આદિ પણ થયેલ છે. અતિ હર્ષની વાત એ કે મહોત્સવમાં પૂ. પર્યાયસ્થવિર મુ. શ્રી વિનોદ વિ. મ. પણ પધારેલ. ઉપધાન તપ કરમ્યાન પૂ. શ્રી ના નિશ્રામાં પહેલી વખત પ. પૂ. નિડર વકતા આ. દેવ શ્રી મુક્તિચન્દ્રસૂરિ મ. ના સ્વર્ગ-

તિથી ૫ પૂ. સકલાગમરહસ્યવેદી આ. દેવ શ્રી હાનસૂરિજી મ. ના સ્વર્ગતિથી નિમિત્તો પ. પૂ. સિદ્ધાંત મહોદધિ આ. દેવ શ્રી પ્રેમસૂરિજી મ. ના વડી દીક્ષા નિમિત્તો, પ. પૂ. સિદ્ધાંત સંક્ષક આ. દેવ શ્રી રામચન્દ્રસૂરિજી મ. ના દીક્ષા તિથિ નિમિત્તો વ્યાખ્યાનમાં ગુરૂ ગુણોના ગુણાનુવાદના નિર્મળ ગંગામાં નેરવાસીને પૂ. શ્રી આદિએ નહવરાવ્યો હતો. અને આ મહાપુરૂષોના ગુણોને સ્પષ્ટ કર્યા હતા.

નેર નગરમાં મહા સુ. ૧૩ ના સોનાના દિવસ ઉગ્યો અને ગામોગામથી પધારેલ ભાવિકોએ બપોરના બરાબર ૩ વાગે તપસ્વીઓનો વરઘોડો ચઢયા પછી મહસુસ કર્યું કે નેરમાં 'ઉગ્યો ઉગ્યો રે દિવસ આજ સોનાનો' બે હજાર જેટલી માનવ મેદની વરઘોડામાં જોડાઇ હતી. તપસ્વીઓના માળાની ઉછામણી પણ સારી થયેલ. મહા સુ. ૧૪ ના તપસ્વીઓ આતુરતાથી રાહ જોતા હતા ચે પળ પણ આવી ગઈ અને સવારે ૪ કલાકે પૂ. શ્રી આદિ મંડપમાં પધારી ક્રિયા પ્રારંભ કરી. ૧૦–૧૦ વરસ બાલુડાઓને સંઘનું ગૌરવ માનતા બાલુડાઓ આદિ ૪૩ ભાવિકોએ માળા પરિધાન કરી હતી. મહોત્સવનાં છેલ્લા ત્રણ દિવસે ત્રણે ટાઇમ મહેમાનોની ભક્તિ હતી. સંઘ તરફથી શેઠ શ્રી ધનરાજજી વચ્છાજી] ભંડારી ગોલ (રાજ.) ઉમ્મેદાબાદવાલાનું બહુમાન કરાયું હતું. એમના તરફથી ઉપધાન તપસ્વીઓને સોનાની વિંટી આદિ અપાયું હતું. સંઘ તરફથી તપસ્વીઓને એક રગ, પૂજાની પેટી, આદિ પ્રભાવનાઓ થયેલ. નેરમાં થયેલ નેરમાં થયેલ આ ઉપધાન તપની આરાધના એક અવિસ્મરણીય સંભારણા આપી ગયું છે.

નેરના ઇતિહાસમાં શ્રી ધનરાજજી ભંડારી ઉમ્મેદાબાદવાળા આયોજિત નેર તિર્થથી પ્રગટ પ્રભાવી શ્રી વિમલનાથ પ્રભુ મંડીત શ્રી બલસાણા તિર્થનો છ'રી પાલક સંઘ પૂ. શ્રી આદિ ઠાણા ૫ ના નિશ્રામાં મહા વ. ૫ ત્રિદિવસીય નિકળેલ જેમાં સૌથી વધારે નેરવાસીઓએ ભાગ લીધેલ. જેમાં યુવાનોની સંખ્યા સારી એવી હતી. તેમજ આ સંઘમાં ૭–૮ વરસના બાલુડાઓ પણ યાત્રિક તરીકે જોડાયા હતા. કુલ ૮૨ યાત્રિકો હતા. સંઘમાં સ્નાત્ર–ભાવનામાં શ્રી દેવેન્દ્રભાઇ એન્ડ શ્રી પાર્શ્વ યુવક મંડળ નેર રમઝટ મચાવતા હતા. શ્રી પાર્શ્વ મંડળ ગામેગામ વરઘોડામાં પણ બેંડના સૂરોથી ગુંજિત કરતું હતું સંઘના આયના, લોણબેડે એમ ત્રણ મુકામ હતા. જૈનેતરો ઘણા જ પ્રભાવિત થયા હતા. મહા વ. ૫ ના સંઘ ઉત્સાહભેર બલસાણામાં પહોંચ્યો સંઘમાળ પછી બધા યાત્રિકોને ૫૧ રૂા. (એકાવન રૂા.), એક ગ્લાસ, એક થાળી સ્ટીલની આદિની પ્રભાવના થયેલ. બલસાણામાં સંઘપતિ તરફથી પાર્શ્વ પાંચ ક. પૂજા ભણાવેલ. આંગી પ્રભાવના આદિ થયેલ.

નેરમાં ઉપધાન દરમ્યાન મહોત્સવ સાધારણની, પાઠશાળાની, જીવદયાની ટીપો સારી એવી થઇ. ઉપધાનમાં શ્રાવિકોને તાલીમ આપનાર આરાધના કરાવનાર પૂ. ગચ્છાધિપતિશ્રી ના આજ્ઞાનુવર્તિ પૂ. સા શ્રી સુલોચનાશ્રીજી મ., પૂ. સા. શ્રી ગુણ–માલાશ્રીજી મ. આદિ ઠાણા ૫ હતા. તેઓ સંઘમાં પધાર્યા હતા. સંઘ પ્રયાણ પહેલા સંઘવી પરિવારે નેરમાં જૈનોના ઘર દીઠ ૧ કિલો જેટલી ફરસાણ મિષ્ટાનની લ્હાણી કરી હતી. સંઘવી પરિવારે બલસાણા તીર્થમાં પાંચ હજાર રૂા. જેટલું સીદુંસામાન આપેલ અને સાધારણ દેવદ્રવ્યમાં પણ સારી રકમ નોંધાવેલ કરેક સ્ટાફને ગ્લાસ વિ. આપેલ છે.

મહોત્સવ દરમ્યાન પૂ. આ. શ્રી અસ્વસ્થ થતા મહા સુ. ૮ ના તેઓશ્રીના સ્વાસ્થ નિમિત્તો ૧૨૧ જેટલા આયંબિલ નેર ઇતિહાસમાં પ્રથમ થયેલ. કરેકને ૧૬ રૂા. (સોળ રૂા.) પ્રભાવના થયેલ.

પૂ. શ્રી બલસાણા તીર્થથી ફરી નેર પધારી નેરમાં સ્થિરતા કરશે.

દિલ્હી : સકલ ખરતરગચ્છના પ્રમુખ તથા સમેત શિખર રક્ષા કમિટિના સંચાલક તા. ૨૧–૩–૯૯ ના સ્વર્ગવાસ પામ્યા છે.

વડાસણ (મહેસાણા) : અત્રે દેરાસરની વર્ષગાંઠ નિમિત્તો મહા સુ. ૭ થી ૯ ત્રણ દિવસ પાર્શ્વનાથ પૂજન આદિ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય કમલરત્નસૂ. મ. આદી પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિજય મ. આદિની નિશ્રામાં ઉત્સાહથી ઉજવાયો.

સુરત : પૂ. મુ. શ્રી જયચંદ્ર વિ. મ. આદિની નિશ્રામાં વરાછા રોડ સંઘમાં નોધણવદ ના કુ. નીતિબેન બાબુલાલ તથા સાવરકુંડલાના રેખાબેન છબીલદાસ દોશીની દીક્ષા તા. ૨૬–૧–૯૯ ના ઉત્સાહથી થઇ.

બાનદેશમાં શાસન પ્રભાવના

ધુલીયા શહેરમાં પરોપકાર પ્રેમી પ. પૂ. ગણિવર શ્રી ધર્મદાસ વિજયજી તથા મધુર વક્તા પ. પૂ. મુનિ શ્રી રત્નસેન વિજયજી મ. ની પાવન નિશ્રા શરૂ થયેલ મહા મંગલકારી શ્રી ઉપધાન તપમાં છેલ્લે છેલ્લે પ. પૂ. મહારાષ્ટ્ર સંઘોપકારી, વર્ધમાન તપોનિધિ જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. આદિ ઠાણા પધાર્યા અને સંઘમાં આનંદાનંદ છવાયો. પૂ. શ્રી ની નિશ્રામાં પ્રભાવક તપસ્વીઓનો વરઘોડો નિકળ્યો હતો માળારોપણની ઉછામણીઓ રેકોર્ડ તોડ બોલાઇ. માળારોપણની વિધિ પણ હજારોની મેદની ઉલ્લાસપૂર્વક થઇ હતી લોકજિભે એના ગુણ ગવાયા હતા. આ મહોત્સવમાં પૂ. આ. શ્રી ના નિશ્રાથી સોનામાં સુગંધ જેવી હતી.

ધુલીયાથી શ્રી નેર તીર્થનો બે દિવસનો પ્રભુજીનો રથ બેન્ડ સાથે સંઘ નિકળ્યો હતો. નેરમાં પ્રવેશ ભવ્ય રીતે થયો હતો. પ. પૂ. શાસન પ્રભાકરસૂરિજી મ. ની નિશ્રામાં ને તીર્થમાં પ્રથમવાર શ્રી ઉપધાન તપની મહામંગલકારી પાવનારાધનાનો માગસર વ દશમના શરૂ થયેલ છે. લગભગ ૬૦ જેટલા નાના ભાવિક શાતાપૂર્વક આરાધના કરી રહ્યા છે. આ મંગલમયી આરાધના પ્રસંગે પ. પૂ. વૈયાવચ્ચસિદ્ધ ગણિ શ્રી ધર્મદાસ-વિજયજી મ. અને પ. પૂ. પ્રખર વકતા મુનિશ્રી રત્નસેનવિજયજી મ. પધારતા આનંદ છવાઇ ગયો । માગસર વ. દશમના પ. પૂ. અજોડ શાસન પ્રભાવક જૈનાચાર્ય દેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્ર – મુકિતચન્દ્રસૂરીશ્વરજી આરાધના હોલના તકિતનું ઉદ્ઘાટન માલેગાંવ નિવાસી શ્રેષ્ઠિ શ્રી જગદીશચંદ્રભાઇ મહેતા હાથે ખૂબ ધામધૂમથી થયેલ. તેમજ પ. પુ. આ. શ્રી ના ગુરૂદેવ 'સૂરિરામ' પટ્ટધર સિંહ ગર્જનના સ્વામી, નિડર વકતા જૈનાચાર્યદેવેશ શ્રીમદ્વિજય મુકિતચંદ્રસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિથિના દિવસે ગુણાનુવાદ પુ. આ. શ્રીએ મુ. શ્રી રત્નસેનવિજયજી મ. આદિએ રોચક શૈલીમાં કર્યા કર્યા હતા. સંઘપુજનો, પ્રભાવના, આંગી આદિ સુંદર થયેલ દરરોજ પ્રભુજીની આંગી, સંઘપુજનો, આયંબિલ આદિ તપસ્યાઓ સંઘમાં ચાલુ છે. માગસર વ. દશમના પુ. ગચ્છાધિપતિશ્રીની અનુજ્ઞાથી પુ. મુ. શ્રી રત્નસેન વિ. ના ભગવતી સૂત્રના જોગ પણ શરૂ થયેલ છે.

નેર તીર્થના દેરાસરના ગભારામાંથી લાઇટ નાખવાનું અને પછી દેરાસરમાંથી પણ ઇલેકટ્રીક લાઇટ કાઢી નાખવા માટે સંઘ પ્રયત્નશીલ છે. પુ. આ. શ્રી ના બહુપદેશથી હળીમળી ખૂબ ઉલ્લાસ લાભ રહેલ છે. નેર જેવા નાના ગામડામાં અને કુલ ૨૫ જૈનો ઘરમાં આવા ઉપધાન તપ એ ખૂબ અનુમોદનીય છે.

શ્રી ધનરાજજી વચ્છાવત ભંડારી ઉમ્મેદાબાદવાલા (રાજ.) એ પુ. શ્રી ની નિશ્રામાં સજોડે ચોથું વ્રત લીધેલ છે અને દરેક ઉપધાનના તપસ્વીઓને તેમના તરફથી સોનાની વીંટીની પ્રભાવના અને દરેકનીવીમાં ડ્રાયફ્રુટની ભકિત આદિ લાભ લીધેલ છે.

પુ. શ્રી ના પાવન પગલે ખાનદેશમાં શાસન પ્રભાવના થઇ રહેલ. આગામી દિવસોમાં પણ પુ. શ્રી ની નિશ્રામાં બે સંઘ, પ્રતિષ્ઠાધિ નક્કી થયેલ છે. પૂ. શ્રીનું આગામી ચોમાસુ મહારાષ્ટ્રમાં અંમળનેર થવાની સંભાવના છે.

શ્રી મનોવાંછિત પાર્શ્વ પ્રભુના દિવ્ય નિશ્રામાં અને પુ. તપસ્વીરત્ન આ શ્રી ના નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રભુ અઠ્ઠમ પોષ દશમી નિમિત્તો થયા હતા. જેનો લાભ શ્રી ધનરાજજી ભંડારીએ લીધો હતો. દરેક તપસ્વીઓને ૭૫ રૂા. ની પ્રભાવના થઇ હતી.

(પેજ ૭૨૦ નુ ચાલુ) (૨) **અનુકરણીય આદર્શ**

આ પ્રસંગ પણ ઉપર્યુક્ત મહાપુરૂષ ના જીવનનો છે. આ પુણ્યપુરૂષ સ્વાધ્યાયના અનેક પ્રેમી હતા, આગમના તલસ્પર્શી અભ્યાસી હતા. આગમ ગ્રન્થોની કઠીનમાં કઠીન અને ગહનમાં ગહન વાતે પણ હૃદયંગમ સોંસરી ઉતરી જાય તે રીતના અત્યંત સરલ કરીને શ્રોતાઓને સમજાવતા આવા જ્ઞાની-ધ્યાની પુણ્ય પુરૂષને પણ ભૂતકાળના અશુભ કર્મોનો ઉદય એવો તીવ્ર હતો કે તેઓ સ્વયં કહેતા કે – માથું દુઃખ્યા વગરની સ્થિતિ કેવી હોય તેનો મને અનુભવ નથી. માથાનો દુઃખાવો કાયમ રહ્યા કરે.

તબીયત પણ અશક્તિ ઘણી હતી. ઉપવાસાદિ તો તેમને માટે અસંભવિત જેવી વાત હતી છતાં પણ શાસ્ત્રમમાં ધનાકાંકદી અણગારનું વર્ણન વાંચ્યું કે – ધનાકાકંદીએ દીક્ષા લીધી ત્યારે અભિગ્રહ કર્યો કે છટ્ઠના પારણે છઠ્ઠ કરવા અને પારણામાં માખી ન બેસે તેવો આયંબિલનો આહાર કરવો. નવ મહિના આવા તપની સાથે અગિયાર અંગના પઠી બન્યા શરીર તો એવું સૂકવી નાખ્યું જેનું વર્ણન વાંચતા ય કમકમા આવે. આ પ્રસંગથી આ મહાપુરૂષે પ્રેરણા લઇ આવી અશાતામાં અને અસ્વસ્થ શરીરમાં વર્ષીતપ કર્યો ! ખરેખર મહાપુરૂષોનુ જો યથાર્થ મૂલ્યાંકન કરવામાં આવે, સાચી રીતના ઓળખવામાં આવે, તેમના હૈયાના ભાવોને સમજવામાં આવે અને પછી આદર્શોનું અનુકરણ કરવામાં આવે તો આત્મિક શક્તિ ખીલી ઊઠયા વિના રહે નહિ. આપણે સૌ આવી રીતના આદર્શોને અનુસરીએ અને આત્માની શક્તિ ખીલવીએ તે જ ભાવના.

(૩) સાચો ત્યાગ

શ્રી સનતકુમાર ચક્રવર્તીને જ્યારે ખબર પડી કે મારી કાયા રોગોથી ઘેરાઇ છે. ત્યારે શરીરની ચિકિત્સા કરાવવા સમર્થ હોવા છતાં, અનેક રાજવૈદ્યો હાજર હોવા છતાં ય શરીરની ચિકિત્સાને બદલે આત્માની સાચી ચિકિત્સા કરવા માટે સઘળીય ચક્રવર્તિપણાની રાજ-ઋદ્ધિ આદિનો ત્યાગ કરી સાધુપણાનો સ્વીકાર કર્યો.

વિવેકી આત્મા વિચારે તો આ પ્રસંગ ઉપરથી સારી રીતના સમજી શકાય છે કે, શરીરની ચિંતા કરવા જેવી જ નથી પણ આત્માની જ ચિંતા કરવાની જરુર છે. શરીર તો રોગોનું ઘર છે. ગમે તેટલું લાલન-પાલન કરાય, નવરાવી-ધોવરાવી, ટાપ-ટીપ કરી શણગારાય તો પણ અંતે પોતાની જાત પર ગયા વિના રહેતું નથી.

ભાવથી સાધુપણાના પરિણામ પેદા થયા હોવાથી, છ-છ મહિના સુધી આખો પરિવાર, અંતઃપુર આદિ પાછળને પાછળ ફરે છે અને પાછા પધારવા વિનતિ કરે છે. તો ય સાપ જેમ કાંચળીનો ત્યાગ કરે પાછું વાળીને જૂએ નહિ તેમ, જે જુગુપ્સાદાયક ચીજ જોતાં જેમ મોઢું બગડે અને તે સન્મુખ દૃષ્ટિ સરખી પણ ન જાય, તેની જેમ

ચક્રી દીક્ષીત થયા પછી આવા અનુકૂળ પ્રેમાળ, આજ્ઞાંકિત, વિનીત પરિવારને સન્મુખ પણ જોતાં નથી.

આ પ્રસંગ સૌ સાધુ–સાધ્વી માટે ખૂબ જ ઉદ્બોધક – પ્રેરક – આત્મ જાગૃતિને લાવનારો છે કે, જેનો ત્યાગ કર્યો તેની સન્મુખ પણ ન જોવાય. સન્મુખ ન જોવાય તો યાદ તો કર્યાંથી કરાય ? સંસારી માતા – પિતા – ભાઇ – બેન આદિ કુટુંબી – સ્નેહીજન વંદનાદિ માટે આવે અને હૈયામાં 'મારી માતા' 'મારા પિતા' આદિનો ઉભરાકો આવે તો સમજી લેવું કે મમતાને તોડવા હજી ઘણો ઘણો અભ્યાસ કરવાનો છે. મમતાના બંધન તૂટવાં કઠીન ભલે હોય પણ અસંભવિત અને અશક્ય તો નથી. સાચા ભાવે મમત્વનો ત્યાગ કરવાની બુદ્ધિ થાય તે પૂરતી જ આ વાત છે.

(૪) સાચો પૂજક કોણ ?

શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં પૂજ્યની પૂજા પૂજ્ય બનવા માટે જ કરવાની છે. પૂજ્ય બનવાનો ભાવ ન હોય અને પૂજ્યે જે સુખ–સાહ્યબી, રિદ્ધિ–સિદ્ધિનો ત્યાગ કર્યો, તે જ ચીજ–વસ્તુ મેળવવાનું મન હોય તે સાચો પૂજક બની શકે નહિ દુન્યવી સુખ-સામગ્રીનો ત્યાગ કરવાનું મન હોય, ત્યાગ ન થઇ શકે તો ય ત્યાગ કરવાની ભાવના જીવતી રહે તે જ સાચો પૂજક બની શકે.

મહાપુરૂષોએ આત્માને પ્રબોધવા માટે બધી જ વાતો સ્પષ્ટ કરી છે. પણ વર્તમાનમાં અજ્ઞાન, કદાગ્રહ, પક્કડ અને ખોટી લાલચોનો કારણે તે તરફ નજર પણ જતી નથી તે ખૂબ જ શોચનીય વાત છે.

મંદિરમાં ગભારામાં પ્રવેશ કરતી વખતે ગભારાના સ્થાન પાસે સિંહ મુખાકૃતિ સમાન આકૃતિ હોય છે. તે શા માટે મંદિરમાં રખાય તે વાત પણ ઉપકારીઓએ સ્પષ્ટ કરી છે. દુન્યવી પદાર્થોના રાગને કેસરી–સિંહની અને દ્વેષને હાથીની આદિ ઉપમા આપવામાં આવી છે. રાગ અને દ્વેષરૂપી તે સિંહ કે હાથી ઉપર પગ મૂકી પછી ગભારામાં પ્રવેશ કરી, ભગવાનને અડવાનું છે. જો આ વાત આત્મા શાંતિથી વિચારે તો તેને સમજાય કે, રાગ અને દ્વેષ ઉપર પગ મૂક્યા વિના, તેને દબાવ્યા વિના–તેની આધીનતા છોડ્યા વિના પણ ગભારામાં પ્રવેશ કરાય નહિ, જિનબિંબને અડાય નહિ.

આ ભાવના પરથી જ સ્પષ્ટ થાય છે કે, સંસારી પદાર્થોના રાગથી કે તે પદાર્થો મેળવવાની ઇચ્છાથી ભગવાનની પૂજા પણ ન થાય તો પછી ધર્મ તો ક્યાંથી થાય ? તેથી સાચો પૂજક સમજે છે કે રાગાદિને તોડવા માટે, આધીનતાથી મુક્ત થવા પૂરતિ ધર્મ કરવાનો છે પણ તેને પોષવા માટે ધર્મ કરવાનો નથી. આ વાત બરાબર સમજાઇ જાય તો તો બેડો પાર થઇ જાય. આવી દશાને સૌ પામો તે જ મંગલ કામના.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

સભી પ્રાણિયોં પર દયા કરો :

ઇરહમૂ મનાફ઼िલ અર્દે યરહમ નુકુમર્રહમાન –

અર્થાંત દુનિયા વાલોં પર તુમ રહમ કરો કયોંકિ ખુદા ને તુમ પર બડી મેહરબાની કી હૈ ।

કુરઅન શરીફ઼ મેં સૂરે બકર મેં હજ કે વર્ણન મેં લિખા હૈ :–

જાનવરોં કો મારના બન્દ કરો.

વ ઇજા તવલ્લા સંઆ ફ઼िલ અરદે લયુફ઼ સેદા ફ઼ીહા વ યુહ લિકલ હરસા બન્નસલ વલ્લાહુ લા યુહિબ્બુલ ફ઼સાદ ।

અર્થાંત–જાનવરો કો મારના ઔર ખેતોં કો તબાહ કરના–જમીન મેં ખરાબી ફૈલાના હૈ ઔર અલ્લાહ ખરાબી કો પસંદ નહી કરતા ।

૧ આદમી કા જાનવરોં કે સાથ સલૂક, પ્યાર, રહમ મોહબ્બત ઔર ઇજ્જત કા હોના ચાહિએ ।

૨ પાક રસૂલ ને તો જંગલી જાનવરોં કી ખાલ તક ઉપયોગ કા નિષેધ કિયા ।

૩ રસૂલુલ્લાહ ને પશુઓં કો ચીરને યા પહિચાન કે લિએ કિસી ગરમ વસ્તુ સે નિશાન લગાને સે સખ્ત મના કિયા હૈ ।

૪ જબ પાક નબી ૬૨૨ ઇસ્વી મેં મક્કા મદીના ગયે તબ ઉન્હોંને દેખા વહાં પર લોગ ઉંટ કુબ્બ ઔર ભેડોં કી પૂછેં કાટ દેતે થે । પાક રસૂલ ને ઇસ જંગલી હરકત કો ન કેવલ બન્દ કરવાયા અપિતુ ઐસે કૃત્ય કો હરામ કરાર કિયા ।

૫ ઇસ્લામ મેં રકત કે ઉપયોગ પર સખ્ત મના હૈ । અતઃ જો ખૂન સે બચના ચાહે ચાહેં માંસાહારી કૈસે હો સકતા હૈ ।

(સંકલન – માંસાહાર માનવતા પર કલંક એવં જાનવરોં કે બારે મેં ઇસ્લામી નજરિયા ।)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* પાપના ઉદયથી આવતાં દુઃખ મજેથી વેઠવા એટલે દુઃખના મૂળને કાપવું. સંસારનું સુખ તે જ દુઃખનું મૂળ છે. કેમકે, સંસારના સુખની ઇચ્છા પાપના ઉદયથી થાય છે, તે ઇચ્છા ખુદ પાપ છે અને તેનાથી પાપનો જ બંધ થાય છે.
* ભૌતિક સુખને ભૂંડું માને તે સુખી, સુખને સારું માને તે બધા દુઃખી.
* શ્રી નવકાર મહામંત્ર મળે અને જેને સંસારનાં સુખો જ ગમે તે નાલાયક છે.
* સંસારનાં સુખ માટે શ્રી નવકારમંત્ર ગણવો તે શ્રી નવકારમંત્રની મહા આશાતના છે.
* ધર્મ એટલે આત્માનો પરિણામ મોક્ષની ઇચ્છા ધર્મના પરિણામને લાવનારી ચીજ છે.
* ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો આત્માના ધર્મપ્રાણને લુંટનારી ચીજો છે.
* ધર્મ કરતાં પણ પૈસો જેને વધારે વહાલો લાગે તેને ધર્મની કિંમત હોય જ નહિ.
* અનિત્યાદિ ભાવનાથી ભાવિત આત્મા પોતાની જાતને સંસારમાં ફસાયેલી માને.
* શરીર પરનો પણ પ્રેમ જાય તો બરોબર ધર્મ આવ્યો કહેવાય.
* સંસાર સારો છે જ નહિ, સંસારનો જેને રસ લાગ્યો તે બરાબર થયો સમજો.
* અવિરતિ એવું ભયંકર પાપ છે કે જે આ દુનિયાના સુખ ઉપર જરાય અપ્રીતિ ન થવા દે અને પોતે કરેલા જે પાપ તેનાથી આવતું જે દુઃખ તેના ઉપર કદિ પ્રીતિ થવા ન દે.
* અમે પણ મહાત્માઓના ભગત કે પ્રેમી નહિ બનીએ, ગૃહસ્થોના પ્રેમી બનીએ, તમારા આદર-સત્કાર વખાણ કરીએ, તમારા કહ્યા મુજબ ચાલીએ તો અમે પણ મહાપુરુષોની આશાતના કરનારા છીએ.
* સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ-છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાન્તની વાતમાં ધાલમેલ તો કરાય જ નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખામાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૩૩+૩૪

— મણકો —

આયરઇ જઇ અકજ્જં
અન્નો કિં તસ્સ તજ્જ ચિંતાએ।
અપ્પાણમેવ ધિંતમુ
અજ્જવિ વસમં ભવદુહાણું ॥

હે આત્મન! બીજો આઠમી અકાર્ય કરે તો તેની ચિંતા તારે શું? તારી ચિંતાથી તે અકાર્યથી ઓછો અટકવાનો છે? માટે તું તારી પોતાની જ ચિંતા કર કે, હજી સુધી આ ભવદુઃખમાં વસી રહ્યો છું તો તારે તેનાથી ક્યારે મુક્ત થવું?

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

* હિંદીમાં પ્રગટ થઈ ચૂંકયેા છે *

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ પહેલેા (હિન્દી)

ઘણાં વખતથી જેની રાહ જોવાતી હતી તે શ્વેતાંબર જૈન તીર્થદર્શનનેા હિંદીમાં પ્રથમ ભાગ પ્રગટ થઇ ચૂકેલ છે. ગુજરાતીમાં બંને ભાગ ઉપલબ્ધ છે

અંગ્રેજીમાં પણ પ્રથમ ભાગ નજીકમાં પ્રગટ થશે તથા હિંદી તથા અંગ્રેજીમાં બીજો ભાગ પણ ઝડપથી તૈયાર થાય તેવા પ્રયત્નો ચાલુ છે.

હિંદી પ્રથમ ભાગ	રૂા. ૬૫૦
હિંદી દ્વિતીય ભાગ	રૂા. ૬૫૦

પ્રથમ ભાગ તૈયાર છે રૂા. એક હજાર મેાકલી બંને ભાગ નકી કરી લેા.

મહાન ગ્રંથેા મેળવેા

ઉપમિતિ પ્રપંચા કથા ભાગ ૧-૨-૩
પેજ ૧૪૦૦ મૂલ્ય રૂા ૩૦૦

જૈન રામાયણ (પૂ. રામચંદ્ર સૂ. મ.)
પેજ એક હજાર મૂલ્ય રૂા. ૩૦૦

પંચ પ્રતિક્રમણ વિવરણ (પ્રભુદાસભાઇ)
પેજ ૧૦૦૦ મૂલ્ય ૩૦૦

* શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા *

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લેાટ, જામનગર


પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુબજ શાસના અર્થે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર



જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ



વર્ષ : ૧૧] ૦૫૫ વૈશાખ સુદ ૫ મંગળવાર તા. ૨૦-૪-૯૯ [અંક : ૩૩-૩૪

વાર્ષિક ૩. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૨ ગુરૂવાર તા. ૬-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ પૂ. પ્રવકારશ્રીજી આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૩૨ મું) અવ૦)

નાણું પયાસયં સોહઓ તવો સંજમો ય ગુત્તિધરો ।
તિણ્હ પિ સમાઓગે મોકખો જિણસાસણે ભણિઓ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવન્ત શ્રી મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજા મોક્ષસુખનું વર્ણન કરી આવ્યા પછી હવે મોક્ષના ઉપાયોનું વર્ણન કરી રહ્યા છે. સ્વપરને પ્રકાશક એવું જે જ્ઞાન, આત્માને વિશુદ્ધ કરનાર તપ અને આત્મામાંથી જુનાં કર્મોનો નાશ કરનાર એવું સંયમ આ ત્રણેનો સંપૂર્ણ સમાયોગ થાય તો આત્માનો મોક્ષ થાય, એવું શ્રી જૈનશાસનમાં કહ્યું છે.

આપણને બધાને શ્રી જૈનશાસનની પ્રાપ્તિ થઇ છે તો જૈનશાસનને પામેલા જેટલા જીવો હોય તે બધા મોક્ષની ઇચ્છાવાળા જ હોય ને ? જેને જેને મોક્ષની અત્યંત તાલાવેલી હોય તેવા જીવો જ આ વાત સમજી શકે છે. જેને સંસારમાં જ લહેર

કરવી છે. ખાવા–પીવાદિ મોજમઝા કરવી છે અને મારે મોક્ષ જોઇએ છે એમ કંઇ તો મોક્ષ મળે ખરો ? સંસાર, સંસારનું સુખ જ મોક્ષની આડે આવનાર છે. સંસાર જ તેનું નામ જે મોક્ષની ઇચ્છા થવા દે નહિ, ધર્મ જ કરવા દે નહિ, તમારા જેટલા સંબંધી છે તે તમને બધાને ધર્મ કરવામાં સહાય કરે ખરા ? તમે પણ તમારા સંબંધીઓને ધર્મ કરવામાં સહાય કરો ખરા ? તમને કોઇ પૂછનાર છે કે– ક્યાં સુધી આ સંસારમાં રહેવું છે ? આજે તમે બધા જૈનકુળમાં જન્મ્યા છો પણ મોટાભાગમાં જૈન સંસ્કાર વિદ્યમાન નથી તેનું આ પરિણામ છે. મોક્ષે જ જવું હોય તો ધર્મ કર્યા વિના ચાલે ?

આજે તો પૈસાવાળા ય વેપાર કરે છે તો તેને ય ઘરમાં કહેનાર કોઇ છે કે– આપણે ત્યાં ખાધું ખૂટે નહિ એટલું બધું છે તો ય શા માટે વેપાર કરો છો ? તમને તમારા ઘરમાં મા–બાપ, ભાઇ–ભાડું, આદિ છે તો કોઇએ પણ સલાહ આપી કે– "આપણે આજીવિકાનું સાધન પૂરતું છે તો હવે વધારે શું જોઇએ છે ? શા માટે આ પાપ કરો છો ? કઇ ગતિમાં જવું છે ? જૈનકુળમાં જન્મેલા આપણે આ સંસાર છોડી દેવાનો છે અને મોક્ષ મેળવવા માટે જ મહેનત કરવાની છે તે માટે સાધુ થવાનું છે.' આવી વાત આજે મોટાભાગના ઘરોમાંથી નષ્ટ થઈ ગઇ છે.

મોક્ષને મેળવવા માટે જ ધર્મ કરવાનો છે. આ મનુષ્યજન્મ મળવા માત્રથી જ મોક્ષ ન મળે. મોક્ષ મળવાનો આ મનુષ્યજન્મથી જ. જે શ્રી જિનેશ્વરદેવનો ભક્ત હોય, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને માનનારું હોય તે જૈનકુળ કહેવાય. તેવા જૈનકુળમાં જન્મેલાને જો જૈન સંસ્કાર મળ્યા હોય તો તે બાલ્યવયથી જ આ સંસારને છોડવાની અને મોક્ષે જવાની જ ઇચ્છાવાળા હોય. તેથી સમ્યગ્દર્શનને, સમ્યગ્જ્ઞાનને અને સમ્યક્ચારિત્રને પામવાની અને સમ્યક્તપને કરવાની ઇચ્છાવાળા હોય. 'સ્વ-પરને પ્રકાશક એવું જે જ્ઞાન, જુનાં કર્મોનો નાશ કરનારો તપ અને આવતાં કર્મોને રોકનારું સંયમ : આ ત્રણેનો યોગ થાય તો મોક્ષ થાય એમ કહ્યું છે. આ ત્રણેને બરાબર આરાધે તે જીવ મોક્ષને મેળવી શકે. શ્રી જૈનશાસનને પામેલો જીવ સમજી જાય કે– આત્મામાં કર્મ કેવી રીતે આવે અને આત્મામાંથી કર્મ કેવી રીતે છૂટે ! સમ્યગ્દૃષ્ટિ જીવને જ આનું સાચું જ્ઞાન થાય. બાકી સમ્યગ્દર્શન ન હોય કે તે સમ્યગ્દર્શન પામવાની ઇચ્છા પણ ન હોય તે નવપૂર્વ ભણે તો ય તેને શાસ્ત્રે અજ્ઞાની કહ્યા છે. નવપૂર્વી સાધુ જ હોય પણ તેને મોક્ષની ઇચ્છા ન હોય. જેને શક્તિ છતાં ય તપ કરવાની સંયમ પાળવાની ઇચ્છા ન થાય તેને શાસ્ત્રે અજ્ઞાની કહ્યો

છે. ગમે તેટલું ભણેલો હોય તો ય અજ્ઞાની છે.

આજના ઘણા ભણેલાઓને પાપનો ભય લાગે છે ? પાપ, પાપ પણ લાગે છે ? સંસારમાં તો રોજ પાપ કરવું પડે, રોજ ષટ્કાયની હિંસા કરવી પડી તો આ સંસાર છોડવાનું મન થાય છે ખરું ? તમને ય આ ઘર–બારાદિ છોડવાનું મન થાય છે ખરું ? તમે આજ સુધી ઘર છોડી શક્યા નહિ તે ઘર છોડવાનું મન હતું નહિ માટે કે છોડવાનું મન હોવા છતાં ય ન છોડી શક્યા કે છોડવાની મહેનત જ કરી નથી ?

જેને મોક્ષ મેળવવો હોય તેને શું કરવું પડે ? સમ્યગ્જ્ઞાન મેળવવું પડે. શા માટે ? 'આ બાઓ સંસાર બહુ ખરાબ છે માટે રહેવા જેવો નથી' તે સમજાઇ જાય અને તાકાત હોય તો તેનો ત્યાગ કરવાની શક્તિ આવે માટે ભણવાનું છે. તમે તમારાં સંતાનોને હજારો રૂા. ખર્ચીને દુનિયાનું જ્ઞાન ભણાવો છો પણ ધર્મનું કશું ભણાવતાં નથી તે આજના જૈનો માટે મોટામાં મોટું કલંક છે ને ? આ કલંકથી અહીં આવનારામાંથી પણ મુક્ત કોણ હશે ? તમે તમારાં સંતાનોને દુનિયાનું જ્ઞાન જ કેમ ભણાવો છો એમ કોઇ પૂછે તો શું જવાબ આપો ?

સભા : પૈસા કમાય અને મોજમઝાદિ કરે માટે.

ઉ૦ : તેના જેવા મહામિથ્યાદૃષ્ટિ બીજા કોણ !

સભા : જરૂરિયાત હોય તે કરે તેમાં મિથ્યાત્વ કેમ લાગે ?

ઉ૦ : ધર્મિને જરૂરિયાત મોક્ષની હોય કે સંસારની હોય ?

ઘણા મહાત્માઓ થયા. ઘણા રાજપુત્રો, ચક્રવર્ત્તિઓ સાધુ કેમ થયા ? શ્રી અરિહંતપરમાત્માઓ પણ સાધુ જ કેમ થાય છે ? તમે બધા કોના ભક્ત છો ? હજી પણ મા શરીરનો જ પક્ષપાત કેમ કરો છો ? આ શરીર તો અહીં જ ઉત્પન્ન થયું છે અને અહીં જ તેને સળગાવી દેવાનું છે કાં કાટી દેવાનું છે પણ તે તમારી સાથે આવે ખરું ? તમારે પણ અહીંથી જવાનું છે, અહીં કાયમ રહેવાનું નથી તો તમે તમારા આત્માની તો ચિંતા જ કરતાં નથી. આજે તો તમે સંતાનોને જેમ જેમ ભણાવો છો તેમ તેમ મોટો ભાગ પાપી જ બનતો જાય છે. તે ભગવાનના તો નથી બન્યા પણ માબાપના ય નથી રહ્યા અને જેને પરણીને લાવે તેના પણ નથી રહેતા. આજનો તમારો સંસાર કેટલો બગડી ગયો છે તેનું વર્ણન થાય તેમ નથી ! આજે તો

સુખી છોકરાં છતાં ય મા-બાપ રૂવે છે. 'છોકરાં ભણશે નહિ તો ખાશે શું, આપણનેય સાચવશે' આ ભાવનાથી ભણાવ્યા તેનાં પરિણામ તમે ભોગવી રહ્યા છો.

તમે બધાં એમ કહી શકો ખરા કે. અમે સંતાનોને એટલા માટે ભણાવીએ છીએ કે– 'ભણે તો સાચું-ખોટું સમજી શકે અને તે સમજ્યા પછી મરી જાય પણ ખોટું કરે નહિ અને સાચું શક્તિ મુજબ કર્યા વિના રહે નહિ!' જો તમે સંતાનોને આ હેતુથી ભણાવ્યા હોત તો આજનો બધો પાકત જૂદો પાકત એટલું જ નહિ પણ તમારાં ઘર પણ સારાં થઇ ગયા હોત. આજે તમે જે ફરિયાદ કરો છો કે– 'છોકરાંઓ બગડી ગયા છે અમારૂં કશું જ માનતા નથી' તે ફરિયાદ પણ ન કરત. પણ આજે તો તમે જ એવું ભણાવ્યું છે કે– આજનો ભણેલો કેળવી કેળવીને જૂઠ બોલે છે, સાચાને જુઠ અને જુઠને સાચું કરાવે છે, નાશવંતી ચીજો મેળવવા મહેનત કરે છે પણ આત્માના ગુણો મેળવવા મહેનત કરતો નથી. ભણેલો અને ગોઠવીને મજેથી ખોટું કરે તો તે ભણેલો કહેવાય ખરો? આજે તો ભાંડલા જે રીતે જીવે છે તે જોઇને ભણેલા કરતા અભણને વખાણવા પડે તેમ છે, જે પાપ તો ઓછું કરે છે! તમારા છોકરા તમારા જોતા જ દુર્ગતિમાં જશે એવું આપણે કહેવું પડે તે ઓછી દુઃખની વાત છે! ધર્મી મા-બાપના છોકરા આવા હોય તે ધર્મને માટે પણ કલંક છે.

અમે તમે સંતાનોને એવું ભણાવ્યું છે કે– તમે તેને કદાચ શિખામણ આપવા માંડો કે–'આવાં પાપ ન કરાય, નહિ તો દુર્ગતિમાં જવું પડશે' તો તે તમને ય અંધશ્રદ્ધાળુ કહે છે, 'મા-બાપ મૂરખ છે, કશું સમજતા જ નથી, સાધુ પાછળ ગાંડા થયા છે, સાધુઓ તો નવરા છે, સાધુને આગળ ઉલાળ નહિ પાછળ ધરાર નહિ માટે આમાં પાપ...આમાં પાપ... એમ કહ્યા કરે, બધામાં પાપ માનીએ તો શું મરીએ? એવુ કહીને મા-બાપને ય વગોવે છે, દેવ-ગુરુ-ધર્મને ય વગોવે છે. સગા મા-બાપની ય વાત ન માને તે છોકરાને છોકરો કહેવાય? આમ છોકરાઓ કરતાં પણ તમારો વાંક વધારે છે કેમકે, તમે તેને બચપણથી સાચું સમજાવ્યું નહિ. નહિ તો જે માનું દૂધ પીને મોટો થયો, જે બાપના પૈસે પોષાયો તે જ છોકરો થોડો મોટો થયા પછી મા ને મા કહેતાં અને બાપને બાપ કહેતાં પણ શરમાય! તેવા છોકરા તમને વહાલા પણ લાગે છે ને?

(ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૮]

—શ્રી રાજુભાઇ પંડિત

બકાસુર – સંહાર

એક ચક્રા નગરીમાં બ્રાહ્મણ વેશધારી પાંડવો દેવશર્મા નામના બ્રાહ્મણના અતિ આગ્રહથી તેમને ત્યાં જ રહેવા લાગ્યા. દિવસો સુખેથી વીતી રહ્યા હતા.

એક દિવસ દેવશર્માના ઘરમાં રોક્કળ મચી જતાં કુંતીએ રૂદનનું કારણ પૂછતાં દેવશર્માએ બકાસુરની વાત કહેવા માંડી.

ઘણાં સમય પહેલા આ આખી નગરી ઉપર ભયંકર કાળી શિલા હતી. તેથી નગરીમાં ઘોર-અંધકાર હતો. ભયંકર પવનના સૂસવાટાથી વૃક્ષો પડવા લાગતા હતા. સર્વે નગરજનોએ પોત પોતાના કુળદેવીની બાધા-માનતાઓ માની. છેવટે ખુલ્લા ચોગાનમાં ધુપ ધરીને આકાશ તરફ જોઇ રહેતા, એક ભયંકર કાળી શ્યામ ભીષણ આકૃતિવાળો રાક્ષસ દેખાયો. તેણે કહ્યું-"હું રત્નશીલ નામના પર્વતની નજીકમાં દુઃસાધ્ય એવી રાક્ષસી વિદ્યાને સાધીને તેનો પ્રયોગ કરવા અહીં આવ્યો છું મારૂ નામ બકાસુર છે. તમારે સુખેથી જીવવું હોય તો ભૈરવ નામના રમણીય ઉદ્યાનમાં મારો મહેલ બનાવો તથા માંસ-માનવ ભક્ષી મને એક-એક પુરૂષ તથા ગાડુ ભરીને રાંધેલા ચોખા ખાવા મોકલજો.

ત્યારથી રાજાની આજ્ઞાથી કુમારીઠાના હાથે ચિઠ્ઠીમાં જેનું નામ નીકળે તેને બકાસુર પાસે જવાનું હોય છે. આજે મારો આવ્યો છે. તેથી મારી પત્ની, પુત્રી તથા પુત્ર મને ત્યાં નહિ જવા દેતાં પોતે જ જવાની ઇચ્છા ધરાવે છે" એવામાં નાના પાંચ વર્ષના પુત્રે આવીને વેલ હાથમાં ઘુમાવતા કહ્યું કે-'હું આ વેલથી બકાસુરનો વધ કરી નાંખીશ.'

કુંતીએ આ વાત સાંભળી બાળકના મુખેથી બકાસુરના વધના વચનોને શુકન ગણી કહ્યું કે હવે તે અસુર હણાયો જ સમજો તમે તમારા આ વધના વેષને ઉતારી નાંખો. મારા પ્રચંડ પરાક્રમી પાંચ પુત્રોમાંથી ગમે તે એક જઇને તેનો વધ કરી નાંખશે.

દેવશર્માએ કહ્યું- માતા ! બકાસુર જેવા અત્યંત ચંડ પરાક્રમી આગળ આ પાંચેયનું ગજુ નથી, અને આ એક સામાન્યજન એવા મારી રક્ષા માટે તમારા આવા

પરાક્રમી પુત્ર રત્નને શા માટે રાક્ષસના મુખમાં ધકેલો છો. હું કુળદેવીને છેલ્લી પ્રાર્થના કરીને જઈશ. એમ કહી દેવશર્મા આખા કુટુંબ સાથે કુળદેવી પાસેના પહોંચી ગયો.

આ તરફ માતા કુંતીએ ભીમસેનને કહ્યું–"વત્સ ! જા તે નરભક્ષી રાક્ષસને હણી નાંખ અને નિરપરાધી નર–સંહારને સર્વથા અટકાવી દે. શું આપણે આ દેવશર્માને અભયદાન કઇ ના શકીએ ? જા, વત્સ !"

માતાના આશીર્વાદ મેળવીને દેવશર્મા પોતાના ઘરે આવે તે પહેલાં જ ભીમસેન ગાડા સાથે હૈરવ વનમાં જવા નીકળી ગયો.

ત્યાં રહેલા એક મનુષ્યને પૂછયું– તું કોણ છે ? અહીં કેવી રીતે જીવતો રહી શકયો ? તે માણસે કહ્યું– નગરજનોએ નક્કિ કરેલો હું અહીંનો પૂજારી છું બકાસુર તથા બીજા રાક્ષસોને રોજે આવતી શેષ વડે ભોજન કરાવુ છું.

તેવામાં ભયંકર અટ્ટહાસ કરતો બકાસુર આવી ચડયો. આથી ભીમ વધશિલા ઉપર સૂઇ ગયો. વિશાળ શિલા ઉપર પણ ભીમનું વિશાળ શરીર સમાતુ ન હતું તેથી પ્રસન્ન થયેલા બકાસુરે વિચાર્યું કે– આજે તો પેટ ભરીને માંસ ભક્ષણ કરીશ અને આ રાક્ષસોને પણ તે આપી શકીશ.

નજીક આવીને બકાસુરે પોતાના તીક્ષ્ણ દાંતો વડે ભીમના વજ્રકાય શરીરને ભેદવા માંડયુ. પણ તેના દાંત કશા જ કામમાં ના આવ્યા. તેથી નખના તીક્ષ્ણ ઝેરી નહોરોથી ભીમની છાતીને ખોદવા માંડી તો નહોરો જ તૂટી જવા માંડયા.

આથી બકાસુરે બીજા રાક્ષસોને કહ્યું કે–'આને ઉંચકીને આપણા પર્વત ઉપર લઇ જઈ તલવારથી કરવતથી કાતરી-કાતરીને ખાવા માંડો.

આમ કહીને ભીમસેનને ઊંચકીને રાક્ષસો લઈ જવા લાગ્યા. તે વખતે ભીમના વજ્રકાયના ભારથી દબાઇ ગયેલા રાક્ષસો પડી જવા લાગ્યા. આથી ખુદ બકાસુરે ભીમને ઊંચકવામાં સહાય કરવી પડી.

આ તરફ કુળદેવીને નમીને પાછા ફરતા દેવશર્માએ પોતાના બલિ માટેના ચોખાનું ગાડુ ન જોતાં તરત હૈરવ વનમાં દોડયો. અને ભીમને ઉપાડી ગયાનો વૃતાંત જાણીને દેવશર્મા દુઃખી દુઃખી થઇ ગયો તેણે તરત જ માણસ દ્વારા કુંતી

આદિને બોલાવ્યા. અને ઉપાલંભપૂર્વક કહેવા માંડ્યું કે- શા માટે મારી જેવા સામાન્ય માણસની ખાતર તમારા પુત્રરત્નને રાક્ષસના મુખમાં ધકેલી દીધો.

યુધિષ્ઠિર દેવશર્માને આશ્વાસન દેતા કહ્યું કે- ગભરાવાની જરૂર નથી ભાઈ ! ભીમ આગળ બકાસુર કાંઇ જ નથી.

અને એકાએક ભીમનું ધડથી જુદુ પડી ગયેલુ મસ્તક તે બધાંની આગળ પડ્યુ. ભીમનું જ આ મસ્તક છે તેમ ઓળખીને કુંતી-યુધિષ્ઠિર વગેરે કરૂણ કલ્પાંત કરવા લાગ્યા. દ્રૌપદી તો ચિતા રચાવીને બળી મરવા તૈયાર થઇ ગઇ.

પેલી બાજુ ભીમને ઉપાડી ગયેલા બકાસુરે નાના-રાક્ષસોને હંફાવી મૂકનારા ભીમસેન સામે સૂર્યહાસ ખડ્ગ ઉગામીને દોડવા માંડ્યુ. આથી શિલા ઉપરથી ઉભા થઇ ગયેલા ભીમસેને બકાસુરને કહ્યું કે-

"હે લજ્જાસ્પદ વગરના ! નફ્ફટ ! દુરાચારી ! રાક્ષસ ! નિરપરાધી જંતુઓના સંહારના પાપના ભારથી લેવાયેલા પાપી ! હવે તારે કથા શેષ= (કથામાં જ કહેવાય તેવો મરેલો, જીવતો નહિ) થવામાં બહુ વાર નથી. છતાં પહેલો પ્રહાર તું જ કર. અમે ક્ષત્રિ પહેલો પ્રહાર કરવાનું શીખ્યા નથી.

આ સાંભળીને રોષાયમાન બનેલા બકાસુરે ધારદાર તલવાર ભીમસેન ઉપર ફેંકી. પણ વજ્રકાય ભીમની છાતી સાથે ટકરાઇને તલવાર ટુકડે ટુકડા થઇ ગઇ.

હવે કચકચાવીને મુઠ્ઠી ઉગામીને ભીમસેને બકાસુરને જોરદાર પ્રહાર કરતાં બકાસુર ધરતી ઉપર મૂર્છા ખાઇને ઢળી પડ્યો. અને સાથે રાક્ષસો અહીં તહીં વિખરાવા લાગ્યા. મૂર્છા દૂર થતાં જ ઉઠેલા બકાસુરે બાહુપાશથી ભીમની ડોકને મરડી નાંખીને બકાસુરે ભીમને જમીન ઉપર પછાડી કઇને તેના છાતી ઉપર ચડી બેઠો.

તે જ વખતે સુમાય નામના રાક્ષસે છળ કપટથી ભીમનું માથુ કુંતી વિગેરે આગળ પાડ્યું.

પોતાના પરાક્રમથી ખુશ થયેલો બકાસુર ત્રણ લોકને તૃણ સમાન ગણતો હતો ત્યારે જ માયાથી મૃત્યુ પામ્યાનો દેખાવ કરનારો ભીમ એકદમ બકાસુરની છાતી ઉપર ચઢી બેઠો. મુઠ્ઠી ઉગામીને ભીમે બકાસુરને કહ્યું- હજી પણ તારા નરભક્ષણના દુષ્કર્મથી અટકી જા, કહું છું. તો તને અભયદાન આપીશ. હજી કશું

બગડ્યું નથી. લંકેશ રાવણે અમારિ ફેલાવિ હતી તો તેના કુળમાં પાકેલો તું હિંસાના કામો કેમ કરે છે ? પગમાં કાંટો વાગતા દુ:ખી થનારો તું બીજાના પ્રાણો પીંખી નાંખતા શરમાતો નથી ?

આથી ક્રોધથી ધમધમી ઉઠેલો બકાસુર ભીમથી ઘેરાયેલો હોવા છતાં બોલ્યો કે–"વાયડા, બક-બક શું કરે છે ? હમણાં જ તને તો સવારના ભોજનનો ભક્ષ્ય બનાવીને તારા સવાલનો જવાબો આપુ છું તું જો."

આમ કહીને બકાસુર છાતીએ વળગેલા ભીમ સાથે જ ઉડયો અને પછડાયો.

હવે બાજીનો અંત લાવવા ભીમસેને કહ્યું કે- હવે છેલ્લી ઘડી છે બકાસુર ! તારા દેવતાને યાદ કરી લે. માંસ ભક્ષકોને કયાંય પણ કલ્યાણ નથી... (મારી વાત નથી જ માનવી તો હવે તેનો અંજામ ચાખી લે) એમ કહીને ભીમે એક જ પ્રચંડ મુષ્ઠિના પ્રહારથી બકાસુરના માથાને ફોડી નાંખ્યું.

બકાસુરના સંહારના સમાચાર મલતા જ ભીમથી ફફડી ગયેલો માયાવી સુમાય ભીમનું મસ્તક સંહરી લઇને કુંતીદેવી આગળથી ભાગી છૂટયો.

હવે ભયાનક અટ્ટહાસ્યના અવાજો થવા લાગતા યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું– અર્જુન ! ભીમને મારી નાંખીને રાક્ષસ અહીં આવી રહ્યો છે તો તે રાક્ષસને બાણોથી વિંધિ નાંખ.

આથી અર્જુને અવાજની દિશામાં ધનુષ ઉપર બાણ ચડાવ્યુ. બાણ છૂટે એટલી જ વાર હતી અને ત્યાં તો ભીમસેન પ્રગટ થયાં.

લોકોની ખુશીનો પાર ન રહ્યો.

નરસંહાર અટકી ગયો. બકાસુરના પુત્રને ભીમને હણી નાંખવાના પિતૃવૈર વસૂલાતના વિચારોથી મંત્રીએ પાછો વાળતા અને કોઇપણ જીવનો વધ ન કરવાની બાંહેધરી આપતાં જ તેના પુત્રને બકાસુરના સ્થાને સ્થાપિત કર્યો.

એક ચક્રા નગરીના લોકો બોલ્યા કે– આખરે કેવલીનું વચન સાચુ પડયુ. લાક્ષાગૃહમાં પાંડવો બળી ગયાના સમાચારથી બકાસુરના ઉપદ્રવની શાંતિ થશે કે કેમ ? તેવી શંકા પડી હતી છતાં કેવલી ભગવંતે કહેલુ જ કે જુગારમાં હારેલા પાંડવો આવીને બકાસુરના ઉપદ્રવને શાંત કરશે હવે પાંડવો ઓળખાઇ ગયા હતા.

卐

* રામાયણના ભાવો *

— શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા (લંઠન)

આય દેવ વૃત શુભ સમાચાર લઇને આવેલ હતો. જનક રાજા પાસે ભેટમાં નવસરો હાર આપે છે. સેવક કહે છે અમારી ઢિકરીનું ઘર છે મારાથી લેવાય નહિ હાથ લગાવીને પાછું સુપ્રત કરે છે. જનક રાજા કહે છે કે હું દાસ છું સેવક છું તમારી બરાબરી મારાથી ન થાય. દશરથ કહે છે સાચી વાત હું ભિક્ષુક છું હું તમારી ઢિકરીનું દાન માગું છું. રામ લક્ષ્મણના પિતા આવ્યા છે ત્યારે રામ કહે છે ચાલો પિતાજીના દર્શન કરવા ત્યારે રામ કહે છે ગુરૂની આજ્ઞા મળે ત્યારે જ જાશું. પછી રામ પિતાના ચરણમાં સેવા કરે છે પિતા પુત્રના ગુણ ગાય છે અને દશરથ રાજા ખુશ થાય દે રામ કહે છે બધા પિતા પુત્રના વખાણ કરે છે. પરશુરામ પણ રામ ધનુષ તોડી નાખે છે ત્યારે માર માર કરતો આવે છે એકદમ ગુસ્સે થાય છે ધમપછાડા લક્ષ્મણથી સહન નથી થાતું અને લક્ષ્મણ લલકારે છે અને ઉગ્ર થઇ બાણ લેવા જાય છે ત્યાં રામ વચ્ચે પડી કહે છે શાંત પરશુરામને એવા મીઠા શબ્દોથી જીતી લીએ છે એવી ભાવના કરે છે. કેવાનો તાત્પર્ય ઉત્તમ આત્માઓ કદી ગુસ્સે ન થાય અને થાય તો બીજાનું અહિત થાતું હોય નિર્દોષ સંહાર થતો હોય તો જ કરે રામનો વિનય એટલે જ વખણાય છે.

રામને યુવરાજપદ માટે એના પિતા દશરથ બોલાવે છે ત્યારે રામનો ઉત્તર કેવો છે કર્ર એના ઉત્તરમાં દશરથનો પ્રશ્ન કેવો છે પિતા પુત્ર મિત્ર સમાન છે કર્તવ્ય ભાવના મોક્ષ ધર્મ અર્થ કામ મોક્ષ પિતાનો ભાવ દીક્ષા લેવાનો છે. રામનો અભિષેક રામ કહે છે અમે ૪ ભાઇઓ છીએ ચારેના લગ્ન સાથે થયા મોટા ભેગા થયા ને મારો એકનો રાજ્યાભિષેક કેમ રામને રાજ્ય ગમતું થથી હવે મંથરા તો દાસી છે કૈકયીને ચડાવે છે કેવું ચડાવે છે કૈકઇની ઇચ્છા ન હતી પણ મન મક્કમ મન ઢીલુ મન માંકડું મદારી વાંદરાને નચાવે તેમ મંથરાએ કૈકઇના મનને નચાવ્યું દશરથ રામને શિખામણ આપે છે કેવી શિખામણ.

મંથરા કહે છે કે સ્ત્રી ચરિત્ર ભજવ પણ મંથરાને કેવાથી આખું કુટુમ્બ દુઃખી થઇ જાશે એનો વિચાર કર્યો બીજાના સુખમાં પત્થર મારવો એને કયાંય સુખ ચેન શાન્તી નથી મળતી. કૈકઇ ઇન્દ્ર યુદ્ધમાં મદદ કરી હતી ત્યારે કહે છે મેં રક્ષા કરી હતી તમારો જીવ મેં બચાવ્યો હતો, નહિંતર તમારૂ શું થાત બીજું મંથરાએ કેવું ચડાવ્યું છે દશરથ કૈકઇના પગમાં પડે છે કહે છે કુળનો નાશ થઇ જાશે. દશરથ મૂર્છામાં પડી ગયા તો ય કૈકઇને ક્રાંઇ થાતુ નથી. રામને કૌશલ્યા મળે છે ત્યારે કહે છે કે તુ

મારી આજ્ઞા વગર કયાંય નહીં જઇ શકે રામ માતા રડે છે ત્યારે શું સમજાવે છે મારા પિતા ધર્માત્મા છે. ૧૪ વર્ષ કૌશલ્યાનું રૂદન લક્ષ્મણ ગુસ્સે થઇને આવ્યો ત્યારે રામ કેવી રીતના સમજાવ્યું પિતાનું વચન છે.

રામ કહે છે તમારે પ્રાયશ્ચિત કરવું પડશે. રામ કહે છે પિતા ભગવાન સમાન છે. કૈકઇ માતાના જરા પણ અવગુણને નથી જોતા બીજાને દોષ ન દેવે કર્મને દોષ દેવો. રામ વનવાસ જવા માટે પહેલાં માતાને નમે પછી ગુરૂને. એકના આનંદ ખાતર કરોડોને દુઃખ થાય છે એવું કરનાર અત્યારે કૈકઇ છે. અત્યારે એનુ દિલ રાજી થાય છે. આર્ય સુમન્ત પણ કૈકઇને શબ્દ સંભળાવી છીએ. ગુરૂ ગુરૂમાતા દશરથ રામ રામ કરે છે, પણ છેવટે પ્રજાસાથે જાય છે નિશાત રાજ મળે છે રામનો મિત્ર. નિશાત કહે છે નિશાત રાજને પાછો મોકલાવેલ છે મંત્રી પિતાના મિત્ર છે સીતાને આર્ય સુમંત સમજાવી પાછો મોકલે છે. સીતાજી કહે છે સુખ દુ.ખ કર્મથી જ મળે છે. રામ કહે છે કર્મને કોઇ રોકી ના શકે સ્વયં વિતરાગીપણ ન રોકી શકે. કાંટા કાંકરા વહન કરવાનું નાનપણથી શીખી લીધું છે.

નિશાધરાજ પાછો આવ્યો ત્યારે આર્ય સુમન્ત બેઠા હતો ૨૦ દિવસ લગી નિશાધ સોગંધ આપે છે. રામના આર્ય સુમન્તને રોતા રોતા તમો અયોધ્યા પાછા જાવ નહિંતર રામ દુ.ખી વધરે થાશે. દશરથ નાના હતા જંગલમાં શિકાર કરવા જાય છે બાણથી શ્રવણનું મૃત્યુ થાય છે. શ્રવણના માતા પિતા શ્રાપ આપે છે અને દશરથ પણ રામ રામ કરતા વિયોગ પામે છે. ભરત, શત્રુઘ્ન આવે છે પહેલાં પિતાનું પૂછે છે ભરતને પિતાની વાત સાંભળી મૂર્છા આવે છે.

ભરત શત્રુઘ્ન રામને મળવા જાય છે ત્યાં નિશાત રાજાને ખબર પડે છે શંકા થાય છે ત્યાં બીજો વડીલ વૃદ્ધ કહે છે પહેલાં વિચાર જાણવો જરૂરી છે. કુજુ તો કુબડુ મળે છે ત્યાં તો ભરત દૂરથી ભેટી પડે ત્યાંજ ચાર ધારા અને પસ્તાવો ત્યાંજ લક્ષ્મણનો શંસય છેદાઇ ગયો રામ ભરતનું મિલન જંગલ થયું ત્યાર બાદ માતાઓ ડિકરાઓ રોયા ભરતને એક જ વાત છે રામ રાજ્ય સંભાળે પછી સભા ભરાય છે જ્યાં રામ કહે છે ગુરૂનું વચન મને મંજુર છે પણ ધર્મ નિતિજ્ઞાન વડીલોની આજ્ઞા રાખીને તે ભંગ ન થતો હોય વાત શરુ થાય છે અને વશિષ્ટ મુનિ કહે છે કે ભરતનું વાત્સલ્ય ભ્રાતૃભાવ એટલો છે કે જ્યાં લગી રામ રાજ્ય નહિ સંભાળે ત્યાં લગી આંસુ બંધ નહિ કરે અને છેવટે ત્યાં લગી કે ભરતે નક્કી કર્યું નિયમ કર્યો જ્યા લગી આનો સાચો અંત ન આવે ત્યાં લગી અંત ન આવે ત્યાં લગી મોટા ભાઇ રામના ચરણમાં રેવું ભરતના અન્નપાણી ત્યાગ અભિગ્રહ.

ત્યારે રામ કહે છે મને આવા સંકટમાં ન નાખો ત્યારે કૈકઇ કહે છે રામ વચન મેં માંગ્યું મેં લીધું હતું અને હું પાછું ખેચું છું ત્યારે રામ કહે છે માતા એ સમય વયો ગયો હઠ બોધ બેઠા તમે અને એ હઠ પિતાને હતો મને કે તમને નથી વળી ધર્મને વેચી ન નખાય મરજી પડે ત્યારે વચન લીધું મરજી પડે ત્યારે વ્રત લીધુ મરજી પડે યારે તોડી નાખ્યું આ બાળકોના ખેલ રમકડાના ખેલ નથી. રામ ધર્મ કર્મ વિનયનો ખજાનો છે ભરતનો ભ્રાતૃપ્રેમ ભરતનો મિલાપ મિલન અજોડ છે ભરત કૌશલ્યા માતાને કહે છે માતા તમો રામને કહો કે મારા પૂકાર સુણે કૌશલ્યા કહે છે કે હું એનો નિયમ ટેક કર્તવ્ય તોડાવી નાખું ત્યારે ભરત પ્રેમ ભાવના આવેશમાં આવી કહે છે તમોને રામની વાત ગમે છે.

ભરત કહે છે કે કેમ આજ્ઞા નથી દેતા ત્યારે કૌશલ્યા કહે છે મા સ્વાર્થી નથી હોતી પ્રેમ ભાવ સ્વાર્થમાં ન હોય પુત્ર. કૈકઇ જાય છે કૈકઇ કહે છે તું મને ક્ષમા નથી કરતો દંડ પણ નથી દેતો રામ એમ કહે છે દંડ કેમ કઇ શકું મને હઠ નથી દંડ દેવાનો હું તમને દોષિત નથી માનતો ભવોભવ દુખ ભોગવવું પડશે. ન તો મારો મોક્ષ થશે ન તો તમારો ન પિતાનો ને એક કલંક શ્રાપ રૂપે પ્રચલીત થઈ જશે તો બોલો માતા તમને આવું ગમે છે તમારો પુત્ર નર્કગામી થાય એ ઉચિત, કે મોક્ષગામી. ત્યારે માતા કહે કે કદી મારો ડિકરો અધોગતિ ન પામે હવે રામના સસરા જનક આવ્યા છે, ભરત એના સસરા (જનક) ને કહે છે શ્રી રામ ભાઇના રાજ્યાભિષેકનો સામાન સાથે લઇ આવ્યો છું. જનક કહે છે કે જેવું ઉચીત લાગે એવું દેવો મને પ્રેરણા કરે. જનકે કીધું ભરત-ની જીદ છે પરંતુ યાદ રાખજે પ્રેમ નિ સ્વાર્થ હોય છે રામ માટે શુ કઇ શકો છો તો ભરત કહે કે હું પ્રાણ દેવા તૈયાર છું જનક કહે છે પ્રાણ દેવા સેલા છે પણ સામા માણસનું શુ જરૂરીઆત છે ભાઇ ભરત કહે છે મેરા ભૈયા આજ્ઞા આપો મારે શું કર-વાનું છે રામ કહે છે તારા પ્રેમ વ્હાલમાં હું હારી ગયો છું ૧૪ વર્ષ લગી રાજ્ય તું સંભાળ મારા ભાઇ ભરત કહે છે કાંઇ માંગુ તો આપશો જરૂર માંગે તે આપીશ ભરત કહે છે તમારી ચરણ પાદુકા આપો ત્યારે રામ ચરણ પાદુકા આપે છે. વશિષ્ઠમુનિ કહે છે ધન્ય છે ભરત તારો ભ્રાતૃભાવ તારા પ્રેમનો ઝરણું જુગ જુગ અમર રહેશે અને ભરત રામ તો મોક્ષમાં ગયા છે.

આજે જોને ૧૧ લાખ ૮૭ હજાર વર્ષ ઉપર થઇ ગયા આજે તો ફકત આ એક પાત્ર ભજવેલ છે આ પાત્ર ભાવ ભજવેલ બધાને દ્રશ્ય જોઇ આંખમાં આંસુ શું ભક્તિ શું ભાવ શુ વિનય શું પ્રેમ જ્યારે ખુદ એ આત્માઓ હશે ત્યારે પ્રજા કેટલી સુખી હશે અને આ દ્રશ્ય બન્યું ત્યારે કેટલી દુઃખી થઇ હશે.

રામની ચરણ પાદુકા લઇ જાય છે માથા ઉપર રાખીને કેવાના ઉદ્દેશ રામ રાજ્ય જ ચારે ભાઇઓનો પ્રેમ એમાં ભરતનો પ્રેમ અથાગ રામ ભરત તે. મોક્ષગામી છે. શત્રુઘ્ન દેવલોકમાં જાય છે. ગુરૂને સસરાને આર્ય સુમન્તને ઋષીઓને પ્રજાને કહે છે આ રાજ્ય ઉપર હક રામનો જ રહેશે હું તો સેવક અને પ્રજાનું રક્ષણ કરવા માટે સેવક તરીકે રહીશ.

હવે પૂર્ણકુટિકામાં જાવા રજા માંગે છે. વિધિના લેખ શું લખેલા છે કૈકેયીના મંથરાકેવાથી કૈકયીએ બે વચન માંગ્યા એ નિમિત્તો દશરથનું મૃત્યુ અને રાજ્યમાં સુનસુનાટ સુનું બધું વેર વિખેર થઇ ગયું આનંદમાં અમંગળ થઇ ગયું કૈકઇ પર્ણ કૂટિકામાં આવે છે ભરત પાસે પ્રાયશ્ચિત કરે છે જ્યારે વેવાણ કૌશલ્યાના ગુણ ગાય છે કૌશલ્યા વેવાણના ગુણ ગાય છે સંતે કીધું કે રામ જીવનમાં પડેલાં જ્ઞાન પછી ધર્મક્રિયા માળા મળશે મુક્ત થવાને માટે રસ્તો ત્યાગ ઔર ભાવના વૈરાગ્યની જરૂર છે જીવનમાં લક્ષ્મણને ભરત પ્રત્યે ગુસ્સો આવ્યો હતો એનું રામ પાસે નિવેદન કરે છે કે મે ભરત માટે અવરું ચિંતવ્યું શું થશે મારું એટલે પ્રાયશ્ચિત જેવી વસ્તુ નથી જગતમ.

જે વખતે મૃગ દેખાણો તે વખતે સીતાને મૃગ ગમે છે સીતા પકડવા માટે કહે છે ત્યારે રામ કહે છે લક્ષ્મણ તારી ભાભીની ઇચ્છા પૂરી કરી દે ત્યારે લક્ષ્મણ કહે છે ભાઈ મને તો અશુભ દેખાય છે ત્યારે સીતા હઠ લીએ છે રામ જાવા તૈયાર થાય છે ત્યારે પણ લક્ષ્મણ ના પાડે છે છતાં રામ જાય છે હરણ પાછળ પાછળ દોડે છે ચૂકળી બાણ મારે છે ત્યાં મારીચ લક્ષ્મણ નામ લઇ રાડ પાડે છે ત્યાં સીતા લક્ષ્મણને કહે છે જાવ જલ્દી તમારો ભાઇ ભયમાં છે ત્યારે લક્ષ્મણ કહે છે ભાભી આ બધી માયા છે છતાં ભાભી ત્યારે લક્ષ્મણને ન કેવાના શબ્દો કહે છે. શબ્દોની ખાતર એક બાજુ રામની આજ્ઞા બીજી બાજુ ભાભીની આજ્ઞા ભાભી ત્યાં લગી કહે છે તમે નહિ જાઓ તો મારી લાશ જોશો લક્ષ્મણ આણ આપી લક્ષ્મણ રેખા બંધન અને નિયમ ઉલંઘન ન કરજો જ્યાં લગી અમો બંનેમાંથી એક ન આવીએ ત્યાં લગી આ રેખા ઉલ્લંઘન ન કરશો.

પાછળથી રાવણ બાવા જોગીનું રૂપ લઇ આવ્યો અને ભિક્ષા દેહી રોયા અને સીતા બહાર ન આવી રાડ પાડી કરવાજા લગી આવ્યો પણ ત્યાં તો લક્ષ્મણ રેખા આજ્ઞા એક ત્રિલ્લો છે એક ગરમ બાઇ સમાન આજ્ઞા રાવણ માટે હતી એનાથી આગળ જઇ ન શકે એને ખ્યાલ આવી ગયો જેથી રામના આસન ઉપર બેસી ગયો અને સીતાને તરછોડવા હલકી પાડવા લાગ્યો ત્યાં સીતા પતિ અને દિકરા સમાન ભાઇ દીઅરની બંનેની આજ્ઞા પતિનું દીઅરનું શું થશે એ ભૂલી તરછોડી બહાર આવી ત્યાં તો આમ બન્યું.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

ખેમા શાહ

-પૂ. આ. શ્રી વિ. કનકચન્દ્ર સૂ. મ.

ખેમાશાહનું જીવન પણ જગડુશાહના જીવન જેવું જ પ્રેરણાદાયક છે.

ખેમાશાહના સમયમાં ચાંપાનેર પર મહંમદ બેગડાની આણ પ્રવર્તી રહી હતી. એકવાર ત્યાં બહુ મોટો દુકાળ પડયો. મહંમદ બેગડાના મનમાં પોતાની પ્રજા માટે ઉંડી દર્દભરી ચિંતા જન્મી, અનાજ, પાણી અને ઘાસનો પૂરવઠો કઇ રીતે પાડવો, તેના વિચારમાં તેમનું મન વ્યગ્ર રહેવા માંડયું.

સાચો અને ભલો રાજા એ છે, જે પ્રજાના સુખમાં સુખી અને પ્રજાના દુઃખમાં દુઃખી થાય. આજે તો આપણને આવું ક્યાંય જોવા મળતું નથી. પ્રજાના દુઃખો પરત્વે, દર્દો પરત્વે શાસક અધિકારીઓના દિલમાં કોઇપણ પ્રકારની વ્યથાના વમળો રચાતા નથી. એ લોકો તો પોતાના આરામમાં મસ્ત છે.

બ્રિટન જેવા સમૃદ્ધ દેશોમાં પણ પ્રધાનોનો પગાર સામાન્ય જનતાની સરેરાશ આવક કરતાં માત્ર ૧૫ ગણો વધારે છે. પણ ગરીબ ભારત દેશમાં આ પ્રમાણ ઘણું મોટું છે. અ પણા પ્રધાનોને સામાન્ય જનતાની સરેરાશ આવક કરતાં ૫૩ ગણો વધુ પગાર મળે છે. આ વાત તમને દુઃખ ઉપજાવનારી નથી લાગતી ?

આપણા ગરીબ દેશના મંત્રીઓ, પ્રધાનો અને અન્ય અધિકારીઓનું જીવન ધોરણ આટલું બધું ઉંચું ન હોવું ઘટે. તેમનું જીવન ધોરણ સંયમી, સાત્વિક અને સાદું હોવું જોઇએ.

ભારતમાં આવી વ્યવસ્થા શક્ય બનતી નથી, એ ખૂબ શોચનીય છે. ભારતમાં જ્યારે સામાન્ય માણસોને બે ટંક પેટ પૂરતું ખાવાનું મળતું નથી, ત્યારે પ્રધાનો અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પોતાના મોજશોખ અને વપરાશ માટે કરોડો રૂપિયાની બિનજરૂરી અને ફાલતુ વસ્તુઓની આયાત કરે, એ પરિસ્થિતિ કેટલી બધી ટીકાપાત્ર અને કેટલી વ્યથાજનક છે !! અધિકારીઓએ આ વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી ઘટે કે, ગરીબ પ્રજાના પૈસાના તેઓ 'ટ્રસ્ટી' છે. આ પૈસાનો તે લોકો દુરૂપયોગ ના કરે. તેઓ પોતાનું જીવન સાદું બનાવશે, તો બીજા લોકો તેના પરથી ઘડો લઇને સાદું જીવન જીવવ ની પ્રેરણા મેળવશે.

મહંમદ બેગડાને પોતાની જનતાની ખૂબ ચિંતા હતી. તેઓ દુષ્કાળ નિવારણ માટે કોઇ ઉપાય શોધવાની ગડમથલમાં હતા. આ સમયે તેમના દરબારમાં એક ભાટ (ચારણ)ની પધરામણી થઇ. કોઇક વાત નીકળી અને ચારણે શાહોના ગુણગાન ગાવાની

શરૂઆત કરી. તેમણે કહ્યું : પહેલું સ્થાન શાહનું છે, ત્યારબાદનું સ્થાન બાદશાહનું આવે છે.

ગુજરાતી ભાષામાં બાદશાહના સમાનાર્થી શબ્દ તરીકે પાદશાહ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. પાદશાહ એટલે શાહનો ચોથો ભાગ. તેને આ પ્રમાણે પણ સમીકરણ તરીકે મૂકી શકાય : પાદશાહ = ૧ ૪ શાહ.

શાહ એટલે વણિક એ પૂર્ણ શાહ છે. જ્યારે પાદશાહ તો એક ચતુર્થાંશ શાહ છે.

મહંમદ બેગડાને આથી ખોટું લાગ્યું, પણ તેઓ જેવી તક ઇચ્છતા હતા, તેવી તક મળી ગઈ, તેમણે આ તક ઝડપી લેતા કહ્યું : આ શાહ લોકો કે ગુજરાતના દુકાળનું નિવારણ કરે, તો હું તેમને સાચા શાહ માનું.'

ચારણ માટે આ વાત એક આહ્વાન, એક 'ચેલેન્જ' જેવી હતી. ચારણ સ્વાભિમાની હતો. આ ઉપરાંત શાહોની ઉદારતા માટે તેમના મનમાં ભરપૂર વિશ્વાસ હતો આથી બાદશાહના પડકારને તેમણે ઝીલી લીધો.

ચારણે દરબારમાંથી બહાર આવી મહાજનો (શાહો) પાસે આવીને બાદશાહે કરેલા પડકાર અને પોતે કરેલા સ્વીકારની વાત અથથી ઇતિ સુધી કહી સંભળાવી, એ સમયના શાહો ઘણા સ્વાભિમાની હતા. પોતાની પ્રતિષ્ઠા સાચવવા માટે પોતાના પ્રાણની આહુતિ આપવામાં પાછી પાની ન કરે, તેવા એ લોકો હતા. કૃપણતાનું તેમનામાં નામ નિશાન ન હતું. તેમણે ચારણને આશ્વાસન આપતા કહ્યું : તમે જે કાંઈ કર્યું છે, તે બરોબર જ કર્યું છે બાદશાહને જઈને અમારો સંદેશ કહો કે, આ દુકાળમાંથી પાર ઉતારવા માટે જોઇતીગોઠવણ કરવાની જવાબદારી મહાજનો પોતાનાં ઉપર લે છે.

બાર મહિના ચાલે એટલું અનાજ અને ઘાસ લેગું કરી આપીને અમે ગુજરાત પર આવેલા દુષ્કાળ રૂપી વિપત્તિના વાદળને હડસેલી મૂકીશું અને શાહનું નામ સાર્થક કરીશું, મહાજનોએ એકત્રિત કરેલું સઘળું ધન વિપત્તિના પ્રસંગે ગરીબ માણસો અને પશુઓના કામમાં નહિં આવે, તો એ ધનનો અર્થ શો ભલા ?

સમુદ્ર પોતાનામાં આવેલું બધું જળ સંઘરી રાખે છે, એટલે તે ખારો બની જાય છે. જ્યારે આકાશમાં એકલી ઘુમતી વાદળી પોતાનું બધું પાણી ઠાલવી દે છે. તે મીઠું પાણી હોય છે.

વાદળી પહેલાં કાળી હોય છે, પોતાના જલનું દાન કર્યા બાદ તે સફેદ બની

જાય છે. આ જ રીતે પોતાની સંપત્તિનું દાન કરનાર લોકોનો નિર્મળ યશ–ઇતિહાસમાં ઝગમગી ઉઠે છે.

ચાંપાનેરના મહાજનોએ પોતાની દાનવીરતાનો પરિચય આપીને, આઠ માસ સુધી ચાલે એટલું અનાજ ભેગું કરી લીધું. બાકીના ચાર માસ માટેની જોગવાઇ કરવા માટે, તેમનું એક પ્રતિનિધિ મંડળ અમદાવાદ, પાટણ તરફ રવાના થયું. પ્રત્યેક સ્થળે શાહોને ખૂબ સારો સત્કાર થયો. ચાલતા ચાલતા તે મંડળ હુડાળા ગામે આવી પહોંચ્યું. એમાશાહ ત્યાં વસવાટ કરતા હતાં.

એમાશાહે સાધર્મિકોનું ભક્તિપૂર્ણ, શાનદાર સ્વાગત કર્યું. બધા સારી રીતે જમીને, નિરાંતે બેઠા એટલે એમાશાહે પ્રતિનિધિ મંડળની આ દોડધામ માટેનું પ્રયોજન જાણવા માગ્યું.

ત્યાંસુધી પણ પ્રતિનિધિ મંડળ વિમાસણમાં હતું –. એમાશાહને સાચું કારણ કહેવું કેમ ? તે લોકોને એમ કે, એમાશાહ બાપડા ! સાધારણ સ્થિતિના લાગે છે. તેમને કહીને શા માટે શરમાવવા ?

એમાશાહ જેમનું નામ ! તે એમ કાંઇ છોડે ? તેમણે ખૂબ આગ્રહ કર્યો, એટલે પ્રતિનિધિ મંડળે આખી વાત સમજાવી. આ પ્રસંગે એમાશાહના વૃદ્ધ પિતા દેદરાણી પણ આ સાંભળતા હતા. તરત જ તેમણે એમાશાહને કહ્યું : 'બેટા ! સંપત્તિનો સદુપયોગ કરવાની સોનેરી તક સાંપડી છે. ગુજરાતની જનતાની સેવા કરવાનો, શાહોની પ્રતિષ્ઠાની રક્ષા કરવાનો અને દાન ધર્મ આચરવાની આ તક હાથમાંથી જવા ન દેતે !

એમાશાહે કહ્યું: 'પિતાશ્રી આપની આજ્ઞા મારા આંખ માથા ઉપર છે.'

એમાશાહે પ્રતિનિધિ મંડળ પાસે દાતાઓની ટીપ જોવા માંગી. પ્રતિનિધિ મંડળના મોવડીએ એ ટીપ તેમના હાથમાં આપી કે, તરત તેમણે કહ્યું : બારે–બાર માસ સુધી ગુજરાતની જનતાને અનાજ પૂરું પાડવા માટે તથા પશુઓને પૂરતો ચારો મળી રહે, એ માટે જોઇએ તેટલું હું એકલો જ આપીશ. બધા આગળ શા માટે હાથ લંબાવવો ? આ કામ માટે તમારે હવે આગળ જવાની બિલકુલ જરૂર નથી. આપ નિશ્ચિંત બનો અને આરામ કરો !

આ શબ્દો સાંભળીને પ્રતિનિધિ તો નવાઇના સાગરમાં ગરકાવ થઇ ગયું. એમાશાહનો પોષાક, રહેવાની પદ્ધતિ એટલી બધી સાદી હતી કે, તેમની પાસે અઢળક સમૃદ્ધિ હોય, તે સ્વપ્નમાંય સંભવિત લાગે તેમ ન હતું. તેમના મોં પર આશ્ચર્યના

સ્પષ્ટ ભાવો હતા. એમાશાહ આખાય પ્રતિનિધિ મંડળને પોતાના ધન ભંડાર પાસે લઇ ગયા. તેમના ધન ભંડારમાં મબલખ પ્રમાણમાં સોનું અને અગણિત સુવર્ણ મહોરો હતી. પ્રતિનિધિ મંડળ તો આભું બનીને એને જોતું જ રહ્યું, જોતું જ રહ્યું !

બધા શાહોએ એમાશાહ અને તેમના પિતાશ્રીની દાનવીરવૃત્તિ માટે ખૂબ ખૂબ આભારની લાગણી પ્રદર્શિત કરતા કહ્યું: 'એમાશાહ તમને ધન્ય હો ! તમે તો ખરેખર શાહોની આબરૂ બચાવી લીધી. તમે તો શાહનું નામ ઉજ્જવળ કરી દીધું. યુગો સુધી ઇતિહાસ તમારી આ ઉદારતાને વંદન કરતો રહેશે.

એકલા એમાશાહની સંપત્તિ અને દાનના પુણ્ય પ્રતાપે ગુજરાત આખુંયે મહાભીષણ દુષ્કાળના ઓળામાંથી ઉગરી ગયું. મહંમદ બેગડાએ બધા શાહોનું જાહેરમાં સન્માન કરવા એક સમારંભ યોજ્યો અને કહ્યું : શહેનશાહોના શહેનશાહ પણ શાહો છે. બાદશાહ તેમની આગળ કશી વિશાતમાં નથી. તેમની નિઃસ્વાર્થ દાન વૃત્તિને હું મારા સાચા હૃદયની સલામી આપું છું. તેમની ભવ્યતાને મુબારકબાદી આપું છું.

આપણા દેશમાં અત્યારે અન્નની ભયંકર કટોકટી છે. સરકાર વેપારીઓમાં અવિશ્વાસની કરખાસ્ત મૂકીને. 'સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશનની સ્થાપના કરી છે. આ કોર્પોરેશન અનાજનો વેપાર કરે છે પણ આથી પ્રશ્ન હલ થવાને બદલે ગૂંચવાતો જાય છે. માનવી ચારિત્ર્યમાં, અધિ અધિકારીઓના ચારિત્ર્યમાં આમૂલ ચૂલ ક્રાંતિ લાવવાની જરૂર છે.

રાજ્ય અધિકારીઓ પોતાનું કર્તવ્ય વિસારે પાડી રહ્યા છે. વેપારીઓ પોતાની ફરજો બરાબર બજાવતા નથી, આથી આપણી ગરીબ પ્રજા અન્નના અભાવથી ભયંકર મહાભયંકર રીતે મીંસાઇ રહી છે.

આવા કપરા સમયમાં આપણને જરુર છે–એમાશાહો, જગડુશાહો અને ભામાશાહોની ! જેઓ આપણી પ્રજાના ઉત્કર્ષ માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી છે.

ભારતીય સંસ્કૃતિની ઉજ્જવળ ગૌરવ ગાથાની પરંપરા આપણે સૌએ આગળ વધારવાની છે. એ આગળ ચાલતી અટકી ન જાય, એ જોવાની જવાબદારી આપણા સૌની છે. આ સહિયારી જવાબદારી છે. આપણા પૂર્વજો જે રીતે અવસરે આવ્યે ખૂબ મોટા દાનો કરી શકતા, તેવું આપણી વર્તમાનની પ્રજા કરે, તો આપણા દેશમાં કોઇ પણ વસ્તુની ઉણપ ન વર્તાય. (સિદ્ધીના સોપાન)

卐 શ્રેષ્ઠ પથ્ય શું ? ધર્મ 卐

— શ્રી પ્રિયદર્શન

શિષ્ય પૂછે છે : 'ગુરૂદેવ શ્રેષ્ઠ પથ્ય શું છે ?

ગુરુ કહે છે : શ્રેષ્ઠ પથ્ય ધર્મ છે ?

વૈદ્ય સલાહ આપે છે કે શરીર નીરોગી રાખવું હોય તો કુપથ્યનું સેવન ના કરશો. પથ્યનું સેવન કરજો. જો તમારી વાયુપ્રકૃતિ છે તો વાલ–વટાણા વગેરે કુપથ્ય છે. જો તમારી પિત્તપ્રકૃતિ છે તો મરચું વગેરે તીખા પદાર્થો કુપથ્ય કહેવાય અને જો તમારી કફપ્રકૃતિ છે તો ઘી–તેલ વગેરે કુપથ્ય કહેવાય.

જેમ શરીર માટે પથ્ય–કુપથ્યનો વિચાર ઋષિ–મુનિઓએ કરેલો છે તેમ આત્મા માટે પણ પથ્ય–કુપથ્યનું ચિંતન કરેલું છે. હિંસા, અસત્ય, ચોરી, દુરાચાર, પરિગ્રહ વગેરે પાપો કુપથ્ય છે. એ કુપથ્યના સેવનથી આત્માની પવિત્રતા નાશ પામે છે. માટે પાપોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

જેવી રીતે કુપથ્ય બતાવ્યા છે તેવી રીતે પથ્ય પણ બતાવવામાં આવ્યાં છે. પથ્યના સેવનથી આરોગ્યની અને તંદુરસ્તીની પ્રાપ્તિ થાય છે. આત્માના આરોગ્ય માટે શ્રેષ્ઠ પથ્ય બતાવવામાં આવ્યુ છે ધર્મ ! ધર્મ શ્રેષ્ઠ પથ્ય છે. પાપો બધા જ કુપથ્ય છે માટે એનો ત્યાગ કરવો જોઇએ અને ધર્મ પથ્ય છે, માટે તેનું સેવન કરવું જોઇએ. અર્થાત મનુષ્યે પોતાના જીવનમાં ધર્મ જીવવો જોઇએ. મનુષ્યના મનમાં, વાણીમાં અને વ્યવહારમાં ધર્મનું સર્વોપરી સ્થાન હોવું જોઇએ.

જેને જ્ઞાની–અજ્ઞાની લોકો 'સુખ' કહે છે, તે બધી જ જાતનાં સુખો ધર્મથી જ પ્રાપ્ત થાય છે.

* તમારે ધન–સંપત્તિનું સુખ જોઇએ છે ? ધર્મ આપે છે.
* તમારે ઇન્દ્રિયોના પ્રિય વિષયોનું સુખ જોઇએ છે ? ધર્મ આપે છે.
* તમારે સ્વર્ગનાં સુખો જોઇએ છે ? ધર્મ આપે છે.
* તમારે મોક્ષનું પરમ સુખ જોઇએ છે ? ધર્મ આપે છે.

તમે ધર્મ' પર વિશ્વાસ રાખો, શ્રધ્ધા રાખો. ધર્મને તમે પરમ મિત્ર માનો. **'ધર્મેણ લભતે સર્વમ્ ।'** ધર્મથી બધું જ મળે છે. પાપોથી સુખ તો નહીં જ મળે.

ધર્મનાં જુદાં જુદાં સ્વરૂપો અને પ્રકારો ધર્મગ્રંથોમાં બતાવવામાં આવ્યાં છે. પરંતુ મારે તમને આજે ચાર પ્રકારનો ધર્મ બતાવવો છે. તે ચાર પ્રકારો છે. ૧. દાન, ૨. શીલ, ૩. તપ અને ૪. ભાવ.

દાન ચ શીલં ચ તપશ્ચ ભાવો, ધર્મશ્ચતુર્ધા જિનબાંધવેન ।
નિરૂપિતો યો જગતાં હિતાય, સ માનસે મે રમતામજસ્રમ્ ।।

— શાન્ત સુધારસ

'જગતના હિત માટે, કલ્યાણ માટે જિનેશ્વર ભગવંતોએ દાન-શીલ-તપ અને ભાવ, ચાર ધર્મ બતાવ્યા છે. એ ધર્મોનું મારા મનમાં નિરંતર સ્થાન રહો.'

પહેલો ધર્મ છે દાનધર્મ : દાનની પરિભાષા છે **'સ્વસ્થ ઉત્સર્ગો દાનમ્ !'** જે પોતાનું છે તેનો ત્યાગ કરવો એ દાનધર્મ છે. જે મનુષ્યોને ભૌતિક પદાર્થોની આસક્તિ ઓછી થાય અને જેમનામાં અનુકંપા, દયા, કરુણા આદિ ગુણો પ્રગટ થયા હોય તે પુણ્યશાળી મનુષ્યો દાનધર્મની આરાધના કરી શકે છે. આ ધર્મ જૈનો કરી શકે, જૈનેતરો પણ કરી શકે !

દાન ધર્મનો મહિમા જ્ઞાની પુરૂષોએ ખૂબ ખૂબ ગાયો છે !

દાન સુખ-સૌભાગ્યકારી છે. દાન પરમ આરોગ્યકારી છે. દાન પુણ્યનિધાન છે. અને દાન અનેક ગુણોનું સ્થાન છે.

દાનથી કીર્તિ વધે છે. દાનથી નિર્મળ શરીર કાંતિ વધે છે અને દાનથી વશ થયેલો શત્રુ પણ દાતાની સેવા કરે છે !

ધન્ના સાર્થવાહના ભવમાં સાધુપુરુષોને જે ઘીનું દાન દીધું હતું એ જ પુણ્ય પ્રભાવે એ ધન્ના સાર્થવાહ ત્રણ લોકના નાથ ભગવાન ઋષભદેવ બન્યા.

બીજો ધર્મ છે શીલધર્મ : શીલધર્મનો અદ્‌ભુત મહિમા ગાતાં ઋષિએ ગાયું છે- 'શીલ જ જીવોનું ઉત્તમ ધન છે. શીલ જ પરમ મંગલ છે, શીલ જ દુઃખ-દરિદ્રતા દૂર કરે છે અને શીલ જ સર્વ સુખોનું ધામ છે. !'

શીલ જ ધર્મનું નિધાન છે. શીલ જ પાપોનો નાશ કરે છે અને શીલ જ મનુષ્યનો શ્રેષ્ઠ શૃંગાર છે !

નરકનાં દ્વાર બંધ કરવા માટે શીલ જ મજબુત કમાડ છે અને તે દેવલોકના ઉજ્જવલ વિમાન પર આરુઢ થવા માટે શ્રેષ્ઠ સીડી છે. એક કવિએ ગાયું છે :

શીયલ સમું વ્રત કો નહીં, શ્રી જિનવર એમ ભાખે રે,
સુખ આપે જે શાશ્વતાં, દુર્ગતિ પડતાં રાખે રે...

ત્રીજો ધર્મ છે તપધર્મ : આ તપધર્મનો મહિમા અપરંપાર છે ! તપને કલ્પ-વૃક્ષ કહેવામાં આવ્યું છે ! આ કલ્પવૃક્ષનું મૂળ છે સંતોષ. એની વિસ્તૃત ઘટા છે શાન્તિ. એની શાખાઓ છે ઇન્દ્રિયનિરોધ, એનાં સુંદર પાન છે અભયદાન. એનાં પલ્લવ છે શીલસંપત્તિ. તેના પુષ્પો છે શ્રદ્ધારૂપ જળસિંચનથી પ્રફુલ્લિત વિસ્તીર્ણ ફળ, બળ, ઐશ્વર્ય અને સૌન્દર્યથી ભરપૂર સ્વર્ગ ! આવું કલ્પવૃક્ષ છેવટે મોક્ષસુખનું શ્રેષ્ઠ ફળ આપે છે. !

ચોથો ધર્મ છે ભાવધર્મ : ચારે પ્રકારના ધર્મોમાં ભાવધર્મ શ્રેષ્ઠ ધર્મ બતાવવામાં આવ્યો છે.

'ભાવચ્ચિય પરમત્થો ભાવો ધમ્મસ્સ સાહગો ભણિઓ !'

ભાવ જ સાચો પરમાર્થ છે અને ભાવ જ ખરેખ ધર્મ સાધનામાં સહાયક છે.

'મુક્ખ સુહબીયમૂઓ જીવાણ સુહાવહો ભાવો' ।

'ભાવ જ મોક્ષસુખનું બીજ છે અને ભાવધર્મ જ જીવોને માટે સુખદાયી છે.'

આ ભાવધર્મની આરાધનામાં મુખ્ય રૂપે ચાર ભાવનાઓ રહેલી છે.

૧. મૈત્રી, ૨. પ્રમોદ, ૩. કરૂણા અને ૪. મધ્યસ્થ.

કહેવ માં આવ્યું છે : **'મૈત્र्यादिभाव संयुक्तं तद्धर्म इति कीर्त्यते !'** મનુષ્યના હૃદયમાં આ ચાર ભાવ જોઇએ જ. આ ચાર ભાવ ન હોય, અને માણસ દેખીતી રીતે ગમે તેટલી ધર્મક્રિયાઓ કરે, છતાં તે ધર્મતત્ત્વને પામતો નથી.

મૈત્રીભાવના : 'હે આત્મન્ તું સર્વ જીવો પ્રત્યે મૈત્રી રાખ. આ વિશ્વમાં તારો કોઇ ય શત્રુ નથી. બધા જ તારા મિત્ર છે. સંસારમાં પરિભ્રમણ કરતાં તે બધાં જ જીવો સ થે બધા જ પ્રકારના સંબંધ બાંધ્યા છે. માતા–પિતા, ભાઇ–બહેન, પતિ–પત્ની આદિ તમામ સંબંધોથી તું બંધાયેા છે. હવે તે બધા સાથે તું શા માટે શત્રુતા કરે છે ? એ શત્રુતા પણ શું કાયમ ટકવાની છે ? નહીં જ ટકે. બધા જ સંબંધો પરિવર્તનશીલ છે. તો પછી શા માટે તું તારા હૈયામાં શત્રુતાને સંઘરે છે ? સમગ્ર જીવસૃષ્ટિ તારું કુટુંબ છે' એમ માન.

કરુણાભાવના : તમારા ગુણોનું ઉદ્ભવસ્થાન છે કોમળ હૃદય. હૃદયની કોમળતામાંથી જ ગુણોનો આવિર્ભાવ થાય છે. બધા જ ગુણોમાં કરુણા સર્વશ્રેષ્ઠ ગુણ છે. બીજા જીવોનાં દુઃખ જાણીને કે જોઇને એ દુઃખોને દૂર કરવાની પ્રબળ ઇચ્છા થવી તે કરુણા છે.

પ્રમોદભાવના : **'गुणीषु प्रमोदः ।'** ગુણીજનો પ્રત્યે પ્રમોદભાવ રાખવો જોઇએ. પ્રમોદ એટલે પ્રેમ ! ગુણીજનો પ્રત્યે પ્રેમ ! ગુણો પ્રત્યે પ્રેમ હોય એટલે ગુણીજનોને પ્રેમ કરી શકો. 'ગુણપ્રેમ' કોઇ સુલભ તત્વ નથી. દુર્લભ તત્ત્વ છે. દુનિયામાં જે જીવો છે તે બધા ગુણ–અવગુણથી ભરેલા છે. છતાં એક વાત નક્કી છે કે આ સંસારમાં એક પણ જીવાત્મા એવો નથી કે જે માત્ર દોષોથી જ ભરેલો હોય અને એનામાં એક પણ ગુણ ના જ હોય ! કરેક જીવાત્મામાં કોઇ ને કોઇ ગુણ હોય જ. તમારી પાસે એ ગુણ જોવાની દૃષ્ટિ જોઇએ. ગુણદૃષ્ટિવાળો માણસ જ બીજાના ગુણોનું કર્શન કરી શકે છે, અને એ ગુણો સાથે પ્રેમ કરી શકે છે. દોષદૃષ્ટિવાળાને તો કોઇનામાંય ગુણ નહી દેખાય.

તેઓ કયારેય ગુણો સાથે પ્રેમ નહી કરી શકે. તેમના જીવનમાં પ્રમોદભાવના નહીં હોય.

મધ્યસ્થ ભાવના : ન રાગની પ્રબળતા હોય, ન દ્વેષની પ્રબળતા હોય. રાગ અને દ્વેષની પ્રબળતામાં મન અશાંત બને છે. પરંતુ બંને પ્રકારની અશાંતિમાં મોટું અંતર છે. રાગજન્ય અશાંતિનો તત્કાલ અનુભવ નથી થતો. દ્વેષજન્ય અશાન્તિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. રાગની પ્રબળતામાં માણસ સુખનો અનુભવ કરે છે. રાગના સુખના અનુભવની ભીતર અશાન્તિની આગ સળગતી હોય છે જે આનંદનું અંતિમ ચરણ અશાન્તિ હોય, ક્લેશ હોય અને કંકાસ હોય તેને આનંદ કેમ કહી શકાય ?

માટે મધ્યસ્થ બનવાનું છે. માધ્યસ્થ ભાવના, ઉપેક્ષા ભાવના માણસને મધ્યસ્થ-તટસ્થ બનાવે છે. આ ભાવધર્મ વિના ચિત્તમાં શાંતિનો સુધારસ કયારેય ઝરશે નહીં.

આ ચાર પ્રકારનો ધર્મ – દાન, શીલ, તપ અને ભાવ, આત્માના પરમ આરોગ્ય માટે શ્રેષ્ઠ પથ્ય છે. એ પથ્યનું પ્રતિબળ સેવન કરી શકાય છે. પરિણામે સુખ-શાંતિ અને આનંદ અનુભવી શકાય છે. (સંવાદ)

* શાસન સમાચાર *

સુરત : અત્રે ત્રિકમનગરમાં પૂ. આ. શ્રી વિજય જગવલ્લભસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અત્રે અંજન શલાકાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો ગણિવર્ય શ્રી યશોરત્નવિજયજી મ. ને પ. પદ અર્પણ કરવામાં આવ્યું હતુ.

પાલીતાણા : હિંમતવિહારમાં પૂ. આ. વરિષેણ સૂ. મ. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નવિમલજી મ. ની નિશ્રામાં ૫–૩–૯૯ થી નવાન્હીકા શંખેશ્વરનાકેાડા પાર્શ્વનાથજી આદિ જિનબિંબ પ્રતિષ્કાનો મહોત્સવ સારી રીતે ઉજવાયેા.

પૂ. આ. મ. શ્રી વરિષેણ સૂ. મ. નું ચાતુર્માસ વેરાવળ નકકી થયું છે.

ભીલડીયાજી તીર્થ : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂ. મ. ની નિશ્રામાં વાવના નિવાસી સેવંતીલાલ લક્ષ્મીચંદભાઇની સુપુત્રી સીમાકુમારી તથા સારીકાકુમારીની દીક્ષા તા. ૧૧ ના ઉજવાઇ હતી ગણિવર્ય શ્રી રવિરત્ન વિ. મ. શ્રી શિવરત્ન વિ. મ. ને પન્યાસપદવી અર્પણ થઇ હતી. ૧૧૦૦ ફા. નું સંઘપૂજન થયું હતું.

અમદાવાદ : અત્રે શાહપુરમાં શ્રી શાંતિચન્દ્ર સૂરિ જ્ઞાનમંદિર શાહપુર કરવાજા બહાર સર્વોદય નગરમા શ્રી આદિનાથ પ્રભુજીના પ્રવેશ નિમિત્તે પૂ. આ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૩ દિવસનો મહોત્સવ યોજાયેા હતા. ફાગણ વદ ૧૧ ના પ્રભુ પ્રવેશ ખાનપુરથી ઉત્સાહથી થયેા હતેા આ પ્રવેશ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂ. મ. પૂ. આ. શ્રી વિજયનરવાહન સૂ. મ. આદિ પધાર્યા હતા. બપોરે શાંતિ સ્નાત્ર ઠાઠથી ઉજવાયું હતું.

ફ પ્રેરણામૃત સંચય ફ

— શ્રી પ્રજ્ઞાંગ

આપણે ભગવાનના દર્શન-પૂજન કરીએ છતાં ભગવાનને ઓળખીએ ખરા ? ભગવાન મહાવીરના શાસનમાં જન્મેલાને પૂછવું છે કે– ભગવાન મહાવીર શું ? શાસન શું ? આપણા માટે શું શું કરવાનું કહ્યું અને શું શું ન કરવાનું કહ્યું ? તે વાતમાં તમે કાને હાથ દો તે ચાલે ? તમે કહો કે, સાધુ જાણે તો પછી ધર્મની બાબતમાં સાધુ કહે તેમ ચાલો કે તમારી મરજી મુજબ ચાલો ? તમને લાગે કે આપણે બહુ સારી જગ્યાએ આવી અને ખરાબ જગ્યાએ જવાની પેરવી કરી રહ્યા છીએ ?

આપણે પરલોક નહિ માનીએ તેથી પરલોક ભાગી નહિ જાય. નરક પણ છે. ભૂલ કરશો તો જવું પડશે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા ભૂલ્યો તો તેમને પણ નરકે જવું પડ્યું, અણસમજુ, અજ્ઞાની, સંસારના રસિયા જીવો માટે નરક છે. તે તેની શક્તિ હોય તેથી અધિક પાપ કરે અને ઉપરથી ધર્મની મશ્કરી કરે, ધર્મની ઠેકડી કરે.

આપણે અહીં જન્મ્યા છીએ. અહીંથી અવશ્ય મરવાનું છે. ક્યારે મરવાનું તે નક્કી નથી. માણસ બેઠા બેઠા ય મરી જાય, હાલતાં-ચાલતાં ય મરી જાય. ઘણાં આયુષ્ય પૂરૂ થાય તો તમને વિશ્વાસ છે ને કે ચિંતા કરવા જેવું નથી. મેં મારા જીવનમાં ધર્મથી વિરૂદ્ધ કર્યું નથી. સંયોગ મળ્યા તો સારૂં જ કર્યું છે. તેથી મારું ભૂંડું થવાનો સંભવ જ નથી.

ભગવાનનો ધર્મ નહિ સમજેલ બધા જીવો દયાપાત્ર છે. પછી તે મોટો દેવ હોય કે દેવેન્દ્ર હોય તો ય દયાપાત્ર છે. દુઃખી દયાપાત્ર જરૂર છે. કેટલાં દુઃખી એવા છે જેની દયા પણ ન ખવાય. સગો બાપ દુઃખી હોય, કેન્સર હોય તો તમે શું કરો ? જગત કેટલું લાચાર છે ! જે વિજ્ઞાન યુગમાં ભયંકર રોગનો પણ ઉપાય નથી તે વિજ્ઞાનને હાડ તમે સારૂં માનો છો...! જગત તો દુઃખી રહેવાનું છે. જ્યારે રોગ અસાધ્ય બને, ડોકટરો પણ હાથ ખંખેરે ત્યારે શું કહે છે ? 'શાંતિ રાખો, તમારા ઇષ્ટને યાદ કરો !' તો પછી તમે પહેલેથી કેમ યાદ નથી કરતા ? બધી બાજી હાથ-માંથી જાય તે વખતે તેને ભગવાન શી રીતે યાદ આવે ?

દુઃખીને સુખી કરવાનો કોઇ ઉપાય નથી. તેનું પુણ્ય ન હોય તો જે કાંઇ

સારૂં કરવા જઇએ તો ય નુકશાન થાય. આપણે કોઇને દુ:ખ ન આપવું તે આપણા હાથની વાત છે. આજ તમે ઘરમાં એવી ઘેા ઘાલી છે કે વર્ણન થાય નહિ. ઉઘાડા અપ ઘરમાં થઇ રહ્યા છે, આજે કોઇ ઘર શુદ્ધ નહિ મલે. ઘરમાં કોઇ સારી વાત કરનાર પણ ન મલે. હવે તો પરદેશીઓ બૂમો પાડવા લાગ્યા કે, આજની બધી સામગ્રીએ માનવ જીવનનો નાશ કર્યો, માનવ જીવનને પાયમાલ કર્યું છતાં પણ હજી તમારો મોહ ઉતરતો નથી.

ધર્મી તરીકે કેવા બનવું પડે તે જાણો છો ? આખો સંસાર ભૂંડો લાગે પછી ભગવાનના દર્શનની લાયકાત આવે, સંસાર ભૂંડો એટલે સંસારનું સુખ ભૂંડું. સંસારનું સુખ જ મોહામણી ચીજ છે. તેના જેવી ભુંડી ચીજ એકે ય નથી તેના જેવું એક પાપ જગતમાં નથી આ સુખે અનેક પાપ કરાવ્યા છે. આ સુખ જગતમાં ન હોય તો એક પાપ ન હોય. તમારે વેપારમાં જુઠું બોલવાનું કારણ શું ? સુખની લાલસા જાગી તેમાંથી પૈસાની ભુખ જાગી અને આ બધા પાપ આવ્યા.

આજે ભણતર વધ્યું; જ્ઞાન વધ્યું. બધા કહે આ બુદ્ધિ યુગ છે. મને તો આ દુર્બુદ્ધિ યુગ લાગે છે. બુધ્ધિ લોકોને લુંટવા માટે મલી છે. આટલી બધી કોર્ટો; વકીલો, બેરીસ્ટરો, જમાદારો કોના માટે...! આ બધી કોર્ટો જનાવરો માટે છે કે માણસ માટે ? માણસમાં ય અમારે માટે કે તમારે માટે ? શ્રાવક હોય તેના માટે કે શ્રાવક ન હોય તેના માટે ? ધર્મ જ કજિયા કરાવે અને અમે બધા કજિયા કરનારા અને તમે શાંતિના સાગર...! ધર્મ માટે કજિયો કરનાર છે કોણ ? બધા મરી ગયા ! ધર્મની પડી છે જ કોને ? ધર્મથી કજિયા વધી ગયા એવો પ્રચાર કરી લોકોને પાગલ બનાવ્યા. ધર્મ કજિયો કરાવે કે અધર્મીઓને લઇને કજિયો કરવો પડે છે ? તમે ઘરમાં કજિયા વગર જીવો છો ? મામૂલી ચીજ માટે લડનારા ધર્મમાં કજિયો બોલે ?

માટે સમજો કે, આ સંસારમાં સારી ચીજ હોય તો દેવ–ગુરૂ અને ધર્મ જ છે. દેવ તે શ્રી અરિહંત પરમાત્મા જ. ગુરૂ પણ તે જ જેને ભગવાનની આજ્ઞા મુજબ ઘર–બારાદિ છોડવા અને આજ્ઞા મુજબ જ જીવે તે અને ધર્મ પણ ભગવાનને કહ્યો તે જ. બીજી બધી બનાવટ છે, અધૂરૂં છે. આ ત્રણ જ શરણભૂત છે. બાકી કોઇ શરણ નથી. ભગવાનનો ધર્મ સાથે હશે તો સદ્ગતિ આપણા બાપની છે. બાકી સંસારના સ્વાર્થ માટે મંદિરમાં જશો. અમારી પાસે આવશો તો ય કલ્યાણ નહિ થાય તમારામાં અમે મૂંઝાઇએ તો અમે ય માર્યા જઇએ. સંસારના રસીયા, લોભીયા જીવોથી અમે બહુ સાવધ રહીએ છીએ.

ભુખે મરીએ તે હા પણ સાધુ પાસે ધન કદિ ન માંગીએ, તે આપતા હોય તો ય લઇએ નહિ તે તો અમને સંસારમાંથી બહાર કાઢી, લક્ષ્મીની મૂર્છા ઘટાડી, ભોગની લાલચ ઘટાડી ત્યાગ બતાવી મોક્ષે પહોંચાડનાર છે. જો આવા તમે બની જાવ તો કાલથી અહીં પણ સુધારો થઇ જાય.

તમારૂ ભલું સુખ–સંપત્તિમાં, ખાઇ પી શકો તેમાં નથી. પણ તમે કાંઇ ખોટું ન કરો અને સારૂં કરો તેમાં તમારૂં ભલું છે. જે જીવ સારી રીતે જીવે તેને સરકાર ગમે તેટલા કાયદા કરે તો પણ એક કાયદો નડે શેનો ? તમને કાયદા જે નડે છે તે શાથી નડે છે ? તમે ખોટું શું કામ કરો છો ? જે એમ કહે કે કાળ–રોટી નથી મળતી માટે ખોટું કરૂં છું તેમ બોલે તો હજી ચૂપ રહેવું પડે. તેનો ય બચાવ કરવા જેવો નથી. પણ તમારા જેવા સારા માણસોએ ખોટું કરવાની જરુર ક્યાં ઉભી થઇ ? આ શરીર શું માંગે ? જ્ઞાની કહે–પેટ માંગે તેટલું આપવામાં આવે તો તેને કોઇ'દિ રોગ થાય નહિ. ખોટું કેમ કરવું પડે છે તેનો વિચાર કરવો છે. પછી તેને લાગે કે હું ભુલી રહ્યો છું, ઊંધે માર્ગે જઇ રહ્યો છું. આ વાત જેને ન સમજાય તો તે જ્ઞાનીની ય મશ્કરી કરે. આજે દુનિયામાં જે બકમાશ–તોફાની હતા, તેમને ચેતવવામાં આવતા હતા છતાં નહતા માનતા, તે બધા આજે ગભરાવવા લાગ્યા છે. ઘણાં મૂત્રવણમાં છે, ઓળખાણ પણ કામ લાગતી નથી.

તમે ડાહ્યા હો, ડહાપણથી જીવતા હો તો ચિંતા કરવા જેવું નથી. આપણે એવી રીતે જીવવું છે કે મરતાં વાંધો ન આવે, મરવાનો ડર ન રહે. નહિ મરવા માટે ઘરે ઘં ઠવાખાના ખોલ્યા છે. આજે ઠવાખાના–હોટેલો–સીનેમાઓ જરૂરી મનાયા છે. સુખના સાધેન તમારે મન તે. ગમે તેટલી હોસ્પિટલો ખોલો તો બધા જીવી જ જવાના...! મોટા મોટા મરી ગયા. કોઇ ડોક્ટર મરવાનું બચાવી શક્યો નથી પણ મરવાનો ઉપાય કરે છે. તમે જે રીતે જીવશો તો દુર્ગતિનાં જ જવું પડશે. હજી તમે નહિ સમજો તો આવો સારો જનમ સામગ્રીવાળો મહ્યો છે તે નકામો જશે. જીવન બરબાદ થશે, પાયમાલ થશો. જેમ તેમ કરી મરવું પડશે. મેં ભુલ કરી તેમ ચાહ પણ આવશે નહિ, માટે સમજો અને સારી રીતે જીવો તો ય હજી બાજી હાથમાં છે.

ભગવાનના નામે ધર્મ સ્થાન થાય. દુનિયાના સ્થાન ન થાય. કાગળ ઉડી ન જાય તેના માટે જે પેપરવેઇટ વપરાય તેમાં ય ભગવાન ઘાલવાના છે. તેની સામે ચા–પાણી, બીડી–સીગારેટ પીશો...શું બેશરમ લોકો લોગા થયા છે...! ભગવાનની

ઠેકડી કરવા માંડયા છે. હાથે કરીને દુર્ગતિમાં જવાનું પાપ બાંધે છે. ભગવાનનો પ્રચાર કર્યો છે કે અવહેલના કરી છે ? પેન પર ભગવાન...કોણ સમજાવે ?

ડાહ્યા માટે ધર્મ છે, ગાંડા માટે નહિ. દોઢ ડાહ્યા માટે ય નહિ આજે અભણ ગાંડા છે, ભણેલા દોઢ ડાહ્યા છે. વકીલ કાયદાની કલમ વગર બોલે ? જજ જજમેન્ટ પણ કાયદાની કલમ વગર આપે ? ધર્મની બાબતમાં આજના લબાડ લોકો મરજી આવે તેમ બોલે છે તે ચાલે ? આ (ધર્મની) જગ્યા નકામી છે ? ધણી વગરની છે ? આધાર વગર બોલે તેને ચલાવી દે તે સંઘ કહેવાય ? સંઘ ડાહ્યો હોય તો જેમ તેમ બોલનાર–લખનારને જ પૂછે કે ભગવાનના ધર્મની વાત કરવી છે તો ભગવાને ધર્મ જે રીતે કહ્યો તે મુજબ બોલ. તારી મરજી મુજબ બોલવાનું નથી. બોલનાર કાયદાની બહારથી બોલે તો બેસાડી દે તેને જૈન શાસનમાં કાયદો જ નથી ? ભગવાનને કોઇ કાયદો રાખ્યો નથી ? નાગાઓને નાચવાનું આ સ્થાન છે ?

ભગવાનના સંઘમાં જેને રહેવું હોય તેને ભગવાની આજ્ઞા મુજબ ચાલવું પડે, આજ્ઞા વગર-જેની નિશ્રામાં હો તેને પૂછ્યા વિના એક કામ ન થાય. આજે તો તમે ધર્મને એવો બનાવ્યો જાણે મરજી મુજબ રમવાનું સાધન ? અમે પણ જો ભગવાને કહ્યા મુજબ કહેતા ન હોઇએ તો અમારા જેવા બદમાશ દુનિયામાં બીજા એક નથી. તમારી બદમાશી કરતાં અમારી બદમાશી વધી જાય. અમારી કિંમત ભગવાનને લઇને છે. ભગવનની ખાતર ઘર–બાર પૈસા–ટકાદિ છોડયા અને ભગવાનનું બહેલ કરનારા અમે બીજું કહીએ તો અમારી બદમાશી વધી ગઇને ?

ભગવાનનો સંઘ ડાહ્યો હોય તો પચ્ચીશમો તીર્થંકર છે શાર્થ ? ચોવીશની આજ્ઞા માથે છે માટે. આજ્ઞા મુજબ જ બોલવાનો–વર્તવાનો–વિચારવાને નિર્ણય છે ટે, આવો જો નિર્ણય ન હોય તો તે સંઘમાંથી આપોઆપ બડાર છે.

(ક્રમશઃ)



પ્યારા ભૂલકાંઓ,

ઝંખના.. ઝંખના.. ઝંખના..!!!
ચાહણા.. ચાહણા.. ચાહણા..!!
દુઃખોની ઠંડવાશ દૂર કરવાની ચાહણા.
સુખે ને કંસાર મેળવવાની ઝંખના.
ક્યાં તું કોની પાસે ચાહે છે.
અરે ! તું કોની પાસે ઝંખે છે
આ સંસાર,
ઠંડવાસથી ભરેલા આ સંસાર પાસે તું ચાહે – ઝંખે છે.
ક્યારેય મળશે ખરા ?
તારો ચાહણા–ઝંખના ક્યારેય સફળ પૂરી થશે ખરી ?
સુકર્દનના ઠંડવાવાળ કૂલડામાં અમૃત રસની ઝંખના, અસંભવ—
મીઠાની ખારાશમાં સાકરની મીઠાશ અસંભવ—
ઘઉંના લોટમાં કંસારની મઝા અસંભવ—
આગમાં ઝંપલાવીને શીતલતાનો અનુભવ અસંભવ—
આ જેમ અસંભવ છે તેમ
સંસાર પાસે સુખના કંસારની ચાહણા સર્વાય નિરર્થક.
સંસાર પાસે દુઃખની ઠંડવાશ દૂર કરવાની ઝંખના સર્વાય નિરર્થક.
સંસાર પાસે સુખચેનનો જોઈતું તું જ શું ?
સંસાર પાસે દુઃખ જ હોય તેમાં પૂછવાનું શું ?

પણ આત્મન્ ! તું વિચાર કર. સુખ મેળવવા તું ક્યાં ક્યાં ભટકી આવ્યો ત્યારે ભૂતકાળ તે જો સંસારના સુખો મેળવવા માટે આજ દિન સુધી કેટકેટલી મુસાફરી કરી ?

ચૌદ રાજલોકની એક એક જગ્યાઓ ખુંદી વળ્યો. એના એક એક પ્રદેશને પીંખી નાંખ્યા. તપાસ જગ્યાઓ પણ માપી લીધી કેટલીવાર ?

એક નહિ, બે નહિ પણ અનંતી અનંતીવાર પણ સુખ ક્યાંય ન મળ્યું અરે, સુખનો લેશ પણ અનુભવાયો નહિ. ક્યારેક સુખનો અનુભવ થયો ન થયો ત્યાં તો

દુઃખ માથે આવીને ઝીંકાયું. ઉપર ઉપરથી સુખ જણાયું પણ જ્યાં અંદર ડોકીયું કર્યું ત્યાં દુઃખ જ દુઃખ.

સુખ માટે ફરી ફરી ફરીને થાકયો પણ સુખ ન મળ્યું, તે ન જ મળ્યું અને મળશે પણ નહિ.

સંસાર પાસે સુખનો કંસાર મેળવવાની આશા ક્યારેય સફળ બનશે નહિ જ.

એનો સ્વભાવ જ વિચિત્ર છે. સુખ માંગવાથી નહિ પણ... ત્યાગવાથી.

બસ ! એની ઉપેક્ષા કર ક્ષણભરમાં સુખ મળશે.

એની પાસે ગરીબડો નહિ... બળીયો બની તેના માથે પગ મૂકીશ તો સુખની શેર ફૂટી નીકળશે.

સાચુ સુખ મોક્ષમાં જ છે.

– રવિ – શિશુ
C/o. જૈન શાસન

* હિસાબી કોયડો *

અજય અને અમર બે મિત્રો હતા. બન્ને બગીચામાં ફરવા ચાલ્યા. અજયે ૧ કિલો ૪૦૦ ગ્રામ, અને અમરે ૧ કિલો નાસ્તો લીધો. બગીચામાં એમનો એક મિત્ર અરૂણ મળ્યો. ત્રણે મિત્રોએ સાથે બેસી બગીચામાં નાસ્તો કર્યો. છૂટા પડતી વખતે અરૂણે હિસાબ કરી એના ભાગના ૧૬ રૂપિયા આપ્યા. બાળમિત્રો ! આ ૧૬ રૂપિયા અજય અને અમરને એમના ભાગે આવતા વહેંચી દો. આ મુશ્કેલ લાગતો હિસાબી કોયડો મગજમાં ઊતરે તો સરળ છે. બુદ્ધિ કસો. બાળમિત્રો ! બુદ્ધિ આત્મ જ્ઞાન માટે મગજ કસો. (સાધના ૨૧, માર્ચ)

* જાણવા જેવું *

આજે એલ્યુમિનિયમ ધાતુની કોઇ કિંમત પૂછતું નથી, પરંતુ એક સમય એવો હતો કે એક કિલો એલ્યુમિનિયમનો ભાવ રૂા. ૧૩,૫૭૦ હતો અને ફક્ત ધનિક લોકો જ એલ્યુમિનિયમના વાસણોની ખરીદી કરતાં. આ સમયે ફ્રાન્સનો સમ્રાટ ત્રીજો નેપોલિયન શાહી ભોજનમાં એલ્યુમિનિયમના ચમચાનો ઉપયોગ કરતો. તેનો પુત્ર ખૂબ જ નસીબદાર હતો. કેમ કે તેની પાસે એલ્યુમિનિયમનો ઘુઘરો હતો. (સંદેશ)

* હાસ્ય લોજ *

એક મૂર્ખ : 'અરે આ ટાવર કેટલો બધો ઉંચો છે. તેને બાંધનાર કડિયો કેટલો ઉંચો હશે ?' બીજો મૂર્ખ : 'અરે પાગલ કડિયો ઉંચો ના હોય. આ તો એણે પહેલા આડો ટાવર બાંધ્યો હશે અને પછી તેને ઉભો કરી દીધો હશે.' (ફૂલવાડી)

❋ મૂરખ રામ ❋

— ચતુર સોલંકી

મૂરખપુર નામનું નગર.

ત્યાં રહે એક મૂરખરામ. બુદ્ધિ અને તેને બાર ગાઉનું છેટું.

એક દિવસની વાત તે પાસેના ગામે ગયો. રસ્તામાં તેને ભૂખ લાગી.

મૂરખરામે મૂરખાઈ કરી : રૂપિયાની સાત પૂરીઓ લીધી. લો મૂંડાયાને ભાઇ! પૂરીઓ લઈને મૂરખરામ વિચારમાં પડયા : પરગામ છે. કોઇ ઓળખીતો નથી. કોઇ ચોર-લૂંટારો આવે અને લૂંટી લેતો. અરે... મને લુંટે તો કંઇ વાંધો નહિ, પણ મારી આ રૂપિયાની સાત પૂરીઓને ઝુંટવી લેતો...!

પૂરીઓ હાથમાં જ રાખું. મૂરખરામ વિચારે ચડે છે.

અરે ના.. ના.. હાથમાંથી પૂરીઓ પડી ગઇ તો..! ધ્યાન ન રહ્યું તો..! બેસે બાંધુ તો કરાંક છેડેથી છૂટી પડે. ખિસ્સામાં રાખું તો ખિસ્સું ફાટી જાય અને પૂરીઓ પડી જાય...

ત્યારે હવે કરવું શું પ્રભુ ? મૂરખરામ આમ વિચારમાં ગોથા ખાય છે ત્યાં મૂરખરામનાં મગજમાં ઝબકાર થાય છે.

મૂરખરામ મનોમન બબડે છે : માળુ આપણે પણ અકકલના ઓથમીર જ છીએને...! આવી યુક્તિ પહેલાં કેમ ન સૂઝી ?.... મારે કેટલી કસરત કરવી પડી... હાશ .. કેવી સરસ યુક્તિ મે શોધી. કોઇ જોઇ શકે નહિ કે મેં પૂરીઓ કયાં મૂકી છે ? ચોર તો શું ચોરનો બાપ પણ ના શોધી શકે, આમ પોતાની જાતનાં વખાણ કરતાં મૂરખરામે બોડાં કાઢયા. તેમાં પૂરીઓ મૂકી દીધી અને બોડાંને હાથમાં પકડીને ચાલવા લાગ્યો.

ચાલતાં ચાલતાં તેનાં પગે છાલા પડયા. વાગ્યા પણ તેણે બોડા પહેર્યા નહિ. તે તો ચાલતો રહ્યો.

મૂરખરામને દૂર દૂર ગામ દેખાયું અને ભૂખ લાગી. તેણે એક ઝાડનાં છાયડે બેસીને બોડામાંથી પૂરીઓ કાઢી.

એક પૂરી ખાધી. બે ખાધી. ચાર ખાધી છ ખાધી પણ ભાઇની ભૂખ ન ભાંગી. અને છેલ્લે સાતમી પૂરી ખાધી એટલે ભાઇ ધરાઇ ગયા. સંતોષનો ઓડકાર લેવાનાં બદલે મૂરખરામ તો પોક મૂકીને રડવા લાગ્યા. કોઇ ભાઈ ત્યાંથી નીકળ્યા. તેમણે પૂછ્યું : 'શું' થયું છે ભાઇ ? શા માટે રડો છો ?'

મૂરખરામ કહે : 'હું મારી મૂર્ખાઈ પર રડું છું... મારી પાસે એક રૂપિયાની લીધેલી સાત પૂરીઓ હતી. મે છ પૂરીઓ ખાધી ત્યાં સુધી હું ભૂખ્યો રહ્યો... પણ સાતમી પૂરી ખાધી અને હું ધરાઇ ગયો... મેં મૂવાએ કેવી ભૂલ કરી નાખી... જો સાતમી પૂરી પહેલાં ખાધી હોત તો હું ધરાઇ પણ જાત અને મારી બાકીની છ પૂરીઓ બચી પણ જાત...!'

પેલા ભાઇ સમજ્યાં કે આ કોઇ અક્કલનો ઓથમીર જ છે. બુદ્ધિનો બારદાન છે. મૂરખાનો સરદાર છે. એટલે તેની વાત પૂરી થયા બાદ તે ભાઇ મૂરખરામની મૂરખાઇ પર હસી પડયા...

આવા હોય છે મૂરખરામો...! (ફૂલવાડી)

* જરા હસો *

છગન : મગન, તારો કાન દુઃખે છે કે શું ?

મગન : ના એવું નથી.

છગન : તો પછી કાનમાં રૂનું પૂથડું શા માટે નાખ્યું છે ?

મગન : એ તો મને સાહેબ કહેતાં હતાં કે તું એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાખે છે.

શાસન સમાચાર

વડોદરા : અત્રે પૂ. આ. શ્રી નરદેવ સાગરસૂરીશ્વરજી મ. ની નેશ્રામાં રહેતા પાર્શ્વ સોસા. શાંતિનગર કંપાઉંડ હરણી કિશનવાડા રોડ શ્રી રજનીકાંત અંબકલાલ તથા લીલાબેન રજનીકાંતના પારણા ૨૧૫ તપસ્વીઓના સામુહિક પારણા સાથે થયા. સુદ ૨ વરઘોડો અને સુદ ૩ ના ઉત્સાહથી પારણા થયા હતા.

હસ્તગિરિ મહાતીર્થ (ભાવનગર) : અત્રે તીર્થ પ્રતિષ્ઠાની છઠ્ઠી સાલગીરી તથા વરસીતપના પારણાનો મહોત્સવ પૂ. આ. શ્રી વિ. રવિપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અજિતસેન સૂ. મા.ની નિશ્રામાં ચૈત્ર વદ ૦)) થી વૈ. સુ. ૬ સુધી ઉજવાયો. સુદ ૩ ના પૂ. સા. શ્રી પરમાનંદાશ્રીજી મ. ના વરસીતપનું પારણું થયું સુદ ૫ દીક્ષા કલ્યાણક મંદિરની સાલગીર તથા પૂ. આ. શ્રી માનતુંગ સૂરીશ્વરજી મ. ના પગલાની દેરીએ ધજારોપણ અને સુદ ૬ જન્મ કલ્યાણક મંદિર તથા સિદ્ધિયતન (ટોચ) ના મંદિરની સાલગીરીની ધજા ચડાવી હતી.

સમજાવવાનું છે કે જે લીધેલા વ્રતનું ઉલ્લંઘન કરે એને મહા કષ્ટ દુઃખ પ્રાપ્ત થાય છે અહીં સમજવાનું છે.

સીતા માટે શોધ સબરીની ભક્તિ એક અણમોલ છે સબરીએ ચિંતામૂટ સુગ્રીવ-જાંબવન હનુમાનને મળવાનું – હનુમાન પહેલાં પરીક્ષા કરવા આવે છે હનુમાનની ભક્તિ રામનું અનુપમ વિનય ધૈર્યતા હનુમાન પાસે આકાશ ગામિની વિદ્યા હતી પોતાના ખંભા ઉપર બેસાડી લઈ જાય છે રામાયણ સાંભળનાર કે આ કાળમાં એના દ્રશ્યો પાત્રો જોઇને અવશ્ય અર્થ વિચારવાનો છે રામાયણના પાત્રો એમાં કોની ભક્તિ કોનું વિનય કોનો ગર્વ કોનો હઠવાદ ભરતનું ભ્રાતૃપ્રેમ કૌશલ્યાની કોમળતા સુમિત્રાની સાંતવન કૈકેઇનો ક્રોધ સીતાનું શીયળ – ઉર્મિલાનો ઉમંગ અને દશરથની કર્દભરી વિનંતી. લક્ષ્મણનું ધ્યેય રક્ષણ કરવાનો ભૈયાનો ભાવ સીતા માતા તરીકે માને છે લક્ષ્મણને પૂછવામાં આવે છે હાથમાં શું પહેર્યું હતું ગળામાં હાર કેવો હતો કંકણ કેવા હતા ત્યારે લક્ષ્મણ કહે છે મેં માતા તુલ્ય સીતાને વંદન કરતાં ભાભીના પગના ઝાંઝર સિવાય મને ખબર નથી ટુંકમાં રામાયણ કે મહાભારત કે મધર ઇન્ડીઆ જોવાનુ તાત્પર્ય તું ભરેલું છે. જેમ કુંભકર્ણના પ્રમાદમાં માંગણાનું ઇન્દ્રાસનને બદલે નિંદ્રા-સન બોલાઇ ગયું શબ્દ આગલો ! અક્ષર ફકત ફેર છે પણ ઘણીવાર આપણે બોલીએ એ તો ચાલે અગર તો બધું સરખું જ છે તો આ ઉપરથી સમજવાનું છે શું ફેર વળી આ તો ઉભું કરેલું કાલ્પીત છે. જૈન રામાયણમાં કેવલીઓના ઉપદેશ છે જૈન ધર્મશાસ્ત્રમાં માંગણાને નિયાણું કહે છે આખા રામાયણનો સાર ભાવાર્થ સમજવાનો છે.

* મોતીના દાણા કદરવીર *

મહાન નેપોલિયન એક વાર સડક પરથી પસાર થઇ રહ્યા હતા. બાજુમાં તેમની સાથે એક ઉમરાવ સ્ત્રી પણ ચાલતી હતી. તેવામાં સામેથી માલ-સામાનનો થેલો ખભે ઉપાડીને એક મજૂર આવી ચડયો. પેલી સ્ત્રીનાં ચહેરા પર અણગમાનાં ચિન્હ પથરાઈ ગયા. તેણે મજૂરને કહ્યું : 'રસ્તામાંથી એક બાજુ પર હઠી જા...!'

મહાન નેપૌલિયન દિલનો પણ મહાન હતો. તેણે આડો હાથ કરતાં કહ્યું : 'બાનુ..! એને બદલે આપણે જ એક બાજુએ હટી જઇએ તો ! એ શ્રમજીવી છે એને ખભે ભાર છે. આપણે માથે કંઇ ભાર છે ?' અને બંને જણે બાજુએ ખસી જઇને મજૂરને રસ્તો કરી આપ્યો :

નામનો મહિમા આવો છે. જે સમજુ માણસ છે તે શ્રમની કદર કરે છે. આમ નેપોલિયને શ્રમજીવીની કદર કરી હતી. ધન્ય છે કદરવીર નેપોલિયનને ! (ફૂલવાડી)

કર્મની કાંતિલ સન્મામાંથી કોઈને ય છૂટકારો મળતો નથી' મરીચિ કોઇ સામાન્ય માણસ નથી. ભરત ચક્રવર્તીના પુત્ર છે, ભગવાન શ્રી આદીશ્વરદાદાના પૌત્ર છે, શ્રી મરૂદેવા માતાના પ્રપૌત્ર છે શ્રી બાહુબલીના ભત્રીજા છે ૧૧ – ૧૧ અંગોના જ્ઞાતા છે છતાં કર્મસત્તાને આમાંથી કોઇ વાત સાથે લાગવગશાહી કે રૂશ્વતશાહી નથી. માત્ર થોડા જ શબ્દોએ કર્મસત્તાને ખળભળાવી મૂકી અને મરીચિના લલાટમાં એક કોડા કોડી સાગરોપમ સંસારનો લેખ લખી નાખ્યો.

નયસારના પ્રથમ ભવ પછી સૌધર્મ દેવલોકમાં ૧ પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરીને નયસારનો જીવ ત્રીજા ભવે શ્રી ભરત ચક્રવર્તી મહારાજાના પુત્ર તરીકે અવતર્યા.

એકવાર શ્રી ઋષભદેવ સ્વામીના સૌ પહેલા સમવરણમાં તે મરીચિ પિતા-ભાઇ વિગેરે સાથે ધર્મદેશના સાંભળવા જાય છે અને ત્યાં જ દેવો વડે કરાતો ભગવાનનો મહિમા જોઇને તેમજ ધર્મ સાંભળીને સમકિત પામેલા તેણે વ્રતને = દીક્ષા સ્વીકારી.

સારી રીતે જાણ્યો છે યતિધર્મ જેણે, પોતાના શરીરમાં પણ નિઃસ્પૃહ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિને ધરનાર, કષાય વિનાના, મહાવ્રત ધારી, સ્થવિરો પાસે અગિયારે ય અંગોને ભણતા એવા મરીચિ લાંબા કાળ સુધી શ્રી ઋષભસ્વામિની સાથે વિચર્યા.

એક દિવસની વાત છે.

ગ્રીષ્મ ઋતુનો સૂરજ ત્યારે ખેરના અંગારાની ભયંકર આગના કિરણોને ફેંકી રહ્યો હતો. દરેક રસ્તે માટી તો પગના નખને શેકી નાંખે એટલી સખ્ખત તપી ચૂકી હતી સર્પ, ગરોળી, દેડકા જેવા જીવો તો જરાક ચાલે તે પોતાના પ્રાણ છોડી દે તેટલી આગ ઝરતી કાળઝાળ તે ગરમી હતી.

મરીચિના શરીર ઉપર મેલના થર જામ્યા છે. આવી ભયંકર ગરમીના કારણે તેના આખા શરીરે પરસેવો થઇ ગયેલો છે આ પરસેવાથી ભીના થયેલા આખા શરીરના મેલથી તેના બન્ને શ્વેત વસ્ત્રો લેપાઇ ગયા છે. અને તરસ પણ એટલી જ સખ્ખત લાગી છે. અધૂરામાં પૂરૂ તેના ચારિત્રાવરણીય કર્મનો ઉદય ત્યારે જ થાય છે અને વિચારે છે કે –

'મેરૂ સમાન ભાર જેવા, દુઃખોથી વહન થઇ શકે તેવા શ્રમણપણાના આ ગુણોને (= આ પંચ મહાવ્રત રૂપ દીક્ષાને) સંસારની ઇચ્છાવાળો, નિર્ગુણી એવો હું હવે પછી વહન કરવા માટે સમર્થ નથી'

'તો શું હું ભગવાન પાસે સ્વીકારેલા વ્રતને તજી દઉં ? ના ના. તજી દઉ તો

લોકોમાં લજ્જા પમાશે, અથવા મારા વડે એવો ઉપાય મેળવાયો છે કે જેનાથી એઠ (= ક્લેશ ન થાય.'

ચારિત્ર લેવા માટે, લીધા પછી પાળવા માટે, પૂરેપૂરો પ્રયત્ન કરવા છતાં જો લઇ ન શકાય કે પાળી ન શકાય તો તેના માટે ચારિત્ર મોહનીયનો ઉદય કહી શકાય. પણ જે લેવા કે પાળવા પ્રયત્ન કરે નહિ અને કહે કે અમારા ચારિત્ર મોહનીય કર્મનો ઉદય છે' તો તેના જેવો ઢંભી જૂઠો કોઇ નથી.

સંયમ એ સિંહોનો માર્ગ છે. સસલાઓ અહીંથી ગુજરી શકતા નથી. જે દિવસે સિંહોના આ માર્ગે ગુજરવાનો સસલાને વિચાર પણ આવશે, વક્રતને (સમયકે) જબાન ખોલીને કહેવું પડશે – 'ઇતિહાસવીરો અને મહાવીરોનો દાસ છે.'

સંયમમાં પ્રત્યેક ક્ષણે સુરંગો ફાટેલી સડકો ઉપરથી ગુજરવાનું છે સિંહના સત્ત્વથી અહીં કર્મો સામે એકલે હાથે ઝઝુમવાનુ છે.

ક્ષાત્રવટના સત્ત્વને છાજે તે રીતે મરીચિએ પ્રવજ્યા સ્વીકારી હતી. સારી રીતે પાળી પણ હતી, પણ... શુદ્ધ ચારિત્ર પાળવામાં કર્મજોર કરી નાંખનારા નીચ ચારિત્ર મોહનીય કર્મનો ઉદય થયો. એક તરસનું નિમિત્ત લઇને આ કર્મે મરીચિને ચારિત્રના માર્ગેથી ભ્રષ્ટ કર્યો.

કહેવાય છે કે – 'શત લંઘનો વેઠે છતાં સિંહ ખડ ખાતા નથી.' સિંહ ભૂખ્યો મરે પણ ઘાસ ન જ ખાય. ક્ષત્રિય સપૂત મોતને ભેટે યા વિજયને વરે, પણ પીછેહઠ તો કરે જ નહિ. આમ છતાં આજ સિંહ જેવા સત્ત્વશાળી, ક્ષાત્રવટનો શાન શણગાર જેવા મરીચિ 'ચારિત્ર મોહનીય કર્મના ઉદયના કારણે અત્યંત મજબૂર – લાચાર બની ચૂકયા હતા. ચારિત્રના માર્ગેથી પીછેહઠ કરતાં કરતાં તો તેમનું અંતર અત્યંત વલોવાઇ ગયુ હતુ. વેદનાથી પીડિત હૈયે તે ચારિત્રના માર્ગેથી પાછા હઠે છે અને ત્રિદંડીના આચરણનો સ્વીકાર કરે છે.

મરીચિ જે રીતે પોતે જ કલ્પેલા પરિવ્રાજકનાં વેશનો સ્વીકાર કરે છે તે જોતા લાગે છે કે – મરીચિને ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ થવું ન હતુ. પણ કર્મે તેમને ભ્રષ્ટ કરવા જ પક્કી કરેલું હતુ.

વેદનાથી પીડાથી પીડાયેલા શબ્દો બોલતા મરીચિ કહે છે કે –

'અ શ્રમણ – ભગવંતો સદા ત્રિદંડથી (મન–વચન–કાયાથી આત્માને દંડવારૂપ ત્રિદંડથી) વિરામ પામેલા છે ત્રણેય દંડથી દંડાઇ ચૂકેલા મારે ત્રિદંડી (=) નું લાંછન હો'

'મસ્તકના વાળને હાથેથી ખેંચી નાંખીને લોચ કરનારા આ મહામુનિવરો છે. હું અસ્ત્રાથી મુંડન કરનારો અને મસ્તકે શિખા (ચોટલી) રાખનારો બનુ' આ મુનિવરો

મેરૂના ભાર જેવા પાંચ પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે. હું અણુવ્રતોને ધારનારો બનું.'

'પરિગ્રહ વિનાના આ મુનિવરો છે. મારે તો વીંટી વિગેરે હો. આ મુનિ ભગવંતો મોહ વિનાના છે મોહથી રગેરગમાં ઢંકાયેલા મારે છત્ર હો.'

'પગરખા વગરના આ મહર્ષિઓ સંચરે છે. પગની રક્ષા માટે મારે પગરખા પણ હો.'

'આ મુનિવરો શીખથી સુગંધિત છે. વળી શીખથી હું ગંધાઇ ઉઠેલો છું. સુગંધિના માટે મારે ચંદનના તિલકાદિ હો.'

આ શુકલ અને જીર્ણ વસ્ત્રોવાળા કષાય વગરના મહર્ષિઓ છે કષાયથી ભરેલા મારે કાષાય વર્ણના = રકત વર્ણના વસ્ત્રો હો.'

'ઘણાં જીવોનો નાશ નોંતરે તેવા જળના આરંભને આ મુનિવરો તજનારા છે. મારે પરિમિત પાણી વડે સ્નાન અને પાન હો.'

આમ પોતાની બુદ્ધિથી કલ્પીને લિંગનો નિર્વાહ કરવા માટે શ્રમણપણાના કષ્ટોથી ગભરાઇ ગયેલા મરીચિએ પરિવ્રાજકપણાને સ્વીકારી લીધું.

ત્રિદંડ, શિખા, વિંટી, છત્ર, પગરખા ચંદનના તિલક રકત વસ્ત્રો, સ્નાન અને પાન આમાંથી દરેક વસ્તુ મરીચિને હર પળે નજરે ચડે છે અને ગમગીન બની જાય છે એક એક ચીજ પોતાને પોતાની કારમી હલકટ વૃત્તિ તરફ સતત સજાગ રાખે છે. અંતરથી તો મરીચિ વલોવાઇ ગયેલા જ છે પણ બહારથી પણ એટલા જ વલોવાઇ ગયા છે ત્રિદંડીનો આવો વેશ અને તે વેશધારી એવા તેને જુએ કે તરત લોકો તેને પૂછે છે કે સાચો ધર્મ કયો છે ? અને હૃદયમાં ઝળહળતી સમ્યગ્દર્શનની શ્રધ્ધાની જ્યોતના પ્રકાશના સહારે આ મરીચિ સાચા સાધુ ધર્મ તરફ આંગળી ચિંધિને કહે છે કે – ભગવાન શ્રી વીતરાગ દેવે કહેલો સાધુ ધર્મ જ સાચો સાધુ ધર્મ છે લોકોની વાત અટકે જ અટકી નથી જતી – લોકો ફરી પૂછે છે કે તો પછી તમે પોતે કેમ તે ધર્મને આચરતા નથી ? વાસ્તવમાં મરીચિના મર્મસ્થાન ઉપર થયેલા આ કુઠારાઘાતો છે વેદનાથી વલોવાઇ ગયેલા ત્યારે મરીચિના વચનો નીકળે છે કે – મેરુના ભાર જેવા તે સાધુ ધર્મને વહન કરવા હું સમર્થ નથી.

સાચુ શ્રમણપણું પાળવાની પૂરેપૂરી તમન્ના હોવા છતાં જ્યારે નિંવા પ્રયત્ન કરવા છતાં પાળવાની પોતાની શકિત નથી એવું લાગે છે ત્યારે શાસ્ત્રકારોને પણ કહેવાની ફરજ પડે છે કે – મરીચિને તેના કર્મે પાડયો છે. પોતે પડવા માંગતો ન હતો આથી જ તેને ચારિત્રથી પતિત થયેલા ગણ્યા પણ માર્ગથી ભ્રષ્ટ થયેલા નથી. ગણ્યા હજી શ્રાવકપણામાં પણ છે અને સમ્યગ્દર્શનની જ્યોત અનસ્ત (અસ્ત ન થઇ તેમ) રીતે ઝળહળી રહી છે. [ક્રમશઃ]

* રે પરિગ્રહ ! તારા પાપે ! *

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ જ્ઞાનદૃષ્ટિથી સંસારી જીવનું જે સચોટ અને સુસ્પષ્ટ નિદાન કર્યું છે તેને પામવા માટે વર્તમાનના વૈજ્ઞાનિકો તો હજી વામણા જ છે, બુદ્ધિશાળીઓની બુદ્ધિ પણ બહેર પામેલી છે. ડોક્ટરો પણ ડીગ્રીમાં જ અટવાઇ પડયા છે. આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ એ ચાર પ્રકારની સંજ્ઞાઓને સંસારી જીવ આછા-વધતા પ્રમાણમાં આધીન હોય છે. ચારે સંજ્ઞા ભૂંડી છે, તેનાથી બચવા જેવું છે, તેને આધીન થવા જેવું નથી. પરંતુ જેને પરિગ્રહ સંજ્ઞા વળગી હોય છે તે આત્માઓને સઘળા ય પાપોનો બાપ લોભ એ તો અતિ વહાલો લાગે છે. તેના વિના એક પણ ક્ષણ ગમતું નથી તેનો વિયોગ સહી શકતા નથી.

પરિગ્રહ નામનો ગ્રહ જેને વળગ્યો તેની હાલત શું થાય છે તે અનુભવમાં છે નવે ગ્રહ કરતાં પણ આ દશમો ગ્રહ એવો ખરાબ છે કે, તેની નાગચૂડ પકડમાંથી મુકત થવું તે અઘરું કામ છે, ભલભલાના છક્કા તૂટી જાય તેવી વાત છે.

પરંતુ જે સમજુ અને વિવેકી હોય છે તે જ આત્મા આનાથી બચી શકે છે. શાસ્ત્રકારોએ પરિગ્રહ સંજ્ઞાથી મુકત થવા માટે દાન ધર્મ બતાવ્યો છે. પરન્તુ ખેદની વાત છે કે જે દાન ધર્મની આરાધના પરિગ્રહ સંજ્ઞાથી મુકત થવા કરવાની હતી તેને બદલે પરિગ્રહ સંજ્ઞાને પુષ્ટ કરવા કરાઇ રહી છે. 'કાંઇક તો મળશે' આ ભાવના પરિગ્રહ સંજ્ઞાને પુષ્ટ કરનારી છે. જેમના માથે આ વાત સમજાવવાની જવાબદારી છે તે ઉપદેશકો પણ આજે સમજ્યા વિના જાણે-અજાણે આ જ વાત સમજાવી રહ્યા છે અને પરિગ્રહ સંજ્ઞાની પકકડ મજબૂત કરી રહ્યા છે. જેને પરિગ્રહ ખરાબ લાગે તે તેનાથી બચવા પ્રયત્ન કરે, આજીવિકાનું સાધન હોય તો પછી તે પરિગ્રહનું પાપ વધારે નહિ, વાસ્તવમાં પાપથી નિવૃત્તિને ધર્મ છે તે વાત ભૂલાઇ ગઇ છે. પાપથી નિવૃત્તિને બદલે થોડી ઘણી દાનાદિ ક્રિયા કરી પાપની પ્રવૃત્તિમાં જ પ્રોત્સાહન અપાઇ રહ્યું છે તે દુઃખદ વાત છે.

જૈન શાસનનો પાયાનો સિદ્ધાન્ત છે કે 'પુણ્યયોગે જે કાંઇ સામગ્રી મલી તેનો સદુપયોગ કરવાનો છે પણ મારે સદુપયોગ કરવો માટે સામગ્રી મેળવવા પ્રયત્ન કરૂં તેમ શ્રી જૈન શાસન કહેતું નથી'-આ વાત ભૂલી જવાથી-ભૂલાઇ જવાથી ઘણું જ નુકશાન થઇ રહ્યું છે.

આપણી મૂળ વાત તો પરિગ્રહ સંજ્ઞા બધાને-પછી તે ગરિબ હોય કે તવંગર હોય-કેવી પીડિત કરે છે. તે ઉપર શાસ્ત્રપ્રસિધ્ધ વાતનો જ વિચાર કરવો છે, એક

શ્રીમંત પુત્રે રત્નોની પરીક્ષાનો અભ્યાસ કરવામાં બાર-બાર વર્ષો પસાર કર્યા અને રત્નપરીક્ષક તરીકે કુશલતા-આજની ભાષામાં માસ્ટરી-પ્રાપ્ત કરી. તેને થયું કે ચિંતામણિ રત્ન એ જ શ્રેષ્ઠ છે બીજા રત્નો તેની આગળ પત્થર જેવા છે. ચિંતામણિ રત્નને પ્રાપ્ત કરવા ઘણે ઠેકાણે ભમે છે. જેવું તેને ચિંતામણી રત્નનું અર્થીપણું જાગ્યું તેવું જ મોક્ષનું અને સદ્ધર્મનું અર્થીપણું જાગે તો મુક્તિ તો આ રહી! પણ વો દિન કહાં... આ રીતે ફરતો ફરતો તે એક જંગલમાંથી પસાર થઇ રહ્યો છે. ઘેટા-બકરા ચરાવનારા એક ભરવાડના હાથમાં ચિંતામણી રત્ન જોયું.

તેની પાસેથી લઇ બરાબર નિરીક્ષણનાં કરતા લાગ્યું કે આ ચિંતામણિ રત્ન જ છે તેથી પેલા ભરવાડને કહે કે, આ પથરો મને આપીશ તો મારા ઘરમાં છોકરાઓને રમવા કામ આવશે. એક માત્ર પરિગ્રહનો પ્રેમ આત્માને કેવો જૂઠો બનાવે છે. કેવી અધમ કક્ષાએ લઇ જાય છે. એક જૂઠાણું સો જુઠાણાને બોલાવે તે સૌના અનુભવમાં છે. પરિગ્રહ સંજ્ઞાને આધીન થયેલામાં સાચો દાન ગુણ કે સાચી ઉદારતા પણ આવવી તે આકાશપુષ્પની જેમ અસંભવિત વાત છે. તેથી જેને મને તે પથરની સાચી ઓળખ પણ નથી કે કશી કિંમત નથી તે રબારી પણ પરિગ્રહ સંજ્ઞાને વશ પડી તે શ્રેષ્ઠીપુત્રને કહે કે, 'આવા પથરા તો અહીં ઘણા બધા પડયા છે તે તું કેમ લેતો નથી?' તેના જવાબમાં તે વણિક પુત્ર કહે કે 'મારે ઘરે જવાની ઘણી જ ઉતાવળ છે મારે તેવો સમયનો અભાવ છે. જોતું આપીશ તો તું બીજો પણ લા શકીશ.' એક જૂઠાણું બીજા જૂઠને ખેંચી લાવે. પરિગ્રહને વશ પડેલો તે રબારી તેને તે ચિંતામણિ રત્ન આપતો નથી.

આપણે આટલો જ પ્રાસંગિક વિચાર કરવો છે કે પરિગ્રહને વશ પડેલાની હાલત કેવી દયામણી બને ને, કેવી કેવી દીનતાને ધારણ કરે છે, કોની કોની ગુલામી કરે છે. આત્મગુણ સમૃધ્ધિથી શહેનશાહનો પણ શહેનશાહ એવો આત્મા, આત્મ સ્વરૂપને ભૂલી, દુનિયાની સામગ્રીમાં જ કૃતિશ્રી માનનારો તે સામગ્રી માટે કેવું ગુલામીખત લખી આપે છે તે દરેકના અનુભવમાં છે.

પરિગ્રહ સંજ્ઞા ભૂંડી લાગે તો જ આત્માનું કલ્યાણ થાય બાકી બધા પાપોની જનેતા આ સંજ્ઞા છે. તેના કારણે જ જગતમાં કેવો ઉલ્કાપાત મચ્યો છે, કેવા અનર્થ ફેલાઇ રહ્યો છે તેનું વર્ણન થાય તેમ નથી. છેક ધર્માચાર્યના પક્ષ ઉપર પ્રતિષ્ઠિત પણ આમાંથી બાકાત નથી રહી શકયા તે દુઃખદ છે.

જેને આત્મ કલ્યાણ સાધવું હશે તે જ આ પાપથી બચી શકશે. સૌ વાચકો શાંતિથી આ વાત વિચારી, આત્મા સાથે અડાડી પરિગ્રહ સંજ્ઞાને તોડવા પ્રયત્નશીલ બનો તે જ શુભયાચના સહ વિરમું છું.

આત્મ પ્રબોધક પ્રસંગો

કોના વારસ બનવું છે ?

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

'પુણ્યના ફલ તરીકે શું પ્રાપ્ત થાય ?' આ પ્રશ્નના જવાબમાં સુરસુંદરી અને મયણાસુંદરીએ જે જવાબ આપ્યા તે આપણા બધાને ખબર છે. સુરસુંદરીએ પુણ્યના ફળ તરીકે જે વાત કહી કે, ધન, યૌવન, હોંશિયારી, નિરોગી શરીર અને મનગમતો મેળાપ–તે વાત ખોટી નથી પરન્તુ તેના પરથી માણસના મનમાં શું હોય છે તે સમજી શકાય છે. અર્થ–કામના જ રાગી બનેલા જીવોને આ વાત ગમે. સાચો સમજુ ધર્માત્મા ધર્મના ફળ તરીકે આવી નાશક અને મોક્ષ માર્ગમાં અંતરાયભૂત ચીજોને માંગે પણ નહિ અને તેમાં રાજી પણ થાય નહિ.

સાચો ધર્માત્મા તો તાત્ત્વિક દૃષ્ટિએ, શ્રીમતી મયણાસુંદરીએ પુણ્યના ફળ તરીકે વિનય, વિવેક, ચિત્તની પ્રસન્નતા, શીલસંપન્ન શરીર અને મોક્ષમાર્ગનો મેળાપ–તે ચીજોનાં જ રાજી થાય. તે ચીજોને જ ઇચ્છે.

વર્ષોથી વર્ષમાં બે વાર આ વાત સાંભળનારા વાંચનારા આપણા હૈયાનો ઢાળ કઇ તરફ છે તે વિચાર કર્યો છે ખરો ? આપણને મોક્ષમાર્ગમાં બાધક જ સામગ્રી ગમે છે કે, મોક્ષમાર્ગમાં સાધક–સહાયક સામગ્રી ગમે છે ? આ વિચાર આત્મા સાથે ન કરીએ તો આપણને શું લાભ થાય ? આપણે સુરસુંદરીના વારસ થવું છે કે મયણાસુંદરીના વારસ થવું છે ? જ્યાં સુધી ધનાદિ તરફનો ઢાળ હશે તો સમજી લેવું કે આપણા સંસારનો રસ હજી તેવો જ છે, તેમાં કાપ પડયો નથી, આ વિચાર જ્યાં સુધી આત્મસાત્ નહિ કરીએ તો આપણને જે આત્મિક લાભ થવો જોઇએ તેનાથી વંચિત રહીશું. ધર્મકથાઓ માત્ર વાંચવા કે સાંભળવા નથી પણ હૈયાને અડાડવા અને સુધારવા માટે છે. આવી કથા કેળવવા આ વિચારણા છે.

શ્રી મહાવીર શાસન — શ્રી જૈન શાસનના પ્રતિનિધિ

માધવજી તારાચંદ મહેતા

દીપક સ્ટોર્સ ૪૬ મેઇન રોડ, નાસિક–૪૨૨૦૦૨

❋ શાસન સમાચાર ❋

પૂજ્યોનું આગામી ચાતુર્માસ માટુંગાના આંગણે

તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્ય વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઠી તિલકયશસૂ. મહારાજ આદિ ઠાણાનું આગામી ચાતુર્માસ પોતાના સંઘના આંગણે કરાવવા માટે જે અનેક સંઘોની વિનંતિઓ આવેલ હતી તેમાં મદ્રાસ (ચૈન્નૈ) શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન સંઘ, મુંબઈ ભૂલેશ્વર મોતિશા લાલબાગ જૈન સંઘ પ્રમુખ હતા. કરેક સંઘોના ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂ. મહારાજ પાસે પોતપોતાની વિનંતિઓ કરી હતી. એમાં બૃહદ મુંબઇના તમામ પરાંઓના આરાધકો એક ૪ મધ્યવર્તી સ્થળે સામૂહિક ચાતુર્માસિક આરાધનાનો લાભ લઇ શકે એ ઉદ્દેશથી જૈન શાસનમ્ રીલીજીયસ ટ્રસ્ટ સંચાલિત શ્રી બૃહદ મુંબઈ જિનાજ્ઞા આરાધક મંડળના ઉપક્રમે માટુંગામાં રહેતા શ્રમણોપાસકોએ આગામી ચાતુર્માસ માટુંગાના જ આંગણે થાય તે માટે પુરૂષાર્થભરી વિનંતિ કરી હતી. એ માટે સુયોગ્ય મહાત્માઓ પ્રદાન કરવા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીજીને વિનવ્યા હતા. પૂજ્યપાદશ્રીજીએ એના પર વિચાર કરી બન્ને આચાર્યશ્રીના માટુંગા ચાતુર્માસ માટે આજ્ઞા પ્રદાન કરી હતી. જેને અનુસરી ફાગણ વદ ૫ રવિવાર તા. ૭-૩-૯૯ ના સવારે ૭ વાગે શ્રીપાળનગરમાં પ્રવચન બાદ મુંબઇ શહેરના વિવિધ પરાંના સંઘો અને આરાધકોએ એ અંગેની વિનંતિ કરી હતી જેનો સ્વીકાર કરાતાં જયનાદ તેમજ શંખનાદ અને ઢોલત્રાંસાના નાદપૂર્વક સૌના હૈયે આનંદ છવાયો હતો. આ પ્રસંગને અનુલક્ષીને એક મજાના સોનેરી ફ્રેન્ડર ઉપર 'માટુંગામાં ચાતુર્માસ શા માટે ?' અને 'ચાતુર્માસાર્થે પધારતાં પૂજ્યોનો પરિચય' કરાવતું લખાણ લખી સાથ ૫ ગ્રામની 'ત્રિપદી મંડિત' રજતમુદ્રા સૌને અર્પણ કરાઇ હતી.

આ પ્રસંગે સંઘને વિદ્વદ્વર્ય પૂ. મુનિશ્રી અક્ષયવિજયજી મ. સા. તથા પર્યાયવૃદ્ધ પૂ. મુ. શ્રી દિવ્યભૂષણવિજયજી મ. સા. નું સાનિધ્ય પણ સાંપડ્યું હતું.

દેવાંગ ગ્રુપે પણ આ અવસરને વધાવવા સૌને શ્રીફળ સમર્પ્યું હતું.

પૂજ્યોના માટુંગા ચાતુર્માસ નિર્ણયના સમાચારે સમગ્ર મુંબઇમાં એક નવી જ આધ્યાત્મિક ચેતનાનો શુભ સંચાર થવા પામ્યો છે.

卐

❋ પંકિત કી આવાજ ❋

— શ્રી ચંદ્રરાજ

વીતરાગના વચન સામે બગાવત

'કપિલા ઽત્થ પિ ઽહયં પિ'

'માર્ગે જૈનેઽપિ ધર્મોસ્તિ મમ માર્ગેઽપિ વિદ્યતે !'

'હે કપિલ ! જૈન માર્ગમાં પણ ધર્મ છે. અને મારા માર્ગમાં પણ ધર્મ છે.' આટલા જ શબ્દોની કિંમત મરીચિને બહુ ભારે ચૂકવવી પડી. એક કોડા કોડી સાગરોપમ સંસારની રખડપટ્ટી આટલા જ શબ્દોએ વધારી મૂકી.

'મદોન્મત્ત થયેલા ગાંડા હાથીના પગ નીચે કચડાઈને મરી જવું સારૂં પણ તેનાથી જીવ બચાવવા માટે તો જિન મંદિરના પગથિયાનો આશરો તો ન જ લેવો' આવું કટ્ટર પુરોહિત અવસ્થામાં હરિભદ્રાચાર્ય બોલે તો તેમને માટે તે શક્ય છે કેમ કે હજી જૈન ધર્મનો જ તેમને બોધ નથી


'સર્વજ્ઞ એવો હું વિદ્યમાન હોવા છતાં પણ અન્ય કોઇ સર્વજ્ઞ હોય તે વાતને હું સાંખી શકું તેમ નથી. એક મ્યાનમાં બે તલવાર ક્યારેય ન હોય' આવું સર્વજ્ઞનું હળહળતું અપમાન શાપદ ઇન્દ્રભૂતિ કરે તો તેના માટે તે શક્ય છે કેમ કે હજી તેમને બિચારાને જૈન ધર્મની ખબર જ નથી.

પણ...

જૈન ધર્મને જાણીને, જૈન ધર્મના સાધુપણાને પામીને, અઢળક લોકોને જૈનધર્મ પમાડીને, ભગવાન શ્રી ઋષભસ્વામી પાસે જ મોકલનાર, અરિહંતના એક પણ અક્ષરની ય શ્રદ્ધા કરનાર કર્કનાક દુર્ગતિભર્યા સંસારમાં ભટકી ભટકીને ટીચાઇ જાય તેવું જાણતા હોવા છતાં મરીચિ જેવા મરીચિ જિંદગીનો ઘણો મોટો ભાગ શુદ્ધ સાધનામાં વીતાવ્યા પછી છેલ્લા છેલ્લે માત્ર થોડા સમય માટે એમ બોલી જાય કે – **'કપિલા ! ઽત્થ પિ ઽહયં પિ !'** 'હે કપિલ ! જૈનના માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે' ત્યારે કહેવું પડે કે –

'વીતરાગના વચન સામેની આ એક બગાવત હતી.' ભાવિ તીર્થંકરનો જ આત્મા તીર્થંકરના માર્ગ સામે જેહાદ જગાવતો હોય તેવું થયું. આમ છતાં તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ નથી કેમ કે આ જૈન શાસન છે. વિચિત્રતાઓના સર્જન અહીં સ્વીકારાય છે આમ છતાં જૈન શાસનનો એક અટલ – અફર ઇન્સાફ છે કે – 'તીર્થંકરના તારક માર્ગની સામે, અરિહંતની આજ્ઞાની સામે માથું ઉચકનાર, જેહાદ જગવનાર ચાહે તીર્થંકરનો જ આત્મા હોય કે રસ્તે રખડતો ભિખારી હોય, પોતાના

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી શુભદર્શી



* આપણે જો ડાહ્યા થઇ જઇએ તો આપણું ભાવી સારું છે. કોઇ ડહાપણ આપે છતાં તે ન જોઇએ તો સમજવું કે ભાવી ભૂંડું છે. જ્ઞાનીઓને આમાં પાપ એમ કહેવાનો શોખ ન હતો, તેમને તેમના જ્ઞાનનું અજીર્ણ થયું ન હતું. તેમનો તો એક જ હેતુ હતો કે- જે કોઇ સમજે અને જલ્દી આરંભ-સમારંભથી છૂટી જાય અને એવું જીવન જીવે કે ઝટ મોક્ષે પહોંચી જાય.
* અમે તમને સારા કહીએ તે એટલા માટે કે તમે દેવ-ગુરુ-ધર્મને માનો છો, અવસરે અવસરે દાન-શીલ-તપ પણ કરો છો માટે પણ તમારી નામના છે, કીર્ત્તિ છે, તમે શ્રીમંત છો માટે તમે સારા છો એમ જો અમે માનીએ તો અમારો ય ઠા'ડો ઊઠી જાય.
* શાસ્ત્રને અનુસારી જે જ્ઞાન તેનું નામ ધ્યાન !
* સંસાર તો હિંસાથી ભરેલો છે. તેમાં કોઇ કાર્યની સાધના કરવી હોય તો હિંસાને આમંત્રણ આપવું પડે. હિંસાની પ્રવૃત્તિમાં પડેલો અસત્ય, ચોરી, બ્રહ્મચર્યથી વિરલ હોય તે જ બચી જાય.
* ષટ્કાય જીવને માન્યા પછી પણ સંસારમાં જ રહેવું પસંદ પડે તેનું નામ મિથ્યાદૃષ્ટિ !
* સારી રીતિએ જીવાદિ પદાર્થો જેનાથી સમજાય તેનું નામ આગમ !
* આગમ એ આચાર્યોની મૂડી છે. જગતની નહિ. અમારે તે જગતની મૂડી બનાવવી ય નથી, તે જો જગતની મૂડી થઇ તો તેનાથી જ જગતનો નાશ થવાનો.
* આજે જેને ભાષા જ્ઞાન થઇ ગયું અને પુસ્તકો હાથે વાંચ્યા તે બધા પાગલ થઇ ગયા. અને તે પાગલ પાછા પંડિત ગણાય છે. તેનું સાહિત્ય હોંશભેર વંચાય છે. તેના સાહિત્યમાં ધર્મને નામે અધર્મ જ ચીતરાય છે આજનું સાહિત્ય એટલે મહાપુરુષોના સાહિત્યને કલંકિત કરનાર સાહિત્ય તેને મન ભગવાન મહાવીર કે પૂર્વના આચાર્યોનું માન નહિ 'હેમચંદ્ર' કે 'હરિભદ્ર' લખે. જેને મહાપુરૂષો પ્રત્યે ભક્તિનો ભાવ નથી, સન્માનનો છાંટો નથી, પૂજ્યત હૈયામાં નથી તેવાનું સાહિત્ય વાંચીને ય શું લાભ થાય ?

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૩૫+૩૬

દયા વિના બધું નકામું છે

દદાતુ દાનં વિદધાતુ મૌનં
વેદાદિકં ચાપિ વિદાંકરોતુ ।
દેવાદિકં ધ્યાયતુ સન્તતવાન
ચેદ્દયા નિષ્ફલમેવ સર્વમ્ ॥

દાન આપો, મૌન ધારણ કરો, વેદાદિક અથવા તો બીજા ગમે તે શાસ્ત્રોને જાણો અને નિરંતર દેવાદિકનું ધ્યાન કરો. પરન્તુ જો એક દયા નથી તો તે બધું નિષ્ફળ છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

બુદ્ધિધનની પરબ

—સાંકળચંદ પટેલ

બાર વર્ષનો બુદ્ધિધન રસ્તામાં પરબ લઈને બેઠો હતો અને આવતાં-જતાં તરસ્યાંને પાણી પાતો હતો.

કુદરતે એને બોડ આપી હતી. પગોથી તે અપંગ હતો. તેના માબાપ સામાન્ય બેડુત હતાં. બેતરમાં ઝોરડી બનાવીને તેઓ ત્યાં જ રહેતા. ગામથી રેલવે સ્ટેશન પાંચ કિલોમીટર દૂર હતું. વચ્ચે બુદ્ધિધનનું બેતર આવતું હતું. આ બેતર આગળ થઈને જ ગામનો રસ્તો પસાર થતો હતો.

ઉનાળાના દિવસોમાં આટલો લાંબો રસ્તો બેડી સાથે પસાર કરવો મુશ્કેલ હતો. તેથી મુસાફરો બુદ્ધિધનની પરબ આગળ થોડો વિસામો કરી, પાણીથી પોતાની પ્યાસ બુઝાવી, પછી આગળ જતાં હતાં.

બુદ્ધિધન લાકડીના ટેકા વગર ચાલી શકતો ન હતો. ટેકાથી પણ તે નજીકમાં જ ફરી શકતો હતો, એટલે તેનાથી નોકરી-ધંધાની દોડાદોડી થઈ શકે તેમ ન હતી. એ બધું જોઈને તેનાં માબાપે કહ્યું: 'બુદ્ધિધન, આપણી પાસે થોડી બેતીવાડી છે એમાંથી આપણા ત્રણેનું ગુજરાન ચાલી શકે છે. તારે કોઇ નોકરી-ધંધો કરવાની જરૂર નથી. તું સેવાનું કામ કર!

બુદ્ધિધન માબાપની વાત સાંભળી રહ્યો હતો. માબાપે કહ્યું: 'આપણા ઘર આગળથી સ્ટેશનનો લાંબો રસ્તો પસાર થાય છે. ઉનાળામાં આવતાં-જતાં મુસાફરો પાણી વગર વલખાં મારે છે. તું આપણા ઘર આગળ જ પાણીની પરબ ચાલુ કર પાસ જ કૂવો છે. એમાંથી પાણી લાવીને તરસ્યાંની સેવા કર. કુદરતે તને લોકોની સેવા કરવા માટે જ અપંગ બનાવ્યો હશે તોયે કોને બબર?'

બુદ્ધિધનને માબાપની વાત સાચી લાગી.

બીજે જ દિવસે એક ઝુંપડી બનાવીને તેણે પરબ શરૂ કરી દીધી. આવતા-જતા લોકોની સાથે વાતો કરવામાં અને તરસ્યાંને પાણી પીવામાં બુદ્ધિધનનો સમય કયાં પસાર થઇ જતો હતો તેની પણ તેને બબર પડતી ન હતી. બુદ્ધિધન પોતે અપંગ છે એ વાત પણ ધીરે ધીરે તે ભૂલવા લાગ્યો હતો.

(અનુ. ટાઇટલ પેજ ૩ પર)

કલાકારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાયણ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી મુકડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર જીવરાજ (વઢવાણ)
ચંદ્રાનંદ પદમશી મુકડા (થાણા ગઢ)

વર્ષ : ૧૧]૨૦૫૫ વૈશાખ વદ ૧૦ મંગળવાર તા. ૧૧-૫-૯૯ [અંક : ૩૫-૩૬

વાર્ષિક ફા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

જિનવચન અન્યથા દાખવે, આજતો વાજતે ઢોલ રે

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

"કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે."

(સવાસો ગાથાનું સ્તવન, ઢાળ પહેલી ગા. ૮)

મહ મહોપાધ્યાય 'લઘુ હરિભદ્ર' બિરૂદધારી પૂજ્યપાદ શ્રી યશોવિજયજી મ.ની આ આર્ષ વાણી આજે અક્ષરશઃ સત્ય દેખાઇ રહી છે. સદ્‌ગુરૂની નિશ્રામાં રહીને તેમના ચરણોની ઉપાસના સેવા-ભક્તિ કરે તેને માર્ગનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત થાય એટલું જ નહિ પણ જે જ્ઞાન પ્રાપ્ત થાય તે પરિણત પણ બને. દર્શન મોહનીયના ક્ષયોપશમ વિનાનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સ્વ-પરને હાનિ કરનારો બને છે. 'અધૂરો ઘડો છલકાય ઘણા' એ ન્યાયે કાંઇક વાંચતા-ભણતાં-બોલતા આવડયું એટલે અમે જ્ઞાની થઇ ગયા અને કૂપમંડુકની જેમ કુદાકુદ કરે. શાસ્ત્રકાર ભગવંતોએ જીવની યોગ્યતા પ્રમાણે જ્ઞાનપ્રદાન કરવાનું કહેલ છે. પણ માત્ર ભાષાજ્ઞાનથી પંડિત થઇ ગયેલા કેવા 'છબરડા' વાળે છે તે શોધવા પડે તેમ નથી. તેથી જ જીવના પરિણત, અપરિણત અને અતિ-પરિણત જેવા ભેદો પડયા છે. નાના બાળકને કે માંદાને જેની હોજરી મંદ છે તેને સુપાચ્ય વસ્તુ આપવાથી ગુણકારી બને. દૂધપાક આપવાથી ગુણને બદલે દોષ જ પેદા થાય.

ભગવાનનો ધર્મ સૂક્ષ્મબુદ્ધિથી સમજવાનો છે અને તે પરિણત જીવો જ સમજી

શકે. અપરિણત જીવો તો અધર્મ પામે અને અતિપરિણત જીવો તો દુર્વિદગ્ધ દૂધમાંથી પોરા કાઢે તેમાંની જાતના હોય છે. આવા જીવો પાણીના શાંત વમળમાં કાંકરા નાંખી ડહોળવાનું કામ કરે છે. કાદવ ઉડાવવા વિના બીજું કાંઇ આવડતું નથી. પોતાની જાતને પાછા મહા બુધ્ધિનિધાન (!) વિદ્વાન (!) અને સિદ્ધહસ્ત લેખક (!) માને. જાતે જ પીઠ થાબડી પોતાનાં વખાણ કરે 'આ બંદાને જવાબ આપનાર હજી કોઇ પેદા થયો નથી.'

આત્માનું હિત ન હણાય તેની શાસ્ત્રકારોએ ઘણી ચિંતા કરી છે તેથી ગૃહસ્થોને એક ચરિત્ર ગ્રન્થ કે તેનું ભાષાંતર પણ જાતે વાંચવાનો નિષેધ કર્યો છે. ગીતાર્થ સદ્ગુરૂની પાસે જ વાંચવાનું વિધાન કર્યું છે. જેથી ફાવતી વાતોને ગ્રહણ કરી મનઘડિત કલ્પિત સિદ્ધાન્તોની પુષ્ટિ ન કરે પણ નવનીત સમાન સાર વસ્તુને ગ્રહણ કરી આત્મહિતકર માર્ગે આગળ વધે.

જે આત્માઓ જાતે જ ધર્મના પુસ્તકો વાંચે છે અને 'મારું તે જ સાચું' આવી માન્યતાના ધણી બને છે તેઓ સ્વ–પરના હિતનાશક સાથે કયારે ઉન્માર્ગ પોષક કે તેના સહાયક બની જાય છે તેની તેમને ખબર પડતી નથી. પછી તો એવા કદાગ્રહી બની જાય છે કે પોતાની માન્યતાની પુષ્ટિ માટે કુયુક્તિઓ શોધે છે. અને સત્યમાર્ગ અને પરમાર્થથી સેંકડો યોજન દૂર ચાલ્યા જાય છે.

હમણાં જ 'વિનિયોગ પરિવાર' તરફથી પ્રગટ થયેલ અને શ્રી અરવિંદ પારેખના નામથી લખાયેલ સાહિત્ય જોવામાં આવ્યું. (ઘણા બધા આચાર્યોને અભિપ્રાયાર્થે મોકલવાનું પણ જાણ્યું છે.) તેમાં 'શ્રી કલ્પસૂત્ર' તથા 'શ્રી શ્રાદ્ધવિધિ' જેવ ગ્રંથોના સાક્ષી પાઠ આપી ભોળા ભદ્રિક જીવોને સન્માર્ગથી દૂર કરી ઉન્માર્ગે જોડવાનો યોજનાબધ્ધ પ્રયત્ન કરાયો છે. આજે આવા મોટાં શાસ્ત્રોના નામે લોકોને ઠગવાની એક 'કળા' ચોમેર વ્યાપક બની છે !

પરમતારક શ્રી જિનેશ્વર દેવોએ જેમ મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગના ઉપાયોનું સાંગોપાંગ વર્ણન કર્યું છે તેમ આખા સંસારમાર્ગનું પણ વર્ણન તેમને જ કર્યું છે તો તેનો અર્થ એવો કરાય કે–'ભગવાને પણ સંસારમાર્ગ બતાવ્યો છે માટે સંસારમાં રહેવામાં વાંધો નથી ?' અને આવો અર્થ જે કરે તેને શાસ્ત્રકાર પરમર્ષિઓ માર્ગનો જ્ઞાતા કહે કે માર્ગનો અજાણ કહે ? શ્રી તીર્થંકર પરમાત્માઓ તો જે વસ્તુ જેવી હોય તેનું સ્વરૂપ યથાર્થ સમજાવે પણ સાથે સાથે વિવેક બુધ્ધિ પણ આપે. જેમ કે, નવતત્ત્વમાં કયા તત્ત્વો હેય છે, કયા તત્ત્વો ઉપાદેય છે અને કયા તત્ત્વો જ્ઞેય છે તેનું

બધું વર્ણન કરાયું છે. જ્ઞેય એટલે જાણવા યોગ્ય પદાર્થો તેમાં હેય એટલે ત્યાગ કરવા યોગ્ય વસ્તુઓ-પદાર્થો અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય વસ્તુઓનો સમાવેશ થઇ જાય પણ ગીતાર્થ એવા સદ્‌ગુરૂની પાસે સમજનારો આત્મા મારા માટે શું ત્યાગ કરવા યોગ્ય છે અને શું આદરવા યોગ્ય છે તેને સમજીને પછી હિતની પ્રાપ્તિ માટે ઉપાદેયમાં પ્રવૃત્તિ અને અહિતથી બચવા માટે હેયથી નિવૃત્તિ કરે છે, પણ આજના ઘણા ઉપદેશકો અને વકતાઓમાં રોગ ફેલાયો છે કે-**દૃષ્ટાંતોનો ઉપયોગ વિધાનોનો ઘાત-નાશ કરવા કરે છે પણ વિધાનોને પુષ્ટ કરવા કરતાં નથી.**

આ પ્રગટ થયેલ સાહિત્યમાં પણ આવી જ રીત અજમાવાઇ છે. અને કદાગ્રહથી મુકત થવાને બદલે પોતાની માન્યતાની પુષ્ટિ માટે એવા ખોટા ખોટા પ્રશ્નોનો મારો ચલાવ્યો છે કે જાણે જૈનશાસનના પરમાર્થને જાણનારા આચાર્ય ભગવંતો એટલે બુદ્ધુ ! બારાખડીના ચૌદમા અક્ષર જેવા ! અને પોતે જ એકલા 'ચિંતક' ! આવા શ્રધ્ધાહીન, કદાગ્રહી લોકોને જવાબ આપવાનો હોય પણ નહિ. પણ બીજા જીવો ખોટા માર્ગે ના જાય તેના માટેનો આ પ્રયત્ન છે.

પોતાને સન્માર્ગનું જ્ઞાન નથી અને બીજાને સુફીયાણી વણમાગી સલાહ દેવા નીકળ્યા છે. સં. ૨૦૫૫ માં ચૈત્ર વદિ બીજની વૃધ્ધિ છે અર્થાત ચૈત્ર વદિ-બીજ બે છે. ગામને સલાહ આપનારા અને શ્રી કલ્પસૂત્ર જેવા પવિત્ર આગમનો સંદર્ભ ટાંકનારા, (જેમાં નવમા વ્યાખ્યાનમાં તિથિ અંગેનું સ્પષ્ટ માર્ગદર્શન મલે છે.) ચૈત્ર વદિ-બીજની વૃધ્ધિ હોવા છતાં પ્રથમ કે દ્વિતીય નહિ લખતાં માત્ર ચૈત્ર વદિ-બીજ લખે છે-તે તેમનું માર્ગનું અજ્ઞાન અને કદાગ્રહ સૂચિત કરે છે.

વાસ્તવમાં આજથી બે વર્ષ પૂર્વે એક અનામી પત્રિકા 'માતમ૦'ના હેડીંગથી પ્રગટ થયેલ. તેમાંની જ વાતો આ સાહિત્યમાં પિષ્ટપેષ્ટન કરેલ છે. તે વખતે 'આ તે કેવી સંસ્કૃતિ' પુસ્તિકા ન્યાયવિચક્ષણ સિધ્ધાન્તનિષ્ઠ પૂ.પાદ આચાર્ય ભગવંત શ્રી ચન્દ્રગુપ્ત સૂ. મ. સા. પોતાના નામથી પ્રગટ કરી બધી વાતોના જડબાતોડ અને સ્પષ્ટ ખૂલાસા આપેલ પણ સાચું સમજવીએ તો ગાંડા ડાહ્યા બને, પણ દોઢ ડાહ્યા ડાહ્યા ન બને--એવું દેખાય છે.

આગમ એ કાચો પારો કહેલ છે. આગમ પણ બધાજ સાધુને ભણાવવાનો છે તેવું નથી. યોગ્યતા કેળવે તેમને જ આગમનું પ્રદાન કરવાનું છે. યાકિની મહત્તરા સૂનુ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા વિરચિત અને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે જેના પર વૃત્તિ-ટીકા રચી છે તે 'યોગવિંશિકા'

ગ્રન્થમાં પણ અયોગ્યને 'સૂત્ર પ્રદાન' કરવામાં મહાદોષ કહ્યો છે તેમ જણાવ્યું છે. છેદસૂત્રો તે મારવા માટે નથી પણ જીવાડવા માટે છે, પડતાને પાટુ મારવા માટે નથી પણ બચાવવા માટે છે. આગમમાં કહેલી અર્થગંભીર વાતોને પરિણત આત્મા જ સમજી શકે અને પચાવી શકે. અપરિણત અને અતિપરિણત આત્માઓ તો 'વિવેકની વરસી' કરે. અયોગ્યને–અપાત્રને–આપેલું જ્ઞાન, જ્ઞાનનો અને જ્ઞાનના આધાર–ભાજનરૂપ આત્માનો વિનાશ કરનારું બને છે. જેમ કાચા ઘડામાં પાણી ભરાય તો તે ઘડાનો અને પાણીનો વિનાશ કરે છે તેમ પોતાના સાવદ્ય કાર્યોની પુષ્ટિ માટે શાસ્ત્ર પાઠોનો દુરુપયોગ કરનારાને કોઇપણ સુવિહિત–ગીતાર્થ ગુરુઓ શાસ્ત્રપાઠ આપે નહિ. વાનરની જાત હોય, દારૂ પીધો હોય અને વિંછી ચટકા ભરે તો તેની જે હાલત થાય–તેવી અયોગ્ય આત્માની ન થાય માટે સાચી ભાવ દયાના સ્વામી ગીતાર્થો તેને બચાવવા પ્રયત્ન કરે–ન સમજાવે તેમાં પણ લાભ છે. પણ દોઢ ડાહ્યાઓને આ વાત પણ સમજાવાની નથી.

આજે આવા બધા લોકો એમ જ માનતા હોય છે કે પૂ. ગચ્છાધિપતિશ્રીજીએ અમને શુભાભિલાષા પણ આપી છે અને તેમના આશીર્વાદ પણ મળ્યા છે. પણ સૂરજ સામે ધૂળ ઉડારનારા એ વાત ભૂલી જાય છે કે ધૂળ પાછી કોના તરફ ફરે છે.

મહાપુરુષો કોઇનાય સન્માર્ગમૂલક સારાં કામમાં હૃદયની ઉદારતા અને વિશાલતાથી હંમેશ આશીર્વાદ કે શુભાભિલાષા આપતા હોય છે. પણ આ કલિકાલના જીવો પોતાની ખોટી માન્યતાની પુષ્ટિ માટે તેમના વચનોનો દુરુપયોગ કરી–કરાવી પોતાની જાત બતાવ્યા વિના રહેતા નથી. એટલું જ નહિ જાત માહીતી પણ છે કે આવી બધી ઉન્માર્ગ મૂલક–પોષક એવી પર્યાવરણપ્રેમીઓની પ્રવૃત્તિ તરફ તે સ્વર્ગસ્થ મહાપુરુષે પોતાની અરૂચિ પણ બતાવી છે અને અવસર આવે કહેવા જેવું બધું કહેલ પણ છે. પણ 'રીઢા ગુનેગાર' જેવા જીવો હોય ત્યાં પછી ઉપેક્ષાવૃત્તિ સેવવી પડે કે કદાચ લાયકાત પેદા થઇ જાય ! જેને પોતાનું ધાર્યું જ કરવું છે અને દેખાડો એવો કરવો છે કે જાણે અમે બધાને પૂછીને બધાના અભિપ્રાય મંગાવીને પછી પ્રવૃત્તિ કરીએ છીએ. આવા બેજવાબદાર અપ્રામાણિક લોકોની વાતમાં આવવા જેવું નથી. તેનાથી આપણી જાતને બચાવવવી છે.

શાસન હંમેશા બધાં સાવદ્ય કાર્યોથી આત્માને બચાવી, નિરવદ્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરાવનાર હોય જ્યારે કહેવાતી સંસ્કૃતિ સાવદ્ય કાર્યોની પોષક હોય : આવી પણ સાદી સમજ જેમને સમજાતી નથી તેવા આગળ વાત પણ કરવા જેવી નથી.

આ વાતનું સુસ્પષ્ટ નિરૂપણ પૂ.પાદ પરમતારક ગુરૂદેવે વર્ષો પૂર્વે કર્યું હતું જે પ્રવચન 'શ્રી જિનવાણી' પાક્ષિક વર્ષ-૨૩ અંક ૧૫+૧૬ માં **શ્રી આચારાંગ ધૂતાધ્યયન** (૧૭૨) હેડીંગ નીચે પ્રગટ થયેલ છે તે પણ વાચકોની જાણ માટે અત્રે રજૂ કરાય છે.

❖

શ્રી આચારાંગ–ધૂતાધ્યયન : (૧૭૨)

(વિ. સં. ૧૯૮૬ ના અષાડ વદ ૭ ને શુક્રવાર, તા. ૧૮-૭-૧૯૩૦ ના રોજ મુંબા–લાલબાગ મધ્યે ઉપરોકત વિષયને અવલંબીને સ્વ. પૂ.પાદશ્રીજીએ ફરમાવેલું ૧૭૨ મું અપ્રગટ પ્રવચન : આ પ્રવચનમાં પૂ.શ્રીજીએ-'આશ્રવની પ્રવૃત્તિ વધે એવાં વચન શ્રી જિનેશ્વરદેવ ન કહે, જ્ઞાની તો માર્ગ બતાવીને અસે, સાધુ તો દુન્યવી વ્યવસ્થા ન જ બતાવે, માટે એહેલા ઉપદેશકની ફરજ શી ?, સાચાને ઢાંકી મૂકવાપણું નથી, સત્યનો અર્થી નથી તે ધર્મ માટે નાલાયક છે, ગુરૂને વશ થયા વિના વિદ્યા ન આવે. રાજ્ય અને પરમાર્થ–એ વાત જ ખોટી, સાધુથી બેવચની ન થવાય, મુનિ તો આગમનું જ બોલે.' વગેરે વાતોની માર્મિક છણાવટ કરી છે. –સંપાદક૦)

ધર્મકથાને પાપકથા બનાવવી સહેલી :

અનંત ઉપકારી સૂત્રકાર મહર્ષિ શ્રી સુધર્માસ્વામીજી મહારાજા શ્રી આચારાંગ સૂત્રમાં જૈનશાસનમાં મહામુનિ થવાના ક્રમને કહેતાં ફરમાવે છે કે મનુષ્ય જન્મ, આર્યદેશ–જાતિ–કુળ યોગ્ય વય વગેરે બધું મળે તો પણ ધર્મકથાનું નિમિત્ત ન મળે તો એ ભવ નકામો. ધર્મકથા અને યોગ્ય ધર્મકથક ન મળે તો આ જીંદગી રદ છે. અયોગ્ય ધર્મકથક તો ધર્મકથાને પણ પાપ કથા બનાવે, એમાં વાર ન કરે. પાપકથાને ધર્મકથા બનાવવી મુશ્કેલ પણ ધર્મકથાને પાપકથા બનાવવી સહેલી. સમ્યગ્દષ્ટિ પાપ-કથાને પણ ધર્મકથા બનાવી શકે છે પણ એમાં એને જેટલી મુસીબત, એટલી મુસીબત પાપીને ધર્મકથાને પાપકથા બનાવતાં નથી.

પાપકથામાં ધર્મકથા ન હોય તો ચાલે :

ધર્મકથામાં બધી વાત આવે, બધી વાતની જરૂર છે; જ્યારે પાપકથામાં દેવ, ગુરૂ ધર્મ, પૂજા, સામાયિક, પ્રતિક્રમણની વાતો ન હોય તો ચાલે. ઘણી પાપકથા એવી છે કે જેમાં ધર્મનો એક અક્ષર પણ ન હોય. ધર્મકથામાં પૈસા ટકા, ગામ, રાજ વગેરે બધાની વાત આવે પણ પાપકથામાં એક પણ ધર્મની વાત કે ધર્મની કાર્યવાહીની વાત ન હોય તો ચાલે; અરે, ધર્મનું સ્મરણ પણ ન હોય તો ચાલે. ધર્મકથા એક પણ

એવી નથી કે જેમાં પાપની વાતો ન હોય અને પાપકથા એવી ઘણી છે કે જેમાં ધર્મનું નામ પણ ન હોય.

ધર્મકથામાં પાપકથા લાવવી જ પડે :

ધર્મકથામાં પાપકથા લાવવી જ પડે, કેમકે તેમાં જે પાત્ર લે તે કાંઇ પહેલેથી તો ધર્મી હોય જ નહિ. ધર્મકથામાં તો બધી સામગ્રી તૈયાર. એકલો ધર્મ તો મુનિપણામાં જ હોય; અને જન્મતાં જ કોઈ મુનિ હોય ? નહિ જ. પહેલાં તો પાપની સામગ્રીમાં જ ઠરેઠ હોય. વૈરાગ્ય તો પછી જ આવે ને ? પહેલાં તો એ ગૃહસ્થ જ હોય એટલે ધર્મકથામાં બધી વસ્તુનું નિરૂપણ હોય. ધર્મકથાને પાપકથા બનાવવી સહેલી છે; તે ન બનાવાય માટે ધર્મકથક શું બોલે, પ્રશ્નોના ઉત્તર શી રીતે આપે, એ બધું નક્કી કરવા ભગવાનના અઠ્ઠાણું પુત્રોની વાત આપણે લીધી છે. ધર્મકથાના નિમિત્તને પુષ્ટ કરવા જ આપણે એ વાત લીધી છે.

અઠ્ઠાણું પુત્રોનું દૃષ્ટાંત શું સમજાવે છે ?

સંસારના રસિયાને સંસાર રુચે, અર્થકામના પ્રેમીને અર્થકામની વાત ગમે, એટલે એની પાસે સહેજે એવી જ વાતચીતો હોય અને એવાઓ પૂછે પણ એવું જ એ બને, પણ ધર્મકથક ઉત્તર શો આપે, ઉપદેશ કયો આપે તે આ દૃષ્ટાંત આપણને બરાબર સમજાવે છે. આજે તો કહે છે કે 'અમે ગમે તે પૂછીએ, તમારે તો બસ ! 'હા' કે 'ના'માં જવાબ આપવાનો; અને જો એમ જવાબ આપવાની તૈયારી ન હોય તો કહી દો કે 'નથી આવડતું.' બાકી, કોઇ લાંબી પંચાત અમારે ન જોઇએ. એક પ્રશ્ન પૂછીએ એના જવાબમાં અર્ધો પોણો કલાક લો તે ન ચાલે, એટલી કુરસદ કોઇને ન હોય.' શાસ્ત્રકાર કહે છે કે પ્રશ્નકારને ગમતા હોય તેવા ઉત્તર આપવાને ધર્મોપદેશકો બંધાયા નથી. જેમ એ મરજી મુજબના પ્રશ્નો પૂછે તેમ ઉપદેશક પણ પોતાની મરજી મુજબના ઉત્તરો આપે. બેયની ઇચ્છામાં ભેદ છે. એ ભેદને જાળવી રાખવા જ્ઞાની અમને ફરમાવે છે. મહાપુરૂષો એવે પ્રસંગે કયો રસ્તો લેવો તે બતાવે છે. આ દૃષ્ટાંત એ જાણવા માટે લીધું છે.

ભગવાને પંચાત ન કરી :

અઠ્ઠાણું પુત્રો પ્રભુને પૂછવા આવ્યા પણ ભગવાને એમને જુદી દિશામાં ફેરવી જ નાખ્યા. એ આપણે જોઇ ગયા. સંસારની અસારતા તથા ધર્મની ઉત્તમતા બતાવીને ભગવાને અઠ્ઠાણુંને મૂંડી નાખ્યા. ભગવાને બીજી પંચાત ન કરી. પૂછવા આવતારા પણ પોતાના દીકરા હતા અને જેની સાથે તેમને ઝઘડો હતો તે પણ પોતાનો જ

દીકરો હતો. બધાના જન્મદાતા, ઊછેરનાર અને બધાને રાજ્ય વહેંચી આપનાર પોતે જ હતા એટલે એમને માટે પંચાત કરવી મુશ્કેલ ન હતી. એ ભરતને પણ બોલાવીને કહી શકતા હતા પણ એમણે એ પંચાત કરી જ નહિ.

ભગવાને અઠ્ઠાણુને ભરતને નમવાનું કેમ ન કહ્યું ?

મોટાભાઈને નમવાનું કહેવામાં તો વિનય છે ને ? ભગવાને એમ પણ કેમ ન કહ્યું ? તમે વારંવાર કહો છો ને કે 'વડીલની આજ્ઞા માનવી, ન માને તે ધર્મને માટે પણ લાયક નથી, એમ શાસ્ત્રમાં કહ્યું છે;' પણ ભગવાને આવનારને ભરતની આજ્ઞા માનવાનું કેમ ન કહ્યું ? ભરતને કાંઇ રાજ્યનો લોભ ન હતો, ભાઇઓના રાજ્ય પડાવી લેવાની એની ભાવના પણ ન હતી, માત્ર અઠ્ઠાણુંને આજ્ઞા મનાવવી હતી, તો ભગવાને અઠ્ઠાણુંને મોટા ભાઇને નમી જવાનું કેમ ન કહ્યું ? જ્ઞાનમાં ન માનવાનું જોયું હોત, તો પછી બોલાવીને કહેત તો તો માનત ને ? એમની આજ્ઞા પણ ન માને એવું તો કોઇ હતું જ નહિ ?

ભગવાન જે વાતમાં ન પડે એવી વાતમાં અમારાથી પડાય ?

આજે તો કહે છે કે 'પૂછીએ બધું પણ આજ્ઞા તો ફાવે તો માનીએ, બંધાયેલા નહિ.' ભગવાને આજ્ઞા માનવાનું કે ન માનવાનું કાંઇ પણ ન કહ્યું એનો હેતુ તો શોધવો પડશે ને ? ભગવાન જેવા સંસારની વાતમાં ન પડે તો એમની આજ્ઞામાં ચાલનારાં સાધુ કયી રીતે પડે ? ભગવાન તો વીતરાગ હતા, શક્તિસંપન્ન હતા, એ પણ જો સંસારની વાતમાં ન પડે, આવી નહિ જેવી બાબતમાં પણ વચ્ચે ન આવે તો અમે તો રાગી અછે બંધનમાં પડેલાથી, જો કલ્યાણનો ભય હોય તો એવી વાતોમાં પડાય ? નહિ જ. એવા બહાદુર પણ જ્યારે અલિપ્ત રહે તો અમે તો એમની અપેક્ષાએ સાવ બાયલા ! તો અમારાથી એવી વાતોમાં ન જ પડાય. આજે કહે છે કે **'દુનિયાના ભલા માટે સાધુ કેમ આગળ ન આવે ?' પણ એ ન જ આવે. ભગવાન જેવા ઠરે તો અમે બાયલા તો વધુ ઠરીએ ને ?**

અમે રાગી છતાં ઇચ્છા તો વીતરાગ થવાની ને !

સભા૦ 'એ તો-વીતરાગ હતા એટલે એમાં ન પડે પણ તમે તો રાગી ?'

અમે રાગી એ વાત કબૂલ પણ ઇચ્છા તો વીતરાગ થવાની ને ? જો રાગી જ રહેવું હોત તો અહીં (સાધુપણામાં) આવત શાના ? ઘરબાર મૂકીને અહીં આવ્યા તે વીતરાગ થવા કે રાગી જ રહેવા ?' એમણે મેળવેલી ચીજ મેળવવા તો આવ્યા છીએ. છીએ રાગી પણ રાગી રહેવું નથી, તો શું કરવું એ સલાહ આપો, કહો !

હવે તમે જ અમારા સલાહકાર બનો. જેના જેવા થવું તેની વાત માનવી પડે કે નહિ? અમે એ માનીએ છીએ, તમારે એ માટે અહીં આવવું હોય તો આવો, નહિ તો બેસી રહો.

આશ્રવની પ્રવૃત્તિ વધે એવાં વચન ન બોલાય :

સભા૦ : 'ભગવાન તો જ્ઞાનથી જાણતા હતા કે એ આવા બોધથી પામશે માટે એવો બોધ આપ્યો.'

એ નથી પામવાના એવું જ્ઞાનમાં જોયું હોત તો આજ્ઞા માનવાની કે યુદ્ધ કરવાની કે એવી કોઇ સલાહ આપત એમ! કુવામાં નક્કી પડનાર છે એમ જાણનાર પણ કુવામાં પડનારને પડવાનું કહે? નહિ જ. પ્રયત્ન તો રોકવાના જ થાય. એને પડવાનું કહેવાનો કોઇને અધિકાર નથી. જો એમ કહ્યાનું પુરવાર થાય તો પાડવાનો આરોપ એના ઉપર આવે. **જે વચનથી આશ્રવની પ્રવૃત્તિ વધે એવાં વચન શ્રી જિનેશ્વરદેવ ન જ કહે.**

ગુણો સેવતાં આવડે તો મુક્તિ આપે, નહિ તો નાશ કરે :

વડીલનો વિનય કરવાનું, વડીલની આજ્ઞા માનવાનું ઓઘ રીતે કહેવાય; પણ વ્યક્તિગત વાત આવે ત્યાં એકદમ કહી દેવામાં ભયંકર જોખમ છે. 'વડીલની આજ્ઞા માનવી'–કેવળ એટલી જ વાત પકડનાર મિથ્યાદૃષ્ટિ છે. વિધિ એ છે કે વડીલ વડીલ હોય તો એની આજ્ઞા જરૂર માનવી પણ વડીલ જો વડીલપણું મૂકી દે તો બાળકે પણ બાળકપણું મૂકી દેવું જોઇએ. **વિનય, વિવેક, નમ્રતા, મર્યાદા એ ગુણો જો સેવતાં આવડે તો મુક્તિ આપે અને ન આવડે તો એજ પોતાના આત્માનો નાશ કરે.** ગુણો અને ગુણાભાસનો વિવેક કરે તે સમ્યગ્દૃષ્ટિ અને ગુણાભાસને ગુણ માને તે મિથ્યાદૃષ્ટિ ઝીણો ધર્મ તે આનું નામ.

જ્ઞાની તો વસ્તુ બતાવીને બેસે :

આપણે જોઇ ગયા કે અઠાણું જણા પાસે ભરતના દૂતો આવ્યા હતા. તેમણે ભરતનો હુકમ સંભળાવ્યો કે 'કાં તો આજ્ઞા માનો, કાં તો રાજ્ય છોડો અને એ બેમાંથી એકેય ન કરવું હોય તો યુદ્ધમાં ઊતરો.' શું કરવું તે પૂછવા ભગવાન પાસે આવ્યા. હવે ભગવાન જો આજ્ઞા ન માનવાનું કહે તો યુદ્ધ થવામાં તો પાપ છે જ; અને આજ્ઞા માનવાનું કહે તો એમાં રાજ્યની રક્ષાનો હેતુ હોવાથી સંસારની પુષ્ટિ છે. ભગવાન 'હા' કે 'ના' કહે શી રીતે?

સભા૦ 'આ તો વ્યવહાર ઊડે.'

તો વ્યવહાર રાખવો છે કોને? **તમારે વ્યવહારમાં રહેવું હોય તો તમે**

જાણે। પણ સાધુ એમાં સહાનુભૂતિ ન બતાવે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ત્યાં નહિ. જ્ઞાની તેા વસ્તુ તાવીને બ્રસે.

સભા૦ 'ધર્મ' વ્યવહારની વાત કરેા છેા?'

હેાય ? ધર્મ વ્યવહાર તેા સ્વીકાર્ય છે. તમારા વ્યવહાર છે તે પાપરૂપ છે. એમાં શુભાશુભ હેાય; જેમ કે નિતિથી પૈસેા કમાએા તે શુભ વ્યવહાર અને અનીતિથી પૈસેા કમાએા તે અશુભ વ્યવહાર.

સભા૦ 'સંયમમાં સહાયક વ્યવહાર હેાય તેા?'

તે બધા કરવાની છૂટ. સંયમનું ધ્યેય રાખી સંયમમાં સહાયક વ્યવહાર સેવાય.

સાધુ દુન્યવી વ્યવસ્થા ન જ બતાવે :

સભા૦ **'લડે તે ઠીક નહિ, માટે શાંતિ જળવાય એવી વ્યવસ્થા ન થાય?'**

પણ ત્રીજી જ વ્યવસ્થા ખેાટી શી છે? એક કરવાનું (લડવાનું) કહેવામાં ક્રોધ કષાયનું પેાષણ છે, જ્યારે બીજું કરવાનું કહેવામાં માન કષાયનું પેાષણ છે, શ્રી જિનેશ્વરદેવ કયાનું પેાષણ કરે?

સભા૦ **'લડવું નહિ, એટલું કહ્યું હેાત તેા?'**

તેાયે રાજ્ય રહે એમાં સંમતિ તેા આવીને? નવું જ કહ્યું તે ખેાટું શું છે?

સભા૦ **ત્યારે તમે દુન્યવી વ્યવસ્થા ન જ બતાએા નહિ ઉચિત જ નહિ.**

સભા૦ **'ઉપદેશ આપતાં સામા ન સમજે તેા?'**

તેા કહી દે કે–'કષાય ભયંકર છે, માટે ચેતેા નહિ ચેતેા, તેા મરી જશેા. ક્રોધ પણ ભયંકર છે, અસંખ્યનેા સંહાર કરનાર છે અને માન પણ ભયંકર છે; રાજવૈભવાદિના ભેાગવટામાં પાપ છે, માટે ચેતેા!' આટલું કહે, સામેા ન સમજે તેા એનું ભાગ્ય! 'રસેાઇ નથી આવડતી,' એમ તમે મને કહેા તેા હું રસેાઇ કેમ થાય એ બતાવું?

ગૃહસ્થાપણાની વાત જુદી છે :

સભા૦ **'આદિનાથ ભગવાને રસેાઇ કરવાની રીત તથા બીજી અનેક કલાએા તથા શિલ્પ બતાવ્યા હતા ને?'**

એ ગૃહસ્થાપણામાં. અહીં અત્યારે સાધુપણાની વાત ચાલે છે. પાયડીવાળાની વાત કરીશું ત્યારે એ જોઇશું. પહેલા જિનેશ્વરદેવની એવી બધી વાતને કલ્પ કહીને શાસ્ત્રકારે ઊડાડી દીધી. એ વખતની સ્થિતિ જુદી હતી, સાવ અજ્ઞાન હતું, બધા મૂંઝારેલા હતા. અગ્નિને પણ રત્ન માની હાથમાં લેવા ગયા અને દાઝ્યા એટલે ભૂત માનવ લાગ્યા. આવું અજ્ઞાન વ્યાપી રહ્યું હેાય ત્યારે ગૃહસ્થપણામાં હેાય તેવા ડાહ્યાની

ફરજ એ બધું કરવાની રહે છે. એ જમાનો જ જુદો.

સભા૦ **'આ જમાનામાં કલ્પ માનીને એ બધું કરો તો?'**

તો થઇ જાઓ બધા યુગલીઆ, થઇ જાઓ અજ્ઞાન, ઝાડ પાસે જઇ ખાવાનું માગતા થઇ જાઓ, તમે બધા અણસમજુ છો એવું લખી આપો, બુદ્ધિવાદને ઘસી નાખો, પછી એવું કરાવવાની વાત કરજો. 'અમે બુદ્ધિમાન, અમે ડાહ્યા, અમે અમારું ફોડી લઇએ તેવાં.' એવું માનનારા અને ઉપરથી અહીં પણ સલાહ આપવા આવનારાને શ્રી જિનેશ્વરદેવ જેવા ઉપકારી ન મળે. પોતાની સ્થિતિ ટકાવવા આજે ધર્મના નાશની પેરવી ચાલે છે, તે નિભાવાય?

આ પાટે બેઠેલાની ફરજ શી?

મોટાભાઇની આજ્ઞા માનવાનું કહેવામાં ભગવાનને શી તકલીફ, એ કહો! ત્યાં આશ્રવ, સંવર એ બધું વિચારવાનું કે નહિ? વિવેકીને બધી તકલીફ. જેને આશ્રવ સંવરનું ભાન નથી એને કાંઇ તકલીફ નહિ, એ બધું બોલે; પણ જેને એ બધું સમજાય તે તો સાવધ રહે ને? ઉત્તર ન આપે. મૌન એજ એનો ઉત્તર.

સભા૦ **'કોઇ પૂછે કે અફીણ ખાઉં કે સોમલ તો ત્યાં શું કહેવું?**

ત્યાં શું કહેવું એ તમે જ બોલો ને? પ્રભુ તો સાવધ જ છે. નિકાચનાને પણ 'હા' કે 'ના' ન કહેતાં ત્રીજું જ કહ્યું. આજ્ઞા ન માનવાનું પણ કહેવાય તેમ ન હતું અને વિનય કરવાનું પણ કહેવાય તેમ ન હતું. એ જે ઇરાદે આવ્યા હતા તેમાં ભગવાન એમને સ્થિર કરે? અનંતજ્ઞાની સામાને રાગમાં બેસાડે કે રાગમાંથી ઊઠાડે? આ પાટે બેઠેલાની પણ ફરજ શી?

જે પોતાનું મૂકે એ સામાને શું આપે?

સભા૦ **'આ તો વિષયાંતર થાય છે ને?'**

પાપના વિષયને પુણ્યમાં પલટાવવો, એવો વિષયાંતર કરવાનું તો ડાહ્યાનું કામ છે. પોલીસીથી એવા વિષયને પલટી નાખવો એ તો વકતાની ખૂબી છે.

સભા૦ **'જગત જે માર્ગે વહેતું હોય તેમાં સાથે ભળીને એને ધર્મમાં ન જોડાય?'**

જે પોતાનું મૂકે એ સામાને શું આપે? પથરા આપે! જે ઘરની મિલકત ફેંકી દે એની પાસે આપવાનું શું રહ્યું? તમે હજારો કમાવા માટે તમારી મૂડી ફેંકી દેતા નથી, લાકડામાં, લોઢામાં કે બીજી વસ્તુઓમાં રોકો છો ને? મૂડી વધે તેમાં રોકો કે ઘટે તેમાં?

સભા૦ **'હજારો જો ધર્મમાં જોડાતા હોય તો જરા ન કહેવાનું કહેવામાં વાંધો શો ?'**

વાંધો એ કે 'આવું પણ કહી શકાય છે' એવું હજારોને થાય, પછી એનું પરિણામ શું ?'

અમે ઢીલા થયા પછી સામો સુધરે ?

મને લાગે છે કે તમે શાહુકારને પણ એવી સલાહ આપો ખરા કે–'લાંબુ ખેંચાય તેવું ન હોય તો વધુ કાળ જીવવા માટે બે પાંચ લાખ અલગ મૂકી દેવાળું કાઢવું.' માનો કે એક માન્યતામાં અમે ઢીલા થયા, જો કે થવાય જ નહિ પણ તમને સમજાવવા કહું છું કે માનો કે ઢીલા થયા, એટલે પછી સામા સુધરે ? કદી નહિ. પછી તો અમને એ બધે દોરવા આવે; એ આવીને અમને શું કહેવાના ?

સભા૦ **'એ કહી દે કે અત્યારે આટલું કરી લો, પછી આપવાનું હોય તો આપજો ને ? '**

હવે એક વાર મેં એનું લીધું; પછી એ મારું લેવાનો કે મને આપવાનો ? પછી તો એ કહેવાનો કે 'માથું હલાવ્યું તો હવે જીભ હલાવો ને ? કેમ ન હલાવો ? લેખણ પણ કેમ ન ચલાવો ?' એમ ગાડી આગળ ચાલે તે ક્યાં જઈને ભટકાય ?

સાચાને ઢાંકી મૂકવાપણું નથી :

ચોરનો સાથી શાહુકાર થયો કે મૂઓ. પહેલાં તો સામાન્ય વાત હોય પણ જેમ જેમ પરિચય વધે તેમ ચોર કહે કે–'સલાહ કેમ ન આપો ? માલ કેમ ન રાખો ? સહાય કેમ ન કરો ? માર્ગ બતાવવા કેમ ન આવો ?' શાહુકાર ચોર પાસે બેઠો તો ચોર ચોર નહિ મટે પણ શાહુકાર ચોર થવાનો. ચોર પાસે ચોરી ખોટી કબુલ કરાવાય તો હજી એના ભલા માટે સોબત કરાય, પણ પહેલા એની પાસે ચોરી ખોટી કબુલ કરાવવા જોઇએ. ચોરીને સારી કહેનારને પાસે બેસાડયો તો ઠી' કર્યો. પાપને સારું કહેનાર પાપીને સારો કહીને પાસે બેસાડવો એ તો સમુદ્રની એક છોળથી આખી ગંગાને ખારી કરવાની ક્રિયા છે. અયોગ્યતા કબૂલનાર અયોગ્યને પણ સહકાર આપીએ પણ એમ કબુલ્યા વિના પાસે બેસાડવાની બેવકુફી ન થાય.

સભા૦ **'આટલી મક્કમતા ?'**

લાખ ફેરી; ખોટું છોડાય પણ ઢાંકી સાચું છોડાય ? તમે કપડાં ઊતારવાની ખાત્રી આપો પછી જ ઓઘો આપીએ. સાચાને મૂકવાપણું નથી.

સત્યનો અર્થી નથી તે ધર્મ માટે નાલાયક છે :

આપણે અયોગ્ય માણસનો સહકાર નથી ઇચ્છતા એવું ન માનતા. નાલાયકને આઘો જ રાખવો એવો આપણો મુદ્દો નથી. એ કહી દે કે–'અમારી સ્થિતિ આ છે, અમારે કરવું પડે છે પણ હૈયામાં ખોટું માનીએ છીએ,' તો ભલે આવે. માટે તો ત્રણ ગુણસ્થાનક રાખ્યાં. સંપૂર્ણ ત્યાગ એ છઠ્ઠું ગુણસ્થાનક, ઓછો ત્યાગ એ પાંચમું ગુણસ્થાનક અને 'ત્યાગ કરવા યોગ્ય' એ માન્યતા એ ચોથું ગુણસ્થાનક. અરે ! સત્યના અર્થીને પણ રાખ્યો. પડેલા ગુણસ્થાનકને પણ પ્રભુએ અપનાવ્યું. સત્યનો અર્થી નથી એવો તો ધર્મ માટે નાલાયક છે.

સભા૦ 'એનું શું થાય ?'

એ રખડે. અનંતા નિગોદીયા નિગોદમાં પડ્યા છે તેમ એ પણ સંસારની ચારે ગતિઓમાં રખડે. જેને સુધરવું જ ન હોય ત્યાં શ્રી જિનેશ્વરદેવ પણ શું કરે ? ભગવાને એવા માટે પ્રયત્ન કરવાની ના પાડી.

જે આજ્ઞા ન માને તેને ન ભણાવાય :

ઠોઠ નિશાળીયાને ન ભણાવનાર શિક્ષક આળસુ ન કહેવાય. એના પ્રત્યે પણ શિક્ષક મહેનત કરે, પણ ક્યારે ? એ શિક્ષકની આજ્ઞા માને તો ! બેસ કહેતાં બેસે, ઊઠ કહેતાં ઊભો થાય, અંગુઠા પકડાવે તો પણ પકડે, તો એના માટે મહેનત કરે; પણ 'તમે મને કહેનાર કોણ ?' એમ કહીને સામો થાય તો ? મૂર્ખાને પણ ભણાવવાની શિક્ષકની ફરજ ખરી પણ એ આજ્ઞા માને તો ! હોંશિયારને જે વાત એક બે વાર સમજાવે તે આને વધારે વાર સમજાવે, કદાચ એ એકાદ વર્ષ નાપાસ થાય તો પણ શિક્ષક એને પ્રેમથી ભણાવે પણ ક્યારે ? 'માસ્તર આવ્યા, ટાઈમ થયો !' એવી કાળજી તો જોઇએ ને ? શિક્ષકની રજા વિના બહાર જવાય જ નહિ એમ તો એ માને કે નહિ ? આ તો માસ્તરને પોતના પગારદાર નોકર માને, પોતાને એનો શેઠ માને, એની પણ અવસરે હુરરે... બોલાવે; ત્યારે માસ્તર પણ વિચારે કે–'એ ભણે કે ન ભણે તેમાં મારે શું ?'

વર્તમાનના વિદ્યાર્થી–શિક્ષકનો સંબંધ :

આ જમાનામાં વિદ્યાર્થી–શિક્ષકનો જરાયે સંબંધ નથી. અવર લેવા પૂરતો સંબંધ. કોઇ શિક્ષક જરા હોંશિયાર અને કડક હોય તો ઠીક, નહિ તો શિક્ષક આવે અને બોલી જાય, વિદ્યાર્થીમાં જેને ગરજ હોય તે સાંભળે, બાકીના રમે કે ઊંઘે; આ સ્થિતિ છે, આમાં છે કાંઇ સંબંધ ? આજે તો વિદ્યા છે ક્યાં ? મૂર્ખતા જ છે; નહિ

તો વર્ગ વિદ્યાર્થી કહી ઊંચી છાતીયે ચાલે ? વિદ્યા હોય એને કશું ભાન ન હોય ? એનામા નમ્રતા, વિનય, લઘુતા ન આવે ? શિક્ષકો પણ મોટે ભાગે નોકરી ભરવા આવે છે. એ પણ જો વાંચતાં અચકાય તો પેલા નંગો તરત શિક્ષકની પણ ઠેકડી ઉડાડે; એટલે શિક્ષક પણ ઘેરથી ચાર વાર પુસ્તક વાચીને આવે; અને એ તૈયાર કરેલું પોપટીયું જ્ઞાન તડાકા બંધ બોલી જાય. કલાક સવા કલાક દિશાસૂચક લેકચર કરી રવાના થઇ જાય. વિદ્યાર્થી પણ એવા કે ફાવે તો ભણે નહિ તો હુરરે...કરતાં વાર નહિ. શિક્ષકને પણ થાય કે આવા વાંઠરાઓને કયી રીતે ભણાવવા ? એને પણ બરાબર ઇરકે ટાઇટ બનીને જ આવવું પડે.

ભણેલા કેવા હોય ?

પહેલાનાં શિક્ષકો તો વિદ્યાર્થી શું ભણ્યા એની કાળજી રાખતા હતા. પચાસ પ્રશ્નો પૂછતા, બે ધોલ પણ મારતા અને કલાકને બદલે બે કલાક બેસીને પણ પાકું ભણાવત. પોતાનો વિદ્યાર્થી મૂર્ખો ન રહે એની એમને ચિંતા હતી; પણ એ ભણનારાયે વિદ્યાના અર્થી હતા. આજે તો એવા વિદ્યાર્થી હોય તો ભણાવે ને ? ભણતર વધે તો આ પ્રવૃત્તિ ચાલે ? ભણેલા જ્યાં ત્યાં જે તે બાય ? ભણેલો રસ્તામાં થુંકે ? કોઇને ગાળ દે ? જેમ તેમ લવરી કરે ? આજનો વિદ્યાર્થી તો પૂછે કે 'શું અમારે માસ્તરની સેવા કરવાની ? હું કહું છું કે જરૂર કરવાની. પગચંપી પણ કરવી પડે. પૂર્વે રાજપુત્રો પણ કરતા હતા. પાઠક પોતાનું ચિત્ત પ્રસન્ન હોય ત્યારે ભણાવે. રાજપુત્રો ઉપાધ્યાયને ત્યાં જ રહેતા અને એની સેવા ભક્તિ કરતા હતા. વિનય વિવેકમાં જરાય ખામી નહિ અને ભાષા એવી મજાની બોલે કે જાણે મુખમાંથી મોતી ખરે. તે વખતે વિદ્યા ફળતી હતી. આજ તો વિદ્યા કુટે છે.

ગુરૂને વશ થયા વિના વિદ્યા ન આવે :

સભા૦ **'વિદ્યાર્થીને આટલી પરવશતા ?'**

વિદ્યાર્થી એટલે જ વિદ્યાગુરૂને પરવશ. વિદ્યા લેવી છે કે રમત કરવી છે ? ગુરૂને વશ થયા વિના વિદ્યા ન આવે. જીવવા માટે તમે શરીરને કેટલા પરવશ છો ? રોજ ખાવું, રોજ નહાવું, રોજ મહેનત મજુરી કરવી, શા માટે ? શરીરની આટલી બધી સેવા જીવવા માટે જ ને ? તો વિદ્યા માટે વિદ્યાગુરૂની સેવામાં પાપ શું લાગે છે ? જે ચીજ જેની પાસેથી મેળવવી છે એની સેવા એ પરવશતા નથી. માથું મુંડન કરનારો હજામ પણ અરધો કલાક બેસાડી રાખે છે અને કહે તેમ માથું ઊંચું નીચું કરવું પડે છે.

સભા૦ 'એથી તો હાથે હળભત કરવા માંડી.'

પણ ત્યાંય કોઇ દાઢી છોલી નાખતું નથી. ધીમે ધીમે જેમ થતું હોય તેમ જ થાય ને ? ત્યાં પણ એ કામ શીખવું તો પડે ને ?

સંસારમાં સ્વતંત્રતા છે જ નહિ :

સંસારમાં સ્વતંત્રતા છે જ નહિ. તમે બધે જ પરતંત્ર છો. નાશક ચીજો માટે પરતંત્ર રહેનારા કલ્યાણકારી વસ્તુની સાધના માટે પરતંત્રતા ન જોઇએ એમ કહે એ કેવી વાત ? અયોગ્યને સુધારાય, પણ ક્યારે ? લોકમાં ગંગા જેમ પતિતપાવની કહેવાય છે તેમ આ શાસન રૂપી ગંગા પણ પતિતને પાવન કરે છે પણ પાવન થવાની ઇચ્છા હોય તેને પાવન કરે ને ? કે ઇચ્છા જ ન હોય એને ? ગંગામાં પાવન થવાની ઇચ્છાવાળા પતિતને તો એ પાવન કરે પણ પહેલાં જ કચરો એમાં નાખે તો શું થાય ? ગંગાને જ પવિત્ર કરવા આવવાનો ફાંકો રાખનારને ગંગા પવિત્ર કરે કી રીતે ? એવાને કેવા કહેવા ?

સભા૦ 'કુપાત્ર.'

એ રીતે તમે પણ તમને ફાવતી વાત અમારી પાસે કબુલ કરાવવા માગો તો તમે પણ એવા જ કુપાત્ર.

ગંગા પણ એવાને હાથ જોડે :

ચીકણા શરીરે કાજળ ચોપડીને પછી ગંગામાં ડુબકી મારે અને તરત ઊજળા બનાવવાનું કહે એને ગંગા પણ હાથ જોડે અને કહે કે–'ઓ ગમાર ! તારા જેવાને ઊજળા કરવાની મારી તાકાત નથી. નાહકનો તારા પાપે મારો મહિમા ન ઘટાડ. બહાર જ રહે. ઊજળા થવું હોય તો ભૂલથી કે ગમે તે કારણે ચોપડેલ કાજળને દૂર કર, શરીરે માટી કે સાબુ ઘસ, પછી ડુબકી માર,' તમે પણ પાપરૂપી કાજળથી લેપાયેલા, આશ્રવની સોબતમાં જ ઘરડા થયેલા, એ બન્નેને બહાર મૂકીને આવો તો પામો, બાકી સાથે લઇને આવો અને 'ભલું કરો' કહ્યા કરો તો એ રીતે ભલું કરવાની કોઇની તાકાત નથી. ભલું કરવાની ભાવના તો છે પણ ભલું થાય નહિ જ.

કોઇના ભલા માટે આપણે સ્થાનભ્રષ્ટ ન થવાય :

સામાના ભલા માટે પોતાનાથી કદી સ્થાનભ્રષ્ટ ન થવાય. સ્થાને રહીને જ સામાનું ભલું પણ થાય. ગાંડાને ડાહ્યા બનાવવા ગાંડા જેવો દેખાવ ભલે થાય પણ ગાંડા બનાય નહિ. તમને 'આવો' કહીએ એ ગાંડા જેવો દેખાવ ગણાય પણ તમે કહો

તે કબુલ કરીએ તો તો અમે પણ ગાંડા બન્યા; એવા ગાંડા બનવાનો અમારે મોખ નથી. કુમારપાળ રાજાનું દૃષ્ટાંત કહી ગયા છીએ. એ વખતે દેવીને પાડા તથા બોકડાનું બલિદાન દેવાતું હતું. પહેલે દિવસે સો સો પાડા બોકડા, બીજે દિવસે બસો બસો, એમ નવમે દિવસે નવસો નવસો પાડા બોકડાનો ભોગ અપાતા હતા. કુમારપાળ મહારાજાએ જૈનધર્મ પામ્યા પછી એ બંધ કર્યો. એથી કંટકેશ્વરી દેવી કોપાયમાન થઇ. કુમારપાળ પાસે પ્રત્યક્ષ થઇને ભોગની માગણી કરી, ત્યારે રાજાએ કહ્યું કે-'હું ભગવાન શ્રી જિનેશ્વરદેવનો ધર્મ પામ્યો છું માટે મારાથી ભોગ આપવાનું નહિ બને. તું મારી કુળદેવી છો તો મારી ભાવનાનું રક્ષણ કરવાની તારી ફરજ છે.' દેવીએ કોપાયમાન થઇને રાજાને ત્રિશુલ માર્યું જેથી ભયંકર વેદના સાથે રાજાના શરીરમાં કોઢ રોગ પેદા થઇ ગયો.

શરીર અશાશ્વત છે ધર્મ શાશ્વત છે :

સવારમાં પોતાને કોઢીયો જોઇને લોકો જૈનધર્મની નિંદા કરશે એમ જાણીને ધર્મની નિંદા ન થાય માટે રાત્રે જ ચિતામાં બળી મરવાનો નિશ્ચય કર્યો. તે જ વખતે ઉદાયન મંત્રીને બોલાવી ચિતા ખડકાવવાની આજ્ઞા કરી અને કહ્યું કે 'તારા હાથે જ ચિતા સળગાવી મને બાળી મૂક.' ઉદાયને ત્યાં કહ્યું કે 'મહારાજ! સામાન્ય તિર્યંચોને બચાવવા આટલો ભોગ? આપ જીવતા હશો તો પછી ઘણી જીવદયા પળાવી શકશો મર્યા પછી કાંઇ નહિ થાય.' કુમારપાળ ઉદાયન મંત્રીને કહે છે કે-'અંતે તું વાણીયો ને! મારી જાત માટે અહિંસાનો ભોગ આપું તો દુનિયામાં અહિંસા ક્યાંથી ફેલાવવાનો? જાત બચાવવા માટે એક વખત આટલા પણ હિંસાના પરિણામ આવ્યા પછી અહિંસાની ભાવના રહેતી જ નથી; છતાં માનો કે કોઇ પુણ્યોદયે એ ભાવના રહી પણ લોક તે વખતે મને કહી શકે કે 'આપે તે વખતે શું કર્યું હતું?' માટે જાત માટે સૌ તેમ કરી શકે. વળી શરીર તો ફરી ફરીને પણ મળશે પણ ધર્મ નહિ મળવાનો. અશાશ્વતી વસ્તુ માટે શાશ્વતી વસ્તુનો નાશ ન કરાય. શરીર અશાશ્વત છે ધર્મ શાશ્વત છે. હિંસક કદી ધર્મની પુષ્ટિ કરી શકતો નથી.' કુમારપાળ મહારાજાની આ વાત સાંભળી ઉદાયન મંત્રી તાજુબ થઇ ગયા.

હિંસક કદી ધર્મની પુષ્ટિ કરી શકતો નથી :

હિંસક કદી ધર્મની પુષ્ટિ કરી શકતો નથી. 'અહિંસા પરમો ધર્મ:' એ ઉપદેશ દેવાનો અધિકાર એને રહેતો નથી. હિંસા કરવી પડી હોય તો પણ પોતાને પાપી જણાવે એની વાત જુદી પણ 'થઇ શકે, એમાં શું?' એમ કહેનારની એ લાયકાત નાશ પામે છે.

સભા૦ 'ઉપકારી પાપીના શરીર પરનું કાજળ ધોવા માટી ન ઘસે ?'

તે પણ કરીએ પણ માટી ચોપડવા દે તો ને ? ઉલટો કૌવચ ચોપડે તો ? સામાનો પાવન થવાનો ઇરાદો તો જોઇએ ને ? એ વિના કોઇનો કદી ઉપકાર થયો નથી, થતો નથી અને થશે પણ નહિ; પણ તેથી ઉપકારીનો દયાભાવ ઓછો ન મનાય. **એમ કરવામાં ધર્મદેશકતા નથી.**

ધર્મગુરુની ભાવના તો બધાને શાસન માનતા કરવાની પણ સ્થાને રહીને. દુનિયા માનો કે ન માનો. આહાર મળો કે ઉપવાસ થાઓ, વસતિ મળો કે ન મળો પણ **ધર્મકથકથી – ધર્મગુરૂથી પ્રભુ આજ્ઞાથી વિરુદ્ધ એક પણ અક્ષર ન બોલાય. વગર ભણેલા કે શિથિલને આ શાસને નભાવ્યા પણ વિરૂદ્ધ બોલનાર તો અહીં ક્ષણવાર નભી શકતા નથી; કેમકે એ તો યોગ્યને પામવાનો માર્ગ પણ બંધ કરે છે.** અયોગ્યની કાર્યવાહી એવી હોય છે. કે જેથી પણ ધર્મ ન પામી શકે. માનો કે ઉપકાર ખાતર અમુક વાતમાં અયોગ્ય હા પાડી એટલે યોગ્ય પણ મૂંઝાય અને ધર્મથી પતન પામે, તો એમ કરવામાં ધર્મ-દેશકતા છે ?

ઉપદેશક ગમે તેમ ન બોલે :

આપણે આ અઠ્ઠાણુંના પ્રશ્નોની અને ભગવાને આપેલા ઉત્તરોની વાત કાઢી તે અવસરસરની છે. 'ભગવાને અઠ્ઠાણુંને આજ્ઞા માનવાનું કેમ ન કહ્યું ?' અથવા 'ભરતને બોલાવીને કેમ ન સમજાવ્યો ?' ઉપદેશક એમ ગમે તેમ કહે ખરા !

સભા૦ **'ભગવાને જો એમ કર્યું હોત તો આજે જૈનશાસન ન હોત.'**

શ્રી જિનેશ્વરદેવ એવું ન જ કરે. એમને તો નથી રાગ કે નથી દ્વેષ, રાગ, દ્વેષ, અને મોહ એ ત્રણ ખોટું બોલવાના કારણે છે. ભગવાનમાં એ ત્રણમાં એકેય નથી. કોઇ માટે પણ અને કશા કારણે પણ શ્રી જિનેશ્વરદેવ અસત્ય ન જ કહે. વીતરાગ એ તો એમની ઓળખાણ છે.

સભા૦ **'માટે એ લોકોત્તર માર્ગ ?'**

હા. પ્રિયમાં પ્રિય શિષ્યોને એ નિહ્નવ કહેતા ન અચકાયા. વહાલામાં વહાલા દીકરાને પણ કહેવામાં એમને કમીના નથી રાખી.

ભગવાને દીકરાની પણ ખોટી દયા ન કરી :

અઠ્ઠાણું'એ દીક્ષા લીધી ત્યારે પછી જ્યારે ભગવાન બધા મુનિઓ સાથે પહેલ-વહેલાં ભરતની નગરીમાં આવે છે ત્યારે ભોળો ભરત મુનિઓની ભક્તિ માટે તમામ પારણાની સામગ્રીનાં ગાડાં ભરાવીને સામે લાવે છે અને ભગવાનને લાભ આપવાની વિનંતિ કરે છે પણ ભગવાને તરત ના પાડી, 'અમારે આ કલ્પે નહિ' એમ કહી દીધું. પોતાનો દીકરો છે, ચક્રવર્તી છે. ભક્ત છે, તોયે ના પાડી ને? પોતાના મોટા દીકરાને પણ અજ્ઞાની કહી દીધો. ભરત તો મૂંઝાયો કે હવે કરવું શું? ભગવાને તો સાફ સંભળાવી દીધું કે-'તું સામે લાવ્યો માટે અમને ન કલ્પે, અમારા માટે બનેલી બીજ, માટે અમને ન કલ્પે અને તું રાજા, માટે રાજપિણ્ડ અમને ન કલ્પે. ભરત કહે છે કે તો હું બધી રીતે નાલાયક? ભરતજીની આંખમાં આંસુ આવી જાય છે પણ ભગવાન લઈ લેવાની કયા નથી કરતા. ભરતજીને ઇન્દ્ર સમજાવે છે કે, 'એમને ન જ કલ્પે.' પછી એમને સાંત્વન થાય તેવો માર્ગ બતાવવા માટે ઇન્દ્ર એ વખતે એમના દેખતાં ભગવાનને કહે છે કે-'હે ભગવન! મારી માલિકીના આ દક્ષિણ ભરતાર્દ્ધમાં આપ સુખે વિચરો.' અને એ રીતે વસતિનો લાભ મેળવે છે, ત્યારે ભરતજી પૂછે છે કે-'આ રીતે પણ લાભ મળે,' એટલે ભરતજી પણ પ્રભુને વિનંતિ કરે છે કે 'મારી માલિકીના આ છ ખંડ પૃથ્વી પર આપ સુખે વિચરો!' ભરત દેશે છે માટે ભલે એકાદ મુનિ વહોરી લે એવી કયા ભગવાને ન કરી.

અઠ્ઠાણું નું પૂછવાનું ધ્યેય જુદુ છે :

શ્રી જિનેશ્વરદેવ ખોટું ન જ બોલે, ધર્મોપદેશક બીજું ન જ બોલે એ પુરવાર કરવા દંગલાબંધ દૃષ્ટાંતો શાસ્ત્રમાં છે. આ અઠ્ઠાણું જે પૂછે છે એમાં ધ્યેય જુદું છે. સામાન્ય વિધાન બધા થઇ શકે મા-બાપની આજ્ઞા માનવાનું સામાન્ય રીતે કહેવાય પણ કોઇ કહે કે-'મારા મા-બાપ આમ કહે છે તો શું કરું?' ત્યાં પ્રભુના શબ્દોમાં કહેવું પડે કે 'સમજે!' મા-બાપની પણ જે તે આજ્ઞા માનવાનું કહેવાય? નહિ જ. ભરતની આજ્ઞા માનવાનું ભગવાન કહે તેમાં રાજ્યાદિનો ભોગવટો છે અને ન માનવાનું કહે ત્યાં યુદ્ધ છે; તેમાં સમાધાન થાય તેમ નહોતું. ભરતને બોલાવત તો પણ કહેત કે- 'મારે બધી વાત કબૂલ છે પણ ચક્ર આયુધશાળામાં ઘાલી આવો.'

પંચાતીયાની દશા :

કોઇનો છોકરો ગાંડો થાય અને તિજોરીમાંથી રૂપિયા ઊઠાવતો હોય, બાપ એને કાઢી મૂકે, એ મારી પાસે આવીને રોવે તો મારે એની પંચાત કરવી? એના બાપને બોલાવું તો કહે કે- 'હું શું કરું? તિજોરીમાંથી રૂપિયા ઊઠાવે જાય છે,

મારે ભીખ માગવી ? દેવાળું કાઢવું ?' પછી છોકરાને પૂછું તો કહે કે–'બામડી રોજ માગે છે એટલે મારે એમ કરવું પડે છે.' પછી મારે એની બાયડીને બોલાવવી ? એને પણ બોલાવું તો એ કહે કે–'પણ મારો ભાઇ રોજ મંગાવે છે માટે એને મોકલવા માટે મારે આમ કરવું પડે છે.' માનો કે એના ભાઇને પણ બોલાંવીએ તો કહે કે–'પણ કરવું શું ? ખાવા નથી.' તો પછી એને પેઢી મંડાવી આપવી ? અ વું કરવા બેસીએ તો ઊભા ક્યાં રહેવું ?

સભા૦ **'પછી ધર્મ ઊંચે મુકવો પડે.'**

રાજ્ય અને પરમાર્થ એ વાત જ ખોટી :

સભા૦ **'સ્વાર્થ માટે રાજ્ય કરવામાં પાપ પણ પરમાર્થ માટે કરવામાંયે પાપ ?'**

રાજ્ય અને પરમાર્થ એ બે વાતને મેળ મળે જ નહિ. ચક્રવર્તીઓ રાજ્યને ખોટું માનીને રાજ્ય કરનારા, હૃદયથી ત્યાગને પગે લાગવાવાળા, છતાં પણ ભગવાને એમના રાજ્યને નરકદાયક કહ્યું. રાજ્ય અને પરમાર્થ એ વાત જ ખોટી. ત્યાગ માટે દીકરો પેદા કરવાનો હોય ? દીકરા હોય તો શાસનને અપાય પણ એટલા માટે પાણી-ગ્રહણ કરાય ? પાણીગ્રહણ એ પાપસ્થાનક કે પુણ્યસ્થાનક ? રાજ્યમાં, ઘરમાં, લક્ષ્મીમાં પરમાર્થની વાતો ફ્રોગટ છે. લક્ષ્મી મળે અને પરમાર્થ કરો એ વાત જુદી છે. પુણ્યવાન લાખો સન્માર્ગે વાપરી શકે છે પણ ખરચવા માટે પેદા કરવાની મના. પેદા થયા પછી ખરચે કે કેમ એ પણ શંકા છે. પરમાર્થ માટે કમાવાની મના. દીકરા હોય તો શાસનને આપો, ન હોય તો ઊંભા થઇને પચ્ચકખાણ કરી લો.

મુનિની ઇચ્છા શી હોય ?

સભા૦ **'વસ્તુ જોઇએ છતાં એનું ખંડન ?'**

હા, રોટલી જોઇએ પણ રોટલી કેમ કરાય તે ન કહું. એ માથાફોડમાં અમે ન પડીએ, એ કળા અમે ન શીખવીએ, અને તો જ મુક્તિમાર્ગ સધાય. **સંસારની એક પણ પાપ ક્રિયામાં મુનિની સલાહ દોરવણી કે સહાનુભૂતિ ન જ હોય. મુનિ ન કરે, ન કરાવે, ન અનુમોદે. સંસાર પાપમય છતાં, સંસારમાં પાપ ચાલુ છતાં અને વસ્તુમાત્રનો મુનિ ભોગવટો કરે છતાં ન કરવા–ન કરાવવા ન અનુમોદવાથી મુનિ એ પાપથી લેપાયા વગર સુખે સુખે મુક્તિમાર્ગ સાધી શકે છે.** આહાર, પાણી, વસતિ, પાત્ર વગેરે લઇ એ બધું પણ તમારાથી આઘા રહીને મુક્તિ સાધીએ અને એ આધાર રહેવાની દૃષ્ટિએ જ એનું ખંડન કરીએ.

તમને એ બધું વધારે મળે એ દૃષ્ટિએ અમે એ લેતા નથી. જેની નિશ્રા લઇએ એ બધા સ્વયમવર કયારે બને એજ અમારી ઇચ્છા. એ બધા બંગલાવાળા બને, એમને ત્યાં બે રસોયા વધારે હોય અને રોજ રસપૂરીના જમણ જમે એવી ઇચ્છા અમારી ન હોય.

સુખ જ નથી, ત્યાં જોવાની શી વાત ?

સભા૦ **એટલે તમે અમારૂં સુખ ન જોઇ શકો ?**

સુખ જ નથી ત્યાં જોવાની શી વાત ? તમે જેમાં સુખ માન્યું છે ત્યાં સુખ જ નથી. ગાંડો વૈદ્ય કઢીને કુપથ્ય ખાતો જોઇ રાજી ન થાય, પણ ગુસ્સે થાય. કઢીં ખાતાં ખાતાં કઢીં તો મલકાય પણ વૈદ્ય હાજર હોય તો એની પાસેથી વાડકો ઝુંટવી જ લે. બચ્ચું મોંમાં માટી નાખે તો સગી મા જોઈ ન રહે પણ મોંમાં આંગળા ઘાલીને બહાર કાઢે. છોકરો રમે તેમાં મા–બાપ ખુશી થાય કે નહિ ? છતા રમવાનું છોડાવી કાનપર્ટ પકડી નિશાળે કેમ મુકાય છે ? છોકરાનું સુખ જોઇ શકતા નથી માટે ? બાપ ઘોલ મારીને ન ભણાવે તો છોકરાં ભવિષ્યમાં દુઃખી થાય. છોકરાને રમતાં જોઇને બાપ રાજી ન થાય પણ રમત મુકાવીને, રોવડાવીને પણ નિશાળે મોકલે.

તમારી બોટી વાત ન માનીએ તે દુરાગ્રહ નથી :

સંસારી જીવો રમતિયાળ છે. ઘર, બંગલા, બાયડી, છોકરાં એ તમારાં રમકડાં છે. છે કરાંઓ રેતીમાં ઘર બનાવે છે, તમે બંગલા બંધાવો છો; છોકરાંઓ ઢીંગલીથી રમે છે, તમે બાયડી લાવો છો, છોકરાં 'ખાઉ ખાઉ'ની વાતો કરે, તમે મિષ્ટાન્ન અને માલપાણી ઊડાવો છો. તમને એ બધી રમતોમાંથી ઉસેડનારા સાધુ તમારા મા–બાપ છે.

સભા૦ **'સંઘમાં તડ હોય તો કાંઇ કરો નહિ ?'**

કયી જાતની તડ તે જોવું જોઇએ. એમાં તો સેંકડો વાતો હોય. આજ તો ઘેર ઘેર તડ છે. સંસાર જ તડ છે. ભીંતમાં તડ હોય જ, એમાં નવું શું છે ? જન્મ્યા તે મરવાના જ, સંધાયા તે ફાટવાના જ. મુક્તિની સાધનામાં જે ઉપયોગી હોય તે લેવું, બાકીનું ફેંકી દેવું. તમે મનાવવા માગો છો તે નહિ માનીએ. એ ન માનીએ તે કાંઇ દુરાગ્રહ નથી. તમારી વાત સાચી હોય તો તમે પુરવાર કરો. હું જેમ મારી વાતનું સમર્થન કરું છું તેમ તમે કરો, તમને પણ છૂટ છે. બે કલાકમાં એક કલાક તમારો, થાકો ત્યારે બેસજો, પછી કાંઇ છે ?

આગળ જોઇએ, તમારા બોદા ન જોઇએ :

તમે અમને આગમ જોવાનું કહો તો હરઘડી જોઇએ. રખે ભૂલતા હોઇએ તો ?

તેથી ભૂલ ન થાય **માટે આગમ હરઘડી જોઇએ**, પણ **તમારા મોઢા હરગીજ ન જોઇએ. તમારા મોઢાં જોઇએ પણ આમાંનું આપવા માટે, તમે માગો તે આપવા માટે નહિ.** ચિતારો રંગના કુંડા સામે કદી ન જુએ. એ તો ચિત્ર સામે જ જુએ. અનુભવી ચિતારાની પીંછી વગર જોયે પણ જે રંગના કુંડામાં પડવી જોઇએ એમાં જ પડે. ટીકીટ માસ્તર પાસે જે ગામની ટીકીટ માગો તે ગામના બાના પાસે જ એનો હાથ જાય અને ફટાફટ ટીકીટ આપતો જાય, કેમ ? અભ્યાસ પડી ગયો માટે. કરેક વખતે જોવા રહે તો ગાડીનો ટાઇમ સાચવી શકે ? નહિ જ. ટીકીટનાં બાનાં કાંઇ થોડાં નથી હોતા. એજ રીતે રંગના કુંડા પણ ઘણાં હોય પણ અભ્યાસ , એવો થઇ જાય કે પીંછી ત્યાં જ પડે. કુંડામાંથી રંગ ચિત્રમાં પૂરવાની એની વૃત્તિ હોય પણ ચિત્રને કુંડાનાં બોળવાની વૃત્તિ ન જ હોય.

સભા૦ **'દેશકાળ જોવા ના કહ્યા છે ને ! તે શા માટે ?'**

દેશકાળ જોવાના તે તમને કયી રીતે અપાય તે માટે; પણ તમારૂં આમાં ઘાલવા માટે નહિ. તમારું આમાં ચેડું તો તે કુઆગમ થયું. વારંવાર કુંડા સામે જોનારો સારૂં ન ચિતરી શકે.

સાધુથી બેવચની ન થવાય :

તમને સુધારવા માટે તમારા મોઢાં સામે જોઇએ પણ તમને સુધારવા માટે તમારી ગાંડી વાતમાં હા ન પડાય. અયોગ્યની વાતમાં પણ હા અને યોગ્યની વાતમાં પણ હા પાડે એ માણસ તો બેવચની થયો.

યોગ્યને 'પૂજા કરવી પડે' એમ કહે અને અયોગ્યને કહે કે 'ન કરે તો પણ ચાલે' એમ ચાલે ? તો તો યોગ્ય પણ કહી દે કે 'એને ચાલે અને મને નહિ, તો યોગ્યતા એ ગુનો છે ?' સાધુ તો બેયને કહે કે–'પૂજા કરવી જ જોઇએ.' જ્યારે સામો કહે કે–'વાત ખરી પણ મારાથી બનતી નથી.' તો સાધુ કહે કે, 'તો કયારે બને, એ ભાવના રાખવી;' પણ 'ન કરે તોયે ચાલે' એમ કહેવાય ?

જે તરે તેજ તારી શકે :

સભા૦ **'તમે અમારી વાતમાં ન ભળો તેમાં અમારૂં હિત છે !'**

તમને તમારા હિતની ચિંતા ન હોય તો મારે મારૂં હિત તો જોવું ને ? પહેલી વાત તો એ, કે જે કાંઇ આ બધું હું કરું છું તે મારા હિત માટે જ. જો એમાં મારૂં હિત ન હોત તો ફકત તમારા હિત માટે આ બધી પ્રવૃત્તિ ન કરત મારૂં હિત છે માટે આ પ્રવૃત્તિ છે, એમાં તમારું પણ સધાય એ ખરું.

૨.ભા૦ **'સાચી વાત છે, જે તરે તેજ તારી શકે,'**

એક વાતમાં હા પાડયા પછી એનાથી જુદું નિરૂપણ ન થાય :

અધર્મીની શેહમાં આવીને તેની પાસે એક વાતની હા પાડયા પછી બીજે દિવસે પાટે બેસીને એ વાતમાં મારાથી કદી જુદું નિરૂપણ ન થાય, કેમ કે પેલો આવ્યો હશે તો !' એ શંકા થયા જ કરે. એકને મેં બાનગીમાં કહ્યું હોય કે– 'આચારાંગ શાસ્ત્ર છે પણ એમાંયે ઘાલમેલ તો ખરી; પછી બીજા દિવસે કોઇ પૂછે કે, 'આચારાંગ કેવું ?' તો મારે લોચા લાપશી વાળવાં પડે; કહેવું પડે કે 'આવું પૂછાય ? તું એમાં શું સમજે ? એ બધી ઝીણી વાતો એવા ઝગડા કરી રાગદ્વેષમાં ન પડાય' આવા લોચા ન વાળે અને સીધું જ 'સારૂ'' કહી દે તો પેલો ગઇ કાલવાળો જમ જેવો આવીને બેઠો હોય તે તરત ગઇકાલનો જવાબ યાદ દેવરાવે.

મુનિને તો શાસ્ત્રે નિઃસંગ કહ્યા છે :

૨.ભા૦ **'કોઇ કહે છે કે આ ધર્મ સમજવા તો કેટલાયે અવતાર લેવા પડશે.'**

એને કહો કે તો ધર્મગુરુ કેમ થયા ? શાસ્ત્ર કહે છે કે સાધુમાં તો એક વાકયતા જ હોય. કહ્યું છે કે ચિત્ત, વાણી અને ક્રિયા જેના એકરૂપ હોય તે સાધુ અને બાકીના કુસાધુ. કોઈ કહે કે 'લોક, જમાનો, સમય એ બધું જુઓ' તો અમે એ કાંઇ ન જોઇએ, કેમ ? 'મરજી અમારી, અમારે લોકમાં રહેવું નથી.' મુનિને તો શાસ્ત્રો નિઃસંગ કહ્યા છે.

મુનિ આગમનું જ બોલે :

જૈનશાસનનો જ્ઞાતા મુનિ આગમનું જ બોલે. એને એ અભ્યાસ જ પડી ગયો હોય. ગાંધીને ત્યાં ઢગલાબંધ ગંધીયાણા હોય પણ અભ્યાસ એવો કે જે ચીજ લેવા જ્યાં હાથ નાખે કે વગર જોયે એ ચીજ હાથમાં આવે. સારા ચિત્રકારને કુંડા તરફ જોવું જ ન પડે. કુંડામાં પીંછી બોળ્યા પછી હથેલીમાં પણ બીજું મેળવવાનું હોય પણ એને એ પણ જોવું ન પડે. એ તો મેળવાયે જ જાય. બધું રીતસર થયે જ જાય. એ કળા છે. અહીં પણ એ કળા જોઇએ. તમારા હૃદયની પરિણતિ ક્ષણે ક્ષણે પરિવર્તન પામે એ જ અમારે જોવાનું. મુનિ સંસારને ખોટો જ કહે, ભૂલથી પણ સારો કહે તોયે એનો ડોળો જાણવો. તત્વની ઝીણી વાત જવા દઇએ પણ સામાન્ય વાત જેવી કે 'સંસાર ખોટો' વગેરે તો એને મોઢે હોય જ. બ્રહ્મચર્ય સારૂં કે અબ્રહ્મ, એવી મુનિને શંકા હોય ?

અસંભવિત ચિંતા કરનાર મૂર્ખ ગણાય :

'રોજ બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાથી વસતિ ઘટી જાય તો ?' એવી ચિંતા મુનિને હોય ? સમ્યગ્દૃષ્ટિને પણ આ ચિંતા હોય ? **'આ બધા દુન્યવી શિક્ષણ ન લે તો એમનું શું થાય ?' એની ચિંતા સાધુને હોય ? આ લોકને ઉપયોગી તમામ જ્ઞાનને મિથ્યા માન્યા પછી એ ચિંતા સાધુ કરી શકે ? જેનાથી પાપભાવના પાપપ્રવૃત્તિ વધે એ તમામ મિથ્યાજ્ઞાન.' 'બધા જ સંસાર તજી દીક્ષા લઇ લે તો શું થાય ?'** એ ચિંતા જૈન સાધુ કરે ? અખંડ ત્યાગમૂર્તિ શ્રી જિનેશ્વર દેવના ઉપદેશથી જો આખી દુનિયા સાધુ ન થઇ તો બીજાના ઉપદેશથી બધા સાધુ થઇ જાય એ અસંભવિત ચિંતા છે. અસંભવિત ચિંતા કરનાર મૂર્ખ ગણાય.

શાસન પામેલાને એકડા ઘુંટવા ન પડે :

રાગની વાતમાં તો લોક એક્કા છે. સ્ત્રીની વાતમાં એ પક્કા છે. પારેવાર દૂધથી કેમ ચલાવવું સ્ત્રીઓને સમજાવવું પડે ? નહિ જ. ઓછા ઘીથી ચાર મહેમાન જમાડી દેવાના હોય તો હોંશિયાર બાઇ જમાડી દે અને કોઇને જાણવા પણ ન દે. પોતે ભલે લુખ્ખું ખાય પણ બીજાને ખબર ન પડવા દે. ઘી પીરસવાનો દેખાવ બરાબર કરે પણ પડી ન જાય એની કાળજી પણ બરાબર રાખે. આ બધી આવડતમાં કોઇ કમીના છે ? એક બાઇ સૂતી હોય અને ચોર આવે તો ઘરમાં ભલે બે જ જણા હોય પણ બાર નામ બોલે. 'મણીયા હરીયા, છગનીયા, મગનીયા' વગેરે નામો બોલી એવી ધુમો પાડે કે ચોર મૂઠી વાળીને ભાગે. આ બુદ્ધિ એને કોણે આપી ? કહો કે બીજાને જોઇ જોઇને શીખી ગઇ. એજ રીતે શ્રી જિનેશ્વરદેવનું શાસન પામેલાને એકડા ઘુંટવા ન પડે.

ઉપદેશક દેશકાળને પોતાના બનાવે :

સભા૦ **'કહે છે કે બધા ભેગા થાય ત્યારે શાસનના પ્રશ્નો અંગે બધી વાત વિચારાય.'**

પેઢી કે કંપની સળગે ત્યારે બધા ભાગીદાર ભેગા થયા પછી બુઝવવાના પ્રયત્ન કરવા, એમ ? કોઇ બેવકુફ હોય, બહેરો હોય, ઊંઘણશી કે ડરપોક હોય તે ન જાગે, ન બોલે, એ બને પણ દેખતો, સાંભળતો, જાગૃત, હોંશિયાર તો બોલ્યા વગર રહે ? અરે, રાડ તો પાડે ને ? કેટલાક માલિક એવા મૂર્ખા પણ હોય છે કે જે બધાના ભેગા થવાની રાહ જુએ.

સભા૦ 'એ તો કહે છે કે રાડ પણ હિસ્સા પ્રમાણે ભાગે પડતી પાડવી.'

કક્કાના તેત્રીસ અક્ષરો પણ વહેંચી લેવા, એમ ? વસ્તુના અજ્ઞાનનું આ પરિણામ છે. સાચા ઉપદેશકની સ્થિતિ જુદી છે. ઉપદેશક દેશકાળને પોતાના બનાવે. ગમે તેવ'ને શાસનને અનુસરતા બનાવે એ ઉપદેશકની કળા.

કોશા રથકારને બુઝવે છે :

રાજાને ગમે એવું સંભળાવીને તો બચ્યું પણ એને રાજી કરે. વેશ્યા પણ એ રીતે આખી સભાને રાજી કરે. નાચ જોવા આવેલાને નાચીને ખુશી કરવા એમાં અકકલ શી ચલાવવાની ? કોશા વેશ્યાને, પેલા રથકારને કહેવું પડયું કે – 'અરે મૂર્ખ ! બાણને એક બીજા સાથે જોડીને અહીં બેઠે આંબાની લુંબ લાવવી તે સહેલું છે, તેમજ સરસવના ઢગલા ઉપર રાખેલી સોય ઉપરના પુષ્પ ઉપર નાચવું સહેલું છે. જેમ તેં મને રાજી કરવા આ કળા કેળવી તેમ મેં ઘણા ભામટાને રાજી કરવા તે કળા મેળવી પણ કળા તો તે, દુષ્કર તો તે, કે જે શ્રી સ્થુલિભદ્રજીએ કર્યું, જે અહીં આવીને પણ વિરાગી રહી શકયા, કાજળની કોટડી-માંથી પાકુ જે જરા પણ ડાઘ વગર બહાર નીકળ્યા. ત્યાં રથકાર પૂછે છે કે એ 'સ્થુલિભદ્રજી કોણ ?' ત્યારે શ્રાવિકા બનેલી કોશા વેશ્યા એમની વાત કહે છે કે તરત એ રથકાર પણ એ પરમ યોગી સ્થુલિભદ્રજીના શરણે જાય છે.

દુર્જનને સુધારવા સજ્જનથી સજ્જનતા ન છોડાય :

નાભા માગે તેવી કામગીરીથી તો ભાંડભવૈયા પણ લોકને ખુશ કરે છે. નાટકી-યાઓ શેઠીયાઓને રાતના ઉજાગરા નથી કરાવતા ? જગતને જે ન ઇચ્છે ત્યાં પ્રીતિ કરાવવી એ પરમ શ્રેષ્ઠ કાર્ય છે; એમાં જેટલી ઓછાશ એટલી કળાની ખામી. કળાની ખામી ન હોય છતાં અયોગ્ય ખુશ ન થાય એ બને. પાખંડીઓ ભગવાનની વાણીથી રાજી ન થયા માટે એ ખામી ભગવાનની વાણીની ? નહિ જ. દુર્જનને સુધારવા પણ સજ્જનથી સજ્જનતા ન છોડાય, એણે તો સજ્જનતામાં મકકમ થવું જોઇએ.

પચાસ પોલા કરતા બે નક્કર થાંભલા સારા :

પોલા થાંભલાવાળા મહેલમાં કોઇને ન બેસાડતા. સાધુ પણ શાસનના સ્તંભ અને શ્રાવક પણ શાસનના સ્તંભ. એક મકાનને ભલે હલકા પણ પચાસ થાંભલા હોય તો એ નભે પણ પોલા હોય તો ન નભે. પચાસ પોલા કરતા બે નકકર જાડા સારા. પચાસે પોલાને કાઢી નખાય અને એની જગ્યાએ બે મજબુત, જાડા, નક્કર પાયાને ગોઠવીને નિભાવાય. ભગવાનનો માર્ગ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાથી ચાલે છે પણ એવો કાળ આવે તો સાધુ સાધ્વી બેથી પણ માર્ગ નિભાવાય.

સભા૦ 'એવું બને ?'

પાંચમા આરાના છેડા સુધી ભગવાનનું શાસન રહેવાનું છે માટે સર્વત્ર તો એવું ન જ બને પણ કદી કોઇ સ્થળે એવું બની જાય તો એથી માર્ગ નિભાવાય. ઘણા સ્થળે એમ પણ બને કે પક્ષમાં કોઇ ન હોય પણ તેથી ભળી જવાય ? નહિ જ.

શ્રાવક તો મજબુત જોઇએ :

સભા૦ **'તો સલામ ભરી લેવી.'**

એ ન બને.

સભા૦ **'પણ સામો સલામ ભરે તો ?'**

તોયે એનામાં ન ખેંચાવાય; એને ખેંચવાનો પ્રયત્ન કરાય, પડનારને ન ખેંચવાની ભાવનાવાળો શ્રાવક નથી પણ પ્રભુના શાસનની બહાર છે. શ્રાવક તો મજબુત જોઇએ. અશુભોદયે અમે ખરાબ બોલીએ તો અમને ચેતવવાની તમારી ફરજ છે. ચેતવતાં છતાં ન માનીએ તો ફેંકી દેવાની તમને સત્તા છે.

સભા૦ 'એને આપ અવિવેક નહિ કહો'

કહું તો હું મહાપાપી. આ શાસનમાં એવી લાંચ ન ચાલે. સાધુને બોલતા પહેલાં શ્રી સંઘનો ભય હોય જ.

ઘર ઘરની અપેક્ષા ભગવાનના માર્ગમાં ન ચાલે,

ઘર ઘરની અપેક્ષા ભગવાનના માર્ગમાં ન ચાલે, તો તો સૌ પોતાને ફાવતું બોલે, પછી થાય શું ? પેઢીના અગિયાર ભાગીયા હોય પણ સોદામાં બે મત હોય ? નહિ જ. લેણદેણમાં કે ચોપડામાં બે મત કદી નહીં. કંપનીના સો ભાગીયા હોય તે એકજ ચોપડા રાખે કે સૌના અલગ રાખે ? નોકર પણ સૌ કરેકના જુદા રાખે એમ ? એમ ? ભાવ પણ માલનો એક કે સો ? જો એમ કરે તો ભીખ માંગે. લીમીટેડ કંપનીના એકજ ભાવ અને તે એકજ એજન્ટ કહે તે ભાવ. તો પછી આ શાસનમાં મગન, છગન બધાનું જુદું ? પાટ એક આચાર એક, ઓઘો એક પછી અપેક્ષા જુદી શાની ? કોઇ દીક્ષાને વારંવાર કહે, માનો ને કે હું જરા જોરથી કહું, તમારે હિસાબે એ કુટેવ લાગતી હોય તો તેમ; પણ બીજો ધીમે ધીમે પણ કહે શું ? દીક્ષાની જ વાત ને ? પણ સંસારને સારો કહે ?

શાસન કોનાથી ચાલે ?

શાલિભદ્રની વાતમાંથી તેમની દીક્ષાની વાત હું કહું પણ તેમને ત્યાં નવાણું પેટીઓ રોજ ઊતરતી હતી, તમારે ત્યાં કેમ નથી ઊતરતી, એમ કહું ? આજે તો

એવું કહેવાય છે. કહે છે કે 'કુમારપાળ મહારાજાના સમયમાં પાટણમાં અઢારસો કોટયાધિપતિ હતા; એ બધા શ્રી હેમચંદ્રસૂરિજીના સામૈયામાં આવ્યા હતા. આજે તમારામાં કોઇ છે?' હું એમ ન કહું, મારે કોટયાધિપતિ ન જોઇએ. મારે તો આનંદ – કામદેવ જોઇએ બારવ્રતધારી જોઇએ. અહીં કંગાળ નહિ પણ વ્રતહીના કે સમ્યક્ત્વહીના ન નહિ. કેવળ કોટયાધિપતિથી શાસન ન ચાલે, કંગાળ પણ વ્રતધારીથી ચાલે.

કોટયાધિપતિની કાળજી સાધુ ન રાખે :

ભગવાને પણ અભયકુમારને કહી દીધું કે અંતિમ રાજર્ષિ ઉદાયન છે; પછી રાજા તો ઘણાએ થયા પણ કામના શા? કોટયાધિપતિ પણ સમ્યક્ત્વમાં મીંડાવાળા તો નકામા. કોટયાધિપતિની કાળજી સાધુ રાખે? એને ખોટું ન લાગે એ સાધુ જુએ? ઘણા કહે છે કે 'આવું ન બોલો, સામે ધારાશાસ્ત્રી છે: કાયદો ચલાવશે.' હું કહું છું કે ભલે ચલાવે. ભીખ માગવા તો નીકળ્યા છીએ, પછી ભય શો રાખવાનો? સત્ય બોલવામાં એવો ભય હોય? ઓઘો કે કપડાં પડાવી લેશે તો નવાં મળશે. ખોટી શાંતિ ન નહિ.

તમને સમજાવવું બહુ મુશ્કેલ છે :

સભા૦ **'આવી વાતો સાંભળીને એ એમની જોડે મોટરમાં નહિ બેસાડે.'**

આ ચિંતા તો મોટરમાં બેસનારને કે નહિ બેસનારને? મોટરમાં બેસનારાઓને એમની ગુલામી કરવી પડે. મોટરના સાધને તો કેઇને ભીખ માગતા કર્યા, મોટા મોટાને પણ મૂંઝવ્યા. એ શેઠીયાઓથી લક્ષ્મીનો ચેપ કેઇને લાગ્યો. ઝુંપડી બાંધીને રહેનાર અર્થ કામથી લપટાયા વગર રહેતા નથી. તમે એવા છો કે જૂની વાતો તમને યાદ જ ન આવે. ગઇ કાલનું ખાયેલું પણ આજે તમને યાદ ન હોય. આ શાસ્ત્રમાં કહેલી વાતો તો તમને યાદ જ ન હોય. તમને સમજાવવું બહુ મુશ્કેલ છે?

આ રીતે આગળ વધાય શી રીતે?

વાંચો, સાંભળો એ યાદ જ ન રાખો તો વિચારવાની તો વાત જ શી? ફરી ફરીને જે વાત લઉં તેમાં આગળ પાછળથી બધું સમજાવવું પડે, એટલે કલાક તો એમ જ જાય. પાછળથી આવે તે પણ ઊંધું ન વાટે માટે ફરી ફરીને કહું છું. અહીં તો કોઈ આઠે આવે, કોઇ સવા આઠે આવે, કોઇ નવે આવે એ બધાને

જોઇને ફરી ફરીને કહેવું પડે, એ આગળ વધાય શી રીતે ? ગાંડા કે વિરોધી ઊંધું લઇ જાય એની પરવા નહિ, પણ અહીં આવનારા અરધું સાંભળી ઊંધું લે તે મારો પાડે.

આ શાસનની ખૂબી ન્યારી છે :

માત્ર સૂત્ર સીધેસીધું વાંચી જવાનો જમાનો હવે નથી રહ્યો. જો એમ વંચાય તો તો બધા ઉંઘે. સામાન્ય સાધુ હોય તો બધા ઊઠી ઊઠીને ચાલવા માંડે. રસ પડે ત્યાં જ બેસવાની ભાવના છે. જો બાલ્યકાળમાં દીક્ષા ન અપાય તો ડોકરા ઊકાળશે શું ?

બાળકોને દીક્ષા અપાય છે તે તમારા ભલા માટે એમને પણ જુદી રીતે વ્યાખ્યાન આપવાનું કહીએ છીએ! એમને સમજાવીએ છીએ કે 'આવનારા ઠાનપટ્ટી પઢવા જેવા છે; એમાં વાધ જેવા પણ હોય. એમના ખમાસમણાંમાં મૂંઝાવાનું નહિ.' વાત પણ ખરી કે દુશ્મન ત્રણને બદલે પાંચ ખમાસમણા દે, ઇચ્છકાર બોલતાં મોં વીલું કરે અને મિચ્છામિ દુક્કડં બોલતાં તો આંખમાં પાણી લાવે. એ બધું જ કરે. અહીં આવીને જાણે ખૂબ લાગણી થઇ હોય એમ પૂછે કે–'મહારાજ! શરીર તો ઘણું સૂકાઈ ગયું હોય એમ લાગે છે.' ત્યારે હું પણ કહું કે–'એ તો તું ઘણા વખતે આવ્યો માટે એમ લાગે છે.' ઉપરથી ખુબ ખુબ લાગણી બતાવે પણ મનમાં ૐ ફટ ફટ સ્વાહા' કયારે થાય એવું ઇચ્છતા હોય એવા પણ નંગોને અમે જાણીએ. આ બધી વાતો બનેલી છે અને બની રહી છે અને બહુ ધ્યાનમાં રાખવા જેવી છે. એવાને ઘેર જાઓ તો પણ ભક્તિનો દેખાવ ખુબ કરે અને પાછો કાવ શોધી રહ્યો હોય, પણ આ શાસનની ખૂબી ન્યારી છે.

અહીં જરાયે પોલ નથી :

અહીં તો શાસ્ત્રની વિધિ કે ભિક્ષા લેવા જનાર બધું યાદ રાખે. કોને કોને ત્યાં ગયો, ક્યાં ક્યાંથી શું શું મળ્યું એ બધું યાદ રાખે અને આવીને ગુરુને બધું કહે. પછી ગુરૂને ભિક્ષા સોંપે અને ત્યારબાદ ગુરૂ યોગ્ય લાગે તેમ વર્તે; જોઇએ તો આપે અને જોઇએ તો ફેંકી દે. અહીં જરાયે પોલ નથી. દુનિયાભરના કાયદાને ચાટી ખાય એવા અહીં કાયદા છે. અહીં કશું અધૂરૂ નથી.

સભા૦ 'ફેંકી દે ?'

હા, ભૂમિમાં ભંડારે. સંયમને ઘાત થાય એવી એક ચીજ અહીં રાખી નથી. બધી વાત તમને ન કહેવાય. અહીં આવો તો બધું જણાય. સગો બાપ પણ બધી વાત દીકરાને નથી કહેતો. કેટલીક વાતો હૈયામાં સાથે લઇને જાય પણ સગા દીકરાને

ન કહે. આચાર્ય પણ જાણે બધું પણ બધું કહી ન દે, કેટલુંક છુપાવે પણ ખરા· બીજાના ભલા માટે, માર્ગની રક્ષા માટે અપવાદ સેવે ખરા પણ કહે નહિ.

અટ્ટાણું'ની વિચારણામાં વૈરાગ્યની છૂપી જડ છે :

આપણે જોઇ ગયા કે પેલા અટ્ટાણું'એ એમ વિચાર્યું કે ભરતની આજ્ઞા માનવામાં અધિક લાભ શો ? કાળ, વૃદ્ધાવસ્થા, રોગ અને દિનપ્રતિદિન વધતી જતી તૃષ્ણાને એ રોકશે ? એ કયો દેવ છે કે એને સેવીએ ? જેનો એ ઢીકરો છે તેના જ અમે પણ ઢીકરા છીએ, તો એને શા માટે સેવીએ ? આ વિચારોમાં છૂપી વૈરાગ્યની જડ છે. આવાને નિમિત્ત મળે કે ઝટ વૈરાગ્ય થાય.

આ ચારથી કોણ ન ડરે ?

મા, બાપ, કુટું'બ બધાના દેખતાં કાળ આવે. તે દિવસે, રાત્રે ગમે ત્યારે આવે. વૃદ્ધાવસ્થા અને રોગને રોકાય ? હીરા માણેક ઘરવાથી એ અટકી જાય ? તૃષ્ણા તો ચોવીસ કલાક ચાલુ છે. આ ચારથી કોણ ન ડરે ? તૃષ્ણા ઉપર અંકુશ મૂકીને, એને તજીને બે બહાર નીકળ્યો હોય, જેણે જીંદગી આખી સુસંયમમાં ગાળી હોય તે ન ડરે, જો બધા જ એનાથી ન ડરે અને બહાદુર થાય તો દુનિયા જીવે ? પરિણામે પાંચમા આરાની હયાતિમાં જ છઠ્ઠો આરો આવે. એવા માટે તો ચોથો આરો પણ છઠ્ઠો છે. ઇચ્છા મુજબ વર્તનારા માટે ચોથો આરો પણ જ્યારે છઠ્ઠો છે તો આ પાંચમા આરા માટે તો પૂછવું જ શું ? એ તો છઠ્ઠો હોય જ.

આ દૃષ્ટાંત ઉપરથી શા વિચારો લેવા તથા **આપણું કર્ત્તવ્ય શું, તે સમજીને ભગવાનની આજ્ઞા મસ્તકે ચઢાવીએ એમાં મારું અને તમારું બેયનું કલ્યાણ છે, નહિ તો બેયનું અકલ્યાણ છે.**

વિશેષ હવે પછી...

❖ ❖ ❖

બહુ જ શાંતચિત્તે આ બધું વાંચી-વિચારી સન્માર્ગના જ સાચા પ્રેમી–ખપી બની સૌ સાચા આરાધક બની વહેલામાં વહેલાં આત્મકલ્યાણને પામો તે જ હાર્દિક મંગલ કામના.

卐

આવો સમર્પણભાવ કેળવી, સાચા આરાધક બનીએ.

બોધકથા : —પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક રાજાની પાસે રાજસભામાં એક ગરીબ ખેડુત એક રત્ન લઇને આવ્યો, રાજાને નમસ્કારાદિ કરી કહે છે કે, 'હે રાજન ! આજે માર્ગમાંથી જતાં મને આ રત્નની પ્રાપ્તિ થઇ છે. આ રત્ન તો રાજભંડારમાં શોભે, મારા જેવા ગરીબ ખેડુતને ત્યાં ન શોભે. માટે આપ આનો સ્વીકાર કરીને મને આનંદિત કરો.' રાજાએ તેના હાથમાંથી તે રત્ન લીધું અને બરાબર જોતાં સમજી ગયા કે આ તો ચકમકનો ગોળ-મટોળ લીસો પત્થર છે. તેથી મોઢા ઉપર જરા હાસ્ય આવી ગયું પણ તે ભલો ભોળો ખેડુત કાંઇ સમજી શકયો નથી. તુરત જ રાજાએ તે ખેડુતની નિર્દોષતા, પ્રામાણિકતા અને ભોળપણનો વિચાર કરી, રાજભંડારીને બોલાવી આજ્ઞા કરી કે આ ગરીબ ખેડુતને એક હજાર સોનામોહરો ઇનામમાં આપો.' આખી સભા ડિંગ થઇ ગઇ કે, રાજા આ શું કરે છે ? બધા જ તેને જોતાં સમજી ગયેલા કે આ તો માત્ર ચકમકનો પત્થર છે પણ રત્ન નથી છતાં ય રાજા આને આવું ઇનામ આપે છે. મંત્રીશ્વર જ્યાં રાજાને કાંઇક સૂચના કરવા ગયા તો રાજાએ ભરસભામાં કહ્યું કે તમે કાંઇ ન સમજો વચમાં બોલો નહિ. આ જોઇને બીજા તો કોણ હિંમત કરે ! તે ખેડુત તો ઇનામ પ્રાપ્તિથી ખુશ થઇ; રાજાને નમસ્કાર કરી પોતાના સ્થાને ગયો,

પછી સેનાપતિથી ન રહેવાયું તો રાજાને કહે કે, આ ખેડુતે આપને ઠગી લીધા છે. રત્ન નથી આતો પથરો છે. તેની આટલી બધી કિંમત ન અપાય. બહુ બહુ તો ૮–૧૦ સોના મહોર આપી હોત તો ય સારૂં થાત.

ત્યારે રાજાએ બહુ જ પ્રસન્નભાવે શાંતચિત્તે રહસ્યોદ્ઘાટન કરતાં કહ્યું કે– 'મને ખબર છે કે, આ રત્ન નથી પણ માત્ર ચકમકનો પત્થર જ છે. આની તો કાંઇ જ કિંમત નથી. પરન્તુ મેં જે ઇનામ તે ભલા ભોળા ખેડુતને આપ્યું છે તે તેની શ્રદ્ધા ઇમાનદારી અને વિશ્વાસથી આપેલ છે, આ ખેડુતને પોતાના રાજા ઉપર પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે, આવું રત્ન તો રાજભંડારમાં શોભે. જો આ તો પત્થર છે પણ ખરેખર કરોડોની કિંમતનું સાચુ રત્ન હોત તો પણ મને જ આપ્યું હોત. તેનો રાજા પ્રત્યે જે પૂર્ણ સમર્પણભાવ જોયો તેના ઇનામમાં મેં તેને હજાર સોનામહોર આપી છે.' ત્યારે રાજાની વિચક્ષણતા બધાને વિસ્મયકારી અને હર્ષપ્રદ બની.

આ કથાનો બોધ એ લેવો છે કે આપણે પણ આપણા પરોપકારી પરમતારક સુદેવ–સુગુરૂ અને સુધર્મ ઉપર આવો જ સમર્પણભાવ કેળવીશું તો જ સાચા

આરાધક બનીશું. સાચી આરાધના કરી, વહેલામાં વહેલું આત્મકલ્યાણ સાધીશું.

આના પરથી બીજો આપણા સ્વાર્થનો (વાસ્તવમાં જે પરમાર્થરૂપ છે) પણ વિચાર કરવો છે કે આપણા સૌના ભવોદધિત્રાતા, અનંતોપકારી સુગૃહીત પુણ્યનામધેય. તપાગચ્છીયાવિચ્છિન્ન સામાચારી સરંક્ષક પૂજ્યપાદ સ્વ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ તિથિવિષયક લવાદી ચર્ચામાં પણ 'વિજય' પ્રાપ્ત કરેલો છે અને પર્વતિથિની પણ ક્ષય-વૃદ્ધિ શાસ્ત્રીય છે તે પૂરવાર કરેલું છે. તો તેમના આપણે સાચા ઉપાસક હોઇએ તો ચાલુ વર્ષે શ્રી સંવત્સરી મહાપર્વની આરાધના ભાદરવા-સુદ-૪ ને સોમવારના કરી સાચો સમર્પણભાવ કેળવી આપણી આરાધના શુદ્ધ કરીએ-કરાવીએ તે જ અભ્યર્થના.

❁

આચાર્યાદિકની પૂજાની વિધિ

જો કે ભગવાન તીર્થંકર મહારાજની હયાતિકાળમાં અથવા તે પછી પણ યાવત્ શાસનની પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી આચાર્ય મહારાજ જ આર્હતશાસનનું આધિપત્યપણું ધરાવે છે ગુરુતત્ત્વ તરીકે ગણાતા પરમેષ્ઠીઓમાં મુખ્ય પદ આચાર્ય ભગવંતોનું જ છે. પણ આચાર્ય ભગવંતોની પૂજા માટે આચારાંગનિર્યુક્તિ અને વૃત્તિ વિગેરેમાં માત્ર સુગંધ, ચૂર્ણાદિકથી જ આચાર્ય ભગવંતોનું પૂજન જણાવે જે, કોઇપણ પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથમાં આચાર્ય ભગવંતોનું સ્વતંત્રપણે સ્નાત્રાદિક, મુકુટાદિક કે પ્રાતિહાર્યોએ પૂજન કરવાનું વિધાન કે પ્રવૃત્તિ જણાવનારા કોઇપણ અક્ષરો હોય એમ જાહેર થયું નથી.

સાધુ-સાધ્વી રૂપ સંઘની પૂજાનો વિધિ :- તેટલા માટે શ્રાદ્ધવિધિકાર આચાર્ય રત્ન શેખર સૂરિજી શ્રીસંઘની પૂજાના વિધાનને કર્શાવતા સાધુ અને સાધ્વીરૂપી બે ક્ષેત્રને માટે નિર્દોષ આહાર એટલે અશન, પાન, ખાદિમ; સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદ-પ્રોંછન, પ્રતિલેહરણ વિગેરે વહોરાવવા દ્વારા ઔષધ, ભેષજ વિગેરેથી વૈયાવચ્ચ કરવા દ્વારાએ તથા પુસ્તકાદિ દેવાદ્વારાએ પૂજા જણાવે છે પણ ચતુર્વિધ સંઘની પૂજાના અધિકારમાં સાધુ-સાધ્વી જેવા પુણ્યક્ષેત્રોની અપેક્ષાએ પણ ઉપર જણાવેલા આહારાદિક સિવાયની પૂજા જણાવી નથી. તો પછી સંઘની પૂજાને નામે કે બહાને બીજી જે કોઇ શાસ્ત્રમાં નહિ કહેલી પ્રવૃત્તિ થાય તે આરાધક પુરૂષને તો યોગ્ય ગણાય નહિ.

(સિદ્ધચક્ર ૧૮-૫-૩૫)



પ્યારા બૂલકાઓ,

એક બૂલકાએ પ્રશ્ન પૂછાવ્યો છે.

શ્રી જૈન દર્શન એટલે શું ?

શ્રી જૈન દર્શન એટલે આત્માનો જડ કર્મોની સાથેનો જે અનાદિકાળથી સંબંધ છે તે સંબંધને સર્વ પ્રકારે અને સર્વ કાળને માટે છોડી દેવાના માર્ગને કર્શાવનારૂં દર્શન.

જડ કર્મો એટલે આ સંસાર. આ સંસારચક્રથી છોડાવનારૂં દર્શન તે શ્રી જૈન દર્શન. જડ કર્મોની જાળને મજબુત બનાવે તે સાચો ધર્મ નહિ, સાચો ધર્મ તે જ કે જે જડ કર્મોના સંબંધને નામશેષ કરાવે. આવું કામ શ્રી જૈન દર્શન કરે છે.

શ્રી જૈન દર્શનને સમજાવનારા સુગુરુઓ સંસાર છોડવાનો, સંસારના સંબંધોનો તોડવાનો જ ઉપદેશ આપે. કર્મોની જડને વધારનારો અને સંબંધને મજબુત બનાવવાનો જેઓ ઉપદેશ આપે છે તેઓ ગુરુને બદલે વેષધારી સાધુઓ છે.

આ વાત અનંત જ્ઞાનીઓએ કહી છે.

ગુરુનું કામ સંસારથી ઉગેડવાનું અને વેષધારી સાધુઓનું કામ સંસારમાં જડવાનું આવા ઉપદેશકો ભગવાનના શાસનને પામીને પોતાનું પેટ ભરનારા હોય છે. અને શ્રી જૈન શાસન રૂપી નાવમાં બેસીને તરવાના બદલે ડુબવાનો અને શરણે આવેલાને પણ ડુબાવનારા થાય છે.

શ્રી જૈન દર્શનના સાધુઓ જે ઉપદેશ આપે તો સંસારના સંબંધને તોડવાનો જ ઉપદેશ કારણ કે પાપ કરવું નહિ કરાવવું નહિ અને કરતાની અનુમોદના કરવી નહિ અર્થાત્ સારા માનવા નહિ તેવું તેઓ સમજેલા છે અને આવા ઉપદેશ વિના કોઇનું વાસ્તવિક કલ્યાણ થયું નથી, થતું નહિ અને ભવિષ્યમાં થનાર પણ નથી.

શું અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોને ઇષ્ટ્યા હતી ? તેઓને આપણે સૌ સાહ્યબી ભેગવીએ એ ગમતી ન'તી ?

ના ! એ તારકો તો પરમ વીતરાગ હતા. અનંત જ્ઞાનના ધણી હતા. તેઓ જાણતા હતા કે સંસારની સાહ્યબીમાં મુંઝાયેલો આત્મા, તેના પરિણામે આવનારા અનંતા દુઃખોથી પીડાશે. સુખનું તો નામ છે. પણ પરિણામે તો દુઃખનો પાર છે. આવું જાણનારા વીતરાગ દેવોએ આપણને સંસાર તેડવાનો માર્ગ બતાવ્યો છે. એ માર્ગે આપણે સૌ ચાલીએ અને આપણા સૌનું કલ્યાણ કરીએ એજ શ્રી જૈન દર્શન સમજવાની સફળતા. **રવિશિશુ C/o. જૈન શાસન**

— આજનું સુવાક્ય —

* ભૂલ્યાની વાત કોણ જાણે, જન્મ્યા હોય જે ભાવતે ભાણે. **—અમી**

— રત્નકણિકા —

અનર્થકારી શું ? અસ્તવ્યસ્ત મન.
સુખ શાંતકારી શું ? હિત ચિન્તવનરૂપ મૈત્રી
સર્વ દુઃખ નાશક શું ? આત્મ નિગ્રહ
અંધ કોણ ? અકાર્યમાં રક્ત
બધિર કોણ ? હિત વચન ન સાંભળે તે
તજવા યોગ્ય શું ? ન કરવાના કાર્ય.
મોક્ષનો ઉપાય શું ? સમ્યગ્ જ્ઞાન અને સદ્વર્તન
પંડિત કોણ ? વિવેકવાન
વિષ કયું ? ગુરૂનું અપમાન
વાહલી શું ? કરૂણા, દાક્ષિણ્યતા અને મૈત્રી
પૂજ્ય કોણ ? સદાચરણ
કમનશીબ કોણ ? ચારિત્ર-આચાર ભ્રષ્ટ
જગતને કોણ જીતી શકે ? સત્ય અને ક્ષમાવંત પુરૂષ
શેનાથી વિરક્ત રહેવું ? સંસાર અટવીથી
વશ કોણ કરી શકે ? સત્ય અને પ્રિયભાષી

—સેના રૂપા

મિથ્યાભાવ કે આગ્રહરહિત, નિર્દોષ દૃષ્ટિ કે સમજ, સર્વ રક્તપિત તત્ત્વરૂપ જગતના રહસ્યની અકર્તા, અલોકતારૂપ શ્રધ્ધા અને સતદેવ-ગુરૂ-ધર્મ રૂપ અવલંબનમાં ભક્તિ તે સમ્યગ્દર્શનનું હાર્દ છે. આઠ મદ અને સાત ભયરહિત સદ્વિવેકયુક્ત શીલવાન જીવનની ચર્યાસહિત સમકિત હોય છે.

વિભ્રમ, મોહ કે સંશયરહિત જ્ઞાન, સ્વમાં પર બુદ્ધિરહિત, પરમાં પોતાપણાના મમત્વરહિત અને સર્વજ્ઞકથિત ઉપદેશમાં શંકારહિત શુધ્ધ અધ્યવસાયરૂપ સાચા બોધ સહિતનું અનુભવરૂપ સમ્યગજ્ઞાન છે દર્શન અને જ્ઞાન સહચારી ગુણો છે જોડિયાં તત્ત્વો છે.

રાગ–દ્વેષરહિત ચિત્તની વીતરાગકશારૂપ પરિણામ, ક્રોધાદિ કષાયરહિત સમતારૂપ આચરણ અહિંસાદિ પાંચ વ્રતોનું કડક પાલન એ સમ્યક્ ચારિત્રનો મર્મ છે પૂર્ણ ચારિત્રકશા તે પૂર્ણજ્ઞાનને પ્રગટ કરે છે.

– જમન–યમન (બેંગલોર)

— હાસ્ય હોજ —

સિંહ પોતાની બકાથી બેઠો હતો રમતું રમતું એક સસલું આવ્યું.

સસાભાઇ – આ જંગલનો રાજા કોણ ?

સસલાએ કહ્યું – આપ જ હોવ ને !

દોડતું હરણ આવ્યું – એય ! આ જંગલનો રાજા કોણ ?

હાફતું હરણ બોલ્યું – તેમ જ છો ને !

તોફાની હાથી આવ્યો – અલ્યા ! આ જંગલનો રાજા કોણ ?

ગુસ્સે ચઢેલા હાથીએ સિંહને સૂંઢથી પકડયો ગોળ ગોળ ફેરવી ઉંચે આકાશમાં ફેંકી દીધો.

સિંહ બોલ્યો – ના કહેવું હોય તો ના કહો પણ મારો છો શું કરવા ?

❖ ❖

એક વખત એક કીડી અને એક હાથી થયો રમતાં હતાં. રમતાં રમતાં હાથીનો દાવ આવ્યો. હાથી કીડીને શોધવા લાગ્યો.

મહા મહેનતે કીડીને શોધતો હાથી બોલ્યો, કીડી બહેનનો થયો.

ત્યારે કીડી કહે – તને કેવી રીતે ખબર પડી ?

હાથી કહે – તમારા સેન્ડલ બહાર પડયા હતાં.

❖ ❖

આચાર્ય – શીરવ, કાલે સ્કૂલમાં કેમ ન'તો આવ્યો.

શીરવ – સર, વરસાદના કારણે.

આચાર્ય – અચ્છા, આજે મોડો કેમ આવ્યો ?

શીરવ – તેની રાહ જોવામાં. –વિક્રમ-દર્પિલ

શાસન સમાચાર

ચરવલા–(પુના) અત્રે પૂ. આ. શ્રી વિ. જયકુંજર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. મુક્તિપ્રભ સૂ. મ., પૂ. ગણિવર ધર્મદાસ વિ., પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ.ની નિશ્રામાં અધ્યા.મ યોગી પૂ. પં. શ્રી ભદ્રંકર વિ. મ.ની ૧૯મી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે વૈ. ૧૨–13–૧૪ ત્રણ દિવસ ઉત્સવ યોજાયો. વૈ. સુદ ૧૩ના સિદ્ધચક્ર મહાપૂજન વૈ. સુદ ૧૪ના ગુણાનુવાદ વિ. કાર્યક્રમ હતો.

અહિછત્રા-(રામનગર બરેલી–ઉ. પ્ર.) અત્રે શ્રી પાર્શ્વનાથ ભગવાનના લુપ્ત ક્ષેત્રમ મંદિર નિર્માણ થઇ રહ્યું છે તે અંગે પૂ. પં. શ્રી પદ્મવિ. મ.ની નિશ્રામાં આયોજન થયું છે. શિલાસ્થાપન પ્રસંગે તેઓશ્રી ઉપરાંત વિદ્વાન પૂ. મુ. શ્રી જંબુ વિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી જિનેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પધારેલ. વૈ. સુદ ૧૦ ના ખનન મુહુર્ત વૈ. સુદ ૭ ના શિલાન્યાસ થયું હતું. શિલાન્યાસનો લાભ લેનાર (૧) શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઇ ખીમચંદ દ્રસ્ટ–મુંબઇ. (૨) શાહ મોહનલાલ ભીમચંદ સાકડી. (૩) શ્રીમતી શાંતાબેન કુલચંદ સાકડી (૪) નેમિચંદ અભયકુમાર મદ્રાસ (૫) ગુપ્ત (૬) પુર્ણાનંદ સૂ. હીંકાર સૂ. મંડળ હીંકારધામ (૭) મીનાં વિજયરાજ પુના (૮) સુલોચનાબેન જૈન બડૌદા (૯) કુસુમબેન જૈન મેરઠ.

ચીંચવડ–(પુના) અત્રે પૂ. પં. શ્રી ભદ્રંકર વિ ગણિપદના શિષ્ય પૂ. મુ. શ્રી રત્નસેન વિ.મ.ના ગણિપદ પ્રદાન વૈ. વદ-૬ના પૂ. આ. શ્રી વિ. જયકુંજર સૂ. આદિની નિશ્રામાં યોજાયેા તે પ્રસંગે ૫૧ છોડના ઉજમણા સાથે અઠ્ઠાઇ મહોત્સવ હાઠર્થ યોજાયેા હતેા.

ખાભર–અત્રે મુમુક્ષુ અભયકુમાર તથા રક્ષાકુમારીની દીક્ષા નિમિતે પૂ. આ. શ્રી વિ. સોમસુંદર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. જિનચંદ્ર સૂ મ., પૂ. આ. શ્રી વિ. પૂર્ણચંદ્ર સૂ. મ.ની નિશ્રામાં શેઠ જમનાદાસ જીવતલાલ પરિવાર તરફથી વૈ. સુદ ૫ વરઘોડો સુદ ૬, રથયાત્રા–વૈ. સુદ ૭ દીક્ષા વિ. ભવ્ય ઉત્સવ યોજાયેા.

ચેવલા–અત્રે પૂ. આં. શ્રી વિ. મહોદય સૂ. મ. આદિની નિશ્રામાં કુ. ભાવના વિનોદકુમાર પટણીની દીક્ષા તથા વરસીતપના પારણા પ્રસંગે ચૈત્ર વદ ૧૩ થી વૈ. સુદ ૭ સુધી ભવ્ય મહોત્સવ ઉજવાયેા.

દાંતરાઇ–અત્રે પૂ. આ. શ્રી વિ. કમલરત્ન સૂ. મ. આદિની નિશ્રામાં વિમલાબેન નથમલજીના વરસીતપ નિમિતે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત પંચાન્હિક મહોત્સવ વૈ. વદ ૮ થી ઉજવાયેા. પૂ. આ. મ.ની ૯૦મી ઓળી નિમિતે પ્રવચન ગુરૂપૂજન અને ૧૨ રૂા.નું સંઘપૂજન થયું હતું.

દેરવાડામાં–તેઓશ્રી તથા પૂ. સા. શ્રી હર્ષિતપ્રભાશ્રીજી મ.ની નિશ્રામાં મુંડારા વાળા તારાચંદજી તથા તેમના ધર્મપત્ની લીલીબેનના વરસીતપ નિમિતે શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયેા. પ્રવચન ગુરૂપૂજન, કામળીએ વહેારાવવી સંઘપૂજન વિ. થયા. ૪૦ રૂા.થી સંઘપૂજન થયું હતું.

ભાભર–અત્રે પૂ. આ. શ્રી વિ. સોમસુંદર સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિ. જિનચંદ્ર સૂ. મ. આદિની નિશ્રામાં પૂ. ગણિ શ્રી સંયમરતિ વિ. મ. તથા પૂ. ગણિ શ્રી યોગતિલક વિ. મ.ને વૈશાખ સુદ ૭ ના પંન્યાસ પદ અર્પણ થયું તે નિમિત્તે ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૧૩ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર આદિ નવાન્હિક ભવ્ય મહોત્સવ યોજાયેા હતેા.

સોલાપુર–અત્રે પૂ. સા. શ્રી વિનોદશ્રીજી મ. આદિની નિશ્રામાં પૂ સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.ના વરસીતપની પુર્ણાહુતિ પ્રસંગે અઠાઇ મહોત્સવ યોજાયેા હતેા.

ચાંદરાઇ–પૂ. આ.દેવ શ્રીમદ્ વિ. કર્મનરત્ન સૂ. મ. આદિની નિશ્રામાં ઉમેદાબાદ (રાજસ્થાન)માં ઐતિહાસિક ઓલીમાં નિશ્રા આપી ગામેગામ શાસન પ્રભાવના કરતાં ચાંદરાઇ પધારેલ, ત્યાં બાલ દીક્ષાર્થી હીનાકુમારી પ્રકાશચંદ્રજીની દીક્ષાનેા ભવ્ય વરઘોડો (રથયાત્રા) વૈશાખ સુદ ૫ તા. ૨૦–૪–૯૯ મંગલવાર ને સવારે નિકલેલ તેમાં પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી રશ્મિરત્નવિ. ગણિવર્ય પણ પધારેલ. રથયાત્રા પછી બહુમાન સમારોહ યોજાયેલ તેમાં આચાર્યદેવશ્રીનું મંગલાચરણ પછી પ્રવચન થયેલ. બોલી બોલાવેલ, બહુમાન પત્ર તથા વિદાય તિલક આદિ પછી દીક્ષાર્થીએ પેાતાના ઉદ્‌ગાર કહેલ. તે જોઇ લોકોની આંખેા ભીની થઇ ગયેલ.

સુરત–શ્રી ઓંકારસૂરિ આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિ. જયઘોષ સૂ. મ.ની આજ્ઞાથી પૂ. આ. શ્રી વિ. કલાપુર્ણ સૂ. મ. હસ્તે પૂ. પં. શ્રી અભયશેખર વિ. મ.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી અજિતશેખર વિ. મ. ને ચૈત્ર વદ ૧૧ના ગણિ પંન્યાસ પદ પ્રદાન કરવામાં આવ્યા. તેઓ અત્રેના વતની છે. ૨૧ વર્ષ પહેલા બંને ભાઇઓ માતુશ્રી બેન ચાર કુંવારી બે કાકા કાકીમા એમ ૧૧ જણે દીક્ષા લીધી છે.

બગવાડા (વાપી) મુકામે પૂ.આ.શ્રી વિજય અમરગુપ્તસૂરીશ્વરજી મ. તથા પૂ. શ્રી આ. શ્રી વિજયચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી જયદર્શન વિજયજી મ. કે જેમના મહાવીર શાસન, જૈન શાસનમાં સિદ્ધાંતિક લેખો આવે છે તે પૂ. મુનિરાજશ્રી જયદર્શનવિજયજી મ.ની ગણી પદવી ૨૦૫૫ વૈશાખ સુદ ૭ના ગણિપદ પ્રદાન છે તે–

પૂજ્ય મુનિશ્રીનો પરિમિત પરિચય

પૂજ્ય મુનિશ્રીનો જન્મ અર્જુનગઢની તળેટીએ શોભતા ભવ્ય શ્રી જિનાલયથી રળિયામણા, દક્ષિણ ગુજરાતના બગવાડા ગામે વિ.સં. ૨૦૧૯, પોષ સુદ ૨ના શુભદિને થયો હતો. પિતા અમૃતલાલ અને માતા વીરમતીબેનના ચાર સંતાનોમાં ત્રીજા નંબરના સંતાન એવા તેઓશ્રીનું નામ જયેશકુમાર હતું. નિત્ય શ્રી જિનપૂજા–નવકારશી અને અવસરે સામાયિક–પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરાવવા દ્વારા માતા વીરમતીબેન ચારેય સંતાનોનું ધર્મસંસ્કરણ કરતા હતા. શિયાળાના ઠંડા દિવસોમાં સવી સાંજે સગડીના તાપણે બેઠેલા બાળકોને માતા વીરમતીબેન વજ્રસ્વામી, જંબૂસ્વામી અને અઇમુત્તામુનિ વગેરેની વાર્તા કરતા. મુનિશ્રીમાં બાલમુનિ બનવાના બીજ અહીં રોપાયા માતા વીરમતીબેને મોઢે સૂત્રોનાં પદો ગોખવીને બે પ્રતિક્રમણનાં સૂત્રો કંઠસ્થ કરાવેલાં.

વ્યવસાયાર્થે વાપીમાં નિવાસ થતાં, અનેક પૂ. ગુરુભગવંતોના પરિચયથી જયેશકુમારની ધર્મભાવના વધતી રહી. તેમાં પૂ.આ. શ્રી વિ.રવિચન્દ્રસૂ. મ. સા.ના સાન્નિધ્યમાં ઉપધાન તપ કરતાં, સાધુ જેવું એ જીવન ગમી ગયું. માતા–પિતાની સહર્ષ સંમતિ સાથે મહોત્સવપૂર્વક બગવાડા ગામે વિ. સં. ૨૦૩૨ના મહાસુદ ૫ના શુભદિને દીક્ષા અંગીકાર કરી જયેશકુમાર, પૂ. ગુરુદેવ શ્રી રવિચન્દ્ર સૂ. મ. સા.ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી જયદર્શન વિ.મ. બન્યા. તેઓશ્રીની સાથે મોટાં બેન જયશ્રીબેને પણ સંયમ સ્વીકારેલું અને પૂ. સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મ. બન્યા. નાનાબેન ભક્તિબાળા ત્રણ વર્ષ બાદ દીક્ષા લઈ પૂ. સાધ્વી શ્રી ભવ્યધર્માશ્રીજી મ. બન્યાં. પિતા અમૃતલાલ પણ વિ. સં. ૨૦૪૪માં પૂ.આ. શ્રી રામચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુ.શ્રી રત્નદર્શન વિ. મ. બન્યા. બગવાડા ગામના આ ત્રણે પૂજ્યો સંયમ જીવનની અનુપમ આરાધના કરી રહ્યા છે

ગુરુકુલવાસમાં રહી પૂજ્ય ગુરુદેવના સંસ્કરણથી પૂજ્ય મુનિશ્રીએ સમ્યગ્-જ્ઞાન–દર્શન-ચારિત્ર–વિનય–વૈયાવચ્ચ–તપ–શાસ્ત્ર સમર્પિતભાવ–શાસનરાગ વગેરે ગુણોને પ્રાપ્ત કર્યા. પૂ. ગુરુદેવ શ્રી વિ. રવિચન્દ્ર સૂ.મ.ના તારક આશીર્વાદ અને માર્ગદર્શન મુજબ

વેધકશૈલી સાથે વિ.સં. ૨૦૩૯ થી લેખનક્ષેત્રમાં સફળ પ્રવેશ કર્યો, સરળશૈલીમાં પણ ઊંડાણથી શાસ્ત્રબોધ કરાવવાથી માંડીને સિદ્ધાંતરક્ષા આદિ અવસરે તલસ્પર્શી નિરૂપણ પૂર્વક ધારદાર કલમ ચલાવવા સુધીની લેખનકળા હસ્તગત કરી. એજ રીતે વિ. સં. ૨૦૪૩ની સાલથી પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભાનુચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના વરદ આશીર્વાદ અને તારક આજ્ઞાથી અલગ ચાતુર્માસ કરવાની શુભ શરૂઆત કરી. પૂજ્યોના આશીર્વાદથી ગુરુવર્યોની પરંપરાના ઉજ્જવલ વારસામાં પ્રાપ્ત થયેલ શુદ્ધપ્રરુપણાના ગુણ દ્વારા પ્રવચનના માધ્યમથી ભગવાનના શાસનને સમજાવવાનું કામ તેઓશ્રી ખુબ જ સારી રીતે કરી રહ્યા છે. આવા બગવાડા ગામના ગૌરવવંતા ગુરૂદેવની ગણીપદવીના પાવન પ્રસંગે અમે એવી શુભભાવના વ્યક્ત કરીએ છીએ કે, તેઓશ્રીના પુણ્યપરિચયમાં આવી-રહીને તેઓશ્રીની શક્તિનો લાભ લેવા દ્વારા આપણા આત્મહિતને સાધવામાં ઉજમાળ બનીએ...

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.નો વિહારક્રમ

* તા. ૧૮-૧૬-૨૦-૫-૯૯ જામનગર
* તા. ૨૬ સોળસલા ત્યાં ૨૮-૨૬-૩૦ મોડપર સંઘ
* તા. ૫-૬-૯૯ થી ૧૦-૬-૯૯ જામનગર શાંતિભવન પૂ.મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ.ના ૧૦૦+૧૦૦ ક. વર્ધમાન તપની ઓળીનું પારણું
* તા. ૧૧-૬ થી ૧૬-૬-૯૯ લાખાબાવળ પ્રાચીન પ્રગટ થયેલા જિનબિંબની પ્રતિષ્ઠા છે પછી જામનગર
* તા. ૨-૭-૯૯ જામનગર શાંતિભવનમાં પૂ.પાદ આ.ભ શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા
* તા. ૧૮-૭-૯૯ થાનગઢ (સુરેન્દ્રનગર) ચાતુર્માસ પ્રવેશ છે.
* જૈન ઉપાશ્રય તરણેતર રોડ થાનગઢ (જી. સુરેન્દ્રનગર)
* પત્રનું સરનામું :- C/o. શ્રુત જ્ઞાનભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર.

卐

એક ઘોડાગાડીવાળો આ રસ્તા પરથી મુસાફરોને લાવવા-લઇ જવાનું કામ કરતો હતો. તેનું નામ હતું ઠગીલાલ આ ઠગીલાલ મુસાફરોની ગરજનો લાભ ઉઠાવતો હતો. વૃદ્ધ, અશક્ત, બીમાર અને અજાણ્યા મુસાફરો પાસેથી તે બે-ત્રણ ગણું ભાડું પડાવતો હતો.

એક વાર ધોમ ધખતો હતો. સખત ગરમી પડતી હતી. મુસાફરો આવી ગરમીમાં ચાલવાને બદલે ઠગીલાલની ઘોડાગાડીમાં આવ-જા કરતા હતા. ઠગીલાલને તડાકો પડી ગયો હતો, તેથી તે ઘોડાને દોડાવ્યે જતો હતો. દસ-બાર ફેરા થયા હતા. ઘોડો થાકી ગયો હતો અને સખત તરસ્યો પણ થયો હતો, છતાં ઠગીલાલ લોભમ તેને દોડાવી રહ્યો હતો. આખરે ઘોડો ચક્કર આવીને પડી ગયો.

ઠગીલાલ બુદ્ધિધનની પરબે પાણી લેવા માટે ગયો. બુદ્ધિધને તેને ડોલ ભરીને પાણી આપ્યું. ઠગીલાલે પાણીના પૈસા આપવા માંડ્યા એટલે બુદ્ધિધને કહ્યું: 'હું પાણીના પૈસા લેતો નથી. તરસ્યાને પાણી પાવા માટે મેં પરબ શરૂ કરી છે. તરસ્યાં માણસે, તરસ્યાં પંખીઓ અને તરસ્યાં પશુઓની સેવા માટે મેં આ પરબ કરી છે. તરસ્યાંની સેવા કરવાથી મને આનંદ મળે છે. હું કોઇની પાસેથી પાણીના પૈસા લેતો નથી. લઇ લો, તમારા આ પૈસા ઇચ્છા થાય તો ગરીબોની સેવા કરજો.' બુદ્ધિધનની વાત ઠગીલાલના હૃદયમાં ઊતરી ગઇ છોકરો અપંગ હોવા છતાં કેવા આનંદથી જીવદયાનું કામ કરતો હતો ? અને પોતે કેવો સ્વાર્થી હતો ? લોકોની ગરજનો તે કેવો લાભ ઉઠાવતો હતો. ભાડાના એક રૂપિયાને બદલે તે બે રૂપિયા અને પણ રૂપિયા પડાવતો હતો. કેવો સ્વાર્થી હતો પોતે ?

બુદ્ધિધનની સેવાભાવના તેની આંખ આગળ રમવા લાગી પછી ઘોડાને પાણી પાતાં-પાતાં તેણે નિશ્ચય કર્યો: 'હવેથી હું પણ એક રૂપિયો જ ભાડું લઇશ કોઇનું લાચારીનો લાભ નહિ લઉ જરૂરિયાતવાળા ગરીબોને મફત લઇ જઇને તેમની સેવા કરીશ.' એ દિવસથી ઠગીલાલ પ્રામાણિકતાથી અને સેવાભાવનાથી કામ કરવા લાગ્યો. (સંદેશ)

શ્રી મહાવીર શાસન : જૈન શાસનના પ્રતિનિધિ
—: લલીતકુમાર જગજીવનદાસ બારભાયા :—
સી-૨, ટી-૧૧૦, મહાવીર નગર, શંકર લેન,
ફોન : ૮૦૬ ૫૫૬૯ કાંદિવલી (વે.), મુંબઇ-૪૦૦ ૦૬૭.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* સંસારનું સુખ એવું છે કે જે જ્ઞાની સાવચેત ન રહે તો તેને પણ ગમી જાય અને દુર્ગતિમાં લઇ જાય
* સુખ મળે તે પુણ્ય છે પણ ગમે તે પાપ છે.
* જગતમાં પુણ્યશાલીઓ માટે જ સુખની સામગ્રી છે. તે સુખથી સામગ્રીની મજા જ સંસારને જીવતો રાખનારી છે.
* સંસારનું સુખ જેને ગમે તેનો સંસાર શાશ્વત !
* સંસારમાં જીવ, જે પોતે સારું માન્યુ હોય તે મેળવવા શું શું નથી છોડતો ?
* સંસારના સુખ માટે દુઃખ વેઠવા કર્મ સહાયક છે. તે કર્મ જ બોલાવે કે દુઃખ વિના સુખ નહિ, મહેનત-મજુરી વિના પૈસા નહી.'
* મોહનીય એક એવું પાપ કર્મ છે જે પાપ જ કરાવે. તે મોહનીયનો એક લેહ એવો છે જે પાપને પાપ માનવા દે જ નહિ. પાપ વિના તે ચાલતુ હશે તેમ કહેવરાવે.
* આજે અવિધિનું સામ્રાજ્ય છે. મુર્ખાઓનું આધિપત્ય છે. વિધિ જાણવાની મહેનત નથી. વિધિ જાણ્યા પછી કરવાની ઇચ્છા નથી.
* ધર્મ કરવા સમજ જોઇએ. તેમાં કર્મ સહાય ન કરે.
* ધર્મના સંસ્કારવાળું જે પુણ્ય તેનું નામ પુણ્યાનુબંધી પુણ્ય. ધર્મના સંસ્કાર જે પુણ્ય સાથે જીવતા ન હોય તે પુણ્ય પુણ્યાનુબંધી નહિ.
* કર્મ ગ્રન્થિને પોષનારા છે, સહાયક છે, ભેદનારા નથી. તેને ભેદવા માટે ભારેમાં ભારે પુરૂષાર્થ જોઇએ, સારા અધ્યવસાય જોઇએ અને આજ સુધી કદિ ન આવ્યો તેવો અપૂર્વકરણ નામનો પરિણામ એટલે કે આત્માનો અધ્યવસાય વિશેષ આવે તો જ ભેદાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

आ श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

जैन शासन

संसारमां कशुं निश्चित नथी

किं नास्तिक मरणं तस्मिन्-शरणं वास्तु किंचन ।
किं नानित्याश्च संयोगा निश्चिन्तैः स्थीयते कथम् ? ॥

आ संसारमां मृत्यु कोने नथी, तथा शरणे जवा लायक कोण छे अने स्त्री – पुत्र – परिवार-धनादि संयोगो अनित्य छे तो निश्चितपणे केम रहेवाय ?

अठवाडिक

वर्ष ११

अंक ३७+३८

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
४५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

શ્રી જીવદયા મંડળ, રાપર-કચ્છ

'શ્રી જીવદયા મંડળ, રાપરને મદદ માટે નમ્ર અપીલ'

સુજ્ઞશ્રી,

ઉપરોક્ત સંસ્થા શ્રી જીવદયા મંડળ રાપર દ્વારા અમો રાપર મધ્યે છેલ્લા ૨૭ વર્ષથી **'પાંજરાપોળ'** ચલાવીએ છીએ-આ સંસ્થાનો ઉદ્દેશ અબોલ, નિરાધાર, નિઃસહાય જીવોને આશ્રય આપી નિભાવવા તેમ કસાઇવાડે જતા જીવોને બચાવવાનો છે.

હાલ આ સંસ્થામાં ૪૬૦૦ આસપાસ અબોલ જીવો ગાય, બળદ, ભેંસ, પાડા, નીલ ગાય, હરણ, ઊંટ, ઘેટા-બકરાં, વગેરે જીવો આશ્રય લઇ રહેલ છે. જેની પાછળ સંસ્થાને રોજનું ખર્ચ રૂા. ૩૦,૦૦૦-૦૦ ત્રીસ હજાર આસપાસ લાગે છે.

છેલ્લા ત્રણ વર્ષથી આ સંસ્થામાં ઢોરની સંખ્યા કાયમી પણે ૧૦૦૦ પાંચ હજારની આસપાસ રહેવા પામેલ છે. તેમ છેલ્લા ત્રણ વર્ષનો નિભાવ ખર્ચ ત્રણ કરોડ કે તેથી વધારે લાગે છે.

આમ આટલી મોટી સંખ્યાના ઢોરોનો નિભાવ કરવો એ કંઇ નાનું સુનું કામ નથી-સૌ કોઇના સહકાર વિના આ વિરાટ કાર્ય ભાગ્યે જ શક્ય બને.

ઢોરોની ખૂબ મોટી સંખ્યા સામે થતા નિભાવ ખર્ચને લઇ સંસ્થા ખૂબ જ આર્થિક સંકડામણ અનુભવી રહેલ છે. સંસ્થા પાસે ખાસ કંઇ ભંડોળ નથી તો સૌ જીવદયા પ્રેમી ભાઇઓ શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને આ સંસ્થાને મદદ કરવા ખાસ નમ્ર વિનંતી.

'જો મળશે આપનું દાન તો બચશે પશુઓના પ્રાણ.' જીવદયાના આ વિરાટ યજ્ઞમાં સૌ શક્ય વધુ આહુતિ આપી પુણ્યનું ભાથુ કમાશો એવી નમ્ર વિનતી.

મદદ મોકલવાનું સ્થળ તથા
પત્ર વ્યવહારનું સરનામું :-
શ્રી જીવદયા મંડળ રાપર
મુ. રાપર વાગડ-કચ્છ
પો. બો. નં. ૨૩ પીન-૩૭૦૧૬૫

લી.
ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ-રાપર
રાપર-વાગડ કચ્છ

તા. ક. : શક્ય બને તો સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી...

આચાર્ય શ્રીમદ્ પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાંતની રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવ્યાય ચ

- સંરક્ષકો -
પ્રેમચંદ મેલાજી ગુંદચા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વડોદરા)
પ્યારચંદ ચત્તરજી ગુંદચા
(થાણાગઢ)

વર્ષ : ૧૧] ૨૦૫૫ પ્ર.જેઠ સુદ ૩/૪ મંગળવાર તા. ૧૮-૫-૯૯ [અંક : ૩૭-૩૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૨ ગુરૂવાર તા. ૯-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ પૂ. પ્રવક્તારશ્રીજી આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૩૨ મું ચાલુ) અવ૦)

સભા૦ હવે શું કરવું ?

૩૦ જે છોકરા મોટા થઇ ગયા, તમારું માનતા નથી તેની તરફ તમારો હૈયાનો પ્રેમ કાઢી નાખો તો તે જો લાયક હશે હશે તો સુધરીજશે. તમારી નારાજગી જોઇ તમારા પગમાં પડીને પૂછશે કે મારી શું ભૂલ થઇ ?

અને જે છોકરાં નાના હોય તેને પહેલેથી ભગવાનનાં શાસનનું તત્ત્વજ્ઞાન ભણાવો જેથી તેને આ મનુષ્યભવની કિંમત સમજાઇ જાય. આ મનુષ્યજન્મથી મોક્ષની જ સાધના કરવા જેવી છે તે માટે સાધુ જ થવા જેવું છે તે વાત સમજાઇ જાય. તાકાત હોય તો સાધુ થાય અને તે ન થવાય તો સારામાં સારો શ્રાવક થાય.

આજે તો આ જે મનુષ્યજન્મથી મોક્ષ મળે તે જન્મથી નરકની મહેનત થાય છે. તમારા છોકરા મહારંભી અને મહાપરિગ્રહી બનવાની મહેનત કરે છે પણ તેને ધર્મ કરવાનું મન થતું નથી, ભગવાનનાં દર્શન પૂજન થી કરતા, સાધુ પાસે ય જતા નથી અને ધર્મ સમજવાની વાત તો હૈયામાં છે નહિ. અને ઉપરથી કહે કે- 'ધર્મમાં કશુયા બહુ છે શું ધર્મ કરીએ ?' તે હૈયા ફુટયાઓને થતું નથી

કે– ચાલો સાચું શું છે તે સમજીએ તો ખરા. હકીકતમાં તો તેમને ધર્મ જ ગમતો નથી માટે આવાં બહાનાં કાઢે છે. દુનિયામાં ન સમજાય તો સમજવા પ્રયત્ન કરે છે, અનુભવીની સલાહ લે છે અને અહીં જ તેને આવું બધું બોલવાનું મન થાય છે. આ બધો પ્રતાપ આજના ભણતરનો છે. તમારા છોકરા નરકાદિ દુર્ગતિમાં જવાના ધંધા કરે છે તે તમને ગમે છે ? ન ગમતું હોય તો તેમને કહી દો કે– આપણાં ઘરમાં ઘણું છે માટે વેપાર–ધંધાદિની જરૂર નથી તો તે બંધ કરી દો.

તમારે બધાને મોક્ષે જ જવું છે ? ભગવાનનાં શાસનનો મોક્ષ ક્યારે મળે ? આ મનુષ્યજન્મની કિંમત સમજાઇ છે ? આ મનુષ્યજન્મમાં મોક્ષ મેળવવાની અને સંસાર છૂટે તેવી જ મહેનત કરવી જોઇએ પણ સંસાર વધે તેવી મહેનત ન જ કરાય તેવું પણ મનમાં છે ખરું ? આ મનુષ્યજન્મમાં સંસારની જ મહેનત કરવી તે આ જન્મનો દુરૂપયોગ છે તેમ લાગે છે ?

"સમ્યગ્દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગતન્યારા રહે, જેમ ધાવ ખેલાવે બાળ."

ગુજરાતી ભાષામાં લખેલી આ કડીની વાત કેટલીવાર સાંભળી છે ? છતાં ય તેનો અર્થ હજી સમજ્યા નથી ! ધાવમાતા પોતાના માલીકના બચ્ચાંને રોવા ન દે પણ પોતાનાં બચ્ચાંને રોવા દે; છતાં પણ તેનો પ્રેમ ક્યાં હોય ? તેવી રીતે તમે બધા જૈનકુળમાં જન્મ્યા છો તો તમારો પ્રેમ મોક્ષમાર્ગ ઉપર છે કે સંસારની સાધના ઉપર છે ? સંસારની સાધના દુર્ગતિમાં જ લઇ જનાર છે તે વાત બોલે છે ? જૈનકુળમાં જન્મવા છતાં ય સંસાર જ ખેલે તો તેને દુર્ગતિમાં જ જવું પડે ને ? તમે બધા સંસારનાં કામ જે રીતે સાચવી સાચવીને, સમજી સમજીને કરો છો તે રીતે ધર્મનાં કામ કરો છો ? સામાયિક, પડિક્કમણું શું તે સમજો છો ? ભગવાનની પૂજા–ભક્તિ પણ શા માટે કરવાની છે તે ય સમજો છો ? ભગવાનની પૂજા–ભક્તિ સાધુપણું લેવા માટે કરવાની છે તે ખબર છે ? જેને સાધુ થવાની ભાવના ન હોય તેની પૂજા એ સાચી પૂજા નથી તેમ ભગવાન કહી ગયા છે તે ખબર છે ? સાધુ પણ શા માટે થવાનું છે ? વહેલામાં વહેલા મોક્ષે જવાય માટે. દુનિયાનાં આ લોકનાં કે પરલોકનાં સુખની ઇચ્છાથી સાધુ થાય તો તે ય નકામો છે, તેને ય શાસ્ત્રે વેષવિડંબક કહ્યો છે.

તમારે મોક્ષે જવું છે ? વહેલા જવું છે કે મોડા જવું છે ? આ ભવમાંથી સીધા મોક્ષે જવાય તેમ નથી તો અહીંથી ક્યાં જવું છે ? જ્યાં ભગવાનનો ધર્મ

મળે ત્યાં જવું છે, બીજે જવું નથી એવું પણ તમારા મનમાં છે ખરૂં ? પણ તમારાં લક્ષણ જોતાં સારી ગતિ મળશે કે કેમ એમ લાગે છે ? તમે જે રીતે જીવો છો તેથી સારામાં સારી ગતિ મળવાની સંભાવના નહિવત્ છે. પ્રેમથી રહે સંસારમાં પ્રેમથી સંસાર જીવે તેને સારી ગતિ મળે નહિ. જેને મોક્ષ જ જોઇતો હોય તેનું વલણ કેવું હોય ? તેને ખપ શેનો હોય ? પૈસા-ટકાદિનો ખપ ન હોય પણ જ્ઞાનનો ખપ હોય; ખાવા-પીવાદિ મોજમઝાનો ખપ ન હોય પણ તપનો ખપ હોય અને તે જોને સફળ કરવા સંયમનો ખપ હોય.

શ્રી જૈનશાસન સમજ્યો હોય તેને ખાવા-પીવાદિમાં મઝા ન આવે પણ તપમાં મઝા આવે, તેને સાધુપણું જ ગમે. નવાં આવતાં કર્મ અટકે અને બધાં જુનાં કર્મોનો નાશ થાય તો જ મુક્તિ મળે. ચૌદમું ગુણઠાણું પામ્યા વિના મુક્તિ ન થાય, ત્યાં એકપણ કર્મ પ્રકૃતિનો બંધ નહિ, સંયત પણ યથાખ્યાત હોય, જ્ઞાન પણ કેવળજ્ઞાન હોય. અહીંથી સીધા મોક્ષે જવાય તેવું નથી પણ સાતમા ગુણઠાણાને પામી શકાય છે, તમારે કયા ગુણઠાણે જવું છે ? અત્યારે તમે કયે ગુણઠાણે છો ? મોક્ષની જેને ઇચ્છા પણ ન થાય તે કોઇ જ ગુણઠાણે નથી પણ ગુણહિન ગુણઠાણે છે. ગુણસંપન્ન ગુણઠાણા વગરના જીવો તો સંસારમાં રખડવા જ સર્જાયેલા છે. તમે કોઇપણ ગુણસંપન્ન ગુણઠાણું પામ્યા વિના મરી જશો તો તમને દુઃખ થશે ખરું ? તમે વેપાર-ધંધાદિ કરતા થયા, તે માટે શું કરવું તે સમજ્યા પણ ગુણઠાણું શું, કેવી રીતે પમાય તે સમજ્યા છો ? તમારાં સંતાનોને પણ ગુણઠાણું શું તે સમજાવ્યું છે ? જૈન મા-બાપ છો ને ? સુશ્રાવક છો ને ?

સભા૦ વાણીયા છીએ !

ઉ૦ તમને મંજુર છે ?

તમારે મોક્ષે જવાની ઉતાવળ નથી, તમારા છોકરા મોક્ષે જાય તેવી ઇચ્છા નથી, તે બધા સાધુ થાય, સાધુ ન થવાય તો સારા શ્રાવક થાય તેવી પણ ઇચ્છા નથી; માટે તમને આ બધી વાત હજી રૂચતી પણ નથી. તમારા છોકરા સારા શ્રાવક થાય તો તેને વેપાર-ધંધાદિ કરવા ગમે નહિ પણ તપ-ત્યાગ-આદિ ધર્મ કરવો ગમે તે તમને પાલવે ખરું ? માટે જ કહેવું પડે કે આજના જૈનકુળમાં જનમવું તે પણ આજે મહાપાપનો ઉદય હોય તે જ જન્મે. શાસ્ત્રે કહ્યું છે કે જૈન-કુળમાં જન્મે તે મહાપુણ્યશાલી કહેવાય કેમકે, જૈનકુળમાં જન્મેલા મોટેભાગે ધર્મની

આરાધના કરીને આવે છે. તમારા ઘરમાં જૈનપણાના સંસ્કાર જીવતા હોત તો મોટોભાગ આવો પાકત નહિ. પણ તમારા ઘરનું વાતાવરણ જ એવું હોય કે તેના સારા સંસ્કાર પણ ધોવાઇ જાય. તમારા ઘરમાં ધર્મની વાત કયારે કયારે થાય ? એક કથા આવે છે કે– એક ક્ષત્રિયાણીને ગર્ભ રહેલો; તેનો પતિ બહારથી આવીને તેણીને કાંઇ અટકચાળું કરે છે તો તે ક્ષત્રિયાણી પોતાના પતિને કહે કે–"ગરમ નથી આવતી ! હવે આપણે બે નથી રહ્યા, ત્રીજો જીવ આવ્યો છે. હવે ખરાબ ચેષ્ટા ખરાબ વાત કરાય નહિ, તેના સંસ્કાર ગર્ભમાં આવેલા જીવને પણ પડે. હું તેને બાયલો બનાવવા નથી માગતી."

તમારા છોકરાને કાને રોજ સારી વાત પડવી જોઇએ કે– "સંસાર ખોટો છે, મોક્ષ જ મેળવવા જેવો છે, તે માટે સાધુ જ થયા જેવું છે." આ વાત તમારા ઘરમાં સાંભળવા પણ મળે ? વર્ષોથી તમે આ વાત સાંભળો છો છતાં પણ આ સંસ્કાર તમારા ઘરમાં કેમ નથી ? તમે તો ખરાબ થયા છો પણ તમારા છોકરાઓને તમારા કરતાં સવાયા ખરાબ કર્યા છે. તમારામાં થોડી ઘણીય મર્યાદા હતી, તમારા સંતાનોમાં તે ય રહી નથી.

સભા૦ આ નિદાન તો સાચું છે. પણ આપનો જે ઉપાય હોય છે તે બહુ જલદ હોય છે એટલે બધા કરી શકતા નથી.

ઉ૦ તમારે તો એવો ઉપાય જોઇએ છે કે– સંસારમાં મજાય ચાલુ રહે અને ધર્મી પણ કહેવરાવીએ. આવી વૃત્તિવાળા જીવો. કદી ધર્મ પામે નહિ.

સભા૦ લડ્ડુ ભી ખાના ઔર મોક્ષ મેં ભી જાના.

ઉ૦ પૂજામાં પણ કહ્યું છે કે–"ખાવત પીવત મોક્ષ જે માને તે સરદાર બહુ જટમાં." તેવા જીવને તો મૂરખનો સરદાર કહ્યો છે.

તમારા ઘરોમાં પણ ખાવા–પીવાદિની મજા તો એવી ચાલુ છે જેનું વર્ણન પણ ન થાય. જૈનકુળમાં જન્મેલો મોટો ભાગ રાતે ય મજેથી ખાય છે. રાત્રે ખાવામાં હું ખોટું કરું છું તેવું દુઃખ પણ તેને થતું નથી. કદાચ મા–બાપ પોતે રાતે નહિ જમતાં હોય કે અભક્ષ્ય આદિ નહિ ખાતાં હોય.

સભા૦ આમાં પણ અમારા બધાથી હા પડાય તેવી નથી.

ઉ૦ તો પછી આજનાં કહેવાતાં જૈનકુળમાં જનમવું તે મહાપાપનો ઉદય હોય તો જ જન્મે તે વાત સાચી છે ને ?

સ્વ–પરને પ્રકાશક એવું જે જ્ઞાન, આત્માને વિશુદ્ધ કરનાર એવો જે તપ અને જુનાં કર્મોનો નાશ કરનારૂં એવું જે સંયમ તેની વાત સમજાવવી છે પણ કોને સમજાવું પણ તમને તે વાત ગમશે ખરી ? પાલવશે ખરી ? જેને આ ત્રણનો ખપ ન હોય તે જૈન પણ શી રીતે બને ? મોટાભાગને આજે સમ્યગ્જ્ઞાનનો ખપ નથી કેમકે તેનામાં સમ્યગ્દર્શન છે જ નહિ. જેનામાં સમ્યગ્દર્શન હોય નહિ અને તે સમ્યગ્દર્શનને પામવાની ઇચ્છા પણ હોય નહિ તેનામાં સમ્યગ્જ્ઞાન હોય નહિ, તેને સમ્યક્ચારિત્રનો ખપ હોય નહિ અને સમ્યક્ તપ તો તેને ફાવે પણ નહિ. આજે ઘણા કહે કે– મ કિવસ જાયને તિથિ આવી ! આજે તો મોટાભાગને તિથિ પણ યાદ નથી હોતી. આજના જૈનોને તારીખ યાદ હશે પણ તિથિ યાદ નહિ હોય. એક કાળ એવો હતો કે નાના નાના છોકરાઓને પણ સંવત્સરીએ ઉપવાસ કરાવતા હતા અને આજે–!

તમે બધાં સંતાનોને સંસારનું બધું જ ભણાવો છો પણ ધર્મનું કશું ભણાવતાં નથી. તમે મોટેભાગે સંતાનોને સમ્યગ્જ્ઞાન આપવાનું બંધ કર્યું છે અને સમ્યક્ચારિત્રની ઇચ્છા પણ ન થાય તેની સતત ચોકી રાખી છે અને સમ્યગ્દર્શન શું તે જાણતા પણ નથી. આજે ધર્મ કરનારા મા–બાપ પણ એવાં અજ્ઞાન છે કે જેનું વર્ણન ન થાય. જે મા–બાપ પોતાનાં જ સંતાનો ધર્મ કરતાં ન થાય તેની ચિંતા ન હોય તે અજ્ઞાન કહેવાય કે જ્ઞાની કહેવાય ? ધર્મી મા–બાપ પણ સંતાનોને ધર્મ-અધર્મ, પુણ્ય–પાપ આદિ ન સમજાવે તે ચાલે ? શાસ્ત્રોમાં જૈનકુલાદિનું મહત્ત્વ એટલા માટે ગાયું છે કે– જનમતાંની સાથે તેને સમ્યગ્જ્ઞાન મળે, એટલું જ નહિ પણ ગર્ભમાં રહે રહે પણ તે ધર્મ પામી જાય એવા સંસ્કાર તેને મળે. તેથી જૈનના ઘરમાં આવેલો છોકરો ગર્ભમાં ય મરી જાય તો ય સદ્ગતિમાં જાય. જ્યારે આજે તો તમે તમારાં સંતાનોને તૈયાર કરીને દુર્ગતિમાં મોકલી રહ્યા છો. વર્ષોથી સાંભળવા છતાં ય તમે બધા મઝેથી સંસારમાં બેઠા છો, સંતાનોને તમે બધા મઝેથી પરણાવો છો. તમારો છોકરો ગમે તેમ કરીને પૈસા કમાઇને આવે તે છતાં ય આનંદમાં છો ને ? કે આવી રીતે ગમે તેમ કમાઇને આવે તો મારો છોકરો દુર્ગતિમાં જશે તેવી પણ ચિંતા તમને થાય છે ખરી ?

સભા૦ આવો વિચાર જ નથી આવતો.

ઉ૦ તો પછી હવે તમને ઉપદેશ શું આપવો ?

મારી તો ઇચ્છા છે કે તમે બધા ય સમ્યગ્જ્ઞાની બનો, તમારાં સંતાનોને ય સમ્યગ્જ્ઞાની બનાવો, તપ–ત્યાગ કરવા તૈયાર થાય તો રાજી થાવ અને તે સંયમ લેવા તૈયાર થાય તો એકદમ ખુશી થાવ. તમારા ઘરમાં જન્મે તે બધા અજ્ઞાન જ

પાઠવાનાં કે જ્ઞાની પણ બનવાના ? તમે કહો કે– હવે અમારે દુર્ગતિમાં જવું નથી અને અમારા પરિવારમાંથી પણ કોઇ દુર્ગતિમાં ન જાય તેની ચિંતા છે. સદ્ગતિમાં અને દુર્ગતિમાં શાથી જવાય તેનો અભ્યાસ કરવા માંડયો છે. દુર્ગતિમાં જવાય તેવાં કામ હવે કરતા નથી અને કઠાય કરવાં પડે તો દુઃખી હૈયે કરીએ છીએ. અને સદ્ગતિમાં જવા ખૂબ મહેનત કરીએ છીએ.

તમને હવે અધિકને અધિક ધર્મ કરવાનું મન થાય છે કે પાપ કરવાનું પણ મન છે ? અધિક ધર્મ કેમ નથી કરતા ? તે કરવો નથી માટે કે થઇ શકતો નથી માટે ? જેટલા જૈન હોય તે બધાને સાધુ થવાનું જ મન હોય; તમને ખરૂં ? તમે આજ સુધી સાધુ નથી થઇ શકયા તેનું દુઃખ છે ? શ્રાવક પણ નથી થઇ શકયા તેનું ય દુઃખ છે ? સમકિત પામવાની પણ મહેનત નથી કરી તેનું પણ દુઃખ છે ? વેપારની જરૂર ન હોવા છતાં ય હજી વેપાર કરો છો તો તેનું ય દુઃખ છે ? વેપાર રાજીથી કરો છો તેનું પણ દુઃખ છે ? આજીવિકાનું, ખાવા-પીવાનું સાધન હોવા છતાં ય વેપારાદિ કરવા તે પાપ છે એમ પણ હૈયામાં છે ?

તમે કહો કે–'મારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે તે માટે મારી મોક્ષની સાધના અવિરતિપણે ચાલુ તે રહે માટે ભગવાનનો ધર્મ મળે તેવી ગતિમાં જવાય તેવી રીતે જીવીએ છીએ' હવે અમને ઘર–બાર, કુટુંબ–પરિવાર, પૈસા–ટકાદિનો મોહ નથી. બહુ સાવધ થઇ ગયા છીએ. તેથી લાગે છે કે મરતી વખતે આનંદમાં હોઈશું, કેમકે–સમજ્યા પછી ખોટું કામ કર્યું નથી, કઠાય કરવું પડયું હશે તો દુઃખી હૈયે કર્યું છે અને સારાં કામ શક્તિમુજબ કર્યાં છે' આવા જીવની દુર્ગતિ ન થાય. તે ગુણઠાણું પણ પામે અને ક્રમસર આગળ વધતો વધતો ચૌદમું પણ પામે. તે ચૌદ ગુણઠાણું પામવા માટેની જ આ બધી મહેનત છે. તે અંગે વધુ વાત હવે પછી—



મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૪૬]

—શ્રી રાજુભાઇ પંડિત

દ્રૌપદીના ક્રોધોચ્ચાર

"હે કુંતી દેવી ! મારી નજરમાં તો તું વાંઝણી જેવી જ છે. (શુરવીરોને જણનારી માતા તો ઘણી જોઇ) તું તો હીજડા જેવા પુત્રોને જણનારી બની. શરમની વાત છે. એક પતિ પણ પોતાની પત્નીનું રક્ષણ કરે છે. મારે તો પાંચ-પાંચ પતિ હોવા છતાં તેમની જ નજર સામે તેમની પત્ની હું શત્રુના હાથે વાળથી ખેંચાતી ભરસભામાં ઢસડાતી રહી."

"ઉઠ-ઉઠ ધરતીના ધણી ! મ્યાન થઇ પડેલા શસ્ત્રો ઉપર નજર કર. શાંતિથી બેસી રહેવાનો સમય હવે નથી. શત્રુનો સંહાર કરવા જો તમારી રહેજ પણ ઇચ્છા ન હોય તો આ ભીમ અને અર્જુનને આદેશ કરી દો કે અહીં આવનારા શત્રુનો સંહાર સર્જી દે જે."

એક ચક્રા નગરીમાં પાંડવ તરીકે ઓળખાઇ ગયા પછી હવે વધુ સમય અહીં રહેવામાં દુર્યોધન તરફથી થનારી હેરાનગતિને નજર અંદાજ કરી યુધિષ્ઠિરાદિ એક દિવસે મધરાતે એક ચક્રાનગરી છોડીયે દ્વૈતવન ભણી ચાલી નીકળ્યા.

સુંદર તાપસાશ્રમો તથા સુલભ ફળાહારોવાળા આ વનમાં કેટલો યે સમય વીતાવી દેવાનો નિશ્ચય કરી લીધો. અહીંના સુરમ્ય વાતાવરણમાં સારી રીતે દિવસે વીતી રહ્યા છે.

એવામાં... એક વખત... ધનુષ બાણ સાથે સજ્જ થઇ રક્ષણ કરી રહેલા અર્જુનની નજર દૂરથી આવતા એક ઘોડેસ્વાર ઉપર પડી. અર્જુને ઝરેકનું ધ્યાન દોર્યું.

યુધિષ્ઠિરે કહ્યું- આ તો પ્રિયંવદ જ લાગે છે.

દ્રૌપદી હસીને બોલી- તમારી નજરમાં બધે પ્રિયંવદ જ છે. અહીં તે ક્યાંથી આવી શકે ? આપણી તેને ખબર પણ ક્યાં છે ?

આ વાત પૂરી થાય ત્યાં તો ઝરેકે ખરેખર પ્રિયંવદને જ જોયો.

વીતેલા દિવસોમાં લાક્ષાગૃહમાં શું બન્યું ? હસ્તિનાપુરમાં શું ચાલે છે ?

અહીં અત્યારે શા માટે આવ્યો ? આ બધાં પ્રશ્નોના ઉત્તરમાં કાકા વિદુરે મોકલેલા પ્રિયંવદ દૂતે કહ્યું કે–

"હે ધરતી નાથ ! ધર્મપુત્ર ! લાક્ષાગૃહમાં લાગેલી ભીષણ આગમાં પાંડવો માતા તથા પત્ની સાથે સળગીને સાફ થઇ ગયેલા જોઇને વારણાવતના નાગરજનો કરૂણ વિલાપ કરતા રહ્યા. પણ હું હકિકત સમજતો હતો તેથી મને દુઃખ ના થયું. પરંતુ લાક્ષાગૃહમાંથી જે સાત મડદા નીકળ્યા તે પાંડવોના જ હોવા જોઇએ. આવી ભયાનક–ભીષણ જટિલ આગની જ્વાળામાં અંધારી સુરંગ દ્વારા તેઓ શી રીતે નીકળી શકે ? આમ સમજીને હું પણ ચોધાર રડી ઉઠયો. પિતા તથા કાકા વિદુરને તથા ભીષ્મ પિતામહને મારા સંદેશાથી અસહ્ય આઘાત લાગ્યો. સત્યવતી આદિ વૃદ્ધ માતાઓ તમારા લાક્ષાગૃહ–દાહના મૃત્યુને સહી ના શકતા તે સાંભળતા જ મૃત્યુ પામ્યા. હસ્તિનાપુરમાં કોણ ખુશ હતુ, રાજન્ ! કોઇ જ નહિ. સિવાય એક દુર્યોધન.

તમારા લાક્ષાગૃહ દાહના મોતમાં દુર્યોધન મોજ માણતો હતો અને તમારું મૃત્યુ જાણ્યા પછી દુર્યોધને વિનય અને દાનથી ભીષ્મ પિતામહ આદિના દિલને અત્યંત વશ કરી લીધું છે. આખી નગરી ઉપર સુંદર વાત્સલ્યભાવથી પ્રજાપાલન દ્વારા નગરજનોના દિલ પણ જીતી લીધા છે. આમ દુર્યોધનનો સુખનો સમય વીતી રહ્યો હતો. ભીષ્માદિ તો પ્રાણાર્પણ કરીને પણ દુર્યોધનનું હિત રક્ષવા સુધીનું વાત્સલ્ય ધરાવતા થઇ ગયા છે.

એવામાં અચાનક જ એક ચક્રા નગરીમાં થતાં બકાસુરના ઉપદ્રવનો સર્વથા નાશ કરવા દ્વારા બકાસુરનો સંહાર થયાના સમાચાર જાણીને ભીષ્મ પિતામહાદિથી માંડીને સમગ્ર નગરીજનોને બકાસુરનો સંહાર પાંડવો વિના શક્ય જ નથી. તેવી ખાત્રી થતાં તમારા જીવિત દશાના સમાચારથી એક દુર્યોધન સિવાય કરેકને ખુશી–ખુશી થઇ ગઇ છે. દુર્યોધનની ના ખુશીનો પાર નથી. તેને રાત–દા'ડો ચેન નથી. સ્વપ્નમાં પણ ભીમ–અર્જુનને જોઇને થરથર ધ્રુજતો જ રહે છે.

મામા શકુનિએ દુર્યોધનની આવી દશા જોઇને એક મંત્રણા કર્ણ સાથે રાખીને કરી છે કે– ગોકુળો જોવાના બહાને પાંડવોને આપણી લક્ષ્મી બતાવવી અને આથી પાંડવો આપણી સમૃદ્ધિની ઇર્ષ્યાથી સળગી ઉઠશે. એ જ તો તેમનું જીવતું મોત છે. કદાચ યુધિષ્ઠિર તેની વનવાસની પ્રતિજ્ઞામાં દૃઢ રહીને કશો પ્રતિભાવ નહિ આપે પણ જો ભીમ કે અર્જુન આ અંગે કંઇપણ કરશે તો દુર્યોધન ! સમજી રાખ કે ત્યારેથી પછી આ જગત ભીમ કે અર્જુન જ નહિ પણ પાંડવો વગરનું થઇ જશે.

આ ષડ્યંત્રની જાણ થતાં કાકા વિદુરે મને તરત જ તમારી પાસે સાવધ કરવા મોકલ્યો છે.”

ચાટલું સાંભળીને યુધિષ્ઠિરે વનના ફળ–પર્ણથી દૂતનો સત્કાર કરી દૂતને વિસર્જન કર્યો.

કાનમાં ઝેર રેડે તેવા ષડ્યંત્રના આ સમાચારથી હવે દ્રૌપદી શાંત રહી ના શકી. પોતાની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરીને રોષથી રક્ત બની ગઇ અને ક્રોધના ધમધમાટ સાથેના હરફેરા ઉચ્ચારવા લાગી કે–

છળકપટથી પૃથ્વિ જીતી લઇને, મારા કેશનું કર્ષણ કરીને, અને વનવાસમાં ભટકતા કરી મૂકીને પણ સ્વામીન્ ! હજી તે શત્રુ સંતોષ નથી પામ્યો. વનેચર થઇને અહીં તહીં ભટકી રહેલા આપણને તે દુશ્મન હવે જીવતા જોઇ શકતો નથી. અહીં પણ આવીને તે નિર્લજ્જ આપણી લાશો પાડવા ઇચ્છે છે ધર્મ્યાથી સળગતા રહેલા અધમાઓના દુષ્કૃત્યોની કોઇ જ મર્યાદા નથી.

હે કુંતી દેવી ! હું તો તને વંધ્યા જેવી જ માનુ છું. લાજશરમ ઉપજાવે તેવા આ પાંચેય કાતડાઓને જ તેં તો જણ્યા છે.

એ પાંડવો તો એટલી બધી પ્રચંડ તાકાતવાળા છે કે– જેની નજર સામે જ ભરી સભામાં તેમની પત્નીને વાળથી પકડીને શત્રુ ખેંચીને ઢસડતો હતો છતાં તે પાંચ–પાંચ પતિદેવોથી ના રક્ષાઈ અને ઢસડાતી જ રહી, એ નરાધમોના હાથે.

હે ધર્મપુત્ર ! તમે ખરા અર્થમાં તપપુત્ર જ છો. શત્રુ ભલેને ગમે તેટલો તેજોવધ કરી નાંખે પણ તમે તપના ભૂષણ રૂપ ક્ષમાને સારી રીતે ધારણ કરો છો. (ધન્ય છે તમને.)

કુરૂવંશનો સમ્રાટ પણ જો આવા અસહ્ય પરાભવને વેઠી લેતો હોય તો કુરૂવંશનું નામ નામોનિશાન વિલોણું થઇ જશે. તેની મનસ્વિતા સમંદરમાં ડુબી મરશે.

કુરૂ સમ્રાટ ! વન–જંગલની રખડપટ્ટીનો કલેશ કદાચ તમારા મનને ડંખતો ન હોય તો કંઇ નહિ પણ તમે તમારા ભાઇઓને આપેલી આ આપત્તિ પણ તમારા ચિત્તને ખટકતી નથી ?

સૂક્ષ્મ–રેશમના વસ્ત્રોના ધરનારા આ ભાઇઓના વૃક્ષની છાલના વસ્ત્રો તમને

શરમાવતા નથી શું ? હાથીની અંબાડીએ બેસનારા આ ખોડા-ટેઢરા અને ઠાંટા-ઠાંઠરાને પક્ષચારથી વેઠનારા તમને પીડતા નથી ?

સ્નેહ મોહથી તમારા હિત માટે જંગલમાં રાન-રાન ભટકતી આ કુંતીદેવીની દુર્દશા તમારા ક્રોધને પ્રજ્વલિત કેમ નથી કરતી ?

દ્યૂતની ષડયંત્રની વાત સાંભળ્યા પછી પણ નાથ ! નિશ્ચિત થઇને બેસી શું રહ્યા છો ? ઉઠો... સ્વામિ ! મ્યાન થઇ ગયેલા શસ્ત્રો સામે નજર કરો. હવે બેસી રહેવાનો સમય નથી. આ શત્રુ હમણાં આવ્યો જ સમજો.

વનવાસ વેઠવાની જડ જેવી સત્ય પ્રતિજ્ઞા ભાંગી જવાના ભયથી જો તમારી ખુમારી મરી પરવારી હોય તો આવી રહેલા તે નરાધમ શત્રુનો સંહાર કરી નાંખવા આ ભીમ તથા અર્જુનને આદેશ કરો."

દ્રૌપદીની આગજરતી વાણીથી રોષાયમાન બની ઉઠેલા ભીમે પણ કહ્યું કે-"હે વડિલબંધુ ! તમારી આજ્ઞાને લીધે જ પહેલા પણ શત્રુનો સંહાર મારા હાથે થતો થતો રહી ગયો છે. પણ હવે તો તે હત્યારાના પ્રાણ તેના શરીરમાંથી ખેંચી કાઢીને જ જંપીશ. મારી આટલી ચેતવણી છતાં જો નાથ ! તે નરાધમ ઉપર તમે સહેજ પણ પ્રસન્ન થશો તો તમે મારા માટે વડીલ તરીકે મટી ગયા હશો.

અર્જુને પણ દુર્યોધનાદિ તરફ સળગતો ક્રોધ ઓકયો.

હવે યુધિષ્ઠિરે- તમારા વચનો ક્ષાત્રવંશના ક્ષાત્ર તેજને પ્રગટ કરે છે. પરંતુ મારા આગ્રહથી કેટલાંક વર્ષો પસાર કરી દો. એકવાર વનવાસની અવધિ પૂર્ણ થઈ જવા દો. પછી તો શત્રુનો સંહાર અનેક રીતે કરી શકાશે. પછી તો ઠોઠ-રોકટોક શત્રુને સંહારી નાંખવામાં તમને કોઇ શું કરી શકવાનું છે ?

અને યુદ્ધ થશે ત્યારે આ ભીમ સંગ્રામમાં દુઃશાસન સહિત દુર્યોધનના કૃષ્ણાના કેશાકર્ષની વૈરની વસૂલાત કર્યા વગર રહેવાનો જ નથી.

આથી હમણાં આપણે આ સ્થાનથી દૂર દૂર સ્વર્ગની સુખ શાંતિ દેનારા ગંધમાદન પર્વતની ધરતી ચાહ્યા જઇએ. કે જેથી સમૃદ્ધિના અહંકારી તે શત્રુને આપણે જોઇ ના શકીએ કે વનવાસથી કૃશ થઇ ગયેલા આપણે તેની નજરે ચડી ના જઇએ.

વડિલ બંધુની આ હિતકારી વાતનો ભીમ આદિએ સ્વીકાર કર્યો. અને પાંડવો ત્યાંથી આગળ ચાલતા ચાલતા ગંધમાદન પર્વતના હરિયાળા-રમણીય-સૌંદર્ય-પૂર્ણ મનને આહલાદ દેનારા પર્વતાળ પ્રદેશમાં આવી પહોંચ્યા.

સુવિહિત ગચ્છકિરિયાનો ધોરિ, શ્રી હરિભદ્ર કહાય

—પૂ. મુનિરાજ પ્રશાન્તદર્શન વિજયજી મ.

"પ્રથમ સાધુ બીજે વર શ્રાવક, ત્રીજે સંવેગ પાખીજી;
એ ત્રણે શિવમારગ કહીયે, જિહાં છે પ્રવચન સાખીજી,
શેષ ત્રણ ભવ મારગ કહીયે; કુમત કદાગ્રહ ભરિયાજી,
ગૃહિ યતિ લિંગ કુલિંગે લખીયે, સકલ દોષના ઠરિયાજી.
(સવાસો ગાથાનું સ્તવન, ઢાળ સાતમી ગા. ૮૧)

વ્યાખ્યા : પ્રથમ' કે. પહેલો સાધુ, બીજે વર કે૦ પ્રધાન શ્રાવક, અને ત્રીજે સંવેગ પક્ષી, એ ત્રણ શિવમાર્ગ કે૦ મોક્ષમાર્ગ કહીએ. જ્યાં પ્રવચન ઉપદેશમાલાદિક સાખી છે. શેષ કે૦ બાકતા રહ્યા જે ત્રણ તે ભવ કે૦ સંસારમાર્ગ કહીએ. જે કુમતે અને કદાગ્રહે ભરેલા છે. ગૃહસ્થને લિંગે બ્રાહ્મણાદિક, યતિલિંગે નિન્હવાદિક, કુલિંગે તાપસા ઠેક લખીએ કે૦ જાણીએ. તે કેવા ? તો કે સકલ દોષના ઠરિયા.

ગાથા "સાવજ્જ જોગ પરિવજ્જણાઉ સવ્વોત્તમો અ જ ઇ ધમ્મો ।
બીઓ સાવયધમ્મો, તઇઓ સંવિગ્ગપક્ખો ય ॥૧॥
સેસા મિચ્છાદિટ્ઠી, ગિહિલિંગકુલિંગદવ્વલિંગેહિં ।
જહ તિણ્હ થ મોક્ખપહા, સંસારપહા તહા તિણ્હ ॥૨॥
ઇતિ ઉપદેશમાલાયાં ॥૮૧॥

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સાધુપણું, શ્રાવકપણું અને સંવિગ્નપાક્ષિકપણું એ ત્રણને મોક્ષમાર્ગ કહ્યા છે. તેમાં સંવિગ્નપાક્ષિકપણું શું છે તે જ વાત ગ્રંથકાર મહામંડાપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સવાસો ગાથાના સ્તવનની સાતમી ઢાળમાં સમજાવી રહ્યા છે તે જોઇએ.

"જે મુનિવેષ શકે નવિ છંડી, ચરણ કરણ ગુણહીણાજી,
તે પણ મારગ માંહે દાખ્યા' મુનિગુણ પક્ષે લીણાજી.
મૃષાવાદ ભવકારણ જાણી, મારગ શુદ્ધ પ્રરૂપેજી;
વંદે નવિ વંદાવે મુનિને, આપ થઇ નિજ રૂપેજી.
(સવાસો ગાથાનું સ્તવન ઢાળ–૭; ગા.૭૯)

વ્યાખ્યા : જે ચરણગુણે હીણા થઇ લજ્જાદિકે મુનિવેષ નથી છાંડી શકતા. યત :
"જઇ ન તરસિ ધારેઉં મૂલગુણભરં સઉત્તરગુણં ચ ।
મુત્તૂણ તો તિભૂમી, સુસાવગત્તં વરતરાગં ॥૧॥" ઇત્યાદિક ઉપદેશમાલાયાં.

ગ્રંથોપદેશના ક્રમને સાચવે તે પણ મારગ માંહે દેખાડયા છે, પણ જો મુનિગુણ પક્ષે લીધા હોય, શુદ્ધ આચાર ભાખે. મૃષાવાદ તે ભવ કે• સંસારનું કારણ જાણીને શુદ્ધ મારગ પ્રરૂપે. મુનિને પોતેભાવે વંદે, પણ આપ નિજ રુપ થઇને વાંદવા ન દે. અત્ર ગાથા૦—

"સંવેગપક્ખિયાણું લક્ખણમે યં સમાસઓ ભણિયં ।
ઓસન્નચરણકરણાવિ જેણ કમ્મં વિસોહંતી ॥૧॥

શુદ્ધં સુસાહુધમ્મં, કહેઇ નિંદેહ નિયયમાયાર ।
સુતવસ્સિઆણ પુરઓ, હવઇ અ સવ્વોમરાયણિઓ ॥૨॥

વંદઈ ન વંદાવઇ કિઇકમ્મં કુણઇ કરાવે નેય
અત્તટ્ઠી નવિ ઠિકખં દેઇ સુસાહૂણ ઓહેઉ ॥૩॥

આસન્ના અત્તટ્ઠિ પરમપ્પાણું ચ હણઇ ઠિકખંતો ।
તં છુહઇ દુગ્ગઇએ, અહિઅયરં બુહુઇ સયં ચ ॥૪॥

(ઉપદેશમાલાયામિતિ શેષઃ)

"જઇ વિણ સક્કઇ કાઉં, સમ્મં જિણભાસિયં અણુટ્ઠાણું ।
તો સમ્મં ભાસિજ્જા, જહ ભણિયં ખીણરાગેહિં ॥૧॥

ઓસન્નો વિ વિહારે, કમ્મં સોહેઇ સુલહઓહી અ ।
ચરણું કરણવિશુધ્ધં, અવવૂહિંતો પરુવેંતો ॥૨॥

શુધ્ધં સુસાહુધમ્મં, કમહાણેા કહઇ સંયતઇપક્ખે (તઇ ય પક્ખંમિ)
અપ્પાણું ધરેા પુણ ગિહત્થ ધમ્માઉ ચુક્કતિ ॥૩॥"

ઇતિ ગચ્છાચારે. ॥૭૬॥

મુનિગુણ રાગે પૂરા શૂરા, જે જે જયણા પાલેજી,
તે તેહથી શુભ ભાવ લહીને, કર્મ આપણાં ટાલેજી.

આપ હીનતા જે મુનિ ભાષે, માન સાંકડે લોકેજી;
એ દુર્ધર વ્રત એહનું કાપ્યું, જે નવિ કૂલે ફોકેજી. ॥૮૦॥

વ્યાખ્યા : તે સંવેગપક્ષી મુનિ ગુણરાગે પૂરા છતાં માગે પ્રાસુક જલ ગ્રહણાદિ રુપ જે જે જયણા પાલે, તે તેહથી શુભભાવ ઇચ્છા યોગરૂપ લહીને પોતાના કર્મ ટાળે છે.

सम्यक्त्वपात्वत्तिस्थानवच्चारित्रोत्पत्तिस्थानस्यापि गुणश्रेण्यंतरकोटिकरणा संभवादिति भावः" તે સવેંગપક્ષી મહાપુરૂષ માન સાંકડે લોક છતે જે મુખે આપહીનતા ભાખે, એ એહનું દુર્ધરવ્રત છે. કેકે કૂલતો નથી. ઉકત ચ–

"आयरतरसंमाणुं, सुदुक्करं माणु संकडे लोअे ।
संविग्गपक्खिअत्तं, ओसन्नेणं कुडं काउं ॥१॥"

इति उपदेशमालायां ॥८०॥

[ન્યાયાચાર્ય–ન્યાયવિશારદ–મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી વિરચિત
૧૨૫–૧૫૦–૩૫૦ ગાથાઓનાં સ્તવનો



સંશોધક
મહામહોપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજીના શિષ્યરત્ન
પંન્યાસજી મહારાજ શ્રીમદ્ જ્ઞાનવિજયજી ગણી



વિ. સં, ૧૯૭૫ શ્રી વી. સં. ૨૪૪૫ આવૃત્તિ પહેલી]

ઉપર્યુકત વાતો પરથી સંવિગ્નપાક્ષિક કોને કહેવાય તે સારી રીતના સમજી શકાય છે

સુવિહિત શિરોમણિ શાસ્ત્રકારપરમર્ષિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાના નામથી કોઇપણ અજાણ નથી. શ્રી જૈન શાસનમાં ૧૪૪૪ ગ્રન્થોનુ સર્જન કરી તેઓશ્રીજીએ વર્તમાનકાલીન જીવો ઉપર જે ઉપકાર પ્રકાન કર્યું છે તેને શ્રી જૈનસંઘ કયારેય ભૂલી શકે તેમ નથી.

પોતાના જીવનમાં જે પ્રસંગ બની ગયો અને બૌદ્ધો સાથેના વાદમાં તેઓશ્રીજી એ જે દુર્ધર પ્રતિજ્ઞા કરી અને તેમના પરમ તારક ગુરૂદેવેશશ્રીજીએ 'ગુણસેન–અગ્નિશર્મા'ના ભવને જણાવનારી અને કષાયના કાતીલ પરિણામોને જણાવનારી ત્રણ ગાથાઓ મોકલી, તેથી તેઓ ઉપશાની બની પ્રતિબુદ્ધ થયા અને ગ્રન્થરત્નના સર્જનમાં સમુદ્યત બન્યા.

આવા મહાપુરૂષ પોતાની જાતની લઘુતા જણાવવા પોતાને 'સંવિગ્ન પાક્ષિક' મનાવે તેવી સંભાવના શકય લાગે છે. સંવિગ્ન એટલે મોક્ષાભિલાષી અને તેનો પક્ષ ધરાવનાર એટલે શ્રદ્ધાથી અનુસરનાર આ વ્યુત્પત્તિ અર્થ અત્રે સુસંગત લાગે છે. મોક્ષના અભિલાષીને અનુસરનાર તેનું નામ સંવિગ્ન પાક્ષિક. પરંતુ શાસ્ત્રકાર ભગવંતોએ

'સંવિગ્ન પાક્ષિક' જેને ત્રીજો મોક્ષ માર્ગ કહ્યો છે જેનું વર્ણન ઉપર્યુક્ત જોઇ આવ્યા તે પારિભાષિક અર્થ અત્રે સુસંગત લાગતો નથી.

આ વાતની પુષ્ટિનું પ્રમાણ સાડા ત્રણશો ગાથાના સ્તવનની ૧૫મી ઢાળની ૧૧મી ગાથાથી જણાય છે.

"સુવિહિત ગચ્છ ઠિરિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાય.
એહ ભાવ ધરતો તે કારણ, મુજ, મન તેહ સુહાય. ॥ ધન્ય૦ ૧૧ ॥

અર્થ–સુવિહિત કે. ભલા આચારવંત ગચ્છ છે જેહનો વળી ક્રિયવંતમાં ધોરી સમાન એવા શ્રી હરિભદ્ર સૂરિ ૧૪૪૪ ગ્રંથના કર્ત્તા શાસ્ત્રાકારે કહ્યા છે તે એહ ભાવ કે. એ સંવેગપક્ષીના ભાવને ધરનાર હતા તે કારણે મારા ચિત્તમાં પણ તે સુહાય છે ગમે છે એટલે તે સંવેગપક્ષી–શુદ્ધપ્રરૂપક યથાશક્તિયે ક્રિયાવંત હતા માટે મારા મનમાં તે ઘણા ગમે છે. ॥૧૧॥

આ બધી વાતો પરથી સુજ્ઞાત થાય છે કે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ સુવિહિત હતા, પરન્તુ તેઓ શિથિલાચારી હતા તેવું કહેવાનું દુઃસાહસ તો અજ્ઞાન શેખરો જ કરે પણ સમ્યક્ તત્ત્વદૃષ્ટાઓ કયારે સ્વપ્નેય તેવો વિચાર સરખો પણ ન જ કરે.

આ બધી વિચારણા કરવી એટલા માટે જરૂરી છે કે વર્તમાનમાં એવા એવા વિદ્વાનો પાક્યા છે જેમની વિદ્વત્તા (!) શંકનીય બને છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સારો હોય પણ દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ ન થયો હોય તેવી વિદ્વત્તા સ્વ–પરને હાનિકારક જ બને છે એટલું નહિ ભવ–ભ્રમણનું કારણ પણ બનેછે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.એ 'દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા' નામનો ગ્રંથ બનાવ્યો છે. તેના પર શ્રી અભયશેખર વિ.એ વિવેચન કર્યું છે.

તેમાં પહેલી 'દાન બત્રીશી'ના ૧૯મા શ્લોકના વિવેચનમાં પૃ. ૧૮–૧૯ ઉપર તેઓશ્રી જણાવે છે કે—

'(અષ્ટકજીના વિવરણકારની અને ઉપા. મહારાજની આવી પ્રરૂપણા પરથી એવું ફલિત થઇ શકે છે શ્રી હરિભદ્રસૂરિ મ.ની ઉક્ત પ્રરૂપણા સત્યથી વેગળી નથી. એટલે સાધુએ કારણિક અનુકંપાદાન દેવું એમાં શાસ્ત્રાર્થનો બાધ નથી. માટે (૧) અન્ય જીવોને બોધિપ્રાપ્તિ વગેરે લાભ જોઇને શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જો એ રોજનું દાન અપાવ્યું હોય તો એ આગમ વિરુદ્ધ નહોતું, તેથી એનો બચાવ કરવાનો કોઇ પ્રશ્ન નહોતો. અથવા—

(૨) શ્રી હરિભદ્રસૂરિ મ.નો 'સંવિગ્ન પાક્ષિક' તરીકે ઉલ્લેખ કર્યો છે 'સંવિગ્ન' તરીકે નહિ, એટલે તેઓમાં સાધુઓને જિનાનુજ્ઞાત ન હોય એવું આચરણ પણ સંભવે છે. એવું આચરણ હોવા છતાં, એનો બચાવ ન હોય અને પ્રરૂપણા તો જિનાજ્ઞાનુસાર જ હોય તો જ સંવિગ્ન પાક્ષિકપણું ટકી શકે છે. પ્રસ્તુતમાં શ્રી હરિભદ્રસૂરિ મ.નું શંખવાદનપૂર્વક યાચકોને ભોજનદાન એ પણ એવા જ પ્રકારનું એક જિનાજ્ઞા અનનુજ્ઞાત આચરણ હોવું સંભવી શકે. પણ તેઓશ્રીએ આનો બચાવ કર્યો નથી, કે એના બચાવ માટે પ્રસ્તુત પ્રકરણ બનાવ્યું નથી. એનો તો જિનાનનુજ્ઞાત તરીકે જ સ્વીકાર તેઓએ કર્યો છે, અને એ રીતે સ્વકીય સંવિગ્ન પાક્ષિકત્વ જાળવી રાખ્યું છે. **(આ બેમાંથી બીજી કલ્પનાની સંભાવના વધુ જાણવી.)** માટે તેઓ શ્રીમદે આપવાદિક અનુષ્ઠાનની કરેલી આ પ્રરૂપણામાં આગમવિરૂદ્ધત્વની તો કોઇ શંકા કરવાની જરૂર નથી. ॥૧૯॥'

આ રીતના વિવરણકાર શ્રી અભયશેખર વિજયજી જણાવે છે.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણી સાડા ત્રણસો ગાથાનાં સ્તવનની ૧૫મી ઢાળમાં જેઓને "સુવિહિત ગચ્છ ક્રિયાનો ધોરી" જણાવે છે અને વિવરણકારશ્રી "એટલે તેઓમાં સાધુઓને જિનાનુજ્ઞાત ન હોય એવું આચરણ પણ સંભવે છે..." એમ જણાવે છે. કોનું વચન પ્રમાણ ગણાય તે સુજ્ઞવાચકો સમજી શકે છે.

વળી આ જ પ્રસંગ ઉપર 'શ્રી પ્રભાચન્દ્રસૂરિ કૃત **શ્રી પ્રભાવક ચરિત્ર**'માં જેનું ભાષાંતર શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર, વીર સંવત ૨૪૫૭ વિ. સં. ૧૯૮૭, આત્મ સંવત–૩૭, શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાલા નં. ૬૩માં મુનિશ્રી કલ્યાણ વિજયજી કરેલી **'પ્રબંધપર્યાલોચન'** લેખમાં ૯ શ્રી હરિભદ્રસૂરિ હેડીંગ નીચે પૃ. ૫૩માં જણાવ્યું છે કે—

'હરિભદ્રના સંબંધમાં અષ્ટક ટીકામાં જણાવ્યા પ્રમાણે એક એવી કિંવદન્તી છે કે તેમના ભોજન કરતી વેળા શંખવાદન પૂર્વક યાચકોને એકત્ર કરી **ભોજન અપાવતા** અને પછી પોતે ભોજન કરતા, અને આથી કેટલાક વિદ્વાનો હરિભદ્રને ચૈત્યવાસી હોવાનું પણ અનુમાન કરી બેસે છે પણ વસ્તુતઃ આમ નથી.

ભદ્રેશ્વરની કથાવલીમાંથી આ પ્રબોધનો ખુલાસો મળી રહે છે, અને તે આ કે **હરિભદ્ર પોતે એ કાર્ય નહોતા કરતા, પણ તેમનો ભક્ત લલ્લિગ શ્રાવક શંખવાદન પૂર્વક યાચકોને બોલાવી ભોજન કરાવતો હતો.'**

આ ખુલાસો પણ પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને 'સુવિહિત ક્રિયાનો

ઘોરી' જણાવવાનું સમર્થન કરે છે તે સમજી શકાય તેમ છે.

વાસ્તવમાં શ્રી અભયશેખર વિજયજીને સમજાવવાનો કોઇ જ અર્થ નથી. ભલા-ભોળા લોકો ઊંધુ ન સમજે માટેનો આ પ્રયત્ન છે. શાસનના સમર્થ પ્રભાવક આચાર્ય ભગવંતો પરનો તેમનો તેજોદ્વેષ બધા જાણે છે. આજ સુધી પરમગુરૂદેવેશ પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. ને વાતવાતમાં હડફેટે લેતા હતા. હવે તેમના હાથમાં સમર્થ શાસ્ત્રકાર પરમર્ષિ સર્વસન્માન્ય પૂજનીય જેમના વચનો બજેય અને ટંકશાળી ગણાય છે તેવા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ આવી ગયા તે આ કાલની અજાયબી છે. કાલે હવે શ્રી ભુવનભાનુસૂરિજીની પણ ખબર લેશે કે તમે 'પરમતેજ'ના વિવેચનમાં 'ધર્મ મોક્ષ માટે જ કરાય' તેવું જે પ્રતિપાદન કર્યું તે તમારી ભૂલ હતી ! આ દિવસો કદાચ દૂર નહી હોય.

આ મુનિશ્રીનો મોક્ષ ઉપર એટલો બધો અભાવ છે કે મોક્ષની જ્યાં જ્યાં વાત આવે તે પરમતારક ગુરૂદેવેશશ્રીજીની માન્યતાની સિદ્ધિ ! અને તેમના વિચારોનું યેન કેન પ્રકારેણ ખંડન જ કરવું તે તેમનો મુદ્રાલેખ ! પછી ભલે તેમાં શાસનના ધુરંધરા આચાર્યો હડફેટમાં આવી જાય તેની ચિંતા નહિ. તેમાં જ પોત ની લેખિની લાજે તેની ય પરવા નહિ પણ પોતાના વિદ્વત્તાની સફલતા માને.

જ્ઞાનના આઠ આચારો પ્રસિદ્ધ છે. તે આઠ આચારમાં 'અનિહ્નવ' નામનો એક આચાર આવે છે, જેની પાસેથી સૂત્ર કે અર્થના એક અક્ષરનું પણ ગ્રહણ કરૂં હોય તેને ક્યારેય છુપાવવો નહિ-તેના ઉપકારને ભૂલવો નહિ તેનું નામ 'અનિહ્નવ' નામનો આચાર છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સ્વહસ્તે દીક્ષિત પૂ. શ્રી ધર્મદાસગણિ વિરચિત 'ઉપદેશમાલા' (દોઘટ્ટી)માં તો ત્યાં સુધી ફરમાવ્યું છે કે-'સૂત્રમાં કહેલ એક અક્ષરને પણ ન માને તો તેના જેવો મિથ્યાદૃષ્ટિ બીજો એક નથી.'

આ ગણિશ્રીને પૂછવું જોઇએ કે-ગૃહસ્થપણામાં તમે ઉપધાન કોની નિશ્રામાં કરેલા ? પ્રથમ ઉપધાનમાં શ્રી નવકાર મહામંત્રાદિ સૂત્રોનો મૂલ પાઠ અને અર્થ કોની પાસે ગ્રહણ કરેલો ? જેની પાસે સૂત્ર અને અર્થનું ગ્રહણ કર્યું હોય તેમની નિંદા કરવી, વાતવાતમાં તેમની સાચી સિદ્ધાન્તનિષ્ઠ માન્યતાનું ખંડન કરવું તેમાં કઇ ઉપકારક બુદ્ધિ છે ? આવા અશાસ્ત્રીય બેજવાબદાર વિધાનો કરનારાથી દૂર રહેવું અને આપણા આત્માને બચાવવો તથા પરિચયમાં આવે તેમને સમજાવીને બચાવવા પ્રયત્ન કરવો તેમાં જ સાચી બુદ્ધિમત્તા છે. સૌ વાચકો ક્ષીર નીર ન્યાયે બકવૃત્તિનો ત્યાગ કરી સાચી હંસવૃત્તિ કેળવી સત્યને જાણી સમજી સન્માર્ગની આરાધના કરી આત્મકલ્યાણને કરનારા બનો તે જ ભાવના સાથે વિરમું છું.

* રત્નચૂડ વ્યવહારીયો *

—પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

રત્નચૂડ છેલછબીલો જુવાનીયો હતો. એક તો ઘાટીલી કાયા, એમાં જુવાનીએ કળા કરવા માંડી : પછી પૂછવું શું ? મૂછોનો વળ જુઓ તો એનો ? વાળના ઠાનસીએ (કટ) જુઓ તો એના ? માથાની રંગબેરંગી પાઘડી જુઓ તો એની ? અંગરખું જુઓ તો રેશમનું ધોતિયું જુઓ તો હીરકોરનું ? મોજડી જુઓ તો કસબ ભરેલી ? માથાના ઝુલ્ફામાંથી તેલ ચૂએ, કાનમાં અત્તરના પૂમડા મહેંકે, આંખમાં કાજળ ઊભરાય. મોમાં આઠે પહોર પાનનો રંગ હોય ? હોઠ પર એકાદ બે કવિતાની બેત હોય ?

રત્નચૂડ લક્ષ્મીપતિ બાપનો દીકરો હતો. સાત બેટનો હતો પછી ફાંકો કેમ ન રાખે ભલા ? પૈસો, જુવાની, શેઠાઇ ને ઉપરથી મસ્તી—ચારેચાર એકઠાં મળ્યા હતાં, એ ભરી બજારે મૂછો આમળતો જાય, પાનની પિચકારીઓ મારતો જાય ને ઓંખારા ખાતો જાય. આવા શેઠના દીકરાને ટોકે પણ કોણ ?

એકવાર બનવા જોગ છે. ગામના નગર શેઠની દીકરી છે. નામે સૌભાગ્ય સુંદરી છે. વિધાતાએ રૂપને ગુણ બંને આપ્યા છે. એ સામેથી પાણી ભરીને આવે છે. રત્નચુડ સામે રસ્તેથી આવે છે, એની આંખ ચારે તરફ ચકળ વકળ ફરે છે. એનું ધ્યાન બીજે છે. ભૂલભૂલમાં સૌભાગ્ય સુંદરી સાથે અથડાઇ પડે છે ? બેડું પડતું પડતું રહી જાય છે.

સૌભાગ્યસુંદરી ચીડે બળે છે ને કહે છે. 'જુવાનીયાં આંખો ઓડે ગઇ લાગે છે : બાવી બાપ કમાઇ ને કરવા તાગડધિન્ના ! એક તો સાંઢને વળી ચોમાસુ ચર્યો !'

આ શબ્દો નહોતા, ચાબુકના ઘા હતા. રત્નચુડ તો છોભીલો જ પડી ગયો. એ કંઇક જવાબ આવે ત્યા તો સૌભાગ્યસુંદરી ફર ફર નીકળી ગઇ. રત્નચુડે આજુ-બાજુ એના વિષે પૂછયું, મિત્ર—દોસ્તોમાં એના વિષે વાતચીત કરી; અને નક્કી કર્યું કે ત્રણ ટક ની છોકરીનું ગુમાન ઊતારવું. રત્નચુડ માનતો હતો કે સ્ત્રીને વશ કરવી એટલે માત્ર પાશેર અડધા શેર સોનાનો સવાલ ? પોતે માગું મુકે કે કયો બેટીનો બાપ માથું ન હલાવે ?

ઘેર જઇને એણે મા પાસે હઠ લીધી. 'પરણું તો સૌભાગ્ય સુંદરીને ?' મા કહે : પણ પારકી દીકરી એમ કઇ રીતે ઉપાડી લવાય ? આપણે શાહુકાર છીએ. ક્ષત્રિય નથી,

તે હરણ થાય. એના મા–બાપને પૂછવું જોઇએ ને?' રત્નચૂડ કહે : મા? પરણું તો સૌભાગ્યસુંદરીને?' માએ પોતાના પતિને કહ્યું–પતિએ સૌભાગ્યસુંદરીના બાપ પાસે માગું મૂકયું. બાપ કહે : 'ભલા, તમારા જેવો વેવાઇ દીવો કરીએ શોધવા જતાં કયાં મળવાનો છે? મારી દીકરી પણ શાણી છે, ને રત્નચૂડમાં પણ શું કહેવાપણું છે? ઘડી ઘડી રંગ બદલતા કાચીંડા જેવા જુવાનોને સૌભાગ્યસુંદરી બરાબર પિછાણે છે રત્નચૂડ અને એ મળે મળીને નક્કી કરે. પછી આપણે કંકુમાં પાણી ભેળવીએ?'

રત્નચૂડ તો મળવા માટે તૈયાર હતો. એની તો મનની મનમાં રટી ગઇ હતી. મનમાં એમ હતું કે બીજું તો ઠીક, પણ રૂબરૂ મળશું તો એ ગુમાની છોકરીને બે ચાર ચોપડાવશું તો ખરાને? બીજે દિવસે બંને રૂબરૂ મળ્યા. મળતાની સાથે સૌભાગ્યસુંદરી કહે : 'હે કૃપાળા જુવાન? મને તું બધી વાતે ગમે છે, પણ એક વાતે ગમતો નથી.

રત્નચૂડ કહે : કઇ વાતે હું નથી ગમતો? સૌભાગ્યસુંદરી કહે : તું ટાઢી ને વાસી રસોઇનો જમનારો છે. રત્નચૂડ કહે : 'અરે ના રે ના? હું તો રોજ ગરમા-ગરમ રસોઇ ખાઉં છું. ખોટું કહેતો હોઉં તો પૂછી જો મારી બાને? સૌભાગ્યસુંદરી એને અડધેથી બોલતો અટકાવીને કહેવા લાગી. 'બરાબર છે. તમે રસોઇ ગરમાગરમ ખાતા હશો પણ તે ચૂલાની ગરમ કરેલી તમારી ગરમીથી ગરમ કરેલી નહિ. તમારા બાપદાદાની પેઢા કરેલી. જે જુવાન બાપની મિલકત ખાય છે એ ટાઢી ને વાસી રસોઇ ખાય છે? જે આપકમાઇ વાપરે છે, એનો સૂકો રોટલો પણ બત્રીસાં ભોજન જેવો છે?

રત્નચૂડ આ સુંદરી પણ મુગ્ધ થઇ ગયેા. એણે કહ્યું: 'તો એ માટે મારે શું કરવું જોઇએ?' સૌભાગ્યસુંદરી કહે : 'દેશ દેશાવરનો પ્રવાસ ખેડો? પરાક્રમને ચતુરાઇથી પૈસો કમાઇ લાવો. સાચી સ્ત્રી પૈસાને પૂજતી નથી. પરાક્રમી પુરુષ ઇચ્છે છે?'

રત્નચૂડને સૌભાગ્ય સુંદરીની વાત મનમાં ઠસી ગઇ. એણે તો ઘેર આવી પિતાને કહ્યું: 'હવે હું વેપાર માટે દેશ દેશાવર ખેડવા માગું છું મારા પરાક્રમથી લક્ષ્મી પેદા કરીશ અને પછી પરણીશ. કમાણી કર્યા વગર પરણવું પાપ છે.

પિતા ડાહ્યો હતો દુનિયાદારી જોઇ હતી, એણે કહ્યું– 'બેટા તું અમારે એકનો એક છે, અમારી આંખ આગળ રહે, એ અમને જરૂર ગમે, પણ કહેવતમાં

કહ્યું છે કે ડાહ્યો દીકરો દેશાવર ભલો પુત્ર ? દેશદેશાવર ફરવાથી માણસની રતી પરખાઇ જાય છે. પહેલી વિદ્યા, પછી વસુ, પછી ઘરને પછી ગૃહિણી.

થોડે કહાડે રત્નચૂડ કરિયાવાટે દેશાવર જવા નીકળી પડયો. એણે વેપાર માટે કીંમતી કરિયાણાં સાથે લીધાં હતાં. રત્નચૂડના પિતાએ છેલ્લે શિખામણ આપી: 'બેટા ! બંદરે જજે પણ પશ્ચિમ તરફ જરાશમાં કદાચ ત્યાં જાય તો એના બંદરે ઊતરીશમા ! ' બાપની શિખામણ માની રત્નચૂડ સાગરની સફરે રવાના થયો.

(૨)

રત્નચૂડ તો બંદરે બંદરે ઘૂમે છે. પોતાનો માલ વેચે છે, ને નવો ખરીદે છે. વળી એ બીજા બંદરે જાય છે. ત્યાં માલ વેચે છે, ને નવો લે છે. આમ ખૂબ પૈસા કમાય છે, હવે એ ઘેર પાછા જવાના મનસૂબા કરે છે ! એને શાણી ને સુંદર સૌભાગ્યસુંદરી સપનામાં આવે છે.

કોઇના દિવસ એક સરખા જતા નથી, રાત પછી દિવસ હોય છે, ને દિવસ પછી અવશ્ય રાત હોય છે. એમ સુખ દુઃખનું છે. દુઃખ પછી સુખ જરૂર આવે છે, ને સુખનુ અનુસંગી દુઃખ છે, દુઃખ આવવાનું હોય ત્યારે ડાહ્યા માણસની બુદ્ધિ પણ એને અનુકુલ થઇ જાય છે.

એક કહાડો રત્નચૂડને વિચાર આવ્યો કે પૂર્વ, દક્ષિણને ઉત્તર તો દેખ્યાં, હવે પશ્ચિમમાં હાંકવાનો હુકમ કર્યો. વહાણ ચાલ્યાં, એક કહાડો કરિયામાં તોફાન જાગ્યું પશ્ચિમ શા માટે ન જોવાં ? ઘરડા તો વહેમી હોય છે. બસ એણે વહાણોનો વાવડો ઊગાડયો. પહાડ જેવા મોજા ઊછળવા લાગ્યા. વહાણ હાલમડોલ થવા લાગ્યો. ડુબ્યા ને ડુબશું એમ સહુને લાગ્યું.

વકરેલો સાંઢ બીકો તોડીને નાસવા લાગે, એમ વહાણ સઢને સુકાન ફગાવીને ભરકરિયે ચાલ્યાં. ચક્કર ભમર ! ચક્કર ભમર ! બે કહાડા એમ ચાલ્યું: સહુને લાગ્યું કે જાણે ફરી માના પેટમાં ગર્ભાવાસે રહ્યાં. બે દિવસે એક બેટ પાસે વહાણ આવી ભરાણો તોફાન શમ્યું– જમીન દેખાઇ સહુને લાગ્યુ કે નવો જન્મ થયો.

આ બેટ પર એક સુંદર શહેર આવેલું હતું. દેખાવે રળિયામણું હતું. બપકામાં કોઇ પાર નહેતો લોકો ઉજળિયાત હતા. બોલાવે-ચલાવે મીઠા હતા. છરી કરતાં જીભ વધુ સજાવેલી હતી.

રત્નચૂડ પોતાનાં વહાણોને જોઇ તપાસી બેટ પર આવ્યો. રસ્તો ભૂલ્યા હતા, પણ માલનો જીવ બધું સલામત રહ્યું હતું. રત્નચૂડને પિતાના શબ્દો યાદ આવ્યા કે

પશ્ચિમમાં જાતો મા, જા તો એના કોઇ બંદરે થોભીસ મા ? પણ દિવસોનો થાક હતો. વળી શહેર રળિયામણું હતું રત્નચૂડે વહાણ નાંગર્યાં. બની ઠનીને એ રાજા પાસે જવા નીકળ્યો સાથે નજરાણું લીધું. શહેરમાં બધે ખબર પડી ગઇ હતી કે કોઇ વ્યવહારીઆનાં વહાણ ઘસડાઇ આવ્યા છે. લાખોનો માલ ભર્યો છે ? ધંધપૂડા જોઇ વાઘરી દોડે, એમ લોકો દોડયા.

રત્નચૂડ ઊભી બજારે આગળ વધ્યો શું સુંદર શહેરને શું એની રળિયામણી બજારો ! વિશ્રામ સ્થાનોનો પાર નહોતો વિલાસભુવનોનો તોટો નહોતો. આ જોતા જોતા એ આગળ વધ્યો ત્યાં તો ચાર વાણિયા સામા મળ્યા. રત્નચૂડને જોતાં જ એક જણ આગળ આવ્યો, ને ઉતાવળો બોલવા લાગ્યો. અરે ભાઇઓ ! જે ધર્મવીર, કર્મવીર નરવીર શેઠની આપણે શોધ કરતા હતા, તે પોતે જ આ રહ્યા ! પધારો શ્રીમાન ! પધારો ધીમાન ! અમે તો તમારી રાહ જોઇ જોઇને થાકયા ?'

વાણિયાના મોંમાંથી સાકર જેવા શબ્દો સાંભળી રત્નચૂડ આશ્ચર્યમાં પડી ગયો. આ હેતુ મિત્ર ક્યાંથી ? ત્યાં તો બીજો વાણિયો આવીને વળગ્યો.

'અરે શેઠ ! પધારો ! પધારો ! અમારે તો આજ સોનાનો સૂરજ ઉગ્યો. આપની કીર્તિને'આપની નામના અમે ખૂબ સાંભળી હતી. આજ નજરે દર્શન કરી ધન્ય થયા ! ભાઇઓ ! ઉભા છો શું ? મારૂ મોં શું તાકી રહ્યા છો ? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોં ધોવા જેવું ન કરશો ! જો જો, આપણા શહેરની આબરૂ ન જાય ? આ શેઠજી, એટલે શું ?'

વળી ત્રીજો વાણિયો હાથ પકડીને રત્નચૂડને પોતાના ઘર તરફ ઘસડતો બોલ્યોઃ અરે ? અમારા બાપના બાપાના દાદાને તમારા દાદાના દાદાના, દાદાના બાપાને ઘર જેવો સંબંધ હતો. ફક્ત બોળિયાં જુદા બાકી જીવ એક ભાઇઓ ? શેઠ મારે ત્યાં જમશે. મારા જીવતાં એમનો ઉતારો બીજે હોય નહિ ? અરે ? એમની ચરણરજ પણ મારે આંગણે ક્યાંથી ?

ચોથો વાણિયો કંઇક કરગરતો હોય એમ બોલ્યો શેઠજી સાહેબ ? આ ત્રણે જણા મોટા વેપારી છે, જાજરો વહાણોનો માલ-લેવેચ કરે છે, પણ મને ગરીબને સાથે રાખે છે. આપ પણ સોદો કરો તેમાં મને લેગો ચોથો ગણી લેશો ?

રત્નચૂડને મને-કમને હા કહેવી પડી ? એણે કહ્યું કે તમે મારા વહાણોમાંથી મનગમતો માલ લઇ લો વાજબી દામ લઇ લઇશ.

ત્યારે વાણિયાઓએ કહ્યું : બદલામાં અમે મોં માગ્યો માલ ભરી કઇશું. પણ શેઠજી ! આખા ગામમાં તમારા નામનો ઢોલ પીટાવવો છે. તમારું માન પણ કરવું છે ! સભા ભરવી છે માનપત્ર આપવું છે લોક શું જાણે કે આપ ત્રધાર્યા છો ?

'અરે ! મને જાણ્યા પિછાણ્યા વગર માનપત્ર ?' રત્નચૂડે કહ્યું 'શેઠજી ? એ તો એમ જ હોણ ! મોરનાં ઈંડાને કંઇ ચીતરવાના ન હોય ?'

'વારૂ, વારૂ ? મારે રાજદરબારમાં જવું છે, વળતાં તમને મળીશ ?' એમ કહી રત્નચૂડ પોતાનો પલ્લો છોડાવી આગળ વધ્યો, કે એક મોચી રત્નજડિત મોજડી લઇને આવ્યો. રત્નચૂડને જોતાં જ ચરણમાં જુકી પડયો ને બોલ્યો :

'બસ, સાહેબ ? મારી વાત સાચી પડી. સવારથી મનમાં હતું કે આ મોજડીના પહેરનાર કદરદાન શેઠ મળવા જ જોઇએ આજ સપનામાં પણ આપ જ આવ્યા હતા. જો જુઠુ કહેતો હોઉ તો તમારા સમ ! બરાબર તમે જ સપનામાં ! ધન્યભાગ ! ધન્ય ઘડી ! શેઠજી ? આ આપને માટે બનાવી છે ! ભવભલા ભૂપને પણ એ માટે ઘસીને ના પાડી છે.

રત્નચૂડે પૂછ્યું : શું કિંમત છે ?

મોચી બોલ્યો : એ શું બોલ્યા ? તમારી પાસે તે કીમતની વાત હોય ? ગરીબ માણસ છું. તમારો દાસ છું. આશાભર્યો આવ્યો છું કીમતમાં તમારા પગની ધૂળ આપજો ? ટુંકમાં મને રાજી કરજો !'

રત્નચુડ કહે ? 'વારૂ ! કાલે બંદર પર મળજે ? તને જરૂર રાજી કરીશ ?'

આટલું કહી રત્નચુડ આગળ વધ્યો ત્યાં સામેથી એક કાણિયો આવ્યા. ઝુકી ઝુકીને સલામો ભરવા લાગ્યો. પોતાની પાસેથી એક હજારની થેલી કાઢી રત્નચુડના હાથમાં મૂકીને કહ્યું 'સાહેબ ? તે દિવસે, તે મિતિએ, તે વારે આપની પાસેથી ઉધાર લઇ ગયો હતો. ભારે દયાળુ છો, શેઠ ! આ મહોર રાખો. મારી ગીરવે મૂકેલી ચીજ કાલે આવીને પાછી લઇ જઇશ.'

રત્નચુડ કહે : અરે પણ. મારે ત્યાં કોઇનું કંઇ ગીરવી નથી.

'શેઠજી ! તમે મોટા માણસ છો. તમને શું ખબર હોય. મારા જેવા તો હજાર જીવ તમારે ચોપડે હોય. કાલે મળીશ. તમે તો રૂપિયા રાખો ? પહોંચ પાવતીની જરૂર નથી, એ તો માણસને જોવાય ને ? આપ કોણ ! આપ કોણ ! આપ કોણ ! ને એમ બોલતો કાણીઓ ચાલ્યો ગયો. (વધુ આવતા અંકે)

— પવિત્ર શું ? શુદ્ધ મન —

— શ્રી પ્રિયદર્શન

શિષ્ય પૂછે છે : 'ગુરુદેવ, પવિત્ર શું જોઇએ ?'

ગુરુ કહે છે : 'શુદ્ધ. મન'

માત્ર બે અક્ષર : મન. તમે જ્ઞાની હો કે અજ્ઞાની હો, મનનો પાર કોણ પામી શકે છે ? મનની સાથે જ રાગ–દ્વેષ અને મોહ સંકળાયેલા છે ! અભય, અદ્વેષ અને અમોહ પણ મન સાથે જ જોડાયેલાં તત્ત્વો છે.

શ્રીમંત તો હોય પણ મનનો મેલો હોય તો એ શ્રીમંત હોવા છતાંય ભિખારી છે. ભિખારી હોય પણ મનનો ઊજળો હોય, મનથી મસ્ત હોય, ઓલિરો ને અલગારી હોય તો એના જેવો કોઇ શ્રીમંત નથી ! પણ મનનાં કાંઇ ધારાધોરણ હોતાં નથી. ક્યારેક પ્રસન્નતાભર્યા વાતાવરણમાં એ ઉદાસ થઇ જાય છે, અને ક્યારેક ઉદાસીના બળબળતા રણમાં આનંદનો કોઇ લય લહેરાય છે ! જેમ કે પથ્થરમાં ઝરણું ફૂટે !

એવી જ રીતે મનનું કોઇ પાકું ગણિત નથી. જેને એ ધિક્કાર ચાહે છે અને ધિક્કાર ધિક્કારે છે ! તો ક્યારેક ધિક્કારની વચ્ચે પણ વહાલની રારવાણી ફૂટે છે ! આપણું મન આપણને વશ કર્યાં છે ? ક્યારેક એ ભૂતકાળની સ્મૃતિમાં રમતું હોય છે, તો ક્યારેક ભવિષ્યના સ્વપ્નમાં રાચતું હોય છે ! ક્યારેક પવિત્ર સ્થાનમાં અપવિત્ર વિચારો કરે છે, તો ક્યારેક ઉકરડાની વચ્ચે પવિત્ર વિચારો કરે છે ! ક્યારેક પ્રવૃત્તિમાં ધમધમતું હોય છે ત્યારે નિવૃત્તિ ઝંખે છે અને નિરાંતની પળોમાં પ્રવૃત્તિ ચાહે છે !

આવા મનને કેમ–કેવી રીતે સ્થિર કરવું. અર્થાત્ કેવી રીતે શુદ્ધ કરવું તે ગંભીરતાથી વિચારવું જોઇએ. મનને પવિત્ર કરવાના ઉપયો શોધી કાઢવા જોઇએ. છે ઉપાયો ઉપાયો જાણીને અમલમાં મૂકવા પડે.

વિષયાસક્ત મન અશુદ્ધ હોય છે, વિષયવિરક્ત મન શુદ્ધ હોય છે; એટલે કહેવામાં આવ્યું છે : 'બન્ધાય વિષયાસક્તં, મુક્તં નિર્વિષયં સ્મૃતમ્ !' તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ મન છે, હૃદય છે, પવિત્ર વસ્તુઓમાં અતિપવિત્ર વિશુદ્ધ મન છે ! 'તીર્થાનાં હૃદયં તીર્થં, શુચીના હૃદયં શુચિઃ !' મનને તીર્થ બનાવવાનું છે ! મન ત્યારે તારક તીર્થ બને કે જ્યારે એ શુદ્ધ બને. પવિત્ર બને.

એક મહર્ષિએ લખ્યું છે : 'તન્મંગલં યત્ર મનઃપ્રસન્નમ્ ।' તમારું મન પ્રસન્ન હોય ત્યારે એ મંગલરૂપ બને છે. પ્રસન્નતાની પળોમાં તમે જે સારું કામ કરો તે કામ સફળ થાય. એટલે જ જ્યોતિષી પણ કહે છે કે 'મનનો ઉલ્લાસ-ઉત્સાહ એ શ્રેષ્ઠ મુહૂર્ત છે !'

મહાકવિ ભારવિએ કહ્યું છે : 'દુરિવતે મનસિ સર્વમસહ્યમ્ ।' જો તમારું મન દુઃખી છે તો તમને બધું જ અસહ્ય લાગશે. માટે મનને દુઃખના દરિયામાં ડુબવા ન દેવું ! તરતું રહે તો વાંધો ન આવે. કોઇ શુભ વિચારની નાવ મળી જાય.

ભલે તમે વિદ્વાન હો, શાસ્ત્રજ્ઞ હો, પરંતુ જો તમે અનિત્યાદિ ભાવનાઓમાં રમમાણ નહીં હો, ભાવનાઓથી મનને ભાવિત નહીં બને તો તમારું મન પ્રસન્ન નહી, રહે શુધ્ધ નહીં રહે, તમે શાન્તિ કે સમતાનોઆસ્વાદ નહીં કરી શકો. કારણ કે આ દુનિયા મોહવિષાદથી ભરીભરી છે.

બુધ હોય કે અબુધ હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, પ્રાજ્ઞ હોય કે અજ્ઞ હોય, ભીતરની શાન્તિ તેને જ મળે છે કે જે પ્રતિદિન શુભ ભાવનાઓનું ચિંતન-મનન કરતા રહે છે. હર પ્રસંગ, હર પળ દરેક ઘટના પર ભાવનાઓની દૃષ્ટિથી જે માણસે જુએ છે, વિચારે છે તેઓ કદી અશાન્ત-ઉદ્વિગ્ન બનતા નથી. આ દુનિયા મોહવિષાદના ઝેરથી વ્યાપ્ત છે. દુનિયામાં સર્વત્ર મોહવિષાદનું ઝેર વ્યાપેલું છે અને જીવોનાં પોતપોતાનાં પાપકર્મો પણ હોય છે. કર્મોના ઉદય મુજબ સુખ-દુઃખના પ્રસંગો ઉપસ્થિત થતા રહે છે. આવા પ્રસંગોમાં સામાન્ય મનુષ્ય સ્વસ્થ રહી શકતો નથી. તીવ્ર રાગદ્વેષ અને તીવ્ર હર્ષ-શોકમાં ગુંચવાઇ જાય છે. માનસિક અને આધ્યાત્મિક બધા જ રોગોનો ઉદ્ભવ મોહથી થાય છે. મોહનો અર્થ છે અજ્ઞાન. અજ્ઞાન એટલે અંધકાર. આ સંસાર મોહાન્ધકાર વ્યાપ્ત છે. મોહવિષથી વ્યાપ્ત છે.

તમને લાગે છે કે તમારા મન ઉપર મોહવિષની અસર છે ? એનો નિર્ણય કેવી રીતે કરશો ? નિર્ણય તો કરવો તો જ પડશે. તે માટે તમે તમારી જાતને પૂછો : 'મારા મનમાં કોઇપણ પ્રકારનું ઝેર છે ખરું ? કોઇ પ્રકારનો બોઝ ઉદ્વેગ છે ? કોઇ પ્રકારનો ભય છે ખરો ?' જો હોય તો નિશ્ચિત રૂપે મોહવિષની અસર છે તમારા મન પર. મન અશુદ્ધ છે. અને જે મન પર મોહવિષની અસર હોય એ મનમાં સુખનો એક છાંટોય ન હોય. તમે ગમે તેટલા ઉપાય કરો, પરંતુ તમને સુખ નહીં મળે. 'સુખ' નામનું તત્ત્વ તમે નહીં જ પામી શકો.

મોહવિષાદથી ઉત્પન્ન થતા ઝેરીલા પ્રભાવો તમે જાણો છો ? કેટલીક તીવ્ર વાસનાઓ મનમાં ઊપજે છે.

* ધનસંપત્તિની વાસના. * પત્ની–પુત્રાદિની વાસના.
* યશ–કીર્તિની વાસના. * શરીર–આરોગ્યની વાસના.

આ વાસનાઓ મનને સુખશાન્તિનો અનુભવ કરવા દેતી નથી. માટે આ વાસનાઓને નિર્મૂળ કરવી જ પડશે. તે માટે બાર ભાવનાઓ, બાર અનુપ્રેક્ષાઓનો સહારો લેવો પડશે. એ ભાવનાઓનાં નામ જાણી લો.

૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. કર્મનિર્જરા, ૧૦. ધર્મસુકૃત, ૧૧. લોકસ્વરૂપ અને ૧૨. બોધિદુર્લભ ભાવન.

રાગ–દ્વેષ અને મોહના કારણે જીવાત્મા અનિત્યને નિત્ય માને છે. શરીર, આયુષ્ય, રિદ્ધિસિદ્ધિ–સંપત્તિ, પાંચ ઇન્દ્રિયોનાં વિષયસુખ, મિત્રો, સ્ત્રી, સ્વજન–સંગમ. વગેરે ક્ષણિક હોવા છતાં નિત્ય માનીને ચાલે છે ! કર્મોનાં કુટિલ બંધનોથી બંધાયેલો જીવાત્મા દિગ્મૂઢ બનીને ભટકી રહ્યો છે. છતાં પણ તે પોતાની જાતને સ્વાધીન અને સ્વતંત્ર સમજે છે. તે વિચારી શકતો નથી કે તે અનાદિ ભવસાગરમાં અનંત-કાળથી ભ્રમણ કરી રહ્યો છે. મોહવશ–અજ્ઞાનવશ તે સાંસારિક સંબંધોનાં પરિવર્તનોને સમજી શકતો નથી.

બાર ભાવનાઓના ચિંતન–મનનથી મન શુધ્ધ બને છે. મનને શાન્તિ મળે છે. ભાવનાઓથી જ શાન્તિ મળે છે. માટે આ ભાવનાઓ આત્મસાત્ કરવાની છે. 'શાન્ત સુધારસ' નામનો ગ્રંથ વાંચવાની ભલામણ કરું છું. એ ગ્રંથમાં અનિત્ય વગેરે બાર ભાવનાઓ અને મૈત્રી આદિ ચાર ભાવનાઓનું સ્વરૂપ બતાવાયેલું છે. એના પ્રભાવો બતાવવામાં આવેલા છે. એકવાર જરૂર આ ગ્રંથ વાંચી જવા જેવો છે. (સ વાદ)

— શાસન સમાચાર —

યેવલા (નાસિક) – અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં કુ. ભાવના વિનોદકુમાર પટણીની દીક્ષા વૈ. સુ. ૭ ના થઇ અત્રે પૂ. શ્રી નિશ્રામાં વરસીતપના પારણાનું આયોજન થયું હતું તે. વ. ૧૩ થી વૈ. સુ. ૭ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, અર્હદ્ અભિષેક સિધ્ધચક્ર મહાપૂજન નવાણું અભિષેક પૂજા, વીશસ્થાનક પૂજન તથા શાંતિ સ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ ચોળાયો હતો. પૂ.શ્રીએ વિહાર કર્યો છે. નાસિક પધારશે.

બોધકથા : * કૃતજ્ઞતા ! *

— પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

કોઇએ પણ કરેલા ઉપકારને કયારે ભૂલે નહિ અને પોતે કરેલા ઉપકારને ભૂલી જવો તેનું નામ કૃતજ્ઞતા છે. આજે તો હાલત સાવ વિપરીત દેખાય છે કે, પોતે કરેલા ઉપકારને બધે ગા ગા કરે અને પોતા ઉપર કોઇએ ઉપકાર કર્યો તો તેમાં વળી શું નવાઇ કરી કે ધાડ મારી–તેમ માને તે બધા 'કૃતજ્ઞ' નથી પણ કૃતઘ્ન છે ! અપકારને યાદ પણ ન કરવો અને ઉપકારને ભૂલવો નહિ તે કશા પામવી કઠીન છે.

આપણે ત્યાં સુજાતની વાત આવે છે. પ્રસંગ પૂરતો જ વિચાર કરવો છે. સુજાત ધર્માત્મા છે સાથે રૂપવાન પણ છે. અશુભોદયના કારણે રાજા વિપરીત બની પોતાના સામંત ચંદ્રધ્વજ રાજાને તેના ઉપર ખોટું કલંક ચઢાવી મારી નાખવાની આજ્ઞા કરી ત્યાં મોકલે છે. ચંદ્રધ્વજ રાજાને તે નિર્દોષ લાગે છે તેથી રાજાજ્ઞાનો અમલ કરતો નથી અને રાજાનો આદેશ તેને જણાવે છે. ત્યારે નીર્ભિકરીતે રાજાજ્ઞાનું પાલન કરવા વિનંતિ કરે છે. ખરેખર સાચી મોક્ષરસિકતા પેઢા થયા વિના આવી ધીરતા આવા પ્રસંગે આવવી સહેલી નથી. પોતા પર ખોટું કલંક મૂકાય અને મારવાની આજ્ઞા હોય તો પણ વિચલિત ન થવું તે સાચી ધર્મ પરિણિતિ વિના શક્ય જ નથી.

તે પછી તે ચંદ્રધ્વજ રાજા પોતાના શરીરના કોઢ દોષથી દૂષિત એવી ચંદ્રયશા નામની બેન તે સુજાતને આપે છે– તેની સાથે પરણાવે છે. ધર્માત્માના સંસર્ગના પરિણામે તો ચંદ્રયશા પણ શ્રાવક ધર્મની આરાધનામાં રક્ત બને છે અને સંવેગ રસમાં મગ્ન બને છે. પહેલા જે રોગથી પીડિત અસમાધિને કરી કર્મબંધ કરતી હતી તે જ હવે પોતાના રોગને મજેથી સહન કરી કર્મનિર્જરા કરે છે. ખરેખર ધર્માત્માનો સંગ શું અદ્‌ભૂત કામ કરે છે– તે આ પરથી સમજાય છે, અંતે તે અનશન કરે છે ત્યારે સુજાતા તેણીને નિર્યામણા કરાવે છે.

ખરેખર 'નિર્યામણા' જ એ શ્રી જૈન શાસનની અનુપમ વિધિ છે, મૃત્યુને મહોત્સવ બનાવવાની અદ્‌ભૂત ચાવી છે. મૃત્યુની કારમી પીડામાં પણ આત્મજાગૃતિનો અપૂર્વ સંદેશ છે. મૃત્યુને ભુલી આત્મહિતની ચિંતા કરનારો અપૂર્વ મંત્ર છે. જેમાં જીવનના દુષ્કૃતોની નિંદા, સુકૃતોની અનુમોદના અને શ્રી જિનેશ્વરદેવાદિ ચારનું શરણ સ્વીકારવાનું છે. આવો અદ્‌ભુત સમાધિયોગ પામવા છતાં ય પામર જીવોને

બિચારા, આવું ચારિત્ર પણ આવતું નથી અને જીવનને હારી જાય છે. સમાધિની તૂટેલી દૂર થાય છે.

તે ચંદ્રયશાને નિર્યામણા કરાવવાથી સમાધિ મૃત્યુને વરી તે પુણ્યાત્મા પહેલા દેવલોકમાં દેવ બને છે.

ખરેખર જેનો કોઇ હાથ પણ ન પકડે તેનો હાથ ઝાલવો, તેને સંવેગ રસમાં મગ્ન બનાવવો અને સમાધિ મૃત્યુમાં સહાયક બનવું તે આત્માની ઉત્તમતાની અભિવ્યક્તિ નથી, તે પણ એવી અવસ્થામાં કે જેના ઉપર ખોટું કલંક છે, મારવાની રાજાની આજ્ઞા છે ત્યારે ! પણ સાચા ધર્માત્મા માટે આ બધું સહજ છે.

તે દેવ પણ ઉપકારી એવા સુજાતની પાસે આવી, પોતાની ઓળખાણ આપી કહે છે, તમારું શું પ્રિય કરું ? અહીં જ ધર્માત્માની સાચી ધર્મભાવના પૂર્ણિમાના ચંદ્રની જેમ ચોળે કળાએ ખીલી ઉઠે છે. જે સ્વયં દેવને બોલાવવા ગયો નથી, દેવને બોલાવવા આરાધના–સાધના કરી નથી જે અવસ્થામાં દેવ સહાય કરવા તૈયાર છે તે અવસ્થામાં ધર્મહીન આત્મા તો વેરઝેરના બદલાની ભાવનામાં જ રચે. અને સામાન્ય નબળો જીવ, ધનમદોન્મત નીકળે તેવી જ ભાવના વ્યકત કરે. જ્યારે આ સુજાત સાચો ધર્માત્મા છે, સમ્યગ્દૃષ્ટિ આત્મા છે, 'અપરાધી શું પણ ન ચિંતવીએ ચિત્ત થકી પ્રતિકૂળ' ભાવનામાં રમનારો છે. તેથી રાજા કે મંત્રી કોઇનું પણ અપ્રિય કે અહિત નહિ ચીંતવતા એ જ ભાવના વ્યકત કરે છે કે, "નિષ્કલંકરીતે માતા–પિતા મને જોનારા બને તો હું દીક્ષાને અંગીકાર કરું" ખરેખર લઘુકર્મી ભવ્યાત્માની મનોરથાની આ ઉત્કટ પરાકાષ્ઠા છે. પછી દેવ તેની ભાવના પૂર્ણ કરે છે, રાજા આદિ નિષ્કલંક જાણી બહુમાન કરે છે અને તે ચારિત્ર લઇ સઘળા ય કર્મો ખપાવી મોક્ષપદને પામે છે. આપણે તો ધર્માત્માની આવા પ્રસંગોમાં જે સુંદર મનોરથો છે તેનો જ વિચાર કરી તેવી મનોરથાને પામવા પ્રયત્ન કરીએ તો આ કથા આપણને લાભ કરે. શ્રી જૈનશાસનનો કથાનુયોગ એ કાનને ગમાડવા સાંભળવાનો નથી પણ હૃદયને અડાવવાનો છે, હૃદય પલટો કરવા માટે છે. આ ભાવના આવે તો જ આ શ્રમ, બને.



* પંક્તિ કી આવાજ *

(ગતાંકથી ચાલુ) —શ્રી ચન્દ્રરાજ

શ્રમણપણું પાળી નહિ શકવાથી હિલમાં ડંખભર્યો દુર્ધ્યાન દુઃખથી જ મરીચિ ત્રિદંડી–પરિવ્રાજકમણાને વહન કરે છે. કર્મની મજબુરીથી થઇ ગયેલી ભૂલથી પોતાને ભયંકર ગુનેગાર ગણતો એક માણસ સજ્જનોના એક મોટા વૃંદમાં આવે ત્યારે તેની કરૂણા ઉપજાવે તેવી મનોસ્થિતિ હોય તેવી જ સ્થિતિ મરીચિની થવા પામી હશે.

પરિવ્રાજકના વેશમાં તે મરીચિ ભગવાન શ્રી ઋષભસ્વામી સાથે વિચરે છે: અને તેની પાસે આવેલા ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે તે દરેકને તે પોતાના ઉન્માર્ગમાં ન રાખતા સત્યમાર્ગ તરફ જવા ભગવાન પાસે મોકલે છે. સન્માર્ગની સાચી પ્રીતિની આનાથી વધુ શી પીછાન હોઇ શકે?

એકવાર ખુદ શ્રી ભરત ચક્રવર્તી પોતે જાતે જ મરીચિ પાસે ગયા. શ્રી ભરત ચક્રવર્તી એટલે ભ. ઋષભદેવના પુત્ર અને મરીચિના પિતા મરીચિ પાસે પહોંચી ગયા. મરીચિને ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કર્યું. અને પછી શ્રી ભરત ચક્રવર્તીએ મરીચિને સાફ સાફ શબ્દોમાં કહ્યું કે–ભગવાને કહ્યું છે કે–આ ભરતક્ષેત્રમાં તું છેલ્લો તીર્થંકર બનીશ, પોતનપુર નામની નગરીનો સ્વામી ત્રિપૃષ્ઠ નામનો પ્રથમ વાસુદેવ થઇશ. અને વિદેહની મૂકા નામની નગરીમાં પ્રિયમિત્ર નામથી તું ચક્રવર્તી થઇશ.' પણ ધ્યાન રાખજે કે તારૂં આ પરિવ્રાજકપણું વંદનીય નથી. તું ભવિષ્યમાં અરિહંત બનીશ માટે તેનો ઉપકાર કરીને અત્યારે મારા વડે તું વંદાયો છે. આટલું કહીને શ્રી ભરત મહારાજા તો ત્યાંથી ચાલ્યા ગયા.

પક્ષ પેલી વાત સાંભળીને મરીચિએ ત્રિપદીને ત્રણવાર આનંદના અતિરેકથી જમીન સાથે પછાડીને હર્ષના અને ઘમંડના આવેગમાં મોટેથી બોલવા લાગ્યો કે—

'હું પ્રથમ વાસુદેવ બનીશ, મૂકા નગરીમાં મારૂ ચક્રવર્તીપણું થશે, અને છેલ્લે છેલ્લે તીર્થંકર પણ હું જ થઇશ. હવે તો મારે બીજી કોઇ વસ્તુથી સર્યું.'

'વાસુદેવોમાં હું પ્રથમ વાસુદેવ બનીશ, મારા પિતા ચક્રવર્તીઓમાં પ્રથમ છે, અને મારા દાદા તીર્થંકરોમાં પ્રથમ છે. વાહ! મારૂ કુલ કેટલું ઉત્તમ છે.' આ રીતે ઘમંડથી જાતિના મદને કરતા અને બાહુઓને વારંવાર પછાડતા મરીચિએ નીચગોત્ર નામના કર્મને ઉપાર્જન કર્યું. જે કર્મના પરિણામે ભ. મહાવીર સ્વામીને ૮૨–૮૨ દિવસ સુધી દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં રહેવું પડ્યું. એ એક ભ. મ. સ્વામી માટે

અત્યંત બકનસીબ ઘટના હતી કે તેમને ગર્ભાવાસથી જ કર્મના વિપાકના નામના કરવા પડયા હતા.

ધ્યાનમાં રહે કે–પોતાના કુળને ઉત્તમ ગણે કે–અહો આવા સુંદર કુળમાં મને પુન્યથી જન્મ મળ્યો છે તો કુળને છાજે તેવું કરું.' આમ વિચારનારના વિચારોમાં ઘમંડના જરા સરખા પણ ઘસરકા નથી માટે અહીં જાતિમદ ન ગણાય પણ સાચું કુલાભિમાન ધર્માભિમાન ગણાય. મરીચિયે તો કુળને ઉત્તમ કીધું પણ ઘમંડની તાળાશ તેમાં ભળી હતી. માટે તેને નીચગોત્ર કર્મ બંધાયું હતું.

જે ન બનવાનું ન જ બને. અને બનવાનું બન્યા વગર રહે જ નહિ તેનું નામ ભવિતવ્યતા, અગર ભરત મહારાજા મરીચિ પાસે ન જાતાં તો મરીચિ આવા કર્મ–બંધનથી દૂર રહી શકત પણ ભવિતવ્યતા જ આનું નામ, નહિ તો ખુદ ભગવાને પોતે જ કહ્યું છે કે મરીચિ વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર થશે. એટલું જ નહિ ખુદ ભગવાનને ભરત મહારાજા પૂછે છે કે–મરીચિને તીર્થંકરના આત્મા તરીકે વંદવા જવાય, ત્યારે ભગવાને હા પાડી છે, આથી પણ આગળ વધીને ખુદ મરીચિને જ ભગવાને કહેલી આખી વાત ભરત મહારાજા કહી દે છે. શંકા થાય તે સહજ છે કે–આવું કર્યું ભરત મહારાજાએ કર્યું ન હોત તો ? પણ સતત ધ્યાન રાખજો કે–ભરત મહારાજા મરીચિને પાપ બંધાવવા નહતા ગયા. પણ ભવિષ્યકાળમાં થનારા તીર્થંકરના આત્માને વંદના કરવા માટે જ ગયા હતા. તેમાં મરીચિ પોતે જાતિમદ કરી નીચગોત્ર બાંધે તેમાં ભરત મહારાજાને કશો દોષ લાગતો નથી. ખુદ ભગવાનને પણ કશો દોષ લાગતો નથી. આ પ્રસંગ તો એવો હતો કે–તીર્થંકરના આત્મા મરીચિને ખબર પણ ન હતી કે હું તીર્થંકર બનીશ. અને છતાં ભગવાનના કહેવાથી ખબર પડી તો પછી તો પરિવ્રાજકપણું છોડી દેવાના પણ પરિણામો તેને થવા જોઇતા હતા. પણ ભવિતવ્યતા જેનું નામ કરાયેલો જાતિમદ મરીચિ પાસેથી નીચગોત્ર નામના કર્મ બંધનનું બલિદાન માગીને જ શાંત થયો.

અને એક દિવસ ભગવાન શ્રી આદિનાથ સર્વકર્મથી મુકત થઇ નિર્વાણ પામ્યા. જગત આખું શોકના સમુદ્રમાં ડુબી ગયું.

ઋષભસ્વામીના નિર્વાણ પછી પણ મરીચિ સાધુ ભગવંતોની સાથે જ વિચરતો રહ્યો. અને પોતાનાથી પ્રતિબોધ પામેલા ભવ્ય જીવોને સાધુ ભગવંતો પાસે જ મોકલતો રહ્યો.

શિથિલાચારની કબ્રસ્તાનમાં સાધુપણું જ્યારે દફન થઇ ચુકે છે ત્યારે તે વેશધારી

સાધુના શરીર ઉપર રહેલો સાધુવેશ એ સાધુવેશ નથી રહેતો પણ એક જીવતા-જાગતા હાલતા-ચાલતા મડદા ઉપર ઓઢાડેલું તે કફન જ બને છે. ત્રણ લોકના ધણીની ગેરહાજરી છતાં મરીચિ સ્વચ્છંદ નથી બનતા. પોતાની પાસે આવેલા ભવ્ય જીવોને સાધુ ભગવંતો પાસે મોકલે છે. કેમકે શિથિલાચારની કબ્રસ્તાનમાં તેનું સાધુપણું હૃદયથી તો કફનાવાયું જ ન હતું. ચારિત્ર મોહનીય કર્મે જ મરીચિના શિથિલાચારની ઘોર ઓદેલી.

મરીચિ પોતાની પાસે આવેલા ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી પમાડીને સાધુ ભગવંતો પાસે મોકલતા હતા. એટલેથી જ મરીચિની ઉત્તમ મનઃસ્થિતિની સીમા અટકી નહોતી જતી. વાત તો એથી પણ આગળ વધેલી હતી. પોતાનાથી પ્રતિબોધ પામેલા તરફથી કોઇપણ અપેક્ષા પણ મરીચિએ નહોતી રાખી. આ વાતની જુબાની એક પ્રસંગ આપી જાય છે.

એક દિવસ મરીચિ ભયંકર જવરથી પીડાવા લાગ્યો. ત્રિદંડી-પરિવ્રાજક હોવાના નાતે અસંયમી હતો. 'સંયમી અસંયમીની પરિચર્યા ન કરી શકે' આવી શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાને ધ્યાનમાં રાખીને સાથે રહેલા કોઇ જ સાધુ વડે તેની પરિચર્યા ન કરાઇ ખુદ તેનાથી પ્રતિબોધ પામેલા મુનિવરોથી પણ તેની પરિચર્યા ન કરાઇ. આ મુનિવરો સમજતાં હતા કે-ઉપકારીના ઉપકારને ભૂલાય નહિ, મરીચિ અમારા મહાન ઉપકારી છે. અત્યારે ગ્લાન છે. તેની પીડા અમારાથી સહન કરી ન શકાય છતાં ભગવદ્ આજ્ઞા પણ એવી છે કે-વિનય એ ધર્મનું મુખ્ય કારણ જરૂર છે પણ વિવેક પૂર્વકનો વિનય ધર્મનું મૂળ છે. ઉપકારીતા નાતે અગર જોખને મરીચિની સેવા કરવા લાગી જઇએ. તો જે મા-બાપે અમને પાળી પોષીને મોટા કર્યા તેની પણ ગ્લાન દશામાં સેવા કરવી અનિવાર્ય ફરજ થઇ પડે. ઉપકારી તરફ ઉપેક્ષા ન હોવા સાથે જ્યાં ત્યં જે તેની પરિચર્યા કરવા જેવી જવાની વિવેકહીન દૃષ્ટિ પણ આ મુનિવરોમાં ન હતી.

ઘણાંને આપણી પાસે પ્રતિબોધ પમાડીને મોકલ્યા છે તો આ દશામાં તેને સંભાળી લઇએ.' આવા ઓટા લાગણીવેડા તે સાધુ ભગવંતોમાં ન હતા. જગત શું કહેશે ! આમ વિચારી જગતના આક્ષેપોના હળાહળ ઝેરના કડવા કટોરા ગટગટાવી જનારા શ્રમણ ભગવંતો જ આ સંસારને અરિહંતના સિદ્ધાંતનું અમૃત પીવડાવી શકે છે. ઓટા લાગણીવેડામાં તણાઇ જનારા તો સિદ્ધાંતની હત્યા કરનારા કાતિલ હત્યારાઓ છે.

મરીચિ અસંયમી હોવાથી સાધુઓ વડે પાલન નહિ કરાતો ગ્લાનદશામાં

મનમાં વિચારે છે કે–'અહો ધિક્કાર છે. આ સાધુઓ દાક્ષિણ્ય (લાગણી) વગરના છે, કૃપાહીન–દયાહીન છે, સ્વાર્થીલા છે, (સ્વાર્થમાં જ પડી રહેનારા છે), અને લોક વ્યવહારથી પરાંગ્મુખ=લોકવ્યવહારમાં જડ જેવા છે. કારણ કે મારું પાલન કરવાનું તો દૂર રહો પણ પરિચિત, સ્નેહી, એક જ ગૃહથી દીક્ષિત થયેલા, વિનીત એવા પણ મારી સામે પણ જોતા નથી.'

મરીચિના મનમાં આવો શ્રમણ ભગવંતો માટે એક ક્ષણ માટે કુર વિચાર આવતા તો આવી ગયો પણ પછી બીજી જ ક્ષણે પોતે સાધુ ભગવંતો માટે કરેલા વિચારો માટે હૃદયમાં અનહદ પસ્તાવો થતો હોય તેમ સ્વગત જ બોલે છે કે–'અથવા તો આ મારું દુષ્ટ ચિંતન છે. કારણ કે આ ઉત્તમ શ્રમણ ભગવંતો તો પોતાના સંયમી દેહની પણ પરિચર્યા નથી કરતાં, તો સંયમથી ભ્રષ્ટ થયેલા મારી તો શી રીતે કરે? પણ હવે પછી આ વ્યાધિથી મુકત થયેલો હું મારા જ લિંગ–વેશવાળો મારી સેવા કરે તેવો કોઇ શિષ્ય કરીશ.'

ભાગ્યયોગે મરીચિ સાજો થયો. અને એક દિવસ તેને કુલપુત્ર એવો કપિલ મળ્યો. મરીચિએ તેને ધર્મનો અર્થી જાણીને આર્હંત ધર્મ બતાવ્યો. કપિલે પૂછયું–"તું પોતે કેમ નથી આચરતો?' હૈયાની ઉની આહો ભર્યા મરીચિના શબ્દો નીકળ્યા કે–તે ધર્મને કરવાને હું સમર્થ નથી. (મેરૂના ભાર જેવા શ્રમણપણાને વહન કરવા હું સમર્થ નથી.)' કપિલે ફરી પૂછયું–શું તારા માર્ગમાં ધર્મ નથી?' આ પ્રશ્નથી મરીચિનું મન વિચારે ચડયું. કપિલને જિનધર્મ પ્રત્યે આળસુ જાણ્યો, અને પોતાને શિષ્યની ઇચ્છા તો હતી જ આથી મરીચિએ કપિલને કહ્યું—'માર્गे જૈનेऽपि धर्मोऽस्ति मम मार्गेऽपि विद्यते.'

'જૈન માર્ગમાં પણ ધર્મ છે. અને મારા માર્ગમાં પણ છે. 'કપિલા અત્થંપિ ઇત્થંપિ' જિંદગીનો ઘણો બધો સમય શુદ્ધ સાધનામાં આજ સુધી પસાર કરનારા મરીચિએ આજે એક થોડાક સમયને માટે આટલું જ ઉત્સૂત્ર ભાષણ કરી નાખ્યું. અને આ આટલા જ થોડા શબ્દોના ઉત્સૂત્ર ભાષણે મરીચિનું સત્યાનાશ વાળી નાંખ્યુ. એક કોડાકોડી સાગરોપમની સંસારની રખડપટ્ટી મરીચિના ક્રમણે ઊંડી દીધી. મરીચિ તે ઉત્સૂત્ર ભાષણની આલોચના કર્યા વગર જ મૃત્યુ પામ્યો. અને અનશન પૂર્વક મૃત્યુ પામેલાને બ્રહ્મલોક નામના દેવલોકમાં દશ સાગરોપમ પ્રમાણ આયુષવાળો દેવ થયો.

આ બાજુ મરીચિના શિષ્ય બનેલો કપિલે પણ આસૂર્ય વિગેરે પોતાના શિષ્યોને ત્રિદંડીના આચાર વિગેરેનો ઉપદેશ આપી મૃત્યુ પામી બ્રહ્મલોકમાં દેવ થયે.. અને

ત્યાં જ અવધિજ્ઞાનથી પોતાના પૂર્વજન્મને જાણીને મોહથી ભૂતળ ઉપર આવીને પોતે બનાવેલા સાંખ્યમતને આસૂર્ય વિગેરેને જણાવ્યો. ત્યારથી માંડીને અહીં સાંખ્ય દર્શન પ્રવર્ત્યું છે.

ટૂંકમાં છેલ્લે મરીચિના જીવનમાં આવેલા કપિલે મરીચિના સંસારની ખતરનાક પરંપરા વધારી દીધી. કપિલનો અર્થ કાળો થાય છે. અંધકાર કાળો છે. મરીચિનો અર્થ કિરણો થાય છે. કિરણો અંધકારને નષ્ટ કરવા સમર્થ હોવા છતાં દુઃખદ બદકિસ્મત ઘટના બની કે કપિલે મરીચિને ભટકાવી મારો અલબત્ત આ તો માત્ર કલ્પના જ છે. વાસ્તવમાં તો અડધી મિનિટમાં જ બોલાઈ ગયેલા બોફનાક ઉત્સૂત્ર–ભાષણે જ મરીચિને સંસારની રઝળપાટનો રખડુ બનાવી દીધો હતો.

કી અરિહંત પરમાત્માની તારક આજ્ઞા સામે બગાવતનો ઝંડો ફરકાવવાનું દુઃસાહસ કોઇ કરશો મા !

ક્યહીંથી 'પ્રાણના ભોગે પણ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાની વફાદારીના પયગામને લેવાનું રખે કોઇ ચૂકતા.

(કપિલા ! ઇત્થંપિ ઇહ્યંપિ)



* શાસન સમાચાર *

વડાલી (સાબરકાંઠા)માં વટપલ્લી તીર્થ (શત્રુંજય ધામ)માં દેરાસરમાં ખાતમુહુર્ત પછીની વાસક્ષેપ વિધિ

પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ., પૂ. આ.દેવ શ્રીમદ્ વિ. દર્શનરત્ન સૂ. મ., પૂ. અજિતરત્ન સૂ. મ. સા ની નિશ્રામાં ૧–૨–૯૯ ને હિંમતનગરમાં ભવ્ય સામૈયું થયેલ. ત્યાર પછી માહ વદ ૧૪ ફિ. ૪–૨–૯૯ ને પ્રાંતરમાં ભવ્ય પ્રવેશ થયેલ. ત્યાર પછી માહ વદ ૭ ફિ. ૭–૨–૯૯ ને વડાલીમાં ભવ્ય સામૈયું થયેલ. જમીન પોકતા નિકળેલ ૨૫ પ્રાચીન પ્રતિમાઓનું વટપલ્લી નામે નવું તીર્થ (શત્રુંજય ધામ)ના દેરાસરનું ખાતમુહુર્ત થયેલ તે ઉપર વાસક્ષેપ કરવા માટે પણ આચાર્ય ભગવંતોને લઇ ગયેલ ત્યાં વાસક્ષેપ વિધિ તથા માંગલિક થયેલ.

* પરોપકારી સુભાષ *

—સાંકરચંદ પટેલ

શહેરમાં કોલેરાનો રોગ ફેલાયો હતો. લોકો ટપોટપ મરવા લાગ્યા હતા. ગરીબ વસ્તીમાં વધારે માણસો મરતા હતા. એમની સેવા કરનાર કોઇ નહોતું. ડોક્ટરો પણ પણ ગરીબોની તરફ ધ્યાન આપતા ન હતા. ભગવાનને ભરોસે ગરીબો જીવી રહ્યા હતા

એ વખતે બાર-તેર વર્ષનો એક છોકરો હાઇસ્કુલમાં ભણતો હતો તેણે પોતાના સાથીદારોની એક ટુકડી બનાવી. એ ટુકડી લઇને તે ગરીબોની વસ્તીમાં ગયો. ત્યાં જઇને તેણે ગરીબ બીમારોને મફત દવા આપવા માંડી. તેમના ઘરની સફાઇ કરી. મહોલ્લાની સફાઇ કરી અને આરોગ્ય સાચવવાની સૂચનાઓ આપવા માંડી.

આ ગરીબ વસ્તીમાં એક દાદો રહેતો હતો તેનું નામ હૈદરખાં. તેના ધંધા ખરાબ હતા તેથી તે ઘણી વાર જેલમાં પણ જઇ આવ્યો હતો. તેને આ છોકરાઓ દર્દીઓની સેવા કરતા હતા તે ગમ્યું નહિ. તેણે કહ્યું : "છોકરાઓ તમને અહીં કોણે મોકલ્યા છે ?" "જાતે આવ્યા છો કે તમારા બાપે મોકલ્યા છે ?" હૈદરખાંએ પૂછ્યું. એની સાથે બીજા લોકો પણ સાથમાં હતા : તેમણે કહ્યું : "તમારા જેવાં અમીર ઘરના બાળકો અમારા ગરીબોનું અપમાન કરવા માટે જ અમારી વસ્તીમાં આવે છે !"

તેમ છતાં બાળકોએ સફાઇકામ અને દરદીઓની સેવા ચાલુ રાખી.

એવામાં હૈદરખાંના ઘરનાંજ બે જણાં કોલેરાના રોગમાં સપડાયાં. ઝાડા-ઉલટી થવા લાગ્યાં. હૈદરે ડોક્ટરો બોલાવવા માટે બહુ દોડધામ કરી. પરંતુ કોઇ ડોક્ટર આવવા માટે તૈયાર ન થયો. હૈદર નિરાશ થઇને બેઠો હતો.

વિદ્યાર્થીનેતાને ખબર પડી એટલે તે સેવાભાવી ટુકડી લઇને ત્યાં પહોંચી ગયો તેણે હૈદરના ઘરના દરદીઓને દવા આપી. પછી તેના ઝુંપડી જેવા ઘરની સફાઇ કરવા માંડી. દવાથી દરદીઓને રાહત થવા માંડી. બે ત્રણ દિવસમાં દરદીઓ ફરતા ફરતા થઇ ગયાં. બાળકોની નિસ્વાર્થ સેવા ભાવના જોઇને હૈદરખાંનું હૃદય પીગળી ગયું. પોતાના અવિવેક માટે તેણે બાળકોની ક્ષમા માગી : "બાળકો મેં તમારી સાથે અન્યાય કર્યો મને માફ કરો !"

વિદ્યાર્થી નેતા બાળકનું નામ સુભાષ હતું. તેણે કહ્યું. "દૂષિત ખોરાક—પાણી અને ગંદકીને લીધે જ રોગ થાય છે !"

"ખરી વાત છે !" હૈદરે કહીને ઉમેર્યું : મારું તો ઘર ને મન બંનેય ગંદા હતા.

હવે તમારી સેવા ભાવનાથી મારું ઘર અને મન બંનેય સ્વચ્છ થઇ ગયાં છે. તમે મારા પર અને મારા કુટુંબ પર કરેલો ઉપકાર હું કદીય નહિ ભૂલું !" (સામે જુઓ)

❋ ચિંતનનો ચંદરવો ❋

- કર્મના કારણે જ બધા ક્લેશ–સંક્લેશ થાય છે માટે બુદ્ધિમાન માણસ જ તે જે ક્લેશ–સંક્લેશના કારણરૂપ કર્મનો જ નાશ કરવા પ્રવૃત્તિ કરે. કારણ પરિણામનો વિચાર કરી પ્રવૃત્તિ કરે તે બુદ્ધિમાન ! તાત્કાલિક નહિ પણ પારિણામિક હિત જુએ તે બુદ્ધિમાન !
- દુનિયાનું સુખ કેટલું ખરાબ છે કે જે આત્માને સ્વાર્થી–ટુંકી દૃષ્ટિનો બનાવે છે સીમાઓને સંકોચી નાખે છે, વ્યક્તિત્વના વાડાને વધુ વામન બનાવે છે અને અંતરના આંગળાને વાસી દે છે.
- જો મારા આવેશ ઉપર મારો અંકુશ નહિ હોય તો ક્યારે ય સુખી નહિ થાઉં. ઘરમાં ચડભડ થાય, કામમાં આવતી નાની–મોટી મુશ્કેલીયાં મૂંઝાઉં, મુલાકાત ન થઇ શકી તે કારણે, ધાર્યા પ્રમાણે પરિણામ ન આવા ક્ષુલ્લક કારણોથી મન બગડતું હોય તો સુખ ક્યાંથી મળે ? હું મારી લાગણીઓનો શિકાર બનું કે મારી ઇચ્છાઓનો ગુલામ બનું કે વધુ પડતી અપેક્ષાઓનો બંધી બનું તો સુખી ક્યાંથી થાઉં ? માટે આત્મન્ ! તારે સાચા સુખનો અનુભવ કરવો તો બધાની અપેક્ષાઓથી નિરપેક્ષ બની જા. સુખ તારા ચરણોમાં આળોટતું આવશે !
- આત્મ શિક્ષણ અને આત્મ સંયમ માનવ જીવનની મહત્તા ઉપર આરોહણ કરવાના પગથીયા છે. સંસારની મમત્વ ભાવનાના અજ્ઞાનથી મુક્ત કરનારા પણ તે જ છે. આ બે ચક્રોથી જ અધ્યાત્મરૂપ રથ ચાલી શકે. તેનાથી જ વૈરાગ્ય પુષ્ટ બને અને વેદ્રાળો બને તો આત્મા માનસિક–આત્મિક શક્તિનો વિકાસ સાધી પરમાત્મા બની જાય. માટે આત્મ શિક્ષણ મેળવવા જેમ પ્રયત્ન કરવો તેમ આત્મ સંયમ રાખવા પણ તેટલો જ પ્રયત્ન કરવો જરૂરી છે.
- આત્મોન્નતિ વિનાની ઉન્નતિ ક્ષણિક સુખ આપે. જ્યારે આત્મોન્નતિ વાળી ઉન્નતિ શાશ્વત સુખને આપનારી છે, તૃષ્ણામાંથી મુક્ત બનાવે છે.
- સઘળાં ય દુઃખોનું કારણ અજ્ઞાન છે જ્યારે સઘળાય આત્મિક સુખોનું કારણ સમ્યગ્જ્ઞાન છે, આત્મોન્નતિ છે.

આ સેવા ભાવી બાળક સુભાષ એ જ આપણા સુભાષચંદ્ર બોઝ; તેઓ આઇ. સી.એસ. થયા હતા. તેમને ઐશઆરામની અને મોભાદાર સરકારી નોકરી મળતી હતી પરંતુ તેમણે એ સ્વીકારી નહિ. પોતાનું આખું જીવન તેમણે દેશસેવામાં અર્પણ કરી દીધું હતું. (સંદેશ)

સામાજીક સમાચાર

બગોદરા :– શ્રી સમેત શિખર સ્થાપના તીર્થમાં શ્રી સંમેત શિખર પાર્શ્વનાથજી (૧૩૫ ઇંચ) શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથજી (૧૧૧ ઇંચ) શ્રી સહસ્રફણ પાર્શ્વનાથજી આદિ જિનબિંબોની અંજનશલાકા ચૈત્ર વદ ૧૪ થી વૈ. સુ. ૭ સુધી મહોત્સવ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ચૈત્ર વદ–૬ ના પધાર્યા હતા. ઉત્સવનું ગોઠવવા લાગ્યું હતું. પૂ.આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. આદિ વદ ૧૪ ના પધાર્યા હતા. સવારે જલયાત્રાનો વરઘોડો હતો બધા વિધિવિધાનો સારી રીતે થયા હતા. કલ્યાણકોની ઉજવણી ભવ્ય રીતે થઇ હતી. ચ્યવન જન્મ દિક્કુમારી ઇન્દ્ર મહોત્સવ પુત્ર જન્મ વધામણી પારણું ઝુલાવવું, નામ સ્થાપન નિશાળ ગણણું લગ્ન મહોત્સવ રાજ્યાભિષેક દીક્ષા કલ્યાણક વરઘોડો દીક્ષા વિધિ રાત્રે અધિવાસજી અંજન સવારે નૂતન અંજન કરેલા નૂતન બિંબદર્શન સમવસરણ દેશના નિર્વાણ કલ્યાણકનું ૧૦૮ અભિષેક અષ્ટોત્તરી સ્નાત્ર વિ. ખૂબ સુંદર રીતે ઉજવાયા હતા. માતાપિતા શ્રી રજનીકાંત કચરસીંગ ગાંધી તથા શ્રીમતી ઇન્દિરાબેન રજનીકાંત ગાંધી બન્યા હતા. ઇન્દ્ર ઇન્દ્રાણી શ્રી રીકીકુમાર રજનીકાંત ગાંધી તથા રે.. રૂપાબેન રીકીકુમાર ગાંધી બન્યા હતા. ચિ. મિતેશકુમાર મંત્રી સંગીતાબેન ફલ્બા, ડીમ્પી મિતેશકુમાર પ્રિયવંદા હાસી તથા શ્રી ચીનુભાઇની ધર્મપત્ની કુલમહત્તરા બન્યા હતા. સાક્ષાત પ્રભુજીની વિદ્યમાનતા હોય તેમ પ્રસંગો જીવંત ઉજવાયા હતા. વિધિકાર નવીનભાઇ બાબુલાલભાઇ સંગીતકાર શ્રી બળવંતભાઇ ઠાકુરની પાર્ટીએ ખુબ ઉત્સાહ પ્રેર્યો હતો.

રજનીભાઇ ગાંધી, ઇન્દિરાબેન તથા રસીકભાઇ સંઘવી, મિતેશભાઇ રીકીભાઇ, અનીલભાઇ ગાંધી રસીકભાઇ સંઘવી રસીકભાઇ તથા જયનંદભાઇ તથા વીરેન્દ્રભાઇ આદિએ વ્યવસ્થા જાળવવામાં સુંદર ઉત્સાહ બતાવ્યો હતો લક્ષ્મીવર્ધક સંઘ, નવરંગપુરા, રંગ સાગર સંઘના ભાવિકોએ વ્યવસ્થા કાર્યક્રમમાં સારો સહકાર આપ્યો હતો.

આ પ્રસંગે પૂ. પ્રવર્ત્તિની સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી પૂ. સા. સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી પૂ.સા. શ્રી હિતપૂર્ણાશ્રીજી મ. આદિ પૂ. સા. અનંત દર્શિતા શ્રીજી મ. આદિ પધાર્યા હતા.

પ્ર. સા. શ્રી કુલદર્શનાશ્રીજી મ.ને વરસીતપનું પારણું તથા પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.ને ૯૧મી ઓળીનું પારણું સાથે થયું હતું. તેમના સંબંધીઓ વિ. સારી સંખ્યામાં પધાર્યા હતા.

બગોદરા સંમેત શિખર સ્થાપના તીર્થની ભવ્યતા ઉપસવા માંડી હતી અને ભવિષ્યમાં તરવાના તીર્થ તરીકે મહાન તીર્થ બની જશે તેવું સૌને લાગતું હતું.

સોમેગા (કર્ણાટક) : અત્રે વીશ સ્થાનક તપના ઉદ્યાપન નિમિત્તે પૂ. આ. શ્રી વિજયઅશોક રત્નસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચૈત્ર વદ ૬ થી ૯૦ સુધી મહોત્સવ ઉજવાયો હતો.

જુંબા (ઝાલના) : અત્રે પૂ.આ. શ્રી વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મુખરાજ પ્રતાપજી શ્રીમતિ બદામીબેનના જીવીત મહોત્સવ નિમિત્તે ૫ છોડના ઉજમણા સાથે વીશસ્થાપકપૂજન શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અઢાર અભિષેક સહિત પંચાન્હિકા મહોત્સવ વૈ. સુદી ૫ થી વદ ૭ સુધી ઉજવાયો.

મુંબઇ ભાયખલા : સુમેર ટાવરમા શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરે પૂ.મુ.શ્રી અક્ષયવિજય મ. પૂ. મુ. શ્રી જિનદર્શન વિ.મ. પૂ. મ. મુ. શ્રી મોક્ષદર્શન વિ. મ. આદિની નિશ્રામાં ઉમેદમલજી કુંદનમલજી તથા શ્રીમતી હજારીબેન ઉમેદમલજીના જીવીત મહોત્સવ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ તેમના પરિવાર [લંડન થાણાવાળી] તરફથી પ્રથમ જેઠ વદ ૩ થી જેઠ વદ ૬ સુધી કરવામાં આવ્યો હતો.

ચિંચવડ ગાંવ-પૂના મધ્યે પંન્યાસ અને ગણિ પદવી નિમિત્તે ૫૧ છોડનું ભવ્ય ઉજમણું

પૂ.પાદ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ આ.દેવ શ્રીમદ વિ. મહોદય સૂ. મ. સા.ની આજ્ઞા અને આશીર્વાદથી પ્રશાંતમૂર્તિ પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. જયકુંજર સૂ. મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ. આ.દેવ શ્રીમદ્ વિ. મુક્તિપ્રભ સૂ. મ. સા.ની તારક નિશ્રામાં સેવાભાવી પૂ. ગણિવર્ય શ્રી ધર્મદાસવિ. મ. સા. ને પંન્યાસ પદ તથા પ્રવચનકાર પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ. સા.ને ગણિપદ પ્રદાન નિમિત્તે ૫૧ છોડના ભવ્ય ઉદ્યાપન, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ સહ ભવ્ય અષ્ટાન્હિક મહોત્સવ ઉજવાશે. તા. ૬-૫-૬૯ના દિવસે સવારે ૮-૦૦ વાગે જૈન શાસનના પરમ આધારભૂત ૪૫ આગમનો ભવ્યાતિભવ્ય વરઘોડો નિકલશે અને તા. ૭-૫-૬૯ ના દિવસે પ્રાતઃ ૮-૦૦ વાગે વિશાલ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં પંન્યાસ અને ગણિપદ પ્રદાન વિધિ પ્રારંભ થશે. તે પુણ્ય પ્રસંગે સકલ સંઘને પધારવા ચોમડા પરિવાર અને ચિંચવડ જૈનસંઘ તરફથી આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

૭ મી માસિકતિથિની ઉજવણી

ઘાટલોડીયા અમદાવાદ : પાવાપુરી સોસાયટી મધ્યે જેઓશ્રીની મંગળ આશિષ વર્ષોના બળે શ્રી જિનાલયનું નિર્માણ શ્રી શામળા પાર્શ્વનાથ આદિ જિન-બિંબોની પ્રતિષ્ઠા તથા શ્રી આરાધના ભવનનું નિર્માણ થવા પામેલ તે પુણ્યનામધેય મહાન તપસ્વી સમ્રાટ વર્ધમાન તપના ક્ષેત્રે અજોડ સિદ્ધિ હાંસલ કરી તપધર્મની અજોડ પ્રભાવના કરનાર સ્વ. પૂ. આ. પ્રવર શ્રીમદ્ વિ. રાજતિલક સૂ. મ. સા. ની ૭ મી માસિક સ્વર્ગારોહણ તિથિનો લાભ શ્રી સંઘને ઘણા ઘણા સમયની પ્રતીક્ષા બાદ પ્રાપ્ત થયેા.

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સમેત ત્રિદિવસીય ઉત્સવ ઉલ્લાસભેર ઉજવાઇ જવા પામ્યેા. પૂ.શ્રીની વદ ૫ ની માસિક તિથિએ નાનકડા સંઘમાં પણ ૮૦ જેટલા આયંબિલ થવા પામેલ. ત્રણે દિવસ વ્યાખ્યાન, પ્રભાવના, પુજા, આંગી, ભાવના, ૧ દિવસ સાધર્મિક વાત્સલ્ય, આયંબિલવાળાને રૂા. ૩૫ ની પ્રભાવના, જીવદયની ટીપ આદિ પણ ઉમગભેર થવા પામેલ. નાનકડો પણ ઓચ્છવ સંઘ માટે યાદગાર બની જવા પામ્યેા.

કોલ્હાપુર લક્ષ્મીપુરી મધ્યે નવાન્હિકા મહોત્સવ સહ શ્રી નવપદજી ઓળીની આરાધના

શાસન પ્રભાવક પ. પૂ. આ. શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા તથા પ્રભાવક પ્રવચનકાર પ. પૂ. આ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાની પાવન નિશ્રામાં કરાડ નગરે ભવ્યાતિભવ્ય પંચાહ્નિકા મહોત્સવ સહ ગુરૂમૂર્તિ પ્રતિષ્ઠાબાદ પૂજ્યશ્રી ઇચ્છકરંજી પધાર્યા. ત્યાં ચાતુર્માસની વિનંતી તથા ચાતુર્માસ બાદ માલભાગ વિસ્તારમાં નૂતન જિનાલયની અંજન-શલાકા પ્રતિષ્ઠા પૂજ્યપાદશ્રીના વરદહસ્તે કરવાની વિનંતિ થઇ. પં. પૂ. ગચ્છાધિપતીશ્રીની આજ્ઞા આશિર્વાદથી વિનંતિ સ્વીકારતા પૂજ્યપાદશ્રીનું ચાતુર્માસ ઇચ્છકરંજી નક્કી થયું, વ્યાખ્યાનમાં ૧ મૂર્તિ, ૩ મંગલમૂર્તિ તથા સિદ્ધચક્રજી વિશ સ્થાનક તથા ૯ પટ્ટોના ચઢાવા બોલવાયા. શ્રી સંઘને લાખો રૂપિયાની ઉપજ થઇ ત્યાંથી પૂજ્યપાદશ્રીનો વિહાર ગોકાક, નિપાણી, કોલ્હાપુર તરફ થયેા. કોલ્હાપુર લક્ષ્મીપુરી શ્રી સંઘ તરફથી થયેલ શ્રી નવપદ ચૈત્રી ઓળીની વિનંતીનો સ્વીકાર થવાથી અત્રેના શ્રી સંઘનો ઉત્સાહ ખૂબ ખૂબ વધી ગયેા હતો.

શ્રી સંઘ તરફથી રખાયેલ નવાહ્નિકા મહોત્સવ દરમિયાન નિત્ય પ્રભાતીયા,

સામુહિક ચૈત્યવંદના, સામુહિક નવપદ સ્તુતિ, પ્રભાવના, પ્રવચન, સંઘપૂજનો, બપોરે પૂજા પૂજા શ્રી પરમાત્માની અંગરચના, ભાવના આદિમાં ભાવિક ભાગ્યશાળીઓએ ખૂબ ખૂબ ભાગ લીધો. મહોત્સવ દરમિયાન વિરમગામથી શહનાઈવાદકોએ શહનાઇના સૂરની સૂરાવલીથી મહોત્સવની રોનક વધારી હતી. સાંગલીથી આવેલ ભરતભાઇ (પંડિત) તથા કોલ્હાપુરના ભાવેશભાઇ પંડિત, ભદ્રેશભાઇ પંડિત તથા અશોકભાઇ સંઘવીએ શ્રી પરમાત્માની ભક્તિમાં ભાવિકોને તરબોળ કર્યો હતા. શ્રી સંઘ તરફથી થતી નવપદની ઓળીનો આ વર્ષનો લાભ લેનાર સંઘવી કેશરીચંદ ગુલાબચંદની ઉદારતાને કારણે મહોત્સવ દરમ્યાન શ્રી સિદ્ધચક્ર પૂજનનું આયોજન પણ રાખવામાં આવેલ. પૂજ્યપાદશ્રીના કોલ્હાપુરમાં મંગળપ્રવેશે પૂજ્યપાદશ્રીનું સામૈયું તથા ૧૦ રૂા.નું સંઘ પૂજન થરેલ. ગુજરી–શાહુપુરી મહાવીર નગર આદિથી પૂજ્યપાદશ્રીના પ્રવચનમાં વિશાલ સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. કોલ્હાપુરનો ઉત્સાહ વધતાં શ્રી લક્ષ્મીપુરી સંઘ તરફથી ચાતુર્માસની વિનંતિ પણ થઇ. પૂજ્યપાદશ્રીને આ અગાઉ સોલાપુર, વડગાંવ આદિની વિનંતિએ થઇ હતી. શ્રી લક્ષ્મીપુરી કોલ્હાપુરનો ભાગ્યોદય જાગતા પૂજ્યપાદશ્રીએ શ્રી સંઘની વિનંતિનો સ્વીકાર કરી સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા–આશિર્વાદથી પ્રવચનકાર પૂ. મુ. શ્રી ભવ્યચન્દ્રવિજયજી મ. સા. તથા બાલ મુનિરાજ શ્રી સિદ્ધસેન વિજયજી મ. સા.ને ચાતુર્માસાર્થે આપવાનું નક્કી કર્યું. ઓળીબાદ પૂજ્યપાદશ્રી પૂના તરફ પધાર્યા છે, પૂ. આ. ભગવંતની શુભનિશ્રામાં ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ સહ પરમ વૈયાવચ્ચી પૂ. ગણિવર્યશ્રી ધર્મદાસવિજયજી મ. ને પન્યાસપદ પ્રવચનકાર પુ. મુનિપ્રવર શ્રી રત્નસેનવિજયજી મ. સા.નો ગણેપ્રદાન વૈ. વ. ૬ તા. ૭–૫–૯૯ શુક્રવારના રોજ પુજ્યપાદશ્રીના વરદહસ્તે થશે. વૈ. સુ. ૧૫ થી વૈ. વ. ૬નો આ પદપ્રદાન પુના ચિંચવડ મુકામે પા છોડના ઉજમણા સહ ઉજવાશે.

ચૈત્રી ઓળીની આરાધના તથા આઠમી માસિકતિથિની ઉજવણી

વિજયનગર : નારણપુરા [અમદાવાદ] મધ્યે જીવદયાના પરમ રસિક સુવિશુદ્ધ સંયમી તપસ્વિસમ્રાટ સ્વ. પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી મનોબળ વિ. મ. સા.ની નિશ્રામાં ચૈત્રી ઓળીની સામુહિક આરાધના સુંદર રીતે થવા પામેલ...ઓળી બાદ સ્વ. પૂજ્યશ્રીની ૮મી માસિક સ્વર્ગારોહણતિથિ નિમિત્તક શ્રી શાંતિસ્નાત્ર સમેત ત્રણ દિવસના જિનભક્તિ ઉત્સવનું આયોજન પણ ખુબ સુંદર રીતે પૂર્ણ થવા પામેલ...

શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા સંઘમાં પ્રથમ વખતજ ભણાવાયેલ...ઉપસ્થિતોને ખુબ આનંદ મળ્યો હતો. ત્રણે દિવસ સુંદર આંગી, સંઘપૂજન, પ્રભાવના વગે–પ સામુદાયિ. આંબેલ આદિ પણ ખુબ સુંદર થવા પામેલ...

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



* ધર્મી તેનું નામ કે જેને પોતાના ધર્મની ચિંતા હોય તેમ બીજાના ધર્મની પણ ચિંતા હોય.

* પાંચેય ઇન્દ્રિયોના અનુકૂલ વિષયો પર રાગ અને ભૂંડા વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ

* ભગવાનની પાસે આવી સંસારની સામગ્રી માંગે તેને પુણ્ય ન હોય તો મલે જ નહિ. પુણ્ય હોય અને મલે તો સાથે મિથ્યાત્વ, અવિરતિ, કષાય એવા ગાઢ બંધાય કે તેમાં એવો લીન થઇ જાય કે અનંતકાળ સુધી ઠેકાણું ન પડે.

* પૈસાના અર્થીપણાએ અને ભોગ, મોજ-શોખના અર્થીપણાએ તમારી પાસે શું શું કરાવ્યું છે? અહીં આટલું ખરાબ થાય છે તો મર્યા પછી કેટલું ખરાબ થશે તેની કલ્પના કરો. એ પૈસાએ અને મોજશોખે તમને અહીં કેવા પાયમાલ કર્યા છે! તમે કદી જુઠું નથી બોલ્યા ને? રાગ-દ્વેષ કેટલા છે અને સાચા બોલા રહી શકયા નથી. ધન-ભોગ કેટલા ભૂંડા છે તે સમજાવવું પડે તેવું છે કે સમજાઇ જાય તેવું છે?

* ભગવાન અરિહંત મોક્ષમાર્ગના કર્શક છે. મોક્ષે જવું હોય તેને મોક્ષ માર્ગ જોઇએ મોક્ષમાર્ગે જવું હોય તો મોક્ષમાર્ગ બતાવનાર ઉપકારી લાગે. સંસાર ભયંકર અટવી છે તે અટવી લંધાવનાર ભગવાન અરિહંત સાર્થવાહ જેવા છે.

* અમે અને તમે અટવી લંઘવા ન નીકળ્યા હોઇએ તો માર્ગ પામ્યા જ નથી, આવી લંઘવા નીકળ્યા હોઇએ તો માર્ગ પામ્યા છીએ કાં માર્ગ પામવાની તૈયારીમાં છીએ.

* અનંતાનુબંધી કષાય સમકિતને રોકે. અપત્યાખ્યાની કષાય દેશ વિરતિને રોકે પ્રત્યાખ્યાની કષાય સર્વ વિરતિ રોકે સંજ્વલનના કષાય વિતરાગતા રોકે.

* જેટલા શ્રાવક હોય તેને ધનનો લોભ હોય તો તેને ભૂંડો લાગતો હોય તો ધર્મ લોભ તેના હૈયામાં સાચો હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૧૧

અંક ૩૯+૪૦

સુવર્ણની જેમ જીવની વિશુદ્ધિ :

સદોષમપિ દીપ્તેન સુવર્ણં
વહ્નિના યથા ।
તપોઽગ્નિના તપ્યમાનસ્તથા
જીવો વિશુદ્ધ્યતિ ।।

અગ્નિવડે મલીન એવાં સુવર્ણની જેમ, ભગવાનની આજ્ઞા મુજબ કરાતાં તપ રૂપી દેદીપ્યમાન અગ્નિ વડે તપાવતો જીવ વિશુદ્ધ થાય છે. કર્મ રજથી નિર્મલ થાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

* જ્ઞાનગુણ ગંગા *

-પ્રજ્ઞાંગ

૦ સંસારી જીવોના પ્રકાર.

(દ્રવ્ય લોકપ્રકાશ, સર્ગ-૪ ના આધારે.)

(૧) સંસારી જીવ બે પ્રકારે છે. (૧) ત્રસ એટલે હાલી ચાલી શકે તેવાં (૨) સ્થાવર એટલે સ્થિર-હાલી ચાલી ન શકે. તેવા

(૨) ત્રણ પ્રકારે. સ્ત્રી, પુરૂષ અને નપુંસક એમ વેદથી ત્રણ પ્રકારે.

(૩) ચાર પ્રકારે. દેવ-મનુષ્ય, તિર્યંચ અને નારક-એ ચાર ગતિના કારણે ચાર પ્રકારે.

(૪) પાંચ પ્રકારે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય ભેદથી.

(૫) છ પ્રકારે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાર. અને ત્રસ કાય એ પ્રમાણેના 'કાય'ના ભેદથી.

(૬) સાત પ્રકારે. બાદર એકેન્દ્રિય, સૂક્ષ્મ એકેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય; બે ઇન્દ્રિય તે ઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એ ભેદથી.

(૭) આઠ પ્રકારે. સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય, બાદર પર્યાપ્ત એકેન્દ્રિય, સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય, બાદર અપર્યાપ્ત એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

(૮) નવ પ્રકારે, (૧) 'અંડજ' એટલે ઇંડામાંથી ઉત્પન્ન થતાં પક્ષી, સર્પ વિગેરે (૨) 'રસજ'-એટલે રસમાંથી ઉત્પન્ન થતા ભમિરાના કીડા વગેરે (૩) 'જરાયુ'થી ઉત્પન્ન થતા મનુષ્ય; બળદ વગેરે

(૪) સ્વેદજ-પરસેવાથી ઉત્પન્ન થતા જુ વગેરે (૫) સંમૂર્ચ્છિમ-જળો વગેરે (૬) પોતજ-હાથી વગેરે (૭) ઉદ્ભેદથી ઉત્પન્ન થતા ખંજન વગેરે (૮) ઔપપાતિક-દેવ વગેરે (૯) સ્થાવર. નવ પ્રકારે આ રીતે પણ થાય. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિ કાય એ પાંચ સ્થાવર, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

(અનુ. પેજ ૯૦૦ ઉપર)

પ્રેરણા મુજબ લાસણા અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
ધીરાચંદ પદમશી ગુઢકા
(થરાદ)

વર્ષ : ૧૧]૨૦૫૫ પ્ર જેઠ સુદ ૧૧ મંગળવાર તા. ૨૫-૫-૯૯ [અંક : ૩૯-૪૦

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩ શ્રાવણ સુદિ-૧૩ શુક્રવાર તા. ૭-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજી આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના. (પ્રવચન ૩૩ મું) અવ૦)

નાણું પયાસયં સોહઓ, તવો સંજમો ય ગુત્તિધરો ।
તિણ્હંપિ સમાઓગે, મોક્ખો જિણસાસણે ભણિઓ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી આવ્યા કે-'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે.' હવે તેઓ તે મોક્ષ કયારે મળે તેના ઉપાયો શું તે વાત સમજાવી રહ્યા છે કે- સન્માર્ગનું પ્રકાશક એવું જે જ્ઞાન પેદા થાય, નિર્જરાને કરાવનારો એવો તપ આવે અને ગુપ્તિને કરાવનારું સંયમ આવે તો મોક્ષ મળે. સંસારથી છૂટીને મોક્ષે જેને જવું હોય તેને આ ત્રણેનો આશ્રય કરવો પડે. તમે બધા આપણી બધી ધર્મક્રિયાઓ વિધિપૂર્વક, સમજી સમજીને કરતા હોત તો આ બધું તમે સમજતા હોત, સમજતા હોત તો તે બધું પામવાનું મન થાત અને તે બધું પામવાનું મન થાત તો તે મેળવવા માટે જરૂર પુરુષાર્થ કરતા હોત, તો તમારું કામ થઇ જાત.

આપણે ઘણા દિવસથી મુહપત્તિના પચાસ બોલની વાત કરી રહ્યા છીએ. તે પચાસ બોલ તમે જાણતા હોત અને સમજી ગયા હોત તો આ ત્રણે વસ્તુ પામવી સહેલી બનત, અભ્યાસથી જ માણસ હોંશિયાર થાય છે, દુનિયામાં પણ મોટો વેપારી થાય છે, ધાર્યાં કામ કરનારો થાય છે. તેમ અહીં–ધર્મની બાબતમાં પણ અભ્યાસથી જ મન, વચન અને કાયાની બધી શક્તિઓ વધે છે. દુનિયામાં તે બાબતનો તમને અનુભવ છે પણ અહીં તે અભ્યાસ નથી માટે મોટાભાગે બધી ધર્મક્રિયાઓ સંમૂર્ચ્છિમની જેમ થાય છે. ઘણાને તો ધર્મક્રિયાનાં સૂત્રો પણ આવડતાં નથી અને અર્થ તો કોઇ જ સમજતું નથી.

આ પચાસ બોલ બધા જ બોલતા હોત અને સમજતા હોત તો આ સંસાર કેવો લાગત ? તેને પોતાને જ આ સંસાર છોડવા જેવો લાગત અને મોક્ષ જ મેળવવા જેવો લાગત. પછી તેને એટલું જ્ઞાન તો થાત જ કે– તે માટે સાધુપણું જ લેવા જેવું છે. આ સાધુપણું કઠીન છે ? ભગવાને બતાવેલો તપ પણ એવો છે કે જે થઇ શકે જ નહિ ! આજે ઘણા કહે છે કે– અમારાથી તો છાઠ તપ થઇ શકે નહિ. પણ અવસર આવે વેપારાદિના કામે તે બધા ભુખ્યા પણ રહે છે; ત્યાં કાંઇ થતું નથી અને અહીં મારાથી તપ થાય નહિ તેમ કહે છે, કારણ સાચી સમજ જ આવી નથી. તમારા માટે સાધુપણું શક્ય નથી તેમ પચાસ બોલ બોલીને મુહપત્તિ પડિલેહવી તે પણ શક્ય નથી. તમે બધા તે બોલ બોલવાનું નક્કી કરો તો બોલાયને ? પણ મોટોભાગ એવો હશે જેને આ બોલ આવડતા જ નહિ હોય, જેને આવડતા પણ હશે તે બોલતા ય નહિ હોય અને કદાચ જે બોલતા હશે તેમનો ઉપયોગ નહિ હોય.

ઘણા કહે છે કે– અમે દેવ–ગુરૂ–ધર્મને કઇ રીતે ઓળખીએ ? દેવ–ગુરૂ–ધર્મને માણસ નહિ ઓળખે તો શું જનાવર ઓળખશે ? સારા સાધુઓના સંસર્ગથી જનાવરો પણ શ્રાવક થાય છે અને સમકિત પામે છે તેવાં દૃષ્ટાન્તો કેટલીવાર સાંભળ્યા છે ? તો તમે બધા શ્રાવકકુળમાં જન્મ્યા છો તો સાધુપણું યાવત પણ ન આવે, સાધુપણું પામ્યાં વિના મરીએ તો આ જન્મમાં પામવા જેવું ન પામી શક્યા તેનું દુઃખ પણ ન થાય તો તમને કેવા કહેવાય ? તમારે બધાને આ જન્મમાં જે મળે તે મેળવ્યા વિના તો મરવું જ નથી એમ પણ મનમાં છે ? ભગવાનનાં વચન રોજ સાંભળો અને તેના ઉપર શ્રદ્ધા પણ ન થાય તો શ્રાવકપણું પણ આવે ખરૂં ? 'આ સંસાર અસાર છે માટે છોડી દેવા જેવો છે, મોક્ષ જ સાર છે માટે

મેળવવા જેવો છે' આ વાત બરાબર જચી ગઇ છે ?

તલા૦ કસોટી થાય તો ખબર પડે ?

ઉ૦ તેમાં કસોટી શું કરવાની ? તમે કહો કે હજી અમને આ સંસાર અસાર છે માટે રહેવા જેવો નથી, છોડી દેવા જેવો છે તે વાત જ બેઠી નથી માટે આવાં બહાનાં કાઢીએ છીએ.

જ્ઞાનિઓ કહે છે કે– આપણી બધી ધર્મક્રિયાઓ એવી છે કે જે સમજી સમજીને વિધિપૂર્વક બરાબર કરે તો તેને આ સંસાર અસાર છે એમ બરાબર સમજાઇ જાય, ગમે તેટલું દુનિયાનું સુખ તેની પાસે હોય તો ય ફાવે નહિ, તે સુખના રાગને પાપ જ માનતા થાય. દુનિયાનાં સુખનો રાગ તે જ મોટામાં મોટું પાપ છે તે સુખની ઇચ્છા પાપના ઉદય વિના થતી નથી, શાસ્ત્રે તેને અવિરતિ નામનું પાપ કહ્યું છે. દુનિયાના સુખની ઇચ્છા પુણ્યકર્મના ઉદયથી થાય કે પાપ કર્મના ઉદયથી થાય ? શાસ્ત્રે કહ્યું છે કે–'દુનિયાના સુખની ઇચ્છા થાય તે ય પાપ-કર્મના ઉદયથી થાય, તેને મેળવવાનું મન થાય તે ય પાપકર્મના ઉદયથી થાય, તે સુખ મળે અને આનંદ થાય પાપકર્મના ઉદયથી થાય તે સુખ ભોગવવાનું મન થાય તે ય પાપકર્મના ઉદયથી થાય અને ભોગવવામાં મઝા આવે તે પણ પાપકર્મના ઉદયથી' આ વાતની શ્રદ્ધા છે ? પાપ દુઃખજ આપે આ પણ શ્રદ્ધા છે ? તો જેને દુઃખી ન થવું હોય તે આ પાપ રોજ કરે ? મઝેથી કરે ? ગોઠવી ગોઠવીને કરે ?

આ પચાસ બોલમાં તો આખા શાસનનો સાર સમાવી દીધો છે. તે બોલ તમે સમજીને બોલતા હોત તો તમે પણ વિદ્વાન થઇ ગયા હોત. સાધુ ભૂલતા હોત તો તેને ય બચાવત અને તેને ન સુધરવું હોય તો છોડી દેત ! સાધુથી કેમ જીવાય, શ્રાવકથી કેમ જીવાય ? તે ય સમજી જાત. શ્રાવક મઝેથી ઘરમાં રહે ખરો ? જે પાપ જ બાંધવાનું સ્થાન છે ત્યાં મઝેથી રહેવાય ખરું ? ઘર ગમે તે ય પાપથી તે ભરાર છે ? રોજ એક સામા-યિક કરે, મુહપત્તિ પડિલેહે તેને આ કશી ખબર ન હોય તે ચાલે ? સામાયિક એટલે શું તે ખબર છે ? સમ એટલે જ્ઞાન-દર્શન ચારિત્રનો જેમાં આય નામ લાભ થાય તેનું નામ સામાયિક છે. આવી રીતે સામાયિકનો અર્થ સમજનારને સાધુ થવાનું મન ન થાય તે ત્રણ કાળમાં બને નહિ. બે ઘડીનું સામાયિક જીવનભરના સામાયિક માટે છે. તે ખબર છે ?

'સૂત્ર-અર્થ-તત્ત્વ કરી સદ્દહું' આ બોલની વાત આપણે કરી આવ્યા છીએ.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ કહેલાં અને શ્રી ગણધરભગવંતોએ ગૂંથેલાં જે સૂત્રો, તેનાં જે બાકી અર્થ તે જ જગતમાં જાણવાં જેવું અને આચરવાં જેવું તત્ત્વ છે. તે સૂત્રો અને તેના અર્થને જ હું તત્ત્વ કરી માનું છું તેમ તેનો અર્થ છે તે તમે માનો છો? ભગવાને અર્થથી કહેલાં સૂત્રોમાં આ સંસાર છોડવા જેવો ન લાગે તે રોજ એક કે એકથી અધિક સામાયિક કરે તો પણ તેને સમજુ કહેવાય કે અણસમજુ કહેવાય? સંસાર મઝેથી રહેવા જેવો લાગે તેવો જીવ આ બોલ બોલે તો મોટું જ બોલે છે તેમ કહેવાય ને? આ બોલ સમજીને બોલે તેને શું કરવાનું મન હોય?

ભયંકરમાં ભયંકર જે મોહનીય કર્મ છે તેને પરિહરવાનું જ મન હોય. તે મોહનીયકર્મના ત્રણ ભેદ પડે છે. 'સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં' એમ તે બોલે છે. સમકિત મોહનીય સમજે નહિ તેને સમ્યક્ત્વ મોહનીયની શી ખબર હોય? આખા જગતને મિથ્યાત્વ મોહનીયનો ઉદય છે તેથી તે સાચું સમજી શકતા જ નથી, એટલું જ નહિ પણ ખોટાને સાચું કરી માને છે. સમ્યક્ત્વ મોહનીયનો ઉદય કોને હોય? તેનો ઉદય સાચા સમજુને-સમકિત પામેલા જીવને હોય. તે માને કે મારા સમ્યક્ત્વ ગુણને મેલો કરનાર કે નાશ કરનાર આ સમકિત મોહનીય છે માટે તેનો પણ પરિહાર કરવા તે ઇચ્છે. તેથી તેને મિશ્ર મોહનીય પણ ભયંકર લાગે, માટે આ ત્રણે મોહનીયની પ્રકૃતિને પરિહરવાની છે.

સભા:-સમ્યક્ત્વ મોહનીય ઔદયિકભાવની હોય કે ક્ષાયોપશમિક ભાવની હોય?

ઉ:-આત્માના દરેકે દરેક ગુણો ઉપશમ ભાવના, ક્ષાયોપશમિક ભાવના કે ક્ષાયિક ભાવના હોય પણ ઔદયિકભાવના ન હોય જીવ જો સાવચેત ન રહે તો ક્ષાયોપશમિક ભાવના ગુણ મેલા થાય કે નાશ પામી જાય તે બને. માટે જ સમ્યક્ત્વ મોહનીય પણ પરિહરવાની છે.

મિથ્યાત્વ મોહનીયના પ્રતાપે જ આખું જગત ભટકે છે. એટલું જ નહિ પંણ સારામાં સારા વિદ્વાન અને ચરિત્ર સંપન્ન આત્માઓને પણ જો મિથ્યાત્વને. ઉદય થાય તો તેઓ જેવો ઉન્માર્ગ ફેલાવે છે તેવો બીજા કોઇ નથી ફેલાવતા! દુનિયામાં પણ કહેવાય છે કે-ભણેલો ભાન ભૂલે તો અનેકને ભૂલાવાના ચક્કરમાં નાખ્યા દે. નિહ્નવો પણ કોણ પાકયા છે? આજે તો નિહ્નવોને ય વટલાવે તેવા જીવો પાકયા છે! ગાઢ મિથ્યાત્વ મોહનીયને ઉદય હોય તેને સાચું સમજાય જ નહિ. તેને આ સંસાર છોડવા જેવો છે એવું લાગે નહિ, કેટલાક તો મોક્ષને પણ માને નહિ. અભવ્ય જીવો તો મોક્ષને માને નહિ તેમ દુર્ભવ્ય જીવો અને ભારે કર્મી ભવ્ય જીવો પણ તેમનું દુર્ભવ્યપણું અને ભારે કર્મીપણું ટળે નહિ ત્યાં સુધી તેઓ પણ મોક્ષને માને નહિ. જેને મોક્ષની શ્રદ્ધા પણ થાય તો સમજી લેવું કે-તેનું મિથ્યાત્વ મોહનીય કર્મ માંદુ પડયું છે કાં ઢીલું પડયું છે. (ક્રમશ:)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૫૦]

—શ્રી રાજુભાઈ પંડિત

રથ પાછો નહિ વળે, અર્જુન !

ગંધમાદન પર્વતના અતિ રમણીય પ્રદેશમાં એક સુંદર ઘટાદાર વૃક્ષ નીચે પાંડવોનો પડાવ નાંખ્યો.

અહીં અર્જુને પોતાની સાધેલી વિદ્યા ફરી યાદ કરી લેવાની ભાવના વ્યક્ત કરતાં યુધિષ્ઠિરે તેને સંમતિ આપતા અર્જુન ઇન્દ્રકીલ પર્વતની ગુફામાં સાધના કરવા લાગ્યો.

સમય પસાર થતો ગયો. સાધના પૂરી થઈ. એટલે અર્જુન તે પ્રદેશની રમણીયતા જોઈ રહ્યો હતો ત્યાં જ એક ભયાનક નફોરવાળુ અને બાણથી વિંધાયેલુ ભૂંડ અર્જુન તરફ ધસી આવ્યું તરત જ અર્જુને બાણ છોડી ભૂંડને વિંધિ નાંખ્યુ. જમીન ઉપર ઢળી પડેલા ભૂંડના શરીરમાંથી બાણ લેવા અર્જુન આગળ વધ્યો ત્યાં જ તેની નજર સામે એક ભયંકર આકૃતિવાળો મ્લેચ્છ આવી ચડ્યો.

તે શબરે અર્જુનને કહ્યું–'અગર મારૂં દેવતાઇ બાણ લેવાની તારી ઇચ્છા છે તો તે તું લઇ શકે છે, પણ યાદ રાખ કે મારી સાથેના સંગ્રામમાં મને જીત્યા વગર બાણ તરફ તું એક કદમ પણ ઉઠાવી નહિ શકે.'

અર્જુને શૌર્ય સાથે પ્રત્યુત્તરમાં કહ્યું કે–'તે મારૂ બાણ તારી નજર સામે જ હું લઇ લઇશ. અગર તારા ઠાંડામાં તાકાત હોય તો મને આગળ વધતો અટકાવજે. નરેન્દ્ર દેવેન્દ્ર કે ખેચરેન્દ્ર જ્યારે મારી આગળ ટકી શક્યા નથી તો તારી જેવાની સામે મારા બાણને ધનુષ ઉપર ચડતા શરમ આવે છે. રસ્તો ખુલ્લો છે, પ્રાણ બચાવી લેવાની છેલ્લી તક છે. જા, ચાલ્યો જા.

શબરે કહ્યું–ફટાટોપ કરીને ફૂંફાડા મારનારો ફણિધર પણ આખરે ગરૂડની આગળ ટકી શકતો નથી. યુદ્ધનું હું તને આહવાન કરૂં છું. સંગ્રામ છોડીને ચાલ્યો ના જઇશ.' આમ કહીને શબરે શરસંધાન કર્યા.

અર્જુને પણ ગગનભેદી ટંકાર કરતાં શર–સંધાન કર્યા.

બાણોનો પુષ્કરાવર્ત મેઘ વરસાવીને એક–એક સૈનિકને અંગ–અંગમાં અર્જુને વિંધિ નાંખ્યા. સૈન્ય આખુ રણ–મેદાન છોડીને ભાગી છૂટ્યુ ત્યારે શબરે ખુદ બાણ–વર્ષા વરસાવવા માંડી.

શબરની તીક્ષ્ણ–પ્રચંડ વેગી બાણ વર્ષા સામે અર્જુનના બાણો અધ વચ્ચે જ ટુકડા થવા માંડયા. આથી અર્જુને આગ્નેય (અગ્નિવર્ષા કરનાર) અસ્ત્ર ચડાવડાં જ ચોમેર ભયાનક ફાટી નીકળે તેવો પ્રચંડ અગ્નિ ફેલાઇ ગયો. તરતજ શબરે વરૂણાસ્ત્રથી (જળવર્ષા કરનાર અસ્ત્ર) અગ્નિને શાંત કરી દીધો.

શસ્ત્રો કે અસ્ત્રોથી શબરને જીતવો દુષ્કર સમજીને અર્જુને શસ્ત્રો ફેંકી મૂકી દઇને મલ્લયુદ્ધ માટે આહવાન કર્યું. પ્રચંડ વિરાટકાય શબરે અર્જુન સાથે મલ્લયુદ્ધ શરૂ કર્યું. બન્ને એક બીજાનો પરાભવ કરતા રહ્યા. છેલ્લે એક તક મેળવીને અર્જુને શબરને બન્ને પગેથી પકડીને માથા ઉપર ઉંચકી લઇને ભમાડવા મંડયો અને એક પત્થરની કાળમીંઢ શિલા સાથે ભટકાવીને શબરના પ્રાણ પૂરા કરી નાંખવા અર્જુને શબરને શિલા તરફ ફંગોળ્યો કે તરત જ એક દિવ્ય આકારધર દિવ્યપુરૂષ નજર સામે દેખાયો.

અંજલિ જોડીને શબરે અર્જુનને કહ્યું કે-તારા શૌર્યની પરીક્ષા કરવા માટે જ મેં ઇન્દ્રજાળ બીછાવી હતી. હું ચંદ્રશેખર નામનો વિદ્યાધર છું અને તારા ઉપર પ્રસન્ન થયો છું તેથી વરદાન માંગ અને હું મારા મિત્ર ઇન્દ્રના કામ માટે અહીં આવેલ છું.

અર્જુને કહ્યું–વરદાન તારી પાસે થાપણ રૂપે રહો. હવે ઇન્દ્રની શું આપત્તિ છે તે કહો.

શબરે કહ્યું–રથનુપુર નગરમાં વિદ્યુત્પ્રભ રાજાને ઇન્દ્ર તથા વિદ્યુન્માલી બે પુત્રો છે ઇન્દ્રને રાજ્ય ઉપર તથા વિદ્યુન્માલીને યુવરાજ પદે સ્થાપીને વિદ્યુત્પ્રભ રાજા દીક્ષા લઇ મોક્ષે ગયા. વિદ્યાધર રાજા ઇન્દ્ર માત્ર નામથી જ નહિ સમૃદ્ધિ તથા શૌર્યથી પણ ઇન્દ્ર જ હતો. પરંતુ યુવરાજ વિદ્યુન્માલીએ ઉચ્છૃંખલ બનીને નગરની સ્ત્રીઓના શિયળો સામે ખતરો ઉભો કર્યો છે, ધન–ધાન્યની લુંટફાટ ચલાવી છે. અને મહા હેરાનગતિ ઉભી કરીને નગરીમાં ઉપદ્રવ મચાવી મૂકયો છે, આથી નગરજનોએ ઇન્દ્રરાજાને ફરિયાદ કરતાં ઇન્દ્રરાજાએ એકાંતમાં નાનાભાઇને શિખામણ આપતા વિદ્યુન્માલી રોષાયમાન થઇને નગર છોડીને ચાલ્યો ગયો છે. અને રાવણની બહેન શુર્પણખાના પતિ ખરદૂષણના વંશજ નિવાતકવચ નામના પ્રચંડવીર્યવાન્ લંકાવાસી રાક્ષસો સાથે વિદ્યુન્માલીને મૈત્રી થઇ છે તે મિત્રોના સહકારથી તેણે ઇન્દ્રની નગરીને અત્યંત ઉપદ્રવ કરવા માંડયો છે. શત્રુ દુર્જય લાગતા ઇન્દ્રએ નગરીએ કિલ્લા બંધ કરી દીધા છે. અને એક ધ્રુવ નામના નૈમિત્તિક પાસેથી વિશ્વના શ્રેષ્ઠ ધનુર્ધર અર્જુન સિવાય આ ઉપદ્રવમાંથી કોઇ રીતે મુક્તિ મળવાની નથી અને તે અર્જુન અત્યારે ગન્ધમાદન પર્વતની હારમાળામાં

નિર્જન ગુફામાં સાધના કરી રહ્યો છે આવું જાણવા મળતા હું ચંદ્રશેખર તમને હે પાર્થ ત્યાં લઇ જવા આવ્યો છું. વળી મારા પિતા વિશાલાક્ષને તમારા પિતા પાંડુએ જ જીવતા બચાવ્યા હતા. ત્યારે એક વીંટી મારા પિતાએ આપી હતી જે તમારી આંગળીમાં છે. તરત જ પળનો પણ વિલંબ કર્યા વિના અર્જુન ચંદ્રશેખરની સાથે ઇન્દ્રરાજની આફત દુર કરવા ચાલી નીકળ્યો. વાયુ વેગી વિમાનમાં ચંદ્રશેખર અર્જુનને ઇન્દ્રનગરી તરફ લઇ જતો હતા નગરી નજીક આવી ત્યારે અર્જુને કહ્યું–'આપણે પહેલા દુશ્મનની નગરી તરફ જઇએ. પછી જ ઇન્દ્રરાજને મલશું.

ચંદ્રશેખરે કહ્યું–પાર્થ ! એ પ્રચંડ પરાક્રમી રાક્ષસો સાથે હું તમને એકલાને લઇ જઇ નહિ શકુ. ઇન્દ્રના સૈન્ય સાથેજ આપણે જવું પડશે.

અર્જુને કહ્યું–હાથીઓના ગુંડાના ગંડસ્થળોને ફાડી નાંખીને હાથીના મડદા પાડી દેનારા વનરાજ સિંહને કદિ સૈન્યની જરૂર નથી પડતી.

આથી ખુશ-ખુશાલ થયેલા ચંદ્રશેખરે વિમાનને દુશ્મનની નગરીમાં જ ઉતાર્યું. અહીંના દુશ્મનો મોઢાનું તાળવુ અને હાથની હથેળી એટલે તલ અને તાલુમાં એક સાથે વિંધાય તો જ મૃત્યુ પામી શકે તે સિવાય નહિ એવા વરદાનવાળા હતા. અને એવો પ્રસંગ તો મોઢા પાસે હાથ આવે ત્યારે વિંધાય તો જ બની શકે, તેથી દુશ્મનોને મૃત્યુનો જરા પણ ડર ન હતો.

અર્જુનને સારથિ ચંદ્રશેખર સાથે એકલો જ આવેલો જોઇને રાક્ષસો ખડખડાટ હસી પડયા. મશ્કરી સાથે બોલ્યા પણ ખરા કે–હા,..હા...હા આવા મહાન શક્તિશાળી અર્જુનથી આપણો વધ થવાનો નૈમિત્તિકે કહ્યો છે. આ એકલો આપણી જેવા વિરાટ કાયવાળા ગગનચરો સામે ટકી શું શકવાનો છે ? સુભટો ! આ મગતરાને ચોળી નાંખો.

અને આદેશ થતાંજ આકાશમાં રહેલા ભયાનક રાક્ષસોએ શસ્ત્રો–અસ્ત્રો–બાણોનો વરસાદ વરસાવ્યો. જમીન ઉપર રથમાં રહેલા અર્જુને એકલાએ દરેક શસ્ત્રોનો પ્રચંડ સામનો કર્યો.

અર્જુન જાણતો હતો કે જેમ તેમ બાણો ફેંકવાથી આમના પ્રાણ બલાશ થવાના નથી. તલતાલુને હણવા સહેલા નથી. આથી અર્જુન બહુ બહુ તો દુશ્મનના બાણો તોડીને હજી સુધી માત્ર પોતાની જ રક્ષા કરી શકયો હતો. છતાં એકલવીર અર્જુનના સમર-સમંદરમાં ભમી રહેલા રથથી ખુદ સારથિ ચંદ્રશેખર પણ ખૂશ હતો

હવે શત્રુઓએ એક જ જગ્યાએ એકઠા થઇને અર્જુન ઉપર પ્રહારો શરૂ કર્યા. આથી મનમાં હસી રહેલા અર્જુને ચંદ્રશેખરને કહ્યું–'સારથિ ! રથ પાછો વાળ શત્રુઓ પ્રચંડ વીર્યવાન છે. તેમનો સંહાર શકય નથી.

ચંદ્રશેખરે કહ્યું–આ રથ પાછો નહિ વળે. ઇન્દ્રનો આ રથ છે. શત્રુનો સંહાર કર્યા વગર ઇન્દ્રનો રથ કદિ સંગ્રામમાંથી પાછો ફર્યો નથી. આ રથના ચક્રને આગેકુચ કરવાનો જ અભ્યાસ છે. રથના ચક્રો આજ સુધી પાછા ફર્યા નથી. અને હે અર્જુન! સંગ્રામ છોડી જનારૂ તારૂ વચન તારા ક્ષાત્રવટને શરમાવી રહ્યું છે. ચોક્કસ શત્રુએ તને રૂશ્વત આપી છે તેથી તું ચાલુ રણથી પાછો ફરવાનું કહી રહ્યો છે.

અર્જુને કહ્યુ–સારથિ! તને હાથ જોડીને કહુ છુ કે હવે એક પળનો પણ વિલંબ કરવા જેવો નથી રથને જલ્દીથી પાછો વાળ, પાછો વાળ, અગર મારા વચનો તને સંભળાતા ન હોય તો તેં મને વરદાન આપેલુ છે તે હમણા માંગુ છું. રથને પાછો વાળ.

આટલુ સાંભળતા શરમથી લજ્જાઈ ગયેલા ઉત્સાહહીન સારથિએ કમને રથને પાછો વાળ્યો.

અર્જુનનો રથ પાછો વળતા જ રાક્ષસો મોં આગળ હાથ રાખીને અર્જુનની મશ્કરી કરવા લાગ્યા. ભયાનક સિંહનાદ કરવા લાગ્યા.

બરાબર આ જ સમયે ગુરૂદ્રોણાચાર્યે આપેલા મંત્રને યાદ કરીને એક દિવ્ય બાણને અર્જુને ધનુષ ઉપર ધારણ કર્યું અને સનનન કરતું છોડયું. એક બાણ હજારો રૂપ ધારણ કરીને દરેક શત્રુના મુખ આગળ આવેલા હાથને વિંધીને તાળવાને વિંધિ ગયા, શત્રુના સંહાર સાથે જ એક ઉપદ્રવકારી રાજ્યનો અંત આવ્યો.

સારથિ ચંદ્રશેખને આ જાણી અત્યંત ખુશી થઈ.

બીજી તરફ ઇન્દ્રરાજાને શત્રુ-સંહારના સમાચાર મળતા જ દુશ્મન-સંહારક અર્જુનને અત્યંત ભાવાવેશમાં આવીને ગાઢ રીતે ભેટયા અને અપૂર્વ ઠાઠ-માઠ સાથે શાનદાર સ્વાગત પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો.

થોડો સમય ઇન્દ્રનગરીમાં પસાર કરી છેવટે વડિલબંધુ પાસે જવાની ઇચ્છા વ્યકત કરતાં ઇન્દ્ર રાજાએ મહા મુશીબતે રજા આપી અને સાથે આવીને યુધિષ્ઠિરાદિ પાસે અર્જુનનો બદલો ન વાળી શકાય તેવા ઉપકારનું વર્ણન કર્યું.

પાંડવોની આ રીતે વિદ્યાધરેન્દ્ર ઇન્દ્ર સાથે મૈત્રી સંબંધ સ્થપાયો. યુધિષ્ઠરે વિદાય આપતા ઇન્દ્ર પોતાની રથનુપુર નગરીએ આવ્યા.

卐

❋ આપણાં બે કર્તવ્યો ❋

—પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

વીતરાગ પ્રભુ શ્રી તીર્થંકર દેવે વિશ્વમાં સ્યાદ્વાદ સિધ્ધાંતની પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે. એટલે કે જગતના કોઇપણ પદાર્થની વિચારણા નય, નિક્ષેપ સપ્તભંગી વિગેરે સ્યાદ્વાદ પદ્ધતિથી કરવામા આવે ત્યારે જ તે સત્ય નિર્ણય કહેવાય છે. એ રીતે સત્ય નિર્ણય કરવાની અદ્‌ભુત શૈલી બતાવીને શ્રી જિનેશ્વરદેવે જગત ઉપર અનન્ય ઉપકાર કર્યો છે તેથી જૈન તત્ત્વ એ સત્યના પાયા ઉપર સ્થિર હોવાથી વાસ્તવિક રીતે તેમાં પક્ષાપક્ષિ કે મતમતાંતરનો સંભવ જ નથી.

સત્યપણે નિર્ણિત થયેલા તત્ત્વોનો મોક્ષની સાધનામાં ઉપયોગ કરવા માટે અહિંસાના અમોઘ સાધનાનો ઉપદેશ આપીને શ્રી વીતરાગ પ્રભુએ મોક્ષમાર્ગનો રાજ-માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રી શ્રી સીમંધર સ્વામીના સ્તવનમાં કહે છે.

તસ ઉપાય જે જે આગમમાં
બહુવિધ છે વ્યવહાર,
તે નિઃશેષ અહિંસા કહીએ
કારણ ફળ ઉપચાર
મનમોહનજી તુજ વયણે મુઝરંગ.

ભાવાર્થ : કે જૈનશાસ્ત્રકારોએ આગમોમાં જે જે ક્રિયાઓ અને મોક્ષસાધનાના વિધાનો રૂપ વ્યવહાર બતાવ્યા છે, તે સઘળાં અહિંસાને અમલમાં મૂકવાની વ્યવહારૂ યોજનાઓ છે.

અહિંસા રુપ કર્તવ્યને સામે રાખીને જગતના તમામ પદાર્થોના સત્ય દૃષ્ટિથી નિરૂપણના પાયા ઉપર જૈન શાસનની આખી ઇમારત શ્રી તીર્થંકર ભગવંતોએ રચી છે, અને મહાપુરૂષોએ ટકાવી છે.

આપણા વડીલોએ તેને બહુમાન આપ્યું છે. આપણું પણ સદ્‌ભાગ્ય છે કે એવી અપૂર્વ વસ્તુ આપણને વારસામાં મળી છે, તેથી સાચી સમજ પ્રમાણે આપણે પણ તે વસ્તુ તરફ બહુમાન ધરાવીએ છીએ.

તેથી જૈનધર્મ તરફની આપણી બે ફરજો છે. તે બરાબર અદા કરવાની ફરજ છે. તે બે ફરજો આ પ્રમાણે છે :-

પહેલી ફરજ :

. ભૂતકાળના સંખ્યાબંધ જીવાત્માઓ જેનો આશ્રય લઇને મોક્ષમાર્ગની આરાધના કરી શકયા છે, વર્તમાનમાં પણ સંખ્યાબંધ જીવાત્માઓ મોક્ષમાર્ગની આરાધના કરે છે, અને ભવિષ્યમાં પણ સંખ્યાબંધ જીવાત્માઓ આરાધના કરશે, એવા ધર્મના આધારભૂત શ્રી જૈન શાસન તરફ સંપૂર્ણ વફાદારી. ભક્તિ રાખવી, અને જેમ બને તેમ એ મહાશાસનની તેજસ્વિતા અને પ્રભાવના ખાતર તન, મન. ધન અને એકંદર સર્વસ્વનો ભોગ આપવા તત્પર રહેવું એ એક કર્તવ્ય.

બીજી ફરજ : સ્યાદ્વાદ શૈલિથી વિશ્વનું વિજ્ઞાન સમજવું, તેને જીવનમાં ઉતારવા માટે અહિંસાના વ્યવહારૂ પ્રયોગોરૂપ જૈન ધર્મના અનુષ્ઠાનોનો અમલમાં મૂકવા અર્થાત દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મનું પાલન કરવું. તેમજ આપણું વ્યવહારિક જીવનપણ જેમ બને તેમ જૈનશાસન રૂપ મોક્ષમાર્ગને અનુસરતું એટલે છે આપણું વ્યવહારિક જીવન જેમ બને તેમ માર્ગાનુસારિ હોવું જ જોઇએ. અને જેમ બને તેમ માર્ગાનુસારિતા ટકાવી રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

આ બે જૈન તરીકેના આપણા ખાસ કર્તવ્યો છે. અર્થાત જેમ આપણે જૈનધર્મના આરાધકો છીએ તેમજ પૂર્વાપરથી ચાલ્યા આવતા જૈનશાસનના રક્ષક સેવકો પણ છીએ. રક્ષક તરીકે આપણી જે જે ફરજો છે તે કરવામાં જ શાસન તરફની આપણી પ્રમાણિકતા સચવાય છે. ગમે તેવા કઠણ કામ હોય; ગમે તેવા વિઘ્નો હોય, તો પણ જૈન શાસન તરફની આપણી ફરજ કોઇપણ વખતે સરખી જ છે. તેમાં જરાપણ ઢીલાશ બતાવી શકાય જ નહીં. **કોઇપણ બાબત તેના હિતની દૃષ્ટિથી જ વિચારવી જોઇએ.** આપણી કોઇપણ ભૂલનું પરિણામ શાસનના ગેરલાભનાં પરિણામે એવી વહીવટ કર્તા તરીકેની ધીરજમાં સ્ખલના થવી જોઇએ નહીં. કરેક પ્રકારના દેશકાળમાંથી અનુકુળ સાધનોથી શાસનને પોષવું જોઇએ, અને પ્રતિકુળ સાધનોથી બચાવવું જોઇએ. જૈન શાસન જેવી જગતમાં કોઈ અમૂલ્ય ચીજ નથી. અને તેની સેવા જેવી કોઈ ઉત્તમ સેવા નથી, બીજું કોઇ ઉત્તમ કર્તવ્ય નથી,

શાસન સેવાના અનેક પ્રકાર છે. પરંતુ જૈન શાસનના મુખ્ય કેન્દ્ર ત્રણ છે. શ્રી જિનમંદિર, શ્રી જિનઆગમ અને શ્રી મુનિ સંસ્થા. બીજા શબ્દોમાં કહીએ તો દેવ-ગુરૂ અને ધર્મ. એ ત્રણની પેવામાં શ્રી શાસનની સમગ્ર સેવા આવી જાય છે.

એ ત્રણમાં મુનિ સંસ્થાને અપેક્ષાએ મુખ્યસ્થાન આપ્રી શકાય. કેમકે દેવ અને ધર્મને ઓળખાવવાનું કામ મુનિસંસ્થાનું છે. (અનુ. પેજ ૮૭૬ ઉપર).

બોલવા પરથી પરખાય

–સતીશ વ્યાસ

એક ગામ હતું. ગામને પાદર ચોરો. (ચોરો એટલે એક મોટું ઝાડ હોય ને તેની આજુબાજુ ઓટલો ચણેલો હોય; તેના પર લોકો બેસી શકે.) ચોરા પર એક સાધુ મહારાજ બેઠેલા. સાધુ મહારાજને આંખે દેખાય નહીં. પ્રજ્ઞાચક્ષુ (આંધળા) હતા.

વહેલી સવારનો સમય હતો. એક ચોર ત્યાં આગળ થઈને, ચોરી કરીને ભાગ્યો તેની પાછળ રાજાના સૈનિકો ભાગતા આવ્યા. તેમને થયું કે ચાલો આ સાધુને પૂછીએ તેમણે સાધુને પૂછ્યું–એ બાવા. તે અહીંથી કોઇ ચોર ભાગતાં જોયો છે? સાધુએ કહ્યું–'હ, ડાબી બાજુ ગયો છે.'

સિપાહીઓની પાછળ સેનાપતિ દોડતો આવ્યો. કારણ કે તેને ખબર પડી કે રાજમહેલમાં ચોરી થઈ છે. તેણે સાધુને બેઠેલો જોયો. તેણે સાધુને પૂછ્યું–એ સાધુ, અહીંથી કોઇ ગયું છે?

સાધુએ કહ્યું: હા આગળ ચોર ભાગ્યો, પાછળ સિપાહીઓ ગયા છે.

પ્રધાનજીને ખબર પડતાં પ્રધાનજી સેનાપતિ પાસે ગયા. ત્યાં ખબર પડી કે સેનાપતિ ચોરની પાછળ ભાગ્યો છે. એટલે તે પણ દોડ્યા. ગામને પાદર તેમણે સાધુને બેઠેલો જોયો. તેમને થયું, ચાલ, સાધુને પૂછી જોઉ. તેમણે સાધુને પૂછ્યું–"મહર્ષિ, અહીંથી કોઈ નીકળ્યું છે?"

સાધુએ કહ્યું–'હા, આગળ ચોર ભાગ્યો, પાછળ સિપાહીઓ ગયા, તેની પાછળ સેનાપતિજી ગયા છે." આ સાંભળી પ્રધાનજી પણ એ જ દિશામાં આગળ વધ્યા.

રાજાને ખબર પડી કે માનીતી રાણીનો ચંદનહાર ચોરાઇ ગયો છે અને સિપાહીઓ, સેનાપતિ, પ્રધાન બધા એને પકડવા દોડ્યા છે. રાજાને થયું કે મારે જાતે જ જવું જોઇએ અને રાજા પોતે નીકળ્યો. ગામને પાદર સાધુને જોયો ને તેણે સાધુને પૂછ્યુ–ભગવન્ અહીંથી કોઇને નીકળતા જોયા છે? સાધુ કહે–હા; રાજન્! અહીંથી આગળ તેની પાછળ સિપાહીઓ, સેનાપતિ, પ્રધાનજી ગયા છે. તમે સ્વયં જાવ છો?

રાજા કંઇ બોલ્યા વિના ચાલ્યા ગયો. ત્યાં તેને ચોર પકડીને આવતા સિપાહીઓ, સેનાપતિ અને પ્રધાનજી મળ્યા. રાજાને નવાઇ લાગી કે સાધુને તો આંખો નથી. તેણે બધાને ઓળખ્યા કેવી રીતે? એટલામાં તેઓ પેલા ચોરા પાસે આવી પહોંચ્યા. રાજાએ સાધુને જ પૂછ્યું–"ભગવન આપ તો નેત્રહીન છો, છતાં બધાને ઓળખ્યા કેવી રીતે?"

સાધુ કહે–કરેકના બોલવા પરથી તેનું ભણતર અને તેનું સ્થાન જાણી શકાય. શરૂઆતમાં પગપાળા દોડવાનો અવાજ આવ્યો...આટલી વહેલી સવારે દોડે કોણ ? ને પાછળ સિપાહીઓએ આવીને પૂછયું. અર્થાત્ તે ચોર હોવો જોઇએ. સિપાહીએ મને 'આવા તું' કહીને બોલાવ્યો. તેમાં તેમનો વાંક નથી પણ એ તેમનું સ્તર બતાવે છે. પાછળ આવેલા સેનાપતિએ થોડું માન જાળવ્યું ને મને 'સાધુ' કહ્યો પણ અવાજમાં રૂઆબ વધારે હતો એટલે મને થયું કે તે સેનાપતિ હોવા જોઇએ. મને "મહર્ષિ" કહેનાર મુત્સદ્દી પ્રધાનજી જ હોય. ને મને આટલું બધું માન આપનાર વિદ્વાન ને સુસંસ્કૃત રાજા જ હોય, રાજા જ હોવો જોઇએ. આમ બોલવા પરથી વ્યક્તિ ઓળખી શકાય. (મું. સ.)

(અનુ. પાન ૮૭૪ ચાલુ)

તે રીતે તેની આશાતના રોકવાનું કામ પણ મુનિસંસ્થાનું છે. કેમકે તે શાસનની શ્રેષ્ઠ રક્ષક સંસ્થા પણ છે.

ભૂતકાળમાં અનેક મહાપુરુષોએ શાસનની ખાતર અનેકાનેક કષ્ટો સહન કર્યા છે. અને મહા પ્રભાવનાઓ કરી છે. આજ પણ દરેક શુભ પ્રવૃત્તિમાં સીધો યા આડકતરો મુનિના ઉપદેશનો પ્રભાવ છે. ભગવાન મહાવીર પછીના અઢી હજાર વર્ષ જેવા મોટા વખતમાં શાસનમાં અનેક જાતની મુશ્કેલીઓ થતી ગઇ છે. તેથી શાસનને તેઓ જ બચાવતા આવ્યા છે. આજે પણ આપણને તીર્થો જૈન આગમો તરફ આપણામાં શ્રદ્ધાનો ટકાવ, ધર્માચરણ, જ્ઞાન, શાસનની પ્રતિષ્ઠા અનેક જાતની એ બધી ભાવાત્મક ભિક્તો પણ તેઓના પ્રભાવથી જ વારસામાં મળેલ છે. માટે એ સંસ્થા શ્રી જૈન શાસનની શ્રેષ્ઠ રક્ષક છે. અને ભગવાન મહાવીર સ્વામીની વારસદાર સંસ્થા છે. હા, ભગવાન મહાવીર પ્રભુ તીર્થંકર ભગવંત હતા, ત્રણ લોકના નાથ હતા.

છતાં એ પણ જૈન સાધુ હતા. તેઓશ્રીની પાટે આવનાર શ્રી સુધર્મા સ્વામી ગણધર પણ સાધુ હતા. અને પછીના પણ સર્વ આચાર્ય મહારાજાઓ સાધુઓ હતા.

ભગવાન મહાવીર સ્વામીથી માંડીને જૈન શાસનમાં અનેક જાતના મતભેદ ઉભા થતાં ખુદ મહાવીર પ્રભુથી આજ સુધી શુદ્ધ પ્રરૂપણાનો અખંડ પ્રવાહ ચાલતો આવ્યો છે અને પૂર્વાચાર્યો મતમતાંતરથી તેને અલગ રાખતા આવ્યા છે.

卐

વીસમી સદીના જૈન ઈતિહાસનું એક સોનેરી પાનું

વીસમી સદીના અજોડ શાસનપ્રભાવક, પાંચાલદેશોદ્ધારક, ન્યાયામ્ભોનિધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના એક પત્રની નકલ 'સ્વયંસેવક'ના તા: ૧-૧૧-'૫૩ ના અંકમાં પ્રગટ થતાં તેનો ઉતારો તા. ૨૮-૧૧-૫૩ના 'જૈન'ના અંકમાં પ્રકટ થયો છે અને તે અત્રે આ નીચે પ્રગટ કરવામાં આવે છે:-

"શ્રી પરમાત્મા જયતિ"

સ્વસ્તિશ્રી મુંબાઇ બંદરે સકલ શ્રીસંઘ જયવંત વર્તો. અંબાલાથી લિ. મુનિ આત્મારામજી કે તર્ફસે ધર્મલાભ- વાંચના. યહાં સુખસાતા હૈ. ધર્મધ્યાન કરનેમેં ઉદ્યમ રખના. આગે શ્રી સકળ સંઘકે તરફસે શ્રાવક પુણ્યપ્રભાવક દેવગુરૂભક્તિકોરક શાહ મોતીચંદ હર્ષચંદજી તથા ફકીરચંદ પ્રેમચંદજીકા લિખા હુઆ પત્ર ૧ ભાદરવા સુદી ૧૧ કે રોજ મુજકો મિલા હૈ. સો વાંચકર સમાચાર સર્વ માલૂમ કીયા હૈ. શ્રી સંઘકે તરફસે શ્રાવક વીરચંદ રાઘવજી જો અમેરિકા દેશમેં જૈન ધર્મકે ઉપદેશ કરને વાસ્તે ગયા થા સો, લગભગ દો વર્ષ તક અમેરિકામેં જૈનધર્મકા ઉપદેશ કરકે સેંકડો સ્ત્રી-પુરૂષોંકો શ્રી જૈનધર્મકા બોધ કરકે પાછા હિન્દુસ્તાનમેં આયા હૈ. તિસ વીરચંદ રાઘવજી કે તાંઇ પૂર્વોક્ત કામ કરનેસેં ઔર આગબોટમેં બૈઠકે અનાર્ય દેશમેં જાનેસે કયા પ્રાયશ્ચિત્ત (દંડ) લેના ચાહિયે ?

—મૈં બહોત નમ્રતાપૂર્વક શ્રી સંઘકો લિખતા હું કિ, શ્રી જૈન મતકે શાસ્ત્રોમેં જો કોઇ જ્ઞાન-દર્શન-ચારિત્રમેં તથા અપને કરે હુએ વ્રત નિયમોમેં દૂષણ લગાવે તો તિસકો પ્રાયશ્ચિત્ત કરણા લિખા હૈ, સો તો મુંબાઇ કે શ્રી સંઘને કિસી ભી દૂષણકા નામ નહિ લિખા હૈ તો મેં કિસ દૂષણકા ઇનકો પ્રાયશ્ચિત્ત દેવું ?

તથા ઇહાં વીરચંદ રાઘવજીકો હમને પૂછા કિ તુમને અમેરિકાકી મુસાફરીમેં અપને કિસીભી વ્રતનિયમમેં દૂષણ લગાયા હોવે તો તુમ તિસકી આલોયણા કરકે પ્રાયશ્ચિત્ત લે લેવો, તબ શ્રી વીરચંદ રાઘવજીને કહા કિ મૈંને અપને કિસીભી વ્રતનિયમમેં અમેરિકાકી મુસાફરીમેં દૂષણ નહીં લગાયા હૈ-અબ શ્રી સંઘકો વિચારના ચાહિયે કિ મૈં શ્રી સંઘકો કિસ દૂષણકા પ્રાયશ્ચિત્ત લિખ ભેજું ?

—જેકર શ્રી સંઘકા ઐસા વિચાર હોવે કિ શ્રી વીરચંદજીને કદાપિ દૂષણ નહી સેવન કરા હોવેગા તો ભી ઇસકો કોઇ પ્રાયશ્ચિત્ત દેના ચાહિયે.

—ઇસકા ઉત્તર શ્રી નિશીથસૂત્રમેં લિખા હૈ કિ, જો વિના દૂષણ કે પ્રાયશ્ચિત્ત દેવે તો પ્રાયશ્ચિત્ત દેનેવાલે કો પ્રાયશ્ચિત્ત લેના પડતા હૈ ઔર સો પ્રાયશ્ચિત્ત કો દેને-

વાલા જિનરાજ કી આજ્ઞાકા ભંગ કરનેવાલા હોતા હૈ. તથા જબ તક દૂષણ સેવનેવાલા અપના દુષણ કબુલ ન કરે તબ તક કેવલજ્ઞાની ભી તિસ દુષણવાલેકોં પ્રાયશ્ચિત્ત નહીં દેતે હૈ–યહ અધિકાર લક્ષમણા સાધવી કે વિષયમેં શ્રી મહાનિશીથ સૂત્રમેં હૈ. જબ દુષણ કબુલ કરે વિના પ્રત્યક્ષ દુષણ કે જાનનેવાલે કેવલજ્ઞાની ભી પ્રાયશ્ચિત્ત નહીં દેતે હૈં તો મૈં છદ્મસ્થ અલ્પમતિ કિસ રીતસેં પ્રાયશ્ચિત્ત દે શકું ?

જેકર શ્રી સંઘકા ઐસા વિચાર હોવે કિ આગબોટમેં બૈઠકે અનાર્ય દેશમેં જાનેસે અવશ્ય પ્રાયશ્ચિત્ત લેના ચાહિયે.

ઇસકા ઉત્તર–ઐસા કથન તો હમને કિસીભી જૈન શાસ્ત્રોમેં નહીં દેખા હૈ તો ફિર જિનાજ્ઞાકો ઉલ્લંઘન કરકે મૈં કિસ તરે પ્રાયશ્ચિત્ત દેવું ?

–જેકર શ્રીસંઘકી ઐસી ઇચ્છા હોવે કિ શ્રી વીરચંદજીને દુષણ સેવ્યા હોવે અથવા ન સેવ્યા તો ભી તીસકોં કુછક પ્રાયશ્ચિત્ત લેના ચાહિયે.

ઇસકા ઉત્તર–જો જિનરાજકી આજ્ઞા સંયુક્ત હૈ સો હી સંઘ હૈ ઔર શેષ શ્રી જિનાજ્ઞા બાહિર જો સંઘ કહાવે હૈ સો હાડકાંકા સંઘ હૈ ન તુ શ્રી જિનરાજજીકા સંઘ–યહ કથન શ્રી આવશ્યક સૂત્રમેં હૈ.

જેકર શ્રી સંઘ ઐસેં કહે કિ હમ પ્રાયશ્ચિત્ત તો નહી દેતે હૈં પરંતુ શ્રી સંઘકી આજ્ઞાસેં વીરચંદ રાઘવજી શ્રી શત્રુંજય તીર્થકી યાત્રા કરે તો શ્રી સંઘ બહુત આનંદિત હોવે–ઐસી આજ્ઞા શ્રી સંઘકી માનનેસે શ્રી વીરચંદ રાઘવજીકી કુછ હાનિ નહી હૈ–વિશેષ તહાં (મુંબાઇમેં) મુનિરાજ મહારાજ શ્રી મોહનલાલજી મહારાજજી બિરાજમાન હૈં વે ભી ભવભીરૂ ઔર શ્રી જિનાજ્ઞા કે ભંગસે ડરનેવાલે હૈં. ઇસ વાસ્તે તિનકી ભી સમ્મતિ લેની ચાહિયે તથા અન્ય કોઇ મહાવ્રતધારી ગીતાર્થસે પૂછ લેના–

અબ મૈં બહુત નમ્રતાસેં વિનતી કરતા હું કિ જો કુછ જિનાજ્ઞા વિરૂદ્ધ અયોગ્ય લિખાણ કરા હોવે સો સર્વ શ્રી સંઘ મુજકોં માફ કરેં ઇતિ–કલ્યાણ હોવે શ્રી સકળ સંઘકો-સંવત ૧૯૫૧ ભાદરવા સુદિ ૧૩ સોમવાર. કા. વલ્લભવિજયના–

સહી–આત્મારામકી સ્વહસ્તાક્ષરા.

ઉપરનો પત્ર પોતાની કરેક વિગત એટલી સ્પષ્ટતાથી કહી જાય છે કે–એના ઉપર વિવેચનની જરૂર નથી; પરંતુ 'જૈન'નાં તંત્રીએ આ પત્રને પ્રગટ કરતાં કરેલી નોંધ થોડીક વિચારણા માગે છે અને કાંઇક કહેવાને પ્રેરે છે. એ નોંધ નીચે મુજબની છે:–

'આજથી છેક સાઠેક વર્ષ પહેલાં લખાએલ આ પત્ર આજે પણ ધર્મની સાચી સમજણ કોને કહી શકાય અને ધર્મગુરૂ કેવા દીર્ઘદૃષ્ટિસંપન્ન છતાં વિનમ્ર કોવા જોઇએ, એનો ખ્યાલ આપી શકે એવો હોવાથી અહીં આપ્યો છે. આપણા કરેક ધર્મગુરૂએ

મનન કરવા યોગ્ય આ પત્ર છે. આ પત્રમાં તેવી ભાવના દિલમાં રમમાણ થાય તો કોઇને 'આસ્તિક' અને કોઇને 'નાસ્તિક' અથવા તો 'સમકિતી' કે 'મિથ્યાત્વી' કહેવાની ડાચાકુટમાંથી આપણે ઘણા ઉગરી જઇએ.'

અમને લાગે છે કે-ઉપરના પત્રમાં છે તેવી ભાવના સૌના દિલમાં રમમાણ થવી, એ પરમ કલ્યાણકારી છે. જેણે પોતાને જૈન તરીકે ઓળખાવું હોય અગર તો જૈન બનીને મુક્તિમાર્ગની યથાશક્ય આરાધના કરવી હોય. તે દરેકે ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પ્રત્યે આવો જ સમર્પિત ભાવ કેળવવો જોઇએ. શ્રી સંઘના નામે પણ જો શ્રી જિનાજ્ઞાથી વિરૂદ્ધ કરવાનું કહેવામાં આવે, તો ઉપરના પત્રમાં જણાવ્યું છે કે-

'જો જિનરાજકી આજ્ઞા સંયુક્ત હે સો હી સંઘ હે ઔર શેષ શ્રી જિનાજ્ઞા બાહિર જો સંઘ કહાવે હે સો હાડકાં કા સંઘ હે ન તુ શ્રી જિનરાજજી કા સંઘ-યહ કથન શ્રી આવશ્યક સૂત્ર મેં હે.'

આ વાતને બરાબર સમજી લઇને જવાબ દેવો જોઇએ. આજે, સંઘના નિર્ણયને નામે, કે જૈન શાસ્ત્રોની આજ્ઞાથી વિરૂદ્ધ જનારો નિર્ણય કરાવનારાઓએ, ઉપરના પત્રમાં દે તેવી ભાવનાને હૈયામાં સ્થાપિત કરી દઇને, પોતાને અને અનેકોને અવળે માર્ગે દોરતા અટકી જવું જોઇએ. જૈન નામથી જેઓ શ્રી જિનાજ્ઞાથી વિરૂદ્ધ જતી વાતો કરી રહ્યા છે, તેઓએ પણ ઉપરના પત્રમાંથી બોધપાઠ ગ્રહણ કરવા જેવો છે. ઉપરના પત્રમાં છે તેવી ભાવના જેના જેના દિલમાં રમમાણ થાય, તેને તો 'આસ્તિક' અને 'નાસ્તિક' અગર તો 'સમ્યગ્દૃષ્ટિ' અને 'મિથ્યાદૃષ્ટિ' એવા વર્ગીકરણને અપનાવવાનું સહજ બની જાય; કારણ કે-ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા પરમ તત્ત્વસ્વરૂપના જ્ઞાતા અને શ્રદ્ધાલુ બનેલા પુણ્યાત્માઓ, કદી પણ આસ્તિક-નાસ્તિક અગર તો સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિને સમાન માનવાની મૂર્ખાઇ કરે જ નહિ. શ્રી જિનાજ્ઞાને જ સમર્પિત બનીને જીવનારા ધર્મગુરૂઓમાં વિનમ્રતા ગુણ પણ અવશ્ય હોય છે, પરંતુ શ્રાવકો જો પોતાના પ્રત્યે ધર્મગુરૂઓને વિનમ્ર બનાવવાને ઇચ્છતા હોય, તો તેમણે પોતે પોતાના શ્રમણોપાસકપણાને દીપાવ્યું ગણાય કે લજવ્યું ગણાય, એ વિચારી લેવા જેવું છે. સ્વ. પૂ. આ.દેવશ્રીએ ઉપરના પત્રમાં વસ્તુતઃ પોતાના પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારની મીમાંસા કરી નથી, પરંતુ પ્રાયશ્ચિત્તાપાત્રતાની અને અન્યને પ્રાયશ્ચિત્ત આપવાનું કહેનારાઓની દોષપાત્રતાની મીમાંસા કરી છે. ઉપરના પત્રને પ્રગટ કરનારા અને કરાવનારાઓ જો કોઇ હોય તે, ઉપરના પત્રના હાર્દને જો આજે પણ અપનાવી લે, તો એથી ઘણું જ સુંદર પરિણામ આવ્યા વિના રહે, નહિ એવી અમારી તો ખાત્રી જ છે.

(જૈન પ્રવચન તા. ૬-૧૨-૫૩) -સંપા૦

પંડિત કોણ ?—વિવેકી

—શ્રી પ્રિયદર્શન

શિષ્ય પૂછે છે : 'ગુરૂદેવ, પંડિત કોણ ?'

ગુરૂ કહે છે : 'વિવેકી મનુષ્ય.'

જે મનુષ્ય ઐશ્વર્યના મદથી મત્ત હોય, જે ભૂખથી પીડિત હોય, જે કામી હોય ને અહંકારી હોય તે વિવેકી ન હોય.

વિવેકી મનુષ્યનું ચિંતન કંઇક આવું હોય છે.

* હું કોણ છું ?
* હું ક્યાં છું ?
* ક્યાંથી આવ્યો છું ?
* મૃત્યુ પછી ક્યાં જઇશ ?
* અહીં શા માટે કોનો શોક કરું છું?

આવું ચિંતન–મનન કરનાર પંડિત કહેવાય. ઘણાં શાસ્ત્રો અને ઘણા ગ્રંથો ભણ્યા પછી પણ જો આવું આત્મસ્પર્શી ચિંતન–મનન ન થતું હોય તો તે પંડિત ન કહેવાય પંડિત વિવેકી હોય. પંડિતમાં વિવેકનો દીવો પ્રગટેલો હોય, તેને સારાસારનો વિવેક હોય. કર્તવ્ય–અકર્તવ્યનો વિવેક હોય. ભક્ષ્ય–અભક્ષ્યનો વિવેક હોય. વચનનો વિવેક હોય ને સમગ્ર જીવનવ્યવહારમાં વિવેક હોય.

એક વાંચેલો પ્રસંગ તમને કહું છું.

ભગવાન બુદ્ધ ફરતા ફરતા એક વાર કાશીનગરમાં ગયા. ત્યાં નગરની બહાર ઉદ્યાનમાં ઊતર્યા. કાશી એટલે બ્રાહ્મણોની નગરી. બૌદ્ધ ધર્મમાં કોઇને શ્રદ્ધા ન હતી. બુદ્ધના એક નવા શિષ્યે ભગવાનને કહ્યું : 'ભગવન્, આ સરસ મોકો છે. એકાદ ચમત્કાર એવો કરો કે બધા બ્રાહ્મણો અભિભૂત થઇ જાય. પછી એ બધા આપના અનુયાયી થઇ જશે, જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર !'

બુદ્ધે હસીને કહ્યું : 'વત્સ, ચમત્કાર કરીશું, તને નાનો ચમત્કાર ગમે કે મોટો ચમત્કાર ?'

'ભગવન્, ચમત્કાર એટલે ચમત્કાર ! ચમત્કાર તે વળી નાના મોટા હોતા હશે?'

બુદ્ધે કહ્યું : 'હા, નાના ચમત્કાર એટલે જમીનમાં કટાઇને હેમખેમ અમુક કલાકો પછી પાછા બહાર નીકળવું. ભીંત સોંસરવા ચાલ્યા જવું. પાણી ઉપર ચાલવું. આકાશમાં ઊડવું...વગેરે.'

'તા ભગવન, મોટો ચમત્કાર કોને કહેવાય ?'

'વત્સ, ઉપદેશનો ચમત્કાર મોટા કહેવાય, કથાનો ચમત્કાર મોટો કહેવાય. એનાથી મનુષ્ય વિવેકી બને છે, વિવેકી બને એટલે એ આત્માને ઓળખે છે.

આ મનુષ્ય જીવનનાં શ્રેષ્ઠ કર્તવ્યોને જાણે છે.

એ નિર્વાણને સમજે છે.

નિર્વાણના માર્ગને જાણે છે.

એ પવિત્ર માર્ગે ચાલતાં શીખે છે.

એ શીલવાન, ગુણવાન અને શક્તિમાન બને છે !

હવે તું જ કહે, નાના ચમત્કાર કરવા સારા કે મોટા ચમત્કાર કરવા સારા ? કયા ચમત્કારની અસર વધુ સ્થાયી રહે ? વત્સ, તું કહે એવા ચમત્કાર કરીએ !'

શિષ્યે બુદ્ધનાં ચરણોમાં નમીને કહ્યું : 'ભગવન' ! ઉપદેશના ચમત્કાર જેવો મોટો ચમત્કાર પૃથ્વી પર બીજે એકેય નથી. અબુધને બુધ બનાવનાર, અવિવેકીને વિવેકી બનાવનાર ઉપદેશનો ચમત્કાર જ આપ કરતા રહો.'

'અમે ભણેલા–ગણેલા છીએ. અમે શાસ્ત્રજ્ઞ છીએ, અમે વિદ્વાન છીએ...' આવું માનનારા અને સમજનારાઓએ આત્મસાક્ષીએ વિચારવું જોઇએ કે તેમનામાં વિવેકનો દીવો પ્રગટયો છે ? 'હું આત્મા છું. .અનંતકાળથી સંસારની ચાર ગતિઓમાં (સ્વર્ગ, નરક, મનુષ્ય, તિર્યંચ) જન્મ–મરણ કરી રહ્યો છું. કોઇ મહાન પુણ્યકર્મના ઉદયથી આવું સારું મનુષ્યજીવન મળ્યો છે...સારાં સ્વજનો મળ્યાં છે. શ્રેષ્ઠ પરમાત્મતત્ત્વ અને ગુરુતત્ત્વ મળ્યું છે. ઉત્તમ ધર્મ મળ્યો છે, ઘણી ઘણી અનુકુળતાઓ મળી છે..તો મારે મનવચન–કાયાથી ધરખમ ધર્મપુરૂષાર્થ કરી લેવો જોઇએ.'

આવું કોઇ જ્ઞાનનું અજવાળું અંદર પ્રગટયું છે ખરું ? કે પછી અંધકારમાં જ અટવાય કરો છો ? ભીતરમાં જો નેશા અનુભવ થતો હોય તો સમજવું કે વિવેકનું અજવાળું થયું છે.

જો તમારા જીવનમાં અશાન્તિ, અજંપો અને ધાંધલ–ધમાલ છે તો સમજી લેવાનું કે તમે પંડિત નથી, વિદ્વાન નથી કારણ કે તમારામાં વિવેક પ્રગટયો નથી.

જીવન પ્રત્યેનો તમારો અભિગમ સમ્યગ્ બનાવો. જીવનમાં તમારે જે ધર્મ-પુરૂષાર્થ કરવો છે, જે આત્મકલ્યાણના માર્ગે ચાલવું છે, તેની સાથે તમારું તાદાત્મ્ય સધાઇ જવું જોઇએ. સાથે સાથે, પરમાત્મતત્ત્વ અને ગુરુતત્ત્વનાં પરિબળોને આધીન રહેશો તો તમારું જીવન ભર્યું ભર્યું અને સરસ રહેવાનું.

તમે સમજી રાખો કે તમારા આ જીવનનું એક ખાસ-મહત્ત્વ છે. તમારો કોઇ વિશિષ્ટ સ્વધર્મ છે, સ્વકર્ત્તવ્યો છે. એટલે, જાત સાથે એકલા પડી ગાઢ મૌનમાં ઊતરી પેલી વાતો...'હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? અહીં શું કરી રહ્યો છું ?' વગેરે પર ચિંતન કરો.

વિવેકી-પંડિત બની રહેવા માટે-વિચારશુદ્ધિ, ઇચ્છાશુદ્ધિ અને હેતશુદ્ધિ આ ત્રણ શુદ્ધિનો આગ્રહ રાખો, આળસને; પ્રમાદને પોષતી ટેવો દૂર કરો, નકારાત્મક વલણનો ત્યાગ કરો. બીજા જીવો માટે તમારા મનમાં કડવાશ ન રાખો. જાતજાતની ચીજવસ્તુઓની અંધના ના રાખો. કીર્તિનો લોભ ત્યજી દો. આવી બધી અશુદ્ધિઓ

તમને અવિવેકી જ બનાવી રાખશે. વિવેકપૂર્ણ જીવન તદ્દન સાદું અને સરળ જ હોય.

છેલ્લે છેલ્લે તમને એક અગત્યની વાત કહી દઉં. તમારા વિવેકને અખંડ રાખવા માટે તમે ભૂતકાળને રડો નહીં ને ભવિષ્યથી ડરો નહીં. તમે વર્તમાન ક્ષણમાં જીવો ! સત્સંગમાં રહો. સદ્વાંચન કરતા રહો, હૃદયમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ અને હોઠો પર પ્રેમાળ સ્મિત રાખો.

વિવેક એટલે ભ્રમણાઓમાંથી મુક્તિ ! ભ્રાન્ત મનુષ્ય વિવેકી ન હોઇ શકે. એટલે મહાકવિ માઘે કહ્યું છે :ભ્રાન્તિભાજી ભવતિ ક્વ વિવેકઃ?'

એક વિદેશી ચિંતક કહે છે : ધૂર્તતા અને ભોળપણમાં વિવેકનો સ્વર અવરૂદ્ધ થઇ જાય છે.

હસવાની મનાઇ છે.

બંટી–મમ્મી, સફાઇ કરવી એ સારી વાત છે ને ?

મમ્મી–હા બેટા, બહુજ સારૂં કામ છે.

બંટી–તો વાંધો નહીં. મેં આજે ફ્રિજમાં પડેલો આઇસ્ક્રીમ સાફ કરી નાખ્યો છે

એક ઉંદર–યાર, મારૂં નામ ગિનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં કેવી રીતે આવે ? શું કરવું જોઇએ ?

બીજો ઉંદર–એક કામ કર ! ફટાફટ એક બિલ્લાડી સાથે લગ્ન કરી લે.

પતિ–મેં એવું સાંભળ્યું છે કે, જેના પપ્પા બહુ હોંશિયાર હોય તેના છોકરાં જિંદગીમાં કોઇ દિવસ પ્રગતિ ન કરી શકે.

પત્ની–ભગવાનની મહેરબાની સમજો કે, આપણાં કાનુને આવું કોઇ 'ટેનશન' જ નથી.

–અમર ઠિરણ પોપટ (મુલુંડ–વેસ્ટ)

* રત્નચૂડ વ્યવહારીયો *

(ગતાંકથી ચાલુ) —પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ.

રત્નચૂડ આ વિશ્વાસુ કાણીઆ પર આશ્ચર્ય અનુભવી રહ્યો ? અરે ! હજાર સોના-મહોર આપી ગયો ને પહોંચ સુદ્ધાં ન માગી ? ભારે વિશ્વાસુ લોકો નગર તો ધર્મના અવતાર જેવું લાગે છે. ત્યાં તો એણે રસ્તાની બાજુમાં ચાર જણાને લડતા જોયા. બાજુમાં મોટું ટોળું જામ્યું હતું. રત્નચૂડ કુતુહલથી પાસે ગયો.

એમના એકનું નામ ટેકચંદ હતું, બીજાનું નામ ખૂબચંદ હતું. ત્રીજાનું નામ ભૂલચંદ હતું. ચોથાનું નામ મૂળચંદ હતું. ટેકચંદ કહે : સાત સાગરનાં પાણી માપી શકાય. ગંગા નદીની રેતીના કણ ગણી શકાય, પણ ચંચળ સ્ત્રીનું મન જાણી ન શકાય ?

ખૂબચંદ કહે : જા રે જા જૂઠા ! સ્ત્રીનું મન તો કળે કે બળે જાણી શકાય, સોનું દેખાડો કે હીરેચીર આપો એટલે ભલભલી સ્ત્રી વશ થઇ જાય, પણ ગંગાની રેતીના કણ ગણી શકાય ! ખોટી વાત ? ભૂલચંદ કહે : તમે બેય જૂઠા છો ? લબાડો ? ગંગાની રેતીના કણ કેમ ન ગણી શકાય ? દુનિયા માત્રના તમામે તમામ કુંભારને વેઢ પકડી લાવીએ, તમામે તમામ ગધેડાંને ભેગા કરીએ, પછી તે ગધેડાં પર છાલકે છાલકાં ભરાવી તમામ રેતીને એક મોટા મેદાનમાં ઠાલવીએ, ને પછી ગણીએ તો જરૂર ગણતરી થઇ શકે. પણ સાત સાગરનાં પાણી તો કેમ ન મપાય ?'

'મૂળચંદ કહે ? તમે બધા જુઠા છો ?' 'અમે જુઠા ?' હા, હા તમે જુઠા ?' ને ચારે જણા મારામારી પર આવી ગયા. માલવગરનો વાત પર બધાને લડતા જોઇ રત્નચૂડને દયા આવી. એ સમાધાન કરાવવા જરા પાસે ગયો કે ચારે જણા એને વળગી પડયા. આવળલા, તો પકડ ગલા.

ટેકચંદ ને ખૂબચંદ કહે ? જો ? આ શેઠ આવ્યા ? જેમનો ચહેરા પરથી ભારે ન્યાયી લાગે છે હો. આપણા ઝઘડાની લવાદી એટલે સોંપો ?'

ભૂલચંદ ને મૂલચંદ કહે : અલ્યા એમ તે કંઇ લવાદી હોય ! કંઇ શરત તો મારો, તમે હારો તો શું આપો, એ કહો ?' 'અમારી તમામ મિલકત ! ટેકચંદ ને ખૂબચંદ કહે પણ અલ્યા તમે કડકા બાલુસો, શું આપશો ? ગામમાં તમારે ઘર નથી, સીમમાં ખેતર નથી ?'

ભૂલચંદ ને મૂળચંદ એકદમ ઢીલા પડી ગયા, ને કરગરતા અવાજે રત્નચૂડને કહેવા લાગ્યા : શેઠજી અમે ગરીબ થયા એટલે શું માણસાઇ ખોઇ બેઠા ? આપ અમારા હાગી ન બનો ? ભારે દયાળુ છો શેઠ ! નોધારાના આધાર છો તમે.

રત્નચૂડને કયા આવી. અહીં તો કયાનો પણ વેપાર હતો. પેલા કહે 'જાઓ ? અમે હારશું તો શેઠના વહાણ તમને સોંપશું પણ શું ખાખ જીતશો ? શેઠજી ! એમના પ્રશ્નનો બરાબર જડબાતોડ જવાબ આપજો ?'

પેલા કહે : કહો શેઠજી ? સાત સાગરનાં પાણી માપી શકાય ખરા ?

રત્નચૂડ વિચારમાં પડયો. જો હા પાડે તો, માપી આપવા પડે, અને ના પાડે તો પેલા બે હારે ! ને એમના બદલે પોતાને નુકસાની ભરવી પડે ? આખરે રત્નચૂડે બધી વાત કાલ પર રાખી વિદાય લીધી.

(૩)

રત્નચૂડ રાજકરબારમાં પહોંચ્યો. ત્યાં પહેલે પગલે સિપાઇ મળ્યો. એ કહે શેઠજી ? લાવો અમારી પાનસોપારી ? પછી આગળ પગલું ભરો.

રત્નચૂડે એનું મન સંતોષ કર્યું ને આગળ વધ્યો ત્યાં તો કોટવાલ મળ્યો. એ કહે ? 'પધારો શેઠજી ? આજનું અમારું ભનિયું પાકયું ? દેવને ટૂંપાપાઠ મળે ને પુજારી કંઇ ભૂખ્યો રહે ? પત્રં પુષ્પમ ? જે મન હોય તે !

રત્નચૂડે એને પણ પત્રં પુષ્પમ કર્યું ને આગળ વધ્યો. ત્યાં પુરોહિત મળ્યો. એણે આશીર્વાદ આપ્યા ને કહ્યું ? બ્રાહ્મણના આશીર્વાદ મફત ન લેવાય ? જે દાનદક્ષિણા આપવી હોય તે આપો ?'

રત્નચૂડે એને પણ દક્ષિણા આપીને આગળ વધ્યો : ત્યાં તો નગરશેઠ મળ્યા ને એટાણે સુખડી માગી. એહને પતાવ્યા ત્યાં પ્રધાનજી મળ્યા. એમને પણ ભેટ સોગાદ ધરવી પડી. છેલ્લે યમઘંટા નામની ગણિકાની કચેરી આવી. એના સેવકોએ બધી માલમિલકત રત્નચૂડની પાસેથી ખંખેરી લીધી.

રત્નચૂડ નિરાશ થઇને પાછો ફર્યો રાજાજીની મુલાકાત ન થઇ. હવે આ ભેટમાંથી છુટવું શી રીતે ? માલ તો જાય એ, જાય પણ કદાચ જાન પણ ખોવો પડે. રસ્તે જતાં લોકોને એણે વાતો કરતા સાંભળ્યા કે આ ગામમાં બે જણ નીતિવાન છે. એક રાજા અને બીજી ગણિકા યમઘંટાની પુત્રી રણઘંટા ?

૪

રત્નચૂડ વહાણ પર આવ્યો, પણ એના મનને શાન્તિ નહોતી કાલે તો થેલાઓ સાથે સોદા પતાવવાના હતા. જો રાજાની મદદ ન હોય તો કંઇ પાર ન પડે ? ઉલટાના લુંટાઇ જઇએ.

ત્યા એને ગણિકા રણઘંટાના નામની યાદ આવી. એ વેળા ગણિકા શિક્ષિકાનું

કામ કરતી નાચગાન કરી પેટ ભરતી કેટલીક ગણિકાઓ તો સતી સ્ત્રીઓ જેવુ જીવન ગાળતી રત્નચૂને લાગ્યું કે જ્યાંનો ઉજળિયાત વર્ગ આટલો હલકો, ઢંભી, ચોર ને ઠગ હોય ત્યાં ગણિકાઓ, ચોરને ઠગજ શાહુકાર કેહવાય ? નીતિ બિચારી રડતી–રડતી એવાને આશરે જીવતી હોય.

એ રણઘંટાને ત્યાં ગયો ને પાંચસો સોનામહોરની થેલી ભેટ ધરી સાથે સાથે આજીજી પૂર્વક કહ્યું આ અનીતિ પુરમાં આવી ફસાણો છું હજારો બગલાઓ વચ્ચે એક હંસ આવી ઘેરાણો છે. તમારા વખાણ મેં સાંભળ્યાં છે ? મને રસ્તો સૂઝાડી શકો તો તમે સૂઝાડી શકો તો તમે સૂગમડી શકશો ?"

રણઘંટ બોલી : ભલા વેપારી ? મૂંઝાશો મા ? અહીના રાજા ન્યાય–નીતિમાન છે. પણ કોઇ પ્રજાજનને રાજા પાસે જવા દેવામાં આવતો નથી. સિપાઇથી લઇને કોટવાળ, નગર શેઠ પ્રધાન પુરોહિત બધાની ચંડાળ ચોકડી જામી છે મારી મા યમઘંટા એની આગેવાન છે. તમારા જેવા અનેક અહીં લુંટાઇ ગયા ?

આ તો અજબ નગરી છે ? અહીં ઊંચ લોકો નીચના કામ કરે છે ને નીચ લોકો ઊંચની કળા શીખે છે.

અહી સારી રીતે કોઇ વેપારી, શાહુકાર કે શેઠ નથી. અહી બધા ઠગ ચોરને દલાલ છે કળામાં કળા તસ્કર કળા છે.

અહીં પરસ્ત્રીની ચારી પરાક્રમ લેખાય છે પરધનની ચોરી હોશિયાર ગણાય છે.

અહીં પૈસો પરમેશ્વર છે ને પરમેશ્વરની પૂજા પણ પૈસા માટે થાય છે.

અહી ગણિકા–નટીનાં રૂપ છેડે ચોક ગવાય છે ને રામના ચરિતર કરતાં રામ-પ્યારીનાં ચરિત્ર વધુ વેચાય છે.

અહી સતી સંતાપ વેઠે છે ને અસતી ચમન-ચમન કરે છે.

અહીં વેપારમાં વેપાર ઠગાનો છે એમજ છેતરપીંડીનો ધંધો જુગારનો છે સાહસ ચોરીનુ છે ઘરાકી વૈદ વકીલ ને વેશ્યા ને ત્યાં છે.

અહીં મનોજી પ્રધાન છે. ક્રોધાજી કોટવાળ છે. કુબુદ્ધિ પટેલ છે કામોજી હવાલદાર છે. મોહોજી ફોજદાર છે. માનોજી વજીર છે લોભોજી કાજી છે માયાજી નોકર છે ઇર્ષ્યાજી શેઠ છે અરી નિંદાજી ચોવટિયો છે રાગદ્વેષ ઉમરાવ છે.

જીવરાજને આ અમલદાર વર્ગ વીંટળાઇને બેઠો છે આજે કાગડે ધુડ વીંટાણું છે અહીં સહુના પેટ પગ વૈદ બેઠા છે પણ પર વાહન બેઠા છે મગજ પર વકીલ બેઠો

છે ચિત્ત પર ચાડિયો બેઠો છે આંખ પર સોનું બેઠું છે હાર પર હત્યા બેઠી છે. માથા પર અહંકાર બેઠો છે ! અહીં ભલો ભંડાય છે સાચો છેતરાય છે સીધો લોટ કહેવાય છે ચરિત્રવાન નપુંસક લેખાય છે. એવા નગરમાં હે રત્નચૂડ ! તું આવી ફસાણે પણ હવે ચિંતા કરીશમા ? આખરે તો તું જ જીતીશ. કાલે સભા આવે ત્યારે કંઇ જવાબ દઇશમા ? ફરિયાદ કરવા જઇશમાં ? જઇશ તો તારું કોઈ સાંભળશે નહિ. અડધે જ બધા ફોલી ખાશે. એ તને પકડીને રાજા પાસે લઇ જાય તો જજે ? એ સિવાય રાજા પાસે પહોંચવાનો બીજો કોઇ રસ્તો નથી. રાજા પાસે હું કહું તેવા જવાબ દેજે ? તારો વાળ વાંકો થશે નહિ ?'

રત્નચૂડ તો રણઘંટાની ચતુરાઇ પર વારી ગયો. બીજે દિવસ ઉગ્યો ને બંદર પર ધમાચકડી મચી રહી. સહુ પોતપોતાનો સોદો પતાવવા આવી પહોંચ્યા. પણ રત્નચૂડ તો ન બોલે કે ન ચાલે ? સહુને એજ જોઇતું હતું તેઓ તો ઓ બાપ રે ? લુંટાયા, મરાયાના પોકારો કરતા રાજદેવડીએ પહોંચ્યા. એવો કાળો કકળાટ કરી મૂકયો કે ખુદ રાજાજી બહાર આવ્યા એમણે બધી વાત સાંભળી અને સિપાદઓને હુકમ કર્યો કે જાઓ ? પકડી લાવો એ પરદેશી ચોરને ?

રત્નચૂડને મુશ્કેરાટ બાંધીને રાજસભામાં હાજર કર્યો. રાજા ન્યાયના સિંહાસન પર બેઠા. એક પછી એક ફરિયાદ હાજર થવા લાગ્યા. પહેલા ચાર વાણિયા હાજર થયા તેઓએ કહ્યું કે અમે એમનો માલ પરખીને ખરીદી લીધો છે, હવે એ આપતા નથી ? સાટામાં અમે તેઓ માગે તે માલ આપવાને બંધાયેલા છીએ "

રાજાએ તરત જ રત્નચૂડને પૂછયું—આ વાતનો ખુલાસો કરો ? રત્નચૂડ કહે : વાત સાચી છે ? એમને મનગમતો માલ હું આપું મને મનગમતો માલ એ આપે ? ચારે વાણિયા કહે : તૈયાર છીએ ! માગો ? રત્નચૂડ કહે : હે વણિક શ્રેષ્ઠી ? રત્નચૂડની માગણી કબુલ છે ? વાણિયા કહે ! એ શી રીતે બને ?

રાજા કહે : તો જુઠો ન્યાય હું કદી કરતો નથી. તમારો બંનેનો સોદો ફોક ? ચાલો, બીજા ફરિયાદીને હાજર કરો ? આડા લાકડે આડો વેહ તે આનું નામ.

બીજા ફરીયાદી તરીકે કાણિયો હાજર થયો. એણે કહ્યું : હજુર ? મેં એક લાખ સોના મહોર એમની પાંસેથી લીધી હતી, અને મારી એક આંખ ગીરવી મૂકી હતી. સોના મહોર કાલે પાછી આપી આવ્યો હવે મારી આંખ પાછી આપે ?

રાજાએ રત્નચૂડને ખુલાસો કરવા કહ્યું—રત્નચૂડ કહે : કાલે સોનામહોરો મને આપી છે પણ મારે ત્યાં હજારો આંખોની જોડ પડી છે તેઓ તેમની બીજી આંખ કાઢી આપે, થોડા દિવસમાં જોની જોડ શોધીને મોકલી આપીશ. કાણિયો કહે એ તો ના

બને ? રાજા કહે ? તો આ કેમ બને ? જા તું જુઠો છે ? તારી આપેલી સોનામહોર પણ પાછી નહિ મળે ? જુઠો ન્યાય નહિ કરું.

રત્નચૂડ કહે ના સાહેબ અધર્મનું ધન મારે ખપતું નથી. અધર્મની એક પાઇ ધર્મના લાખ રૂપિયાને સાથે લેતી જાય છે આ રહી એની સોનામહોરો ? એની એને પાછી. રત્નચૂડની સત્યનિષ્ઠા ઉપર રાજા ખુશ થયો. પછી ત્રીજા ફરીયાદી તરીકે મોચી હાજર થયો. એણે ફરિયાદ કરી કે, મારી મોજડીના બદલામાં એમણે મને રાજી કરવાનું કહ્યું હતું. હવે એ પોતાનું વચન પાળતા નથી ?

રત્નચૂડ કહે : હું એને રાજી કરવા તૈયાર છું પાંચસો સોનામહોર આપવા તૈયાર છું પણ એને તો મારી અડધી મૂછ લેવી છે કહે છે, તો જ હું રાજી. હવે હું પણ એને રાજી કરવા માગું છું ? હે મોચીભાઇ ? રાજાજીના ઘેર દીકરો જન્મ્યો, બોલો તમે રાજી થયા કે કરાજી ? મોચીથી અચાનક બોલાઇ ગયું–રાજી.

રાજા કહે : જા તારી ફરિયાદનો નિકાલ આવી ગયો. હવે છે કોઇ બાકી ?

ત્યાં ચાર ધુતારાઓની ટોળકી હાજર થઇ. એમણે પોતાની શરત રજુ કરી. સાથે સાથે કહ્યું કે જો શરત મુજબ રત્નચુડ હારે તો એની માલ મિલકત અમારી છે. સાહેબ ? હરિશ્ચંદ્ર જેવો રાજા સત્ય ખાતર વેચાણો હતો, તો રત્નચુડ શી વિસાતમાં ? અમારી શરત છે, કે તેમણે સાત સાગરનાં પાણી માપી દેવા ?

રત્નચુડ કહે : 'જરૂર માપી આપું', પણ વાત એક કે સમુદ્રને મળતી તમામ નદીઓ તેમના બંધ કરી આપે, જે સૂર્ય જે વાદળ રૂપે પાણી શોષે છે, તે અટકાવે ? આવક–જાવક બંધ થાય એટલે ચોપડાં ચોખ્ખા કરી ચુકતે હિસાબ કરી આપું !'

પેલ ધુતારા શું બોલે ? રાજા કહે : જપ્ત કરી લો એ ધુતારાઓની મિલકત અને આ વેપારીને આપી દો ? મારા રાજ્યમાં આ અંધેર ?

રત્નચુડ કહે : મહારાજ ? કોઇનું અણ–હકનું લઇએ તો આપણા હકનું પણ ખોઇએ ? ત્યા કંઇ સોદા નહોતા, છેતરપીંડી હતી વેપાર નહોતો–વાણીનો પ્રપંચ હતો. મેં પણ કંઇ સાચા જવાબ આપ્યા નથી. આ તો આડે લાકડે આડો વેહ પાડયો છે.

રાજા કહે : હે વેપારી ? હું તારી બુદ્ધિમત્તા પર ખુશ થયો છું ? માગ માગ તે આપું. રત્નચુડ કહે–મહારાજ ? આ બુદ્ધિ રણધંટાની છે માન એને આપે. આપના નગરના કાકવમાં ઉગેલું એ કમળ છે ?

રાજાએ રણધંટાને બોલાવી એને માનપાન આપ્યું. રત્નચુડ એને પગે પડયો ને કહ્યું મને તમારો મિત્ર બનાવો આ ધુતારી નગરી છોડી દો મારે શહેર ચાલો.

રણુઘંટા કહે–કૃપાળી નુવાન છોકરીને કાંકરો નાખતા મિત્ર મળી રહે છે ? મારે મિત્ર નથી જોઇતો મારે તો ભાઇ જોઇએ–વીરભદ્ર જેવો ભાઇ જોઇએ અને ભલું બુરું તોય મારું ગામ ? હું તો અહીં રહીશ ને બનશે તેટલે નગરની સેવા કરીશ ?

રત્નચુડે રણુઘંટાને બેન કરી. રાજાજીની રજા લઇ સારે શુકને એ રવાના થયો. એને હવે સૌભાગ્યસુંદરી સાંભરતી હતી. સારા પ્રતાપ એના હતા કે–આજ રત્નચુડ આપકમાઇનું ધન લઇ પરદેશમાં પરાક્રમ કરી પાછો ફરતો હતો ?

હવે એ ગરમ રસોઇનો જમનારો હતો. સૌભાગ્યસુંદરીએ ઘણા પ્રેમથી આદર-માન આપ્યા, ને વરમાળા આરોપી.

બંને જણાએ પૃથ્વી પર સ્વર્ગ ઉતાર્યું ! ખાધું પીધું ને ઉત્તમકાજ કરી જિંદગી સફળ કરી.

* ગપ્પાના થપ્પા *

જુદા જુદા દેશના નાગરિકો એકઠા થયા અને ગપ્પા મારી રહ્યા હતા. અમેરિકન નાગરિક : 'અમારા દેશમાં એવો સુંદર બગીચો છે. જેની તુલના થઇ શકે તેમ નથી.'

ઇરાન–નાગરિક : 'અમારા દેશમાં એવું તળાવ છે. જેમાં શિયાળા દરમિયાન પાણી ગરમ રહે અને ઉનાળામાં ઠંડુ રહે.'

પાકિસ્તાન–નાગરિક : 'અમારા દેશમાં એવી શાલ છે. જેને છીંકણીની નાની ડબ્બીમાં પણ મૂકી શકાય.'

ચીન–નાગરિક : 'અમારા દેશમાં એવી દીવાલ છે કે કોઇ અંદર પ્રવેશી જ શકે નહિ.'

ભારતવાસીથી આ બધું સાંભળી શકાયું નહિ. પણ એ મૂંગે બેઠો બેઠો વિચારવા લાગ્યો. અંતે બંધાએ કહ્યું–'ભાઇ, તું તો કાંઇ બોલ.'

ભારતીય નાગરિક : 'અમારા દેશમાં એક કૂતરો છે જે સવારે અમેરિકાના બગીચામાં રમવા જાય છે, ત્યાંથી ઇરાનના તળાવમાં સ્નાન કરી, પાકિસ્તાનની શાલથી શરીર લુછી, ચીનની દીવાલ કૂદીને સાંજ સુધીમાં ભારત પાછો આવી જાય છે.' (કુલવાડી)

હસો.....

આનંદ : (વેઇટરને) જમવામાં કાંકરી, ઇયળ આવે છે. તમે સાફ કરી કેમ રાંધતા નથી ?

વેઇટર : કાંકરી, ઇયળ જ આવે આટલા રૂપિયાની થાળીમાં સોનું, હીરા થોડા આવે.



પ્યારા ભૂલકાંઓ,

ફુલ કરતાંય વધુ કોમળ બનાય
કરિયા કરતાં ય વધુ વિશાળ બનાય
માખણ કરતાં ય વધુ શ્વેત બનાય
જાત માટે હૈયાને કઠણ બનાવાય
જગત જીવો માટે અતિ કોમળ બનાય

આવું હૈયું બનશે તો જ નિરંજન, નિરાકાર અને સિદ્ધ સુખના ભોકતા બનાશે. કઠોર, છીછરૂ, કઠણ અને કાળા હૃદયથી જગત જીતી શકાશે પણ પ્રભુ વીરના પંથે સંચરવું હશે તો કોમળ અને ઋજુ હૃદયે જ વિજય પ્રાપ્ત કરી શકાશે.

ઘરનું આંગણું જેટલું સ્વચ્છ હશે તો મહેમાનોને રહેવું ગમશે. અસ્વચ્છ ઘરનું આંગણું જોઈને જ આવેલો મહેમાન વહેલી વિદાય લઇ લે છે. બસ, તો સમજી જાવ.

હૈયું સ્વચ્છ હશે તો ધર્મ વધુ ટકશે. હૈયું મેલું હશે તો ધર્મ નહિ રહે પણ ધર્મ ક્રિયાઓ રહેશે. અનાદિ કાળથી આપણા આત્માએ ઘણી યાત્રાઓ કરી પરંતુ તે યાત્રામાં આપણે કયારેય હૃદયવાળા બન્યાં છીએ. ઘણીવાર અઢળક સંપત્તિના સ્વામી બન્યા, રૂપવાન બન્યા હોઇશું પણ કયારેય હૃદયવાળા બન્યા ખરા ?

આપણે હૃદયવાળા બન્યા કે નિર્દય બન્યાં ? આપણા હૃદયમાં લાગણી જેવું કાંઈ છે કે નહિ ? દયાદિ ગુણો છે કે નહિ ? હૃદયની કઠોરતાથી ધર્મ કરવા છતાં, માસક્ષમણાદિ ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં, વડીલોની સેવા, ભક્તિ, સ્વાધ્યાયાદિ કરવા છતાંય હૃદયમાં ધર્મના બીજ કેમ ઉગતા નથી.

કેમ કે ભૂમિમાં નાખેલું બીજ ઉગે ખરા ? તે ફોગટ જ જાય છે તેમ કઠોર હૃદયમાં ધર્મબીજ કયાંથી ઉગે ? તો ચાલો. હૈયાની ભૂમિને ઋજુ બનાવીએ.

રવિશિશુ C/o. જૈન શાસન

: મધુરમ્ :

સ્વામીની મરજી પ્રમાણે વર્તવું એ સેવકનો ધર્મ છે.

હાસ્ય હોજ

એક વકીલ બસમાં જતા હતા. પુષ્કળ ફાઇલો તથા પુસ્તકો હાથમાં હતાં. ઉભા ઉભા મુસાફરી કરવી પડે તેમ હતી. કંડકટરે જ્યારે કહ્યું–ટીકીટ પ્લીઝ.

ત્યારે એક હાથમાં પુસ્તકો અને બીજા હાથમાં બસનો સળિયો.

(મુંઝાયેલા) વકીલે કંડકટરને કહ્યું–ભાઇ ! હું ખીસ્સામાંથી પૈસા કાઢું ત્યાં સુધી પ્લીઝ જરા આ સળિયો પકડી રાખોને.

–વીપુલ બી. શાહ

— નશો —

લક્ષ્મીનો સંગ્રહ કરો તો નશો ચડે.
શરાબ પીઓ તો નશો ચઢે.
પણ, સ્ત્રીને જુઓ તો પણ નશો ચઢે.

–રશ્મિકા

– દૂષણો –

મદિરા પાન દુષ્ટનો સંપર્ક
પતિનો વિરહ ઘેર ઘેર ભટકવું
સમય વિના સુવું પર ઘરમાં રહેવું
આ છ નિમિત્તો સ્ત્રીઓને બગાડનારાં છે.

–ખુશ્બુ

– સ્વાસ્થ્ય –

શારીરિક સ્વાસ્થ્ય પંચભૂતની શુદ્ધિથી
રાસાયણિક સ્વાસ્થ્ય સમરસી ભાવથી
માનસિક સ્વાસ્થ્ય સમતા થી
પ્રાકૃતિક સ્વાસ્થ્ય અહિંસાથી
સાંસ્કૃતિક સ્વાસ્થ્ય મૂલ્યોથી
આધ્યાત્મિક સ્વાસ્થ્ય ધ્યાનથી

–નિમેષ

– રજોહરણ –

ઉનના ઉંટના વાળના
શણના નરમ ઘાસના
મુંજ (એક જાતનું ઘાસ) –કૈવલ્ય

—: કથાનક :—

સીતાજી પરના રાગ-સ્નેહ અને લોકવાયકોને કારણે રામ–રાવણનું લંકાની ભૂમિ ઉપર યુદ્ધ થયું. રામનો વિજય, રાવણનો પરાજય થયો. વિજયી રામે ઉદારતા દાખવી લંકાનું રાજ વિભીષણને આપ્યું.

રામ, લક્ષ્મણ અને સીતાજીનો વનવાસ પૂર્ણ થયો તેઓ અયોધ્યા તરફ ચાલી નીકળ્યાં. અયોધ્યના રાજશ્રી ભરત મહારાજાએ પોતાના મોટાભાઇ આદિને નગર પ્રવેશ ધામધુમથી કરાવ્યો મોટાભાઇને રાજ સિંહાસન ઉપર બેસાડી પોતે તેઓના ચરણોની સેવા કરવા પૃથ્વીતલ ઉપર બેસી ગયા. રામચન્દ્રજી અયોધ્યા નગરીની ધુર વહન કરી રહ્યાં છે. અવનવી વાતો અને અટપટી સમસ્યાઓ રામચંદ્રજીના કાને આવતી તેના યોગ્ય ઉકેલો રામચન્દ્રજી પાસે પામી પ્રજા આનંદ પામતી.

એક વખત પતિપરાયણ સીતાજી માટે નગરમાં હેલફેલ વાતો ચાલવા લાગી.

વાતોન વાયરા રામચંદ્રજીના કાને અથડાયા. તે સાંભળી રામચંદ્રજીના કાન અપવિત્ર થયા. રામચંદ્રજીનું મન ઉદ્વિગ્ન બન્યું. પરિસ્થિતિના જાણકાર એવા રામચંદ્રજીએ, જેના ઉદરમાં બે જીવોને ધારણ કર્યાં છે તેવી સીતાજીને લોકવાયકાના નામે વનવાસ આપ્યો. રામચંદ્રજીએ રાજપ્રણાલીને પ્રધાનપણું આપ્યું. સારાય રાજભવનમાં સમાચાર ફેલાઇ ગયા. સીતાજીની તિલાંજલી સાંભળી લક્ષ્મણજી રામચંદ્રજી પાસે દોડી ગયા આજીજી–વિનંતીઓ કરવા લાગ્યા. રામચંદ્રજી પોતાના નિર્ણયમાં અડગ રહ્યાં. ઉપરથી લક્ષ્મણજીને આદેશ કર્યો.

જાવ ! તમારી ભાભીને ઘનઘોર વનમાં છોડી આવો. શિરસાવંદે કરતા લક્ષ્મણજીએ પોતાના હૃદયને કઠોર બનાવ્યું. રથ તૈયાર કરાવી, સીતાજીને લક્ષ્મણજી ઘોર વન તરફ હાલી નીકળ્યા. મધ્ય વનમાં પ્રવેશતાં લક્ષ્મણજીએ રથને ઉભો રાખ્યો. નીચે ઉતરી હાથ જોડી રામચંદ્રજીની કઠોર આજ્ઞા કહી સંભળાવી.

આદેશ/સંદેશ સાંભળી પ્રસન્ન મુખવાળા સીતાજીએ લક્ષ્મણજીને કહ્યું, દિયરજી ! હું મારા પતિદેવને કોઇ દોષ કે કોઇ ઓંળભો કહેવડાવતી નથી પણ તે આર્યપુત્રને એટલું જરૂર કહેજો કે લોકસંજ્ઞાને વશ થઇ તમે ભલે મારો ત્યાગ કર્યો પરંતુ લોક વાણીને આધારે સુધર્મનો ત્યાગ કયારેય કરતા નહિ.

બસ ! સીતાજીએ વનની વાટે પગલા માંડયા. આમાં સીતાજીની ભક્તિ અને સુધર્મ ઉપરનો અવિહડ રાગ પ્રગટ થાય છે. પતિનો દોષ ન જોયો. લોકોનો દોષ ન કાઢયો. પોતાના કર્મોનો દોષ કાઢી પતિ પ્રત્યેની પ્રિતિ અને ભક્તિ પ્રગટ કરી. ધર્મનો ત્યાગ ન થાય તે કથનમાં સીતાજીના અંતરમાં રહેલું ધર્મ પ્રત્યેનું વિશિષ્ટ જ્ઞાન પ્રગટ થાય છે. પોતાના દોષનો સ્વીકાર કરી લેવો તેના જેવું દુષ્કર કાર્ય સીતાજીએ પળભરમાં કરી લીધું. આપણો વાંક, ગુનો કે દોષ ન હોવા છતાં, આપણો કહેવાનો કે કરવાનો ભાવ વિપરીત ન હોવા છતાં કોઇ આપણને ખોટો, મીઠો ઠપકો આપી જાય તો આપણને શું નું શું કરી લેવાની ભાવના થાય છે. સારણા, વારણા, ચોયણા અને પ્રતિચોયણા થવાને કારણે મનમાં કોપ અને મુખમુદ્રા પર ક્રોધ પ્રજ્વલિત બને છે.

સીતાજી આ વાતથી આપણ સૌને ચેતવે છે કે વડીલો જે કાંઇ કહે છે તે સમજી–વિચારીને કહે છે. કદાચ ઠપકો આપે તો તે પણ આપણા સારા માટે જ હોય છે. આપણું હીત જાણીને જ આપણને કહે છે. આપણાથી કોઇ વિપરીત આચરણ અમલી બનાવાઇ ગયું હોય તો આપણે આપણું આચરણ સુધારી લઇએ તેટલી જ ભાવના તેઓની હોય છે. ખોટો–મીઠો ઠપકો સાંભળીને આપણા હૃદયમાં જે વડીલો પ્રત્યેનો અહોભાવ–પૂજ્યભાવ ઓછો થઇ જાય છે તે ન થાય તે રીતે સૌ વર્તતા થઇએ તેવી ભાવના સાથે...

ચતુરસિંહની ચતુરાઇ

—રાકેશ ઠક્કર

એક ગામમાં ચતુરસિંહ નામનો માણસ રહેતો હતો. તેનામાં નામ જેવા જ ગુણ હતા. તે બહુ ભણ્યો ન હતો. છતાં ચતુરાઇમાં તેને કોઇ પહોંચે એમ ન હતું. કોઇપણ કામ હોય તો ચપટી વગાડતામાં કરી બતાવતો. કોઇ મુશ્કેલીમાં હોય ત્યારે તે મદદ પણ કરતા. એટલે ગામમાં તેને બધા માન આપતા.

ચતુરસિંહની પુત્રી હવે મોટી થઇ ગઇ હતી. એના લગ્નની ચિંતા તેમને સતાવતી હતી. ઘણા છોકરા જોયા ત્યારે એક નંદકિશોર તેમને પસંદ આવ્યો. ચતુરસિંહને થયું કે પોતાની પુત્રી નંદકિશોરની વહુ બનીને સુખી થઈ શકશે.

નંદકિશોર શહેરમાં ધંધો કરતો હતો. કામ સારું ચાલતું હતું. તેની સાથે પુત્રીનું લગ્ન ગોઠવવા તે આતુર હતા. પણ નંદકિશોરના પિતા ભદ્રીપ્રસાદનો વિચાર આવતા તે અટકી જતા હતા. ભદ્રીપ્રસાદ આમ બાકી રીતે સારા હતા. ફક્ત રૂપિયાના લોભી હતા. ગામ લોકોએ ચતુરસિંહને કહ્યું કે દરેક માણસમાં કોઇને કોઇ અવગુણ હોય જ છે. તમે ઘણા ચતુર છો, એટલે વાંધો નહિ આવે.

ગામલોકોએ હિંમત આપી એટલે ચતુરસિંહ ભદ્રીપ્રસાદના ઘેર પહોંચી ગયા.

દરવાજા પર ટકોરા મારી ચતુરસિંહે પૂછ્યું, 'ભદ્રીપ્રસાદ ઘેર છે કે ?'

ભદ્રીપ્રસાદે નોકરને બુમ પાડી કહ્યું : 'અરે જમુ, દરવાજે બોલ તો. જો ને કોણ આવ્યું છે ?' દરવાજે પૂછ્યો એટલે હસીને ચતુરસિંહ ઘરમાં દાખલ થયા અને ભદ્રીપ્રસાદને નમસ્કાર કર્યા. ભદ્રીપ્રસાદે એમનું અભિવાદન કર્યું અને કહ્યું : 'આવો આવો. મેં તમને ઓળખ્યા નહિ. કહો કેમ આવવાનું થયું ?'

ચતુરસિંહે સહેજ અચકાતા કહ્યું : 'જી, એ તો હું આપના પુત્ર નંદકિશોરના સંબંધ માટે આવ્યો છું મને નંદકિશોર પસંદ છે. એમને મારા જમાઇ બનાવતા ગૌરવ અનુભવીશ.' ત્યારે ભદ્રીપ્રસાદ કહે, 'જુઓ ભાઇ, મારો પુત્ર નંદકિશોર ભણેલો-ગણેલો અને ધંધો કરતો સફળ યુવાન છે. એટલે બધાને પસંદ આવે છે. તમારાં જ એક ભાઇ માગું લઇ આવ્યા હતા. પૂરા એક લાખ આપવાનું કહેતા હતા અને સાથે દ્વિચક્રી વાહન પણ.'

ચતુરસિંહ ના સમજે એવા નાદાન તો હતા જ નહિ. ભદ્રીપ્રસાદનો ઇશારો તે સમજી ગયા. છોકરો હાથમાંથી જવા દેવાય એમ ન હતો. એટલે થોડીવાર વિચાર

કરી કહ્યું : 'મારી વાત પર પણ વિચાર કરો. હું અમને સવા બે લાખ અને સાથે બે પૈડાવાળું વાહન પણ આપીશ.'

સવા લાખનો આંકડો સાંભળી બદ્રીપ્રસાદના મોંમાં પાણી આવી ગયું. હવે બહુ માન માગવાની જરૂર નથી. એમ વિચારી બોલી ઉઠ્યા, 'સારું ત્યારે મને તમારી વાત મંજુર છે. આજથી છોકરો તમારો જ સમજો. જ્યારે ઇચ્છો ત્યારે તમારી પુત્રી સાથે લગ્ન કરાવી શકો છો.'

ચતુરસિંહે વાત વધુ પાકી કરવા એક હજાર રૂપિયા વેવાઇને આપી દીધા અને ઘરે આવવા નીકળી ગયા. ઘરે આવીને ચતુરસિંહે આખો કિસ્સો પત્નીને સંભળાવ્યો. ત્યારે એ બોલી, 'તમે શું વિચારીને સવા લાખ આપવાનું કહ્યું. આટલું ધન આપણે કયાંથી લાવીશું ?'

ચતુરસિંહે પોતાની ચતુરાઇનો પરિચય આપતા કહ્યું 'મેં એમને સવા લાખ આપવાનું કહ્યું છે. સવા લાખ રૂપિયા તો આપવાનું કહ્યું નથી ને ? એમને કોઇ વસ્તુ સવા લાખની સંખ્યામાં આપીશ જરૂર. તું એક કામ કર. આખા ગામમાંથી છાણ ભેગું કરી છાણા બનાવવાનું કામ શરૂ કરી દો.'

ચતુરસિંહની પત્ની આખી યોજના સમજી ગઇ. અને કામે લાગી ગઇ. થોડા દિવસ પછી બે પૈડાવાળા વાહનની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી.

લગ્નને દિવસ આવી પહોંચ્યો. બદ્રીપ્રસાદ નંદકિશોરની જાન લઇ આવી પહોંચ્યા લગ્નની વિધિ પૂરી થઈ અને જાન વળાવવાનો સમય આવી પહોંચ્યો.

બદ્રીપ્રસાદે ચતુરસિંહને લેણદેણની વાત યાદ કરાવી, 'જુઓ ભાઇ, કન્યા વિદાય વખતે તમે સવા લાખ અને ક્રિચક્રી વાહન આપવાનું વચન આપ્યું હવે એ પૂરું કરો.

ચતુરસિંહે ખુશ થઇ કહ્યું : 'જરૂર જરૂર હમણા મંગાવું છું.'

ચતુરસિંહનો આદેશ થતાં ગામલોકો પોતપોતાના ઘર તરફ દોડ્યા અને ટોપલાઓમાં છાણાં ભરીને લાવવા લાગ્યા. બદ્રીપ્રસાદે ભાડે રાખેલી ટ્રકમાં ગણીગણીને છાણા ભરવા લાગ્યા. આ જોઇ બદ્રપ્રસાદ ચોંકી ઉઠ્યા.

'ચતુરસિંહજી, રૂપિયા કયાં છે ? આ તો છાણાં છે.'

'બદ્રીપ્રસાદજી, તમે તો સવા લાખ માગ્યા હતા. રૂપિયાની તો કોઇ વાત જ થઇ ન હતી. તમે રૂપિયા કહ્યા હોત તો એ પણ આપત. હું તમને સવા લાખ છાણા આપી રહ્યો છું. અને હા, બે પૈડાવાળું વાહન પણ જોઇ લો. જે હું આપને આપવા

જઈ રહ્યો છું.' એમ કહી ચતુરસિંહે એક વ્યક્તિને ઇશારો કર્યો એટલે તે એક બળદગાડું લઈને આવ્યો.

આ જોઈ બદ્રીપ્રસાદનો ગુસ્સો વધી ગયો. તે દીકરાને એકલાને જ લઈને પાછા જતા રહ્યા અને અદાલતમાં કેસ કરવાની ધમકી આપી ગયા.

મામલો અદાલતમાં પહોંચ્યો. આખી વાત સાંભળી ન્યાયાધીશ ચતુરસિંહની બુદ્ધિ પર વારી ગયા. કહેજલોભી બદ્રીપ્રસાદને પાઠ ભણાવ્યો એથી તેમને આનંદ થયો. અને ચુકાદો આપતાં કહ્યું :

'બદ્રીપ્રસાદે સવા લાખ દેવાનું કહ્યું હતું એટલે કોઇપણ ચીજ સવા લાખની સંખ્યામાં આપી શકાય છે. બળદગાડું આપ્યું એ પૈડાવાળું વાહન જ છે. આમ કરવાથી બદ્રીપ્રસાદની માગ પૂરી થાય છે. એટલે અદાલત આદેશ આપે છે કે બદ્રીપ્રસાદ આ બધુ સ્વીકારે અને ચતુરસિંહની પુત્રીને પુત્રવધુ તરીકે સ્વીકારે નહીંતર કંડ ભોગવવા તૈયાર રહે.'

ચતુરસિંહની ચતુરાઇ પર ગામલોકો પ્રસન્ન થઇ ગયા.
(લોભી અને કપટીનો પડદો ચીરાઇ ગયો.) (કુલવોડી)



: શાસન સમાચાર :

દેવદ્રવ્ય જો ન્યાતિ નોહરે મેં' ખર્ચા ગયા થા વહ ભરપાઇ કરકે સંઘ શુદ્ધ બન ગયા.

શા પુખરાજજી પ્રતાપજી કે પંચાન્હિકા જીવિત મહોત્સવ નિમિત્ત રૂંઆ નગર મેં વૈશાખ સુદ ૧૫ દિ. ૩૦-૪-૬૯ કો પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. કમલરત્ન. સૂ. મ. સા. એવં પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. અજિતરત્ન સૂ. મ. સા. શુભ પ્રવેશ હુઆ। અવં ન્યાતિ નોહરેમેં જો દેવદ્રવ્ય સે નિમિત્ત થા એવં ઉપાશ્રય કે જીર્ણોદ્ધાર મેં દેવદ્રવ્ય વાપરા થા ઉસકી શુદ્ધિ કે બારે મેં ઉપદેશ દિયા ગયા ફલતઃ પ્રથમ જેઠ વદ ૩ દિ. ૩-૫-૬૯ કી જૈઠક મેં શુદ્ધિ કરકે દેવદ્રવ્ય અલગ અલગ ભાગ્યશાલિયોં ને ભર દિયા. શાસન પ્રભાવક પૂ. આ. દેવ શ્રીમદ્ વિ. કમલરત્ન સૂ. મ. સા. અદ્ભુત શાસન પ્રભાવના કરતે હુએ ગામોગામ વિચર રહે હૈ। ચાતુર્માસ ખેડબ્રહ્મા (ગુજરાત) કી જય બોલી ગઇ હૈ।

અંદર મીઠું, બહાર મીઠું, મીઠું-મીઠું

–વસંતલાલ પરમાર

ચંદ્રવતી નગરીમાં ચંદ્રસેન નામનો રાજા રાજ કરતો હતો. રાજાને સંતાનમાં ફક્ત એક કુંવરી જ હતી. એનું નામ હતું કલાવતી.

રાજાને કલાવતી ખૂબ જ વહાલી હતી. રાજા એની તમામ માંગણી અને ઇચ્છાઓ પૂરી કરતા હતા.

કલાવતી જેવી રૂપવાન હતી, એવી જ ચતુર-ચાલક અને બુદ્ધિશાળી પણ હતી.

એક દિવસની વાત છે રાજકુમારી કલાવતીએ પોતાની દાસીને કહ્યું ; 'ચંપા ! આ ત્રણ પૈસા લઈને તું ગાંધીની દુકાને જા. અને એક પૈસાનું અંદર મીઠું, પૈસાનું બહાર મીઠું અને પૈસાનું મીઠું-મીઠું લઈ આવ.'

કલાવતી કહે : 'પણ બા સાહેબ...!'

કલાવતી કહે : 'પણ-બણ કંઈ નહિ. મેં કહીએ વસ્તુઓ ગાંધીની દુકાને જઈને હાલ જ લઈ આવ.'

બિચારી દાસી તો ચિઠ્ઠીની ચાકર ! એ તો દોડતી ગાંધીની દુકાને જઈ પહોંચી અને દુકાનદારને કહેવા લાગી : શેઠ ! મને એક પૈસાનું અંદર મીઠું, એક પૈસાનું બહાર મીઠું અને એક પૈસાનું મીઠું-મીઠું આપો. જલદી કરો. મારે મોડું થાય છે.'

દુકાનદાર તો દાસીની આ કોયડાભરી વાત સાંભળી નવાઇ પામ્યો. એ મનમાં વિચારવા લાગ્યો કે, આ દાસી પાગલ તો નથી લાગતી ! પણ આ તો રાજની દાસી એટલે દુકાનદારે વધારે પડપૂછ કર્યા વગર કહ્યું :

'બાઇ ! મારી પાસે તો એ વસ્તુઓ નથી, પણ તું લોળા વૈદની દુકાને જા. કદાચ તારી માગણી મુજબની વસ્તુઓ ત્યાંથી મળી શકશે.'

દુકાન પાસે એક રૂપાળો નવજુવાન ઉભો હતો. એણે દાસીની વાત સાંભળી હતી, દાસી ઉતાવળી બીજે જવા લાગી. એને રોકીને જુવાને કહ્યું :

'બાનડી ! તારે શું જોઇએ છે ?'

દાસી કહે : 'પૈસાનું અંદર મીઠું, પૈસાનું બહાર મીઠું અને પૈસાનું મીઠું-મીઠું.'

પેલા જુવાને દુકાનદારના કાનમાં ધીમેથી કંઈક કહ્યું, એટલે એણે ત્રણ પડીકા બાંધીને દાસીને આપ્યાં.

દાસી તો પડીકાં લઇને ચાલવા લાગી. પેલા જુવાને એને ઉભી રાખીને કહ્યું : 'આ વસ્તુઓ કોણે મંગાવી છે.'

જુવાન કહે : 'તારી બાઇને આ વસ્તુઓ ન ગમે તો તરત જ આવીને બદલાવી જજે. હું અહીં જ બેઠો છું.'

દાસીએ રાજમહેલમાં જઇને ત્રણે પડીકાં રાજકુમારી કલાવતીને આપ્યા, કલાવતીએ ત્રણે પડીકાં ખોલીને જોયાં. એને સંતોષ થયો. એણે દાસીને પૂછ્યું : 'આ કોની દુકાનેથી લાવી છે ?'

દાસીએ રાજકુમારીને બધી વાત કહી સંભળાવી. આ સાંભળી કલાવતીએ પેલા જુવાનનું પારખું લેવાનો વિચાર કર્યો. એણે દાસીને કહ્યું :

'ચંપા ! આ ત્રણે વસ્તુઓ તો મારા મંગાવ્યા પ્રમાણે બરાબર છે તું જઇને પેલા જુવાનને મારો આટલો સંદેશો કહી આવ. કાલે તમે લાખોની હત્યા કરીને અને વીસનાં માથાં કાપીને કુંવરીબાના મહેલના ઝરૂખા સામે થઇને નીકળજો.'

દાસી તો દોડતી-દોડતી ગાંધીની દુકાને જઇ પહોંચી ત્યાં પેલો જુવાન દુકાનની ગાદી પર બેઠો હતો.

દાસીએ એને રાજકુમારીનો સંદેશો કહી સંભળાવ્યો.

આ સાંભળી પેલો જુવાન બોલ્યો : 'રાજકુમારીના સંદેશા પ્રમાણે તૈયાર થઇને હું કાલે ઝરૂખા સામે થઇને નીકળીશ.'

બીજે દિવસે પેલો જુવાન નાહી-ધોઇ, સુંદર કપડાં પહેરીને ઝરૂખાની સામે થઇને નીકળ્યો. દાસીએ રાજકુમારીને પેલા જુવાનની ઓળખ આપતાં કહ્યું : બા સાહેબ ! આપનો સંદેશો મેં જેને પહોંચાડયો છે, એ જ આ માણસ છે.'

રાજકુમારી પેલા નવજુવાન સામે જોઇ હસી અને પછી એણે એક ચીજ નીચે ફેંકી.

જુવાને એ ચીજને પડતાવેંત જ ઉઠાવી લીધી. અને પછી એના ઉપરની ધૂળ ખંખેરીને ચીજ મોંમાં મૂકી દીધી. એ પછી જુવાને પોતાના ખિસ્સામાંથી એક લીંબુ કાઢયું. ચપ્પા વડે એના બે ટુકડા કરીને ફેંકી દીધા.

સંજોગવશાત્ એ સમયે નગરનો કોટવાળ ત્યાં થઇને નીકળ્યો. એણે આ તમાસો જોયો. પેલા જુવાનને એણે પકડી લીધો એને જેલની કોટડીમાં પૂરી દીધો.

બીજે દિવસે કોટવાલ પેલા જુવાનને હાથકડી પહેરાવી રાજાના દરબારમાં લઇ ચાલ્યો. બંદીવાન જુવાન રાજમહેલ આગળ થઇને નીકળ્યો. એ વખતે ચંપાદાસી એને જોઈ ગઈ. એ ઉતાવળી દોડતી રાજકુમારી પાસે ગઇ અને બધી વાત કરી.

રાજકુમારી તરત જ સોનામહોરો ભરેલી એક કોથળી એને આપતા કહ્યું : ચંપા ! જા, જઇને આ કોથળી પેલા જુવાનને આપી આવ.'

દાસી દોડતી નીચે આવી અને પેલા જુવાનના હાથમાં સોનામહોરો ભરેલી કોથળી મૂકી. જુવાને તરતજ એ કોથળી દાસીને પાછી આપી દીધી.

કોટવાલ આ જોઈ નવાઈ પામ્યો. એણે પેલા યુવાનને પૂછ્યું : 'આનો મતલબ?'

જુવાન કહે : 'મને કંઈ ખબર નથી.' આ સાંભળી કોટવાલ ગુસ્સે થયો. એણે એને તતડાવ્યો, પણ એ કંઈજ બોલે નહિ.

દરબારમાં આવી કોટવાલે રાજાને સલામ ભરી અને પછી બનેલી સર્વ બિના કહી સંભળાવી. રાજાએ જુવાન પાસેથી વાત કઢાવવા ખૂબ મથામણ કરી, પણ એ કંઈ બોલ્યો જ નહિ. આથી રાજાને ક્રોધ ચઢ્યો. એમણે હુકમ કર્યો :

'આને હાલ જ ફાંસીએ લટકાવી દો.' સિપાઈઓ પેલા યુવાનને ફાંસીના સ્થળે લઈ જવા લાગ્યા.

ચંપાદાસીએ આ વાત જાણી, એટલે એ કુંવરી પાસે જઈ કહેવા લાગી : 'તમારા લીધે તો એ બિચારા નિર્દોષને ફાંસી અપાય છે. એને બચાવવાનો કંઈક પ્રયત્ન કરો.'

રાજકુમારીએ દાસીને માટીનો એક ઘડો આપીને કહ્યું : 'તું દોડતી જા. અને આ ઘડો પેલાના પગ પાસે જઈને ફોડ.'

જ્યારે દાસી ત્યાં પહોંચી ત્યારે ફાંસીનો ગાળિયો જુવાનના ગળામાં ભરાવવામાં આવ્યો હતો. ફાંસી આપવાની તૈયારી ચાલતી હતી.

દાસીએ જઈને પેલા જુવાનનાં પગ પાસે માટીનો ઘડો પછાડ્યો. ઘટના ટુકડે-ટુકડા થઈ ગયા. આ જોતાં જ જુવાન બોલી ઉઠ્યો : 'ઠેરો ! ચાલો, રાજાજી પાસે જઈને એમની વાતોનું હું ખુલાસો કરવા માગું છું.'

સિપાઈઓ જુવાનને રાજાની પાસે લઈ ગયા. રાજાએ એને તમામ હકીકત સાચેસાચી કહેવા જણાવ્યું.

જુવાન કહે : 'મહારાજ ! રાજકુમારીની દાસીએ ગાંધીની દુકાને આવીને એક પૈસાનું અંકર માંગ્યું, એક પૈસાનું બહાર માંગ્યું અને એક પૈસાનું માંગું-માંગું માગ્યું. દુકાનદારને તો આમાં કંઈ સમજ ન પડી. એ વખતે હું ત્યાં બેઠો હતો. મેં દુકાનદારને પૈસાની બદામ, એક પૈસાની બારેક અને એક પૈસાનું માંગું આપવા કહ્યું.'

રાજા કહે : 'મને તો આ કોયડાભરી વાતમાં કંઈ ખબર ન પડી. વિગતથી સમજાવે તે કંઈ સમજ પડે.'

જુવાન કહે : 'રાજા સાહેબ ! અંકર મીઠાની મતલબ એ છે કે, બદામ અંકરથી મીઠી હોય છે. બહાર તે કાંઈ કોચલું જ હોય છે,

એટલે બહાર અંદરથી મીઠી હોય છે. ખરેક બહારથી મીઠી હોય છે. એની અંદર તો ઠળીયો જ હોય છે. એ કશાયે કામનો નથી, એટલે ખારેક બહારથી મીઠી હોય છે.

હવે ત્રીજી વાત આવી મીઠાની. એ દરેક વસ્તુમાં નમક મીઠું નાખવા એથી બધી વસ્તુ મીઠી લાગે છે.'

રાજા કહે : 'વાહ ભાઇ વાહ ! ચતુરાઇ તો આનું નામ કહેવાય !... હ ... પછી?'

જુવાન કહે : 'દાસીએ રાજકુમારીનો સંદેશો મને કહ્યો કે, લાખોની હત્યા કરીને આવે વીસના માથા કાપીને મારા મહેલના ઝરૂખા નીચેથી નીકળજો. આ સંદેશના પ્રત્યુત્તરમાં મેં લાખોની હત્યા એટલે મારા વાળ કપાવ્યા અને વીસનાં માથાં કાપ્યા એનો મતલબ મારા બે હાથની દસ આંગળીઓ અને બે પગોની દસ મળી વીસ આંગળીઓના નખ કપાવ્યા અને પછી નહાઇ–ધોઇને સ્વચ્છ સુંદર કપડાં પહેરી રાજ-મહેલના ઝરૂખા સામેથી નીકળ્યો. ચંપાદાસીએ મારી ઓળખાણ રાજકુમારીને કરાવી. રાજકુમારીએ મારા સામે જોઈ હસીને એક નાનો લાડુ ફેંકયો. એ લાડું લઇને મેં મારા મોંમાં મૂકયો.'

રાજા કહે : 'એનો શો મતલબ જુવાન કહે : 'રાજકુમારીએ સંકેતથી મને જણાવ્યું કે, હું તમારી સાથે પ્રેમ કરું છું. એ વાત કયાંય બહાર જાય નહિ. એના પ્રત્યુત્તરમાં મેં લીમું કાપીને ફેંકયું. એનો અર્થ એ થાય છે કે, ભલે મારા શરીરના ટુકડે ટુકડે થઈ જશે. તો પણ મારા મોંમાંથી આ વાતનો ભેદ બહાર નહિ નીકળે, એ પછી કોટવાળો જ્યારે મને બંદીવાન બનાવી લઈ જવા લાગ્યો ત્યારે રાજકુમારીએ સોના મહોરોની કોથળી મોકલાવી કે, એના વડે તમારો જીવ બચાવો. મેં એનો ઇન્કાર કરી મહોરોની કોથળી પાછી મોકલી અને ફાંસી માટે તૈયાર થયો.'

રાજા કહે : 'તો પછી હવે એ ભેદ શા માટે પ્રગટ કર્યો ?'

જુવાન કહે : 'સાંભળો, રાજાજી ! રાજકુમારીના આદેશ મુજબ કાલે મારા પગ પાસે માટીનો ઘડો ફોડયો એની મતલબ હું સમજી ગયો કે હવે વાત પ્રગટ કરવી જોઇએ. જેથી મેં આપની સમક્ષ સાચેસાચી વાત કહી સંભળાવી છે. હવે આપને યોગ્ય લાગે એ સજા મને કરો.'

રાજા મનમાં એની બુદ્ધિચતુરાઇના વખાણ કરવા લાગ્યો. જુવાન કુળવાન અને સારા ખાનદાનનો હતો, એટલે રાજાએ પોતાની રાજકુમારી કલાવતીનાં લગ્ન એની સાથે કર્યાં. એને સરદારની પદવી આપી સારા હોદ્દા પર નિમણુંક કરી.

(કુલવાડી)

❋ ખેડુતનો પુત્ર ❋

એક ખેડુત પુત્રનો અગ્નિસંસ્કાર કરવા માટે જંગલ તરફ જતો હતો. તેને રસ્તામાં એક શિયાળના ભેટો થયો. શિયાળે ખેડુતને પૂછ્યું– ભાઇ, તું કયે બાજુ જાય છે ?' ખેડુતે કહ્યું–'મારા પુત્રનું મૃત્યુ થયું છે તેથી તેને અગ્નિદાહ દેવા માટે લાકડાંની શોધ કરવા જાઉં છું.' શિયાળે દુઃખ વ્યકત કરતા કહ્યું–'જે બાળકને તમોએ ખોળામાં રમાડયું હતું તેનો તમે અગ્નિસંસ્કાર કરશો ?' ખેડુતે જવાબ આપ્યો.

'પરંતુ આના સિવાય બીજો કોઇ ઉપાય શો છે ? ત્યારે શિયાળે કહ્યું–'માનવ શરીર માટીનું બનેલું છે. માટે તેને માટીમાં દાટી દો. માટી માટીમાં મળી જશે. શિયાળ આટલું કહીને ઝાડીમાં જઇ આડો ઓઢવા લાગ્યું. ત્યાં સુધીમાં એક કાગડો ત્યાં આવ્યો. તેણે કહ્યું અરે ભાઇ ! તમે આ શું કરી રહ્યા છો ? ખેડુતે પોતાની વાત જણાવી સાથે સાથે શિયાળનો ઉપદેશ પણ કહી સંભળાવ્યો, કાગડો બોલ્યો. ભાઇ તમે બહુ ભોળા લાગો છો. તમે જાણતાં નથી કે શિયાળ કેટલું ચાલાક છે. તમે બાળકને દાટીને જાઓ એટલે સપરિવાર જયાફત માણવાની તૈયારીમાં તે છે. ખેડુત આડો ઓઢવાને બધવચ્ચે અટકાવી દીધો અને ત્યાંથી આગળ ચાલ્યો. કાગડો પણ નેડે નેડે ઉડવા લાગ્યો–કહ્યું ભાઇ ! બાળકના મોત પર જેટલો શોક કરીએ તેટલો ઓછો છે. પણ શિયાળની એક વાત તો સાચી છે કે તમે આ બાળકને સળગાવશો. આ તો બહુ નિર્દય કૃત્ય છે.

તમે મને કોઇ સારો ઉપાય બતાવો. ખેડુતે કાગડાને કહ્યું–કાગડાએ જવાબ આપ્યો. આ બાળક શબને આપ તડકામાં મૂકી દો. પાંચ તત્વનું બનેલ શરીર પોતાની મેળે પાંચ તત્વમાં ભળી જશે. ખેડુતે કાગડાનો આભાર માન્યો. કાગડો ઝાડની ઘટામાં સંતાઇ ગયો. ખેડુત બાળકને મૂકવા માટે કોઇ યોગ્ય સ્થળની તલાશમાં જ હતો ત્યાં એક કાચબો મળ્યો. હવે કાચબાએ પણ તે પ્રકારની જ વાત કરી તેણે કહ્યું તમે અહીંથી ગયા નથી કે આખી બિરાદરીને (જાતને) ભોજન કરાવશે. તારે તમે આ શબને નદીમાં વહેવડાવી દો. બાળકની સદ્ગતિ પણ થશે અને કોઇ મુશ્કેલી પણ નહીં પડે. ખેડુત નદી કિનારે પહોંચ્યો તો ત્યાં ઘાટ પર બેઠેલો પંડિત બોલ્યો. ખેડુતભાઇ આ કાચબો પણ તેની ચાલાકીમાં છે. આપ આ બાળકના શબને નદીમાં મૂકશો તેની સાથે જ બધાં કાચબા બાળકને ફોલી ખાશે માટે કોઇનું કહ્યું સાંભળવા કરતાં ચિતા તૈયાર કરો અને બાળકના અગ્નિસંસ્કાર કરો. આ દુનિયામાં દરેક વ્યકિત જે પણ કંઇ કરે છે તે પોતાના સ્વાર્થને માટે જ કરે છે, માટે સાંભળો સૌનું પણ આપણા હિતનું કરો.

સં–કાલિદાસ વાલા (કુલવાડી)

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

(૯) ૬૩ પ્રકારે : પૃથ્વી આદિ પાંચ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય એ ત્રણ વિકલેન્દ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એમ કુલ ૬૩.

(૧૦) અગ્યાર પ્રકારે : પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને પુરૂષ–સ્ત્રી અને નપુંસક એ ત્રણ પંચેન્દ્રિય.

(૧૧) બાર પ્રકારે : પૃથ્વીકાય પર્યાપ્તા, અપકાય પર્યાપ્તા, તેઉકાય પર્યાપ્તા, વાયુકાય પર્યાપ્તા, વનસ્પતિ કાય પર્યાપ્તા અને ત્રસકાય પર્યાપ્તા. પૃથ્વીકાય અપર્યાપ્તા, અપકાય અપર્યાપ્તા, તેઉકાય અપર્યાપ્તા, વાઉકાય અપર્યાપ્તા, વનસ્પતિકાય અપર્યાપ્તા અને ત્રસકાય અપર્યાપ્તા.

(૧૨) તેર પ્રકારે : જીવના તેર ભેદ પણ થાય છે તે આ રીતે પાંચ સ્થાવર અપર્યાપ્તા અને ત્રસમાં સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે એમ કુલ તેર ભેદ પણ થાય.

(૧૪) ચૌદ પ્રકારે : જીવના ચૌદ ભેદ પણ થઇ શકે તે આ રીતે :– ૧. સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨. બાદર એકેન્દ્રિય, ૩. બેઇન્દ્રિય, ૪. તેઇન્દ્રિય, ૫. ચઉરિન્દ્રિય, ૬. સંજ્ઞિ પંચેન્દ્રિય અને ૭. અસંજ્ઞિ પંચેન્દ્રિય તે સાતના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ કુલ ચૌદ ભેદ થાય.

(૧૪) પંદર પ્રકારે : તે આ રીતે પંચેન્દ્રિય મનુષ્ય સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદે, પંચેન્દ્રિય તિર્યંચમાં પણ સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદે એમ કુલ છ દેવમાં પુરૂષ અને સ્ત્રી વેદે, નરકમાં નપુંસક એમ કુલ નવ ભેદ થયા.

૧૦. પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, ૧૧. અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય ૧૨. સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ૧૪. તેઇન્દ્રિય અને ૧૫-ચઉરિન્દ્રિય.

(૧૫) સોળ પ્રકારે : જીવના સોળ ભેદ આ રીતના થાય છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચ પ્રકારના તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારકી એમ કુલ આઠ પ્રકાર થયા. આ આઠે પ્રકારના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ સોળ ભેદ જીવના થાય.

(૧૬) સત્તર પ્રકારે : જીવના સત્તર ભેદ થાય આ રીતે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારના એકેન્દ્રિય, ૬. બેઇન્દ્રિય, ૭. તેઇન્દ્રિય, ૮. ચઉરિન્દ્રિય. પંચેંદ્રિય મનુષ્ય સ્ત્રી, પુરૂષ અને નપુંસક વેદ, પંચેંદ્રિય

તિર્યંચ સ્ત્રી. પુરૂષ અને નપુંસક વેદે, દેવ-સ્ત્રી અને પુરૂષ વેદે, નારકો નપુંસક વેદે એમ કુલ નવ એ. એ રીતના ૮ અને ૯ સત્તાર થાય.

(૧૭) અઢાર : જીવના અઢારભેદ આ રીતે થાય પૃથ્વીકાય, અપકાય. તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય આ નવ ભેદના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ગણતાં ૧૮ ભેદ થાય.

(૧૮) ઓગણીશ પ્રકારે : જીવના ઓગણીશ ભેદ આ રીતના થાય. બાદર એકેન્દ્રિય. સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય, આ પાંચના પર્યાપ્ત અને અપર્યાપ્ત ગણતાં દશ ભેદ થાય તથા પંચેંદ્રિય મનુષ્ય સ્ત્રી, પુરૂષ, નપુંસક વેદે, પંચેંદ્રિય તિર્યંચ સ્ત્રી, પુરૂષ અને નપુંસક, વેદે દેવ-સ્ત્રી અને પુરૂષ રૂપે તથા નારકી-નપુંસક વેદે એમ કુલ નવ ને દશમાં ઉમેરતાં ઓગણીશ ભેદે થાય.

(૧૯) વીશ પ્રકારે : જીવના વીશ ભેદ આ રીતના થાય છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પચેંદ્રિય અને સંજ્ઞી પંચેંરિય-આ દશના પર્યાપ્તી અને અપર્યાપ્તી ભેદ ગણતા વીશ થાય.

(૨૦) એકવીશ પ્રકારે. જીવના એકવીશ ભેદ થાય તે આ રીતે-પાંચ સ્થાવરના સૂક્ષ્મ અને બાદર ભેદ ગણતાં દશ થાય. તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા ગણતાં વીશ થાય અને એક ત્રસનો એમ એકવીશ ભેદ થાય.

(૨૧) બાવીશ પ્રકારે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને સ્ત્રી-પુરૂષ અને નપુંસક એમ ત્રણ પંચેન્દ્રિય ગણતાં કુલ અગ્યાર ભેદ થાય. તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત ગણતા બાવીશ ભેદે પણ થાય.

આ રીતે વિવક્ષા કરતા જીવના અનેક ભેદો પણ થાય છે. પદાર્થ આત્મસાત્ કરવા માટે આ બધી વિચારણા ખૂબ જરૂરી છે.

卐

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી

પાપ પરિહરવા જેવું

સ્વ. પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* પાપ કરીને સુખી થવું તે મહા દુઃખી થવાનો રાજમાર્ગ છે. પાપ ન કરવા ખાતર દુઃખ ભોગવી લેવું અંતે સુખ ઓછું મળે તો ચલાવી લેવું તે મહાસુખી થવાને રાજમાર્ગ છે.
* પરિગ્રહી બધા દુઃખી ! પરિગ્રહમાં બેસેલ પણ પરિગ્રહમાં સુખ નથી, સંતોષમાં છે તેમ માને તે જ સુખી !
* દુનિયાના પદાર્થોની ઇચ્છા માણસને પાગલ બનાવનારી છે.
* ભોજશોખના સાધનો માટે પૈસા મળે અને ભગવાનની ભક્તિ માટે પૈસા ન મળે તો પાપોદયવાળા જ કહેવાય ને ?
* પૈસા પાપ છે તેમ માને તે જ પુણ્યશાલી કહેવે !
* મહેલ જેલ ન લાગે, પૈસો અનર્થકારી ન લાગે તે ય પાપોદય !
* બહારની આંખ ગમે તેટલી સારી હોય પણ હૈયાની આંખ ઉઘડી ન હોય તો તે બધા આંધળા જ કહેવાય ને ?
* પાપ પ્રવૃત્તિ કરતાં જેનું હૈયું ન કંપે તે આસ્તિક નથી. આસ્તિકનું હૈયું પાપ કરતાં કંપ્યા વિના રહે નહિ.
* સુખ માટે ધર્મ કરનારને કોઇ ગુણ પેદા થતો નથી.
* જે સુખ પાપ કરાવનાર છે, દુર્ગતિમાં ભોકલનાર છે. તે સુખને સારું લગાડનાર ધર્મ છે. તે ધર્મને સારૂં કહેવાય ? ઉપકારક કહેવાય ?
* તત્ત્વનો પરિચય કરવાની ઇચ્છા ય ન થાય તે ધર્મ પામવા લાયક નથી.
* જેને દુઃખ સહન કરતાં આવડે તે ગુણસંપન્ન થઇ જાય.
* કષ્ટ ભોગવે તે જ ધર્મ કરી શકે. મજા કરનારા ધર્મ ન કરી શકે. મજા કરવી તે ખોટી તેમ લાગે તે ધર્મ કરી શકે. કષ્ટ ભોગવે તે જ સાધુપણું પાળી શકે, અનુકૂળતા ભોગવવા નીકળેલ સાધુપણાનો દેખાવ કરી શકે, પાળે નહિ

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ, કર્યું.

5605

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસ્વત અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

સમ્યગ્દૃષ્ટિના લિંગો

સવ્વત્થ ઉચિયકરણું ગુણાણુરાઓ
રઇ અ જિણવયણે ।
અગુણેસુ અ મજ્ઝત્થં,
સમ્મદ્દિટ્ઠિસ્સ લિંગાઇં ॥

સર્વત્ર ઉચિત કરણ, ગુણાનુરાગ, શ્રી જિન-વચનમાં રતિ અને ગુણરહિત-દોષિતને વિષે મધ્યસ્થ-પણું એ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો-ચિહ્નો છે.

વર્ષ ૧૧

અંક ૪૧+૪૨

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

લઘુ બોધકથા :—

❋ પરીક્ષા ❋

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક શ્રીમંત શેઠ હતા. એકવાર તેમના હાથે તેલ-ઢોળાઈ ગયું. તો તેમણે બચાવાય તેટલું વાસણમાં ભર્યું છેલ્લે બાકી રહ્યું તે પોતાના જૂતા ઉપર ચોપડવા લાગ્યા અને તેનો જરાય દુરૂપયોગ-દુર્વ્યય ન થાય તેની કાળજી રાખી. આ પ્રસંગ તેમની નવી વહુએ જોયો. તે પણ હોંશિયાર હતી. તેથી વિચાર્યું કે મારા સસરા કૃપણ છે કે કરકસર સ્વભાવવાળા તેની પરીક્ષા કરવી જોઇએ.

બે-ચાર દિવસ થયા પછી બપોરના સમયે તે નવી વહુ એકદમ મૂમાબૂમ-ચીસાચીસ કરવા લાગી, માથું પછાડવા લાગી અને રડવા લાગી. આખું કુટુંબ ભેગું થયું. જેમ જેમ ઉપાયો કરે—તો મને ઘણી પીડા થાય છે કહી માથું પછાડવા લાગી. ત્યારે શેઠે વાત્સલ્યથી પૂછ્યું કે-'વહુ બેટા ! આવી પીડા પહેલા કયારે થયેલી ?' તેણી કહે કે-મારા પિતાજીને ઘેર આવી માથાની દુઃખાવાની સખત પીડા થતી. પણ તે મારા પિતાજીનું ઘર હતું તે જે ઉપાય કરતા તો મટી જતી.


ત્યારે શેઠે એકદમ વાત્સલ્યથી પૂછ્યું કે-ચિંતા કરો મા. તમારા પિતાજીએ જે ઉપાય કરેલો તે કહો તો હું પણ તે ઉપાય કરી તમારી પીડા દૂર કરું.

વહુ-મારા પિતાજી સાચા મોતીનો લેપ કરી માથા ઉપર લગાવતા તો પીડા શાંત થઇ જતી અને મને ઘણી જ રાહત થતી.

આનંદમાં આવેલા શેઠે કહે કે-આમાં શું છે ? હમણાં જ તમારી પીડા શમાવી દઉં. તેમ કહી તિજોરીમાંથી સાચા મોતી કાઢી તેનો લેપ કરવા વાટવા માટે તૈયાર થાય છે. ત્યાં તો વહુ એકદમ બેઠી થઇ ગઇ અને કહે કે, મારી પીડા શાંત થઇ ગઇ. શેઠને નવું નવું લાગ્યું કે આ શું ?

એટલે વહુએ તેમના આશ્ચર્યનું સમાધાન કરતા કહ્યું કે-જ્યારે તેલ ઢોળાઇ ગયેલ અને આપે આપના જૂતા ઉપર લગાવ્યું તે જોઈ મને થયું કે મારા સસરાજી કૃપણ છે કે કરકસર સ્વભાવવાળા ? તેની પરીક્ષા કરવા આ બધું નાટક કર્યું તો મને માફ કરો. કૃપણતા તે દોષ છે અને કરકસરતા તે ગુણ છે.

સૌ વિવેકી વાચકો જીવનને ઉજ્જવલ બનાવવા કૃપણતા દોષથી દૂર રહો અને કરકસરતા ગુણને પામી; આત્મકલ્યાણના માર્ગે પ્રગતિ સાધો તે જ ભાવના...



વર્ષ : ૧૧]૨૦૫૫ દ્વિ જેઠ સુદ ૯ મંગળવાર તા. ૨૨-૬-૯૯ [અંક : ૪૧-૪૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૩ શુક્રવાર તા. ૭-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઈ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજી આશય વિરૂદ્ધ કાંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૩૩ મું**) અવ૦)

તમે અભવ્ય છો ? દુર્ભવ્ય છો ? ભારેકર્મી ભવ્ય છો ? ભવ્ય છો તો શાથી છો ? તમને આ સંસાર જરાપણ ગમતો નથી અને મોક્ષ જ ગમે છે ? શાસ્ત્રે કહ્યું છે કે-જેને આ સંસાર ગમે નહિ અને મોક્ષ જ મેળવવાનું મન થાય તેને ભવ્ય કહેવાય. ભવ્યપણું એટલે મોક્ષગમન યોગ્યતા. જે જીવ મોક્ષને માને તેને રોજ મોક્ષ યાદ ન આવે તેમ બને ખરું ? આ દેશમાં જન્મેલા ઘણાને પરદેશની વાતો સાંભળીને એમ પણ થાય છે કે—'અહીં કયાં જન્મ્યા ? ત્યાં જન્મ્યા હોત તો સારું હતું.' તેમ તમને 'ઝટ મોક્ષે જઇએ તો સારુ' એમ પણ થાય છે ? આવું મન ન થાય તે આ બધા બોલ બોલે તો પહેલા નંબરનો ગપ્પીદાસ છે એમ કહેવાય ને ? ભવ્ય આત્માને પણ મિથ્યાત્વ મોહનીય કર્મ એવું ગાઢ હોય છે કે તેને પણ મોક્ષની ઇચ્છા ન થાય, મોક્ષ બેસે નહિ, મોક્ષની મશ્કરી પણ કરે કે—'મોક્ષ કોને જોયો છે ? મોક્ષ હોય તો બતાવો !' જે ચીજ અનુભવથી ગમ્ય હોય તે હાથમાં લઇને બતાવાય ખરી ? તમે બધા પણ જો આ બોલ સમજી ગયા હોત તો કયારનાય ડાહ્યા થઇ ગયા હોત !

સમ્યક્ત્વ પામેલા જીવને જ આ ત્રણે મોહનીયનો ઉદય થાય છે. સમ્યક્ત્વ કોને

થાય ? જેને આ સંસારનું સુખ ભૂંડું લાગે અને દુઃખ સારૂં લાગે તેને જે આ સંસારનાં સુખને છોડવાની અને દુઃખને મઝેથી ભોગવવાની મહેનત કરે તેને. ઘરમાં ખાવા–પીવાનું ઘણું હોય તો પણ શું કામ મહેનત કરો છો ? આ સભામાં પણ ઉપવાસ, આયંબિલ, એકાશન, બિયાસન, નવકારશી અને ચોવિહાર કરનારા પણ નહિ હોય એવા પણ જીવો હશે ને ? તમારા ઘરમાં પણ ઓછામાં ઓછું નવકારશી અને ચોવિહારનું પચ્ચકખાણ તો બધા જ કરે ને ?

'સૂત્ર–અર્થ તત્ત્વ કરી સદ્દહું' આ પહેલો બોલ પણ આ બધા ક્રમથી ન બોલી શકે. જે અર્થ ન સમજે તે હજી બોલી શકે પણ જે જીવ અર્થ સમજતા હોય તે તો બોલી જ ન શકે. તેને તો બોલવામાં ભય લાગે. સમજુ માણસ ખોટું કેમ બોલે ? ભગવાને સૂત્રોમાં અને અર્થમાં કહ્યું છે કે–'આ સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે' તેમને લાગતું નથી તો સૂત્ર–અર્થ તત્ત્વ કરી સદ્દહું તેમ કેમ બોલાય ? જે આ બોલે તેને સમજીને તેના ઉપર શ્રદ્ધા કરવાનું મન તો થવું જ જોઇએ. જ્ઞાનિઓ આ સંસારને અસાર કહે છે તે વાત અમે સમજાવીએ ત્યારે તમે બધા હા જી... હા જી... બોલો છો તો તમને બધાને આ સંસાર અસાર લાગે છે કે નહિ ? જેને રોજ આ વાત સાંભળવા છતાંય આ સંસાર અસાર લાગે નહિ, તેને 'હજી મને આ સંસાર અસાર કેમ લાગતો નથી' એવો વિચાર પણ ન આવે તો તે અમને સાંભળનારો કહેવાય કે બનાવનારો કહેવાય ? તમે પ્રામાણિકપણે પણ આ વાત બોલી શકો તેમ છો ? 'આ સંસાર અસાર છે માટે છોડવા જેવો છે. મોક્ષ જ મેળવવા જેવો છે. તે માટે સાધુપણું જ લેવા જેવું છે. તે સાધુપણું આ મનુષ્યજન્મ વિના બીજા એક પણ જન્મમાં મળતું નથી. તે પામ્યા વિના મરી જાઉં તો આ જન્મમાં જ પામવા જેવી ચીજ પામ્યા વિના મરી ગયો માટે આ જન્મ હારી ગયો.' આવું પણ તમને ન થાય તો તમે સમજુ કહેવાય કે અણ સમજુ કહેવાવ ? સાધુપણું ન પમાયું તેનું દુઃખ પણ ન હોય તે અણસમજુ જ કહેવાય ને ?

કરેકે કરેક શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં આઠ વર્ષે દીક્ષા લેવાની આજ્ઞા છે. જે ખરેખર શ્રાવક હોય તે આઠ વર્ષે દીક્ષા ન લઇ શકે તો પોતે માને કે-હું મોહથી ઠગાઇ ગયો છું, મોહે મને ઠગી લીધો છે. તમે આજ સુધી સાધુ નથી થયા તે તમારે થવું ન હતું માટે કે સાધુ થવાની શક્તિ ન હતી માટે ? ભગવાને જેમ શક્તિ મુજબ ધર્મ કરવાનો કહ્યો છે તે ધર્મમાં શક્તિ ગોપવવાનું પણ કહ્યું નથી. ધર્મ સ્વીકારીને ફજેતી નથી કરવાની, જે ધર્મ લીધો હોય તે પૂરેપૂરો પ્રાણના સાટે પાળવાનો છે. અમે આ આ ધર્મ કરવા જેવો છે તેમ સમજાવીએ છીએ

પણ 'તું આ ધર્મ તો કર જ' એમ કહીને કોઇની પાસે ધર્મ કરાવતા નથી. ધર્મ બળાત્કારે આપવાની ચીજ નથી, યોગ્ય જીવ હોય તો જુદી વાત. અમે દીક્ષા પણ કોને આપીએ ? જે દીક્ષા લેવા તૈયાર થાય તેની પૂરેપૂરી ચકાસણી કરીએ, તેનામાં પૂરો વૈરાગ્ય છે કે નહિ તે બરાબર જોઇએ અને તે કહે કે-'ભગવન્ ! હવે મને દીક્ષા આપો' તે પછી તેને દીક્ષા આપીએ. તે પહેલા ગમે તેને જો અમે દીક્ષા આપીએ તો અમે પણ ગુનેગાર ઠરીએ. જેને તેને દીક્ષા આપવાથી તો દીક્ષાની કજોતી થાય છે, તેવા દીક્ષા લેનારા પણ દીક્ષા નથી પાળતા. માટે તો સાધુઓમાં પણ પાંચ વંઠનીક અને પાંચ અવંઠનીક કહ્યા. સારા ગુરુઓ પાસે પણ લુચ્ચાઓ આવી જાય અને તેમને બનાવી પણ જાય.

'સૂત્ર-અર્થ તત્ત્વ કરી સદ્દહું' એમ સાચી રીતે બોલવું હશે તો ય આત્માને પૂછવું પડશે કે—'તને આ સંસાર ભૂંડો લાગ્યો છે ? મોક્ષની ઇચ્છા પેદા થઇ છે ? તે માટે આ સાધુપણું જ લેવા જેવું છે એમ મન થયું છે ?' જેને આવું મન ન થાય તે સાચા ભાવે આ બોલ ન બોલી શકે. સાચા ભાવે આ બોલ બોલનારને પછી તો આ ત્રણે ય મોહનીયનો-સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્ત્વ મોહનીયનો- ભય લાગે, એટલે તે ત્રણેનો ત્યાગ કરવાનું મન થાય.

આ ત્રણેય મોહનીયની પ્રકૃતિઓ તજવાની ભાવનાવાળાને રાગ કેવો લાગે ? છોડવા જેવો જ લાગે ને ? માટે તે પછીનો બોલ છે-'કામરાગ, સ્નેહરાગ, કષ્ટિરાગ પરિહરૂં.' અઢાર પાપ સ્થાનકમાં કહ્યમે રાગ બોલો છો તો તે રાગ પાપ છે ને ? તમને કોના કોના ઉપર રાગ થાય છે ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ ઉપર રાગ થાય તો તે ખોટો છે તેમ લાગે છે ? તમને કોઇના ઉપર કામરાગ હોય છે, કોઇના ઉપર સ્નેહ રાગ હોય છે. આજે તો તમે પણ જ્યાં સ્નેહરાગ કરવા જેવો હોય ત્યાં કામરાગ પણ કરો છો ને ? સાધુઓને પણ સંથારો કરવો હોય તો બે સાધુની વચમાં સાડા ત્રણ હાથની જગ્યા રાખવાની છે, ભૂલથી પણ કોઇને હાથ ન લાગી જાય તેની કાળજી રાખવાની છે, શરીર પર હાથ લાગવાથી ય રાગ પેદા થાય છે. આજે તમને આવો કશો અનુભવ નથી ? આ વાત સમજાવવી ભારે પડે તેવી છે. આ બધું તમે સંસારમાં અનુભવતા નથી ? મિત્રોને સ્નેહરાગ હોવો જોઇએ તેને બદલે આજે પરસ્પર કામરાગ હોય છે. તેના પ્રતાપે તો આજે ઘણા ભયંકર રોગો ફાટી નીકળ્યા છે. સ્નેહરાગ સંસારમાં રખડાવનાર છે, કામરાગ તો પાગલ બનાવનાર છે તેના પ્રતાપે દુનિયામાં જે ગાંડપણ આવ્યું છે તેનું વર્ણન થાય તેવું નથી. દષ્ટિરાગ તો મહા ભૂંડામાં ભૂંડો છે. તમારે આ ત્રણે રાગ જોઇએ છે કે ત્યાગ કરવો છે ? રાગ તમને

ગમે છે ખરા ? જે ઘરમાં બેઠા છો તે પણ ગમે છે ખરું ?

અમે જે વાત કહીએ તે શાસ્ત્રના આધારે, શાસ્ત્ર મુજબ કહીએ માટે ગમે છે કે અમે કહીએ છીએ માટે ગમે છે ? શાસ્ત્ર મુજબ અમે બોલીએ માટે તમે અમને માનો છો એ સારું છે પણ અમે અમારી મરજી મુજબ બોલતા હોઇએ. શાસ્ત્રને બાજુ પર રાખતા હોઇએ છતાંય તમે અમને માનો તો તમે દૃષ્ટિરાગી કહેવાવ. ભગવાનના વચનથી વિરૂદ્ધ જે કોઇ બોલે તેના ઉપર રાગ કરે તે દૃષ્ટિરાગ કહેવાય. તે દૃષ્ટિરાગ મહાભૂંડો છે. મોટો ચમરબંધી સાધુ હોય પણ શાસ્ત્રો ના કહી હોય તેવી વાતો કરતો હોય તો અમે મરી જઇએ પણ તેને માનીએ નહિ આવી તમારી શ્રદ્ધા છે ખરી ?

સભા :– **'દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્, દુરૂચ્છેદઃ સતામપિ'** એમ કેમ કહ્યું ?

ઉ૦ : એવા એવા પંડિતો હોય છે જેમની પાસે અમે ભણીએ તો ઇશ્વર જગતનો કર્ત્તા નથી તે વાત અનેક દલીલોથી અમને સમજાવે. તેને પૂછીએ કે-તમે આ વાત માનો છો ? તો તેઓ કહે કે–મહારાજ ! અમે તો ન માનીએ, અમે તો ઇશ્વરને જગતનો કર્ત્તા માનીએ. તેને જે કુદર્શન મળ્યું તેના ઉપરનો જે રાગ તે દૃષ્ટિરાગ કહેવાય. માટે જ આ રીતે કહેવું પડ્યું કે પોતે બીજા અનેકને સમજાવે પણ તેને મરી જાય તો ય સાચું ન સમજાય. જૈનદર્શનના ય અનેક ગ્રન્થો સારામાં સારી રીતે ભણાવે છતાં ય તેને સમકિત ન થાય.

શ્રી જૈનદર્શન જ સાચું કેમ છે ? તેમાં જે જેવું હોય તેવું જ કહ્યું છે. જે હેય અર્થાત્ છોડવા લાયક હોય તેને હેય જ કહ્યું છે, જે ઉપાદેય એટલે કે આચરવા યોગ્ય હોય તેને ઉપાદેય જ કહ્યું છે અને જે જ્ઞેય એટલે કે જાણવા યોગ્ય હોય તેને જ્ઞેય જ કહ્યું છે. જેટલું જાણે તેટલું બોલાય ખરું ? જો તેવું બોલવા માંડે તો શું થાય ? શ્રી સર્વજ્ઞ કે જ્ઞાની ભગવંત પોતાની સભામાં બેઠ બીજાને મારી નાખવા ઇચ્છતા બે દુશ્મન બેઠા હોય તો ઓળખેને ? તેઓ જો તેવું બોલે તો મારામારી થાય ને ? માટે કેટલીક ચીજો માત્ર જાણવા જેવી હોય છે પણ બોલવા જેવી નથી હોતી. કુદર્શનની કે ભગવાનની કહેલી વાતથી વિપરીત કરે તે ગમે તે બધા દૃષ્ટિરાગી કહેવાય.

'આ દુનિયાનું સુખ એકાંતે હેય નથી જ' આમ બોલાય નહિ આમ બોલે તો તેનામાં દૃષ્ટિરાગ આવી જાય. દુનિયાના સુખ માત્ર તજવાં જેવાં છે પછી તે સુખ વિષયજનિત હોય કે કષાયજનિત હોય. દુનિયાનું સુખ ગમી જાય તો ય દુઃખ ન થાય તો મિથ્યાત્વ લાગે. આત્માની સમાધિ માટે કદાચ તે સુખની જરૂર પડે તો ય તે સુખ ઉપાદેય તો ન જ કહેવાય. (ક્રમશઃ)

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૫૧] —શ્રી રાજુભાઇ પંડિત

ઇન્દ્ર વિમાન જ્યારે સ્ખલના પામ્યું

ગંધમાદનની ગિરિશૃંખલાની હરિયાળીના નયનરમ્ય, મનહર વાતાવરણમાં પાંડવોનો વનવાસ કપાઇ રહ્યો છે.

એક દિવસ પવનથી ઉડેલું સુવર્ણકાંતિવાળુ એક સહસ્રપત્ર કલ કમળ દ્રૌપદીના ખોળામાં આવી પડયુ. સુવર્ણ કમળે દ્રૌપદીનું મન હરી લીધું. તેણે ભીમને આવા કમળો લઇ આવવા વિનંતી કરતાં ભીમ વડિલબંધુની આજ્ઞાથી કમળ-સરોવર તરફ ચાલ્યો.

ચાલતા ચાલતા ઘણો પંથ કપાઈ ગયો. સિન્ધુ પર્વતના દુસ્તર માર્ગની પણ પેલે પાર જઇ ચડયો પણ ક્યાંય સુવર્ણ કમળનું સરોવર જોવામાં ના આવ્યું.

બીજી તરફ ભાવિ અનર્થના સૂચક દુર્નિમિતો થવા લાગતા ધર્મપુત્ર આદિ ચિંતાતુર બન્યા. અને ભીમની પાછળ પાછળ જવા તૈયાર થયા.

ભીમ કયા રસ્તે ગયો હતો તે જણાયુ નહિ. પણ રસ્તામાં ભાંગેલા પડેલા વૃક્ષો જોતા આ ભીમનો રસ્તો છે તેમ નક્કિ કરી ફરેક આગળ વધ્યા. ગિરિમાળાના ખોપડોના વિષમ માર્ગને વટાવી દીધા પછી એક ભયાનક મોજા ઉછાળતી નદી આવી.

યુધિષ્ઠિર ખિન્ન વદને બોલ્યા- આ ભયાનક નદીને ભીમ વિના કોણ ઉતારશે. નદને પેલે પાર રહેલા ભીમ સાથે અમને કોણ મેળાપ કરાવશે ?

અર્જુને કહ્યું- દેવ ! મારી પાસે ઘણી વિદ્યાઓ છે. તેનાથી આ નદી ઉતરી શકશે. યુધિષ્ઠિરે કહ્યું વત્સ ! આવા સ્વલ્પ કાર્યમાં મહાવિદ્યાઓનો સાથ લેવો ઉચિત નથી. પહેલા આપણને હિડમ્બાએ સાથ આપ્યો હતો તેને જ યાદ કરીએ.

આમ કહી યાદ કરતાં જ એક નાના ભીમ જેવા વિરાટ દેહધર પુત્ર સાથે હિડમ્બા આવી પહોંચી. સાથે આવેલા ઘટોત્કચને ભીમનો પુત્ર જાણતા પાંડવો ખુશ ખુશાલ થઇ ગયા.

હવે હિડમ્બાએ પાંડવોને સરોવરની પાળ ઉપર બેઠેલા ભીમને દેખાડયો. અને ફરેક હર્ષપૂર્વક મળ્યા.

હવે બન્યુ એવું કે– સરોવરમાંથી ચૂંટી ચૂંટીને કમળો ભીમે દ્રૌપદીને આપવા માંડ્યા, દ્રૌપદી હર્ષપૂર્વક લેવા લાગી. એમ કરતાં ભીમ બરાબર સરોવરના મધ્યમાં આવતા જ અગાધ જળમાં ડુબી ગયો.

તરત જ કુંતી બોલી અર્જુન ! અર્જુન ! જલ્દી દોડ ! તણાઇ રહેલા ભીમને બેંચી લે.

દ્રૌપદી બોલી– હે નાથ ! જલ્દી ઉપર આવો. ડુબાડી દે તેવી આ જળક્રીડાથી વિરામ પામો. માતા કુંતીની વાણી સાંભળતાં જ અર્જુને સરોવરમાં ઝંપલાવ્યું અને ભીમ જે સ્થળેથી ડુબતો રહ્યો હતો તે સ્થળે અર્જુન આવી પહોંચ્યો. સરોવરમાં રહેલા શત્રુ સામે શસ્ત્ર ઉઠાવે તે પહેલા જ અર્જુનને ભીમની દશા પ્રાપ્ત થઇ.

સરોવરના કિનારે આ બધું જોઇ રહેલા નકુલ–સહદેવે કહ્યું–'અમે બન્ને હમણાં બન્ને ભાઇઓને લઇ આવીએ છીએ ! એમ કહી ઝંપલાવ્યુ અને સરોવરના મધ્યભાગમાં તે બન્નેની પણ એ જ દશા થઇ.

આ ગંભીર દુઃખદાયી દશા જોતા યુધિષ્ઠિરે કહ્યું– બાહુ વડે સાગર તરી જનારા નાના એવા સરોવરમાં ડુબી ગયા. અહીં કોઇ ભયાનક જળચરનો સંભવ પણ નથી. આથી કોઇ ઘમંડીએ યુધ્ધ માટે રોધી લીધા લાગે છે. માટે શત્રુનો નિગ્રહ કરીને હું હમણાં ભાઇઓને મુક્ત કરાઉ છઉ. પણ તમને બન્નેને એકલા મૂકીને અહીંથી જવાનું પણ મન થતુ નથી.

ત્યારે કુંતીએ કહ્યું– વત્સ ! અમારી રક્ષા કરનાર પંચ પરમેષ્ઠિ બેઠા છે માટે અમારી ચિંતા કર્યા વિના તું જલ્દી ભાઇઓને મુક્ત કરાવ.

આ રીતે માતા વડે કહેવાતા યુધિષ્ઠિર જળ મધ્યમાં ગયા. તેની પણ તે જ દશા થઇ. હવે બન્ને અબળા આ આઘાતને જીરવી ના શકી. એક કમળના મોહમાં ફસાઇને મેં પાંડવોની આ દુર્દશા સર્જી મને ધિક્કાર છે. આવું કહીને છાતીફાટ રૂદન કરી રહેલી દ્રૌપદીને વિલાપ કરતી માતાએ અટકાવી અને કહ્યું કે– હવે શોકનો અવસર નથી. રાત્રિ ભયંકર બની રહી છે. આપણે કાઉસ્સગ્ગમાં રહીએ.

આથી કાઉસ્સગ્ગ કરવાની ઇચ્છાપૂર્વક કુંતી માતા બોલ્યા કે– "જો મારા દેવ અરિહંત હોય અને મારા ગુરૂ સુસાધુ ભગવંતો હોય તો સમ્યગ્દૃષ્ટિ દેવો મારા પુત્રોના વિઘ્નનું વિદારણ કરો.' આમ કહી માતા કુંતી કાઉસ્સગ્ગમાં રહ્યા.

હવે દ્રૌપદી બોલી–"કે–હે દેવો ! અગર તમે મારા શીયળને ચંદ્ર જેવું

નિર્મળ તથા અખંડ જાણતા હો તો આપદ્ ગ્રસ્ત મારા તે પાંચે પતિઓનું સંનિધાન કરો.” અને તે પણ કાઉસ્સગ્ગમાં લીન બની.

કાઉસ્સગ્ગના પ્રભાવથી ક્રુર પ્રાણીઓ પણ વેર તજીને ત્યાં બન્ને કાઉસ્સગ્ગ ધરની સામે વર્તુળાકારે ગોઠવાઈ ગયા. કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ આખી રાત તો વીતી ગઇ સવારનો સૂર્યોદય પણ થઇ ગયો અને એક પ્રહર જેટલો કાળ પણ વીતી ગયો.

એવામાં જ કોઇ દિવ્ય શરીરધર પુરૂષે અંજલિ સહિત માતા કુંતીને કહ્યું– હે માતા ! હવે કાઉસ્સગ્ગ પારો. આ પાંડવો તમને નમસ્કાર કરે છે.

કાઉસ્સગ્ગ પારતા નજર સામે પુત્રોને જોતા જ કુંતીએ પુત્રોને હાથેથી સ્પર્શ કર્યો, અને દ્રોપદીનો હાથ પકડીને કુંતીએ કાઉસ્સગ્ગ પરાવ્યો વનચર પશુઓ પાણી પી-પી ને પોત પોતાના સ્થાને ગયા.

હવે માતા કુંતીએ તે દિવ્ય પુરૂષને ઘટના પૂછતા તેણે કહ્યું કે– કોઇ મહર્ષિને ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનના મહોત્સવમાં ઇન્દ્ર મહારાજા ઉત્સવ કરવા આ રસ્તેથી જઈ રહ્યા હતા. અચાનક તેમનું વિમાન સ્ખલના પામ્યુ. નીચે જોયુ તો તમે કાઉસ્સગ્ગમાં હતા. તેથી વિમાનને સ્ખલના કરનારના માથાને ભાંગી નાંખવાના વિચાર બદલ ઇન્દ્ર મહારાજાને પસ્તાવો થયો. પછી નૈગેમેષિ એવા મને ઇન્દ્ર મહારાજાએ પાંડવોને સરોવરમાં નાગદેવોએ પકડી રાખ્યા છે ત્યાંથી મુકત કરવા આદેશ કરતા હું ત્યાં ગયો ત્યારે પાંચે પાંડવો નાગપાશથી બંધાયેલા શરમથી નીચુ જોઇ રહ્યા હતા. આથી મેં નાગરાજને કહ્યું–

નાગરાજ ! આ તે પાંડવો છે જે વિશ્વમાં વિખ્યાત છે. તેમના શરીર સાથે સ્હેજ પણ રમત કરવાની મૂર્ખાઇ કરીશ નહિ. ખુદ ઇન્દ્ર મહારાજાએ મને તારી પાસે મોકલ્યો છે. સરોવરમાં જલક્રીડા કરતા શસ્ત્રો વગરના આમને છળ કપટથી તારા સૈનિકોએ પકડી લીધા છે. હવે પાંડવોનું શું કરવું તે તું સ્વયં સમજી શકે છે.”

મારી આવી વાત સાંભળીને ખુદ નાગરાજે ઉભા થઇને નાગપાશ દૂર કરી સમાન આસન ઉપર બેસાડયા. અને તેમને બાંધી લાવનારા સૈનિકોને નાગરાજે હવે પછી મારા દ્વાર ઉપર બબરદાર જો આવ્યા છો તો ? આમ કહી ઠાઠી મૂકયા.

પછી કરેકને નામપૂર્વક ઓળખીને, આનંદપૂર્વક ભેટીને પોતાનાથી થયેલા

અપરાધની પાંડવો પાસે નાગરાજે ક્ષમા માંગી. અને સર્વપ્રકારના જંગમ–સ્થાવર વિષહર મણિની માલા આપી તથા દ્રૌપદી માટે આ કર્ણનું ભૂષણ હો. એમ માનીને નાગરાજે પોતનું લીલા કમળ આપેલ છે. પાંચે પતિના કુશળ વખતે આ લીલાકમળ વિકસ્વર રહેશે અને અકુશળ વખતે તે કરમાયેલું રહેશે.

આટલી ભેટ આપીને વિદાય થવા ઇચ્છતા પાંડવોને નાગરાજે કેમે કરીને વિદાય આપી છે.

પાંડવોની પાછળ વળાવવા આવી રહેલા નાગરાજને નમ્ર યુધિષ્ઠિરે કહ્યું કે– હે નાગરાજ ! સરોવરની રક્ષા કરનાર સેવકોને દ્વારની સેવામાંથી તમે દૂર કર્યા છે પણ હવે કૃપા કરો અને તેમને દ્વાર સેવા કરવા દેવાની કૃપા કરો.

ત્યારે નાગરાજે કહ્યું–"જ્યારે કર્ણ સાથે અર્જુનનું યુદ્ધ થશે ત્યારે અર્જુનનું અનુકૂળ કાર્ય કરશે ત્યાર પછી જ તે શંખ–ચૂડા–આદિ દ્વાર રક્ષકો ફરી મારી સેવા કરી શકશે. અન્યથા નહિ."

આવો જવાબ સાંભળ્યા પછી નાગરાજ ઇન્દ્રને પરાણે પાછળ આવતા અટકાવીને અમે તમારી પાસે કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા ત્યારે આવ્યા. પછી શું થયુ તે તો તમે જાણો જ છો.

હવે નૈગમેષિએ પૂછયું– હે માતા ! આપનું ઇષ્ટ શું કરૂં ?

ત્યારે માતા કુંતીએ કહ્યું– અમને ફરીથી પાછા તે જ ચૈતવનમાં મૂકી છે.

નૈગેમેષી તે કરેકને ચૈતવનમાં મૂકી સ્વસ્થાને ગયા.

નાગરજની મણિમાલા યુધિષ્ઠિરે ધારણ કરી અને લીલાકમલ દ્રૌપદીના કર્ણમાં પહેરાવ્યા. અને બનેલા પ્રસંગને વાગોળતા તેઓ સમય પસાર કરવા લાગ્યા.



— જૈન શાસનના માનદ્ પ્રતિનિધિ —
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
શરાફ બજાર, રાજકોટ

દલ્લુ અને લલ્લુ

* દામુ ગોહિલ *

રામપુર નામનું નાનું એવું ગામ. એ ગામમાં દલ્લુ નામનો એક ઘરજી રહે. દલ્લુ પૈસે ટકે ગરીબ પણ દિલનો ઉદાર અને દયાળુ. એને આંગણે આવેલ કોઇ સાધુ, ફકીર કે ભિખારી કદી ખાલી હાથે પાછો ન જાય, પોતાના અડધા રોટલામાંથી અડધો આપે એવો ભલો.

દલ્લુની સામે જ એક લલ્લુ નામનો લુહાર રહે. એ પૈસે ટકે સુખી પણ મનનો ભારે કંજુસ એક નવો પૈસો વાપરવો હોય તો સાત દિવસ સુધી વિચાર કરે.

દલ્લુ થોડું રળે એમાંથી ય દાન-દક્ષિણા આપી વધે તેમાંથી ખૂબ સાદાઇ ભર્યું જીવન જીવે અને સંતોષથી રહે.

લલ્લુ ખૂબ કમાય પણ એક પૈસો ય બીજા માટે વાપરે નહિ. બીજા માટે તો શું, પોતાના પેટમાં ય સારું ખાય નહિ. એને તો પૈસો એજ પરમેશ્વર !

લલ્લુ જેવો કંજૂસ હતો તેવો જ ઇર્ષાળુ પણ હતો. એની સામે રહેતા દલ્લુનું સાદાઇ-ભર્યું સંતોષી જીવન જોઇને એને ઇર્ષા થતી. પોતે તો બીજાને ઠાંઇ દે નહિ પણ પાડોશી બીજાને દે એય એનાથી જોવાતું નહિ. દલ્લુને નાનું એવું પોતાનું મકાન હતું. એમાં એ રહેતો. લોભી લલ્લુએ દલ્લુનું આ મકાન દાઢમાં ઘાલ્યું હતું. એણે નક્કી કર્યું હતું કે આ દલુડાએ સાધુડાને જેળવ્યા છે તે વહેલો મોડો મકાન વેચવા આવશે. અને એ મકાન હું સસ્તામાં પડાવી લઇશ. પછી ઘર વિનાનો એ રખડી રઝળી ખાશે અને સાધુડાઓ સાથે એ સાધુડો બની ભીખ માગી ખાશે.

લલ્લુની ધારણા સાચી હતી. લાંબા સમયે દલ્લુ સાવ ગરીબ બની ગયો. ખાવાનાં ય સાંસા પડવા લાગ્યા.

લલ્લુની ધારણા સાચી હતી. લાંબા સમયે દલ્લુ સાવ ગરીબ બની ગયો. ખાવાનાં ય સાંસા પડવા લાગ્યા.

આવા વખતે એક સાધુ મહારાજ દલ્લુના આંગણે આવ્યા અને બોલ્યા, 'બચ્ચા ! મૈં તીન દિન કા ભૂખા હું. મુજે કુછ ખાના દે. ભગવાન તેરા ભલા કરેગા.'

દલ્લુના ઘરમાં ચપટી લોટ ન હતો. પણ એ ટેકીલો હતો. એને થયું, આ મકાનનું મારે શું ધોઇ પીવું છે ? મકાન પર થોડા પૈસા લઇ આવું. આંગણે આવેલા

સાધુ-ફકીરને કંઇ પાછા વળાય ? અને કલ્લુ બોલ્યો; 'બેસો, મહારાજ ! તમારા માટે ભોજનની વ્યવસ્થા કરું છું.'

મહારાજ કલ્લુના આંગણામાં સમાધિ ચડાવી બેઠા. કલ્લુ ઉપડ્યો પેલા લોભી લલ્લુને ત્યાં. પોતાના મકાનનો લેખ આપી. મકાન પર થોડા પૈસા લઇ આવ્યો.

લલ્લુને તો દોડવું હતું ને ઢાળ મળ્યો. એણે કલ્લુએ માગ્યા એટલા પૈસા તરત આપ્યા. કલ્લુએ તો એ પૈસામાંથી ભોજનં સામગ્રી લાવી, ભોજન બનાવ્યું મહારાજને અચ્છી તરહથી જમાડ્યા.

એ સાધુ મહારાજ સામાન્ય ન હતા, પણ સિદ્ધ પુરૂષ હતા. ભોજન કરી ઉભા થઈ કલ્લુને સંબોધી એ બોલ્યા : 'બેટા, મૈં સબ જાનતા હું. મૈં તેરી કસૌટી કરને આયા થા. તેરે ઘરમેં થોડા ભી આટા નહીં થા. તુને અપના મકાન ગીરે રખ કર મુજે ભોજન કરાયા હૈ ધન્ય, હૈ તુજે ! ઔર ધન્ય હૈ તેરી સખાવત કો ! આટલું કહી સાધુએ કલ્લુને ટંકોરી આપી અને કહ્યું, 'યહ ટંકોરી જબ તક બજેગા અંદર સે રૂપિયા નિકલેગા. ઔર પ્રથમ મકાન પર જીસકા રૂપિયા લાયા હૈ ઉસકો દે દેના !'

કલ્લુ કહે : 'ભલે, મહારાજ ! તમે કહો છો તેમ કરીશ.' સાધુ મહારાજ– 'અલખનિરંજન' બોલતા ચાલ્યા ગયા.

બીજે દિવસે સવારમાં જ કલ્લુએ ટંકોરી વગાડી. ટંકોરી ટન્ ટન્ ટન્ વાગે અને એની અંદરથી ખણખણ ખણણણ કરતા રૂપિયા પડે. લલ્લુ પાસેથી લીધા હતા તેટલા રૂપિયા મળ્યા કે તરત કલ્લુએ ટંકોરી વગાડવી બંધ કરી દીધી.

એ રૂપિયા વ્યાજ સાથે લલ્લુને આપી આવ્યો અને મકાનનો કરતાવેજ પાછો લઇ આવ્યો. આથી લલ્લુને ભારે નવાઇ લાગી એને થયું નક્કી આમાં કંઇ ભેદ છે.

કલ્લુ તો રોજ પોતાને જોઇએ તેટલા રૂપિયા ટંકોરી વગાડી મેળવે છે. જરૂર ઉપરાંત એક નવો પૈસો પણ એને ન ખપે ! આ રીતે કલ્લુ ફરીથી પોતાની રીતે સુખેથી સાદાઇ ભર્યું જીવન જીવે છે. દાન કરવામાં જીવ રાખે છે. પ્રભુ ભજન કરતો મજેથી રહે છે.

પણ પેલા લલ્લુને કંઇ ચેન પડતું નથી. એને તો પેલો ભેદ જાણવો છે. એથી રોજ સવાર સાંજ સામેના એના મકાનમાં એની બારીમાંથી કલ્લુના ઘરમાં શું બને છે તે જુએ છે.

એક દિવસ કલ્લુ મકાનના ઓરડામાં ભૂલથી બેસી ટંકોરી મારફત રૂપિયા

મેળવતો હતો. તે લલ્લુ જોઇ ગયો. કલ્લુ આઠ કસ રૂપિયા પડયા કે ટંકોરી વગાડવી બંધ કરી તે લઈ ઉભો થઇ ગયો.

આ બધું જોઇ લલ્લુને ભારે નવાઈ લાગી. પછી એને થયું કે કલ્લુ પાસેની આ ટંકોરી મળી જાય તો બેડો પાર થઇ જાય. બીજા દિવસથી જ એ કલ્લુ સાથે સારી રીતે વર્તવા લાગ્યો. કલ્લુને માનથી બોલાવે બેસાડે અને કલ્લુને ગમે તેવી ધર્મ ધ્યાનની વાત કરે.

કલ્લુને થયું કે નકકી હવે લલ્લુભાઈ સુધર્યા છે. આમ એક દિવસ વાતમાંથી વાત કાઢતા લલ્લુએ પેલી ટંકોરીની વાત કાઢી.

કલ્લુને થયું કે લલ્લુભાઇ વાત જાણી ગયેલ છે. હવે છૂપાવવું શીદ ? એણે બધી વાત લલ્લુને કહી દીધી. આટલી વાત જાણી લલ્લુ કાલાવાલા કરતો બોલ્યો : 'કલ્લુભાઇ, તમે માગો એટલા રૂપિયા તમને આપું. ટંકોરી મને આપી દો.'

કલ્લુ કહે, 'ના ભાઇ ! એ વાત ન કરશો. એ ટંકોરીના આધારે મારે મોટી રકમ મેળવી ધનવાન બનવું નથી. પણ સહેલાઇથી જીવી શકાય અને દયા–દાન કરી શકાય એટલું મેળવી હું સંતોષ માનું છું.'

આટલી વાત જાણી લલ્લુ કાલાવાલા કરતો બોલ્યો :
'કલ્લુભાઇ, તમે માગો એટલા રૂપિયા તમને આપું. ટંકોરી મને આપી દો.'

કલ્લુ કહે : 'એ જ તમારી ભૂલ છે તમે તો શું તમારી બે પેઢી બેઠા બેઠા ખાય એટલી સંપતિ હું તમને આપું. પણ મને એ ટંકોરી આપો.' આમ લલ્લુ કલ્લુ પાસે ખૂબ કરગરવા લાગ્યો.

કલ્લુ તો દયાનો અવતાર છે. લલ્લુને ખૂબ કરગરતો જોઇ એને એના પર દયા આવી ગઇ. એને થયું, મારે મોટી રીતે જરૂર સિવાયનો એક નયો પૈસો પણ મેળવવો નથી. જરૂર જેટલી દોલત લલ્લુ આપે છે. તો મારે ટંકોરીને રાખી શું કામ છે ? ભલે ને એ રાખે ! એને જેમ ફાવે તેમ એનો ઉપયોગ કરે છે. એના કર્યા એ ભોગવશે.

આમ લુચ્ચા લલ્લુએ દયાળુ કલ્લુને પચાસ હજાર રૂપિયા આપી પેલી ટંકોરી મેળવી લીધી. ટંકોરી હાથમાં આવી કે બીજા દિવસથી જ લલ્લુ ફરી ગયો. કલ્લુ સામે માંગે તો બોલાવે તો શું, સાંભળે ય ન જુએ.

લલ્લુ તો રોજ સવારે ટંકોરી વગાડે અને હજાર રૂપિયા મેળવી લે. આમ

લલ્લુભાઇ આવી હરામની સંપત્તિ મળતા બેહદ ફૂલાઇ ગયા. લલ્લુની વહુ પણ તેના જેવી જ કંજુસ અને રૂપિયા ભૂખી હતી. આમ રોજ રોજ હજાર રૂપિયા મેળવવા એ કરતા એક સાથે જ એક લાખ રૂપિયા મેળવી લેવાની એને ઇચ્છા થઈ. આ વાત એણે લલ્લુને કહી. લલ્લુ પણ એક આખો દિવસ ટંકોરી વગાડ વગાડ કરી લાખ સવા લાખ રૂપિયા એક સાથે જ મેળવી લેવા તૈયાર થયો.

પોતાના મકાનના બારી બારણાં બંધ કરી, ઓરડામાં મોટું પાથરણું પાથરી એ તો મંડ્યો ટનનન્ ટનનન્ ટંકોરી વગાડવા અને ખણણણ કરતા રૂપિયા પડવા માંડ્યા. એક...પાંચ...પચીસ...સો...બસો...ત્રણસો...પાંચસો...હજાર... એમ કરતાં કરતાં પૂરા દસ હજાર રૂપિયા થયા. પણ લલ્લુભાઇને સંતોષ થયો નહિ. એણે તો ટનનન થઇ ટંકોરી વગાડી કે ભારે નવાઇ બની. પેલા રૂપિયા બધા અલોપ થઇ ગયા ને રૂપિયાની જગ્યાએ કાળા ભમ્મર ઝેરીલા વીંછી આવી ગયા. પેલી ટંકોરી ય લલ્લુના હાથમાં અદૃશ્ય થઇ ગઇ. બધા વીંછી આખા ઘરમાં દોડા દોડી કરવા લાગ્યા. એ ત્રણ વીંછી લલ્લુના હાથે અને પગે વળગી લલ્લુને ડંખ દેવા લાગ્યા તો એ બે વીંછી તેની પત્નીને ચટકાવવા લાગ્યા.

આખા ઘરમાં દેકારો મચી ગયો. આડોશી પાડોશી દેકારો સાંભળી દોડી આવ્યા. પાટા મારી કમાડ ખોલ્યા તો લલ્લુ બાપ રે...બાપ...બચાવો બચાવો... કરવા લાગ્યો તો તેની વહુ પણ બચાવો... બચાવોની ચિસો નાખવા લાગી.

બધા ભારે નવાઇ પામી ગયા. એક સાથે આટલા બધા વીંછી અહીં કયાંથી? પણ લલ્લુની સ્થિતિ ચોરની મા કોઠીમાં મોં ઘાલી રોવે તેવી હતી. આ વાત એ કોઇને કહી શકે તેમ ન હતો. તેમાંય પાછું વીંછીના ડંખનું દુઃખ સહન કરી શકે તેમ ન હતો. એણે લલ્લુને બોલાવવા એક પાડોશીને મોકલ્યો.

દયાળું લલ્લુ તો આ વાત જાણી તરત જ આવ્યો. પણ એ બિચારો શું કરી શકે? લલ્લુની આવી હાલત જોઇ એને બહુ દયા આવી. તેને થયું આ પરિસ્થિતિમાં તો પહેલા સાધુ મહારાજ આવી કંઇક ઉપાય કરે તો જ લલ્લુ બચી શકે.

તેણે જ્યાં આવો વિચાર કર્યો ત્યાં જ બહાર 'અલખ નિરંજન' અવાજ સંભળાયો. લલ્લુ સાધુ મહારાજનો અવાજ ઓળખી ગયો. દોડતો જઇ બોલ્યો: બાપજી! આ લલ્લુની સ્થિતિ ખૂબ ખરાબ છે. આપ એને બચાવો.'

સાધુ મહારાજ હસતા હસતા બોલ્યા, 'મૈં સબ જાનતા હું વહ હૈરાન હોતા હૈ, અપને લોભકે પાપકે કારન.'

કલ્લુ વચ્ચે જ બોલી ઉઠ્યો : પણ બાપજી ! આ આટલા બધા વીંછી !?!

સાધુ બોલ્યા : 'જો જરૂર બગેરકી સંપતિ ઇકઠ્ઠી કરતા હૈ, ઉસકા યહીં અંજામ હોતા હૈ.'

કલ્લુ કહે : 'બાપજી ! આપની વાતમાં મને કંઇ સમજાતું નથી.'

સાધુ કહે : 'તો સુન ! ઉસ ટંકોરી મેં એક સમય એક સાથ રૂપિયા દસ હજાર દેને કી ખૂબી થી. ઉસસે જ્યાદા પાને જાયે તો સબ બીંછી હો સકતે થે, ઔર હુઆ—મુજે યકીન થા કિ તુમ કભી એક સાથ દસ હજાર સે જ્યાદા રૂપિયા નહીં ચાહોગે. ઇસલિયે મૈને તુજે યહ રાજ નહીં દિખાયા થા. મગર તુજસે યહ ટંકોરી પાકર કલ્લુને ઐસા ચાહા તો યહ હાલત હુઇ.'

સાધુ મહારાજ આટલું બોલે છે, ત્યાં તો દુઃખ ભર્યા અવાજે કલ્લુ બોલ્યો, 'મહારાજ ! મેં બહુ મોટી ભૂલ કરી છે. હવે કદી લોભ નહિ કરું, કે કોઇની ઇર્ષા પણ નહીં કરું. આ વીંછીના ડંખથી અને અસંખ્ય વીંછીઓથી મને બચાવો.'

કલ્લુ પણ બોલ્યો : 'હા...બાપજી ! આ કલ્લુ દુઃખી થાય છે. તે મારાથી જોવાતું નથી. એના પર દયા કરો.'

સાધુ મહારાજ બોલ્યા : 'અચ્છા !' અને એમણે જોરથી પોતાનો ચિપિયો કલ્લુના મકાનના ઉંબરા પર પછાડ્યો. કે એક પ્રકારના પ્રકાશ સાથે બધા વીંછી અદૃશ્ય થઇ ગયા. કલ્લુ અને તેની વહુને કરડેલા વીંછીઓનું ઝેર ઉતરી ગયું.

સાધુ મહારાજ 'અલખ નિરંજન' કહેતા ચાલવા માંડ્યા. મોટાં પગલાં ભરતાં ઘડીકમાં તે અદૃશ્ય થઇ ગયા. હવે કલ્લુ સુધરી ગયો છે. કોઇની ઇર્ષા કરતો નથી કે લોભ કરતો નથી. કલ્લુ સાથે અને આખા ગામ સાથે હળી મળીને રહે છે તથા બાઇ પી ને મદદ કરે છે.

(ફુલવાડી)

હસો... હસો...

* એક પાગલ : 'જો ચંદ્ર ઉપર એક માનવી દેખાય છે.'
બીજો પાગલ : 'શું જોઉં, હું ચંદ્ર ઉપર ચશ્મા છોડી આવ્યો છું'.

* એક પંડિતજીના ઘર પાસે ગધેડો મરણ પામ્યો, તેણે મ્યુનિસિપાલિટીને ટેલીફોન કર્યો, તે માણસે મશ્કરી કરતાં કહ્યું–'તેના મરણ પછીના સંસ્કાર તો આપ જેવા પંડિત જ કરી શકે ને !' પંડિતે પણ એવી જ મજાક કરતાં કહ્યું–'હા, પણ એ પહેલા મરનારના સગાંઓને જાણ કરવી જોઇએને.'

સમજુ વહુ

-ઇન્દ્રકુમાર જોષી

એક જુની વાત. શિવનગર નામનું એક નગર. આ નગરમાં એક શેઠ રહે નામ અમીચંદ. મોટો વેપાર ચાલે પૈસાની કોઇ કમી નહીં. છતાં પણ શેઠનો જીવ બહુ કંજુસ એક પૈસો પણ કોઇને આપે નહિ પૈસો તો જીવ કરતાં પણ વધુ વહાલો. લોભી એવા કે જાત માટે પણ એક પૈસો ખર્ચે નહિ. કોઇને પણ કંઇ આપવું ગમે જ નહિ.

એક દિવસની વાત. શેઠ અચાનક બિમાર પડયા, દવા ચાલું કરી ઘણા દિવસ દવા કરી પણ કંઇ ફાયદો થયો નહિ દવાના પૈસા ખર્ચાતા હતા તે શેઠને બિલકુલ પસંદ હતું નહિ તેને પૈસાની બરબાદી થતી લાગી. એવામાં એક દિવસ તેના આંગણે કોઇ સાધુ મહારાજ આવેલા. શેઠે તેને પોતાની બિમારીની વાત કહી સાધુએ કહ્યું :

'શેઠ, ચિંતાનું કોઇ કારણ નથી. તમારી તબીયત જરૂર સારી થઈ જશે દવા બંધ કરી દો. હું કહું તે પ્રમાણે કરવાનું શરૂ કરી દો તમારી તબીયત સુધરી જશે બિમારી જતી રહેશે.

શેઠ : 'બોલો... બોલો... સાધુ મહારાજ, મારે શું કરવાનું છે ? તમે જે કહેશો તે કરવા તૈયાર છું.'

સાધુ : 'સાંભળો, જો તમે દરરોજ ગરીબોને અનાજ આપશો તો તમારી બીમારી ચાલી જશે. રોજ ગરીબોને અનાજનું દાન આપો. અન્નદાન શ્રેષ્ઠ દાન છે. ગરીબોના આશીર્વાદથી તમને સ્વર્ગ મળશે.'

આ સાંભળી શેઠ અમીચંદ થોડીવાર તો ઉંડા દુઃખમાં ડુબી ગયા. પરંતુ પોતાની બિમારી દુર કરવા માટે તેને મન મનાવ્યું. માત્ર પોતાની લાલચ માટે જ તે મન વિના તૈયાર થયા. શેઠના ગોદામમાં પુષ્કળ અનાજની ગુણીઓ ભરેલો પડી હતી શેઠે ઘણો સંગ્રહ કર્યો હતો. જ્યારે જ્યારે બજારમાં અનાજની તંગી ઉભી થતી ત્યારે ભાવ વધી જતાં. આ વખતે શેઠે સંગ્રહ કરેલું અનાજ બજારમાં મૂકતાં. મોંઘો ભાવ લેતા તે ખુબ નફો કમાતા આમ, અમીચંદ શેઠ પાસે પુષ્કળ ધન હતું.

સાધુના કહેવા પ્રમાણે કરવા શેઠ તૈયાર થયા. તુરત મુનિમજીને બોલાવ્યા ને કહ્યું કે, 'મુનીમજી, ગોદામમાં જે અનાજની ગુણીઓ પડેલી છે તે કાઢવાની છે. સાધુ જતાં રહ્યાં પછી ધીમેથી બોલ્યા ને. હા. જો તેમાં જે ગુણીઓ સૌથી જુની છે તેવી

અનાજની ગુણીઓ બહાર કઢાવો. જે ગુણીઓ ખૂબ જ જુની હોય ને જેનું અનાજ ખરાબ થઇ ગયું એમ તેવું અનાજ બહાર કાઢો. આવું ખરાબ અનાજ કાઢી અહીં હાજર કરો.'

શેઠની આજ્ઞા થતાં મુનિમજી તો ગોદામ તરફ ગયા જુની ગંધાતી ઘઉની ગુણીઓ બહાર કાઢી હાજર કરી પછી શેઠે તેના દિકરાની વહુને હાક પાડી બોલાવીને કહ્યું– 'બેટા વહુ, આ ગુણીમાં જે ઘઉં છે તેને દળાવા મોકલી આપો પછી તેમાંથી જ રોટલી બનાવી મને કરરોજ જમવામાં પીરસજો.' અને શેઠ તે રોટલીઓ કરરોજ ગરીબોને દાનમાં આપવા લાગ્યા. આમ, શેઠ દાન કરી ખુબ જ આનંદમાં રહેવા લાગ્યા કેમકે તેને મૃત્યુ બાદ સ્વર્ગ મળવાનું હતું. આથી શેઠ સ્વર્ગના સ્વપ્ના જોવા લાગ્યા. શેઠના મનને આનંદ મા'તો નો'તો.

શેઠની પુત્રવધુનું નામ હતું સમજુ નામ તેવા જ ગુણ. તે બરાબર બધું સમજતી હતી. સમજુ હતી તેના દિલમાં દયા ને પ્રેમ હતો તેને જ્યારે આ વાત જાણી ત્યારે, તે ખુબ દુઃખી થઇ. પોતાના સસરાજીનો આવો ખરાબ વ્યવહાર તેને બિલકુલ પસંદ પડયો નહિ બિચારાં ગરીબ લોકો ગંધાતા ઘઉંની રોટલી ખાય. સડેલાને વાસ મારતા ઘઉંની રોટલી કોઇપણને ખવડાવવી એ પાપ સમાન છે. આવું દાન હોય ? આ વાત તેને જરાપણ પસંદ પડી નહિ તેણે એક દિવસ તેના સસરા શેઠને કહ્યું.

'પિતાજી, તમે આવી વાસ મારતી રોટલી ખવડાવશો તો તે માંદા પડી જશે. વિના મોતે તેઓ મરી જશે. આવું શા માટે કરો છો ? આમાં આવું દાન કરવાથી કોઇ ફાયદો થવાનો નથી.'

વહુની આવી સરસ વાત લોભિયા શેઠના ગળે ક્યાંથી ઉતરે ? શેઠ વહુ ઉપર ગુસ્સે થઇ ગયાને બોલ્યા, 'બસ... બસ... બહુ થઇ ગઇ. તમારી શિખામણ તમારી પાસે રાખો વહુ ! આ લોટમાંથી થાય છે ! હું તો ગરીબોના પેટ ભરું છું ને ? તેની પાસેથી કોઇ પૈસા લેતો તો નથી ને ?

સસરાજીનો ગુસ્સો જોતાં વહુ શાંત થઇ ગઇ તે કાંઇ બોલી નહિ પરંતુ તે ચતુર ને બુદ્ધિશાળી હતી આથી તે સમય પારખી કશું બોલી નહિ ચૂપ રહી ગઇ.

બીજા દિવસે શેઠ જ્યારે ભોજન લેવા બેઠા ત્યારે વહુએ શેઠની થાળીમાં પણ પેલી ગંધાતી રોટલી પિરસી. શેઠ તો હંમેશની ટેવ મુજબ જમવા લાગ્યા. પરંતુ થોડીવારે શેઠનું મોઢું બગડી ગયું. રોટલીમાં વાસ આવતી હતી. શેઠથી આ રોટલી

ખવાઇ નહિ તે શુ...શુ... કરી શું કવા લાગ્યા. ખરાબ સ્વાદથી મોં બાગડી ગયું ને ગુસ્સે થઇ તાડુકી ઉઠયા.

'અરે વહુ, આજે મને કયા ઘઉંના લોટની રોટલી ખવડાવી છે ? કયા લોટમાંથી રોટલી બનાવી છે ? આમાંથી તો ખરાબ વાસ આવે છે કડવી પણ લાગે છે. શું વિચાર છે, મને ફરી બાટલે નાખવો છે કે શું ? આ રોટલી તો મારા ગળા નીચે ઉતરતી જ નથી. કેવી રીતે આ લાઉં ?'

સમજુ વહુએ બહુ જ શાંતિથી તે નમ્રતાથી જવાબ આપ્યો, 'પિતાજી, આ સડેલા ઘઉંના લોટની રોટલીથી શું ગરીબો બિમાર નહીં પડે ? તેઓ શું બાટલા ભેગા નહિ થાય ? તમે જ કહ્યું હતું કે લોટમાં કશી ખરાબી નથી. આથી જ મેં તમારા માટે પણ તે લોટમાંથી જ રોટલી બનાવી. બિચારા ગરીબ લોકો તો આજે કેટલા દિવસો થયાં આવા લોટની રોટીઓ ખાય છે. જ્યારે, તમે તે આજે એક દિવસ પણ ખાઇ શકતા નથી તમને એ બાવામાં શું વાંધો છે ? જો તમે આવી રોટલી ખાઇ શકતા ન હો તો...તો પછી આવું દાન તમને શું ફાયદો કરશે ? સ્વર્ગ કયાંથી મળશે ?'

વહુની આવી વાત સાંભળી શેઠ કશું બોલી શક્યા નહિ તે ચૂપ જ થઇ ગયા શરમાઇ ગયા માથું શરમથી ઝુકી ગયું. પોતાની ભૂલ સમજાઇ ગઇ. પોતાની ભૂલ બદલ પશ્ચાત્તાપ થયો. તેની પાસે વહુની વાતનો કોઇ ઉતર ન હતો.

પોતાની ચતુરને બુદ્ધિશાળી વહુ ઉપર તેને માન ઉપજ્યું. તેઓ પોતાની પુત્ર-વધુના ભારોભાર વખાણ કરવા લાગ્યા. પ્રશંસા કરવા લાગ્યા–વહુએ તેની આંખો ખોલી નાખી.

બીજા દિવસથી ગરીબો માટે દાનમાં આપવાની રોટલી સારા ઘઉંના લોટમાંથી બનાવી દેવા લાગ્યા.

(કુલવાડી)



* હસવાની મનાઇ છે *

રાજેશ : કાલે તું રેસ રમવા ગયો હતો ને ? શું થયું ?

અમીત : કંઇ નહીં ! જતી વખતે બે લાખની માફતિમાં ગયો હતો ને આવતી વખતે ૨૦ લાખની એસ. ટી. બાસમાં આવ્યો.

ઉલ્લાસ જિતેન્દ્ર દોશી મુલુંડ–વેસ્ટ

❋ તરલ શું છે? યૌવન ❋

—શ્રી પ્રિયદર્શન

શિષ્ય : 'ગુરુદેવ, સતત વહેતું શું છે'?

ગુરુ : 'વત્સ, યૌવન સતત વહેતું રહે છે.'

મહાનુભાવો, જીવન કોઇ એક બંધિયાર તળાવ નથી, પરંતુ સતત વહેતું–ઊછળતું–ધસમતું ઝરણું છે. આપણે સૌ ગતિશીલ એવા ક્ષણપ્રવાહમાં વહી રહ્યા છીએ. જ્ઞાની પુરુષોને એમાં પરિવર્તનશીલતાનું કે ક્ષણભંગુરતાનું દર્શન થાય છે. જીવનની પ્રત્યેક અવસ્થા નાશવંત છે, ક્ષણિક છે. આજે મારે તમને જીવનની યૌવન–અવસ્થા અંગે વાતો કરવી છે.

જીવન નાશવંત છે, જીવન પ્રવાહી છે તો યૌવન પણ નાશવંત જ છે ને એ પણ વહી જવાનું છે. યૌવન કોઇનું કાયમ ટકયું નથી કે ટકી શકવાનું નથી. યૌવન શાશ્વત નથી, ક્ષણિક છે. આ વાત યુવાનોના મનમાં ઊતરવી જોઇએ! તો જ યૌવનમાં એવું કંઇક ઉત્તમ કાર્ય કરી લે કે જીવન ધન્ય બની જાય, સાથે સાથે મૃત્યુ પણ મહોત્સવ બની જાય.

પરંતુ યુવાનોને મનુષ્યજીવનની સાર્થકતા સમજાવી, આત્મતત્ત્વની પ્રતીતિ કરાવવી કે ધર્મપુરૂષાર્થમાં પ્રેરિત કરવા ઘણું જ દુષ્કર કાર્ય છે. યૌવનનો ઉન્માદ, યૌવનનો ગાઢ અંધકાર લાખ–લાખ સૂર્યના પ્રકાશથી પણ ન ભેદી શકાય તેવો હોય છે. એમને સીધો ઉપદેશ પ્રાયઃ અસર કરતો જ નથી.

એક શ્રમણ ઉદ્યાનમાં ધ્યાન કરતો ઊભો હતો- ત્યાંથી રાજકુમાર અગ્નિમિત્ર પસાર થયો. રાજકુમારે શ્રમણ પાસે જઇને પૂછયું : 'સાધુને રાજ કરતાંય વધારે આનંદ પ્રાપ્ત થાય છે, એ વાત સાચી છે? 'શ્રમણે કહ્યું : 'સાવ સાચી વાત છે. સમાધિના સુખ જેવું બીજું કોઇ સુખ નથી.' રાજકુમારના ગળે આ વાત ન ઊતરી. એણે શ્રમણને સ્પષ્ટ કહ્યું : 'વાતમાં સાર નથી. રાજવૈભવ વિના સુખ ન હોય.' આટલું કહીને રાજકુમાર તો રથમાં બેસીને ચાલ્યો ગયો.

શ્રમણે પછીથી પોતાના ગુરુદેવને આ વાત કરી. ગરુએ કહ્યું : 'તારે રાજકુમાર સાથે એ રીતે વાત કરવી જોઇતી ન હતી. એક મિત્ર બીજા મિત્રને સમજાવે તેમ ધીરે ધીરે ચડિયાતા સુખની વાત કરવી જોઇતી હતી. જો પેલી ટેકરીની પાછળ સરોવર છે,

વૃક્ષઘટા છે, અને સુંદર સરોવર પણ છે. પરંતુ મિત્રો એ સ્થળ જોયું નથી. તેથી એ સાચી વાત પણ નહીં સ્વીકારે. આવા મિત્રને હાથમાં હાથ ઝાલીને પ્રેમથી ટેકરી પર લઇ જઇને ભીની હવાનો સ્પર્શ થવા દેવો, પક્ષીઓનો કલરવ સાંભળવા દેવો અને સરોવર જોવા દેવું ! મિત્રને પોતાને જ ખાતરી થશે. તારે રાજકુમારને આ રીતે વાત સમજાવવી જોઇતી હતી,

યૌવનમાં શમણું પણ કેવાં હોય યે ! સાત સાત સમંદર પાર કરીને કોઇ રાક્ષસના મહેલમાં કેદ પુરાયેલી સોનપરીના પલંગ સુધી પહોંચી જાય છે ! પહોંચી જાય છે ! યૌવનને બધું જ રમણીય, કમનીય અને સ્મરણીય ગમે છે ! એને ફાગણ ગમે છે ! એને નોરતાના ગરબા ગમે છે...એને

મનમાં ફાગણ મનમાં શ્રાવણ
મનમાં મીઠી આવણ–જાવણ,
મનમાં મળવું મનમાં ભળવું
મનમંદિરમાં મૌન અજવાળું !

યૌવનને એક–એક ક્ષણ સુંદર જોઇએ છે, રસપૂર્ણ જોઇએ છે અને એ પાંચ ઇન્દ્રિયોના અસંખ્ય પ્રિય વિષયોને પામવા ને ભોગવવા ભગીરથ પુરુષાર્થ કરે છે. યૌવનકાળ એમાં જ ભોગોપભોગમાં વીતી જાય છે. એની સાથે અર્થોપાર્જન ધનપ્રાપ્તિ સતત મથામણ થતી રહે છે. સ્પષ્ટ લાગે છે કે અર્થ–કામની ગુલામીમાં મનુષ્યજીવનનું મહામૂલું યૌવન વેડફાઇ રહ્યું છે. પરંતુ યુવાનને આ વાત સમજાવવી કેવી રીતે ? હા, કેટલાક યુવાનો કોઇ વૈરાગ્યપ્રેરક ઘટના જોઇને વિરક્ત બને છે. કેટલાક યુવાનો કોઇ સદ્‌ગુરુના યોગ–સંયોગથી બોધ પામી જાય છે. કેટલાક જીવનમાં સતત નિષ્ફળ બની. હતાશ બની ધર્મ તરફ વળે છે...પરંતુ, વાસ્તવિક જ્ઞાનમૂલક વૈરાગ્ય ક્યાં પ્રગટે છે ?

યૌવનકાળમાં મનુષ્યે ખાસ કરીને બે બુરાઇઓથી બચીને જીવવાનું છે : એક કામાંધતા અને બીજી અર્થાંધતા ! જીવનમાં અર્થ અને કામ સાધનરૂપે આવશ્યક હોય, પરંતુ તેમાં આંધળા બનીને મચી પડનારા યૌવનકાળનો ઘોર દુરુપયોગ કરે છે.

પ્રશ્ન : તો યુવાનોએ પોતાના જીવનમાં શું કરવું જોઇએ કે જેથી તેમનું યૌવન સફળ બને ?

ઉત્તર : સન્માર્ગો અનેક છે. સત્કાર્યો અનેક છે. જે યુવાનને જે સન્માર્ગ પ્રિય લાગે, જે ધર્મપુરૂષાર્થ અનુકૂળ લાગે તે જીવનમાં અપનાવી શકે. એ માટે જ્ઞાની પુરુષોનું માર્ગદર્શન મેળવી શકે. યુવાનો જો સત્પુરૂષોના સહવાસમાં રહે, સદ્‌ગુરૂઓના

પરિચયમાં રહે તો તેઓ સ્વ–પરના માટે ઘણાં સારાં કામ કરી શકે. અનેક દુષ્કર કાર્યો પણ પાર પાડી શકે.

જ્યાં સુધી શરીરમાં યૌવનનો થનગનાટ છે, ઇન્દ્રિયોના ઘોડા હણહણે છે, ત્યાં સુધી આત્મકાર્ય સાધી લેવાનું છે. યૌવનનો થનગનાટ શમી ગયા પછી, ગાત્રો ઢીલાં પડી ગયા પછી તમે ધર્મપુરૂષાર્થ નહીં કરી શકો.

બીજી મહત્વની વાત મારે યુવાનોને ભારપૂર્વક કહેવી છે કે તેઓ યૌવનના ઉન્માદમાં ભાનભૂલા બનીને માતા–પિતા અને વડીલો સાથે ઉદ્ધતાઇભર્યું વર્તન ન કરે. પ્રૌઢ અને અનુભવી પુરૂષોનો અપલાપ ન કરે. મોટાભાગે વર્તમાનકાળે આવું જોવા મળે છે. યુવાન પુત્ર–પુત્રીઓથી માતા–પિતા દુઃખી હોય છે. સંતાનો કહે છે– 'માતા–પિતા અમારા સમયને ઓળખતા નથી...' પરંતુ માતા–પિતાના ઉપકારોને સંતાનો ઓળખે છે ખરા ? રાખે છે ખરા ? યાદ રાખો, તમે તમારા માતા–પિતા સાથે ઉદ્ધતાઇપૂર્વક વર્તન કરશો તો તમારાં સંતાનો એક દિવસ તમારી સાથે પણ એવો જ દુર્વ્યવહાર કરશે. યૌવનના ઉન્માદમાં કરેલી ભૂલો. વૃદ્ધાવસ્થામાં તમને જ દુઃખી કરશે ?

* યૌવનનો કાળ તરલ છે, પ્રવાહી છે, વહી જશે...

* એવી જ રીતે ધન–સંપત્તિ પણ તરલ છે, ક્ષણિક છે. કાયમ રહેતી નથી.

* ત્રીજી તરલ વસ્તુ છે આયુષ્ય. ક્ષણ–ક્ષણ ઘટતી જાય છે આયુષ્યની. બીજી અને ત્રીજી વાત હવે પછી કરીશ.

* યૌવનને સંયમથી શણગારવાનો ઉધમ. (સંવાદ)

હસો.... હસો...

* છગન ભગવાનને જોરથી પ્રાર્થના કરતો હતો કે હે ભગવાન ! મારા શત્રુનો સર્વનાશ કરજે !' ત્યાંથી તેમની પત્ની નીકળી અને બોલી–"તમે ગમે તેટલા ધૂમ–ધરાડા કરશો તો પણ મને કાંઇ થવાનું નથી."

* પ્રશ્ન છે– મોટામાં મોટું ધન કયું ?
વિદ્યાર્થીનો જવાબ :– દુર્યોધન (સાચો જવાબ આત્મસંતોષ.)
પ્રશ્ન છે– દુનિયાનાં ખંડ કેટલા ?
વિદ્યાર્થીનો ઉત્તર–અખંડ, શિખંડ અને લોખંડ

* નટ ખટ રીંછ *

શૈલેષ કે. રાયચુરા

એક જંગલ હતું. તે જંગલમાં અનેક પશુ–પંખીઓ રહેતાં હતાં

એક દિવસની વાત છે. સવારનો સમય હતો. ઠંડી આહલાદક હવા લહેરાઇ રહી હતી. સૂર્યનારાયણનો પ્રભાવ ધીરે ધીરે પૃથ્વી ઉપર વર્તાવાં લાગ્યો હતો.

બરોબર આવા સમયે આંબાના વૃક્ષ ઉપર બેઠો બેઠો એક સફેદ વાંદરો મીઠી–મધ જેવી કેરીઓ ખાઇ રહ્યો હતો. સફેદ વાંદરો પોતાની મસ્તીમાં કેરીઓ ખાવામાં મશગુલ હતો. અચાનક એવામાં બે અટકચાળા તેમજ નટખટ એવા રીંછ ફરતા ફરતાં આંબાના વૃક્ષ પાસે આવી ચડયાં, સહસા તે બન્નેની નજર સફેદ વાંદરાની લટકતી પૂંછડી તરફ ગઇ. આ જોઇ તે બન્ને અટકચાળા રીંછને તો વાંદરાની પૂંછડી ઉપર ટીંગાવાનું અને હિંચકા ખાવાનું મન થઇ આવ્યું. ત્યારબાદ તે બંન્ને "નટખટ રીંછ" સફેદ વાંદરાની પૂંછડી પકડીને ટીંગાવા તેમજ હિંચકા ખાવા લાગ્યા.

અચાનક આ રીતે પૂંછડી ઉંપર આક્રમણ થતાં સફેદ વાંદરો ચોંકયો. અને પછી તેણે નીચે તરફ નજર કરી કરી તો બે કાળા ભમ્મર જેવાં રીંછને પોતાની મહામૂલી ઉપયોગી પૂંછડી ઉપર હિંચકા ખાઇ રહેલ દેખાણાં આથી તે બંન્ને રીંછ ઉપર ગુસ્સે થઇ ઉઠયો તેમ છતાં તે વિનમ્ર સ્વરે બંને રીંછને ઉદ્દેશીને બોલ્યો–અરે ઓ રીંછભાઇઓ, તમો બંને આતે શું કરી રહ્યા છો ? છોડો છોડો મારી પૂંછડીને ? પરંતુ આ તો બંને અટકચાળા નટખટ સ્વભાવના રીંછ હતાં તે બંનેને વાંદરાની પૂંછડી પકડીને હિંચકવાની ભારે મજા પડી ગઇ હતી. તે બંને રીંછ એક બીજાને હાથતાળી આપતા હિંચકા ખાઇ રહ્યાં હતા. આ જોઇ વાંદરાને લાગ્યું કે જો આ બંને અક્કલબુઠ્ઠા રીંછ વધુ વખત પૂંછડી ઉપર હિંચકા ખાસે તો પોતાની પૂંછડી તુટી જશે અને પછી પોતે 'બાંડો' થઇ જશે ! આ વિચાર આવતા જ તે બંને રીંછ ઉપર ગુસ્સે થઇ ઉઠયો.

ત્યારબાદ સફેદ વાંદરાએ આંબાનાં વૃક્ષ ઉપરથી કેરીઓ તોડી તોડીને તે બંને અટકચાળા રીંછ ઉપર કેરીઓનો વરસાદ વરસાવવા લાગ્યો. અચાનક સફેદ વાંદરાનું અણધાર્યું આક્રમણ થતાં બંને રીંછ પૂંછડી છોડીને જંગલમાં ભાગ્યા. આ જોઇ સફેદ વાંદરો આનંદમાં આવી ગયો. તેમજ પોતાની અમૂલ્ય પૂંછડી મુકત થતાં તેને રાહત પણ થઇ. બાદમાં તે સફેદ વાંદરો આંબાના વૃક્ષ ઉપર આનંદપૂર્વક રહેવા લાગ્યો. જયારે તે બંને 'નટખટ રીંછ' પસ્તાવો કરતા રહ્યાં. નટખટ કામ ન કરવા. (કુલવાડી)

શ્રાવકના મનોરથ

—પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.

આપણને સૌને જે ધર્મસામગ્રી સંપન્ન જે મનુષ્યજન્મ મળ્યો છે, તેની અનંતજ્ઞાનીઓએ ખૂબ ખૂબ પ્રશંસા કરી છે. અનંતજ્ઞાનીઓ ફરમાવે છે કે, અનંતી અનંતી પુણ્યરાશિ ભેગી થાય, તો આવો જનમ મળે. આટલી સામગ્રી મળ્યા પછી પણ જેનો સંસારનો રાગ મજબૂત હોય, જેને મોક્ષની ઇચ્છા જ જન્મે નહિ, તે પુણ્ય લઇને આવ્યા હોવા છતાં ભારે પાપોદયવાળા છે. તેમને પાપમાં જ જેવી મજા આવે, તેવી મજા ધર્મની પ્રવૃત્તિમાં નથી આવતી. તમે અહીં શ્રાવકધર્મ પામી શકાય અને પાળી શકાય તેવી સઘળીય સામગ્રી સાથે સંસારની સુખની સામગ્રી પણ પામ્યા છો. તો તમારો હૈયાનો ઢાળ સુખની સામગ્રી પર છે કે ધર્મની સામગ્રી પર છે ? જો સંસારની સામગ્રી પર જ તમારો ઢાળ હોય, જે રીતે ધર્મ કરવો જોઇએ, તે રીતે ધર્મ ન થાય અને શરીરના ધર્મો સારી રીતે મજેથી થાય, તો સમજવું કે આપણો ભારે પાપોદય છે.

જે જીવને કર્મના યોગે જ સંસારમાં રહેવું પડ્યું હોય તેના હૈયામાં ધર્મ કરવાના જે જે સુંદર ભાવો–મનોરથો થાય છે તેની વાત સમજાવવી છે. આ સંસારથી બચાવીને મોક્ષે પહોંચાડનાર શ્રી અરિહંતદેવ, શ્રી અરિહંત પરમાત્માનું શાસન, તે શાસનને સમજાવનાર સુસાધુઓ અને સમ્યગ્દર્શન–સમ્યકજ્ઞાન–સમ્યકચારિત્ર અને સમ્યકતપ સ્વરૂપ ધર્મ વિના કોઇ જ નથી; આવું સમજનાર આત્મા હંમેશા ચાર ઘડી પહેલાં દેવ–ગુરુ અને પંચ પરમેષ્ઠીના સ્મરણ પૂર્વક ઊઠે, પછી આવશ્યક કરે, સામાયિક સ્વાધ્યાય કરે, પ્રાતઃકાળની પૂજા કરે ગુરૂ પાસે જાય, વંદન–પચ્ચકખાણ કરે, નવકારશી ન કરતી હોય તો ગુરૂ પાસે શ્રી જિનવાણીનું શ્રવણ કરે, નવકારશી કરવી હોય તો ઘરે આવીને પછી જિનવાણીનું શ્રવણ કરે, પછી મધ્યાન્હકાળની અષ્ટપ્રકારી પૂજા કરે, પછી ભોજન કરે અને જેની પાસે આજીવિકાનું સાધન ન હોય, તો તે વેપારાદિ કરે. પછી સાંજના ચાર ઘડી પહેલાં પાછો આવી બે ઘડી પહેલાં ચોવિહારાદિ પચ્ચકખાણ કરે. પછી સાંજનું આવશ્યક કરે, સ્વાધ્યાય કરે, તત્ત્વચિંતા કરે. રાત્રિના એક કે બે પ્રહર સુધી કુટુંબ સાથે ધર્મની વાતો કરે, પોતે જે જે સાંભળ્યું હોય, જે જે સમજ્યો હોય, તે ધર્મ સમજાવે. અને પછી જરૂર પડે તો અલ્પ નિદ્રા લે.

નિદ્રા તે પાપનો ઉદય છે, માટે શાસ્ત્રે નિદ્રા લેવી જ જોઇએ તેવું વિધાન નથી કર્યું; પરંતુ જરૂર પડે તો ઓછામાં ઓછી નિદ્રા લે, એમ જણાવ્યું છે. તે પણ બે પ્રહર કે એક પ્રહરની જ લે. કેમકે નિદ્રા વિના શરીર પાસેથી કામ લઇ શકાય

નહિ, માટે શરીર પાસે કામ લેવા પૂરતી જ નિદ્રા લે. શ્રાવક મોટે ભાગે બ્રહ્મચર્યનો જ પ્રેમી હોય અને અબ્રહ્મનો તો દ્વેષી જ હોય. શક્તિસંપન્ન આત્મા તો બ્રહ્મચારી જ હોય. જેને કર્મયોગે અબ્રહ્મનું સેવન કરવું પડે, તેય પર્વતિથિઓએ તો જરૂર બ્રહ્મચર્યનું પાલન કરે. અબ્રહ્મનું મુખ્ય કારણ સ્ત્રી છે. માટે સ્ત્રીના અંગોપાંગોની અશુચિપણાની વિચારણા કરે.

શાસ્ત્રે કહ્યું છે કે–'શ્રાવકનું શરીર સંસારમાં હોય અને મન મોક્ષમાં જ હોય!' છતાં પણ મન ન હોવા છતાં તેને સંસારમાં રહેવું પડે, સંસારની પ્રવૃત્તિ કરવી પડે, કેમકે મન ન હોવા છતાં કર્મ કરાવ્યા વિના રહે નહિ, એવાં પાપ બાંધીને આવ્યા કે કરવું જ પડે. રોગી થવા, માંદા પડવાની ઇચ્છા ન હોવા છતાંય રોગ પણ થાય અને માંદો પણ પડે. અને કોઇવાર મરતાં સુધીય રોગ ન જાય કે માંદગી ન ય નીકળે તેવી રીતે શ્રાવક સંસારમાં રહે અને સંસારની પ્રવૃત્તિ ય કરે. સંસારનો વિરાગી, મોક્ષનો રાગી, સાધુપણાનો અભિલાષી, કર્મના યોગે જ સંસારમાં રહેલો એવો તે શ્રાવક વિચારે કે–રાગ, દ્વેષ, મોહ, મદ, ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, અસૂયા, મત્સર, કામ તે મારા આંતરશત્રુઓ છે. તે શત્રુઓએ જ મને સંસારમાં બાંધી રાખ્યો છે અને તેના યોગે મારે ન કરવાનાં પણ કામ કરવાં પડે છે. મારી પાસે તે પાપ કરાવે છે, મને ધાર્યો ધર્મ કરવા દેતાં નથી અને મને હેરાન–હેરાન કરી નાંખે છે. તેમાં તે રાગની ભયંકરતાનો વિચાર કરે છે કે–રાગે મને એવો પામર કરી નાંખ્યો છે. રાગે મારી શાંતિ હણી નાંખી છે. તે રાગે કહેલ ભૂંડું ન કરવું હોય તો રાગ સામે રોષ પેદા કરવો જોઇએ. તે રાગ જ મારો મહાશત્રુ છે. તે રાગે મને બંગલામાં જેલ કર્યો છે. કુટુંબના બંધનથી બાંધ્યો છે, આમ વિચારવું જોઇએ.

કુટુંબ તે મોટી જંજાળ છે ને? આ સંસારમાં તમારું કોઇ છે? તમે મેળવેલ પણ તમારી સાથે આવે? જે સાથે ન આવે, જેને સાથે લઇ જઇ ન શકાય, તેને પોતાનું માનવું તે મૂર્ખાઇ છે ને? કુટુંબને બંધનરૂપ, જંજાળરૂપ માને તે જીવ કુટુંબને જેવી સારી રીતે સાચવે, તેવી રીતે રાગી ન સાચવે. રાગી તો ભેદભાવ કર્યા વિના રહે નહિ. જ્યારે આવો જીવ તો કુટુંબને મોહથી ન સાચવે પણ ક્ષય થી, ધર્મ પમાડવાના હેતુથી જ સાચવે. આવું સમજનાર જીવ વિચારે કે મારે રાગની રીબામણથી બચવું હોય તો રાગ શ્રી વીતરાગદેવ પર, શ્રી વીતરાગદેવના સાચા સાધુ પર, શ્રી વીતરાગદેવના ધર્મ, તે ધર્મના અનુયાયી પર અને ધર્મના સાધનો પર જ કરવો જોઇએ પણ દુનિયાની બીજી કોઇ ચીજો પર રાગ કરાય જ નહિ. કેમકે દુનિયાની ચીજો પરથી રાગ ઊઠે તો જ વિરાગ જીવતો રહે. શ્રી વીતરાગદેવના શાસનમાં સાધુ–સાધ્વી–

શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર પ્રકારનો શ્રી સંઘ છે, તે સંઘ વિરાગી જ હોય. સાધુ-સાધ્વી વિરાગપૂર્વકના ત્યાગી છે, જ્યારે શ્રાવક-શ્રાવિકા ત્યાગી નથી પણ ઘરમાં રહ્યા છે, તો પણ વિરાગી છે. ઘર-પેઢી કરવા છતાં સંસારની પ્રવૃત્તિ કરવા છતાંય રાગી નથી. કેમકે તે માને છે કે, સંસારની કોઇ ચીજ રાગ કરવા જેવી નથી. રાગ થાય તો મારી જ નાંખે. રાગ એ જ પરમ શત્રુ છે. રાગ છે માટે દ્વેષ જીવે છે. રાગ-દ્વેષ જીવે છે, માટે ક્રોધ-માન-માયા-લોભ જીવે છે. તે ક્રોધાદિ જીવે છે માટે મોહ જીવતો જાગતો છે.

આ રાગ નામનો શત્રુ એવો છે કે મોહને ચિંતા જ ન કરવી પડે. મોહ રાજાનો મોટો દીકરો રાગ છે. તે મોહ રાજાએ પોતાની રાજધાની રાગને સોંપી છે અને નચિંત થઇને રહ્યો છે. રાગે જગતને રાગી બનાવી બધાને કિંકર જેવા બનાવી દીધા છે. દેવો અને દાનવો પણ તેના સેવક બની જાય છે. માત્ર સમ્યગ્દૃષ્ટિ જીવો અને સમ્યગ્દર્શનના અર્થી આત્માઓ જ સંસારમાં સારા જીવો છે કે જેઓ રાગને આધીન થતા નથી. રાગને જુએ ને તેમની લાલ આંખ થાય છે. તે રાગે જ તેમને ઘરમાં બાંધી રાખ્યા છે અને પેઢી કરાવે છે. તે રાગથી છૂટવા તેઓ તક મળે ને ઝટ ભગવાનની, ગુરૂની ધર્મની ભક્તિ કરવા લાગી જાય છે. આપણા ભગવાન વીતરાગ છે. તેમની પર ગમે તેટલો રાગ કરીએ તો પણ તે રાગ કરે નહિ, ખુશી થાય નહિ. ભગતની ભક્તિથી ખુશી થાય તે દેવ નહિ. ભગત પર ખુશી અને અભગત પર દ્વેષી તે આપણા દેવ નહિ.

તમારે રાગથી બચવું હોય તો તમારા રાગનું સ્થાન બદલવું પડશે. આજે તમારો રાગ ક્યાં છે ? કઈ વસ્તુ પર છે ? કઇ વ્યક્તિ પર છે ? તમને જે અનુકુળ હોય તમને સુખ આપવામાં જે કોઇ સાધનભૂત હોય, તે પછી નિર્જીવ હોય કે સજીવ હોય, તેના પર જ તમને રાગ છે. સગો બાપ પણ જો સુખનું સાધન ન બને, તો તેની પર પણ તમને રાગ નથી થતો. તે રાગ જ આત્માનો ભયંકર આંતરશત્રુ છે. તે રાગ જ તમારી પાસે લાખો પાપ કરાવે છે, ન કરવાના કામ કરાવે છે, કદિ સુખી રહેવા દેતો નથી, સુખે સૂવા દેતો નથી. સુખે મરવા પણ નહિ દે અને નરકાદિ દુર્ગતિમાં રખડાવનાર પણ તે છે. રાગી જીવ કદિ શાંતિમાં હોય નહિ. રાગી બધા જ દુઃખી જ હોય. આ ૩ માણેની વિચારણા કરીને શ્રાવક સંસારના પદાર્થો પરથી પોતાનો રાગ ઉતારી વિરાગભાવને જીવંત રાખે. શ્રાવક વિરાગી હોવા છતાં રાગ થવાની સંભાવના છે તો પણ તેને જ્યારે જ્યારે રાગ થાય ત્યારે રાગને કાઢી નાંખે અને વિરાગને સાચવે. પણ રાગને પોષવાની કદિ મહેનત ન કરે અને વિરાગને જીવતો-જાગતો રાખે.

❋ સિદ્ધિના સોપાન ❋

—પૂ. આ. શ્રી વિજયકનકચંદ્ર સૂ. મ.

સિગારેટ અને સિનેમાના પાયે

જ્યારે આપણા દેશના નાગરિકોના જીવન ઉપર આપણે દૃષ્ટિ માંડીએ છીએ, ત્યારે આપણને ભયંકર નિરાશા જ સાંપડે છે. આપણા દેશમાં આવશ્યક વસ્તુઓની ભયંકર ઊણપ હોવા છતાં, લોકો સિનેમા, સિગારેટો અને તેવા દૂષણો પાછળ કરોડો રૂપિયાનો ધૂમાડો કરી રહ્યા છે. સન ૧૯૫૮માં ૩૦ લાખ સિગારેટ ખપી હતી, તે ખપત ૧૯૬૪માં ૪૧ કરોડ થઇ ગઇ હતી. આનું પરિણામ જુઓ. ઇ.સ. ૧૯૨૦ માં ૨૨૬ કેન્સરના રોગી હતા તે આંકડો ૧૯૬૦માં ૨ લાખ કર્કીઓ પર પહોંચ્યો.

ઇંગ્લેન્ડમાં ફેફસાના કેન્સરથી ઇ.સ. ૧૯૨૦માં ૫૧૨ મૃત્યુ થયા હતા, તે આંકડો ૧૯૬૨માં વધીને ૨૬૦૦૦ પર પહોંચ્યો. એમ અંદાજવામાં આવ્યું છે કે, બ્રિટનમાં દર ૨૦ મિનિટે ૧ મૃત્યુ કેન્સરથી થાય છે.

થિયેટરો પર ભીડ વધતી જ જાય છે, વધતી જ જાય છે. પિકચરો તૈયાર કરવા માટે લાખો અને કરોડો રૂપિયા ખર્ચાય છે. આ ચલચિત્રો જોવા માટે કલાકો સુધી લાંબી 'કયુ'માં ઉભા રહીને પ્રજા પોતાના મહામૂલ્ય કલાકો બગાડે છે. સિનેમામાં કામ કરતા નટ–નટીઓનું અનુકરણ કરીને પ્રજા દેશની બેહાલી વધુ પ્રમાણમાં સરજી રહી છે.

આવા યુવાનો અને યુવતીઓ આગળ જતાં આપણા દેશની કેવી રક્ષા કરવાના? આવી માંકણી અને ફેશન પરસ્તી પાછળ દોટ મૂકનાર પેઢી પાસેથી આપણે કશી પણ ભવ્ય આશા રાખીએ, તે અસ્થાને છે.

શું આપણને ભોગો અને મોજશોખો માટે જ આ માનવ–દેહ મળ્યો છે? આવી પ્રવૃત્તિઓ પાછળ આપણી શક્તિઓ બગાડીને આપણે એક મહામૂલું રત્ન ફગાવી દઇ રહ્યા છીએ. મૂલ્યવાન અમૃતથી આપણે હાથ–પગ ધોવા જેવું મૂર્ખામીભર્યું કામ કરી રહ્યા છીએ.

જીવન – સત્વ

આધુનિક શરીર–વૈજ્ઞાનીકોએ શરીરની સુખાકારી માટે આઠ પ્રકારના વિટામીનો (જીવન તત્વો) શોધી કાઢયા છે, તેવી રીતે આપણા આત્માના અને જીવના ઉર્ધ્વી-

ગમન અને વિકાસ માટે આઠ પ્રકારના વિટામીનોની જરૂર છે. આ વિટામીનો આપણને ચારિત્ર્ય નિર્માણ માટે ખૂબ મદદરૂપ બને તેમ છે.

A Accomplishment સ્વસ્થતા

B. Beauty સૌંદર્ય, મધુરતા

C. Character સત્ ચરિત્ર-શીલતા

D. Discipline અનુશાસીન, શિસ્ત અને વિનમ્રતા

E. Education કેળવણી, સંસ્કારિતા

F. Fidality એકનિષ્ઠા, દૃઢ મનોબળ

G. Generosity ઉદારતા

H. Health આરોગ્ય, મન, વાણી અને કાયાની પવિત્રતા

આ સત્વોથી આપણું જીવન પુષ્ટ અને દૃઢ થાય છે. આથી આત્મ કલ્યાણના હેતુથી ઉચિત પ્રમાણમાં આપણે ઉપર નિરૂપેલા ૮ જીવન સત્વોનું આચરણ કરવું રહ્યું.

માનવ શરીરના બધા અવયવોનો આપણે યથાયોગ્ય અને સમ્યક્ ઉપયોગ કરવો જોઇએ. હાથ દ્વારા દાન આપવાનું છે. ભુજાઓના બળથી ગરીબ, અસહાય લોકોનું રક્ષણ કરવાનું છે. પગની મદદથી તીર્થયાત્રા કરવાની છે. કાનોથી સારા શાસ્ત્રવચનો સાંભળવાના છે. મુખેથી સત્ય બોલવાનું છે તથા ગુણીજનોના સદ્ગુણોના કીર્તન કરવાના છે.

આપણું માથું ગુરૂના ચરણોમાં નમવું જોઇએ. આપણા હૃદયમાં આપણે શાસ્ત્ર સિધ્ધાંતોની વાતો ધારણ કરવાની છે, નેત્રોથી આપણે પ્રભુની મૂર્તિ અને સાધુજનોના દર્શન કરવાના છે. આમ શરીરના બધા જ અવયવોનો સુંદર ઉપયોગ કરીને, આપણે આપણા જીવનને સફળ બનાવવાનું છે,

નિષ્ફળ - જીવન

એક શેઠ ખૂબ જ કૃપણ હતા. શુભ કાર્યોમાં તેમણે કયારેય એક પાઇ પણ ખર્ચી ન હતી. સાધુ સંતોના તે કયારેય દર્શન કરવા જતા નહિં. બીજાનું ભલું તેમણે કોઇ પણ દિવસ કર્યું ન હતું. તેમના જીવનનું એકમાત્ર ધ્યેય હતું કે, કેમ

વધુ પૈસા લેંગા કરવા ! પૈસો, પૈસો અને પૈસો જ તેમના જીવનનું લક્ષ્યબિંદુ હતું.

જીવનના આખરી શ્વાસ સુધી તેમણે પોતાની શક્તિઓ પૈસો કમાવા માટે વાપરેલી. તેમનું શરીર વૃદ્ધાવસ્થાને લીધે કામ કરતું ન હતું. તેમની ઇન્દ્રિયો શિથિલ પડી ગઇ હતી, આમ છતાં પણ વધુ પૈસા કમાવાની તેમની તૃષ્ણા વધુ ને વધુ યુવાન બનતી જતી હતી !

ઉનાળાનો દિવસ હતો. ખુબ ગરમી પડતી હતી. જમીને તે શેઠ ઉઘરાણી કરવા નીકળ્યા. તેમના પુત્રો અને કુટુંબીજનોએ ખુબ કહ્યું : આપ ન જાવ. આરામ કરો. અમે ઉઘરાણીનું કામ સારી રીતે સંભાળી લઇશું !

પણ લાલચુ બુઢ્ઢા બાપે જવાબ વાળ્યો : પૈસા વસૂલ કરવાની કલા તમને આવડતી નથી ! આ મારૂં કામ છે ! આમ કહીને તે સખત તાપમાં નીકળી પડયા. ગામડામાં આસામીની દુકાન સુધી પહોંચતા પહેલા તેમને ખુબ ગભરામણ થવા લાગી. આથી એક વૃક્ષ નીચે તે થોડીકવાર થાક ખાવા બેઠા. સંજોગોવશાત ઝાડ નીચે જ તેમનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું.

કોઇને આ વાતની ખબર ના પડી. એ જગ્યામાં અવર જવર પ્રમાણમાં ઘણી જ ઓછી હતી. તેમનું સબ પડયું હતું, ત્યાં એક રાની પશુ આવી ચડયું. એ લોભી શેઠના અવયવને કાપી ખાવાની શરૂઆત કરતું હતું, તેવામાં એ શેઠને ઓળખતા એક વિદ્વાન ત્યાંથી પસાર થઇ રહ્યા હતા. તેમણે પશુને કેન્દ્ર સ્થાને રાખી, સંબોધન કરતો એક શ્લોક કહ્યો :-

હસ્તૌ દાનવિવર્જિતૌ શ્રુતિપથૌ સારસ્વતદ્રોહિણૌ
નેત્રે સાધુ-વિલોકનેન રહિતે પાદૌ ન તીર્થં ગતૌ
અન્યાયાર્જિત-વિત્ત-પૂર્ણમુદરં ગર્વેણ તુઙ્ગં શિરઃ
રે ! રે ! જંબુક ! મુઞ્ચ મુઞ્ચ સહસા નીચસ્ય નિન્દ્યં વપુઃ

ઓ પશુ ! આ હીન માણસના અવયવોને અડકવું, એમાં પણ મહા પાપ છે. આવા નિંદવા યોગ્ય, નીચના શરીરનો સ્પર્શ સુદ્ધા પણ ના કરીશ, કારણ કે તેના હાથોથી કદી દાન થયું નથી. તેના કાનોએ કદી મહાપુરૂષોની અને ગુરૂજનોની વાણી સાંભળી નથી. તેની આંખોએ સાધુ સંતોના દર્શન નથી કર્યા. તેના પગોએ તીર્થયાત્રા કરી નથી. આ માનવીએ પોતાના સર્વ અંગ, ઉપાંગનો દુરૂપયોગ કર્યો હોવાથી તેના શરીરને નિંદનીય સમજીને છોડી દે !

(જુઓ ટાઇટલ ૩ જુ)

પ્રેરણામૃત સંચય

—પ્રજ્ઞાંગ

આપણે ભગવાનના દર્શન-પૂજન કરીએ છતાં ભગવાનને ઓળખીએ ખરા? ભગવાન મહાવીરના શાસનમાં જન્મેલાને પૂછવું છે કે-ભગવાન મહાવીર શું? શાસન શું? આપણા માટે શું શું કરવાનું કહ્યું અને શું શું ન કરવાનું કહ્યું? તે વાતમાં તમે કાને હાથ દો તે ચાલે? તમે કહો કે સાધુ જાણે તો પછી ધર્મની બાબતમાં સાધુ કહે તેમ જ ચાલો કે તમારી મરજી મુજબ ચાલો? તમને લાગે છે કે આપણે બહુ સારી જગ્યાએ આવી અને ખરાબ જગ્યાએ જવાની પેરવી કરી રહ્યા છીએ?

આપણે પરલોક નહિ માનીએ તેથી પરલોક ભાગી નહિ જાય. નરક પણ છે ભૂલ કરશો તો જવું પડશે, ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા ભૂલ્યો તો તેમને પણ નરકે જવું પડયું અણસમજુ, અજ્ઞાની, સંસારના રસિયા જીવો માટે નરક છે. તે તેની શક્તિ હોય તેથી અધિક પાપ કરે અને ઉપરથી ધર્મની મશ્કરી કરે, ધર્મની ઠેઠડી કરે.

આપણે અહીં જન્મ્યા છીએ. અહીંથી અવશ્ય મરવાનું છે. ક્યારે મરવાનું તે નક્કી નથી. માણસ બેઠા બેઠા ય મરી જાય. હાલતા-ચાલતાં ય મરી જાય. હમણાં આયુષ્ય પૂરું થાય તો તમને વિશ્વાસ છે ને કે ચિંતા કરવા જેવું નથી મેં મારા જીવનમાં ધર્મથી વિરૂદ્ધ કર્યું નથી, સંયોગ મળ્યા તો સારું જ કર્યું છે. તેથી મારું ભૂંડું થવાનો સંભવ જ નથી.

ભગવાનનો ધર્મ નહિ સમજેલ બધા જીવો દયાપાત્ર છે. પછી તે મોટો દેવ હોય કે દેવેન્દ્ર હોય તો ય દયાપાત્ર છે. દુઃખી દયાપાત્ર જરૂર છે. કેટલા દુઃખી એવા છે જેની દયા પણ ન ખવાય. સગો બાપ દુઃખી હોય, કેન્સર હોય તો તમે શું કરો? જગત કેટલું લાચાર છે! જે વિજ્ઞાન યુગમાં ભયંકર રોગનો પણ ઉપાય નથી તે વિજ્ઞાનને હજુ તમે સારું માનો છો...! જગત તો દુઃખી રહેવાનું છે. જ્યારે રોગ અસાધ્ય બને, ડોકટરો પણ હાથ ખંખેરે ત્યારે શું કહે છે? 'શાંતિ રાખો, તમારા ઇષ્ટને યાદ કરો!' તો પછી તમે પહેલેથી કેમ યાદ નથી કરતા? બધી બાજી હાથમાંથી જાય તે વખતે તેને ભગવાન શી રીતે યાદ આવે?

દુઃખીને સુખી કરવાનો કોઇ ઉપાય નથી. તેનું પુણ્ય ન હોય તો જે કાંઇ સારું કરવા જઇએ તો ય નુકશાન થાય. આપણે કોઇને દુઃખ ન આપવું તે આપણા હાથની વાત છે. આજે તમે ઘરમાં એવી ઘોઘા ઘાલી છે કે વર્ણન થાય નહિ. ઉઘાડા

પાપ ઘરમાં થઇ રહ્યા છે. આજે કોઇ ઘર શુદ્ધ નહિ મલે. ઘરમાં કોઇ સારૂં વાત કરનાર પણ ન મલે. હવે તો પરદેશીઓ ભુમો પાડવા લાગ્યા કે, આજની બધી સામગ્રીએ માનવ જીવનનો નાશ કર્યો, માનવ જીવનને પાયમાલ કર્યું છતાં પણ હજી તમારો મોહ ઉતરતો નથી.

ધર્મી તરીકે કેવા બનવું પડે તે જાણો છો ? આખો સંસાર ભૂંડો લાગે પછી ભગવાનના દર્શનની લાયકાત આવે, સંસાર ભૂંડો એટલે સંસારનું સુખ ભૂંડું. સંસારનું સુખ જ મોહામણી ચીજ છે. તેના જેવી ભૂંડી ચીજ એકેય નથી તેના જેવું એક પાપ જગતમાં નથી. આ સુખે અનેક પાપ કરાવ્યા છે. આ સુખ જગતમાં ન હોય તો એક પાપ ન હોય. તમારે વેપારમાં જુઠું બોલવાનું કારણ શું ? સુખની લાલસા જાગી તેમાંથી પૈસાની ભુખ જાગી અને આ બધા પાપ આવ્યા.

આજે ભણતર વધ્યું, જ્ઞાન વધ્યું. બધા કહે આ બુદ્ધિ યુગ છે. મને તો આ દુર્બુદ્ધિ યુગ લાગે છે. બુદ્ધિ લોકોને લુંટવા માટે મલી છે. આટલી બધી કોર્ટો, વકીલો, બેરીસ્ટરો, જમાદારો કોના માટે...! આ બધી કોર્ટો જનાવરો માટે છે કે માણસ માટે ? માણસમાં ય અમારે માટે કે તમારે માટે ? શ્રાવક હોય તેના માટે કે શ્રાવક ન હોય તેના માટે ? ધર્મ જ કજિયો કરાવે અને અમે બધા કજિયા કરનારા અને તમે શાંતિના સાગર...! ધર્મ માટે કજિયો કરનાર છે કોણ ? બધા મરી ગયા ! ધર્મની પડી છે જ કોને ? ધર્મથી કજિયા વધી ગયા એવો પ્રચાર કરી લોકોને પાગલ બનાવ્યા. ધર્મ કજિયો કરાવે કે અધર્મીઓને લઇને કજિયો કરવો પડે છે ? તમે ઘરમાં કજિયા વગર જીવો છો ? મામૂલી ચીજ માટે લડનારા ધર્મમાં કજિયો બોલે ?

માટે સમજો કે, આ સંસારમાં સારી ચીજ હોય તો દેવ–ગુરૂ અને ધર્મ જ છે. દેવ તે શ્રી અરિહંત પરમાત્મા જ. ગુરૂ પણ તે જ જેને ભગવાનની આજ્ઞા મુજબ ઘર–બારાદિ છોડવા અને આજ્ઞા મુજબ જ જીવે તે. અને ધર્મ પણ ભગવાને કહ્યો તે જ બીજી બધી બનાવટ છે, અધૂરૂં છે. આ ત્રણ જ શરણભૂત છે, બાકી કોઇ શરણ નથી. ભગવાનનો ધર્મ સાથે હશે તો સદ્ગતિ આપણા બાપની છે. બાકી સંસારના સ્વાર્થ માટે મંદિરમાં જશો. અમારી પાસે આવશો તો ય કલ્યાણ નહિ થાય. તમારામાં અમે મૂંઝાઇએ તો અમે ય માર્યા જઇએ. સંસારના રસીયા, લોભીયા જીવોથી અમે બહુ સાવધ રહીએ છીએ.

ભુખે મરીએ તે હા પણ સાધુ પાસે ધન કદિ ન માંગીએ, તે આપતા હોય

તો ય ઉઘડે નહિ. તે તો અમને સંસારમાંથી બહાર કાઢી, લક્ષ્મીની મૂર્છા ઘટાડી, ત્યાગ બતાવી મોક્ષે પહોંચાડનાર છે. જો આવા તમે બની જાવ તો કાલથી અહીં પણ સુધારા થઇ જાય.

તમારૂં ભલું સુખ–સંપત્તિમાં, ખાઇ–પી શકો તેમાં નથી. પણ તમે કાંઈ ખોટું ન કરો અને સારૂં કરો તેમાં તમારૂં ભલું છે. જે જીવ સારી રીતે જીવે તેને સરકાર ગમે તેટલા કાયદા કરે તો પણ એક કાયદો નડે શેનો ? તમને જે કાયદા નડે છે તે શાથી નડે છે ? તમે ખોટું શું કામ કરો છો ? જે એમ કહે કે, કાળ–રોટી નથી મળતી માટે ખોટું કરૂં છું તેમ બોલે તો હજી ચૂપ રહેવું પડે. તેનો ય બચાવ કરવા જેવો નથી. પણ તમારા જેવા સારા માણસોએ ખોટું કરવાની જરૂર કયાં ઉભી થઇ ? આ શરીર શું માંગે ? જ્ઞાની કહે પેટ માંગે તેટલું આપવામાં આવે તો તેને કોઇ વ્યાધિ રોગ થાય નહિ. ખોટું કેમ કરવું પડે છે તેનો વિચાર કરવો છે. પછી તેને લાગે કે હું ભુલી રહ્યો છું, ઊંધે માર્ગે જઇ રહ્યો છું. આ વાત જેને ન સમજાય તો તે જ્ઞાનીનું ય મશ્કરી કરે. આજે દુનિયામાં જે બદમાશ તોફાની હતા, તેમને ચેતવવામાં આવતા હતા છતા નહતા માનતા. તો બધા આજે ગભરાવવા લાગ્યા છે. ઘણાં મૂંઝવણમાં છે, ઓળખાણ પણ કામ લાગતી નથી.

તમે ડાહ્યા હો, ડહાપણથી જીવતા હો તો ચિંતા કરવા જેવું નથી. આપણે એવી રીતે જીવવું છે કે મરતાં વાંધો ન આવે, મરવાનો ડર ન રહે. નહિ મરવા માટે ઘરે ઘરે દવાખાના ખોલ્યા છે. આજે દવાખાના, હોટલો, સીનેમાઓ જરૂરી મનાયા છે. સુખના સાધન તમારે મન તે ગમે તેટલી હોસ્પિટલો ખોલો તો બધા જીવી જવાના...! મોટા મોટા મરી ગયા. કોઇ ડોક્ટર મરવાનું બચાવી શક્યો નથી પણ મારવાનો ઉપાય કરે છે. તમે જે રીતે જીવશો તો દુર્ગતિમાં જ જવું પડશે. હજી તમે નહિ સમજો તો આવો સારો જનમ સામગ્રીવાળો મળ્યો છે તે નકામો જશે. જીવન બરબાદ થશે, પાયમાલ થાશે. જેમ તેમ કરી મરવું પડશે. મેં ભુલ કરી તેમ યાદ પણ આવશે નહિ, માટે સમજો અને સારી રીતે જીવો તો ય હજી બાજી હાથમાં છે.

ભગવાનના નામે ધર્મના સ્થાન થાય. દુનિયાના સ્થાન ન થાય. કાગળ ઉડી ન જાય તેના માટે જે પેપરવેઇટ વપરાય તેમા ય ભગવાન ઘાલવાના છે. તેની સામે ચા પાણી, બીડી સીગારેટ પીશે...શું બેશરમ લોકો ભેગા થયા છે...! ભગવાનની ઠેકડી કરવા માંડયા છે. હાથે કરીને દુર્ગતિમાં જવાના પાપ બાંધે છે. ભગવાનનો પ્રચાર કર્યો છે કે અવહેલના કરી છે ? પેન પર પણ ભગવાન...કોણ સમજાવે ?

ડાહ્યા માટે ધર્મ છે, ગાંડા માટે નહિ. દોઢ ડાહ્યાં માટે ય નહિ આજે અભણ ગાંડા છે, ભણેલા દોઢ ડાહ્યા છે. વકીલ કાયદાની કલમ વગર બોલે ? જજ જજમેન્ટ પણ કાયદાની કલમ વગર આપે ? ધર્મની બાબતમાં આજના લબાડ લોકો મરજી આવે તેમ બોલે છે તે ચાલે ? આ [ધર્મની] જગ્યા નકામી છે ? ધણી વગરની છે ? આધાર વગર બોલે તેને ચલાવી દે તે સંઘ કહેવાય ? સંઘ ડાહ્યો હોય તો જેમ તેમ બોલનાર લખનારને જ પૂછે કે ભગવાનના ધર્મની વાત કરવી છે તો ભગવાને ધર્મ જે રીતે કહ્યો તે મુજબ બોલ, તારી મરજી મુજબ બોલવાનું નથી. બેરીસ્ટર કાયદાની બહારથી બોલે તો બેસાડી દે. તેમ જૈન શાસનમાં કાયદો નથી ? ભગવાનને કોઇ કાયદો રાખ્યો નથી ? નાગાઓને નાચવાનું આ સ્થાન છે ?

ભગવાનના સંઘમાં જેને રહેવું હોય તેને ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું પડે, આજ્ઞા વગર–જેની નિશ્રામાં હો તેને પૂછ્યા વિના એક કામ ન થાય. આજે તો તમે ધર્મને એવો બનાવ્યો જાણે મરજી મુજબ રમવાનું સાધન ? અમે પણ જો ભગવાને કહ્યા મુજબ કહેતા ન હોઇએ તો અમારા જેવા બદમાશ દુનિયામાં બીજા એક નથી. તમારી બદનામી કરતાં અમારી બદમાશી વધી જાય. અમારી કિંમત ભગવાનને લઇને છે. ભગવાનની ખાતર ઘર–બાર પૈસા–ટકાદિ છોડ્યા અને ભગવાનનું કહેલ કરનારા અમે બીજું કહીએ તો અમારી બદમાશી વધી ગઇને ?

ભગવાનનો સંઘ ડાહ્યો હોય તો પચ્ચીશમો તીર્થંકર છે શાથી ? ચોવીશની આજ્ઞા માથે છે માટે, આજ્ઞા મુજબ જ બોલવાનો–વર્ત્તવાનો–વિચારવાનો નિર્ણય છે માટે. આવો જો નિર્ણય ન હોય તો તે સંઘમાંથી આપોઆપ બહાર છે.



હસો... હસો...

* કનુ : દવાખાનામાં દાખલ થયો એટલે ડોક્ટર બોલ્યા : 'કનુને ચશ્મા આવ્યા લાગે છે.'

કનુ : 'પણ, ડોક્ટર તમને કેવી રીતે ખબર પડી ?

ડોક્ટર : 'કારણ કે તું બારીમાંથી દવાખાનામાં દાખલ થયો.'

* મનુ : મમ્મી, નીચે એક વૃદ્ધ માણસ ભુખો મારે છે. એના માટે એક રૂપિયો આપીશ ?

મમ્મી : ભલે લઇજા...પણ એ શેની ભુખો પાડે છે ? મનુ : આઇસ્ક્રીમની.

卐 આત્મપ્રબોધક પ્રસંગો 卐

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પુદ્ગલના ચિત્ર-વિચિત્ર પરિણામો

શ્રી જૈનશાસનમાં ષડ દ્રવ્યાત્મક લોકમાં પુદ્ગલાસ્તિકાયનું જે સ્વરૂપ વર્ણવાયું છે તેવું દુનિયાભરમાં ક્યાંય નહિ મળે. જગતમાં જે લાલ-પીળાં દેખાય છે તે બધા પુદ્ગલના વિકારો છે. તેમાં જે મૂંઝાય તે મર્યો સમજો. તેને યથાર્થ સમજી જાય તે બચી શકે.

આપણે ત્યાં સુબુદ્ધિમંત્રીની વાત આવે છે. જે પોતાના જિતશત્રુ રાજાને પ્રતિબોધ કરવાની ભાવનાથી સંસારમાં રહ્યો છે. પ્રસંગ પામીને નગરના દુર્ગંધ મારતા ગાળના પાણીને જે રીતના પીવા લાયક બનાવ્યું તે જોઇ તે રાજા આશ્ચર્ય પામ્યો. મંત્રીના કહેવાથી સમજ્યો કે જગતમાં શુભ પુદ્ગલો તે અશુભ પણ બને છે અને અશુભ પુદ્ગલો શુભ પણ બને છે. આ વાત જો આપણે બધા જ શાંતિથી વિચારીએ તો આપણા સૌના અનુભવની વાત છે કે સારામાં સારા ખાદ્ય પદાર્થો પણ શરીરમાં ગયા પછી કેવા અશુચિના પરિણામને પામે છે. છતાં પણ લાલ-પીળામાં જ આનંદ પામનારા આત્માઓ આ વાતનો વિચાર જ કરતા નથી અને પાપની પ્રવૃત્તિ મજેથી કરે છે.

નવતત્ત્વના અભ્યાસુ આત્માને પણ આજની શોધ-ખોળોથી જરાપણ આશ્ચર્ય થાય તેમ નથી. પુદ્ગલના ચિત્ર-વિચિત્ર પરિણામોને સમજનારો આત્મા તો આજના સાધનોથી. પણ મૂંઝાય નહિ. ટેલીફોન-રેડીયો આદિને શબ્દના પુદ્ગલો માને, સીનેમા-ટી.વી.ને છાયાના પુદ્ગલો માને તો પુદ્ગલોમાં ક્યો સમજુ આત્મા પાગલ બને અને મહામૂલા માનવ ભવને વેડફી નાખે!!

આવો સુંદર ભવ આ પુદ્ગલોમાં વેડફાઇ ન જાય અને આત્મા પુદ્ગલાનંદી દશાથી બચી આત્મામિનંદી દશાને પામે તે જ મંગલ કામનાથી આટલી વિચારણા કરી છે.

કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી.

દરેકે દરેક આત્માએ જેવાં જેવાં શુભાશુભ કર્મો કર્યા હોય તે ભોગવ્યા વિના કોઇનો ય છૂટકો નથી.

જેમ સીતા મહાદેવીને પણ અશુભ કર્મનો ઉદય આવ્યો તો રામ જેવા પતિ પણ શંકિત થયા, વન-વગડામાં ત્યાગ કર્યો. દશરથ જેવા શ્વસુર, જનક જેવા પિતા ભામંડલ જેવો ભાઇ, લક્ષ્મણ જેવા દેવર—આ જગતમાં વિખ્યાત છતાં પણ અશુભોદયે મહાસતીની હાલત કેવી થઇ. કોઇ બચાવવા સમર્થ ન બન્યું.

માટે જ જ્ઞાનિઓ કહે છે કે, અશુભોદય હોય ત્યારે ખુદ ઇન્દ્ર પણ બચાવી શકતો નથી અને શુભોદય હોય તો ઇન્દ્ર પણ વાળ વાંકો કરી શકતો નથી. આવા પ્રસંગે કર્મના જ નાશ માટે પ્રયત્ન કરવો ખૂબ જ જરૂરી છે. કર્મે જે અવસ્થા આપે તેને મજેથી સહન કરતા થવું, તેમાં તેવા કર્મો ન બંધાય તેની કાળજી રાખી જીવે તો જ આત્મા કર્મોને સાચો માનનારો કહેવાય. કર્મોને ઓળખી તેના નાશ માટે પ્રયત્ન કરવો ખૂબ જરૂરી છે.

સમજણનો પ્રતાપ

સમજુ આત્મા કર્મજન્ય અવસ્થાને મજેથી વેઠી લે છે. કોઇના સુખ તરફ તેની આંખ લાલ થતી નથી, કે બળતો પણ નથી. પોતાને જે મલ્યું તેમાં સંતોષ માને છે. આ સંસાર તો અસમાનતા-વિષમતાનું ઘર છે માટે સાચી સમાનતા મોક્ષમાં જ છે તેને પામવા જ પ્રયત્ન કરવો જરૂરી છે.

જેમ શ્રી શાલિભદ્રજીની ઋદ્ધિ-સુખ સામગ્રી જોઇ શ્રી શ્રેણિક મહારાજાએ વિચાર્યું કે- મારી પાસે રાજપુણ્ય છે તો આની પાસે ભોગપુણ્ય છે. પણ તેનું પડાવી લેવાની બુદ્ધિ ન થઇ. અને શ્રી શાલિભદ્રજીએ વિચાર્યું કે મારે માથે સ્વામી, માટે મારા પુણ્યના ખામી. સંસારમાં હું પ્રજા અને તે રાજા. માટે એવો પ્રયત્ન કરું કે આ સંસારનો જ નાશ થઇ જાય.

આ નાનકડા પ્રસંગ ઉપર આત્મા વિચારે તો પછી દુનિયાની સુખ-સામગ્રીમાં મૂંઝાય નહિ, અપ્રાપ્તની અસંતોષની આગમાં બળે નહિ અને પ્રાપ્તિનો આનંદ માની, તેનાથી સંપૂર્ણ ધર્મને પેઠા કરવાનો જ પ્રયત્ન કરે. સાચી સમજણનો પ્રતાપ કેવો અદ્‌ભૂત છે કે આત્માને સાચા સુખ-શાંતિ-સમાધિનો અનુભવ કરાવે છે. આપણે સૌ આવી દશા પામીએ તે જ ભાવના.

卐

તબીબી જગતને આશ્ચર્યમાં મુકતું કુદરતનું 'બેજોડ' સર્જન.

વિવિધા * ભવેન કચ્છી

અમેરિકાથી પ્રકાશિત થતા વિશ્વ વિખ્યાત મેગેઝિન 'લાઇફ'ના છેલ્લા અંકમાં પ્રગટ થયેલ કવર સ્ટોરીએ કુદરતને પણ પડકારવા નીકળેલ તબીબી વિજ્ઞાનીઓને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે. અમેરિકાના મીડવેસ્ટના કયા ગામની આ ઘટના છે. તેવી ઇંતેજારી સાથે દુનિયાભરમાંથી મેગેઝિનની કચેરીએ ફોન, પત્રોના ખડકલા થયા છે. વિશેષ કરીને વિશ્વના ધૂરંધરે તબીબો, સર્જનો અને માનવ શરીર રચના અંગેના અદ્‌ભૂત સંશોધનો કરનાર વિજ્ઞાનીઓ કદાચ એ ગામમાં જ તેઓની પ્રયોગશાળા ખોલી દે છે નવાઇ નહીં !

બે પ્રેમીઓ તેઓના પ્રેમની પરાકાષ્ટા બતાવવા એવું કહેતા હોય છે કે તે 'तन से जुदा है तो क्या એક जान है हम' પણ આ જે સ્ટોરીની વાત કરીએ છીએ તેમાં એક તન ને બે આત્મા કે દિલની રોચક અને જવલ્લે જ જોવા મળતી ફાંટાબાજ કુદરતની કરામત છુપાયેલી છે.

કેનો સ્ટાલ્ડ કે. જી. સ્કુલમાં બે છ વર્ષીય બાળાને જોતાં જ દુનિયાની કોઇ નવી અજાયબ સર્જન આપણી સમક્ષ ખડું થયું હોય તેમ લાગે. એબી ગેઇલ અને બ્રિટેની જોડાયા બહેન તેઓ સિયામી જોડીયા છે ત્યાં સુધી કહીશું તો પણ કોઇને વિશેષ અચંબો ન થાય પણ આ બંને એ રીતે જોડાયેલા છે કે સમગ્ર સંસારમાં વિજ્ઞાનીઓના મતે કદાચ આવા ત્રણ–ચાર જોડીયાના કિસ્સા જ સામ્યતા ધરાવતા હશે.

એબી ગેઇલ અને બ્રિટેનીના મોં–માથા અલગ–અલગ છે એટલે કે તેમની ગરદન જુદી છે. તેમના હૃદય હોજરી અને કરોડના મણકા પણ અલગ અલગ પોત-પોતાના છે પણ શરીરની રકતવાહીનીઓ તથા પેટની નીચેના અવયવો બંને વચ્ચે એક છે.

બંનેના મગજ અલગ અલગ હોઇ તેઓ બે જુદી જુદી વ્યકિતની જેમ સ્વતંત્ર વર્તન, બુદ્ધિ ચાતુર્ય ધરાવે છે. તેમના ગમા, અણગમા, સ્વપ્નો પણ તેમના આગવા છે.

એબી ગેઇલ જમણા હાથ અને પગ જ્યારે બ્રીટી ડાબા હાથ અને પગનું કામ કરે છે આમ. બે માથા સાથેના, સ્વતંત્ર આગવું વ્યકિતત્વ ધરાવતી બે વ્યકિત માત્ર બે માથા ને બાદ કરતા એક જ વ્યકિત હોય તે રીતે તેઓની શરીર રચના છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે બંને સ્વતંત્ર દિમાગ અને કરોડ ધરાવતા હોવા છતાં સંયુક્ત રીતે તાલમેલ સજી પોત પોતાના હાથ કે પગની એવી મુવમેન્ટ કરશે કે એક વ્યક્તિની એક ક્રિયા ન હોય ! જેમ કે બુટની દોરી બાંધવાની હોય કે નહાવાનું હોય કે પેઇન્ટીંગ કરવાનું હોય તો દૂરથી બેસેલ વ્યક્તિને એમ જ લાગે કે આ કોઇ એક વ્યક્તિ જ તેના બે હાથ કે પગનો ઉપયોગ કરી કામ કરે છે.

એવું પણ નથી કે એબી ગેઇલ જે કરે તે બ્રેટીને કે બ્રેટી જે કરે તે એબી ગેઇલને ફરજીયાત કરવું જ પડે.

તબીબી વિજ્ઞાનીઓનો સૌથી વિશેષ અચરજ એ જ થાય છે કે અલગ મગજ, માથા, કરોડ તેમજ વ્યક્તિ હોવા છતાં તેઓ એક વ્યક્તિની જેમ આ ક્રિયાઓ વખતે હાથપગનો તાલમેલ કઇ રીતે કરતા હશે ? પણ બીજી તરફ તેમની પોતાની બુદ્ધિ કે ગમા-અણગમામાં એકબીજાને મદદ નથી કરી શકતા.

તમે બ્રીટીને પૂછો કે ફસમાં ફસ ઉમેરીએ તો કેટલા થાય ત્યારે બ્રીટી તેની આંગળીઓ વડે ગણતરી કરતી હશે આ જ વખતે અબી ગેઇલ કે જે એબીના લાડકા નામથી બોલાવાય છે તે કંઇક બીજું જ કરતી હશે તેને આ સવાલ સ્પર્શતો જ નહીં.

જો કે બંનેમાં રમુજવૃત્તિ ભારોભાર ભરેલી છે. એક પત્રકારે એબીને પૂછ્યું કે મારી ઉંમર કેટલી હશે ? ત્યારે બંનેએ એકદમ મજાકના મુડમાં આવી જઇ કહ્યું કે ૯ લાખ વર્ષ અને પછી તાળી પાડતી વખતે બંને હાથ એ મુદ્રામાં ગોઠવાઇ ગયા.

બે માથાવાળા આવા જોડાયેલા બાળકોને સીયામી જોડીયા કહેવાય છે પણ મોટા ભાગનાં સીયામી જોડીયા પોતપોતાના બે પગ, બે હાથ ધરાવી જોડાયેલા જોવા મળ્યા છે. એક જ રક્તવાહીની તંત્ર, બંનેનો એક-એક હાથ-પગ, તેમજ કમર નીચેના એક જ અંગ-ઉપાંગોવાળી બ્રેટી-એબીની જોડી લગભગ અદ્વિતીય જેવી છે. આગવા માણસની જેમ રહેવું અને હાથ પગનો એક જ શરીર હોઇ જરૂર પડયે એક માણસની જેમ તાલમેલ સાથે ઉપયોગ કરવો તેવા સીયામી જોડાયી જવલ્લે જ જોવા મળે છે.

થાઇલેન્ડ કે જે પહેલા સીયામીના નામે ઓળખાતું ત્યાં છેક ૧૮૨૯ની સાલમાં સૌ પ્રથમ અંગ વડે જોડાયેલું બે માથાનું બાળક જન્મેલું તેથી આવા જોડીયાને સીયામી બાળકો કહેવાય છે. સીયામીના આ જોડીયાના નામ ચેંગ અને ચેંગ હતા. તેઓ ૬૩ વર્ષ સુધી જીવેલા. જે આવા જોડીયાનો રેકોર્ડ છે.

પણ બ્રેટી-એબી જેવી શરીર રચના ધરાવતા તબીબોના મતે વિશ્વમાં ત્રણ કે ચાર જ કેસ હશે.

'લાઇફ' સામયિકમાં તેમના વિશે કવર સ્ટોરી છપાઇ હોવા છતાં તેમાં બ્રેટી અને એબ્બ ના માતા પિતા પેટ્રી અને માઇક હેન્સલે તેઓ ક્યા ગામમાં રહે છે તેનું નામન આપવાની આતરી સાથે જ મુલાકાત આપી હતી. કેમકે તેઓ નથી ઇચ્છતા કે તેઓનું જીવન પરેશાનીમાં અને મ્યુઝિયમની જેમ કોઇ જોવા આવે તે રીતે પસાર થાય.

બ્રેટા અને એબી સાથે જ શાળાએ જાય છે, શોપિંગ કરે છે. બંને હાથને ઉપયોગ કરી રેસ્ટોરામાં જમે છે. તેઓ એટલી સરસ અને સરળ રીતે જીવે છે કે કોઇ મેડીકલ સર્જન પણ તેઓને આધુનિક સર્જરી વડે વિખુટાં પાડવાનું ન વિચારે.

બ્રેટા અને એબીના જન્મને યાદ કરતા તેમના માતા-પિતા આજે પણ ભારે રોમાંચકતા અનુભવે છે. ૩૭ વર્ષીય માતા પેટ્રી સાત વર્ષ પહેલા સગર્ભા થઇ ત્યારે કોઇ વિશેષ તકલીફ કે લાગણી તેણે નહોતી અનુભવી, પોતે પણ એક હોસ્પિટલમાં ઇમરજન્સી રૂમમાં નર્સ તરીકે સેવા બજાવતી હોય. માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હતી.

પ્રથમ વખત પત્ની સગર્ભા હોઇ પતિ માઇક હેન્સલ પણ ભારે ખુશી અનુભવતો, અલ્ટ્રા સાઉન્ડ ટેસ્ટમાં પણ એક જ બાળક પેટમાં સ્વસ્થતા પૂર્વક આકાર લઇ રહ્યું હોય તેવા રીપોર્ટ આવ્યા હતા. ડીલીવરી વખતેના ચેકિંગમાં એવું જણાયું કે બાળકનો પીઠનો ભાગ ગર્ભાશયના મુખ તરફ જણાય છે. તેથી સીઝેરીયન કરાવવું પડશે.

પેટ્રી બેભાન હતી અને પતિ માઇક રૂમમાં ડીલીવરી વખતે નહોતો. ડોકટરોએ પેટમાંના બાળકને પીઠથી બહાર ખેંચવાનું શરૂ કર્યું તરત જ બે પગ બહાર નીકળ્યા પણ આશ્ચર્ય વચ્ચે એકની જગ્યાએ બે માથા નીકળ્યા.

આ ઐતિહાસિક પળને બહાર લાવનારા ડો. જોય વેસ્ટરહલે કહ્યું કે એ વખતે અમે આ દ્રશ્યને સ્તબ્ધ મૌન થઇ ગયેલા. થોડી ભાનમાં આવેલ પેટ્રીને કહેવાયું કે તે સીયામી બાળકોને જન્મ આપ્યો છે. તે કાંઇ સમજી નહીં અને હાંફળી ફાંફળી થતાં બોલી કે શું મેં બિલાડીઓને જન્મ આપ્યો છે ?

પેટ્રીને ત્યાં જ રખાઇ પણ હજી વિચિત્ર જોડીયા જન્મીને તરત જ મૃત્યુ ન પામે તે માટે તેઓને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયા. પેટ્રીની બહેને પેટ્રીના કપડાં પહેર્યાને આ જોડીયા બાળકોને એ સમય દરમ્યાન સાચવ્યા. દૂધ પીવડાવ્યું.

પિતા માઇકે કહ્યું કે એ વખતે મારા મિત્રો, સગાવ્હાલાને કેવા બાળકનો હું પિતા બન્યો તે સમાચાર આપતા મુંઝાયો હતો. પણ થોડા સમયમાં જ એ સ્પષ્ટ બન્યું બંને બાળકો નોર્મલ હોય તે રીતે જ ક્રિયા કરતા હતાં.

ચોથા મહિને બે માથા વચ્ચે ત્રીજો હાથ વિચિત્ર રીતે હતો તેને ઓપરેશન વડે કાઢી નાંખવામાં આવેલો. અત્યાર સુધીમાં તેઓને ન્યુમોનિયા, ફેફસા અને કીડનીની તકલીફોને કારણે ત્રણ વખત હોસ્પિટલમાં દાખલ કરવા પડયા છે પણ હવે તેઓ બિલકુલ તંદુરસ્ત છે.

ફેમીલી ડોકટર વેસ્ટરડેલના કહેવા પ્રમાણે એબી કરતાં બ્રેટીને શરદી, ઉધરસ વારંવાર થાય છે. બંનેની રકતવાહિનીઓ અને લોહી સંચાર એક જ છે તેથી એક માટેની દવાની સાઇડ ઇફેકટ બીજાને પણ થાય છે. સારવાર માટે તેઓને એક જ ઇન્જેકશનની જરૂર પડે છે.

લીવર, મુત્રાશય, આંતરડા તથા કમ્મરથી નીચેના તમામ અંગ-ઉપાંગો બંને વચ્ચે એક જ છે પણ તેઓની જ્ઞાનતંતુ સીસ્ટમ અલગ છે.

તમે એબીને તમાચો મારો કે ગમે તે શારીરિક યાતના આપો તો બ્રેટીને કંઇ ખબર જ નહીં પડે તેવું જ બ્રેટીને કરશો તો એબીને ખબર નહીં પડે. પંઠમાં અમુક નજીવો ભાગ એવો છે જ્યાં બંનેને એક સાથે સંવેદના થાય છે.

તેઓને ભૂખ પણ જુદા જુદા સમયે લાગે છે મળ-મૂત્ર, ઉંઘ પોતપોતાના સમયે કે ઇચ્છાએ કરે છે પણ બંને એકબીજાને માનવ જગતને બોધપાઠ મળે તે હદે સાથ સહકાર આપે છે.

તેમના માતા પિતાના મતે ૧૫ મહિનાની ઉંમરે તેઓ જે રીતે ચાલતા શીખ્યા તે દિવસો અમારા માટે યાદગાર રોમાંચક હતાં. આટલા મહિનાન બાળકો હતા પણ ચાલતા શીખતી વખતે તેઓના હાથ-પગ જુદા જુદા શરીર માજના હતા છતાં પણ સહજ સંકલન આપોઆપ થઇ જતું હતું. કોણે પહેલા હાથ મૂકયો કે પગ મૂકયો તે સુદ્ધાંની અમે નિશાની નહોતા કરતાં એમ જ સમતોલપણું તેઓ કેળવતા જતા હતા ખાવાનું, દૂધ પીવાનું આ રીતે જ થતું.

પછી તેઓ સ્વીમીંગ અને સાયકલીંગ પણ જાતે જ શીખ્યા.

આજે પણ ડોકટરોને મન એ કોયડો છે. (શુ.સ. ૪/૯૬)

આંસુ ત્યાં જેમ્સ

એક સજ્જન હતા. સજ્જન એટલે સારા માણસ. સારા માણસ એટલે કોઇનું ખરાબ ન ચાહે. ભલું જ ચાહે. આ સજ્જન આપણા દેશના હતા નહિ. તેમનો દેશ અમેરિકા હતો.

એકવાર એવું બની ગયું કે આ સજ્જનનાં પાડોશીને કઇ અવળું પડી ગયું. સજ્જનની સીધી વાતનો પાડોશીએ અવળો અર્થ કર્યો અને એ રીતે પાડોશીને આ સજ્જન તરફ અણગમો થઇ ગયો. મન તો તેનું એવું ઉંચું થઇ ગયું કે આ સજ્જન સામે મળે અને હિમત ફરકાવે તો કાળું ધબ્બ મોં કરીને ડોક મરડી લે. ધીરે ધીરે અંતર કેટલું બધું વધી ગયું કે પેલાં પાડોશીએ આ સજ્જનની સામે જોવાનું જ બંધ કરી દીધું. પણ પેલા સજ્જનનાં મનમાં તો કોઇ અણગમો ન હતો. કોઇ પાપ ન હતું. સજ્જનને ખુદને નવાઇ લાગતી હતી કે પોતાનો આ પાડોશી શા માટે મારા તરફ નફરત દાખવે છે ?

એવામાં એક દુઃખદ બનાવ બન્યો. સજ્જનનાં પાડોશીના ઘરમાં કોઇનું મરણ થયું. સજ્જન મનમાં કોઇ દ્વેષભાવ રાખ્યા વિના પડોશીને ત્યાં બેસવા ગયા. પાડોશીને આશ્વાસન આપ્યું જે લોકો જાણતા હતાં કે આ બેઉ પડોશીઓને બનતું નથી, એથી નવાઇ પામીને એક માણસે આ સજ્જનને પૂછયું : 'જેમ્સ...તમે અહીં કયાંથી ?'

જેમ્સ બોલ્યા : 'જયાં આસુંઓ હોય ત્યાં જેમ્સ અચૂક હોય...! જયાં આસું વહેતા હોય ત્યાં અશ્રુને લુંછવા ન પહોંચે એ જેમ્સ નહિ.'

ઓળખ્યા આ સજ્જનને...? કદાચ તમે જેમ્સ થોરો કહેશો. તે નહિ. તો જેમ્સ બોન્ડ અરે...! એ તો મહાન જાસૂસ પાત્ર છે. તો પછી આ જેમ્સ કોણ ? હા, તે જેમ્સ આધુનિક યુગના મહાન નવલકથાકાર હેનરી જેમ્સ.

(પરપીડા જાણે તે માણસ)


–ચતુર સોલંકી

(અનુ. ૯૩૦ નું ચાલું)

કવિશ્રે આ શ્લોકમાં કેટલી માર્મિક વાત કહી છે ! તેમાં કેટલો તીખો વ્યંગ રહેલો છે. જે માનવીમાં જરા પણ માનવતાનો અંશ છે, તે આ વાત ગંભીરતાથી વિચાર્યા વગર રહેશે નહિ.

પરોપકાર, ઔદાર્ય, દાન, ત્યાગ, વૈરાગ્ય અને સંયમ એવા ગુણ છે, જેની સુંદર આરાધનાથી માનવ જીવન સફળતા પામી શકે છે. અનંત પુણ્યોદયથી, કર્મોના બંધન તોડવા અને સિદ્ધિના સોપાન સર કરવા માટે માનવજીવન મળ્યું છે. આ સદ્ગુણોનો સારી રીતે વિકાસ કરીને, શિવનગરીમાં પહોંચો, એવી મારી મંગલ કામના છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુરુદર્શી



* જૈન શાસનમાં જાણવાનું અને ભણવાનું એટલા માટે છે કે જીવને સાચા અને ખોટાનો ખ્યાલ આવે. સાચું આચરણમાં આવે નહિ અને ખોટું છૂટે નહિ તો તે નકામું છે.
* સમ્યગદર્શન અને સમ્યગ જ્ઞાનથી જીવને સાચા-ખોટા પરિણામનો ખ્યાલ આવે છે. જ્ઞાની જ્ઞાનની વાતો કરે પણ અમલ કરવામાં અખાડા કરે તો તે અસલમાં જ્ઞાની નથી.
* જે દેવ-ગુરૂ-ધર્મને માનીએ છીએ તેને ઓળખવાની ઇચ્છા ન થાય તો સમજવું કે સમ્યગદર્શન છે જ નહિ.
* જે જીવને સારામાં સારા દેવ-ગુરૂ મળે અને તેને દેવ-ગુરૂ થવાનું મન ન થાય તો સમજી લેવું કે તે મુરખ શિરોમણી છે તેને કોઇ દિવસ સમ્યગદર્શન થવાનું નથી.
* મારે અરિહંત થવું છે. અરિહંત ન થવાય તો મારે સિદ્ધ થઇને મોક્ષમાં જવું છે.
* મારે આ સંસારમાં રહેવું જ નથી. જેને આ મન ન હોય તે અસલમાં અરિહંતનો પૂજારી જ નથી. આ થવાનુ મન થાય તેને સાધુ થવાનું મન છે જ. તમને સાધુ થવાનું મન થતું નથી તેનું કારણ એ છે કે તમારે અરિહંત થઇને કે સિદ્ધ થઇને મોક્ષે જવું જ નથી.
* સંસાર અસાર ભગવાન બોલે અને તે ન લાગે તો જાણવું મિથ્યાત્વ ગાઢ છે તે અસાર લગાડવાનું મન થાય તો મિથ્યાત્વ મંદ પડે. મંદ મિથ્યાદૃષ્ટિને ભગવાનની વાત યાદ રહે છે. તેને સુખ યાદ આવે તો અંદરથી જ અવાજ આવે કે મરી જઇશ. તેને મેળવવાની ધાંધલ કરી તો કષાય તને ખાઇ જશે.
* દુનિયાના રંગ-રાગમાં શું ભર્યું છે? દુનિયાની કોઇ ચીજ જોવામાં, સાંભળવામાં, ભોગવવામાં આનંદ આવ્યો તો આત્મા બગડયો જ સમજો સંસાર તો નર્યું ગંધાતુ કીચડખાનું છે આ કીચડખાનામાં તેને જ આનંદ આવે કે જે મિથ્યાત્વ અવિરતિ અને કષાયમાં બેહોશ હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ઇ.ખોખાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તેત્થયરાણ ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણ

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રભાવના પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂ શાસન રસી

વર્ષ ૧૧

અંક ૪૩+૪૪

* મનુષ્યજન્મનાં સાચાં ફલો.

જિનેન્દ્રપૂજા ગુરૂપર્યુપાસ્તિઃ,
સત્ત્વાનુકમ્પા શુભપાત્રદાનમ્ ।
ગુણાનુરાગઃ શ્રુતિરાગમસ્ય,
નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમૂનિ ।।

શ્રી જિનેશ્વર દેવની પૂજા, સદ્ગુરૂની પર્યુપાસના, દીન-દુઃખી-અનાથ પ્રાણીઓની અનુકંપા, સુપાત્રમાં દાન, ગુણાનુરાગ, શ્રી જિનવાણી શ્રવણનો અપૂર્વ રાગ એ આ મનુષ્યજન્મ રૂપી વૃક્ષનાં ફલો છે.

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

વિવિધ વાંચનમાંથી

અવતરણકાર : પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

૬, આરાનું સ્વરૂપ

પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપનો સુષમસુષમા નામનો.
બીજો ,, ૩ ,, ,, ,, સુષમ નામનો.
ત્રીજો ,, ૨ ,, ,, ,, સુષમ દુષમ નામનો.
ચોથો ,, ૧ ,, ,, ,, દુષમ સુષમ નામનો.
પાંચમો ,, ૨૧૦૦૦ વર્ષનો દુષમ નામનો.
છઠ્ઠો ,, ૨૧૦૦૦ વર્ષનો દુષમ દુષમા નામનો.

ત્રિકાળ પૂજા

જેઓને દાન, અધ્યયન – શીલ પાલન – અને જીવદયાથી જે પુણ્ય થાય છે તે સર્વે પુણ્ય પરમ તારક જિનેશ્વર ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરવાથી થાય છે. જે પુણ્યશાળી જીવો શ્રી જિનેશ્વર ભ. ની પૂજા કરે છે, તેઓને સામ્રાજ્ય, સારી મતિ, પુણ્યની વૃધ્ધિ, પાપનો ક્ષય અને ગ્રહ પીડાની શાંતિ થાય છે.

જે પુરૂષ ઉત્તમ પુષ્પોથી ત્રિકાળ પૂજા–જિનપૂજા કરે છે તે જ પુરૂષ ધન્ય સુકૃતવાન અને ગુણી કહેવાય છે. માટે વિષાદને આપનાર એવા પ્રમાદને છોડી વિવેકી આત્માઓએ ઉદ્યમ પૂર્વક પાપને નાશ કરનારી ત્રિકાળ જિનપૂજા કરવી જોઇએ.

(શત્રુંજય માહાત્મ્યમાંથી–આકાશગામી મહાતંજરવી
મહામુનિએ આપેલ ઉપદેશમાંથી)

વિવેક ૬ પ્રકારનો

૧ વિવેકથી બોલવું ૨ વિવેકથી વર્તવું ૩ વિવેકથી ચાલવું. ૪ વિવેકથી બોલાવવું ૫ વિવેકથી કામ કરવું. ૬ વિવેકથી સારી પંક્તિ મેળવવી.

દેવને જાણવાના ૪ કારણો

જે આંખનું મટકું મારે નહિ. જેના દેહનો પડછાયો પડે નહિ. જેની પુષ્પની માળા કરમાય નહિ. જે જમીનથી ૪ આંગળ ઉંચા રહે.

૧૦ પ્રકારના કલ્પવૃક્ષો

ગૃહાંગ – રહેવા માટે ઘર આપે. જ્યોતિષાંગ – પ્રકાશ આપે ભૂષણાંગ - ઇરેક

(જુઓ ટાઇટલ ૩ ઉપર)

કલિકાલકલ્પતરુ પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાલાળા અને સિદ્ધાન્ત ક્લા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેલાજી ગુંદલા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
ચુનીલાલ વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી મુંદડા (થાણા ગઢ)

વર્ષ : ૧૧] ૨૦૫૫ દ્વિ જેઠ વદ ૧ મંગળવાર તા. ૨૩-૬-૯૯ [અંક : ૪૩-૪૪

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬૦૦૦

卐 પ્રકીર્ણક ધર્મોપદેશ 卐

-પ. પૂ. આ. દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૩ શુક્રવાર તા. ૭-૮-૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજી આશય વિરૂદ્ધ ઠાંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ક્ષમાપના. (**પ્રવચન ૩૩ મું ચાલુ**) અવ૦)

જેને જેને તે સુખની જરૂર પડે તે તો માને કે 'હું સત્ત્વહીન છું, પાપી છું' માટે મારે તેની જરૂર પડે છે બાકી તો તે સુખ છોડી દેવા જેવું જ છે. ઇષ્ટસિદ્ધિમાં આ જ વાત કહી છે કે-હું નબળો છું માટે તે સુખની જરૂર પડે છે. તો હે ભગવન્ ! તે સુખ મળી જાય તો મારી સમાધિ રહે અને આર્ત્તધ્યાન ટળે અને ધર્મ સારી રીતે કરી શકું. બાકી ભગવાન પાસે તે સુખ માગવા જેવું નથી.' સમાધિ પૂરતું તે સુખ માગે તે જુદી વાત છે બાકી દુનિયાની મોજમઝાદ્ધિ માટે તે સુખ માગે તો તેના જેવો પાપી એક નથી. અને તે માટે ય મંગાય એમ જે સાધુ કહે તો તે ય માર્ગ ભૂલેલો છે.

બાકી શ્રી સનત્કુમાર ચક્રવર્ત્તિને કેટલા રોગ થયા છે ? સોળ સોળ રોગ થયા છે તે પણ આંખમાં, કાનમાં, નાકમાં, તે પણ એવા કે બીજા જીવોનાં તો પ્રાણ લઇ લે. જે વખતે કહ્યા કરાવવાની હોય તે વખતે તેઓ સાધુ થઇ જાય છે અને તે બધા રોગોને મઝેથી વેઠે છે તે પણ સાતસો સાતસો વર્ષ સુધી. તેના પ્રતાપે પોતાના

આત્મામાં એવી એવી લબ્ધિઓ પેદા થાય છે કે માત્ર પોતાનું થુંક લગાડે તો ય આખો દેહ સુવર્ણની કાંતિ સમાન થઇ જાય છતાં પણ તે લબ્ધિનો ઉપયોગ કરવાનું મન પણ થતું નથી. તે જોઇને શ્રી સૌધર્મેન્દ્ર મહારાજા પોતાના દેવલોકમાં તેમની ફરીથી પ્રશંસા કરે છે કે– શ્રી સનત્કુમાર ચક્રી સાધુપણામાં પણ રોગોને મજેથી વેઠે છે અને કવાદ્ધિ કરાવવાનું પણ મન થતું નથી. તેથી તે જ બે દેવો– જે શ્રી સનત્કુમાર ચક્રીના રૂપનાં દર્શન કરવા આવેલા તે– ફરીથી ધન્વંતરી વૈદ્યનું રૂપ લઇને તેમની પરીક્ષા કરવા આવે છે અને કહે છે કે– આપ રજા આપો તો આપના રોગો દૂર કરવા ઔષધ આપીએ. ત્યારે શ્રી સનત્કુમાર મહામુનિ કહે છે કે–"આ રોગ તો મારા ઉપકારી છે, પણ જેનાથી આ રોગ થયા તેને દૂર કરવાની તમારી શક્તિ હોય તો દૂર કરો. બાકી આ રોગ કાઢવાની મારામાં પણ શક્તિ છે." એમ કહીને રસોઈ નિતરતી આંબળી મોંઢામાં મૂકે છે તો સુવર્ણની કાંતિ સમાન થઇ જાય છે. તે જોઇને તે બે દેવો હાથ જોડીને, સૌધર્મદેવલોકમાં શ્રી ઇન્દ્ર મહારાજાએ કરેલી પ્રશંસાની વાત કરીને પાછા જાય છે. પોતાની પાસે જ લબ્ધિઓ હોવ છતાં ય તેનો ઉપયોગ તેઓએ કર્યો ? દુનિયાના સુખની જરૂર પડે તેથી તે સુખને ઉપાદેય મનાય જ નહિ, તે સુખ તો હેય, હેય ને હેય જ છે. દુનિયાના સુખને ઉપાદેય માને તો મિથ્યાત્વને આવતાં વાર નહિ અને સમકિત આવ્યું હોય તો જતાં ય વાર નહિ. તેની સમ્યક્ત્વ મોહનીય પણ મિથ્યાત્વ મોહનીય થઇ જાય.

તમને આ ત્રણે રાગ ભૂંડા લાગે છે ? તેને પરિહરવાનું મન થાય છે ? અત્યારે તમારામાં કયો રાગ છે ? દૃષ્ટિરાગ છે ? સાધુમાં રહેલી સાધુતાથી જો સાધુ ગમે તો તે ગુણરાગ કહેવાય પણ સાધુતાને બદલે વ્યક્તિ તરીકે ગમવા લાગે તો તે ય દૃષ્ટિરાગ કહેવાય. અથવા સ્નેહરાગ કહેવાય માટે આ ત્રણે ય રાગ છોડવાના છે.

સભા૦ : ઘર પરનો રાગ તે કામરાગ કહેવાય કે સ્નેહરાગ કહેવાય ?

ઉ૦ : ઘર તે સંસારનાં સુખનું સાધન છે માટે તે સ્નેહરાગમાં જાય. જેના વિના ચાલે નહિ તે સ્નેહરાગ કહેવાય. જેની સાથે ભોગ કરો, ભોગ કરવાની ઇચ્છા થાય તે કામરાગ કહેવાય. આટલો ભેદ આ બેમાં પડે. બાકી સ્નેહરાગમાંથી ક્યારે કામ–રાગ થઇ જાય તે કહેવાય એવું નથી.

'સૂત્ર–અર્થ તત્ત્વ કરી સદ્દહું; સમ્યક્ત્વમોહનીય, મિશ્ર મોહનીય પરિહરું, કામરાગ–સ્નેહરાગ–દૃષ્ટિરાગ પરિહરું" આવી જેની શ્રદ્ધા હોય તેને સુદેવ–ગુરુ–ધર્મ

આદરવા જેવા લાગે અને કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરવા જેવા જ લાગે માટે આગળના બોલ છે 'સુદેવ-સુગુરૂ-સુધર્મ આદરું, કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરૂં.'

તમે બધા સુદેવ-સુગુરૂ-સુધર્મને ઓળખો છો ? કુદેવ, કુગુરૂ અને કુધર્મને કદી માનો નહિ ને ? આપણે ત્યાં ય કુગુરુ હોય તો તેને ય છોડવા જ પડે. બહુ પરિચિત હોય તો ય મૂકી દેવો પડે, વર્ષો સુધી માન્યા હોય તો ય તેનાથી દૂર થવું પડે તો સમ્યક્ત્વ ટકે, અને ધર્મ પમાય. આ શાસ્ત્રાજ્ઞા છે અને તે માટે જમાલિની વાત અનેકવાર કરી આવ્યો છું.

શિષ્ય : બહુ ઉપકાર કર્યો હોય તો ય.

ગુ : તેને ય છોડી દેવા પડે. સમજે તેવા હોય તો સમજાવાય. સમજાવવા માટે બધા જ પ્રયત્નો કરાય. છતાં ય ન સમજે તો આપણું ય બગાડતો હોય તો મૂકી દેવ પડે. સગો બાપ પણ ઝેર આપે છે તેમ બનવા પડે તો શું કરો ? તેવું જ અહીં સમજી લેવાનું.

જે રાગ-દ્વેષાદિ અઢારે દોષોથી રહિત હોય તે સુદેવ કહેવાય અને જે રાગી-દ્વેષી હોય તે કુદેવ કહેવાય. જે પાંચ મહાવ્રતોને ધારણ કરનાર હોય, ભિક્ષા માત્રથી જીવનાર હોય, અને હંમેશા સામયિકમાં જ રહેનાર હોય અને જે આવે તેને શ્રી જિનેશ્વરદેવોએ કહેલા ધર્મનો જ ઉપદેશ આપતા હોય તે સુગુરૂ છે. તેનાથી વિપરીત આચરણ જે કરતા હોય તે બધા જ કુગુરૂના કોટિમાં જાય. શ્રી જિનેશ્વરદેવોએ કહેલો અહિંસા-સંયમ અને તપ સ્વરૂપ જે ધર્મ તે સુધર્મ છે, તેનાથી વિપરીત સ્વરૂપવાળો કુધર્મ છે. શ્રી જિનશાસનમાં આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મ એવું નથી કહ્યું પણ આવા હોય તે દેવ કહેવાય, આવા હોય તે ગુરુ કહેવાય અને આવો હોય તે ધર્મ કહેવાય; એમ કહ્યું છે.

જે સુદેવ-સુગુરૂ-સુધર્મને આદરે તેને જ્ઞાન-દર્શન-ચારિત્રને આદરવાનું મન થાય. માટે તે પછીનો બોલ છે 'જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરૂં.' આમાં પણ સાધુપણાની ઇચ્છા આવી ને ? જેને જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવી હોય તેને તેની વિરાધનાથી બચવું પડે ને ? તેથી તે પછીનો બોલ છે 'જ્ઞાન વિરાધના દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું.' જેને સાધુપણાની ઇચ્છા પણ ન થાય તે તે ગુણની વિરાધના કરે છે એમ કહેવાયને ? જેને હું ક્યારે સાધુપણું પામું તેમ થાય તે જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધનાની ઇચ્છા કહેવાય. તમને બધાને આવી ઇચ્છા

રોજ થાય ? અમે પણ આ બોલીએ અને અમારા હૈયામાં પણ જો આવો ભાવ ન હોય તો અમે પણ દેવ–ગુરુ–ધર્મને ઠગનારા કહેવાય.

તે પછીના બોલ છે 'મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું' 'મનદંડ વચનદંડ, કાયદંડ પરિહરું.' માનસિક, વાચિક અને કાયિક પાપ ત્યજવ.ના છે. આ પ્રમાણે સમજીને બોલનારનું મન કદી ખોટી વિચારણા કરે નહિ, વચન ખોટું બોલે નહિ અને કાયા ખોટું કામ કરે નહિ કદાચ ખોટું કામ કરવું પડે તો દુઃખથી કરે. આ પ્રમાણે સમજીને જે આ બોલ બોલે તે કેવા જાગૃત હોય. મનને એકપણ ખોટા વિચારમાં જવા દેવું નહિ અને ભગવાનની આજ્ઞા મુજબના વિચારમાં જ જોડી રાખવું તેનું નામ મનોગુપ્તિ છે.

સભા૦ : ઉત્સૂત્ર પ્રરૂપણા મનોગુપ્તિમાં આવે ?

ઉ૦ : હા, ખોટા વિચાર કરે એટલે મનગુપ્તિ ગઇ. પછી તેમાંથી ઉત્સૂત્ર પ્રરૂપણાં આવે.

ભગવાનનાં વચનથી વિરૂદ્ધ બોલાય નહિ અને આજ્ઞા મુજબ બોલે તે વચનગુપ્તિ કહેવાય. કાયગુપ્તિમાં ભગવાનની આજ્ઞા મુજબની ક્રિયાઓમાં કાયાનો ઉપયોગ કરવો, બાકી જરા પણ કાયાને હલાવવી–ચલાવવી નહિ તે કાયગુપ્તિ છે. સાધુઓને વગર કારણે આસન ઉપરથી ઊઠવાની પણ મના છે. આ ત્રણે ગુપ્તિ જો આવી જાય તો નિંદા–કુથલી આદિ બધા દોષો જે આજે શ્રી સંઘમાં પેસી ગયા છે તે દૂર થઇ જાય. તમારે પણ ભગવાને જે કહ્યું છે તે પ્રમાણે કરવાનું છે, ભગવાને જેની ના પાડી હોય તે કરવાનું નથી કદાચ કરવું પડે તો દુ.ખપૂર્વક કરે પણ મઝાથી કરે નહિ.

સભા૦ : વિચારો ચોવીશે ય કલાક ચાલુ રહે છે તેનું શું ?

ઉ૦ : તમે આ બધું સમજ્યા નથી માટે તમારા વિચારો મોટા ભાગે ખોટા જ હોય છે. ઘણાના તો વિચારો એવા હોય છે જે જાહેરમાં બોલી શકાય તેવા નથી હોતા. જેના વિચારો બીજાને કહી ન શકાય તેવા હોય તે આકરગી કહેવાય કે જનાવર કહેવાય ?

તમારા મોટાભાગના વિચારો દુર્ગતિમાં જ લઇ જનાર છે તેને રોકવાની મહેનત કરતા હોત તો તેવા વિચાર આવત નહિ. ઘરમાં બારણું ઉઘાડું રહી ગયું હોય અને કૂતરું આદિ જનાવર પેસી જાય તો તેને હડે...હડે...કરીને, ના માને તો લાકડી બતાવીને પણ બહાર કાઢો છો. તેમ ખોટા વિચાર આવે તો તરત જ કાઢી

નાખવા જોઇએ. 'મારી લક્ષ્મી ચાલી જાય, મારા ઘરમાં ધાડ પડે' આવા વિચારો કદી આવ્યા છે? વેપારાદિના સમયે ખાવા-પીવાના વિચારો આવે છે? બજારમાં ગમે તેટલો કોલાહલ ચાલુ હોય તો પણ પૈસાની લેવડ-દેવડમાં ભૂલ થાય છે?

શાસ્ત્રે તો કહ્યું છે કે– શ્રાવક સંસારમાં રહ્યો હોય તો પણ તેના વિચારો સારા હોય. તે ઘરમાં રહ્યો હોય તો ય ઘર છોડવાના વિચારમાં હોય, વેપારાદિ કરતો હોય તો પણ તે વેપારાદિ ક્યારે છૂટે તે વિચારમાં હોય; વેપારાદિમાં પણ કોઇને ઠગવાનો ભાવ ન હોય. ભલેા ભોળો અજ્ઞાન ગ્રાહક આવે તો તે ય જે માલ માગે તે જ લઇને જાય, અધિકભાવ લે નહિ અને ખોટો માલ આપે નહિ.

સભા૦ : સંસારમાં તો અનેક વિચારો કરવા પડે ને?

ઉ૦ : આ શ્રાવકના વિચારોની વાત ચાલે છે, સંસારી જીવોના નહિ. સંસારી જીવો તો મોટેભાગે આર્ત્તધ્યાનના કે રૌદ્રધ્યાનના વિચારોમાં હોય.

શ્રાવકને પોતાના છોકરા–છોકરીને કદાચ સંસારમાં ય ઠેકાણે પાડવા પડે તો કહે કે– એવું ઘર જોઇશ જ્યાં ધર્મ હોય પણ અધર્મ ન હોય. શ્રાવક પોતાના વિચારો પ્રગટ કરે તો ય લોક ખુશ થાય. તે વેપારાદિમાં ય કોઇને ઠગે નહિ, સમજુ પાસે ઓછો ભાવ અને મૂરખા પાસે વધુ ભાવ લે નહિ. તેના વેપારમાં ય અનીતિ-અન્યાયાદિ વિચાર ન હોય. તેનો દુશ્મન પણ તેને ખરાબ ન કહે. વેપારી છે પણ તેનામાં હરામખોરી નથી, કદાચ લોભીયો હશે તે જુદી વાત પણ જીવ સારો છે તેમ તે કહે.

સભા૦ : કમાવાની ચિંતા નથી પણ સાચવવાની ચિંતા છે.

ઉ૦ : આવાને ધર્મી કહેવાય? પુણ્ય ઉપર શ્રદ્ધાવાળો કહેવાય? પુણ્ય હશે તો બચવાશે બાકી પુણ્ય નહિ હોય તો રક્ષણ માટે રાખેલો નોકર પણ લુંટીને લઇ જશે. આજે તો આવા ઘણા કિસ્સા નજરે ચઢે છે.

તમે બધા જો નોકરોને સાચવતા હોત તો તે કદી ચોર ન થાત. આજે તો તમે નોકરોને એવી રીતે રાખો છો કે તે ચોર જ થાય! નોકર પાસે કામ કેટલું કરાવે અને પગાર કેટલો આપો? નોકર ઉદાસ હોય તો પૂછો ખરા કે– કેમ ઉદાસ છે? શું તકલીફ છે? તેની તકલીફ જાણી ફેર કરતા હોત તો તમારા માટે તે માથું આપત. અડધી રાતે બોલાવો તો આવત અને આજે તો ડીયો બતાવે છે.

આ પચાસ બોલ જે જીવ સમજીને બોલે તે જાગતો રહે. પછી તેની શક્તિ કદી ગોપવે નહિ. ન કરવાનું કરે નહિ અને કરવામાં પાછી પાની પણ કરે નહિ. પછી તો તે જીવ રોજનો તપસ્વી થઇ જાય. પણ જેને પોતાને જ ભાન હોય તેનું તે જાણે. બાકી આ પચાસ બોલ આપણા બધાને ઉપકારક છે. જે ન બોલે તે બધા ઊંધે માર્ગે છે. બાકીના બોલની વાત હવે પછી—

❋ સિદ્ધિના સોપાન ❋

—પૂ. આ. શ્રી વિજયકનકચંદ્ર સૂ. મ.

મુંજ અને ભોજ

મુંજમાં સત્તા અને રાજ્ય લોલુપતા ઘણા મોટા પ્રમાણમાં હતી. પોતાની પૂર્વાવસ્થામાં લીલા ઘાસ ઉપર અસહાય, અબોધ અવસ્થામાં એકલો પડયો હતો, તે વાત બિલકુલ વિસરી ગયો હતો. તેણે ભોજના પિતા સિન્ધુલની આંખો લોઢાના ગરમ સળિયા નાંખી ફોડાવી નાખી હતી અને પોતે સિંહાસને બેસી ગયેલ. એકવાર જોષીએ ભવિષ્યવાણી ભાખી કે, સિન્ધુલનો પુત્ર ભોજ પર વર્ષ, પાંચ માસ અને ૫ દિવસ સુધી માલવા, બંગાળ, ગૌડ અને ચેદી દેશ પર રાજ્ય કરશે! સાંભળીને તે તે ભડકી ગયો. તે સત્તામાં ખૂબ આસકત થઇ ગયેલો. તેથી તેને થયું કે, ભોજનો કાંટો અત્યારથી કાઢી નાંખવો સારો! ન કરે નારાયણ અને તે સત્તા ઉપર આવશે, તો મને નાહક હેરાન કરશે!

આજ સુધી તે ભોજને ખૂબ પ્રેમથી પાળતો–પોષતો હતો, પણ આ વાત સાંભળીને તેણે નક્કી કર્યું કે, ભોજની હત્યા કરાવવી! સત્તા અને ધન માણસને કેટલો પાગલ બનાવી શકે તેમ છે, તે માટે આ ઉદાહરણ ખૂબ જ સચોટ છે

ભોજ તે વખતે આઠ વર્ષની ઉંમરનો હતો. મુંજે ચાંડાલોને બોલાવીને કહ્યું : જાવ, ભોજને જંગલમાં લઇ જઇને મારી નાંખો!

ચાંડાલ લોકો કોઇક બહાનું બતાવીને ભોજને જંગલમાં લઇ ગયા. નિર્દોષ બાળકને જોતા તેમના મનમાં દયાના ધોધ વછૂટયા. તેમણે ભોજને કહ્યું : 'આપણા રાજા મુંજે તમારી કતલ કરવાની અમને આજ્ઞા આપી છે. પણ તમને જોતા અમને દયા આવે છે. અમે તમને મારીશું નહિં. અમે તમને છોડી દઇએ છીએ. તમે અહીંથી ભાગી જાવ!

ભોજ પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કાર અને પુણ્ય લઇને આવ્યા હતા. આથી ચાંડાલોના દિલમાં દયા વછૂટી. લઘુવય હોવા છતાં પણ ભોજમાં પૂર્વજન્મના સંસ્કારોને લીધે બુદ્ધિ ખૂબ સારી રીતે ખીલી ઉઠી હતી. તેમણે (ભોજે) વિચાર્યું, કે, મારા સંરક્ષક મારા કાકા મુંજ સત્તાના નશામાં અંધ બન્યા છે. તેમનું હૃદય બોલાવા મારે પ્રયાસ કરવો જ જોઇએ. મારા પિતાની આંખો તેમણે ફોડાવી નાંખી. આને મારી હત્યા કરાવવા માટે પણ તે તત્પર થયા છે. ઓહ! માણસ કેટલો ક્રૂર બની શકે છે! માણસ કેટલો અંધ બની શકે છે!

ભોજે પોતાની પ્રતિભાવથી એક શ્લોક રચ્યો. એ શ્લોક ચાંડાલોને આપીને કહ્યું : "આ શ્લોક સત્તામાં અંધ બનેલા મુંજને આપજો. સંભવ છે કે, આનાથી તેના હૃદયની આંખ ખુલી જાય. ચાંડાલોએ આ વાત નિઃસંકોચ સ્વીકારી લીધી ભોજે લખેલા શ્લોકનો અર્થ નીચે પ્રમાણે હતો.

કૃતયુગનાં ભૂષણ સમાન માન્ધાતા રાજા થઇ ગયા. રાવણનો નાશ કરવા માટે સાગર ઉપર જેમણે પૂલ બાંધ્યો હતો, તે રાજા રામ થઇ ગયા. યુધિષ્ઠિર જેવા સાર્વ-ભૌમ ચક્રવર્તી અનેક રાજાઓ થઇ ગયા. આ બધા માટીમાંથી જન્મી માટીમાં જ મળી ગયા. આમાંથી કોઇની પણ સાથે આ પૃથ્વી ગઇ નહિ. પરંતુ હે મુંજ! કદાચ તમારા મૃત્યુ પછી આ પૃથ્વી ચોક્કસ તમારી સાથે આવવાની હોય એમ લાગે છે!

આવી કઠોર વ્યંગભરી પંક્તિઓ વાંચતાની સાથે જ મુંજને સખત આઘાત લાગી ગયો. તેને પોતાના જીવન પરત્વે ખૂબ ઘોર ગ્લાનિ અને ઘૃણાભાવ ઉત્પન્ન થયા. પોતાના દુષ્કૃત્યો પર તેને અનહદ પસ્તાવો થવા લાગ્યો! ઓ ભોજ! ઓ ભોજ! મેં આ શું કરી નાંખ્યું! એમ બોલતો બોલતો મુંજ ખૂબ વિલાપ કરવા લાગ્યો. મેં જ સિંધુલની આંખો ફોડાવી નાંખી. મેં જ બાળક ભોજને મરાવી નાંખ્યો! હું કેટલો પાપી, કેટલો અધમ અને કેટલો નીચ છું!

ભોજના નામની હૃદયદ્રાવક ચીસો નાંખતો નાંખતો મુંજ–રાજા જમીન ઉપર, શોકમગ્ન થઇને મૂર્છાવસ્થામાં પડયો. તેના ઉપચારો તરત કરવામાં આવ્યા. તે ભાનમાં આવતા ચાંડાલોને કહેવા લાગ્યો કે, તમે બાળક ભોજની હત્યા ન કરી હોત, તો ઘણું સારું કામ થાત! હું સત્તાનાં નશામાં ભાન ભૂલી ગયો હતો! ચાંડાલોએ આ વાત જાણી કે, મુંજનો પસ્તાવો ખરેખર સાચા હૃદયનો છે, ત્યારે તેમણે સાચું નિવેદન કર્યું કે, સ્વામિન્! અમે અપરાધ કર્યો છે, પરંતુ અમારો અપરાધ માફ કરો. બાળક ભોજને જોઇને અમારા મન ઉપર દયાનું એક જબરદસ્ત મોજું છવાઇ ગયું. આથી અમે તેને નસાડી મૂકયો છે. અમે તેની હત્યા કરી નથી. આ માટે અમને માફી આપો!

આ સાંભળીને મુંજની ખુશાલીનો પાર ન રહ્યો. સૈનિકોને ચારે દિશામાં દોડાવીને ભોજને શોધી કાઢયો. ભોજને રાજધાનીમાં પાછો લાવ્યા બાદ, મુંજે તેને રાજગાદી પર બેસાડયો અને પોતાના પાપોનું આંશિક પ્રાયશ્ચિત કર્યું.

મુંજનો અંત ખૂબ જ દુઃખદ સ્થિતિમાં આવ્યો, યુદ્ધમાં તૈલપે મુંજને કેદી

તરીકે પકડયો અને પોતાના કેદખાનામાં કેદ કર્યો. એક દિવસ ફરજિયાત તેના હાથમાં ભિક્ષા–પાત્ર પકડાવીને ઘેરઘેરથી ભિક્ષા માગવાની લાચારીમાં તેને મૂકયો.

કેદખાનામા તૈલપની બેન મૃણાલવતી સાથે મુંજનો દંહિક–સંબંધ બંધાયો, ગુપ્ત રીતે ભાગવાની તૈયારી થઇ, પણ આ ષડયંત્ર પકડાઇ ગયું અને મુંજને ફાંસીના માંચડે લટકાવી દેવાયો.

પાપકર્મનું પરિણામ ખૂબ ખરાબ–ભયંકર આવે છે. કર્મ કોઇ પર દયા કરતા નથી. કર્મનું શાસન ઘણું જ કઠોર છે. પાપનું ફળ વહેલા મોડા સૌ કોઇને ભોગવવું જ પડે છે.

હિટલરનો જન્મ સામાન્ય ઘરમાં થયો હતો. તેણે પોતાની પાશવી શક્તિનો બેહદ ફુગાવો કર્યો હતો. તેણે અસંખ્ય માનવીઓની કતલ કરી. યુરોપ આખાને યુધ્ધની આગમાં તેણે હોમી દીધું. લાખો પ્રાણીઓના જાન લીધા. આખરે આનું પરિણામ કેટલું કરુણ આવ્યું ? તેને પોતાના જ હાથે આત્મ–હત્યા કરવી પડી. પાપનું કેટલું ભીષણ–પરિણામ આવે છે ! આવી અનેક ઘટનાઓ પર વિચાર કરીને ભવ્ય–આત્માઓએ પાપકર્મથી દુર રહેવા માટે પ્રયાસ કરવો જોઇએ. ધન અને સત્તાનો નશો અત્યંત ભયંકર છે. આમાંથી બધાએ બચવું જ રહ્યું. જેમને ધન અને સત્તા અનાયાસે મળ્યા છે, તેમણે તેના સદુપયોગથી પરોપકાર અને પરમાર્થના કાર્યો કરવા જોઇએ.

— એક તિથિ પક્ષની હાઇકોર્ટમાં હાર —

માટુંગાના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે કરેલી રિટ પિટિશન કે તિથિ પક્ષે સિટી સિવિલ કોર્ટમાં કરેલા કેસની કાર્યવાહી અટકાવવા માટે કરવામાં આવી હતી. રિટ પિટિશનમાં શ્રી માટુંગા જૈન શ્વેતાંબર તપગચ્છ મૂર્તિપૂજક સંઘના ટ્રસ્ટીઓએ એવી રજૂઆત કરી હતી કે બે તિથિ પક્ષે કરેલા કેસ સિટી સિવિલ કોર્ટના અધિકાર ક્ષેત્રમાં આવતો નથી.

અને કેસ માટે ચેરિટી કમિશનરની પૂર્વ પરવાનગી લેવી જોઇતી હતી. આ રિટ અરજીને ડિસમીસ કરતા હાઇકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રીમતી ડે. કે. બામે સિટી સિવીલ કોર્ટના કેસમાં ચેરિટી કમિશનરને ઇણ એક પક્ષકાર બનાવાનો આદેશ કર્યો હતો, અગાઉ માટુંગા જૈન સંઘના ટ્રસ્ટીઓએ બે તિથિ પક્ષને તેમની પોતાની માન્યતા પ્રમાણેની આરાધના માટુગા મંદિરમાં તેમજ ઉપાશ્રયમાં કરતા રોકવા માટે ત્રણ ઠરાવો કર્યા હતાં. આ ઠરાવો સામે બે તિથિ પક્ષના શ્રાવકોએ સિટી સિવીલ કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસની વચગાળાના આદેશ પૂરતી સૂનાવણી પૂરી થઇ ગઇ અને આદેશ આવવાની તૈયારી હતી. ત્યારે એક તિથિ પક્ષે સુનાવણી અટકાવવા હાઇ-કોર્ટમાં રિટ કરી હતી. જે આજે ડિસમિસ થઇ ગઇ છે, એમ શ્રી જિનશાસન રક્ષા સમિતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. –મુંબઇ તા. ૨૦–૪–૯૯

મહાભારતનાં પ્રસંગો

[પ્રકરણ-૫૨] —શ્રી રાજુભાઇ પંડિત

એતે શતં વયં પંચ, યાવદ્વૈરં પરસ્પરમ્
પરૈસ્તુ પરિભૂતા હિ, વયં પંચોત્તરં શતમ્ ॥

" તે સો ને આપણે પાંચ, પરસ્પરના ઝગડા મહિં
બીજાથી પરાભવ થતે, આપણે એકસો પાંચ. "

પાંડવો ફરી દ્વૈતવનમાં આવી પહોંચ્યા છે સુકૃત કરતા કરતા સમય વીતાવી રહ્યા છે.

એક દિવસ દુર્યોધનની પત્ની ભાનુમતી અત્યંત દુઃખી થયેલી અહીં આવી ચડી. માતા કુંતીને નમીને બે હાથે વસ્ત્રનો પાલવ પકડીને ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી. કેમે કરીને કુંતી માતા તથા દ્રૌપદીએ તેને શાંત પાડી, આશ્વાસન આપતા તે દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે ભાનુમતી બોલી કે- "પ્રસારેલા આ વસ્ત્રના પાલવમાં હું પતિની ભિક્ષા માંગુ છું, ધર્મપુત્ર! મારા પતિ દુર્યોધન તેના કરેક ભાઇઓ સાથે અત્યારે વિટંબણા ભરી યાતના વેઠી રહ્યા છે. તેને માત્ર આપ જ મુક્ત કરાવી શકો છો. ભીષ્મ પિતામહના કહેવાથી હું અહીં આવી છું."

"પણ મારા પ્રિય બંધુ દુર્યોધનને મૃત્યુ સંકટ શી રીતે છે? કોણે તેને પ્રાણાંત કષ્ટમાં નાંખ્યો છે?

જવાબમાં ભાનુમતીએ કહ્યું-

દ્વૈતવનના ગોકુળો જોઇ- જોઇને સ્વૈર વિહાર માણી રહેલા તમારા બંધુ ગોકુળોને કૃતાર્થ કરી રહ્યા હતા. ત્યારે એક દૂતે આવીને અહીંથી થોડે દૂર રહેલા અત્યંત સુંદર ઉપવન તથા મહેલ હોવાની વાત જણાવતા તમારાં બંધુએ ત્યાંના રક્ષકોને હણી નાંખીને રમણીય ઉપવનમાં ભાંગ-ફોડ મચાવી કઇને મહેલમાં કબજો જમાવી રહેવા માંડયુ. તેઓ સુખેથી રહેતા હતા. ત્યારે બીજી બાજુ રક્ષકોએ ખેચરાધિપતિને ઉપવનના ભાંગ-ફોડના સમાચાર આપતા વિરાટ સૈન્ય સાથે ખેચરાધિપતિ ખેચરેન્દ્ર આવી ચડયો.

તો પહેલુ યુદ્ધ જયદ્રથ-ભગદત્ત સુશર્મા આદિ અનેક રાજાઓ સાથે ખેચરોએ કર્યું પણ ખેચરોના વિરાટ ગગનગામી સૈન્ય સામે તે કોઇ ટકી ના શકયા. અને સંગ્રામ-

માંથી ભાગી ગયા. રાજાઓનો પરાજય સાંભળતા જ કર્ણ યુદ્ધ કરવા આવ્યો. ખેચરેન્દ્ર કહ્યું– કર્ણ ! જે પ્રચંડ ગાંડીવ ધનુર્ધર પાર્થની સાથે તું સ્પર્ધા કરે છે. આજે હું તારા પરાક્રમનો મુકાબલો કરીને તારા શૌર્યને જોઇ શકીશ.

પછી બન્ને વચ્ચે ભયાનક યુદ્ધ થયુ. કર્ણના વીજળી વેગે છૂટતા બાણો જોઇને ખેચરેન્દ્રને આશ્ચર્ય થયું છેવટે તેણે પોતાના ધનુષ ઉપર બાણોના સંધ્યાન કરીને ભયાનક શરાશરી યુદ્ધ ખેલ્યું પણ ખેચરેન્દ્રના બાણોથી મર્મ સ્થળોમાં વિંધાઇ ગયેલો કર્ણ ચાલુ યુદ્ધમાંથી જીવ બચાવીને નાસી ગયો.

આથી ક્રોધથી ધમધમતા તમારા બંધુ, મામા તથા ભાઇઓ સાથે યુદ્ધ–૦ંગામમાં આવી ચડયા.

ખેચરેન્દ્રે કહ્યું– દુર્યોધન તારા અહંકારના જવરનો મારા બાણો ઇલાજ કરવા તલસી રહ્યા છે. અહંકારાંધ બનેલા તેં મારા ઉપવન અને મહેલમાં ખલેલ જમાવ્યા છે. પણ હવે હું તારી ચિકિત્સા કરૂ છું તું જોઇ લે. એમ કહીને તેણે શરસંધાન કર્યા.

સામે તમારા બંધુએ પણ કહ્યું કે– ગગનચર ! હજી તો મેં તારૂ કશું જ લીધું આ મહેલ કે ઉપવન તો શું હવે તો તારા પ્રાણો અને સમૃદ્ધિ પણ મારા આ તીક્ષ્ણ બાણો ખેચી લેશે. યુદ્ધ માટે સજ્જ થા વાયડી વાતો ના કર. જેની તાકાત છે આખુ વિશ્વ તેનું છે. અને શત્રુની ક્ષેજ પણ ઉપેક્ષા એ અમારી કુળ મર્યાદા નથી.' આમ કહીને તમારા બંધુએ પણ ભયાનક શર ટંકાર કરી બાણોની વર્ષા વરસાવી ખેચર સૈન્યમાં નાસભાગ મચી.

હવે એકલા પડી ગયેલા દુર્ધર શત્રુને હમણાં જ બંદી બનાવી લેવાશે તેમ સમજીને વધુને વધુ શત્રુ તરફ આગળ વધી રહેલા તમારા બંધુ ઉપર પાછા ફરીને વિદ્યાધરોએ અચાનક હુમલો કર્યો. કરેકને ઘેરી લીધો અને યુદ્ધ કરી કરીને તે કરેકને ખિન્ન કરી મૂકીને છેવટે સૌએ બંધુઓના પગ તથા ગળામાં એકજ શુંખલા વડે ગાઢ રીતે બાંધી લીધા. તમારા બંધુની સઘળી રાજઋદ્ધિ આંચકી લઇને અત્યારે દુઃસહ સૂર્યના તાપમાં તે ખેચરેન્દ્ર તપાવી રહ્યો છે અને રોજે તે દુર્યોધનાદિને બંધનમાં જ રાખીને તેના સૈન્યને બંધનગ્રસ્ત દશામાં બતાવી રહ્યા છે કોઇ છોડવનારની તેમને આશા છે.

આ સમાચાર સાંભળતા મેં કર્ણ જયદ્રથાદિને બહુ ઉપાલંભ દીધા. પણ નીચા મોડા કરીને સાંભળીને તેઓ ફર ફર ભાગી ગયા છે. ભીષ્મ પિતામહે આ સાંભળીને હસ્તિનાપુરથી આવીને મને કહ્યું– અમે ના પાડવા છતાં દુર્યોધન ગોકુળો જોવા

આવ્યો. આખર તેની આ દશા થઇ. ઓર... હવે વત્સે ! તું જલ્દી અહીં નજીકમાં ક્યાં ક રહેલા પાંડવો પાસે જા. યુધિષ્ઠિર ખરેખર મહાપુરૂષ છે. તે ભૂતકાળને ભૂલી જઇને પણ દુર્યોધનને જરૂર છોડાવશે.'

ભીષ્મ પિતામહના આ વચનથી પ્રેરાઇને હે કુરૂવંશભૂષણ ! હું તમારી પાસે પતિભિક્ષા માંગુ છું. તમારા ભાઈની બંધન દશામાં તમારો પણ તેજોવધ જ છે. રાજન્ !

બધી ઘટિત જાણ્યા પછી ભીમ તથા દ્રૌપદી મનમાં ખુશ થઇ ઉઠ્યા. ભૂતકાળના કુકર્મોને. તેને વિપાક વેઠવા મળ્યો ખરો. તેમ માની આનંદ પામી ઉઠ્યા.

પણ... પણ... યુધિષ્ઠિરે ભીમ તથા દ્રૌપદીના સાંભળતા જ જરા દૂર જઇને અર્જુનને કહ્યું કે– "પાર્થ ! કોઇ પાપી વ્યોમચરે બંધુ દુર્યોધનને બાંધી લીધો છે તો હવે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જલ્દી જા. અને દુર્યોધનને છોડાવી દે."

ભીમે કહ્યું– હે આર્ય ! એ વિષપ્રયોગ, દ્યુતક્રીડા, દ્રૌપદીનું કેશાકર્ષણ, લાક્ષાગૃહનો દાહ, એ બધાં એ જ શત્રુએ કરેલા અપકારો તમે ભૂલી ગયા ?

યુધિષ્ઠિરે કહ્યું–"દુર્યોધન પણ મારો નાનો ભાઇ છે. પોતાના સ્વજનોની આપત્તિને સત્પુરૂષો સાંખી શકતા નથી વત્સ ! રાત દિવસ ગોત્રની રક્ષા કરવી એ તો કુલીનોની મર્યાદા છે વત્સ !

યાદ રહે આપણા અંદર-અંદરના વૈરમાં તે સો અને આપણે પાંચ જરૂર છીએ પણ બીજા પક્ષથી કુરૂવંશનો પરાભવ થતો હોય ત્યારે એ સો કે આપણે પાંચ નહિ પણ આપણે એકસોને પાંચ છીએ.

તેથી અર્જુન જાય, મારી આજ્ઞાથી બંધુને મુક્ત કરાવે. બંધુ ઉપર ઉપકાર કરવાનો આવો અવસર ફરી ક્યાં મળશે ?"

અને... વડિલબંધુના આદેશ સાથે જ વિદ્યાદ્વારા અર્જુને ઇન્દ્રના પ્રચંડ સૈન્યને હાજર કરી તેની સાથે શત્રુ સામે સંગ્રામ ખેડવા ચાલ્યો. અર્જુને દૂરથી જોયુ તો એક જ બેડીથી પગ તથા ગળામાં બંધાયેલા દુર્યોધનાદિ વિદ્યાધરદ્વારા કદર્થના પમાડાતા જોયા. તરત જ અર્જુને યુદ્ધનું એલાન કર્યું. અને શત્રુને આગળ વધતો રોકીને યુદ્ધ શરૂ કર્યું. અર્જુન પક્ષના વીરોએ શત્રુ પક્ષનું ભંગાણ કરતાં દુર્યોધનાદિ ખુશ-ખુશ થયા. પણ જ્યારે તેને ખબર પડી કે મને મુક્ત કરાવવા અર્જુન આવ્યો છે ત્યારે તેની વેદનાને. કોઇ પાર ન રહ્યો. અને વિચાર્યું કે હે વિધાતા ! ક્રોધાયમાન થઇને

તું મને મારી કેમ નથી નાંખતો ? કે જેથી જીવતા મોત જેવું તું આ અર્જુનથી મારૂ વિમોચન કરાવે છે. આ તો મારા હૈયાના મર્મને હણી નાંખનારૂ વિમોચન છે આનાથી તો મૃત્યુ સારૂં.

દુર્યોધન આમ વિચારે છે ત્યાં તો ખેચરેન્દ્ર અર્જુન પક્ષના રક્ષના વીરોને હણવા આવ્યો પણ નજર સામે અર્જુનને જોતા જ તરત જ તે વિદ્યાધરેન્દ્ર દુર્યોધનના દેખતાં જ અર્જુનના ચરણોમાં નમી પડયો. પછી તે વિદ્યાધર ચિત્રાંગદ અને અર્જુન ગાઢ રીતે દુર્યોધનના દેખતા જ ભેટી પડયા.

પછી અર્જુને પૂછયું ? ચિત્રાંગદ ! શું વાત છે ? આ લોકોને બંધનમાં કેમ નાંખ્યા છે ?

ચિત્રાંગદે દુર્યોધનના સાંભળતા જ કહ્યું કે– હે કુમાર ! ત્યારે રથનૂપુરમાં ઇન્દ્રનગરીમાં તમારી પાસે ધનુર્વેદ શીખ્યા પછી હું મારા આ ભવન તરફ આવતો હતો ત્યારે રસ્તામાં બ્રહ્મર્ષિ નારદમુનિએ મને કહ્યું કે– "તારા ગુરૂ અર્જુનને હણવાના ઇરાદાથી ગોકુળો જોવાના બહાને દુર્યોધન આવી રહ્યો છે તેને અટકાવીને તારા ગુરૂનો ઉપકારનો બદલો વાળવાની આ તક તારે ચુકવા જેવી નથી." આ વાત પૂરી થઇ ત્યાં જ મારા સેવકોએ આવીને ઉપવનના ભાંગફોડની તથા રક્ષકોના મૃત્યુની વાત કરી. અને મેં તરત જ આવીને યુદ્ધ કરીને આ દુર્યોધનાદિને બેડી ગ્રસ્ત કર્યા.

'પણ ચિત્રાંગદ ! હવે વડિલબંધુ યુધિષ્ઠિરની આજ્ઞાથી આ દુર્યોધનને તું મુકત કર, ' એમ અર્જુને કહેતાં મુકત થયેલા દુર્યોધનને નમીને અર્જુન વિદ્યાધરાદિને લઇને યુધિષ્ઠિર પાસે આવ્યા.

દુર્યોધન સિવાય કરેકે યુધિષ્ઠિરાદિને નમસ્કાર કર્યા. છતાં યુધિષ્ઠરે વાત્સલ્ય-પૂર્વક શરમથી શ્યામ બની ગયેલા દુર્યોધનને કહ્યું– વત્સ ! શું કયારે ક સૂર્ય–ચંદ્ર પણ રાહુ વડે નથી ગ્રસાતાં ? તેથી તારે આ બંધન કશાથી દુઃખ લગાડવાની જરૂર નથી અને હવે જલ્દી અનાથ બનેલા હસ્તિનાપુરને સનાથ કર.

પછી પાંડવો પાસેથી વિદાય થયા પછી દુર કોઇ જંગલમાં આવતા દુર્યોધને કર્ણાદિને કહ્યું– હવે હું અહીં જ અગ્નિમાં બાળી મરીશ. હું જીવી શકીશ. નહિ. માટે તમે જાવ.

ત્યારે કર્ણે કહ્યું– હાર જીત તો થયા કરે, મિત્ર ! આટલાથી અગ્નિપ્રવેશ કરવાનો ન હોય એમ કહી સાંત્વન આપી હસ્તિનાપુર લઇ ગયા, પણ તેનું મન હવે ખિન્ન જ રહ્યા કરે છે.

* જેને મન પ્રભુ–આજ્ઞા તેને મન મુક્તિ *

—શ્રી રતિલાલ ડી. ગુદકા–લંડન

પ્રભુ આજ્ઞા પાવનકારી પ્રભુ આજ્ઞા મુક્તિ દેનારી છે. પ્રભુ આજ્ઞા વિના ઘોર સંસારમાં રખડવું પડે છે. પ્રભુ આજ્ઞા વિના ઓવારો નહિં જડે. પ્રભુ આજ્ઞા તો અનંત સુખ દેનારી છે. પ્રભુ આજ્ઞા વિના પગ પણ ન મંડાય તો પછે બીજા ઠાયો તો થાય જ કયાંથી. જુઓ સિદ્ધસેન દિવાકરસૂરિજી મ.એ નમસ્કાર મહામંત્રને પરિવર્તન સંસ્કૃતમાં કર્યું. નમોઽર્હત્ રૂપે–ગુરૂને બતાવ્યું, ગુરૂએ કહ્યું–આમ ફેરવવાથી જિનેશ્વરદેવો ગણધરદેવો ઉપર અશ્રદ્ધા થઇ તેનું મહાન પ્રાયશ્ચિત આવે. ગુર્વાજ્ઞા પ્રેમી સૂરિજીએ પ્રાયશ્ચિત માંગ્યું. સૂરિજીએ ૧૨ વર્ષ ગુપ્ત રેવાનું અને એક રાજાને પ્રતિબોધ કરવાનું પ્રાયશ્ચિત આપ્યું. તહતિ કરી સ્વીકાર્યું. ગુપ્ત થઇ ગયા ૭ વર્ષે અવંતિ આવ્યા ત્યાં સ્ફોટથી અવંતી પાર્શ્વનાથ પ્રગટ કર્યા. રાજા પ્રતિબોધ પામ્યો. બાકી ૫ વર્ષ માફ પુનઃ સંઘમાં લીધા.

હવે અહીંયા આ વાત લખવાથી સમજુ જનોએ ધર્મપ્રેમી અને પ્રભુ આજ્ઞા પ્રેમીઓએ એટલું વિચારવા જેવું છે કે–એક નાનીશી ભૂલ–એક નમસ્કાર મહામંત્રને ફકત પરિવર્તન કર્યું. પણ લોપ નથી કર્યો. ફકત ટુંકાણમાં સંસ્કૃતમાં જોડી દીધું શું? નમોઽર્હત્-સિદ્ધાચાર્યો. પાધ્યાય–સર્વસાધુભ્યઃ આ પંચપરમેષ્ઠીને વંદના નમસ્કાર રૂપે કરવામાં આવ્યું. ટુંકમાં અને એ આજે પ્રતિક્રમણમાં થોય બોલવા પહેલાં શાંતિ બોલવા પહેલા તથા શાંતિસ્નાત્રમાં પ્રભુનું સ્નાત્ર મહોત્સવ કરવામાં ખાસ ઉપયોગ કરાય છે છતાં પણ પોતાની મેળે આમ કરવાથી કેટલું અને કેવું કેવું કઠીન પ્રાયશ્ચિત આવ્યું છે. તે પણ તરત જ ગુરૂ આજ્ઞા માથે ચડાવી તહત્તિ કહીને સ્વીકારેલ છે.

આ.ીંયા ખાસ સુજ્ઞજનોએ સમજવું જરૂરી છે કે–આવા મહાન આચાર્ય જેવા આચાર્યને પણ પ્રભુ આજ્ઞા વિરોધ પ્રભુ આજ્ઞાનું ગણધરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને નમસ્કાર મહામંત્રનું કરેલ પરિવર્તન બદલ ૧૨ વર્ષ ગુપ્ત અને એક રાજાને પ્રતિબોધ કરવાનું આ કાર્ય કાંઇ સહેલું નથી. રાજાને પ્રતિબોધ કરવો અને એમાંએ પાછું ગુપ્ત વેશે રહેવું એ પણ બાર બાર વર્ષ લગી જરા બરાબર વાંચજો–વિચારજો, કે આ શેના માટે ત્યારે આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી તો મહાન આચાર્ય હતા, ધુરંધર જ્ઞાની હતા અને એ કહેવા ધારત તો કહી શકત પોતાનો બચાવ કરી શકત કે મે શું ખોટું કર્યુ છે? અગર તો બીજો બચાવ કરત કે મેં જે કર્યું છે તે બધાના લાભ માટે સારા માટે કર્યું છે. સુગમ પડે માટે કર્યું છે તેમ કહી શકત. પણ ના એ સમ-

જતા હતા કે જરૂર મારી ભૂલ થઇ છે. મેં પ્રભુ આજ્ઞાનો ગુર્વાજ્ઞાનો અનાદર કર્યો છે હું કોણ આમ મરજી પડે તેમ શાસ્ત્રોને કે સૂત્રોને ફેરવી પરિવર્તન કરનાર હું કોણ માત્ર મને શું હક છે ? મેં—પ્રથમ આજ્ઞા કેમ ન લીધી ? એવું તરત જ સમજતા.

આજે તો જૈનો એક શ્રાવક ઉઠીને પણ ઘણીવાર પોતાની મરજીમાં આવે એમ ધર્માનુષ્ઠાનો રાખી દીએ છે કેતાં પોતાની ઇચ્છાનુસાર જે તિથિએ કલ્યાણક હોય એ તિથિએ જ ઉજવવું જોઇએ વળી બીજા ઘણા કાર્યો જેવાં કે ધ્વજારોહિન વર્ષગાંઠ સિવાય પર્વોદિન કાર્તિકી-ચૈત્રી પૂનમ વગેરે જે દિવસે જે વારે આવે ત્યારે જ તે જ દિવસે જ ઉજવવા જોઇએ અને તેમ જો ન કરવામાં આવે તો જિનાજ્ઞા ગુર્વાજ્ઞા શાસ્ત્રાજ્ઞા ભંગનો મહાન દોષ લાગે અને એનું પ્રાયશ્ચિત મહાન આવે મોટું અને એ પણ જાણી જોઇ સમજ્યા પછીથી આવું જો કરવામાં આવે તો પછી ભયંકરમાં ભયંકર દોષના ભાગી બનીએ. આપણે કોણ કે શાસન ઉત્થાપન કરીને આપણે ઠીક લાગે તેમ કરીએ આ વિશે તો વર્ણન ઘણું જ છે અને વિશેષે તો ગુરૂગમ આદિ જાણીને અવશ્ય શુદ્ધિ માટે અને એ પણ આજ દિ લગી જે જે કાર્યો અજાણમાં કે જાણી જોઇને જે જે કરેલ હોય તેના વિશે અને વિશેષ ભવ આલોચના ગુરૂ પાસે માંગવા જોઇએ.

જૈન શાસનની નાવ ચલાવવા માટે ગુરૂભગવંતો આર્ય દેશમાં વિરાજે છે. શાસ્ત્રના પાને છે તુંગિયા નગરીમાં શ્રાવકોને સુદેવ—સુગુરૂ—સુધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધાની પરીક્ષા કરવા ખુદ ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામી ગયા. અને તેઓશ્રીએ ઓઘો ડાબી બાજુએ રાખવાનો હોય તેમ છતાં પણ જાણી જોઇએ જમણી બાજુએ રાખ્યો. આ જોઇ ગણધર જેવા ગણધર ભગવંતને અનંત લબ્ધિના માલીકને ત્યાં કોઇપણ શ્રાવકે વંદન કર્યું નહિ. ત્યારે ગૌતમસ્વામીને ખ્યાલ આવ્યો. આવા તો કેટલાએ દ્રષ્ટાંતો એક—કપિલા ઇત્થંપિ ઇહયંપિ કેવાથી કોટા કોટી સાગરોપમ વધાર્યે. શું કીધું કે ત્યાં પણ ધર્મ છે, અને અહીંયા પણ ધર્મ છે. બોલ્યા છે કેટલું અને દુઃખ કેટલું પડયું. પલ્યોપમથી અસંખ્યગુણું સાગરોપમ થાય. અસંખ્યા એટલે હિસાબ વગરનો મોટો કાળ જુગના જુગ સમજાય છે. આ વાત.

હું સર્વજ્ઞ છું એવું બોલી હે પ્રભુ તારી આજ્ઞાને પગ નીચે કચડીને—એજ ગોશાળો એતો એના જન્મોના જન્મોની ઘોર અધોગતિ બોઢી નાંખી અને એના આત્માને એક ભયંકરમાં ભયંકર દુઃખમાં નાંખ્યું.

શાસ્ત્રના પાને છે કે હેમચંદ્રાચાર્ય પોતાના પટધર આચાર્ય રામચંદ્રસૂરિજીને આજ્ઞા કરી હતી કે આ બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવી અને ગુર્વાજ્ઞાને માન્ય રાખી અને બાલચંદ્રને પદવી ન આપી. ગુરૂ ખાતર કોઇપણ જાતનો ભાવ ન કર્યો

બદકે ધગધગતી પાટ ઉપર સુવું પડયું તો સુઇ ગયા, પણ આજ્ઞાને જીવંત રાખી. જરા વિચારો એ ગુરૂ આજ્ઞા ખાતર ધગધગતી પાટ ઉપર શા માટે સુવું પડયું હશે વિચારો કેટલી બધી ગુર્વાજ્ઞાની કિંમત સમજ્યા હશે. પ્રભુ આજ્ઞા પાવનકારી છે પાપને પખાળનાર છે ગુરૂ આજ્ઞા ગુણકારી છે. ગુરૂ આજ્ઞાથી ગુણોનો સમુહ જરૂરી જીવનમાં આવે છે. શાસ્ત્રના પાને આવે છે કે-

પ્રભુ આજ્ઞા-ગુરૂ આજ્ઞા સિવાય આ માથું કયાંય ન નમે. વિતરાગદેવ સિવાય અને ત્યાગી ગુરૂ સિવાય. એની ખાતર જયસિંહે મહમઠ બેગડાની સામે કેટલું ઝઝુમ્યો. બંને પગ કપાયા એક હાથ કપાયો તોય એ ન ઝુકયો. શું કહે છે પ્રભુ આજ્ઞા બાકી ચાલે, ચાલે એ તો જીવ બચે છે નમી પડયામાં શું વાંધો છે ? માતા નાના બાળકને મોઢામાં ઠાંસરો કે કોઇ હલકી ચીજ નાખે તે જોઇ જલ્દી બળાત્કારે પણ એ બહાર કઢાવે એમ કે ધર્મીજનો સંત પુરૂષો આપણને કાંકરા કે કોલસા રૂપી જયાં ત્યાં જે મોંઢામાં નાખીએ છીએ એને સંત પુરૂષો વાણી દ્વારા આવા આગમ દ્વારા બળાત્કારે પણ સમજાવે અને સારે માર્ગે વાળે છે જયાં ત્યાં વીતરાગ સિવાય ન નમાય એ બતાવે છે.

સમ્યકત્વ વિષે-પરીક્ષા કોને નમાય અંબડ પરિવ્રાજકે પ્રભુને કહ્યું કે હું રાજગૃહી જાઉં છું મારા જેવું કામ આજ્ઞા પ્રભુ કહે છે કે સુલસાને ધર્મલાભ કહેજો તહત્તિ ?-અંબડ તો ઉપડયો રાજગૃહી અને રસ્તામાં વિચારે છે કે એવું તે શું સુલશામાં ભર્યું છે કે પ્રભુ એક સુલસાને જ ધર્મલાભ આપ્યો-વાંચકો વિચારજો. અંબડ તો ત્યાં જ રોજ શહેરના ૪ દરવાજે નવા નવા રૂપ લઇ બેસી જાય છે. એક દિ બ્રહ્માનું, એક દિવસ વિષ્ણુનું, એક દિવસ શંકરનું પણ ગામ આખું દોડી દોડી જાય છે. પણ સુલસા એક નથી જતી બધા પાડોશીઓ ખુબ જ કહે છે સમજાવે છે પણ મૌન અને સ્થા દિવસ તીર્થંકર પ્રભુનું રૂપ બનાવી બેસી ગયો ત્યારે ઘણા ધર્મીઓ કહે છે-આજ તો ચાલ તારો ભગવાન તિર્થંકર આવ્યો છે ત્યારે સુલસા શ્રાવિકા શું કહે છે.

તીર્થંકર પ્રભુની બનાવટ કરીને આ તો કોઇ ઠગારો છે ધૂતારો છે. જા ભાઇ જા બેન આવા ઠગારા ધૂતારાને સુલસા જોવા પણ આવી ના શકે. જિન આજ્ઞા એજ પરમો ધર્મ.

તામલી તાપસે ૬૦ હજાર વર્ષ આયંબિલ તપ કર્યો અને પારણામાં ૨૧ વખત ધોયેલા ચોખા વાપરીને છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કર્યો તો પણ જિનાજ્ઞા રહિત એ અજ્ઞાનતપ બહુ જ અલ્પ ફળ આપનારો બન્યો. શાસ્ત્રના પાને પાને જિનાજ્ઞા એજ

મહત્ત્વનું છે. બાકી પ્રભુ આજ્ઞા વિના–ફોતરા ખાંડવા–મડદાને સોનાના ઘરેણાં પહેરાવવા ભયંકર શુન્ય જંગલમાં રડવું. આ બધું નિષ્ફળ છે તેમ પ્રભુ આજ્ઞા વિના જિન પૂજા કે ધર્મ ક્રિયા નિષ્ફળ જાય છે. પ્રભુ આજ્ઞા વિના આજ લગી કોઇ જીવ. મોક્ષે ગયો નથી પ્રભુ આજ્ઞાને શુદ્ધ ભાવથી સ્પષ્ટ સમજવાને પ્રયત્ન કરવો (ભાવ સેવવો તે (સમ્યગ્જ્ઞાન) સ્પષ્ટ સમજાયેલી દૂધને દૂધ તરીકે જાણવું તે આજ્ઞાને આત્મામાં ઉતારવી તે (સમ્યગ્દર્શન) અને પ્રભુ આજ્ઞાનું શક્ય એટલું પાલન કરવું પ્રભુ આજ્ઞાને માન્ય રાખી આદર કરવો (સમ્યગ્ચારિત્ર).

અનુતર વિમાનમાં રહેનારા દેવોને સુખનું તો માપ નથી હોતું, છતાં તે બાજુ અણગમો હોય અને તેઓ રાતને દિવસ તત્વ ચિંતામાં જ પડયા હોય છે સુંદર સંગીત ચાલુ હોય છે છતાં તે બાજુ મન રાખતા નથી. ૩૩ સાગરોપમનું આયુષ્ય તેમને મોટી જેલ લાગે છે. શા માટે તો ત્યાં તેઓને વિરતિનો અભાવ છે. ફક્ત બે ઘડીનું સામાયિક તેમને ઉદયમાં નથી આવતું જેથી તો તત્વ ચિંતનમાં જ તે પડયા રહે છે કે કયારે અહીંથી છુટીએ. સુખનો તો માપ નથી છતાં આમ કેમ થઇછે છે. આપણું સુખ કેટલું અને આપણું આયુષ્ય કેટલું જરા વિચારો.

ખુદ તીર્થંકર પરમાત્મા દીક્ષા લેતા નાચી ઉઠે છે. ભગવાનનો સાધુ ૮ મા ભવે મોક્ષ જાય તેવી મહોર મારી દીએ છે. એમનો ફોર્મ પાસ થઇ જાય છે. સીકકો લાગી ગયો. આપણો પુન્યોદય પાપોમાં ઢંકાઇ ગયો છે. જેથી પાપ પ્રવૃત્તિમાં વધારે ટાઇમ પસાર થાય છે. કૈયું એવું કઠણ બની જાય છે કે જેથી જલ્દી સામાયિક, પૂજા, પચ્ચકખાણ પ્રવૃત્તિ કરવાનું મન ન થાય. મનુષ્ય ભવ કર્મ ખપાવવા માટે છે. માટે જ ભગવાને ધર્મ ક્રિયાઓ કરવા બતાવી છે. એજ માટે શુભભાવનાથી પ્રભુ આજ્ઞાનુંસારે હંમેશાં ધર્મક્રિયા કરવાથી આત્માનો મોક્ષ થાય છે. એજ—

ગપ્પાના થપ્પા...

* એક માણસ બોરના ઝાડ (બોરડી) નીચે સૂઇ ગયો હતો અને વિચારતો હતો કે ભગવાન કેવો મુરખ છે. બોર આટલાં નાનાં બનાવાય ? બોર તો તરબુચ જેવડાં મોટા હોવા જોઇએ. ને એક બોર ઉપરથી નીચે પડયું. તે બોલી ઉઠયો– ભગવાન, ભૂલ તારી નહીં, મારી છે.

૬. ચંચળ શું છે? ધન

—શ્રી પ્રિયદર્શન

શિષ્ય : 'ગુરૂદેવ, ચંચળ શું છે?'

ગુરૂ : 'વત્સ, ધન ચંચળ છે!'

મારી સામે બેઠેલા તમે સહુ મોટાભાગે ધનવંત છો. ગુણવંત છો. વાઢ રાખો કે 'નાશવંત' પણ છો! 'ધન નાશવંત છે.' આ વાત તમારા ગળે ઊતરી જાય તો ધનનું મમત્વ છૂટી જાય. ધનનું મમત્વ છૂટી જાય તો દાનની અવિરત ધારા વહેતી થઇ જાય!

આજે જે ધનવંત છે, જેની પાસે બંગલો છે, મોટો ફ્લેટ છે. બે-ત્રણ ગાડી છે તેને તમે સુખી કહો છો. એક જમાનામાં કોઇ માણસ સુખી હોય તો કહેવાતું કે એ બાપેપીપે સુખી છે એ જમાનામાં સુખી ઘર 'રોટલે પહોંચતું' કહેવાતું. હવે સમય બદલાયો છે. જે માણસ ખુબ જ સુખી ગણાય તે વણ'ખરુ' બાપેપીપે દુઃખી હોય છે! એની મોટરકારના પ્રત્યેક પૈડા પર બેઠેલી મહામારી એને વળગેલી હોય છે. ડોક્ટરે એના ખાનપાન પર જાપ્તો મૂકેલો હોય છે આજનો શ્રીમંત–ધનવાન માણસ દુઃખી થવાનો મૂળભૂત અધિકાર ભોગવી રહ્યો છે.

માણસની સઘળી પીડાઓના મૂળમાં એક આ બાબત રહેલી જણાય છે અને તે છે ધન--સંપત્તિને શાશ્વત બનાવવાની! 'આ સંપત્તિ મારી જ પાસે રહેવી જોઇએ કરોડ, સો કરોડ, હજાર કરોડ...અબજો રૂપિયા મારે જોઇએ.' એટલે હવે એકવીસમી સદીમાં પેટ હવે કેવળ રોટલે રાજી રહેવા તૈયાર નથી. ગમે તેટલો મોટો પગાર પણ એને નાનો પડે છે. ગમે તેટલું સારું ઘર એને ઉતરતું જણાય છે. સ્ટીલના કબાટમાં દોઢસો સાડી લટકતી હોય તો ય એક સો એકાવનમી સાડી ખરીદવી પડે છે. મગજ ખાલીખમ હોય ત્યારે કબાટ ભરેલો હોય તે ગમે! ભગવાન મહાવીરને પ્રાપ્ત થયેલી શાંતિ તમારે જોઇએ છે અને તે બેંકમાં પૈસા હોય તેમાંથી પ્રાપ્ત થાય છે!

સારું ફર્નિચર પણ જૂનું લાગવા માંડે છે. ઈન્ટીરિયર ડેકોરેટરને બોલાવીને એવી કલ્પના આપવી પડે કે આપણી અભિરુચિ કંઇ સામાન્ય કક્ષાની નથી. રસોડાના પ્લેટફોર્મ પર ગ્રેનાઇટથી ઉતરતા આરસના પથ્થર ન શોભે! પહેલાં આરસ કેવળ મંદિરો કે મહેલોમાં વપરાતો, હવે એ બજારમાં પણ વપરાય છે. તમારું પેટ હવે રોટલા નથી ખાતું, રૂપિયા ખાય છે. એને હવે સફેદ નાણું નથી ભાવતું, કાળું નાણું જ ભાવે છે!

મને તો એવો વહેમ છે કે જો આ જ પ્રમાણે લાંબુ ચાલ્યું તો ભવિષ્યમાં માણસની ખોરાક લેવાની ટેવ જ છૂટી જશે ! એ શેમ્પુ ખાશે, લિપસ્ટિક ખાશે, વિડિયો ખાશે, સોફા ખાશે અને સેલ્યુલર ફોન પણ ખાશે ! રોટલી નહીં ખાય...હવેનું મોર્ડન પેટ ખોરાક વગર ચલાવી શકશે, પરંતુ કોકાકોલા વગર નહીં ચલાવી શકે હવે વલોણામાં છાશ નથી વલોવાતી, માણસ પોતે વલોવાય છે...

તમે લોકો વલોવાઇ રહ્યા છો, એ જાણો છો ? ધનપ્રાપ્તિની તીવ્ર ધગશમાં ભયંકર દોડાદોડી કરી રહ્યા છો...તમને તમારી જાત સાથે વાત કરવાનો સમય જ ક્યાં છે ? ભયંકર ભૂલ કરી રહ્યા છો ? જે ધન નાશવંત છે, જે પૈસા ક્ષણિક છે, તે મેળવવા, તેને રાખવા, છુપાવવા અને વાપરવા માટે તમે કેટલા બધા મનથી પરેશાન છો ?

તમે તમારી સગ્ગી આંખે જુઓ છો કે શ્યામલાલના કરોડ રૂપિયા ડુબી ગયા ને તે રોડ પર આવી ગયો... રામલાલ લાખોપતિમાંથી રઝળી પડયો છે...રતિલાલે દેવામાં ડુબીને આપઘાત કર્યો છે...ને આવા તો સેંકડો કાખલા તમારા નગરમાં. રાજ્યમાં તમે જુઓ છો, છાપામાં વાંચો છો, છતાં તમને કોઇ અસર નથી થતી ? ધન-સંપત્તિનું આકર્ષણ નથી છુટતું ?

તમે આ ધન-કુબેર બનવાની ઘેલછામાં તમારા આત્માનું કલ્યાણ તો ચૂકી જ ગયા છો, પરંતુ તમે તમારા પરિવારના યોગક્ષેમને પણ ભૂલી ગયા છો. તમારા દીકરા-દીકરી સ્કુલ-કોલેજોમાં, ક્યાં જાય છે, કેવી કલબોમાં જાય છે, કોની સાથે નાચે-કુદે છે, ને તેમનાં પવિત્ર જીવનમાં ચીંથરાં ઉડી જાય છે. તમને એનું કોઇ દુઃખ છે ? જાણે કે તમારે મૃત્યુ આવવાનું જ નથી અને મૃત્યુ પછી તમે સ્વર્ગમાં જ જવાના હો, એવા નિશ્ચિત કે નફફટ બનીને તમે ધન કમાવામાં મચી પડયા છો, એ ધન ક્ષણવારમાં ચાલ્યું જઇ શકે છે ! અથવા એ બધું મૂકીને તમે પલવારમાં પરલોકે ચાલ્યા જઇ જઇ શકો છો. પરલોકમાં કઇ ગતિમાં જનમ લેશો ? વિચાર્યું છે ? ના.

'અર્થચિન્તાધમાધમા ।' પૈસાની ચિંતાને અધમમાં અધમ નિષ્કૃષ્ટ ચિંતા કહી છે, કારણ કે એનાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ જીવ કરે છે. આ બે દુર્ધ્યાન કરનાર મનુષ્ય મરીને કાં નરકમાં જાય, અથવા પશુયોનિમાં જાય, પેલું મનુષ્યજીવનમાં ભેગું કરેલું ધન, ભેગા કરેલા વૈભવો. એમાંથી કંઇ પણ સાથે ન જાય. આ વાત તમે જાણો છો. જાણો છો ને ? મરવાનું નક્કી છે ને ? મર્યા પછી કોઇપણ જાતની તિજોરી સાથે નથી આવવાની, એ પણ જાણો છો ને ?

* ધન ચંચળ છે, * ધન નાશવંત છે. * ધન ક્ષણિક છે.

'આવા ચંચળ, ક્ષણિક ને નાશવંત ધન ઉપર મારે મમત્વ નથી કરવું. મારે એ ધનનો સદુપયોગ કરી દેવો છે. સન્માર્ગમાં ઉપયોગ કરવો છે. મારા વ્યક્તિગત જીવનમાં ઓછામાં ઓછી જરૂરિયાતો રાખવી છે. સાદું, સરળ અને નિર્લોભી જીવન જ મારે જીવવું છે.' આવો કોઇ સંકલ્પ કરીને જીવનના પ્રવાહને બદલો.

તમારી પાસે જો લાખો-કરોડો રૂપિયા છે તો તમે-સુપાત્રદાન આપો, જિન મંદિરોના નિર્માણ કરો, દુઃખી સાધર્મિકોનાં ઉદ્ધાર કરો, અનુકંપાદાન આપો. જ્ઞાનની પરબો માંડો. દીનદુઃખી જીવોને ઔષધદાન આપો, ધર્મસ્થાનોનાં નિર્માણ કરો.

મહામાળા કુમારપાલ, વસ્તુપાલ-તેજપાલ, પેથડશાહ અને એવા બીજા અનેક મહાન શ્રાવકોના જીવનમાંથી પ્રેરણા લઇ, ધન-સંપત્તિનો મોહ ત્યજી, કીર્તિનો લોભ ત્યજી સદ્વ્યય કરતા રહો. લક્ષ્મી ચંચળ છે, જ્યાં સુધી છે ત્યાં સુધી સદ્વ્યય કરતા રહો.

'कस्य न भवति चलाचलं धनम्?

કોનું ધન ચંચળ નથી?

-: શાસન સમાચાર :-

આરાધના ધામ (જામનગર) અત્રે ૧૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિ. કુંદકુંદસૂ. મ.ના શિષ્યરત્ન પૂ મુ. શ્રી વારસેન વિ. મ. માંદા જતાં ૩ ઠિ. મી. ઉપર હાર્ટ એટેક આવ્યા નવકાર મંત્રના શ્રવણ પૂર્વક વૈ. વદ ૯ ના સવારે ૬-૩૦ કલાકે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે પૂ. પં. શ્રી વજ્રસેન વિ. ગણિવરની નિશ્રામાં પાલખી નીકળી સ્વર્ગસ્થના સંબંધીઓ પુત્ર હેમચંદભાઇ આદિ પ્લેનમાં મુંબઇથી આવી પહોંચ્યા હતા. જીવદયાની ટીપ ૭૬ વર્ષની ઉંમરની અપેક્ષાએ ૭૬ હજાર થવા પામી હતી. સ્વ. પૂ. મુનિરાજશ્રી વૈ. સુદ ૧૩ ના ૫૮ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કર્યું હતું. સિદ્ધિતપ શ્રેણીતપ ૭૯ વર્ધમાન તપની ઓળી વીશસ્થાનક તપ જ્ઞાનપંચમી તેમજ ૨૨ વર્ષ સળંગ અઠાઇ તપસ્યા કરી હતી. ખૂબ સરળ અને સંતોષી હતા. સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે એજ અભ્યર્થના.

આત્મ પ્રબોધક પ્રસંગો

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

(૧૦) શાસ્ત્ર સમર્પણ કેળવીએ.

દુનિયાના શિષ્ટ લોકોનો વ્યવહાર છે કે. જેને પોતાના માલિક, નાયક માને તેને પૂછીને ચાલે છે તેની મરજીને જ પ્રધાન સ્થાન આપે છે પણ મતિકલ્પના કે સ્વચ્છંદપણે જીવવાનો વિચાર કરતા નથી તો તે નોકર પણ શેઠ બની જાય છે. યુદ્ધમાં પણ સૈનિકો સેનાપતિની આજ્ઞા પ્રમાણે જ ચાલે છે. 'આગેકુચ કહે તો આગળ વધે અને પીછેહઠ કહે તો પાછા બસે છે. તો તે સૈન્ય અંતે જય પ્રાપ્ત કરે છે.

તેની જેમ જે ધર્માત્માઓએ કર્મશત્રુ સામે યુદ્ધ જાહેર કર્યું, કર્મશત્રુને જીતવા ધર્મની આરાધના કરે છે તેમણે ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા પ્રમાણે જ જીવાય પણ મરજી મુજબ કશું કરાય નહિ તે ખૂબ જ વ્યવહારૂ સ્પષ્ટ વાત છે. છતાં પણ આજે આજ્ઞાને, શાસ્ત્રોને ભૂલીને મરજી મુજબ જીવાય છે તેના પરિણામો પણ નજરે દેખાય છે.

શ્રી અરિહંત પરમાત્મા રાગાદિ અઢાર દોષોથી રહિત છે—માટે તેમની સેવા—ભક્તિ પૂજા રાગાદિ દોષોના નાશને માટે જ કરાય પણ સંસાર સુખના રાગાદિની પુષ્ટિને માટે ન જ કરાય. શ્રી અરિહંત પદની આરાધના પણ આત્માના સિદ્ધપણાને પ્રગટ કરવા કરાવવાની છે. આ વાત સ્પષ્ટ જ હોય તો સમજુ આત્મા સમજે છે કે, આત્માની સિદ્ધ અવસ્થાને પેદા કરવાને બદલે દુન્યવી સામગ્રી માટે ધર્મ કરવો તે તો નરી અજ્ઞાનતા છે. અજ્ઞાનતાને દૂર કરવા તો ધર્મ કરવાનો છે.

પરંતુ પુદ્ગલાનંદી આત્માઓને આ બધી વાતો રૂચિકર ન બને તેમાં તે બિચારાઓનો દોષ નથી. જેમ રાસભને સાકર એ પ્રાણ હરણ કરનાર બને, રોગીને મિષ્ટાન્ન કડવું જ લાગે તેમાં મિષ્ટાન્નનો વાંક છે? ઉંટને દ્રાક્ષ ન ગમે તે તો લીમડામાં જ મોં નાંખે, તેમાં જ મજા આવે તો દ્રાક્ષ તે કડવી છે! મનુષ્યમાં પણ કાલસૌકરિક કસાઇની જેમ જેને ધાતુ વિપર્યય દોષ થાય તેને કડવું મીઠું લાગે અને મીઠું કડવું લાગે. તેને ચંદનનો વિલેપન બાળે, વિષ્ટાનો વિલેપન ઠંડક આપે, બાવળનાં શૈયા ગમે અને પુષ્પોની શૈયા ખૂંચે, ગરમાગરમ પાણી આલ્હાદક ટાઢક આપે અને શીતલ પાણી મોંમાય ન પેસે. તેમ ભારેકર્મીને, સંસારમાં આનંદ પામનારને આત્મહિતકર વાતો ન ગમે, સદ્ગુરૂઓ ન ગમે, સદ્ધર્મ ન ગમે તેમાં દોષ કોનો? સાચા ભાવે શાસ્ત્રનું શરણ સ્વીકારે, સદ્ગુરૂના ચરણો સેવે તે જ આત્માનું કલ્યાણ થાય. ભગવાનની તારક

આજ્ઞા તે જ પ્રમાણ તેને માટે પ્રાણ પણ અપાય–તેવી તૈયારી હોય તો જ સાચો સમર્પણ ભાવ આવે. આવી દશાને પામીએ તે જ કામના.

પ્રમાદને ખંખેરીએ !

શાસનના શિરતાજ શ્રી ગૌતમસ્વામી મહારાજાએ મદ્ય, વિષય–કષાય, નિદ્રા અને વિકથા સ્વરૂપ પાંચે પ્રમાદો આત્માને ભયંકર નુકશાનને કરનારાને માટે તેનો ત્યાગ કરીને સદ્ધર્મકર્મમાં સમ્યક પ્રકારે ઉદ્યમ કરવાની વાત શ્રી શ્રીપાલ ચરિત્રમાં ફરમાવી છે.

ખરેખર જ્યાં સુધી પ્રમાદની ભયંકરતા, અનર્થકારિતા સમજાય નહિ ત્યાં સુધી સાચા ભાવે ધર્મ કરવાનું મન થાય છે. પ્રમાદ કેવા છે તે સૌના અનુભવમાં છે. પ્રમાદનો નાશ કરવા ધર્મ કરવાનો છે પણ આજે હાલત સાવ વિપરીત દેખાય છે કે મોટો ભાગ પ્રમાદની પુષ્ટિને માટે જ ધર્મ કરે છે, તે ખુબ જ દુઃખદ વાત છે. દુનિયાની સામગ્રીને મેળવવા ધર્મ કરવો એટલે પ્રમાદના ઘરનો, પ્રમાદને પુષ્ટ કરવા માટે જ ધર્મ કર્યો કહેવાય. પ્રમાદના કારણે તો ચૌદપૂર્વી પણ નિગોદમાં જાય છે. તો આપણા જેવાની હાલત શું થશે–તે વિચાર આવે તો ય સારું ! અનુકુળતાનું અર્થીપણું જ પ્રમાદને પુષ્ટ કરનાર છે, ખીલવનારા છે. જ્યારે આજ્ઞાનું અર્થીપણું પ્રમાદને ભગાડનાર છે. પ્રમાદ તો આત્માના ચૈતન્યનો નાશ કરનાર છે. પ્રમાદની ક્ષણવારની મજા આત્માને અનંતકાળની સજા કરનાર છે. પ્રમાદે આત્માની જે આના–કાની કરી છે, ભયાનક પાયમાલી કરી છે, બરબાદી કરી છે તેનો જો આત્મા જરાક જાગૃત થઇ વિચાર કરે તો કમકમા આવે તેમ છે. ભૂતકાળ ભલે પ્રમાદના ઘેરામાં, પ્રમાદની આધીનતામાં ગયો. હવે ભાવિકાળને બગાડવો નથી. હવે તો પ્રમાદને ખંખેરી, સદ્ધર્મમાં જ ઉદ્યમ કરવો છે. આત્મા જાગૃત બને તો પ્રમાદને ભાગે જ છુટકો છે. પ્રમાદને ઓળખી પ્રમાદની આધીનતા તોડવા પ્રયત્ન કરી, સાચા ભાવે સદ્ધર્મને પામી આપણે સૌ વહેલામાં વહેલા મોક્ષે લક્ષ્મીના ભોક્તા બનીએ તે જ ભાવના.

શાસન સમાચાર : મુંબઇ શ્રીપાલનગર–અત્રે પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પુણ્યદર્શન વિ. મ. વૈ. વદ ૧૩ ગુરૂવાર તા. ૧૩–૫–૯૯ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. વદ ૧૪ના પાલખી નીકળી. સારી સંખ્યા થઇ હતી તેમને ભીલડીયાજી તીર્થમાં પૂ. પાદ આ. ભગવંત શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. ના વરદ હસ્તે ૨૦૩૬માં દીક્ષા લીધી હતી. સતત અભ્યાસશીલ હતા. ૯૧ વર્ષની ઉંમરે પણ ક્રિયા આદિ અપ્રમત્ત હતા.

* "ખરો હકદાર કોણ ?" *

— શૈલેષ રાયચુરા

એક સુંદર મઝાનું જંગલ હતું. તે જંગલમાં અનેક પશુપંખીઓ રહેતા હતા.

એક દિવસની વાત છે. તે જંગલમાં બે વાંદરાઓ ફરતાં ફરતાં અને રમતાં રમતાં જઇ રહ્યાં હતાં. અચાનક તેમની નજરે એક આંબાનું વૃક્ષ પડયું અને તે આંબાના વૃક્ષ ઉપર ફકત એક મીઠી મધ જેવી કેરી લટકતી હતી. આ જોઇ બન્ને વાંદરાઓ વિચારમાં પડયા કે તે કેરીને પકડવી કઇ રીતે ? કારણ કે તે કેરી ઘણી ઉંચાઇએ લટકતી હતી ! આથી પ્રથમ મોટો વાંદરો બોલ્યો. મિત્ર, આ લટકતી કેરીને આપણે પથ્થર વડે પાડીએ બરોબર ! અને પથ્થર મારવાનો પ્રથમ વારો મારો આવશે કારણ કે હું તારાથી મોટો છું એટલે ! બીજો નાનો વાંદરો બોલ્યો. ભલે મિત્ર, તારો વારો છે ! તારે પથ્થરના પાંચ ઘા કરવાના તે પછી મારે પાંચ ઘા કરવાના બરોબર ? પ્રથમ મોટો વાંદરો આ સાંભળી આનંદિત થઇ ઉઠયો. કારણ કે પાંચ ઘામાં તો તે વૃક્ષ ઉપર લટકતી મધ-મીઠી કેરીને અવશ્ય પાડી જ લેશે. તેવી તેને આશા હતી !

આમ, પ્રથમ મોટા વાંદરાએ પાંચ પથ્થરો એકઠાં કરી એક પછી એક પથ્થરને કેરી ઉપર વાર કર્યો પરંતુ તે કેરી તેનાથી પડી જ નહીં. આથી તે નિરાશ થઇ એક તરફ જતો રહ્યો. ત્યારબાદ બીજા નાના વાંદરાએ ફકત એક જ પથ્થર ફેંકાડયો અને તેણે તે લટકતી કેરીનું નિશાન તાકી જોરથી તે પથ્થરનો ઘા કર્યો તે સાથે જ તે લટકતી કેરી 'તડાક' સાથે તુટીને નીચે પડી. આ જોઇ પ્રથમ લુચ્ચો વાંદરો દોડયો. અને તેણે કેરીને ઉપાડી લીધી આ જોઇ બીજો નાનો વાંદરો બોલી ઉઠયો. અરે મિત્ર, આ કેરી મેં પાડી છે. એટલે તે કેરી ઉપર મારો અધિકાર છે ? આ સાંભળી મોટો લુચ્ચો વાંદરો બરાડી ઉઠયો. અરે નાલાયક, તે ભલે કેરીને પાડી હોય. પરંતુ નીચે પડેલ કેરી તો સર્વ પ્રથમ મે જ ઉપાડી છે ને ?

એટલે આ કેરીનો ખરો હકદાર તો હું જ છું ? આમ કહી તે મોટો લુચ્ચો વાંદરો કેરીને લઇ ચાલતો થયો. આ જોઇ નાનો વાંદરો નિરાશ થઇ વૃક્ષ ઉપર ચડીને સૂઇ ગયો.

આ તરફ લુચ્ચો મોટો વાંદરો ફૂલાતો અને ઓટો ગર્વ કરતો વિચારતો હતો કે આ મધમીઠી કેરીને બરોબર ધોઇને ખાવી પડશે કારણ કે તે ધૂળવાળી થઇ ગઇ હતી. આમ તે કેરીને ધોવા નદી તરફ ચાલતો થયો નદીએ આવી કેરીને બરોબરની ધોઇ. અચાનક તેને નાહવાનો વિચાર આવતાં કેરીને એક પથ્થર ઉપર મૂકી તે નદીમાં

નાહવા પડયે. તેને નાહવાની ભારે મઝા પડી શીતલ ઠંડુ પાણી હતું. તે નદીમાં ધૂબાકા મારવા લાગ્યેા.

અચાનક આ તરફ એક શિયાળ પાણી પીવાના હેતુસર નદીએ આવ્યેા. સહસા તેની નજર રસઝરતી કેરી ઉપર પાડી. આથી તેના મેામાં પાણી ઉભરાઇ આવ્યાં અને આમેય તેને કકડીને ભૂખ લાગી હતી! ત્યારબાદ તે કેરી લઇને ચાલતેા થયેા. નદીમાં નાહવા પડેલ મેાટા લુચ્ચા વાંદરાની નજર તે શિયાળ ઉપર તેમજ તેના હાથમાં રહેલ કેરી ઉપર પડતાં જ તે ચેાંકી ઉઠયેા અને બાદમાં તે બરાડી ઉઠયેા. અરે એય શિયાળીયા તે કેરી મારી છે ચાલ મૂકી દે જોઉ! પરંતુ તે શિયાળ વાંદરાની વાત સાંભળવા ઉભેા નહેાતેા રહ્યો! તે તેા કેરી લઇને જંગલ તરફ ભાગ્યેા. તેની પાછળ મેાટેા વાંદરેા પણ દેાડયેા.

આમ, તે શિયાળ અને મેાટા વાંદરા વચ્ચે પકડા પકડી શરૂ થઇ ગઇ. અંતે શિયાળ થાકયું જે વૃક્ષ ઉપર નાનેા વાંદરેા સૂતેા હતેા. તે વૃક્ષ નીચે આવીને બેઠેા અને તેણે કેરીને બાજુમાં મૂકી. અચાનક પેલેા મેાટેા વાંદરેા પાછળ પાછળ આવી પહેાંચ્યેા. તે સાથે જ શિયાળ કેરીને લીધા વગર ભાગ્યેા. તેની પાછળ મેાટેા વાંદરેા પણ દેાડયેા વૃક્ષ ઉપર રહેલ નાનેા વાંદરેા આ ઘટના નિહાળી રહ્યો હતેા. તે બંને શિયાળ અને મેાટા વાંદરાને ચાલ્યા ગયેલ જોઇ તે વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યેા. અને વૃક્ષ પાસે પડેલ તે કેરીને લઇને વૃક્ષ ઉપર ચડી ગયેા અને ઇશ્વરનેા આભાર માનતેા તે કેરીને ખાવા લાગ્યેા.

પેલેા મેાટેા લુચ્ચેા વાંદરેા અંતે હારી–થાકીને પુનઃ તે આંબાના વૃક્ષ પાસે આવ્યેા અને તેણે જોયું તેા નાનેા વાંદરેા નિરાંતે મધ–મીઠી કેરી ખાઈ રહ્યો હતેા. આ જોઇ તે મેાટા વાંદરાને ભારે પસ્તાવેા થયેા. કાશ, આ કેરીને જો પ્રથમથી જ તે કપટકાર એવા પેાતાના મિત્રને આપી દીધી હેાતને તેા આજે આટલી કષ્ટકાયક દેાડધામ કરવી ન પડત! આ ઉપરાંત તેની અને નાના વાંદરાની મિત્રતા જે તૂટી ગઇ હતી તે આજે સલામત અને સુરક્ષિત હેાત! ખેર.

આમ, તે વાંદરેા ખરા હૃદયના પસ્તાવા સાથે ત્યાંથી ચાલ્યેા ગયેા.

તેા આ છે કપટનું પરિણામ અને ખરા કપટકારનેા ઇશ્વરીય ન્યાય! (કુલવાડી)

વ્યસનીનાં લક્ષણ

(રઘુપતી રામ રૂદેમાં રહેજો રે–એ રાગ)

સુણો સમજી સકલ નરનારી રે, કહુ હીત શીખામણ સારી રે;
વધે દિનપરદિન અવીચારી, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧

ભૂલી ભાન હોટલમાં જાએ રે, રાશી વાશીને એહુ ખાએ રે;
મહા રોગના ભોગી તે થાએ, બોળે કુળ બાપનું વ્યસની રે. ૨

શાક સ્વાદે બટાટા જમતા રે, જોયા જોટાના પાટીયે ભમતા રે,
બારે માસ જુગાર રમતા, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૩

ઘરનારીનું રાંધ્યું ન ગમતું રે, ખાવા હોટલમાં મન ભમતું રે;
રહે પાપનું ત્રાજવું નમતું, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૪

બોધ ધર્મગુરૂનો ન માને રે, મુછ શ્વાનના પુછ સમાને રે;
પાક્યા હિંડમાં જેવા હેવાનો, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૫

પીયે બીડીને ઠાળજી બાળે રે, લાભના પાપના બાપ ન ભાળે રે;
તોએ ટેવ બુરી નવ ટાળે, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૬

પડે ગળફાને ખાંસી થાએ રે, શ્વાસ વિષ્ટા સમાન સોઢાએ રે;
તેજ નેત્રતણું ઝટ જાએ, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૭

કંઇક હોકો પીએ મહા પાપી રે, દોરી પુન્યની નાખે કાપ રે;
ભરે પાપની પોટો અમાપી, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૮

એક કુંકે અસંખ્યા જીવો રે, મરે બળ્યો હોકો એ પીવો રે;
મૂઅ દોય દોરાથી શીવો, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૯

તાણી છીંકણી નાક નશીકે રે, દેખા દેખીથી સુંઘવા શીખે રે;
મરે કીડી મંકોડી અનેકે, બોળે કુળ બાપનું બહું વ્યસની રે. ૧૦

લેશ નેત્રે ને લાભ ન જાણો રે, કહે કુશળ વૈદ પ્રમાણો રે;
બોદો હાથે ન પાપની આણો, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે; ૧૧

બુરી હાજતને ઝટ બાળો રે, કદી ડાઘ ન લાગે કાળો રે;
બાંધો ધર્મરૂપી શુભ માળો, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧૨

લેશ કાવ્યકળા નવ જાણું રે, ગુરૂરાજ પસાએ રચાણું રે;
જોયું કેશવે તેવું લખાણું, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ૧૩

卐 પ્રેરણામૃત સંચય 卐

—પ્રજ્ઞાંગ

* પાપભીરૂતાઃ સર્વા સુખો-ગુણોની જનની *

જે જીવનું દર્શન મોહનીય ગાઢ હોય છે તે જીવ કશું સાચું સમજી શકતો નથી જેમ આંધળો ન દેખે, બહેરો ન સાંભળે, બુદ્ધિહીન ન સમજે તો તેની ટીકા થાય ? તેમ કર્મને પરવશ બનેલો જીવ ગાઢ દર્શન મોહનીયવાળો હોવાથી દુઃખ પાપથી જ અને સુખ ધર્મથી જ આ વાત સમજી શકતો નથી.

આ સંસાર રહેવા જેવો નથી. મોક્ષ જ મેળવવા જેવો છે આ વાત આજે ધર્મ કરનારો મોટો ભાગ પણ માનતો નથી તેથી તે પાપ કરતાં ગભરાતો નથી, ધર્મ કરવામ તેને મજા આવતી નથી અને બધાને સ્વચ્છંદપણે જીવવાનું મન છે. આથી જ આજે આર્યદેશ-જાતિ-કુલ અનાર્ય જેવા થઇ ગયા. માથે કોઇ ધણી જ નહિ.

દેવ-ગુરૂ-ધર્મને પૂજે, સેવે પણ તે માથે નહિ. જેને માથે દેવ-ગુરૂ-ધર્મ નહિ તેને વળી માતા-પિતા-પાલક-વડિલની ચિંતા હોય ? આજે મોટા ભાગને માતા-પિતા પાલક-વડિલ નકામાં છે. જે માતાએ જન્મ આપ્યો. જે પિતા, પાલકાદિ વડિલે પોષણ કર્યું, મોટો કર્યો તે જાણે નહિ તે રીતે ગમે તેવા પાપ કરવાનો તમને અધિકાર છે. આજે મોટા ભાગ અનાર્ય બની ગયો. ભલે આર્યદેશાદિમાં જન્મ્યો હોય.

આજે કોઇ આઠમીને માથે ધણી નહિ. કદાચ કોઇ કહે કે, મારે માથે ધણી છે તો તે હોળીના રાજા જેવો તેને કશું પૂછવાનું નહિ, તે ન જાણે તેવા કામ કરે અને કદાચ જાણી જાય અને પૂછે તો સાચો જવાબ પણ ન આપે આ ખામી આજે બધે ફેલાઇ ગઇ છે. તેનાથી એટલું નુકશાન થયું છે કે વર્ણન ન થાય. આજની હવા શિક્ષણ, રીતભાત સમજો, પણ પરિસ્થિતિ એવી આવી કે ઘરમા રહેનારા બધા જુદા તેને ઘર-પેઢી સાથે કશું લાગે વળગે નહિ. તમારે નિયમ છે કે, ઘરનો વડિલ ન જાણે તેવું કશું કામ કરવું નથી. આ નિયમ જો કરો તો બધો બગાડો ભાગી જાય, સુધારો થઇ જાય અને બેકારી પણ ભાગી જાય જેને પાપમાં જ મજા આવતી હોય તેને આ નિયમ ફાવે ?

આર્યોને અનાર્ય બનાવવા એટલે માથે કોઇ ધણી રહેવા દેવો નહિ. જેને માથે માતા-પિતા-વડિલ-પાલક નહિ તે દેવ-ગુરૂ-ધર્મને માને ? તેથી

જ મંદિરમાં જનારા ભગવાનને માથે રાખતા નથી. ઉપાશ્રયે જનારા ગુરૂને માથે રાખતા નથી, ધર્મ કરનારા ધર્મને ગણતા નથી અને જે ઘરમાં રહે છે તે વડિલને માથે રાખતા નથી.

ઘણાં હમેશા ખોટે માર્ગે જ હોય. ટોળા કદિ સાચે માર્ગે હોતા નથી, આજની તમારી સરકારને ય કહેવું પડે કે, ટોળાથી થાકી ગયા. ટોળા શાહી ઊભી કરી તેના પરિણામો નજરે જોઇ રહ્યા છો. ટોળાથી ઘર–પેઢી–વ્યવહાર ન ચાલે તે ધર્મ ચાલે? આજે જેટલા દોષ પેસી ગયા તે બધા ધણી વિનાના બની ગયા માટે. માણસ જેવો માણસ બરાબ થયો તે સ્વચ્છંદી બની ગયો માટે. **વડિલને માથે ન રાખવા તે સ્વતંત્રતા નથી પણ વડિલને પૂછ્યા વિના એક કામ ન કરવું તે જ સ્વતંત્રતા** છે. સારા ઘરનો છોકરો માસ્તરને હેરાન કરે, રસ્તા વચ્ચે તોફાન કરે, તે નાપાસ થાય તો માસ્તની ઠાઠડી કાઢે. શાથી? સ્વચ્છંદીને કોઇ જ ન બચાવી શકે. **જેને મરજી મુજબ જીવવું હોય તેને પાપનો ડર હોય જ નહિ. જેને પાપનો ડર હોય નહિ તેને માથે વડિલ ફાવે નહિ.**

આપણે ત્યાં નિશ્રામાં જીવન છે. વગર નિશ્રાએ જીવાય જ નહિ. નિશ્રા જ તેનું નામ કે– **આજ્ઞા મુજબ જીવન જીવવું** તે સાથે રહેવું તેનું નામ નિશ્રા નથી સાથે તો સ્વાર્થી પણ રહે અને ઘણી ઘણી લુંટ કરે. તમારા સંતાન તમારા ઘરમાં રહે છે તે ઘર ખાતર નહિ પણ ખાવા–પીવા–મોજ મજાદિ મળે છે માટે તેને ઘર મા–બાપ કશું મારું નથી લાગતું તેને કશા પર પ્રેમ નથી. તે તો ઘર–પેઢી–મા બાપની આબરૂ ને ય બટ્ટો લગાડે તેમાંની જાત છે.

પાપથી દુઃખ જ આવે આ શ્રધ્ધા આવે તો કામ થાય. પછી તો પાપ કરતાં ય કંપારી છૂટે આપણે ત્યાં તો **ઇચ્છા મુજબ–મરજી મુજબ વર્તવું તે જ મોટું પાપ!** સારા કામ પણ પૂછ્યા વિના કરવાના નથી. પણ આજની હવાએ, આજના શિક્ષણે એટલું નુકશાન કર્યું છે કે બધે બગાડો પેસી ગયો છે. ધર્મમાં, દેશમાં અને તમારા ઘરોમાં ય, રાજતંત્રમાં ય સડો પેસી ગયો છે આજે જે ખુરશી પર છે, તે ખુરશીને વફાદાર નથી, બધા સ્વચ્છંદી બની ગયા છે. આજે જેટલાં પાપ વધ્યા છે તે બધાનું મૂળ કારણ પૂછ્યા વગર જીવવા માંડ્યું તે છે. જેને માથે વડિલ નહિ તે કદાચ સારા કામ પણ કરતો હોય તો પણ તેનો આશય તો સારો હોય જ નહિ. કેમકે પાપથી દુઃખ અને ધર્મથી જ સુખ ભૂલી ગયા. માટે આજે પાપ બરાબર ગોઠવી

ગોઠવીને ચોર્યના ધંધા થાય છે. પાપમાં સફળતા મળે તો હોંશિયારીનો પાર માને નહિ. આવો જીવ પોતાનું કે પારકાનું કલ્યાણ કરી શકે નહિ.

પાપનો ડર નીકળી જવાથી આજે માણસ વિશ્વાસપાત્ર રહ્યો નથી. બહું ભયંકર વાતાવરણ થયું છે. પુણ્ય છે માટે ગાડી ચાલે છે, પુણ્ય આબરૂ બચાવી રહ્યું છે. પાપ કરે એટલે ફજેતી તો છે જ. પાપ કરનારા ધિક્કા હોય છે. પાપનો સ્વભાવ પડે તેને પપાનો ભય લાગતો નથી. આજે મોટો ભાગ ચોર–ઠિઠ્ઠો–હરામખોર થઇ ગયો છે.

જેને પાપનો ડર હોય તેનું જ જીવન સંસારમાં પણ સારૂં હોય. મોક્ષની સાચી ઇચ્છા પણ તેને જ જન્મે જેને પાપ ન કરવું હોય તે તો કેવો નિર્ભય જીવ હોય ? જેને પાપ જ કરવું હોય તેને બધું જ છૂપાવવું પડે તમારે દુઃખી ન થવું હોય તો પાપ કરતાં અટકી જાવ, પાપ ભીરૂતા કેળવે., અને વડિલની આજ્ઞા મુજબ જીવતા થાવ જેથી ઘણાં પાપોથી બચી જશો. તો જ કલ્યાણ થશે.

ચોરીનો માલ હોય તો તે માલ વગે ન થાય ત્યાં સુધી ચેન ન પડે. દશ લાખના હિરા તમારી પાસે હોય તેને વગે ન કરો ત્યાં સુધી ખાવ–પીવાદિમાં રસ નહિ. તો તે હિરા સુખ આપે કે દુઃખ ? ચોરીનો માલ સુખ નથી આપતો વગે થયા પછી પણ જો છાપામાં સમાચાર આવે કે તપાસ ચાલુ છે તો પણ કશે પડતું નથી કેમ કે, તેને ખબર છે કે, જો પકડાયા તો જેલમાં જવું પડે હાથમાં સારો માલ હોવા છતાં મજા નથી આવતી તેમ સમજુ જીવને ચક્રવર્તિ પણાના સુખ મળે છતાં મજા નથી આવર્ત.

તમે લોકો અમારા માટે ઘણો આડંબર કરો છો તે આડંબરમાં અમે જો મૂંઝાઇએ તો અમારા ય ભાર વાગી જાય. તમે લોકો તમારી નામના માટે આડંબર કરો તો લાભ નામનો અને નુકશાનનો પાર નહિ.

અમે તમારા ગામમાં આવીએ અને તમે સામૈયાદિના જે ઠાઠ માઠ કરો તે એટલા માટે કે, અમારા ધર્મગુરૂ ગામમાં આવ્યા છે. તે વાત બધા ભગવાનની વાણી સાંભળે જેથી જીવનમાં જાગૃતિ આવે. આ સંસાર ભૂંડો લાગે અને મોક્ષની તાલાવેલી જન્મે.

આજે ધર્મ કરનારમાં પણ ધર્મની શ્રધ્ધા નથી પોતાની જાત માટે કશો વિચાર નથી. બધાનાં ભૂલ દેખાય છે પણ પોતાની ભૂલ દેખાતી નથી. આજની સ્થિતિ ખરાબ છે. આજે બધા ધર્મ કરનારાઓ શાસ્ત્રો આઘા મુકયા છે. સાધુઓએ પણ તમને ગમે તે

જ બોલવાનું રાખ્યું છે. આ કાળમાં શાસ્ત્રે કહેલ વાત ચાલે તેમ નથી એમ સૌ માને તેથી જ અમારી વાત કાને પડતી નથી.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થયા તે બધાની ઇચ્છા બધાને મોક્ષે લઇ જવાની હતી. છતા પણ તે બધા આપણને મુકીને મોક્ષે ચાલ્યા ગયા કેમ કે આપણે મોક્ષે જવું જ ન હતું.

તમારી અણસમજ કાઢવા અને તમને સમજ આપવા અમે ગામે ગામ ફરીએ છીએ. છતાં પણ તમે લોકો સમજતા નથી. ભગવાનની વાત સાંભળતા પણ તેથી તેનું કારણ તમારે ઘણું રખડવાનું છે. શાસ્ત્ર વાંચે અને શાસ્ત્ર હૈયાને ન અડે તેને પણ રખડવાનું છે. જે જ્ઞાન તારે તેજ જ્ઞાન તેને ડુબાડે. જ્ઞાન કહેલા હૈયામાં ઉતારવાનું અને પછી બીજાને આપવાનું છે.

અમારે સંસાર સાગર તરવો છે અધર્મથી બચવું છે તે માટે અમારે ભગવાન જોઇએ, ભગવાને કહેલ ધર્મ સમજવા સાધુ જોઇએ અને ધર્મ કરવો તો શી રીતે થાય તે સાધુને પૂછીને જ કરવો જોઇએ. ધર્મના બધા વહિવટ સાધુને પૂછ્યા વગર થાય નહિ.

પણ તમે લોકો માનો છો કે સાધુને પૈસાની વાતમાં શું ખબર પડે ? શાસ્ત્રે કહ્યું છે કે વહિવટમાં ગરબડ દેખાતી હોય અને સાધુ વચમાં ન પડે તો તે સાધુ સંસાર વધારે છે. આ આજ્ઞા ભગવાને કરી હશે, તે અમે પૈસાની બાબતમાં નહિ સમજતા હોઇએ માટે. પૈસાની બાબતમાં તમે સમજો છો ? પૈસો કેવો છે તે તમે જાણો કે અમે ય જાણીએ ?

આજે તમે મંદિર રાખો છો પણ મંદિરનો ખપ નથી, સાધુ લાવો છો પણ સાધુનો ખપ નથી. ધર્મક્રિયા કરો છો પણ ધર્મનો ખપ નથી. મારે તમને દેવ-ગુરૂ-ધર્મનો ખપ પેદા કરાવવો છે.

નને લોકો ન સુધરે તેનો અજંપો નથી. પણ જે લોકો ધર્મ સાંભળે છે છતાં સમજતા નથી, જીવનમાં ઉતારતા નથી તે ય તેવાને તેવા જ રહે છે તેનો અજંપો છે. આ કાળ જ એવો છે કે ધર્મ કરનારામાં પણ ધર્મ સમજનારા ઓછા છે. અમે તો સમજાવવાની મહેનત કરીએ, જે સારા બને તેનો આનંદ છે, કોઇ ન ય સુધરે તો અમે નિરાશ થતા નથી.

: સુખ પુણ્યથી જ. હોંશિયારીથી નહિ જ :

દુનિયાનું સુખ પુણ્યથી જ મળે. બાકી પુણ્ય ન હોય તો ગમે તેટલી મહેનત

કરો તો પણ ન જ મળે અને તમે જોશો તો ય આ વાત સમજાશે કે–બેવકુફ શેઠ છે અને બુદ્ધિમાન નોકર છે. બુદ્ધિથી સુખ નથી મળતું પણ પુણ્યથી જ મળે છે. બુદ્ધિમાનોને મૂરખાઓના હુકમ પાળવા પડે છે. મૂરખા શેઠ કહે તેમ બોલવું પડે છે. તેથી જ આજે પગારદાર પ્રચારકો મળી રહે છે. હિંસક લોકો અહિંસાનો જૂઠ્ઠા–ચોર લોકો શાહુકારીનો, બદમાશ લોકો શીલનો પ્રચાર કરે છે પણ તેને કાંઇ લાગે વળગે નહિ. માટે તમે લોકો સમજો કે તમારી હોંશિયારીથી તમે સુખી નથી પણ ભૂતકાળના પુણ્યથી સુખી છો. અને આ સુખ, તમે અજ્ઞાન રહેશો તો નરક–તિર્યંચમાં જ લઈ જશે. માટે તમે શાણા થઇને આ વાત સમજો કે–

તમારે દુઃખ નથી જોઇતું છતાં વારંવાર દુઃખ શાથી આવે છે? સુખ બધું જ જોઇએ છે છતાં મળતું કેમ નથી? તમારી જે કાર્યવાહી છે તેથી તમને સુખ મળે એમ માનો છો? તમે લોકો જે રસ્તે છો, જે ઠસ્સો કરો છો તેથી દુર્ગતિમાં જ જશો આ સંદેશ આપવા અમે ગામોગામ ફરીએ છીએ.

સુખને કહેવું છે કે, સુખમાં મજા કરો છો તેથી બળાત્કારે દુર્ગતિમા જ જવું પડશે કાલના શેઠ આજે ગરીબ છે. કાલના સાહેબોને આજે બીજાની ગુલામી કરવી પડે છે. તમારા અમન–ચમન પુણ્ય છે ત્યાં સુધી જ છે. અહીં પણ પુણ્ય પુરૂં થયું તો કોઇ ભાવ નહિ પૂછે. આ વાત તમારા મગજમાં ઉતરે અને તમને દુર્ગતિનો ભય લાગે તો તમે સમજો તેમ છો. બાકી તમે ધર્મ સમજો તેવી જાત નથી. આજે તો તમને સમજાવનાર મળે તો પણ સમજવું નથી. પુણ્ય પુરૂં થાય તે પહેલાં સાવચેત થઇ જાવ, પાપ છોડી અને કાર્યા થાવ તો જ કાર્ય સિધ્ધિ થાય. આ વાત માથામાં નહિ ઉતરે તો કાર્ય સિધ્ધિ થશે નહિ અને અહીથી દુર્ગતિમાં જવું પડશે.

卐

— હસવા મનાઇ છે. —

બે બહેરા બજારમાં મળ્યા.

એક બીજાને પૂછ્યું, "તમે રીંગણાં લો છો?"

બીજાએ કહ્યું, "ના – ના હું તો રીંગણા લઉં છું."

પહેલો કહે, "ઠીક, મને તો એમ કે તમે રીંગણા લો છો."

卐 જ્ઞાન ગુણ ગંગા 卐

–પ્રજ્ઞાંગ

જળમાં બીજા પાંચે કાયોનો સંભવ છે. આ અંગે શ્રી 'ઓઘ નિર્યુક્તિ'માં કહ્યું છે કે–

'જત્થ જલં તત્થ વણું જત્થ વણું તત્થ નિચ્છઓ અગ્ગી ।
તેઉ વાઉ સહગયા તસા ય પચક્ખમયા ચેવ ।।'

અર્થાત્–જ્યાં જલ-પાણી હોય ત્યાં વનસ્પતિ હોય છે અને જ્યાં વનસ્પતિ હોય ત્યાં અવશ્ય અગ્નિ હોય છે. તેજની સાથે વાયુ અવશ્ય રહેલો હોય છે. તથા ત્રસકાય તો જળમાં પ્રત્યક્ષ જ જોવામાં આવે છે અને પૃથ્વી વિના જળ રહી શકે નહિ તેથી પૃથ્વીકાય પણ આવી જાય છે.

૦ લિંગ આદિ સોળ વચનો જાણ્યા વિના સૂત્ર–વાચનાદિમાં પ્રવર્તે છે તે મૂઢ જીવો શ્રી જિનવચનનું ઉલ્લંઘન કરી શ્રી જિનાજ્ઞાના વિરાધક બને છે. આવું ન બને માટે વિધિના પરિજ્ઞાનથી જ સૂત્ર–અર્થનો સ્વાધ્યાય કરવો જોઇએ.

શ્રી અનુયોગ દ્વારાદિ સૂત્રોમાં તે સોળ વચનો આ પ્રમાણે કહ્યા છે.

૩–લિંગ ત્રણ છે–પુરૂષલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસક લિંગ.

૩–વચન ત્રણ છે–એકવચન, દ્વિવચન અને બહુવચન.

૩–કાલ ત્રણ છે–અતીત, અનાગત અને વર્ત્તમાન.

૧–પરોક્ષ એટલે 'તે' નિર્દેશવચન.

–પ્રત્યક્ષ એટલે 'આ', પ્રત્યક્ષ વચન

૪–ઉપનય–અપનય, ચાર પ્રકારે છે, તે આ રીતે–

જે પ્રશંસા વચન તે ઉપનય વચન જેમકે, 'આ રૂપવતી સ્ત્રી છે,' જે નિંદા વચન તે અપનય વચન. જેમકે 'આ કુરૂપા સ્ત્રી છે' પહેલા પ્રશંસા અને નિંદા તે ઉપનય–અપનય વચન, જેમકે 'આ સ્ત્રી રૂપવતી છે પણ દુઃશીલા છે', અને પહેલા નિંદા પછી પ્રશંસા તે અપનય–ઉપનય વચન. જેમકે, 'આ સ્ત્રી કુરૂપા છે પણ સુશીલવાળી છે.'

૧–અધ્યસ્થ વચન, ચિત્તમાં બીજું ધારણ કરી, છેતરવાની બુદ્ધિથી બીજું બોલવાની ઇચ્છા છતાં પણ જે હૈયામાં હોય તે જ બોલી નાખે તે અધ્યાત્મ વચન કહેવાય છે.

— બડાઈખોર બોઘાલાલ —

—હરીશ મણિયાર

બુદ્ધિ વગરનો બોઘો. બડાઇ મારવાનો શોખીન બોઘો. ગામમાં કોઇ પરચુરણ કામ ચીંધે, બાજુના શહેરમાંથી કંઇક વસ્તુ લાવવાનું કહે તો બોઘાલાલ લાવી આપે. બોઘાનું પેલી કહેવત જેવું. નાણા વગર નાથીયો નાણે નાથાલાલ, એવું આ બોઘાનું. 'કામ વગરનો બોઘો, કામે બોઘાલાલ.' કોઇનું કામ કરી આપે બદલામાં ચાર–આઠ આના વાપરવા મળે. ને બોઘાનું જીવન ગાડું ગબડે ! પણ છબરડા વાળવામાં તેનો જોટો ન જડે. ગામજનોનું કહેવું હતું. ક્યારેક જુઠું બોલે : 'હું તો આ વસ્તુ આટલામાં લઇ આવ્યો,' એમ છાતી ઠોકીને કહે. બધા મિત્રો સમજતા હતા, 'બોઘો બડાઇઓ મારે છે એમની બો ભુલાવી દેવી.'

બોઘા બહોળા મિત્ર મંડળને કારણે ખુશી થતો. 'જોયું, બધા મારી મિત્રતા પસંદ કરે છે.' પણ સાચી વાત કયાં બોઘાભાઇ જાણતા હતા !!!

બોઘો ને કંઇક વસ્તુ લેવા શહેરમાં મોકલે, બોઘો–રૂઆબથી ભાવ પુછે. ન આવડતા નામ બોલે, આ કંપનીનો નથી ? એવો પ્રશ્ન કરે હકીકતમાં કંપની હોય જ નહિ, પેલા એને ડબલ ભાવમાં વસ્તુ પધરાવે ગામમાં આવીને બોઘો બડાઇ મારે.' આ તો સસ્તી છે. બસ, આટલામાં જ આવી.' જેટલા પૈસા આપ્યા હોય તેના અડધા કહે– બોઘો, આવો–બોઘો ગામમાં બીરૂદ સ્પેશ્યલ હતો.

એક દિવસ બોઘો બહાર જતો હતો. કોઇએ પૂછ્યું, 'કેમ બોઘાલાલ શીદ ઉતાવળા ? બોઘો કુલાયો– 'શહેરમાં ખરીદીએ જાવ છું.' આમ વાતો કરે છે, ત્યાં એક મિત્ર આવ્યો, 'અરે બોઘાલાલ શું બહાર જાવ છો ? જો શહેરમાં જતા હોતો મારા માટે સારો રૂમાલ લેતા આવજોને !!' 'જરૂર જરૂર'... બોઘો બોલ્યો. પેલાએ પૈસા આપ્યા. બોઘાલાલ શહેર સીધાવ્યા. બોઘાલાલને હવે નવાઇ ન લાગી, કારણ કે મહીને–બે મહીને આવવાનું થતું. બોઘો ફરતો જાય છે. એક કટલેરીની દુકાન જોઈ. અંદર..પ્રવેશ કર્યો. આવો આવો.

કટલેરી વાળાએ સ્વાગત કર્યું. બોઘાલાલ દુકાનમાં ઠમામથી પ્રવેશ્યો...ખુરશી પર બેસક લીધા પછી બોલ્યા. 'સારી જાતના રૂમાલ બતાવો.' દુકાનમાં રૂમાલનો ઢગલો થઇ ગયો...પણ બોઘો જાણે મહાન પારખુ હોય તેમ બધા રૂમાલ ના–પાસ કરવા માંડયો. દુકાનદાર આશ્ચર્યથી સામે જોઇ રહ્યો. બોઘો આથી કુલાયો. 'આ કંપનીના નથી ?' હકીકતમાં કોઇ કંપની હતી નહીં. દુકાનદાર સમજી ગયો કે, છે કોઇ મુરખાનો

રાજા, તે બોલ્યો...' છે ને, ઉભા રહો લઇ આવું.' દુકાનદાર અંદર જઇને સસ્તા અને હલકા રૂમાલ લઇ આવ્યો... 'લો, લો, શેઠ આ રૂમાલ લઇ જાવ. આજકાલ આનું જ ચલણ છે ! કિંમત ફક્ત ચાર રૂપીયા શેઠ !' શેઠના સંબોધને બોધો વધારે ફુલાયો. ઠીક છે. એક આપો' બોધાએ પૈસા ચુકવ્યા. રૂમાલ લઇ રવાના થયો. પાછળ દુકાનદાર મલકયો. ચાર રૂપિયાના વેપારમાં મળેલ ત્રણનો નફો દિવસ સુધરી ગયાનો આનંદ આપી ગયો.

બોધો બસ સ્ટેશને આવ્યો, બસ સ્ટેશનમાં એક રૂમાલ વેચવા વાળો ઉભો હતો 'લઇ જાઓ મહેરબાનો ફક્ત રૂપિયામાં, એક રૂપિયામાં', બોધો ચમકયો. 'આ તો મારા જેવો જ રૂમાલ છે ?'

અહિં રૂપિયામાં અને બજારમાં ચાર રૂપિયામાં, બોધા મુંડાઇ ગયો હતો. રૂમાલવાળો રૂમાલ વેંચતો હતો ત્યાં ખૂબ જ ગ્રાહકો હતા. થોડીજ વારમાં રૂમાલ ખલાસ થઇ ગયા. બોધો ગામ આવ્યો. ત્યાં રૂમાલ વાળો મિત્ર આવ્યો, 'મારો રૂમાલ લાવ્યા ?' વધારે પૈસા તો નથી આપી આવ્યો ને ?' બોધો શું બોધો શું બોલે ? જો એમ કહે, ચાર રૂપીયાનો તો આબરૂ જાય.

'હા હા લાવ્યો છું ને ?' બોધાએ રૂમાલ આપ્યો. 'રૂપીયાનો આવ્યો. બોધાએ બીસ્કાના ત્રણ રૂપીયા આપ્યા.

પેલો બોલ્યો. 'મારે હજુ પણ રૂમાલ જોઇશે બધા મિત્રો માટે પણ લેવા છે લેતા આવશો ને ?' બોધાની બાકરી ડખામાં પુરાઇ ગઇ. બોધો જડવત ઉભો હતો.

'આ તો બાડાઈ મારતા જતાં બોડાઇ જશું.'

'કેમ શું વિચારમાં પડી ગયા બોધાલાલ ?' પેલો મિત્ર બોલ્યો.

'આજ ભલે મુંડાયા, આ લો તમારા ત્રણ રૂપિયા, પણ હવે બડાઇઓ ન મારતા.' ત્યાં તો બધાએ એક જ સલાહ આપી, બસ, બડાઈ બંધ થઇ ગઇ.

આવા હતા બોધાલાલ ઉર્ફે બોથો.

(ફુલવાડી)

卐

રાત્રિભોજન—અહિતકારક

અહનો મુખેઽવસાને ચ, યો દ્વે દ્વે ઘટિકે ત્યજન્ ।
નિશાભોજનદોષજ્ઞો હ્યનાત્યસ્તી પુણ્યભાજનમ્ ॥

(યોગશાસ્ત્ર)

રાત્રિ એટલે કે સૂર્યાસ્ત પછી ભોજન કરવું, સ્વાસ્થ્ય માટે અનેક રીતે હાનીકારક છે. રાત્રિભોજન કરવાથી અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. રાત્રિકૃત પ્રભાવથી પાચનશક્તિ મંદ થાય છે. વૈદિક વાક્યમય અનુસાર, રાત્રિભોજનથી ટેવાયેલી વ્યક્તિમાં, જંતુસંસર્ગ થવાની સંભાવના વધુ રહે છે, વૈદિક એમ કહે છે કે, જે વ્યક્તિ પુણ્યકર્મ કરવાવાળા અને રાત્રિભોજનથી થતા નુકશાનથી પરિચિત હોય છે તેઓ સૂર્યોદયથી ૪૮ મિનીટબાદ અને સૂર્યાસ્તથી ૪૮ મિનિટ પહેલા ભોજન કરી લે છે.

કર્તાતિ વિરતિ ધન્યો યઃ સદા નિશિભોજનાત્ ।
સોઽર્દ્ધા પુરૂષાયુષસ્ય સ્યાદવશ્યમુપોષિતઃ ॥

જે વ્યક્તિ હંમેશ માટે રાત્રિ ભોજનનો ત્યાગ કરે છે તેને પોતાની અર્ધી આયુષ્ય જેટલા ઉપવાસનું ફળ મળે છે. આપણા પુરાણ સાહિત્યની ખુબી છે કે, લોકોની સમજમા વાત બરાબર આવી જાય તે હેતુ ધર્મનો સહારો લઇને પણ લોકોને સમજાવવા પ્રયત્ન થયો છે. જેમકે...

ચત્વારો નરકદ્વારા પ્રથમ રાત્રિભોજનમ્ ।
પરસ્ત્રીગમન ચૈવ સંધાનાનન્તકાયિકે ॥

(પદ્મપુરાણ)

રાત્રિભોજન પરસ્ત્રી સાથે સહવાસ, બોળ અથાણું ખાવું તથા કંદમૂળ ખાવું આ ચારે નરકના દ્વાર છે.

મતલબકે, આ ચારેના સેવનથી શરીર અને મનને તકલીફ સિવાય કંઇ મળતું નથી.

(આરોગ્ય સંજીવનીના અંકમાંથી)
અનુવાદ—રામભાઇ ગઢવી જાંબુડા
જિ. તા. જામનગર.

બહાદુર બાળકો

અપૂર્વ હિંમત

— કનુભાઈ રાવલ

તામિલનાડુ રાજ્યમાં દરિયા કિનારે એક શહેર. આ શહેરનું નામ. ઉદગમ. ઉદગમ રળિયામણું શહેર, એક બાજુ ઘુઘવતો સાગર...તો બીજી બાજુ ઊંચા પહાડ... પહાડની હારમાળા, તળેટીમાં નાળીયેર...તાડના ઊંચા ૧૦૦ વૃક્ષો. આ શહેરમા નંદન રહે, તેના પપ્પા શહેરના એક નામાંકિત ડોકટર.

નંદન ખૂબ મજાના છોકરો, ભણવામાં હોશિયાર, બુદ્ધિશાળી અને ચતુર. શાળાનો સમય થાય, નંદનના પિતા તેને કારમાં શાળાએ મૂકી જાય. સાંજના તેને કારમાં લેવા આવે. નંદન લાડકો દીકરો.

નંદન શાળાએ નિયમિત...કદી ગેરહાજર ન રહે. નંદનના પિતા તેને રોજ શાળાએ મૂકવા આવે. તેનું બરાબર ધ્યાન બે માણસો રાખતા હતાં. આ બે માણસો પણ કારમાં તેમની પાછળ જાય, નિશાળના ઝાંપાથી તેઓ દુર ઉભા રહે નંદનની હિલચાલનું બારીકાઇથી ધ્યાન રાખે, તેને કોણ તેડવા આવે છે, ક્યારે આવે છે.

આ બંને માણસો પાસે પણ કાર હતી. તેઓ નંદનની કારની પાછળ પાછળ કાર હંકારી, નંદનના ઘરની માહિતી મેળવી. આ તો આલિશાન બંગલો...તેથી આ બે માણસોને થયું...આ છોકરાના પિતા તો ખૂબ પૈસાદાર હશે

રવિવારનો દિવસ, નંદન ઘરમાં રમતો હતો, તેની ઉંમર દસ વર્ષની હતી. ઘરમાં કોઇ વસ્તુની જરૂર પડી, દુકાન બાજુમાં હતી. નંદને મમ્મીને કહ્યું "મમ્મી, આ વસ્તુ હું લઇ આવું છું" અને નંદન બંગલાની બહાર નીકળ્યો. બે માણસો જાણે તેની રાહ જોઇને ઉભા હતા. ભૂખ્યો સિંહ શિકાર પર તરાપ મારે, તેમ આ બે માણસોને નંદનને પકડી લીધો. તેને કારમાં બેસાડયો. નંદન બૂમો ન પાડે, તેથી તેના મોઢામાં કપડાનો ડૂચો ભરાવ્યો. આંખે પાટો બાંધી દીધો. અને કાર તો સડસડાટ હંકારી.

નંદનને આ બે માણસો એક અંધારા ફ્લેટમાં લઇ આવ્યા. ફ્લેટમાં ચોથા માળે નંદનને એક ઓરડામાં પૂરી દીધો, પછી તેની આંખેથી પાટો ખોલી નાખ્યો, અને તેને પૂછયું.

"તારા પપાનું નામ શું છે."

"ચપ્પાનું નાસ પપ્પા" નંદન સાવધ થઇ ગયેા, આ માણસેાના જવાબેા આપવાનું ટાળતેા હતેા. નંદન બરાબર ચેતી ગયેા. કેાઇ હરામ ખેારા તેને પકડી લઇ ગયા છે. તેથી તે સચેત હતેા. એક માણસે નંદનના ગાલ પર જોરથી તમાચેા માર્યેા. નંદનને તમ્મર આવી ગયા. બેહેાશ થઇને જમીન પર પડયેા. બીજા માણસે ચપ્પુ કાઢયું.

નંદન હેાશમાં હતેા, પણ તે બેહેાશ હેાવાનેા દેખાવ કરતેા હતેા. હવે બધી વાત સમજી ગયેા હતેા. આ લેાકેા તેને પકડી લાવ્યા હતા. તેના પિતા પાસેથી પૈસા પડાવવા આ લેાકેાએ યેાજના કરી હતી.

જમીન પર પડયા પડયા તેણે ઓરડાનું નિરીક્ષણ કર્યું. એક બારણું ગેલેરીમાં પડતું હતું. ઓરડામાં બાથરૂમ હતેા, તેના પાઇપ ગેલેરી પાસેથી નીચે જતા હતા. આ બધું સુતા સુતા તેણે જેઇ લીધું. સહેજ આંખ ઉઘાડી એટલે એક કઠાવર માણસે તેને પૂછયું

"તારેા ટેલીફેાન નંબર આપ."

નંદન ટેલીફેાન નંબર બેાલ્યેા, એટલે બંને માણસેા ઓરડાની બહાર ટેલીફેાન કરવા ગયા, તેઓએ નંદને આપેલા નંબર પર ટેલીફેાન કર્યેા, તેા સામેથી જવાબ મળ્યેા, "અમારે નંદન નામનેા છેાકરેા જ નથી" બન્ને માણસેા સમજી ગયા, આ છેાકરેા બેાગસ બેાલે છે, તેથી બંને ફરીથી ઓરડામાં આવ્યા. નંદનને બરાબર ફટકાર્યેા. નંદન જોરજોરથી રડવા લાગ્યેા, તેઓ ગુસ્સે થતાં બેાલ્યા.

"તે ખેાટેા નંબર આપ્યેા, સાચેા નંબર આપ, નહિ તેા આ ચપ્પાથી વીંધી નાખશું." નંદન તેા ફફડતેા હતેા, ધ્રુજતેા હતેા. નંદને બીજો નંબર આપ્યેા, એટલે ઓરડાનું બારણું બંધ કરી આ માણસેા ટેલીફેાન કરવા બહાર ગયા. નંદને ઓરડાનું બારણું અંદરથી બંધ કરી દીધું. પછી ધીમેથી ગેલેરીનું બારણું ઉઘાડયું. જાણે સંકટ સમયે ભગવાન મદદ કરે છે. તેનામાં અજબની હિંમત આવી. તે ગેલેરીમાં આવ્યેા, પછી તેણે પાઇપ પકડયેા, પાઇપ પકડીને સરતેા સરતેા નીચે આવ્યેા. આજુબાજુ જોયા વિના સસલાની જેમ ભાગ્યેા. આંખેા મીંચીને દેાડયા જ કર્યું.

પેલા બે માણસેા ટેલીફેાન કરીને ઓરડા પાસે આવ્યા. તે નંબર પણ ખેાટેા હતેા, તેઓએ બારણું ઉઘાડવા પ્રયત્ન કર્યેા, પણ તે અંદરથી બંધ હતું. બંને કદાવર અને ખડતલ, બારનું તેાડા નાંખ્યું, ઓરડામાં ગયા તેા નંદન ત્યાં ન હતેા. દૂર દૂર હરણાની જેમ નાસતેા હતેા.

રસ્તામા એક હેાટલ આવી. નંદન હેાટલમાં ઘૂસ્યેા. ને માલિકને વિનંતી કરી.

'મારી પાછળ ગુંડા પડ્યા છે, મને કોઇક સ્થળે સંતાડી દો.' હોટલવાળો દયાળુ નંદન દેખાવે સારા ઘરના છોકરા જેવો દેખાય. હોટલવાળાએ તેને એક ઓરડીમાં સંતાડી દીધો. થોડીકવાર થઇ, કાર લઇને બે માણસો આવ્યા, અને હોટલવાળાને પૂછ્યું.

'અહીં કોઇ છોકરો આવ્યો છે. હોટલવાળો ચાલાક હતો, તેણે કાર તરફ જોયું. કારનો નંબર બરાબર યાદ કરી લીધો. પછી તે બોલ્યો 'ના. ભાઇ અહીં તો કોઇ આવ્યું નથી.'

અને પેલા માણસો કાર લઇને રવાના થયા. હોટલવાળાએ નંદનને ઓરડીમાંથી બહાર કાઢ્યો, નંદને પાતાની વિતકકથા કહી. હોટલવાળો નંદનને સાયકલ પર બેસાડી તેના બંગલે મૂકી આવ્યો. તેના માતાપિતાએ હોટલવાળાનો ખૂબ આભાર માન્યો. તેઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. નંદનને શોધવા ખૂબ દોડાદોડ કરી. રડીને આંખો લાલ ટમેટા જેવી થઇ ગઇ હતી. નંદનના માતાપિતાને દીકરો પાછો મળતા શાંતિ થઇ. નંદનના પિતાએ પોલીસ ઇન્સ્પેકટરને જાણ કરી. 'નંદન હવે ઘેર આવી ગયો છે.'

પોલીસ ઇન્સ્પેકટર નંદનના ઘેર આવ્યા. તેનું નિવેદન નોંધ્યું. તેમાં નંદને કારનો નંબર પોલીસ ઇન્સ્પેકટરને આપ્યો. આ નંબર પરથી પોલીસે આ કોની કાર છે, તે શોધી કાઢ્યું.

આ તો ગુંડાની ગેંગ હતી. તેઓ બાળકોને પકડી જતા, તેમના માતાપિતા પાસેથી પૈસા પડાવતા હતા. પોલીસે ઉદ્યમ શહેરની આ ગુંડા ટોળકી પકડી પાડી, નંદનની બુદ્ધિચાતુર્ય અને હોંશિયારીથી આ ગુંડા ટોળકી પકડાઇ. તામિલનાડુ સરકારે નંદનનું બહુમાન કર્યું. તેના સાહસને બિરદાવ્યું. સરકારે તેને શૌર્યતા માટેનો ચંદ્રક આપ્યો.

૧૯૮૬ ના પ્રજાસતાક દિવસ. ભારત સરકારે નંદનનું રાષ્ટ્રીય પુરસ્કાર આપીને સન્માન કર્યું. (કુલવાડી)

ગપ્પાના થપ્પા...

ટ્રેનમાં બારી પાસે બેસીને એક છોકરો ચ્યુઇંગમ ચમળાવતો હતો. સામે એક બહેન બેઠા હતા. તેમણે છોકરાને કહ્યું કે–'ભાઇ, તું અડધા કલાકથી મારી સાથે વાતો કરે છે, પણ મને કંઇ સંભળાતું નથી. હું બહેરી છું. જે કહેવું હોય તે લખીને આપ.'

પ્રકારના અલંકારો આપે. ભોજનાંગ–દશેક પ્રકારના ભોજન આપે. વસ્ત્રાંગ–દશેક પ્રકારના વસ્ત્રો આપે. ચિત્રરસાંગ–દશેક પ્રકારના પીવાના પદાર્થો આપે. તુર્યાંગ–દશેક પ્રકારના વાજિંત્રો આપે. કુસુમાંગ–દશેક પ્રકારના સુગંધી પદાર્થો આપે. ભાજનાંગ–દશેક પ્રકારના વાસણો આપે. દીપાંગ–દીપકો પ્રગટાવે.

આઠ સિદ્ધિઓ (અષ્ટ મહાસિદ્ધિ)

૧ અણિમા...આ લબ્ધિથી શરીર એટલું બધું સૂક્ષ્મ કરી શકાય કે સોયના નાકામાંથી પોતે પસાર થઇ શકે.

૨ મહિમા...આ લબ્ધિથી મેરૂ પર્વત કરતાં પણ મોટું શરીર કરી શકે.

૩ લઘિમા...આ લબ્ધિથી પોતાનું શરીર વજનમાં પવન કરતાં ય હલકું કરી શકાય.

૪ ગરિમા...આ લબ્ધિથી પોતાનું શરીર એટલું બધું વજનદાર બનાવી શકાય કે વજ્ર કરતાં ય ભારે થઇ જાય.

૫ પ્રાપ્તિ શક્તિ...આ લબ્ધિથી એટલી બધી ઉંચાઈ કરી શકે કે પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરૂ પર્વતની ટોચને સ્પર્શ કરી શકે. અને ગ્રહાદિકને પણ સ્પર્શ કરી શકે. (વૈક્રિય શરીર નહિં.)

૬ પ્રાકમ્ય શક્તિ...આ લબ્ધિથી પાણીની માફક જમીનમાં ડુબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

૭ ઇશિત્વ શક્તિ...આ લબ્ધિથી તીર્થંકર ભગવાન તથા ચક્રવર્તીની અને ઇન્દ્રની ઋધ્ધિ પ્રગટ કરવા શક્તિમાન થઇ શકે.

૮ વશિત્વ શક્તિ...આ લબ્ધિથી સિંહાદિક ક્રુર વિકરાળ જાનવરો પણ પોતાને વશ થઇ જાય.

દાનને દુષિત કરનારા ૫ કારણો

૧ અનાદરથી આપવું.

૨ ઘણીવાર લગાડીને આપવું.

૩ વાંકું મોઢું રાખીને આપવું.

૪ અપ્રિય વચન સંભળાવીને આપવું.

૫ આપ્યા પછી પશ્ચાતાપ કરવો.

પૂજ્યશ્રી કહેતા હતા કે : શ્રી શત્રુદશી

પ્રભુ વીર વચન વિથી

સ્વ. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* મજેથી પાપ કરનારો જીવ ધર્મ કરતો હોય તોપણ લોકોને ઠગવા માટે ધર્મ કરે છે.
* સંસારમાં પ્રાણ કુટુંબનું ભૂંડું પાલન સારો શ્રાવક જ કરી શકે. તેને કુટુંબ પર મોહ ન હોય, મોહ થાય તેના ઘરમાં કજીયો ન હોય. પ્રેમથી કુટુંબને પાળનારના ઘરમાં કજીયા કજીયા વિના રહ્યું ન હોય!
* ધર્મ ઉપશમ ભાવથી, ક્ષયોપશમભાવથી કે ક્ષાયિકભાવથી જ આવે. પ્રણ પણ ઉદય ભાવથી ન આવે. ઉદયભાવની સામગ્રી તો ધર્મ પમાડવામાં સહાય કરે.
* જે જીવ મોક્ષ માટે જ ધર્મ કરે તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. જે સંસારના સુખ માટે, નામના-કીર્તિ માટે ધર્મ કરે તેને જે પુણ્ય બંધાય તે પાપનુબંધી પુણ્ય કહેવાય.
* પાપ કરવા છતાં ય પાપનો ભય લાગે કે, આટલાં પાપ કરું છું તો મારું થશે શું? હું અભવી કે દુર્લભબી હોઈશ? આવી જેને ચિંતા થતી હોય તે નિયમા ભવી છે.
* સાધુ થઈને પણ જાહેરની ચિંતા કરે તે અધમાધમ કક્ષાના છે.
* તમે બધા મંદિર-ઉપાશ્રયે આવો છો? સંસાર છોડવાનું મન થાય માટે કે સંસાર સારો લાગ્યો માટે? સંસાર છોડવો હોય તો માટે મંદિર-ઉપાશ્રયે આવતાં હો, દર્શન-પૂજનાદિ કરતાં હો તો તમારો કાળ પાકેલો છે. મેં આ આ કર્યું તેમ કહેવા દર્શન પૂજનાદિ કરતાં હો તો તમારો કાળ હજી પાક્યો નથી તેમ કહેવાય.
* આ સંસાર ભયંકર છે, પાપમય છે, પાપ વિના ચાલતો જ નથી. આત્માનું સ્થાન નથી, કર્મે આત્માને બાંધી રાખ્યા છે. આત્મા પાકી છે? સંસાર કર્મથી છે, સ્વભાવથી નથી. કર્મ જાય તો સંસારમાં રહેવાનું હોય નહિ, મોક્ષે રહેવાનું હોય. સંસારમાં સુખ તે એટલા માટે કે જગતના બધા જીવોને ફસાવનાર છે. સુખમાં લીન બનાવી, સુખ માટે પાપ કરાવી નરકાદિમાં મોકલી આપનાર છે. આ વાત જેને ન સમજાય તે ભયંકર પાપોદય છે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

ધર્મનો ત્યાગ કોણ કરે ?

દેહસ્સ કએ પુરિસા, કુણન્તિ પાવં પરિગ્ગહાસત્તો
વિસય વિસમો હિય મઈ, ધ્રમ્મં દૂરેણ વજ્જેન્તિ ॥

(પઉમચરિયમ્)

પરિગ્રહમાં આસકત અને વિષયો રૂપી વિષથી મોહિત મતિવાળા બનેલા કેટલાય પુરૂષો દેહને-શરીરને માટે પાપ કરે છે ! અને ધર્મને દૂરથી તજી દે છે.

વર્ષ ૧૧

અંક ૪૫+૪૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ

જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

ધર્મ પ્રધાન કે ધન

પૂ. આ. શ્રી અનંતગુણ શ્રીજી મ.

એક સાંચેલી વાત અજે કરવી છે.

ઉત્તરપ્રદેશના ઈટાવા શહેરની મુલાકાતે આવેલા એક અંગ્રેજ કમિશનર સર વિન્સેન્ટ સ્મિથના માનમાં ત્યાંના એક બ્રાહ્મણ કલેક્ટર એક શાનદાર પાર્ટી રાખી હતી. આ એ સમયની વાત છે જ્યારે ભારત પર અંગ્રેજોનું રાજ ચલતું હતું. હરેક કાળમાં લોભી-લાલચુ લોકો હોય જ. સત્તાધીશોની મહેરબાની મેળવવાની પડાપડીમાલું હોય તેમાં નવાઈ નથી. સંસારી જીવોની આવી હાલત હોય તે સહજ છે પણ આત્મકલ્યાણનો ભેખ રેલા પણ આમાં આવી જાય તે કેવું કહેવાય તે વાચકો પર મૂકી દઉં !! કમીશ્નર સયમસર આવ્યા. તેમ:ઉચિત-સન્માનાદિ કરી તેમને ભોજન માટે લઈ જવામાં આવ્યા.

તે વખતે કલેક્ટરે બહુ જ ધીમેથી કમિશનરના કાનમાં કહ્યું કે - ''સર ! મેં સાંભળ્યું છે કે આપને ગાયનું માંસ બહુ ભાવે છે એટલે ખા આપના માટે જ એની વિશિષ્ટ વાનગી બનાવરાવી છે. ''

ત્યારે કમિશનરે આ વાત સાંળતા જ ડીસ દૂર મૂકી દીધી અને પૂછયું કે - મને ગૌમાંસ વધુ ભાવે છે એ આપે કયાંથી જાણ્યું. ?

કલેક્ટર - સર ! યુરોપવાસીો તેને પસંદ કરે છે એમ મેં સાંભળ્યું છે માટે.

ત્યારે કમિશનર કહે - તમારીમાહિતી સંપૂર્ણ સાચી નથી બધાને આ વાનગી વધુ ભાવે છે એમ નથી. અલબત મને નથી ભાવતી એપણ નથી.

કલેકટરે વધુ આગ્રહ કરવાંડયો ત્યાં જ કમિશનર કહે - ''જૂઓ ! ભારતની મોટા ભાગની વસતિ ગાયને પૂજ્યભાવે આદર ભાઆપે છે. 'ગાયમાતા' તરીકે ગાયની પૂજા કરે છે. ગૌ-માંસની વાત સાંભળતાં જ એમની અંતરડી કકળીઠે છે.એટલે જ્યારથી ભારતમાં આવીને મારા હોદ્દાનો ચાર્જ મેં સંભાળી લીધો ત્યારથી મેં મનોમનક્કી કર્યું છે કે ભારતમાં રહું ત્યાં સુધી ગૌ-માંસને સ્પર્શ સુદ્ધાં ન કરવો. વળી આપ તો બ્રાહ્મણ છો. ફ આગ્રહ રાખે તો પણ આપે તો ગૌ-માંસ ન જ પીરસાવું જોઈએ.''

આ જવાબથી કલેકટરની હા શું થઈ હોય તે સમજી શકાય છે.

આપણે તો એ બોધ લેવો છે ? જૈન કુળમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક બતાવવામાં આવ્યો છે. કંદમૂળ આદિને અભક્ષ્ય કહેવમાં આવ્યું છો જો એક અંગ્રેજ અમલદાર આવી માન્યતા ધરાવે તો જગતના જવાહિર ગણાતા જૈનોની ખમીરી કેહોય પોતાને ત્યાં પાર્ટીમાં 'નોનવેજ' રાખે ખરા ? 'વેજ'માં પણ અભક્ષ્ય રાખે ખરા ? ધર્મ પ્રધાન લાગેને આ વાત સમજાશે, ધન માને તેને નહિ ? ધર્મ પ્રધાન કે ધન - તે વિચારવાની તાતી જરૂર છે.

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भनाय च

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી મુંદડા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી મુંદડા (થાનગઢ)

વર્ષ : ૧૧) ૨૦૫૫ અષાઢ સુદ ૧૪ મંગળવાર તા. ૨૭-૭-૯૯ (અંક : ૪૫-૪૬)

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

પ્રવચન - ચોત્રીસમું

- પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૪
શનિવાર, તા. ૮-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય,
મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષપાપના)
- અવ૦)

नाणं पयासयं सोहणं तवो संजमो य गुत्तिधरो ।
तिण्हं पि समायोगे, मोक्खो जिणसासणे भणिओ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા મોક્ષના સુખનું વર્ણન કરી આવ્યા પછી જે મોક્ષને માટે ધર્મ કરવાનો કહ્યો છે તે મોક્ષ ક્યારે મળે તેના ઉપાયો સમજાવી રહ્યા છે કે - જીવને વસ્તુતત્ત્વને સમજાવનારું જ્ઞાન પેદા થાય, જૂનાં કર્મોને ખપાવવા માટે શક્તિ મુજબ તપ કરે અને નવાં આવતાં કર્મોને રોકવા સંયમને સ્વીકારે : આ ત્રણેનો સંપૂર્ણ યોગ થાય તો મોક્ષ મળે. આ બધી વાત મોક્ષના અર્થીને ગમે, તેને જ તે વાત સમજવાની દરકાર પણ હોય. બાકી જે જીવો ઓઘે ઓઘે દેખાદેખીથી ધર્મ

કરે છે તેમને આનો ખ્યાલ પણ નથી હોતો. આજે મોટાભાગને મંદિર -ઉપાશ્રયમાં કેમ પેસા ય, કેમ નીકળાય તે વિધિની પણ ખબર નથી.

તેથી જ આજે સામાયિક, પડિકકમણું કરનારા ઘણાને તેના સૂત્રો પણ નથી આવડત , કોઈ કરાવે તો વળી કરે. તે વખતે મુહપત્તિ પડિલેહતી વખતે તેના પચાસ બોલ બોલવાના હોય છે તે પણ મોટોભાગ બોલતો નથી કે જાણતો પણ નથી. જો તે બોલ જાણતો હોત તો તેનો અર્થ જાણવા ની પણ ઈચ્છા થાત તે ઈચ્છા હોત અને સમજવા મહેનત કરી હોત તો બધા જ સમજદાર થઈ ગયા હોત.

રોજ સામાયિક કરનારને સામાયિકનાં, પ્રતિક્રમણનાં, ચૈત્યવંદનનાં સૂત્રો ના આવડે તે બને ખરું ? સામાયિકમાં ય દર્શન-જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવાની છે. રોજ ભણતા હોત, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતા હોત તો સમ્યગ્દર્શન થયા વિના ન રહત ! શ્રી તત્ત્વાર્થ સૂત્રકારે' તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એમ કહ્યું છે. તત્ત્વભૂત પદાર્થોની સાચી શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન કહ્યું છે. અહીં બેઠેલામાંથી પણ તત્ત્વના અભ્યાસી કેટલા મળે ? જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ- સંવરની ખબર હોય ? આશ્રવ કોને કહેવાય ? આત્મામાં કર્મ આવે તેને. કર્મ શેનાથી આવે ? આશ્રવ ના ભેદ કેટલા છે ? આખો સંસાર તે આશ્રવ છે. સંસારની જેટલી પ્રવૃત્તિ છે તે બધી કર્મનો બંધ કરનારી છે. જે જીવ કર્મથી ગભરાતો હોય તે કેવું જીવન જીવે ? તે સ્વદ્રવ્યથી ભગવાનની પૂજા કરે, સમય મળે એટલે સામાયિક કરે, ઉભયટંક આવશ્યક કરે, તત્ત્વચિંતા કરે, સ્વાધ્યાય કરે; આ બધું કહેવું પડે કે તે બધા કરતા જ હોય ? તેને ધર્મ ક્રિયાનાં સૂત્રો ન આવડે, તે સૂત્રોનો અર્થ ન આવડે તે બને ખરું ? પેઢી ઉપર જે બેસે તે કેટલું સમજતો હોય અને સામાયિક કરે તે કેટલું સમજે ? રોજ સામાયિક કરનારને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ તે જ્ઞાન પણ નથી.

આપણે મુહપત્તિના પચાસ બોલની વાત કરી રહ્યાં છીએ. તેમાં 'જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું' અને 'જ્ઞાનવિરાધના-દર્શન વિરાધના-ચારિત્ર વિરાધના પરિહરું' તે બોલની વાત ચાલી રહી છે. જેને જ્ઞાન-દર્શન અને ચારિત્રની આરાધના કરવી હોય અને તેની વિરાધના પરિહરવી હોય તેને આરાધના શું અને વિરાધના શું તે વાત સમજવી પડે ને ? ભણવાની શક્તિ હોવા છતાં ય ભણે નહિ તો ય જ્ઞાનાવરણીય બંધાય, ભણેલું ભૂલી જાય, યાદ ન કરે તો પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય. શાસ્ત્રે તો કહ્યું છે કે - છ મહિને પણ જો એક પદ આવડે તેણે પણ ગોખવું જોઈએ, ન ગોખે તો ય જ્ઞાનાવરણીય કર્મ બંધાય. મળેલી શક્તિનો સદુપયોગ ન કરે તો શું થાય ?

રોજ સામાયિક કરનારને પ્રતિક્રમણાનાં સૂત્રો, જીવવિચાર, નવતત્ત્વ ન આવડે તેનું કારણ શું ? ભગવાન જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા, મોક્ષ કોને કહી ગયા છે તે જાણવાની તમને ઈચ્છા પણ કેમ થતી નથી ? આ ન જાણો તો જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધના

પરિહરું એમ બોલો તો તે ખોટું બોલો છો ને ? આ સભામાં બેઠેલામાંથી નવતત્ત્વ ભણેલા કેટલા મળે ? તમારા છોકરાઓને પણ નવતત્ત્વ આવડે ? તમારા ઘરના માણસોને પણ નવતત્ત્વ આવડે ?

સભા :- 'ભાવેણ સદ્દહંતો' એમ કેમ કહ્યું ?

ઉ. :- તે વાત કોના માટે કહી છે ? ન સમજી શકે તેના માટે કે તમારા જેવા માટે છે ? 'ભાવેણ સદ્દહંતો' એટલે સમજવાની મહેનત કરવી જ નહિ તેમ બને ખરું ?

આ બોલ બોલનારો જીવ માગે છે આરાધના પણ કરે છે વિરાધના જ. જ્ઞાની વિરાધના કરનારો જીવ દર્શનની ય વિરાધના કરે છે અને ચારિત્રની પણ વિરાધના કરે છે. ચારિત્ર પામવાની શક્તિ હોવા છતાં ય તે પામવાનો પ્રયત્ન ન કરે તો ય ચારિત્ર મોહનીય કર્મ બંધાય. તમે બધા ચારિત્ર પામી શકો તેવા પહેલેથી જ હતા નહિ ! ભગવાને આઠમે વર્ષે ચારિત્ર પામી શકાય તેમ કહ્યું છે અને તે ચારિત્ર આ મનુષ્યજન્મમાં જ મળી શકે છે તો તે ચારિત્ર પામવાનું તમને મન પણ છે ખરું ? રોજ સામાયિક કરે તેને સાધુપણું પામવાની, સમ્યગ્જ્ઞાન પામવાની, સમ્યગ્દર્શન મેળવવાની ઈચ્છા પણ ન હોય તેમ બને ખરું ? પણ આજે આ બની રહ્યું છે. રોજ નિયમિત વ્યાખ્યાન સાંભળનારા મળે પણ તત્ત્વજ્ઞાન મેળવવાની ઈચ્છાવાળા તો કો'ક જ મળે. આ જન્મમાં જ મળી શકે તેવું સાધુપણું ન પામું તો મારો આ જન્મ ફોગટ થાય તેમ મનમાં છે ખરું ? તેવું મન ન થાય તો તેથી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના નથી થતી પણ વિરાધના થાય છે તેમ લાગે છે ?

શ્રી નવકારમંત્ર ગણે તેને શ્રી અરિહંત પરમાત્મા શું કહી ગયા છે તે જાણવાની ઈચ્છા પણ ન હોય તેમ બને ? શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? જગતના સઘળા ય જીવોને મોક્ષે મોકલવાની ઈચ્છા થાય તે શ્રી અરિહંત પરમાત્મા થાય, માત્ર ગમે તેટલા તપ કરે તેથી શ્રી અરિહંત પરમાત્મા ન થાય. શ્રી વીશ સ્થાનકના તપની આરાધના શ્રી તીર્થંકરનામકર્મના બંધનું કારણ છે પણ તે શ્રી તીર્થંકર નામકર્મ નિકાચિત કોને થાય ? જેઓને જગતના સઘળાય જીવોને સુખ માટે તરફડતા અને દુઃખમાં રીબાતા જોઈને પોતાના અંતરમાં એવી ઉત્કૃષ્ટ ભાવદયા જન્મે છે કે -''મારામાં જો શક્તિ આવે તો આ બધાના હૈયામાં વિષય-કષાય રૂપ સંસારનો જે રસ ઠાંસી ઠાંસીને ભર્યો છે તેને કાઢી નાખું અને ભગવાન શ્રી જિનેશ્વર દેવોના મોક્ષમાર્ગ રૂપ શાસનનો રસ ભરી દઉં. જેના પ્રતાપે તે સૌ શાસનની સાચી આરાધના કરીને વહેલામાં વહેલા મોક્ષને પામે અને સાચા સુખી થાય.'' જે જીવ મોક્ષે ન જાય ત્યાં સુધી કદી સાચો સુખી થતો જ નથી.

'મારો મોક્ષ કયારે થશે' આવી પણ જેને ચિંતા ન થાય તેને જ્ઞાન-દર્શન-ચારિત્રનો આરાધક કહેવાય કે વિરાધક કહેવાય ? તમે સંસારમાં ભટકો છો તેનું દુઃખ છે ? સંસારમાં બેઠા છો તેનું પણ દુઃખ છે ? સંસાર મઝેથી ચલાવો છો કે દુઃખથી ચલાવો છો ? સંસારમાં મઝેથી રહ્યા હોય તેનામાં

સમ્યગ્દર્શન ન હોય, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો તેને ખપ જ ન હોય. સામાયિકમાં પણ તે વિરાધના જ કરે. સ્કૂલમાં જનારો છોકરો નાપાસ થાય તો મા-બાપ પણ કહે કે - સ્કૂલમાં ગયો નહિ હોય, ભણ્યો નહિ હોય, રખડ્યા કર્યું હશે. તેમ તમને તત્ત્વજ્ઞાનની, સમ્યગ્દર્શનની, સમ્યક્ચારિત્રની ઈચ્છા પણ ન થાય તો 'ઠોઠ નિશાળીયા' જેવા જ કહેવાઓ ને ? તમને સમ્યગ્જ્ઞાનની ઈચ્છા છે ? સમ્યગ્દર્શનની ઈચ્છા છે ? સમ્યક્ચારિત્રની ઈચ્છા છે ? ઈચ્છા વગર તેની આરાધના શી રીતે થાય ? ઈચ્છા ન હોય તો તે વિરાધક કહેવાય કે બીજું કાંઈ ? આજે જેટલા ધર્મ કરનારા છે તેમાં મોટેભાગે આ ત્રણેની આરાધનાને બદલે વિરાધના કરનારા છે. ચારિત્ર લઈને તેની કાળજી પણ ન રાખે તે ય વિરાધક કહેવાય ચારિત્ર લઈને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ ન કરે તે ય વિરાધક કહેવાય. મોટાભાગને આજે તત્ત્વજ્ઞાન જોઈતું નથી. રોજ આ બોલ બોલવાં છતાં પણ જેને આ તત્ત્વજ્ઞાન ભણવાનું મન ન થાય. સમ્યગ્દર્શન પામવાનું અને પામેલા સમ્યગ્દર્શનને નિર્મલ કરવાનું મન ન થાય. સમ્યક્ચારિત્રને પામવાનું અને તેને લઈને બેઠેલાઓને તેને વિશુદ્ધ કરવાનું મન ન થાય તો તે આરાધક કહેવાય કે વિરાધક કહેવાય ? પૈસા કમાવવા જોઈએ, પૈસા કમાવવા જોઈએ પણ કમાવાનું એક પણ કામ ન કરે, કદાચ કામ માટે બેસાડો તો ય ગપ્પાં મારે તો તેને તમે કેવો કહો ? ગાડો કહો કે ડાહ્યો કહો ? તેમ જેને જ્ઞાન-દર્શન કે ચારિત્ર આદિ કાંઈ પણ ધર્મ પામવાનું મન ન હોય તે ધર્મ કરનારો અસલમાં ધર્મ જ કરતો નથી તેમ કહેવાય ને ? ધર્મ કરનારને ય ધર્મ ન જોઈતો હોય તેમ બને ? આજે આ બની રહ્યું છે કે ધર્મ કરનારને પણ ધર્મ જોઈતો નથી. તેથી સાધુમાં જેમ પાંચ વંદનીક કહ્યા તેમ પાંચ અવંદનીક પણ કહ્યા. સાધુ પણ એવા થાય જેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પણ ખપ ન હોય.

સભા :- જેમ તેમ જીવે તો પ્રવચનની ઉપેક્ષાનું પાપ લાગે ?

ઉ. :- જરૂર લાગે. ભગવાનના શાસનની અવહિલના થાય તેવું કામ જે કોઈ કરે તે દુર્લભ બોધિપણું પામે છે એમ શાસ્ત્રે કહ્યું છે. શાસનની અવહિલના જેવું એક પણ પાપ નથી.

તમે બધા દોડી દોડીને અહીં વ્યાખ્યાન સાંભળવા આવો છો. તો વ્યાખ્યાનમાં શું શું કહેવાય છે તે બધું સમજવું જોઈએ. આગળ-પાછળનો સંદર્ભ પણ સમજવો જોઈએ. તમારે તો વ્યાખ્યાનમાં આવવાનો સમય નક્કી નથી, કોઈ વહેલા આવે, કોઈ મોડા આવે, કોઈ વચમાં આવે, કોઈ છેલ્લે ય આવે, માત્ર અમારે ટાઈમસર બેસવાનું. વ્યાખ્યાનમાં વહેલા-મોડા આવનારો ખોટું ન સમજે, ઊંધુ ન પકડી જાય તે માટે એકની એક વાત ફેરવી ફેરવીને હું અનેકવાર કરું છું. છતાં પણ જેને સમજવું જ ન હોય, કાં એકાદ વાકય પકડીને ખોટું જ ગ્રહણ કરવું હોય તો તેનું તે જાણે. તેવા જીવોને તો ખુદ ભગવાન પણ ન સમજાવી શકે. ભગવાનની દેશનામાંથી પણ ફાવતું પકડનારા જીવો હતા તો આજે

તો તેવા જીવો વધુ હોય તેમાં નવાઈ નથી. જેને સંસારમાં જ ભટકવાનું હોય તેવા જીવો આવા જ હોય, તમે બધા આવા નથી ને ? તમે લોકો પણ ઊંધું ન સમજી જાવ તે માટેની આ વાત છે.

આજે વ્યાખ્યાનમાં આવનારો વર્ગ એવોને એવો રહે અને તમારા ઘરોમાંથી જે વ્યાખ્યાનમાં નથી આવતા તો તે બેમાં ફેર શું રહે ? ઘણા ધર્મ કરનારા ઘરમાં ખોટી પંચાત કરે તો ઘરના કહે છે કે- વ્યાખ્યાનમાં જાવ છો તો ય તેવાને તેવા રહ્યા છો તેના કરતાં અમે નથી જતાં તો ય સારા છીએ. તો તે કહે કે અમે વ્યાખ્યાન સાંભળીએ તે ગુનો કર્યો ? તો આવાને કેવા કહેવાય ? રોજ સાંભળવા છતાં ય સમ્યગ્દર્શન પામવાનું મન થાય નહિ, તેના ઉપાયો જાણવાનું મન થાય નહિ, સમ્યક્ચારિત્ર પામવાની ઈચ્છા જ થાય નહિ તો તેને કેવા કહેવાય ? અહીં બેઠેલામાંથી પણ સાધુપણું પામવાની ઈચ્છાવાળા કેટલા મળે ?

સભા :- મોહનીય ગાઢ હોય તો ?

૩. :- તેમ ખબર પડી તો મોહનીય કર્મને તોડવા મહેનત કરો છો ? રોજ બરાબર સાંભળે અને સમજે તો તેનું મોહનીય કર્મ ગાઢ રહે ખરું ?

ઘર-બાર, કુટુંબ પરિવાર, પૈસો-ટકો, પેઢી આદિ ગમે અને તેમાં જ આનંદ આવે તો કઈ ગતિ થાય ? સંસારનાં મળેલાં સુખને મઝેથી ભોગવે તે કઈ ગતિમાં જાય ? 'ધર્મથી પુણ્ય બંધાય, પુણ્યથી સંસારના સુખ-સામગ્રી મળે તેને મઝેથી ભોગવે તે દુર્ગતિમાં જાય' આ વાત યાદ છે ? દુનિયાના સુખમાં મઝા આવે તો તમને થાય 'મારે દુર્ગતિમાં જવું પડશે !' તમને સામાન્ય વાતની પણ શ્રદ્ધા નથી તો કેવા કહેવાવ ? શક્તિ જેટલો ધર્મ ન કરે, ન કરે તેનું દુઃખ પણ ન થાય તો તેને ધર્મ ન કર્યાનું પાપ લાગે તે ખબર છે ? જાણીબૂઝીને અધુરી ક્રિયા કરે તેને ય મહાપાપ લાગે, તેને શાસ્ત્રે મહાવિરાધક કહ્યો છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના જોઈએ છે અને વિરાધના નથી જોઈતી પણ સમજે જ નહિ તે આરાધના શી રીતે કરે અને વિરાધનાથી બચે પણ શી રીતે ?

સભા :- બોલ ઓછા બોલે તો લાભ થાય ?

૩. :- અધિક બોલ બોલે તો ય નુકશાન થાય તેમ ઓછા બોલ બોલે તો ય નુકશાન થાય. શાકમાં કે રસોઈમાં મસાલો ઓછો વધતો નાખે તો તે બાઈ કેવી કહેવાય ? તેને લોક 'ફૂવડ' કહે છે.

ધર્મની બાબતમાં જ બધું ચલાવો છો, સંસારમાં જરા પણ ચલાવતા નથી. આજનો ધર્મ કરનારો વર્ગ મોટેભાગે જ્ઞાન-દર્શન-ચારિત્રનો વિરાધક છે; મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિનો વિરાધક છે. જાણી બૂઝીને અવિધિ કરે તેને તો બહુપાપ લાગે છે. તે તો સીધી જ ભગવાનની આ તા

ભાંગે છે. વિધિ કરતાં અવિધિ થઈ હોય તો તેની માફી માગવાની છે પણ જાણીને અવિધિ કરે તો ? આરાધના કરનારો પણ સમજીને બરાબર ન કરે તો તેય મહાવિરાધક બની જાય ને ? જેને આરાધનાનો ભાવ જ થયો નથી તેને છોડી દો પણ જેને આરાધનાનો ભાવ છે છતાં ય સમજે નહિ તો નુકશાન કોને થાય ? વેપાર કરો અને કાળજી ન રાખો તો નુકશાન કોને થાય ? વેપાર નહિ કરનાર કરતાં વેપાર કરનારો સારો કહેવાય પણ કાળજી રાખીને કરે તો નહિ તો ઘણા વેપાર કરના : બાપની આબરૂ બોળી. આજનો વેપાર કરનારમાં મોટોભાગ દેવાળિયા જેવો છે, તેને બાપ-દાદાની આબરૂનું ભાન નથી, શક્તિ ઉપરાંત વેપાર કરે છે. આગળ પોતાની મૂડી વગરનો જીવ પેઢી પા ન્હોતો ખોલતો અને આજે તો મોટા વેપારી પારકે પૈસે મોજ-મઝાદિ કરે છે, કરોડોના કારખાનામાં ના પૈસા કેટલા હોય ? તે દેવાળું કાઢે તો તેના ઘી-કેળાં ઊભા રહે અને તેને ધીરનારા રૂવે !

આપણી દરેકે દરેક ધર્મક્રિયા જે જીવ સમજી સમજીને કરે તે જીવ ડાહ્યો બની જાય. એક ઈરિયાવહી પણ બરાબર કરતાં આવડે તો તેને ચાલતાં, બેસતાં-ઊઠતાં, ખાતાં-પીતાં ય આવડી જાય. ઊંચું જોઈને ચાલે તે ઈરિયાવહી સમજ્યો કહેવાય ? ડાફોળિયા મારતાં ચલાય કે નીચું જોઈને ઉપયોગ પૂર્વક ચલાય ? તમે આજે બેસો છો, ઊઠો છો, ચાલો છો અને તમને ઠોકર નથી વાગતી ના તમારી પાસે પુણ્ય છે માટે. તે પુણ્ય તમારી પાસે પાપ કરાવે છે. તમને તે પુણ્ય મળ્યું તે ય ભૂંડું છે. આંધળો જીવ થાંભલાને અથડાય કે પડી જાય તો દયા આવે પણ દેખતો અથડાય તો ? ધર્મક્રિયા કરનારની મોટી જવાબદારી છે. ઈરિયાવહી કરનાર જીવ જોયા, પૂંજયા પ્રર્માજ્યા વિના બેસે ? સામાયિકમાં ચરવળો જોઈએ અને જેને સામાયિક ન હોય તેને દશી વાળો ખેસ જોઈએ. આજે તેમાંનું કાંઈ છે ? આજે તો પૂંજનારા પણ ઘણી વિરાધના કરે છે. તે પૂંજે જ એવી રીતે કે જીવ મરી જાય.

'જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું, જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું' એમ બોલનાર જીવ અજ્ઞાની રહે ? તેને સમ્યગ્દર્શન ન થાય તેમ બને ખરું ? જેને કાંઈ જ સમજણ ન પડે તેને માટે લખ્યું કે -'ભાવેણ સદ્દહંતો' તેવો જીવ તો ભગવાનનાં વચન ઉપર પૂરેપૂરી શ્રદ્ધાવાળો હોય એટલે નીચે જોઈ જોઈને ચાલે. શાસ્ત્રે તો કહ્યું છે કે - જે જીવ જોયા વિના ચાલે અને કોઈ જીવ ન મરે તો પણ તે હિંસક છે. અને જે જીવ ઉપયોગપૂર્વક જોઈને ચાલે છતાં પણ કોઈ જીવ મરી જાય તો તેને તેવો હિંસાનો બંધ નથી પડતો. જૈનોને જેવું ચાલતા આવડે તેવું કોઈને ન આવડે જૈનોને ચાલતા જોઈને લોકને લાગે કે - આ ધર્માત્મા છે. તેને ઠોકર લાગે. ધક્કો લાગે, કશે અથડાય તેવું બને ખરું ? (ક્રમશ)

ધર્મના કામ એટલે કસ્તૂરીની દલાલી !
છતાં પણ જેની જાત ખરાબ હોય તે કસ્તૂરી ભેગો કોલસો પણ વેચી નાખે !

મહાભારતનાં પ્રસંગો

શ્રી રાજુભાઈ પંડિત

❖ પુત્રો ! જયદ્રથને હણશો નહિ. ❖

(પ્રકરણ-૫૩)

'માતા કુંતીના વચનોની અમને પરવા ન હોત તો અહીં તારૂ મડદુ પડયું હોત. જા. માતા કુંતીના વચનોથી સુખેથી જીવજે.'

દ્વૈતવનમાં સુખેથી પાંડવોનો સમય પસાર થઈ રહયો છે.

એક દિવસ પ્રભાતમાં દૂરથી ધૂળના ગોટે ગોટા ઉડતા નજરે ચડયાં. હાથી-ઘોડા સાથે શસ્ત્રધારી સૈન્ય આવી રહ્યું હતું.

દુર્યોધન બહેન દુઃશલ્યાના પતિ જયદ્રથ કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવા માટે પરિવાર સહિત જતો હતો. તેણે આવીને માતા કુંતીને પ્રણામ કર્યા. માતાએ જામાતા-જમાઈનું આતિથ્ય કરી ત્યાં થોડા દિવસ રોક્યો. માતાના કહેવાથી અર્જુન વિદ્યાબળે શ્રેષ્ઠ રસોઈ જમાઈ જયદ્રથને રોજે જમાડે છે.

હવે પાંચેય પાંડવો ક્રીડા વિહાર માણવા ગયા હતા. ત્યારે તક જોઈને એકલી દ્રૌપદીનું જયદ્રથે અપહરણ કર્યું. ગમે તેટલા અમૃતપાન કરાવો સર્પ કદિ દંખ દેવાનું ભૂલતો નથી. ગમે તેટલા દુર્જનોને સત્કારો ને, દ્રોહ કર્યા વિના તે દુષ્ટો રહેતા જ નથી.

અપહરણ થતી દ્રૌપદીએ પ્રત્યેક પાંડવોને નામ દઈ દઈને મોટે મોટેથી બોલાવવા માંડયા. આથી નજીકમ જ રહેલા ભીમ અર્જુન પત્નીના દુઃશ્રવ શબ્દો સાંભળીને ક્રોધથી જયદ્રથ તરફ દોડયા.

ભીમાર્જુનને દોડતા જોઈને માતા કુંતીએ આદેશ કર્યો છે. હે પુત્રો ! દુર્યોધનની બહેન દુઃશલ્યા તમારી પણ બહેન છે, બહેનના ચૂડી ચાંદલા ખંડિત ના કરશો. એનું સૌભાગ્ય અખંડ રહેવા દેજો. જયદ્રથ નામે આક્રમણ કરતાં કરતાં તેના જીવનને ખલાશ કરી નાખશો નહિ.

બીજી બાજુ ભીમાર્જુનને યુદ્ધ માટે આવેલા જોઈને રોષારૂણ બનેલા જયદ્રથે સૈન્ય સહિત બન્ને તરફ આક્રમણ કર્યું. શસ્ત્રો સહિત ઘસી આવતા સૈન્યને જોઈને ભીમે પોતાની ગદા સંભાળી. અને એક સાથે શત્રુનો સંહાર કરવા ભયંકર બનીને દોડયો. ભીમની રૌદ્રતા જોઈને સુભટો ચારેબાજુ વેરવિખેર થઈ ગયા.

હવે જયદ્રથ એકલો બાકી રહી ગયો. અર્જુન પલકમાં જ છલાંગ મારીને તેના શરીર સાથે બાજી પડયો. અને જયદ્રથના જ વસ્ત્રથી તેને કચકચાવીને ઘોડાની જેમ ઢસડવા માંડયો. એજ સમયે ભીમે અર્જુનના ભાથામાંથી છરી ખેંચી કાઢીને જયદ્રથના માથાને પાંચ ચોટલી રહે તે રીતે મુંડી નાખ્યું.

માથામાં પાંચ ચોટલીથી મુંડાયેલા વિચિત્ર હાસ્યાસ્પદ બનેલા જયદ્રથે કહ્યું-મારા માથાની પાંચ શિખાઓ તમારા પાંચેની અગ્નિશિખાના મોતની આગાહી છે.

ભીમે કહ્યું. જતો રે'ને છાનો માનો. માતા કુંતી વચનો તારા પ્રાણની રક્ષા બન્યા છે. તારા પ્રાણોને પીંખી નહિ નાંખવાની માતા કુંતીના વચનોની અમને પરવા ન હોત તો મગતરાની જેમ તને તો જીવતો જ ચોળી નાંખ્યો હોત. દુઃશલ્યાના સૌભાગ્યને ખંડિત નહિ થવા દેવાની માતા કુંતીની ઈચ્છાએ તને જીવતો છોડયો છે. જા, તારો રસ્તો પકડ.

હવે એક વખત નારદર્ષિએ આવીને પાંડવોને ચેતવણી આપતા જણાવ્યું કે આજથી સાતમા દિવસે કૃત્યા રાક્ષસીનો પ્રાણાંત ઉપદ્રવ થશે. સંભાળીને રહેજો.

❖ પણ... સિંહભર્યા આ વનમાં મુનિવર ક્યાંથી ? ❖

(પ્રકરણ-૫૪)

'' અસ્ત્રો કે શસ્ત્રોથી સાત રાત સુધીમાં જે કોઈ પાંડવોનો સંહાર કરી નાંખશે, દુર્યોધન તેને વિશાળ સામ્રાજ્યનો અર્ધો ભાગ ભેટ ધરશે.''

હસ્તિનાપુરમાં આ રીતે પડહો વાગી રહ્યો હતો તેને પુરોચનના ભાઈ સુરોચને ઝીલી લીધો.

રાજભવનમાં આવીને સુરોચને કહ્યું - '' મેં કૃત્યા રાક્ષસીને વશ કરેલી છે માટે આજથી સાતમે દિવસે હે રાજન ! તમને પાંડવોના મૃતદેહો જોવા મળશે.'' મારા ભાઈ પુરોચનને લાક્ષાગૃહમાં સળગાવી દીધો હોવાથી પાંડવોના મૃત્યુની આગ મારા હૈયામાં સળગતી જ રહી છે.

આ સાંભળી અત્યંત હર્ષ પામેલા દુર્યોધને સુરોચનને ઘણું પારિતોષિક આપ્યું.

દ્વૈતવનમાં પાંડવોને નારદઋષિ દ્વારા કૃત્યા રાક્ષસીના ઉપદ્રવનો ખ્યાલ આવી ગયો હોવાથી તેઓએ ત્યારથી જ ઉપવાસ શરૂ કર્યા હતા. અને કાઉસ્સગ્ગમાં લીન બની ગયા હતા.

સાતમો દિવસ થતાં દરેક પાંડવો સજાગ હતા. થોડીવારમાં જ ભયાનક ધૂમાડાથી આખુ દ્વૈતવન ધૂંધળુ થઈ ગયું. ભયાનક અટ્ટહાસ્ય થવા લાગ્યા. ક્રૂર મુખાકૃતિવાળા લોકોએ આવીને પાંડવોને કહ્યું-હે વનેચરો ! અહીંથી જલ્દી ખસી જાવ, જલ્દી ચાલ્યા જાવ અહીં ધર્મવતંસ રાજાનો નિવાસ થવાનો છે.

છ-છ દિવસના ઉપવાસ તથા કાઉસ્સગ્ગથી શમભાવમાં રહેલાં પાંડવોમાંથી ભીમને પરાણે ક્રોધ આવી શક્યો. ક્રોધાયમાન થયેલા તેણે ગદા ઉગામતાંજ શબરોને કહ્યું-અરે દુષ્ટો ! કેસરી સિંહના કાંધ

ઉપરની ચાદરને ખેંચવાનું જ દુઃસાહસ કરવાનું છોડી દો. વાસુકિનાગના મસ્તકના મણિને લેવા માટે હાથ લાંબા કરવાના ધંધા છોડીને અહીંથી ચાલ્યા જાવ. અમને અહીંથી ચાલ્યા જવાનું કહેનારા તમે કરી શું શકવાના છો ? આમ કહીને ભીમે તે દરેકને ક્રોધથી ગળાથી પકડીને એ રીતે ફંગોળવા માંડયા કે જેથી તે બધા દડા ની જેમ ઊંચા-નીચા ફંગોળાતા દૂર દૂર ફેંકાઈ ગયા.

પણ આંખના પલકારામાં તે દરેક શસ્ત્ર સજ્જ સાથે ત્યાં પાછા આવી ચડતા. દરેક પાંડવો તેમની સામે યુદ્ધ કરવ સજ્જ થયા. આથી ભય પામીને સૈન્ય ભાગવા માંડતા પાંડવો સૈન્યની પાછળ પડયા.

એટલામાં ઝૂંપડીમાં એકલા પડી ગયેલા માતા કુંતી તથા દ્રૌપદી પાસે એક પુરૂષ આવી ચડયો. ઝૂંપડીમાં પરપુરૂષને જોઈને ફફડી ઉઠેલા કુંતી-દ્રૌપદીએ પરમેષ્ઠિ સ્મરણ કરવા આંખો મીંચી દીધી. તે જ સમયે પેલા પુરૂષે દ્રૌપદીને હાથથી જાલીને દ્રૌપદીનું અપહરણ કરી ઘોડા ઉપર બેસીને ભાગવા માંડયો.

આર્ય દ્રૌપદીના કરૂણ છાતીફાટ વિલાપને સાંભળી પાંડવો એક બાજુ તે જ રાજાના સૈન્ય તથા બીજી તરફ દ્રૌપદીનું હરણ કરનાર તે રાજાને જોયા છતાં સ્હેજ પણ ક્ષોભ પામ્યા વિના અર્જુને રાજા તરફ પણ બાણોનો મારો ચલાવ્યો.

પાંડવોના આવી રહેલાં બાણોને જોતા જ રાજાએ દ્રૌપદીને પાંડવોની દેખતા ચાબૂકના ફટકા મારવા માંડયા.

ચાબૂકના ફટકારતા ફટકાના અવાજને સાંભળીને તથા ગ્રીષ્મના સૂર્યના આકરા તાપથી યુધિષ્ઠિરનું ગળુ શોષાઈ ગયુ. પાણીની સખ્ખત તરસ લાગતા તેણે પાંડવોને પાણી લઈ આવવા કહ્યું. પાણી પીવાથી સ્વસ્થ થઈને હું દ્રૌપદીના હરનારના પ્રાણ હરીને પ્રિયાને પાછી મેળવીશ. આમ યુધિષ્ઠિરે કહેતા સહદેવ તથા નકુલ નજીકના સરોવરમાં જઈ પોતે તરસ દૂર કરી સ્વસ્થ બની યુધિષ્ઠિર માટે પાણી લાવી રહ્યા હતા ત્યાં જ આવતા આવતા રસ્તામાં તેઓ મૂર્ચ્છા ખાઈને ઢળી પડયા.

બન્નેને પાણી લાવતા વાર થતા અર્જુન તે તરફ ગયો. તેની પણ તે જ દશા થતાં ભીમ પણ તે તરફ ગયો તેની પણ તે જ દશા થઈ.

આર્ય. ખુદ યુધિષ્ઠિરે તે તરફ આવીને ચારેભાઈઓને બેભાન થયેલા જોઈને કરૂણ વિલાપ કરવા માંડયો. એટલામાં કોઈ વૃદ્ધ ભીલે આવીને દુઃખદ સમાચાર આપતા કહ્યું કે - 'તમારી દ્રૌપદીને પેલો રાજા ઉત્તરીય વસ્ત્ર ઉતારી નાંખીને ચાબૂકોના ફટકે-ફટકે ફટકારી રહ્યા છે. તેને જલ્દી છોડાવો.'

આર્ય. રોષાયમાન થયેલા યુધિષ્ઠિર જલ્દી પાણી પીને તે તરફ જઈ રહ્યા હતા ત્યાં જ તે પણ મૂર્ચ્છા ખાઈને ઢળી પડયા.

આર્ય મૂર્ચ્છા પામેલા પાંડવો મૃત્યુ પામ્યા તેવું ખેચરો માની બેઠા અને દ્વૈતવનના પશુઓએ તૃણ-ગ્રાસાદિ ખાવાના બંધ કર્યા-પશુઓ પણ શોક ગ્રસ્ત બન્યા.

થોડીવાર થઈ અને દરેક પાંડવોની આંખો ઉઘડી. બાજુમાં દ્રૌપદી તેમને જળ વડે સિંચન કરી રહી હતી. મૂર્છા દૂર થતાં પાંડવોએ દ્રૌપદીને પૂછયું- આ બધું શું બન્યું ?

દ્રૌપદી બોલી :- તમે મૂર્છા પામ્યા પછી એક ભયંકર રાક્ષસી આકાશમાં આવી. હું થરથર થથરતી હતી પણ વૃદ્ધ શબરે પિતાની જેમ મને આશ્વાસન આપ્યું.

તમને મૃત્યુ પામેલા જાણીને કૃત્યા રાક્ષસી રોષાયમાન થઈ ગઈ કે પેલા નરાધમ સુરોચન બ્રાહ્મણે મને આવા મરી ગયેલાઓને મારી નાંખવા મોકલી છે ? હે પિંગલે ! તું તપાસ કર કે આ પાંડવો ખેરખર મરી ગયા છે કે કપટથી ભરેલા જેવા લાગે છે ?

કૃત્યાના આદેશથી પિંગલા રાક્ષસી તમને અડવા આવતી હતી ત્યારે વૃદ્ધ શબરે પિંગલાને કહ્યું- 'તારી જેવીએ મડદાંને અડવું યોગ્ય નથી. મડદાને તો શિયાળણો-કૂતરીઓ અડે.' આથી તે આગળ વધતા તમને અડતા અટકી અને પિંગલા દ્વારા શબરે કૃત્યાને કહેવાડયું કે - તારી જેવી રાક્ષસી મરેલાને મારશે ? આ માંયેય તો આ સરોવરનું ઝેર પીવાથી મરી ગયા છે. સિંહણ કદિ મરેલ હાથી ઉપર આક્રમણ નથી કરતી' ખરેખર તો તને છેતરનાર પેલા સુરોચન બ્રાહ્મણને જ તારે હણી નાંખવો જોઈએ.

આટલું સાંભળતા કૃત્યા પાછી ફરી.

હું તમારી પાસે આવી. પણ તમારી ગાઢ મૂર્છાથી મેં વિલાપ શરૂ કરતા વૃદ્ધ શબરે મને રત્નમાલા પાણીમાં ઝબોળી તે પાણી તમારા ઉપર છાંટવા કહ્યું. પાણી છાંટતા પહેલા નાગરાજે આપેલું લીલાકમલ કરમાયેલું જોતા મને તમારા જીવવાની આશા બંધાઈ અને માતા કુંતીને પણ મેં તે વાત કરી અને તમને જેવા છાંટયા તમે જાગૃત થયા છો. અને થોડીવાર થતાં તો પેલું સરોવર- સૈન્ય કે વૃદ્ધ શબર કોઈ જોવા ના મલ્યા. દરેક પોતાની ઝૂંપડીએ પાછા ફર્યા.

ત્યાં જ એક દિવ્ય પુરુષ હાજર થયો. તેણે નમીને કહ્યું હું સૌધર્મ દેવલોકનો વાસી ધર્માતંસ દેવ છું. તમારા તપ-ધ્યાનથી ખુશ થઈને કૃત્યા રાક્ષસીનો ઉપદ્રવ દૂર કરવા મેં જ સૈન્ય વિકુર્વેલું મેં દ્રૌપદીનું હરણ કરીને મુખમાળાથી પૂજવા દ્વારા તમને ચાબૂકના ફટકા દેખાડયા હતા. તે સરોવર આદિ મેં જ વિકુર્વ્યું હતું. તમને મૂર્છા પામેલ જોઈને જ રાક્ષસી પાછી ફરે તેમ હતી. અન્યથા તમને પરેશાન કરી મૂકત. તમારા તપ તથા કાઉસ્સગ્ગના પ્રભાવે તમારી રક્ષા કરી છે. તપ તો નિકાચિત કર્મોને પણ હણી નાંખે છે. હવે મને અનુજ્ઞા આપો જેથી હું દેવલોકમાં જાઉ. જરૂર પડયે મને જરૂર યાદ કરજો.

આમ કહીને દેવ સ્વધામ ગયા.

હવે સાત સાત દિવસના ઉપવાસના પારણા માટે વનમાં ઊગેલા સુંદર ધાન્ય, ફળ, શાક આદિ વડે દ્રૌપદીએ રસોઈ તૈયાર કરી. અને દરેક પારણા માટે પોતાના આસન ઉપર બેઠા છે ત્યારે દરેકને એક જ ભાવના જાગી કે-

ક્યાંયથી આ સમયે જો તપોમય કોઈ સુપાત્ર આવી ચડે તો અમારા ભાગ્યની અમે અનુકૂળતા માનશું. તેઓ ધન્ય છે, જેમને આવી દશામાં પણ સુપાત્રનો યોગ મળે છે. તેમણે માનવ ભવનું ફળ મેળવી લીધું છે.

આ ભાવના ભાવી રહ્યા છે ત્યાં જ કોઈ સાર્થમાં આવેલા સૂચરિત નામના આચાર્યભગવંતના કોઈ અતિસંયમી મહાતપસ્વી મુનિવર માસોપવાસને પારણે આવીને તેમની સન્મુખ ઉભા રહ્યા.

તપોમય તપોમૂર્તિના દર્શન થતાં જ પાંડવોએ વિચાર્યું - અહો ! આ આહાર એષણીય (કલ્પે તેવો) છે. આ તપોમય સુપાત્ર છે. તેથી આ અવસર પૂર્વે કરેલા સુકૃત-પુન્યથી જ પ્રાપ્ય છે.

અન્યથા

હરણાઓને હણી નાંખનારા સિંહોના સંચારવાળી ઘોર-ભયંકર આ ધરતી ક્યાં ? અને પુન્યથી પણ અતિદુર્લભ એવા આ તપસ્વી મુનિકુંજર ક્યાં ? તેથી કાગડાઓના કર્કશ અવાજવાળા શમી વૃક્ષવાળા આ મરૂદેશમાં (મારવાડમાં) ચોક્કસ અચાનક જ અમને આ મુનિપુંગવ રૂપી કલ્પદ્રુમનો સંગમ થયો છે.

આવા શુદ્ધ પરિણામ પૂર્વક આહાર-પાત્રો ગ્રહણ કરીને મુનિવરને કહ્યું - અમારૂં ઉટજ-આંગણ આજે પાવન થયું છે. તેથી આ શુદ્ધ આહાર ગ્રહણ કરો.


મુનિવરે પણ દ્રવ્યાદિથી શુદ્ધ એવા તે આહારને ગ્રહણ કર્યો. આવા મુનિવરો સંયમને વિરાધતા નથી.

આ સમયે દેવોએ દુંદુભિ વગાડી. પંચવૃષ્ટિ કરી.

હવે એક દેવીએ પ્રસન્ન થઈને ગગનમાં રહ્યા રહ્યાં જ પાંડવોને કહ્યું કે - આ દાનના પ્રભાવથી તમને સઘળી સંપત્તિ નજીકમાં જ આવેલી જાણો. પરંતુ આ તેરમું વર્ષ તમારે નવા વેષ તથા કાર્ય વડે વિરાટ નગરમાં ગુપ્તપણે રહીને વીતાવવું યોગ્ય છે.

આમ કહીને દેવી અદૃશ્ય થઈ ગઈ.

પાંડવોએ સાત ઉપવાસના પ્રીતિ પૂર્વક પારણા કર્યા.



જીવ જીવન જીવનારા મહાપુરુષને કોટિ પ્રણામ !

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

''तज्जीवनं भवति यद्विलसत्प्रभावं,
सद्धर्म सा धनपरोपकृति प्रचारैः ।
सच्छास्त्र बोधविमलात्मगुणप्रकाशं,
संपादितोच्चतरमानवजन्म हेतु ।।

ભાવાર્થ :- જે જીવન સદ્ધર્મના સાધનરૂપ એવા પરોપકારના પ્રચાર કરવાથી પ્રભાવક હોય, જે જીવન સારા શાસ્ત્રોના બોધથી નિર્મલ એવા આત્માના ગુણોને પ્રકાશ કરનારું હોય અને જે જીવન મનુષ્ય જન્મના ઊંચા હેતુઓને સંપાદન કરનારું હોય તે જ ખરું જીવન ગણાય છે.''

ભગવાનના શાસનના પરમાર્થને પામેલા અને પચાવેલા એવા માર્ગસ્થ મહાપુરુષોનું જીવન આવા વિશેષણોવાળું હોય છે. આવા અનેકાનેક મહાપુરુષો ભગવાનના શાસનમાં થઈ ગયા, જેઓએ પ્રાણાંત આપત્તિઓમાં પણ ભગવાનના શાસનની આરાધના-રક્ષા અને પ્રભાવના કરી, શાસનને આપણા સુધી પહોંચાડવામાં અનન્ય ફાળો આપ્યો. આજ્ઞા મુજબની આરાધના કરવાથી શાસનની રક્ષાનું બળ પેદા થાય અને તેવો જ આત્મા સાચો પ્રભાવક બની શકે, બીજો તો કદાચ 'જાત'નો પ્રભાવક બને. આવા મહાપુરુષોની હરોળમાં જ એક એવા મહાપુરુષ થઈ ગયા, કે જેઓને આપણે સૌ સારી રીતના જાણીએ છીએ. જેમને આપણે નજીકથી નિહાળ્યા પણ તેમના આંતર વૈભવને પામવા તો જરૂર વામણા જ રહ્યા ! કારણ, તેમના ઔદાયિક ભાવના ગુણોમાં આનંદિત બન્યા પણ ક્ષયોપશમ ભાવના ગુણોથી અળગા ને અળગા જ રહ્યા ! હજી પણ જો ક્ષયોપશમ ભાવના ગુણોને પીછાની તેનો અનુભવ કરીએ તો જરૂર તેમની અવિદ્યમાનતા સાલે કે હયાતિમાં આપણે તેમને ન પરખી શકયા !

અત્રે જે ગુણોનો સામાન્ય વિચાર કરવો છે તેમાં 'ધર્મ' શબ્દ પ્રયોગ ન કરત 'સદ્ધર્મ'નો શબ્દપ્રયોગ મહાપુરુષે કર્યો તે સહેતુક છે કે દુનિયામાં કહેવાતા ધર્મો, ધર્મની કોટિમાં આવી શકતા નથી. સંસારની ભીતિ અને મોક્ષની પ્રીતિ પેદા કરે તે જ સદ્ધર્મની કોટિમાં આવી શકે. આવા સદ્ધર્મના પ્રચાર માટે જેઓએ જીવનની પ્રત્યેક ક્ષણોનો સદુપયોગ કર્યો, જેમનો વિચાર-વાણી અને વર્તન સદ્ધર્મની પ્રાપ્તિ અને રક્ષા માટે જ હતા. આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપી તેમને શીતલતા બક્ષવી તેના જેવો પરોપદેશ એકેય બીજો નથી. આ ક્રમ જીવનની અંતિમક્ષણ સુધી અપ્રમમપણે સજાગ રીતે પૂર્ણ કર્યું.

શાસ્ત્રનો પરમાર્થ જેમના રોમે રોમમાં એવો પરિણામ પામેલો જેનો અનુભવ આપણે સૌએ ખૂબ જ સારી રીતે કરેલો છે. અને શાસ્ત્રથી પરિકર્મિત મતિ હોવાથી એમની ટુંટી-હૈયામાંથી નીકળતી વાણી હૃદયમાં સોંસરી ઊતરી જતી હતી. તેથી જ તેમનું હૈયું ભાવદયાથી વ્યાપ્ત-ઓતપ્રોત હતું. તેના જ કારણે તેમના પરિચયમાં આવનારા સૌ કોઈ-ચાહે તે વિરોધી પણ હોય કે ઉપાસક પણ હોય કાંઈને કાંઈ ગુણની પ્રસાદી મેળવીને જતા હતા.

જીવન ભર આ મહામૂલા મનુષ્યભવને સાર્થક કરવાનું અમૂલ્ય માર્ગદર્શન જેઓએ આપ્યું જેના કારણે ઘણા ભાવિકો આ જીવનને સફળ કરવા પોતાની કક્ષા પ્રમાણેના ગુણોનો સ્વીકાર કરનારા બન્યા.

જન્મની સાથે જ મરણ જોડાયેલું છે. ખુદ શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ આયુષ્ય પૂર્ણ થયે નિર્વાણપદને પામે છે તો આપણે બધા શા વિસાતમાં ! મરણનો ડર નહિ પણ મરણને સુંદર બનાવવા પ્રયત્ન કરીએ તો આંશિક પણ આ ગુણોની પ્રાપ્તિ થાય. કહ્યું પણ છે કે

''ये लोकेशशिरो मणिद्युतिजलप्रक्षालितांघ्रिद्वया,
लोकालोकविलोकिकेवललसत्साम्राज्यलक्ष्मीधराः ।
क्षिणायुषि यान्ति तीर्थपतय स्तेऽप्यस्तदेहास्पदं,
तत्रान्यस्य कथं भवेज्जवभृतः क्षीणायुषो जीवितम् ॥

ભાવ અર્થ :- જેઓના બન્ને ચરણો લોકપતિઓના મુકુટ-મણિઓની કાંતિરૂપ જલથી ધોવાયેલા છે, જેઓ આ લોકાલોકને અવલોકન કરનારા કેવલજ્ઞાનની વિલાસ પામતી સામ્રાજ્યની લક્ષ્મીને ધરનારા છે તેવા શ્રી તીર્થંકર ભગવંતો પણ આયુષ્ય ક્ષીણ થતાં શરીરથી મુક્ત થાય છે, તો પછી બીજા સંસારી જીવોનું જીવિત આયુષ્યનો ક્ષય થતાં શી રીતે રહે ! ન જ રહે.

મહાપુરુષોના નામનો ખોટો 'વટાવ' કરવાને બદલે મહાપુરુષોના માર્ગસ્થ માર્ગદર્શન મુજબ ચાલવું અને બીજાને ચલાવવા તેમાં જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. આપણી ફાવતી અનુકુળ વાતોની પુષ્ટિ માટે મહાપુરુષોના નામનો વાતવાતમાં ઉપયોગ કરવો તેમાં કઈ રીતની ભક્તિ છે તે જ સમજાતું નથી ! ખોટી ઘેલછા તો વ્યામોહ મૂકી કલ્યાણી ભક્તિને કરીએ તે જ મંગલ કામના.

આ મહાપુરુષ એટલે મુનિશ્રી રામવિજયજીના નામથી ઉદય પામેલી અને પૂ.આ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના નામે દિવંગત બનેલી દિવ્ય શક્તિ !

હાસ્ય હોજ

એક ગામડિયો બે માળની બસમાં ચડયો. કંડકટરે તેને ઉપરના માળે જવા કહ્યું ગામડિયો થોડિવારમાં નીચે પાછો આવ્યો અને બરાડા પાડવા લાગ્યો કેમ બનાવટ કરો છો, ઉપરના માળે ડ્રાઈવર તો છે નહિ. વગર ડ્રાઈવરે ગાડી ભટકાય જાય.

પૂ. ઉ. શ્રી પ્રીતિવિજયજી મ.ની જીવન ઝરમર

અમારા સમુદાયના વડીલ પરમ તપસ્વી પૂ. ઉપા. શ્રી પ્રીતિવિજયજી મ.સા. આજે સવારે ૯-૦૨ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે. ગઈકોલે સવારે પૂ. ઉપા. ચિત્રોડથી લાકડીયા તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક સામેથી આવતી ટ્રકની ટક્કર લાગતાં નીચે ગબડી પડયા હતા. સાથેના તપસ્વી મુનિવરશ્રી તત્ત્વવર્ધનવિજયજી એમનાથી ત્રણ કિ.મિ. આગળ હતા. ગબડી પડતાં જ બેહોશીમાં સરકી ગયેલા પૂ. ઉપા.ને પાસેના સારવાર કેન્દ્રમાં ખસેડવામાં આવ્યાં. ચારે બાજુથી ભક્તો દ્વારા ખૂબ-ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા, પણ તૂટતું આયુષ્ય ન સંધાયું તે ન જ સંધાયું. આખરે પ્ર.જે.સુ.પ્ર.૧૩ ની સવારે ૯-૦૨ કલાકે નવકાર મંત્રનું શ્રવણ કરતાં પ્રાણ છોડયાં. માથામાં વાગવાથી બ્રેન હેમરેજ થઈ ગયેલું.

પૂ. ઉપા.નો જન્મ કચ્છ-વાગડના આધોઈ ગામે વિ.સં.૧૯૮૦માં થયો હતો. સંસારી નામ પોપટભાઈ હતું. બચપણથી જ ભદ્રિક પરિણામી પોપટભાઈ પૂ. મુનિશ્રી દીપવિજયજી (પાછળથી પૂ. દેવેન્દ્રસુરિજી) ના સમાગમે વૈરાગ્ય રંગે રંગાયા. વિ.સં. ૨૦૦૧માં પાલીતાણામાં પૂ. આ. શ્રી વિ. કનકસૂરિજીની પાસે દીક્ષા ગ્રહણ કરી પૂ. દીપવિજયજીના શિષ્ય મુનિશ્રી પ્રીતિવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા.

ગુરુભક્તિ, સેવા, તપશ્ચર્યા, જ્ઞાન, પ્રભુ-ભક્તિ, આદિ અનેક ગુણોથી જીવનના સાધુતાના રંગથી રંગી નાખેલું. આથી જ તેઓશ્રી વડીલોના કૃપા-પાત્ર બની શકયા હતા. સંઘ સ્થવિર પૂ. સિદ્ધિસૂરીજી (પૂ. બાપજી મ.) એમને લાડમાં 'કુંચી મહારાજ' કહીને બોલાવતા.

સાધુ-સાધ્વીઓના મોગોદ્વહન કરાવવાના કે ઉપધાનમાં શ્રાવકોને ક્રિયા કરાવવાના કાર્યમાં હંમેશા તેઓ અગ્રેસર રહેતા.

પોતાના પૂજય ગુરુદેવની સેવા સાથે તેમણે અનેક વૃદ્ધ મુનિઓની સેવા પણ કરી હતી. પૂ. પં. મુક્તિવિજયજી, પૂ. દેવવિજયજી, પૂ. રત્નાકરવિજયજી, પૂ. કંચનવિજયજી, પૂ. કિરણવિજયજી આદિ અનેક મહાત્માઓની સેવા કરીને આશીર્વાદ મેળવ્યાં હતા.

પૂ. ઉપા.માં તપનો ગુણ પણ આદર્શરૂપ હતો. ૪૫ ઉપવાસ, ૩૬ ઉપવાસ, ૩૨ ઉપ ૩૧, ઉપ. ૩૦ ઉપ. અનેક વખત ૧૬ ઉપ. અઠ્ઠાઈ વગેરે કરેલા. વર્ધમાન તપની ૧૦૦ ઓળી પણ પૂર્ણ કરેલી, જેનું પારણું તાજેતરમાં ૬ મહિના પહેલા આધોઈ મુકામે થયેલું.

આવા અનેક ગુણોથી વિભૂષિત મુનિશ્રીને વિ.સં. ૨૦૪૧માં ડીસામાં પંન્યાસપદવી તથા સં. ૨૦૪૬માં અમદાવાદમાં ઉપાધ્યાય પદવી આપવામાં આવી હતી.

છેલ્લા ૭-૮ વર્ષોથી એમણે કચ્છમાં અનેક પ્રકારના શાસન-પ્રભાવક કાર્યોના નિશ્રા-દાતા બનીને લોકોમાં ધર્મ-ચેતના જગાવી હતી. વિ.સં.૨૦૩૮ તથા ૨૦૩૯માં પૂ. મુનિશ્રી મુક્તિચન્દ્રવિજયજી (હાલ ગણિવર્યશ્રી) તેમની સેવામાં રહ્યા હતા.

છેલ્લું ચાતુર્માસ આધોઈ કરીને ઉપા.ની અચાનક જ વિદાય થતાં વાગડ સમુદાયને મોટી ખોટ પડી છે. એમના ગુરુભાઈ મુનીશ્રી દર્શનવિ. હજુ આઠેક મહિના પહેલા જ સ્વર્ગવાસી બનેલા. ત્યાર પછી આ બીજી ઘટના ઘટી. કાળના ધર્મ પાસે માણસ લાચાર છે, એ સત્યને સ્વીકારવું જ રહ્યું.

પૂ. ઉપા.નો આત્મા જ્યાં હોય ત્યાં સાધનામાં વેગ આણી પરમ પદ નિકટ બનાવે એજ શુભેચ્છા.

દાન સાચું ક્યારે..?

લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાની ભાવનાથી દાન અપાય તો તે દાન સાચું બને. બાકી બદલાની ભાવનાથી, આપીશું તો આટલું મળશે, આટલો લાભ તો થશે તો તે દાન, દાન ન કહેવાતા વ્યાપાર કહેવાય. આજે ધર્મમાં દાનનું વ્યાપારી કરણ થઈ રહ્યું છે તે તરફ જો દુર્લક્ષ સેવાશે તો શું થશે તે જ્ઞાની જાણે ?

પાંડુ દેવે અર્જુનને એક પગવાળું હરણ સ્થિર ઉભેલું જોયેલ તો તેના ફળરૂપે પાંડુ દેવે જણાવેલ કે, આ કલિકાળમાં દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મોમાંથી શીલ, તપ અને ભાવ એ ત્રણ ધર્મો નામના રહેશે અને જે દાન ધર્મ કરાશે તે પણ નામના કીર્ત્તિ, ખ્યાતિ, પ્રખ્યાતિ માટે કરનારો મોટો વર્ગ હશે. આ વાત આ સાથે સાચી પડી રહી છે.

ખરેખર શાસ્ત્રકારોએ દાનનો અર્થ 'ત્યાગ' કહ્યો છે. જેનો ત્યાગ કરીએ તેના ઉપર માલિકીપણું કે પોતાનો અધિકાર રહે નહિ. વ્યવહારમાં આ અંગે બરાબર સમજ ધરાવનારા ધર્મમાં કેમ આ વાતની ઘરાર ઉપેક્ષા કરે છે અને અણસમજ રાખે છે તે હજી સમજાતું નથી.

આજે દાન બાબતમાં જે રીત રસમોય ચાલી પડી છે તે આનંદદાયક કે આવકાર પાત્ર પણ નથી. ખરેખર તો ધર્મ મૂળમાંથી ફેરફાર કરવાની તાતી જરૂર છે તો જ દાનનો સ્તંભ અડીખમ મજબૂત ઊભો રહેશે. બાકી જે રીતીના સાવ પોલો સ્તંભ થઈ ગયો છે, પડપડુ કરનારો સ્તંભ કયારે જમીનદસ્ત થઈ જશે તે કહેવાય નહિ. આવી દશા ન થાય માટે વેળાસર જાગવાની સૌએ જરૂર છે. લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારવાના ભાવ વિનાનું દાન સિદ્ધિગતિનું કારણ થતું નથી. આ વાત હૈયામાં કોતરાઈ જાય, સાચી સમજ પેદા થાય પછી જે દાનનો પ્રવાહ વહેશે તે જૈન શાસનનો જયજયકાર કરશે.

'तित्थयर समो सूरि'

પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

तित्थयर समो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।
आणं अइक्कमंतो सो, काउरिसो न सप्पुरि सो ॥

'શ્રી ગચ્છાચ્ચાર પયન્ના'ની સત્તાવીસમી (૨૭) ગાથામાં કયા આચાર્ય શ્રી તીર્થંકર સમાન ગણાય તેનું દિગ્દર્શન કરાવ્યું છે. તેમાં જણાવે છે કે ''જે આચાર્ય શ્રી જિનમતને સમ્યક્-સારી રીતના પ્રકાશિત કરે છે તે જ આચાર્ય શ્રી તીર્થંકર સમાન છે. પણ જે આચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે કાપુરુષ છે, સત્પુરુષ નથી.''

અહીં 'सम्मं' પદ મૂકીને બધી વાત સ્પષ્ટ દીવા જેવી કરી છે. પોતાની મરજી મુજબ, સ્વચ્છંદ રીતે, લોકોને ગમે તે રીતે જિનમતને પ્રકાશિત કરે તેનો તો અત્રે નંબર રાખ્યો જ નથી પણ તેમની બાદબાકી કરી છે. જેઓ યથાર્થ રીતે, શાસ્ત્રે કહ્યા પ્રમાણે તત્ત્વનું-પદાર્થોનું નિરૂપણ કરે તેમનો જ આમાં સંગ્રહ કર્યો છે-નંબર રાખ્યો છે. શાસનનો અનુપમ અને અવિહડ રાગ પેદા થયા વિના આવી દશા આવવી ખૂબ જ કઠીન છે. શાસનનો સાચો રાગ અને સંસારી જીવો ઉપર હૈયાની સાચી ભાવદયા જન્મે તે જ આત્મા સાચો પરોપકાર કરી શકે. બીજા તો પરોપકારને નામે માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરે. આજે આવી અંગત સ્વાર્થવૃત્તિએ માઝા મૂકી દીધી છે. તેથી વાસ્તવમાં પરોપકાર થાય છે કે પોતાના અંગત માન-પાનાદિનું પોષણ થાય છે તે વિચારવાની ખૂબ જ જરૂર છે.

જે શાસ્ત્રકાર પરમર્ષિઓએ આચાર્ય ભગવંતોને 'ચક્ષુ'ની ઉપમા આપી નવાજ્યા છે. તે જ શ્રી ગચ્છાચાર પયન્નામાં (ગા.૨૬માં) કહ્યું છે કે-

''स एव भव्वसत्ताणं, चक्खूभूए विआहिए ।
दंसेइ जो जिणुछिट्ठ, अणुट्ठाणं जहट्ठिअं ॥

શ્રી જિનેશ્વર દેવોએ કહેલ આત્મકલ્યાણકર અનુષ્ઠાનોને જે યથાસ્થિત બતાવે છે તે આચાર્ય ભવ્ય પ્રાણિઓને ચક્ષુ સમાન કહેલ છે.''

આ વાત પણ મરજી મુજબ લોકોને ગમે તે બોલવાનો નિષેધ કરે છે. દુનિયામાં પણ કહેવાય કે જેનો પાયો મજબૂત તે ઈમારત પણ મજબૂત બને અને જેનો પાયો પોલો તેની હાલત વિમાનમાં

બધાથી અજાણ નથી. ક્યારે તેવી ઈમારતો તૂટી પડે તે કહેવાય નહિ. તેની જેમ હૈયામાં સાચી આત્માની ભાવદયા જન્મ્યા વિના તે આચાર્ય 'ચક્ષુ' રૂપ બની શકે છે. ચક્ષુનો ઉપયોગ માર્ગે ચાલવામાં અને માર્ગ દેખાડવામાં કરાય. તેમ આત્મકલ્યાણનો અર્થી આત્મા ભાવચક્ષુવાળો હોય. આત્માનું અહિત થાય તેવી પ્રવૃત્તિથી પાછો ફરે અને હિતકર પ્રવૃત્તિમાં જ પ્રયત્નશીલ બને. લોકોની વાહવાહમાં, નામનામાં માન મોટાઈમાં મૂંઝાય તે સાચો ચક્ષુરૂપ ન બને.

આવા એક આચાર્ય આપણી વિદ્યમાનતામાં થઈ ગયા કે જેઓએ શ્રી તીર્થંકર પરમાત્માની ઝાંખી કરાવી, માર્ગનું યથાર્થ જ્ઞાન કરાવ્યું અને શ્રદ્ધાનો પાયો મજબૂત કર્યો 'શુદ્ધ પ્રરૂપવું'ના બધા જ ગુણો જેઓનો આશ્રય કરી જગતમાં મહાલી રહ્યા હતા.

મહાપુરુષોના સાચા વારસાને પ્રાણના ભોગે, લોકો ગમે તેવા વિશેષણોથી નવાજે તો પણ ડર્યા વિના જાળવવે તેમાં જ સાચી ભક્તિ-વફાદારી-કૃતજ્ઞતા - શ્રદ્ધાંજલિ છે. મહાપુરુષોની કિંમત તેમની ગેરહાજરીમાં વધારે સમજાય છે જે પ્રત્યક્ષ અનુભવાય છે. એક કવિએ સાચું કહ્યું છે કે-

''ગુરૂદેવકે જ્ઞાનકી રોશની જિસને પાઈ,
વો અંધેરોંમેં ભી ઠોકર ખા નહીં શકતા.''

શાસ્ત્રકારોએ ગુરૂ નામનો મહિમા પણ અદ્‌ભૂત કહ્યો છે કે-

''મઝધારમેં ભી કિનારા મિલ ગયા,
તૂફાનોંમેં ભી સહારા મિલ ગયા.
ગજબ હૈ ગુરુ નામકા કરિશ્મા,
અંધેરોંમેં ભી ઉજાલા મિલ ગયા.''

જેઓએ જીવનભર જે કામ કર્યું તેને તો જૈન ઈતિહાસ કદી ભૂલી શકશે નહિ પરન્તુ કહેવાતા ભક્તો આજે તેમના કામ પર, તેમને બતાવેલા માર્ગ સાથે જે રીતના માત્ર પોતાનો જ સ્વાર્થ માટે - ચેડા રમત રમી રહ્યા છે તે દુઃખદ છે. આ કાળમાં કોણ શું કરે છે કરતાં મારે શું કરવું જોઈએ, શા માટે કરવાનું છે તેનો વિચાર કરાય તો આપણું આત્મહિત થશે. મહાપુરુષોનું જીવન ભવ્યજીવોને પ્રેરણા આપનારું છે. કહ્યું પણ છે કે-

''કભી કભી ઈસ ધરા પર એસે માનવ આ જાતે
નિજ સુખકા કર ત્યાગ શાન્તિ ઓરોંકો દેતે હૈ ।
નહીં ચાહ ફિર ભી એસે માનવ જગમેં યશ પાતે હૈ,
કલ્યાણ સ્વ-પરકા કર નામ અમર કર જાતે હૈ ॥ ''

''આપ ચૂં હી સદા યાદ આતે રહેં
હમ ચરણોમેં શીશ ઝૂકાતે રહેં
જૈન ધર્મ ઈતિહાસ આપકી અમર દેન હૈ,
જિસકે લીએ ઋણી સારી જગત જૈન હૈ ।''

આવા બધા ગુણોના સ્વામી એટલે પૂજ્યપાદ પરમતારક પરમગુરૂદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ! જેઓએ જે રીતના શાસનની સેવા-ભક્તિ-પ્રભાવના અને રક્ષા કરી તેને તો સુજ્ઞ-સમજુ વિવેકી જૈનો કયારે પણ ભૂલશે નહિ. તેમના જેવી જ શાસનની સેવા-ભક્તિ-રક્ષાની ઘગશ પેદા થાય તેજ આઠમી પુણ્યતિથિએ અભ્યર્થના !

પ્રેરણામૃત સંગ્રહ

-પ્રશાંત

તો નુકશાન મને જ છે !

- આપણને જે જ્ઞાનનો ક્ષયોપશામ થયો છે તે જ્ઞાનાવરણીયનો છે કે અજ્ઞાનાવરણીયનો તે નક્કી કરવું છે. સંસારમાં પોતાનો સ્વાર્થ જોવે તે પાપ છે. અહીં પોતાનો સ્વાર્થ જોવે તે ગુણ છે. પર તે સારો ન હોય તો બીજાને સારો કઈ રીતે કરે ! માણસ વિચાર કરવા માંડે, ક્ષયોપશમ ભાવનો, સમજનો સદુપયોગ કરવા માંડે તો કાલથી ડાહ્યો થઈ જાય. આ ચિંતા નથી માટે જ ડહાપણ આવતું નથી, પછી તે સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા હોય ! આ સમજ તો એવી પાકી હોય કે **'મારાથી ખોટું થશે, મારાથી, પ્રમાદ થશે તો મને જ નુકશાન થશે.'**

- 'ખરાબ કામ કરવાથી મને જ નુકશાન થવાનું છે, સારું કામ પણ અવિધિપૂર્વક કરવાથી હું જ લાભ ગુમાવી રહ્યો છું.' - આવું જેને વારંવાર યાદ આવે તે તો ઘણો ઊંચો જીવ છે. હું સારું જેટલું ઓછું કરીશ તેટલો લાભ મને ઓછો છે. જેટલા કુટુંબી છે તે ખાવા ભેગા થશે. પણ તું ભૂલ્યો તો તારે જ ભોગવવાનું છે. જ્ઞાનિઓની આ સ્વાર્થ ભાવના નથી પણ જીવને જગાડવાની વાત છે.

  આત્માને પૂછો પરલોક ન બગડે તેવી ચિંતા કયારે થાય છે ? હું સારું ન કરું તો મને જ નુકશાન છે. ખોટું જેટલું કરું તો તેની પીડા મારે જ ભોગવવાની છે- આ વાત કેટલાને યાદ આવે ?

નિમક હલાલ બનો !

-પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી

મહાપુણ્યોદયે આવું પરમ તારક શાસન મલ્યું. તે શાસનની સેવાનો ભેખ ધરનારાઓ પણ આજે માન-પાનાદિ મારા-તારામાં મૂંઝાઈને શાસનના હિતને બદલે માત્ર પોતાનું કે પોતાના ગણાતાનું જ હિત જોઈ રહ્યા છે તેથી ઘણું જ દુઃખ થાય છે. જેના રક્ષણ માટે મહાપુરુષોએ પ્રાણ આપ્યા તે જ શાસનની આ ક્ષેત્રે ઘોર ઉપેક્ષા કરાઈ રહી છે તેથી જે વેદના થાય છે તેનું દર્દ વાચા રૂપે બહાર સરી પડે છે.

આજે માત્ર જે દૃષ્ટાનીનો વિચાર કરવો છે તે આપણે આપણા શાસનને માટે કરવો છે. દેશની દાઝવાળા આત્માઓ પણ અવસરે કડવું સત્ય કહી સમજુની આંખ ખોલે છે અને શાન ઠેકાણે લાવે છે. તો આપણે શું આપણા આ શાસન માટે તેવી નહિ પણ તેનાથી ય અધિકી દાઝ કેળવવી છે અને શાસનની શાન શોભાવવી છે.

જ્યારે ભારતની આઝાદીની ચળવળમાં ગાંધીજીએ મીઠા-સત્યાગ્રહનો આદેશ દેશને આપ્યો હતો અને આંદોલન જોરમાં હતું. ત્યારે તેમના ચુસ્ત અનુયાયી મહાવીર ત્યાગીએ દહેરાદૂનમાં સરકારના કાયદાનો ભંગ કરી મીઠું બનાવ્યું હતું અને તેથી તેમની ધરપકડ કરવામાં આવી.

તે વખતે દહેરાદૂનના ડેપ્યુટી કલેકટર શ્રી વેણીપ્રસાદ પંડિત નામના હતા અને તેમની પાસે આ શ્રી મહાવીર ત્યાગીનો કેસ ચાલતો હતો. તેઓએ બધા જ પુરાવાની બરાબર તપાસ કરી, ત્યાગીજીને ગુનેગાર ઠરાવી પૂછયું કે - ''તમે પોતે અપરાધ કબૂલો છો. પોલિસના પુરાવાઓ પણ તમારી વિરુદ્ધ સાબીત થાય છે. હું કોઈ ચૂકાદો આપું તે પહેલાં તમને ખૂલાસો કરવાની તક આપું છું. આ કેસ અંગે તમારે જે કહેવું હોય તે કહી શકો છો.''

''નામદાર ! મારી સામેનો કેસ સાચો છે. પોલીસના પુરાવાઓ આપે તપાસી લીધા છે. ભલે હું ગુના કબૂલ કરતો હોઉં તો પણ ન્યાયાસને બેઠેલાએ પોતાની ફરજ સમજીને પૂરેપૂરી ચકાસણી કરવી જોઈએ.'' આમ ત્યાગીજીએ કહ્યું તે ન્યાયાધીશ સમજી શકયા નહિ એટલે કહે કે - ''તમે શું કહેવા માંગો છો તે હું સમજી શકતો નથી. માટે અદાલત સમક્ષ જે હોય તે સ્પષ્ટ ચોકખું કહો.''

ત્યારે ત્યાગીજી- ''નામદાર ! મીઠાના કાનૂનનો ભંગ કરવા બદલ મને ગુનેગાર ગણવામાં આવેલ છે. પોલીસે મને મીઠાની થેલી સાથે રેડ હેન્ડેડ પકડેલ છે. એવી રજૂઆતોને આધારે એમ માની લીધું કે મને જે પદાર્થ સાથે પકડયો છે એ મીઠું જ છે ! ખરેખર એ પદાર્થ મીઠું જ છે કે બીજા કોઈ એના જેવો સફેદ ચૂનો આદિ પદાર્થ છે એની ચકાસણી આપ નામદારે કરવી જોઈએ. મને આશા છે કે આપે એવી ખાતરી પણ કરી લીધી હશે.''

આ જવાબથી પંડિત શ્રી વેણીશંકર ચોંક્યા. ચૂકાદો આપતા પહેલા આ ખામી રહી જાય તો તે એક નિષ્ઠાવાન ન્યાયાધીશને કાયમનું કલંક લાગી જાય-તેનું તેમને ઘણું જ દુઃખ થયું. તેથી આદર પૂર્વક કહે કે - ''ત્યાગીજી ! તમારી વાત સાચી છે અને સમયસરની છે. તમે ગુનો કબૂલ્યા લીધો એટલે અદાલતે એ પદાર્થની ચકાસણી પ્રત્યે ઉદાસીનતા દાખવી હોય તો તે ખરેખર ભૂલ કહેવાય.'' પછી તેમને હુકમ કર્યો કે- ત્યાગીજી પાસેથી જે પદાર્થ પોલીસે પકડયો છે તે અદાલતમાં રજુ કરો.

તે મીઠાની થેલી પટાવાળાએ લાવી ન્યાયાધીશના ટેબલ ઉપર મૂકી એટલે કહ્યું - ત્યાગીજી ! જે વસ્તુ આપના હાથમાંથી પોલીસે પકડી હતી તે આજ છે ને ! આ થેલી આપની જ છે ને ?

ત્યાગીજીએ માથું હલાવી 'હા' પાડી એટલે શ્રી વેણીપ્રસાદજીએ થેલીમાંથી ચપટી ભરીને મીઠું લીધું અને પૂરેપૂરી ખાત્રી કરવા જીભઉપર મૂકીને એ ચાખી જોયું. પછી કહ્યું - મે. ત્યાગી ! અદાલતના ચૂકાદા બાબતે હવે આપને કોઈ જ શંકા નહિ રહે એમ માનું છું. કારણ કે આપની પાસેથી પકડાયેલ વસ્તુ મેં પોતે ચાખી જોઈ છે અને ખરેખર એ લુણ જ છે.

''બસ નામદાર ! મારે હવે કશું કહેવાનું રહેતું નથી. મારો હેતુ એટલોજ હતો કે અત્યાર સુધી આપણે અંગ્રેજોનું લુણ ખાતા આવ્યા છોને અંગ્રેજોના જ ગીત ગાતા રહ્યા છો. પરંતુ, આજે આપે મહાત્મા ગાંધીજીનું લુણ ખાધું છે. કહો કે સમસ્ત ભારત વર્ષનું લુણ ખાધું છે એટલે મને ગળા સુધીનો વિશ્વાસ છે કે આપ આ લુણ હરામ નહિ જ કરો.'' ત્યાંગીજીની આ માર્મિક વાણી મેજીસ્ટ્રેટના મર્મસ્થાન ઉપર કારમો ઘા કરી ગઈ. આ વાતે તેમને મૂળમાંથી હલાવી-ખળભળાવી મૂક્યા. એક સાચા ભારતીય તરીકે એમનું મસ્તક શરમથી ઝૂકી ગયુંને એ દિવસથી જ તે રજા ઉપર ઉતરી ગયા. અને અંતે તેમણે નિવૃત્તિ પણ લઈ લીધી.

વર્તમાન કાળે શ્રી સંઘમાં 'સંઘ એકતા'ના નામે શાસનનું જ લુણ હરામ થતું દેખવામાં આવે છે. જે શાસનથી માન-પાન-પૂજા પ્રતિષ્ઠા પામ્યા તે જ શાસનની બેવફાઈ છડેચોક કરાઈ રહ્યું છે. બીજાની વાત જવા દો પણ જે લોકો સાચા સત્યસિદ્ધાંત પક્ષના હતા. શાસનના મોભી પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી બાપજી મહારાજાના વફાદાર વારસદારો ગણાતા હતા તે પણ આજે શું કરી રહ્યા છે ! ખરેખર સાચી આરાધના તારક આજ્ઞા મહાન કે માત્ર ખોટી દેખાતી એકતા મહાન ! શાસનનું લુણ ખાધું હોય તો હજી પણ સાચા માર્ગે આવી જાય તેમાં જ સૌનું કલ્યાણ છે. બાકી અમે તો સૌને છૂટ આપી છે, જેને સાચું કરવું હોય તો ના નથી' તે બધી માત્ર મન મનાવવાની વાત છે. શાસનની સાચી દાઝ હોય, મહાપુરુષો ઉપર હૈયાનો સાચો રાગ-આદરભાવ હોય તે શા માટે હાથે કરીને જાણવા સમજવા છતાં ખોટામાં સાથ-સમંતિ-સહકાર આપે ! સમજીને સાચા માર્ગે આવે તો સારું. બાકી 'નાકકટ્ટા' જ બનવું તો તેમને મુબારક ! સુસેષુ કિં બહુના ?

સમાચાર સાર

સોળસલા (જામ સલાયા) થી છ'રી પાલક સંઘ

સોળસલા ગામ હાલારીમાં પશ્ચિમ દિશામાં છેલ્લું ગામ ગણાય ત્યાર પછી ઘી નદીને કાંઠે ગોઈજ ગામ આવે.

આ ગામમાંથી રાયચંદ મેરગ ગડા તથા તેમના ધર્મપત્નિ અ.સૌ. કાંતાબેનને સોળસલાથી પ્રાચીન તીર્થ મોડપરનો છ'રી પાલક સંઘ કાઢવાનો ભાવ થયો અને મીઠોઈવાળા શા. ખીમજી વીરજી ઢઢકા પરિવાર તરફથી થાનગઢથી શંખેશ્વર મહાતીર્થના સંઘમાં તીર્થમાળ વખતે જય બોલાવી ધન્ય બન્યા. સંઘની જવાબદારી સોળસલાવાળા અને જેમણે બે વર્ષ પહેલાં થાનગઢથી ભદ્રેશ્વર મહાતીર્થનો છ'રી પાલક સંઘ કાઢયો હતો તે શ્રી રામજીભાઈ લખમણભાઈ માડને સોંપી. તેમણે અને તેમના કુટુંબે અને મિત્રોએ ખૂબ સરસ વ્યવસ્થા સાથે તેમના કુટુંબે અને મિત્રોએ ખૂબ સરસ વ્યવસ્થા સાથે જવાબદારી અદા કરી.

પૂ આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ.મ. પૂ. પ. શ્રી જિનસેનવિજયજીગણી પૂ. મુ. શ્રી જયધર્મવિજયજી, પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી, પૂ. બાલમુનિશ્રી નમેન્દ્રવિ.મ. તથા પૂ. સા. શ્રી સૂર્યપ્રભા શ્રીજી મ.પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી તત્ત્વપ્રભાશ્રીજી મ. આદિ પ્ર.જેઠ સુદ ૧૨ ના પધારતા દૂરથી સામે લેવા ગામ ઉમટી પડયું હતું. પૂ. આચાર્ય મહારાજનું સંસારી મામાનું ગામ હતું લોકો બધા ઉલ્લાસથી સામે આવ્યા હતા. સામૈયું ઉતર્યા બાદ માંગલિક થયું અને મેરગ વીરપાર ગડા પરિવાર તરફથી સંઘપૂજન થયું.

પ્ર જેઠ સુદ ૧૩ ના હરિપરથી પ્રભુજી આવી જતાં તેમજ હાથી બેંડ વિ. આવી જતાં ભવ્ય વરઘોડો ચડયો હાથી ઉપર બેસી રાયચંદભાઈ તથા કાંતાબેને વરસીદાન આપ્યું ચિકાર મેદની થઈ. પોષણાનું ઘી હજારો મણ બોલાયું બાદ પ્રવચન થયું તેમાં દેવચંદભાઈ રાયચંદભાઈ તથા રળિયાતબેન દેવચંદ અને કાંતાબેન રાયચંદભાઈની સંઘપતિ અને સંઘવણની સ્થાપના કરી. બપોરે ધુમાડા બંધ ગામ જમણ થયું સંખ્યા ૧૨૦૦ જેટલી થઈ.

પાલીતાણાથી શ્રી દલપતભાઈની સંગીત મંડળી આવી જતા ઠાઠથી બપોરે પંચકલ્યાણક પૂજા અને રાત્રે ભાવના થઈ.

રાત્રે ભાવના પછી મંડપમાં સંઘપતિનું બહુમાન તથા વિદાય સમારંભ યોજાયો જેમાં ગામ મહેમાન તથા યાત્રિકોએ ખૂબ હાજરી આપી. યાત્રિકોની સંખ્યા દોઢ માંડ થશે એમ ધારણા હતી પરંતુ વતનમાં અને ત્રણ દિવસનો સંઘ હોવાથી સંખ્યા ૨૫૦ ઉપર પહોંચી ગઈ.

સંઘનું પ્રયાણ :- પ્ર. જેઠ સુદ બીજી ૧૩ ના સવારે સંઘનું ઠાઠથી પ્રયાણ થયું હ થી બેંડ સાજન મહાજન જય બોલાવતું ઉપડયું ગામ પણ દૂર સુધી વળાવવા આવ્યું. દાંતા ભવ્ય દેરાસર છે ત્યાં સામૈયું થયું અને માંગલિક બાદ લખમશી નથુભાઈ તથા દેવચંદભાઈ શામજીભાઈ તરફથી બે સંઘ પૂજન થયા. ત્યાંથી સંઘ જયકાર સાથે આરાધનાધામ હાલાર તીર્થ આવી પહોંચ્યો દૂરથી દેખાતા ભવ્ય શિખરને જોઈ સૌ પ્રસન્ન થયા. ટ્રસ્ટી વતી ભવ્ય સામૈયું થયું. સૌ દહેસરે યાત્રા કરી ધન્ય બન્યા ભવ્ય મંદિર ભવ્ય પ્રતિમાથી પ્રસન્ન થયા. પ્રથમ પૂજાની બોલીઓ થઈ. સ્નાત્ર પૂજા વિ. ગોઠવાયા એકાસણાદિ થયા બપોરે ઉપાશ્રય હોલમાં પ્રવચન થયું પૂ. પં શ્રી જિનસેન વિજયજી મ. અને આચાર્ય મહારાજે પ્રવચન ફરમાવ્યું આરાધનાધામ, હાલાર તીર્થ, પાંજરાપોળ સંસ્થા તરફથી સંઘપતિનું બહુમાન થયું. રાત્રે દેરાસરમાં ઉલ્લાસથી ભાવના થઈ.

દિવસ બીજો પ્ર. જેઠ સુદ - ૧૪ સવારે પ્રયાણ કરી મીઠોઈ થઈ સંઘ રાસંગપુર આવ્યો અત્રે ભવ્ય શિખરબંધી મંદિર છે. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી બીરાજે છે. ભવ્ય સામૈયું થયું માંગલિક થયું અને સંઘપતિ તથા યાત્રિકોનું બહુમાન આદિ માટે યાત્રિક ફંડ થોડીવારમાં સાડૂં લખાઈ ગયું બપોરે ચીજો પણ આવી ગઈ. સ્નાત્રપૂજા એકાસણાદિ પછી પુંજાણી પરિવારના ફળીમાં મંડપમાં પ્રવચન થયું યાત્રિકો તરફથી સંઘપતિનું બહુમાન અને યાત્રિકોને ૪ ભાવના આપવા બોલી બોલાઈ તે શા. હીરજી જીવરાજે લાભ લીધો. ચાંદીના શ્રીફળથી સંઘપતિઓનું અને સ્ટીલના થાળથી યાત્રિકોનું બહુમાન થયું. પુંજાણી પરિવાર તેમજ હીરજીભાઈ આદિએ સંઘપતિનું બહુમાન કર્યું. સંઘ પૂજન ૫-૫ રૂા. નું કર્યું. રાત્રે ભાવના પણ મંડપમાં હતી ચિકાર મંડપ ભરાઈ ગયો હતો.

દિવસ ત્રીજો પ્ર. જેઠ સુદ ૧૫ રવિવાર તા. ૩૦-૫-૯૯ સવારે દર્શન કરી પ્રયાણ થયું મોટા લખીયા નજીક ભવ્ય દેરાસર છે. સામૈયું થયું અને દર્શન કરી માંગલિક સંભળાવ્યું સંઘ પૂજન કર્યું. વિહાર કરી મોડપર તીર્થ આવી પહોંચ્યા ત્યાં સામૈયું થયું ૭॥ વાગ્યે આવી જતાં શ્રી સુપાર્શ્વનાથદાદાના દર્શન કર્યા. નૂતન રંગમંડપમાં ૯૯ ઈંચના શ્યામ કેશરીયા શત્રુંજય આદિશ્વરના દર્શન કરી આનંદ વિભોર બન્યા.

૯ વાગ્યે તીર્થ માળારોપણની વિધિ શરૂ થઈ માળ પરિધાન સમયે ચાર માળની બોલી થઈ અને નહિ ધારી બોલીઓ થઈ.

દેવચંદભાઈને માળ પહેરાવવાનો લાભ શ્રીમતી ઝવેરબેન મેઘજી સામત ધનાણી લંડનવાળા એ લીધો હતો.

રળિયાતબેન દેવચંદને માળ પહેરાવવાનો લાભ શ્રીમતી રંભાબેન દેવશી રાયમલ સાવલા નાઘેડીવાળા હાલ જામનગરવાળાએ લીધો હતો.

રાયચંદભાઈને માળ પહેરાવવાનો લાભ શાહ ભીમજી રામજી ગલેયા હ. શ્રી હરખચંદભાઈ ભીમજીભાઈ નવા હરિપરવાળા હાલ પાર્લાવાળા એ લીધો હતો.

કાંતાબેન રાયચંદભાઈને માળ પહેરાવવાનો લાભ શાહ ભીમજી રામજી ગલેયા હ. શ્રી હરખચંદભાઈ ભીમજી નવા હરિપરવાળા હાલ પાર્લાવાળાએ લીધો હતો.

માળનો વિધિ ઘણા ઉત્સાહથી પૂર્ણ થયો એક બેન વાપીમાં પરિવાર સાથે તકલીફમાં મુકાતા તે માટે સાધર્મિક ભક્તિ ફંડ થતા ૬૨ હજાર રૂા. ભાવિકોએ ઉદારતાથી લખાવ્યા હતા.

અત્રે વાવાઝોડામાં ભોજનશાળાના નળીયા વિ. ઉડી જતાં તે પુનર્નિર્માણની જરૂર જણાઈ અને તે માટે ૨૫ - ૨૫ હજારના ૬ વિભાગ (ગાળા) તથા રૂમ-૨, ૩૧ - ૩૧ હજાર તથા રસોડું ૫૧ હજાર અને ટાઈટલ માટે ૨ લાખ નક્કી કર્યા હતા.

આ માળ સમયે તેની જાહેરાત થઈ અને જામનગરના શાહ હરખચંદ દેવશી ગુઢકાએ ૨૫ હજાર નો એક ભાગ લખાવ્યો અને લંડનથી આવેલા મેઘજીભાઈ સામતભાઈ ધનાણીને વાત થઈ તેમના વેરથી ઝવેરબેન તથા જયાબેન અમૃતલાલ જુઠાલાલ બન્ને બહેનો થાય તેમના વતી લાભ લેવા વિચારણા થઈ તેમના સાળા જીવરાજ દેવરાજ ગડા ટાઈટલની વધાઈ લઈને આવ્યા અને તેની જાહેરાત થતાં જયજયકાર થયો મેઘજીભાઈ તથા જયાબેનનું સન્માન કર્યું.

જીવદયાનું ૧૪ હજાર ફંડ થયું તેમાંથી ૭ હજાર સોળસલા ચણા માટે જાહેર થયા. મહેમાનો પણ સારા પ્રમાણમાં આવ્યા હતા. વ્યવસ્થાપકો શ્રી રામજીભાઈ વેલજીભાઈ, ચુનીભાઈ વિગેરેનું સન્માન કરી રાયચંદભાઈએ આભાર માન્યો હતો. ત્રણ દિવસનો સંઘ પણ મોટા લાંબા સંઘનું સેમ્પલ બન્યું હતું. મોડપરથી બપોરે બસો દ્વારા યાત્રિકો વિદાય થયા હતા.

● જાણીલો – વિરુદ્ધ ●

મોટામાં મોટી ખાઈ	અદેખાઈ	મોટામાં મોટો રાજા	મેઘરાજા
મોટામાં મોટો બંધ	સંબંધ	નાનામાં નાનો રાજા	વરરાજા
મોટામાં મોટી ખાણ	ઓળખાણ	ખરાબમાં ખરાબ સમજ	ગેરસમજ
મોટામાં મોટી સાર	અણસાર	નાનામાં નાની કળ	અટકળ

રાણી બેન્નુર (જી. હાવેરી) કર્ણાટક - અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં નૂતન ભવ્ય શિખરબંધી મંદિરનું શિલા સ્થાપન બીજા જેઠ સુદ ૧૨ શુક્રવાર તા. ૨૫-૬-૯૯ના ઠાઠથી થયું.

પેઠ વડગાવ (જી. કોલ્હાપુર) અત્રે પૂ. આ. શ્રી વિજયમુક્તિ પ્રભસૂરીશ્વરજીના શિષ્ય વર્ધમાન તપ આરાધક પૂ. મુ. શ્રી ધર્મ રક્ષિત વિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પુણ્ય રક્ષિત વિજયજી મ. પૂ. મુ. શ્રી આત્મ રક્ષિત વિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૨ બુધવાર તા. ૧૪-૭-૯૯ ના ઉત્સાહથી સુસ્વાગત થયો છે.

કોલ્હાપુર-લક્ષ્મપુરી-અત્રે પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ.ના શિષ્ય પ્રવચનકાર પૂ. મુ. શ્રી ભવ્યચંદ્ર વિજયજી મ. તથા તેઓશ્રીના શિષ્ય બાલ મુનિરાજશ્રી સિદ્ધસેન વિજયજી મ. નો ચાતુર્માસ પ્રવેશ દ્વિ. જેઠ વદ ૧૨ શનિવાર તા.૧૦-૭-૯૯ના ઉલ્લાસ પૂર્વક થયો છે દરરો ૯.૩૦ વાગ્યે પ્રવચન રવિવારે જુદા જુદા વિષય ઉપર જાહેર પ્રવચન તથા સામુદાયિક અનુષ્ઠાન ગોઠવાયા છે.

અમદાવાદ પ્રશમ -૨૩ દશા પોરવાડ સોસાયટી મધ્યે સમગ્ર રાજનગર આરાધક સંઘ તથા માણેકલાલ મોહનલાલ ઝવેરી પરિવાર તરફથી ધર્મતિર્થ પ્રભાવક પૂ. આ. શ્રી વિજય હેમાનંદ સૂરીશ્વરજી મ. આદિ ઠાણા દશનો ચાતર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ તા. ૧૮-૭-૯૯નાં ભવ્યાતે ભવ્ય રીતે થયો. પૂ. મુ. શ્રી ભવ્ય દર્શનવિજયજી મ.નો અષાઢ સુદ ૭ ના પંચમાંગ શ્રી ભગવતં. સૂત્રના જોગમાં પ્રવેશ થશે તથા બીજા પણ સાધુ સાધ્વીજી મહારાજોને વિવિધ જોગમાં પ્રવેશ કરાવાશે

મોંબાસા - કેશવલાલ પ્રેમચંદ વેરશી માલદેના પુત્રવધુ શ્રીમતી પુનમબેન સતીષકુમાર માલદેએ સળંગ ૧૦૮ આંબેલ સુખરૂપ કરતાં ખૂબ શાતા છે અને તેની ઉજવણી રૂપે તેમના તરફથી રવિવાર તા. ૪-૭-૯૯ના ઉપાશ્રય હોલમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન રાખેલ હતું તેમનું પારણુ તા. ૫-૭-૯૯ના રોજ શાતા પૂર્વક થયું છે પૂજન ઠાઠથી અને ઉલ્લાસપૂર્વક ભણાવ્યું હતું.

પાદરા - અત્રે પૂ. મુ.શ્રી મુકિતધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૬ રવિવાર તા.૧૮-૭-૯૯ના સસ્વાગત થયો.

રામણીયા (રાજ.) અત્રે પૂ. આ. શ્રી દર્શનરત્ન સૂરીશ્વરજી મ. નો ચાતુર્માસ ઠાઠમાઠથી અષાઢ સુદ-૬ના થયો ચાતુર્માસ માટે બહારગામથી પધાર્યા આમંત્રણ આપ્યું છે.

ભાંગવાડી (મુંબઈ) અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. ની નિશ્રામાં નૂતન જિનમંદિરમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથજી આદિ જિન બિંબોની પ્રતિષ્ઠા દ્વિ.જેઠ સુદ ૧૧ના ધામધૂમથી થઈ છે.

બોરીવલી : શ્રી તપગચ્છ ઉદય-કલ્યાણ જૈન સંઘ - બોરીવલીના આંગણે..! ચૈત્ર માસની **શાશ્વતી ઓળી નિમિત્તે પાવન નિશ્રા** - જૈન શાસનના મહાન જ્યોર્તિધર સુવિશાળ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા** ના પ્રખર વિદ્વાન - પ્રવચનકાર - પ.પૂ. મુનિરાજ શ્રી - **જિન દર્શન વિ.મ.સા.** આદિઠાણા તેમજ પ.પૂ.સા.શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણાં. ''ચૈત્ર માસની શ્રી શાશ્વતી ઓળીનો ઉદારપૂર્વક સંપૂર્ણ પારણા સહીત લેનાર શેઠ શ્રી જયંતિલાલ પાનાચંદ શાહ પરિવાર લાભ લીધો હોવાથી - **ચૈત્ર સુદિ-૨** ના દિવસે પૂજ્યો તેમના ગૃહે પધારેલ. ત્યાં માંગલિક સંભળાવી. ગુરૂપૂજન તથા સંઘપૂજન કરેલ ત્યાંથી વાજતે ગાજતે સંઘ રાજમાર્ગે ફરી. ''**પ્રેમ-રામ**'' **વાટિકા** નગરીમાં પધાર્યા'' પૂજ્યશ્રીએ માર્મીક સુંદર પ્રવચન ફરમાવેલ ત્યારબાદ જુદા જુદા પુણ્યશાળીઓ તરફથી ૫-૦૦ રૂા.નું સંઘપૂજન તથા ગુરૂપૂજન કરેલ. શાશ્વતી ઓળીના પ્રારંભથી દરરોજ સવારે પ્રભાતિયા-પ્રભાવના સવારે ૯-૧૫ થી ૧૦-૩૦ સુધી પૂજ્ય શ્રી નવપદનો મહિમા તથા શ્રીપાલ મયણાના જીવન પ્રસંગો ખુબ જ સુંદર રીતે દરરોજ સમજાવતા હતા. તેમજ દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ સુંદર રીતે થતી હતી. પ્રવચન બાદ પ્રભાવના થતી આયંબિલ તપનો મહિમાં નવપદનો મહિમાં સુંદર સમજાવતાં સંઘમાં દરરોજ આયંબિલ તપ પણ સારામાં સારી સંખ્યામા થતી તેમજ આયંબિલ તપ કરનારને દરરોજ પ્રભાવના થતી. નવપદ તેમજ નાની-મોટી ઓળી કરનારની સંખ્યા ૨૩૦ જેટલા પુન્યશાળીઓએ લાભ લીધેલ.

ચૈત્ર સુદિ-૧૩ ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માનો **જન્મ કલ્યાણક દિન** હોવાથી સવારે પ્રભાતિયા-પ્રભાવના ૯-૦૦ કલાકે ભવ્ય વરઘોડો-રાજમાર્ગે ફરી જિનાલયે ઉતર્યો હતો. ત્યારબાદ પૂજ્યશ્રી એ જન્મકલ્યાણક નિમિત્તે વીર પરમાત્માના જીવનના માર્મિક પ્રસંગોની સુંદર છણાવટ કરી હતી. તેમજ નવપદનો મહિમાનું વર્ણન પણ સચોટ માર્મિક-સમજાવતા હતા, (બકરી-ઈદ) હોવાથી ઘણાં પુન્યશાળીઓએ આયંબિલ તપની આરાધના કરી હતી. પ્રવચન બાદ લલીતાબેન કનકરાયજી તરફથી લાડવાની પ્રભાવના થયેલ. પરમાત્માને જન્મ કલ્યાણ દિન હોવાથી સંપૂર્ણ જિનાલય ફુલોથી સેંકડો કિલોઓથી-સુંદર રંગબેરંગોથી ગલીએ ગલીએ રંગોળી કાઢેલી. **પરમાત્માની ભવ્યાતિ ભવ્ય અંગ** રચના થયેલ. સુંગધી ધૂપો રખાયેલ, દર્શનાર્થે આવેલ દરેક પુન્યશાળીઓને હાથ જોડીને ૧-૧ રૂા.ની પ્રભાવના થયેલ. હજારો પુન્યશાળીઓ દર્શન કરીને જતા જતાં એમના મુખમાંથી સરી પડતું કે શું જિનાલય શું સુંદર અંગરચના દીવાઓની રોશનીથી જાણે જિનાલય તીર્થ સમું લાગતું હતું.

દરરોજ પ્રતિક્રમણમાં સારી સંખ્યામાં પુન્યશાળીઓ પધારતા દરરોજ પ્રભાવના આદિ થતી, ઓળીના લાભ લેનાર પરિવારને ઘણો આનંદ ઉલ્લાસ તેમજ સંઘના ઉત્સાહી કાર્યકરોએ તપસ્વીઓને સારી ભક્તિ ભાવપૂર્વક કરી હતી.

ચૈત્રવદિ-૧ના રોજ મહાન તપસ્વીઓના પારણાનો લાભ લેનાર પ્રભાબેન જયંતિલાલ શાહ

પરિવારે ઘણી ઉદારતા-ઉલ્લાસપૂર્વક આરાધકોની ભક્તિ સારામાં સારી કરી હતી. અને તેમન. તરફથી પ્રભુ ભક્તિ માટે દરેકને પૂજાની પેટીની પ્રભાવના કરેલ. તેમજ સંઘ તરફથી રૂા. ૯૦, શ્રીફળની પ્રભાવના આદિ થયેલ. ૨૩૦ જેટલા પુન્યશાળીઓની સારામાં સારી ભક્તિ કરાયેલ.

આખો પ્રસંગ દેવગુરૂ તેમજ સંઘના ટ્રસ્ટીગણ કાર્યકરતા ભાઈઓ તથા બહેનોનો આપણો પ્રસંગ છે. તેમ જાણીને ખૂબજ ભાવથી ભક્તિ કરી હતી સંઘ તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

પૈસો

માણસ...

પૈસા પાછળ તો ગાંડો બન્યો કહેવાય.
અતિ ખર્ચ કરે તો ઉડાઉ કહેવાય.
સંગ્રહ કરે તો મુડીવાદી કહેવાય.
ન મળે તો કમનસીબી કહેવાય.
વગર મહેનતે મેળવે તો ખુશામતિયો કહેવાય.
વાપરે નહિ તો કંજૂસ કહેવાય.
વૈતરું કરીને મેળવે તો મૂર્ખ કહેવાય.
શેરમાં રોકે તો સટોડીયો કહેવાય.
ધરમમાં ખર્ચે તો દાનવીર કહેવાય.

મુ. હરિ

કાબુલીના આશીર્વાદ

- હરીશ મણિયાર

બંગાળનું માલદા શહેર.

એક બાગમાં એક નાનો બાળક રમી રહ્યો હતો. અહિથી તહીં લીલા ઘાસ પર દોડાદોડી કરી રહ્યો હતો એવામાં બશીર મહંમદ નામનો એક કાબુલી પઠાણ ત્યાં આવ્યો ને પોતાની થેલી એક તરફ મુકી એક ઝાડ નીચે સુતો. થાક ખુબ લાગેલો એટલે તે તો બાગની ઠંડી લહરમાં થોડી વારમાં ઘસઘસાટ ઉંઘવા માંડ્યો.

અડધા કલાકની ઉંઘ ખેંચ્યા પછી એ પઠાણ જાગ્યો, અને એક-બે મિનિટમાં તો ઉઠીને ચાલવા માંડ્યો, પરંતુ, ઉંઘમાંથી ઉઠીને ગયેલો પઠાણ પોતાની થેલી ભુલી ગયો હતો એના ગયા પછી પેલા રમતા બાળક એ પઠાણની થેલી જોઈ. તેણે તરત થેલી ઉઠાવી. અંદર જોયું તો તેમાં ઘણા બધા પૈસા હતા. 'અરે, આટલા બધા પૈસા કોના હશે ? જેના હશે તે બિચારો કેટલો ચિંતામાં ડુબી ગયો હશે ? પણ આટલામાં તો કોઈ દેખાતું નથી ?' બાળક વિચારે છે.

થોડીવાર એમ જ વિચારતો તે ત્યાં જ બેસી રહ્યો. તેને વળી વિચાર આવ્યો કે 'જેના પૈસા હશે તે અહિં જ શોધતો જરૂર આવશે' એટલે એણે ત્યાં જ બેસી રહેવાનું નકકી કર્યું. સાંજ પડવાની તૈયારી હતી. બાળકને ઘેર જવાનું પણ મોડું થતું હતું. પણ તે બેસી રહ્યો. તેનું અનુમાન સાચું પડતું લાગ્યું.

થોડીવાર પછી પેલો કાબુલી પઠાણ ત્યાં હાંફળો ફાંફળો આવતો જણાયો. આસપાસ મેંદીની વાડ પાસે, વૃક્ષો પાસે ને રસ્તા પર ખાંખાખોળા કરવા માંડયો તે બાળક કાબુલી પાસે આવ્યો. બોલ્યો : 'ચાચા, શું શોધો છો ?' 'બેટા, મારી એક થેલી ખોવાઈ ગઈ છે હું થોડા સમય પેલાં એક ઝાડ નીચે ઉંઘી ગયો હતો. જાગીને એકલો એમને એમ ચાલ્યો ગયો. અચાનક હમણાં યાદ આવ્યું કે થેલી કયાંક રહી ગઈ લાગે છે. એમાં ઘણા બધા પૈસા હતા. બીજુ તો કઈ નહિં પણ એ પૈસા મારા નહોતા' પઠાણે કહ્યું.

'તો એ પૈસા કોના હતા.? ' બાળકે પૂછ્યું, કાબુલીને થયું. બાળક હોશિયાર લાગે છે. કાબુલીએ કહ્યું. 'મારા શેઠના પૈસા હતા. એ પૈસા નહિ મળે તો મારા શેઠનો મારા પરનો વિશ્વાસ હું ગુમાવી બેસીશ' આટલું બોલતા કાબુલી ઢીલો થઈ ગયો. ત્યાં જ પેલા બાળકે પોતાના હાથ પાછળ રાખેલી થેલી બતાવતા કહ્યું. 'આજ તમારી થેલી [illegible]' કાબુલીએ થેલી જોઈને હર્ષાવેશમાં આવી ગયો, 'હા, બેટા ! આ જ મારી થેલી છે.' તેણે કહ્યું. 'હાશ, ખુદા તારા પર મહેર કરે.' પછી પોતાના ખીસ્સામાંથી થોડાક

પૈસા કાઢી તે બાળકને આપતા કહ્યું. 'લે બેટા, તારું ઈનામ.'

એ તેજસ્વી બાળકે ઈનામ નો પ્રેમથી અસ્વીકાર કર્યો. 'ચાચા, એ તો મારી ફરજ હતી. તમારી થેલી હતી અને તમને પાછી વાળવાની હતી. તેમાં વળી ઈનામ શેનું આપવાનું. તમને તમારી થેલી મળી ગઈ. તમને ખુશી થઈ એ ખુશી મારું ઈનામ સમજો.'

કાબુલીને બાળકની વાણીમાં સચ્ચાઈનો પડઘો ગુંજતો જોઈ નવાઈ પામ્યો. કાબુલીએ પ્રેમથી તેને ઉંચકી લીધો. બાળકના ગાલ પર ભાવભર્યું મીઠું ચુંબન કરતા બોલ્યો, 'ખુદા તારી ઉંમર લાંબી કરે અને મોટો થતા તું જીવનમાં ખુબ આગળ વધે.' એ બાળક મોટો થયો ત્યારે ખુબ નામના મેળવી. એ હતા શ્રી વિશ્વેશ્વર મુખોપાધ્યાય...! (ફૂલવાડી)



ડૉકટર બિલાડી

પક્ષી ઉદ્યાનમાં જાતજાતના પંખીડાં રહેતા હતા. એકવાર રોગચાળો ફાટયો ને બધા પંખી માંદા પડી ગયા. પક્ષીઓની રખેવાળ ડૉકટરને બોલાવવાનું વિચારી રહ્યો હતો એટલામાં એક બિલાડી તેની પાસે આવી. બિલાડીએ વિચાર્યું કે હું જ ડૉકટર બનીને આ પંખીઓના પીંજરામાં પેસી જા અને બધા પંખીઓને સફાચટ કરી જાઉં...!

વિચાર્યા પ્રમાણે બિલાડીએ માથે ટોપી, અને આંખ પર ચશ્મા પહેરી લીધા. ડૉકટરના જેવો સફેદ કોટ પણ ચઢાવ્યો અને ગળામાં છાતી તપાસવાનું સ્ટેથોસ્કોપ ભરાવ્યું.

પંખીઓનો રખેવાળ સાયકલ લેવા માટે રૂમમાં ગયો ત્યાં જ બિલાડી હાથમાં દવાનો ડબ્બો લઈ પંખીઓના પીંજરા નજીક આવી પહોંચી.

'કેમ છે દોસ્તો? હું તમને બધાને સારા કરવા આવી છું. અને આ રહી તમારી દવા.' બિલાડીએ કહ્યું.

પંખીઓ હોશિયાર હતા. તેમને બિલાડીની ચાલ સમજાઈ ગઈ. બધા પંખીઓએ એક સાથે કલબ્લાટ શરૂ કર્યો. રખેવાળ તો ગભરાતો ગભરાતો દોડી આવ્યો. બિલાડીને જોઈ તે બધું સમજી ગયો. બિલાડી પણ રખેવાળને જોઈ ઊભી પૂંછડીએ નાઠી.

બોધપાઠ : લાલચથી દૂર રહી દુશ્મનને ઓળખવાની સમયસૂચકતા આપણામાં હોવી જોઈએ.

(કુ.સ.)

હવે પંખીઓને વહાલ કોણ કરશે..?

- મધુસૂદન પારેખ

એક નદીને કિનારે મોટું ઝાડ હતું. ઝાડનું મુખ્ય કામ જ સહુને વિસામો આપવાનું. ઉનાળાના બપોરે તપમાં કોઈ બળ્યો ઝળ્યો માણસ ત્યાં થઈને નીકળે તો ઝાડ કશું બોલ્યા વિના મૂંગો આવકાર આપવા તૈયાર જ હોય. એ બોલી શકતું હોત તો જરૂર કહેત કે ભાઈ, આવો ને મારા છાંયડામાં. બેસો નિરાંતે. થાક ખાઈને, આરામ કરીને પછી નિરાંતે આગળ જજો.

નદી કિનારે ઊભેલું ઝાડ પણ કુટુંબમાં વહાલસોયા, સહુને લાડ કરનારા દાદા જેવું હતું. દાદાને છોકરાં પરાન કરે, એમના ખોળામાં ચડી જાય, એમની મૂછો ખેંચે તો ય દાદા એમને વહાલ કરે. એવું જ નદીને તીરે ઊભેલું ઝાડ હતું. છોકરા ત્યાં રમવા આવે, એની ડાળીઓ પર લટકે, ઝૂલા ખાય. વાંદરા અટકચાળા કરીને ઝાડને પજવે, એની ડાળ પરથી પાંદડાં ખેંચીને તોડી નાખે તો ય ઝાડને વાંદરા વહાલા લાગે.

ગણ્યા ગણાય નહિ એટલાં પંખીને માળા બાંધીને રહેવાની જગ્યા પણ એ ઝાડ પર જ મળે. ઝાડ એવું ઉદાર, પરોપકારી કે પંખીઓ એની ડાળે માળા બાંધે તો ખુશ થઈ જાય. એને મનમાં થાય કે આવો ને વહાલાં પંખીડાં. નિરાંતે તમારાં ઘર મારી ડાળોમાં બાંધીને રહો. તમારા બચ્ચાંને માળામાં ઉછેરીને મોટાં કરો. સવારે ચણ ચણવા જાવ ત્યારે હું તમારાં બચ્ચાં સાચવીશ. તમે વહાલાં ! બેફિકર રહેજો.

પંખીઓને ય વૃક્ષદાદાનો પૂરો વિશ્વાસ. સવાર થયું ના થયું ને પંખીડાં જુદી જુદી ડાળો પરથી મીઠું કુજન કરતાં ઉત્સાહથી પાંખો ફેલાવીને ચણ ચણવા ઊડી જાય. બચ્ચાં દાદાને ભરોસે માળામાં આરામ કરે.

સાંજ પડે એટલે પંખીની હારની હાર પાછી દાદાને ઘેર. મીઠો કલશોર કરતાં પંખી પોતપોતાના માળામાં પેસી જાય. પછી શાંતિ જ શાંતિ. પણ એક દિવસ સૂરજ એવો ઊગ્યો કે એ દિવસે મોટી હોનારત થઈ. કેટલાક માણસો હાથમાં જાડાં દોરડાં, કુહાડા સાથે ત્યાં આવ્યાં. ઝાડ જાણે ચોર હોય તેમ તેની આસપાસ દોરડું બાંધ્યું. ઝાડ મૂંઝાઈ ગયું. એણે કોઈ ચોરી કરી નહોતી, કોઈની હત્યા કરી નહોતી. એનો વાંક ગુનો નહોતો. ત્યારે એને દોરડું શા માટે બાંધવું પડે ?

પણ એ દિવસ ગોઝારો હતો. પંખીઓ તો દાણા ચણવા ઊડી ગયાં હતાં.

રાત્રે એમનાં બચ્ચાં માળામાં નિરાંતે રહ્યાં હતાં. ત્યાં તો ખચાખચ, ખચાખચ, ખચાખચ કુહાડાના ઘા પડવા માંડ્યા. ઝાડ હચમચી ગયું. ઝાડના શરીર પર ઘા ઝીંકાતા જ ગયા. એને બોલવાની શક્તિ મળી હોત તો એ કરગરી પડ્યું હોત કે ભાઈઓ, મને નિર્દોષને શા માટે કુહાડાના ઘા કરો છો ? મારો નાશ થશે તો બિચારાં પંખીડાં રઝળી પડશે. નાનકડાં બચ્ચાં માળામાંથી નીચે પડીને મરી જશે પણ ઝાડને સભ્ય નહોતી. એ મૂંગુ રુદન કરી રહ્યું. માણસો આટલા બધા ઘાતકી હશે !

સાંજ સુધીમાં તો ઝાડ ખતમ થઈ ગયું. સાંજે પંખીઓ દાણા ચણીને પાછાં ફર્યા ને ઝાડને જોયું નહિ એટલે ચીસાચીસ કરવા લાગ્યાં. એમના બચ્ચાંનું શું થયું હશે ? કેટલાંક તો નીચે પટકાઈને મરી ગયાં હતાં ! નિસાસા નાખી નાખીને ઊડાઉડ કરતાં રહ્યાં. થોડા દિવસો પછી ત્યાં મજૂર આવ્યા, કડિયા, સુથાર આવ્યા..ને મકાન તૈયાર થવા માંડ્યું.

ઉનાળામાં ભૂલો ભટકયો થાક્યો પાક્યો મુસાફર આવ્યો : 'અરે, અહીંથી ઝાડ ક્યાં ગયું ?' નિસાસા નાખીને એ આગળ ચાલ્યો. પથ્થરનાં મકાનો કંઈ એને થોડો વિસામો આપવાનાં હતાં ? 'આવ, ભાઈ બેસ ? કહેનારું ઝાડ હવે ક્યાં હતું ?'.

(ગુ.સ.)

પૂજ્યશ્રી કહેતા હતા કે- - શ્રી ગુણદર્શી

પરિવર્તન

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- દુઃખમાં રડવું તે પણ ગુનો ! સુખમાં હસવું તે પણ ગુનો ! દુઃખ નથી જોઈતું તે પણ ગુનો ! સુખ જોઈએ તે પણ ગુનો !
- 'મોક્ષ જ જોઈએ' આવી જેની ભાવના હોય તેને ઉત્તમ જીવ કહ્યો. કર્મના યોગે તે સંસારમાં બેઠો હોય પણ તેની મહેનત મોક્ષ માટેની હોય.
- ભગવાનના માર્ગની આચરણાની પ્રવૃત્તિ તેનું નામ વિહાર !
- ગાઢ મિથ્યાત્વનો ઉદય મોક્ષના માર્ગ ઉપર, મોક્ષમાર્ગે ચાલનારા પર દ્વેષ કરાવે.
- નાનો અધર્મ આત્મામાં આવી જાય અને તે સારો લાગે તો તે આધર્મ બધા અધર્મને બોલાવી લાવે !
- ખાવાના રસિયા માટે તપ, તપ નથી. ખાવાનો રસ મંદ પડ્યા વિના તપ ગુણ આવે નહિ.
- સંસારમાં ભટકાવનાર પહેલી ચીજ ખાવાની છે. જન્મતાની સાથે જ ખાવા જોઈએ, કચરો પણ ખાય, ખાધા પછી શરીર બને. તપ કરવાનો શું કામ ? આહારની લાલસા મારવા.
- ધર્મ તે આત્માનો ગુણ છે. આત્મામાં તે ગુણ પેદા થાય તો કલ્યાણ થાય. બનાવટી ધર્મથી કલ્યાણ ન થાય.
- શાસ્ત્રને જ 'વફાદાર' હોય તે જ સદ્‌ગુરુ !
- શરીર પરની મમતા જાય નહિ ત્યાં સુધી સાચો ધર્મ થાય નહિ.
- શરીર પરની મમતા એટલે શત્રુ પરની મમતા ! શરીરની મમતા જેટલી કરો તેટલો સંસાર વધ્યા જ કરે.
- ભગવાનની આજ્ઞા મુજબના કામકાજ બંધ થયા માટે સાધુઓ ભિક્ષુક મટી ભીખારી બન્યા ! શાસ્ત્ર તો અમને પણ ટકોરા મારે છે કે જો તમે ભૂલ્યા તો તે બધાનો ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો આપવો પડશે.
- અમને તમારી ગરજ પડે તો અમે ધર્મ ચૂકીએ તમારે અમારી ગરજ પડે તો ધર્મની વૃદ્ધિ થાય. આપણે ત્યાં દેવ-ગુરુ-ધર્મને આપણી ગરજ નથી. પણ તે ત્રણેની ગરજ આપણે છે. આપણા વગર દેવ લુખ્ખું નથી ખાતા. ખરેખર ધર્મગુરુઓને 'કોણ આવ્યું અને કોણ નહિ-' તેની પડી નથી. ધર્મ કહે જેને મારો ખપ હોય તે કરે !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટ થી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष ११

अंक ४७+४८

श्रावकनी भावना

हो ही मोहुच्छेओ,
तुह सेवाए धुव त्ति नंदा मि ।
जं पुण न वंदिअव्वो,
तत्थ तुमं तेण जिज्झामि ।।
(उक्तं च धनवालेन महात्मना)

હે પ્રભુ ! તમારી સેવાથી (મારા) મોહનો ઉચ્છેદ જરૂર થશે - એમ ધારી હું આનંદ પામું છું. પરંતુ મોહનો ક્ષય થયા પછી આપને વંદાશે નહિ - એમ ધારીને હું ખેદ પામું છું.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રી જૈન શાસનને ખુશી ભેટ

રૂા.૧૧૦૦-૦૦	મનસુખલાલ વી. શાહ, મુંબઈ
રૂા. ૨૫૧-૦૦	શાંતિલાલ ચીમનલાલ શાહ તરફથી ખીમત્ત સ્વ.પૂ. આ.શ્રી વિ. કનકચન્દ્ર સૂરીશ્વરજી મ. નાં શિષ્યરત્ન પૂ. મુનિ શ્રી યશ કીર્તિ વિજયજી મ. સા. નાં સંસારી માતુશ્રી ગંગાબેનના શ્રી શત્રુંજય તીર્થ સં. ૨૦૫૪ ના ભા. વ. ૧૪ નાં પૌષધમાં થયેલ સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે જૈન શાસનને ભેટ
રૂા. ૫૦૦૧-૦૦	શ્રી લાખાબાવળ જૈન શ્વે. મૂ. સંઘ, લાખાબાવળ લાખાબાવળમાં થયેલ પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરિશ્વરજી મ.સા. ના ઉપદેશથી જૈન શાસનમાં ભેટ.
રૂા. ૩૦૦-૦૦	અ.સૌ. અનિતાબેન આર. શાહ તરફથી પૂ. પ્રશાંત દર્શન વિજયજી મ. નાં સંયમજીવનનાં ૨૭ માં વર્ષમાં મંગલ પ્રવેશની અનુમોદનાર્થે ભેટ
રૂા. ૨૫૧-૦૦	સ્વ. પ્રભાબેન જયંતિલાલ પાનાચંદ શાહ તરફથી ભેટ (ગાઢકડાવાળા પરીવાર તરફથી)

પ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.સા. ની તબીયત સુધરી જતાં લાખાબાવળમાં પ્રતિષ્ઠામાં પધાર્યા અને શાહ પદમશી વાઘજી ગુઢકાને ત્યાં પધરામણી થતાં શ્રી જૈન શાસનમાં ખુશી ભેટ

રૂા. ૫૦૧-૦૦	શાહ કાલિદાસ હંસરાજ નગરીયા, હ. વેલુબેન, સવિતાબેન, હેમલતાબેન.	થાન - બેંગ્લોર
રૂા. ૨૦૧-૦૦	કુમારી સરોજબેન દેવચંદ પદમશી ગુઢકા પરીવાર -	લાખાબાવળ
રૂા. ૧૦૧-૦૦	ગુઢકા કચરા મેરગ શાહ -	પાર્લા - અંધેરી
રૂા. ૧૦૧-૦૦	શાહ ખેતશી નરશી સુત્રરીયા - હ. મણીબેન ખેતશી	મુલુન્

રૂા. ૫૦૧-૦૦	શાહ મુળજી ખિમજી ગુઢકા	આજીવન સભ્ય	જામનગર
રૂા. ૫૦૦-૦૦	મેસર્સ ભોગીલાલ ચુનિલાલ એન્ડ કું.	આજીવન સભ્ય	શાહપુર (થાણા)
રૂા. ૫૦૦-૦૦	પરેશ એ. શાહ	આજીવન સભ્ય	ભાવનગર

તારક દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જ્ઞાનારાધા વિરાધા ચ, શિવાયૈ ચ ભવાય ચ

શાસન

તંત્રીઓ :
પ્રેમચંદ મેલજી મુકડા (મુંબઈ)
ભરત મુદ્રલનભાઈ ગણેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી મુકડા (થાનગઢ)

વર્ષ : ૧૧) ૨૦૫૫ શ્રાવણ સુદ ૧૩ મંગળવાર તા. ૨૪-૮-૯૯ (અંક : ૪૭-૪૮)

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

પ્રવચન - ચોત્રીસમું

ગતાંક થી ચાલુ

- પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ-૧૪
શનિવાર, તા. ૮-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય,
મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(કા. જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના)
- અવ૦)

'મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું, મનદંડ-વચનદંડ કાયદંડ પરિહરું' એમ બોલનારો જીવ કર્મ શેનાથી બંધાય અને શેનાથી છૂટે તે ન જાણે તેવું બને ? એકલા બેઠા બેઠા ખરાબ વિચાર કરવા તે પણ મનનો દંડ છે, બીજાની ગેરહાજરીમાં તેની નિંદા કરવી તે વચનનો દંડ છે અને કાયાનો જેમ તેમ ઉપયોગ કરવો તે કાયાનો દંડ છે. મનગુપ્તિ આવે કોનામાં ? જેને ખોટા વિચારનો અભ્યાસ ન હોય અને વિચાર કરે તો સારા જ કરે તેનામાં. તેને ખોટા જ

વિચારનો અભ્યાસ હોય અને સારા વિચાર આવડતા ન હોય તેનામાં ધર્મ આવે શી રીતે ? જેને માટે તેની ગેરહાજરીમાં ગમે તેમ બોલે અને સામે આવે તો હાથ જોડે તે કેવો કહેવાય ? આજના લોકો મોટેભાગે પોતાની જાત વિના બીજાની નિંદા જ કરે છે, એટલું જ નહિ ઘણા તો દેવ-ગુરૂ અને ધર્મને પણ છોડતા નથી. પોતામાં દોષ હોવા છતાં ય મરી જાય તો ય કોઈને કહે ખરો ? તમારો દોષ ભગવાન આગળ, ગુરુ આગળ કબૂલ કરો છો ? ભગવાનને કહ્યું છે કે ''હે ભગવન્ ! મહાપાપી છું. તારી પાસે આવવાને પણ લાયક નથી. આપ તો પતિતને પણ પાવન કરનારા છો માટે આપના દર્શનજથી મારી પાપબુદ્ધિ નાશ થાય અને મારામાં ધર્મબુદ્ધિ પેદા થાય તે માટે આવું છું.'' ભગવાનનાં દર્શન કરતી વખતે તમને આવો વિચાર આવે છે ખરો ? જેને પોતાનું પતિતપણું ખટકતું પણ ન હોય તેવા જીવો મંદિરમાં જઈને મંદિરનો નાશ કરે છે. જેટલાં ધર્મના સ્થાન છે તે પાપીઓ માટે અધર્મનાં સ્થાન બને છે. અન્ય સ્થાનમાં કરેલું પાપ ર્મસ્થાનમાં નાશ પામે પણ મંદિરાદિ ધર્મ સ્થાનમાં કરેલું પાપ ગાઢ થાય ? પાપમાં જ મઝા કરતાં રતાં મરે તે કઈ ગતિમાં જાય ? દુઃખમાં ય રોતા રોતા મરે તો તે ય દુર્ગતિમાં જાય તેમ કહ્યું છે. દુઃખથી કંટાળીને, ઝેર ખાઈને મરે તો તેને અપમૃત્યુ કહ્યું છે. તેવા જીવો જ્યાં જાય ત્યાં વધારે દુઃખી થવાના. નરકમાં તો મરવા માટે ય ઝેરની પડીકી પણ ન મળે નારકી જીવો એવા છે જે કદી જીવવા નથી ઈચ્છતા પણ ક્ષણે ક્ષણે મરવાને જ ઈચ્છે છે છતાં પણ મરી ન શકે. ત્યાં ો ઓછામાં ઓછાં દશ હજાર વર્ષ અને વધારેમાં વધારે તેત્રીશ સાગરોપમનું આયુષ્ય હોય છે.

આ પચાસ બોલમાં તો આખું શ્રી જૈન શાસન સમાયું છે. આ બોલ બોલનાર જીવ કેવો હોય ! સામાયિકને સમજનારો માણસ સામાયિક વગર પણ ઓછા પાપ કરે. તે તો ઘરમાં, દુકાનમાં ય ધર્મ જ પ્રધાનપણે કરતો હોય. તેવો જીવ સંસારનાંય કામ કરતા ય એવી નિર્જરા કરે કે વખતે અણસમજુ સામાયિક કરનારો જીવ ન કરે. પૂંજી પ્રમાર્જીને જોઈને ચૂલો સળગાવનારી શ્રાવિકા પણ ચૂલો સળગાવતાય નિર્જરા જ કરે છે, કર્મને સળગાવે છે કેમકે, તેણી ક્રિયા હેય માનીને કરે છે. અને ધર્મની ક્રિયા ઉપાદેય માનીને કરે છે, તેમાં જરાપણ ખામી ન આવે તેની કાળજી રાખે છે. વેપાર કરવો જ જોઈએ એમ માનીને મઝેથી વેપાર કરે, વેપારમાં જે કરવું પડે તે ય મઝેથી કરે તો તેનામાં જૈનપણું રહે ? જૈન વેપારમાં અનીતિ કરે ? પોતાનું બરાબર ાચવે અને બીજાને ડીયો બતાવે તે શાહુકાર કહેવાય ? આજે શાહને શાહ શબ્દની, શેઠને શેઠ શબ્દની અને સાહેબને સાહેબ શબ્દની કિંમત છે ?

શાસ્ત્રે આ કલિકાળમાં પાંચ પ્રકારનાં કલ્પતરુ કહ્યાં છે. જ્ઞાનીને કલ્પતરુ કહ્યો છે જો તે નમ્ર હોય તો. રૂપવાનને પણ કલ્પતરુ કહ્યો છે જો તે શીલ સંપન્ન હોય તો. ધનવાનને પણ

કલ્પતરુ કહ્યો છે જો તે દાનવીર હોય તો. બળવાન પણ કલ્પતરૂ છે જો તે ક્ષમાશીલ હોય તો. સત્તાવાન પણ કલ્પતરુ છે જો તે ન્યાયના માર્ગે ચાલતો હોય તો. જો આ પાંચે ય તેવા ગુણવાળા ન હોય તો તેમના જેવા કંટકતરુ જગતમાં બીજા એક નથી. સંસારમાં રહેનારા પણ આવા હોવા જોઈએ તો ધર્માત્મા તો કેવા હોવા જોઈએ.

શ્રાવકનું જીવન જોઈને લોક કહે કે, આ સાધુ જેવો જીવ છે, આનાથી ગભરાવા જેવું નથી, આની ઉપર અવિશ્વાસ કરાય નહિ, તે મરી જાય પણ જૂઠ બોલે નહિ - આવી તેની આબરૂ હોય ! સામાયિકમાં તો તે સાક્ષાત શ્રમણ જેવો લાગે તેથી જ્યારે જ્યારે તેને સમય મળે ત્યારે સામાયિક કરે. તમે નવરા હો તો શું કરો ? તમને તો નિવૃત્તિ કરાવવી તે ય ભૂંડી. આજે તો નિવૃત્ત થયેલા ઘણા એવા પાપી છે કે- આખા ગામની પંચાત કર્યા કરે, આત્માની વાત તો તેને યાદ પણ આવે નહિ.

જો જે જ્ઞાની નમ્ર ન હોય તો તેવા જ્ઞાનીને આજ્ઞાનીથી પણ ભૂંડા કહ્યા છે. જે ગમે તેમ બોલે તેના કરતા તો તે મૂંગો મરે તો સારો છે. સાધુ પણ જો સાવદ્ય અને નિરવદ્ય ભાષા ન સમજે તો તે ય ન બોલે તો સારો છે. ઉપદેશકને બોલતી વખતે ખ્યાલ તો હોવો જ જોઈએ કે બોલતી વખતે શાસ્ત્રથી વિરુદ્ધ બોલી ન જાય. અમારે તમને ગમે તે નહિ પણ શાસ્ત્રથી વિરુદ્ધ ન બોલાઈ જાય, શાસ્ત્ર મુજબ જ બોલાય તેની કાળજી રાખીને બોલવાનું છે.

સભા : કલ્પતરુ તો ઈચ્છિત આપે તેમ જ્ઞાની શું આપે ?

ઉ. - જ્ઞાનીની પાસે શી ઈચ્છા હોય ?

શ્રી નવકાર જેવો મહામંત્ર નરકને તોડે પણ તે શા માટે ગણાય ? દુશ્મનને મારવા માટે જ જો તે શ્રી નવકાર મહામંત્ર ગણે તો તે શ્રી નવકાર ગણતો ગણતો પણ નરકનું આયુષ્ય જ બાંધે. તેને તો શ્રી નવકારમંત્ર પણ દુર્ગતિમાં લઈ જનારો બને. તેથી શ્રી નવકારમંત્ર દુર્ગતિમાં લઈ જનાર કહેવાય ? શ્રી નવકારમંત્ર ગણનારને શું જોઈએ છે ? તેનો ભાવ શું હોય ! તે જીવ વેપાર મઝેથી કરે ? ઘરમાં પણ મઝેથી રહે ? ખાવાપીવાદિનું મઝેથી કરે ?

તમે બધા ભગવાનનાં દર્શન-પૂજનાદિ મઝેથી કરો પણ દુનિયાનાં કામ કરવાં પડે માટે કરો પણ કરવા માટે નહિ, આ વાત મંજુર છે ? આવી તમારી અવસ્થા છે ? સાધુને પણ સાધુપણામા આવી અવસ્થા છે કે - ખાવાપીવાદિની ક્રિયા ન છૂટકે કરે પણ તપ મઝેથી કરે ? પારણાનો દિવસ તે ઉપાધિનો દિવસ લાગે અને તપનો દિવસ તે મઝેનો દિવસ લાગે. માટે તો ધર્મ જીવ તિથિને યાદ કર્યા વિના પચ્ચક્ખાણ પણ ન કરે. રોજ તિથિને યાદ કરીને પચ્ચક્ખાણ કરે. પર્વતિથિને

દિવસે તો જરૂર ન હોય તો ખાય-પીએ પણ નહિ, શક્તિ હોય તો પૌષધ જ કરે. પર્વતિથિએ પૌષધની આજ્ઞા છે તે ખબર છે ? કેટલી પર્વતિથિ છે ? કેટલી તિથિ પાળો છો ? આજે તો ઘણા કહે છે કે બે દિવસ થાયને તિથિ આવી !

હવેનો બોલ છે 'હાસ્ય, રતિ, અરતિ પરિહરું' હાસ્ય પણ પાપ છે તે સમજાય છે ? આજના લોકો કહે છે કે - હસવું તે આરોગ્યનું લક્ષણ છે. હસવું કેમ આવે ? હાસ્ય મોહનીયનો ઉદય હોય તેને હસવું આવે. વાત વાતમાં હસ્યા કરે તે કેવો કહેવાય ? હસવું અને મોંઢા ઉપર પ્રસન્નતા હોવી તે બે જુદી ચીજ છે તે સમજાય છે ? હસવું તે દોષ છે જ્યારે પ્રસન્નતા હોવી તે જુદી ચીજ છે. પ્રસન્ન કોણ હોય ? જેને દુનિયાના સુખમાં રતિ ન થાય અને દુઃખમાં અરતિ ન થાય તે. અઢાર પાપસ્થાનકમાંય 'પંદરમે રતિ-અરતિ' બોલીને તેની માફી માગો છો ને ? એટલે તે પાપ જ છે એમ સમજાવવાની જરૂર પડે ?

પછીનો બોલ છે 'ભય, જુગુપ્સા, શોક પરિહરું'. આ ત્રણેય મોહનીયકર્મના પેટા ભેદો છે. ભય જાણો છો ને ? સાત પ્રકારના ભય છે. ધર્મી જીવને એક પણ ભય સતાવે નહિ, માત્ર પાપનો જ ભય હોય. જુગુપ્સા એટલે શું ? તદ્દન અશુચિ પદાર્થો દેખીને મોંઢું બગાડે તેનું નામ જુગુપ્સા છે. તે તો બધા પુદ્ગલના ખેલ છે. તેથી ધર્મી જીવ જુગુપ્સા પણ ન કરે. શોક તો જાણો છો. આ બધાનો ત્યાગ કરવાનો છે.

જો આ બધા બોલ સમજ્યા હોત તો તમે જ્ઞાની હોત. લેશ્યા જાણો છો ? લેશ્યા કેટલી છે ? છ લેશ્યા છે તેમાં ત્રણ સારી કહી છે અને ત્રણ ભૂંડી કહી છે. 'કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરું' તેમ કહે છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા શ્રાવકમાં હોય ? જે જીવોને સમ્યક્ત્વ આદિ ગુણોને પામવા હોય તેનામાં તેજો લેશ્યા. પદ્મલેશ્યા અને શુક્લ લેશ્યા હોવી જોઈએ. લેશ્યા તે આત્માની પરિણતિ સ્વરૂપ છે.

તે પછીનો બોલ છે 'ક્રોધ-માન પરિહરું, માયા-લોભ પરિહરું.' શ્રાવકને લોભ કેવો હોય ? માન કેવું હોય ? માયા કેવી હોય ? ક્રોધ કેવો હોય ? તેને લોભ એવો ન હોય કે ગ્રાહકનું ભૂંડું કરવાનું મન થાય ! તમે કયા ગ્રાહકનું ભૂંડું ન કરો ? હોંશિયાર હોય તેનું કે ભલો આવે તેનું ? આજે ઘણા વેપારી વધારે ભાવ મળે માટે ઉધાર ધંધો કરે છે પણ લેનાર પણ નક્કી કરે છે કે -મારે પૈસા જ કયાં આપવા છે ? તેથી ઘણા વેપારીની દિવાળી હોળી બની જાય છે.

શ્રાવક - શ્રાવિકા સંસારમાં બેઠા હોય પણ તે સારી રીતે જીવતા હોય તેથી તે દુઃખી હોય નહિ. તેને દુઃખ ન આવે તેવું નહિ પણ તે દુઃખમાં દીન ન હોય અને સુખમાં લીન ન હોય. તે તો માને કે - 'મેં પાપ કર્યું માટે દુઃખ આવે જ, માટે મારે તે દુઃખ મઝેથી ભોગવવું જોઈએ.' શાસ્ત્રે

કહ્યું છે કે - સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા મોક્ષ માર્ગે ચાલી રહ્યા છે. શ્રાવક-શ્રાવિકા સંસારમાં રહેવ છતાંય મનથી મોક્ષમાં જ જવા ઈચ્છતા હોય છે.

જેને મોક્ષે જ જવાનું મન હોય તેનું મન નિર્મળ હોય. તમારું મન નિર્મળ જ હોય ને ? વચન તો ખરાબ બોલો જ નહિ ને ? કાયાથી કામ પણ ખરાબ કરો નહિ ને ? ઘણા માણસો ખરાબ કામ કરી શકતા નથી પણ ખોટા વિચારો કરી કરીને, ખોટું બોલી બોલીને પણ ઘણાં ઘણાં પાપ બાંધે છે.

તમે બધા જો આ મુહપત્તિના પચાસ બોલ બરાબર સમજી જાવ અને બોલવા માંડો તો આદર્શ ગૃહસ્થ બની જાવ. તે કદાચ ગરીબ હોય તોય ગરીબાઈને રૂવે નહિ અને શ્રીમંત હોય તો ય તેને શ્રીમંતાઈનું અભિમાન આવે નહિ. તેની શ્રીમંતાઈ બીજાના ભલા માટે વપરાય, ભૂંડા માટે ન થાય. આ સમજેલો ગરીબીને પામેલો છોકરો, બાપ કદાચ ખબર પણ ન લે તો તેને બાપ પ્રત્યે પણ દુર્ભાવ ન થાય. આ બોલ શીખી જાય તેના મનના પરિણામ સારા જ રહે. જેનું મન સારું હોય તેનું વચન પણ સારુ હોય અને તેની કાયા પણ સારાં કામ કરે. તેવો જીવ તો પોતાનું કોઈ ભૂંડું કરે તો પણ તેનું ભલું જ ઈચ્છે. સમકિતી જીવ માટે કહ્યું કે -''અપરાધી શું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ શ્રી જિનભાષિત વચન વિચારીએ.'' સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનો જેણે અપરાધ કર્યો હોય તેના માટે મનથી પણ ખરાબ વિચાર ન કરે. સારો ગૃહસ્થ પણ તેનું નામ કહેવાય જે પોતાનું ભૂંડું કરનારનું પણ ભૂંડું કરવા ન ઈચ્છે. નોકર ખરાબ કરીને ગયો હોય અને તે જો આપત્તિમાં આવે તોય શેઠ તેનું ભલું કરવા દોડયો જાય. જેનું મન જ સારું ન હોય. જેની લેશ્યા ખરાબ હોય તે તો કોઈનું ય ભૂંડું કર્યા વિના રહે નહિ. જ્યારે સારી લેશ્યાવાળો બધાનું ભલું કરવા ઈચ્છે. તેને તો મરતી વખતે પણ મઝા હોય કેમ કે તે માને છે કે 'મેં કોઈનું ભૂંડું કર્યું નથી, ચિંતવ્યું નથી. શક્તિ મુજબ ભલું જ કર્યું છે તેથી મારું સારું જ થવાનું છે.

સભા : સમકિતીની સજઝાયમાં કહ્યું કે -' અપરાધી શું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ'. જ્યારે શ્રાવક પહેલા વ્રતમાં અપરાધીને દંડની જયણા રાખે છે તેનું શું ?

ઉ. - દંડ કરવાથી સુધારો થઈ શકે તેવો હોય તેના માટેની આ વાત છે. શિખામણ પણ કોને દેવાય ? લાયકને ન સાંભળે તેવા નાલાયક સગા દિકરાને બાપ પણ શિખામણ નથી આપતો. તેને ગમે તેટલું સમજાવો પણ સાંભળે જ નહિ. અપરાધી ખરાબ કરતો હોય તો તેને સુધારવા માટે સજા કરવી પડે તો કરે પણ તેનું બગાડવા માટે સજા ન કરે. જેને સજા કરી હોય અને તે દુઃખી થયો હોય તો તેનું દુઃખ દૂર કરવા તે જાય.

તમારો છૂટો થયેલો નોકર દુઃખી થાય તો તમે ખબર લો ખરા ? સારા શેઠની નોકરી કરનારો નોકર મરતાં સુધી દુઃખી ન થાય.

તમે બધા દુનિયાનું બધું જાણો છો અહીં કશું જાણતા નથી તેનું કારણ શું છે ? હજુ સુધી ધર્મનો સાચો ભાવ આવ્યો નથી અને લાવવાનું મન પણ નથી. ઘણા સાધુ પણ એવા છે જેને સાધુપણું પણ સ્પર્શ્યું નથી, ઘણા શ્રાવકોને શ્રાવકપણું પણ સ્પર્શ્યું નથી અને ઘણાને તો સમકિતનું સ્વપ્ન પણ આવતું નથી. ધર્મ કરનારાએ રોજ ચિંતા કરવી જોઈએ કે ' મારામાં ધર્મ આવ્યો છે કે નહિ ?' હું જે ધર્મ કરું છું તે ધર્મ માટે કરું છું કે પાપ માટે કરું છું ? દુનિયાના સુખની ઈચ્છાથી ધર્મ કરે તો તે ધર્મ કર્યો ન કહેવાય પણ પાપ કર્યું કહેવાય. ધર્મ પાપ મોટ ન થાય પણ આત્માના અધિકને અધિક ગુણોને પામવા માટે કરાય. ધર્મીજીવને દુનિયામાં રહ્યો હોવાથી કદાચ પાપ કરવું પડે તો તે ન છૂટકે દુઃખથી કરે. આજે શ્રાવક અનીતિ ન કરે તેનો દુષ્કાળ પડ્યો છે. વેપારાદિ કર્યા વિના મઝેથી જીવી શકે તેવા શ્રાવકો મઝેથી મહાપાપના વેપારાદિ કરે છે તો તેઓ ધર્મ પામ્યા નથી અને પામવાના પણ નથી. હજુ થોડા બોલની વાત બાકી રહી છે તે હવે પછી -

ઔષધિઓની શોધમાં.....

ઔષધિઓની શોધમાં રાજવૈદ્ય ચરક ઋષિ એક જંગલથી બીજા જંગલમાં ઘૂમી રહ્યાં હતાં. અચાનક એમની દૃષ્ટિ એક ખેતરમાં લહેરાતા એક સુંદર પુષ્પ પર પડી. આ પહેલાં તેઓ હજારો પુષ્પો જોઈ ગયા હતા પરંતુ આ પુષ્પ એમના માટે વિચિત્ર હતું એમનું મન તે ફૂલ લેવા માટે લલચાયું. પરંતુ પગ આગળ ઉપડતા નહોતાં.

આ જોઈ પાસે ઊભેલા એક શિષ્યએ કહ્યું : 'ગુરૂજી, આજ્ઞા આપો તો ફૂલ લઈ આવું...?'

ગુરૂએ કહ્યું : 'ફૂલ તો જોઈએ છે પરંતુ ખેતરના માલિકની આજ્ઞા વગર તોડવું તે ચોરી છે.'

શિષ્યે કહ્યું : 'ગુરૂજી, જો કોઈ વસ્તુ કોઈના કામની હોય તો એને લેવી ચોરી છે પરંતુ આ ફૂલ તો આ ખેતરના માલિકને કોઈ કામનું નથી. આથી એ ફૂલ લેવામાં શું વાંધો છે ? આપેમ આપને રાજાજી તરફથી આદેશ મળેલો છે કે આપ જ્યાંથી ઈચ્છો ત્યાંથી વનસ્પતિ લઈ શકો છો'

ગુરૂએ કહ્યું : 'વત્સ, રાજાજ્ઞા અને નૈતિક જીવનમાં ભેદ છે. જો આપણે આશ્રિતોની સંપત્તિને સ્વછંદ રૂપથી વ્યવહારમાં લાવીશું તો લોકોમાં નૈતિક આદર્શ કઈ રીતે જાગૃત રહી શકશે ?

ત્રણ માઈલ ચાલીને ચરક ઋષિ તે ખેતરના માલિકને ઘેર પહોંચ્યા અને એની આજ્ઞા મેળવ્યા પછી જ ફૂલ પ્રાપ્ત કર્યું.

(જય હિંદ)

મહાભારતનાં પ્રસંગો

શ્રી રાજુભાઈ પંડિત

❖ પાંડવો વિરાટ નગરીમાં ❖

(પ્રકરણ-પપ)

દેવીના વચન મુજબ પાંડવો ચાલતા ચાલતા વિરાટ નગરીના એક ઉપવનમાં એક ઘટાદાર વૃક્ષ નીચે આરામ કરવા બેઠા.

અત્યાર સુધી ધૈર્ય રાખી રહેલ યુધિષ્ઠર છેલ્લા તેરમા વર્ષે રડી પડયા. રુદન સાથે તેમણે બંધુઓને કહ્યું કે - સામ્રાજ્યની સૌરભના સંભોગમાં રહેનારા તમે યુધિષ્ઠર વડે આ કેવી દશામાં લાવી મુકાયા ? ધિક્કાર છે મને.

પછી સ્હેજ સ્વસ્થ થતાં બોલ્યા - તેરમું વર્ષ જ્યાં વિરાટ વિશ્વ વિખ્યાત આપણે વિરાટ નગરી નો નગરજન પણ ઓળખી ના શકે તેવા ગુપ્ત વેષે વીતાવવાનું છે તે આ વિરાટનગરી છે.

અહીં આપણા ક્ષાત્ર તેજ સાથે આપણે બહુજ નમ્રતાથી કામ લેવાનું છે. આપણે કોઈ આફત આવી પડે ત્યારે જય, જયન્ત, વિજય, જયસેન તથા જયદ્‌બલના નામે એકબીજાને બોલાવીશું.

પછી દરેક ભાઈઓને તથા દ્રૌપદીને યોગ્ય હિત શિક્ષા આપીને માતાને તે જ નગરમાં અજાણ્યા સ્થળે રાખીને અમુક અમુક સમયને અંતરે પાંચ પાંડવો તથા દ્રૌપદી રાજભવનના જ કાર્યમાં જોડાઈ ગયા.

યુધિષ્ઠિર વિરાટ રાજાના કંક નામે પુરોહિત બન્યા, ભીમ પાઠશાળાનો વલ્લવ નામે અધ્યક્ષ બન્યો અર્જુન બ્રહ્મભટ્ટ નામે સ્ત્રીવેષે નપુંસક રૂપે જાહેર થવા પૂર્વક વિરાટ રાજાની ઉત્તરા નામની રાજકન્યાના વિદ્યાગુરૂ બન્યા. નકુલ તંત્રીપાલ નામે અશ્વશાળાનો અધિકારી બન્યો. સહદેવ ગ્રંથિક નામે ગોવાળોનો અધિપતિ બન્યો અને દ્રૌપદી, રાણી સુદેષ્ણાની માલીની નામે સૈરન્ધ્રી (પર ઘરે રહેતી કળાવાન સ્ત્રી) બની.

દરેકે પોત પોતાના કાર્યથી રાજાને તથા રાણીને ખુશ કરી દીધા સૈરન્ધ્રીનું રૂપ જોઈને રાજા તેને પોતાની પત્ની બનાવે અને પોતાનો તિરસ્કાર કરી દેશે તો તેવા ભયથી રાણી સુદેષ્ણાએ રાજાની નજરે નહિ ચડવા કહેતા સૈરન્ધ્રી જ બોલી કે- દેવી ! ચિંતા ના કરો મારા પાંચ ગાંધર્વ પતિ પ્રચ્છન્ન પણે રહેલા છે. જે મારી સામે ખરાબ નજરે જોશે તેને તેઓ સાંખી નહિ લે.

૧૩ માં વર્ષના ૧૧ માસ તો વીતી ગયા હતા. દરરોજ રાત્રે બધાંજ પાંડવો માતા કુંતી પાસે ભેગા થતા હતા. દરેક પોતાને મળેલી ભેટો માતાને બતાવી આનંદ પામતા હતા.

લોકોને ભેટ દેનારને આજે ભેટ લેવાનો સમય આવ્યો હતો.

એક દિવસની વાત છે. રાણી સુદેષ્ણાનો ભાઈ કીચક દ્રૌપદીના રૂપમાં સગાંધ પામ્યો હતો. મારાં કામનો દાવાનલ આ લલનાના ગાઢ સ્પર્શની ઠંડકથી જ શાંત થશે. અન્યથા કામ મને સળગાવી નાંખશે. આવી ગાઢ કામથી પીડાથી પીડાયેલા તેણે એક દાસીને સૈરન્ધ્રી પાસે મોકલી.

દાસી બોલી ''તમારો સતીવ્રતનો પ્રભાવ જગત્પ્રખ્યાત છે. તો કીચકના શરીરમાં વેદના થઈ છે તેને પતીવ્રતના પ્રભાવથી તમારા હાથના સ્પર્શ વડે દૂર કરવા કીચકે તમને બોલાવ્યા છે.

ખબરદાર જો આજ પછી ફરી આવું બોલી છું તો, ચાલી જા અહીંથી એક ક્ષણ પણ ઊભી રહી છે તો, ખબરદાર.

ભયથી ધ્રુજી ઉઠેલી દાસી ત્યાંથી ભાગી અને કીચકને બધી વાત કહી. આથી કીચકે જાતે જ આવીને સૈરન્ધ્રીને હાથેથી બળાત્કારે ખેંચી. પણ તરત જ સાવધાન થઈ ગયેલ. સૈરન્ધ્રીએ જબરદસ્તીથી પોતાનો હાથ છોડાવી ભાગવા માંડી. તે વખતે કીચકે પીઠ પાછળ લાત મારતા દ્રૌપદી પડી ગઈ. પણ છતાં રોતી - કકળતી તે રાજસભામાં જઈને કીચકે કરેલા દુર્વ્યવહાર ને કહી દીધો. સાળો હોવાના નાતે વિરાટ રાજા મૌન રહ્યા.

આથી રોષાયમાન થયેલો ભીમ કીચકને મારવા ઉઠતો હતો ત્યાંજ આંખથી ઇશારો કરીને યુધિષ્ઠિરે ભીમને બેસાડી દીધો. અને સભા વચ્ચે આવીને કહ્યું કે ''સૈરન્ધ્રી જો તારા પાંચ પતિઓ છે તો તે કીચકને શિક્ષા કરશે જા તું અહીંથી ચાલી જા. ''

યુધિષ્ઠિરના આવા ઉદાસીન વચનોથી દુઃખી થઈને સૈરન્ધ્રી અંતઃપુરમાં ચાલી ગઈ. રાતના સમયે કોઈને ખબર ના પડે તે રીતે ભીમ પાસે જઈને ભીમને આક્રોશપૂર્વક કહ્યું કે - તું તમે મારી રક્ષા નથી કરી શકતા ? ભીમે કહ્યું - હું તો ત્યારે જ કીચકને હણી નાંખત પણ વડીલબંધુએ ના પાડતા હું બેસી ગયો હતો. પણ હવે તું કીચક ફરી તારી પાસે આવશે જ એટલે તને અનુકૂળ થયાનો દંભ કરીને કાલે રાતે બૃહન્નટની નાટયશાળામાં મળવાનો સંકેત કરજે. તારા વસ્ત્રો પહેરીને હું તેને હણી નાંખીશ.

બીજે દિવસે સવારે સામે ચાલીને સૈરન્ધ્રી કીચક પાસે જતાં કીચકના આનંદનો પાર ન રહ્યો તે કીચકને કપટથી વશ કરીને રાતે બૃહન્નટની નાટયશાળામાં મળવાનો સંકેત કરીને ગઈ.

સંકેત મુજબ રાતે કીચક ભરપૂર આનંદ સાથે નાટયશાળામાં પેઠો, બારણું બંધ થયું પલંગ ઉપર સૈરન્ધ્રીના વસ્ત્રમાં રહેલા ભીમે કીચકને શરૂમાં કોમળ આલિંગન કરીને પછી ગાઢ આલિંગન કરવા દ્વારા ત્યાંને ત્યાં મૃત્યુ પમાડી દીધો. કીચકના માસના પિંડ જેવા મડદાને ઉંચકીને વલ્લવે બહાર ફેંકી દીધું અને પોતે શાંતિથી પાઠશાળામાં જઈને સૂઈ ગયો.

સવારે લોકોએ કીચકનું મડદુ જોઈ આશ્ચર્ય અનુભવ્યું કીચકના બીજા ૯૯ ભાઈઓ મડદા પાસે બેસીને રૂદન કરવા લાગ્યા. કીચકના હણનારને શોધી નહિ શકતા છેલ્લે સૈરન્ધ્રીના પતિથી મૃત્યુ થયાનું નક્કી કરીને સૈરન્ધ્રીને કીચકની સાથે જ ચિતામાં સળગાવી મારવા હાથથી પકડીને ખેંચવા માંડી.

તરત બૂમાબૂમ કરી મૂકતા ભીમ આવી ચડયો તેણે કહ્યું એક સ્ત્રીને હેરાન શા માટે કરો છો?

કીચકના ભાઈઓ બોલ્યા કીચકનો હત્યારો મળતો નથી પણ ચોક્કસ આ સ્ત્રીના કારણે કીચકની હત્યા થઈ છે માટે અમે તેને ચિતામાં જીવતી જ સળગાવી દેવાના છીએ. જેનામાં તાકાત હોય તે આવીને અમારા હાથમાંથી સૈરન્ધ્રીને છોડાવે.

આથી રોષાયમાન ભીમે બાજુમાંથી ઝાડ ઉખાડી નાંખીને એક જ પ્રહારથી દરેક ભાઈઓને હણી નાખ્યા. નગરજનો તો દુરાચારીના મૃત્યુથી ખુશ થયા.

બધા જ ભાઈઓનું મૃત્યુ થતાં રાણી સુદેષ્ણાએ વિરાટ રાજાને કહ્યું કે વલ્લવને સૈન્ય સહિત આક્રમણ કરીને હણી નાંખો.

વિરાટ રાજા બોલ્યા તેમ કરવાથી આપણું અર્ધુ સૈન્ય ખલાશ થઈ જશે. બળથી વલ્લવ જીતાય તેમ નથી. પણ હસ્તિનાપુરથી વૃષકર્પર નામનો એક પ્રચંડબળી મલ્લ આવ્યો છે તેની સાથે વલ્લવનું મલ્લયુદ્ધ ગોઠવીશું. એટલે વલ્લવ મર્યો જ સમજો.

નગરજનો પણ રાજાની આ મેલી દાનત સમજી ગયા હતા. પણ શું કરે ?

નિશ્ચિત દિવસે મલ્લયુદ્ધ શરૂ થયું. એક જ ક્ષણમાં વૃષકર્પરના રામ રમાડી દેવાની પૂરી તાકાત હોવા છતાં નગરજનોને જોવાનો આનંદ મળે માટે કયાંય સુધી વલ્લવ યુદ્ધ કરતો રહ્યો. આખરે યુદ્ધનો અંત લાવવા વલ્લવે વૃષકર્પરને ઉંચકીને જમીન ઉપર પછાડી દેતા રાજા સાથે નગરજનોના હર્ષનો કોઈ પાર ન રહ્યો.

રાજાએ રાણીને કહ્યું દેવી ! આવો સહાયક મળવો દુર્લભ છે. માટે ભાઈના વધને હવે વિસરી જાવ. રાણી પણ સમય જતાં ભ્રાતૃવધ ભૂલી ગઈ.

વૃષકર્પરના વધના સમાચાર જાણીને દુર્યોધને ભીષ્મ - દ્રોણ - કર્ણાદિને કહ્યું કે ભીમ સિવાય તેનો વધ કોઈ કરી ના શકે. મેં જ વૃષકર્પરને મોકલ્યો હતો. માટે બીજા પાંડવો પણ ત્યાં આજુબાજુમાં જ હશે અને હવે આપણે તેને પ્રગટ કરીને હણી જ નાંખવા છે. કૃત્યા રાક્ષસીએ તો સુરોચનને જ હણી નાખ્યો હતો માટે પાંડવો હજી જીવતા રહ્યા છે તો મારા માટે અસહ્ય છે. આપણે વિરાટનગરીને ઘેરો ઘાલવો કરતાં ગોધનનું જ હરણ કરીશું જેથી ગોધનની ચોરીને પાંડવો સહી નહિ શકે આપણે બે દિશાએથી હુમલો કરીશું જેથી એક તરફ વિરાટ રાજા આવશે અને બીજી દિશાએ પાંડવો જરૂર આવશે. અને તે ઉઘાડા પડી જતાં તેમને હણી નાંખવા જ છે.

આમ નક્કી કરી દુર્યોધન વિશાળ સૈન્ય સાથે ભીષ્મ - દ્રોણ - કર્ણ સુશર્મા આદિ સાથે આવી પહોંચ્યો.

અને ઉત્તર દિશાના ગોધનનું હરણ કર્યું ગોવાળોએ તરત વિરાટ રાજાને સમાચાર આપતાં સૈન્ય સજ્જ થઈ વિરાટ રાજા બહાર નીકળ્યા ત્યારે અર્જુનને નગરમાં રાખીને બાકીના ચારે પાંડવો સહદેવે રામી વૃક્ષમાં મૂકી રાખેલા અસ્ત્રો આયુધો સાથે લઈને પ્રયાણ કર્યું. વિરાટના સૈન્યે સુશર્માના સૈન્યને ભગાડી મૂકતા સુશર્માએ વિરાટના સૈન્યને નસાડી મૂક્યું બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ થયું આખરે શસ્ત્રો ખૂટી જતાં બન્નેએ મલ્લયુદ્ધ કરતાં સુશર્માએ વિરાટ રાજાને પકડીને રથમાં

નાંખીને ચાલવા માંડયું. આથી યુધિષ્ઠરે ભીમને ઈશારો કરતાં જ ભીમે ગદાના પ્રચંડ પ્રહારથી સુશર્માના રથના ચૂરેચૂરા કરી નાંખીને સુશર્માને નસાડી મૂકતા વિરાટ રાજા અને ગોધન પાછું વિરાટ નગર તરફ વળ્યું.

વલ્લવાદિનો ઉપકાર માનતાં વિરાટ રાજા નગરમાં આવી અંતઃપુરમાં ગયા તો રાણી સુદેષ્ણા રડી રહ્યા હતા. રૂદનનું કારણ પૂછતા રાણી બોલ્યા કે દક્ષિણ તરફ શત્રુનો સામનો કરવા ઉત્તરકુમાર ગયો છે અને સૈરન્ધ્રિના કહેવાથી નપુંસક બૃહન્નટને સારથિ બનાવવો પડ્યો છે.

ફરી સૈરન્ધ્રીએ કહ્યું તમે ગભરાવ નહિ બૃહન્નટ બાહોશ સારથિ છે

આથી ક્રોધ પામેલા રાજા સૈરન્ધ્રીને કંઈ કહેવા જાય ત્યાં તો 'ઉત્તરકુમારનો જય હો' કરતા સૈનિકો નગરમાં આવ્યાં.

ઉત્તરકુમારને જોતાં જ રાજા - રાણી ખુશ ખુશ થઈ ગયાં.

પછી વિજય શી રીતે મેળવ્યો ? તેમ પૂછતાં ઉત્તરકુમારે કહ્યું કે- પિતાજી તે બૃહન્નટ તો અર્જુન છે. તે ન હોત તો હું અહીં પાછો ફર્યો ન હોત મેં યુદ્ધ કરવા જતા આ તો ફાતડો છે તેમ માનીને પણ બીજો કોઈ સારથિ ન મળતા બૃહન્નટને લઈ ગયો. પણ ત્યાં ભીષ્મ - દ્રોણ - કર્ણ - દુર્યોધનના પ્રચંડ સૈન્ય સામે મારા હાજા ગગડી ગયા. હું રણમાંથી પાછો ફરી રહ્યો હતો ત્યારે તે ગાંડીવધર અર્જુને મને પીઠ બતાવતો અટકાવી મને સારથિ બનવા કહ્યું અને પછી સ્ત્રીના વેશનો ત્યાગ કરીને પ્રચંડ બાણોની વર્ષા વરસાવી. ભીષ્મપિતામહ તથા ગુરૂદ્રોણને જખમ કરી દીધાં. આથી રણમાંથી તેઓ પાછા ફરતાં કર્ણ સામે આવ્યો. કર્ણ અર્જુનનું ભયાનક યુદ્ધ થયું પણ છેવટે ચાલુ યુદ્ધે દુર્યોધન ગોધન લઈને ભાગવા માંડયો આથી અર્જુને પ્રચંડ બાણવર્ષાથી કર્ણના શરીરને વિંધિ નાખ્યું આથી સારથિ કર્ણની ઈચ્છા નહિ છતાં કર્ણને રણમાંથી પાછો લઈ ગયો.

પછી તરત જ અર્જુન દુર્યોધન તરફ વળ્યા. ત્યાં ભયાનક યુદ્ધ થયું છેવટે દુર્યોધનને હણી ન નાંખવાના વિચારથી અર્જુને પ્રસ્વાપન અસ્ત્ર ફેંકી શત્રુ સૈન્યને ઉંઘાડી દઈ તે દરેકના વસ્ત્રો હરી લઈને ગોધન પાછુ વાળ્યું અને પછી બીજા અસ્ત્રથી ઉંઘ દૂર કરીને શત્રુઓને અત્યંત શરમિંદા બનાવી મૂકીને નસાડી મૂકીને ગોધન પાછું લઈ આવ્યા. મને અર્જુને પોતાની હકિકત કહેવાની ના પાડી પણ આટલું મોટુ પરાક્રમ મારી નાની જીભથી મેં કર્યું તેમ હું કેમ કહી શકું ?

પછી તો પાંચેય પાંડવોને પ્રગટ રીતે ઓળખીને વિરાટ રાજાએ દરેકનું સન્માન કરી પોતાની ભૂલોની ક્ષમા માંગી તથા ઉત્તરા પુત્રી અર્જુન સાથે પરણાવવા યુધિષ્ઠિરને કહેતા અર્જુને કહ્યું હું તો વિદ્યાગુરૂ છું માટે ઉત્તરા તો મારે મન પુત્રી તુલ્ય છે છતાં તમારી કુરૂવંશ સાથે સંબંધની ઈચ્છા જ છે તો અભિમન્યુ સાથે તેના લગ્ન કરી શકાશે.

આથી અતિ ધામધૂમથી ત્યાં આવેલા કૃષ્ણ - દ્રુપદરાજા-પાંચાલો આદિની હાજરીમાં ઉત્તરા સાથે અભિમન્યુના વિવાહ થયા.

ચાલુ વર્ષે સંવત્સરી સોમવારે જ કેમ ? ....મંગળવારે કેમ નહિ ? પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ અને સંવત્સરી અંગે કોણ શું કહે છે ?

સકલાગમ રહસ્યવેદી પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા પ્રશ્નોત્તરમાં કહે છે કે -

પ્રશ્ન-૧ પર્વતિથિનો ક્ષય હોય તો તેનું આરાધન કયા દિવસે કરવું ? તેમજ વૃદ્ધિ હોય તો કયા દિવસે કરવું ?

ઉત્તર : બીજ, પાંચમ, આઠમ, અગિયારસ કે ચૌદસનો ક્ષય હોય તો તેનું આરાધન તેના પૂર્વના દિવસે એટલે એકમ, ચોથ, સાતમ, દશમ અને તેરસે અનુક્રમે કરાય છે. કારણ કે તે તિથિના દિવસે ક્ષય થયેલ તિથિ પણ અવશ્ય હોય છે. જેથી ક્ષય થયેલ તિથિ સંબંધી તપ, જપ, પૌષધ, ઉપવાસ આદિ ધર્મકૃત્ય પૂર્વતિથિમાં જ કરવું પ્રાપ્ત થાય છે.

૧૫ ઉપરોક્ત તિથિઓની વૃદ્ધિ હોય તો તેના ઉત્તર દિવસે એટલે પ્રથમ દિવસ છોડીને બીજે દિવસે કરવું. કારણ કે એ તિથિની સમાપ્તિ બીજે દિવસે થાય છે. ★ ★ ★

★ ★ ★ પૂ. પા. પરમારાધ્યપાદ શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજનો પ્રઘોષ પણ આ જ વસ્તુનું સમર્થન કરે છે તે પ્રઘોષ આ રહ્યો.

क्षये पूर्वा तिथि : कार्या, वृद्धौ कार्या तथोत्तरा !

ભાવાર્થ : 'ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિ કરવી અને વૃદ્ધિ હોય ત્યારે બીજે દિવસે કરવી.' શ્રી શ્રાદ્ધવિધિ ત્રીજા પ્રકાશમાં અને તત્ત્વતરંગિણીમાં પણ આ પ્રમાણે સ્પષ્ટ કહ્યું છે. આથી સાબિત થાય છે કે ક્ષયતિથિનું કાર્ય તેની પૂર્વતિથિમાં જ કરી શકાય છે. પણ તે પૂર્વતિથિનીયે પૂર્વતિથિમાં નહીં તેમજ વૃદ્ધિ તિથિનું કાર્ય તેના બીજા દિવસે કરી શકાય છે પરંતુ તે બીજા દિવસની ઉત્તર તિથિથી પણ બીજી ઉત્તર તિથિમાં કરી શકાતું નથી.

પ્રશ્ન-૨ પૂનમનો ક્ષય હોય તો કયારે કરવી ?

ઉત્તર : ટીપણામાં જો પૂનમનો ક્ષય હોય તો તેનો ક્ષય પૂર્વતિથિ ચતુર્દશીમાં હોવાથી શાસ્ત્રાધારે ચૌદશને દિવસે બંને તિથિનું આરાધન કરવું પણ તેરસને દિવસે ચૌદશ અને ચૌદશને દિવસે પૂનમ એમ ન કરવું.

★ ★ આ તિથિઓને ફેરવવી શાસ્ત્રકાર મહારાજને બિલકુલ ઈષ્ટ નથી. સૂર્યોદયમાં રહેલી આ તિથિઓને જેઓ ફેરવે છે તેમની શાસ્ત્રકાર મહારાજા કડક શબ્દોમાં ખબર પણ લઈ નાખે છે તે શ્રાદ્ધવિધિના ત્રીજા ઉલ્લાસમાંનો નીચેનો ઉલ્લેખ વાંચતાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

चाउम्मासिय वरिसे, पक्खिय पंचट्ठमीसु नायव्वा ।
ताओ तिहिओ जासिं, उदेइ सूरो न अन्नाओ ॥१॥

पूयापच्चक्खाणं, पडिक्कमणं तहय नियमगहणं च ।
जीए उदेह सूरो, तीइ तिहिए उ कायव्वं ॥२॥

उदयम्मि जा तिही सा, पमाणमियरीइ कीरमाणीए ।
आणाभंगऽणवत्था मिच्छत्त मिच्छऽ विराहणं पावे ॥३॥

ભાવાર્થ : ચોમાસી, સંવત્સરી, પકખી પાંચમ તથા આઠમમાં તે તિથિઓ જ ણવી કે જેમાં સૂર્ય ઉદય પામે પણ અન્ય નહિ. પૂજા, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ તથા નિયમગ્રહણ પણ એ જ પ્રમાણે જેમાં સૂર્ય ઉદય પામે તે તિથિમાં કરવું. ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ કરવી પણ ઉદય તિથિ મૂકીને બીજી તિથિ કરવાથી ફેરફાર કરનાર આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાદિ દોષોને પામે.

આ ખુલ્લું બતાવી આપે છે કે ઉદયમાં રહેલ અષ્ટમી, ચતુર્દશી, સંવત્સરીની ચતુર્થી આદિ તિથિઓ પોતાની આગળની તિથિના ક્ષય કારણે ફેરવી શકાતી નથી અને ફેરફાર કરતાં આજ્ઞાભંગ અનવસ્થાદિ દોષોની પ્રાપ્તિ લાગે છે. એટલે પૂનમના ક્ષયે ચતુર્દશી છોડી તેરશ ગ્રહણ કરવાનો કોઈ સંબંધ નથી છતાં ફકત તે જ પ્રસંગને અંગે હાલ તેમ કરવાની પ્રવૃત્તિ ચાલે છે, તેનું તત્ત્વ કેવલિગમ્ય.

પ્રશ્ન-૩ ભા. સુદ-૪ (સંવત્સરી) નો ક્ષય હોય તો ત્રીજને દિવસે ચોથ કરવ કે પાંચમના દિવસે કરવી ?

ઉત્તર : ભા. સુદ-૪નો ક્ષય હોય તો તત્પૂર્વની ત્રીજના દિવસે ચોથ અવશ્ય હોવાથી તે જ દિવસે ચોથ એટલે સંવત્સરી કરવી વાસ્તવિક છે. પાંચમના દિવસે તો ચોથ આવતી જ નથી. એટલે તે દિવસે તો તે કરાય જ નહિ. **'क्षये पूर्वा तिथिः कार्या'** ક્ષયમાં પૂર્વ તિથિ કરવી, આ નિયમનો વિરોધ પણ આવે છે. વિ.સં. ૧૯૩૦ની સાલમાં ભાદરવા સુદ-૪નો ક્ષય હતો તે અવસરે વિચરતા શ્રી સાધુ, સાધ્વી આદિ સંથે સૂર્યોદય ત્રીજના દિવસમાં ચતુર્થી પણ સમાપ્ત થતી હોવાથી તે જ દિવસે ચોથની સંવત્સરી કરી હતી.

★ ★ ★ એટલે આપણે એ જ સમજવું રહ્યું કે ચોથ તરીકે ત્રીજ ત્યારે જ અંગીકાર કરી શકાય કે જ્યારે સંવત્સરીની ખુદ ચોથ સૂર્યોદયમાં ન હોય તે સિવાય અંગીકાર કરવામાં શાસ્ત્રનો પ્રખર વિરોધ છે.

૧. આ પ્રશ્નો **પૂ. દાનસૂરીશ્વરજી** મહારાજની નોટમાંથી તપસ્વી સમ્રાટ પૂ. આ. શ્રી **હિમાંશુસૂરિ** મહારાજજીને પ્રાપ્ત થયા હતા, જે તેઓશ્રીએ **'પર્વતિથિની આરાધના અંગે પ. પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબનું મંતવ્ય'** એ નામની પુસ્તિકામાં છપાવ્યા હતા. આ પુસ્તિકામાંથી આ ગ્રંથમાં અમે સાભાર અક્ષરશઃ ઉદ્ધત કર્યા છે.

સ્ત્રોત : વિવિધ પ્રશ્નોત્તર ભાગ ૧/૨ - આવૃત્તિ બીજી, પૃષ્ઠ-૩૪૧ થી ૩૪૫

સમાધાનદાતા : સકલાગમ રહસ્યવેદી પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા.

નોંધ : આ ગ્રંથનું સંપાદન આ. શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ. ના પરિવારના આ. શ્રી વિ. ચંદ્રચંદ્ર સૂ. મ. ના પ્રશિષ્ય મુનિ શ્રી મહાબોધિવિજયજી મ. એ કર્યું છે. જેનું વિમોચન ગ. આ. શ્રી વિજય જયઘોષ સૂ. મ. ના વિ. સં. ૨૦૫૪ના સુરત ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સમહોત્સવ થયેલ છે.

પ્રકાશક : શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટ.



આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ એક પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે

સંવત્સરી બરાબર વર્ષે જ કેમ ?

પ્રશ્ન : સંવત્સરી પર્વ છ-આઠ મહિને નહિ, વર્ષે દોઢ વર્ષે નહિ પણ બરાબર વર્ષે જ કેમ ? ભાદરવા સુદી ચોથે જ કેમ ? પાંચમે કેમ નહિ ?

ઉત્તર : સંવત્સરી પાંચમે હતી ત્યારે પાંચમે થતી, પણ આજે ચોથે કરવાનું નકકી થયા પછી ચોથે જ કરાય, કારણ કે રાજાને ત્યાં પાંચમે નગર ઉત્સવ હતો, એથી રાજાને આરાધના માટે સંવત્સરી આધી-પાછી રાખવી હતી. તે વખતે યુગપ્રધાન કાલિકાચાર્ય મહારાજને એનું ઈચ્છિત સાચવવામાં જિન શાસનની મહાન પ્રભાવના દેખાઈ, તેથી એમણે સંવત્સરી ફેરવી, એટલે પાંચમની ચોથે કરી, પણ છઠે નહિ. આમાં આ રહસ્ય છે. નીચેમાં નીચેનો મોક્ષમાર્ગ સમ્યકત્વ, પણ સમ્યકત્વ યાને સમકિત કયારે ? અનંતાનુબંધી કષાય આત્મામાં જીવતો હોય, તો સમકિત નહિ શાસ્ત્રે સૌથી ઉગ્ર કષાય તરીકે અનંતાનુબંધી કષાયને કહ્યો. તે એક વર્ષથી યાવત જિંદગીભર રહેનાર કોઈ શકે અને એનાથી ઊતરતા અપ્રત્યાખ્યાનાવરણીય કષાય બાર મહિના સુધી અવધિ કહી છે, એટલે કે એ બાર માસથી વધુ ન રહે. વધુ રહે, તો એ અનંતાનુબંધી કષાય થઈ જાય અને અનંતાનુબંધીના કષાય એ સમકિતનો ઘાતક છે. તેથી વર્ષભરમાં થઈ ગયેલો કોઈ ક્રોધાદિ કષાય અને અનંતાનુબંધીના ઘરનો ન થઈ જાય, અર્થાત્ બાર મહિના ઉપરાંત ન રહી જાય, એ જોવું જોઈએ. બાર માસ ઉપરાંત એક દિવસ પણ વધુ નહિ રહેવો જોઈએ. માટે વર્ષ પૂરું થતાં સુધીમાં તો કષાયની શાંતિ ઉપશમ અને ક્ષમાપના અવશ્ય થઈ જ જવી જોઈએ. છેવટે સંવત્સરી-પ્રતિક્રમણ પહેલાં ક્ષમાપના થઈ જ જવી જોઈએ. હવે ગઈ સંવત્સરી ચોથે કરી, પણ આ સંવત્સરી જો ચોથને બદલે પાંચમે એટલે કે એક દિવસ મોડી કરે; તો વર્ષ ઉપર થઈ જાય. એમ ન થવા દેવા સંવત્સરી ચોથે જ કરવી જોઈએ. હજી આખો શ્રી સંઘ કારણ પડે તો ચોથથી વહેલી ત્રીજે સંવત્સરી નક્કી કરી શકે; પણ મોડી (પાંચમની) નહિ. આ છે હેતુ સંવત્સરી વર્ષે જ કેમ ? અને ચોથે જ કેમ ?

કેટલાક અજ્ઞાન-જીવો કહે છે કે, 'સંવત્સરીના ઝઘડા શા ? ચોથે કરી તો શું ? ને પાંચમે કરી તો ય ઝઘડા શા ? જ્યાં ત્યાં કષાય જ શાંત કરવા છે ને ? પણ એમને બિચારાને પ કેલા કહ્યું એ રહસ્યની ખબર નથી, અસ્તુ.

સારાંશ આ છે સર્વેએ પર્યુષણા પર્વે તો કષાય શાંત કરવા જ જોઈએ, અવશ્ય ઉપશમવું અને ઉપશમાવવું જ જોઈએ. બૃહત્કલ્પસૂત્રમાં જણાવે છે કે, 'ઉવસમસારં ખુ સામણ્ણં,' શ્ર મણ્ય એટલે કે સાધુતા-મહાવ્રતોનો સાર ઉપશમ છે. સાધુપણાનું મૂળ ઉપશમમાં છે. તેથી ઉપશમ એટલે આપણે ક્ષમા આપી દેવી અને બીજા પાસેથી ક્ષમા માગી લેવી, અને ખમાવી લેવું, એ અવશ્ય ધર્મ છે.

પ્રશ્ન : પરંતુ આ નિયમ તો સાધુ માટે ને ? શ્રાવકે ન ખમાવ્યું એમાં શો વાંધો ?

ઉત્તર : શ્રાવકે પણ પોતાનું સમ્યકત્વ તો સાચવવું છે ને ? તો પહેલા કહ્યું તેમ તે શ્રાવક પણ પજુષણમાં ખમાવે નહિ, તો એનો અર્થ એ છે કે એનો કષાય ઊભો રહ્યો છે.ને સંવ સરી ખમાવ્યા વિના વીતી જાય, એટલે એનો કષાય બાર માસ ઉપરનો થઈ જાય ! અને તેથી એ અનંતાનુબંધી કોટિનો થઈ જવાથી સમ્યકત્વનો નાશ કરે, સમકિત આવવા જ ન દે. સમકિત તો ઘ નો પાયો છે. એ સાચવવા છેવટે પજુષણમાં તો ખમાવી જ દેવું જોઈએ. ★★★

સ્ત્રોત : મીઠા ફળ માનવ ભવના, પૃષ્ઠ-૩૫,૩૬

વ્યાખ્યાતા : આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ

સંપાદક : મુ. શ્રી કલ્પરત્નવિજયજી મહારાજ

પ્રસ્તાવના : મુ. શ્રી જયસુંદરવિજયજી મહારાજ

પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ગુજરાત. વિ.સં.૨૦૪૭

સિદ્ધાંત મહોદધિ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા કહે છે કે-

'તિથિદિન અને પર્વારાધન બાબતમાં શ્રી સંઘમાન્ય પંચાંગમાં બતાવેલી સર્વ પર્વાપર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિ યશાવત્ માન્ય રાખીને આપણે જે રીતે 'ઉદયંમિ.' તથા 'ક્ષયે પૂર્વા.'ના નિયમ અનુસાર તિથિદિન અને આરાધના દિન નકકી કરીએ છીએ તે શાસ્ત્રાનુસારી છે, તેમજ શાસ્ત્રમાન્ય પ્રાચીન પરંપરાનુસારી છે. લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય આવી જ ગયેલો છે.★★★

★★★શ્રી સંઘમાન્ય પંચાંગમાં જ્યારે જ્યારે ભાદરવા સુદી-પની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તે ક્ષય-વૃદ્ધિ કાયમ રાખીને જ પંચાગંની ઉદયાત્ સુદી ચોથે શ્રી સંવત્સરી કરવાની અને તે જ પ્રમાણે બાકીની ૧૨ પર્વોમાંની તિથિઓ તથા કલ્યાણકાદિની સર્વ તિથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે. ★★★★

સ્ત્રોત : દિવ્યદર્શન, વિ.સં. ૨૦૨૦ની ફાઈલ.

વાલકેશ્વરમાં 'સંઘ એકતા અને શાંતિ'નો સંદેશો આપતી જંગી સભા

આ. શ્રી વિ. કીર્તિયશસૂરિજીનું સંઘ-સંબોધન

સોમવાર તા.૨૪-૫-૯૯

વાલકેશ્વર આચાર્ય શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન ખાતે રવિવાર, તા.૨૩-૫-૯૯ના સવારે સાડા ત્રણ કલાક સુધી ચાલેલ ૩૦૦૦ માણસોની સભામાં જૈનાચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી એ વર્તમાનમાં વકરેલી સમસ્યાના શાસ્ત્રીય સમાધાનના વ્યવહારુ માર્ગો બતાવ્યા હતાં.

શ્રી મહાવીર પરમાત્માનાં શાસ્ત્રો એ શાસનનો આધાર છે. એ મૂળભૂત બંધારણ સર્વજ્ઞનું છે. એમાં કોઈપણ જાતનો મનસ્વી ફેરફાર કરવો એ અનંત જીવોના હિત જોડે ચેડા કરવા બરાબર છે. એક સ્ટેશન માસ્તર કોઈપણ સંદેશો કે સિગ્નલ આપવામાં નાનકડી ભૂલ કરી નાંખે અને એથી હજારોના જીવન જોખમમાં મૂકાઈ જાય તેમ જ ધર્મશાસ્ત્રોની મર્યાદામાં મરજી મુજબ કરાતો ફેરફાર અનંત જીવોના ભાવિને જોખમમાં મૂકી દે છે. એમણે આગળ કહ્યું હતું કે, ભારતનું બંધારણ કોઈ સર્વજ્ઞે બનાવેલ નથી તેથી એમાં ફેરફાર થાય એ બને, જૈન ધર્મનું બંધારણ સર્વજ્ઞે ઘડેલું છે. પછીના આચાર્યોએ પણ એને એના મૂળ સ્વરૂપમાં લેખિત કર્યું. એમાં ઘરનું કશું જ ઉમેર્યું નથી. જેમણે ઘરનું ઉમેરવાની કોશિશ કરી તે બધા મૂળ પ્રવાહથી દૂર ફેંકાઈ ગયા છે. પૂજ્યશ્રીએ શ્રીકૃષ્ણજીની ભંભાનો દાખલો આપી કહ્યું કે ૧૦-૨૦ કે ૩૦ આચાર્યો ભેગા થઈ શાસ્ત્રીય વિધાનોમાં આવા મનસ્વી ફેરફાર કરવા લાગશે તો એ ભંભાની જેમ કંથા થઈ તેમ શાસ્ત્ર-શાસનની હાલત થઈ જશે. માટે કોઈ પણ સમાધ ન કરવું હોય તો શાસ્ત્રને વચ્ચે રાખીને એની મર્યાદા મુજબ જ કરી શકાય અને જો એમ થાય તો તે ચિરસ્થાયી બને અને એનું પરિણામ ઘણું જ સુખદ આવે.

સંઘમાં કાયમી શાંતિ અને એકતા સ્થાપવી હોય તો એના માટે શાસ્ત્રાધારે સમાધાનનો જ માર્ગ સર્વશ્રેષ્ઠ છે. છતાં જ્યાં સુધી આવો માર્ગ સંપૂર્ણપણે અમલમાં ન મૂકી શકાય ત્યાં સુધી મુંબઈના સકલ સંઘો ભેગા મળી નીચે મુજબની ફોર્મ્યુલા નકકી કરી એ પ્રમાણે વર્તે તો ચોકકસ એકતા અને શાંતિ સ્થપાઈ જાય.

''એ માટે મુંબઈના તમામ સ્થાનોના દરેક સંઘના મૂળભૂત બંધારણના આધારે ત્રણ વિભાગ પાડવામાં આવે અને જે સ્થાનો ચોકકસ એક તિથિની આરાધના કરવા માટે સ્થપાયેલાં છે ત્યાં બે તિથિવાળાએ વિનંતી વિના જ જવું, જે સ્થાનો ચોકકસ બે તિથિની આરાધના કરવા માટે સ્થપાયેલાં છે, ત્યાં એક તિથિવાળાએ વિનંતિ વિના ન જવું. બાકીનાં જે સ્થાનો તેના મૂળભૂત બંધારણ મુજબ તપાગચ્છના બન્ને પક્ષનાં સહિયારાં છે ત્યાં બન્નેય પક્ષનાં ગુરુભગવંતોનો સરખો આદર કરવામાં આવે અને સરખી રીતે આવકારવામાં આવે અને જે વખતે જે ગુરુભગવંતો વિદ્યમાન હોય તેમની

નિશ્રામાં તેમની માન્યતા મુજબની આરાધના કરવી અને અન્ય માન્યતાવાળા આરાધકોને એ સંઘના વહિવટદારો જ અલગ સગવડ કરી આપે.''

જો આવો નિર્ણય લેવાય તો આગામી મહાપર્વ અને સંવત્સરીની આરાધના ખૂબ જ શાંતિથી થાય.

પૂજ્યશ્રીએ આ પ્રસંગે વિગતથી તિથિપ્રશ્ન ચર્ચ્યો હતો અને સભામાંથી ઉઠેલ. લાંબા અને ટૂંકા દરેક પ્રશ્નોના સમાધાનકારક જવાબ આપ્યા હતા.

માટુંગાના એક ભાઈએ કરેલા પાંચ મિનિટ લાંબા પ્રશ્નનો પણ વિગતથી જવાબ આપતાં સભામાં સંતોષની લાગણી ફેલાઈ હતી. ત્યાંના જ એક બીજા ભાઈએ પૂ. આ. શ્રી પ્રેમસૂરિજી મ. ના નામના જાવાલના કહેવાતા ફરમાનની જૈન પત્રમાં પ્રકાશિત થયેલ કોપીના ઝેરોક્ષનું પાનું સભામાં ફરકાવતાં પૂજ્યશ્રીએ એ ભાઈને પ્રેમથી આગળ બોલાવી એ કહેવાતો પત્ર અક્ષરશઃ વાંચી સંભળાવ્યો હતો અને કહ્યું હતું કે આ પત્રને જેઓ પ્રમાણભૂત માનવાનો દેખાવ કરે છે, એમનાથી પણ આ વર્ષે ઉદયાત્ ચોથની વિરાધના કરી શકાય નહીં. કારણ કે એ પત્રમાં પણ ઉદય ચોથ જાળવવાની વાત સ્પષ્ટપણે કરી છે. માટે તેમણે પણ સોમવારે ઉદયાત્ ચોથે જ સંવત્સરી કરવી જોઈએ. જૈન પત્રના આ પાનામાં આ કહેવાતા પત્રના ગુજરાતી લિપીના ઉતારામાંથી સિફતથી 'ઉદય' શબ્દ ઉડાડી દઈ લોકોની આંખમાં કેવી રીતે ધૂળ ફેંકવામાં આવી છે તે પણ પૂજ્યશ્રીએ દર્શાવ્યું હતું.

કલકત્તામાં ઉદય તિથિનો નિયમ સચવાતો નથી એવા એક ભાઈના સવાલનો જવાબ આપતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે, ગામેગામના સૂર્યોદય મુજબ ગામેગામમાં આરાધના કરવાનો નિર્ણય જો સકલ સંઘ ભેગો થઈને કરે તો તે આવકાર્ય છે. પણ આવો નિર્ણય ન થાય ત્યાં સુધી વિ.સં.૨૦૧૪માં સકલ સંઘે માન્ય કરેલા જન્મભૂમિ પંચાંગને જ વળગી રહેવું કર્તવ્ય છે. એક અવિધિ થાય એને આગળ કરી ૯૯% વિધિ પાલન છોડવાની વાતો કરવી એમાં બુદ્ધિમત્તા નથી. એમણે આગળ એમ પણ જણાવ્યું કે 'કલકત્તામાં ઉદય તિથિ અમે પાળીએ કે નહીં' એવો પ્રશ્ન કરનાર મહાનુભાવો સૌથી પ્રથમ એમણે જ છપાવેલા-પ્રચારેલા ગ્રંથોના આધારે કલકત્તા વગેરે કેટલાક સ્થળોને બાદ કરતાં સમસ્ત ભારતમાં સોમવારની ઉદય ચોથની જે સંવત્સરી આવે છે, એનો તો અમલ કરે !

આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.ના પક્ષના ગચ્છાગ્રણી વયોવૃદ્ધ આચાર્યશ્રી હિમાંશુસૂરિજી મહારાજે સામાપુરે તરી સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આદેશ મુજબ ઉદયાત્ સોમવાર તા.૧૩-૯-૯૯ના જ સંવત્સરી કરશે એ નિર્ણયને પણ પૂજ્યશ્રીએ આવકાર્યો હતો.

વાલકેશ્વરની બીજી વિરાટ સભા :
જૈનાચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજીનું મનનીય માર્ગદર્શન

આ માર્ગ અપનાવાય તો એકય કાયમી બનશે

તિથિ-નવાંગી ગુરુપૂજન અને સંતિકરં જેવા પ્રશ્નોના મુદ્દે વર્તમાન સમયમાં તપાગચ્છ શ્રી સંઘમાં જે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે, તેનું નિરાકરણ કરી સંઘ એકતા અને શાંતિ માટેના માર્ગોની વિચારણા કરી સુયોગ્ય શાસ્ત્રીય માર્ગદર્શન આપવા માટે શેઠશ્રી ભેરુલાલ કનૈયાલાલ કોઠારી રીલીજીયસ ટ્રસ્ટના ઉપક્રમે પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન, વાલકેશ્વર (ચંદનબાળા બિલ્ડીંગ નીચે) ખાતે બીજી વિશાળ સભા ભરવામાં આવેલ. જેની અધ્યક્ષતા વર્ધમાન તપસ્વી પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરિજીએ કરેલ. ત્રણ કલાક સુધી અસ્ખલિત જુબાનમાં પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી વિજય કીર્તિયશસૂરિજીએ સભાને સંબોધિત કરેલ.

સંઘ એકતા અને શાંતિની તાતી જરૂરિયાત ઉપર પ્રકાશ પાથરતાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, આજ પૂર્વે બન્ને પક્ષના કેટલાક વડીલોએ અને અનેક આગેવાનોએ સંઘ એકતા અને શાંતિ માટેના અનેક પ્રયાસો કર્યા હતા. અનેકવાર અનેક મુદ્દાઓ ઉપર એકમતિ (!) પણ સધાઈ હતી. છતાં એ સમાધાનો શાસ્ત્રની સાપેક્ષતા વિનાનાં હોઈ એ સમાધાનો સંઘમાં કાયમી અસ્તિત્વ કે શાંતિ જાળવી શકવા સમર્થ નીવડ્યાં ન હતાં. ઉપરથી સંઘની વિભાજનની પ્રક્રિયાને જ એનાથી વેગ મળે એવું પણ બન્યું હતું. તિથિ, નવાંગી કે સંતિકરં જેવા પ્રશ્નો એ તો લાઈટના ગોળા (બલ્બ)ના સ્થાને જ છે. જ્યારે પાવર હાઉસના સ્થાને તો શાસ્ત્રસાપેક્ષતા કે શાસ્ત્રાધીનતા છે. આજે ગોળાની સુરક્ષાનો મુદ્દો જેટલો મહત્ત્વનો છે, તેના કરતાં પણ પાવર હાઉસની સુરક્ષાનો પ્રશ્ન વધુ મહત્ત્વનો બન્યો છે. આ સુધી જેમણે ગોળા ઉપર હુમલો કર્યો હતો તેઓએ હવે આગળ વધીને પાવર-હાઉસ ઉપર હુમલો ચાલુ કર્યો છે. સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો પરના વિશ્વાસને જ ઉડાડી દેવાનું કાર્ય એ જૈનશાસનની જવાદોરી સમાન પાવર હાઉસ પરના હુમલા જેવું છે. માટે એ હુમલો વધુ ચિંતાનો વિષય બને છે

મહારાજશ્રીએ તિથિ પ્રશ્નનો સિલસિલાબંધ ઈતિહાસ રજુ કરીને જણાવ્યું હતું કે આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરજી મહારાજે એમના સિદ્ધચક્ર માસિકમાં તિથિ સંબંધી જે શાસ્ત્રાનુસારી સમાધાનો આપેલાં હતાં તેને આગળ કરી તે મુજબ આરાધના કરવાનો નિર્ણય એક તિથિ અને બે તિથિ-બન્ને પક્ષો લે તો એકતા અને શાંતિ કાયમી થઈ જાય. એમણે આગળ કહ્યું કે પી.એલ. વૈદ્યનો ચૂકાદો સકલ સંઘ માન્ય કરી લે તો તેને પણ એકતાનો આધાર બનાવી શકાય. સમાધાન માટેના ત્રીજા માર્ગ તરીકે તેમણે જણાવ્યું કે, 'ભારતની વિવિધ વિદ્યાપીઠોનો સોથી પણ વધુ પ્રખ્યાત વિદ્વાનોએ બન્ને પક્ષના પુરાવાઓ જોઈ બહાર પાડેલ ગ્રંથ આર્હતતિથિભાસ્કરે

તપાગચ્છીય શાસ્ત્ર માન્ય અને જીતવ્યવહાર માન્ય પ્રણાલિકા ઉપર પાડેલા પ્રકાશને પણ સકલ સંઘ જો અપનાવે તો પણ એકતા કાયમી બની શકે. તે વખતે આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે આ ગ્રંથ આજે ખૂબ ભોગ આપ્યો હતો. જો આ વાત પણ માન્ય કરાય તો પણ તિથિ અંગેના પ્રશ્નનું સરળ સમાધાન થઈ જાય અને આ વર્ષે ગાયત્રી પંચાંગકાર રઘુનાથ શાસ્ત્રીએ જે પંચાંગ છપાવ્યું છે, તેમાં તિથિ સંબંધી જે પ્રશ્નોત્તર આપ્યો છે તે પણ એ જ વાત ઉપર પ્રકાશ પાડે છે. આ પંચાંગના સલાહકાર એક તિથિ પક્ષના ત્રણ અને ત્રિસ્તુતિક પક્ષના એક આચાર્યશ્રી છે.

એ પંચાંગકર્તાએ પોતાના લેખમાં જણાવ્યું છે કે કોઈપણ વ્યકિત કે આચાર્ય ના અંગે ચર્ચા કરવા માગે તો તેઓ જૈન શાસ્ત્રોના આધારે ચર્ચા કરવા તૈયાર છે.

જો આવો કોઈ પણ શાસ્ત્રીય માર્ગ અજમાવી સમાધાન ન સાધી શકાય તો પણ સંઘમાં આ મુદ્દે એકતા અને શાંતિ સ્થાપવી હોય તો -

૧- કોઈએ પણ જૈન શાસ્ત્રો પ્રત્યે અનાદર વ્યકત કરતાં વચનો ન બોલે,

૨- બન્ને પક્ષો પોતપોતાની માન્યતા મુજબ સોમવાર કે મંગળવારે આરાધના કરવા છતાં શાસ્ત્રીય વચનો પ્રત્યે કયાંય અનાદર ન થાય તેની કાળજી રાખે અને

૩- કોઈ પણ વ્યકિત કે પક્ષ પક્ષગત કે વ્યકિતગત આક્ષેપો-પ્રત્યાક્ષેપો ન કરે

જો આટલું પણ હાર્દિક સદ્‌ભાવનાપૂર્વક સકલ સંઘ નકકી કરે તો ચાલુ વર્ષે એકતા અને શાંતિનું વાતાવરણ જરૂર સર્જી જાય. પરંતુ આટલેથી જ અટકવું નથી. આવી હજાર સમસ્યાઓ છે, તે દરેકના નિરાકરણ માટે તટસ્થ સજ્જનોએ ભોગ આપી શાસ્ત્રાધારે સમાધાન અને ઐકયના પ્રયાસો જારી રાખવા જોઈએ.

એક પક્ષની એકતા એ સંઘની એકતા નથી, પણ એ તો માત્ર પક્ષીય એકતા છે અને એ દ્વારા ક્યારેય શ્રી સંઘમાં શાંતિ થઈ શકતી નથી. બન્ને પક્ષોની તાત્ત્વિક એકતા થાય તો જ સંઘશાંતિ કાયમી બની શકે. તાત્કાલિક કોઈ પરિણામ ન પણ દેખાય તો પણ શાસ્ત્રાધારે કરાતા પ્રયત્નોના બળે જ સંઘને સાચો માર્ગ મળી શકશે અને એના દ્વારા થયેલું સમાધાન ચિરસ્થાયી રહેશે

ઘાટકોપરના ભાઈના કેટલાક પ્રશ્નોને શાંતિથી સાંભળી આચાર્યશ્રીએ વાત્સલ્યથી જવાબો આપ્યા હતા. વ્યાખ્યાનમાં રજૂ કરાતી વાતોની પ્રતીતિ માટે વચ્ચે વચ્ચે શાસ્ત્રગ્રંથો અને ઐતિહાસિક પુરાવા-પત્રોના અંશો પણ પૂજ્યશ્રીએ વાંચી સંભળાવ્યા હતા. સભા ખૂબ જ તત્ત્વજિજ્ઞાસા અને ઉપશમભર્યા વાતાવરણમાં પરિપૂર્ણ થઈ હતી. સભા પૂર્વે સૌનું ગુલાબજળથી સ્વાગત કરી કંકુ ચાંલ્લા સાથે રૂા. ૫/- અર્પણ કરી સંઘપૂજન કરાયું હતું. સભા બાદ પ્રભાવના પણ હતી.

બે બે રવિવારોથી સભામાં માનવ મહેરામણ ઊભરાયું છે અને સંઘ સમક્ષની સમસ્યાની ભૂમિકા જાણવા માટે વધુને વધુ આવી વિવેકી સભા યોજવા અંગે અનુરોધ થઈ રહ્યો છે.

બે તિથિ પક્ષનો જવલંત વિજય

ભાગલાવાદી પરિબળો ના હાથ હેઠા પડ્યા

માટુંગા અંગે થયેલા કેસનો ટુંકો અહેવાલ

માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘની સ્થાપના સમયથી જ તપાગચ્છમાં પ્રવર્તમાન બે તિથિ અને એક તિથિ માન્યતાના આરાધકો સંપ-સમભાવથી આરાધના કરતા આવ્યા છે. બે તિથિના આરાધકો એમની માન્યતા પ્રમાણે બે તિથિની આરાધના અને નવાંગી ગુરુપૂજનની આરાધના છેક ત્યારથી જ કરતા આવ્યા છે.

છેલ્લા કેટલાક વર્ષોથી એક તિથિના ટ્રસ્ટીઓનું વર્ચસ્વ અને બહુમતિ વધતાં બે તિથિ વર્ગને દબાવવાના પદ્ધતિસરના પ્રયત્નો શરૂ થયા. બે તિથિને માનતા પૂજ્યોને ચાતુર્માસ માટે વિનંતિઓ કરવાની પણ બંધ થવા લાગી વખતો વખત બે તિથિના શ્રાવકોએ વિનયપૂર્વક સમજાવવા છતાં એક તિથિ પક્ષે દાદ ન આપી અને સ્થાનને એક તિથિનું જ બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા. જેના જ એક ભાગરૂપે એપ્રિલ ૯૮માં નવાંગી ગુરુપૂજનના નિષેધ તેમજ દેવસૂરતપાગચ્છની માન્યતા મુજબના સાધુ-સાધ્વી જ ઉપાશ્રયનો ઉપયોગ કરી શકશે એવા આશયના બોર્ડો લગાવી બે તિથિના સમર્થક પક્ષને અત્રે આરાધના કરતા અટકાવવાનો પ્રયત્ન કર્યો.

બે તિથિના આરાધકોએ અનેક પત્રો લખી એ અંગેના ખુલાસા માગ્યા છતાં એ બધા પત્રોનો ટ્રસ્ટીઓએ એ ઉત્તર પણ ન આપ્યો. સામે ટ્રસ્ટીઓએ સંઘની A.G.M. ભરવાની જાહેરાત કરી પૂર્વોકત ઠરાવો કરવવાના પ્રયત્નો આદર્યા. બે તિથિના સુશ્રાવક કાંતિલાલ ચુનીલાલ શાહ વગેરેએ વિગતથી એ ઠરાવો ન કરવા અંગે વિનમ્ર પત્રો લખ્યાં. છતાં એના પણ ઉત્તરો ન આપ્યા. સંઘની તા. ૧ - ૭ - ૯૮ની સભામાં બહુમતીના જોરે ઠરાવો પસાર કરાયા. બે તિથિના આરાધકોના વ્યાજબી વિરોધની નોંધ પણ ન લેવાઈ. સભા અધ્યક્ષશ્રીને વિરોધનું નિવેદન આપવા ગયા આમ છતા પણ અધ્યક્ષે એનો સ્વીકાર ન કર્યો.

આ રીતે બે તિથિના આરાધકોના પણ તન-મન-ધનના સહયોગથી તપાગચ્છની જ આરાધના માટે નિર્મિત ઉપાશ્રયમાં તપાગચ્છના જ એક ભાગરૂપ બે તિથિ પક્ષને સ્થાનભ્રષ્ટ કરવાનો પૂર્ણ પ્રયત્ન કરાયો અને એને બહુમતીના ઠરાવો દ્વારા કાયદેસર કરવાનો પ્રયત્ન થતાં વિનમ્ર સમજાવટના અન્ય તમામ પ્રયાસો વ્યર્થ નીવડતાં બે તિથિ પક્ષે પોતાના બંધારણીય, કાયદેસર મૂળભૂત પૂજા-આરાધના અધિકારોના રક્ષણ માટે જ છેલ્લા ઉપાયરૂપે ન્યાયાલયના બારણાં ખખડાવ્યા. ન્યાયમૂર્તિ શ્રી મલિકે વચગાળાનો સ્ટે ઓર્ડર આપી સભાના ઠરાવોના અમલ પર પ્રતિબંધ મૂક્યો.

ત્યારબાદ માટુંગાના ટ્રસ્ટીઓએ હાઈકોર્ટમાં અપીલ કરી. બન્ને પક્ષોનું કન્સેન્ટ ટર્મ હેઠળ કામચલાઉ સમાધાન થયું. જેના અન્વયે ફરી કેસ 'નીચેની કોર્ટમાં ચાલ્યો. ટ્રસ્ટીઓએ નીચેની કોર્ટના ન્યાયક્ષેત્રમાં આ કેસ આવતો નથી' એવી રજુઆત કરી, જેને જસ્ટીસ મલિકે ફગાવી દીધી અને દાવેદારોના હિતમાં ફેસલો આવ્યો. એ ફેસલા સામે ટ્રસ્ટીઓ ફરી હાઈકોર્ટમાં ગયા. ત્યાં જસ્ટીસ સાવંતે નીચેની કોર્ટની કાર્યવાહીને રોકવાનો આદેશ આપ્યો. આગળ જતાં હાઈકોર્ટમાં કેસ આગળ ચાલ્યો અને જસ્ટીસ શ્રીમતી બામે નીચેની કોર્ટનો આદેશ કાયમ રાખી 'કેસ દાખલ કરવા માટે ચેરીટી કમિશ્નરની રજાની જરૂર નથી પરંતુ તેમને એક પાર્ટી બનાવી શકાય' અવો ફેસલો આપ્યો. એ ફેસલાની સામે ટ્રસ્ટીઓએ સુપ્રીમમાં S.L.P. દાખલ કરી, પરંતુ સુપ્રીમ કોર્ટે તે કાઢી નાંખી અને છેવટે ફરી નીચલી કોર્ટમાં નોટીસ ઓફ મોશન ઉપર કાર્યવાહી આગળ ચાલી.

બન્ને પક્ષોએ વિગતવાર દલીલો કરી. બંને પક્ષના કાઉન્સિલોએ પોતાની દલિલોની લેખિત નોંધ પણ કોર્ટ સમક્ષ રજુ કરી. તે બધાનો અભ્યાસ કરીને વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રીયુત કામડીએ તા. ૨૭-૭-૧૯૯૯ ના નોટીસ ઓફ મોશનનો ચુકાદો આપ્યો જે બે તિથિ પક્ષના વાદી કાંતિલાલ ચુનીલાલ શાહ વગેરેની તરફેણમાં આવ્યો છે. આ રીતે પહેલા તબક્કામાં બે તિથિ વર્ગના આરાધના અધિકારોનું નામદાર કોર્ટે સંપૂર્ણપણે સમર્થન કરી એ અધિકારોના રક્ષણ માટેનો આદેશ આપ્યો છે.

સીટી સીવીલ કોર્ટની કાર્યવાહી અને તેનો ઐતિહાસિક ચૂકાદો

આ ચુકાદામાં વિદ્વાન જજસાહેબે જે બાબતો નોંધી છે તે ખૂબ જ અગત્યની હોઈ તેનું સારભૂત અવતરણ અત્રે આપાય છે.

- બેતિથિ/નવાંગી પક્ષ, બંને પક્ષની કબુલાત પ્રમાણે, દાવેદારો તપાગચ્છના જ એક ભાગરૂપ છે અને તેમને તેમની માન્યતા પ્રમાણેનો ધર્મ, ક્રિયા-વિધિ કરવાનો અધિકાર છે.
- દાવેદારોની માન્યતા મુજબની ધર્મ ક્રિયાનો અમલ કરતાં રોકતા હોવાથી ટ્રસ્ટના ઠરાવો ગેરકાયદેસર છે.
- માટુંગા ટ્રસ્ટના દેરાસરના બાંધકામ સમયથી જ (સને ૧૯૪૮) દાવેદારો અને બચાવપક્ષ બન્ને પોતપોતાની માન્યતા મુજબ નિયમિત માટુંગા દેરાસર અને ઉપાશ્રયમાં આરાધના કરતા આવ્યા છે. આવું બંને પક્ષોએ સ્વીકાર્યું હોવાથી દાવેદારો તેમની માન્યતા પ્રમાણે તે સમયથી જ ત્યાં આરાધના કરતા.

- પૂજા આરાધના (Worship) નો અધિકાર એ કાયદેસર અધિકાર છે એમાં વિવાદ નથી.

  પૂજા આરાધના (Worship) ના અધિકારમાં ક્રિયાકાંડ વિધિ આવે એમાં પણ વિવાદ નથી.

  પૂજા આરાધના (Worship) નો કાયદેસર અધિકાર એ દાવેદારો સાથે સંલગ્ન છે.

  આવા સંલગ્ન અધિકારોને, (પડકારવામાં) આવેલા ઠરાવો દ્વારા રોકી શકાય નહિ કે અવરોધી શકાય નહી.

  બચાવપક્ષ (માટુંગાનું ટ્રસ્ટ કે તેના ટ્રસ્ટીઓ વગેરે) માટુંગા ટ્રસ્ટમાં દાવેદારોને તેમની માન્યતા મુજબનો ધર્મ પાળતાં રોકી શકે નહી, મનાઈ કરી શકે નહિ. (પૃ.૨૦)

- બચાવપક્ષના કાઉન્સિલ પરીખે કહ્યું કે "દાવેદારોએ સદર ઉપાશ્રયમાં નવાંગી ગુરુપૂજન નિયમિત પણે કર્યું નથી માટે તેમને ઉપાશ્રયમાં નવાંગી ગુરુપૂજન કરવાનો અધિકાર નથી." પરીખના આ મત સાથે હું (જજ) સહમત નથી. કેમ કે એકવાર નકકી થઈ જાય કે પૂજા-આરાધનાનો અધિકાર એ કાયદેસર અધિકાર છે, જેમાં ક્રિયા-વિધિવિધાન પણ આવે છે; અનુમાન હંમેશા દાવેદારોના જ પક્ષમાં રહે છે કે એમને જ્યારે જરૂરી લાગે ત્યારે તે ઉપાશ્રયમાં નવાંગી ગુરુપૂજન કરી શકે છે. (પૃ. ૨૦-૨૧)

  ભલે એ નવાંગી ગુરુપૂજન વર્ષોવર્ષ નિયમિતપણે ન થયું હોય, માત્ર બે કે ત્રણ વાર જ થયું હોય પરંતુ જ્યારે એ સંલગ્ન-કાયદેસર અધિકાર છે. ત્યારે કોઈપણ આવા ઠરાવો દ્વારા એને રોકી શકાય નહિ કે એને મનાઈ કરી શકાય નહી; ભલે એ નવાંગી ગુરૂપૂજનનો વિરોધ કરતા ઠરાવો બહુમતિથી પાસ કરાયા હોય. માટે દાવેદારોના પક્ષમાં ઈન્જન્કશન આપવા માટે પ્રથમદર્શી કેસ છે. (પૃ. ૨૦-૨૧)

- આ તબક્કામાં મારી સામે એક જ પ્રશ્ન છે કે દાવેદારોની માન્યતા (બેતિથિ અને નવાંગી) હમણાં પ્રવર્તમાન છે કે નહી ? અને મારો (જજનો) જવાબ એ અંગે હકારાત્મક છે. (પૃ. ૨૧

- એમાં શક નથી કે દાવેદારો લઘુમતીમાં છે અને બચાવપક્ષ બહુમતીમાં છે પણ એનો મતલબ એ નથી કે બહુમતીવાળો બચાવપક્ષ તેમની માન્યતા મુજબનો ધર્મ પાળવા માટે લઘુમતી ઉપર બાજબરી કરે.

- દાવેદારો ભલે લઘુમતીમાં હોય, એ પોતાની માન્યતા મુજબનો ધર્મ પાળવા માટે સ્વતંત્ર છે.

- દાવેદારો પોતાની માન્યતા પાળવા માટેનું દબાણ બચાવપક્ષ ઉપર કરતા નથી.

- બન્ને પક્ષોની નવાંગી અને એકાંગી પૂજા વિધિઓ જુદી જુદી છે. અને બન્ને વિધિઓ એકી સાથે થતી નથી બન્ને વિધિથી એક બીજાના આરાધનાના અધિકારો હણાતા નથી. બન્ને વિધિઓ એક બીજાને તકલીફ આપ્યા વિના આચરી શકાય તેવી છે. આ પરિસ્થિતિમાં બચાવપક્ષે પસાર કરેલા ઠરાવો કાયદેસર નથી અને યોગ્ય પણ નથી. (પૃ.૨૨)
- મેં પૂર્વે કહ્યું તેમ; બચાવપક્ષે પાસ કરેલા ઠરાવો ભલે બહુમતિથી પસાર કર્યા હોય, તે અમલમાં લાવી શકાતા નથી અથવા કાયદેસરના બનતા નથી કારણ કે તે દાવેદારોના 'કાયદેસર સંલગ્ન' અધિકારને નુકશાન કરે છે. માટે દાવેદારોના પક્ષમાં ઈન્જન્કશન આપવા માટે પ્રથમદર્શી કેસ બને છે.
- દાવેદારો ભલે લઘુમતિમાં હોય; એ જે બે તિથિ અને નવાંગી ગુરુપૂજનને માને છે, એ માન્યતા જૈન ધર્મે માન્ય કરેલ છે. (પૃ.૨૩)
- બચાવપક્ષે, 'બે તિથિ કે નવાંગી ગુરુપૂજન' એ તપાગચ્છ જૈન સિદ્ધાંતોથી વિરુદ્ધ છે. એવું બતાવવા માટે કોઈપણ ધાર્મિક પુસ્તક કે ગ્રંથ પ્રસ્તુત કર્યા નથી. (પૃ.૨૩)
- બચાવપક્ષની પોતાની કબુલાત પ્રમાણે 'તેઓ એક તિથિ અને એકાંગી ગુરુપૂજન પાળવા વાળા છે, જેને દાવેદારોએ કયારે પણ હરકત પહોંચાડેલ નથી.
- આ બાબત એટલી સરળ છે કે બચાવપક્ષ એમની માન્યતા મુજબ એકતિથિ અને એકાંગી ગુરુપૂજન પાળવા માટે સ્વતંત્ર છે. દાવેદારોનું કહેવું એટલું જ છે કે તેઓને બે તિથિ અને નવાંગી ગુરુપૂજન પાળતા અટકાવવા જોઈએ નહી. હું પહેલા કહી ગયો તેમ; પૂજા-આરાધનાનો અધિકાર એ કાયદેસર અધિકાર છે, જે સંલગ્ન અધિકાર છે, એમ એકવાર નક્કી થયા પછી એ અધિકારને આવા બહુમતિવાળા ઠરાવો દ્વારા પણ રોકી શકાય નહી. કારણ કે આવા ઠરાવો એ દાવેદારોના કાયદેસર અધિકારોની અને ભારતના બંધારણના રૂપમાં આર્ટીકલ હેઠળ બક્ષેલ મૂળભૂત અધિકારની વિરુદ્ધ છે. (પૃ. ૨૪)
- બચાવપક્ષે ટાંકેલ 1972 (75 BLR 668) આ કેસ તો દાવેદારોના પક્ષને જ ટેકો આપે છે કારણ કે એમાં કહ્યું છે કે "ધર્મમાં માત્ર ધાર્મિક માન્યતા જ નથી આવતી પણ ધાર્મિક આચરણા પણ આવે" (પૃ.૨૫)
- મારા (જજના) અભિપ્રાયમાં - બચાવપક્ષે પસાર કરેલ ઠરાવો ગેરકાયદેસર છે અને આ ઠરાવોને અમલ થતા અટકાવવા જરૂરી છે કારણકે એના અમલથી દાવેદારોના પૂજા-આરાધનાના કાયદેસર અધિકારને બાધા પહોંચે છે. આ રીતે દાવેદારોએ સામના પક્ષે પ્રથમદર્શી કેસ પુરવાર કર્યો છે. (પૃ. ૨૫-૨૬)

- જો આ ઠરાવો અંગે હસ્તક્ષેપ નહિ કરવામાં આવે તો દાવેદારોને (irreparable) દુરસ્ત ન થાય એવું નુકશાન થશે કારણ કે એનાથી તેઓને તેમની માન્યતા અને વિધિ મુજબનો ધર્મ પાળવાથી રોકવામાં આવશે. અને એ મનાઈથી દાવેદારોને ભરપાઈ ન થઈ શકે, એવું નુકશાન થશે, જે પૈસાના મૂલ્યથી મૂલવી શકાય તેવું નથી. (પૃ. ૨૬)

આ ચુકાદાની ફળશ્રુતી

- બે તિથિ પક્ષ તપાગચ્છના એક ભાગરૂપે હોઈ તપાગચ્છના દરેક સ્થાનોમાં તપાગચ્છની માન્યતા મુજબ આરાધના કરવા - કરાવવાનો એમને અધિકાર છે.
- તપાગચ્છનો કોઈપણ સ્થાનમાં બે તિથિ કે નવાંગી ગુરુપૂજનની પદ્ધતિને કોઈપણ પ્રકારે અટકાવી શકાય નહિ કે તેના ઉપર પ્રતિબંધ લાદી શકાય નહી.
- બહુમતિના જોરે કોઈ પણ તપાગચ્છના સ્થાનમાં જો આવા પ્રકારનો નિષેધ કરાય તો તે ભારતના મૂળભૂત બંધારણ હેઠળ ગેરકાયદેસર ઠરે છે.
- તપાગચ્છના કોઈપણ સ્થાનમાં તપાગચ્છના શાસ્ત્રો મુજબની આરાધના કરતાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને આવતાં, રહેતાં કે પ્રવચન કરતાં અટકાવી શકાય નહિ, આવો અટકાવ ગેરકાયદેસર છે.
- 'બે તિથિ કે નવાંગી ગુરુપૂજન તપાગચ્છ જૈન સિદ્ધાંતથી વિરૂદ્ધ છે,' આવું પુરવાર કરવા માટે મા.ગાના ટ્રસ્ટીઓ એક પણ ધર્મગ્રંથ કે પુસ્તક રજૂ કરી શકયા નથી તેથી પણ સિદ્ધ થાય છે કે આ બંને માન્યતાઓ પ્રાચીન અને શાસ્ત્રાનુસારી જ છે.
- બે તિથિ - નવાંગી ગુરુપૂજનને માનતો - આચરતો પક્ષ ભલે લઘુમતીમાં હોય એમને અ મની માન્યતા મુજબ તપાગચ્છ સ્થાનોમાં આરાધના કરતાં કોઈ પણ વ્યક્તિ, કોઈપણ રીતે અટકાવી શકે નહી.
- બે તિથિ કે નવાંગી ગુરુપૂજનની માન્યતાના વિરોધમાં જે કોઈપણ સ્થાનોએ ઠરાવો કર્યા છે, તે બધા જ આ રીતે ગેરકાયદેસર ઠરે છે અને ભવિષ્યમાં આવા ઠરાવો કરવા તે પણ ગેરકાયદેસર ગણાશે.
- તપાગચ્છનું સ્થાન હોય ત્યાં બે તિથિ કે નવાંગી પૂજનની આરાધના હંમેશા નિયમિત થઈ કે ન થઈ એ મુદ્દો મહત્વનો નથી. આરાધકો પોતાની ભાવના થાય ત્યારે એ આરાધના કરી શકે છે.

પ્રકાશક : શ્રી સદ્ધર્મ સંરક્ષક - સમિતિ મુંબઈ-૪

ખમાવું હું સૌને, સૌ મને ખમાવો

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

"ખમું હું સર્વ જીવોને, સર્વ જીવો ખમો મને;
મિત્ર હું સર્વ જીવોનો, વેર કો'થી ના મને."

પર્વાધિરાજ પર્યુષણા પર્વ પધારી રહ્યા છે. અંતરના અરમાનો મનના મનોરથો અને કરના ઉમંગ - ઉત્સાહોથી આપણે તે પર્વને વધાવીએ. અને આ પર્વનો પ્રાણ, જીવનનો ત્રાણ અને સર્વ આરાધનાનો સાર ક્ષમાપના ધર્મને સાચા ભાવે આવકારી આપણા આત્માને નિર્મલ કરીએ. જન અને જૈનની આ જ વિશેષતા છે. જનને માટે ક્ષમાપના કરવી કઠીન જયારે જૈનમાત્રને ક્ષમાપના સહજ છે. સંસારના સઘળા જીવો કર્મને પરવશ છે અને કર્મની પરવશતા, રાગાદિની આધીનતા કષાયોની જનેતા બને છે. તેમાંથી વૈરાજાય છે. વૈર વિરોધના પ્રસંગો માટે જ પરમૈષી ઉપકારી જ્ઞાની ભગવંતો ભારપૂર્વક સમજાવે છે કે - "ભાઈ ! કોઈની પણ સાથે કટુતાના પ્રસંગો થઈ જાય તોય કટુતાને તુરત જ ક્ષમાપના દ્વારા દેશવટો દઈ દેજો પણ હૈયામાં ક્યારેય તેને સંગ્રહિત કરીશમાં નહિ તો તે કટુતા કેટલાય ભવોને બગાડશે તે કહેવાય નહિ " કટુતા રૂપી વિષ વેલડીને વધારવાને બદલે તુરત જ કાપી નાખવી જોઈએ જેથી તે કારમા અનર્થોને પેદા ન કરે.

માટે જ મુમુક્ષુજનોની નિર્મલ આરાધનાને માટે મહાપુરૂષોએ ઉપકાર કરવામાં જરાપણ કમીના રાખી નથી. મહા મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાએ 'પુણ્ય પ્રકાશના સ્તવન'માં ત્રીજા અધિકારમાં ક્ષમાપનાનો જે મહિમા ગાયો છે. તે પણ અત્રે જોવો છે. તેઓશ્રી જણાવે છે કે -

"જીવ સવે ખમાવીએ સાહેલડી રે, યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરો ખામણા સાહેલડી રે, કોઈશું રોષ ના રાખ તો... ૧.
સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડી રે, કોઈ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ ઈમ પરિહરી સાહેલડી રે, કીજે જન્મ પવિત્ર તો... ૨.
સાહમી સંઘ ખમાવીએ સાહેલડી રે, જો ઉપજી અપ્રતીત તો;
સજ્જન કુટુંબ કરો ખામણા સાહેલડી રે, એ જિનશાસન રીત તો... ૩.
ખમીએ ને ખમાવીએ સાહેલડી રે, એહી જ ધર્મનો સાર તો,
શિવગતિ આરાધનતણો સાહેલડી રે, એ ત્રીજો અધિકાર તો... ૪."

આનો અર્થ સ્પષ્ટ અને સુબોધ છે. ખરેખર ધર્મનો સાચો સાર 'ખમો અને ખમાવ' એ છે. તેને આત્મસાત્ કરી આપણે આપણી આરાધના વિશુદ્ધ કરવી છે. તે માટે માન - મોટાઈને આડે લાવવી નથી. જો માન - મોટાઈમાં મર્યા તો સમજવું કે આપણામાં હજી સાચો આરાધકભાવ પેદા થયો નથી. સૌ પુણ્યાત્માઓ સાચો આરાધક ભાવ પેદા કરી, સાચી આરાધના કરી - કરાવી, ક્ષમાપનાના સર્વોચ્ચ પરમશ્રેષ્ઠ ફળ શિવગતિને પામનારા બનો તે જ મંગલકામના.

થાનગઢમાં ઉલ્લાસપૂર્વક ચાતુર્માસ પ્રવેશ

અત્રે ારણેતર રોડ શ્રી હાલારી વિશા ઓસવાળ જૈન સમાજની વિનંતીથી પૂ.આ.શ્રી વિજય જિનેન્ .સૂરીશ્વરજી મ., પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ ઠાણા-૫ તથા પૂ.પ્રવર્તિની ા.શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી આદિ ઠા-૬ ચાતુર્માસ પધારતા. પૂ. શ્રી શહેરમાં અષાડ સુદ-૨ના સા ાયાપૂર્વક પધાર્યા દરરોજ પ્રવચન સંઘ પૂજનો વિગેરે થતા હતાં.

અષાડ સુદ-૬ના ઓસવાળ કોલોની પ્રવેશ હોઈને પ્રવેશ અંગે જોરદાર તૈયારી કરી હતી. પ્રવેશ પ્રસંગે જામનગર, રાજકોટ, મુંબઈ, અમદાવાદ, બોટાદ તથા આસપાસના ગામો લાખાબાવળ નવાગામ, વીંછીયા, સુરેન્દ્રનગર વિ. સ્થળેથી (૩ બસો) ૩૦૦ ઉપર ભાવિકો આવી ગયા ાતા. ધ્રાંગધ્રાથી બેંડ મંગાવ્યું હતું. ગેટ,ધજા પતાકાઓ બંધાયા હતા. સામૈયું ૮-૪૦ કલાકે ગામ ા દેરાસરથી શરૂ થયું હતું. ઉત્સાહ ઘણો હતો. વચ્ચે રાસ નૃત્ય વિ. ભાવિકો કરતા હતા. બેંડ ત ા ઢોલવાળાને છૂટે હાથે રૂપિયા વરસાવતા હતા. સામૈયું ૧૧ા કલાકે દેરાસરે આવતાં દર્શન કરીને ાડીમાં ઉતર્યું હતું. ઠેર ઠેર ગહુલીઓ થઈ હતી. ગુરૂપૂજનનો ચઢાવો બોલતાં રૂા. ૭,૭૭૭માં ાહ લખમણ વીરપાળ મારૂ પરિવારે લાભ લીધો પ્રવચન થયું બાદ નીચે ભાવિકો તરફથી ૫૧-૫૧ રૂા.નું સંઘપૂજન થયું. રૂા.૧૦ શાહ લખમણ વીરપાળ મારૂ થાન, રૂા. ૧૦ શાહ જીવરાજ હંસરાજ ભાડલાવાળા રાજકોટ, રૂા. ૪ શાહ પ્રવિણચંદ્ર નાથાલાલ વડોદરા, રૂા. ૧૧ મુંબઈ ઓસ ાળ ગ્રુપ - મુંબઈ, રૂા.૨ શાહ પદમશી વાઘજી, રૂા. ૨ શાહ કાલીદાસ હંસરાજ, રૂા.૨ સંઘવી ખીમજી વીરજી ગુઢકા બાકી રૂા. ૧-૧ શાહ રતિલાલ લક્ષ્મીચંદ સાળંગપુર, શાહ હીરાભાઈ ર ાભાઈ જામનગર, શાહ ધીરજલાલ લલુભાઈ બોટાદ, શાહ કનકભાઈ ચીમનલાલ ખંભાત, શા ક જીતુભાઈ રમણલાલ ગાંધી-ખંભાત, શાહ રજનીકાંતભાઈ તથા જયંતભાઈ મલાડ, શાહ અમુલખભાઈ હરજીવન વીંછીયા, શાહ હંસરાજ દેપાર, શાહ હીરજી કાનજી નગરીયા, શા હ સુરેશભાઈ કોટસવાળા સુરેન્દ્રનગર.

પ્રવચ ા બાદ બોટાદ ગ્રુપ તરફથી લાડુની પ્રભાવના થઈ હતી. ૫૫૦ ની સંખ્યા થઈ હતી. બાદ મહેમાન ા તથા ઓસવાળ જૈન સમાજનું સંઘ જમણ થયું હતું. જેમાં પણ ૫૦૦ જેટલી સંખ્યા થઈ હતી. દ રોજ બપોરે ૩ થી ૪ દરમ્યાન પ્રવચન ચાલે છે.

શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના કરવા પધારવા માટે

ભાવભર્યું આમંત્રણ

શુભસ્થળ :- તરણેતર રોડ, થાનગઢ (જી. સુરેન્દ્રનગર)

સુજ્ઞ ધર્મબન્ધુ

પ્રણામ સાથ જણાવતાં આનંદ થાય છે કે અમારા શ્રી સંઘના પરમ પુણ્યોદયે હાલાર દેશોદ્ધારક **પૂ.આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી** મ.પૂ. પ્રવર્તક મુ. **શ્રી યોગીન્દ્ર વિજયજી** મ. આદિઠાણા-૫ તથા પ્રવર્તિની પૂ.સા. **શ્રી સુરેન્દ્રપ્રભાશ્રી** જી મા ઠા.૬ ચાતુર્માસ પધાર્યા છે. ચાતુર્માસ પ્રવેશ ભવ્ય રીતે થયો હતો બહાર ગામથી પણ ૩૦૦) ઉપર ભાવિકો પધાર્યા હતા. સૂત્ર વાંચન વિ. પ્રવચનનો લાભ સારો લેવાય છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ થતાં અત્રેના નિવાસી ઓસવાળ ભાઈઓના સગા સંબંધી વગેરે ઘણા ભાવિકોને પર્યુષણ કરવા પધારવાની ભાવના છે અને તેમને તથા બીજા પણ ભાવિકોને અત્રે પર્યુષણ પર્વની ભવ્ય આરાધના કરવા પધારવા અમારા શ્રી સંઘ તરફથી ભાવભર્યું આમંત્રણ છે. આરાધના માટે શ્રાવણ વદ ૦ રવિવાર તા.૫-૯-૯૯ના આવી જશો જેથી આદિથી અંત સુધી બરાબર આરાધના થઈ શકે.

પર્યુષણ મહાપર્વની આરાધનાનો કાર્યક્રમ

અંતર પારણા	:	શ્રાવણ વદ ૧૦ રવિવાર તા.૫-૯-૯૯
પર્યુષણ મહાપર્વ પ્રારંભ	:	શ્રાવણ વદ ૧૧ સોમવાર તા.૬-૯-૯૯
કલ્પધર	:	શ્રાવણ વદ ૦)) ગુરૂવાર તા.૯-૯-૯૯
શ્રી મહાવીર જન્મ વાંચન	:	ભાદરવા સુદ ૧ શુક્રવાર તા.૧૦-૯-૯૯
શ્રી સંવત્સરી મહાપર્વ	:	ભાદરવા સુદ ૪ સોમવાર તા.૧૩-૯-૯૯
પર્યુષણના પારણા	:	ભાદરવા સુદ પહેલી **પાંચમ** મંગળવાર તા.૧૪-૯-૯૯

તમારા મિત્રમંડળમાં આરાધક ભાવિકોને પણ પધારવા પ્રેરણા કરશો અને વધુમાં વધુ આરાધકો પર્યુષણ મહાપર્વની આરાધના કરવા પધારે તેવો અમારો મનોરથ સફળ કરશો. ચંસઠ પહોરી પોષધની પણ વ્યવસ્થા છે. પોષધ, પ્રતિક્રમણ, પૂજાના ઉપકરણો સાથે લાવવા વિનંતી છે

થાન સંપર્ક માટે :
રામજીભાઈ લખમણ મારૂ
ફોન : (S.T.D. ૦૨૭૫૧) ઓ. ૨૦૩૧૪ ઘર : ૨૦૮૨૮

લિ. **શ્રી હાલારી વિશા ઓસવાળ જૈન સંઘ**
(થાનગઢ) ના સભ્યો
પ્રણામ

જામનગર ૪૫, દિગ્વિજય પ્લોટમાં

પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ.ની દીક્ષાને ૪૫ વર્ષ પૂર્ણ થતાં

ભવ્ય મહોત્સવ

હાલા. દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પરિચયથી વિરાગી બનીને સને ૧૯૫૪ વિ.સં. ૨૦૧૦માં જેઠ સુદ-૧૧ના વેરાવળ મુકામે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.એ દીક્ષા લીધી હતી તેમની દીક્ષાને ૪૫ વર્ષ પૂર્ણ થતાં અને ૪૬માં વર્ષમાં પ્રવેશ થતાં ૪૫, દિગ્વિજય પ્લોટમાં શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન વિ. પંચાહ્નિકા મહોત્સવ યોજાયો હતો. દ્વિ. જેઠ સુદ ૧૦ ના ઓસવાળ કોલોનીથી બેંડ સાથે સામૈયું થયું હતું. પૂ. પં. શ્રી જિનસેન વિ.મ. તથા પૂ.આચાર્યદેવશ્રીનું મંગલ પ્રવચન થયું હતું. દ્વિ. જેઠ સુદ ૧૧ના સવારમાં પૂ. પં.શ્રી વજ્રસેન વિજયજી મ. આદિ પધાર્યા હતાં. પ્રવચનમાં પૂ. પં. શ્રી વજ્રસેન વિ. મ. તથા પૂ.મુ. શ્રી હેમપ્રભ વિ.મ., પૂ. આચાર્યદેવશ્રીના દીક્ષા અંગે પ્રવચનો થયા હતા. તથા ભાઈશ્રી શાંતિલાલ ઝીણાભાઈએ પૂ. શ્રીએ ભાગીને દીક્ષા સ્વીકારી વિ. વર્ણન કર્યું હતું. ગુરુપૂજનનો ચડાવો બોલતાં ૫ હજાર મણમાં શાહ રામજી પરબત ગુઢકા હ. નેમચંદભાઈએ લાભ લીધો અને સોનાની ગીનીઓથી અને ચાંદીની લગડીઓથી ગુરુપૂજન કર્યું હતું. પ્રવચન બાદ નીચેના ભાવિકો તરફથી ૫૪-૫૪ રૂા.નું સંઘ પૂજન થયું હતું. કાર્યકર્તાઓ ૪૫ રૂા.નું થાય તેમ વિચારતા હતા. સંઘ પૂજનનો લાભ લેનાર ૫-૫ રૂા. વાળા (૧) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુળચંદ-લંડન (૨) શ્રી રમેશચંદ્ર કાનજી વજા માલદે-નોંબાસા (૩) રતિલાલ વીરચંદ ગોસર (૪) વેલજી દેપાર હરણયા (૫) સોજપાર કચરા પરિવાર (૬) ગોવિંદજી સામત માલદે (૭) રામજી પરબત ગુઢકા પછી ૨ રૂા.વાળા જયંતિલાલ નેમચંદ ખીમજી તથા કાનજી જેઠાભાઈ નાગડા ત્યાર પછી બાકી ૧-૧ રૂા.વાળા નામો કુંવરબેન વાઘજી સુરા ગુઢકા હ. પુષ્પાબેન નેમચંદ, રંભાબેન મગનલાલ બાદ શ્રી શ્રેણિક અતુલ હરખચંદ ચંદરીયા, શ્રી પુલીનકુમાર રતિલાલ, શ્રીમતી જીવીબેન નેમચંદ પારેખ, શ્રીમતી પાનીબેન દેવચંદ લખમશી, શ્રી હીરાભાઈ હધાભાઈ એક સદ્‌ગૃહસ્થ શ્રી ઝવેરચંદ લાલાભાઈ, શ્રીમતી કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજ, શ્રીમતી મોતીબેન જેઠાલાલ ચંદરીયા, શ્રી રાયશી ભારમલ ગુઢકા, શ્રીમતી શાંતાબેન ઝવેરચંદ દેવરાજ શાહ, શ્રી દેવશી રાયમલ સાવલા.

બપોરે ૧૨-૩૯ કલાકે સ્વ. નેમચંદ વેલજીના શ્રેયાર્થે પૂ.સા.શ્રી અનંતપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સુવર્ણ પ્રભાશ્રીજી મ., પૂ.સા. શ્રી સ્વયં પ્રભાશ્રીજી મ. ની ૪૦મી દીક્ષા તિથિ પ્રવેશ નિમિત્તે શ્રીમતી કંચનબેન નેમચંદ વેલજી પરિવાર રાસંગપરવાળા હાલ ન્યેરી (કેન્યા) તરફથી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ઠાઠથી ભણાયું જીવદયાની ટીપ સારી થઈ દ્વિ.જેઠ સુદ ૧૨ નવપદજી ઓળીના આરાધકો તરફથી શ્રી નવપદજી પૂજા ભણાવાઈ દ્વિ. જેઠ સુદ ૧૩ શાહ રાયશી દેવશી ગલૈયા પરિવાર તરફથી શ્રી મહાવીર સ્વામી પંચ કલ્યાણક પૂજા ભણાવાઈ દ્વિ. જેઠ સુદ ૧૪ રવિવારે સવારે સ્વ. સુરેશચંદ્ર રાયચંદ વોરાના શ્રેયાર્થે તથા સ્વ. રાયચંદ પદમશી વોરા હા. શ્રીમતી મણીબેન રાયચંદ, શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર વોરા તરફથી કુંભ સ્થાપન આદિ તથા નવગ્રહ પૂજન આદિ સવારે ૧૦ વાગ્યે શરૂ કરી એક વાગ્યે પૂર્ણ થયા હતા બપોરે શાહ રાણીબેન ખીમજી વીરજી ગુઢકા પરિવાર તરફથી ભાવના થઈ કે પૂ. જિનેન્દ્ર સૂ.મ.ની તબીયત સારી થઈ તો પૂજા ભણાવવી અને ગુરૂપૂજનનો ચડાવો લેવો ચડાવો તો પહેલાં થઈ ગયો હતો. તેથી આજે અંતરાય કર્મ નિવારણ પૂજા ભણાવો સાધારણ તિથિઓ, કાયમી આંગી તથા ૫ હજાર દીક્ષા તિથિ નિમિત્તે સર્વસાધારણ ફંડમાં લખાવ્યા તેમ શ્રી વિમલનાથ સ્નાત્ર મહિલામંડળે પણ ૫ હજાર દીક્ષા તિથિ નિમિત્તે લખાવ્યાં. શાહ ખીમજી વીરજી પરિવાર તરફથી દ્વિ. જેઠ સુદ-૧૫ સવારે દીક્ષા તિથિ આ. શ્રીના પ્રવચન બાદ ૫-૫ રૂા.નું સંઘપૂજન કર્યું.

બપોરે ૧૨-૩૯ કલાકે સ્વ. સુરેશચંદ્ર રાયચંદ વોરાના શ્રેયાર્થે સ્વ.શ્રી રાયચંદ પદમશી તરફથી હ. શ્રીમતી મણિબેન રાયચંદ, શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર વોરા તરફથી ઠાઠથી શાંતિસ્નાત્ર ભણાયું. પ્રમીલાબેનની ટુંકા સમયની તૈયારીમાં તેમના ભાઈ બહેનો પરિ. પરિવાર સાથે દ્વિ. જેઠ સુદ ૧૩ના રાયશીભાઈની પૂજા પહેલા સારા પ્રમાણમાં આવી ગયા હતાં. અને જીવદયાની ટીપ સારી થઈ. શ્રીમતી પ્રમીલાબેને સ્વ. સુરેશચંદ્ર રાયચંદ વોરાના શ્રેયાર્થે સ્વ. રાયચંદ પદમશી હ. શ્રીમતી મણિબેન રાયચંદ, શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર તરફથી ૧૧ હજાર સર્વ સાધારણ ફંડમાં લખાવી લાભ લીધો હતો. વિધિ માટે શ્રી સુરેશચંદ્ર હીરાલાલ શાહ તથા પૂજા ભક્તિ માટે દરરોજ શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે રંગ જમાવ્યો હતો.

''સંઘ'' ની પ્રગતિની પગથાર

ભારતના હાલારી વીસા ઓશવાળ જૈનોની માતૃસંસ્થા 'ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ'ની સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થયા ભારતમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરનાર કેન્યા સ્થિત 'ઓશવાળ એજ્યુકેશન એન્ડ રિલીફ બોર્ડ ૬૦ વર્ષ પહેલા આ પુર્વારંભ કરી આ વટવૃક્ષના બીજ રોપ્યા વેશ્વભરના હાલારીઓએ તેની માવજત કરી આ બીજને વટવૃક્ષમાં પલટાવ્યું, બાગમાંથી ઉપવન બનાવ્યું. આ સંસ્થામાં ભારતભરના હાલારીઓને ઓતપ્રોત કરવા 'સંઘે' લાગો તથા લવાજમની સાંકળ ઉભી કરી હવે વર્તમાનકાળમાં ચુલા દીઠ-ઘર દીઠ વાર્ષિક અને આજીવન રૂા ૧૦૦ અને રૂા.૧૦૦૦ની રકમ નક્કી કરી નાનાથી મોટા સૌને આ સંસ્થામાં યોગદાન આપવાની અનેરી તક આપી છે. જ્ઞાતિજનો પ્રસંગોપાત ઔદાર્યપૂર્ણ સહકાર આપી સંઘને ખુશીભેટ, વિવિધ યોજનાઓમાં દાન, તકતી, તિથી યોજનામાં સહકાર આપી પોતાના હૃદયના ભાવો વ્યકત કરે છે.

આ જ રીતે સંઘના લવાજમની યોજનામાં આજીવન લવાજમ ભરી દઈ સંઘને સહકાર આપવામાં પ્રતિનિધિઓ લોક જાગૃતિ લાવે તે પણ જરૂરી છે. લોકોએ પણ જે સહકાર આપ્યો છે તે અવર્ણનીય છે. આજીવન લવાજમ દ્વારા સંઘની યોજનામાં હરહંમેશની માફક સૌ સહકાર આપે તે આજની ઘડીની આવશ્યકતા છે.

સ્કોલરશીપ : ધોરણ ૧૧-૧૨ કે તેથી ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૧૫૦૦ થી રૂા. ૧૦,૦૦૦ ના સ્કોલરશીપ હાલમાં અપાય છે. લોકો તરફથી આ સ્કોલરશીપનો ઉદારતાથી લાભ લેવાય છે. હજી પણ દેશવિદેશના ભાઈઓ હાલારીઓને શૈક્ષણિક પ્રગતિ માટે સહકાર આપવા આતુર છે. જરૂરીયાતવાળા લોકો વર્તમાનમાં વધતા જતા શૈક્ષણિક ખર્ચને પહોંચી વળવા સંઘની મુંબઈ - જામનગર ઓફિસમાંથી ફોર્મ મેળવી અરજી કરી શકે છે.

હાલારી વિદ્યાર્થીઓ નાંણાકીય જરૂરીયાતને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે સૌ શિક્ષણપ્રેમીઓએ પોતપોતાના આજુબાજુ પરિક્ષણ કરી આ જવાબદારી ઉઠાવવાની છે. શિક્ષણના મુખ્ય ધ્યેયને વરેલી 'સંઘ' જેવી સંસ્થા આ ભગીરથ કાર્યમાં સફળતાના શિખરો સર કરી રહી છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

સંઘની છાત્રાલય બોર્ડીંગ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી ચુકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન ડીસેમ્બર ૧૯૯૯માં જામનગર મુકામે મળવાનું છે. ઘણા વર્ષોથી જેના માટે આયોજન થતું હતું પણ સંજોગોવસાત તેનું અમલીકરણ શકય ન બન્યું. તે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનની સફળતા ઈચ્છીએ છીએ.

ભાવિ પેઢીને ઉપયોગી અને પ્રેરણા રૂપ આ સામાજિક મિલનો સામાજિક સાંકળને મજબુત બનાવી હાલારી અસ્મિતાને યશકલગી આપે તેવી અભ્યર્થના.

શંખેશ્વર હાલારી તીર્થ પ્રતિષ્ઠા વિશેષાંક પૂર્તિ

આ અંકમાં દરેક દાતાઓ રૂમ આદિની તકતીઓ, ભોજન શાળાની તિથેઓ વિ. દાતાઓના ફોટા મંગાવેલા હતાં જે આવ્યા તે છપાયા છે. હજી કોઈ કોઈ મોકલી રહ્યા છે તો તા. ૧-૯-૯૯ સુધીમાં જેમણે મોકલવા હોય તે મોકલી આપશો. જેથી તા. ૧-૧૦-૯૯ ના મ. શા. માં છાપી શકાશે. લાગતા વળગતાને પણ ખબર આપવા વિનંતી છે. યોજના એક પેઈજનાં રૂા. ૪૦૦૦/- છે અને માત્ર નીચે સૌજન્ય લખવાના એક પેઈજમાં રૂા. બે હજાર છે. તો જેમણે તેમાં પણ લાભ લેવો હોય તે વિગત સાથે જણાવશો.

(૧) **શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળા**
પંચાસર રોડ, વીરમગામ. (ગુજરાત)

(૨) **શ્રી શ્રુતજ્ઞાન ભવન**
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર.(સૌરાષ્ટ્ર)

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિને નમઃ
પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામિને નમઃ

શ્રી હા. વિ. ઓશવાળ મહાજનવાડી-દાદર મધ્યે પર્યુષણ મહાપર્વની આરાધનાના અવસરે પધારવા ભાવભર્યું આમંત્રણ

શુભ નિશ્રા

સિધ્ધાંત મહોદધિ પ. પૂ. આ દેવ શ્રીમદ્ વિજય પ્રેમ-હીર-લલિત-રાજ-વીર-શેખર સૂરીશ્વરજી મ. ના. શિષ્ય પૂ. મુનિરાજ શ્રી સુમતિ શેખર વિજયજી મ. આદિ

● આઠ દિવસીય કાર્યક્રમ ●

વિ.સં. ૨૦૫૫ ના શ્રાવણ વદ ૧૧ સોમવાર તા. ૬-૯-૯૯ થી પર્યુષણા પ્રારંભ-ભાદરવા સુદ ૪ સોમવાર તા. ૧૩-૯-૯૯ સંવત્સરી પર્વ.

કાર્યક્રમ : દરરોજ સવારનાં ૯ થી ૧૦ પ્રવચન, સાંજના ૭ વાગ્યે પ્રતિક્રમણ તેમજ કલ્પસૂત્ર તથા બારસા સૂત્રનું વાંચન પણ કરવામાં આવશે. તા.૧૩-૯-૯૯ના બપોરના ૩ વાગ્યે સાંવત્સરીક પ્રતિક્રમણ થશે. દરેક ભાઈ બહેનોએ સમયસર પધારવા વિનંતી.

મુંબઈ તથા થાણા જીલ્લામાં વસતા સમસ્ત હા. વી. ઓ. સમાજનાં ભાઈ-બહેનો, બાળકોને આરાધનામાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ છે. જેમને અઠ્ઠાઈ કે તેથી વધુ તપશ્ચર્યા તેમજ પૌષધમાં રહેવું હોય તેમને અહિં રહેવા માટે સગવડ આપવામાં આવશે.

નોંધ : જેમને ઉત્સાવનાં કરવી હોય તેમણે દાદર મહાજનવાડીમાં સંપર્ક સાધવો.

લી. નવપદ આયંબિલ આરાધક સમિતિ, મુંબઈ

પોપટ અને શિકારી

■ શૈલેષ રાયચુરા

એક સુંદર મઝાનું વન હતું. તે વનમાં આવેલ એક વિશાળ આંબાનાં વૃક્ષ ઉપર અસંખ્ય પ્રમાણમાં રંગ-બેરંગી પોપટ રહેતાં હતાં. ઉપરાંત તે આંબાનાં વૃક્ષ ઉપર મબલખ પ્રમાણમાં કેરીઓનાં ઝૂમખે ઝૂમખાં લટકી રહ્યા હતાં.

સાંજ પડતાં જ તે આંબાનાં વૃક્ષ ઉપરનાં બધા રંગ-બેરંગી પોપટ કેરીઓનાં ઝૂમખાં ઉપરની મધુર-મીઠી કેરીઓ ખાતાં ખાતાં હિંચકા ખાવાનો આનંદ ઉઠાવતાં હતાં. અને સાથોસાથ મધુર ગીતો પણ ગાતાં ત્યારે ત્યાં આગળનું પ્રાકૃતિક વાતાવરણ અત્યંત ખીલી ઉઠ્યું હતા વૃક્ષો પણ ડોલવાં લાગી જતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી અને આહ્લાદક સમય હતો. મધુર-મીઠી હવા લહેરાઈ રહી હતી. આંબાનાં વૃક્ષ ઉપરનાં બધાં રંગ-બેરંગી પોપટ કેરીઓનાં ઝૂમખાં ઉપર બેસી હિંચકા ખાઈ રહ્યાં હતાં. સાથે સોનેરી સુંદર મઝાના ગીતો પણ ગાઈ રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક લુચ્ચો અને સ્વાર્થી શિકારી એક હાથમાં જાળ અને બીજા હાથમાં એક મોટું પીંજરૂ લઈને શિકાર કરવાના હેતુસર આ આંબાનાં વૃક્ષ તરફ આવી ચડ્યો. અને સહસા તેણે આંબાનાં વૃક્ષ ઉપર નજર કરી તો આટલાં બધાં મનમોહક સુંદર મઝાનાં અને રુષ્ટપુષ્ટ એવા રંગ-બેરંગી પોપટને જોઈ તે ફાટી આંખે તેમને તાકી જ રહ્યો. બાદમાં તે અનેરા આનંદ સાથે અને સ્વાર્થી વિચાર કરતો જાળને ખોલી આંબાનાં વૃક્ષ ઉપર ચડવાં લાગ્યો.

આ તરફ નિર્દોષ, ભલાભોળાં તેમજ પ્રકૃતિ પ્રેમી એવાં રંગ-બેરંગી પોપટ હિંચકા ખાતાં ખાતાં આનંદનો આલાપ છોડી રહ્યાં હતાં.

રંગ-બેરંગી પોપટોએ કશી કલ્પનાઓ પણ કરેલ નહીં કે કોઈ એક સ્વાર્થી અને લુચ્ચો શિકારી તેમની સુખદ આઝાદીનો કરૂણ અંત આણશે ? અચાનક શિકારીની જાળ તેમનાં ઉપર આવી પડતાં તેઓ બધાં ગભરાઈ ઉઠ્યા. લુચ્ચો શિકારી અટ્ટહાસ્ય કરતો જાળને લઈ વૃક્ષ ઉપરથી નીચે ઉતરી આવ્યો. બધાં રંગ-બેરંગી પોપટ ફફડાટ અનુભવી રહ્યાં હતાં. અને ડરનાં માર્યા ગભરાઈ ઉઠ્યાં. ત્યારબાદ બધાં રંગ-બેરંગી પોપટઓએ તે શિકારીને વિનંતી કરી કે તે તેમને છોડી દે, મુક્ત કરી દે, કે જતો કરે તેવો તે શિકારી નહોતો ! તે શિકારી તો સ્વાર્થી, લુચ્ચો અને લોભિયો હતો ! ત્યારબાદ તે શિકારીએ જાળમાંથી એકએક પોપટને કાઢી પોતાની પાસે રહેલ પાંજરામાં તેમને પુરવા લાગ્યો. આમ બધાં પોપટ પાંજરામાં પુરાઈ ગયાં બાદ તેણે પાંજરાનો દરવાજો બંધ કરી દીધો અને પછી પાંજરાને બંધ કરી દીધો અને પછી પાંજરાને ઉપાડીને તે લઈ ચાલ્યો અને મનોમન તે અનેક રંગીન કલ્પનાઓ કરવાં લાગ્યો કે વાહ...? આજે તો આટલાં બધ રંગ-બેરંગી પોપટને શહેર જઈ વેંચી નાંખીશ અને બદલામાં મને મબલખ નાણાં મળશે ? આમ, તે સ્વાર્થી શિકારી કલ્પનાઓ કરતો જઈ રહ્યો હતો.

અચાનક સામે નદી આવતાં તે શિકારીએ પોપટનાં પાંજરાને કાંઠા ઉપર મૂકી, તે પાણી પીવાં નદીમાં ઉતર્યો. આ બાજુ પાંજરામાં રહેલ બધાં રંગ-બેરંગી પોપટ વિચારવાં લાગ્યાં કે હવે કરવું શું ? શું આજે આપણી મુક્ત આઝાદીનો કરૂણ અંત આવી જશે ? અચાનક આગેવાન ભોલુ પોપટ આગળ આવ્યો અને પછી બોલ્યો મિત્રો, તમો નિરાશ અને નાસી પાસ થશો નહીં ? જો તમો બધાં હિંમત હારી જશો તો તમને આઝાદી ક્યારેય મળશે નહીં સમજ્યાં ?

બીજું મારી વાત તમો ધ્યાનથી સાંભળો. જુઓ આ શિકારી નદીએથી પાણી પીને પાછો આવે તે પહેલાંજ આપણે બધાં એક સાથે જ આ પાંજરાને લઈ ઉડી જઈએ. જેથી તે શિકારી હાથ ઘસતો રહી જાય અને આપણે મુક્તિ મેળવી શકીએ બરોબર ? બધાં પોપટે હકારમાં 'હા' ભણી અને બાદમાં ભોલુ પોપટની આગેવાની હેઠળ બધાં રંગ-બેરંગી પોપટ તૈયાર થઈ ગયાં. લુચ્ચો શિકારી મધ-મીઠું પાણી પીને પોપટનાં પાંજરા તરફ જવાં લાગ્યો. તે સાથે જ પાંજરામાં રહેલ ભોલુ પોપટે એક....બે....અને ત્રણ બોલતાં જ બધાં પોપટોએ એક સામટું જોર કરી આકાશ તરફ પાંજરા સાથે જ ઉડવા લાગ્યા. અચાનક આ રીતે પાંજરા સાથે બધાં પોપટને આકાશ તરફ ઉડતાં જોઈ લુચ્ચો શિકારી ફાંટી આંખે જોઈ રહ્યો. ત્યારબાદ તે પણ બધાં પોપટને પકડવાં તેમની પાછળ દોડ્યો પરંતુ ત્યાં સુધીમાં તો બધાં પોપટ દૂર દૂર ચાલ્યાં ગયાં જ્યારે લુચ્ચો શિકારી પોતાનું સમતોલપણું જાળવી ન શકતાં તે એક ખાડામાં ઉંધા માથે જઈ પડ્યો. આથી તેનાં માથામાં તેમજ શરીર ઉપર ખૂબજ વાગ્યું. બાદમાં તેને આ બધાં રંગ-બેરંગી પોપટને પકડવા બદલ ભારે પસ્તાવો પણ થવાં લાગ્યો પછી તેણે મનોમન નિર્ણય કર્યો કે હવે પછી આ શિકારવૃત્તિની પ્રવૃત્તિ તે હંમેશને માટે છોડી દીશે

આ તરફ બધાં રંગ-બેરંગી પોપટ એક ટેકરી ઉપર આવ્યાં. ત્યારબાદ વિચારવાં લાગ્યાં કે પાંજરામાંથી બહાર નીકળવું કઈ રીતે ? ભોલુ પોપટ બોલ્યો મિત્રો આપણાંમાંથી સૌથી નાનો અને પાતળો પોપટ કોણ છે ? એક નાનું પોપટનું બચ્ચું આગળ આવ્યું અને બોલ્યું હું સૌથી નાનો છું ? ભોલુ પોપટ બોલ્યો. તું તારા શ્વાસને એકદમ ઉંચો કરી શરીરને સંકોચી આ પીંજરાનાં નાનાં સળીયામાંથી બહાર નીકળી જા. પછી બહાર નીકળી આ પાંજરાનો દરવાજો ખોલી નાંખજે બરોબર !

તે મુજબ નાનાં પોપટે પોતાનાં શ્વાસને ઉંચો લીધો અને શરીરને સંકોચી ધીરે રહી તે પાંજરાનાં સળીયામાંથી બહાર નીકળી ગયો અને બાદમાં તેણે પાંજરાનો દરવાજો ખોલી નાંખ્યો. તે સાથે જ બધાં રંગ-બેરંગી પોપટ બહાર નીકળી આવ્યા. ત્યારબાદ તેઓ બધાં મુક્ત ગગનમાં વિહાર કરવાં ઉપાડી ગયાં.

આ જોઈ પ્રકૃતિપણ આનંદિત થઈ ઉઠી. મુક્ત ખૂલ્લું ગગન પણ રંગ-બેરંગી પોપટથી છવાઈ ગયું.

(ફૂલવાડી)

સમાચાર સાર

સૂરિરામ સમુદાયના પૂ. સાધુ-ભગવંતોના ચાતુર્માસની સૂચિ

જૈનમ્ જયતિ શાસનમ્

ભૂધરભાઇ વોરા
સંપર્ક
દર્શનમ્' (નિવાસ) ૭, પ્રકાર સોસાયટી,
જામનગર.ફોન : ૫૫૯૩૯ ૩, ૬૭૬૫૧૯
ફેકસ : (૦૨૮૮) ૬ ૭૫૯૯૯

દિવંગત ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના લગભગ ૪૫૦થી વધુ પૂ. સાધુ-ભગવંતોએ ચાલુ વર્ષે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પં. બંગાળ આદિના ૬૭ શહેરો - નગરોમાં ચાતુર્માસે બીરાજી રહ્યા છે. જેમના નામ - સરનામાની સૂચિ નીચે મુજબ છે.

વર્તમાન પ. પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી હેમભુષણ સૂરીશ્વરજી મહારાજ વિશાળ સમુદાય સાથે પૂના કેમ્પમાં બીરાજમાન છે.

(૧) સુદીર્ઘસંયમી પૂ. આ. શ્રી સુદર્શનસૂરીશ્વજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી પુણ્યકીર્તિવિજયજી મ., આ. શ્રી વિજયદાન સૂરીશ્વરજી, જૈન જ્ઞાન મંદિર, કાળુપુર રોડ, ટંકશાળ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૯ (ઠા. ૯)

(૨) પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજ, શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન મંદિર, ૬૪૭-સાચાપીર શેરી, જૈન મંદિર રોડ, પૂના (કેમ્પ) - ૪૧૧ ૦૧૧ (ઠા. ૧૩)

(૩) પૂ. આ. શ્રી વિ. મિત્રાનંદ સૂ. મ., દશાપોરવાડ સોસાયટી, બં. નં. ૨૩, પાલડી બસ સ્ટેન્ડ પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭ (ઠા. ૧૪)

(૪) પૂ. આ. શ્રી વિ. રવિપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી વિ. નરચંદ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. અજીતસેન સૂ. મ., મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા,તળેટી રોડ,પાલીતાણા- ૩૬૪ ૨૭૦ (સૌરાષ્ટ્ર) (ઠા.૧૩)

(૫) પૂ. આ. શ્રી વિ. વિચક્ષણ સૂ. મ., શેઠ મોતીશા, લાલ બાગ, જૈન ઉપાશ્રય, ૨૨૨-પાંજરાપોળ કમ્પાઉન્ડ, ભુલેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૪ (ઠા. ૪)

(૬) પૂ. આ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ., શ્રી ગીરૂઆ પાર્શ્વનાથ જૈન મંદિર, શરાફ બજાર, જૈન ઉપાશ્રય, મુ. પો. અમલનેર - ૪૨૫ ૪૦૯ (ઠા. ૫)

(૭) પૂ. આ શ્રી વિ. લલીતશેખર સૂ.મ., શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન મંદિર, ગોપાલનગર, કલ્યાણ રોડ, જિ. થાણે, ભીવંડી - ૪૨૧ ૩૦૨ (ઠા. ૩)

(૮) પૂ. અ.. શ્રી વિ. રાજશેખર સૂ. મ., શ્રીપાલનગર દેરાસર ઉપાશ્રય, ટ્રસ્ટ-૧૨, જમનાદાસ મહેતા માર્ગ, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦ ૦૦૬ (ઠા.૪)

(૯) પૂ. આ. શ્રી વિ. વીરશેખર સૂ. મ., જૈન ઉપાશ્રય રામનગર સેવારામ લલવાણી રોડ, એસ. વેમ.પી.આર. સ્કુલ પાછળ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૦૬ (ઠા.૩)

(૧૦) પૂ. આ શ્રી વિજય જયકુંજર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. મુક્તિપ્રભ સૂ. મ., પૂ. મુનિરાજશ્રી અક્ષર્યાવિજયજી મ., શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વે. મૂ. મંદિર ટ્રસ્ટ, બેન્ક ઓફ બરોડા સામે, ગેઈન રોડ, ઈચલકરંજી (માળ ભાગ) - ૪૧૬૯૯૪. જિ. કોલ્હાપુર (મહારાષ્ટ્ર) (ઠા. ૭)

(૧૧) પૂ. અ.. શ્રી વિ. પૂર્ણચંદ્ર સૂ. મ., પુખરાજ રાયચંદ આરાધના ભવન, સત્યનારાયણ સોસાયટી, જૈન મંદિર સામે, રામબાગ રોડ, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૪ (ઠા. ૧૦)

(૧૨) પૂ. આ. શ્રી વિ. મહાબલ સૂ. મ., પૂ. આ. શ્રી વિ. પૂણ્યપાલ સૂ. મ., તપગચ્છ ઉદય, કલ્યાણ શ્વે. મૂ. ટ્રસ્ટ, શ્રી મહાવીર સ્વામી જૈન મંદિર, ચંદ્રાવરકર લેન, મ્યુ. ગાર્ડન પાસે, નેનહર એપાર્ટમેન્ટ પાસે, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૯૨ (ઠા. ૮)

(૧૩) પૂ. આ. શ્રી વિ. ચંદ્રોદય સૂ. મ., પૂ. આ. શ્રી વિ. કનકશેખર સૂ.મ., રત્નપુરી, ગૌશાળા લેન, દફ્તરી રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૪ (ઠા.૩)

(૧૪) પૂ. આ. શ્રી અમરગુપ્ત સૂ. મ., પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ., શ્રીમતી લલીતાબેન લલ્લુભાઈ ઝવેરી પૌષધ શાળા જૈન મંદિર, છાપરીયા શેરી, મહીધરપુરા, સુરત-૩૯૪ ૦૦૩ (ઠા. ૬)

(૧૫) પૂ. આ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ., શ્રી આદિનાથ સ્વામી જૈન મંદિર, જૈન ઉપાશ્રય, આદિનાથ ચોક, કાશીપુરા, બોરસદ-૩૮૮ ૫૪૦ (ઠા. ૩)

(૧૬) પૂ. આ. શ્રી વિ. નરવાહન સૂ.મ., કુમુદચંદ્ર ભીખાલાલ, ૭૫-અ, ઉર્મિલ સોસાયટી, પુષ્પક, બી.પી.સી. રોડ, હવેલીની સામે, વડોદરા-૩૯૦ ૦૦૫. (ઠા. ૨)

(૧૭) પૂ. અ.. શ્રી વિ. ગુણયશ સૂ. મ., પૂ. આ. શ્રી કીર્તિયશ સૂ. મ., ધર્મનગરી, નપુહોલ, વેલબાર્ડ હોલ, તેલંગ રોડ, માટુંગા (સે.રેલ્વે) મુંબઈ - ૧૯ (ઠા. ૧૪)

(૧૮) પૂ. અ.. શ્રી વિ. શ્રેયાંસપ્રભ સૂ. મ., નેમનાથનગર જૈન મંદિર, જૈન ઉપાશ્રય, એસ. ટી. સ્ટેન્ડ પાછળ, નેમનાથનગર, નવાડીસા-૩૮૫ ૫૩૪ (બનાસકાંઠા) (ઠા. ૫)

(૧૯) પૂ. આ. શ્રી વિ. મલ્લિસેન સૂ. મ., શેઠ હેમાભાઈનો વંડો, ઉપરકોટ ધર્મશાળા, જુનાગઢ-૩૬૨ ૦૦૧. (સૌરાષ્ટ્ર) (ઠા. ૪)

(૨૦) પૂ. ઉપાધ્યાયજી શ્રીમહાયશવિજયજી ગણિવર, ૬-ચંદન સોસાયટી, હાઈવે, નવા ડીસા-૩૮૫ ૫૩૫ (બનાસકાંઠા) (ઠા. ૨)

(૨૧) પૂ. પં. શ્રીવજસેન વિજયજી ગણિ., જૈન ઉપાશ્રય, ૬-કામદાર કોલોની, પ્રથરાજ રાયશી રોડ, જામનગર (સૌરાષ્ટ્ર) - ૩૬૧ ૦૦૫ (ઠા. ૬)

(૨૨) પૂ. પં. શ્રી જિનસેનવિજયજી ગણિવર, નૂતન આરાધના ભવન, વર્ધમાનનગર, હજૂર પેલેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. (ઠા. ૪)

(૨૩) પૂ. પન્યાસ શ્રી જિનયશ વિ. ગણિવર, ૪૫, દિગ્વિજય પ્લોટ, જૈન ઉપાશ્રય, જામનગર-૩૬૧ ૦૦૫. (સૌરાષ્ટ્ર) (ઠા. ૨)

(૨૪) પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજય ગણિ., પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૨૧ (ઠા. ૭)

(૨૫) પૂ. મુનિરાજ શ્રી જયદર્શન વિજયજી ગણિ., જૈન ગુરૂમંદિર, પગડબધ લેન, દહીપુલ, નાસિક સીટી -૪૨૨ ૦૦૧ (ઠા. ૫)

(૨૬) પૂ. મુનિરાજ શ્રી રવિશેખરવિજયજી ગણિ., નૂતન જૈન ઉપાશ્રય, હીરાચંદનગર, સરદાર બાગ, સ્ટેશન રોડ, બારડોલી. જિ. સુરત (ઠા.૨)

(૨૭) પૂ. મુનિરાજ શ્રી રત્નસેન વિજયજી ગણિ., શ્રી સંભવનાથ જૈન મંદિર પેઢી, રવિવાર પેઠ, કરાડ-૪૧૪ ૧૧૦ (મહારાષ્ટ્ર) (ઠા. ૨)

(૨૮) પૂ. મુ. શ્રી પુણ્યોદય વિજયજી મ. શ્રીમતી સાકુબાઈ જેઠમલજી આરાધન. ભવન, જૈન મંદિર, રેવદંડા (તા. અલીબાગ), જિ. રાયગઢ-૪૦૨ ૨૦૨ (મહારાષ્ટ્ર) (ઠ . ૨)

(૨૯) પૂ. મુનિરાજ શ્રીજયધ્વજ વિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી સુબોધિરત્ન વિજયજી મ., નગીનભાઈ પૌષધશાળા (મંડપ), પંચાસરાજી સામે, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨ ૫ (ઠા. ૨૧)

(૩૦) પૂ. મુનિરાજ શ્રી વિનોદવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી ધર્મરતિ વિજયજી મ., જૈન મંદિર જૈન ઉપાશ્રય, સદાશિવ પેઠે, ગાયઆળી, પૂના-૪૧૧ ૦૩૦ (ઠા. ૨)

(૩૧) પૂ. મુનિરાજ શ્રી હિરણ્યપ્રભવિજયજી મ., આ. શ્રી યશોદેવસૂરીજી આરાધના ભવન, પટણી ગલ્લી, જૈન મંદિર પાસે, યેવલા-૪૨૩ ૪૦૧ (જિ.નાસિક) (ઠા. ૩)

(૩૨) પૂ. મુનિરાજ શ્રી મનોગુપ્ત વિજયજી મ. સારંગપુર, તળીયાની પોળ, જૈન ઉપાશ્રય, અમદાવાદ-૩૮૦ ૦૦૭. (ઠા.)

(૩૩) પૂ. મુનિરાજ શ્રી મિત્રવિજયજી મ., ૨, ઓશવાલ કોલોની, જૈન મંદિર, જૈન ઉપાશ્રય, જામનગર-૩૬૧ ૦૦૫. (સૌરાષ્ટ્ર) (ઠા. ૨)

(૩૪) પૂ. મુનિરાજ શ્રી શાંતિભદ્ર વિજયજી મ., જૈન ઉપાશ્રય, શેફાલી, વાસણા બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭. (ઠા. ૨)

(૩૫) પૂ. મુનિરાજ શ્રી સિદ્ધાચલવિજયજી મ., જૈન ઉપાશ્રય, જૈન મંદિર, જૈન સંઘની પેઢી, મુ. રીનોર -૩૯૧ ૧૧૫ (ઠા. ૨)

(૩૬) પૂ. મુનિરાજ શ્રી દિવ્યાનંદવિજયજી મ., શાંતિભુવન જૈન ઉપાશ્રય, આણંદાબાવાનો ચકલો, શત્રુખાના, દેવબાગ પાસે, જામનગર - ૩૬૧ ૦૦૯. (સૌરાષ્ટ્ર) (ઠા.૨)

(૩૭) પૂ. મુનિરાજ શ્રી મનોબળ વિજયજી મ., જૈન ઉપાશ્રય, વાણીયા શેરી, મુ. બારેજા-૩૮૨ ૪૨૫ (જિ. અમદાવાદ) (ઠા. ૨)

(૩૮) પૂ. મુનિરાજ શ્રી ધ્રુવસેન વિજયજી મ., સંવેગી ઉપાશ્રય, મસ્જીદ ચોક, વઢવાણ શહેર-૩૬૩ ૦૩૦ (ઠા. ૨)

(૩૯) પૂ. મુનિરાજ શ્રી હિતપ્રજ્ઞ વિજયજી મ., ઉદયકલ્યાણ શ્વે. મૂ. ત. ટ્રસ્ટ શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન મંદિર, કમલા વિહાર કોમ્પ્લેકસ, દહાણુકરવાડી, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ (ઠા. ૨)

(૪૦) પૂ. મુનિરાજ શ્રી પ્રશમાકર વિજયજી મ., જૈન મંદિર, જૈન ઉપાશ્રય, મુ. બાવળા (જિ. અમદાવાદ) (ઠા. ૩)

(૪૧) પૂ. મુનિરાજ શ્રી વિશ્વકીર્તિ વિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી દિવ્યકીર્તિ વિજયજી મ., આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯ (ઠા. ૪)

(૪૨) પૂ. મુનિરાજ શ્રી હર્ષવર્ધન વિજયજી મ., લાડ સુવર્ણકાર જૈન ધર્મશાળા, ૮૬૫, શુકવાર પેઠ, પુના -૪૧૧ ૦૦૨ (ઠા.૨)

(૪૩) પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ., આર્યા ચંદન બાળા જૈન ઉપાશ્રય, તિલક રોડ, માલેગાવ - ૪૨૩ ૨૦૩ (મહારાષ્ટ્ર) (ઠા. ૨)

(૪૪) પૂ. મુનિરાજ શ્રી મુક્તિભદ્રવિજયજી મ., જૈન મંદિર, જૈન ઉપાશ્રય, રાજપુર, વાયા નવાડીસા, (બનાસકાંઠા) (ઠા. ૨)

(૪૫) પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન વિજયજી મ., પૂ. મુ. શ્રી પૂણ્યધનવિજયજી મ., પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી, આરાધના ભવન, મે. રમેશચંદ્ર પરમાનંદદાસ શાહ, ગાંધી ચોક, પાદરા - ૩૯૧ ૪૪૦ (ઠા. ૨)

(૪૬) પૂ. મુનિરાજ શ્રી ખ્યાતદર્શન વિજયજી મ., સાગર ગચ્છ જૈન ઉપાશ્રય, રાધનપુર-૩૮૫ ૩૪૦ (ઠા. ૨)

(૪૭) પૂ. મુનિરાજ વિશ્વદર્શન વિજયજી મ., પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભવન, બી. કે. કોઠારી, રીલીજીયસ ટ્રસ્ટ ચંદનબાળા, આર. આર. ઠક્કર માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬ (ઠા.૩)

(૪૮) પૂ. મુનિરાજ શ્રી ચારિત્રપ્રભવિ મ., શ્રીમાળીવાગા સાગર ગચ્છ જૈન ઉપાશ્રય, મુ.પો. ડભોઈ-૩૯૧ ૧૧૦ (જિ. વડોદારા) (ઠા. ૩)

(૪૯) પૂ. મુનિરાજ શ્રી હર્ષતિલક વિ.મ., શ્રી નેમિનાથ જૈન શ્વે. મંદિર, જૈન ઉપાશ્રય, કિલ્લાવે, આષ્ટા, જિ. શિહોર-૪૬૬ ૯૯૬ (ઠા. ૩)

(૫૦) પૂ. મુનિરાજ શ્રી જિનદર્શન વિજયજી મ., શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ, ટીમ્બર માર્કેટ, ભવાની પેઠ, પુના -૪૯૯ ૦૪૨ (ઠા. ૪)

(૫૧) પૂ. મુનિરાજ શ્રી મોક્ષદર્શન વિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી રમ્યદર્શન વિજયજી મ., શ્રી સુવિધિનાથ જૈન મંદિર, ૩૨, યેવરડા - પુણે - ૪૯૯ ૦૦૬ (ઠા. ૨)

(૫૨) પૂ. મુનિરાજ શ્રી પ્રશમાનંદ વિજયજી મ., આરાધના ભવન - ૪, વિઠ્ઠલદાસ રોડ, સેનેટરીયમ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧. (ઠા.૪)

(૫૩) પૂ. મુનિરાજબાહુવિજયજી મહારાજ, દાન - પ્રેમ રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન, પોરવડોકા, વાસ, રતલામ - ૪૫૭ ૦૦૯ (મ.પ્ર.) (ઠા. ૨)

(૫૪) પૂ. મુનિરાજ શ્રીનયભદ્ર વિજયજી મ. જૈન શ્વે. મૂ. સંઘ, જૈન ઉપાશ્રય, ભવાની પેઠ, સાતારા સીટી -૪૧૬ ૦૦૨. (મહારાષ્ટ્ર) (ઠા. ૩)

(૫૫) પૂ. મુનિરાજ શ્રી ભુવનરત્ન વિજયજી મ. આદિઠાણા - ૨, જૈન મંદિર, જૈન ઉપાશ્રય, ગાંધી ચોક, પાંચોરા-૪૨૪ ૨૦૯ (મહારાષ્ટ્ર)

(૫૬) પૂ. મુનિરાજ શ્રીયુગપ્રભવિજયજી મ. સુભાનપુરા - જૈન ઉપાશ્રય, પરિશ્રમ સોસા., સુભાનપુરા - વડોદરા - ૩૯૦ ૦૦૭ (ઠા. ૩)

(૫૭) પૂ. મુનિરાજ શ્રીમોક્ષરતિ વિજયજી મ., પૂ. મુ. શ્રી તત્વદર્શન વિ. મ., તપાગચ્છ અમર જૈનશાળા ટેકરી, શેઠ આર. ડી. શ્રોફ રોડ, ખંભાત - ૩૮૮ ૬૨૦ (ઠા. ૨)

(૫૮) પૂ. મુનિરાજ ધર્મદર્શન વિજયજી મ., જૈન મંદિર-જૈન ઉપાશ્રય, મુ.પો. સતલાસણા, તા. ખેરાલુ. જિ. મહેસાણા ૩૮૪૩૩૦ (ઠા.૨)

(૫૯) પૂ. મુનિરાજ શ્રી આત્મરતિ વિજયજી મ., ડો. અમૃતભાઈ કે. શાહ, શાંતિનગર, અલ્કાપુરી, મુ. વાપી-૩૯૬ ૬૯૧ (ઠા. ૨)

(૬૦) પૂ. મુનિરાજ શ્રી વૈરાગ્યરતિ વિ. મ., ભવાનીપુર, જૈન ટેમ્પલ, ૧૧-એ, હેસ્સમ રોડ, કલકત્તા-૭૦૦ ૦૨૦. (ઠા. ૨)

(૬૧) પૂ. મુનિરાજ શ્રી તત્વરત્ન વિજયજી મ., શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, જૈન ઉપાશ્રય, ધંધુકા-૩૮૨ ૪૬૦ (ઠા.૨)

(૬૨) પૂ. મુનિરાજ શ્રી ભવ્યચંદ્ર વિજયજી મ., શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વે. મુ. મંદિર ટ્રસ્ટ, જૈન ઉપાશ્રય, ૧૩૪૨, લક્ષ્મીપુરી, કોલ્હાપુર - ૪૧૬ ૦૦૨ (મહારાષ્ટ્ર) (ઠા.૨)

(૬૩) પૂ. મુનિરાજ શ્રી હર્ષશેખર વિ.મ., હા. વિ. ઓ. આરાધના ભવન, અજંતા કમ્પાઉન્ડ, ઘામણકર નાકા, ભીવંડી-૪૨૧૩૦૨ જિ. થાણા (ઠા.૨)

(૬૪) પૂ. મુનિરાજ શ્રી ભવ્યવર્ધનવિજયજી મ., ધર્મદાસ શાંતિદાસની પેઢી, જૈન ઉપાશ્રય, સાવરકુંડલા-૩૬૪ ૨૧૫ (સૌરાષ્ટ્ર) (ઠા. ૩)

(૬૫) પૂ. મુનિરાજ શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ., જૈન શ્વે. મૂ. મંદિર, મુ. પો. વડગામ (પેઠ) તા. હાતકણંગલે-૪૧૬ ૧૧૨ જિ. કોલ્હાપુર (ઠા.૨)

(૬૬) પૂ. મુનિરાજ શ્રી અહમપ્રભ વિજયજી મ., રમણલાલ છગનલાલ આરાધના ભવન, જૈન બોર્ડીંગ પાસે, કે. જી. હોસ્પિટલ પાસે, સાઢકુંવા, નવસારી-૩૯૬ ૪૪૫ (ઠા. ૨)

(૬૭) પૂ. મુનિરાજ શ્રી હિતરુચિ વિજયજી મ. ગીરધરનગર જૈન ઉપાશ્રય, શાહી બાગ, ગીરધરનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૪. (ઠા. ૪)

(૬૮) પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજનો સમુદાય પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., ઠે. જૈન ઉપાશ્રય, તરણેતર રોડ, થાનગઢ. જિ. સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર) (ઠા. ૫)

(૬૯) પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજનો સમુદાય પૂ. આ. શ્રી વિ. સોમસુંદર સુ. મ., ઠે. દાન, પ્રેમ, રામચંદ્ર કનકચંદ્ર સૂરીજી જૈન આરાધના ભવન, રંગસાગર પાસે, પી.ટી. કોલેજ રોડ, પાલડી, અમદાવાદ - ૭ (ઠા. ૬)

(૭૦) પૂ. આ. શ્રી જિનચંદ્ર સૂ. મ., જૈન ઉપાશ્રય, મુ. પો. ભાભર - ૩૮૪ ૩૨૦ (બનાસકાંઠા) (તા. દીયોદર) (ઠા. ૮)

(૭૧) પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયવિબુધપ્રભ સૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. ગચ્છાધિપતિશ્રીજીના આજ્ઞાવર્તી, પૂ. મુનિરાજ શ્રીચંદ્રપ્રભ વિજયજી મ., પૂ. મુનિરાજ શ્રીક્ષેમંકર વિજયજી મ., શેઠ સુબાજી રવચંદ જેચંદ જૈન વિદ્યાશાળા, દોશીવાડાની પોળ, કાળુપુર રોડ, અમદાવાદ - ૭ (ઠા. ૩)

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ હરદ્વારમાં મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ. સા. નો ભવ્ય પ્રવેશ

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ (બાપજી મહારાજ) પટ્ટાલંકાર પરપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરિશ્વરજી મહારાજના શિષ્ય સદ્ગુરૂદેવ શ્રી ભુવન વિજયજી મ. સા. ના શિષ્ય (પુત્ર) મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે શિષ્ય-પ્રશિષ્યો પૂ. મુનિ શ્રી ધર્મચન્દ્રવિજયજી મ., મુનિ શ્રી પુંડરિક રત્ન વિજયજી મ., પૂ.મુનિશ્રી ધર્મઘોષ વિજયજી મહારાજ સાથે તા.૧૭-૫-૯૯ના રોજ હરદ્વાર શહેરમાં હર્ષોલ્લાસના વાતાવરણ સાથે દિવ્ય મુહૂર્તે પ્રવેશ કર્યો છે.

પૂ. ગુરૂદેવ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ સાથે સાધ્વીવૃંદનો પણ પ્રવેશ થયો છે, જેમાં સંઘમાતા સ્વર્ગવાસી પૂ. સાધ્વી શ્રી મનોહર શ્રીજી મ. સા. (પૂ. જંબૂવિજયજી મ. સા. ના. બા) ના શિષ્યા સેવાભાવી પૂ. સાધવી શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. સા.ના શિષ્યા-પ્રશિષ્ય સા. શ્રી જિનેન્દ્રપ્રભાશ્રી, સા. શ્રી સિદ્ધિપૂર્ણાશ્રીજી, સા. શ્રી અક્ષય રત્ના શ્રીજી, સા. શ્રી મૈત્રિ પૂર્ણાશ્રીજી, સા. શ્રી જિનરક્ષિતાશ્રીજી, સા. શ્રી સમકિત રત્ના શ્રીજી, સા. શ્રી આત્માદર્શના શ્રીજી, સા. શ્રી ધર્મરક્ષિતા શ્રીજી, સા. શ્રી પૂર્ણધર્મશ્રીજી, તથા સા. શ્રી આર્જવ ગુણાશ્રીજી નો પણ શુભ નગર પ્રવેશ થયો છે. આવા પુણ્યશાળી સંતોના પગલાંથી હરદ્વારની તીર્થ ભૂમિ પાવન બની.

પૂ. ગુરૂદેવને આ તીર્થભૂમિ પર પોતાના પહેલા વ્યાખ્યાનમાં જણાવ્યું કે તેમનો વિશેષ કરીને વિહારક્ષેત્ર ગુજરાત પ્રદેશ રહ્યો છે. આટલે દૂર ઉત્તર ભારતના પ્રદેશોમાં અને ખાસ કરીને હરદ્વારની પ્રાચીન પવિત્ર તીર્થ ભૂમિ માટે વિહાર થઈ શકવાનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

પૂ. ગુરૂદેવશ્રી જૈન આગમોના મર્મોના જાણનાર વિદ્વાન છે તથા દેશ પરદેશની સત્તર ભાષાઓના જાણકાર છે.

મહાવીર વિદ્યાલય, મુંબઈમાં જૈના આગમોની નવીન આવૃત્તિઓ છપાઈ રહી છે. પોતાના સાધુ - સાધ્વી સમુદાય સાથે ગુરૂદેવ હંમેશા આગમ પ્રકાશનની પ્રવૃત્તિમાં સામેલ રહ્યા છે. જૈન દર્શનશાસ્ત્રના વિશ્વમાં જેટલાં વિદ્વાનો છે. તથા ભારતની અન્ય પ્રાચીન વિદ્યાના વિદ્વાનો નો ગુરૂદેવ સાથે સારો સંપર્ક રહે છે. અલગઅલગ પ્રકારની શાસ્ત્ર સંબંધી શંકાઓના સમાધાન માટે આ વિદ્વાનો અવારનવાર ગુરૂદેવ પાસે આવતા રહે છે.

પૂ. ગુરૂદેવના હરદ્વાર મુકામના સ્થિરવાસ (ચાતુર્માસ) દરમ્યાન જૈના શાસનની ઉત્તમ પ્રભાવના થશે.

મુંબઈ-વિક્રોલી : વિક્રોલી - હજારીબાગ મધ્યે સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ. શ્રી વિ. મહોદય સૂ.મ. સા.ની** પરમ તારક આજ્ઞા અને આશીર્વાદથી, તેઓ શ્રીજીના આજ્ઞાવર્તિની અને પૂ. સા. શ્રી રોહિતાશ્રીજી મ. ના વિનયી શિષ્યા પરમ વિદુષી **પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ.** ઠા.૩, અ.સુ.૬ના રવિવારે સુસ્વાગત ચાતુર્માસાર્થે પધારતા સ્થાનિક સંઘ અને આજુબાજુના સંઘોએ વિશાળ સંખ્યામાં હાજર રહી ઉલ્લાસ-ઉમંગ પૂર્વક પ્રવેશ કરાવેલ. માંગલિક પ્રવચન બાદ ૨૧ રૂા.નું સંઘપૂજન થયેલ અને સાંજના પ્રતિક્રમણમાં પણ ૫-૫ રૂા.ની પ્રભાવના થયેલ.

પ્રવેશના દિવસથી **પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ.** સરળ-સુબોધભાષામાં, 'દેવ તત્ત્વ' તથા 'ભીમસેન-સુશીલા' ચરિત્રને અનુલક્ષીને વિશદ સમજણ આપે છે. વિશાળ સંખ્યામાં બેનો લાભ લઈ આત્માને કૃતાર્થ બનાવે છે. સન્માર્ગમાં સ્થિર થાય છે.

પૂ. સા. શ્રી ભક્તિ દર્શિતાશ્રીજી મ. ના સદુપદેશથી ખીમજી તેજપાલ ગડા (મોટા માંઢા હાલ વિરાર નિવાસી) પરિવાર હ. શ્રી મુકેશભાઈ, નિલેશભાઈ તરફથી વ્યાખ્યાન પછી ચારે મહિના પ્રભાવનાનો લાભ લેવાયો છે. સ્થાનિક લોકો તરફથી પણ વાર-તહેવારે વિવિધ પ્રભાવનાઓ થઈ રહી છે.

કરાડમાં થયેલ ભવ્ય નગર પ્રવેશ

અષાઢ સુદ ૨ તા.૧૪ મી જુલાઈના શુભ દિવસે કરાડમાં ઘેર ઘેર તોરણ બંધાયા હતા. બધાના હૈયામાં અપૂર્વ આનંદ અને ઉલ્લાસ હતો. એ શુભ દિવસે પ્રાતઃ ૯ વાગે મહાવીર સ્વામી મંદિરથી પ્ર. પ્રભાવક પ્રવચનકાર અને હિન્દી સાહિત્યકાર ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા., તપસ્વી પૂ.મુ.શ્રી ઉદયરત્ન વિ.મ. તથા પૂ. સા. શ્રી હંસકીર્તિશ્રીજી આદિ ૮ ઠાણાનું ભવ્યનગર પ્રવેશ થયેલ. નગરના મુખ્ય માર્ગોથી આ શોભા યાત્રા આગળ વધતા સંભવનાથ જિનમંદિરના દર્શન કરી ઉપાશ્રયમાં આવેલ. ત્યાં પાઠશાળા તથા મંડળના બાલક, બાલિકાઓએ મધુર કંઠે સ્વાગત ગીત પ્રસ્તુત કરેલા છેલ્લે પૂજ્યશ્રીનું પ્રેરણાદાયી પ્રવચન થયેલ. ૧૫ મહાનુભાવો તરફથી સંઘપૂજન પણ થયેલ.

અત્રે દરરોજ સવારે ૯ થી ૧૦ પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનો ચાલુ છે. નવયુવકોમાં ધર્મ અને સુસંસ્કારોના સિંચન માટે રાત્રિમાં પણ ૯ થી ૧૦ સુધી 'જૈન ઈતિહાસની ગૌરવ ગાથા' અને જૈન વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન' વિષય ઉપર પ્રેરણાદાયી પ્રવચનો ચાલુ થઈ ગયા છે. દર રવિવારે બપોરે ૩ થી ૫ સુધી તરૂણ સંસ્કરણ વાચના શ્રેણીનું પણ આયોજન રાખવામાં આવેલ છે. દર મંગળવારે જુદા જુદા વિષયો પર પૂજ્યશ્રીના હૃદયસ્પર્શી 'જાહેર પ્રવચન' રાખવામાં આવેલ છે. સામુદાયિક તપ અનુષ્ઠાન માટે પણ સંઘમાં અપૂર્વ ઉલ્લાસ વર્તી રહેલ છે.

પૂ તપસ્વી મુનિ શ્રી ઉદયરત્ન વિજયજી મ. સા. ને વર્ધમાનતપની ૯૦મી ઓળી સુખપૂર્વક ચાલુ છે.

પુના-ભવાની પેઠ : અત્રે ચાતુર્માસ માટે પૂ.આ.ભ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. આદિ પર્યુષણ બાદ પધારશે તેથી પૂ. મુ. શ્રી જિનદર્શન વિજયજી મ. આદિ અત્રે અષાડ સુદ બીજી ૧૦ના પધારતાં શ્રી સંઘની વિનંતિથી વિનંતિથી પૂ. આ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ. આદિ પધાર્યા હતા. પૂ. સા. શ્રી જિતમોહાશ્રીજી મ. આદિ પણ ચાતુર્માસ માટે પધાર્યા છે.

પેઠ વગામ (કોલ્હાપુર) અત્રે પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી મ., પૂ. મુનિશ્રી આત્મરક્ષિત વિ. મ. ઠા.૨ અષાડ સુદ-૨ના ચાતુર્માસ પ્રવેશ કર્યો નવકાર થી તથા મહેમાનોની ભક્તિનો લાભ ગણેશમલજી ધુડાજી રાઠોડ પરિવાર તરફથી થયા ચાતુર્માસ કરાવવાનો લાભ પણ તેમણે સંઘ પાસેથી લીધો છે.

અમલનેર -શરાફ બજાર : અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂ. મ., પૂ.પં.શ્રી ધર્મદાસ વિજયજી ગણિવર મ. ઠા.૫ તથા પૂ. સા. શ્રી સમ્યગ દર્શનાશ્રીજી મ. ઠા.૫ ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૬ના ઉલ્લાસથી થયો હતો પીન ૪૨૫ ૪૦૧.

કપડવંજ (૩૮૭ ૬૨૦) : પૂ. આ. શ્રી અશોક સાગર સૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ.પં. શ્રી નરચંદ્ર સાગરજી મ. ઠા-૨ તથા પૂ. સા. શ્રી વિપુણ્યશાશ્રીજી મ. ઠા.૩નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૬ ના ઉત્સાહપૂર્વક થયો હતો. પ્રવચન પ્રભાવના સંઘપૂજન વિ. થયા બપોરે વી.પ્રભાબેન હસમુખભાઈ તરફથી ચિંતામણી દેરાસરે પૂજા ભણાઈ હતી.

ચંદાવકરલેન બોરીવલ્લી મધ્યે : પ. પૂ. શાસન સમ્રાટ ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના સમુદાય રત્નો પૂ. આ. ભ. મહાબલ સૂ. મહારાજ તથા પ્રવચનકાર મધુરભાષી પૂ. આ. ભ. પુણ્યપાલ સૂ.મહારાજ આદિ ઠાણાં ૫. પૂ. સા. અનંતકીર્તિયશ શ્રીજી મ. સા. આદિઠાણાંનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ-૧૨ના શનિવાર રોજ શ્રી રીખવચંદજી જેઠાલાલ પરિવારના ગૃહ આંગણે પધારતાં. માંગલિક કર્યા બાદ તેમના પરિવારે ચાંદીના સીક્કાથી ગુરુપૂજન કર્યું હતું. આમ પુણ્યશાળીએ ૨ રૂા.નું સંઘપૂજન ચાંદલો કરી બાદલું છાંટીને કર્યું હતું.

ભવ્ય સામૈયું અનેક રચનાઓ બેંડો-ઘોડેસ્વારો, નાસીકના નગારા વગેરેથી શોભાયાત્રા રાજમાર્ગે ફરી ઉપાશ્રયે પધારતા ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ ગયો હતો.

સૌ પ્રથમ માંગલિક સ્વાગત ગીત, ગુરુપૂજનની બોલી સારી થઈ હતી. વિનુભાઈ સવરકુંડલા વાળાએ લાભ લીધેલ. પૂજ્યશ્રીએ સુંદર પ્રવચન ફરમાવેલ. ૩ રૂા. લાડવાની પ્રભાવના થયેલ. તે દિવસથી સંઘમાં સાંકળી અક્ષમ, સાંકળી અક્ષાઈ, સાંકળી શુદ્ધ આયબિલનો તપ-જપ સાથે શરૂ થયો હતો. બહારથી પધારેલાની સાધર્મિક ભક્તિ સારી રીતે થઈ હતી પ્રભુજીને સુંદર અંગરચના થઈ હતી.

દરરોજ સવારે ૯-૧૦ થી ૧૦-૨૫ સુંદર પ્રવચનો ચાલે છે.

મુંબઈ કાંદીવલી : દહાણુકરવાડી મહાવીર નગરમાં પૂ. મુ. શ્રી હિતપ્રજ્ઞ વિજયજી મ., પૂ. મુ. શ્રી મોક્ષ તિલક વિજયજી મ. નું ચાતુર્માસ થતા અષાડ સુદ-૬ ઉલ્લાસભેર પ્રવેશ થયો છે. વ્યાખ્યાન શ્રી ઉપદેશ પ્રાસાદ તથા શ્રી ધન્ય ચરિત્ર વંચાશે સાંકળી અઠ્ઠમ વિ. અનેક તપો અનુષ્ઠાનો થશે. આ સ્થ નમાં સૌ પ્રથમ ચાતુર્માસ થાય છે. આ વિસ્તારમાં ૬૫૦ જેટલા જૈનોના ઘર છે.

●●●●●

ચાતુર્માસ :

(૧) પૂ. આ. શ્રી વિજય કમલ રત્ન સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અજિત રત્ન સૂ. મ. ઠા.૪ ખેડબ્રહ્મા (સાબરકાંઠા) ગુજરાત-૩૮૩ ૨૫૫.

(૨) પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. ઠા.૩, રમણીયાં, જિ. જાલોરી, રાજસ્થાન -૩૪૪ ૦૪૩.

(૩) પૂ. મુ. શ્રી પ્રાજ્ઞરતિવિજયજી મ. ઠા.૨ ઉમ્મેદાબાદ (જિ. જાલોર) રાજસ્થાન-૩૪૩ ૦૨૧.

નવસારી : અત્રે પૂ. આ. શ્રી વિજય વિદ્યાનંદ સૂ.મ.નો ચાતુર્માસ પ્રવેશ ઉત્સાહથી થયો તે વખતે નૂતન જિનાલયમાં પ્રભુજી પ્રવેશ ન થાય ત્યાં સુધી અઠ્ઠાઈ જાપમાં નામ લખાઈ ગયા. પૂ. શ્રીના પિતાશ્રી પૂ. મુ. શ્રી જયવર્ધન વિ. મ. સા. ની તિથિ નિમિત્તે પૂજા વિ. થયા.

●●●●●

ખેડબ્રહ્મા (સાબરકાંઠા) : અત્રે પૂ. આ. શ્રી વિજય કમલ રત્ન સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અજિત રત્ન સૂ. મ. આદિ ઠાણા તથા પૂ. સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૨ ના ભવ્ય રીતે થયો છે. પીન.૩૮૩ ૨૫૫.

પુના : અને ગોડીજી સેવા મંડળ તરફથી માલેગામ તથા ચાંદવડના સંઘોના અધ્યક્ષ શ્રી જગદીશચંદ્ર શાંતિલાલ મહેતાને જૈન રત્ન બિરુદ દ્વિ. જેઠ સુદ-૧૪ તા. ૨૭ જુનના રોજ આપવામાં આવેલ અને જગદીશભાઈના સેવાભક્તિની અનુમોદના કરેલ.

પુના : શુક્રવાર પેઠ શ્રી આદીશ્વર મંદિરે પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજયહેમભૂષણ સૂ. મ. આદિની નિશ્રામાં શાહ પ્રતાપચંદ પાગાજી સાકરીયાના આત્મ શ્રેયાર્થે તથા માતુશ્રી સદીબેન પ્રતાપ મેઘજીના જીવંત મહોત્સવ નિમિત્તે દ્વિતીય જેઠ વદ-૫ થી ૧૦ સુધી ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પૂજન, શાંતિ સ્નાત્ર આદિ પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

મુંબઈ ભાયખલા : અત્રે પૂ. આ. શ્રી જિનચંદસાગરજી મ., પૂ. આ. શ્રી હેમચંદ સાગર સૂ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ -૬ના ધામધૂમથી થયો છે.

વેરાવળ (સૌરાષ્ટ્ર) : અત્રે પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ., આદિ નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૬ ના થયો હતો. જગા વાવ ચોક શ્રી ચિંતામણી પાશ્વનાથ દેરાસર, પીન. ૩૬૨૨૬૫

બેંગ્લોર : ગાંધીનગરમાં પૂ. મુ. શ્રી નંદિરત્ન વિજયજી મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૨ના સ્વાગતપૂર્વક થયો હતો ચોથો મેઈન રોડ.

ભડથી (ડીસા) : અત્રે પૂ. આ. શ્રી વિજય કમલ રત્ન સૂ. મ., પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. આદિની નિશ્રામાં બાબુલાલ મગનલાલના સુપુત્રી વિમલાબેનની દીક્ષા ભવ્ય ઠ.ઠથી બીજા જેઠ સુદ-૧૩ની થઈ. ભવ્ય સામૈયા, ભવ્ય મહોત્સવ અને ભવ્ય ઉપકરણ આદિની બોલીઓ થઈ હતી.

પૂ. આ. શ્રી વિજય કમલ રત્ન સૂ. મ. આદિ ખેડબ્રહ્મા (સાબરકાંઠા) અને પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. રમણિય બાડમેર રાજસ્થાન ચાતુર્માસ પધારેલ છે.

બોરસદ : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સુરીશ્વરજી મ. આદિ ઠા.૩ તથા પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મા.ઠા.૮નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ દ્વિ. ૧૦ શુક્રવારે ભવ્ય સામૈયા સાથે થયો છે. પ્રવચન સામુદાયિક આંબેલ વિગેરે થયા હતા. ઠે. કાશીપુરા

રતલામ (મ.પ્ર.) : અત્રે પોરવાદ વાસ આરાધના ભવનમાં પૂ. મુ. શ્રી બાહુવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી બાહુવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ધર્મરત્નવિજયજી મ. ઠા. ૨ તથા પૂ. સા. શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મા.ઠા.નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૬ના સમહોત્સવ થયો હતો.

પાટણ : અત્રે સિદ્ધહેમ જ્ઞાનપીઠનું ઉદ્‌ઘાટન જેઠ સુદ-૪ ગુરૂવારે થયું. સમ્યગ્ જ્ઞાનના અધ્યયન આદિ માટે આયોજન થયું છે. સંચાલન પંડિત શ્રી ચંદ્રકાંતભાઈ એસ. રવી કરશે દિવાળીબાઈ ઉદ્યોગ શાળા મકાનમાં, ગોપશેરી.

ગઢશિવાણા : અત્રે પૂ. આ. શ્રી વિજય અરિહંત સિદ્ધ સૂ.મ.ના શિષ્ય પ્રવચનકાર પૂ. મુ. શ્રી રૈવત વિજયજી મ.નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૬ના થયો તે પ્રસંગે સ્વ. કેશરીમલજી ચોપડા તથા શ્રીમતી શાંતિદેવીના આત્મ શ્રેયાર્થે સિદ્ધચક્ર મહાપૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો ચૌમુખજી મંદિરજી વાસ.

અષ્ટાપદ તીર્થ રાણીનગર : અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂ. મ., પૂ.આ શ્રી જિનોત્તમ સૂ.મ.નું ચાતુર્માસ અત્રે થયું. અષાડ સુદ દ્વિ. ૧૦ શુક્રવાર પ્રવેશ થયો ચાતુર્માસ કરવા માટે પધારવા આમંત્રણ આપેલ હતું.

હાવેરી (૫૮૧ ૧૧૦) : અત્રે સર્વ પ્રથમ ચાતુર્માસ પૂ. આ. શ્રી વિજય અશોક રત્ન સૂ. મ., આ. શ્રી અમરસેન સૂ.મ. ઠા.૫ તથા પૂ. સા.શ્રી જિનેન્દ્રશ્રીજી મ., પૂ. સા. શ્રી શુભંકરાશ્રીજી મ. ઠા. ૮નું ઘજા ચાતુર્માસ થયું અષાડ સુદ-૨ મ ઠાઠથી પ્રવેશ થયો બપોરે પૂજા ભણાવાઈ.

■■■■

થાનગઢ પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં અષાડ વદ - ૨ થી ઉપદેશ સપ્તતિકા ગ્રંથનુ વાંચન શરૂ થયું ગ્રંથ વહોરવાને લાભ શાહ કાલીદાસ હંસરાજ શાહ રૂા. ૩૨૦૧/- પાંચ જ્ઞાન પૂજા (૧) ૧૧૧૧/- ભગવાનજી રણમલ (૨) ૧૦૦૧/- સંઘવી રામજી લખમણ મારૂ ૩) ૧૧૧૧/- શાહ પદમશી વાઘજી ગુઢકા (૪) ૧૦૦૧/- સંઘવી ખીમજી વીરજી ગુઢકા (૫) ૧૦૦૧/- શાહ હંસરાજ દેવાર વોરા. અષ્ટ પ્રકારી પૂજા ૧૧૧૧/- સંઘવી રામજી લખમણ મારૂ ગુરુપૂજન ૪૦૦૧/- સંઘવણ કંચનબેન રામજી લખમણ મારૂ જ્ઞાનપૂજા ભણાવીને પ્રારંભ થયો હતો. દરરોજ લખમણ વીરપાર મારૂ તથા કાલીદાસ હંશરાજ નગરીયા તરફથી સંઘપૂજન થાય છે. અને સંઘ તરફથી પ્રભાવના થાય છે. બીજા પણ ભાવિકો તરફથી રોજ સંઘ પૂજનો તથા કોઈ વખતે પ્રભાવના થાય છે. સ્વર્ગસ્વતીક તથા સંઘ તરફથી થયો. ૭૨ - ૭૨ રૂા. ની પ્રભાવના તથા સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ બપોરે ૩ થી ૪ા પ્રવચન ચાલે છે.

અમલનેર (મહા.)

અત્રે પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી ધર્મદાસ વિ. મ. આદિ ઠા. ૫ નો નગર પ્રવેશ જેઠ વદ ૧૨ ના થયો સાધર્મિક વાત્સલ્ય સંઘપૂજન વિગેરે થયા ચાર હજારનું સાધર્મિક વાત્સલ્ય થયું.

ગામમાં પ્રવેશ અષાડ સુદ - ૬ ના થયેલ. ૩ બેંડ તથા સાજ સારા હતા. શ્રીફળની ભાવના થઈ સાધર્મિક ભક્તિ થઈ. શત્રુંજય તપ નક્કી થયું રોજ પ્રવચન તથા યુવકો માટે રાત્રી પ્રવચન થાય છે.

શાસ્ત્રીય માર્ગ

પૂ. ગુરૂમહારાજને 'મત્થએણ વંદામિ' કહો.
પૂ. સાધર્મિકબંધુને અને માતાપિતાને 'પ્રણામ' કહો.
જૈનેતર ગૃહસ્થોને 'જય જિનેન્દ્ર' કહો.

'શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા - લાખાબાવળ'ના સૌજન્યથી

પૂના નગર મધ્યે પધારો

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શાંત, વિનય, સરલ સ્વભાવી, વયોવૃદ્ધ-ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ સમુદાય પૂના નગરે પધારતાં આનંદ વિભોર બની ગયો હતો. દ્વિ. જેઠ સુદ-૬ શનિવારના રોજ પૂના નગર પ્રવેશે પૂનાના સદાશીવ પેઠથી ભવ્યાતિભવ્ય વરઘોડો રાજમાર્ગે થઈ ભવાની પેઠ મધ્યે શ્રી મનમોહન પાર્શ્વ જિનાલય દર્શન કરી ત્યાં આગળ આવેલ મંડપમાં ઉતર્યો હતો. સૌ પ્રથમ પૂજ્યશ્રી એ માંગલિક ફરમાવ્યું હતું. ત્યારબાદ ગુરુપૂજન ઉછામણી ૫૧ હજાર રૂ. શ્રી રામલાલજી ભાઈએ લીધેલ અને કામળીનો ચઢાવો ૬૧ હજાર રૂ. માંગેલાલજી ભાઈએ લીધેલ.

ત્યારબાદ પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન સુંદર રીતે કરેલ હજારોની સંખ્યામાં ભાવિકો પધારેલ તેમને લાડવાની ૧૦ રૂ. ની પ્રભાવના થયેલ. પ્રભુજીને સુંદર અંગરચના બહારથી પધારેલ સાધર્મિકોની ભક્તિ કરી હતી. ત્યારબાદ પૂનાના અનેક સંઘોની માંગણી હતી. તેથી દરેક સંઘોને અનુકુળતા મુજબ લાભ આપેલ.

જેઠ સુદિ-૧૪ના રવિવારના રોજ પૂજ્યશ્રી આદિનાથ સોસાયટી પધારવાના હોવાથી **શેઠ શ્રી વિજયકુમાર કાન્તીલાલ શાહ** ના પરિવારની આગ્રહ ભરી વિનંતી સ્વીકારેલ તેથી ત્યાં તેમના નિવાસસ્થાને સવારે પધારેલ સવારે તેમના સ્થાને પૂજ્યશ્રી પધારેલ માંગલિક તેમજ પ્રવચન ફરમાવેલ ત્યાર બાદ અનુજાબેન વિજયકુમાર શાહે પૂજ્યશ્રીને ચાંદીના સીક્કાથી નવાંગી ગુરુપૂજન કરેલ ત્યાર બાદ પધારેલ સાધર્મિકોને ૧૦ રૂ.ની પ્રભાવના કરેલ. આદિનાથ સોસાયટીથી વાજતે ગાજતે પૂજ્યશ્રીને વિનંતી માટે આવેલ પૂજ્યશ્રી પધારતાં સાધર્મિક બંધુઓને તિલક કરી બાદલું છાંટી ૫ રૂ. ની પ્રભાવના થયેલ. ત્યાંથી વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ રાજમાર્ગે ફરી ઉપાશ્રયે પધારેલ. પૂજ્યશ્રીને માંગલિક કરેલ. પ.પૂ.આ. ભં. હેમભૂષણ સૂ. મ. સા. સુંદર-માર્મિક પ્રવચન ફરમાવેલ. ત્યાર બાદ ગુરુપૂજનની ઉપાસના ૧૧ હજાર રૂ. મહેન્દ્રભાઈ એ લાભ લીધેલ. હજારો ભાવિકો પૂજ્યશ્રીના દર્શનાર્થે તેમજ પ્રવચન વાણીમાં પધારેલ સર્વેને ૬૫-૬૫ રૂ.નું સંઘપૂજન થયેલ તેમજ બહારથી પધારેલ સાધર્મિક ભક્તિ કરેલી. તેમજ પ્રભુજીને સુંદર અંગરચના રાખવામાં આવી હતી.

આમ આખા સારાય પૂના તેમજ મહારાષ્ટ્રમાં શાસન પ્રભાવના ખૂબ જ સારી રીતે થવા પામી હતી.

ગચ્છાધિપતિ **શ્રીમદ્** વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાનો ભવ્યાતિભવ્ય પ્રવેશ દ્વિ. જેઠ વદી -૧૨ ને શનિવારના રોજ ખૂબ જ ઠાઠ-માઠ પૂર્વક પૂના કેમ્પ. શ્રી વાસૂપૂજ્ય જિનાલય મધ્યે થયો.

■■■

જામનગર શ્રી શાંતિ ભુવન તપગચ્છ ઉપાશ્રય મધ્યે

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ સ્વ. આ. દેવ શ્રીમદ્ વિજય જયંતશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબના પરમ તપસ્વી શિષ્ય રત્ન પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. સાહેબની વર્ધમાન તપની ૧૦૦ + ૧૮૦ = ૨૦૦મી ઓળીની મંગળમય પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી બૃહદ્ સિદ્ધચક્ર પૂજન, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભવ્યાતિભવ્ય શ્રી સ્નાત્ર મહોત્સવ તથા શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર યુકત અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભકિત મહોત્સવ હાલાર દેશોદ્ધારક કવિરત્ન આચાર્ય દેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટ પ્રભાવક પ.પૂજ્ય હાલાર કેશરી સિદ્ધાન્તનિષ્ઠ શાસન પ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. તથા હાલાર રત્ન સરળ સ્વભાવ પ.પૂ. સ્વ. આ. ભગવંત શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ. સા. ના પરમ વિનેય વિદ્વાન શિષ્ય રત્ન સમતા સાધક પૂ. પં. શ્રી વ્રજાસેન વિ.ગણિ. પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ ૧૦૦ + ૮૬ મી ઓળીના આરાધક પૂ. પં. શ્રી જિનસેન વિ. ગણિ. તથા પરમ શાસન શાસન પ્રભાવક ગચ્છાધિપતિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. સેવાભાવિ તપસ્વી શિષ્ય રત્ન ૧૦૦+૭૬ ઓળીના આરાધક પૂ.પં.શ્રી જિનયશ વિ. ગણિ. વિ. ની નિશ્રામાં ઉજવાયો હતો.

મહોત્સવનો મંગલ કાર્યક્રમ : સં. ૨૦૫૫ના પ્ર. જે. વ. ૪ ગુરૂવાર તા.૩-૬-૯૯ના રોજ રાજકોટવાળા ટોળીયા જીવણલાલ પોપટલાલ તરફથી શ્રી પંચ કલ્યાણક પૂજા.

સં.૨૦૫૫ના પ્ર. જે. વ. ૫ શુક્રવાર તા.૪-૬-૯૯ના રાજકોટવાળા ટોળીયા કાંતિલાલ મણીલાલ તરફથી શ્રી નવપદની પૂજા.

સં.૨૦૫૫ના પ્ર. જે. વ. ૬ શનિવાર તા.૫-૬-૯૯ મેતા મનસુખલાલ અમરશી પરિવાર તરફથી શ્રી બૃહદ્ સિદ્ધચક્ર પૂજન વિજય મૂહુર્તે હસ્તે-લોકેશકુમાર દિપકભાઈ મહેતા

સં.૨૦૫૫ના પ્ર. જે. વ. ૭ રવિવાર તા.૬-૬-૯૯ના શ્રી શાંતિભુવન આદિનાથ જૈન પાઠશાળાના બાળકો-બાલિકાનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ.

પ.પૂ. આ. જંબુસૂરીશ્વરજી મ. સા. સમુદાયના ગચ્છાધિપતિ આ.ભ. મહોદય સૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી સા. દમયંતિશ્રીજીના શિષ્યા સા. શ્રી શિવમાલાશ્રીની પ્રેરણાથી રાજેન્દ્રકુમાર હિરાલાલ પૂનાવાલા તરફથી સવારે ૮-૦૦ કલાકે.

સં. ૨૦૫૫ના પ્ર. જે. વ. ૮ સોમવાર સવારે ૭.૦૦ કલાકે કુંભ સ્થાપના, દિપક સ્થાપન, જવારા રોપણ નવગ્રહાદિ પાટલા પૂજન ટોળીયા મણીલાલ અભેચંદ પરિવાર તરફથી હ. છોટાલાલ મણીલાલ તથા મહેતા હિંમતલાલ વ્રજલાલ તરફથી શ્રી નવાણું પ્રકારી પૂજા બપોરે ૩-૦૦ કલાકે.

સં.૨૦૫૫ના પ્ર. જે. વ. ૯ મંગળવાર બપોરે વિજય મૂહુર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ટોળીયા ત્રંબકલાલ મણીલાલ તરફથી હ. ઉન્નતકુમાર.

સં.૨૦૫૫ના પ્ર. જે. વ. ૧૦ બુધવાર સવારે ૮-૦૦ કલાકે જલ જાત્રાનો ભવ્યાતિભવ્ય વરઘોડો શ્રી શાંતિભુવન સંઘ તરફથી બપોરે વિજય મૂહુર્તે શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર ટોળીયા મણીલાલ અભેચંદ હસ્તે છોટાલાલ મણીલાલ પરિવાર તરફથી.

સં. ૨૦૫૫ પ્ર. જે. વ. ૧૧ ગુરુવાર સવારે ૬-૦૦ કલાકે ચૈત્ય પરીપાટી અને પૂ. શ્રી ના પગલા શ્રી સત્તર ભેદી પૂજા શ્રી શાંતિ ભુવન સંઘ તરફથી વરઘોડામાં અમદાવાદના મિલન બેન્ડે ભારે જમાવટ કરેલી તથા મહોત્સવના છેલ્લા ૩ દિવસ શ્રી શંખેશ્વરના મુકેશભાઈ નાયકે ભક્તિરસની રંગત જમાવેલ. તથા આઠે દિવસ વ્યાખ્યાનમાં જુદા જુદા ભાવિકો તરફથી શ્રી સંઘપૂજન અને પૂજાદિમાં જુદી જુદી મિઠાઈની પ્રભાવના શ્રી અષ્ટોત્તરી બાદ શ્રીફળની પ્રભાવના રાખવામાં આવેલ. પારણાને દિવસે સવારે ગુરુપૂજન અને પ્રથમ કામળી વહોરવાનો લાભ અમદાવાદ વાળા પુખરાજજી સોમચંદજી એ લીધેલ.

તથા મહોત્સવ દરમ્યાન ૩ ટાઈમે બહારથી આવેલા સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ. તેમજ શ્રી રતલામ, ડભોઈ, શિનોર, સુરેન્દ્રનગર, વઢવાણ, રાજકોટ, વગેરે સંઘના અગ્રગણ્ય આગેવાનો પધારેલ.

તથા આદિનાથ પાઠશાળાના બાળકોનો નમસ્કાર મહામંત્રનો પ્રભાવ યાને અમરકુમારનો સંવાદ રાખવામાં આવેલ. તથા તપસ્વીના તપની અનુમોદનાર્થે છેલ્લા ૩ દિવસ આયંબિલ છેલ્લો ઉપવાસ એ પ્રમાણે પ્રચાર થતા લગભગ ૨૨૫ ભાવિકો જોડાયા હતા. તે બધાને ઘીયાળ તથા રોકડ રકમની પ્રભાવના કરવામાં આવેલ તેના સામુદાયિક પારણાનો લાભ હાલાર-આરાધના ધામ તીર્થ તરફથી રાખવામાં આવેલ.

●●●●

વૈ.સુદ-૬ ને બુધવારના રોજ અમદાવાદ દોશીવાડાની પોળમાં સુખાજી હેમચંદ જૈન વિદ્યાશાળામાં પ્રશાંતમૂર્તિ-પૂ.પાદ્ શ્રી આ. ભ. મનોહરસૂરીશ્વરજી મ. સા. તથા સરલસ્વભાવી પૂ. પાદ્શ્રી આ. ભ. વિબુધપ્રભ સૂરિ. મ. સા. ના ફોટા (પ્રતિકૃતિ) ની અનાવરણ વિધિ પૂ. પાદ્શ્રી આ. ભ. નરવાહન સૂરિ. મ. સા. તથા પૂ. ક્ષે.મંકર વિ. મ. સા. નિશ્રામાં થયેલ. તે પ્રસંગે ગુરુપૂજન અને પૂજ્યોને કામળી વહોરાવેલ. ૨ રૂા. રમેશભાઈ દલાલ તથા ૧ રૂા. રાજેષકુમાર આર. શાહ તથા ૧ રૂા. જુઠાભાઈ ડોસાભાઈ ૧ રૂા. રીખવચંદ છોગાજી તરફથી સંઘપૂજન તથા બુંદીના ૨ લાડુની પ્રભાવના થયેલ સારી સંખ્યાની ઉપસ્થિતિ હતી. તેમજ બંને ફોટાના અભિષેક વૈ. સુ. ૧૦ ને રવિવારે થયેલ. અને વૈ. સુ.૧૧ના પૂ. પાદ્શ્રી આ. ભ. મનોહરસૂરિ મ. સા. ઉપમી સ્વર્ગવાસ તિથિ નિમિત્તે પૂ. આ. ભ. સુદર્શન સૂરિ મ. સા. પૂ. નરવાહન સૂરિ મ. સા. પૂ. ખેમંકર વિ. મ. સ. ની નિશ્રામાં જૈન વિદ્યાશાળામાં ગુણાનુવાદ થયેલ ૪ રૂા. સંઘપૂજન થયેલ હતું. પરમાત્માને ભવ્ય અંગરચના ૬-૧૦-૧૧ના થયેલ હતી.

■■■

શ્રી જીવદયા મંડળ - રાપર કચ્છ

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. લોહાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્ષ નં. ૨૩, મું રાપર - કચ્છ. પીન ૩૭૦ ૧૬૫ ☎ (૦૨૮૩૦) ૨૦૦૪૦

તા. ૨૩ - ૭ - ૯૯

શ્રી જીવદયા મંડળ સંચાલીત 'રાપર' પાંજરાપોળને મદદ માટે નમ્ર અપીલ.

શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર 'પાંજરાપોળ'માં હાલે ૪,૭૦૦ આસપાસ અબોલ જીવો ગાય, બળદ, ભેંસ, પાડા, ઊંટ, હરણ, ઘેટાં, બકરાં વગેરે આશ્રય લઈ રહેલ છે. આ સંસ્થા છેલ્લા ૨૮ વર્ષથી સતત પણે જીવદયાનું કાર્ય કરી રહેલ છે.

આ સંસ્થામાં છેલ્લા ચાર વર્ષથી કાયમી પણે ઢોરોની સંખ્યા ૫,૦૦૦ આસપાસ રહેવા પામેલ છે. છેલ્લા ૪ વર્ષથી હિસાબી અહેવાલ જોતાં સંસ્થાએ આ જીવોના નિભાવ પાછળ વર્ષો પ્રમાણમાં સારા હોવાં છતાં પ્રતિ વર્ષ ૧ (એક) કરોડ કે તેથી વધારે ખર્ચ કરેલ છે. આટલું દુષ્કર અને વિશાળ કાર્ય સૌના સહયોગ વિના ભાગ્યેજ શક્ય બને ??? ખરુને ?

ચાલું સિઝનમાં અષાડ માસના ૧૦ દિવસો પસાર થઈ ગયા છે. હજી સુધી વરસાદ થયેલ નથી ગુજરાતના મુખ્ય વિસ્તારોમાં વરસાદ થઈ ગયેલ છે ત્યારે કાયમી પણે કુદરતની અવકૃપાવાળો વિસ્તાર 'કચ્છ' વરસાદ વિના બાકી છે. કચ્છના કોઈ વિસ્તારમાં વરસાદ નથી જેથી સૌ કોઈને ચિંતા થાય તે સ્વાભાવિક છે.

વરસાદ ખેંચાતાં પાંજરાપોળોમાં નવાં ઢોર આવવાની શરૂઆત થઈ ગયેલ છે જલ્દીથી કુદરતની કૃપા થાય અને વરસાદ થઈ જાય તો સારું નહીતર પરિસ્થિતિ ક્યાં જઈ પહોંચશે તે કંઈ કહી શકાય નહિ.

આથી અતિ મુશ્કેલીના સમયમાં આ સંસ્થાને આપ સૌ શક્ય વધુને વધુ આર્થિક સહયોગ આપી-અપાવી જીવદયાના કાર્યને મજબુત બનાવશો એવી નમ્ર વિનંતી.

ગયા સમયમાં જે જીવદયા પ્રેમી ભાઈઓ-બહેનો શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓ એ આ સંસ્થાને પોતાની ગણી મદદ કરેલ છે. તે સૌનો અમે ખુબ ખુબ આભાર માનીએ છીએ તેમ આવતા સમયમાં જીવદયા ના કાર્યને પુષ્ટિ મળે એ સહેતુથી શક્ય વધુને વધુ સહયોગ આપશો એજ અપેક્ષા સહ.....

પત્ર વ્યવહાર અથવા મદદ મોકલાવાનું સ્થળ

શ્રી જીવદયા મંડળ - રાપર

રાપર વાગડ - કચ્છ

પીન - ૩૭૦ ૧૬૫.

ફોન નં. - ૨૦૮૪૦/૨૦૦૭૯/ ૨૦૦૭૭ કોડ (૦૨૮૩૦)

" જો મળશે આપનું દાન તો બચશે પશુઓના પ્રાણ "

સંસ્થાનું ખાતું દેના બેંક રાપર શાખામાં- શ્રી જીવદયા મંડળ રાપરના નામનું છે.

વી.

ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી

શ્રી જીવદયા મંડળ રાપર - કચ્છ

તા.ક. સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી....

પૂજ્યશ્રી કહેતા હતા કે- - શ્રી ગુણદર્શી

પરિણામ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ આપણને બધાને ચિંતા શેની જોઈએ ? પરમપદની અને પરલોક બગડે નહિ તેની. પરલોક ન બગડે એટલે શું ? મોક્ષમાર્ગની ફ્રૂચ ન અટકી જાય. પરલોક ન બગડે માટે મારે અહીં દુઃખ વેઠવ અને સુખ વગર ચલાવતા શીખવું જોઈએ.

■ સારી પણ ધર્મક્રિયા જડભરતના હાથમાં જાય, સંસારના રસિયાના હાથમાં જાય તો ધર્મક્રિયા બગાડ્યા વગર રહે નહિ. પેઢી પર બેસી ઊંધુ-ચત્તું કામ કરે તો શું થાય ? પેઢી પર કોઈ આવે નહિ અને સારો માલ પણ બગડે !

■ રાગ સારી જગ્યાએ- દેવ-ગુરુ-ધર્મ-ધર્મી-ધર્મનાં સાધનો પર - હોય તો સમકિતને ખીલવે ! ખરાબ જગ્યાએ થાય તો સમકિતને કરમાવી દે !

■ આજે માગણો-માગનારાને જેમ શરમ નથી આવતી, તેમ આપનારાને ના પાડવામાંય શરમ નથી આવતી ! તે પણ ના શરમથી નહિ, તિરસ્કારથી પાડે છે.

■ સમ્યગ્જ્ઞાન પેદા થાય એટલે પરિણામ સુંદર બને, ખરાબ પ્રવૃત્તિ સુધરે અને સારી પ્રવૃત્તિ વધે !

■ જ્ઞાન આવે અને પરિણામ વધે નહિ. ખરાબ પ્રવૃત્તિ સુધરે નહિ, સારી પ્રવૃત્તિ વધે નહિ તો તેને જ્ઞાની કહેવાય ?

■ આત્માને માનનારો આત્માનો સેવક હોય કે શરીરનો પૂજારી હોય ? વાત-વાતમાં તેને શરીર યાદ આવે કે આત્મા ? પુણ્ય અને પાપ માને તે પાપ મજેથી કરે ? પુણ્ય કરવામાં પાછો પડે ?

■ આ શરીરમાં પાપ માટે દોડવાની શક્તિ છે, પુણ્ય માટે ચાલવાની ય શક્તિ નથી.

■ અવસરે ખોટાને ખોટું ન કહે તે શાસનનો આરાધક નથી ! હૈયું સરળ-સુંદર નહિ બને અને ગમે તેટલું કરશો તો ય અકલ્યાણ થશે. હૈયું સુંદર થશે તો જ્ઞાન, જ્ઞાન થશે નહિ તો જ્ઞાન, અજ્ઞાન રહેશે

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.